# ધન્યધરા : શાશ્વત સૌરભ

ભાગ-૧

**श्री विजयवल्लभ साधना केन्द्र, जेतपुरा जिला पाली (राज.) में
निर्माणाधीन विश्व का सर्वप्रथम श्री यंत्राकारमय चतुर्मुख जिनमहाप्रसाद**



सत्प्रेरक

**कल्याणक तीर्थोद्धारक, शासनदिवाकर, शांतिदूत
गच्छाधिपति आचार्य भगवंत श्रीमद् विजयनित्यानंदसूरीश्वरजी म.सा.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ.

# ભાઈઓ માટે શ્રી શત્રુંજય



: નિશ્રા :
પૂજ્યપાદ ૨૭૧ દીક્ષા દાનેશ્વરી આચાર્ય
શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.



# ચોવિહાર છઠ્ઠ



: માર્ગદર્શન :
પ્રવચન પ્રભાવક પૂ. પંન્યાસ
શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા.

**અત્તર પારણ - પ્રવેશ**
સં. ૨૦૬૫, માગસર વદ અમાસ
તા. ૨૭-૧૨-૨૦૦૮, શનિવાર

**ચોવિહાર છઠ્ઠ સાત યાત્રા**
પોષ સુદ એકમ અને બીજ
તા. ૨૮ અને ૨૯ ડિસે. રવિ-સોમ

**પારણું તથા વિશિષ્ટ બહુમાન**
પોષ સુદ ત્રીજ
તા. ૩૦-૧૨-૨૦૦૮, મંગળવાર

## પૂજ્યશ્રીની નિશ્રામાં ઐતિહાસિક પ્રસંગો

* શ્રી જીરાવાલા તીર્થમાં રેકોર્ડ રૂપ ૩૨૦૦ આરાધકોની ચૈત્રી ઓળી.
* સુરતમાં સમૂહ ૨૮ દીક્ષા, પાલીતાણામાં ૩૮ દીક્ષા, કુલ ૨૭૧ દીક્ષાઓ.
* ૪૫ છ'રિપાલક યાત્રા સંઘો, ૩૬ ઉપધાનો.
* શ્રી માલગાંવ-પાલીતાણા, નારલાઇ-શંખેશ્વર, પાલીતાણા-ગિરનાર, પાવાપુરી-રાણકપુર, પીંડવાડા-શંખેશ્વર, મંડાર-પાલીતાણાના ઐતિહાસિક સંઘો.
* શ્રી સિદ્ધવડ ઘેટીપાગથી ૨૨૦૦ આરાધકોની ભવ્ય નવ્વાણું યાત્રા.
* શ્રી શંખેશ્વર તીર્થમાં ૧૭૦૦ આરાધકોનું પ્રભાવક ઉપધાન.
* સમૂહ રાત્રિભોજન બંધ અભિયાનનો વિશ્વવ્યાપી શંખનાદ.
* શ્રી જીરાવલા તીર્થમાં સામૂહિક માર્ગદર્શન, શ્રી વરમાણ-મૂંગજાલા-સાતસણ-જેસલમેર જૈન ભવન, રાજકોટ આનંદનગર-રેવા-અમદાવાદમાં તીર્થોદ્ધાર-શ્રી પાવાપુરી જીવ મૈત્રીધામ -સંઘવી ભેરૂતારક ધામ-વિરાટ અભિનવ મહાવીર ધામ (સુમેરપુર) - શ્રી શંખેશ્વર સુખધામ, પોસાલિયા અને નવીન તીર્થ નિર્માણમાં માર્ગદર્શન.

**नम्र सूचन**
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તપા. જૈન સંઘ, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ આયોજીત

## મહાતીર્થની વિશાળ સંખ્યામાં



# કરીને સાતયાત્રા

**શાસ્ત્રીય પ્રમાણ**

અઈમુત્તા કેવલીકૃત શ્રી શત્રુંજય લઘુકલ્પ

છટ્ઠેણં ભત્તેણં, અપાણએણં તુ સત્ત જત્તાઈં ।
જો કુણઈ સેત્તુંજે, તઈયભવે લહઇ સો મુક્ખં ।। ।।૧૮।।

:: ભાવાર્થ ::

પાણી વિનાનો (ચોવિહાર) છઠ્ઠ સાથે સાત વખત જે પુણ્યાત્મા શત્રુંજય મહાતીર્થની યાત્રા કરે છે તે ત્રીજા ભવે મોક્ષ પ્રાપ્ત કરે છે.

: આયોજક :

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે.મૂ.પૂ. તપાગચ્છ જૈન સંઘ,**
**જયા લક્ષ્મી આરાધના ભવન, મનુભાઇ પી. વૈદ્ય માર્ગ,**
**ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭**

: વ્યવસ્થાપક :

**શ્રી વર્ધમાન સંસ્કાર ધામ**
**(વૈયાવચ્ચ ધામ)**

: સંયોજક :

**શ્રી પ્રકાશભાઈ કે. સંઘવી**
**(સિરોડીવાળા)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્ય ધરા: શાશ્વત સૌરભ

## ભાગ – ૧

(પ્રભાવક પ્રતિભાઓનો કીર્તિકળશ)

*

: સંપાદક :

નંદલાલ બી. દેવલુક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્ય ધરા: શાશ્વત સૌરભ ભાગ-૧


● ગ્રંથ સંપાદક :
**નંદલાલ બી. દેવલુક**

● ગ્રંથ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
**શ્રી અરિહંત પ્રકાશન**
''પદ્માલય'', ૨૨૩૭-બી, ૧ હીલડ્રાઈવ,
પોર્ટ કોલોની પાછળ, વાઘાવાડી રોડ,
સરકીટ હાઉસ પાસે, ભાવનગર-૩૬૪૦૦૨

● **ગ્રંથ આયોજનમાં મુખ્ય સહયોગી**
*ભામાશાનું બિરુદ પામેલા દાનવીર શ્રેષ્ઠીવર્ય*
**શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી-મુંબઈ**
જેમની ઉદારતાથી ભારતભરમાં સેંકડો સંસ્થાઓ
પ્રસ્થાપિત, નવપલ્લવિત અને પ્રવૃત્તિમાન બની છે.

● **ગ્રંથ કિંમત — રૂા. ૪૫૦/-**

● ટાઈપ સેટીંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ (જિ. ભાવનગર)

● મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ-૩૬૪૨૫૦ ફોન : (૦૨૮૪૬) ૨૪૪૦૮૧

● ગ્રંથ પ્રકાશન :
**ઓક્ટોમ્બર ૨૦૦૮**

● ગ્રંથ ઉપરનું આવરણ ચિત્ર
પારસ કોમ્પ્યુટર ગ્રાફીક્સ, ૧૦૭, રોયલ કોમ્પલેક્સ,
હજૂર પાયગા રોડ, ભાવનગર, મો. ૯૮૨૫૫૦૫૪૮૭





● રેખાચિત્રોના આર્ટિસ્ટ : **સવજી છાયા**
ધનેશ્વરી શેરી, મુખ્ય મંદિર સામે, દ્વારકા - ૩૬૧૩૩૫ જિ. જામનગર.
ફોન : ૨૩૪૨૪૪

● ગ્રંથ ઉઘડતા સૌપ્રથમ દરવાજો : શ્રી નવકારધામ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્યધરા : શાશ્વત સૌરભ

## ભાગ-૧



સૌજન્ય :—શ્રી દીપચંદભાઈ એસ. ગાર્ડી પરિવાર, મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री आत्म-वल्लभ-समुद्र-इन्द्रदिन्न सद्गुरुभ्यो नमः ॥




: ग्रन्थ मुखपृष्ठ सौजन्य :

**श्री आत्म-वल्लभ-समुद्र फाउण्डेशन**

मु.पो. जैतपुरा-306119, नेशनल हाईवे-14, रानी स्टेशन, जिला-पाली (राज.) फोन : 02932-262876

॥ श्री आत्म-वल्लभ-समुद्र-इन्द्रदिन्न सद्गुरुभ्यो नमः ॥



:: ग्रंथ प्रेरक ::

शासनदिवाकर, कल्याणक तीर्थोद्धारक, शांन्तिदूत
गच्छाधिपति जैनाचार्य श्रीमद् विजय नित्यानन्दसूरीश्वर म.सा.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री आत्म-वल्लभ-समुद्र-इन्द्रदिन्न सद्‌गुरुभ्यो नमः ॥

## :: आशीर्वचन ::

# विजय नित्यानन्द सूरि

वेपेरी, चेन्नई
दि. : १-१०-२००८



जिनशासन के विपुल वैभव को ग्रन्थारुढ करने का महान भगीरथ कार्य अत्यंत अनुमोदनीय तथा अभिनन्दनीय है। अनेक विषयों, विशिष्ट विभूतिओं तथा शासन प्रभावकों की शाश्वत सौरभ से इस ग्रन्थ का प्रत्येक पृष्ठ महक रहा है। आने वाले अनेक युगों तक तथा अनेक पीढियों के लिए प्रेरणा का प्रकाश बिखैरने वाला यह अद्‌भुत-अद्वितीय ग्रन्थ सुज्ञ सम्पादक महोदय की कड़ी महेनत, लगन तथा निष्ठा का परिणाम है।

यह ग्रन्थ अपने उद्देश्य को प्राप्त करने में अवश्य सफल होगा ऐसा मुझे दृढ विश्वास है।

प्रकाशन की सफलता हेतु हार्दिक शुभकामनाएँ तथा शुभाशीर्वाद।

-विजय नित्यानन्द सूरि

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિષયાનુક્રમણિકા


- પ્રસ્તાવના નોંધ — પૂ. પં. શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા. --------- ૧૮
- પ્રાસ્તવિક — ડૉ. કુમારપાળ દેસાઈ ---------------------- ૨૪
- પુરોવચન — નંદલાલ બી. દેવલુક ---------------------- ૨૫
- અનુમોદના — પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. --------- ૩૭


## વિભાગ-૧

## અર્હંત ગુણવૈભવ દર્શન

### નમો સિદ્ધાણં : સિદ્ધોનો જીવનબોધ — પૂ.આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.


- સંયમમાં સદાને માટે આનંદ છે -- ૪૩
- સકલ મુનિસર કાઉસ્સગ્ગધ્યાને ---- ૪૪
- અહિતની નિવૃતિ આપણો મનોરથ ૪૫
- શાલિભદ્ર મહારાજ ---------------- ૪૭
- સંભાવનાનું સ્વાગત હો ------------ ૫૧
- આવી ઊંડી વૈરાગ્યદશાને પ્રણામ - ૫૨
- મેઘને વંદન હો ------------------- ૫૩
- તાંબુ બને છે સોનુ---------------- ૫૫
- ધન્ય લોક, ધન્ય વેળા ------------ ૫૭
- ધન્ય સૌરાષ્ટ્ર ધરણી -------------- ૫૮
- ઉદ્‌ગાતા વિચક્ષણસૂરીશ્વરજી ------ ૫૯
- વાણીવાચક જસતણી--------------- ૬૧
- આવા છે અણગાર અમારા ------- ૬૩
- આ છે અણગાર અમારા --------- ૬૪
- નમો તે નિશદિશ રે પ્રાણી -------- ૬૫
- એ મહાપુરુષને પ્રણામ ------------ ૬૫
- જાકો રાખે સાંઈયા --------------- ૬૭
- અદ્‌ભુત ચારિત્રના સ્વામિ --------- ૬૮
- મોક્ષની ગાડી ચૂકી ગયેલો જીવ -- ૭૦
- અબ મોહે દરિસણ દીજે--------- ૭૧
- આંબાના વન જેવા થજો--------- ૭૩
- જુઓ દૂત આવ્યો ---------------- ૭૩
- આર્તધ્યાન ન શોભે -------------- ૭૪
- બે સૂરિવરોનું સુભગ મિલન ------ ૭૬
- ગુરુકૃપાથી સઘળું બને ------------ ૭૭
- એક અદ્‌ભુત વાત ---------------- ૭૭
- ઉઘાડા દરવાજાથી ઉદ્ધાર --------- ૭૮
- ગુરુભક્તિ ------------------------- ૭૮
- બંધ સમય ચિત્ત ચેતિયે ----------- ૭૯
- વૈર નહી વૈરાગ્ય જાગ્યો ---------- ૭૯
- જીવન ઊંચું બનાવવાના રસ્તા ---- ૮૦
- જ્ઞાની જાણે મર્મ ------------------ ૮૨
- સુભાષિતમ્------------------------ ૮૨
- પં. વીરવિજયજી કૃત પૂજાની એક પંક્તિ ---------------- ૮૩
- વેણ કાઢ્યું તે ના લટવું ----------- ૮૪
- ધર્મનું સાધન --------------------- ૮૫
- આન્તરગાંઠ છુટ્યાની વેળા -------- ૮૬
- કથાને કાંઈક કહેવું છે------------ ૮૭
- ધર્મની પરિભાષા ----------------- ૮૭
- વિહાર જંગમ પાઠશાળા છે ------- ૮૮


### શ્રુત સંપદા: અનેકોનું આદાન-પ્રદાન — પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ.સા.


- જગતના સર્વજ્ઞાનની જનની -------૯૦
- શ્રુતગંગાનો અસ્ખલિત પ્રવાહ ------૯૦
- શાસનની સ્થાપના અને સંચાલન -૯૦
- શ્રુતરક્ષા માટે વાચનાઓ ----------૯૧
- જૈન શાસનનું સાહિત્ય -------------૯૨
- મહર્ષિઓની સાહિત્યસેવા ----------૯૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતથી સંઘ-સંઘથી શ્રુત ---------- ૯૩
શ્રુત-સર્જન : એક ઝલક --------- ૯૩
શ્રુતપ્રવાહના સંવર્ધન...... ---------- ૯૩
શ્રમણોપાસકોની શ્રુત-ભક્તિ ------- ૯૫
શ્રુતસાધનાની ઝાંખી --------------- ૯૫
શ્રુત-સુરક્ષાનો ઉપાય શ્રુત-લેખન - ૯૬
વિદ્યાનું દૃઢ સંસ્કરણ -------------- ૯૬
શ્રુત સમુપાસકોને વંદના ---------- ૯૭
'શ્રુત-મંદિર'માંથી પ્રેરણા ---------- ૯૮
ઋણસ્મૃતિ ---------------------- ૧૦૦

## ● અહો જૈન દર્શનમ્! પૂ. પં. શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા.

વિદ્વાનોનાં મંતવ્યો ------------- ૧૦૨
વેદપુરાણોમાં જૈનધર્મ ----------- ૧૧૦
ભગવાન ઋષભદેવ :
સંસ્કૃતિના આદિ પુરૂષ ---------- ૧૧૧
જૈનેતર વિદ્વાનોનાં મંતવ્યો ------- ૧૧૩
૨૧મી સદી જૈનોની ------------ ૧૧૫

## ● વિહરમાન વંદુ જિન વીશ પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)

મહાવિદેહ ક્ષેત્રના વીશ વિહરમાન -- ૧૨૧

## ● ઉદ્‌ઘાટન..... મુક્તિદ્વારનું પૂ. પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી મ.સા.

## ● જિનદર્શનના શ્રુતધરો પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)

માનવંતા શ્રુતસર્જકો ૧૧ ગણધરો ૧૨૯
આર્ય જંબૂસ્વામી ---------------- ૧૨૯
આચાર્ય શય્યંભવસૂરિજી --------- ૧૩૦
આચાર્ય ભદ્રબાહુસ્વામીજી ------- ૧૩૦
આચાર્ય સ્થૂલિભદ્રસૂરિજી -------- ૧૩૦
આ. ષાંડિલાચાર્ય (સ્કંદિલસૂરિ) - ૧૩૦
દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ ---------- ૧૩૧
આચાર્ય જિનભદ્રગણિ ---------- ૧૩૧
આચાર્ય સુસ્થિતસૂરિજી ---------- ૧૩૧
આચાર્ય પાદલિપ્તસૂરિજી -------- ૧૩૧
આચાર્ય સિદ્ધસેન દિવાકરજી ---- ૧૩૨
આચાર્ય આર્યરક્ષિતસૂરિજી ------- ૧૩૨
આચાર્ય ઉમાસ્વાતિજી ----------- ૧૩૨
આચાર્ય હરિભદ્રસૂરિજી --------- ૧૩૨
આચાર્ય મલ્લવાદીસૂરિજી -------- ૧૩૩
આચાર્ય સ્કંદિલસૂરિજી ---------- ૧૩૩
રાજર્ષિ ધર્મદાસગણિ તથા
અન્ય શ્રુતધરો ------------------ ૧૩૩
કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી - ૧૩૪

## ● આત્માનુભૂતિના જૈન જ્યોતિર્ધરો પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)

પ્રભુવીરના અગીયાર ગણધરો -- ૧૩૫
આ. રત્નપ્રભસૂરિજી ------------ ૧૩૫
આ. યક્ષદેવસૂરિજી -------------- ૧૩૫
મંત્રી અભયકુમાર --------------- ૧૩૫
આ. યશોભદ્રસૂરિજી ------------ ૧૩૬
આ. ભદ્રબાહુસ્વામિજી ----------- ૧૩૬
ચાર આત્મલક્ષી મુનિરાજો ------ ૧૩૬
આર્ય મહાગિરિજી -------------- ૧૩૬
આચાર્ય દુષ્યગણિ --------------- ૧૩૬
આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ -- ૧૩૬
મુનિ અવન્તિસુકુમાર ------------ ૧૩૬
આચાર્ય પ્રિયગ્રંથસૂરિજી -------- ૧૩૭
આચાર્ય રૂદ્રદેવસૂરિજી ----------- ૧૩૭
આર્ય શ્રમણસિંહસૂરિજી --------- ૧૩૭
આ. સિદ્ધસેનદિવાકરસૂરિજી ----- ૧૩૭
આચાર્ય ભદ્રગુપ્તસૂરિજી --------- ૧૩૭
આર્ય વજસ્વામિજી -------------- ૧૩૭
આ. સમન્તભદ્રસૂરિજી ----------- ૧૩૮
નવાંગી વૃતિકાર અભયદેવસૂરિજી ૧૩૮
આ. આનંદવિમલસૂરિજી -------- ૧૩૮
રાજર્ષિ ધર્મદાસગણી મહત્તર ---- ૧૩૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય હરિભદ્રસૂરિજી ---------- ૧૩૮
વટેશ્વર ક્ષમાશ્રમણ ---------- ૧૩૮
આચાર્ય શીલભદ્રસૂરિજી ---------- ૧૩૮
આચાર્ય ધર્મઘોષસૂરિજી ---------- ૧૩૯
આચાર્ય વિમલચંદ્રસૂરિજી ---------- ૧૩૯
આચાર્ય સિદ્ધર્ષિ ---------- ૧૩૯


## ● જિનદર્શનના પ્રખર દાર્શનિકો —ડૉ. રસેશ જમીનદાર


આ. મલ્લવાદીસૂરિ ---------- ૧૪૨
આ. સિદ્ધસેન દિવાકરસૂરિ ---------- ૧૪૩
આ. સિદ્ધર્ષિસૂરિ ---------- ૧૪૪
આ. મેરુતુંગસૂરિજી આદિ ---------- ૧૪૫


## ● આગમ સાહિત્યનો તત્ત્વબોધ —શ્રી સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ


આગમસાહિત્ય ---------- ૧૫૨
જૈન ઉપાંગસાહિત્ય ---------- ૧૫૬
ઉપાંગો ઔપપાતિક ઉપાંગ ---------- ૧૫૭
રાજપ્રશ્નીય ઉપાંગ ---------- ૧૫૭
જીવાજીવાભિગમ ---------- ૧૫૮
પન્નવણા (પ્રજ્ઞાપના) ---------- ૧૫૯
સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચન્દ્રપ્રજ્ઞપ્તિ ---------- ૧૫૯
જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ---------- ૧૬૦
નિરયાવલિકા ---------- ૧૬૧
કપ્પવડિંસિયા (કલ્પાવતંસિકા) ---------- ૧૬૧
પુપ્ફિયા (પુષ્પિકા) ---------- ૧૬૧
પુષ્ફચૂલિયા (પુષ્પચૂલિયા) ---------- ૧૬૧
ઉપાંગોનું મહત્ત્વ ---------- ૧૬૧


## ● RESEARCH IN RELIGION V. G. Nair

# વિભાગ-૨

# માંગલિક ભક્તિદર્શન

## ● શ્રી શત્રુંજય તીર્થના પુણ્યપ્રભાવક ભક્તો —પૂ. મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.


વિક્રમ રાજાનો સંઘ ---------- ૧૭૫
પાંચ પાંડવોનો સંઘ ---------- ૧૭૫
દશરથ રાજાનો સંઘ ---------- ૧૭૫
ગુણરાજ શ્રાવકનો સંઘ ---------- ૧૭૫
વસ્તુપાલ-તેજપાલનો સંઘ ---------- ૧૭૬
સમ્રાટ ચંદ્રગુપ્ત રાજાનો સંઘ ---------- ૧૭૭
અનુપમાદેવીનું ઉજમણું ---------- ૧૭૮
પાવન ગિરિરાજની ગરિમા ---------- ૧૭૯


**વર્તમાન સમયના પ્રભાવક યાત્રાસંઘો**


શાસનસમ્રાટશ્રીની નિશ્રામાં સંઘો ૧૮૨
આ. શ્રી વિજયદેવસૂરિજી મ.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૪
સાબરમતીથી શ્રી શત્રુંજયનો સંઘ ૧૮૫
અમદાવાદથી શ્રી સિદ્ધગિરિજીનો સંઘ ---------- ૧૮૬
આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૭
આ. શ્રી વિજયકુંદકુંદસૂરિજીની નિશ્રામાં સંઘ ---------- ૧૮૭
આ. શ્રી વિજયસૂર્યોદયસૂરિજીની નિશ્રામાં સંઘ ---------- ૧૮૭
પૂ. આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આ. શ્રી
મનોહરકીર્તિસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૮
રાજનગરથી શત્રુંજયનો સંઘ ---------- ૧૮૮
રાધનપુરથી સિદ્ધાચલજીનો સંઘ - ૧૮૮
આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૮
આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૮
વરતેજથી પાલિતાણા સંઘ ---------- ૧૮૮
આ. શ્રી નીતિસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો ---------- ૧૮૯
પૂ. આચાર્યશ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ ---------- ૧૮૯


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ.શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૮૯
આ. શ્રી વિજયહેમપ્રભસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૮૯
ડેહલાવાળા સમુદાયની નિશ્રામાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના સંઘ અને ૯૯ યાત્રા --- ૧૮૯
આ.શ્રી વિજયમોહનસૂરિજી મ.સા.ના સંઘોની સંક્ષિપ્ત નોંધ --- ૧૯૦
આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૧
કલકત્તાથી શ્રી સિદ્ધગિરિ–યાત્રાસંઘ --- ૧૯૧
આ. દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૨
આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૨
આ. શ્રી વિજયપ્રભાકરસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૨
હાલારથી ગિરનાર યાત્રાસંઘ --- ૧૯૩
અમદાવાદથી શ્રી શંખેશ્વર તીર્થનો યાત્રાસંઘ --- ૧૯૩
પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ સમુદાયના નીકળેલા યાત્રાસંઘો --- ૧૯૩
આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યાત્રાસંઘો --- ૧૯૪
સુરેન્દ્રનગરથી શ્રી શત્રુંજય સંઘ --- ૧૯૮
પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૮
ભાવનગરથી શ્રી શત્રુંજય સંઘ --- ૧૯૮
આ.દેવશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં સંઘ --- ૧૯૮
આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૮
તવાવનગરથી શત્રુંજય સંઘ : --- ૧૯૮
આ.શ્રી જિનેન્દ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૧૯૯
જ્યોતિર્વિદ્ આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૨૦૦
આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૨૦૦
આ.શ્રી વિજયજયંતસેનસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘ --- ૨૦૦
કેટલાક બેનમૂન ૯૯ યાત્રા સંઘોની હાર્દિક અનુમોદના --- ૨૦૦
ગિરનારજીની ૯૯ યાત્રા --- ૨૦૨
આ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં સંઘ --- ૨૦૨

**● સમાધિમરણના પ્રાપ્તકર્તાઓ —પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)**

ઉજ્જૈનના શ્રેષ્ઠી માણેકચંદ --- ૨૦૪
મોતીશા શેઠ --- ૨૦૪
મંત્રી ઉદયન --- ૨૦૪
વસ્તુપાળ–તેજપાળ --- ૨૦૪
શ્રીયક મુનિ --- ૨૦૫
વિમલ મંત્રી --- ૨૦૫
મંત્રીશ્વર આમ્રભટ્ટ --- ૨૦૫
દેદાશાહ, પેથડશા, ઝાંઝણશેઠ --- ૨૦૫
જાવડ શેઠ અને જયમતી --- ૨૦૫
સાધ્વી પાહિની --- ૨૦૬
શેઠ શાંતિદાસ --- ૨૦૬
જગડૂશાહ --- ૨૦૬
મુલુંડવાસી માવજીભાઈ --- ૨૦૬
રતિલાલ જીવણભાઈ --- ૨૦૬
અનોપચંદ શેઠ --- ૨૦૭
શ્રાવક મેઘજીભાઈ --- ૨૦૭
ચંપકભાઈ ભણસાલી --- ૨૦૭
શ્રાદ્ધરત્ન વીરચંદભાઈ --- ૨૦૭
મનુભાઈ શાહ --- ૨૦૭
શ્રેષ્ઠી રજનીભાઈ દેવડી --- ૨૦૮
ભાવસાર વિક્રમસિંહ --- ૨૦૮
ભરતભાઈ બી. પારેખ
સુનંદાબહેન શાહ --- ૨૦૮
મૂળચંદભાઈ વી. દેસાઈ --- ૨૦૮
મીનાક્ષીબહેન લોદરિયા --- ૨૦૮
બાબુભાઈ ફકીરચંદ --- ૨૦૯
લક્ષ્મીકાંત અમૃતલાલ શાહ --- ૨૦૯
કંચનબહેન શાંતિલાલ શાહ --- ૨૦૯
ચંપકબેન ધીરજલાલ દોશી --- ૨૦૯

**● વિશિષ્ટ બ્રહ્મચર્યવ્રતધારીઓ —પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)**

જંબૂકુમાર --- ૨૧૨
આચાર્ય શય્યંભવસૂરિજી --- ૨૧૨
આચાર્ય ભદ્રબાહુસ્વામી --- ૨૧૨
આચાર્ય સ્થૂલિભદ્રસૂરિજી --- ૨૧૩
યક્ષા, યક્ષદિન્નાદિ સાત બહેનો --- ૨૧૩
અવન્તિ સુકુમાર --- ૨૧૩
આચાર્ય કાલકસૂરિજી --- ૨૧૪
આર્ય ખપુટાચાર્ય --- ૨૧૪
આચાર્ય પાદલિપ્તસૂરિજી --- ૨૧૪
આર્ય વજ્રસ્વામી --- ૨૧૫
આચાર્ય માનદેવસૂરિજી --- ૨૧૫
આચાર્ય મલ્લવાદિસૂરિજી --- ૨૧૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય માનદેવસૂરિજી (બીજા) ૨૧૬
આચાર્ય ઉદ્યોતનસૂરિજી ---------- ૨૧૬
આચાર્ય માનતુંગસૂરિજી ---------- ૨૧૬
આચાર્ય અભયદેવસૂરિજી -------- ૨૧૬
કૃષ્ણર્ષિ ------------------------- ૨૧૭
આચાર્ય બપ્પભટ્ટસૂરિજી --------- ૨૧૭
આચાર્ય જીવદેવસૂરિજી ---------- ૨૧૭
આચાર્ય વિજયસેનસૂરિજી ------- ૨૧૭
આચાર્ય યશોભદ્રસૂરિજી --------- ૨૧૮
ખિમઋષિ ------------------------ ૨૧૮
આચાર્ય વીરસૂરિજી -------------- ૨૧૮
વિજયશેઠ-વિજયાશેઠાણી -------- ૨૧૯
મંત્રી વિમલશા ------------------- ૨૧૯
દેદાશાહ અને પેથડશા ----------- ૨૧૯
પ્રભુ નેમિનાથજીની પરંપરા ---- ૨૧૯

**● જૈન શાસનના મુહૂર્ત જ્યોતિર્વિદો  જ્યોતિષાચાર્ય પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.**

શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી ------ ૨૨૨
આ. આર્યસુહસ્તિસૂરિજી --------- ૨૨૩
આચાર્ય હરિભદ્રસૂરિ ------------ ૨૨૪
સુમતિહર્ષ ગણિવર્ય -------------- ૨૨૫
મુનિશ્રી માનચંદ્રજી --------------- ૨૨૫
આ. ઉદયપ્રભસૂરિજી ------------ ૨૨૬
આ. નંદનસૂરીશ્વરજી મ. તથા
આ. અશોકચંદ્રસૂરિજી મ. ------- ૨૨૮
આ. ગુણસાગરસૂરિજી મ. ------- ૨૨૯

# વિભાગ-૩

# જૈન કલા અને સાહિત્ય : વિશિષ્ટ દર્શન

**● પશ્ચિમ ભારતનાં જૈનમંદિરોની સ્થાપત્યકલા અને મહત્ત્વ  —ગુણવંત બરવાળિયા**

વિષય પરિચય ------------------ ૨૩૫
શિલ્પસૌંદર્યકલાનું
યત્ર તત્ર સર્વત્ર દર્શન ----------- ૨૩૫
શિલ્પ ---------------------------- ૨૪૦
ધાતુ પ્રતિમા --------------------- ૨૪૩
ઓસિયા ------------------------- ૨૪૫
શિલ્પકામનું વર્ણન -------------- ૨૪૫
ઘાણેરાવ મહાવીર મંદિર -------- ૨૪૬
શાંતિનાથ મંદિર-ઝાલરા પાટણ ૨૪૭
કુંભારિયા ----------------------- ૨૪૭
મહાવીર મંદિર ------------------ ૨૪૭
શાંતિનાથ મંદિર ---------------- ૨૪૭
પાર્શ્વનાથ મંદિર ---------------- ૨૪૭
નેમિનાથ મંદિર ----------------- ૨૪૮
તારંગા -------------------------- ૨૪૮
અજિતનાથ મંદિર --------------- ૨૪૮
સંભવનાથ મંદિર --------------- ૨૪૮
ઋષભદેવ મંદિર ---------------- ૨૪૮
માઉન્ટ આબુનાં મંદિરો --------- ૨૪૮
વિમલ વસહી-આદિનાથ મંદિર ૨૪૯
ગિરનાર ------------------------- ૨૪૯
નેમિનાથ મંદિર ----------------- ૨૪૯
જેસલમેર ------------------------ ૨૫૦
જૈન મંદિરો --------------------- ૨૫૦
સંભવનાથ મંદિર --------------- ૨૫૦
લોદ્રવાનું મંદિર ----------------- ૨૫૧
રાણકપુર ------------------------ ૨૫૧
પાલિતાણા-શત્રુંજય ------------- ૨૫૧
આદિનાથનું ચૌમુખ મંદિર ------ ૨૫૨
નંદીશ્વર દ્વીપ, આદીશ્વર મંદિર,
બાલાભાઈ મંદિર, મોતીશા મંદિર. ૨૫૨

**● જૈનમૂર્તિ વિધાનના પરિપ્રેક્ષ્યમાં તીર્થંકરોનું કલાવિધાન  —ડૉ. આર. ટી. સાવલિયા**

જૈન પ્રતિમાઓની પ્રાચીનતા અને
લક્ષણો -------------------------- ૨૫૪
જૈન પ્રતિમાનાં લક્ષણો ---------- ૨૫૫
**ચોવીસ તીર્થંકરોનું પ્રતિમાવિધાન**
આદિનાથ-ઋષભદેવ ------------ ૨૫૬
અજિતનાથ --------------------- ૨૫૭
સંભવનાથ --------------------- ૨૫૭
અભિનંદનનાથ ----------------- ૨૫૮
સુમતિનાથ --------------------- ૨૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્મપ્રભ ---------- ૨૫૮
સુપાર્શ્વનાથ ---------- ૨૫૮
ચંદ્રપ્રભ ---------- ૨૫૯
સુવિધિનાથ ---------- ૨૫૯
શીતલનાથ ---------- ૨૫૯
શ્રેયાંસનાથ ---------- ૨૫૯
વાસુપૂજ્ય ---------- ૨૫૯
વિમલનાથ ---------- ૨૫૯
અનંતનાથ ---------- ૨૬૦
ધર્મનાથ ---------- ૨૬૦
શાંતિનાથ ---------- ૨૬૦
કુંથુનાથ ---------- ૨૬૦
અરનાથ ---------- ૨૬૦
મલ્લિનાથ ---------- ૨૬૦
મુનિસુવ્રત ---------- ૨૬૧
નમિનાથ ---------- ૨૬૧
નેમિનાથ ---------- ૨૬૧
પાર્શ્વનાથ ---------- ૨૬૨
મહાવીર સ્વામી ---------- ૨૬૩
જૈન પ્રતિમાજીમાં અભિનવ કલાવિધાન ---------- ૨૬૩


## ● જૈનોની સાંસ્કૃતિક સંપત્તિ —નલિનાક્ષ પંડ્યા


પ્રાસ્તાવિક ---------- ૨૬૬
જૈન દર્શન ---------- ૨૬૬
વિશ્વવ્યવસ્થા ---------- ૨૬૬
જડ અને ચેતન ---------- ૨૬૭
કર્મનો સિદ્ધાંત અને મોક્ષ ---------- ૨૬૭
મોક્ષપ્રાપ્તિના માર્ગ ---------- ૨૬૭
સમ્યક્ત્વ ---------- ૨૬૮
સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદ ---------- ૨૬૮
જૈન પર્વો ---------- ૨૬૮
જૈન ધાર્મિક સાહિત્ય ---------- ૨૬૯
અંગપ્રવિષ્ટ આગમ ગ્રંથો ---------- ૨૭૦
અંગબાહ્ય આગમ–ગ્રંથો ---------- ૨૭૦
જૈન જ્ઞાનભંડારો ---------- ૨૭૧
જૈન પ્રાકૃત સાહિત્ય ---------- ૨૭૨
જૈન સંસ્કૃત સાહિત્ય ---------- ૨૭૨
જૈન ચિત્રકળા ---------- ૨૭૩
ભીત્તિચિત્રો ---------- ૨૭૩
તાડપત્રીય હસ્તપ્રતોનાં લઘુચિત્રો ---------- ૨૭૪
સચિત્ર કાષ્ઠપટ્ટિકા ---------- ૨૭૫
કાગળની હસ્તપ્રતોનાં લઘુચિત્રો ---------- ૨૭૫
સચિત્ર વિજ્ઞપ્તિપત્રો ---------- ૨૭૫
સચિત્ર વસ્ત્રપટો ---------- ૨૭૫
જૈન સ્થાપત્યકળા ---------- ૨૭૬
ઈમારતી મંદિરો ---------- ૨૭૮
સ્તૂપ ---------- ૨૮૫
કાષ્ઠમંદિરો ---------- ૨૮૫
જૈન શિલ્પકળા ---------- ૨૮૬
મૂર્તિઓ અને ભાસ્કર્યો ---------- ૨૮૬
વિરાટ પ્રસ્તરપ્રતિમાઓ ---------- ૨૮૭
જિનપ્રતિમા ---------- ૨૮૭
ધાતુપ્રતિમાઓ ---------- ૨૮૮
સમવસરણ ---------- ૨૮૯
માનસ્તંભ ---------- ૨૮૯
આયાગપટ્ટ ---------- ૨૯૦
જૈન અભિલેખો ---------- ૨૯૦
દેલવાડાનું અનુપમ દૃષ્ય ---------- ૨૯૨


## ● જૈન અભિલેખોનું ઐતિહાસિક વિશ્લેષણ —ડૉ. ભારતીબહેન શેલત


પૂર્વ અને ઉત્તરમાં ધર્મનો પ્રસાર ૨૯૫
પશ્ચિમમાં જૈન ધર્મનો પ્રસાર ---------- ૨૯૬
ગિરનાર પરના શિલાલેખ ---------- ૨૯૭
આબુ પરની પ્રશસ્તિ ---------- ૨૯૭
ખેરાળુનો શિલાલેખ ---------- ૨૯૮
ખેરાળુનો શિલાલેખ ---------- ૨૯૯
શત્રુંજય પરના શિલાલેખ ---------- ૨૯૯
ખંભાતના શિલાલેખો ---------- ૩૦૦
ચિતારી બજાર જિનાલય પ્રશસ્તિ ---------- ૩૦૦
પાટણનું વાડી પાર્શ્વનાથનું મંદિર ૩૦૧
શંખેશ્વરનું જૂનું પાર્શ્વનાથ મંદિર ૩૦૨
સરસપુરનું પાર્શ્વનાથ મંદિર ---------- ૩૦૨
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૨ થી ૭) ---------- ૩૦૩
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૨) ---------- ૩૦૪
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૩ - ૪) ---------- ૩૦૫
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૬) ---------- ૩૦૬
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૭) ---------- ૩૦૬
શાંતિનાથ પોળનું દેરાસર (ચિત્ર નં. ૫) ---------- ૩૦૬
શામળાની પોળમાં પાર્શ્વનાથ મંદિરનો શિલાલેખ : (ચિત્ર નં. ૮) ---------- ૩૦૭
વાઘણ પોળનું દેરાસર શિલાલેખ ૩૦૭
સૂરિઓની પટ્ટાવલી ---------- ૩૦૮
હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૦–૧૧) ---------- ૩૦૮
શામળાની પોળમાં શિલાલેખ : (ચિત્ર નં. ૮) ---------- ૩૦૯
વાઘણ પોળનું અજિતનાથ દેરાસર : (ચિત્ર નં. ૯) શિલાલેખ ---------- ૩૧૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૦) ---- ૩૧૧
હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૧) ---- ૩૧૨
કચ્છના અભિલેખો ---- ૩૧૩
દક્ષિણ ભારતમાં જૈન ધર્મ ---- ૩૧૩
શ્રવણ બેલ્ગોલના જૈન શિલાલેખ ૩૧૩
તીર્થયાત્રાના ઉલ્લેખો ---- ૩૧૫
સંદર્ભ ગ્રંથસૂચિ ---- ૩૧૬

**● ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યસ્વામીઓનું પ્રદાન —કોકિલા સિદ્ધાર્થ ભટ્ટ**

**● ગુજરાતનાં હસ્તલિખિત ગ્રંથાલયો —આર. ટી. સાવલિયા**

ગુજરાતના હસ્તલિખિત ગ્રંથભંડારો ---- ૩૩૫
પાટણના હસ્તલિખિત ગ્રંથભંડારો ૩૩૬
ખંભાતના જ્ઞાનભંડારો ---- ૩૩૮
અમદાવાદના હસ્તપ્રત ભંડારો ---- ૩૩૯
ભો. જે. હસ્તપ્રત સંગ્રહ ---- ૩૩૯
લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર હસ્તપ્રત સંગ્રહ ---- ૩૪૦
આખ્યાનો અને ચિત્ર ---- ૩૪૨
વડોદરાનો પ્રાચ્ય વિદ્યામંદિર હસ્તપ્રત સંગ્રહ ---- ૩૪૨
છાણીના જૈન ગ્રંથભંડારો ---- ૩૪૩

**● ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસના સંસ્કૃત સ્ત્રોતો —ભારતીબહેન શેલત**

મધ્યકાલીન ઇતિહાસ સંસ્કૃત સ્ત્રોતો ---- ૩૪૬
મુઘલકાલ ---- ૩૪૬
મરાઠા કાલ ---- ૩૪૯
પાદટીપ ---- ૩૫૧

**● હસ્તલિખિત પ્રતિઓની લિપિઓ —ભારતીબહેન શેલત**

બ્રાહ્મી લિપિમાં નવકાર ---- ૩૫૪
હડપ્પીય સભ્યતા ---- ૩૫૪
ખરોષ્ઠી લિપિ ---- ૩૫૫
બ્રાહ્મી લિપિ ---- ૩૫૫
મૌર્યકાલીન બ્રાહ્મી લિપિ ---- ૩૫૫
બ્રાહ્મી લિપિ વર્તમાન પ્રાદેશિક લિપિઓ ---- ૩૫૬
જુદા જુદા કાળનાં સંકેતચિહ્નો ---- ૩૫૭
વર્તમાન પ્રાદેશિક લિપિઓ ---- ૩૫૮
જૈન નાગરી લિપિ ---- ૩૫૮
ગુજરાતી લિપિ ---- ૩૫૮
તેલુગુ લિપિ ---- ૩૫૯
કન્નડ લિપિ ---- ૩૫૯
ગ્રંથ લિપિ ---- ૩૫૯
તમિલ લિપિ ---- ૩૫૯
મલયાલમ લિપિ ---- ૩૫૯
તુલુલિપિ ---- ૩૬૦
જુદાજુદા કાળની લિપિના મૂળાક્ષર ---- ૩૬૧

**● મથુરા નગરી : ઇતિહાસ, સાહિત્ય અને સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં —પૂ. પં. શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા., પૂ.પં. ગુણસુંદરવિજયજી મ.સા.**

મથુરા એક નગરી ---- ૩૬૫
મથુરા અને સ્થાપના નિક્ષેપો ---- ૩૬૫
માથુરી વાચના ---- ૩૬૫
મથુરાસંઘ-પરિષદ્ ---- ૩૬૬
સ્થાપત્યની દૃષ્ટિએ મથુરા ---- ૩૬૬
મથુરાનો કંકાલી ટીલો અને જૈન ધર્મની અતિ પ્રાચીનતા ---- ૩૭૪

**● ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં જૈનોનું પ્રદાન —ડૉ. મુગટલાલ બાવીસી**

શિક્ષણ ક્ષેત્રે ---- ૩૭૮
ગ્રંથાલય અને વાચનાલય ---- ૩૭૮
આરોગ્ય ---- ૩૭૮
પાંજરાપોળો અને સ્મશાનગૃહો ---- ૩૭૯
ધર્મશાળાઓ અને અનાથાશ્રમો ---- ૩૭૯
પરબો, અન્નક્ષેત્રો, ઉદ્યાનો ---- ૩૭૯
નગરગૃહો, નાટ્યગૃહો રંગભવનો ૩૭૯
સમાપન : ---- ૩૭૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ-૪

# વિક્રમની વીસમી સદી : વિશિષ્ટ વિભૂતિઓનું ચરિત્રદર્શન

## ● જિનશાસન નૌકાના સમર્થ સુકાનીઓ – સંપાદક


પં. શ્રી મણિવિજયજી દાદા ----- ૩૮૩
પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ. ------- ૩૮૪
પૂ. શ્રી મૂલચંદજી મહારાજ----- ૩૮૫
પૂ. મુનિશ્રી વૃદ્ધિવિજયજી મ. --- ૩૮૬
આ.શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ.૩૮૭
પૂ. ઉપા. શ્રી વીરવિજયજી ----- ૩૮૮
આ.શ્રી વિજયકમલસૂરિજી મ. -- ૩૮૯
આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. ૩૯૦
આ.શ્રી વિજયધર્મસૂરિજી મ. ---- ૩૯૦
મુનિપ્રવર શ્રી ઝવેરસાગરજી મ. ૩૯૧
આ. શ્રી પ્રેમસૂરિજી મ. --------- ૩૯૩


## ● જૈન શાસનના પરમ પ્રભાવક હિતચિંતકો – સંપાદક


આ. વિજયવલ્લભસૂરિજી મ. --- ૩૯૫
આ. વિજયનેમિસૂરિજી મ. ------ ૩૯૬
આ. વિજયનીતિસૂરિજી મ. ------ ૩૯૮
આ. વિજયકેશરસૂરિજી મ. ----- ૪૦૦
આ. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.૪૦૦
આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. -- ૪૦૨
આ. ધર્મસૂરીશ્વરજી મ.---------- ૪૦૩
આ. વિજયરામસૂરીશ્વરજી મ. -- ૪૦૬
આ. વિજયપ્રેમસૂરીશ્વરજી મ. --- ૪૦૭
આ. વિજયસુશીલસૂરીશ્વરજી મ. ૪૦૯
આ. ગુણસાગરસૂરીશ્વરજી મ.--- ૪૦૯
આ. સુબોધસાગરસૂરીશ્વરજી મ. ૪૧૧
આ. વિજયઅશોકરત્નસૂરિજી મ. ૪૧૩
આ. વિજયજયઘોષસૂરિજી મ. -- ૪૧૪
આ. હેમપ્રભસૂરીશ્વરજી મ. ----- ૪૧૫
આ. ગુણોદયસાગરસૂરિજી મ. -- ૪૧૭
આ. કૈલાસસાગરસૂરિજી મ. ---- ૪૧૯
આ. હેમભૂષણસૂરિજી મ. ------- ૪૨૦


## ● શ્રમણ સંઘની પ્રબુદ્ધ પ્રતિભાઓ – સંપાદક


આ. વિજયહર્ષસૂરિજી મ. ------- ૪૨૩
આ. વિજયમહેન્દ્રસૂરિજી મ. ---- ૪૨૪
આ. વિજયકલ્યાણસૂરિજી મ. --- ૪૨૪
આ. વિજયમંગળપ્રભસૂરિજી મ. ૪૨૫
આ. હેમસાગરસૂરિજી મ. ------- ૪૨૭
આ. ચિદાનંદસાગરસૂરિજી મ. -- ૪૨૭
આ. રૈવતસાગરસૂરિજી મ. ------ ૪૨૮
આ. યશોભદ્રસાગરસૂરિજી મ. -- ૪૨૯
આ. વિજયભુવનરત્નસૂરિજી મ. ૪૨૯
આ. નંદિવર્ધનસાગરસૂરિજી મ. - ૪૩૦
આ. વિજયવીરશેખરસૂરિજી મ.- ૪૩૧
આ. વિજયવારિષેણસૂરિજી મ.-- ૪૩૩
આ. મહાસેનસૂરિજી મ. --------- ૪૩૪


## ● ભારતભૂષણ મહાપુરુષો – સંપાદક


મુનિશ્રી મોહનલાલજી મ. ------- ૪૩૫
ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ------ ૪૩૬
પં. શ્રી અભયસાગરજી મ. ----- ૪૩૭
આ. વિજયયશોદેવસૂરિજી મ.--- ૪૩૯
આ. કીર્તિચંદ્રસૂરિજી મ. --------- ૪૪૦
આ. પદ્મસાગરસૂરિજી મ. ------- ૪૪૧
આ. વિજયઅભયદેવસૂરિજી મ. ૪૪૨


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ● શાસ્ત્રસર્જક સારસ્વતો — સંપાદક


આ. આનંદસાગરસૂરિજી મ. ---- ૪૪૫
આ. બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ. -- ૪૪૮
આ. વિજયલબ્ધિસૂરિજી મ. ----- ૪૪૯
આ. વિજયભદ્રંકરસૂરિજી મ. --- ૪૫૦
આ. વિજયઅમૃતસૂરિજી મ. ---- ૪૫૧
આ. વિજયધર્મધુરંધરસૂરિજી મ. ૪૫૩
આ. વિજયપુણ્યાનંદસૂરિજી મ. - ૪૫૪
આ. વિજયહેમચંદ્રસૂરિજી મ. --- ૪૫૫


## ● સૂરિમંત્ર સહિતના સાધક સૂરિવરો — સંપાદક


આ. વિજયલક્ષ્મણસૂરિજી મ. --- ૪૫૭
આ. દેવેન્દ્રસાગરસૂરિજી મ. ----- ૪૫૮
આ. વિજયવિક્રમસૂરિજી મ. ---- ૪૬૦
આ. વિજયચંદ્રોદયસૂરિજી મ. --- ૪૬૧
આ. કલ્યાણસાગરસૂરિજી મ. --- ૪૬૩
આ. શ્રેયાંસપ્રભસૂરિજી મ.સા. --- ૪૬૫
આ. લબ્ધિસૂરિજી મ.સા. -------- ૪૬૬
આ. વિજયઅશોકચંદ્રસૂરિજી મ. ૪૬૮
આ. જયશેખરસૂરિજી મ.સા. ---- ૪૬૯
આ. વિજયરાજયશસૂરિજી મ. -- ૪૭૦
आ.चंद्राननसागरसूरिजी म. --- 471


## ● શાસનદીપક પ્રજ્ઞાપુરુષો — સંપાદક


આ. વિજયોદયસૂરિજી મ. ------ ૪૭૩
આ. માણિકયસાગરસૂરિજી મ. -- ૪૭૪
આ. કીર્તિસાગરસૂરિજી મ. ------ ૪૭૫
આ. વિજયનંદનસૂરિજી મ. ----- ૪૭૬
આ. વિજયલાવણ્યસૂરિજી મ. - ૪૭૭
આ. વિજયકસ્તૂરસૂરિજી મ. ----- ૪૭૭
આ. વિજયભુવનતિલકસૂરિજી મ.૪૭૮
આ. વિજયવિબુધપ્રભસૂરિજી મ. ૪૭૯
આ. જિનકાંતિસાગરસૂરિજી મ. - ૪૮૦
આ. વિજયમહોદયસૂરિજી મ.- ૪૮૧
આ. વિજયૐકારસૂરિજી મ. ---- ૪૮૧
આ. કૈલાસસાગરસૂરિજી મ. સા. ૪૮૨
આ. વિજયઅરિહંતસિદ્ધસૂરિજી મ.૪૮૩
આ. વિજયઅરુણપ્રભસૂરિજી મ. ૪૮૫
આ. કુન્દકુન્દસૂરિજી મ. --------- ૪૮૫
આ. કલ્યાણસાગરસૂરિજી મ. --- ૪૮૬
આ. વિજયજિનોત્તમસૂરીશ્વજી મ.૪૮૭


## ● તેજતરણ તપોધનો — સંપાદક


આ. વિજયસિદ્ધિસૂરિજી મ. ----- ૪૮૯
આ. વિજયભકિતસૂરિજી મ. ---- ૪૯૦
આ. વિજયમુકિતચંદ્રસૂરિજી મ. - ૪૯૨
આ. ચંદ્રસાગરસૂરિજી મ. ------- ૪૯૩
આ. વિજયજિતેન્દ્રસૂરિજી મ. --- ૪૯૪
આ. વિજયપ્રભાકરસૂરિજી મ. -- ૪૯૫
આ. વિજયગુણયશસૂરિજી મ. --- ૪૯૭


## ● સદીના સમયજ્ઞ સંતરત્નો — સંપાદક


પં. ધર્મવિજયજી ગણિવર્ય (ડહેલાવાળા) --------------------- ૫૦૧
आ. दर्शनसागरसूरिजी म. --- 502
આ. વિજયવિજ્ઞાનસૂરિજી મ. --- ૫૦૩
આ. વિજયમનોહરસૂરિજી મ. --- ૫૦૫
આ. વિજયદેવસૂરિજી મ. ------- ૫૦૫
આ. વિજયવિનયચંદ્રસૂરિજી મ. - ૫૦૭
આ. વિજયઅરવિંદસૂરિજી મ. -- ૫૦૮
આ. વિજયચંદ્રોદયસૂરિજી મ. --- ૫૦૮
આ. વિજયજયકુંજરસૂરિજી મ. - ૫૧૦
आ. नित्योदयसागरसूरिजी म. 511
આ. વિજયનરચંદ્રસૂરિજી મ. ---- ૫૧૨
આ. વિજયકલ્પજયસૂરિજી મ. -- ૫૧૩
આ. સિંહસેનસૂરિજી મ. --------- ૫૧૪


## ● ધર્મકાર્યપ્રવર્તક પુણ્ય પુરુષો — સંપાદક


આ. વિજયસુરેન્દ્રસૂરિજી મ. ---- ૫૧૫
આ. વિજયમેરુપ્રભસૂરિજી મ. --- ૫૧૬
આ. વિજયસુબોધસૂરિજી મ. ---- ૫૧૭
આ. વિજયજિનેન્દ્રસૂરિજી મ. --- ૫૧૮
આ. વિજયસમુદ્રસૂરિજી મ. ----- ૫૧૯
આ. વિજયઇંદ્રદિન્નસૂરિજી મ. -- ૫૨૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ. વિજયજગચ્ચંદ્રસૂરિજી મ.--૫૨૧
આ. વિજયસ્થૂલભદ્રસૂરિજી મ.--૫૨૩
આ. વિજયમહાબલસૂરિજી મ.--૫૨૫
આ. વિજયપુણ્યપાલસૂરિજી મ.-૫૨૬
આ. નરદેવસાગરસૂરિજી મ.----૫૨૭
આ. શ્રી અમરસેનસૂરિજી મ.---૫૨૮
આ. રત્નભૂષણસૂરિજી મ.-------૫૨૯
આ. વિજયહેમપ્રભસૂરિજી મ.---૫૩૦
આ. વિજયમહાયશસૂરિજી મ.--૫૩૧
આ. વિજયરત્નચંદ્રસૂરિજી મ.---૫૩૨
આ. ગુણશીલસૂરિજી મ.--------૫૩૩
આ. વિજયચંદ્રયશસૂરિજી મ.---૫૩૪
આ. રત્નાકરસૂરિજી મ.---------૫૩૬
આ. વિજયરત્નશેખરસૂરિજી મ.-૫૩૬
આ. વિજયનિત્યાનંદસૂરીશ્વજી મ.૫૩૭
આ. વિનયસેન સૂરિજી મ.------૫૩૯
આ. ચંદ્રશેખરસાગરસૂરિજી મ.-૫૪૦
આ. વરબોધિસૂરિજી-------------૫૪૧
આ. રત્નશેખરસૂરિજી મ.-------૫૪૧
આ. હર્ષસાગરસૂરિજી મ.-------૫૪૨
આ. જગચ્ચંદ્રસૂરિજી મ. (ડહેલાવાળા)---------------૫૪૫
આ. પ્રદીપચંદ્રસૂરિજી મ.--------૫૪૫


**● સમકાલીન શાસ્ત્રપ્રભાવકો — સંપાદક**


આ. વિજયદર્શનસૂરિજી મ.-----૫૪૭
આ. વિજયઅમૃતસૂરિજી મ.----૫૪૮
આ. હંસસાગરસૂરિજી મ.-------૫૪૯
આ. કંચનસાગરસૂરિજી મ.-----૫૫૦
આ. સૂર્યોદયસાગરસૂરિજી મ.---૫૫૧
આ. વિજયયશોભદ્રસૂરિજી મ.--૫૫૨
આ. નરેન્દ્રસાગરસૂરિજી મ.-----૫૫૩
આ. દોલતસાગરસૂરિજી મ.-----૫૫૪
આ. કુંદકુંદસૂરિજી મ.-----------૫૫૬
આ. મનોહરકીર્તિસાગરસૂરિજી મ. ૫૫૭
આ. વિજયરાજેન્દ્રસૂરિજી મ.---૫૫૯
આ. વિજયગુણરત્નસૂરિજી મ.--૫૬૦
આ. વિજયપૂર્ણચંદ્રસૂરિજી મ.---૫૬૨
આ. વિજયમુક્તિપ્રભસૂરિજી મ. ૫૬૪
આ. યશોવિજયસૂરિજી મ.------૫૬૫
આ. શ્રેયાંસચન્દ્રસૂરિજી મ.--- -૫૬૬
આ. વિજયવીરસેનસૂરિજી મ.---૫૬૭
આ. વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.----૫૬૭
આ. અશોકસાગરસૂરિજી મ.----૫૬૯
આ. જિનચંદ્રસાગરસૂરિજી મ.
આ. હેમચંદ્રસાગરસૂરિજી મ.---૫૭૧
આ. કીર્તિયશસૂરિજી મ.---------૫૭૩
આ. વિજયહેમરત્નસૂરિજી મ.---૫૭૬
આ. સોમચંદ્રસૂરિજી મ.---------૫૭૭
આ. કલાપ્રભસાગરસૂરિજી મ.--૫૭૮
આ. મુનિચંદ્રસૂરિજી મ.---------૫૮૦
આ. કલ્પયશસૂરિજી મ.---------૫૮૧
આ. અમિતયશસૂરિ મ.---------૫૮૩
આ. અભયશેખરસૂરિજી મ.-----૫૮૩


**● અધ્યાત્મમાર્ગના સાધનાનિષ્ઠ ચારિત્રધરો — સંપાદક**


આ. જયાનંદસૂરિજી મ.---------૫૮૫
આ. વિજયઆનંદઘનસૂરિજી મ. ૫૮૫
આ. કનકશેખરસૂરિજી મ. સા.-૫૮૭
આ. કીર્તિસેનસૂરિજી મ.---------૫૮૮
આ. કમલરત્નસૂરિજી મ.-------૫૮૯
આ. દર્શનરત્નસૂરિજી મ.--------૫૮૯
આ. અજિતરત્નસૂરિજી મ.------૫૯૧


**● વાગડ સમુદાયના કર્ણધારો પૂ. પં. મુક્તિચન્દ્રવિજયજી, પૂ. પં. મુનિચન્દ્રવિજયજી**


પૂજ્ય દાદાશ્રી પદ્મવિજયજી મ. ૫૯૫
પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ. ૫૯૫
પૂજ્ય મુનિશ્રી હીરવિજયજી મ. ૫૯૬
આ. વિજયકનકસૂરિજી મ.------૫૯૭
આ. વિજયદેવેન્દ્રસૂરિજી મ.-----૫૯૮
આ. કંચનવિજયજી--------------૫૯૯
આ. વિજયકલાપૂર્ણસૂરિજી મ.--૫૯૯


**● પ. પૂ. આચાર્યાદિ સાધુ-ભગવંતોને અનંતશઃ વંદના પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.**


આ. રાજતિલકસૂરિજી મ.------- ૬૦૧
આ. વિજયહિમાંશુસૂરિજી મ.--- ૬૦૨
આ. વિજયકુમુદચંદ્રસૂરિજી મ.-- ૬૦૩
આ. અરિહંતસિદ્ધસૂરિજી મ.---- ૬૦૩
આ. કલાપૂર્ણસૂરિજી મ.--------- ૬૦૪
આ. વિદ્યાસાગરજી મ.---------- ૬૦૪
આ. વિજયરામચંદ્રસૂરિજી મ.--- ૬૦૫
આ. ગુણસાગરસૂરિજી મ.------- ૬૦૫
આ. ગુણોદયસાગરસૂરિજી મ.-- ૬૦૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ. કલાપ્રભસાગરસૂરિજી મ. -- ૬૦૬
આ. વિ. ભુવનભાનુસૂરિજી મ. - ૬૦૬
આ. સુબોધસાગરસૂરિજી મ. ----- ૬૦૭
આ. વિજય રુચકચંદ્રસૂરિજી મ. ૬૦૭
આ. નવરત્નસાગરસૂરિજી મ. --- ૬૦૭
આ. વિજય વસંતસૂરિજી મ. ---- ૬૦૮
પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મ. --- ૬૦૮
લાલચંદ્રજી મ.. ----------------- ૬૦૮
મુનિશ્રી સુધર્મસાગરજી મ. ------ ૬૦૯
મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ. -- ૬૦૯
મુનિશ્રી ધર્મરત્નસાગરજી મ. ---- ૬૦૯
મુનિશ્રી નયપ્રભ–
નંદીવર્ધન સાગરજી મ. ---------- ૬૦૯
એક જ સમુદાયની યુવા પ્રતિબોધક
પદસ્થ ત્રિપુટી ------------------- ૬૧૦


## ● શાસનપ્રભાવક શણગાર રત્નો – સંપાદક


આ. વિજયશાંતિચંદ્રસૂરિજી મ. ૬૧૩
આ. વિજયસોમચંદ્રસૂરિજી મ. -- ૬૧૪
આ. વિજયધર્મજિતસૂરિજી મ. -- ૬૧૬
આ. શાંતિવિમલસૂરિજી મ. ----- ૬૧૭
આ. સોમસુંદરસૂરિજી મ. ------- ૬૧૯
આ. પ્રદ્યુમ્નવિમલસૂરિજી મ. ---- ૬૨૦
આ. ચંદ્રકીર્તિસાગરસૂરિજી મ. -- ૬૨૦
પૂ. મુનિશ્રી વીરવિજયજી મ. --- ૬૨૧
આ. ભાનુચંદ્રસૂરિજી મ. --------- ૬૨૨
આ. હેમચંદ્રસૂરિજી મ. ---------- ૬૨૩


## ● રત્નત્રયીના રાહદારીઓ – સંપાદક


પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. ----- ૬૨૫
પૂ. મુનિશ્રી અમરેન્દ્રસાગરજી મ. ૬૨૭
પૂ. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ. ૬૨૮
પૂ. પં.શ્રી વજ્રસેનવિજયજી મ. - ૬૨૯
પૂ. મુનિશ્રી મહાસેનવિજયજી મ. ૬૩૦
પૂ. પં.શ્રી ભદ્રશીલવિજયજી મ. ૬૩૧
પૂ. પં. કુલશીલ વિજયજી મ. -- ૬૩૩
પૂ. પં. શ્રી ઉદયકીર્તિસાગર મ. - ૬૩૪
પૂ. પં.શ્રી અજિતશેખરવિ. મ. -- ૬૩૫
પૂ. ગણિશ્રી મહોદયસાગરજી મ. ૬૩૫
પૂ. ગણિશ્રી કવિન્દ્રસાગરજી મ. ૬૩૭
પૂ.ગણિશ્રી વીરભદ્રસાગરજી મ. - ૬૩૭
પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ. --- ૬૩૮
પૂ. ઉપા. મણિપ્રભસાગરજી મ. - ૬૩૮
પૂ. પં. શ્રી રત્નસેનવિજયજી મ. ૬૩૯
પૂ. પં.શ્રી રશ્મિરત્નવિજયજી મ. ૬૪૦
પૂ. મુનિશ્રી હર્ષશીલવિજયજી મ. ૬૪૨
પૂ. પં. શ્રી પ્રશાંતવલ્લભવિ. મ. ૬૪૪
પૂ. મુનિશ્રી નિર્વેદચંદ્રવિ. મ. ---- ૬૪૫
પૂ. મુનિશ્રી સંવેગચંદ્રવિ. મ. ---- ૬૪૬
પૂ. મુનિશ્રી ગૌતમવિજય મ. ---- ૬૪૬
પં. શ્રી રાજયશ વિજયજી મ. -- ૬૪૭
પૂ. મુનિશ્રી હિતપૂર્ણવિજયજી મ. ૬૪૯
પૂ. પં. શ્રી રવિરત્ન વિ. મ. ---- ૬૪૯
પૂ. ગણિવર્યશ્રી જગતદર્શનવિ. મ. - ૬૫૧
આ.શ્રી પ્રભાકરસૂરિ. મ.નાં શિષ્ય-
રત્નોની તપસ્યાની અનુમોદના --- ૬૫૨
'સર્વોદય સ્તવના' --------------- ૬૫૩


## ● શાસનનાં તેજસ્વી નક્ષત્રોઃ શ્રમણીરત્નો ડૉ. કવિન શાહ


અર્વાચીનકાળનાં શાસનપ્રભાવક
સાધ્વીરત્નો – મિતાક્ષરી નોંધ -- ૬૫૮
પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. ----- ૬૫૯
પૂ. સા. શ્રી ખાંતિશ્રીજી મ. ----- ૬૫૯
પૂ. સા. શ્રી દયાશ્રીજી મ. ------ ૬૬૦
પૂ. સા. શ્રી પ્રભાશ્રીજી મ. ----- ૬૬૦
પૂ. સા. શ્રી તિલકશ્રીજી મ. ---- ૬૬૦
પૂ. સા. શ્રી પ્રવીણાશ્રીજી મ. --- ૬૬૦
પૂ. સા. શ્રી નેમશ્રીજી મ. ------- ૬૬૧
સ્થાનક સાધ્વીજીનો
મિતાક્ષરી પરિચય --------------- ૬૬૧
ચૈતન્યદેવીજી મ. --------------- ૬૬૧
**પૂ. સાધ્વીજી ભગવંતોને અનંતશઃ**
**વંદના ------------------------ ૬૬૨**
પૂ. સા. શ્રી ચતુરશ્રીજી મ. ----- ૬૬૫
પૂ. સા. શ્રી હેમશ્રીજી મ. ------- ૬૬૬
પૂ. સા. શ્રી હંસશ્રીજી મ. ------- ૬૬૮
પૂ. સા. શ્રી રોહિતાશ્રીજી મ. --- ૬૬૯
પૂ. સા. શ્રી રોહિણાશ્રીજી મ. -- ૬૬૯
પૂ. સાધ્વીજી નિર્મળાશ્રીજી મ. -- ૬૭૦
પૂ. સા. શ્રી પદ્મયશાશ્રીજી મ. -- ૬૭૨
પૂ. સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ. - ૬૭૩
પૂ. સા. શ્રી ઉપશાંતશ્રીજી મ. -- ૬૭૫
પૂ. સા. શ્રી અર્પિતગુણાશ્રીજી મ. ૬૭૬
પૂ. સા. શ્રી તત્ત્વયશાશ્રીજી મ. - ૬૭૭


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ-૫

# વૈવિધ્ય સૌરભ દર્શન


## ● પ્રાચીન જિનાલયોના જિર્ણોદ્ધારકો —મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.

ગિરનાર તીર્થનો ઇતિહાસ ------- ૬૮૨
ગિરનાર તીર્થનાં ઉદ્ધારો --------- ૬૮૨
તેજપાલ સોની ------------------ ૬૮૩
વર્ધમાનસિંહ-પદ્મસિંહ ----------- ૬૮૪
ધોળકાનાં જિનાલયો ------------ ૬૮૪
અજયરાજા --------------------- ૬૮૪
આબુ ઉપર જિનવર જુહાર ---- ૬૮૫
વિમલમંત્રીનો રાજાશાહી ઠાઠ --- ૬૮૫
પેથડમંત્રીએ જિનાલય-જિનપ્રતિમા માટે આપેલ યોગદાન ---------- ૬૮૬
દેવગિરિના જિનાલય------------ ૬૮૭
ધરણાશાહ પોરવાલ ------------ ૬૮૭
શ્રી રાણકપુર ------------------- ૬૮૮
જિનાલય-જિનબિંબ પ્રત્યે ભક્તિપૂર્વક દ્રવ્ય ખર્ચનાર શ્રાવકો------------ ૬૯૦
જગજયવંત અતિ પ્રાચીન શ્રી જીરાવલા તીર્થ ----------------- ૬૯૧
જીરાવલા પાર્શ્વનાથની પ્રાપ્તિનો ઇતિહાસ ------------------------ ૬૯૧
એક ચમત્કાર અને પાર્શ્વનાથ પ્રતિમાની પ્રાપ્તિ ---------------- ૬૯૨
જીરાવલા તીર્થમાં થયેલાં મહાન ચાતુર્માસો ---------------------- ૬૯૨
જીરાવલા તીર્થમાં પ્રાચીન કાળમાં આવેલ સંઘો ------------------ ૬૯૩
ભદ્રેશ્વરતીર્થના ૧૬ જીર્ણોદ્ધારો -- ૬૯૪

## ● આબુના જૈનમંદિરોનાં શિલાલેખોમાં ઉલ્લેખિત રાજવીઓ અને મંત્રીઓ પ્રા. બિપિનચંદ્ર ર. ત્રિવેદી

આબુના જૈનમંદિરોના શિલાલેખોમાં ઉલ્લેખિત રાજવીઓ ------------ ૬૯૭
આબુના જૈનમંદિરોના શિલાલેખોમાં ઉલ્લેખિત અમાત્યો/મંત્રીઓ— - ૭૦૬

## ● અષ્ટાપદજીની આછી ઓળખાણ પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)

શ્રી અષ્ટાપદજી-એક શકયતા --- ૭૧૨

## ● નવકાર ચમત્કાર અનુભવકર્તાઓ પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)

આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. - ૭૧૫
આ.શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી - ૭૧૬
વિવિધ નવકાર આરાધકો ------- ૭૧૬
પૂ.પં. ભદ્રેશ્વરવિજયજી મ. ------ ૭૧૬
પૂ.આ. હેમરત્નસૂરિજી મ. ------- ૭૧૬
પૂ. ગણિ મહોદયસાગર મ. ----- ૭૧૬
પ્રસ્તુત લેખના લેખકના આત્માનુભવો -------------------- ૭૧૬
પૂ.સા.શ્રી ભવ્યગુણાશ્રીજી મ. -- ૭૧૬
પૂ.સા.શ્રી વિનયપ્રભાશ્રીજી મ. -- ૭૧૭
પૂ. સા.શ્રી નેમશ્રીજી ------------- ૭૧૭
પૂ. સા.શ્રી ચંદ્રપ્રભાશ્રીજી -------- ૭૧૭
ડૉ. સુરેશભાઈ ઝવેરી ----------- ૭૧૭
નરેન્દ્રભાઈ રામજી નંદુ ---------- ૭૧૭
સંગીતકાર શ્રી જયંતભાઈ રાહી - ૭૧૭
તારાચંદભાઈ શાહ -------------- ૭૧૮
ગુલાબચંદભાઈ શેઠ ------------- ૭૧૮
શાહ વીરચંદ મોહનલાલ ------- ૭૧૮
વાંદરીનું મનપરિવર્તન----------- ૭૧૮
રજપૂત લાલુભાઈ --------------- ૭૧૮
પ્રફુલભાઈ એમ. શાહ ---------- ૭૧૮
પન્નાલાલજી રાઠોડ ------------ ૭૧૮
દેવચંદભાઈ અને નેમચંદભાઈ - ૭૧૯
પૂનાનાં શ્રાવિકા સમતાબહેન --- ૭૧૯
દિનેશભાઈ પટેલ -------------- ૭૧૯
પદમશીભાઈ ખીમજી છેડા ----- ૭૧૯
દમયંતીબહેન પ્રેમચંદ કાપડિયા - ૭૧૯
મુલુંડવાસીઓએ અનુભવેલ નવકાર પ્રભાવ ----------------- ૭૨૦
નવકારમંત્રના જાપ કરતાં ધ્યાન રાખવાની બાબતો :- --------- ૭૨૦
જાપ કરવાની સમજણ : ------- ૭૨૦


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ● જન્મથી નહીં કિન્તુ કર્મથી સવાયા જૈન આરાધક-રત્નોની સંક્ષિપ્ત ઝલક

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.


વનમાલીદાસભાઈ ભાવસાર ----- ૭૨૧
લાલુભા મફાજી વાઘેલા --------- ૭૨૨
રામસંગભાઈ બી. લીંબડ -------- ૭૨૩
જયંતિલાલભાઈ વીરાણી --------- ૭૨૩
લક્ષ્મણભાઈ વાળંદ -------------- ૭૨૪
રસિકભાઈ જનસારી ------------ ૭૨૫
સંજયભાઈ ડાહ્યાલાલ સોની ----- ૭૨૫
પ્રો. કેશુભાઈ ડી. પરમાર ------- ૭૨૬
પુરુષોત્તમભાઈ કાલિદાસ પારેખ ૭૨૬
આરાધકોની વિશિષ્ટ આરાધનાને ભૂરિશઃ વંદના ------------------ ૭૨૭


## ● ૨૧મી સદીના કેટલાક વિશિષ્ટ કોટિના આરાધક-રત્ન શ્રાવક-શ્રાવિકાઓની અનુમોદનીય આરાધના

પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.

## ● સંગીતક્ષેત્રે જૈનોનું પ્રદાન

—જયદેવભાઈ બી. ભોજક


સંગીતનું માધ્યમ ---------------- ૭૪૪
શું સંગીત માટે જુદી ભાષા છે? ૭૪૪
જૈનોનું પ્રદાન --------------------- ૭૪૫
રાસાઓ તથા છંદો દ્વારા સંગીત ૭૪૫
ઢાળોનો ઉપયોગ : 'દેશી' ------- ૭૪૫
દેશીની પરંપરાનું રક્ષણ --------- ૭૪૫
જૈન અને અન્ય દેશીના અભ્યાસનું મહત્ત્વ ------------------------- ૭૪૬
રાગસંગીત અને જૈનસમાજ ----- ૭૪૬
રાગમાં નિબદ્ધ જૈન દેશીઓ ---- ૭૪૭
રાગોનો ઉપયોગ : ------------- ૭૪૮
સાચા રાગ કયા અને કેવા : --- ૭૪૮


## ● જૈન સંગીતકારોઃ આંગી રચનાના તજજ્ઞોઃ ચક્ષુ-ટીકાના કલાવિદો

—નવીનચંદ્ર રમણિકલાલ ભોજક


પ્રાસ્તાવિક ------------------------ ૭૫૧
સ્વ. હીરાલાલ દેવીદાસ ઠાકોર - ૭૫૧
સ્વ. ગજાનન દેવીદાસ ઠાકુર --- ૭૫૨
સ્વ. રમણિકલાલ કે. ભોજક ---- ૭૫૨
સ્વ. અંબાલાલ ખોડીદાસ ભોજક ૭૫૩
સ્વ. દામોદરદાસ કે. ભોજક ---- ૭૫૩
સ્વ. મનુભાઈ હરિલાલ ભોજક - ૭૫૩
સ્વ. રમણલાલ શિવલાલ નાયક ૭૫૪
સ્વ. ચમનલાલ કસ્તુરચંદ ભોજક ૭૫૪
અંબાલાલ હરિલાલ ભોજક ----- ૭૫૪
વાસુદેવભાઈ ધનસુખરામ નાયક ૭૫૪
વસ્તીલાલ વિઠ્ઠલદાસ ભોજક ---- ૭૫૪
બાલકૃષ્ણ ચંપકલાલ નાયક ----- ૭૫૫
બળવંત ઠાકુર -------------------- ૭૫૫
દિલીપભાઈ રમણીકલાલ ઠાકુર - ૭૫૫
જયંત રાહી ----------------------- ૭૫૫
આસુતોષ વ્યાસ ----------------- ૭૫૬
સ્વ. વિનોદચંદ્ર એન. નાયક ---- ૭૫૬
મલયભાઈ દામોદરદાસ ભોજક - ૭૫૬
મેહુલ દિલીપભાઈ ઠાકુર -------- ૭૫૭
લલિતકુમાર દામોદરદાસ ભોજક ૭૫૭
નીરવ-નિકુંજ ઠાકુર એન્ડ પાર્ટી ૭૫૭
ડાહ્યાલાલ કાંતિલાલ ભોજક ----- ૭૫૭
મૂકેશભાઈ કે. નાયક ----------- ૭૫૮
જયેન્દ્રભાઈ કે. નાયક ----------- ૭૫૮
મનોજભાઈ કે. નાયક ----------- ૭૫૮
પ્રદીપભાઈ અંબાલાલ ઠાકુર ---- ૭૫૮
રાજેશ ગુણવંતલાલ ભોજક ----- ૭૫૮
હસમુખલાલ રમણિકલાલ ઠાકુર ૭૫૮
પ્રમોદકુમાર રમણિકલાલ ભોજક ૭૫૮
સ્વ. ભરત ઠાકુર એન્ડ પાર્ટી --- ૭૫૯
પરેશકુમાર વી. નાયક ---------- ૭૫૯
વિજયકુમાર ડાહ્યાલાલ ભોજક -- ૭૫૯
શેત્રુંજય મહાતીર્થના સંગીતકારો - ૭૫૯
લેપ, ઓપ, ચક્ષુ-ટીકા વગેરેના તજજ્ઞો ---------------- ૭૬૦
જૈન ચિત્રકળાના કસબીઓ/ અંગરચનાના કસબીઓ ---------- ૭૬૦
ભાવનગરના જૈન સંગીતકારો --- ૭૬૧
અશોક પરમાણંદદાસ શાહ ----- ૭૬૧
કુ. હીરલ અશોકભાઈ શાહ ---- ૭૬૧
દીપેશ અશ્વિનભાઈ કામદાર ---- ૭૬૧
ભાવિક વિક્રમભાઈ શાહ -------- ૭૬૧
કમલેશ કાંતિલાલ શાહ --------- ૭૬૧
મિતેશ હસમુખરાય શાહ -------- ૭૬૨
ચંદ્રકાન્ત વર્ધમાન શાહ --------- ૭૬૨
ભાવનગરના જૈન વિધિકારો-ક્રિયાધારકો ----------- ૭૬૨
ધનવંતભાઈ સી. શાહ ---------- ૭૬૨
જસવંતરાય સી. પારેખ --------- ૭૬૨
વિજયભાઈ પ્રતાપરાય મહેતા --- ૭૬૩
મનીષકુમાર રસિકલાલ મહેતા -- ૭૬૩
જૈન સંગીતકારો ----------------- ૭૬૩
પૂજન-વિધિકારો ---------------- ૭૬૫


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ● સદ્‌વિચાર પ્રવૃત્તિના પ્રણેતાઓ — સંપાદક


દીપચંદભાઈ સવરાજભાઈ ગાર્ડી ૭૬૯
રાજેન્દ્રભાઈ દલાલ ૭૭૪
શિવુભાઈ લાઠિયા ૭૭૭
સ્વ. ભરતભાઈ એમ. કોઠારી ૭૭૮
સ્વ. મોહનલાલ જે. કોઠારી ૭૭૯
રતિલાલ ફાવચંદ ૭૮૦
માણેકલાલ કે. શાહ ૭૮૦
જે. કે. સંઘવી ૭૮૧
કુમારપાળ દેસાઈ ૭૮૨


## ● દક્ષિણ ભારતનું ગર્વીલું મહાજન : સમાજ અને શાસન મોભીઓ

—અમીબહેન કે. શાહ / પ્રવિણકુમાર માનચંદલાલ શાહ


રવિલાલ લવજીભાઈ પારેખ ૭૮૬
લક્ષ્મીચંદજી કોઠારી ૭૮૮
કપૂરચંદજી ભીલોચા વોરા ૭૯૦
સુરેન્દ્રભાઈ સી. શાહ 'ગુરુજી' ૭૯૧
શાન્તાબહેન ખીમરાજજી ૭૯૨
સ્વ. મધુબહેન સી. શાહ ૭૯૩
સ્વ. સંઘવી જશરાજજી ખુમાજી ૭૯૩
સ્વ. કસ્તુરબેન જશરાજજી ૭૯૩
સુંદરબહેન ઘેવરચંદજી ૭૯૩
રુકિમણિબહેન મિશ્રીમલજી ૭૯૪
ભંવરીદેવી ઘેવરચંદજી સુરાણા ૭૯૪
કુસુમબહેન બાબુભાઈ ૭૯૪
સુંદરબહેન નેમિદાસ ભેદા ૭૯૪
દામજી જાદવજી છેડા ૭૯૫
મણિબાઈ કાંતિલાલ શાહ ૭૯૬
લીલાવતીબહેન ઝવેરીલાલ દંડ ૭૯૭
દુર્ગાબાઈ ચંપાલાલજી બાફના ૭૯૮
ડૉ. નરપત સોલંકી ૭૯૮
માણેકચંદજી બેતાલા ૭૯૯
ઉત્તમચંદજી દુગ્ગડ ૮૦૦
પ્રો. પ્રતાપભાઈ ટોલિયા ૮૦૧
લહેરચંદજી હંસરાજજી ૮૦૨
ખુશાલચંદ ધનજી ધરમશી ૮૦૨
ચીમનભાઈ જમનાદાસ હકાણી ૮૦૩
જયંતીલાલ નાગરદાસ શાહ ૮૦૪
દલપતલાલ ગુલાબચંદભાઈ શાહ ૮૦૭
દીપકભાઈ હિંમતલાલ સુરાણા ૮૦૮
નાગરદાસ કુંવરજીભાઈ શાહ ૮૦૯
સ્વ. નેમિદાસભાઈ જી. ભેદા ૮૦૯
મનહરભાઈ શિવલાલ પારેખ ૮૧૦
માણેકલાલ રતનશી પારેખ ૮૧૨
સ્વ. રતિલાલ વી. સંઘવી ૮૧૩
સ્વ. સૌભાગ્યચંદ સી. સલોત ૮૧૪
શ્રીકાન્ત એસ. મહેતા ૮૧૫
ડૉ. સી. બાલક્રિષ્નન ૮૧૫
મંજુલાબહેન હીરાલાલ મહેતા ૮૧૬
ડૉ. નેહા વખારિયા ૮૧૬
'ઓએસિસ', બેંગ્લોર ૮૧૬
પ્રા. કે. જી. બાલકન્દ સ્વામી ૮૧૭
પ્રવીણભાઈ લાલભાઈ શાહ ૮૧૮
દૂદમલજી સરતાનમલજી બાલર ૮૧૯
સંઘવી ચંપાલાલજી સુમેરમલજી ૮૧૯
વસંતભાઈ ઓટમલજી વેદમુથા ૮૧૯
અશોકભાઈ જશરાજજી સંઘવી ૮૨૦
ચીમનમલજી ડુંગાજી (આહોર) ૮૨૧
તેજરાજજી કુહાડ (આહોર) ૮૨૩
દેવકુમાર કે. જૈન ૮૨૪
શાંતિલાલજી નાગોરી (આહોર) ૮૨૫
સ્વ. કુન્દનમલજી સી. ગાદિયા ૮૨૬
સુરેશભાઈ સી. શાહ ૮૨૬
ઉત્તમચંદ દેવીચંદજી ભંડારી ૮૨૮
દિનેશભાઈ ચંદ્રકાંતભાઈ હકાણી ૮૨૮
સુસ્મિતાબહેન શાહ ૮૨૯
સંપતરાજ ગાદિયા (આહોર) ૮૩૦
તેજરાજ નાગોરી (આહોર) ૮૩૧
પારસમલ ચોપડા (આહોર) ૮૩૧
સુશિલાબહેન પારેખ ૮૩૨


## ● ધર્મનિષ્ઠ પુણ્ય પ્રતિભાઓ — સંપાદક


શેઠ અનુપચંદ મલુકચંદ ૮૩૩
અમૃતલાલ મોહનલાલ શાહ ૮૩૪
કાંતિલાલ નગીનદાસ શાહ ૮૩૫
કાન્તિલાલ લહેરચંદ શાહ ૮૩૯
કિશોરભાઈ ડી. શેઠ ૮૪૨
કિશોરભાઈ પી. કોરડિયા ૮૪૩
કુમારપાળ વિ. શાહ ચિરંજીવો! ૮૪૪
ચન્દ્રકાન્ત મૂળચંદ શાહ ૮૪૮
ચંપકલાલ ગિરધરલાલ વોરા ૮૫૦
ચંપકલાલ ટી. ખોખર ૮૫૦
જયસુખલાલ ચંપકલાલ વોરા ૮૫૦
જયંતીલાલ રતનચંદ શાહ ૮૫૧
જગજીવન માવજીભાઈ કપાસી ૮૫૨
છોટાલાલ મણિલાલ શેઠ ૮૫૨
પ્રવીણચંદ્ર ફૂલચંદ શાહ ૮૫૩
બાપાલાલ મનસુખલાલ શાહ ૮૫૪
સ્વ. મણિલાલ નરસીદાસ દોશી ૮૫૫
વેણીચંદ સુરચંદ શાહ ૮૫૬


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેતપુરનો શેઠ પરિવાર ---------- ૮૫૭
જિનશાસનનાં રત્નો! ---------- ૮૫૭
શૈલેષભાઈ કોઠારી ---------- ૮૫૮
હિંમતભાઈ કોઠારી ---------- ૮૫૮
ડૉ. સુરેશભાઈ ઠાકોરલાલ મહેતા ૮૫૮
હરખચંદ વીરચંદભાઈ ગાંધી ---- ૮૫૯
સ્વ. શિવલાલભાઈ દીપચંદ શાહ ૮૬૧
પન્નાલાલ ભીખાચંદ શાહ ------- ૮૬૨
અમૃતલાલ રતિલાલ ---------- ૮૬૩
હરેશભાઈ પી. શાહ ---------- ૮૬૩
કાંતિભાઈ મણિલાલ ઝવેરી ----- ૮૬૪
કિરીટભાઈ પી. શાહ ---------- ૮૬૫
કીર્તિભાઈ પોપટલાલ મેપાણી --- ૮૬૬
ચંપકલાલ એચ. ભણશાલી ------ ૮૬૭
પ્રફુલ્લભાઈ કે. શાહ ---------- ૮૬૭
ડૉ. મનહરભાઈ સી. શાહ ------ ૮૬૭
સુશ્રાવક મોહનભાઈ ---------- ૮૬૮
રસિકલાલ નરિયાણિયા ---------- ૮૬૯
શેઠ દેવચંદભાઈ તળશીભાઈ ---- ૮૭૦
ધર્માત્મા નંદલાલ દેવચંદ શેઠ --- ૮૭૧
**દુર્લભજી કરશનજી શેઠ ------ ૮૭૨**
**હરિલાલ હેમચંદ મહેતા ------ ૮૭૬**


## શાસનના પરમાર્થરસિક કાર્યકરો : દાનવીરો — સંપાદક


સ્વ. અનંતરાય હીરાચંદ --------- ૮૭૯
કસ્તુરચંદ જેતસીભાઈ સંઘવી ---- ૮૭૯
પોપટલાલ તારાચંદ મેપાણી ----- ૮૮૧
શેઠ શ્રી અનંતરાય ગિરધરલાલ
જીવણલાલ શાહ (જસપરાવાળા) ૮૮૨
કાન્તિલાલ સુખલાલ શાહ ------- ૮૮૩
સ્વ. કાંતિલાલ ભીખાલાલ શાહ - ૮૮૪
કાન્તિલાલ ચૂનીલાલ શેઠ -------- ૮૮૫
કાંતિલાલ બાલચંદ પારેખ ------- ૮૮૬
કાંતિલાલ સોમચંદ ગાંધી -------- ૮૮૭
કિશોરભાઈ શાહ ---------- ૮૮૮
કેશવલાલ મોહનલાલ શાહ ----- ૮૮૯
સ્વ. ખુમચંદ રતનચંદ શાહ ----- ૮૯૧
ચંદુલાલ ભાઈચંદ શાહ ---------- ૮૯૧
ચિનુભાઈ હિંમતલાલ શાહ ------ ૮૯૨
ચિમનલાલ ખીમચંદ મહેતા ----- ૮૯૩
ચંપકલાલ ટી. ખોખર ---------- ૮૯૪
વાસા ચિમનલાલ પ્રેમચંદભાઈ -- ૮૯૪
સી. એન. સંઘવી ---------- ૮૯૫
ચૂનીભાઈ લક્ષ્મીચંદ ---------- ૮૯૫
જયંતીલાલ વી. શાહ ---------- ૮૯૬
રાવબહાદુર શ્રી જીવતલાલ
પરતાપશીભાઈ ---------- ૮૯૮
દીપચંદ જૈન ---------- ૮૯૯
નવીનચંદ્ર છોટાલાલ શેઠ -------- ૯૦૦
પ્રતાપભાઈ ભોગીલાલ શાહ ----- ૯૦૦
પોપટલાલ ધારશીભાઈ ---------- ૯૦૧
ભેરમલજી હુકમચંદજી બાફના -- ૯૦૪
ભોગીલાલ લહેરચંદ ---------- ૯૦૫
મનુભાઈ દલસુખભાઈ ઝવેરી --- ૯૦૫
મહેન્દ્રભાઈ મણિલાલ શાહ ----- ૯૦૬
સ્વ. દેવચંદ હઠીચંદ મહેતા ----- ૯૦૮
ધીરજલાલ ટોકરશી કાપડિયા --- ૯૦૯
પ્રવીણચંદ્ર બાબુભાઈ શાહ ------ ૯૦૯
મણિલાલ બેચરદાસ શાહ ------- ૯૧૦
સ્વ. માણેકલાલ સવાણી --------- ૯૧૦
ડૉ. રમણલાલ સી. શાહ -------- ૯૧૨
રતિલાલ મોનજીભાઈ ---------- ૯૧૨
સ્વ. રતિલાલ પરમાણંદ શેઠ ---- ૯૧૩
રાજેન્દ્રભાઈ કુંદનલાલ ઝવેરી --- ૯૧૩
શશિકાન્તભાઈ રતિલાલભાઈ ---- ૯૧૪
રાવલમલ જૈન 'મણિ' ---------- ૯૧૫
શાન્તિલાલ કપૂરચંદ મહેતા ------ ૯૧૬
શાહ સુરેશભાઈ કાન્તિલાલ ----- ૯૧૭
સોમાભાઈ મણિલાલ ---------- ૯૧૯
હરગોવિંદભાઈ વી. શાહ -------- ૯૨૦
હસમુખરાય વનમાળીદાસ મહેતા ૯૨૨
જશવંત ચિમનલાલ શાહ -------- ૯૨૨
મોહનલાલ બેચરદાસ મહેતા ----- ૯૨૩
શશિકાંતભાઈ મોહનલાલ મહેતા ૯૨૩
ખીમચંદ છગનલાલ શાહ -------- ૯૨૪
રતિલાલ દુર્લભદાસ દોશી ------- ૯૨૪
નરેન્દ્રકુમાર ધારશીભાઈ મહેતા - ૯૨૫
સુશીલાબેન આર. વખારીઆ --- ૯૨૫
ચિનુભાઈ વાડીલાલ વોરા ------- ૯૨૬
વિનોદચંદ્ર બાબુલાલ શાહ ------ ૯૨૬
**જોટાણી પરિવાર ------------ ૯૨૮**


## જ્ઞાન, ધ્યાન, તપમાં શાસન શણગાર શ્રાવિકારત્નો — સંપાદક


શ્રાવિકા હરકુંવરબહેન ---------- ૯૩૭
વોરા માનકુંવરબહેન તલકચંદ -- ૯૩૮
સ્વ. મધુરીબહેન ચિમનલાલ શેઠ ૯૩૮
પુષ્પાબહેન ચિમનલાલ શાહ ---- ૯૩૯
મંજુલાબહેન મનુભાઈ શાહ ----- ૯૪૦
પ્રભાકુંવરબહેન નંદલાલ શેઠ ---- ૯૪૦
મનહરબહેન કીરીટભાઈ શાહ -- ૯૪૧
નિર્મળાબહેન રતિલાલ શેઠ ------ ૯૪૨
પદ્માવતીબહેન મનુભાઈ ઝવેરી - ૯૪૨
હીરાલક્ષ્મીબેન નવનીતલાલ શાહ ૯૪૩
સંઘમાતા શતાયુષી કંચનબા ----- ૯૪૩
જીવીબહેન ---------- ૯૪૪


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના





**પૂ. પ્રવચનપ્રભાવક પંન્યાસશ્રી**
**રશ્મિરત્નવિજયજી મ.સા.**



ઈતિહાસના પૃષ્ઠો સુવર્ણથી મઢવાનું કામ ભારતે કર્યું છે. ધર્મ અને સંસ્કૃતિથી ધબકતું ભારત એના પૂર્ણ યૌવનકાળમાં હતું ત્યારે વિશ્વને એના પ્રદાનની નોંધ લેવી પડી છે. સભ્યતાના પાઠ વિશ્વે ભારત પાસેથી શિખ્યા છે, એવું કહેવામાં સ્હેજ પણ અતિશયોક્તિ નથી. માટે તો ભારતને વિશ્વના ધર્મગુરુઓનો ઈલ્કાબ મળેલો. ભલે એનું પ્રમાણ ન મળે પણ ડગલે ને પગલે વિશ્વ સાહિત્ય એની ચાડી ખાય છે.

ભારતના ક્રમિક ઈતિહાસલેખનમાં સહુથી મોટી દુવિધા અનેક....વિદેશીઓના આક્રમણો....એ આક્રમણોએ માત્ર જીવનપદ્ધતિને જ પ્રભાવિત ન કરી....સંસ્કૃતિના અમૂલ્ય વારસાસમા શાસ્ત્રાગારો, મંદિરો, શિલ્પો અને સ્થાપત્યોને પણ અસર કરેલ. ચંદ્રાવતી, પદ્માવતીના અવશેષો એના બોલતા પૂરાવા છે. જ્યાં ૪૪૪ જિન મંદિરો અને ૯૯૯ શિવમંદિરો હતા ત્યાં આજે માત્ર જ્યાં ત્યાં પથરાયેલા આરસના ટુકડાઓ નજરે પડે છે. હડપ્પા અને મોહન-જો-દડો કાળ ક્વલિત થઈ ગયા. મથુરાના કંકાલી ટીલા જેવા તો અનેક ખંડહરો ઈતિહાસના મૂક સાક્ષી છે. વિધર્મીઓએ જૈન શાસ્ત્રો બાળ્યા છે. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે રચેલ એક કરોડ ગ્રંથો, આ. હરિભદ્રસૂરિજી રચિત ૧૪૪૪ ગ્રંથો અરે, હજુ હમણાં જ ત્રણસો-સાડા ત્રણસો વર્ષ પૂર્વે થયેલ મહામહોપાધ્યાય યશોવિજયજી રચિત અનેકાનેક ગ્રંથોમાંથી માત્ર ૧૦૦ લગભગ ગ્રંથો મળે છે. બાકી બધુ ભસ્મીભૂત!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે ભૌતિકવાદ, વિજ્ઞાન અને રાજકારણ એ ભોગવિલાસમાં જ જિંદગીની ઇતિશ્રી મનાવે છે. આત્મવાદ અને અધ્યાત્મવાદ તો જાણે ભૂતકાળની વાતો થઈ ગઈ છે. અનાત્મવાદના ઝેરી પવને માત્ર ને માત્ર ભૌતિક સાધનોના સર્જન, સંવર્ધન અને વિવર્ધનમાં જ જીવની સુખશાંતિ અને આબાદી છે, એની સાવ ખોટી અને પાયાવિહોણી વાત ગરીબથી તવંગર, બાળકથી વૃદ્ધ દરેકના મગજમાં ઠાંસી ઠાંસીને ભરી દીધી છે. સાચી વાત કોણ સમજાવશે? માં સંસ્કૃતિના ચીરહરણ કરવા હજારો દુર્યોધનો અને દુઃશાસનો નીકળી પડ્યા છે, કોણ રોકશે?

સત્સાહિત્ય માનવજાતનો સાચો શિલ્પી છે. આજે એવા સાહિત્યનો જ દુકાળ છે. પુસ્તકાલયોમાં રહેલા લાખો પુસ્તકો માત્ર અર્થ અને કામની આગમાં પેટ્રોલ નાંખવાનું કામ કરી રહ્યાં છે. અનાદિની દુર્વૃત્તિઓના વિષ વૃક્ષોને સીંચવાનું કામ ડાહ્યો માણસ કેમ કરતો હશે? આ લાખ રૂપિયાનો સવાલ છે.

આજે સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં છપાય છે. કેટલાય પુસ્તકો તો વંચાતા પણ નથી અને સીધા જ પસ્તી ભેગા થાય છે. સમાજની યુવાપેઢીને દિશા આપવાને બદલે ઘણું સાહિત્ય તો માત્ર મોહના ચેનચાળાવાળું ગલગલિયા કરાવનારું છપાય છે. આ અર્થપ્રધાન અને કામપ્રધાન સાહિત્ય તો પડતાને પાટુ મારનારું છે. જેનો ગોવાલ ટેકરા પર એના પશુ ટેકરા પર અને જેનો ગોવાલ ખાડામાં એની ગાયો ખાડામાં—આજના પરિપ્રેક્ષ્યમાં કહી શકાય જે પુસ્તકનો લેખક સંસ્કારી એનું સાહિત્ય સંસ્કારી. કો'ક અપવાદોને બાદ કરતાં આ નિયમ સાર્વત્રિક છે. અમૃત પીનારના ઓડકાર અમૃતના જ આવે. કુવામાં હોય તો હવાડામાં આવે.

સાહિત્ય તો લેખકનો માનસ પુત્ર કહેવાય. ચિત્તોડનાં પંડિત હરિભદ્રમાંથી આચાર્ય હરિભદ્ર બનેલ. તેમના બન્ને ભાણેજ શિષ્યો હંસ અને પરમહંસ બૌદ્ધદર્શન ભણવા ગયા. બુદ્ધિ પ્રાગલભ્યથી સાંભળતા જાય અને ખંડન કરતા જાય. એકદા પાના ઊડીને ગયા....બે પાના બૌદ્ધસાધુઓના હાથમાં આવી ગયા. બન્ને ક્રૂરતાના ભોગ બન્યા. અહિંસાના ઉપાસક આચાર્ય હરિભદ્ર ૧૪૪૪ બૌદ્ધ સાધુઓને કડાઈમાં તળવા તત્પર બન્યા. ગુરુએ અગ્નિશર્મા અને ગુણસેનની વૈર પરંપરાને બતાવતા શ્લોક લખીને મોકલ્યા. વાંચતાં ક્રોધ શાંત થયો. આચાર્ય ભગવંત અત્યંત ઉદ્વેગમાં રહેવા લાગ્યા ત્યારે શાસનદેવીએ પ્રગટ થઈને એકજ વાત કરી. ગુરુદેવ! હવે આપના પુણ્યમાં શિષ્ય નથી. માટે નાશવંત શિષ્યોને ભૂલી જઈ અવિનાશી શિષ્યોને તૈયાર કરો. એટલે? સત્સાહિત્યનું નિર્માણ કરો. શિષ્ય તો પાંચ પચીસ કે પચાસ વધીને ૧૦૦ વર્ષના હશે સાહિત્યની આયુ હજાર ને હજારો વરસ હશે. આજે એમનું સાહિત્ય સાધકોને દીવાદાંડીની ગરજ સારે છે. આ એમના માનસપુત્રો છે.

## ધન્યધરાઃ શાશ્વત સૌરભ ભાગ-૧માં જૈન ધર્મ શા માટે?

આનો જવાબ 'અહો જૈનદર્શનમ્'માં વાંચકોને મળી જ રહેશે. જૈનધર્મ એ વિશ્વધર્મ બનવાની લાયકાત ધરાવે છે, એવું આજે સર્વમાન્ય સત્ય બનવા માંડ્યું છે.

ભૂતકાળમાં જૈનધર્મનો પ્રચાર સારો એવો હતો. ભારતના રાજા-મહારાજા-ચક્રવર્તીઓ અને મોટાભાગે પ્રજાજનો જૈનધર્મનું પાલન કરતાં હતા. માટે જૈનોની વસ્તી કરોડોની હતી. આજે ૫૦ લાખ લગભગ જ રહી છે. એનું કારણ? આજે જૈનધર્મ એક સમાજ વિશેષનો ધર્મ છે એવી માન્યતા ઘર કરી ગઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે ધર્મ તો વિશાળ આકાશ છે. પંખીમાત્રને એમાં ઉડવાનો અધિકાર છે. ધર્મ તો નદીનું કલકલ વહેતું નિર્મલ જળ છે. જે દરેકની તરસ છીપાવે છે. ધર્મ તો વડલાનો વિશાળ વૃક્ષ છે જે પથમાં થાકેલાઓનું વિશ્રામસ્થળ છે.

મળતી સામગ્રીના આધારે એટલું તો ચોક્કસ કહી શકાય કે ભગવાન મહાવીરથી સમ્રાટ સંપ્રતિ અને મહામેઘવાહન કલિંગાધિપતિ ખારવેલ ચક્રવર્તીના સમયમાં જૈનધર્મ સોળેકળાએ વિકસેલો હતો. એ વખતે જૈનધર્મ રાષ્ટ્રધર્મ કહેવાતો હતો. અને ભારતના પ્રત્યેક પ્રાંતમાં જૈનધર્મનો તે સમયમાં ખૂબ ખૂબ પ્રસાર હતો. એટલું જ નહીં ભારત બહારના પ્રદેશોમાં પણ જૈનધર્મનો ઝંડો ફરકતો હતો. સમ્રાટ શ્રેણિક (બિંબસાર)એ પશ્ચિમના પ્રદેશોમાં ખાનગી માણસો મોકલી જૈનધર્મનો પ્રચાર કરાવ્યો. આજ કારણે અનાર્યદેશના આર્દ્રકપુરના રાજકુમાર આર્દ્રકકુમારે ભગવાન મહાવીરના ચરણકમળોમાં ભાગવતી જૈનદીક્ષા અંગીકાર કરી. મગધાધિપતિ શ્રેણિક પુત્ર કોણિક, ઉદાયન આ બધા જૈન હતા. શ્રેણિક રાજા તો પ્રભુ મહાવીરનો એવો પરમ ભક્ત હતો કે આવતી ચૌવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ બનશે, એવી ભક્તિ એમણે કરેલી.

ત્યારબાદ નવનંદો આવ્યા એ'ય જૈન હતા. શકડાલ આદિ એના બુદ્ધિમાન મંત્રીશ્વરો પણ જૈન હતા. અપમાનિત થઈ નંદવંશના ઉત્થાપનની પ્રતિજ્ઞા કરનાર ચાણક્ય પણ જૈન બ્રાહ્મણ હતો. ચાણક્યનો જ્યારે જન્મ થયો ત્યારે એના પિતા ચણકે જૈનમુનિને દીકરો બતલાવ્યો. દાંતવાળો બાળક જોઈને મુનિથી બોલી જવાયું 'આ રાજા બનશે' ચણકે કહ્યું ગુરુદેવ! બે મિનિટ ઊભા રહો. અંદર જઈ વિચારે ચઢ્યો 'રાજેશ્વરી સો નરકેશ્વરી' મારો દીકરો દુર્ગતિમાં જાય એ મને કેમ પાળવે? એના દાંત સાણસીથી ઘસી કાઢ્યા. ગુરુદેવે કહ્યું કે હવે એ રાજા નહીં પણ છાયા રાજા બનશે.

મૌર્ય ચંદ્રગુપ્ત પણ ચાણક્યના પ્રભાવે જૈન બન્યો. બૃહત્કલ્પભાષ્યમાં પૌષધમાં રહેલ ચંદ્રગુપ્ત રાજાના સોળ સ્વપ્નાઓની ચર્ચા કરવામાં આવેલ છે. ચંદ્રગુપ્ત પુત્ર બિંબસાર પુત્ર અશોક સમ્રાટ પુત્ર કૃણાલ પુત્ર સમ્રાટ સંપ્રતિનો ઈતિહાસ તો ઘણો જ રોમાંચક છે. આચાર્ય સુસ્થિતસૂરિ મહારાજ પાસે ભોજનના અર્થી ભિક્ષુકે દીક્ષા લીધી. માત્ર એક જ દિવસનું દીક્ષાપાલન....પ્રભાવ એવો જબરદસ્ત કે મરીને કૃણાલનો પુત્ર થયો. એક મહિનાની ઉંમરે સંપૂર્ણ ભારતનું સામ્રાજ્ય મળ્યું. જૈનધર્મ પ્રત્યે કૃતજ્ઞભાવે સંપ્રતિરાજાએ સવા કરોડ જિનપ્રતિમાઓ ભરાવી અને સવાલાખ જિનમંદિરો બનાવ્યા. આ સમ્રાટે પોતાના માણસો મોકલી અનાર્યદેશોમાં પણ જૈનધર્મનો જોરદાર પ્રચાર કરાવ્યો. માટે જ ત્યાં ખોદકામ કરતાં એવા પદાર્થો નીકળી રહ્યા છે જેનાથી ત્યાં જૈનધર્મનો પ્રચાર હતો એમ સાબિત થાય છે.

આષ્ટ્રિયા પ્રાંતમાં હંગેરી શહેરમાં ભગવાન મહાવીરની અખંડ મૂર્તિ મળી છે. અમેરિકામાં તામ્રમય સિદ્ધચક્રના ગટા અને મંગોલિયા પ્રાંતમાં અનેક જૈનમંદિરોના ધ્વંસાવશેષો ઉપલબ્ધ થયા છે. આફ્રિકામાં જૈનાચાર્યની અધ્યક્ષતામાં શત્રુંજય ગિરનાર આદિ તીર્થોની રચના થઈ ત્યારે ત્યાં જૈનધર્મનો સારો પ્રભાવ પડેલો. આજ રીતે તિબ્બતમાં જરૂર પડ્યે જૈનાચાર્યશ્રીએ જઈ શાસ્ત્રાર્થ કરી જૈન શાસનનો ઝંડો ફરકાવ્યો.

ઓરિસ્સાના ભુવનેશ્વર નજીક આવેલી ખંડગિરિની હાથીગુફા ઉપર ઈસ્વી પૂર્વે ૨૦૦ વરસ ઉપર કલિંગાધિપતિ મહામેઘવાન જૈન રાજા ખારવેલે ગુફાઓના દરવાજા ઉપર પોતાની આત્મકથા લખાવી છે તેના પ્રારંભમાં જૈનધર્મનો સર્વશ્રેષ્ઠ નવકાર મહામંત્ર લખાવ્યો છે. "નમો અરિહંતાણં....."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ધર્મની અદ્‌ભુતતા એના ત્રિકાલાબાધિત સિદ્ધાંતોને આભારી છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ મહાવ્રતો સાધુઓ પાળે....શ્રાવકો આજ પાંચ વ્રતો અણુરૂપે પાળે. આચારમાં અહિંસા, વિચારમાં અનેકાંતવાદ-સ્યાદ્‌વાદ અને વ્યવહારમાં કર્મવાદ આ જીવન જીવવાની એક ઉત્તમ શૈલી માનવમાત્રને જૈનધર્મે ભેંટ ધરી છે. અહિંસાને તો વિશ્વવ્યાપી પ્રતિસાદ મળી જ ગયો છે. જૈનધર્મના આ અને આવા પ્રકારના અનેકવિધ પાસાઓના કારણે શાશ્વત સૌરભે પ્રથમ ભાગમાં જૈનધર્મની સુવાસને ફેલાવવાનું મુનાસિબ માન્યું છે.

જૈન ધર્મના તત્ત્વો ઉપર અપાર શ્રદ્ધા ધરાવનારા સાહિત્યપ્રેમી **શ્રી નંદલાલભાઈ દેવલુક**ને અમે છેલ્લા કેટલાય વર્ષોથી ઓળખીએ છીએ. જન્મના જૈન ન હોવા છતાં કર્મણા જૈન એવા આ મહાનુભાવના હૈયામાં એક ધગશ મેં રમતી જોઈ. મારે જૈનધર્મની મહાનતાને ઘેર ઘેર પહોંચાડવી છે. બસ આ એક ખેવનાના સથવારે તેઓ સાહિત્યના પ્રવાસે નીકળી પડ્યા અને એક પછી એક મહાકાય ગ્રંથો પ્રગટ કરતાં ગયા.

પાંચ-પચીશ પાનાની પુસ્તિકા પણ છાપવી હોય તો કેટકેટલી'ય મથામણો ને પળોજણોમાંથી પસાર થવું પડે જાણે અભિમન્યુના સાત કોઠા ન હોય! સર્વપ્રથમ વિષય પસંદગી, તેને અનુરૂપ મેટર, પ્રિન્ટીંગ, પ્રૂફરીડિંગ, અર્થવ્યવસ્થા, યોગ્ય વ્યક્તિના હાથમાં પહોંચાડવી આદિ ઘણા ઘણા કાર્યો રહેતા હોય છે અને સૌથી મોટી વાત વાચકોનો પ્રતિભાવ! એ જો સાનુકૂળ હોય તો એ સાહિત્યયાત્રા આગળ ચાલે નહીંતર અચ્છા અચ્છા રૂસ્તમો થાકી જતાં હોય છે. -

નંદલાલભાઈ એકલ હાથે આ બધું કરતાં કરતાં આ સૌરભ પ્રસારમાળા તૈયાર થઈ છે. જિનશાસનની સેવાની એમની ભાવનાની ખરેખર અનુમોદના કરવાનું મન થઈ જાય છે. આ પ્રથમભાગમાં આપેલ ગુણવાનોની ગુણગરિમાને પીછાણી ગુણવાન બનાશે તો આ પ્રયત્ન લેખે ગણાશે.

'ધન્ય ધરાઃ શાશ્વત સૌરભ ભાગ-૧' ગ્રંથના મુખ્ય વિભાગો અને એના દ્વારા આવરી લેવાયેલા અનેક વિષયો તરફ એક નજર કરીશું તો ખ્યાલ આવશે કે જૈન શાસનના કેટકેટલા વિષયો આમાં આવરી લેવાયા છે.

**અર્હત ગુણવૈભવ દર્શન**માં નમો સિદ્ધાણં : સિદ્ધોનો જીવન બોધ, શ્રુતસંપદા : અનેકોનું આદાન-પ્રદાન, અહો જૈનદર્શનમ્, વિહરમાન વંદુ જિંન વીશ, અર્હતોએ કોના માટે મુક્તિદ્વાર ખોલી આપ્યા? જૈનદર્શનના શ્રુતધરો, આત્માનુભૂતિના જૈન જ્યોર્તિધરો, જિનદર્શનના પ્રખર દાર્શનિકો, આગમ સાહિત્યનો તત્ત્વબોધ, Research in Religion! વિભાગના નામ અનુસાર આમાં અરિહંત પરમાત્માના સ્વભાવ અને પ્રભાવનું અચિંત્યરૂપ જોવા મળશે. ચાવી નાની હોય પણ ખજાનો પાર વિનાનો હોય. ચાવી તિજોરી જેટલી ન હોય પણ માલ નાની ચાવીને અધીન હોય છે. આ વિભાગ એવી ચાવીઓનો ઝૂમખો છે.

**માંગલિક ભક્તિદર્શન** વિભાગમાં શત્રુંજય ગિરિરાજના પુણ્યપ્રભાવક ભક્તો, સમાધિમરણના પ્રાપ્તકર્તાઓ, વિશિષ્ટ બ્રહ્મચર્યવ્રતધારીઓ, જિનદર્શનના મુહૂર્ત જ્યોતિર્વિદો.

આખું વિશ્વ તીર્થંકરોની સ્તુતિ કરે, સ્તવના કરે, પ્રશંસા કરે અને તીર્થંકરો જે ગિરિરાજની બે મોઢે પ્રશંસા કરે. "કોઈ અનેરુ જગ નહીં, એ તીરથ તોલે, એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે' મહાવિદેહમાં વિચરતા ભગવાન સીમંધરસ્વામી પણ જેના વખાણ કરે એવું મહાન તીરથ ભારતભૂમિને અરે! ગરવી ગુર્જર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાની પુણ્યભૂમિ સૌરાષ્ટ્રને મળેલ છે, એ કાંઈ નાનુસૂનું પુણ્ય નથી, એ ગિરિરાજના પ્રભાવકો, અનંતભવોમાં દુર્લભ એવા સમાધિમરણના પ્રાપ્તકર્તાઓનો પરિચય.....

"એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે' બ્રહ્મચારીઓને વંદન કરી ઈન્દ્રસભામાં બેસે. ઈન્દ્રોને પણ પૂજ્ય એવા બ્રહ્મચારીઓને ધન્ય હો! બ્રહ્મચર્ય તો અડધી દીક્ષા કહેવાય....આદિ વિષયો...

**સાહિત્યકલા : વિશિષ્ટદર્શન** વિભાગમાં પશ્ચિમ ભારતના જૈનમંદિરોની અદ્‌ભુત સ્થાપત્યકલા ડોકાશે...તો જૈન મૂર્તિ વિધાનના પરિપ્રેક્ષ્યમાં જૈન તીર્થંકરોની આગવી વિશેષતાઓ....જૈનોની વંદનીય સાંસ્કૃતિક સંપત્તિ....પ્રાચીન જૈન અભિલેખોનું ઐતિહાસિક વિશ્લેષણ દ્વારા સમુચિત મૂલ્યાંકન, ગુજરાતના ખૂણે-ખાંચરે રહેલા અને હસ્તલિખિતમાં સચવાયેલ સાહિત્ય વારસાનો પરિચય, સંગીતના માર્ગે ભક્તિયોગની આરાધના કરતા અને કરાવતા સાધકો...આંગીરચના અને લેપચક્ષુના કલાવિદો...ગુજરાતના મધ્યકાલીન સંસ્કૃત સ્ત્રોતો...પ્રાચીન લીપીનો પરિચય...મૂર્તિપૂજાના પ્રમાણ રજૂ કરતો મથુરાનગરીનો ઈતિહાસ અને ડગલે ને પગલે ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં જૈનો દ્વારા અપાતા પ્રદાનનું સફળ સરસ નિરૂપણ ખરેખર ધન્યધરાની સૌરભ છે અને તન-મનને તરબતર કરે છે.

**વિક્રમની વીસમી સદી : વિશિષ્ટ વિભૂતિઓનું ચરિત્ર દર્શન** વિભાગમાં વસમી કહી શકાય એવી વીસમી સદીમાં પણ ધન્યધરાની શાશ્વત સૌરભ શોધી શોધીને આ વિભાગમાં એકત્રિત કરવામાં આવી છે. જિનશાસન નૌકાના સમર્થ સુકાનીઓ, શાસ્ત્રસર્જક સારસ્વતો, સદીના સમયજ્ઞ રત્નો, સૂરિમંત્ર સહિતના સાધક સૂરિવરો, શાસન દીપક પ્રજ્ઞાપુરુષો, તેજકિરણ તપોધનો, ધર્મપ્રવર્તક પુણ્ય પુરુષો, સમકાલીન શાસ્ત્ર પ્રભાવકો

ધર્મતીર્થની આરાધના, પ્રભાવના અને રક્ષાને કરતાં આ તમામ પૂજ્યોને નાસ્તિકો પણ નમી પડે તો આસ્તિકો નમે, એમાં નવાઈ શી?

**વૈવિધ્ય સૌરભદર્શન** વિભાગમાં વિવિધ વિષયો લીધા છે. અનુમોદના કરતાં હૈયું ભીનું ભીનું થઈ જાય તેવા પ્રસંગો લીધા છે. જૈનશાસનની એક ઊંચી પ્રણાલિકા છે કરણ, કરાવણ ને અનુમોદન સરિખા ફળ નિપજાયો. સાચૂકલા હૈયે અનુમોદના કરતાં જાણે પુણ્યનો મેરુ આકાશને આંબતો જશે. ગુણદૃષ્ટિ કેળવવા માટે અને હોય તેને પુષ્ટ કરવા માટે આ ગ્રંથ સુંદર આલંબન પુરું પાડે છે.

ઉપા. યશોવિજયજી સ્મૃતિગ્રંથની પ્રસ્તાવનામાં બે વેદના વ્યક્ત કરાઈ છે. જે હકીકત હોવાથી અહીં ઉદ્‌ધૃત કરીએ. પ્રસંગોપાત એક આંતર વેદના જણાવું કે આજના વિદ્વાનો અને શિક્ષિતવર્ગ પરદેશી વિદ્વાનોના નામ અને કામ જેટલું જાણે છે, તેટલું આ ભૂમિના મહાપુરુષોના નામ અને કામને જાણતા નથી. આ એક કમનસીબ શરમજનક ઘટના છે. અરે! ખુદ ગુજરાતના જ વિદ્વાનો પોતાના જ ઘર આંગણે પ્રકટેલી આવી વિશ્વ વિભૂતિઓને કામથી તો પછી પણ નામથી પણ જ્યારે ન જાણે, ત્યારે પ્રાન્તીય વિદ્વાનોને તો આપણે શું કહી શકીએ.

બીજી મહાદુઃખની વાત એ છે કે આપણા વિદ્વાનો બીજા ધર્મો અંગે સારું જ્ઞાન ધરાવતા હોય છે, જ્યારે પોતાના જ આંગણે જ રહેલા ગુજરાતી પ્રજાના ઉત્કર્ષમાં સર્વોત્તમ અને અજોડ ફાળો આપનાર જૈનધર્મ અંગે અને તેમના સાધુપુરુષો અંગેનું જ્ઞાન મેળવવામાં ખૂબ ખૂબ પાછળ રહ્યા છે. અને તેઓનું ઘણીવાર તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓરમાયા પુત્ર જેવું જ વલણ જોવાય છે. હજારો વર્ષથી જીવતા જૈનધર્મના જ્ઞાનના અભાવે ગુજરાતના શિક્ષણ-જગતમાં ચાલતા ગુજરાતી આદિ ભાષાના પુસ્તકોમાં અને અન્ય સાહિત્યમાં પણ જ્યાં જ્યાં ભગવાન મહાવીર કે જૈનધર્મ વિષે લખ્યું છે ત્યાં ત્યાં દમ વિનાનું, છીછરું લખાયું છે અને કેટલીક વાર તો ધર્મના મર્મની સમજણના અભાવે ખોટા વિધાનો કરીને જાણે-અજાણે ખોટી હકીકતો રજૂ થઈ ગઈ છે. આ બધાના કારણોની સમીક્ષાઓનું આ સ્થાન નથી, પરંતુ વિદ્વાનોને મારી સાનુરોધ પ્રાર્થના છે કે તેઓ ઊંડા ઊતરે અને લખવા પહેલા જૈન વિદ્વાનોને બતાવીને પછી મુદ્રિત કરે, તો અભાવ થવા નહીં પામે. આશા રાખીએ કે હવે તેઓ પોતાની જ્ઞાનસાધનામાં જૈન વિદ્વાનો, કવિઓ, ગ્રંથકારોને જરૂર સ્થાન આપશે.''

કદાચ વિ.સં. ૨૦૧૩માં લખાયેલી આ વાતના જવાબમાં **શ્રી નંદલાલભાઈ દેવલુકે** જન્મે જૈન ન હોવા છતાં કર્મણા પાકા જૈન બની જૈન સાહિત્યની વણથંભી યાત્રા આરંભી. સદ્‌ભાવનાની સંપત્તિ લઈ એકવાર તેઓ મળ્યા ત્યારે તેમણે મને વિનંતી કરી.

ગુરુદેવ! મારી એક ઇચ્છા છે આપ **'ધન્યધરા શાશ્વત સૌરભ ભાગ-૧'** જોઈ લો તો મને સંતોષ થશે. વિહાર-પાઠ-પ્રવચન-પ્રસંગોની જવાબદારી હોવા છતાં એમની સદ્‌ભાવના જોઈ 'હા' પાડી.

જેમ જેમ પ્રૂફો જોતો ગયો તેમ તેમ એક વાત હૈયામાં સ્થિર થતી ગઈ. ઘણા લોકો ''જૈનમ્ જયતિ શાસનમ્''ના જયનાદો બોલી જાય છે. જ્યારે અહીં એના ઢગલાબંધ પુરાવાઓ ભેગા કરવાની જેહમત ઉઠાવવામાં આવી છે. જે માનવ મનને તંદુરસ્તી અને પુષ્ટિને બક્ષે છે. આધ્યાત્મિક સૌરભથી મઘમઘતા સુમન સમી રચનાઓના સતત વાંચનથી માનવ મન દુર્વિચારથી બચે છે અને આત્મા શુભ ધ્યાનમાં સ્થાપિત થાય છે. પુરુષાર્થ માટે તેમને ધન્યવાદ આપવો ઘટે-આજ રીતે તેઓ ભવિષ્યમાં પણ જિનશાસનની સેવા કરતા રહે તેવી શુભેચ્છા.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખ્યું હોય તો મિચ્છામિ દુક્કડમ્

તા. ૧૭-૮-૨૦૦૮
અઠવાલાઈન્સ, લાલબંગલો
સુરત

પૂજ્યપાદ, તપાગચ્છાચાર્ય,
સૂરિપ્રેમભુવનભાનુજિતેન્દ્રસૂરીશ્વરજી પટ્ટધર, અનેક
તીર્થોદ્ધારક, ૨૭૧ દીક્ષાદાનેશ્વરી આ.ભ. શ્રી
ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના
વિનેય પંન્યાસ રશ્મિરત્નવિજયજી મ.સા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

## ધર્મ, સાહિત્ય અને સંસ્કૃતિનો વિરલ જ્ઞાનયજ્ઞ



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**શ્રી નંદલાલભાઈ દેવલુક સંપાદિત ગ્રંથો મારા માટે હંમેશા આશ્ચર્યનું કારણ રહ્યા છે.** જૈન ધર્મના જુદા જુદા વિષયો પર એના તજજ્ઞો પાસે દીર્ઘ લેખો લખાવીને તેઓ પ્રગટ કરતા રહ્યા છે. આ સમયમાં આવા વિરાટ ગ્રંથો પ્રગટ કરવા એ સ્વયં એક ભગીરથ કાર્ય છે. વળી એમણે આવા એક-બે નહીં, પણ અનેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે અને વર્ષોથી એકાગ્રતા અને એકનિષ્ઠાથી આ પ્રવૃત્તિ કરતા રહ્યા છે. આજે આવું કાર્ય કરનારા બહુ ઓછા સાહિત્ય-સંશોધનના રસિકો છે અને એમાં પણ **જૈન ધર્મ વિષે આટલા વિશાળ ફલક પર કાર્ય કરનારા નંદલાલભાઈનો જોટો જડવો મુશ્કેલ છે.**

**'ધન્ય ધરાઃ શાશ્વત સૌરભ'**ના પ્રથમ ભાગના અનેકવિધ વિષયો આશ્ચર્યમાં ડૂબાડી દે તેવા છે. હસ્તપ્રતવિદ્યા, મૂર્તિવિધાન, અભિલેખો જેવાં વિષયોથી આરંભીને આગમસાહિત્યનો તત્ત્વબોધ, જૈનદર્શનના દાર્શનિકો વિષેના લેખોનો આમા સમાવેશ થયો છે. જૈનશાસનના સાધકસૂરિવરો, પ્રજ્ઞાપુરુષો, તપોધનો, શાસ્ત્ર પ્રભાવકો, રત્નત્રયીના આરાધકો, હિતચિંતકો અને સારસ્વતો એમ એમણે અનેક વ્યાપક ફલક પર જિનશાસનનું કાર્ય કરનારાઓની નોંધ લીધી છે. વળી પ્રાચીન જિનાલયોના જિર્ણોદ્ધારકોથી માંડીને ૨૧મી સદીના આરાધક રત્નો સુધીના લેખો આમા સમાવ્યા છે. આ વિપુલ લેખસામગ્રી જ દર્શાવે છે કે એમણે કેટલા જુદા જુદા વિષયની માહિતી એકત્રિત કરી છે. આ રીતે જૈન ધર્મ વિશેની અત્યંત મૂલ્યવાન એવી સામગ્રી રજૂ કરીને એમણે જૈન ધર્મ અને સંસ્કૃતિના સંવર્ધનમાં મૂલ્યવાન યોગદાન કર્યું છે.

રમૂજમાં એમ કહેવાય છે કે આજે લોકો 'વાંચે છે પાસબુક અને લખે છે ચેકબૂક', એ સિવાય એમના જીવનમાં કોઈ વાચન-લેખન હોતું નથી. **આવે સમયે કશાય વિશેષ વળતરની અપેક્ષા વિના એક પછી એક આવા વિરાટ ગ્રંથો પ્રગટ કરીને નંદલાલભાઈએ ધર્મ, સાહિત્ય અને સંસ્કારની કેડી કંડારી આપી છે જેની ઇતિહાસે નોંધ લેવી જ પડે.** એમના આવા પ્રયત્નો એમની ઉત્કટ ધર્મભાવનાના દ્યોતક છે અને તેથી જ 'ધન્ય ધરાઃ શાશ્વત સૌરભ' ભાગ-૧ના પ્રાગટ્ય સમયે એમને અનેકશઃ ધન્યવાદ આપતાં અપાર આનંદ વ્યક્ત કરું છું.

*(કુમારપાળ દેસાઈ)*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# પુરોવચન

[ સંપાદક-પ્રકાશકનું નમ્ર નિવેદન ]

## ધન્યધરા : શાશ્વત સૌરભ



નંદલાલ બી. દેવલુક

વિશ્વમાં આજનું વિકસિત મનાતું વિજ્ઞાન બ્રહ્માંડના અતિ વિશાળ ગવાક્ષમાં તો પહોંચ્યું જ નથી. હમણાં સુધી ચન્દ્રની વાતો થતી હતી હવે મંગળ મંગળની વાતો સંભળાય છે.

પણ આ બ્રહ્માંડમાં ભારત ભલે પાંચ છ આંગળ જેવડું જ નકશામાં હોય ભારતનો અર્થ જ ભા = આત્મવિદ્યાના દિવ્ય પ્રકાશમાં નિરત રહેતાં અર્હન્તો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુસાધ્વીઓ ૨૪ કલાક બોલવામાં, બેસવામાં, આહાર લેવામાં, ચાલવામાં, દેહની નાની મોટી બધી જ ક્રિયાઓમાં અને વિશેષ વાણીવ્યવહારમાં, મનના ભાવજગતમાં પંચાસ્તિકાયને પીડા ન થાય, કોઈનો દ્રોહ ભૂલભૂલમાં યે ન થઈ જાય, પૂર્વભવમાં આવું બન્યું હોય તો તેનું પ્રાયશ્ચિત્તપૂર્વક ઉપશમન શી રીતે થાય એની સતત ખેવના અને કાળજી રાખનારા ગુણવૈભવી જૈન સમાજનો સોનેરી સૂર્ય આ ધરા ઉપર યુગોથી ઝળકી રહ્યો છે.

આ અર્હન્તોની પરમ પવિત્ર ભૂમિ છે. અર્હન્તના અતિ સુંદર તત્ત્વાભિગમિક અર્થો ખુદ તીર્થંકર ભગવંતોએ સમજાવ્યા છે. અર્હ = પૂજવાયોગ્ય, ઉપાસવા યોગ્ય, અનુસરવા યોગ્ય--આ બધા અર્થો ભગવતીસૂત્રમાં જોવા મળે છે. વળી અર્હત્ એટલે પ્રાણ, શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ, આંતરકષાયો બધા પર દ્વેષ રાખ્યા વિના તેને જીતીને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર્યની ઉપલબ્ધિ કરવી અને એવા પરમ પદે વિરાજવું જેનાથી વધુ જયેષ્ઠ, વધુ શ્રેષ્ઠ કશું નથી. હોઈ શકે પણ નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્યધરાનાં તેજવલયો : ચિરંજીવી સુવાસ



શ્રમણ પરંપરાને લાખ લાખ વંદનાઓ

'ધારયતીતિ ધરા' જે પ્રાણીમાત્રને પોતાની ગોદમાં ધારણ કરે તે ધરા. ભારતવર્ષની ભોમકા ખરેખર ધન્યધરા છે, કારણ અહીંની સાડાપચ્ચીશ આર્યભૂમિના ક્ષેત્રવિસ્તારમાં આર્યો ઉત્પન્ન થયાં અને થશે. આ આર્યક્ષેત્રમાં ધર્મમાર્ગની શાશ્વતસૌરભ પ્રસરાવતા તીર્થપતિઓ દરેક ઉત્સર્પિણી–અવત્સર્પિણીકાળમાં ૨૪–૨૪ની સંખ્યામાં જન્મધારણ કરે છે, ચારિત્રપૂત મંગલ જીવન જીવે છે અને નિર્વાણ પામી ગયા પછી પણ જેમની પ્રભાવક પરંપરામાં અનેક આરાધકોએ પ્રભુજીની આજ્ઞાઓને શિરોધાર્ય કરી જૈનશાસનને જયવંતું અને ઝળહળતું રાખ્યું છે. વિક્રમની અગીયારમી સદીમાં પ્રદ્યુમ્નસૂરિ, ધનંજયસૂરિ, ગોવિંદાચાર્ય, સૂરાચાર્ય, વાદીવેતાલશાંતસૂરિ, મહેન્દ્રસૂરિ, જિનેશ્વરસૂરિ અને મહારાજા નાગાર્જુન અને બારમી સદીમાં મલધારી અભયદેવસૂરિ, મલધારી હેમચન્દ્રસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આનંદસૂરિ, અમરચંદ્રસૂરિ, જિનદત્તસૂરિ વગેરેએ શાસન પ્રભાવનાનું ગજબનું કામ કર્યું છે.

આ પુનિતપાવન ધર્મધારાની ચિરંજીવી સુગંધી તો જૂઓ! આજે પણ અનેક એકાંતવાદી ધર્મોના એકાગ્રહથી મુક્ત સર્વધર્મમાં ગુણાનુરાગ તથા સ્યાદ્‌વાદથી પોતાનું આગવું સ્થાન પામનાર જગત્શ્રેષ્ઠ કોઈ ધર્મ હોય તો તે છે જૈનધર્મ અને શાશ્વત સિદ્ધાંતોની સુવિશુદ્ધ પ્રરૂપણા કરનાર જો કાંઈ હોય તો તે જૈનદર્શન છે. જૈનદર્શન એ મોક્ષદર્શન છે. મોક્ષ જ સૌનું ચરમ લક્ષ્ય છે. મોક્ષ માટેનો ઉપાય યોગ છે. એમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય એ રત્નત્રયી છે. પૂર્વના સંસ્કારો અને ભવિતવ્યતાના યોગે આ રત્નત્રયીની આરાધના અલગ રૂપોવાળી બને છે. કોઈને ધ્યાન, કોઈને જપ, કોઈને તીવ્ર તપ ફાવે છે, અને આ બધા સાધનોમાંથી છેવટે મુક્તિ જ ચરમ ધ્યેય છે.

શુદ્ધ વૈજ્ઞાનિક કોટીના તર્ક અને યુક્તિની સરાણે ચઢાવીને પરખાયેલા સત્યાન્વેષણની ગહન મીમાંસા આ જૈનદર્શને જ આપી છે, માટે જ કહેવાયું છે કે એક સારો વિચાર કે એક સુંદર આચાર એ બધું જ ખરેખર તો તીર્થંકર દેવોનું પ્રભાવ–ઐશ્વર્ય જ સમજવું. આ ધર્મનું સ્વરૂપ, એનું તત્ત્વજ્ઞાન, તેના આચાર વિચાર, એના અપ્રતિમ સિદ્ધાંતો કોઈને પણ અપીલ કર્યા વગર રહી શકતા નથી.

**આ ધરા** ઉપર જૈનોના આચારવિચારનો મજબૂત બાંધો કોઈ ખાસ વિકૃતિ વગર હજારો વર્ષથી અકબંધ જળવાઈ રહ્યો છે, તેનાં કારણોમાં આ ધર્મની સર્વાંગસંપૂર્ણ દોષરહિત માંડણી જોવા મળે છે. જૈનશાસનની આ અપ્રતિમ દેણગી છે. જેમ વનસ્પતિ–વૃક્ષો જીવ છે તેમ પાણી પણ જીવ છે આ વાત જૈનોની મહાન દેન છે. આ ધરા વિષે એમ પણ કહેવાય છે કે વિશ્વના સાંસ્કૃતિક ઉત્થાન માટે જ્યોતિર્ધરો યુગે યુગે અવતાર ધારણ કરે છે ત્યારે એવા યુગપુરુષને સહાયરૂપ થવા માટે સત્પુરુષો આકર્ષણથી આપોઆપ તેમની પાસે ખેંચાઈને આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ધરાના મહાપ્રભાવક પુણ્યબળે એવા ગુણનિધિ માનવરત્નો સમયે સમયે નીપજ્યાં છે, જેના લીધે આ રૌદ્ર અવસર્પિણી આરામાં એ પરમ ધન્યતા અને પ્રસન્નતા અનુભવાય છે.

પૃથ્વીની આરતી ઉતારે એવી તીર્થસમી પવિત્ર વ્યક્તિઓ હજુ આજે પણ એવું જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ જીવન જીવે છે કે આ ધરા આવા તેજપુંજોથી પ્રસન્ન–પુલકિત બનીને દેવોને પણ આ ધરતી પર આવવા લાલાયિત કરે છે. ધરતીની સુગંધ એમના પ્રાણે પ્રાણે અનુપ્રાણિત થઈ ખુશબૂ ફેલાવે છે. મહાભારતના શાંતિપર્વમાં-એ કાળના પ્રબુદ્ધ પ્રજ્ઞાપુરુષ પિતામહ ભીષ્મે યુધિષ્ઠિરને જે ચોસઠ ગુણો સંભળાવ્યા તેમાંના બેચાર ગુણો પણ આપણા જીવનમાં ચરિતાર્થ બને તો જીવન ધન્ય બની જાય.

## ગુણગ્રાહી સમાજની જીવનજ્યોત

ચરમ તીર્થંકર દેવાધિદેવ ભગવાન મહાવીરે આત્મદર્શનના પાયારૂપે પાંચ મહાવ્રતોના સમ્યક્ પરિપાલન માટે વારંવાર ભારપૂર્વક આજ્ઞા કરી છે. આ અણુવ્રતો પાળનારા અને આગળ વધી મહાવ્રતોને પળે પળે જીવનમાં ઝીલનારા એ જૈન છે. ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવી સંયમભર્યું જીવન જીવનારા એ જૈન છે. પ્રતિપળે સાવધાન રહી પોતાના ચિત્તમાં રહેલા કામ, ક્રોધ, લોભ આદિ આંતર્ શત્રુઓ પર વિજય મેળવે છે એ જૈન છે, જે પોતાના કર્મવિપાકોને હર્ષ-શોક વિના ભોગવતા ભોગવતા, ખપાવતા ખપાવતા, નવા કર્મબંધનો ઊભા ન કરે અને સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર્યની આરાધના દ્વારા કર્મ પુદ્ગલને જીવ તરફ જતાં રોકીને તે દ્વારા નિર્જરા અને છેવટે તેમાં અનંતદર્શન, અનંતજ્ઞાન અને અનંતચારિત્ર્યની સંપ્રાપ્તિ દ્વારા મોક્ષપદને પામે તે જૈન છે. જે કેવળજ્ઞાનની પ્રાપ્તિના માર્ગ પર પહોંચીને આત્માના વાસ્તવિક વિરાટ સ્વરૂપને નિરખીને તેમાં જ રમમાણ રહે છે તે જૈન છે. જૈન ધર્મ ગુણગ્રાહી છે. તેમાં પણ વ્યાપકતા રહેલી છે. સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર્ય આ ત્રણ જૈનધર્મના પાયામાં રહેલા અણમોલ રત્નો છે. તેનાથી વિભૂષિત બની વામન દેખાતો માનવ વિરાટ મહામાનવ બની શકે તેમ છે. આત્મા પરમાત્મા બની શકે છે. ગુણોની પૂજા કરનારા આ સમાજના ગુણગ્રાહી જીવોની જીવનયાત્રા બહાર લાવી તેમનાં તપ, ત્યાગ અને શીલની જીવનજ્યોત અજવાળવાનો અમારો આ ભક્તિનમ્ર અર્ધ્ય છે. તપસ્વી તેજપુંજોનું પુનિત સ્મરણ અમારે મન એક લહાવો છે. આ ગુણાનુરાગીઓની સુવાસમાધુરી જ આપણાં ગુણગાનનો વિષય છે. જે આ ગ્રંથરત્નમાં કેન્દ્રસ્થાને છે. પૂર્વજોએ વહાવેલી આ ગુણાનુરાગી ગંગાનું આચમન મોક્ષમાર્ગના સાધકોને દીર્ઘકાળ સુધી ભારે મોટું બળ અને પ્રેરણા આપી રહેશે. આવા માનવરત્નોના ધૂળધોયા બની કાંચનકણીઓ વીણવી, સમાજ અને શાસન સામે ધરવી, એમના પુનિત ચરણોમાં સમર્પિત થઈને બેસવું, એમનું દેવત્વ અભિવંદવું, એમના જ્યોતિર્માર્ગે શ્રદ્ધા સાથે બે ડગલાં હોંશે હોંશે માંડવાં એ અમારો ગ્રંથસંકલ્પ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્યની ભવ્ય આરાધનાનો જીવનની સંધ્યાએ આદરેલો અમારો આ પુરુષાર્થ વર્તમાન આયુષ્યની બચેલી ક્ષણોનું ભલું જીવ્યું બની રહો એટલી જ આશા અપેક્ષા છે. અમારા હાથે આ એક અદ્ભુત પ્રસાદીરૂપ કાર્ય થયાનો અમને પૂર્ણ સંતોષ છે.

વિશ્વવાટિકાનું પ્રફુલ્લિત પુષ્પ પુણ્યગંધા પૃથ્વીની ચેતનાસભર પાંગરેલી સંસ્કૃતિવેલ જેવી આ ધન્યધરામાં અનેકે આદર્શ અને ઉન્નત જીવનની પ્રેરણાના પાન પીધા છે. અત્રે સૌંદર્ય અને સરસ્વતી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમ અને શૌર્ય, પ્રજ્ઞા અને ઉદારતાનું, વ્યાપાર અને વીરતાનું, કલા અને કલાદારોનું આબાદ સર્જન થયું છે. સંસ્કૃતિ, સંપત્તિ, શૌર્યકળા અને શીલધર્મનો અજોડ-અદ્‌ભુત સમન્વય અત્રે ખરેખર અનુભવાયો છે. રત્નોની ખાણ સમી આ વંદનીય ભૂમિમાં એવાં અનેક માનવપુષ્પો ખીલ્યાં અને પાંગર્યાં—જેમણે જગતને વીતરાગતાનો રૂડો માર્ગ બતાવી જૈનધર્મ સંસ્કૃતિની દિવ્યજ્યોતને વિશ્વ પ્રાંગણમાં મહેંકતી રાખવામાં ગજબની મહેનત કર્યાનું ઇતિહાસ નોંધે છે. જેમના ઉમદા અને પરિમલ ગુલાબી જીવનચરિત્રોનું અવલોકન તો ખરેખર આત્માની મધુરી મોજ માણવા જેવું છે. એ માણ્યા પછી ગજબની ચેતના અનુભવાશે એવો આ ગ્રંથસંપાદકનો જાત અનુભવ છે.

**આ ધન્ય ધરાના** વીરપુરુષો અને આત્માનાં રહસ્યોને સમજનારા પ્રજ્ઞાવંતોની યશસ્વી ગાથાએ જગત આખાને પ્રેરણાનું પુષ્કળ ભાથું પૂરું પાડ્યું છે. આ મહામાનવોએ પોતાના તપતેજના કિરણો પ્રસારી સંસ્કૃતિના સબળ સત્ત્વને સૌંદર્યમંડિત કર્યું છે. આધ્યાત્મિકતાની ચિનગારી આપનારા એ સિદ્ધપુરુષોએ જીવનભર શીલધર્મની સુગંધ પ્રસરાવી સમાજને ઊંચી ભૂમિકાએ લઈ જવામાં ભારે પુરુષાર્થ કર્યાનું જણાય છે. શાસનની ધર્મધારાને હરઘડીએ સજાગ રાખનારા આ પૂંજીભૂત પુરુષાર્થીઓની કીર્તિગાથા જાણવા–માણવા જેવી છે. દક્ષિણમાં સિદ્ધસેન દિવાકર જેવા અને હરિભદ્રસૂરિ જેવા અસાધારણ ગ્રંથકારો, કવિ ધનપાળ, શોભન જેવા કવિઓ અનેક સાક્ષરરત્નો જેવા બ્રાહ્મણોએ શાસનની શાન વધારી છે.

**આ ધરા** ઉપર જૈનોએ વૈરાગ્યની, શ્રુતસંપદાની અને સાધુતાની બહુ મોટી પ્રતિષ્ઠા કરી અને તેથી જ દ્રવ્ય, સત્તા, કીર્તિ અને માનસન્માનના કુંડાળાથી બહાર રહીને જ્ઞાનની ચિરંતન જ્યોતને કેન્દ્રબિંદુ માની તેના પરિઘમાં જ પોતાની સારસ્વત સેવાને છેલ્લા શ્વાસ સુધી નિભાવનારો શ્રમણ સમુદાય અને પ્રભુપ્રેરિત શક્તિઓનો યથાર્થ વિનિયોગ કરનારાં શાસનના તેજસ્વી નક્ષત્રોના સેવા–સમર્પણથી સૌને વાકેફ કરવાનો અમારો આ અસાધારણ પ્રયાસ છે. પ.પૂ.આ.શ્રી પૂર્ણચંદ્રસૂરિજી મ.સા.ની શ્રુતજ્ઞાન સંબંધની લેખમાળામાં આ બધી વિગતો મળશે. આ ભૂમિ ઉપર જેઓ સીમાચિહ્ન કાર્ય કરી ગયા છે, તેમની સ્મૃતિ વિશેષરૂપે અંકિત કરવાનું આ ભગીરથ આયોજન છે. રાજાઓ અને મંત્રીશ્વરોનું પણ ભારે મોટું યોગદાન નોંધાયું છે. મગધનો મહાન શ્રેણિક, વૈશાલીનો રાજા ચેટક, ચંપાનો રાજા દધિવાહન, કૌશંબીનો રાજા શતાનીક, અવંતીનો રાજા ચંડપ્રદ્યોત અને લિચ્છવીના રાજાઓ નંદવંશીય રાજાઓ, મૌર્યવંશી રાજાઓ વગેરેએ જૈનધર્મને ભારે મોટુ બળ આપ્યું છે.

વિક્રમની વીસમી સદીમાં જૈન સંસ્કૃતિએ જે વિરાટ છલાંગ ભરી તેમાં આપણને આ ધરાના મગરૂબ મહાજનો, મહામેધાવીઓ, જીવદયાના પરમ રક્ષકો, સાચાં ઘરેણાં જેવાં શીલસંપન્નો, ભલાભોળા ભાવધર્મીઓ, રૂડા તપોધર્મીઓ, ચિંતનના પારગામીઓ, તત્ત્વાન્વેષણના સાચા મોતી લાવનારા સંબદ્ધપુરુષો, વિવેચકો અને વાચસ્પતિઓ, આત્માનુભૂતિના જૈન જ્યોતિર્ધરો અને જ્ઞાનધર્મી બહુશ્રુતોનું કૃતજ્ઞભાવે સદૈવ સ્મરણ કરવાનો આ મંગલ ગ્રંથનો ઉપક્રમ રહ્યો છે. તેજસ્વી, સંયમી, ગુણવાન અને પ્રભાવક પ્રતિભાઓ જ આ ધરતીના ખમતીધર આત્માઓ છે, માનવજીવનના સાચા પથદર્શકો રહ્યાં છે. સમાજની દીવાદાંડી છે. આ સૌને લાખ લાખ વંદનાઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પુણ્ય પ્રભાવક ધર્મભૂમિઓ

આ પાવનકારી પુણ્યભૂમિઓની પુણ્યપ્રભાવકતા તો જુઓ! જેમના દર્શન, વંદના અને સ્પર્શનાથી આપણા મસ્તક ઝૂકી પડે છે. તીર્થંકરોનાં પુનિત પગલાંથી પાવન બનેલ શત્રુંજય મહાગિરિ, જ્યાં ઋષભદેવ પ્રભુ એક–બે વાર નહીં પરંતુ નવ્વાણું પૂર્વ વાર પધાર્યા છે. મગધમાં, બિહારમાં, બંગાળ અને ઉત્કલની ભૂમિએ જૈનધર્મનો સોનેરી સૂર્ય એક સમયે ચરમસીમાએ પહોંચેલો જોયો છે. તીર્થંકરોમાં કલ્યાણકો પૂર્વની પુણ્યભૂમિમાં વિશેષ સાંપડે છે. તેના દર્શનથી મનની ભાવનાઓ હિલોળે ચઢે છે. પાદલિપ્તસૂરિ, કાલકાચાર્ય, આકાશમાર્ગે વિચરનારા વજસ્વામી, ખપુટાચાર્ય, ધનેશ્વરસૂરિ, માનતુંગસૂરિ, બપ્પભટ્ટસૂરિ. આચાર્ય શીલાંક વગેરેએ જૈન શાસનને ઘણું ગૌરવ અપાવ્યું છે. આ જૈન શ્રમણોએ આત્મકલ્યાણની સાથે જનકલ્યાણની સાધના કરતા રહ્યાં હતા.

અનંત આત્માઓની પણ આ સિદ્ધભૂમિ ગણાય છે. આ શત્રુંજય ગિરિરાજના સોળ ઉદ્ધારોમાં આ ગિરિરાજના અસંખ્ય છ'રી પાલિત સંઘો નીકળ્યા. સેંકડો મંદિરોની રચના, હજારો મૂર્તિઓની પ્રતિષ્ઠા, પ્રવ્રજ્યા પ્રસંગો, પદપ્રદાન આયોજનો, સાધર્મિક વાત્સલ્યો, અભયદાનની ઉદ્‌ઘોષણાઓ તથા આ સર્વેએ જગતમાં અનેકાન્તદર્શનનું સાચું ગૌરવ અને ગરિમા પ્રતિષ્ઠિત કરેલ છે.

ભારતમાં કે ભારતની બહાર જૈનોનાં એક–એક તીર્થમંદિરો કે ઉપાશ્રયો પ્રાચીન વૈભવના પ્રબળ પુરાવા છે. આબુ દેલવાડાના જૈન દેરાસરો ઉપર ફરકતી ધજાઓ મધ્યકાલીન સમયના રાજવીઓ અને મંત્રીઓની ગૌરવગાથાને તાજી કરે છે. પ્રા. શ્રી બિપિનચંદ્ર ત્રિવેદીની લેખમાળામાં આ બધી વિગતો સ્પષ્ટ રીતે જોવા મળશે. જૈન ઈતિહાસને સમૃદ્ધ કરનાર બિહારનું પટણા જુઓ, જેની સાથે સ્થૂલિભદ્રજીની કથા સંકળાયેલી છે. રાજા શ્રેણિકની રાજધાની આજનું રાજગૃહી જુઓ,–અંતિમ કેવળી જંબુસ્વામી, ધન્ના શાલિભદ્ર અને સુલસા શ્રાવિકા આ નગરમાં જ જન્મ્યાં. પ્રસન્નચંદ્ર રાજર્ષિને આ નગરમાં જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ. હેમચન્દ્રાચાર્યનું પાટણ જુઓ કે હીરવિજયસૂરિનું પાલનપુર જુઓ, દેલવાડા, કુંભારિયા અને આરાસણનાં મંદિરો જુઓ. પ્રાચીન ભારત કે ભરૂચની પંચતીર્થી જુઓ, જૈન સંસ્કૃતિને ટોચે લઈ જનાર ચૌદમી સદીનું કેશરિયાજી જુઓ, છેક ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સમગ્ર ભારતવર્ષ તીર્થંકરો અને સાધુ સાધ્વીઓની વિહારભૂમિને લીધે આંખ ભરી ભરીને જોવું ગમે તેવું એ સઘળું ખરેખર દર્શનીય ભાસે છે. પદ્મસ્વામીની જન્મભૂમિ કૌસંબી, ધવલશેઠ અહીંના જ હતા. મૃગાવતીજીને કેવળજ્ઞાન અહીં જ થયું. અનાથીમુનિ અને વૈયાકરણી કાત્યાયનની આ જન્મભૂમિ, અડદના બાકુળા વહોરાવનાર ચંદનબાળાનો પ્રસંગ આ ધન્ય ભૂમિ સાથે સંકળાયેલો. અયોધ્યાનો ઈતિહાસ રઘુકુળ સાથે સંકળાયેલો. ઋષભદેવપ્રભુની જન્મભૂમિ દીક્ષા કેવળજ્ઞાન પણ અત્રે જ થયું. સુમતિનાથ અને અનંતનાથ ભગવાનનાં ચાર ચાર કલ્યાણકો અહીં જ થયાં. રાજા હરિશ્ચંદ્ર પણ આ નગરના જ હતા. મલ્લિનાથની જન્મભૂમિ મિથિલા, મુનિસુવ્રતસ્વામીની જન્મભૂમિ વારાણસી, ચંદ્રાવતી, કાકન્દી, ચંપાપુરી, હસ્તિનાપુર એ બધી તીર્થંકરોની જન્મભૂમિને લાખ લાખ વંદનાઓ. રાજગૃહી કે સમેતશિખરજી કે પાવાપુરી આપણા સાચા ઘરેણા જેવા છે. છેલ્લી સદીમાં જે જે ધરા ઉપર તીર્થસ્થાનો ઊભા થયાં અને વિકસ્યાં કદંબગિરિ, હસ્તગિરિ, શંખેશ્વરજી કે ભદ્રેશ્વર એ બધી જ પુણ્યભૂમિઓ ખરેખર દર્શનીય ભાસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મભૂમિનો પ્રેરક પ્રભાવ

માનવીના વ્યક્તિત્વનું દર્શન તેના વતન પરથી જ થાય છે. દરેક મહાન વ્યક્તિની સાથે તેની જન્મભૂમિ કે કર્મભૂમિનું નામ અવશ્ય જોડાયેલું હોય છે. તેમ દરેક ભૂમિની આગવી ખાસિયત કે વિશિષ્ટતા પણ હોય છે. દરેક ભૂમિના વાતવારણનો પ્રભાવ તે ભૂમિ પર વિહાર કરતા જીવમાત્ર પર પડે છે. ગુરુ વશિષ્ઠના આશ્રમમાં વાઘ અને સિંહ સાથે જો હરણાં અને સસલાં બેસી શકતાં હોય તો તે, તે ભૂમિના પ્રેરક પ્રભાવને જ આભારી ગણાય ને!

જે ભૂમિમાં સૌન્દર્ય અને સરસ્વતીનું આબાદ સર્જન થયું છે; જે ભૂમિની ગોદમાં જન્મ લેવા દેવતાઓ પણ ઇચ્છે છે, જે ભૂમિની સંસ્કૃતિના પાયામાં ભક્તિરસ અને માધુર્ય ભર્યાં ભર્યાં છે. જે ભૂમિના હૂંફાળા ખોળામાં સેંકડો જિનેશ્વર બિંબોના પવિત્ર પરમાણુ પ્રસર્યા છે, જ્યાંના શાસન-પ્રભાવક રત્નોએ જગતના ચોકમાં એક અનુપમ સૌરભ પ્રસરાવી છે, એ તપોભૂમિનો પ્રભાવ તો જુઓ! જ્યાં આદર્શ ધર્મગુરુઓએ આધ્યાત્મિકતાની દિવ્ય જ્યોતને દેશ અને દુનિયામાં પ્રસરાવી-રેલાવીને શાસનના ગૌરવને ઉજાળવામાં ભારોભાર યશભાગી બન્યા છે. જીવમાત્રને જ્યાંથી ઉન્નત જીવનની અનેક નવી જ ક્ષિતિજો નીરખવા મળી, જ્યાં એક-એકથી ચડિયાતા કલાપ્રેમી, ધર્મપ્રેમી, પ્રજાવત્સલ રાજવીઓ થયા; જ્યાં ધર્મ, સંસ્કાર અને સરસ્વતીનું સંમિલન થયું, એ સૌરાષ્ટ્ર-ગુજરાતની તીર્થભૂમિનાં આંખ ભરી-ભરીને જોવા ગમે તેવાં હજારો જિનમંદિરો આ બડભાગી ભૂમિનો જ પ્રતાપ સમજવો ને? આ પતિતપાવન શ્રમણ પરંપરામાં સદીએ સદીએ વિશિષ્ટ પ્રતિભાઓનો પ્રકાશપુંજ રેલાયો, પુનિત અને પ્રાતઃસ્મરણીય આત્માઓએ જન્મ ધારણ કરી શાસ્ત્રોએ પ્રબોધેલા અંતિમરાહે પહોંચવા જ્યાં જ્યાં કઠિન તપશ્ચર્યા કરી હોય એવી પરમ પાવક પવિત્ર ભૂમિને આપણે તીર્થસ્વરૂપ જાણીએ-સમજીએ. પ્રભાવક એવી આ ભૂમિ પર પણ આછડતી નજર કરીએ.

બે હજાર વર્ષ પહેલાં સિદ્ધ નાગાર્જુન, જેમને આકાશગામિની વિદ્યા હસ્તગત હતી, એ પાલિતાણાના જંગલમાં જ વિહાર કરતા હતા. સોળમી સદીમાં પરમ પૂજ્ય શ્રી આનંદવિમલસૂરિજી, સત્તરમી શતાબ્દીમાં જગદ્‌ગુરુ તપસ્વી શ્રી હીરવિજયસૂરિજી તથા આ. શ્રી વિજયદેવસૂરિજી, સત્તરમી-અઢારમી સદીમાં જ્યોર્તિધર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી તથા ક્રિયોદ્ધારક પંન્યાસ શ્રી સત્યવિજયજી, પ્રજ્ઞા પુરુષ આત્મારામજી મહારાજ વગેરે અને વિક્રમની વીસમી સદીમાં જૈનશાસનની સર્વતોમુખી પ્રભાવના કરનાર પૂજ્ય શ્રી નેમિસૂરિજી મહારાજ તથા રામચંદ્રસૂરિજી મ., તથા જિનશાસનની આધારશીલા સમાન આગમોનો ઉદ્ધાર કરનાર આગમોદ્ધારક પૂ. આનન્દસાગરસૂરિ મ. યુવા શિબિરોને ચાલુ કરી લાખો યુવાનોને ધર્મમાર્ગે અવતરણ કરનારા ૧૦૮ ઓળીના તપસ્વી શ્રી ભુવનભાનુસૂરિજી મ. થયા એવી આ પુણ્યભૂમિનું રૂપ કાંઈ અનોખું જ જોયું, અનેકોને પ્રેરણા આપતો જૈન પ્રજાનો પરોપકારી સ્વભાવ અને સહિષ્ણુતા પણ પ્રત્યક્ષ જોયાં, અનુભવ્યા.

અરે! ત્રેવીશ તીર્થંકરો પણ જ્યાં આવી ગયા એ લોકોત્તર પરમ તારક તીર્થના શ્રદ્ધાસભર હૃદયે જે સુભાગી જીવ જીવનમાં એક વાર જ દર્શન કરે છે તે અવશ્ય દિવ્ય દર્શન પામે છે, અને જેના વંદન-સ્મરણ માત્રથી અપાર કર્મનિર્જરા થાય છે, તે તીર્થાધિરાજેશ્વર મહાતીર્થ શત્રુંજય મહાગિરિ–પાલિતાણા, જ્યાં ભગવાન ઋષભદેવ પ્રભુ નવાણું પૂર્વવાર આવ્યા હતા; જ્યાંથી અનંતા મુનિઓએ મોક્ષની પ્રાપ્તિ કરી;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત આત્માઓએ જ્યાંથી ઉન્નત જીવનની પ્રેરણા પ્રાપ્ત કરી અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું. આ તીર્થ સાથે બારોટોની શહાદતનો ઇતિહાસ પણ અમર નામના મેળવી ગયો.

સૌરાષ્ટ્રની આ એ જ ભૂમિ છે, જ્યાં અરિહંતદેવ ભગવાન મહાવીરસ્વામીની હયાતીમાં જ તેમના વડીલ બંધુ શ્રી નંદીવર્ધને નિર્માણ કરેલી કહેવાય છે તે ભવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા મહુવામાં કરાયેલ છે. (રાજસ્થાનના 'નાણા, દિયાણા, નાંદિયા જીવિતસ્વામી વાંદિયા' ત્યાં પણ જીવિતસ્વામી મહાવીરપ્રભુ છે.) શત્રુંજય તીર્થોદ્ધારક શ્રી જાવડશા પણ મહુવાના નરરત્ન હતા. શ્રી સિદ્ધગિરિજી, શ્રી ગિરનારજી અને શ્રી પ્રભાસ-પાટણ એ ત્રણેય તીર્થધામોમાં સવા-કરોડ સોનૈયાની કિંમતના ત્રણ રત્નો ઉછામણીમાં બોલીને તીર્થમાળ પહેરવાનો અણમોલ લહાવો લેનાર શ્રેષ્ઠીરત્ન જગડુશા પણ મહુવા–સૌરાષ્ટ્રના જ પનોતા પુત્ર હતા.

તીર્થોના પ્રાંગણ સમું સૌરાષ્ટ્રનું ઐતિહાસિક શહેર આજનું જૂનાગઢ, જ્યાં બાળબ્રહ્મચારી, બાવીશમાં તીર્થંકર પરમાત્મા શ્રી નેમિનાથનાં દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણકો થયાં–અને આજે પણ એક એવો ધ્વનિ સતત સંભળાય છે કે આગામી ચોવીશીના ચોવીશે તીર્થંકરો ગિરનાર ઉપર જ મોક્ષ પામવાના છે. કામવિજેતા સ્થૂલભદ્રજી, સુદર્શન શેઠ, વિજય શેઠ અને જંબૂસ્વામી જેવા નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધારક પુરુષો આદર્શ બન્યા તો સીતા, સુભદ્રા અને દમયંતી જેવી શીલવતી સ્ત્રીઓનો ઇતિહાસ આ ભૂમિને ભારે મોટુ ગૌરવ અપાવી ગયો.

આ ધર્મભૂમિનું ઓજસ તો જુઓ! પરમ પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજની પ્રેરણાથી ચિકાગોમાં ભરાયેલ વિશ્વધર્મ પરિષદમાં અને યુરોપના અન્ય દેશોમાં જૈનધર્મની મહત્તા પ્રસ્થાપિત કરનાર બેરિસ્ટર વીરચંદ રાઘવજી ગાંધી પણ આ સૌરાષ્ટ્ર-ભૂમિનું જ નરરત્ન હતા. કદમ્બગિરિ, જ્યાં ગત ચોવીશીના કદમ્બ ગણધર સિદ્ધિપદને પામ્યા; હસ્તગિરિ, જ્યાં ભરત મહારાજાનો હાથી સ્વર્ગગતિ પામ્યો; મોરબી પાસેનું વવાણિયા, જ્યાં શ્રીમદ્ રાજચંદ્ર જેવી તેજસ્વી પ્રતિભાનું પ્રાગટ્ય થયું.

આજનું વલ્લભીપુર, જે મૈત્રક રાજાઓના સમયમાં ગુજરાતની રાજધાની ગણાતું. ત્યાં વિક્રમ સંવત ૫૧૦માં જૈન સિદ્ધાંત ગ્રંથો અને આગમો પુસ્તકારૂઢ કરવા શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ આદિ સ્થવિરોની નિશ્રામાં જે ઐતિહાસિક પરિષદ મળેલી તે આ પુણ્યભૂમિના પ્રતાપે જ.

ઘોઘાના નવખંડા પાર્શ્વનાથ, ઉનાના અમીજરા પાર્શ્વનાથ અને દેલવાડાના ચિંતામણિ પાર્શ્વનાથની ચમત્કારિક ઘટનાઓએ જે ભૂમિની ધર્મજ્યોતને દિવેલ પૂરું પાડ્યું છે; જૈન સાહિત્યનાં પૃષ્ઠો પર નોંધાયેલી ધનાઢ્ય જૈન યશોગાથા જ્યાં કંડરાયેલી છે, તે સજ્જનમંત્રીની જન્મભૂમિ ગણાતું આજનું વંથલી (વનસ્થલી), શ્રાવિકારત્ન જવલબાઈની ઉગ્ર તપશ્ચર્યાઓ સાથે સંકળાયેલું આજનું માંગરોળ; આરાધના અને જિનભક્તિએ જિનશાસનને ભારે મોટી યશકલગી ચડાવી છે તે સૌરાષ્ટ્રનું ધર્મપુરી આજનું ધમધમતું સુરેન્દ્રગનર, જ્યાંના આરાધ્ય એવા દાર્શનિક દેદીપ્યમાન જિનમંદિરોએ જૈનધર્મની તેજકિરણાવલીનું સિરેખ ચિત્ર ખડું કરી દીધું છે તે પુરાણી નગરી વર્ધમાનપુરી....આજનું વઢવાણ. અર્ધસિદ્ધગિરિસમાન જિનમંદિરો જેના ખોળે રહી જનસમૂહને આકર્ષી રહ્યા છે તેવું શહેર જામનગર રિદ્ધિ–સિદ્ધિનાં સ્મૃતિચિહ્નો જેવાં ગુજરાતનાં સંખ્યાબંધ દેરાસરો આજે પણ જૈન-જૈનેતરોને અહર્નિશપણે પ્રેરણા અને ભક્તિરસના પીયૂષ પાઈ રહ્યાં છે, જે આ ભૂમિનો જ પ્રભાવ માનવો રહ્યો ને? આ ધરાના પ્રબળ પુણ્યબળની પ્રતીત થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ગોમટેશ્વર, શ્રવણ બેલગોડા, બેંગલોર

# વૈભવી કલા સંસ્કૃતિનું નંદનવન

**આત્માની મલિનતાને ધોઈ નાખનારી તરણતારણ આ ધરાને લાખ લાખ વંદના.**

જૈનોની સાંસ્કૃતિક સંપત્તિસ્વરૂપ જૈન શિલાલેખો, શિલ્પ–સ્થાપત્યો અને પૂર્વજોની પરંપરા પ્રમાણે શિલ્પશાસ્ત્રને આજ સુધી સાચવી વિવિધ કલાકૃતિયુક્ત જિનાલયો, જિનબિંબો તથા જૈન આર્ટ ગેલેરીની શોભા વધારનાર સોમપુરા પરિવારોએ શિલ્પકળાની પ્રસરાવેલી શાશ્વત સૌંદર્ય સુગંધ યુગો સુધી અવિચળ અને અમર રહેશે. ઓરિસ્સાના ગુફામંદિરો અને ગુફાગૃહો, સમૃદ્ધ કોતરણીવાળા કેવાળો, મથુરાના પ્રાચીન અવશેષોમાં સુંદર રીતે શણગારલા તોરણો અને આયાગપટો એ બધા માત્ર અવશેષો જ નહિ પણ કલાલક્ષ્મીજીના જીવંત દૃશ્યો છે. મથુરાના કંકાલી ટીલાનું પૂ. મુનિશ્રીઓનું સંશોધન દાદ માંગી લ્યે તેવું છે. આ ધરા ઉપરના જિનપ્રસાદોના સન્મુખદર્શનો, શિલ્પોના મનોહર દૃશ્યો, જિનેશ્વરદેવોની વિરાટકાય પ્રતિમાઓ, મંદિરોના સોહામણા પ્રવેશદ્વારો, પ્રાચીન પુરાવશેષો, ચિત્રશૈલી, ચિત્રપટ્ટો, વાસ્તુકલાનો અનેરો વૈભવ, અર્વાચીન ધર્મસ્થાનકો, કલાકારીગરીથી શોભતા જિનમંદિરોના વિવિધ અંગોના દર્શન વંદનથી ધર્મ પરત્વેની આપણી શ્રદ્ધાભક્તિમાં વધારો થાય છે. આ પ્રકાશનગ્રંથમાં જ શિલ્પસ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂના જોવા મળશે. ભારતમાં ઘણી જગ્યાએ જોવા મળ્યું છે તેમ શિલ્પમાં પણ પાર્શ્વનાથની વિલક્ષણતા આગવી તરી આવે છે. મહારાષ્ટ્રના શીરપુરમાં, ભદ્રાવતી ભાંડકમાં, સિકન્દ્રાબાદની બાજુમાં અલીરમાં, પ્રસિદ્ધ કુલપાકજી તીર્થમાં, તામીલનાડુમાં ગુડીવાડા સ્ટેશન પાસે એ જ પ્રદેશમાં એક મ્યુઝીયમમાં અને એમ અનેક સ્થળે અર્ધ પદ્માસનવાળી તથા કાયોત્સર્ગ મુદ્રામાં એક જ તીર્થંકરની આટલી મોટી સંખ્યામાં પ્રતિમાજી બીજા કોઈ તીર્થંકરની જાણમાં નથી.

## વિશ્વનું શ્રેષ્ઠ દર્શન

સનાતન સત્યના આધારભૂત આ વિશ્વધર્મનું બિરુદ પામેલા જૈન ધર્મ માટે જૈનેતર વિદ્વાનોનાં મંતવ્યો અત્રે પીરસાયાં છે. જૈનેતરો આ ધર્મને ક્યા ભાવથી જુએ છે. અન્ય ધર્મોની હરોળમાં જૈન ધર્મ ક્યાં ઊભો છે એનું વિશિષ્ટ વિહંગાવલોકન આ ગ્રંથમાં કેન્દ્ર સાથે છે. પૂ. પં.શ્રી રશ્મિરત્નવિજયજી મહારાજશ્રીનો આ સંબંધી વિસ્તૃત લેખ ખરેખર અભ્યાસનીય બન્યો છે, પ્રાચીન અભિલેખો સંબંધી પણ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાના સાક્ષર શ્રી ભારતીબહેન શેલતનું યોગદાન નોંધપાત્ર બન્યું છે.

હિન્દુસ્તાનના અને જગતભરના તમામ ધર્મોમાં જૈન ધર્મ અતિ પ્રાચીન છે એવી ઉદ્‌ઘોષણાને પશ્ચિમના વિચારકો અને સાક્ષરો વારંવાર અને ભારોભાર સ્વીકારતા રહ્યા છે. વૈદિક અને આર્યસંસ્કૃતિનો મધ્યાહ્ન ભારતમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે તપી રહ્યો હતો, ત્યારે પણ જૈનદર્શન-ચિંતન ઘણાં આગળ નીકળી ગયાં હતાં. જૈનધર્મના બે મજબૂત પાયા એક સાહિત્ય અને બીજું તીર્થો, જૈનધર્મની ઇમારત તેના ઉપર જ ટકી રહી છે. જૈનોના જેટલો સમૃદ્ધ સાહિત્ય વારસો કોઈની પણ પાસે નથી.

ભારત તો આર્યદેશ હતો જ આર્યોના આ ભારતમાં એક સમયે જૈનધર્મ પૂરબહાર ખીલ્યો હતો. ભારતમાં તો અતિ પ્રાચીન કાળથીજ **''સર્વમંગલ માંગલ્ય, સર્વકલ્યાણ કારણમ્;'' ''પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્''** એવી પ્રચંડ સિંહગર્જનાના આભ ગજવતાં ગગનભેદી પડછંદાઓ દેશ–વિદેશોની દશે દિશામાં ગાજતા રહ્યા છે. અને યુગો સુધી ગાજતા રહેશે.

જૈન પરંપરા તો ચોવીશે તીર્થંકરોને ભક્તિભાવથી પૂજે છે, પરંતુ અન્ય પરંપરાઓમાં પણ ઋષભદેવ, નેમનાથ, પાર્શ્વનાથ વગેરે નામોલ્લેખ મળે છે. ઋગ્વેદ, યજુર્વેદ વગેરે ગ્રંથોમાં પણ ઋષભ, અરિષ્ટનેમિ વગેરે જૈન તીર્થંકરોના ઉલ્લેખો મળે છે. શ્રીમદ્ ભાગવતમાં તો ભગવાન ઋષભદેવને આઠમા અવતાર તરીકે સ્વીકાર્યા છે. આ બધા જૈનધર્મની પ્રાચીનતાના પ્રબળ પુરાવા છે. જૈનધર્મ એ કોઈ ચોક્કસ જાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી પણ જીવમાત્રનો એ ધર્મ છે, સમગ્ર વિશ્વનો એ ધર્મ છે. જૈન સંસ્કૃતિના કારણે જ આજે દુનિયા ભારતને શાકાહારી, તપસ્વી અને અપરિગ્રહી પ્રજા તરીકે ઓળખે છે. જન ઉપર દેવ-ગુરુના સ્વીકારની બે માત્રા લાગે તે જૈન માટે તો જૈનધર્મ એ જનધર્મ છે એમ કહી શકાય, પાળે તેનો ધર્મ.

જૈનશાસનની બાગડોરને સુપેરે સંભાળનારા શ્રુતસંપન્ન સૂરિવરો સાથે શ્રુતધરો, શ્રુતાનુરાગીઓ, અસિધારાવ્રતને પ્રતિક્ષણ નિભાવનારા શ્રુતોપાસકોના આ ગ્રંથમાં સુપેરે પરિચય કરાવ્યા છે. જૈન જ્યોતિર્વિદો, દાર્શનિકો, પંડિતો, પૂ. સાધ્વીભગવંતો, પ્રાચીન હસ્તપ્રતોના સર્જકો, સમાધિમરણ પ્રાપ્ત કરનારા સાત્ત્વિક ઘરદીવડાઓ, વિવિધ તીર્થોના પુનઃ પ્રતિષ્ઠાકારો, નિર્માતાઓ, છ'રિપાલક સંઘ યાત્રાઓના સંઘપતિઓ, ઘરદેરાસરોના આરાધકો, અર્ધમાગધીના કાવ્યારાધકો, જિનદર્શને પ્રેરેલ મહાજન–શ્રેષ્ઠી પરંપરા જૈન ચિત્રકલા વગેરે કલ્યાણમિત્ર બન્યા. ભૂતકાળના એ ભવ્યાતિભવ્ય વારસાને અંતરની અનંત વંદનાઓ!

**આ ધન્ય ધરાની** મંગલ ધર્મધારા વિશ્વશાંતિની વિરાટ ગંગોત્રી બની શાશ્વત વહેતી રહે, એક અનોખી સૌરભ પ્રસરાવતી રહે, અનેક જીવોને આત્મકલ્યાણનો શાશ્વતો માર્ગ અસ્ખલિત પ્રવાહરૂપે અર્પતી રહે તેવી શુભકામના અને મંગલ શુભભાવના.

આ બધાની ધરા, આ તીર્થંકર ભગવંતોને ધન્ય છે અને ધરાની શાશ્વતી સૌરભ ક્ષણિક નહીં શાશ્વતી ચેતનાને ભજનારની, પામનારની છે. પ્રથમ ભાગ સ્વભાવિક રીતે જ જિનદર્શનના વિવિધ અભિગમો અને આરાધનાને સિદ્ધાન્તપક્ષથી અને દૃષ્ટાન્તપક્ષથી સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. અહીં આ વિભાગમાં વિહરમાન વીશ તીર્થંકરોની વંદના, વ્યક્તિત્વ, તેમનાં પરમ પ્રબોધક ચરિત્રોથી લઈને ઝળહળતા અરિહંતના આરાધકોની માંડણી કરી છે. પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મહારાજશ્રીએ આ ગ્રંથમાંજ અનેક વિષયો ઉપર પ્રકાશ પાડ્યો છે. પૂજ્યશ્રીની જ્ઞાનસંપદા અજોડ છે. તેમની તેજસ્વી કલમે રજૂ થયેલી ઘણી બધી સચોટ માહિતી એકીસાથે જ આપણને સાંપડે છે. સૂચિત ગ્રંથમાં શાસનના જ્યોતિર્વિદો લેખમાં વર્તમાન સમયના કેટલાક પ્રખર જ્યોતિર્વિદોના પરિચયો સંજોગોવશાત્ મૂકી શકાયા નથી જેને હવે પછી અનુકૂળતાએ જરૂર ન્યાય આપશું. ખાસ કરીને ભક્તિસૂરિ સમુદાયના જ્યોતિર્વિદ્ આચાર્ય શ્રી વિજય લબ્ધિસૂરિજી મહારાજની જ્યોતિષ વિદ્યામાં જ્ઞાનસંપદા અજોડ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનદર્શનના શ્રુતધરો, દાર્શનિકો, તપ:પુંજો, અર્ધમાગધીનાં શાસ્ત્રો–આગમોના પ્રભાવક વૃત્તિકારો, ભાષ્યકારો, કાવ્ય–ઈતિહાસનાં પૃષ્ઠો પર જેમણે શબ્દાલંકારણો, અર્થાલંકારો વડે અનેક વ્યક્તિત્વોને ઉદ્‌ભાસિત કર્યાં છે તેની વિગતે વાતો છે. મંદિરરચનાઓ, આગમોના સુવર્ણની શાહીથી મંડિત ચિત્રોવાળા ગ્રંથ શોભાની, મૂર્તિ વિધાનની, આંગીરચનાના તજજ્ઞોની, છ'રી પાળતા સંઘના સંઘપતિઓની, શાહ સોદાગરોની, મહાજન પરંપરાની એવી અવનવી સુરેખ, વિશ્વસ્ત, અતિશયોક્તિ વિનાની લેખનસમૃદ્ધિથી ઘણી વિગતો આપણને આ ગ્રંથમાં અમૃત સ્નાન કરાવે છે. વિશિષ્ટ કોટિના શ્રુતધરો, શ્રુતાનુરાગીઓ તથા જૈનોની સાંસ્કૃતિક સંપત્તિરૂપ જૈન શીલાલેખો, શિલ્પસ્થાપત્યો, વિવિધ તીર્થોના નિર્માતાઓ, જીવદયાપ્રેમીઓ આ સૌ આપણા ગૌરવરૂપ છે.

**ધન્યધરામાં** માત્ર જૈનશાસનની જ યશગાથા ગાઈએ તો ધરતીના શાશ્વતી સૌરભ ફેલાવતાં પુષ્પોદ્યાનોનાં તરુઓ, લત્તાઓ, કુસુમાચારો, યશગાનના ગુંજારવ કરતાં ષટ્‌પદો રહી જાય તેનું શું? ભાગ-૧ તથા ભાગ-૨ બન્ને ગ્રંથો સાહિત્યપ્રેમીઓ અને જ્ઞાનરસિકો માટે એક ઉત્તમ નજરાણું બની રહેશે તેમાં નવાઈ નથી. કારણ થયેલી રજૂઆત કાલ્પનિક નહિ પણ વાસ્તવિક હોવાથી ઘણી સારી રીતે જૈનશાસનની પ્રભાવના થશે એ નિ:શંક છે. આ બન્ને વિભાગો કોઈને જુદા જુદા–અનિબદ્ધ લાગવાની શક્યતા છે, પણ બન્નેના મૂળમાં માનવ કેન્દ્રમાં છે. 'માનવથી ઊંચું દેવકુળ પણ નથી. પાર વિનાની વિકાસની દિશાઓ અનાવૃત્ત છે. પરમ મહત, પરમ દિવ્ય અલૌકિક જિનદર્શન માનવમાત્રનું પરમ આશ્રયસ્થાન છે પણ ત્યાં અનેકભવે અનેકવિધ પુરુષાર્થની સીડીએ ચડતાં પહોંચાય. કેવળજ્ઞાન અને પરમ સાધુતાનું શિખર ભલે નજર સમીપ દશ્યમાન છે પણ તેની યાત્રા અદના માનવીને માટે ઘણી જ મુશ્કેલ છે.

જીવન માત્ર રોટીથી ટકતું નથી, એ માટે સદ્‌ગુણોની સ્થાપના કરવી અનિવાર્ય બની રહે છે. તોજ વ્યક્તિ, કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ટકી શકે છે. ગુણ પ્રાપ્તિની અદમ્ય ઝંખના અને પરમાર્થીઓના સેવાકાર્યોની હંમેશા અનુમોદના કરતા થઈશું ત્યારે જ આપણા નયનો જગતના જીવોમાં ગુણદર્શન પામી શકશે.

## જીવનયાત્રાના આત્મસંયમી પથિકોનું યોગદાન

ચિંતકોએ આ સંસારને મોહ, મમતા અને વાસનાના મગરમચ્છો જેવા ઉત્તાલ તાલ તરંગોવાળો દર્શાવી સંયમશીલ જીવન જીવવાનો સદાગ્રહ સેવ્યો છે અને તેથી જ શ્રદ્ધા, ભક્તિ, પ્રીતિ, સેવા, સમર્પણ જેવા વિશિષ્ટ ગુણોનું જ્યાં જ્યાં દર્શન થતું રહ્યું તેના અવલોકન સાથે વિનયશીલ પ્રતિભાઓના જીવનમંથન દ્વારા જે કાંઈ નવનીત આપણને સાંપડશે તે જ આપણા જીવનનું ધારક પ્રેરકબળ બની રહેવાનું અને તેથી જ તપ, ત્યાગ અને સમર્પણની હકીકતોનો આ રસથાળ-વિશિષ્ટ નજરાણું જનસમુહ સુધી પહોંચાડવાનો આ એક અસાધારણ પ્રયાસ છે.

જેમના આંગણે સદાકાળ મીઠા સ્નેહજળ અને અમૃતસમ કોપરું મળ્યું છે તેવા વ્યવહારકુશળ શ્રેષ્ઠીઓની મંગલ જીવનયાત્રાની, ભાવધર્મની ભવ્યતાની, તપધર્મની, દાનધર્મની, પ્રજ્ઞાની, ઉત્થાનની, આત્મસંયમની એમ વિવિધ સ્તરે કંડારાયેલી જીવનમાંડણીનું સુપેરે દર્શન કરાવવાનો આ એક શુભ આશય છે.

અત્રે....ચિંતનના પારગામીઓ, ધર્મના મહામેધાવીઓ, તત્ત્વાન્વેષણના સાચાં મોતી.... લાવનારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબદ્ધપુરુષો, વાચસ્પતિઓ, શીલબોધિ સાધુપુરુષો, પૂ. શ્રમણીરત્નો, મહારથીઓ, સાહિત્યસર્જકો, કવિઓ, દાર્શનિકો, વિવેચકોની એક ઉજ્જવળ પરંપરા રહી છે. એમણે પ્રજા જીવનને પ્રેરણાના પીયુષ પાયા છે, ક્રાંતિના પંથે વાળ્યા છે, આધ્યાત્મ માર્ગે દોર્યા છે અને તેઓ સાચે જ માનવજીવનના પથદર્શકો રહ્યા છે. પૂર્વજોએ વહાવેલી આ ગુણાનુરાગી ગંગાનું આચમન જિજ્ઞાસુ જગતને દીર્ઘકાળ સુધી ભારે મોટું બળ આપી રહેશે.

આ પચરંગી પ્રદેશ અંગે કોઈએ સાચે જ કહ્યું છે કે આ ધરતીમાં જે જે આવીને વસ્યા તેઓ વિનમ્ર થઈને રહ્યા અને તેથી જ આ ધરા એકસો જાતિનું નિરાળું સંગમતીર્થ બન્યું છે. આ ધરાના તીર્થધામો અને ગગનચુંબી મંદિરોના કોઈ અલૌકિક પ્રભાવથી અનેક સંતો, મહંતો, ઋષિઓ અને કવિઓ આકર્ષાયા છે. સેવા સમર્પણની ભાવનાવાળા એવા ઘણાનું આ ધરાના વિકાસમાં ઉલ્લેખનીય પ્રદાન નોંધાયું છે. જીવનમાં એકાદ વિશિષ્ટ કાર્ય દ્વારા ઉજળી લકિર અંકિત કરી જનારા પણ ઘણાં છે. સંશોધન ક્ષેત્રે નવી નવી કેડી કંડારી જનારા અને પ્રભુપ્રેરિત શક્તિઓનો યથાર્થ વિનિયોગ કરનારા વ્યક્તિ ચિત્રો અમીટ છાપ મુકી જનારા ઘણા છે.

સંકલ્પ અને પુરુષાર્થ કરીને મેળવેલી ધનસંપત્તિ ધર્મમાર્ગે વાપરી સુકૃત્યની કમાણી કરી લેનારા અને જીવન વ્યવહારોમાં સ્વસ્થ, સમદર્શી રહેનારા પણ ઘણાં છે. સ્વયં ભલા, ભોળા, સરળ અને નિખાલસ એવા દરિયાવદિલના શાલિભદ્ર સજ્જનો પણ ઘણાં છે. દુષ્કાળ કે ભુકંપ સમયે માનવસેવાનો યજ્ઞ આરંભનારા, મેડીકલ કેમ્પો, રાહત રસોડા, શિક્ષણમાં સહાય કરનારા ગૌરવશાળી પરિવારો પણ ઘણાં છે. જૈનાચાર્યો અને શ્રાવક, શ્રેષ્ઠીઓએ પણ હૈયાના ઉમળકાથી આપણને ઘણું જ બળ આપ્યું છે. આ પ્રોજેક્ટમાં સાગરાનંદસૂરિ સમુદાયના પ.પૂ.આ.શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી મ. તથા જૈનસંઘના ટોચના અગ્રણી શ્રી દીપચંદભાઈ ગાર્ડીનું પ્રદાન નોંધપાત્ર છે. દક્ષિણ બારતના જૈન અગ્રેસરો શ્રી સુરેન્દ્રભાઈ સી. શાહ 'ગુરુજી' તથા રાજેન્દ્રભાઈ દલાલની લાગણી ભૂલાય તેમ નથી.

## જૈન પરંપરામાં જીવનશિલ્પીઓ

અત્રે વય, કક્ષા કે ફલકને લક્ષમાં ન રાખતા જે તે વ્યક્તિના કાર્યની સિદ્ધિને તેના ઉચ્ચત્તમ આદર્શોને કેન્દ્રમાં રાખીને તેમના ઉજળા વ્યક્તિત્વની ઝાંખી કરાવવાનો આ એક નૂતન અભિગમ છે. સમાજ પાસેથી અમે જે કાંઈ મેળવ્યું છે તે સવાયુ કરીને ઋણમુક્ત થવા એકમાત્ર સમર્પણભાવથી અમારો આ પ્રયાસ એક નવી જ ક્ષિતિજ દોરીને પુરુષાર્થની એક નવી જ કેડી કંડારવાનું અમે સદ્‌ભાગ્ય મેળવ્યું છે તેનો વિશેષ આનંદ છે.

રત્નોની ખાણ સમી આ ભૂમિમાં વૈયક્તિક અને સામાજિક જીવનમાં જેમનું પ્રદાન ઘણું ઉપકારક છે. તેવી ધરતીની ધૂળમાં ધરબાયેલી વિભૂતિઓનું કૃતજ્ઞભાવે વિભૂતિસત્વ અજવાળવાનો અમારો આ ભક્તિનમ્ર અર્ઘ્ય છે. ગુણગ્રાહી જીવોની જીવનયાત્રા બહાર લાવી એમના તપ-ત્યાગ-શીલની જીવનજ્યોત સમાજ સામે ધરવા અમે કૃતસંકલ્પ છીએ, આ ગ્રંથરત્ન દ્વારા ધરાની વિસ્મૃત પ્રતિભાઓનું સ્મરણ પણ અમારે મન એક મૂલ્યવાન લ્હાવો છે. પ્રતિભાસંપન્ન વ્યક્તિઓના જીવન કવનના વાંચન દ્વારા વિશ્વમંગલકારી જીવનની ઉષા આપણા સૌના જીવનમાં પણ કંકુ પગલા કરે એજ મહેચ્છા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમાપન અને આભારદર્શન

દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.શ્રી ગુણરત્નસૂરિ મ.સા.ના શિષ્યરત્ન પૂ.પં.શ્રી રશ્મિરત્નવિજયજી મહારાજશ્રીએ સમય કાઢીને પણ આ ગ્રંથના પ્રથમ ભાગની મોટાભાગની લેખમાળાઓનું સાદ્યન્ત અવલોકન કર્યું છે અને તેના આધારે જ પૂજ્યશ્રીએ આ ગ્રંથની સુંદર પ્રસ્તાવના નોંધ લખી આપી છે. પૂજ્યશ્રીના અમે ઋણી છીએ. પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી તથા પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી હરિશભદ્રવિજયજી મ.સાના આભારી છીએ. ભાવજગતના નામાંકિત પ્રા. શ્રી જનાર્દનભાઈ દવે જેઓએ ઉપનિષદો, મહાભારત અને ભાગવત જેવા વૈદિક દર્શનો સાથે જૈનદર્શન અને તંત્રોમાં પણ પારંગતતા મેળવી છે એવા આ સ્વાધ્યાપ્રેમી મળવા જેવા માણસ છે. પ્રસંગોપાત તેમની હૂંફથી ઘણી જ હળવાશ અનુભવાઈ છે. નામી અનામી સેંકડો ધર્મશ્રદ્ધાળુઓએ શુભેચ્છાઓ વ્યક્ત કરી છે તેનું જ આ પરિણામ છે. ગ્રંથના છાપકામ માટે સતત ચિંતા અને ચીવટ રાખનાર શ્રી જ્ઞાનચંદજી જૈન અને તેમના સુપુત્રો નિલયભાઈ અને નિજેશભાઈની ઊંડી સહાનુભૂતિ અને સહયોગથી જ અમે હળવા બની શક્યા છીએ તેમના પણ આભારી છીએ.

અમે અત્રે જૈનશાસનના વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓના ગૌરવને આ વિરાટ ગ્રંથ દ્વારા મહાવિરાટને જોવાનો, આપ સૌને અમારા દર્શનમાં સહભાગી બનવાનો સત્સંકલ્પ લઈને બેઠા છીએ. માતા સરસ્વતીજીએ અમારી અભિલાષા પૂર્ણ કરી છે. અમારા મનોગત ભાવોને ભાષાબદ્ધ કરી, આપ સૌના ચરણોમાં શીશ નમાવી આપ સૌના આશીર્વાદ ઝંખીએ છીએ.

ગ્રંથને વૈવિધ્યસભર બનાવવા જ્યાં જ્યાંથી માહિતી મળી છે તે સૌનો ઋણ સ્વીકાર કરતાં આનંદ થાય છે અનેક દાતાઓએ અને શ્રેષ્ઠીઓએ આપેલા સહયોગ માટે અમે સૌના અત્યંત ઋણી છીએ. જામનગરના શ્રી મહેન્દ્રભાઈ ડી. શેઠ અને ગુજરાતના સાહિત્યરત્ન શ્રી કુમારપાળ દેસાઈ તથા ભાવનગરના મહિલા અધ્યાપક શ્રી પ્રફુલ્લાબહેન વોરાની લાગણી ક્યારેય ભૂલાય તેમ નથી. આ ગ્રંથ તૈયાર થવામાં અનેક હાથોની મદદ લીધી છે એ સૌનો આભાર માનીએ છીએ.

મારી ઉત્તરાવસ્થામાં સાર્થક ક્ષણોનો સદુપયોગ કરી લેવાની વિચારણાએ જ આ કામ ઝડપથી પૂરુ થઈ શક્યું છે. આ આયોજનને ઘણા મોટા સમુહના આશીર્વાદ અને શુભેચ્છા સંપ્રાપ્ત થયા છે એ સૌને આભારના આસોપાલવનથી શોભાવીએ છીએ. અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓએ ગ્રંથના આગોતરા ગ્રાહક થવામાં સહયોગ આપ્યો છે તે સૌના સૌજન્યની સહર્ષ નોંધ લીધી છે. ગ્રંથમાં પૂર્વકાલીન પ્રભાવકોના રેખાંકન ચિત્રો દ્વારકાના કલાવિદ્ શ્રી સવજીભાઈ છાયાની પ્રેમાળ લાગણીથી તૈયાર કરાવીને મુકાયા છે. આ ચિત્રો જૈન શાસનના શણગાર નામના પુસ્તિકામાંથી સંકલનકાર કુસુમભાઈ એસ. ઝવેરીની સંમતિથી આર્ટપેપર ઉપરના રંગીન ફોટોગ્રાફ ઉપરથી લીધા છે. તેમના પણ અત્યંત આભારી છીએ.

આ ગ્રંથ પ્રકાશનમાં જાણે-અજાણે પણ જૈનધર્મ, જૈન પરંપરા કે જિનાજ્ઞા વિરુદ્ધ કોઈ પણ જાતનો ઉલ્લેખ થયો હોય, જરા સરખો અનાદર કે અવિવેક થયો હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ. સૌનો ખૂબ ખૂબ આભાર.

**—નંદલાલ દેવલુકના**

**જય જિનેન્દ્ર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુમોદના

## વાંચજો, વિચારજો અને વિનિમય કરજો

**શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ-જયસોમ વિજયેભ્યો નમઃ**



મુનિ જયદર્શનવિજયજી મ.

જૈન અને જૈનેત્તર સમાજને સંસ્કારસભર-સુંદર અને સાંસ્કૃતિક સાહિત્યના રસથાળો પીરસનાર જન્મે જૈનેત્તર પણ કાર્યથી વફાદાર જૈન એવા **શ્રુતોપાસક શ્રી નંદલાલભાઈ દેવલુકની** લેખની લેખો લખવા-સંગ્રહ કરવા અવિરત ચાલતી રહી, જેના પરિણામે આજે આધેડ વયમાં પણ તેમણે ''એકે હજારાના''ના ન્યાયે જૈન તથા હિંદુ સમાજને પ્રસ્તુત વિશિષ્ટ ગ્રંથ **''ધન્યધરા શાશ્વત સૌરભ''** પ્રદાન કર્યો છે, જે ભાવિકાળની પ્રજાને માટે એક આદર્શ ગ્રંથ બની રહેશે એમ નિર્વિવાદ સત્ય છે.

જ્યાં નામનાની કામના વગર નિષ્ઠાપૂર્વક સત્કાર્યો થાય ત્યાં સારા કામની સાથે વ્યક્તિનું નામ અને વ્યક્તિત્વ તેનો પડછાયો બની ચાલે છે. તેમાંય વિશિષ્ટ પ્રતિભાઓને સવિશેષ ન્યાય આપવો, જિનશાસનની સાહિત્યિક પ્રભાવના જોરશોર કરી દેવી તે ખાવાના ખેલ નથી.

પ્રસંગોચિત્ત યાદ આવે છે કે જ્યારે **સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.** તથા મારા **નવકારાધક ગુરુદેવ પં.પૂ. જયસોમ વિ.મ.સા.**ની સાથે અમે વિ.સં. ૨૦૫૩ની ચૈત્ર માસની ઓળીમાં અનેક મહાત્માઓ સાથે ભાવનગર દાદાસાહેબજીના ઉપાશ્રયમાં હતા ત્યારે જ અમારા દાદાગુરુદેવે બધાય સાધુ-સાધ્વી ભગવંતો વચ્ચે શ્રી નંદલાલભાઈ દેવલુકના નૂતન પ્રકાશનો માટે લેખની ચલાવવા અને તેમને શ્રુતપાથેય પૂરું પાડી આપવા મંગળકળશ મારા માથે જ ઢોળ્યો હતો, જેને ગુરુકૃપા માની ખાસ ખાસ લેખો રચી સાહિત્યકારશ્રીને સહયોગ આપ્યો હતો.

આજે જ્યારે નૂતન નજરાણું પ્રકાશિત થાય છે ત્યારે ઉદારવાદ અને ઉદાત્ત સ્યાદ્વાદી ભગવાનનો સંદેશ જૈનેતરો સુધી પહોંચાડવા મહામંત્ર નવકારના ૬૮ અક્ષરોની સંખ્યા ધ્યાનમાં લઈ ફક્ત ૬૮ નાના-નાના જૈન-જૈનેતર પ્રસંગોને નૂતન ગ્રંથમાં સમાવેશ કરવા વિવિધ સત્ય કથાનકોનો સહારો લઈ ગુરુકૃપાથી રચી આપ્યા છે. (આ લેખમાળા ધન્ય ધરાઃ શાશ્વત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌરભ ભાગ-૨માં પ્રગટ થયેલ છે.) જેથી સંસ્કારી વર્ગને જરૂર ખ્યાલમાં આવી જશે કે કોઈ પણ માનવીમાં નાનો પણ વિશિષ્ટ ગુણ દેખાય તેની અનુમોદના કરતાં સ્વયંનો આત્મા જ સહજાનંદ દશા પામે છે.

ખાસ તો શ્રુતસર્જક શ્રીમાન નંદલાલભાઈને સંદેશ કે જ્યાં સુધી શારીરિક અનુકૂળતાઓ જણાય, કોઈ બીજી-ત્રીજી પ્રતિકૂળતાઓ ન દેખાય ત્યાં સુધી સફરને આગળને આગળ ધપાવશો, કારણ કે સર્જકને પોતાના કાર્યરસની ઓતપ્રોતદશામાં ખ્યાલ પણ નથી હોતો કે સ્વયં સમાજની સાચી સેવામાં કેવા નિમિત્ત બની ગયા છે.

જ્યાં ગુલાબ ત્યાં કાંટા રહેવાના, જ્યાં ગામ ત્યાં ઉકરડો પણ રહેવાનો, જ્યાં રસોડું ત્યાં વાસણ તો ખખડવાના, છતાંય ફક્ત 'સુ'ના પક્ષમાં રહેનારને "કુ"નો સામનો નથી કરવો પડતો કે ન તો પ્રતિકાર કરતા રહેવામાં પોતાની શક્તિને વેડફવી પડતી. તે જ કારણ છે અત્યાર સુધીના તમામ ગ્રંથોમાં સાહિત્યકારે સારી અને સાચી ઘટનાઓને સ્થાન આપી સન્માન સ્વયં મેળવી લીધું છે અને તેજ જીવનની સંધ્યાએ તેમની જીવનમૂડી રૂપ છે.

શ્રુતપ્રેમી વર્ગ શાંતિથી અન્ય લેખકોના પણ લેખો અને ભાવો વાંચે-વિચારે-વિનિમય કરે અને નિઃસ્વાર્થભાવે સારા સાહિત્યના પ્રચારમાં સહયોગ પ્રદાન કરે તથા શાશ્વત સૌરભની સુગંધીને પ્રસારિત થતી રહેવા દે, તેટલું જ માત્ર પગલું નૂતન રચનાની સાચી કદરદાની બની જશે. શ્રુતદેવતા સરસ્વતી-ભગવતીને પણ વંદના કરશો કે જેની ગુપ્ત સહાયકદશાથી જ આવા વિરાટ ગ્રંથોના વિશાળ કાર્યો નિર્વિઘ્ન પાર પડે છે. અસ્તુ.

## ધન્ય ધરા: અભિવાદન

'ધન્ય ધરાઃ શાશ્વત સૌરભ ભાગ-૨'નું પ્રકાશન ભાગ-૧ પૂર્વે જ થઈ ગયું, તે આનંદ આનંદનો વિષય કહેવાય. ભાગ-૨માં વિવિધ પ્રતિભાઓનો પરિચય તે પણ ફોટા તથા છાયાચિત્રો સાથે કરાવી લોકોમાં વિવિધ જ્ઞાન-ક્ષિતિજોના દર્શન માટે આમંત્રણ સમાન દળદાર ગ્રંથરચના થઈ છે, તેમાંય બીભત્સચિત્રોની હરિફાઈની વિસ્મયતા વચ્ચે સંસ્કૃતિ અને સંસ્કારસભર કેળવણી વિભાગમાં જે છબીઓ અને ચિત્રો સાથેની પ્રસ્તુતિ છે, તે અવગાહવા યોગ્ય છે. ગ્રંથ દ્વારા પુરુષ પ્રધાન ધર્મ છતાંય સ્વસ્થાનની મર્યાદાથી નારી-પ્રતિભાઓને પણ પ્રકાશમાં લાવવાનો પ્રયાસ ગ્રંથમાં ઝળકાય છે. નિસર્ગના પર્વતોથી ખળખળ વહી રહેલા ઝરણાઓનું મુખ્ય કવરપેજ ધન્યધરાના નામને સાર્થક કરતું ચિત્ર છે, અને અંતિમ કવરપેજ દ્વારા પુનઃ એકવાર સરસ્વતીલબ્ધપ્રસાદ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીને શ્રુતરચનાનો શ્રેય આપવા પાછળ ગંભીર ઉદ્દેશ્ય છૂપાયેલો ઝળકાય છે. ભાગ-૧ તથા ભાગ-૨ને સૌ વિદ્વાનો અને સાક્ષરો જરૂર વધાવશે તેવી શુભાપેક્ષા.

**શ્રુતદેવતાય નમો નમઃ** —**મુનિ જયદર્શન વિજય**



**✻ પૂજ્યશ્રીના અમે ઋણી છીએ ✻**

ધન્ય ધરાઃ શાશ્વત સૌરભ ગ્રંથનું આયોજન આકાર લઈ રહ્યું હતું તેમાં શરૂથી જ શ્રી સાગરાનંદસૂરિ સમુદાયના સાહિત્યરસિક **આચાર્ય શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**ની પ્રેરણાથી અમને ઠીક ઠીક સહયોગ પ્રાપ્ત થયો છે. પૂજ્યશ્રીના અમે અત્યંત ઋણી છીએ. વિનમ્રતાની મૂર્તિસમા આ નૂતન આચાર્યશ્રી શ્રમણસંઘનું ગૌરવશાળી રત્ન છે. પૂજ્યશ્રીને લાખ લાખ વંદનાઓ.

—ગ્રંથ સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ–૧

## અર્હંત ગુણવૈભવ દર્શન


નમો સિદ્ધાણં : સિદ્ધોનો જીવનબોધ
—પ.પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.

શ્રુત સંપદા : અનેકોનું આદાન પ્રદાન
—પ.પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મ.સા.

અહો જૈન દર્શનમ્ ! —પૂ.પં. શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા.

વિહરમાન વંદુ જિનવીશ —પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા.

ઉદ્ઘાટન મુક્તિદ્વારનું —પૂ. મુનિશ્રી હરિશભદ્રવિજયજી મ.સા.

જૈન દર્શનના શ્રુતધરો —પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા.

જિનદર્શનનાં દાર્શનિકો —ડો. રસેશ જમીનદાર

આગમ સાહિત્યનો તત્ત્વબોધ —શ્રી સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ

RESEARCH IN RELIGION By : V. G. Nair


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજિ. નં. ઈ–18422 અમદાવાદ 2/5/08

# શ્રી નવકારધામ ચેરિટેબલ ટ્રસ્ટ


૧૦૧, આરોહી કોમ્પલેક્ષ, ગણેશ પ્લાઝાની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦ ૦૦૯. ફોન : (079) 66052727 www.navkardham.org


Shri Navkardham Charitable Trust

## અમદાવાદથી પાલિતાણાના માર્ગ ઉપર, બગોદરા પાસે નિર્માણાધીન શ્રી નવકારધામ તીર્થમાં દાતા અને સહયોગી દાતા બનવાનો અમૂલ્ય અવસર

ખોરજડાભી (ઉ. ગુજરાત)ના વતની (હાલ અમદાવાદ) શેઠ શ્રી વિનોદચંદ્ર બાબુલાલ શાહ તથા તેમનાં ધર્માનુરાગી જીવનસંગિની શ્રીમતી સરોજબહેનના પરિવાર તરફથી 'શ્રી નવકારધામ ચેરિટેબલ ટ્રસ્ટ'ના ઉપક્રમે અમદાવાદથી પાલિતાણાના માર્ગ ઉપર, અમદાવાદથી લગભગ ૬૦ કિ.મી. દૂર, બગોદરા પાસે ત્રણસો વીઘા જમીન ઉપર નિર્માણાધીન શ્રી નવકારધામ તીર્થમાં આપ સહયોગી બની શકો છે.

**૧૧ કરોડ નવકાર-લેખન અભિયાન :** શ્રી નવકારધામ તીર્થના નિર્માણ પ્રારંભે ૧૧ કરોડ નવકારમંત્ર–લેખન કરાવવાનો ઉપક્રમ છે. ૧૧ કરોડ શ્રી નવકાર–આલેખનનું અભિયાન એ કદાચ વિશ્વવિક્રમરૂપ અને ઐતિહાસિક ઘટના જ હશે. આપ આ લેખનપોથી મેળવીને તેમાં નવકારમંત્ર–આલેખન કરીને અમારા ઉત્સાહને પ્રોત્સાહન આપશો તેવી શ્રદ્ધા છે. આપના મિત્રો–સ્વજનોને પ્રેરણા આપશો.

## શ્રી નવકારધામ તીર્થ–સંકુલમાં સમાવિષ્ટ સંભવિત વિવિધ ગૌરવસ્થાનો

- જિનાલય
- શ્રી નવકાર-પીઠિકા
- શ્રી નવકાર સ્વાધ્યાયમંદિર અને મ્યુઝિયમ
- સાધુ-સાધ્વીજી માટેના અલગ ઉપાશ્રયો
- વૈયાવૃત્ય-મંદિર
- ભોજનશાળા • ધર્મશાળા
- શ્રી જીવદયા મંદિર અને ગૌશાળા
- શ્રી જીવનસંધ્યા મંદિર (ઘરડાંઘર)
- આરોગ્યમંદિર (હોસ્પિટલ)
- છાત્રાલય અને શિક્ષણમંદિર

## રૂા. ૧૧૧૧ની ઈંટનો અમૂલ્ય લાભ લેવાનો અવસર

શ્રી નવકારધામ તીર્થના નિર્માણમાં પ્રત્યેક જૈન સહયોગી બની શકે તેવું તેનું આયોજન છે. આર્થિક રીતે સામાન્ય કે મધ્યમ વર્ગના શ્રદ્ધાળુ જૈનોની ભાવના ઘણી ઊંચી હોય છે, છતાં તીર્થનિર્માણ કરવાનું તેમના માટે દુર્લભ હોય છે. આ તીર્થમાં અનેક સંકુલો તૈયાર થશે અને તે દરેકના મુખ્ય દાતાઓ તો હશે જ, પરંતુ પ્રત્યેક જૈન, શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકા માત્ર રૂા. એક હજાર એક સો અગિયાર આપીને તીર્થનિર્માણમાં એક ઇંટનો લાભ લઈ શકે છે. જેવી રીતે તીર્થંકર પરમાત્માની નવ અંગે પૂજા ન કરી શકવાની સ્થિતિમાં, માત્ર જમણા પગના અંગુઠે પૂજા કરીને સંતુષ્ટ થઈ શકાય છે, એ જ રીતે સમગ્ર નૂતન તીર્થનું નિર્માણ ભલે ન કરી શકીએ, પણ નિર્માણ પામતા તીર્થમાં ઓછામાં ઓછી એક ઈંટ મૂકવાનો લાભ તો લઈ જ શકીએ. વળી ઓછામાં ઓછી અન્ય એક વ્યક્તિને ય તે અંગે પ્રેરણા આપીને શુભ કાર્યની અનુમોદનાનો લાભ પણ લઈ જ શકીએ.

આપ શક્ય તેટલી વધુ ઈંટોનો પુણ્યાનુબંધી પુણ્યનો લાભ લઈ, શ્રી નવકારધામ તીર્થના નિર્માણને, વેગવંતુ બનાવશો તેવી શ્રદ્ધાસભર પ્રાર્થના છે.

**આ અંગે આપ અમારો સંપર્ક કરી શકો છો. આપ આ તીર્થની મુલાકાતે પણ પધારી શકો છો. હાલમાં ત્યાં ભોજનશાળા અને ભાતાની સુવિધા ઉપલબ્ધ છે.**

**▪ ચેક-ડ્રાફ્ટ 'શ્રી નવકારધામ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો મોકલવા વિનંતી છે. ▪**


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





।। श्री संभवनाथाय नमः ।।

।। श्रीमद् आत्मवल्लभ-समुद्र-इन्द्रदिन्न सद्गुरुभ्यो नमः ।।

# महानगरी चेन्नई के वेपेरी में ऐतिहासिक चातुर्मास

इस बार महानगरी चेन्नई के वेपेरी क्षेत्र में पंजाबकेसरी परम पूज्य आचार्य भगवंत श्रीमद् विजय वल्लभसूरीश्वरजी म.सा. की परमोज्वल पाट परम्परा के क्रमिक पट्टधर शासन दिवाकर शांतिदूत, गच्छाधिपति आचार्य भगवंत श्रीमद् नित्यानंदसूरीश्वरजी म.सा आदि ठाणा तथा पंजाब शेरनी प्रमोदश्रीजी म. की सुशिष्या साध्वी प्रीतिरत्नाश्रीजी आदि ठाणा-3 सा चातुर्मास देव-गुरु-धर्म के पुण्यप्रभाव से भव्यता पूर्वक चल रहा है। राजस्थान से करीब 2200 की.मी. का अति उग्र विहार करके जब से चेन्नई की धरा पर गुरुदेव पहुंचे हैं तभी से शासन प्रभावना के अनेकविध कार्यो की श्रृंखला प्रारंभ हो चुकी है।

गुरुदेवने सर्वप्रथम अरिहंत वैकुठ आपार्टमेन्ट में श्री मुनिसुव्रतस्वामी जिनमंदिर का भूमिपूजन-शिलान्यास करवाया तो उसके बिलकुल समीप में तमिल बिल्डर के द्वारा बनाए जा रहे लुम्बिनी स्केवयर में 19-19 मंजिल की इमारतोंवाले अपार्टमेन्ट में भी जिनमंदिर निर्माण की भावना तमिल बिल्डर श्री नारायणन रविचंद्रन के मन में हो गई। जिनमंदिर के भूमिशुद्धि विधान से पूर्व गुरुदेव ने सभीको सपरिवार मांसाहार त्याग का संकल्प दिलवाया और ततपश्चात् वहाँ पर श्री शांतिनाथ जिनालय एवं श्री आत्मवल्लभ जैन आराधना भवनका भूमिपूजन एवं शिलान्यास संपन्न हुआ। इस पुनीत कार्यके लिए उन्होंने अपनी 14 करोड़ की लागत वाली भूमि सहर्ष समर्पित कर दी। यहां पर कायोत्सर्ग मुद्रा में भोपावर तीर्थ के अधिपति श्री शांतिनाथ भगवान की हुबहु मुद्रावाले ऐसे विशाल बिम्ब की प्रतिष्ठा करवाई जाएगी। यह मन्दिर दक्षिण भारत में अपने आप में अद्वितीय होगा।

पाँच वर्ष पूर्व गुरुदेव ने आयनावरम क्षेत्रमें श्री वासुपूज्यस्वामी जिनमंदिर निर्माण हेतु भूमिपूजन-शिलान्यास संपन्न करवाया था उसकी और श्रीपेरुमबदुर में श्री अभिनंदन स्वामी जिनमंदिर की भी ऐतिहासिक अंजनशलाका तथा प्रतिष्ठा संपन्न करवाई। श्री पेरुमबुदुर में गुरु आत्म एवं गुरुवल्लभ की प्रतिमा भी सुंदर कलात्मक देहरियों में प्रतिष्ठित की गई। यही पर श्री आत्म-वल्लभ जैन आराधना भवन का भूमिपूजन एवं शिलान्यास भी प्रतिष्ठा के बाद संपन्न करवाया। चेन्नई में निर्माणाधीन अनेक जिनमंदिरों के अवलोकन के पश्चात् अनुकूलतानुसार प्रतिठा करवाने के आश्वासन भी गुरुदेव ने दिए हैं। चेन्नई प्रवास के दौरान अनेक क्षेत्रों की आग्रहभरी विनंतियों को स्वीकार करके गुरुदेव ने सभी को लाभान्वित करने का प्रयास किया है।

शासनपति भगवान श्री महावीरस्वामी के जन्म कल्याणक की शोभायात्रा तथा विराट धर्मसभा भी अत्यंत भव्यता के साथ संपन्न हुई थी। जिसमें राजस्थान के महामहिम राज्यपाल श्री एस. के. सिंह तथा तामिलनाडु पुलिस महानिर्देशक श्री के. पी. जैन आदि प्रशासनिक लोगों की उपस्थिति रही। जन्माष्टमी के दिन चेन्नई से पुलिस कमीश्नर श्री आर. शेखर विशेष रूपसे प्रवचन श्रवण तथा आशीर्वाद ग्रहण करने के लिए पहुंचे।

साधर्मिक परिवारों के आवास के लिए माधावरम क्षेत्र मे साधर्मिक आवास कॉलोनी का भव्य उद्घाटन संक्रांति समारोह के साथ रखा गया। जिसमें श्री आत्म वल्लभ विद्यालय निर्माण हेतु 21 लाख रुपये की घोषणा हुई। निर्माण कार्य प्रारंभ भी हो चुका है। पाटन में भी साधु-साध्वी भगवंत के अध्ययन हेतु श्री आत्म वल्लभ जैन ज्ञानशाला के शुभारंभ हेतु 15 लाख रुपये का आर्थिक सहयोग दिलवाया गया। सम्पूर्ण चेन्नई के करीब 200 वर्षीतप के तपस्वियों का पारणा महोत्सव अक्षय तृतीया को श्री केशरवाडी तीर्थ के पावन प्रांगण में भव्य रूप से संपन्न हुआ जिसमें करीब दस हजार लोगों की उपस्थिति थी। चूलै में नूतन वर्षीतप प्रारंभ करनेवाले करीब 350 तपाराधकों को वर्षीतप की आराधना का शुभारंभ करवाया। कुमारी पुष्पा वरडिया की भी ऐतिहासिक पंचादिक्षा महोत्सवपूर्वक चूलै में ही संपन्न करवाई।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संघ-समाज तथा शासन के कार्यों की अत्यंत व्यस्तता के बावजूद इस बार ऊरिमंत्र की प्रथम पीठिका की 21 दिवसीय मौनपूर्वक तप सहित साधना का गुरुदेव को अवसर मिला। जिस दिन साधना की पूर्णाहूति थी उसदिन संपूर्ण समाज की सुविशाल उपस्थिति के साथ-साथ पाँच-पाँच आचार्य भगवंतों और सभी गच्छों व समुदायों के साध-साध्वी भगवंतों की उपस्थिति का भी पावन संयोग उपस्थित हुआ। चेन्नई के इतिहास में प्रथम बार ऐसा नज़ारा देखने में आया। सकल श्री संघ के साथ जब लाभार्थी भाग्यवान ने श्री पद्मावती देवी माँ के समक्ष श्रीफल अर्पित किया तो उसमेंसे स्वतः ही जलधारा फूट पडी। श्री केशरवाडी तीर्थ ट्रस्ट ने श्री सरस्वती एवं श्री संतिकरं महापूजन- युक्त त्रिदिवसीय महामहोत्सव, सामूहिक सामायिक, संघपूजन आदि अनेकविध कार्यक्रम रखे। प्रथम पीठिका की साधना की सुसंपन्नता के पश्चात् गुरुदेव ने श्री चंद्रप्रभ स्वामी जूना जैन मंदिर में श्री माणिभद्रवीर की ऐतिहासिक प्रतिष्ठा संपन्न करवाई।

इस प्रकार अनेकानेक आयोजन संपन्न करवाते हुए गुरुदेव के चातुर्मासिक प्रवेश का दिन भी नजदीक आ गया। 14 जुलाई को वेपेरी में चातुर्मासिक प्रवेश एवं 16 जुलाई को स्वर्णोत्सव संक्राति समारोह के अवसर पर सभी आचार्यो, साधु-साध्वी भगवंतो की उपस्थिति के साथ साथ संपूर्ण देश के कोने कोने से पधारे हुए सैकडों ही गणमान्य अतिथिओं की विशाल उपस्थिति थी।

प्रवेशोत्सव की भव्यता निहारकर सभी आश्चर्यचकित हो रहे थे। प्रवेशोत्सव की धर्मसभा में श्री हस्तिनापुर तीर्थ में बनने वाली आधुनिक सर्वसुविधायुक्त 300 कमरों वाली धर्मशाला के नामकरण हेतु दो करोड एक लाख रुपये में चढावे का आदेश दिया तो श्री नाकोडा तीर्थ में चल रही ज्ञानशाला के नामकरण हेतु एक करोड इक्यावन लाख रुपये की राशि तथा भोजनशाला के उपरी हॉल के लिए 71 लाख रुपये की राशि देकर भाग्यशाली परिवारों ने लाभ लिया। हस्तिनापुर में बनने वाली धर्मशाला के निर्माण की अन्य योजनाओं में भी तुरंत करीब चार करोड रुपये के वचन प्राप्त हो गए। चातुर्मास के शुभारंभ पर श्री गौतमस्वामी महापूजन सहित त्रिदिवसीय महोत्सव श्रीसंघ में रखा गया। प्रवेश वाले दिन सामूहिक आयंबिल तप की मंगलकारी आराधना रखी गई। श्री संघ में श्री सम्मेतशिखर महातप की सामुदायिक तपाराधना में 370 आराधकों ने जुडकर 40 दिनों तक तप-जप-क्रिया सहित खूब सुंदर रीति से आराधना संपन्न की।

श्री संघ ने श्री सम्मेतशिखर महातप के समस्त तपस्वियों तथा संपूर्ण चेन्नई में मासक्षमण अथवा इससे अधिक का तप करने वाले समस्त तपाराधकों को तीर्थाधिराज श्री सम्मेतशिखर महातीर्थ एवं पंच तीर्थों की स्पेश्यल ट्रेन के द्वारा यात्रा करवाने का निश्चय किया हुआ है। 10 जनवरी को संघ प्रयाण का मंगल मुर्हूत प्रदान किया है।

पूज्य गुरुदेव से धर्मरत्नप्रकरण ग्रंथपर आधारित श्रावक जीवन के 21 गुणों पर प्रवचन करने के लिए प्रतिदिन करीब 1500 से 2000 लोगों की उपस्थिति रहती है। प्रवचन एवं प्रत्येक आयोजन में सभी संप्रदायों तथा गच्छों के लोग सम्मिलित होते हैं। गुरुदेव के स्वर्ण जन्मोत्सव वर्ष के उपलक्ष में श्री संघ वेपेरी ने संघपूजन, मोदक वितरण, पांजरापोल में घासचारा, मेंटल हॉस्पिटल में 1800 मनोरोगियों को भोजन वितरण तथा चातुर्मास पर्यन्त अनुकम्पादेन के रूप में अन्न वितरण के कार्यक्रम की व्यवस्था का सुदंर आयोजन किया। इस उपलक्ष्यमें आँखों के निःशुल्क चेकअप तथा आप्रेशन कैम्प, पोलियो कैम्प, डायाबिटीज कैम्प आदि के जनकल्याणार्थ कार्यक्रम संपन्न हुए। मासक्षमण के घर की आराधना का शुभारंभ सामूहिक अट्ठम तप द्वारा किया गया करीब 300 से भी ज्यादा अट्ठम हुए। चातुर्मास प्रारंभ से ही प्रतिदिन आयंबिल, क्रमिक अट्ठाई, क्रमिक पासक्षमण एवं क्रमिक मासक्षमण भी चल रहा है।

अखंड बालब्रह्मचारी श्री नेमिनाथ भगवान के जन्मकल्याणक पर जिनमंदिर में प्रातः मंत्रोच्चार सहित 108 अखंड अभिषेक तथा श्री पार्श्वनाथ भगवान के निर्वाण कल्याणक दिन पर भी 108 अखंड अभिषेक हुए। मुजफ्फरनगर के अन्तर्राष्ट्रीय ख्यातिप्राप्त कलाकार श्री डी. पी. कौशिक के द्वारा प्रथमदिन प्रभु श्री नेमिनाथ के जन्मकल्याणक, दूसरे दिन श्री नेमिनाथ की बारात, पशुओं का करूण क्रन्दन, नेम-राजुल का मार्मिक संवाद तथा प्रभु का दीक्षा हेतु प्रयाण, तीसरे दिन श्रीपाल-मयणा सुंदरी तथा चौथे दिन श्री पार्श्वनाथ भगवान के जीवन चारित्र पर आधारित संगीत नाट्य कलायुक्त जीवन्त मंचन (नाटिकाएं) प्रस्तुत किए जिन्हें देखने के लिए संपूर्ण चेन्नई के लोगों की बड़ी संख्या में भीड़ उमडती रही। प्रभु श्री नेमिनाथ के दीक्षा कल्याणक के दिन उपस्थित समस्त जनसमूह ने प्राणीजन्य वस्तुओं, दवाईयों आदि का त्याग किया।

स्वतंत्रता दिवस तथा संक्राति समारोह के उपलक्ष्य में तमिलनाडु के महामहिम राज्पाल श्री सुरजितसिंह बरनाला

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विशेष रूप से प्रवचन श्रवण करने हेतु पधारे। तमिलनाडु के चीफ सेक्रेट्री एल. के. त्रिपाठी संक्राति समारोह पर पहुँचे तथा अनेक राजनीतिक तथा प्रशासनिक अधिकारी भी विभिन्न अवसरों पर दर्शनार्थ आते रहे। स्वतंत्रता दिवस पर विश्वशांति की मंगलभावना से सामूहित आयंबिल तप में 550 आयंबिल हुए।

सम्मेतशिखर महातीर्थ की भावयात्रा के तीन घंटे तक चले कार्यक्रम में सभी ने तल्लीनतापूर्वक आनंद उठाया। करीब ढाई हजार लोगों की उपस्थिति संपूर्ण कार्यक्रम के दौरान बनी रही। श्री सम्मेतशिखर महापूजन में भी पाँच सौ आराधकों ने हजारों की उपस्थिति वाले विशाल मंडप मं श्री सम्मेतशिखर महापूजनका लाभ लिया। वह दृश्य सभी को भक्ति में अभिभूत कर देने वाला था। श्री सम्मेतशिखर महातप के सभी तपस्वियों का पारणा खूब भव्यतापूर्वक संपन्न करवाया गया और सभी का सन्मान-बहुमान किया गया।

बालकों बालिकाओं तथा माताओं बहनों में संस्कारों का बीजारोपण एवं धार्मिक कर्त्तव्यों के पालन के लिए प्रेरणा देनेवाले बाल संस्कार शिविर तथा महिला संस्कार शिविर का आयोजन हुआ। करीब 700 बालक-बालिकाओं एवं करीब 500 बहनों ने शिविर में भाग लिया। देवदर्शन अपार्टमेन्ट में रहने वाली बहनों की धर्मबावना देखते हुए श्रुत सामायिक मंडल की स्थापना की गई। चेन्नई के उपक्षेत्र तेनापेट स्थित जिनमंदिर में श्री नाकोडा भैरव एवं श्री अंबिका देवी का पाँच दिवसीय भव्य प्रतिष्ठा महोत्सव संपन्न करवाया। श्री सम्मेतशिखर के तप अनुमोदनार्थ बेंगलोर से विशेश रूप से पधारे जैन बंधु मंडल के सदस्यों द्वारा रात्रि भक्ति भावना का बेहतरीन कार्यक्रम प्रस्तुत किया गया। वेपेरी युवावर्ग को धर्म तथा समाज सेवा से जोडने के लिए उन्हें संगठित कर श्री संभवनाथ जैन वेपेरी मंडल की स्थापना की गई। जिससे युवा वर्ग के कदम संघ शासन की सेवा तथा धर्म के कार्य की ओर बढने प्रारंभ हो गए। मंडल के द्वारा भगवान महावीर स्वामी के जीवन चरित्र पर आधारित एमिनेशन फिल्म दिखाई गयी।

दैनिक प्रवचन के दौरान एक दिन सामूहिक सामायिक का आयोजन किया गया जिसमें सभी ने अपनी अपनी परन्परा से सामायिक को स्वीकार कर सामायिक विषय पर श्रवण किया, अनेक लोगों ने प्रतिदिन सामायिक करने का संकल्प ग्रहण किया। श्री संघ के प्रांगण में विश्वशांति हेतु श्री नवकार महामंत्र का 6 घंटे तक संगीतमय अखंड जाप रखा गया जिसमें अनेक मंडलो तथा आराधकों ने भाग लिया।

पर्वाधिराज पर्युषण महापर्व की आराधना में बाल-युवा वृद्ध सभी अत्यंत उत्साहित बनकर जुड़े हुए थे। तपस्या की घर घर में होड मची हुई थी। नन्हें नन्हें बालक बालिकाओं ने भी अट्ठाई आदि तप खूब उल्लसित भाव से संपन्न किये। पालनाजी घर ले जाने के चढावे का 40 लाख रुपये में आदेश किया गया। अन्य भी चढावों में अनेक कीर्तिमान स्थापित हुए। सांवत्सरिक प्रतिक्रमण की आराधना के पश्चात् पंचमी को सभी तपस्वियों के पारणे तथा बहुमान संपन्न हुए। इससे पूर्व द्वारोद्घाटन का मांगलिक विधान भी सुंदर रूप से संपन्न हुआ।

पंचमी की दोपहर में बालमुनि श्री महेन्द्रविजयजी म.सा. के 31 उपवास की उग्र तपस्या के अनुमोदनार्थ नगर सांझी का आयोजन हुआ जिसमें करीब 2000 माताओं की सुविशाल उपस्थिति रही। रात्रि 8 बजे बालमुनि के तप अनुमोदनार्थ भक्ति गीत संध्या का सफल आयोजन सुसंपन्न हुआ।

दिनांक 5 सितम्बर को बालमुनि के मासक्षमण के पारणे पर तप अभिनंदन समारोह में चेन्नई मे बिराजित पाँचों आचार्य भगवंत सहित तपागच्छ, खरतरगच्छ, स्थानकवासी, त्रिस्तुतिक सभी गच्छों एवं समुदायों के साधु-साध्वी भगवंत पधारे। विशाल शोभायात्रा के साथ सभी लाभार्थी परिवार के निवास पर पहुँचे जहाँ पर पगलिया के पश्चात् बालमुनि को पारणा कराने के लिए लाभार्थी परिवार ने लाभ लिया। बालमुनि के ही तप अनुमोदनार्थ श्री संघ के तत्त्वावधान में पांजरापोल में पशुओं को गुड-लापसी तथा घास-चारा दिया गया एवं मेंटल हॉस्पिटल में 1800 मनोरोगियों को भोजन करवाया गया। श्री जैन महासभा चेन्नई के द्वारा सामूहिक क्षमापना कार्यक्रम आयोजित किया गया जिसमें श्वेताम्बर आचार्य एवं मुनियों के अतिरिक्त दिगंबर आचार्य एवं मुनि भी सम्मिलित हुए। इस कार्यक्रम से जैन एकता की दिशा में अच्छा प्रभाव पडा।

6 सितम्बर को तपस्वियों का भव्य वरघोडा निकाला गया तथा 7 सितम्बर को चैत्यपरिपाटी के आयोजन में पहली

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बार दो हजार लोगों ने भाग लिया और सभी ने जिनमंदिरों के सामूहिक दर्शन वंदन किए। पुरुषवाक्कम श्री संघ की विनंती पर मुनि श्री रविन्द्र विजयजी म.सा. तथा अयनावरम श्री संघ की विनंती पर मुनि श्री निजानंद विजयजी म.सा. पर्वाधिराज पर्युषण की आराधना करवाने के लिए उन क्षेत्रों में पधारे। लेपेरी श्री संघ मे अभी भी तपस्याओं का क्रम जारी है। अनेक भाग्यवानों मे केशलुंचन करवाकर श्रमणजीवन के लुंचन परिषह को समतापूर्वक सहन किया। सहवर्ती मुनि श्री रविन्द्रविजयजी म.सा. ने 24 वीं ओली तथा मुनि श्री निजानंद विजयजी म.सा. ने 11 वीं ओली की आराधना संपन्न की साथ ही साध्वी श्री प्रीतियशा श्रीजी म.सा. के बीस स्थानक तप की तपाराधना भी अंतिम चरण में सुखशातापूर्वक चल रही है।

16 सितम्बर को राष्ट्रीय स्तर पर क्षमापणा संक्राति का आयोजन किया गया जिसमें देशभर से अनेक श्रीसंघों के पदाधिकारी तथा गुरुभक्त पहुँचे इस अवसर पर राजस्थान सरकार के गृहमंत्री श्री गुलाबचंद कटारिया तथा श्री रसिकलाल माणेकचंद धारीवाल विशेष अतिथि के रूप में पधारे।

चेन्नई के गोडवाड वासियों की महासभा के द्वारा सामूहिक क्षमापना समारोह आयोजित किया गया जिसमें गोडवाड भवन के निर्माण हेतु प्रेरणा देने पर देढ करोड़ की राशि के वचन प्राप्त हो गए। बिहार में आई बाढ़ के कारण बर्बाद हो चुके लोगों की मदद हेतु श्रीसंघ को प्रेरित किया और करीब 55लाख रुपये का फंड एकत्रित हो चुका है। श्री संघ वेपेरी के तत्वावधान में कार्यकर्त्ता स्वयं वहाँ जाकर राहत सामग्री वित्तरित करेंगे। प्रथम चरण में सामग्री के ट्रक तमिलनाडु हिन्दु धर्मादा मंत्री श्री पेरिय करुणापन ने हरी झंडी दिखाकर रवाना किये।

मेरी भावनानुसार भगवान श्री महावीर स्वामी की केवलज्ञान कल्याणक भूमि ऋजुबालिका नदी के किनारे समवसरण का निर्माण कार्य प्रारंभ हो चुका है साथ ही कल्याणक तीर्थों के संरक्षण तथा विकास हेतु चेन्नई में श्री जिनकल्यामक तीर्थोद्धार न्यास का भी गठन किया गया है। 18 से 25 सितम्बर तक पंजाबकेसरी गुरुवल्लभ की 54वीं पावन पुण्यतिथि एवं चतुर्विध संघ में सुसंपन्न अनेकविध तपस्याओं को अनुमोदनार्थ श्री अर्हद महापूजन युक्त परमात्मभक्तिस्वरूप अष्टाह्नि का महामहोत्सव श्री संघने खूब भावोल्लासपूर्वक संपन्न किया।

21 सितम्बर को चेन्नई महानगरी के समस्त 72 जिनमंदिरों के एक साथ 18 अभिषेक का आयोजन, शाम को कलश यात्रा, मंदिरजी में महापूजा, महाराजा कुमारपाल का भव्य वरघोडा, महाआरती, तथा 1008 दीपकों से सामूहिक आरती ऐसे भव्यतम आयोजन रखे गए 24 सितंबर को कोलकाता से सवा सौ लोगों का संघ चेन्नई यात्रा उस दिन रात्रिमें एक शाम गुरु वल्लभ के नाम भक्ति संध्या में सुप्रसिद्ध संगीतकार श्री सुरेन्द्र बंगाणी तथा 25 तारीख को वल्लभ दरबार में अन्तराष्ट्रीय ख्याति प्राप्त संगीत सम्राट श्री राजेन्द्र जैन बम्बईवाले ने गुरु भक्ति गीतों की गंगा प्रवाहित कर सभी को निर्मल बनाने का सत्प्रयास किया। 25 सितम्बर को गुरुवल्लभ की पावन पुण्यतिथि पर चेन्नई में विराजित गुणानुवाद सभा तथा सकल श्री संघ के स्वामी वात्सल्य का आयोजन किया गया। सभा के दौरान आचार्यश्री की प्रेरणासे भगवान महावीर की जन्मकल्याणक भूमि क्षत्रियकुंड लघवाड़ में निर्मित भगवान महावीर हॉस्पिटल के लिए भी 15 लाख रुपये की राशि का एकत्रीकरण हुआ।

वेपेरी श्री संघ में श्री संभवनाथ जिनमंदिर तथा महावीर कॉलोनी स्थित जिनमंदिर में श्री सीमंधर स्वामी भगवान एवं श्री माणिभद्र देव तथा श्री पद्मावती देवी की अंजनशलाका प्रतिष्ठा 23 नवम्बर को संपन्न करवाने का मुर्हूत आचार्यश्रीने श्रीसंघ को प्रदान कर दिया है। 27 सितम्बर से श्री केशरवाडी तीर्थ के पवित्र प्रांगण में 15 दिवसीय सूरीमंत्र की द्वितीय पीठिका की तप-जप मौनपूर्वक साधना प्रारंभ करने हेतु पूज्य आचार्यश्री वहाँ पधार चुके हैं। माधावरम में भी नवनिर्मित शिखरबद्ध जिनमंदिर की अंजनशलाका प्रतिष्ठा 30 नवम्बर को करवाने का शुभ मुर्हूत प्रदान कर दिया है। चातुर्मास पश्चात् चेन्नई की धन्यधरा पर महामंगलकारी उपधान तप करवाने का निश्चय हो चुका है। उपधान का प्रथम प्रवेश 17 दिसम्बर, द्वितीय 19 दिसम्बर तथा मोक्षमाला 22 फरवरी को है। अन्य अनेक कार्यक्रमों के साथ साथ चातुर्मास में आनेवाली अनेक पावन तिथियों तथा पर्वों की आराधना भी खूब सुंदर रीति से संपन्न होगी। चेन्नई के इतिहास में ऐसा चातुर्मास ऐसा भावोल्लास तथा ऐसी धर्मकी अद्भुत कद्र प्रथम बार ही देखने में आ रही है।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નમો સિદ્ધાણં

# સિદ્ધોનો જીવનબોધ

પ્રદ્યુમ્નસૂરિ



નવપદ સ્તુતિમાં સિદ્ધપદ માટે ગવાય છે : "સિદ્ધો સર્વે મુગતિપુરીના ગામીને ધ્રુવ તારા." તેનો ભાવાર્થ એમ સમજીએ કે જે જીવાત્માઓ ચોરાસી લાખના ભવભ્રમણથી સદાને માટે મુક્ત થઈ નિરંજન નિરાકાર દશામાં સ્થિર થઈ ગયા, જેઓ આઠેય કર્મથી વિમુક્ત થઈ બરાબર આઠ કર્મોના પ્રતિપક્ષે આઠ ગુણોથી પૂર્ણ થઈ શાશ્વત અવ્યાબાધ સુખના સ્વામી બની ગયા તેવા સિદ્ધ ભગવંતો જો કે જગત ઉપર અરિહંત પરમાત્મા જેવો પ્રત્યક્ષ ઉપકાર ભલે નથી કરતા, પણ છતાં ય સમુદ્રમાં ભમતા વહાણ કે નૌકા માટે કિનારે પહોંચવા સહારો બને છે તેમ આ સિદ્ધો જ સંસારી જીવોને સંસારથી પાર ઉતારવા આલંબનરૂપ થાય છે અને તે સાથે તથ્ય એ છે કે એક જીવ સિદ્ધ થાય છે તે જ સમયે એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં પ્રવેશ પામે છે. તે પછી જ તેની પ્રગતિ પંચેન્દ્રિય મનુષ્ય કે સંયમી સાધક સુધી શક્ય છે. સારમાં સિદ્ધ ગતિ છે, માટે જ સાધના છે, સાધનો છે અને સાધ્યગતિના મોક્ષ પુરુષાર્થબળે જીવ સિદ્ધપદને પામવા ધર્મારાધના કરે છે.

સિદ્ધોનો જીવનબોધ મોક્ષમાર્ગના સાધકો માટે ખૂબ જ ઉપયોગી બની રહે તે રીતે સાદી - સરળ ભાષામાં પૂર્વકાલીન પ્રભાવક પુરુષોની ગહન તાત્ત્વિક વાતો અત્રે રજૂ થઈ છે.

શાસનસમ્રાટ શ્રી નેમિસૂરિ સમુદાયના પ્રકાંડ વિદ્વાન આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ સાહેબની તેજસ્વી કલમે આ લેખમાળાનું સુંદર આલેખન થયું છે. પૂજ્યશ્રીને લાખ લાખ વંદનાઓ.

--સંપાદક

પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજશ્રીના 'પાઠશાળા' પત્રિકામાના ચિંતનાત્મક લેખોના સંચયમાંથી સાભાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## પૂજ્યશ્રીના જીવન - કવનની એક ઝલક

જૈન ધર્મનાં સાતેય ક્ષેત્રોનાં પાતળાં પડેલાં વહેણોને પુનઃ ખળખળ વહેતાં ઝરણાં રૂપે પરિવર્તિત કરનાર અને વીસમી સદીના શાસન-પ્રભાવક આચાર્ય ભગવંતોમાં મૂર્ધન્ય સમા આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજીના લઘુબંધુ અને શિષ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ પોતાની વિદ્વત્તા, શાસ્ત્રાધ્યયન અને પ્રભાવક પ્રવચનશક્તિના યોગે શુક્રતારકની જેમ ચમકી રહ્યા છે.

આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી એમની સંયમસાધનામાં ક્યાંયે ક્ષતિ ન આવે એની પૂર્ણ કાળજી રાખવા સાથે, પ્રાચીન હસ્તપ્રતોના સંશોધન-સંપાદનના વિદ્વત્કાર્યમાં, આગમવાણીથી માંડી પૂર્વસૂરિઓએ વહાવેલી ગીતાર્થગંગાને આત્મસાત કરવામાં તો પ્રવૃત્ત છે જ, તે ઉપરાંત વિવિધ ભાષા-સાહિત્યના વાચન પ્રત્યે ઉત્કટ પ્રીતિ ધરાવે છે. કાવ્યમીમાંસા, છંદોવિધાન, શિલ્પ-સ્થાપત્ય, મૂર્તિવિધાનથી માંડી વનસ્પતિ, ઔષધ અને આરોગ્યશાસ્ત્રના વૈવિધ્યપૂર્ણ વિષયો પરત્વે એમનાં રસરુચિ અને જિજ્ઞાસા તીવ્ર અને નિઃસીમ છે. એમની વાણીમાં સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યની સુવાસ ફોરે છે, તો આધુનિક ગુજરાતી સાહિત્ય સાથેનો એમનો સંપર્ક ગુજરાતીના ઘણા અધ્યાપકોનેય શરમાવે એવો છે. સુંદર કવિતા અને સુંદર ગદ્યના એ ચાહક છે. સમાસખચિત કઠિન વર્ણરચનાવાળા સંસ્કૃત શ્લોકો તેઓ અસ્ખલિત કંઠસ્થ બોલી શકે છે અને કહેવાનું મન થાય કે ઉચ્ચારશુદ્ધિ તો એમની જ.

આવા બહુપ્રતિભ આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીનો જન્મ સંવત ૨૦૦૩ના આસો વદ ૧૨ના રોજ જંબુસર પાસે અણખી ગામે થયો. સંસારી નામ પ્રવીણકુમાર. વસવાટ સાબરમતીમાં. આખોયે પરિવાર ધર્મના ઉત્કટ રંગે રંગાયેલો. એક જ કુટુંબના પાંચ સભ્યોના દીક્ષા-અંગીકાર દ્વારા જૈન શાસનને આ પરિવાર સમર્પિત થયો છે. ૧૩ વર્ષની વયે સં. ૨૦૧૭માં માગસર સુદ ૫-ના રોજ પ્રવીણકુમારે સુરત ખાતે પૂ. આ. મેરુવિજયજી મહારાજના વરદ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી, અને પોતાના વડીલબંધુ મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય મુનિ પ્રદ્યુમ્નવિજયજી બન્યા. મુનિ પ્રદ્યુમ્નવિજયજીનાં સળંગ ત્રણ ચાતુર્માસ (સં. ૨૦૨૨ થી ૨૦૨૪) પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં થયાં. તે દરમિયાન વિદ્વાન આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિજીના નિકટ પરિચયમાં રહેવાનું થતાં તેઓના આચારવિચાર અને જ્ઞાનસંસ્કારનો ઊંડો પ્રભાવ મુનિ પ્રદ્યુમ્નવિજયજી ઉપર પડ્યો. પ્રારંભમાં પોતાના ગુરુમહારાજ તેમજ વૈયાકરણ પંડિત શ્રી બંસીધર ઝા અને તે પછી દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન પંડિત શ્રી દુર્ગાનાથ ઝા પાસે કરેલા અભ્યાસના કારણે કોઈપણ વિષયને સૂક્ષ્મતાથી ગ્રહણ કરવાની શક્તિ તથા તે વિષયે સ્પષ્ટતાથી વિચારવાની દૃષ્ટિ એમને પ્રાપ્ત થઈ. સં. ૨૦૩૬માં સુરેન્દ્રનગર મુકામે ગણિ પદવી અને સં. ૨૦૩૬માં જેસિંગભાઈની વાડી, અમદાવાદ ખાતે પંન્યાસ પદવીથી વિભૂષિત થયા. તે પછી સં. ૨૦૫૨માં જૈનનગર, અમદાવાદને આંગણે, પંચપરમેષ્ઠિના તૃતીય પદ સમું આચાર્ય પદ એમને પ્રદાન થયું.

આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજીના વ્યક્તિત્વમાં સરળતા, નમ્રતા અને પારદર્શિતા છે. એમની પ્રથમ મુલાકાત લેનારને પણ એમના વ્યક્તિત્વનો ભાર લગીરે જણાતો નથી. એમની મુખમુદ્રાની પ્રસન્નતા અને નમ્ર હૃદયના માધુર્યની છાલક આપણા હૈયાને ભીંજવી જાય છે. એમનું સાન્નિધ્ય સુખકર અને શાતાદાયક બની રહે છે. -- કાન્તિભાઈ બી શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# नंदी सया संजमे
# સંયમમાં સદાને માટે આનંદ છે

આનંદની શોધનો સુખદ અંત લાવનારું આ વાક્ય છે : નંદી સયા સંજમે --સંયમમાં આનંદ છે. આનંદનું ઉત્પત્તિ- સ્થળ સંયમ છે. વળી પ્રશ્ન થશે કે આ સંયમ શું છે ? એનો ઉત્તર છેઃ ચિત્તમાં જે વિચારો, વિકારો અને વૃત્તિઓ ઊગે છે તેનું જે સમજના પ્રભાવે સંવરણ તે સંયમ. વૃત્તિઓ વકરે અને બહેકે તેવામાં તો નકરું નુકસાન છે, દુઃખ છે, આપદા છે. અંદર ઊઠતી વૃત્તિઓનું દમન નહીં પણ શમન...અરે ! શમન પણ નહીં, માત્ર સંવરણ કરો કે તરત જ સુખ નામના પ્રદેશની શરૂઆત થાય છે.

*પદાર્થ સાથેનું તાદાત્મ્ય તૂટે કે તરત જ વૃત્તિઓનું સંવરણ થવા લાગે છે.*

આ માટે મને શ્રી નમિરાજાની વાત ઘણી ઉપયોગી જણાય છે. નામે નમિરાજા... શરીરમાં દાહની અપાર વેદના...એ દાહ શમાવવા થતો ચંદનનો લેપ...એ લેપ માટે ઘસાતું ચંદન...

સુખદ આશ્ચર્ય તો એ કે એ ચંદનના લેપ તૈયાર કરવા માટે રાજ્યાશ્રિત માણસો નહીં પરંતુ ખુદ રાજાની રાણીઓ એ ચંદનનો ઘસારો ઊતારી રહી છે.

તનની વેદના સાથે રાજાના મનની વેદના પણ એવી તીવ્ર હતી કે જરા જેટલો અવાજ પણ ગમતો નથી. અહીં તો બધી રાણીઓના બન્ને હાથનાં કંગનો ઘસારાના લયમાં રણકી રહ્યાં છે. એ સૌભાગ્યનાં ચિહ્ન આજે દુર્ભાગ્ય સરજી રહ્યાં હતાં ! કંગનનો એ રણકાર રાજાથી ખમાતો ન હતો.

કાર્યરત રાણીઓ અને મહાલયના સર્વે સેવકો રાજાની આજ્ઞા પાળવા આતુર હતા. રાજાએ સેવકોને કહ્યું, *"એ અવાજ ખમાતો નથી; બંધ કરાવો."* પળવારમાં તો બધી રાણીઓએ એક જ સૌભાગ્યચિહ્ન રાખી બાકીનાં કંકણ દૂર કર્યાં. રાજાને કાને અવાજ આવતો બંધ થયો. રાજાએ પૂછ્યું : *"શું ચંદન ઘસવું બંધ કર્યું ?"*

સેવકોએ કહ્યું, *"ના, ના, ચંદન ઊતરે જ છે. જુઓ આ વાટકો ભરાઈને આવ્યો."*

*"તો અવાજ કાં નથી આવતો ?"*

*"એક સૌભાગ્ય-કંકણ રાખીને, બાકીનાં અળગાં કર્યાં છે."*

*"એમ ! એક હોય તો અવાજ આવતો નથી !"*

આમ આવા સાદા વાક્યથી રાજા જાગી ગયા. પદાર્થ સાથેનું તાદાત્મ્ય તોડ્યું અને અવિનશ્વર આત્મા સાથેનું તાદાત્મ્ય જોડ્યું. આ જાગૃતિ કાયમના લેવલે ઊભી થઈ. એક છે ત્યાં અવાજ નથી, કોલાહલ નથી. આ સુદૃઢ નિર્ણય એવો થયો કે આહાર ઉપધિ તો છૂટ્યાં જ છૂટ્યું, પણ યાવત્ દેહ પણ અળગો થયો. મમતા ગઈ. બધું સ્પષ્ટ થયું. મારું શું ? પરાયુ શું ? અંદરથી ઊઠતી વૃત્તિઓનું નિરીક્ષણ-પરીક્ષણ બરાબર થયું. આહાર ઉપધિ દેહની સાથે જોડાયેલી વૃત્તિઓ મન સાથે ચોંટેલી હતી. તેને ઉખેડી નાખી. ઊતરડવી ન પડી.

**दिसउ मम संजमे नंदीं અર્થઃ મને સંયમમાં આનંદ દેખાડો.**

આપણી વૃત્તિ પર જો કાબૂ રહે તો ઘણી સુખદ ક્ષણો આપણને મળતી રહે. મનને કેમ કેળવવું તે જ આપણા માટે અઘરું 'પેપર' છે. છતાં :

**करत करत करतअभ्यास जन जडमति होत सुजान ॥**

એ ન્યાયે રોજના જીવનમાં ટેવ પાડવામાં આવે તો દુઃશક્ય પણ શક્ય બની જાય.

વૃત્તિને નાથવાનું કામ ભલે કપરું છે, પણ સાધ્ય બને ત્યારે આનંદનો અનુભવ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સત્તરભેદી પૂજાનો ઉદ્ભવ

# સકલ મુનીસર કાઉસગ્ગધ્યાને...

પરમ કૃપાળુ પરમાત્માની ભક્તિ માટે દેવનો ભવ છે, તો પરમાત્માના આજ્ઞાપાલન માટે મનુષ્યનો ભવ છે.

મનુષ્યભવમાં પણ સાધુ થવું અનિવાર્ય છે, તો જ આજ્ઞાપાલન થઈ શકે.

સાધુતાની જીવાદોરી છે સ્વાધ્યાય. સ્વાધ્યાયમાં પ્રાણ પૂરનાર ધ્યાન છે. ધ્યાનથી પ્રાપ્ત થયેલા સમતારસની કસોટી છે કાયોત્સર્ગ-સાધના.

પ્રાચીન અને અર્વાચીન સાધકો, મુનિવરો કાયોત્સર્ગમાં નિરંતર ગતિ-પ્રગતિ સાધતાં જોવા મળે છે. આત્માનુરૂપ સિદ્ધિનો રાજમાર્ગ આ જ છે.



જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિ મહારાજની પરંપરાના સુપ્રસિદ્ધ ઉપાધ્યાયશ્રી સકલચન્દ્રજી મહારાજના જીવનનો પ્રસંગ છે. ગુજરાતના કપડવંજ ગામમાં બનેલી આ ઘટના છે. નિત્યક્રમ પ્રમાણે, રોજની સાધનાના ભાગરૂપે, રાત્રિ-પ્રતિક્રમણ પછી નિયમ મુજબ કાઉસ્સગ્ગધ્યાનમાં મહારાજશ્રી બેઠા છે. આવી ઉચ્ચ સાધનાને આવા મુનિવરો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સુગઠિત કરતા હોય છે. એ મુજબ એમણે એક અજબ સંકલ્પ કરેલો. ઉપાશ્રયની નજીકમાં એક કુંભારનું ઘર હતું. રોજ સાંજ પડે પછી...વગડામાંથી માટી લેવા ગયેલા એના ગર્દભરાજો પાછા ફરે. જેવા ઘરે આવે એટલે પોતાની હાજરી પુરાવવા અવાજ કરે, એટલે કે ભૂંકે ! સકલચન્દ્રજી મહારાજે સંકલ્પમાં નિર્ણીત કર્યું કે -"આ કુંભારના વૈશાખનંદનો આવીને અવાજ કરે ત્યાં સુધી કાઉસ્સગ્ગમાં રહીશ."

*સંકલ્પ કેવો સાદો ? પણ નિર્ણય વજ્ર જેવો !*

કાયાની ભૂમિકા પરથી મનનો આત્માની ભૂમિકા પર પ્રવેશ થયો. બહારનું બધું છૂટતું ગયું. આત્મ-રમણતાનો અનહદ આનંદ ઊભરાવા લાગ્યો. ધ્યાન સહજ થયું.

એકાદ પ્રહર જાગૃત મને નોંધ લીધી. કુંભારને ઘેરથી હજુ જાણીતો અવાજ નથી આવ્યો. રોજ તો નિયમિત સમયે સોમો કુંભાર ઘરે આવી જાય છે.

જોગાનુજોગ બન્યું એવું કે તે દિવસે મોડું થઈ જવાથી કુંભાર એના વૈશાખનંદનો સાથે બહેનના ઘરે રોકાઈ ગયા ! હવે સંકલ્પનું સોનું કસોટીએ ચડ્યું. દૃઢતા એ શું ચીજ છે એ સમક્ષ થયું. અવિચળ સંકલ્પનું સ્વરૂપ મનની પેલે પાર પહોંચીને નીખરે છે. સમય તો વીતતો રહ્યો.

*ધ્યાનાન્તરિકાનું પરિણામ એ આવ્યું કે શુભભાવની ભરતી આવી, તેમાં પ્રભુ સાંભર્યા. તેમની ભાવપૂજાના વિચારો આવ્યા.* આ વિચારો શબ્દમાં અને સંગીતના લયમાં ઢળાવા લાગ્યા ! એક પછી એક કંડિકાઓ રચાતી ગઈ. એક પૂજા, બીજી પૂજા એમ પૂજાઓ રચાતી ગઈ. પરોઢ થતાં તો સત્તરમી પૂજા રચાઈ ગઈ!

કુંભાર વહેલી સવારે ઘરે આવ્યો ત્યારે એના સાગરીતોએ પણ સાથે આવ્યાની છડી પોકારી અને શ્રી સકલચન્દ્રજી મહારાજે 'નમો અરિહંતાણં ' કહીને કાઉસ્સગ્ગ પાર્યો, પૂર્ણ કર્યો.

વૈશાખનંદનના પ્રતાપે આપણા સકલ શ્રી સંઘને 'સત્તરભેદી પૂજા' મળી, કહો કે પૂજાસાહિત્યની ગંગોત્રી પ્રગટ થઈ ! 'સકલ મુનીસર કાઉસ્સગ્ગધ્યાને એ અધિકાર બનાયો' આ પૂજાના શબ્દો એવા ભાવથી ભીંજાયેલા હતા કે 'પ્રતિગ્રામં, પ્રતિ દ્રડ્ગં' દરેક ગામે અને દરેક નગરે પર્વાધિરાજની આરાધનાના ભાગરૂપે આ સત્તરભેદી પૂજા ભણાવાય જ. અરે ! પ્રતિષ્ઠામહોત્સવમાં પ્રતિષ્ઠા પછીના દિવસે આ પૂજા આજે પણ ભણાવાય છે.

આ રીતે એક સંકલ્પમાં દૃઢ રહીને એ મુનિવરે જે કર્મનિર્જરા સાધી તેનો મહાલાભ થયો જ ગણાય, સાથે શ્રી સંઘને પણ કેવો મોટો આદર્શ મળ્યો !

સંકલ્પથી ચલિત ન થવા માટે ઉપાધ્યાયશ્રી સકલચન્દ્રજી મહારાજનો આ પ્રસંગ પ્રેરણાનું પરમ પાથેય પૂરું પાડે છે. આપણા જેવાને ધર્મ-પ્રતિજ્ઞામાં વધુને વધુ દૃઢ રહેવા માટે આલંબનરૂપ બને છે.

*મુનિરાજની મેરુ જેવી નિશ્ચલતાને ધન્ય હો ! ધન્ય હો તેમની સાધનાને !*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અહિતની નિવૃત્તિ આપણો મનોરથ હો



વાત બહુ જાણીતી છે. 'ચંડકૌશિક' શબ્દ સાંભળતાં- વેંત - *હા, અમને ખબર છે*- એમ ઘણા બધા કહી ઊઠે ! બરાબર છે. એ જાણીતી વાત જ માંડવી છે અને એમાંથી નીપજતા બોધ સાથે કામ પાડવું છે. એમાંથી કશુંક નક્કર તારવવું છે, ગાંઠે બાંધવું છે. આપણી મૂળભૂત સમજણની મૂડીમાં ઉમેરો કરવો છે.

જન્મથી બ્રાહ્મણ. વૈરાગ્યના જુગજૂના, ભવજૂના સંસ્કારવાળો જીવ. પરોપકાર તો શ્વાસ અને પ્રાણમાં ભળી ગયેલો ગુણ. કોઈનું દુઃખ દીઠું નથી અને તે દૂર કરવા દોડ્યો નથી ! પરોપકારની આવી લાહ્યમાં તો એણે કુટુંબ ગુમાવ્યું. પત્ની બાળકોને થયું "ઘરના ઘંટી ચાટે છે ને ઉપાધ્યાયને આટો મળે છે" આમ તે કેમ ચાલે ? એટલે ઘરને સાંકળ ચડાવીને પત્નીએ બાળકોને લઈને પિયરની વાટ પકડી.

બ્રાહ્મણને થયું : 'ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ' કોઈ સાધુ મહારાજનો સમાગમ થયો. હૃદયમાં તો સાધુતા જન્મી ચૂકી હતી જ. તેને ટકાવવા બહારની સાધુતા સ્વીકારી લીધી. સાધુનું ભૂષણ તપ. અરે ! સાધુનું જીવન જ તપ. માટે તો કહેવત પડી છે :

**तपोधना हि साधवः ।**

દીક્ષાના દિવસથી જ તપનો યજ્ઞ મંડાયો.

સંચિત કર્મને ખપાવવાનું અમોઘ સાધન તપ. આવતાં કર્મોને રોકવાનું સાધન તપ. માસક્ષમણને પારણે માસક્ષમણ(ત્રીસ ઉપવાસ) ! સંસારનો મોહ તો ઘટ્યો છે જ, સાથે શરીરનો મોહ પણ ઘટ્યો છે. શરીરનો મોહ જાય પછી જ અંદરનું સાધુપણું પ્રગટે છે. ગૃહસ્થને ધનનો મોહ અને સાધુને શરીરનો મોહ ઉતારવો મુશ્કેલ હોય છે, પરંતુ અહીંયાં તો એ મોહ રમત રમતમાં ઊતર્યો છે ! શરીર ભલે સૂકાય, કાન-આંખ ભલે રીસાય; મનમાં તો પ્રસન્નતાનો મહાસાગર પારાવાર ઘૂઘવે છે. તપ ચાલુ છે. તપમાં જ આત્માનું હિત છે --એ જ લગનથી તપ ચાલે છે. વૈરાગ્ય તો મૂળથી હતો જ. ઉદયરત્ન મહારાજે ગાયું છે :

*"સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ"*

વૈરાગ્ય વાસિત અન્તઃકરણ અને તપથી પ્રભાવિત શરીર વડે સાધના બરાબર ચાલુ છે ત્યાં જ અહિતે આવીને હિતને ડહોળી નાખ્યું. અહિતનું આચરણ ભેંસ જેવું છે ! ભેંસ પાણીને ભાળે ત્યાં એનું મન ઊછળવા લાગે ! કહે છે ને : ભેંસ, ભામણ ને ભાજી, ત્રણે પાણીથી રાજી. ભેંસ પાણી પીવા જાય તો કિનારે ઊભા રહીને તે પાણી નહીં પીએ. પહેલાં તો તે સીધી જ મોટાં ડગલાં ભરતી પાણીની અંદર જશે, ધુબાક દઈને બધું પાણી ડહોળશે. તળિયે જામેલા કાદવને ઉપર લાવશે. પછી પાણી પીશે !

અહિતનું કામ પણ આવું જ છે. હિતની પ્રવૃત્તિ કરતાં સાવધ ન રહ્યા તો અહિતનો ઉછાળો આવી મનને ડહોળી નાખે. હિતના પરિણામને ઠેસ તો પહોંચાડે જ, વધારામાં પરિણિતીને પણ કાબરચીતરી કરી મૂકે છે.

વર્ધમાન ભાવે નિરંતર ચાલતા તપ-સંયમની સાધનામાં એક વાર વિઘ્ન આવ્યું. માસક્ષમણનું પારણું હતું. ચોમાસાના દિવસો હતા. શરીર દુર્બળ, આંખમાં ઝાંખપ, ચાલ ધીમી. ગૌચરી વહોરીને પાછા ફરી રહ્યા હતા. સાધુ-જીવનનો આચાર એવો હોય કે ગૌચરી વહોરવા બે સાધુઓએ સાથે જવાનું હોય. સંઘાટક(સાથી) તરીકે, બાળસાધુ હતા. વરસાદને વિરમ્યા સમય તો થયો હતો, પણ ગામડાં ગામના ગારાવાળા રસ્તા કેવા હોય ? એક નાની દેડકી કૂદતી કૂદતી રસ્તાની એક બાજુથી બીજી બાજુએ જતી હતી. વયોવૃદ્ધ તપસ્વી મુનિના કોમળ ચરણ નીચે તે આવી ગઈ. તપસ્વીના ચરણ કરતાં પણ એ દેડકીની કાયા વધુ કોમળ હતી. તે ચગદાઈ. કમજોર આંખને કારણે પહેલાં તો તે નજરે ન ચડી. સાથેના બાળમુનિએ તરત ધ્યાન દોર્યું કે દેડકી ચગદાઈ ગઈ. તપસ્વી મુનિએ જાણે કાંઈ જ ન બન્યું હોય તેમ કહ્યું : "ક્યાં છે ! કાંઈ નથી !"

મન અવળા વિચારે ચડ્યું હતું. આવા નાના સાધુ મને કહી જાય ? માન ખંડિત થયું. મનમાં ભલે સકળ જીવ પ્રત્યે દયાનો ભાવ સતત રમતો હતો. જુદાં જુદાં ઘરમાંથી ગૌચરી વહોરીને ઉપાશ્રયે આવ્યા. સાધુની સામાચારી મુજબ, ગુરુ મહારાજ પાસે ગૌચરીની આલોચના કરવા લાગ્યા. જે જે ઘરમાંથી ગૌચરી વહોરી હોય, જે જે શેરીમાં ગયા હોય તે બધું ક્રમથી બોલવા લાગ્યા. સાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાળમુનિ પણ આ બધું ધ્યાનથી સાંભળતા હતા. સાંભળવાનું તો ગુરુને જ હતું. છતાં બાલ્યાવસ્થા સહજ જે કુતૂહલ છે તે ધ્યાનથી સાંભળે છે. તેમાં પેલી દેડકી ચગદાઈ ગઈ હતી તે વાત ન આવી ! બાળમુનિએ તરત યાદ કરાવ્યું કે પેલી દેડકીની વાત રહી ગઈ. આ સાંભળતાં જ વૃદ્ધ તપસ્વીના મનનો માન કષાય ખળભળી ઊઠ્યો. ક્રોધ મદદે આવ્યો. વિવેક પલાયન થઈ ગયો. ધુત્કારીને બાળમુનિને કહ્યું :" એવું ક્યાં થયું છે ?" પછી ગૌચરી વાપરવા બેઠા. ગૌચરી વાપર્યા પછી બપોરે સ્વાધ્યાય પણ કર્યો.

સાંજે દેવસી પ્રતિક્રમણની વેળા થઈ. ગુરુ સમક્ષ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસીયં આલોઉં ?' એ આદેશ માંગીને દિવસભરમાં થયેલા અને સેવાયેલા અતિચારો પ્રગટ કરી રહ્યા હતા. ઉપાશ્રયમાં આછું અંધારું ફેલાવા લાગ્યું હતું. ઉપાશ્રયના જૂના મકાનમાં ઘણા બધા થાંભલા હતા.

તપસ્વી મહારાજ દિવસના અતિચારો બોલતા હતા ત્યારે બાળમુનિ નજીક રહીને સાંભળતા હતા. દેવસિય અતિચારો બોલાઈ રહ્યા અને તેમાં પેલી દેડકીવાળી વાત ન આવી. તરત બાળમુનિ બોલ્યા: "પેલી દેડકી ચગદાઈ હતી તે તો ન બોલ્યા!"

આટલું સાભળતાં વેંત, એક જ દિવસમાં આમ ત્રીજીવાર આ સ્વરૂપે માનભંગ થવાથી, તપસ્વી મુનિના મન પર ક્રોધ સવાર થઈ ગયો. બાળમુનિ પર દ્વેષ ભભૂકી ઊઠ્યો. તેઓ બાળમુનિને મારવા દોડ્યા. અહિતની પ્રેરણા ઝિલાઈ. તપ હિત છે. ક્રોધ અહિત છે. ક્રોધનો વિજય થયો. પેલા તો બાળસાધુ. ચંચળ અને ચપળ નાનું શરીર. ઝડપથી દોડી ગયા., પાછળ આ વયોવૃદ્ધ મુનિ દોડ્યા. પકડદાવ રમતા હોય તેમ બાળમુનિને પકડવા જતાં વચમાં થાંભલા જોડે જોરથી માથું ભટકાયું. મર્મ સ્થાને વાગ્યું. ક્રોધને કારણે તેમનું અંગ અંગ કાંપતું હતું. ક્રોધ તીવ્રતાને કારણે ઊંડો ઊતરી ગયો હતો.

*કોઈ પણ વૃત્તિ પહેલાં સંસ્કાર બને છે, પછી સ્વભાવ બને છે અને સ્વભાવ ગાઢ બનતાં તે સંજ્ઞા બને છે.*

તપસ્વી મુનિનો ક્રોધ હવે સંજ્ઞા બની એમના તન-મન-શ્વાસ-પ્રાણ સાથે વણાઈ ગયો. પકડદાવમાં બાળમુનિ તો છટકી ગયા પણ તપસ્વી મુનિના પ્રાણ તીવ્ર ક્રોધની સાથે પરલોકે પ્રયાણ કરી ગયા.

આ થયો ચંડકૌશિક સર્પના પૂર્વભવના પૂર્વભવનો પણ પૂર્વભવ. ચંડકૌશિકના ભવમાં જે ક્રોધ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની દૃષ્ટિએ કબીરવડની જેમ વિસ્તાર સાધનારો બન્યો એ ક્રોધનું વાવેતર એના તપસ્વી મુનિના આ ભવમાં થયેલું હતું.

આ કથા, કથા સ્વરૂપે ખૂબ જ જાણીતી છે. આપણે મંથન કરી એમાંનું નવનીત તારવવું છે. આપણામાં એનો અનુયોગ કરવો છે. 'શ્રમણ જીવનનો સાર એ ઉપશમ છે' એ વાક્યમાં છુપાયેલાં મર્મ અને મહત્ત્વ આ કથા દ્વારા જાણવા મળે છે. હિતની પ્રવૃત્તિ ખૂબ કરી હોય પરંતુ એમાં માત્ર એક અહિતની પ્રવૃત્તિ થઈ જાય તો તેનું જોર કેટલું બધું વધી જાય છે તે આમાંથી સમજાય છે.

*જીવનભર કરેલી હિત પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલું શુભતત્ત્વ એમ જ ઊભું રહે છે. તેમ જ એકાદ થયેલી અહિતની પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલું નુકસાન પણ એમ જ ઊભું રહે છે. હિતની પ્રવૃત્તિથી ઊપજેલા પુણ્ય અને અહિતની પ્રવૃત્તિથી ઊપજેલાં પાપનો છેદ ઉડતો નથી. (સિવાય કે પાપની આલોચના કરીને શુદ્ધ થયા હોઈએ.)*

એ રીતે જોતાં હિતની પ્રવૃત્તિના પ્રભાવ કરતાં અહિતની પ્રવૃત્તિનું જોર વધતું જાય છે. હિત આચરતાં આચરતાં અહિત ન સેવાઈ જાય તે માટે ખૂબ સાવધ રહેવું જરૂરી છે. અહિતની પ્રવૃત્તિની નિવૃત્તિ પછી જ હિતની પ્રવૃત્તિ કરવી જોઈએ અને તે જ શોભે. હિતની પ્રવૃત્તિ ભલે પૂરજોશમાં વધારી હોય પરંતુ અહિતની પ્રવૃત્તિ નિવારી ન હોય તો દુઃખના દરિયા રૂપે ભવભ્રમણ ચાલુ ને ચાલુ જ રહે છે.

એટલે, સુવિહિત શિરોમણિ આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજીનું ટંકશાળી વચન સાર્થક લાગે છે :

*આ આત્માનું આજ દિન સુધીનું ભવભ્રમણ ચાલુ છે તેમાં હિતની પ્રવૃત્તિ નથી કરી તે કારણ નથી પણ અહિતની નિવૃત્તિ નથી કરી એ કારણ છે.*

માટે અહિતના ત્યાગ પૂર્વક હિતની પ્રવૃત્તિ કરીને, કુપથ્યના ત્યાગ પછી ઔષધસેવન દ્વારા જેમ આરોગ્યની પ્રાપ્તિ થાય છે તેમ; અને એક રીતે વિચારીએ તો આપણને હિતની પ્રવૃત્તિ કરવાનો જેટલો ઊમળકો છે તેની સરખામણીમાં અહિતની નિવૃત્તિમાં તેવો આગ્રહ કે ઊમળકો નથી. હિતનો રાગ નવો કેળવવાનો છે. આ ભવ આવા અઘરાં કામ કરવા માટેનો છે એ પણ સમજી લેવું જરૂરી છે.

*હિતકારક પ્રવૃત્તિ કરીએ, જરૂર કરીએ; પણ અહિતની નિવૃત્તિ પહેલી કરીએ તો જ તેના યથાર્થ લાભને પામીશું. ભલે હિતની પ્રવૃત્તિ ઓછી થાય પરંતુ અહિતની વૃત્તિ અને પ્રવૃત્તિ ઘટાડવી જ જોઈએ.*

ધર્મની મોસમ સમો ચાતુર્માસનો કાળ હોય ત્યારે હિતની, તપની, દાનની ઘણી ઘણી વાતો સાંભળવા મળશે. એવી પ્રવૃત્તિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોવા મળશે. એ બધી કરવી જ જોઈએ. પણ તે વખતે અહિતની જેપ્રવૃત્તિઓ છે, જેવી કે -- પરનિંદા, ઈર્ષા, ક્રોધ, અમિતભાષિતા, સ્વાર્થ, સંકુચિતતા, રાત્રિ ભોજન વગેરે - એ પહેલાં દૂર કરવી છે. તપ કરીએ પણ જો ક્રોધ કરીએ તો તપનું ફળ તો દૂર રહ્યું, પણ ક્રોધ મોટી હોનારત સરજી દે છે, માટે તો કહેવામાં આવ્યું છે :

*"તપ કરીએ (પણ) સમતા રાખ ઘટમાં."*

દવા ન લેવાય તો ચાલે; પથ્ય ખોરાક ન મળે એ પણ ચાલે પણ, કુપથ્યનો ત્યાગ ન થાય તે ન ચાલે. કુપથ્યના સેવનથી રોગ ઊભો જ રહે છે. તેવું આ અહિતનું છે. માટે અહિતની પ્રવૃત્તિઓને અપળખી તેને તજવા કટિબદ્ધ બનીએ.

અહિતનાં આવાં ઊંડાં મૂળને ઓળખવાનું અને તેને દૂર કરવાનું આપણાં એકલાનું ગજું નથી. તેવા કામમાં પ્રભુની કૃપા જરૂરી છે. આપણે પરમ કૃપાળુ, પરમપિતા પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરીએ :

*"પ્રભુ, કૃપાસર તું વરસાવજે અહિતથી પ્રભુ, નિત્ય નિવારજે;*
*હિત પથે મુજને નિત પ્રેરજે, જીવન તો મુજ ધન્ય બની જશે."*

આપણે હિતની પ્રવૃત્તિના મનોરથ ઘણા કર્યા, હવે અહિતની નિવૃત્તિના મનોરથમાં સ્થાન આપીએ.

## અનાસક્ત યોગી

# શાલિભદ્ર મહારાજનો જય હો ! જય હો !

વિશાળ વડલાની શીતળ છાયામાં ગાયો, વાગોળતી બેઠી છે. નાનાં વાછરડાં પણ આમતેમ ચરે છે, ફરે છે અને કૂણું-કૂણું ઘાસ ખાય છે. ચરાવવા આવેલા ગોવાળિયાઓ કડિયાળી ડાંગ-લાકડીઓ આઘી મૂકી ફાળિયાનું ફીંડલું કરી તેની ઉપર માથું ટેકવી આડે પડખે થયા છે.





વાછરડા ચરાવવા આવેલા ગોપ-બાળકો મોઈ-દાંડિયાની રમત રમે છે પણ, તે માંહ્યલો એક છોકરો તો એ વડલાની પાસેની ગાડાવાટની સહેજ ઉપરની ટેકરીએ ચડી એક નાના જાંબુડાના ઝાડ નીચે બેઠો છે. એનું ધ્યાન રમતમાં નથી, પણ તેની આંખો, પાસે ઊભેલા એક મુનિ મહારાજની મુખમુદ્રામાંથી નીતરતા અમીનું પાન કરે છે. ધ્યાન-લીન મુનિરાજ પર આ છોકરો ઓવારી ગયો છે. એમના પર અનહદ હેત ઊભરાય છે. હેતની ભરતીમાં તેને ભાન નથી રહેતું કે હું જે બોલું છું તેનો જવાબ મળે છે કે નહીં ! તે તો પોતાની જાતે બોલતો જ જાય છે. મનમાં આવે તેવું બોલે છે :

*"તમારું ઘર ક્યાં છે ? તમે ક્યાં રહો છો ? તમારી મા ક્યાં છે ? તમે ક્યારે જમો છો ? મારે ઘરે તમે આવશો ? મારી મા તમને જમવાનું આપશે. આવશોને ?"*

કશા પણ જવાબની રાહ જોયા વિના છોકરાનો એક-તરફી સ્નેહ-આલાપ આમ ચાલુ જ રહ્યો!

આ ક્રમ રોજનો બની ગયો.

બપોરની વેળાએ બીજા બધા છોકરાઓ, ચારે તરફ વેરાયેલા તડકાની વચાળે જે જે ઘટાળા ઝાડનો છાંયડો હોય ત્યાં રમતા હોય ત્યારે, આ છોકરો - સંગમ - કાઉસ્સગ્ગધ્યાનમાં લીન મુનિરાજના વિકસિત મુખારવિંદના સૌંદર્યભર્યા સ્મિત-મધુનું ગટક ગટક પાન કરતો.

દિવસો વીતતાં, જોતજોતાંમાં મહિનો થયો. મુનિરાજને માસ ખમણ પૂરું થયું.

પારણું આજે છે. નજીકના નેસમાં ગૌચરી માટે પધાર્યા.

યોગાનુયોગ, આજે ગામમાં ખીરના જમણનો ઓચ્છવ હતો. ઘર ઘરમાં ખીર રંધાઈ હતી. શેરી અને આંગણાં ખીરની મીઠી સોડમથી મઘમઘતાં હતાં. બધા છોકરાઓ, વાડકી જેવા વાસણમાં થોડી-થોડી ખીર લઈને, ચોકમાં આવીને, આંગળાથી ચાંટતા હતા. એકનું જોઈ, બીજાને મન થાય એવું હતું. બધા ભાઈબંધોને આમ ખીર ખાતાં જોઈને, બાળસુલભ સ્વભાવે, સંગમને પણ એ ખીર ખાવા ઇચ્છા થઈ. ઘેર ગયો તો મા હજુ હમણાં આજુ-બાજુનાં ઘર-કામ કરીને આવી હતી. પિતાની ગેરહાજરી હતી. ગરીબ ઘરમાં મા અને દીકરો બે જ જણ હતાં. સીમમાં ખેતર ન હતું કે ઢોર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાંખર પણ નહીં. તેથી ગુજરાન ચલાવવા, મા ગામનાં કપડાં-વાસણ કરતી હતી, દીકરો વાછરડાં ચરાવવા લઈ જતો.

સંગમે માને કહ્યું : *"મા, ખીર ખાવી છે."*

*"ખીર તો ક્યાંથી લાવું, દીકરા ! લોટની રાબનો માંડ વેંત થાય છે, ત્યાં ખીર ? ખીર માટે તો ઘણું જોઈએ તે ક્યાંથી લાવું ?"*

*"ના... મારે તો ખીર ખાવી જ છે."*

દીકરાની જીદ પૂરી થઈ શકશે નહીં, એવું લાગતાં માથી રોવાઈ ગયું. અવાજ સહેજ મોટો થયો. આડોશી-પાડોશી ભેગાં થઈ ગયાં. કહે : *"અલી, શું થયું છે ? બોલ, તો ઉપાય કરીએ."* માએ રડતાં રડતાં બધી વીતક-વાત કહી. *"આ સાંગો ક્યારેય પણ કોઈ જીદ કરતો નથી. આજે, ખીર ખાવાની હઠ લઈ બેઠો છે; પણ તેને ખીર ક્યાંથી ખવડાવું ?"*

ભેગી થયેલી બાઈઓ એકસાથે બોલી : *"અરે ! એમાં શું! હું દૂધ આપીશ."* બીજી કહે : *"હું ચોખા આપીશ."* ત્રીજીએ કહ્યું : *"હું સાકર આપીશ."* ચોથીએ ઘી આપવાનું કહ્યું : *"બસ, હવે તો છાની રહે ! હજીયે શાને રડે છે ?"*

*આ બધું તો તમે આપશો, પણ હું ખીર રાંધીશ શેમાં ?*

*"ઓહો... એમ છે. ચાલો તપેલી અને તાસક હું આપીશ."* એક બાઈએ કહ્યું અને રુદન શાંત થયું. બધી સામગ્રી આવી અને ઘરમાં ખીર થવા લાગી, ઊકળવા લાગી. કમોદ અને ગાયના દૂધની મિશ્ર સુગંધથી ઘર ભરાવા લાગ્યું. સાંગાની આંખમાં પણ નવી ચમક આવી. "હાશ ! હવે ખીર ખાવા મળશે." મનમાં હરખ માતો નથી. તૈયાર થયેલી ગરમ-ગરમ ખીર, તાંસળીમાં પીરસી મા વળી બીજાનાં ઘર-કામ કરવા બહાર ગઈ.

એવામાં મુનિ મહારાજે *"ધર્મલાભ"* કહી ઘરમાં પ્રવેશ કર્યો. સાંગાની પાસે આવીને ઊભા રહ્યા. એ તો ખીરમાંથી નીકળતી વરાળ જોઈ રહ્યો હતો. *'ધર્મલાભ'* નો સ્વર સાંભળી, એણે જેવું ઊંચે જોયું, તો થયું : *"અહો ! એ જ મુનિરાજ છે જેમને રોજ રોજ કહ્યા કરતો. તે જ પધાર્યા."*

પુલકિત હૈયે, ખીર ભરેલી તાસક બે હાથે ઊંચકી, મુનિરાજના હાથમાંના પાત્રમાં ઠલવવા લાગ્યો. એની શુદ્ધ, શુભ્ર અને શુભ ભાવધારાને અખંડ રાખવા મુનિરાજ પણ *'ના'* ન બોલી શક્યા. પાત્રુ આખું ખીરથી ભરાઈ ગયું. સંગમનું મન ભાવથી ભરાઈ ગયું ! આત્મા પુણ્યથી ભરાઈ ગયો !

મુનિરાજ *"ધર્મલાભ"* કહી ઘર બહાર પધાર્યા એટલામાં મા પાછી આવી. સંગમ મરક-મરક ખુશ થતો હતો અને તાસકમાં થોડી વધેલી ખીર આંગળાથી ચાટી રહ્યો હતો. માને થયું : *દીકરો હજુ ભૂખ્યો લાગે છે.* વધેલી બધી ખીર એની તાસકમાં પીરસી દીધી. સાંગો તો કાંઈ બોલતો નથી. એને રૂંવે રૂંવે હરખ ઊભરાય છે. થાળમાંની ખીરને બદલે મુનિરાજનું પાત્રું જ દેખાયા કરે છે ! એ જ મુનિરાજ પધારી ગયા. *સરસ થયું સરસ થયું* -એમ વિચારમાળા ચાલતી હતી; ત્યાં મા, ઘરના નળિયાંમાંથી ચળાઈને આવતાં ચાંદરણાં બતાવી કહે છે :

*"જો, સૂરજ તો માથે ચડી આવ્યો. તારા ભેરુઓ તો ક્યારનાય ગામની સીમમાં વાછરડાંને લઈ આગળ નીકળી ગયા છે. તું ય જલદી ખાઈને પહોંચી જજે."*

એમ કહી મા તો ગઈ. ગરમ ખીર મોંઢે માંડી, પેટમાં પડી, પણ મન હવે ખીરમાં ક્યાં છે ? એ તો મુનિરાજની પાછળ-પાછળ ચાલ્યું છે ! *"ક્યારે ખીર ખવાઈ, ક્યારે એ ઊભો થયો, લાકડી લઈ ઘર બહાર નીકળી દોડવા લાગ્યો."* તેનું ભાન-સાન ન રહ્યું. ખીર ખાધી તેની ગરમી, માથે તપતા સૂરજની ગરમી, પાણીનો સોસ અને દોડવાનો શ્રમ - બધું ભેગું થયું. વચ્ચે મોટો ખાડો આવ્યો, એનો ખ્યાલેય ન રહ્યો ને તે એમાં ઊંધે માથે પડ્યો.

પાણીની તરસ તો ખૂબ લાગી હતી. *'પાણી, પાણી'* એમ બૂમ પાડે છે, ત્યાં જ પેલા મુનિરાજ અનેક ઘરે ગૌચરી વહોરી પાછા વળી રહ્યા હતા, તેમના કાને આ અવાજ સંભળાયો. તુર્ત જ ખાડા પાસે આવ્યા. કહેવા લાગ્યા : *"પાણી... પાણી હમણા આવે છે, બોલો 'નમો અરિહંતાણં, નમો અરિહંતાણં."*

શરીરની વેદના વચ્ચે પણ, સંગમના મનમાં પ્રસન્નતા છલકાવા લાગી. નિર્દોષ અને ભોળી, કાળી-કાળી આંખમાં અંકાયેલી મુનિ મહારાજની પ્રશાંત છબી બરાબર યાદ આવતાં વેંત : *અહો ! આ તો એ જ મુનિરાજ છે ! જેમની સાથે પ્રીતિ બંધાઈ હતી.* તેમના મુખનાં વચનો મળ્યાં, એટલે એ પ્રમાણે બોલવા લાગ્યો. મન વેદનામાંથી નીકળીને નમો અરિહંતાણં એ સાત અક્ષરમાં રમવા લાગ્યું. એ જ પરિણતિમાં પરભવના આયુષ્યનો બંધ અને આ ભવના આયુષ્યનો અંત આવ્યો. જીવ પરભવમાં પહોંચી ગયો !

રાજગૃહી નગરી. ગોભદ્રશેઠ અને ભદ્રામાતા. શાલિના ક્ષેત્રનું ઉત્તમ સ્વપ્ન અને પછી બાળકનો જન્મ. એ સમયમાં જાતકનાં નામ પાડવામાં રાશિનો વિચાર પ્રધાન ન હતો. સ્વપ્નદર્શનને જ કેન્દ્રમાં રાખીને શાલિભદ્ર નામ રાખ્યું. સમગ્ર પરિવારમાં આનંદની ભરતી જ વર્તે છે. સર્વત્ર પુણ્ય પ્રકર્ષનાં દર્શન જ થતાં હતાં. અહીં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેલા જન્મની જેમ પિતાની ગેરહાજરી થઈ, પરંતુ એ શરીરથી જણાતા ન હતા એટલું જ. એમના અસ્તિત્વનો પરિમલ સર્વત્ર પ્રસરેલો -અનુભવાતો હતો. કેવો તે પુત્રપ્રેમ ! પુત્રના પુણ્ય-પ્રાગ્ભારથી વિસ્તર્યો કે દીકરાને પીવાનું પાણી પણ દેવલોકમાંથી પૂરું પાડતા. પાણીની વાત આવી હોય, તો પછી ખાવાનું, પહેરવાનું, શણગાર માટેનાં ઘરેણાં-દાગીનાનું તો પૂછવું જ શું? એક શાલિભદ્ર અને તેમનાં બત્રીસ પત્ની, એક એકને માટે ત્રણ પેટી. તેત્રીસ તરી નવ્વાણું. પૂરી સો યે નહીં અને અઠ્ઠાણું ય નહીં ! વસતા તો હતા મનુષ્યલોકમાં પણ, ચોમેર છલકાતાં વૈભવ અને ઐશ્વર્ય તો પૂરેપૂરાં દેવતાઈ જ ! આવો વૈભવ તો મળે, પણ સાથે એને જીરવવાની શક્તિ તો જોઈએ ને ! ક્યારેક તો દેખેલું ઐશ્વર્ય પણ જીરવાતું નથી !

ઘટના બને છે તો ઊંડાણ-વિસ્તારનો અંદાજ આવે છે. એક ઘટનાની કાંકરી તળાવમાં પડે છે તેથી તે સીધી તળિયે જઈને બેસતી નથી. એ પહેલાં તો તેનાં અનેક વલયો, વર્તુળો રચાય છે અને કાંઠા સુધી તે વિસ્તરે છે.

રત્નકંબલના વેપારી પાસેથી સોળ રત્ન-કંબલ લેવાની એક સાદી ઘટના. તેના પડઘા કેટલા લંબાયા ? મગધસમ્રાટ શ્રેણિકની રાજગૃહીમાં તો, અનેકાનેક શ્રીમંત ગૃહસ્થો વસતા હતા. પણ શાલિભદ્ર એવા શ્રીમંત ગણાયા કે તેની પુત્રવધૂઓ આવા રત્નકંબલને પગલૂછણિયારૂપે વાપરીને નિર્માલ્યરૂપે નિકાલ કરતી હોય, એ અસાધારણ ઘટના હતી. રાજગૃહીમાં નવ્વાણું પેટીની વાત જાણીતી નહીં હોય, એમ લાગે છે.

ચેલ્લણારાણીએ શ્રેણિકરાજા પાસે રત્નકંબલની માંગણી કરી, પરંતુ રાજાને એ જરૂરી લાગ્યું નહીં. જરૂરત અને ઇચ્છા વચ્ચેનો ભેદ જે સમજે છે તે સહજ રીતે સંતોષી બની શકે છે. રાણી, ગમે તેમ તો યે એક સ્ત્રી છે. તેની નજર જ્યારે શેરી વાળનારી બાઈ પર પડી અને તેની ઓઢણી રત્નકંબલની જોઈ, એટલે ખૂબ ખિન્ન થઈ. તેના રાણીપણામાં એક ગોબો પડ્યો. રાજાને કહેવા લાગી : *"તમારા રાજાપણામાં ધૂળ પડી. જુઓ તો ખરા ! તમે મને ના કહી દીધી અને તમારી નગરીના વસાવાય આવું મોંઘું વસ્ત્ર પહેરે છે !"*



રાજાને પણ લાગી આવ્યું. વાતના મૂળ સુધી જવા જેવું લાગ્યું. તપાસ કરતાં જાણવા મળ્યું કે આ તો શાલિભદ્ર શ્રેષ્ઠીને ત્યાંના નિર્માલ્યમાંથી સાંપડી છે ! *હજી હમણાં તો એ વેપારી વેચવા આવ્યા હતા ત્યાં આ નિર્માલ્યેય બની ગઈ ! તો તો બોલાવો વેપારીને. પૂછો ! હોય તેટલી લઈ લો !* પણ...વેપારી કહે : *"સોળ નંગ હતાં તે બધાં જ ભદ્રામાતાએ લીધાં. હવે નથી."* રાજાએ કહેણ મોકલ્યું. ત્યાંથી પણ હાથ પાછા પડ્યા. "આપ મંગાવો અને ના કહેવી પડે ! આ તો મરવા જેવું ગણાય !" એ જ વખતે સોળ કંબલના બત્રીસ ભાગ કરીને પુત્રવધૂઓને આપી દીધા હતા. સાંભળીને રાજાને થયું : *આવી સમૃદ્ધિ, વૈભવ છે, તો જોવા જવું જોઈએ.*

મગધસમ્રાટ સામે ચાલીને ગયા હોય તેવા દાખલા ત્રણેક માત્ર છે. તેમાં એક તે આ, ભદ્રાને ત્યાં જવાનો દાખલો છે. ભદ્રાએ આમંત્રણ પાઠવ્યું. રાજાને પૂરા દોર-દમામ સાથે આવકાર્યા. રાજા શ્રેણિક અને ચેલ્લણા રાણી સાથે છે. એક-એક માળ ચડે છે અને આંખ પહોળી થતી જાય છે, મન ઓવારી જાય છે. ચાર માળથી ઉપર ન ચડી શકાયું. શાલિભદ્રને નીચે બોલાવવાની ફરજ પડી. બોલાવવા કોણ જાય ? એ કામ તો ભદ્રા શેઠાણી જ કરી શકે ! ગયાં. વેઢમીમાં કાંકરો આવે તેવું લાગ્યું ! *વણજમાં શું પૂછો છો ? ઠીક લાગે તે મૂલ કરી, દામ ચૂકવી, વખારે મુકાવી દો !*ભદ્રા મૂંઝાયાં. શું કહેવું ? આવું ન કહેવું પડે તો સારું, પણ હવે ઉપાય નથી. કહે : *"આ રાય કરિયાણું નથી. આ રાય તો રાજા શ્રેણિક છે. મગધ દેશના માલિક છે. આપણા સ્વામી છે. તેઓ આવ્યા છે. ચાલો ! થોડી વાર માટે આવો!"*

મન ઉદાસ થઈ ગયું ! પુણ્ય ઓછાં પડ્યાં?

***પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં, તેને કારણે રે હજી અમારે માથે નાથ છે !***

મન વિના આવ્યા. શ્રેણિક તો શાલિભદ્રનું રૂપ, સૌંદર્ય અને લાવણ્ય જોઈ જ રહ્યા ! આવું દેવતાઈ રૂપ તો સમવસરણના દેવોમાં પણ દીઠું નથી. દેહ મનુષ્યનો અને સૌંદર્ય દેવતાઈ ! મોં પરની રેશમી કુમાશ અને રૂપમાધુર્યને ચેલ્લણા પણ અપલક નેત્રે નિહાળી રહ્યાં. આંખો ચોળવા લાગ્યાં. આ શું જોઉં છું ! આવું નેત્રદીપક દેહ સૌંદર્ય અને લાવણ્યભરપૂર રૂપ આ પૃથ્વીલોક પર જોવા મળવું દોહ્યલું છે. વહાલ વરસાવવા રાજા શ્રેણિકે ખોળે બેસાર્યા પણ ક્ષણમાં તો શાલિભદ્રના મુખ પર મોતી જેવાં પ્રસ્વેદ-બિંદુ બાઝવા લાગ્યાં ! માતા ભદ્રા કહે : *"માણસનો સંગ સહી શકતા નથી; અહીંનું પાણી પણ પીધું નથી. આપ સત્વરે રજા આપો."*

શાલિભદ્ર ઉપરના માળે ગયા. એક એક શ્રેણિ ઉપર ચડતા, ચડતા જ ગયા ! નીચે ક્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ય ન ઊતર્યા. સંકલ્પ થઈ ગયો. આવું આશ્રિત જીવન ન જોઈએ. આત્માની સ્વતંત્રતા પર તરાપ છે. લોખંડની બેડીમાંથી તો ઝાટકે છુટાય પણ આ તો સ્નેહ-રાગના સૂતરના તાંતણાનાં બંધન ! હળવે હળવે, જાળવીને અળગા કરવા પડે. રોજ એક બંધન અળગું કરવું એમ વિચાર્યું અને શરૂ કર્યું ! ભદ્રાને આંચકો લાગ્યો. મનમાં અંદેશો હતો જ કે આવો દિવસ એક વાર ઊગવાનો છે જ. ચકમકના પાષાણને પાણીમાં રાખો એટલે એવું ન માનવું કે તે પાણીને સ્વીકારી લેશે. તેની અંદરનો અગ્નિ તો અકબંધ જ રહે છે. ગત ભવમાં છેલ્લી પળોએ *'નમો અરિહંતાણં'* સંભળાવનાર પેલા મુનિવરની છબી ઊંડે ઊંડે અંકિત થઈ હતી એનું કામ શરૂ થયું હતું.

કેવા યોગાનુયોગ રચાય છે ! એક બહેન સુભદ્રા. તેના સ્વામી ધન્યકુમાર. પદ્મરાગમણિની ખાણમાં મણિ જ પાકે. કાચ તો ગોત્યા ન જડે. ધન્યના જાણવામા આવ્યું ન હતું. સ્થૂળ સમાચારોની આપ-લે રોજિંદી ન હતી એ વખતની આ વાત છે. *"ભાઈ એક એક પત્નીને પરિહરે છે. દેવતાઈ ઋદ્ધિમાં અનાસક્તિ હતી, હવે તે ત્યાગના રૂપમાં પરિપક્વ બની છે."*-- આવું જાણીને, સંસારના સહજ રાગથી ઘૂંટાયેલી વેદના, સુભદ્રાની આંખમાંથી આંસુ રૂપે ધસી આવી. સ્નાનવેળાએ જ ધન્યકુમારના ખભે ઊનાં આંસુ પડ્યાં ! અત્યંત સંવેદનશીલ ધન્નાની આંખ ઉપર જોવા લાગી. સુભદ્રાની ગોળ ગોળ કાળી આંખમાં આંસુ તગતગે છે. અચરજ થયું. શું ઊણપ આવી હશે? સુભદ્રાની આંખ ભીની પણ ન થવી જોઈએ; આ તો ચૂવે છે! *"શું છે? શું છે?"*-સ્વરમાં વિહ્વળતાનો કંપ આવ્યો...

*ભાઈ રોજ-રોજ એક ત્યજે છે... ગદ્ગદ્ સ્વરે કહેવાયું.*

વાક્ય જુદા સ્વરૂપે પાછું ફર્યું : *"આ તો કાયરનાં કામ ! આ શું ? છોડવું તો છોડી જાણવું. ધીમે ધીમે બળતા ઈંધણામાંથી રસોઈ ન થાય, અરે! તાપણું પણ ન થાય!"*



*"બોલવું સહેલું છે. કરવું અઘરું છે."*

*"એમ છે? તો આજથી આઠેય પત્નીનો ત્યાગ !"*સ્વરમાં એ જ સ્વસ્થતા. નથી આવેશ કે આવેગનો કંપ ! કંપવાનો વારો હવે સુભદ્રાનો હતો.

*અરે, અરે ! ભાઈ તો જાય છે. આ તો પતિ પણ જશે ! ના, ના, દેવ ! હું તો ઉપહાસ કરતી હતી, નાથ ! એવું ના બોલો!*

ધન્ના કહે : *"આ તો હાથીના દાંત. નીકળ્યા તે નીકળ્યા."*ધન્યકુમાર માથાના લાંબા લાંબા કાળા વાળ વાળીને શાલિભદ્રને બારણે પહોંચ્યા. કમાડની સાંકળ ખખડાવી.

*"ભાઈ ! ગૂમડાનો બિયો કાઢવો છે તો વિલંબ શાને ? વાયદા શાને ? ચાલ ! જઈને વીરના ચરણમાં ઠરીને બેસીએ."*શાલિભદ્ર તો ઇચ્છતા હતા જ. એકથી ભલા બે ! આવા કપરા ચડાણમાં સથવારો ક્યાં મળે ? ભેરુની સાથે જ ભગવાન પાસે પહોંચ્યા. પ્રભુએ સ્વીકાર્યા, બાંહ્ય ધરીને ઉદ્ધાર્યા.

હવેતો જંગ જીતવા નીકળી પડ્યા છે. નવાં નવાં તપ આદરે છે. છોડ્યું એનું તો સ્મરણ પણ નથી. ઊંચી-ઊંચી ભાવધારામાં નિરંતર વહ્યે જાય છે, તેમાં જ મહાલે છે. એકાવલિ તપ આદરે છે - એક ઉપવાસ પછી એક પારણું એમ ચડતા ક્રમે સોળ સુધી પહોંચવાનું અને એ જ ક્રમે ઊતરવાનું - સોળ-પંદર-ચૌદ-તેર-બાર એમ છેલ્લે એક ઉપવાસ આવે. આ રીતે દેહની દરકાર કર્યા વિના તપોમય બન્યા છે. બાહ્ય તપ અને અભ્યંતર તપ - એ જ જીવન બની ગયું છે. જે દેહને અહીંનું પાણી પણ અડતું ન હતું એ દેહે આહાર-પાણી બન્ને ... જ્યાં ... પ્રભુનું વાત્સલ્ય સતત વરસતું રહે છે. બધાં જૂનાં કર્મો ખરી રહ્યા છે. એની દોસ્તી હવે નહીં નભે. કર્મપડળ ખરવાથી અંદરની ઉજ્જ્વળતા વધતી રહે છે. અંદરના ઉઘાડથી અજવાળું-અજવાળું વરતાય છે. દેહ તો કરમાઈ ગયો, વિલખો પડી ગયો. વિલાયેલું મોં તો કાળું જ હોય ને !

આજે તપનું પારણું હતું. રાજગૃહીમાં આવવાનું થયું છે. મધ્યાહ્ન વેળાએ ગૌચરી જતી વખતે પ્રભુ પાસે અનુમતિ લેવા ગયા. પ્રભુએ કહ્યું : "આજે તમે તમારા માતાને હાથે વહોરશો."

*"તહત્તિ."*કહી, શાલિભદ્ર માતાની શેરી તરફ સંચર્યા. ભદ્રાની હવેલીમાં તો હલચલ મચી છે. ઉપર-તળે દોડધામ છે. આજે શાલિભદ્રમુનિ પધાર્યા છે. તેમને વાંદવા માટે જવાનું છે. બધાને હૈયામાં ઉમંગ માતો નથી. સંભ્રમ શું કહેવાય તે જણાય છે. ઊમળકાને ઉતાવળ જોડે સંબંધ છે. દેહ કરતાં મન તો ગતિમાં આગળ જ હોય ને !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાલિભદ્રમુનિ સાક્ષાત્ આંગણે આવીને ઊભા છે, પણ કોણ કોને બોલાવે ? કોણ જુએ ? જીભ બીજે રોકાઈ છે. આંખ બીજું જ શોધે છે. શાલિભદ્ર નત નેત્રે ઊભા છે. *"ધર્મલાભ"*ના વેણ જીભથી બહાર આવે છે, પણ ત્યાં જ વેરાઈ જાય છે. રણમાં પડેલા વરસાદનો રેલો ક્યાંય ન દેખાય! શાલિભદ્ર પાછા વળે છે. મનમાં સહેજ વિકલ્પ આવ્યો. ત્યાં, રસ્તામાં ઘરડા ગોવાલણીએ લાભ દેવાની વિનંતી કરી ! તેને હૈયે હેત ઊભરાયાં ! છાતી ભીંજાઈ ! વહાલપ ફોરવા લાગ્યું. ભાવ જોઈ મુનિવરે લાભ આપ્યો. દહીં વહોર્યું. હૃદયના છલકતા ભાવ એ ભાવ-મંગળમાં દહીંનું દ્રવ્ય-મંગળ ભળ્યું.

પ્રભુ પાસે પાછા આવ્યા. મનમાં પ્રશ્ન હતો ત્યાં પૂછવું ન પડ્યું ! પ્રભુ વદ્યા : *"તમને જેણે દહીં વહોરાવ્યું તે તમારા માતા હતા. તમારો નવો જન્મ છે. તેઓનો એ જ ભવ છે."* શબ્દોએ હૃદયમાં જઈને આવરણ દૂર કર્યાં. એ ભવ આંખ સામે આવ્યો. મા જોયાં! ખીર જોઈ ! મુનિમહારાજ જોયા! દેહનો મોહ તો ગયો હતો જ. હવે સંસારવાસનો મોહ ગયો! મૂળ સ્વરૂપને પામવાની તાલાવેલી થઈ આવી. અણસણની અનુજ્ઞા માંગી. પ્રભુએ આપી. ધન્નાજી સાથે વૈભારગિરિ ઉપર શિલાપટમાં અણસણ સ્વીકારીને સિદ્ધોને શરણે મન મૂકી દીધું. ધ્યાનનું અનુસંધાન ત્યાં જ સધાઈ ગયું. દેહભાર ગયો ! દેહભાન ગયું!

ભદ્રમાતા પરિવાર સાથે આડંબરપૂર્વક વાંદવા આવ્યાં. સૌની આંખ શાલિભદ્રને શોધવા લાગી. જાણવા મળ્યું કે અણસણ સ્વીકાર્યું છે અને વૈભારગિરિ પર તપ કરી રહ્યા છે. કાફલો ત્યાં પહોંચ્યો ! પરંતુ શાલિભદ્રમુનિ તો 'મેરુ ચળે તો તેનાં મનડાં ન ચળે' તેવી સમાધિમાં લીન હતા.

ભાવપૂર્વક અર્ધાવનત બની, લળી લળી, વારંવાર પ્રણામ કર્યા.

એમની નિરીહતાને સજળ નેત્રે બધાં વંદી રહ્યાં.

ઋદ્ધિ તો શાલિભદ્રની. ત્યાગ શાલિભદ્રના ત્યાગ જેવો! વૈરાગ્ય પણ શાલિભદ્રનો! તપ પણ શાલિભદ્રનું!

# સંભાવનાનું સ્વાગત હો!

માનવ દેહમાં જો જોવા જઈએ તો તેનાં રૂપ-રસ-ગંધ અને સ્પર્શમાં કાંઈ ભલીવાર નથી. છતાં દરેક ધર્મના મુખ્ય અધિપતિ પુરસ્કર્તાઓએ આ માનવદેહના ખૂબ વખાણ કર્યા છે.

એનું કારણ છે. આપણો આ મનુષ્ય જન્મ અને મનુષ્ય શરીર અનંત શુભ સંભાવનાનું દ્વાર ગણાય છે.

આત્માને કર્મના વળગણમાંથી અને જન્મમરણના આ વળગાડમાંથી મુક્ત કરવાનું સાધન માનવ દેહ જ છે, આ દેહ થકી જ એ સાધના થઈ શકે છે.

માનવ સિવાયના અન્ય જીવનો વિચાર કરીએ. પશુના દેહમાં જે ચેતના છે તે ઘણી અણવિકસિત હોય છે. પશુની ચેતના શરીર અને ઇન્દ્રિયોથી ભાગ્યેજ ઉપર ઉઠેલી હોય છે. કો'ક પશુમાં વિકસિત થયેલી ચેતના જાણવા મળે તે તો અપવાદરૂપ હોય. મનુષ્ય જ યોગી અવસ્થાને પામી શકે છે.

પહેલું ધર્મતત્ત્વને ઉજાગર કરનારું પરિબળ (પ્રારંભિક ગુણો) પછી ધર્મ=દયા-દાન-પરોપકાર-સત્ય. પછી અધ્યાત્મ આવે. તેમાં નિર્લેપભાવ-દષ્ટિક્ષોભ-સાક્ષીત્વ વગેરે ભાવ આવે. તે પછી આગળ વધતાં ઉપાસના આવે; તે જેને સિદ્ધ થાય તે યોગી કહેવાય.

આપણું પરમ લક્ષ્ય તે આ યોગ છે.

**( अयं हि परमो योगो, यद्योगेनात्म दर्शनम् ।।**

**એ જ પરમ યોગ છે, જે યોગે આત્માનું દર્શન થાય=અનુભવ થાય.**

**આવા અ-લૌકિક માટે અનુકૂળ શરીર મનુષ્યનું શરીર છે. તેનું સ્વાગત કરીએ. તેને સમજીએ. તેના ઉપર પ્રીતિ સ્થાપન કરીએ તે જ પ્રથમ પગથીયું બની રહો.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આવી ઊંડી શાન્ત વૈરાગ્યદશાને પ્રણામ !

વાત માન્યામાં આવે કે ન આવે; પણ માનવાથી આપણા અંદરનું અંધારું થોડું ઉલેચાય એવી વાત છે. વાત બૌદ્ધ સાધુની છે અને તેમાં રહેલો વૈરાગ્ય તો પ્રેરણાના પરબ જેવો છે, જ્ઞાનીઓને તો ખરતા પાન પાસેથી પણ શીખવાનું કહ્યું છે.

માતા-પિતા બૌદ્ધ ધર્મના અનુયાયી હતા. પુત્રને પણ એ સંસ્કાર મળ્યા. સાધુનો સમાગમ સત્‌ને જગાવે છે. અંદર પડેલું સત્ જાગ્યું. સાધુતા ગમી ગઈ. ગમતું મેળવ્યા વિના મનને આરામ નથી થતો. સાધુ થયા. સાધુ થયા પછી સાધુતાના પરિણામ ટકાવવા માટે સાધુતાથી ભર્યા-ભર્યા પુરુષોની વાણી જ, વાડ, ખાતર અને વારિનું કામ કરે છે. તેની લગની લાગી અને દિવસ-રાત એના અભ્યાસમાં ડૂબેલા રહ્યા. જ્યાં-જ્યાંથી જે-જે વિષયનું જ્ઞાન મળે, તે બધું મેળવવા માંડ્યા.

પોતે જે ગામમાંથી દીક્ષા લીધી હતી ત્યાં મોટો બૌદ્ધ- વિહાર હતો. ગામની અલગ અલગ વ્યક્તિઓએ એમાં એક-એક ઓરડી ભેટ કરી હતી. એમાં આ સાધુ મહારાજના પિતાનું પણ યોગદાન મહત્ત્વનું હતું. તેમની એક ઓરડી તો હતી જ, ઉપરાંત એ વિહારમાં આગંતુક સાધુની સેવા-શુશ્રૂષા કરવી એ પણ તેમનું નિત્ય કર્તવ્ય હતું. પિતા તો સ્થિતપ્રજ્ઞ કક્ષાના પુરુષ હતા પરંતુ માતાને મમતા હતી.

વિહારના વ્યવસ્થાપક અધ્યાપકને માતા હંમેશા કહ્યા કરતી કે "મારા દીકરા તમને મળે તો કહેજો : "બાર બાર વર્ષ થયા, હવે એક વાર તો આ તરફ આવીને અમને દર્શન આપો. "અધ્યાપકે આ વિનંતી મનમાં રાખી અને બહારગામ અન્ય વિહાર-સ્થાનોમાં જવાનું થયું અને એ યુવાન ભિક્ષુ મળ્યા ત્યારે એમને આમંત્રણ આપ્યું. સાધુ કહે : "આપની આજ્ઞા છે તો તે તરફ આવવાનું જરૂર વિચારીશ."

અને એ સમય પણ આવ્યો. વિચરતાં વિચરતાં એ સાધુ પોતાના ગામના વિહાર-સ્થાનમાં ગયા. યોગાનુયોગ એમના પિતા હસ્તકની ઓરડીમાં જ રહેવાનું થયું. પિતાએ એ ઓરડી ખોલી આપી અને આ સાધુ એ સ્થાનમાં બરાબર એક મહિનો રહ્યા. ભિક્ષા લેવા માટે પોતાના ઘરે રોજ જવાનું બનતું, માતાના હાથે રોજ ભિક્ષા સ્વીકારતા ! એક મહિનાની



મર્યાદા પૂરી થતાં ફરી ગ્રામાનુગ્રામ વિચરતાં આગળ વધ્યા. રસ્તે પેલા અધ્યાપક ફરી મળ્યા. અધ્યાપકે પૂછ્યું : "જઈ આવ્યા ? ત્યાં રહ્યા હતા ? તમારી માતાના ઘરે જતા હતા ?" બધા પ્રશ્નોના જવાબ હકારમાં મળ્યા.

અધ્યાપક પાછા પોતાને ગામ આવ્યા ત્યારે એ યુવાન સાધુનાં માતાને મળ્યા. માતાએ અધીરાઈથી પૂછ્યું : "મારો દીકરો મળ્યો હતો ? એને કહેજો ને, આ તરફ આવે. એને જોયા બહુ વર્ષો થયાં."

અધ્યાપકને આ સાંભળી હસવું આવ્યું. હસતાં જોઈ માતા ઝંખવાયાં. અધ્યાપક કહે : "માઈ ! તમારો દીકરો તો અહીં આવીને રહી ગયો. તમારી ઓરડીમાં જ રહ્યો હતો. રોજ-રોજ તમારા ઘરે ભિક્ષા માટે પણ આવતો હતો. તમે એને ન ઓળખ્યો ?"

માજી તો આ બધા શબ્દો સાંભળતી અવાક્ થઈ ગયાં ! પગ તળેથી ધરતી સરકતી લાગી ! કહે : "શું બોલો છો ? તે અહીં એક મહિનો રહી ગયો ? મારે ત્યાં રોજ આવતો હતો એ શું એ જ હતો? અહો ! મને તો અણસાર સુદ્ધાં ન આવ્યો ! તે તો બધી રીતે બદલાઈ ગયો."

માજી ત્યાં ઊભા રહીને દીકરો જે દિશામાં હોઈ શકે તે દિશામાં બે હાથ જોડી, માથું નમાવી ભાવથી પ્રણામી રહી. ગદ્‌ગદ્ સ્વરે બોલી : "ધન્ય છે તેના વૈરાગ્યને ! જતનથી ઉછેરી મોટો કર્યો, એનાથી ચિરપરિચિત હતાં છતાં એણે અમને જરા જેટલો અણસાર પણ આવવા ન દીધો ! આવો તીવ્ર વૈરાગ્ય, આવો સહજ વૈરાગ્ય જેમના પ્રભાવે મળ્યો તેને પણ મારા કરોડો પ્રણામ !"

આટલું વાંચ્યા પછી પણ તમારે માનવું હોય તો જ માનજો. આવું હોઈ શકે તેવું સ્વીકારશો, તો જ આ સાચું માનવા પ્રેરાશો.

જો માનશો તો સાધકની અંતરંગ ભૂમિકાનો ખ્યાલ તમને આવે, આવી શકે અને તો, ક્યારેક આદર્શરૂપે આ વૈરાગ્ય દશા તમારા ચિત્તમાં સ્થપાય: ચિત્તવૃત્તિનું ઊર્ધ્વીકરણ થશે. એ જ તો સાધક-જીવનનું ધ્યેય છે.

રોજ-રોજ એ ઘરે જવું; છતાં નેત્ર-સંયમ, વાણી-સંયમ આવો કેળવવો -એ કેટલી કપરી સાધના છે! આપણને શાલિભદ્ર મુનિવર યાદ આવી જાય !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## प्रवज्यायाः प्रथम दिवसे...

# મેઘને વંદના હો !

સામે ચાલીને કરેલા નાના સુકૃતની તાકાત કેટલી ? ક્યાં એ તિર્યંચનો ભવ અને ક્યાં આ, પ્રભુ મહાવીરનો સહજ સંપર્ક જ્યાં સુલભ છે તેવો રાજપુત્ર મેઘકુમારનો ભવ ! ખરે ! *સુકૃત તો ઊર્ધ્વગામી મંત્ર છે.* સ્થળ છે મગધ દેશ. એ દેશની રાજગૃહી નગરી. શ્રેણિક રાજા. ધારિણી દેવી. સુપુત્ર મેઘ. ગર્ભના પ્રતાપે માતા ધારિણી દેવીને જે સ્વપ્ન આવ્યું હતું તે મુજબ મેઘ નામ પાડવામાં આવ્યું હતું.

યુવાન રાજપુત્ર મેઘને આઠ પત્નીઓ હતી. સુખ-સમૃદ્ધિ ભર્યા રાજમહેલમાં જીવનસરિતા સરળ વહેતી હતી. પરિસરમાં વિશાળ બગીચાઓ હતા. એના સુશોભિત લતા મંડપોમાં નાચગાન અને વાજિંત્રનાદ તો સતત ચાલતા રહેતા. મનને તરબતર રાખે તેવાં સાધનોની ભરમાર હતી. આવા માહોલમાં બીજું કશું શું યાદ આવે !

પણ કહેવતમાં કહેનારાએ કહ્યું જ છે ને કે : *ભાગ્ય છૂપે નહીં ભભૂત લગાયો !* એ મુજબ, જે નસીબ હતું તેના કારણે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનાં દર્શન-વંદનનો યોગ મળ્યો. વીરની વાણી શ્રવણનો સંયોગ થયો. રોજ-રોજ એ વાણીનું સેવન કરવું ખૂબ ગમ્યું. એ વાણીની વિશેષતાઓને એમના વિશાળ મુનિવૃન્દોમાં ઘણા-ઘણા મુનિવરો સાથે મળીને મેઘકુમાર વાગોળતા હતા. પ્રભુએ વર્ણવેલી સંસારની નિર્ગુણતાનું, નિઃસારતાનું વર્ણન મનમાં પડઘાતું હતું :

*સંસારમાં ચારે ગતિમાં, ચોવીસે દંડકમાં ચોર્યાસી લાખ જીવાયોનિમાં અને ચૌદરાજલોકમાં જીવો કેવા-કેવા પ્રકારે સંક્લેશવાળા પરિણામથી કર્મ બાંધે છે; ભોગવે છે અને ધર્મના પ્રભાવે કેવી રીતે તે કર્મથી મુક્ત થાય છે...* --આ બધું કાનમારગ થઈને હૈયાસોંસરવું ઊતરી ગયું. રંગરાગની દુનિયા હવે અકારી લાગી.

માતાને વાત કરી. માતાનું મન બાળકને પટાવે તેવા શબ્દો કહે છે : *"સંસાર તો સુખથી ભરેલો છે. સંયમ તો દુઃખની ખાણ છે. વળી તારા અને તારા સ્વજનોના સંબંધો તો મીઠા મધુરા છે. તારી એક-એક પત્ની તારા માટે પોતાનો જાન કુરબાન કરવા તત્પર છે. આવી સુખભરી છોળ છોડીને -તરછોડીને જવાનું શાને વિચારો છો ?"*

કુમાર મેઘે પ્રભુવાણીનું અંજન કર્યું હતું તેથી તેમની નજરને હવે સમગ્ર સંસાર તેના વાસ્તવિક રૂપમાં દેખાવા લાગ્યો હતો. માતાને એક-એક મુદ્દાના સચોટ ઉત્તર આપ્યા :

*"સંસાર સોહામણો લાગે છે તે તો કોલસા ઉપરનો વરખ છે ત્યાં સુધી જ. જેવો વરખ ખસ્યો પછી તેનું સ્વરૂપ કેવું લાગે છે !'*

*"સંયમ દુઃખ ભર્યો છે તે એક પૂર્વગ્રહ ભરેલી માન્યતા છે. સુખ અને દુઃખ સાપેક્ષ જ હોય છે. ઉપરથી દેખાતાં દુઃખની નીચે કેવું છલોછલ સુખ ભર્યું છે તે તો નજરનું દાન મળે પછી જ સમજાય. હે માતા ! તમે કહો છો કે સ્વજનોનો સ્નેહ છે. મને એ તો કહો કે આયુની દૃષ્ટિએ તમે પહેલાં જશો કે મારે પહેલાં જવાનું થશે એ જ્ઞાન કોની પાસે છે ? એટલે એ સ્નેહ પણ કેટલો બટકણો પાંગળો અને પોકળ છે તે અનુભવવાનો વિષય નથી પણ બધી રીતે સમજાઈ ચૂકેલી બાબત છે. મનુષ્યભવના આ દેહની સાર્થકતા, સકળજીવોને અભયદાન આપવામાં છે એટલે મેં સંયમનો નિર્ધાર કર્યો છે. "*

માતાને ખાત્રી થઈ કે વૈરાગ્ય છે અને તે જ્ઞાનગર્ભિત છે. ઠાલો ઊભરો નથી. માતાએ સંમતિ આપી.

આમેય રાજપુત્રની દીક્ષા અનેકને બોધિની પ્રાપ્તિ કરાવનાર બને. આ તો, મગધસમ્રાટ શ્રેણિક રાજા, જેઓ નિશ્ચલ સમકિતી છે, તેના પુત્ર. વળી શ્રમણ ભગવાન મહાવીર મહારાજા પાસે પ્રવજ્યા -દીક્ષા ગ્રહણ કરે તે પ્રસંગ તો અનેકના હૈયામાં સંવેગના દીપકને પ્રગટાવનારો બની રહ્યો.

પ્રભુજીનો વરદ કર જેમ-જેમ મસ્તક ઉપર ફરી રહ્યો હતો તેમ-તેમ મેઘના હૃદય-વીણાના તાર રણઝણવા લાગ્યા. અમૃતનો સંચાર અનુભવવા લાગ્યા. મેઘ નવો અવતાર પામ્યા. જીવનની ધન્યતાનો અહેસાસ થયો.

શ્રુતસ્થવિર મુનિવરને મેઘમુનિ પ્રથમ દિવસથી જ સોંપાયા. ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાની તાલીમ શરૂ કરવામાં આવી. મેઘમુનિની ગ્રહણશક્તિ અતિતીવ્ર હતી. ખૂબ જ જલદીથી તેઓ શિક્ષણ ગ્રહણ કરે છે તેવું સ્થવિર મુનિવરોને લાગ્યું.

દિવસ તો ક્યાંય પૂરો થયો તેની ખબર ન રહી. રાત પડી. પ્રતિક્રમણ થયું. સંથારાપોરિસી ભણાવાઈ. સાધુગણના વ્યવસ્થાપક વૃષભ મુનિવરે બધી વ્યવસ્થા કરી, તેમાં મેઘનું સંથારાનું સ્થાન, નૂતન મુનિ હોઈ ઠેઠ બારણાં પાસે આવ્યું. આજનો આ અનુભવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલીવારનો જ હતો. સંથારો થયો. સૂતા, પણ નિદ્રા ? નિદ્રા ન આવી ! ક્યાંકથી અવાજ આવતો હતો. અલગ-અલગ જૂથમાં બેસી મુનિઓ સૂત્રવાચના, અર્થવાચના, પૃચ્છના, પરાવર્તનારૂપ સ્વાધ્યાય કરતા હતા. ભલે બધા ધીમેથી જ બોલતા હતા પણ જેમ રાત ઠરે તેમ અવાજ મોટો લાગતો. આ અવાજથી નિદ્રા વેરણ બની. અધૂરામાં પૂરું જે મુનિઓ લઘુશંકાએ જાવ-આવ કરે તે બધાના



પગ, કાં તો કોણીએ અડે, કાં પીઠને અડે, કાં પગ પર પડે. વારંવાર બેઠાં થઈ જવાતું. મન વિચારે તો ચડ્યું પણ પછી આહટ્ટ દોહટ્ટ ચિંતવવા લાગ્યું; નબળા વિચારે ચડ્યું. અરે ! આ એ જ મુનિવરો છે જે મને પહેલાં બોલાવતા હતા, ધર્મચર્ચા કરતા હતા ! આજે જાણે ઓળખતાં જ ન હોય તેમ, પગથી કોણીએ, પીઠમાં અને પગમાં તેઓ ઠેસ પહોંચાડે છે. મનમાં પણ એની ઠેસ લાગી. હું તો હવે સવાર પડે કે તરત પ્રભુ મહાવીરને પૂછી ઘેર ચાલ્યો જઈશ.

રાત ક્યારે પૂરી થાય ને સવાર ક્યારે પડે ! ઉપવાસ લાગ્યો હોય અને જેમ સવારની રાહ જુએ તેમ મેઘે જેમતેમ રાત પૂરી કરી. વહેલી સવારે પ્રભુ પાસે હાજર થયા.

પ્રભુ કેટલા કરુણાવંત છે ! કહોને કે પ્રભુની કરુણાના કોઈ કિનારા જ નથી. પ્રભુએ મેઘને તો નબળી વાત કહેવાનો મોકો જ ન આવવા દીધો ! મધુર અવાજે પ્રભુ વદ્યા : *"મેઘ ! શું રાત્રે ઊંઘ ન આવી ? સાધુઓના પગની ઠેસ વાગી ? ધૂળ અને રજથી શરીર અને સંથારો ભરાઈ ગયો ? વત્સ ! તમે તો ઉત્તમ કુળના છે. આટલું સહન કરવામાં કંટાળી ગયા ! ગયા ભવમાં તો તમે કેટ-કેટલું સહન કર્યું હતું ! આ તો મનુષ્યભવ છે. ત્યારે તો તમે હાથી હતા. વનમાં વારંવાર લાગતાં દાવાનળથી તમને ખૂબ જ ડર લાગતો. એથી બચવા માટે તમે જાત મહેનતથી એક વિશાળ માંડલું બનાવ્યું. એમાં એક પણ તણખલું ન રહે તે માટે ત્રણ-ત્રણ મહિને તમે સ્વચ્છ કરતા. કાળને કરવું ને દવ લાગ્યો. ભયભીત થયેલાં વનનાં બધાં જ પશુ-પ્રાણીઓ ત્યાં તમારે આશરે આવી ગયા. સંકડાશ તો ખૂબ પડી પરંતુ તમારી ઉદારતાએ સહુનો સુખે-દુઃખે સમાવેશ થઈ ગયો. કોઈ હલી-ચલી શકે તેટલી પણ જગ્યા ન રહી. તેમાં તમારા એક પગને સહેજ ખજવાળવા એક પગ ઊંચો કર્યો. ખજવાળીને જેવો પગ પાછો જમીન પર મૂકવા ગયા ત્યાં પગ તળે પોચો-પોચો સ્પર્શ થયો. વળીને જોયું તો પગ મૂકવાની જગ્યાએ સસલું હતું ! તમારા મનમાં શુભ વિચાર આવ્યો : ભલે રહ્યું ! હમણાં દવ શમી જશે પછી તો પગ નીચે મૂકી દઈશ.*

*અત્યારે તમે શું સહન કર્યું છે ! ગયા ભવમાં તે જે સહન કર્યું તે જાણ ! અઢી દિવસ પછી દવ શમ્યો. બધાં પશુઓ વનમાં દોડી ગયાં. ઊંચો રાખેલો પગ નીચે મૂકવા ગયો પણ જકડાયેલો પગ નીચે ન મૂકી શકાયો. ભારેખમ શરીર નીચે પટકાયું. ભૂખ્યો-તરસ્યો ત્યાં પડ્યો છતાં તારું મન ન દુઃખાયું. અહીં માત્ર એક રાતમાં તારા શરીરને આવા પરમ તપસ્વી મુનિવરોના ચરણ અડ્યા ને મન દુઃખાયું ?"*

પ્રભુજીની પ્રશાંત વાણી સાંભળી; જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ સમક્ષ દેખાયો ! એ વાણી પર વિશ્વાસ વધ્યો. મન લજ્જિત થયું. બે હાથ જોડી, લલાટે લઈ જઈને કહેવા લાગ્યા : *"પ્રભો ! આપે મહાઉપકાર કર્યો. મારા જીવનરથને ઉન્માર્ગે જતાં અટકાવીને સાચે રસ્તે વાળ્યો. રાતભરનો ઉદ્વેગ લઈને હું આપની પાસે સંયમનો ત્યાગ કરવાનો વિચાર લઈ આવ્યો હતો. આપની*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*કરુણાએ કમાલ કરી. સંયમત્યાગની વાત તો વિલાઈ ગઈ, સાથે-સાથે દેહની મૂર્છા ત્યાગવા માટે મન તૈયાર થઈ ગયું આવા પવિત્ર મુનિવરોના ચરણ વડે, કે કોઈના પણ વડે મારા શરીરને સ્પર્શ થાય કે ઠેબે ચડે, ચગદે તો પણ મનમાં દુર્ધ્યાન નહીં કરું; કશી દરકાર નહીં કરું. આવો અભિગ્રહ આપો ! આજે આટલી કૃપા કરો !"*

પ્રભુએ પ્રસન્નવદને પચ્ચક્ખાણ આપ્યાં. પ્રભુના ઉપકારને વાગોળતાં વાગોળતાં મેઘમુનિ સ્થાને આવ્યા. ચિત્તવૃત્તિઓનું ગંગાસ્નાન થયું હતું !

દીક્ષાની પહેલી જ રાત્રે થયેલા અનુભવથી મનમાં તુમુલ યુદ્ધ થયું, મન સંયમ ત્યજી દેવા સુધી પહોંચ્યું. આ કુવિકલ્પ આવ્યો એ સાચું પણ એ કાળા વાદળમાં રૂપેરી કોર એ હતી કે પ્રભુમાપૃચ્છસ્ય ગૃહમાસ્વામિ (પ્રભુને પૂછીને ઘરે જઈશ) આવા કામમાં પણ પ્રભુને વચ્ચે રાખ્યા તે તેઓની ઉત્તમતા. તેથી તેઓ બચ્યા. જીવનની બાજી હારવાના કિનારે પહોંચ્યાં હતા તેમાંથી આખી બાજી જીતી ગયા ! જે દેહને કારણે સંયમમાં અપ્રીતિ થઈ હતી તે દેહને જ વોસિરાવ્યો. દેહની મમતાનું વિસર્જન કર્યું. શરીરને વિવિધ તપશ્ચર્યામાં ગાળી દીધું. પાપવૃત્તિઓ વિખરાઈ ગઈ. માત્ર બાર વર્ષનો સંયમ પર્યાય પાળી અનુત્તરમાં દેવ થયા. ત્યાંથી મહાવિદેહમાં જઈ સકલકર્મનો ક્ષય કરી મોક્ષમાં વિરાજમાન થશે.

# એક સ્ત્રીના વેણે તાંબું બને છે સોનું

આખા ઘરમાં આજે એક જ રંગ ચોતરફ રેલાયો છે. આવેલાં તમામ સગાં-સ્નેહી અને સ્વજનોની જીભમાં જ નહીં આંખમાં પણ માત્ર ભવદેવ જ દેખાય છે, સાથેબીજું નામ નાગિલાનું ઉમેરાયું છે, પણ અત્યારે તો આદર્શ દંપતીના નામની જેમ નાગિલા ભવદેવમાં સમાઇ ગઇ છે. એકશેષ થઇ ગઈ છે તેને શું જોઈએ છીએ ! તે શું કરે છે ! હજી ગઈ કાલે જ લગ્ન થયાં છે. ચોળેલી પીઠીની હળદરની સુગંધ વાતાવરણમાં મહેકે છે. ઘર તો એનું એ જ છે પણ કોઈક નવી વ્યક્તિની હાજરીથી એ પણ નવું નવું લાગે છે.

આવેલા સ્વજનોનો ઉમંગ અને ઊમળકો આગિયાની જેમ ચારે બાજુ ઊડાઊડ કરતો દેખાય છે.

ભવદેવ તો કુળ અને દેશના રિવાજ મુજબ બંધ ઓરડામાં નવવધૂ નાગિલાને શણગારી રહ્યા છે. યક્ષકર્દમ કસ્તૂરી ગોરોચન અંબર જેવાં સુગંધી દ્રવ્યોના દ્રાવણમાં મોરપીંછીના છેડા વડે નાગિલાના કપોલ પ્રદેશમાં પુષ્પવલ્લરીનું ચિત્રણ ચાલુ હતું. મુખ શોભા તો થઈ રહી હતી પણ એ ફૂલવેલી ચીતરતાં ચીતરતાં જ નીચે ચિબુકની વચાળે જે લાલ તલ હતો તે ભવદેવને ખૂબ ગમતો હતો. તેના ફરતે ગોળ વલય રચવાનું મનમાં ગોઠવતા હતા.

ત્યાં બહારના વરંડામાં કોલાહલ વધ્યો. ભવદેવના મોટાભાઇ ભવદત્તમુનિ બહારથી વિહાર કરીને પધાર્યા હતા. સગા-સ્નેહીના હૃદયનો ઊમળકો મુખરિત થઈ ઊઠ્યો. "પધારો...પધારો..."એવા આવકારના અવાજ ગુંજવા લાગ્યા. કો'ક બોલ્યું પણ ખરું, બધા સગાં-સ્વજન આવી ગયાં હતાં. આ એક બાકી હતા તે પણ આવી ગયા. ચાલો સારું થયું.

પણ ભવદત્તમુનિના કાન આ વાક્ય સાંભળવા ક્યાં તૈયાર હતા ! તેમની આંખો તો આતુર નજરે ભવદેવને શોધી રહી હતી.

પૂછી જ લીધું. "ભવદેવ ક્યાં છે ? "

ઘરના સ્વજનોએ બંધ ઓરડાના બારણે ટકોરા દીધા અને કહ્યું કે, "ભવદત્તમુનિ પધાર્યા છે તમને બોલાવે છે !"

નાગિલાએ જ કહ્યું કે, "તમે જઇ આવો." ભવદેવનું મન અરધી શણગારેલી નાગિલાને એમને એમ મૂકીને જવા માટે માનતું ન હતું પણ નાગિલાએ હૈયાધારણ આપી, "થોડીવાર માટે જઇ આવો, હું અહીં જ બેઠી છું."

કચવાતે મને, મનને ત્યાં ઓરડામાં મૂકીને શરીરથી જ બહાર ગયા. ભવદત્તમુનિને પ્રણામ કર્યા.

ભવદત્તમુનિએ ભવદેવના મુખ સામે અછડતું જ જોઈ લીધું. આજુબાજુ ઘેરાયેલા ટોળાને ટાળીને તરત જ ઘરના પગથિયાં ઊતરવા લાગ્યા. તેમણે તો ભવદેવને પાતરું આપી દીધું, એ વહેલી આવે ઉપાશ્રયની વાટ... ! ભવદેવની સામે જોયા વિના વાત ૧, માંડી દીધી... સ્વજનો તો શેરી સુધી... થોડા નજીકના જન પાદર સુધી વળાવવા આવ્યા.

ભવદેવ તો મન પેલા ઓરડામાં મૂકીને આવ્યા હતા છતાં ભાઈ મહારાજે આપેલું પાતરું તેઓ ન માંગે ત્યાં સુધી સામેથી કેમ અપાય ! આ સુદાક્ષિણ્ય ગુણથી હૃદય રંગાયેલું હતું. મહારાજ તો એ નદી, એ આંબાવાડિયું,એ જેમાં પોંક પાડીને ખાધા હતા તે ખેતરની વાતો યાદ કરાવે છે. ભવદેવ તો 'હા' પાડવાની જગ્યાએ 'ના' પાડે છે અને 'ના' પાડવાની જગ્યાએ 'હા' પાડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનમાં ગણત્રી સતત ચાલે છે. ઘરના પગથિયાં ઊતરતાં આપેલા પાત્રા વખતે શેરીનો વળાંક એ સીમા હતી. આગળ ચાલ્યા ત્યારે ભાગોળ સુધી મનને વિસ્તાર્યું. વળી આગળ વધ્યા ત્યારે ઉપાશ્રય સુધી લઈ જશે પછી તો તેઓ પાત્રું લઈ લેશે અને તે પછી એ જ નાગિલાના શણગારમાં રમમાણ થઈશ. મનમાં નાગિલાના કુણાશભર્યાં અંગોપાંગ રમે છે તેને શણગારવાના ઓરતા રચાય છે. લજ્જાથી શરમાળ બનેલું નમણું મુખ તેને અતિપ્રિય હતું. લજ્જાથી ઢળેલાં નેત્રનાં પોપચાંની સુરખી તેને ટીકી ટીકીને જોવા જેવી લાગતી હતી.

અત્યારે એ યાદમાં મન ખોવાયેલું હતું. ત્યાં અચાનક ભવદત્તમુનિ ઉપાશ્રયમાં પેસતાં મોટે અવાજે "નિસીહી નિસીહી" બોલ્યા અને ભવદેવનો રાગ તાંતણો તૂટ્યો.

જ્યાં ગુરુ મહારાજ પાસે થઈને ભવદત્તમુનિ સમવયસ્ક મુનિઓ બેઠા હતા ત્યાં પહોંચ્યા ત્યારે એક મજાકિયા મુનિવર બોલ્યા, "જુઓ, ભવદત્તમુનિ પોતાના ભાઈને દીક્ષા આપવા લઈ આવ્યા છે !"

ભવદત્તમુનિએ પહેલીવાર ભવદેવ સામે જોઇને પૂછ્યું, "કેમ, દીક્ષા લેવી છે ને ?" આટલા બધા મુનિઓની સામે મારા મોટાભાઇ ખોટા પડે તેવું કેમ થવા દેવાય ! પેલી સીમા ઉપાશ્રય સુધીની હતી. તે ભવદત્તમુનિના જીવન સુધી લંબાવી દીધી અને 'હા' ભણાઈ ગઈ ! એ 'હા' કેવી હતી તે કોને જોવી હતી ! અહીં તો 'હા' એ મુહૂર્ત ! રાખ હાથમાં લીધી, નવકાર ભણ્યો, લોચ કર્યો, દીક્ષા થઈ ગઈ, સંયમ પાળે છે, સામાચારીનું પાલન થાય છે. માત્ર પચ્ચક્ખાણ પારતી વખતે દશવૈકાલિકની સત્તર ગાથાના પાઠ વખતે એક પદમાં જુદો પાઠ બોલે છે. મૂળમાં ' ન સા મહં નો વિ અહં પિ તીસે' એવો પાઠ છે. ભવદેવમુનિ કહે કે, એમ ખોટું કેમ બોલાય !

એ નાગિલા મારી છે અને હું તેનો છું ! એવો જ પાઠ પોતે રોજ બોલે છે. પોતાના મનમંદિરમાં પધરાવેલી નાગિલાની ત્રિકાળ આરતી ઉતારાય છે. એના મનમાં તો ઓરડામાં બેઠેલી એ જ અર્ધશણગારેલી નાગિલા છે. એક દિવસ તો એ ઊગવાનો જ હતો. બાર વર્ષે એ દિવસ ઊગ્યો. ભવદત્તમુનિ સ્વર્ગવાસી બન્યા.

ભવદેવમુનિ કોઈને કશું કહેવા પણ ન રોકાયા. સીધાં જ રાષ્ટ્રકૂટનગરના રસ્તે પડ્યા. પહોંચ્યા એ ગામના પાદરમાં ! શુકન સારાં થયાં. પનિહારીઓએ ગામના પાદરના કૂવેથી પાણીની ગાગર ભરી માથે મૂકી ઘર ભણી ચાલતી હતી ! ક્યારેક ત્રણ...ક્યારેક ચાર... સરખે સરખી ઉંમરની જતી હતી ત્યાં એક તરુણી જેવી માથે ઘડો મૂકી ચાલવા લાગી ત્યાં જ ભવદેવમુનિએ પૂછ્યું, "આ ગામમાં નાગિલા રહે છે, તેનું ઘર ક્યાં આવ્યું !" "તમે મારી પાછળને પાછળ ચાલ્યા આવો, હું એ ભણી જાઉં છું." ભવદેવને હૈયે ટાઢક થઇ. હાશ ! હવે એ ઘર મળશે એ નાગિલા પણ મળશે ! એક વળાંક આવ્યો ત્યાં વળીને એક ખડકી આવી. આગળ પાણીહારીને પાછળ મુનિ ! જેવા મુનિ ખડકીમાં પેઠા એટલે પાણીહારીએ ઘડો ઓટલે મૂકીને ખડકી અંદરથી વાસી.

ભવદેવમુનિ જ્યાં ઊભા હતા ત્યાં આવી મુનિની ઢાળે જ ઊભા અને બોલ્યા, 'હું જ નાગિલા છું, બોલો શું કામ છે !' મુનિ તો નાગિલાને પગના અંગૂઠાથી માથાની ઓઢણી સુધી નીરખી રહ્યા. પેલી મનમંદિરમાં વિરાજિત નાગિલાની મૂર્તિ ક્યાં અને પરમ તપસ્વિની મુદ્રામાં વિરાજતી નાગિલા ક્યાં ! દેહ કાંતિથી દીપતો હતો પણ માંસ લોહી નહિવત્ હતાં.

બોલવાની શરૂઆત નાગિલાએ જ કરી તેણે મુનિને ઓળખતાં, મુનિના આશયને જાણતાં વાર ન લાગી. કેટલીક સ્ત્રીમાં સામી વ્યક્તિને માપવાની શક્તિ કુદરતે દીધી હોય છે, તેવી ભેટ નાગિલાને મળી હતી. તે પામી ગઈ. તેણે કહ્યું, "આ કાયામાં શું જુઓ છો ? તમે તો સંસાર છોડ્યો, ઘર છોડ્યું, હજી મને વીસર્યા નથી ? જે દિવસે તમે સંયમ સ્વીકાર્યો તે જાણ્યું તે દિવસથી મેં આયંબિલ માંડ્યાં છે ! આજકાલ કરતાં બાર વર્ષની વસંત વીતી છે. મેં તો મનને વાળી લીધું. પરિસ્થિતિનો સ્વીકાર કરીને મન : સ્થિતિને ઘડીને અન્તર્મુખ બની રહી છું."

આમ વાર્તાલાપ ચાલતો હતો ત્યાં જ ખડકીનું બારણું ખખડ્યું. એક યુવાન બ્રાહ્મણ પુત્ર દાખલ થયો. નાગિલાના ઘરને અડીને જ બીજું ઘર હતું, ત્યાં બહાર ઓટલા પાસે ઊભા રહી પોતાની માને બોલાવીને કહે છે કે, 'એક મોટી કથરોટ આપો, હું સુંદર ખીરનું ભોજન કરીને આવ્યો છું. તેને ઓકી કાઢવી છે, થોડી વધુ દક્ષિણા મળે તેમ છે.તેને ત્યાં થોડું જમીને પછી આ ખીર ખાઈ લઈશ.'

મા કાંઈ જવાબ આપે તે પહેલાં જ ભવદેવમુનિ બોલ્યા, "અરે મૂર્ખ ! આ કેવી વાત કરે છે, જે વમી દીધું છે તે ફરી ખાવા ઇચ્છે છે !"

નાગિલાએ તરત તક ઝડપી લીધી. મુનિને કહે, "એને વમેલું ન ખવાય તેમ કહો છો તો તમે શું કરવા આવ્યા છો ? તમે મને એકવાર વમી દીધી ને હવે આ હાડ, ચામ, માંસની પૂતળીને મેળવવા આવ્યા છો ?"

ભવદેવમુનિ શરમિંદા બન્યા. વચનો સોંસરા વાગ્યાં. અંદરનું મન વીંધાયું. મનની બધી જ વિચારલહેરીઓ શાંત થઈ ગઈ !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાગિલા મન : પરિવર્તનને પળમાં પામી ગયાં. કહે કે, "તમે કેવું સુંદર કામ કર્યું છે, હવે હીણું કામ કરવાના કોડ થયા છે ! ! મારામાંથી મન કાઢીને તરત પાછા વળો, ગુરુમહારાજના ચરણોમાં માથું મૂકીને બધા પાપ આલોવીને શુદ્ધ થઈને બાકીનાં વર્ષો સંયમ પાળીને આત્માનું કલ્યાણ સાધો, તમે તો ઉત્તમ કુળના છો."

ભવદેવ મુનિને કશું જ બોલવા જેવું ન લાગ્યું. એના જેવા બોલ આ અગાઉ ભવદેવના કર્ણપટ પર આવ્યા હતા પણ ત્યાંથી જ પાછા ફર્યા હતા. જ્યારે આ શબ્દો તો સીધા હૃદયને જ સ્પર્શ્યા અને તેમની વૃત્તિઓ ઊર્ધ્વમુખી બની, તેઓ ગુરુ શરણે જઈ સંયમી બન્યા !

# ધન્ય લોક, ધન્ય નગર, ધન્ય વેળા



સિદ્ધરાજ જયસિંહ માળવાનો વિજય કરીને તાજા તાજા આવ્યા. ત્યાંથી અઢળક સંપત્તિ તો લાવ્યા, પણ સાથે રાજ્યનો પુસ્તક-ભંડાર પણ લાવ્યા. આ સાહિત્ય-ખજાનામાં રાજાભોજ રચિત સંસ્કૃત વ્યાકરણ પણ હતું. એ જોઈ જિજ્ઞાસુ રાજાને ચટપટી થઈ. પંડિતોને પૂછ્યું : "આપણે ત્યાં કયું વ્યાકરણ ભણાવવામાં આવે છે ?"

"ક્યાં તો રાજા ભોજનું અથવા પાણિનીનું." જવાબ મળ્યો.

"શું આપણું, આપણાં ગુજરાતનું કોઈ વ્યાકરણ નથી શું ?" વિસ્મયથી રાજાએ પૂછ્યું.

**विद्वान कोपि कथं देशे विश्वेऽपि गूर्जरे ।**
**सर्वे संभूय विद्वांसो हेमचन्द्रं व्यलोक्यत् ॥**

"નથી વિદ્વાન કોઈ શું ? સમસ્ત ગુજરાતમાં,
એકી સાથે બધાં નેત્રો ઠર્યાં શ્રી હેમચન્દ્રમાં."

ભરી સભામાં રાજાએ પડકાર કર્યો. આપણા રાજ્યમાં છે કોઈ વિદ્વાન જે આવું વ્યાકરણ રચી શકે ! બધા વિદ્વાનો નત મસ્તકે ચૂપ રહ્યા, પણ અંદર અંદર મસલત કરી પછી એક અવાજે સહુના મોઢે એક નામ નીકળ્યું. શ્રી હેમચન્દ્રાચાર્ય મુનિ જ આ કરી શકે ! રાજાએ તેમના તરફ દૃષ્ટિ કરી. સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે આ પડકાર ઝીલ્યો!

પરિણામે માત્ર એક જ વર્ષની ટૂંકી અવધિમાં પાંચ અંગ સહિતનું વ્યાકરણ રચાયું !

લઘુવૃત્તિ : છ હજાર શ્લોક પ્રમાણ,

મધ્યમવૃત્તિ : બાર હજાર શ્લોક પ્રમાણ,

બૃહદ્‌વૃત્તિ : અઢાર હજાર શ્લોક પ્રમાણ,

બૃહન્નયાસ : ચોર્યાસી હજાર શ્લોક પ્રમાણ, ઉપરાંત

ઉણાદિ ગણ વિવરણ અને ધાતુ પારાયણ.

વિ. સં. ૧૧૯૩માં પ્રારંભ કરી બીજે વર્ષે, વિ. સં. ૧૧૯૪માં પૂર્ણ થયું.

સવા લાખ શ્લોકની રચના આ એક વર્ષમાં કરી ! એટલે તો કલિકાલ સર્વજ્ઞના ઉપાશ્રયને "સરસ્વતીનું પિયર" (ભારતી પિતૃ મન્દિરમ્) કહેવાય છે ! આવું અશક્ય લાગતું કાર્ય આટલા ટૂંકા સમયમાં કર્યું તેથી રાજા આ અપાર્થિવ શક્તિથી ખૂબ અંજાયો. આવી સિદ્ધિ ન જોઈ શકનાર ઘણાં અકળાયાં. સજ્જન-નયન-સુધારસ-અંજન, પણ દુર્જનો તો ત્યાં આંખ પણ ન માંડી શક્યા જાણે ભરણી નક્ષત્રમાં આવેલો સૂર્ય ન હોય !

પંડિતોનાં માથાં ધૂણવા લાગ્યાં, કોઈ દૈવી શક્તિનો આ પ્રભાવ છે એ નક્કી.

કાળ થંભી ગયો. એક ઈતિહાસ રચાયો. કાર્ય એમાં ઊંડું કોતરાઈ ગયું.

સમય વીતતો ગયો તેમ તેમ એ નામ વધુ ને વધુ ઊજળું થતું ગયું.

પાટણ નગરીમાં આજે ચારેકોર થનગનાટ અને તરવરાટ છવાયો છે. વહેલી સવારથી નર-નરીઓ ઘરને, આંગણાંને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહોલ્લાને, શેરી-ચૌટાને શણગારવામાં મશગૂલ છે. પોતે પણ બધાં નવાં નવાં વસ્ત્રો અને અલંકારથી સૂજ્જ થયાં છે. જાણે કોઈ મોટો તહેવાર !

ચોરે ને ચૌટે, ચકલે ને ચોકે, બજારે ને ગંજમાં બધે લોકો લાંબા લાંબા હાથ કરી એક જ વાત કરતાં હતાં. માન્યામાં ન આવે એવી વાત હતી. "અરે ! સાંભળ્યું ? નગરમાં આજે હાથી ફરવાનો છે ! પાટણની ગલીઓમાં હાથી ન પ્રવેશે એવો કાયદો છે !"

કોઈએ કહ્યું : "હૃદયનો ઊછળતો ઉલ્લાસ કાયદાને ગણકારતો નથી. આજ તો સમસ્ત ગુજરાત ગૌરવભેર મસ્તક ઉન્નત રાખીને ફરે તેવું બન્યું છે !"

ગુજરાતના એક સપૂતે, મૂર્ધન્ય વિદ્વાને માત્ર એક વર્ષના સમયમાં પોતાના સાધુ-જીવનની બધી આચાર-સંહિતાના પાલન કરવા પૂર્વક સવા લાખ શ્લોક પ્રમાણ નવીન વ્યાકરણ - પંચાંગી પૂર્વક - રચી આપ્યું, તેની આજે સમ્માન-યાત્રા છે. હાથીની અંબાડી ઉપર તે પધરાવવામાં આવશે અને સમગ્ર શહેરના માર્ગો પર તેને ફેરવવામાં આવશે. નગરનાં હજારો નર-નારીઓ સમેત સાધુ ભગવંતો પણ એ યાત્રામાં જોડાશે. આજનો દિવસ ધન્ય બનશે. ઇતિહાસમાં અમર બનશે.

રાજા સિદ્ધરાજ પણ આ યાત્રામાં જોડાયા. વિરલ રચના કરનાર આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજા પણ જોડાયા.

અદ્ભુત દશ્ય રચાયું. જ્યાં જ્યાંથી આ ગ્રન્થની સ્વાગત-યાત્રા પસાર થઈ ત્યાંથી તેને મોતીથી વધાવ્યા, ઓવારણાં લીધા; એનાં ગીતો ગાયાં, વાજિંત્રના મધુર લય સાથે તાલબદ્ધ રાસ લીધા. એવી ધામધૂમ થઈ કે આખું નગર હિલોળે ચડ્યું.

ગુજરાતમાં સારસ્વત યુગનાં પગરણ મંડાયાં. મા શારદાનું સિંહાસન સ્થપાયું. રાજા સિદ્ધરાજે પણ વિદ્યાનું ઉત્તમ અને અનેરું સમ્માન કરી અનેક અન્ય રાજ્યોને રાહ ચીંધ્યો. વિદ્યા એ તો લાખેણું વરદાન છે. વિદ્યાની દેવી કોઈકના જ ગળામાં વરમાળ આરોપે છે. એવી સુભગ પળ મળે ત્યારે તેને વધાવી લેવી જોઈએ. વિદ્યા તો સદા સન્માન પામે છે. ધન-સંપત્તિથી પણ અદકેરું બહુમાન કરવું જોઈએ. વિદ્યા તો દીવો છે. વિદ્યા વિવેકને પ્રગટાવે છે. દીપ-જ્યોતની જેમ જીવનને ઊર્ધ્વગામી બનાવે છે અને સદા ઉન્નત રહે છે.

અજબ શક્તિના ભંડાર સમી આ વિદ્યા અને ગુજરાતમાં તેનું પ્રથમ સોપાન સ્થાપન કરનાર શ્રી હેમચન્દ્રાચાર્ય અને શ્રી સિદ્ધરાજ જયસિંહ બન્નેને અમર કરતું "શ્રી સિદ્ધ હેમ શબ્દાનુશાસન" ચિરકાળ જયવંતું વર્તો !!!

OOO

# ધન્ય હો ! ધન્ય ! સૌરાષ્ટ્ર ધરણી

પરમાહર્ત રાજા કુમારપાળે ગિરનાર અને ગિરિરાજ શત્રુંજયનો છ'રી પાળતો સંઘ પાટણથી કાઢ્યો છે. કલિકાલ સર્વજ્ઞ વગેરે અનેક આચાર્ય ભગવંતોની નિશ્રા છે. આ વિશાળ સાજન-માજન સાથેનો સંઘ ગ્રામાનુગ્રામ મુકામ કરતો વલ્લભીપુર નગરની બહાર આવ્યો છે. ત્યાં પાદરમાં ઈસાળવો અને થાપો નામના બે પહાડ ઊભા છે. આજે આ બે પહાડ ચમારડી ગામના સીમાડામાં આ જ નામે ઓળખાય છે. ત્યાં જ આ સંઘનો પડાવ છે.

હાથી, ઘોડા, ઊંટ, રથ, ગાડાં સાથે હજારો ભાવનાશાળી અને ભાગ્યવાન યાત્રિક વર્ગ સાથે શતાધિક સાધુ વર્ગ, વિશાળ સાધ્વી વૃન્દ; આમ સમગ્ર સંઘ તથા સેવક વર્ગ બધાં જ ત્યાં રાત્રિ રોકાણ કરીને રહેલાં છે.

વળતે દિવસે વહેલી સવારે સંઘ આગળના મુકામે જવા પ્રયાણ કરવા તૈયારી કરી રહેલો છે. સૂરજ દેવ ઉદયાચલ પર્વત પર ઊગું ઊગું થઈ રહ્યા હતા. હજુ મશાલચીઓએ મશાલોથી પ્રકાશ પાથરવાનું ચાલુ રાખ્યું હતું. તેવે વખતે પરમાહર્ત શ્રી કુમારપાળ રાજા પૂજ્ય કલિકાલ સર્વજ્ઞને વિનંતી કરવા આવ્યા. કલિકાલ સર્વજ્ઞને નિશ્ચલ ધ્યાનાવસ્થામાં જોઈ રાજા ભાવવિભોર બની ગયા, તેમના હૃદયમાં પ્રમોદભાવનો ઊછાળો આવ્યો.

બે મોટા પહાડોની વચ્ચેની પટ-કુટીમાં - તંબુમાં - પદમાસનમાં વિરાજિત ગુરુદેવ પ્રસન્ન મુદ્રાથી ધ્યાન ધરી રહ્યા હતા. આ દશ્ય જોઈ કુમારપાળ રાજાના હૃદયમાં ગુરુ મહારાજ પ્રત્યેના સદ્ભાવની સરવાણીએ સરોવરનું રૂપ ધરી લીધું. ક્ષણવાર મૌન ઊભા રહી ભક્તિ-નમ્ર બની નમન કરી રહ્યા. આ સુભગ પળ હતી. દશ્યની હૃદય પર અંકિત થયેલી આનંદાનુભવની સુખદ સ્મૃતિની છાપને ચિરંજીવી બનાવવા આપસના બન્ને પહાડ પર ક્રમશઃ એક પહાડની ટોચ પર ત્રિલોકના નાથ પરમાત્મા શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને બીજા પહાડની ટોચ પર પરમ સૌભાગ્યના ભંડાર શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર બનાવવાનો નિર્ણય કર્યો, અને એ રીતે મંદિરો બની ગયાં. વર્ષો સુધી પ્રભુ ત્યાં પૂજાતા પણ રહ્યા.

કાળનો ક્રમ છે. કાળની થપાટ આ મંદિરોને લાગી. અન્ય લોકો પ્રતિમાજીના મસ્તકને પોતાના ઈષ્ટદેવ માની પૂજતા હતા. બન્ને પહાડ વચ્ચે અત્યારે મોટો રસ્તો અને ખુલ્લી જગ્યા થઈ ગઈ છે. પરિવર્તન એ આ સૃષ્ટિનો અફર નિયમ છે. તેને આધીન ઘણું બદલાયું છે. પરંતુ આ સ્થાન તો અડગ છે !

આ ભૂમિમાં યોગેશ્વરના ધ્યાન પરમાણુ પ્રસર્યા તેથી તે જગ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ચાર્જ' થઈ છે અને એટલે જ આટલાં વર્ષો પછી પણ ત્યાં શાન્તિનો અનુભવ થાય છે. કલિકાલ સર્વજ્ઞે જ એક સ્થળે એવું લખ્યું છે તે શબ્દો આ ઘટનાથી પવિત્ર થયેલી જગ્યા માટે પણ અનુરૂપ છે :

**"भुवे तस्यै नमो यस्यां तव पादनखांशवः ।**

**चिरं चूडामणियन्ते ब्रूमहे किमतः परम् ॥"**

અર્થ : *તે ભૂમિને નમસ્કાર હો જ્યાં આપના ચરણનખનાં કિરણો લાંબા કાળ સુધી મસ્તકના મણિ-મહિમાને ધારણ કરે છે; આથી વધારે શું કહીએ !*

ooo

## અખિલાઈના પૂર્ણ ઉદ્‌ગાતા વિચક્ષણ સૂરીશ્વરજી

વિ. સં. ૧૧૯૮ની સાલનું ચાતુર્માસ કલિકાલસર્વજ્ઞ કર્ણાવતીમાં બિરાજમાન હતા. ચાતુર્માસ પૂર્ણ થતાં વિ. સં. ૧૧૯૯ના કાર્તિક સુદિ ત્રીજના દિવસે સિદ્ધરાજ જયસિંહ સ્વર્ગવાસી થયા. આ સમાચાર મળ્યા પછી હવે શું બને છે તે માટે બધા એક કાને અને એક નજરે પાટણ તરફ મીટ માંડીને બેઠાં હતાં.

ઘણી ઘણી વાટાઘાટો અને મંત્રણાઓને અંતે, કાર્તિક વદ બીજ, રવિવારે મૃગશીર્ષ નક્ષત્રમાં કુમારપાળને રાજા તરીકે ઉદ્‌ઘોષિત કરવામાં આવ્યા. એક અટકળનો અંત આવ્યો. પાટણ એ ગુજરાતની રાજધાની હતી એ વિધાન તો અધૂરું લાગે. પાટણ તો સમગ્ર ભારતની રાજધાની થવાની તૈયારીમાં હતું એ વાક્ય સત્યની વધુ નજીક છે!

અને, વિ. સં. ૧૧૯૯ માગસર વદિ ચોથ - રવિ-પુષ્યમાં ભારે દબદબાપૂર્વક કુમારપાળનો મહારાજા પદે અભિષેક થયો. ચક્રવર્તીની જેમ રાજા શોભી રહ્યા. રાજ્યની સુરક્ષા, રાજ્યના સીમાડાનો વિસ્તાર, પાડોશી રાજાઓની રંજાડ - આ બધી બાબતો પર ધ્યાન આપવાનું ગોઠવાતું હતું.

આ બધા સમાચાર બરાબર મળતાં રહે તેવી જોગવાઈ - ગોઠવણ થયેલી અને તેથી હવે પાટણ જવું જોઈએ એમ વિચારીને પાટણ તરફ વિહાર કર્યો. વિહાર વખતે શુકન સારા થયા, ઉત્સાહ વધ્યો. નિરાબાધપણે પાટણ પહોંચ્યા. મંત્રીશ્વર ઉદયનના હૃદયમાં સમર્પિત ભક્તિ ઘૂઘવતી હતી. બારમા સૈકાના પ્રભાવક શ્રાવકોનાં નામની યાદી કરીએ તો પહેલાં ત્રણ નામ તો મંત્રીશ્વર ઉદયન, બાહડ અને આમડના જ લખવાં પડે તેવા આ ત્રણે પિતા-પુત્ર હતા! બાહોશ, નીડર, ચાણક્ય-બુદ્ધિ અને સમર્પિત રાજ્ય-ભક્ત તેમજ શાસન ભક્ત હતા. મંત્રીશ્વર ઉદયન તરફથી સામૈયું ઠાઠથી થયું. કલિકાલ સર્વજ્ઞ શિષ્ય-પરિવાર સહિત પોસાળમાં વિરાજ્યા.

કુમારપાળ પરિચયમાં તો આવ્યા હતા. એમની પાછળ જ્યારે મારાઓ પડ્યા હતા; જીવ-સાટોસાટના ખેલ ખેલીને એક ગામથી બીજે ગામ ભટકતા હતા ત્યારે જ એકવાર ખંભાતમાં, મારાઓથી બચવા, કલિકાલ જે ઉપાશ્રયમાં હતા ત્યાં જ, બાવરા અને વિહ્‌વળ થયેલા, આવી ચડ્યા. હૃદય ધડ્ ધડ્ થઈ રહ્યું હતું. શ્રી હેમચન્દ્રાચાર્યે સમયસૂચકતા વાપરી, તેમને તાડ-પત્રના ઢગલા પાછળ છુપાવી દીધા હતા. મારાઓ ત્યાં આવ્યા તો ખરા પણ કોઈ અકળ બળથી કુમારપાળ બચી ગયા ! બહાર નીકળ્યા ત્યારે સાવ નિરાશ અને હતાશ થયેલા બેસી પડ્યા. કલિકાલસર્વજ્ઞે તેમનામાં આશા અને હિંમતનો સંચાર થાય તેવાં વચનો કહ્યાં. એ સમયે મંત્રીશ્વર ઉદયન પણ ત્યાં આવી ચડ્યા. તેમણે પણ આ આશાભર્યાં વેણ સાંભળ્યાં. પછી સર્વજ્ઞે તાડ-પત્રનો એક ટુકડો લઈ તેના પર લખી આપ્યું કે તમને આ દિવસે રાજ્યગાદી મળશે. આવાં જ વચનો લખેલો બીજો એક ટુકડો ઉદયન મંત્રીને પણ આપ્યો.

કુમારપાળ આવો ભાવિ-સંકેત જાણી ભાવવિભોર થઈ ઊઠ્યા અને સહસા બોલ્યા :

*"હે પ્રભુ ! જો આપનું કથન સાચું પડશે તો રાજ્ય આપને જ સમર્પિત કરી આપનાં ચરણ-કમળની સેવા કરીશ."*

કુમારપાળમાં કૃતજ્ઞતા નામનો ગુણ ઊંચી કક્ષાએ ખીલેલો હતો. ઉદયન મંત્રીને એટલે જ પૂછ્યું કે રાજ-ગાદીએ બેઠાં પછી કુમારપાળે ક્યારેય પેલી ખંભાતવાળી વાત યાદ કરી હતી? મંત્રીશ્વરે કહ્યું :

*"ના, એ વાત બોલ્યાં નથી. બાકી એ રઝળપાટ સમયે એમને સહાયક ઘણી વ્યક્તિઓને તેમણે સંભાર્યા હતા. આલિગ કુંભાર, વણિક-પુત્ર દેવલ, ભીમસિંહ ખેડૂત, બટુક વોસરિ -એ બધાને બોલાવી બોલાવીને ઉચ્ચ સન્માન કર્યાં છે ! કેટલાકને તો અંગ-રક્ષક તરીકે રાખી લીધા છે. પણ આપને યાદ કર્યાં નથી."*

સામર્થ્યસંપન્ન વિચક્ષણ સૂરીશ્વરે મંત્રીશ્વરના વિશાળ લલાટ પર ક્ષણ પૂરતી નજર નાખી; એમની રજૂઆતના કારણમાં ન ગયા અને કાંઈક ચિંતન કરી કહ્યું :

*"તમે અહીંથી જતાં કુમારપાળરાજાને મારું નામ ઉચ્ચાર્યા વિના કહેજો કે આજની રાત તેઓ રાણીના મહેલમાં શયન કરવા ન જાય. પછી કાલે પૂછે ત્યારે જ નામ આપજો."* રાજા મંત્રીની સલાહ મુજબ રાણીના મહેલમાં ન જતાં, પોતાના સ્થાને જ સૂતાં.

સવારે ખબર પડી કે રાત્રે આકાશમાંથી વીજળી પડી અને રાણીનો મહેલ ભસ્મીભૂત થઈ ગયો, રાણી પણ ખાખ થઈ અવસાન પામ્યાં ! શોક અને હર્ષ મિશ્રિત લાગણીથી સ્તબ્ધ રાજા વિહ્‌વળ થઈ વિચારતાં રહ્યા ! *ક્યારે મંત્રીશ્વર આવે અને આવી સચોટ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*આગાહી કરી મને બચાવનાર મહાપુરુષનું નામ જાણું!*

મંત્રીશ્વર આવ્યા ત્યારે અધીર રાજાએ પ્રશ્ન કર્યો :

*"કોણ છે આ અનહદ ઉપકારી મહાપુરુષ જેમણે મને જીવતદાન આપ્યું ?"*

યોગ્ય અવસર જાણી મંત્રીશ્વર ઠપકાના સ્વરમાં હવે બોલ્યા :

*"આપને એમની ક્યાં પડી જ છે! સહુને યાદ કર્યાં પણ આપ આ ભાગ્ય-વિધાતાને તો સાવ ભૂલી ગયા છો!* "અધીરાઈથી રાજા બોલ્યાં:

*"કહો, કહોને ! મને જલદી કહો, કોણ એ ?"*

*"યાદ કરો. ભીડના સમયમાં બચાવનાર આ સર્વજ્ઞ-પુરુષે ખંભાતમાં આપને કહ્યું હતું કે આપ રાજા થશો ! જુઓ આ સાબિતી!"*

– એમ કહી તાડ-પત્રનો ટુકડો રાજા સમક્ષ ધર્યો.

*"હા, હા ! ક્યાં છે, ક્યાં છે એ વિચક્ષણ દિવ્ય પ્રતિભા ?"*

*"તેઓશ્રી આપણાં નગરમાં જ બિરાજમાન છે."*

રાજા ભાવવિભોર થયા, શરમિંદા પણ થયા. રાજા કુમારપાળે કલિકાલ સર્વજ્ઞને બહુમાનપૂર્વક આમંત્રણ આપી રાજ્યસભામાં પ્રવેશોત્સવ ઊજવ્યો. મહાન ઉપકારના બળે રાજા સેવક બની રહ્યા.

સૂરીશ્વરજીએ કુમારપાળને ધીરે ધીરે આર્હત (શ્રાવક) જ નહીં પણ પરમાહર્ત (પરમ શ્રાવક) બનાવ્યા. વિચક્ષણ સાધુએ યુક્તિપૂર્વક અને સહજતાથી ધર્મ તરફ વાળ્યા. સીધો ઉપદેશ ક્યારે ય આપ્યો નહીં અને તેથી જ વધુ અસર થઈ !

પાટણમાં સામૈયુ હતું. કુમારપાળ આવ્યા. ઘણે સમયે ગુરુમહારાજનાં દર્શન થયાં. એમનાં વસ્ત્ર પર સહજ દૃષ્ટિ પડી.

*આવા જાડાં અને બરછટ વસ્ત્રો ?* ગુરુભક્તિથી હૃદય વલોવાયું. વ્યથિત સ્વરે ગુરુને પૂછ્યું. મહારાજશ્રીએ કહ્યું :

*એક શ્રાવકે, એની પાસે હતું એ આ વસ્ત્ર ભાવથી વહોરાવ્યું તે પહેર્યું છે.* આવા દરીદ્ર શ્રાવકો હોય છે એની રાજાને કલ્પના પણ ન હતી ! ગુરુ મહારાજના મુખેથી શબ્દો સર્યા :

*"તુમ સરિખા શાસન થિર થંભ*
*શ્રાવક દુ:ખિયા એહ અચંભ"* (કવિ ઋષભદાસ)

આ નાનકડા સંવાદનું ફળ એ આવ્યું કે આખા પાટણના સમસ્ત વ્યાપારીનું 'દાણ' માફ કરવામાં આવ્યું. જકાત ભરાવાની જ નહીં ! રાજા સાધર્મિક ભક્તિ કરે તે આવી રીતે જ કરે ને !

આ જ પ્રમાણે સમગ્ર રાજ્યમાં જીવદયા પ્રવર્તવા માટે 'અમારિ' વાતાવરણ સર્જ્યું. વાતવાતમાં પણ કોઈ 'મારિ' શબ્દ પણ ન વાપરે ! આવો દિવ્ય, ભવ્ય અને નવ્ય પ્રભાવ સૂરીશ્વરનો હતો !



કલિકાલ સર્વજ્ઞનું ઉપાસ્ય તત્ત્વ આર્હન્ત્ય હતું, તેનું મંત્ર બીજ અર્હં છે. તેની અચિન્ત્ય શક્તિનો અનુભવ તેઓએ વારંવાર કર્યો છે. તે મંત્રબીજને અહીં બ્રાહ્મી લિપિમાં મૂક્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વાણી વાચક જસતણી કોઈ નયે ન અધૂરી

## (શ્રુત કેવળી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની જીવનરેખા)

ગુજરાત દેશ. મહેસાણા જિલ્લો. ગાંભૂ તીર્થ.

નજીકમાં કનોડુ વર(ઉત્તમ) ગામ.

ત્યાં નારાયણ અને સૌભાગ્યદેવી વસે. તેમને બે સંતાન. -- પદમશી અંને જસવંત.

નાનું ગામ અને તેમાં જૈનોનાં થોડાં ઘર. સાધુઓનાં વિહારનું ગામ. ત્રણસો ઉપરાંત વરસ પહેલાનાં ગુજરાતના આ ગામડાની વાત છે.

વિ.સં.૧૬૮૯ની વાત છે. કુણગેર ગામમાં ચોમાસું રહીને પંડિત નયવિજયજી ગણિ આદિ ઠાણા વિહારમાં જ કનોડે પધાર્યા. કનોડા ગામના સૌભાગ્યદેવીમાં ધાર્મિકતા અપાર અને શ્રદ્ધા પણ તીવ્ર હતાં.



ગામમાં સાધુ મહારાજ પધાર્યા છે તે ખબર પડતાં સૌભાગ્યદેવી એમના નાના પુત્ર જસવંતને સાથે લઈને વન્દના કરવા માટે ઉપાશ્રયે આવ્યાં. સાધુ મહારાજને વન્દના કરી પછી ગૌચરી-પાણી માટે વિનંતી કરી.

એક ચોમાસા દરમિયાન ભરવરસાદના દિવસોમાં બનેલી એક વાત પણ ગુરુદેવને કરી :

"રોજ સવારે શ્રી ભક્તામર સ્તોત્ર સાંભળ્યા પછી જ પાણી વાપરવું એવો મારે નિયમ હતો. ચોમાસાના દિવસો હતા. અહીંથી નજીકના ગામે જવું અને ત્યાં સાધ્વીજી મહારાજ પાસે સંપૂર્ણ ભક્તામર સાંભળું. પછી ઘરે આવી પચ્ચક્ખાણ પારું. આ મારો નિત્યક્રમ.

એ ચોમાસામાં વરસાદની ભારે હેલી થઈ. ત્રણ દિવસ અને ત્રણ રાત સતત વરસાદ વરસતો રહ્યો. ઘર બહાર પગ ન મૂકાય. ઉપવાસ ઉપર ઉપવાસ થયા. ચોથો દિવસ હતો. આ નાનકો મને પૂછે છે, મા ! તું કેમ કાંઈ ખાતી-પીતી નથી ? એટલું છોકરું સમજે એવી ભાષામાં મેં સમજાવ્યું કે પેલું સ્તોત્ર સાધ્વીજી મહારાજ સંભળાવે પછી જ પાણી લેવાય. વરસાદ રહેતો નથી. રૂપેણ નદી બે કાંઠે થઈ છે, એટલે ઉપવાસ કરું છું. આ છોકરો કહે, મા ! મને એ બોલતાં આવડે છે. મને થયું આને બધું કેવી રીતે યાદ હોય ? છતાં એને રાજી રાખવા મેં કહ્યું; બોલ, તને આવડે તો તું બોલ. અને એ કડકડાટ પૂરેપૂરું ભક્તામર સ્તોત્ર બોલી ગયો." આ સાંભળી ગુરુદેવે પ્રસન્ન સ્વરે કહ્યું: "**શાસનનું રત્ન થશે.**"

ગુરુ મહારાજની કૃપાપૂર્ણ દૃષ્ટિ બાળક જસવંત પર પડી અને ઠરી. સમજુને તો બસ, ઈશારો કાફી છે. વૃક્ષ ઉપર જેમ એક ફળ પરિપક્વ હોય અને એને અડવા માત્રથી એ તમારા હાથમાં આવી જાય તેમ જસવંતના લલાટ પરની ભાગ્યપંક્તિ વાંચીને એની માતા સૌભાગ્યદેવી પાસે બાળ જસવંતની માગણી કરી. શ્રદ્ધાભરી માતાએ સંમતિ પણ આપી !

માતાના હરખનો કોઈ પાર નહીં. ખોબા જેવડું કનોડા ગામ. થોડી વારમાં જ વાત ફેલાઈ ગઈ. સૌભાગ્યદેવીનો પુત્ર દીક્ષા લ્યે છે.

તે વેળા વિજયદેવસૂરીશ્વરજી મહારાજનું રાજ્ય પ્રવર્તે. તેઓશ્રી અણહિલપુર પાટણમાં વિરાજમાન હતા. ત્યાં જઈ ચારિત્ર ગ્રહણ કર્યું. ઘરમાં જસવંતની દીક્ષાની વાત ચાલી. ગામનાં લોકોની અવર-જવર ચાલુ થઈ ગઈ. બધું વાતાવરણ દીક્ષાના રંગે રંગાઈ ગયું. વાતાવરણની છાલક પદમશીને પણ લાગી. બન્ને ભાઈઓએ સાથે દીક્ષા લીધી.

નાની વયમાં જ જ્ઞાન પ્રત્યેનો ખૂબ લગાવ દેખાયો.

*"સામાયિક આદે ભણ્યાજી શ્રી જસ ગુરુ મુખ આપ,*
*સાકરદલમાં મિષ્ટતાજી તિમ રહી મતિ શ્રુત વ્યાપ."*

શ્રી સંઘમાં જસવિજયજીની પ્રતિભા અલગ તરી આવવા લાગી. સમજુ માણસોના ધ્યાનમાં પણ આવ્યું કેઃ "આ મહારાજ જુદા છે."

એમને ગુરુ મહારાજ પર અપાર શ્રદ્ધા, જ્ઞાન પરનો ગાઢ અનુરાગ. જે આપો તે બધું કંઠસ્થ. ક્ષયોપશમ પણ સુંદર. દીક્ષા પછીનાં દશ વર્ષમાં તો કરવા લાયક બધું જ અંકે કરી લીધું. આ જોઈ, શા ધનજી શૂરાએ કાશી જઈ અભ્યાસ કરવાની વાત મૂકી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે સાથે બે હજાર દીનાર સુધીનો ખર્ચ આપવાની તૈયારી પણ બતાવી.

શુભ મુહૂર્તે અને શુભ શુકને વિ.સં.૧૭૦૩માં કાશી તરફ પ્રયાણ કર્યું. ત્રણ વર્ષ કાશી રોકાયા. ત્રણ વર્ષના અંતે એક વાદી આવ્યો. બંગાળી ભટ્ટાચાર્યના કહેવાથી શ્રી યશોવિજયજીએ વાદી સાથે વાદ કર્યો. એવા અકાટ્ય તર્ક કર્યા અને તે વાદમાં વિજયની વરમાળ વર્યા.



કાશીની પંડિતમંડળી ડોલી ઊઠી અને એક જૈન સાધુની વિદ્યાની કદર થઈ. ન્યાયાચાર્ય અને ન્યાય-વિશારદ એવી બે પદવીની નવાજેશ કરી. બંગાળી ભટ્ટાચાર્યે કહ્યું કે "તમારે વિદ્યાર્થીઓની સાથે બેસવાની જરૂર નથી."

પંડિત નયવિજયજીના જાણવામાં આવ્યું કે આગ્રામાં પણ આવા પંડિતો છે. જગદ્‌ગુરુ શ્રી હીરવિજયજી મહારાજથી ભાવિત ક્ષેત્ર હતું તેથી ત્યાં પધાર્યા. ચાર વર્ષ સ્થિરતા કરી. ત્યાં અનેક વિદ્યાર્થીઓ મળ્યા. આગ્રાના શ્રી સંઘે ઘણી ભક્તિ કરી અને એમને ચરણે રૂપિયા ૭૦૦ ધરી, જ્યાં વાપરવા હોય ત્યાં વાપરવાની અનુમતિ આપી. તેઓએ વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તક વગેરે સામગ્રી અપાવી.

કાશી વગેરે પ્રદેશમાં કુલ સાત વર્ષ વિચરીને તેઓશ્રી ગુજરાત તરફ પધાર્યા. ત્યાં બનાસકાંઠામાં ગોબા ગામમાં પં.શ્રી ઋદ્ધિવિમલજીને ક્રિયોદ્ધાર કરાવવાનો હતો. તેઓને સમાચાર મળ્યા કે પંડિત નયવિજયજી સમેત શ્રી યશોવિજયજી આ તરફ આવે છે. છે.

તેમના સાન્નિધ્યમાં ક્રિયોદ્ધાર કરાવ્યો.

પછી પાટણ આવ્યા અને ત્યાં વિ.સં.૧૭૧૦માં પોષ મહિને માત્ર પંદર દિવસ માટે નયચક્ર ગ્રન્થ મેળવ્યો. સાત મુનિવરો સાથે બેસીને તેની નકલ કરી લીધી. (આ નકલ આપણી પાસે એલ.ડી.માં સચવાઈ છે.)



ત્યાંથી ગુરુ મહારાજ સમેત વિ.સં.૧૭૧૦નું ચોમાસું સિદ્ધપુરમાં કર્યું. ત્યાં 'જ્ઞાનસાર' અને 'દ્રવ્યગુણ પર્યાયના રાસ'ની રચના થઈ. શ્રી સંઘને મહાન ભેટ મળી. એ પછી વિ.સં.૧૭૧૮માં આચાર્યશ્રી વિજયપ્રભસૂરિ મહારાજના વરદ હસ્તે ઉપાધ્યાય-પદ પ્રદાન થયું. વિ.સં.૧૭૨૨માં સુરત ચોમાસું રહ્યા. ત્યાં અગિયાર અંગની સજ્ઝાયની રચના કરી.

વચ્ચે વચ્ચે સંસ્કૃતમાં દાર્શનિક ગ્રન્થોની રચના ચાલુ જ હતી. આ સમયગાળામાં શ્રી આનંદઘનજી મહારાજ સાથેનું મિલન સંભવી શકે.

વિ.સં.૧૭૩૮ના વર્ષમાં શ્રીપાળરાજાના રાસની પુરવણી અને અનુભવજ્ઞાનની પ્રાપ્તિનો ઉલ્લેખ એમાં કર્યો.

વિ.સં.૧૭૪૩નું ચોમાસું ડભોઈમાં કર્યું અને ત્યાં અણસણ આદરી દેવલોક પામ્યા.

આમ ઉપાધ્યાયજી મહારાજના જીવનની મોટી મોટી થોડી વિગતો મેળવી શકાઈ છે. બીજું કોઈ સાધન મળે તો તેઓશ્રીના જીવનની વધુ વિગતો મળે અને આપણને અપાર આનંદ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આવા છે અણગાર અમારા

જેનાં રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા...

વિક્રમ સંવત ૧૯૯૪માં પાલિતાણા - ખુશાલભવનમાં વાગડવાળા દીપવિજયજી મહારાજ આદિ ઠાણા વિરાજમાન હતા. કચ્છ અધોઈના શ્રાવક ગુણશીભાઈ ત્યાં આવ્યા હતા.

સત્તર વર્ષની યુવાન વય, પરંતુ શરીર રોગથી ભરેલું અને જર્જરિત થઈ ગયેલું. વૈદ્ય - ડોક્ટરોએ તો હાથ ઊંચા કરી, ઘડી બે ઘડીના મહેમાન છે એમ કહી દીધેલું. હાડકાંનો માળો દેખાય, પાંસળી પણ ગણી શકાય એવું ગુણશીભાઈનું શરીર. કહોને કે લોહી-માંસ વિનાનાં, ચામડીથી મઢેલાં હાડકાં !

આ લતમાં ગુણશીભાઈને મનમાં ઊગી આવ્યું કે જો હવે જવાનું નક્કી છે તો વિરતિમાં જવું. "સિદ્ધગિરિમાં વાસ હજો" એમ માગણી કરવામાં આવે છે તો પાલિતાણા જવું અને ત્યાં જઈને પૌષધ વ્રત લઈને, પચ્ચક્ખાણમાં રહીને આયુષ્ય પૂરું કરવું જેથી સદ્દગતિ તો મળે !

સાધુ મહારાજ પાસે જઈ, વંદન કરી કહ્યું કે પૌષધ લેવો છે. એમની પગ લથડતી હાલત અને પ્રેત જેવું શરીર બધાં જોઈ રહ્યા ! એમના મોંમાંથી શબ્દો પણ માંડ-માંડ બહાર આવતા. આ જોઈ મહારાજે ના પાડી : ભાઈ, એ સાહસ હું ના કરું. ઘડી-બે ઘડીમાં કંઈ બને તો ?

કોણ છો ? ક્યાંથી આવો છો ? સાથે કોણ છે ? આવા પ્રશ્નોની ઝડી વરસી. ઉત્તર દેવાના હોશ ક્યાં હતા ? વળી બીજા સાધુ પાસે ગયા. વિનંતી કરી. તેમણે પણ ના પાડી : આવા શરીરે પોસો ન ઉચ્ચરાવીએ.

સમો પારખી ગયેલા ગુણશીભાઈ પાસે બીજો કોઈ રસ્તો ન હતો. જાતે પોસો લેવા વિચાર્યું અને લીધો. સાથે ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. હિંમત કરી કે ધીમે ધીમે તળેટી સુધી પહોંચવું. ત્યાં પ્રાણ જાય તો સદ્દગતિ મળે.

ડગમગ ચાલે માંડ-માંડ ચલાયું. પડતાં-આખડતાં તળેટી સુધી પહોંચ્યા. હાંફ ચડી હતી.. પોરો ખાધો, ચૈત્યવંદન કર્યું. શરીરને અને મનને પણ કળ વળી. યાત્રિકોને ગિરિરાજ પર ચડતાં-ઊતરતાં જોયાં. મનમાં થયું, દશ-બાર પગથિયાં ચડાય પછી દેહ ત્યાં પડે તો ભલે પડે ! મન કઠણ કર્યું. એક એક પગથિયું ચડવા હિંમત કરી. શી ખબર શો જાદુ થયો ! પવિત્ર પરમાણુઓથી પોતાની અંદર શક્તિનો એવો સંચાર થયો કે ધીરે ધીરે ઉપર ને ઉપર ચડાવા લાગ્યું. હિંગળાજ માતાના હડા સુધી પહોંચતાં તો નવું જોમ, નવી સ્ફૂર્તિ, નવો ઉત્સાહ ઊભરાવા લાગ્યો. ઉપવાસ કર્યો હતો જ, છતાં એક જાત્રા થઈ પછી બીજી જાત્રાનું પણ જોમ આવ્યું ! સાંજ સુધીમાં ત્રણ જાત્રા થઈ !

નીચે આવી પરિતૃપ્ત હૃદયે પારાવાર શાતા અનુભવી. પડિલેહણ-પ્રતિક્રમણ કરી સંથારો કર્યો. બીજા દિવસનું પ્રભાત સલુણું ઊગ્યું ! ફરી જાત્રા કરવાના ભાવ થયા ! પુલકિત હૃદયે સાંજ સુધીમાં ચાર જાત્રા કરી ! છઠ્ઠ થયો. બે દિવસમાં સાત જાત્રા થઈ ! દુર્બળ દેહે જાણે નવો અવતાર ધારણ કર્યો ! શ્રી ભક્તામર સ્તોત્રમાં ગવાતા શબ્દો જીવંત થયા :

**"शोच्यां दशामुपगता श्च्युतजीवितशा।**
**मर्त्या भवन्ति मकरध्वज-तुल्य-रूपाः॥"**

પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનો વિજય થયો. મનને હવે પાંખો આવી. સંસારની માયાજાળમાંથી છુટકારો મેળવવા દીક્ષા લેવી એવું નક્કી કર્યું. દીક્ષા લેવાની પાત્રતા પામવા ભણતર જોઈએ. મહેસાણા જઈ ત્યાંની પાઠશાળામાં ભણ્યા અને વિ. સં. ૧૯૯૮માં દીક્ષા લીધી. મુનિશ્રી મંગળવિજયજી ખાખી મહારાજના શિષ્ય ગુણજ્ઞવિજય બન્યા. ઉત્કૃષ્ટ ચારિત્રપાલનમાં રમમાણ થયા. પ્રભુ પ્રત્યેની અપાર શ્રદ્ધા, સંયમ પર અસીમ પ્રેમ, ગુરુ પ્રત્યેની વફાદારી, તપોમાર્ગનું સતત અને સહજ સેવન. પ્રભુના નામનો જાપ તો એવો કે :

*"સમય સમય સો વાર સંભારું તુજ શું લગની જોર"* કે *"શ્વાસમાંહિ સો વાર સંભારું"* જેવી પંક્તિઓમાં છુપાયેલું સત્ય પ્રગટ થતું દેખાય. પ્રભુ સાથે તાદાત્મ્ય - અભેદભાવ સધાતો ગયો અને સંસાર સાથે ભેદભાવ સધાતો ગયો. પ્રભુશરણે રહેવાની ટેવ પડી ગઈ. આઠે જામનું યોગક્ષેમ પ્રભુએ સંભાળી લીધું.

શ્રી શત્રુંજયે નવજીવન આપેલું. એ તીર્થ પર અથાગ રાગ ! છઠ્ઠ કરીને સાત જાત્રા બસોપચીસ(૨૨૫) વાર કરી !

"જાકો રાખે સાંઈયા, માર શકે ન કોઈ" એવું એમના જીવનમાં બન્યું. હવે જીવનમાં હર્ષ-શોક પણ ક્યાં રહ્યા હતા ?

વિ. સં. ૨૦૫૪માં સમેતશિખરના સંઘમાં જવા વિહાર કરતા હતા ત્યારે ઈડર પહેલાં, હાઈ-વે ઉપર પાછળથી જીપગાડી આવી, તેની પાછળ લક્ઝરી બસ. ઝડપથી આવતા બેઉ વાહન ભટકાયા તેનો ધડાકો સંભળાયો.પછી શું બન્યું તેની કશી ખબર ન રહી. પોતે નીચે ચત્તાપાટ પડ્યા હતા અને ઉપરથી બસ પસાર થઈ ગઈ, પણ આશ્ચર્યનું આશ્ચર્ય તો એ કે તેમનો વાળ પણ વાંકો થયો ન હતો ! તેઓને ધીરે ધીરે ઊભા થતાં બધાંએ જોયા ! મોં પર શાંત આભા છવાઈ રહી હતી. શ્રદ્ધાના દીવાનો શાંત અને સ્થિર ઉજાસ કેવો હોય તે જોવા મળ્યું.

આ શ્રદ્ધાપુરુષનું નામ આચાર્ય શ્રી અરિહંત સિદ્ધસૂરિ મહારાજ છે. ભાવભર્યા હૃદયે અને નત મસ્તકે, કરબદ્ધ થઈને વંદના કરીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ છે અણગાર અમારા !

વીર પ્રભુના સંઘમાં એક એકથી ચડિયાતાં રત્નને જોઈએ એટલે, તન વિકસે અને મન ઉલ્લસે ! કેવાં કેવાં નરવીર સાધુ મહારાજા, કેવા કેવા સત્ત્વશીલ સાધ્વીજીઓ અને સંસારી છતાં પ્રભુ સાથે મનના તાંતણે બંધાયેલાં શ્રાવક-શ્રાવિકાને જોઈને કવિ પ્રિયકાંત મણિયારની રચના સ્મૃતિપટ પર ઝબૂકી જાય છે. શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘના રંગ-બેરંગી, સુગંધને પ્રસરાવતાં શ્રમણ-શ્રમણી-શ્રાવક-શ્રાવિકા રૂપી પુષ્પોને ઉદ્દેશીને અનુરૂપ પંક્તિઓ છે :

*"એક્કેય એવું ફૂલ ખીલ્યું નહીં કે જે મને હો ના ગમ્યું.*
*જેટલાં જોયાં મને તો એ બધાં એવા જચ્યાં,*
*કે જે નથી જોયાં - થતું ક્યારે હવે હું જોઉં."*

આજે એક એવા જ શ્રમણની ગુણસુવાસને માણીએ. મુનિવરનું નામ છે : યશોહીર વિજયજી મહારાજ. જન્મ વિ.સં.૧૯૯૨ મહા વદ ૧૦, પાલડી(જોડ) શિવગંજ પાસે. ભણતર મેટ્રિક સુધીનું. પહેલી દીક્ષા ત્રણ થોયમાં વિ.સં.૨૦૨૪માં, પછી વિ.સં.૨૦૩૨માં ચાર થોયમાં દીક્ષા. નામ રાખ્યું સુગરત્ન વિજયજી મહારાજ.

બાર વર્ષ આચાર્ય શ્રી રામચન્દ્રસૂરિ મહારાજ પાસે રહ્યા. સંયમજીવનની કઠોરતાને ઉત્તરોત્તર દેહ-ઈન્દ્રિય-મનને જીતીને હસતે મોંઢે રહ્યા. વળી પરિવર્તન યોગ આવ્યો. વિ.સં.૨૦૪૮માં આચાર્ય શ્રી નીતિસૂરિ મહારાજના સમુદાયના શ્રી સુશીલ વિજયજી મહારાજના શિષ્ય ઇન્દ્ર વિજયજી મહારાજના શિષ્ય થયા. જગદ્‌ગુરુ શ્રી હીરવિજયજીનું સંયમ અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના અપ્રતિમ જ્ઞાન પ્રત્યેના અનહદ રાગ - તેથી નામ રાખ્યું : યશોહીરવિજયજી મહારાજ.

ભલે ગુરુ બદલ્યા, સમુદાય બદલ્યો, નામ બદલ્યું, પણ વેષ રાખીને જ બધે ગયા.

ઉત્કૃષ્ટ તપ કે ઉચ્ચ ત્યાગ પણ સહજ સ્વીકારતા રહ્યા. વિ.સં.૨૦૨૮થી લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ કર્યો. સાવ અજાણ્યા પ્રદેશોમાં વિચરવાનું, ત્યાંની તમામ અગવડતાઓ પ્રેમથી માણવાની !

સુખ કે દુઃખની સંવેદનાઓ સહેજે જોવાની, અનુભવવાની અને સહેવાની એમ ઉત્તરોત્તર શ્રેષ્ઠ સાધુતાની ભૂમિકા છે. તે મુજબ તેઓ ઠેઠ પંજાબમાં કપૂરથલા-હરિયાણા પ્રદેશમાં વિહાર - ચાતુર્માસ કરતા રહ્યા. અરે ! હમણાં વિ.સં.૨૦૫૫માં બાડમેરથી અઢી કિલોમીટર દૂર, પાકિસ્તાનની સરહદ પાસે જંગલમાં એક ઝૂંપડીમાં(નજીકનું ગામ ચૌરહણ) ચાતુર્માસ રહ્યા. પ્રભુજીનાં દર્શન કરવા રોજ ગામમાં જાય. એમના સાંનિધ્યમાં આવે તેને પ્રભુની વાણી સંભળાવે, ઝૂંપડીની બહાર બેસીને મીઠી વાણી લહરાવે.

નિત્ય એકાશન વ્રત. મેવા, મીઠાઈ અને વનસ્પતિનો તો સદાને માટે ત્યાગ તો હતો જ, એમાં વળી પાંચ વિગઈનો પણ ત્યાગ ! વિ.સં.૨૦૫૫માં એક વિગઈ ખુલ્લી હતી તેનો પણ ત્યાગ કર્યો..

આ સમાચાર જેવા ફેલાયા કે તરત શિવગંજ-સુમેરપુરના શ્રાવકો ત્યાં પહોંચ્યા. રોજ એક શ્રાવક ઉપવાસનું પચ્ચક્‌ખાણ લે ! મુનિરાજને પહેલાં તો કોઈ અણસાર ન આવ્યો, પરંતુ રોજ આમ થતું જોઈ ચારેક દિવસ પછી પૂછ્યું. શ્રાવકોએ કહ્યું : "આપ આ કરો છો તે અનુમોદનીય છે, પણ આ દેહસંયમની સાધનામાં સહાયક છે.

મુનિરાજના સ્વભાવમાં સંવેદના તો હતી જ, સાથે શ્રી સંઘ પ્રત્યે વાત્સલ્ય હતું. આવા ધર્મરાગી શ્રાવકોનું મન પણ સમજવું જોઈએ. તેમણે માન રાખ્યું. એક વિગઈ ખુલ્લી કરું છું અને અન્નનો ત્યાગ કરું છું. એ સાંભળીને બધા વિમાસણમાં મુકાઈ ગયાં. આ તો ડોક લાંબી થઈ તો પૂંછડું ટૂંકું થયું !

પાંસઠ વર્ષની વયે પણ આ બધાં તપ-ત્યાગ સાથે ૧૫-૧૭ કિલોમીટરના વિહાર કરે. કશી ઉપાધિ નહીં. માણસ નહીં. ફાનસ નહીં. રાત્રે સંથારા પોરસી કરીને શયન કરે તો પણ પગ અધુકડા રાખીને જ. આવા કઠોર જીવનની સાથે જ્ઞાનનો પ્રેમ પણ ઘણો જ. અક્ષરો તો મોતીના દાણા જેવા, નાના મોટા, જેવા જોઈએ તેવા કાઢે. સફાઈદાર લખે. ઉચ્ચાર એકદમ શુદ્ધ. પ્રતિક્રમણ પડિલેહણ અપ્રમત્તપણે કરે.

અમારે તેઓશ્રીને ત્રણ-ચારવાર મળવાનું થયું છે. આશ્ચર્યનું આશ્ચર્ય તો એ થયું કે આટલા બધા ત્યાગ વચ્ચે ગૌચરીનું શું ? ગામડાંગામના વિહારમાં શું મળે ? તો કહે કે, મગફળી મળી જાય, દૂધ પણ મળે. ચાલે. એક વખત દ્રવ્ય મળી જાય તો પૂરતું પોષણ મળી રહે. પ્રસન્નતાથી જીવે ! પ્રશમરતિની પંક્તિઓ જીવતાં હોય એવું લાગે :

"નિર્જિતમદ-મદનાનાં
વાક્‌કાયમનોવિકારરહિતાનામ્‌॥"

અત્યારે તેઓશ્રી આચાર્યશ્રી અરિહંતસિદ્ધસૂરિ મહારાજની આજ્ઞામાં રહીને સંયમ જીવનનું સુંદર પાલન કરી રહ્યા છે. અત્યારે આ સમયમાં પણ, પ્રભુજીના શાસનમાં ઉત્તમ સાધુતાને વરેલા સાધુ છે. તેમને આપણા ગુણાનુરાગભર્યાં વંદન હો !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અંબડ ચેલા સાતસો જી

# નમો નમો તે નિશ દિશ રે પ્રાણી

વિભૂતિ સ્વરૂપ સાધકો પ્રાણના સંકટમાં પણ ગૃહિતધર્મને કેવી રીતે વળગી રહેતા હતા તેનાં ઉદાહરણો જેમ જેમ જાણતા જઈએ છીએ તેમ તેમ આપણું મનોબળ દૃઢ બને છે. આત્મા નિમિત્તવાસી છે. જેવું આલંબન મળે તેવું જીવન બને છે. જીવન અને મન એ તો પર્યાય છે. મનનો સ્વભાવ અને પાણીનો સ્વભાવ સરખો છે.

જેમાં જેવું મન ભળે તેવું જીવન બને.

આપણા જીવનના ઊર્ધ્વારોહણ માટે, પ્રતિજ્ઞાપાલનના એકથી એક ચડિયાતા પ્રસંગો ઉપયોગી બને છે. એક એવો પ્રસંગ શ્રમણ ભગવાન મહાવીરના ધર્મના ઉપાસક અંબડ પરિવ્રાજકનો છે. અંબડ પરિવ્રાજકને સાતસો ચેલા હતા. એ સાતસો શિષ્યો પણ અમુક પ્રકારની પ્રતિજ્ઞાથી પ્રતિબદ્ધ હતા. રોજ એક જ ટંક આહાર વાપરતા; પાદ-વિહાર કરતાં સચિત્ત જળ ઉપયોગમાં લેતા - એ પણ અદત્ત ! એટલે કે કોઈ આપે તે જ લેવાય !

આવા નિયમમાં તે બધા અડોલ. જરા પણ ખાંચા વિના પ્રતિજ્ઞા પાળતા.

ઉનાળાના દિવસો હતા. બપોરનો આહાર વાપરી બીજે ગામ જવા એ સાતસો જણા પદયાત્રા કરી રહ્યા હતા. રસ્તો ભૂલ્યા. ખૂબ ચાલવા છતાં કોઈ ગામ ન દેખાય !

માથે ધોમ તાપ ! થાક લાગ્યો. તરસ પણ લાગી. કેટલાક પરિવ્રાજકો ટેકરી પર ચડ્યા.

જોયું, તો દૂર-દૂર પાણીના વિશાળ પ્રવાહવાળી ગંગા જણાઈ. બધા ઉતાવળે એ ગંગા કિનારે પહોંચ્યા. બે કાંઠે વહેતાં નિર્મળ નીર જોઈ જ રહ્યા. સ્વચ્છ રેતીમાં બેસી જરા વિશ્રામ કર્યો. સામે પાણી છે. પણ(વ્રત) પણ છે ! વ્રત એવું કે કોઈ આપે તો પિવાય ! યાચના કરે, કોઈ સામી વ્યક્તિ અનુમતિ આપે તો જ પાણી પીવાય !

તાપ વધતો હતો. તેમ તરસનો પારો પણ ચડતો હતો.

ક્યાંય દૂરથી પણ કોઈ આવતું દેખાય !

ટેકરી પર ચડી બૂમો પાડી જોઈ. બૂમના એ શબ્દો આકાશમાં વેરાઈ ગયા. વ્યર્થ !

બધાએ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું અને ગુરુ અંબડ પરિવ્રાજકનું શરણું લઈ અણસણ સ્વીકાર્યું ! બધા ત્યાં જ કાળધર્મ પામ્યા !

જીવલેણ તરસના સંજોગોમાં પણ કોઈએ વ્રતભંગનો વિચાર સુદ્ધાં ન કર્યો. પ્રતિજ્ઞામાં છૂટછાટનો પ્રસ્તાવ પણ ન વિચાર્યો.

પ્રાણના સંકટમાં પણ પ્રતિજ્ઞાપાલનનો અજોડ પ્રસંગ છે.

પ્રાણ તો જન્મોજન્મ મળશે, પણ આવું નિશ્ચલ ધર્મપાલન ક્યાં મળવાનું છે ? દેહ અશાશ્વત છે. ધર્મ શાશ્વત છે. દેહ અસાર છે, ધર્મ સારરૂપ છે.

અશાશ્વત વડે શાશ્વતને, અસારવડે સારને, અનિત્યવડે નિત્યને સાધે છે -તે જ ધર્મી છે. આવા અડગ પ્રતિજ્ઞાપાલન કરનારને લાખ લાખ વન્દન !

## ઝળહળતા વૈરાગ્યની મૂર્તિ સમા

# એ મહાપુરુષને શતશઃ પ્રણામ

વીરજી ભાવસાર.

પૂર્વભવથી સાથે ખાસ્સું જમા પાસું લાવેલા.

આવ્યા અહીં, પણ આંખ તો અગમ લોકમાં મંડાયેલી.

મુનિ મહારાજ થોભણવિજયજી મહારાજ નામના ભેરુ મળી ગયા અને સરનામું મેળવી લીધું.

માએ લગ્નની બેડી પગમાં નાખી હતી. પણ, એને ગણકારે એ બીજા !

એ તો ઊપડ્યા નાતમાં ભળવા માટે. ઠેઠ પંજાબના ક્ષેત્ર જોડે એ લેણું નીકળ્યું. ચોપડે લખેલા લેખ મિથ્યા ન થાય, પણ થોડો ખાંચો પડ્યો. એ કાળમાં પણ માડી પગેરું શોધતાં પંજાબ જઈ ચડ્યાં. બે-ચાર સગાંને પણ સાથે લઈ ગયાં હતાં. વીરજી ભાવસારને માંડ-માંડ સમજાવ્યા અને ઘરે પાછા લઈ આવ્યા ! દીકરા પાસે વચન લીધું : *એક દીકરો થઈ જાય, પછી તું છૂટો !*

માનું વેણ ન ઉથાપ્યું. ઘરમાં આવીને રહ્યા તો ખરા પણ મન તો પંજાબમાં મૂકીને આવેલા. દિવસ ને રાત, શ્વાસે શ્વાસે, બસ એ જ ધૂન, એક જ લગન : ક્યારે છૂટું આ કેદખાનામાંથી.

સંસાર માંડીને બેઠેલા. આમતેમ માડીનાં કામ કરે.

એક દિવસ બપોરે માએ વીરજીને કહ્યું : કદાચ જરૂર પડે તો કામ આવે, માટે થોડું ઘી લેતો આવ ને ! તપેલી અને પાવલી લઈ ઘીવાળાની દુકાને જઈ વીરજી ઊભો રહ્યો. ઘરાકી ઘણી હતી એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુકાનદારે કહ્યું કે ખમો ! હમણાં દઉં છું. ત્યાં તો એક છોકરો દોડતો આવ્યો અને વીરજીની સામે જોઈને બોલ્યો:"ઝટ જાઓ. તમારે ઘેર દીકરો આવ્યો છે !"

હેં ! બોલતાં જ વીરજીએ તપેલી અને પાવલી દુકાનદારને આપી. કહી દીધું : "ઘી ઘરે પહોંચાડી દેજો અને પછી કહેજો કે વીરજી પંજાબ દીક્ષા લેવા ગયો છે !"

ઘરના ફળિયે ડોકાવા પણ ન ગયા. પગ ઊપડ્યા સીધા ભાવનગર તરફ. સ્ટેશને પહોંચીને જે ગાડી ઊપડતી હતી, તેમાં જ બેસી ગયા. અથડાતા-કૂટાતા પંજાબ પહોંચ્યા. અંબાલા શહેરમાં સુપાર્શ્વનાથ પ્રભુના સાંનિધ્યમાં જીવને હાશકારો થયો ! ત્યાં પંજાબી કમળસૂરિ મહારાજના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. દીક્ષા લઈ વીરજી ભાવસાર મટી મુનિ વીરવિજય મહારાજ બન્યા. એ સાલ હતી વિક્રમ સંવત ૧૯૩૫ ની.

વૈરાગ્ય ઝળહળતો હતો. ક્ષયોપશમ તીવ્ર હતો. કાવ્ય-સ્તવનોની સહેજે સ્ફુરણા થતી હતી. આમેય પંજાબમાં તો ગાના-બજાના જ્યાં ને ત્યાં ચાલતાં જ હોય. મુનિશ્રી વીરવિજયજીએ એ રંગમાં ભગવાનનો રંગ ભેળવ્યો અને ભક્તિભાવનાં અનેક સ્તવનોની મનહર રચનાઓ કરી. પોતે જનમ્યા તો ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ બોલચાલ હિંદીમાં જ કરતા રહ્યા.

મુનિશ્રી વીરવિજયજી રચિત સ્તવનની એક કડી...

**"क्युं न हो सुनाई सांई, ऐसा गुन्हा क्या किया ?**
**औरो की सुनाई वे, मेरी बारी नाहीं आवे;**
**तुम बिन कौन मेरा, मुझे क्युं भूला दिया ! " क्युं ०**

વિવિધ રાગ-રાગિણીથી શોભતી રચનાઓ પણ હિંદીમાં કરી. એમનાં રચેલાં સ્તવનો પંજાબમાં અને ગુજરાતમાં લોકજીભે ચડ્યાં; ગવાતાં રહ્યાં. જાણે પ્રભુજીની સાથે વાતો કરતા હોય એવા ભાવ એમની રચનાઓમાં આવે !

તેઓ પૂજાઓ, સ્તવનો ખૂબ રંગ-ઢંગથી અને ભાવથી ગાતા. રસ અને રુચિ એવી કે દિલ એકતાર થઈ જતું.

જીવનની પવિત્રતાના કારણે મુનિશ્રીને વચનસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. આવા બે પ્રસંગ યાદ કરવા જેવા છે. એક વરતેજ ગામમાં બનેલો અને બીજો સિહોરમાં બનેલો.

૦

મુનિશ્રી વરતેજમાં બિરાજેલા. ત્યાં શ્રી સંભવનાથ ભગવાનના દેરાસરમાં નવ્વાણું પ્રકારી પૂજા ભણાવવા ગવૈયો ભાવનગરથી આવવાનો હતો, એવામાં મૂશળધાર વરસાદ ચાલુ થઈ ગયો. ગવૈયો હવે સમયસર નહીં આવી શકે તેવું લાગ્યું. પૂજાની બધી તૈયારી થઈ ગઈ હતી. મુનિશ્રી પોતે પણ આવીને બેઠા. પૂજાઓ લલકારવી શરૂ કરી; પણ થયું કે હારમોનિયમ ઉપર સૂર આપનાર કોઈ હોય, તો ગાવાનું બરાબર જામે ! તબલાની પણ ઝમક આવે !

શું કરવું ? એવી વિમાસણમાં હતા ત્યાં એમની નજર પૂજામાં બેઠેલા સાકરચંદ ભાવસાર નામના તેર-ચૌદ વર્ષના એક છોકરા પર પડી. વીરવિજયજી મહારાજે કહ્યું : *"સાકરચંદ, ઊભો થા ! પેટી શરૂ કર !"*

સાકરચંદ તો બાઘો બની આ સાંભળી રહ્યો; કહે : *"બાપજી ! મેં પેટીને કદી અમસ્તો પણ હાથ અડાડ્યો નથી. સારેગમના સૂરની કશી ગતાગમ નથી."* મહારાજ કહે : *"બેસ. તને આવડશે. તું ગાઈ શકીશ, વગાડી શકીશ."* સાકરચંદે ગુરુને પ્રણામ કર્યા. મહારાજે એને માથે હાથ મૂક્યો. આશીર્વાદ આપ્યા. ગુરુનો ચરણસ્પર્શ કરી, પેટીનું અભિવાદન કરી ચાકરચંદે સંગાથ આપ્યો ! પેટીએ સૂર પુરાવ્યો. આંગળીઓ ફરવા લાગી. દેશીઓ ગવાતી ગઈ તેમ તેમ સૂર નીકળવા લાગ્યા ! પૂજા ભણાઈ. ગામ આખામાં વાત ફેલાઈ. પછી તો સાકરચંદે વર્ષો સુધી પૂજાઓ ભણાવી. અમે પણ વિક્રમ સંવત ૨૦૧૮/૧૯માં એમને સાંભળ્યા છે. બરાબર ઢબથી રાગ-રાગિણીથી પૂજાઓ ભણાવતા !

આ તે વચન સિદ્ધિ જ ને ?

૦

હવે સિહોર ગામમાં બનેલો પ્રસંગ જોઈએ. વરતેજ પાસેનું ગામ. ત્યાં વિહાર કરીને મુનિશ્રી પધાર્યા હતા, ઉપાશ્રયમાં બિરાજમાન હતા. ઉપાશ્રયમાં પોપટ નામનો એક માણસ કામ કરે; સાધુ ભગવંતોની સેવા કરે. એ કાજો કાઢતો હતો.

વીરવિજયજી મહારાજ એની સામે જોઈ, એને બોલાવવા બૂમ પાડી - *"પોપટ !* જવાબ ન મળ્યો. "

બીજી બૂમ, ત્રીજી બૂમ : *"પોપટ ! પોપટ!"*

જવાબ ક્યાંથી મળે ? એક ભાઈ ત્યાં હાજર હતા. તે કહેઃ "મહારાજજી આ પોપટ સાંભળતો નથી. બોલતો ય નથી."એ એને મહારાજ સમક્ષ લઈ આવ્યા.

વીરવિજયજી કહે : *"બોલ ! પોપટ બોલ ! "* મહારાજશ્રીના આ વચનો જાણે એના અંતરપટને ભેદી અંદર ઊતરી રહ્યાં હતાં ! જ્ઞાનતંતુઓ ઝણઝણી ઊઠ્યા ! એને વાચા ફૂટી. જનમનો મૂંગો પોપટ પંચાવન વર્ષે બોલતો થયો !

મુનિશ્રી વીરવિજયજી આવા વચનસિદ્ધ અને સંકલ્પસિદ્ધ હતા!

વૈરાગ્ય, વિરતિ અને વચનશુદ્ધિનો આ ચમત્કાર હતો.

આવું મસ્ત અને વૈરાગ્યમય જીવન જીવી, તેઓ ૬૭ વર્ષની વયે, વિ.સં. ૧૯૭૫ની સાલમાં ખંભાત મુકામે કાળધર્મ પામ્યા.

ઝળહળતા વૈરાગ્યની મૂર્તિ સમા આ મહાપુરુષને શતશઃ પ્રણામ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જાકો રાખે સાંઈયા...

વાત નાની છે, પણ ક્યારેક જ બનતી જોવા મળે તેવી છે. કુદરત સ્વયં જેનું રખોપું કરે તેવું વ્યક્તિત્વ પૂજ્યશ્રીનું હતું. એક ઉર્દૂ શેર યાદ આવે છે :

*"ફાનૂસ બન કે જિસકી હિફાજત હવા કરે।*
*વો શમ્આ ક્યોં બુઝે જિસે રોશન ખૂદા કરે।।"*

કુદરત તેમને સાનુકૂળ થઈને રહેતી હતી તે દર્શાવતા અનેક પ્રસંગોમાંથી બે પ્રસંગો જોઈએ. તેઓ પોતાનું જીવન અન્યને માટે જીવતા હતા એ આ પ્રસંગો પરથી જણાઈ આવે છે.

વિ. સં. ૧૯૭૩નું ચોમાસું સાદડી (રાણકપુર-રાજસ્થાન)માં વિતાવ્યું. ચાતુર્માસ પછી, શિવગંજથી જેસલમેરનો છ'રી પાળતો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યો. નાકોડા તીર્થની આગળ તો બધો રણ-પ્રદેશ. નાનાં નાનાં ગામો રસ્તે આવતાં. વાસણા કરીને એક નાનું ગામ આવ્યું, ત્યાં સંઘનો મુકામ હતો. ગામમાંથી સંઘને આવકાર મળ્યો નહીં, એટલું જ નહીં, ગામવાળાંઓ કહેવા લાગ્યાં : *"અહીં નહીં. બીજે જાઓ. તમે આટલા બધા અમારા ગામનું બે મહિનાનું પાણી એક જ દિવસમાં હડપ કરી જાઓ. પછી અમે પાણી વિના ટળવળતા થઈ જઈએ."*



વાત પૂજ્યશ્રીના કાને આવી. તેમણે ગામલોકોને કહેવરાવ્યું : *"ફિકર શા માટે કરો છો. તમે પાણી વિનાના નહીં રહો"* એમની આવી હૈયાધારણથી ગામલોકોને ધરપત થઈ. સંઘે ત્યાં પડાવ નાખ્યો. બધાં યાત્રિકો ઠરીને ઠામ થયા. બપોર સુધી તો આકાશ ચોખ્ખું અને કોરું હતું. વાદળનાં કોઈ નામ-નિશાન ન હતાં. એવામાં અચાનક ત્યાં વાદળ ચડી આવ્યા અને સારો એવો ચરસાદ પણ પડ્યો. ગામનું તળાવ ભરાઈ ગયું. ગામના લોકો દોડીને આવ્યાં અને કહેવા લાગ્યા :

*"બાપજીને કહો, જેટલું રહેવું હોય તેટલું અહીં રહે."*

એવો જ બીજો પ્રસંગ વિ. સં. ૧૯૮૯માં બન્યો.

પૂજ્યશ્રી અમદાવાદ હતા ત્યારે આર્દ્રા નક્ષત્ર ચાલી રહ્યું હતું. આર્દ્રાના છેલ્લા તેર દિવસ બાકી હતા. ચોમાસું બોટાદમાં નક્કી થયું હતું. બોટાદ જવા વિહારને રસ્તે, કોઠ-ગુંદી થઈને પૂજ્યશ્રી ફેદરા પધાર્યા. ફેદરાથી ખડોળ લાંબું થાય. ભાલનો પ્રદેશ સાવ વેરાન. સાંજે થોડો વિહાર કરી વચ્ચે સંથારો કરી, વળતે બીજે દિવસે ખડોળ પહોંચવું એમ નક્કી ઠરાવ્યું. જ્યાં રાત્રિમુકામ કર્યો ત્યાં કોઈ ગામ-સીમ ન હતાં એટલે પાંચ પીપળા કહેવાય એવી જગ્યાએ તંબૂ-રાવટી નાખીને સ્થાન ઊભું કરાવ્યું. સાથે સાત ઠાણા હતા. આજુબાજુના ખેડૂતોએ આવીને કહ્યું કે "ઉનાળાની ગરમીના દિવસો છે એટલે વીંછીનો ઉપદ્રવ રહે છે.સંભાળજો."

મહારાજ સાહેબે તંબૂ ફરતી પાળ કરાવી. સાધુઓને સૂચના કરી કે રાત્રે માત્રુ કરવા પણ આ પાળ ઓળંગવી નહીં. તે રાત્રે એક સાધુ મહારાજ પ્રમાદવશ બહાર ગયા, પાળ ઓળંગી ત્યાં જ વીંછીએ ડંખ દીધો. મહારાજ સાહેબે સહજ ઠપકો આપી, હળવેથી પ્રેમાળ હાથ ફેરવી વીંછીનો ડંખ ઉતાર્યો.

વહેલી સવારે હજુ તો ઘેરો અંધકાર હતો. થોડી વારે, હાથની રેખાઓ માંડ દેખાય એટલું અજવાળું થતાં વિહારની તૈયારી કરવા કહ્યું. સાથેના માણસો કહે, રાત્રે વરસાદનું મોટું ઝાપટું આવ્યું જણાય છે. હજુ પણ ફર ફર ચાલુ છે. તંબૂ ફરતે પચાસ પચાસ ડગલાં દૂર વરસાદ અને તંબૂમાં પાણીનું એક પણ ટીપું નહીં ! તંબૂની અંદરનો ભાગ એકદમ કોરો કટ ! જોનારને આશ્ચર્ય થયું. કુદરત આ રીતે તેમનું રખોપું કરતી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અદ્દ્ભુત ચરિત્રનાં સ્વામિનીનો જય હો !

આજે તો બસ ! એક પછી એક, આશ્ચર્ય ઉપજાવનારી વાતો જ મનમાં આવતી રહી છે. આજે જે વાત કરવી છે તે વાતના દસ્તાવેજી પુરાવા સાંપડ્યા ન હોત તો વાતને કોઈ સાચી માનત જ નહીં. “આવું તે હોતું હશે ?” એવા ઉદ્‌ગાર સાંભળવા મળે.

પણ, માનો કે ન માનો, આ વાત સાચી છે.

કાળના પ્રવાહ ઉપર દૃષ્ટિપાત કરતાં એમ જણાઈ આવે છે કે આવી ઘટના ક્યારેક અને ક્વચિત જ બને. સમયના પટમાં શું ન બને તેનો ઉત્તર આપવો મુશ્કેલ છે.

વાત આમ બની છે. વિ.સં. ૧૨૬૮માં ખંભાત જેવા ગામમાં કોટ્યાધિપતિ શ્રેષ્ઠીના દીકરાને ત્યાં દીકરી જન્મી છે. જોનારાં મોંમાં આંગળાં નાખી જાય એવી રૂપ-રૂપના અંબાર જેવી આ દીકરી ! અને રૂપ કરતાં અનેકગણું ચડિયાતું એનું ભાગ્ય ! કોઈ નકશામાં ન સમાઈ શકે એવું એનું ભાગ્ય. જોષી મહારાજને કુંડળી બનાવવા તો આપી, પણ ભાગ્યનું વર્ણન કરવાનું એમનું ગજું ન હતું ! કુંડળી દોરી એના ફળાદેશમાં મોટી પૂર્ણાકૃતિ ચીતરી જાતકના પિતાને પરત કરી આવ્યા !

ગોળ વીંટો ખોલી ને જોયું તો પાનાં સાવ કોરાં ! જોષીને પૂછ્યું, “આમ કેમ ?”જોષી મહારાજ હાથ જોડી કહે : “મારી કલમમાં એ કૌવત નથી કે તેનું ભાગ્ય હું લખી શકું ! એક તો, જેવું છે તે બધું હું વાંચી શકતો નથી અને જેટલું વાંચી શકું છું તે કલમ દ્વારા પ્રગટ કરી શકું તેમ નથી. હું આ જાતકના બાર ભુવનના ગ્રહોના વર્તમાનની લિપિ ઉકેલવામાં લીન હતો ત્યારે જ શબ્દોએ આવી કાનમાં કહ્યું - આ ભાગ્યને શબ્દદેહમાં પૂરવાની અમારી શક્તિ નથી માટે, અમને કાગળ પર ઉતારી શરમિંદા બનાવશો નહીં - હું એમ જ લઈ આવ્યો છું.”

વાત વિસારે પડી. દીકરી સોનાને ઘૂઘરે રમતી, કમળભરેલા વિશાળ સરોવરમાં હંસ જેમ એક કમળથી બીજા કમળ પર વિચરતો હોય, વિલસતો હોય તેમ, તે કાળના ખંભાતના, સહજ હેત પ્રીતથી ઊભરાતાં સ્વજનોના એક હાથમાંથી બીજા હાથમાં, હુલાતીફુલાતી દીકરી મોટી થવા લાગી.

સુખના દિવસોને વીતતાં વાર શી ? દીકરીના દાદાનો રોજનો નિયમ -સવારે પ્રભુદર્શન કરી, ગુરુ મહારાજને વંદના કરી ઘેર આવવું. એક સવારે દાદા દર્શને જતા હતા ત્યારે પૌત્રી પદ્મલક્ષ્મીએ સાથે આવવા જીદ કરી. દાદાની આંગળી પકડી દીકરી દેવ-દર્શન કરી ઉપાશ્રયમાં ગુરુ મહારાજ પાસે આવી. ત્યાં ધર્મમૂર્તિ મહારાજ સ્થિરવાસ રહેલા, વિરાજમાન હતા. દાદાએ વંદના કરી. તે રીતે દીકરીએ પણ વંદના કરી. દીકરીના ભાગ્યની સંકેતલિપિ જોષી મહારાજ ભલે ન ઊકેલી શક્યા, પરંતુ મુનિરાજ પળવારમાં દીકરીનું લલાટ જોઈને એ કળી ગયા !

દાદાને કહ્યું : “તમારી આ દીકરી અસાધારણ કામ કરવા આ પૃથ્વીલોકમાં અવતરી છે. એને પ્રભુશાસનના ચરણે સોંપી દો !”

દાદા સંસ્કારમૂર્તિ હતા. આવા કામ માટે “ના” જેવો શબ્દ એમના મુખમાંથી ક્યારે પણ ન આવે. “આયુષ્યનું અમૃત સાધુતા છે.” - આ સમજણ હતી પણ વિમાસણ એ થઈ કે, બાપજી ! સતત સુખમાં ઊછરેલી કોમળ કુસુમ જેવી આ દીકરી કઠોર સંયમ જીવન કેવી રીતે પાળી શકશે ? વળી ગુરુવચન પણ અમોઘ હોય છે એવી શ્રદ્ધા પણ હતી. ઘડીક કમળના ફૂલ જેવી દીકરીના મોં તરફ જુએ, તો ઘડીક ગુરુ મહારાજના, તપ-તેજથી દીપતા મુખ-કમળ તરફ જુએ ! છેવટે ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાનો વિજય થયો.

પુત્ર, પુત્રવધૂ તથા પરિવાર સાથે આવીને આઠ વર્ષની દીકરી પદ્માને વહોરાવી દીક્ષા અપાવી. ભાવોલ્લાસની ઊછળતી છોળો વચ્ચે દીક્ષા થઈ. તે હવે પદ્મશ્રી નામે ઓળખાવાં લાગ્યાં.

દીક્ષા પછી, ભાગ્યે ખીલવાના બધા સીમાડા ઓળંગી લીધા. પોતાના ગુરુ મહારાજની સાથે તે નાના સાધ્વી બેઠાં હોય તો પણ આવેલાં બધાં પહેલાં આ નાના મહારાજને જ વંદન કરે ! અરે ! એ તો ઠીક, પણ તેમને જોઈને વગર ઉપદેશે દીક્ષા લેવા માટે શ્રાવિકાનાં વૃન્દનાં વૃન્દ તૈયાર થઈ જાય.

માનશો ! માત્ર ત્રણ વર્ષના દીક્ષાપર્યાયમાં તેઓ સાતસો શિષ્યાનાં ગુરુણી બન્યાં ! સૂરિ મહારાજે તેમનો પ્રવર્તિની પદનો અભિષેક કર્યો. ત્રણ-ચાર વર્ષ પછી મહત્તરા પદથી અલંકૃત કર્યાં. સકળ શ્રી સંઘમાં તેમનું ચારિત્ર, સંયમ આદર્શરૂપ ગણાવા લાગ્યું. બુદ્ધિની તેજસ્વિતા એવી કે ગૂઢમાં ગૂઢ તત્ત્વજ્ઞાનના પદાર્થ સરળતાથી, હાથમાં રહેલા આમળાની જેમ સામાને સમજાવતા હતાં. તપસ્યામાં ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહેતાં હતાં.

માત્ર અઠ્ઠાવીસ વર્ષની વયે તો આ ભવમાં સંચિત થયેલાં ઉત્કૃષ્ટ પુણ્ય ભોગવવા સદ્‌ગતિમાં સંચરી ગયાં. વય ઓછી હોય કે વત્તી હોય પણ અજવાળું કેટલું પથરાયું તે મહત્ત્વનું છે. સકળ સંઘ શોકમગ્ન બની ગયો ! એક તેજસ્વી તારલો પૃથ્વીલોકની મુલાકાત લઈને તેજ લિસોટો પાથરીને વિદાય થયો.

તેમના સમગ્ર જીવન પર દૃષ્ટિપાત કરીએ તો બધી ઘટના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળતાં માત્ર 'અદ્‌ભુત' શબ્દ જ મુખમાંથી સરી પડે.

તે કાળ એવો હતો કે ગુરુ મહારાજની પણ પ્રતિમા ભરાવાતી નહીં. કોઈ યુગપ્રધાન પુરુષ માટે જ એ વિકલ્પ ખુલ્લો રહેતો હતો. એવા સમય દરમિયાન એક સાધ્વીની પ્રતિમાની તો કલ્પના શી રીતે થઈ શકે?

છતાં આ મહત્તરા પદ્મશ્રીનું ઉત્કૃષ્ટ પુણ્ય, અલૌકિક પ્રભાવ, તેથી વિ.સં.૧૨૯૮માં તેઓની પ્રતિમાનું નિર્માણ કરાવવામાં આવ્યું. નિત્ય દર્શનાર્થે અને ઉપકારીના ઉપકારનું સ્મરણ થતું રહે એ આશયથી બનાવેલી એમની પ્રતિમા, કાળની પછડાટો વચ્ચે આજે પણ અખંડ સચવાયેલી રહી છે. માતર તીર્થના સુમતિનાથ પ્રભુના વિશાળ જિનાલયમાં આ પ્રતિમા વિદ્યમાન છે.



જય હો! જય હો! મહત્તરા પ્રવર્તિની સાધ્વીશ્રી પદ્મશ્રી મહારાજનો જય હો!

સહર્ષ જણાવવાનું કે.....

વિરલ કોટિના કહી શકાય તેવા સાધ્વીજીશ્રી પદ્મશ્રીજીની વાત પાઠશાળા - ૩૬ માં વાંચીને આનંદ, અહોભાવ અને આશ્ચર્ય પ્રગટ કરતાં ઘણાં પત્રો આવ્યાં છે. તેઓએ ભરપૂર અનુમોદના કરી છે, પણ સાથે પ્રશ્ન પણ કર્યો જ છેઃ આ વાત જૂના જમાનાની છે, પણ વર્તમાનમાં કંઈ આવું વિલક્ષણ, નેત્રદીપક જોવા મળે કે નહીં? માત્ર ભૂતકાળની સમૃદ્ધિ જ છે? વર્તમાનનો વૈભવ છે કે નહીં?

મારા મનને પણ આ પ્રશ્ન સુંદર લાગ્યો. એ દૃષ્ટિએ ચારેકોર નજર ફેરવી તો, પ્રભુ સંઘના ઉદ્યાનમાં કેટકેટલાં ફૂલો જોવાં મળ્યાં; કોઈ રંગમાં, કોઈ સુગંધમાં, કોઈ કદમાં તો કોઈ શોભામાં કેવાં કેવાં ચડિયાતાં છે, તે જોઈને મેં વિસ્મય અનુભવ્યો.

તેમાંથી હાલ એક પુષ્પની સુવાસ માણીએ.

વાત આમ છે :-- નાની વયમાં દીક્ષા થાય તો જ્ઞાનની સાધનાની કેવી મોજ માણવા મળે! એવા દીક્ષિતના જીવનમાં ઓછામાં ઓછી એકવીસહજાર શ્લોકો-ગાથા કંઠસ્થ થવી જોઈએ. આવી માતબર મૂડી હોય તો જીવનના ઉત્તરકાળમાં ચિંતન અને અનુપ્રેક્ષા માટે ભરપૂર સામગ્રી મળે - મળી રહે. આર્તધ્યાનના કાદવથી એક પણ દિવસ ચિત્ત ખરડાય નહીં. મનમાં પ્રભુજીના વચનની મસ્તીનો અનુભવ થયા કરે. સૌથી મહત્ત્વનો લાભ તો એ થાય કે જવાની સુખે સુખે પાર ઊતરી જવાય. શ્રુતજ્ઞાનના બળથી કામાવેગનો તબક્કો ઓળંગી જવાય. વળી આનાથી શ્રમણ-જીવનનાં જે બે લક્ષ્ય છે, તેને સાધવાનું સુગમ બની જાય! નિષ્કલંક પ્રવૃત્તિ અને નિષ્કષાય વૃત્તિ. આ બે લક્ષ્યમાં જ્ઞાન સાધના ખૂબ સહાયક છે. આ કાર્ય સરળતાથી થઈ જાય.

આટલી વાત થઈ એટલે તરત જિજ્ઞાસા થઈ! વાત તો સરસ છે; આદર્શભરી વાતો છે. શું આજના યુગમાં આ શક્ય છે? આવા રળિયામણા પ્રશ્નનો જવાબ પણ આપણને રળિયાત કરે એવો મળ્યો. હર્ષ સાથે જણાવવાનું મન છે :

ઉત્તમ કુળ, સંસ્કારી માત-પિતા, સંયમની ભાવના જન્માવે તેવું વાતાવરણ. પરિણામે દશ વર્ષની વયે જ દીકરીએ દીક્ષા લીધી. દીક્ષા વખતે જ એક શુભ વિચાર મળ્યો,

'તમે ધારો તો એકવીસહજાર ગાથા કરી શકો.' આ વિચારને ભાવસહિત ચિત્તની ભૂમિમાં વાવ્યો. સમયે-સમયે તેને યોગ્ય ખાતર-પાણી મળતાં રહ્યાં. જોતજોતાંમાં આ શુભ સંકલ્પને અંકુર ફૂટ્યા. વધતા વધતા તે છોડ બની, વૃક્ષ અને ઘીંગું વૃક્ષ બન્યું. માત્ર અઢાર વર્ષના દીક્ષા પર્યાયમાં તો એકવીસહજાર ગાથાનો લક્ષ્યાંક સિદ્ધ કરી લીધો!

જ્ઞાન-સાધનાની યાત્રા અવિરામ ચાલતી રહી. માત્ર નવી નવી ગાથા કરવાની એટલું જ નહીં, જેટલી ગાથા થઈ હોય તે બધીને પરાવર્તનના સ્વાધ્યાય દ્વારા વધુ ને વધુ દૃઢ કરીને તેને આત્મસાત બનાવવાની, તાજી રાખવાની! આવું કરવાથી, આ જ્ઞાનસાધના કરવાથી ધીરે ધીરે અન્યોગ સિદ્ધ થાય છે. ક્રમશઃ જ્ઞાનદશાની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ જ્ઞાતાભાવ પામવાનો આ જ માર્ગ છે.

એકવીસહજાર ગાથાઓમાં પાંચ પ્રતિક્રમણ, ભાષ્ય, કર્મગ્રંથ, આગમની નિર્યુક્તિ, પ્રસિદ્ધ ઇન્દ્રિયપરાજય શતક, વૈરાગ્ય શતક, ક્ષેત્ર સમાસ, મોટી સંગ્રહણી વગેરે અનેક ગ્રંથોનો સમાવેશ થાય છે. દીક્ષા પછી, રોજ ત્રણ કે પાંચ જેટલી ગાથા કરવામાં આવે તો પણ એક દાયકામાં આ બધું સિદ્ધ થઈ શકે.

એ સાધ્વીજી મહારાજનું શુભ નામ છે : હ્રીંકારગુણાશ્રીજી. દીક્ષા સમયે વય બાર વર્ષની હતી, હાલ ત્રીસ વર્ષ આસપાસની વય છે. અચલગચ્છની પરંપરામાં છે. આ ચાતુર્માસમાં તેઓ કચ્છના બિદડા ગામમાં વિરાજમાન છે. આ વાત વર્તમાનકાળની છે; અત્યારની છે. આપણી આસપાસની જ છે. પ્રેરણાનું ઝરણું વહેતું છે. ખોબો ભરીને એમાંનું અમૃત જળ પી લઈએ. તરસ છીપાવી લઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મોક્ષની સીધી ગાડી ચૂકી ગયેલો જીવ

દેહ ઉપરની મૂર્છા ઊતરે છે ત્યારે સાધુપણું પ્રગટે છે. ધનની મૂર્છા ઉતારનારા શ્રાવક ક્યારેક જોવા મળે છે ત્યારે પ્રમોદ થાય છે પણ દેહની મૂર્છા ઊતરી ગઈ હોય તેવી સાધુતાનાં દર્શન થાય ત્યારે પુલકિત થઈ જવાય છે. સાધ્વીજીશ્રી લક્ષ્મણાશ્રીજીનાં દર્શને એ અનુભવ થયો.

લગભગ ૭૫ વર્ષની જૈફ વય; શરીર રોગથી ઘેરાયેલું, તેથી સાધ્વીજી સંપૂર્ણ સંથારાવશ હતાં. તેમની પાસે શાતા પૂછવા ગયા. રુગ્ણ શરીર અસ્થિશેષ થયું હતું, છતાં મોં પર તેજ હતું. શરીરમાં પુષ્કળ દાહ થતો હતો. મોંમાં તો જાણે અંગારા ભર્યા હોય! પેટમાં પણ લાહ્ય બળતી હતી. જીવન ટકાવવા માટે માત્ર પ્રવાહી લઈ શકતાં; દૂધ, મોસંબીરસ અને પાણી આવું દિવસમાં ત્રણ-ચાર વાર લેવાતું. લઘુશંકા થઈ જવાના કારણે સહવર્તી સાધ્વીજીને કષ્ટ ન પડે માટે, પાણી તો માત્ર એક-બે ચમચી જેટલું જ લેતાં! લઘુશંકા થઈ જાય તો પણ ખ્યાલ ન રહે એટલે અંશે શરીરનો નીચેનો ભાગ અચેતનવત્ જડ જેવો થઈ ગયો હતો. વળી બીજાને કષ્ટ આપવું પડે છે તે ખ્યાલથી તેમને પારાવાર ક્ષોભ, દુઃખ અને પીડા થતી હતી.

આ વયે, રોજ પચ્ચખ્ખાણ કરતી/કરાવતી વખતે રકઝક થાય. સાધ્વીજી કહે કે "ઉપવાસ કરાવો, માસખમણ કરવું છે." જીવનની એકમાત્ર અભિલાષા, એમની તીવ્રતમ ઝંખના, માસક્ષમણ કરવાની હતી. પરિવારમાં કોઈએ આ તપ કરેલું નહીં તેથી પણ મનમાં તીવ્ર ભાવ હતા.

*નાગકેતુના પૂર્વભવમાં, બાળકને અઠ્ઠમ કરવાની તીવ્ર ભાવના થઈ હતી, એ કથાની યાદ આવી જાય! આ પછીના ભવમાં લક્ષ્મણાશ્રીજી સાધ્વીજીને મનુષ્ય-જીવન મળે તો જન્મતાવેંત માસક્ષમણ શબ્દ સાંભળતાં માસક્ષમણ કરે તો નવાઈ નહીં એટલું તીવ્ર અનુસંધાન માસક્ષમણ સાથેનું બંધાયેલું હોય તેવું લાગે!*

એમણે દીક્ષા પણ કેવા સંજોગમાં લીધેલી? જાણે કે નિર્વેદ શબ્દ મૂર્તિમંત થયો ન હોય! આ ભવ તે એક કેદખાનું છે; તેમાંથી નીકળવા, કેદી જે રીતે ઝૂરે અને ઝઝૂમે એવી, સંસારમાં તેમની અવસ્થા હતી! સમકિતદષ્ટિ અવિરતિધર હોય અને કેટલાંક નિકાચિત ચારિત્ર મોહનીય કર્મ વેદવાના બાકી હોય તે માટે જ સંસાર માંડે એ રીતે તેમને સંસાર માંડવો પડ્યો. મન માને નહીં, મન કચવાય. આ બધામાંથી છૂટવા ઝંખે. પૂજ્ય મેઘસૂરિજી મહારાજ પાસે દીક્ષા ન લેવાય ત્યાં સુધી આયંબિલ કરવાનો અભિગ્રહ હતો. આ તપ સતત બે વર્ષ સુધી ચાલ્યું! એક દીકરો હતો તે દશ વર્ષની વયનો થાય પછી જ દીક્ષા લઈ શકાય.

મનની ઉત્કટતા એટલી બધી કે, ધીરજ કેમ ધરી શકે! ઘરમાં જ વેષ બદલી લીધો! ભારે હો-હા થઈ. સાધ્વી વેષમાં જ ઘરમાં રાખ્યાં અને પછી વિધિ કરાવી. વૈરાગ્ય તીવ્ર હતો. અતિ મિતભાષી સ્વભાવ, કશા પર મોહનું તો નામ નહીં. દેહભાવથી ઉપર ઇન્દ્રિયભાવ તેનાથી ઉપર, મનોભાવ અને તેનાથી પણ ઉપર આત્મભાવનું સામ્રાજ્ય! જાણે કે એકાદ ભવમાં મુક્ત થનાર જીવ!

બુદ્ધિ આત્મભાવને આધીન વર્તતી હતી. દેહ અને દેહના રોગ, પીડા - આ બધાનો તો વિચાર સુધ્ધાં ફરકતો ન હતો. નિરંતર આત્માનો જ વિચાર રમતો રહે! શ્રી આનંદઘનજીના શબ્દો *આતમધ્યાની શ્રમણ કહેવાય* એ શબ્દ ચરિતાર્થ થતા જોવા મળે! અમે મળ્યા તે પછી પંદરેક દિવસે જાણવા મળ્યું કે તેઓએ આ વ્યાધિગ્રસ્ત જર્જરિત દેહમાંથી મુક્ત થઈને નવો નકોર દેહ ધારણ કરવા અહીંથી શ્રી સીમંધર દેવ કને જવા પ્રયાણ આદરી દીધું છે.

*દેહ અને આત્મા જુદા જ છે - મ્યાનમાં રહેલી તલવારની જેમ - એવું યથાર્થ દર્શન ત્યારે થયું હતું. આત્મા જ બોલતો હતો. આત્માના ભાવોમાં રમમાણ વ્યક્તિનું ઉદાહરણ મનમાં અંકિત થયું. એ સવાર ધન્ય બની ગઈ!*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચેતન ! અબ મોહે દરિસણ દીજે

માગસર સુદ ૫ - ૨૦૬૨
દશા પોરવાડ ઉપાશ્રય, અમદાવાદ

પ્રિય આત્મન્,

પ્રેમ...પ્રેમ...પ્રેમ.

આજે સંયમજીવનનાં પિસ્તાલીસમા વર્ષે, વીતેલાં વર્ષોનું વળતર જોવા મન તલસે છે, તેનાં લેખાં-જોખાં કરવા મન ઉત્સુક છે. સંયમજીવન શેના માટે ? સંયમજીવનથી શું સિદ્ધ કરવું છે ?

તારે ઘર સંકમણં કથં તેહિં (અર્થ : દોષોથી ઊભરાતા સંયમ માટે ઉપદેશમાલાના વચનમાં કહેવાયું છે કે તેઓએ ઘરબદલો જ કર્યો છે) સાર્થક કરવું છે કે અદ્ય તે સફલં જન્મ બોલી શકાય તેવું જીવવું છે ? પ્રભુ મહાવીરે સંયમ જીવનની અનિવાર્યતા કયા પ્રયોજન માટે કહી છે ! થોડીવાર તે વિચારી જો !



તારા સ્વરૂપ ઉપર હું ઓવારી જાઉં છું. આજે સાતિચાર સંયમનાં ૪૫ વર્ષ થયાં. તે નિમિત્તે તારી સાથે થોડો સમય ગોઠડી કરવી છે.

પ્રભુએ મનુષ્યભવની સાર્થકતા વર્ણવતાં કહ્યું છે : *"દેહથી આત્મા જુદો છે."* આ વચન શ્રદ્ધાથી સ્વીકાર્યા પછી તે અનુભવાય તો આ જન્મ લેખે લાગે. આ અનુભવ આત્મસાત કરવાનો શ્રેષ્ઠ માર્ગ *પ્રવજ્યા-દીક્ષા* છે. જીવનમાં સાધુતા પ્રગટે ત્યારે જ દેહ ગૌણ બની શકે.

તે માટે જેટલાં સાધકસાધનો છે તેને અપનાવવાં. અને બાધક છે તેને સાવધાનીપૂર્વક ત્યજવાં. ઘાતકને તો દૂરના દૂર જ રાખવા. દેહાત્મવિવેક એ એક જ સાધ્ય છે, લક્ષ્ય છે. એ સિદ્ધ કરવા તેનાં સાધન-ઉપસાધન લેખે જે કાંઈ કરવું પડે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર તરીકે ગણાતું હોય તે આદરપૂર્વક સેવવું.

દેહભાવ ભાન એ લૌકિક છે. આત્મભાવ ભાન તે લોકોત્તર છે. આ લૌકિક સ્થિતિ તો અનાદિની છે. **મન, વચન અને કરણીમાંથી તેને ત્યજવાની છે, તેને સ્થાને લોકોત્તર વચનો, વિચારો અને વર્તણૂંકને તારે ચીવટથી અપનાવવાનાં છે. આ બધાંને તારે તારા** બનાવવાનાં છે.

અનાદિથી જે દેહાધ્યાસ ચિત્તવૃત્તિમાં ગાઢપણે વણાયાં છે તેને અળગો કરવાનું લક્ષ્ય એક ક્ષણ માટે પણ ન વીસરાય તે માટે, પ્રભુ દર્શન વંદન, તીર્થયાત્રા, સામાચારીનું પાલન કરવું; એની પુષ્ટિ માટે આગમ ગ્રંથોથી લઈ પ્રકરણ ગ્રંથોનું અધ્યયન કરવું; આ બધાં સાધનોનો ઉપયોગ દેહભાવને સ્થાને આત્મભાવની સ્થાપના કરવા માટે છે.

રોજની ઘટમાળમાં પર-પદાર્થ પ્રત્યેની પ્રીતિ મૂળગામી બની ગઈ છે તેનાથી જીવને પાછા વાળીને પરમ તત્ત્વ પ્રત્યેનો લગાવ ઊભો કરવાનો છે. **સ્થૂળથી સૂક્ષ્મ તરફની ગતિ કરવાની છે. અનિત્યથી નિત્ય તરફ નજર નોંધવાની છે. અન્યથા આ** જીવન તો એવું અનિત્ય છે કે :

*"મારી હસ્તી, મારી પાછળ એ રીતે વીસરાઈ ગઈ,*
*આંગળી જળમાંથી લીધીને જગ્યા પુરાઈ ગઈ."*

માત્ર દશ્ય જગતમાં ગતિ-સ્થિતિ સીમિત થઈ જાય છે તેને બદલીને અદશ્યમાં નજર દોડાવવાની છે; તારે ત્યાં સુધી પહોંચવાનું છે. દિવસમાં દસ વાર બોલજે : *"દેહથી હું જુદો છું."* આટલું લક્ષ્યરૂપે તારા મનમાં કોતરાઈ રહે તો તું આ સંસારમાં વિસામો શોધે પણ મુકામ તો ન જ કરે !

તારું આ લક્ષ્ય ઉચ્ચતમ છે. આ હેતુને તું પળભર પણ ભૂલતો ના ! પ્રભુ મહાવીરે કહ્યું છે કે : *પળ એકનો પણ પ્રમાદ ન કર* તે આ અર્થમાં છે. આત્મવિસરણ એ પ્રમાદ છે. સતત જાગૃતિ તે અપ્રમાદ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહ છે એટલે દેહભાવમાં લીનતા સહજ છે. ઢાળ છે. આત્મભાવની સતત સ્મૃતિ એ ચઢાણ છે. તારો જન્મ એ માટે જ થયો છે. એ સ્થાને તારે પહોંચવાનું છે. આ કાળમાં ઘણા સાધક એ જગ્યાએ પહોંચ્યા છે. તારે માટે પણ એ અશક્ય નથી. મનમાં એ વૃત્તિને સતત જાગૃત રાખીને જીવતો જા, એનું રટણ કરતો જા !

જો આ લક્ષ્ય ન પકડાયું તો ગોળ ગોળ ફરવાનું જ થાય છે. એમ ન થાય તે માટે તને હું કહું છું. હવે એ ભૂલનું પુનરાવર્તન અટકાવી દેજે.

આ તપ છે. પરિણામ ઉત્કૃષ્ટ છે. સંસારમાં ઉપાધિ તો પારાવાર છે. ડગલે ને પગલે આવવાની છે, પરંતુ એકવાર પણ દેહ અને આત્માના ભેદની પ્રતીતિ થઈ તો લાભ જ લાભ છે. સંસારની ઉપાધિ તને સ્પર્શશે નહીં. એનું સુફળ એ મળશે કે તને સમાધિ અંકે થઈ જશે ! અંત સમય એ તો જીવનનો સરવાળો છે.



સમગ્ર જીવન કેવું વીત્યું છે તેની પ્રતીતિ અંતકાળે થશે. લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે તપ અને સ્વાધ્યાય જ માર્ગ છે એવું નથી. બીજા રસ્તે પણ સમાધિ હાંસલ થઈ શકે છે. ભક્તિની તીવ્રતા, શરણગમનની તાલાવેલી, અહંની શૂન્યતા --આ બધાથી પણ ધ્યેય સિદ્ધિ થાય છે. તું કોઈ પણ એક રસ્તો પસંદ કર અને એ રસ્તે ધીરાં ડગ ભરવા માંડ. તને સહાયક પણ જરૂર મળી રહેશે.

ગન્તવ્યને યાદ રાખીને 'હું કોણ ?'નો સાચો જવાબ મેળવી લે. તારું સદ્ભાગ્ય છે કે તને આવી વિચારણા કરવાનું ગમ્યું. તને પ્રાપ્તિ થશે જ એવી આશા રાખવી ગમે છે.

દેહથી વસ્ત્ર જુદું છે એ તો તું અનુભવે છે. દેહથી આત્મા પણ જુદો છે એવું અનુભવવા જેવું છે. એ જ કરવા જેવું છે. આજ સુધી તે અનુભવ થયો નથી કેમકે તેના તરફ તારું લક્ષ્ય ગયું નથી, એ દિશામાં પ્રવાસ અને પ્રયાસ આદર્યો નથી.

એકવાર સમજાઈ જાય કે દેહથી આત્મા જુદો છે પછી દેહ જર્જરિત થાય, રોગોથી ઘેરાઈ જાય, પારાવાર પીડા થાય, પુદ્ગલના સ્વભાવ મુજબ કરમાઈ કાળો પડે તો પણ આત્મા તેનાથી જુદો છે એ અનુભવાશે, પિડાશે નહીં, રિબાશે નહીં.

આત્મા સ્ફટિક જેવો નિર્મળ, સત્ એટલે કે સતત વિદ્યમાન, ચિત્ એટલે જ્ઞાનમય અને આનંદમય ! જ્ઞાનમય એટલે તે જડ નથી. આનંદમય એટલે વિષાદ નથી. ક્યારે પણ ઓલવાય કે આથમે નહીં તેવું તેજ તારું સ્વરૂપ છે તે અનુભવાય તો આધિ-વ્યાધિ-ઉપાધિની પીડા રહે જ ક્યાંથી ?

નિરંતર સુખમાં આકાશ જેવા અસીમ ચિદાકાશમાં જ વિહરવાનું જો તને ગમતું હોય તો આત્માની બહારના પ્રદેશમાં ભટકવાનું બંધ કર અંદર ઝાંખ. બહિર્મુખતા ત્યજીને અન્તર્મુખ બની જા. અંદર તેં ક્યારે પણ જોયું નથી, બહાર છે તેનાથી કંઈ ગણું સુંદર અંદર છે તે જોતાં આવડી જાય તો બહારનું વરવું લાગે, ફિક્કું લાગે.

વાણી વિરમે તો અનાહત નાદ સંભળાય - વિચાર વિરમે તો અનંતસમૃદ્ધિનાં દર્શન થાય. ઉધામા છોડીને પલાંઠી વાળીને ક્યાંક નિરાંતે એકાન્તને શણગારવાનું શરૂ કરી દે!

તને હજી બહારના ટેકાથી જીવવાની આદત છૂટી નથી, આ તારી પરાધીનતા છે. અંદરનો કો'ક ટેકો શોધી કાઢી તેના સહારે જીવવાનું શરૂ કર તો સ્વાધીનતા શું ચીજ છે તેની તને ભાળ મળે.

સતત ને સતત તું બહારની પરિસ્થિતિનો આશ્રય લે છે ત્યાં સુધી તું પરાશ્રિત છે, ત્યાં સુધી તું સ્વાધીન નથી. આ જૂની આદતની નાગચૂડમાંથી નીકળવું તારા માટે કપરું છે પણ, કોઈકના અનુભવને જાણી તેને ખપમાં લઈને તું તારી પાંખો ફફડાવ, ઊંચે ઊડવા તૈયાર થા. થોડો વખત અણગમો લાગે તો સહી લે. સંકલ્પ કર, દેહની પેલે પારના પ્રદેશમાં એકવાર તો લટારે નીકળવું જ છે. જરૂર ભગવાનની સહાય મળશે. બસ, આજે આટલી વાત તારી સાથે કરીને હળવો થાઉં છું.

આટલી વાત તેં ધ્યાનપૂર્વક સાંભળી તેથી ધન્યતા અનુભવું છું. ફરી ક્યારેક આ બાબતમાં તેં જે પ્રગતિ સાધી હોય તેના સુખદ સમાચાર આપજે. -- એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આંબાના વન જેવા થજો



શ્વેતામ્બી નગરી. વન-વનોથી ઘેરાયેલી નગરી. નગરીનો રાજા પ્રદેશી. જીવદળ ઉત્તમ. પણ ગમે તે કારણે તે નાસ્તિક-શિરોમણિ બની ગયા હતા ! પરમ-આસ્તિક થવાના હતા તે માટે તો નહીં બન્યા હોય ને !

શ્રીકેશી ગણધર મહારાજ સામે ચાલીને ગયા અને તેમને બૂઝવ્યા. પ્રતિબોધ પમાડ્યો. રાજાએ આત્મ-તત્ત્વનો હૃદયથી સ્વીકાર કર્યો. તે પછી પોતાનાં પાપથી મનમાં ફફડાટ વ્યાપ્યો ! પાપથી બચવા 'આલોચના' લીધી. છઠ્ઠને પારણે છઠ્ઠની તપસ્યા શરૂ કરી દીધી.

રાજા પ્રદેશીને ધર્મસમ્મુખ કરવાના હતા તે કાર્ય સારી રીતે સંપન્ન થયું એટલે તેઓશ્રીએ વિહાર કર્યો.

अनियतवासाः श्रमणाः। (સાધુઓ નિયતવાસી નથી હોતા).

રાજા પ્રદેશી વળાવવા ગયા. નગરની હદ પૂરી થઈ એટલે પ્રદેશીએ હિતશિક્ષાના બે બોલની માગણી કરી. વગડામાં ઊભાં-ઊભાં જ શ્રીકેશી ગણધર મહારાજે ફરમાવ્યું :

*"આ આંબાના વન જેવા થજો પણ આ સામે દેખાય છે તેવા કંથેરીના ઝાડ જેવા ન થતા.*

*વળી એકવાર સારા બનીએ; પછી ખરાબ ન થતા."*

**पुव्वं रमणिज्ज भूआ, पच्छा अरमणिज्ज मा भूआ।**

જગ તો આલંબનથી ભરેલું છે. પડતાંના ય ઉદાહરણો છે ને ચડતાંના ય ઉદાહરણો છે.

*"ઊંચાં આલંબનો લેવાં. સુપથમાં સત્ સંચરવું'* જે જોઈએ તે મળશે. જેવા થવું હોય તેવા દાખલા લેવા. સારા બની જવું સહેલું છે સારા બની રહેવું અઘરું છે. આપણે સારાં બનીને સારા રહેવા જન્મ્યાં છીએ."

શ્રીકેશી ગણધરની વાણી રાજા પ્રદેશના મનમાં છવાઈ ગઈ; દીવાદાંડી બની રહી.

મનનું નાવ જેવું ખરાબે ચડવા જાય તેવું દીવાદાંડીના સહારે વળી માર્ગે આવી જાય. પ્રભુ-વાણી તો દ્વીપ સમાન છે. બરાબર પકડી, એના પર ચડી જઈએ તો 'બેડો પાર' છે.

# જુઓ દૂત આવ્યો!

સવારનો શાન્ત સમય હતો.

રાજા હમણાં જ સ્નાનાદિ પતાવીને આવ્યા હતા. રસ્તા પર પડતો મહેલનો ઝરૂખો હતો. માત્ર બે જ જણાં હતાં. રાજા હતા અને રાણી હતાં. રાજા બાજોઠ પર બેઠા હતાં અને રાણી બાજુમાં બેસી રાજાના વાળ સંવારતાં હતાં. ભારતમાં પુરુષો પણ લાંબા વાળ રાખતા એવો વર્ષો પહેલાંનો એ સમય હતો. એવા ગુચ્છાદાર વાળમાં ધૂપેલ સીંચતાં રાણી એકાએક બોલી ઊઠ્યા : "दूत समागतः।"

રાજા સહસા ઊંચા થઈ ઝરૂખા બહાર રસ્તા પર જોવા લાગ્યા. કોઈ માણસ ન દેખાતાં રાણીને પૂછવા લાગ્યા : "ક્યાં છે દૂત ? ક્યાં છે દૂત ?" જવાબમાં રાણી મીઠું-મીઠું હસવા લાગ્યાં ! રાજાને ચટપટી થઈ ! જરા રહીને રાણીએ સ્મિત સાથે કહ્યું કે, આ યમરાજાનો દૂત - શ્વેત વાળ - આવી ગયો !

સાંભળતાં જ રાજાના મોંઢાની રોનક બદલાઈ ગઈ. મોં પડી ગયું. હવે દુ:ખી થવાનો વારો રાણીનો હતો ! એવું તે શું થયું ? રાજા ગંભીર સ્વરે બોલ્યા :

"અમારી સમગ્ર પિતૃપરંપરામાં આવું બન્યું નથી. મારા પિતા, એમના પિતા અને એમના પણ પિતા-પ્રપિતા એમ વંશ પરંપરાથી, માથામાં સફેદ વાળ આવે તે પહેલાં જ રાજ્ય ત્યજીને યોગનો માર્ગ સ્વીકારતા ! આ પરંપરા હતી અને છે. પ્રિયે ! अहं पलितवान् अपि હું પળિયાં આવ્યાં છતાં ઘરમાં બેઠો છું. બસ, હવે એ જ યોગી જનોને રસ્તે હું પણ પ્રયાણ કરીશ."

મંત્રી, પુરોહિત, સેનાપતિ અને અન્ય જવાબદાર દરબારીઓને બોલાવ્યા. કહ્યું : "યુવરાજને રાજ્યસિંહાસન ઉપર સ્થાપન કરવાનું મુહૂર્ત જોઈ દ્યો." મંત્રીને પણ ઉત્સવની તૈયારી કરવાનાં સૂચનો આપ્યાં...

...અને ગણત્રીના સમયમાં તો યુવરાજનો રાજ્યાભિષેક કરાવી, વનની વાટે સંચરી ગયા. દીક્ષા લઈને તપોમય આરાધનામાં ડૂબી ગયા. આત્માને ખોળવામાં અને ઓળખવામાં લીન બની ગયા.

એ રાજા હતા સોમચન્દ્ર, જેઓ પ્રસન્નચન્દ્ર રાજર્ષિના પિતા થાય છે.

આવા રાજવી હતા આપણે ત્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આપણને આર્તધ્યાન ન શોભે

તત્ર મુનિરાજ શ્રી .................... આદિ યોગ્ય અનુવન્દના - વન્દના - સુખશાતા.

એક વિચાર મનમાં ઘૂમરાય છે તે તમારી સાથે વહેંચું છું.

સ્વ. આચાર્યશ્રી જિતેન્દ્રસૂરિ મહારાજે છેલ્લા ચોમાસામાં સુરત ભટાર રોડમાં એવું કહ્યું હતું કે,

*"મારા ત્રેપન વર્ષના દીક્ષાપર્યાયમાં ત્રેપન મિનિટ પણ આર્તધ્યાન થયું નથી."*

આપણી વચ્ચે હરતાફરતાં સાધુના આ ઉદ્ગાર છે, જે આપણા વર્તમાનના શ્રમણોની આંખ ઉઘાડવા માટે પૂરતા છે.

ત્રેપન વર્ષ જેટલા વિશાળ જીવનપટમાં શું એમને આર્તધ્યાન માટેનાં નિમિત્તો નહીં મળ્યાં હોય !

મળ્યાં જ હશે !

તમે તો જોયા પણ હશે. અમે તો એ મહાત્માને નજીકથી જોયા છે, જાણ્યા છે. ભેરુતારકના પ્રભુજીના અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે સાથે રહેવાનું થયું હતું ત્યારે નજીકથી જોયા. ચારેક વાર મળવાનું થયું છે.

સાવ ખાખી મહારાજ લાગ્યા. ખપી પણ એવા જ ! ભેરુતારકમાં પૂજ્ય આચાર્ય શ્રી યશોવિજયજી મહારાજ તથા અમારી વાચના ચાલતી હતી. એ સાંભળવા માટે ઘણાં સાધુ-સાધ્વીજી ભેગાં થઈ જતાં ત્યારે તેઓશ્રી સામેથી આવીને બેસી જતા; કહે, *"અમને મેવાડમાં ક્યાં સાંભળવા મળવાનું છે ?"* વળી જ્યાં જ્યાં પૂરક જણાય ત્યાં બે-ચાર વાક્ય બોલતા પણ ખરા ! જ્ઞાનના એવા અઠંગ ગવેષક કે જ્યાંથી મળે ત્યાંથી મેળવે. ખોજી કેવા હોય એમ કોઈ પૂછે તો ઉદાહરણરૂપે બતાવી શકાય તેવા ખોજી હતા.

કેટલાક શુભ સંસ્કારો તેઓશ્રીએ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી પ્રેમસૂરિ મહારાજના ઝીલેલા. પ્રતિક્રમણ તો ઊભાં ઊભાં જ કરે ! અરે ! ત્રીસ-પાંત્રીસ કિલોમીટરનો વિહાર કર્યો હોય તો પણ સાંજે તો પ્રતિક્રમણમાં ઊભા જ હોય !

સાથેના સાધુ એમ પણ કહે કે અમે થાકીને અધમૂઆ થઈ ગયા હોઈએ, બોલવાની હોંશ ન રહી હોય ત્યારે, તેઓશ્રી ઊભા થાય અમારે પણ ઊભા થવું પડે; ખેંચાવું જ પડે.

આપણને થાય કે એવી સ્થિતિમાં તેઓ પ્રસન્ન કેમ કરીને રહેતા હશે ! એનો જવાબ છે : તેઓશ્રીની દૃષ્ટિ દેહને તો ઓળંગી ગયેલી જ, સાથે સાથે મનની વૃત્તિઓને પણ પૂરી વશ કરી લીધેલી. સીધા જ આત્માને નિરંતર જોતા હોય તો જ આ સ્થિતિ આવે.

*"ના દેહ તણી દરકાર કરે, અઘરા તપને આચરતાં."* (પ્રવીણ દેસાઈ)

એ પંક્તિ સાંભળેલી ખરી પણ જ્યારે તેમની સાથે વાતો માંડી ત્યારે તેઓશ્રી કેવા તપોમય છે તે જાણ્યું અને સંયમ શબ્દનો અર્થ વધુ ને વધુ સ્પષ્ટ રીતે સમજાયો.

આ બધાં આત્મબળ સાધક પરિબળોના સરવાળે પ્રાપ્ત થાય તેમ લાગે છે. 'ત્રેપન મિનિટ પણ આર્તધ્યાન નહીં.' વળી કારણ કે આર્તધ્યાનના ઉત્પત્તિ સ્થાનરૂપ અશુભ ચિત્તવૃત્તિઓને જ કાબૂમાં લઈ લીધી હોય તો પછી ઉપશમ વિરોધી વૃત્તિ ઊગે જ ક્યાંથી ? સામાન્ય રીતે આર્તધ્યાન ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગથી જન્મે છે. તેમની ૮૪ વર્ષની આવરદામાં અને ત્રેપન વર્ષના દીક્ષાપર્યાયમાં તો ૩૫ વર્ષ મેવાડમાં વીત્યા છે. મેવાડમાં તો ગામેગામ તેરાપંથી અને સ્થાનક સમુદાય દ્વારા થયેલા અપાર સંઘર્ષોમાંથી તેમને પસાર થવાનું બન્યું છે. ખમણોર જેવાં ગામોમાં તો ચાતુર્માસ નક્કી થયા પછી ત્યાંનાં રહીશો તરફથી વિરોધ આવ્યો. આવું તો ઘણાં ગામોમાં બન્યું હશે. અમને રૂબરૂમાં બે-ત્રણ ગામોની વાત કરી હતી. હિંમત અને વિશ્વાસ એ બે હલેસાંથી તેઓએ જિંદગીની આ નદીને પાર કરી છે.

આ દિવસોમાં માનસિક પરિતાપ તો વેઠવો પડ્યો જ હશે ! આમાં એક સાથે બન્ને પરિબળો ઉપસ્થિત હતાં. ઇષ્ટનો વિયોગ હતો અને અનિષ્ટનો સંયોગ પણ હતો છતાં આર્તધ્યાનનું નામનિશાન નહીં.

દેહની વેદનાના પ્રસંગો પણ ઘણીવાર બન્યા છે. પિંડવાડામાં તેમને જીવલેણ કૉલેરા થઈ આવ્યો હતો, એ દિવસોમાં પાણીની તરસ એટલે પાણીનું ટીપું પણ ક્યાંથી મળે ! ટીપું તો ટીપું ! હિંદીનો એક શેર છે ને !

*યારો યહ સોચો તો સહી વે કિતને પ્યાસે હોંગે।*
*શબનમ કા કતરા ભી જિનકો દરિયા સા લગતા હૈ॥*

(અર્થ : દોસ્ત ! જુઓ તો ખરા તેઓ કેવા તરસ્યા હશે કે ઝાકળના બિંદુ પણ તેઓને દરિયા જેવા લાગે છે !)

ઘાણેરાવમાં એવા જ બિમાર પડ્યા હતા. આવા માનસિક અને શારીરિક યાતનાભર્યા પ્રસંગોમાં જ્યારે જીવ ગયાં કે જશે એવી હાલત થઈ આવી હશે ત્યારે શું તેમને આર્તધ્યાન નહીં થયું હોય ?

ના, નહીં થયું હોય. કારણ કે તેમનું અનુસંધાન દેહભાવને વીંધીને મનને ઓળંગીને પેલે પાર જ્યાં તમામ વ્યાધિ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકારોથી મુક્ત આત્મા છે, તેની સાથે હતું. વીતરાગના વચનોનું મજબૂત કવચ - બખ્તર સતત સાથે રહેતું જે તે નિમિત્તો તો આવે પણ તે બધાં હદ સુધી આવીને બુઠ્ઠાં બની જતાં. સ્વાધ્યાયના રંગથી પોતાના ચિત્તને સતત ભીનું રાખી એ બખ્તરથી સજ્જ રહેતા. એમની સાથેના સાથીદારોનું મન પણ એવા ભાવોથી સતત ભાવિત બનેલું રહે તે માટે તેઓએ કેટલાંક સૂત્રો બનાવી રાખ્યાં હતાં. એ સૂત્રોના શબ્દોની પ્રારનો વિચાર જેવો ચિત્તમાં ઝબૂકી ઊઠે કે તરત જ આર્તધ્યાન વરાળ થઈને ઊડી જાય !

એ સૂત્રો એવાં ચોટદાર છે કે આપણા જીવનમાં પણ જ્યારે આત્માની નિર્મળતામાં બાધક કે ઘાતક પરિબળો આંધીની જેમ ચડી આવે ત્યારે ઉપકારક નીવડે. ચિત્તમાં સંઘરી રાખવા જેવાં આ સૂત્રો છે. ચિત્ત જ્યારે ભૌતિક સુખની ઇચ્છા કે આકાંક્ષા કરે, એ ન મળે ત્યારે ઉદ્વેગ વ્યાપે તો 'રૂહિકમં' તુચ્છમ્ આ ભવનું બધું તો તુચ્છ છે - ક્ષણિક છે - ક્ષુલ્લક છે એ વિચારનો પુરવઠો ચિત્તમાં દાખલ થાય એટલે ઉદાસીનતા રહી ન શકે.

પરિસહો સહેવાનો અવસર હોય અને મન આનાકાની કરે ત્યારે 'સહન કરે તે સાધુ' આ વિચાર દઢતા પકડે કે પ્રતિકૂળતાને સહેવામાં મનની શાંતિ ડહોળાતી હોય ત્યારે મન શાંત અને સ્થિર બની જાય.

આપસ આપસમાં ઝગડાનું રૂપ થાય, ગૃહસ્થો આકરાં વેણ બોલી જાય ત્યારે 'સમાધાનં હિ સ્વર્ગમ્' આવા વચનોને રટવાથી સંઘર્ષનો અંત આવી જાય. ચિત્તની પ્રસન્નતા જે વિચારથી ડગુંમગું થઈ હોય તે વિચારની સામી બાજુનો વિચાર જોરશોરથી રજૂ થાય અને પેલો વિચાર દબાઈ જાય !

આર્તધ્યાનથી બચવા માટે જેમ જિતેન્દ્રસૂરિ મહારાજે નાનાં નાનાં સૂત્રો આપ્યાં તેથી મનને પજવતાં વિચારો દૂર થઈ જાય છે. તેવી રીતે જો અનુકૂળ આવે તો તે તે પરિસ્થિતિને અને મનઃસ્થિતિને સાનુકૂળ બનાવવા માટે પ્રભુએ બતાવેલી ભાવના પણ રામબાણ ઉપાય છે, જેમકે આપણને તાવ આવ્યો. હાલ તો શરીર અને આત્માને એક માનીને જીવીએ છીએ તેથી શરીરી પીડાના કારણે મન અશાન્ત બન્યું. આર્તધ્યાન શરૂ થયું. પીડાના વિચારો આવવા માંડ્યા. આવે સમયે ત્રણ ભાવના કામિયાબ નીવડે છે. જેવું જીવદળ. જીવદળમાં ત્રણ પ્રકારની ભૂમિકાવાળા જીવો હોય છે. ઉત્કૃષ્ટ ભૂમિકા છે તો અન્યત્વ ભાવના. શરીર આત્માથી જુદું છે. પીડા છે તે શરીરમાં છે. આત્મા તો રોગમુક્ત, પીડામુક્ત, સંપૂર્ણ આનંદમય છે જે જુદું જ છે. તેને તેની પીડા હોતી નથી. જે મધ્યમ છે તેને માટે સંસારભાવના. આ સંસારમાં જે પરિભ્રમણ ચાલે છે તે કર્મના પ્રભાવે છે. જે કર્મનો ઉદય પ્રવર્તે છે તે જવા માટે જ છે. જે આવે છે તે જરૂર એકવાર જવાનું છે, તો નાહકની હાયવોય કરીને નવાં કર્મ શા માટે બાંધવાં ! આર્તધ્યાનથી નવાં કર્મ બંધાય છે. માટે હે જીવ ! થોડો સમય શાન્તિથી પસાર કરી દે. આમ સમજ કેળવવાથી આર્તધ્યાનથી બચી જવાય છે. જેઓની ભૂમિકા સાવ સામાન્ય છે તે માટે સાવ સ્થૂળ ભાવના છે : અશુચિ ભાવના. એ વિચાર તાવને સહી લેવામાં ઉપયોગી છે. શરીર ગંદકીના ગાડવા જેવું છે. શરીરનો આ સ્વભાવ છે, કારણ કે તે પુદ્ગલ છે. અશુચિથી ભરેલું છે. ગમે તેવું તેને શણગારો કે એને પવિત્ર અને સુગંધી બનાવવા લાખ પ્રયત્ન કરો તો પણ એ તો એવું જ રહે છે. એમાં કાંઈ ને કાંઈ રોગ તો રહેવાના જ.

આમ ત્રણમાંથી કોઈ પણ ભાવના (વિચારણા)નું આલંબન લઈને મનને આર્તધ્યાનથી મુક્ત રાખી શકીએ.

આપણે તો આવા પુરુષના જીવનપ્રસંગોનું આલંબન લઈને ચિત્તની ફરતે એક કિલ્લો રચવો છે અને કોઈ પણ ઉપાયે આર્તધ્યાનને મનમાં પ્રવેશવા દેવું નથી.

આજે આપણે હવેથી એવું જીવન જીવવું કે આપણે જતાં પહેલાં એકવાર એવું કહી શકીએ કે આર્તધ્યાનનાં નિમિત્તોનો ખડકલો હોય તો પણ ચિત્તને સંકલેશથી - આર્તધ્યાનથી અળગું રાખ્યું છે.

પૂજ્ય આચાર્ય શ્રી જિતેન્દ્રસૂરિ મહારાજ જિતેન્દ્રિય તો હતા પણ પેલી કહેવતમાં કહ્યું છે ને

"- જગત્ જિતં કેન ! મનો યેન॥"

(સમગ્ર જગતને જીત્યું કોણે ! જેણે મનને જીત્યું તેણે.) તેમ મનને વશ કર્યું હતું.

એમ યોગીરાજની અદાથી તેઓ શરીરને સાધન માનીને ઘણો કસ કાઢી લીધો. સાવ બાળવા જેવું નિઃસાર થઈ ગયું પછી ત્યજી દીધું !

મનને એવું જીત્યું કે તે મન આત્માના વિચારથી ભરાયેલું રહ્યું ને આર્તધ્યાન ફરક્યું જ નહીં. પેલી બે લીટી યાદ આવે છે તે લખીને કલમને વિરામ આપું.

*"ઘેરી લીયે કંટક છો ગુલાબને,*
*ન આંચ આવે કશી યે સુવાસને."*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બે સૂરિવરોનું સુભગ મિલન

**(આધાર : काव्य गुच्छ सप्तम : ઘટના સત્ય - પ્રશ્ન પૃચ્છા કાલ્પનિક)**

વિ.સં.૧૧૫૦ ની આસપાસમાં અર્હત્‌ના શ્રી સંઘમાં ઉત્તમ આચારસંપન્ન આત્માઓની શ્રેણી હતી. સંખ્યા અને સત્ત્વ એ બન્ને દૃષ્ટિએ તપાગચ્છ સંઘ ટોચ પર હતો. તે સમયે આચાર્યશ્રી સોમતિલકસૂરિ મહારાજ તપાગચ્છના સુકાની હતા. સિન્દૂર પ્રકર ના રચયિતા આચાર્યશ્રી સોમપ્રભસૂરિ મહારાજના તેઓ ગુરુ મહારાજ. આ આચાર્યશ્રી સોમપ્રભસૂરિ મહારાજે વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ મહારાજના ચરણોમાં બેસીને કર્યો હતો. તેઓ આ આચાર્યશ્રીના વ્યક્તિત્વના અંશોથી પ્રભાવિત થયા હતા તેનું વર્ણન **"कुमारपाल पडिबोहो"** એ નામનાં ચરિત્રગ્રન્થમાં કર્યું છે.

આ બાજુ ખરતર ગચ્છમાં આચાર્યશ્રી જિનપ્રભસૂરિ મહારાજ પ્રભાવક અને વિદ્વાન કવિ હતા. રોજ એક સ્તોત્રની રચના કર્યા પછી પચ્ચક્ખાણ પારવાનો નિયમ હતો. એમ રોજ રોજ રચાતાં સ્તોત્રનો ઢગલો થઈ ગયો ! પોતે સ્વયં પ્રબુદ્ધ હતા અને રચનાઓ પણ પ્રાસાદિક અને પક્વ-પ્રૌઢ હતી. આવી મૂલ્યવાન રચનાઓનો માણીગર મળે તો જ તેની સાર્થકતા ગણાય, તેથી એ ચિંતા રહેતી હતી. એ માટે દેવતાઓનો આદેશ મેળવ્યો: "યપાગચ્છચિરકાળ જયવંતો વર્તવા છે." એ વચન મુજબ તપાગચ્છના શિરમોર આચાર્ય મહારાજની શોધ ચલાવી. નામ મળ્યું. મળવાનો દૃઢ સંકલ્પ કર્યો અને તે દિશામાં વિહાર શરૂ કર્યો.

આજે ચારૂપ તીર્થથી ડીસાને રસ્તે જંઘરાલ ગામ આવે છે તે ગામ તે વેળાએ સમૃદ્ધ હતું. જંઘરાલમાં વિરાજમાન સૂરિજીને મળવા તેઓશ્રી ત્યાં પધાર્યા. ગામમાં જ્યાં ખરતર વસતી હતી ત્યાં સ્થિરતા કરી.

એ જ અરસામાં આચાર્યશ્રી સોમતિલકસૂરિ મહારાજ વિહાર કરતાં કરતાં જંઘરાલ ગામે પધાર્યા હતા. વન્દના તથા સાતા પૃચ્છા પછી સામાન્ય કુશળ પ્રશ્ન ચાલુ હતા. એવામાં એક સાધુ ગોચરી માટે જવાની ઝોળી લઈને આવ્યા એ મોટા આચાર્ય મહારાજને બતાવી કે હમણાં જ કોઈક ઉંદરે આવી આ ઝોળી કાતરી ખાધી છે.

તે વખતે ત્યાં બેઠેલા આચાર્યશ્રી જિનપ્રભસૂરિ મહારાજે મુખ દ્વારા કોઈ મંત્રનો પ્રગટ પાઠ કર્યો. તે વખતે એ પરિસરમાં હતા તે બધા ઉંદર હાજર થઈ ગયા. સૂરિજીએ કહ્યું કે "આ ઝોળી જેણે કાતરી હોય તે અહીં રહે અને બાકી બધા જાય !" સાંભળતાં વેંત એક ઉંદર રહ્યો અને બાકી બધા રવાના થઈ ગયા. સૂરિજીએ એ ઉંદરને સમજાવી બુઝાવ્યો. ઉંદરે માથું જમીન સાથે ટેકવીને સ્વીકાર કર્યો. હવે ફરીથી નહીં થાય તેવી સંજ્ઞા કરી સૂરિજીએ રજા આપી; પછી તે ઉંદર પણ રવાના થયો.

❦❦❦

ઘણા સમયે આવા ગીતાર્થ જ્ઞાની સૂરિવર મળ્યા હતા તેથી થોડા પ્રશ્નોની ચર્ચા કરી. જિનપ્રભસૂરિ મહારાજ તપાગચ્છની સામાચારીથી પરિચિત હતા. તેમણે પ્રશ્ન શરૂ કર્યા :

આ કાલગ્રહણની વિધિનો મર્મ વિચાર્યો હશે ?

પાટલી, સજ્ઝાય પઠવવા પાછળનો આશય તમારા ખ્યાલમાં હશે. એ બધી વિધિમાં એક પણ સૂત્રનો ઉચ્ચાર બીજી વાર થાય તો આખું સૂત્ર ફરીથી બોલવાનું થાય, આ બધી વિધિમાં શુદ્ધિપૂર્વક જ આગમ ગ્રન્થનો પાઠ કરી શકાય. આમાં ચિત્તની નિર્મળતા, શુદ્ધિ અને એકાગ્રતાનો આગ્રહ છે.

**"जयई जग जीव जोणि वियाणओ"** એ મંગલ ગાથામાં જયગાણંદો પદન્યાસ પાછળનું પ્રયોજન ખબર હશે જ.

પ્રતિક્રમણમાં ત્રણ ગાથા ચિંતવતી વખતે **समिई** અને **गुत्ति** પદની વચ્ચે **भावणा** પદ સહેતુક મુકાયું છે તેનો હેતુ આપે વિચાર્યો હશે.

આગમ ગ્રન્થોનું અવતરણ થયું તે સમયનાં દિક્કાલ સ્વચ્છ અને પ્રસન્નતા પ્રેરક હતા, તેવા જ દિક્કાલમાં આગમગ્રન્થો ધારી શકાય.

આ બહુમાન પછી જોગની વિધિ અને એકાંતમાં કરવાનું ઔચિત્ય બરાબર પાળવાનું હોય છે. સામાચારીમાં પણ સવારના પડિલેહણમાં સજ્ઝાય કરતી વેળા ખભે કપડો જરૂરી ગણાયો અને ત્યાં તો છેલ્લે સજ્ઝાય એ ક્રમ સમજાય છે પણ બપોરના પડિલેહણમાં સજ્ઝાય તો વચ્ચે આવે છે અને ત્યાં ખભે કપડો નથી મૂકવાનો તેની પાછળનાં કારણો વિચારાયા હશે.

તપગચ્છનાં સતત વિકાસની વાત સમ્યગ્ દૃષ્ટિ દેવ દ્વારા જાણ્યાની વાત કરીને પોતે જે સ્તોત્રોની રચના કરી છે તે સાતસો સ્તોત્ર અર્પણ કર્યા. આપના શિષ્યો -પ્રશિષ્યો આનું સમ્યગ્ અધ્યયન-અધ્યાપન કરી-કરાવીને જ્ઞાનના ભાગી બને તેવી શુભેચ્છા પ્રગટ કરી.

આચાર્યશ્રી સોમતિલકસૂરિ મહારાજ અને તેઓનું શિષ્યવૃન્દ ખૂબ ખુશ થયાં અને એ સ્તોત્રમાંથી સરળ-સુગમ સ્તોત્રોને જુદા તારવીને ભણવા લાગ્યા.

ભેગા થયેલા શ્રાવકોને અન્ય અન્ય ગચ્છના સૂરિવરો કેટલા હેત-પ્રેમથી મળે છે, તેના ચિહ્ન રૂપે બન્નેની આંખમાં અમી દેખાયા તેથી તેઓ પણ ઘણાં રાજી થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુ કૃપાથી સઘળું બને

પૂજ્યપાદ વૃદ્ધિચન્દ્રજી મહારાજને સંગ્રહણીનો વ્યાધિ ઘર કરી ગયો હતો, તેથી તેઓ ભાવનગરમાં સ્થિરવાસ હતા. મુનિશ્રી ચારિત્રવિજયજી તથા અન્ય શિષ્યો, રાત-દિવસ જોયા વિના, ખડે પગે, સેવામાં રત હતા. શિષ્યસમુદાયમાંના એક, નવ-દીક્ષિત મુનિ ધર્મવિજયજી તો, પોતાનાં ભૂખ-તરસ-ઊંઘ બધું બાજુએ મૂકી, ગુરુના પડછાયાની જેમ રહી, સેવાકાર્યમાં મગ્ન રહેતા.

આ મુનિ ધર્મવિજયજીની દીક્ષા વિ. સં. ૧૯૪૩માં થઈ. તેમનો ક્ષયોપશમ ઘણો મંદ. પુષ્કળ મહેનત પછી પણ કશું યાદ ન રહે. દીક્ષા વખતે તો માત્ર નવકાર મંત્રની મૂડી હતી ! અભ્યાસમાં ખૂબ મહેનત કરે છતાં, લોગસ્સસૂત્ર દોઢ મહિના પછી પણ યાદ ન રહે ! 'રૂવં મરૂ અભિથુઆ' - આટલું ગોખે, તો 'વિહુયરયમલા' ભુલાઈ જાય ! એક વાર પાઠ આપતી વખતે ગુરુ મહારાજ વૃદ્ધિચન્દ્રજી મહારાજે આ બે લીટી પચાસ વાર ગોખાવી તો પણ યાદ ન રહી. ગુરુ મહારાજ કંટાળ્યા. કહે : *"જા, પોથી ખીંટીએ મૂકીને સૂઈ જા. તું ભણી રહ્યો !"* ધર્મવિજયજી ઊભા થઈ, પોતાના આસને આવી, પોથી સાપડા સાથે કપડામાં વીંટી, ખીંટીએ મૂકીને આસન ઉપર લંબાવી ને સૂઈ ગયા.

થોડી વારે ગુરુ મહારાજ સ્થંડિલભૂમિએ પધાર્યા ત્યારે રસ્તામાં આ શિષ્યને સૂતેલા જોયા. કંઈ બોલ્યા નહીં. જ્યારે પાછા ફર્યા ત્યારે પણ તેમજ સૂતેલા જોયા. ગુરુ મહારાજે તેમને પાસે બોલાવ્યા. પૂછ્યું : *"કેમ સૂતો છે ?"* ધર્મવિજયજી બોલ્યા: *"આપે કહ્યું એટલે પોથી ખીંટીએ મૂકીને સૂઈ ગયો!"* શિષ્યની સરળતા ગુરુ મહારાજને સ્પર્શી ગઈ. સરળતા અને વિનય એ પાત્રતાનાં લક્ષણ છે. ગુરુ મહારાજે માથે હાથ મૂકી કહ્યું : *"એમ ન કરાય. લાવ પોથી. જો હું બોલાવું તેમ બોલ, આવડી જશે."*

ગુરુ મહારાજનાં હૃદયનાં કમાડ ખૂલી ગયાં. કરુણાનો ધોધ શિષ્ય ધર્મવિજયજીને ભીંજવી રહ્યો. ગુરુ મહારાજ બોલતા રહ્યા અને શિષ્યને આવડતું ગયું.

વિનય તો હતો જ. હવે વિદ્યા પણ આવવા માંડી.

પછી ખૂબ અભ્યાસ કરી તેઓશ્રી, કાશીવાળા જૈનાચાર્ય ધર્મસૂરીશ્વરજી મહારાજ તરીકે મશહૂર બન્યા, અનેક પારંગત વિદ્વાનોના ગુરુ તરીકે જાણીતા બન્યા.

-- ધન્ય છે ગુરુ આજ્ઞાના ઝીલનારને !

# એક અદ્‌ભુત વાત

જ્યારથી વાત જાણી છે ત્યારથી મનમાં આનંદ આનંદ છવાયો છે. શું આવું બની શકે ? આવું બન્યું તો વિરતિની -સપ્રાણ સંયમની શક્તિ કેટલી બધી ! આપણા સંયમપાલન દ્વારા પણ આવું ક્યારે બની શકે ! આવા વિચારો મનમાં આવ્યા.

વાત એમ છે કે એક માતા-પિતાનાં સંતાનમાં બે દીકરીઓ. બન્ને દીકરીને જન્મતાંવેંત કોઈ વ્યંતરી વળગી હતી. બન્ને દીકરીઓ ખાય નહીં, પીએ નહીં, ઊંઘે નહીં ને રડ રડ કરે. માતા-પિતા કંટાળી ગયાં.

એ દીકરીઓના દાદાને મનમાં શું સૂઝ્યું કે બપોરના સમયે એ બન્નેને લઈને બજારમાં જઈને એક ઓટલે બેઠા. વચ્ચે રસ્તો અને સામે ઘરમાં સાધુ મહારાજની વસતિ. બપોર વેળા, ગોચરી વાપરીને મળી (ગાડાનાં પૈડાં પાસે જે કાળી મળી વળે એનાથી રંગેલા પાત્રા) વાળાં પાત્રાં. એ ગોચરી વાપરીને એમાં જે પહેલું પાણી હોય તે પી લીધું હોય ( **प्रथमं सलिलं पिबन्ति नियमेन** ). પછીના બીજી ત્રીજી વખત પાત્રા વસતીની બહાર જઈ ધોવાના અને તેનું પાણી બહાર પડે.

પાત્રાં ધોવાનું શરુ કર્યું કે તરત જ દાદાએ પેલી બન્ને દીકરીઓને પાત્રાં નીચે ધરી દીધી. જેવું એ વિરતિવંતના પાત્રાનું પાણી શરીરને અડ્યું કે તરત જ એ વ્યન્તરી ધ્રૂજીને શરીર છોડીને ભાગી. દીકરીઓ સાવ નીરોગી ને નરવી બની ગઈ !

વિરતિવંતના સંપર્કમાં આવેલી વસ્તુમાં પણ ઉપદ્રવ શાંત કરવાની કેવી કુદરતી શક્તિ છે ! સંયમનો આ પ્રભાવ છે.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉઘાડા દરવાજાથી ઉદ્ધાર થઈ ગયો

રાત વીતી રહી છે. દરબારગઢના પહેરેગીરે ડંકા વગાડ્યા છે...બાર..એક..બે...ગામ આખું જંપી ગયું છે. શાંતિ તો એવી પથરાઈ ગઈ છે કે ગામના પાદરમાં વહેતી નદીના પાણીના ખળખળ પ્રવાહનો અવાજ, પેલા તમરાંના ત્રમ ત્રમ અવાજ સાથે ભળીને મધુર સંગીત પ્રગટાવે છે. બધેબધું જ શાંત છે પણ...

...એક ઘરના ઓરડામાં યુવાન પુત્રવધૂ અને એની સાસુનાં મન અશાંત છે. મધરાતે પણ એમની આંખમાં નીંદરનું નામ-નિશાન નથી. ફાટી આંખે ઘરના બંધ દરવાજાને તાકી તાકીને આંખો પણ હવે થાકી.

ત્યાં.. બહાર પગરવ સંભળાયો. વહુએ દીવાની વાટ સંકોરી. પતિદેવે બહાર ફળિયામાં લથડતા પગે બારણે ટકોરા માર્યા. જુગારમાં બધું હારી, થાકી હવે ઘર યાદ આવ્યું હતું. મન અને મગજ ઠેકાણે ન હતાં. ઘરની અંદરથી કોઈનો સંચાર ન સાંભળ્યો એટલે હવે, દરવાજાની સાંકળ ખખડાવી. ત્યાં જ એ દીકરાની માએ - ચિંતિત પુત્રવધૂની સાસુએ સંભળાવી દીધું : *"આજે આ કમાડ નહીં ખૂલે. જે ઘરના કમાડ ખૂલ્લા હોય ત્યાં રાતવાસો કરી લેજે. આ દરવાજા કાયમને માટે ભૂલી જજે."*

ઘરનો મરદ પણ વટનો કટકો હતો. પળવાર માટે જ ઊભો રહ્યો અને તરત જ કશું બોલ્યા વિના ત્યાંથી ચાલી નીકળ્યો. રોફમાં ને રોફમાં શેરી ગલી વટાવતાં એણે એક મકાનના દરવાજા ઉઘાડા જોયા. થાકેલું તન હતું. ઘરમાંથી મળેલા જા'કારાથી મન પણ આશરો શોધતું હતું.

ઉઘાડા દરવાજાવાળું એ મકાન, સાધુઓનો ઉપાશ્રય હતો. ત્રણેક પગથિયાં ચડીને ઉપર જોયું. કોઈ સાધુ મહારાજ ઊભા હતા, બીજા બે સાધુ બેઠા હતા, હળવા સ્વરે પાઠ કરી રહ્યા હતા. બીજા સાધુઓ સંથારી રહ્યા હતા. વાતાવરણ શાંત અને પવિત્ર હતું. ત્યાં બે પળ ઊભા રહેવાથી પણ એનું મન શાંત થવા લાગ્યું. ઢળતી રાતનો અંધકાર પણ સ્નિગ્ધ અને સોહામણો લાગ્યો.

બારણાં પાસેના ઓટલા પર આ ભાઈએ લંબાવ્યું. ઉપાશ્રયના પંચમહાવ્રતધારી તપસ્વી સાધુઓના પરમાણુની મૂક અસર આ ભાઈના મન પર થવા લાગી. થોડી થોડી વારે ઝબકીને જાગે, બેઠા થાય, ચોતરફ નજર ફેરવે, વળી સૂઈ જાય. એક સાધુનું ધ્યાન ગયું. અડધી રાતે અહીં આવીને કોઈ સૂતું લાગે છે. થાક્યો વટેમાર્ગુ લાગે છે, પણ ઘડી સૂએ છે, બેસે છે, વળી સૂએ છે. શું છે ? નજીક જઈને પૂછે છે : *"ભાઈ! કેમ ઊંઘ નથી આવતી ?"*

*"ભાઈ !*-એવા મીઠાં સંબોધનથી જ મન ભરાઈ આવ્યું."

માંડીને વાત કહી. હૈયું હળવું કર્યું. તપસ્વી સાધુએ સંસારની અસારતા સમજાવી. ત્યાગમાં જ સુખ છે. સંસારનો તો આ જ સ્વભાવ છે.

તપ્ત મન પર શીતળતાનો છંટકાવ થયો. પ્રતિબોધ થયો. સાધુનું શરણ મળ્યું. દીક્ષા લીધી. 'ભલું થયું ભાંગી જંજાળ '-એવો ઘાટ થયો !

સંયમના પ્રભાવે તેઓ સમર્થ ગ્રંથકાર બન્યા. સિધ્ધર્ષિ મહારાજ બન્યા. તેઓએ રચેલો 'ઉપમિતિભવપ્રપંચ' કથા નામનો અમર ગ્રંથ આજે પણ તેમની દિગંતવ્યાપી કીર્તિગાથાનું ગાન કરી રહ્યો છે.

# ગુરુભક્તિ

વિ.સં.૧૬૫૨ના શ્રાવણ મહિનાની વાત છે. સૌરાષ્ટ્રમાં આવેલા ઊના શહેરમાંનો ગામ વચ્ચેનો ઉપાશ્રય. ઉપાશ્રયના અંદરના ઓરડામાં પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી હીરવિજયસૂરિ મહારાજ પાસે સાધુ મહારાજ પાત્રા સાથે હાજર થયા. ગુરુ મહારાજે અનુપાનની ના ફરમાવી; આ દવા-ઔષધ કંઈ લાભ નથી કરતા, તો આ શરીરને શા માટે હવે પોષવું ! "મારે કોઈ ઔષધ લેવું નથી."

નહીંતર વૈદ્યરાજે આપેલી દવા સાકર-ઘી સાથે રોજ સૌ પ્રથમ લેવાતી.

થોડી વાર થઈ. સાધુના સ્વાધ્યાયનો સુમધુર ઘોષ આવતો બંધ થયો. સૂરિજીને બેચેની થઈ આવી. સ્વાધ્યાય બંધ કેમ થયો ? વાતાવરણમાં શોક તરવરવા લાગ્યો.

સાધુ મહારાજ કહે કે "બાળકોના રડવાનો અવાજ આવે છે, અસજ્ઝાય થાય છે."

સૂરિજી કહે : "એમ ! બાળકો આવું કેમ રડે છે ?"

જવાબ મળ્યો : "કારણકે તેમના માતા સ્તનપાન કરાવતા નથી માટે."

પ્રશ્ન થયો : "કેમ સ્તનપાન કરાવતા નથી ?"

"બાળકો ભૂખ્યાં થયા છે અને તેમની માતા ધવરાવતાં નથી."

વળી પ્રશ્ન થયો. એનો જવાબ મળ્યો કે, "આપે દવા લેવાની બંધ કરી તેથી શ્રાવિકા લાડકીબાઈએ સ્તનપાન બંધ કરાવ્યું છે."

સૂરિજી કહે, "એવું છે ? મારા કારણે બાળકો ભૂખ્યા રહે છે ! લાવો લાવો, જે અનુપાન લાવવું હોય તે લાવો. દવા લઈશું"

અને બાળકોનું રડવાનું બંધ થયું.

સંઘમાં બધાંને હરખ હરખ થઈ આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બંધ સમય ચિત્ત ચેતિયે રે ઉદયે શો સંતાપ સલૂણા

ઉનાળાના દિવસો હતા. સૂરજનાં કિરણો ન'તાં દેખાતા પણ લાવારસ ફેંકાતો હોય તેવું લાગતું.



બપોરનું ભોજન જેમતેમ પૂરું કરી નરનારી બધાં ઉદ્યાનનો આશરો લેવા દોડી જતાં. એમાં ધનકુમાર અને ધનવતી પણ હતાં. તાજાં તાજાં પરણેલાં હતાં. ઊછળતી યુવાની હતી. આકરાં તાપથી બચવા ધનકુમારે એક લતામંડપની શીતળ સુખદ છાયામાં શરીર લંબાવ્યું હતું. ધનવતી પણ પાસે જ બેઠાં હતાં.

બળબળતો ઉનાળો અને બપોરના એક વાગ્યાનો ધોમ ધખતો તાપ. બગીચા બહારના રસ્તા પર જતાં એક કૃશકાય મુનિરાજને ચક્કર આવ્યાં અને પડી ગયા. ધનવતીએ આ જોયું અને ધનકુમારને ત્વરિત મોકલ્યા. ધનકુમાર અને અન્ય એક યુવાને મળી બેશુદ્ધ મુનિરાજને સરખી રીતે બગીચામાં લાવી સુવરાવ્યા અને શીતોપચાર કરી શુદ્ધિમાં આણ્યા. મુનિરાજના પગમાંથી કાંટા ખેંચી કાઢ્યા. લોહી વહેવા લાગ્યું.

ધનકુમારના મનમાં ભક્તિની સરવાણી ફૂટી. હૃદય દ્રવી ગયું. લોહીલુહાણ પગમાં ચીરા પડેલાં જોઈ ધનકુમારે વિનિત સ્વરે પૂછ્યું : "આ શું ? પગ કેમ કરી ધરતી પર મુકાય છે ?" મુનિરાજે સહજ સ્વરે કહ્યું : "આ તો વિહારક્રમ સંભવઃ। વિહાર કરીએ તો આ બધું થાય. ખેદ છે તે તો આ જન્મમરણનો છે. એ દૂર થાય તેની ચિંતા છે."

ધનકુમારના મનમાં તો મુનિરાજની નિર્વેદવાણી સાંભળીને અજવાળાં પથરાયાં. રાગદ્વેષની નિબિડ ગ્રંથિ ભેદાઈ, સમકિત મળ્યું. આ ધનકુમાર તે નેમિનાથ ભગવાનનો જીવ અને ધનવતી તે રાજિમતીનો જીવ. *આપણે કર્મ ઉદયમાં આવે ત્યારે રડીએ છીએ અને મુનિવરો કર્મના બંધ સમયે જ રડે છે અને ચેતે છે.*

મુનિ મહારાજની સેવા સમકિત આપે છે.

# વૈર નહીં વૈરાગ્ય જાગ્યો !

વૈરાગ્યનાં કારણો કે વૈરનાં કારણોમાં તફાવત નથી હોતો.

તફાવત તો, એ કારણોને કયા કાર્ય માટે ખપાવવાં એ દૃષ્ટિમાં હોય છે.

વાત છે, ગૈરિક તાપસ, રાજા અને કાર્તિક શેઠની. કાર્તિક શેઠનું મન અર્હત્‌કથિત માર્ગના મર્મથી રસાયેલું હતું. પારિણામિક દૃષ્ટિ લાધી હતી તેથી ગૈરિક તાપસની તપસ્યાથી તેઓ આકર્ષાયા નહીં.

ગૈરિક તપ કરતો હતો, પણ તેનું પ્રયોજન સાવ ઉપરની સપાટીનું હતું. કાર્તિક આવે અને મને પારણું કરાવે તેમાં જ તેને તપની ફલશ્રુતિ જણાતી હતી.

જીદભરી ઈચ્છાનો નશો ખરાબ છે, તે બધું જ તેમાં હોમવા તૈયાર હોય છે.

રાજાએ આમંત્રણ આપ્યું. તાપસે શરત કરી : "પારણું કાર્તિક શેઠ કરાવે."

રાજાએ વાત સ્વીકારી. રાજાના કહેવાથી કાર્તિક શેઠ આવ્યા. તેમણે ગૈરિકને પારણું કરાવ્યું. મનગમતું થયું એટલે ગૈરિકે પોત પ્રકાશ્યું. નાકે આંગળી મૂકી. આ ક્ષણે કાર્તિકે વિચાર્યું : "મેં દીક્ષા ન લીધી તેનું પરિણામ આ પરાભવ છે."

આ સંકેત છે. સંકેતની લિપિ વાંચી કાર્તિકે એક હજાર આઠ પુરુષો સાથે, શ્રી મુનિસુવ્રતસ્વામી પ્રભુના ચરણોમાં જીવન સમર્પણ કર્યું. બાર વર્ષ ચારિત્ર પાળી તે સૌધર્મેન્દ્ર થયા. જીવન ઉજ્જવળ બનાવ્યું. સંસાર-રસિક જીવને જે વૈર વધારનારું કારણ બને તેને આવા ઉત્તમ આત્માએ વૈરાગ્યનું કારણ બનાવી દીધું. આ સમ્યક્ દૃષ્ટિનો પ્રભાવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જીવન ઊંચું બનાવવાના રસ્તા

લોકોત્તર વ્યક્તિત્વ ખીલવવા માટેના માઈલસ્ટોન કહી શકાય તેવા પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે 'अध्यात्मसार' નામના ગ્રન્થના અંતે આત્મનુભવાધિકાર શ્લોક ૩૮:૪૫માં દર્શાવ્યા છે. એ રજૂઆત સંસ્કૃત ભાષામાં આર્યા છંદમાં છે. તેનું ગુજરાતી અમારા પૂજ્યપાદ ગુરુ મહારાજે કરેલું છે. એ યાદ કરીને ફરી ફરી આ ભાવોથી હૃદયને ભાવિત કરવાનું છે. એ બધા નિયમો આપણા જેવા માટે સરળ નથી છતાં તેના વિના ધાર્મિકતા અને ધાર્મિક ક્રિયાયોગ શોભતો નથી, એટલે સૌ પ્રથમ તે તે ગુણ પ્રત્યે આપણે પ્રીતિ ધારણ કરીએ. પ્રીતિયોગ પહેલો છે.

વાત તો જીવનને, અંતતોગત્વા આત્માને ઉપયોગની છે, ઉપકારિણી છે.

૧. કોઈ પણ જીવની નિંદા ન કરવી. કોઈ પાપીમાં પાપી જીવ જોવા મળે તો પણ તેની નિંદા નહીં કરતાં સંસારનું સ્વરૂપ જ આવું છે એમ વિચારવું. ૨. હવે નિંદા નથી કરવી. એ દોષની ઉપેક્ષા કેળવવી છે તો ગુણ તો મેળવવા છે. તે માટે પૂજ્ય છે એવા ગુણવંત પુરુષો ની પૂજા કરવી. તેમના પ્રત્યે ભક્તિ અને બહુમાન ધારણ કરવું એટલું જ નહીં પણ કદાચ એ જીવ છદ્મસ્થ છે. ઘાતિકર્મ વળગેલાં છે તો જે દોષ દેખાઈ જાય તેને ઢાંકવા એ પણ ભક્તિનો જ એક પ્રકાર છે. ૩. થોડો પણ રાગ જુઓ તો તેના પર રાગ ધારણ કરો. આપણે ગુણને પ્રાપ્ત કરવા અને દોષ ઓછા કરવા જન્મ્યા છીએ. તેથી ગુણ લેવા માટે તો નાનો ગુણ પણ જેવો દેખાય તે તરત જ તેના પ્રત્યે, તે ગુણ પ્રત્યે રાગ ધારણ કરવો.

આ બધી શીખ યોગી પુરુષોને ઉદ્દેશીને હોવા છતાં આપણા જેવા મોક્ષેચ્છાવાળાને પણ ઉપયોગી છે.

આગમ કથિત ભાવોનો નિશ્ચય કરીને તેને અનુસરવા માટે લોક સંજ્ઞાનો ત્યાગ કરીને અંતરંગ જીવનમાં શ્રદ્ધા અને બહિરંગ જીવનમાં નિર્ણય લેતાં વિવેકનો ઉપયોગ રાખીને જીવન જીવવું જોઈએ.



निन्द्यो[1] न कोऽपि लोके,
पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या[2]।
पूज्या[3] गुणगरिमाढ्या,
धार्या रागो गुणलवेऽपि[4]॥१॥

<u>નિન્દ્ય ના</u> આતમા કોઈ આ જગવિષે,
<u>ભવસ્થિતિ ભાવવી</u> પાપીને પણ વિષે;
જેહ <u>ગુણવન્ત તેને સદા પૂજવા</u>,
<u>રાગ ધરવો</u> ભલે હોય ગુણ જૂજવા. ૧

निश्चित्यागमतत्त्वं[5]
तस्मादुत्सृज्य लोकसंज्ञां[6] च।
श्रद्धाविवेकसारं[7]
यतितव्यं योगिना नित्यम्॥२॥

<u>આગમ તત્વનો</u> નિશ્ચય વળી કરી,
<u>લોકસંજ્ઞા તથા દૂરથી પરિહરી;</u>
<u>સાર શ્રદ્ધા વિવેકાદિ છે જેહમાં,</u>
<u>યોગીએ યત્ન કરવો સદા તેહમાં</u>. ૨

ग्राह्यं हितमपि[8] बाला-
दालापैर्दुर्जनस्य[9] न द्वेषम्।
त्यक्तव्या[10] च पराशा,
पाशा इव सङ्गमा[11] ज्ञेयाः॥३॥

<u>ગ્રહણ</u> કરવા વચન હિતકર બાલથી,
<u>દ્વેષ ધરવો નહીં</u> ખલ તણાં વાક્યથી;
રાખવી ના કદી <u>પરતણી આશને</u>,
<u>સંગમો જાણવા</u> પાશ જિમ ખાસ તે. ૩

स्तुत्या[12] स्मयो न कार्यः
कोपोऽपि च निन्दया[13] जनैः कृतया।
सेव्या[14] धर्माचार्या-
स्तत्त्वं जिज्ञासनीयं[15] च॥४॥

<u>સ્તુતિ થકી કોઈની હર્ષ નવિ આણવો,</u>
<u>કોપ પણ તિમ</u> નિન્દા થકી લાવવો;
<u>ધર્મના જેહ આચાર્ય તેહ સેવવા,</u>
<u>તત્ત્વના જ્ઞાનની</u> કરવી નિત ખેવના. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શૌચં[16] સ્થૈર્યમદમ્ભો,[17 18]
वैराग्यं[19] चात्मनिग्रहः[20] कार्यः ।।
दृश्या[21] भगवतदोषा-
श्चिन्त्यं [22]देहादिवैरूप्यम् ।।५।।
*શૌર્ય ને સ્થૈર્ય ધરી, દંભને ત્યજી કરી,*
*રાખી વૈરાગ્ય તિમ આત્મનિગ્રહ કરી;*
*દોષ સંસારના નિત નિત દેખવા,*
*દેહ વૈરૂપ્ય તિમ મન સદા ભાવવાં.૫*

भक्तिर्भगवति[23] धार्या,
सेव्यो देशः सदा [24]विविक्तश्च ।
स्थातव्यं[25] सम्यक्त्वे,
विश्वस्यो न [26]प्रमादरिपुः ।।६।।
*ભક્તિ ભગવંતમાં દૃઢમને ધારવી,*
*દેશ એકાન્ત નિત સેવવો ભાવથી;*
*સ્થિર સદા રહેવું સમ્યકૃત્વમાં મેરુ જિમ,*
*પ્રમાદ રિપુનો ન વિશ્વાસ કરવો તિમ.૬*

[27]ध्येयात्मबोधनिष्ठा,
सर्वत्रैवागमः [28]पुरस्कार्यः ।
त्यक्तव्याः[29] कुविकल्पताः,
स्थेयं वृद्धानुवृत्त्या[30] च ।।७।।
*ધ્યાવવી આત્મ તણી બોધનિષ્ઠા સદા,*
*કાર્ય કરતાં સવિ આગમ માનવા;*
*કરવો કુત્સિત વિકલ્પો તણો ત્યાગ વળી,*
*રહેવું સુખ શાન્તિમાં વૃદ્ધજન અનુસરી.૭*

साक्षात्कार्यं[31] तत्त्वं,
[32]चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।
हितकारी ज्ञानवता-
मनुभववेद्यः प्रकारोऽयम् ।।८।।
*કરવું ઈમ આતમ તત્ત્વશુભ દર્શન,*
*જ્ઞાન આનન્દ ભરપૂર થવું સંતત;*
*હિતકર જ્ઞાનીને અનુભવવેદ્ય આ,*
*પ્રકાર આપે યશોવિજય સુખ સંપદા.૮*

આવા હોવા છતાં અંતરંગવૃત્તિમાં સરળતા ને નમ્રતા એવાં જ રાખવાં કે બાળકે પણ હિતકારી વાત કરી હોય તો તે સ્વીકારવી અને કોઈને આપણાં વાણી-વર્તન ન ગમ્યાં અને એ દુર્જનતાના કારણે ગમે તેમ બોલે તો તેના આલાપથી દ્વેષ ધારણ ન કરવો અને આપણા જીવનનું સૂત્ર જ બની જાય કે 'પારકી આશ સદા નિરાશ'.

આટલે પહોંચ્યા હોઈએ એ જે તે માણસો મળે ત્યારે ક્યારે પણ તેમની સાથે ગપ્પા માટેનો સંગમ ગમે નહીં. કોઈ આવીને આપણી પ્રશંસા કરે તેથી અભિમાન ધારણ ન કરવું. તે જ રીતે કોઈ આપણી નિંદા કરે તેની ઉપર ક્રોધ ન કરવો. આંખની સામે ધર્માચાર્યોને રાખવા અને મનમાં ત્રણે કાળ ટકે તેવું તત્ત્વ શું છે? એવી તત્ત્વની જિજ્ઞાસા - ગવેષણા ઊભી રાખવી.

મન, વચન અને કાયાથી પવિત્ર રહેવું. ચંચળતાનો ત્યાગ કરવો. સ્થિરતા રાખવી. દંભનું સેવન ન કરવું. જેવાં હોઈએ તેવાં જ દેખાવું. વૈરાગ્ય (જે સ્થિતિ પરિસ્થિતિ સર્જાય તેમાં રાજી રહેવું.) -ને કેળવવો. આત્માનો - મનનો નિગ્રહ કરવો. મનમાં જે જે ઈચ્છા ઊપજે તેને વશ ન થવું. સંસારમાં આસક્તિ ન થઈ જાય તે માટે સંસારના દોષોનું દર્શન કરતાં રહેવું.

સંસારનું પ્રતીક દેહ -શરીર છે. તેમાં જે વિરૂપતા છે તેને અશુચિભાવના દ્વારા, અનિત્ય ભાવના દ્વારા વિચારવી. ભક્તિ માત્ર ભગવદ્ તત્ત્વમાં જ ધારણ કરવી.

બહુ લોકોના સંપર્કમાં ન આવવું. બને તેટલું એકાન્ત સેવવું. સમ્યક્ત્વમાં સ્થિર રહેવું. પ્રમાદને વશ ન થવું. પ્રમાદ પણ એક મનોવૃત્તિ છે. એ નેગેટિવિટીને ફેલાવે છે. તેને સ્થાન ન આપવું. આત્માના બોધની નિષ્ઠા કેળવવી. ધર્મના ક્ષેત્રમાં કશું જ મતિ-કલ્પનાથી કહેવાની 'ના' છે. તેથી પૂર્વ ઋષિના ગ્રન્થોને આગળ કરવા. વિકલ્પોનો ત્યાગ કરવો. મનને સ્ફટિકના જેવું નિર્મળ રાખવું. આચરણમાં વૃદ્ધજનોને સામે રાખવા.

ત્રણે કાળમાં ટકે તે તત્ત્વ છે એવું તત્ત્વ શું છે! શું છે! --તેવી જિજ્ઞાસા સતત કેળવવી. આત્મા સામે નજર રાખીએ તો આનંદ...આનંદ જ રહે. આવો જ્ઞાનવાન્ પુરુષનો હિતને કરે તેવો અનુભવથી સમજાય તેવો હિતશિક્ષાનો એક પ્રકાર છે.



સમાધી - ડભોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાની જાણે મર્મ

સ્યાદ્વાદ ધર્મની પરિણતિ થયેલી હોય તે પોતાની જીભે નબળું ન બોલે. જેનામાં સ્યાદ્વાદ રસાઈ ગયો છે, હાડમાં ઊતરી ગયો છે તે ઉત્તમ જ હોય. ઉત્તમ મુખે મધુરી ભાષા ! કાર્ય ગમે તે હોય શબ્દો તો ઉત્તમ જ પ્રગટ થાય.

ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મહારાજે રચેલા રાસની વાત લઈએ. તેઓ શીઘ્ર કવિ હતા અને તેમણે અનેક રચનાઓ કરી છે, જેમાં પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજાના રાસની રચના જાણીતી છે.

આ રચનામાં આઠે આઠ પૂજા ઉત્કૃષ્ટ રીતે કરનારનું જીવનચરિત્ર દર્શાવ્યું છે. રાસ એક રસાળ રચના છે.

જે જે પૂજકો દેવલોકે ગયા, ઉત્તમ ગતિને પામ્યા તેનો ઉલ્લેખ કરીને તેનો આનંદ પ્રગટ કર્યો છે. આ રચનામાં છેલ્લે આવતી ફળપૂજાનો સમાવેશ નથી. ફળપૂજા કરનાર પરલોકમાં ક્યાં ગયા તેનો ઉલ્લેખ મૂળ ચરિત્ર ગ્રન્થમાં પણ નથી અને મહારાજે પણ પોતે કરેલી રાસ રચનામાં પણ નથી કર્યો.

કદાચ એવું પણ બન્યું હોય કે ફળપૂજાના પૂજકની સદ્ગતિ ન પણ થઈ હોય ! લખનારને થયું હશે કે આપણી કલમે આવું નબળું શા માટે લખવું ? આ જિન શાસનની વિશેષતા છે.

છતાં વાચકના સમાધાન માટે એક યાદગાર દુહો જરૂર લખ્યો :

*"ગતિ વિચિત્ર છે કર્મની, અનેકાંત જિન ધર્મ;*
*એ માટે એ વાતનો જ્ઞાની જાણે મર્મ."*

આમ લખી પોતે એ ચરિત્રની ઢાળને પૂર્ણવિરામ આપ્યું. નબળું ન લખ્યું.

સ્યાદ્વાદીને શોભે તેવું આ પ્રતિપાદન આપણે, સામાન્ય વાતચીત કરતી વખતે પણ યાદ રાખવા જેવું છે.

## सुभाषितम्

शतेन पुस्तके विद्या
सहस्रेण मुखोद्गता।
लक्षेण जन्म पर्यन्तं
कोट्या जन्मान्तरे खलु॥१॥

એક સો વખત ગોખો ત્યાં સુધી ગાથા/શ્લોકકે અધ્યયન પુસ્તકમાં જ રહે. હજાર વખત ગોખો ત્યારે તે ગાથા/શ્લોક કે અધ્યાય મુખમાં આવે. એક લાખ વાર તેનો પાઠ કરો ત્યારે તે આજીવન યાદ રહે. અને કરોડ વાર જો એ ગાથા/શ્લોક અથવા અધ્યયનનો પાઠ કરો તે પરભવમાં યાદ આવે. શ્રી વજસ્વામી મહારાજે પુંડરીક-કંડરીક અધ્યયનનો કરોડોવાર પાઠ કર્યો હતો તો પરભવમાં 'દીક્ષા' શબ્દ સાંભળતાં વેંત જન્મના દિવસે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પંડિત વીરવિજયજી મહારાજ કૃત
# ૯૯ પ્રકારની પૂજાની એક પંક્તિ

છેલ્લા સો-બસો વર્ષમાં ગુજરાતી સ્તવનો-સજ્ઝાયોની ભાષા શૈલીમાં બોલનારાના કારણે પરિવર્તન આવ્યું છે. વાસણને સુરક્ષિત રાખવા માટે તેને છ-બાર મહિને માંજવાં જરૂરી છે તેમ આ બધી ગુજરાતી રચનાઓને માંજવી પડે. નીચે જે પંક્તિઓ લખી છે તે મૂળભૂત રીતે અર્થસૌંદર્યથી ભરપૂર શબ્દોથી શોભતી રચનાઓ છે. કાળક્રમે તેનું સ્વરૂપ અપભ્રંશ થઈ ગયું છે. પ્રથમ પંક્તિ આમ છે :

"દેઉં તસ માનને હસ્ત સન્માનને
જે તાહરે દિલ લાવે રે."

જે વ્યક્તિ મને સિદ્ધ ગિરિરાજનાં દર્શન કરાવે, વંદન કરાવે, સ્પર્શના કરાવે તે વ્યક્તિને માન આપું. અરે ! હાથમાં પણ શક્તિ પ્રમાણે પહેરામણી આપું, કારણ કે આજે પ્રભુના ગિરિરાજનાં દર્શન-વંદન-સ્પર્શન કરાવનાર એવી વ્યક્તિ ક્યાં છે ?

જુઓ, "દેઉં તસ માનને હસ્ત સન્માનને" --આ શબ્દો વારંવાર બોલાતાં એના ઉચ્ચાર કેવા બદલાઈ ગયા !

ધૌત સમાન ને હસ્તિ સન્માન. એનો અર્થ કરનાર પણ એવા નીકળ્યા. ધૌતનો અર્થ આકાશ થાય છે. હાથીની અંબાડીએ બેસાડવાનું સન્માન પણ હું આપું. આવા અર્થ પણ થવા લાગ્યા ! મૂળ સ્વરૂપના ખોજની લગની હોય તે જ સત્યની નજીક પહોંચી જાય છે.

આવી જ સ્થિતિ બીજી પંક્તિની છે.

ગિરિરાજ ઉપર અવારનવાર પોપટ જોવા મળે. પોપટ માટે જૂની ગુજરાતીમાં સૂડા શબ્દ છે જે સંસ્કૃતના શુક પરથી નીપજી આવ્યો છે. એ પોપટને મિત્ર રૂપે કહીને સંબોધન કરે છે. અહીં 'સખરા' શબ્દ છે તે બે અર્થમાં પ્રચલિત છે. સખાનું રૂપ ગણીએ તો મિત્ર અર્થ થાય અને સખરાનો બીજો અર્થ સુંદર પણ થાય.

પંડિત વીરવિજયજી મહારાજ ૯૯ પ્રકારની પૂજામાં --

*"સખરે મેં સખરી કોણ ! જગત કી મોહિની,*
*ઋષભ જિણંદ કી પડિમા જગત કી મોહિની."*

દુનિયામાં શ્રેષ્ઠ કોણ છે ? એ સંદર્ભમાં સખર શબ્દનો અર્થ સુંદર થાય છે, પણ (આપણી પંક્તિ) અહીં મિત્ર છે. દોસ્તીના દાવે પોપટને કહે છે કે,

*"દે તારી પાંખડીજી લળી લળી લાગું રે પાય*
*મોહનગારાં હો રાજ રૂડાં મારાં સાંભળ સખરા સૂડાં."*

અર્થ : તારી પાંખો મને આપ જેથી ઊડીને ત્યાં જઈ આદીશ્વર દાદાને લળીને નમસ્કાર કરું.

તમે જોઈ શકશો કે મૂળ શુદ્ધ પંક્તિ કેટલાં સોહામણાં અર્થ વાળી છે. એ રચના જલદી જલદી બોલવાથી દોઈંતરા શબ્દ થઈ ગયો, જેનો કોઈ અર્થ જ ન નીકળે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંડવોની જીવનકથાનું એક પાનું

# વેણ કાઢ્યું તે, ના લટવું. ના લટવું...

"आश्विनमासराकायां, कोटिविंशतिसंयुताः ।
पाण्डवाः पञ्च सम्प्राप्ता, यत्र निर्वाणसम्पदम् ।।"

વાત જૂની થયેલી લાગશે, પણ એ ઘટનાનાં પાત્રો તો નિત્ય નૂતન છે. પાંડવ શબ્દ ભારતમાં આબાલ-ગોપાલ સુપ્રસિદ્ધ છે. -- એ પાંડવોની આ વાત છે. પાંચેય પાંડવોએ દીક્ષા લીધી એ પછીનો પ્રસંગ છે. એ કાળે તપનું મહત્ત્વ સામાન્યજનથી વિશિષ્ટજન સુધી સહજ જ હતું. તેમાંયે, દીક્ષા ગ્રહણ કરે, સાધુ બને એટલે તો તપોમય જીવન જીવે.

તપોધન એ તો સાધુ-જીવનનો પર્યાય છે.

આ પાંડવ-મુનિઓએ માસ-ક્ષમણ તપ એટલે કે એક મહિનાના ઉપવાસ આદર્યા. જેઠ સુદિ સાતમથી આ તપ આરંભ્યું. ગણત્રીએ, અષાઢ સુદ સાતમના દિવસે પારણું આવે, વ્રતસમાપ્તિ થાય. વિહાર કરતાં તેઓ આ દિવસ સુધીમાં જૂનાગઢ પહોંચ્યા.

બપોરની વેળા હતી. પારણા માટે ગૌચરી માટે જવાની વાત આવી ત્યારે જાણ થઈ કે શ્રી નેમિનાથ પરમાત્મા ગિરનાર પર વિરાજમાન છે. બધાને એક સાથે શુભ વિચાર આવ્યો : જી અહીં જ પ્રભુ વિરાજે છે તો આવતી કાલે પરમાત્માને વંદન કરીને પછી પારણું કરીશું.જા એટલે એ દિવસે પારણાં કરી અન્ન વાપરવાનું માંડી વાળ્યું. બીજે દિવસે ગિરનાર પહાડ ચડવો શરૂ કરે છે ત્યાં જ સમાચાર મળ્યા કે શ્રી નેમિનાથ પ્રભુ નિર્વાણ પામ્યા !

હવે તો પારણાનો પ્રશ્ન જ ન રહ્યો ! સંકલ્પ એમ કર્યો હતો કે શ્રી નેમિનાથ પ્રભુને વંદના કરીને પારણું કરીશું. તેઓ નિર્વાણ પામ્યા. હવે તો પ્રતિજ્ઞા નિભાવવી જોઈએ.

સંકલ્પની નિશ્ચલતા એ સફળતાની પૂર્વ શરત છે.

એક વાર મનમાં જે શુભ વિચાર પ્રગટ થયો અને તે સંકલ્પ સ્વરૂપે નિશ્ચલ બન્યો ત્યારે તેને હવે કોઈ ચલિત ન કરી શકે !

ન લાલચ કે ન ભય કે ન ભૂખ કે ન દુઃખ !

આ બધાંથી ચલિત ન થાય એવું પણ મન હોય છે.

*દૃઢ સંકલ્પથી વિભૂષિત બનેલું નિશ્ચલ મન એવી સપાટી સર કરે છે કે ત્યાં આવા કોઈ પણ પ્રલોભનની લહેર પણ સ્પર્શ કરી શકતી નથી.*

પાંડવ મુનિઓએ અણસણ કરવાનો નિર્ધાર કર્યો !

શત્રુંજય મહાતીર્થનો બારમો ઉદ્ધાર પાંડવોએ કરાવ્યો હતો એટલે એ તીર્થભૂમિનું આકર્ષણ હતું. સૌ ચાલ્યા સિદ્ધાચલની વાટે ! અનંત સિદ્ધ ભગવંતોના ધ્યાનમાં રાત-દિવસ વીતવા લાગ્યા.

કર્મનાં બંધન ઢીલાં થવા લાગ્યાં, છૂટતાં ગયાં. સિદ્ધશિલાનું આકર્ષણ વધતું ગયું.

સંસારનો અને પુદ્ગલનો સંગ છૂટતો ગયો. ક્રમે ક્રમે કર્મ ખરતાં ગયાં.

આસો સુદિ પૂનમ - શરદની પૂર્ણિમાની ચાંદની સોળે કળાએ ખીલી રહી હતી ત્યારે વીસ કરોડ મુનિવરો સાથે પાંડવો સિદ્ધ થયા, બુદ્ધ થયા, મુક્ત થયા.

આત્માની સંપત્તિના અમર સ્વામી બન્યા. પ્રતિજ્ઞાના પૂર્ણફળને પામ્યા.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મનું સાધન : અન્તઃકરણ

જ્ઞાની પુરુષે ધર્મ આરાધવાના ત્રણ પ્રકાર બતાવ્યા છે : કરણ-ઉપકરણ-અન્તઃકરણ. તે ઉત્તરોત્તર વધુને વધુ સૂક્ષ્મ છે.

પહેલો પ્રકાર : કરણ. ધર્મ આરાધનામાં શરીર એ સાધન છે. શરીરની સપાટીથી ધર્મ થાય છે.

બીજો પ્રકાર : ઉપકરણ. ધર્મ કરવા માટે જોઈતાં સાધન ઉપકરણ કહેવાય. ઓઘો, મુહપત્તિ, ચરવળો, કટાસણું, નવકારવાળી, પૂજાની થાળી-વાટકી વગેરે ઉપકરણ જોઈએ. ધર્મકાર્ય કરવા આ બધાની જરૂર પડે.

ત્રીજો પ્રકાર : અન્તઃકરણ. પહેલા બે પ્રકાર વડે ધર્મ થાય. એથી વિશેષ અને સર્વોચ્ચ આ પ્રકાર છે. કદાચ કરણ કે ઉપકરણ વિના ધર્મ થઈ શકે પણ અન્તઃકરણ તો જોઈએ જ.

તમે વિચાર કરો. પંચાશક શાસ્ત્રમાં જે એક ઘરડી ડોશીની કથા આવે છે તેમાં આ અન્તઃકરણ દ્વારા થતાં ધર્મનો જ મહિમા બતાવ્યો છે. બાકી કરણ કે ઉપકરણમાં ક્યઅમ કશો ભલીવાર હતો ?

અત્યંત દરિદ્ર ડોશીમાની પાકી ઉંમર, કરચલીવાળું કૃશ શરીર. ૮૦ વર્ષની વયે પોતાની આજીવિકા માટે રોજ જાતે જંગલમાં જઈ લાકડાં કાપી ભારા લઈ આવવા પડતા હતા ! આંખના દીવાનું તેલ ખૂટવામાં આવ્યું હતું એટલે કે એ અખમ થવા આવી હતી. કાન પણ જવું જવું કરતા હતા. પગ તો ક્યારના યે રજા માંગતા હતા, પણ બધું એમ જ નભતું હતું.

એક દિવસ એ ઘરડાં માજી માટે સોનેરી દિવસ ઊગ્યો.

લાકડાં લેવા જંગલમાં જવા ઘર બહાર નીકળીને જેવાં તે ચોકમાં આવ્યાં ત્યારે, માણસનાં ટોળે ટોળા એક દિશામાં જલદી જલદી જતાં જોયાં. માજીએ પૂછ્યું : *"આટલા બધા માણસ આજે ક્યાં જાય છે ?"*

કોઈકે કહ્યું : *"ગામ બહાર ભગવાન આવ્યા છે. ત્યાં દર્શન માટે જાય છે."*

આટલું સાભળી માજીના મનમાં શુભ વિચારનો સંચાર થયો. થયું : *"લાવને હું પણ આજે ભગવાનનાં દર્શને જાઉં."* માજીએ જંગલમાં જવાને બદલે ભવ-જંગલનો અંત લાવનાર ભગવાન તરફ ડગુંમગું ચાલે ડગ માંડ્યાં. વળી મનમાં થયું : *આમ આવા શરીરે કેમ જવાય ?* એટલે નદી તરફ ચાલ્યા. ત્યાં પાણીમાં હાથ-પગ બોળ્યા. નદી પાર કરતાં બીજો વિચાર ઝબક્યો : *ખાલી હાથે કેમ જવાય ? ત્યાં સામે નાગોડના છોડ પર નાનાં નાનાં લાલ ફૂલ દેખાયાં, તે લઈ લઉં !* થોડાં ફૂલ લીધાં અને આગળ વધ્યાં.

રસ્તા પર જેવા આગળ વધવા જાય ત્યાં જાણે કીડિયારું ઊભરાયું હોય તેટલું માણસ ! અરે, માણસ જ નહીં, પશુસૃષ્ટિ પણ ત્યાં ધસમસતી દેખાઈ ! આમાં મારગ કેમ થાશે, એવી ચિંતા મનમાં ઘોળાતી હતી. ત્યાંથી પસાર થતાં રાજાને પણ આ માજીને જોઈ દયા આવી. પાસેના મંત્રીને કહ્યું કે સૈનિકોને સૂચના આપજો કે માજી ક્યાંક ચગદાઈ ન જાય. રાજા તો આગળ વધ્યા, પણ મનમાં આ માજી વસી ગયાં. જેવા તેઓ પ્રભુ પાસે પહોંચ્યા તેવો જ પ્રશ્ન પૂછ્યો : *"પ્રભો પે'લા માજી ક્યાં પહોંચ્યાં ?"* ત્યાં પ્રભુ કહે : *"આ તમારી સામે બેઠાં છે તે."*

રાજા કહે : *"આ તો દેવ છે !"*

પ્રભુ કહે : *"એ માજી દર્શન કરવાની ચઢતી ભાવધારા સાથે આવી રહ્યાં હતાં, ત્યાં જ માણસની ભીસ થતાં ચગદાઈ ગયાં અને તેઓનું આયુષ્ય પૂર્ણ થયું. એમના મનમાં પ્રભુનાં દર્શનની તીવ્ર ભાવના હતી. હાથમાં નગોડનાં ફૂલ હતા તેથી દેવલોકનું આયુષ્ય બાંધ્યું અને આ તમારી સામે જ બેઠાં છે."*

હીન, દીન અને દરિદ્ર અવસ્થામાંથી કેવા પુણ્યશાળી બની ગયા ! આમાં કરણ અને ઉપકરણ તદન ગૌણ હતા. માત્ર અન્તઃકરણથી તેમનું કામ થયું !

આપણે પણ ધર્મ સાધવા માટે વધુમાં વધુ જોર અન્તઃકરણ ઉપર દેવાનું છે. મનમાં જ પ્રભુનું સ્થાપન કરી તેમની સાથે તદાકાર થવા પ્રયાસ કરવાના છે. તેમ કરવાથી જ સાધના ફળવતી અને બળવતી બની રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આન્તર ગાંઠ છૂટ્યાની વેળા ...

વર્તમાનમાં અવગુણના ઓરડા જેવા જણાતા જીવો પણ એકાદ ગુણનું પુષ્ટ આલંબન લઈને, દૃઢપણે તેને વળગી રહીને, દેહની મમતાના વળગાડને ઓળંગી જઈને, ક્ષણિક લાભના વળગણને તરછોડીને, સડસડાટ ઊંચે ને ઊંચે ચડતા હોય છે.

આવું જોવા મળે ત્યારે, એવું લાગે છે કે કોઈ પણ જીવની વર્તમાન વિષમ સ્થિતિ જોઈને તેની નિંદા ન કરવી, પણ તેનામાં રહેલી શ્રેષ્ઠ સંભાવનાની કલ્પનાને જીવતી રાખવી.

જુઓ તો ખરા ! વણકરની જાત ! એને દિવસ-રાત શું કરવાનું ?

ગામના છેવાડે નાનું સરખું એક ઘર. ઘરને ઓટલે બેસી તાણો અને વાણો વણવાના.

રોજ રોજ નાનાં-મોટાં વસ્ત્ર માટે કાપડ વણવાનું ચાલે.

રસ્તે જતાં-આવતાં લોકોને 'કેમ છો ? ભલા છો !' એમ દિવસ આખો પૂછપરછ ચાલે.

ગામની ભાગોળેથી જ સાધુમહારાજ ખેતર ભણી રોજ વડીશંકા નિવારવા જતાં-આવતાં હોય તે બધાને આ વણકર જુએ, મનમાં હરખાય. બોલવાની ઈચ્છા થાય પણ કેમ કરી બોલાવું ? એવી અવઢવમાં રહે. મલકીને અટકી જાય ! એકવાર શુભ સંયોગ રચાઈ ગયો. બગાસું ખાતાં પતાસું મોંમાં પડે એવું બન્યું ! મહાપ્રભાવક આચાર્યશ્રી ધર્મઘોષસૂરિ મહારાજ વડના ઝાડ નીચે ઊભા હતા, વણકરના ઓટલાથી થોડે દૂર. પહેલાં આંખથી અને પછી સ્મિતથી કુશળપ્રશ્નની આપ-લે થઈ. પછી પણ, પૂછું ન પૂછુંની દ્વિધામાં અનાયાસે – भाविकार्यानुसारेण वागुच्छलति जल्पताम् । (ભાવિકાર્યાનુસારિણી વાણી ઊછળતી દીસે) – સહજ પૂછ્યું "આપે તો ભગવાનનો ભેખ પહેર્યો છે તો આપ તો ભવ તરી જવાના; પણ અમારા જેવા તો રખડી જવાના" આવા મતલબનું બોલ્યા. કરુણાસાગર આચાર્ય મહારાજે કહ્યું : "એવું નથી. દરેક જીવોને પોતાના આત્માનું કલ્યાણ થાય એવા રસ્તા છે જ." આવાં આશ્વાસનભર્યાં વચન સાંભળીને વણકરને ઉત્સાહ આવ્યો. ઓટલેથી ઊભા થઈ મહારાજની પાસે આવીને વિનયાવનત મુદ્રામાં ઊભા રહ્યા. મહારાજે કૃપા કરી, બોધ આપ્યો : "તમે પણ ધર્મ કરી શકો છે." વણકર કહે : "તમે તો કહેશો કે દારૂ, માંસ ત્યજી દો. અમારા જીવનમાં એ તો શક્ય નથી. આપ એવું કહો, જે મારાથી સુખેથી પાળી શકાય." આચાર્ય મહારાજે જીવદળની કક્ષા જોઈને કહ્યું : "તમે ગંઠિસહિયં -નું પચ્ચક્ખાણ કરીને આત્માને કર્મથી હળવો બનાવી શકશો. કપડાના છેડે ગાંઠ વાળી રાખવી. એ ગાંઠ ખોલી '**नमो अरिहंताणं**' બોલીને જ આહાર-પાણી લેવાં. આવી પ્રતિજ્ઞાનું પાલન તમે સુખેથી કરી શકશો." વણકરને આ સલાહ જચી ગઈ. પ્રતિજ્ઞાનું પાલન શરૂ થઈ ગયું. અપ્રમત્તપણે સહેજ પણ ભૂલ્યા વિના લીધેલું સાદું વ્રત પળાય છે. મનમાં દૃઢતા છે, આનંદ પણ છે.

મહિનાઓ અને વરસો વીતી ગયાં; વૃદ્ધાવસ્થા પણ આવી. નિયમ અખંડિતપણે નિરપવાદ પળાય છે, ક્યાંય કચાશ નથી. એકવાર રાત્રે રોગનો હુમલો થયો છે, પાણીની તીવ્ર તરસ લાગી છે. પાણી હાજર છે, પણ નિયમ મુજબ ગાંઠ છોડવાની છે. ગાંઠ છૂટે તો મોંમાં પાણી પેસે ! પોતાથી પ્રયત્ન પણ થઈ શકે તેમ નથી. બીજાની મદદથી પણ ગાંઠ ન છોડાય. એ સ્થિતિમાં પ્રાણ છૂટી ગયા ! પ્રતિજ્ઞાનો વિજય થયો અને પાણીનો પરાજય થયો. બહારની ગાંઠ ન ભેદાઈ, પણ અંદરની ગાંઠ – ગ્રન્થિનો ભેદ છૂટી ગયો. આત્મા કુમનુષ્યમાંથી નીકળીને સુદેવત્વને પામ્યો.

તીર્થાધિરાજ શત્રુંજયની રક્ષા-સેવાનું કાર્ય કરવાની અનોખી તક મળી. **કપર્દી યક્ષ** બન્યા. આચાર્ય મહારાજ શ્રીધર્મઘોષસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે ક્ષણેક્ષણ કૃતજ્ઞતાભાવથી સભર બનીને વંદના કરતા રહ્યા. એ મહાપુરુષના પ્રભાવે આ ઊંચાઈ મળી. એમણે દર્શાવેલા નજીવા ધર્મના પ્રતાપે આવી સ્થિતિ મળી. પ્રતિજ્ઞાનું દૃઢતાપૂર્વક પાલન સર્વ ગ્રન્થિથી મુક્ત બનાવ્યા વિના ન રહે. પ્રતિજ્ઞા ભલે નાની રહે, તેનું દૃઢ પાલન મનોબળથી થાય, તો આકાશને આંબે તેવા આંબા ફળે. પ્રતિજ્ઞા-પાલનની આ વિશેષતા છે. તે આપણામાં આવે તો આપણે પણ કસોટીની કપરી વેળાએ પ્રભુકૃપાથી અચળ રહીએ, તો ધારેલી સિદ્ધિના સ્વામી બની શકીએ.

**यः पूर्वं तन्तुवायः कृतसुकृतलवो पूरितो दुरितौघैः,**
**प्रत्याख्यानप्रभावादमरमृगदशामातिथेयं प्रपेदे ।**
**सेवा हेवाकशाळी प्रथमजिनपदाम्भोजयोस्तीर्थरक्षा**
**दक्षःश्रीयक्षराजः स भवतु भविनां विघ्नमर्दी कपर्दी ॥**

મૂળ પ્રાચીન શ્લોક – સ્તુતિ અને પદ્યાનુવાદ

*જે પહેલાં વસ્ત્ર વણતાં વણકર જીવને, પાપમાં રાચતા'તા,*
*નાનું એક, સાવ નાનું, અડગ મન વડે, અલ્પ સત્કૃત્ય કીધું;*
*પ્રત્યાખ્યાન-પ્રભાવે દુરિત નિજ ઘટ્યું, તીર્થ યક્ષત્વ પામ્યા,*
*સેવામાં સજ્જ એવા નિત, વિઘન હરો હે ! કપર્દી અમારા.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કથાને કાંઈક કહેવું છે : સાંભળીએ

વિવિધ પર્વોમાં ક્ષમાપનાપર્વનું સ્થાન મોખરે છે. ક્ષમાપનાપર્વ આવે છે અને ચેતનાને ઢંઢોળે છે. મનના મહેતાજીને કામે લગાડે છે. મનમંદિરમાં બાઝેલાં જાળાં, પડેલો કચરો, ઊડી ઊડીને આવેલી રજ, ચોંટેલું કસ્તર, બધું વાળીચોળીને સાફ કરવામાં આવે છે. જોઈ-ઝાપટીને ચોખ્ખું કરવામાં આવે છે અને એ પ્રસંગે ક્ષમાપના કરવાની - માફી માંગવાની અને માફી આપવાની - ભાવના સતેજ થાય તે માટે પ્રેરણા આપવામાં આવે છે.

આવા યાદગાર પ્રસંગો - સત્ય પ્રસંગો પ્રેરણાની ખાણ જેવા છે. એ કથાઓ, પ્રસંગો એવાં તો ચોટદાર હોય છે કે સાંભળનારને ઉત્તેજિત કરે. સાંભળનાર વૈર-વિરોધને વિસારીને મનને મોટું કરીને માફી માંગવા તૈયાર થઈ જાય છે.

ક્ષમાપના માટે આપણા મનને તૈયાર કરે તેવા પ્રસંગો પ્રચલિત છે. એવો એક પ્રસંગ, સહસ્રમલ્લ અને કલ્યાણમલ્લનો ખૂબ જ જાણીતો છે. મેડતા શહેરમાં બનેલી આ ઘટના ભલે ચારસો વર્ષ પૂર્વેની છે, પણ એ એવી સચોટ છે કે એ સત્ય ઘટનાને કાળની રજ ક્યારેય ચોંટી નથી ! એ ઘટના સમયથી પર છે. એ કથા આપણને કાંઈક કહે છે. એ એમ કહે છે કે કલ્યાણમલ્લ અને સહસ્રમલ્લને પરસ્પર વૈર હતું તેવું વૈર ગુણસેન અને અગ્નિશર્માને હતું, છતાં બન્નેનો ઇતિહાસ અલગ કેમ રચાયો ? આ ઘટનામાં મહત્ત્વનો વળાંક લાવનાર તત્ત્વ કયું ? કોણે આ ભાગ ભજવ્યો ? કથા કહે છે કે ગુરુ મહારાજશ્રી ધર્મસાગરજી મહારાજ વચ્ચે હતા તેથી બન્નેનો વૈર-વિરોધ શમી ગયો; પરસ્પર પ્રેમ અને પ્રીતિનો વિસ્તાર થયો.

જીવનવૃક્ષને વાવાઝોડાથી બચાવવા માટે ગુરુ મહારાજની વાડ જોઈએ. વાડ મજબૂત હોય તો વૃક્ષને વાવાઝોડા સામે ઝૂકવા મજબૂર ન બનવું પડે.

ભલે જીવનમાં રાગ-દ્વેષ આવે પણ તેને સ્થાયી કે સ્થિર બનાવવા જેવા નથી. આ કામ ગુરુ મહારાજની ઓથથી સહેલાઈથી પાર પડે છે.

આપણે નગુરા ન બનીએ પરંતુ ગુરુ મહારાજના યોગ-ક્ષેમં[illegible] છત્રવાળા બનીએ, તો ઘણાં અહિતકારી તત્ત્વોથી ઊગરી જ[illegible]

# ધર્મની પરિભાષા યાદ રાખવાનો સરળ ઉપાય

બહુ ભણેલા ભૂલે ત્યારે એકડા-બગડાનું ગણિત ફરીથી શીખીએ.
આ સાદું અંકજ્ઞાન ભૂલેલાં ભટકેલાંને ફરી સંસ્કારની સીડીએ ચડાવશે.
૧-- આત્મા એક છે. તેને સંસારનું પરિભ્રમણ કરાવનારા
૨ -- રાગ-દ્વેષ બે છે. તેનાથી મુક્તિ મેળવવા માટે જીવે
૩ -- જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણેની આરાધના કરવી જોઈએ. તે ન થાય તો છેવટે
૪-- દાન, શીલ, તપ, ભાવ એ ચાર પ્રકારના ધર્મની ઉપાસના કરવી. ધર્મ પામવો છે ? તો
૫ -- પંચ પરમેષ્ઠિને હૃદયમાં ધારણ કરવા જોઈએ. તે કર્યા પછી
૬-- છ કાયના જીવોની રક્ષાનું કાર્ય કરવું જોઈએ. તેનાથી
૭ -- સાત ભયનું નિવારણ થાય છે, અને સાત ક્ષેત્રમામ પ્રીતિ થશે. તેને સુદ્રઢ કરવામાટે
૮-- અષ્ટ પ્રવચન માતાનો આદર કરવા જોઈએ. તે માટે બ્રહ્મચર્યની
૯-- નવનાડો પાળવી જોઈએ. તેમાં શક્તિ ઓછી પડે તો
૧૦ -- દશ પ્રકારનો યતિધર્મ આદરવો જોઈએ. તે ન થાય તો શ્રાવકની
૧૧-- પડિમાને વહન કરવી જોઈએ. તેમાં શક્તિ ઓછી પડે તો
૧૨-- બાર વ્રતની પાલના કરવી જોઈએ. તે વ્રત પાલન કરતાં જીવ સમજીને
૧૩-- તે કાઠિયાને ત્યાગ કરવાના છ અને અંતે
૧૪-- ચૌદ ગુણસ્થાનકોમાંથી પસાર થઈ
૧૫-- પંદર ભેદમાંથી કોઈ પણ એક ભેદે સિદ્ધ થવાનું છે.

આ રીતે, બાળકને લખતાં પણ ન આવડ્યું હોય એ ઉંમરે ધર્મની આરાધનાનો ખ્યાલ આપે એવી પારિભાષિક સંજ્ઞાઓથી તે વાકેફ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિહાર એ તો જંગમ પાઠશાળા છે!

વિહાર એટલે ચાલવું.

પણ...

વિહાર એટલે માત્ર ચાલવું, એટલું જ નથી.

બારી-બારણાં-ભીંત-વંડી વિનાના, પ્રકાશના ખુલ્લા ચંદરવા નીચે ચાલવાનું મળે, એ વિહાર છે.

દિગ્-દિગંત સુધી વિસ્તરેલી, આ અસીમ વસુધા પર ચાલવાનું હોય છે.આ વિહારમાં ચારે બાજુથી વહી આવતા શુભ વિચારોને ઝીલવાની તક સાંપડે છે. તે ઝિલાય પણ છે. પશુ ચરે છે. પક્ષી વિચરે છે. અને, માણસ વિચારે છે. કુદરતના સાંનિધ્યમાં વિચરતાં, વિચારવાનું પૂર્ણપણે સાંપડે છે, ત્યારે વેદની પ્રાર્થનાનો મર્મ ઊઘડતો લાગે છે. હિમાલયની કો'ક નીરવ ગુફાના અંતરાળે એક શુભ વિચાર પ્રગટ્યો, એ ત્યાં જ ન રહેતાં, તરત ચારેકોર ફેલાય છે.આપણે એ વિચાર ઝીલવા સજ્જ હોઈએ તો, એ વિચાર આપણો પણ બની જાય!

સંસ્કૃત સાહિત્યમાં એક ઉક્તિ છે : एक सम्बंधिनं ज्ञानं अपरसम्बंधिनं स्मारयति। એક સંબંધી જ્ઞાન થાય, તો તે જ્ઞાન વડે અન્ય સંબંધી જ્ઞાનનું સ્મરણ થાય છે. આવો અનુભવ વિહારમાં અવર-નવર થાય છે - થયો છે.

એકવાર અમદાવાદથી સેરીસા તરફના વિહારમાં હતા. ઓગણજથી આગળ જતાં વચ્ચે દંતાલી ગામ આવ્યું. ગામના પાદરમાં વિશાળ વડ છે. એ વડ પાસે થોડી વાર થોભ્યા. તેની વડવાઈઓ જોવા લાગ્યા. સાથે ચાલવામાં, પ્રકૃતિમાં રસ ધરાવતા શ્રાવકો પણ હતા. એક ભાઈ બોલ્યાં : "કેવો વિશાળ વડલો છે!" બીજા ભાઈને આ વડ જોઈને વ્યાખ્યાનમાં સાંભળેલી વાત યાદ આવી.

... રાત્રિના સમયે વડની નીચે સંથારો કરી રહેલા આચાર્ય મહારાજે આકાશમાં જોયું. નક્ષત્ર અને ચન્દ્રનો વિરલ યોગ થતો દેખાયો. ખૂબ ઉત્તમ મુહૂર્ત આવી રહ્યાનું જોયું. સૂરિપદ જેવા મહાન પદના પ્રદાન માટે અત્યંત શુભ મુહૂર્ત આવી રહ્યું છે અને એ જ મુહૂર્ત સાધી લેવા માટે સૂરિ મહારાજે યોગ્ય - યોગ્ય એવા શિષ્યોને જાગૃત કર્યા. સૂરિપદ-પ્રદાનની વાત કરી, તૈયાર કર્યા. એ શુભલગ્ન સમયે સૂરિમંત્ર પ્રદાનની ઉત્તમ ક્રિયા કરી.

આ ઘટના બની એ વડલો પણ આવો વિશાળ હશે ને!

આ ઘટના વિક્રમના દશમા સૈકાની છે. એ વડના વૃક્ષ નીચે જે મુનિરાજોને સૂરિપદ અર્પણ કરવામાં આવ્યું, તે સૂરિવરોની શિષ્ય-પરંપરા વડગચ્છના નામે જાણીતી થઈ. આ વિશાળ વડલાના અવશેષો, અત્યારે પણ રાજસ્થાનમાં જીરાવલાજી તીર્થે જતાં - વરમાણ તીર્થથી કાચા રસ્તે જીરાવલાજી જતાં, ગામની બહારના ભાગમાં આવે છે.

વિહારમાં રસ્તે આવતાં વૃક્ષો જોઈને, આવી ઐતિહાસિક ઘટનાનું સ્મરણ થઈ આવે છે. ઘણીવાર રસ્તામાં સપ્તપર્ણી વૃક્ષ જોઈ, મનમાં થાય કે શ્રી અજિતનાથ ભગવાનનું કૈવલ્ય વૃક્ષ કેટલું સુંદર લાગે છે! એકવાર મહાવીરસ્વામી ભગવાનનું કૈવલ્ય વૃક્ષ - શાલ વૃક્ષ પણ જોવા મળ્યું હતું.

અમારો અનુભવ છે : *વિહાર એ ચેતોવિસ્તાર સાધવાની પ્રક્રિયાનો ભાગ છે. અન્નમય કોશ, પ્રાણમય કોશને ઓળંગીને મનોમય કોશ - વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશના ઉન્નત શૃંગો તરફ દોરી જતી કેડી છે; ચેતનાના ઊર્ધ્વારોહણના સોપાનની શ્રેણી છે.* શ્રમણ જીવનમાં વિહાર એ તો જંગમ પાઠશાળા લાગે છે! આવો વિહાર જે માણે, તે જ જાણે.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રુત સંપદાઃ અનેકોનું આદાન-પ્રદાન

*સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિશ્વરજી મહારાજ*



જૈનધર્મનો વારસો અને વૈભવ જાજરમાન છે. ભૌતિક રીતે જૈનમંદિરોનો કળાવૈભવ અનોખો છે. તેમ આધિભૌતિક રીતે જૈન તત્ત્વજ્ઞાનનો ભંડાર પણ અદ્‌ભુત છે અને એ શાસ્ત્રોના પ્રચાર–પ્રસારની ચિરંતન ગતિવિધિઓ અદ્‌ભુત છે. કોઈ પણ ધર્મના સંસ્થાપક દ્વારા માનવજીવનને ઉપકારક અને ઉદ્ધારક તરીકે શાસ્ત્રાજ્ઞાઓ પુરવાર થતી હોય છે, પણ તે મોટે ભાગે એ જ સ્થિતિમાં યથાવત્ રહેલી હોય છે. જયારે જૈનધર્મનું તત્ત્વજ્ઞાન, એનાં વિધિવિધાન, એનાં કર્મકાંડ, એનાં સાધના–આરાધનાનાં નીતિનિયમો ૨૪ તીર્થંકરોના કાળ દરમ્યાન સતત પ્રવર્તમાન રહ્યાં છે. એમાં શ્રુતજ્ઞાનપ્રાપ્તિની એક પરંપરાએ ઘણો ભાગ ભજવ્યો છે, તે છે હસ્તલિખિત આરાધના. તીર્થંકર ભગવંતો શાસનની સ્થાપના કરે છે ત્યારે ગણધર ભગવંતોને ત્રિપદીના રૂપમાં જ્ઞાનનો તેજપુંજ આપે છે. એ પ્રકાશમાં ગણધર ભગવંતો સૂત્રોની રચના કરે છે. સૂત્રોનો અર્થબોધ દેશના સ્વરૂપે મળે છે. આચાર્ય ભગવંતો અને ઉપાધ્યાય ભગવંતો દ્વારા આ શ્રુતજ્ઞાનનો તેજપુંજ લોકોમાં પ્રસરે છે. શ્રુતસંપદાને પામીને પામર જીવ સંયમ, તપ, મોક્ષ, કેવળજ્ઞાનને પામે છે, એટલે કેવળજ્ઞાનની સ્થિતિ પામતાં પહેલાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ જરૂરી બની રહે છે, આટલું બધું શ્રુતજ્ઞાનનું માહાત્મ્ય છે. શ્રુતનાં સર્જન, સંવર્ધન અને સંરક્ષણની પણ આજના કપરા કાળમાં તાતી જરૂર છે, અને હવે પછી બધી રીતે પડતા સમયકાળના ધસમસતા પ્રચંડ પૂરમાં ટકી રહેવાનું બળ પણ આ શ્રુતગંગામાંથી જ મળી રહેશે.

આ અવિરત જ્ઞાનારાધના ચાતુર્માસિક સ્થિરતાથી સતત વિકસતી રહી છે. અન્ય સુવિધાઓ નહોતી, ત્યારે હાથે લખેલું સાહિત્ય જ ઉપલબ્ધ થતું. ચાતુર્માસ એટલે આ જ્ઞાનયજ્ઞનો સમય. શ્રુતસાહિત્યનાં અર્થઘટનો, વિવરણો, વિસ્તરણોનો સમય. આજ સુધીમાં અનેક રીતે સુવર્ણાક્ષરોથી માંડીને વિવિધ મુદ્રણ માધ્યમો અને મુનિઓ દ્વારા શ્રુતસાહિત્ય પ્રસરતું રહ્યું છે.



પ્રશાંતમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન અને સિદ્ધહસ્ત સાહિત્યસર્જક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરી રજી મહારાજના સંયમના ૫૧મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે તેઓશ્રીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂ. પંન્યાસપ્રવર શ્રી યુગચન્દ્રવિજયજી ગણિવર્યના માર્ગદર્શન હેઠળ શ્રુત તરફ ભક્તિ–પ્રીતિનું જાગરણ અભિયાન હાથ ધરાયું. શ્રુત સમ્માનયાત્રાનું સમગ્ર મુંબઈને આવરી લેતું અદ્‌ભુત આયોજન ૨૦૦૭માં થવા પામ્યું. શ્રુતસમ્માનના મહોત્સવો પણ સંપન્ન થયા. 'કલ્યાણ' સામયિકનો શ્રુત વિશેષાંક સમૃદ્ધ રીતે પ્રગટ થયો, તેમાંથી મહત્ત્વનાં તારણો પ્રસ્તુત લેખન-સંકલનમાં રજૂ થાય છે. પૂ.આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરિજી મહારાજની તેજસ્વી કલમે અનેક ગ્રંથોનું સર્જન થયું છે. જ્ઞાનસમૃદ્ધ એવા પ્રજ્ઞાવંત આચાર્ય ભગવંતને અમારી લાખ લાખ વંદનાઓ.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રુત એ માનરૂપી હાથી માટે અંકુશ છે

## જગતના સર્વજ્ઞાનની જનની

શ્રુત–અધિષ્ઠાત્રી માતા શારદા એટલે જ સરસ્વતી.

વૈશાખ સુદ–૧૦મના દિવ્ય દિવસે, અપરાહ્ન સમયે, ઋજુવાલિકા નદીના કિનારે, શાલવૃક્ષની શીતળ છાયામાં, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા 'કેવળજ્ઞાન' પામ્યા.

શુક્લધ્યાનની ઉજ્જવળ ધ્યાન–ધારામાં ચારે ય ઘાતી કર્મોનો ક્ષય કરીને વિમલ કેવળજ્ઞાનના ધારક પરમાત્મા સ્વયં પરમતત્ત્વસ્વરૂપ બની ગયા. સમવસરણમાં વિરાજમાન હિમાલય–સમ ધવલ એ પરમતત્ત્વમાંથી નીકળતી પરમ શ્વેતવર્ણસમ સમુજ્જવલ વાણી તે જ છે માતા સરસ્વતી. જેને શાસ્ત્રો બીજા શબ્દોમાં 'શ્રુતગંગા' અથવા 'શ્રુતદેવતા' સ્વરૂપે સંબોધે છે. વિશ્વના સર્વ સૌભાગ્યની સર્જક છે આ શ્રુતગંગાની આરાધના. આ મા શારદાની સાધના.

આ સાધના એટલે પરમ સુખની કેડીએ પગરણ.

આ આરાધના એટલે જ્ઞાનાવરણીય કર્મોનું વિદારણ.

આ ઉપાસના શ્રુત–જ્ઞાનના શ્વેતપુંજમય સૂર્ય કરતાં વધુ તેજસ્વી બનીને આત્માને સ્ફટિક સમાન નિર્મળ બનાવીને કર્મના કુટિલ કવચને છેદીભેદીને શુદ્ધ–વિશુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે.

## શ્રુતગંગાનો અસ્ખલિત પ્રવાહ

"જિનમુખ પદ્મદ્રહ થકી, પ્રગટી ત્રિપદી ગંગ;
મુનિ માહણ ઝીલે સદા, અર્થ પીયે ગૃહીચંગ."

—પંડિત રૂપવિજયજી મ.

"શ્રી જિનેશ્વર પરમાત્માના મુખરૂપી પદ્મસરોવરમાંથી ત્રિપદી રૂપી શ્રુત ગંગોત્રી પ્રગટી, જેને મુનિરૂપી બ્રાહ્મણો હંમેશાં સ્વાધ્યાય કરીને ઝીલી રહ્યા છે અને ગૃહસ્થો એના અર્થનું પાન કરે છે."

અપાપાપુરીના મહસેન વનમાં વીરપ્રભુના મુખરૂપી હિમાલયમાંથી પ્રગટ થયેલ ત્રિપદી રૂપ શ્રુતગંગાના પ્રવાહમાં સ્નાન કરતાં બીજબુદ્ધિના સ્વામી ગૌતમાદિ ગણધર ભગવંતોએ ૧૪ પૂર્વયુક્ત વિશાલ દ્વાદશાંગી આગમની રચના માત્ર અંતર્મુહૂર્તમાં કરતાં વૈશાખ સુદ ૧૧ના પવિત્ર દિને ધર્મતીર્થ જિનશાસનની સ્થાપના થવા પામી.

## શાસનની સ્થાપના અને સંચાલન શ્રુતજ્ઞાનને આભારી

તીર્થંકરોને જન્મ આપનારી માતા માત્ર દેહનો જન્મ આપવામાં કારણભૂત છે, પણ તીર્થંકરત્વ તરીકેનો જન્મ આપનાર તો વીશસ્થાનક પૈકી ૧૯મું 'શ્રુત પદ' જ કારણભૂત છે. ત્રિશલાદેવીએ શ્રી વર્ધમાન સ્વામીના દેહને જન્મ આપ્યો, પરંતુ શ્રી વર્ધમાન સ્વામીને તીર્થંકર બનાવનાર તો 'શ્રુત' છે. ભગવાને સાડાબાર વર્ષની ઘોર સાધના બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કેવળજ્ઞાની બનેલા પ્રભુએ સમવસરણમાં 'દેશના' ફરમાવી. આ દેશના જ શ્રુતજ્ઞાન છે. આ શ્રુતજ્ઞાનના માધ્યમે શાસનની સ્થાપના અને સંચાલન થાય છે. કેવળજ્ઞાનીને પણ ધર્મ પમાડવા માટે શ્રુતજ્ઞાનનો સહારો લેવો પડે છે. કેવળજ્ઞાની પણ બીજાને ધર્મબોધ શ્રુતજ્ઞાન દ્વારા જ કરાવી શકે છે. શ્રી તીર્થંકર દેવો કેવળજ્ઞાન પામ્યા બાદ રોજ ૨ પ્રહર દેશના આપે છે. આ શ્રુત ધર્મનો મહિમા છે. સવારે પ્રથમ પ્રહરની તીર્થંકર દેવોની દેશના પૂર્ણ થયા બાદ બીજા પ્રહરની દેશના શ્રુતજ્ઞાની એવા ગણધર દેવો ફરમાવે છે. કેવળજ્ઞાનીની પર્ષદા પણ સમવસરણમાં હોય, પરંતુ કેવળજ્ઞાની દેશના ન આપે. ગણધરો દેશના ફરમાવે. આની પરથી શ્રુતજ્ઞાનનો મહિમા બરાબર સમજી શકાય છે.



શ્રુતોપાસક મંત્રીશ્વર પેથડશા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## પરમાત્માના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ દરમિયાન શ્રુતરક્ષા માટે થયેલ વાચનાઓ

| | સ્થળ | સમય | સાન્નિધ્ય | સવિશેષ |
|---|---|---|---|---|
| ૧. | નેપાળ | વિ. સં. ૧૬૦ | શ્રી ભદ્રબાહુસ્વામીજી | શ્રી દ્વાદશાંગ શ્રુતની સંકલના-વાચના |
| ૨. | પાટલિપુત્ર | વિ. સં. ૧૬૦ | શ્રી સ્થૂલિભદ્રસ્વામીજી | |
| ૩. | ઉજ્જૈની | વિ. સં. ૨૪૫ થી<br>વિ. સં. ૨૯૧ | આ. સુહસ્તિસૂરિજી | સમ્રાટ સંપ્રતિની વિનંતીથી<br>આગમસંરક્ષણ વાચના |
| ૪. | કલિંગદેશ<br>ઉદય પર્વત | વિ. સં. ૩૦૦ થી<br>વિ. સં. ૩૦૩ | આ. સુસ્થિતસૂરિજી<br>આ. સુપ્રતિબદ્ધસૂરિજી | સમ્રાટ ખારવેલની વિનંતીથી<br>આગમ વાચના |
| ૫. | દશપુરનગર | વિ. સં. ૫૯૨ | આ. આર્યરક્ષિતસૂરિજી | ચાર અનુયોગ વિભાગ વાચના |
| ૬. | મથુરા | વિ. સં. ૮૨૭ થી<br>વિ. સં. ૮૪૦ | આ. સ્કંદિલસૂરિજી | માથુરી વાચના તરીકે પ્રસિદ્ધ |
| ૭. | વલ્લભીપુર | વિ. સં. ૮૨૭ થી<br>વિ. સં. ૮૪૦ | આ. નાગાર્જુનસૂરિજી | આગમ અનુયોગ વાચના |
| ૮. | વલ્લભીપુર | વિ. સં. ૯૮૦ | શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ | આગમ અનુયોગ વાચના |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જૈન શાસનનું અનેકાર્થ સાહિત્ય

| | ગ્રન્થનું નામ | કેટલા અર્થ? | કર્તા |
|---|---|---|---|
| ૧. | 'તત સીઅલી' પદ અષ્ટશતાર્થી | ૮૦૦ | આ. બપ્પભટ્ટીસૂરિજી |
| ૨. | 'ભૂ ભારોદ્ધરણો' પદ | ૧૦૦ | કવિ શ્રીપાળ |
| ૩. | રત્નાકરાવતારિકા ગત પદ્ય | ૧૦૦ | આ. રત્નપ્રભસૂરિજી |
| ૪. | કુમારવિહારપ્રશસ્તિ–૮૭મું પદ્ય | ૧૧૬ | પં. વર્ધમાનગણિ |
| ૫. | શ્રી સિદ્ધાર્થ નરેન્દ્ર કાવ્ય | ૨૫ | આ. સોમતિલકસૂરિજી |
| ૬. | શતાર્થી કાવ્ય | ૧૦૦ | જિનમાણિકસૂરિજી |
| ૭. | 'નમો અરિહંતાણં' પદ | ૧૧૦ | પં. હર્ષકુલગણિ |
| ૮. | યોગશાસ્ત્ર પ્ર. ૨, શ્લોક–૧૦મો | ૧૦૦ | પં. માનસાગરજી |
| ૯. | શતાર્થી વિવરણ | ૧૦૦ | આ. સોમવિમલસૂરિજી |
| ૧૦. | યોગશાસ્ત્ર પ્ર. ૨ | ૧૦૦ | આ. જયસુંદરસૂરિજી |
| ૧૧. | ઉપદેશમાળા ગાથા–૫૧મી | ૧૦૦ | ઉદયધર્મ મુનિ |
| ૧૨. | શ્રી વર્ધમાન જિનકાવ્ય | ૬ | શ્રી દાનસૂરિ શિષ્ય |
| ૧૩. | યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લોક–૧ | ૫૦૦ | ઉ. લાભવિજયજીગણિ |
| ૧૪. | 'રાજાનો દદતે સૌખ્યમ્' (જે ગ્રન્થ 'અષ્ટલક્ષી' નામે પ્રસિદ્ધ છે) | ૮ લાખ | મહો. સમયસુંદર ગણિ |
| ૧૫. | સપ્તસંધાન મહાકાવ્ય | ૭ | મહો. મેઘવિજયજી ગણિ |
| ૧૬. | 'નમો લોએ સવ્વસાહૂણં'નું 'સવ્વ' પદ | ૩૯ | આ. દેવરત્નસૂરિજી |
| ૧૭. | દ્વયાશ્રય મહાકાવ્ય | ૨ | આ. હેમચંદ્રસૂરિજી (કલિકાલસર્વજ્ઞ) |
| ૧૮. | નાભેય નેમિ દ્વિસંધાન મહાકાવ્ય | ૨ | આ. હેમચંદ્રસૂરિજી (વડગચ્છ) |
| ૧૯. | યોગશાસ્ત્રઃ 'નમો દુર્વારરાગાદિ' શ્લોક | ૭૦૦ | આ. વિજયસેનસૂરિજી (અકબરના દરબારમાં) |

આવા અનેક ગ્રંથો જૈન શાસનમાં વર્તમાનકાળે પણ વિદ્યમાન છે.

## શ્રુતધર મહર્ષિઓની સાહિત્યસેવા

મધ્યયુગ રાસાયુગ બન્યો. લોકવૃત્ત્યનુસાર હિતકર પ્રવૃત્તિનો વળાંક હોય એ સ્પષ્ટ છે. રાસાયુગમાં ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ન્યાયના એકસો આઠ ગ્રંથો રચ્યા છે. શ્રી શ્રીપાલ મહારાજના રાસના કર્તા મહો. શ્રી વિનયવિજયજી મહારાજ, અધ્યાત્મનિષ્ઠ યોગી પુરુષ શ્રી આનંદઘનજી મ., તેમની પછીના અધ્યાત્મનિષ્ઠ યોગી શ્રી ચિદાનંદજી મ. આદિ પણ સુપ્રસિદ્ધ છે. જેઓએ લોકહિતાર્થે લોકપ્રિય ભાષામાં અનેક રાસાઓ, સ્તવનો, પદો રચ્યાં છે. મહો. શ્રી યશોવિજયજી, શ્રી લક્ષ્મીવિજયજી, શ્રી વિનયવિજયજી, શ્રી મેઘવિજયજી, શ્રી મોહનવિજયજી, શ્રી રામવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી વીરવિજયજી આદિએ પૂજાઓ, સ્તવનો વગેરે દ્વારા છલોછલ જલ ભરેલી જ્ઞાનગંગા વહેવડાવી છે. એ કાળે જેમ સાહિત્ય રચાતું તેમ લખાતું, અનેક નકલો લખાતી, ભંડારોનાં નિર્માણ થતાં અને શ્રુતગંગાની રક્ષા થતી, કેટલાય મહાત્માઓએ રચના અને લેખન કાર્ય પણ જાતે જ કર્યું.

—કોટિશઃ નમન હો મહર્ષિઓને......

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પ્રાચીન અદ્વિતીય શ્રુતનિધિ

## શ્રુતથી સંઘ-સંઘથી શ્રુત

જૈન શાસનની સ્થાપના થાય છે 'શ્રુત'થી! જૈન શાસન ચાલે છે તે પણ 'શ્રુત'થી જ! જયાં સુધી 'શ્રુત' વિદ્યમાન રહેશે, ત્યાં સુધી જ શાસનની વિદ્યમાનતા રહેશે. આ અપેક્ષાએ કેવળજ્ઞાન કરતાં પણ શ્રુતજ્ઞાનનું મહત્ત્વ વધારે છે. 'શ્રુત' એ શ્વાસ છે. 'શ્રુત' એ પ્રાણ છે, 'શ્રુત' એ સર્વસ્વ છે. આ 'શ્રુત' ઉત્પન્ન થયું, પ્રભુ વીરના મુખકમલમાંથી! આ 'શ્રુત'ને ગ્રહણ કર્યું મહામેધાવી ગણધર ભગવંતોએ! આ 'શ્રુત'ને ધારણ કર્યું શ્રેષ્ઠ શ્રુતધર પૂર્વજોએ, વહન કર્યું મેધાવી મહામુનિઓએ, સંરક્ષણ કર્યું શ્રુતોપાસક શ્રમણો તથા શ્રાવકોએ!

## શ્રુત-સર્જન : એક ઝલક

| રચયિતા | રચના |
|---|---|
| – પ્રભુવીરના ૧૪૦૦૦ શિષ્યો | – ૧૪૦૦૦ પયન્ના સૂત્ર |
| – શ્રી ભદ્રબાહુસ્વામીજી | – અનેક નિર્યુક્તિ ગ્રન્થો તથા કલ્પસૂત્ર |
| – શ્રી મલ્લવાદીસૂરિજી | – એક જ શ્લોક ઉપર ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ 'દ્વાદશાર નયચક્ર' રૂપે વિવરણ |
| – શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી | – દ્રવ્યાનુયોગમાં બેનમૂન સન્મતિતર્કાદિ ગ્રન્થો |
| – શ્રી આર્યરક્ષિતસૂરિજી | – સમગ્ર આગમ શ્રુતનું ચાર અનુયોગમાં વિભાજન |
| – શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ | – વિવિધ આગમો પર ભાષ્ય ગ્રન્થો |
| – શ્રી અભયદેવસૂરિજી | – નવ અંગ સૂત્ર પર ટીકા |
| – શ્રી જિનદાસ મહત્તર | – ચૂર્ણિ ગ્રન્થો |
| – શ્રી ઉમાસ્વાતિજી | – તત્ત્વાર્થાધિગમસૂત્રાદિ ૫૦૦ ગ્રન્થો |
| – શ્રા હરિભદ્રસૂરિજી | – ૧૪૪૪ ગ્રન્થો |
| – શ્રી સિદ્ધર્ષિ ગણિ | – 'માનસશાસ્ત્ર'માં પણ અજોડ ઉપમિતિ ભવપ્રપંચાદિ ગ્રન્થો |
| – શ્રી હેમચન્દ્રસૂરિજી | – સિદ્ધહેમ વ્યાકરણાદિ સાડા ત્રણ કરોડ શ્લોક પ્રમાણ ગ્રન્થો |
| – ઉપા. શ્રી યશોવિજયજી | – બિન્દુસાર-શતક રહસ્ય અંતવાળા ૧૦૦ ગ્રન્થો તથા ન્યાય વિષયક લક્ષાધિક શ્લોકો |

## શ્રુતપ્રવાહના સંવર્ધન કાજે સંપ્રયાસ.......

- જે ગ્રંથ ન ભણે તો શ્રાવકને અતિચાર લાગે, તેવા 'ઉપદેશમાળા ગ્રંથ'ની રચના પ્રભુના હસ્તે દીક્ષિત શ્રી ધર્મદાસગણિજીએ કરી.
- અલ્પાયુઃ સ્વપુત્ર મનકમુનિ માટે દશવૈકાલિકસૂત્રની રચના શ્રી સ્વયંભવસૂરિજીએ કરી.
- પૂ. આર્યરક્ષિતસૂરિજી મહારાજે આગમ ગ્રંથોનું જ અનુયોગમાં વિભાગીકરણ કર્યું.
- વીર સં. ૯૮૦, વિક્રમ સં. ૫૧૦ વર્ષે વલ્લભીપુરમાં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજા તથા ૫૦૦ આચાર્ય ભગવંતોએ સાથે મળીને શ્રુતનું સૌ પ્રથમવાર ગ્રન્થસ્થીકરણ કરતાં ૧૩ વર્ષની સ્થિરતામાં પ્રાયઃ ૧ કરોડ ગ્રન્થની સંકલના કરી......



કાશ્મીરી કાગળ પર આલેખિત કરાયેલ ગ્રન્થદર્શન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✍ શત્રુંજય માહાત્મ્યાદિ ગ્રન્થરચયિતા પૂ. આ. ધનેશ્વરસૂરિજી મહારાજા.....

✍ વિ.સં. ૫૦૦ વર્ષે બીજા પૂર્વમાંથી ઉદ્ધાર કરી 'કમ્મપયડી ગ્રન્થ'ના રચયિતા આ. શિવશર્મસૂરિજી મહારાજા......

✍ વિ.સં. ૬૫૪ વર્ષે વિશેષાવશ્યક ભાષ્ય, ધ્યાનશતકાદિ ગ્રંથોના રચયિતા મહાભાષ્યકાર, આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી મહારાજા......

✍ 'ભક્તામર' સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિજી મહારાજા....

✍ વિ.સં. ૭૫૭થી ૮૨૯ વર્ષે ૧૪૪૪ ગ્રન્થોના રચયિતા યાકિની મહત્તરાસૂનુ પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મ. ૧૧ અંગ ઉપર વૃત્તિકાર પૂ. આ. શીલાંકાચાર્યજી મહારાજા......

✍ 'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' જેવા અજોડ વૈરાગ્ય ગ્રન્થના રચયિતા શ્રી સિદ્ધર્ષિગણિજી......

✍ યમકયુક્ત સ્તુતિ રચયિતા શ્રી શોભનમુનિવર....

✍ નવાંગી વૃત્તિકાર તર્કપંચાનન શ્રી અભયદેવસૂરિજી મહારાજા.....

✍ સરસ્વતી સ્તોત્રાદિ ગ્રન્થ રચયિતા શ્રી બપ્પભટ્ટ સૂરિજી મહારાજા....

✍ 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથના રચયિતા શ્રી શાંતિસૂરિજી મહારાજા......

✍ સિદ્ધહેમશબ્દાનુશાસનાદિ સાડાત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યસર્જક, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.....



**સાડા ત્રણ કરોડ શ્લોકના સર્જક શ્રી હેમચન્દ્રાચાર્ય**



**શ્રુતસંરક્ષક શ્રી બપ્પભટ્ટ સૂરિજી મ.**

✍ આગમાદિ ગ્રન્થો પર સરળ ટીકા રચયિતા શ્રી મલયગિરિ મહારાજા.....

✍ ભવભાવનાદિ ગ્રન્થો પર ટીકા રચનારા મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા.....

✍ 'સિન્દૂરપ્રકરણ' આદિગ્રન્થોના રચયિતા આ. શ્રી સોમપ્રભસૂરિજી મહારાજા....

✍ પ્રવચનસારોદ્ધારાદિ ગ્રન્થકર્તા આ. શ્રી નેમિચન્દ્રસૂરિજી મહારાજા.....

✍ 'આરંભસિદ્ધિ' વગેરે ગ્રન્થના રચયિતા પૂ.આ. ઉદયપ્રભસૂરિજી મહારાજા.....

✍ 'સ્યાદ્વાદમંજરી આદિ ગ્રન્થોના રચયિતા શ્રી મલ્લિષેણસૂરિજી મહારાજા.....

✍ કર્મગ્રન્થ, ભાષ્યાદિ ગ્રન્થોના રચયિતા આ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજા....

✍ 'સંબોધ સિત્તરી' આદિ ગ્રન્થોના રચયિતા આ. શ્રી રત્નશેખરસૂરિજી મહારાજા.....

✍ 'અધ્યાત્મકલ્પદ્રુમ', 'સંતિકરં' આદિ ગ્રન્થ રચયિતા સહસ્રાવધાની પૂ.આ. શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજા....

✍ 'શ્રી શ્રાદ્ધવિધિ–આચારપ્રદીપ' આદિ ગ્રન્થકર્તા પૂ. આ. શ્રી રત્નશેખરસૂરિજી મહારાજા.....

✍ 'ધર્મપરીક્ષા' આદિ ગ્રન્થકર્તા શ્રી જિનમંડન ગણિજી મહારાજા.....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રુત એ છઠ્ઠા આરાના આક્રમણોને સ્થંભિત કરનાર અમોઘ શસ્ત્ર છે.

## શ્રમણોપાસકોની શ્રુત-ભક્તિ

- વસ્તુપાલ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી જ્ઞાનભંડારો બનાવ્યા, સર્વ આગમોની એકેક પ્રત સોનાની શાહીથી લખાવી, બાકીની પ્રતો તાડપત્ર અને કાગળો પર લખાવી, તેમજ સ્વહસ્તે ધર્માભ્યુદયાદિ વિવિધ ગ્રન્થોનું લેખન કર્યું, જે વર્તમાનકાળે ખંભાતમાં મોજૂદ છે.

(પ્રભાવક-ચરિત્ર)

- વિ.સં. ૧૪૭૨માં આ. શ્રી સોમસુંદરસૂરિજીના ઉપદેશથી ખંભાતમાં રામ અને પર્વત નામના બે ભાઈઓએ અગિયાર અંગો લહિયાઓ પાસે લખાવેલાં.

- મથુરા નગરીમાં પદ્મશાહે સવાલાખ સોનૈયા ખર્ચી ભગવતી સૂત્રનો મહામહોત્સવ કરેલ અને 'ગોયમા' પદની ઉપર ૧-૧ સુવર્ણ મુદ્રા મૂકવાપૂર્વક પૂજા કરેલ.

(પાર્શ્વનાથ પરંપરાનો ઇતિહાસ)

- કુમારપાલ રાજાએ એવો નિયમ કર્યો હતો કે જ્યાં સુધી ગુરુએ રચેલા ગ્રંથોને તાડપત્ર ઉપર ન લખાવું, ત્યાં સુધી દહીંનો ત્યાગ. તેથી ૭૦૦ લહિયાઓને બેસાડી આગમો-ગ્રંથો લખાવવા માંડ્યા. લખતાં લખતાં તાડપત્રો ખૂટી ગયા એટલે રાજાએ એવો નિયમ કર્યો કે, જ્યાં સુધી તાડપત્રો ન મળે ત્યાં સુધી અન્ન જલનો ત્યાગ, ત્રીજા દિવસે ક્ષેત્રદેવતા પ્રસન્ન થવાથી બગીચામાં વૃક્ષો તાડપત્રોથી લચી ઊઠ્યાં. વનપાલકે વધામણી આપતાં રાજાએ પારણું કર્યુ અને જીવન દરમિયાન કુલ ૬,૩૬,૦૦૦ ગ્રન્થો લખાવ્યા તેમજ સિદ્ધહેમ વ્યાકરણની ૨૧ પ્રતિઓ લખાવેલ અને આગમોની સુવર્ણાક્ષરી ૭-૭ નકલો આલેખિત કરાવી.

(ઉપદેશ તરંગિણી)

- થરાદના આભૂ સંઘવીએ એક કરોડ સોનામહોર ખર્ચી ૬,૩૯,૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથોનું લેખન કરાવેલ.

(ઉપદેશ તરંગિણી)

- પેથડ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી ત્રણ જ્ઞાનભંડાર બનાવેલ અને ભગવતી સૂત્રમાં આવતા 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર અર્પણ કરી જ્ઞાનભક્તિ કરેલી. ઝાંઝણશાહે ૩૬,૦૦૦ સોનામહોર ખર્ચી સોનેરી સ્યાહીથી ગ્રંથો લખાવેલ.

(સુકૃત-સાગર)

- માંડવગઢના સંગ્રામ સોનીએ ભગવતીસૂત્રમાં આવતાં 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર, તેમની પત્નીએ અડધી સોનામહોર, પુત્રવધૂએ પા (૦।) સોનામહોર મૂકી જ્ઞાનભક્તિ કરેલ. ૩૬+૧૮+૯ = ૬૩ કુલ ૬૩,૦૦૦ સોનામહોરનો સદ્વ્યય કર્યો અને તે દ્રવ્યથી સોનેરી સ્યાહીથી આગમગ્રંથો લખાવેલ.

(માંડવગઢ કા ઇતિહાસ)

- ભૈંસા શેઠે દેવગુપ્તસૂરિના ચોમાસામાં ભીનમાલમાં સવા લાખ દ્રવ્ય ખર્ચી આગમમહોત્સવ કરેલ અને ભગવતી સૂત્રની વાચનામાં 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર મૂકેલ. (પાર્શ્વનાથ પરંપરાનો ઇતિહાસ)

## શ્રુત કંઠસ્થ કરવા દ્વારા મહાપુરુષોએ કરેલી શ્રુતસાધનાની ઝાંખી

| | |
|---|---|
| ૧. આ. દુર્બલિકા પુષ્પમિત્ર | રોજ ૭૦૦ શ્લોક. |
| ૨. આ. બપ્પભટ્ટી સૂરિજી મ. | રોજ ૧૦૦ શ્લોક. |
| ૩. આ. ધર્મઘોષ સૂરિજી મ. | ૬ ઘડીમાં ૫૦૦ શ્લોક. |
| ૪. આ. મુનિસુંદર સૂરિજી મ. | ૧૦૦૦ જુદા જુદા સ્વર સાંભળી પારખી શકતા. |
| ૫. ઉપાધ્યાય યશોવિજયજી | બાલ્યવયે સાંભળીને ભક્તામર કંઠસ્થ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૬. પૂ. જિતવિજયજી મ. | ૪ ઘડીમાં ૩૬૦ શ્લોક |
| ૭. પૂ. આત્મારામજી મ. | રોજ ૩૦૦ શ્લોક |
| ૮. આ. રામચન્દ્ર સૂરિજી મ. | ૨૦ દિવસમાં ૨૦૦૦ ગાથા પ્રમાણ 'અનુયોગદ્વાર' ગ્રંથ કંઠસ્થ. |
| ૯. કુમારપાળ મહારાજા | ૭૨ વર્ષની ઉંમરે વ્યાકરણનું અધ્યયન, યોગશાસ્ત્ર અને વીતરાગસૂત્રનો નિત્ય સ્વાધ્યાય. |
| ૧૦. પેથડશાહ મંત્રી | રાજદરબાર જતાં રોજ હાથીની અંબાડી ઉપર 'ઉપદેશમાળા' આદિ ગ્રંથો ગોખતા. દર મહિને ગુરુમુખે પ્રતિક્રમણના સૂત્રો સંભળાવીને કોઈ અશુદ્ધિ પ્રવેશી ગઈ હોય, તો એની શુદ્ધિ કરતા. રોજ ઓછામાં ઓછી ૧ નવી ગાથા કંઠસ્થ કરવાનો એમને નિયમ હતો. |
| ૧૧. વસ્તુપાળ મહામંત્રી | સ્વયં સંસ્કૃતમાં નવસર્જન કરી મહાકાવ્યો રચતા, કંઠસ્થ કરતા. |

## શ્રુત-સુરક્ષાનો એક માત્ર ઉપાય શ્રુત-લેખન

તીર્થંકર ભગવંતો જેવા સમાધાનકાર હોય અને ગણધર ભગવંતો જેવા પ્રશ્નકાર હોય, ત્યારે થોડીક પણ પ્રશ્નોત્તરી થાય,







તો યુગ-યુગના અજ્ઞાનનાં અંધારાં ઉલેચાઈ જતાં હોય છે અને જ્ઞાનની અનસ્ત દીવાદાંડી પ્રકાશિત બની જતી હોય છે. 'ભયવં! કિં તત્તં?' આવી જિજ્ઞાસા પુનઃ પુનઃ ત્રણવાર ગણધરોના મુખેથી ધ્વનિત થતાં તીર્થંકર દેવોનો જવાબ પણ ત્રણવાર પ્રતિધ્વનિત થતો હોય છે : "ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા" આ જાતની ટૂંકી પ્રશ્નોત્તરી દ્વાદશાંગી રૂપ આગમ-શ્રુતની જન્મદાતા બનતી હોય છે. આવું શ્રુત ઘટતું ઘટતું આજે ૪૫ આગમ રૂપે વિદ્યમાન છે. આગમો શાસ્ત્રરૂપ હોવા છતાં એને માટે વધુ સાર્થક શબ્દ છે : શ્રુત! આનો અર્થ થાય સાંભળેલું. ગુરુકુલવાસમાં રહીને વિનયપૂર્વક ગુરુસેવા કરતાં કરતાં જે જ્ઞાનવારસો આજ સુધી અખંડિત રહ્યો, એનું નામ જ શ્રુત-આગમ! શ્રવણના માધ્યમે અખંડિત રહેલા એ જ્ઞાનવારસાને શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તત્કાલીન પરિસ્થિતિ મુજબ લેખનના માધ્યમે અખંડિત આગળ વધારવાનો પ્રયત્ન કર્યો, મુખ્યત્વે ૪૫ આગમરૂપે હસ્તલિખિત ગ્રંથોનો એ વારસો આજે ઠીકઠીક પ્રમાણમાં હ્રાસ પામતો આપણા સંઘની મૂડીરૂપે સચવાયો છે. અંતે સાચવી રાખીને યુગયુગ સુધી સુરક્ષિત રાખવાનો ઉપાય આજે વૈજ્ઞાનિક યુગ ગણાતો હોવા છતાં એક જ હસ્તલેખનનો છે!

## વિદ્યાનું દૃઢ સંસ્કરણ

शतेन पुस्तके विद्या, सहस्रेण मुखोद्‌गता ।
लक्षेण जन्मपर्यंतम्, कोट्या जन्मान्तरे खलु ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


શ્રુત એ રાજાધિરાજને પણ સૂરિરાજના ચરણોમાં ઝુકાવનાર શકિત છે

સો વખત સુધી બોલો ત્યાં સુધી વિદ્યા પુસ્તકમાં રહે, એક હજાર વાર બોલો તો બરાબર મોઢે થઈ જાય, લાખ વાર બોલો તો જિંદગીના છેડા સુધી સચવાય અને એક કરોડ વાર બોલો તો જન્માન્તરમાં-પછીના ભવમાં પણ આવે.

## વર્તમાનકાલીન શ્રુત સમુપાસકોને વંદના

* સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષિત બની ૩૨ આગમોને કંઠસ્થ કરનારા અને વ્યાકરણનો અભ્યાસ કરી મૂર્તિપૂજાના સત્યનો મતનો સ્વીકાર કરનારા **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજા** 'પૂ. આત્મારામજી મ.'

* વિક્રમ સંવત ૧૯૮૧ વર્ષે સુરત નગરે ચાતુર્માસ દરમ્યાન શાસ્ત્ર અને શ્રુતના સંરક્ષણ માટે સંઘને પ્રેરક માર્ગદર્શન આપી લહિયાઓ દ્વારા અનેક ધર્મગ્રંથો હસ્તલિખિત કરાવનારા

* **પૂ. આચાર્યદેવ શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજા** : વિનાશ પામતા ધર્મગ્રંથોને ફરી લખાવવા દ્વારા ચિરકાળ સુધી સુરક્ષિત રાખવા માટે 'શ્રી કમલ સૂરીશ્વરજી પુસ્તકોદ્ધાર ફંડ-સુરત' સંસ્થાના સંચાલક ઝવેરી પરિવારને પ્રેરણાનું પીયૂષપાન કરાવનાર હતા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજય દાન સૂરીશ્વરજી મહારાજા** તથા **પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિ સૂરીશ્વરજી મહારાજા.**

* રાજનગરે સુબાજી રવચંદ જેચંદ વિદ્યાશાળાની પવિત્ર ભૂમિ પર વરસો સુધી સ્થિરતા કરીને જાત દેખરેખ પૂર્વક લહિયાઓ પાસે આગમ વગેરે ધર્મગ્રંથોનું જેઓશ્રીએ આલેખન કરાવ્યું તેમજ સ્વહસ્તે સંશોધન અને શુદ્ધિકરણ કર્યું, એવા વચનસિદ્ધ **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા (બાપજી મહારાજ).**

* આગમ વગેરે ધર્મગ્રંથોનાં સંશોધન-સંપાદનના કાર્યમાં અગ્રિમ સિંહફાળો અર્પનાર 'સાગરજી મહારાજ'ના હુલામણા નામે પ્રખ્યાત **પૂ. આચાર્યદેવ શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજા.**

* 'પ્રત અને પ્રતિમા' કોઈપણ સંયોગોમાં પાછાં ન જવા દેવાની દૃઢ ટેક ધરનારા **શાસનસમ્રાટ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાએ** પોતાના અનેક શિષ્ય પ્રશિષ્યોને વ્યાકરણ-સાહિત્ય-ન્યાય-કાવ્ય-કોષ આદિમાં પ્રકાંડ વિદ્વાન બનાવ્યા હતા અને **સુપ્રસિદ્ધ લહિયા શ્રી કાનમલભાઈ ભાટી** પાસે ૪૫ આગમો સુવર્ણાક્ષરે લખાવ્યા હતા.

* 'અભિધાન રાજેન્દ્ર કોષ'નું સર્જન-સંકલન કરનારા તેમજ અન્ય અનેક ધર્મગ્રંથોનું લેખન કરાવનારા **પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.**

* વર્ષો સુધી જેસલમેરમાં સ્થિર રહી સુંદર અક્ષરવાળા લહિયાઓ પાસે ત્યાંનાં હસ્તલિખિત ભંડારની તમામ પ્રતોની એક પ્રતિ તૈયાર કરાવનારા **ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનહરિસાગર સૂરીશ્વરજી મહારાજા.** આ સંગ્રહ આજે પાલિતાણામાં 'જિનહરિ વિહાર'ના જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે.

* વિપુલ કર્મસાહિત્યનું સર્જન કરી-કરાવીને ૨૦મી સદીમાં અજોડ શ્રુતભક્તિનો આદર્શ પૂરો પાડનારા **સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજા.**

* પ્રભુવીરના શ્રુત વારસાના વફાદાર વારસદાર, જેઓના શ્વાસમાં શ્રુતનો ધબકાર હતો અને વાણીમાં શ્રુતનો રણકાર હતો એવા **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.**

* શ્રુત પ્રત્યેની અપાર ભક્તિથી શ્રુતના સંરક્ષણ માટે હરહંમેશ અનેક લહિયાઓને પોતાની સાથે રાખી અનેક ધર્મગ્રંથોને લખાવનારા **પૂ. મુનિરાજ શ્રી મંગલ વિજયજી મહારાજ** તથા તેમના બંધુવર **પૂ. આચાર્ય શ્રી મેરુ સૂરીશ્વરજી મહારાજા.**

* હસ્તલેખનની પ્રાચીન પરંપરાને પુનર્જીવિત કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહ ફાળો અર્પણ કરનારા **આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય માનતુંગ સૂરીશ્વરજી મહારાજા.**

✻ અનેક ગ્રંથોનાં ભાષાંતર–વિવરણ–સંપાદન વગેરે શ્રુતસંબંધી કાર્યોમાં મગ્નતા ધરાવનારા **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજા.**

✻ પ્રાચીન સાહિત્યનો પુનરુદ્ધાર કરવા માટે હસ્તલિખિત ગ્રંથોના લેખનાદિમાં અપાર રસરુચિ ધરાવનારા **પૂ. આચાર્યદેવ શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.**

✻ કલા અને સાહિત્યમાં અનેરી સૂઝબૂઝ ધરાવનારા જૈન ધર્મની અનેક માહિતીઓને ચિત્રમાં અંકિત કરનારા **સાહિત્ય–કલારત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવ સૂરીશ્વરજી મહારાજા.**

✻ વર્તમાનકાળે પ્રાચીન અનેક હસ્તપ્રતોની સંકલના કરીને વિરાટ જ્ઞાનભંડાર 'કોબા'ના નિર્માણમાં માર્ગદર્શક **પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજા.**

✻ ધર્મગ્રંથોના પુનર્લેખન તેમજ પુનર્જીવન માટે વર્ષોથી જહેમત ઉઠાવનારા **વૈરાગ્ય દેશનાદક્ષ પૂ. આ. શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.**

✻ પ્રાચીન હસ્તલિખિત પ્રતોનું સંપાદન–સંરક્ષણ કરવા માટે અનેકવિધ ભોગ આપનારા તેમજ પ્રાચીન જ્ઞાનભંડારોની સૂચિ તૈયાર કરનારા **પૂ. મુનિરાજ શ્રી ચતુર વિજયજી મહારાજ** તેમજ **પૂ. મુનિરાજ શ્રી કાન્તિ વિજયજી મહારાજ.**

✻ વર્ષો પૂર્વે પાટણ શહેરના હસ્તલિખિત પ્રતો ધરાવતા



**શ્રુત એ વાદીને નિર્વિવાદી બનાવે છે.**



**શ્રુત જેમનો શ્વાસ છે એવું શ્રમણવૃંદ**

અનેક જ્ઞાનભંડારોને સુવ્યવસ્થિત કરવા, પ્રાચીન ગ્રંથોના શુદ્ધ-સંપાદન આદિ માટે પ્રચંડ પુરુષાર્થ કરનારા **પૂ. મુનિરાજ શ્રી પુણ્ય વિજયજી મહારાજ.**

✻ ગામડાઓની ભૂમિને પોતાના ચાતુર્માસનું કેન્દ્ર સ્થાન બનાવી આગમ વગેરે ધર્મ ગ્રંથોનાં સંશોધન–સંપાદનમાં ૮૦ વર્ષની જૈફ વયે પણ અવિરતપણે એક યુવાનને શરમાવે તેવો ભીષ્મ પુરુષાર્થ કરનારા **પૂ. મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ.**

## 'શ્રુત-મંદિર'માંથી પ્રેરણા પામીએ

મુખ્યતયા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણથી શરૂ થયેલી ગ્રંથસ્થીકરણની પરંપરાને પુષ્ટ કરવારૂપે અનેક શ્રમણશ્રેષ્ઠોએ ઘણું મોટું યોગદાન આપ્યું છે. શ્રી હરિભદ્રાચાર્યજી, શ્રી હેમચન્દ્રાચાર્યજી, શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી જેવા ગીતાર્થ મૂર્ધન્ય મહાપુરુષોએ શ્રુતનું સર્જન કર્યું, તો કુમારપાળ મહારાજા, વસ્તુપાળ-તેજપાળ ને પેથડશાહ વગેરે મંત્રીશ્વરોએ કરોડો સોનામહોરોનો સદ્વ્યય કરી અનેક જ્ઞાનભંડારોનાં નિર્માણ કર્યા હતાં. કુમારપાળ મહારાજાએ તો રાજભવનમાં ૭૦૦ લહિયાઓ બેસાડીને નિરંતર 'શ્રુત'ને લખવાનું કાર્ય કર્યું હતું.

આવા જ એક ઇતિહાસની પુનઃ સ્મૃતિ કરાવવા માટે મુંબઈ-પ્રિન્સેસ સ્ટ્રીટ વિસ્તારમાં આવેલ લુહારચાલમાં ડાયમંડ બિલ્ડિંગના ઉજા માળે 'શ્રુત' લખવા માટે એક લેખનશાળા–શ્રુતમંદિરનો પ્રારંભ સિદ્ધહસ્તલેખક સૂરિમંત્ર પ્રભાવક પૂ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



રેશમી વસ્ત્ર પર કુદરતી રંગથી ચિત્રાંકન

આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના પ્રભાવક શિષ્યરત્ન શ્રુતરક્ષા સંકલ્પશિલ્પી હૃદયસ્પર્શી પ્રવચનકાર **પૂ. પંન્યાસપ્રવરશ્રી યુગચન્દ્ર વિજયજી** ગણિવરશ્રીના પ્રેરણા-માર્ગદર્શનાનુસાર પાટણનિવાસી **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** દ્વારા વિ.સં. ૨૦૬૦ શ્રાવણ સુદ ૭ રવિવારના શુભ દિવસે અનેક શ્રેષ્ઠીવર્યોની ઉપસ્થિતિમાં થવા પામ્યો હતો. આ લેખનશાળા–શ્રુતમંદિરમાં પ્રારંભે તો પાંચ લહિયા બેસીને શ્રુત લખવાનું કાર્ય કરતા હતા. ધીરે ધીરે શ્રુતપ્રેમી વર્ગના સુંદર સાથ-સહકારથી લહિયાઓની સંખ્યામાં વૃદ્ધિ થવા લાગી. જે આજે કુલ ૨૦૦ લહિયાઓ સુધી પહોંચી જવા પામી છે. છેલ્લાં ૩ વર્ષમાં કુલ ૨૫૦૦ ગ્રંથ ઉપરાંત શ્રુતનું લેખન થવા પામ્યું છે. એમાં ૧૦૦ કલ્પસૂત બારસાસૂત્ર [મૂળ] લખાવીને મુંબઈ સ્થિત દરેક આચાર્ય ભગવંત આદિ ગુરુભગવંતોને અર્પણ કરવામાં આવેલ તથા ટીકા સહિત કલ્પસૂત્રની ૫૦ નકલ લખાવીને ગુરુભગવંતોને અર્પણ કરેલ. આ સિવાય ૧૦૦થી વધુ નકલ નવસ્મરણ અને ગૌતમસ્વામી રાસની પ્રતો લખાવીને અર્પણ કરેલ.

ગત વર્ષે મારવાડ સ્થિત એક સુંદર સમૃદ્ધ પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો ભંડાર શ્રુતમંદિરના સંચાલક બચુભાઈએ ખરીદી લીધો, જેમાંથી અનેક હસ્તપ્રતો દુર્લભ પ્રાપ્ત થઈ છે. શ્રુતમંદિરની એક વિશેષ વાત ધ્યાન ખેંચે તેવી છે કે, છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સંઘમાં સુવર્ણાક્ષરે કલ્પસૂત્ર લખાવવાની ભાવના ધરાવતા પુણ્યાત્માઓ તૈયાર થયા છે, પરંતુ ક્યાંક શાહીની ખામીથી, ક્યાંક વાસ્તવિક મૂલ્ય કરતાં કંઈગણા વધુ ભાવ લેવાના કારણે સુવર્ણાક્ષરે આગમો વગેરે લખાવી શકાતું ન હતું. છેલ્લા વર્ષમાં શ્રુતમંદિરે આ અંગે શુભપ્રયાસ કર્યો. સોનાની શુદ્ધ શાહી તૈયાર કરાવી અને આગમો લખવાનું કામ શરૂ કર્યું. ૪૫ આગમ લખાવવાનો હાલની તારીખમાં ૧ કરોડથી વધુ ખર્ચ થાય તેમ છે [સોનાના ભાવ જેમ વધશે તેમ ભાવમાં–ખર્ચમાં વધારો થશે તે જુદો]. એક જ પુણ્યાત્માએ આ કાર્યમાં લાભ લેવાની ભાવના પણ વ્યક્ત કરી છે. ધન્ય છે ઉદારદિલ શ્રુતપ્રેમી શ્રાવકોને કે જેઓ પોતાના નશ્વર ધનનો મોહ ઉતારી શાશ્વત જ્ઞાનધન-શ્રુતધનને બચાવવા આવો ભોગ આપે છે. ખરેખર દરેક શ્રાવક 'મન્હ જિણાણં'ની સજ્ઝાયમાં દર્શાવેલા શ્રાવકનાં ૩૬ કર્તવ્યો પૈકી 'પુત્થયલિહણં' કર્તવ્યને બજાવવામાં સ્વશક્તિ અનુસાર ભોગ આપે, તોય પ્રભુશ્રી મહાવીરદેવનું તમામ શ્રુત સુરક્ષિત થઈ જાય એમ છે. શ્રાવકોનું ધ્યાન દોરવાની દરેક શ્રમણની ફરજ છે. બધા જ શ્રમણો જો બુલંદ અવાજે 'શ્રુતરક્ષા'નો નાદ ગજવી મૂકે તો આજના કાળમાં 'શ્રુતરક્ષા'નું કાર્ય સહેજે પણ અઘરું નથી. દરેકના મનમાં પ્રભુના વચનસ્વરૂપ શ્રુતને બચાવવાની ભાવના જગાડવામાં આવે, તો કઠિનાતિ કઠિન ભાસતું આ કાર્ય સાવ સરળ અને સહજ બની ગયા વિના ન રહે. ઉપરોક્ત 'શ્રુતમંદિર'ના સૌ કોઈએ એકવાર તો અવશ્ય દર્શન કરવા જેવાં છે.

**શ્રુતમંદિર**

૧૩૪-૩, ડાયમંડ બિલ્ડિંગ,
પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ-૨
ફોન : ૦૨૨ ૩૨૫૨૬૨૨૦



**પ્રાચીન શૈલીમાં તાડ ગ્રન્થ**

**આ એક નહીં આવા તો અનેક ગ્રન્થ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



યુગો સુધી ઝળહળતા રહેશે શ્રુતતણાં અજવાળા

## ઋણસ્મૃતિ

- જે મહાપુરુષો આ શ્રુતગંગાના સર્જક છે.
- જે મહાપુરુષો આ શ્રુતગંગાના ધારક છે.
- જે મહાપુરુષો આ શ્રુતગંગાના આરાધક છે.
- જે મહાપુરુષો આ શ્રુતગંગાના ઉપાસક છે.
- જે મહાપુરુષો આ શ્રુતગંગાના સંરક્ષક છે.
- જે મહાપુરુષો આ શ્રુતગંગાના સેવક છે.
- તે મહાપુરુષોના અનંત ઉપકારની યત્કિંચિત્ પણ 'ઋણમુક્તિ' તો અસંભવિત છે, પણ તેમની 'ઋણસ્મૃતિ' તો સદૈવ અંતરના આભલે આદિત્ય–સૂર્ય બનીને અવશ્ય ઝળહળતી રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અહો જૈનદર્શનમ્ !

## [આ વિશ્વધર્મ વિશે દેશ-વિદેશના જૈનેતર વિદ્વાન તત્ત્વજ્ઞાનીઓનાં મંતવ્યો]

સંકલન : સૂરિગુણરત્નાન્તેવાસી પ્રવચન પ્રભાવક પંન્યાસ રશ્મિરત્નવિજય મ.



જૈન શાસને વિશ્વના ઈતિહાસમાં અદ્‌ભુત સ્થાન લીધું છે. ભૂતકાળના આ ધર્મના ભવ્યાતિભવ્ય વારસાને અને તેની મહાનતાને કારણે લાખો અને કરોડો અજૈન કુળમાં જન્મેલાંઓએ પણ જૈનધર્મનો અંગીકાર કર્યો છે. વિદેશીઓને છેલ્લા ત્રણચાર દાયકામાં જ્ઞાનસંશોધન અને તત્ત્વજ્ઞાનનું ઘેલું લાગ્યું છે. પૂર્વે જૈનાચાર્યોએ લખેલા, વિજ્ઞાનના ઘણા ગ્રંથો તેમને ખૂબ જ ઉપયોગી થઈ પડ્યા છે. વિલાસ, વૈભવ અને સમૃદ્ધિના રંગરાગથી કંટાળીને આ વિદેશીઓ જૈન-સંસ્કાર અને સંસ્કૃતિને સમજવા-જાણવા ખૂબ જ મથામણ કરી રહ્યાં છે. વિશ્વના અનેક અજૈન વિદ્વાનોએ જૈન ધર્મના સિદ્ધાંતોને પોતાની બુદ્ધિની સરાણે ચડાવીને, તપાસીને સ્પષ્ટ જણાવ્યું છે કે આ ધર્મ સાચે જ વિશ્વધર્મ બનવા યોગ્ય છે.

પુરાણો અને વેદોમાં પણ જૈન તીર્થંકરોને ઉદ્દેશીને સ્તુતિઓ અને મંત્રો વાંચવા મળે છે. ભગવાન ઋષભદેવને મોક્ષમાર્ગના સ્થાપક કહ્યા છે. શ્રીમદ્ ભાગવતમાં તો સાક્ષાત્ ભગવાન વિષ્ણુના પ્રથમ અવતાર માન્યા છે અને કેવી સુંદર ભાષામાં વંદના કરી છે તે માટે જુઓ : અધ્યાત્મ ૧૮ શ્લોક ૯.

ઋગવેદ, યજુર્વેદ વગેરે ગ્રંથોમાં પણ ઋષભ, અરિષ્ટનેમિ વગેરે જૈન તીર્થંકરોના ઉલ્લેખો મળે છે. એ બધા જૈનધર્મની પ્રાચીનતાના પ્રબળ પુરાવા છે. જૈન ધર્મ એ કોઈ ચોક્કસ જાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી, પણ જીવમાત્રનો એ ધર્મ છે. સમગ્ર વિશ્વનો એ ધર્મ છે.

ભર્તૃહરિ નામના મહાન વૈરાગી રાજાએ પણ પોતાના સાચા સાધ્ય તરીકે ભગવાન જિનેશ્વરની જ સ્તુતિ કરી છે. ઝેકોસ્લાવિયાના દૂત પરટોલ્ડે પણ જૈન તીર્થંકરોની ઘણી બધી મહાનતાનો સ્વીકાર કરીને જૈનોના ભવ્ય સ્વરૂપનો ખરેખરો ચિતાર આપ્યો છે. આ ધર્મના આચાર-વિચારથી ગુજરાતના આનંદશંકર ધ્રુવથી માંડીને પંડિત રામમિશ્રજી રામાનુજાચાર્ય અને ગાંધીજી-વિનોબાજી જેવા પણ મુગ્ધ બન્યા હતા. અરે! રવીન્દ્રનાથ ટાગોર અને ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રબાબુ જેવાઓએ વિશ્વશાંતિ માટે જૈનધર્મના વિચારની ઉદારતાને જ સૌથી શ્રેષ્ઠ માની છે.

જાણીતા સાહિત્યકાર ડૉ. હસમુખ દોશીએ એક જગ્યાએ યથાર્થ નોંધ્યું છે કે "સમગ્ર વિશ્વસાહિત્યનો વીસમી સદીનો પૂર્વાર્ધ, જેની તર્કશુદ્ધ વિચારણાથી ઉજ્જવળ થયો હતો, ઈશ્વરના અસ્તિત્વનો નિષેધ કરીને પણ જેણે વિશ્વમાં પ્રવર્તી રહેલી કોઈ અગમ્ય ચૈતન્ય શક્તિનો સદા પુરસ્કાર કર્યો હતો, એવા મહાન સાહિત્યાચાર્ય બર્નાડ શોએ સર્વશક્તિમાનને પ્રાર્થના કરતાં એક જગ્યાએ લખ્યું છે કે— "ફરીને મારે જન્મ ધારણ કરવાનું બને તો મને જૈન બનાવજે."

અત્રે આ 'અહો જૈન દર્શનમ્!' નામની લેખમાળામાં વિશ્વના કેટલાક શ્રેષ્ઠ અને વિદ્વાન પુરુષોના જૈનધર્મનાં વિવિધ પાસાંઓ વિષેના અભિપ્રાયોનું સુંદર સંકલન કર્યું છે, પૂ. શ્રી પ્રેમભુવનભાનુસૂરિ સમુદાયના દીક્ષાદાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક ષડ્‌દર્શનનિષ્ણાત પૂ.પં. શ્રી રશ્મિરત્નવિજયજી મ. એમની વિસ્તૃત જીવન પરિચયનોંધ આ ગ્રંથમાં જ અન્યત્ર પ્રગટ થયેલ છે. પૂજ્યશ્રી દુનિયાની ઘણી ભાષાઓ જાણે છે. સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં હજારોની મેદનીને ડોલાવે છે. આ તપસ્વી સંતને વંદના.

—સંપાદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❀ અહો જૈનદર્શનમ્! વિશ્વધર્મ વિષે દેશ-વિદેશના વિદ્વાનોનાં મંતવ્યો ❀

સંકલન :—સૂરિગુણરત્નાન્તેવાસી પંન્યાસ રશ્મિરત્નવિજય

જૈનદર્શન અનાદિ છે. અનંત છે. અનંતા તીર્થંકરો થઈ ગયા, અનંતા થશે, ૨૦ વિહરમાન છે. જૈનદર્શનના સિદ્ધાંતો સર્વજ્ઞે પ્રરૂપેલા છે માટે અકલ્પ્ય છે, ત્રિકાલાબાધિત છે. વિશ્વના વૈજ્ઞાનિકો જૈન ધર્મની આગળ નતમસ્તક છે. ઈંડોનેશિયાની ધર્મસંસદમાં એક અઠવાડિયા સુધી ચાલેલ ચર્ચાના નિષ્કર્ષ રૂપે એક વાત જાહેર થયેલ 'દ મોસ્ટ સાંઈટિફિક પ્રેક્ટિકલ એન્ડ ઈન્સ્ટંટ એપ્લિકેબલ રિલિજન ઈજ જૈનીજમ'. વિશ્વમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વૈજ્ઞાનિક, પ્રયોગસિદ્ધ અને તરત જ જીવનમાં ઉતારી શકાય તેવી વાતો જૈનધર્મમાં છે, માટે કહી શકાય જૈનધર્મ વિશ્વ ધર્મ છે.

* ભારતનો સર્વપ્રથમ શિલાલેખ ઓરિસ્સાના ખંડગિરિની હાથીગુફામાં કલિંગનરેશ ચક્રવર્તી ખારવેલ દ્વારા ઉત્કીર્ણ શ્રી નવકાર મહામંત્ર છે. પ્રભુ મહાવીરના નિર્વાણ પછી માત્ર ૭૫ વર્ષોમાં ઓરિસ્સામાં ઠેર ઠેર પ્રભુવીરની મૂર્તિઓ બેસાડવામાં આવેલ.

* "It is impossible to know the beginning of Jainism."

"જૈન દર્શનની શરૂઆત ક્યારે થઈ કહેવું કઠિન છે."

**—પુરાતત્ત્વવિદ્ મેજર જનરલ ફરલાંગ**

★ "જૈન ધર્મ અનાદિ છે. ભગવાન મહાવીર સ્વામીએ જૈનધર્મનો પુનઃ પ્રકાશ કર્યો. હિંદુઓમાં અહિંસા જૈનધર્મને આભારી છે.

[વડોદરા જૈન કોન્ફરેન્સમાં તેમણે કહેલું કે જૈનધર્મ વેદ જેટલો જ પ્રાચીન છે.]

—શ્રી લોકમાન્ય તિલક ૩-૧૨-૧૮૯૪ 'કેસરી'.

* Jainism prevailed even before Vardhaman (Mahaveer) or Parshwanath. The Yajurved mentions the names of three Tirthankaras Rishabh, Ajitnath and Aristnemi.

ભગવાન મહાવીર અને પાર્શ્વનાથથી પહેલાં પણ જૈન ધર્મનું અસ્તિત્વ તો હતું જ. અત્યંત પ્રાચીન યજુર્વેદમાં ભગવાન ઋષભદેવ, અજિતનાથ અને અરિષ્ટ નેમિનાથનો ઉલ્લેખ છે. તેઓ આગળ પણ લખે છે :—

There is nothing wonderful in my saying that Jainism was in existence long before Vedas were composed.

મારું આ કહેવું બિલકુલ અતિશયોક્તિ વગરનું . જૈન ધર્મનું અસ્તિત્વ વેદોની રચના કરતાં પહેલાંનું છે.

**—રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન્** પુસ્તક 'ઈંડિયન ફિલોસોફી'.

* From modern historical researches we come to know that long before Brahminism developed into Hindu Dharmaä Jainism was prevelent in this country.

આજના ઇતિહાસનાં આધુનિક સંશોધનોનાં આધારભૂત વર્તુળો જણાવે છે કે બ્રાહ્મણધર્મ હિંદુધર્મરૂપે ઓળખાવવા માંડ્યો, એનાં ઘણાં વર્ષ પહેલાંથી જૈનધર્મ ભારતમાં હતો જ.

**—જજ શ્રી રાંગણેકર**, મુંબઈ હાઈકોર્ટ.

* "મોહન-જો-ડારો, પ્રાચીન શિલાલેખ, ગુફા અને અનેક પ્રાચીન અવશેષોથી ખ્યાલ આવે છે કે જૈન ધર્મ સૃષ્ટિની શરૂઆતથી છે. હું માનું છું કે વેદાંતદર્શનથી પણ જૈન ધર્મ ઘણો જ પ્રાચીન છે.

**—પ્રો. સ્વામી રામમિશ્રશાસ્ત્રી**, બનારસ સંસ્કૃત કોલેજ.

* મોહન-જો-ડારો અને હડપ્પાના ખોદકામમાં 'જિનેશ્વર' શબ્દનો સદ્ભાવ વર્તાય છે. મહોર નં. ૪૪૯, બૌદ્ધ સાહિત્યના ધમ્મપદમાં "उसभं पवरं वीरं" ઋષભદેવથી મહાવીરસ્વામીનો સ્વીકાર કર્યો છે. ગૌતમબુદ્ધે "बुद्धं धम्मं संघं शरणं गच्छामि" જે પ્રચલિત કર્યું છે, તે જૈન ધર્મમાં પ્રચલિત ચતુઃશરણનું ખુલ્લું અનુકરણ છે.

**—ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકાર**, ભારતીય ઇતિહાસજ્ઞ.

* Jainism is completely different from Hinduism and independent of it.

જૈન ધર્મ હિંદુ ધર્મથી અલગ સ્વતંત્ર ધર્મ જ છે. (કોઈનો ભાગ કે કોઈમાંથી નીકળેલ નથી).

**ચીફ જસ્ટિસ શ્રી કુમારસ્વામી**, મદ્રાસ હાઈકોર્ટ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* Jainism is an original system, quite distinct and independent from all others and threfore it is of great importance for the study of philosophical thought and religion life in ancient India.

જૈન ધર્મ પોતાની પૂર્ણ મૌલિકતા સાથે સંપૂર્ણ સ્વતંત્ર ધર્મ છે, માટેસ્તો પ્રાચીન ભારતની ધાર્મિક જીવનચર્યા અને દાર્શનિક ધારાઓ ને સમજવા માટે આનું અતિશય મહત્ત્વ છે.

પ્રસિદ્ધ સંશોધનકાર **ડૉ. હર્મન જેકોબી** (ધર્મોની ઐતિહાસિક પરિષદમાં નિબંધ વાંચતાં).

* Jainism is really neighthour Hinduism or Vedic Dharma. It contributes to the advancement of Indian culture and Indian Philosophy.

Hindu's culture is a part of Indian culture and Jain and Buddhism culture are also Indian.

જૈન ધર્મ હિન્દુ ધર્મ અને વૈદિક ધર્મથી ભિન્ન છે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય દર્શનના વિકાસમાં એનું નોંધપાત્ર યોગદાન છે

હિન્દુ સંસ્કૃતિ પણ ભારતીય સંસ્કૃતિનું અંગ છે, તેમ જૈન અને બૌદ્ધસંસ્કૃતિ પણ ભારતીયસંસ્કૃતિનાં જ અંગો છે.

भगवान महावीर अहिंसा के अवतार थे। उनकी पवित्रता के संसार को जीत लिया था। महावीर स्वामी का नाम यदि इस समय किसी भी सिद्धान्त के लिए पूजा जाता है तो वह 'अहिंसा' है प्रत्येक धर्म की उच्चता इसी बात में है कि उस धर्म में अहिंसा तत्त्वकी प्रधानता हो। अहिंसा तत्त्वको यदि किसीने अधिक विकसित किया है तो वे महावीर स्वामी थे।

—સ્વતંત્ર ભારતના પ્રથમ **વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ** Discovery of India'.

* Jainism has contributed to the world the sublime doctrine of Ahimsa. No other religion has emphasized the importance of Ahimsa and carned it practice to the extent that Jainism has doe.

Jainism deserves to become the **universal religion** because of its Ahimsa doctrine.

જૈન ધર્મે વિશ્વને સર્વશ્રેષ્ઠ અહિંસા સિદ્ધાંતની ભેટ ધરી છે. અહિંસા પર જૈન ધર્મે જેટલું જોર આપ્યું છે, એટલું અન્ય ધર્મે નથી આપ્યું અને અહિંસાધર્મનું જેટલું સૂક્ષ્મતાથી પાલન જૈન ધર્મમાં છે, તેટલું બીજા ધર્મોમાં પાલન ભાગ્યે જ જોવા મળે છે. ખરેખર, જૈનધર્મ વિશ્વધર્મ બનવાની લાયકાત ધરાવે છે.

मैं अपने को धन्य मानता हूँ कि मुझे भगवान महावीर की जन्मभूमि प्रांत में जन्म और रहने का सौभाग्य मिला। अहिंसा जैनों की विशेष सम्पत्ति है। जगत के अन्य किसी भी धर्म में अहिंसा सिद्धान्त का इतना सूक्ष्म प्रतिपादन इतनी सफलता से नहीं किया– जितना महावीर ने अहिंसा के गूढ़ रहस्य को स्पष्ट किया है।

**—સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. શ્રી રાજેન્દ્ર પ્રસાદ.**

✻ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, નોબલ પારિતોષિક વિજેતા રાષ્ટ્રકવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોરે પણ આવા જ ઉદ્ગારો વ્યક્ત કરેલ.

✻ મહાત્મા ગાંધી, શ્રીમતી ઈંદિરા ગાંધી તથા શ્રીમતી સોનિયા ગાંધીએ તો અહીં સુધી કહેલ માત્ર હું જ કેમ? આખું રાષ્ટ્ર જૈન છે, કારણ કે બધાં અહિંસાને માને છે!

✻ જૈન ધર્મ અત્યંત ઉચ્ચકોટિનો છે. એનાં મુખ્ય તત્ત્વો વિજ્ઞાનાધારિત છે. જેમ જેમ પદાર્થવિજ્ઞાન આગળ વધતું જશે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતો સિદ્ધ કરતું જશે.

* George Bernard shaw in his conversation with Mr. Devdas Gandhi expressed his view that Jain teachings were appealing to him much that he wished to be born after death in a Jain family. Due to the influence of Jainism he was always taking pure food free from meat and liquor.

ઈંગ્લેન્ડના નાટ્યકાર જ્યોર્જ બર્નાડ શોએ મિ. દેવદાસ ગાંધીને જણાવેલ કે જૈન ધર્મના ઉપદેશોએ એમને બહુ જ પ્રભાવિત કરેલ કે જેથી તેઓ મરણ પછી જૈનપરિવારમાં જન્મ લેવા ઈચ્છે છે. જૈનધર્મના પ્રભાવે જ તેમણે માંસાહાર અને શરાબથી મુક્ત આહારગ્રહણ કરવાનું શરૂ કરેલ છે.

**—ઇટાલિયન વિદ્વાન ડૉ. ટેસીટોરી**

As a curious student, I began taking keen interest in Indian religions. I heard the voice of my conscience telling me that of all the religions, the one shown by Shri Mahavirswami is the best. I had heard that Jain religion is a religion which alone is capable of alleviating the suffering of all living beings. My belief in it became stronger and I arrived in India to study Jain philosophy. I was convinced that Mahavirswami's religion was not merely confined to scriptures or to its principles, but it manifested itself in its rituals and thought and action too.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

It shows the right path to those who seek mental peace and satisfaction. The essence of Jain religion is to cause minimum of suffering to others and to think of other's welfare to the maximum possible extent. I believe that the chief article of faith of this religion is to give up personal comforts and happiness and to think of others and this in itself is the hallmark of its superiority over other religions. This is what made me embrace Jain religion.

—Ms. Charlotte Krauseaka (Subhadra Devi) A German Devotee.

જિજ્ઞાસુઓની દૃષ્ટિથી હિંદુસ્તાનના ધર્મોના અભ્યાસમાં મેં ઊંડો રસ લેવો શરૂ કર્યો. હિન્દુસ્તાનના બધા ધર્મોમાં શ્રી મહાવીરસ્વામીએ પ્રરૂપેલો ધર્મ સર્વોત્કૃષ્ટ હોય એવો મારા અંતરના ઊંડાણમાંથી સતત અવાજ આવ્યા કરે છે.

જૈન ધર્મ એક એવો ધર્મ છે કે જે પ્રાણીમાત્રને આ સંસારના દુઃખમાંથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે એમ મેં સાંભળ્યું હતું. મારા એ સંસ્કાર દિન-પ્રતિદિન વધુ સબળ બનતા ગયા અને એ દર્શનનો અભ્યાસ કરવા હું ભારતવર્ષમાં આવી. અહીં આવ્યા પછી મને ખાતરી થઈ કે મહાવીરસ્વામીનો ધર્મ માત્ર નિયમોમાં કે ગ્રંથોમાં જ નહીં, પણ આચાર, વિચાર અને વિધિ વગેરેમાં પણ તેનો મહિમા પ્રત્યક્ષપણે પ્રગટેલો જોઈ શકાય છે.

આત્મશાંતિ અને આત્મસંતોષ મેળવવા મથનારાંઓ માટે જૈન ધર્મ એક ધોરી માર્ગ છે. બીજાંઓને બને તેટલું ઓછું દુઃખ આપવું, બીજાઓનું બને તેટલું કલ્યાણ કરવું એ જ જૈન ધર્મનો ઉત્કૃષ્ટ સાર હોય એમ હું જોઈ શકી છું.

પોતાનાં સુખ અને સગવડને તિલાંજલિ આપી પારકાની ચિંતા કરવાનું આવું સ્પષ્ટ વિધાન એ જ જૈન ધર્મની સર્વોપરિ ઉત્કૃષ્ટતા છે એમ હું માનું છું. એ ઉત્કૃષ્ટતાથી પ્રેરાઈને જ મેં જૈન ધર્મ અંગીકાર કર્યો.

**—જર્મન વિદુષી મિસ શાર્લોટ કાઉઝે (ઉર્ફે સુભદ્રાદેવી)**

The salient feature of Bhagwan Mahavira's preaching has been its emphasis on non-violence than any other religion. In the ancient history of the religion, non-violence was not only taught or explained but was practised.

—**Prof. M. Vietbidge** (Chekoslovakia)

ભગવાન મહાવીરના ઉપદેશની મુખ્ય વિશેષતા એ છે કે તેમણે દુનિયાના બીજા કોઈ સિદ્ધાંતની અપેક્ષાએ અહિંસા ઉપર વધુ ભાર મૂક્યો છે. જૈન ધર્મના અતિ પ્રાચીન ઇતિહાસમાં અહિંસા માત્ર શીખવવામાં કે સમજાવવામાં આવતી, પરંતુ તેને વ્યવહારમાં પણ મૂકવામાં આવતી હતી.

**—પ્રો. એમ. વિએટબિજ** (ચેકોસ્લોવેકિયા)

The suffering and helpless people of the world cried out for redemption and in response Bhagwan Mahavir showed the right path. It is difficult for those aspiring for peace and harmony in the world not to get attracted to the principles laid down by Bhagwan Mahavira.

—Dr. Walter Shubbing (Germany)

દુનિયાનાં દુઃખી અને નિઃસહાય લોકોએ પોતાના ઉદ્ધાર માટે આર્તનાદ કર્યો, જેના જવાબમાં ભગવાન મહાવીરે જીવમાત્રના ઉદ્ધારનો માર્ગ દેખાડ્યો. દુનિયામાં સંપ અને શાંતિ ઇચ્છનારાંઓનું ધ્યાન ભગવાન મહાવીરના વિશાળ સિદ્ધાંતો તરફ આકર્ષાયા વિના રહે જ નહીં.

**ડૉ. વોલ્ટર શુબિંગ** (જર્મની)

Bhagvan Mahavira was a divine being. He was a paragon among the practitioners of penance, greatest among the thinkers, a leader among the evolutionists of soul and a beacon light in all the branches of knowledge. On the strength of his severe penance, he presented everything before the masses in a positive way.

– Dr. Ernest Liey (Germany)

ભગવાન મહાવીર દિવ્ય પુરુષ હતા. તેઓ તપસ્વીઓમાં આદર્શ, વિચારકોમાં મહાન, આત્મવિકાસમાં અગ્રેસર અને દર્શનાદિ જ્ઞાનમાં સર્વસ્વ હતા. તેઓએ પોતાના તપોબળ વડે જનસમૂહની સમક્ષ એ બાબતોને રચનાત્મક રૂપે રજૂ કરી હતી.

**—ડૉ. અર્નેસ્ટલાય** (જર્મની)

Bhagwan Mahavira's name is synonymous with non-violence, absolute peace and liberation of soul. He was a great pious soul.

ભગવાન મહાવીરનું નામ અહિંસા. પરમ શાંતિ અને મોક્ષના પર્યાયવાચી છે. તેઓ મહાપવિત્ર હતા.

—**Dr. William H. Talwar** (England)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

``The soul force of Bhagwan Mahavira is the most striking thing, psychologically speaking. His thinking is considered most significant and unique in history.

—Dr. Felix Valthi (Hungary)

મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ભગવાન મહાવીરની વિશેષતાઓમાં પણ સૌથી વધુ ધ્યાન ખેંચે એવી બાબત તેમની અદ્‌ભુત આત્મશક્તિ છે. તેઓની ઉચ્ચ વિચારધારા ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ અને વિશિષ્ટ લેખાય.

**—ડો. ફેલિક્સ વાલ્થી** (હંગેરી)

Bhagwan Mahavira's principles of non-violence and truth defeated the notions of materialism in the world. He is a super man of the highest order.

—**Smt. Joseph Meribaan** (Germany)

ભગવાન મહાવીરસ્વામીએ અહિંસા અને સત્યના સિદ્ધાંતથી જગતનાં ભૌતિકવાદી ખ્યાલો અને નીતિને પરાજિત કરી દીધી હતી. ભગવાન મહાવીર પ્રથમ કોટિના મહામાનવ-મહાન વિજેતા છે.

**—શ્રીમતી જોસેફ મેરીબાન** (જર્મની)

One who is victorious on a battlefield is veer-brave, one who hunts a lion is veer-brave; but Mahavira is bravest among the brave for he conquered his soul.

"જે યુદ્ધમાં જીતે તે વીર કહેવાય, પણ જે આત્માને જીતે તે મહાવીર કહેવાય."

—**Shri Herder** (Noted Germany Thinker)

Mahavira's preaching are a proof that he had conquered his soul and they reflect the profound knowledge of a conqueror.

પ્રભુ મહાવીરના ઉપદેશો જ બતાવે છે કે તેઓ ખરેખર આત્મવિજેતા હતા.

—**Dr. Albarge Pajja** (An Italian Scholar)

Bhagwan Mahavira practised celibacy to its extremes and showed the path of non-violence and truth through the ideals of sacrifice and devotion.

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યનું ઊંચામાં ઊંચી કક્ષાનું પાલન કર્યું અને જગતને સત્ય અને અહિંસાનો માર્ગ આત્મ-બલિદાન અને સમર્પણના આદર્શો સાથે બતાવેલ.

—**Dr. Hurbart Waran** (England)

Bhagwan Mahavira was an incarnation of non-violence. He triumphed over the world. The principle for which he is worshipped is non-violence. It was Mahavirswami who spread the message of non violence as no other person ever did.

"પ્રભુ મહાવીર તો અહિંસાના અવતારી હતા. એમણે વિશ્વ ઉપર સાચો વિજય પ્રાપ્ત કર્યો જે સિદ્ધાંત માટે તેઓ આજે પૂજાય છે. તે અહિંસા છે. અહિંસાનો પ્રચાર એમણે જે રીતે કર્યો એવો કોઈ બીજાએ ભાગ્યે જ કર્યો હતો.

मैं विश्वास के साथ कह सकता हूँ कि महावीर स्वामी का नाम यदि किसी भी सिद्धान्त के लिए विशेष रूप से पूजा जाता है तो वह अहिंसा है। प्रत्येक धर्म की उच्चता इसी बात में है कि उस धर्म में अहिंसा तत्त्व की प्रधानता है। अहिंसा तत्त्व को यदि किसी ने भी अधिक से अधिक विकसित और प्रतिपादित किया है, तो वे भगवान महावीर थे।

**—મહાત્મા ગાંધી**

Bhagwan Mahavira was a superman who had the well-being of all the living organisms at his heart

ભગવાન મહાવીરના હૃદયમાં સર્વ જીવ પ્રત્યે અપાર કરુણા હતી માટે જ સ્તો તેઓ મહામાનવ હતા.

**—Lala Lajpatrai**

Mahavirswami was the last of the 24 tirthankaras. It was he who brought Jain religion into limelight. Non-violence as a creed spread far and wide. Animal sacrifice in yagnas (Sacrifical fire) has stopped. Hindu religion and Brahmins have given up meat-eating and drinking; and this is due to the inflcence of Jain religion.

પ્રભુ મહાવીરના અહિંસાસિદ્ધાંતના પ્રચારના કારણે જ યજ્ઞોમાં હિંસા બંધ થઈ અને બ્રાહ્મણોએ ખાનપાનમાં શુદ્ધિકરણ કરેલ.

**—Lokmanya Balgangadhar Tilak**

Bhagwan Mahavira's message is not for any particular community or sect but for the entire

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

world. He was a great tapasvi and propagated truth and Non-violence.

ભગવાન મહાવીરના સંદેશા માત્ર એક ધર્મ કે સમાજવિશેષ માટે નહોતા. એ તો સંપૂર્ણ વિશ્વ માટે હતા. તેઓ મહાતપસ્વી હતા અને સત્ય અને અહિંસાના પ્રરૂપક હતા.

**—Purashottamdas Tandon**

Bhagwan Mahavira propagated that religion cannot be practised by observing social customes but by following the path of truth and non-violence. There cannot be divisions among human beings. It is astonshing that Mahavira's preaching erased the distinctions and won over the entire country.

महावीर स्वामी ने विश्व को ऐसा संदेश दिया कि धर्म केवल सामाजिक रूढ़ियों के पालन करने में नहीं किन्तु सत्य धर्म का आश्रय लेने से मिलता है। धर्म में मनुष्य के प्रति कोई स्थायी भेदभाव नहीं रह सकता। कहते हुए आश्चर्य होता है कि महावीर की इस शिक्षा ने समाज के हृदय में जड़ जमाकर बैठी हुई भेद भावना को दूर कर सौहाद्रता के बीज अंकुरित कर सारे विश्व को अपनी ओर आकर्षित कर लिया।

પ્રભુ મહાવીરે પોતાના ઉપદેશોના કારણે આખા દેશનું દિલ જીતી લીધેલ.

**—Ravindranath Tagore**

Bhagwan Mahavira was Jina, a victor, though he had neither fought a war nor had won any country. He had conquered his own self by fighting against his own instincts.

Bhagwan Mahavira is such an ideal before us who got rid of all the worldly and material attachments and became victor by discovering the path leading to enlightenment.

This country, since his birth, has been founded on these ideals.

પ્રભુ મહાવીર જિન હતા; વિજેતા હતા. એમણે એક પણ યુદ્ધ લડ્યું નથી કે દેશ જીત્યા નથી છતાં એમને આત્મવિજય પ્રાપ્ત કરેલો. આ દેશ એજ આદર્શોને વરેલો છે.

महावीर को 'जिन' अर्थात् विजेता की उपाधि प्राप्त है। किन्तु किसी देश को नहीं जीता। उन्होंने विजय प्राप्त की थी अपने अंतरंग पर। वे महावीर कहलाये, इस कारण नहीं कि उन्होंने संसार के किन्हीं युद्ध में भाग लिया हो। किन्तु उन्होंने अपनी आत्मप्रवृत्तियों से युद्ध कर उन पर विजय प्राप्त की थी। दृढ़ता के साथ तप, संयम और आत्मशुद्धि एवं ज्ञानोपासना के द्वारा उन्होंने मनुष्य जीवन में ही देवत्व प्राप्त कर लिया था। अतः हम उनका जन्मोत्सव मना रहे हैं, उसका ध्येय यही है कि उनके उदाहरण से दूसरों को भी आत्मविजय के उच्च आदर्श की ओर बढ़ने का मार्द मिल सके।

जो सर्वदा स्वाधीन हो जाता है वही 'अर्हत' है। वह जन्म-मरण तथा काल के वशीभूत नहीं रहता। भगवान महावीर हमारे सन्मुख एक ऐसे ही आदर्श पुरुष के रूप में उपस्थित हुए।

**—Dr. Sarvapalli Radhakrishanan**

The message of Bhagwan Mahavira is not for any particular community or sect but for the entire world. If one follows his preaching, one can lead an ideal life. Peace and happiness will prevail in the world only when we choose to follow the path shown by him.

પ્રભુ મહાવીરના સંદેશાઓ જીવનમાં અપનાવવાથી જીવમાત્રને સુખ અને શાંતિ મળે છે.

भगवान महावीर का अहिंसा, अनेकांत का सन्देश किसी खास जाति या फिरके के लिए नहीं, वल्कि समस्त संसार के लिए है। अगर जनता महावीर स्वामी के उपदेश के अनुसार चले तो वह अपने जीवन को आदर्श वनाले संसार में सच्चा सुख और शांति उसी सूरत में प्राप्त हो सकती है, जबकी हम उनके वताये मार्ग पर चलें।

**—Chakravarti Rajgopalachari**

श्रमण भगवान महावीर ने आज से ढाई हजार वर्ष पूर्व पीड़ित एवं पद दलित मानवताको सत्य, अहिंसा, शान्ति एवं सद्भावका जो संदेश दिया था। उसका केवल प्रचार ही नहीं करना है, अपितु उनके उपदेशों एवं आदर्शों को अपने जीवन में ढालने की भी आवश्यकता है।

**राष्ट्रपति डॉ. जाकिर हुसैन**

तीर्थंकर महावीर का सवसे वड़ा योगदान उनका यह संदेश है कि सत्य की तलाश करो और इसके लिए अहिंसा का मार्ग अफनाओ। इसी अहिंसा शस्त्र से हमारे ही समय में महात्मा गांधी ने महाशक्तिशाली व्रिटिश साम्राज्य को पराजित किया। यद्यपि उनके वक्त मे भी लोग अहिंसा शस्त्र क उपादेयता पर शक करते रहे। देश में बहुत तरक्की हुई है पर इस उन्नति के वावजूद सभी अमीर-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गरीब परेशान हैं। किसी के दिलों मे शांति नहीं है सत्य और अहिंसा को अपनाने से ही शांति मिलेगी।

## राष्ट्रपति श्री फखरुद्दीन अली अहमद

भगवान महावीर के सिद्धान्त आज भी उतने ही उपयोगी है जैसे पहले थे। हमे शांति केवल मनुष्यों में ही नहीं बल्कि प्राणी मात्र में लानी है और वह शांति स्थापना भगवान महावीर के मूल मंत्र अहिंसा और अपरिग्रह से ही संभव है। मैं बच्चों और नई पीढ़ी से अपील करती हूँ कि वह भगवान महावीर के सिद्धांतों को अपने जीवन में उतारें। आज युवक-युवतियों और समस्त देशवासियों क कर्तव्य है कि चरित्र निर्माण की दिशा में हम जागरूक हों। जीवन में संयम अपनायें। राष्ट्रीय चरित्र निर्माण की जिम्मेदारी जनता और सरकार दोनों की है। इसमें हमें अपने कर्तव्यों को पहचानना है और उसका अमल ही भगवान महावीर के प्रति हमारी सची श्रद्धांजलि होगी।

## प्रधानमंत्री श्रीमती इन्दिरा गांधी

If the political leaders of the world follows the message of anekant preached by Bhagwan Mahavira 2600 year ago, then surely peace can be established in the world. It is a sin if we think one thing for ourselves and another for others. I believe that if people understand Mahavira, accept his point of view and propagate his ideals, then peace and harmony will prevail in the world.

રાજનેતાઓ જો પ્રભુવીરના અનેકાંતને સ્વીકારે તો આખા વિશ્વમાં શાંતિ થઈ જાય.

**—National Poet Dinkarji**

What does the word Mahavira stand for ? The one who destroys the evils, protects the world and premeates the universe is a Mahavira. Mahavira is he who is devoted to his mother, who abandons all wordly comforts, who has compassion for all living organisms and who has triumphed over all his senses. Mahavira is one who realises the ideals and virtues envisaged by the Aryan race. One who triumphs is a veer and one who triumphs over outer and inner selve is a Mahaveer. Veer means Arya, Mahaveer means Arihant.

જે પાપોનો નાશ કરે, વિશ્વની રક્ષા કરે એ મહાવીર છે. જેઓ માતૃભક્ત હતા, જેમણે તમામ ભૌતિક સુખની સામગ્રીઓને લાત મારી છે, જેમણે જીવ માત્ર પ્રત્યે કરુણાભાન હતો અને જેમને તમામ ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલો તે મહાવીર છે.

**—Kaka Kalelkar**

Bhagwan Mahavira rejuvenated the Jain religion and re-established its supremacy. His preachings led people back to Jainism, causing a wave non-violence and renunciation. A number of kings, men and women renounced the world and adopted the way of life of an ascetic. Not only Jain religion got rid of meat-eating but even Vedic religion too accepted the creed of non-violence and a majority of Hindu population turned to vegetarianism.

ભગવાન મહાવીરના ઉપદેશોએ અહિંસા અને દીક્ષાની જબરદસ્ત હવા ઊભી કરેલ, જેના પ્રતાપે અનેક રાજાઓએ અને સ્ત્રીપુરુષોએ સંસારનો પરિત્યાગ કરી ચારિત્રધર્મ અંગીકાર કરેલ. એમના જ પ્રતાપે હિંદુઓ માંસાહાર ત્યાગમાં દૃઢ બન્યા.

—Kishorilal Mashruwala

In my view the eternal value of Mahavira is that he attained the highest level of spiritually. He was reborn spiritually through his inner vision. Celibacy, truth, non-violence, selfconfidence and compassion for all were incarnated in him. He wedded those values of eternal religion of the world.

મારી દૃષ્ટિએ પ્રભુ મહાવીરે આત્માની સર્વોચ્ચદશાને પ્રાપ્ત કરી હતી. બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા, આત્મવિશ્વાસ અને જીવમાત્રની કરુણાના તેઓ જાણે અવતારી હતા!

**—Dr. Vasudevsharan Agrawal**

Gujarat is heavily indebted to Jain religion. Jains have preserved the past of Gujarat. When Gujarati literature was in disarray, Jain munis kept the flame burning by preventing it from getting extinguished. The entire society, not only Gujarat, owes a great deal of debt to Jains. Buddhism and Jainism were the only two religions which propagated non-violence, loud and clear. Jain religion is the only religion today which is synonymous with compassion. Western poets like Tennyson had a vision : A time will come when swords will be hammered into ploughshares. The preachings of Jain munis may not have hammered

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

swords into ploughshares, but certainly into measuring rods.

You may legitimately be proud but there rests great responsibility on you. You have to do a lot. You have not propagated Bhagwan Mahavira's message in the entire country, it has not reached every nook and corner. Barring certain parts of India, the world at large is violent and non-vegetarian. Your triumphal march will remain incomplete, till you make the whole world non-violent.

સંપૂર્ણ ગુજરાત ખરેખર જૈનધર્મને આભારી છે. જૈન મુનિઓએ નષ્ટ થતાં સાહિત્ય અને સંસ્કૃતિને બચાવ્યાં છે. માત્ર ગુજરાત જ નહીં, સંપૂર્ણ ભારત જૈન ધર્મને આભારી છે. જૈનોએ હજી ઘણું કરવાનું બાકી છે. પ્રભુ મહાવીરના સિદ્ધાંતો જ્યાં સુધી વિશ્વના ખૂણેખૂણે ન પહોંચે, ત્યાં સુધી તેમણે જંપીને બેસવું જોઈએ નહીં.

**—Kavi Nanalal**

*અહિંસાનો સર્વોચ્ચ માપદંડ*

વર્તમાન સમયમાં ભગવાન મહાવીરસ્વામીનું નામ જો કોઈ પણ સિદ્ધાંત કાજે વિશેષ પૂજાતું હોય તો તે અહિંસા છે. કોઈ પણ ધર્મની શ્રેષ્ઠતા એ વાતમાં છે કે તે ધર્મમાં અહિંસા-તત્ત્વની કેટલી પ્રધાનતા છે. આવા અહિંસાના તત્ત્વને જો કોઈએ વધારેમાં વધારે વિકસાવ્યું હોય તો તે ભગવાન મહાવીર-સ્વામીએ.

હજારો વર્ષનો સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાન મહાવીરનો હતો. જ્યાં જ્યાં ભગવાન વર્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્તે છે. તેઓની વાણી ઉદય પ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થ હેતુથી નીકળે છે. અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ–એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગાન કરતાં અનંતી નિર્જરા થાય છે. જ્ઞાનીની વાત અગમ્ય છે. જ્ઞાની પુરુષની ખરી ખૂબી એ છે કે તેમણે અનાદિથી નહીં ટળેલા એવાં રાગ-દ્વેષ અને અજ્ઞાનને છેદી–ભેદી નાખ્યાં છે. તેમને પચીસસો વર્ષ થયાં છતાં તેમનાં દયા આદિ હાલ વર્તે છે એ તેમનો અનંતો ઉપકાર છે.

**–શ્રીમદ્ રાજચંદ્ર.**

જેમણે પરાધીન જગતને શાશ્વત સ્વાતંત્ર્યનો રાજમાર્ગ દેખાડ્યો હતો, સત્યના જિજ્ઞાસુઓને તેના સાક્ષાત્કારનો યથાર્થ સિદ્ધાંત બતાવ્યો હતો અને દુઃખી દુનિયાને સાચા સુખનો અમોઘ ઉપદેશ આપ્યો હતો એ મહાપુરુષ તે જૈનધર્મના મહાન પ્રવર્તક શ્રમણ ભગવાન શ્રી મહાવીર છે.

વ્યક્તિ કે રાષ્ટ્રના ઉત્થાન માટે તેમણે જે માર્ગ બતાવ્યો તે પૂર્ણ સત્ય અને સનાતન છે.

**–મુનિ શ્રી જિનવિજયજી.**

તમે એક દૃશ્ય સામે રાખો કે–એક મહાપુરુષ ઊભા છે. તેમના દેહ પર વસ્ત્ર નથી, તેમનું અંતઃકરણ દયાથી પરિપૂર્ણ છે, અસંખ્ય જીવજંતુ તેમના શરીર ઉપર બેસી ડંખ મારી રહ્યાં છે, તોપણ તેમને અંશમાત્ર ક્રોધ થતો નથી. અરે! દુઃખની કોઈ વેદના નથી : આનું નામ જ મહાવીર છે.

મહાવીર બનવું એ સાધારણ વાત નથી. ડરપોક અને કમજોર આદમી મહાવીર ન બની શકે. જે વીર હોય તે જ આગળ વધી મહાવીર થઈ શકે છે.

મહાવીરસ્વામી ઘણા જ શાંત–સ્વસ્થ હતા. તેમના ચિત્તને વ્યગ્રતા સ્પર્શતી નહોતી. ભગવાન મહાવીરસ્વામી અનાગ્રહી હતા. તેઓ કહેતા કે વિશ્વમાં ભિન્ન-ભિન્ન પ્રકારના જેટલા વિચારો છે, તેનો પ્રતિકાર કરવાને બદલે તેમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ. ભગવાન મહાવીરસ્વામીનો આ ખૂબ વિશાળ વિચાર છે, જેનાથી તેઓ અહિંસાની ઊંડાઈ સુધી પહોંચી શક્યા. અન્ય કોઈ વ્યક્તિ આટલી ઊંડાઈએ નથી પહોંચી.

ભગવાન મહાવીરસ્વામીએ ભારત દેશને જે ઉપદેશ આપ્યો. તેને ભારત દેશ કદી ભૂલી શકશે નહીં.

**-વિનોબા ભાવે.**

જૈન સંસ્કૃતિની નિર્ભયતા અને નિઃસ્પૃહતાએ એકવાર ઇજિપ્ત, યુનાન અને બેબિલોનના વિચારકો, વિદ્વાનો ઉપર જાદુઈ અસર કરી હતી અને પેરે નામનો એક તત્ત્વવેત્તા કહે છે કે, "મને ખરું તત્ત્વજ્ઞાન જૈન સાધુઓ પાસેથી જ મળ્યું છે."

એ શ્રમણ સંસ્કૃતિના પ્રચારક અને પ્રવર્તક ભગવાન મહાવીરની મૂર્તિ મારા અંતરમાં જડાઈ ગઈ છે. હું આંખ મીંચું છું ને અંતરમાં ભગવાન મહાવીરની તેજસ્વી પ્રતિમાનાં દર્શન થાય છે.

**–સાધુ ટી. એલ. વાસવાણી.**

ભરજુવાનીમાં ભરચક વૈભવ અને સમૃદ્ધિથી ઘરસંસારનો ત્યાગ કરી દેવો એ મોટી વાત છે. એ ગુણ વર્ધમાનકુમારમાં હતો, પણ જરા ઊંડાં ઊતરીએ તો ભગવાન મહાવીરના હૃદયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે આગ ભભૂકતી હતી તેની પાસે એ ત્યાગ નાની વસ્તુ બની જાય છે.

રાજપાટ છોડીને ચાલી નીકળવાનું એમને કોઈ સબળ કારણ ન હતું, એટલે એમ માનવું પડે છે કે રાજપાટના ત્યાગ પાછળ કોઈ જબ્બર સિદ્ધાંતનું બળ જરૂર હોવું જોઈએ. વીર પુરુષો ગુસ્સામાં આવીને કોઈ કામ નથી કરી નાખતા. રાજપાટનો ત્યાગ-કરી નાખવો એ તો સામાન્ય વાત છે, પણ એ ત્યાગ નિભાવી રાખવો બહુ મુશ્કેલ છે, તો જ એ ત્યાગ નભે વળી, અહીં જે સિદ્ધાંતની વાત કરી તે કંઈ એકદમ અધ્ધરથી ટપકી પડતો નથી. સિદ્ધાંત વિકાસ માગે છે. સિદ્ધાંત જીવનનો એક ભાગ બની જવો જોઈએ. ત્યાગ પહેલાનાં વર્ષોમાં ભગવાન મહાવીરે કેટકેટલું મનોમંથન કર્યું હશે? કેટકેટલાંની ભ્રાંતિઓ ભાંગી હશે? કેટકેટલી નાની-મોટી મુશ્કેલીઓ વેઠી હશે? અને એ સિદ્ધાંતોને પોષવા કેટલું ધૈર્ય દાખવ્યું હશે? ત્યાગના માર્ગે પગલાં માંડનાર મહાવીરને માર્ગ સાફ કરતાં કેટલી વિટંબણા વેઠવી પડી હશે?

સૌનાં સ્નેહબંધનો સ્વીકારવાં, પણ વખત આવ્યે એ બંધનોની ગાંઠ ઢીલી કરીને ચાલી નીકળવું એ શું જેવી તેવી તપસ્યા છે? બધાં લૂગડાં પહેરીને પાણીમાં ડૂબકી મારો, પણ બહાર નીકળો ત્યારે એક પણ લૂગડું ભીંજાયેલું ન હોવું જોઈએ, એના જેવી આ વાત છે. ભગવાન મહાવીરે સંસારસાગરમાં ડૂબકી તો મારી, પણ એમણે પોતાના એકે વસ્ત્રને ભીંજાવા ન દીધું : કોરે કપડે એ સંસારમાંથી ચાલી નીકળ્યા.

**-મહાત્મા ભગવાનદીનજી.**

શ્રમણ ભગવાન મહાવીરે વિચાર, વાણી અને વર્તનથી વિશ્વના પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ પોતાની અમૂલ્ય જીવનયાત્રા સંપન્ન કરી હતી. આ આદર્શ વિભૂતિને આજે આપણે પોતાના જીવનના આધાર માટે, અભ્યુદય માટે અને અભ્યુત્થાન માટે યાદ કરવા અનિવાર્ય છે. જે વાસ્તવમાં જ પ્રાણીમાત્ર માટે પૂજનીય અને પરમોપકારી મહાપુરુષ હતા

**-સ્વામી ઋષભદાસજી.**

ભગવાન મહાવીર એક અગાધ સમુદ્ર હતા, માનવપ્રેમની ઊર્મિઓ જોરથી ઊછળતી હતી અને માત્ર માનવીની જ શા માટે, સંસારના પ્રાણીમાત્રની ભલાઈ માટે એમણે બધાંનો ત્યાગ કરી દીધો હતો.

**-મહાત્મા શિવવ્રતલાલજી વર્મન.**

અત્યાર સુધી જૈન ધર્મને જેટલું જાણી શક્યો છું. મારો વિશ્વાસ દૃઢ થઈ ગયો છે કે વિરોધી સજ્જન પણ જો જૈન સાહિત્યનું મનન કરે તો વિરોધ કરવાનું છોડી જ દે.

**—ડૉ. ગંગાનાથ ઝા એમ.એ., ડી.લીટ્**

જૈન ધર્મમાં મનુષ્યની ઉન્નતિ માટે સદાચારને વધુ મહત્ત્વ અપાયું છે. જૈનધર્મ અધિક મૌલિક, સ્વતંત્ર અને સુવ્યવસ્થિત છે.

**—ડૉ. એ. ગિરની**

હું મારા દેશવાસીઓને જણાવીશ કે કેવા ઉત્તમ નિયમ અને ઊંચા વિચાર જૈનધર્મ અને જૈનાચાર્યોમાં છે. જૈન સાહિત્ય બૌદ્ધસાહિત્ય કરતાં ઘણું ઊંચું છે. જેમ જેમ હું જૈનધર્મ તથા તેના સાહિત્યને સમજું છું. તેમ તેમ હું તેને વધુ ને વધુ પસંદ કરતો જાઉં છું.

**—ડૉ. હર્ટલ, જર્મની**

નવા ધાર્મિક આંદોલન ચલાવવાની જરૂરત નથી. કારણ કે જૈનધર્મમાં દુઃખી દુનિયાના હિત માટે બધું જ છે. ઉપરાંત ઐતિહાસિક આધાર પણ છે. જૈનધર્મે જ સર્વપ્રથમ અહિંસાનો પ્રચાર કર્યો. બીજા ધર્મોએ એને ત્યાંથી લીધું.

**—પ્રો. લુઈ રેનાડ, પી.એચ.ડી. પેરીસ**

મહાવીર સ્વામીએ માત્ર શબ્દો પૂરતું નહીં, અપિતું રચનાત્મક જીવનમાં એક મહાન આંદોલન કર્યું. તે આંદોલન નવીન અને સંપૂર્ણ જીવનમાં સુખ પામવા માટે નવો સ્રોત હતો. તેને જ આપણે ધર્મ તરીકે ઓળખીએ છીએ.

**—શ્રીમતી આઈસ ડેવિડ્સ ડી.લીટ્. એમ.એ.**

The Jains have written great masterpieces only for the benefit of the world.

—Dr. Hurtel

જો માનવતાને બચાવવી હોય તો મહાવીરના બતાવેલ માર્ગ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

**—ભારતીય રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્.**

અહિંસાનું સૌથી વધુ વિવરણ પ્રભુ મહાવીરે પ્રસ્તુત કર્યું છે.

**—રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજની સાયન્સના સ્થાપક મહાવીર હતા. [કારણ કે તેમના સિદ્ધાંતો પૂર્ણ વૈજ્ઞાનિક હતા અને એમનું સાયન્સ કોઈને નુકશાન ન કરે તેવું હતું.]

**—રિસર્ચ સ્કોલર માધો આચાર્ય.**

બૌદ્ધિક ચિંતનમાં જૈનદર્શન સર્વોપરિ છે.

**—દિનકર**

મહાવીર સ્વામીએ જન્મમરણની પરંપરા પર વિજય પ્રાપ્ત કરેલ હતી. એમની શિક્ષા વિશ્વ માનવના કલ્યાણ માટે હતી.

**—આચાર્ય નરેન્દ્રદેવ**

## વેદપુરાણોમાં જૈનધર્મના સાક્ષ્ય

પ્રાચીન શ્રી ઋગ્વેદમાં જૈન તીર્થંકરોની સ્તુતિ કરાઈ છે.

"ॐ त्रैलोक्यप्रतिष्ठितानां चतुर्विंशतितीर्थंकराणां ऋषभादि-वर्द्धमानान्तानां सिद्धाणां शरणं प्रपद्ये।"

"ત્રૈલોકયમાં પ્રતિષ્ઠિત ઋષભદેવથી વર્ધમાન સુધી ૨૪ તીર્થંકરોનું શરણ સ્વીકારું છું."

પ્રાચીન શ્રી યજુર્વેદમાં લખ્યું છે કે

ॐ नमो अर्हतो ऋषभो ॐ ऋषभं पवित्रं पुरुहुतमध्वां यजेषुनग्नं परममाह संस्तुतं वारं शत्रुंजयंतं पशुरिन्द्रिमाहुरितिस्वाहा। ॐ त्रातारमिन्द्रं ऋषभं पवित्रं अमृतारमिन्द्रं हवे सुगतं सुपार्श्वमिन्द्रं वेशक्रमं जितं तद् वर्द्धमान पुरुहुतमिन्द्रमिति स्वाहा।

ભગવાન ઋષભદેવ અને વર્દ્ધમાનસ્વામીની આમાં સ્તુતિ કરાઈ છે.

*** ભાગવત પુરાણ :** વૈષ્ણવો ૨૪ અવતાર માને છે, એમાં આઠમા ઈશ્વતાવતાર તરીકે શ્રી ઋષભદેવને માને છે અને પાંચમા સ્કંધમાં વિસ્તારથી જીવનચરિત્ર ભાખી જણાવ્યું કે ઋષભદેવના પુત્ર ભરતના નામથી આ ભારતવર્ષ નામ પડ્યું છે.

*** યોગવાસિષ્ઠ વૈરાગ્યપ્રકરણ**માં શ્રી વસિષ્ઠ ઋષિજી શ્રી રામચંદ્રજીને કહે છે કે—

नाहं रामो नमे वाञ्छा भावेषु च न मे मनः।
शान्तमासितुमिच्छामि स्वात्मन्येव जिनो यथा।।

જિનેશ્વર ભગવાન જે રીતે પોતાના આત્મામાં લીન બને છે, તે જ રીતે હું શાંત બેસવા માંગુ છું.

*** નાગપુરાણ**માં લખ્યું છે કે

अकारादि हकारान्तं.......गच्छेत् परमां गतिम्।।

અર્હતત્ત્વનો જ્ઞાતા જ મોક્ષપ્રાપ્ત કરે છે. અર્હ એટલે અરિહંત! જૈન સાધુઓનું મહિમાગાન કરતાં ત્યાં જ લખ્યું છે કે–

दशभिर्भोजितैर्विप्रैर्यत्फलं जायते कृते।
मुनिमर्हन्तभक्तस्य, तत्फलं जायते कलौ।।

કૃતયુગમાં દશ બ્રાહ્મણોને જમાડવામાં જેટલું પુણ્ય થાય છે, એટલું પુણ્ય કલિયુગમાં એક અરિહંતભક્ત જૈન સાધુને દાન આપવાથી થાય છે.

*** નગરપુરાણ**માં લખ્યું છે કે

पञ्चाशदादौ किल मूलभूमेर्दशोर्ध्वभूमेरपि विस्तारोऽस्य
उच्चत्वमष्टैव तु योजनानि मानं वदन्तीह जिनेश्वराद्रेः।।

इति कृतयुगे आदिदेवः श्रीऋषभस्तत्सूनुर्भरतस्तन्नाम्ना भरत-खण्डमिदं प्रतीतम्।

આઠ યોજન ઊંચો વગેરે માપવાળા અષ્ટાપદ–જિનેશ્વરાદિનું વર્ણન કરી જણાવ્યું કે કૃતયુગમાં આદિદેવ શ્રી ઋષભના દીકરા ભરતના નામથી આ ભરતખંડ જાહેર થયું.

नाभेरथो स वृषभो मरुदेवीसूनुर्यो वै यचार समदृग् मुनियोगचर्यां तस्यार्हतत्त्वमृषयः पदमामनन्ति स्वच्छः। प्रशांतकरणः समदृग् सुधीश्च।

अष्टमो मरुदेव्यां तु नाभेर्जातः उरुक्रमः।
दर्शयन् वर्त्म धीराणां सर्वाश्रम नमस्कृतिः।

प्रियव्रतो नाम सुतो मनोः स्वायम्भुवो।
तस्याग्नीन्दस्ततो नाभिः ऋषभस्तत्सुतस्तथा ।।

तमाहुर्वासुदेवांशं मोक्षधर्मविधित्सया।
अवतीर्णं सुतशतं तस्यासीत् ब्रह्मपारगम्।

तत्रैव कुलादिबीजं सर्वेषां प्रथमो विमलवाहनः।
मरुदेवस्य नाभिस्य भरते कुलसत्तमाः।

"तेषां वै भरतो ज्येष्ठो नारायणपरायणः।
विख्यातवर्षमेतद् यन्नाम्ना भरतम भूतम्।।"

अर्हन् शिवो भवो विष्णुः तथा बुधः।
परमात्मा परश्चैव शब्दाः एकार्थवाचकाः।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जैनं बौद्धं तथा ब्राह्मं शैवं कपिलं तथा ।।
नास्तिकं दर्शनान्याहुः षडेव हि मनषिणः ।।

तत्रैव-कुलादिबीजं सर्वेषां, प्रथम विमलवाहनः ।।
मरुदेवश्च नाभिश्च भरते कुलसत्तमः ।।

ભરતના નામથી ભારતવર્ષ નામ પડ્યું.

## ભગવાન ઋષભદેવ : શ્રમણ અને બ્રાહ્મણ સંસ્કૃતિના આદિ પુરુષ

ભગવાન ઋષભદેવનું વ્યક્તિત્વ અને કર્તૃત્વ શબ્દાતીત છે. લૌકિક, લોકોત્તર, ભૌતિક, આધ્યાત્મિક, સામાજિક, રાષ્ટ્રીય, નૈતિક અને ધાર્મિક બધી દૃષ્ટિથી જોતાં ઋષભદેવ–આદિનાથનું જીવન દિવ્ય અને ભવ્ય છે. તેઓ માનવસંસ્કૃતિના આદિ સંસ્કર્તા અને નિર્માતા છે. ભારતદેશની માનવસંસ્કૃતિ પર જે મહાપુરુષોનો પ્રભાવ પડ્યો છે તેમાં ભગવાન ઋષભદેવ મુખ્ય છે. એમના વ્યક્તિત્વની અસાધારણ અને અભૂતપૂર્વ છાપ માનવજીવન પર અતિ ઘેરી પડેલી છે. જૈન અને જૈનેત્તર સાહિત્ય તેમની ગૌરવગાથાથી છલકાઈ રહ્યું છે. તેમનું વિરાટ વ્યક્તિત્વ સંપ્રદાયવાદથી મુક્ત છે. તેઓ માનવતાના કીર્તિસ્તંભ છે. ભગવાન ઋષભદેવનો સમય ભારતીય જ્ઞાત ઇતિહાસમાં નથી આવતો. એમના અસ્તિત્વને સિદ્ધ કરવા માટે આગમ અને આગમેતર પ્રાચ્ય પ્રબળ પ્રમાણભૂત છે.

જૈન પરંપરાની દૃષ્ટિએ ભગવાન ઋષભદેવ વર્તમાન અવસર્પિણી કાળના ત્રીજા આરાના ઉપસંહાર કાળમાં થયા. ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર અને ઋષભદેવની વચ્ચે અસંખ્ય વર્ષોનો ગાળો છે. વૈદિક દૃષ્ટિએ ઋષભદેવ પ્રથમ સતયુગના અંતમાં થયા છે અને રામ અને કૃષ્ણના અવતારો પહેલાં થયા છે. (જિનેન્દ્ર મત દર્પણ ભાગ–૧) ઋષભદેવ ધર્મ અને કર્મના આદ્યનિર્માતા હતા. તેથી જૈન સાહિત્યમાં તેમનું નામ આદિનાથ લખવામાં આવ્યું છે. ઋષભદેવ પ્રજાના પાલક હતા, તેથી જિનસેન અને આચાર્ય સમન્તભદ્રે તેમનું નામ 'પ્રજાપતિ' લખ્યું છે. તે ઉપરાંત તેમના કાશ્યપ, વિધાતા, વિશ્વકર્મા અને સ્રષ્ટા વગેરે નામો પણ પ્રસિદ્ધ છે.

વિધાતા વિશ્વકર્મા ચ, સ્રષ્ટા ચૈત્યાદિનામભિઃ
પ્રજાસ્તં વ્યાહરન્તિ સ્મ, જગતાં પતિમચ્યુતમ્

મહાપુરાણ–આચાર્ય જિનસેન ૧૬/૨૬૭

ભગવાન ઋષભદેવ જૈન સંસ્કૃતિની દૃષ્ટિએ પ્રથમ તીર્થંકર છે. શ્રીમદ્ ભાગવતની દૃષ્ટિએ તેઓ વિષ્ણુના અવતાર છે. શિવપુરાણ અનુસાર ઋષભદેવ શિવના અઠ્ઠાવીસ યોગાવતારોમાંથી આઠમા યોગાવતાર છે. તેમણે ઋષભદેવરૂપે અવતાર લીધો. પ્રભાસપુરાણમાં પણ એવો જ ઉલ્લેખ છે. ડૉક્ટર રાજકુમાર જૈન "વૃષભદેવ તથા શિવસંબંધી પ્રાચ્ય માન્યતાઓ" લેખમાં વેદ, ઉપનિષદ, ભાગવત પ્રભૃત્ત ગ્રંથોના સૌથી વધુ પ્રમાણો આપીને સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે કે ઋષભદેવ અને શિવ બંને એક જ છે. બન્ને જુદા જુદા નથી. શ્રમણ અને બ્રાહ્મણ બન્ને પરંપરાના આદિપુરુષ છે. ત્રીજા આરાના ત્રણ વર્ષ સાડા આઠ માસ બાકી રહ્યા હતા ત્યારે ભગવાન ઋષભદેવ સહસ્ર શ્રમણોની સાથે અષ્ટાપદ પર્વત પર આરૂઢ થયા. ત્યાં પર્યાકસનમાં સ્થિર રહી શુક્લ ધ્યાન દ્વારા વેદનીય કર્મ, આયુષ્યકર્મ, નામકર્મ અને ગોત્રકર્મ નષ્ટ કરીને સદાને માટે અક્ષર, અજર અને અમર પદ પ્રાપ્ત કર્યું. જૈન પરિભાષામાં આને નિર્વાણ અથવા પરિનિર્વાણ કહે છે. શિવપુરાણમાં અષ્ટાપદ પર્વતના સ્થાન પર કૈલાસ પર્વતનો ઉલ્લેખ કરેલો છે.

ભગવાન ઋષભદેવની નિર્વાણતિથિ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, કલ્પસૂત્ર, ત્રિશષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પ્રમાણે મહાવદ તેરસ છે અને 'તિલોયપણ્ણત્તિ' અને મહાપુરાણ અનુસાર મહા વદ ચૌદસ છે. વિદ્વાનોનું મંતવ્ય છે કે તે દિવસે શ્રમણોએ શિવગતિ પ્રાપ્ત ભગવાનની સ્મૃતિમાં ઉપવાસ રાખ્યો અને આખી રાત ધર્મ જાગરણ કર્યું. તેથી આ તિથિ શિવરાત્રિ નામથી પ્રસિદ્ધ થઈ. 'શિવ', 'મોક્ષ', 'નિર્વાણ' આ બધા પર્યાયવાચી શબ્દો છે. ઇશન સંહિતામાં લખ્યું છે કે મહાવદ ચૌદશની મહારાત્રિ કોટિ સૂર્ય પ્રભોભન ભગવાન આદિદેવને શિવગતિ પ્રાપ્ત થઈ અને શિવ એ લિંગમાંથી પ્રગટ થયા. જે નિર્વાણ પહેલાં આદિદેવ કહેવાતા હતા. તેઓ હવે શિવપદ પ્રાપ્ત થવાથી 'શિવ' કહેવાયા. ઋષભદેવનું મહત્ત્વ શ્રમણ પરંપરામાં જ નહીં પણ બ્રાહ્મણ પરંપરામાં પણ હતું. તેમાં તેમને આરાધ્ય દેવ માનીને મુક્ત કંઠ–ગુણાનુવાદ કરતા હતા. સુપ્રસિદ્ધ વૈદિક સાહિત્યના વિદ્વાન પ્રો. વિરુપાક્ષ અને આચાર્ય વિનોબા ભાવે જેવા બહુશ્રુત વિચારક ઋગ્વેદ આદિમાં ઋષભદેવની સ્તુતિ થઈ હોવાનું માને છે. શ્રી રામધારીસિંહ દિનકર શ્રી ઋષભદેવ સંબંધી લખે છે, "મોહન જો દડો"ના ખોદકામમાં પુરાવા મળે છે કે જૈનોના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ હતા. જેમની સાથે યોગ અને વૈરાગ્યની પરંપરા એવી રીતે સંકળાયેલી છે જે કાલાન્તરે શિવની સાથે સમન્વિત થઈ ગઈ. એ દૃષ્ટિએ જોતાં જૈન વિદ્વાનો માને છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભદેવ વેદાલ્લિખિત હોવાની પણ વેદ પૂર્વે થયા છે. એ વાત અતિશયોક્તિભરી નથી.

ડૉ. જિમ્મર લખે છે, "આજે પ્રાગ્–ઐતિહાસિક કાળના મહાપુરુષોના અસ્તિત્વને સાબિત કરવા માટેના સાધનો ઉપલબ્ધ નથી. એનો અર્થ એવો નથી થતો કે મહાપુરુષો થયા નથી. આ અવસર્પિણી કાળના અંતકાળમાં અર્થાત્ પાષાણકાળ પૂરો થતાં અને કૃષિકાળના આરંભમાં પહેલાં તીર્થંકર ઋષભ થયા. જેમણે માનવને સભ્યતા શીખવી, અને ત્યારબાદ અન્ય તીર્થંકરો થયા. જેમનામાંથી કેટલાંકના ઉલ્લેખ વેદગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. એટલે કે જૈન ધર્મ ભગવાન ઋષભદેવના સમયથી ચાલ્યો આવે છે. ઋગ્વેદમાં ભગવાન ઋષભને પૂર્વજ્ઞાનના પ્રતિપાદક અને દુ:ખોના નાશ કરનારા બતાવતાં કહ્યું છે.

અ?તૃપૂર્વ વૃષભો જ્યાયુનિમા અરય શુરુધઃ સન્તિ પૂર્વીઃ દિવો ન પાતા વિદથસ્ય ધીમિઃ ક્ષત્રં રાજાનામ્ પ્રદિવો દશાથે.

ઋગ્વેદ–૫૨–૩૮.

જેવી રીતે જલ ભરેલ મેઘ વર્ષાનો સ્રોત ગણાય છે જે પૃથ્વીની તરસને છીપાવે છે. એ રીતે પૂર્વી જ્ઞાનના પ્રતિપાદક વૃષભ (ઋષભ) મહાન છે. તેમના શાસનમાં ઋષિ પરંપરાથી પ્રાપ્ત પૂર્વનું જ્ઞાન આત્માના શત્રુઓ ક્રોધાદિને નાશ કરનારા છે. બન્ને સંસારી અને મુક્ત આત્મા પોતાના આત્મગુણો દ્વારા ચમકે છે એટલે એ રાજા છે. પૂર્ણ જ્ઞાનના સાગર છે અને આત્મપતન નથી થવા દેતા.

"વૈદિક ઋષિ ભક્તિ ભાવનાથી વિભોર થઈ મહાપ્રભુની સ્તુતિ કરતાં કહે છે, "હે આત્મદૃષ્ટ પ્રભુ, પરમ સુખ પામવા માટે હું તારા શરણમાં આવવા ઈચ્છું છું. કારણ કે તારો ઉપદેશ અને તારી વાણી શક્તિશાળી છે. તેને હું ધારણ કરું છું. હે પ્રભુ બધા માનવો અને દેવોમાં તમે પૂર્વગત જ્ઞાનના પ્રતિપાદક છો."

"આત્મા જ પરમાત્મા છે' જે અપ્પા સો પરમપ્પા" આ જૈન દર્શનનો મૂળ સિદ્ધાન્ત છે. આ સિદ્ધાન્તને ઋગ્વેદના શબ્દોમાં ભગવાન શ્રી ઋષભદેવે આ રીતે પ્રતિપાદિત કર્યો છે. "મન, વચન અને કાયા ત્રણેથી બદ્ધ (સંયત) વૃષભે ઘોષણા કરી કે મહાદેવ અર્થાત્ પરમાત્મા મર્ત્યોમાં નિવાસ કરે છે."

ઋગ્વેદ ૪/૫૮/૩ ઋગ્વેદના મેધાવી મહર્ષિએ લખ્યું છે, "ઋષભ સ્વયં આદિ પુરુષ હતા જેમણે સૌથી પહેલાં માનવરૂપે દેવત્વ પ્રાપ્ત કર્યું હતું.

તન્મર્ત્યસ્ય દેવત્વસજાત મગ્રઃ ઋગ્વેદ ૩૧/૧૭

અથર્વવેદના ઋષિ માનવોને ઋષભદેવનું આહવાન કરવા પ્રેરણા કરે છે. "પાપોથી મુક્ત પૂજનીય દેવતાઓમાં સર્વપ્રથમ તથા ભવસાગરના રૂપને હૃદયથી આહવાન કરું છું. હે બંધુઓ તમે આત્માની શ્રદ્ધા દ્વારા તેના આત્મબલ અને તેજને ધારણ કરો."

અથર્વવેદ કારિકા. ૧૬/૪૨/૪

કારણ કે તેઓ પ્રેમના રાજા છે. તેમણે એવા સંઘની સ્થાપના કરી છે જેમાં પશુ પણ માનવ સમાન માનવામાં આવે છે. તેમને કોઈ મારી શકતું નથી. શ્રીમદ્ ભાગવત્ ૫/૬/૧૬/ ૫૬૯ આ ઉપરાંત કર્મપુરાણ, માર્કણ્ડેય પુરાણ, અગ્નિપુરાણ આદિ વૈદિક ગ્રન્થોમાં તેમના જીવનની મહત્ત્વની ગાથાઓ લખાઈ છે. બૌદ્ધ ગ્રન્થ **"આર્ય મંજુશ્રી મૂલકલ્પ"**માં ભારતના આદિ સમ્રાટોમાં નાભિપુત્ર ઋષભપુત્ર ભરતની ગણના કરવામાં આવી છે. તેમણે હિમાલય પર સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. (જૈન દૃષ્ટિએ સિદ્ધિ સ્થલ અષ્ટાપદ છે. હિમાલય નથી.) તેઓ વ્રત પાળવામાં દૃઢ હતા. તે જ નિર્ગ્રન્થ તીર્થંકર ઋષભ જૈનોના આપ્તદેવ હતા. **પ્રજાપતેઃ સુતો નાભિ તસ્યાપિ આગમુચ્યતિનાભિનો ઋષભપુત્રો વૈ સિદ્ધકર્મ દ્દઢવતઃ તસ્યાપિ મણિયક્ષો યક્ષઃ સિદ્ધૌ હેમવેત ગિરોઋષભસ્ય ભરતઃ પુત્રઃ સોડપિ મંજતાન તદા જયેતનિર્ગ્રન્થ તીર્થંકર** ઋષભ નિર્ગ્રન્થ રૂપિઆર્ય મંજુશ્રી મૂલકલ્પ શ્લોક–૩૬૦–૩૬૧–૩૬૨ 'ધમ્મપદ'માં ઋષભને સર્વશ્રેષ્ઠ વીર કહ્યા છે. **ઉસભં પવરં વીરં** ધમ્મપદ–૪૨૨ ભારત ઉપરાંત બહારના દેશોમાં પણ ભગવાન ઋષભદેવના વિરાટ વ્યક્તિત્વને વિવિધ રીતે દર્શાવવામાં આવ્યું છે. તેમણે સૌ પ્રથમ કૃષિકલાનું જ્ઞાન આપ્યું તેથી તેઓ 'કૃષિ દેવતા' કહેવાયા. આધુનિક વિદ્વાન તેમને 'એગ્રીકલ્ચરેજ' માને છે. દેશનારૂપી વર્ષા કરવાથી તેઓ 'વર્ષાના દેવ' કહેવાયા. કેવલજ્ઞાની હોવાથી સૂર્યદેવના રૂપે માન્ય છે. આ રીતે ભગવાન ઋષભદેવનું જીવન, વ્યક્તિત્વ અને કર્તૃત્વ વિશ્વના કરોડો માનવો માટે કલ્યાણરૂપ, મંગલરૂપ અને વરદાનરૂપ રહ્યું છે. તેઓ શ્રમણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિના આદિપુરુષ છે. ભારતીય સંસ્કૃતિના જ નહીં, પણ માનવસંસ્કૃતિના તેઓ આદ્ય નિર્માતા છે. તેમના વિરાટ જીવન પર દૃષ્ટિ નાખતા માનવનું મસ્તક ગર્વથી ઊંચું થાય છે અને અંતરભાવ શ્રદ્ધાથી ઝુકી જાય છે.

*(તા. ૮-૯-૦૭ના 'નવયુગ' સામાયિકમાંથી સાભાર)*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ વિશ્વધર્મ વિષે જૈનેતર વિદ્વાનોનાં મંતવ્યો

સાધક વિનોબા ભાવે કહેતા કે, "હું ગર્વથી કહું છું કે હું પણ જૈન છું!" જૈનોનું સાહિત્ય હજ્જારો ગ્રંથોમાં એમણે જોતા એમને ખુબ આશ્ચર્ય અને અહોભાવ થતો કે જૈનોએ જીવનનું કોઈ ક્ષેત્ર એવું નહિ મળે, જેના ઉપર જૈનોએ કાંઈ લખ્યું ન હોય. અધ્યયન, તત્ત્વજ્ઞાનથી લઈ સંગીત, વૈદકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર સુધી કોઈ વિષય નથી છોડ્યો.

જૈન સાહિત્ય વાંચવાનો શોખ મેં ભર જુવાનીમાં શરૂ કર્યો. તે માટે અર્ધમાગધી શીખ્યો તેનો કોશ મેળવ્યો અને આચારાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, સમયસાર વગેરે જેટલું શક્ય બન્યું તેટલું બધું જોઈ લીધું. છતાં તેમની સૂઝ ઘણી દાદ માંગે તેવી હતી.

મારી (એમની) પ્રેરણાથી વર્ણીજી નામના કોઈ આરાધકે 'જૈન ધર્મસાર' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યું હતું. જે પુસ્તક જૈનેતર ગ્રંથોની જેમ માનનીય બનાવવાનો આ પ્રયત્ન હતો. જેમકે વૈદિક ધર્મનો સાર ગીતામાં સાતસો શ્લોકોમાં મળી ગયો છે, બૌદ્ધોનો 'ધમ્મપદ'માં મળી ગયો છે, જેને કારણે અઢીહજાર વરસ પછી એ બુદ્ધના ધર્મ વિષે લોકો જાણી શકે છે, તેમ જૈનોનોય એક ગ્રંથ હોવો જોઈએ. જોકે જૈનો માટે અનેક ગ્રંથ અને અનેક પંથ હોવા છતાં શક્ય હતું. કારણ કે પ્રાયઃ જૈનોમાં કદાચ થોડા મતભેદ હશે પણ મનભેદ નથી અને પ્રકાંડ વિદ્વાન, સાધુ ભગવંતો, આચાર્ય ભગવંતો આજે થોડા હયાત છે જે- જિનશાસન માટે બધું જ કરી છૂટે તેવા છે તેથી શ્વેતાંમ્બર, દિગંબર, તેરાપંથી કે સ્થાનકવાસી હોય બધામાંથી આરાધકવર્ગ અને ગીતાર્થ આચાર્યાદિ ભેળા થઈ ચર્ચા કરી અને જૈનોનો એક ઉત્તમ, સર્વમાન્ય ધર્મસાર રજુ થાય તો જૈનેતર પ્રજામાં પણ અહિંસાદિ ગુણો ખીલવામાં લોકભોગ્ય બની શકે. પછી આ 'જૈન-ધર્મસાર' પુસ્તક જૈનોમાં પણ અહિંસાદિ ગુણો ખીલવવામાં લોકભોગ્ય બની શકે. પછી આ 'જૈન-ધર્મસાર' પુસ્તક જૈનોમાં- અજૈન વિદ્વાનોમાં મોકલાવાયું. વિદ્વાનો આ સૂચનો મુજબ તેમાં સુધારા-વધારા કરાયા પછી 'જિણધમ્મ' પુસ્તક પ્રકાશિત કર્યું પછી તેના પર ચર્ચા કરવા માટે મારા આગ્રહથી એક સંગીતિ બેઠી, મુનિ, આચાર્ય અને બીજા વિદ્વાન, શ્રાવક મળીને લગભગ ૩૦૦ આરાધકોની હાજરીમાં વારંવાર ચર્ચા કરીને તેનું નામ બદલ્યું રૂપ પણ બદલ્યું છેવટે સર્વાનુમતે 'શ્રમણ-સૂક્તમ્'—જૈન અર્ધમાગધીમાં સમણસૂત્ત કહે છે, તૈયાર થયું તેમાં કુલ ૭૫૬ ગાથાઓ છે. હજાર-પંદરસો વરસમાં એક અનોખુ કાર્ય વિનોબાજીનાં પ્રયત્ન અને નિમિત્તમાત્રથી સાકાર થયું હતું; તેમાં તે પ્રભુ મહાવીર સ્વામીજીની કૃપા માને છે.

વિનોબા ભાવે પોતાના શબ્દોમાં કહે છે કે, મારી નજરે તો શ્રી મહાવીર સ્વામી 'સર્વધર્મ-સમન્વયાચાર્ય છે.' સત્યનું એક-એક પાસુ લઈને લોકો સામે ભિન્ન ભિન્ન પંથના રૂપમાં એક-એક નય રજૂ કરાય છે. પરંતુ પૂર્ણ સત્ય એ બધા સત્યાંશો ગ્રહણ કરવાથી જ હાથમાં આવે છે.

જૈનોનાં મુખ્ય ત્રણ સિદ્ધાંત મનાય છે—અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ. આમાંથી અહિંસાનો સિદ્ધાંત વ્યાપક છે, ઉંડો છે પણ તેનો ઓછામાં ઓછો અર્થ કરવામાં આવે, તો તે છે, માંસાહાર—મુક્તિ એટલે કે માંસ, માછલી, ઈંડા ન ખાવા. કંદમૂળો એટલે બત્રીસ અનંતકાય અને બાવીશ અભક્ષ્ય વસ્તુઓ ન ખાવી. અહિંસામાં જૈનોએ માંસાહાર ત્યાગનું પાલન ઉત્તમ કર્યું છે. આખી દુનિયાને જૈનોની આ એક બહુ મોટી દેણ છે. જૈનધર્મે આપણને શિખવ્યું છે કે મનુષ્યની માનવતા બીજા પ્રાણીઓની રક્ષા કરવામાં છે, એમને આપણો આહાર બનાવવો એ બિલકુલ ખોટું છે.

સામુદાયિક માંસાહાર-ત્યાગનું સૌથી વધારે શ્રેય જૈનોને જ આપવું પડે. એમનાં પછી વૈષ્ણવ, બ્રાહ્મણ વગેરે તે વિચાર ઉપાડી લીધો. આજે આ દેશમાં કરોડો લોકો માંસાહારથી મુક્ત છે, અને જેઓ માંસાહાર કરે છે, તેઓ પણ તેને સારો માનીને નથી કરતા. આ જૈન-વિચારનો વિજય છે. આજે વિજ્ઞાનપણ માંસાહાર—ત્યાગની જરૂર ઉપર ભાર મૂકે છે. વિજ્ઞાન કહે છે કે આખી દુનિયાને અનાજ પહોંચાડવું હશે તો માંસાહાર છોડવો પડશે. તેનું એક ગણિત છે. સાર એજ છે કે માંસાહાર છોડવો જ પડશે, તોજ આખી દુનિયાની ભુખ ભાંગશે આનો અર્થ એ થયો કે જૈનોનો આ સિદ્ધાંત આજે હવે સર્વમાન્ય થઈ ગયો.

શ્રી મહાવીર સ્વામીની દૃષ્ટિ સર્વ દર્શનીઓમાં રહેલા ગુણ તરફ જ હતી તેથી તેઓશ્રી 'અનેકાન્તવાદ', 'સ્યાદ્વાદ'થી કોઈ એક મતનો જ આગ્રહ ન રાખતા. અનેકાન્તવાદ એ કોઈ વાદ નથી, એક ઓળખ છે, એક દૃષ્ટિ છે. પ્રાણીઓની કે સૂક્ષ્મ જીવોની પણ હિંસા ન કરવી, એ બરાબર જ છે. પણ વિચારોનો આગ્રહ ન રાખવો.

આગ્રહ રાખવાથી વધુ હિંસાઓ-કષાયો ભડકે છે. માટે અહિંસાનું મૂળ પકડવું હોય, તો મધ્યસ્થ દૃષ્ટિ, સમન્વયની દૃષ્ટિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખવી જોઈએ. શ્રી મહાવીર પ્રભુની પદ્ધતિ પ્રહારની નહીં, ઉપહારની છે, પ્રેમની છે.

અપરિગ્રહ એ પણ જૈનધર્મની એક બહુ મોટી વિશેષતા છે, એમ મારું માનવું છે. પરંતુ આ અપરિગ્રહનો સિદ્ધાંત મોટાભાગમાં જૈનોને સધાયો નથી. જે પરમાત્માનો આત્મા આખી દુનિયમાં વિતરણ એટલે માત્ર દેવદુષ્ય વસ્ત્ર ખભે રાખી નિરાસ્રવભાવે વિચરતા હતા. ભવિજીવોનાં આત્માનું કલ્યાણ કરાવતા હતા. તેમની પ્રતિમા દેરાસરમાં સોનાનાં, હીરાનાં શણગારને કારણે બંદુકદાર સિપાઈ રાખવો પડે તો તેમાટે પણ દરવાજા બંદ રહેતા હોય કોઈ નિર્મળ દર્શન પણ ના કરી શકતા હોય તો તે જો પ્રત્યક્ષ પરમાત્મા હોય તો તેમણે ગમશે ખરું?

સ્વાધ્યાયપ્રેમી શાસ્ત્રીજી કહે છે કે જૈન સમાજ જ નહીં આપણે બધા મોટાભાગે તેમની અપરિગ્રહની શીખામણનો અમલ નથી કરી શક્યા. શ્રી મહાવીર સ્વામીનું ધ્યાન ધરીને આપણે બધા પોતાની ઉછાવની પૂર્તિ કરીશું.

શ્રી મહાવીર સ્વામીજીનાં શાસનકાળમાં પણ પુરુષો-બાળકો અને સ્ત્રીઓ પણ દીક્ષા અંગીકાર કરી શકતા હતા. એટલે વૈરાગ્યની પ્રાપ્તિ માટે વય કરતા ભાવની પ્રધાનતા અંકાઈ છે. ભિક્ષાન્ન એ સર્વશ્રેષ્ઠ અન્ન છે. શ્રી મહાવીર સ્વામીને જૈનોના આખરી, એટલે કે આ કાળના ૨૪માં તીર્થંકર માનવામાં આવે છે. એમના કરતાં કરતા લાખો-કરોડો વર્ષોથી અનાદિકાળથી જૈનવિચારો સૃષ્ટિમાં હતાજ. તેમાં ભરતી ઓટ આવતી હતી. શ્રમણ અને બ્રાહ્મણ સંસ્કૃતિ પ્રાચીનકાળથી સાથે સાથે દશ્યમાન થાય છે. ઋગ્વેદમાં ભગવાનની પ્રાર્થનામાં એક જગ્યાએ વળી કહ્યું છે. 'અર્હન ઈદં દયસે વિશ્વમભ્વમ્'–હે અર્હન! તમે આ તુચ્છ દુનિયા ઉપર દયા કરો છો. આમાં 'અર્હન' અને 'દયા' બંને જૈનોનાં પ્રિય શબ્દો છે. મારું માનવું છે મને કોઈ કદીનેય ઓળખવા માગે, તો મને આનંદ જ થશે માત્ર શરત એટલી કે તેમાં હિંદુત્વનો નિષેધ ન થતો હોય.

સાર : 'હિન્દુ' શબ્દની ઉત્પત્તિ પ્રાયઃ વેદ–કે આગમોમાં જોવામાં આવી નથી. આપણે સમન્વય સાધવા દિંસ્ ધાતુ લઈ હિંસાથી જેનું હૈયું દુભાય છે તે બધા હિન્દુ તેવો અર્થ કાઢીએ તો કોઈ મતભેદ-મનભેદ પણ ન આવે. આજે વિશ્વમાં આર્યસંસ્કૃતિની રક્ષા આ બેજ સંસ્કૃતિઓ મળીને કામ કરે તો, ઋષિઓની મુનિયોની ભાવના અને મોટા મોટા ઋષિઓનો સંકલ્પ હતો કે 'कृणवन्तु विश्वं आर्यः' તે ભાવના તે સંકલ્પને આપણે સફળ બનાવી શકીએ તેના સક્ષમ હોવા છતાં આપણે સાર વિચારીએ કે આજે ક્યાંક જૈનો પોતાને હિંદુઓથી અલગ માનવા લાગ્યા છે. અહિંયા વિવાદની જરૂર નથી જ, અનેકાન્તવાદની સ્યાદ્વાદની જરૂર છે.

'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું......' વહેવડાવવાની જરૂર છે. મોક્ષમાં જવા માટે શ્રી આગમસૂત્રોના ઝરણારૂપ 'નવતત્ત્વ'માં સિદ્ધોના પંદરભેદ વર્ણવ્યા છે. મોક્ષ પ્રાપ્તિ માટે કોઈ પણ જ્ઞાનીનો પુરુષ-સ્ત્રી કે નપુંસક પણ અસંખ્યાતા માટે યોગોમાંથી એકાદ યોગને અનુસરીને આત્મશ્રેય સાધી શકે છે. ક્યારેય ધર્મો–ધર્મોમાં ક્યારેય લડાઈઓ હોતી નથી અને ન થવી જોઈએ અને જો થાય તો સમજવું કે ક્યાંક અધર્મનું પોષણ થઈ રહ્યું હોય કાંતો ગંદુ રાજકારણ રમાતું હોય અને નિરપરાધી જીવોને-મનુષ્યોને તે ત્રાસદાયક બનતું હોય છે. આપણે બધાયે ક્યાં છીએ તેનું આત્મનિરીક્ષણ કરવું રહ્યું! એક હિંદી ભાવગીતમાં એક સ્વાધ્યાયપ્રેમી ગાય છે કે

> ''काले बादल छाए है संस्कृति के सर पर,
> यह तुफाँ उमडकर आया तेरे घर पर
> तन-मन-धन से होजा तुं इश्वर का उपहार
> आसूरी आँधी का करले तूं संहार ॥''

એક સામાન્ય ગણાતો ગામડાનો ખેડૂત જે સ્વાધ્યાયપ્રેમી છે તે આવા ભાવગીતોની રચના કરીને જેની પાસે આર્યસંસ્કૃતિની બેનમૂન ખૂમારી છે તે શાસનપ્રેમીઓને એક અનોખી પ્રેરણા આપી રહ્યો છે. તેમજ પૂર્વાચાર્યોની સજ્ઝાયો-સ્તવનો વિશ્વના ચોગાનમાં મધુર કંઠે ગુંજતામાત્ર કરવાથી નહિ ચાલે તે ભાવોને ઝીલવા પડશે તો શાસનની-ઘણી સમસ્યાઓના હલ આપમેળે નીકળી જશે.

વીર-પરમાત્માની 'સવિ જીવ કરું શાસન રસીની' ભાવનાને આપણે પૂર્ણ કરવાની ધગશ હોય તો સુવર્ણકાળ ચાલુ છે. નાની-નાની વાતોમાં વર્તમાનમાં એવા બનાવો બનતા હોય છે. જે અજ્ઞાનીઓને દુર્લભબોધી બનાવે અને આરાધક આત્માઓની વિટંબના, સતત માનહાનિ, તિરસ્કાર થવાથી તેઓ સમ્યગ્દર્શન (શ્રદ્ધા) ગુમાવી દેવાની શક્યતાઓ વધતી જાય છે. તેથી આજે ભાવના ભાવું છું કે, જૈનોમાંજ નહિ પણ વિશ્વમાં અહિંસક શ્રદ્ધાળુ વર્ગનું એક અનોખું મિલન કરાવીને તેમનું ગૌરવ કરી તેમને એક પરિવાર ભાવનામાં જોડીએ તે માટે, તપોવનમાં–એલર્ટગ્રુપનાં–સમસ્ત મહાજનનાં હોય કે વિનિયોગ પરિવારનાં, 'સુરાજ' ગ્રુપનાં હોય કે ડી.બી.ટી.નાં યુવાનોને એક છત્રી માર્ગદર્શન મળે તો અસંખ્ય આત્માઓને આપણે માર્ગાનુસારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવી તેમાંથી પંચપરમેષ્ઠીપદનાં સભ્યો પણ તૈયાર થાય તે માટે વિશ્વનાં સ્તરે 'મનુષ્યનું ગૌરવ દિન' ઉજવવા 'આત્મ ગૌરવ દિન'નું નાનું જૈનોનું ચારે ફીરકાનું મિશન અને તે પૂર્વે ગીતાર્થ અને આરાધકોનું સંમેલન માત્ર શાસનનાં ઉદયકાળને લક્ષમાં રાખીને કરવામાં આવે તો યુગપુરુષ આત્માને સામે પગલે આપણને દર્શન આપવા–માર્ગદર્શન આપવા આવવું જ પડશે.

સમ્યગ્દર્શન (શ્રદ્ધા-ભક્તિ), સમ્યગ્જ્ઞાન (નાના-મોટાઓની પાઠશાળાઓ), સમ્યગ્ ચારિત્ર (પૌષધશાળાઓ) એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર્યરૂપી ગંગા-યમુના-સરસ્વતીની નદીઓ વહેડાવવી પડશે. ત્રિકાળ વંદનારૂપી ત્રિકાળસંધ્યા ગામે-ગામે-શહરે-શહરે ઝૂંપડીથી લઈને કલેક્ટરનાં બંગલા સુધી આ વિચારધારાને પહોંચાડવી પડશે. તેજ ખરો સ્વાધ્યાય છે. તપ છે કારણ મોક્ષરૂપી પ્રયાગતીર્થની પ્રાપ્તિ કરવા જ્યાં ત્રણે નદીઓનો સંગમ થાય છે તેવા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી નદીઓનું મિલન આત્મામાં થાય ત્યારે જ આત્મા મોક્ષનો જિજ્ઞાસુ એવો મુમુક્ષુ બની શકે છે.

દશપૂર્વધર ઉમાસ્વાતિજી ભગવન્ત તત્ત્વાર્થસૂત્રમાં સ્વાધ્યાયને પરમ તપ કહે છે. જે એ મહાન આભ્યંતર તપ પણ છે. તે પંચવિધ સ્વાધ્યાય કરવા આભ્યંતર તપના વિકાસ માટે બાહ્યતપ પણ યથાશક્તિ કરવો પડે.

એટલે ગીતાર્થ-સુગુરુ પાસે ભવ આલોચના–પ્રાયશ્ચિત્ત લઈને તે પાળીને દેવ-ગુરુ-ધર્મનો વિનય, સેવા, પંચવિધ સ્વાધ્યાય (વાંચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા) કરીને, પંચમહા-વ્રતધારી દેવ-ગુરુનું ધ્યાન ધરીને કાયોત્સર્ગ (કાયાના કષ્ટો સમભાવે કરીને) આત્માને સજાવવાનો છે તેમાટે યથાશક્તિ બાહ્યતપ કરવાજ પડે. અનશણ (ઉપવાસાદિક), ઉણોદરી (ભુખ કરતા ઓછું વાપરવું), વૃત્તિસંક્ષેપ, કાયકલેશ, રસત્યાગ અને સંલીનતાદિનું આચરણ કરવાનું છે. તો રિદ્ધિ-સિદ્ધિ, સમાધિ, સદ્ગતિ અને પરંપરાએ પરમગતિ પામવા આપણો આત્મા સક્ષમ બની શકશે.

આ સાર લખતા કહેવાનું મન થાય છે કે, ભાવિ યુગનિર્માણની જિમ્મેદારી ચતુર્વિધ સંઘના માથે છે, તે નિભાવવામાં માર્ગદર્શક યુગપુરુષની જરૂર છે. આપણા સહુમાં યુગુપુરુષના દર્શનની આતુરતા વ્યાપેલી હશે તો દરેકના હૈયામાં તેમનો વાસ થશે અને અજ્ઞાનરૂપી અંધકારના વાદળો દૂર થશે. જ્યાં ચારેકોર સમ્યગ્દર્શનના અજવાળા પથરાશે.

परमगुरु शरणं मम ।
सद्गुरु शरणं मम ।
तव आज्ञा शरणं मम ।
तव वचनं शरणं मम ।

પધારો યુગપુરુષ ભરતક્ષેત્રમાં
એજ ઝંખતા મુનિરાજ પૂર્ણચંદ્રવિ.
પૂ.આ.શ્રી જગત્ચંદ્રસૂરિજીમ.સા.ના
શિષ્યરત્ન પ્રેરણાતીર્થ-સેટેલાઈટ
અમદાવાદ

## ૨૧મી સદી જૈનોની

—નાની પાલખીવાળા

મારી અંગત માન્યતા છે કે આગામી **૨૧મી સદી** ઇતિહાસમાં જૈનોની સદી તરીકે ગણાશે. હું ધારું છું કે **જૈન ધર્મે અનેકાન્તવાદ**, અહિંસા અને અપરિગ્રહનાં જે સિદ્ધાંતો **વિશ્વ સમક્ષ મૂક્યા** છે તેના મહત્ત્વની સામાન્ય રીતે બધાને જાણકારી **નથી. અનેકાન્તવાદ** શીખવે છે કે કોઈ એકનો મત તમારાથી અલગ **હોય તો ને મત પણ** સાચો હોઈ શકે. આ એક એવો સિદ્ધાંત છે કે **જે સમજ, સંવાદિતા અને** સહકારની ભાવનાને પ્રતિષ્ઠિત કરે છે. **બૌદ્ધિક તારણ પર આવવા** માટેના બહુમુખી અને વ્યાપક મતને તે ગણનામાં લે છે. જૈન ધર્મે આપેલો આ એક મહાન સિદ્ધાંત છે. મને કોઈ વખત એવો પ્રશ્ન થાય છે કે જૈન ધર્મના આ મૂળભૂત સિદ્ધાંતનું આપણી શાળાઓ અનેમહાવિદ્યાલયોમાંશિક્ષણકેમઅપાતુંનથી?જોતેનેઅભ્યાસક્રમમાં સ્થાન આપવામાં આવે તો એક સુંદર અને સુખી નવા વિશ્વનું આપણે નિર્માણ કરી શકીએ. આજના વિશ્વનું ધ્યાન જે મહત્ત્વના વિષય તરફ કેન્દ્રિત થયું છે તે એ છે કે આપણે વિશ્વના ધાર્મિક દૃષ્ટિકોણનો ક્યાસ કાઢવો જોઈએ. ધાર્મિક દૃષ્ટિકોણનો એટલે સમગ્ર સૃષ્ટિને એક અખંડ અસ્તિત્વ તરીકે જોવું પણ આવો દૃષ્ટિકોણ તો ભગવાન મહાવીરે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે આપ્યો હતો. આજનું વિશ્વ જે શીખવી રહ્યું છે તે તો ૨૫૦૦ વર્ષ પૂર્વે જૈન ધર્મે આપેલો પ્રધાન સિદ્ધાંત છે. આશરે ૨૫૦૦ વર્ષોથી જૈનો આ સિદ્ધાંતથી સુપરિચિત છે, જેને બાકીની માનવજાતિ અત્યારે શીખી રહી છે. ઈ.સ. ૧૯૨૬ના ગાળામાં જનરલ બક્ષે વિશ્વના ધાર્મિક દૃષ્ટિકોણ વિશે એક પુસ્તક લખ્યું હતું. પણ જૈન ધર્મનું તો આ સારતત્ત્વ છે. આ સૃષ્ટિના તમામ જીવો, પછી તે જીવડાં હોય કે પ્રાણીઓ હોય કે મનુષ્યો હોય; સહુની સાથે સમાન ધોરણે અને સમાન આદર સાથે વ્યવહાર કરવો જોઈએ. જૈનો માટે અનેકાન્તવાદનો જે મહાન સિદ્ધાંત રહ્યો છે તેને જો અનુસરવામાં આવે તો વિશ્વની અનેક સમસ્યાઓનો ઉકેલ આવી શકે. અહિંસાનો સિદ્ધાંત જૈનધર્મનું મોટું યોગદાન છે. મને વિચાર આવે છે કે જૈનો કેવા સમૃદ્ધ ચિંતનના આસન પર બેઠા છે. આજના વિશ્વને જે શીખવવાની જરૂર છે તે તો તેઓ બાલ્યકાળથી જ શીખીને આવ્યા છે. [રજૂઆત : મોદીભાઈ (શ્રી આત્માનંદપ્રકાશ જુલાઈ ૨૦૦૭)]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મનમેં હી વૈરાગી : ભરતેશ્વર



રત્નમયમુદ્રા જો મારા નશ્વર શરીરની શોભામાં ખામી બતાડતી હોય તો અમર આત્માની કિંમત શી? આ અલંકાર જ ન જોઈએ. વીટીનો ત્યાગ કરતાં સમ્યક્ પ્રકારે વિચારતાં વિચારતાં ક્ષપકશ્રેણીમાં આરુઢ થઈ શુકલધ્યાન પામતાં સર્વઘાતીકર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન પામ્યા. રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# નિશ્ચલધર્મા : પરમાર્હતી : સુલસા શ્રાવિકા



**"સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેજો." ભગવાન મહાવીર**

અંબડ પરીવ્રાજકે શ્રાવિકાની સમકિતની પરીક્ષા કરી અંતે પ્રભુવીરનો સંદેશ સંભળાવી શ્રદ્ધાની અનુમોદના કરી, આ ભરતખંડમાં આવતી ચોવીસીએ નિર્મમ નામના પંદરમાં તીર્થંકર થઈ મોક્ષપદને પામશે સુલસા.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિહરમાન વંદુ જિન વીશ

પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)



દરરોજ સવારના રાઈઅ પ્રતિક્રમણ કરતા સકલતીર્થોની ભાવપૂર્વક તીર્થવંદના કરતા શ્રમણોપાસકો અને શ્રમણો સકલતીર્થ સૂત્ર દ્વારા બોલે છે, **"વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ."**

તે વંદના સાર્થક ત્યારે બને જ્યારે જંગમ તીર્થ એવા સાધુ–સાધ્વી ભગવંતોથી લઈ વર્તમાનમાં ચોરાશી લાખ પૂર્વના વિરાટ આયુને ધરાવતા, ભરત અને ઐરાવતક્ષેત્ર છોડી પાંચ મહાવિદેહના ૩૨–૩૨ વિજ્યોમાંથી ૮–૯–૨૪ અને ૨૫માં વિજયમાં વિચરતા સીમંધર, યુગમંધર, બાહુ, સુબાહુ વગેરે ૨૦ તીર્થપતિઓનો આછો–આછો પણ પરિચય મળે. પાંચ. મહાવિદેહ × ૪ વિજ્યો = ૨૦ ક્ષેત્રોમાં ઉપકારની હેલીઓ વરસાવી રહેલા તમામ ભગવાન ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના સત્તરમાં કુંથુનાથ પ્રભુના નિર્વાણ પછી અને અઢારમા અરનાથ ભગવાનના જન્મ પૂર્વે વૈશાખ વદ ૧૦ (મતાંતરે ચૈત્ર માસ)ના જન્મ પામ્યા છે. જેમનો દીક્ષા કલ્યાણકનો દિવસ છે ફાગણ સુદ ત્રીજ અને કેવળજ્ઞાનની તિથિ છે ચૈત્ર સુદ–૩ (મતાંતરે ૧૩). દીક્ષા અને કૈવલ્ય એ બેઉ કલ્યાણકો વીસમા મુનિસુવ્રતસ્વામી તથા ૨૧મા નમિનાથ ભગવાનના વચલા ગાળામાં થયા, જ્યારે વિરાટ આયુના અસંખ્ય વરસો વીતાવી સાવ નિરોગી કાયા સાથે નિર્વાણ કલ્યાણકને છેક આવતી ચોવીશીના સાતમા તીર્થપતિ ઉદયપ્રભુના નિર્વાણ પછી તથા આઠમા તીર્થંકર પેઢાલના જન્મ પૂર્વે સાધશે.

જોકે તે તમામ પરમાત્માઓ ઉત્કટ ભોગાવલી કર્મના કારણે ૮૩ લાખ પૂર્વ જેવો કાળ સંસારાવસ્થામાં જ વીતાવી ગયા છે. ફક્ત આયુષ્યના છેલ્લા એક લાખ પૂર્વના વર્તમાનકાળમાં મહાવિદેહની ચોથા આરા જેવી ભૂમિને પાવન કરતા અનેકોને મોક્ષ માર્ગ દેખાડી રહ્યા છે. આગમ અને પ્રકીર્ણક ગ્રંથોમાં તો એવા કથાનકો પણ જોવા મળે છે કે સીમંધર વગેરે ભગવાન પાસે મોડેથી દીક્ષા લેનાર અને અત્યારે તો તે જ ભગવાનની પહેલાં જ આયુપૂર્ણ કરી કેવળી બની મોક્ષે અનેક જીવો પહોંચી ગયા છે, જે ખરેખર વિરલ વાર્તાઓ કહી શકાય.

બધાય તીર્થંકરો કરતાં સીમંધરસ્વામીની વાર્તાઓ વધુ વિખ્યાત છે, કારણ કે જૈનશાસ્ત્રો પ્રમાણે બીજનો ચંદ્રમા જેમાં ચાર શાશ્વતી પ્રતિમાઓ છે, તે ત્રીજના દિવસે ગગનગમન કરતાં સીમંધરસ્વામીની પાસે પહોંચે છે. અને અંદાજિત માપશાસ્ત્ર પ્રમાણે ભરતક્ષેત્રથી ઈશાનદિશા તરફ ૧૯ ક્રોડ, ૩૧ લાખ અને ૫૦ હજાર કિલોમીટર જેવો દીર્ઘ પ્રવાસ કર્યા પછી આઠમી વિજયના જંબૂદ્વીપમાં મહાવિદેહમાં પરમાત્મા સીમંધર સ્વામીના દર્શન થઈ શકે, જે ભરતક્ષેત્રના માનવીઓ માટે લબ્ધિ વગર પહોંચવું અશક્ય ગણાય છે.

છતાંય આહારક કાયા બળે, દેવતાઈ સાનિધ્ય બળે, શાસનદેવીને મોકલીને કે મનોવર્ગણાના પુદ્‌ગલોના પ્રક્ષેપ દ્વારા તીર્થંકરોની સમવસરણ શોભા નીરખવા કે વિકટ પ્રશ્નો પૂછવા જવા–આવવાના પ્રસંગો નોંધાયા છે, જે હકીકતોમાંથી સવિશેષ નિકટતમ ઉપકારી સીમંધરસ્વામી સાથે સંકળાયેલા થોડા ઘણા પ્રસંગો આ લેખમાળામાં જ્ઞાનપીપાસુઓ માટે પીરસાયા છે, જે ખાસ વિહરમાન વીસેય તીર્થંકરો વિશેની શ્રદ્ધામાં જબ્બર ઉમેરો કરશે. તેમને સાક્ષી રાખી અત્રેથી જ ભાવારાધના કરવા પ્રેરશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિમ્નાંકિત પ્રસંગો આગમગ્રંથો, જ્ઞાતાધર્મકથા, પ્રકીર્ણક ગ્રંથો તથા ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના આધારે જાણવા, જેમાં કાલ્પનિક કથાઓને સ્થાન નથી અપાયું જેથી સંશોધકો વધુ શોધ કરી લોક સુધી વિહરમાન વીસ તીર્થંકરોની વાતોને વ્હેતી કરી શકે છે. પ્રસ્તુતિ પામી રહેલ પ્રસંગો ઉપરાંત પણ અનેક ઘટનાઓ ઉલ્લેખમાં લઈ શકાય, છતાંય ફક્ત એક પરિચયરૂપે નિમ્નલિખિત ઐતિહાસિક ઘટનાઓ નોંધમાં લઈ સૌ આ લેખ દ્વારા ખાસ તો સીમંધરસ્વામીને ભાવવંદના પહોંચાડે, તેવી શુભકામના —સંપાદક

(૧) શાસનપ્રભાવક વસ્તુપાળના નિધનથી જૈનાચાર્ય વર્ધમાનસૂરિજી વિષાદ પામી ગયા. જ્યારે તેઓ ઉગ્ર સંયમ અને તપ પ્રભાવે દેવગતિ પામ્યા, ત્યારે અવધિજ્ઞાનથી પૂર્વભવના પરિચિત વસ્તુપાળ–તેજપાળ વિશે સીધા જ પ્રશ્નો સીમંધરસ્વામિને કર્યા ને જવાબ હતો વસ્તુપાળ તો માનવભવ પૂરો કરી સીધા જ મહાવિદેહની પુંડરીકિણીમાં કુરૂચંદ્ર રાજા થયા છે. સંયમ લેશે દેવભવને પામી ફરી નવા જન્મમાં મોક્ષે જશે, જ્યારે તેજપાળની મુક્તિ ચોથા ભવમાં છે. અનુપમા દેવી તો ભાવધર્મના પ્રભાવે આઠમા વરસે જ દીક્ષિત થઈ નવમા વરસે કેવળી બનેલ છે, અને આ તે સાધ્વીભગવંતનો ચરમભવ છે.

(૨) કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ શાસનદેવી મારફત પોતાના તથા ભક્ત કુમારપાળ રાજાના કેટલા ભવ બાકી જાણી લીધું છે, જેથી રાજા કુમારપાળ આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર પદ્મનાભના અગિયારમાં ગણધર બની નિકટના ભાવિમાં ભરતક્ષેત્રથી જ મોક્ષે સીધાવશે, જેના કારણમાં તેમનામાં રહેલ ઉત્કટ જીવદયાપ્રેમ હતો. સ્વયં આચાર્ય ભગવંતના ભવ કુમારપાળ રાજાથી વધારે છે, પણ મોક્ષ નિશ્ચિત હોવાથી ભવ્યાત્મા તરીકે દેવલોકે બીરાજમાન છે.

(૩) આર્યરક્ષિતસૂરિજી તથા શ્યામાચાર્ય બેઉ આચાર્ય ભગવંતો માટે સીમંધરસ્વામી પ્રભુએ સૌધર્મેન્દ્રને જણાવેલ હતું કે તેઓ નિગોદગતિનું જે વર્ણન કરી શકે છે, તે કેવળી જેવું છે, તે હકીકત પ્રભુ પાસેથી જાણી ઇન્દ્ર ભરતક્ષેત્રે આવી આચાર્યોની સાથે મુલાકાત કરી પરીક્ષા લઈ પોતાના આગમનરૂપે ઉપાશ્રયનો દરવાજો જ બદલાવી નાખી દેવલોકે પાછા વળ્યા છે તેવી ઘટના કથાનુયોગમાં જોવા મળે છે.

(૪) વીર સંવંત ૫૮૪માં સાતમો નિહ્નવ ગોષ્ઠામાહિલ થયો જેને ખ્યાલ હતો કે આઠમા કર્મપ્રવાદ પૂર્વ પ્રમાણે કર્મ જીવાત્મા સાથે ક્ષીરનીર અને લોહાગ્નિ જેમ હળીમળી જાય છે, છતાંય કર્મને સાંપની કાંચળી કે બાળકની કાનટોપીની જેમ ચોટેલું જણાવ્યું. યાવજ્જીવના પચ્ચક્ખાણમાં દોષો બતાવી મનાઈ કરી.

તેણે ચલાવેલા નવા અબદ્ધિક મતના વિરોધમાં સંઘે આ. દુર્બળિકાપુષ્યમિત્રના સૂચનથી અઠ્ઠમનો તપ કરી શાસનદેવી મારફત જવાબ મંગાવ્યો, જેથી સીમંધરસ્વામીના મળેલ જવાબ પ્રમાણે ગોષ્ઠામાહિલને ભૂલ સુધારવાનું કહેવા છતાંય તેણે પોતાનો હઠાગ્રહ ન છોડ્યો અને દેવીને જૂઠી બતાવી જેથી ગોષ્ઠામાહિલને સંઘે અમાન્ય જાહેર કર્યો છે.

(૫) આ. હરિભદ્રસૂરિજીના પરમમિત્ર મહાત્મા આ. માનદેવસૂરિજી જ્યારે બિમારી વગેરે ચાર કારણોથી મળેલ બે સૂરિમંત્રોના પાઠને વિસરી ગયા હતા, ત્યારે વ્યથાપૂર્વક ગિરનારતીર્થે જઈ ૧૬ ઉપવાસ કરતાં પ્રભુ નેમિનાથની અધિષ્ઠાયિકા અંબિકા દેવીએ ખુશખુશ થઈ બેઉ સૂરિમંત્રોના પાઠ સીમંધરપ્રભુ પાસેથી લાવીને આ. માનદેવસૂરિજીને આપ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. તે પછી તેજ સૂરિમંત્રને લોકો અંબિકામંત્ર પણ કહેતા હતા અને આ. માનદેવસૂરિજી ઉપર પદ્માવતી દેવી પણ તુષ્ટ થયેલ હતી.

(૬) આ. સ્થુલિભદ્રના સમયકાળમાં તેમના ભ્રાતામુનિ શ્રીયક જ્યારે ભગિનીસાધ્વીના પરાણે કરાવેલ ઉપવાસથી કાળધર્મ પામી દેવલોકે ચાલ્યા ગયા, ત્યારે યક્ષા સાધ્વી ખૂબ ખેદ પામી પોતાને દોષિત કહેવા લાગ્યા. જેમની સાંત્વના માટે શ્રીસંઘે કાઉસ્સગ્ગ કર્યો ને શાસનદેવીને હાજર કરી સાધ્વી યક્ષાને સીધા જ સીમંધરસ્વામી સાથે વાર્તાલાપ કરાવી આપ્યો. પ્રભુ સીમંધરે સાધ્વીજીને નિર્દોષ જાહેર કર્યા, બલ્કે તેમની મહાવિદેહની યાત્રાના સ્મરણમાં ચાર અધ્યયનો પ્રદાન કર્યા જેના નામ છે (૧) ભાવના, (૨) વિમુક્તિ, (૩) રતિકલ્પ અને (૪) વિવિક્તચર્યા. શ્રીસંઘે તે અધ્યયનો સાક્ષાત્ સાધ્વી યક્ષા પાસેથી શ્રવણ કરી બે અધ્યયનો આચારાંગસૂત્રની ચૂલિકારૂપે અને બીજા બે અધ્યયનો દશવૈકાલિકસૂત્રની ચૂલિકારૂપે ગોઠવી સાચવી લીધા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) ઈંદ્ર મહારાજાએ પ્રભુ સીમંધરસ્વામીને પૂછેલ શ્રેષ્ઠ તીર્થના જવાબમાં ભગવાને ભરતક્ષેત્રના શત્રુંજયને શાશ્વત તીર્થ તરીકે વર્ણવિત કરેલ અને જેના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિને પામ્યા, ક્રોડોની સંખ્યામાં પૂનમની તિથિઓ કે ફાગણસુદ તેરસના મુનિરાજો મોક્ષે ગયાનું જાણી આજે પણ બધાય પર્વો ઉજવાય છે, સવારના રાઈય પ્રતિક્રમણ પછી પણ શત્રુંજયના ચૈત્યવંદન કે ચોમાસી ચૌદસના દેવવંદન કરાય છે. શત્રુંજયની ભાવયાત્રા, નવાણું યાત્રા કે ચાતુર્માસયાપન તે સીમંધરસ્વામીના વચનપ્રભાવે ગણાય છે.

(૮) સીમંધર સ્વામીએ જેવું નરકનું સ્વરૂપ જણાવેલ તેવું જ સ્વરૂપ સૌધર્મેન્દ્રે કાલિકાચાર્યજીના શ્રીમુખે સાંભળ્યું અને કહ્યું કે પોતે સીમંધરપ્રભુના સમવસરણમાં ગયેલ હતા.

(૯) પૂર્વભવનો મિત્ર દેવતા કામગજેન્દ્ર યુવરાજને રાતોરાત દેવતાઈ શક્તિથી સીમંધરસ્વામીના દર્શનાર્થે લઈ ગયો, જ્યાં વિરાટકાય નરનારીઓ હતા, તે વચ્ચે કામગજેન્દ્ર તો ઠીંગુજી જેવો જણાતો હતો. છતાંય તેણે હિમ્મત રાખી પરમાત્માને પ્રશ્નો કર્યા જેના સચોટ જવાબ મેળવી જ્યારે કામગજેન્દ્ર પાછો મૂળ સ્થાને આવ્યો, સવારે ઉઠીને ભરતક્ષેત્રના પ્રભુ મહાવીરને રાતની ઘટના સત્ય છે કે ભ્રમ તે પૂછતાં વીરભગવંતે સીમંધરસ્વામીના દર્શન તથા મહાવિદેહની યાત્રા સત્ય જણાવી, તેથી એક જ ભવમાં બે તીર્થંકરોના દર્શન કામગજેન્દ્રને થયા છે.

(૧૦) વાસુદેવકૃષ્ણની પત્ની રૂક્ષમણીના નવજાત સંતાનને કોઈ દેવતા હરી ગયો ત્યારે તેની ખબર મેળવવા નારદઋષિ સ્વયં સીમંધરસ્વામી પાસે પુંડરિકીણી નગરીએ ગયા અને જવાબ પરમાત્મા પાસેથી મેળવી લઈ કાલસંવર વિદ્યાધરને મળી બાળપુત્ર પ્રદ્યુમ્નને દેખી તેજ ઘટના પાછા દ્વારિકા આવી રૂકમણિને સંભળાવી કે તમારા પુત્રને ધૂમકેતુ નામનો વૈરી દેવ ઉપાડી ગયો છે પણ સોળ વરસ પછી તેજ રાજકુમાર તમને પાછો મળી જશે, કારણ કે પૂર્વભવમાં અજ્ઞાનદશાથી તમે કૌતુકથી કંકુવર્ણા હાથે મોરલીના ઈંડા હાથમાં લીધા, જેથી તે લાલ વર્ણા થયા, મોરલીએ સોળપ્રહર સુધી તે ઈંડા સેવ્યા નહીં, વરસાદથી રંગ ધોવાયો પછી સેવ્યા. ૧૬ પ્રહરના ૧૬ વરસ પુત્રનો વિયોગ થયો (આધાર સજ્જાય) તે કર્મ ઉદયમાં હોવાથી કષ્ટ આવેલું છે.

(૧૧) જ્યારે સીમંધર પરમાત્માએ દીક્ષા લીધી ત્યારે તે કલ્યાણકના દર્શન નારદે સ્વયં કર્યા તથા છેક મહાવિદેહથી પુણ્યશાળી રાજા દશરથને મળવા આવી તે મહાભિનિષ્ક્રમણ પ્રસંગની વ્યાખ્યા કરી તે પછી તેજ રાજા દશરથ તથા રાજા જનકને રાવણ દ્વારા મોકલાવાયેલ વિભીષણના ઉપદ્રવની આગાહી કરી ચેતવ્યા જેથી બેઉની પ્રાણ રક્ષા થઈ. પાછળથી રામ-સીતાના જન્મ થયા છે.

આવી અનેક ઘટનાઓ વિહરમાન સીમંધરપ્રભુની સાક્ષી સ્વરૂપ છે. હાલમાં પણ મુંબઈ મુલુંડ નિવાસી સ્વ. માવજીભાઈ (કચ્છી) રાત્રિના આવેલ દેવીસંકેત મુજબે ૯૨ ઉપવાસ કરી મહાવિદેહ ક્ષેત્રની લેશ્યામાં જ દિવંગત થયાની હકીકતો જાણવા મળે છે. ભરતક્ષેત્રથી સીમંધરસ્વામીનું ક્ષેત્ર નિકટતમ હોવાથી તે જ પ્રભુ વિશે વધુ માહિતીઓ જેમ અત્રે બોલાય છે, તેમ અન્ય ક્ષેત્રથી અન્ય વિહરમાન તીર્થંકરોની ઘટનાઓ કહેવાતી હોય તો આશ્ચર્ય નથી. કારણ કે ઉપરોક્ત ઘટનાઓ કોરી કલ્પનાઓ નહીં પણ સાક્ષીભૂત પ્રસંગો છે, જે માટેનો ઈતિહાસ હજી સુધી સચવાયેલો છે.

તે વીશેય તીર્થંકરોના નામ, ઉપકારી માતા-પિતા ઉપરાંત ધર્મપત્નીઓના નામ વગેરે જે-જે ઉપલબ્ધ છે તે અલગથી પ્રસ્તુત કર્યા છે. બાકીની સંક્ષેપિત માહિતીઓ નિમ્નાંકિત જાણવા જેવી છે. જેમ કે,

તમામ તીર્થંકરોની કાયા ૫૦૦ ધનુષ્ય ઊંચી, જન્મનક્ષત્ર ઉત્તરાષાઢા, જન્મરાશિ ધન, કાયાનો વર્ણ સુવર્ણ તેમનો પરિવાર પૂરા ૧૦૦-૧૦૦ કરોડ સાધુ તથા સાધ્વીજીનો અને તેમાંય કેવળીઓની સંખ્યા દસ લાખ છે. વ્રતધારી શ્રાવક અને શ્રાવિકાઓ ૯૦૦-૯૦૦ ક્રોડ છે. ઉત્કટ ભોગાવલિ કર્મના કારણે બધાય તીર્થંકરો લગ્નજીવન નિર્લેપભાવે જીવે છે, પણ જીવનાંતે એક લાખ પૂર્વનું આયુષ્ય સંયમજીવન સાથે વીતાવે છે. દીક્ષા પછીની છદ્મસ્થાવસ્થા ફક્ત હજાર વરસની અને બાકીના બધાય વરસો પરમાત્મા આદિનાથજીની જેમ ચારિત્ર જીવનમાં વીતાવે છે, કેવળજ્ઞાન થઈ ગયેલ હોવાથી અનેકાત્માઓ ઉપર ઉપકાર વરસાવી શકે છે.

આજ ભરતક્ષેત્રમાં જ્યારે ચોથો આરો વર્તતો હતો ત્યારે અત્રેના બીજા તીર્થપતિ અજિતનાથ પ્રભુના સમયકાળમાં વિહરમાન તીર્થંકરોની સંખ્યા પાંચેય મહાવિદેહના ૩૨ વિજયોમાં ૧-૧ તીર્થંકર હોવાથી ૩૨ × ૫ = ૧૬૦ + ૫ ભરતક્ષેત્રના + ૫ ઐરાવતક્ષેત્રના ૧-૧ તીર્થંકર મળી ૧૭૦ હતી. જેમાંથી ૩૬ ભગવાનનો વર્ણ પીળો + ૫૦ શ્વેત + ૩૦ લાલ + ૩૮ નીલા કે ૧૬ કાળા વર્ણવાળા ભગવાન હતા. બધાયનો પરિવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સમયે ૯ હજાર ક્રોડ (૯૦ અબજ) સાધુઓનો અને તેમાંજ ૯ ક્રોડ કેવળજ્ઞાનીઓનો હતો. તે બધાંય તીર્થંકરોના નામ આજે પણ અસંખ્ય વરસો પછી પણ ઉપલબ્ધ છે. ઉપરાંત મૌન એકાદશીના જાપમાં ૧૫૦ કલ્યાણકોની વાતમાં ફક્ત ભરત અને ઐરાવતક્ષેત્રના ભૂત અને ભાવિ સાથે વર્તમાન કાળના તીર્થંકરોના નામ આવે છે, તે જણાવે છે કે મહાવિદેહ ક્ષેત્રની જેમ સતત તીર્થંકરની હાજરી ન હોવા છતાંય પ્રસંગે-પ્રસંગે કાળ પ્રભાવે ચોવીશ-ચોવીશ તીર્થંકરો અવતાર લે છે, અને જગત્કલ્યાણ કરે છે.

બાકી મહાવિદેહમાં હરહંમેશ ક્ષેત્રપ્રભાવે મોક્ષમાર્ગ ચાલુ જ રહેવાથી ચોથા આરા જેવો ભાવપ્રભાવ વર્તે છે. પણ ત્યાં ચોવીશી નથી હોતી, ઉત્કૃષ્ટા ૧૭૦ તીર્થંકરોના નામ આ લેખમાળા સાથે નથી આપ્યા, કારણ કે ફક્ત વીસ વિહરમાન તીર્થંકરની જ આછી વિગતો અપાઈ છે.

ભરતક્ષેત્રની મહાવિદેહની પાર્થિવ સફરમાં સાત મહાપર્વતો + ૭ ક્ષેત્રો + ત્રણ મહાનદીઓ ઓળંગવી પડે છે. કલ્પાતીત દેવો તો દેવવિમાનમાં બેઠા-બેઠા જ ભગવાનને પ્રશ્નો પૂછી સમાધાન મેળવી લે છે, જેમાં પોતાની મનશક્તિનો ઉપયોગ કરે છે. હાલમાં પણ વીસેય તીર્થંકર મનોવર્ગણાના પુદ્ગલોથી નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તરવાસી અહમિન્દ્ર દેવોને પ્રશ્નોના સમાધાન આપી ઉપકાર કરે છે.

ભસ્મગ્રહની આસુરી અસર ઉતર્યા પછી ભરતક્ષેત્રમાં સીમંધરસ્વામીની ભાવભક્તિ ભાવપૂજા તથા પ્રતિમા પૂજનો વધ્યા છે. લોકોની ધર્મશ્રદ્ધા દ્રઢ બની છે, જે કાળપ્રભાવને આભારી છે. અનેક સ્તવનો, સ્તુતિઓ, ચૈત્યવંદનોની રચના પ્રભુના નામે થવા પામી છે. તેવા સીમંધર સ્વામી જંબુદ્વીપના ૩૨ વિજયોમાંથી મહાવિદેહ ક્ષેત્રના આઠમા વિજયના વિહરમાન ભગવાન છે, અત્રેના જીવો માટે પણ કરૂણાભાવ સંપન્ન તથા મહાઉપકારી છે.

તેવા તમામ તીર્થંકરોને ભાવભરી વંદના કરી વિષય અને કષાયનો હ્રાસ, તેમની નિકટમાં જન્મ, નાની ઉમ્રે ચારિત્રપ્રાપ્તિ અને તેજ ક્ષેત્રથી કેવળજ્ઞાન મેળવી મોક્ષે જવાના મનોરથો સેવનારા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા આજેય પણ છે.

ભરતક્ષેત્રના આસન્નોપકારી ભગવાન મહાવીરદેવ પોતાના પ્રથમ નયસારના ભવમાં સમકિત જે પામ્યા તે પશ્ચિમ મહાવિદેહમાં તેમ ત્રેસઠ ઉત્તમ પુરુષોના જીવનકવન તપાસતા જોવા મળશે કે કોઈક ભવ ભરતક્ષેત્રમાં થયો તો કોઈક ઐરાવતમાં, કયારેક મહાવિદેહમાં પણ જન્મ પામ્યા. આમ ચારેય ગતિના ચોરાશી લાખના ભવફેરામાં જીવાત્માએ બધાય ક્ષેત્રોની સ્પર્શના કરી છે, ફક્ત તીર્થંકરોના સાંનિધ્ય સાથે શાસનપ્રાપ્તિ અને સમકિતની પ્રાપ્તિ અતિ દુર્લભ ગણાય છે.

વિહરમાન વીસ તીર્થંકરોની ભક્તિ પણ ચારેય નિક્ષેપે- નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી કરી આપણે પણ લઘુકર્મી બનીએ એવી શુભભાવના.

નોંધ :—વિહરમાન વીસ તીર્થંકરોની નામાવલિ અલગથી પ્રસ્તુત છે. વધુ વિગતો સંશોધનનો વિષય છે, જે માટે પ્રયત્ન કરનાર અભિનંદનને પાત્ર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ❀ મહાવિદેહ ક્ષેત્રના વીશ વિહરમાન ❀

| નં. | વીશવિહરમાન ૧ | પિતાનું નામ ૨ | માતાનું નામ ૩ | પત્નીનું નામ ૪ | લાંછન ૫ | વિજય ૬ | નગરી ૭ | ક્ષેત્ર ૮ | મેરૂ ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સીમંધર | શ્રેયાંસ | સત્યકી | રૂક્ષ્મણી | વૃષભ | ૮ પુષ્કલાવતી | પુંડરિકિણી | જંબુદ્વીપ (પૂર્વ મહાવિદેહ) | સુદર્શન |
| ૨ | યુગમંધર | સુસઢ | સુતારા | પ્રિયંગમા | બકરો | ૨૫ વપ્રા | વિજયા | જંબુદ્વીપ (પશ્ચિમ મહાવિદેહ) | સુદર્શન |
| ૩ | બાહુ | સુગ્રીવ | વિજયા | મોહના | મૃગ | ૯ વચ્છ | સૂસીમા | જંબુદ્વીપ (પૂર્વ મહાવિદેહ) | સુદર્શન |
| ૪ | સુબાહુ | નિષેધ | ભૂનંદા | કિંપુરીયા | વાંદરો | ૨૪ સલિલાવતી | વિતશોકા | જંબુદ્વીપ (પશ્ચિમ મહાવિદેહ) | સુદર્શન |
| ૫ | સુજાત | દેવસેન | દેવસેના | જયસેના | સૂર્ય | ૮ પુષ્કલાવતી | પુંડરિકિણી | ધાતકી ખંડ પૂર્વાર્ધ (પૂર્વ મહા) | વિજય |
| ૬ | સ્વયંપ્રભ | ચિત્રભુવન | સુમંગલા | વીરસેના | ચંદ્ર | ૨૫ વપ્રા | વિજયા | ધાતકી ખંડ પુર્વાર્ધ (પશ્ચિમ મહા) | વિજય |
| ૭ | ઋષભાનન | કીર્તિરાજા | વીરસેના | જયવંતી | સિંહ | ૯ વચ્છ | સુસીમા | ધાતકી ખંડ પૂર્વાર્ધ (પૂર્વ મહા) | વિજય |
| ૮ | અનંતવીર્ય | મેઘરાજા | મંગલા | વિજયવર્તકી | બકરો | ૨૪ સલિલાવતી | વિતશોકા | ધાતકી ખંડ પૂર્વાર્ધ (પશ્ચિમ મહા) | વિજય |
| ૯ | સુરપ્રભ | નાગરાજા | ભદ્રા | નિર્મળા | સૂર્ય | ૮ પુષ્કલાવતી | પુંડરિકિણી | પશ્ચિમ ધાતકી ખંડ (પૂર્વ મહા) | અચલમેરૂ |
| ૧૦ | વિશાળપ્રભ | વિજય | વિજયા | નંદસેના | ચંદ્ર | ૨૫ વપ્રા | વિજયા | પશ્ચિમ ધાતકી ખંડ (પશ્ચિમ મહા) | અચલમેરૂ |
| ૧૧ | વજ્રધર સ્વામી | પદ્મસ્થ | સરસ્વતી | વિજયા | વૃષભ | ૯ વચ્છ | સુસીમા | પશ્ચિમ ધાતકી ખંડ (પૂર્વ મહા) | અચલમેરૂ |
| ૧૨ | ચંદ્રાનન | વાલ્મિક | પદ્માવતી | લીલાવતી | વૃષભ | ૨૪ સલિલાવતી | વિતશોકા | પશ્ચિમ ધાતકી ખંડ (પશ્ચિમ મહા) | અચલમેરૂ |
| ૧૩ | ચંદ્રબાહુ | દેવકર | યશોજ્જવલ રેણુકા | સુંધરા | પદ્મકમલ | ૮ પુષ્કલાવતી | પુંડરિકિણી | પૂર્વ પુષ્કરાર્ધ (પૂર્વ મહા) | મંદર |
| ૧૪ | ભૂજંગદેવ | કુલસેન | યશોજ્જવલા | ભદ્રાવતી | ચંદ્ર | ૨૫ વપ્રા | વિજયા | પૂર્વ પુષ્કરાર્ધ (પશ્ચિમ મહા) | મંદર |
| ૧૫ | ઈશ્વર | મહાબલ | મહિમાવતી | ગર્વસેના | પદ્મકમલ | ૯ વચ્છ | સુસીમા | પૂર્વ પુષ્કરાર્ધ (પૂર્વ મહા) | મંદર |
| ૧૬ | નેમપ્રભ | વીરસેન | સેનાદેવ | મોહનાદેવી | સૂર્ય | ૨૪ સલિલાવતી | વિતશોકા | પૂર્વ પુષ્કરાર્ધ (પશ્ચિમ મહા) | મંદર |
| ૧૭ | વીરસેન | ભૂમિપાલ | ભાનુમતી | રાજસેના | વૃષભ | ૮ પુષ્કલાવતી | પુંડરિકિણી | પશ્ચિમ પુષ્કરાર્ધ (પૂર્વ મહા) | વિદ્યુત્માલી |
| ૧૮ | મહાભદ્ર | દેવસેન | ઉમાદેવી | સૂર્યકાંતા | હાથી | ૨૫ વપ્રા | વિજયા | પશ્ચિમ પુષ્કરાર્ધ (પશ્ચિમ મહા) | વિદ્યુત્માલી |
| ૧૯ | દેવસેન | સર્વાનુભૂતિ | ગંગાદેવી | પદ્માવતી | ચંદ્ર | ૯ વચ્છ | સુસીમા | પશ્ચિમ પુષ્કરાર્ધ (પૂર્વ મહા) | વિદ્યુત્માલી |
| ૨૦ | અજિતવીર્ય | રાજપાલ | કનની | રત્નમાલા | સ્વસ્તિક | ૨૪ સલિલાવતી | વિતશોકા | પશ્ચિમ પુષ્કરાર્ધ (પશ્ચિમ મહા) | વિદ્યુત્માલી |

Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

# અઈમુત્તા મુનિ અણગાર




''મા! જે તું નથી જાણતી તે હું જાણું છું'' એમ કહી અઈમુત્તા ગુરુ ગૌતમસ્વામી સાથે નીકળી ગયાં. એક દિવસ બાળસ્વભાવે પાત્રને પાણીમાં તરતું મૂકી આનંદ પામ્યા. પણ ગીતાર્થ ગુરુના ''પાપ લાગ્યું'' : વચન સાંભળી તીવ્ર પ્રાયશ્ચિત્ત કરતાં શુભ ધારાએ ચડતાં કેવળી બની ગયા અઈમુત્તા મુનિરાજ.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# અભયકુમાર



અભયકુમારે રાજા શ્રેણિકના ઢંઢેરાના વચન અનુસાર ઔપત્યાતિકી બુદ્ધિ દ્વારા મંત્રી મુદ્રા પ્રાપ્ત કરી અને એજ રાજાના ક્રોધાવેશથી બોલાયેલા કટુ વચન સાંભળી સંયમ લઈ આત્મકલ્યાણ કર્યું. જૈનશાસનની કીર્તિગાથામાં તેમનું મોટું પ્રદાન છે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉદ્ઘાટન..... મુક્તિદ્વારનું

## [ અર્હન્તોએ કોના માટે મુક્તિદ્વાર ખોલ્યાં? ]

*પ્રવર્તક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.*



ભૌતિક જગતને પ્રકાશનાર સૂર્ય હશે પણ સ્વજ્ઞાનબળે ત્રણેય લોકમાં ઉદ્યોત કરનાર અરિહંત પ્રભુ છે. તીર્થંકર જેમનું બીજું પર્યાયવાચી નામ છે તેવા અર્હંતોએ કોને કોને માટે મુક્તિદ્વાર ખોલી આપ્યાંના બદલે પ્રશ્ન એવો ઉદ્ભવે કે પરમાત્માની કૃપા થયે કોણ શિવસુખના સ્વામી ન બની શકે?

અરિહંતપ્રભુ થકી જ ચંડકૌશિક જેવાં તિર્યંચો પ્રગતિ પામી દેવલોકે જાય કે હરિણૈગમિષી જેવા દેવો પણ વિરક્તિ પામી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ બને અથવા ગૌતમાદિ ગણધરો મુક્તિપુરીને સાધી જાય તેમાં આશ્ચર્ય નથી, પણ નારકીના ભવમાં પણ જિનશાસનથી ભાવિત જીવો દુઃખો વેઠી નિર્ણય કરી શકતા હો તો તેને અરિહંત પરમાત્માએ પ્રરૂપેલ સદ્ધર્મનો જ પ્રભાવ ગણાય. સામાન્ય કેવળી પણ મોક્ષે સિધાવે પણ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી, કરોડો દેવોની સેવા છતાંય અરિહંત અર્હંતોનાં પાંચેય કલ્યાણકોની આરાધના પણ કલ્યાણકારી રૂપે પરિણમે તેવા કરુણાનિધાન તીર્થપતિની પરમભક્તિનો પાયો કહેવાય છે. કવિએ કદાચ તેટલા માટે જ ગાયું લાગે છે કે "જિનની ભક્તિ કરતાં કરતાં જિન બની જશો."

આ લેખમાળા રજૂ કરનાર શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના સમુદાયના સાહિત્યોપાસક પૂ. પ્રવર્તક મુનિશ્રી હરીશભદ્રવિજયજી મહારાજ દ્વારા સંકલિત આ લેખશ્રેણીને શ્રદ્ધા-ભક્તિથી વાંચશુ તો આપણી ધર્મસાધનામાં જરૂર પ્રગતિ થશે જ. પરીક્ષાઓ, પાઠશાળાઓ, શિક્ષક-શિક્ષિકાઓનાં અધ્યયન, ઓપનબૂક, પરીક્ષા, બુદ્ધિચતુરાઈ વગેરે માધ્યમ દ્વારા જૈનદર્શનનું સરળ જ્ઞાન આપવાની તેઓની પ્રબળ ભાવના ખરેખર પ્રશંસાપાત્ર છે.

પૂજ્યશ્રીની જન્મભૂમિ મુરબાડ, પિતા શ્રી અમૃતલાલભાઈ, માતા રૂક્ષ્મણીબહેન, બાર વર્ષની કુમળી વયે સં. ૨૦૦૫માં મહા વદ-૫-મુરબાડ મુકામે સંયમનો સ્વીકાર કર્યો. તેમના સાહિત્યરસથાળમાં ઘણાં જ સચિત્ર પ્રકાશનો તેમજ તત્ત્વબોધ પરીક્ષાનાં પુસ્તકો જગપ્રસિદ્ધ બન્યાં છે. પોતાના સંસારી પરિવારમાં 'ધર્મ' ભાવના વધે તે માટે પાલિતાણા તીર્થમાં ચાતુર્માસ અને કુંભોજગિરિમાં ૯૯ યાત્રા પણ કરાવી હતી.

ઉદાત્ત ધ્યેયથી ઘણા જ્ઞાનની સાધના કરે છે. તેઓમાં એક આ લેખમાળાના લેખક પ્રવર્તક સાહિત્યોપાસક પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મહારાજ, તેઓશ્રીના ગુરુ સાહિત્યભૂષણ પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજશ્રીએ બાળસાહિત્યની ધૂમ મચાવી હતી. શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના નામની સંસ્થા ૧૯-૫-૧૯૪૮માં સ્થાપી તેના દ્વારા પાઠશાળાઓમાં અર્થજ્ઞાનનો પ્રચાર કર્યો હતો.

પૂ. મુનિશ્રીએ ગુરુની સાથે રહી બાળસાહિત્ય પ્રકાશન પ્રચારનો યજ્ઞ માંડ્યો. ૬૦ વર્ષના સંયમીજીવનમાં અર્થનાં સચિત્ર, સુંદર, બાળબોધ પ્રકાશનો પ્રગટ કર્યાં, તેમાં 'કરોળિયાની જાળ', 'મારો સોહામણો ધર્મ',

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'શ્રુતસાગરનાં રહસ્યો ભા. ૧-૨' વગેરે પુસ્તકો સમાજમાં સારી જાગૃતિ લાવ્યાં છે. પુસ્તકોને સચિત્ર બનાવી તેઓએ સારી જ્ઞાનચાહના મેળવી છે. પૂ. મુનિશ્રી પોતાનાં માતુશ્રી (સાધ્વી શ્રી ચંદ્રયશાશ્રીજી) સાથે સં. ૨૦૦૫માં સંયમી થયા છે. તેઓશ્રીના નજીક-દૂરના સંસારી ૫-૬ સંબંધી પણ સંયમધર્મની ઉત્તમ આરાધના કરી ધન્ય બન્યા છે. પૂજ્ય મુનિશ્રી હરીશભદ્રવિજયજી મ.ની સંયમયાત્રામાં સાત્ત્વિકતા જ રેલાય સાવ નિર્મળ, નર્યું પારદર્શક જીવન જીવી બતાવ્યું છે અને જીવતર જીવવાની જડીબુટ્ટી પણ આપણને બતાવી છે.

પૂજ્યશ્રીએ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં શ્રીસંઘને આગળ વધવા પ્રેરણા આપી હતી. તેઓના ઉપદેશથી પ્રભાવક શ્રી વાસુપૂજ્ય ભ.નું દેરાસર તથા મહાપ્રભાવક શ્રી માણિભદ્ર યક્ષરાજનું દેરાસર કાંદિવલી (આનંદનગર), પોતાના પૂ. ગુરુદેવની સ્મૃતિમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દેરાસર કુકરેજા-ભાંડુપ સુપ્રસિદ્ધિને પામ્યાં છે. પાઠશાળાના વિકાસ, અભ્યાસીઓને ઉત્તેજન, સારાં પુસ્તકોના પ્રકાશન માટે ત્રણ ટ્રસ્ટોએ તેઓની ભાવનાને વેગ આપ્યો છે. હજી બીજાં ટ્રસ્ટો આગળ આવે અને શ્રુતગંગાને ગામડેગામડે, ઘેર ઘેર પહોંચાડે એ જ અભ્યર્થના.

—*સંપાદક*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ઉત્સર્પિણી કાળનો પહેલો 'દુઃષમ દુઃષમ' નામનો કાળ લગભગ પૂરો થવાની તૈયારી હતી ત્યારે આકાશ વાદળોથી ઘેરાયું હતું. વાતાવરણ ડહોળાઈ ગયું હતું. પુષ્કરા નામના મેઘ પડવાથી ધરતીની ઉષ્ણતા દૂર થવા લાગી હતી. બીજો ક્ષીર નામનો મેઘ સાત દિવસ પડવાથી સઘળી દુર્ગંધ દૂર થઈ હતી. (થવા લાગી હતી). ત્યારપછી ૭ દિવસ વરસાદ બંધ હોવાથી પૃથ્વીમાં રહેલી ઊણપો દૂર થાય. ત્રીજા ઘૃત નામના વરસાદના કારણે પૃથ્વીમાં સ્નિગ્ધતા પ્રગટે. ચોથા અમૃત નામના ૭ દિવસના વરસાદના ફળ સ્વરૂપ ૨૪ પ્રકારનાં ધાન્ય-વનસ્પતિના અંકુરા પ્રગટે. ત્યારબાદ બીજી વખત સાત દિવસ વરસાદ બંધ હોય અને છેલ્લો પાંચમો રસ નામના ૭ દિવસ સુધીના વરસાદના કારણે વનસ્પતિમાં પાંચે રસની ઉત્પત્તિ થાય.

ટૂંકમાં, પાંચ મેઘના (૫ × ૭ = ૩૫) અને બે વરસાદ વગરના ૭ + ૭ = ૧૪ દિવસ ભેગા કરતાં ૩૫ + ૧૪ = ૪૯ દિવસના કારણે પહેલા આરાના ભાવ (સ્વભાવ)ને સદંતર બદલી નાખ્યા.

અવસર્પિણીના છેલ્લા અને ઉત્સર્પિણીના પહેલા (૧ + ૧ = ૨) આરાનાં ૨૧૦૦૦ + ૨૧૦૦૦ = ૪૨૦૦૦ વર્ષમાં જે અશુદ્ધ, અશોભનીય, અસહ્ય, અનુચિત વાતાવરણનું નિર્માણ થયેલ, જેના કારણે હિંસાનું તાંડવ વૃદ્ધિ પામ્યું હતું, સમાજવ્યવસ્થા વિખરાઈ ગઈ હતી, ઉચિત ખાદ્યપદાર્થો લગભગ લુપ્ત થઈ ગયા હતા તે અકલ્પનીય કાળના આરાઓનું વાતાવરણ વરસાદના કારણે બદલવા લાગ્યું હતું. અર્થાત્ જીવમાત્રને રહેવા-ખાવા-જીવવા માટેની શોભનીય પરિસ્થિતિ નિર્માણ થવા લાગી હતી. સદ્ગતિ જવા માટેનો અભ્યુદય થવા લાગ્યો.

જ્યા વૃક્ષો-ઔષધિઓ-લતાઓ-ધાન્ય-ફળાદિનો અભાવ હતો તે સ્થળે આશાનાં કિરણો બંધાયાં. પૃથ્વી, પાણી, આકાશ, વાયુ, વનસ્પતિના સ્વભાવો બદલવાના કારણે જે જીવો નદી-પહાડોની બખોલમાં છુપાઈ બેઠા હતા તે હિંસક હતા તે ધીમે ધીમે સાનુકૂળ વાતાવરણના કારણે બહાર ગમનાગમન કરવા લાગ્યા.

આ રીતે ઉત્સર્પિણીકાળનો બીજો 'દુઃષમ' આરો ભરતક્ષેત્રનાં આચાર-વિચાર-વર્તન સુધારવા નિમિત્તરૂપ થયો. જ્યાં ધર્મ નહોતો ત્યાં ધર્મના શ્રીગણેશ થયા. હિંસામય જીવનમાં સુધારો થવા લાગ્યો. ટૂંકમાં, બીજા આરાનાં ૨૧ હજાર વર્ષ પણ લગભગ પૂરાં થયાં.

અવસર્પિણી કાળના છેલ્લા બે અને ઉત્સર્પિણી કાળના પહેલા બે કુલ-૪ આરા પૂરા થતાં ધર્મનું, આત્મકલ્યાણનું મંગળ પ્રભાત ઊગવા માટે ત્રીજા આરાના ૮૯ પક્ષ (૩ વર્ષ ૮½ મહિના)નો સમય વ્યતીત થતો હતો. (કુલકર-ની પદ્ધતિ અમલમાં આવવાની હતી. સાત કુલકર થયા પછી તીર્થંકર પરમાત્માનાં ચ્યવન-જન્મ આદિ કલ્યાણકો થવાનાં હતાં. જે સમયે તીર્થંકર પરમાત્માનું કેવળજ્ઞાન કલ્યાણક થશે. ત્યારપછી જ મોક્ષમુક્તિદ્વારનું ઉદ્ઘાટન થશે.

મોક્ષ-મુક્તિદ્વારનું ઉદ્ઘાટન યા મોક્ષમાર્ગ માટેની જરૂરી યોગ્યતા ક્ષેત્રાદિની સાનુકૂળતા માટે થોડા નિયમોને જોઈ લઈએ.

૧. ચતુર્વિધ સંઘની સ્થાપના પછી મોક્ષમાર્ગ ચાલુ થાય.

૨. મહાવિદેહ ક્ષેત્ર (સદાકાળ) ભરત ઐરાવતક્ષેત્રમાં ત્રીજા આરાના અંતમાં અને ચોથો આરો હોય ત્યારે.

૩. જીવનું ભવિપણું હોય, સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોય.

૪. દ્રવ્યથી અથવા ભાવથી સમ્યગ્ચારિત્રનાં પરિણામ જાગ્યાં હોય. દેવ ગુરુ ધર્મની ઉત્તમોત્તમ સામગ્રી મળી હોય.

૫. જીવદળ-હળુકર્મી, ભવભીરુ, અલ્પસંસારી કેળવાયું હોય.

૬. પ્રાયઃ આર્યદેશ, ઉત્તમકુળ, મનુષ્ય જન્મની પ્રાપ્તિ થઈ હોય.

૭. ઘાતી-અઘાતી (આઠે કર્મ) કર્મનો ક્ષય કરવા પુરુષાર્થ કર્યો હોય.

૮. બારમું ગુણસ્થાનક ઓળંગી લીધું હોય, (તૈયારી હોય)

૯. ક્ષપકશ્રેણી આરોહન કરી હોય.

૧૦. ૧૪ માર્ગણા (૬૨ ભેદ)માંથી ૧૦ દ્વારા સિદ્ધગતિ પ્રાપ્ત કરવાની યોગ્યતા હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. ૧૫ પ્રકારના ભેદમાંથી કોઈપણ ભેદથી આત્મા સિદ્ધગતિ પામવા માટે તૈયાર હોય.

કાળચક્ર આરા અને મોક્ષાભિલાષીની થોડી વિચારણા કર્યા પછી મૂળ વાત મોક્ષમાર્ગના પ્રરૂપક, ઉદ્‌ઘાટક દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની તરફ નજર દોડાવીએ.

તીર્થંકર પરમાત્મા પૂર્વે જણાવ્યું તેમ કોઈ મોક્ષગામી આત્માની કૃપાના કારણે વ્યવહારરાશિમાં પધારે છે. ત્યારપછી અનેકાનેક જન્મ-મરણ બાદ છેલ્લેથી ત્રીજા ભવે વીશસ્થાનક તપની ઉત્કૃષ્ટ રીતે ત્રિવિધ આરાધના કરી તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. સવિ જીવ કરું શાસન રસી ની 'ભાવદયા' રોમેરોમમાં પ્રસરાવી-વિકસાવી અંતે એ જીવ પાયાનું ચણતર કરી તીર્થંકર પદ પ્રાપ્ત કરવાની લાયકાત પ્રાપ્ત કરે છે.

તીર્થંકરના ભવમાં નમુત્થુણં સૂત્રમાં વર્ણવેલ ૩૫ ગુણધારક બની અનંતગુણના સ્વામી થાય છે. જન્મથી જ અતિશયવાન એવા વીતરાગી પ્રભુ આ લોકમાં અનંતબળના સ્વામી કહેવાય છે. ૧૮ દોષથી રહિત અને ૧૨ ગુણથી યુક્ત પરમાત્મા પહેલા વજ્રઋષભનારાચ સંઘયણવાલા હોય છે. જન્મથી ત્રણ જ્ઞાનના ધણી દીક્ષા સ્વીકારતાં ચોથા મનઃ પર્યવજ્ઞાનવાલા થાય છે. દીક્ષા પછી છદ્મસ્થ અવસ્થામાં ઉપસર્ગ સહી, ધ્યાન-તપ કરી જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી સંપૂર્ણ એવા કેવળજ્ઞાન અને દર્શનના ધારક બને છે. આ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ જિનની કક્ષાએ એ આત્મા પહોંચે છે.

અપ્રમત્તપણે આટલો દીર્ઘકાળ પૂર્ણ થયા પછી વીતરાગી પ્રભુ સમવસરણમાં બેસી બારે પર્ષદા આગળ આત્મકલ્યાણ કરાવનારી મોક્ષમાર્ગ દર્શાવનારી દેશના-ઉપદેશ આપે છે, જે શ્રવણ કરી તરત જ ભવિ જીવો સર્વવિરતિ ધર્મ અંગીકાર કરે છે. આ રીતે ગણધરપદની અને ચતુર્વિધસંઘની કરુણાલુ પ્રભુ સ્થાપના કરે છે.

સંઘની સ્થાપના કે મોક્ષમાર્ગની પ્રરૂપણા નવા તીર્થંકર ભ.ની અપેક્ષાએ વ્યાવહારિક રીતે બરાબર છે. બાકી અનંતકાળથી સંઘ-મોક્ષમાર્ગ-આત્માની વાતો દરેક તીર્થંકર ભગવંતોના શ્રીમુખે સર્વ પ્રથમ થાય છે અને આ રીતે 'પર્યાયાંતકૃત્ ભૂમિ'ના નિયમે પ્રભુના કેવળજ્ઞાન પછી મોક્ષમાર્ગ ભરતક્ષેત્રને આશ્રયી શરૂ થાય અને 'યુગાંતકૃત્ ભૂમિ'ના હિસાબે તીર્થપતિ ભગવાનના નિર્વાણ પછી અમુક વર્ષ સુધી ભરતક્ષેત્રમાં એ ચાલુ રહે છે (મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ મોક્ષમાર્ગ ચાલુ રહે છે).

દેવાધિદેવ જ્યારે ભાવ જિન તરીકે સમવસરણમાં બિરાજી ધર્મદેશના આપે છે ત્યારે બારે પર્ષદા એ વાણી પ્રભુ આપણા માટે જ આપે છે એવા શુદ્ધભાવે સાંભળે, જેના કારણે મનુષ્ય તો ઠીક પણ તિર્યંચો-દેવો પણ એ દેશના સાંભળી ભાવના ભાવે-સંકલ્પ કરે કે ક્યારે દુર્લભ એવો મનુષ્ય ભવ પામી અલ્પ કાળમાં સંયમી થઈ ઘાતી કર્મનો ક્ષય કરી કેવળી થઈ મોક્ષમાં શાશ્વતા સુખનો સ્વામી બનીશ.

મોક્ષ-મુક્તિ-સિદ્ધગતિ ગમે તે કહો તેનો પરિચય નમુત્થુણં સૂત્રમાં વિશેષણ દ્વારા "સિવ-મયલ-મરૂઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ" શબ્દ દ્વારા પણ જ્ઞાની પુરુષોએ શબ્દાતીત હોવા છતાં શબ્દમાં આપ્યો છે. એ જાણી-કરુણાના સાગર પ્રભુએ જે ઉપકારની દૃષ્ટિએ મોક્ષમાર્ગને જે રીતે જીવમાત્ર માટે કહ્યો છે તે તત્સ્વરૂપે સમજી જીવન ધન્ય કરીએ એ જ મંગળ કામના.

- ❀ મનુષ્ય-મરૂદેવા માતા ભ. ઋષભદેવના કેવળજ્ઞાન પછી કેવળી થઈ મોક્ષે ગયાં.
- ❀ તિર્યંચ-નંદમણિયારનો જીવ દેડકાના ભવમાં આયુ પૂર્ણ કરી દેવ થયો.
- ❀ કંબલ-સંબલ વાછરડા મટી દેવ થઈ ભ.ની ભક્તિ કરી ધન્ય બન્યા.
- ❀ ચંડકૌશિક સર્પ ક્રોધ ત્યજી પ્રભુ વીરના બે શબ્દથી તરી ગયા.
- ❀ મેઘરથ રાજાએ જીવદયા પાળવામાં પોતાની કાયા અર્પણ કરી.

## અર્હન્તોએ કોને માટે મુક્તિનાં દ્વાર ખોલ્યાં ?

આત્માના અસ્તિત્વ માટે ૧. આગમ પ્રમાણ, ૨. પ્રત્યક્ષ પ્રમાણ, ૩. અનુમાન, ૪. ઉપમાન, ૫. અર્થાપત્તિ અને ૬. સંભવ પ્રમાણ જાણવાલાયક પડે છે. એક રીતે આત્મા શાશ્વતો છે, જ્યારે મોક્ષ એ આદિ અનંત સ્થિતિ વાળો છે. તેજ રીતે અર્હન્તો જ્યારે ૪ ઘાતી કર્મરહિત થાય ત્યારે જ મુક્તિનાં દ્વારની પ્રરૂપણા-ઉપદેશ આપી દ્વાર ખોલે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદમાં અરિહંત પદ પ્રથમ જ્યારે સિદ્ધપદ બીજું જાપ કરવા નવકારમંત્રની જેમ આવે છે, છતાં જ્યાં સુધી એક આત્મા સિદ્ધપદને પામે નહીં ત્યાં સુધી અવ્યવહાર રાશિમાં અનંતકાળથી અથડાતો-કુટાતો-દુઃખી થતો આત્મા ત્યાંથી નીકળી વ્યવહાર-રાશિમાં આવે નહીં.

આમ-જીવ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિ આવે, ચતુર્ગતિનું ભ્રમણ, ૮૪ લાખ યોનિમાં જન્મમરણ, આઠ કર્મનાં સુખ-દુઃખના અનુભવ (અઢી દ્વીપમાં જન્મ-મરણ) આદિ સ્થળની પરિક્રમા કરે પછી જ મોક્ષે જાય. આ રીતે મરુદેવા માતાનું મોક્ષગમન અહીં શીઘ્ર કહેવાય.

'મોક્ષ' શબ્દશ્રવણ પણ ૫૮ લાખ યોનિમાં જન્મ-મરણ કરનાર જીવને ભાગ્યમાં નથી. આ ઉપરાંત દેવ-નરકના જીવ સાંભળે તો પણ વર્તમાન ભવમાં કાંઈ કરી શકતા નથી. કદાચ ક્યારે મનુષ્ય થાઉં ને 'મોક્ષ'નો માર્ગ શોધું એવી ભાવના ભાવી શકે છે. મનુષ્યમાં પણ યુગલિક જીવોને છટ્ઠા આરાના જીવો માટે મોક્ષે જવાનું શક્ય નથી.

હવે રહ્યા તિર્યંચ જીવ-એ જીવોમાં જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, ભાગ્યોદય ઊઘડે, સાનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય તો કદાચ 'મોક્ષ'ના પ્રભુએ અર્હન્તોએ કહેલા દર્શાવેલા માર્ગે ચડી જાય, પણ મોક્ષે તો ન જ જાય.

ટૂંકમાં જોઈએ તો ચતુર્ગતિરૂપ સંસારમાં માત્ર ભવિ એવા સમકિતધારી જીવ માટે જ અર્હન્તો દ્વારા પ્રરૂપિત મોક્ષમાર્ગ જાણવા-સમજવા-વિચારવા-આચરવાનો ચાન્સ છે. ચારિત્ર લઈ મોક્ષે જવાનો અધિકાર છે.

અર્હન્તો-તીર્થંકરો ૧. મહાગોપ, ૨. મહામહણ, ૩. મહાનિર્યામક અને ૪. મહાસાર્થવાહ જેવા ૪ ગુણોથી વિભૂષિત કહેવાય છે. તેમાં બરાબર વિચાર કરવામાં આવે તો નં. ૧ અને ૨ ના ગુણ મોક્ષમાર્ગ દર્શાવનારા સાર્થવાહને ગોવાળિયા તરીકે કહ્યા છે. કહેવાનું તાત્પર્ય એ જ કે અર્હન્તો કેવળજ્ઞાન-દર્શનના ધણી થયા પછી જ પોતે મોક્ષ-મુક્તિમાર્ગે જાય અને બીજા ભવિજીવોને જવા માટે, આવવા માટે આહ્વાન કરે.

નમુત્થુણં સૂત્રમાં તીર્થંકર-અર્હન્તનાં ૩૬ વિશેષણો દ્વારા "ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં તથા જિણાણં-જાવયાણં, તિન્નાણં-તારયાણં, બુદ્ધાણં-બોહયાણં, મુત્તાણં-મોઅગાણં જેવાં કે વિશેષણો ગુંથાયા-કહ્યાં છે તે દ્વારા પણ સમજી શકાય છે, કે-અર્હન્તો કેવળજ્ઞાન-દર્શનના સ્વામી થયા પછી મુક્તિનાં દ્વારને દર્શાવે છે, ખોલે છે. ભવિ જીવો ઉપર પરમ ઉપકાર કરે છે.

આ દ્વારની જ્યારે અર્હન્તો પ્રરૂપણા કરે છે ત્યારે પોતે ભાવદયાથી ઓતપ્રોત થયેલા હોય છે. ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુ દ્વારા જીવોની પરિસ્થિતિને અંજલિવત્ જાણતા હોય છે, એટલું જ નહીં પણ કરુણાથી મોક્ષના અર્થી જીવોને તેઓના હૃદયમાં રહેલી સુષુપ્ત ભાવનાને જગાડે છે.

આમ કહેવું પડશે કે ચારગતિના જીવોમાંથી માત્ર અલ્પ માત્રામાં તિર્યંચ (પશુ-પંખી)ને અને વધુમાં વધુ માત્રામાં ભવિ જીવોને માટે જ મોક્ષમાર્ગનાં દ્વાર અર્હન્તો ખોલે છે. એટલે આ સંસારમાં જેટલાં ય કાળચક્ર થયાં અને થશે તે વખતે ભરતાદિ ક્ષેત્રોમાં કે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં જ્યારે મોક્ષગમન ક્ષેત્રને આશ્રયી ખુલ્લું હોય [કાળાંતરે ભાવિમાં એવા કાળમાં આ આત્મા જન્મ પામી મોક્ષ જવાનો હોય] ત્યારે આત્માને અર્હન્તો મોક્ષનાં દ્વાર બતાડે, ખોલી આપે.

નવતત્ત્વ ગાથા-૪૯ના અનુસંધાનમાં એક નીચેની ગાથા યાદ આવે છે.

"જઈ આઈ હોઈ પૃચ્છા, જિણાણ મગ્ગંમિ ઉત્તરં તઈયા ।
ઈક્કસ્સ નિગોયસ્સ, અણંત ભાગોય સિદ્ધિ ગઓ. ।।

અર્થ :—જ્યારે જ્યારે તીર્થંકર પરમાત્માને જિજ્ઞાસા ભાવે પૂછવામાં આવે કે—"હે ભગવંત ! અત્યાર સુધીમાં કેટલા જીવો મોક્ષમાં ગયા?" ત્યારે ત્રિકાળજ્ઞાની ભ. જવાબ એજ આપે કે-"અત્યાર સુધીમાં એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષ-મુક્તિ પામ્યો છે." ટૂંકમાં આત્મા જેમ શાશ્વત છે, તેમ ધર્મ કે મોક્ષમાર્ગ જવા કે પ્રાપ્ત કરવા માટે શાશ્વત નથી. મોક્ષને પ્રાપ્ત કરવા સર્વપ્રથમ કર્મરહિત થવું પડે છે. નવાં કર્મ ન બંધાય, બંધાયેલાં કર્મ સમતાપૂર્વક ભોગવી લેવાય. આત્માના જે ગુણો છે તે પૂર્ણપણે વિકસાવવા ત્રિવિધે પ્રવૃત્તિ કરાવવી પડે, તો આત્મા મોક્ષને પામે. આ રીતે આદિ મોક્ષનો એક જીવને આશ્રયી માટે પ્રારંભ થયો પણ ત્યાર પછી એનો અંત નથી એટલે મોક્ષ 'સાદિ અનન્ત' છે.

અર્હન્તો સંસારીની દયાજનક પરિસ્થિતિને જોયા-જાણ્યા પછી સ્વાભાવિક રીતે દરેક જીવનું કલ્યાણ થાય તેવી પરમ પવિત્ર શિવમસ્તુની ભાવનાથી ધર્મોપદેશ આપે છે. એ દેશના સાંભળી જે આત્મા મોક્ષના માર્ગે પ્રવાસ શરૂ કરે છે તેઓનો પુરુષાર્થ સિદ્ધિને વરે એજ અભ્યર્થના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સતી સીતા



પ્રજાજનો! હું જો શિયળવંતી હોઉ તો આ અગ્નિ મારા માટે પાણી સમાન થશે. માટે પંચદિવ્ય પ્રગટ કરી નગરીમાં પ્રવેશ કરીશ. સીતાના શીલપ્રભાવે અગ્નિનું પાણીમાં પરાવર્તન થયું

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# સતી સુભદ્રા



આંખમાનું તણખલું કાઢતાં કલંક લાગ્યું જ્યારે કલંકથી મુક્ત થવા ચાળણીની મદદથી પાણી કાઢી ચંપાનગરીના દ્વાર ઉપર છાંટી શિયળનો મહિમા વધાર્યો. સુભદ્રાની દૃઢ ટેકથી ચંપાનગરીના ત્રણ દરવાજા સહજમાં ઉઘડી ગયા.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જિનદર્શનના શ્રુતધરો

—પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા.



જ્ઞાનપીપાસુઓને જિનદર્શનનું શ્રુતજ્ઞાન આજ સુધી એકધારૂં ઉપકાર કરી રહ્યું છે. તેમાં લોકસમાજમાં અને વિશ્વના પ્રાંગણમાં કેવળીકથિત આગમોની જ્ઞાનગંગાને ઘટ–ઘટ અને ઘર–ઘરમાં સ્થિર કરી ચિરંજીવી ઉપકાર કરવાનું કાર્ય કષ્ટો વેઠીને પણ જે જે શ્રુતધરોએ કર્યું છે તેનો આછેરો પરિચય આ લેખમાળામાં **'જિનદર્શનના શ્રુતધરો'** શીર્ષકથી આપવામાં આવ્યો છે. જેથી આપણી શ્રુતભક્તિ કિંચિત અંશે પણ થાય તેવી ભાવના રાખી છે.

શ્રુતગંગાની વહેતી ધારાને અવિરત રાખનાર જ્ઞાનપ્રેમીઓ, જ્ઞાનસંરક્ષકો તથા જ્ઞાનપ્રચારકો અને આરાધકોને સર્વપ્રથમ અભિવંદન સાથે અભિનંદન. ચાલો શ્રુતધરોના મહાયુગશ્રમને વધાવવા અતિ સંક્ષેપમાં લખાયેલ નિમ્નાંકિત મુદ્દાઓ વાંચીએ–વાગોળીએ.

–સંપાદક

*આવશ્યક સૂત્ર, વિવિધ તીર્થકલ્પ વગેરે ગ્રંથોમાં પ્રભુવીરના અગીયાર ગણધરોના પ્રેરક પરિચયો સાથે તેઓની લબ્ધિઓનું રસમય વર્ણન કંડારાયેલું છે. આ ગણધરોની નિર્મળ નિસ્વાર્થ જીવનસાધના, પરગજૂ પ્રકૃતિ અને એ યુગના દશે દિશાના સુવિખ્યાત મહાપંડિતો હતા.*

## (૧) માનવંતા શ્રુતસર્જકો ૧૧ ગણધરો

મગધ દેશથી લઈ અડધા કૈક્ય દેશ સુધી સતત વિચરણ કરી સમ્યક જ્ઞાન અને ધર્મપ્રચાર કરનાર તથા સાડીપચીસ આર્યભૂમિમાં વિચરી તે તે સ્થાનને શ્રુતજ્ઞાનથી ભાવિત–પાવિત કરનાર જ્ઞાતનંદન મહાવીર પ્રભુને કોટિવંદના. વૈશાખ સુદ ૧૧ના શુભદિને તીર્થપતિ વીર ભગવાનના શ્રીમુખે ફક્ત ત્રિપદી સાંભળી અંતર્મુહૂર્તમાં જ દ્વાદશાંગીની રચના કરી દેનાર તથા વિરાટવિશ્વને જ્ઞાનવારસો ભેંટ ધરનાર શ્રી ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્તસ્વામી, સુધર્માસ્વામી, મંડિત, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય તથા પ્રભાસ સ્વામી નામક અગીયાર ગણધરોના ચરણકમળમાં નતમસ્તક ભાવવંદના. જન્મે બ્રાહ્મણ, કર્મે શ્રમણ તથા જીવનકવનથી વૈશ્રમણ જેવા, તે બધાંય વિદ્વાનો ગૃહસ્થીમાં ૧૪ વિદ્યાના જ્ઞાતા હતા અને ચારિત્રપ્રાપ્તિ પછી દ્વાદશાંગીના સર્જક, ગણિપિટકના ધારક તો બન્યા જ પણ સાથે પંચમજ્ઞાન કૈવલ્યને સંપ્રાપ્ત કરી એક એક માસના ઉપવાસ કરી વૈભારગિરિ પર્વતથી નિર્વાણને સાધનારા પણ થયા છે.

*ભરતક્ષેત્રે વર્તમાન ચોવીશીના અંતિમ કેવલજ્ઞાની–મોક્ષગામી આચાર્ય શ્રી જંબૂસ્વામીજી મહારાજા*

## (૨) આર્ય જંબૂસ્વામી

આજ સુધી જેમની રચેલ દ્વાદશાંગી જગત ઉપર ઉપકાર વરસાવી રહી છે, તેવા દીર્ઘ આયુષ્યમાન સુધર્માસ્વામીના શિષ્ય રૂપે ફક્ત ૧૬ વરસની ઉમ્રે આઠ–આઠ ક્રોડાધિપતિની કન્યાઓને ત્યાગી પ્રભુવીરના પ્રવજ્યા પંથે સંચરનાર જંબુકુમાર વીરનિર્વાણ પૂર્વે ૧૬ વરસે જન્મ્યા હતા. અન્ય દસ ગણધરોના શિષ્યો સુધર્માસ્વામીની આજ્ઞામાં આવી ગયેલ હોવાથી તેમની દ્વાદશાંગી છિન્ન થઈ ગઈ હતી, જ્યારે આર્ય જંબુસ્વામી તો ટૂંક સમયમાં જ સુધર્માસ્વામી પાસે રહી શ્રુતકેવલી બની ગયા અને વીસમા દીક્ષા પર્યાયમાં તો કેવલી પણ બની એંશી વરસ સુધીનું આયુભોગવી પ્રભવસ્વામીને વારસો સોંપી અંતિમ કેવળી સ્વરૂપે મોક્ષે સીધાવી ગયા. આબાલ બ્રહ્મચારી આવા અનુપમ શ્રુતધરના નિર્વાણ સાથે જ મનઃપર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારકકાયલબ્ધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાતચારિત્ર, કેવલ્યજ્ઞાન અને મોક્ષ એમ દશ ઉત્તમ વસ્તુઓ પણ વિચ્છેદ પામી ગઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સમગ્ર જૈનોને સામાન્ય અને સાધ્વાચાર માટે આદર્શરૂપ એવા 'દશ વૈકાલિક સૂત્ર'ના રચયિતા, વૈદિક દર્શનના ધુરંધર, હસ્તરેખાના પ્રખર જાણકાર ચૌદ પૂર્વના પારગામી આચાર્યપ્રવરશ્રી શય્યંભવસૂરિજી મહારાજા*

## (૩) આચાર્ય શય્યંભવસૂરિજી

યજ્ઞસ્તંભની નીચેથી નીકળેલ શાંતિનાથ પ્રભુની સૌમ્ય પ્રતિમાજીના દર્શન માત્રથી બ્રાહ્મણ મટી જૈન શ્રમણ બની જનાર ક્રિયાચુસ્ત શય્યંભવ શ્રુતકેવળી બની ગયા. આચાર્ય પદની પ્રાપ્તિ પણ તેમની શ્રુતસાધનામાં અંતરાયભૂત ન બની શકી. પોતાની દીક્ષા પછી પોતાના જ જે બાળક મનકનો જન્મ થયો હતો તેવા નિર્દોષ બાળને સ્વયંની પિતા તરીકેની સાચી ઓળખ પણ આપ્યા વગર મોહદશાથી પર બનાવવા અભ્યાસ ચાલુ કરાવી દીધો. શ્રુતજ્ઞાનબળે બાળમુનિ મનકનું આયુષ્ય ફક્ત છ માસનું જાણી તેના આત્મહિતાર્થે શ્રીદશવૈકાલિક સૂત્રની રચના કરી આપી. વિકાળવેળામાં પણ જેનો અભ્યાસ કરી શકાય છે, તથા જેની સાથે બે ચૂલિકાઓ વિહરમાન સીમંધરસ્વામીજીએ આપેલી જોડાયેલી છે તથા જે આગમ દશવૈકાલિક પાચમા આરાના અંત સુધી એકધારૂં નૂતન દીક્ષિતોથી લઈ સંવેગી સૌનું હિત કરવાનું છે તથા જેના ઉપર ભદ્રબાહુસ્વામિ, હરિભદ્રસૂરિજી જેવા દિગ્ગજોએ નિર્યુક્તિ, ટીકાઓ વગેરે રચ્યાં છે, તેવું આ શ્રુત ચારે ફીરકાઓને પણ એક સરખું માન્ય બનેલ છે. તે દશવૈકાલિકના શ્રુતાધાર આ. શય્યંભવસૂરિજી ૨૩ વરસ યુગપ્રધાન રહી ૬૨મા વરસે દેવલોક પામી ગયા.

*જેમની પાસે પૂર્વશ્રુત જ્ઞાનનો અગાધ ભંડાર હતો તે આગમ રચનાકાર, નિર્યુક્તિ નિર્માતા, નૈમિત્તિક પ્રભાવક પુરુષ*

## (૪) આચાર્યદેવ શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીજી મહારાજા

ચૌદપૂર્વોનો અભ્યાસ કરી જનાર, બ્રાહ્મણ છતાંય શ્રમણશ્રેષ્ઠ ધીર, ગંભીર, દેઢનિશ્ચયી તથા જૈનશાસનને કલ્પસૂત્ર, ઉવસ્સગ્ગહરં સ્તોત્ર, આવશ્યક નિર્યુક્તિ જેવી અનેક નિર્યુક્તિઓ રચી જ્ઞાનખજાનો ભેંટ ધરનારા તથા પ્રાકૃતભાષામાં ભદ્રબાહુ સંહિતા નામનો જ્યોતિષગ્રંથ રચનારા, નિમિત્ત શાસ્ત્રના જ્ઞાતા પણ હતા. પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ વગેરે ગ્રંથો પણ તેઓશ્રીની મહારચના છે. નેપાળ જેવા પ્રદેશમાં જઈ અંતર્મુખી તે સાધકે મહાપ્રાણ ધ્યાન સાધવા પુરુષાર્થ કરેલ છતાંય સંઘના અતિઆગ્રહથી દરરોજની ૭–૭ વાચનાઓ પાંચ–પાંચસો સાધુઓને આપી સ્થુલિભદ્ર જેવા ધારણાકુશળને પણ શ્રુતધર બનાવી દીધેલ હતા. કહેવાય છે કે તેઓશ્રીના સમયકાળમા બાર વર્ષીય દુષ્કાળ થવા છતાંય પાટલીપુત્રમાં પ્રથમ આગમવાચના થયેલ, જેથી શ્રુતની પરંપરા આજ સુધી અખંડ ચાલી છે. ચંદ્રગુપ્ત મૌર્ય જેવા સમ્રાટે પણ આ. ભદ્રબાહુ સ્વામીની નિશ્રા લઈ ધર્મબોધ પ્રાપ્ત કર્યો હતો તેવા જૈન જ્યોતિર્ધર ૬૨ વરસની ઉમ્રે યુગપ્રધાન પદ પામી ૭૬ વરસની ઉમ્રે ઉજ્જૈનની નિકટના પ્રદેશમાં અનશન કરી દેવલોકે સંચર્યા છે.

*ચરમ ચતુર્દશ પૂર્વધર, કોશાપ્રતિબોધક કામવિજેતા*

## (૫) આચાર્યપ્રવર શ્રીમદ્ સ્થૂલિભદ્રસૂરિજી મહારાજા

કોશા વેશ્યાના મોહપાશથી છૂટ્યા પછી બ્રહ્મચર્યવ્રતની સાધનાના બળે ચોરાશી ચોવીશી સુધી અમરનામના પામી જનાર, આ. ભદ્રબાહુસ્વામી પાસેથી દસ પૂર્વનું અધ્યયન અર્થ સાથે અને બાકીના ચાર પૂર્વનું અધ્યયન ફક્ત સૂત્ર સાથે પ્રાપ્ત કરનાર બન્યા. શ્રુતધર સાથે તેઓશ્રી વૈક્રિયલબ્ધિ ધારક પણ બન્યા હતા. વીર સં. ૧૬૦ની આસપાસ પાટલીપુત્રમાં પ્રથમ આગમવાચના પણ તેમણે જ કરાવેલ. અગીયાર અંગોને સુરક્ષિત કરાવ્યા હતા. પોતાની સાત બહેનો યક્ષા, યક્ષદિન્ના વગેરે પણ સ્મરણશક્તિમાં સરસ્વતીની કૃપાપાત્ર તથા વિદુષી હતી. પોતાના જીવનમાં શ્રુતસાધના જ્યારે પૂર્ણ ખીલી હતી ત્યારે ચોમેર જ્ઞાનપ્રકાશ પાથરી ૯૯ વરસનું આયુ ભોગવી વૈભારગિરિ પર્વતથી પંદર દિવસના ઉપવાસ કરી જ્યારે સ્વર્ગવાસ પામ્યા, તેમની પાછળ ચાર પૂર્વોનું જ્ઞાન, મહાપ્રાણ ધ્યાન, સમચતુરસ્રસંસ્થાન અને વજ્રઋષભ નારાચસંઘયણનો વિચ્છેદ થયો છે.

*૧૦૮ વર્ષના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ*

## (૬) શ્રી ષાંડિલાચાર્ય (સ્કંદિલસૂરિ) મહારાજા

વી. સં. ૮૨૬ની આસપાસમાં સૌરાષ્ટ્ર અને નિકટના ક્ષેત્રોમા જૈનોની સામે બૌદ્ધોએ સંઘર્ષ કરેલ. બીજી તરફ બાર વરસનો ભીષણ દુકાળ ઘેરી વળ્યો. ત્રીજી તરફ ભારતમાં ગુપ્તો અને હૂણો વચ્ચે ભયાનક યુદ્ધ ખેલાણું આવી વિકટ પરિસ્થિતિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાધુઓને અન્યક્ષેત્રો તરફ વિહાર થયા, અભ્યાસની પરંપરા તૂટવા લાગી, આગમનો પણ વિચ્છેદ થઈ જાય તેવો કાળ આવી ગયો, ઉપરાંત શ્રુતધરોની સંખ્યા નહીંવત્ બની ગઈ. તેવી વિષમ કટોકટીમાં વીર સં. ૮૩૦થી ૮૪૦ વચ્ચે આ. સ્કંદિલસૂરિજીએ ઉત્તરાપથના તથા આ. નાગાર્જુને દક્ષિણપથના મહાત્માઓને આમંત્રી અનુક્રમે મથુરા અને વલ્લભીમાં ચોથી આગમવાચના તો આપી જ, સાથે જિનાગમોને પુસ્તક રૂપે લખ્યા હતા. બેઉ આચાર્ય ભગવંતો વિશિષ્ટ શ્રુતધર હતા.

*પ્રત્યેક આગમ આદિ શાસ્ત્રોને સૌપ્રથમ પુસ્તકારૂઢ બનાવનારા જૈનાગમનિધિસંરક્ષક*

## (૭) આચાર્યશ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ (શ્રી દેવવાચક)

આર્યવજસ્વામિની શ્રમણપરંપરાના ગણનાયક અને આ. કાલિકસૂરિજી (ચોથા) સાથે હળીમળીને વલ્લભીપુરમાં પાંચમી આગમવાચના કરાવી હતી. વીર સંવત ૯૮૦ની સાલમાં દેવર્દ્ધિગણિજીએ ખૂબ શ્રમ લઈ અનેકોને ભેગા કરી મુનિ ભગવંતોના સહારે ૮૪ આગમો લખ્યા-લખાવ્યા. ઉપરાંત ચૌદપૂર્વોમાંથી ઉદ્ધરેલ સિદ્ધપ્રાભૃત, ધર્મપ્રજ્ઞપ્તિ વગેરે તથા પૂર્વધરોએ રચેલા જ્યોતિષપ્રાભૃત, તત્ત્વાર્થસૂત્ર વગેરે ઉપર પ્રકીર્ણક ગ્રંથો લખી ક્રોડો શ્લોકપ્રમાણ જૈન સાહિત્ય જગતને આપી દીધું છે, સ્મરણશક્તિની હાનિને જાણી આગમોને પ્રાકૃતભાષામાં પુસ્તકારૂઢ કરવાનો પુરુષાર્થ કરનાર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જૈનશ્રુતના વિશિષ્ટ શ્રુતધર તરીકે ખ્યાત-પ્રખ્યાત છે. આજે જે ૪૫ આગમો પણ ઉપલબ્ધ રહ્યા છે તેનો પૂરો જશ તેમને જાય છે. તેમનાથી જૈનસંઘ ઉપકૃત જ છે.

*આગમોદ્ધારક અને 'પ્રખર ભાસ્યકાર'ના લાડીલા નામથી પ્રસિદ્ધિ પામેલા બહુશ્રુત પરમ ગીતાર્થ*

## (૮) આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

૧૦૪ વરસની ઉમ્ર સુધી જીવનારા, બૃહદ્‌સંગ્રહણી, ધ્યાનશતક, નિશીથભાષ્ય વગેરે ગ્રંથો ઉપરાંત, પરમાત્મા મહાવીરસ્વામિના જિનાલયમાં વીરસંવત ૧૦૭૬ અને વિ.સં. ૬૬૬માં ચૈત્રસુદ પૂનમના દિવસે ૪૩૦૦ શ્લોકપ્રમાણ વિશેષાવશ્યક-ભાષ્યની રચના કરી શ્રુતધરની ગણનામાં ઉમેરો કરનારા હતા. તેમના માટે વિદ્વાનોએ મહાજ્ઞાની, વિસ્તૃત અનુયોગવાળા, પરશાસ્ત્રનિપુણ, ક્ષમાશ્રમણોમાં આદર્શસંયમી વગેરે વિશેષણો આપ્યા છે, તથા તેઓશ્રી વિક્રમ સંવતની સાતમી સદીમાં થઈ ગયેલ સમર્થ યુગપ્રધાનાચાર્યની ઉપમાને પણ પામેલા છે.

*સૂરિમંત્રના કોટિ જાપથી 'કોટિકગચ્છ'ને પ્રવર્તાવનારા, બીજી આગમવાચનાના નિશ્રાદાતા તથા શાસનપ્રભાવક કાર્યોમાં અગ્રેસર*

## (૯) આચાર્યશ્રી સુસ્થિતસૂરિજી મહારાજા

સેનાપતિ પુષ્યમિત્રે ધર્માંધતામાં જૈન અને બૌદ્ધ શ્રમણોના શિરચ્છેદ કરાવી, જિનાલયોના ધ્વંસ કરાવી ચારેય તરફ જયારે આતંક ફેલાવેલો ત્યારે સ્વાધ્યાય વગેરે સારા પ્રમાણમાં અંતરાયો પામ્યા. આ સમયે કલિંગરાજ ભિક્ખુરાય ખારવેલે જૈનોની વહારે આવી પુષ્યમિત્રને હટાવી પંજાબ તરફ ભગાડ્યો હતો અને પછી આ. સુસ્થિતસૂરિજી અને આ. સુપ્રતિબદ્ધસૂરિજીની અધ્યક્ષતામાં કુમારગિરિ ઉપર ૩૦૦ સ્થવિરકલ્પી શ્રમણો, આર્યા પોઈણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, ૭૦૦ શ્રાવકો અને પુર્ણમિત્રા વગેરે ૭૦૦ શ્રાવિકાઓની હાજરીમાં સમ્મેલન કરી ખારવેલે વાચના દ્વારા ૧૧ અંગો અને ૧૦ પૂર્વોના પાઠોને વ્યવસ્થિત કરાવ્યા હતા આને પ્રભુવીર નિર્વાણ પછીની બીજી આગમવાચના કહેવાય છે.

*જેમની પવિત્ર સ્મૃતિમાં શત્રુંજય તળેટીમાં વસેલા નગરનું નામ પાદલિપ્તપુર (પાલીતાણા) રખાયું. આકાશગામિની વિદ્યાસંપન્ન : 'તરંગવતી' નામક અદ્‌ભુત પ્રાકૃત કથાના રચયિતા*

## (૧૦) આચાર્યશ્રી પાદલિપ્તસૂરિજી મ.

જેમના ગૃહસ્થ શિષ્ય નાગાર્જુને ફક્ત પગની પાનીએ લેપ કરી દરરોજ શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, સમ્મેતશિખરજી તથા મથુરાની જાત્રા કરી પછી જ અન્નપાણી લેતા મંત્રયોગી પાદલિપ્તસૂરિજીની યાદમાં પાલીતાણા નગરી વસાવી લીધી છે, તેવા યોગીપુરુષ પાદલિપ્તસૂરિજી બચપણથી જ હોંશિયાર હતા. મંત્રવિદ્યાના જાણનાર સાથે જ્ઞાની પુરુષ હતા. નિર્વાણકલિકા, પ્રશ્નપ્રકાશ, કાળજ્ઞાન, જ્યોતિષ કરંડકની ટીકા, તરંગલોલા, વીરસ્તુતિ વગેરે ગ્રંથો તેમની રચના છે. તરંગવતી નામની પ્રાકૃતકથામાળા પણ તેમણે જ રચી છે. મુરૂંડ રાજાએ તેમની વિદ્વતાની પરીક્ષાઓ કરી તેમને જ ગુરુપદે સ્થાપ્યા હતા. આ. ભગવંત અંતે શત્રુંજયે પધારી ૩૨ ઉપવાસે કાળધર્મ પામી બીજા દેવલોકે સીધાવ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*રાજા વિક્રમાદિત્યની રાજસભાના સમર્થ વિદ્વાન અને રાજમાન્ય આદરણીય ગુરુ, સુવર્ણસિદ્ધિની વિદ્યા પ્રાપ્ત કરનાર, 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના રચયિતા, મહાન દાર્શનિક, વાદજયી, શ્રુતકેવલીતુલ્ય, સરસ્વતી કંઠાભરણ*

## (૧૧) આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજા

જેમની વિદ્વતાથી રાજા વિક્રમાદિત્ય બોધ પામી ગયો. જેમના ગુરુ વૃદ્ધવાદિસૂરિજીએ વૃદ્ધાવસ્થામાં દીક્ષા લઈ ઉપવાસો કરી સરસ્વતીની કૃપા મેળવેલ. વાદવિજેતા બનેલ તથા ભરૂચમાં સાંબેલુ ફૂલાવી દીધેલ, તેવા પ્રભાવક ગુરુના શિષ્ય સિદ્ધસેનજી કલ્યાણમંદિર સ્તોત્રના રચયિતા છે. સોળમી અને બત્રીસમી ગાથા રચતાં જ પાર્શ્વપ્રભુના પ્રતિમાજી પ્રગટ થયા અને અનુક્રમે સ્થિર થયા હતા. ન્યાયના ગ્રંથોનો પ્રારંભ કરનાર સિદ્ધસેનસૂરિજી જ હતા. ન્યાયાવતાર , સમ્મતિતર્ક, દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા, નયાવતાર, ગંધહસ્તિ વિવરણ વગેરે તેમની વિશિષ્ટ રચનાઓ છે. હરિભદ્રસૂરિજીએ પણ તેમને શ્રુતકેવળી ગણાવ્યા છે. વિક્રમ સંવંતનો પ્રારંભ આચાર્ય ભગવંતની નિશ્રામાં થયો છે, જે આજ સુધી બરોબર ચાલે છે. તેમના ગુરુદેવે તેમનું અભિમાન છોડાવવા શિષ્યની પાલખી ઉપાડી તેમની ભૂલ કાઢી આપેલ. આવા શ્રુતધર જિનશાસનમાં ગુરુનું પ્રાયશ્ચિત્ત વ્યવસ્થિત પાર પાડી મહાનતાને વરેલા ઐતિહાસિક મહાત્મા છે.

*જેમના દ્વારા ચાર અનુયોગમાં વિભાજિત આગમો અદ્યાપિપર્યંત પ્રવર્તી રહ્યાં છે એવા યુગ પ્રભાવક*

## (૧૨) આચાર્યશ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજા

તેમના સમયકાળમાં પૂર્વધરોનું જ્ઞાન ઘટતાં ઘટતાં ૯।। પૂર્વનું રહ્યું. જન્મે બ્રાહ્મણ, અભ્યાસમાં ખૂબ તેજ છતાંય ફક્ત માતાના હર્ષ માટે દ્રષ્ટિવાદ ભણવા માટે જૈની દીક્ષા લીધી. પાછળથી પિતા, માતા, મામા, કાકા અને ભાઈ ફલ્ગુને પણ ચારિત્ર અપાવ્યું. પોતે શ્રુતજ્ઞાનબળે ૧૯મા યુગપ્રધાન બન્યા. અનેક શિષ્યો બનાવ્યા અને જ્ઞાનદાન આપી શ્રુતધર પણ બનાવ્યા. તેમાં આર્ય દુર્બલિકાપુષ્યમિત્ર, આર્યફલ્ગુરક્ષિત, વિંધ્યમુનિ, ગોષ્ઠામાહિલ તથા લબ્ધિધારી ધૃતપુષ્યમિત્ર અને વસ્ત્રપુષ્યમિત્ર પ્રખ્યાત છે. માત્ર ગોષ્ઠામાહિલ કદાગ્રહથી સાતમો નિહ્નવ થયો છે. ભાવિકાળના મંદ ક્ષયોપશમથી સાધુઓનો દીર્ઘ વિચાર કરી શ્રુતધર આર્ય રક્ષિતસૂરિજીએ દરેક આગમોને ચાર અનુયોગમાં ગોઠવી દીધા. જે છે દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનુયોગ, ગણિતાનુયોગ તથા ધર્મકથાનુયોગ. તે જ પરંપરા આજ સુધી છે. છેલ્લે અનશન કરી વીર સં. ૫૯૭માં દીર્ઘાયુ ભોગવી સ્વર્ગગમન કરનારા થયા છે.

*જૈન તત્ત્વોના સંગ્રાહક, પાંચસો ગ્રંથોના રચયિતા, તત્ત્વાર્થાધિગમગ્રંથ પ્રણેતા દશ પૂર્વધર*

## (૧૩) આચાર્યશ્રી ઉમાસ્વાતિજી મહારાજા

તત્ત્વાર્થસૂત્ર, પ્રશમરતિ, ક્ષેત્રસમાસ, પૂજાપ્રકરણ, તત્ત્વાર્થભાષ્ય, જમ્બુદ્વીપસમાસ, શ્રાવકપ્રજ્ઞપ્તિ વગેરે ૫૦૦ જેટલા નવા ગ્રંથો જૈનસમાજની સામે રજૂ કરનાર શ્રુતધર હતા, શ્વેતાંબર આચાર્ય છતાંય દિગંબરોને પણ માન્ય બન્યા હતા. તેમાંય તત્ત્વાર્થસૂત્રમાં તો જીવ અને જડવિજ્ઞાન સાથે જનનવિદ્યાથી લઈ મોક્ષસુધીની અનેક વાતો સંસ્કૃતમાં અત્યંત લઘુ શ્લોકો દ્વારા રજૂ કરી દઈ લોકચાહના મેળવનાર થયા હતા. પૂર્વધર માટેના પર્યાયવાચી શબ્દો હતા દિવાકર, વાચક, ક્ષમાશ્રમણ કે વાદી વગેરે તે પ્રમાણે ઉમાસ્વાતિજી શ્રુતધર તો હતા જ પણ સાથે ૧૧ અંગ અને પૂર્વનો અભ્યાસ કરી જનાર પૂર્વધર પણ હતા. માટે પણ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ તેમને સમર્થ સંગ્રહકારની ઉપમા આપી છે. પ્રશમરતિ પ્રકરણ ઉપર તો આ હરિભદ્રસૂરિજીની ટીકા પણ રચાણી છે. વિ.સં.ની ચોથી સદીના સંસ્કૃત અને પ્રાકૃતભાષાના ગ્રંથકાર તથા જ્ઞાનીપુરુષને જૈનજગત નવાજે છે. બ્રાહ્મણ કુળમાં જન્મી શ્રમણધર્મને શોભાવનાર એક યુગપ્રધાનાચાર્ય પૈકીના તેઓ પણ એક છે.

*સત્યના ઉપાસક, નિષ્પક્ષ આલોચક, પરમતસહિષ્ણુ, વેદાદિ ચૌદ વિદ્યાના પારગામી, શિષ્ય સંપદાના વિરહત્યાગી, સાહિત્યસર્જન દ્વારા જ્ઞાન સમ્પદાને પ્રાપ્ત કરનારા તથા આગમો પછી રચાયેલ સાહિત્યમાં સંખ્યા, ગુણવત્તા અને શૈલીમાં સર્વોપરી અને શિરમોર યાકિનીમહત્તરાસૂનુ*

## (૧૪) આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજા

જેમના નામના ઉલ્લેખ વગર કદાચ શ્રુતધરોનું વર્ણન અધૂરૂં રહે તેવા દિગ્ગજ ચિત્તોડના બ્રાહ્મણ વિદ્વાન પંડિત હરિભદ્ર યાકિનીમહત્તરા સાધ્વીના નિમિત્તે પ્રતિબોધ પામ્યાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પારમેશ્વરી દીક્ષા લીધી. પાછળથી સૂરિપદને પામ્યા પછી પણ બે શિષ્યોના કાળધર્મ નિમિત્તે બૌદ્ધો સાથેના દ્વેષભાવથી બચી જઈ ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત રૂપે ૧૪૪૦ ગ્રંથો જીવનાંત સુધીમાં લખી નાખ્યા. આગમ, કર્મસાહિત્ય, ન્યાય, અન્યદર્શનની વાતો વગેરે કોઈ પદાર્થો તેમના ગ્રંથથી બહાર નથી રહ્યા તેવા અનુપમ છતાંય આ. હરિભદ્રસૂરિજી નિષ્પક્ષ અને તટસ્થ સંસ્કૃતપ્રાકૃતભાષાના ખાણ હતા. તેમણે પોતાની રચનામાં જૈન અને જૈનેત્તર અનેક દાર્શનિક ગ્રંથકારોના નામ રજૂ કર્યા છે. આ. સિદ્ધર્ષિ, આ. ઉદ્યોતનસૂરિજી, આ. જિનેશ્વરસૂરિજી, આ. વાદિદેવસૂરિજી. આ. દેવચંદ્રસૂરિજી, આ. મલયગિરિજી, આ. પ્રદ્યુમ્નસૂરિજી, ક.સ.આ. હેમચંદ્રાચાર્યજી તથા ઉપાધ્યાય યશોવિજયજી જેવા તત્ત્વવેતાઓએ પણ પોતપોતાની રચનાઓમાં આ. હરિભદ્રસૂરિજીને ભાવવંદના પાઠવી છે. સ્વયં ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સાહેબે પણ લેખકશ્રી (મને) સમરાઈચ્ચકહાગ્રંથ ચારિત્રજીવનમાં સર્વપ્રથમ ભણાવેલ, પછી જ ઉપમિતિભવપ્રપંચકથા લીધેલ હતી. આ. હરિભદ્રસૂરિજી લગભગ વિ.સં. ૭૮૫ની સાલમાં દેવલોકને પામ્યા છે.

*નય અને સ્યાદ્વાદના અદ્ભુત જ્ઞાનપુંજથી પ્રકાશિત 'દ્વાદશાર નયચક્ર'ના રચયિતા*

## (૧૫) આચાર્યશ્રી મલ્લવાદીસૂરિજી મહારાજા

શ્રુતદેવી દ્વારા આંચકી લેવાયેલ નયચક્ર જેવા નામનો ગ્રંથ પાછો મેળવવા મલ્લમુનિએ કરેલી સરસ્વતીની આરાધના અને તેણીની જ કૃપાથી પાછળથી મળેલ વાદશક્તિથી બૌદ્ધોને હરાવી દસ હજાર શ્લોક પ્રમાણ નયચક્ર શાસ્ત્ર રચનાર, ઉપરાંત પદ્મચરિત્ર, સન્મતિતર્કની ટીકા વગેરે અનેક નૂતન ગ્રંથો રચ્યા છે. તેવી જ રીતે પ્રથમ આ. માનદેવસૂરિજી કે જેમની આચાર્ય પદવી વખતે સ્કંધ ઉપર સ્વયં લક્ષ્મી અને સરસ્વતી આવીને બેઠી હતી, તેથી ચારિત્રના પતનનો ભય દૂર કરવા જેમણે છએ વિગઈનો જીંદગીભર માટે ત્યાગ કરી દીધેલ તથા તે પછી તપ, બ્રહ્મચર્ય અને જ્ઞાનના અજવાળાથી આકર્ષાઈ જયા, વિજયા, અપરાજિત તથા પદ્મા નામની ચાર શાસનદેવીઓ જેમની પાસે નિત્ય વંદન કરવા આવતી હતી, જ્યારે મ્લેચ્છોના વ્યંતરોના કારણે તક્ષશિલા નગરીમાં મહામારીનો ઉપદ્રવ થયો ત્યારે છેક નાડોલમાં બેઠા બેઠા લઘુશાંતિ અને તિજયપહુત્ત સ્તોત્ર રચી આપી મહામારી દૂર કરાવી છે. રજપૂતોને પ્રતિબોધી વી.સં. ૭૩૧માં ગિરનારથી અનશન સાધ્યું.

*ચોથી આગમવાચના દ્વારા શ્રુતજ્ઞાનને રક્ષિત અને અસ્ખલિત બનાવનારા*

## (૧૬) આચાર્યશ્રી સ્કંદિલસૂરિજી મહારાજા

ઉત્તર મથુરાના બ્રાહ્મણમેઘરથના સુપુત્ર, છતાંય વૈરાગ્યથી દીક્ષા લઈ આચાર્યપદ સુધી પહોંચ્યા છે. વીર નિર્વાણની નવમી સદીમાં થયેલ હૂણો અને ગુપ્તોના ખુંખાર યુદ્ધ પછી જૈનાચાર્ય મલ્લવાદીજીએ બૌદ્ધોને હરાવ્યા તે પછી આ. સ્કંદિલસૂરિજીએ મથુરામાં અને આ. નાગાર્જુનસૂરિજીએ વલ્લભીપુરમાં વિશાળ મુનિ સંમેલન કરી ચોથી આગમવાચના કરાવી, જિનાગમોને ગ્રંથારૂઢ કરાવ્યા છે. આર્ય જંબૂ તથા આર્યહિમવંતે પણ પૂરો સહયોગ આપ્યો. આ. ગોવિંદ તથા આ. મલ્લવાદિસૂરિજીએ પણ ચોથી આગમવાચના પછી સ્મરણશક્તિનો હ્રાસ જાણી જૈનાગમો પુસ્તકારૂઢ કરાવ્યા જેમાં તેમના શિષ્ય ગંધહસ્તિએ ત્રણ પૂર્વ જેટલું જ્ઞાન ગ્રંથસ્થ કર્યું. જેમાં મથુરાના શ્રાવક પોલાકે અંગ, વિવરણો તથા ભાષ્યો વગેરેને તાડપત્ર ઉપર લખાવી આપી શ્રુતભક્તિનો લાભ લીધો તથા આચાર્ય સ્વયં મથુરામાં જ કાળધર્મ પામ્યા.

*'ઉપદેશમાલા'ના રચયિતા*

## (૧૭) રાજર્ષિ ધર્મદાસગણિ મહત્તર તથા અન્ય શ્રુતધરો

પરમાત્મા મહાવીરના હસ્તે દીક્ષિત અવધિજ્ઞાની ધર્મદાસગણિની રચના ઉપદેશમાળા આજેય વિદ્યમાન છે. તેમ આ. શિવશર્મસૂરિજી રચિત કમ્મપયડિ તથા પાંચમો કર્મગ્રંથ, આ. ચંદ્રર્ષિ મહત્તર રચિત પંચસંગ્રહ વાચક શ્રીસંઘદાસગણી મહત્તર રચિત વસુદેવહિંડી, પૂર્વધર આ. વિમલચંદ્રસૂરિજી રચિત પઉમચરિયં અને હરિવંશચરિયં ગ્રંથ, આ. ઉદ્યોતનસૂરિજીની પ્રાકૃત કુવલયમાલાથી લઈ આ. માનતુંગસૂરિજી રચિત ભક્તામર સ્તોત્રપાઠ વગેરે રચનાઓ આજેય પણ તે તે જ્ઞાનીપુરુષોની સ્મૃતિસ્વરૂપ શ્રુતખજાના રૂપે આપણી પાસે છે. કહેવાય છે કે વિશિષ્ટ પૂર્વધરો વિ.સં. ૫૯૦ સુધી થયા પછી ફક્ત શ્રુતધર જ રહ્યા અને શ્રુતધરો પણ મુખ્યતયા આ. હરિભદ્રસૂરિજીના સ્વર્ગગમન કાળ વિ.સં. ૭૮૫ સુધી થયા, છતાંય પાછળથી પણ વિશિષ્ટ ગ્રંથો રચનારા આ. સિદ્ધર્ષિ જેમણે ઉપમિતિ ભવપ્રપંચકથા રચી છે તેવા જ સમર્થ હતા. આ જિનદાસગણી મહત્તર આ. વુદ્દવાઈ. આ. વટેશ્વર વગેરે વગેરે તેથી જ પ્રસ્તુત લેખમાળામાં આ. હરિભદ્રસૂરિજી પછીના પણ અમુક વિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રકારોના ઉલ્લેખ લીધા છે, જેને જ્ઞાનપિપાસુ વર્ગ વાંચી સપ્રેમ વધાવે તેવી શુભાપેક્ષા.

*જ્ઞાનના મહાસાગર, સિદ્ધ સારસ્વત, ગુજરાતના મહાન જ્યોતિર્ધર, અદ્વિતીય–અદ્ભુત સવા લાખ શ્લોકપ્રમાણ 'સિદ્ધહેમ વ્યાકરણ'ના રચયિતા, રાજા સિદ્ધરાજ–જયસિંહની જ્ઞાનોપાસના અને મહારાજા કુમારપાળની સંસ્કારપ્રિયતાના વિધાયક*

## (૧૮) કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગુજરાત સંપૂર્ણમાં ધર્મની હેલી વરસાવનાર, સરસ્વતીકૃપાપાત્ર, સાડાત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ સંસ્કૃત–પ્રાકૃત રચનાઓ કરનાર, મહામંત્ર નવકારના બેજોડ આરાધક અનેક ગુણસંપન્ન તથા સુવિશાળ સમુદાયના અધિપતિ, રાજા કુમારપાળના પ્રતિબોધક તથા અઢાર દેશોમાં અમારિ પ્રવર્તક એવા ગચ્છાચાર્ય હેમચંદ્રાચાર્યજીના સ્મરણ વિના જ્ઞાનપ્રવાહની વાર્તાઓ અધૂરી રહે એવી સુંદર સાહિત્યભેટ વિશ્વના કલ્યાણ હેતુ આપી તેઓશ્રીએ સૌ ઉપર શ્રેષ્ઠ ઉપકાર કર્યો છે. શ્રુતધરોનો કાળ આ. હરિભદ્રસૂરિજી સુધી અખંડ ચાલ્યો, પણ તે પછીય વિશિષ્ટ જ્ઞાનોપાસક મહાત્માઓમાં આચાર્ય ભગવંતનું નામ મોખરે છે. કહેવાય છે તેમના જ કારણે આજે ગુજરાત સાક્ષર છે અને તેમના સ્વર્ગગમન પછી તો ઘણો જ કાળ ઉતાર–ચઢાવમાં વહી ગયો. પછી જ નિકટના ભૂતકાળમાં ઉપાધ્યાય યશોવિજયજી મ.સા. તથા પંડિત વિનયવિજયજી, કવિરાજ પદ્મવિજયજી, જ્ઞાનવિમલસૂરિજી વગેરે જ્ઞાની પુરુષો અનેક રીતે જિનશાસનને સંપ્રાપ્ત થયા છે. પ્રસ્તુત લેખમાં અન્ય અનેક શ્રુતધરો, જ્ઞાનપ્રસારકો કે શાસનપ્રભાવકોના નામ નથી લખી શકાયા, જેમાં ગ્રંથની મર્યાદા ઉપરાંત વિશિષ્ટ વિગતોનો ઉલ્લેખ જ કારણભૂત છે. બાકી સમયે સમયે બહુરત્ના–વસુંધરાએ સાક્ષરો આપ્યા છે અને આપશે છતાંય અન્ય અમુક ગ્રંથકારો, શ્રુતધરો, પૂર્વધરોથી લઈ ગણધરોની અતિ સંક્ષિપ્ત માહિતી નિમ્નાંકિત જાણવી જેમ કે......

નવાંગી ટીકાકાર આ. અભયદેવસૂરિજી, વાદમહાર્ણવ ગ્રંથ રચયિતા તર્કપંચાનન અભયદેવસૂરિજી, સરસ્વતીનું સાનિધ્ય મેળવનાર આ. બપ્પભટ્ટસૂરિજી, સિદ્ધસારસ્વત્ વ્યાકરણ રચયિતા આ. દેવાનંદસૂરિજી, કવિપ્રભાવક આ. પ્રદ્યુમ્નસૂરિજી, ગોદાવરીકાવ્યના રચનાકાર આ. યશોભદ્રસૂરિજી, અમમચરિત્ર રચનાર આ. મુનિરત્નસૂરિજી, નેમિચરિયં જેવા અનેક પ્રાકૃત–સંસ્કૃત ગ્રંથ રચનાર આ. જયસિંહસૂરિજી, શત્રુંજય માહાત્મ્યની પ્રૌઢ રચના કરનાર આ. ધનેશ્વરસૂરિજી, પ્રાકૃતપ્રબંધોમાં કાવ્યો બનાવનાર આ. જીવદેવસૂરિજી, યતિદિનચર્યાદિ પ્રસ્તુતકર્તા આ. ભાવદેવસૂરિજી, ભુવનસુંદરીકહાના રચનાર, આ. વિજયસિંહસૂરિજી, આ. મહેશ્વરસૂરિજી રચિત નાણ પંચમીકહા, વિશેષાવશ્યક–મહાભાષ્યની સંસ્કૃત ટીકાના રચનાર, પિંડવિશુદ્ધિની વૃત્તિ બનાવનાર આ. યશોદેવસૂરિજી, ઉપદેશપ્રસાદના રચયિતા આ. વિજયલક્ષ્મીસૂરિજી, ઉપરાંત અનેક ઉપાધ્યાયો, ગણિવર્યોની પણ રચનાઓ વર્તમાન જ્ઞાનભંડારોમાં દ્રષ્ટિગોચર થાય છે. એકાકીવિહારી આનંદઘનજીના પણ ચોવીશી કાવ્યો પ્રભુભક્તિમાં ગવાય છે, તેમ જ અનેક પ્રકારના કાવ્યો, છંદો, સજ્ઝાયો, સ્તવનો, રાસો, સ્તોત્રો, પ્રશસ્તિઓ વગેરે સાહિત્ય વિપુલ પ્રમાણમાં આજે પણ જળવાયેલું જોવા મળે છે. પણ જેમ જેમ કાળ પડતો થયો છે, તેમ તેમ પૂર્વકાલીન સાહિત્ય રચના જેવી રચનાઓ જોવા નથી મળતી, કારણમાં અભ્યાસુવર્ગ પણ ઓછો થવા લાગ્યો છે.

નિકટના ત્રણસો વરસના ગાળામાં છેલ્લા ઉપાધ્યાય યશોવિજયજી જેવા સમર્થ વિદ્વાન અને સાહિત્યસર્જક ઓછા જ કે જવલ્લે જ જોવા મળે છે. છતાંય બલીહારી છે પ્રભુશાસનની કે આજેય સંસ્કૃત–પ્રાકૃતના પીઢ અભ્યાસી, રચનાશક્તિ સંપન્ન તથા ભણાવનાર ઉપરાંત સંશોધનકર્તાઓ ઉપલબ્ધ છે. જ્ઞાનગીતાર્થો ઓછા જ છે, પણ જ્ઞાનપ્રવાહ તો ચાલુ જ રહેવાનો કારણ કે પૂર્વભવના જ્ઞાનસંસ્કારથી ભાવિત જીવો જન્મવાના, ચારિત્ર લેવાના અને પ્રભુશાસનને શોભાવવાના. પ્રભુશાસનના અંતે દશવૈકાલિક જેવા ફક્ત ચાર આગમના જ અભ્યાસી પણ જ્ઞાનીપુરુષમાં ગણાશે.

પ્રાતે: લખવાનું કે શાસનમાં શ્રુતધરો એટલે ફક્ત શાસ્ત્ર–ગ્રંથ કે પુસ્તકો લખનારા જ ન ગણી શકાય, બલ્કે તે પ્રવૃતિ વિના પણ ફક્ત પ્રવચનના માધ્યમે શ્રુતધારાને વહેતી રાખનારા પ્રવચનપ્રભાવકો પણ થયા છે અને થવાના. તદુપરાંત વિશિષ્ટ લબ્ધિસંપન્ન મહાત્માઓ પણ શ્રુતધરોમાં લેખાય છે, કારણ લબ્ધિઓ સ્વાધ્યાય કે તપ બેઉ માધ્યમે પ્રગટી શકે છે.

પ્રભુ શાસનના સમ્યક્જ્ઞાનને સર્વદા વંદના કરી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવો, સંપ્રાપ્ત જ્ઞાન યોગ્ય જીવોને પ્રદાન કરવું, લોકોને અધર્મથી વાળી ધર્મ તરફ જોડવા વગેરે અભિગમો આદરણીય છે. નાના આ લેખની પૂર્ણાહૂતિ સાથે સર્વે શ્રુતવિદોને ભાવભરી વંદના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આત્માનુભૂતિના જૈન જ્યોતિર્ધરો

*પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)*



સાધના–આરાધના કરતાં આત્મદર્શન થવા, આત્માનુભૂતિની સ્પર્શના થવી કે પછી આત્મસાક્ષાત્કારના પ્રભાવે ભેદજ્ઞાન ઉત્પન્ન થવું તે બધીય યોગભૂમિકા મોટે ભાગે સવિશુદ્ધ સંયમને આભારી છે. બાકી આરંભ–સમારંભ, રાગ–દ્વેષ કે વિષયકષાયના સંસારમાં બેઠેલા ગૃહસ્થોને તે અનુભૂતિઓ દુર્લભ છે. આત્માનુભૂતિ પ્રગટ થવી, ટકવી, વૈરાગ્ય થવો, સંયમપ્રાપ્તિ થવી, ગુણઠાણે પ્રગતિ થવી, ક્ષપકશ્રેણિ લાગવી, કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થવું વગેરે તો ચરમભવમાં જ શક્ય છે, છતાંય વર્તમાનમાં પણ તેવી જ આત્મોત્થાનની પગદંડીએ સંચરણ કરનારા જે જે મહાત્માઓ થયા તેમાંથી પરિચિત અમુક સાધકોની જીવનસાધના અલ્પાક્ષરમાં અત્રે પ્રસ્તુત છે, જે ફક્ત પ્રભુ મહાવીર પછીના કાળના જીવંત પ્રસંગો જાણવા. કદાચ અનેક મુનિભગવંતોનો ઉલ્લેખ જોવા ન મળે તો તે સ્થળ–સંકોચ તથા ગ્રંથમર્યાદાના કારણે, બાકી તેવા જ સાધકો–આરાધકોને ભાવભરી વંદના.

પ્રસ્તુત છે આત્મનુભૂતિના જૈન–જ્યોતિર્ધરોની આછી–આછી માહિતી —સંપાદક

**(૧) પ્રભુવીરના અગીયાર ગણધરો :—** બધાય બ્રાહ્મણ મટી શ્રમણ બન્યા તેમાંય ગૌતમ ગણધર તો મનઃપર્યવજ્ઞાની બની ગયા હતા. જેમને દીક્ષાનું દાન તેમને થાય કેવળજ્ઞાન તેવી લબ્ધિવાળા હતા. ફક્ત ત્રિપદી સુણી દ્વાદશાંગીની રચના કરી નાખવી તે સામાન્ય ઘટના નથી. પ્રશ્નો પણ પોતા માટે નહીં પણ બાળજીવોના બોધ માટે પૂછનારા, અંતે પ્રભુવીરના નિર્વાણ પછી જ ખરી આત્મસંવેદના અનુભવનારા તેઓ કારતક સુદ ૧ના સૂર્યોદય સમયે કેવળી બની ગયા હતા. તમામ વિદ્વાન પંડિતોના પ્રશ્નોના સમાધાન પ્રભુ પાસે થઈ જતાં જે આત્મજાગૃતિ આવી, તે આજીવન સમર્પણમાં પરિણમી. આજેય પર્યુષણામાં તેમના જીવનગીતો ગવાય છે.

**(૨) આ. રત્નપ્રભસૂરિજી :—**૫૦૦ વિદ્યાધરો સાથે ચારિત્ર આ. સ્વયંપ્રભસૂરિજી પાસે લેનારા તથા વિદ્યાધરપતિ રત્નચૂડમાંથી રત્નપ્રભસૂરિ બનનારા તેમના સમયમાં ઓસિયા નગરીની સ્થાપના થઈ છે. કોઈ પણ જૈન ન હતા તેવા સ્થાનમાં ઓસિયામાં (ઉપકેશનગરમાં) ૩૫ ઠાણા સાથે ઉપવાસ ઉપર ઉપવાસ કરી ચાતુર્માસ કરનારા તેમના પ્રભાવે ઓસવાલ વંશની સ્થાપના થઈ, માંસાહારિણી ચામુંડા દેવીએ માંસાહાર છોડ્યો, એક લાખ એંસી હજાર જૈનેત્તરો જૈન બની ગયા, તેવા લબ્ધિધારી આચાર્ય ભગવંતના હાથે થયેલી વિવિધ પ્રતિષ્ઠાઓ વિખ્યાત છે. અંતર્મુખી સ્વભાવને કારણે વિવિધ શક્તિઓ પ્રગટી હતી.

**(૩) આ. યક્ષદેવસૂરિજી :—**કહેવાય છે કે તેમના એક શિષ્ય દ્વારા માણિભદ્ર ઉપર પાત્રાનું પાણી પરઠવી દેતાં યક્ષે કોપાયમાન થઈ તેમને પાગલપણ આપેલ જે આચાર્ય યક્ષદેવસૂરિજીના અભિમંત્રિત જળથી દૂર થઈ જતાં શિષ્ય સ્વસ્થ થયા અને યક્ષને પ્રતિબોધતાં આચાર્ય ભગવંતનું પોતાનું નામ પણ સાર્થક થયું. જાણવા મુજબે બંગાળ પ્રદેશ તરફ વધુ વિચરણ થતાં ત્યાં જેઓ જૈન બન્યા તે બધાંય સરાક તરીકે પ્રસિદ્ધ થયા છે. આચાર્ય ભગવંત સંયમી, તપસ્વી અને આરાધકાત્મા હતા તેથી લબ્ધિઓ લાધી હતી.

**(૪) મંત્રી અભયકુમાર :—**પદાનુસારી લબ્ધિના સ્વામી તેઓ ચારેય બુદ્ધિના ધણી છતાંય જ્યારે પિતારાજા શ્રેણિક પ્રતિનું રાજકર્તવ્ય પૂરૂં થયું જાણ્યું ત્યારે તેમના ક્રોધનો લાભ ઉઠાવી સંસાર ત્યાગી દીધો, પ્રભુવીરને જીવનસમર્પણ કરી દીધું. પોતાની સઘળીય મેધાશક્તિ આત્મવિકાસમાં ગાળી દીધી, જેથી તેમની જેટલી ઘટનાઓ ચારિત્ર પૂર્વેની નોંધાઈ છે, તેનો અલ્પાંશ પણ દીક્ષાજીવનના સ્વીકાર પછી નથી જોવા મળ્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે તેમની નિઃસ્પૃહિતા, નિસંગતા અને નામનાથી પર રહેવાની સાધના છે, સુંદર સંયમ પ્રતાપે ચરમાવતારી તેઓ દેવલોકે સિધાવ્યા છે.

**(૫) આચાર્ય યશોભદ્રસૂરિજી** :—જ્યારે બ્રાહ્મણોમાં યજ્ઞ–આહૂતિ અને પશુબલિદાનની ગંદી પ્રથાઓ ચાલુ હતી, ત્યારે વિદ્વાન બ્રાહ્મણ મટી જ્ઞાની શ્રમણ બનવા તેમણે આ. શય્યંભવસૂરિજી પાસે દીક્ષા લીધી. શાંત, ઉપશાંત અને અંતર્મુખ વલણને કારણે તેઓ બ્રાહ્મણોની સભામાં પણ વર્ચસ્વ ધરાવવા લાગ્યા. તેમના ગુણોનો પ્રભાવ એવો પાક્કો કે હિંસામાર્ગ બંધ થવા લાગ્યો. તુંગીયાન ગોત્રના ક્રિયાકાંડી બ્રાહ્મણ તેઓ શ્રુતકેવળી થઈ દેવલોકે ગયા, તે પૂર્વે નામનાની કામના વગર જૈનશાસનના કાર્યો કરી ગયા માટે તેઓ ઐતિહાસિક પુરુષ યુગપ્રધાન છતાંય વધારે જીવન પ્રસંગો મળતા નથી.

**(૬) આ. ભદ્રબાહુસ્વામિ** :—આત્માનુભૂતિના પ્રખર જ્યોતિર્ધર તેમણે છેક નેપાળ જેવા વિદેશ પ્રદેશમાં જઈ આત્મસાધના માટે મહાપ્રાણ ધ્યાન પ્રારંભેલ જે બાર વરસની ઘોર સાધના હતી. બારમાં અંગના સંપૂર્ણ જાણકાર તેઓ તે સમયે સમર્થ શાસ્ત્રજ્ઞાતા હતા. વાચના શક્તિસંપન્ન છતાંય આત્મધ્યાની હોવાથી એકાંતને વધુ પસંદ કરતા હતા. જ્ઞાનનું અજીર્ણ થવાથી જ્યારે આ. સ્થુલિભદ્રજીએ સિંહનું રૂપ લઈ પોતાની બેન સાધ્વીઓને દર્શન આપ્યા, તરત તેઓએ નવું જ્ઞાનદાન બંધ કરી દીધું. જ્ઞાનાચારના ધણી તેમને દિગંબરો પણ માન્ય કરે છે. ઉજ્જૈનની નિકટથી અનશનપૂર્વક દેવલોક સાધ્યો છે.

**(૭) ચાર આત્મલક્ષી મુનિરાજો** :—ગુર્વાજ્ઞા લઈ એકાકી વિચરણ કરી રહેલ ચારેય મહાત્માઓ રાજગૃહિની ક્ષેત્રભૂમિના પહાડીપ્રદેશમાં આત્મધ્યાનમાં સમય વીતાવવા લાગ્યા. ફક્ત ત્રીજા પ્રહોરે નગરમાં આવી ગોચરી વહોરે પછી ચોથા પ્રહોરે ધ્યાનયોગમાં પ્રવેશી જાય. એકદા ભર શિયાળાની કાતિલ ઠંડીમાં ઉતાવળે પાછા વળતાં એક મુનિ ગુફાના દરવાજે પહોંચી ગયા. બીજા ઉદ્યાન સુધી, ત્રીજા ઉદ્યાનની બહાર સુધી અને ચોથા મહાત્મા ધીમી ગતિવાળા હતા તેઓ ફક્ત નગરના પાદર સુધી જ માંડ પહોંચ્યા ને અભિગ્રહ પ્રમાણે ચોથો પ્રહોર ચાલુ થઈ જવાથી કાઉસ્સગ્ગ કરવા લાગ્યા. કડકડતી ઠંડીએ તેમને ઉપસર્ગ કરી દીધો, જેથી ગુફાદ્વારે પહોંચેલા મહાત્મા રાત્રિના પહેલા પ્રહોરે, ઉદ્યાનસ્થિત બીજા પ્રહોરે, ઉદ્યાનનિકટ મુનિવરના ત્રીજા પ્રહોરે અને નગરનિકટ મુનિરાજ ચોથા પ્રહોરે ધ્યાનયોગમાં જ સ્વર્ગવાસી બની ગયા. કેવી હશે એ આત્મલગની, આત્મસમર્પણ અને આત્મગવેષણાની ઝંખના?

**(૮) આર્ય મહાગિરિજી** :—આચાર્ય સ્થુલિભદ્રસૂરિજીના શિષ્ય તેઓ આત્મધ્યાની યોગી પુરુષ થયા છે. સ્થવિરકલ્પી ગુરુવર્ય આર્ય સુહસ્તિસૂરિજીને ગચ્છનાયક પદ આપી પોતે વિચ્છેદ પામી ગયેલ જિનકલ્પની તુલના કરતા સારો એવો સમય નગરની બહારના ઉદ્યાનો, વનપ્રદેશો અને એકાંત પ્રદેશોમાં ગાળ્યો છે. આત્મદર્શન હેતુ તુચ્છ આહારાદિની ભિક્ષા લેતા હતા અને તેવો આહાર ન મળે તો ઈચ્છાપૂર્વક ઉપવાસ કરતા હતા. રાજા સંપ્રતિના રસોડા દ્વારા થઈ રહેલી ભિક્ષા ભક્તિ સાધુ–સાધ્વીઓને કલ્પે તેવી નિર્દોષ હતી, છતાંય આર્ય મહાગિરિજીએ તેને રાજપિંડ જાહેર કરી આર્ય સુહસ્તિસૂરિજીને પણ ઠપકો આપી તેવા આહારપાણી બંધ કરાવેલ હતા, તેઓ પૂરા ૧૦૦ વરસની ઉમરે દશાર્ણ દેશના ગજપદતીર્થમાં સ્વર્ગવાસી થયા છે.

**(૯) આચાર્ય દુષ્યગણિ** :—મધુરભાષા જેમની જીવ્હા ઉપર રમતી હતી, જેમના હાથ અને પગના તળિયાં કોમળ લક્ષણવાળા હતા. કાયા પણ સુકુમાર હતી, છતાંય વાણી ઓજસ્વી અને સાથે સૂત્ર કરતાંય અર્થના, પદાર્થ વિશ્લેષણના જ્ઞાતા હતા, આત્મચિંતન તથા અનુપ્રેક્ષાઓ જેમનો મુખ્ય વિષય હતો તેવા આ. દુષ્યગણિના પુણ્ય પ્રભાવે તથાકાલીન અનેક જ્ઞાનીઓ પણ તેમની સેવા કરતા હતા.

**(૧૦) આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** :—૧૦૪ વરસ સુધી જીવી યુગપ્રધાન પદ પામનારા તેઓ આગમના ઊંડા જ્ઞાતા છતાંય મોટો ભાગ શાસ્ત્રસર્જનમાં ગાળતા. ધ્યાન નામના અગીયારમા અભ્યંતર તપથી વિશેષ ભાવિત તેમણે ધ્યાનશતક બનાવ્યું છે જેમાં આત્માનુભૂતિના સચોટ ઉપાય જોવા મળશે. આ. હરિભદ્રસૂરિજીએ તો ધ્યાનશતક ઉપર ટીકા બનાવી તેમના ગ્રંથનું જોરદાર સમર્થન કર્યું છે. ગણધરવાદનું વિસ્તારથી વર્ણન તેમના અભિરૂચિનો વિષય હતો. તેમની ઉપશાંત મુદ્રા, સ્વાધ્યાય રસિકતા તથા આત્મસંલીનતા ગુણોથી લોકો તેમને જ્ઞાની–ધ્યાની ક્ષમાશ્રમણ કહી બોલાવતા હતા. આજેય પણ તેમની અનેક શાસ્ત્રરચનાઓ જેમ કે બૃહદ્સંગ્રહણી વગેરે ઉપલબ્ધ છે.

**(૧૧) મુનિ અવન્તિસુકુમાર** :—નલિનીગુલ્મ વિમાનનું વર્ણન સાંભળી જાગી જનાર ૩૨ પત્નીઓના અનુકૂળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારને છોડી પ્રતિકૂળ સ્મશાનધ્યાનને પસંદ કરનારા અવંતિસુકુમારે ચારિત્ર લઈ ઓછા સમયમાં શિયાલણ અને તેણીના બચ્ચામાં મરણાંત ઉપસર્ગને સહીને કાયાની માયા છોડી ફરી દેવલોક સાધી લીધો, તેમાં તેમની આત્મરમણતા તથા ઉચ્ચ ધ્યાનદશાની અનુમોદના કરાય છે. સ્વયં તેમના ગુરુદેવ આર્ય સુહસ્તિસૂરિજીએ તેમને તેમની તેવી યોગ્યતા દેખી એકાકી વિહાર માટે આજ્ઞા આપેલી હતી, અને કાળધર્મ પછી તેમની પત્નીઓએ પણ તેમની ક્ષતવિક્ષત કાયા દેખી વૈરાગ્ય થતાં સંસારત્યાગ કરી નાખ્યો હતો.

**(૧૨) આચાર્ય પ્રિયગ્રંથસૂરિજી :**—જેમના ધ્યાન અને જ્ઞાનથી પ્રસન્ન થયેલી અંબિકા દેવીએ સાનિધ્ય આપી બ્રાહ્મણો દ્વારા થઈ રહેલ પશુહિંસાને અટકાવી, ચારેય તરફ અહિંસાનો આહ્લાદ બજાવી દીધો હતો, જેમની પાસે મંત્રવિધાનો હોવાથી મંત્રવાદી પ્રભાવકાચાર્ય ગણાયા છે તેવા પ્રિયગ્રંથસૂરિજીના કાળમાં આચાર્ય નાગસૂરિજી પણ પ્રભાવક બન્યા હતા. ચમત્કાર ત્યાં નમસ્કાર તે ન્યાયે અનેક લોકો તેમની મંત્રશક્તિથી આકર્ષાયેલા હતા, પણ છતાંય વ્યક્તિગત ભક્તો પેદા ન કરી આત્મનિર્લેપદશાનો પરિચય આપ્યો હતો અને અજમેરની નિકટના સમૃદ્ધ નગર હર્ષપુરને કેન્દ્રમાં રાખી ચારેય તરફ અહિંસાવાદ પ્રસરાવી દીધો હતો.

**(૧૩) આચાર્ય રૂદ્રદેવસૂરિજી :**—જેઓ યોનિપ્રાભૃત શ્રુતના જ્ઞાતા હોવાથી શિષ્યોને માછલાં ઉપન્ન કરવાની વિદ્યા જણાવી પણ તે બાજુની ભીંતથી કોઈ માછીમારે ગ્રહણ કરી જ્યારે દુકાળના સમયે તેનો દુષ્પ્રયોગ કરી માછલાઓની હિંસાના પાપો કર્યા અને તે જ વાત સૂરિ મહાત્માના ધ્યાનમાં આવી, ત્યારે તરત જ રત્નોત્પત્તિનો પ્રયોગ શીખવી તે ધીવરને માંસાહારના પાપથી મુક્ત કર્યો હતો. આચાર્ય રૂદ્રદેવસૂરિજી સ્વયં બાહ્ય આડંબરોથી પર આરાધકાત્મા હતા. કદાચ તેથી પણ તેમની વધુ વિગતો ઇતિહાસમાં નહિં નોંધાણી હોય તેમ જણાય છે. આમેય આત્મલીનતાથી જ લબ્ધિઓ પ્રગટે છે, જે હકીકત છે.

**(૧૪) આર્યશ્રમણસિંહસૂરિજી :**—જેમણે વિલાસનગરના રાજા પ્રજાપતિને જૈનધર્મના રાગી બનાવવા પત્થરમાં સોય ભરાવી, અમુક સંક્રાંતિમાં ખેંચાવી આખીય નગરી વરસાદથી જળબંબાકાર કરાવી દીધેલ હતી, તેવા પોતે પાછા આવા આશ્ચર્યોમાં વિરાધનાના પાપોથી ભયભીત હતા. તેથી રાજા દ્વારા પુછાયેલ પ્રશ્નોના ઉલટસુલટ જવાબ અપાવીને રાજકથા, દેશકથાથી મુક્ત થઈ ગયેલા, તે પછી જ્યોતિષશાસ્ત્રના મહાનગ્રંથ રચ્યા હતા, જે આજે નાશ પામેલા છે. આવા જ્યોતિષજ્ઞ છતાંય તેઓ આચાર-વિચારથી સંપન્ન અધ્યાત્મના રાગી હતા.

**(૧૫) આ. સિદ્ધસેનદિવાકરસૂરિજી :**—મહામંત્ર નવકારને નાનો કરી નાખવાની વિદ્વતાના કારણે બાર વરસ ગુપ્તવેશે રહી મોટા રાજાને પ્રતિબોધવાનું પારાંચિત પ્રાયશ્ચિત વહન કર્યું. વનવાસ, નિર્જનપ્રદેશાવાસ વગેરેમાં આત્મજાગૃતિ ખૂબ કેળવી અને પછી કલ્યાણમંદિર સ્તોત્ર દ્વારા ધરણેન્દ્ર દેવને પ્રસન્ન કરી અવન્તિપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા મહાદેવના મંદિરમાંથી પ્રગટ કરી દેખાડતાં ઊજ્જૈનનો વિક્રમાદિત્ય રાજા પ્રતિબોધ પામી ગયેલ. પક્કો જૈન બની જઈ ખૂબ શાસનપ્રભાવના કરવા લાગ્યો તેથી સંઘે પણ તેમના પ્રાયશ્ચિતના બાકીના પાંચ વરસો માફ કરાવી સાતમા વરસે જ ગુપ્તવેશ છોડાવ્યો હતો. દિગંબરોએ પણ સિદ્ધસેન દિવાકરસૂરિજીના અનેક ગ્રંથોનો સ્વીકાર કર્યો છે. સમર્થ શાસ્ત્રકાર તેઓ છતાંય લોકપ્રશંસાથી પર આત્માનુશાસન ધરાવતા વિદ્વાન થઈ ગયા છે, જે બાબત પછીના આચાર્યો તેમને શ્રુતકેવળી કહી નવાજે છે.

**(૧૬) આચાર્ય ભદ્રગુપ્તસૂરિજી :**—વજસ્વામિ જેવા સમર્થ શાસનપ્રભાવકના જેઓ વિદ્યાદાતા હતા, દ્રષ્ટિવાદ ભણાવેલ તથા જેઓ વીર સંવંત ૫૩૩માં ૧૦૫ વરસની દીર્ઘ ઉમ્રમાં કાળધર્મ પામી દેવલોકે સીધાવ્યા છે એવા આત્મપરિણત આચાર્ય ભગવંતને અંતિમ નિર્યામણા આર્ય રક્ષિતસૂરિજીએ કરાવી હતી. જીવનના અંતે અણસણપૂર્વક દેહત્યાગ તે ફક્ત આત્માર્થી જીવોને જ સુલભ બને છે, જે પંડિત મરણ તેઓ પણ વર્યા.

**(૧૭) આર્ય વજસ્વામિજી :**—બચપણથી જ હેરત પમાડતા પ્રસંગો સર્જનાર, પુરીના બૌદ્ધ રાજાને પ્રતિબોધ કરનાર તથા જાવડશેઠના મારફત શત્રુંજયતીર્થનો જીર્ણોદ્ધાર કરાવનાર આચાર્ય પુંગવે જ્યારે અંતકાળ નિકટ હતો ત્યારે દુકાળના કારણે પણ વિદ્યાપિંડથી આહાર લઈ જીવન ટકાવવા કરતાં આત્મશ્રેયાર્થે સપરિવાર અણસણ પસંદ કર્યું. તેમની આત્મલગની અને નિષ્ઠા જોઈ એક બાળમુનિએ વજસ્વામીની ના છતાંયે અણસણ કરી, દેહ છોડી દીધો. તે પછી અનેક મહાત્માઓ આત્માનુભૂતિ સાથે દેહદમન કરી વજસ્વામિની સાથે દેવગતિ પામી ગયા. જે સ્થાને સ્વયં શક્રેન્દ્રે આવીને રથવડે પ્રદક્ષિણા આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૧૮) આ. સમન્તભદ્રસૂરિજી :**—જ્યારે આ. કૃષ્ણઋષિના શિષ્ય શિવભૂતિએ ગુરુ તરફથી નવપૂર્વથી અધિક જ્ઞાન ધરાવનાર માટે જ જિનકલ્પ ને નગ્નવાદ જણાવાયો ત્યારે શિવભૂતિ વસ્ત્ર–પાત્ર છોડી દિગંબરપંથનો પ્રણેતા બની ગયો. જૈનસંઘમાં વીર સં. ૬૦૯થી શ્વેતાંબર અને દિગંબર એમ બે મત પડી ગયા. તે સમયે શ્રીસંઘની એકતા જાળવવા અનેક આચાર્યોએ પ્રયત્ન કર્યા અને તેમાંય આ. સમન્તભદ્રસૂરિજીએ તો શ્વેતાંબર પક્ષને મજબૂત બનાવવા નગ્નતાના પક્ષે વનવાસ વધાવી લીધો અને આત્મસંયમ કેળવી ચારિત્રની આરાધના કરવા લાગ્યા પણ સફળતા દૂર જ રહી અને દિગંબર નામનો નવો ચીલો ચાલુ થઈ ગયો. વનવગડાને યક્ષ મંદિરોમાં સંયમનિર્વાહ કરતા હોવાથી તેઓ થકી વનવાસી ગચ્છનો પ્રારંભ થયો છે.

**(૧૯) નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિજી :**—કર્મોદયે જેમને આકરી દેહવ્યાધિ લાગુ પડતા અણસણ કરી કાયાને વોસરાવવાની ભાવના જાગી, ત્યારે શાસનદેવીએ તેમને પ્રગટ થઈ તેમ ન કરવા સૂચના આપી જે પછી તો તેઓ સ્વસ્થ થતા ગયા અને આચાર્યભગવંતે નવ અંગો ઉપર ટીકાઓ રચી. ખંભાતના સ્તંભનતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. શાસનપ્રભાવનાના અનેક કાર્યો સંપન્ન થયા તેવા સમર્થ છતાંય આત્મલક્ષિતા–આત્મજાગૃતિ જીવનના અંત સુધી કેળવી પ્રસિદ્ધ શાસ્ત્રકાર તરીકે ઓળખાયા છે.

**(૨૦) આ. આનંદવિમલસૂરિજી :**—પરમાત્મા મહાવીરદેવની પાટ પરંપરાએ થઈ ગયેલ જૈનાચાર્ય જેમના થકી તપગચ્છરક્ષક માણિભદ્રવીરની ઉત્પત્તિ થઈ છે. આ. ભગવંત તથા તેમના નિશ્રાવર્તી સાધુઓની દાઢી તથા મૂછના થોડા–થોડા વાળ તેમના મુખ દીપક જ્યોતમાં જોવાના બહાને નાસ્તિક માણેકચંદ શેઠે ઉજ્જૈન નગરીમાં બાળી નાખ્યા, છતાંય કોઈ પણ સાધુઓએ આત્મધ્યાન ન છોડ્યું કે પરીક્ષા કરવા આવેલ આગંતુકને ઠપકો પણ ન આપ્યો. તેનો પ્રભાવ એવો પડ્યો કે શેઠ માણેકચંદ આસ્તિક થઈ ગયા. છેક આગ્રા જઈ ત્યાં ચાતુર્માસ રહી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળી તે ક્ષેત્રની યાત્રા કરવાના ભાવમાં લૂંટારૂના નિમિત્તે પ્રાણ ખોયા, પણ પૂ.આ. ભગવંતના મંગળ પ્રભાવે દેવલોકના એકાવતારી ઈંદ્ર બની ગયા. આ. આનંદવિમલસૂરિજીને યક્ષ માણિભદ્રે પરચા આપ્યા છે, ઉપાસના કરી છે અને શાસનરક્ષાના કોલ આપ્યા છે. સૂરિજી પણ દેવલોક સાધી ગયા છે.

**(૨૧) રાજર્ષિ ધર્મદાસગણી મહત્તર :**—અનેક વિશેષણોથી યુક્ત ધર્મદાસગણી પ્રભુવીર પાસે દીક્ષિત તો થયા જ પણ આત્મલીનતાના પ્રભાવે ટૂંક સમયમાં અવધિજ્ઞાની બની ગયા. પોતાના જ પુત્ર રણસિંહને વૈરાગ્ય ઉત્પન્ન કરવા ૫૪૪ ગાથાની ઉપદેશમાલા રચી છે, જેના પદાર્થો જ મહત્તર મહાત્માના આત્મઔજસના દર્શન કરાવે તેવા છે. આતમજ્ઞાન વગર તેવી રચના દુર્લભ છે. કહેવાય છે કે ઉપદેશમાલાનો અભ્યાસી અનંત સંસારી ન હોય તો ધર્મી તો અવશ્ય બને જ. તેવા જ આત્મસંશોધક થઈ ગયા જિનદાસગણી મહત્તર જેઓ સંસારીપક્ષે ધર્મદાસગણીના સાળા અને સંયમપક્ષે ગુરુભાઈ થાય છે.

**(૨૨) આચાર્ય હરિભદ્રસૂરિજી :**—જૈનેત્તર વિદ્વાનો માટે પણ બહુમાન દાખવનારા તથા જિનશાસનને પોતાની આગવી પ્રભાથી ૧૪૪૦ ગ્રંથો ભેંટ ધરનારા આજીવનના સ્વાધ્યાયસંનિષ્ઠ તેમની યોગવિષયક કૃતિઓ આચાર્યપ્રવરની આત્માનુભૂતિના દર્શન કરાવે છે. આ. માનદેવસૂરિજીના કડવા વેણને દંભીના આક્ષેપોને પણ ગળી જઈ તેમને જ પરમ મિત્ર બનાવી દેનાર તેઓ કેટલા નિરભિમાની બની ગયા હતા તે કલ્પનાનો વિષય કહેવાય. યાકિની મહત્તરાથી બોધ પામ્યા જેથી પોતાને યાકિનીમહત્તરાસૂનુ તરીકે ઓળખાવી માર્ગદાતાનો ઉપકાર માથે ચઢાવે, તેમની આત્મલઘુતા જ કદાચ આત્મવૈભવનું કારણ બની હશે.

**(૨૩) વટેશ્વર ક્ષમાશ્રમણ :**—તપસ્વી છતાંય પ્રવચનલબ્ધિ સંપન્ન આ. યક્ષદત્તગણિ ક્ષમાશ્રમણના તેઓ શિષ્ય હતા. વટેશ્વર તેમના જ શિષ્ય પણ આત્મસૌંદર્ય જાણે મુખ ઉપર જ છલકાતુ હોય તેવા સૌંદર્યમૂર્તિ તેમના દર્શનમાત્રથી કેટલાય દુર્જનો સજ્જન બની જતા હતા. અનેકોના મિથ્યાત્વ દૂર કરી જૈનધર્મમાં સ્થિર કર્યા હતા. અંબરકોટ–ઉમરકોટ તથા આકાશવપ્રનગરમાં તેમના જ ઉપદેશથી વિશાળ જિનાલયની સ્થાપના થઈ હતી. આત્મપરિણતિ યુક્ત તેમના જીવનકવનની અનેક વાતો અપ્રકાશિત છે, કારણ કે પોતાની નામનાથી નિઃસ્પૃહી હતા.

**(૨૪) આચાર્ય શીલભદ્રસૂરિજી :**—દીક્ષા ફક્ત ૧૨ વરસની નાની વયે લીધી પણ પ્રથમ દિવસથી જ છએ વિગઈઓનો ત્યાગ કરી દેવાથી તેમની આત્મશક્તિ ખૂબ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકાસ પામી. તેમની આત્મસમૃદ્ધિ તથા વૈરાગ્યવાસિતા દેખી લોકો તેમને શાલિભદ્રસૂરિ પણ કહેવા લાગ્યા. આત્મતત્ત્વ ઉપરના તેમના પ્રવચનો ક્યારેય નિષ્ફળ નથી ગયા, તેથી સચોટ ઉપદેશક તરીકે ઓળખાયા, પણ નિઃસંગ જીવનના કારણે આડંબરો કે ઝાકઝમાળમાં નથી આવ્યા. તેમના જ લઘુ પટ્ટધર આ. સર્વદેવસૂરિજી જ્યારે પ્રભુવીરના ચૈત્યમાં ભાલેજ મુકામે પ્રવચન પ્રદાન કરી રહ્યા હતા, ત્યારે દેવીએ તેમના હાથની રક્ષા વજ્ર વડે કરી હતી.

**(૨૫) આ. ધર્મઘોષસૂરિજી** :—તીવ્ર ક્ષયોપશમને કારણે અંબિકાદેવી પ્રસન્ન હતા. મોટી ઉમ્ર સુધી પણ છ ઘડીમાં ૫૦૦ નવા શ્લોકો મુખપાઠ કરવાની શકિત હતી. અજમેર, નાગોર, શાકંભરીના રાજાઓ જેમનાથી પ્રતિબોધ પામી ગયા હતા, તેવા સમર્થવાદી પુરુષે અજમેર વગેરે સ્થાને ઉત્તમ જિનાલયો માટે પ્રેરણા આપેલ. સારો એવો શિષ્ય પરિવાર, તેમાંય સ્વયં પાછા આચાર્યપદે છતાંય પોતાની આત્મસન્મુખતા તથા આરાધનામાં વિક્ષેપ ન પડે, તથા કોઈ પણ શિષ્યો શિથિલાચારી ન બને તે માટે ૧૬ શ્રાવકોની સમિતિ બનાવેલ. તેમના સ્વર્ગગમન પૂર્વે જ ધર્મઘોષગચ્છની સ્થાપના થઈ છે, તથા પાછળથી સુરાણાગચ્છના નામે તેની પરંપરા ચાલી છે. નિઃસ્પૃહિતા ગુણ થકી તેઓ પ્રખ્યાત થયા છે.

**(૨૬) આચાર્ય શ્રી વિમલચંદ્રસૂરિજી :—** પરમાત્મા ભક્તિના રાગી અને તેઓ ઉગ્રવિહારી હતા. અનેકવાર મથુરા–શિખરજી વગેરે તીર્થોની જાત્રાઓ કરેલ. તેમાંય તેમની આત્મોત્થાન વાદશક્તિથી પ્રભાવિત દેવીશક્તિએ તેમને ચિત્તોડમાં સુવર્ણસિદ્ધિ બક્ષી ત્યારે રાજા અલ્લટરાજ અને ગ્વાલિયરરાજ મિહિરભોજ તેમના ઉપર ઓવારી ગયેલ. દીર્ઘ સંયમ પાળવા છતાંય પણ આત્મશુદ્ધિનું લક્ષ્ય ન ચૂકનાર તેમને અનેક શિષ્યો થયા, છતાંય અંત સમયે શત્રુંજય તીર્થે પધારી ૧૦૦ વરસની ઉંમ્રે અનશનપૂર્વક વિ.સં. ૯૮૦માં દેવલોક સાધ્યો હતો.

**(૨૭) આચાર્ય સિદ્ધર્ષિ** :—જુગારીમાંથી અણગારી બની જનાર તે સિદ્ધર્ષિ નામે સાધુ થયા. વારંવાર બૌદ્ધગુરુઓના પરિચયથી બૌદ્ધ બનવાનું મન થયું, ત્યારે બુદ્ધિમાન તેને ગેરમાર્ગે જતા અટકાવવા ગર્ગર્ષિએ આ. હરિભદ્રસૂરિજીની રચેલ લલિતવિસ્તરા વંચાવી. જે કારણે મતિભ્રમ દૂર થતાં જૈન સાધુપણામાં એવા સ્થિર થયા છે કે પોતાની આત્મકથાને અવધારી ઉપમિતિભવપ્રપંચકથા રચી છે, જે આજેય બેજોડ ગ્રંથ ગણાય છે. તેમના લખાણો જ તેમની આત્મસંવેદના કહેવા પર્યાપ્ત છે. તે કાલ્પનિક કથાએ તેમને અમર બનાવી દીધા છે.

વીર સં. ૯૮૦ પછી સ્મરણશક્તિ, સંઘયણબળ તથા બહુશ્રુતોની ખૂબ ઓછાશ કાળપ્રભાવે થતાં ધ્યાનયોગીઓ ઘટી ગયા. આરાધક કરતાં પ્રભાવકો વધુ પૂજાવા લાગ્યા તેથી આ. ચંદ્રસૂરિજીની જેમ કે ધ્યાની સૂરિજી વીરસૂરિજીની જેમ સ્મશાને જઈ કાયોત્સર્ગ કરનારા કે નિકટના કાળમાં થઈ ગયેલ આનંદઘનજી જેવા આત્માનંદી મહાત્માઓની સંખ્યા નહીંવત્ છે છતાંય આજેય ધ્યાનયોગની પ્રક્રિયા અન્ય રીતથી–બીજા–ત્રીજા નામથી ચાલુ જ છે. પણ તેમાં સાત્વિકતા અને તાત્વિકતાનો હ્રાસ થયો છે. બાકી તો ચોથા આરામાં ધ્યાન નામના અગીયારમાં અભ્યંતર તપથી જ આત્મશુદ્ધિ પ્રગટતાં અનેક મહાત્માઓને ઈંદ્રિયાતીત જ્ઞાન થતા હતા. ઉપરોક્ત નાની લેખમાળા વર્તમાનના આત્માર્થી સાધુ–સાધ્વી–શ્રાવક શ્રાવિકાઓને સમર્પિત છે, જેઓ આત્મચિંતનમાં પરોવાઈ પરપરિવાદથીય પર છે. કહેવાતી શાસનપ્રભાવના કરતાંય સ્વની સાધના-આરાધનામાં વિશેષ રસ ધરાવનારને આત્માનુભૂતિ લાધે છે, તે પણ આત્મશુદ્ધિ દ્વારા તેથી પ્રભાવના કરતાં આરાધના બલવતી અને ફલવતી જાણવી.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# જૈનશાસન રત્ન : ગજસુકુમાલ

હે પુત્ર! તારે દીક્ષા જ જો લેવી હોય તો એવું ચારિત્ર પાળજે કે જેથી બીજી માતાના કુક્ષીએ તને જન્મવું ન પડે. – દેવકી માતા.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# નાગદત્ત

જિતશત્રુ રાજા સાંભળો.
નાગદત્ત શ્રાવક વ્રતધારી
છે. ચોરી કરી નથી.
વસુદેવે વેર લેવા તેની
ઉપર આળ ચડાવ્યું છે.
—આકાશવાણી



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જિનદર્શનના પ્રખર દાર્શનિકો

—ડૉ. રસેશ જમીનદાર



ધર્મશાસ્ત્રો કહે છે કે માનવી આ પૃથ્વી પટે આંખો ખોલે છે ત્યારથી અનેક પ્રકારના વિસ્મયોથી ઘેરાયેલો રહે છે. 'હું શું છું?' 'આ બધું શું છે? 'આ બધા વચ્ચે હું ક્યાં છું?' 'મારી આસપાસ આ બધું શું છે?

યથા પિંડે તથા બ્રહ્માંડે અને યથા બ્રહ્માંડે તથા પિંડેની પ્રતીતિ કરતો માનવી પિંડને પળવાર પણ વિસરી શકતો નથી અને સર્વવ્યાપ્ત બ્રહ્માંડને સર્વથા પામી શકતો નથી. જ્યારે જ્યારે એમાંના અંશને ઓળખવાનો અવસર આવે છે ત્યારે પરમ આશ્ચર્યનો અનુભવ કરે છે. એવા અનુભવને દર્શન કહે છે અને આપણાં શાસ્ત્રો આવા સાનંદાશ્ચર્યના અનેક અનુભવોના આનંદની અખંડ લહરીઓ છે. આ અગમનિગમના રહસ્યોનો પાર પામનાર દાર્શનિકો છે.

જૈન ઈતિહાસમાં એવા અસાધારણ ગુણ અને વ્યક્તિત્વવાળા ઘણા આપણી નજરે પડે છે જેમની સૂક્ષ્મ ચિંતનશક્તિ અને ગંભીર દાર્શનિક વિચારધારાએ જૈન શાસનને ભારે મોટી સમૃદ્ધિ બક્ષી છે એટલું જ નહીં એ સૌ આગમવાણી પ્રત્યે અગાધ શ્રદ્ધાશીલ અને નિષ્ઠાવાન હતા. આ દાર્શનિકો ખરેખર તો આર્ષદ્રષ્ટા જ હતા. એમણે બધુ આત્માની શક્તિથી શોધ્યું હતું. તર્ક અને નિરીક્ષણ, ચિંતન અને બુદ્ધિ, જ્ઞાન અને સત્યની ખોજ માટેની ઉત્કૃષ્ટ ઈચ્છા એ બધા કારણોને લીધે એ સૌ જ્ઞાનનાં ઉત્તુંગ શિખરો સર કરી શક્યા હતા.

આ મહામેધાવીઓએ પંચમહાભૂતોની આ રહસ્યમય સૃષ્ટિનો આપણને પરિચય કરાવ્યો છે.

આ ઉપરાંત સંસ્કારના નામે વિધિવિધાનો અને નીતિનિયમનોથી આધિ-વ્યાધિ-ઉપાધિના ત્રિવિધ તાપોમાંથી પરમ શાંતિમય સમાધિની સ્થિતિ સુધી લઈ જાય છે. દાર્શનિકો માનવજીવનના સાચા પથપ્રદર્શકો છે. તેના શબ્દોમાં કરુણા અને કરણીની ચેતના દર્શન થતાં.

જીવનમાં સુખ-શાંતિ અને આનંદની ક્ષિતિજો વિસ્તારનારા આ સૌ સાચા માર્ગદર્શકો છે. એ ન હોત તો આ અકળ રહસ્યોને પામવાની આપણી શક્તિ અને ક્ષમતા કેટલી હોત એ પ્રશ્ન છે. દાર્શનિકોનું દર્શન, સારસ્વતોની સમજણ અને ભાષ્યકારોના વિશ્લેષણોથી જ આપણે આ સમષ્ટિના અવિચળ સત્યોને પામી શકીએ છીએ. શબ્દ નામનો પ્રકાશ આ રહસ્યોને પ્રકાશિત ન કરતો હોત તો આ જગત કેવા અંધકારમાં અટવાયેલું હોત તેની વિદ્વાનોએ કલ્પના કરેલી છે. માટે શબ્દબ્રહ્મનો આભાર માનીએ કે શબ્દના પ્રકાશથી આ સમષ્ટિ અને સામાન્ય જીવની અનેક દિશાઓ અજવાળીને આ દાર્શનિકોએ આપણને ઉપકૃત કર્યા છે. મનુષ્યનું માધુર્ય પણ આ મહર્ષિઓઆ જીવનમાંથી માણવા મળશે.

જિનદર્શનના કેટલાંક પ્રખર દાર્શનિકોનો પરિચય કરાવે છે ડૉ. રસેશભાઈ જમીનદાર, જેઓ ઈતિહાસ અને સંસ્કૃતિના જ્ઞાતા છે. અમદાવાદ અને ગુજરાતનું તેઓ ગૌરવશાળી રત્ન છે. જૈન સાહિત્યમાં પણ તેમનું ઘણું મોટું પ્રદાન છે.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સાહિત્યસ્વામી અને ખ્યાત તત્ત્વજ્ઞ*

# મલ્લવાદીસૂરિ

આ જૈનાચાર્ય ક્ષત્રપકાલીન ગુજરાત (ઈસ્વીસન ૨૩ થી ૪૧૫ દરમ્યાન પશ્ચિમી ક્ષત્રપોથી વિખ્યાત શક જાતિના રાજાઓએ સંપૂર્ણ ભારતીકરણ અંકે કરીને ગુજરાતનું સર્વ પ્રથમ સ્વતંત્ર રાજ્ય સ્થાપેલું)ના સહુથી પ્રધાન સાહિત્યસ્વામી અને ખ્યાત તત્ત્વજ્ઞ હતા. મલ્લવાદીના જીવનવૃત્તાંતને નિરૂપવા કાજે મુખ્ય આધાર પ્રબંધો છે, જેમાં એમના જીવન અંગે બે વિભિન્ન પરંપરા આપણને હાથવગી થાય છે. આમાંની એક પરંપરા મુજબ તેઓ વલભીના મૈત્રક રાજા શિલાદિત્યની બહેનના પુત્ર હોવાનું જણાય છે. આ પરંપરા જોકે સ્વીકાર્ય નથી. બીજી પરંપરાનુસાર તેઓ ભરુકચ્છના જૈનાચાર્ય જિનાનંદની બહેન દુર્લભદેવીના ભાણેજ હતા. આ કથા વધુ શ્રદ્ધેય જણાય છે.

આ જૈનાચાર્યના સમયનિર્ણય બાબતે કોઈ પ્રત્યક્ષપ્રમાણ હાથવગાં નથી. એમના ગ્રંથોમાં કોઈ રચનાવર્ષ નોંધાયેલું નથી. પરિણામે એમના ગ્રંથમાં નિર્દિષ્ટ પૂર્વાચાર્યોના સમયનિર્દેશથી, એમના ગ્રંથ द्वादशारनयचक्रમાં જેમનો ઉલ્લેખ નથી એવા અનુકાલીન તાર્કિકોના સમયના સંદર્ભમાં તથા જૈનપરંપરાના અનુસંધાને મલ્લવાદીના સમયને નિશ્ચિત કરવો રહ્યો.

द्वादशारनयचक्रમાં वाक्यप्रदीपના કર્તા ભર્તૃહરિ, દિઙ્નાગ તથા સિદ્ધસેન દિવાકરનો નિર્દેશ છે. આથી, મલ્લવાદી કાં તો આ ત્રણેયના અનુકાલીન હોય, કાં તો ઉત્તર સમકાલીન. ભર્તૃહરિ અને દિઙ્નાગ બંને સમકાલીન છે. બૌદ્ધ પરંપરાનુસાર, વિનયતોષ ભટ્ટાચાર્ય, દિઙ્નાગને ઈસ્વી ૩૪૫ અને ૪૨૫ વચ્ચે વિદ્યમાન હોવાનું સૂચવે છે. સિદ્ધસેને દિઙ્નાગનો ઉલ્લેખ કર્યો છે અને મલ્લવાદીએ એ બંનેનો નિર્દેશ કર્યો છે. આ સંદર્ભે મલ્લવાદી ઈસ્વીની ચોથી સદીનાં છેલ્લાં બે ચરણ અને પાંચમી સદીના પ્રથમ ચરણ દરમ્યાન વિદ્યમાન હોઈ શકે.

એમના ગ્રંથમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ (વિ.સં. ૬૬૬ = ઈસ્વી ૬૦૯) અને ઉદ્યોતકર (ઈસ્વી ૫૭૫ થી ૬૨૫) એમ બંનેનો ઉલ્લેખ નથી. આ દૃષ્ટિએ મલ્લવાદી ઈસ્વીની સાતમી સદી પૂર્વે અર્થાત્ છઠ્ઠી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન હોવા જોઈએ. મલ્લવાદીના ગ્રંથ વિશે ટીકા લખનાર સિંહસૂરિની ટીકામાં મૂળ ગ્રંથના ઘણા અંશ સંગૃહીત નથી, એટલે મલ્લવાદી અને સિંહસૂરિ વચ્ચે એક સૈકાથીયે વધારે અંતર હોવું જોઈએ. સિંહસૂરિ જિનભદ્રગણિના સમકાલીન હોઈ ઈશુની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં જીવિત હોય. એટલે મલ્લવાદીને આપણે ઈસ્વીની પાંચમી સદીના ઉત્તરાર્ધમાં પ્રવર્તમાન હોવાનું સૂચવી શકીએ.

મલ્લવાદીના સમયને નિર્ણિત કરવા વિષે ઉપર્યુક્ત ચર્ચાના સંદર્ભમાં જૈન પરંપરાને ચકાસવી જરૂરી છે. પ્રભાવકચરિતકારે મલ્લવાદીને બૌદ્ધો સાથે કરેલા વિવાદની મિતિ વીર સંવત ૮૮૪ અથવા વિક્રમ સંવત ૪૧૪ એટલે કે ઈસ્વી ૩૫૭-૫૮ નોંધી છે. આ મિતિ વિશેષ સ્વીકાર્ય જણાય છે. તેથી મલ્લવાદીસૂરિ ઈસ્વીની ચોથી સદીનાં છેલ્લા બે-ત્રણ ચરણમાં વિદ્યમાન હોઈ શકે.

જૈનપરંપરા મુજબ મલ્લવાદીએ શ્રુતદેવીના વરદાનથી એક શ્લોક માત્રના ગ્રહણથી દશ હજાર શ્લોક પ્રમાણયુક્ત नयशास्त्रની રચના કરી, જેને શ્વેતાંબર અને દિગંબર બંને ફિરકાના ગ્રંથોમાં એક સરખું સ્થાન પ્રાપ્ત થયું છે. આ ગ્રંથ તે द्वादशारनयचक्र. આ ગ્રંથ ઉપલબ્ધ નથી, પણ એના વિશે રચાયેલી ટીકા ઉપલબ્ધ છે. આ ટીકા સિંહસૂરિએ વિક્રમના સાતમા શતકમાં (વિ.સં. ૬૬૬થી ૭૦૦ની સમયાવધિમાં) સંપન્ન કરી હતી. પ્રસ્તુત ટીકાના આધારે વીસમી સદીમાં મૂળગ્રંથનું સંભવિત ક્લેવર તૈયાર કરવાના વિવિધ પ્રયાસ થયા છે. પરિણામે મૂળગ્રંથનો સંભવિત પાઠ ઉપલબ્ધ થઈ શક્યો છે. જૈનદર્શનશાસ્ત્રોમાં આ ગ્રંથ અનન્ય સ્થાન ધરાવે છે. ગ્રંથનામ મુજબ નયરૂપી ચક્રમાં બાર આરા છે. ગ્રંથકર્તાએ એક નિષ્ણાત શિલ્પીની જેમ આ ચક્રની રચના કરી છે. ગ્રંથકારનો ઉદ્દેશ એ છે કે આ બધા એકાંતવાદી પોતાના પૂર્વવાદીથી સ્વયંને શક્તિસંપન્ન સમજે છે અને ઉત્તરવાદીઓના અસ્તિત્વને સ્વીકારતા નથી. તટસ્થ વ્યક્તિ ચક્રાંતર્ગત પ્રત્યેકવાદની અપેક્ષિત સબળતા કે નિર્બળતા સમજી શકે છે. તેથી મલ્લવાદીસૂરિએ આ બધા વાદને પંક્તિબદ્ધ કરવાને બદલે કે ક્રમાનુસાર વર્ણવવાને સ્થાને ચક્રબદ્ધ કરવાનો ઉદ્દેશ રાખ્યો છે, કારણ કે ચક્રને આરંભાંત ન હોવાથી, કોઈ વાદનો આરંભ કે કોઈ વાદનો અંત નિર્ણિત કરવાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી. આ પદ્ધતિમાં તો ખંડન-મંડનનાં ચક્ર ચાલ્યા જ કરે છે, ફર્યા જ કરે છે. પરિણામે મલ્લવાદીના આ ગ્રંથમાં બધા મતની તાટસ્થ્યપૂર્ણ સમીક્ષા કરાઈ છે. नयचक्र એ સ્વતઃ જૈન મંતવ્ય નથી, પરન્તુ જે જે જૈનેતર મંતવ્ય પ્રચલિત હતાં એને પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયના રૂપે સંગૃહીત કર્યાં છે. નયચક્રની આવી લાક્ષણિકતાને લઈને મલ્લવાદીને અજોડ દાર્શનિક તરીકે ખ્યાતિ સંપ્રાપ્ત થઈ છે. આ દૃષ્ટિએ મલ્લવાદીનો આ ગ્રંથ કેવળ જૈનદર્શનનો નહીં પણ સર્વદર્શનનો સર્વગ્રાહી સંગ્રહગ્રંથ છે.

મલ્લવાદીએ આ ઉપરાંત પઉમચરિય (पद्मचरित) નામનો ૨૪૦૦૦ શ્લોકપ્રમાણયુક્ત ગ્રંથ રચ્યો હોવાનું પ્રભાવકચરિતકારે નોંધ્યું છે. દુર્ભાગ્યે આ કૃતિ મૂળરૂપે લુપ્ત થઈ છે તેમ જ ટીકારૂપેય ઉપલબ્ધ નથી. पद्मचरित એટલે 'જૈન રામાયણ' એમ આપણે જરૂર કહી શકીએ : पद्म = રામ અને चरित्त = કથા એટલે કે 'રામકથા'. જૈનોમાં 'રામકથા'ની લોકપ્રિયતા વિશેષ પ્રચારિત હોઈ રામની કીર્તિને નિરૂપતાં અને रामायणનાં વિષયવસ્તુ નિરૂપતાં આશરે પચાસેક પુસ્તક હોવાનું નોંધાયું છે. એવી અદ્યાપિ માન્યતા રહેલી કે જૈનાચાર્ય વિમલસૂરિએ સૌ પ્રથમ पद्म નામના રામની કથાને નિરૂપતો કથાગ્રંથ લખીને જૈન रामायणની સૃષ્ટિ નિર્મિત કરી. લગભગ બધા વિદ્વાન આ મતને અનુસરે છે. આ ગ્રંથરચનાનો સમય વીર-નિર્વાણ ૫૩૦ હોવાનું જણાવ્યું છે. છતાંય ગ્રંથમાંની વર્ણ્ય સામગ્રીને ધ્યાનમાં રાખીને વિદ્વાનોએ આ ગ્રંથ ઈસ્વીની પહેલી સદીથી પાંચમી સદી સુધીની સમયાવધિ દરમ્યાન નિર્માયો હોવા વિશેની દલીલો અભિવ્યક્ત કરી છે. વિમલસૂરિએ સ્વયં નિર્દિષ્ટ કરેલી મિતિ મુજબ આ ગ્રંથ ઈશુની પહેલી સદીમાં લખાયો હતો. પરન્તુ આ ગ્રંથનું સંપાદન કરનાર યાકોબીએ એની રચના ત્રીજી સદીના અંતમાં થઈ હોવાનું સૂચવ્યુ છે. ઘણા બધા અધ્યેતા એમના મતને અનુસરે છે, પરન્તુ કે. આર. ચંદ્રાએ આ ગ્રંથમાં નિર્દિષ્ટ જનજાતિઓ, રાજ્યો, રાજનૈતિક ઘટનાઓ ઈત્યાદિનું વિગતે વિશ્લેષણ કરીને પુરવાર કર્યું છે કે વિમલસૂરિએ ઉલ્લેખેલી મિતિ વીર-નિર્વાણની નહીં પણ વિક્રમ સંવતની હોવી જોઈએ. તદનુસાર એમનો पद्मचरित ગ્રંથ વિ.સં. ૫૩૦ = ઈસ્વી ૪૭૩માં રચાયો હોવાનું સ્પષ્ટ થાય છે.

મલ્લવાદી ઈશુની ચોથી સદીનાં છેલ્લાં બે કે ત્રણ ચરણમાં વિદ્યમાન હોઈ શકે એવું આપણે અગાઉ અવલોક્યું છે. આથી, એમનું पद्मचरित પુસ્તક પણ ચોથી સદી દરમ્યાન, ખાસ કરીને એના ઉત્તરાર્ધમાં કોઈક તબક્કે લખાયું હોય, એટલે કે મલ્લવાદીનો ગ્રંથ નિશ્ચિતપણે વિમલસૂરિ પૂર્વેનો ગ્રંથ ગણી શકાય. કહેવાનું તાત્પર્ય એ છે કે મલ્લવાદીસૂરિકૃત पद्मचरित ગ્રંથ જૈન પરંપરામાં રામકથાને નિરૂપતો સૌ પ્રથમ ગ્રંથ હોવાનો સંભવ સૂચિત થાય છે.

## ***अनेकान्त*** *ફિલસૂફીના અગ્રેસર*
# સિદ્ધસેન દિવાકર

આ તત્ત્વજ્ઞનાં જીવન અને કવનની જાણકારી વાસ્તે આપણે જૈનપરંપરાનો આધાર લેવો પડે છે; કેમ કે એમના વિશે ઈતિહાસી જ્ઞાપકો ઉપલબ્ધ નથી. તેઓ અગ્રણી જૈન તત્ત્વજ્ઞ અને अनेकान्त ફિલસૂફીના અગ્રેસર પુરસ્કર્તા હતા. એમની કૃતિઓના અવલોકનથી તેમની સ્પષ્ટભાષિતા અને સ્વતંત્ર વિચારક તરીકેની નીડર પણ નિર્દંભ ઉપાસના અભિવ્યક્ત થાય છે. પોતાને અભિપ્રેત એવા સ્પષ્ટ વિચાર વ્યક્ત કરવામાં કે કોઈનીયે શરમ રાખતા ન હતા, જેનો પ્રત્યય આપણને જૈન આગમોને સંસ્કૃતમાં અનુદિત કરવાના વિચાર માત્રથી ગુપ્તવેશે રહેવાનું પ્રાયશ્ચિત કરવાની સિદ્ધસેનની તત્પરતામાં દૃષ્ટિગોચર થાય છે. આથી, એમ કહી શકાય કે જૈન પરંપરાને ચુસ્ત રીતે વળગી રહેનાર જૈનાચાર્ય પૈકીના તેઓ ન હતા.

એમનો સમય નિર્ણિત કરવા સારુ પ્રત્યક્ષ પ્રમાણ ઉપલબ્ધ નથી, પરન્તુ તેમણે રચેલી કૃતિઓ, જૈન પરંપરા અને નિશ્ચિત સમયવાળા એમના અનુગામી લેખકોના ગ્રંથોમાં થયેલા સિદ્ધસેનના નિર્દેશથી એમના સમયને જાણી શકાય છે.

હરિભદ્રના (વિક્રમનો આઠમો સૈકો) પંચવસ્તુમાં અને એની ટીકામાં सम्मइ કે सम्मति એવો ઉલ્લેખ છે, તે સાથે એના રચયિતા દિવાકરનોય નિર્દેશ છે. જિનદાસગણિ મહત્તરની निशीथसूत्र चूर्णिમાં પણ सन्मति અને એના કર્તા તરીકે સિદ્ધસેન વિશેના ત્રણ સંદર્ભ છે. આ લેખકની એક કૃતિ नंदीसूत्र चूर्णिનો સમય શક સંવત ૫૯૮ (ઈસ્વી ૫૨૦)નો છે. પ્રસ્તુત બે ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે કે સિદ્ધસેન વિક્રમના આઠમા સૈકા પૂર્વે કોઈક સમયે વિદ્યમાન હોવા જોઈએ.

प्रभावकचरित મુજબ સિદ્ધસેન વૃદ્ધવાદીના શિષ્ય હતા અને વૃદ્ધવાદી સ્કંદિલાચાર્યના શિષ્ય હતા. સ્કંદિલાચાર્ય ઈસ્વીના ચોથા સૈકાના પ્રથમ ચરણમાં વિદ્યમાન હતા એમ माथुरी વાચનાના સમય ઉપરથી સૂચિત થાય છે. એટલે સ્કંદિલના શિષ્ય વૃદ્ધવાદી અને વૃદ્ધવાદીના શિષ્ય સિદ્ધસેન સ્કંદિલના ઉત્તર સમકાલીન હોવા જોઈએ. કહેવાનું તાત્પર્ય એ છે કે સિદ્ધસેન ઈસ્વીસનની ચોથી સદીના ત્રીજા ચરણમાં વિદ્યમાન હોવા જોઈએ.

મલ્લવાદીના द्वादशारनयचक्र માં સિદ્ધસેનના सन्मतिप्रकरणનો નિર્દેશ છે. તેમણે સિદ્ધસેનના પ્રસ્તુત ગ્રંથ વિશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકા લખી છે. પ્રભાવકચરિતકાર મલ્લવાદીને વીરનિર્વાણ ૮૮૪ કે વિક્રમ સંવત ૪૧૪ એટલે ઈસ્વી ૩૫૭ ની આસપાસ હયાત હોવાનું સૂચવે છે. તદનુસાર સિદ્ધસેન કાં તો મલ્લવાદીના સમકાલીન હોય કે પૂર્વસમકાલીન હોય. કહેવાનું તાત્પર્ય એ કે સિદ્ધસેન વીરનિર્વાણના નવમા સૈકાનાં પ્રથમ બે ચરણ દરમ્યાન કે વિક્રમના ચોથા સૈકાનાં છેલ્લાં બે ચરણ દરમ્યાન એટલે કે ઈસ્વી ૩૦૦ની આસપાસ વિદ્યમાન હોવાનું શક્ય સૂચિત થાય છે. આ દૃષ્ટિએ તેઓ ગુજરાતના પ્રથમ સ્વતંત્ર રાજકીય–ભૌગોલિક રાજયના નિર્માતા પશ્ચિમી ક્ષત્રપોના શાસન દરમ્યાન કાર્યરત હતા એમ જરૂર કહી શકાય.

એમણે ત્રણ ગ્રંથો રચ્યા હોવાની માહિતી છે : सन्मतिप्रकरण, बत्रीसीओ અને न्यायावतार. આ ત્રણેય કૃતિ વર્તમાને ઉપલબ્ધ છે.

सन्मतिप्रकरण નામનો સિદ્ધસેનનો ગ્રંથ ધ્યાનાર્હ છે. આ ગ્રંથ પ્રાકૃતમાં છે, પરન્તુ સિદ્ધસેનના સંસ્કૃતનાં અધ્યયનની અસર એમની રજૂઆતમાં દૃષ્ટિગોચર થાય છે. આ ગ્રંથ પદ્યમાં અને આર્યા છંદમાં લખાયો છે. આ કૃતિમાં ૧૬૬ શ્લોક ત્રણ કાંડમાં પ્રસ્તુત છે : પહેલામાં ૫૪ શ્લોક, બીજામાં ૪૩ અને ત્રીજા કાંડમાં ૬૯ શ્લોક છે. પંડિત સુખલાલજી ત્રણેય કાંડમાંના વર્ણિત વિષયના આધારે नयमीमांसा, ज्ञानमीमांसा અને ज्ञेयमीमांसा જેવાં નામ પ્રયોજે છે. જૈનદર્શનોમાં તર્કવિજ્ઞાનના પ્રમેયને સ્થિર કરવા સિદ્ધસેને આ ગ્રંથ રચ્યો હોવાનું સૂચવાય છે.

સિદ્ધસેનનો બીજો ગ્રંથ છે बत्रीसीओ. બત્રીસી એટલે બત્રીસ શ્લોકનું પ્રમાણ. આ પ્રકારની રચનામાં કાં તો એક સળંગ છંદ ઉપયોગમાં હોય છે; કાં તો આરંભ અને અંતમાં છંદભેદ હોય છે, સિદ્ધસેનની ઉપલબ્ધ बत्रीसीની સંખ્યા ૨૨ની છે, જેમાં છેલ્લી એટલે કે ૨૨મી બત્રીસી અલગ રચના તરીકે સ્વીકારાઈ છે, જેનું નામ છે न्यायावतार. દાર્શનિક અને આલંકારિક પ્રતિભાસંપન્ન વિદ્વાનને છાજે એવી પ્રૌઢ અને સંસ્કૃત પદ્યમાં રચાયેલી આ બાવીસેય બત્રીસીઓ છે. નિરુપણની દૃષ્ટિએ ઉપલબ્ધ બત્રીસીઓને ત્રણ વિષયવિભાગમાં વિભાજી શકાય : સ્તુત્યાત્મક, સમીક્ષાત્મક અને દાર્શનિક.

न्यायावतार આમ અલગ ગ્રંથ ગણાય છે. એનું વિશિષ્ટ મહત્ત્વ હોઈ બાવીસેય બત્રીસીઓમાં એનો અલગ નિર્દેશ થયો છે. મુનિ જિનવિજયજી આ ગ્રંથને સંસ્કૃત જૈન સાહિત્યમાં પદ્યબંધ એવી આદિ તર્કરચના ગણે છે. જૈન દૃષ્ટિએ પ્રમાણોનું નિરૂપણ કરવું એ આ ગ્રંથનો વર્ણ્ય વિષય છે. શ્વેતાંબર કે દિગંબર સંપ્રદાયમાં કોઈ આચાર્યને આ ગ્રંથની વ્યાખ્યાઓમાં માત્ર શાબ્દિક ફેરફાર સિવાય કશું ઉમેરવાપણું રહ્યું નથી.

[વધુ માહિતી માટે જુઓ રસેશ જમીનદાર કૃત 'ક્ષત્રપકાલીન ગુજરાત : ઇતિહાસ અને સંસ્કૃતિ'. લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, ૨૦૦૬, પ્રકરણપંદર; જેમાં સંદર્ભગ્રંથની વિગત અને વિશેષ માહિતી નિર્દિષ્ટ છે.]

*સમર્થ દાર્શનિક*

## સિદ્ધર્ષિસૂરિ

સિદ્ધર્ષિનો જન્મ શ્રીમાલપુર (ભિન્નમાલ)માં થયો હતો. શ્રીમાલ એમનું ગોત્રનામ હતું. તેઓ ધર્મપાલ રાજાના મંત્રી સુપ્રભદેવના પુત્ર શુભંકરના પુત્ર હતા. એમના પિતરાઈ ભાઈ (કાકા દત્તકના પુત્ર) માઘ હતા જેઓ મહાકાવ્ય 'શિશુપાલવધ'ના રચયિતા હતા. સિદ્ધર્ષિની માતાનું નામ લક્ષ્મી હતું અને એમની પત્નીનું નામ ધન્યા. 'પ્રભાવકચરિત્ર', 'પુરાતનપ્રબંધસંગ્રહ' જેવા ગ્રંથ એમના વિશે નિર્દેશ કરે છે.

સિદ્ધર્ષિના જીવનમાં ઉદારતા, આજ્ઞાંકિતપણું જેવા ગુણ નિહિત હતા. સંજોગોવશાત્ જુગાર રમવાના બંધાણી હતા અને મોડી રાતે ઘેર આવતા. આથી એની પત્ની ધન્યાને પ્રતીક્ષામાં રાતના મોડા સુધી જાગતાં રહેવું પડતું હતું. વહુની ખિન્નતાનું કારણ સાસુએ પૂછ્યું ત્યારે ધન્યાએ પોતાના પતિની કુટેવની વાત જણાવી. આથી બીજા દિવસથી વહુને સુવડાવી રાત્રીજાગરણ માતાએ શરૂ કર્યું. મોડી રાતે પાછા ફરેલા પુત્રને માતા લક્ષ્મીએ જાકારો આપ્યો. નિરૂપાયે સિદ્ધર્ષિને ગૃહત્યાગ કરવો પડ્યો. માતાએ કટાક્ષ કરેલો કે 'ઉઘાડાં દ્વાર મળે ત્યાં ચાલ્યો જા'! તદ્નુસાર માર્ગમાં એક ઉપાશ્રયનાં બારણાં ખુલ્લાં જોયાં. સિદ્ધર્ષિ ઉપાશ્રયમાં ગયા અને વિવિધ પ્રકારની મુદ્રામાં સ્વાધ્યાય અને ધ્યાનમાં રત મુનિઓને જોયા. મુનિઓની સૌમ્ય મુદ્રાનાં દર્શન માત્રથી સિદ્ધર્ષિના જીવનમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું. એમણે વિચાર્યું કે માતાનો પ્રકોપ મારા માટે ઉપાદેયી બની રહ્યો, અને જીવન–પરિવર્તનનો સુલાભ સુલભ થયો. અધ્યવસાયમાં લીન સિદ્ધર્ષિએ મુનિઓને પ્રણામ કર્યા. ગુરુજનોને પોતાનો પરિચય આપતાં કુમાર્ગનો વૃત્તાંત જણાવ્યો અને કહ્યું હવે ધર્મનું શરણ અંકે કરી અહીં રહેવા ઇચ્છું છું. ગુરુજનો વિચક્ષણ હતા. સિદ્ધર્ષિના પશ્ચાત્તાપમાં એમને જૈનશાસનના પ્રભાવક શ્રમણનાં દર્શન થયાં. આથી, ઉપદેશ આપતાં ગુરુજનોએ સિદ્ધર્ષિને જણાવ્યું કે સંયમ સ્વીકારવું પડશે, પાંચ મહાવ્રતોનું પાલન કરવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડશે, ગોચરીથી આહારપ્રાપ્તિ કરવી પડશે અને તપ–ત્યાગ–યુક્ત કઠોર જીવન જીવવું પડશે. ત્યારે સિદ્ધર્ષિએ શ્રદ્ધાથી ઉત્તર વાળ્યો કે હવેથી સંયમયુક્ત સાધુજીવન હું સ્વીકારું છું અને મને દીક્ષા આપો. તીવ્ર દીક્ષાભાવના સિદ્ધર્ષિમાં અભિવ્યક્ત થયેલી જોઈ ગુરુએ માતાપિતાની રજા મેળવી લેવા સૂચવ્યું. સંજોગવશાત્ શુભંકર પુત્રને શોધતાં ઉપાશ્રયમાં આવી પહોંચ્યા અને પુત્રને પામી પ્રસન્ન થયા. પુત્રે પિતાને દીક્ષાભાવના જણાવી. પુત્રનો દૃઢશ્રદ્ધ સંકલ્પ જાણી પિતા શુભંકરે સંમતિ દર્શાવી. પિતાની અનુજ્ઞા પ્રાપ્ત કરી સિદ્ધર્ષિએ આચાર્ય ગર્ગર્ષિના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને દુર્ગાસ્વામિના શિષ્ય બની મુનિજીવનમાં પ્રવેશ કર્યો. દુર્ગાસ્વામી બ્રાહ્મણકુળના હતા. તેઓ દેલ્લમહત્તરાચાર્ય,(જેઓ જ્યોતિષવિદ્યાના અને નિમિત્તશાસ્ત્રના સમર્થ વિદ્વાન હતા)ના શિષ્ય હતા. સિદ્ધર્ષિએ પોતાની ગુરુપરંપરામાં લાટ દેશના સૂરાચાર્યનો સર્વપ્રથમ ઉલ્લેખ કર્યો છે, જેઓ દેલ્લમહત્તરાચાર્યના પુરોગામી હતા.

મુનિ સિદ્ધર્ષિએ સંયમિત જીવન અને સાધના સાથે જૈનધર્મગ્રંથોનાં અધ્યયન કર્યાં. ગુરુની પ્રતીચ્છા હોવા છતાં સિદ્ધર્ષિ બૌદ્ધદર્શનના અભ્યાસાર્થે બૌદ્ધાચાર્ય પાસે મહાબોધનગર ગયા. જો કે ગુરુઆજ્ઞા અંકે કરી કે બૌદ્ધધર્મ સ્વીકારવાની ઇચ્છા થાય તે પૂર્વે ગુરુને મળી જવું. બૌદ્ધાધ્યયન કરતાં કરતાં બૌદ્ધધર્મ સ્વીકારવાની ઇચ્છા થઈ, પણ ગુરુ–આજ્ઞાને ધ્યાનમાં રાખી ગુરુ પાસે જવા તૈયાર થયા ત્યારે બૌદ્ધાચાર્યે પણ તેમની પાસે જૈનાચાર્ય જેવું જ વચન લીધું. પરિણામે સિદ્ધર્ષિને ગુરુદેવ અને બૌદ્ધાચાર્ય વચ્ચે આવાગમનના ચક્રમાં ફસાવું પડ્યું. જોકે સરવાળે બૌદ્ધધર્મી થવાની ઇચ્છા સિદ્ધર્ષિએ અભિવ્યક્ત કરી ત્યારે ગુરુદેવે 'લલિતવિસ્તરા' ગ્રંથ શિષ્યને આપ્યો. ગ્રંથના પઠન માત્રથી સિદ્ધર્ષિનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં અને સમજાયું કે જૈનશાસન અને સદ્ગુરુને છોડીને જવું દુષ્કર છે. પશ્ચાત્તાપથી શુદ્ધ થઈ જૈનશાસનમાં સિદ્ધર્ષિ સ્થિર થયા અને સમયાંતરે આચાર્યપદ મેળવ્યું અને અનશનપૂર્વક ભિન્નમાલ નગરે અંતિમ શ્વાસ લીધા.

સિદ્ધર્ષિએ 'ઉપમિતિભવપ્રપંચકથા' નામનો ગ્રંથ લખ્યો છે. જૈન સાહિત્યનો આ ઉત્તમ ગ્રંથ છે. સિદ્ધર્ષિ સ્યાદ્વાદ, મીમાંસા, વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ વગેરે દર્શનોના જાણકાર હતા. 'ઉપમિતિભવપ્રપંચકથા'માં આચાર્ય સિદ્ધર્ષિએ ૬૦૦૦ શ્લોકપ્રમાણનો સમાવેશ કર્યો છે. આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ સંસારી જીવ કઈ રીતે સત્યધર્મ પામી ઉર્ધ્વગતિને પામે છે તેનો છે. રૂપકગ્રંથ વિશ્વસાહિત્યમાં અનેરી ભાત ઉપસાવે છે. તેમાં ભાષાનું લાલિત્ય, શૈલીની સુંદરતા અસ્ખલિત પ્રવાહે વહેતી રહે છે. ગ્રંથ ધર્મકથાનુયોગ પ્રકારનો છે, જેમાં ન્યાય, દર્શન, આયુર્વેદ, ધાતુવિદ્યા, જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકવિદ્યા, નિમિત્તશાસ્ત્ર, વ્યાપાર, યુદ્ધનીતિ જેવા વૈવિધ્યપૂર્વ વિષયોનાં વર્ણન છે. આ ગ્રંથ વિક્રમ સંવત ૯૬૨માં જેઠ સુદ પાંચમે પૂર્ણ થયો હતો. જૈનસંઘે સિદ્ધર્ષિને આ ગ્રંથને કારણે 'સિદ્ધવ્યાખ્યાતા'ની પદવી આપી.

પ્રભાવક જૈનાચાર્યોની પરંપરામાં સિદ્ધર્ષિસૂરિ પ્રકાંડ વિદ્વાન, મહાન દાર્શનિક, સમર્થ વ્યાખ્યાકાર અને મેધાવી આચાર્ય હતા. સંસ્કૃત ઉપરનું તેમનું પ્રભુત્વ ધ્યાનાર્હ ગણાય.

*મહાન મંત્રપ્રભાવક તથા મહાન દાર્શનિક*

## આ. મેરુતુંગસૂરિજી મ.સા. આદિ

પૂજ્ય શ્રી મરુમંડલ અંતર્ગત નાણી નગરના હતા પિતા વઈરસિંહ, માતા નાલદેવી, વિ.સં. ૧૪૦૩માં જન્મ. નામ વસ્તિગકુમાર જેઓ જૈન ઇતિહાસમાં આ. મેરુતુંગસૂરિ નામે પ્રસિદ્ધ થયા. 'અચલગચ્છ દિગ્દર્શન'ના લેખક 'શ્રી પાર્શ્વ'ભાઈના મતે અચલગચ્છના તમામ ગચ્છાધિપતિઓમાં આ. મેરુતુંગસૂરિજી મ.સા. પ્રથમ નંબરે આવે છે. પૂજ્યશ્રીએ સૂરિમંત્રકલ્પમાં શાસનદેવી શ્રી ચંદ્રેશ્વરીએ આપેલ મંત્રનો ઉલ્લેખ કરેલ છે.

પૂજ્યશ્રીએ ષડ્દર્શન સમુચ્ચય અપરનામ ષડ્દર્શન નિર્ણય, જેમાં જૈન–બૌદ્ધ–મીમાંસા–સાંખ્ય–ન્યાય–વૈશેષિક એમ છ દર્શનોની આ ગ્રન્થમાં સંક્ષિપ્ત તુલના કરી ગ્રન્થકારે નિર્ણય કર્યો છે. આ ગ્રન્થનો ઉલ્લેખ સપ્તતિભાષ્ય ટીકામાં હોઈને તે સંવત ૧૪૪૯ પહેલાં રચાયું હોવાનું નિર્ણિત થાય છે. આ ગ્રન્થ વિ.સં. ૨૦૩૮માં પ્રકાશિત થયેલ છે. વિદુષી સુસાધ્વી શ્રી પુન્યોદયશ્રીજીએ અનુવાદ કરેલ છે અને શ્રી આર્ય-જય–કલ્યાણકેન્દ્ર ટ્રસ્ટે પ્રસિદ્ધ કરેલ છે. પૂજ્યશ્રીના આવા ૪૦ જેટલા ગ્રન્થોનાં નામો પ્રાપ્ત થાય છે. એમાં ૧૫થી વધારે ગ્રન્થો પ્રકાશિત થયા છે.

એ જ રીતે અચલગચ્છ સ્થાપક આર્યરક્ષિતસૂરિજી મહારાજા સાહેબ તથા અનેક લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક શ્રી જયસિંહસૂરિજી મહારાજા સાહેબ વ. આચાર્ય ભગવંતો પણ મહાદાર્શનિક હતા, જેમણે જૈન તર્કવાર્તિક–ન્યાયમંજરી ટીપ્પણ ઈત્યાદિ ગ્રન્થો રચ્યાની નોંધ મળે છે, તથા કવિચક્ર ચક્રવર્તી પૂ.આ.ભ. શ્રી જયશેખરસૂરિશ્વરજી મ.સા.એ પણ છંદશેખર તથા ન્યાયમંજરી વ. દાર્શનિક ગ્રન્થો લખ્યા છે.

(સંકલન-અચલગચ્છીય મુનિશ્રી સર્વોદયસાગરજી મ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉદયન રાજર્ષિ



સાચી ક્ષમાપના–
ત્યારે શોભે
જ્યારે હું
બંદીવાન
ચંડપ્રદ્યોતનને
બંધનથી મુક્ત
કરું
તેજ ક્ષણે રાજા
ઉદયને સહધર્મી
એવા
ચંડપ્રદ્યોતનને
બંધનથી મુક્ત
કર્યો.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# સ્થુલભદ્રજીની સાત બહેનો



પાટલીપુત્ર નગરીમાં શકટાલ મંત્રીની યક્ષા વિ. સાત બહેનો બુદ્ધિશાળી હતી. એક દિવસ ગુરુ સંભૂતિવિજયજીની આજ્ઞા લઈ બહેનો સ્થુલભદ્રમુનિ (ભાઈ)ને વંદના કરવા ગઈ, પણ મુનિએ જ્ઞાનનું પ્રદર્શન કરવા સિંહનું રુપ બતાવ્યું. પરિણામે ૪–પૂર્વની આમન્યા સહિતનું જ્ઞાન ગુરુએ ન આપ્યું.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આગમ સાહિત્યનો તત્ત્વબોધ

—શ્રી સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ



જૈનધર્મમાં શ્રુતજ્ઞાનને અનન્ય સ્થાન પ્રાપ્ત થયું છે. શ્રુતજ્ઞાનનો નાશ થાય, તો જૈનધર્મનો નાશ થાય એમ મનાયું છે. પ્રભુ મહાવીર સ્વામીના ઉપદેશવચનોને એમના પ્રથમ મુખ્ય શિષ્યો કે જે ગણધર કહેવાયા તેમણે સૂત્રરૂપે શબ્દોમાં ગૂંથી લીધા. એના આધારે ચૌદપૂર્વધર વગેરે પૂર્વધરોએ અન્ય સૂત્ર-ગ્રંથો રચ્યા. આ બધા આગમગ્રંથો કહેવાયા. એ ગ્રંથો ઉપર પૂર્વધર મહાપુરુષ શ્રી ભદ્રબાહુ સ્વામીએ નિર્યુક્તિઓ રચી એના પર ભાષ્ય, ચૂર્ણી અને સંસ્કૃત ટીકાઓ રચાઈ. ઘણા આગમોનો સમયના પ્રવાહમાં વિકટ સંજોગોના કારણે નાશ થયા પછી પણ હાલ પિસ્તાલીસ આગમો ઉપલબ્ધ થાય છે.

પૂર્વના પ્રતિભાસંપન્ન, કરુણાવંત મહાપુરુષોએ તે તે આગમપદાર્થોનો સહારો લઈ શિષ્ય-પ્રશિષ્યવર્ગમાં સરળતાથી સમજાય એ રીતે આગમપદાર્થોનો પ્રવાહ ચાલુ રહે એ માટે પ્રકરણગ્રંથો રચ્યા. એવા સેંકડો પ્રકરણગ્રંથો આજે ઉપલબ્ધ થાય છે. એ ઉપરાંત કુલકો, ચરિત્રો, કથાઓ, સારોદ્ધાર ગ્રંથો વગેરેની ખૂબ વિશાળ હારમાળા ચાલી આવે છે. આજે પ્રાયઃ દસ હજાર કે તેથી વધુ ગ્રંથો-સાહિત્ય જૈન શ્રુતજ્ઞાનને સમૃદ્ધ બનાવતા ઉપલબ્ધ થાય છે.

અંગને સંલગ્ન અવયવ ઉપાંગ કહેવાય. એ જ રીતે શ્રી આચારાંગ વગેરે અંગ સાહિત્યને સંલગ્ન ગ્રંથ ઉપાંગ કહેવાયા. ઉપાંગોની રચના પ્રાયઃ ચૌદ પૂર્વધર મહાપુરુષો કરે છે. હાલ આવા બાર ઉપાંગો ઉપલબ્ધ છે, જેમકે રાજપ્રશ્નીય વગેરે. અંગ શ્રુતમાં પીરસાયેલી બાબતોમાંથી એક ભાગરૂપ જે મહત્ત્વના વિષયના વિશેષ વિવેચનરૂપે અલગ ગ્રંથ પૂર્વધર મહાત્મા રચે તે ઉપાંગ કહેવાય. ઉપાંગ સાહિત્ય સમાવેશ ૪૫ આગમમાં થાય છે અને એમનું મહત્ત્વ અંગસાહિત્ય જેવું જ ગણાયું છે.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા તેમના કેવળજ્ઞાનના સમય દરમ્યાન જે ઉપદેશ આપતા હતા તેને તેમના ગણધરો–શિષ્યોએ અર્ધમાગધી ભાષામાં આગમરૂપે સૂત્રબદ્ધ કર્યો જેને આપણે દ્વાદશાંગી કહીએ છીએ.

જૈન પરંપરા પોતાના ધર્મશાસ્ત્રને આગમના નામે ઓળખે છે. આ આગમગ્રંથો નિર્યુક્તિ ભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર વગેરે શાસ્ત્રો મળીને કરોડો શ્લોકપ્રમાણ સાહિત્ય પ્રત રૂપે હતું. તેમાંનું ઘણું સાહિત્ય કાળક્રમે નાશ થતાં આપણને આજે જે આગમો મળે છે તે આગમશાસ્ત્રો આ મુજબ છે :

અગિયાર અંગસૂત્રો, બાર ઉપાંગસૂત્રો, દશ પયન્ના સૂત્રો, છ છેદસૂત્રો, ચાર મૂળસૂત્રો વગેરે. વિશ્વનું કલ્યાણ કરનાર આ મૂલ્યવાન સંપત્તિ સંબંધે લેખને રજૂ કરે છે શ્રી સિદ્ધાર્થભાઈ એન. ભટ્ટ.

વિદ્વાન સર્વત્ર પૂજાય છે એ હકીકત છે, તેમ એ પણ હકીકત છે કે વિદ્વાન સર્વની પૂજા કરે છે. માનવજીવનનું નાનુંમોટું કોઈ ક્ષેત્ર એને વર્જ્ય નથી હોતું, કારણ કે એક વાર 'તત્ત્વ' સુધી પહોંચવાની દૃષ્ટિ–દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય પછી કોઈ પક્ષાપક્ષીને સ્થાન રહેતું નથી, પછી તે ગૃહસ્થ હોય કે રાજ્યક્ષેત્ર હોય કે ધર્મક્ષેત્ર હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્વાન એને પોતાની આગવી દૃષ્ટિથી મૂલવતો હોય છે. મહાત્મા ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિનાં જીવનમૂલ્યોનાં કરેલાં અર્થઘટનો એનાં જ્વલંત ઉદાહરણો છે.

અને માનવજીવનનાં પરિવર્તનો સતત ગતિશીલ હોય છે. યુગે યુગે નવાં નવાં અર્થઘટનોની આવશ્યકતા રહે છે, નહીંતર બંધિયારપણું કોઈપણ ક્ષેત્રને કુંઠિત કરી નાખે. દશે દિશાઓમાંથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ–એવી માંગ વેદકાળથી છે. પ્રા. સિદ્ધાર્થ ભટ્ટનાં લખાણોમાં જુદા જુદા ક્ષેત્રમાં નવી નવી દિશા ખૂલતી જોવા મળે છે. રાજ્યશાસ્ત્રના અનુસ્નાતક પ્રા. ભટ્ટ વીસ વર્ષ હ. કા. આર્ટ્સ કોલેજ અને આઠ વર્ષ ગુજરાત યુનિવર્સિટી અનુસ્નાતક ભવનમાં અધ્યાપકીય કારકિર્દી દરમિયાન દેશ–વિદેશની રાજનીતિ વિશે, સરદાર વલ્લભભાઈ પટેલ વિશે એકાધિક ગ્રંથો આપી ચૂક્યા છે. અહીં જૈનધર્મના 'આગમસાહિત્ય' પર આગવા દૃષ્ટિબિંદુથી કેટલાક મુદ્દાની ચર્ચા કરી છે. યુગે યુગે વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસની વચ્ચે, બદલાયેલા માનવજીવનની સાથેસાથે, આદિ ગ્રંથોમાં પણ કેવી કેવી નવા અર્થઘટનોની શક્યતા પડેલી છે તે જોવું રસપ્રદ થઈ શકશે.

—સંપાદક.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે ધર્મનો સામાન્ય અર્થ 'ધ્રુ ધારયતિ ઈતિ ધર્મઃ' કરીએ છીએ. પશ્ચિમના જગતમાં તેનો અર્થ પાસે રાખનાર, એકઠા રાખનાર થાય છે. આપણે બે ભિન્ન જગતના પ્રમુખ ધર્મો વિશે દાર્શનિક–તાત્ત્વિક ચર્ચા કરવી નથી. જગતના વિવિધ ધર્મો પર રચાએલાં ભાષ્યો અને તે થકી જે તે ધર્મની કે તે સંદર્ભમાં કરવામાં આવેલ અર્થ સ્પષ્ટતાઓ પણ તપાસવી નથી અને તેવાં ભાષ્યોની ચકાસણી કરવાનો હેતુ પણ નથી. સાવ સામાન્ય અર્થમાં, ઈહ લોકમાં, જીવનને નીતિવાન બનાવે અને તે થકી ઉન્નત બનાવે એટલો જ અર્થ આપણે કરીશું.

અને છતાં, વિવિધ ધર્મોનાં મૂળ સાહિત્ય, તેને સંલગ્ન રચાતું ભાષ્ય કે ટીકા પ્રકારનું સાહિત્ય, સામાન્ય જનોના જીવનને નીતિવાન બનાવતું જે તે ધર્મ સાથે સંકળાતું સાહિત્ય, જે તે સમયે રચાતું કથાસાહિત્ય ઈત્યાદિને તપાસવામાં આવે તો જે તે સમાજની પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. તે સાથે, જે તે સમયની પરિસ્થિતિ અનુસાર, જે તે સમયમાં નીતિ–આચારનાં ધોરણોની આવશ્યકતા કેમ ઊભી થઈ તે પણ સમજાય છે. ભલે, આધુનિક અર્થમાં ઈતિહાસની ચુસ્તતાપ્રધાન અર્થસ્પષ્ટતા, ભૂતકાળના જે તે સમાજની જે તે સ્થિતિ વિશે સ્પષ્ટતા જોવા ન મળે છતાં, ધાર્મિક સાહિત્ય અને તેને સંલગ્ન સાહિત્યનાં અન્ય સ્વરૂપો, જે તે સમાજની પરિસ્થિતિનું સૂચન તો કરે જ છે.

આ મુદ્દાને તાત્ત્વિક–શાસ્ત્રીય ચર્ચાનો વિષય ન બનાવીએ તો પણ જિન–જૈન ધર્મના ઉદ્ભવ અને વિકાસના લાંબા પથ પરના વિવિધ પ્રદેશોના સમાજોની પરિસ્થિતિનું દર્શન જૈનસાહિત્યમાં જોવા મળે જ છે. જૈનકક્ષાસાહિત્યના વિશાળ સાગરનાં આપણે દર્શન કરીશું ત્યારે એટલું અવશ્ય કહીશું : આગમસાહિત્ય વિશેષ પ્રમાણમાં ત્યારના સમાજનું દર્શન કરાવે જ છે. આગમસાહિત્ય અને તે સંદર્ભમાં વિશેષ કરીને જૈન ધર્મ, જીવન–નિષેધક નથી જ. બલ્કે, હતું તેનાથી જીવન વધારે ઉન્નત થાય, વૈયક્તિક અને સામૂહિક જીવનના વ્યવહારનાં ધોરણોનો વ્યાપક સ્વીકાર થાય તેની ઝીણામાં ઝીણી વિગતો તેમાં આપેલી છે. સમયના લાંબા પથ પર આગમસાહિત્ય વિકસ્યું ત્યારે તે સમયનો સમાજ કેવો હતો અને એ સમાજના નૈતિક–વ્યવહારો કાજે ક્યાં અને કેવાં ધોરણોની આવશ્યકતા હતી તેની તલસ્પર્શી વિગતો આગમ સાહિત્યમાંથી સાંપડી રહી છે. કોઈપણ માનવસમાજ સર્વમાન્ય અને સર્વસ્વીકૃત ધોરણો વિના ટકી શકે નહીં. એ ધોરણોની આચારસંહિતા અંતે જે તે ધર્મ થકી આવિષ્કાર પામે છે.

કંઈક વ્યાપક રીતે કહી શકાય કે શીલ, તપ અને સંયમ એ તો જૈન ધર્મના આધાર–સ્તંભ છે. એ ત્રણે ધોરણોનું સ્વરૂપ વ્યાપક છે અને છતાં તે તરફ લઈ જતી સર્વ વિગતો આપણે આગમસાહિત્યમાં જોઈ શકીએ છીએ. કેવળ ઈન્દ્રિયાસક્તિથી કોઈ પણ માનવસમાજ ચાલી શકે નહીં. જૈન ધર્મે તપ પર–અથવા બીજા શબ્દોમાં સદ્જીવન પર–વિશેષ ભાર આપ્યો છે. જો, આગમસાહિત્યમાં જૈન ધર્મને અનુસરનારાં અને તેને નહીં અનુસરનારાં માટે પણ અપાયેલાં ધોરણો વિચારવામાં આવે તો જીવનની કૃતાર્થતા અથડામણ વિનાના સહિયારા જીવનમાં જ રહેલી છે તે આ સાહિત્યમાં જોવા મળે છે. મુનિશ્રી દીપરત્નસાગરજીએ ૪૫–આગમોને બૃહત્ વિષયાનુસાર 'આગમવિષય–દર્શન' ક્રમબદ્ધ કરીને એ પ્રાચીન આગમ સાહિત્યનું વિશદ દર્શન કરાવ્યું છે. તેમણે તેમના ગ્રંથમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સમુદાયે સ્વીકારેલાં પિસ્તાલીસ આગમોનું (૧૧–અંગ, ૧૨–ઉપાંગ, ૧૦–પયન્ના, ૬–છેદ, ૪–મૂલ અને ૨ ચૂલિકામાં) વર્ગીકરણ કર્યું છે. વર્ગીકરણ સ્વયં પર્યાપ્ત હોઈને તેમાં વર્ગીકૃત વિગતોનું દિગ્દર્શન કે ઉપચરણ કર્યું નથી–જો, તેવું તેમણે કર્યું હોત તો સંભવતઃ ગ્રંથનું છે એ કરતાં કદ વધી જાત.

છતાં, સામાન્યજનને સમજાય તેવી રીતે તેમણે કરેલા વર્ગીકરણની વિગતો શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસમાજ માટે નહીં, પરંતુ જેમને વૈયક્તિક જીવનમાં અને અન્યો સાથે સદ્વ્યવહાર કરી ઉન્નત સમાજનું નિર્માણ કરવું છે તેમને માટે ગ્રંથમાં આપવામાં આવેલી વિગતો જ પર્યાપ્ત છે. પ્રત્યેક આગમની ઝીણામાં ઝીણી વિગતમાં જવું ગમે અને છતાં શક્ય નથી તે છતાં એક શબ્દપ્રયોગનો આવો ખ્યાલ લઈ લઈએ તો આગમોમાં જે ધોરણો વિશે વાતો કરવામાં આવી છે તે સમજવામાં સરળ થઈ પડશે. ભગવાન બુદ્ધ અને મહાવીરસ્વામીના સમયે મગધ (અને આજના બિહાર)માં 'નિર્ગ્રંથ' શબ્દ પ્રચલિત હતો. સ્થૂળ અર્થમાં, વસ્ત્રવિહીન કહી શકાય અને નિર્ગ્રંથને પ્રતીક તરીકે લેવામાં આવે તો ગ્રંથીઓ, બંધન અને મર્યાદામાં રાખનારી આસક્તિઓ માટેની મુક્તિ કહી શકાય. મનુષ્યદેહ, આસક્તિઓ અને કર્મોનાં અનેક આચરણો અને અંતરાયથી વીંટળાયેલો છે. તે સર્વને નિશ્ચયાત્મક સંકલ્પથી દૂર કરતાં જવું અને મર્યાદાથી ભરેલા જગતના છેલ્લા આવરણ કે અંતરાયથી મુક્ત થવું એટલે જ મોક્ષ પામવો અથવા જૈન દર્શન અનુસાર કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવું. આટલી સાદી સમજ આગમોના ગહન વિચારોને સમજવા કાજે પર્યાપ્ત થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ આગમો પૂર્વભવની કક્ષાનું સ્થાન, જાતિસ્મરણ, કર્મબંધનો ક્રિયાલેહો, પૃથ્વીકાય, સંયમશ્રદ્ધા, સંયમમાર્ગ, આપકાય, હિંસા, અગ્નિકાયિક જીવો, શબ્દાદિ વિષયેચ્છા, વનસ્પતિકાયિક જીવો જેવી બાબતો આવી જાય છે. તો એ જ આગમોમાં સંસારી જીવો, ત્રસકાયિક હિંસા, વાક્કાયિક હિંસા, આત્મ–સમત્વ, વૃદ્ધાવસ્થા, આત્મોપદેશ, હિંસાથી નિવૃત્તિ, મૃત્યુ અને એકલતા, ભોગથી રોગ, સંપત્તિમોહ, સ્રીમોહ, ભોગેચ્છા, ક્રય–વિક્રય નિષેધ, રાગદ્વેષ, પરિગ્રહીત્વ, જીવનવિદ્વતા, સુખેચ્છા, અસંયમી જીવન જેવી દૈનિક ઐહિક વાતો વિશે પણ વિસ્તારપૂર્વક લખવામાં આવે છે.

જૈન શાસ્રોમાં દૈહિક કાર્યો થકી સર્જાતી માનવવ્યવહારોને ખોરવી નાખતી હિંસા, કામેચ્છા જેવી બાબતોનો નિષેધ કરવામાં આવે છે, તો જીવનની ક્ષણભંગુરતા જેવી એકલતા અને મૃત્યુ વિશે વાત કરવામાં આવી છે. શક્ય છે, આગમોની રચના થઈ રહી હશે ત્યારે સમાજમાં લોકેષણા, રાગદ્વેષ, પરિગ્રહત્વ જેવાં સમાજમાં દૂષણો પેઠાં હશે. જ્યાં માનવદેહ હોય ત્યાં શિથિલતાઓ આવે જ અને અજ્ઞાનીઓ તેમની પાર્થિવ જીવનવ્યવસ્થા રત હોઈ મોક્ષ, અહિંસા જેવી બાબતો વીસરી ગયા હોય, સંયમ અદૃશ્ય થયો હોય, એકત્વની ભાવનાનો હ્રાસ થયો હોય, માયાથી મન ઘેરાયેલું હોય, મમત્વના હઠાગ્રહ આગળ લૌકિકસુખને પ્રાધાન્ય મળતું જાય, ધર્મોપદેશથી પ્રજા વિમુખ થતી જતી હોય, ઉપેક્ષાભાવથી ભય અને ખેદમુક્તિ થાય છે, તે વિશે અજ્ઞાન પ્રવર્તે.

આગમોએ સાર્વજનિક અને વૈયક્તિક જીવનનાં અનેક પાસાં વિશે ઘણો સારો પ્રકાશ પાડ્યો છે. જ્યારે વ્યક્તિ અનેકચિત્ત બને ત્યારે સંયમના માર્ગેથી વિચલિત થાય છે. શરીરસુખ અને ભોગ જીવનનું મુખ્ય લક્ષણ બને છે, હિંસા અને આસક્તિ વધતાં જાય છે, પરિગ્રહ વધતો જાય છે અને સમભાવ અને અપ્રમાદથી વિમુક્ત થતી વ્યક્તિ સંયમયાત્રાનો ત્યાગ કરે છે. તેથી, રાગદ્વેષ વધે છે, સ્વતીર્થિક માન્યતાઓનું સ્થાન અન્ય તીર્થિક માન્યતાઓ લે છે, આત્મનિગ્રહ અને સત્યસેવનનું સ્થાન પ્રમાદ લે છે અને પરિણામતઃ શ્રદ્ધા, આજ્ઞા, બુદ્ધિ જેવાંનો લોપ થાય છે ત્યારે, તીર્થંકર જીવનના સાચા રાહ પરત્વે અંગુલિનિર્દેશ કરે છે, ધર્મમાં દૃઢતાનો ઉપદેશ આપે છે, લૌકેષણાત્યાગ કરવા કહે છે, વૈરાગ્યનું મૂલ્ય સમજાવે છે અને ધર્મમાં પ્રવૃત્ત થવા ઉપદેશ આપે છે, આદિ છે ત્યાં અંત છે અને તેથી તીર્થંકર મૃત્યુ અવશ્ય છે તેવું જણાવે છે. આટલેથી દુઃખનો પણ આરંભ થાય છે અને જીવનમાં અનુભવાતાં દુઃખ, કલેશ અને ક્રોધમૂલક બને છે તેવું જ્ઞાની તીર્થંકરો જણાવે છે ત્યારે વીરસાધકનો સાચો માર્ગ ક્યો હોઈ શકે તે કેવળ જ્ઞાની જ બતાવી શકે. ત્યારે, હિંસા, નિષ્કર્મદર્શિતા, કર્મબંધથી વિરમવાનો સદુપદેશ આપે છે.

જૈન ભાઈ–બહેનો વચ્ચે એક સામાન્ય સંવાદ સાંભળવા મળે છે : 'કર્મ બાંધવાં!' પછી, તેનો અર્થ મોક્ષ પ્રાપ્તિને અંતરાયરૂપ કર્મબંધનઅવસ્થા સમજવી. મોક્ષ અને કર્મરહિતતાને સહસંબંધ છે. દૈનિક જીવનવ્યવહાર વૈયક્તિક કે વ્યક્તિ વચ્ચેનાં કર્મનાં આદાનપ્રદાન હોઈ ન શકે. છતાં, જિનધર્મોપદેશ અંતરાય–આવરણરૂપ કર્મબંધનને મોક્ષનો માર્ગ કહ્યો નથી. જેવી કર્મની સ્થિતિ છે તેવી જ પ્રમાદની પણ સ્થિતિ છે. પ્રમાદ પણ મોક્ષપ્રાપ્તિને અંતરાયરૂપ જ છે અને છતાં જીવ ધર્માભિમુખ બની શકે છે એ શ્રદ્ધા તો રહેલી જ છે. જેમ કર્મબંધનરૂપ છે અને પ્રમાદ પણ કર્મબંધનરૂપ છે તે જ રીતે હિંસા પણ બંધનરૂપ છે. જો જિનદર્શનના પાયામાં કંઈક વૈચારિક–વ્યાવહારિક તત્ત્વ પડેલું હોય તો તે અહિંસાનું જ છે અને તેથી સર્વ જીવોની એ ફરજ થઈ પડે છે કે તેઓ હિંસા–અહિંસાની, વિશેષ કરીને અહિંસાની પરિભાષા સમજે.

કર્મબંધન, ન કરવા જેવું બંધન તેવું જ મોહનું પણ બંધન છે. ભગવાન મહાવીરે છેલ્લા વસ્રનો પણ ત્યાગ કર્યો હતો. આસક્તિ પણ બંધન છે અને ત્યારે આસક્તિથી ઘેરાયેલી વ્યક્તિ શરીરની અસારતા કે નશ્વરતાને જાણતી નથી. જો આ જ વાતનો અર્થ વિસ્તાર કરવામાં આવે તો શરીરની અસારતા કે નશ્વરતાથી અજ્ઞાની મોક્ષમાર્ગથી પણ અજ્ઞાની હોય છે. ધર્મસાહિત્યમાં પ્રબોધેલા ઉપદેશનો સંજોગ પ્રમાણે અર્થવિસ્તાર કરવામાં ધર્મના મૂળ આદેશો કે ઉપદેશોથી વિમુખ થઈ જવાતું નથી. જૈન ધર્મોપદેશ માનવદૌર્બલ્યને બરાબર પારખે છે માટે મનુષ્યની સૌથી મોટી નિર્બળતાને આસક્તિ અને તે થકી ઉદ્‌ભવતી પરિગ્રહની સ્થિતિ લેખી છે ત્યારે, બોધ તેથી અટકતો નથી. એ તો આગળ વધીને કહે છે સમતામાં ધર્મ જુઓ અને આત્મશક્તિ કેળવી કર્મનો ક્ષય કરો. સંયમને સમજો, સંયમના ભેદ સમજો, શીલની આરાધના કરો, આંતરશત્રુને વશ કરો, કોપિત અવસ્થાનો ત્યાગ કરો, સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત થાવ, આજ્ઞા અને પુરુષાર્થને સમજો. શક્ય છે, સંસારત્યાગથી પરિવારમાં ખેદ થાય તે છતાં તેના ત્યાગ માટે તૈયાર રહો અને કષાયમુક્તતા કેળવી સંયમી અને પ્રશસ્ત ભાવ વધારો.

જગતના મોટાભાગના ધર્મોમાં ઐહિક, પાર્થિવ જીવન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેની વિચારણા છે અને વળી ક્યારેક જન્મ–મરણના ફેરાના સંદર્ભમાં ગતલોક કે આવનારા લોકની પણ વાત આવતી હોય છે. આગમદર્શન આ પ્રકારના વિચારથી છેક મુક્ત નથી તો, સાંસારિક વિટંબણાઓથી ઘેરાયેલા સંસારી જીવો સંસારમાં રહીને સદ્‌જીવન વ્યતીત કરી શકે છે અને છેક વીતરાગીની સ્થિતિએ પહોંચે ત્યારે સંસારત્યાગ કરવા છતાં સંસારને આદર્શરૂપ માર્ગદર્શક પણ બને છે. જૈનઆગમો, આ અર્થમાં મુનિઓ–નિર્ગ્રંથો વિશે પણ વિસ્તારથી કહે છે. સાધુના વ્યવહારો, વ્રતો, સંસારની આસક્તિઓથી મુક્તિ મેળવવાના વ્યવહારિક–ધાર્મિક–જ્ઞાની માર્ગો, શરીર ટકાવવા જરૂરી અલ્પતમ જરૂરિયાતો, તપ, અસ્વાદ અને અનશનનું મહત્ત્વ, દેહકષ્ટથી માંડીને આહારત્યાગ અને સંથારા સુદ્ધાં વિશે મનોસંકલ્પ, સંસારજીવોનો સહજ સર્વ મર્યાદાઓનો ત્યાગ, આહાર અને વિહાર વિશેની ચોક્કસતા, વિહાર વિશેનાં ધોરણો, તપ–શીલ–સંયમ માટેની માનસિક તૈયારી, શ્રમણો સાથેના વ્યવહાર, સ્વધર્મ અને પરધર્મ સાથેનો પણ વ્યવહાર, જીવમાત્ર સાથેના વ્યવહાર, સ્વીકાર્ય હોય તેવી ન્યૂનતમ ચીજો અને ત્યાજ્ય વિશેની ચેતના ભાષાવિવેક, વિવેકી અને શુદ્ધ જીવનવ્યવહાર, પાપનિવૃત્તિ અથવા પાપકર્મનિવૃત્તિ વિશેનો આગ્રહ, સંસર્ગ નિષેધના ધોરણે, સમ્યક્ત્વ અને સંયમપાલન, પાપ–માયા–મોહનો નિષેધ—સંસારને સમ્યક્ કરવાના આથી વિશેષ સારાં ધોરણો ક્યાં હોઈ શકે?

આગમોએ સંસારી અને નિર્ગ્રંથો વચ્ચે ભેદ પાડ્યા છે. નિર્ગ્રંથ કે મુનિ થવાનો માર્ગ આલેખ્યો છે છતાં સર્વ સંસારીઓએ સંસારત્યાગ કરવાનું કહ્યું નથી. સંસારમાં રહીને પણ મનુષ્યના મનને જકડનારી મર્યાદાઓથી મુક્ત થવાના માર્ગો આ સાહિત્યે દર્શાવ્યા છે. જન્મથી માંડીને જીવન વ્યતીત કરવા જરૂરી એવાં તમામ કર્મો કરતાં રહીને પણ સમ્યક્ અને શુદ્ધ જીવન જીવી શકાય છે તેવી આશાએશ આગમસાહિત્ય પૂરી પાડે છે. જો જીવન પોતે બંધન હોય તો જીવનની સર્વ મર્યાદાઓથી મનુષ્ય ઘેરાયેલો છે અને છતાં તેવી મનુષ્યસહજ સર્વ મર્યાદાઓ થકી મુક્ત થવાના સ્યાદ્‌વાદને તો આગમસાહિત્ય આવરી જ લે છે. જો, મનુષ્ય કેવળ નિયતિવાદમાં જ રચ્યો–પચ્યો રહે તો તેનું જીવન ઈહવાદી–લોકવાદી–પાર્થિવવાદી બની જાય. આયુષ્યને મર્યાદા છે, અસ્થિરતા તેની સૌથી મોટી મર્યાદા છે. ત્યારે અનાસક્ત ભાવે, મનુષ્યસહજ સર્વ મર્યાદાઓ પર નિગ્રહ લાવી શકાય છે. જે આવો નિગ્રહ–પરિત્યાગ લાવે તે જ સાચો નિર્ગ્રંથ તેવો કંઈક અર્થ આપણે કરી શકીએ.

જ્યાં, મનુષ્ય તેની મર્યાદાઓને જીતી શકતો નથી તે જિન બની શકતો નથી, મોક્ષાભિલાષી થઈ શકતો નથી, તેણે કરેલાં કર્માનુસાર તે ભવભ્રમણ કરતો રહે છે, પરિવારજનોના મોહનાં બંધનોમાં જકડાયેલો રહે છે. ધર્મશ્રવણથી વેગળો થતો જાય છે અને અજ્ઞાનમાં ડૂબે છે. જે ધીર છે તે અસંયમી જીવન વ્યતીત કરતો નથી અને તેથી તેને જીવનનો ક્યારેય પસ્તાવો થતો નથી, પરિણામતઃ સર્વ અંતરાયોને દૂર કરતો જાય છે. જો આસક્તિ જ બધાં મનુષ્યસહજ બંધનનું અનેક કારણોમાંનું મુખ્ય કારણ હોય તો તેનાથી પ્રમાદ અને હિંસા ઉદ્‌ભવે છે. તેથી, ધીર અને સંયમીએ કાચબાની પેઠે પાપકર્મોને સંકોરવાં જોઈએ. નરક એટલે જ ઘોર અંધકાર, જીવનપર્યંત વેદના સહન કર્યા કરવી. માટે સંબંધ ત્યાગ કરવો, અપ્રતિબદ્ધ વિહારી બનવું, અનાસક્ત બનીને રહેવું, ઉણોદરીથી સંતોષ માનવો, ભાષા અને વ્યવહારમાં વિવેક રાખવો, ક્રોધ અને આક્રોશથી જોજન દૂર રહેવું, કષાયોનો ત્યાગ કરવો, પ્રશંસા અને પૂજાથી દૂર રહેવું, એકત્વની ભાવના રાખી ધનસંચય જેવી પરિગ્રહી વૃત્તિનો ત્યાગ કરવો, મિથ્યાદષ્ટિને દુર્ગતિ માનવી. અનાસક્તિ અને અહિંસા એટલે શૂન્યવાદ નથી. શૂન્યવાદ છેવટે અક્રિયાવાદ પરત્વે લઈ જાય છે. સાચો સંયમી અને આત્મનિગ્રહી ક્રિયાવાદી છે, કર્મક્ષય કરે છે, ધર્મોપદેશ કરે છે, લોક–મોક્ષ–સંસાર–જન્મ–મરણાદિથી જ્ઞાત બને છે, જીવમાત્ર પર પ્રેમ રાખે છે, સરળ વાક્‌વ્યવહાર કરે છે, સર્વજીવ પરત્વેના ભાવથી આત્મશુદ્ધિ કરે છે અને તે સાથે એટલું પણ જાણે છે કે દેવગતિ માટે મનુષ્યાવતાર જરૂરી છે, આવશ્યક છે.

આગમોએ ઈહલોકના માનવસંસારની વાત કહી છે તે સાથે મનુષ્યેતર જીવોની પણ વાત કહી છે. ભૂલોકની વાત કહી છે તો અંતરિક્ષ અને તેના પદાર્થોની વાત પણ કહી છે, મેરુ પર્વતની વાત કહી છે તો સૂર્યમંડલની વાત પણ કહી છે. તો નક્ષત્રમંડળ, ઈહલોકની નદીઓ, વિવિધ પર્વતો, સમયના માપ સમા મહિના અને તેના ભેદ, ત્રિવિધ ઋતુઓ, તિથિઓ, સંવત્સર અને તેના પેટા ભેદો, વિવિધ કુટો, અંતરિક્ષ અને ઈહલોકની દિશાસૂચન માટેની દિશાઓ, વૃક્ષો–વનરાજિઓ–વનો–ઈહલોકના વિવિધ પ્રદેશને વિશે પણ વાત કહી છે. જે સમયે આગમોની રચના થઈ હશે ત્યારે આજનાં વૈજ્ઞાનિક સાધનો ક્યાં હતાં? આજે, આ બધાં સાધનો આવવાં છતાં માનવજાત પ્રકૃતિથી વિમુખ થતી જાય છે એ પણ સત્ય છે. આગમસાહિત્યને જિનધર્મના શાસ્ત્ર તરીકે ક્ષણભર વીસરી જઈએ તો પણ આજથી સેંકડો વર્ષો પહેલાં રચાયેલા આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યમાં પડેલા વિષયવૈવિધ્યનો સ્વીકાર કરીએ. તે સાથે એ પણ સ્વીકાર કરીએ કે સમૃદ્ધિની દૃષ્ટિએ, સાધન–ઉપકરણોની દૃષ્ટિએ આજનો યુગ કદાચ આગમસાહિત્ય રચાયું તેની સરખામણીએ વિપુલતાને આંબી ગયો છે છતાં વ્યવહારો અને તે સાથે ભાષામાં કેટલો દરિદ્ર બનતો જાય છે!

જો, દોષ એ સદ્‌જીવનની શિથિલતાનું દ્યોતક છે તો તે વૈયક્તિક જીવનને ખોરવી નાખે છે તે સાથે સામૂહિક વ્યવહારો–સંબંધોને પણ દૂષિત કરે છે. માટે, જગતના સર્વ ધર્મોએ આવા વૈયક્તિક અને સામૂહિક દોષોને ચારિત્ર્યશિથિલતા પર નિષેધો મૂક્યા છે. જૈન ધર્મના આગમો, આજથી અઢી હજાર વર્ષ પર આ રીતે વિચારો મૂકી ગયા હોય તો તેના બે સૂચિતાર્થો છે : એક, એ સાહિત્યની માનવજીવનને જોવાની અને સમાજ-વ્યવસ્થાને ગોઠવવાની સૂઝ, અને બે, એ સમયે પ્રવર્તમાન સમાજનું પડતું પ્રતિબિંબ. જો, સમાજમાં શિથિલતા આવી ન હોત અને બધું જ સુપેરે ચાલતું હોત તો આગમસાહિત્યે આટલા બધા ઊંડાણથી મનુષ્યના સ્વભાવ અને વૈયક્તિક અને સામૂહિક વ્યવહારો–સંબંધો વિશે આટલા વિસ્તારથી લખવું પડ્યું ન હોત. સમાજના ધુરીણો, હિતચિંતકો અને જૈનધર્માનુસાર તીર્થંકરો અને મુનિશ્રીઓએ ત્યારના સમાજની ચિંતા કરવી પડી એટલું પણ આગમસાહિત્યમાંથી સ્વીકારીએ. જો વૈયક્તિક જીવન કાટખૂણે આવે તો અન્યોએ પણ પોતાના જીવનને વ્યવસ્થિત કરી કાટખૂણે લાવવું પડે. આગમસાહિત્યમાં જીવનનો નકાર નથી, જીવનમાં રહેલાં દોષો–મર્યાદાઓનો નકાર છે, જીવનને શુષ્ક બનાવતાં આચરણોનો ઉપદેશ નથી, બલ્કે વૈયક્તિક અને સામૂહિક જીવનને ઉન્નત બનાવવાના આદેશો છે. મનુષ્યની અંગત જીવનમાં અને અન્યો સાથેના વ્યવહારોની સૌથી મોટી કસોટી શીલ અને સંયમની છે. આગમસાહિત્ય, એ વિશે ફોડ પાડીને કહે છે. જે અઢીહજાર વર્ષ પહેલાં સાચું હતું તે આજે પણ છે અને આવનારા કાળમાં એટલું જ સાચું રહેશે. આગમસાહિત્યને જીવન–સદ્‌જીવન વિતાવવાનાં ધોરણો તરીકે લેખીએ, જીવનના કાવ્ય તરીકે પણ લેખીએ.

## આગમસાહિત્ય

જગતનો કોઈપણ સમાજ સાહિત્ય વિનાનો હતો નહીં અને છે પણ નહીં. ચુસ્ત અર્થમાં જેને ભાષા કહીએ છીએ, વ્યાકરણના નિયમોથી બદ્ધભાષા આવી ન હતી અને કેવળ લોકબોલી પર માનવવ્યવહારો ચાલતા હતા ત્યારે પણ કોઈને કોઈ સ્વરૂપે સાહિત્ય કે સાહિત્યિક પ્રકાર તો હતો જ. હાલરડુંને



સમેતશિખર પર્વત પર શ્રી પાર્શ્વનાથનું નિર્વાણ, મોક્ષકલ્યાણક તેરમી શતાબ્દિના હસ્તલિખિત કલ્પસૂત્રના તાડપત્ર ઉપરથી

સાહિત્યના પ્રકાર તરીકે ભલે લેખવામાં ન આવતું હોય તો પણ તેમાં સાહિત્યનાં લક્ષણો તો પડેલાં જ છે. હાલરડાંથી માંડીને મહાકાવ્યોની વચ્ચે સાહિત્યનાં અનેક સ્વરૂપો આવી જ જાય છે. માનવજીવન એટલું બધું શુષ્ક બની ગયું નથી અને મનોરંજનથી માંડીને બોધાત્મક કે સુભાષિતો સ્વરૂપે માનવઅભિવ્યક્તિ થાય જ છે. એકલદોકલ અને રખડતો–ફરતો મનુષ્ય પણ કોઈને કોઈ ઉદ્‌ગારો કાઢતો જ હતો અને એ ઉદ્‌ગારોમાંના ઘણા ગેય પણ હતા. માનવજાતની ઉત્ક્રાંતિમાં વિવિધ પ્રજાસમૂહોએ ભિન્ન સમયે વિવિધ સાહિત્યમાં અભિવ્યક્તિઓ જોઈ છે—જ્યારે ભાષા આવી ન હતી ત્યારે શ્રુતપરંપરા ચાલતી હતી અને કાળક્રમે એ જ શ્રુત અભિવ્યક્તિને શબ્દનું લેખિત સ્વરૂપ પણ સાંપડ્યું.

આટલી પૂર્વભૂમિકા પર્યાપ્ત થશે. અહીં, ભાષાના ઉદ્‌ભવ અને વિકાસ અને એ વિકાસના પથમાં આવતાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને આલેખવાનું પ્રયોજન નથી. જેમ, અન્ય સમાજોમાં બન્યું છે તેમ આપણા સમાજમાં પણ બન્યું છે. ત્યારે, વિવિધતાઓથી ભરેલા આપણા સમાજમાં ભલે કુલ વસ્તીમાં સરખામણીએ જૈન સમુદાય એટલો મોટો ન હોય તે છતાં એ જ સમુદાયે અઢળક સાહિત્ય આપ્યું છે તે આપણે ન ભૂલીએ. એ આપણી સાંસ્કૃતિક વિરાસત છે, આપણો અમૂલ્ય ખજાનો છે. એ ખજાનામાંથી ઘણું બધું અદૃશ્ય થયું છે. લેખિત સ્વરૂપ અપાય તે પહેલાં અને કુદરતી આપત્તિઓના સમયે થતાં સ્થળાંતરોને કારણે તેમાંનું ઘણું બધું લુપ્ત થયું છે, તે છતાં, જે કંઈ આપણી પાસે વારસામાં ચાલી આવ્યું છે તે પણ અઢળક છે. જૈન લોકરંજક કથાઓ, બોધકથાઓ જે તે સમયના સમાજના સ્વરૂપને વ્યક્ત કરે છે. તે સાથે જૈનસાહિત્યમાં આગમોનું સ્થાન વિશિષ્ટ છે. સદ્‌ભાગ્યે એ આગમોમાંના ઘણા જળવાયેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણ કે વલભીમાં ત્રીજી પરિષદ મળી ત્યારે એ શ્રુત સાહિત્યને લિપિબદ્ધ કરવાનો નિર્ણય લેવાયો હતો અને તેને પરિણામે આજે આપણી પાસે એ અમૂલ્ય સાહિત્ય ઉપલબ્ધ થયું છે. આપણે જૈન સાહિત્યના ઇતિહાસમાં જવું નથી. એમ કરવામાં વિષયાંતર થઈ જવાનો ભય છે.

છેક ૧૯૫૨માં, વારાણસી ખાતે, વાસુદેવશરણ અગ્રવાલે, જૈન સાહિત્યના ઇતિહાસની વાત કહી હતી અને તેમાં તેમણે જૈનવિદ્યાનાં લખાણોને શ્રી સોહનલાલ જૈન ધર્મપ્રચારક સમિતિ મારફતે પ્રગટ કરવાનો અનુરોધ કર્યો હતો. એના સંદર્ભમાં, ૧૯૫૩માં મુનિશ્રી પુણ્યવિજયજીની નિશ્રામાં અમદાવાદમાં એ અનુરોધના સંદર્ભમાં વિચાર કરવા કેટલાક વિદ્વાનોનું સંમેલન મળ્યું. એ સંમેલનમાં જૈનસાહિત્યને પ્રગટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને તત્સંદર્ભમાં એક ઉપસમિતિ બનાવવામાં આવી. બેચરદાસજી, દલસુખભાઈ અને મોહનલાલ મહેતા જેવા વિદ્વાનો સાથે અન્ય વિદ્વાનો—મુનિ પુણ્યવિજયજી, આચાર્ય જિનવિજયજી, પંડિત સુખલાલજી, વાસુદેવશરણ અગ્રવાલ, પી. એલ. વૈદ્ય, અગરચંદ નાહટા, ભોગીલાલ સાંડેસરા, ઇન્દ્રચન્દ્ર શાસ્ત્રી, પદ્મનાભ જૈન, બાવાચંદ વીરચંદ (જયભિખ્ખુ), પરમાનંદ કાપડિયા—પણ જોડાયા. તેમાં, બેચરદાસજીના પુત્ર ભાષાશાસ્ત્રી પ્રબોધ પંડિત પણ હતા.

આ સર્વના અથાગ પ્રયત્નો થકી આશરે ચારેક હજાર પૃષ્ઠોમાં આઠ ભાગોમાં આપણને 'જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ' (હિન્દી ભાષામાં) સાંપડ્યો છે. પ્રથમ ભાગ (અંગ–આગમ), બીજો ભાગ (અંગબાહ્ય આગમ), ત્રીજો ભાગ (આગમોમાં વ્યાખ્યાત્મક સાહિત્ય), ચોથો ભાગ (કર્મસાહિત્ય વ આગમિક પ્રકરણ), પાંચમો ભાગ (દાર્શનિક વ લાક્ષણિક સાહિત્ય), છઠ્ઠો ભાગ (કાવ્યસાહિત્ય), સાતમો ભાગ (તમિલ, કન્નડ એવં મરાઠી જૈન સાહિત્ય) અને આઠમો ભાગ (અપભ્રંશ જૈન સાહિત્ય)—આ સમગ્ર ગ્રંથશ્રેણી જૈનેતરોએ પણ મનન કરવા જેવી છે. એ વિશે થોડીક વિગત જતાં પહેલાં અન્ય કેટલીક સાહિત્યિક કૃતિઓ વિશે પણ કહેવું ઉચિત થશે. ચૌખમ્બાએ બહાર પાડેલી એ ગ્રંથશ્રેણી સાથે ડૉ. જગદીશચન્દ્ર જૈનના લખાણ 'પ્રાકૃત સાહિત્ય કા ઇતિહાસ'ને પણ યાદ કરવું જોઈએ. મોટાભાગનું જૈન સાહિત્ય પ્રાકૃત (કે અર્ધમાગધી)માં હોઈ, તેનો વિકાસપથ જાણવો જરૂરી છે. મુન્શી મનોહરલાલ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડે એ જ લેખકનું અંગ્રેજીનું લખાણ 'લાઇફ ઇન એનશિયન્ટ ઇન્ડિયા એઝ ડેપિક્ટેડ ઇન ધ જૈન કેનન એન્ડ કોમેન્ટરીઝ' બહાર પાડ્યું છે તો, એ જ પ્રકાશકે અસીમ કુમાર ચેટર્જીના લખાણ 'એ કોમ્પ્રિહેન્સિવ હિસ્ટરી ઓફ જૈનિઝમ'ના બે ભાગ બહાર પાડ્યા છે. વળી, આપણા ગુજરાતના વિદ્વાન નગીનભાઈ શાહે મૂળ મોહનલાલ મહેતાના અંગ્રેજી લખાણનું ગુજરાતી ભાષાંતર 'જૈનધર્મ' પણ કર્યું છે અને પ્રગટ થયું છે. તે સાથે, એ.કે. કાપડિયા, ગોપાળદાસ જીવાભાઈ જેવાને યાદ કરવા પડે અને ભારતભરના જૈન જ્ઞાનભંડારોને પણ યાદ કરવા પડે. આ સંદર્ભમાં અસંખ્ય વિદ્વાનોનાં નામો યાદ આવે અને છતાં આ લેખની મર્યાદામાં એ સર્વનો ઉલ્લેખ કરવો શક્ય પણ નથી.

આપણે આગમસાહિત્યને કેન્દ્રમાં રાખીને વિચારવું છે ત્યારે તે સંદર્ભમાં અઢળક પ્રકાશનો થયાં છે. કેવળ, 'જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ'ને જ ધ્યાનમાં રાખવામાં આવે તો પણ જૈનસાહિત્યનું ખંડદર્શન કરી શકીશું. વારાણસીની આ ગ્રંથશ્રેણી વારાણસીમાં પ્રગટ થઈ. તેના પહેલા ભાગની પ્રસ્તાવના પંડિત દલસુખભાઈએ લખી છે. પંચાવન પૃષ્ઠોની એ પ્રસ્તાવનામાં તેમણે સમગ્ર ગ્રંથશ્રેણીની યોજનાથી માંડીને વૈદિકધર્મ અને જૈન ધર્મ, પ્રાચીન યતિ–મુનિ–શ્રમણ તીર્થંકરોની પરંપરા, આગમોનું વર્ગીકરણ, અંગ–ઉપાંગ, અંગબાહ્ય સાહિત્ય, છેદસૂત્રો, આગમવિચ્છેદ, ભગવાન મહાવીરનો સમય, શ્રુતાવતાર જેવી અનેક બાબતોને આવરી લીધી છે. તો બાકીનાં આઠ પ્રકરણો અને ત્રણ પરિશિષ્ટો પંડિત બેચરદાસજીનાં લખેલાં છે. ઈ.સ. ૧૩૦૬માં આચાર્ય જિનપ્રભની નિશ્રામાં આગમોને વ્યવસ્થિત કરવાનું કામ થયું એની વિગતોમાં જતા નથી. પ્રોફેસર કાપડિયાએ 'એ હિસ્ટરી ઓફ ધ કેનોનિકલ લિટરેચર ઓફ જૈનાસ'માં તેની વિસ્તૃત ચર્ચા કરી છે. પં. દલસુખભાઈએ 'જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ'ના ભાગ ૧ની પ્રસ્તાવનામાં ઉપલબ્ધ જૈન આગમસાહિત્યનું વર્ગીકરણ આપ્યું છે. તેમાં તેમણે શ્વેતામ્બરોએ સ્વીકારેલાં અગિયાર અંગો, બાર ઉપાંગો, દસ પ્રકીર્ણકો, છ છેદ સાહિત્યસ્વરૂપો, બે ચૂલિકાસૂત્રો અને ચાર મૂલસૂત્રો દર્શાવ્યાં છે.

તેમણે કરેલા વર્ગીકરણમાં અગિયાર અંગોમાં આયાર (આચાર), સૂયગડ (સૂત્રકૃત), ઠાણ (સ્થાન), સમવાય, વિખ્યાહપન્નતિ (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), નાયાધમ્મકહાઓ (જ્ઞાતધર્મ-કથા), ઉવાસગદસાઓ (ઉપાસદશાઃ), અંતગડદસાઓ (અન્ત-કૃદશઃ), અનુત્તરોવવાઈયદસાઓ (અનુત્તરૌપપાદિકદશાઃ), પણ્હાવાગરણાઈ (પ્રશ્નવ્યકરણાતિ), વિવાગસુયં (વિપાકશ્રુતમ્)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દૃષ્ટિવાદ જણાવ્યાં છે. જોકે, દૃષ્ટિવાદનો ઉલ્લેખ મળે છે છતાં તેનું સાહિત્ય મળતું નથી અને તેથી શ્વેતામ્બર સંપ્રદાયે કેવળ અગિયાર આગમોને સ્વીકાર્યા છે. શ્વેતામ્બરોના ત્રણે સંપ્રદાયો આ સ્વીકારે છે.

જ્યાં સુધી જૈનસાહિત્યમાં ઉપાંગોને નિસ્બત છે ત્યાં સુધી બાર ઉપાંગો સ્વીકારાયાં છે. ઉવવાઈયં (ઔપપાતિકં), રાઈપસેણઈજ્જં (રાજ) અથવા રાયવસેણિયં (રાજપ્રશ્નીયં), જીવાજીવાભિગમ, પણ્ણવણા (પ્રજ્ઞાપના), સૂયણ્ણત્તિ (સૂર્યપ્રજ્ઞપ્તિ), જંબુદીવપણ્ણત્તિ (જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ), નિરયાવલિઓ (નિરયાવલિકા:), કપ્પવડિંસિયાઓ (કલ્પાવતંસિકા:), પુપ્ફિવલિયો (પુષ્પિકા:), પુપ્ફચૂલાઓ (પુષ્પચૂલા:), અને વણ્હિદસાઓ (વૃષ્ણિદશા:)—જેવાં બાર ઉપાંગો દલસુખભાઈએ કરેલાં વર્ગીકરણમાં જોવાં મળે છે.

તેમના વર્ગીકરણમાં દલસુખભાઈએ દસ પ્રકીર્ણકો જણાવ્યાં છે—ચઉસરણ (ચતુ:શરણ), આઉરપચ્ચાકખાણ (આતુરપ્રત્યાખ્યાન), ભત્તપરિન્ના (ભક્તપરિજ્ઞા), સંથાર (સંસ્તાર), તંદુલવેયાલિય (તંદુલવૈચારિક), ચંદવેજ્જય (ચન્દ્રવેધ્યક), દેવિંદત્થય (દેવેન્દ્રસ્તવ), ગણિવિજ્જ (ગણિવિદ્યા), મહાપચ્ચક્ખાણ (મહાપ્રત્યાખ્યાન) અને વીરત્થય (વીરસ્તવ)નો સમાવેશ થાય છે. આ દસ પ્રકીર્ણકો દલસુખભાઈના જણાવ્યા પ્રમાણે કેવળ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયે માન્ય કરેલા છે. અન્ય બે સંપ્રદાયો તેમને માન્ય કરતા નથી. છતાં, તેમનું સાહિત્ય મૂલ્ય તો રહે જ છે.

એ પ્રકાશનમાં દલસુખભાઈએ છ છેદ દર્શાવ્યા છે—આયારદસા અથવા દસા (આચારદશા), કપ્પ (કલ્પ), વવહાર (વ્યવહાર), નિસીહ (નિશીથ), મહાનિસીહ (મહાનિશીથ) અને જીયકપ્પ (જીતકલ્પ). જેમ ઉપર જણાવેલાં પ્રકીર્ણકો કેવળ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય સ્વીકારે છે તે જ રીતે શ્વેતામ્બરોમાં ત્રણે સંપ્રદાયોમાં સ્થાનકવાસી અને તેરાપંથી છેલ્લા બે છેદ (નિશીથ અને મહાનિશીથ)ને સ્વીકારતા નથી. જ્યારે, ધર્મ સંગઠિત થાય અને વિવિધ સંપ્રદાયો તેમાંથી ઉદ્‌ભવે ત્યારે એ જ ધર્મનાં બધાં જ શાસ્ત્રોને તેના બધા જ સંપ્રદાયો સ્વીકારતા હશે તેવું કહી શકાય નહીં.

દલસુખભાઈએ, તેમના વર્ગીકરણમાં નન્દી અને અણુયોગદારા (અનુયોગદ્વારાણિ) એમ બે ચૂલિકાસૂત્રો આપ્યાં છે. તેમણે, ચાર મૂલસૂત્રો જણાવ્યાં છે—ઉત્તરજ્જયા (ઉત્તરાધ્યાયા:), દસવેયાલિય (દશવૈતાલિક), આવસ્સય (આવશ્યક) અને પિણ્ડનિજ્જુતિ (પિંડનિર્યુક્તિ). તો, સ્થાનકવાસી અને તેરાપંથી પિંડનિર્યુક્તિને સ્વીકારતા નથી.

પ્રત્યેક ધાર્મિક વિચારપ્રવાહમાં સમયના વહેણ સાથે મૂળ વિચારને અનુસરતું સાહિત્ય ઉમેરાતું જાય છે. તેવું જ જૈનસાહિત્યમાં પણ બન્યું છે. એક સમયે આગમોની સંખ્યા પંચ્યાસી સુધી પહોંચી ગઈ હતી ત્યારે, તેરાપંથનો સંપ્રદાય તેમાંથી બત્રીસને માન્ય કરે છે અને મૂર્તિપૂજક શ્વેતાંબર સંપ્રદાય ઉપલબ્ધ પિસ્તાલીસને જ માન્ય કરે છે. જેવું તેરાપંથનું છે તેવું જ સ્થાનકવાસી સંપ્રદાયનું પણ છે. તેઓ કેવળ બત્રીસ આગમોને જ માને છે. એક સમયે, દિગંબર સંપ્રદાય, બાર અંગ અને ચૌદ અંગબાહ્ય (કુલ છવ્વીસ)ને માન્ય કરતો હતો. આગમોની સંખ્યા વધતી ગઈ તેનું કારણ કાલાન્તરે ગણધરોના ઉપદેશો પણ આગમોનો ભાગ બની ગયા હતા.

જેવું અન્ય ધર્મોના સાહિત્ય વિશે કહી શકાય તેવું જૈનસાહિત્ય વિશે પણ કહી શકાય. શ્રુતસાહિત્ય જ્યારે લેખિત પ્રકાર બને છે ત્યારે એક જ સાહિત્યના મૂળ કર્તા નિશ્ચિત કરી શકાતા નથી. વળી, શ્રુતસાહિત્ય પણ પરંપરાથી 'મુખથી કર્ણ' પ્રકારનું હોય અને વિશાળ ભૂમિપ્રદેશમાં વસતા અનેક જનસમુદાયોમાં એ પ્રચલિત બને ત્યારે, કર્તા નિશ્ચિત કરી શકાય નહીં તો, મૂળ સ્વરૂપ અને તેમાં થતા રહેલા ઉમેરા વચ્ચે પણ ભેદ પાડી શકાતો નથી. તેથી, એટલું કહી શકાય, આગમ-સાહિત્યનો ઉદ્‌ભવ ક્યારે અને કેવી રીતે થયો, ક્યાં થયો, કોના થકી થયો—આ બધું નિશ્ચિત કહી શકાય નહીં અને તેવું કરવાની જરૂર પણ નથી. ત્યારે, જે તે સાહિત્યમાં રહેલી બોધસામગ્રી મુખ્ય છે-કાલનિર્ણય કે કર્તાનિર્ણય નહીં એવું સ્વીકારવું રહ્યું. આગમોની રચના ઈસ્વીસન પૂર્વેની છે.

અંતે, શ્રુતજ્ઞાન અક્ષરબદ્ધ બને છે અને અક્ષરબદ્ધ લેખિતરૂપ ધારણ કરે છે. ઋષિભાષિત સાહિત્ય લોકાદર અને લોકસ્વીકાર પામે ત્યારે અને જ્યારે તે જ સાહિત્ય લિપિબદ્ધ બને ત્યારે સમય અને સંજોગ પ્રમાણે ઘણાં પરિવર્તનો આવી જાય છે. જ્યારે, આપણે ઋષિભાષિત સાહિત્ય વિશે વાત કરતા હોઈએ ત્યારે, એ ગ્રંથશ્રેણીમાં પંડિત બેચરદાસજીએ 'જૈન શ્રુત'માં જણાવેલા ઋષિઓને જાણવા જોઈએ-કારણ કે, અંગ-ઉપાંગ અને તે સાથે સંલગ્ન અન્ય ધાર્મિક સાહિત્ય કોઈને કોઈ ઋષિનો ઉલ્લેખ કરે જ છે. પંડિત બેચરદાસજીએ ઋષિભાષિત સાહિત્યના સંદર્ભમાં કેટલાક ઋષિઓનાં નામ દર્શાવ્યાં છે-અસિત દેવલ, અંગરિસિ-અંગિરસ-ભારદ્વાજ, મહાકશ્યપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંખલિપુત્ત (ભગવાન મહાવીરસ્વામીના સમયે થઈ ગયા), જણ્ણવક્ક-યાજ્ઞવલ્ક્ય, બાહુક, મધુરાયણ (માથુરાયણ, સોરિયાયણ, વરિસવકલ્હ, આરિયાયણ, ગાથાપતિપુત્ર, તસુણ, રામપુત્ત, હરિગિરિ, માતંગ, વાયુ, પિંગ માહણપરિવ્વાયઅ-બ્રાહ્મણપરિવ્રાજક, અરુણ મહાસાલ, નારાયણ, સાતિપુત્ર-શાક્યપુત્ર બુદ્ધ, દીવાયણ-દ્વૈપાયન, સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ જૈન ગ્રંથોમાં ઉલ્લેખાતા ઋષિ-મુનિઓનાં કેટલાંક નામો છે. બધા જ ઋષિ-મુનિઓ જૈન ન હતા. જેમકે, ભગવાન મહાવીરના સમયે તેમના સમકાલીન અને એ જ પ્રદેશમાં ભગવાન બુદ્ધ પણ થઈ ગયા હતા.

પંડિત બેચરદાસજીએ એ ગ્રંથશ્રેણીના પહેલા ભાગમાં, સચેલક પરંપરામાં અગિયાર અંગોમાં પદો અને હવે અપ્રાપ્ય એવા બારમા અંગ દૃષ્ટિવાદ પહેલાંનાં ચૌદ અંગોનાં પદો આપ્યાં છે. એ જ રીતે અચેલક પરંપરાની પણ વિગતો આપી છે. શક્ય છે, હજારો અને લાખોની સંખ્યામાં દર્શાવાતાં પદોની સંખ્યાનું શક્ય ન પણ બને-કારણ, આટલાં બધાં પદો સચેલક અને અચેલક પરંપરામાં હતાં તેનું કોઈ પ્રમાણ મળતું નથી. એ સાંખ્યિક અનિશ્ચિતતા છતાં એટલું સ્વીકારવું રહ્યું કે તમામ અંગોનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં હશે. શ્રુત સાહિત્યમાં અનેક પ્રજાસમૂહોની કાલાન્તરે થતી ઉમેરણીનું યોગ્ય માપ નીકળી શકે નહીં.

જૈન પરંપરામાં આગમોની ભાષા ભલે અર્ધમાગધી અને વૈયાકરણીઓની દૃષ્ટિએ પ્રાકૃત હોય તે છતાં શબ્દ કે ભાષાનું મહત્ત્વ એ પરંપરામાં નથી. ત્યારે જૈનપરંપરામાં શબ્દ કે ભાષાને સ્થાને ભાવ પર ભાર મૂકવામાં આવ્યો છે. એ જ પરંપરા પ્રમાણે, ભાષા ભાવને બાંધી દે છે અને તેથી ચિત્તશુદ્ધિ કે આત્મવિકાસને અવકાશ રહેતો નથી. ભાષા તો કશાક મનોભાવને વ્યક્ત કરવાનું સાધન છે, સંજ્ઞા છે. અંતે, જૈનપરંપરાનું પ્રધાન ધ્યેય કેવળજ્ઞાન-મોક્ષ પ્રાપ્ત કરવાનું છે અને તે માટે ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે-માટે, આ પરંપરામાં ત્યાગ, તપ, સંયમ પર ભાર મૂકવામાં આવ્યો છે. ચિત્તશુદ્ધિ તરફ લઈ જતા માર્ગ પર ભાર આપીને અંગગ્રંથોમાં વિષય-વૈવિધ્ય પણ અનેરું છે. ઈહલોકને સ્પર્શતી સર્વ બાબતોનું ઉપવરણ તેમાં જોવા મળે છે અને છતાં, મોક્ષપ્રાપ્તિ અને કેવળજ્ઞાનને હાંસલ કરવા માટે જૈનપરંપરામાં યજ્ઞ-રાગાદિ, ભોગ, આહુતિ, ક્રિયાકાંડો, જીવનને મૂળ લક્ષ્યથી વિચલિત કરનારા સર્વ વ્યવહારોનો નિષેધ કરવામાં આવ્યો છે. જે, મોક્ષગામી છે તે વીતરાગીએ છે તેથી મનુષ્યસહજ સર્વ નિર્બળતાઓથી તે મુક્ત છે-જૈનવિચાર પરંપરાના પાયાના આ વિચારને ન ભૂલીએ. આસક્તિ અને પરિગ્રહ થકી બંધાતા મનુષ્યને મુક્ત કરવામાં જ સાચું કેવળજ્ઞાન રહેલું છે એ વિચાર જૈનપરંપરામાં રહેલો છે.

જૈનપરંપરામાં, ગણધરોએ સૂત્રોની રચના કરી છે. એનો એ અર્થ થયો કે જે આગમો ઉપલબ્ધ છે તેની રચના ગણધરોએ કરી છે. તીર્થંકરોના ઉપદેશમાં સામ્ય હોય છે તે જ રીતે આગમોમાં પણ સામ્ય છે-જીવનને, અંતરાય વિનાનું કરવાના આચારો છે, ધોરણો છે અને કંઈક વિશેષ અર્થમાં નિષેધો છે. આગમો, ભગવાન-પ્રણિત હોય પણ ગ્રંથસ્થ ગણધરોથી થયા હોઈ જૈનપરંપરા પ્રમાણે જે આગમો રચાયા છે તે સહાયક ગ્રંથો નથી, બલ્કે, મૂળ-અંગ ગ્રંથો છે. જો ભગવાને અર્થ આપ્યો હોય તો ગણધરોએ અર્થ આપ્યો છે અને તેથી આગમોનો મૂળ અર્થ શ્રુતજ્ઞાનમાં રહેલો છે. જેમ અન્ય ધર્મોમાં થયું છે તેવું જ જૈનધર્મમાં પણ થયું છે-શ્રુત પહેલું આવે અને પછી શાસ્ત્રલેખન.

ભારતનાં ધર્મશાસ્ત્રો વિશે એક વિશિષ્ટ માન્યતા રહેલી છે. એટલે કે જો એ જ્ઞાન અનંતકાલનું હોય તો તેના રચયિતા લૌકિક શબ્દોના લખનાર મનુષ્યો, મર્ત્ય માનવો હોઈ શકે નહીં.-માટે, એ શ્રુત છે. મનુષ્યનું કર્તૃત્વ, તેને શબ્દદેહ આપવામાં છે. તેથી, આવું જ્ઞાન અપૌરુષેય અને અલૌકિક છે. છતાં, મૂળ શાસ્ત્રનું સ્વરૂપ એ જ રહે છે અને તેમાં મનુષ્ય થકી નવો ઉમેરો થતો રહે છે. અંગશ્રુત સાહિત્યનો સીધો સંબંધ ગણધરો સાથે છે અને અંગબાધશ્રુત સાહિત્યનો સંબંધ સ્થવિરો સાથે છે એવી જૈનમાન્યતા સ્વીકારવી રહી. જો જ્ઞાનનો સર્વસ્વીકૃત અર્થ મુક્તિ થતો હોય તો જૈન પરંપરામાં જ્ઞાનનો અર્થ નિર્વાણ-કેવળજ્ઞાન થાય છે. વીતરાગદશાથી પ્રાપ્ત થતી અંતિમ અવસ્થા એટલે જ કેવળજ્ઞાન તેવો અર્થ આપણે કરી શકીએ.

ભગવાન મહાવીરે જે ઉપદેશ આપ્યો તેને શબ્દબદ્ધ (અથવા સૂત્રબદ્ધ) કર્યો ગણધરોએ, ત્યારે શબ્દબદ્ધ કે સૂત્રબદ્ધ કરનાર મૂળ રચનાકાર કહી શકાતા નથી. જૈનપરંપરામાં, આગમ શબ્દ વ્યાપક રીતે સ્વીકારાઈ ગયો છે. તેમના ઉપદેશની સંકલના 'દ્વાદશઅંગો'માં થઈ હતી. જો, જૈનેતર બ્રાહ્મણો (અને વ્યાપક અર્થમાં હિંદુઓ) માટે 'વેદો' મૂળ શાસ્ત્રો હતા અને તેથી તેના રચયિતા કોઈ એક વ્યક્તિ કે ઋષિ ન હતા તેવું જ 'આગમો' વિશે કહી શકાય. 'વેદો' ક્યારે રચાયા અને કોણે રચ્યા એ મુખ્ય નથી. જ્ઞાનના એ આદિ સ્રોતો છે તેવું સ્વીકારાતું હોય તો 'આગમો' વિશે પણ તેવું જ કહેવું પડે. જૈનપરંપરાના પાયામાં 'આગમો' છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



હસ્તલિખિત સચિત્ર જૈનગ્રંથનો નમૂનો તેરમી શતાબ્દિના હસ્તલિખિત કલ્પસૂત્રના તાડપત્ર ઉપરથી (આમાં અષ્ટમંગળ પૈકીના મંગળો છે.)

## જૈન ઉપાંગસાહિત્ય

ભારતની વિશાળતા કેવળ ભૌગોલિક નથી. ભારતની વિવિધતા પણ કેવળ સામાજિક નથી જ. જૈનેતર (હિંદુ જનસમુદાય)નું સાહિત્ય જેટલું પ્રાચીન છે અને વિવિધતાથી ભરપૂર છે તેવું જ જૈનસાહિત્યનું કહી શકાય. જૈનેતર સાહિત્યમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિઓ, પુરાણોથી માંડીને જેને સાહિત્યિક રચનાઓ કહી શકાય તેવું વિશાળ સાહિત્ય રચાયું છે. એવું જ બૌદ્ધ સાહિત્ય વિશે પણ કહી શકાય. આપણા વિષયના સંદર્ભમાં આપણે જૈનેતર સાહિત્યના આટલા ઉલ્લેખથી વિશેષ વિગતમાં જતા નથી. એટલું અવશ્ય કહીશું, જગતભરનું સાહિત્ય એક સમયે શ્રુતસ્વરૂપનું હતું. જ્યારે, લખાણબદ્ધ કરવાની ઘણી બધી અસુવિધાઓ હતી ત્યારે પેઢીઓ અને સૈકાઓ સુધી તેવું સાહિત્ય ચાલતું રહ્યું. તાડપત્રીઓ-ભોજપત્રો જેવા પર એ લખાણબદ્ધ થયું ન હતું ત્યારે તેવા શ્રુત સાહિત્યમાં વધારો-ઘટાડો થતો રહે એ સ્વાભાવિક છે અને, ભારત જેવા વિશાળ ભૂમિપ્રદેશમાં પ્રજાસમૂહો સ્થળાંતરો કરતા રહે ત્યારે તેવું સાહિત્ય વિવિધ ભાષાઓમાં રચાતું જાય, તેમાં સ્થાનિક ખાસિયતો ઉમેરાતી જાય, સંજોગો બદલાતા કે અનુભૂતિઓ બદલાતા તેના સાહિત્યિક અને અપેક્ષાત્મક સ્વરૂપમાં પણ પરિવર્તન આવતું જાય.

સાહિત્ય એ તો વહેતી નદીના જળ જેવું છે. એ સતત વહ્યા જ કરે છે. ત્યારે, તેના રચયિતા કોણ હતા, કોણે શો ફેરફાર કર્યો, ક્યા પ્રદેશો અને પ્રજાસમૂહોમાં તે ફરતું રહ્યું, તેનું આદિ સ્વરૂપ કેવું હતું—જેવી ચર્ચાઓ સંશોધન કરનારાઓને અવશ્ય ગમે. જ્યાં સુધી સામાન્યજનને નિસ્બત છે ત્યાં સુધી તેવી ચર્ચાઓમાં તેમને રસ નથી હોતો અને તેથી તેવી વિતંડામાં પડવાની જરૂર પણ નથી. તો, એ સાથે એ પણ ઉમેરવું જોઈએ કે કોઈક સાહિત્ય ચિરકાળ સુધી ટકેલું રહે છે કારણ કે આસ્થા એ સાહિત્યને ટકાવે છે. તેથી, એવા સાહિત્યને તર્કની એરણ પર ચકાસવાનો આયામ કર્યા વિના એવા સાહિત્યની અલૌકિકતાનો સ્વીકાર કરવો જોઈએ અને એ જ સ્વરૂપે એવા સાહિત્યને સ્વીકારવું જોઈએ. શ્રદ્ધા અને તર્ક-આ બંનેની શાસ્ત્રીય ચર્ચા કરવી મિથ્યા છે. સામાન્યજન એને સ્વીકારે છે અને તેથી તે ચિરકાળ પર્યંત ટકેલું રહે છે.

સાહિત્ય અને ઇતિહાસ વચ્ચેના સંબંધની પણ ચર્ચા કરવી નથી. જે તે સમયે રચાતું સાહિત્ય, સમાજમાં પ્રવર્તતી વાસ્તવિકતાઓથી ભિન્ન હોઈ શકે નહીં. ત્યારે, જે તે સમયે રચાયેલા સાહિત્ય થકી તવારીખિયા ઇતિહાસની ખોજ કરવાનો આયામ પણ ન કરીએ. સમગ્ર જૈનસાહિત્યમાં આગમોનું સ્થાન છે તેવું જ સ્થાન અંગબાહ્ય સાહિત્યનું પણ છે. વારાણસીની 'પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન' નામની સંસ્થાએ આઠ ભાગમાં 'जैन साहित्य का बृहद् इतिहास' પ્રકાશન કરેલું છે. તેના બીજા ભાગ 'अंगबाह्य आगम'ના લેખકો ડૉ. મોહનલાલ મહેતા અને ડૉ. જગદીશચન્દ્ર જૈન છે. વારાણસીની આ ગ્રંથશ્રેણી જૈન અને જૈનેતરો માટે એટલી જ ઉપયોગી છે. તેથી, એ ગ્રંથશ્રેણીના બીજા ભાગમાં અંગબાહ્ય આગમસાહિત્ય વિશે આપવામાં આવેલી વિગતોનો ખ્યાલ પણ સંક્ષિપ્તમાં આપવાનો પ્રયાસ આ લેખમાં કરવામાં આવ્યો છે.

જો, અંગ આગમોની રચના મહાવીરસ્વામીના ગણધરોએ કરી છે તો અંગબાહ્ય સાહિત્ય એવાં ઉપાંગોની રચના સ્થવિરોએ કરી છે અને છતાં, સમયાનુસાર આચાર્યોએ એ બંને પ્રકારને જોડવાનો પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથના બંને વિદ્વાન લેખકોએ અંગબાહ્ય આગમોને પાંચ ભાગમાં વહેંચ્યા છે-એક ઉપાંગ; બે મૂલસૂત્ર; ત્રણ છેદસૂત્ર; ચાર ચૂલિકાસૂત્ર; અને પાંચ પ્રકીર્ણક. ઉપાંગ સાહિત્યમાં બાર ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે-ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાજીવાભિગમ, પ્રજ્ઞાપના, સૂર્યપ્રજ્ઞપ્તિ, જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ચન્દ્રપ્રજ્ઞપ્તિ, નિરયાવલિકા અથવા કલ્પિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા અને વૃષ્ણિદશા. પ્રાચીન સાહિત્યને નિસ્બત છે ત્યાં સુધી તેની રચના વિશે ચોક્કસકાળ કે વર્ષ અથવા વર્ષો નક્કી કરી શકાય નહીં. કાલકાચાર્ય (શ્યામાર્ય)ના કહેવા પ્રમાણે તે સર્વની રચના વિક્રમ સંવત પૂર્વે ૧૩૫થી ૯૪ સુધીમાં થઈ હશે.

બીજો ભાગ મૂલસૂત્રોનો છે. મૂલસૂત્રોમાં ચારનો જ સમાવેશ થાય છે-ઉત્તરાધ્યયનસૂત્ર, આવશ્યકસૂત્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશવૈકાલિકસૂત્ર અને પિંડનિર્યુક્તિસૂત્ર અથવા ઓઘનિર્યુક્તિસૂત્ર. મહાવીરસ્વામીએ કોઈ ગ્રંથની રચના કરી ન હતી. તેમના જીવનકાળ દરમિયાન તેઓ સતત વિહાર કરતા રહ્યા અને ઉપદેશ આપતા રહ્યા. એ ઉપદેશોનો સંગ્રહ કરવાનું કામ તેમના શિષ્યોએ કર્યું હતું. આ સૂત્રને મહાવીરસ્વામીના અંતિમ ઉપદેશ તરીકે પણ માનવામાં આવે છે. જો, આ સૂત્રને મહાવીરસ્વામીના ઉપદેશ કે ઉપદેશોના સંગ્રહ તરીકે લેખવામાં આવતું હોય તો તે મહાવીરસ્વામીના નિર્વાણ પછીની કૃતિ હોઈ શકે. શ્રમણો (સાધુઓ)ના આચરણની સંહિતા એટલે આવશ્યકસૂત્ર. જૈનસાહિત્યમાં શ્રમણ અને શ્રાવકના આચરણનાં ધોરણો આપવામાં આવ્યાં છે. ત્રીજું મૂળસૂત્ર દશવૈકાલિક છે. તેની રચના શય્યંભવ નામના બ્રાહ્મણે કરી હતી અને તેમણે જૈનધર્મ અપનાવ્યો હતો. ચોથું સૂત્ર પિંડનિર્યુક્તિ અથવા ઓઘનિર્યુક્તિ છે. આ છેલ્લા સૂત્રની રચના વિક્રમ સંવતની પાંચમી કે છઠ્ઠી સદીમાં થઈ હશે અને તેના રચયિતા આચાર્ય ભદ્રબાહુ (બીજા) હતા.

છેદસૂત્રોની સંખ્યા છ છે–દશાશ્રુતસ્કંધ, બૃહદકલ્પ, વ્યવહાર, નિશીથ, મહાનિશીથ અને જીતકલ્પ અથવા પંચકલ્પ. એવું માનવામાં આવે છે કે દશાશ્રુતસ્કન્ધ, બૃહદકલ્પ અને વ્યવહારસૂત્રની રચના ભદ્રબાહુ પહેલાએ કરી હતી. નિશીથના રચયિતા ભદ્રબાહુ કે વિશાખગણિ હોઈ શકે. મહાનિશીથના રચનાકાર આચાર્ય હરિભદ્ર માનવામાં આવે છે. જીતકલ્પસૂત્રની રચના આચાર્ય જિનભદ્રે કરી હતી અને ચૂલિકાસૂત્રોના નન્દી અને અનુયોગદ્વાર છે અને નન્દીના રચયિતા દેવવાચક છે અને અનુયોગસૂત્રના આર્યરક્ષિત છે. પ્રકીર્ણોમાં ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન, ભક્તપરીક્ષા, તન્દુલવૈચારિક, સંસ્તારક, મરણચાર, ગણિવિદ્યા, દેવેન્દ્રસ્તવ અને મરણસમાધિ આવે છે. તેમાં ચતુઃસરણ અને ભક્તપરીક્ષાની રચના વીરભદ્રગણિએ કરી હતી. અન્ય પ્રકીર્ણો કોણે રચ્યા તે સ્પષ્ટ નથી.

## ઉપાંગો

## ઔપપાતિક ઉપાંગ

આ પહેલા ઉપાંગમાં શરૂઆતના પાઠમાં ચમ્પાનગરીનું અદ્‌ભૂત વર્ણન છે. ઔપપાતિકનો અર્થ ઔપપાદિક (ઉવવાઈય) એટલે કે ઉત્પન્ન થનાર થાય છે. તેમાં ચમ્પાનગરીનો રાજા કુણિક અને મહાવીરસ્વામીની વાત આવે છે. તે સમયે રાજાના પ્રાસાદ, તેના કોઠાગાર અને આયુધાગાર, તેના અધિકારીઓ, નગરના શ્રેષ્ઠી સમેત નાગરિકો, હાથી–ઘોડા–રથ, આભૂષણો, રાણીવાસ અને દાસ–દાસીઓ, ધજા–પતાકા–છત્ર, શિક્ષાવ્રતો (પાંચ અણુવ્રતો અને સાત શિક્ષાવ્રતો), નગરના કારીગરો, રક્ષકો, વાજિંત્રો, વિવિધ પ્રકારના દંડ, મૃત્યુના પ્રકાર, વિધવા સ્ત્રીઓ, વ્રતો અને સાધુઓ અને તેમના પ્રકારો, ગંગાતરવાસી વાનપ્રસ્થ તાપસોના પ્રકારો, પ્રવ્રજિત શ્રમણો, બ્રાહ્મણ પરિવ્રાજકો, ક્ષત્રિય પરિવ્રાજકો, અમંડ પરિવ્રાજક અને તેના સાત શિષ્યોની વાત, બોંતેર જેટલી કળાઓ, આજીવિકોના પ્રકારો, અન્ય શ્રમણો, મત પ્રવર્તકો—આ સર્વની રોચક વિગતો આપવામાં આવી છે.

ઝડપથી બદલાતા જતા જમાનામાં આપણી જીવનશૈલી, આપણા સર્વ વ્યવહારો અને સંસ્થાઓ શિક્ષણવ્યવસ્થા અને તે સાથે સંલગ્ન કળાઓ સમેત અનેક બાબતો, આપણા દૈનિક જીવન સાથે સંકળાતી સ્થૂળ બાબતો જેવી અનેક બાબતો પણ બદલાતી જવા માંડી છે અને હવે આપણી વાતચીતની અને સાહિત્યની ભાષામાંથી પણ ઘણા બધા શબ્દપ્રયોગો લુપ્ત થવા માંડ્યા છે ત્યારે ક્યારેક થોભવું પડશે, પાછું વળીને જોવું પડશે, અદૃશ્ય થતાં જતા ભાષા–શબ્દપ્રયોગ યાદ કરવા પડશે. સદીઓ પહેલાંનો સમાજ કેવો હતો તેનો ખ્યાલ આવા સાહિત્ય થકી જ આવે 'ભગવદ્‌ગોમંડલ'માં ચોસઠ કળાઓનો ઉલ્લેખ છે. બોંતેર કળાઓનો ઉલ્લેખ છે કે નહીં તે જાણતા નથી. વાત્સ્યાયનના 'કામસૂત્ર'માં ચોસઠ કળાઓનું વર્ણન મળે છે. એ સમયના સમાજમાં કઈ ભાષાઓ કયા પ્રદેશમાં બોલાતી હતી તે તો આ ઉપાંગમાંથી જ જાણવા મળે. બધા જ ઉપાંગોના પૂર્ણ પાઠ મળતા નથી અને જેટલા પણ મળે છે તે સર્વ થકી વીતેલા જમાનાનું અદ્‌ભુત ચિત્ર આપણને જાણવા મળે છે.

## રાજપ્રશ્નીય ઉપાંગ

જૈન ધાર્મિકસાહિત્યમાં આ 'રાયપીસેણઈય' ઉપાંગ પણ મહત્ત્વનું છે. આ ઉપાંગમાં ૨૧૭ સૂત્રો છે. આ ઉપાંગમાં બે મહત્ત્વના ભાગ છે. પહેલા ભાગમાં સૂર્યાભ દેવ અને મહાવીરસ્વામીના મેળાપના પ્રસંગનું વર્ણન છે. બીજા ભાગમાં કેશીકુમાર (ભગવાન પાર્શ્વનાથના શિષ્ય) અને શ્રાવસ્તીના રાજા પ્રદેશી વચ્ચેના સંવાદની વાત વિસ્તૃતરૂપે જણાવવામાં આવી છે.

જેમ ઔપપાતિક ઉપાંગમાં આજના ભાગલપુર પાસે આવેલી તે સમયની ચમ્પાનગરીનું વર્ણન જોવા મળે છે તેમ રાજપ્રશ્નીય ઉપાંગમાં અમલકપ્પા નામના નગરનું વર્ણન જોવા મળે છે. એ નગરી સમૃદ્ધ હતી–ખેડૂતો ખેતી કરતા, ચોખાની ખેતી કરતા, ગાય–ભેંસ–ઘેટાંબકરાં જેવાં પાલતુ પશુઓ રાખતા, આનંદ માટે સાંઢ અને કૂકડા વચ્ચે લડાઈની રમત યોજતા. ભ્રષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારો કરનારા અને ચોરલૂંટારાનો અભાવ હતો. શ્રમણો–સાધુઓ નિશ્ચિત મને વિહાર કરતા, નટ–નર્તકો–કલાકારો–કથાકારો–ગાયકો–વાજિંત્રો વગાડનારા આ નગરીમાં વસતા. નગરમાં તળાવો હતાં, આરામ માટે ઉદ્યાનો હતાં, ચારે તરફ વિવિધ આયુધોથી સજ્જ સંત્રીઓ રહેતા અને નગરનું રક્ષણ કરતા, હાથી જેવાં મહાકાય પશુ અવર–જવર કરી શકે તેવા તેમાં માર્ગો હતા, બજારો હતા, તેમાં શિલ્પીઓ–કારીગરો તેમની ચીજ–વસ્તુઓ વેચતા. તે નગરમાં આમ્રશાલવન નામનું એક ચૈત્ય હતું, તેમાં ધજા–પતાકા રહેતાં. ચૈત્ય સુગંધથી મહેંકતું રહેતું. તેમાં નટ–નર્તકી તેમની કલા દર્શાવતાં અને ભક્તો પોતાની મનોકામના પૂર્ણ કરવા પૂજા કરતાં.

આ નગરનો રાજા કુલીન હતો અને રાણી સર્વાંગસુંદરી હતી. વિશાળ પ્રાસાદમાં દાસ–દાસીઓ, વિવિધ આભૂષણો અને અનેક પ્રકારે બંને આનંદથી જીવન પસાર કરતાં હતાં અને મહાવીરસ્વામી વિહાર કરતાં એ નગરમાં આવી પહોંચ્યા. તેમની સાથે શિષ્યમંડળ હતું. નગરજનો વંદના કરવા મહાવીરસ્વામી પાસે ગયા. એ પ્રસંગનું અદ્દભૂત વર્ણન આ ઉપાંગમાં આપવામાં આવ્યું છે. એ સાથે મહાવીરસ્વામી અને સૂર્યાભ નામના દેવના મિલનની વાત ઘણી રોચક રીતે આપવામાં આવી છે. ભગવાન મહાવીરને મળીને પ્રસન્ન થયેલા સૂર્યાભદેવ દેવ–દેવીઓને સુંદર પ્રાસાદ (વિમાન) રચવાની આજ્ઞા કરે છે. એ વિમાનનું જે વર્ણન, આ ઉપાંગમાં આપવામાં આવ્યું છે તેને રજૂ કરતા શબ્દો પણ આપણી વાર્તાલાપ અને સાહિત્યિક ભાષામાં ક્યાંય જોવા મળતા નથી. તેમાં આવેલી વાદ્યોની સૂચિનો અભ્યાસ કરવામાં આવે તો ઘણાં વાદ્યો આજે જોવાં પણ મળતાં નથી. સૂર્યાભદેવ, ત્યારબાદ દેવ–દેવીઓને ગીત–નૃત્ય શરૂ કરવા આજ્ઞા કરે છે. તે સાથે, બત્રીસ પ્રકારની નાટ્યવિધિઓની પણ વિગતો આપવામાં આવી છે. જેમને નાટ્યસાહિત્યમાં રસ છે તેમણે આ નાટ્યવિધિઓની વિગતો અવશ્ય જાણવી જોઈએ. વળી, સૂર્યાભદેવના વિમાનનું વર્ણન પણ આવ્યું છે. આ ઉપાંગમાં બત્રીસ પ્રકારની નાટ્યવિધિઓ આપવામાં આવી છે–આજે, ભાષા અને નાટ્યકલાના ક્ષેત્રે અભ્યાસ કરતા કે તે સંદર્ભમાં પ્રવૃત્તિઓ–કોર્સ કરનારાં આ વિધિઓનાં નામ પણ જાણે તો સારું. ભરતનાટ્યશાસ્ત્રના અભ્યાસ માટે આ ઉપાંગ જાણવો મહત્ત્વનો છે, તો તેમાં આપેલાં વાદ્યોનાં નામો પણ આજે કેટલાં જાણતાં હશે? ઉપાંગના અંતે રાજા પએસીની કથા કહેવામાં આવી છે.

## જીવાજીવાભિગમ

આ ત્રીજા ઉપાંગમાં નવ પ્રકરણો અને ૨૭૨ સૂત્રો છે. પહેલાં બે પ્રકરણોની સરખામણીએ ત્રીજું પ્રકરણ મોટું છે અને તેમાં સાગરો, એ સાગરોમાં આવેલા ટાપુઓ અને સાથે સાથે દેવોનાં વર્ણનો છે. પહેલા પ્રકરણમાં સંસારી જીવો અને તેના પ્રકારો તથા ઉપપ્રકારો, નરક અને નરકના પ્રકારો, મનુષ્ય અને મનુષ્યના પ્રકારો, દેવો અને દેવોના પ્રકારોની વિગતો મળે છે.

બીજા પ્રકરણમાં સંસારી જીવના ત્રણ પ્રકારો, મહિલાઓ અને પુરુષોના પ્રકારો જાણવા મળે છે. ત્રીજા પ્રકરણમાં નરકની સાત પૃથ્વીઓનું વર્ણન મળે છે. સોળ પ્રકારનાં રત્નોનો ઉલ્લેખ મળે છે—'રત્ન, વજ્ર, વૈડૂર્ય, લોહિત, મસ્તરગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગન્ધિક, જ્યોતિરસ, અંજન, અંજનપુલક, રજત, જાતરૂપ, અંક, સ્ફટિક અને અરિષ્ટ. શસ્ત્રોના ઉલ્લેખો પણ કેવા–'મુદ્દગર, મરુંટિ, કરપત્ર (કરવત), અસિ, શક્તિ, હલ, ગદા, મુસલ, ચકુ, કુંત, તોમર, શૂલ, સકૂટ અને ભીંડિપીલ'. અરે મદ્યનાં પણ નામ આપ્યાં છે–'ચન્દ્રપ્રભા, મણિશલાકા, વરસીધુ, વરવારુણી, ફલનિર્યાસસ્તર, પત્રનિર્યાસસ્તર, પુષ્પનિર્યાસસ્તર, ચોયનિર્યાસસ્તર' અને તે સાથે, 'મધુ, મેરક, રિષ્ઠ, દુગ્ધજાતિ, પ્રસન્ના, નેલ્લક (અથવા તલ્લક), શતાયુ, ખર્જૂરસાર, મુદ્રિકાસાર (અથવા દ્રાક્ષાસવ), કાપિશાયાન, સુપક્વ અને ક્ષોદરસ'

પાત્રોનાં નામોયાં પડતાં નથી. એ સમયનાં આભૂષણો પણ કેવાં હતાં—'હાર, અર્ધહાર, વટ્ટણગ, મુકુટ, કુંડલ, વામુત્તગ, હેમજાલ, મણિજાલ, કનકજાલ, સૂત્રક, ઉચિયકડગ, ખુડ્ગ, એકાવલી, કંઠસૂત્ર, મગરિય, ઉરત્થ, ગ્રૈવેયક, શ્રોણિસૂત્ર, ચૂડામણિ, કનકતિલક, ફુલ્લ, સિદ્ધાર્થક, કણ્ણવાલિ, શશિ, સૂર્ય, વૃષભ, ચક્ર, તલભંગ, તુડઅ, હત્થિમાલગ, વલક્ષ, દીનાર–માલિકા, ચન્દ્ર–સૂર્યમાલિકા, હર્ષક, કેયૂર, વલય, પ્રાલમ્ભ, અંગુલોધક, કાંચી, મેખલા, પયરગ, પાદજાલ, ઘંટિકા, કિંકીણી, રયણોરુજાલ, નૂપુર, ચરણમાલિકા, કનકનિકરમાલિકા'. અદ્દભુત—આજે આપણી ભાષામાં આ નામો પણ ક્યાં જડે છે? યાદ કરો પ્રેમાનંદનું આખ્યાન 'કુંવરબાઈનું મામેરું'–વડ–સાસુએ કુંવરબાઈને આપેલી સૂચી! વસ્ત્રો, મિષ્ટાન્ન, નગરોના પ્રકારો, રાજા, દાસો, તહેવારો, ઉત્સવો, નરો, યાનો, અનર્થનાં કારણો, કલહના પ્રકારો, યુદ્ધોનાં નામ પણ કેવાં આપ્યાં છે.

જ્યારે તબીબી સેવાઓ આજના જેવી ન હતી અને કેવળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાડી પરીક્ષણ અને શારીરિક લક્ષણોથી રોગો પારખવામાં આવતા હતા અને તદનુરૂપ ઔષધકીય માવજત કરવામાં આવતી હતી ત્યારે તે સમયના જ્ઞાન પ્રમાણે રોગોનાં નામો પણ કેવાં અપાતા હતાં–'દુર્ભૂત, કુલરોગ, ગ્રામરોગ, નગરરોગ, મંડલરોગ, શિરોવેદના, અક્ષિવેદના, કર્ણવેદના, નાસિકાવેદના, દંતવેદના, નખવેદના, કારુ (ખાંસી), શ્વાસ, જ્વર, દાહ, કચ્છૂ (ખણજ), ખસર, કોઢ, અર્શ, અજીર્ણ, ભગંદર, ઈન્દ્રગ્રહ, સ્કન્દગ્રહ, નાગગ્રહ, ભૂતગ્રહ, ઉદ્વેગ, એકહિકા (એકાંતરિયો જ્વર), દ્વયાહિકા (બે દિવસના અંતરે આવતો જ્વર), ત્રાહિકા, ચતુર્થકા, હૃદયશૂલ, મસ્તકશૂલ, કુક્ષિશૂલ, યોનિશૂલ, મારી' દેવોના પ્રકારો, દ્વીપ–સમુદ્રોમાં આવેલા જમ્બૂદ્વીપનું વર્ણન, વનસ્પતિઓ અને એ જંબૂદ્વીપમાં આવેલો વિસ્તાર વનખંડ.

અને, એ વનખંડ પણ કેવો! તેમાં આવેલાં ભવનો અને તેમના પર 'છત્ર, પલાક્ષ, ઘંટો, ચામરો, કમળો અને તેમાં આવેલાં ગૃહો 'આલિઘર, માલિઘર, કદલીઘર, લતાઘર, અચ્છણઘર, પ્રેક્ષણઘર, સ્નાનઘર, પ્રસાધનઘર, લતાઘર, ગર્ભઘર, મોહનઘર, શાલઘર, જાલઘર, કુસુમઘર, ચિત્રઘર, ગન્ધર્વઘર, આદર્શઘર.' મંડપ તો કેટલા બધા—'જાતિમંડપ, યૂથિકામંડપ, મલ્લિકામંડપ, નવમાલિકામંડપ, વાસંતીમંડપ, દધિવાસુકા, સુરિલ્લિ, તંબોલીમંડપ, મુદ્રીકામંડપ, નાગલતામંડપ, અતિમુક્તકલતામંડપ, અપ્ફોયમંડપ, માલુકામંડપ, શ્યામલતામંડપ' અને તેમાં બેસવાનાં આસનો પણ કેવાં—હંસાસન, ક્રૌંચાસન, ગરુડાસન, ઉન્નત–આસન, પ્રણતઆસન, દીર્ઘાસન, ભદ્રાસન, પ્રક્ષાસન, મકરાસન, વૃષભાસન, સિંહાસન, પદ્માસન, દિશાસ્વસ્તિકઆસન'. અને વિજયદ્વારના રોચક વર્ણન માટે મૂળ પાઠ જ વાંચવો રહ્યો.

તે ઉપરાંત અનેક વિષયો પર વર્ણનો છે. છેલ્લાં ચાર પ્રકરણો જિજ્ઞાસુઓએ જોઈ લેવાં. જૈન સાહિત્યનો અભ્યાસ કર્યા વિના ભારતીય સાહિત્યની સમજણ અધૂરી રહે.

## પણ્ણવણા (પ્રજ્ઞાપના)

આ ચોથા ઉપાંગમાં કુલ ૩૪૯ સૂત્રો છે. આ સૂત્રોમાં ૩૬ જેટલા વિષયોને આવરી લેવામાં આવ્યા છે—'પન્નવણા (પ્રજ્ઞાપના), સ્થાન, બહુવક્તવ્ય, સ્થિતિ, વિશેષ વ્યુત્ક્રાન્તિ, ઉચ્છ્વાસ, સંજ્ઞા, યોનિ, ચરમ, ભાષા, શરીર, પરિણામ, કષાય, ઈન્દ્રિય, પ્રયોગ, લેશ્યા, કાયસ્થિતિ, સમ્યક્ત્વ, અન્તક્રિયા, અવગાહના–સંસ્થાન, ક્રિયા, કર્મ, કર્મબન્ધક, કર્મવેદક, વેદબન્ધક, વેદવેદક, આહાર, ઉપયોગ, પશ્યતા–દર્શનતા, સંજ્ઞા, સંયમ, અવધિ, પ્રવિચારણા, વેદના, સમુદ્‌ઘાત્'. બધાં જ ઉપાંગોમાં આ ઉપાંગ સૌથી વિસ્તૃત છે. પ્રજ્ઞાપનાના પ્રકારો, ઉપપ્રકારો વિગતે આપવામાં આવ્યા છે. એક ઉદાહરણ લઈએ: એકેન્દ્રિય સંસારી જીવપ્રજ્ઞાપનાના પાંચ પ્રકારો છે—'પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક'

જેમ અજીવ પ્રજ્ઞાપના અને તેના પ્રકારો–ઉપપ્રકારો આપ્યા છે તે જ રીતે જીવપ્રજ્ઞાપનામાં એક બીવાળી અને અનેક બીવાળી વનસ્પતિઓના પ્રકારો આપ્યા છે. જેમકે એક બીવાળી વનસ્પતિમાં છે–'લીંબુ, કેરી, જાંબુ, કોશાગ્ર, શાલ, અંકોલ (પીસ્તાનું વૃક્ષ), પીલુ, સેલુ, સલ્લકી, મોચકી, બકુલ, પલાશ, કરંજ, પુંત્રજીવક, અરિષ્ટ, વિભીતક (બહેડા), હસ્તિક (હરડે), ભિલાવા, ઉંબેભરિકા, ક્ષીરિણી, ધાતકી, પ્રિયાલ, પૂતિ નિબંકરંજ, સુહ્વા, સીસમ, અસન, પુન્નાગ, નાગવૃક્ષ, શ્રીપર્ણી, અશોક અને અનેક બીવાળી વનસ્પતિ છે—'અસ્થિક, તિંદુક, કપિત્થક, અમ્બાડક, માતુલિંગ (બિજોરું), બિલ્વ, આમ્રાતક (આંબળાં), ફણસ, દાડમ, અશ્વત્થ (પીપળો), ઉદુમ્બુર, વડ, ન્યગ્રોધ, નન્દિવૃક્ષ, પીપલ, સથરી (શતાવરી), પ્લક્ષ, કાકોદુમ્બરી, કુસ્તુમ્બરી (ધાણા), દેવદાલી, તિલક, લકુચ, છત્રૌધ, શિરીષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કુટજ, કદમ્બ'. ગુચ્છ, ગુલ્મ, વેલાઓ, ગાંઠવાળી વનસ્પતિ, ઘાસ, વલય, હરિત જળમાં પેદા થતી દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવના પ્રકારો તેમજ જલચર, સરિસૃપ, ભૂજસૃપ, નભચર જીવોના પ્રકારો; મનુષ્યના પ્રકારો, સાડાપચીસ જેટલા દેશો (કે પ્રદેશો)નાં નામો, ભાષાઓ, દેવો, સ્થાન પદો અલ્પબહુત્વપદો, સ્થિતિપદો, પર્યાયપદો, વ્યુત્ક્રાન્તિપદો, ઉચ્છ્વાસપદો, સંજ્ઞાપદો, ચરમાચરમપદ, ભાષાપદ, શરીરપદ, પરિણામપદ, કષાયપદ, ઈન્દ્રિયપદ, પ્રયોગપદ, લેશ્યાપદ, કાયસ્થિતિપદ, અંતક્રિયાપદ, કર્મપ્રકૃતિપદ, કર્મવેદપદ, કર્મવેદબંધપદ, આહારપદ, ઉપયોગપદ, પશ્યતાપદ, સંજ્ઞીપદ, સંયતપદ, પરિચારણાપદ, વેદનીપદ, સમુદ્‌ઘાતપદ—આ ઉપયોગમાં શેનો ઉલ્લેખ નથી એ જ શોધવું મુશ્કેલ છે.

## સૂર્યપ્રજ્ઞપ્તિ અને ચન્દ્રપ્રજ્ઞપ્તિ

આ પાંચમું ઉપાંગ છે. તેમાં ૧૦૮ સૂત્રો છે. જ્યારે, આધુનિક ખગોળશાસ્ત્ર શોધાયું ન હતું કે આકાશ અથવા અવકાશ વિશે કુતૂહલથી વિશેષ જાણકારી હોવાની અપેક્ષા રાખી શકાય તેમ હોય અને જ્યારે આજનું વિકસિત યુરોપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંધકારયુગમાં હતું ત્યારે સૂર્યમંડલમાં આવેલા અવકાશી પદાર્થો, એ મંડલની ગતિસંખ્યા, પ્રકાશ્ય ક્ષેત્રનો વિસ્તાર, પ્રકાશનું અવસ્થાન, પ્રકાશસંસ્થાન, ઉદય–સંસ્થિતિ, સંવત્સરોનાં સ્વરૂપ અને તેના આદિ અને અન્ત, સૂર્ય–ચન્દ્ર વગેરેની સ્થિતિ—આ સર્વનું વર્ણન મહાવીરસ્વામી અને ગૌતમ ઇન્દ્રભૂતિ વચ્ચેના સંવાદરૂપે મળે છે. સમગ્ર સૂત્રોને કેટલાક વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યાં છે અને પ્રત્યેક વિભાગમાં અવકાશ (આકાશ) અને તેમાં રહેલા પદાર્થો વિશે વર્ણનો મળે છે.

દિવસ અને રાત્રિ, બે મંડલોના બે સૂર્યો, ૩૦ મુહૂર્તનું એક અર્ધમંડલ અને ૬૦ મુહૂર્તનું પૂર્ણ મંડલ, બંને સૂર્યોનું પરિભ્રમણ, ભૂમાર્ગ પરથી થતાં એ પરિભ્રમણો, મંડલોના વિસ્તાર અને રચના, સૂર્યોના ઉદય અને અસ્ત, સૂર્ય–ચન્દ્રથી પ્રકાશિત થતા પૃથ્વી પરના પ્રદેશો, સૂર્યોની લેષ્યાઓ, મુહૂર્તસંખ્યા, નક્ષત્રો અને તેમના યોગો, ચન્દ્રની સ્થિતિ અને તેનો ક્ષય, નક્ષત્રોનાં મુહૂર્તોનાં નામ, તેમના દિવસ અને રાત્રિ, તિથિઓ અને તેમની વચ્ચેનો ભેદ, નક્ષત્ર–ભોજન, નક્ષત્રોની સીમાઓ, વિવિધ સંવત્સરો, ઋતુઓ—જ્યારે પણ આ સાહિત્ય રચાયું હશે, પછી તે પહેલાં શ્રુત સ્વરૂપનું અને પછી લિપિબદ્ધ હોય, ત્યારે આપણા દેશવાસીઓમાં વિદ્વાનો અને મુનિવરો કેવળ પૃથ્વી જ નહીં પરંતુ પૃથ્વી બહારની સૃષ્ટિ (આકાશ)ની કેવી કલ્પના કરતાં હશે અને તે પણ કોઈ વૈજ્ઞાનિક સાધન વિના અને કેવળ અનુમાન અને ગણિતથી જ!

એક જ ઉદાહરણ લઈએ : આ આગમના સોળમાં અધ્યાયમાં નક્ષત્રોનાં ગોત્રોનાં નામ આપેલાં છે—'મોગ્ગલ્લાણ (અભિજિત), સંખ્યાયણ (શ્રવણ), અગ્ગભાવ (ધનિષ્ઠ), કણ્ણલાયન (શતભિષજ), જોતકણ્ણિય (પુવ્વાપોટ્ઠવતા), ધણંજય (ઉત્તરાપોટ્ઠવતા), પુસ્સાયણ (રેવતી), અસ્સાયણ (અશ્વિની), ભગ્ગવેસ (ભરિણી), અગ્ગિવેસ (કૃતિકા), ગૌતમ (રોહિણી), ભારદાય (સંસ્થાન), લોહિચ્ચાયણ (આર્દ્રા), વાસિષ્ઠ (પુનર્વસુ), ઉમજ્જયણ (પુષ્ય), મંડવ્વાયણ (આશ્લેષા), પિગાયણ (મહાનક્ષત્ર), ગોવલ્લાયણ (પૂર્વાફાલ્ગુની), કાશ્યપ (ઉત્તરાફાલ્ગુની), કોસિય (હસ્ત), દબ્ભિય (ચિત્રા), ચામરચ્છાયન (સ્વાતિ), સુંગાયણ (વિશાખા), ગોલધ્વાઅણ (અનુરાધા), તિમિચ્છાયણ (જયેષ્ઠા), કચ્ચાયણ (મૂળ), વજ્જિગુયાયણ (પૂર્વાષાઢ), વગ્ધાવચ્ચ (ઉત્તરાષાઢ)'—આ પ્રકરણમાં આપેલાં ઉદાહરણો **जैन साहित्य का बृहद् इतिहास** (ભાગ ૨–અંગબાહ્ય આગમ : સંપાદકો, લેખકો ડૉ. મોહનલાલ મહેતા અને ડૉ. જગદીશચન્દ્ર જૈન (પા ૧–૧૧૩)માંથી સાભાર લીધેલાં છે. એ ઋણસ્વીકાર ખૂબ આદર સાથે કરું છું.

## જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ

આ છઠ્ઠુ ઉપાંગ છે. આ ઉપાંગના મુખ્યત્વે બે વિભાગ છે અને પહેલામાં ચાર અને બીજામાં ત્રણ ઉપવિભાગો છે. પહેલા મુખ્ય વિભાગ (પૂર્વાર્ધ)માં મિથિલા નગરીના રાજા જિતશત્રુની વાત આવે છે. આ ઉપાંગની દૃષ્ટિએ જમ્બૂદ્વીપ એટલે હિમાલય પર્વતમાળાનો દક્ષિણનો વિસ્તાર–ભરતક્ષેત્ર. એ ભારતવર્ષ વિશે પૂર્વાર્ધમાં પહેલા બીજામાં કહેવામાં આવ્યું છે. કુલ પાંચ વિભાગો અથવા આ લેખની સરળતા માટે પહેલા (પૂર્વાર્ધના) પહેલા ઉપવિભાગમાં ભારતવર્ષની વાત જણાવવામાં આવી છે.

પૂર્વાર્ધના બીજા ઉપવિભાગમાં 'કાલ' (સમયના સંદર્ભમાં 'કાળ')ના પ્રકાર આપવામાં આવ્યા છે—અવસર્પિણી અને ઉત્સર્પિણી. અંગબાહ્ય આગમમાં જણાવ્યા પ્રમાણે અવસર્પિણીના છ ભેદ છે—સુષમા–સુષમા, સુષમા, સુષમા–દુષ્પમા, દુષ્પમા–સુષમા, દુષ્પમા, દુષ્પમા–દુષ્પમા અને એ જ રીતે ઉત્સર્પિણીના છ ભેદ છે—દુષ્પમા–દુષ્પમા, દુષ્પમા, દુષ્પમા–સુષમા, સુષમા–દુષ્પમા, સુષમા, સુષમા–સુષમા. તે સાથે, સૂત્ર ૧૮માં ગાણિતિક કાલ–ગણના આપવામાં આવી છે (એ જ, ૯૩–૯૪). યાદ રહે, આ ઉપાંગ જ્યારે પણ લિપિબદ્ધ થયું હશે ત્યારે યુરોપ અંધકારયુગમાં હતું અને ત્યાં કે જગતના કોઈપણ પ્રદેશના ગણિતના જ્ઞાનમાં 'શૂન્ય'નો પ્રયોગ હજી થયો ન હતો અને રોમના (તે અર્થમાં ગ્રીસના) ગણિતમાં 'શૂન્ય' એટલે 'નથિંગનેસ' અર્થ કરવામાં આવતો હતો. 'શૂન્ય' એ તો આપણા દેશની શોધ છે અને તે અરબ જગત મારફતે યુરોપમાં ગયું હતું ત્યારે, આ ઉપાંગમાં જે ગાણિતિક કાલ–ગણના આપવામાં આવી છે તેમાં 'શૂન્ય'નો પણ ઉપયોગ થયો છે (એ જ, ૯૩–૯૪). આપણે અહીં દંડનીતિની લાંબી સૂચિમાં જતાં નથી. માનવવ્યવહારોનાં કેટલાં સ્વરૂપો હોઈ શકે તેનો ખ્યાલ આ સૂચિ પરથી આવી શકે. આ જ ઉપાંગમાં ઋષભદેવસ્વામીની વાત આવે છે.

ત્રીજા ઉપવિભાગમાં ચક્રવર્તી રાજા ભરતની વાત જણાવવામાં આવી છે તો, આ ઉપાંગમાં રાજ્યાધિકારીઓ, કારીગરો, દેશ–દેશાવરો ('સિંહલ, બર્બર, અંગલોક, ચિલાયલોક, યવનદ્વીપ, આરબક, રોમક, અલસંડ, પિક્ખુર, કાલમુખ, જોનર' જેવા દેશોની વિગતો જોવા મળે છે. યાદ રહે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સમયે પણ આપણા દેશના સાહસિકો છેક રોમ સુધી જતા હશે અને તેથી આ બધા દેશો-પ્રદેશોના ઉલ્લેખો જોવા મળે છે. રાજા ભરતની વિજયયાત્રાઓ કેવી નીકળતી હતી અને તેમાં કેવી ધજા-પતાકા રખાતી, 'ચક્રરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, દંડરત્ન, અસિરત્ન, મણિરત્ન, કાકણિરત્ન જેવાથી નિધિઓની રચના થતી (એ જ, પા. ૧૦૧) અને કેવો મહારાજ્યાભિષેક થતો તેનું વર્ણન આવે છે.

ચોથા ઉપવિભાગમાં 'ક્ષુદ્ર હિમવત્' પર્વત અને તેમાંથી નીકળતી ગંગા, સિંધુ જેવી નદીઓ, એ પર્વતનું વર્ણન, તેમાં આવેલા મહાપદ્મ નામના સરોવરનું વર્ણન, અન્ય પર્વતોનાં વર્ણનો રોચકરીતે આપ્યાં છે. આ 'ક્ષુદ્ર હિમવત' પર્વત એટલે હિમાલયની પર્વતમાળા જ હશે. જે નદીઓના ઉલ્લેખો છે તે આ પર્વતમાળામાંથી નીકળે છે. અન્ય પર્વતોનાં નામ હવે બદલાઈ ગયા હશે એમ માની શકાય. (હિમવન અને હિમાલય જુદાં છે.)

પાંચમા ઉપવિભાગમાં તીર્થંકરના જન્મ અને જન્મોત્સવની વાત આવે છે. છઠ્ઠા ઉપવિભાગમાં જમ્બૂદ્વીપને સાત ક્ષેત્રો ('ભરત, ઐરાવત, હેમવત, હિરણ્યવત, હરિ, રમ્યક, મહાવિદેહ')માં વહેંચાયેલું દર્શાવાયું છે અને આ જમ્બૂદ્વીપમાં ત્રણ તીર્થો ('માગધ, વરદાય, પ્રભાસ) આવ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

છેલ્લા (સાતમા) ઉપવિભાગમાં ફરી અવકાશી પદાર્થો (બે સૂર્યો, છપ્પન નક્ષત્રો અને ૧૭૬ મહાગ્રહો) વિશે વર્ણનો છે. તેમાં પાંચ પ્રકારનાં સંવત્સરો, યોગકાલ, વર્ષાકાલના યોગો, નક્ષત્રોના ક્ષેત્ર-વિસ્તારો, ચન્દ્ર જેવાં વિમાનોમાં વિહાર કરતાં દેવો-દેવીઓ, જ્યોતિષકેન્દ્રો જેવી અનેક વાતો આ ઉપાંગના આ વિભાગમાં સમાવવામાં આવી છે.

## નિરયાવલિકા

આ સાતમું ઉપાંગ નિરયાવલિકા તરીકે પણ જાણીતું છે. તેમાં પાંચ ઉપાંગોનો સમાવેશ થાય છે—'નિરયાવલિયા (કપ્પિયા-કલ્પિકા), કપ્પવડ્ડલિયા (કલ્પાવતંસિકા), પુપ્ફિયા (પુષ્પિકા), પુપ્ફચૂલિયા (પુષ્પચૂલિયા) અને વહિનગદસા (વૃષ્ણિદશા)'. આમાં રાજગૃહના રાજાની વાત આવે છે. રાજા શ્રેણિક, રાણી નંદા અને રાજકુમાર અભયકુમારની વાતની વિગત વાચકે વાંચવી રહી.

## કપ્પવડિંસિયા (કલ્પાવતંસિકા)

આમાં દસ અધ્યયનો છે-'પઉમ, મહાપઉમ, ભદ્ર, સુભદ્ર, પઉમભદ્દ, પઉમસેણ, પઉમગુમ્મ, નલિણિ, આણંદ, નંદણ'. આમાં રાજા કુણિક, રાણી પદ્માવતી અને રાજકુમાર પદ્મકુમારની વાત છે.

## પુપ્ફિયા (પુષ્પિકા)

દસ અધ્યયનોની વિગતો આમાં છે-'ચંદ, સૂર, સુક્ક, બહુપુત્તિય, પન્નભદ્દ, માણિભદ્ર, દત્ત, સિવ, બલ અને ચલતઢિય'. વિવિધ વાર્તાઓમાં સોમિલ નામના બ્રાહ્મણ, ભદ્ર નામના સાર્થવાહ વગેરેની વાર્તાઓ છે.

## પુષ્ફચૂલિયા (પુષ્પચૂલિયા)

આ ઉપાંગમાં દસ અધ્યયનો છે—'સિરિ, હરિ, ધિતિ, કિત્તિ, બુદ્ધિ, લચ્છી, ઈલાદેવી, સુરાદેવી, રસદેવી અને ગન્ધદેવી'. ઉપરાંત, 'નિષઢ, માઅનિ, વહ, વણ્હ, પગતા, જુત્તી, દસરહ, મહાધણૂ, સત્તધણૂ, સયધણૂ' વિશે પણ ચર્ચા છે.

## ઉપાંગોનું મહત્ત્વ

પ્રાચીન ભારતના સમાજને જાણવો હોય તો ત્યારે રચાયેલા સાહિત્યનું અધ્યયન અનિવાર્ય બને. સાહિત્ય કેવળ મનોતરંગ કે મનોકલ્પના નથી. શક્ય છે, તેમાં ઘણી બધી બાબતોનો, હાલના દૃષ્ટિબિંદુથી, સ્વીકાર ન થતો હોય. આજના બદલાયેલા સંજોગો થકી એ સાહિત્ય અને તેમાં આલેખવામાં આવતી બાબતોનું વિશ્લેષણ કેમ થઈ શકે? જ્યારે, કેવળ કલ્પના કે અનુભૂતિને આધારે સમાજ અને તેને સંલગ્ન બાબતો વિશેના જ્ઞાનને રજૂ કરતું કોઈક સ્વરૂપનું સાહિત્ય હોય ત્યારે આધુનિક માપદંડોથી તેને માપી ન શકાય. એ સાહિત્ય થકી એ સમયના સમાજને સમજવો પડે.

જૈનસાહિત્યનો અભ્યાસ અનિવાર્ય બને છે. બૃહદ્ સમાજમાં સંખ્યાની દૃષ્ટિએ જૈન સમાજ પ્રમાણમાં નાનો છે અને છતાં એ જ સમાજે અદ્ભુત સાહિત્ય આપ્યું છે. સદ્ભાગ્યે, જૈનસમાજે એના પ્રાચીન સાહિત્યિક વારસાને સાચવી રાખ્યો છે. અંગ અને અંગબાહ્ય સાહિત્ય સિવાય વિશાળ જૈનસાહિત્ય ભારતભરમાં વિવિધ જ્ઞાનભંડારોમાં સચવાયેલું પડેલું છે. કલ્પી ન શકાય એ રીતે આજે આધુનિક વિજ્ઞાન-ટેક્નોલોજીનો પ્રભાવ સમગ્ર પ્રજા પર પડ્યો છે ત્યારે આપણો દેશ બહુ ઝડપથી બદલાઈ રહ્યો છે. તેથી, આવા પ્રાચીન સાહિત્યનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. એ સાહિત્ય સમજીએ અને તે સાથે આપણા જીવનને પણ સમજીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# ચંદનબાળા

મૂળા શેઠાણીએ ઈર્ષાથી
ચંદનાને દુઃખ આપ્યું
જ્યારે પ્રભુ વીરનું પાંચ
મહિના ને ૨૫ દિવસની
ઉગ્ર તપસ્યાનું પારણું
અઠ્ઠમ તપ કરી કરાવ્યું.
ચંદનાએ અડદના બાકળા
પ્રભુને વહોરાવ્યા
સાડાબાર કરોડ
સોનૈયાની વૃષ્ટિ થઈ.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# બાહુબલી



ચાર ચાર વખત
હરાવ્યો છતાં ભાઈને
હજી સંતોષ થતો
નથી. હવે તો.....

બાહુબલી! કોને તું
મારે છે? પિતાતુલ્ય
ભાઈને? કાંઈક વિચાર
કર અને તેજ ક્ષણે
ભરતજીના ચરણે રાજ્ય
ધરી બાહુબલી સંયમી
થઈ ગયા.

મોક્ષમાર્ગનો પુરુષાર્થી
યુદ્ધભૂમિમાં યોદ્ધો
મટીને સંત બની ગયો.
ક્રોધાગ્નિને ક્ષમાના
વારિથી શીતળ બનાવી
દીધો.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# RESEARCH IN RELIGION

## RULE AND REFORM

By : V. G. Nair

This is short monograph on the life and mission of Lord Rishabha who lived in India in the days of noary antiquity is outcome of my continued and dilligent studies on the history of world religions for more than thirty years.

I have devoted the major part of my life to the study of religiond, philosophy and culture. It had been the primary avocation of my life not only in my early days of education but also in my professional carier in the field of journalism and in my long tours in India and in some of the neighboring countries beyong the seas.

The greatest encouragement to my religious studies and understanding of world culture was my sojourn in Santiniketan founded by the illustrious poet Rabindranath Tagore in West Bengal. Santiniketan widened by religious horizon and deepened my faith in the fundamental unity of world religions.

I was a research Fellow of Santiniketan and joint Secretary of the Sino-Indian Cultural Society founded by Poet Tagore for promoting Indo-Asian culture and universal brotherhood. During my stay in Santiniketan Ashram before Visva-Bharati was converted into a Chartered University controlled by the Government of India. I served the Ashram as a staff member and alsp pursued independant studies on religions, philosophy and literature. My literary works on Asian culture dealing with its various aspects exceed about twenty five books and my contributions to the press on cultural problems during the last twenty-five years would be about 2000 articles. All these books and articles had one purpose in view and that was the promotions of international cultural understanding, human brotherhood and worlo peace.

After my continuous studies on the origin and development of world culture, I was convinced that Lord Rishabha was the First Religious Teacher, Ruler, Reformer as well as Law Marker in the history of mankind. This brief monograph is only a gist on my investigations and I wish to throw more light in my forthcoming volume which I intend to write on the life and mission of the First Saint, Seer, Philosopher, Ruler, Law maker, Preacher, Omniscient Religious Teacher and Guide of Mankind whose sacred footprints are scattered in different parts of the world, the vestiges of which could be seen even in these days of advancing materialism threatening to submerge human culture and civilization.

After my retirement from professional activities, I intensified my religious and cultural studies and came to the conculsion that Lord Rishbha being the originator of human culture and philosophy and the undisputed religious guide of mankind, I must seek some suitable ancient seat of Rishabha worship where I could devote the rest of my life for the practise of Yoga for myself-purification and spiritual elevation. In the course of my travels in India in search of ancient religious monuments, I came to know that near Madras Red Hills lake is situated and ancient Rishabha temple celebrated for its antiquity and sancity and I took refuge in that holy asylum for developing self-contement, solace and peace. In my own way, I am practising Atma Yoga and I may confess that during my Sadhana in the sacred Ashram of Adeswara. I derived much benefir on the path of my metaphysical progress, and what little flashes of wisdom I could acquired with the sole and single aim of rendering service for the promotion of universal welfare

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

is being canalized for producing literary works under the auspices of the cultural institution the, `Universal Welfare' union which was organized at the Adeeswara Bhavana with the blessings and cooperation on the late Yog Baffna Swami and some other ardent Sadhakas of the Ashram in order to reveal the universal truths proclaimed by tie first and foremost Omniscient Teacher Lord Rishabha rooted on the foundations of fraternity, Austerity and Non-sensuality.

I need not reiterate here that the sanctified soil of the Adeswara Rishabha shrine has a natural and miraculous charm to inspire the aspirant to lead the life of a seeker of self-realisation. I may invite truth seekers or read my brochure entitled the Adesswara Temple of Polal in which I have presented the ancient history, the sancity and serenity of this holy shrine celebrated in Tamilnadu as a great centre of worship, devotion and medication during the early centuries of the Christian era.

It is earnest desire that this monograph will be helpful to all truth seekers in understanding the reality of Religion, Rule and Reform originated by Bhagawan Rishabha in the dawn of world culture and civilization.

## BHAGAWAN RISHABHA

Bhagawan Rishabha who is worshipped as the First Omniscient Teacher and the First Tirthankara by the followers of Jainism was born in the current cycle of Avasarpini, the descending era of time according to the holy scriptures, Ayodhya was his birth place Rishabha was born in Vasant Ashtami in the first month of autumn. His mother was Marudevi and father Nabhi Manu. According to literary and archeological evidence, it is claimed that Rishabha was the Father of Human Culture and Civilization. He is, therefor, called Adi Bhagawan Adinath, Adeshwara, Adidova and Adisjina The Hindus regard him as an incarnation of Mahavishnu.

This fact is authenticated by Bhagawat Purana. Rishabha is also extolled in the Vedas as the Almighty God. There are devotional hyms in the Vedas as well as in some Puranas in adoration of Rishabha. In the Buddhist Scriptures also could be found references about Rishabha as the early Buddha. The author of TIRUKURAL, the Tamil Veda extols Rishabha as Adi Bhagawan, the first Lord and the first Omniscient Teacher of mankind in the Appendix the given authentic data to substantials these facts.

When Rishabha was young, the people of 'Ayodhya requested Nabhi Manu to make him the rule of the country Accordingly, he was crowned as the first king of Ayodhya. The people became happy and obeyed him.

In the days of Rishabha, there prevailed great ignorance among the people. They did not know how to till the land and grow food crops. In the earlier periods, their ancestors lived prosperously and happily.

Most of the people lived in jungles and caves. They were simple, polite and modest. There was no social order among them. In the scriptures, these peope are called Yugliks. The life of these people in the early centuries of the AVASARPINI era was not so as compared to the life and social conditions prevalent in the centuries after the bitrh of Rishabha. The advent of Rishabha ushered a new era of social progress, intellectual awakening, learning and civilized ways of life in India.

The reform of Rishabha for the amelioration of the people to raise them from innocent life to the cultured and civilized ways of living were vast and varied. They were related to civics, economics, polity and religion. Rishabha was the first

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

leader of the social and religions renaissance in India. He introduced various reforms for promoting the welfare of the people. The greatest problem was that of food which confronted the people in Ayodhya. He, therefore, invented the science of agriculture. He discovered the sugarcane plant. Because of his discovery of the sugarcane, his progenies came to be know as IKSWAKUS, the royal clan which played a prominent part in subsequent centuries. Almost all the illustrious kings of India mentioned in the Puranas and the epics including Sri Rama were IKSWAKUS Rishabha educated the people on arts, both higher and lesser, for promoting their welfare. He made script called brahmi. All the Askoan inscriptions found on pillars and rocks, and some of the inscriptions found in caves of South India and other parts of the country were inscribed in Bramhi. This script is considered as the root of all other scripts in India and European countries. The first vowel in the Brahmi has a spiritual significance. It is eternal and undecaying. It is the first sound which reverberates through the universe in all times and ages. It represents the absolute reality. Rishabha taught the people how to read, write and count numerals. He invented the system of making eathern pots for the purpose of cooking food. He instructed the people to build houses with wood and clay. Canals, wells and tanks were dug for providing water. Roads were laid out for regular traffic from one corner to another corner of the country. He taught the people civics and hygiene. He introduced village councils for the administration of rural areas and appointed headmen in each and every village to administer the law and promoted order among the people. He instilled in the hearts of the people the principles of social and religious duties and laws and exhorted them to observe those laws in their every day life. He preached the ethics of no-violence, compassion and mercy, charity and service for the amelioration of human and sub human sufferings. He taught the early man the duties of a house holder and his moral and religious responsibilities in life. Rishabha initiated the movement of religious preaching and educated the people in all subjects of secular and spiritual problems. It was the first and foermost movement for the cultura and regious regeneration of the people in the history of India.

Rishabha advised the people to live in groups in villages and towns and instructed them the principles of polity and social life based on Ahimsa or Brotherhood. Thus Rishabha established and systametised social order and civilized ways of life among the people and they became contented, happy and prosperous. They began to lead a peaceful life promoting universal welfare.

After ruling Ayodhya for many years as king and President guiding the people on the right way of life, and establishing Dharma, the enduring and glorious culture and civilization for the benefit of mankind. Rishabha resoled to renounce the home life to a homeless life asceticism in search of the ultimate reality. Self-illumination and self-realisation, the supreme goal of NIRVANA from all mundane sufferings. Having been born with the special mission of guiding the people on the right path of life to redeem them from all sufferings, Rishabha realised that his labors for the regeneration of the people to a higher standard of social and religious way of life were fulfilled and that the time has arrived for his renunciation of the home life, his detachment from all attachments and desires, the destruction of all his mental propendities, both good and bad, all his KARMAS, the atmos velling and abstracting the final liberation of his soul and that he should practise extreme penance and austerities in

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

dense jungles far, far away from the crowd of people to reach the supreme state of omnisciance and final liberation.

Rishabha called all his queens, sons and daughters, Ministers, Counsellors, relatives and friends to whom he expressed his desire to renounce the home life and embrace asceticism. Rishabha had one humdled sons and two daughters. His eldest son was Bharata and the daughters were Brahmi and Sundari. Because he taught the new script to his daughter Brahmi it came to be known as Brahmi. Bharata was enthroned as his successor after whom India came to be known as Bharatvarsha according to Indian scriptures. He made his other sons the rulers of other kingdoms and states. The people of Ayodhya assembled in large numbers paid their homage to their benefactor, friend, guide and philosopher, their king and President-Prajapati in gratitude for all the benevolent and meritorious works he has rendered in raising them from early life to enlightenment, intellectual freedom. Culture and civilized ways of life.

Rishabha renounced the world and became an ascetic. He retired to the adjoining forest called Siddhartha for practising penance. The people thronged worship Rishabha and the place where they assembled was later known as Prayaga. It was near the confluence of the three sacred rivers Ganga, Yamuna and Saraswathi-which flowed not far away from Allahabad. Prayag is the most sacred spot of worship to the Hindus. They believed that a dip at the meeting place of the three rivers will wash all their sins. The Kumbhamela, the congregation of saints and sages, scholars and philosophers near Triveni in Allahabad was first initiated by King Bharata according to authentic evidence to commemorate the benign rule of Rishabha, his great renunciation of the world and also his attainment of Keval Mukthi.

The Mangal Kalasa is the sacred symbol of Rishabha's holy cult of peace, contentment and prosperity authenticated by coin legends, archeological and literary evidence. Kumbha is a synonym for Mangal Kalasa as the most sacred symbol of worship. To the Hindus, the Purna Kumbha is the symbol of sancity, purity and serenity. It is my firm conviction that Kumbha Mela, the Congregation of Saints and Seers held at Prayage originated from the days of Emperor Bharata to commemorate the Nirvana Kalyanaka of Bhagawan Rishabha.

Rishabha practised extreme penance for one year lost deedly in meditation and concentration of the mind. He stood erect in KAYOTSARGA posture and studied every phenomenon of the inner and outer world. He destroyed all his mental organs caring little for his body and also for his food to sustain his life. After practising extreme penance for one year he went to Hastinapur where king Sreyansa met Rishabha who paid him homage. His DARSHAN of Rishabha, made him to remember his previous life, the incident of offering DANA to a saint. He offered Rishabha, the first nourishment after his renunciation which was the sweet Juince of sugarcane. It was the third of the bright half in the month of Vasishaka that the world teacher broke his fast at Hastinapur. It was the first DANA offered to an ascetic who had undertaken a long fast for self-realisation. Akshaya Tritiya is considered as the most auspicious and the most ancient sacred festival to the people of India in view of the fact that Lord Rishabha was given Dana on that day and it is observed today to commemorate the Dana offered to Rishabha on the conclusion of his penance for one year.

Sresyanskumar embraced asceticism under Rishabha and became his disciple. Moving from one place to another, Rishabha reached Udayan near Ayodhya called

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Purimatala and seated under a banyan tree lost in deep meditation, he attained omniscienced reaching the supreme state of liberation or KEVAL MUKTHI. This memorable event in the religious annals of India took place of the 11th of the dark half of the month of Phalguna in the Uttarasadha constellation. Rishabha became the first omniscient teacher endowed with supreme wisdom and this memorable day in the annals of India ushered a new era of peace and prosperity among all classes of sentient life. People honoured Rishabha as a World Teacher. According to the holy sciptures, Indra, the Lord of the celestial world with his retinue of DEVAS descended on Kailsagiri to celebrate the event of Keval-Knan-Kailasgiri of Bhagwan Rishabha. Indra erected a beautiful SAMAVASARANA, a raised pavilion of Kailasgiri ornamented with gold, silver and precious gems for Rishbha to deliver his first sermon on DHARMA and with postrations and adorations at his feet Indra and the Devas escorted the World Teacher to Kailasgiri to adorn the Samavasarna and deliver his sermon on Dharma. The Lord responded to Indra's request and went to Kailas for rolling the DHARMA CHAKRA, the Wheel of Law and Righteousness for the first time in the history of the world during the descending cycle of AVASARPINI. Seated in the SAMAVASARANA. Rishabha imparted the message of deliverance from all sufferings not only to mankind, but also to the DEVAS and all other living beings.

``So long thou shalt not refrain thyself from causing pains and troubles to they fellow creatures, thou shalt not refrain from causing pains and troubles to they fellow creatures, thou need not ever dream to be emancipated from the appalling dangers of the same."

``Acquire perfect knowledge of the law. He who has entered the road to the destruction of Karmas, who controls his mind, speech and body, who has given up his possessions and relations and all under takings should walk about subduring senses."

The SUTRAKRITANGA and the RISHABHA GITA contain the gist of Rishabhadeva's teachings on Dharma of Ahimsa.

Rishabha made a tour of Aryan and non-Aryan countries and preached the Arhat Dharma to the people. The Lord founded the first Samgha consisting of monks and sent them to different parts of India for propagating the doctrines of Ahimsa and the right way of life for human liberation. The ARHAT DHARMA spread throughot, the four corner of India. The cultural and religious movement led by Rishabha captured the thoughts of the people and they accepted Rishabha as their teacher to lead them on the right way of life to attain emancipation fr0m mundane sufferings.

Long before the birth of Mahavira, the Arhat Dharma was prevalent throughout India and it was the predominating religious thoughts of the people. There is evidence to prove that the religion of Ahimsa was followed by the entire people of India in those remote days. Tamil scriptures state that SRUTA KEVALIN Bhadabhahu and Chandragupta Maurya who came to Karnataka-Mysore in the 4th century B.C. were welcomed by Jains of South India. Agasthya who came to Tamilnadu from Northern India was the pioneer Jaina missionary to preach the Arhat Dharma thousands and thousands of year after the Nirvana of Rishabha. Agashthya is believed top be the originator of the Tamil script. He composed a Tamil grammatical work entitled AGATHIYAM, but it is no more extant today. Agasthya settled down at Pothyar hill in Tinnevelly district in Tamilnadu. His chief disciple Tolkapiyar composed a literary work called TOLKAPIYAM in which are references to the doctrines of ARHAT DHARMA preached by Rishabha.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Rishabha attained Nirvana on Kailas Giri. To commemorats his sacred memory. Bharata built a golden temple at Kailas and installed and image of Rishabha. Image of Rishabha. Image worship commenced from that day. There is much evidence in the scriptures to prove this fact.

Image worship and devotional religion were prevalent in India long before the Aryans set their foot in the Gangas Valley. The MAHA PURANA and the TRISAHTI-SALAKA PURSHA CHARITRA have refered to the memorials for offering worship to Rishabha. KSHETRA PUJA and BHAKTHIMARG had been and ancient religious institution in India. There are also authentic references to image worship in the BHAGAVATI SUTRA, the UPASHAKDASANG SUTRA, and many other sacred scriptures. These facts prove the howry antiquity of image worship in India.

There is authentic evidence to prove that it was the Phoenicians who spread the worship of Rishabha in Central Asia, Egypt and Greece. He was worshipped as "Bull God" in the features of a nude Yogi. The ancestors of Egyptians originally belonged to India. The Phoenicians and extensive cultura and trade relations with India in the pre-historic days. In foreign countries. Rishabha was called in different names like Resheb, Apollp, Tesheb, Ball, and the Bull God of the Mediterranean people. The Phoenicians worshipped Rishabha regarded as Appollo by the Greeks. Reshef has been identified as Rishabha, the son Nabhi and Marudevi, and Nabhi has been identified with the Chaldean God Nabhi and Maru Devi with Murr... ...uru. Rishabhadeva of the Armenians was undoubtedly Rishabha, the First Thirthankara of the Jains. A city in Syria is known as Rishaba. In Society Armenal was a town called Techabani. The Babylonion city of Isbekzur seems to be a corrupt from of Rishabhapur. Besides the Phoenicians. Accadia, Sumeria and Mesopatomia had trade and cultural relations with the Indus valley and they carried the Rishabha cult to their lands. There is much evidence to prove that maritime relations existed between Greece and India. According to Greek Writers, a saint of Taxasila called Kolynos of Kalyanaswami accompained Alaxendar to Greece and lived at Athen for a number of years. Kalyanaswami has been identified as a Jaina ascetic. He committed Sallekhana in Alhens. A bronze image of Reshef (Rishabha) of the 12th century B.C. was discovered at Alasia near Enkomi in Cyprus. An ancient Greek image of Appollo resembled Thirthankara Rishabha. The images of Rishabha were found at Malayasia, Boghaz Keui and also in the monument of Isbukjur as the chief deity of the Hittite pantheon. Excavations in Soviet Armenia at Karmir-Blur near Erivan on the site of the ancient Urartian city of Teshabani have underthed some images including one bronze statuete of Rishabha. Many other relics of Rishabha have been discoverd in some of the foreign countries, and illustrates articles on some of them have appeared in the Indian press. These countries adopted the doctrines of Jainism and also the Bramhi script. The Indus Valley script, the ancient script of the Hebrews of Palestine, the ancient heirohlyphics of Egypt, the ancient Chinese script and the Sumerian script closely respelled the Brahmi script. The pre-Columbian civilization of America had its origin in India. The four outstanding ancient cultures of the old European World prevalent in America, the Fuebic of the South West, the Aztec of the Valleys and the highlands of Mexico, the Maya culture of the Yucatan Peninsula of Mexico, and the Inca cultures of ancient Egypt, Mesapotomia and the Indus Valley of India.

A Jaina Sutra in Chinese language was found by Prof. Nakamura of the Tokio

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

University. It proves that Jainism was prevalent among the Chines several centuries ago. It is possible to adduce authentic evidence from Indian and European annals of religion to prove that the Arhat Dharma was once the predominating religion of mankind in different parts of the world.

Om Namah Rishabhaya

**THE END**

# Appendix

Reference to Bhagavan Rishabha in the Vedas :

A Mantra in the **RIG VEDA** is as follows :

``Rishabham Masamananam Sapatnanam Vishahibaninam Satrunam Dadhi Viorajagppitam Gavam"

101-21-26

Another Manra in the **RIGVEDA** states that Mahadeva is none other than Rishabhadeva. It is follows :

`Thruda Bandho Rishobhoravidhi Mahadeva Martyanavives". V. 58-3.

A third **RIG VEDIC** Mantra states :

``Majuvan Indra Rishabha Ranayapi Vaso Manushya Jadam Madaya Assetehava Jatarae Madhve Cormidhva Rajasi Pratipat Sutana".

**YAJUR VEDA**, Chap. 19, Mantra 14 :

``O Arhan ! You are equipped with the arrow of Vastuswarupa, the law of teaching and he ornaments of the four infinite qualities. 0 Arhan ! you have attained reflected, O Arhan : You are protecting all the lives in this world O the destroyer of Kama (lust). There is no greater and stronger person equal to you".

Another Mantra in the **YA UR VEDA** states.

Om Namo Arhato Rishabho Om Rishabha Pavitram Puruhute Madhvasam Yagneshu Nagnase Paramam Mahe Samsthyam Jayamatam Pashrindre Mauriti Swaha."

**SAMAVEDA**

``Appadadi Meyaman Rodasi Imache Visve Bhuvcanani Mahmana yothena Nishta Rishabha Virajas".

Another Vedic dedication to Rishabha is as follows :

``Aruham Idam Dayase Visvamayam"

Aranyakas :

``Rishabha Eva Bhagavan Brahme Bhagavata Brahmane Swameva Chirananti Brahmana Taposcha Prapthaha Param Padesm."




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આર્યમહાગિરિ - આર્યસુહસ્તગિરિ



ગુરુદેવ! મને ઓળખો છો? રાજન્! તને કોણ ન ઓળખે?

ના...ના...ગુરુદેવ! કૌશાંબી નગરીમાં ભિખારીને આપે સંયમ અને ભોજન આપેલ એ હું રંક-ગરીબ આપની કૃપાથી રાજવૈભવ પામ્યો પણ એ આપના ચરણે ધરવું છે.

ના રાજન! અમે સાધુ જીવનમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિ કરી ધન્ય બનીએ.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

## મનોરમા



હે શાસન દેવતાઓ! મારા સ્વામીની ઉપર ખોટુ કલંક જે લાગ્યું છે તે જ્યાં સુધી દૂર ન થાય ત્યાંસુધી હું કાઉસ્સગ્ગ ઉપસર્ગ દૂર કરવા કરું છું. આપ સત્યને પ્રગટ કરો.

મનોરમા દૃઢ સતી-શ્રદ્ધાળુ હતી. સુવ્રત શેઠની ઉપર અભયારાણી દ્વારા અપાયેલ કલંક શાસન દેવતાઓએ શૂળીનું સિંહાસન કરી દૂર કર્યું.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ–૨

## માંગલિક ભક્તિદર્શન

**શત્રુંજય ગિરિરાજના પુણ્યપ્રભાવક ભક્તો**

—પૂ.મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.

**સમાધિમરણના પ્રાપ્તકર્તાઓ**

—પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા.

**વિશિષ્ટ બ્રહ્મચર્યવ્રતધારીઓ**

—પૂ. મુનિશ્રી જયદર્શનવિજયજી મ.સા.

**જિનદર્શનનાં મુહૂર્ત જ્યોતિર્વિદો**

—પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમાર

શ્રીકૃષ્ણના પુત્ર—શાંબ અને પ્રદ્યુમ્નકુમારે ભગવાન નેમનાથ પાસે સંયમ ગ્રહણ કરી બાર ભિક્ષુ પ્રતિમા આરાધી ગુણરત્ન સંવત્સર તપ કરી શત્રુંજય તીર્થ ઉપર મોક્ષે પધાર્યા.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# બ્રાહ્મી અને સુંદરી

ભાઈ! તમે આ શું કરો છો? માન—અભિમાન—હાથી છે. મનને મનાવી લો. તમે જન્મથી મોટા છો નાનાભાઈ સંયમથી મોટા છે. નમી જશો તો ગમી જશો. કેવળજ્ઞાન તેના વિના નહીં થાય.



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી શત્રુંજય તીર્થના પુણ્યપ્રભાવક ભક્તો

—પૂ. મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.



गिरिवर दर्शन विरला पावे

ભારતભરનાં પ્રભાવક તીર્થસ્થાનો ભારતની સંસ્કૃતિનાં હંમેશાં ઉમદા પ્રેરણાબળ બની રહ્યાં છે. જૈનજગતની પ્રાચીન અજોડ જાહોજલાલી અને અપૂર્વ આત્મવૈભવની પ્રતીતિ કરાવી રહ્યાં છે આ બધાં તીર્થસ્થાનો જ.

અનંત યુગોથી અનેક આત્માઓને ભવ તારનારા શાશ્વત એવા શ્રી શત્રુંજય મહાગિરિ તીર્થને આર્યાવર્તનાં સઘળાં તીર્થોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે, જેની ૬૦૦ મીટર ઊંચી પર્વતમાળા ઉપર ૭૦૦ જેટલાં દેવવિમાનો જેવાં મંદિરોથી ઢંકાયેલી આ દેવનગરી જૈન-જૈનેતર શ્રદ્ધાવંતોનું પરમ પ્રેરણાસ્થાન બની છે. જેના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે, જ્યાં જિનેશ્વર દેવાધિદેવ ઋષભદેવ પ્રભુએ નવાણું પૂર્વ પર્યંત વિચરીને મંગલધર્મના જયઘોષ અને ડંકાનિશાન ગજાવ્યાં છે.

શાશ્વત મહામંત્ર નવકાર અને શાશ્વત ગિરિરાજ સિદ્ધાચલજી, જેનું અપર નામ શ્રી શત્રુંજય મહાતીર્થ આજેય તેના આરાધકોને માટે અદ્ભુત આકર્ષણનું કારણ કહેવાય છે. પ્રભુ મહાવીરદેવના શાસનકાળમાં પ્રસંગે પ્રસંગે જે જિર્ણોદ્ધારકો થયા, શ્રમણો અને શ્રમણોપાસકો થયાં તેમાં લબ્ધિધારી વજ્રસ્વામીજી તથા જાવડશા અને તેમના ધર્મપત્નીની જીવનકથા પ્રખ્યાત છે. છ'રી પાળતા સંઘો લઈ આવનાર વસ્તુપાળ-તેજપાળ કે મોતીશા શેઠથી લઈ હાલ સુધીના શ્રેષ્ઠી શ્રી રજનીભાઈ દેવડીના જીવનપ્રસંગો ઐતિહાસિક નોંધ સમાન છે. સવા સોમાની ટૂંક કે ઊજમફઈની ટૂંક વગેરે તીર્થભક્તિનાં પ્રતીકો સમાન છે. તીર્થરક્ષક કર્પદી યક્ષ કે શાસનદેવી ચક્રેશ્વરી પ્રભુ આદિનાથજીએ કરેલ પૂર્વ નવાણું યાત્રાથી થયેલ વિમલાચલ ગિરિવરના ભક્ત દેવી-દેવતાઓ ખરાજ, પણ આ સિદ્ધતીર્થના ધ્યાનમાં અપમૃત્યું છતાંય અમર મૃત્યુને પામી શેઠ માણેકચંદમાંથી મણિભદ્રવીર થઈ જનાર ઇન્દ્રની પણ લગની અને ભક્તિ સંદેશો આપે છે કે શાશ્વતા શત્રુંજય શાશ્વતમુક્તિસુખને દેવા સદાય સક્ષમ છે અને છે જ.



આ અવસર્પિણિકાળમાં આ તીર્થના સત્તર જેટલા ઉદ્ધારો થયા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂ. મુનિરાજશ્રી પૂર્ણચંદ્રવિજયજી મ.સા.

જેમાં અનેક પ્રભાવક સૂરિવરો, મુનિવરો, સાધુઓ અને ભરતમહારાજાથી માંડીને કુમારપાળ જેવા ધર્મપ્રેમી રાજવીઓ, વસ્તુપાળ જેવા મંત્રીઓ, ઈતિહાસ-પ્રસિદ્ધ સમરાશા, જાવડશા, પેથડશા જેવા મહાનુભાવો આ પ્રભાવક તીર્થના પરમ ભક્તો ગણાયા છે.

**શ્રી શત્રુંજય ગિરિરાજના પુણ્યપ્રભાવક ભક્તો....**

શાશ્વત ગણાતા આ ગિરિરાજનું સ્થાન આસ્થાળુ જૈનોના હૃદયમાં અજોડ અને અનન્ય છે. આરાધક અને ઉપાસક વર્ગે આ ગિરિરાજ સાથે તન્મયતાનો નાતો જુદી જુદી રીતે જોડ્યો છે. આચાર્ય ભગવંતોએ મુક્ત કંઠે આ ગિરિરાજનો ઉત્તમ મહિમા ગાયો છે. પૂજ્ય સાધુ–સાધ્વી ભગવંતોએ અહીં તપ–જપ–ધ્યાન–સાધના કરી સિદ્ધિ હસ્તગત કરી છે. શ્રદ્ધાળુ શ્રીમંત શ્રાદ્ધવર્ગે શત્રુંજયના ભવ્ય છ'રીપાલિત સંઘો, નવાણું યાત્રાઓ, ચાતુર્માસો યોજયાં છે. નવ નિર્માણ અને જીર્ણોદ્ધારથી આ પાવન તીર્થને જગમાં અનન્ય સ્થાન અપાવ્યું છે. લાખો જૈનો આ તીર્થની નવાણું, છઠ્ઠ કરી સાત જાત્રા વગેરે કર્યા છે. ભક્ત કવિઓએ સ્તવનો, સ્તુતિઓ, થોયો, છંદ, ચૈત્યવંદનો રચી તીર્થના મુક્તકંઠે ભારે ગુણ ગાયા છે. ભક્તોની અગણિત શૃંખલા શ્રી આદિનાથ ભગવાનના કાળે શ્રી પુંડરીક ગણધર અને ભરત ચક્રવર્તીથી આરંભી આજ સુધી અખંડ ધારાએ ચાલી આવે છે. શત્રુંજયના પુણ્યવંતા ભક્તોની આ પરંપરાને લાખ લાખ વંદનાઓથી નમન કરીએ છીએ.

**એજ રીતે છ'રીપાલિત સંઘોના સંઘપતિઓના યોગદાનની પણ અનુમોદના કરીએ છીએ.**

"છ'રી પાલતા જે નર જાય, પાતિક ભુક્કો થાય" કર્મની વિષવેલડીને કાપતી છરી સમાન છ'રી પાળતાં પાળતાં સંઘ પોતાના નગરથી શ્રી શત્રુંજય સહિત ઉત્તમ તીર્થોની યાત્રા કરવા જાય છે. આમાં ભૂમિ સંથા'રી' વગેરે છેલ્લે 'રી' આવે એવી છ બાબતો પાળવાની હોય છે.

શ્રદ્ધાળુ શ્રીમંત શ્રાવક પરમાત્મભક્તિ વગેરે ધર્મકાર્યો કદી એકલવટો નથી કરતો. પોતાની સાથે બીજાં સેંકડોને જોડે છે એમ સંઘ તૈયાર થાય ને સંઘ સાથે થતી ભક્તિ વગેરે અનન્ય ઉલ્લાસનો સંગ ઉમેરે છે. એમાં સંઘભક્તિ પણ થાય છે. સામુદાયિક પુણ્ય પણ ઊભાં થાય છે. લક્ષ્મી સુકૃતના માર્ગે જઈ સાર્થક થાય છે. જૈનેતરોને પણ અનેક રીતે સહાયક થવાથી શાસનપ્રભાવના પણ થાય છે. દિવસો સુધી પ્રભુમિલનના અનેરા તલસાટ પછી જે દિવસે તીર્થમાં પ્રભુમિલન થાય છે, તે દિવસે અનન્ય આનંદાનુભૂતિ થાય છે.

આવા ભવ્યતમ છ'રીપાલિત સંઘોના પ્રથમ સંઘપતિ હતા ભરત મહારાજા.....પછી તો એવા ધન્યતમ સંઘવીઓની મોટી પરંપરા આજ સુધી ચાલી આવે છે. આ સંઘપતિઓના હૈયે પ્રભુભક્તિ છે, ગુરુભક્તિ છે. સંઘ–સાધર્મિક ભક્તિ છે, જીવદયા–અનુકંપા છે ને ચંચળ લક્ષ્મી પુણ્યલક્ષ્મીમાં પરિવર્તિત કરવાની તીવ્ર શુભ ભાવનાઓ ધરબાયેલી છે. આ તીર્થની રક્ષા અને નિર્માણક્ષેત્રે અનેકોનું યોગદાન આપણાં મસ્તક ઝુકાવી દે તેવું છે. કોને કોને યાદ કરવા? ભાવડશા કે ભીમા કુંડલિયાને, ધરણશા કે ખેમા દેદરાણીને, કાકંદીના ધના અણગારને કે જીરણ શેઠને, મોતીશા શેઠને કે હેમાભાઈને, શેઠ હઠીસિંગને કે કસ્તુરભાઈ લાલભાઈને? આ સૌનું ભારે મોટું યોગદાન નોંધાયેલું છે.

આ લેખમાળા રજૂ કરનાર ડહેલાવાળા સમુદાયના પૂ. મુનિરાજશ્રી પૂર્ણચન્દ્રવિજયજી પ. પૂ. આ.શ્રી જગતચંદ્રસૂરિજી મ. ના શિષ્યરત્ન બન્યા, જૈનદર્શનનો તલસ્પર્શીય અભ્યાસ કર્યો, જ્ઞાનસંપદા વધારી લેખનશક્તિમાં આગળ વધી દીક્ષાકાળથી પ્રારંભાયેલી તીવ્ર સંશોધન જિજ્ઞાસાવૃત્તિને લીધે સાહિત્યયાત્રા આગળ ધપાવી રહ્યા છે. પૂજ્યશ્રીને લાખ લાખ વંદના. 'શ્રાવકવિધિ સંગ્રહ' અને 'નૂતનવર્ષાભિનંદન' એ સુંદર પ્રકાશનો પૂજ્યશ્રીનો ઘણો જ સ્તુત્ય પ્રયાસ છે.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તીર્થના સહુથી મોટા સાધક-આરાધક અને સહુથી વધુ યાત્રા કરનાર પરમાત્મા આદિનાથ ભગવાન પોતે હતા, જે પૂર્વ ૯૯ વાર પધાર્યા અને ૬૯,૮૫,૪૪,૦૦,૦૦,૦૦,૦૦ વાર સમવસર્યા હતા.

"એકેકું ડગલું ભરે શત્રુંજા સમો જેહ
રિખવ કહે ભવ ક્રોડનાં કર્મ ખપાવે તેહ......"

મોક્ષપ્રાપ્તિ માટે અસંખ્ય યોગો હોવા છતાં અનંતા આત્માઓ અનાદિ કાળથી શત્રુંજય મહાતીર્થની પરમપવિત્ર પાવન ધરા ઉપરથી પરમગતિને પામ્યા છે. એના ધ્યાનમાત્રથી સમાધિમરણને પ્રાપ્ત કરનારાં આજે પણ અનંતા આત્માઓ આ તિર્ચ્છાલોકમાં છે અને પરંપરાએ મોક્ષ પામનારાઓની અનંતી જીવરાશિનું વેઇટિંગ લિસ્ટ ધર્મસત્તા પાસે મોજૂદ છે. પરમાત્મા આદિનાથ પ્રભુ પણ સતત પૂર્વ નવ્વાણું વાર પધારી આ પ્રાયઃ શાશ્વતતીર્થથી પાવન થઈ 'આપઉં ધમ્મો'થી વાસિત પોતાના શિષ્ય પુંડરીક ગણધરને પાંચ કરોડ તેમનાં શિષ્ય પરિવારને પણ ચૈત્ર સુદ પૂનમના મુક્તિ અપાવી હતી.

દ્રાવિડ વારિખિલ્લજીના વીશ કરોડ સૈન્યમાંથી દશ કરોડ સૈન્યને મોતના મુખમાંથી બચાવી સાધુપદ અપાવી કારતક સુદિ પૂનમના મોક્ષપદ અપાવનાર પણ આજ તીર્થ છે. આસો સુદ પૂર્ણિમાના પાંચ પાંડવો સાથે વીસ કરોડ આત્માઓને મહાત્મા બનાવી સિદ્ધાત્મા બનાવનારી પણ આજ પુણ્યધરા છે.

સૌ પ્રથમ ભરત ચક્રવર્તીનો શત્રુંજયનો સંઘ નીકળેલ, જેમાં ૩૨,૦૦૦ મુકુટબદ્ધ રાજાઓ, ૩૨,૦૦૦ નાટકિયાઓ, ૮૪ લાખ વાજિંત્રો, ૩ લાખ મંત્રીઓ, ૮૪ લાખ હાથીઓ, ૫ લાખ દીવી ધારણ કરનારા, ૮૪ લાખ ઘોડાઓ, ૧૬,૦૦૦ યક્ષો, ૮૪ લાખ રથો, ૧૦ કરોડ ધજાઓ, ૧,૨૮,૦૦૦ વારાંગનાઓ, ૩ કરોડ વ્યાપારીઓ, ૩૨ કરોડ સુથારો, સવા કરોડ ભરતના પુત્રો, કરોડ સાધુ-સાધ્વીજી ભગવંતો, ૯૯ કરોડ સંઘપતિઓ હતા.

## વિક્રમ રાજાનો સંઘ

૨૬૯ સોનાનાં દેરાસર, ૧,૧૦, ૦૯,૦૦૦ બળદગાડાં, ૫૦૦ હાથીદાંતનાં દેરાસર, ૧૮ લાખ ઘોડાઓ, ૫૦૦ ચંદનનાં દેરાસર, ૭૬,૦૦૦ હાથીઓ, ૭૦ લાખ શ્રાવક પરિવાર, ૭૬,૦૦૦ ઊંટો, ૫૦૦૦ આચાર્યો, ૪ કરોડ સ્ત્રીઓ પણ હતી. જે રાજાના નામથી આજે પણ વિક્રમ સંવત ચાલુ છે, આવો આપણો સુવર્ણ ઇતિહાસ છે શત્રુંજયના ભક્તોનો. હવે વિચારીશું પાંચ પાંડવોનો વિક્રમ....

## પાંચ પાંડવોનો સંઘ

જે કૃષ્ણના મૃત્યુથી વૈરાગ્ય પામી સુસ્થિત ગુરુ પાસે સંયમ લઈ ૨૦ કરોડ સાથે મોક્ષ પામ્યા, તેમણે પૂર્વે ૩૦૦ સોનાનાં જિનાલય, બે કરોડ શ્રાવકો, ૮૦૦ ચાંદીનાં જિનાલય, ૮૦૦ આચાર્યો, ૮૦૦૦ સાધુઓ, ૫૦,૦૦૦ હાથીઓ, ૮૦૦ રાજાઓ, ૮ લાખ ઘોડાઓ, ૧ કરોડ શેઠિયાઓ અને ક્ષાયિક સમકિતી જે આવતી ચોવીશીના બારમા તીર્થંકરનો એટલે શ્રી અમમ સ્વામીનો આત્મા થશે એવા કૃષ્ણ મહારાજા પણ સંઘ સાથે હતા. હજી આવો જ બીજો પણ એક સંઘ એમણે કાઢ્યાની વાત આવે છે તેમાં-

૫૦૦ સોનાનાં દેરાસરો, હજારો સાધુ-સાધ્વીજીઓ, ૧,૭૦૦ લાકડાનાં દેરાસર, ૨૪ કરોડ મનુષ્યો, આંબળા જેવડાં મોતીઓ વડે શત્રુંજય ગિરિરાજને થાળો ભરી-ભરીને મોતીઓ વડે વધાવેલો અને રાજાએ પોતાના પરિવાર સહિત દરેક પ્રતિમાજીની પૂજા કરી હતી (કુન્તીદેવી પણ તેમની સાથે મોક્ષે ગયાં. દ્રૌપદી ૫-મા દેવલોકે)

## દશરથ રાજાનો સંઘ

૭૦૦ સોનાનાં જિનાલય, ૮૦૦ સંઘપતિઓ, ૪ હાથી દાંતનાં જિનાલય, ૧૦૦ રાજાઓ, ૫ કરોડ મનુષ્યો, દરેક ગામમાં સ્વામીવાત્સલ્ય કરાવતા હતા. હવે 'बाप से बेटा सवाई' શ્રી રામચંદ્રજીનો સંઘ—૫૦૦ સોનાનાં દેરાસર, ૧૯ કરોડ પાડાઓ (પાણી માટે), ૭૧૨ ચાંદીનાં દેરાસર, ૧૦,૦૦૦ હાથીઓ, ૫૦૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ કરોડ ઘોડાઓ, ૭ કરોડ ગાડાંઓ, કરોડ સાધુ-સાધ્વીજી ભગવંતો આવો ચતુર્વિધ સંઘ. જ્યારે રાયણવૃક્ષની પ્રદક્ષિણા કરી ત્યારે શ્રી રામચંદ્રજી સાથે આરાધકોએ હીરા-મોતીથી રાયણવૃક્ષને વધાવેલ અને શ્રી રામચંદ્રજી સંયમ ગ્રહણ કર્યા પછી સાધના-આરાધના કરી પોતાના ૩ કરોડ શિષ્ય પરિવાર સાથે મોક્ષે સિધાવ્યા અને આદર્શ ભ્રાતૃપ્રેમી એવા ભરતજી પણ ૧૦૦૦ સાથે મોક્ષે ગયા. (અહીંથી લવકુશ-હનુમાનજી આદિ પણ મોક્ષે ગયા).

## વિ.સં. ૧૪૬૮માં નીકળેલ ગુણરાજ શ્રાવકનો સંઘ :

૭૦૦ રથો, ૮૦૦ ઊંટો, ૫૦૦ ઘોડાઓ, ૪૦૦ પીત્તળનાં ઘડાઓ, ૩૬,૦૦૦ શય્યાપાલકો, ૫૦૦ પાડાઓ, હજારો પાલખીઓ, ૨ લાખ મનુષ્યો, પ.પૂ. સોમસુંદરસૂરિ આદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૦ આચાર્ય ભગવંતોની પાવન નિશ્રામાં સંઘ આગળ વધી રહ્યો હતો ત્યાં સોપારક નગરમાં ૬૦,૦૦૦ ટંક વાપરી નગરજનોને જિનશાસનના રાગી બનાવ્યાં હતાં. તેમજ પ.પૂ. મુનિસુંદર વિજયજી મ.સા.ના ઉપાધ્યાય પદવીમાં ૨૦,૦૦૦ સોનૈયા ખર્ચીને અદ્દભુત લાભ લીધો હતો. (ઉપરનાં બધાં જ દૃષ્ટાન્તો શત્રુંજય-કલ્પવૃત્તિના આધારે).

જૈન પરંપરાના ઈતિહાસમાં તો સં. ૧૬૫૭માં નીકળેલ સંઘવી હેમરાજનો સંઘ, જેમાં ૧૨૦૦ ગાડાં, ૫૦૦ ઊંટ, ૭૦૦ યાત્રિકો, ૫૦૦ હાથી, ૫૦૦ ઘોડાઓનો સમાવેશ હતો તેમજ થરાદના આભૂ સંઘવીનો સંઘ ૭૦૦ લાકડાંનાં દેરાસર, ૪૭ બળદો, ૧૫૧૦ ઘોડાઓ, ૧૪,૦૦૦ ગાડાંઓ, ૨૨૦૦ ઊંટ, ૧૦૦ રસોઈયાઓ, ૯૦ પાલખીવાળાઓ, ૧૪ લુહાર, ૭૬૦ પાણી માટે પાડાઓ, ૭ પાણીની પરબો, ૧૫૧૦ જિનબિંબો, ૩૦૦ પાણીની પખાલો, ૧૦૦ તંબોળી, ૧૦૦ પંચકુલ, ૨૬૦ દુકાનો, ૧૭૫૨ કાજુના ભારા વહન કરનારાં, ૩૬ આચાર્યો-ભગવંતોની નિશ્રામાં સંઘમાળ વખતે બધાંને વસ્ત્રોની લહાણી કરી હતી. આ સંઘમાં આશરે બાર કરોડ સોનામહોરો ખર્ચીને લાભ લીધો હતો. (સુકૃતસાગર તેમજ ઉપદેશ સપ્તતિકા ગ્રંથમાં આનો ઉલ્લેખ સરસ આપેલ છે.)

માંઢવગઢનો રાજિયો નામે દેવ સુપાસ (શ્રી સુપાર્શ્વનાથ ભ.)ની દિવ્યકૃપાથી મંગલપ્રયાણ કરી-ઝાંઝણમંત્રી શ્રી શત્રુંજય-ગિરનાર તીર્થનો મહાસંઘ કાઢે છે, જેમાં-૧૨ લાકડાનાં દેરાસર, ૨૦ આચાર્ય ભગવંતોની દિવ્યનિશ્રામાં, બાર મોટા સંઘવીઓ સાથે અઢીલાખ શ્રાવક-શ્રાવિકાઓ, ૧૨,૦૦૦ ગાડાંઓ, ૧૨૦૦ ઊંટો, ૨૫૦૦ સૈનિકો, ૫૦,૦૦૦ પોઠિયા (સામાન માટે), ૧૦૦૦ ઘોડેસવારો અને તીર્થપ્રવેશ વખતે ૭ લાખ માણસો હતા. તે વખતે લક્ષ્મણજી નગરીમાં ૧૦૧ જિનાલયો અને ૨૦૦૦ જૈનનાં ઘર હતાં. ઝાંઝણ મંત્રીનો સંઘ સં. ૧૩૪૦ મહા સુદ ૫ નાં દિવસે મંગલપ્રયાણ કર્યું હતું, જેમકે ઝાંઝણ મંત્રીના સંઘભક્તિની વિશિષ્ટતા.....આ પુણ્યપ્રભાવક ભક્તે શ્રી શત્રુંજય ગિરિરાજની આપણાં દ્રવ્ય અને ભાવમાં પ્રાણ પૂરે તેવી અતિ સુંદર ભક્તિ કરી છે. મહા દાનવીર એમનાં પિતા પેથડ અને દાદા દેદાશાહનાં નામને પણ જેમણે ચાર ચાંદ લગાવે તેવી તેમની ભક્તિને આપણે જાણીએ.

આ મંત્રી જ્યારે માંડવગઢથી અઢી લાખ યાત્રીઓ સાથે સંઘ લઈ શત્રુંજય પહોંચે છે ત્યારે પરમાત્મા શ્રી આદિનાથ પ્રભુની સોના-રૂપાથી પૂજા કર્યા પછી ત્રણ કરોડ સુગંધી પુષ્પો વડે પ્રભુની પુષ્પપૂજા કરે છે. એજ સમય દરમ્યાન થરાદના આભૂ સંઘવીના સંઘનું મિલન થાય છે. બે સંઘોનાં મિલનથી સર્વત્ર આનંદ છવાયો ત્યારે બન્ને સંઘનાં સ્વામીવાત્સલ્યનો લાભ આભૂ સંઘવીને-યાત્રિકોને યાચના કરીને ઝાંઝણ શાહે લીધો હતો. બીજી નવીનતા એ કે એક મૂડાપ્રમાણ પહોલી ઉપર સોનાની પાટથી ભરેલી નીચે ચાંદીના પાટથી ભરેલી વચ્ચે રેશમી વસ્ત્રવાળી શત્રુંજયના શિખરથી ગિરનારના શિખર સુધી લાંબી ધજા બાંધે છે, જે ધજામાં ૫૪ ઘડી સુવર્ણ વાપર્યું હતું.

આ ચઢતાં પરિણામોની ધારા છેક સંઘ જ્યારે અમદાવાદ પહોંચ્યો હતો ત્યારે રાજાની અનુમતિ લઈને-સમગ્ર ગુજરાતની પંદર લાખની વસ્તીને ભોજન કરાવે છે. મોટા મોટા સો મંડપો બાંધે છે. છ દિવસે આખું ગુજરાત જમે પછી પણ ઘણી મીઠાઈ વધવાથી રાજાને દેખાડી આશ્ચર્ય પમાડે છે. આ સંઘ સાબરમતીમાં નદી કિનારે ગુજરાતને જમાડવાની તૈયારી માટે મહિના સુધી રોકાય છે. આ મંત્રીનો સંઘ જીરાવલી પહોંચ્યો ત્યારે મંત્રીએ ૭ મણ કપૂરથી ધૂપ-પૂજા અને કરોડ પુષ્પથી પુષ્પપૂજા કરેલ અને જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની ઉપર સોનાના તારથી ભરેલો ચંદરવો તે સમયે લાખ રૂપિયાનો હતો. (આધાર-સુકૃતસાગર).

## વસ્તુપાલ-તેજપાલનો સંઘ

૨૪ રથ હાથીદાંતના, ૧૧૦૦ દિગંબર સાધુઓને પણ આવકારી સાથે લીધા હતા. ૪૫૦૦ સહેજવાળા, ૪૦૮ ઊંટ, ૪૫૦૦ ગાડાં, ૪,૫૦૦ ગાયકો, ૧૧૦૦ વહેલ, ૧૦૦ માત્ર મીઠાઈઓ બનાવવા માટે કંદોઈઓ, ૫૦૦ પાલખીઓ, ૩૩૦૦ ચારણો, ૭૦૦ સુખાસન, ૩૮૦૦ ભાટચારણો, ૨૦૦ સાધુઓ, ૧૩૫૦ કુંભારો, ૭ લાખ દીવીધરા, ૫૦૦ સુથારો, ૪,૫૦૦ રથો, ૧,૮૦૦ પીત્તળની પાલખીઓ, ૭૦૦ આચાર્ય ભગવંતોની નિશ્રામાં મંગલ સંઘપ્રયાણ કર્યું હતું. આગળ પાછળ મળી ૩૦૦૦ ઘોડાઓ, ૩૦૦૦ હાથીઓ, ૭૦૦ પાડાઓ પણ હતા. (આધાર-પ્રભાવક ચરિત્ર).

મહાન દાનેશ્વરી એવા વસ્તુપાલ-તેજપાલના ૧૨।। સંઘનો સમય :—

☞ પ્રથમ સંઘ ૧૨૪૯માં માતાપિતાની હાજરીમાં.

☞ બીજો સંઘ ૧૨૬૩માં માતપિતાના આત્મશ્રેયાર્થે કરેલ. પછી જે ૧૨।। સંઘો કાઢ્યા તે પણ. આ બંધુ-બેલડીની શ્રી શત્રુંજયતીર્થ પ્રત્યેની અપૂર્વ ભક્તિ એક બેજોડ શાસન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાવનાની દ્યોતક બની ગઈ. અન્ત સમયે વસ્તુપાલની આંખમાં સંયમ ગ્રહણ ના કરી શક્યા તેનાં આંસુ હતાં.

| | | |
|---|---|---|
| ૧લો સંઘ | વિ.સં. ૧૨૭૭માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૨જો સંઘ | વિ.સં. ૧૨૮૩માં | શત્રુંજયનો. |
| ૩જો સંઘ | વિ.સં. ૧૨૮૪માં | શત્રુંજયનો. |
| ૫મો સંઘ | વિ.સં. ૧૨૮૬માં | શત્રુંજયનો. |
| ૬ઠો સંઘ | વિ.સં. ૧૨૮૭માં | શત્રુંજયનો. |
| ૭મો સંઘ | વિ.સં. ૧૨૮૯માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૮મો સંઘ | વિ.સં. ૧૨૯૦માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૯મો સંઘ | વિ.સં. ૧૨૯૧માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૧૦મો સંઘ | વિ.સં. ૧૨૯૨માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૧૧મો સંઘ | વિ.સં. ૧૨૯૩માં | શત્રુંજયનો–ગિરનારનો. |
| ૧૨મો સંઘ | વિ.સં. ૧૨૯૪માં | શત્રુંજયનો–ગિરનારનો. |

જીવદયા પ્રતિપાલક કુમારપાળ મહારાજા પણ કાંઈ ઓછા ગાંજ્યા જાય તેમ ન હતા. રત્નત્રયીની ઉત્કૃષ્ટ ઝંખના એમના જીવનમાં ઝળહળતી હતી. નિયમિત વીતરાગસ્તોત્ર આદિનો સ્વાધ્યાય કરી જિનપૂજા પછી જ અન્નપાણી લેવાનો એમનો નિયમ હતો. નિત્ય એકાસણું કરતા, જેમાં પાંચ વિગઈનો ત્યાગ રહેતો. પરસ્ત્રી પ્રત્યે મનથી પણ જો વિકારાદિ જાગે તો બીજે દિવસે ઉપવાસ કરી લેતા હતા. તેમજ જીવદયાદિના પુણ્યપ્રતાપે જેમણે આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી પદ્મનાભ સ્વામી પાસે ગણધર પદનું રિઝર્વેશન કરાવી દીધેલા આ શ્રાદ્ધવર્યનું સમ્યગ્દર્શન ઝળહળતું હતું. તેના પ્રભાવે તે આરાધક અને પ્રભાવક ભક્ત તરીકે આપણાં જિનશાસનમાં પંકાયા હતા. આ ભક્તની પણ પ્રભાવકતાને માણીએ.

☞ ૨૮૦૦ દેરાસર, ૧૧૦૦૦ હાથીઓ પણ કેવા? રત્નજડિત અંબાડી સહિત, ૫૦૦૦ સાધુઓ, ૧૧ લાખ ઘોડાઓ, ૧૬ લાખ યાત્રિકો, ૫૦,૦૦૦ રથ, દરેક ગામે રત્નજડિત ધજા ચઢાવતા.

☞ કુમારપાલના આ છ'રીપાલક સંઘમાં વાગ્ભટ્ટાદિ ૨૪ મંત્રીઓ હતા. નગરશેઠનો પુત્ર આભડદમ જે જ્યાં જ્યાં સંઘનો પડાવ થતો ત્યાં ઘરદીઠ સોનૈયાની લહાણી કરતો. આવા આરાધક શ્રાવકો કે જેમણે સંઘમાં વિવિધ વ્યવસ્થાઓ સાચવીને ગુપ્તદાનની ગંગોત્રી પણ વહાવી હતી. આ સંઘ જ્યારે ધંધુકા પહોંચ્યો ત્યારે ઘરદીઠ થાળી સહિત સોના-મહોરની લહાણી કરી હતી. ગિરિરાજને પરવાળા તથા મોતીથી વધાવ્યો હતો. મૂળનાયક પરમાત્મા શ્રી આદિનાથ પ્રભુને નવ અંગે નવ લાખ કિંમતનાં રત્નો મુકાયાં તથા સુવર્ણમય એકવીશ ધજાઓ ચઢાવી. આ સંઘની તીર્થમાળાનો લાભ જગડુશાહે સવા કરોડ દ્રવ્ય બોલીને લીધો હતો (આધાર–કુમારપાળ મ.નાં રાસમાંથી).

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ પ્રાયઃ ૭૦૦ વર્ષ પછી થયેલા આ.ભ. રત્નપ્રભસૂરિજી, જેમણે લાખો અજૈનોને જૈન બનાવ્યા હતા. ૧૮૦૦૦ ઉપર બ્રાહ્મણોને પણ આરાધક બનાવ્યા હતા એવા શાસનપ્રભાવક આ.ભ.ની નિશ્રામાં ઉપલદેવ રાજાએ સંઘ કાઢેલો, જેમાં સોનાચાંદીનાં દેરાસર અને લાખ યાત્રિકો હતા. જોવાનું એ કે સામાન્ય રાજાઓ પણ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અહોભાવ કેળવીને ગિરિરિજની સ્પર્શના માટે સર્વસ્વ સમર્પણ કરવાં તત્પર રહેતા.

## સમ્રાટ ચંદ્રગુપ્ત રાજાના સંઘમાં ૫ લાખ યાત્રિકો હતા.

ગુરુકૃપાથી આગલા ભવનો એક ભિખારી, જેણે માત્ર ભૂખની વેદના શમાવવા માટે દીક્ષા લીધી હતી એમ કહી શકાય તેવાને પણ જ્યારે સુગુરુની પ્રાપ્તિ થતાં તેજ રાત્રિએ કાળધર્મ પામવાના અવસરે આ જિનશાસનના અહોભાવના કારણે બીજા જ ભવમાં દશ વર્ષની ઉંમરે વિજયાદશમીના દિવસે રાજ્યાભિષેક થયેલો. પછી સમ્પ્રતિ રાજા બની શાસન–પ્રભાવનાનો બેનમૂન આદર્શ વિશ્વ સામે મૂક્યો છે, જેમાં સવા લાખ દેરાસરો, સવાકરોડ જિનબિંબો જે આજે પણ તીર્થંકર ભગવંતોના વિરહને પૂરી રહ્યાં છે. એવા તીર્થંકર તુલ્ય ૫૦૦૦ આચાર્ય ભગવંતોની નિશ્રામાં શ્રી સંઘ મંગલ પ્રયાણ કરી શત્રુંજય ગિરિરાજની પરિકમ્મા કરવા પાંચ લાખ યાત્રિક ભક્તોની સાથે ૨૦૮૦ દેરાસર લઈને પધાર્યો હતો તે સંઘ પણ જેમણે માણ્યો હશે તે ધન્ય છે. (આધાર–શ્રી પાર્શ્વનાથ પરંપરાનો ઈતિ.).

ભરતેશ્વર વૃત્તિમાં જણાવ્યું છે કે આ સમ્રાટ સંપ્રતિ મહારાજાએ આવા ભવ્યાતિભવ્ય સંઘ પછી પણ જિનશાસનને આર્ય–અનાર્ય દેશોમાં પહોંચાડવા ૮૦૦૦ રાજાઓ તેમની આજ્ઞામાં રહેતા, ૫૦,૦૦૦ હાથીઓ, એક કરોડ ઘોડાઓ, ૭ કરોડ રથો, સોનારૂપાના ભંડારો, દરરોજ ચૈત્યપરિપાટી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટપ્રકારી પૂજા કરતા, ૨૦૦ ઉપાશ્રય બનાવેલાં, ૭૫૦ દાનશાળાઓ અને ૩૬,૦૦૦ જીર્ણોદ્ધાર કરાવેલા, જેમાં નવા દેરાસર કરતાં આઠ ઘણો લાભ મળે છે.

ગુરુકૃપાથી માંડવગઢના પેથડમંત્રીને ચિત્રાવળી પ્રાપ્ત થઈ. જેથી શત્રુંજય–ગિરનાર તીર્થના આ આરાધક ભક્તે પણ વિશાળ સંઘ કાઢી ૮૪ જિન મંદિર બનાવ્યાં હતાં.

તેમજ જેસલમેરમાં વીર જૌરૂશાહ ભણસાલીને ચિત્રાવલી પ્રાપ્ત થઈ તેથી શત્રુંજયનો જ સંઘ કાઢ્યો હતો. નાગપુરના પુનડ-શેઠને પણ દ્રવ્ય પ્રાપ્ત થતાં શત્રુંજયનો વિરાટ સંઘ કાઢ્યો હતો.

વિમલમંત્રીનું વિમલવસહિ આ વિમલાચલની યાદગિરિમાં જે શત્રુંજયાવતાર નામથી ઓળખાય છે, જેમાં આ ભક્તે તો દાનની અદ્‌ભુત ગંગા વહાવી છે, જે સં. ૧૦૧૩માં ગુજરાતમાં રાજા ભીમદેવના મુખ્યમંત્રી હતા, પછી સં. ૧૧૦૦માં વિમલવસહિ જિનમંદિરનું નિર્માણ કર્યું. આ જિનાલયની પાછળ ૧૮ કરોડ ને ૫૩ લાખનો ખર્ચ કરી ૧૪ વર્ષમાં બનાવી વિશ્વને આ તીર્થ એક અજાયબી સ્વરૂપે દર્શનાર્થે મૂક્યું. આ જિનાલયના કામ માટે દરરોજ ૧૫૦૦ કારીગર અને ૫૨૦૦ મજૂરો કામ કરતા. આ જિનાલયની જગ્યા માટે ૪ કરોડ ૫૩ લાખ ને ૬૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ. જમીન લેવા માટે જમીન ઉપર ચોરસ સોનામહોર પાથરી બ્રાહ્મણોને આપી પછી આ જગ્યા મળેલી. વિમલ મંત્રીના ભોજન અવસરે ૮૪ શ્રેષ્ઠ જાત્રિકઢોલ વાગતાં અને પ્રતિ પ્રયાણમાં ૨૭ લાખ દ્રવ્યનો વ્યય કરતા. આ મંત્રીએ ૧૨ બાદશાહોને જીતીને ૧૨ છત્ર ગ્રહણ કરેલાં. કુંભારિયાના જિનમંદિર માટે વિમલમંત્રીએ પાયા ખોદાવ્યા ત્યારે તે પાયાને ભરવા માટે સોના–રૂપાની ઈંટોની ૭૦૦ સાંઢો ભરીને લાવેલ તે બધી સલાટોના સલાહથી પાયામાં ધરબાવી દીધી હતી.

આ કુંભારિયામાં પૂર્વે ૩૬૦ જિનમંદિરો હતાં. (આધાર–વિમલપ્રબંધક–અર્બુદાદિ તીર્થ ગુણમાળા).

## અનુપમાદેવીનું ઉજમણું

વર્તમાન યુગમાં થયેલી પરમ શ્રાવિકા જેને શાસ્ત્રમાં ષટ્‌દર્શનીઓની માતા તરીકેનો ઉલ્લેખ મળે છે, જેમણે પોતાનાં વાત્સલ્ય, વૈયાવચ્ચ આદિ ગુણોથી કહેવાય છે કે શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી બનીને વિચરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી લીધું છે, તેમની સુકૃત અનુમોદના કરીએ.

સં. ૧૨૯૨માં અનુપમાદેવીએ જ્ઞાનપંચમીની આરાધના કરી અને તપ પૂર્ણ થયા પછી ભવ્ય ઉજમણું કર્યું, જેમાં ૨૫ સમવસરણ, શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં ૨૫ વાડીઓ, શ્રી ગરવા ગિરનારની તળેટીમા ૧૬ વાડીઓ, તેજલપુરમાં જિનાલય અને પૌષધશાળા, સાધુનાં ઉપકરણોનાં નામવાળાં એટલે કે પાત્રા, ઝોળી, દાંડા, દોરી વ. ગામો વસાવ્યાં.

નંદીશ્વર તપના ઉજમણામાં જ્યાં સુધી શત્રુંજયમાં નંદીશ્વરનું જિનાલય ન બંધાય ત્યાં સુધી એકાસણાં કરેલાં. જિનાલય પૂર્ણ થયા પછી જ એકાસણાં છોડેલ અને ત્યાં 'અનુપમ સરોવર' બનાવેલ. શ્રી આબુ તીર્થની કોરણીના ત્રસણે પણ તેને કારીગરોને શિયાળામાં અતિ ઠંડીના કારણે પૌષ્ટિક ખોરાક, તાપણાં કરાવી ઉદાર દિલથી કોરણીના રજની ભારોભાર નાણાં–રૂપું, સોનું આદિ આપીને ઉત્કૃષ્ટ કારીગરી કરાવી એમને પણ શ્રદ્ધાળુ બનાવ્યા હતા.

☞ સં. ૧૬૭૫ અને ૧૬૮૩માં થયેલા વર્ધમાન શાહ, પદ્માશાહે શત્રુંજય મહાતીર્થની ૯૯ વાર સંઘ સાથે યાત્રા કરી હતી. (જૈન તીર્થ ઇતિહાસ).

☞ સંઘવી કર્માશાહે કરાવેલ શ્રી શત્રુંજયના ઉદ્ધાર વખતે દસ આચાર્ય ભગવંતો હતા અને સૌએ સર્વાનુમતે ઠરાવ કરેલ કે આ તીર્થ ૮૪ ગચ્છોનું છે. (શિલાલેખ).

☞ શત્રુંજય ઉપર રહેલી ચેલણ તલાવડીની નજદીક દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન ભરતચક્રીએ ભરાવેલી જિનપ્રતિમાને નમસ્કાર કરવાથી એકાવતારી થવાય છે. (શત્રુંજય કલ્પવૃત્તિ).

☞ ભરત મહારાજાના સમયમાં—૯૯,૮૯,૮૪,૦૦૦ સંઘપતિઓ થયા હતા. (પ્રબંધ પંચશતી).

☞ સગરચક્રીના સમયમાં—૫૦,૯૫,૭૫,૦૦૦ સંઘપતિઓ થયા હતા.

☞ વિક્રમરાજાના સમયમાં—૮૪,૦૦૦ સંઘપતિઓ હતા.

આ ત્રણે રાજાઓના સમયમાં સંઘો નીકળતા. તેથી અસંખ્ય ભક્તોની ભક્તિ ખીલતી હતી. જિનશાસનમાં આરાધકોની ક્યારેય ઓટ ન આવતી.

આવા જ શ્રી શત્રુંજય ગિરિરાજના પુણ્યપ્રભાવક ભક્તોએ મળીને વર્તમાનકાળમાં આ ગિરિરાજ ઉપર ૩૫૦૭ ભવ્યાતિભવ્ય જિનમંદિરો બંધાવ્યાં છે, જેમાં ૨૭૦૦૭થી અધિક જિનબિંબો હાલ છે જેના પ્રભાવે પ્રતિવર્ષે ચોમાસાં, નવ્વાણું યાત્રાસંઘો, ચોવિહાર છઠ્ઠ કરી સાત જાત્રા કરનારાં સારી સંખ્યામાં જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ.પૂ. ગચ્છાધિપતિ અરિહંત-સિદ્ધસૂરિશ્વરજી મ.સા. હયાત છે, જેમણે છઠ્ઠ કરીને સાત જાત્રા ત્રણસો ઉપર કરી હતી. ધન્ય છે તેઓશ્રીની શ્રદ્ધાને, ધન્ય છે એમના મનોબળને, ઘણાંઓ ત્રીજા ભવે મોક્ષ મેળવવાની ઝંખનાથી આ તપ અને યાત્રા કરતા હોય છે, કારણ કે તેવો ઉલ્લેખ શત્રુંજય લઘુકલ્પમાં જોવા મળે છે, પણ આ પૂજ્યશ્રીને આવતા ભવે જ મોક્ષે જવાની ઝંખના હોય તેવું અનુમાન થાય છે.

ગઢ ગિરનાર એ શત્રુંજયની પાંચમી ટૂંક ગણાય છે. જ્યાંથી આવતી ચોવીશીનાં ભરતક્ષેત્રનાં પદ્મનાભ આદિ બધા તીર્થંકર ભગવંતો નિર્વાણ પામશે અને ૨૩મા, ૨૪મા તીર્થંકરનાં દીક્ષા તથા કેવલજ્ઞાન કલ્યાણક પણ ગિરનારમાં થશે. શ્રી નેમિનાથ પ્રભુના પણ દીક્ષા કેવલ તથા નિર્વાણ કલ્યાણક અહીં થયાં છે. શ્રી મહાવીર પ્રભુએ સૌધર્મેન્દ્રને ગિરનાર તીર્થનો મહિમા વર્ણવ્યો હતો કે કોઈ ચોવીશીના પણ (૧૭થી ૨૪) ભગવંતના દીક્ષા કેવલજ્ઞાન તથા નિર્વાણ ત્રણ કલ્યાણક થયાં છે.

પુણ્યપ્રભાવક આમ રાજા ભક્તનો એક પ્રસંગ છે— એકવાર આ.ભ. બપ્પભટ્ટસૂરિએ વ્યાખ્યાનમાં ગિરનાર તીર્થનો મહિમા વર્ણવ્યો એ વખતે આ રાજાએ અભિગ્રહ લીધો કે નેમનાથ પ્રભુનાં દર્શન વિના ભોજન કરવું નહીં. એ રાજાની સાથે જ ઘણા સાધર્મિકોએ દર્શન વિના ભોજન ન કરવાનો અભિગ્રહ લીધો. તરત જ સંઘની તૈયારી કરી ગિરનારનો સંઘ કાઢ્યો. એ સંઘમાં ૧ લાખ સુભટ, ૧ લાખ ઘોડાઓ, ૭૦૦ હાથીઓ, ૨૦,૦૦૦ ઊંટ, ૩ લાખ પાડા તથા ૨૦ હજાર શ્રાવકોનો પરિવાર હતો.

બત્રીસમાં દિવસે ગિરનાર પહોંચ્યા તે વખતે ગિરનારમાં દિગંબર-શ્વેતાંબર વિવાદ ચઢાવો રાખ્યો. દિગમ્બરો તે તીર્થને સ્વાધીન કરી તીર્થમાળા પહેરી પછી પારણું કર્યું.

## પાવન ગિરિરાજની ગરિમા

અતિમુક્તક કેવલીભગવંતે નારદ ઋષિને ગિરિરાજનો મહિમા આ પ્રમાણે કહેલો—

(૧) અન્ય તીર્થમાં ઉગ્ર તપસ્યાથી, બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ અત્રે માત્ર રહેવાથી પ્રાપ્ત થઈ જાય છે. (૨) ગિરિરાજ ઉપર એક ઉપવાસ કરવાથી એક કરોડ મનુષ્યને ભોજન કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે. (૩) ત્રણે લોકનાં તીર્થના દર્શન ગિરિરાજની સ્પર્શના માત્રથી થઈ જાય છે. (૪) જે સ્થાનોમાં કેવળજ્ઞાની તથા સાધુઓ નિર્વાણ પામ્યા છે તે સ્થાનોને વંદના કરવાથી વંદના થઈ જાય છે. (૫) અષ્ટાપદી સમેતશિખરજી, પાવાપુરીજી, ગિરનારજી, ચંપાપુરીજી વગેરે તીર્થનાં દર્શન-વંદન કરતાં શતગણું ફળ આ તીર્થનાં દર્શન-વંદનથી મળે છે. (૬) અત્રે પૂજા કરવાથી સો ગણું, પ્રતિમા-સ્થાપન કરવાથી હજારગણું તથા તીર્થનું રક્ષણ કરવાથી અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે. (૭) જે અત્રે પ્રતિમા ભરાવે છે તે અવશ્ય ચક્રવર્તીપદ પામે છે. (૮) અત્રે એક તપનું સોગણું ફળ પ્રાપ્ત થાય છે અને છઠ્ઠ કરીને સાત જાત્રા કરે તો ત્રીજા ભવે અવશ્ય મુક્તિ પામે છે. (૯) શત્રુંજયની નદીએ સ્નાન કરનાર ભવ્યાત્મા ગણાય છે. (૧૦) આ તીર્થનાં દર્શનથી સમગ્ર દર્શનની શુદ્ધિ થાય છે. (સારાવલી પયન્ના).

નવા પુણ્યપ્રભાવક ભક્તો બનીને પામવાનો તો મોક્ષ જ એવું પ્રણીધાન રાખીએ. નકર દેવલોકની કેદ છે જ પણ તે કદાચ એકાવતારી બનાવનારી હોય તો જ સારી. નકર મોટું જોખમ છે. માટે નમો સિદ્ધાણં કહી સિદ્ધ ભગવંતોના પરમાણુ-ઓને સ્પર્શીએ. એ જ આપણા માટે અમૃતાનુષ્ઠાન બની શકશે.

પુંડરિક ગણધર—૫ કરોડ, દ્રવિડ-વારિખિલ્લજી —૧૦ કરોડ, શાંબ પ્રદ્યુમ્ન—૮॥ કરોડ, પાંચે પાંડવો —૨૦ કરોડ, નારદજી—૯૧ લાખ, ભરતમુનિ—૫ કરોડ, વાસુદેવની પત્ની—૩૫,૦૦૦, અજિતજિનના સાધુ— ૧૦,૦૦૦, વૈદર્ભી—૪૪૦૦, બાહુબલીજીના પુત્રો—૧૦૦૮, થાવચ્ચાપુત્ર—૧૦૦૦, ગણધર—૧૦૦૦, સેલકાચાર્ય— ૫૦૦, રામ-ભરત—૩ કરોડ, સોમયશા રાજા—૧૩ કરોડ, કદમ્બ ગણધર—૧ કરોડ, અજિતસેન ૧૭ કરોડ સાથે શ્રી સાગર અને ચાર મુનિ એક એક કરોડ સાથે, આદિત્યયશા ૧ લાખ, દમિતારી-૧૪,૦૦૦ આદિને નમો સિદ્ધાણં.

કાંકરે કાંકરે સિદ્ધયાં અનંતા—
આ રહી બેનમૂન ભક્તોની વણઝાર......

- ☞ ભરતચક્રીએ શત્રુંજયની તળેટીમાં ૨૨ યોજનના વિસ્તારવાળાં પાંચ કરોડ ઘરો વસાવીને નગર બનાવેલાં તેમાં ૨૫ લાખ જિનાલયો, પાંચ લાખ પૌષધશાળા અને પાંચ કરોડ બ્રાહ્મણો શ્રાવકો વસાવેલા (પુંડરિક-ચરિત્ર).
- ☞ વીરરાજા શત્રુંજયનો મહિમા સાંભળી સંયમ લઈ વીરસૂરિ બન્યા, અંતે ૩ લાખ સાધુઓ સાથે મોક્ષે ગયા.
- ☞ એક વખત અજિતનાથ ભ. અ. તીર્થે દેશના આપતા હતા તે વખતે ૩ લાખ સાધુઓ મોક્ષ પામેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ આ તીર્થ ઉપર શાંતિનાથ ભ.નું ધ્યાન ધરતાં વજ્જંઘ નામના મુનિ એક લાખ પરિવાર સાથે મોક્ષે પધાર્યા છે.

☞ શાન્તિનાથ ભ.ના ચાતુર્માસમાં ૧,૫૨,૫૫,૭૭૭ મુનિવરો કેવળી બની મોક્ષે ગયેલ.

☞ દંડવીર્ય રાજા સંઘ લઈ આ તીર્થે આવેલ. તે વખતે તેમનાં સંઘમાં રહેલાં સાત કરોડ શ્રાવક–શ્રાવિકાઓ આ તીર્થનાં ધ્યાનમાં મોક્ષ પામેલા.

☞ ધન નામનો મંત્રી ૫૦૦ ભટો સાથે શત્રુંજયે આવ્યો ત્યારે પ્રથમ ૫૦૦ ભટો કેવલી બન્યા પછી મંત્રીને કેવલજ્ઞાન થયું.

☞ પ્રદ્યુમ્ન વગેરે સાડાત્રણ કરોડ કુમારો રાયણવૃક્ષને પ્રદક્ષિણા દેતાં કેવલી બનેલા.

☞ ભરત ચક્રવર્તી પાંચ કરોડ, એમનો પુત્ર ૧ લાખ અને બાહુબલીજીનો પુત્ર ૧૩ કરોડ મુનિવરો સાથે મોક્ષે ગયેલ.

☞ દેવલોકમાંથી સ્વયંપ્રભદેવે શત્રુંજય ઉપર આ પ્રમાણે મોક્ષ પામતાં સાધુઓને જોયેલા. પહેલા દિવસે ૧ લાખ બીજા દિવસે–૧ કરોડ, ત્રીજા દિવસે–૫,૦૦૦, ચોથા દિવસે–૧૦૫, પાંચમા દિવસે–૧૦, છઠ્ઠા દિવસે–૭૦૦, સાતમા દિવસે ૭૨૮ સાધુઓને મોક્ષ પામતાં જોયેલા.

☞ નેમિનાથ ભ.ના શિષ્ય ગૌતમ અણગાર એક માસનું અણસણ કરી આ તીર્થે મોક્ષે ગયેલ.

☞ દેવકીના છ પુત્રો, જાદવપુત્રો, સુવ્રતશેઠ, મંડકમુનિ, સેલકમુનિ, અઈમુત્તામુનિ આ તીર્થે મોક્ષ પામેલ.

☞ નમિ વિદ્યાધરની ૬ પુત્રીઓ ચૈત્ર વદ–૧૪ના દિવસે મોક્ષ પામેલી.

☞ ૧૦ લાખ ખેચર ભક્તો—'પુંડરીકચરિત્ર'માં એક વાત આવે છે કે–ભરત ચક્રવર્તીએ જીર્ણોદ્ધાર કરાવ્યા પછી ૧૦ લાખ ખેચરોએ એવો અભિગ્રહ કરેલો કે અમો સર્વે સર્વદા અહીં જિનપૂજા કરીશું.

☞ દેવદત્ત જ્યારે પુંડરીક ગણધરના હાથે સંયમ લે છે તે વખતે તેમની સાથે ૧૦,૦૦૦ જૈન શ્રાવકો સંયમ લે છે.

☞ સોમદેવ રાજા ૮૦૦ સેવકો અને ૫૦ રાજાઓ સાથે ચંદ્રસૂરિજી પાસે સંયમી બની શત્રુંજય ઉપર મોક્ષે ગયેલ.

☞ આ પરમપવિત્ર તીર્થભૂમિની સ્પર્શના માત્રથી અન્ય તીર્થોની યાત્રા કરતાં કરોડગણું પુણ્ય થાય છે. (ઉપદેશ–પ્રાસાદ).

હવે આ સિદ્ધાચલથી મળતી સિદ્ધિઓ પ્રાપ્ત કેમ થાય ?

☞ શત્રુંજય પર્વતને જોયા વિના શત્રુંજયે યાત્રા જતાં સંઘનું વાત્સલ્ય કરે તો કરોડગણું પુણ્ય થાય (શ્રાદ્ધવિધિ).

☞ અન્ય સ્થાનમાં કરોડ પૂર્વ સુધી ક્રિયા કરતાં જેટલું શુભ ફળ પામે તેટલું ફળ આ તીર્થમાં નિર્મલતાથી કરે તો અંતર્મુહૂર્તમાં પામે.

☞ શત્રુંજય તીર્થમાં રથ મૂકવાથી ચક્રવર્તી થાય.

☞ રાયણવૃક્ષનાં દરેક પાંદડામાં, ફળમાં, થડમાં, દેવવાસ છે માટે પણ છેદવાં નહીં જ.

☞ આ વૃક્ષને પૂજવાથી તાવ ઊતરી જાય.

☞ બે મિત્રો, બે બહેનપણી થતાં આ વૃક્ષની સાક્ષી રાખે તો સુખી થાય.

☞ વૃક્ષ નીચે પડેલી છાલ, પાંદડાંદિના યોગ્ય ઉપયોગથી તો દુષ્ટ રોગો પણ નાશ પામે છે.

☞ ગીતાર્થ ગુરુભગવંત પાસે શ્રી સિદ્ધાચલજીના સાક્ષીએ ભવ આલોચના કરવી જોઈએ. જો ના કરી શક્યા હો અને આ પાવનતીર્થમાં ક્યારેય રાત્રિભોજન, કંદમૂળભક્ષણ, સાતે મહાવ્યસનોના ત્યાગનો નિયમ સત્વરે લઈને રોજ છ આવશ્યક, પૂજા, બાંધી નવકારવાળી ગણવાનું શરૂ કરી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અહોભાવ રાખી પાપોના શુદ્ધિકરણ માટે નીચેનાં તપ કરી શકાય છે, જેથી આપણા આત્માની શુદ્ધિ થઈને નિર્જરા અને સંવર વડે આપણે પણ પરંપરાએ સુખ–સમૃદ્ધિ–સમાધિ–સદ્‌ગતિ અને મોક્ષ પણ વહેલા થકી પામી શકીશું એમાં બે મત નથી.

☞ સોનાની ચોરી કરી હોય તો–ચૈત્રી પૂનમનો ઉપવાસ કરી યાત્રા કરવાથી શુદ્ધ થાય.

☞ વસ્ત્રની ચોરી કરી હોય તો–આ તીર્થે સાત આયંબિલથી શુદ્ધ થાય.

☞ કાંસા–તાંબા–પીત્તળની ચોરી કરી હોય તો–સાત દિવસ પુરિમઢ તપ કરવાથી શુદ્ધ થાય.

☞ મોતી–પરવાળાની ચોરી કરી હોય તો–૧૫ આયંબિલથી શુદ્ધ થાય.

☞ અન્ન–જળની ચોરી કરી હોય તો–સુપાત્રદાનથી શુદ્ધ થાય.

☞ પશુઓની ચોરી કરી હોય તો–મૂળનાયક પરમાત્માની પૂજાથી શુદ્ધ થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

☞ રાજભંડારમાંથી ચોરી કરી હોય તો-કાર્તિક માસમાં સાત આયંબિલથી શુદ્ધ થાય.

☞ સધવા, વિધવા, સાધ્વી સાથે અસદાચારના સેવનથી ઓછામાં ઓછું છ મહિના સુધી તપ કરાય.

☞ બીજાની વસ્તુ પોતે રાખી મૂકે તો-છ માસ સામાયિકથી શુદ્ધ થાય.

☞ પણ આ ખાસ ધ્યાનમાં રાખવું કે અન્ય ક્ષેત્રે ભૂલથી થયેલાં પાપોની શુદ્ધિ આ પાવન તીર્થમાં થઈ શકે છે પણ આ પાવનતીર્થમાં કરેલું પાપ તો નિકાચિત-ચીકણું બને છે. માટે જ કહેવાયું છે કે—

"अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति,
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति।"

તીરથની આશાતના નહીં કરીએ આ સ્તવનને ખાસ બધાએ અર્થ સાથે સમજવા જેવું જ છે.

☞ પુણ્ય પ્રભાવક ભક્ત બન્યા પછી આપણે આ તીર્થના આરાધક-ઉપાસક-સાધક બનતાં શું લાભ થશે ?

☞ આ તીર્થનું ધ્યાન કરવાથી-૧૦૦૦ પલ્યોપમના અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમનાં અને આ તીર્થ તરફ જયણાપૂર્વક ચાલવાથી-એક સાગરોપમ જેટલાં કર્મો નાશ પામે છે. (શત્રુંજય-કલ્પવૃત્તિ).

☞ શ્રી શત્રુંજય તીર્થની ભાવયાત્રા કે શત્રુંજય લઘુકલ્પ અર્થ સાથે સ્મરવા માત્રથી અને આ તીર્થે નવકારશી પણ કરવા છતાં છટ્ઠનો (બે ઉપવાસનો) લાભ થાય છે.

☞ પોરસી, પુરિમઢ, એકાસણું, આયંબિલ, ઉપવાસ કરવાથી અનુક્રમે ૩, ૪, ૫, ૧૫, ૩૦ ઉપવાસનો લાભ મળે છે.

☞ શ્રાવક, દ્રવ્ય અને ભાવપૂર્વક માત્ર કપૂરનો ધૂપ કે દર્શન કે પૂજન કરે તોય ૩૦ ઉપવાસનો લાભ મેળવે છે.

☞ તળેટીમાં એક પહોર જાગરણ કરવાથી-છ મહિનાના ઉપવાસનો લાભ મેળવી શકાય છે.

આ તીર્થનો મહિમા દરેક જાતિવાળાંઓમાં વ્યાપેલો હતો તેથી જ હજારો સંઘો, ભાવસાર, રાજપુતોએ, જૈન, બ્રાહ્મણોએ, કણબીઓએ, લેઉઆઓએ, કંસારાઓએ, ચંડાલોએ પણ કઢાવેલા છે. તેનું વિસ્તૃત વર્ણન પ્રબંધ પંચશતી ગ્રંથમાં જોવા મળે છે, જેમાં નીચી જાતિવાળા સંઘપતિઓ-ભક્તો માત્ર તળેટીની પ્રદક્ષિણા કે સાધના કરીને પાવન થઈ પાછા ફરતા હતા, એટલો બધો વિવેક હતો, સદ્ભાવ હતો. આજે પહેરવેશ, અભક્ષ્ય ખાણીપીણી, અશ્લીલતાએ આ તીર્થને અભડાવા દીધું છે જે તે તુરંત બંધ કે કન્ટ્રોલ કરનારાઓ પણ અનંતી પુણ્યરાશિ એકઠી કરી શકશે. આ તીર્થાધિરાજને અનંતશઃ વંદના.......!



દૃશ્ય ૧
અયોધ્યા શહેરમાં નાભિરાજા અને મરુદેવી,

દૃશ્ય ૨
૧૬ મંગળ સ્વપ્નો.,

દૃશ્ય ૩
સ્વપ્નોનું અર્થઘટન,

દૃશ્ય ૪
મરુદેવી અને ૫૬ દેવી કુમારિકાઓ (દિક્કુમારિકાઓ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સિદ્ધાચલ શણગાર

# વર્તમાન સમયના પ્રભાવક યાત્રાસંઘો

### વર્તમાન સમયના પ્રભાવક યાત્રાસંઘો (તેમાંથી કેટલાક જ લેવાયા છે). વર્તમાન સુવર્ણયુગના અદ્‌ભુત શાસનપ્રભાવક સંઘોમાં—અમુક સંઘો—

[જૈન પ્રતિભાદર્શન-અભિવાદન ગ્રંથના આધારે]

### શાસનસમ્રાટશ્રીની નિશ્રામાં નીકળેલા સંઘો

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીનું સમગ્ર જીવન અનેક વિલક્ષણતાઓથી ભર્યું ભર્યું અને આદર્શરૂપ હતું. તેઓની પ્રેરણા અને ઉપદેશથી થયેલાં અનેક ઐતિહાસિક કાર્યોમાં તેઓશ્રીની શુભ નિશ્રામાં નીકળેલા છ'રીપાલિત સંઘો પણ ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં વીસેક જેટલા છ'રીપાલિત સંઘો નીકળ્યા. તેમાં શેઠશ્રી માકુભાઈનો અમદાવાદથી શ્રી ગિરનાર-સિદ્ધાચલજીનો સંઘ ખરેખર સર્વોપરી યાત્રાસંઘ બન્યો હતો.

પૂર્વકાળમાં વર્ણવાતા શ્રી કુમારપાળ મહારાજા તેમ જ મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલ વગેરેના સંઘોની ઝાંખી કરાવે તેવો આ સંઘ હતો.

પ.પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના જન્મને ૧૨૫ વર્ષ પૂર્ણ થઈ ગયાં છે અને દીક્ષાને પણ ૧૧૦ વર્ષ થવાં આવ્યાં, તો તેમના કાળધર્મનાં ૫૦ વર્ષ પૂર્ણ થયાં છે એટલે એમના દ્વારા થયેલ શાસનપ્રભાવનાનાં મહાન કાર્યો અંગે વિચાર કરવો હોય તો તે સમયની દેશ અને કાળની પરિસ્થિતિને નજરઅંદાજ કરાય નહીં.

તેમની શાસનપ્રભાવનાના કાળ દરમ્યાન વિજ્ઞાન હજુ પાપા પગલી માંડી રહ્યું હતું. ભારતમાં યંત્રયુગની માંડ શરૂઆત થઈ હતી. રેલ્વે પણ હજુ માંડ દેશના કોઈ કોઈ ભાગમાં શરૂ થઈ હતી. ડામર રસ્તાઓ ગણ્યાંગાંઠ્યાં મોટાં ચાર-પાંચ શહેરોને જ જોડતા હતા. એ સમયમાં એક ગામથી બીજે ગામ જવું પણ બહુ ભારે કઠિન કામ ગણાતું હતું. તેવા સમયમાં તીર્થયાત્રા તો માંડ ૨૦-૨૫ વર્ષે એકાદવાર અથવા તો જિંદગીનો અંત સમય નજીક આવતો જણાય ત્યારે શ્રી સિદ્ધગિરિ, શ્રી ગિરનાર કે એવા કોઈ મોટા તીર્થની યાત્રા કરવા સામાન્ય જૈન જતો.

પૂજ્ય શાસનસમ્રાટશ્રીની નિશ્રામાં નીકળેલા અનેક સંઘોમાં સૌ પ્રથમ વિ.સં. ૧૯૫૦માં જામનગરમાં ચાતુર્માસ કર્યા બાદ ત્યાંના શ્રાવક શ્રેષ્ઠી શ્રી સૌભાગ્યચંદ કપૂરચંદ તરફથી જામનગરથી ગિરનાર થઈ સિદ્ધગિરિનો છ'રીપાલિત સંઘ નીકળ્યો. ફક્ત પાંચ જ વર્ષના દીક્ષાપર્યાયમાં અને ફક્ત ૨૧ વર્ષની ભરયુવાન વયે સેંકડો યાત્રીઓના સંઘને નેતૃત્વ પૂરું પાડ્યું અને તે પણ બે-ચાર દિવસ પૂરતું નહીં પણ લગભગ એક મહિના સુધી. બહુ અદ્‌ભુત કહેવાય એવું આ મહાન કાર્ય હતું. સંઘ જામનગરથી ગિરનાર આવ્યો ત્યાં શ્રી નેમનાથ પ્રભુની સૌએ ભક્તિભાવપૂર્વક યાત્રા કરી. ત્યારબાદ ક્રમશઃ પાલિતાણા આવ્યા અને શ્રી આદીશ્વરદાદાનાં દર્શન-પૂજન કરી સૌ પાવન બન્યાં. સંઘપતિ **શ્રી સૌભાગ્યચંદભાઈએ મુનિશ્રી નેમવિજયજીના પવિત્ર હસ્તે તીર્થમાળ પહેરી.**

વિ.સં. ૧૯૫૪માં મુનિશ્રી નેમવિજયજીએ સ્તંભતીર્થ (ખંભાત)માં શેઠશ્રી અમરચંદ પ્રેમચંદ તથા એમના પુત્ર શેઠશ્રી પોપટભાઈ અમરચંદની વિનંતીથી ચાતુર્માસ કર્યું. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની ધર્મદેશનાના પ્રતાપે **શેઠશ્રી અમરચંદભાઈએ ખંભાતથી** સિદ્ધગિરિનો છ'રીપાલિત યાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢ્યો.

વિ.સં. ૧૯૫૫ની શરૂઆતમાં પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળેલ આ તીર્થયાત્રા સંઘમાં, આજથી બરાબર ૧૦૦ વર્ષ પૂર્વે, લગભગ ૭૦૦ થી ૮૦૦ યાત્રિકો જોડાયાં હતાં.

વિ.સં. ૧૯૫૮નું ચાતુર્માસ પરાવર્તન વિદ્યાશાળાના ટ્રસ્ટી **આગેવાન શ્રાવક ઝવેરી છોટાલાલ લલ્લુભાઈએ કરાવ્યું** અને ત્યારબાદ અમદાવાદથી સિદ્ધગિરિનો છ'રીપાલિત સંઘ તેઓએ મુનિશ્રી નેમિવિજયજી મહારાજની નિશ્રામાં કાઢ્યો. આ સંઘમાં બે હજાર યાત્રિકો હતાં, એટલું જ નહીં ૯૬ વર્ષ પહેલાં આ સંઘ સાણંદ-વીરમગામ-વઢવાણ-લીમડી-બોટાદ-વલ્લભીપુર થઈ પાલિતાણા પહોંચ્યો હતો અને આવા લાંબા રસ્તે પૂજ્યશ્રીના સાધુપર્યાયનાં ૧૫ જ વર્ષમાં આવો વિશાળ સંઘ તેમની નિશ્રામાં હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ.સં. ૧૯૬૦નું ચોમાસું પૂજ્યશ્રીએ અમદાવાદમાં કર્યું. ત્યારબાદ શેઠ વાડીલાલ જેઠાભાઈએ પૂજ્યશ્રીના ઉપદેશથી અમદાવાદથી સિદ્ધાચલજીનો છ'રીપાલિત સંઘ કાઢ્યો.

વિ.સં. ૧૯૬૦માં મુનિશ્રી નેમવિજયજીને પ.પૂ. પં.શ્રી ગંભીરવિજયજી મહારાજે યોગોદ્વહન કરાવી વલ્લભીપુર (વળા)માં ગણિ-પંન્યાસપદ આપ્યાં તો **વિ.સં. ૧૯૬૪માં** અદ્દભુત મહોત્સવપૂર્વક ભાવનગરમાં આચાર્યપદ આપ્યું. અને તે ચાતુર્માસ ભાવનગરમાં જ કર્યું અને ત્યારબાદ **શેઠશ્રી હીરાભાઈ ચકુભાઈ** તરફથી ભાવનગરથી પાલિતાણાનો છ'રીપાલિત સંઘ નીકળ્યો.

વિ.સં. ૧૯૬૫માં મહુવા ચાતુર્માસ કર્યું, ત્યારબાદ વિહાર કરી તેઓશ્રી ત્રાપજ પધાર્યા. ત્યાં શ્રી ધરમશીભાઈ વારૈયાએ સિદ્ધગિરિનો છ'રીપાલિત સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢ્યો.

વિ.સં. ૧૯૭૬માં જ તેઓશ્રી જાવાલ પધાર્યા. ત્યાં તેઓશ્રીના ઉપદેશથી શા. મનરૂપમલજી ગુલાબચંદજી તથા શા. મલચંદજી વનાજીએ જાવાલથી શ્રી સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો. આ સંઘ માર્ગમાં જીરાવલાજી ત્રણ દિવસ રહ્યો.

વિ.સં. ૧૯૮૦માં અમદાવાદના શ્રી મોહનભાઈ ગોકળદાસે સિદ્ધાચલજીનો છ'રીપાલિત સંઘ પૂ. શાસનસમ્રાટશ્રીની પ્રેરણાથી કાઢ્યો, પરંતુ પૂજ્યશ્રીની શારીરિક અનુકૂળતા ન હોવાથી તેઓશ્રીએ પૂ. આ. શ્રી દર્શનસૂરિજી મ.સા.ને સંઘમાં મોકલ્યા.

વિ.સં. ૧૯૮૨ના પાટણ ચાતુર્માસ બાદ શેઠશ્રી નગીનદાસ કરમચંદને શ્રી સિદ્ધગિરિનો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં કાઢવાની ભાવના હતી પરંતુ પાલિતાણા સ્ટેટ સાથે વાંધો પડવાથી સમગ્ર ભારતના જૈન સંઘોએ તે દિવસોમાં શત્રુંજયની તીર્થયાત્રા બંધ કરી હતી તેથી તેઓએ ગિરનાર તથા કચ્છ (ભદ્રેશ્વર) તીર્થનો સંઘ કાઢ્યો.

આ સંઘમાં પૂ. આ. શ્રી વિજયનીતિસૂરિજી, પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરિજી, વાચનાચાર્ય શ્રી માણિક્યસિંહસૂરિજી, પં. શ્રી ભક્તિવિજયજી (રાધનપુરવાળા) આદિ અનેક પૂજ્ય મુનિપુંગવો સપરિવાર પધાર્યા હતા.

વિ.સં. ૧૯૮૪નું ચાતુર્માસ ખંભાતમાં પૂર્ણ થયું ત્યારે અર્થાત્ વિ.સં. ૧૯૮૫ની કાર્તિકી પૂર્ણિમાએ પૂજ્યશ્રીનું ચાતુર્માસ શેઠશ્રી તારાચંદ સાકળચંદ પટવાએ બદલાવ્યું ત્યારે વ્યાખ્યાનમાં ગિરિરાજ અને છ'રીપાલિત સંઘનો મહિમા વર્ણવતાં શેઠશ્રીને સંઘ કાઢવાની ભાવના થઈ, અને તેમના તરફથી ખંભાતથી શત્રુંજય તીર્થનો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યો. વિ.સં. ૧૯૮૫ના શુભ દિને પ્રયાણ કર્યું અને માગસર વદ-૩૦૨૨૮ તા. ૨૯-૧૨-૨૮ના પાલિતાણામાં નગર પ્રવેશ થયો. પાલિતાણાની યાત્રા છૂટી થયા પછી બે વર્ષના લાંબા યાત્રા-વિરહકાળ પછી આ સૌ પ્રથમ સંઘ હતો અને તેના સામૈયામાં પાલિતાણા સ્ટેટના દીવાન સાહેબ શ્રી ચીમનભાઈ પણ આવ્યા હતા. આજે ખંભાતનિવાસી સંઘવીજીના કુટુંબીઓ તથા ખંભાતના જૂના શ્રાવકો પણ આ સંઘને યાદ કરે છે.

વિ.સં. ૧૯૮૬માં મહુવાના શ્રેષ્ઠી શ્રી કસળચંદભાઈ તરફથી મહુવાથી સિદ્ધગિરિનો છ'રીપાલિત સંઘ કાઢવામાં આવ્યો.

વિ.સં. ૧૯૮૮ના બોટાદના ચાતુર્માસ બાદ ધોલેરાના શ્રાવકો **શ્રી હરિલાલ પુરુષોત્તમદાસ, શ્રી દલીચંદ પુરુષોત્તમદાસ,** શ્રી ચૂનીભાઈ ગોવિંદજીભાઈ દોશી (માસ્તર) અને શ્રી પાનાચંદ ઝવેરચંદ ગાંધીની વિનંતીથી ધોલેરાથી સિદ્ધગિરિનો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યો. દાદાની શીતળ છાયામાં સંઘપતિઓને તીર્થમાળ પહેરાવવામાં આવી. સૌને બાર ગાઉની સ્પર્શનાનો ભાવ જાગતાં સંઘ સાથે પૂજ્યશ્રી પણ તેમાં પધાર્યા.

પૂજ્યશ્રીના ઉપદેશથી ઘોઘાના વતની શા. રાયચંદ લલ્લુભાઈને સંઘ કાઢવાની ભાવના થતાં પૂજ્યશ્રીની નિશ્રામાં વિ.સં. ૧૯૯૦ ઘોઘાથી શ્રી સિદ્ધગિરિજીનો છ'રીપાલિત સંઘ ઘણા જ ઉલ્લાસપૂર્વક કાઢવામાં આવ્યો.

વિ.સં. ૧૯૯૦ના ઐતિહાસિક મુનિસંમેલન બાદ પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ જાવાલ ચાતુર્માસ કર્યું. ત્યારબાદ શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈ ભગુભાઈ (મકુભાઈ શેઠ)ને ગિરનાર અને સિદ્ધગિરિનો સંઘ કાઢવાની ભાવના થતાં પૂજ્યશ્રી અમદાવાદ આવ્યા અને પૂજ્યશ્રીની નિશ્રામાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં અદ્વિતીય કહેવાય એવો અભૂતપૂર્વ સંઘ નીકળ્યો.

ત્યારબાદ સંઘ અમરેલી આવ્યો. અમરેલીમાં ગાયકવાડી રાજ્ય હતું. ગાયકવાડ સરકારે પણ સંઘને સુંદર સગવડ કરી આપેલ. સંઘપ્રવેશના સામૈયામાં અમરેલીના સૂબા શ્રી પીલાજીરાવ ગાયકવાડે હાજરી આપી. મહાજનનું માનપત્ર પણ તેમના હસ્તે સંઘવીજીને અર્પણ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ ભાવનગરની હદમાં પ્રવેશ્યો ત્યારે ભાવનગર રાજ્ય તરફથી સુંદર બંદોબસ્ત કરવામાં આવેલ. કુંડલામાં ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીના પ્રમુખપણા હેઠળ મહાજન તરફથી સમ્માનસમારંભ યોજાયો. તેમાં દીવાન સાહેબે સંઘવીજીના પિતાશ્રી મનસુખભાઈ સાથેના સંબંધોનું સ્મરણ કરી સંઘવીજીને હાર્દિક અભિનંદન આપ્યાં અને કહ્યું : "ધર્મસત્તા એ એક મહાન સત્તા છે, જેની આગળ રાજસત્તાએ નમવાનું જ હોય."

ભાવનગરની હદ પૂરી કરી સંઘ પાલિતાણા રાજ્યમાં પ્રવેશી ગારિયાધાર આવ્યો, ત્યાં પાલિતાણાના દીવાન શ્રી મૂળરાજકુમારસિંહજી દર્શનાર્થે આવી ગયા. ત્યાંથી સંઘ ઘેટી થઈ પાલિતાણા આવ્યો ત્યારે મહા વદિ બીજ હતી. સંઘનો પ્રવેશ નવ વાગ્યાનો હતો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએથી સામૈયું આવ્યું. સામૈયામાં યાત્રાળુઓ ઉપરાંત બહારગામથી સંઘનાં દર્શન માટે આવેલ યાત્રાળુઓની સંખ્યા ચાલીશ હજાર ઉપર હતી. સામૈયામાં પાલિતાણાના ના. ઠાકોરસાહેબ પણ આવ્યા હતા અને દીવાનસાહેબ તો પહેલેથી હાજર હતા. સાંજે સંઘવીજીએ ગાર્ડન પાર્ટી યોજી ના. ઠાકોર સાહેબને સપરિવાર આમંત્ર્યા અને તેમના પરિવારને વિવિધ પહેરામણી આપી.

શેઠ આ. ક. પેઢી તરફથી લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ સાચા હીરા અને રત્નોથી જડિત મુગટ, તિલક, હંસ, બાજુબંધ, શ્રીફળ વગેરે દયાળુ દાદાને તીર્થમાળના દિવસે સૌ પ્રથમવાર ચઢાવવાનો નિર્ણય થતાં, મુગટ ચડાવવાનો આદેશ સુરતવાળા શેઠ ફતેહચંદ પ્રેમચંદ ઝવેરીએ રૂા. ૧૫૦૦૧=૦૦માં લીધો. તિલકનો આદેશ શેઠ મયાભાઈ સકરચંદે, હંસનો આદેશ શેઠ રતિલાલ નાથાલાલ લલ્લુભાઈએ, શ્રીફળનો આદેશ શેઠ ભગુભાઈ ચૂનીલાલે અને બાજુબંધનો આદેશ શેઠ ગુલાબચંદ નગીનદાસે લીધો.

દાદાના જિનાલયના શિખર માટે ૯૩૦૬ તોલા ચાંદીનો કળશ કરાવેલ. તેના ઉપર ૧૮૭ તોલા ૭ વાલ સોનું ચઢાવેલ. આ કળશપ્રતિષ્ઠાનો આદેશ શેઠ ચીમનભાઈ લાલભાઈ (હીરાચંદ રતનચંદવાળા)એ રૂા. ૪૫૦૧માં લીધો.

મહા વદિ પાંચમે સંઘ સહિત પૂજ્યશ્રીની નિશ્રામાં દાદાને ઉપરોક્ત આભૂષણો અને શિખર ઉપર કળશ ચડાવવામાં આવ્યા. સંઘવીશ્રી માણેકભાઈ શેઠ અને સંઘવણ શ્રીમતી સૌભાગ્યલક્ષ્મી-બહેને રૂા. ૫૦,૦૦૦=૦૦ની કિંમતનો રત્નજડિત હાર પ્રભુજીને ચડાવ્યો અને બંનેએ પૂજ્યશ્રીના હસ્તે તીર્થમાળ પહેરી.

ત્યારબાદ નીચે આવી બીજે દિવસે સંઘ બાર ગાઉની પ્રદક્ષિણા કરવા ગયો. હસ્તગિરિ–કદંબગિરિની યાત્રા કરી સંઘ પુનઃ પાલિતાણા આવ્યો. ત્યાં પાલિતાણામહાજને તથા ગુરુકુળ વગેરે અનેક સંસ્થાઓએ સંઘવીજીને દીવાન સાહેબના હસ્તે માનપત્ર આપ્યાં. સંઘવીજીએ સર્વત્ર ઉદાર રકમોનું દાન આપ્યું.

'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'એ આ મહાન સંઘનું વર્ણન કરતાં તેને કુમારપાળ મહારાજાના સંઘની સાથે સરખાવ્યો. બીજા વર્તમાનપત્રોએ પણ સંઘ તથા સંઘવીજીને સુંદર શબ્દોમાં બિરદાવ્યા.

વિ.સં. ૧૯૯૦માં મુનિસંમેલન પહેલાં પૂજ્ય શાસનસમ્રાટશ્રીની પ્રેરણાથી શા. રાયચંદ લલ્લુભાઈએ ઘોઘાથી સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો.

વિ.સં. ૧૯૯૪માં પૂ. શાસનસમ્રાટશ્રી, પૂ. સાગરજી મ., પૂ. મોહનસૂરિજી મ. આદિની શુભ નિશ્રામાં શેઠ પોપટલાલ ધારશીભાઈ તથા તેમના ભત્રીજા શેઠ ચૂનીભાઈ લક્ષ્મીચંદે જામનગરથી ગિરનાર–પાલિતાણાનો યાદગાર છ'રીપાલિત સંઘ કાઢ્યો. (આ સંઘની વિસ્તૃત વિગત શેઠશ્રી પોપટલાલ ધારશીભાઈના આ ગ્રંથમાં અન્યત્ર પ્રગટ થયેલ જીવનચરિત્રમાં આપવામાં આવી છે.)

વિ.સં. ૧૯૯૪ના ભાવનગરના ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની પ્રેરણાથી ઘોઘાના શા. કાંતિલાલ વિઠ્ઠલદાસે તેઓશ્રીની નિશ્રામાં ઘોઘાથી સિદ્ધગિરિનો છ'રીપાલિત સંઘ કાઢ્યો.

વિ.સં. ૧૯૯૬ના અમદાવાદના શેઠ દલપતભાઈ મગનભાઈનાં ધર્મપત્ની શ્રી લક્ષ્મીભાભુ (શ્રી હઠીસિંહ કેસરીસિંહવાળા)એ પૂજ્યશ્રીની નિશ્રામાં પાલિતાણાથી કદંબગિરિ તીર્થનો ૧૫૦૦ યાત્રાળુનો છ'રીપાલિત સંઘ કાઢ્યો.

## પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજી મ.ની નિશ્રામાં

માલવાડાથી શ્રી સિદ્ધગિરિજીનો સંઘ (સં. ૨૦૪૬) પૂજ્યશ્રી આદિ વિ.સં. ૨૦૪૨–૪૩–૪૪' અને ૪૫ એમ ચાર ચાતુર્માસ મુંબઈ બિરાજમાન હતા. શા. વરદીચંદજી ભલાજીને સંઘ કાઢવાનો અભિગ્રહ હતો અને તે એવો કે જ્યાં સુધી સંઘ ન કાઢું ત્યાં સુધી વરસીતપનું પારણું ન કરવું અને સંઘ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં જ કાઢવો. ગમે તેવી નાંદુરસ્ત તબિયતમાં પણ તેઓ પોતાના નિયમમાંથી જરાયે ચલિત થયા નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના સુપુત્રો ગવરીચંદ, થાનમલ, દેવરાજ અને ચૂનીલાલ પૈકી ચૂનીલાલની તીવ્ર ભાવના હતી કે, પિતાજીનો અભિગ્રહ જલ્દીથી પૂરો કરવો. તેઓ પૂજ્યશ્રી પાસે આવી વારંવાર વિનંતી કરતા હતા તેમ જ બીજી બાજુ સંઘની જોરદાર તૈયારી પણ કરતા રહ્યા. તેમની વિનંતીથી પૂ. આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ., પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. આદિ ઠાણા મુંબઈથી કા. સુ. ૧૫ બાદ ઉગ્ર વિહાર કરી માલવાડા (રાજસ્થાન) પધાર્યા. શા. વરદીચંદ ભલાજી પરિવારે સંઘના પ્રયાણ નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઊજવ્યો. પોતાના પરિવારમાં કંઈક વિઘ્ન આવી ગયું છતાં તેને જરા પણ મન ઉપર ન લેતાં સંઘના કાર્યમાં કે સંઘની ભક્તિમાં કોઈ જાતની કમી ના રાખી. માલવાડા ગામના પ્રત્યેક ઘરમાં આનંદ-ઉલ્લાસનું મોજું ફરી વળ્યું.

સં. ૨૦૪૬ મહા સુદિ પાંચમના મંગલમય દિને માલવાડાથી છ'રીપાલિત સંઘનું શુભ પ્રયાણ થયું. ગામેગામ સંઘનાં સામૈયાં-સંઘપૂજન અને સાધર્મિકભક્તિની ધૂમ મચી, લોકો હર્ષઘેલાં થઈ ગયાં. ત્રણસો જેટલાં યાત્રિકો અને તેટલા જ બીજા કાર્યકર્તાઓ અને સ્ટાફના માણસોથી ભર્યોભર્યો સંઘ વચમાં અનેક તીર્થો-ગામોની સ્પર્શના અને જૈનશાસનની જોરદાર પ્રભાવના કરતો શ્રી સિદ્ધગિરિની છાયામાં વલ્લભીપુર પહોંચ્યો.

સાંજે ગામ બહાર બધાં જ યાત્રિકો ગયાં. ગિરિરાજને નજરે નિહાળી ભક્તિઘેલાં બનેલાં યાત્રિકો નાચવા-કૂદવા લાગ્યાં. સૌએ મનમૂકીને ગિરિરાજની ભક્તિ કરી. સોના-રૂપાનો વરસાદ વરસાવ્યો. તે પછી તો ગિરિરાજ નજીક ને નજીક આવતાં ગયાં અને જ્યાં પાલિતાણા પહોંચ્યા ત્યાં તો ગિરિરાજનાં દર્શન કરી સૌએ ધન્યતા અનુભવી. ફા.વ. ૧ના દિવસે ભવ્ય પ્રવેશમહોત્સવ ઊજવાયો. પૂ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભ-સૂરીશ્વરજી મ.સા. તથા પૂ.પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.સા. આદિ સપરિવાર છ-સાત મુકામ સંઘમાં સાથે પધારતાં સંઘમાં આનંદ-આનંદ છવાઈ ગયો. સામૈયું તળેટીએ પહોંચી, ગિરિરાજને વધાવી સ્તવના કરી, કેસરિયાજીનગર આવી ત્યાં વ્યાખ્યાન થયું. ૩૩ **દિવસનો લાંબો સંઘ શ્રી દેવ-ગુરુ-ધર્મના પસાયે હેમખેમ દાદાની છાયામાં આવી ગયો.**

સૌ અનુમોદના તો સંઘવી વરદીચંદજીની કરતાં હતાં કે જેમણે છ'રી પાળતા સંઘ કાઢવાની ભાવનાએ દશ-દશ વરસીતપની સળંગ આરાધના કરી. તેઓ ચાલુ વરસીતપે અને મોટી ઉંમરે ખુલ્લા પગે સંઘમાં ચાલતા હતા. તેના પરિવારના બીજા સભ્યો પણ એકાસણાં કરવાપૂર્વક ચાલતા હતા.

ગુરુકુળમાં મુકામ હતો ત્યાં જ સંઘવી તરફથી યાત્રિકોને સોનાના ચેઈનની પ્રભાવના કરવામાં આવી હતી. ફા.વ. ૩નો દિવસ સંઘવી પરિવાર માટે સુવર્ણ દિન હતો. હોંશભેર ગિરિરાજ ચડી દાદાને ભેટ્યા. દાદાના દરબારમાં સ્નાત્રમંડપમાં પૂ. આચાર્યભગવંતોની નિશ્રામાં ચતુર્વિધ શ્રીસંઘની વિપુલ હાજરીમાં અનેરા ઉલ્લાસ-ઉમંગથી માળારોપણ થયું. માળા પહેરનાર તથા પહેરાવનાર બધાએ જાત જાતના અભિગ્રહો લીધા.

આ રીતે સુશ્રાવક વરદીચંદભાઈની ભાવનાને તેઓના સુપુત્રોએ બહુ જ સારી રીતે પરિપૂર્ણ કરી.

## સાબરમતીથી શ્રી સિદ્ધગિરિજીનો સંઘ (સં. ૨૦૫૩) :

પૂ. આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.સા. આદિ ઠાણા સુરત-નાનપુરા-દિવાળીબાગ જૈન ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન હતા. તે દરમ્યાન **શા. રૂપચંદ ડાહ્યાભાઈ પરિવાર** બે-ત્રણ વાર શ્રી સિદ્ધગિરિજીના છ'રી પાળતા સંઘના મુહૂર્ત માટે તથા તેમાં પધારવાની વિનંતી માટે આવ્યા. ખૂબ ખૂબ આગ્રહ પછી તેઓની વિનંતી સ્વીકારી પૂજ્યશ્રી સપરિવાર સુરતથી વિહાર કરી અમદાવાદ-સાબરમતી પધાર્યા.

શા. રૂપચંદ ડાહ્યાભાઈ પરિવાર તરફથી સંઘપ્રયાણ નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઊજવવામાં આવ્યો. શ્રી રૂપચંદ ડાહ્યાભાઈ, તેમનાં ધર્મપત્ની જશુમતીબહેન તથા તેમના સુપુત્રો અશોકભાઈ, ચંદ્રકાંતભાઈ, ભરતભાઈ, પંકજભાઈ, સંજયભાઈ વગેરે સમગ્ર પરિવારના જ નહીં પરંતુ સાબરમતી (રામનગર) જૈન સંઘના આબાલવૃદ્ધ સૌનાં હૈયામાં આનંદનો મહાસાગર હિલોળા મારી રહ્યો હતો.

સંઘમાં આવવા ગામેગામનાં લોકો થનગનતાં હતાં. કોને પ્રવેશ આપવો અને કોને નહીં એની વિકટ સમસ્યા થઈ ગઈ. પણ સંઘવીજીની ઉદારતાના કારણે કોઈને નિરાશા અનુભવવી પડી નહીં.

પોષ સુદ ૧૫ના દિવસે ત્રણેય પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સપરિવાર તથા સાબરમતીમાં ચાતુર્માસ બિરાજમાન સ્વ. શાસનપ્રભાવક પૂ. આચાર્યશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા.નાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યરત્નો પૂ. આચાર્યશ્રી વિજયમાનતુંગસૂરિજી મ.સા., પૂ. આચાર્યશ્રી વિજયઈન્દ્રસેનસૂરિજી મ.સા. તથા પૂ. આચાર્યશ્રી વિજયસિંહસેનસૂરિજી મ.સા. આદિ સપરિવાર તથા વિશાળ સંખ્યામાં સો જેટલાં સાધ્વીજી મહારાજો આદિની શુભ નિશ્રામાં સંઘનું શાનદાર પ્રયાણ થયું. સાતસો જેટલાં યાત્રિકોમાં નાની ઉંમરવાળાં તથા મોટી ઉંમરવાળાં પણ ચાલતાં હતાં.

પૂ. આચાર્યશ્રી મહાયશસાગરસૂરિજી મ. વગેરે પણ સંઘમાં સાથે પધાર્યા હતા. આમ સાત આચાર્યમહારાજો સહિત ૨૫ મુનિમહારાજો અને ૧૦૦ સાધ્વીજીઓ સહિતનો આ સંઘ એક પછી એક ગામો થઈને ચડતા ઉલ્લાસે આગળ વધતો વલ્લભીપુર પહોંચ્યો, ત્યાં સૌએ ગિરિરાજને ઉત્કટ ભક્તિથી વધાવ્યા.

સંઘ જ્યારે સોનગઢથી આગળ માલપરા આવ્યો ત્યાં સાંજે ખેતરમાં જઈ ગિરિરાજને વધાવવાનો વિશિષ્ટ કાર્યક્રમ ગોઠવ્યો હતો. ગિરિરાજનું ચૈત્યવંદન કરી પછી સ્તુતિ કરીને સૌએ સોના-રૂપાનો જાણે વરસાદ વરસાવ્યો હોય એ રીતે ગિરિરાજને વધાવ્યા! રૂપચંદ ડાહ્યાભાઈના હૈયામાં તો આનંદના ઓઘ ઊભરાયા, તેમને ઊંચકીને બધા ખૂબ નાચ્યા.

પાલિતાણા પહોંચતાં દિગંબર ધર્મશાળાએથી સંઘનું સામૈયું થયું. સામૈયામાં પાલિતાણામાં બિરાજમાન **પૂ. આચાર્ય ભગવંતશ્રી વિજયરામસૂરીશ્વરજી મ. આદિ પૂજ્ય આચાર્યભગવંતો આદિ પધાર્યા. તળેટીએ પહોંચી સૌ ગિરિરાજની ભક્તિ-સ્તવનમાં ગાંડાં-ઘેલાં થઈ ગયાં.**

'સાબરમતી યાત્રિક ભવન'માં સંઘનો ઉતારો હતો. રાત્રે સંઘવી પરિવારનું બહુમાન કરવામાં આવ્યું તથા સંઘમાં જેમણે જેમણે સુંદર સેવા બજાવી હતી તે બધાંનું પણ સમ્માન કરવામાં આવ્યું.

પોષ વદ ૩ની વહેલી સવારે સૌ તૈયાર થઈ ગિરિરાજ ઉપર કતારબદ્ધ રીતે ચડવા લાગ્યાં. ગિરિરાજના ગુણો ગાતાં-ગાતાં ચડતાં યાત્રિકો ઉપર ચડવાના થાકને પણ ભૂલી ગયાં. ઉપર જઈ દાદાનાં દર્શન-વંદન-સ્તવનથી સૌ ભાવિકો આનંદમાં મશગુલ બની ગયાં. ભાવિકોના મુખમાંથી એકાએક શબ્દો સરી પડ્યા.

"મારો ધન્ય બન્યો આજે અવતાર, મળ્યા મને પરમાત્મા;
કરું મોંઘો ને મીઠો સત્કાર કે, મળ્યા મને પરમાત્મા."

દાદાની છાયામાં અને ચતુર્વિધ સંઘની હાજરીમાં અપૂર્વ આનંદોલ્લાસપૂર્વક સંઘપતિ પરિવારને તીર્થમાળ પરિધાનની ક્રિયા કરાવવામાં આવી. સંઘવીશ્રીએ ઉદારતાપૂર્વક ચડાવા બોલી શ્રી આદીશ્વર દાદાની ચંદનપૂજા-પુષ્પપૂજા અને મુગટપૂજાનો લાભ લીધો. ગામોગામ સંઘવી પરિવાર તથા યાત્રિકોએ બધાં જ ક્ષેત્રોમાં મન મૂકીને લાભ લીધો.

આ સંઘની મોટી ખૂબી એ હતી કે—એમાં સંઘવી પરિવારે પોતાના માથે કોઈ પણ જાતની જવાબદારી રાખી નહોતી. જાણે પોતે પણ બીજા યાત્રિકોની જેમ યાત્રિક તરીકે જ સંઘમાં હોય તેવી રીતે છ'રી નિયમોનું પાલન કરતાં હતાં; પરિવારનાં નાનાં-મોટાં સભ્યો બધાં પગે ચાલતાં હતાં અને એકાસણાં કરતાં હતાં. સંઘવી રૂપચંદજીએ તો આખા સંઘ દરમ્યાન શરૂઆતમાં આયંબિલ અને તે પછી અભિગ્રહ એટલે કે અમુક જ દ્રવ્ય વાપરવાપૂર્વકનાં એકાસણાં કર્યાં હતાં.

## અમદાવાદથી શ્રી સિદ્ધગિરિજીનો સંઘ (સં. ૨૦૪૫) :

**પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના પૂ. પંન્યાસશ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.સા. તથા પૂ. મુનિશ્રી રાજહંસવિજયજી મ.સા.** આદિ પાલિતાણા કેસરિયાજી નગરમાં વિ.સં. ૨૦૪૪માં ચાતુર્માસ બિરાજમાન હતા. તે વખતે **અમદાવાદ-નીલમ એપાર્ટમેન્ટ (આંબાવાડી)થી શ્રી પાર્શ્વ મિત્રમંડળના ભાઈઓ** છ'રી પાળતા સંઘ માટે વિનંતી કરવા આવ્યા. તેઓની વિનંતીથી પૂજ્યશ્રી પાલિતાણાથી અમદાવાદ પધાર્યા અને અમદાવાદથી અઢાર દિવસનો ૩૦૦ આસપાસ માણસોનો સંઘ ખૂબ જ ઉલ્લાસ-ઉમંગથી નીકળ્યો. ગામો-ગામ જિનભક્તિ, સાધર્મિકભક્તિ, જીવદયા તથા અનુકંપાદાન સારાં એવાં થયાં.

પાલિતાણામાં પ્રવેશનું ભવ્ય સામૈયું તથા માળારોપણ પ્રસંગ શાસનપ્રભાવનાપૂર્વક ઊજવાયો.

પાલિતાણાથી શ્રી સિદ્ધગિરિજીની બાર ગાઉની પ્રદક્ષિણાનો સંઘ (સં. ૨૦૫૧) વિ.સં. ૨૦૫૦માં પૂ. આચાર્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.સા., પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.સા. આદિ પાલિતાણા-કેસરિયાજીનગરમાં ચાતુર્માસ બિરાજમાન હતા. તેઓની પ્રેરણાથી શા. ભોગીલાલ આશારામ પરિવાર તરફથી શ્રી સિદ્ધગિરિજીનો બાર ગાઉની પ્રદક્ષિણાનો છ'રી પાળતો સંઘ ઘણા જ ઉલ્લાસ-ઉમંગપૂર્વક નીકળ્યો. ૨૫૦ આસપાસ યાત્રિકોનો દસ દિવસનો આ સંઘ કોઈ અનોખો જ હતો. રોજ રોજ સિદ્ધગિરિજીનાં દર્શન કરીને તેના પાવન પરમાણુઓથી પવિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનતાં યાત્રિકો ખૂબ જ ભાવવિભોર બનતાં હતાં.

ઉદારતાપૂર્વક સંઘવી પરિવારે લાભ લીધો. પાલિતાણામાં પ્રવેશ તથા દાદાના દરબારમાં તીર્થ માળારોપણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ. વર્ષો બાદ આ રીતના સંઘનો નવો ચીલો પડેલો જોઈ સૌએ ઘણો જ આનંદ અનુભવ્યો.

## પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

પૂ. શાસનસમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.સા.ની શુભ નિશ્રામાં વિ.સં. ૨૦૪૦માં પાલિતાણાથી જૂનાગઢનો સંઘ, જેમાં રાજસ્થાન-સાંડેરાવના વતની અને પૂના નિવાસી શ્રી **ચંદનમલજી ભીકમચંદજી સંઘવી હતા. વિ.સં. ૨૦૪૧માં પાલિતાણાથી શંખેશ્વરનો સંઘ શ્રી શાંતિલાલ હેમાજી મુથા પરિવારે શાસનપ્રભાવના-પૂર્વક કાઢ્યો હતો. તે સિવાય પણ પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મ.સા.ની નિશ્રામાં નાના પણ યાદગાર છથી સાત સંઘો નીકળેલા. વલ્લભીપુરથી પાલિતાણા, ઘોઘાથી પાલિતાણા, મેથળાથી સિદ્ધાચલજી,** મહિદપુરથી મક્ષીજી, ઉન્હેલથી નાગેશ્વર, નવસારીથી અલીપોર, અમદાવાદથી કલિકુંડ ધોળકા વગેરે યાદગાર સંઘો રહ્યા.

વિ.સં. ૨૦૪૪ની સાલમાં અમદાવાદથી પાલિતાણા તથા ૨૦૫૨ની સાલમાં શ્રેષ્ઠીવર્ય મણિલાલ લાલચંદ ગળીવાળાએ અમદાવાદથી સિદ્ધાચલજીનો સંઘ ભારે અનુમોદનીય રીતે કાઢ્યો હતો.

પૂ. આ. શ્રી ચંદ્રોદયસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી સોમચંદ્રસૂરિજી મ.સા. આદિની પ્રેરક નિશ્રામાં સં. ૨૦૫૪માં મુંબઈ-મુલુન્ડથી પાલિતાણાનો ૫૬ દિવસનો ૪૦૦ યાત્રિકો સાથેનો સંઘ ગામે-ગામે જિનશાસનની પ્રભાવના કરતો નીકળ્યો હતો. સાતેય ક્ષેત્રમાં તથા અનુકંપા-જીવદયાનાં વિશિષ્ટ કાર્યો થવા સાથે સંઘયાત્રાનું વિશિષ્ટ આયોજન થયું હતું.

પૂ. આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આ. શ્રી વિજયસુશીલસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘોમાં વિ.સં. ૨૦૩૮ તખતગઢથી સિદ્ધગિરિ-પાલિતાણા તીર્થ, વિ.સં. ૨૦૫૧ જાવાલથી પાલિતાણા-સિદ્ધગિરિ તીર્થના બે સંઘ પણ હતા.

સં. ૨૦૫૧ જાવાલથી પાલિતાણા-સિદ્ધગિરિ તીર્થ, (૩૦) સં. ૨૦૫૪ જાવાલીથી રાણકપુરજી તીર્થ.

## પૂ. આ. શ્રી વિજયકુંદકુંદસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલ શ્રી વલ્લભીપુરથી શત્રુંજયતીર્થનો છ'રીપાલિત સંઘ

પ.પૂ. શાસનસમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના **પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ.સા.ના શિષ્ય પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.સા.** આદિ ઠાણા તેમજ સાધ્વીશ્રી મંજુલયશાશ્રીજી તથા સાધ્વીશ્રી રમણયશાશ્રીજી આદિ ઠાણાની શુભ નિશ્રામાં **સંઘપતિશ્રી ભૂપેન્દ્રભાઈ ગિરધરલાલ ભૂધરલાલ ઊંટવાળા સપરિવારના આર્થિક સહયોગથી ૨૨૫ યાત્રિકોનો ૬ દિવસનો** વલ્લભીપુરથી શત્રુંજય તીર્થનો છ'રીપાલિત ના સંઘ નીકળ્યો હતો.

સંઘપ્રયાણ વિ.સં. ૨૦૫૫ના મહા વદ ૭ અને મહા વદ ૧૦ના પાલિતાણા નગર પ્રવેશ. શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સંઘપતિનું સમ્માન, પ્રાચીન અને ગામના મુખ્ય દેરાસરે દર્શન અને જૂની પેઢીમાં ગાદી ઉપર સંઘપતિ બિરાજમાન થઈ તીર્થ પ્રતિ પ્રયાણ કરી આદિનાથ દાદા તથા શત્રુંજયના જયનાદ સાથે તીર્થ તળેટીનાં દર્શન-વંદન-સ્પર્શના કરી કેસરિયાજી-નગરમાં માંગલિક અને રાત્રે યાત્રિકગણ તથા સ્વજનો દ્વારા સંઘપતિનું બહુમાન અને સંઘપતિ દ્વારા સંઘસંચાલકો તથા સ્વયંસેવકોનું બહુમાન કરવામાં આવેલ.

**મહા વદ ૧૧ દાદાના દરબારમાં તીર્થમાળારોપણની વિધિ** પૂ. આ. શ્રી કુંદકુંદસૂરિજી મ.સા.ના વરદ્ હસ્તે સંપન્ન થઈ. આ સાથે **સંઘપતિ શ્રી ભૂપેન્દ્રભાઈ તથા તેમનાં ધર્મપત્ની શ્રી પ્રવીણાબહેને ચતુર્થ બ્રહ્મચર્યવ્રત લીધું.**

## પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

ભાવનગરથી પાલિતાણા વિ.સં. ૨૦૫૩ કાર્તિક વદ ૪થી કાર્તિક વદ ૧૦ સંઘવી શ્રી જસવંતરાય ગિરધરલાલ વેલચંદભાઈ ગોળવાળા-પચ્છેગામવાળા (હાલ શાસ્ત્રીનગર-ભાવનગર), યાત્રિક સંખ્યા ૫૦૦.

વલ્લભીપુરથી પાલિતાણા વિ.સં. ૨૦૫૪ મહા સુદ ૫-થી મહા સુદ ૧૦, શ્રી ચંદ્રદીપક જૈન સ્નાત્ર મંડળ (મુંબઈ-પાલિતાણા) તરફથી યાત્રિક સંખ્યા ૪૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

(૧) પૂજ્યપાદશ્રીઓની પરમ તારક નિશ્રામાં વિ.સં. ૨૦૨૮ મહા સુદ ૧૪ સાબરમતીથી કાછોલી (રાજ.) નિવાસી તપસ્વી શેઠશ્રી ધનજીભાઈ કાનજીભાઈ, શેઠશ્રી છોટુભાઈ કાનજીભાઈ, શેઠશ્રી બાલુભાઈ કાનજીભાઈ પરિવારે તીર્થાધિરાજશ્રી શત્રુંજય ગિરિરાજના છ'રીપાલિત સંઘનો લાભ લીધો, જેમાં ૭૦ વર્ષથી પણ અધિક-જૈફ વયનાં અનેક ભાવિકોએ પગપાળા તીર્થયાત્રા કરી જીવનને સફળ બનાવ્યું. (૨) વિ.સં. ૨૦૩૧માં સાબરમતીથી ભારજા (રાજ.) નિવાસી તપસ્વી શેઠશ્રી કપૂરચંદજી, શેઠશ્રી કેસરીમલજી શાહ-પરિવારના તીર્થાધિરાજશ્રી શત્રુંજય ગિરિરાજનો છ'રીપાલિત સંઘ ૪૦૦થી અધિક યાત્રીઓએ તીર્થયાત્રાનો લાભ લીધો. (૩) વિ.સં. ૨૦૩૫ ખીમતનિવાસી શેઠશ્રી લલ્લુભાઈ ઉગરચંદ શાહના સુપુત્રો શ્રી ઉત્તમલાલ તથા શ્રી વસંતલાલ પરિવારના તીર્થાધિરાજશ્રી શત્રુંજય ગિરિરાજના છ'રીપાલિત સંઘમાં ૩૦૦થી અધિક યાત્રિકોએ લાભ લીધો. (૪)ચોક (પાલિતાણા) નિવાસી ચંપાબહેન રમણીકલાલ તલકચંદ શાહના સુપુત્રો શેઠશ્રી રસિકભાઈ, જિતેન્દ્રભાઈ, જગદીશભાઈ, ભદ્રેશભાઈ પરિવારે **ચોકથી સિદ્ધગિરિના છ'રીપાલિત સંઘનો લાભ લીધો. (૫) સાબરમતી (અમદાવાદ) નિવાસી શેઠશ્રી ચંદુલાલ મૂળચંદ શાહ કારેલીવાળા પરિવારે વલ્લભીપુરથી શ્રી સિદ્ધગિરિના છ'રીપાલિત સંઘનો લાભ લીધો.**

## રાજનગરથી શત્રુંજયનો છ'રીપાલક સંઘ

પ.પૂ. આ.શ્રી કૈલાસસાગરસૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં રાજનગરથી શત્રુંજયનો છ'રીપાલક સંઘ શ્રી ધનરાજજી પરિવાર તરફથી અનેક વિશેષતાયુક્ત નીકળેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં બીજા અનેક સંઘો પણ નીકળેલ.

## રાધનપુરથી સિદ્ધાચલજી (પાલિતાણા)નો સંઘ

પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં સં. ૨૦૪૯માં રાધનપુરથી સિદ્ધાચલજીનો છ'રીપાલક સંઘ ભારે ઠાઠમાઠથી નીકળેલ. કાનજીભાઈ જેચંદભાઈ ગાંધીનું આ યાત્રા સંઘમાં ભારે મોટું યોગદાન હતું. તે સિવાય પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ.સા.ની નિશ્રામાં શિવગંજ ઓશવાળ પંચ શ્રીસંઘ તરફથી નાણા દિયાણાનો પણ સંઘ નીકળેલ. તે સિવાય શંખેશ્વર પાલિતાણા, ભદ્રેશ્વર-ભીલડીઆજી વગેરેના સંઘો પણ નીકળેલ.

## પૂજ્યપાદ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂ. આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલ સંઘ

શ્રી શત્રુંજય-ગિરનાર છ'રીપાલિત સંઘ : વિ.સં. ૨૦૫૨ માગસર વદ ૬ના ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરક નિશ્રામાં સંસ્કૃતિને પ્રેરતો અને આધુનિકતાને નહીં સ્પર્શતો સૈકાજૂની યાદ અપાવતો છ'રીપાલિત યાત્રાસંઘ નીકળ્યો. સુરતના આગેવાન શ્રેષ્ઠીશ્રી રતનચંદ પ્રેમચંદ ઝવેરીના સુપુત્રો અમરચંદ રતનચંદ ઝવેરી અને પ્રવીણચંદ્ર રતનચંદ ઝવેરી સંઘવી હતા.

## પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં વિવિધ સંઘયાત્રાઓ

શ્રી સાગરાનંદ સમુદાયમાં યોગીપુરુષ પૂ. પં. શ્રી અભયસાગરજી મ.ના વિનેય શિષ્ય સમર્થ વ્યાખ્યાનકાર પૂ. આ. શ્રી અશોકસાગરસૂરિજી મ.ની પ્રેરક નિશ્રામાં છેલ્લા સાડાત્રણ દાયકામાં અસંખ્ય યાત્રાસંઘોનાં સફળ આયોજનો થયાં, જેમાં **અમદાવાદથી પાલિતાણાનો સંઘ-સંઘવી શ્રી ભીમરાજ હંસરાજ શાહ, ઇંદોરથી ચિત્તોડગઢ-સંઘસમિતિ, રતલામથી પાલિતાણા-સંઘવી ખેમચંદજી કોસ્વા, પાલિતાણા-સંઘવી ભૂરાલાલ ભૂખણદાસ, વલ્લભીપુરથી પાલિતાણા-રસિકભાઈ દવાવાળા, પાલિતાણાથી ગિરનાર-રતનચંદ પ્રેમચંદ ઝવેરી, વલ્લભીપુરથી પાલિતાણા-સંઘવી શ્રી દીપચંદજી જૈન (નાગેશ્વરવાળા), ધંધુકાથી પાલિતાણા-સુમનબહેન બાબુલાલ** આ સિવાય પણ અન્ય સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળેલા.

## વરતેજથી પાલિતાણા-શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો છ'રીપાલિત સંઘ

વિ.સં. ૨૦૩૮માં પ્રાયઃ પ્રથમવાર વરતેજથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાચલનો છ'રી પાળતો સંઘ **પૂ. સાધ્વીજી શ્રી સૂર્યશિશુ મ., સા. શુભોદયાશ્રીજી મ. તથા સા. અમિતગુણાશ્રીજી મ.ની** પ્રેરણા અને સાંનિધ્યે સંઘપતિઓ (૧) **શા વ્રજલાલ દેવચંદભાઈ** કામદાર **સહપરિવાર, (૨) શાહ ચત્રભુજભાઈ ભવાનભાઈ અને (૩) સુશ્રાવિકા પદ્માબહેન** તરફથી નીકળ્યો હતો. **૧૫૦ યાત્રિકો** સાથે સંઘ શિહોર, પીપરલા, મોખડકા થઈ પાલિતાણા પહોંચતાં દાદાના દરબારમાં તીર્થમાળ-વિધિ સાનંદ સંપન્ન થઈ હતી. માળના દિવસે ૨૦૦ ઉપરાંત સાધુ-સાધ્વીજી મહારાજોની ભક્તિનો લાભ લેવામાં આવેલ. એકંદરે સંઘ શાસનપ્રભાવક અને યાદગાર બન્યો હતો.

## તીર્થોદ્ધારક આ. શ્રી નીતિસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

પ.પૂ. તીર્થોદ્ધારક આ.દેવ શ્રી નીતિસૂરિજીએ સં. ૧૯૪૯ના અ. સુ. ૧૧ના દિવસે મહેરવાડામાં દીક્ષા લીધી. સં. ૧૯૫૦ મ. સુ. ૪, શુક્રવારે સીપોરમાં વડીદીક્ષા થઈ. ૧૯૫૨નું ચોમાસું અમદાવાદ લુહારની પોળે ચાતુર્માસ કર્યું. 'ચોમાસા દરમ્યાન **વ્યાખ્યાનમાં શત્રુંજય માહાત્મ્ય'** વાંચવાનું શરૂ કર્યું. એથી પ્રભાવિત થઈ આસ્ટોડિયા ઢાલની પોળ (**અમદાવાદના શેઠ મોતીલાલ વીરચંદ ચાલીસ-હજારે** ચોમાસા પછી તુરત જ શત્રુંજયનો સંઘ કાઢવાની પ્રતિજ્ઞા કરી અને ધામધૂમથી સંઘ કાઢ્યો. તેમાં ૪૦૦૦ યાત્રિકો, ૫૦૦ બળદગાડાં (એ ટાઈમે મોટર ન હતી) ૫૦૦ કર્મચારીઓ હતાં. તેમની નિશ્રામાં આ પહેલો સંઘ હતો.

## પૂ. આચાર્યશ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરક નિશ્રામાં નીકળેલા સંઘો

ભાભરથી શંખેશ્વર તીર્થનો સંઘ, આ યાત્રાસંઘમાં બે હજાર યાત્રિકો હતાં. તખતગઢથી શત્રુંજય તીર્થના સંઘમાં અંદાજે ૫૦૦ યાત્રિકો હતાં. પોમાવાથી પાલિતાણા સંઘમાં અંદાજે ૫૦૦ યાત્રિકો હતાં. પાલિતાણાથી ગિરનાર તીર્થના યાત્રાસંઘમાં ૨૫૦ યાત્રિકો હતાં. આ ઉપરાંત જીરાવલાથી પાલિતાણા, પાળોળાથી પાલિતાણા, રાજનગરથી પાલિતાણાના સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યા હતા.

વિ.સં. ૨૦૨૦માં પૂ. આ. શ્રી મહેન્દ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં શંખેશ્વરથી પાલિતાણા તીર્થયાત્રા સંઘમાં ૪૦૦ થી ૫૦૦ યાત્રિકો જોડાયેલ. સંઘપતિશ્રી કેસરીમલજી સંઘવી (શિવગંજવાળા).

## ગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

★ 'શ્રી વીસલપુર (રાજ.)થી વલ્લભીપુર થઈ શ્રી શત્રુંજયનો છ'રીપાલિત સંઘ' યાત્રિકોની સંખ્યા-૬૦૦.

★ શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. પૂ. તપગચ્છ સંઘ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય તરફથી શ્રી શત્રુંજય મહાતીર્થની ચઉવિહાર છઠ્ઠ કરી સાતયાત્રા-યાત્રિકો-૧૫૦.

★ હિમાંશુભાઈ ઝવેરીના સહયોગથી શ્રી સિદ્ધાચલ મહાતીર્થની ચઉવિહાર છઠ્ઠ કરી સાતયાત્રા યાત્રિકો-૧૦૦૦.

## પૂ. આ. શ્રી વિજયહેમપ્રભસૂરિજી મ.સા.ની પ્રેરક નિશ્રામાં નીકળેલા સંઘો

વિ.સં. ૨૦૩૬ ખિવાન્દીથી સિદ્ધગિરિ તીર્થ-પાલિતાણા સંઘયાત્રામાં ૪૦૦ યાત્રિકો હતા. આ સંઘના સંઘપતિ શાહ નરસિંગજી રીખબાજીએ શાસનપ્રભાવનાનો સારો લાભ લીધો હતો.

વિ.સં. ૨૦૪૮ મોરવાડાથી પાલિતાણા સંઘયાત્રાનું ૨૯ દિવસનું આયોજન હતું. સંઘમાં ૫૦૦ જેટલાં યાત્રિકો હતાં. સંઘવી રાજકરણ રીખવચંદ દોશી અને તેમના સુપુત્રો સુરેશભાઈ, અશોકભાઈ, અરવિંદભાઈ વગેરેએ શાસન-પ્રભાવનાનો અમૂલ્ય લહાવો લીધો હતો.

## વિ.સં. ૨૦૫૪ પછીના ડેહલાવાળા સમુદાયની નિશ્રામાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થના સંઘ અને ૯૯ યાત્રા

રત્નત્રયીનો સંગમ સાધતી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની સાધના-આરાધના ને પ્રભાવના પ.પૂ. તપાગચ્છાધિપતિ રામસૂરીશ્વરજી મહારાજા જ્યારે મુનિ અવસ્થામાં હતા ત્યારે વિ.સં. ૧૯૯૮ના છેક પાલિતાણા ગામમાં રોકાઈને કોઈપણ આડંબર વગર આ ગિરિરાજની ૧૦૮ યાત્રા જાતે ચાલીને વિધિપૂર્વક કરી છે. તે પછી પૂજ્યશ્રી શેષકાળમાં વિહાર કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવવાનું થાય તો યાત્રા કરી જાતા પણ ચોમાસું ન કરતા, કારણ સાધુજીવન માટે અત્રે ગોચરીપણાના આદિ દોષોની સંભાવના સતત રહે અને બીજા ક્ષેત્રો સિદાય. વિ.સં. ૨૦૪૫નાં પૂજ્યશ્રીની નિશ્રામાં જ પ.પૂ. આ.ભ. ૐકાર સૂરીશ્વરજી, પ.પૂ. આ.ભ. અરવિંદસૂરીશ્વરજી, પ.પૂ. આ.ભ. યશોવિજયસૂરિ મ.સા. આદિ ઠાણાઓની સાથે બનાસકાંઠા વાવથી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો ભવ્યાતિભવ્ય છ'રીપાલિત સંઘ નીકળ્યો હતો તે પૂર્વે અને પછી અનેક સંઘોમાં પૂજ્યશ્રીએ આગાર અને જયણાને પ્રાધાન્ય આપીને સંઘોમાં નિશ્રા પ્રાપ્ત કરી હતી.

વિ.સં. ૨૦૫૪ની સાલનું ભવ્ય ચાતુર્માસ ધાનેરા નિવાસી શ્રેષ્ઠીવર્ય ચિમનલાલ મહાજની પરિવારના અતિ આગ્રહના કારણે અને ઉંમર ઢળતી સાંજને લક્ષમાં રાખીને આરાધનાના ભાવથી સમ્મતિ આપી હતી. તે વખતે તે પરિવારે હસમુખભાઈ-નયનભાઈ આદિએ ઉદાર દિલે પાલિતાણામાં આવતાં યાત્રાળુઓની સાધર્મિક ભક્તિ ચારે મહિના કરી હતી. દરેક માટે રસોડું ખુલ્લું રહેતું. તે ચોમાસામાં જ બન્ને આચાર્યપદવીઓ ઉલ્લાસભેર સમ્પન્ન થઈ હતી. એક થયા આ.ભ. રત્નચંદ્રસૂરીશ્વરજી અને બીજા બન્યા આ.ભ. જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા., જેઓશ્રીએ પૂજ્યશ્રીની નિશ્રામાં સત્યાવીશ વર્ષ અખંડ સેવાનો લાભ મેળવ્યો છે.

પ.પૂ. આ.ભ. અભયદેવસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નવ્વાણું યાત્રાનું આયોજન થયું હતું. ત્યારબાદ ૨૦૬૪ની સાલે તેમના જ શિષ્યરત્ન પ.પૂ. આ.ભ. રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સત્તર દિવસનો અમદાવાદથી પાલિતાણાનો ભવ્યાતિભવ્ય સંઘ અને નવ્વાણુ યાત્રાનું આયોજન પણ થયું છે. સાથે સાથે—

પ.પૂ. તપાગચ્છાધિપતિ સંઘસ્થવિર આ.ભ. રામસૂરીશ્વરજી મહારાજાના આચારચુસ્તતાના પરમગુણાનુરાગી, નિશ્રિત સાધુઓના ઘડવૈયા, તેમના યોગક્ષેમને જ પોતાનું કર્તવ્ય સમજનારા યુવાચાર્ય આ.ભ. જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૧૭ની સાથે દોઢસો આરાધકોને નવ્વાણું યાત્રા કરાવવા નિશ્રા પ્રદાન કરી છે. શ્રી નવજીવન સંઘ-મુંબઈના ત્રણ શ્રેષ્ઠી પરિવારોએ લાભ લઈ બીજાં નવજીવન સંઘનાં ૧૧૦ આરાધકોને ચોવિહાર છઠ્ઠની સાત યાત્રાનું આયોજન કરી પુણ્યાનુબંધી પુણ્યનો અનેરો લાભ પ્રાપ્ત કર્યો છે.

અમદાવાદથી શાશ્વત પરિવારના ઉપક્રમે પ્રાયઃ ૧૯૦ આરાધકોએ પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ચોવિહાર છઠ્ઠની સાત યાત્રાનું આયોજન થયું તેમાં પૂજ્યશ્રીએ છઠ્ઠનો યાત્રાળુઓને ખાસ સૂચન આપેલું કે, "છઠ્ઠ કરી સાત યાત્રા કરનાર આરાધકોએ અઠવાડિયા પૂર્વે જ આવી ગિરિરાજની રોજ એક-બે યાત્રાની પ્રેક્ટિસ કરી શરીરને તથા મનને પ્રથમ કેળવવું જોઈએ. આવીને તરત કરવાથી જોખમની સંભાવના રહે છે, યાત્રાનો ઉત્સાહ-ભાવ ટકવો મુશ્કેલ બને છે. જ્યાં છઠ્ઠ કર્યા પછી ધર્મકરણીની બધી જ જિમ્મેદારી વધી જાય છે. ત્યાં માત્ર ત્રીજા ભવે મોક્ષ મેળવવા રાત્રિભોજન-કંદમૂળ આદિ છોડવાના સંકલ્પો થાય તો જીવનમાં અધ્યાત્મનો પ્રારંભ થાય.

વિ.સં. ૨૦૫૫ ધર્મવિહાર-પાલડી-અમદાવાદથી પાલિતાણા સંઘનું સામુદાયિક આયોજન હતું. સત્તર દિવસના આ યાત્રાસંઘમાં ૪૦૦ યાત્રિકો જોડાયેલ. પૂ. આ. શ્રી ધર્મસૂરિજી મ.સા.ના સમુદાયના પૂ. સાધ્વીશ્રી કુમુદશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.ની વિશેષ પ્રેરણા પ્રાપ્ત થયેલ.

**વિ.સં. ૨૦૫૫ વલ્લભીપુરથી પાલિતાણા સુધીના આ** યાત્રાસંઘનું વિશિષ્ટ આયોજન બે પ્રભાવક પરિવારોનું સંયુક્ત આયોજન હતું. **સંઘવી સુધીરભાઈ કેશવલાલ ભણસાલી** કલકત્તાવાળા તથા શશીબહેન કાંતિલાલ મહેતાએ સાત દિવસના આ યાત્રાસંઘની શાસનપ્રભાવનાનો સારો લાભ લીધેલ.

## પૂ. આ.શ્રી વિજયમોહનસૂરિજી મ.સા.ના સમુદાયના પૂ. આચાર્ય-ભગવંતો આદિની નિશ્રામાં નીકળેલા કેટલાક સંઘોની સંક્ષિપ્ત નોંધ

મુંબઈથી પાલિતાણા : વિ.સં. ૨૦૩૩માં મુંબઈથી શત્રુંજય મહાતીર્થ તથા વિ.સં. ૨૦૩૪માં પાલિતાણાથી ગિરનાર તીર્થ. મુંબઈના અગિયારેક શ્રેષ્ઠીવર્યોએ સંઘ કાઢેલ. શાસનપ્રભાવક મહારથીઓ પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યભગવંતશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.સા., યુગદિવાકર પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા., પૂ. સાહિત્યકલારત્ન યશોવિજયજી મ., પૂ. શતાવધાની જયાનંદવિજયજી મ. આદિની નિશ્રામાં સંઘ નીકળેલ. પૂ. સાધુ-સાધ્વીજી મ.સા. ૩૦૦ ઠાણા સહસંઘ યાત્રિકો ૨૦૦૦ હતા. પૂરા સાજ સાથે સાતેય ક્ષેત્રોમાં વિપુલ સંપત્તિનો સદ્વ્યય કરેલ. દોઢ માસનો રસાલા સાથે સંઘ આવેલ. ભવ્ય યાત્રા સંઘો તરીકે પંકાયેલા અને ઐતિહાસિક રીતે બિરદાવેલા આ બન્ને મહાસંઘોમાં અદ્‌ભુત ઔદાર્યથી ગામે-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામ ધર્મક્ષેત્રે અને અનુકંપાક્ષેત્રે સંપત્તિનો જોરદાર સદ્‌વ્યય થયો હતો.

ઉપરોક્ત પ્રમાણે જ બન્ને આચાર્યો તથા નૂતન આચાર્યશ્રી વિજયયશોદેવસૂરિજી મ.સા. તથા આચાર્યશ્રી વિજય જયાનંદસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં ગિરનાર-ગિરિવરનો સંઘ નીકળેલ.

જેતપુરના (જેતપુર કાઠીનું) મુખ્ય પોરવાડ શ્રેષ્ઠી વલ્લભદાસ ફૂલચંદ પરિવાર તથા વસા હીરાચંદ ચત્રભુજ પરિવાર તરફથી શ્રી મોહનસૂરિ સમુદાયનાં નવકારાદિ કરોડો મંત્રજાપના આરાધક સાધ્વીરત્ના પૂ. પદ્મયશાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી જેતપુરથી ગિરનારનો સંઘ નીકળેલ. પૂ. સાધુ ભગવંત-સાધ્વીજી મ.સા. ઠાણા ૧૦ તથા યાત્રિકોની સંખ્યા ૨૦૦ હતી.

## કવિકુલકિરીટ પૂ. આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા. અને તેઓશ્રીના સમુદાયના પૂ. આચાર્ય-ભગવંતોની નિશ્રામાં નીકળેલ સંઘો

પંજાબ દેશોદ્ધારક પૂ. આત્મારામજી (આ. ભગવંત વિજયાનંદસૂરીશ્વરજી) મ.સા.ના સમુદાયના

પૂ. આ. ભ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ખંભાતથી પાલિતાણાનો સંઘ સંઘવી કાંતિલાલ કેશવલાલ વજેચંદે સં. ૨૦૦૧માં કાઢેલ. સંઘવીજીએ ઉદાર હાથે સંપત્તિનો સદ્‌વ્યય કર્યો હતો. પૂજ્યપાદશ્રી સાથે પૂ. આ. શ્રી લક્ષ્મણસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી ભુવનતિલકસૂરિજી મ.સા., મુનિશ્રી જયંતવિજયજી મ., મુનિશ્રી વિક્રમવિજયજી મ., મુનિશ્રી પ્રવીણવિજયજી મ. આદિ હતા.

પિંડવાડાથી પાલિતાણાનો સંઘ (છ'રીપાલિત સંઘ) પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરિજી મ.સા.ની નિશ્રામાં પંન્યાસશ્રી કુલચંદ્રવિજયજી મ.સા.ના સંસારી બંધુ રીખવચંદજી પીંડવાડા-વાળાએ કાઢ્યો હતો. વચમાં શંખેશ્વર આદિ અનેક તીર્થો અને શહેરો આવેલાં, જેમાં અનેરી શાસનપ્રભાવના થઈ હતી.

હિંગોલી (મહારાષ્ટ્ર)થી સિદ્ધાચલ તીર્થનો સંઘ સં. ૨૦૪૮માં પૂ. તપસ્વી આ. શ્રી વારિષેણસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘવીજી ઇન્દ્રચંદજી પ્રેમરાજજી સોની (હિંગોલી), ચંદનમલજી બરડીઆ (કારંજા) અને સાવંતરાજજી કોઠારી દ્વારહ્‌વાવાલા (મહારાષ્ટ્ર)એ કાઢ્યો હતો. રસ્તામાં અનેકવિધ શાસનપ્રભાવનાઓ બરાબર રજનીભાઈ દેવડીએ જે દિવસે અભિષેક કરાવેલા તેના આગલા દિવસે પાલિતાણા તીર્થમાં સંઘયાત્રા પહોંચી હતી.

પાલિતાણાથી હસ્તગિરિનો સંઘ પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી મ.સા., પં. શ્રી વીરરત્નવિજયજી મ., પં. શ્રી વિનયસેનવિજયજી મ. આદિની નિશ્રાએ નીકળ્યો હતો. તેમાં મદ્રાસવાળા સંઘપતિ હતા. હસ્તગિરિમાં પૂ. આ. શ્રી રવિપ્રભસૂરિજી મ.સા., પૂ. આ. શ્રી અજિતસેનસૂરિજી મ.સા.ની નિશ્રામાં માળારોપણ થયેલ.

પાલિતાણાથી કદંબગિરિની સંઘયાત્રામાં પૂ. આ. શ્રી વારિષેણસૂરિજી મ.સા., પં. શ્રી વાચસ્પતિવિજયજી મ., પૂ. આ. શ્રી પુણ્યોદયસાગરસૂરિજી મ.સા. અને પૂ. આ. શ્રી ધર્મધ્વજસૂરિજી મ. સા., ઉપા. શ્રી વસંતવિજયજી મ., પં. શ્રી વિનયસેનવિજયજી મ.સા., ગણિવર્યશ્રી રાજેશવિજયજી મ.સા. આદિ પધાર્યા હતા. આ સંઘના સંઘપતિ માણેકબહેન બોથરા કલકત્તાવાળાં હતાં.

નિશ્રા : પ્રવર્તક મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મ.સા. (૧) દાદરથી થાણા દિવસ-પાંચ આયોજક શ્રી આ. ક. લબ્ધિસૂરિ જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ, (૨) ગારિયાધારથી પાલિતાણા, દિવસ ચાર. આયોજક શ્રી ગારિયાધાર મહાજન સંઘ (૩) કલ્યાણથી થાણા-દિવસ ત્રણ, આયોજક વાકગામ મુરબાડવાસી પૂ. સાધ્વીજીનો સંસારી પરિવાર.

## કલકત્તાથી શ્રી સિદ્ધગિરિ-પાલિતાણાનો શાસનપ્રભાવક યાત્રાસંઘ

આ જ રીતે વિ.સં. ૨૦૩૦માં કલકત્તાથી તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીનો ઐતિહાસિક અને યાદગાર છ'રીપાલિત યાત્રાસંઘ તીર્થપ્રભાવક પૂ. આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં, ૧૧ સંઘપતિઓ તરફથી, શ્રી રાજેન્દ્રભાઈ દલાલના સંયોજન-સંચાલન નીચે ૫૦૦ યાત્રિકો સાથે નીકળ્યો. ૨૦૧ દિવસના અને લગભગ ૨૮૦૦ કિલોમીટરના આ છ'રીપાલિત યાત્રાસંઘનું કારતક વદિ ૩ના દિવસે કલકત્તાથી મંગલ પ્રસ્થાન થયું અને જેઠ સુદિ ૧૩ના પાલિતાણા-સિદ્ધાચલ તીર્થધામમાં સમાપન થયું.

સંઘ-પ્રયાણના શુભ પ્રસંગે સમગ્ર કલકત્તાનાં ભાવિકો તેમજ ભારતના ખૂણે ખૂણેથી ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહ્યાં. આ સમયે એટલો તો માનવ મહેરામણ ઊમટ્યો કે જ્યારે હાવરાબ્રિજ પરથી યાત્રાસંઘ પસાર થયો ત્યારે ભાવિકો અને યાત્રિકો સૂત્ર પોકારતા હતા કે "હાવડાબ્રિજ છોટા હૈ, સંઘ હમારા મોટા હૈ." જેનો પ્રારંભ મહાન હોય તેની પૂર્ણાહુતિ પણ એટલી જ મહાન હોય છે અને આ પ્રારંભ અને પૂર્ણાહુતિને જોડતા દિવસો–મુકામો પણ એટલા જ મહાન શાસનપ્રભાવક બન્યા હતા. દરરોજનાં હજાર–હજાર દર્શનાર્થીઓ પરમાત્માના મંગલમય શાસનનો જયજયકાર કરતા હતા. બંગાલ, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત જેવા પ્રાંતોમાં 'જૈનં જયતિ શાસનમ્'ની એક ભવ્ય ગુંજ આ મહાન યાત્રાસંઘ દ્વારા ગુંજિત બની હતી.

આ યાત્રાસંઘમાં પણ બે ભાઈઓ અને પાંચ બહેનોની દીક્ષા થઈ હતી. પરમાત્માની કલ્યાણક ભૂમિઓ તથા રાજસ્થાન અને ગુજરાતના અનેક નાનાં–મોટાં તીર્થોની સ્પર્શના થઈ હતી. સ્વગચ્છ અને પરગચ્છ, સ્વ સંપ્રદાય અને પર સંપ્રદાયનાં અનેક સાધુ–સાધ્વીજી પણ શાસનરાગ અને સ્નેહથી યાત્રાસંઘનાં દર્શનનો લાભ લેતાં હતાં.

આ યાત્રાસંઘના છેલ્લા મુકામ સિદ્ધાચલ તીર્થધામ–પાલિતાણામાં ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક નગરપ્રવેશ થયો હતો અને એ જ રાતે શ્રી શત્રુંજય–ગિરિરાજ પર શ્રી આદીશ્વર દાદાની પરમ પાવન છત્રછાયામાં તીર્થ–માળારોપણનો પ્રસંગ પણ પરમ હર્ષોલ્લાસ સાથે પરિપૂર્ણ થયો હતો.

આ ઐતિહાસિક યાત્રાસંઘો ઉપરાંત પૂજ્ય આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં (૧) બિજાપુર (કર્ણાટક)થી કુલ્પાકજી તીર્થનો ૪૪ દિવસનો યાત્રાસંઘ અને (૨) અમદાવાદથી પાલિતાણાનો યાત્રાસંઘ અનુપમ શાસનપ્રભાવનાપૂર્વક નીકળ્યો હતો.

*સિદ્ધાંત મહોદધિ સુવિશાલગચ્છનિર્માતા :*

## પ.પૂ.આ. દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી શત્રુંજય મહાતીર્થના નીકળેલા છ'રીપાલિત સંઘની યાદી

સં. ૨૦૧૩ શંખેશ્વરથી શ્રી શત્રુંજય મહાતીર્થ, દાદરનિવાસી શ્રી દામજી પદમશી, સં. ૨૦૧૫ ચડવાલથી (રાજસ્થાન) શત્રુંજય મહાતીર્થ, ચેલાજી વન્નોજી, પોષ સુદ–૧૨, પ્રયાણ કરતાં સામે સફેદ નાગરાજના શુભ શુકન થયાં. ૨૧૦૦ યાત્રિકો હતાં. પ્રયાણના દિવસે ૭૦૦ યાત્રિકોએ આયંબિલ કર્યાં હતાં. જીરાવલામાં ૫૦૦૦ યાત્રિકો દર્શન કરવા આવ્યાં હતાં. સંઘમાં ૮૫ સાધ્વી, ૨૫ સાધુ હતા. ૨૨-૧-૫૯ થી ૮-૩-૫૯ લગભગ ૪૮ દિવસનો સંઘ હતો.

*'સૂરિ પ્રેમ'ના પટ્ટધર સુવિશાલ ગચ્છાધિપતિ*

## પ.પૂ. આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા શ્રી શત્રુંજય મહાતીર્થના યાત્રાસંઘો

વિ.સં. ૨૦૧૭ રાણકપુરથી પાલિતાણા, સંઘપતિશ્રી હરખચંદજી કાંકરિયા, વિ.સં. ૨૦૧૭, પાલિતાણાથી કદંબગિરિ, સંઘપતિશ્રી ગોવિંદજી જેવત ખોના, વિ.સં. ૨૦૧૮, રાજકોટથી જૂનાગઢ–ગિરનાર તીર્થ, સંઘપતિશ્રી દામોદરદાસ ઝીણાભાઈ, વિ.સં. ૨૦૨૫, ખંભાતથી પાલિતાણા, સંઘપતિ શ્રી ગોવિંદજી જેવત ખોના, વિ.સં. ૨૦૨૫, તળાજાથી પાલિતાણા, સંઘપતિશ્રી કપૂરચંદજી અનરાજજી, વિ.સં. ૨૦૨૫, ચલાલાથી પાલિતાણા, સંઘપતિશ્રી નાનચંદ જૂઠાભાઈ, વિ.સં. ૨૦૩૪, સુરતથી પાલિતાણા, સંઘપતિ શ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ પરિવાર, વિ.સં. ૨૦૩૫, ખંભાતથી પાલિતાણા, સંઘપતિ શ્રી મંગળદાસ માનચંદ, વિ.સં. ૨૦૪૦ અમદાવાદથી પાલિતાણા, સંઘપતિશ્રી જયંતીલાલ આત્મારામ તથા પરશોત્તમદાસ છોટાલાલ, વિ.સં. ૨૦૪૫, અમદાવાદથી પાલિતાણા, સંઘપતિ શ્રી રીખવચંદજી છોગાલાલજી, વિ.સં. ૨૦૪૬, પાલિતાણાથી કદંબગિરિ, સંઘપતિ શ્રી ઉમેદમલજી યેરવડાવાલા.

## પૂ. આ. શ્રી વિજયપ્રભાકરસૂરિજી મ.ની નિશ્રામાં નીકળેલા છ'રીપાલિત સંઘો

સં. ૨૦૪૪ રાજકોટથી પાલિતાણાનો છ'રીપાલિત સંઘ, વિ.સં. ૨૦૪૮ રાજકોટથી પાલિતાણાનો. -

**જામનગરથી પાલિતાણાનો સંઘ :** પ્રવચનપ્રભાવક પૂ.પં. શ્રી ગુણશીલવિજયજી ગણિવર (હાલ આચાર્ય)ની નિશ્રામાં જામનગરથી શત્રુંજય મહાતીર્થનો ભવ્ય ઐતિહાસિક છ'રીપાલિત સંઘ નીકળેલ. પ્રયાણ વિ.સં. ૨૦૫૦ મહા સુદ ૧૩, સંઘમાળ ફાગણ સુદ ૧૦, સંઘપતિ શ્રીયુત દિલીપકુમાર ભાઈચંદભાઈ મારુ (લંડન નિવાસી) યાત્રિકો ૪૦૦ ઉપર, ૨૪ દિવસના આ ભવ્ય સંઘમાં શાસનપ્રભાવક કાર્યો અનેકવિધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થવા પામેલ. સંઘવી પરિવારે ખૂબ જ ઉદારતાપૂર્વક તન–મન–ધનથી સંઘની ભક્તિ કરેલ.

**પાડીવથી પાલિતાણાનો સંઘ :** વિ.સં. ૨૦૫૨માં પાડીવથી પાલિતાણા તીર્થનો સંઘ પૂ. આ. ભગવંતશ્રી મહાબલસૂરિજી મ.સા. તથા પૂ. આ. શ્રી પુણ્યપાલસૂરિજી મ.સા. તથા પૂ. આ. શ્રી કમલરત્નસૂરીશ્વરજી મ.સા. (તે વખતે મુનિશ્રી)ની પ્રેરક નિશ્રામાં સંઘવી ચૂનીલાલ ભીખાજી પરિવારે એક હજાર યાત્રિકો સાથે કાઢેલ.

**પિંડવાડાથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રીપાલિત યાત્રાસંઘ :** વિ.સં. ૨૦૫૪માં પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલરત્નસૂરીશ્વરજી મ.સા. આદિની શુભ નિશ્રામાં શા. કિસ્તુરચંદજી હંસરાજ પરિવાર આયોજિત પિંડવાડાથી પાલિતાણાનો છ'રીપાલિત પદયાત્રા સંઘ ખૂબ જ શાનદાર રીતે નીકળેલ, જેમાં નાંદિયા, દિયાણા, મેડા, માલગામ, સિરોડી, જીરાવલા, વરમાણ, મંડાર, જેગોલ, બોઈવાડા, ભીલડી તીર્થ, ચારૂપ, પાટણ, હારીજ, શંખેશ્વર, માંડલ, ઉપરિયાળા, શિયાણી, લીંબડી, ધંધુકા, વલ્લભીપુર વગેરે તીર્થસ્થાનોમાં દર્શન–વંદન–પૂજનનો યાત્રિકોએ લાભ લીધેલ.

## હાલારથી ગિરનાર અને શત્રુંજયનો યાત્રાસંઘ

પરમ પૂજ્ય, ગુરુદેવ હાલારરત્ન, મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજનાં પ્રથમ દર્શને જ હાલાર પંચતીર્થનો છ'રીપાલક સંઘ કઢાવ્યો. સામુદાયિક એકાસણાં કરાવીને, શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યાં. ત્યારબાદ ગુરુદેવની નિશ્રામાં, ઉપદેશથી જીવદયા–અનુકંપા પરમાત્મભક્તિ–સાધર્મિક ભક્તિમાં સારો લાભ લેતા રહ્યા, ગુરુમંદિરનો લાભ લઈને ધન્યતા અનુભવી. નવાગામ–હાલારથી જૂનાગઢ (ગિરનાર) પાલિતાણા શત્રુંજયનો ભવ્ય છ'રી પાલક સંઘ કઢાવનાર ધન્ય છે શ્રેષ્ઠી પૂંજાભાઈ તથા શ્રાવિકા મણિબહેનને.

હાલારના શ્રેષ્ઠીવર્ય પૂંજાભાઈ કચરાભાઈ બીંદ તથા તેમનાં ધર્મપત્ની સુશ્રાવિકા મણિબહેન પૂંજાભાઈપરિવારે છ'રીપાલિત સંઘ કાઢવાનો મનસૂબો કર્યો અને ઉપરના શાશ્વત તીર્થ યુગ્મની યાત્રા વિધિપૂર્વક કરવાના સોનેરી અવસરનું આયોજન ઝડપથી અમલમાં મૂકી ધન્યતા અનુભવી. વાત્સલ્ય વારિધિ પૂ.આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા., પૂ. પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય, પૂ. આ. શ્રીમદ્ વિજયપ્રદ્યોતનસૂરિજી મ.સા., પૂ. આ. શ્રીમદ્ વિજયકુંદકુંદસૂરીશ્વરજી મ.સા. અને પૂ. મુનિરાજશ્રી મહાસેનવિજયજી મ.સા.ની દિવ્ય આશિષથી તથા વર્ધમાનતપની ઓળીના આરાધક શ્રીમદ્ વિજયરાજતિલકસૂરીશ્વરજી મ.સા., ગચ્છાધિપતિ આ. શ્રી મહોદયસૂરીશ્વરજી મ.સા., પૂ. પંન્યાસ પ્રવરશ્રી વજ્રસેનવિજયજી મ.સા.ની શુભાશિષથી પૂ. મુનિશ્રી જયમંગલવિજયજી મ., પૂ. મુનિશ્રી વીરસેનવિજયજી મ., પૂ. મુનિશ્રી હેમપ્રભવિજયજી મ., પૂ. મુનિશ્રી જિનધર્મવિજયજી મ. આદિની નિશ્રામાં મહા સુદ ૭, તા. ૨૬-૧-૯૬ના રોજ સંઘનું શુભ પ્રયાણ થયું.

આ સંઘમાં સંઘવી પરિવારે દરેક ક્ષેત્રમાં દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા, જીવદયા અને પક્ષીઓને ચણ વગેરે માટે ખૂબ જ ઉદારદિલે રકમો લખાવી.

## ગિરધરનગર–અમદાવાદથી શ્રી શંખેશ્વર તીર્થનો યાત્રાસંઘ–આદર્શસંઘ

પ્રવચનપ્રભાવક પૂ. મુનિપ્રવરશ્રી હિતરુચિવિજયજી મહારાજ આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં વિ.સં. ૨૦૫૬ના માગશર સુદિ–૩, તા. ૧૧-૧૨-૯૯ના રોજ શાહીબાગ ગિરધરનગર અમદાવાદથી છ'રીપાલક સંઘનું પ્રયાણ થયું. સંઘપ્રયાણને શાસનપ્રભાવક બનાવતી અનેક અલભ્ય ચીજો અને કલાકારોની કલાનો કસબ જોવામાં આવ્યો. ઊજળી સાંસ્કૃતિક પરંપરાનાં પ્રતીકો શંખેશ્વર યાત્રા સંઘના પ્રયાણમાં જૈન–જૈનેતર લોકોને વૈરાગ્યની દિશામાં દોરી જવાનું સાધન બની રહ્યાં. આ સંઘ ઘણો જ વિશિષ્ટ પ્રકારનો હતો.

## પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ સમુદાયના નીકળેલા યાત્રાસંઘો

પ.પૂ. મેવાડ દેશોદ્ધારક, ૨૫૦ પ્રતિષ્ઠાકારક, ૪૦૦ અઠ્ઠમના તપસ્વી પૂ. આચાર્યદેવશ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

જાવાલથી પાલિતાણાનો સંઘ, શ્રી રીખવચંદજી કવરાતે સંઘપતિ બનવાનો લાભ લીધો. ઉદયપુરથી પાલિતાણાનો સંઘ સામૂહિક સંઘપતિઓએ કાઢેલ. આ સંઘમાં સ્થાનકવાસી યાત્રિકો ઘણાં હતાં. દરરોજ પૂજા આદિ કરી શત્રુંજયનાં દર્શન કરતાં 'સન્માર્ગ મળ્યાનો' અપાર આનંદ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દીક્ષાદાનેશ્વરી પૂ. આ.શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા છ:રીપાલક યાત્રાસંઘો

સૂરિપ્રેમભુવનભાનુ સમુદાયના પૂજ્યપાદ મેવાડ-દેશોદ્ધારક આ. શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર તથા લઘુબંધુ 'દીક્ષાદાનેશ્વરી'ના વિશેષણથી ઓળખાતા ૫૫ યુવા-શિબિરોના પ્રવચનકાર, પરમ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.નો પુણ્યપ્રભાવ આજે જૈનશાસનનાં તમામ અંગો, અનુષ્ઠાનો અને પ્રસંગોમાં વર્તાઈ રહ્યો છે. નિઃસ્વાર્થભાવ, સંપર્કમાં આવનાર તમામનું આત્મકલ્યાણ થાય, નિર્દોષ ગોચરી, જિનાજ્ઞા મુજબ ચુસ્ત પાલના, સરળતા ગુણના ભંડાર એવા પૂજ્યશ્રી જ્યાં પધારે છે ત્યાં ઈતિહાસોનું સર્જન થાય છે. આજે પૂજ્યશ્રીની નિશ્રામાં કરોડો રૂપિયા ખર્ચી લોકો સામે ચાલી શાસનપ્રભાવક કાર્યો એકથી એક ચઢિયાતાં પાંચ–પચાસ વર્ષમાં કદાચ 'ન ભૂતો ન ભવિષ્યતિ' કહી શકાય તેવા પ્રસંગો ઊજવાઈ રહ્યા છે. પૂજ્યશ્રીની નિશ્રામાં સં. ૨૦૬૪ સુધી ૪૫ છ'રીપાલક સંઘો, ચાર પ્રાચીન પદ્ધતિના નીકળી ચૂકયા છે. હજુ અનેક ભાગ્યશાળીઓ રાહ જોઈ રહ્યા છે. દરેક સંઘમાં સંઘપતિની અપાર ઉદારતા, યાત્રિકોની વિશાળ સંખ્યા, સાત ક્ષેત્રોમાં મુક્ત હાથે દાન, સાધર્મિક ભક્તિ, જીવદયા અનુકંપાનાં વિશિષ્ટ કાર્યો ડગલે ને પગલે થયાં છે. સંઘની મહિમાને વર્ણવતાં શાસ્ત્રીય પ્રવચનો, સંધ્યાભક્તિ, સમૂહ આયંબિલો, સમૂહ પૌષધો આદિ આરાધનાની ભરપૂર પ્રેરણા થતી રહે છે. પૂજ્ય દીક્ષાદાનેશ્વરી આ. ભ.ની પાવન મંગલકારી નિશ્રા અને પ્રવચનપ્રભાવક પંન્યાસ શ્રી રશ્મિરત્નવિજયજી મ.સા.ના પ્રભાવી માર્ગદર્શનમાં અનેક અનેક ઐતિહાસિક છ'રીપાલક સંઘો નીકળ્યા છે. સંક્ષિપ્ત વર્ણનમાં જોઈએ તો....

**વિ.સં. ૨૦૩૧માં** પાદરલીનિવાસી સંઘવી દેવીચંદજીએ **તખતગઢથી અચલગઢ તીર્થનો સંઘ** કાઢ્યો.

**સં. ૨૦૩૨માં રોહીડાથી શત્રુંજયમહાતીર્થનો સંઘ** શેઠ શ્રી ચૂનીલાલ અચલદાસે કાઢ્યો. પં. મિત્રાનંદ વિ. મ.સા.ની સહનિશ્રા હતી.

**સં. ૨૦૩૪માં ગુડાબાલોતરાથી નાકોડાતીર્થનો છ'રીપાલક** સંઘ સોના-રૂપા ધર્મશાળાવાળા શ્રી સોનમલજી રૂપાજી પરિવારે કાઢ્યો. **બિસનગઢથી અચલગઢનો સંઘ** શેઠ શ્રી પુખરાજજીએ કાઢ્યો.

**સં. ૨૦૩૫માં પાડીવથી પાલિતાણાનો છ'રીપાલક** સંઘ શેઠ શ્રી નવલમલ પ્રતાપજીએ કાઢ્યો.

સહનિશ્રા તપસ્વીસમ્રાટ આ. શ્રી રાજતિલકસૂ. મ. તથા મુનિ કુલચંદ્ર વિ. (હાલ આ. ભ.)ની હતી. સંઘવીના પુત્ર પ્રતાપભાઈ દીક્ષિત થઈ મુનિ પ્રશાંતરુચિ વિ.મ. બન્યા અને સમાધિમરણપૂર્વક પાલનપુરમાં સ્વર્ગસ્થ થયા.

**સં. ૨૦૩૮માં તખતગઢ-શિવગંજથી પાલિતાણાનો ભવ્ય છ'રીપાલક સંઘ** કવરાડા (રાજ.)નિવાસી સંઘવી વચ્છરાજજી મેઘાજી તથા તખતગઢનિવાસી સંઘવી સાકલચંદ દાનાજીએ કાઢ્યો, જેમાં ૧૦૦૦ યાત્રિકો હતાં અને સંઘવીની ઉદારતા એવી કે સોનાનો વર્ક લગાડી યાત્રિકોની ભક્તિ કરું. ભાતમાં મેવાનો ડબ્બો. રસોઈયાની ના છતાં સંઘવીએ પોતાની હાથે નાખ્યો. મારા સાધર્મિકોના પેટમાં જ જશેને? તો ના શેની? સંઘ પૂરો થતાં સંઘપતિએ કહ્યું કે મારે તો કાંઈ ખર્ચ જ નથી થયો કારણ કે સમાચાર આવ્યા કે એથી વધુ પાછા આવી ગયા છે. ગુરુદેવની નિશ્રામાં ઓળી, ઉપધાન કે સંઘના આયોજકોને લગભગ ઘણાને આવા અનુભવો થયા છે. સુવિશુદ્ધ ચારિત્રપાત્ર પુણ્યાત્માની નિશ્રાના આ બોલતા પુરાવા છે.

**સં. ૨૦૪૦માં ખિવાંદીથી પાલિતાણાનો છ'રીપાલક સંઘ** શેઠ શ્રી ઉમ્મેદમલ કપૂરચંદજીએ કાઢેલ.

**સં. ૨૦૪૨માં મેડાથી શંખેશ્વરનો ભવ્ય સંઘ** એલ. શંકરલાલ સોલાપુરવાળા પરિવારે કાઢેલ.

**ગઢસિવાનાથી જેસલમેરનો છ'રીપાલક સંઘ** શ્રી કેસરીચંદ મૂછાળાએ કાઢેલ.

જેસલમેરના જૈનભવનમાં યાત્રિકોના સહયોગથી સુંદર દેરાસર બન્યું.

**સં. ૨૦૪૫માં સાંચોરથી પાલિતાણાનો સંઘ** આ. શ્રી રાજેન્દ્ર સૂ. મ. તથા આ. શ્રી ગુણરત્ન સૂ. મ.સા.ની નિશ્રામાં સંઘવી ચંદાજી અમીચંદ કટારિયા પરિવારે કાઢેલ. ૭૧૦ યાત્રિક હતાં. ૪૫૦ સંઘપૂજનો થયેલ.

**સં. ૨૦૪૭માં તખતગઢ-જીરાવલાનો સંઘ** પં. રશ્મિરત્ન વિ. મ.સા.ના સંસારી પિતાશ્રી સંઘવી પુખરાજજી છોગાજી વિશાખાપટ્ટનમવાળાએ કાઢેલ. એમાં સંઘપતિની ઉદારતા એવી હતી કે કઢીમાં કેસર નખાતુ. સંઘપૂર્ણાહૂતિએ જીરાવલામાં ૩૨૦૦ આરાધકોની ઐતિહાસિક ઓળી સંઘવી ભેરુમલજી બાફનાએ કરાવેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સં. ૨૦૪૯માં માલગાંવથી પાલિતાણાનો છ'રીપાલક સંઘ** સંઘવી ભેરુમલજી હુકમીચંદજી બાફના પરિવારે કાઢ્યો. ૨૭૦૦ યાત્રિકો હતાં. દરેક યાત્રિકને તમામ સામગ્રીની કિટ અને છેલ્લે સુંદર પ્રભાવના આપવામાં આવેલ. ૬૦૦૦ ફોર્મ આવેલ જેમાંથી ૧૮૦૦ને પ્રવેશ આપવામાં આવેલ. ૨૦૦ સાધુ-સાધ્વીભગવંત તથા ૭૦૦નો સ્ટાફ હતો. ગામેગામ સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ ૭-૧૨-૨૦૦૩થી ૧૫-૧-૨૦૦૪ સુધી.

લીંબડી પાસે ભલગામડાએ સંઘના પગલાંથી સંપૂર્ણ ગામમાં માંસાહાર અને દારૂનો ત્યાગ કરેલ.

**સં. ૨૦૫૦ સુરેન્દ્રનગરથી શ્રી શત્રુંજય મહાતીર્થનો ભવ્ય છ'રીપાલક સંઘ** નીકળ્યો. એમાં મુખ્ય સંઘપતિ બનવાનો લાભ સંઘવી ભેરુમલ હુકમીચંદ બાફનાએ લીધેલ. ઉપસંઘપતિ બનવાનો લાભ મુંબઈના ગુરુભક્ત એસ. એમ. જ્વેલર્સ બાલીવાળાએ લીધેલ.

**બાપલાથી શ્રી જીરાવલાનો સંઘ** સંઘવી બાબુલાલ એમ. શાહે કાઢેલ.

સં. ૨૦૫૧માં સિરોહી ચાતુર્માસ અને ઉપધાન પૂર્ણ થયે **પિંડવાડાથી શંખેશ્વર તીર્થનો છ'રીપાલક સંઘ** સંઘવી કુંદનમલજી સાંઈએ કાઢેલ. આ સંઘનું પ્રસ્થાન કરાવવા પં. રશ્મિરત્નવિજયજી દાદા પ્રેમસૂરિજીની જન્મભૂમિ પિંડવાડા પધારી પ્રથમવાર પ્રવચનો શુરુ કરી ગુરુકૃપાએ રમઝટ મચાવેલ.

સં. ૨૦૫૨માં અમદાવાદ-પંકજ સોસાયટીમાં સૂરિ ભુવનભાનુસ્મૃતિમંદિરની ઐતિહાસિક પ્રતિષ્ઠા થઈ. પં. રશ્મિરત્નવિજય આદિની ગણિ પદવી થઈ. ૨૫ હજાર માણસોમાં નૂતન ગણિશ્રીએ સંસ્કૃતમાં પ્રવચન આપેલ. ત્યાંથી વિહાર કરી શ્રી **નારલાઈથી શંખેશ્વરતીર્થનો ૪૪ દિવસનો પ્રાચીન પદ્ધતિનો ઐતિહાસિક સંઘ** સંઘવી તારાચંદ રતનચંદજીએ કાઢેલ. લાઈટ-માઈક-પેટ્રોલ-ડિઝલનાં વાહનો આદિ તમામ આધુનિકતાનો ત્યાગ કરી દીધા ગાડા આદિનો સંઘ હતો. ૧૦૦૦ માણસો હતાં. વારાફરતી મુંબઈધામના યુવાનો વ્યવસ્થા સંભાળવા આવતા હતા. સંઘનું વાતાવરણ એવું હતું કે હજારો લોકો જોવા આવતાં હતાં.

**સં. ૨૦૫૩ ગિરધરનગરથી તારંગા**નો આરાધકમંડળે ભવ્ય સંઘ કાઢ્યો. ૧૧ સંઘો કાઢવાનો નિર્ણય થયો. ત્યાર બાદ **પ્રાચીન પદ્ધતિનો ચામુંડેરીથી રાણકપુરનો ભવ્ય છ'રીપાલક સંઘ** સંઘવી દિલીપભાઈએ ખૂબ ઉદારતાથી કાઢેલ.

સં. ૨૦૫૪માં ગણિ રશ્મિરત્ન આદિની પંન્યાસપદવી ૫-૩-૯૯ ભીલડિયાજીમાં થઈ. અમદાવાદમાં **જય પ્રેમ સોસાયટીથી કલિકુંડનો છ'રીપાલક સંઘ** નીકળ્યો.

**સં. ૨૦૫૬**માં ભાવનગરમાં ઐતિહાસિક ચાતુર્માસ બાદ **ભાવનગરથી ઘોઘાનો સંઘ** શેઠ વિક્રમભાઈ રમણિકલાલ શાહે કાઢેલ. ત્યારબાદ સંઘવી પ્રવીણભાઈ કચ્ચરચંદ શાહે **ભાવનગરથી પાલિતાણાનો પ્રાચીનપદ્ધતિનો ભવ્ય સંઘ** કાઢેલ. પ્રાર્થનામંડળે સુંદર સંચાલન કરેલ. ત્યારબાદ સુરતમાં માલવાડાવાળા મગનલાલ કસ્તુરચંદ પરિવારે ૨૮ દીક્ષા કરાવેલ. **બાલદાથી જીરાવલાનો સંઘ** આ. ભ. તથા પં. રશ્મિરત્નવિ.ની નિશ્રામાં નીકળેલ.

**સં. ૨૦૫૬**માં સુરત અઠવાગેટમાં ૧૩૫૨ અઠ્ઠાઈ, બહુમાન, ૨૫૦૦ યુવાનોની શિબિર, ૫૫૦૦ આયંબિલ સાથે ઐતિહાસિક ચાતુર્માસ બાદ **ભટારરોડથી ભરૂચના છ'રીપાલક સંઘ** બાદ પાવાપુરીજીવન મૈત્રીધામ–નીંબજ અને સંઘવી ભેરુતારકધામની યાદગાર પ્રતિષ્ઠા થયેલ.

સં. ૨૦૫૭માં પાલીમાં ચાતુર્માસ-ઉપવાસ પૂર્ણ થયે સાયરા એરિયામાં પ્રથમવાર **ભાનપુરાથી પાલિતાણાનો બે મહિનાનો સંઘ** સંઘવી ભૂરીબહેન કિસ્તૂરચંદજી રાઠોડ, 'વર્ધમાન ગ્રુપે' કાઢેલ. આ સંઘની વિશેષતા એ હતી કે આમાં સંગીતકાર-ફોટોગ્રાફર-સિક્યુરિટી તથા પોલીસમેન પણ એકાસણાં કરતા અને પગે ચાલતા હતા. સ્થાનકવાસી અને તેરાપંથી આગેવાનો જોડાણાં હતા.

**અગિયાલીથી પાલિતાણાનો પ્રાચીન પદ્ધતિનો સંઘ** શ્રી ભોગીભાઈ સી. શાહે કાઢેલ. ત્યારબાદ **શંખેશ્વરથી પાલિતાણાનો સંઘ** તખતગઢનિવાસી સંઘવી મોહનલાલ ઉમ્મેદમલ પરિવારે કાઢેલ. **માલગાંવથી દેલવાડાનો સંઘ** ભેરુમલજી હુકમીચંદ પરિવારે કાઢેલ,

૬૦ હજાર સામાયિક સાથે પાલિતાણામાં ૯૦૦થી વધુ વર્ષ પછી ૩૮ દીક્ષાનો ભવ્ય મહોત્સવ ઊજવાયો તરત જ **પાલિતાણાથી ગિરનારનો ૪૦૦૦ યાત્રિકોનો ભવ્ય છ'રીપાલક સંઘ** માલગાંવનિવાસી સંઘવી તારાચંદ ભેરુમલજીએ કાઢેલ.

સં. ૨૦૫૯માં પૂ. આ. ભ.ની તબિયત એકાએક બગડતાં પૂજ્યશ્રીની આજ્ઞાથી પં. રશ્મિરત્નવિજયજી મ.સા.ના શિષ્ય મુનિ ચિરંતનરત્ન વિ. આદિની નિશ્રામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગિરધરનગરથી અચલગઢનો છ'રીપાલક સંઘ** નીકળેલ. મુનિશ્રી મુનીશરત્નવિ.ની નિશ્રામાં બેડાનિવાસી સરેમલ ભેરાજીએ **શંખેશ્વર-પાલિતાણાનો સંઘ** કાઢ્યો. પૂજ્ય પ્રવચન પ્રભાવક પં. શ્રી રશ્મિરત્નવિ.મ.ની નિશ્રામાં શિવગંજનિવાસી સંઘવી બાબુલાલ અચલાજી, તખતગઢવાળાનો શંખેશ્વરથી પાલિતાણાનો ભવ્ય છ'રીપાલક સંઘ નીકળેલ. ભૃગુપુર અને જાલીલા ગામમાં હજારો લોકો પ્રવચનમાં જોડાયાં અને પૂજ્યશ્રીના એલાનથી માંસાહાર અને તમામ વ્યસનોના ત્યાગનો સંકલ્પ લીધેલ. સંઘપતિના હાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી બનેલ સૂરિપ્રેમ-ભુવન-ભાનુ આરાધના ભવન અને સૂરિ ગુણરત્ન આરાધના ભવન (માલવણ) અને શ્રી રશ્મિરત્ન આરાધના ભવન (લખતર)નું ઉલ્લાસભેર ઉદ્દ્ઘાટન થયેલ. સંઘવી પરિવાર સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થતી આરાધના અને વૈરાગ્યભીનાં પ્રવચનોથી એવો તો ભાવિત થઈ ગયો કે પૂજ્યશ્રીની નિશ્રામાં દર વર્ષે શાસનપ્રભાવક કાર્યો કરવાંનાં શુભ સંકલ્પ કર્યો અને એ ભાવને અનુરૂપ પછીના વર્ષે પન્નારૂપામાં નવ્વાણું કરાવી, શંખેશ્વરમાં ૧૩ દીક્ષાનો લાભ અને છેલ્લે માદરેવતન શિવગંજ પાસેના પોસલિયાના નેશનલ હાઈવે નં. ૧૪ પર ચાલુ વર્ષે (૨૦૬૪) વિશાલ ભૂ ભાગ પર આકર્ષક શ્રી શંખેશ્વર સુખધામ તીર્થનું ભવ્ય નિર્માણ કરી રહેલ છે.

**સં. ૨૦૬૦માં** ગુરુતીર્થભૂમિ પંકજ સોસાયટીના ચાતુર્માસ બાદ **ગિરધરનગરથી પાનસરનો સંઘ** સાદડીનિવાસી સંઘવી માંગીલાલ તારાચંદજી અંબોલીએ કાઢેલ. પૂ. આ. ભ.શ્રીના સાંસારિક ભાભી તથા પૂ. પં. શ્રી રશ્મિરત્નવિજયજીના સાંસારિક મામી પાદરલીનિવાસી સંઘવી મંછાબહેન સરદારમલજીએ **શેરીસાથી શંખેશ્વરનો અત્યંત ઉદારતાપૂર્ણ ભવ્ય છ'રીપાલક સંઘ** કાઢેલ. **ગિરધરનગરથી શંખેશ્વરનો સંઘ** સિણધરીનિવાસી સંઘવી ચંપાલાલ મગનીરામજીએ કાઢેલ. પાનસર અને રાંતેજમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘવી અને યાત્રિકોએ દાનનો ધોધ વહાવ્યો. પેઢીવાળાની તમામ યોજનાઓ ઓવરફ્લો થઈ ગઈ. તેઓ બોલી ઊઠ્યા કે આવું તો અમારી જિંદગીમાં પહેલીવાર બન્યું. **હારીજથી શંખેશ્વરનો સંઘ** શેઠ રસિકલાલ તથા પુત્ર મહેન્દ્રભાઈ અને કિરીટભાઈએ ઉદારતાપૂર્વક આ. ભ.ના આદેશથી પં. રશ્મિરત્નવિજયજીની નિશ્રામાં કાઢ્યો. સંઘમાળ પૂ.આ.ભ.શ્રીએ કરાવી. હારીજના ઈતિહાસમાં પહેલો છ'રીપાલક સંઘ. જૈન-અજૈનોમાં જોરદાર ઉત્સાહ હતો. શાકભાજીનો નાનકડો ધંધો કરનાર આ પરિવારની ઉદારતા અને ઉલ્લાસની ચોમેર અનુમોદના થઈ.

**સં. ૨૦૬૧** સુરત અઠવાલાઈન્સ સંઘમાં ૧૫૫૨ અઠ્ઠાઈનો બહુમાન સમારોહ ૧૫૦ વર્ધમાન તપવાળા, ૨૯ માસક્ષમણ સહિત ચાતુર્માસ પૂર્ણ થયા બાદ અઠવાલાઈન્સના જિનાલયમાં શતાબ્દી વર્ષે પ્રથમવાર પૂ.આ.ભ.શ્રી તથા પં. રશ્મિરત્નવિ.ની નિશ્રામાં **સુરતથી ઝઘડિયા તીર્થના છ'રીપાલક સંઘનું** આયોજન થયું ૩૬ સંઘપતિ થયા. ઝઘડિયાતીર્થનું દેવદ્રવ્યનું દેવું માત્ર ૧૫ મિનિટમાં પૂર્ણ થતાં જયજયકાર થઈ ગયો. ધર્મશાળાના જીર્ણોદ્ધાર માટે પણ લોકો મન મૂકીને વરસ્યાં. આ પ્રેરક પ્રસંગની સંપૂર્ણ ભારતમાં અનુમોદના થઈ. જગજયવંત જીરાવલાતીર્થના ખાતમુહૂર્ત બાદ તા. ૧૮-૨-૨૦૦૫ થી ૭-૩-૨૦૦૫ શ્રી **માલગાંવથી રાણકપુરતીર્થનો ઐતિહાસિક છ'રીપાલક સંઘ** સંઘવી પૂનમચંદ ધનાજી બાફના (કે. પી. સંઘવી)એ કાઢેલ. આ સંઘમાં ૪૦૦ સાધુ-સાધ્વી ભગવંત, ૫૦૦૦થી વધુ યાત્રિકો, ૨ હજાર સ્ટાફ અને દરરોજ હજારો મહેમાન હતા. ચુસ્ત જયણા સાથે નીકળેલ આ સંઘની સુવાસ સંપૂર્ણ ભારતમાં ફેલાઈ. સંઘનિમિત્તે ૭ કરોડ જીવદયાની ટીપ થઈ. ગામેગામ જીવદયા અનુકંપા અને સાધર્મિક ભક્તિ કરતાં ગોડવાડમાં સંઘ પદાર્પણ નિમિત્તે દરેક ગામમાં મહોત્સવો થયા. વરકાણામાં ૧૦૮ દ્વાર સાથે ૧૦૮સંઘ દ્વારા સામૈયાં બહુમાનનો કાર્યક્રમ ઊજવાયો, ૯ રથ, ૯ નગરીઓ અને દર્શનાર્થીઓની ભીડ અદ્ભુત હતી. ઈતિહાસના પુસ્તકમાં આ સંઘે સુવર્ણપૃષ્ઠ ઉમેર્યું. તમામ કોમનાં ઘરોમાં ચાર-ચાર લાડવાના સ્ટીલના ડબ્બા આપેલ. દર ૫૦ ડબ્બે એક ચાંદીનો સિક્કો અને ૨૦૦માં એક સોનાનો સિક્કો નાખેલ.

સંઘવી બાબુભાઈએ ચુસ્ત છ'રીપાલન કરેલ. તેમના ધર્મપત્ની સંઘવણ રતનબહેને તેરમા વર્ષીતપમાં પારણે આયંબિલ, સંઘવી કિશોરભાઈએ સજોડે દરરોજ આયંબિલ કરેલ.

આ સંઘને આ.ભ. શ્રી હેમચંદ્રસૂરિ મ., આ. શ્રી ગુણરત્નસૂ. મ., આ.ભ.શ્રી યશોવિજયસૂરિ મ., આ. ભ. નવરત્નસાગરસૂ. મ., આ. શ્રી કલાપ્રભસાગર સૂ. મ.એ નિશ્રા પ્રદાન કરેલ. માળા વખતે સંઘવીની અત્યંત વિનંતીથી અત્યંત ઉગ્રવિહાર કરી મેવાડદેશોદ્ધારક આ. શ્રી જિતેન્દ્રસૂરિ મ. પધારેલ. સર્વે મહાત્માઓનું મિલન થયું. વિહાર કરી સુરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભટાર રોડ પધાર્યા. ત્યાં ચાતુર્માસમાં આસો સુદ ૨ના સમાધિમરણપૂર્વક સ્વર્ગસ્થ બન્યા.

**સં. ૨૦૬૨ સાબરમતીથી કલિકુંડ પૌષધધારી છ'રીપાલક સંઘ** આ.ભ. શ્રી તથા પં. રવિરત્નવિજય મ.ની નિશ્રામાં નીકળેલ.

**કલિકુંડથી પાલિતાણાનો છ'રીપાલક સંઘ** પૂ. આ. ભ. શ્રી ગુણરત્નસૂ.મ., આ. પુણ્યરત્નસૂ.મ., પં. યશોરત્નવિ.ની નિશ્રામાં પેશુઆનિવાસી સંઘવી શેષમલ દેવીચંદજીએ કાઢેલ. (તા. ૨૧-૧૧-૨૦૦૫થી ૫-૧૨-૨૦૦૫).

તા. ૨૧-૧૧-૨૦૦૫થી તા. ૮-૧૨-૨૦૦૫ **સાબરમતીથી શત્રુંજયનો સંઘ** પૂજ્યશ્રીની આજ્ઞાથી પં. શ્રી રશ્મિરત્નવિ.ની નિશ્રામાં બેડાનિવાસી સંઘવી દેવીચંદજી ભીકમચંદજી કોઠારીએ અતિ ભવ્ય રીતે કાઢ્યો. સંઘમાળ પૂ.આ.ભ.શ્રીએ કરાવી. ૭-૧૨થી ૧૯-૧૨ **પાલિતાણાથી ગિરિનગરનો છ'રીપાલક સંઘ** સંઘવી શ્રી હરખચંદજી મુકુનમલ કાંકરિયા (કલકત્તા) પરિવારે જયકુમારબાબુનાં ધર્મપત્ની વાસંતીદેવીનાં ભાવનાનુસાર ખૂબ ઉલ્લાસથી કાઢેલ. ગામેગામ સાધર્મિક વાત્સલ્ય હતા.

૨૭-૧ થી ૧૯-૨-૦૬ **મંડારથી શંખેશ્વર થઈ શત્રુંજય મહાતીર્થનો ભવ્ય પ્રાચીન પદ્ધતિનો સંઘ** સંઘવી રુગનાથમલ સમરથમલ દોશી દિલ્લીવાળાએ કાઢેલ. ગામેગામ સ્વામીવાત્સલ્ય થયાં. પ્રથમવાર સંપૂર્ણ પાટણનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ. દરેક યાત્રિકને સુવર્ણહારની પ્રભાવના થયેલ. રાત્રે દીવડાઓની રોશનીથી સ્વર્ગલોક સમા વાતવારણને નિહાળવા દરરોજ હજારો લોકો ઊમટી પડતાં હતાં ૪૦૦ ગામના ૧૨૦૦ આરાધકો જોડાયા હતા. ૮૦ લોચ અને ૧૦૦૦ પૌષધ થયાં હતાં. ગિરિરાજની તળેટીની મહાપૂજા અભૂતપૂર્વ થયેલ.

**સં. ૨૦૬૩** સુરેન્દ્રનગરમાં પુનઃ ભવ્યચાતુર્માસ પૂર્ણ થયા બાદ **પ્રાચીન તળેટી સિદ્ધવડ ઘેટીપાગથી શત્રુંજય મહાતીર્થની ભવ્ય નવ્વાણુ યાત્રા** માંડવલાનિવાસી સંઘવી મોહનલાલ રુગનાથમલ પરિવાર–એમ. એમ. એક્સપોર્ટ (ચેન્નઈ) શ્રી શત્રુંજય મહાપુરમ્ વસાવી અતિભવ્ય રીતે કરાવેલ. ૨૨૦૦ આરાધકોએ અને સંઘવી રમેશભાઈ મુથા સહિત ૧૮૦૦ ચોવિહાર છઠ્ઠ થયા. ભાવનગરથી **પાલિતાણાનો સંઘ** હિંમતલાલ નાગરદાસ બગડીયાએ કાઢેલ. પૂ.આ.ભ.ની આજ્ઞાથી પં. રવિરત્નવિ.મ.ની નિશ્રામાં જૈન સોસાયટીથી કલિકુંડથી જેમ વેલાગિરિથી અચલગઢ ૬ પૌષધધારી સંઘ વેલાગિરિનિવાસી સંઘવી સૈજમલ દીપચંદજી. ત્યાર બાદ પિંડવાડાથી શ્રી શંખેશ્વરતીર્થ છ'રીપાલક સંઘ (તા. ૨૮-૧-૨૦૦૭ થી ૧૮-૨-૨૦૦૭) દાદાપ્રેમસૂરિજીના સાંસારિક ભત્રીજા સંઘવી લલિતકુમાર ભૂરમલજી સાદરિયાએ અત્યંત ઉલ્લાસથી કાઢેલ.

સં. ૨૦૬૪શ્રી અમદાવાદ-શાંતિનગરમાં ઐતિહાસિક ચાતુર્માસ પૂર્ણ થયા બાદ શ્રી શંખેશ્વર મહાતીર્થમાં મંડારનિવાસી સંઘવી રુગનાથમલ સમરથમલ દોશી પરિવારે (દિલ્લી) મંડાર ગૌરવ વાદિદેવસૂરિ ઉપધાન નગરી વસાવી ૧૭૦૦ આરાધકોનું ૨૧મી સદીનું વિશાલતમ ઉપધાન કરાવેલ, જેમાં સંઘવી ભંવરભાઈ સહિત ૭૫ આરાધકો મૂળવિધિમાં જોડાયા. ૧૨૫ આરાધકો (૨૦ બહેનો)એ લોચ કરાવેલ. ચુસ્ત જયણાના પાલન સાથે ૫૦ દિવસ દરેકની જગડુશાહ ભોજનખંડમાં ભક્તિ કરવામાં આવતી હતી. છેલ્લે વરઘોડાના દિવસે ૫૦ હજાર માણસોને પણ બેસાડી સૂર્યાસ્તના અડધો કલાક પહેલાં જમાડી જબરદસ્ત જિનાજ્ઞા પાલન કરાવેલ. ૧૧થી ૩ સુધીમાં ૭૫૫ મોક્ષમાળનો પ્રસંગ સુવ્યવસ્થિત રીતે પં. રશ્મિરત્નવિ.ના માર્ગદર્શનમાં થયેલ. ભાવનગરના પ્રાર્થનામંડળે પિંડવાડાના વિજય આ. પ્રેમસૂરિમંડળ, જીરાવલા દશમ મંડળે સુંદર વ્યવસ્થા કરેલ. ત્યારબાદ તીખીથી શંખેશ્વરનો છ'રીપાલક સંઘ પૂ. આ.ભ.શ્રીની આજ્ઞાથી આ. પુણ્યરત્નસૂ. પં. શ્રી યશોરત્નની નિશ્રામાં સંઘવી જેઠમલ કેસરીમલજી બેંગ્લોરવાળાએ કાઢેલ.

**પૂ. સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમ–ભુવનભાનુ–જયઘોષસૂરીશ્વરજી મ.ના** સમુદાયના પૂ. ઉપાધ્યાયશ્રી યશોભદ્રવિજયજી ગણિવર, પૂ. પ્રવર્તક શ્રી યોગીન્દ્રવિજયજી મ., પૂ. ગણિવર્યશ્રી ભુવનસુંદરવિજયજી મ., પૂ. ગણિવર્યશ્રી ગુણસુંદરવિજયજી મ. આદિ સાધુ–સાધ્વીજી મ.ની નિશ્રામાં વિ.સં. ૨૦૫૧ના મહા માસમાં ગિરધરનગર, અમદાવાદથી શ્રી શત્રુંજય તીર્થાધિરાજનો ભવ્ય છ'રીપાલિત સંઘ નીકળેલ. ગિરધરનગરના અનેક ઉદાર સંઘપતિઓએ ગામોગામ શાસન–ધર્મપ્રભાવનાનાં અનેક સુંદર કાર્યો કરેલાં. જીવદયાનાં કાર્યો પણ ઘણાં કરવામાં આવેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સુરેન્દ્રનગરથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રીપાલક સંઘ

૨૦૫૦માં પૂજ્યશ્રીનું ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં સુંદર રીતે થયું. ત્યારબાદ પૂજ્યશ્રીની શુભનિશ્રામાં ૧૫ દિવસનો ૪૦૦ યાત્રિકો સાથેનો યાદગાર સંઘ નીકળ્યો, જેના મુખ્ય સંઘપતિ બનવાનો લાભ સંઘવી ભેરમલ હુકમાજી (માલગાંવ) અને ઉપસંઘપતિ બનવાનો લાભ એસ. એમ. જ્વેલર્સ (મુંબઈ) તેમજ સુરેન્દ્રનગરાદિ સ્થળોના અનેક ઉદાર શ્રેષ્ઠીઓએ આ સામૂહિક સંઘમાં સંઘપતિ બનવાનો લાભ લીધો હતો.

## પૂ. પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ની નિશ્રામાં નીકળેલ

**સં. ૨૦૫૫માં વલ્લભીપુરથી શત્રુંજયનો ગોળાવાળા શ્રીમતી લીલાબહેન હીરાલાલ પરિવાર તરફથી ભવ્ય સંઘ નીકળ્યો હતો, જેમાં ૨૫૦૦ યાત્રિકો હતાં.**

## ભાવનગરથી શ્રી શત્રુંજય ગિરિરાજનો પ્રાચીન પદ્ધતિનો છ'રીપાલિત સંઘ

તણસાવાળા હાલ મુંબઈનિવાસી શ્રી અનિલકુમાર જગજીવન શાહ પરિવાર દ્વારા આયોજિત આ સંઘ પૂજ્યપાદ પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આદિ વિશાળ શ્રમણવૃંદની નિશ્રામાં વિ.સં. ૨૦૫૫ના મહા વદ-૧૪, તા. ૧૫-૨-૯૯ના નીકળેલ. આ આદર્શ સંઘની વિશિષ્ટતા એ હતી કે ડિઝલનું કોઈ સાધન નહીં, માઈકોનો કોઈ ઘોંઘાટ નહીં, લાઈટના કૃત્રિમ ચળકાટને બદલે ઘીના દીવડાઓ અને મશાલોનો ઝળહળાટ. સંઘપતિ દ્વારા પોતાના પરિવારનાં સભ્યોની વિવિધ આરાધનાઓની અનુમોદના નિમિત્તે આ છ'રીપાલિત સંઘનું આયોજન થયું હતું.

પૂ. વયોવૃદ્ધ મુનિશ્રી યોગીન્દ્રવિજયજી મ.સા. ઉપરના સંઘોમાં સાથે હતા.

## પ.પૂ. આ.દેવશ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં થયેલ છ'રી પાલિત સંઘની યાદી.

(૧) સં. ૨૦૩૯ ગિરધરનગર, અમદાવાદથી પાલિતાણા શા ગિલાપચંદજી હીરાચંદજી પિંડવાડાવાળા (૨) સં. ૨૦૪૦ શિવગંજથી રાણકપુર, સં. ૨૦૪૧ પિંડવાડાથી પાલિતાણા-સંઘવી રીખબદાસ અમીચંદજી (સાથે પૂ. આ. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. હતા) મહેતા પરિવાર (૩) ૨૦૫૩ ઉદયપુરથી પાલિતાણા-દોશી પ્રભુલાલ ગોરધનદાસ.

## પૂ. આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

**સાંચોરથી શત્રુંજય મહાતીર્થનો સંઘ** : સાંચોર (સત્યપુર) નગરથી શત્રુંજય મહાતીર્થનો સંઘ કલિકુંડ તીર્થોદ્ધારક આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં સંઘવી ચંદાજી અમીચંદજી કટારિયા પરિવારે કાઢેલ. સંઘવીની વિનંતીથી ચાણસ્માથી શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. સામે પધારી નિશ્રા પ્રદાન કરેલ. આ સંઘવી પરિવારને તિલક કરવાનો ચઢાવો રૂા. ૧૦ લાખમાં બોથરા ઘમંડીરામજી જગમાલજી પરિવારે લીધેલ. આ સંઘમાં કુલ ૪૫૦ સંઘપૂજનો થયેલાં. દરેક જગ્યાએ સામૈયામાં જે બહેનો બેડાં લઈને આવતાં તેમાં રૂા. ૧૦૧ નાખતા. કુલ ૩૪ દિવસનો સંઘ હતો. દરેક ગામે સારી એવી રકમ સાધારણ ખાતામાં લખાવેલ. આ સંઘમાં ૨૩ સાધુ મહાત્મા અને ૧૦૦ ઉપરાંત સાધ્વીજી મહારાજો હતાં. કુલ ૭૧૦ યાત્રિકો હતાં. દરેકને સંઘવી તરફથી ચાંદીની થાળી અને વાટકી અર્પણ કરવામાં આવેલ. માળ વખતે શત્રુંજય ગિરિરાજ ઉપર એમના સમાજની ૭૦૦૦ની પબ્લિક હતી. સંઘવી પરિવાર સંઘમાળા પહેરી સાંચોર આવેલ ત્યારે સાંચોરવાસીઓએ ભવ્ય સ્વાગત કરેલ. સમસ્ત સાંચોર નગરને (જૈન-અજૈન) ભોજન કરાવવામાં આવેલ. એમના સમાજનાં ૧૫૦૦ ઘર; દરેક ઘરે તાંબાનાં બેડાં ને સાકર ભેટ કરેલ. દરરોજ આરતી-મંગલ દીવાના ચઢાવા ગજબના થયા હતા. ધોબી-હજામ જેવા સેવકો યાત્રિકોની સેવા માટે હાજર હતા. એકંદરે સેવા-ભક્તિ તેમજ શાસનપ્રભાવના અદ્‌ભુત થયેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં સમ્મેતશિખરનો સંઘ નીકળ્યો હતો. શત્રુંજયનો પણ અનુમોદનીય સંઘો નીકળેલ.

## તવાવનગરથી શત્રુંજય મહાતીર્થનો છ'રીપાલિત સંઘ :

સ્વ. આચાર્યદેવશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં તવાવનિવાસી (હાલ બેંગ્લોર) શા. દલીચંદજી ધીરાજી સાકરિયા પરિવારે તવાવથી શત્રુંજય મહાતીર્થનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ'રીપાલિત સંઘ કાઢેલ. તા. ૨૯-૧૧-૯૮, માગસર સુદ ૧૦ના દિવસે સંઘ પ્રયાણ થયેલ અને પોષ વદ પાંચમ તા. ૬-૧-૯૯ના માળારોપણ થયેલ. કુલ ૩૯ દિવસનો સંઘ હતો, જેમાં ૬૦૦ યાત્રિકો, ૧૦૦ સંઘપતિ પરિવાર અને ૩૦૦નો સ્ટાફ હતો. સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકા આદિ વિશાળ પરિવાર સાથે એક હાથી, બે ઘોડા, ઈન્દ્રધ્વજા, ઘોડાબગી, બેન્ડપાર્ટી, શરણાઈથી યાત્રાસંઘ શોભી રહ્યો હતો. પ્રયાણ પૂર્વે પાંચ દિવસનો મહોત્સવ રાખેલ. ત્રણે ટાઈમ આખા ગામને જમાડેલ. ગામના ચિંતામણિ પાર્શ્વનાથ તથા અન્ય ભગવાનને સવા લાખના સુવર્ણના હાર પહેરાવેલ. પ્રયાણ વખતે ૭૦ રૂ.નું સંઘપૂજન તવાવ ગામવાસીઓ તરફથી અર્પણ થયેલ. દરેક ગામમાં જેટલાં જૈન ઘર હોય એ દરેક ઘરમાં ચાંદીના સિક્કા અર્પણ કરેલ. સામૈયામાં જેટલાં બેડાં આવતાં દરેકમાં ચાંદીનો સિક્કો નાખતા. સિયાણી તીર્થમાં ૧૬૦ બેડાં સામૈયામાં હતાં. દરેક ગામે સંઘવી પરિવાર તરફથી સાધારણખાતામાં તથા વૈયાવચ્ચ ખાતામાં અને જીવદયામાં સુંદર રકમો લખાવેલ. દરરોજ સાંજે સામૂહિક આરતી થતી, જેમાં એક પણ યાત્રિક બાકી ન રહે. સંગીતકાર સહુ કોઈને ભક્તિભાવમાં તરબોળ બનાવતા. આરતી-દીપકના ચઢાવા સુંદર રીતે થતા અને કુમારપાળ રાજાનો ડ્રેસ પહેરી આરતી ઉતારતા. દરેક ગામે રકમ આપવા માટે યાત્રિક ટીપ તથા જીવદયાની ટીપ સુંદર થયેલ. પ્રયાણ વખતે તિલક અને હાર પહેરાવવાનો ચઢાવો સુંદર થયેલ. સંઘવી પરિવારે તવાવના સાધારણ ખાતામાં રૂ. ૫૧,૦૦૦ અર્પણ કરેલ. આ સંઘમાં કુલ ૪૫૦ રૂ.નું સંઘપૂજન થયેલ. પ્રયાણ વખતે દરેક યાત્રિકને એક બેડિંગ, એક કાંબળો, એક બગલ થેલો, જેમાં બેટરી, ચરવળી, કટાસણું, થાળી, વાટકી, બટવો, બામ, દંતમંજન, દોરી, દર્પણ વગેરે ૩૦ વસ્તુઓ અર્પણ કરેલ. દરરોજ રસ્તામાં ઊંટલારી પર બેસીને અનુકંપા દાન આપતા. હાલતી-ચાલતી ભજન મંડળી પણ સાથે હતી, જેને જોવા માટે અજૈન માણસોની ભીડ લાગતી. છેલ્લી ચૌદશના દિવસે ૫૫૦ આયંબિલ થયેલ. દરેકને ૫૦ રૂ.ની પ્રભાવના કરવામાં આવેલ. સંઘનું અનુશાસન એકદમ વ્યવસ્થિત હતું. દરેક યાત્રિકો આચાર્ય મ.સાની આજ્ઞામાં રહેતા. સામૈયામાં બધાં યાત્રિકો સાથે જ ચાલતાં. કોઈપણ યાત્રિક આચાર્ય મ.સા.ની આગળ જતા ન હતા. પાલિતાણામાં તવાવથી છ'રીપાલિત સંઘનો ભવ્ય રીતે પ્રવેશ થયેલ, જેમાં હાથી, ઘોડા, ઈન્દ્રધ્વજા, સાતબગી, ત્રણ જૈહડ, સુંદર વેશભૂષામાં સજ્જ છડીદાર તથા બાળકો, શ્રાવિકાશ્રમની બાલિકાઓ, સાધુ-સાધ્વીજી, શ્રાવક-શ્રાવિકાઓના વિશાળ પરિવાર સાથે આ સંઘ એક જ લાઈનમાં ચાલતો તળેટી સુધી પહોંચી સાચા સોના-રૂપાનાં ફૂલોથી દરેક યાત્રિકે ગિરિરાજને વધાવેલ. એ દિવસે આખી તળેટી ગુલાબનાં ફૂલોથી શણગારવામાં આવી હતી. તળેટીથી આવી સાંચોરી જૈન ભવનમાં સંઘનો પ્રવેશ થયેલ ત્યાં આગળ સાંચોરી ભવનના ટ્રસ્ટીઓએ સંઘવીનું બહુમાન તથા રૂ. બેનું સંઘપૂજન થયેલ. સંઘવી પરિવાર તરફથી દરેક યાત્રિકને સુવર્ણની ચેઈન તથા એમના સંબંધીઓ તરફથી ચાંદીની પંખી, દર્પણ, ગ્લાસ, દીવી, વાટકી વગેરે અર્પણ કરેલ. સંઘવી પરિવારે દરેક કાર્યકરનું સારી રીતે બહુમાન કરેલ. દરેક કાર્યકર સાથે સાથે દરેક કર્મચારીનું પણ બહુમાન કરેલ. બધાં યાત્રિકોએ પણ ભેગા થઈને સંઘવી પરિવારનું બહુમાન કરેલ, જેમાં મોટો વિશાળ ચાંદીનો શત્રુંજયનો પટ અર્પણ કરેલ. તવાવ સંઘે સારો સહકાર આપ્યો તે માટે સંઘવી પરિવારે તવાવ સંઘને ચાંદીનું કલ્પવૃક્ષ અર્પણ કરેલ. સંઘની માળા દાદાના દરબારમાં થયેલ અને ત્યાં જ સાકરિયા પરિવારને સંઘવીની પદવી અર્પણ કરેલ. માળ વખતે ૩૦૦૦ જેટલી પબ્લિક પાલિતાણામાં આવેલ. પાલિતાણામાં પ્રવેશ કરતાં પહેલાં સંઘવી પરિવારે દરેક યાત્રિક તથા સમસ્ત અતિથિગણને ચાંદીના સિક્કા અર્પણ કરેલ. દરેકના ગળામાં ફૂલની માળા અને હાથમાં શ્રીફળ અર્પણ કરેલ. બીજે દિવસે સંપૂર્ણ સંઘ તવાવનગરમાં પહોંચતાં તવાવ સંઘે સુંદર સ્વાગત કરેલ.

## પૂ. આ.શ્રી જિનેન્દ્રસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલ યાત્રાસંઘો

**વિ.સં. ૨૦૨૯ ગઢડા સ્વામીનાથી પાલિતાણા :** હસ્તગિરિ તીર્થનું શિલારોપણ કર્યું. સંઘપતિ ગુલાબચંદ માણેકચંદ, સોમચંદ, અમીચંદ માણેકચંદ તથા પાનાચંદ માણેકચંદ.

**વિ.સં. ૨૦૩૮ જામનગરથી સિદ્ધગિરિ** : સંઘપતિ મેઘજીભાઈ વીરજીભાઈ દેઢિયા, વેલજીભાઈ વીરજીભાઈ દેઢિયા, હરખચંદ નેમચંદ ફૂલચંદ-નાઈરોબી, હંસરાજ મેઘજીભાઈ-નાઈરોબી, હંસરાજ પોપટલાલ-નાઈરોબી, મણિબહેન વાઘજીભાઈ પેથરાજ-જામનગર.

**વિ.સં. ૨૦૪૬ નવાગામ (હાલાર)થી પાલિતાણા :** સંઘપતિ પોપટલાલ વીરપાલ દેઢિયા નવાગામવાળા-મુંબઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્યોતિર્વિદ્ પૂ.આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

## પૂ. આચાર્યશ્રી ભક્તિસૂરિજી મ.સા.ના સમુદાયના ગચ્છાધિપતિ પૂ. આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નીકળેલા સંઘો

**શિહોરથી પાલિતાણા** : પૂજ્યશ્રીની પ્રેરક પ્રેરણા પામીને શ્રી રમણલાલ ગોકળદાસ સંઘવી પરિવારે વિ.સં. ૨૦૫૧માં ૭૦૦ ઉપરાંત યાત્રિકો સાથેનો સંઘ કાઢેલ. ચતુર્વિધ સંઘની ભક્તિ સંઘવી પરિવારે ખૂબ સુંદર કરેલ.

**હાડેચાથી સિદ્ધાચલનો યાત્રાસંઘ** : સં. ૨૦૫૧માં શ્રી પ્રેમસૂરિજી મ.સા.ની નિશ્રામાં હાડેચા (રાજસ્થાન)થી સિદ્ધાચલનો ૨૦૦૦ યાત્રિકો સાથેનો બાવન દિવસનો યાદગાર અને ઐતિહાસિક યાત્રાસંઘ નીકળ્યો, જેના સંઘપતિ મિશ્રીમલજી ભગાજી–મુંબઈવાળા હતા. એ જ રીતે ઉદેપુરથી કેસરિયાજીનો યાત્રાસંઘ–જેમાં સંઘપતિ પ્રકાશભાઈ ચોકસી ઉદેપુરવાળા હતા.

## પૂ. આ.શ્રી વિજયજયંતસેનસૂરિજી મ.સા.ની નિશ્રામાં નીકળેલ સંઘો

વિ.સં. ૨૦૨૧, રાજગઢથી સિદ્ધાચલનો ૩૭ દિવસનો છ'રીપાલિત સંઘ, સંઘપતિ શ્રી રૂપચંદજી કેશરીમલજી અંબોર પરિવાર, યાત્રિકો–૪૦૦, સં. ૨૦૨૬, બાગ (રાજ.)થી સિદ્ધાચલજી મહાતીર્થનો ૩૧ દિવસનો યાત્રાસંઘ, સંઘપતિઓ શ્રી કેશરીમલજી રૂપચંદજી તથા શ્રી ચાંદમલજી રાજમલજી ઝોંસિત્રા, યાત્રિકોની સંખ્યા ૬૦૦, સુંદર પ્રભાવના થઈ. સં. ૨૦૩૨, રાજગઢથી સિદ્ધાચલજીનો સંઘ, સંઘપતિઓ સંઘવી સમરથમલજી, ધનરાજજી તથા હિંમતલાલજી, યાત્રિકો–૬૦૦. સં. ૨૦૩૩, આહોરથી સિદ્ધાચલજી મહાતીર્થનો સંઘ, સંઘવી કુંદનમલજી ભુતાજી શ્રીશ્રીમાલ, દિવસ–૩૯, યાત્રિકો–૪૦૦. નવાગામના અનેક જૈનેતરોએ સંઘ–ધર્મથી પ્રભાવિત બની અભક્ષત્યાગનો નિયમ લીધો.

સંઘ અનેક ભાગ્યશાળી સંઘપતિઓ દ્વારા નીકળ્યો. પાંચથી ૫૦ વર્ષ સુધીનાં યાત્રિકો સારી એવી સંખ્યામાં જોડાયાં. સં. ૨૦૪૪, થરાદથી તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ પાલિતાણા, સંઘપતિ શ્રી ફૂલચંદભાઈ પાનાચંદભાઈ પરિવાર. સં. ૨૦૪૭, અમદાવાદથી સિદ્ધાચલજીનો છ'રીપાલિત સંઘ, સંઘપતિ શ્રી નરપતલાલ નાગરદાસ વોરા પરિવાર, યાત્રિકોની સંખ્યા ૮૦૦, અનેરી શાસનપ્રભાવના અને સોલ્લાસ તીર્થમાળારોપણ વિધિ.

માતુશ્રી દેવકાબાઈ કુંવરજી વિકમાણી–બાડા (કચ્છ) હ. માવજીભાઈ, શ્રી ખીમજી લાલજી ફૂરિયા, શ્રી ખીમજી ખીંયશી, શ્રી કુંવરજી જેઠાભાઈ ગડા, શ્રી કલ્યાણજી પ્રેમજી સાવલા, શ્રી નાનજી વીરજી હરિયા, શ્રી ગગુભાઈ ઉકેડા, શ્રી ભવાનજી શિવજી ગડા, શ્રી લાલજી નરશી વેલજી ગડા–લાયજા, સ્વ. શ્રી રામજી હીરજી દેઢિયા, શ્રીમતી ભચીબાઈ ભીમજી મૂરજી ખોના–દેવપુર, શ્રીમતી ગંગાબહેન શામજી વેલજી.

## કેટલીક બેનમૂન ૯૯ યાત્રા સંઘોની હાર્દિક અનુમોદના

આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાન ૯૯ પૂર્વ વાર (૧ પૂર્વ = ૭૦ લાખ, ૫૬ હજાર કરોડ) શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર સમવસર્યા હતા. એની પાવન સ્મૃતિ નિમિત્તે, એના આંશિક અનુકરણ સ્વરૂપે શ્રી શત્રુંજય



**તીર્થંકર પરમાત્માની કેવી કૃપા કે એમના જીવનની . ઘટનાઓ પણ અધ્યાત્મ માર્ગના સાધકો માટે દીવાદાંડીરૂપ બને છે. શ્રી આદીશ્વર ભગવાન પૂર્વ નવ્વાણુ વાર ફાગણ સુદ ૮ના શુભ દિને આ ગિરિરાજ પર સમવસર્યા હતા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાતીર્થની વ્યક્તિગત તેમ જ સામૂહિક રીતે, છ'રી નિયમોના પાલનપૂર્વક, ૯૯ યાત્રાના આયોજનોની પરંપરા દીર્ઘકાળથી ચાલી આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી દર વર્ષે લગભગ ૧૨ થી ૧૫ જેટલા સંઘો દ્વારા આ ૯૯ યાત્રાનાં આયોજન જુદી જુદી ધર્મશાળાઓમાં થતાં જોવા મળે છે. મોટા ભાગનાં આ આયોજનો કાર્તિકી પૂનમથી માંડીને બે કે અઢી મહિનામાં પૂરા થતાં હોય છે, જેથી રોજ અથવા અવાર-નવાર બબ્બે યાત્રાઓ કરવા દ્વારા યાત્રિકોને ૯૯ યાત્રા પૂર્ણ કરવાની હોય છે, પરંતુ કેટલાક મોટી ઉંમરનાં યાત્રિકો રોજની બે યાત્રાઓ ક્રિયાવિધિ સહિત કરવા અસમર્થ હોય છે, તેમને લક્ષમાં રાખીને તથા બાકીનાં યાત્રિકો પણ રોજની ૧-૧ યાત્રા કરવા દ્વારા નિરાંતે પ્રભુભક્તિ-દર્શન-પૂજા આદિ કરી શકે તે માટે પૂરા ૧૦૦ દિવસ ૯૯ યાત્રા સંઘનું એક વિશાળ આયોજન વિ.સં. ૨૦૩૫માં કરવામાં આવેલ, જેમાં ૧૦૦૦ યાત્રિકો હતાં.

આવા વિરાટ યાત્રા સંઘના સંઘપતિ હતા કચ્છ-મોટા આસંબીઆ ગામના સંઘવી સંઘરત્ન શ્રી શામજીભાઈ જખુભાઈ ગાલા તથા તેમના લઘુબંધુ સંઘવી સંઘરત્ન શ્રી મોરારજીભાઈ જખુભાઈ ગાલા.

આવાં વિરાટ આયોજનોમાં નિશ્રા આપવા માટે એક વર્ષ પહેલાં જ કચ્છથી મુંબઈ પધારેલ શાસનસમ્રાટ, કચ્છકેસરી, તીર્થપ્રભાવક, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ને સંઘપતિ બંધુઓએ આગ્રહભરી વિનંતી કરેલ, પરંતુ તેઓશ્રીની નિશ્રામાં મુંબઈમાં અન્ય અનેકવિધ શાસનપ્રભાવક સત્કાર્યો નિશ્ચિત થયેલ હોવાથી તેઓએ પોતાના શિષ્ય-પ્રશિષ્ય (૧) પ. પૂ. મુનિરાજ શ્રી કવીન્દ્રસાગરજી મ.સા. (૨) પ. પૂ. મુનિરાજશ્રી મહોદયસાગરજી મ.સા. તથા (૩) પ. પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ.સા. ઠાણા-ઉને આજ્ઞા આપતાં, ગુરુ આજ્ઞાને 'તહત્તિ' કરીને ત્રણેય મુનિવરો મુંબઈથી ઉગ્ર વિહારો કરતાં અલ્પ દિવસોમાં પાલિતાણા પધાર્યા અને માત્ર નવ-ચાર તથા ત્રણ વર્ષના અલ્પ દીક્ષાપર્યાયવાળા તથા પચ્ચીસેક વર્ષની આસપાસની ઉંમરવાળા આ ત્રણ મુનિવરોની નિશ્રામાં આવું વિશાળ આયોજન ભવ્યાતિભવ્ય રીતે, નિર્વિઘ્ને અને ખૂબ જ રંગે-ચંગે, વિધિવત્, આરાધનાપૂર્વક અને વિશિષ્ટ શાસનપ્રભાવનાપૂર્વક પાર પડ્યું, તેમાં મુખ્યત્વે ગુરુકૃપા, તીર્થપ્રભાવ તથા કુશળ કન્વીનરો શ્રી માવજીભાઈ વેલજી છેડા તથા શ્રી પ્રેમજીભાઈ દેવજી અને તેમના સાથી કાર્યકર્તાઓની



વસ્તુપાળ-તેજપાળ મંદિર : શ્રી શત્રુંજય તીર્થ

કુનેહભરી આયોજનશક્તિને આભારી છે. કચ્છ વગેરેથી વિહાર કરીને અનેક સાધ્વીજી ભગવંતો પણ ૯૯ યાત્રા કરવા પધાર્યાં હતાં.

ઉપરોક્ત ૯૯ યાત્રા સંઘ બાદ સં. ૨૦૪૫માં કચ્છ-બાડા ગામના (હાલ મુંબઈ-વરલી) સંઘવી સંઘરત્ન શ્રી કુંવરજીભાઈ જેઠાભાઈ ગડા પરિવાર તરફથી સામૂહિક ૯૯ યાત્રાનું આયોજન થયેલ. યોગાનુયોગ આ ૯૯ યાત્રામાં પણ નિશ્રા અર્પણ કરવા માટે અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.એ ઉપરોક્ત વિરાટ ૯૯ યાત્રા સંઘના નિશ્રાદાતા, ત્રણ મુનિવરો પૈકી પૂ. મુનિરાજશ્રી મહોદયસાગરજી મ.સા.ને આજ્ઞા ફરમાવતાં તેઓશ્રી પોતાના શિષ્યો તેજસ્વી વક્તા મુનિરાજશ્રી દેવરત્નસાગરજી તથા સ્વાધ્યાય પ્રેમી પૂ. મુનિરાજશ્રી ધર્મરત્નસાગરજી સાથે પુનઃ મુંબઈથી ઉગ્ર વિહારો કરી પાલિતાણા પધાર્યા. તેઓશ્રીની નિશ્રામાં ૩૦૦ યાત્રિકોના આ સંઘે પણ ઉપરોક્ત વિરાટ સંઘની માફક ખૂબ જ ભવ્ય રીતે ૯૯ યાત્રા તખતગઢ ધર્મશાળામાં રહીને કરેલ.

આ સંઘના સંઘપતિશ્રી પણ ખૂબ જ તપસ્વી, દાનેશ્વરી, વ્રતધારી, આરાધકરત્ન છે. તેમણે સ્વયં સજોડે તથા પરિવારનાં ઘણાં સભ્યોએ પણ તે વખતે ૯૯ યાત્રા કરી. આ સંઘમાં સંઘપતિ સહિત કુલ ૧૧ શ્રાવકોએ પૂજ્યશ્રીના હસ્તે કેશલોચ કરાવેલ!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારબાદ સં. ૨૦૪૪માં તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્યદિવાકર પ. પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ચતુર્વિધ સંઘના ૧૦૦૦ જેટલાં યાત્રિકોની ૯૯ યાત્રાનું ત્રણ મહિનાનું ભવ્ય આયોજન પચીસેક જેટલા સંઘપતિઓના સહયોગથી કચ્છી ભવન ધર્મશાળામાં કરવામાં આવેલ. બંને આચાર્ય ભગવંતોએ પણ સ્વયં ૯૯ યાત્રા કરેલ. અનેકવિધ આરાધનાઓ અને આયોજનોથી યાદગાર બનેલા આ સંઘની પૂર્ણાહૂતિ પ્રસંગે (૧) પ. પૂ. મુનિરાજશ્રી કવીન્દ્રસાગરજી મ.સા., (૨) પ. પૂ. મુનિરાજશ્રી વીરભદ્રસાગરજી મ.સા. તથા (૩) પ. પૂ. મુનિરાજશ્રી મહોદયસાગરજી મ.સા.ની ગણિ પદવી તથા ત્રણેક મુમુક્ષુ આત્માઓની વડી દીક્ષા પણ થયેલ.

## સર્વ પ્રથમવાર ગિરનારજી મહાતીર્થન સામૂહિક ૯૯ યાત્રા સંઘ

આબાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા-કેવલજ્ઞાન તથા નિર્વાણકલ્યાણકથી સવિશેષ પાવન બનેલ ગિરનાર મહાતીર્થ પણ શત્રુંજય ગિરિરાજની એક ટૂંક હતી એમ કહેવાય છે. શત્રુંજય કરતાં ગિરનારજીની યાત્રા કઠિન ગણાય છે, છતાં કોઈક કોઈક એકલ-દોકલ આત્માઓએ આ તીર્થની પણ ૯૯ યાત્રા વ્યક્તિગત રીતે કરી હોવાનું સંભળાય છે, પરંતુ આ મહાતીર્થની ચતુર્વિધ શ્રી સંઘની સામૂહિક ૯૯ યાત્રાનું આયોજન સર્વ પ્રથમવાર વિ.સં. ૨૦૫૧માં પ. પૂ. સાધ્વીશ્રી નિર્મલગુણાશ્રીજીના શિષ્યા પ. પૂ. બા. બ્ર. સા. શ્રી જ્યોતિષપ્રભાશ્રીજીની પ્રેરણાથી પાંચ સંઘપતિઓ તેમજ તિથિ-દાતારોના સહયોગથી થયેલ.

ઉપરોક્ત ત્રણ ૯૯ યાત્રા સંઘોમાં નિશ્રા તથા ઉપસ્થિતિના કારણે "નવ્વાણુંવાળા મહારાજ" તરીકે ઓળખાયેલા. આગમાભ્યાસી પ. પૂ. ગણિવર્યશ્રી મહોદયસાગરજી મ.સા. તથા તેમના શિષ્યો, સ્વાધ્યાયપ્રેમી પૂ. મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. તથા તપસ્વી પૂ. મુનિરાજશ્રી અભ્યુદયસાગરજી મ.સા. ઠાણા ત્રણની નિશ્રામાં તથા ઉપરોક્ત સા. શ્રી જ્યોતિષપ્રભાશ્રીજી આદિ સાધ્વીજી ભગવંતોના સાંનિધ્યમાં આ આયોજન ગોઠવાયેલ.

આ આયોજનની જવાબદારી શ્રી જામનગર વીસા ઓસવાલ અચલગચ્છ જૈન સંઘે સંભાળેલ.

## અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં નીકળેલા છ'રીપાલિત સંઘો

(૧) વિ.સં. ૨૦૩૩, મહા સુદ ૫, કચ્છ-ગોધરાથી શત્રુંજય તીર્થનો ૧૧૦૦ યાત્રિકો સાથે સંઘ નીકળેલ. એમાં ૩ સંઘપતિઓ હતા. ૧. ખીમજી વેલજી, ૨. લખમશી ઘેલાભાઈ, ૩. શામજી જખુભાઈ આ સંઘ ૪૨ દિવસનો હતો.

(૨) વિ.સં. ૨૦૩૪ સા. શ્રી જ્યોતિષપ્રભાશ્રીજીની પ્રેરણાથી પાલિતાણાથી કદમ્બગિરિનો સંઘ નીકળેલ.

**વિ.સં. ૨૦૪૧માં શિખરજી તીર્થથી સિદ્ધાચલજી તીર્થનો ઐતિહાસિક સંઘ,** ૩૩૦૦ કિ.મી., ૫ મહિના, ૭૦૦ યાત્રિકો સહ નીકળેલ. આ છ'રીપાલિત યાત્રા સંઘમાં ૩૩ સંઘપતિ હતા, જેમાં રૂા. ૧,૨૫,૦૦૦ નકરો રાખવામાં આવેલ. આ ૩૩ સંઘપતિઓ નીચે મુજબ હતા ૧. સંઘરત્ન શ્રેષ્ઠી સ્વ. શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા હ. ધનજી લખમશી સાવલા, ૨. શ્રી રવજી ખીમજી છેડા-સંઘમાતા વિજયાબહેન પ્રેમજી છેડા, ૩. સંઘરત્ન શ્રી ઝવેરચંદ જેઠાભાઈ સાવલા, ૪. ટોકરશી ભૂલાભાઈ વીરા, ૫. શ્રી શાંતિલાલ જેઠાલાલ રાંભિયા-જેઠાલાલ ભૂરાભાઈ રાંભિયા, ૬. કેશવજી જેઠાભાઈ સાવલા (બાડા), ૭. શ્રી શિવજી સુંદરજી ગડા (બાડાવાળા), ૮. સંઘમાતા દેવકાબાઈ કલ્યાણજી મેઘજી, ૯. શ્રી નેમિચંદજી દ્વારકાદાસ, ૧૦. શ્રી મૂળચંદભાઈ કારૂભાઈ ગોસર, ૧૧. શ્રી લીલબાઈ હીરજી ગાલા, ૧૨. શ્રી લક્ષ્મીચંદ મેઘજી ઉમરશી સાવલા, ૧૩. શ્રી પોપટલાલ પ્રેમજી ગડા, ૧૪. શ્રી ટોકરશી આણંદજી લાલકા, ૧૫. શ્રી ઓશરબાઈ હીરજી વિસરિયા, ૧૬. માતુશ્રી ખેતબાઈ કાનજી-શ્રી વિશનજી કાનજી શાહ-દેવપુર, ૧૭. શ્રી હરશીભાઈ આશારીઆ-મકડાવાળા, ૧૮. ગં. સ્વ. ગંગાબાઈ સુંદરજી દેવજી ગડા હ. શ્રી વિશનજી સુંદરજી ગડા-બાડાવાલા, ૧૯. શ્રી સુંદરજી ધનજી ગડા (બાડા), ૨૦. શ્રી લાલજી વેલજી (બાડાવાલા).



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# समाहि-वर-मुत्तमं दिंतु

# સમાધિમરણના પ્રાપ્તકર્તાઓ

—પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા.



જૈન દર્શનમાં મરણના સત્તર પ્રકાર જણાવાયા છે, તેમાંથી બાલમરણના પ્રતિપક્ષ પંડિતમરણને શુભમરણ જણાવાયું છે, કારણ કે મૃત્યુ સમયે સમાધિ રહેવી, ટકવી, વધવી તે તો જીવનઆચારની સફળતા કહેવાય. આઉર પચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ, મરણસમાહિ, સંથારગ, ચઉસરણ વગેરે વિવિધ આગમ અને પયન્ના ગ્રંથોમાં અંતિમ આરાધના, ચારશરણા, સમાધિ હિતશિક્ષા વગેરે વિશે સારું એવું તત્ત્વ પીરસાયું છે તે પ્રમાણે લોગસ્સ સૂત્રમાં જણાવાયું છે. "આરુગ્ગ બોહિલાભં–સમાહિ–વર–મુત્તમં દિંતુ." તેજ પ્રમાણે પ્રાર્થનાસૂત્ર જયવીયરાયમાં કરાયેલી તેર પ્રાર્થનાઓમાં એક અરજ કરવામાં આવી છે "સમાહિમરણં ચ બોહિલાભો અ" જે બન્ને સૂત્રોમાં આવેલ શબ્દ કે સમાધિમરણ તેનો ભાવાર્થ છે–કે ચોરાશીલાખ જીવયોનિમાં ભટકતા જીવને ઉપરાઉપરી મળી રહેલા જન્મ અને ખૂબ જ વિષમસ્થિતિમાં થઈ રહેલા મરણોથી અલગ પ્રકારનું ધર્મમય જીવનનો અંત દેખાડતું સમાધિમય મૃત્યુનું પ્રાપ્ત થવું. ઉંદરનું બિલાડીથી ચવાઈ જવું, સાપ દ્વારા દેડકાં ખવાઈ જવાં, ગાડી નીચે ચગદાઈ મરવું ને ઝાડ–પાનનું કોઈની કુહાડીથી કપાઈ જવું, પરમાધામી દ્વારા નારકીઓના ટુકડે–ટુકડા થઈ જવા કે માનવીના બીજા માણસ દ્વારા ખૂનખરાબા, આક્રમણ કે યુદ્ધ વગેરે દ્વારા અપમૃત્યુ થઈ જવું કે કોઈ પણ રીતે વેરઝેર કે આક્રમણ વગર અસમાધિમય મરણ થઈ જવું ખૂબ સુલભ પણ દુર્લભમય છે સમાધિમરણ અન્યથા પ્રભુ–પરમાત્મા પાસે તેવા મરણની પ્રાપ્તિ માટે ગૌતમસ્વામી ગણધર જેવી મહાનવિભૂતિ પ્રાર્થના કેમ કરત?

નિશ્ચયનયના સમાધિમરણ પછી તો જીવાત્મા અલ્પભવી કે એકાવતારી બની જાય છે, પણ તેવી ઉચ્ચ દશાની આ વાત અત્રે પ્રસ્તુત ન કરતાં વ્યવહારનયથી જેને ચારશરણ સાથેનું ધર્મમરણ કહેવાય છે, તેવી સમાધિની જ અત્રે રજૂઆત જાણવી, કારણ કે કાયા–કંચન–કામિની અને કુટુંબની માયાથી પર બની આત્મસ્થદશાનું અવસાન તે કોઈ નાની–સૂની વાત નથી. આવા પંડિત મરણ તો નિર્ગ્રંથ સાધુ–સાધ્વીઓ છોડી ભાગ્યે જ કોઈને સુલભ બને છે, માટે પ્રાચીન પ્રસંગોને ગૌણ ગણી લોકજાગૃતિ–હેતુ વર્તમાનના નિકટના કાળમાં થઈ ગયેલા પ્રસંગોથી આત્માને મૃત્યુમહોત્સવ માટે સુસજ્જ બનાવવાનો છે.

ભૂતકાળની કથામાં ગજસુકુમાર મુનિ સોમિલ સસરાના મરણાંત ઉપસર્ગ છતાંય સમાધિબળે કેવળી બની મોક્ષે ગયા. બીજી તરફ પ્રભુ પાર્શ્વનાથનો જીવ પ્રથમ મરુભૂતિના ભવમાં સગા મોટાભાઈ કમઠનો ઉપસર્ગ સહન ન થતાં અસમાધિમરણને કારણે હાથીના ભવમાં ચાલ્યો ગયો. નંદ મણિયાર પણ વાવડી અને પાણીમાં વ્યામોહ પામી આર્તમરણ થકી મરી પોતાની જ વાવડીમાં દેડકો બની ગયા તો બીજી તરફ અવંતિકુમારનો જીવ નલિનીગુલ્મ વિમાનથી ચ્યવી ભદ્રા શેઠાણીને ત્યાં જન્મી અચલ સંયમસાધના થકી શિયાલણના મરણાંત પરિસહને સહી સમાધિને કારણે પાછો નલિનીગુલ્મ વિમાને પહોંચી ગયો. તેવી જ અનુપમ સમાધિના ધણી થઈ ગયા અગ્નિકાપુત્ર આચાર્ય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીર્તિધર અને સુકોશલ મુનિ, મેતારજ મુનિ કે ધર્મરૂચિ અણગાર. જ્યારે વિપક્ષે કાલસૌરિક કસાઈ કે મમ્મણશેઠ, ધવલશેઠ કે ભદ્રા બ્રાહ્મણીના જીવો અસમાધિમરણને કારણે નરકગતિમાં ચાલી ગયા છે, જે હકીકત સમાધિ સાથેના દેહત્યાગનું માહાત્મ્ય જણાવે છે. વર્તમાન કાળમાં પણ કાળ અને સંઘયણબળની વિષમતા છતાંય સમાધિપૂર્વક સ્વર્ગવાસ મેળવવાના જૂજ પ્રસંગો અત્રે પ્રસ્તુત છે, જે ખરેખર આત્મજાગૃતિ હેતુ અવગાહવા યોગ્ય છે. મહદ્અંશે ગૃહસ્થોના જ સમાધિ પ્રસંગ અત્રે રજૂ કરાવ્યા છે, કારણ કે સંસારની માયાજાળ વચ્ચે મૃત્યુ સમયની સમાધિ તે તો આશ્ચર્યભૂત ઘટના કહેવાય. —સંપાદક

## (૧) ઉજ્જૈનના શ્રેષ્ઠી માણેકચંદ

નિકટના જ સૈકામાં થઈ ગયેલ જૈનધર્મી માણેકચંદ નાસ્તિકતા છોડી સાવ આસ્તિક બની આનંદવિમલસૂરિજી આ.ભગવંતના શ્રીમુખે નવકારનું માંગલિક સાંભળી ચાલુ ઉપવાસ કરતા, અડવાણે પગે અને એકાકી વિચરણ કરતા, સિદ્ધગિરિના ધ્યાનમાં જ મગરવાડા મુકામે લૂંટારુઓના ઉપદ્રવમાં કાયાના ત્રણ ટુકડા થઈ જવા છતાંય ધર્મભાવના અને નવકારપ્રભાવે સમાધિમરણ સંપ્રાપ્ત કરી દેવલોકમાં ઇન્દ્રની પદવી પામ્યા. આજે માણિભદ્રવીર તરીકે તેઓ તપાગચ્છની સુરક્ષા કરી રહ્યા છે, ઉપરાંત અનેક ભક્તોને ચમત્કાર દર્શાવી રહ્યા છે. એક જ ભવના સમાધિમરણ થકી દેવભવ પછીના આગામી ભવમાં જ કેવળી બની મુક્તિને વરનારા ઉત્તમાત્મા છે.

## (૨) મોતીશા શેઠ

નિકટના ભૂતકાળમાં મુંબઈ નગરના કચ્છી દાનવીર શેઠ મોતીશા, જેમને ત્રણ વખત બ્રિટિશ સરકારે ફાંસી ફટકારી પણ પુણ્યપ્રતાપે માંચડો જ તૂટી ગયો. તે પછી પણ અનેક સખાવતો કરી, છેલ્લે મૃત્યુપથારીએ સંપૂર્ણ આયુષ્ય ભોગવી કાયાની માયા છોડનારા બન્યા. તે જમાનામાં રૂા. એક લાખ દેવાદારોના છેલ્લે-છેલ્લે માફ કરાવ્યા. ખૂબ સમાધિ પામવા છેલ્લે સાધુ-સાધ્વી ભગવંતોનું સાંનિધ્ય રાખ્યું. સમતાપૂર્વક પ્રાણ છોડ્યા ત્યારે મુંબઈ અને ગુજરાત આખાયમાં સોંપો પડી ગયેલ. ઠેકઠેકાણે શોકસભાઓ તથા શ્રદ્ધાંજલિ કાર્યક્રમો ગોઠવાયા. આજેય પણ પાલિતાણાની નવ ટૂંકોમાં મોતીશાની ટૂંક તથા મુંબઈ-ભાયખલ્લા ઉપર વિશાળ જિનાલય સાથે સંકળાયેલ મોતીશા શેઠ લેન ખ્યાત-પ્રખ્યાત છે. પરિણતધર્મ સાથે મૃત્યુ પણ મહોત્સવ બને છે.

## (૩) મંત્રી ઉદયન

કુમારપાળ રાજાના અંગત વફાદાર મંત્રી તરીકેનું જેમનું નામ ખ્યાત-પ્રખ્યાત છે, તેઓ છેલ્લા યુદ્ધમાં પોતાના રાજા માટે વિજયી બન્યા પણ કાયા શત્રુસૈન્યના પ્રહારથી ખૂબ ઘવાયેલ હોવાથી મરણાંત કષ્ટ પામ્યા. તે સમયે પણ પોતાના પુત્ર બાહડને બોલાવી લઈ અંતિમ ત્રણ ઇચ્છાઓ વ્યક્ત કરતાં શત્રુંજયના દાદા આદિનાથજીનું જિનાલય આરસનું કરવા તથા ગિરનારના નેમિનાથ પ્રભુના દહેરા સુધીનાં પગથિયાં બનાવવા તથા મૃત્યુપૂર્વે જ સાધુવેશ અપાવવા પુત્ર પાસે રજૂઆત કરી. ધન્ય બાહડ પુત્ર કે જેમણે નકલી સાધુને પિતાની સમાધિ માટે રજૂ કરી પિતાને પણ સમાધિસ્વરૂપ નિર્યામણા કરાવી. મંત્રી મુનિ બની ધર્મમય સમાધિમરણ પામી સ્વર્ગે ચાલ્યા ગયા. પાછળથી નકલી સાધુએ પણ વિધિવત્ દીક્ષા લઈ મરણસમાધિ સાથે પ્રાણ છોડ્યા હતા.

## (૪) વસ્તુપાળ-તેજપાળ

જીવનભર શાસનસમર્પિત રહી ગચ્છ સમુદાયોના ભેદ વચ્ચે પણ શાસનની રક્ષા અને પ્રભાવના કરતા રહી હિન્દુઓ સાથે મુસ્લિમોને પણ યોગ્ય સાચવી લઈ જૈનધર્મનો ડંકો ચારેય તરફ બજાવનાર બેઉ ભ્રાતાઓએ પોતાના ભાઈ લુણિગને ધર્મનાં વચનો આપી મૃત્યુ સમયે સમાધિ અપાવેલ, જેની યાદમાં આજેય પણ દેલવાડાનાં દહેરાસરોની બાજુમાં લુણિગવસહી જિનાલય છે. તેજ વસ્તુપાળ અને તેજપાળ અનુક્રમે મરણ પથારીએ હતા ત્યારે વિચરતાં સાધુ-સાધ્વી ભગવંતોને પોતાની નિકટમાં રાખી આરાધના કરેલ અને શાસનની ખૂબ પ્રભાવના કર્યા પછી પણ જીવનમાં સંયમની આરાધના ન થઈ તેનો સારો એવો ખેદ વ્યક્ત કરેલ. બેઉ ભાઈઓ તો સમાધિ પામી પરલોકે સિધાવી ગયા, પણ તેજપાળનાં ધર્મપત્ની અનુપમાદેવી માટે તો સીધા જ મહાવિદેહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રમાં સીમંધરસ્વામી પાસે જન્મ પામી આત્મકલ્યાણનો માર્ગ પામી જવાની લોકવાયકા બોલાય છે.

## (૫) શ્રીયક મુનિ

નૂતનદીક્ષિત તથા સાધ્વી યક્ષાના સંસારી ભાઈ જરાય તપ નહોતા કરી શકતા પણ બહેન સાધ્વીના અત્યાગ્રહથી પહેલી જ વાર ખેંચીખેંચીને ઉપવાસ કરવા જતાં કાળધર્મ પામી ગયા ત્યારે સાધ્વી યક્ષા અને સકળસંઘની ગમગીની દૂર કરવા વિહરમાન સીમંધરસ્વામીને દેવતાઈ સહાયથી પ્રશ્ન પૂછ્યા. પ્રભુજીએ મહાવિદેહ આવેલ યક્ષા સાધ્વીને શ્રીયકમુનિનું મરણ સમાધિમય જણાવી સંતોષ આપ્યો ને ભેટરૂપે શ્રુતજ્ઞાનના પાઠો આપ્યા, જે આજેય પણ દશવૈકાલિક આગમની ચૂલિકારૂપે મૌજૂદ છે.

## (૬) વિમલ મંત્રી

લાટદેશના દંડનાયક તથા ચુસ્ત પ્રભુભક્તિના પ્રેમી, જેમનાં રૂપ અને શૌર્ય ઉપર સ્વયં અંબિકાદેવીએ મોહ પામી સુંદર કન્યાનું રૂપ બનાવી પરીક્ષા કરેલ તેવા યુવાનવયના ઊંબરે આવી લગ્નજીવનથી જોડાયેલ વિમલ મંત્રીએ પ્રસન્ન થયેલ અંબિકાદેવીએ આપેલ વરદાન પેટે વારસસુખ (સંતાનપ્રાપ્તિ) જતું કરી આરસના નૂતન જિનાલયની પ્રાણપ્રતિષ્ઠા પોતાની જ હાજરીમાં ઇચ્છેલ. અનેક જિનાલયોના નિર્માતા, જૈનસંઘના સંઘપતિ બન્યાનું સૌભાગ્ય સાધનાર તથા અનેક પ્રકારી શાસનપ્રભાવના કરનાર વિમલમંત્રી અંતિમ આરાધના પામી દેવલોકે સિધાવી ગયા. આજેય પણ તેમનાં નામ-કામ જૈન જગતમાં ગવાય છે.

## (૭) મંત્રીશ્વર આમ્રભટ્ટ

ગુર્જરપતિ કુમારપાળ મહારાજા પોતાના પ્રાણપ્યારા ગુરુદેવ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના સમાધિકાળધર્મ પછીના છ માસમાં જ પોતે પણ વિરહવેદના વચ્ચે પણ સમાધિ સાચવી દેવલોક સંચરી ગયા. તે પછી જ ૧૮ દેશોમાં અમારિપ્રવર્તન કરાવનારનું શાસન દેશદ્રોહી તેમના જ ભત્રીજા અજયપાળના હાથમાં જતાં તે નાસ્તિકે અનેક જિનાલયોના ધ્વંસ કરાવ્યા. ધર્માનુરાગીઓને સજા કરાવી, કાળો આતંક ફેલાવી દીધો. જે લપેટમાં સ્વ. કુમારપાળના ખૂબ વફાદાર વૃદ્ધમંત્રી આમ્રભટ્ટ પણ ફસાણા. વીતરાગીદેવ તથા પંચમહાવ્રતધારી પોતાના ગુરુ સિવાય ક્યાંય માથું ન ટેકવનારા તેમને દૃઢધર્મી જાણી અજયપાળે જ્યારે તેમના દીવાનખંડમાં અચાનક આક્રમણ ગોઠવી દીધું ત્યારે આમ્રભટ્ટે અનશન કરી, પ્રભુભક્તિ અને ગુરુસેવા કરી લઈ યશસ્વી મોતની તૈયારી કરી લીધી. પોતે એકલા અને અનેક સૈનિકોના હુમલા સામે ન ટકી શકતા જ્યારે મસ્તક કપાઈ જવા દીધું ત્યારે મૃત્યુ સમયે પણ 'જય અરિહંત' શબ્દો સરી પડેલ અને વીરમૃત્યુ સાથે સમાધિ પણ સાધી લીધી. કાયા ધરતી ઉપર ને આત્મા દેવલોકે હતો.

## (૮) દેદાશાહ, પેથડશા તથા ઝાંઝણશેઠ

દાદા, પિતા અને પુત્રની વંશાવલિ ખ્યાતનામ છે. દેદાશાહે કલ્પસૂત્રનાં પ્રવચનો સાંભળી બ્રહ્મચર્યવ્રત અવધાર્યું. આખોય ઉપાશ્રય સોનાની ઈંટનો બનાવવા આદેશ માંગ્યો, ઉપરાંત જિનશાસનસેવાનાં અનેક કાર્યો કરી આદર્શ વારસો પુત્ર પેથડને આપ્યો, જેમણે પણ ભરયુવાનીમાં આજીવન બ્રહ્મચર્યવ્રત સાધી. નવકારમંત્રની વિશિષ્ટ આરાધના કરી સૂક્ષ્મશક્તિઓ પેદા કરી તેમના જ ચિરંજીવ ઝાંઝણશેઠે પિતા દ્વારા થયેલ ગિરનાર તીર્થરક્ષાની જેમ શત્રુંજયની રક્ષાર્થે છ'રી પાળતો સંઘ કઢાવી સાધર્મિક વાત્સલ્ય તથા શાસનપ્રભાવનાનો માહોલ સર્જી ઇતિહાસમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ત્રણેય મહાનાત્માઓ વિ.સં. તેરસોથી વિ.સં. ૧૪૦૦ વચ્ચે ધર્માભિમુખ આરાધના પામી દેવલોકે સિધાવી ગયા છે. નિકટભવી ઓળખાયા છે.

## (૯) જાવડ શેઠ અને જયમતી

વિ.સં. ૪૭૦ની સાલમાં લબ્ધિસંપન્ન વજ્રસ્વામીજીના ઉપદેશથી પોતાના જીવનની બાજી લગાવી દઈને પણ શત્રુંજયનો તેરમો જિર્ણોદ્ધાર કરાવનાર, એકવીસ વાર આદિનાથ પ્રભુની પ્રતિમા મિથ્યાત્વી કપર્દીયક્ષ દ્વારા નીચે ઉતારી દેવાઈ છતાંય ફરી હિમ્મત હાર્યા વગર બાવીસમી વાર પણ તળેટીથી છેક શિખર સુધી ફરી પ્રતિમા ચઢાવનાર તે દંપતીએ જ્યારે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ ગઈ ત્યારે ધ્વજા ચઢાવવા દહેરાસરના શિખરે પહોંચી એવું નાચવાનું ચાલુ કર્યું કે પોતે ભાન ભૂલી ગયા. સર્વવિરતિ ક્યારે મળે તેવી મંગલભાવના સાથે નાચતાં-નાચતાં દહેરાસરના શિખરે જ બેઉ આત્માઓએ હર્ષાવેશમાં પ્રાણ છોડી દીધા અને ગૃહસ્થવેશ છતાંય પંડિતમરણના પ્રભાવે જાવડ-જયમતીની જોડી ચોથા દેવલોકે સિધાવી ગઈ, જે હકીકત ચક્રેશ્વરી દેવીએ સ્વયં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના મુખથી શોક કરી રહેલ જાગનાથ નામના જાવડશેઠના પુત્રને કહી તેનો સંતાપ દૂર કર્યો હતો.

## (૧૦) સાધ્વી પાહિની

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના સંસારી પક્ષે કહેવાતા માતા પાહિનીએ સુંદર સંયમયાત્રા પૂર્ણ કરતાં આયુપૂર્ણ થવાના સમયે પુત્રાચાર્યજીની ઉપસ્થિતિ ઇચ્છી. શાસનપ્રભાવક ધર્મધુરંધરાચાર્યજી ઉપસ્થિત થઈ ગયા, જેથી સકળ સંઘે મળી મરણમુખા સાધ્વી ભગવંતની સમાધિ નિમિત્તે લાખોનાં દાન જાહેર કર્યાં, સાથે શ્રીસંઘે જાહેર કરેલ કુલ ૩।। કરોડનું દાન છતાંય ઉદાસ સાધ્વીજી ત્યારે જ સંતોષ–તોષ પામ્યાં જ્યારે પોતાના પનોતા પુત્રાચાર્યજીએ પણ નૂતન સાડાત્રણ કરોડ શ્લોકપ્રમાણ સાહિત્ય અને સવાકરોડ મહામંત્ર નવકારનો જાપ માતા સાધ્વીની સમાધિહેતુ જાહેર કર્યો. જીવિત મહોત્સવ કરતાંય વધારે સુકૃત બંધાવી સાધ્વીજી સ્વયં સુખેથી દેવલોકે પહોંચી ગયાં. આજેય પણ તે વાત યાદ કરાય છે.

## (૧૧) શેઠ શાંતિદાસ

અકબરના સમયકાળ દરમ્યાન થઈ ગયેલ સિસોદિયા વંશના શ્રેષ્ઠી શાંતિદાસ ખ્યાતનામ જૈન વ્યાપારી. અકબરે તો તેમના પોતાના અંગત ઝવેરી તથા ખુશ થતાં અમદાવાદના નગરશેઠ બનાવી દીધા. વિ.સં. ૧૬૨૫ની સાલમાં તે સમયની નવ લાખ મુદ્રા ખરચી તેમણે મેરુતુંગ પ્રસાદની રચના કરી પણ વીસ વરસે જ વિ.સં. ૧૬૪૫માં નવા બનેલ અમદાવાદના સૂબા ઔરંગઝેબે આખાય જૈન મંદિરને રાતોરાત મસ્જિદમાં ફેરવી દીધું.....પણ તે પૂર્વે જ બધીય પ્રતિમાજીઓને દહેરાસરમાંથી પાછી મેળવી લેવામાં શાંતિદાસજીને સફળતા મળી ગઈ હતી, જેનો તેમને સંતોષ હતો પણ પોતાની ગેરહાજરીમાં વળી નવી આફત મુસ્લિમ બાદશાહ ઊભી ન કરે તેથી બાકીની જિંદગીનાં સારાં એવાં વરસો તીર્થરક્ષાનાં ફરમાનો મેળવી લેવામાં કાઢ્યાં અને જૈન તીર્થોના ખાસ રક્ષક અને રાગી શેઠજી વિ.સં. ૧૬૫૯ની સાલમાં સિત્તેર વર્ષની વયે કાળધર્મની જેમ સમાધિમૃત્યુ પામી દેવલોકે સિધાવી ગયા. આજેય પણ તેમનું બંધાવેલ દહેરાસર ખંડિયેર સ્થિતિમાં મસ્જિદરૂપે આણંદજી કલ્યાણજીના કબજામાં છે.

## (૧૨) ઉદારદાતા જગડૂશાહ

વિ.સં. ૧૩૧૩, ૧૪ અને ૧૫ની સાલના ત્રિવરસીય ભયાનક દુકાળમાં પોતાના ઉપકારી ગુરુદેવ પરમદેવસૂરિજીની પ્રેરણાથી ૧૧૨ જેટલી દાનશાળાઓના માધ્યમે લગભગ આઠ અબજ, સાડા છ કરોડ મણ અનાજનું વિતરણ વિનામૂલ્યે કરી જગડૂશા તો પરમદાનવીરનું બિરુદ પામી ગયા, પણ સાથે રાજાઓ પણ તેમની પાસેથી દાન મેળવી કૃતાર્થ થઈ ગયા, તેવો પ્રસંગ નિકટના કાળમાં જોવા–જાણવા નથી મળતો.

આવા જૈન જગતના જવાહર શ્રેષ્ઠીનું જ્યારે નિધન થયું ત્યારે મુખ ઉપર લોકોપકારની ખુમારી નહીં પણ ઉત્તમસમાધિ હતી. જેમના માનમાં સિંધપતિએ બેદિવસ અન્નપાણી ન લીધાં, રાજા અર્જુનદેવ રડી પડ્યા અને દિલ્હીના મુસ્લિમ બાદશાહે માથેથી મુગટ ઉતારી લીધો તેમનું મરણ પણ મહોત્સવરૂપ હતું.

## (૧૩) મુલુંડવાસી માવજીભાઈ

આજથી થોડાંજ વરસો પૂર્વે મુલુંડમાં રહેતા માવજીભાઈને અચાનક લકવો થયો. દેહની વ્યાધિમાં એક દિવસ રાત્રે બાર વાગે દૈવી સંકેત થયો કે તમે અંતિમ આરાધના કરી લ્યો. તરત સવારના પહોરમાં એક પણ ઉપવાસ ન કરનારા તેઓએ અણસણ લઈ લીધું. ઘરનાં લોકો તેમનાં પારણાંની વાટ જોતાં રહ્યાં તેટલામાં તો દસમા ઉપવાસે અકડાયેલા હાથ–પગ હાલતા–ચાલતા થઈ ગયા અને ચાલુ ઉપવાસના તપમાં થોડા જ દિવસો પછી સીમંધરસ્વામીનો જાપ કોઈકે રાત્રે કાન માધ્યમે આપ્યો. ચોવીસ કલાક તે જ જાપમાં લીન બનતાં છેક ૯૦ ઉપવાસે પહોંચી ગયા. ડૉક્ટરોએ, સાધુસંતોએ તથા સંઘના ભાવિકોના આશ્ચર્ય વચ્ચે લગીર તકલીફ વગર પોતાનું બધુંય વોસરાવી, ધન–દૌલતનું મમત્વ પણ ત્યાગી, સાધુ જેવી સીધી–સાદી જીવનદશા સાથે દસમા ઉપવાસે માવજીભાઈએ તા. ૪-૯-૯૩ના દિવસે શનિવારે રાત્રે ૧=૪૦ વાગ્યે નવકારસ્મરણ સાથે દેહ ત્યાગી દીધો અને જાણે અધૂરી ઝંખના–ભાવનાની સિદ્ધિ માટે મહાવિદેહ તરફ વિચરણ કરી દીધું.

## (૧૪) રતિલાલ જીવણભાઈ

વઢવાણનિવાસી ચુસ્તધર્મી શ્રાવક જેમના ઘેર રાત્રિભોજન મહેમાનોને તો ઠીક પણ પોતાના વ્યાવસાયિક શેઠ ઇન્દૌરવાસી હુકમીચંદજીને પણ ન કરાવતાં ઘરમાં દેકારો મચી ગયો અને અંતે ભરી સભામાં જેમની મક્કમતા તેમનાં જ શેઠે વખાણી હતી. સગી દીકરીનાં લગ્ન પ્રસંગે જાનૈયાઓને પણ સાંજે મોડેથી ઘેર આવતાં ચા–પાણી પિવડાવી મહેમાનગતિ પતાવી દીધેલ. સારણગાંઠના ઓપરેશન પછી પણ હોસ્પિટલમાંથી નર્સ સાથે પતાવટ કરી ઉપરાઉપરી સાત દિવસ પ્રભુદર્શન કર્યાં, ઉપરાંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃદ્ધ ઘોડાઓને મારી નાખવાનો ઇન્દૌરમાં અંગ્રેજ અફસરનો વટહુકમ પણ રદ્દ કરાવ્યો તેવા આચારશુદ્ધ શ્રાવકે વઢવાણ સંઘની પેઢીનો હિસાબ વરસો સુધી એકધારો સંભાળ્યો.

અંતે હિસાબના ચોપડા લખતાં ને તપાસતાં જ હેમરેજ થવાથી પડી ગયા, પણ થોડી જ વારમાં હોંશ આવતાં સંઘની ચાદર છોડી ઘરની ચાદરમાં હોસ્પિટલમાં ભર્તી થયા. તે પછી જીવનનાં સુકૃત્યોના સથવારે ચોવીસ કલાકમાં જ દેહ છોડ્યો, પણ મુખ ઉપર ધાર્મિકતાની તથા જીવ શુદ્ધિની ખુમારી અજબ-ગજબની હતી.

## (૧૫) અનોપચંદ શેઠ

હિંગળાજ માતાના હડા પાસે ધીમી ગતિએ જાત્રા કરતાં કરતાં પાટણના ભોજક ગિરધરભાઈ સાથે શત્રુંજયના દાદા આદિનાથજીને ભેટવાના કોડ સાથે પરગામથી આવી પહોંચેલા શેઠ અનોપચંદજી સિદ્ધગિરિરાજથી મુક્તિને વરેલા અનંતા આત્માઓની સંખ્યા વગેરેની વાતો કરતાં પવિત્ર તીર્થાધિરાજના ઓવારણાં લેતાં આવા જ પાવનકારી તીર્થમાં મૃત્યુ મળે તેવી કામનાવાળા હતા. જૂના રસ્તે ઉપર જતાં પાર્શ્વપ્રભુની દેરી આવી જ્યાં વિસામો લઈ ભોજક સાથે વાર્તાલાપ કરતાં આ તીર્થે જ દેહત્યાગની ઇચ્છા દર્શાવી. ભોજકે પણ શેઠના ભાવને ખૂબ વધાવ્યા. વાત આગળ ચાલે તે પૂર્વે જ સિદ્ધગિરિરાજની છત્રછાયામાં આદિનાથ પ્રભુના સ્મરણ સાથે ત્યાંને ત્યાં બેઠાં બેઠાં જ અનોપચંદ શેઠે કાયાનો ઉત્સર્ગ કરી દીધો ને ઇચ્છામૃત્યુ પામી સમાધિપૂર્વક પરલોક સાધ્યો છે.

## (૧૬) શ્રાવક મેઘજીભાઈ

પાલિતાણાના ભાતાખાતામાં અગિયાર લાખ આપનારા, બીજા પણ ૬૦-૬૫ લાખનું સુકૃત કરનારા જીવિત મહોત્સવ કરી આત્મજાગૃતિ કેળવનારા આ શ્રાવકે અલ્સરના ચાંદાની ગાઢ બિમારીમાં ચેતી જઈને હોસ્પિટલમાંથી ઘેર પાછા લઈ જવાનો આગ્રહ કરી ઘરમાં તા. ૧૫-૭-૯૪ના દિવસે પત્નીને પણ પોતાની અંતિમ ઘડી વિશે ચેતવી દઈ, સાધુ-સાધ્વી ભગવંતોને આમંત્રી સૌ મહાત્માઓ પાસે નવકારસ્મરણ કરાવવા પ્રાર્થના કરી. અંત સમયે સાંજે ૫=૩૦ની આસપાસ પદ્માસન મુદ્રામાં આવી જઈ, શંખેશ્વર પાર્શ્વનાથપ્રભુ તથા નવકારારાધક પ.પૂ.પં. ભદ્રંકરવિજયજી મ.સા.નો ફોટો સામે રખાવી ધ્યાનમાં બેસી ગયા. જાણવા મુજબ મેઘજીભાઈએ રાત્રે ૭=૦૦ વાગ્યે કાઉસ્સગ્ગ મુદ્રામાં જ નમસ્કારસ્મરણ સાથે કાયાની માયા ત્યાગી પરલોક સાધ્યો છે.

## (૧૭) ચંપકભાઈ ભણસાલી

પાટણના ધર્માત્મા શ્રાવક હતા. એકવાર અચાનક પેટની વેદનામાં અચાનક ડોક્ટરને બોલાવવા પડે તેવી ગંભીર પરિસ્થિતિ સર્જાણી, છતાંય તેમણે દ્રવ્ય ઉપચારનો ઇન્કાર કર્યો અને ગુરુ મહારાજને બોલાવો તેમ આગ્રહ કર્યો. ઘરવાળાં ઝૂક્યાં ને સાધુ મહાત્માને ઉપાશ્રયથી બોલાવી લાવ્યા. તેમનો ઉપદેશ ખૂબ ધ્યાનથી સાંભળ્યો. સમાધિ વળવા લાગી. જેથી જયા- દર્દમાં જ હવે આયુષ્ય પૂર્ણ થાય તેવી દહેશત થતાં પુત્રોને બોલાવવાનું પૂછાયું ત્યારે ઘરથી પણ પર બની નવકાર માગ્યો અને ખરેખર નવકાર સુણતાં-સુણતાં જ આયુષ્ય પૂર્ણ કરી દીધું. તે પ્રસંગને પ.પૂ.આ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. જ્યારે પ્રવચનમાં લેતા ત્યારે શ્રોતાજનો સમાધિમરણની વાતો સાંભળી સ્તબ્ધ થઈ જતા હતા. ગૃહસ્થ દશા છતાંય અંત સમયની અંતર્મુખતા ન્યારી વાત કહેવાય.

## (૧૮) શ્રાદ્ધરત્ન વીરચંદભાઈ

ત્રીસ વરસની ભરયુવાવસ્થામાં આજીવન માટે બ્રહ્મચર્યવ્રત લઈ લેનાર, સાધુ જેવું સાદું જીવન જીવવા કાચા પાણીનો ત્યાગ, લોચ, પર્વતિથિનાં પૌષધ, દીક્ષા ન થાય ત્યાં સુધી માટે ઘીનો સંપૂર્ણ ત્યાગ, ત્રિકાળ પ્રભુપૂજા, કામળીનો ઉપયોગ વગેરે નજરે દેખનાર તેમને અડધી દીક્ષાવાળા કહેતા. કોઈનીય નિંદા ન કરવાની, ન સાંભળવાની તેમાંય બે વરસી તપ, બે ચોમાસી તપ, ત્રણેય ઉપધાન પછી વર્ધમાન તપની આયંબિલની ઓળીમાં ૯૭મી ઓળી સુધી ફક્ત ત્રણ દ્રવ્યનું આયંબિલ, તે ઓળીમાં તબિયત બગડી જવા છતાંય ગ્લુકોઝના બાટલા ન લીધા અને ૪૭મા આયંબિલે નવકારવાળીનો જાપ કરતાં કરતાં દેહ ત્યાગી દીધો.

અનુપમ તેમની જીવન અને મરણદશાને કારણે શ્રીસંઘે તેમના પાર્થિવદેહને પાલખીમાં પધરાવી અનુકંપા દાન સાથે સ્મશાનયાત્રા કાઢી હતી.

## (૧૯) મનુભાઈ શાહ

મુંબઈના ગોરેગામ મુકામે રહેનારા અચ્છા વ્યાપારી, ધંધાકીય પ્રવૃત્તિમાં જ ઓતપ્રોત હોવાથી ધર્મપ્રવૃત્તિ માટે સમય જ ન કાઢી શકનારા, છતાંય કુદરતી પુણ્યોદયે ભક્તામર પાઠ સુધી પહોંચ્યા, આગળ વધતાં પ્રવચનશ્રવણ કરતાં કરતાં તેમની મનોકામના શુભ થવા લાગી અને ટૂંક સમયમાં જ ધર્મરસ એવો કેળવાઈ ગયો કે વધ્યો કે બધોય સમય નવકારજાપ વગેરેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાળે, હાર્ટની તકલીફ થતાં વાલ્વ તૂટી ગયો, બચવાની કોઈ આશા રહી નહીં. આવા સમયે દીકરા–દીકરી કે સુખ–સંપત્તિનો વ્યામોહ છોડી જાપમાં જોડાઈ ગયા અને તેજ બિમારીમાં સમાધિપૂર્વક કાયા વોસરાવી દીધી. પ્રવચનશ્રવણનો પ્રભાવ હતો કે અંત સમયની પરિણતિ શુદ્ધ હતી.

## (૨૦) શ્રેષ્ઠી રજનીભાઈ દેવડી

મુંબઈ બાબુલનાથ નિવાસી ધર્મવીરની ભાવના ચારિત્ર-પ્રાપ્તિ સુધી હતી અને તેમાંય મહામહેનતે સંપૂર્ણ શત્રુંજયનો અભિષેક કરી શુદ્ધિની ભાવના તો અનેક સાધુ–સાધ્વી ભગવંતો તથા શ્રાવક–શ્રાવિકાઓની રાતદિવસની મહેનતથી સફળ બની ગઈ, પણ તે શુભકરણી પૂર્ણ થયા પછીના સન્માનપત્ર અર્પણ થવાની વિધિ સમયે જ સિવિયર હાર્ટએટેકમાં સ્વર્ગવાસને પામી ગયા, કદાચ સારી વ્યક્તિને વધુ જીવવા માટેનો આ કાળ નથી તેવું સાબિત કરવા કાળે ઝપાટો માર્યો. તેમણે શત્રુંજય પર ચૌમુખજીની ટૂંકનાં શિખરો ઉપરના કળશો સાવ સાચા સોનાના કરાવવાની ભાવના શ્રેષ્ઠી શ્રેણિકભાઈને વ્યક્ત કરેલ હતી.

## (૨૧) ભાવસાર વિક્રમસિંહ

જેના તીર્થરક્ષાના પ્રેમમાં આજેય પાલિતાણાના ડુંગરે પ્રતીક કોતરાયેલું છે અને પ્રવેશદ્વારનું નામ રખાયું છે વાઘણપોળ, તેવી ખૂંખાર વાઘણના ઉપદ્રવથી યાત્રિકોને બચાવી લેવા વિક્રમસિંહે કમ્મર કસી. તેમાંય પ્રેરક હતી તેની ભાભી, જેનો ટોણો "મીઠું ઓછું તમારામાં કેમ?" સાંભળતાં જ ચાનક ચઢી ગયેલ. વાઘણના મુખમાં ડાબો હાથ નાખી મોઢું ચીરી નાખી મારી તો નાખી પણ પોતે પણ ઝપાઝપીમાં ઘણી જ ઘાયલ સ્થિતિમાં જ્યારે શ્રીસંઘને ભેગો કરવા ઘંટ વગાડવા જાય છે ત્યાં તો આદિનાથ પ્રભુના સ્મરણ સાથે વિક્રમસિંહ પોતાના પ્રભુનો પ્યારો બની ગયો. તેના બલિદાન પછી શત્રુંજયની જાત્રા ફરી ઉમંગભેર થવા લાગી, પણ તીર્થના ભક્તે પોતાની ભક્તિ પ્રાણ પાથરી દઈને રજૂ કરી છે.

## (૨૨) ભરતભાઈ બી. પારેખ તથા સુનંદાબહેન શાહ

મુંબઈ માટુંગાનિવાસી ભરતભાઈ ભાઈલાલભાઈ પારેખ ધર્મમાં નવા જ જોડાયેલા. તેમાંય બેંગ્લોરથી પ્રારંભ થયેલ ૧૦૮ તીર્થની–જાત્રા પ્રવાસમાં બાવન યાત્રાળુઓને ખૂબ સેવા આપી પ્રસન્ન રાખતા હતા. તા. ૬-૨-૧૯૮૮ના રાત્રે ૬૮ તીર્થ પૂર્ણ કરી ૬૯મા તીર્થ નાકોડાજી જતી બસના ટ્રક સાથેના અકસ્માતમાં બીજી આઠ મહિલાઓ સાથે માથામાં મૂઢમાર વાગી જતાં મરણ પામ્યા, પણ જ્યારે અકસ્માત થયો ત્યારે પ્રભુભક્તિનાં ગીતો સમૂહમાં ગવાઈ રહ્યાં હતાં. શુભભાવનું મરણ સદ્ગતિએ જ મોકલે તેવું જ મરણ સુનંદાબહેને વિ.સં. ૨૦૫૪ના બેસતા વરસે પાલિતાણાથી જાત્રા કરી પાછા વળતાં ધંધુકા પાસે ગાડી એક ઝાડ સાથે ભટકાવાથી મેળવ્યું, પણ મૃત્યુ પૂર્વે નવકાર પતિ પાસે માંગ્યા. ઉપરાંત મૃત્યુના દિવસે પણ ગાડીમાં બે સંતાનોને સ્તુતિ ગોખાવતાં હતાં, જે બે સંતાનો પણ અકસ્માતમાં અવસાન પામ્યાં છે.

## (૨૩) શ્રી મૂળચંદભાઈ વીરચંદભાઈ દેસાઈ

જેમણે પોતાના ભાગ્યોદયે વિ.સં. ૨૦૬૨ના મહા સુદ ૧૪, તા. ૧૨-૨-૦૬ના રવિવારે નવલખા નવકાર જાપની પ્રતિજ્ઞા સમૂહમાં ભગવાનની સાક્ષી રાખી સંઘ સાથે ઉચ્ચરી અને ફક્ત ચાર દિવસ પછી જ તા. ૧૬-૨ મહા વદ ૪ના દિને શંખેશ્વર તીર્થમાં પોતાના આયુષ્યને પ્રભુપૂજાના તરત પછી આવેલ ગંભીર હાર્ટએટેકમાં પૂર્ણ કરી દીધું. ફક્ત નવકારજાપની પ્રતિજ્ઞા તથા શુભભાવનાના પ્રભાવે મરણ પણ પ્રવાસમાં, ધર્મશાળામાં કે ગમે ત્યાં ન થતાં શંખેશ્વર પ્રભુના દરબારમાં થયું અને નવકારપ્રભાવે ખૂબ સમાધિ સાથે દેહત્યાગી દેવલોકે ગયા. પ્રતિજ્ઞા સમૂહમાં લેખકની પાસે જ લીધેલ તેથી તેમના પરિવારે પણ પિતાશ્રીના શુભમરણની વધાઈ આપી, જે હકીકત 'શ્રુત ગંગાની વહેતી ધારા' પુસ્તકમાં સારી રીતે પાના નંબર ૭૬ ઉપર છપાણી છે. પ્રસંગ મુલુંડ-મુંબઈ તાંબેનગરનો છે.

## (૨૪) સ્વ. મીનાક્ષીબહેન લોદરિયા

ફક્ત ૫૩ વરસની નાની ઉંમરમાં જ કેન્સરની વ્યાધિને કારણે કાયા જર્જરિત થઈ જતાં નાલાસોપારાનિવાસી શ્રાવિકા મીનાક્ષીબહેન જીવનથી હતાશ થઈ ગયા. તેમાંય તા. ૨૮-૭-૦૬ના રોજ તો આહારપાણી ગ્રહણ કરવાનું પણ બંધ થઈ ગયું, તેથી તેમના સુપુત્રે લેખકશ્રીને ખાસ આગ્રહ કરી ૨૯-૭ના સવારે ઘેર બોલાવ્યા, જ્યાં શ્રાવિકાની તબિયત નાજુક જણાતાં લેખકશ્રીએ દર્દીને ઉપદેશ આપી સાગારિક અણસણ માટે પ્રેરણા આપી. હળુકર્મ હોવાથી તરત જ સહમત થતાં, બધુંય વોસરાવ્યું અને તબિયત સુધરી જાય તો જ વસ્તુનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખ્યો પણ તે પછી બાર કલાકમાં જ રાત્રે ૮=૪૫ની આસપાસ સમાધિપૂર્વક ધર્મશ્રવણ કરતાં પ્રાણ છોડી દીધા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૫) શ્રીમાન બાબુભાઈ ફકીરચંદ

ઈ.સ. ૧૯૬૦ની આસપાસનો પ્રસંગ છે. ઉદારદાતા આ શેઠ વિશિષ્ટ પ્રોત્સાહન આપી અનેકોને ભગવાનનાં દર્શન-પૂજામાં જોડી દેતા. પાલિતાણામાં કે શંખેશ્વરમાં પ્રભુપૂજાની પહેલી બોલી બોલે પણ પૂજા કરવાનો લાભ કોઈપણ આરાધક શ્રાવક-શ્રાવિકાને આપી દે. તેથીય વધુ અનુમોદનીય ઘટના તો એ છે કે સુરત જેવા વિલાસી નગરમાં ૧૦૦થી વધુ વેશ્યાઓને પાપના ધંધેથી ગુપ્ત રીતે ઉગારી લઈ તેણે સ્ત્રીઓની અક્કા તથા માતા-પિતાને પણ સારી રકમ ભેટ આપી વિશિષ્ટ સુકૃત કરી દીધેલ તેની જાણ તો લોકોને ત્યારે જ થઈ જ્યારે બાબુભાઈએ ખૂબ સમાધિપૂર્વક માનવભવ પૂરો કરી દેવલોક સાધી લીધો. મૃત્યુ પણ લોકો માટે ઉજમણું બની ગયું હતું, તેમાં સૌથી વધુ અજાણી સ્ત્રીઓએ આવીને સ્વર્ગસ્થ શેઠને શ્રદ્ધાંજલિ આપી અને તેમના માનવતાવાદી કાર્યની ખૂબ કદર કરી.

## (૨૬) લક્ષ્મીકાંત અમૃતલાલ શાહ

શાસનપ્રભાવનાનાં કાર્યોમાં ઊંડો રસ ધરાવતા તથા અનેક જાત્રાઓ કરનારા અને અનેકોને કરાવનારા તે શ્રાવક ફક્ત ૪૯ વરસની નાની ઉંમરમાં કોઈ વિચિત્ર બિમારીને કારણે કાયશક્તિ ગુમાવનારા થયા. ધીમે ધીમે દેહ ઘસાવા લાગ્યો અને તારીખ ૧૬-૩-૦૬ના તો વાચા પણ બંધ થઈ ગઈ. લેખકશ્રી તે સમયે ભાંડુપ હતા. પરિવારનાં લોકોની વિનંતીથી બપોરે ઘેર જઈ લક્ષ્મીકાંતભાઈને સમજાવી સાગારિક અણસણ કરાવ્યું, બધુંય વોસરાવ્યું અને માંગલિક સંભળાવી હિતશિક્ષાઓ આપી. તે પછી સમાધિભાવમાં આવેલ તેમણે ઘરની મમતા ત્યાગી દીધી અને સાંજે ૬=૩૨ વાગ્યે પાલિતાણા પટનાં દર્શન કરતાં નવકાર સાંભળતાં દેહત્યાગી દીધેલ.

## (૨૭) સ્વ. કંચનબહેન શાંતિલાલ શાહ

લેખકશ્રીનાં સાંસારિક માતુશ્રીએ ફક્ત ૫૧ વર્ષની નાની ઉંમરમાં કીડનીની બિમારીમાં દેહત્યાગી દીધો, પણ તે પૂર્વે ઘરના અને તેમના પોતાની જાગૃતિને કારણે લેખકશ્રીએ વાગડ સમુદાયનાં સાધ્વી પૂ. દિનમણિશ્રીજીને વિનંતી કરી હોસ્પિટલમાં બોલાવી લઈ સાગારિક અણસણ કરાવી દીધું. બધુંય વોસરાવી, સૌને ખમાવી કંચનબહેન બીજે જ દિવસે રાત્રિના દસની આસપાસ તા. ૨૭-૧૨-૧૯૮૩, બુધવારે સ્વર્ગગમન કરનારાં બન્યાં. સાંસારિક પિતાશ્રીને પણ સાંસારિક નાનાભાઈ અમિત-કુમાર તથા તેમનાં શ્રાવિકાએ ખૂબ માવજત કરી હૂંફ આપી તેથી સાથે ઉપશાંત ભાવમાં નવકારશ્રવણ કરતાં પરલોક સાધનારાં થયાં છે. તદુપરાંત સ્વ. ચંપકબેન દોશીની ઘટના નિમ્નાંકિત છે.

## (૨૮) સ્વ. ચંપકબેન ધીરજલાલ દોશી

નાનપણથી જેમનું જીવન ધર્મમય, પરહિતચિંતાથી ભરપૂર તથા ગુણીયલ હતું તેવા ચંપકબેન મદ્રાસનિવાસી સ્વ. ધીરજલાલ દોશીના ધર્મપત્ની હતા. ૯૨ વરસની ઉંમર સુધી જીવ્યા ને ઘરમાં પણ સૌને સદ્ગુણોના સંસ્કાર દેતા રહ્યા તેમની તબિયત વિ.સં. ૨૦૬૩ના પર્યુષણ મહાપર્વ પૂર્વે બગડવા લાગી, આહાર અરૂચિ અને અશક્તિએ ઉગ્ર પ્રભાવે ઘેરો લીધો. પૂના-ચિંચવડગામના ચાતુર્માસ દરમ્યાન છેક મદ્રાસથી તેમના પરિવાર તરફથી વારંવાર સમાચાર આવવાના ચાલુ થતાં તરત ઘણે દૂર છતાંય લેખકશ્રીએ માર્ગદર્શન આપવાનું ચાલું કરી દીધું. પત્ર તથા સંદેશ દ્વારા ઘરની મમતાથી પર થવા હિતશિક્ષાઓ લખતાં જ જાણે તેમના જીવનાં તે પણ આત્મજાગૃતિનો શુભારંભ થયો, ભાદરવા સુદ ૧૨ પછી તો ત્યાં બિરાજમાન સાધ્વીજી મ.સા.ને ઘેર પગલા કરાવી, અણસણ-સંથારો વગેરે ભાવનાઓ વ્યક્ત કરી, તેજ પ્રમાણે સાગારિક અણસણ કરી ભાદરવા સુદ ૧૪ મંગળવારની સવારે તેમના સુપુત્ર કીર્તિભાઈએ વહેલી સવારે જ્યારે ચાર વાગ્યે નવલખા જાપની પ્રથમ માળા પૂર્ણ કરી બીજી માળા પ્રારંભ કરી ત્યારે ચાલુ જાપમાં જ ચંપકબેનના મુખમાંથી સવિશેષ અવાજ સાથે પ્રાણ પરવારી ગયાનો અનુભવ થયો. મૃત્યુ પૂર્વે જાગૃતિ, સાધુ-સાધ્વી ભગવંતોના સાન્નિધ્યની ઝંખના, સાગારિક અણસણ તથા મૃત્યુ સમયે બાજુમાં જ ચાલતો નવલખો જાપ વગેરે ઉત્તમ સાધકાત્માને સંપ્રાપ્ત થાય, અને તેવી અંતિમાવસ્થા દેવગતિ અપાવે તેમાં આશ્ચર્ય ન કહેવાય. જીવન કરતાંય મરણ સમાધિની કિંમત વધારે છે.

ઉપરોક્ત દૃષ્ટાંતો ફક્ત નિકટનાં પરિચિતો અથવા પ્રસિદ્ધ ઘટનાઓમાંથી સંગ્રહિત થયાં છે. બાકી તો અનેક આત્માઓ વર્તમાનકાળમાં પણ સંથારો કરી, અણસણ ઉચ્ચરી કે છેલ્લે અદ્ભુત નવકારને પામી પરલોકને સાધી રહ્યા છે. મૃત્યુ સમયે અન્યને સમાધિ આપનાર સ્વયંને સમાધિ પ્રાપ્ત થાય તેવું પુણ્ય ઉપાર્જન કરે છે. સમાધિ લઈ દેવલોકે ગયેલ જીવ સમાધિદાતાને સહાયક બને છે. તેટલું જ નહીં, એક ભવમાં પણ પંડિતમરણને પ્રાપ્ત કરનારના ભવો જાજા રહેતા નથી તેવું શાસ્ત્રીય કથન હરહંમેશ નોંધનીય છે. ચાલો, આપણે પણ પરમાત્મા પાસે ગૌતમસ્વામીની જેમ જ સમાધિમરણ માટે ભાવથી પ્રાર્થના કરીએ અને સદ્ગતિને વરીએ. અસ્તુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નર્મદાસુંદરી




**આપત્તિમાં પવિત્ર જીવન વ્યતીત કરનારી, અંતે સંયમમાર્ગે વિચરનારી, મહેશ્વરદત્તની ધર્મપત્ની**

નર્મદાસુંદરીને શરીર શાસ્ત્ર (અંગવિદ્યા)નું જ્ઞાન હતું. તેના પ્રભાવે પતિ આગળ પરદેશી પુરુષનો કંઠ સાંભળી શરીરાદિનું વર્ણન કર્યું. જે સાંભળતા પતિ મહેશ્વરદત્ત શંકાશીલ બન્યો. પત્નિને જંગલમાં છોડી નીકળી ગયો. પુણ્યયોગે આર્ય સુહસ્તીસૂરિ મ.ના ઉપદેશથી દીક્ષા લઈ અવધિજ્ઞાની થઈ અનુક્રમે મોક્ષ પામી.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# ધર્મપ્રિય મંત્રીશ્વર : શ્રીયક મંત્રી



નંદરાજાનો શકટાલ મંત્રી ઘણો ચતુર હતો. પણ વરુરુચિના કાવાદાવાના કારણે રાજાને મંત્રી ઉપર શંકા થઈ. શંકા દૂર કરવા શ્રીયકે પિતા શકટાલની રાજસભામાં હત્યા કરી.

જ્યારે રાજાને સત્ય વાત સમજાઈ ત્યારે ઘણો પશ્ચાતાપ થયો. પણ હવે શું? છેલ્લે રાજાએ શ્રીયકને મંત્રીપદ આપી દુઃખ હળવું કર્યું.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિશિષ્ટ બ્રહ્મચર્યવ્રતધારીઓ

પ્રસ્તુતકર્તા :—*પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)*



બ્રહ્મચર્યપ્રેમ એટલે પરમ બ્રહ્મતત્વ પ્રાપ્તિનો પ્રેમ. આ વ્રતની માત્ર અભિલાષા પણ જ્યાં સંસાર શોષણનું કારણ બને ત્યાં આચરણ તે તો મુક્તિની મંગલ માળનું પહેરણ બને તેમાં નવાઈ જેવું શું?

ચતુર્થવ્રતની નવ વાડોથી નિર્મળ જેનો સદાચાર-સંયમાચાર તે તો ભવપાર થવાનો શ્રેષ્ઠ માર્ગ. જગત સંપૂર્ણમાં દીવા જેવું વ્રત જેમણે ઇચ્છ્યું, લીધું ને પાળ્યું તેના સઘળા મનોરથો સિદ્ધ થયા ને વ્રતથી સ્વયં સિદ્ધ થયાં. ''**અણોરપાર સંસાર**''માંથી નિસ્તાર કરાવ્યા વગર ન જંપે તો તે છે જગતશ્રેષ્ઠ શીલવ્રત.

જૈન જગતની જ્વલંત પ્રતિભાઓનો પુણ્યપરિચય પણ વ્રતશિરોમણી શીયળ વ્રતનો પ્રભાવ-પ્રતાપ જાણવા-માણવા ખાસ જરૂરી ગણાય છે.

બ્રહ્મચર્યવ્રતધારીઓ ઉપરની આ લેખમાળામાં સર્વપ્રથમ તો **બાવીસમા તીર્થપતિ આબાલ બ્રહ્મચારી પરમાત્મા નેમિનાથજીનું** સ્મરણ કરીશું. જેમણે પશુઓના જીવનસુખની રક્ષા કરવા પોતાના લગ્નસુખને જતું કરી જગતની સામે શીલધર્મનું જીવંન વિશિષ્ટ દૃષ્ટાંત રજૂ કરી દીધું.

પ્રસ્તુત લેખમાળા અબ્રહ્મવાસના કે મૈથુનસંજ્ઞાથી ઉપર ઉઠી જનાર અને નિસંગતાના આધ્યાત્મિક સુખાનુભૂતિના સ્વામિઓને સમર્પિત છે. **મુનિ કાંતિવિજયજી મહારાજ** પોતાની બ્રહ્મચર્યવ્રતની સજ્ઝાયમાં લખે છે

''નિત ઉઠી તસ સ્મરણ કરૂં, જેણે જગ જીત્યો રે કામ-
વ્રત લઈને જે પાળે નહીં, તેનું ન લીજે રે નામ-મહાવ્રત ચોથુ રે સાર''

જેમનું સ્મરણ પ્રસંગે પ્રસંગે પ્રવચનાદિમાં થતું રહ્યું છે તેવા માનવંતા શીલસંપન્ન પુણ્યાત્માઓ વિશે બે શબ્દો અનુમોદનાના નિમ્નાંકિત જાણશો, વાંચશો અને વંચાવશો.

**કચ્છના વિજયશેઠ અને વિજ્યા શેઠાણી** બેઉએ તે જ ભવમાં દીક્ષા લીધી અને તેજ ભવમાં મોક્ષ સુધીના લક્ષ્યો સિદ્ધ કરી લીધા.

**કુંભારાણાના મંત્રી ધરણશા**એ બત્રીસ વર્ષની ઉંમરે બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરી રાણકપુર (ધરણવિહાર)માં ૯૯ કરોડ સોનામહોર ખર્ચી ૧૪૪૪ સ્થંભ સહિતનું નલિનીગુલ્મ વિમાન જેવા ચૌમુખજીના ભવ્યમંદિરની ૧૯૪૬માં પ્રતિષ્ઠા કરાવી. તીર્થંકરની માતાપિતાના અલગ શયનખંડની વાત કલ્પસૂત્રના વ્યાખ્યાનમાં ગુરુમુખેથી સાંભળતાં જ **દેદાશાહે** ચતુર્થવ્રત ઉચ્ચરી લીધું. આ બ્રહ્મવ્રતના પ્રતાપે જ અનેક જીવોએ મોક્ષ મેળવી લીધાના અસંખ્ય દાખલાઓ ઈતિહાસને પાને નોંધાયેલા છે.

આ પરિચયાત્મક લેખમાળા રજૂ કરનાર **પ.પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)**ની સંયમજીવન યાત્રા પણ જાણવા માણવા જેવી છે. પૂર્વભવોની સાધના કે ધર્મારાધનાના પ્રતાપે જન્મ જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખાનદાન કુળમાં થયો. પોતાની પ્રતિભાનો પોતાની મેળે જ વિકાસ થયો. સગાઈના નવમાસ પછી અને લગ્નના ત્રણ માસ પૂર્વે જ ગુરુમહારાજ પાસે સજોડે આજીવનનું ચતુર્થવ્રત ઉચ્ચરી લઈ પોતાની પ્રતિભાનો પ્રકર્ષ પરિચય કરાવ્યો.

ભરયુવાનીમાં બધીય અનુકુળતાઓ વચ્ચે પ્રભુદર્શિત પ્રવજ્યા પંથે જ્યારે તે બેઉ બધુ જ ત્યાગી જઈ રહ્યાં હતા ત્યારે તેમની દીક્ષાના દિવસે જ અન્ય અનેકોએ પણ દીક્ષાની જય બોલાવી.

**એ નિમિત્તથી કુલ નવ દીક્ષાઓ થઈ. દેવગુરુધર્મનો પ્રશસ્ત રાગ તે જ એક માત્ર બન્નેની સંયમજીવનની પ્રગતિનું કારણ જણાય છે. લાખ લાખ વંદનાઓ.** —સંપાદક.

*ભરતક્ષેત્રે વર્તમાન ચોવીશીના અંતિમ કેવળજ્ઞાની–મોક્ષગામી*

## (૧) જંબૂકુમાર

આર્ય સુધર્માસ્વામિ પાસે ''अनित्यानि शरीराणि''ના વૈરાગ્યવચનોથી ફક્ત સોળ વર્ષની કિશોરાવસ્થામાં જ ભાવિત થઈ જનાર તથા દીક્ષાની અનુમતિ લેવા ગુરુદેવ પાસેથી પાછા વળતાં સૈનિકોનો તોપગોળો પગની નિકટમાં પડતાં જ ચેતી જઈ પાછા ઉપાશ્રય આવીને આજીવનનું બ્રહ્મચર્ય વ્રત માતા–પિતાને પૂછ્યા વગર જ લઈ લેનાર જંબૂકુમારને ધન્ય હો. તે ભાવવ્રતની અડગતા, આત્મજાગૃતિ તથા અંતરાયોનો ક્ષયોપશમ જ હતો જેથી ફક્ત એક રાત્રિ માટે રાજગૃહિની ક્રોડાધિપતિઓની આઠ કન્યાઓને પરણ્યા પછી તેમને પણ સુહાગરાત્રિના દિને જ પ્રતિબોધી વૈરાગ્યદીપક પ્રગટાવી દીધો. કોડીલી કન્યાઓ મન ચોરી ન શકી. પ્રભવાદિ ચોરો બ્રહ્મવ્રત પ્રભાવે ધન ચોરી ન શક્યા અને બધાયના માતા–પિતા તનના તનય–તનયાને મનાવી ન શક્યા, જેથી એકલા જંબૂકુમારે બીજા ૫૨૬ને સન્માર્ગ સમજાવી બીજે જ દિવસે ક્રોડોના કંચન–કામિનીઓને ત્યાગી કુલ ૫૨૭ની સંખ્યામાં દીક્ષા લઈ લીધી. વીર સં. ૧માં દીક્ષિત જંબુસ્વામી ખરેખર અલ્પસમયમાં જ શ્રુતકેવળી બની ગયા અને દીક્ષાના વીસમાં વરસની પર્યાયમાં જ કેવળજ્ઞાની બની, જગત ઉપર ઉપકારની હેલી વરસાવી વીર સંવંત ૬૪માં મથુરા મુકામે ૮૦ વરસની વૃદ્ધ વયે નિર્વાણ પામી અંતિમ–કેવળી રૂપે મોક્ષે સીધાવી ગયા. જેમના પછી મોક્ષમાર્ગ બંધ થઈ ગયો છે, સાથે દસ લબ્ધિઓ પણ વિચ્છેદ પામી ગઈ છે. જેમણે આ અનેરા પ્રસંગો નજરે નીહાળ્યા હતા તેમને પણ ધન્ય છે. પાટ પરંપરા પ્રભવસ્વામીએ શોભાવી હતી.

*હસ્તરેખાના પ્રખર જાણકાર, ચૌદ પૂર્વના પારગામી*

## (૨) શય્યંભવસૂરિજી આચાર્ય

પ્રભવસ્વામીજીની આગવી સૂઝબૂઝથી બે તપસ્વી અને ઉપદેશક મહાત્માઓના બોધ થકી અને યજ્ઞમંડપના હિંસક સ્થાનમાં જ ૧૬માં શાંતિનાથ પ્રભુજીની પ્રતિમા પ્રગટ થવાથી પ્રતિબોધ પામેલા શય્યંભવ ભટ્ટ બ્રાહ્મણાધિપતિ દ્વારા હિંસક યજ્ઞનો ત્યાગ કરી ઉદ્યાનમાં શ્રમણસંઘમાં પધાર્યા અને ત્યાંના પરમ શાંત વાતાવરણમાં મનની અનેક ગાંઠો ઓગળી જતાં બ્રાહ્મણ મટી શ્રમણ બની ગયા. બ્રહ્મચર્યવ્રત વિશેની વિશેષતા એ છે કે વૈરાગ્યવાસિત તેમની પત્ની ગર્ભવતી હતી. બાળકના જન્મની પણ વાટ ન જોનાર તેઓ શીલવ્રતના મહાવ્રતને ઉચ્ચરનારા બન્યા. એટલું જ નહિં મનથી પણ સંસાર છૂટી જતાં શ્રુતકેવળીની ઉપમા પામ્યા અને વીર સંવંત ૭૫માં આચાર્ય પદવીના પણ ધારક બન્યા છે. પાછળથી જન્મ પામેલ બાળક મનકને પણ ઓળખી લેવા છતાંય પોતાનો પિતાસંબંધ છુપાવી ચારિત્ર પ્રદાન કર્યું, સાથે ફક્ત છ માસનું આયુ શેષ જાણી જિનાગમના સારભૂત સંયમીઓ માટે શ્રીદશવૈકાલિકસૂત્રની રચના કરી છે. વિશિષ્ટ વ્રત પ્રભાવે તે જિનાગમ અવસર્પિણીના પાંચમા આરાના અંત સુધી અમર રહેશે તે સૂત્ર પાઠ અધ્યયન કરી જ્યારે બાળમુનિ મનક કાળધર્મ પામી દેવલોકે સીધાવ્યા ત્યારે આચાર્ય ભગવંતની આંખો અશ્રુથી છલકાઈ ગઈ હતી, કારણ કે સગો પુત્ર પરલોકવાસી બન્યો હતો.

*નૈમિત્તિક પ્રભાવક પુરુષ : પૂર્વ શ્રુત જ્ઞાનનો અગાધ ભંડાર તેમના પાસે હતો.*

## (૩) આચાર્ય ભદ્રબાહુસ્વામી

દક્ષિણના પ્રતિષ્ઠાનપુરમાં જન્મેલ બ્રાહ્મણ બે ભાઈઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રબાહુ અને વરાહમિહિર, જેમણે મહાજ્ઞાની યશોભદ્રસૂરિજી પાસે ભરયુવાવસ્થામાં સારામાં સારી વિદ્વતા છતાંય ચારિત્ર લઈ મહાવ્રતો સ્વીકાર્યા. તેમાં ભદ્રબાહુ લોકસંપર્કથી પર રહી ટૂંક સમયમાં જ પોતાની શીલસંપન્નતા, શાલીનતા તથા સમન્વય સ્વભાવના કારણે શાસ્ત્રગામી બની ગયા. તેમની બ્રહ્મચર્યકટ્ટરતા, દૃઢ નિશ્ચયતા, ધીરતા, ગંભીરતા તથા વીરતા ખૂબ વખણાય છે. ચૌદપૂર્વી તેઓ ગુણાધિક હોવાથી આચાર્યપદ પામ્યા સાથે દશનિર્યુક્તિઓ ચાર છેદસૂત્રો ઉપરાંત અનેક ગ્રંથો રચનારા થયા. તેમના રચેલ કલ્પસૂત્રજીમાં બ્રહ્મચર્યવ્રતલક્ષી અનેક વાતો દૃષ્ટિગોચર થાય છે. તેજ પ્રમાણે જ્યારે વરાહમિહિર દીક્ષા ત્યજી વિરાધના પ્રભાવે વ્યંતર બની જૈન સંઘને ઉપદ્રવિત કરવા લાગ્યો, ત્યારે ભદ્રબાહુસ્વામીજીએ પોતાની શીલ–સ્વાધ્યાય શક્તિ થકી ઉવસગ્ગહર સ્તોત્ર રચી મરકી અટકાવી દીધેલ હતી. વ્રતપ્રભાવે તે સ્તોત્ર નવસ્મરણના બીજા સ્મરણરૂપે અમર બની ગયું છે, તે જ બ્રહ્મલક્ષિતાના કારણે નેપાળ જેવા વિદેશમાં જઈ બાર વરસે સાધી શકાય તેવા મહાપ્રાણધ્યાનની સાધના કરી છે. તેમના જ વિદ્યાર્થી તરીકે તૈયાર થયેલ કામી સ્થુલિભદ્ર નામી સંત બની જગત ઉદાહરણ બની ગયા છે. ભદ્રબાહુસંહિતા નામનો જ્યોતિષગ્રંથ તેમના વિશાળ જ્ઞાનવૈભવનો ખજાનો છે.

*કોશા પ્રતિબોધક કામવિજેતા, ચરમ ચતુર્દશ પૂર્વધર.*

## (૪) આચાર્ય સ્થૂલિભદ્રસૂરિજી

કોશા ગણિકાના મોહપાશમાં બાર–બાર વરસ રંગ–રાગ વિલાસમાં વીતાવ્યા પછી પિતાજીના અપમૃત્યુથી વૈરાગ્યવાસિત થઈ સંસાર છોડનાર ને દીક્ષા પછી સ્વાધ્યાયમાં ખૂબ આગળ નીકળી જનાર તેજ સ્થુલિભદ્ર જ્યારે પાછા પોતાની સાંસારિક પ્રિયતમાની ચિત્રશાળામાં જ ચાતુર્માસ કરવા આવે છે, ત્યારે સામે ચડીને કામસુભટ સાથે યુદ્ધ માંડ્યું. કોશાને પણ તેણીના હાસ્ય–વિલાસમાં લગીર સહયોગ ન આપ્યો, બલ્કે ઉત્તમ ભોજન ગ્રહણ કરીને પણ બ્રહ્મચર્ય લગનનો એવો જબ્બર પરિચય આપી દીધો કે જેના કારણે ચાતુર્માસ પૂર્ણાહૂતિ પછી વેશ્યા કોશા બારવ્રતધારિણી શ્રાવિકા બની ગઈ અને ખૂબ ઉપશાંત બની જીવન વીતાવ્યું. ચાતુર્માસ આત્મસંયમ સાથે તથા બ્રહ્મવ્રતની સફળ પરીક્ષા સાથે ઉતીર્ણ કરી જ્યારે પાછા વળ્યા ત્યારે સ્થુલિભદ્ર ગુરુ તરફથી "દુષ્કર, દુષ્કરકારક"નું સ્વાગત પામ્યા, તેજ વ્રત પ્રભાવે ચોરાશી ચોવીશી સુધી તેમની શીલલગની ગીતોમાં ગવાશે ઈર્ષ્યાવશ કોશાને ત્યાં ચાતુર્માસ જનાર સિંહગુફાવાસી મુનિ પતન પામતા રહી ગયા ને પાછા વળતાં પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ બન્યા. આજે માંગલિક સમયે પણ સ્થુલભદ્રજીને સ્મરણમાં લેવાય છે. તેમની શક્તિને નવાજતા ગુરુદેવે આચાર્ય પદવી એનાયત કરી.

## (૫) યક્ષા, યક્ષદિન્નાદિ સાત બહેનો

પૂર્વભવથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ લઈ આવેલી સાતે સગી બહેનોના નામ છે યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, રેણા જેના માતા–પિતાનું નામ મંત્રીવર શકટાલ તથા લક્ષ્મીદેવી હતું. કોઈ પણ શ્લોક એક વાર બોલાય તો તરત યાદ રાખી બોલી જનાર હતી યક્ષા, બે વાર બોલાયા પછી યાદ કરી લેનાર હતી યક્ષદિન્ના તેમ સાત વાર બોલાતાં જ ગ્રહણ કરી લેનાર હતી છેલ્લી બેન રેણા, તે સાતેય બહેનોએ પોતાના પિતાનું વંશવેલાની ખાનદાની હેતુ પોતાના જ ભાઈ શ્રીયક દ્વારા તલવારથી થયેલ મરણ, રાજા નંદની રાજલીલા, વરરૂચિ બ્રાહ્મણની કપટલીલા તથા સગા મોટા ભાઈ સ્થુલભદ્રનું કામને સલામ આપતું અદ્‌ભુત જીવન પરિવર્તન દેખી મહાભિનિષ્ક્રમણ કરી દીધું. આબાલ બ્રહ્મચારિણી સાતેય ભગિનીઓ જાણે ભગવતી સરસ્વતીની સુપુત્રીઓ સમાન હતી. કદાચ તેથી જ યક્ષા મહત્તરા સાધ્વીને તો સાક્ષાત્‌ સીમંધરસ્વામીએ ભાવના, વિમુક્તિ, રતિકલ્પ અને વિવિક્તચર્યા નામના ચાર અધ્યયનો આપ્યા છે તથા શ્રીયક મુનિના કાળધર્મ છતાંય સાધ્વીને નિર્દોષ ઠેરવ્યા છે. આવી રીતે બધીય બહેનોની સામટી દીક્ષાને સંસારવૈરાગ્યનું ઉદાહરણ તે વિશિષ્ટ ઘટના છે.

*બ્રહ્મવ્રત સાધનામાં શિરમોર*

## (૬) અવન્તિ સુકુમાર

વિશિષ્ટ કોટિની સાધનાનું બળ લઈ ઉજ્જૈનમાં ભદ્રાશેઠાણીના સુપુત્ર તરીકે જન્મ લેનાર આર્ય સુહસ્તિસૂરિજી પાસેથી રાત્રિના સમયે આગમપાઠમાં નલિનીગુલ્મ વિમાનની વાતો સાંભળ્યા પછી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ જતાં પોતાનો પૂર્વભવ નલિનીગુલ્મ વિમાનમાં જ દેવભવનો જાણી વૈરાગ્ય ઉત્પન્ન થઈ જતાં ચારિત્રની ભાવના ઉદ્‌ભવી હતી. વિશેષતા એ હતી કે જ્યારે આર્યસુહસ્તિસૂરિજી પાસે સંયમ વાંછ્યું, ત્યારે પોતે બત્રીસ કન્યાઓના પતિ હતા અને તેમાંય એક ધર્મપત્ની તો ગર્ભાવસ્થામાં હતી. છતાંય પોતાના આગામી સંતાન, ધનાઢ્ય કુટુંબની સ્ત્રીઓનું ભાવિ કે સગી ધાર્મિક માતા ભદ્રાશેઠાણીનો વિચાર પણ ન કરી વૈરાગ્ય બળે દીક્ષિત થઈ ગયા. ગુર્વાજ્ઞા લઈ સ્મશાનભૂમિમાં જઈ શિયાલણીના ઉપસર્ગો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહન કરી એક જ રાત્રિમાં પાછા નલિનીગુલ્મ વિમાનમાં દેવગતિ પામી ગયા. જેમના કાળધર્મથી વ્યથિત થઈ એકત્રીસ નારીઓ અને ભદ્રા માતાએ પણ સંસાર ત્યાગી દીધો અને બત્રીસમી ગર્ભવતી નારી થકી જન્મેલ મહાકાળ નામના સુપુત્રે મોટા થઈ પિતાશ્રીના દ્રઢસંયમધર્મની અનુમોદના સ્વરૂપ શ્રી અવન્તિપાર્શ્વનાથજીનું ભવ્ય જિનાલય બંધાવ્યું, તેવા અવન્તિસુકુમારની બ્રહ્મવ્રત સાધના એક જ રાત્રિના સંયમ-જીવનમાં ઉદિત થઈ છે, જે એક ઐતિહાસિક સત્ય ઘટના છે.

*જૈનશાસન અને સંયમધર્મની રક્ષા માટે અભૂતપૂર્વ પરાક્રમ દાખવનારા*

## (૭) કાલકસૂરિજી આચાર્ય

ધારાવાસના રાજા વીરસિંહના અને રાણી સુરસુંદરીના સુપુત્ર હતા. જોગાનુજોગ આચાર્ય ગુણાકરસૂરિજીની વૈરાગ્યદેશના સુણી ચારિત્રનો સ્વીકાર કર્યો, સાથે સગી બહેન સરસ્વતીએ પણ દીક્ષા લીધી, જે પાછી રૂપરૂપનો અંબાર હતી. એકવાર આચાર્ય-પદવી પ્રાપ્ત કાલકસૂરિજી જ્યારે ઉજ્જૈન પધાર્યા, ત્યારે સ્થંડિલ-ભૂમિથી પાછી વળી રહેલ સાધ્વી સરસ્વતી ઉપર ગર્દભીવિદ્યાના સ્વામી રાજા ગર્દભિલ્લની દૃષ્ટિ બગડી, અને બલાત્કારે સાધ્વીને અંતઃપુરમાં બેસાડી દીધા. સમાચાર મળતાં જ મહાજને રાજાને સમજાવ્યો છતાંય ન માનતા આચાર્યજી સ્વયં સાધ્વીની શીલરક્ષા હેતુ રાજાને મનાવવા ગયા. છતાંય જ્યારે કામાંધ ગર્દભિલ્લે સાધ્વીને પાછી ન સોંપી, તેથી કાલકાચાર્યજી લાંબા વિહારો કરી પંજાબ પ્રાંતોથી હિંદ બહાર ઈરાન સુધી પહોંચી ગયા. ત્યાંના શહેનશાહ ક્ષત્રપની નીચેના નાના–નાના શાહી રાજાઓને પોતાના ભક્તો બનાવ્યા અને છેલ્લે તેમના મારફત જ સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે આવી ત્યાનાં પ્રાંતોને જીતી લઈ, ભરૂચના રાજાની સાથે સાંઠગાંઠ કરી ઉજ્જૈન ઉપર હલ્લો મચાવ્યો અને ગર્દભિલ્લની ગદર્ભીવિદ્યા લક્ષ્યવેધી ૧૦૮ બાણથી તેનું મુખ બંધ કરાવી નાશ કરાવી. સાધ્વીની શીલ રક્ષા હેતુ થયેલ યુદ્ધમાં ગર્દભિલ્લ કપાણો અને તેના મૃત્યુ પછી સાધ્વીને અંતઃપુરમાંથી છોડાવી થયેલ પાપાચારનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરાવી સાધ્વી સમુદાયમાં લીધા. સગી પોતાની બહેન સાધ્વીની જીવન રક્ષા માટે એકલા હાથે ઝઝૂમી અપવાદિક યુદ્ધ સુધી પહોંચી જનાર આચાર્ય કાલકસૂરિજીની બ્રહ્મચર્યવ્રત નિષ્ઠા કેટલી જબ્બર હશે કે જે કારણથી યુગપ્રધાન જેવા પ્રભાવશાળી તેમણે જ્યારથી સંવત્સરી પાંચમના બદલે ચોથની રાજા સાતવાહનને કરાવી ત્યારથી લાગટી સંવત્સરી ભાદરવા સુદ ચોથના દિવસે જ ઉજવાય છે.

*વિદ્યાસિદ્ધ મહાન શાસનપ્રભાવક*

## (૮) આર્ય ખપુટાચાર્ય

જૈન શાસનના આઠ પ્રભાવક પૈકી તેઓ ચતુર્થવ્રતની અડગતા, નિષ્ઠા અને જાગૃતાવસ્થાના કારણે મંત્રવાદી બન્યા હતા. ગુડશસ્ત્રમાં જૈનસંઘને સતાવતા બૌદ્ધભક્ત યક્ષને નાથવા બૌદ્ધોની મૂર્તિઓ સાથે યક્ષની મૂર્તિને પણ પોતાના પગે નમસ્કાર કરાવ્યા, વજનદાર પત્થરની કુંડીઓને પોતાની પાછળ–પાછળ ચાલતી કરી દઈ રાજા વેણી–વત્સરાજને જૈનધર્મી બનાવી દીધેલ. પાટલીપુત્રમાં છેક ભરૂચથી પોતાના વિદ્વાન શિષ્ય મહેન્દ્રસૂરિજીને બે કણેરની સોટી આપી મોકલ્યા અને જૈનસાધુઓએ બધાય બ્રાહ્મણોને નમસ્કાર કરવા તેવા ફરમાનની વિરૂદ્ધ રાજસભામાં જઈ બધાય બ્રાહ્મણોને સોટીથી મૂર્છિત કરી ભોંય ભેગા કરી દેખાડ્યા. કુલ પાંચસો બ્રાહ્મણો બેહોશ થયા, તે બધાયને જૈની દીક્ષા લેવાની શર્તે રાજા પાસેથી કરાર કરાવી ચેતનવંત કર્યા ને છેક ભરૂચ લાવી આર્ય ખપુટાચાર્ય પાસે દીક્ષા અપાવી. બૌદ્ધોએ પચાવેલું અશ્વાવબોધ તીર્થ છોડાવી લઈ જીર્ણોદ્ધાર કરાવી જૈનસંઘને પાછું સોંપી દીધું.

*આકાશગામિની વિદ્યાસંપન્ન*

## (૯) આચાર્ય પાદલિપ્તસૂરિજી

નાની આઠ વરસની ઉંમરમાં દીક્ષિત થનાર નાગેન્દ્રકુમાર બાલમુનિ પણે જ્યારે એકવાર ગોચરીમાં કાંજી વહોરી આવ્યા હતા, ત્યારે ગુરુદેવના કહેવાથી આલોચના કરતી વખતે વહોરાવનાર સ્ત્રીનું વર્ણન શ્રૃંગારરસના શ્લોકને રચીને કર્યું, તેથી ગુરુદેવે બાળમુનિમાં તેવા સંસ્કાર જાણી આવેશમાં 'પલિતોસિ' કહી ધમકાવ્યા. તે અપમાનને પણ હસતાં હસતાં 'પઅલિત્ત' શબ્દ કહી ગળી ખાધો. તેથી પાછળથી નામ પડી ગયું પાદલિપ્ત. પણ બચપણમાં શ્રૃંગારરસ ધરાવતા તે બાળમુનિ પાક્કા બ્રહ્મચર્યવ્રતધારી નીકળ્યા. ગુરુની નિશ્રામાં બ્રહ્મચર્યવ્રતશક્તિ એવી ખીલી કે મુરૂંડ રાજાને અનેક વાર ચમત્કારો દેખાડ્યા, પગે લેપ કરી દરરોજ શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ શિખરજી તથા મથુરાની જાત્રા કરવા આકાશમાર્ગે ઉડવા લાગ્યા ને પછી જ પચ્ચકખાણ પારતા હતા. ગૃહસ્થ ભક્ત નાગાર્જુનને પણ ગગનગામિની વિદ્યા આપી અને એજ શ્રાવકે પાલીતાણા નગરી ગુરુના નામે વસાવી, જે તે સમયે પાદલિપ્તપુર કહેવાતી હતી. બ્રહ્મચર્યવ્રતશક્તિના કારણે સાતવાહન રાજાની રાણી ભોગવતી પણ ફક્ત પાદલિપ્તસૂરિજીની જ સ્તુતિ કરવા લાગી. જીવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની ઠાઠડી કઢાવી રાજાના મંત્રી દ્વારા થતી જૈનધર્મની નિંદા બંધ કરાવી, ભરૂચના બ્રાહ્મણોને જૈનધર્મના રાગી બનાવ્યા. અનેક ચિત્ર–વિચિત્ર ઘટનાઓ સર્જનારા તે વિદ્યાસિદ્ધ મહાપુરુષે છેલ્લે શત્રુંજય તીર્થે જ ૩૨ દિવસનું અનશન કરી પ્રાણ છોડ્યા.

*લબ્ધિપ્રભાવક યુગપ્રધાન, અંતિમ દશપૂર્વધર મહર્ષિ :*

## (૧૦) આર્ય વજસ્વામી

સગી માતાને રડી રડીને હેરાન–પરેશાન કરી નાખનાર, જન્મ્યા પછી તરત જ જાતિસ્મરણજ્ઞાન મેળવનાર અને પિતા મુનિ ધનગિરીજી દ્વારા ઉપાશ્રયમાં આવી જનાર વજકુમારની વાતો જ અનેરી છે. આચાર્ય સિંહગિરિના સૂચન પ્રમાણે ઉછેર પામ્યા હતા. સાધ્વીજી મ.સા.ના ઉપાશ્રયમાં શ્રાવિકાઓ દ્વારા અને સ્ત્રીઓના સંગે આઠ વરસના થયા પછી દીક્ષા લીધી હતી. માતાએ પણ ચારિત્ર સ્વીકારી લીધું અને સાધ્વી સુનંદા બન્યા. પણ બાલ બ્રહ્મચારી વજસ્વામી સાવ નાની ઉમ્રે સ્થવિર મુનિઓને વાચના આપનારા થયા. પૂર્વભવના દેવમિત્રો જૃંભક દેવતાઓના દેવપિંડથી પણ ન છેતરાણા અને ઘોડીયામાં સુતાંસુતાં જ જેમણે પદાનુસારી લબ્ધિથી અગીયાર અંગ ભણી લીધા હતા.

બ્રહ્મચર્યની કસૌટી થઈ. કારણ કે પાટલીપુત્રના ક્રોડાધિપતિ શેઠ ધનદેવની રૂપવંતી પુત્રી રૂક્ષ્મણીએ વજસ્વામી સાથે જ પરણવાની પ્રતિજ્ઞા કરી અને અદ્‌ભૂત રૂપ–વાક્છટા વગેરેથી પ્રભાવિત કન્યાના પિતાએ પણ ૯૯ હજાર સોનામહોર સાથે બાગ, બંગલા, કન્યારત્ન તેમને આપવાની વાત ઉપાશ્રયે આવી કરી, ત્યારે પોતાના શીલવ્રતનો પરિચય આપતા વજસ્વામિએ વાત પાછી વાળી, બલ્કે બીજે જ દિવસથી વૈરાગ્યનો ધોધ વહાવી રૂક્ષ્મણીને પણ ચારિત્ર પ્રદાન કરી પ્રભુશાસનની સાધ્વી બનાવી.

તે આત્મલક્ષિતાના કારણે જ તેઓ આચારાંગ સૂત્રના મહાપરિજ્ઞા અધ્યયનમાંથી પણ આકાશગામિની વિદ્યા ઉદ્ધરી શક્યા હતા. પુરીના બૌદ્ધરાજાને તથા કલિંગના રાજાને તેજ લબ્ધિ થકી જૈનધર્મી બનાવી નાખ્યા ને શાસનની જબ્બર પ્રભાવના થવા લાગી. ગિરનાર તથા શત્રુંજયનો જિર્ણોદ્ધાર પણ વજસ્વામિની બ્રહ્મવ્રતશક્તિને આભારી છે.

પંચમંગળ મહાશ્રુતસ્કંધ રૂપી નવકારને મૂળ સૂત્રો સાથે જોડી દઈ જુદા આગમથી એક કરી દેનાર, આચાર્ય વજસ્વામી અણસણ કરી અનેક સાધુઓ સાથે જ્યારે દેવલોકે સીધાવ્યા ત્યારે ઈન્દ્રે પ્રથમ દેવલોકથી પધારી તે પહાડને ત્રણ પ્રદક્ષિણા આપી હતી.

*મંત્રાધિરાજગર્ભિત 'શાન્તિ સ્તોત્ર' તથા*
*'તિજયપહુત્તસ્તોત્ર'ના રચયિતા*

## (૧૧) માનદેવસૂરિજી આચાર્ય

જન્મથી મારવાડ નાડોલના વતની, પણ બાળવયે જ દીક્ષા લઈ અગિયાર અંગ ભણી જનારા તેમની આચાર્ય પદવીના દિવસે તેમની બ્રહ્મવ્રત નિષ્ઠાને કારણે ખભ્ભા ઉપર લક્ષ્મી અને સરસ્વતી આવીને બેઠી હતી. તેથી અખંડ ચારિત્રની શંકા રાખતા ગુરુદેવને ઉપશાંત કરવા આજીવન માટે છએ વિગઈનો ત્યાગ કરી દેનાર તથા ભક્તોના ઘરની ગોચરી પણ છોડી દેનાર આચાર્ય ભગવંત ઉપર જયા, વિજયા, અપરાજિતા અને પદ્‌મા એમ ચારેય દેવીઓ આકર્ષાઈને સત્સંગ કરવા લાગી હતી. તક્ષશિલાથી શાસનદેવીની સૂચના પ્રમાણે મહામારીને નાથવા બ્રહ્મવ્રતધારી આચાર્યશ્રીનું ચરણજળ લેવા આવેલ શ્રાવક વીરચંદ ઉપાશ્રયમાં ચાર સ્ત્રીઓ સાથે વાર્તાલાપ કરી રહેલ માનદેવસૂરિજીને દેખી ભડકી ગયેલ. પણ દેવીઓએ તેની અવજ્ઞાને કારણે તેને પકડી બાંધી લીધો અને ઠપકો આપતાં આચાર્ય ભગવંતની પવિત્રતાનો પરિચય આપ્યો ત્યારે ક્ષમાપના માંગતાં જ આ માનદેવસૂરિજીએ નાડોલ ઉપાશ્રયમાં બેઠા બેઠા જ લઘુ શાંતિનો પાઠ રચી આપ્યો, જેના કારણે તક્ષશિલામાં મ્લેચ્છ વ્યંતરોનો ઉપદ્રવ દૂર થઈ ગયો. અન્ય ઉપદ્રવોને નાથવા તિજય–પહુત્ત સ્તોત્ર પણ બનાવેલ છે. જે નવસ્મરણ પૈકીનું એક ચમત્કારિક સ્તોત્ર છે. લઘુશાંતિ તો નિત્ય પ્રતિક્રમણમાં બોલાય છે.

મારવાડના તે સંત સિંધ, પંજાબ, તક્ષશિલા, ઉચ્ચ ગાજીખાન તથા દેરાઉલ સ્થાનોમાં વિચરી અનેક ક્ષત્રિયો અને રજપૂતોને જૈન બનાવી જ્યારે વીર સં. ૭૩૧માં ગિરનાર તીર્થથી અણસણ કરી દેવલોકે સીધાવી ગયા, ત્યારે ચારેય દેવીઓ હતાશ થઈ ગયેલ.

*'દ્વાદશાર નયચક્ર'ના રચયિતા*

## (૧૨) આચાર્ય મલ્લવાદિસૂરિજી

પોતાના મામા મ.સા. જિનાનંદસૂરિજી જેઓ બૌદ્ધોની સામે વાદમાં હાર્યા પછી વલ્લભીપુરમાં આવી ગયા હતા. તેમની પાસે જ દીક્ષા લીધી ને ચારિત્રની નિષ્ઠા સાથે શાસ્ત્રજ્ઞાની બન્યા પણ એક દિવસ એક જૈનશ્રુતનો અપૂર્વ ગ્રંથ જેને વાંચવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુદેવે મના ફરમાવેલી તે ગુરુની ગેરહાજરીમાં વાંચવા જતા શ્રુતદેવીએ તે ગુપ્તગ્રંથ આંચકી લીધો પણ પુસ્તકરત્ન ગુમ થતાં સંઘના દુઃખને દૂર કરવા બ્રહ્મવ્રતલક્ષી ક્ષત્રિય મુનિ મલ્લે બરડાની પહાડગુફામાં બેસી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણામાં અનાજના ફોતરાનું ભોજન લઈ કાયાને ઓગાળવાની ચાલુ કરી તેથી તેજસ્વી તે મુનિવરને રક્ષા આપવા સંઘે પરાણે વિગઈ પારણું કરાવ્યું. તેથી પ્રસન્ન થયેલ સરસ્વતીએ પ્રગટ થઈ છ–છ મહિનાના આંતરે પ્રશ્નો પૂછ્યા જેના સચોટ જવાબ મલ્લમુનિ પાસે મળતાં સાવ પ્રસન્નતા સાથે એક જ શ્લોકના અનેક અર્થો ઉકેલવાની શક્તિ આપી હતી.

બાલમુનિએ તે પછી દસહજાર શ્લોક પ્રમાણ નયચક્ર શાસ્ત્ર રચી બૌદ્ધાચાર્યને હરાવી, પોતાના મામાના પરાજયનો બદલો વાળી દીધો અને તે સમયે તો તેમની વ્રતનિષ્ઠા અને પ્રજ્ઞાને કારણે આચાર્ય પદવી થઈ ગયેલ હતી. બૌદ્ધ વ્યંતરો જે જૈનોને રંજાડી રહ્યા હતા તેમને પણ નાથી લીધા. આચાર્ય મલ્લવાદિસૂરિ નામે અલગ અલગ સંવંતોમાં ત્રણ આચાર્યો થયા તેમાંના આ એક જૈનાચાર્ય શાસનપ્રભાવક થયા છે.

*પદ્માવતીદેવીના પરમ ચાહક*

## (૧૩) આચાર્ય માનદેવસૂરિજી (બીજા)

તેઓ દિગંબરોનો પરાભવ કરનાર આ સમુદ્રસૂરિજીના શિષ્ય થયા છે, સાથે શાસ્ત્રવિશારદ આ. હરિભદ્રસૂરિજીના પરમ મિત્ર પણ હતા. તેમને કુદરતી અનેક અતિશયો ચતુર્થવ્રતના પ્રભાવે પ્રગટ થયેલા હોવાથી ગુરુદેવે આચાર્ય પદવી સાથે ચંદ્રકુળનો સૂરિમંત્ર આપેલ, સાથે આ. હરિભદ્રસૂરિજીએ પણ મૈત્રીનો બદલો વિદ્યાધરકુળનો સૂરિમંત્ર આપી વાળી આપેલ.

બિમારી, દુકાળ, મંત્રોની સમાનતા અને લોકમરણ એવા ચાર કારણોથી જ્યારે માનદેવસૂરિજી સૂરિમંત્રની આમ્નાયને ભૂલી ગયા ત્યારે ગિરનારરક્ષિકા અંબિકા દેવીએ તેમના ગિરનારતીર્થે આવી કરેલ ૧૬ ઉપવાસથી પ્રસન્ન થઈ છેક મહાવિદેહ જઈ સીમંધરસ્વામી પાસેથી સૂરિમંત્ર લાવી આપેલ. શીલવ્રતની અખંડતાના પ્રભાવે પદ્માવતી દેવી પણ તેમના ઉપર કૃપાવંત બનેલ હતા.

*'કુવલયમાળા' ગ્રંથના કર્તા*

## (૧૪) આચાર્ય ઉદ્યોતનસૂરિજી

ક્ષત્રિય રાજા ઉદ્દ્યોતનના પૌત્ર તથા રાજા વટેશ્વરના પુત્ર છતાંય રાજસુખ છોડી આ. તત્ત્વાચાર્ય પાસે દીક્ષિત થયા હતા. ચારિત્રસ્વીકાર પછી બ્રહ્મવ્રતમાં કટ્ટર તેમને પદ્માવતી દેવી પ્રગટ પ્રસન્ન હતા. જેમની કૃપાથી જાલોરના ઋષભદેવપ્રભુના દહેરાસરમાં બેઠા બેઠા પ્રથમ ચૈત્ર વદ ૧૪ના દિવસે ત્રીજા પ્રહારે પ્રાકૃતભાષામાં કુવલયમાળા કથા રચી નાખેલ, જે આજેય જૈન સાહિત્યમાં વિખ્યાત કથાગ્રંથ છે. વિ.સં. ૮૩૫માં રચાયેલી તે કથામાં પૂર્વકાલીન જૈનાજૈન કવિઓનું સ્મરણ છે. દેહના જમણા ભાગમાં સાથિયાની નિશાની હોવાથી તેઓ દક્ષિણચિન્હાચાર્ય પણ કહેવાયા. તેમના ગુરુદેવ તત્ત્વાચાર્ય પણ પંચાચાર પાલનની મક્કમતા સાથે શીલસંપન્નતાના જોરે પ્રવચનપ્રભાવક ઓળખાયા છે.

*વ્યાપક મહિમાવંતા 'ભક્તામર સ્તોત્ર'ના કર્તા : શ્રી સંઘની રક્ષા કરનારા*

## (૧૫) આચાર્ય માનતુંગસૂરિજી

બનારસના રહેવાસી ધનદેવ બ્રહ્મક્ષત્રિયના તેઓ સુપુત્ર હતા. પણ દિગંબર સાધુના પરિચય થવાથી દિગંબરી દીક્ષા લીધી. પાછળથી પોતાની જ બહેનને ત્યાં ભિક્ષા વહોરવા જતાં બહેનથી જ પ્રતિબોધ પામી જિનસિંહસૂરિજી પાસે ફરી વાર ચારિત્ર લઈ શ્વેતાંબર સંત બન્યા. અંતર્મુખી સ્વભાવ તથા પ્રભુભક્તિના રાગી હોવાથી આત્માના બ્રહ્મસ્વરૂપવેદી તેમણે ચમત્કારિક ભક્તામર સ્તોત્ર રચી ૪૪ બેડીઓ તોડી દેખાડી. કાશીના રાજા હર્ષ અને પ્રજા હેરત પામી ગયા. તે સ્તોત્રની એક એક ગાથાના સ્મરણથી ચમત્કારો અનુભવનારા અનેક શ્રાવક–શ્રાવિકાઓ છે અને આજેય પણ ભક્તામરનો પાઠ ચારેય ફીરકાઓ કરે છે. ઉન્માદની બીમારીથી બચવા ધરણેન્દ્રદેવને પ્રત્યક્ષ કરી અણસણની રજા માંગી. આયુષ્ય લાંબુ હોવાથી ધરણેન્દ્ર દેવની સહમતિ ન મળતાં તેમના જ આપેલ ૧૮ મંત્રાક્ષરોથી નમિઉણ સ્મરણની રચના કરી પોતાના રોગ અને વેદનાને સંહારી લીધી. આજે પણ અનેક સંતો અને સંઘો ભક્તામરપાઠી દેખાય છે.

*વાદ મહાર્ણવ ટીકાકાર : ન્યાયવનસિંહ, તર્ક પંચાનન*

## (૧૬) આચાર્ય અભયદેવસૂરિજી

રાજપુત્ર છતાંય દીક્ષિત તે રાજર્ષિને વ્રત–નિયમોની અડગતા, એકાગ્રતા અને આત્મલક્ષિતા થકી લબ્ધિઓ પ્રગટ થઈ હતી. કનોજના રાજા કર્દમના પુત્ર ધન રાજકુમારના શરીરના ફોલ્લા બ્રહ્મવ્રતધારી અભયદેવસૂરિના ચરણો ધોઈ તેજ જળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરે છાંટતા દૂર થઈ ગયેલ. તરત જ દીક્ષા લીધી ને રાજર્ષિના અંતેવાસી બનતા પોતે પણ રાજર્ષિ બન્યા. તેજ પરંપરામાં થયલ આ. શીલભદ્રસૂરિજી પણ આબાલ બ્રહ્મચારી બાર વરસે જ દીક્ષિત અને ચારિત્રના પ્રથમ દિવસથી જ છએ વિગઈના ત્યાગી બની ગયેલ હોવાથી અમોઘ ઉપદેશક બન્યા હતા. તેમની ચુસ્તતાથી બોધિત ચંદ્રપ્રભસૂરિજી પણ વિશિષ્ટ સિદ્ધાંતવેતા બની શાસ્ત્રરચયિતા બન્યા છે.

*લબ્ધિસંપન્ન મહાન તપસ્વી : પરમ પ્રભાવી : કૃષ્ણર્ષિગચ્છ પ્રવર્તક*

## (૧૭) કૃષ્ણર્ષિ

દીક્ષા દિવસથી જ ઘોર તપસ્વી અને ચુસ્ત સંયમી તે મહાત્મા વરસમાં ૩૪થી વધુ પારણા ક્યારેય ન કરનારા થયા છે. તે વ્રત અને તપ થકી આમોસહિ, વિપ્પોસહિ, જલ્લોસહિ, ખેલોસહિ લબ્ધિવાન બની ગયા હતા. સ્મશાનમાં જઈ ધ્યાન કરતા. તેઓ નીડર હતા. તેમના તપપ્રભાવે નાગોરથી ભિન્નમાલ સુધીના તમામ પારણાના ક્ષેત્રમાં દહેરાસરો બંધાયા. શ્રેષ્ઠીઓ, બ્રાહ્મણોને દીક્ષાઓ આપી, રાજાઓને પણ પ્રતિબોધી જૈની બનાવ્યા. મુખ્યતયા છ'રી પાળતા સંઘો કાઢી તીર્થંકરોની કલ્યાણક ભૂમિની સ્પર્શના વધુ કરી છે. ગુણોના તો પાછા ભંડાર હતા. કૃષ્ણઋષિની તપ-જપ-વ્રતની નિષ્ઠાને કારણે કૃષ્ણર્ષિ ગચ્છ પ્રારંભ થયો છે.

*વાદિકુંજર કેસરી : ચારિત્રધર્મથી દેદીપ્યમાન :*

## (૧૮) આચાર્ય બપ્પભટ્ટસૂરિજી

માબાપથી રીસાઈને ભાગી છૂટેલા સુરપાળે આ. સિદ્ધસેન પાસે દીક્ષા ફક્ત સાત વરસની બાળવયે લીધી અને પ્રખર મેધાવી તેમને પૂર્વભવના પુણ્યોદયે હજાર-હજાર શ્લોકો કંઠસ્થ રહી શકતા હતા. તેમના નૈસર્ગિક બ્રહ્મચર્યથી આકર્ષાઈ સરસ્વતી દેવીએ નગ્ન સ્વરૂપમાં જ પ્રત્યક્ષ થઈ દર્શન આપેલા હતા. વિ.સં. ૮૧૧માં ફક્ત ૧૧ વરસની નાની ઉમરે આચાર્ય પદવી રાજા આમના આગ્રહથી ગુરુદેવે આપી અને તે દિવસથી ચારિત્ર રક્ષા માટે છએ વિગઈઓ ત્યાગી દીધી. બ્રહ્મચર્યનિષ્ઠ તેમની પરીક્ષા આમરાજાએ એક રૂપાંગનાને રાત્રે ઉપાશ્રયમાં મોકલી તેણી દ્વારા સ્પર્શ-હાવભાવ વગેરે કરાવી કરી ત્યારે પણ સૂરિજીએ તે સ્ત્રીને માતા કહી પાછી વાળી. તે પ્રસંગથી ખુશ-ખુશ રાજાએ તેમને આજીવન ગુરુપદે રાખી આબાલ બ્રહ્મચારી, ગજવર, વાદિકુંજરકેસરી, રાજપૂજિત વગેરે બિરૂદોથી સન્માન્યા એ. ૭૨ કળા તથા નવેય રસોના જાણકાર પ્રસિદ્ધ પ્રવચનકાર તેમણે નટકન્યા ઉપર મોહ પામી ગયેલ આમરાજાને ઉન્માર્ગે જતો અટકાવી દીધો અને બળી મરવાના બદલે પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધિ કરાવી પોતાની બ્રહ્મચર્ય શક્તિથી દિગંબર કન્યામાં અંબિકા દેવીને ઉતારી, ગિરનાર તીર્થ શ્વેતાંબરોનું છે તેવી જાહેરાત કરાવી અને તીર્થ દિગંબરોના કબજામાંથી છોડાવી શ્વેતાંબરી જયવિજય કરાવ્યા છે. ૯૫ વરસની વયે જ્યારે પાટણમાં વિ.સં. ૮૯૫ ભાદરવા સુદ ૮ના કાળધર્મ પામી બીજા દેવલોકે સીધાવ્યા, આમરાજા તેમની પાછળ ચિત્તામાં બળી મરવા સુધી આવેશ કરી બેઠો હતો.

## (૧૯) આચાર્ય જીવદેવસૂરિજી

તોફાનોના કારણે માતા પિતાથી ત્યાજાયેલો મહિપાલ મગધમાં જઈ દિગંબર મુનિ સુવર્ણકીર્તિ નામે બન્યો, અને તે પ્રસંગથી વૈરાગ્ય પામી મોટા ભાઈ મહીધરે શ્વેતાંબર પક્ષની દીક્ષા લીધી. પિતા ધર્મદેવના મરણ પછી માતા શીલવંતીએ બન્ને પુત્રોનો સંસાર ત્યાગ દેખી ધર્મારાધના વધારી અને અંતે દિગંબરમુનિને શ્વેતાંબર પુત્રમુનિના ઉચ્ચ આચારવિચાર દેખાડી, દિગંબરી દીક્ષા છોડાવી. આ. રાશિલસૂરિજીએ નવું નામ જીવદેવ મુનિ રાખ્યું. ભક્તામર સ્તોત્રના આમ્નાયના જાણકાર હોવાથી વ્રતનિષ્ઠા પ્રમાણે ચમત્કારિક શક્તિઓ વિકસી. ચાલુ પ્રવચનમાં એક યોગીએ તેમની વાચા અટકાવી વળતરમાં ફક્ત જીવદેવસૂરિજીએ દ્રષ્ટિ યોગી ઉપર નાખી ને તે સ્તંભિત થઈ ગયો. પછી તેને શ્રાવકોના કહેવાથી છોડ્યો, પણ વેરઝેરથી યોગીએ એક સાધ્વીને આકર્ષી, જેના બદલામાં આચાર્યે પૂતળું મંત્રીને યોગીની આંગળી કપાવીને ભય ઉત્પન્ન કરાવીને સાધ્વીને છોડાવી દીધી. એકવાર મરવા પડેલી ગાયને બ્રાહ્મણો પ્રભુવીરના દહેરાસરની બાજુમાં મૂકી ગયા, જે ગાય મૃત્યુ પણ પામી ત્યારે ફરી તેમાં પ્રાણ પૂરી ગાયને બ્રહ્માજીના મંદિર સુધી પહોંચાડી, જ્યાં ફરી મૃત્યુ પામી. અંતે જ્યારે બ્રાહ્મણો જીવદેવસૂરિજીના શરણે આવ્યા ત્યારે જિનશાસનના હિતમાં કરાર કરાવી ગાયને ફરી જીવિત કરી નગર બહાર કરી જ્યાં મરણ ત્રીજી વાર થયું. અંતે અણસણ કરી કાળધર્મ પામી વૈમાનિક દેવલોકે સીધાવ્યા છે.

## (૨૦) આચાર્ય વિજયસેનસૂરિજી

ભક્તામર સ્તોત્રની ૨૦મી ગાથા દ્વારા ચક્રેશ્વરી દેવીને પ્રત્યક્ષ કરનારા તેઓ મહાસાત્ત્વિક હતા, તથા ચારિત્રાચારમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચુસ્ત હતા. દેવીએ દરેક પ્રશ્નોના સચોટ જવાબ આપવાની શક્તિ આપી હતી. નાગોરના રાજા મહીપતિને લાગટ ૧૨ દિવસની જે–જે આગાહી કહી તે બધીય સાચી પડી, તે રાજા મારફત ખૂબ જિનશાસનની પ્રભાવના થઈ છે. તે જ પ્રમાણે સાંડેર ગચ્છના આ. ઈશ્વરસૂરિજી તથા આ. શીલસૂરિજીને બકરીદેવી પ્રત્યક્ષ હતી. આ બલિભદ્રસૂરિજીને સૂર્યદેવે પ્રગટ થઈ મંત્રપોથી આપી હતી. જૂનાગઢ જતા એક સંઘને રાખેંગાર રાજાએ રોક્યો ને બધાયને બૌદ્ધધર્મ સ્વીકારી જાત્રા કરવા ફરમાન કર્યું, ત્યારે બલિભદ્રમુનિએ આકાશમાર્ગે જૂનાગઢ આવીને મંત્રવિદ્યાથી અડદના દાણી ફેંકી રાણીને હેરાન–પરેશાન કરી, યુદ્ધ માટે તૈયાર થયેલા રાજાને વિવિધ વિદ્યાઓનો પરચો દેખાડી શરણાગત કરી દીધો હતો. મેવાડના રાણા અલ્લટની રાણીનો રેવતીદોષ ઉપશમાવી રાજાને જૈન બનાવી અનેક પ્રકારે શાસનપ્રભાવના કરી હતી. સાંડેર ગચ્છમાં ચમત્કારિક શક્તિવાળા અનેક આચાર્યો થયા.

*આજીવન છ વિગઈનો ત્યાગ કરનાર : ગગનગામિની વિદ્યા પ્રાપ્ત કરનાર*

## (૨૧) આ. યશોભદ્રસૂરિજી

પીંડવાડાની નિકટના પલાઈ ગામમાં જન્મ લેનાર સુધર્માને આ. ઈશ્વરસૂરિજીએ દેવતાઈ સૂચનથી ફક્ત છ વરસની ઉંમરે દીક્ષા આપી. જ્ઞાનાભ્યાસ કરતાં જ્યારે અનેક શક્તિઓ પ્રગટી ત્યારે ગુરુદેવે યશોભદ્રસૂરિ નામે આચાર્ય પદવી આપી અને તે જ દિવસથી બ્રહ્મચર્ય વ્રતની રક્ષા હેતુ આજીવન છ વિગઈનો ત્યાગ સાથે ફક્ત આઠ કોળિયાનો આહાર લેવા ઉણોદરી વ્રત ધારણ કર્યું. વ્રત અને તપ પ્રતાપે આઠ મહાસિદ્ધિઓ પ્રગટ થઈ, સૂર્યદેવ થકી ત્રણેય લોકના દર્શન થાય તેવી અંજનકૂપિ અને સિદ્ધ મંત્રોવાળી સ્વર્ણાક્ષરની પોથી મળી. ગગનગામિની વિદ્યા મેળવી દરરોજ પાંચ તીર્થોની જાત્રા કરી પચ્ચક્ખાણ પારતા હતા. પાટણના મહેલમાં જ રોકી રાખવા છતાં રાજા સામંતસિંહ ચાવડાએ જ્યારે મહેલના કમાડ બંધ કરાવી દીધા ત્યારે રૂપપરાવર્તન કરી ઉઠીને પાછા છ'રી પાળતા સંઘમાં જોડાઈ ગયા. સાંડેરાવની દહેરાસરની પ્રતિષ્ઠામાં વધારે પડતી જનમેદની ઉભરાણી ત્યારે પાલીના ધનરાજ શ્રેષ્ઠીની દુકાનમાંથી અને મકાનમાંથી વિદ્યાબળે ઘી મંગાવી દીધું, કવિલાણનો કૂવો વાસક્ષેપ નાખતા જ પાણીથી ઉભરાઈ ગયો. જોગીની દાઢીમાંથી બે નાગ નીકળ્યા તેને નાથવા મુહપત્તિના બે ટૂકડા કરી બે નોળીયા પેદા કરી સાપને નસાડી દીધા. સંઘ માટે પાણીનું સૂકું તળાવ છલોછલ ભરાવી આપ્યું. કહેવાય છે કે નાડલાઈમાં તેમણે વલ્લભી અથવા ખેડબ્રહ્માથી આખુંય આદિનાથ પ્રભુનું દહેરાસર આકાશમાર્ગે લાવીને સ્થાપિત કરી દીધું છે. તે જ ગામમાં વિ. સં. ૧૦૩૯માં શ્રાવકોને પૂર્વ આગાહીઓ કરી કાળધર્મ પામ્યા ને દેવલોકગમન કર્યું હતું.

## (૨૨) ખિમઋષિ

બોહા નામના દરિદ્ર ઘીના વેપારીએ ચિત્તોડ નગરની નિકટના વડગામમાં આ. યશોભદ્રસૂરિજી પાસે દીક્ષા લઈ ઉગ્ર તપ સાધ્યો. જેથી તેમના ચારિત્ર અને તપથી પ્રભાવિત દેવો સાનિધ્ય આપવા લાગ્યા. અવંતીની નિકટના ગામના પાદરે ધ્યાન કરતા તેમને બ્રાહ્મણપુત્રોએ જ્યારે સતાવ્યા ત્યારે દેવોએ તે બધાય છોકરાઓને લોહી વમતા કરી નાખેલ. માબાપોએ માફી માંગી ત્યારે દેવોએ તેમને છોડાવ્યા. નિર્જન ગિરિકંદરામાં સંયમ જીવનાર તેમના ઉત્કટ અભિગ્રહ સાથેનો તપ ખૂબ ગવાયો છે. મદાંધ હાથી પાંચ લાડવા વહોરાવે તો ખિમઋષિ પારણું કરે, વિધવા બ્રાહ્મણી જે સાસુ સાથે ઝગડો કર્યા પછી પુરણપોળી આપે તો લેવી, વાંદરો આંબાનો રસ અપાવે તો, મુંજરાજાનો ભાઈ મન બગાડીને પણ ૨૧ પુલ્લા પધરાવે તો જ ખિમઋષિ પારણું કરે તેવા અભિગ્રહો પણ લાંબા ઉપવાસે પૂરા થયા હતા અને દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરેલી. સર્પદંશથી મૃત્યુ પામેલ ધનરાજ શેઠનો દીકરો ખિમઋષિના ફક્ત પાણી છાંટવાથી જીવતો થયેલ ધારા રાજ્યના ગાંડા થયેલા બધાય હાથી મુનિરાજના ચરણોદક છાંટવા માત્રથી ડાહ્યા થઈ ગયેલ તેવા ખિમઋષિને જ્યારે સિંધુલ યુવરાજ શિષ્યરૂપે પ્રાપ્ત થયો ત્યારે પણ દીક્ષા દિવસે આકાશમાંથી કુસુમવૃષ્ટિ થઈ હતી. તેવા ખિમઋષિએ ૯૦ વરસની ઉંમર સુધીમાં ૮૪ અભિગ્રહો કર્યા, જે બધાય દેવોએ અથવા કુદરતી અને અંતરાયકર્મના ક્ષયોપશમથી પૂર્ણ થયા હતા.

## (૨૩) આચાર્ય વીરસૂરિજી

ભિન્નમાલ નગરનાં ધરણેન્દ્રોપાસક શિવનાગ શેઠ તથા પૂર્ણલત્તા શેઠાણીના પુત્ર વીરકુમારે સાત–સાત પત્નીઓનો ત્યાગ કરી પૌષધ વગેરે લઈ સ્મશાન સાધનાઓ ચાલુ કરી દીધી, કારણ કે પોતાના મરણની સાવ જૂઠી વાત તેના જ સાળાએ વીરકુમારની માતાને કરતાં આઘાતમાં જ માતા પૂર્ણલત્તા મૃત્યુ પામી ગઈ હતી તેનું દુઃખ વૈરાગ્યમાં ફેરવાઈ ગયું હતું. એક દિવસ સાંજના સમયે નગર બહાર જતાં ૧૦૦ વરસની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉમરવાળા આ. વિમલમણિની ચારિત્ર સંપન્નતા દેખી તેમના જ શિષ્ય બની અંગવિદ્યાધારી વિદ્વાન બની ગયા. શિષ્ય–પરિવાર પણ સારો થયો. તપ–ત્યાગ અને બ્રહ્મચર્યલક્ષી ચારિત્ર પ્રભાવે ભયાનક વીરૂપાક્ષ યક્ષ વશમાં થઈ ગયો. જેણે આચાર્ય બનેલ વીરસૂરિજીને અષ્ટાપદજીની જાત્રા એક મુહૂર્ત માટે કરાવી, જેની સાક્ષી રૂપે બાર આંગળ લાંબા અને એક આંગળ જાડા પાંચ–છ ચોખાના દાણા સૂરિજી સાથે લાવ્યા ને દેવતાઈ અર્ધ્ય પાટણના ઉપાશ્રયમાં અષ્ટાપદજાત્રાની સાક્ષી–યાદી રૂપે મૂકવામાં આવેલ. આખોય ઉપાશ્રય સુગંધીથી ભરાઈ ગયેલ. ગુર્જરપતિ ચામુંડરાયના માધ્યમે જિનશાસન પ્રભાવનાઓ કરી–કરાવી, મહાત્મા અણસણ પૂર્વક કાળધર્મ પામનારા થયા. ગૃહસ્થધર્મ છોડી બ્રહ્મચર્ય સાધના કરનાર તેઓ યુગપ્રધાન હતા.

*આજીવન ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લેનાર*

## (૨૪) વિજયશેઠ–વિજયાશેઠાણી

કચ્છ દેશની વસુંધરામાં ભદ્રેશ્વરતીર્થના ક્ષેત્રફળમાં જેમના જીવનકવનની વાતો જોડાયેલી છે, તેવા શેઠ વિજય અને વિજયાકુમારી દંપતીએ પ્રથમ રાત્રિથી જ લગ્નજીવનનો પ્રારંભ આજીવનના બ્રહ્મચર્યવ્રતથી કર્યો હતો. ગૃહસ્થજીવન, બધીય અનુકૂળતા, યુવાનવય તથા પૂર્વથી કોઈ સંકલ્પ નહીં છતાંય જયારે જોગાનુજોગ વિજયકુમારે કૃષ્ણપક્ષના તથા વિજયાએ શુક્લ પક્ષના આજીવન ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લગ્નપૂર્વે જ લઈ લીધેલ ત્યારે બન્નેય વચ્ચે પ્રથમ રાત્રિના જ સમયે થયેલ નિર્ણય મુજબ નવા લગ્ન કર્યા વગર જ વિજયકુમારે જે આજીવનની બ્રહ્મવ્રત સાધના જાહેર કરી દીધી તેના પ્રતાપે વિજયાશેઠાણીને પણ દુષ્કર–દુષ્કર વ્રતસાધના સુકર બની ગયેલ. ચોરાશી હજાર સાધુઓને દાન આપ્યા પછીનું પુણ્ય ફક્ત જે શેઠ–શેઠાણીની એક દિવસની ભક્તિથી મેળવી શકવાની વાત જ્યારે વિમલકેવળીએ જિનદાસ શ્રેષ્ઠીને જણાવી ત્યારે જ દંપતીની ગુપ્ત સાધના જાહેરમાં આવી તે પછી પ્રતિજ્ઞા પ્રમાણે બેઉ આત્માઓ દીક્ષિત થઈ કેવળી બની મુક્તિને પણ પામી ગયા છે.

*જેમના બ્રહ્મચર્યવ્રતની પરીક્ષા*
*ખુદ અંબિકાદેવીએ કરી હતી.*

## (૨૫) મંત્રી વિમલશા

પાટણના રાજા ભીમદેવના માનીતા મંત્રીએ આબુ ઉપર દહેરાસર બાંધવાના શુભભાવોમાં અંબિકાદેવીને સાધી. આરસ કે વારસ એમ બેમાંથી એક જ વરદાન મળે તેવી સ્થિતિ વખતે પતિ–પત્નીએ સંતાનપ્રાપ્તિનું સુખ જતું કરી દીધું, પણ આરસના ભવ્ય જિનાલયની કલ્પનાને અંબિકાદેવીના સાનિધ્યથી અઢાર ક્રોડ ખરચી સાર્થક કરી દીધી. આજેય આબુના દહેરાસરોની અજોડ કારીગરી જોવા વિદેશીઓ પણ આકર્ષાય છે. તે મંત્રીએ જીવનના છેલ્લા વરસોમાં દામોદર મહેતા નામના સહમંત્રીની પજવણીથી ત્રાસીને રાજસુખ જતું કરી દીધેલ અને અંતે આબુની તળેટીમાં રહેલ ચંદ્રાવતી નગરીમાં જ જીવનના છેલ્લા વરસો જિનાલયો બંધાવવામાં અને શાસનપ્રભાવનામાં વીતાવી દીધા હતા. ગૃહજીવનમાં દેવી–દેવતાઓ પ્રત્યક્ષ ફક્ત બ્રહ્મવ્રતધારીઓને કે મહાપુણ્યશાળીઓને થાય છે, તેમાંથી વિમલ મંત્રી એક ઉદાહરણ છે. જેમના બ્રહ્મચર્યવ્રતની પરીક્ષા અંબિકા દેવીએ સુંદર કન્યાનું રૂપ લઈ કરી હતી, ત્યારે પણ નિર્વિકારી ચક્ષુથી તેણીના દર્શન કર્યા હતા.

## (૨૬) દેદાશાહ અને પેથડશા

પર્વપર્યુષણના દિવસોમાં પ્રભુ મહાવીરદેવના માતા ત્રિશલાદેવી અને પિતા સિદ્ધાર્થરાજાના અલગ અલગ શયનખંડની વાતો કલ્પસૂત્રના માધ્યમે સાંભળી તરત જ દંપતી યુગલે આજીવન માટે પોતાના શયનખંડ નોખા કરી નાખ્યા અને ચતુર્થવ્રતધારી બની ગયા તેવા દેદાશાહે આખોય ઉપાશ્રય સોનાની ઈંટનો બનાવવા ભાવના દર્શાવેલ. તેમના જ ચિરંજીવ પેથડશાહે બત્રીસ વરસની ભર યુવાનીમાં સપત્ની આજીવન ચતુર્થવ્રત સ્વીકારી લીધું. મહામંત્ર નવકારના પરમારાધક પણ બન્યા. જેમના જપ અને તપ પ્રભાવે રાણી લીલાવતીનો દાહજ્વર ફક્ત પેથડશાની શાલ ઓઢવા માત્રથી દૂર થઈ ગયેલ તેવા ગૃહસ્થબ્રહ્મચારી બ્રહ્મચર્ય તથા નવકાર પ્રભાવે દેવલોકે સીધાવી ગયા છે. પેથડશાના સુપુત્ર ઝાંઝણશેઠે પણ સાધર્મિક વાત્સલ્યમાં પોતાનું નામ ઉજ્જવળ કરેલ છે. દાદા–પિતા અને પુત્રની ત્રિપુટી ઐતિહાસિક પાત્રો ગણાય છે.

## (૨૭) વિશિષ્ટ બ્રહ્મવ્રતધારી પ્રભુ નેમિનાથજીની પરંપરા

જિનશાસનના ૧૯માં તીર્થંકર મલ્લિનાથજી અને બાવીસમા નેમિનાથ પરમાત્માની વાતો ખૂબ ખ્યાત પ્રખ્યાત છે જ. તેવા જ વિશિષ્ટ સાધક હતા મરૂભૂતિ જેઓ દસમા ભવે તીર્થંકર પાર્શ્વનાથજી બન્યા છે. રાજા શ્રીષેણનો શીલરાગ તેમને સોળમા શાંતિનાથ ભગવાન બનાવી ગયો છે. કાળે–કાળે શીલસંપન્ન શ્રીરામ જેવા મહાપુરુષો કે સોળ સ્ત્રીઓ જેવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મવ્રતધારિણી સતીઓ થઈ છે. સોમરાજા જેવા આગારી તોય બ્રહ્મચારીના બીરૂદને પામનારા ગૃહસ્થો થયા છે. વર્તમાનકાળના નિકટના પ્રસંગોમાં બંગાળના રામકૃષ્ણ પરમહંસ–શારદામણી દેવી, ગુજરાતના નરસિંહ મહેતા, જેસલ–તોરલ, નિર્મળાદેવી કે પછી સ્વામિ વિવેકાનંદ જેવા દેશ પ્રભાવકો પણ થયા છે. ચંદ્રશેખર આઝાદ, શહીદ ભગતસિંહ, 'દયાનંદ સરસ્વતી કે મોહનલાલ કરમચંદ ગાંધી વગેરેના જીવન પણ બ્રહ્મચર્યવ્રતલક્ષી હતા જેથી તેમના પરિચયમાં આવેલ ભાગ્યશાળીઓ પણ ઉચ્ચ સંસ્કારધર્મ પામ્યા છે અને તે ઉપરાંત સ્વામી રામતીર્થ જેવા પણ અનેક નામી–અનામી વ્રતધારીઓને આ પ્રસંગે સ્મરણ પથમાં લેતા સંક્ષેપવાનું કે પ્રભુ આદિનાથથી લઈ પ્રભુવીરના અનેક શ્રમણ–શ્રમણીઓ માટે પણ આ લેખમાળા લાગુ પડે છે પણ લેખ અને ગ્રંથ મર્યાદાને કારણે તમામ મર્યાદા પુરુષોત્તમને અભિનંદન–અભિનંદન કરતાં એવી જ શુભાપેક્ષા કે **સૌની અબ્રહ્મવાસના વરાળ બની જાય, બ્રહ્મતત્ત્વ હાથ લાગી જાય, નર અને નારીઓમાં ભ્રાતૃત્વ–ભગિનીભાવ ઉત્પન્ન થઈ જાય તથા પરંપરાએ પરમબ્રહ્મ મોક્ષસ્થાન હાથવેંત થઈ જાય.**

**આગામી કાળમાં પણ થનાર વિશિષ્ટ બ્રહ્મચર્ય-વ્રતધારીઓને સુસ્વાગતમ્.**

**આબાલ બ્રહ્મચારી વિશિષ્ટ બ્રહ્મવ્રતધારી**
**નેમિનાથાય નમો નમઃ**

**(નેમિપ્રેમી)**



**કોઠારા (કચ્છ)નું નયનરમ્ય જૈન મંદિર**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન શાસનના મુહૂર્ત જ્યોતિર્વિદો

*જ્યોતિષાચાર્ય પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.*



સંસ્કૃતિની સાથે પ્રાચીનતમ વિદ્યા જ્યોતિષમાં પણ આપણે ત્યાં બહોળા જનસમૂહમાં પ્રબળ લાગણી, ઊંડી સમજ અને અપાર શ્રદ્ધા ધરાવનારો એક વર્ગ છે. જ્યોતિષવિદ્યા ગણિત વિદ્યાનું એક સચોટ શાસ્ત્ર છે. તે સંદર્ભમાં અસંખ્ય પ્રામાણિક ગ્રંથરત્નો લખાયાં છે.

જ્યોતિષશાસ્ત્ર વેદનું અંગ, પરમાત્માનું નેત્ર અને ગ્રહગણિત છે. અનાદિકાળથી આ જ્યોતિષવિદ્યા સમાજને સચોટ માર્ગદર્શન આપતી રહી છે અને ભવિષ્યમાં પણ આપશે. આ ગૂઢ વિદ્યાનાં રહસ્યો સંબંધે અસંખ્ય લેખો અને પંચાંગોની રચના થતી રહી છે. આધુનિક ઉપકરણોનો જો ધારણા પ્રમાણેનો સહયોગ મળે તો ભારતીય જ્યોતિષનો સર્વાંગીય વિકાસ શક્ય બને તેમ છે.

જૈનશાસનમાં પણ સમયે સમયે જ્યોતિષવિદ્યાના જે પ્રકાંડ પંડિતો મળ્યા છે તેમાંના કેટલાક પરિચયો રજૂ કરે છે પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન જ્યોતિષાચાર્ય પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.

પૂજ્યશ્રીનો જન્મ જખૌ (અબડાસા) પ્રદેશ (મૂળ વતન કચ્છ) અચલગચ્છના વર્તમાનમાં વિદ્યમાન મુનિ ભગવંતોમાં સૌથી બાલવયે ૮ વર્ષની ઉંમરે સંયમ પ્રાપ્તિ કરી. વડીલબંધુ પણ સાથે જોડાયા. બાળક હતાં એટલે લાડકા તો ખરા જ, પરંતુ દીક્ષાદાતા પૂજ્યપાદ ગુણસાગરસૂરિ મહારાજાએ જવાહિરને પારખી, તે માનવના ખોળિયામાં બાહ્યપરિબળોને સ્પર્શવા ન દીધાં. સાથે જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ અને નૈષ્ઠિક સંયમધર્મમાં પાવરધા બનાવ્યા. બાળસહજ સ્વભાવે કુતૂહલવૃત્તિ ઘણી, એટલે ગુરુમહારાજની દરેક વાતમાં પ્રશ્નો શોધી અને પોતાની જિજ્ઞાસાને સંતોષે. તીવ્ર મેધાના કારણે પૂજ્યપાદ ગુણસાગરસૂરિ મહારાજે તેમને શાસ્ત્રોમાં પારગામી કર્યા અને પૂર્વના સંસ્કારને અનુસારે દૈવી સંકેતોથી પોતાના જીવનને સંપૂર્ણ સાધનામય બનાવતા ગયા. વર્ષોનાં વહાણાં વીતતાં ગયાં. ગુરુદેવ પરમોપકારી પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિ મ.ની અપાર કૃપાવૃષ્ટિ થતાં 'ગણિવર્ય'પદથી અલંકૃત થયા. મંત્ર–તંત્રના જબરા શોખીન અને જ્ઞાતા પૂજ્ય ગણિ વીરભદ્રસાગરજી મ.સા. તીવ્ર ક્ષયોપશમ ધરાવતા હોવાથી તેમણે જીવનમાં સાહિત્યરત્ન અને સાહિત્યશાસ્ત્રી તેમજ સંસ્કૃત **M.A.**ની પરીક્ષાઓ પણ આપી છે. તેમાં તેઓ ઉચ્ચગુણવત્તાએ ઉત્તીર્ણ થયા. ગુરુદેવોના અનુગ્રહ મેળવી તેમણે વિષમપરિસ્થિતિઓની અંદર રહીને પણ જ્યોતિષનો ઠોસ અભ્યાસ કરી, 'જ્યોતિષાચાર્ય' પદ પામ્યા. શાસ્ત્રીના પરિચયોમાં સતત લીન રહેતા પૂજ્યશ્રીએ સંયમજીવન દરમ્યાન લાખો શ્લોકોનું વાચન કરી, સ્વસમુદાયનાં શ્રમણ–શ્રમણીરત્નોને સંસ્કૃતના જ્ઞાતા કર્યા છે. તેઓ અચ્છા પ્રવચનકાર પણ છે, નાનાં નાનાં ગામડાંઓમાં દેવ–ગુરુનો મહિમા ગાઈને ધર્મની અહાલેક જગાવી રહ્યા છે. તેમણે સ્વશિષ્ય મુનિ શશાંકસાગરજી મ.સા.ને પણ જ્યોતિર્વિદ્ બનાવ્યા છે. સંસ્કૃત, સાહિત્ય, જ્યોતિષ, મંત્ર–તંત્ર, પ્રવચનકાર તરીકે બહુમુખી પ્રતિભા ધરાવતા હોવા છતાં તેમની અંદર ગુરુસમોવડા થવાની આંશિક રેખાઓ પણ નથી દેખાતી, કારણ હાલમાં જ વડીલબંધુ પાસે એક મુમુક્ષુભાઈની દીક્ષા થઈ, તેમાં પણ પોતાનાં ગુરુદેવે જે મુહૂર્ત આપ્યું, તેને જ તેઓએ સર્વોપરી માન્યા કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખક ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.ને તેમના સ્વજીવન વિષે જ્યારે પૂછવામાં આવે છે ત્યારે તેઓ ફક્ત એટલું જ કહે છે કે "જ્યાં સુધી મારો મોક્ષ ન થાય ત્યાં સુધી ભવોભવ મને જિનશાસનની સેવા મળજો, પરોપકારનાં કાર્યો કરી મારા આત્માને ધન્ય બનાવતો રહું અને મળેલા જ્ઞાનને સારી રીતે પચાવી તેનો સ્વપરનાં શુભ કાર્યો માટે વિનિમય કરતો રહું એજ પ્રભુ–પ્રાર્થના."

ખરેખર, પ્રાચીન કે અર્વાચીન મહાપુરુષો જે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન દ્વારા શુભમુહૂર્તો આપી, જિનશાસનની જબ્બર નિષ્કામ, પરાર્થ, પરમાર્થભાવે જે સેવા બજાવી રહ્યા છે તે તમામ જિનશાસનના આકાશમાં સૂર્યસમાન પૂ. સૂરિ ભગવંતો, પૂ. ઉપાધ્યાય ભગવંતો, પૂ. પન્યાસજી મહારાજો, ગણિ ભગવંતો તથા મુનિભગવંતોનાં ચરણકમલને વિષે નતમસ્તકે કોટિશઃ (નતિ તતિ) વંદના. **જૈનધર્મોઽસ્તુ મંગલમ્, જ્યોતિષઃ ચક્ષુષે નમોઽસ્તુ તે સૂર્યાય.**

—સંપાદક

## શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ સ્વામી



**ભદ્રબાહુ સ્વામી : સોનાની સહીથી હાથે લખેલ કલ્પસૂત્ર**

પ્રતિષ્ઠાનપુર (પૈઠણ) તે સમયે ભારતદેશ–હિન્દુસ્તાનનું કેન્દ્રબિન્દુ હતું. તે વિખ્યાત નગરીમાં એક વિપ્ર બાંધવબેલડી વસે. જયેષ્ઠબંધુ વરાહમિહિર, અનુજબંધુ ભદ્રબાહુ બંને બંધુઓ પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે ખ્યાતનામ! બંને ચાર વેદ–૧૪ વિદ્યાના પ્રખર જ્ઞાતા. પ્રબળ પુણ્યોદયે બંનેને શ્રુતકેવલી પ્રખર મંત્રવેત્તા, જેમના નામસ્મરણથી વિઘ્નો અને વિરોધીઓ શમી જાય, વૈરી મટી વારિ જેવા મિત્ર બની જાય એવાં પુણ્યપ્રભાવક પૂજ્યપાદ આ. ભ. શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજાનો પાતિકહર સત્સંગ થયો અને સંસારની રાગદશામાંથી વિરાગી બની બંને બંધુઓ અણગાર બન્યા. મુનિશ્રેષ્ઠ બન્યા. બંને અજોડ પ્રતિભાસંપન્ન હતા. અતીવ ક્ષયોપશમ અને ગુરુકૃપાના બળે અલ્પ સમયમાં જિનવાણી–બોધમાં પારંગત બન્યા. અનુજબંધુ ભદ્રબાહુ ૧૪ પૂર્વના જ્ઞાતા બન્યા. વિશેષ યોગ્ય જણાતાં ગુરુદેવે આચાર્યપદ–પ્રદાન સાથે તેમને પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા. આથી પંડિતપ્રવર વરાહમિહિર–મુનિવર ગુરુના અને ભાઈ ભદ્રબાહુજીના તેજોદ્વેષી બન્યા. ભારે વિરોધી બન્યા અને ગુરુને પક્ષપાતી ગણી અણગારમાંથી પુનઃ આગારી બન્યા. દીક્ષા છોડી દીધી......! પ્રખર વિદ્વાન તો હતા જ તેથી વિદ્યાના બળે રાજાના રાજપુરોહિત બન્યા, લોકમાન્ય બન્યા. લૌકિક પ્રસિદ્ધિ મળી. પ્રતિષ્ઠાનપુર–નરેશને ત્યાં પુત્ર જન્મ્યો. બાળરાજકુંવરની જન્મવધામણી કાજે નગરજનો ઊમટ્યાં! પ્રખર જ્યોતિષવિદ્ ભવિષ્યવેત્તા વહારમિહિર રાજસમીપે પધારી, નગરસમ્રાટને કહ્યું: "હે મહારાજા આપનો રાજકુંવર, આ બાળ ૧૦૦ વરસનો થશે!" પ્રતિષ્ઠાનપુરમાં બિરાજમાન સંઘનાયક, શ્રુતકેવલી, પ્રખર જ્યોતિષવૈજ્ઞાનિક, અષ્ટાંગનિમિત્તના અજોડ જ્ઞાતા, ભગવાન ભદ્રબાહુ સ્વામી મહારાજાએ લૌકિક આચાર અને મહારાજાને જિનધર્મમાં શ્રદ્ધાવંત અને સ્થિર બનાવવા માટે સામેથી કહેણ મોકલ્યું: "હે મહારાજા, આપનો બાળકુંવર આજથી સાતમા દિવસે બિલાડીના નિમિત્તે મરણ પામવાનો છે. માટે આપને આશ્વાસન આપવા આવીશ." રાજાને પ્રખર જ્યોતિષવેત્તા વરાહમિહિર પર પૂરો વિશ્વાસ હતો અને વરાહમિહિર જૈનશાસનદ્વેષી, ગુરુવિરોધી અને અનુજબંધુ ભદ્રબાહુજીનો પ્રતિસ્પર્ધી બની ચૂક્યો હતો. લોકો અને રાજા ભદ્રબાહુસ્વામીના કાયમને માટે વિરોધી બની જાય અને અવહેલના થાય તે માટે બાળકના જન્મવધામણીવેળાએ રાજાસાહેબના કાન ભંભેર્યા હતા કે, "હે મહારાજા, જૈનના આચાર્ય આપના બાળકની જન્મવધામણી માટે નથી પધાર્યા" પણ ભદ્રબાહુ સ્વામીજીએ પોતાના પ્રબળ શ્રુતજ્ઞાન અને નિમિત્તબળ (જ્યોતિષ)ના પ્રભાવે, રાજાને જે રીતે બાળક માટે ભવિષ્ય ભાખ્યું. તેથી રાજા અવાક્ બની ગયા, છતાં 'સાહસી અને સાવધાન નર સદા સુખી.' એ ન્યાયે રાજાએ નગરમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમામ બિલાડીઓને હાંકી કાઢી અને મહારાજાએ રાજકુંવર માટે લોખંડી-પોલાદી સુરક્ષા ગોઠવી દીધી. સાતમે દિવસે માર્જારના મોહરાવાળો આગળો બાળકના મસ્તકે પડ્યો. બાળકુંવર યમરાજાને શરણે, મોતના મુખમાં ધકેલાઈ ગયો! ભગવાન ભદ્રબાહુ સ્વામી મહારાજાને આશ્વાસન આપવા મહેલે પણ પધાર્યા. ગુરુનું ગૌરવ, યશ-પ્રતિષ્ઠા ચોપાસ ફેલાઈ ગઈ અને વરાહમિહિર પંડિતનું જ્ઞાન-ભવિષ્ય મિથ્યા ઠર્યું. વરાહમિહિર પંડિત અનેક ઘટનાઓમાં મિથ્યા-અસત્ય ઠરતાં અંતરથી અજંપો-ઉદ્વેગ અને પોતાના સગાભાઈ ભદ્રબાહુ સ્વામીનો પ્રબળ અસૂયાયુક્ત બન્યો. દ્વેષથી ધગધગતો વરાહમિહિર ક્રૂરકાળપંજાની થપાટ ખાઈ મરણ પામી, વ્યંતર ગતિમાં હલકો દેવ થયો. વ્યંતરયોનિમાં જ્ઞાનબળે પોતાની પૂર્વાવસ્થા જોઈ હૈયામાં જૈનદ્વેષની આગ ભભૂકી ઊઠી. દૈવિક શક્તિથી સકલસંઘમાં અને નગરમાં પ્લેગ, મહામારી, મરકીનો રોગ ફેલાવ્યો. નગરજનો મચ્છરની જેમ કમોતે મરવા લાગ્યાં. લાચાર સંઘે ગુરુદેવને વિનંતી કરી કે ઉપદ્રવને નાબૂદ કરો. ગુરુએ શ્રુતજ્ઞાનનાં ઉપયોગ દ્વારા હકીકત જાણી અને દૈવિક ઉપદ્રવકર્તા ઉવસગ્ગહરંની મંત્રગર્ભિત સ્તોત્રની રચના કરી અને તેના મંત્રિત જળ દ્વારા ચોમેર છંટકાવ કરાવ્યો અને વરાહમિહિર દ્વારા કરાતા ઉપદ્રવનો નાશ કર્યો. આપણા જૈન શાસનના શ્રુતકેવલી પ્રખર-નિમિત્તજ્ઞ અને સમયના પ્રખર જ્ઞાની એવા ભદ્રબાહુ સ્વામીએ જ્યોતિષ ફળકથન દ્વારા અનેક લોકોને જિનશાસનમાં સ્થિર કર્યા.

ભદ્રબાહુ સ્વામીએ 'ભદ્રબાહુ સંહિતા' અને 'શ્રીગૃહશાંતિ સ્તોત્રમ્'ની જૈનસંઘને ભેટ ધરી છે. ખરેખર પૂર્વધર શ્રુતકેવલી ભગવંતે ગ્રંથોનું સર્જન કરી જૈનશાસનમાં ચિરકાળ સુધી સ્થાયી થઈ આપણા ઉપર અદ્ભુત ઉપકાર કર્યો છે. વરાહમિહિરે 'બૃહદ્ સંહિતા' અને 'બૃહદ્ જાતક' વગેરે ગ્રંથોનું સર્જન કરેલ છે.

શ્રુતકેવલી ભગવાન પૂજ્યપાદ ભદ્રબાહુસ્વામી સૂરિસમ્રાટના ચરણયુગ્મે કોટિ કોટિ વંદના.

## યુગપ્રધાન, પ્રજ્ઞાપુરુષ પૂ. પાદ આ. ભ. શ્રી આર્યસુહસ્તિસૂરીશ્વરજી મ.સા.

વિપ્રકુળમાં જન્મ અને ગુરુસત્સંગના પુણ્યપ્રકાશે, પ્રવ્રજ્યાના પથિક બન્યા. ગુરુકૃપા-સાધના-શાસ્ત્રસ્વાધ્યાયના સહયોગે આર્યસુહસ્તિમુનિપ્રવર સૂરિપદને વર્યા.

મહાશ્રુતધર આર્યસુહસ્તિસૂરીશ્વરજી મહારાજા તરીકે પ્રસિદ્ધિને પામ્યા. પ્રબળ પુણ્યપ્રભાવી પૂ. યુગપ્રધાન સૂરિસમ્રાટ પાટલીપુત્રના (પટના સિટી) સંપ્રતિ સમ્રાટના ગુરુપદથી યશનામી બન્યા. મુહૂર્તશાસ્ત્રના પ્રખરજ્ઞાની એવા પૂ. પાદ આ. ભ. આર્યસુહસ્તિસૂરીજી દ્વારા ૧૧ કરોડ જિનબિંબની પ્રતિષ્ઠા થઈ. તેઓ મુહૂર્તશાસ્ત્રના કેવા જ્ઞાતા હશે? એમના હસ્તકમળ દ્વારા જે જે પ્રતિમાજીઓ ઉપર વાસનિક્ષેપ દ્વારા મંત્રાભિષેક થયો તે પ્રતિમાજીઓ ચૈતન્યવંત, અતિ તેજોવંત, મહામહિમાવંત બની ચૂકી! જિનશાસનમાં તે કાળે પ્રખરમુહૂર્તશાસ્ત્રના, સમયના, ગણિતના, સાધનાસિદ્ધિ દ્વારા મન્ત્રશાસ્ત્રના પ્રખર જ્ઞાતા તેઓશ્રી જ હતા. એ મંત્રોની શક્તિ દ્વારા અપૂર્વ તેજોવલય પ્રતિમામાં નિહિત કરી શકતા. મુહૂર્ત-મંત્ર-મગ્નતાનો ત્રિવેણી સંગમ થાય ત્યારે બિંબમાં ચૈતન્યતા જાગી ઊઠતી. અંજનશલાકા વખતે મુહૂર્ત ગમે તેવાં સારાં શ્રેષ્ઠ હોય. યોગ અને સિદ્ધિમંત્રનો પ્રયોગ, સાથે સાત્ત્વિક ઉપયોગ મૂકી જો અંજન કરવામાં આવે તો એ જાગૃત થયેલી પ્રતિમા યુગોના યુગો સુધી દિવ્ય અજવાળાં પાથરી કંઈક લોકોનાં મિથ્યાત્વ દૂર કરી અને અંતરને સમ્યક્ દર્શન દ્વારા ભાવિત કરે, ભાગ્યવાન બનાવી દે છે. મુહૂર્ત નિમિત્તમાત્ર હોય છે. પ્રતિમામાં અંજનનો ન્યાસ કરનાર વિભૂતિ અંતરથી ઊજળો હોય તો જ પાષાણની પ્રતિમાને સાક્ષાત્ દિવ્ય આભામંડળની જીવંતમૂર્તિમાં પરિણત કરી શકે.

પૂ. પાદ આર્યસુહસ્તિસૂરિજી મ.ની કેવી દિવ્યતા ને ભવ્યતા હશે કે અંજન દ્વારા પ્રતિમાને પ્રાગટ્ય સ્વરૂપમાં સહજભાવે લાવી દેતા! દેશવિદેશ તેમજ ભરતક્ષેત્રના સંપ્રતિ મહારાજાના આધિપત્ય હેઠળ રહેલ ત્રણ ખંડ રાજ્યના પ્રત્યેક ખૂણે સંપ્રતિસમ્રાટ દ્વારા નિર્મિત અને સ્થાપિત પ્રતિમા જ્યાં પણ બિરાજમાન હશે તે પ્રત્યેક વાસ્તવિક શાસ્ત્રીય માપની છે. સમચતુરસ્ર સંસ્થાન યુક્ત છે. 'શ્રી મુનિસુવ્રત' મહાકાવ્ય (પદ્ય)માં પ.પૂ. આ.ભ. શ્રી વિનયચંદ્રસૂરિ મ. સા.એ વિસ્તૃત વિશિષ્ટ પ્રકારનું વર્ણન કર્યું છે. પ્રતિમા ક્યા કાષ્ઠમાંથી? કઈ ધાતુમાંથી? કેવા પ્રકારના પાષાણમાંથી? કેટલા ઈંચની? કઈ રીતે પધરાવવી? પ્રત્યેક અંગોપાંગોની ગોઠવણી કઈ રીતે કરવી? કેવી પ્રતિમા કેવા પ્રકારની હોય તો કેવું ફળ આપે? તેનું ખૂબ જ વિશદ વર્ણન પદ્યરૂપે કરવામાં આવ્યું છે. કેવા મુહૂર્તમાં શિલ્પી દ્વારા અપાયેલાં ટાંકણાં વગેરે ઘણી બધી ઝીણવટભરી માહિતી મજાના શ્લોકો દ્વારા ગ્રંથોમાં સંગ્રહિત કરાયેલી છે. પ્રતિમા ખૂબસુરત બને, હસમુખી બને, મોહક પણ કદાચ બની શકે, બધું બનવાજોગ છે. શાસ્ત્રને નજર સમક્ષ રાખી તે પ્રકારના નિયમોને આધીન બની જો પ્રતિમાનું નિર્માણ કરાવવામાં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો એ પ્રતિમામાં પરમાત્માના પરમાણુનો (દિવ્ય ચેતનાનો) વાસ થયા વિના રહે નહીં. મુહૂર્તની પ્રધાનતા છે, તેટલી જ સાધના અને મંત્રની તેમજ પ્રતિમાશાસ્ત્ર મુજબ સંરચનાની અતિ આવશ્યકતા છે. પ્રતિમામાંથી ઓજ અને ઓરા સાધનાચાર્યનાં આંતરિક બળ, તપ–તેજ દ્વારા સંક્રમિત થઈને બહિ:પ્રગટીકરણ થઈ શકે! દરેક કાર્ય–કારણભાવની દૃષ્ટિએ સર્વોચ્ચ સાધનાથી આર્યસુહસ્તિસૂરિ મહારાજાએ શક્તિપાત કેવો કર્યો હશે? તે આજના કાળના પદસ્થોએ વિચારણીય બાબત જાણવી. મંત્ર–શાસ્ત્રના પ્રકાંડજ્ઞાની યુગપ્રધાન પૂજ્યપાદ આ. ભ. આર્યસુહસ્તિસૂરિજીના ચરણે અનંતશઃ વંદના.

## ૧૪૪૪ ગ્રંથકર્તા, યાકિની મહત્તરા સુનુ પૂ. પાદ આ. શ્રી હરિભદ્રસૂરિ મ.

ભૂદેવકુળમાં ભોમંડલસમા, ચિત્તોડના રાજપુરોહિત, પંડિતશિરોમણી હરિભદ્ર બ્રાહ્મણ પ્રકાંડવિદ્વાન હતા. અતિપ્રજ્ઞતાને કારણે અહંકારમૂર્તિ બની બેઠા હતા. અહંકાર ઓગળે તો જ અંતર ખુલી શકે. તે અંતરને પૂર્ણપણે ખોલવા આગમનું આચમન જરૂરી. અહંકારરૂપી પહાડને તોડવા ખુદને કંઈક ખોવું પડે, કંઈક ખોળવું પડે, પરંતુ તે મદમસ્ત ગજરૂપી હરિભદ્ર વિપ્રે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, જે કોઈ વ્યક્તિ "મેં ન સાંભળ્યું હોય તે, મને ન સમજાય, ન આવડે તેવી શાસ્ત્રપંક્તિ સંભળાવે, તો હું તેનો શિષ્ય બની જઈશ". સર્વશાસ્ત્ર પારગામી પોતાની જાતને માનતા હરિભદ્ર પુરોહિતજીની આ પ્રતિજ્ઞાએ જીવનપલટો આણી દીધો. રાજમાર્ગથી પસાર થતાં, પાસેના એક ઉપાશ્રયમાં બિરાજમાન જૈન સાધ્વીજી યાકિની મહત્તરા નામે, 'બૃહત્ સંગ્રહણી' ચક્કીદુગં ચક્કીદુગં પણદુગં ચક્કીદુગં નામે ગ્રંથનો સ્વાધ્યાય મૃદુ અને મંજુલ સ્વરે કરી રહ્યાં હતાં. તે ગાથાઓ સાંભળી વિપ્રશિરોમણિ ઘડીક થંભી ગયા. તે ગાથાઓનો અર્થ તો દૂર રહ્યો, શબ્દ સમજવામાં પણ મૂંઝવણ થવા માંડી. ખૂબ મથામણ કરી પણ આટઆટલાં ભણી ગયેલાં શાસ્ત્રોમાંથી કીમિયારૂપ શ્લોક કે તેનો અર્થ ન પકડાયો. બસ, તત્કાળ ગર્વના ગોવર્ધન પર્વતને ગાળી તળેટીએ પહોંચ્યા. પ્રતિજ્ઞા મુજબ સીધા તે ઉપાશ્રયમાં રહેલાં સાધ્વીજી પાસે ગયાં. પોતાની પ્રતિજ્ઞા જણાવી, અને ગાથાનો અર્થ–ભાવાર્થ આદિ પૂછવા લાગ્યા અને પોતાને શિષ્ય બનાવવાની વિનમ્ર ભાવે અરજ કરી પણ સમયજ્ઞા એવાં મહત્તરા સાધ્વીજીએ તેમને પૂજ્યપાદ આ. ભ. શ્રી જિનભદ્રસૂરિ મ.નો પરિચય કરાવ્યો. પછી તો ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યું' સૂરીચક્રવર્તી પાસે રહી દરેક પ્રશ્નોના સમાધાન મળતાં ગયા. પછી તો પૂછવું જ શું? વિપ્ર મટી વીતરાગશાસનના વિરલા વિરાગી મહાત્મા બની ગયા. સૂરિજીના ચરણે મન–વચન–કાયાથી એવા ઓગળી ગયા કે સૂરિભગવંતને જિનશાસનની શ્રુતસેવા કરનાર અનમોલ રત્નની પ્રાપ્તિ થઈ ગઈ. ખરેખર, તેઓ વેદવિજ્ઞાનના વેત્તા તો હતા જ. વળી ગુરુકૃપાના બળે જિનાગમોનાં રહસ્યવેદી પણ થોડા જ સમયમાં થઈ ગયા અને યોગ્યતાના કારણે સૂરિ ભગવંતે તેમને પરમશ્રેષ્ઠીના તૃતીયપદે પણ અલંકૃત કર્યા.

પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજાએ જિનશાસનને ૧૪૪૪ ગ્રંથોની અમૂલ્ય ભેટ આપી છે. પૂજ્યશ્રીએ ન્યાય–વ્યાકરણ–કાવ્ય–છંદ–યોગના ગ્રંથોમાં અદ્ભુત ખેડાણ કર્યું છે. ઘણાં ઘણાં શાસ્ત્રોની ટીકાઓ પણ રચી છે. બાલજીવો માટે 'લઘુસંગ્રહણી' જેવી રચના પણ તેમણે જ કરી છે ને ષોડશકાદિ ગ્રંથોની ભેટ પણ તેમણે જ આપી છે. 'દિનશુદ્ધિ દીપિકા' જેવા જ્યોતિષગ્રંથો પણ પૂજ્યશ્રીએ લખ્યા છે. તે સિવાય નિમિત્તશાસ્ત્ર–હસ્તરેખા–ફળાદેશનાં ગ્રંથો જૂના ભંડારોમાં હસ્તલિખિતપત્રો રૂપે ભંડારેલા છે. આ બાબતમાં સંશોધન કરવું હિતાવહ છે. પેલા ગરીબ લલ્લિગના ભાગ્યબળે પૂજ્યશ્રીનું જ્ઞાનબળ નિમિત્ત બન્યું. માત્ર વ્યાપાર અર્થે વિદાય થતા ગરીબ શ્રાવકને શ્રેષ્ઠ મુહૂર્ત આપવામાં નિમિત્ત બન્યા તો, તે શ્રેષ્ઠી દ્વારા શાસનનાં કાર્યોમાં વેગ મળ્યો. પોતાના ગુરુદેવની હૃદયની મૂંઝવણ જાણીને અચિત્ત પ્રકાશ પાથરતા રત્નને ઉપાશ્રયમાં એવી જગ્યાએ જડાવી દીધું કે, પૂજ્ય હરિભદ્રસૂરિ મ.સા. રાતે પણ ગ્રંથસર્જનનું કાર્ય ખૂબ જ નિશ્ચિંતતાપૂર્વક કરી શકે. ખરેખર, પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મ.સા.ની જોડે આ લલ્લિગ પણ જિનશાસનના ઈતિહાસમાં અમર બની ગયો.

પૂજ્ય હરિભદ્રસૂરિજી મ.સા. બૌદ્ધોની સભામાં પડકાર ફેંકીને ૧૪૪૪ કે તેથી પણ વધુ બૌદ્ધપંડિતોને જીતી વાદિવિજેતા બન્યા હતા. તે પછીની વાત તો આપણે સૌ જાણીએ જ છીએ, પરંતુ દીર્ઘદ્રષ્ટા ગુરુદેવ પાસેથી આલોચનારૂપે જે શ્રુતસર્જનની માહિતી મળતાં, તનતોડ ને મનમોડ મહેનતે ચડી પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજાએ આપણને આગમોના આધારે શાસ્ત્રોના અમૃતકુંભો તૈયાર આપી દીધા છે. આપણે તેનો આસ્વાદ માણી સ્વાધ્યાય દ્વારા વાગોળવાનું જ રહ્યું. જિંદગીના છેલ્લા શ્વાસ સુધી આ મહાનવિભૂતિએ જે ખેડાણ કર્યું છે તે જગતમાં અવ્વલ કક્ષાનું ગણી શકાય. જિંદગીની છેલ્લી ક્ષણો ગણાઈ રહી હતી, ત્યારે પણ સંસાર દાવા......ની રચના ચાલતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ હતી. ૩ સ્તુતિ સંપૂર્ણ થઈ ગઈ હતી. ચોથી સ્તુતિનું પ્રથમ ચરણ રચતાં રચતાં પૂજ્યશ્રી પરલોક સિધાવી ગયા. ત્યારબાદ શ્રી સંઘે મળીને તે કૃતિને પૂર્ણ કરી. આ ૪ સ્તુતિ ૪ ગ્રંથની ગરજ સારે તેવી અનુપમ છે. પૂજ્યપાદશ્રીની યાદરૂપે પ્રતિક્રમણમાં છેલ્લે બોલીને પૂજ્યશ્રી કૃતિરૂપે અમર થઈ ગયા છે.

જિનશાસનને એક એકથી ચડિયાતા જ્યોતિર્વિદો પ્રાચીન-અર્વાચીન કાળમાં મળ્યા છે અને મળી રહે છે. એક એક મહાત્માઓની એક એક બાબતમાં જબરી પકડ છે. આ તો સાગર છે. મરજીવા બની રત્નોને શોધવાનાં છે. જે જેટલા તળિયે જશે, તેટલાં મહામૂલાં રત્નો મળ્યાં કરશે.

જ્યોતિષશાસ્ત્ર અને મુહૂર્તશાસ્ત્રના અજોડ વૈજ્ઞાનિક, મહાદાર્શનિક સૂરિપુરંદર, યાકિની મહત્તરા સુનુ, ભવભીરુ, પૂ. પાદ આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ તમામ પ્રકારનાં તલસ્પર્શી શાસ્ત્રોનું સર્જન કરી...સ્વ-પરના ઉદ્ધાર માટે ૧૪૪૪ ગ્રંથોનું સર્જન કરી આપણી સમક્ષ અક્ષયજ્ઞાનરૂપી પાતાલકૂવો ભેટ ધરી દીધો. અતૃપ્તને તૃપ્ત બનાવી દે એવા પ્રકારના ગ્રંથોનું નિર્માણ કરી આપણા ઉપર મહોપકાર કર્યો છે. એવા એવા સૂરિપુરંદરના પાદસ્પર્શ કરી કોટી કોટી....વંદન-શ્રેણી...!

*અચલગચ્છ શિરોમણિ પૂ. પાદ શ્રી આ. ભ. કલ્યાણસાગરસૂરિજી મહારાજાના સમુદાયના*

## પ્રખર જ્યોતિર્વિદ સુમતિહર્ષ ગણિવર્ય મહારાજા સાહેબ

સંવત ૧૬૭૮માં પૂજ્ય ગણિવર્ય મ.સા.એ જૈનેતર કવિવર ભાસ્કરાચાર્ય કે જેઓ સં. ૧૨૪૦માં થઈ ગયેલા, તેમના દ્વારા 'કરણ કુતૂહલ' નામનો જે જ્યોતિષ ગ્રંથ રચાયો હતો, તે ગ્રંથ ઉપર 'ગણક કૌમુદી' નામની જ્યોતિષશાસ્ત્રની ટીકા રચી છે. તે માહિતી મળતાં પૂજ્ય ગણિવર્યશ્રી વિશે વિશેષ વિગત જાણવાની જિજ્ઞાસા થઈ. પ્રાયઃ કરીને પૂજ્ય સુમતિહર્ષ ગણિમહારાજ પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ જંગમ યુગપ્રધાન દાદાસાહેબ શ્રી કલ્યાણસાગરસૂરિ મ.ના સમુદાયના જ્યોતિષ-તજજ્ઞ મુનિઓમાંથી એક પ્રપ્રશિષ્ય હોઈ શકે. એવો પ્રાચીન પ્રતોમાં ઉલ્લેખ મળે છે. ખુદ પૂજ્ય ગણિવર્યશ્રીએ જે 'ગણક કૌમુદી' નામની ટીકા રચી છે, તેની હસ્તપ્રત આજે પણ લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં સચવાઈને રહેલી છે. તે તે પ્રતોનું સંશોધન કરી જ્યોતિષતજજ્ઞોએ શ્રદ્ધા અને બુદ્ધિપૂર્વક પરિમાર્જન કરી તે ને ગ્રંથોને લોકપ્રકાશમાં આણવું હિતાવહ છે. તે જ પૂજ્યશ્રીએ જૈનેતર કવિ શ્રીપતિ દ્વારા રચિત 'જાતકર્મ પદ્ધતિ' નામનાં જ્યોતિષગ્રંથ ઉપર સં. ૧૬૭૩માં મારવાડ પ્રદેશનાં પદ્માવતીનગરમાં રહીને ટીકા રચી છે. તે કૃતિ પણ લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં સુરક્ષિત રીતે આજે પણ શોભી રહી છે. એ જ અરસામાં પૂજ્ય સુમતિહર્ષ ગણિ મહારાજે લગભગ સં. ૧૬૭૭માં હરિભદ્ર કૃત 'તાજિકસાર' નામના ગ્રંથ ઉપર પણ ટીકા રચી છે. આ તાજિકસારનાં કર્તા હરિભદ્ર કે હરિભદ્ર ભટ્ટ? તો નહીં ને? કારણ કે મહાપંડિત હરિભદ્ર ભટ્ટ ૧૪૪૫માં વિદ્યમાન હતા. અજ્ઞાત કર્તૃક હોરા મકરન્દ જ્યોતિષના જ અને તેમાં પણ મુખ્ય નિમિત્તશાસ્ત્રના ગણ્યાગાંઠ્યા વિદ્વાન્ પંડિતોની પંક્તિમાં ગણિવર્યશ્રી સુમતિહર્ષ મ.સા.નું નામ અગ્રેસર છે. ઉન્નત અને ઉલ્લેખનીય છે. એ પૂજ્યશ્રીના ગ્રંથો પ્રાચીન જ્ઞાનભંડારોમાં પ્રછન્નપણે ધરબાયેલા હોવાના કારણે અપ્રકાશિત છે, જેથી લોકભોગ્ય બની શક્યા નથી. આજના વિદ્વાનો એ તે તરફ મીટ માંડી હસ્તગત કરે તો વિદ્વાનજ્યોતિષજ્ઞોને વિશેષ સંશોધનીય માહિતી મળી શકે. એ સુલભ બને તો પૂજ્યપાદશ્રીની વિદ્વત્તા વર્તમાનમાં પ્રકાશ પાડી શકે તે નિઃશંક છે. જ્યોતિષશિરોમણિ પ્રખર વિદ્વાન સુમતિહર્ષ ગણિવરે જ્યોતિષશાસ્ત્ર સંબંધી ઊંડાં-ગહન રહસ્યો હૃદય-બુદ્ધિનાં દ્વારેથી પ્રકટ કરી, જિનશાસનની જબ્બર સેવા બજાવી છે અને એ સાબિત કરી બતાવ્યું કે જૈનધર્મમાં પણ જ્યોતિષશાસ્ત્રની મહત્તા છે અને તે સૌને માન્યશાસ્ત્ર છે, પણ હા, શાસ્ત્ર દ્વારા જરૂર સન્માર્ગનાં દર્શન થઈ શકે છે, પણ જો આધ્યાત્મિક ઉત્થાન માટે ઉપયોગ કરવામાં આવે તો ઉન્નતિ થાય અને દુરૂપયોગ કરવામાં આવે તો દુર્ગતિનાં દ્વારે પટકાઈ પડે. તેના ગેરઉપયોગથી ઈર્ષ્યા, દ્વેષ, વેર, વૈમનસ્યનાં વમળમાં અટવાઈ જતાં વાર ન લાગે. પૂજ્યપાદ સુમતિહર્ષ ગણિવર્યજીને વિનંતી કરીએ કે આપનાં કરકમળોની જે આંગળીરૂપી નાળ દ્વારા જે જે ગ્રંથપત્રો આ વિશ્વ માટે આલેખાયાં છે, તેની યતકિંચિત્ સુવાસ અમે પણ માણીએ. એ ગ્રંથપત્ર અમારા માટે વરદાનરૂપ બની અમારા આત્માને વરબોધિ બનાવે એ જ શુભમંગલકામના.

પરમ પૂજ્ય સુમતિહર્ષ ગણિવર્ય મહારાજ સાહેબને કોટિશઃ વંદનશ્રેણી.

*અચલગચ્છીય મહાન જ્યોતિષવિશારદ*

## પૂજ્ય મુનિશ્રી માનચંદ્રજી મહારાજા સાહેબ

'અચલગચ્છ દિગ્દર્શન' નામના વિરાટ ઐતિહાસિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશોધનીય ગ્રંથની અંદર પૂજ્ય મુનિશ્રી માનચંદ્રજી મ.સા.ને જ્યોતિષશાસ્ત્રના પ્રખર જ્ઞાતા અને મુહૂર્તમાર્તણ્ડ કહી વધાવ્યા છે. પૂજ્યશ્રીની પૂર્વાવસ્થાની વિશેષ માહિતી મળતી નથી. એમણે ગ્રંથપુષ્પોનો ગુચ્છ જિનશાસનને આપીને અપૂર્વ શ્રુતસેવા બજાવી છે. મૂળ ચંદ્રશાખાના પૂ. ભક્તિચંદ્રજી મ.સા.ના એ વિનીત શિષ્ય પૂજ્ય માનચંદ્રજી મ.સા.એ જ્યોતિષવિષયક ઘણા ગ્રંથો આલેખ્યા છે. કચ્છમાં આવેલ વિંઝાણ પોશાળના ગ્રંથોની ટીપ પરથી એમની કૃતિઓ નીચે પ્રમાણે વિદિત થાય છે:

(૧) ચંદ્રચિંતામણિ જ્યોતિષ, (૨) અનુપમ મંજરી, (૩) ખગોળ ગણિત, (૪) ૫૦૦ વર્ષનાં પંચાંગોનું સંશોધનાત્મક નિર્માણ, (૫) જ્યોતિષ ફળ, (૬) ષટ્પ્રશ્ન ફલ. આ બધી કૃતિઓ ઉપરથી એવું લાગે છે કે, આ મહાપુરુષ પ્રખર મુહૂર્તશાસ્ત્રી હતા અને પોતાના વિશદ જ્ઞાન દ્વારા જિનશાસનના ચરણે અમૂલ્ય ગુલમહોર ગ્રંથોનાં અનુપમ ગુલદસ્તાઓ ભેટ ધર્યા છે. પૂજ્યશ્રીના સુશિષ્ય કલ્યાણચંદ્રજી મ., તતશિષ્ય સૌભાગ્યચંદ્રજી મ. સાહેબ થયા, જે મહાત્મા પ્રખર મંત્રવાદી તરીકે પંકાયા હતા અને જિનશાસન તથા અન્ય ધર્મીઓમાં પણ જબરી પ્રસિદ્ધિને પામ્યા હતા. પૂજ્ય માનચંદ્રજી મ.સા. દ્વારા લિખિત–રચિત હસ્તપ્રતોના સંશોધનમાંથી જ્યોતિષનાં અમૂલ્ય પુસ્તકોનું પરિમાર્જન કરી, કોઈ પુણ્યાત્મા કે કોઈ દીર્ઘદ્રષ્ટા મહાત્મા બહાર પાડે તો, શાયદ તિથિ પ્રશ્નોનો સમાધાન માર્ગ સુલભ બની શકે. એમની કૃતિમાં ભંડારોમાં ધૂળ ન ખાતાં ફુલ બની સ્વ–પરને, સૌને જ્ઞાનબળ દેનારી બને એ જ આંતરિક ઉષ્માભરી ઝંખના સહ પ્રકાંડ જ્યોતિષ મુહૂર્તમાર્તંડ પૂ. માનચંદ્રજી મ.સા.ના ચરણે સહસ્રશઃ વંદના.

*મુહૂર્તપ્રભાવક, મુહૂર્તવૈજ્ઞાનિક, જ્યોતિષવાચસ્પતિ*

## પ.પૂ. આ.ભ. શ્રી ઉદયપ્રભસૂરિજી મહારાજા સાહેબ

૧૩–૧૪મી શતાબ્દીમાં તેજસ્વી સહસ્રાંશુ પ્રકાંડ વિદ્વતાના ધણી, જ્યોતિષશાસ્ત્રના ગહન રહસ્યવેત્તા, ઉદ્ગાતા, ઉદ્ઘાટા! પ.પૂ. જ્યોતિષસમ્રાટ ઉદયપ્રભસૂરિ મ.સા. 'આરંભસિદ્ધિ' ગ્રંથના પ્રસ્તોતા છે.

'આરંભસિદ્ધિ' ગ્રંથના પાનેપાને, શબ્દોની કેડીએકેડીએ, ઢગલાબંધ પ્રખર જ્યોતિર્વિદોના નામોલ્લેખ કરીને પૂજ્યશ્રીએ પોતાની સર્વતોમુખી પ્રતિભાને ઉપસાવી છે. ફક્ત નામોલ્લેખ જ નહીં તે તે વિદ્વાનોએ આપેલા અભિપ્રાયો, જણાવેલાં મંતવ્યોને પણ ગ્રહણ કરી ફક્ત પોતાની પૂરતાં ન રાખતાં ગ્રંથનાં માધ્યમે સર્વ જન સુધી પહોંચાડવાની જબરી મહેનત કરી છે. ખરેખર, ખુદ વિદ્વત્તાની ટોચે પહોંચેલા હોય, સ્વજ્ઞાનબળે જ ગ્રંથ તૈયાર કરતા હોય, છતાં પણ પોતાનાથી મોટા વિદ્વાનોનો ઉલ્લેખ કરીને સ્વલઘુતા દાખવી છે અને પોતાનાથી કદાચ નાના પણ જ્યોતિર્વિદ હોય, તો પણ તેમણે તેમનાં નામોનો ઉલ્લેખ કર્યો, તે તો તે પૂજ્યશ્રીની ખરેખર મહાનતા જ કહી શકાય, એટલે જ તો આ ગ્રંથ ટોચ કક્ષાને પામી શક્યા. તેથી 'આરંભસિદ્ધિ' ગ્રંથને શ્રુતજ્ઞાનના આધારે મેરુ પર્વતની ઉપમા અપાય તે કાંઈ ખોટી ન ઠરી શકે. જ્યારે આ ગ્રંથ સંપૂર્ણ તૈયાર થઈને વિદ્વાનોના કરકમલમાં આવ્યો, ત્યારે તેને જોતાં વિદ્વત્જનોનાં નયનકમલ વિકસ્વર થાય, તો તેમાં શી નવાઈ? હાલ જે અભ્યાસક્રમ મુજબ સાધુ–સાધ્વીજી ભગવંતો સ્યાદ્વાદ મંજરી જેવા તર્કપૂર્ણ સૌભાગ્યવંત ગ્રંથને ભણી રહ્યા છે, તે ગ્રંથના પ્રણેતા પ. પૂ. આ. ભ. શ્રી મલ્લિષેણસૂરિ મ.સા.ના ગુરુદેવ પણ આ જ સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર, 'આરંભસિદ્ધ' ગ્રંથરત્નને વિદ્વાનો સુધી પહોંચાડનાર પ.પૂ. આ.ભ. શ્રી ઉદયપ્રભસૂરિ મ.સા. જ છે. પૂજ્યપાદ નેમિસૂરી મ.ના સમુદાયના પ.પૂ. આ. ભ. ધર્મધુરંધર સૂરિ મ.સા.એ 'આરંભસિદ્ધિ'ના પુરોવચનમાં (પ્રસ્તાવના) મુહૂર્ત અને જ્યોતિષ અંગે વિશદ છણાવટ–વિશ્લેષણ કર્યું છે. તે ખરેખર, મનનીય પંક્તિઓ પઠનીય છે. તે મારી મતિ મુજબ જણાવવા આપને પ્રયત્ન કરું છું.

જ્યોતિ : તિમિરને હરે તે જ્યોતિ. તે દ્રવ્ય અને ભાવ બે પ્રકારે છે.

દ્રવ્ય : આકાશમાં દેખાતા પ્રકાશનાં વલયો તે દ્રવ્ય જ્યોતિ.

ભાવ : તે દ્રવ્ય જ્યોતિને વિશેષપણે જાણવાથી, અજ્ઞાનનાં આવરણો હટવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તે ભાવજ્યોતિ.

ખ = આકાશ, મૂળભૂત સ્થાન તે આકાશ, તેને ખગોળ કહેવાય છે. જૈનદર્શનની તે અંગે સ્વતંત્ર વિચારણા છે. આકાશમાં ચમકતી વસ્તુઓના ૫ ભેદ પાડ્યા, તે સૂર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર–તારા. તે પાંચમાં મુખ્ય ચંદ્ર, બાદ સૂર્ય–તે બંને ઈન્દ્રો છે. બાકી ગ્રહ–નક્ષત્ર–તારા તેમના પરિવારરૂપે છે. ગ્રહો = ૮૮, નક્ષત્રો = ૮૮, તારાઓ = ૬૬૯૭૫ કોડાકોડી તારા છે. આ સર્વ એક ચંદ્રનો પરિવાર છે. જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર અને ૨ સૂર્ય છે. ત્યારબાદ બમણાં કરતાં કરતાં લવણ સમુદ્રમાં ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્ર અને ૪ સૂર્ય છે. ધાતકી ખંડ ચંદ્ર, સૂર્ય કાલોદધિ સમુદ્રમાં–ચંદ્રસૂર્ય તેમ જ અર્ધપુષ્કરદ્વીપમાં–ચંદ્રસૂર્ય છે. આમ સર્વ મળી અઢી દ્વીપમાં ચંદ્ર અને સૂર્ય છે તે સર્વ સૂર્ય અને ચંદ્ર મેરુપર્વતની આસપાસ પ્રદક્ષિણા દેતા હોવાથી તે ચર જ્યોતિષ્ક કહેવાય છે. કાળની ગણના + જ્યોતિષના વિષયનો મુખ્ય આધાર તે આ જ્યોતિષચક્ર. તે કાળની ગણના મુજબ જ જીવોનાં જન્મ–મરણની, સમય આદિની ગણના થાય છે. તે બધું મનુષ્ય ક્ષેત્રમાં જ સંભવે. તે પરથી સિદ્ધિ મળે કે ચર જ્યોતિષ પૂરતું જ મનુષ્યક્ષેત્ર છે. ઘણાં નાસ્તિકો એવું માને છે કે જ્યોતિષચક્રમાં કંઈ જ નથી, ભ્રમણ તો પૃથ્વી કરે છે. સૂર્ય–ચંદ્ર તો સ્થિર છે, એમ કહી આખું ચર જ્યોતિષચક્ર ઉડાડી નાખે છે. જ્યોતિષ વિશે ઘણાં મતભેદો પડે છે.' તેમાં મુખ્ય બે મતોની વાત આવે છે. એક મંતવ્ય મુજબ જ્યોતિષ શુભાશુભ કાર્યોનું કર્તૃત્વ ધારણ કરે છે, બીજા મત મુજબ જ્યોતિષમાં કર્તૃત્વ નથી પણ સૂચકત્વ છે. કર્તૃત્વ માનનાર કહે છે કે જ્યોતિષચક્રમાંથી નીકળતાં અમુક પ્રકારનાં કિરણો પ્રસરવાથી વિશ્વની અંદર એકદમ પરિવર્તન થઈ જાય છે અને તે તે પ્રકારની સારી–નરસી ઘટનાઓ ઘટે છે. કેટલાકો જ્યોતિષને દૈવીતત્ત્વ માને છે, જેમ કે હવા ફરે છે, ને અસર થાય છે તેમ તે દૈવીતત્ત્વ કામ કરે છે.

મુહૂર્ત પંચાંગ દ્વારા જ નીકળી શકે. જ્યોતિષમાં ગ્રહો અને નક્ષત્રો પ્રધાન છે. બાકી બધું તેમાંથી જન્મેલું છે. જેમ જુદાં જુદાં અન્ન આદિમાંથી જુદી જુદી વાનગીઓનું સર્જન થાય છે, તેમ પછી કરણ, વાર, યોગ આદિ મુકરર થયાં અને પંચાંગનો જન્મ થયો. પંચાંગ : જ્યોતિષપ્રાસાદમાં પ્રવેશવાનું પ્રધાન દ્વાર.

પંચાંગ જ્યોતિષથી પણ આગળ જ્યોતિષના મોટા બે પ્રવાહો વહે છે. (૧) જાતક જ્યોતિષ, (૨) મુહૂર્ત જ્યોતિષ. (જાતક જ્યોતિષનાં મુખ્ય ૨ વિભાગ છે) જાતક જ્યોતિષ :— (૧) ગણિત જ્યોતિષ, (૨) ફળ જ્યોતિષ.

જગતને મોટેભાગે શ્રદ્ધા ફળ જ્યોતિષ જન્માવે છે, તો અશ્રદ્ધા પણ ફળજ્યોતિષ દ્વારા જ થાય છે.

બીજો પ્રવાહ છે મુહૂર્તનો, તે પણ ખૂબ વિશાળ છે. જાતક કરતાં પણ મુહૂર્તનો વિષય એક રીતે ઘણો જ અટપટો છે. જાતકમાં જે થયું છે. તે કેવું છે? તે જોવાનું છે પણ, જ્યારે મુહૂર્તમાં ભાવિકાળ તપાસવાનો છે મુહૂર્તના વિષયમાં ઉત્સર્ગ, અપવાદ તેમાં પણ અપવાદ એવું ઘણું ઘણું આવે છે. શાસ્ત્રીય વિચારણા સાથે લૌકિક માન્યતાઓ પણ મુહૂર્તમાં ભળી ગયેલા હોય છે. કાળના પ્રવાહમાં એ લૌકિક માન્યતાઓ પણ એવી રૂઢ થઈ ગઈ હોય છે કે તેની નોંધ ગ્રંથકારોને લેવી અનિવાર્ય ગણાય છે. નાની મોટી હકીકતો લક્ષ્યમાં લેતાં ક્ષણભર એમ લાગે કે, 'રોગ વગરનું શરીર મળે તો, દોષ વગરનું મુહૂર્ત મળે!

પૂજ્યપાદ ધર્મધુરંધરસૂરિ મ.સા.એ 'આરંભસિદ્ધિ'ના પ્રાસ્તાવિકમ્‌માં માર્મિક વાત લખી છે કે, કેટલાક મુહૂર્ત જોનારા મુહૂર્ત અંગેનું યોગ્ય જ્ઞાન મેળવ્યા સિવાય મુહૂર્તગ્રંથોના કેટલાક ઉલ્લેખોને આગળ કરીને અમુક સમય સર્વ કોઈ કાર્ય અંગે આપે છે, તે અયોગ્ય કહેવાય. Example વર્ષમાં બેસતું વર્ષ, વસંતપંચમી, ધૂળેટી, અક્ષય તૃતીયા, ધનતેરસ વગેરે દિવસો જોયા વિના સારા ગણાય છે. દિવસમાં બ્રહ્મમુહૂર્ત, છાયાલગ્ન, વિજયમુહૂર્ત, ગોરજ સમય વગેરે ઉત્તમ ગણાય છે. ઉપરોક્ત સર્વશ્રેષ્ઠ હોવા છતાં કંઈ પણ જોયા વિના તે તે સમય એમને એમ લીધા કરવો કે આપ્યા કરવો તે બરાબર નથી. એથી મુહૂર્તનું તત્ત્વ માર્યું જાય છે. જેમ વૈદક શાસ્ત્રોમાં અમુક ઔષધો વિશિષ્ટ અને સર્વવ્યાધિહર જણાવ્યાં હોય તેટલાં માત્રથી બીજાં ઔષધો નકામાં નથી થઈ જતાં, કે ઉપર જણાવેલાં જ ઔષધો ઉપયોગમાં લેવાં ને બીજાં ન લેવાં, એવું ક્યાંય ન ચાલે. એ જ પ્રમાણે મુહૂર્તોમાં છે.

જૈન દર્શનમાં આગમો એ મુખ્યત્વે આપતવાક્ય છે. તે આગમોમાં જ્યોતિષ અંગે તે તે સ્થળે વ્યવસ્થિત નિરૂપણ આવે છે. ખગોળ જ્યોતિષચક્રના તો સ્વતંત્ર આગમો પણ છે. 'સૂર્યપ્રજ્ઞપ્તિ', 'ચંદ્રપ્રજ્ઞપ્તિ', 'જ્યોતિષકરંડક' ગ્રંથ વગેરે.... વર્તમાનમાં તો આ જ્યોતિષ કેટલુંક દુર્બોધ અને દુર્ગમ થયું છે.

જૈનદર્શન જ્યોતિષના વિષયમાં વર્તમાનમાં અગ્રસ્થાને છે. એમ કહીએ તો એમાં કોઈ પક્ષપાત કે અતિશયોક્તિ નથી. સંખ્યાબંધ ગ્રંથો પ્રકાશિત થયેલા છે અને થઈ રહ્યા પણ છે ને તે ઉપરાંત હસ્તપ્રતો પણ ઘણી છે. જૈનાચાર્યો જ્યોતિષ સારું જાણતા હોય છે, એવી લોકવાયકા ફેલાયેલી છે. પૂજયપાદ સૂરિપુંદર, યાકિની મહત્તરાસુનું, પ્રખર શાસ્ત્રવેત્તા અને શાસ્ત્રસ્રષ્ટા (૧૪૪૪) પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજે લગ્નશુદ્ધિ નામે પ્રાકૃત ભાષામાં ૧૩૩ શ્લોકબદ્ધ ગ્રંથ બનાવી આપણા ઉપર ભારે ઉપકાર કર્યો છે. હાલ પૂજયશ્રીના લખેલ જુદા જુદા વિષયો પરના ઘણા ગ્રંથો પ્રકાશિત થયેલા છે, લાગે છે હજી પણ જ્ઞાનભંડારોમાં જ્યોતિષ વિષયના પૂજ્યપાદશ્રીના ગ્રંથો વિશ્રામ લઈ રહ્યા હોય , તો જાગતા એવા જ્યોતિર્વિદોએ તે ગ્રંથને ઉઘાડી નવી પેઢીમાં ગંભીર ચેતના લાવવા ખરેખર પ્રયાસ કરવા જેવો છે. પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મ. દીક્ષા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસ્થાપના, પ્રતિષ્ઠા આ ૩ બાબત તેમજ લગ્નશુદ્ધિની બાબતે 'લગ્નશુદ્ધિ' નામે નાનેરા ગ્રંથમાં વિશદ છણાવટ કરી છે. જે ખરેખર અધ્યયન કરવા યોગ્ય છે. જ્યોતિષ વિદ્યા એટલી વિશાળ અને વિસ્તાર પામેલી છે કે સમજવા ગુરુગમની પરમ આવશ્યકતા છે અને તે ગુરુની ઉપાસના દ્વારા શીઘ્ર પ્રાપ્ત થઈ શકે છે. જો વિદ્યા ભણતાં પહેલાં સમર્પણ ભાવે ગુરુ પાસે જઈ ન ભણાય તો આ જ્યોતિષ જ્યોતને બદલે જ્વાલા બનીને પોતાનું જ અહિત નોતરે છે, માટે ૧૪૪૪ ગ્રંથરચયિતા, આગમિક, સૈદ્ધાંતિક, પ્રામાણિક, તાર્કિક શિરોમણિ પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિ મ.નું રામબાણ કથન આ છે કે :

''कज्जं कुणंतयाणं सुहावहो, जोइसम्मि भणिओ,
जो भणिओ काल विसेसो, लग्गं'' અર્થાત્

સુખ અને સફળતાને ઈચ્છનારાંઓએ કાંઈપણ પ્રવૃત્તિ કરતાં પહેલાં જ્યોતિષશાસ્ત્રમાં કહેલ સુખકારક 'કાલ' વિશેષને જ પસંદ કરીને શુભ સમયે પ્રવૃત્તિનો પ્રારંભ કરવો.

જ્યોતિષશાસ્ત્રનાં મર્મમાનસશાસ્ત્રી, પૂજ્યપાદ રત્નશેખરસૂરિ મ.સા.નો ટૂંક પરિચય આપતાં કહે છે કે, દિનશુદ્ધિ પ્રદીપિકાનાં ૧૪૪ શ્લોકો છે. તે ગાગરમાં સાગરનો સમાવેશ કરવા બરાબર છે અને તેના રચયિતા પૂજ્યપાદ રત્નશેખરસૂરિ મ.સા. છે. તે પૂજ્યશ્રી, શ્રી વ્રજસેનગુરુની પાટના સ્વામી શ્રી હેમતિલકસૂરિના પદપ્રસાદથી 'દિનશુદ્ધિ પ્રદીપિકા'ની રચના કરી છે. જેટલી મહત્તા લગ્નશુદ્ધિની છે તેટલી જ મહત્તા દિનશુદ્ધિ પણ છે. લગ્નશુદ્ધિ-દિનશુદ્ધિથી શ્રુંખલાથી મુહૂર્તશુદ્ધિ (શ્રેષ્ઠ) થાય છે. મુહૂર્ત દોષરહિત બને છે.

વર્તમાનકાળમાં દીક્ષા, પ્રતિષ્ઠાદિ, પ્રવેશાદિ મહોત્સવો, શુભકાર્યો જે કંઈ પણ પ્રારંભ કરવામાં આવે તે માટે હાલના પૂ. પાદ આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયજી ભગવંતો, પંન્યાસો, ગણિમહારાજો પૂર્વના પૂજ્યો જેવા કે પૂ. ઉદયપ્રભસૂરિ મ., નારદચંદ્ર (નરચંદ્રસૂરિ) મ., પૂર્ણભદ્રાચાર્ય, હરિભદ્રાચાર્ય, પૂ. રત્નશેખરસૂરિ મ. દ્વારા તૈયાર થયેલ જ્યોતિષ મુહૂર્તગ્રંથોનાં આધાર તથા ઈતરધર્મના વિદ્વાન વરાહમિહિર તથા નારાયણ ભટ્ટ દ્વારા નિર્મિત મુહૂર્તમાર્તંડાદિ ગ્રંથોનાં આધારે મુહૂર્તો સ્વીકારી, મંગલકાર્યમાં વાપરતા હોય છે. પંચતત્ત્વ સમસ્ત વિશ્વનાં છે. ખગોળ અને જ્યોતિષચક્રો બધાનાં છે. કોઈ પક્ષ કે સંપ્રદાય કે કોઈ ધર્મ એમ ન કહી શકે કે, આ આકાશ, નક્ષત્રાદિ મારા સંપ્રદાય છે, જે જ્યોતિષચક્રો સૌને સ્વીકાર્ય છે. ખાસ વાત એ કરવી છે કે, મુહૂર્તો દરેક જ્યોતિષાદિ ગ્રંથમાંથી લઈ શકાય. તે કઈ રીતે સ્વીકારવાં? ક્યારે સ્વીકારવાં? એમાં 'તમારું કે મારું ન ચાલે' જે શાસ્ત્રાજ્ઞા છે તે નજર સમક્ષ રાખી અને સારગ્રહણ કરવું, એમાં જ શાણપણ છુપાયેલું છે. હાલ જૈનશાસનનાં જ્યોતિર્વિદો, મહાન વિદ્વાન પૂજ્ય પદસ્થ ભગવંતો તથા મુનિભગવંતો પ્રાયઃ આરંભસિદ્ધિ, જ્યોતિષકરંડક અને મુહૂર્ત-માર્તંડ, નારચંદ્રસંહિતા આદિ ગ્રંથોને નજર સમક્ષ રાખી, શુભકાર્યો માટે મુહૂર્તોને વધાવીને આગળ ઝંપલાવવાનો આદેશ સ્વ-પરના શિરે ધરતા હોય છે.

હાલના તબક્કે જે લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ, આરંભસિદ્ધિ, નારચંદ્ર આચાર જ્યોતિષના મુહૂર્તશાસ્ત્રના વિશિષ્ટ ગ્રંથોનો સહારો લઈ મુહૂર્તો કાઢવામાં આવે છે, હું આપણા વિદ્વાન મહાત્માઓને વિનંતી કરીશ કે, આ ગ્રંથો ઉપર વિશિષ્ટ વિશ્લેષણ બહાર પાડી તે ગ્રંથોની ઉપયોગિતાનાં દર્શન કરાવી, સૌને માટે ઉપકાર રૂપ બને એવી ભાવના ઝંખું છું. આ અંગે વિશેષ સંશોધન અનિવાર્ય, અસ્તુ......

'નારચંદ્ર જ્યોતિષસંહિતા'ના રચયિતા પૂ. નરચંદ્ર સૂરિ મહારાજ પોતાની આગવી ઓળખાણ આપતા નથી પણ ગુરુદેવનાં ચરણકમળમાં ભ્રમર બની પોતાની ઓળખાણને ઓગાળી નાખે છે. અંતિમ શ્લોક ૧૨૦માં એટલું જ કહે છે, હું કોણ? ॥ देवानन्दमुनीश्वरपदपंकजसेवनैक षट्चरण ज्योतिषशास्त्रमकार्षीत् नरचन्द्राखय सुधी प्रवरः હું ક્યાંનો? ક્યાં મારો જન્મ? કયો સંપ્રદાય? આવી કશી જ ભાંજગડમાં પડતાં નથી. માત્ર એટલું જ કહ્યું છે કે હું દેવાનંદસૂરિ મ.નો ચરણકમલનો સેવકરૂપી ભ્રમર છું અને એ મારા આરાધ્ય ગુરુ છે. કેવી લઘુતા નરચંદ્રાચાર્ય મહારાજની! ધન્ય હો.... મહાજ્યોતિર્વિદ પૂજ્યપાદ સૂરિ ભગવંતની નિઃસ્પૃહતાને!

વંદન હો પૂજ્યશ્રીની જ્ઞાનગરિમાને શતશઃ

## જ્યોતિષમાર્તંડ પ.પૂ. આ.ભ. નંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ.પૂ. આ.શ્રી અશોકચંદ્રસૂરિજી મ.સા.

[શાસનસમ્રાટ સમુદાયના]

પૂજ્યપાદ નેમિસૂરિ મહારાજાનાં નવરત્નો પૈકી એક જ્યોતિષમાર્તંડ તરીકે ઓળખાતા પૂ. આ. ભ. શ્રીનંદનસૂરિ મહારાજનું નામ મુહૂર્તમાન્યમાં સર્વશ્રેષ્ઠ ગણાતું. હાલ ભલે તેઓ આપણી વચ્ચે નથી, પણ તે મહાપુરુષોનાં જીવન ગૌરવ લેવા જેવાં છે, એમાં બે મત નહીં. તેઓ મુહૂર્તમાં વિખ્યાત હતા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેષ્ઠ કોટિની વિદ્વતા ધરાવતા હતા. આવા મહાપુરુષોની ખોટ સાલે તે નિશંક છે અને એજ સમુદાયનાં, આબાલવૃદ્ધ સૌ જેમને 'દાદા'ના હુલામણા નામે બોલાવતાં, એવાં પ.પૂ. આ.ભ. શ્રી અશોકચંદ્રસૂરિ મ., જે હાલ થોડા સમય પહેલાં જ દિવંગત થયા, વર્તમાનકાળમાં ઠેર ઠેરથી વિદ્વાન જ્યોતિષીઓ જેમની પાસે આવી, પોતાની ભૂલોને સુધારતા અને નવું કંઈક પામતા તેમણે ઘણાં મુહૂર્તોને ચોખ્ખાં કરી આપ્યાં છે.

*ભારતદિવાકર, સમયજ્ઞ, જ્યોતિષશાસ્ત્રનિપુણ*

## પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગર સૂરિ મહારાજ

ગામ કચ્છ દેઢિયાના–ભરયુવાવયે દીક્ષિત થયા. અલ્પકાળમાં જ સ્વપરના સમય–આગમાદિમાં પારંગત થયા, દીક્ષાના પાંચમા વર્ષે ઉપાધ્યાય પદને વર્યા. ઉતરોત્તર પ્રગતિ કરતા સૂરિપદને વર્યા, બાદ ખૂબ જ શાસનપ્રભાવના કરી ભારતવિખ્યાત બન્યા. સર્વગચ્છનાં સાધુ–સાધ્વી ભગવંતોમાં આદરણીય સ્થાન પામ્યા. તેમના જીવનમાં જે વિશિષ્ટ પ્રસંગો બન્યા, તેનો હું પોતે (લખનાર ગણિ વીરભદ્ર સાગરજી મ.) સાક્ષી છું. વાતાવરણ ગંભીર હતું. કચ્છ (માંડવી) જૈન સંઘના પદાધિકારીઓએ કીધું કે, મૂળનાયક શાંતિનાથદાદાની પ્રાચીન પ્યોર સોનાની આંગી ચોરાઈ ગયેલ છે. ખૂબ તપાસ કરાવી, છતાં પત્તો ખાતો નથી. હવે બધી આશા આપના પર જ છે. ૧૦ દિવસ થયા. હજુ કોઈ ચોરની કડી કે કેડી (પગદંડી) મળતાં નથી. હવે શોધવા ક્યાં? આપ જ ફરમાવો! પૂજ્યશ્રી મૌન રહ્યા. ૫ મિનિટ બાદ નાભિગંભીર નાદે વદ્યા. 'ભાઈઓ, ચિંતા ના કરશો. આજથી ૭મા દિવસે બપોરના ૧૨ થી ૧ વાગ્યાની વચ્ચે આંગીના માલ સાથે ચોર હાથોહાથ ઝડપાઈ જશે. બસ, સંઘના શ્રાવકોને કંઈક કળ વળી. બરાબર સાતમા દિવસે તે જ સમયે ચોર મુદ્દામાલ સાથે મળી ગયો. શ્રી માંડવી જૈન સંઘની દરેક વ્યક્તિમાં 'અહો આશ્ચર્યમ્!'નો તેજ લિસોટો ફેલાઈ ગયો. હર્ષનાદ ગુંજી ઊઠ્યો. ખરેખર મહાપુરુષોની જ્ઞાનલીલા, દૈવી સાધના, દૈવજ્ઞ (જ્યોતિષસાધના) અકથ્ય, અવર્ણનીય હોય છે.

એ ભૂલવું નહીં કે આજે પણ ચમત્કાર સર્જાય છે, તે ચમત્કારને સર્જનાર શુદ્ધ–સાત્ત્વિક, સાધક અને **નિસ્પૃહશિરોમણિ** હોવો અતિ અતિ આવશ્યક છે, તો જ **દુર્ઘટ**નામાંથી સ્વ–પર–શ્રીસંઘને ઉગારી શકે. ૨. પ્રસંગ :—**સાંજ**નાં ૭-૩૦ કલાકે કચ્છ મકાડામાં સાહેબજી બિરાજમાન હતા ત્યાં ભૂજપુરનો સંઘ (પદાધિકારીઓ) આવ્યો. **પૂજ્યશ્રી**, ભૂજપુર ગામે અંજનશલાકા પ્રતિષ્ઠા થવાની છે પણ શ્રીસંઘ ઉપર ભારે ઉપદ્રવોની અગનજ્વાળા ફેલાઈ ચૂકી છે અને શ્રીસંઘ સંકટોમાં ઘેરાઈ ચૂક્યો છે. આપશ્રી તો પધારશો જ, પરંતુ આપના જે ઉપાધ્યાયજી મ. છે એમને પણ સૂરિપદે અલંકૃત કરી પધારો, જેથી અમારી ઉપર આવનાર વિઘ્ન ટળી જાય. સાહેબજી, થોડી જ પળોમાં બધું સમજી ગયા, કારણ પૂજ્યપાદશ્રી નિર્ણય લેવામાં પવનવેગી હતા. દૂરંદેશીતાના તેઓ પારદર્શકસ્વામી હતા. નિર્ણય લેવાઈ ગયો. પૂ. ઉપાધ્યાય ગુણોદયસાગરજી મ.સા.ને અખાત્રીજના દિવસે આચાર્યપદવી આપવી. મકડા ગામમાં જિનભક્તિનો મહોત્સવ ચાલતો જ હતો. અખિલ ભારત અચલગચ્છ શ્રીસંઘના અધિકારીઓ પહોંચી આવ્યા. અખાત્રીજના દહાડે એક મુમુક્ષુની દીક્ષા સંગાથે રંગે ચંગે ઉપાધ્યાયશ્રીને સૂરિપદથી અભિષિક્ત કરી પ.પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ મહારાજાસાહેબ નામ આપી પોતાના પ્રથમ પટ્ટધર તરીકે સ્થાપ્યા. કહેવાનું તાત્પર્ય એ જ કે ઘડીના વિલંબ વિના નિર્ણય લેવાઈ તો ગયો. સૂરિપદ જેવી મોટી પદવી તથા સ્વસમુદાયનું નેતૃત્વ, પોતાનો વારસો બધું પૂજ્યશ્રીએ નૂતનસૂરિ ભગવંતને સોંપ્યું. કેવું હશે એ મુહૂર્ત! કે જે સમયે પૂજ્યપાદશ્રીના મસ્તકે વાસનિક્ષેપ થયો. આજે એ અચલગચ્છાધિરાજ તપસ્વીસમ્રાટ, પરમમૌની, સ્વસાધનારત, પુણ્યપ્રભાવી આચાર્યભગવંતશ્રી ગુણોદયસાગરસૂરિ મહારાજા સોળે કળાએ ખીલ્યા હોય તો તેની પાછળ જો કોઈ કારણ હોય તો, જરૂર અતીતમાં ડોકિયું કરશું તો ખ્યાલ આવી જાય કે મુહૂર્તચિંતામણિ સમા પૂજ્યપાદ ગુણસાગરસૂરિ મ.સા. કેમ ભુલાય? ખરેખર, મુહૂર્તની નાડીને પરખીને અપાયેલું મુહૂર્ત મૌક્તિક બની ચળકી ઊઠે છે. ચિરકાળ સુધી સુખાનંદ આપે છે. મુહૂર્તને જાણ્યા વિના આડેધડ અપાતાં મુહૂર્તો કુમુહૂર્ત બની મોતના મુખમાં યા મલીનતાના મહારણ્યમાં ધકેલી દે છે. જો મુહૂર્તને પરખ્યા વિના અપાય તો ખાલી સંકલેશની રખ્યા જ હાથે ચડે છે. ક્યારેક પરખ વગરનું મુહૂર્ત વખ **(Poison)** બની આપણી પરિસ્થિતિને પછાડી જિંદગીને પાયમાલ કરી નાખે છે. ઘણાં ઘણાં ઉદાહરણો વર્તમાનમાં પણ જોવા મળે છે, જેમ કે કુમુહૂર્તોમાં થયેલી દીક્ષા, પ્રતિષ્ઠા કે પછી સાંસારિક કોઈપણ સ્થિતિ કેવી ખાનાખરાબી નોતરે છે. જ્યોતિષચક્ર કર્મચક્રની અટપટી સાપસીડી જેવી એક ગેમ છે. રમતાં આવડી જાય તો રાજા બનાવી દે અને ક્યાંક ગડથોલું ખાધું તો રંક બનાવતાં શરમાતી નથી. સીડી તો સડસડાટ સોપાન ચડાવી દે છે, પરંતુ સાપ જો એકવાર ડંખ મારે તો કેટલા ગબડી પડાય, એ કાંઈ નક્કી નહીં, માટે ગ્રંથ ભણતાં કે પછી તેનો સદુપયોગ કરતાં પણ પાકી સાવધાની રાખવી જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# મૂળદેવ રાજર્ષિ

દેવદત્તાએ વારંવાર મૂળદેવને જુગાર ન રમવા સમજાવ્યું. છતાં ન માન્યો જેથી ખૂંવાર થઈ ઘર અને દેવદત્તાને ખોઈ બેઠો. રખડતા જંગલમાં મૂળદેવને ખાવા અડદના બાકુળા મળ્યા તેમાંથી મુનિને વહોરાવી લાભ લીધો. તે અવસરે દેવોએ કહ્યું – હે મૂળદેવ! આ બાકુળાએ ચંદનાને મોક્ષ અપાવ્યું તેમ તમે જુગારનો ત્યાગ કરીશ તો રાજ્ય ને દેવદત્તા જરુર મળશે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા



# પરમોચ્ચ અરિહંત ઉપાસિકા સતી રેવતી

''ધર્મલાભ!''

''પધારો મારુ આંગણું આજે પાવન થયું.''

''શ્રાવિકા! તમારા માટે બનાવેલ નિર્દોષ બિજોરા પાક—પ્રભુવીરની શારીરિક શાંતિ માટે ખપ છે...

''ગુરુદેવ! સુપાત્રમાં એ દ્રવ્ય પડશે તેથી મને અપરંપાર હર્ષ છે. હું કૃતાર્થ બની.'' —સતી રેવતી

પ્રભુ મહાવીરને એ ઔષધથી આરોગ્ય પ્રાપ્ત થયું અને રેવતીના દાનને લીધે રેવતીનો જીવ આવતી ચોવીશીમાં સત્તરમાં સમાધિ નામના તીર્થંકર થશે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ–૩

## જૈન કલા અને સાહિત્ય : વિશિષ્ટ દર્શન


પશ્ચિમ ભારતનાં જૈન મંદિરોની સ્થાપત્યકલા

—શ્રી ગુણવંત બરવાળિયા

જૈન મૂર્તિવિધાનના પરિપ્રેક્ષ્યમાં જૈન તીર્થંકરોનું કલાવિધાન

—ડો. આર. ટી. સાવલિયા

જૈનોની સાંસ્કૃતિક સંપત્તિ —શ્રી નલિનાક્ષ પંડ્યા

જૈન અભિલેખોનું ઐતિહાસિક વિશ્લેષણ

—ડો. ભારતીબહેન શેલત

ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યસ્વામીઓનું પ્રદાન

—કોકિલાબહેન સિદ્ધાર્થ ભટ્ટ * સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ

ગુજરાતના હસ્તલિખિત ગ્રંથભંડારો —ડો. આર. ટી. સાવલિયા

ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસના સંસ્કૃત સ્ત્રોતો

—ડો. ભારતીબહેન શેલત

હસ્તપ્રત પ્રતિઓની લિપિઓ —ડો. ભારતીબહેન શેલત

મથુરા નગરી : ઇતિહાસ, સાહિત્ય અને સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં

—પૂ.પં. શ્રી ભુવનસુંદરવિ. મ.સા., પૂ.પં. શ્રીગુણસુંદરવિ. મ.સા

ગુજરાતનાં સાંસ્કૃતિક વિકાસમાં જૈનોનું પ્રદાન

—ડો. મુગટલાલ બાવીશી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચિલાતીપુત્ર



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

શ્રેષ્ઠિપુત્રી સુસમાનું ખૂન કરી ક્રોધી ચિલાતીપુત્રે મુનિનું શરણ લીધું. મુનિએ ખૂની ક્રોધી ચિલાતીને ઉપશમ-વિવેક સંવરના ત્રિસૂત્રો દ્વારા ટૂંકો ઉપદેશ આપી સમતા રસમાં પરિવર્તિત કર્યો. તેનો ઉદ્ધાર કર્યો.

ક્યાંથી આવ્યો આ સમતાભાવ! ક્યાંથી આવ્યું સમ્યક્શ્રદ્ધાનું તત્ત્વ? ક્યાંથી જન્મી આ મોક્ષપદની અભિલાષા! બસ એકજ કારણ પૂર્વભવનું વિશુદ્ધ ચારિત્ર તેને તપસંયમની શક્તિ અર્પી ગયું. ભયાનક પાપોથી મુક્ત બની મુક્તિની વરમાળા પહેરતાં ચિલાતીપુત્રની વાતો પાપ-વિમુક્તિની સુંદર સુક્તિ રજૂ કરે છે.

# આર્યરક્ષિતસૂરિ



માતાજી! વંદન આશિષ આપો.

સુપુત્ર! તું જે અધ્યયન કરી આવ્યો તે સંસારવર્ધક છે. માટે હું બહુમાનમાં ન આવી. સંસાર ઘટાડનાર દૃષ્ટિવાદનું જ્ઞાન જલ્દીથી પ્રાપ્ત કરી આવ અને આર્યરક્ષિત તરત તોસલિપુત્ર આચાર્યના ચરણમાં પહોંચી ગયા, આગમોને ચાર અનુયોગમાં ચિરંજીવ બનાવનાર આર્યરક્ષિતસૂરિજી ૧૯મા યુગપ્રધાન હતા.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પશ્ચિમ ભારતનાં જૈનમંદિરોની સ્થાપત્યકલા અને મહત્વ

—ગુણવંત બરવાળિયા



ઘરકુટુંબ કે વંશવેલાની વિશિષ્ટ વ્યક્તિ હરહંમેશ તે-તે કુટુંબમાં સદાય આદરપાત્ર અને સ્મરણીય હોય છે. ગામ કે શહેરને સ્થાપનાર-સંવર્ધન કરનાર વ્યક્તિ પણ સર્વકાળે પ્રજામાં અવિસ્મરણીય સ્થાનની અધિકારી બની રહે છે, કારણ કે તે વ્યક્તિની વિચારસરણી, આદર્શો અને ભાવનાઓની કલ્પના તથા તેને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ ભવિષ્યની પ્રજાને પ્રેરણા આપતો હોય છે. માણસ તો તેજ-અંધારનું અજબ પૂતળું છે. એને લપસણા અંધારમાં સરી પડતાં વાર લાગતી નથી. એવે વખતે જીવનનાં બહુમૂલ્ય મૂલ્યો માણસ સામે હોય તો તે તેમાંથી સારી પ્રેરણા પામીને સાચી દિશા પકડી શકે છે. ભગવાનની મૂર્તિ સ્થાપવી અને એના નિવાસ માટે મંદિરની રચના કરવી, એ આવી વૃત્તિમાંથી ઉદ્ભવેલી ઘટના છે.

પ્રત્યેક ધર્મમાં યુગે યુગે અવતારી પુરુષો જન્મતા રહ્યા છે. ઈશ્વરના દેવત્વને લઈને અવતરનાર આ દેવાંશોએ માનવજાતનો ઉદ્ધાર કર્યાના સિલસિલાબંધ દૃષ્ટાંતો મોજૂદ છે. અનેક દિશાઓમાં ફંટાતા માનવજીવનને યોગ્ય દિશામાં વાળવામાં આ અવતારો, તીર્થંકરો, પયગંબરોએ જીવન ખર્ચ્યું છે એટલે જ એ સામાન્ય માનવી, કરતાં મહાન છે, ભગવાન છે. એવા મહાન આત્માનો નિવાસ પણ મહાન જ હોવો જોઈએ ને ! એટલે તો આપણાં મંદિરો, દેવળો, દેરાસરો મુઠ્ઠી ઊંચેરાં હોય છે. એનાં શિખરો ગામ-શહેરનાં રાજમહાલયો કરતાં ઊંચાં હોય છે.

વળી, મંદિર તરફ પગ મૂકતો સામાન્ય માનવી આ જગતના ત્રિવિધ તાપમાં અમળાતો-અથડાતો, દેવ પાસે પ્રાર્થના માટે જતો હોય છે, શાતા પામવા અને યોગ્ય પ્રેરણા લેવા જતો હોય છે, ત્યારે મંદિર ભવ્ય હોય એટલું જ પૂરતું નથી. એ સુંદર અને પવિત્ર પણ હોવું જોઈએ, તો જ મંદિરમાં પગ મૂકતાં માણસની કષાયવૃત્તિઓનું શમન થાય છે. મંદિરનું વાતાવરણ જ માણસની લૌકિક કુંઠાઓથી છુટકારો આપે છે. એટલે તો પ્રસન્નકર શિલ્પાકૃતિઓથી મંદિરોનું સ્થાપત્ય અલંકૃત કરવામાં આવ્યું હોય છે. આરસ, પત્થર, ધાતુઓ પરની અદ્ભુત કોતરણી ભાવુક જીવને પ્રસન્ન પ્રસન્ન બનાવે છે અને આ લોકની વિટંબણા, પીડા, ઝંઝાળ, મથામણમાંથી છુટકારો અપાવીને સુંદર, શાંત, પવિત્ર, અ-લૌકિક વિશ્વમાં લઈ જાય છે. આમ, મંદિરો તેનાં સ્થાપત્ય-શિલ્પને લીધે અનોખું જીવનસંગીત રચે છે અને માનવીને ભવ્યતા અને રમ્યતાનો અહેસાસ કરાવે છે.

શ્રી આર. ટી. સાવલિયા એક નોંધમાં લખે છે તે મુજબ રાજસ્થાન અને ગુજરાતમાં નવાં રાજ્યોની સ્થાપના (૧૦મી સદી) સાથે શાંતિભર્યા ધંધા કરનારી જૈન પ્રજાએ નગરોની જાહોજલાલીમાં સારો ભાગ ભજવ્યો ને ઉપયોગી સમાજ તરીકે પણ આદર પામી. ગુજરાતનાં નવાં પાટનગરો વસ્યાં ત્યારે તેમાં આગળ પડીને બાંધકામો કરનાર જૈન સમાજો હતા. જૈન ધર્મના શ્રીમંતો અને દાનવીરોએ દેવકાર્યમાં પોતાની સંપત્તિ આપી ચિરકાળનો યશ પ્રાપ્ત કર્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સંપ્રદાયનું એક સુજ્ઞ કાર્ય એ છે કે ખંડિત થયેલ મંદિર કે પ્રતિમાની પુનઃ પ્રતિષ્ઠા કરી તેને ઉપયોગમાં લઈ શકાય છે. આથી પૂર્વજોએ કરેલાં કીર્તિકાર્યો સચવાઈ રહે છે અને પ્રજાના કલાસંસ્કારને પૂર્તિ આપે છે, આ રીતે શત્રુંજય, આબુ, ગિરનાર, રાણકપુર વગેરે જૈન પ્રજાના જ નહીં પણ ભારત વર્ષના કીર્તિધ્વજમાં મોજૂદ છે. જૈન મંદિરની રચનામાં દ્વાર, મંડપ, શૃંગારચોકી, નયચોકી, ગૂઢમંડપ, ગર્ભગૃહ, તોરણ, મંગળચૈત્ય વગેરે વિભાગોવાળો શિલ્પવિસ્તાર છે. રંગમંડપના સ્તંભો પર વિવિધ વાદ્યો સહિત ઊભી રાખેલી અપ્સરાઓ, વિદ્યાપરીઓ, નર્તિકાઓ, સ્તંભો પર સમોસરણ તથા ભીંતો અને છતો પર કોતરેલા ઋષભદેવના જીવનપ્રસંગો શિલ્પકલાનો વ્યાપક સમાદર બતાવે છે.

આ લેખમાળા રજૂ કરનાર ગુણવંતભાઈ બરવાળિયાનો પરિચય જોઈએ. અમરેલી જિલ્લાના ખાંભા ગામના વતની ગુણવંતરાય માધવલાલ બરવાળિયાએ મુંબઈમાં સી.એ. સુધી અભ્યાસ કર્યો. થોડાં વર્ષો પ્રેક્ટિસ કર્યા પછી હાલ મુંબઈમાં ટેક્ષટાઈલ પ્રોસેસ ઈન્ડ.માં પ્રવૃત્ત છે. ગુણવંતભાઈએ ધર્મ, અધ્યાત્મ, કવિતા વગેરે વિષય પર ૪૦ જેટલાં પુસ્તકોનું સર્જન-સંપાદન કરેલ છે. કાઠિયાવાડ સ્થા. જૈન સમાજ ઘાટકોપરના મુખપત્ર સહિત અલગ અલગ જૈન સંસ્થાનાં પાંચ જેટલાં મેગેઝિનનું સંપાદન કરેલ છે. અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મંત્રી છે. વિશ્વવાત્સલ્ય અને સંતબાલ એવોર્ડ ફાઉન્ડેશન અમદાવાદના ટ્રસ્ટી છે, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ છે. 'વિશ્વવાત્સલ્ય' માસિકના તંત્રી છે. મુંબઈમાં કેટલીક વ્યાખ્યાનમાળા અને પરિસંવાદ ગુણવંતભાઈના પ્રમુખસ્થાને યોજાય છે. ફાર ઈસ્ટમાં સિંગાપોર વ.માં જૈનધર્મ પર તેમનાં સફળ પ્રવચન યોજાયેલાં. ધર્મ અને અધ્યાત્મના વિષયો પર મુંબઈ દૂરદર્શન પર એમના વાર્તાલાપ અવારનવાર યોજાય છે. ઘાટકોપર પ્રેરિત સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ લિટરરી રિસર્ચ સેન્ટરના ગુણવંતભાઈ ઓનરરી કો. ઓર્ડિનેટર છે જેમાં જૈનધર્મના પ્રાચીન ગ્રંથો પરનું સંશોધન અને પ્રકાશનનું કાર્ય, પ્રાચીનગ્રંથોની સી.ડી.નું કાર્ય અને જ્ઞાનસત્રો યોજે છે. શ્રી સૌરાષ્ટ્ર શ્રીમાળી સેવા સંઘ, બૃહદ્ મુંબઈ સ્થા. જૈન મહાસંઘ, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ ઘાટકોપર વ. સંસ્થાઓ સાથે સંકળાયેલા છે તથા ચેમ્બૂર જૈન સંઘના ટ્રસ્ટી, ઘાટકોપર જૈન સંઘમાં સેક્રેટરી તરીકે સેવા આપેલ છે. અર્હમ સ્પીરિચ્યુઅલ સેન્ટરના ટ્રસ્ટી છે. તેમનાં ધર્મપત્ની ડૉ. મધુબહેને હિન્દી સાહિત્યમાં સંશોધન કાર્ય કરી ડોક્ટરેટ **Ph. D.** પ્રાપ્ત કરેલ છે.

ગુંજન બરવાળિયાના નામે તેમનું ધર્મ, અધ્યાત્મ ઉપરાંતના વિવિધ વિષયો પર લખાણો મુંબઈ સમાચાર, જન્મભૂમિ, દશાશ્રીમાળી, જૈનપ્રકાશ, શાસનપ્રગતિ, ધર્મધારા, જૈનસૌરભ, વિનયધર્મ વ.માં પ્રગટ થાય છે. મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલ ગુણવંતભાઈના લેખને ૧૯૯૭ના મુંબઈ 'જૈન પત્રકાર સંઘ શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ'નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું છે. એમ.બી. બરવાળિયા ફાઉન્ડેશન, ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેઓ હોલિસ્ટિક હેલ્થકેરને લગતાં પ્રકલ્પો સાથે સંકળાયેલા છે. શ્રી બરવાળિયાની મહારાષ્ટ્ર-ગુજરાતમાં જૈન સાક્ષરોની પ્રથમ હરોળમાં ગણના થાય છે. ધન્યવાદ.

—સંપાદક




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## શિલ્પસૌંદર્યકલાનું યત્ર તત્ર સર્વત્ર દર્શન

સૌંદર્યકલાની સાથે સંસ્કાર-સરસ્વતીનું સંમિલન માત્ર આ ભારતવર્ષની ધર્મભૂમિમાં જ સભર પડ્યું છે. આંખ ભરીભરીને નિહાળવા ગમે તેવાં મનમોહક સૌંદર્યધામોની હારમાળા અહીં છે, તો શિલ્પસ્થાપત્ય કલાને જીવંત રાખનારાં આરસપહાણનાં સેંકડો જિનમંદિરો અને મૂર્તિઓ ખરેખર તો આપણને આ યુગનું દર્શન કરાવે છે.

જૈનોએ કળાના નિર્માણને ધર્મ માની પ્રોત્સાહન આપ્યું અને પોતાની સંપત્તિ ઉત્તમ સર્જનકળામાં સમર્પિત કરી. ચિત્ર-શિલ્પસ્થાપત્ય કળાનું આવું વિપુલ સર્જન અને સંવર્ધન વર્ષોથી થતું આવ્યું છે, તેનું દર્શન આપણને તાડપત્રોમાં, પ્રાચીન હસ્તપ્રતોમાં, લાકડા કે આરસમાં, પિત્તળ કે પંચધાતુમાં, હીરા-પન્ના કે સ્ફટિકમાં, ગ્રંથભંડારો કે મ્યુઝિયમોમાં, જિનમંદિરોની દીવાલો કે છત ઉપર, થાંભલા કે ગોખલામાં, પ્રવેશ દ્વારે કે પરિકરમાં, આ શિલ્પ સૌંદર્યકલા યત્ર તત્ર સર્વત્ર જોવા મળે છે.

## વિષય પરિચય

જૈન ધર્મે પશ્ચિમ ભારતની સંસ્કૃતિ તેમજ પ્રાદેશિક પ્રગતિ માટે ઘણો મહત્ત્વનો ફાળો આપેલ છે. ગિરિનગર એક કાળમાં જૈન ધર્મનો મજબૂત કિલ્લો હતો. જૈન ધર્મ વચગાળામાં બૌદ્ધ ધર્મ જેટલો શક્તિશાળી ન હતો પરંતુ એ કાળના રાજા મૈત્રક અને સ્થાનિક લોકો ઉપર પોતાની અસર જરૂરથી પાડી હતી. જૈન ધર્મના અસ્તિત્વ અને લોકપ્રિયતાએ આપણને આકોટાથી મળેલ જૈન કાંસ્યમૂર્તિઓ (પહેલી તારીખ ઈ.સ. છઠ્ઠી શતાબ્દી), ખેડબ્રહ્માથી મળેલ દિગંબર જૈન મૂર્તિ અને ઢાંકથી મળેલ પથ્થરમાં કોતરેલ મૂર્તિઓ તેમજ જૈન સાહિત્ય ઉપરથી સમજાય છે. જ્યારે બૌદ્ધ ધર્મની લોકપ્રિયતા ઓછી થવા લાગી ત્યારે ઈ.સ. ૮મી સદીની આસપાસ જૈન ધર્મ લોકપ્રિયતાનું શિખર સર કરવા લાગ્યો.

જૈન ધર્મમાં મુખ્ય બે પંથ છે. શ્વેતાંબર અને દિગંબર. ગુજરાતમાં શ્વેતાંબર પંથ ચડતી ઉપર હતો પરંતુ ગુજરાતમાં અને રાજસ્થાનમાં એ દરમ્યાન દિગંબર પંથ પણ લોકપ્રિય થતો હતો. ઈ.સ. ૭૮૩માં જિનસેને વર્ધમાનમાં આવેલ પાર્શ્વનાથમંદિર (નન્નારાજા વસતિ)માં હરિવંશની રચના કરી અને ઈ.સ. ૯૩૧-૩૨માં હરિસેને પણ પોતાના બૃહત્-કથાકોષની રચના આજ મંદિરમાં કરી. પ્રાચીન સમયથી ઠેકઠેકાણે આપણને જૈન મંદિરોનો ઉલ્લેખ મળે છે. સિંહવાહન અંબિકા કે જે શાસનદેવી છે. એનું મંદિર ગિરનાર પર્વત ઉપર છે એમ હરિવંશપુરાણમાં ઉલ્લેખ છે. દિગંબરોનું એક મહત્ત્વનું સ્થાન પ્રભાસ ઈસુની ૮મી સદીથી થવા લાગ્યું અને ત્યાં ચંદ્રપ્રભુનું ભવ્યમંદિર હતું. સમયની સાથે ત્યાં ઉન્નતપુરા તરીકે ઓળખાતા પાર્શ્વનાથના મંદિરનો ઉમેરો થયો. એટલું જ મહત્ત્વનું બીજું સ્થાન સ્તંભતીર્થ (અત્યારનું ખંભાત) હતું. રાજસ્થાનમાં ઘણાં મહત્ત્વનાં જૈન મંદિરો બંધાયાં પણ કમનસીબે તે મંદિરોના ઉલ્લેખ ગુજરાત જેટલા આપણને મળતા નથી પરંતુ એવાં ઘણાં ઉદાહરણો મળે છે, જેનાથી જૈનોની હયાતી સૂચક છે. નોંધપાત્ર દાખલાઓમાં બૂંદી નજીક આવેલ કેસોરપુરમાંથી ઈ.સ. ૫ મી સદીનું ભગ્નાવસ્થામાં મળેલ ઈંટનું જૈનમંદિર, તેમજ ઈ.સ. ૬૮૮ના કાળની કાયોત્સર્ગ અવસ્થામાંની વસંતગઢથી મળેલ બે જિન-પ્રતિમાઓ, સાધારણ એજ કાળની નાંદિયા અને ભટેવાથી મળેલ પ્રતિમાઓ રાજસ્થાનમાં પ્રાચીન કાળથી જૈન ધર્મની હાજરી સૂચવે છે. ઈ.સ. ૭૭૯માં ઉદ્યોતનસૂરિ રચિત કુવલયમાળાએ ભીનમાળ સ્થિત જૈનમંદિરનો ઉલ્લેખ કરે છે. ચિત્તોડમાં ઈ.સ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



રાજસ્થાન (સાદડી)નાં જિનમંદિરો

૮મી સદીમાં જૈનમંદિર–હરિભદ્રસૂરિજીના સમયમાં બંધાયેલ હતું. જાલીહરગચ્છના શ્રેયાર્થે અણહિલપાટણના નિનૈયાએ ચંદ્રાવતીમાં જૈનમંદિર બંધાવેલ છે. જયસિંહસૂરિ પોતાના ધર્મોપદેશ વિહારણમાળાવૃત્તિમાં (ઈ.સ. ૮૫૯) નાગૌર (પ્રાચીન નાગપુરા)માં સ્થિત જૈનમંદિરનો ઉલ્લેખ છે, તદુપરાંત એમ કહેવાય છે જયસિંહના ગુરુ ક્રિષ્ણાશ્રીએ નાગોર જૈનમંદિર બંધાવ્યું હતું. ઈ.સ. ૧૦મી સદીની શરૂઆતમાં રઘુસેને (જેનો રાજવંશ સ્પષ્ટ નથી) વાયવ્ય ગુજરાતમાં આવેલ રામસૈન્યપુર (રામસેન)માં જિનભવન બંધાવેલ. સોલંકી રાજા મૂળરાજ ૧લાએ (ઈ.સ. ૯૪૨–૯૯૫) શ્વેતાંબર પંથનું મૂળનાથ જિનદેવે અણહિલપાટણમાં બંધાવ્યું અને એના અનુયાયી ચામુંડારાજા અને દુર્લભરાજા જૈન ધર્મના ખાસ ટેકેદારો હતા. ચામુંડા રાજાએ ઈ.સ. ૯૭૭માં મંદિરને દાન આપેલ. ભીમદેવ ૧લા (ઈ.સ. ૧૦૨૨–૬૪) જૈન આચાર્યો અને સાધુઓને ખૂબ માન આપતા, તેમજ એના પુત્રો અને ઉત્તરાધિકારી પણ જૈનો તરફ ઉદાર હતા. ઈ.સ. ૧૦૮૪માં કર્ણદેવ (ઈ.સ. ૧૦૬૪–૯૫)એ ટાંકવવી (ટાકડી)માં જિન સુમતિનાથના મંદિરને જમીન દાન આપી હતી. આજ પરંપરા એના પુત્ર જયસિંહ સિદ્ધરાજે ચાલુ રાખી અને ઈ.સ. ૧૧૪૦માં અણહિલપાટણમાં રાજવિહાર તેમજ સિદ્ધપુરમાં સિદ્ધવિહાર બંધાવ્યા. જૈનધર્મના એક મોટા અનુયાયી કુમારપાળ, (ઈ.સ. ૧૧૪૪–૭૪) કે જેના ગુરુ હેમચંદ્રાચાર્ય હતા એણે ઘણાં મહત્ત્વનાં સ્થળોએ કુમારવિહાર બંધાવ્યા. એમને પોતાના ગુરુ માટે ખૂબ જ માન હતું અને એની આજ્ઞાથી ઠેકઠેકાણે મંદિરો બંધાવ્યાં.

આ બાજુ રાજસ્થાનમાં પણ ગુર્જર પ્રતિહારોનો ઉત્સાહ વખાણવાલાયક હતો. નાગભટ્ટ ૧લાએ પોતાના ગુરુ યક્ષદત્તગણિના માનમાં પોતાની રાજધાની જબાલીપુરામાં યક્ષવસતિ પ્રસાદ બંધાવ્યો. આ જ નાગભટ્ટે સાંચોર કે જે સત્યપુરાને નામે પણ ઓળખાય છે ત્યાં એને કોરતા કે કોરાંતમાં મંદિરો બંધાવ્યાં. પ્રતિહાર રાજા નાગભટ્ટ ૨–જા અને મિહિરભોજ પણ જૈન ધર્મના ટેકેદાર હતા. પછીના સમયમાં ચહામના રાજાઓને જૈનો સાથે ખૂબ સારા સંબંધો હતા. રણથંભોરના જૈનમંદિર ઉપર પૃથ્વીરાજ ૧લાએ સોનાનો કળશ ચડાવ્યો હતો. એમના પુત્રો અને ઉત્તરાધિકારીઓને જૈન ધર્મ માટે માન હતું. કહેવાય છે કે એમના પુત્ર અને ઉત્તરાધિકારી વિશાલદેવ વિગ્રહ રાજાએ અજમેરમાં રાજવિહાર બંધાવેલ હતું. ઈ.સ. ૧૧૬૯માં એમના પુત્ર પૃથ્વીરાજ રાજાએ પાર્શ્વનાથ દિગંબર જૈનમંદિર માટે ગામ બક્ષિસ આપેલ.

નાડોલ કે નાડુલાના ચહામનાને પણ જૈનો સાથે સારા



નકશીકામનું દૃશ્ય (નાડોલા)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધો હતા. ઈ.સ. ૧૧૧૦ અને ૧૧૧૫માં અશ્વરાજાના પુત્ર કટુક રાજાએ સેવાડીના મહાવીર મંદિરને બક્ષિસ આપી હતી. તેમજ નાડુલાના ચહામના રાજા આલ્હાનદેવે ઈ.સ. ૧૧૭૧માં સંડેરેકા (સાડેરાવ)ના મહાવીરમંદિરને બક્ષિસ આપી હતી.

હસ્તિ કુંડી (હાથી કુંડી)ના રાષ્ટ્રકૂટો જૈન ધર્મના કટ્ટર અનુયાયી હતા. હરિવર્મનના પુત્ર વિદગ્ધ રાજાએ હસ્તિકુંડીમાં ઈ.સ. ૯૧૭માં શ્રી ઋષભદેવનું મંદિર બંધાવ્યું અને એના પુત્ર મમ્મલાએ એજ મંદિરને બક્ષિસ આપી. મમ્મલાના પુત્ર અને ઉત્તરાધિકારી ધવલાએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી મંદિર માટે કૂવો ખોદાવ્યો.

રાજાઓની સાથે સાથે રાણીઓ પણ દાનધર્મ કરવામાં આગળ પડતો ભાગ લેતી હતી એ રાજસ્થાનની રાણીઓએ કરેલાં દાન ઉપરથી સ્પષ્ટ થાય છે. નડુલાની ચહામના રાણી રજની મનાલદેવીએ પોતાના બે પુત્રો સાથે ઈ.સ. ૧૧૩૨માં નડુલા ગગીકા સ્થિત મહાવીરમંદિરને દાન આપ્યું. ઈ.સ. ૧૧૬૯માં અલ્હાનાદેવની પત્ની રાણી અણહલાદેવીએ સંડેરકાના મંદિરને દાન આપ્યું. ચંદ્રાવલીના પરમારકુંવર ધારાવર્ષદેવની રાણી શ્રૃંગારાદેવીએ ઈ.સ. ૧૧૯૭માં જાડોલીના મંદિરને દાન આપ્યું. સમરસિંહની માતા ગુહિલારાણી જૈતલાદેવીએ ઈ.સ. ૧૨૭૮માં ચિત્રકૂટમાં શ્રી પાર્શ્વનાથમંદિર બંધાવ્યું.


પર્વતની તળેટીમાં રમ્ય શોભા પાથરતું જિનાલય-નાડોલા


જૈન દેરાસર કલિકુંડ તીર્થ–ધોળકા

જૈનધર્મને ફક્ત રાજાઓ જ મદદ કરતા એવું ન હતું. મંત્રીઓ, અધિકારીઓ અને સામાન્ય માણસો પણ મંદિર, આશ્રમ, પુસ્તકાલય વગેરે બનાવવામાં છુટ્ટે હાથે મદદ કરતા હતા. આનો જ્વલંત દાખલો મંત્રી વિમલશાહનો છે. દંડનાયક વિમલે ઈ.સ. ૧૦૩૨માં દેલવાડામાં આદિનાથ મંદિરનું નિર્માણ કર્યું, જે આજે પણ પોતાની સુંદર અને નાજુક કોતરણી માટે વિશ્વવિખ્યાત છે. આજ વિમલે બંધાવેલ બીજાં બે મંદિરોનો ઉલ્લેખ કવિ મેહા (ઈ.સ. ૧૪૪૩) પોતાની રચનામાં કરે છે, જેમાંનું એક મંદિર શત્રુંજય ઉપર આવેલ વિમલવસહી છે તો બીજું કુંભારિયાનું છે. સોલંકી રાજા કર્ણદેવના પ્રધાનમંત્રી શાંતુએ અણહિલ પાટણ અને કર્ણાવતી (અમદાવાદ)માં શાંતુ વસતિકા બંધાવી. બીજા મંત્રી મુંજાલે ઈ.સ. ૧૦૯૩ની આસપાસ અણહિલ પાટણમાં મુંજાલવસતિની સ્થાપના કરી. આજ કાળ દરમ્યાન ઉદયન મંત્રી (ઈ.સ. ૧૦૯૩)એ પણ કર્ણાવતીમાં ઉદયનવિહાર અને સ્તંભતીર્થ (ખંભાત)માં ઉદયનવસતિનું નિર્માણ કર્યું, એટલું જ નહીં ઈ.સ. ૧૧૧૯માં ધવલકા (ધોળકા)માં જિન સીમંધરના મંદિરની નિર્મિતિ કરી. એજ વર્ષે મંત્રી સોલંકીએ અણહિલ પાટણમાં સોલંકીવસ્તી બંધાવી. સોરઠના દંડનાયક સજ્જને ઈ.સ. ૧૧૨૯માં ગિરનારપર્વત ઉપર આવેલ પ્રખ્યાત નેમિનાથમંદિરનું નિર્માણ કર્યું. કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે અણહિલ પાટણમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**કાચનો ચંદરવો–સુમતિનાથનું જૈન મંદિર તળાજા**

સ્થિત વનરાજ વિહાર, દેલવાડાના વિમલવસહી તેમજ ચંદ્રાવતીના નિન્નયામંદિરમાં મંડપો ઉમેરાવ્યા. નવાં મંદિરોની સાથે જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર તેમજ એની જગ્યાએ નવાં મંદિરો પણ બંધાતાં હતાં. ઈ.સ. ૧૧૫૬ની આસપાસ ઉદયન પુત્ર મંત્રી વાગભટ્ટે શત્રુંજય સ્થિત જૂના આદિનાથ મંદિરની જગ્યાએ નવું મંદિર બંધાવ્યું અને ઈ.સ. ૧૧૬૭માં ધોળકાના ઉદયનવિહારમાં વધારો કર્યો. એના ભાઈ આમ્રભટ્ટે ઈ.સ. ૧૧૬૬માં ભૃગુકચ્છ (ભરૂચ)માં આવેલ શકુનિ ચૈત્યની જગ્યાએ નવા ભવ્યમંદિરનું નિર્માણ કર્યું.

ધાર્મિક કાર્યો કરવાના ઉત્સાહી બે વાઘેલા ગુણવાન ભાઈઓ વસ્તુપાલ અને તેજપાલ એમણે કરેલ કાર્યો અને દાન માટે પ્રખ્યાત છે. એવી માન્યતા છે કે એમણે ૫૦થી વધારે મંદિરોનું નિર્માણ કરેલ છે, જેમાંનાં નોંધપાત્ર છે–શત્રુંજય ઉપર સ્થિત વસ્તુપાલે બંધાવેલ આદિનાથ મંદિર, સામેનો ઈન્દ્રમંડપ અને બીજાં ૬ મંદિરો, વસ્તુપાલવિહાર (ઈ.સ. ૧૨૩૧), ગિરનારપર્વત પરનું પાર્શ્વનાથમંદિર, ધોળકાનું શત્રુંજય અને કર્ણાવતીમાં નંદીશ્વરદ્વીપ ચૈત્ય, ધોળકા, ગિરનારપર્વત, દેલવાડા (ઈ.સ. ૧૨૩૨)માં નેમિનાથમંદિર અને પ્રભાસમાં આદિનાથમંદિરનું નિર્માણ કર્યું. ઉપરાંત પોતાના પિતાની યાદમાં અણહિલપાટણમાં અસરાજવિહાર અને માતા કુમારદેવીની યાદમાં દર્ભાવતી (ડભોઈ) અને કેમ્બે (ખંભાત)માં એક એક મંદિર બંધાવ્યું.

ભદ્રાવતીના જગડુશા અને માંડવગઢના પેથડશા એ બેઉ ઉત્સાહી હતા અને અનુક્રમે ઢાંક, વર્ધમાન, શત્રુંજય અને પ્રભાસ, ધવલકા (ધોળકા), સંકલ્પપુર (સલક્ષણપુર) અને શત્રુંજય ઉપર મંદિરોની નિર્મિતિ કરી.

સંશોધન મુજબ રાજસ્થાનમાં ઈ.સ. ૮ થી ૧૦ શતાબ્દીમાં ગુજરાતથી વધારે જૈન મંદિરોને દાન મળેલ છે પરંતુ ૧૦મી શતાબ્દી પછી ગુજરાતના જૈન ક્ષેત્રમાં વધારે કાર્ય થયું છે.

જૈન ધર્મ વિશ્વકર્તામાં માન્યતા રાખતો નથી, એટલે એનાં મંદિરો પણ ૨૪ તીર્થંકરોમાંના કોઈપણ એક કે એનાથી વધારેને અર્પણ કરેલ હોય છે. ઋષભ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર એ ૨૪ તીર્થંકરોમાંથી સહુથી લોકપ્રિય છે. એ એમનાં મંદિરોની સંખ્યા પરથી જણાય છે. એના પ્રમાણમાં અજિતનાથ, શાંતિનાથ અને સંભવનાથ, ચંદ્રપ્રભુનાં મંદિરો ઓછાં છે અને



**ભદ્રાવતી તીર્થ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સમ્મુખ દર્શન ભદ્રેશ્વર (કચ્છ)

બાકીના તીર્થંકરોનાં મંદિરો નહીંવત્ જ મળે છે. મંદિરોની આજુબાજુમાં ૨૪, ૫૨, ૭૨ કે ૮૪ દેવકુલિકાઓ હોય છે, જેમાં બીજા તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપી એમને માન અપાય છે. આના પછીના વર્ગમાં શાસનદેવતા જે તીર્થંકરોના સેવકો છે–યક્ષ-યક્ષિણીના રૂપમાં એનો સમાવેશ આપણે દરવાજા ઉપર ઘણીવાર મૂળનાયકની પ્રતિમાજીની નીચે જોઈએ છીએ. આમાં પણ અંબિકા અને ચક્રેશ્વરી એ પશ્ચિમભારતમાં વધારે લોકપ્રિય છે અને પ્રમાણમાં યક્ષ સાથે વધારે મળે છે. હિંદુધર્મની જેમ જ અહીં પણ ૧૬ વિદ્યાદેવી, ૮ દિક્પાલ, લક્ષ્મી, સરસ્વતી, વિનાયક, નૈગમૈશી, વિદ્યાધર, કિન્નર અને પ્રતિહાર બધા જ હાજર છે. સાધારણ રીતે આ બધાંની મૂર્તિઓ આપણને મંદિરની દીવાલો ઉપર તેમજ કોઈવાર છત ઉપર મળે છે. લક્ષ્મી અને સરસ્વતી એ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આમાં પણ લક્ષ્મીની મૂર્તિ સરસ્વતી કરતાં વધારે પ્રમાણમાં મળે છે. આબુના વિમલવસહીમાં તો એક આખી છત–છજ્જા ગજલક્ષ્મી માટે છે. વિનાયકની મૂર્તિ ઓછા પ્રમાણમાં મળે છે પરંતુ ૮ દિક્પાલો પોતાની દિશા પ્રમાણે મંદિરની દીવાલના ખૂણાઓ ઉપર વિપુલ પ્રમાણમાં મળે છે.

શક્ર (ઈંદ્ર)ના સેવક નૈગમેશી એ ખૂબ લોકપ્રિય છે. એવી માન્યતા પ્રચલિત છે કે મહાવીર ભગવાનનો ગર્ભ બ્રાહ્મણી દેવાનંદાના પેટમાંથી ક્ષત્રિયાણી ત્રિશલાના પેટમાં નૈગમેશીએ જ બદલ્યો હતો. આ કથા શ્વેતાંબર સાહિત્યમાં ઘણીવાર મળે છે અને પશ્ચિમ ભારતનાં મંદિરોમાં ઘણી જગ્યાએ આનું રેખાંકન થયું છે.

મંદિરોના નિર્માણકાર્યમાં મોટે ભાગે સ્થાનિક વસ્તુઓનો જ ઉપયોગ થયો છે. આરસપહાણ અને સેન્ડસ્ટોન એ બે વસ્તુઓ પશ્ચિમભારતના મંદિરનિર્માણમાં વધારે લોકપ્રિય હતી–એમાં એક અપવાદ છે ગિરનારસ્થિત નેમિનાથનું મંદિર કે જે કાળા બેસોલ્ટના પથ્થરથી બંધાયેલ છે.

અનુકૂળ વાતાવરણ જગ્યાનું ધાર્મિક મહત્ત્વ એ બધી વાતનો ખ્યાલ બાંધતાં વિચારતાં, ધાર્મિક મહત્ત્વ પ્રાપ્ત થવાનાં અનેક કારણો છે. નીચે આપેલ જગ્યાઓને જૈન લોકો પોતાનું તીર્થક્ષેત્ર માને છે–

(૧) તીર્થંકરનું જન્મસ્થાન

(૨) તીર્થંકરે જે સ્થળે સંસારનો ત્યાગ કર્યો હોય અને તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો હોય.

(૩) જ્યાં જ્યાં તીર્થંકરોએ મોટી તપશ્ચર્યા કરી હોય.

(૪) તીર્થંકરને જ્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હોય.

(૫) તીર્થંકરને જ્યાં મોક્ષપ્રાપ્તિ થઈ હોય.

(૬) જ્યાં આચાર્યો અને મુનિઓએ નિવાસ કર્યો હોય અને નિર્વાણ પ્રાપ્ત કર્યું હોય.

(૭) એ જગ્યા કે જે મંદિર અને મૂર્તિ માટે પ્રખ્યાત છે. મંદિર એ સુંદરતા, સુશોભન, બારીક કોતરણી કે મૂર્તિની સુંદરતા અથવા તો કોઈ ચમત્કારિક ઘટનાને લીધે પ્રખ્યાત થાય છે.

દિગંબર આ પવિત્ર સ્થાનોને બે વર્ગમાં વિભાજિત કરે છે–સિદ્ધક્ષેત્ર કે જ્યાં જિન અથવા મુનિને નિર્વાણ પ્રાપ્ત થયું હોય અથવા તો અતિશય ક્ષેત્ર કે જે અમુક કારણોસર પવિત્ર છે. આ વિભાજન શ્વેતાંબરમાં નથી મળતું–ઈ.સ. ૧૪મી શતાબ્દીમાં રચાયેલ શ્વેતાંબરના વિવિધ તીર્થકલ્પ કે જેમાં ભારતભરનાં જૈન તીર્થોનું વર્ણન છે એ આ બાબતમાં ચૂપ છે.

શત્રુંજય, ગિરનાર, તારંગા એ વસ્તીથી દૂર શાંત પવિત્ર વાતાવરણમાં હોવાથી ઘણા પ્રખ્યાત થયા અને ખૂબ મહત્ત્વનાં સ્થાન બની ગયાં જેને લીધે અહીં દાન પણ ખૂબ મળેલ. આબુ પર્વતનો તો લાંબો ધાર્મિક ઈતિહાસ હોવાથી ત્યાં પણ ઘણાં જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદિરો બંધાયાં. રાજનૈતિક કેન્દ્ર હોવાથી ઘણી જગ્યાએ હિંદુ-જૈન મંદિરોનું નિર્માણ થયું-વ્યાપારના રસ્તા ઉપર પણ મંદિરો બંધાયાં.

જૈનમંદિરોનો વિચાર કરતાં જ નજર સામે વિશ્વવિખ્યાત દેલવાડા, રાણકપુર કે કુંભારિયાનાં મંદિરો જ તરે છે અને એ સાથે જ મનમાં પ્રશ્નોની હારમાળા શરૂ થાય છે-પશ્ચિમ ભારતનું જૈન મંદિર શું છે ? એની રચના શું છે ? અને એમાં ખાસ જૈન એવું શું છે ? આગળ જણાવ્યા પ્રમાણે શરૂઆતનાં બધાં જ મંદિરો લગભગ સરખાં જ હતાં. ૮મી સદીમાં જૈન આગમની લીપિમાં રચના થઈ પરંતુ હજી શિલ્પનો વિકાસ થયો ન હતો. સમયની સાથે સાથે જૈન લોકો અને ધાર્મિક વિધિની જરૂરિયાત પ્રમાણે શિલ્પશાસ્ત્રનો વિકાસ થતો ગયો અને ૧૩મી સદીની પછી આપણને જૈન મંદિરની જુદી રચના નજર સામે આવી કે જે જૈન શિલ્પ તરીકે ઓળખાણી.

## શિલ્પ

પશ્ચિમ ભારતનાં જૈનમંદિરો શિલ્પ અને સુશોભનમાં સમૃદ્ધિથી છલકાય છે. લગભગ બધાં જ મંદિરો અંદરથી તો ખૂબજ સુંદર રીતે કોતરણી અને નકશીથી શણગારેલાં છે. આ



**હઠીભાઈની વાડીના દેરાસરનો આગળનો ભાગ-અમદાવાદ**

શિલ્પો-એની શૈલીથી આપણને એ મંદિરનો સમયકાળ ઠરાવવામાં મદદ કરે છે. દેલવાડા, રાણકપુર, કંઈક અંશે કુંભારિયા આ બધાં મંદિરોની કોતરણી અને શિલ્પકામ-કોઈ પણ પ્રવાસી માટે આનંદદાયક છે. આ શિલ્પો ધાર્મિક અને પરંપરાગત મૂર્તિઓ તો છે જ પરંતુ સાથે એની નાજુક કોતરણી-ખાસ કરીને એના ગોળાકાર શરીરના ઝીણા વળાંકમાં કલાકારનું કૌશલ્ય ખરેખર વખાણવાલાયક છે. આરસપહાણનાં મંદિરો ઘણી વાર એકધારા નીરસ લાગે છે અને ઘણીવાર વિપરીત ટીકા પામેલ આ મંદિરો આપણા ભવ્ય ભૂતકાળનાં અજાયબીભર્યાં સુંદર વાસ્તુ હતાં. ઘણી જગ્યાએ સ્થપતિએ જુદા શેડવાળા પથ્થરને પસંદ કર્યા જેનાથી શિલ્પની સુંદરતામાં તો વધારો થાય છે પરંતુ પ્રકાશ અને અંધારા (લાઈટ એન્ડ શેડ)ની રચનાથી આ મૂર્તિની સુંદરતામાં જાણે ચાર ચાંદ લાગે છે. સુંદર નાજુક નકશીવાળાં તોરણ, ઝીણવટભર્યું કોતરણીકામ, સુંદર શિલ્પ અને મનને શાંતિ આપતું શાંત આહલાદક વાતાવરણ આ બધાની અસરથી પ્રવાસી પોતાનો થાક વિસારી મનમાં એક પ્રકારનો સંતોષ લઈને જ પાછો ફરે છે.

પશ્ચિમ ભારતનાં જૈન મંદિરોમાં જુદા જુદા પ્રકારનાં શિલ્પો મળે છે. આ શિલ્પોને આપણે ૬ વિભાગોમાં વિભાજિત કરી શકીએ છીએ.

પહેલા વિભાગમાં આપણે જિનમૂર્તિઓનો સમાવેશ કરશું-જૈનમંદિર પણ હિંદુધર્મની જેમ જ એક અથવા એનાથી વધારે તીર્થંકરને અર્પણ કરેલ હોય છે. આ તીર્થંકરો-જે ખૂબ પૂજ્ય અને પ્રિય છે એ શાસ્ત્રોમાં વર્ણવેલ વર્ણન પ્રમાણે જ પૂર્ણ ગોળાકારમાં એ સમયની પ્રાદેશિકશૈલી અને ધાર્મિક મત પ્રમાણે જ કોતરાય છે. જિન ભગવંતની મૂર્તિઓ ફક્ત ગર્ભગૃહમાં જ મળે એવું નથી. મંડપોમાં, દેવકુલિકાઓમાં, લલાટબિંબ કે લિન્ટેલમાં, છત કે છજ્જા ઉપર પણ જિન ભગવંતની મૂર્તિ હોઈ શકે છે. ગોખલામાં તો લગભગ જિનભગવંતની જ મૂર્તિ હોય છે. શિખર કે થાંભલાઓ ઉપર તો જિન મૂર્તિ નથી હોતી પણ અપવાદરૂપે કોઈવાર મળે છે એવી જ રીતે પરસાળની દીવાલ ઉપર કોઈક વાર જિનમૂર્તિઓ મળે છે. જિન ભગવંત લગભગ પદ્માસનમાં બેઠેલા કે પછી એકદમ સીધા અને ધ્યાનમુદ્રામાં હાથ અથવા તો કાયોત્સર્ગ મુદ્રામાં ઊભેલા મળે છે. જિનભગવાનની મૂર્તિ શ્વેતાંબરની હોય તો ફક્ત નીચેનું જ વસ્ત્ર હોય છે અને દિગંબરની હોય તો પૂર્ણ વિવસ્ત્ર જ હોય છે. મૂર્તિ ઉપર કોઈવાર છત્ર હોય, શણગારેલ પરિકર-પ્રભાચક્ર હોય છે, જેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



મોટી ખાખર (કચ્છ)

જિનસેવકો, ચમરધારી, હાથી, મકર કે વ્યાલા જેવાં પશુઓ કે ઘણી વાર ઊડતી આકૃતિઓ અને બાજુમાં યક્ષ-યક્ષિણીઓ પણ હોય છે. પાર્શ્વનાથ ભગવાનના શિર ઉપર ફણાનું છત્ર હોય છે. આની પાછળ એક દંતકથા છે. પરિકર ઉપર ઘણીવાર બીજા જિન ભગવંત હોય છે, જેનાથી મૂર્તિને નામ મળે છે. દા.ત. જો મૂર્તિમાં કુલ ત્રણ તીર્થંકર હોય તો એ મૂર્તિ ત્રિતીર્થી, પાંચ હોય તો પંચતીર્થી, જો ૨૪ હોય તો ચોવીસી તરીકે ઓળખાય છે. જિનમૂર્તિ ઉપર લાંછન કે ચિહ્ન હોવું જરૂરી છે. નહીં તો એ ક્યા તીર્થંકરની મૂર્તિ છે તે ઓળખવું ખૂબ મુશ્કેલ પડે છે, કેમકે જૈન મૂર્તિશાસ્ત્રમાં પ્રત્યેક તીર્થંકરનાં કંઈ વિશિષ્ટ લક્ષણો નથી. ઈ.સ. ૧૪મી સદી પછી મૂર્તિઓ લગભગ એક સરખી જ બનતી હતી અને એના વિકાસનો અભ્યાસ કરવો એ મુશ્કેલ થઈ ગયું. ઘણીવાર મંદિરમાં મૂળનાયકની મૂર્તિ મંદિરની નથી હોતી પરંતુ બીજે જ ક્યાંયથી મળેલ મૂર્તિ પણ સ્થાપેલી હોય છે અને આને લીધે મૂળ મંદિર ક્યા તીર્થંકરનું હતું એ નક્કી કરવું મુશ્કેલ થઈ જાય છે.

જૈનશાસ્ત્રોમાં કથાનો વિપુલ ખજાનો છુપાયેલો છે, આ કથા-પ્રસંગો જૈનમંદિરોની છતો ઉપર તેમજ દીવાલ ઉપર કોતરવામાં આવે છે અને લોકોને એનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તો બીજા પ્રકારનાં શિલ્પોમાં આ કથાપ્રસંગોવાળાં શિલ્પો સ્થાન પામે છે. આ વર્ગમાં તીર્થંકરોના પંચ કલ્યાણક-એટલે કે તીર્થંકરના આયુષ્યના પાંચ મુખ્ય પ્રસંગો-ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ ખૂબ જ લોકપ્રિય છે. ઘણાં મંદિરોમાં આપણને જુદા જુદા તીર્થંકરોનાં પંચકલ્યાણક કોતરેલાં જોવા મળે છે. કુંભારિયાના મંદિરમાં આની ખૂબ જ સુંદર કોતરણી આપણને દેખાય છે. આ ઉપરાંત ઉપસર્ગ, ભાવંતરા એટલે જિંદગીનાં દૃશ્યો, ૨૪ તીર્થંકરો ભૂત, વર્તમાન, ભવિષ્યનાં માતા-પિતા, આચાર્યો, એમના શિષ્યો, કૃષ્ણજન્મ, આર્દ્રકુમારની કથા, ભરત-બાહુબલીની લડાઈ, કૃષ્ણે કરેલા કાલીયમર્દન, સમુદ્રમંથન, ગોકુળમાં કૃષ્ણ, તેમજ રામાયણ-મહાભારત વગેરેમાં ભરત બાહુબલીની વગેરે એમ ઘણી કથા આપણી આંખ સામે તાદૃશ થાય છે. આબુના મંદિરમાં લડાઈ આખા છજ્જામાં કોતરેલ છે.

દેવત્વવાળા-એટલે કે યક્ષ-યક્ષિણી, વિદ્યાદેવી, દિક્પાલ, પ્રતિહાર, વિનાયક, સરસ્વતી, લક્ષ્મી, ગણેશ, નૃસિંહ, વિષ્ણુ, વીરભદ્ર, ગંગા, યમુના વગેરેએ ત્રીજા પ્રકારના શિલ્પમાં આવે છે. જો કે જૈનમંદિરોમાં ગંગા-યમુના ખાસ કરીને મળતાં નથી. આ શિલ્પો આપણને ગર્ભગૃહની બહાર પોતાનાં ચિહ્નો સાથે હોય છે. આ શિલ્પો પદ્માસન, લલિતાસનમાં બેઠેલ કે પ્રભંગ અથવા ત્રિભંગમાં ઊભાં હોય છે. ઘણી વાર નૃત્ય પણ કરતાં હોય છે. આ શિલ્પોનાં અંગ ઉપર ખૂબ મોટા પ્રમાણમાં દાગીના હોય છે, જેમકે મુકુટ (કરંડ અથવા કિરીટ), કાનમાં કર્ણફૂલ વગેરે. ગળામાં જુદી જુદી જાતની માળાઓ, હાથમાં કડાં, પોંચી, કમર, પટ્ટો, કંદોરો, ઝાંઝર વગેરેથી શણગારેલ છે. જુદા જુદા પ્રકારના દાગીના સુંદર રીતે કોતરેલ છે.

ચોથા પ્રકારનાં શિલ્પોમાં અપ્સરાનો સમાવેશ થાય છે. આ સ્વર્ગીય અપ્સરાઓની મૂર્તિ હંમેશાં સુંદર હોય છે, જેનાં અંગ ઉપર ભરપૂર દાગીનાઓ છે અને એની કલ્પનાપૂર્વક કોતરણી કરેલ છે. એ જુદા જુદા આકર્ષક અંગસ્થિતિ (પોઝ)માં મંદિરની અંદર-બહાર બેઉ જગ્યાએ મળે છે. કુંભારિયાના મંદિરની દીવાલ પરની અપ્સરાઓ તો કારીગરીના કૌશલ્યનો એક ઉત્તમ નમૂનો છે. કારીગરનાં કલાકૌશલ્યનો ખ્યાલ આપણને એના ભરાવદાર નિતંબ, પાતળી લચકદાર કમર, ભરેલી છાતી અને લટકાળા દેખાવ પરથી આવે છે. કલાકારના બારીકાઈભર્યાં અવલોકન અને કોતરણીને દાદ દેવી જોઈએ.

વિદ્યાધર, કિન્નર, નૈગમેશી એ બધા પાંચમા પ્રકારનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**શ્રેણીબદ્ધ શિખરીઓ વચ્ચે આગવી અદામાં ઊભેલાં શિખરોથી સુસજ્જ નાણાતીર્થનું સુરમ્ય જિનાલય**

શિલ્પોમાં આવે છે. વિદ્યાધર એટલે મનુષ્યના રૂપમાં અલૌકિક શક્તિવાળા દેવ, કિન્નર અને નૈગમેશીએ મેળવણી (કંમ્પ્રીઝિટ) આકૃતિ તરીકે કોતરેલ હોય છે. નૈગમેશીને સાધારણ હિરણના મુખ સાથે દેખાડે છે. શ્વેતાંબર માન્યતા પ્રમાણે ભગવાન મહાવીરના ગર્ભનો ફેરફાર બ્રાહ્મણી દેવાનંદાના પેટમાંથી ક્ષત્રિયાણી ત્રિશલાના પેટમાં નૈગમેશીએ જ કરેલો. કિન્નરો એટલે મનુષ્યના ધડ અને પશુ કે પંખીઓના મોઢા સાથેના જીવો આ લગભગ શણગારેલા મોટીફમાં ઊડતા કે એમાંથી નકશી રૂપે નીકળતા દેખાડે છે.

છટ્ઠા પ્રકારમાં પરચૂરણ વિષયોનો સમાવેશ થાય છે. આમાં સામાન્ય સ્ત્રી-પુરુષો, પશુ-પંખીઓ, કીર્તિમુખ, નાગ, વ્યાલા, મકર વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્ય એના સાધારણરૂપમાં એ સમયના ઝવેરાત તેમજ કપડાંથી શણગારેલ દેખાડે છે. મકર એ સાધારણ રીતે તોરણ સાથે સંકળાયેલ છે.

મૂર્તિશાસ્ત્રની વાત કરીએ તો હિંદુ દેવતાઓની મૂર્તિઓ પ્રમાણે જ જૈન દેવતાઓની મૂર્તિ તૈયાર થાય છે. પાર્શ્વનાથ કે જે ફણા સાથે અને ઋષભનાથ કે જે કર્ણાન્ત ઘૂંઘરાળા વાંકડિયા વાળ સાથે કોતરેલ છે એના સિવાય બાકીના ૨૨ તીર્થંકરને એમના લાંછન કે ચિહ્ન સિવાય ઓળખવા મુશ્કેલ છે, પરંતુ લાંછન દેખાડવું એ સમયની સાથે સાધારણ વાત થઈ ગઈ હતી, એટલે જૈન ભગવંતને ઓળખવાનું કામ સહેલું થઈ ગયું.

જિન મૂર્તિઓ સિવાય–યક્ષ-યક્ષિણી, ૧૬ વિદ્યાદેવી, આઠ દિક્પાલ, સરસ્વતી, લક્ષ્મી, વિદ્યાધર, નૈગમેશી, વિનાયક, કિન્નર, ગંગા, યમુના, દેવી શ્રી અને અષ્ટમંગલ (આઠ માંગલિક વસ્તુઓ) જેમકે સાથિયો, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, દર્પણ, મીનયુગ્મ આ સર્વસાધારણપણે જૈન મંદિરમાં મળે છે.

જૈન મૂર્તિશાસ્ત્રમાં મૂર્તિનાં આયુધો બાબત એક મત નથી. ઘણી દેવીઓ એમનાં પ્રખ્યાત આયુધોથી તરત જ ઓળખાઈ જાય છે, જેમકે દેવી અંબિકા–એ હંમેશાં આંબાના ઝાડ અને બાળક સાથે સંકળાયેલ છે, જ્યારે ચક્રેશ્વરીના હાથમાં ચક્ર હોય છે. વજ્રકુંશીના હાથમાં ચક્ર અને પરોણી, વજ્રશૃંખલાની સાથે સાંકળ, મહાજ્વાલાના હાથમાં કુંભ–આ સામાન્ય આયુધો છે. વિદ્યાદેવી અને યક્ષિણીઓના હાથમાં ઘણીવાર સરખાં જ આયુધો હોવાથી એમને ઓળખવાં ખૂબ જ મુશ્કેલ થઈ જાય છે, પરંતુ જિન ભગવંતની સાથે એમના સેવક તરીકે યક્ષ–યક્ષિણી આવે છે ત્યારે એમને ઓળખવા સહેલાં થઈ જાય છે.

જૈનમંદિરોમાં વિદ્યાદેવી મહાવિદ્યાદેવીઓની આકૃતિ ખૂબ સાધારણ વાત છે. આ વિદ્યાદેવીઓ એટલે રોહિણી, પ્રજ્ઞાપ્તિ, વજ્રશૃંખલા, વજ્રકુંસી અપ્રતિચક્રા, નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટયા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસી. આ બધી વિદ્યાદેવીઓને પોતાનું વાહન છે, પણ કોઈ જગ્યાએ આ વાહન બદલાયેલું પણ દેખાડે છે. દા.ત. વૈરોટયાના વાહન તરીકે લગભગ બળદ હોય છે પરંતુ ઘણી જગ્યાએ એના વાહનના રંગ મંડપની છત ઉપર બ્રેકેટ મૂર્તિ તરીકે અને કોરીડોરમાં પણ આ બધી જ ૧૬ દેવીઓ કોતરેલ હોય છે.

આઠે દિશાના રક્ષક દિક્પાલ પણ હિંદુમંદિરના દિક્પાલની સરખા જ છે. કુંભારિયાના નેમિનાથમંદિરમાં બધા જ એટલે ૮ દિક્પાલ એના દિશાના સ્થાન પ્રમાણે બરોબર કોતરેલા છે. આમ આપણને કુબેર અને ઈશાન એ ઈશાન ખૂણામાં, ઈન્દ્ર અને અગ્નિ એ અગ્નિ દિશામાં, યમ અને નિરુતિ એ નૈઋત્ય દિશામાં તો વરુણ અને વાયુ એ વાયવ્ય દિશામાં મળે છે. આ દિક્પાલ સાધારણ રીતે એમનાં વાહન સાથે કોતરેલ

હોય છે. વિમલવસહી મંદિરમાં યમ એ લેખની–કલમ સાથે કોતરેલ છે જે એક અસાધારણ રજૂઆત છે.

વિદ્યાધર લોકપ્રિય હોવા છતાં મૂર્તિશાસ્ત્રમાં એનું મહત્ત્વ એટલું નથી. લગભગ છત-છજ્જા ઉપર નહીં તો બ્રેકેટ મૂર્તિ તરીકે હોય છે. નૈગમેશીને હંમેશાં હરિણમુખવાળો દેખાડાય છે– જે રીતે હિંદુમૂર્તિમાં હોય છે.

પંચકલ્યાણનાં દૃશ્યો લગભગ બધે જ સરખી રજૂઆત પામેલ છે. ચ્યવનકલ્યાણકમાં જિનમાતા સૂતેલાં દેખાડાય છે અને એની બાજુમાં ૧૪ શુભ વસ્તુઓ કે જે એના સપનામાં દેખાય છે તે મૂકેલ હોય છે. જન્મકલ્યાણકમાં શક્ર (ઇન્દ્ર)ના ખોળામાં તીર્થંકર બેસેલ છે અને એને સ્નાન કરાવે છે, દીક્ષાકલ્યાણકમાં જિન પોતાના વાળ ખેંચતા અને કાયોત્સર્ગ મુદ્રામાં દેખાય છે જ્યારે સમવસરણની રચના એ જ્ઞાનકલ્યાણકની રજૂઆત કરે છે. નિર્વાણકલ્યાણકમાં તીર્થંકર સમવસરણની મધ્યભાગમાં ધ્યાન મુદ્રામાં બેઠેલા દેખાડે છે.

શરૂઆતના કાળમાં મૂર્તિશાસ્ત્ર પ્રમાણેનાં શિલ્પો સ્પષ્ટ દેખાય છે અને પછી મધ્યયુગમાં લગભગ એક સરખી જ મૂર્તિઓ જોવા મળે છે. પછી તો પરંપરાગત શાસ્ત્ર પ્રમાણેનાં શિલ્પો કોતરેલાં મળતાં નથી. બાકીનામાં પરચૂરણ મૂર્તિઓ જ વધારે છે. મૂળનાયકની પ્રતિમા સિવાય બીજી મૂર્તિઓની સુંદરતા ઓછી થતી જાય છે અને એનાં કદ અને બીજી વિગતોમાં પણ ઘટાડો થતો ગયો છે. વળાંક રહ્યા છે પરંતુ એની અને ગોળાકારની મોહકતા ખોવાઈ ગઈ છે.

## ધાતુ પ્રતિમા

પ્રાચીનકાળથી ભારતમાં ધાતુ ઉપર કામ કરવાની કળા પ્રચલિત છે. વૈદિક આર્યાનાં ઘર અને પૂજા માટે આયસ (કદાચિત તાંબું)નાં વાસણ બનાવતાં તેમજ સોનાના અલંકાર પણ વાપરતા. કાચીધાતુ ગાળવા ભઠ્ઠીનો ઉપયોગ કરતાં.

ઈ.સ. ૧૨મી સદીના વાસુનંદી, પોતાના શ્રાવકાચારમાં કહે છે કે "તીર્થંકર અને સિદ્ધ કે આચાર્યની મૂર્તિ શાસ્ત્રમાં કહેલ (પદિમ્-લાખન-વિધિ) વિધિ પ્રમાણે રત્નો, સોનુ, મણિ, ચાંદી, પિત્તળ, મોતી અને પથ્થરમાંથી બનાવવી." "વાસુબિંદુ પોતાના પ્રતિષ્ઠા પથમાં ઉપરની યાદીમાં સ્ફટિકનો ઉમેરો કરે છે." જિનની નીચે મોટી કમળ-બેઠક અને એના ઊંચા ઊઠતા કમળવાળી મૂર્તિની ઘણી પ્રશંસા થાય છે. દિગંબર લેખક અસરધારા (ઈ.સ. ૧૨મી શતાબ્દી) સોના, ચાંદી, પિત્તળ કે કાંસ્ય તેમજ રત્નો, પથ્થર અને લાકડાનો ઉપયોગ મૂર્તિ બનાવવા માટે કરવાનું કહે છે.

મધ્યયુગના જૈન સાહિત્ય જેમકે આચાર દિનકર (ઈ.સ. ૧૪મી શતાબ્દી)માં જેમાંથી મૂર્તિ બનાવી શકાય એવી મોટી યાદી આપેલ છે. એના પ્રમાણે આપણે સોનાની મૂર્તિ, ચાંદી કે તાંબાની મૂર્તિ બનાવી શકાય, પરંતુ કાંસા, સીસા અને પતરાની મૂર્તિ ન બનાવી શકાય. કોઈવાર પિત્તળ વાપરી શકાય પરંતુ મિશ્ર ધાતુ ન વપરાય. પુસ્તકમાં હજી કહ્યું છે કે ધાતુ કે સ્ટકોની મૂર્તિ જો તૂટી જાય તો એનુ સમારકામ કરીને પૂજામાં વાપરી શકાય છે, પરંતુ લાકડા કે પથ્થરની મૂર્તિ જો તૂટી જાય તો એનું વિસર્જન કરવું એનું સમારકામ કરી પૂજામાં વાપરવી નહીં.

ગુરુની ગેરહાજરી દરમ્યાન એની નિશાનીની સ્થાપના કરવા જૈનશાસ્ત્ર અનુયોગદ્વાર કહે છે કે "નિશાની લાકડાની (કથકમ્મા), ચિત્રકામ (ચિત્‌કામ), પ્લાસ્ટર (લેપકામ), ફૂલ અથવા ગૂંથેલું (ગંથિમા) અથવા કપડાની (વેદીમા) અથવા ભરેલા કાસ્ટ (પુરિમા), અથવા ઠોકીને બનાવેલ (સમધૈમા) ધાતુ કામની હોવી જોઈએ." હરિભદ્ર એની ઉપર ટિપ્પણ કરતાં કહે છે કે "પુરિમા એટલે ભરિમન, એટલે કે પિત્તળની મૂર્તિ જેના ઘાટની અંદર પોલાણ છે." (પુરિમા ભરિમન) સાગરભરતી કડિભ્રીતા પ્રતિમા (વત). આના ઉપરથી સાફ થાય છે કે પુરિમા-ભરિમા એ લોસ્ટ વેક્સ રીતથી બનાવેલ મૂર્તિને જ સંબંધિત છે અને હરિભદ્ર હજી આગળ કહે છે કે એમાં કોર છે.

જૈન ધાર્મિકશાસ્ત્રોમાંથી એક અંગ 'નાયાધમ્મકહા'માં રાજગૃહના બેંકરની ચિત્રગેલેરીનો ઉલ્લેખ છે. એમાં કહેલ છે કે આ લાકડા (કથાકમ્મ), સ્ટકો (પોયકમ્મા) અને પ્લાસ્ટરકામ (લેપકામ), ફૂલ અને છાબ (ગંથિમા), ભરેલ, પોલી અને નક્કર ઢીંગલીઓ (પુરિમા-ભરિમા), કપડાંની મૂર્તિઓ (વેષ્ટિમા) અને ઠોકેલી મૂર્તિઓ (સમધૈયા)થી સુશોભિત છે.

આ શાસ્ત્રમાં રાજકુમારી મલ્લિની મોટી સોનાની મૂર્તિનો ઉલ્લેખ છે કે જે પછી તીર્થંકર થયાં. આ મૂર્તિ પોલી હતી અને એમાં અન્ન ભરેલું હતું એને સડાવવામાં આવ્યું હતું. આનો મલ્લિએ ખૂબ સુંદર ઉપયોગ કર્યો. પોતાના હાથની માગણી કરનારને મલ્લીએ આ ઉદાહરણ દ્વારા સમજાવ્યું કે જેમ મૂર્તિ બહારથી સુંદર છે પરંતુ અંદરના સડેલા અન્નને લીધે ખરાબ વાસ આવે છે અને પાસે કોઈ જઇ શકતું નથી એમ આપણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીર ભલે સુંદર હોય પરંતુ એની અંદર પણ નાશવંત વસ્તુઓ જ ભરી છે.

ઐતિહાસિક કાળની ધાતુપ્રતિમાઓની પાર્શ્વનાથની જૂની મૂર્તિ છે જે હાલના છત્રપતિ શિવાજી વસ્તુસંગ્રહાલય–મુંબઈમાં છે. એના અવયવો લાંબા અને પાતળા છે, ચહેરો પુરાતન કે જેને જૂના ટેરાકોટાની મૂર્તિઓના કે હરપ્પન નૃત્યાંગના સાથે સરખાવેલ છે.

ઉત્તરભારતમાં ઈશુની શરૂઆતની સદીઓની કાંસ્ય ધાતુની મૂર્તિઓ બહુ ઓછી છે. કૃષાણકાળ દરમ્યાન ધાતુ કામની માહિતી, બિહારના બકસર પાસે આવેલ ચૌસા કે જ્યાંથી ધાતુ મૂર્તિઓનો સંગ્રહ મળ્યો છે, (હાલમાં પટના સંગ્રહાલયમાં છે એમાંથી મળે છે) એનો સમય છે ઈ.સ.ની પહેલી–બીજી શતાબ્દીથી ચોથી શતાબ્દી સુધીનો. બધી જ મૂર્તિઓ નગ્ન તીર્થંકરની છે. એ ઉત્તર ભારતના ધાતુપ્રતિમાના અભ્યાસની ખાલી જગ્યા પૂરી કરે છે અને એમાંની ત્રણ મૂર્તિઓ ગાંધારકાળની અસર દેખાડે છે. ધર્મચક્ર એ ખૂબ જ રસપ્રદ છે. પાર્શ્વનાથની મૂર્તિ ઈ.સ. પૂર્વે ૧લી સદીના કાળમાં મૂકી શકાય છે.

પશ્ચિમ ભારતમાં આ શૈલી ઈ.સ. ૫–મી સદીથી શરૂ થઈ કે જેનું સૂચન આકોટાની જીવંતસ્વામીની મૂર્તિથી મળે છે, જેનો સમય ઈ.સ. ૫૦૦ની આસપાસ છે. ગળાની રેખા, હાથ



**જૈન મંદિર–તળાજા**



**ચક્રેશ્વરી દેવી જૈન-દેરાસર(નવું દેરાસર) વડનગર**

અને મુકુટ એ બધાં વહેલા ગુપ્તકાળનાં છે. ધોતીના મધ્યભાગમાં પાટલી અને ઊડતા છેડા છે અને એ શામળાજીની પથ્થરની શિવમૂર્તિ કરતાં ઓછું પારદર્શક છે. ઋષભનાથની કાંસ્યમૂર્તિ જે જિનભદ્ર વાચનાર્થે સ્થાપિત કરી હતી એ પણ ગુપ્તકાળની આકોટાથી જ મળેલ છે. એનો સમય ઈ.સ. ૫૦૦–૫૪૦ની આસપાસનો છે, જે ગુપ્ત શૈલીથી થોડી નવીનતા દેખાડે છે. પશ્ચિમ ભારતની બીજી એક પહેલી મૂર્તિ એ નાગેશ્વરી સ્થાપિત જીવંતસ્વામીની ઊભી મૂર્તિ છે, જેનાં પેડેસ્ટલ ઉપર લેખ છે, જેમાં ઈ.સ. ૫૦૦ના શબ્દ દેખાય છે. એ પણ આકોટામાંથી મળેલ છે.

સીરપુર (M.P.) માં, મુનિ શ્રી જિનવિજયજીના સંગ્રહમાં આવેલ સુંદર તારાની મૂર્તિ ઈ.સ. ૯૦૦ની છે અને ગુપ્તકાળ પછીના ઉત્તરભારતની ઉત્તમ કારીગરીના બેનમૂન નમૂના છે.

મહારાષ્ટ્રના આકોલા જિલ્લાના રાજનાપુર ખીનખીનીમાંથી ઘણી જૈન કાંસ્યમૂર્તિઓ પ્રાપ્ત થઈ છે.

જલગાંવ જિલ્લાના ચહારડી ગામમાંથી મળેલ ચોવીસીની મૂર્તિ, જે હાલમાં છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુસંગ્રહાલયમાં છે અને જેની સ્થાપના જલવૃદ્ધમાંના ચંદ્રકુળના પ્રદ્યુમ્ન આચાર્યના શિષ્યે કરી હતી એ રાષ્ટ્રકૂટકામનો ઉત્તમ નમૂનો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઓસિયા

ઓસવાલ વાણિયાનું જન્મસ્થાન ઓસિયા એ જોધપુર વાયવ્યમાં ૬૬ કિ.મી. દૂર આવેલ નાનું પણ સુંદર રળિયામણું ગામ છે. જોધપુર-ફલોદી-જૈસલમેર સાથે ટ્રેનથી અને જોધપુર-ફાલોદી સાથે બસથી સંકળાયેલ આ નાનકડી નયનરમ્ય જગ્યામાં ફક્ત બે જ ધર્મશાળાઓ છે. આ બેઉ ધર્મશાળા જૈનોની જ છે. એક મહાવીરમંદિરમાં અને બીજી સચિયામાતાના મંદિરમાં-અહીં ભોજનશાળા પણ છે.

ઓસિયા-એ એક ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી જગ્યા છે, જ્યાં ફક્ત જૈનોનાં જ નહીં હિંદુઓનાં પણ ઘણાં સુંદર અને મહત્ત્વનાં મંદિરો બંધાયેલ છે-આમાંનાં પ્રાચીન મંદિરોમાંના હરિહર, વિષ્ણુ, સૂર્ય, પીપળાદેવી, સચિયામાતાનાં મંદિરો કે જે સાધારણ ૮ થી ૧૦મી શતાબ્દીનાં છે એ ઘણાં મહત્ત્વનાં છે. એમ કહેવાય છે કે એક કાળે ઓસિયામાં લગભગ ૧૦૮ મંદિરો હતાં.

સિદ્ધસેનસૂરિ રચિત સકળતીર્થ સ્તોત્રમાં આ મહાવીરમંદિરનો ઉલ્લેખ આવે છે. પ્રતિહારા રાજા વત્સરાજાના સમય દરમ્યાન લગભગ ઈ.સ. ૭૮૩-૯૨માં આ મંદિર બંધાયેલ હોવાની માન્યતા છે.

ઓસિયાનાં ઘણાં નામો છે, જેમાંનાં જાણીતાં નામો- ઉપકેશા, ઉપકેશ-પાટણ, ઉશ્કેરા, મેલુપુર, પાટણ, નવતેરી વગેરે છે.

વિક્રમની ૧૪મી શતાબ્દીમાં લખાયેલ પુસ્તક 'ઉપકેશ-ગચ્છ પટ્ટાવલી' આ મંદિરના બાંધકામનો ઇતિહાસ કંઈ આ રીતે જણાવે છે : વીરનિર્વાણ સંવત ૭૦માં ઉપાલદેવ રાજાના મંત્રી ઉહાડે આ મંદિર બંધાવેલ અને આચાર્ય રત્નપ્રભસૂરિજી (પાર્શ્વનાથથી હારમાંના ૭મા) એ મહાવીર ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી, એની વાર્તા કંઈક આવી છે- ભિનમાળના રાજા ભીમસેન એક શક્તિશાળી રાજા હતા-એમને શ્રીપુંજ અને ઉપલવ નામના બે પુત્ર હતા-એક વાર આ બેઉ ભાઈઓમાં ઉગ્ર મતભેદ થતાં, ઉપલદેવ રાજ્ય છોડીને ચાલી ગયા. મંડોવર નજીક ઓસિયા અથવા ઉપકેશની એમણે સ્થાપના કરી-આ સમયે ત્યાં કોઈ જૈન શ્રાવક-શ્રાવિકા ન હતાં. ફરતાં ફરતાં એકવાર રત્નપ્રભસૂરિજી પોતાના ૫૦૦ શિષ્યગણ સાથે અહીં આવ્યા અને નજીકના લુણાદ્રી પર્વત ઉપર રહ્યા. રાજા અને પ્રજા બેઉ મુનિશ્રીના પ્રશંસક બની ગયા. એકવાર અહીંના રાજકુમારને સર્પદંશ થયો ત્યારે એને શ્રી રત્નપ્રભસૂરિજીએ ઠીક કર્યા. આ ચમત્કાર જોઈને રાજા અને લગભગ ૩ લાખ જેટલી પ્રજા અને ૮૪ હજાર રાજપૂતોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો. ઉહાડ મંત્રીએ આ સમય દરમ્યાન આ મંદિરનું નિર્માણ કર્યું. બીજી એક લોકવાયકા અનુસાર રાજા ઉપલદેવે આ મંદિર બંધાવ્યું છે.

લોકવાયકા પ્રમાણે તો ભગવાન શ્રી મહાવીરની મૂર્તિ દૂધ અને રેતીની બનેલી હતી. ચામુંડાદેવીએ આ મૂર્તિ જમીનની નીચે બનાવેલ પરંતુ એમણે કહેલા સમયની પહેલાં એને બહાર કાઢતાં, મૂર્તિની છાતી ઉપર બે ગાંઠ આવી ગઈ છે.

મંદિરમાંનાં તોરણ, ખાંભ અને દેવકુલિકા ઉપરના લેખોથી મંદિરના બાંધકામ, સમારકામ વિશેની માહિતી મળે છે. આનું કામ કોણે અને ક્યારે કરાવ્યું એનો ઉલ્લેખ મળે છે. નળમંડપમાં ૨૮ લીટીનો શિલાલેખ છે, જે રાજા વત્સરાજાની સ્તુતિ કરે છે અને કહે છે કે એ રાવણને મારનાર રામના ભાઈ લક્ષ્મણના વંશજ છે અને આ મંદિર એમણે બંધાવેલ છે. એમાં જિંદાક વ્યાપારીનો પણ ઉલ્લેખ છે કે જેમણે રંગમંડપ બંધાવી અને વિ.સં. ૧૦૧૩માં મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. ભંડારકર આ મંદિરને ઈ.સ. ૭૭૦-૮૦૦ના કાળમાં મૂકે છે.

## શિલ્પકામનું વર્ણન



**પ્રત્યેક શિલ્પ સ્થાપત્યમાં આપણને કલા કૌશલ્યનાં દર્શન અવશ્ય થવાનાં જ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**જિનમંદિરોની કલાસંપત્તિ ખરેખર વિશ્વમાં બેજોડ અને સમૃદ્ધ છે.**

મૂળ પ્રાસાદ જે ૭.૭૭ મી.ની પહોળાઈવાળો છે એ પંચરથના નકશા ઉપર આધારિત ચોરસ ખંડ છે, જેમાં ભદ્ર, પ્રતિરથ અને કર્ણ એ ૪:૪:૧:૨ના પ્રમાણમાં છે. આ મૂળ પ્રાસાદ પીઠ ઉપર ટેકાયેલો છે. વેદીબંધ, મંદિરની નીચેની દીવાલ ગોખલાઓથી સુશોભિત છે, જેમાં કુબેર, ગજાભિષેક લક્ષ્મી, વાયુ, મિથુન વગેરેની મૂર્તિ સ્થાપેલ છે. કપોતાએ લટકતી કળીઓની નકશીથી સુશોભિત કરેલ છે. એની ઉપર ગોખલામાં દિક્પાલ છે જે ચારેબાજુથી ઉદ્‌ગમોથી ઘેરાયેલો છે, જેમાં ઇન્દ્ર, અગ્નિ, યમ, નિરુતી, ઇશાન, વરુણની મૂર્તિઓ છે. ગર્ભગૃહના ભદ્રને સુંદર નકશીદાર જાળીવાળી બાલ્કની–બારીથી સજાવેલ છે, જે બે પ્લાસ્ટરથી જોડાયેલ છે. પ્લાસ્ટર ખૂબ જ સુંદર રીતે કમળ, ઘટપલ્લવ, કીર્તિમુખ, ભૂંગળા કે જેની ઉપર તરંગપોટિકા છે એ નકશીઓથી સજાવેલુ છે. પશ્ચિમ બાજુના ગોખલામાં ભૈરવની મૂર્તિ છે, જે એક અસાધારણ વાત છે. કદાચ હજી આ લોકોએ નવો નવો જૈનધર્મ અપનાવેલ એટલે પોતાના પહેલા ધર્મને હજી ભૂલી શક્યાં નથી અને મંદિરના એક ગોખલામાં એની સ્થાપના કરી. એવી જ રીતે પશ્ચિમ પરિસરમાં એકબીજાને વીંટળાયેલા બે નાગની મૂર્તિ છે, જે જૈનશ્રાવક પોતાના અધિષ્ઠાતા દેવ માનીને પૂજે છે.

મંદિરનું શિખર એ૧૧મી સદીનું મરુશૈલીનું છે, જેમાં કર્ણ, શ્રૃંગ (મિનારા), ઉરશ્રૃંગ (ઢળતા શંકુ આકારના ઘુમ્મટ) અને મુખ્ય શિખરનો સમાવેશ થાય છે. મધ્યભાગમાં રથિકાને બદલે ગવાક્ષય (બાલ્કની) છે, જે સાધારણ વાત છે.

ગૂઢમંડપમાં ભદ્ર અને કર્ણ છે એ વરંડિકા સુધી ગર્ભગૃહના મોલ્ડિંગનો હિસ્સો છે. જગા (દીવાલ)નો ભાગ એ યક્ષ, યક્ષિણી અને વિદ્યાદેવીની મૂર્તિઓથી સુશોભિત કરેલ છે. દીવાલ ઉપર સરસ્વતીની પુસ્તક સાથે, પાર્શ્વયક્ષ જેની ઉપર સાતફણાના સર્પનું છત્ર છે, અચ્યુતા, અપ્રતિચક્ર વગેરેની મૂર્તિઓ છે. ગૂઢમંડપમાં ફાંસના જાતનું શિખર છે, જેના ઉપર નૃત્ય કરતાં વિદ્યાધર, સંગીત વગાડતા ગાંધર્વ, ખૂણામાં યક્ષમૂર્તિ અને ભૂમિતિ તેમ વેલીની નકશીઓ છે. આગળના ભાગ ઉપર જિન અને યક્ષની મૂર્તિઓ છે.

મુખમંડપનો હાલમાં જીર્ણોદ્ધાર થયો છે–પણ એ જૂની રચનાને ધ્યાનમાં રાખીને થોડા ફેરફાર સાથે કરેલ છે. આ ભાગના અંતમાં યક્ષિણી અને વિદ્યાદેવીની મૂર્તિઓથી સુશોભિત કરેલ છે. એની ઉપર આદિનાથ, કાલી, મહામાનસી, વરુણયક્ષ, સર્વાનુભૂતિ યક્ષ, અંબિકા, મહાવિદ્યા અને રોહિણી વગેરેની મૂર્તિઓ છે.

## ઘાણેરાવ મહાવીર મંદિર

રાણકપુરના નજીકના પરિસરમાં આવેલ આ મહાવીરમંદિર ઉત્તરમુખી છે અને એમાં ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ, ટ્રીકામંડપ અને પોર્ચ (મુખ ચતુષ્કી)નો સમાવેશ થાય છે, જેમાં પગથિયાં ચડીને જવાય છે અને સામે રંગમંડપ–૨૪ દેવકુલિકા સહિત છે. આ પૂર્ણ ઇમારત ઊંચી જગતી ઉપર ઊભી છે અને એની ચોતરફ ઊંચી દીવાલ ચણેલી છે.

ગર્ભગૃહ ચોરસ છે અને એને ભદ્ર તથા કર્ણ છે. મધ્યઆકૃતિ એ બહારની બાજુની આકૃતિ છે અને પ્રદક્ષિણાપથ એ બહારમાં સુંદર શણગારેલા જાળીવાળા ઝરોખાથી સજાવેલ છે.

બહારમાં પડથાર એ ઘણા મોલ્ડિંગથી પારંપારિક રીતથી સજાવેલ છે અને ભદ્રમાંના ગોખલાઓમાં જૈન દેવ–દેવીઓ, યક્ષ–યક્ષિણીઓની મૂર્તિ છે, જેમાં મુખ્યત્વે પદ્માવતી, ચક્રેશ્વરી, યક્ષ બ્રહ્મા, યક્ષ નિર્વાણી અને ગોમુખી એ પૂર્વથી પશ્ચિમ તરફ પ્રદક્ષિણાની વ્યવસ્થામાં ગોઠવેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંઘાની દીવાલના કર્ણ ઉપર (ખૂણામાં) દિક્પાલ, બાજુના રિસેસ ઉપર વ્યાલા છે, જેને હાથીના બ્રેકેટનો ટેકો છે અને ઉપર ગંધર્વ અને અપ્સરા વિવિધ મુદ્રાઓમાં છે. ભદ્રબાલ્કનીમાં સુંદર શિલ્પો છે તો જાળીમાં કૂદતા વ્યાલાની કોતરણી છે. ટ્રીકામંડપમાં નીચાણ છે અને એમાં વિદ્યાદેવી, ગણ અને ઉત્તર, દક્ષિણમાં કુંભ પુરુષની મોટી મૂર્તિ છે. ૬ થાંભલા અને ૪ પ્લાસ્ટર સુંદર રીતે કોતરેલાં છે.

મુખ ચતુષ્કીની સીડીની આજુબાજુમાં મોટી પેનલ છે, જેમાં વિદ્યાદેવીની મૂર્તિ જેમકે વજ્રાંકુશા અને યક્ષ ગોમુખ, બ્રહ્મા વગેરે કોતરેલ છે.

છત–ખૂબ જ રસદાયક વિવિધતા દેખાડે છે. મુખ ચતુષ્કી એ સાધારણ છે જ્યારે ટ્રીકાની છત એ સમતલ જાતની છે, જેમાં મધ્ય પદક એ વ્યાલા અને નૃત્યાંગના અને એરોબેટલના ગોળાસર હરોળથી સુશોભિત છે. ગૂઢમંડપની છત એ સોલંકી પ્રકારની છે, જેમાં દસ વીંટી આકારના ગોળાકાર મધ્યમાં આવેલ પદ્મ કેસર પદકમાં પૂરું થાય છે. દરેક વીંટી આકારના ગોળાકાર શણગારેલ છે, જેના બ્રેકેટમાં અપ્સરા અથવા નાયિકા મનમોહક મુદ્રામાં કંડારેલ છે.

ગૂઢમંડપનો દરવાજો એ સુંદર પારંપારિક નકશી–ભાતમાં કોતરેલ છે.

## ઝાલરા પાટણ

## શાંતિનાથ મંદિર–ઝાલરા પાટણ

ઝાલરા પાટણના જૂના ગામમાં આવેલ પૂર્વમુખી શાંતિનાથ મંદિરમાં ગર્ભગૃહ અને અંતરાળ, કે જે આરંભના વાસ્તુનાં છે એની આગળ ગૂઢમંડપ છે અને પોર્ચ, કે જે પછીના સમયનો છે એનો સમાવેશ થાય છે. રચનામાં આ મંદિર પંચ–રથ અને નગરશૈલીના શિખરથી સુશોભિત છે, જેની પ્રમાણતા અને ચળકાટ એ એક ઉત્તમ નમૂનો છે. પડથાર, કે જેના ઉપર મંદિર ઊભું છે એમાં સુંદર મોલ્ડિંગ છે જેના ગોખલામાં જિનમૂર્તિઓ કંડારેલ છે. દીવાલ ઉપર બે હરોળમાં ઊભાં પૂતળાંઓ છે.

શિખર પણ પાંચ રથનું છે. મંદિરમાંનાં આગળ પડતાં મોલ્ડિંગ અને સુંદર નકશીવાળી કોતરણી અને શિલ્પોનો એક જુદો જ પ્રભાવ છે. આ શૈલી મુખ્યત્વે મધ્યભારતમાં દેખાય છે, જ્યાં એ ઘણી લોકપ્રિય છે.

આ મંદિરનું નિર્માણ, શાહ પીપાએ ઈ.સ. ૧૪૦૬માં કર્યું અને એની પ્રાણપ્રતિષ્ઠા ભવદેવસૂરિએ કરેલ છે.

## કુંભારિયા

હિંદુ તીર્થસ્થાન અંબાજી નજીક અને માઉન્ટ આબુથી ૨૨ કિ.મી. ઇશાને આવેલ આ મંદિરનો સમૂહ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલો છે અને આરસના નામથી પ્રખ્યાત હતો, જેમાં અંબાજીનો પણ સમાવેશ થાય છે. કુંભારિયા અંબાજીથી ૨ કિ.મી. દૂર છે અને અંબાજી, પૂર્ણ ગુજરાત સાથે એસ.ટી.થી જોડાયેલ છે. કુંભારિયામાં જૈનધર્મશાળા છે, જ્યાં ભોજનશાળા પણ છે.

હાલમાં અહીં ૬ મંદિરો છે, જેમાંથી પાંચ જૈનમંદિરો છે અને એક શિવમંદિર છે. જૈનમંદિરો પોતાની નાજુક અને સુંદર કોતરણી માટે મશહૂર છે, જેને જોવા ફક્ત જૈન જ નહીં બધાં જ લોકો આવે છે. અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢી અહીંનો વહીવટ સંભાળે છે.

## મહાવીર મંદિર

અહીં આવેલ મંદિરસમૂહમાં સહુથી પ્રાચીન આ મંદિર ઊંચી જગતી (પીઠ) ઉપર આવેલ છે, જેમાં મૂળ પ્રાસાદ, ગૂઢ મંડપ જેની આગળ અને બાજુમાં પ્રવેશદ્વાર છે, ટ્રીકા, રંગમંડપ, બાલનક અને આજુબાજુમાં આઠ દેવકુલિકાઓ છે. મંદિરની આજુબાજુ પ્રકરા (ચોક) છે.

## શાંતિનાથ મંદિર

મહાવીરમંદિરની ઉત્તરે આવેલ આ મંદિર ચતુરવિમસ્તિ જિનાલય છે, જેની રચના વગેરે મહાવીરમંદિર જેવી જ છે અને શાંતિનાથ ભગવાનને અર્પણ કરેલ છે.

મૂળપ્રાસાદમાં શાંતિનાથ તીર્થંકરની મૂર્તિ ધ્યાનમુદ્રામાં કુંભી ઉપર છે આ પછીના સમયની છે. કુંભીની ઉપરના લેખમાં વિ.સં. ૧૩૧૪નો ઉલ્લેખ છે.

## પાર્શ્વનાથ મંદિર

મહાવીર મંદિર અને શાંતિનાથ મંદિર કરતાં થોડું મોટું, પરંતુ બેઉ મંદિરોને લગભગ મળતું એવું આ મંદિર છે. અહીં મુખ ચતુષ્કીમાં બાલનકને બદલે નળમંડપ બાંધેલ છે. આ મંદિરમાં ૯ દેવ કુલિકાઓ છે. મંદિરની સજાવટ મહાવીરમંદિર અને શાંતિનાથ મંદિર સરખી નકશી અને કોતરણીથી નથી કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નેમિનાથ મંદિર

આ મંદિર સમૂહમાંનું સૌથી મોટું મંદિર છે. બાકીનાં મંદિરો જેવી જ રચના છે–જેમાં મૂળ પ્રાસાદ (ગર્ભગૃહ), ગૂઢમંડપ, મુખમંડપ, રંગમંડપ, સામેની બાજુ ૧૦ અને આજુબાજુમાં ૮ એમ દેવકુલિકાઓ અને નળમંડપ એમ આની રચના છે. ઉત્તરબાજુમાં પ્રવેશદ્વાર છે.

આ મંદિરની જંઘા (દીવાલ) એ નોંધપાત્ર છે અને ખરેખર સુંદર છે. હંમેશાંનાં ઊભાં અને આડાં મોલ્ડિંગ અને હાથી, મકર, વ્યાલાનાં શિલ્પો ઉપરાંત અહીં કુબેર, ઇશાન, વૈરોટ્યા, અચ્યુતા, માનવી, મહાજ્વાલા, ઇન્દ્ર, અગ્નિ, વજાંકુશી, વજશૃંખલા, ચક્રેશ્વરી, નરદત્તા, યમ, નિરુતી, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, વરુણ અને વાયુ તેમજ જુદી જુદી નૃત્યમુદ્રા અને સંગીત વગાડતી અપ્સરાઓ, જેની ઉપર મિથુનયુગલ છે. મુખ્ય ગોપાલાઓમાં જિનમૂર્તિઓ છે.

## તારંગા

એક પ્રખ્યાત સિદ્ધક્ષેત્ર અને જૈનનું પવિત્રસ્થળ, તારંગા એ અમદાવાદની ઉત્તરે ૧૨૦ કિ.મી. દૂર મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકામાં આવેલ છે. અમદાવાદ, બરોડા, મહેસાણા, જંબુસર સાથે એસ.ટી. અને અમદાવાદ સાથે રેલ્વેથી જોડાયેલ છે. નજદીક આવેલ વસાહત ટીંબાએ ખૂબ જ નાની જગ્યા છે. જૈન ધર્મશાળા, જે જમવાનું પણ આપે છે એજ એકમાત્ર રહેવાસી ઠેકાણું છે.

ઘણાં નામોથી ઓળખાતું–તારાનગર, તારાપુર, તરણદુર્ગ, તારાગઢ–એ ઘણી વિખ્યાત વ્યક્તિઓ જેમ કે વરાદત્ત, વારંગ, સાગરદત્ત અને બીજા સાડા ત્રણ કરોડ મુનિઓનું નિર્વાણક્ષેત્ર છે. ઈ.સ. ૧૫મી શતાબ્દીમાં રચાયેલ મરાઠી પ્રશસ્તિ તીર્થવંદનામાં આ નામનો ઉલ્લેખ આવે છે. તારણદુર્ગ નામના ડુંગરને તારંગા કહે છે.

તારંગા ઉપર કુલ ૧૩ દિગંબર મંદિરો, એક માનસ્તંભ અને ૯ શ્વેતાંબર મંદિરો છે જેમાંના અજિતનાથ અને સંભવનાથનાં મંદિરો મુખ્ય છે.

## અજિતનાથ મંદિર

ગુજરાતનું તેમજ ભારતભરનુ ઊંચામાં ઊંચું જૈનમંદિર આ સોલંકીકાળનું એક ઉત્તમ મંદિર છે, જે કુમારપાળે બંધાવેલ મંદિરોમાંનું મોટું બાંધકામ છે.

## સંભવનાથ મંદિર

સંભવનાથની મૂર્તિ સફેદ આરસપહાણની છે જે ૨ ફૂટ ૩ ઈંચ ઊંચી છે અને પદ્માસનમાં છે. ડાબી બાજુ પાર્શ્વનાથની મૂર્તિ છે, જે ૧ ફૂટ ૪ ઈંચ ઊંચી છે અને જમણી બાજુ શ્રેયાંસનાથની સફેદ આરસ પહાણની મૂર્તિ છે, જે ૧ ફૂટ ઊંચી છે.

મૂળનાયકની મૂર્તિની આગળની હારમાં ૪૪ ધાતુ પ્રતિમાજી ગોઠવીને રાખેલ છે. ડાબીબાજુનાં દીવાલ–ગોખલામાં પદ્માવતી અને સરસ્વતીની મૂર્તિઓ છે.

આ બે મંદિરો સિવાય તારંગા ઉપર બીજાં ચૈત્યમંદિર, છોટી દેરી, નંદીશ્વર જિનાલય, માનસ્તંભ, મહાવીરમંદિર, અજિતનાથ મંદિર, ઋષભનાથ મંદિર, અજિતનાથ ટૂંક, ઋષભદેવ મંદિર, બાહુબલી, પદ્મપ્રભ, ચંદ્રપ્રભ અને વાસુપૂજ્ય મંદિર છે. આ સર્વમાં ઋષભદેવનું મંદિર ઉલ્લેખનીય છે.

## ઋષભદેવ મંદિર

મંદિરમાં ગર્ભગૃહ, સભામંડપ અને અર્ધમંડપનો સમાવેશ થાય છે. આ ત્રણને શિખરો છે. મૂળ નાયક ઋષભદેવની પ્રતિમા પંચધાતુની છે અને ૨ ફૂટ ૬ ઈંચ ઊંચી છે, જેની પ્રાણપ્રતિષ્ઠા ફાગણ સુદ ૨ સંવત ૧૯૨૩ને દિવસે થઈ હતી. આ મૂર્તિની આજુબાજુમાં ઋષભદેવ અને શાંતિનાથની મૂર્તિ છે, જે સફેદ આરસપહાણની છે અને માનસ્તંભને ખણતાં ત્યાંથી મળી હતી. મંદિરમાં હજી બીજી ૧૬ ધાતુની પ્રતિમાઓ છે.

લોકવાયકા એવી છે કે ક્યારેક સંભવનાથના મંદિરમાંથી રાત્રે નૃત્ય–સંગીતનો અવાજ આવે છે અને એવી પ્રતીતિ થાય છે કે સ્વર્ગમાંથી અન્ય દેવો તીર્થંકરની પૂજા કરવા આવેલ છે.

## માઉન્ટ આબુ

## માઉન્ટ આબુનાં મંદિરો

આબુ રોડ રેલ્વે સ્ટેશન તેમ જ બસ સ્ટેન્ડથી ૨૯ કિ.મી. દૂર આવેલ માઉન્ટ આબુ પર્યટક સ્થળ હોવાથી ચારે બાજુનાં મુખ્ય શહેરો જેમકે અમદાવાદ, ઉદેપુર, અંબાજી વગેરેથી રોડથી જોડાયેલ છે. રેલ્વેથી આબુ રોડ સુધી અમદાવાદ–ઉદેપુરથી આવી શકાય છે. આબુ રોડ તેમજ માઉન્ટ આબુ ઉપર ઘણી હોટેલો અને ધર્મશાળા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋગ્વેદમાં અર્બુદાચલનો ઉલ્લેખ શાંબરના તેમજ બીજા દસ્યુનાના કિલ્લા તરીકે કરેલ છે.

માઉન્ટ આબુ ઉપર પાંચ જૈનમંદિરો છે, જે દેલવાડાનાં દેરાં તરીકે વિશ્વવિખ્યાત છે. આ જગ્યા દેલવાડા, દેઉલવાડા કે દેવળપટાકા તરીકે પણ ઓળખાય છે.

## વિમલ વસહી-આદિનાથ મંદિર

સોલંકી શિલ્પકામનો સુંદર નમૂનો આ મંદિર વિમલ, ભીમા ૧લાના મંત્રીએ ઈ.સ. ૧૦૩૨માં રૂા. ૧૯ કરોડના ખર્ચે બંધાવ્યું હતું. આરંભમાં ફક્ત ગર્ભગૃહ, ગૂઢમંડપ અને ટ્રીકામંડપ હતાં, પરંતુ સમયની સાથે સાથે બીજા મંડપોનો ઉમેરો થતો ગયો. મંત્રી પૃથ્વીપાલે ઈ.સ. ૧૧૫૦ની આસપાસ નૃત્યમંડપનો ઉમેરો કરાવ્યો.

સમચોરસ આંગણમાં સ્થાપિત મંદિરની આજુબાજુ નાનાં મંદિરો દેવકુલિકા અને બે કોલોનેડની કતાર છે. આ બેઉ પાછળથી ઉમેરાયાં છે. અંદર-બહારનો વિરોધાભાસ આંખને વળગે એવો છે. બહારની દીવાલ એકદમ સાદી છે તો અંદરનો ભાગ ઉદારતાપૂર્વક કરેલ નકશીવાળો છે.

મંદિરની દીવાલોના ગોખલાઓ જિનમૂર્તિથી સુશોભિત છે. મુખ્યમંદિર-ગર્ભગૃહ તરફ જવાને રસ્તે બેઠેલી જિનમૂર્તિઓ અને દિક્પાલની મૂર્તિઓ છે. હાલના મૂળનાયક-મુખ્ય જિનતીર્થંકર આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૩૫૨ના જિર્ણોદ્ધારના સમયે થયેલ છે.

શિલ્પકામની મુખ્ય કીર્તિ એની બારીક કારીગરીમાં સમાયેલ છે. ખાંભની હારમાં નાના ગોખલાઓમાં સુંદર મૂર્તિઓ, છટાદાર શણગાર અને સ્ક્રોલકામ, સુંદરીના રૂપમાં બનાવેલ ખૂણાઓ ખાંભની હારથી મુખ્ય રસ્તાને જોડતો ભાગ કે જે બહારના મંડપની સાથે છે એમાં ખૂણે મૂકેલ લિન્ટેલ નાની નાની મૂર્તિઓથી આચ્છાદિત છે. ઘુમ્મટોની છતમાં નૃત્યાંગના, સંગીતકાર, સૈનિકો, ઘોડા અને હાથીઓની હાર છે, જે પદ્મ આકારના પદકની આજુબાજુ ગોઠવાયેલ છે. છતની કોતરણીની વિવિધતા અને અચૂકતા એ નોંધપાત્ર-ધ્યાન ખેંચનારી છે. મંડપની મધ્ય છત, જે ખુલ્લા મંડપના મધ્યભાગમાં છે એનો વ્યાસ ૭ મીટર છે, જે ગુજરાતમાં સૌથી મોટો છે. આમાં ૧૬ કમનીય કન્યા બ્રેકેટના રૂપમાં છે. મધ્યભાગે કમળ એ પદકના ગુચ્છના આકારમાં છે અને પ્રમાણમાં નાનું છે બાજુમાં રસ્તાની પેનલ પર દેવીની મૂર્તિઓ તેમજ બીજી સરસ અને રસપ્રદ પ્રસંગો જેમ કે નૃસિંહ અને કૃષ્ણની કથાઓ કોતરેલ છે. એની વિરુદ્ધમાં મંદિરની અંદરની જૈનમૂર્તિઓ કઠોર અને પુનરોક્ત છે.

## ગિરનાર

જૈન તેમ જ હિંદુઓનું એક ખૂબ જ પવિત્ર તીર્થસ્થાન ગિરનાર, જ્યાંના શાંત-પવિત્ર વાતાવરણમાં ઘણાં મંદિરો વસેલાં છે એ સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં છે અને ઘણો લાંબો ઈતિહાસ ધરાવે છે. ચોમાસા સિવાય આખા વર્ષ દરમ્યાન અહીં અવર-જવર હોય છે. આ જગ્યા બધાં જ મુખ્ય શહેરો સાથે એસ.ટી.થી જોડાયેલ છે. ચોમાસામાં માત્ર પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થાય છે. જૂનાગઢથી ગિરનાર પહાડ ઓટોરીક્ષા, એસ.ટી.થી જોડાયેલ છે. ગિરનાર તળેટીથી પહાડ ચડવા બેથી અઢી કલાક લાગે છે. ગિરનારનું નેમિનાથ મંદિર ૬૫૦ મીટરની ઊંચાઈ પર આવેલ છે.

જૈન લોકો માટે ગિરનાર અનોખું મહત્ત્વ ધરાવે છે. ૨૨મા તીર્થંકર શ્રી નેમિનાથજીને ગિરનાર ઉપર કેવળજ્ઞાન અને નિર્વાણ પ્રાપ્ત થયાં હતાં એટલે ગિરનાર તીર્થક્ષેત્ર તરીકે ઓળખાય છે. ગિરનાર ઉપર ઘણાં જૈન મંદિરો છે, જેમાંનું નેમિનાથમંદિર સૌથી મોટું છે. અહીં ઘણાં મંદિરો હોવાથી શત્રુંજયની જેમ ઘણીવાર ગિરનારને પણ મંદિરોનું શહેર કહેવાય છે.

જિનપ્રભસૂરિના વિવિધ તીર્થકલ્પમાં મુનિ શ્રી જિનવિજયે આ તીર્થનું મહત્ત્વ સમજાવેલ છે.

ગિરનાર મુખ્યત્વે નેમિનાથ સાથે સંકળાયેલ છે, ખાસ કરીને એમની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષને કારણે આ એક મહત્ત્વનું તીર્થસ્થાન થઈ ગયું છે.

## મંદિરો :

## નેમિનાથ મંદિર

ગિરનાર પર્વત ઉપરનું સૌથી જૂનું મંદિર-દંડનાયક સજ્જને ઈ.સ. ૧૧૨૯માં પાછું બંધાવ્યું એમ મંદિરમાંના શિલાલેખમાં પુનઃ સ્થાપનાનો ઉલ્લેખ છે-કદાચ આ પુનઃસ્થાપના બહુ મોટા પાયા પર ન હતી. પુનઃસ્થાપના પહેલાં ૧૦૦ વર્ષ પહેલાં આ મંદિર હતું એમ લાગે છે. પછી નૂતનીકરણ કરવામાં મંદિરમાં ઘણા ફેરફાર થયા છે. સોલંકી શૈલી-મરુગુર્જર કે નગરશૈલીમાં બંધાયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચના : આ મોટા મંદિરમાં મૂળ પ્રાસાદ સાથે ગૂઢમંડપ, મુખ ચતુષ્કી અને બે બાજુ ખુલ્લી જગ્યા છે. સાંધાર શૈલીના મંદિરના ગર્ભગૃહની ફરતે પ્રદક્ષિણાપથ છે.

મંદિરને ૭૨ દેવકુલિકા છે, જેમાં થાંભલાવાળી પરસાળ ગૂઢમંડપના દ્વારની સમાન ધરી ઉપર છે અને એની સામે માળવાળી બાલનક છે. મુખ્ય મંદિરના કોમ્પ્લેક્ષમાં આ બંધબેસતું નથી. ઈ.સ. ૧૫મી સદીના ચૈત્યપરિપતિ આ દેવકુલિકાઓ વસ્તુપાલે ઉમેરાવી એવો ઉલ્લેખ કરે છે. મંદિરમાં રંગમંડપ નથી.

સમચોરસ જગ્યા ૭૦ દેવકુલિકાઓથી અને થાંભલાવાળી પરસાળથી ઘેરાયેલ છે. મંદિરની આજુબાજુનો રસ્તો તેમજ બાજુના મંડપની રચના સીડીવાળી છે. મંડપ, ચોરસ છે, જેમાં વચ્ચે ખુલ્લી જગ્યા છે અને જેની આજુબાજુ ૨૨ થાંભલાઓ છે, જે પરસાળ રચે છે. ખરેખર તો વિમાન કે મંદિરની બહારની ઊંચાઈમાં જ પહેલા મંદિરનાં લક્ષણો દેખાય છે. શિખરમાં ઉરુશૃંગનાં ઝૂમખાં કે જે ઈ.સ. ૧૨મી સદીની સોલંકી શૈલીમાં છે.

મંદિરમાં જાળીવાળા ઝરોખાની બારીઓ છે.

## જેસલમેર

જેસલમેર, રાજસ્થાનનો એક જિલ્લો, જેનું મુખ્ય શહેર જેસલમેર છે એ પોતાની શિલ્પકલા માટે પ્રખ્યાત છે. ભારતના



જેસલમેરની અજોડ કલાકારીગરીનો સુંદર નમૂનો

વાયવ્ય ખૂણામાં આવેલ આ જિલ્લો ભૌગોલિક દૃષ્ટિએ બહુ મોટો છે પરંતુ વસ્તીમાં નાનો છે. ઈંટોના કિલ્લાની દીવાલ અંદર આવેલ આ કિલ્લાએ ઘણી બધી લડાઈઓ જોઈ છે. બધી જ આફતોમાં આ અડીખમ ઊભો રહ્યો અને સુંદર કલા અને શિલ્પકામની રચનાના ફેલાવામાં સાથ આપતો રહ્યો. આ જોધપુર તેમજ અન્ય મુખ્ય શહેરો સાથે એસ.ટી. અને રેલ્વેથી જોડાયેલ છે. અહીંયાં પર્યટકોની ગિર્દી હોય છે એટલે હોટેલ, ધર્મશાળા, રેસ્ટહાઉસ વગેરે પુષ્કળ છે.

## જૈન મંદિરો

જેસલમેરનાં જૈનમંદિરો સોલંકી અને વાઘેલાશૈલી ઉપર પરંતુ થોડા ફેરફાર સાથે બાંધેલાં છે. આ મંદિરો પરંપરાગત બાંધેલાં છે. જગતી, પડથાર, જેના મધ્ય ભાગે સીડી છે એ શિલ્પકામ અને મોલ્ડિંગથી સુશોભિત છે. એના ઉપર આખું મંદિર ઊભું છે, જેમાં મૂળ પ્રાસાદ, ગૂઢમંડપ, મુખમંડપ (ત્રીકા) અથવા થાંભલાવાળી પરસાળ અને રંગમંડપ છે. આજુબાજુમાં દેવકુલિકા છે. મંદિરની આજુબાજુમાં થાંભલાવાળી પરસાળ છે.

જેસલમેરનાં મંદિરો કિલ્લાની અંદર આવેલાં છે. પાર્શ્વનાથનું ઊંચું અને શિખરબદ્ધ મંદિર જાણે કે સમૂહનું મુખ્ય મંદિર જોઈ લ્યો! એની ડાબી બાજુ સંભવનાથનું મંદિર છે અને જમણી બાજુ શીતલનાથજીનું મંદિર છે. એની સામેની બાજુ ડાબી બાજુ પર કુંથુનાથજી અને શાંતિનાથજીનાં મંદિરો આવેલાં છે અને આની સામે અને પાર્શ્વનાથની જમણીબાજુમાં ચંદ્રપ્રભુજીનું ભવ્યમંદિર છે. ચંદ્રપ્રભુજીની બાજુમાં જમણી બાજુએ ઋષભદેવનું મંદિર છે. આ બધા સમૂહથી દૂર અને મોતીમહેલની પાછળની બાજુએ કિલ્લામાં મહાવીર સ્વામીનું મંદિર એકલું અટૂલું ઊભું છે.

## સંભવનાથ મંદિર

પાર્શ્વનાથ મંદિરની ડાબી બાજુએ આવેલ સંભવનાથના મંદિરમાં પાર્શ્વનાથ મંદિરના રંગમંડપમાંથી જવાય છે. આ મંદિરના ભોંયરામાં પ્રખ્યાત જિનભદ્રસૂરિજ્ઞાન-ગ્રંથભંડાર આવેલ છે, જેમાં જૈન હસ્તપ્રત અને મહત્ત્વના ગ્રંથો સાચવેલ છે. આ ગ્રંથાલયનાં પુસ્તકોમાં સૌથી જૂનું પુસ્તક ઈ.સ. ૧૦૬૦નું 'ઓઘા નિર્યુક્તિ વૃત્તિ', કે જે તાડપત્ર પર લખેલ હસ્તપ્રત છે.

શીતલનાથજીના મંદિરમાં સંભવનાથના રંગમંડપમાંથી જ જવાય છે. આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઈ.સ. ૧૪૫૧માં થઈ. પરંપરાગત શૈલી ઉપર જ મંદિર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંથુનાથ અને શાંતિનાથનાં મંદિર તો જાણે જોડિયાં મંદિરો જ છે!

## લોદ્રુવાનું મંદિર

જેસલમેરની ઉત્તરે ૧૬ કિ.મી. દૂર આ લોદ્રુવા નામનું ગામ વસેલ છે. રણમાંથી પસાર થતો રસ્તો ત્યાં જવાનો એક માત્ર માર્ગ છે, જે જરા તકલીફભર્યો છે.

હાલની પ્રતિમા 'કસોટી પથ્થર' તરીકે ઓળખાતા કાળા પથ્થરમાંથી બનેલ છે. પાર્શ્વનાથને ઘણા ફણાવાળા સર્પનું છત્ર છે. કારીગરી ઉપરથી એવું લાગે છે કે આ કામ ગુજરાતના કોઈ કારીગરે કર્યું છે અને પોતાના સુંદરકામ બદલ જરૂરથી એને કંઈક ઇનામ મળ્યું હશે.

કમાનવાળા દરવાજાથી આપણે મંદિરના પ્રાંગણમાં જઈએ છીએ. મંદિરની આજુબાજુ પ્રકાશ છે. રંગમંડપને ફાંસનાં શિખર છે. વરંડાની દીવાલ તેમજ પ્રદક્ષિણા પથને જાળીઓ છે, જેમાંથી સૂર્યપ્રકાશ અંદર આવે છે. મુખ્ય મંદિરની ચારેબાજુ બીજાં ચાર મંદિરો છે. શિલ્પકામ રાબેતા મુજબનું છે. પૂર્વનું મંદિર આદિનાથનું, દક્ષિણનું અજિતનાથનું, પશ્ચિમનું મંદિર સંભવનાથનું અને ઉત્તરનું મંદિર ચિંતામણિ પાર્શ્વનાથનું છે. આ મંદિરો ઈ.સ. ૧૬૧૮માં ઉમેરાયાં. મુખ્યમંદિરનું શિખર પ્રભાવશાળી છે, જેમાં ઉરુશ્રૃંગ સિવાય બધી બાજુ ઝરોખા છે. આ મંદિરનું મુખ્ય આકર્ષણ કલ્પવૃક્ષ છે.

જેસલમેર અને લોદ્રુવાની વચ્ચે અમરસાગર કરીને એક જગ્યા છે. અહીં આદીશ્વર–આદિનાથનું એક મંદિર છે.

## રાણકપુર



ઉદેપુરથી ૮૫ કિ.મી દૂર આવેલ આ મંદિરોનો સમૂહ મઘઈ નદીના કાંઠે અરવલ્લીની હારમાળા વચ્ચે સુંદર, શાંત નિસર્ગની ગોદમાં આવેલો છે. અહીં મંદિરના સમૂહમાં જ ધર્મશાળા છે, જ્યાં જમવાનું પણ મળે છે. મંદિરથી થોડે દૂર રાજસ્થાન ટુરીસ્ટ ગેસ્ટહાઉસ પણ છે. આ ભારતીય શિલ્પકળાનો બેનમૂન નમૂનો એવું અતિ સુંદર મંદિર ત્રિલોકદીપક પ્રાસાદ કે યુગાદીશ્વરમંદિર એ જૈન સ્થાપત્યની પરિપૂર્ણતા છે. આ મંદિરની આજુબાજુમાં બીજાં થોડાં મંદિરો પણ છે. આ મુખ્ય મંદિર માટે એક દંતકથા પ્રચલિત છે.

ત્રણ માળ લાંબું ઊંચું મંદિર એ એક ખુલ્લા આંગણામાં છે અને અંદરનું મંદિર એ ગર્ભગૃહ અને શિખર સાથે પૂર્ણ છે. ગર્ભગૃહને ત્રણ મજલી શિખર છે, જેના પ્રત્યેક માળ ઉપર સુંદર ઝરૂખા છે. ગર્ભગૃહના ચાર દરવાજા થાંભલાવાળા સભા મંડપમાં ખૂલે છે, જેને ઘુમ્મટ છે. પશ્ચિમ બાજુનો મંડપ બાકી બધા કરતાં મોટો અને વધારે સુશોભિત છે–કદાચ એ દર્શાવવા કે અંદરનું મંદિર પશ્ચિમમુખી છે. ખુલ્લા આંગણાના પ્રત્યેક ખૂણામાં શિખરબદ્ધ નાનાં મંદિર છે, બે બાજુએ બંધ છે જ્યારે બીજા બે પરસાળમાં પડે છે કે જે થાંભલાવાળા હોલથી જોડાયેલ છે. ખુલ્લા આંગણામાં એક બાજુ રાયણનું ઝાડ કે જે મંદિર બંધાતું હતું ત્યારે વાવેલું એવી માન્યતા પ્રચલિત છે, તો છત્રવાળા પેવેલિયનમાં શત્રુંજય ઋષભદેવજીનાં આરસપહાણનાં પગલાં છે.

## પાલિતાણા–શત્રુંજય

પાંચ મહત્ત્વનાં અને મુખ્ય તીર્થક્ષેત્રમાંનું એક એવું પાલિતાણા–શત્રુંજય એ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકામાં આવેલ છે અને ગુજરાતનાં લગભગ બધાં જ મોટાં શહેરો સાથે એસ.ટી.થી જોડાયેલ છે. શત્રુંજય પર્વત ઉપર રહેવા દેતા નથી, નીચે પાલિતાણામાં જ રહેવું જરૂરી છે. અહીં ઘણી ધર્મશાળાઓ છે. શત્રુંજય પહાડ ચડવા માટે લગભગ દોઢ કલાક થાય છે. પહાડ એટલે તો જાણે મંદિરોનું એક ગામ જ જોઈ લ્યો! જુદી જુદી ટૂંક પર ઈ.સ. ૧૬મી સદીથી ૧૮–૧૯મી સદી સુધી બંધાયેલ ભવ્ય મંદિરો છે. આમાંનાં ઘણાં મંદિરો સેન્ડસ્ટોનનાં બનેલાં છે.

એક એવી માન્યતા છે કે રાજા ભરત, કે જે ભારતવર્ષના પહેલા ચક્રવર્તી રાજા હતા અને ભગવાન ઋષભદેવના પુત્ર હતા એમણે શત્રુંજય ઉપર સોનાનું દેરાસર બંધાવેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પુંડરીક સ્વામીએ ૫ કરોડ મુનિવરો સાથે અહીં શત્રુંજય ઉપર ચૈત્રી પૂર્ણિમાએ સૌ પ્રથમ નિર્વાણ પ્રાપ્ત કર્યું. શ્રી મણિ અને વિનામીએ ૨ કરોડ મુનિ સાથે, દ્રાવિડ અને વરિખિલા, ૧૦ કરોડ મહાત્મા, ચક્રવર્તી અને એના વંશજો અને બીજા ઘણા બધા, સાંબ, પાંચ પાંડવ અને બીજા ઘણાએ આ પવિત્ર પર્વત ઉપર નિર્વાણ પ્રાપ્ત કર્યું એવી માન્યતા છે.

## આદિનાથનું ચૌમુખ મંદિર

ટોચ ઉપર આવેલ આદિનાથ મંદિર એ ચૌમુખ મંદિરનું લાક્ષણિક ઉદાહરણ છે, ત્યાં જે લેખ મળેલ છે એના ઉપરથી માહિતી મળે છે કે આ મંદિર ઈ.સ. ૧૬૧૮માં જૂના મંદિરની જગ્યા ઉપર સવા સોમજીએ બંધાવ્યું હતું.

૨ ફૂટની પડથાર ઉપર ઊભું આ ચોરસ મંદિર ૧૭ ફૂટ પહોળું અને ૬૭ ફૂટ લાંબું છે અને એનો આગળનો ભાગ વિસ્તૃત છે. મંદિરમાં બે ચોરસ હોલ છે અને પૂર્વમાં એક ચોરસ મંડપ/મુખ ચતુષ્કી છે, જ્યાંથી સીડીથી ઉપર ચડતાં અંતરાળાનું દ્વાર આવે છે જે ૩૧ ફૂટ પહોળું છે અને ૧૨ થાંભલાઓમાંથી ઉપર શિખર ઊભરે છે. અષ્ટકોણી થાંભલાઓ ઉપર ગોળાકાર રિસેસવાળું શિખર છે. પૂર્વના મુખ્ય દરવાજા ઉપરાંત હોલ ને બે દ્વાર છે કે જે બેઉ બાજુથી મુખ ચતુષ્કીમાં ખૂલે છે. ગર્ભગૃહ ૨૩ ફૂટનું છે, જેમાં ચાર કોલમ આરસનું સિંહાસન બનાવે છે.

## નંદીશ્વર દ્વીપ, આદીશ્વર મંદિર, બાલાભાઈ મંદિર, મોતીશા મંદિર.

અહીં શત્રુંજયનાં દરેક મંદિરનું વર્ણન કરવું મુશ્કેલ છે.

શત્રુંજયની મહત્તા એના ઉપર કેટલાં મંદિરો છે અને દેલવાડાનાં મંદિરોથી જુદાં છે અને શિલ્પકામ જુદું છે એમાં નથી–પરંતુ અહીં પ્રવર્તતી શાંતિ માટે છે. શત્રુંજય પર્વત પર સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી માણસોની અવર–જવર નથી હોતી. કોઈપણ વ્યક્તિ બ્રહ્મ મૂહુર્તમાં કોઈ પણ એક ટૂંક ઉપર બેસે તો એને સમજાશે કે કેવળજ્ઞાન પામેલા તીર્થંકર આ પર્વત ઉપર શું કામ આવતા?

પશ્ચિમ ભારતનાં જૈન મંદિરોની પવિત્રતા–ખ્યાતિ આજે ઉચ્ચ કક્ષાએ છે. દરેક જૈનો અને કેટલેક અંશે અજૈનોનાં હૃદયમાં પણ આ તીર્થસ્થાનો શ્રદ્ધાપાત્ર બની ચૂક્યાં છે.

**(Ref Arch of Western indo jain Temple by Dr. Sali & Shree Barvaliya)**



# જૈનમૂર્તિવિધાનના પરિપ્રેક્ષ્યમાં તીર્થંકરોનું કલાવિધાન

*—ડૉ. આર. ટી. સાવલિયા*



આ તીર્થંકરોએ જ આપણને ધર્મસત્તાનું વાસ્તવિક ભાન કરાવ્યું. અનિત્યાદિ ૧૨ ભાવનાઓ, અનશનાદિ ૧૨ તપો, ક્ષમાદિ ૧૦ યતિધર્મો, સામાયિકાદિ ૫ ચરિત્રો, ૨૨ પરિષહજન્ય આદિ સંવર–નિર્જરા આદિનું ભાન કરાવનારા આ તીર્થંકરો જ.

ભગવાન ઋષભદેવથી લઈને નેમિ, પાર્શ્વ અને મહાવીરસ્વામી સુધીના દરેક તીર્થંકરોના પ્રસંગો આપણને ઢંઢોળે છે, જાગૃત કરે છે, પ્રેરણા આપે છે. આ તીર્થંકરોની પ્રતિમાઓનું મૂર્તિવિધાન મુખ્યત્વે શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં જોવા મળે છે, જેમાં મૂર્તિવિધાનનાં લક્ષણોની વિશદ છણાવટ કરી છે. તીર્થંકરોની ઊભી પ્રતિમાઓને કાઉસગ્ગ અવસ્થાવાળી તથા બેઠી પ્રતિમાઓને પદ્માસનમુદ્રાવાળી કહેવામાં આવે છે.

આ લેખમાળા રજૂ કરનાર લેખક, અધ્યાપક ડૉ. રામજીભાઈ ટી. સાવલિયાનો પરિચય જોઈએ. ભારતીય સંસ્કૃતિમાં એમ. એ. (૧૯૮૨) અને પી.એચ. ડી. (૧૯૮૯). 'સંસ્કૃત સાહિત્ય અને ઇતિહાસમાં શાસ્ત્રી (દ્વિતીય)ની પદવી (૧૯૯૭), 'ગુજરાતની હિન્દુ દેવીઓનું પ્રતિમાવિધાન' નામનું મહાનિબંધનું ICHP નવી દિલ્હીના અનુદાન દ્વારા પ્રકાશન (૧૯૯૧) અને ગુજરાતમાંની માતૃકાઓનું મૂર્તિવિધાન (૧૯૯૩) અને કલાવિમર્શ (૨૦૦૦), 'સંસ્કૃતિ અને કલા' (૨૦૦૫), 'સંસ્કૃતિ અને ઇતિહાસ' (૨૦૦૬), 'સંસ્કૃતિ અને દર્પણ' (૨૦૦૭) ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશન. 'ગુજરાતની દિક્પાલ પ્રતિમાઓ' (૧૯૯૯) અને 'પાશુપત સંપ્રદાય : ઉદ્‌ભવ અને વિકાસ' (૧૯૯૯) પુસ્તકરૂપે પ્રકાશન, 'ગુજરાતનાં પ્રાચીન સરોવર, તળાવો અને કુંડો' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત (૨૦૦૦), ક. ભા. દવે રૌપ્યચંદ્રક : ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૯૯૧, સમાજ ગૌરવ પુરસ્કાર : લોકસેવા ફાઉન્ડેશન અમદાવાદ મે (૧૯૯૯), સ્વ. ડૉ. હરિભાઈ ગૌદાની સમાજ ગૌરવ પુરસ્કાર : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ અમદાવાદ ૧૯ જુલાઈ ૨૦૦૧, ક્યુરેટર કમ લેક્ચરર, વિચાર ટ્રસ્ટ, 'ધાતુપાત્ર સંગ્રહાલય (૧૯૮૨ જુલાઈથી ૧૯૮૪ જુલાઈ), ૧૯૮૪થી ભો. જે. વિદ્યાભવન અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં અધ્યયન– સંશોધન અને અનુસ્નાતક કેન્દ્રમાં અધ્યાપક. ભારતીય સંસ્કૃતિ વિષયમાં પી.એચ. ડી. માટે ગુજરાત યુનિવર્સિટી (ઓક્ટો. ૧૯૯૬) તથા આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા કેન્દ્ર અને બૌદ્ધદર્શન વિષયમાં એમ. ફિલ. અને પી.એચ. ડી. માટે ગુજરાત વિદ્યાપીઠ (માર્ચ ૧૯૯૮) દ્વારા માન્ય માર્ગદર્શક અધ્યાપક. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની પુરાતત્ત્વ, ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિની સંસ્થાઓનું આજીવન સભ્યપદ ધરાવે છે. 'સામીપ્ય' અધ્યયન અને સંશોધન ત્રૈમાસિક, (૧૯૯૨)થી સહાયક સંપાદક, ૨૦૦૭થી સંપાદક તરીકે, ગુજરાત ઇતિહાસ પરિષદમાં કોષાધ્યક્ષ (૧૯૯૪થી ૧૯૯૭) અને મંત્રી (૧૯૯૭થી ૨૦૦૦) હાલ ઉપપ્રમુખ (૨૦૦૮) આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અને બૌદ્ધ દર્શન કેન્દ્ર અને ઇતિહાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતીય સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠમાં અનુસ્નાતક કેન્દ્રમાં મહેમાન અધ્યાપક (૧૯૯૬થી) કાર્યરત, પુરાતત્ત્વ (ખોજ) શિબિર ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં (૧૯૯૨)થી તજ્જ્ઞ તરીકે. 'સામીપ્ય', 'પથિક', 'કુમાર', 'સ્વાધ્યાય', 'સંબોધિ', ગુજરાત જેવાં પ્રસિદ્ધ સામયિકોમાં એકસોથી વધુ વિવિધ વિષયોના સંશોધનાત્મક લેખો છપાયા છે.

ગુજરાત વિશ્વકોષમાં પુરાતત્ત્વ, ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિ વિષયમાં ૧૦૦ જેટલાં અધિકરણો છપાયા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં ભાગ લઈ સંશોધનપેપર રજૂ કરી ચર્ચામાં સારો એવો ભાગ લીધો છે. હાલ અધ્યાપક તરીકે ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન અમદાવાદમાં કાર્યરત છે. અનેક શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. —સંપાદક

# જૈન પ્રતિમાઓની પ્રાચીનતા અને લક્ષણો

ભારતીય ધર્મપ્રણાલીમાં હિંદુ ધર્મ પછી મહત્ત્વનો ધર્મ તે જૈન ધર્મ છે. ભારતીય ધર્મ વિચારધારામાં બે પરંપરાઓ એક બ્રાહ્મણ અને બીજી શ્રમણ જાણીતી છે. બ્રાહ્મણ પરંપરાનો વિકાસ 'બ્રહ્મન્' શબ્દની આસપાસ થયો, જ્યારે શ્રમણ પરંપરાનો વિકાસ 'શ્રમ' અર્થાત્ સમાજના દરેક માનવીને માટે સરખા અધિકારની ભાવનાની આસપાસ થયો. બ્રાહ્મણ–પરંપરામાં યજ્ઞ-યાજ્ઞાદિ અને સ્તુતિ પ્રાર્થના વગેરે માટે બ્રાહ્મણોનું મહત્ત્વ હતું, જ્યારે શ્રમણ–પરંપરામાં કોઈપણ મનુષ્ય સ્વપુરુષાર્થ દ્વારા અર્હતપદ કે તીર્થંકરપદ મેળવી શકે છે, એમ માનવામાં આવ્યું છે. જૈન ધર્મના કોઈ એક પ્રવર્તક નથી, પરંતુ જેમણે તપ દ્વારા મન, વાણી અને કાયાને જીતી લીધાં હતાં, એવા મહાપુરુષો–તીર્થંકરો અને આચાર્યોએ તેના વિચાર-વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આવા મહાપુરુષોને માનની દૃષ્ટિથી 'જિન' તરીકે ઓળખવામાં આવ્યા. જિન સંસ્કૃત ધાતુ જિ જીતવું પરથી થયેલો છે, અર્થાત્ જેણે રાગ, દ્વેષ આદિ સર્વદોષોથી પોતાનું મન નિર્મળ બનાવ્યું છે તેવા.

આ જિનોએ તપ વડે પોતાના આંતરશત્રુઓને હણી તેમના ઉપર વિજય મેળવ્યો હોવાથી 'અર્હત' નામ પામ્યા. આ અર્હત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી 'તીર્થંકર'ને નામે ઓળખાયા. તીર્થંકરના ત્રણ અર્થ બતાવાયા છે. (૧) ધર્મનું પ્રગટીકરણ કરે તે. (૨) સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓના બનેલા ચતુર્વિધ સંઘની સ્થાપના કરે તે. (૩) સંસારરૂપી સાગરને તરવા માટે જે ઘાટ બાંધી આપે તે.

આ મહામાર્ગમાં અનુભવસિદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરનારા ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે, જેમાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિનાથ હતા. તે પછીના ૨૩ તીર્થંકરોમાં છેલ્લા બે–પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી ઐતિહાસિક ગણાય છે. જૈન પરંપરામાં તીર્થંકરોના પવિત્ર જીવન, ધર્મજીવન અને કૈવલ્યપદ પ્રાપ્તિની યાદ સતત રહે તે હેતુથી મૂર્તિઓ બનવા લાગી. આમ જૈન પ્રતિમાઓનો આવિર્ભાવ જૈન તીર્થંકરોની મૂર્તિઓથી થયો હોવાનું જણાય છે.

જૈન ધર્મમાં મૂર્તિશાસ્ત્ર અને પ્રતિષ્ઠા વિધાન માટે મુખ્ય બે ગ્રંથો–આચારદિનકર અને નિર્વાણકાલિકા ગણાય છે. ઉપરાંત 'તિલોયપન્નતિ'નામના પ્રાકૃત ગ્રંથમાં જૈનમૂર્તિની કેટલીક વિગતો આપી છે. બૃહત્સંહિતાકર અને પ્રતિષ્ઠાસારોદ્ધાર જિનપ્રતિમાના કલાવિધાન અંગે હકીકતો નોંધે છે. ત્રિષષ્ઠીશલાકાપુરુષમાં દરેક તીર્થંકર વિશે વિસ્તૃત વર્ણન જોવા મળે છે. આગમોમાં પણ મૂર્તિવિધાનના ખાસ વિષયો આપવામાં આવ્યા છે, જેમાં જિનમૂર્તિ સૌમ્ય, શાંત અને યોગધ્યાનવાળી બનાવવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું છે.

જૈન ધર્મ પ્રાક ઐતિહાસિકકાલથી અસ્તિત્વમાં હોવાના કેટલાક અવશેષો મળ્યા છે. આવા અવશેષોમાં ખડકલેખમાં નિર્ગ્રંથોનો ઉલ્લેખ તેમજ કેટલીક ગુફાઓ જૈન–સાધુઓનાં નિવાસસ્થાનો તથા ઉત્ખનનમાંથી મળી આવેલી કેટલીક મૂર્તિઓને આધારે આ માન્યતાનું સમર્થન કરવામાં આવે છે. જૈન ધર્મમાં મૂર્તિપૂજા અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ રાજા ખારવેલના શિલાલેખમાંથી મળી આવે છે. આ ઉલ્લેખ લેખિત પુરાવાઓમાં સૌથી પ્રાચીન ગણાય છે. ગુપ્તકાલીન (પાંચમો સૈકો) એક તામ્રલેખ પૂર્વબંગાળના પહાડપુરથી મળ્યો છે. તેમાં જિનમૂર્તિની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. સાતમી સદીમાં ચીની યાત્રી હ્યુ–આન–ત્સાંગે નોંધ્યું છે કે બંગાળના વિભિન્ન ભાગોમાં નિર્ગ્રંથ મોટી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યામાં જાણીતો હતો. પાલવંશના રાજ્યકાળની નવમી અને દસમી શતાબ્દી આસપાસની જૈન પ્રતિમાઓ મોટી સંખ્યામાં ખોદકામમાંથી પ્રાપ્ત થઈ છે.

ઈ. પૂ. પહેલી સદીમાં ઉજ્જૈન અને મથુરામાં જૈન લોકો જાણીતા હતા, જે ગર્દભિલ્લ અને કાલકાચાર્યની કથા ઉપરથી સ્પષ્ટ થાય છે. ગુપ્તકાલીન લેખને આધારે માલૂમ પડે છે કે ઉદયગિરિ-વિદિશામાં પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી. મથુરામાંથી મળેલા પુરાવશેષો પરથી ઈ.પૂ. બીજી સદીથી ઈ.સ.ની દસમી સદી સુધી આ પ્રદેશમાં જૈનધર્મનું મહત્ત્વનું કેન્દ્ર હતું. મથુરા પાસે કંકાલિ ટીલા નામના સ્થળેથી જૈન સ્તૂપ મળ્યો છે. તેની મધ્યમાં સુપાર્શ્વનાથની મૂર્તિ હોવાનું જણાય છે. મથુરાની સાથોસાથ વલભીમાં ચોથી સદીના પ્રારંભકાળમાં નાગાર્જુનીયવાચના તેમજ ગિરનાર પર્વતની સાથે ધરસેનાચાર્ય, પુષ્પદંત તથા ભૂતબલિના સંબંધથી આ પ્રદેશની સાથે જૈનધર્મનો સંબંધ ઈ.સ.ની પહેલી શતાબ્દીથી હોવાનું જણાય છે.

વલભીની બીજી અને અંતિમ વાચનાથી સ્પષ્ટ થાય છે કે પાંચમી સદીમાં જૈનધર્મ આ પ્રદેશ ઉપર સ્થિર થઈ ગયો હતો. સાતમી સદીના બે ગુર્જર રાજાઓને જૈનધર્મ પ્રત્યે અનુરાગ હતો, જે તેના દાનપત્રોને આધારે જાણી શકાય છે. ચાવડાવંશના સ્થાપક વનરાજે પણ જૈનધર્મને પ્રોત્સાહન આપ્યું હતું. સોલંકી રાજા ભીમના મંત્રી વિમલશાહે ૧૧મી સદીમાં આબુ ઉપર બંધાવેલા જૈન શિલ્પસ્થાપત્યના નમૂના જગપ્રસિદ્ધ છે. સિદ્ધરાજ અને કુમારપાળનો સમય જૈન ધર્મનો સુવર્ણયુગ હતો. આ દરમ્યાન ગુજરાત જૈનધર્મનું એક બળવાન અને સમૃદ્ધ કેન્દ્ર બની ગયું. ૧૩મી સદીમાં વસ્તુપાલ અને તેજપાલે આબુ પર બનાવેલા સંગેમરમરના જૈન પ્રાસાદો તેની કલા માટે અદ્વિતીય છે.

રાજસ્થાનમાં જૈનધર્મનું અસ્તિત્વ મૌર્યકાલ પહેલાંનું મનાય છે. અજમેર પાસેથી મળેલ શિલાલેખમાં મહાવીર-નિર્વાણના ૮૦માં વર્ષનો ઉલ્લેખ છે. આ મુજબ ઈ.પૂ. પાંચમી સદીમાં ત્યાં જૈનધર્મ વિદ્યમાન હોવાનું જણાય છે. સાતમી સદીમાં ચીની મુસાફર હ્યુ–આન–ત્સાંગના વર્ણનથી ભિન્નમાલ અને વૈરાટમાં જૈનોનું અસ્તિત્વ માલૂમ પડે છે. વસંતગઢ (સિરોહી)માં ઋષભદેવની ધાતુની મૂર્તિ ઉપર છઠ્ઠી સદીનો લેખ છે. પ્રતિહાર રાજા વત્સરાજ (૮મી સદી)ના સમયનું ઓસિયાનું મહાવીરનું મંદિર આજે પણ જાણીતું છે.

ઈ.સ.ની બીજી સદીથી ૧૩મી સદી સુધી જૈનધર્મ કર્ણાટકનો મુખ્ય ધર્મ રહ્યો. ત્યાંનાં લોકજીવન, સાહિત્ય, સંસ્કૃતિ અને કલા ઉપર આ ધર્મનો જ પ્રભાવ છે તે અદ્વિતીય છે. બીજી સદીમાં ગંગવંશની સ્થાપના કરવામાં જૈન આચાર્ય સિંહનાદ મુખ્ય હતા. રાચમલ્લચતુર્થના મંત્રી ચામુંડરાયે ગોમટેશ્વરની જે વિશાળ અને અદ્ભુત મૂર્તિ બનાવરાવી છે તે પોતાની કલા માટે જગવિખ્યાત છે. પ્રારંભકાલથી મધ્યયુગ સુધી જૈનધર્મ પૂર્વ દેશથી દક્ષિણ અને પશ્ચિમ તરફ ઉત્તરોત્તર વિકાસ પામતો રહ્યો.

જૈન પ્રતિમાઓની પ્રાચીનતાની દૃષ્ટિએ જોઈએ તો પટના પાસેના લોહાનીપુરમાંથી પ્રાપ્ત તીર્થંકરની પ્રતિમા પ્રાચીન ગણાય. રેતિયા પથ્થરમાં કંડારેલ મસ્તક અને પગ વગરની આ ખંડિત પ્રતિમા પરનું પોલીશ મૌર્યકાલીન જણાય છે. અહીંથી પ્રાપ્ત અન્ય એક પ્રતિમાના હાથ કાયોત્સર્ગ અવસ્થામાં છે. આ પ્રતિમા ઈ.પૂ. પહેલી સદીની મનાય છે. મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં આવેલ કાયોત્સર્ગ અવસ્થાની ધાતુ પ્રતિમા પાર્શ્વનાથની હોવાનું જણાય છે.

કુષાણકાલથી જૈન તીર્થંકરોની ઘણી પ્રતિમાઓ મળવા લાગી. આ સમયમાં ચૌમુખ–ચારબાજુ ચાર તીર્થંકરો–ઋષભદેવ, નેમિનાથ, ચંદ્રપ્રભ અને મહાવીરની મૂર્તિ મૂકવાની પ્રથા પ્રચલિત થઈ. અહીં ઋષભદેવનું લાંછન વૃષભ અને મહાવીરનું સિંહ બતાવેલ છે. મૂર્તિઓમાં આ લાંછન મૂકવાની પ્રથા ગુપ્તકાલથી શરૂ થઈ હોવાનું જણાય છે. ચંદ્રગુપ્ત બીજાના (ઈ.સ. ૩૧૬–૪૧૫) સમયની નેમિનાથની પીઠિકા પર શંખનું લાંછન અને ચંદ્રપ્રભની ધાતુપ્રતિમાની ટોચ પર ચંદ્રનું લાંછન નજરે પડે છે.

તીર્થંકરોની છઠ્ઠી સદીની ધાતુ–પ્રતિમાઓમાં જમણી બાજુ યક્ષ અને ડાબી બાજુ યક્ષિણી મૂકવાની પ્રથા શરૂ થઈ. ૨૪ તીર્થંકરના ૨૪ યક્ષ-યક્ષિણી નવમી સદીથી તીર્થંકર પ્રતિમાઓમાં જોવામાં આવે છે.

આમ જૈનધર્મમાં મૂર્તિપૂજાની શરૂઆત શિશુનાગના સમયમાં કે નંદરાજાના સમયમાં મૂર્તિ હોવાના સ્પષ્ટ નિર્દેશ મળે છે. ઉપરાંત રાજા ખારવેલના હાથી ગુફાલેખમાં ઋષભદેવની પ્રતિમાનો ઉલ્લેખ તથા મથુરામાંથી પ્રાપ્ત પુરાવશેષોને આધારે ઈ.પૂ. ૬૦૦માં જૈન મૂર્તિઓ અને તેનાં મંદિરો થતાં હતાં.

## જૈન પ્રતિમાનાં લક્ષણો

ભારતની બીજી મૂર્તિઓથી જૈન પ્રતિમાઓ તેનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણોને લઈને જુદી પડે છે. જૈન પરંપરામાં તીર્થંકરોની મૂર્તિઓને તેમજ ધર્મના આચાર્યોને પણ સ્થાન આપવામાં આવ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આથી મુખ્ય પ્રતિમાનાં લક્ષણોનો વિચાર કરવો આવશ્યક બને છે.

જૈન મૂર્તિઓમાં ધ્યાન ખેંચે તેવાં લક્ષણોમાં લાંબા લટકતા હાથ-આજાનુબાહુ શ્રીવત્સનું ચિહ્ન, પ્રશાંત સ્વરૂપ (નિર્મળભાવ), તરુણાવસ્થા, મુખ્ય નાયકની જમણી બાજુ યક્ષ, ડાબી બાજુ યક્ષિણી, વળી જે વૃક્ષ નીચે તીર્થંકરને જ્ઞાન થયું હોય તે વૃક્ષનું કંડારણ થાય છે. તીર્થંકરની પ્રતિમાઓમાં આઠ સિદ્ધિઓમાંથી એક દર્શાવાય છે. આઠ પ્રાતિહાર્યો-દિવ્યવૃક્ષ, દિવ્યપુરુષ, વૃષ્ટિ, આસન, ત્રિદલ (ત્રિછત્ર) અને સિંહાસન, પ્રભામંડલ, દિવ્યધ્વનિ, ચારયુગ્મ, દુંદુભિનાદ.

તીર્થંકરોની મૂર્તિઓ ધ્યાનસ્થ યોગાસનમાં બેઠેલ અને કાયોત્સર્ગ અવસ્થામાં ઊભેલી એમ બે પ્રકારની મળે છે.

કાયોત્સર્ગ પ્રતિમાઓ જૈન પરંપરાનું વિશિષ્ટ લક્ષણ છે, જે ઈ.સ. પહેલી સદી એટલે શુંગ કે મૌર્યકાલથી પ્રાપ્ત થાય છે. શરીર નગ્ન કે શ્વેતવસ્ત્રોથી આચ્છાદિત હોય છે. તીર્થંકરની વસ્ત્ર પહેરાવેલી પ્રતિમાનો નમૂનો અકોટામાંથી પ્રાપ્ત ઋષભદેવની કાયોત્સર્ગ અવસ્થામાં ઊભેલી મૂર્તિ છે.

ચોવીસ તીર્થંકરો યોગધ્યાન અવસ્થામાં હોવાથી દરેક મૂર્તિઓ એકસરખી લાગે છે, પરંતુ દરેક તીર્થંકરને જુદાં જુદાં લાંછન હોવાથી તે લાંછન પરથી તેની ઓળખ થાય છે. આ લાંછન મૂકવાની પ્રથા કુષાણકાલ પછી શરૂ થઈ હોવાના પુરાવા મળે છે. લાંછનઅંકિત સૌથી પ્રાચીન પ્રતિમા ગુપ્તકાલીન છે. નેમિનાથની મૂર્તિની પીઠની પાછળ મધ્યમાં એક ચક્રપુરુષ અને આજુબાજુ શંખનું અંકન થયેલું છે.

શાસનદેવતાઓ કે યક્ષ-યક્ષિણીઓની મૂર્તિઓ ઓળખવા માટે તીર્થંકરોની નાની આકૃતિઓ જે તે મૂર્તિના મસ્તક પર અને મૂર્તિના આસન પર દર્શાવવામાં આવે છે. મૂર્તિના સ્થાપન કરવાની મુખ્ય પીઠિકા સાથેના ભાગને પરિકર કહે છે. આ પરિકરમાં વિવિધ શિલ્પકૃતિઓ કંડારેલી હોય છે. મુખ્ય પ્રતિમાને અનુલક્ષીને યક્ષિણીઓ, સિંહ, મૃગની જોડી, છેડા પર સ્તંભો, તેના ઉપર તોરણો, ચામરધારીઓ, મકરમુખો, માલાધરો, પ્રતિમાના મસ્તક પાછળ પ્રભામંડલ, ઉપર છત્રવૃત્ત, ધર્મચક્ર, નવગ્રહો, ત્રિછત્ર હોય છે. ટૂંકમાં પરિકર એ જૈન પ્રતિમાવિધાનનું અવિભાજ્ય અંગ છે.

કોઈપણ દેરાસરની મુખ્ય પ્રતિમાને 'મૂળનાયક' કહે છે. મુખ્ય પ્રતિમાની બે બાજુ બે મૂર્તિ હોય છે, તેને ત્રિતીર્થિક, જો બંને બાજુ બે બે મૂર્તિ હોય તો તેને પંચતીર્થિક અને ચારે બાજુ ચારમુખવાળી પ્રતિમાને ચૌમુખ પ્રતિમા કહે છે.

જિન પ્રતિમાનું મહત્ત્વનું લક્ષણ તે મૂર્તિની સાથે ઈન્દ્રોનું અસ્તિત્વ છે. આ ઈન્દ્રો મુખ્ય આકૃતિની જમણી અને ડાબી બાજુએ હોય છે. જૈન મૂર્તિશાસ્ત્રમાં ઈન્દ્રોને તીર્થંકરોના અનુચરો કહ્યા છે. આ ઈન્દ્રોમાં કેટલાકના હાથમાં ચામર, સુશોભન માટેના હાર કે અંજલિમુદ્રામાં હોય છે. મથુરાના પ્રારંભકાલની જિનમૂર્તિમાં ઈન્દ્રોની આકૃતિઓ જોવા મળે છે.

તીર્થંકરોની પ્રતિમાઓમાં ત્રણ પ્રકાર જણાવ્યા છે. (૧) અલંકૃત પરિકરવાળી, (૨) સાદી પૂજા માટેની, (૩) આયાગપટ્ટોમાંની.

## ૨. ચોવીસ તીર્થંકરોનું પ્રતિમાવિધાન

### આદિનાથ-ઋષભદેવ

જૈન ઇતિહાસમાં ઋષભદેવને જૈન ધર્મના આ અવસર્પિણી કાળના સ્થાપક કહ્યા છે. ઋષભદેવ પ્રથમ તીર્થંકર હોવાથી 'આદિનાથ' તરીકે પણ ઓળખાય છે. હિંદુધર્મમાં ઋષભદેવને વિષ્ણુના એક અવતાર ગણવામાં આવે છે. એમણે લાંબો સમય રાજ્ય કર્યા બાદ સાધુ તરીકે દીક્ષા લઈ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેઓ માતાના ગર્ભમાં હતા ત્યારે એમની માતાએ જે સ્વપ્નો જોયાં તેમાં પ્રથમ વૃષભ જોયો હતો. આથી તેમનું લાંછન વૃષભ છે.

ઋષભદેવનો વર્ણ સુવર્ણ છે. લાંછન–વૃષભ કે ધર્મચક્ર, વૃક્ષ–ન્યગ્રોધ કે વટવૃક્ષ, યક્ષ–ગોમુખ, યક્ષિણી–ચક્રેશ્વરી, મોક્ષસ્થાન–કૈલાસ પર્વત. ઋષભદેવની બંને બાજુ ભરત અને બાહુબલી હોય છે.

આદિનાથની પ્રાચીન પ્રતિમા અકોટા (વડોદરા) સંગ્રહમાંથી મળી છે. આ ધાતુ પ્રતિમા લગભગ ઈ.સ. ૪૬૦–૫૦૦ની છે, જેમાં ઋષભદેવનાં અર્ધખુલ્લાં નેત્રો, ખભા સુધી પથરાયેલા વાળ, આજાનબાહુ, અધોવસ્ત્ર તરીકે ધારણ કરેલ ધોતીને પાટલીઓ પાડેલી છે, પીઠિકામાં ધર્મચક્રનું લાંછન છે. વસંતગઢ (સિરોહી)માંથી મળેલી ઋષભદેવની ધાતુપ્રતિમા ઉપર છઠ્ઠી સદીનો લેખ છે. ભિન્નમાલમાંથી પ્રાપ્ત પ્રતિમા ઈ.સ. ૮મી સદીની છે.

ઋષભદેવની એક ભવ્ય મૂર્તિ આબુમાં વિમલવસહીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદિરમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠા પામી છે. એમના પરિકર અને પીઠિકામાં યક્ષ ગોમુખ, શાસનદેવી ચક્રેશ્વરી, ઇન્દ્રો, ન્યગ્રોધ વૃક્ષ, છત્ર, વૃષભનું લાંછન વગેરે કોતરવામાં આવ્યાં છે. શત્રુંજય પર સૂર્યકુંડના દરવાજા પાસે ઋષભદેવનું ૧૩મા સૈકામાં બંધાયેલ પ્રાચીન મંદિર છે. પાટણમાંથી ઋષભદેવની ષષ્ઠોતીર્થિક પ્રતિમા મળી છે.

ઋષભદેવના યક્ષનું નામ ગોમુખ છે. રૂપમંડન, રૂપાવતાર ગ્રંથમાં ગોમુખનું વાહન હાથી દર્શાવ્યું છે. બીજા કેટલાક ગ્રંથોમાં તેનું વાહન વૃષભ બતાવ્યું છે. આ યક્ષના નામ પ્રમાણે તેનું મુખ વૃષભ જેવું હોય છે. તેના ચાર હાથમાં વરદમુદ્રા, અક્ષસૂત્ર, પાશ અને બિજોરું હોય છે. દિગંબરો પાશને બદલે પરશુ ધારણ કરાવે છે. ગોમુખની પ્રતિમાઓ મોટા કદની સ્વતંત્ર અને તીર્થંકર આદિનાથના અનુચર તરીકે મળે છે. ગોમુખની એક સ્વતંત્ર પ્રતિમા શત્રુંજય પર મોતીશાની ટૂંકના મુખ્ય દેરાસરમાં આવેલી છે. તે હાથી પર અર્ધ પદ્માસનમાં બેઠેલ અને મુખ વૃષભ જેવું છે. તેના ચાર હાથમાં વરદ, અંકુશ, પાશ અને માળા ધારણ કરેલ છે.

ગ્વાલિયર પાસે ગઢવાલમાંથી ગોમુખ અને ચક્રેશ્વરીની મૂર્તિ મળી છે. ગોમુખના હાથમાં દંડ અને પરશુ છે.

આદિનાથના શાસનદેવી ચક્રેશ્વરી છે. એમના ઉપલા બંને હાથમાં ચક્ર હોવાથી ચક્રેશ્વરી નામ પડ્યું હોવાનું મનાય છે. તેમનો વર્ણ સુવર્ણ, વાહન ગરુડ છે. ચક્રેશ્વરીને બે, ચાર, આઠ, બાર કે સોળ હાથ હોવાનું નોંધ્યું છે. ચાર હાથ હોય તો બિજોરું, વજ્ર, વરદ અને વજ્ર હોય છે. ૧૨ હાથ હોય તો ચાર હાથમાં ઉપર મુજબનાં આયુધો અને બાકીના આઠ હાથમાં ચક્ર હોય છે. ચક્રેશ્વરી વિષ્ણુની શક્તિ વૈષ્ણવી જેવી દેખાય છે.

ગુજરાતમાંથી ચક્રેશ્વરીની કેટલીક પ્રતિમાઓ મળી છે. પાટણમાં સુવિધિનાથના મંદિરમાં ચક્રેશ્વરીની ચતુર્ભુજ પ્રતિમા છે, જેમાં ઉપલા બે હાથમાં ચક્ર છે. નીચલા બે હાથમાં શંખ અને અક્ષમાલા છે. વડનગરમાંથી મળેલી ચક્રેશ્વરીની પ્રતિમાના ચાર હાથ પૈકી ઉપલા બે હાથમાં ચક્ર છે. નીચેના એક હાથે બાળકને કેડમાં તેડેલું છે. બીજા હાથની આંગળીએ એક બાળકને વળગાડેલું છે. ગિરનાર ઉપર વસ્તુપાલ-તેજપાલની ટૂંકમાં પાર્શ્વનાથ મંદિરમાં તથા શત્રુંજય ઉપર અચલેશ્વરના મંદિરમાં ચક્રેશ્વરીની પ્રતિમાઓ આવેલી છે. દેવગઢના કિલ્લાના જૈન મંદિરમાં સોળ હાથવાળી ચક્રેશ્વરીની પ્રતિમા આવેલી હોવાનું નોંધાયું છે.

## અજિતનાથ

બીજા તીર્થંકર અજિતનાથ ગણાય છે. એમનો વર્ણ સુવર્ણ, લાંછન–હાથી, કેવલવૃક્ષ–સપ્તપર્ણ યુક્તવૃક્ષ, યક્ષ-મહાયક્ષ અને યક્ષિણી અજિતબાલા અને ચામરધારી સગરચક્રી. અજિતનાથની પ્રતિમા ઊભી કે બેઠેલી ધ્યાનસ્થ હોય છે. અજિતનાથ 'ખડ્ગાસન'માં અર્થાત્ બે હાથ લટકતા રાખીને ઊભેલા હોય છે. દેવગઢના કિલ્લામાંથી મળેલી અજિતનાથની પ્રતિમા ખડ્ગાસનમાં છે તેમાં બંને બાજુએ ચામરધારી અને આગળના ભાગે બે ભક્તો છે.

અકોટમાંથી અજિતનાથની આઠમી સદીના મધ્યની પ્રતિમા મળી છે. આ મૂર્તિની બેસણી પર બે હાથી અને ધર્મચક્ર ઉપરાંત ગ્રહોની ઊભેલી આકૃતિઓ કંડારેલી છે.

અજિતનાથના યક્ષ મહાયક્ષ છે.તેમનું વાહન હાથી અને વર્ણ શ્યામ હોય છે. આ યક્ષના હાથમાં યુદ્ધને યોગ્ય સાધનો હોય છે. તેને ચાર મુખ તથા આઠ હાથ હોય છે, જેમાં ખડ્ગ, ચક્ર, દંડ, ત્રિશૂલ, પરશુ, પદ્મ, વરદ અને અંકુશ ધારણ કરે છે. મહાયક્ષની સ્વતંત્ર પ્રતિમા મળતી નથી, પરંતુ પરિકરમાં નાની–મોટી પ્રતિમાઓ જોવામાં આવે છે.

યક્ષિણી અજિતબાલાનું વાહન વૃષભ છે. તેનું અપરનામ રોહિણી છે. તેના ચાર હાથમાં વરદ, બિજોરું, પાશ અને અંકુશ હોય છે. અજિતબાલાની પ્રતિમા દેવગઢના કિલ્લામાં આવેલ જૈન મંદિરમાંથી મળી છે.

## સંભવનાથ

ત્રીજા તીર્થંકર સંભવનાથ છે. એમનું લાંછન અશ્વ, વૃક્ષ શાલવૃક્ષ, ચામરધારી સત્યવીર્ય, યક્ષ ત્રિમુખ અને યક્ષિણી દુરિતારી છે. સંભવનાથની ખૂબ થોડી પ્રતિમાઓ મળી છે.

સંભવનાથના યક્ષ ત્રિમુખને ત્રણ મુખ, ત્રિનેત્ર અને છ હાથ હોય છે. વર્ણ શ્યામ અને વાહન મયૂર છે. છ હાથમાં નકુલ, ગદા, અભયમુદ્રા, બિજોરું, અક્ષસૂત્ર, માળા અથવા ચક્ર, તલવાર, અંકુશ, દંડ, ત્રિશૂલ અને કટાર હોય છે.

યક્ષિણી દુરિતારીનું વાહન મેષ છે. ચાર કે છ હાથ હોય છે. ચાર હાથ હોય તો બે હાથ વરદમુદ્રામાં બીજા બેમાં અક્ષસૂત્ર અને અભયમુદ્રા. છ હાથ હોય તો પરશુ, અર્ધચંદ્ર, ફળ, તલવાર, યષ્ટિ (દંડ), વરદમુદ્રા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અભિનંદનનાથ

ચોથા તીર્થંકર અભિનંદનનાથનો વર્ણ સુવર્ણ, લાંછન વાનર, વૃક્ષ રાયણ કે વૈશાલીવૃક્ષ છે. એમના યક્ષ યક્ષેશ્વર અને યક્ષિણી કાલિકા છે. તેઓ કાયોત્સર્ગ અવસ્થામાં હોય છે.

અભિનંદનનાથના યક્ષ યક્ષેશ્વર હાથી પર બેઠેલ અને શ્યામવર્ણના હોય છે. તેમના ચાર હાથમાં બિજોરું, અક્ષમાલા, નકુલ અને અંકુશ હોય છે. આ યક્ષની એક પ્રતિમા શત્રુંજય ઉપર ચૌમુખજીની ટૂંકમાં આવેલી છે, જેમાં બે હાથ ઢીંચણ પર રાખેલ અને વાહન હાથી છે.

યક્ષિણી કાલિકાનું બીજું નામ વજ્રશૃંખલા પણ છે. તે પદ્માસન પર બેઠેલ અને વર્ણ શ્યામ છે. તેના ચાર હાથમાં ગદા, શક્તિ, પાશ અને વરદમુદ્રા હોય છે. તેનું વાહન હંસ પણ બતાવાય છે. સોળ વિદ્યાદેવીઓમાંની એક વિદ્યાદેવી માનવામાં આવે છે. મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં અને શત્રુંજય પર ચૌમુખજીની ટૂંકમાં કાલિકા યક્ષિણીની પ્રતિમા આવેલી છે, જેમાં તે હંસારૂઢ છે. ચાર હાથમાં વરદમુદ્રા, અંકુશ, કમંડલ અને અષ્ટપાશ છે.

## સુમતિનાથ

પાંચમા તીર્થંકર સુમતિનાથનું લાંછન ક્રૌંચ અથવા રક્તહંસ છે. તેમનું કેવળવૃક્ષ પ્રિયંગુ છે. યક્ષ તુમ્બરુ અને યક્ષિણી મહાકાલી છે. તેમના ચામરધારી મિત્રવીર્ય છે. એમના શિલ્પમાં બંને બાજુએ ફૂલના હાર અથવા મૃંદગધારી ઊડતી આકૃતિ અથવા તેને ફરતે બીજા જિનની નાની ૨૪ આકૃતિઓ હોય છે. બે સિંહયુગ્મથી બનેલું સિંહાસન, મુખ્ય લાંછન ક્રૌંચ ઉપરાંત ભદ્રપીઠ ઉપર ચક્રનું ચિહ્ન, મુખ્ય પ્રતિમાની બંને બાજુએ હાથીયુગ્મ જળનો અભિષેક કરતાં અથવા ઉપરના ભાગે ઊભેલાં બતાવાય છે. મૂર્તિના પગ પાસે દાતાની મૂર્તિ હોય છે. ઉત્તરભારતમાં ઘણે સ્થળેથી સુમતિનાથની મૂર્તિઓ મળી છે. બીજા જિનની મૂર્તિ કરતાં આ જિનની પ્રતિમા જુદી પડે છે. આબુ, શત્રુંજય ઉપર તથા અમદાવાદમાં પતાશાની પોળમાં આ પ્રકારની પ્રતિમા છે.

યક્ષ તુમ્બરુનો વર્ણ શ્વેત, વાહન ગરુડ છે. ક્યારેક સિંહનું વાહન પણ બતાવાય છે. તેના ચાર હાથમાં વરદ, ગદા, શક્તિ અને પાશ અથવા સર્પ, ફળ અને અભયમુદ્રા હોય છે. આબુ ઉપરના લૂણવસહી મંદિરના દરવાજા બહાર યક્ષની પ્રતિમા આવેલી છે.

યક્ષિણી મહાકાલી કે પુરુષદત્તાનો વર્ણ સુવર્ણ, આસન પદ્માસન છે. ચાર હાથમાં વરદમુદ્રા, માતુલિંગ, પાશ, અંકુશ હોય છે. પુરુષદત્તાના સ્વરૂપમાં વાહન હાથી દર્શાવાય છે.

## પદ્મપ્રભ

છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભનું લાંછન રક્તકમળ, વર્ણ રક્ત, કેવલીવૃક્ષ છત્રાભ છે. યક્ષ કુસુમ અથવા પુષ્પ યક્ષ, યક્ષિણી શ્યામા કે મનોવેગા, ચામરધારી તેમના સમકાલીન રાજા યમદ્યુતિ છે. મૂર્તિઓમાં પણ ઉક્ત વર્ણન મુજબનું પ્રતિમાવિધાન જોવામાં આવે છે. તેમાં સિંહાસન અને ભદ્રપીઠ નીચે બે સિંહ હોય છે. એમની પ્રતિમાઓ આબુ, શત્રુંજય અને વંથલી (સૌરાષ્ટ્ર)માં આવેલી છે.

યક્ષ કુસુમ અથવા પુષ્પનો વર્ણ નીલ, વાહન હરણ અને ચાર હાથમાં ફળ અને અભયમુદ્રા, અક્ષમાલા અને નકુલ અથવા કુન્ત (ભાલો), વરદમુદ્રા, ખેટક અને અભયમુદ્રા હોય છે. સ્વતંત્ર પ્રતિમા મળી નથી.

યક્ષિણી શ્યામા કે મનોવેગાનો વર્ણ શ્યામ અને વાહન નર હોય છે. ચાર હાથમાં વરદમુદ્રા, ધનુષ, વીણા અને અભયમુદ્રા અથવા પાશ, બીજપૂરક, વરદમુદ્રા અને અંકુશ હોય છે. ક્યારેક તેનું વાહન અશ્વ દર્શાવાય છે.

## સુપાર્શ્વનાથ

સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથનું લાંછન સ્વસ્તિક, મસ્તક ઉપર એક અથવા પંચફણા નાગનો છત્રવટો, કેવલીવૃક્ષ શિરીષ, યક્ષ માતંગ અથવા વરનંદિ, યક્ષિણી શાંતિ અથવા કાલી, ચામરધારી ધર્મવીર્ય નામે રાજા. આ તીર્થંકરની પ્રતિમાઓ શત્રુંજય પર મોતીશાની ટૂંકમાં, શંખેશ્વરના દેરાસરમાં, જેમાં સુપાર્શ્વનાથના મસ્તક પર સપ્તફણા નાગનો છત્રવટો છે. તેમજ રાજકોટમાં માંડવી ચોકના દેરાસરમાં છે.

યક્ષ માતંગ અથવા વરનંદિમાં માતંગનો વર્ણ નીલ, વાહન હાથી અને ચતુર્ભુજમાં બિલ્વફળ, નકુલ, પાશ અને અંકુશ હોય છે. આ યક્ષની પ્રતિમા શંખેશ્વરમાં આવેલી છે, જેમાં વાહન હાથી છે. પાટણમાં સાળવીવાડમાં આવેલ ત્રિપુરેશ્વર મહાદેવ મંદિરમાં એક યક્ષ મૂર્તિ છે, જેનું વાહન હાથી અને ચાર હાથમાં બિજોરું, અંકુશ, પાશ અને સર્પ છે.

યક્ષિણી શાંતિનું વાહન હાથી અને હાથમાં વરદ, અક્ષસૂત્ર, ત્રિશૂલ અને અભયમુદ્રા હોય છે. કાલી યક્ષિણીનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાહન વૃષભ અને હાથમાં વરદ, ફળ, ત્રિશૂલ અને ઘંટા હોય છે. દેવગઢના પટ્ટમાં આ યક્ષિણીની પ્રતિમા આવેલી છે.

## ચંદ્રપ્રભ

આઠમા તીર્થંકર ચંદ્રપ્રભનો વર્ણ શ્વેત, લાંછન ચંદ્ર કે બીજનો ચંદ્ર, કેવલીવૃક્ષ નાગકેશર, યક્ષ વિજય, યક્ષિણી ભૃકુટિ અથવા જ્વાલામાલિની, ચામરધારી દાનવીર્ય છે. આ તીર્થંકરની પ્રતિમાઓ દેવગઢના કિલ્લામાં, ગુજરાતમાં પ્રભાસપાટણના મુખ્ય દેરાસરમાં, ગિરનાર પર વસ્તુપાલ-તેજપાલની ટૂંકમાં, વંથલીમાં તેમજ આબુ અને શત્રુંજય પર આવેલી છે. શિલ્પમાં ચંદ્રપ્રભજીની બેઠેલી અને ઊભેલી પ્રતિમાઓ જોવામાં આવે છે.

યક્ષ વિજયનો વર્ણ નીલ, ત્રિનેત્ર, હંસનું વાહન, ચાર હાથમાં ફળ, પરશુ, અક્ષસૂત્ર અને વરદમુદ્રા. બે હાથ હોય તો ચક્ર અને વરદમુદ્રા હોય છે.

યક્ષિણી ભૃકુટિનો વર્ણ પીત્ત, હંસ કે સિંહનું વાહન ક્યારેક વરાહ પણ હોય છે.ચાર હાથમાં ખડ્ગ, શક્તિ, પુષ્પ અને પરશુ હોય છે. જ્વાલામાલિની સ્વરૂપમાં વર્ણશ્વેત, વાહન મહિષ હોય છે.

## સુવિધિનાથ

નવમા તીર્થંકરનાં બે નામ છે, એક સુવિધિનાથ અને બીજું પુષ્પદંત. એમનું લાંછન મગર કે કરચલો, વર્ણ શ્વેત, કેવલવૃક્ષ નાગવૃક્ષ, યક્ષ અજિત, યક્ષિણી સુતારાદેવી અથવા મહાકાલી, ચામરધારી રાજા માધવતરાજ છે. આ તીર્થંકરની પ્રતિમાઓ ગિરનાર, શંખેશ્વર, ખંભાત, પ્રભાસ-પાટણ અને અમદાવાદમાં વાઘણ પોળમાં આવેલ દેરાસરમાં છે.

યક્ષ અજિતનો વર્ણ શ્વેત, વાહન કૂર્મ, ચાર હાથમાં બિજોરું, નકુલ, અક્ષસૂત્ર અને શક્તિ, ફળ, અક્ષસૂત્ર, વરદમુદ્રા હોય છે.

યક્ષિણી સુતારાદેવીનો વર્ણ શ્વેત, વાહન વૃષભ, ચાર હાથમાં કમંડલ, અક્ષમાલા, અંકુશ છે. મહાકાલી સ્વરૂપમાં વાહન કૂર્મ, ચતુર્ભુજમાં વજ્ર, ફળ, વરદમુદ્રા અને મુદગર હોય છે.

## શીતલનાથ

દસમા તીર્થંકર શીતલનાથનો વર્ણ સુવર્ણ, લાંછન શ્રીવત્સ, કેવલીવૃક્ષ બિલ્વ, યક્ષ બ્રહ્મ, યક્ષિણી અશોકા, ચામરધારી રાજા સીમંધર છે. આ તીર્થંકરની પ્રતિમા આબુમાં વિમલવસહિ, વંથલી, અંકલેશ્વર, પાટણ, અમદાવાદની મહુરત પોળમાં આવેલ દેરાસરમાં આવેલી છે.

યક્ષ બ્રહ્મનો વર્ણ શ્વેત, ચારમુખ, ત્રિનેત્ર, પદ્માસનનું આસન, આઠ હાથ હોય તો બિજોરું, મુદગર, પાશ, અભય, નકુલ, મુદગર, અંકુશ, અક્ષમાલા હોય છે.

યક્ષિણી અશોકાનો વર્ણ નીલ, પદ્માસન પર બેઠેલ, ચતુર્ભુજમાં વરદ, ફળ, પાશ અને અંકુશ અને વાહન વરાહનું હોય છે.

## શ્રેયાંસનાથ

અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથનો વર્ણ સુવર્ણ, લાંછન ગેંડો, પવિત્ર વૃક્ષ તુમ્બર, યક્ષ ઈશ્વર, યક્ષિણી ગૌરી અથવા માનવી, ચામરધારી રાજા ત્રિપિષ્ટ વાસુદેવ છે. આ તીર્થંકરની પ્રતિમા સારનાથના જિનમંદિરમાં, આબુમાં વિમલવસહિ, શત્રુંજય અથવા શંખેશ્વરમાં આવેલી છે.

યક્ષ ઈશ્વરને ત્રિનેત્ર, વૃષભનું વાહન અને ચાર હાથમાં ત્રિશૂલ, દંડ, અક્ષમાલા અને ફળ અથવા બિજોરું, ગદા, નકુલ અને અક્ષમાલા હોય છે. આ યક્ષની પ્રતિમા કલકત્તાના ઇન્ડિયન મ્યુઝિયમમાં છે.

યક્ષિણી ગૌરીનું બીજું નામ માનવી છે. ગૌરવર્ણ, વાહન સિંહ. ચાર હાથમાં વરદ, કળશ, અંકુશ અને મુદગર છે. શંખેશ્વરમાં તેની પ્રતિમા છે.

## વાસુપૂજ્ય

બારમા તીર્થંકર વાસુપૂજ્યનું લાંછન મહિષ, કેવલીવૃક્ષ પાટલિક કે કદમ્બ, યક્ષ કુમાર, યક્ષિણી ચંડા કે ગાંધારી, ચામરધારી રાજા દરપિષ્ટ વાસુદેવ છે. આ તીર્થંકરની એક પ્રતિમા ઉત્તરભારતમાં ભાગલપુરના જૈન મંદિરમાં ઉપર મુજબના વર્ણનને મળતી આવેલી છે.

યક્ષ કુમારનું વાહન હંસ અને ચતુર્ભુજમાં બિજોરું, બાણ, નકુલ અને ધનુષ હોય છે. પરિકરોમાં આ યક્ષની પ્રતિમા મળે છે.

યક્ષિણી ચંડા કે ગાંધારીનો વર્ણ શ્યામ, વાહન અશ્વ અને ચાર હાથમાં વરદ, શક્તિ, પુષ્પ અને ગદા હોય છે.

## વિમલનાથ

તેરમા તીર્થંકર વિમલનાથનો વર્ણ સુવર્ણ, લાંછન વરાહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલવૃક્ષ જમ્બુ, યક્ષ ષણમુખ કે શ્વેતામ્, યક્ષિણી વૈરોટી કે વિદિતા, ચામરધારી રાજા સ્વયંભૂવાસુદેવ છે. આ તીર્થંકરની પ્રતિમાઓ આબુ, શત્રુંજય, ધીણોજ પાસેના અવેક્ષા જિનમંદિરમાં આવેલી છે.

યક્ષ ષણમુખનો વર્ણ શ્વેત, છ મુખ અને બાર હાથ, જેમાં ફળ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષસૂત્ર, નકુલ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભયમુદ્રા છે. વાહન મયૂર છે.

યક્ષિણી વૈરોટી કે વિદિતાનો વર્ણ હરિત, વાહન સર્પ, ચાર હાથમાં બાળ, પાશ, ધનુષ અને સર્પ છે. તેની પ્રતિમા ગિરનાર પરથી મળી છે.

## અનંતનાથ

ચૌદમા તીર્થંકર અનંતનાથનું લાંછન બાજ પક્ષી કે રીંછ, કેવલજ્ઞાનનું વૃક્ષ અશ્વત્થ, યક્ષ પાતાલ, યક્ષિણી અનંતમતિ કે અંકુશા, ચામરધારી રાજા પુરુષોત્તમ વાસુદેવ છે.

યક્ષ પાતાલનો વર્ણ રક્ત, ત્રણ મુખ, છ હાથ-જેમાં પદ્મ, ખડ્ગ, પાશ, નકુલ, ઝાલ, અક્ષમાલા હોય છે. વાહન મગર છે.

યક્ષિણી અંકુશાનો વર્ણ ગૌર, પદ્મ પર બેઠેલ, ચતુર્ભુજમાં ખડ્ગ, પાશ, ઢાલ અને અંકુશ ધારણ કરે છે.

## ધર્મનાથ

પંદરમા તીર્થંકર ધર્મનાથનું પ્રતીક (લાંછન) વજ્ર-દંડ, કેવલીવૃક્ષ દધિપર્ણ અથવા સપ્તચ્છદ, યક્ષ કિન્નર, યક્ષિણી કંદર્પા કે માનસી, ચામરધારી પુંડરિકવાસુદેવ છે. તેમની પ્રતિમાઓ નાગપુર મ્યુઝિયમમાં તથા આબુમાંથી મળી છે.

યક્ષ કિન્નરનો વર્ણ રક્ત, ત્રણ મુખ, કૂર્મનું વાહન અને છ હાથમાં બિજોરું, ગદા, અભયમુદ્રા, અક્ષમાલા, કમલ, નકુલ હોય છે.

યક્ષિણી કંદર્પાનો વર્ણ ગૌર, વાહન મત્સ્ય અને ચતુર્ભુજમાં કમળ, અંકુશ, અભય અને પદ્મ ધારણ કરે છે.

## શાંતિનાથ

સોળમા તીર્થંકર શાંતિનાથનું સ્થાન મહત્ત્વનું છે. તેમનું લાંછન મૃગ (હરણ), કેવલીવૃક્ષ નંદીવૃક્ષ, યક્ષ ગરુડ કે કિંપુરુષ, યક્ષિણી નિર્વાણી કે મહામાનસી, ચામરધારી રાજા પુરુષદત્ત. શાંતિનાથની પ્રતિમા ઠીક ઠીક પ્રમાણમાં મળે છે. ગુજરાતમાં શાંતિનાથનાં સ્વતંત્ર મંદિરો તથા ઉપર જણાવેલ વર્ણન મુજબની પ્રતિમાઓ પણ મળી છે. તેમના શિલ્પમાં બે મૃગની વચમાં ચક્રનું પ્રચલિત પ્રતીક હોય છે.

યક્ષ ગરુડનો વર્ણ શ્યામ, મુખ વરાહનું, ચતુર્ભુજમાં બિજોરું, પદ્મ, નકુલ અક્ષમાલા તથા વાહન વરાહ હોય છે. દેવગઢમાંથી આ યક્ષની મૂર્તિ મળી છે.

યક્ષિણી નિર્વાણી સુવર્ણ વર્ણની, પદ્માસન પર બેઠેલ, ચાર હાથ પૈકી બેમાં પદ્મ, બાકીના હાથમાં પુસ્તક અને કમંડલ હોય છે. લખનૌ મ્યુઝિયમ અને ગ્વાલિયરના કિલ્લામાંથી નિર્વાણીની પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે.

## કુંથુનાથ

સત્તરમા તીર્થંકર કુંથુનાથ છે. તેમનું લાંછન અજ (બકરો), કેવલીવૃક્ષ તિલકતરુ, યક્ષ ગંધર્વ અને યક્ષિણી બલા કે વિજયા, ચામરધારી કુણાલ છે. કુંથુનાથની પ્રતિમાઓ બનારસ, આબુ, શત્રુંજયમાંથી મળી છે.

યક્ષ ગંધર્વનો વર્ણ શ્યામ, વાહન હંસ, ચાર હાથમાં વરદ, નાગપાશ, અંકુશ બિજોરું હોય છે.

યક્ષિણી બલાનો વર્ણ ગૌર, વાહન મયૂર, ચાર હાથમાં ત્રિશૂલ, બિજોરું, અંકુશ, બિજોરું હોય છે.

## અરનાથ

અઢારમા તીર્થંકર અરનાથનું લાંછન નન્દ્યાવર્ત (સ્વસ્તિક) અથવા મીન છે. જ્ઞાનવૃક્ષ ચૂત (આંબાનું વૃક્ષ), યક્ષ યક્ષેન્દ્ર અને યક્ષિણી ધારણી, ચામરધારી ગોવિંદરાજ છે. મથુરામાંથી મળેલી આ તીર્થંકરની મૂર્તિઓ કુષાણ સમયની જણાય છે. ગુજરાતમાંથી પણ એમની મૂર્તિ મળે છે.

યક્ષ યક્ષેન્દ્રનો વર્ણ શ્યામ, વાહન શેષનાગ, છ મુખ અને બાર હાથમાં બિજોરું, બાણ, ખડ્ગ, મુદગર, પાશ, અભય, અક્ષમાલા, અંકુશ, ઢાલ, નકુલ હોય છે.

યક્ષિણી ધારણી નીલવર્ણની, પદ્માસન પર બેઠેલ કે હંસ વાહન, ચાર હાથમાં બિજોરું, કમલ, અક્ષમાલા અને પદ્મ ધારણ કરે છે.

## મલ્લિનાથ

ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથનું લાંછન કુંભ છે, કેવલજ્ઞાનનું વૃક્ષ અશોક, યક્ષ કુબેર, યક્ષિણી ધરણપ્રિયા કે અપરાજિતા, ચામરધારી રાજા સુભુમ છે. મલ્લિનાથની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમાઓ તથા મંદિરો ઓછાં મળે છે. ભોંયણી પાવાપુરી, કુંભારિયા, આબુ વગેરેમાં તેમની પ્રતિમાઓ આવેલી છે.

યક્ષ કુબેરનો વર્ણ શ્વેત, ચાર મુખ, વાહન રથ અથવા હાથી, આઠ હાથમાં વરદ, ત્રિશૂલ, પરશુ, અભય, બિજોરું, મુદગર, શક્તિ, અક્ષમાલા હોય છે.

યક્ષિણી ધરણપ્રિયાનો વર્ણ શ્યામ, પદ્માસન કે વાહન સિંહ, ચતુર્ભુજમાં વરદ, અક્ષમાલા, શક્તિ અને બિજોરું છે.

## મુનિસુવ્રત

વીસમા તીર્થંકર મુનિસુવ્રતનું લાંછન કૂર્મ છે. કેવલજ્ઞાનનું વૃક્ષ ચંપક, યક્ષ વરુણ, યક્ષિણી નરદત્તા કે બહુરૂપિણી, ચામરધારી રાજા અજિત છે. આ તીર્થંકરની બહુ જ થોડી પ્રતિમા મળી છે.

યક્ષ વરુણનો શ્વેત વર્ણ, ચારમુખ, બારનેત્ર, વાહન વૃષભ અને આઠ હાથમાં બિજોરું, ગદા, બાણ, શક્તિ, પાશ, ધનુષ, પદ્મ, નકુલ ધારણ કરે છે.

યક્ષિણી નરદત્તાનો શ્વેત વર્ણ, વાહન સિંહ, ચતુર્ભુજમાં વરદ, અક્ષસૂત્ર, ત્રિશૂલ, બિજોરું ધારણ કરે છે.

## નમિનાથ

એકવીસમા તીર્થંકર નમિનાથનું લાંછન નીલોત્પલ કે અશોકવૃક્ષ છે. કેવલીવૃક્ષ બકુલ, યક્ષ ભ્રુકુટિ, યક્ષિણી ગાંધારી કે ચામુંડી, ચામરધારી રાજા વિજયરાજ છે. આ તીર્થંકરની એક મૂર્તિમાં બે શંખની વચ્ચે કમળનું ચિહ્ન છે. ગુજરાતમાંથી એમની જૂજ પ્રતિમાઓ મળી છે. આબુ ઉપર વિમલવસહીની દેરી નં. ૪ અને ૪૫માં નમિનાથની મૂર્તિઓ છે.

યક્ષ ભ્રુકુટિ પીળા વર્ણના, ચાર મુખ, બાર નેત્ર, વાહન નર અને આઠ હાથમાં બિજોરું, શક્તિ, મુદગર, અભય, નકુલ, પરશુ, વજ, અક્ષમાલા ધારણ કરે છે. મથુરા અને દેવગઢના કિલ્લામાં પ્રતિમાઓ છે.

યક્ષિણી ગાંધારીનો વર્ણ શ્વેત, વાહન સિંહ અને ચતુર્ભુજમાં વરદ, ખડ્ગ, બિજોરું, કુંભ (ભાલો) ધારણ કરે છે.

## નેમિનાથ

બાવીસમા તીર્થંકર નેમિનાથનું લાંછન શંખ છે. તેમનું બીજું નામ 'અરિષ્ટનેમિ' પણ જાણીતું છે. નેમિનો એક અર્થ ચક્ર થાય છે. નેમિનાથનો વર્ણ શ્યામ કે ઇન્દ્રનીલ, કેવલીવૃક્ષ મહાવેણુ કે વેતસ, યક્ષ ગોમેધ, યક્ષિણી અંબિકા કે કુષ્માણ્ડિની, ચામરધારી રાજા ઉગ્રસેન અને નિર્વાણસ્થાન ગિરનાર છે. નેમિનાથ શ્રીકૃષ્ણ અને બલરામના પિતરાઈ ભાઈ હતા. નેમિનાથ અને પત્ની રાજુલની કથાઓ શિલ્પમાં કંડારાયેલી છે. એમણે દ્વારકામાં વરદત્તને ત્યાં પ્રથમ ભિક્ષા લીધી હતી.

નેમિનાથની પ્રતિમાઓ ગ્વાલિયરના કિલ્લામાં મળી છે. ગિરનાર પર પહેલી અને પાંચમી ટૂંકમાં નેમિનાથનાં સ્વતંત્ર મંદિરો આવેલાં છે. આબુ ખાતે લૂણવસહિમાં, ખંભાતમાં માંડવીની પોળમાં, પાટણમાં, શંખેશ્વરમાં, અમદાવાદ વગેરે સ્થળોનાં જિનમંદિરોમાં તેઓ મૂળનાયક તરીકે બિરાજે છે. ખંભાત અને ગિરનાર ઉપર એમની સપરિકર પંચતીર્થી પ્રતિમાઓ આવેલી છે. કાળા પથ્થરમાં કંડારેલી પ્રતિમામાં નેમિનાથ પદ્માસનમાં બેઠેલા છે. છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન, આસનની મધ્યમાં લાંછન શંખ છે. પરિકરની બેસણીમાં ડાબી બાજુ ગોમેધ યક્ષ અને જમણી બાજુ યક્ષિણી અંબિકા છે.

યક્ષ ગોમેધનો વર્ણ શ્યામ, ત્રણ મુખ, વાહન માનવ અને છ હાથમાં બિજોરું, પરશુ, ચક્ર, નકુલ, ત્રિશૂલ, શક્તિ અથવા હથોડો, પરશુ, દંડ, ફળ, વજ અને વરદમુદ્રા હોય છે. મથુરા મ્યુઝિયમ અને દેવગઢના કિલ્લામાં ગોમેધની સ્વતંત્ર પ્રતિમાઓ આવેલી છે.

યક્ષિણી અંબિકાનો વર્ણ સુવર્ણ, વાહન સિંહ, ચાર હાથમાં આમ્રલૂંબ, બાળકને ધારણ કરેલ, પાશ અને અંકુશ હોય છે. નેમિનાથની શાસનદેવી હોવા સાથે જૈન પરંપરામાં તે સ્વતંત્ર દેવી તરીકે પૂજાય છે. તે આમ્રલૂંબ ધારણ કરતી હોવાથી 'આમ્રા' તરીકે પણ ઓળખાય છે. 'આચારદિનકર' ગ્રંથમાં તેનું વર્ણન મુખ્ય દેવી તરીકે કરેલું છે. તેના પરિવારમાં માતૃકાઓ અને વિદ્યાદેવીઓ ગણાય છે. અંબિકાની ઘણી પ્રતિમાઓ મળી છે. ઈલોરાના ગુફામંદિર, મથુરા ઉપરાંત અનેક ધાતુ–મૂર્તિઓ પણ મળે છે. આબુમાં વિમલવસહિની દેરીમાં બેઠેલ, દ્વિભુજામાં આમ્રલૂંબ અને બીજા હાથથી બાળક તેડેલું છે. મુકુટના ઉપરના ભાગમાં નેમિનાથની લઘુપ્રતિમા આવેલી છે. ગિરનાર પર નેમિનાથના મંદિરમાં તથા વડોદરાના જૈન મંદિરમાં લેખયુક્ત ધાતુપ્રતિમા આવેલી છે, જેમાં દેવી લલિતાસનમાં બેઠેલ, ચતુર્ભુજ પૈકી ઉપલા જમણા હાથમાં પાશ અને ડાબા હાથમાં આમ્રલૂંબ અને એક હાથથી બાળ તેડેલું છે. પગ પાસે સિંહનું વાહન છે. ખંભાતમાં પાર્શ્વનાથ ચિંતામણિના મંદિરમાં આવેલ પ્રતિમા ૧૫મા સૈકાની છે. તેના ચાર હાથમાં અંકુશ, પાશ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ્રલૂંબ અને બાળક છે. પ્રભાસ-પાટણ, વંથલી, અકોટા અને પાટણમાંથી પણ અંબિકાની પ્રાચીન મૂર્તિઓ મળી છે.

## પાર્શ્વનાથ

ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યક્તિ અને જૈનધર્મના સાચા સ્થાપક મનાય છે. તેઓ ઈ.પૂ. આઠમા-નવમા સૈકામાં થયાનું જણાય છે. બનારસના રાજા અશ્વસેનના તેઓ પુત્ર હતા. ત્રીસમા વર્ષે ગૃહત્યાગ કર્યો. તેમની ૭૦ વર્ષની ઉપદેશ કારકિર્દી છે. તેમના જીવનમાં એક નાગે અપૂર્વ ભાગ ભજવ્યો હતો તેવી પૌરાણિક કથા છે. પાર્શ્વનાથ નામ વિશે બે મત પ્રચલિત છે. એક તેઓ ગર્ભમાં હતા ત્યારે તેમની માતાએ લાંબો કાળો સર્પ જોયો હતો માટે પાર્શ્વનાથ અને બીજો તેમના યક્ષનું નામ પાર્શ્વ હતું અને તેઓ દેવ હતા તેથી પાર્શ્વનાથ.

પાર્શ્વનાથ નીલવર્ણના, લાંછન સર્પ, શિલ્પમાં તેઓના મસ્તક ઉપર ત્રણ, સાત, અગિયાર કે સહસ્રફણા નાગનો છત્રવટો હોય છે. કેવલવૃક્ષ દેવદાર, યક્ષ પાર્શ્વ કે ધરણેન્દ્ર, યક્ષિણી પદ્માવતી, ચામરધારી રાજા અજિતરાજ છે. નિર્વાણ–સ્થળ સમેતશિખર (બિહાર) પારસનાથ પર્વત.

પાર્શ્વનાથની પ્રતિમા બે પ્રકારની મળે છે. એક ઊભેલી કાયોત્સર્ગ અવસ્થામાં અને બીજી બેઠેલી ધ્યાનાવસ્થામાં. પાર્શ્વનાથની કાર્યોત્સર્ગ અવસ્થામાં ઊભેલી ૧લી સદીમાં ઘડાયેલ પ્રતિમા મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં આવેલી છે. આ ઉપરાંત આબુ, શત્રુંજય, શંખેશ્વર, પાટણ, ખંભાત, અમદાવાદમાં પાર્શ્વનાથનાં મંદિરો અને પ્રતિમાઓ આવેલી છે.

આબુમાં વિમલવસહીના ગૂઢ મંડપની બંને બાજુ પાર્શ્વનાથની વિ. સં. ૧૪૦૮ના લેખવાળી સરખા કદની પ્રતિમાઓ ઊભેલી છે. આ પ્રતિમાઓની મધ્યમાં પાર્શ્વનાથની કાયોત્સર્ગ મૂર્તિ છે. પરિકરમાં ૨૪ જિન પ્રતિમા કંડારેલ છે. પાર્શ્વનાથના મસ્તક પર સપ્તફણા નાગનો છત્રવટો છે. આબુ પર ૧૫મી સદીમાં બંધાયેલ ખરતરવસહિમાં ગર્ભગૃહમાં મૂલનાયક તરીકે પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમાઓ છે. દરેકના મસ્તક પર નવફણા નાગનો છત્રવટો છે.

શત્રુંજય પર અમીધરા પાર્શ્વનાથના મંદિરમાં શ્યામ આરસમાં કંડારેલ પ્રતિમાના મસ્તક પર સપ્તફણા નાગ છે. સૌરાષ્ટ્રની ઢાંકની ગુફામાંથી પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમા મળી છે. જૂનાગઢ પાસેના હજીરા ગામમાંથી પાર્શ્વનાથની ઈ.સ. ૩જા સૈકાની મૂર્તિ મળી છે. અમદાવાદમાં ઝવેરીવાડમાં આવેલ જગવલ્લભ પાર્શ્વનાથનું મંદિર પ્રસિદ્ધ છે, જેમાં ભોંયરામાં સફેદ આરસમાં કંડારેલ પાર્શ્વનાથની વિશાળકદની પ્રતિમા આવેલી છે.

રાણકપુરમાં સહસ્રફણાના છત્રવટાયુક્ત મંદિરમાં પાર્શ્વનાથની ઊભેલી પ્રતિમા છે. ખંભાતના સ્તંભન પાર્શ્વનાથ મંદિરમાં દુર્લભ એવી નીલમની પાર્શ્વનાથની પ્રાચીન પંચતીર્થી પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજે છે. પ્રતિમાના પરિકરમાં અશોકવૃક્ષ તથા સિંહાસન, પ્રભામંડલ સહિત શાસ્ત્રોક્ત આઠેય પ્રતિહારો કંડાર્યા છે. આસનની પીઠમાં સર્પનું અંકન છે. ઉપરાંત ખંભાતના સુખસાગર પાર્શ્વનાથ જિનાલયમાં સોમચિંતામણિ પાર્શ્વનાથ, ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં મૂળનાયક તરીકે પાર્શ્વનાથ બિરાજે છે.

યક્ષ પાર્શ્વ કે ધરણેન્દ્રનું સ્થાન ઘણું અગત્યનું છે. તેનો વર્ણ શ્યામ, વાહન હાથી કે કૂર્મ, મસ્તક પર સર્પફણા, ચાર હાથમાં સર્પ, બિજોરું, નાગ, નકુલ અથવા સર્પ, વરદ અને પાશ હોય છે. પાર્શ્વ યક્ષની પ્રતિમાઓ તીર્થંકરની મૂર્તિ સાથે અને સ્વતંત્ર પણ મળે છે. મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં તેની ૧૨મી સદીની પ્રતિમા આવેલી છે. તેમાં યક્ષ વાહન કૂર્મ પર લલિતાસનમાં બેઠેલ, મસ્તક પર ત્રણ ફણાયુક્ત નાગનો છત્રવટો અને પ્રભામંડળ છે. ચતુર્ભુજમાં ઉપલા બે હાથમાં નાગ અને નીચલા બે હાથમાં વરદ અને નાગપાશ ધારણ કરેલ છે. પાલનપુરમાં પાર્શ્વયક્ષની ઈ.સ. ૧૧૪૯ની લેખયુક્ત એક માત્ર પ્રતિમા છે, જેમાં યક્ષના મસ્તક પર નાગછત્ર, શ્રીવત્સનું ચિહ્ન, કૂર્મનું વાહન અને ચાર હાથ પૈકી જમણા બેમાં પરશુ અને વરદમુદ્રા, ડાબા બેમાં નકુલ અને બિજોરું છે.

યક્ષિણી પદ્માવતીનો વર્ણ રક્ત, વાહન સર્પ કે હંસ હોય છે. જૈન પરંપરામાં પદ્માવતીને ચાર, આઠ, બાર કે ચોવીસ હાથ બતાવાય છે. આ દેવીનું સ્થાન તાંત્રિક દેવી તરીકે ઊંચું છે. જૈન પરંપરાની મુખ્ય ચાર દેવીઓમાં પદ્માવતીને ગણવામાં આવે છે. વાયુપુરાણમાં તેનું સ્થાન 'પદ્મકોશ' પર હોવાનું નોંધ્યું છે. રૂપમંડનમાં સર્પ સાથે કુક્કુટનું વાહન બતાવ્યું છે. પદ્માવતીને ચાર હાથ હોય તો પાશ, પદ્મ, અંકુશ અને બિજોરું હોય છે. છ હાથ હોય તો પાશ, અર્ધચંદ્ર, ખડ્ગ, ગદા ભાલો, દંડ હોય, અષ્ટભુજ હોય તો છ આયુધો ઉપર મુજબ અને ચક્ર તથા ખેટક હોય છે.

ગ્વાલિયરના કિલ્લામાં પાર્શ્વનાથની પ્રતિમા સાથે પદ્માવતીની પ્રતિમા આવેલી છે. નાલંદામાંથી મળેલ પદ્માવતીની પ્રતિમાના ચાર હાથમાં ખેટક, કુંભ, પરશુ અને વરદ છે. મસ્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર સર્પફણા અને લલિતાસનમાં બેઠેલ છે. ગુજરાતમાંથી પદ્માવતીની ઘણી પ્રતિમાઓ મળી છે. પ્રભાસ-પાટણ, શંખેશ્વર, ભાવનગર, પાટણ, અમદાવાદ વગેરે સ્થળોએથી પ્રાપ્ત પ્રતિમામાં પદ્માવતી કુક્કુટ સર્પ પર પદ્મના આસન ઉપર લલિતાસનમાં બેઠેલ, પરિકરમાં ઉપર મધ્યમાં પાર્શ્વનાથજી અને બંને બાજુ માલધરો, મસ્તક પર સર્પનો છત્રવટો તથા દેવીના હાથમાં પદ્મ, પાશ, અંકુશ અને બિજોરું ધારણ કરેલ જોવામાં આવે છે. અમદાવાદના જગવલ્લભ પાર્શ્વનાથ દેરાસરમાં આવેલ પદ્માવતીના મસ્તકે મુકુટ અને નવફણા નાગનું છત્ર છે. પરિકરના ઉપરના મધ્યમાં પાર્શ્વનાથ અને બંને બાજુ બે-બે એમ પાંચ તીર્થંકરોની મૂર્તિઓ છે. ચતુર્ભુજમાં અક્ષમાલા, અંકુશ, સનાળપદ્મ અને બિજોરું છે. આસનની મધ્યમાં કુક્કુટનું વાહન છે.

## મહાવીર સ્વામી

ચોવીસમા અને છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી જૈન પરંપરામાં ઐતિહાસિક અને સૌથી મહાન ગણાય છે. એમના યક્ષ માતંગ અને યક્ષિણી સિદ્ધાયિકા છે. એમના ચામરધારી મગધના રાજા શ્રેણિક અથવા બિંબિસાર અને શાલવૃક્ષ હેઠળ એમને કેવળજ્ઞાન થયું. મહાવીર સ્વામીના જીવનના કેટલાય પ્રસંગો જૈન મંદિરોમાં સ્તંભો, છતો અને ભીંતો ઉપર કોતરેલા કે ચીતરેલા જોવામાં આવે છે. ભારતના ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમના તમામ ભાગમાં આવેલ જૈન સ્થળોએથી મહાવીરની અસંખ્ય પ્રતિમાઓ મળે છે. મહાવીરની ઊભેલી અને બેઠેલી મૂર્તિઓ મોટી સંખ્યામાં નાનીથી માંડીને પૂર્ણકાય સુધીની મળેલી છે. મહાવીરની બે પ્રકારની પ્રતિમાઓ જોવા મળે છે. (૧) દીક્ષા લીધા પહેલાનું સ્વરૂપ જે 'જીવંત સ્વામી' નામે ઓળખાય છે. આ પ્રતિમા અલંકારયુક્ત હોય છે. (૨) મહાવીરનું ત્યાગી સ્વરૂપ.

મહાવીર સ્વામીની ઈ.સ. ૧લી થી ૩જી સદી દરમ્યાનની સાત પ્રતિમાઓ મળી છે, જે લખનૌ મ્યુઝિયમમાં છે. એમાંની છ મૂર્તિઓ પર પીઠિકા-લેખમાં 'વર્ધમાન' અને એકમાં 'મહાવીર' લખેલું છે, જેમાંની ચાર પ્રતિમાઓ અખંડ છે. જેમાં મહાવીર સ્વામીને ધ્યાનસ્થ અવસ્થામાં સિંહાસન પર બેઠેલા, આસનના મધ્યમાં ઉપાસકો તેમજ શ્રાવક-શ્રાવિકાઓથી ઘેરાયેલ ધર્મચક્ર અંકિત છે. ગુપ્તકાલની એક મૂર્તિ વારાણસીના કલાભવનમાં સુરક્ષિત છે. એમાં ધ્યાનમુદ્રામાં બેઠેલ મહાવીરના આસન સમક્ષ વિશ્વપદ્મ કંડારેલું છે. મહાવીર ચામરધરો, સેવકો ઊડતા ગંધર્વો તેમજ પ્રભામંડળથી યુક્ત છે. પીઠિકાની મધ્યમાં ધર્મચક્ર અને તેની પ્રત્યેક બાજુ સિંહ લાંછન ઉત્કીર્ણ છે.

ગુજરાતમાં અકોટામાંથી ગુપ્ત સમયની જીવંતસ્વામીની ધાતુપ્રતિમા મળી છે, જેમાં વર્ધમાન કાયોત્સર્ગ મુદ્રામાં ઊભેલા, મસ્તકે મુકુટ, કંઠમાં હાર વગેરે આભૂષણોથી અલંકૃત છે. ખંભાતમાં ચોકસીની પોળમાં મહાવીર સ્વામીના જિનાલયમાં સફેદ આરસની પંચતીર્થી પ્રતિમામાં મહાવીર યોગાસનમાં બેઠેલા છે. મસ્તક પાછળ પ્રભામંડલ, આસનની મધ્યમાં સિંહનું લાંછન અને પરિકરમાં બંને ટોચ ઉપર હંસ, ગંધર્વો, ફૂલવેલની ભાત કંડારી છે. ઉપરાંત શત્રુંજય ઉપર મૂળનાયક તરીકે, મહુવા, આબુમાં વિમલવસહી તથા લૂણવસહિમાં, પાટણ, જૂનાગઢ વગેરે સ્થળોનાં જિનાલયોમાં મૂળનાયકજી તરીકે સ્વતંત્ર મંદિરમાં મહાવીર સ્વામીની વિવિધ પદાર્થોમાં કંડારેલ વિશાળ અને ભવ્ય પ્રતિમાઓ જોવામાં આવે છે.

યક્ષ માતંગનો વર્ણ શ્યામ કે શ્વેત, વાહન હાથી, દ્વિભુજમાં નકુલ અને બિજોરું કે વરદમુદ્રા હોય છે. આ યક્ષની પ્રતિમાઓ શંખેશ્વર, દેવગઢમાં આવેલ છે.

યક્ષિણી સિદ્ધાયિકા નીલ વર્ણની, વાહન સિંહ, ચતુર્ભુજમાં પુસ્તક, માતુલિંગ, અભયમુદ્રા, વીણા અથવા વરદ અને પુસ્તક હોય છે. ઈલોરાની ગુફા નં. ૩૨મા એમનું સુંદર શિલ્પ આવેલું છે. જેમાં તેઓ સિંહ પર આરૂઢ છે. દ્વિભુજમાં અભયમુદ્રા અને માતુલિંગ છે. મસ્તક પર વૃક્ષ છે.

### જૈન પ્રતિમાજીમાં અભિનવ કલાવિધાન

અચલગચ્છ સ્થાપક પ. પૂ. આ. ભ. શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મહારાજા સાહેબના પરિવારના પ. પૂ. આ. ભ. શ્રી સંઘપ્રભસૂરિજી મ.સા.ની વિ.સં. ૧૨૩૫ની શ્રી મોઢેરા પાર્શ્વનાથ પ્રભુની પંચતીર્થની પ્રતિમાજીમાં પાછળ છત્રધારી માણસની પ્રતિકૃતિ જોવા મળે છે. ત્યારબાદ આજ પ્રમાણની પ્રતિમાજી ફક્ત અચલગચ્છના આ.ભ. શ્રી દ્વારા પ્રતિષ્ઠિત પંચતીર્થીમાં જોવા મળે છે. પણ પાટણમાં કોકા પાર્શ્વનાથ જિનાલયમાં અને વિરમગામના દેરાસરમાં બીજા ગચ્છના આ.ભ. દ્વારા પ્રતિષ્ઠિત પંચતીર્થિ ભગવાન જોવા મળેલ છે. સંકલન : સર્વોદયસાગર મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પિંડવાડા જૈન મંદિર



સિદ્ધાંત મહોદધિ, વાત્સલ્ય વારિધિ,
કર્મસાહિત્ય નિષ્ણાત મહાન ગીતાર્થ,
પિંડવાડા સંઘના મહોપકારી નૂતન કર્મ
સાહિત્યના સૂત્રધાર
આ.ભ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના
ચરણોમાં...

## પિંડવાડા શ્રી સંઘની કોટીશઃ વંદના...

જેઓશ્રીનો જન્મ નાંદિયા તીર્થની ભૂમિમાં થયો. વિ.સં. ૧૯૫૭ કા.વ. ૬ દિને પાલીતાણામાં પ.પૂ. વીરવિજયજી મ.સા.ના વરદ હસ્તે ચારિત્ર પામી મુનિ દાનવિજયજી મ.ના શિષ્ય મુનિ પ્રેમવિજયજી મ. બન્યા.

ગુર્વાજ્ઞાને જીવનમંત્ર બનાવ્યો. ઉત્તરોત્તર જ્ઞાન-ધ્યાન સ્વાધ્યાયમાં વધતા રહ્યા. નિત્ય એકાશન, મેવા-મીઠાઇ, ફ્રુટનો ત્યાગ હતો. વિ.સં. ૧૯૯૧ માં આચાર્યપદ પામ્યા. કર્મ સાહિત્યમાં મુનિઓ પાસે લાખો શ્લોક પ્રમાણ સર્જન કરાવ્યું. અનેક આત્માઓની તપગચ્છના સંઘોની એકતા પરસ્પર સદ્ભાવ સચવાઇ રહે તે અર્થે પ્રયત્ન કર્યા હતા. ૬૮ વર્ષના સંયમ જીવનમાં પંચાચારનું વિશુદ્ધ પાલન કર્યું હતું અને પાલન કરાવતા હતા. દરેક સંઘમાં સંપ-એકતા-પરસ્પર બહુમાન જળવાઇ રહે એવી અંતરની ભાવનાવાળા મહાપુરુષ ભવ્ય આદર્શ આપી ગયા છે. આ આદર્શ સફળતાને પામો.

**નાણા-દીયાણા-નાન્દીયા,**

**જીવતસ્વામી વાંદીયા...**

**નાંદીઆ (રાજસ્થાન)**



પ.પૂ.આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી પિંડવાડા જૈન શ્વે.મૂ.પૂ. તપ. સંઘ
સંઘપ્રમુખ મિલાપચંદજી સૂરચંદજી જૈન પિંડવાડા (રાજસ્થાન)ના સૌજન્યથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈનોની સાંસ્કૃતિક સંપત્તિ

—નલિનાક્ષ પંડ્યા



જૈન ધર્મ માટે (૧) ચારિત્રના આચારો, (૨) વિવિધ ભાગો, (૩) શ્રુત સાહિત્ય અને (૪) વિવિધ તીર્થો મુખ્યરૂપે સંસ્કૃતિના સ્તંભ સમાન છે.

સાધુઓના અને શ્રાવક–શ્રાવિકાઓના વિવિધ આચારો, જૈનધર્મની અહિંસા–કરુણા, પરમાર્થવૃત્તિ, મૈત્ર્યાદિભાવો, ઇન્દ્રિયસંયમન, શીલની પવિત્રતા જેવી બાબતો જિંદગીની શ્રેષ્ઠ ભૂમિકાને ટકાવે છે, સંવર્ધન કરે છે અને વિશ્વ સમક્ષ જૈનધર્મને પ્રથમ સ્થાન અપાવે છે.

છ મહિના સુધીના ઉપવાસ, આંબેલ, એકાસણાં, બિયાસણાં, લોચ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાઉસગ્ગ–ધ્યાન એ તો જૈનોની આગવી ઓળખ છે. અકબર જેવા બાદશાહો પણ જૈનધર્મના તપ સામે નતમસ્તક થયા છે.

જૈનોના શ્રુતસાહિત્યમાં તો ઘણી વાત લખી છે. દુનિયાના બીજા ધર્મોનાં તીર્થો જોયાં પછી મધ્યસ્થ ભાવને પામેલી વ્યક્તિ જ્યારે જૈન તીર્થ જુએ છે, ત્યારે જૈનોની સ્વચ્છતા–પવિત્રતા, કરુણાને વરેલી સંસ્કૃતિથી તાજ્જુબ થઈ જાય છે. મસ્તક અહોભાવથી ઝૂકી જાય છે. પર્વતોની ટોચે હોય કે નદીના કિનારે હોય, ગામમાં વસ્તીની વચ્ચે હોય કે જંગલના એકાંતમાં હોય......રસ્તાને અડીને હોય કે માર્ગથી દૂર હોય, જૈન તીર્થો જૈન સંસ્કૃતિની ભવ્ય યશોગાથા ઊંચે લહેરાતી ધજાઓને ફરકાવતાં સતત ગાતાં રહે છે.

ગુજરાતમાં સાક્ષરોની પ્રથમ હરોળમાં બેસી શકે તેવા પ્રખર વિદ્વાન શ્રી નલિનાક્ષભાઈ પંડ્યા વલ્લભવિદ્યાનગરમાં શિક્ષણ-સંશોધનની સંસ્થા પારિયાત્ર ફાઉન્ડેશનના વડા છે. બહુવિધ ક્ષેત્રોનાં રસ–રુચિ–સંસ્કાર પિતાશ્રી અમૃત પંડ્યા પાસેથી ગળથૂથીમાં મળેલા તથા તેમના મિત્ર–સમુદાય (રવિશંકર રાવળ, મોતીચંદ્ર, વાસુદેવશરણ અગ્રવાલ, નિર્મલકુમાર બોઝ, પોપટલાલ ગો. શાહ, ડોલરરાય માંકડ, મંજુલાલ મજમુદાર, પંડિત ઓમકારનાથ ઠાકુર. રાય કૃષ્ણદાસ, બચુભાઈ રાવત, લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, ડૉ. સંપૂર્ણાનંદ વગેરે)ના સાન્નિધ્યને કારણે પોષાયેલાં ને વિકસેલાં.

એમણે ભારતભરમાં વ્યાપક પ્રવાસો કર્યા છે. સંખ્યાબંધ લેખો ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં લખ્યા છે તથા અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય વિદ્વત્પરિષદોમાં ભાગ લીધો છે. શ્રી પંડ્યા સાહેબ સંખ્યાબંધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, જે આ મુજબ છે : (૧) પૂર્વ સહમંત્રી, અખિલ ભારતીય ભાષા–સાહિત્ય સંમેલન, (૨) એકેડેમી ઑફ વર્લ્ડ સિવિલિઝેશનના સભ્ય, (૩) મંત્રી, આંતરરાષ્ટ્રીય અપંગ વર્ષની ખેડા જિલ્લા સમિતિ, (૪) સ્થાપક અને સંયોજક, વલ્લભવિદ્યાનગર લોકસમિતિ. (જયપ્રકાશ નારાયણના વિચાર મુજબ રચાયેલી આ ગુજરાતની સહુથી પહેલી લોકસમિતિ હતી.) (૫) મુંબઈમાં અભ્યાસકાળ દરમિયાન ઇન્ડિયા પીસ કોરના સ્વયંસેવકોની પ્રથમ ટુકડીના સભ્ય તરીકે પસંદગી થયેલી, જેમાં પ્રમુખ કેનેડીએ સ્થાપેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા અમેરિકન પીસ કોરના સ્વયંસેવકોની સાથે સેવાકાર્ય કર્યું. (૬) મુંબઈમાં યુથ ઓર્ગેનાઇઝેશન ઑફ ગ્રુપ ઇનિશિયેટિવના સ્થાપક. (૭) મુંબઈ યુનિવર્સિટીની ફિલ્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોસાયટીના પૂર્વ મંત્રી અને મુંબઈ યુનિવર્સિટીની ડાન્સ એન્ડ મ્યુઝિક સોસાયટીના પૂર્વ કારોબારી–સભ્ય. (૮) માનદ્ ક્યુરેટર, ગુજરાત સંશોધન મંડળ મુંબઈનું સંગ્રહાલય. વિવિધ ક્ષેત્રે કરેલી નોંધપાત્ર કામગીરીને માટે અમેરિકાના બાયોગ્રાફિક્સ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રગટ થતી 'ઇન્ટરનેશનલ ડિરેક્ટરી ઑફ ડિસ્ટીન્ગ્વીશ્ડ લીડરશિપ ૧૯૯૮'માં પરિચય પ્રકાશિત થયો (વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓની ભલામણ પ્રમાણે આ ડિરેક્ટરીમાં પરિચય સમાવાય છે. કોઈની અરજી ધ્યાન પર નથી લેવાતી). ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ કચ્છમાં થયેલા વિનાશકારી ભૂકંપના પાંચ મહિના પહેલા ભાવનગર વિસ્તારમાં થતી ભૂકંપની પરંપરાઓના અભ્યાસ પરથી ગુજરાતમાં ક્યાંક મોટો ભૂકંપ થવાની સંભાવના અખબાર દ્વારા વ્યક્ત કરેલી અને તે માટે આફત નિવારણનાં લેવા જોઈતાં પગલાં પણ સૂચવેલાં. મોજીલા સ્વભાવના શ્રી પંડ્યા સાહેબ મળવા જેવા માણસ છે.

—સંપાદક

## પ્રાસ્તાવિક

ઈ.સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં ચરમ તીર્થંકર ભગવાન શ્રી વર્ધમાન અથવા શ્રી મહાવીર પ્રભુના સમયથી જૈન ધર્મપરંપરા એક સંગઠિત ધર્મ તરીકે ઊપસતાંની સાથે તેમાં પોતાના તત્ત્વદર્શનને અનુરૂપ આગવી ધર્મભાવના, ધર્માચરણ, ઉપાસનાપદ્ધતિ, ભક્તિસ્વરૂપો, ધર્મસ્થાનો, કર્મકાંડ, ધાર્મિક સાહિત્ય, ઉપાસ્ય દેવોની શ્રેણી અને ધાર્મિક પ્રતીકોનો પણ વિકાસ થતો ગયો. આ સર્વ તત્ત્વો જૈનધર્મીઓના આશ્રયે ખીલેલી તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સ્વાભાવિક રીતે પ્રતિબિંબિત થતાં રહ્યાં છે. જૈન ધર્માનુયાયીઓ ધનાઢ્ય વૈશ્ય વર્ણના હોવાથી આવી સાંસ્કૃતિક સર્જનાને પોષવાની તેમને અનુકૂળતા પણ રહી છે. પરિણામ એ આવ્યું કે ભારતીય ભાષા, સાહિત્ય, સ્થાપત્ય અને લલિતકળાઓના ક્ષેત્રે જૈનો થકી ભરપૂર સર્જન થયું. વિશ્વનાં તત્ત્વદર્શનોમાં જૈન દર્શનનું સ્થાન જેમ અનન્ય છે તેમ ભારતીય સંસ્કૃતિના વિશાળ નિધિમાં જૈનોની સાંસ્કૃતિક સંપત્તિનું યોગદાન અનુપમ છે.

# જૈન દર્શન

ભગવાન શ્રી મહાવીરે તેમના પ્રથમ શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ સ્વામી અને દશ ગણધરોને જૈન તત્ત્વજ્ઞાનનું સ્પષ્ટીકરણ કરીને તેના સારરૂપ ત્રણ વિધાનો સમજાવેલાં. 'ત્રિપદી'ને નામે જાણીતાં તે વિધાનો આ છે .

(૧) उपन्नेयी वा = પદાર્થની ઉત્પત્તિ થાય છે.

(૨) विगमेयी वा = પદાર્થનો લય થાય છે.

(૩) ध्रुवेयी वा = પદાર્થ સ્થાયી છે.

આ પદાર્થ અર્થાત્ 'દ્રવ્ય' તે 'સત્' છે. આ 'સત્' એ જ વાસ્તવિકતા છે અને તેથી તે વિવિધ સ્વરૂપોમાં હોવા છતાં મૂળભૂત રીતે સ્થાયી અથવા શાશ્વત છે, કારણ કે તે પોતાનું મૂળ રૂપ કદી ગુમાવતો નથી. આ રીતે દ્રવ્યના મૂળ રૂપમાં પદાર્થ શાશ્વત અને અવિકારી હોવા છતાં તે વિવિધ સ્વરૂપોમાં પરિવર્તન પામતો રહે છે. આમ આજે અસ્તિત્વ ધરાવનાર કોઈ પણ પદાર્થ—જે શાશ્વત કે ક્ષણિક નથી–તે ભૂતકાળમાં પણ હતો અને ભવિષ્યમાં પણ હશે. તેમાં વૃદ્ધિ કે ક્ષયની સંભાવના નથી. પદાર્થનો તેના ગુણધર્મો અને અંતર્નિહિત ક્ષમતા પ્રમાણે યથાસમય લય થતાં તેનું રૂપાંતર થાય છે, પરંતુ તેના દ્રવ્યનું મૂળભૂત અને તાત્ત્વિક સ્વરૂપ સદા અવિનાશી રહે છે.

## વિશ્વવ્યવસ્થા :—

જડ અને ચેતન તત્ત્વોથી બનેલા વિશ્વ યા બ્રહ્માંડના સર્જન અને સંચાલન અંગેનો જૈન દૃષ્ટિકોણ અન્ય દર્શનોથી જુદો પડે છે. જૈન દર્શન સૃષ્ટિના સર્જક કે સંચાલક તરીકે કોઈ ઈશ્વરના અસ્તિત્વને નથી માનતું, કારણ કે આવા સર્જક–પાલક ઈશ્વરની વિભાવનાને સ્વીકારવાની સાથે એકમાંથી બીજો એમ અગણિત પ્રશ્નોની એવી શૃંખલા રચાય છે. તેના તર્કશુદ્ધ ખુલાસા મળતા નથી. આથી જૈન દર્શન માને છે કે બ્રહ્માંડ પ્રકૃતિના નિયમો પ્રમાણે સ્વયંસંચાલિત છે. તેમાં જોવા મળતું સર્જન, વિસર્જન, વર્ધન કે ક્ષયનું ઘટનાચક્ર એ કાળના નિરંતર પ્રવાહમાં સ્વતઃ ચાલતી સનાતન પ્રક્રિયા છે. નથી તેનો કોઈ પૂર્વઆયોજક કે નથી કોઈ નિયંતા. વિશ્વવ્યવસ્થા કર્મસત્તાના પ્રભાવથી સંચાલિત છે, તેમાં પ્રભાવક પરિબળ 'કર્મ'નું છે. સમસ્ત વિશ્વમાં અદૃશ્યરૂપે વ્યાપ્ત કર્મના અણુઓનો અનુભવ ફક્ત તેના પ્રભાવથી જ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જડ અને ચેતન :—

જગતનો સમગ્રતાથી વિચાર કરીને જૈન દાર્શનિકોએ જગતના બધા પદાર્થોને 'જીવ' અને 'અજીવ' એમ બે મૂળભૂત વર્ગોમાં વહેંચ્યા છે. જૈન તત્ત્વજ્ઞાનમાં આ બે ને 'દ્રવ્ય'ના સામાન્ય નામે ઓળખવામાં આવે છે. જીવ એટલે જેમાં ચૈતન્યસ્વરૂપે આત્મા નિવાસ કરે છે તે અને અજીવ એટલે ચૈતન્યરહિત જડ પદાર્થ. જગતના તમામ ઉપદ્રવો અને અશાંતિ આ બે મૂળભૂત તત્ત્વોમાંથી ઉદ્દ્ભવે છે.

## કર્મનો સિદ્ધાંત અને મોક્ષ :—

જગતમાં એક સત્ય એ જોવા મળે છે કે તત્ત્વતઃ સમાન એવા મનુષ્યોમાં અનેક પ્રકારની વિષમતાઓ છે. આ વિષમતા દેખાવ, શરીરબળ, બુદ્ધિ, કાર્યક્ષમતા, આરોગ્ય, લાગણી, ધનસંપત્તિ કે સુખ આદિમાંથી ગમે તેની હોઈ શકે છે. કાર્યકારણ સંબંધને આધારે આત્મવાદી ભારતીય દર્શનોએ મનુષ્યોમાં જોવા મળતી વિષમતાનું એક માત્ર કારણ મનુષ્યોનાં પોતાનાં પૂર્વકર્મોને માન્યું છે. મનુષ્યની વર્તમાન સુખદ સ્થિતિ તેણે પૂર્વે કરેલાં સત્કર્મોને આભારી છે, જ્યારે તેની દુઃખદ સ્થિતિ માટે તેનાં પૂર્વે કરેલાં દુષ્કર્મો જવાબદાર છે.

જૈન દાર્શનિકોએ કર્મના સિદ્ધાંતને સ્વીકારવાની સાથે તેનું અધ્યયનપૂર્વક વિશ્લેષણ કરીને તેનું આગવા સિદ્ધાંતરૂપે પ્રતિપાદન કર્યું છે. તે મુજબ શરીર સહિત સહુ ભૌતિક પદાર્થો જેમ પુદ્ગલોનાં બનેલાં છે તેમ કર્મના પરમાણુસ્વરૂપ પુદ્ગલો અદૃશ્યરૂપે આખા વિશ્વમાં વ્યાપેલાં છે. મનુષ્ય દ્વારા થતાં કર્મો ગુણદોષ મુજબ આત્મા સાથે બંધાય છે. આવો કર્મબદ્ધ આત્મા પુનર્જન્મની ઘટમાળમાં ફસાયેલો રહે છે. મુમુક્ષુના આત્માને કર્મબંધનમાંથી મુક્ત કરવાની રીત તેનાં સર્વ કર્મોનો નાશ કરવાની છે. કર્મોનો નાશ થતાં આત્માનું ઊર્ધ્વગમન થાય છે. કર્મમુક્ત ઊર્ધ્વગામી આત્મા લોકના અગ્રભાગે પહોંચીને ત્યાં સ્થિર થઈ જાય છે તે જ મોક્ષની અવસ્થા છે. મોક્ષની અવસ્થામાં આત્મા કર્મમુક્તિની સાથે શરીર, ઇન્દ્રિય અને મન એ ત્રણના અભાવની સ્થિતિએ પહોંચતાં પરમ સુખ અનુભવે છે, જે અનન્ય, અનુપમેય અને અનિર્વચનીય છે. મોક્ષપ્રાપ્તિના ક્રમિક આચારનો કાર્યક્રમ દર્શાવનારો ધર્મ તે જૈન ધર્મ છે. આ કલ્યાણયાત્રાનાં વિવિધ સાધનો, સ્થિતિઓ, વિકાસક્રમ, અવરોધો, તેનાં નિવારણો તથા દરેક આનુષંગિક મુદ્દાનું વિશ્લેષણાત્મક અને જટિલ વિવેચન જૈન દર્શનમાં કરવામાં આવ્યું છે.

## મોક્ષપ્રાપ્તિના માર્ગ :—

મોક્ષની પ્રાપ્તિ માટે વ્યક્તિની યોગ્યતા અને શક્તિ પ્રમાણે બે માર્ગ છે. પ્રથમ અને મુખ્ય માર્ગ તે આત્માની ઉન્નતિ અર્થે આજીવન તપ અને વૈરાગ્યથી ભરેલો એવો દુષ્કર શ્રમણ-માર્ગ ('સર્વવિરતિ') બીજો માર્ગ ગૃહસ્થ વ્યક્તિ માટે પોતાની પરિસ્થિતિ મુજબ ધર્મના વ્રત-નિયમનું પાલન કરતાં રહીને આત્મશુદ્ધિનો શ્રાવક-માર્ગ ('દેશવિરતિ').

જ્યારે કોઈ સ્ત્રી કે પુરુષ સર્વ સાંસારિક સંબંધોનો વિચ્છેદ કરીને ઐહિક બંધનોથી મુક્ત થઈને વીતરાગ ભાવે 'સંયમ ધર્મ'ની દીક્ષા લે છે ત્યારે પુરુષ શ્રમણ, સાધુ યા મુનિ કહેવાય છે અને સ્ત્રી શ્રમણી, સાધ્વી અથવા આર્યા કહેવાય છે. આ સાધુ-સાધ્વીઓએ નીચેનાં પાંચ મહાવ્રતોનું ચોક્કસાઈપૂર્વક પાલન કરવાનું હોય છે :

(૧) પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત (અહિંસા)

(૨) મૃષાવાદવિરમણ મહાવ્રત (સત્ય)

(૩) અદત્તાદાનવિરમણ મહાવ્રત (અસ્તેય = અચૌર્ય)

(૪) મૈથુનવિરમણ મહાવ્રત (બ્રહ્મચર્ય)

(૫) પરિગ્રહવિરમણ મહાવ્રત (અપરિગ્રહ)

ગૃહસ્થધર્મી શ્રાવક-શ્રાવિકા (અથવા 'ઉપાસક')એ નીચેનાં બાર વ્રતો પાળવાનાં હોય છે :

(૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ (અહિંસા)

(૨) સ્થૂલ મૃષાવાદવિરમણ (સત્ય)

(૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ (= અસ્તેય = અચૌર્ય)

(૪) સ્થૂલ મૈથુનવિરમણ (બ્રહ્મચર્ય)

(૫) સ્થૂલ પરિગ્રહપરિમાણ (અપરિગ્રહ)

(૬) દિક્‌પરિમાણ વ્રત (પોતાની પ્રવૃત્તિ અને કાર્યના પ્રદેશની મર્યાદા બાંધવી)

(૭) ભોગોપભોગપરિમાણ વ્રત (અન્ન, વસ્ત્ર, શરીર જેવા ભોગઉપભોગના પદાર્થોની મર્યાદા બાંધવી)

(૮) અનર્થદંડવિરમણ વ્રત (નિરર્થક અને નિવારી શકાય તેવાં દુષ્કૃત્યો ન કરવાં)

(૯) સામાયિક વ્રત (રાગદ્વેષરહિત સ્થિતિમાં એક આસને બેસીને આધ્યાત્મિક સાધના કરવી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) દેશાવકાશિક વ્રત (પ્રથમ આઠ વ્રતોના પાલનમાં લીધેલી છૂટછાટોને ક્રમશઃ ઘટાડતાં જવું, જેથી તેના પાલનમાં સ્થાયિત્વ આવે)

(૧૧) પૌષધોપવાસ વ્રત (પૌષધ કરીને આધ્યાત્મિક સ્વાધ્યાયમાં રત થવું)

(૧૨) અતિથિ સંવિભાગ વ્રત (નિસ્પૃહભાવે આદરપૂર્વક સાધુ, સાધ્વી કે ઉપાસકને જીવનાવશ્યક વસ્તુઓ આપવી)

આમાંનાં પહેલાં પાંચ વ્રતો, જેમનું પાલન સાધુ–સાધ્વીઓ માટે અતિમાત્રામાં હોય છે, તેમાં 'ઉપાસકો' માટે ગૃહસ્થ જીવનની અનિવાર્યતા પૂરતી છૂટછાટો અપાઈ હોવાથી તેમની આગળ 'સ્થૂળ' વિશેષણ લગાડાય છે. આથી જ શ્રમણ માટે જે 'મહાવ્રત' કહેવાય છે તે શ્રાવક માટે 'અણુવ્રત' ગણાય છે.

## સમ્યક્ત્વ :—

જૈન દર્શનની આધારશિલા સમો સિદ્ધાંત 'સમ્યક્ત્વ'નો છે, જેનું વ્યાવહારિક સ્વરૂપ 'રત્નત્રયી'ના નામે જાણીતા સમ્યક્દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના આચારમાં પ્રસ્થાપિત થયું છે. મોક્ષ માર્ગના મૂલાધાર સમા આ ત્રણ આચારોને અપનાવ્યા સિવાય અન્ય વ્રત–નિયમ–આચાર નિરર્થક થઈ જાય છે.

## સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદ :—

દરેક પદાર્થના ગુણ તેની સમગ્રતાના વ્યાપક રૂપમાં એક અને તેનાં વિશિષ્ટ રૂપોની બહુલતામાં અનેક હોય છે. આપણી દૃષ્ટિની મર્યાદાને લીધે આપણે એક સમયે કોઈ પણ પદાર્થને બધી બાજુએથી જોઈ શકતાં નથી, એટલે કે તેના અંગેના પૂર્ણ સત્યને પામી શકતાં નથી, પણ આંશિક સત્યને પામીએ છીએ. આંશિક દૃષ્ટિથી મેળવેલું જ્ઞાન પણ આંશિક હોય છે, પૂર્ણ નથી હોતું. આ સાથે એ પણ સાચું છે કે જે રીતે અંશમાં પૂર્ણ સત્ય સમાયેલું નથી હોતું તે જ રીતે અંશ સત્યરહિત પણ નથી હોતો. અંશમાં અંશતઃ સત્ય તો હોય જ છે. વળી પ્રત્યેક પદાર્થને ભિન્ન દૃષ્ટિકોણથી જોતાં ક્યારેક ભિન્ન અને કયારેક વિરોધી સત્યોનાં દર્શન થાય છે. આમ સત્ય સ્વતંત્ર નહીં પણ સાપેક્ષ હોય છે. જો દર્શન પાછળની દૃષ્ટિ યા અપેક્ષા સમજીએ તો તેમાં રહેલું સત્ય પણ સરળતાથી સમજી શકાય છે. કોઈ પણ બાબતને એક દૃષ્ટિકોણથી જોવી 'અંધગજ ન્યાય' મુજબની 'એકાંત' દૃષ્ટિ છે અને તેને વિભિન્ન દૃષ્ટિકોણથી જોવી તે 'અનેકાન્ત' દૃષ્ટિ છે. આમ સત્યતાને પૂર્ણતાથી પામવાની દૃષ્ટિને અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ કહે છે. સ્યાદ્વાદને બીજા શબ્દોમાં સાપેક્ષવાદ પણ કહી શકાય. વળી તેમાં સર્વતોગ્રાહી દૃષ્ટિ હોવાથી તે યથાર્થવાદ પણ છે. તર્કશાસ્ત્રમાં સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદ વિશ્વને જૈનદર્શનનું અનોખું પ્રદાન છે.

# જૈન પર્વો

દરેક ધર્મની સાથે તહેવારોની ઉજવણી સંકળાયેલી હોય છે અને જે તે ધર્મના અનુયાયીઓ ઉત્સાહભેર તેમાં ભાગ લે છે. સામાન્ય રીતે પર્વોની ઉજવણી ઉત્સવની માફક આનંદોલ્લાસના ઘોષ, ઉત્સાહ, મનોરંજન, ખાનપાન સહિતના મેળાવડારૂપે થતી હોય છે, પરંતુ જૈન પર્વોની ઉજવણી આથી વિપરીત રીતે એટલે કે શાંતિપૂર્વક મંત્રજાપ, તપ, ધ્યાન, ત્યાગ, ભક્તિ, શાસ્ત્રાભ્યાસ વગેરે દ્વારા થાય છે. જૈન પર્વોની આ લાક્ષણિકતા આ ધર્મના પાયાના સિદ્ધાંતો તપ અને ત્યાગની નીપજ છે. વર્ષ દરમિયાન આવતાં જૈન તહેવારો નીચે પ્રમાણે છે :

**પર્યુષણ :**—શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ સુધી આઠ દિવસનું પર્યુષણ એ જૈનોનું મહાપર્વ છે. આ દરમિયાન ભાવિક જૈનો પોતાની શક્તિ મુજબ અટ્ઠાઈ (આઠ દિવસના ઉપવાસ), અટ્ઠમ (ત્રણ દિવસના સતત ઉપવાસ) અથવા છૂટા છૂટા ત્રણ દિવસના ઉપવાસ જેવાં તપો કરે છે. ઘણાં પૌષધવ્રત પાળે છે. મુનિમહારાજો પર્યુષણ દરમિયાન 'કલ્પસૂત્ર'નું સાર્વજનિક વાચન કરીને તેનો ઉપદેશ સમજાવે છે. પર્યુષણના સાત દિવસ સાધનાના તથા આઠમો 'સંવત્સરી'ના નામે ઓળખાતો દિવસ આત્મસાધનાની સિદ્ધિનો છે, જેમાં અન્ય પ્રત્યે દેખાડેલા દુર્ભાવ બદલ 'મિચ્છામિ દુક્કડમ્'નું સુપરિચિત વચન ઉચ્ચારીને ક્ષમાયાચના કરવાની હોય છે.

**નવપદ ઓળી :**—આસો સુદ સાતમથી પૂર્ણિમા સુધીના નવ દિવસ તેમજ ચૈત્ર સુદ સાતમથી પૂર્ણિમા સુધીના નવ દિવસ, આમ વર્ષમાં બે વાર આ પર્વની ઉજવણી કરવામાં આવે છે. તેમાં પવિત્ર ઉચ્ચરણ, ધ્યાન અને તીર્થંકરાદિ નવ પદની ભક્તિઆરાધના કરાય છે. શ્રીપાલ અને મયણાસુંદરીની કથા આ પર્વની વિધિ સાથે સંકળાયેલી હોવાથી ક્યાંક તેમની કથાનો નાટ્યપ્રયોગ આ પર્વ સાથે કરવામાં આવે છે.

**દિવાળી :**—આસોની અમાવસ્યા (= દિવાળી)એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ ભગવાન મહાવીરનું પાવાપુરી (બિહાર)માં નિર્વાણ થયું હોવાથી જૈનો દિવાળીની રાત્રિ પવિત્ર સ્તોત્રોના ઉચ્ચરણ અને મહાવીર પ્રભુના ધ્યાનમાં વિતાવે છે. તેને બીજે દિવસે કાર્તિક સુદ પડવાના પરોઢિયે તેમના પ્રથમ શિષ્ય ગણધર ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું હોવાથી બેસતા વર્ષના દિવસે જૈનો દિવાળીની ઉજવણી નવ સ્મરણસ્તોત્રોની ભક્તિ અને ગૌતમ સ્વામીના રાસના શ્રવણથી કરે છે.

**ભાઈબીજ :**—શ્રમણ ભગવાન મહાવીરના નિર્વાણથી તેમના ભાઈ રાજા નંદિવર્ધન ઘેરા દુઃખ અને સંતાપમાં ડૂબી જતાં બહેન સુદર્શના કાર્તિક સુદ બીજના દિવસે તેમને પોતાને ઘરે લઈ ગઈ હતી. તેથી આ દિવસને જૈનો પણ ભાઈબીજ તરીકે ઊજવે છે અને બહેનો ભાઈને પોતાને ઘરે આમંત્રીને સત્કારે છે.

**જ્ઞાનપંચમી :**—કાર્તિક સુદ પાંચમ જૈન ધર્મમાં 'જ્ઞાનપંચમી' તરીકે ઊજવાય છે. આ દિવસે જ્ઞાનભંડારોના ગ્રંથોને સ્વચ્છ કરવામાં આવે છે, પવિત્ર શાસ્ત્રગ્રંથની વિધિપૂર્વક પૂજા-અર્ચા-વંદના કરવામાં આવે છે અને દાનરૂપે ભેટ મૂકીને જ્ઞાનભંડારોના સંરક્ષણ-સંવર્ધન માટે વપરાતા 'જ્ઞાનદ્રવ્ય'માં ફાળો આપવામાં આવે છે. શ્વેતાંબરો જ્ઞાનની દેવી સરસ્વતીનું પૂજન કરે છે. આ ઉપરાંત પવિત્ર સ્તોત્ર-ઉચ્ચરણ, ઉપવાસ, પૌષધ-વ્રત, ધ્યાન, દેવવંદન અને પ્રતિક્રમણ પણ કરાય છે.

**કાર્તિક પૂર્ણિમા :**—કાર્તિક પૂર્ણિમાએ ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાં જૈન સાધુ-સાધ્વીઓ વિહાર (= પદયાત્રા) પર નીકળી પડે છે. આ પાવનકારી દિવસે તીર્થાધિરાજ કહેવાતા શત્રુંજય ગિરિની યાત્રાનું મોટું માહાત્મ્ય છે. આથી સેંકડો જૈનો ત્યાં ઊમટી પડે છે. આ જ દિવસે વિ.સં. ૧૧૩૪ (ઈ.સ. ૧૦૭૮)માં કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર સૂરિનો જન્મ થયેલો તેથી ઘણા એ રીતે પણ તેની ઉજવણી કરે છે.

**મૌન એકાદશી :**—માગશર સુદ અગિયારશ જૈનોમાં મૌન એકાદશી તરીકે ઊજવાય છે. તેથી આ દિવસ તેઓ મૌન વ્રત ઉપરાંત ઉપવાસ, પૌષધ વ્રત, ધ્યાન આદિમાં પસાર કરે છે. આજના પર્વએ ૧૫૦ જિનેશ્વરોનાં જીવનની મહાન કલ્યાણક ઘટનાઓનાં ગુણગાન થાય છે. મૌન એકાદશી સાથે સુવ્રત શ્રેષ્ઠીની કથા સંકળાયેલી છે.

**મહાવીરજન્મકલ્યાણક :**—ભગવાન મહાવીરનો જન્મ-કલ્યાણક (=જન્મદિન) ચૈત્ર સુદ તેરસના રોજ ઊજવાય છે. આ દિવસે રથયાત્રા, દેવવંદન, મહાવીર પ્રભુનાં ગુણગાન, શાસ્ત્રશ્રવણ જેવા ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવથી ઊજવાય છે. શ્રી મહાવીરના જન્મસ્થળ ક્ષત્રિયકુંડ (બિહાર)માં ભવ્ય ઉત્સવની ઉજવણી થાય છે.

**અક્ષય તૃતીયા :**—વૈશાખ સુદ ત્રીજના દિને પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભનાથે એક વર્ષના સળંગ ઉપવાસને અંતે પારણાં કર્યાં હોવાથી 'વરસીતપ' કરનારા તપસ્વીઓ આજે શેરડીનો રસ પીને ઉપવાસ છોડે છે. શત્રુંજય તીર્થની યાત્રાએ જવા માટે અક્ષય તૃતીયા (=અખાત્રીજ) મંગળ દિન મનાય છે.

**પોષ દશમી :**—પોષ વદ દશમી ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથનો જન્મદિન છે. જૈનો આ દિવસ 'અટ્ઠમ' (= ત્રણ દિવસના સળંગ ઉપવાસ), સ્તોત્ર ઉચ્ચરણ, ધ્યાન આદિ દ્વારા ઊજવે છે. આ તહેવારે શંખેશ્વર તીર્થ (મહેસાણા જિલ્લો)માં જૈનોનો મેળો ભરાય છે અને તેમાં સેંકડો શ્રદ્ધાવાન જૈનો અટ્ઠમ તપ પાળે છે.

**અષાઢ ચતુર્દશી :**—અષાઢ સુદ ચૌદશથી પવિત્ર જૈન ચાતુર્માસનો આરંભ થવાથી સાધુ-સાધ્વીઓ એ દિવસે જ્યાં હોય ત્યાં જ કાર્તિક સુદ ચૌદશ સુધી રોકાઈ જાય છે. ચાતુર્માસ દરમિયાન અનેક ત્યાગ અને તપસ્યાપોષક ધાર્મિક આયોજનો હાથ ધરાય છે.

## જૈન ધાર્મિક સાહિત્ય

જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને આવરી લેતા મૂળ ગ્રંથોને આગમ-સાહિત્ય તરીકે ઓળખવામાં આવે છે. તેમાં જૈન ધર્મનાં મૂળ સિદ્ધાંત-સૂત્રો તથા તેમના ઉપરના ભાષ્યાત્મક કે ટીકાત્મક સાહિત્યનો સમાવેશ થાય છે.

જૈન દર્શનના સિદ્ધાંતો અંગે શ્વેતાંબર કે દિગંબર, સ્થાનકવાસી કે તેરાપંથ જેવા સંપ્રદાયોમાં કોઈ મતભેદ નથી. સંપ્રદાયોનાં ધાર્મિક સાહિત્યમાં થોડોક ભેદ છે, છતાં સંપ્રદાયોના તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ બદલાયા વગરનું રહે છે. સંપ્રદાયો વચ્ચે જે ભેદ છે તે આચાર બાબતે છે.

જૈન પરંપરા જણાવે છે તે મુજબ શ્રમણ ભગવાન મહાવીરે જૈન ધર્મના સિદ્ધાંતોની જે સ્પષ્ટતા આપી હતી તેનું અગિયાર ગણધરોએ પ્રત્યક્ષ શ્રવણ કરેલું. એમાંના ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી અને સુધર્મા સ્વામી સિવાયના ગણધરો મહાવીર સ્વામીના જીવનકાળમાં જ નિર્વાણ પામેલા. તેથી આ બે શ્રુતકેવલીમાંના સુધર્માસ્વામીએ શ્રી મહાવીરના ઉપદેશોને બાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અંગ'ના રૂપમાં અર્ધમાગધી ભાષામાં સૂત્રબદ્ધ કરીને જાળવી રાખેલા. આ જ્ઞાનનું શિષ્ય-પ્રશિષ્ય પરંપરાથી કંઠસ્થ રાખીને જતન કરવામાં આવેલું. પ્રાચીન કાળમાં આ અંગ-સાહિત્ય 'શ્રુત'ના નામે ઓળખાતું હતું. ગણિપિટક, પ્રવચન, બદ્ધસૂત્ર, દ્વાદશાંગ આદિ પણ તેનાં નામાંતરો હતાં. આ અંગોની સંખ્યા બારની હોવાથી તે 'દ્વાદશાંગ'ના નામે વધુ જાણીતાં બન્યાં છે.

મહાવીરોત્તર કાળમાં ધર્મ-પ્રચારની પ્રવૃત્તિને વેગ મળતાં અન્ય સ્થવિરોના ઉપદેશનું પણ સાહિત્ય રચાયું અને તેનું વ્યાખ્યા-સાહિત્ય પણ રચાયું. તેથી આ બધાનો યે આગમ-સાહિત્યમાં સમાવેશ કરવામાં આવ્યો, કારણ કે તે તીર્થંકરો દ્વારા પ્રબોધિત મૂળ વિચારધારાને જ અનુસરતું હતું. સમય વીતવાની સાથે આગમ સાહિત્યની વૃદ્ધિ થતાં તેનું વર્ગીકરણ કરવાની જરૂર ઊભી થઈ. તેના પ્રાથમિક વર્ગીકરણમાં ગણધરોએ રચેલાં શાસ્ત્રોના વર્ગ ('અંગ')ને 'અંગપ્રવિષ્ટ' કહેવામાં આવ્યો તથા તે સિવાયનો શાસ્ત્રવર્ગ 'અંગબાહ્ય' તરીકે માન્ય થયો.

## અંગપ્રવિષ્ટ આગમ ગ્રંથો (= બાર અંગો) :-

જૈન ધર્મના બધા પંથોએ માન્ય રાખેલા ગણધરો દ્વારા લિખિત બાર અંગો આ છે : (૧) આચાર. (૨) સૂત્રકૃત. (૩) સ્થાન. (૪) સમવાય. (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ. (૬) જ્ઞાતૃધર્મકથા. (૭) ઉપાસકદશા. (૮) અંતકૃદશા. (૯) અનુત્તરોપતિક દશા. (૧૦) પ્રશ્નવ્યાકરણ. (૧૧) વિપાક સૂત્ર. (૧૨) દૃષ્ટિવાદ (આ અંગ લુપ્ત થઈ ગયું છે).

## અંગબાહ્ય આગમ-ગ્રંથો :

શ્વેતામ્બર મત મુજબ ૧૨ ઉપાંગ, ૧૦ પ્રકીર્ણક, ૬ છેદસૂત્ર, ૪ મૂલ અને ૨ ચૂલિકાસૂત્ર મળીને કુલ ૩૪ અંગબાહ્ય આગમ-ગ્રંથો છે. તેમની સૂચિ આ પ્રમાણે છે :

**ઉપાંગ :**—(૧) ઔપપાતિક. (૨) રાજપ્રશ્નીય. (૩) જીવાભિગમ. (૪) પ્રજ્ઞાપના. (૫) સૂર્યપ્રજ્ઞપ્તિ. (૬) જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ. (૭) ચંદ્રપ્રજ્ઞપ્તિ. (૮) નિરયાવલી. (૯) કલ્પાવતંસિકા. (૧૦) પુષ્પિકા. (૧૧) પુષ્પચૂલિકા. (૧૨) વૃષ્ણિ દશા.

**પ્રકીર્ણક :**—(૧) ચતુ:શરણ. (૨) આતુરપ્રત્યાખ્યાન. (૩) ભક્તપરિજ્ઞા. (૪) સંસ્તારક. (૫) તંદુલવૈચારિક. (૬) ચંદ્રવેધ્યક. (૭) દેવેન્દ્રસ્તવ. (૮) ગણિવિદ્યા. (૯) મહાપ્રત્યાખ્યાન. (૧૦) વીરસ્તવ.[1]

**છેદસૂત્ર :**—(૧) નિશીથ. (૨) મહાનિશીથ. (૩) વ્યવહાર. (૪) દશાશ્રુતસ્કંધ. (૫) બૃહત્કલ્પ. (૬) જીતકલ્પ.

**મૂલ :**—(૧) ઉત્તરાધ્યયન. (૨) દશવૈકાલિક. (૩) આવશ્યક. (૪) પિંડનિર્યુક્તિ.[2]

**ચૂલિકાસૂત્ર :**—(૧) નંદીસૂત્ર. (૨) અનુયોગદ્વાર.

શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાય દૃષ્ટિવાદ સિવાયનાં ૧૧ અંગો અને ઉપર મુજબનાં ૧૨ ઉપાંગોને માને છે. તે ઉપરાંત નીચેના ૮ ગ્રંથોને અંગબાહ્ય રૂપે માન્ય રાખે છે :

**છેદ :**—(૧) વ્યવહાર. (૨) બૃહત્કલ્પ. (૩) નિશીથ. (૪) દશાશ્રુતસ્કંધ.

**મૂલ :**—(૧) દશવૈકાલિક. (૨) ઉત્તરાધ્યયન. (૩) નંદી. (૪) અનુયોગ.

દિગંબર સંપ્રદાયની માન્યતા અનુસાર તીર્થંકર પ્રણિત આગમનો વીરનિર્વાણ પછી હ્રાસ થતો ગયેલો. હાલ ૧૧ અંગો સહિતના જે આગમ-ગ્રંથો મળે છે તે મૂળ રૂપમાં નથી પણ પાછળથી લખાયેલા છે, કારણ કે વીરનિર્વાણના ૬૮૩મા વર્ષે આચારાંગધારી આચાર્ય લોહ કાળધર્મ પામતાં કોઈ 'અંગધર' કે 'પૂર્વધર' આચાર્ય રહ્યા ન હતા. જે આચાર્યો થયેલા તે 'અંગ' કે 'પૂર્વ'ના અંશના જ જ્ઞાતા હતા. આમ છતાં બીજા પૂર્વ 'અગ્રાયણીય'ના અંશના આધારે પુષ્પદંત અને ભૂતબલિ નામના આચાર્યોએ રચેલા 'ષટ્ખંડાગમ' તથા પાંચમા પૂર્વ 'જ્ઞાનપ્રવાહ'ના અંશ પર આધારિત આચાર્ય ગણધરની રચના 'કષાયપાહુડ'ને દિગંબરોએ માન્ય રાખી છે.

આ ઉપરાંત દિગંબરોએ કેટલાક ગ્રંથોને આગમ જેટલા જ મહત્ત્વના ગણીને તેમને 'જૈન વેદ'નું નામ આપી ચાર અનુયોગોમાં નીચે પ્રમાણે વિભક્ત કર્યા છે :

**પ્રથમાનુયોગ :**—(૧) પદ્મપુરાણ (રવિષેણનું). (૨) હરિવંશપુરાણ (જિનસેનનું). (૩) આદિપુરાણ (જિનસેનનું). (૪) ઉત્તરપુરાણ (ગુણભદ્રનું).

**કરણાનુયોગ :**—(૧) સૂર્યપ્રજ્ઞપ્તિ. (૨) ચંદ્રપ્રજ્ઞપ્તિ. (૩) જયધવલ.

---

૧. ૧૦ પ્રકીર્ણકોમાં થોડાક ફેરફાર સાથેનાં નામ પણ જોવા મળે છે.

૨. કેટલાક પિંડનિર્યુક્તિને સ્થાને ઓઘનિર્યુક્તિ ગણાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દ્રવ્યાનુયોગ :**–(૧) પ્રવચનસાર (કુંદકુંદનું). (૨) સમયસાર (કુંદકુંદનું). (૩) નિયમસાર (કુંદકુંદનું). (૪) પંચાસ્તિકાય (કુંદકુંદનું). (૫) તત્ત્વાર્થાધિગમસૂત્ર (ઉમાસ્વાતિનું) અને તેની સમંતભદ્ર, પૂજ્યપાદ, અકલંક, વિદ્યાનંદ આદિ કૃત ટીકાઓ. (૬) આપ્તમીમાંસા (સમંતભદ્રનું) તથા તેની અકલંક, વિદ્યાનંદ આદિ કૃત ટીકાઓ.

**ચરણાનુયોગ :**—(૧) મૂલાચાર (વટ્ટકેરનું). (૨) ત્રિવર્ણાચાર (અપ્રાપ્ય છે). (૩) રત્નકરંડ શ્રાવકાચાર (અપ્રાપ્ય છે).

## જૈન જ્ઞાનભંડારો

પ્રાચીન ભારતમાં જ્ઞાનપ્રસારની પદ્ધતિ મૌખિક હતી. મુનિઓ દ્વારા કંઠસ્થ કરાયેલા ધર્મશાસ્ત્રો શિષ્યો શ્રુત (=શ્રવણ) પરંપરાથી ગ્રહણ કરીને પેઢી દર પેઢી હસ્તાંતરિત કરતા. મૌખિક પ્રસારણની આ પદ્ધતિમાં સામાજિક, રાજકીય કે પ્રાકૃતિક કારણોથી ઊભા થતાં વિપરીત સંજોગો ઉપરાંત કાળાધીન પરિબળો શાસ્ત્રો માટે વિનાશક તથા તેના મૂળ સ્વરૂપની રક્ષામાં બાધક નીવડતાં. આ કારણે શાસ્ત્રોના શુદ્ધ સ્વરૂપની જાળવણી માટે જૈન આચાર્યોએ સમયાનુસાર ત્રણ વિદ્વત્પરિષદો ભરેલી, જેમાં જૈન શ્રુતને વ્યવસ્થિત રૂપ અપાતું રહેલું. જૈન ઇતિહાસમાં આને વાચનાઓ કહે છે. આવી પહેલી વાચના વીર નિર્વાણના ૧૬૦ વર્ષે પાટલીપુત્રમાં, બીજી વાચના આચાર્ય સ્કંદિલ (વીરનિર્વાણ સંવત ૮૨૭થી ૮૪૦)ની નિશ્રામાં મથુરામાં અને લગભગ એ જ ગાળામાં ત્રીજી વાચના નાગાર્જુનસૂરિની અધ્યક્ષતામાં વલભી (વર્તમાન વલભીપુર, જિલ્લો ભાવનગર)માં યોજાયેલી. ત્યારપછી શાસ્ત્રની સંઘટનાને સ્થાયિત્વ આપવા માટે વીર સંવત ૯૮૦ (ઈ.સ. ૪૫૩/૪૬૬)માં જૈન શ્રમણોની એક પરિષદ ફરી વલભીમાં મળી. આમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં જૈન સિદ્ધાંત (અંગ અને ઉપાંગ)ને લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું. આ શકવર્તી ઘટના જૈન ઇતિહાસમાં આગમોના 'પુસ્તકારોહણ' તરીકે નોંધાઈ છે.

શ્રુતિ–સ્મૃતિ પદ્ધતિમાં જ્ઞાનના અર્જન અને પ્રસાર જે કષ્ટસાધ્ય હતાં તે લિખિત પદ્ધતિના આરંભથી ઘણા સરળ બની ગયા. આમ થતાં વધુ ને વધુ શ્રમણો વિદ્યાવ્યાસંગ તરફ વળ્યા અને જૈનોમાં જ્ઞાનક્ષેત્રે સર્જનાત્મક પ્રવૃત્તિએ વેગ પકડ્યો, પરંતુ તેની જ સાથે લખાતા ગ્રંથોને રાખવા–સાચવવાની નવી સમસ્યા ઊભી થઈ. કારણ એ હતું કે જૈન સાધુઓ માટેનાં મહાવ્રતોમાં અપરિગ્રહનો સમાવેશ થતો હોવાથી તેઓ અન્ય ચીજવસ્તુઓની જેમ પુસ્તકો પણ રાખી શકતા નથી. જ્ઞાનપ્રધાન જૈન ધર્મમાં આ અનિવાર્ય સમસ્યાના ઉકેલરૂપે શાસ્ત્રગ્રંથોના સંગ્રહ અને સંરક્ષણની જવાબદારી જૈન ધર્મસંઘે ઉપાડી લીધી. પરિણામે જ્ઞાનભંડારો ઊભા થયા. વળી પુસ્તકો લખાવીને સાધુ–સાધ્વીને અર્પણ કરવાં તે શ્રાવકો માટેનાં સાત ક્ષેત્રોમાંનું એક ગણાયું હોવાથી જૈન રાજવીઓ, મંત્રીઓ અને ધનિક ગૃહસ્થો જૈન આગમોના શ્રવણ કે તપશ્ચર્યાના ઉદ્યાપન કે પોતાનાં પાપોની આલોચના નિમિત્તે અથવા સ્વજનના કલ્યાણાર્થે પુસ્તકો લખાવીને અર્પણ કરતા.

ચૌલુક્ય નરેશ સિદ્ધરાજ જયસિંહે ૩૦૦ લહિયાઓ પાસે બધાં દર્શનોની પ્રત્યેક શાખાને લગતાં પુસ્તકો લખાવીને અણહિલવાડ પાટણમાં રાજકીય ગ્રંથાલયની સ્થાપના કરેલી તથા આચાર્ય હેમચંદ્રના 'સિદ્ધહૈમશબ્દાનુશાસન'ની સવા લાખ નકલો કરાવીને અન્ય રાજાઓ તથા વિદ્વાનોને ભેટ મોકલાવી હતી. સિદ્ધરાજનો અનુગામી રાજા કુમારપાળ જૈનધર્મી હોઈ તેણે ૨૧ જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. જૈન મંત્રીઓમાં વસ્તુપાલ (તેના શ્રેષ્ઠીબંધુ તેજપાલ સાથે), પેથડશાહ અને મંડન જ્ઞાનભંડારોની સ્થાપના માટે જાણીતા છે. આ ઉપરાંત સંખ્યાબંધ ધનવાન શ્રાવકોએ જ્ઞાનભંડારોની સ્થાપના અને વિસ્તાર કરીને ધર્મલાભ મેળવ્યો છે. વિવિધ પ્રદેશોમાં વિહાર કરતા સાધુઓ માટે વિવિધ પ્રજાઓની ભાષા, સંસ્કૃતિ, ધર્મ, રીતરિવાજો વગેરેનો અભ્યાસ જૈન સિદ્ધાંતોના પ્રચાર માટે, શાસ્ત્રાર્થ માટે અને પોતાની વિચારધારાને વધુ સમૃદ્ધ કરવા માટે જરૂરી હોવાથી જૈન જ્ઞાનભંડારોમાં અન્ય ભારતીય ધર્મસંપ્રદાયોના તથા ધર્મનિરપેક્ષી વિષયોના ગ્રંથો પણ સંદર્ભ માટે રાખવામાં આવતા. આ કારણે ૧૦૦૦ વર્ષ જૂની તાડપત્રની પોથીઓ કે કાગળ પર લખેલી હસ્તપ્રતો પણ તેમાં સચવાઈ શકી છે. આવાં અલભ્ય પુસ્તકોમાં રાજશેખરનું 'કાવ્યમીમાંસા', લોકાયત દર્શનનું એકમાત્ર ઉપલબ્ધ પુસ્તક જયરાશિનું 'તત્ત્વોપપ્લવ', બૌદ્ધ દર્શન અંગેનું શાંતરક્ષિત અને કમલશીલ રચિત 'તત્ત્વસંગ્રહ', વત્સરાજનાં નાટકો આદિનો સમાવેશ થાય છે.

શ્વેતાંબર પંથમાં જ્ઞાનભંડારોનું પ્રમાણ વધુ હોવાથી ગુજરાત અને રાજસ્થાનમાં અનેક ગામો અને નગરોમાં તે જોવા મળે છે. તેમાંના મુખ્ય નીચે પ્રમાણે છે : અમદાવાદ, પાટણ, પાલણપુર, રાધનપુર, ખંભાત, ભાવનગર, ઘોઘા, પાલિતાણા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીંબડી, વઢવાણ, માંગરોળ, જામનગર, કોડાય, છાણી, વડોદરા, પાદરા, દરાપરા, ડભોઈ, સિનોર, ભરૂચ અને સુરત (બધા ગુજરાતમાં) તથા જાલોર, બાડમેર, જૈસલમેર, પાલી, આહોર, ઉદયપુર, મુંડારા, નાગૌર અને બિકાનેર (બધા રાજસ્થાનમાં). આ ઉપરાંત મુંબઈ (મહારાષ્ટ્ર); રતલામ અને શિવપુરી (મધ્યપ્રદેશ); આગરા અને વારાણસી (ઉત્તરપ્રદેશ); કોલકતા અને બાલુચર (પશ્ચિમબંગાળ) તથા હોશિયારપુર, ગુજરાનવાલા અને ઝંડિયાલા (પંજાબ). આ તમામમાં પાટણનો હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર (મૂળ સંઘવીના પાડાનો) જ્ઞાનભંડાર, ખંભાતનો શાંતિનાથ દેરાસરનો અને જૈસલમેરનો કિલ્લામાંનો જ્ઞાનભંડાર તેમાંની ઈ.સ.ની ૧૧મીથી ૧૫મી સદી સુધીની તાડપત્રીય હસ્તપ્રતો માટે જાણીતા છે. દિગંબર સંપ્રદાયનો મુખ્ય જ્ઞાનભંડાર કર્ણાટકના મૂડબિદ્રીના 'સિદ્ધાંત મંદિર'માં છે.

## જૈન પ્રાકૃત સાહિત્ય

ભગવાન મહાવીરે તેમનો ઉપદેશ સ્ત્રીઓ, આબાલવૃદ્ધ અને નિરક્ષરો સમજી શકે તે માટે લોકભાષા પ્રાકૃતમાં આપેલો. પ્રાકૃતની જે લોકભાષાનો તેમણે ઉપયોગ કરેલો તે અર્ધમાગધી (મગધ અને શૂરસેન=વર્તમાન વ્રજમંડલ–વચ્ચે બોલાતી લોકભાષા) હતી. તેમને અનુસરીને બધા જૈનશ્રમણોએ પણ અર્ધમાગધી પ્રાકૃતમાં જ ધર્મપ્રચાર કરેલો. આથી પ્રાચીનતમ જૈન સાહિત્ય (આગમ અને આગમેતર) પ્રાકૃતની શાખા અર્ધમાગધીમાં લખાયેલું છે. આ સિવાયનું જૈન સાહિત્ય પ્રાકૃતના ઉત્કૃષ્ટ રૂપ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં છે, જે સમયાંતરે જૈનધર્મનું કેન્દ્ર પશ્ચિમ ભારતમાં ખસતાં અર્ધમાગધી પર થયેલી પશ્ચિમ ભારતની ભાષા અને બોલીઓની અસરમાંથી ઉદ્દ્ભવેલી હતી.

જૈન મતના પ્રચાર માટે શ્રમણોએ વિવિધ કથાઓ અને આખ્યાનોની રચના કરીને પ્રાકૃત સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. આ કથાગ્રંથોમાં ધર્મને કેન્દ્રમાં રાખીને આખ્યાનો લખવામાં આવ્યાં છે. કથા ભલે અર્થોપાર્જન વિષયક કે કામવિષયક હોય, પણ તેનો મુખ્ય ઉદ્દેશ ધર્મસ્થાપનાનો જ રહ્યો છે. સંઘદાસ ગણિની સુખ્યાત 'વસુદેવહિંડી'માં શૃંગારકથાને નિમિત્તે ધર્મકથાનું જ નિરૂપણ થયું છે.

આગમ રચનાકાળના સાહિત્યમાં નોંધપાત્ર પ્રાકૃત ગ્રંથો રચાયા છે. તેમાંનો જૈન કથાસાહિત્યનો સર્વપ્રથમ ગ્રંથ, જે આજે અનુપલબ્ધ છે, તે 'ણાયાધમ્મકહાઓ' (= જ્ઞાતૃધર્મકથા) છે. આમાં ૧૯ અધ્યયનોમાં જ્ઞાતૃપુત્ર મહાવીરના મુખે કહેવાયેલી અનેક કથાઓ અને ઉપકથાઓ સંગ્રહાયેલી હતી. આ કાળની અન્ય કૃતિઓમાં 'ઉપાસકદશા' (શ્રી મહાવીરના દશ ઉપાસકોની કથા), 'અંતકૃદ્દશા' (અર્હતોની કથા), 'વિપાકસૂત્ર' (શુભ અને અશુભ કર્મોનાં ફળ સંબંધી કથાઓ), 'ઉત્તરાધ્યયનસૂત્ર' (ત્યાગ–વૈરાગ્યની સંવાદાત્મક કથા) ઉલ્લેખનીય છે.

પ્રાકૃત આગમોત્તર સાહિત્યમાં ચરિત્રગ્રંથોનું સ્થાન અગત્યનું છે. 'તરેસઠશલાકાપુરુષચરિત'માં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ બલદેવો અને ૯ પ્રતિવાસુદેવોનું ચરિત્રચિત્રણ છે. 'કલ્પસૂત્ર'માં તીર્થંકરોનાં જીવનનું વર્ણન છે. વિમલસૂરિના 'પઉમચરિય'માં જૈન રામાયણ અને 'હરિવંસચરિય'માં (અનુપલબ્ધ) કૃષ્ણકથાનું વર્ણન છે. આ ઉપરાંતના કથાગ્રંથોમાં 'તરંગવઈકહા', 'સમરાઈચ્ચકહા' અને 'કુવલયમાલા' મુખ્ય છે. પ્રાકૃતમાં લખાયેલા કથાકોષો પણ જાણીતા છે. તેમાં જિનેશ્વરસૂરિનું 'કહાણયકોસ' (= કથાનકકોષ), ગુણચંદ્રગણિનું 'કહારયણકોસ' (= કથારત્નકોષ), વિનયચંદ્રનું 'ધમ્મકહાણયકોસ' (= ધર્મકથાનકકોષ), અને ભદ્રેશ્વરનું 'કહાવલિ' (= કથાવલિ)ના નામોલ્લેખ કરી શકાય.

પ્રાકૃત કથાસાહિત્યમાં શ્રમણોએ રચેલા લૌકિક સાહિત્યનો પણ નિર્દેશ કરવો જરૂરી છે, જેવી કે લોકકથાઓ, નીતિકથાઓ, દંતકથાઓ, પરીકથાઓ, પ્રાણીકથાઓ, લઘુકથાઓ, આખ્યાનો આદિ.

દિગંબર પરંપરાના પ્રાકૃત સાહિત્યમાં આગળ જેમનો ધાર્મિક સાહિત્યમાં ઉલ્લેખ કર્યો છે તે સિવાય શિવરાયનું 'આરાધના', યતિવૃષભનું 'તિલોયપણ્ણત્તી' અને નેમિચંદ ચક્રવર્તીના 'ગોમ્મટસાર' અને 'લબ્ધિસાર–ક્ષપણાસાર' નોંધપાત્ર છે.

## જૈન સંસ્કૃત સાહિત્ય

જૈનોનું આરંભિક સાહિત્ય એક માત્ર લોકભાષા પ્રાકૃતમાં છે, પણ સંસ્કૃતનું વિદ્વત્‌સમાજની ભાષા તરીકે સમ્માનનીય સ્થાન હોવાથી ઈસુની આઠમી સદીથી જૈનોએ લેખનપ્રવૃત્તિ માટે પ્રાકૃતની સાથે સંસ્કૃતને પણ અપનાવવી શરૂ કરી. જૈન ગ્રંથોની સંસ્કૃત ભાષાની એ વિલક્ષણતા છે કે તે શુદ્ધ સંસ્કૃત નથી પણ જૂની ગુજરાતી અને રાજસ્થાની બોલીઓની છાંટવાળી સંસ્કૃત છે. આમ તેમાં સંસ્કૃત અને તળપદી ભાષાનું મિશ્રણ હોઈ તેને 'દેશી સંસ્કૃત' યા 'લોકસંસ્કૃત' કહી શકાય. ઈસુની આઠમી અને અઢારમી સદી વચ્ચેના જૈન ચરિત્ર–ગ્રંથો, ટીકાઓ, ધર્મગ્રંથો, સર્જનાત્મક કૃતિઓ અને ઐતિહાસિક ઘટનાઓ નિરૂપતા પ્રબંધો આ 'જૈન સંસ્કૃત'માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ લખાયેલા છે. જૈનોની મુખ્ય સંસ્કૃત કૃતિઓમાં સોમદેવનું 'યશસ્તિલકચંપૂ', રાજશેખરનું 'પ્રબંધકોશ', મેરુતુંગનું 'પ્રબંધચિંતામણિ', શરવાનંદનું 'જગડુચરિત', ઉમાસ્વાતિનું 'તત્ત્વાર્થાધિગમસૂત્ર', સિદ્ધસેન દિવાકરનું 'દ્વાત્રિંશત દ્વાત્રિંશિકા', હેમચંદ્રના 'સિદ્ધહેમશબ્દાનુશાસન' વગેરે તથા ધનપાલનું 'તિલકમંજરી' આદિ સમાવેશ પામે છે. આ ઉપરાંત જૈનાચાર્યોએ 'રઘુવંશ', 'કુમારસંભવ', 'નૈષધીયચરિત', 'કાદંબરી' આદિ સંસ્કૃત સાહિત્યકૃતિઓ પર ટીકાઓ પણ લખી છે.

## જૈન ચિત્રકળા

જૈન ચિત્રકળા મુખ્યત્વે બે સ્વરૂપોમાં અભિવ્યક્ત થઈ છે–મંદિરો અને ગુફાઓમાંનાં ભીત્તિચિત્રો અને હસ્તપ્રતોમાંનાં લઘુચિત્રો. આ સિવાય વિજ્ઞપ્તિપત્રો, કાષ્ઠપટ્ટિકા અને વસ્ત્રપટો ઉપર પણ ચિત્રાંકન થતાં હતાં.



ભગવાન ઋષભદેવના પૂર્વજન્મ સંબંધના સંખ્યાબંધ પ્રાચીન ચિત્રોમાંનો એક ઉત્કૃષ્ટ ૂનો (શેઠ આ. ક.ના સૌજન્યથી)

### ભીત્તિચિત્રો :-

પ્રાચીન ભારતમાં આવાસગૃહોની દીવાલો ઉપર વનસ્પતિ, પુષ્પો, લતાઓ, જળાશયો, મનુષ્યો, દેવો, પશુપક્ષીઓ વગેરેનાં રંગીન ચિત્રો દોરવાની પણ એક પ્રથા હતી. આનાં વર્ણનો અને વિગતો લલિત સાહિત્યમાં તો આવે જ છે પણ જૈન સહિતના શાસ્ત્રગ્રંથોમાં પણ તેના અસંખ્ય ઉલ્લેખો થયેલા છે. જૈન સાહિત્યમાં આવો સર્વપ્રથમ ઉલ્લેખ મહાવીર સ્વામીના નિર્વાણ પછીની પહેલી સદીમાં થયેલા આર્ય શય્યભવસૂરિ રચિ 'દશવૈકાલિક સૂત્ર'માં મળે છે.



પ્રાચીન સમયમાં ભીત્તિચિત્રોમાંની એક ઝલક (આગમોદ્ધારક ગ્રંથમાળા કપડવંજના સૌજન્યથી)

આનો પુરાતત્ત્વીય આધાર દક્ષિણ ભારતના ગુફાવિહારો અને ગુફામંદિરોમાં ભીત્તિચિત્રોના રૂપે પહેલવહેલો મળી આવે છે. કાળની થપાટો ખાઈને બચી ગયેલાં આવાં જૈન ભીત્તિચિત્રોમાં સિત્તન્નવસળ, તિરૂમલૈપુરમ્, મલ્લયાડીપટ્ટી, કાંચી અને ઈલોરાનાં મુખ્ય છે. તમિળનાડુના સિત્તન્નવસળ (જિ. તિરુચ્ચિરપ્પલ્લી)ના એક ગુફામંદિરમાં પલ્લવનરેશ મહેન્દ્રવર્મન પહેલા (સાતમી સદી)નાં તથા પાંડ્ય–રાજયકાળનાં (૯મી સદી) સુંદર ચિત્રો છત અને સ્તંભો ઉપર જોવા મળે છે, જેમની સ્થિતિ દર્શાવે છે કે અગાઉ આખું મંદિર આવાં ચિત્રોથી સુશોભિત હશે. અહીં મુખ્ય છત પર કમળસરોવરમાં ક્રીડા કરતી અપ્સરાઓ, માછલીઓ, બતકો, હાથીઓ, મહિષ વગેરે તથા પુષ્પો ચૂંટતા મનુષ્યોનું આકર્ષક ચિત્રણ થયું છે, સાથે રાજદંપતીનું પણ આલેખન છે. આલેખન અને રંગસંયોજનમાં આ ચિત્રો અજંતાની ચિત્રશૈલીનું અનુસંધાન જણાય છે. ગુપ્તયુગથી શરૂ થયેલી આ ચિત્રકળાનું વિકસિત રૂપ ઈલોરાના જૈન ગુફામંદિર 'ઇંદ્રસભા'માં જોવા મળે છે (૯મી સદી). આમાંની અપ્સરાઓની આકૃતિઓ નારી સ્વરૂપનાં પ્રચલિત ધોરણોની અતિશયતાથી જુદી તરી આવે છે. ઈંદ્રસભાની છત ઉપર પુષ્પો, પક્ષીઓ અને પ્રાણીઓનાં ચિત્રો ઉપરાંત ગોમ્મટેશ્વરનું ચિત્ર છે (૯મી–૧૧મી સદી). આવું જ ' પર બેઠેલા યમ, યમી અને દિક્પાલોના સમૂહનું દૃશ્ય આકર્ષક છે. તમિળનાડુના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિરક્કોલ (જિ. ઉત્તર આર્કોટ)માં અર્મમલૈના ગુફામંદિરમાં ભીત્તિચિત્રોના (૯મી સદી) અવશેષો છે, જેનો ઈલોરાના રાષ્ટ્રકૂટ કાળનાં ચિત્રો સાથે સંબંધ હોય તેમ જણાય છે.

## તાડપત્રીય હસ્તપ્રતોનાં લઘુચિત્રો :-

ભીત્તિચિત્રો ઉપરાંત જૈન સંતો અને કથાપ્રસંગોના ચિત્રમય આલેખન માટે તાડપત્ર ઉપર લખાતી હસ્તપ્રતોએ નવું માધ્યમ પૂરું પાડ્યું હતું. તાડપત્રની બનેલી આ સાંકડી પટ્ટી જેવી હસ્તપ્રતો પર લખાણની સાથે આલેખિત આ લઘુચિત્રો તેમની લાક્ષણિક શૈલીને કારણે ભારતીય ચિત્રકળાના ઈતિહાસમાં અનેરું સ્થાન ધરાવે છે. આ શૈલીનાં લઘુચિત્રો ગુજરાત, રાજસ્થાન અને માળવામાંથી મળેલાં હોઈ તેને ગુજરાતી શૈલી, અપભ્રંશ શૈલી, મારુગુર્જર ચિત્રકળા અને પશ્ચિમ ભારતીય ચિત્રકળા જેવાં નામો આપવામાં આવ્યાં છે, જેમાંથી છેલ્લું નામ પ્રચલિત બન્યું છે.



સાતમી સદીમાં થયેલા તિબેટી ઈતિહાસકાર તારાનાથે જેને 'પ્રાચીન પશ્ચિમની' ચિત્રશૈલીનું નામ આપ્યું છે તે આ લઘુચિત્રોની જ શૈલી હોવાનો સંભવ છે અને જો એમ હોય તો આ શૈલી ઓછામાં ઓછી ગુપ્તકાળ (ઈ.સ. ૪–૬ટ્ઠી સદી) જેટલી પ્રાચીન હોવાની પૂરેપૂરી શક્યતા છે. આ ચિત્રકળાનો જૂનામાં જૂનો નમૂનો વિ.સં. ૧૧૨૦ (ઈ.સ. ૧૦૬૩)માં પાટણમાં લખાયેલ 'જ્ઞાતસૂત્ર'ના છેલ્લા પૃષ્ઠના રૂપમાં મળ્યો છે, જેના પર યક્ષી અંબિકાનું ચિત્ર છે. પાટણમાંથી જ મળેલી 'ભગવતીસૂત્ર'ની ઈ.સ. ૧૦૬૨ની હસ્તપ્રતનાં ચિત્રો માત્ર અલંકરણનાં હોઈ પશ્ચિમ ભારતીય ચિત્રશૈલી સાથે સંબંધિત નથી.

પશ્ચિમ ભારતીય ચિત્રશૈલીનાં લઘુચિત્રોમાં મનુષ્યના ચહેરાનું આલેખન એક બાજુએથી દેખાય તે રીતે (૩/૪ પાર્શ્વગત મુખ) અને લાંબા અણિયાળા નાક (જે ઘણીવાર પક્ષીની ચાંચ જેવું લાગે છે) સાથે થાય છે, છતાં નાકની પાછળવાળી આંખના ડોળાનો ભાગ અપ્રાકૃતિક રીતે ચહેરાની બહાર નીકળતો હોય તે રીતે દર્શાવાય છે. તેમની બીજી લાક્ષણિકતા વિશાળ ખભા અને પાતળી કમર છે. આ ચિત્રોમાં ભૂરા, પીળા, સફેદ અને લાલ રંગની પ્રધાનતા જોવા મળે છે. કિંમતી પોથીઓનાં ચિત્રોમાં રૂપેરી અને સોનેરી રંગો પણ વપરાયા છે. જૈન દર્શન સાથે સુસંગત એવા શાંત અને વીતરાગ ભાવની અભિવ્યક્તિ તેમાં પ્રકટ થાય છે. બીજી રીતે કહીએ તો તેમાં ભાવાભિવ્યક્તિ કે પ્રભાવકતાનો અભાવ છે.[1] સાથે જ વિગતોનું આલેખન બારીકાઈથી થયું છે. અહીં એ હકીકત તરફ ધ્યાન દોરવું આનંદદાયક છે કે પાટણના વખતજીની શેરીના જ્ઞાનભંડારમાં સચવાયેલી 'સિદ્ધહેમ' વ્યાકરણગ્રંથની હસ્તપ્રતમાં ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની એક નોંધપાત્ર બીનાનું ચિત્રમય આલેખન થયેલું છે. તેમાં હેમચંદ્રાચાર્યને વ્યાકરણ લખવા વિનંતી કરતો રાજા સિદ્ધરાજ, વ્યાકરણગ્રંથને હાથીની અંબાડી પર મૂકીને કાઢેલી શોભાયાત્રા અને 'સિદ્ધહેમ'ની પ્રત મેળવવા ઉપાધ્યાય આનંદ-પ્રભુને વિનંતી કરતો કર્મણ મંત્રી, એ પ્રસંગોનાં લઘુચિત્રો છે.

તાડપત્રીય લઘુચિત્રોની આ કળા ૧૪–૧૫મી સદી સુધી ખૂબ ખીલતી જોવામાં આવે છે, જેનાં દૃષ્ટાંતો મુખ્યત્વે ખંભાત, પાટણ અને જૈસલમેરના જ્ઞાનભંડારોમાં સંગ્રહિત છે. ૧૩મી સદીથી લઘુચિત્રોમાં દેવી-દેવતા, તીર્થંકરો, ઉપદેશ, શ્રાવકો વગેરે જેવા વિષયોનું ચિત્રાંકન થતું જોવામાં આવે છે.

ઈસુની ૧૬મી સદીના આરંભ સાથે લઘુચિત્રોની આ શૈલીની સાથોસાથ વધુ વાસ્તવિક એવી મુખની પૂરેપૂરી બાજુ **(Profile)** અને તેને અનુરૂપ એક જ આંખ દર્શાવતાં લઘુચિત્રોની ચિત્રશૈલી ચલણમાં આવી. આ શૈલીનાં લઘુચિત્રોથી શોભતી હસ્તપ્રતોમાં ઈ.સ. ૧૫૧૦ની આસપાસનું 'નિમત–નામા', દિગંબર જૈન 'મહાપુરાણ'ની પોથીમાં અવધી ભાષાનાં

---

૧ આ શૈલી કોઈ ધર્મવિશેષ સાથે સંકળાયેલી ન હતી, કારણ કે જૈનેતર હસ્તપ્રતો જેવી કે 'વસંતવિલાસ', 'માધવાનલ કામકંદલા કથા' અને 'બાલગોપાલસ્તુતિ'નાં લઘુચિત્રો પણ આ જ શૈલીમાં છે. આમાંની પહેલી બે ઐહિક અથવા લૌકિક અથવા ધર્મનિરપેક્ષ કૃતિઓ છે. જૈન જ્ઞાનભંડારો જેવી સંસ્થા અન્ય સંપ્રદાયો/સમાજોમાં ન હોવાથી જૈનેતરોમાં પુસ્તકો વ્યક્તિની અંગત માલિકીનાં હોય છે. તેથી જૈનેતર હસ્તપ્રતો બહુ જ ઓછી બચી શકી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'લૌર-ચંદા' અને 'મૃગાવતી' તથા 'ગીતગોવિંદ' નોંધનીય છે.

## સચિત્ર કાષ્ઠપટ્ટિકા :-

તાડપત્રની પોથીઓની રક્ષા માટે તેની ઉપર અને નીચે પોથીના જ આકારની લાકડાની પાટી રાખવામાં આવતી. આ કાષ્ઠપટ્ટિકા ઉપર પણ લઘુચિત્રો દોરવામાં આવતાં. આના જે છૂટાછવાયા નમૂના મળ્યા છે તેમાં સહુથી જૂની મુનિ શ્રી પુણ્યવિજયજીના સંગ્રહમાંથી પ્રાપ્ત થઈ છે. તેના ઉપર તીર્થંકર અને બે હાથી ઉપર બેઠેલા ભક્તોનું ચિત્રણ છે. ગુજરાત રાજસ્થાનનાં કેટલાંક શિલ્પો સાથેની સમાનતાને આધારે આ પટ્ટિકા ૧૧મી સદીના પૂર્વાર્ધની હોવાનું ઠર્યું છે. જૈસલમેરના જ્ઞાનભંડારમાં સચવાયેલ એક કાષ્ઠપટ્ટિકાના મધ્ય ભાગમાં જૈન પ્રતિમા સહિતનું મંદિર છે. તેની જમણી બાજુ ઊભેલા ભક્તો, બે ઢોલવાદકો, બે નર્તકીઓ અને ઊડતા કિન્નરોનું ચિત્રણ છે, જ્યારે ડાબી બાજુએ શ્રી જિનદત્તસૂરિ અને શ્રી ગુણચંદ્રાચાર્ય તથા મંદિરની ઉપરના ભાગમાં શ્રી જિનદત્તસૂરિને ઉપદેશ આપતા દેખાડ્યા છે. શ્રી જિનદત્તસૂરિ (ઈ.સ. ૧૦૭૫-૧૧૫૪)ના આલેખનને કારણે આ કાષ્ઠપટ્ટિકા ૧૨મી સદીના પૂર્વાર્ધની હોવાનું ઠરાવાયું છે. આ પટ્ટિકા મુનિશ્રી જિનવિજયજીએ પ્રકાશમાં આણેલી. શ્રી સારાભાઈ નવાબના સંગ્રહમાંની મલધારી હેમચંદ્રસૂરિ કૃત 'ધર્મોપદેશમાલા'ની પ્રત (ઈ.સ. ૧૩૬૮)ની પટ્ટિકા પર પાર્શ્વનાથના પૂર્વના દશ ભવો તથા પંચકલ્યાણકોનું આલેખન છે.[1]

## કાગળની હસ્તપ્રતોનાં લઘુચિત્રો :-

ઈસુની બીજી સદીમાં ચીનમાં શોધાયેલા કાગળનું ઉત્પાદન ઈ.સ. ૭૫૧માં મધ્ય એશિયાના કેન્દ્રસ્થ નગર સમરકંદમાં પણ શરૂ થયેલું. સમરકંદ પૂર્વે ચીન, દક્ષિણે ભારતીય ઉપખંડ અને પશ્ચિમે ઈરાન થઈને યુરોપ-આફ્રિકાને જોડતા મહામાર્ગોના ત્રિભેટે વસેલું છે. તેથી કાગળનો વપરાશ ઈ.સ. ૯૦૦માં ઉત્તર આફ્રિકાના ઈજિપ્ત અને ઈ.સ. ૧૧૫૦માં યુરોપના પશ્ચિમ છેડે સ્પેનમાં શરૂ થઈ ગયેલો. આમ છતાં સમરકંદની દક્ષિણે ફક્ત ૨૩૦૦ કિલોમીટરના અંતરે આવેલા વ્યાપારી પ્રદેશ ગુજરાતમાં કાગળની હસ્તપ્રત ૧૩મી સદી પહેલાં મળતી નથી, જોકે નેપાળમાંથી ૧૧મી સદીની કાગળ પર લખેલી બૌદ્ધ ધર્મની તાંત્રિક હસ્તપ્રત મળેલી છે. આ તથ્યના આધારે ડૉ. મોતીચંદ્રએ ધારણા કરી છે કે ગુજરાતમાં કાગળનો ઉપયોગ ૧૨મી સદીમાં શરૂ થયો હશે.[1]

લેખન માટે કાગળનો ઉપયોગ શરૂ થતાં લેખક અને ચિત્રકારને તાડપત્રના નિશ્ચિત કદ અને આકારની સંકડાશમાંથી મુક્તિ મળી. કાગળની હસ્તપ્રતોમાં જગ્યાની મોકળાશ ઉપરાંત લેખન અને ચિત્રાલેખન માટે સારી સપાટી મળવાની સાથે સંગ્રાહકો અને વાચકોને વધુ ટકાઉ અને હેરફેર અને વપરાશમાં સુવિધાયુક્ત એવાં પુસ્તકો મળતાં થયાં. કાગળની હસ્તપ્રતો ઉપરનાં ચિત્રોમાં વિશેષ સુંદરતા અને અલંકરણો જોવાં મળે છે. કાગળની સચિત્ર જૈન હસ્તપ્રતો મોટેભાગે 'કલ્પસૂત્ર'ની હોય છે, પણ સહુથી જૂની હસ્તપ્રત જે મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં સંગ્રહિત છે તે ઈ.સ. ૧૩૬૬ની 'કાલકાચાર્યકથા'ની છે. ઈ.સ. ૧૪૦૦ની આસપાસ હસ્તપ્રતોમાં કાગળનો ઉપયોગ રૂઢ થયેલો જોવા મળે છે. સર્વોત્તમ લઘુચિત્રો ૧૪-૧૫મી સદીમાં સર્જાયેલાં છે. ૧૭મી સદીથી પશ્ચિમ ભારતીય શૈલીની લાક્ષણિકતાઓ પર મુગલ શૈલીનો પ્રભાવ છવાય છે.

## સચિત્ર વિજ્ઞપ્તિપત્રો :-

પશ્ચિમ ભારતમાં જૈન ચિત્રકળાની અભિવ્યક્તિ હસ્તપ્રતો સિવાય કાગળના વિજ્ઞપ્તિપત્રો અને વસ્ત્રપટો ઉપર પણ થતી રહી છે. વિજ્ઞપ્તિપત્ર એ સ્થાનિક જૈનસમાજ દ્વારા આચાર્યને પોતાના ગામ યા નગરમાં ચાતુર્માસ ગાળવા માટે અપાતો નિમંત્રણપત્ર હોય છે. શ્વેતાંબરોમાં વિશેષ પ્રચલિત આ પ્રથામાં પોતાના ગામ/નગરનાં વિશિષ્ટ સ્થળો અને લાક્ષણિકતાઓનાં ચિત્રો ઉપરાંત ત્રિશલા માતાનાં ચૌદ સ્વપ્ન, આઠ મંગળ જેવી ધાર્મિક વિશિષ્ટતાઓનું ચિત્રણ હોય છે. જૂનામાં જૂનો વિજ્ઞપ્તિપત્ર ૧૭મી સદીનો મળ્યો છે.

## સચિત્ર વસ્ત્રપટો :-

કાપડના ચિત્રપટોનાં સહુથી જૂના નમૂનામાં ઈ.સ.

---

૧. ૧૦મી સદીના અંતભાગની કાગળ પર લખેલી 'સંઘાર પઈન્ના' નામની જૈન હસ્તપ્રત મને અગાસ (જિ. આણંદ)માંથી મળેલી. ૧૯૮૬માં પાલણપુર ખાતે મળેલા જૈન સાહિત્ય સમારોહમાં મેં રજૂ કરેલા 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસની હસ્તપ્રતો' અંગેના શોધનિબંધમાં આની વિગતો આપેલી. આ શોધ અંગે સંસદમાં પ્રશ્ન પુછાતાં ગુજરાતના પુરાતત્ત્વ ખાતાએ પણ આ હસ્તપ્રત તપાસીને તે ૧૦મી સદીની હોવાનો અભિપ્રાય આપેલો. આમ હવે ગુજરાતમાં કાગળની હસ્તપ્રતોની પ્રાચીનતા ૧૦મી સદી સુધ પાછળ ખેંચાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩૫૪માં તરુણપ્રભસૂરિ માટે તૈયાર કરવામાં આવેલા 'ચિંતામણિ-યંત્રપટ' અને ઈ.સ. ૧૩૫૫માં ભાવદેવસૂરિ માટે બનાવવામાં આવેલા 'સૂરિ-મંત્રપટ'ની ગણના થાય છે, પરંતુ ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન ભદ્રબાહુ સ્વામી વિરચિત 'કલ્પસૂત્ર'માં ભરતકામના ચિત્રથી સુશોભિત યવનિકાનો ઉલ્લેખ થયેલો છે તે સૂચક છે. પ્રાચીન કાળમાં સચિત્ર વસ્ત્રપટના નમૂના મળ્યા નથી, પણ પથ્થર, પકવેલી માંટી, ખડકની દીવાલો અને છત, કાષ્ઠ, કાગળ અને નાજુક તાડપત્રોનો ચિત્રકારીમાં ઉપયોગ કરનારા ભારતીય કળાકારોએ ઓઢણ, ઢાંકણ અને પડદા રૂપે વપરાતા વસ્ત્રપટોનો અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગ નહીં કર્યો હોય તે સંભવિત નથી. કાપડ પરના ચિત્રપટો તાંત્રિક અને અતાંત્રિક એમ બંને પ્રકારના હોય છે. આ ચિત્રો લાંબા ઓળિયા રૂપે થતાં. તેમાં મંત્ર, યંત્ર (ધાર્મિક), યાત્રાસ્થળ, માંગલિક ચિહ્ન, વિશિષ્ટ પ્રસંગ જેવા વિષયો રજૂ કરવામાં આવતા. સચિત્ર વસ્ત્રપટો વીંટો વાળીને મંદિરમાં કે ઘરમાં રાખવામાં આવતા અને પ્રસંગોપાત પૂજા માટે તેમને બહાર કાઢવામાં આવતા. ક્યારેક તેમને સુશોભનની વસ્તુ તરીકે ભીંત પર ટાંગવામાં આવતા. પાટણમાં સંગ્રહાયેલો સરસ્વતીના ચિત્રવાળો સંવત ૧૪૦૮નો વસ્ત્રપટ કાપડના બે ટુકડા જોડીને તૈયાર કરાયેલો છે.

# જૈન સ્થાપત્યકળા

## શૈલોત્કીર્ણ સ્થાપત્ય (વિહારો અને મંદિરો)

જૈન સ્થાપત્યકળાના પ્રાચીનતમ દૃષ્ટાંત ઉડિસાના ભુવનેશ્વરની નજીક આવેલા જોડિયા પર્વતો ઉદયગિરિ અને ખંડગિરિના ગુફાવિહારો છે. પર્વતના ખડકમાં ભૂભૌતિક પરિબળોથી નિર્માયેલી આ ગુફાઓને ઈ.સ. પૂર્વે બીજી અને પહેલી સદી દરમિયાન ખોદીને જૈન શ્રમણોની જરૂરિયાત મુજબનાં મોટાં કદ અને આકાર આપવામાં આવ્યાં છે. અમુક ગુફાવિહારો માનવનિર્મિત પણ છે. પાંત્રીસ ગુફાઓની હારમાં કેટલીક એક ઓરડાવાળી છે તો કેટલીકમાં ઓરડા સાથે ઓસરી પણ છે જ્યારે કેટલીક પ્રવેશમંડપ અને પ્રાંગણ સહિત વધુ ઓરડાઓવાળી છે. મોટામાં મોટી ચાર ગુફાઓની રચના ખુલ્લા પ્રાંગણની ત્રણ બાજુએ સ્તંભોથી શોભતી પરસાળવાળા બે માળની છે.

દક્ષિણ ભારતના સર્વપ્રથમ જૈન પુરાવશેષો ઉડિસાની માફક ગુફાવિહારના રૂપમાં જ મળી આવે છે. તમિળનાડુમાં





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મદુરૈની આસપાસના પાર્વત્ય પ્રદેશોમાં આવેલા આ વિહારો ઈ.સ. પહેલી–બીજી સદીના છે. કુદરતી પરિબળોથી કોતરાયેલી ગુફાઓ અને ખડકની લાંબી છાજલીવાળી બખોલોને જરૂરી ખોદકામ દ્વારા નિવાસ યોગ્ય બનાવીને આ વિહારો (તમિળમાં 'પલ્લી')નું નિર્માણ કરાયું છે. આ ગુફાવિહારોની એક વિશિષ્ટતા એ છે કે તેમાં ખડકમાંથી શય્યાઓ (તમિળમાં 'કંચણમ્') અને ઓશિકાં પણ કોતરી કાઢવામાં આવ્યાં છે. તેમની બીજી વિશિષ્ટતા તમિળ ભાષાના બ્રાહ્મી લિપિમાં ઉત્કીર્ણ અભિલેખો છે, જેમાં ખર્ચ ભોગવનાર દાતાઓનાં નામ દર્શાવેલાં છે. અમુક ગુફાઓમાં તીર્થંકરો, યક્ષી, સિદ્ધાયિકા, અંબિકા, અંજિતા અને બાહુબલિ ઉપરાંત અલંકરણનાં શિલ્પાંકનો ૯મી સદીમાં કોતરવામાં આવેલાં છે. આ બાબત સળંગ આઠ–નવ સૈકા સુધી આ ગુફાવિહારો જૈન સાધુઓ દ્વારા ઉપયોગમાં લેવાયા હોવાનું પ્રમાણ છે. આ જ કારણથી કદાચ આ પ્રદેશના સમકાલીન બ્રાહ્મણધર્મીઓએ જૈનોને 'પર્વતોના નિવાસી' તરીકે ઓળખાવ્યા હશે. આ તથ્યો અને ઈ.સ. ૭૪૦માં વજ્રનંદિન દ્વારા મદુરૈમાં



**મંદિરોના મઘમઘતા શુદ્ધ, પવિત્ર અને નિર્મળ વાતાવરણમાં ભલભલા પાપીઓ પણ પોતાના મનની મલિનતા પશ્ચાતાપના પાણીથી ધોઈને પવિત્ર બને છે.**

જૈનોના દ્રવિડ સંઘની થયેલી સ્થાપના સ્પષ્ટ કરે છે કે આ સમયગાળામાં મદુરૈના પ્રદેશમાં જૈનો સારી એવી સંખ્યામાં હશે. મુત્તુપત્તી પાસેની ગિરિમાળા આજે પણ 'સમણરમલૈ' (= શ્રમણોનો પર્વત)ના નામે ઓળખાય છે કારણ કે ત્યાં જૈન ગુફાવિહારોની નગરી વસેલી હોય તેવું લાગે છે.

બિહારના પટના જિલ્લામાં રાજગિર (પ્રાચીન રાજગૃહ અથવા ગિરિવ્રજ)માં 'સોનભંડાર' નામનું પૂર્વ–પશ્ચિમ ગોઠવાયેલું ગુફા–યુગ્મ (ત્રીજી–ચોથી સદી) છે, જેમાંની પૂર્વીય ગુફામાં સાત જિનોની આકૃતિઓ કોતરેલું ભાસ્કર્ય છે. તે સિવાય આ ગુફાવિહાર સાદો છે.

ગુફાવિહારોમાંથી જ કેટલાકને જરૂરી ફેરફાર સાથે મંદિરના રૂપમાં ફેરવીને બનાવાયેલાં ગુફામંદિરો ૭મી સદીથી તમિળનાડુમાં જોવાં મળે છે. આવાં શૈલોત્કીર્ણ ગુફામંદિરનું સહુથી પુરાણું ઉદાહરણ મલૈયાદિક્કુરુચિ (જિ. તિરુનેલવેલી) છે, જેમાં મંડપ ઉપરાંત સ્તંભોનો અગ્રભાગ તેમજ મનુષ્ય, પશુ, પક્ષીની સાદી આકૃતિઓની કોતરણી છે. જૈન ધર્મનો આ વિસ્તારમાં પ્રભાવ ઓસરતાં પાછળથી આ મંદિરને શૈવમંદિરમાં ફેરવવામાં આવેલું છે. તિરુચ્ચિરપ્પલ્લી જિલ્લામાં સિત્તન્નવસળના વિહારગિરિની એક બાજુએ સાતમી સદીમાં ગુફામંદિર ખોદવામાં આવેલું છે, જેનો આઠમી સદીમાં જીર્ણોદ્ધાર થયેલો અને નવમી સદીમાં તેને ભીત્તિચિત્રોથી શણગારવામાં આવેલું. ઉત્તર આર્કોટ જિલ્લાના મમંદુરના પર્વતમાં ગુફાવિહારની સાથે ગુફામંદિર પણ છે.

કર્ણાટકના બીજાપુર જિલ્લામાં બદામી (પ્રાચીન વાતાપી)ના વેળુપાષાણના ઊભા ખડકમાં આરંભિક ચાલુક્યોએ ખોદાવેલાં ચાર ગુફામંદિરોમાંનું એક જૈન છે. મુખમંડપ, મહામંડપ અને ગર્ભગૃહવાળું આ મંદિર (૭મી સદી) સમૂહનાં અન્ય મંદિરો કરતાં નાનું છતાં સુશોભનોથી સમૃદ્ધ છે. તેના મંડપમાં તીર્થંકરો અને બાહુબલિની મૂર્તિઓનાં ભાસ્કર્ય છે અને ગર્ભગૃહમાં સિંહાસન ઉપર બિરાજમાન મહાવીર સ્વામીની પ્રતિમા છે. આ જ જિલ્લાના ઐહોળેના મેગુટિ–પર્વતના વેળુપાષાણમાંથી કોતરી કાઢેલું 'મેના બસતિ' એ ૭મી સદીના અંત કે ૮મી સદીના આરંભકાળનું જૈન મંદિર છે. તેમાં ગર્ભગૃહ અને મંડપ છે. ગર્ભગૃહમાં પદ્માસનમાં શ્રી મહાવીરની પ્રતિમા અને બહારની ભીંતમાં પાર્શ્વનાથ, ધરણેન્દ્ર અને પદ્માવતીની મૂર્તિઓ કોતરેલી છે. આ જ પર્વતમાં અન્ય સ્થળે કેટલોક ભાગ ખડકમાંથી કોતરેલો અને કેટલોક ચણેલો ધરાવતું બે માળનું જૈન મંદિર (પાંચમી સદી) છે. આને મળતું આવતું બે માળનું શ્રી મહાવીરનું મંદિર (૭મી સદી) પણ આ પર્વતમાં ખોદાયેલું છે.

મહારાષ્ટ્રના ઈલોરા (જિ. ઔરંગાબાદ)નાં જગવિખ્યાત શૈલોત્કીર્ણ સ્થાપત્યોમાં પાંચ જૈન મંદિરો (૯મી–૧૦મી સદી)નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ સમાવેશ થાય છે. તેમાં 'ઇન્દ્રસભા'ના નામે જાણીતું મંદિર ચતુષ્કોણ તલમાન અને અષ્ટકોણ શિખર ધરાવતું 'વિમાન' છે. આ બે માળનું જિનાલય ખડકની ઉપલી સપાટીથી આશરે ૨૦૦ ફૂટ જેટલું ઊંડું ખોદેલું છે. ખડકમાંથી જ કોતરેલા ગોપુરદ્વારમાંથી મંદિરના પ્રાંગણમાં પ્રવેશાય છે. મંદિરની સન્મુખ ખડકમાંથી કોતરેલો માનસ્તંભ છે, જેની ડાબી બાજુએ તીર્થંકર શાંતિનાથની બે વિશાળ મૂર્તિઓ છે. બીજા છેડે ઉપરના માળે આવેલા ખંડમાં કોતરકામથી ભરપૂર બાર સ્તંભો પર ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ કોતરેલી છે. મંદિરના બંને માળમાં તીર્થંકરો ઉપરાંત ગોમ્મટ (= બાહુબલિ), કુબેર, અંબિકા અને યક્ષોની મૂર્તિઓ કોતરેલી છે. મંદિરના મૂળનાયક શ્રી મહાવીર છે. મંદિરની દીવાલો અને છત પરનાં આકર્ષક ભીત્તિચિત્રોમાં ઊડતાં ગંધર્વો અને વિદ્યાધર–યુગલો અને એક અષ્ટબાહુ દેવનાં ચિત્રો ઉલ્લેખનીય છે. ઇલોરાનું બીજું શૈલોત્કીર્ણ મંદિર 'જગન્નાથસભા' (૯મી–૧૦મી સદી) છે, જે મહદ્અંશે 'ઇન્દ્રસભા'ને જ અનુસરતું બે માળનું સ્થાપત્ય છે, પણ કદ અને સૌંદર્યમાં ઊતરતું છે. આમાં જૈન શૈલીને અનુરૂપ કોતરણીથી સમૃદ્ધ સ્તંભો અને ભીંતોમાં જિનમૂર્તિઓ છે. મંદિર શ્રી સુમતિનાથને સમર્પિત છે. ત્રીજું નોંધપાત્ર મંદિર 'ચૌમુખ'નું છે.



**ધૂપ-દીપથી વાસિત અને ફૂલોની સુગંધથી મહેકતાં સ્વચ્છ સુઘડ મંદિરોના મધુર વાતાવરણમાં ભગવાનનાં દર્શનમાત્રથી અવિકસિત આત્માઓમાં ચેતના જાગૃત થાય છે.**

ઉડીસાની ખંડગિરિની ગુફાઓ, જેમાં પ્રાચીન યુગમાં શ્રમણોના વિહારો હતા, તેમાં છૂટી કે દીવાલમાં કોતરેલી જિનમૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરીને મધ્યયુગમાં મંદિરોમાં ફેરવવામાં આવી હતી. આ ગુફામંદિરો ૧૦મી–૧૧મી સદીનાં છે.

## ઇમારતી મંદિરો :-

જૈન ધર્મસંઘની સર્વ પ્રવૃત્તિઓને સાત ક્ષેત્રોમાં વહેંચવામાં આવી છે અને તેમાં પ્રથમ બે ક્ષેત્રો—જિનમંદિર અને જિનમૂર્તિ—માટે 'દેવદ્રવ્ય'ના નામે સંયુક્ત ભંડોળ ફાળવવામાં આવે છે. આ ભંડોળનાં નાણાં દેવમંદિરો અને જિનપ્રતિમાઓના નિર્માણમાં ખર્ચવામાં આવે છે. આથી જૈન સાંસ્કૃતિક સંપત્તિનું સહુથી પહેલું આંખે ચડતું કોઈ અંગ હોય તો તે ભારતનાં દરેક શહેર અને કસબામાં જોવા મળતાં જૈન મંદિરો છે.

કળા–સર્જનનાં અન્ય ક્ષેત્રોમાં બન્યું છે તેમ જૈનમંદિરોનું નિર્માણ પણ જે તે પ્રદેશ અને યુગની પ્રચલિત શૈલીમાં થયું છે. બાહ્ય દેખાવમાં હિંદુ મંદિર જેવાં જ લાગતાં જૈન મંદિરોની લાક્ષણિકતા તેનાં આંતરિક સુશોભનોની વિપુલતા, સ્તંભોની બહુલતા અને મૂળ સ્વરૂપના પુનરાવર્તનમાં સમાયેલી છે. તેમાંયે ઉત્તર ભારતનાં આરસ પાષાણથી બાંધેલાં જૈન મંદિરોમાં બાહ્ય સુંદરતાની સાથે મંદિરની અંદરનું શાંત અને પવિત્ર વાતાવરણ આધ્યાત્મિક પ્રસન્નતાનો ભાવ જન્માવે છે.

કર્મક્ષય દ્વારા આત્માના ઊર્ધ્વીકરણના માર્ગે મોક્ષપ્રાપ્તિ પ્રબોધતા જૈન ધર્મના નિવૃત્તિવાદને અનુલક્ષીને ઐતિહાસિક મહત્ત્વનાં ઘણાંખરાં જૈન મંદિરો પ્રવૃત્તિમય નગરજીવનથી દૂર પ્રકૃતિના ખોળે વન, પર્વત કે ખુલ્લા વિસ્તારના શાંત રમણીય વાતાવરણમાં બાંધવામાં આવ્યાં છે. જૈન મંદિરોની આ વિશિષ્ટતા છે. તેમનું બીજું ધ્યાનાકર્ષક પાસું મંદિરોની સમૂહમાં કરવામાં આવતી રચના છે. આવા મંદિર–સમૂહનાં નોંધનીય ઉદાહરણો ગુજરાતમાં શત્રુંજય, ગિરનાર અને કુંભારિયા; રાજસ્થાનમાં દેલવાડા (આબુ), જાલોરગઢ (સુવર્ણગિરિ), જૈસલમેરની હવાપોળ, નાકોડા તીર્થ (નગર), રાણકપુર; મધ્યપ્રદેશમાં સોનગઢ, ખજુરાહો, કુંડલપુર, પપૌરા, ચૂલગિરિ; ઉત્તર પ્રદેશમાં દેવગઢ; ઝારખંડમાં પારસનાથગિરિ (સમેતશિખર); મહારાષ્ટ્રમાં મુક્તગિરિ અને કર્ણાટકમાં શ્રવણબેળગોળ, ઐહોળે અને મૂડબિદ્રી છે. આ તમામમાં શત્રુંજયગિરિ તેની નવ ટૂકો પર છવાયેલાં બહુસંખ્ય મંદિરોને લીધે 'મંદિર–નગરી'ની જેમ શોભે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુફામંદિરોની જેમ ઇમારતી મંદિરોનું પ્રાચીનતમ દૃષ્ટાંત પણ તમિળનાડુમાં સચવાયું છે. તે છે કાંચીપુરમ્‌ના ઉપનગર તિરુપ્પરુત્તિક્કુનરમ્‌નું (જે જૈન-કાંચીના નામે પણ ઓળખાય છે.) પલ્લવકાલીન મંદિર (૮મી સદી). કળામય કોતરણીથી શોભતા ઊંચા ચોતરા ઉપર બાંધેલું આ બે માળનું મંદિર શ્રી ચંદ્રપ્રભુનું છે. મંદિરના પહેલા માળે ખુલ્લો પ્રદક્ષિણામાર્ગ છે. આ માળના ઉપલા ભાગમાં લઘુ મંદિરોની હારમાળા છે, જેની ઉપર બેઠેલા તીર્થંકરો અંકિત છે અને તેના ચતુષ્કોણ શિખરની ચાર બાજુએ તીર્થંકરની આકૃતિ કોતરેલી છે.

વિજયમંગલમ્ (જિ. કોઈમ્બતુર)ની પાસેના મેત્તુપુદર ગામમાં ગંગ કાળનું શ્રી ચંદ્રપ્રભસ્વામીનું મંદિર છે. આના અર્ધમંડપ અને મહામંડપ પથ્થરના છે જ્યારે 'વિમાન' ઈંટેરી છે. અંદર ૨૪ તીર્થંકરો, વ્યાલ, નર્તકો, વૃષભો અને અશ્વોનાં શિલ્પો ધ્યાન ખેંચે છે. તિરુમલૈ (જિ. ઉત્તર આર્કોટ)માં શ્રી વર્ધમાન અને શ્રી નેમિનાથને સમર્પિત કરેલાં બે મંદિરો છે.

આંધ્રપ્રદેશમાં પુદુર, કમ્બદુર, પદ્માક્ષી, ચિપ્પગિરિ, પદતુમ્બલમ્, વર્ધમાનપુર, પ્રગતુર વગેરે સ્થળોનાં જૈન મંદિરો ઉલ્લેખનીય છે. આમાંથી વર્ધમાનપુર અને પ્રગતુરનાં મંદિરો 'ત્રિકુટાચલ' પ્રકારનાં છે.

જૈન અનુશ્રુતિ અનુસાર દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો પ્રવેશ ઈ.પૂર્વે ચોથી સદીમાં શ્રુતકેવલી આચાર્ય ભદ્રબાહુના નેતૃત્વમાં ગયેલા અને શ્રવણબેળગોળમાં સ્થિર થયેલા આપત્તિગ્રસ્ત સ્વદેશત્યાગીઓથી થયેલો. તેનો ઉલ્લેખ નવસો વર્ષ પછીના અહીંના સ્થાનિક શિલાલેખમાં મળે છે.

કર્ણાટકનાં જૈન ઇમારતી મંદિરોના બે પ્રકાર છે : પહેલો પ્રકાર 'બસતિ' યા 'બસદિ' કહેવાય છે, જેમાં સ્તંભાધારિત મંડપ અને ગર્ભગૃહ હોય છે પણ પ્રદક્ષિણામાર્ગ હોતો નથી. બીજા પ્રકારને 'બેટ્ટ' કહે છે, જે મુખ્યત્વે ડુંગર કે ઊંચા ટેકરા ઉપર હોય છે. આ પ્રકારમાં બંધ પ્રાંગણમાં મંડપ અને ગર્ભગૃહ ઉપરાંત ગોમ્મટ અર્થાત્ બાહુબલિની ખડ્ગાસન મૂર્તિ પ્રતિષ્ઠિત હોય છે. 'બેટ્ટ' પ્રકારનાં મંદિરો કર્ણાટકમાં શ્રવણબેળગોળ, વેણુર, કાર્કલ, ગોમ્મટગિરિ વગેરે સ્થળે આવેલાં છે.

કર્ણાટકનાં આરંભિક ઇમારતી મંદિરો શ્રવણબેળગોળ (જિ. હાસન)ના ચંદ્રગિરિની ટોચ પર લગભગ એક સમાન દેખાવ ધરાવતાં ૧૩ બસતિમંદિરો છે. તેમાંનું પાર્શ્વનાથ-બસતિ ૯મી સદીનું અને સહુથી પુરાણું છે. તેમાં સ્થાપિત મૂળનાયકની



જિનમંદિરો ભારતના સાંસ્કૃતિક ખજાનાનાં બેનમૂન પ્રતીકો છે. આ ખજાનો આપણને વારસામાં મળ્યો છે.

પ્રતિમા ૧૫ ફૂટ ઊંચી છે. આદિનાથને સમર્પિત કટ્ટાલે-બસતિ વિશાળ હોવાની સાથે પ્રદક્ષિણામાર્ગ ધરાવતું એકમાત્ર બસતિ-મંદિર છે. ચંદ્રગુપ્ત-બસતિના અગ્રભાગના દ્વાર આગળ ચંદ્રગુપ્ત મૌર્ય અને આચાર્ય ભદ્રબાહુને સાંકળતી કથાનાં શિલ્પો તેમજ અન્ય રેખાંકનો છે. ચામુંડરાય-બસતિ શ્રી નેમિનાથનું મંદિર (૧૦મી સદી) છે અને સ્થાનિક મંદિરોમાં સહુથી વિશાળ અને સુંદર કારીગરીવાળું છે. તે ત્રણ માળનું ચતુષ્કોણ દ્રવિડ 'વિમાન' છે.

ચંદ્રગિરિની બાજુમાં આવેલા ઇન્દ્રગિરિ અથવા વિંધ્યગિરિ ઉપર ૧૭મી સદીનાં ચાર 'બસતિ' છે. આ ગિરિ પર ઉત્કીર્ણ ગોમ્મટેશ્વરની વિશ્વવિખ્યાત વિરાટ પ્રતિમાની વિગત શિલ્પવિષયક લેખમાં આગળ આપી છે. આ બંને ગિરિની વચ્ચે તળેટીમાં વસેલા શ્રવણબેળગોળ ગામમાં ૧૨મી સદીનાં બસતિ-જિનાલયો આવેલાં છે. આમાંનું 'ભંડારી-બસતિ' ચોવીસ-તીર્થંકર-મંદિર છે. તેના ગર્ભગૃહમાં લાંબી અલંકૃત પીઠિકા ઉપર ૨૪ તીર્થંકરોની કાયોત્સર્ગી મૂર્તિઓની હાર છે.

શ્રવણબેળગોળની લગોલગ આવેલા ગામ જિનનાથપુરમાં શાંતિનાથ-બસતિ કર્ણાટકના હોયસળ સ્થાપત્યનો સુંદર નમૂનો છે. અહીંથી થોડેક દૂર આવેલ કંબડહલ્લીનું 'પંચકૂટ-બસતિ' દક્ષિણના 'વિમાન' પ્રકારના સ્થાપત્યનું ઉત્તમ દૃષ્ટાંત છે. પ્રાકારથી ઘેરાયેલો અને ગોપુરદ્વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવતો આ પાંચ મંદિરોનો સમૂહ છે. તેમાં શ્રી મહાવીરનાં બે તથા બાકીનાં ત્રણ આદિનાથ, શાંતિનાથ અને નેમિનાથનાં છે.

શ્રવણબેળગોળની જેમ કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાના મૂડબિદ્રી, કાર્કલ અને વેણુર પણ દિગંબર જૈન સંપ્રદાયનાં મહાન કેન્દ્રો તરીકે કીર્તિત છે. દક્ષિણના જૈન-કાશી તરીકે જે જાણીતું છે તે મૂડબિદ્રીમાં ૧૮ જૈન મંદિરો (બસતિ) છે. તેમાં 'ત્રિભુવન તિલક ચૂડામણિ' (ઈ.સ. ૧૪૩૦) છ મંડપો અને ત્રણ માળ ધરાવતું અત્યંત વિશાળ અને ભવ્ય મંદિર છે. આ મંદિર પૂર્વવર્તી કાષ્ઠમંદિરોની પરિપાટીમાં પ્રસ્તરમંદિરનાં તત્ત્વોનો સમન્વય સાધતું હોઈ શિખરને સ્થાને બૌદ્ધ પેગોડા કે નેપાળનાં મંદિરોના જેવી ઢળતી છતો તેની વિશિષ્ટતા છે. તેની બીજી વિશિષ્ટતા સ્તંભોની વિપુલતા છે, જેને કારણે તેને હજાર થાંભલાવાળું મંદિર પણ કહે છે. ગર્ભગૃહમાં શ્રી ચંદ્રપ્રભુની અષ્ટધાતુની બનાવેલી આઠ ફૂટ ઊંચી પ્રતિમા છે. મંદિરની સામે ૫૦ ફૂટ ઊંચો માનસ્તંભ છે. મૂડબિદ્રીનું બીજું મહત્ત્વનું મંદિર 'ગુરુબસતિ' યા 'સિદ્ધાંતમંદિર' છે. તેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથની શ્યામ શિલામાંથી નિર્મિત ૯ ફૂટ ઊંચી પ્રતિમા તથા મૂલ્યવાન ધાતુઓ અને રત્નોથી બનેલી જિનોની ૩૪ લઘુપ્રતિમાઓ છે. કાર્કલમાં ગ્રેનાઈટ પથ્થરમાંથી બાંધેલા 'ચતુર્મુખ-બસતિ' (૧૬મી સદી)માં ચાર દિશાના દરેક દ્વારની સામે શ્યામ પથ્થરમાંથી કોતરેલી અરનાથ, મલ્લિનાથ અને મુનિસુવ્રતસ્વામીની એક સરખી ત્રણ મૂર્તિઓની સાથે કુલ બાર મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. આ મંદિર શિખરરહિત છે. તેથી તેની ગણના 'સર્વતોભદ્ર' વર્ગમાં વિરલ એવા 'મુંડ પ્રાસાદ' પ્રકારમાં થાય છે. ભટકળનું (જિ. દક્ષિણ કન્નડ) 'જત્તપ્પા નાયકન ચંદ્રણા તેસ્વર બસતિ' બે ઇમારતોનું બનેલું અને મધ્યમાં આવેલી મંડપિકાથી જોડાયેલું છે.

બસતિહલ્લી (જિ. હાસન)માં પાર્શ્વનાથ, શાંતિનાથ અને આદિનાથનાં એમ ત્રણ મંદિરો (૧૨મી સદી) છે. પહેલાં બે હોયસળ શૈલીનાં અને ત્રીજું દાક્ષિણાત્ય વિમાન પ્રકારનું છે. મર્કુલીની હોયસળ સ્થાપત્યની 'પંચકૂટબસતિ' (૧૨મી સદી)માં આદિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, પુષ્પદંત અને સુપાર્શ્વનાથની પ્રતિમાઓ છે. હળેબિડુ (પ્રાચીન દ્વારસમુદ્ર, જિ. હાસન)માં એક કાળે ૧૨૦ જૈન મંદિરો હોવાની અનુશ્રુતિ છે. હાલ ફક્ત ત્રણ મંદિરો—પાર્શ્વનાથ, આદિનાથ અને શાંતિનાથનાં છે. પાર્શ્વનાથ-મંદિરમાં મૂળનાયકની ૪.૨૭ મીટર ઊંચી શ્યામ પથ્થરની પ્રતિમા છે.

લક્ષ્મેશ્વર (જિ. ધારવાડ) ક્યારેક પશ્ચિમ કર્ણાટકમાં જૈન ધર્મનું કેન્દ્ર હતું. અહીંનાં બે મંદિરો—શંખબસતિ અને આદિનાથબસતિ-ખંડિત દશામાં પણ તેમની મૂળ વિશાળતાનો અંદાજ આપે છે. તે 'ચોવીશી' અને 'ચૌમુખ' એ બંને પ્રકારોનો સમન્વય સાધે છે. લાક્કુંડી (જિ. ધારવાડ)નું બ્રહ્મજિનાલય (૧૧મી સદી) શીસ્ટ પથ્થરમાં બાંધેલું છે. ચતુષ્કોણ તલમાનમાંથી ત્રણ માળના 'ચતુરશ્રશિખર'માં વિકસતું આ મંદિર પશ્ચિમી ચાલુક્યોના આરંભિક કાળનું દૃષ્ટાંત છે.

ઐહોળે (જિ. બીજાપુર)ના મેગુટી-મંદિર (૭મી સદી)ના મૂળનાયક શ્રી મહાવીર છે. તેની સુવિકસિત સ્થાપત્ય-શૈલીના કારણે ચાલુક્ય મંદિરોમાં તેને અગ્રસ્થાન મળ્યું છે. ઐહોળેનાં અન્ય જૈન મંદિરો યોગીનારાયણ-સમૂહ, ચારન્ટી-મઠ અને યેરૂવલારગુડીનાં છે. આમાંનું ચારન્ટી-મઠ (૧૧મી સદી) દાક્ષિણાત્ય શૈલીના 'વિમાન' પ્રકારનું મહાવીર-મંદિર છે. પત્તડકળ (જિ. બીજાપુર)નું ત્રણ માળનું જિનાલય (૮મી સદી) તલથી શિખર સુધીની ચતુષ્કોણાકાર રચનાને લીધે દર્શનીય છે. હુલ્લુર (જિ. બીજાપુર)ના એક મંદિરની (૭મી સદી) બાંધણી મેગુટીના પૂર્વોક્ત મંદિરના જેવી જ હોવાથી તે પણ મેગુટી-મંદિરના નામે ઓળખાય છે. હેગ્ગેરે (જિ. તુમકુર)નું પાર્શ્વનાથ-બસતિ (૧૨મી સદી) હોયસળ કળાનો સુંદર નમૂનો છે. હમ્પી (પ્રાચીન વિજયનગર, જિ. બેલારી)નાં જૈન મંદિરોમાં ગણિગટ્ટી-મંદિર (૧૪મી સદી) કુંથુનાથને સમર્પિત છે. તેની સામે ઊંચો માનસ્તંભ પણ છે.

મધ્યપ્રદેશના ગ્યારસપુર (જિ. વિદિશા)માં આવેલું માલાદેવી-મંદિર (૯મી સદી) પ્રતિહાર સ્થાપત્યકળાનું ઉત્તમ દૃષ્ટાંત છે. ગર્ભગૃહ, પ્રદક્ષિણામાર્ગ, અંતરાલ, મંડપ અને મુખમંડપ સહિતના આ 'સાંધાર પ્રાસાદ'માં 'પંચરથ' તલમાન ધરાવતા ગર્ભગૃહ પર નાગર શૈલીનું શિખર છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર અને પ્રદક્ષિણામાર્ગમાં કાયોત્સર્ગ મુદ્રામાં જિનમૂર્તિઓ પંક્તિબદ્ધ ઉત્કીર્ણ થયેલી છે. બાણપુર (જિ. ટિકમગઢ)માં 'સર્વતોભદ્ર-સહસ્રકૂટ' પ્રકારનું ચાર દિશામાં ચાર દ્વાર ધરાવતું એક નાગર શૈલીનું જૈન મંદિર આવેલું છે. એમાં સરસ્વતી અને નવગ્રહનાં શિલ્પાંકનો સુંદર છે અને મૂળનાયક શ્રી આદિનાથ છે. બડવાની પાસેના ચૂલગિરિ (જિ. પશ્ચિમ નિમાડ)માં ૨૨ જૈનમંદિરો છે. ઉન (જિ. પશ્ચિમ નિમાડ)માં ગુજરાત-નરેશ કુમારપાળના યુગની ચૌલુક્ય શૈલીનું શ્રી શાંતિનાથ મંદિર (૧૨મી સદી) આવેલું છે. તેની બાંધણીમાં પંચરથ ગર્ભગૃહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતરાલ, ગૂઢમંડપ અને મુખચતુષ્કીનો સમાવેશ થાય છે.

ઉત્તર ભારતીય મંદિર-સ્થાપત્યના અભ્યાસીઓ માટે અનિવાર્ય મનાતા ખજુરાહો (જિ. છતરપુર)માં પથરાયેલાં કુલ ૨૨ મંદિરોમાં ચાર દિગંબર સંપ્રદાયનાં જૈન મંદિરો પણ છે. આમાંનું પાર્શ્વનાથનું મંદિર ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને અર્ધમંડપ સહિતનું 'સાંધાર પ્રાસાદ' (૧૧મી સદી) છે. મૂળનાયક પાર્શ્વનાથની શ્યામ આરસની પ્રતિમા ૧૯મી સદીમાં પ્રતિષ્ઠિત થયેલી છે, પરંતુ પૂર્વે આ મંદિરના અસલ મૂળનાયક તરીકે શ્રી આદિનાથની ચતુર્વિંશતિપટ્ટવાળી પ્રતિમા હતી. આની બાજુમાં કદમાં નાનું શ્રી આદિનાથ મંદિર (૧૦-૧૧મી સદી) આવેલું છે, જે 'નિરંધર પ્રાસાદ' છે. તેના ગર્ભગૃહ અને અંતરાલ સિવાયના બાકીના વિભાગો જેમના પર ચૂનાનો થર ચડાવેલો છે તે પશ્ચાત્‌કાલીન છે. મૂળનાયકની પ્રતિમા પણ પશ્ચાત્કાલીન છે. શાંતિનાથ મંદિર (૧૨મી સદી)માં મૂળનાયકની પ્રતિમા ૧૪ ફૂટ ઊંચી છે. ચોથા ઘંટાઈ-મંદિરના જીર્ણશીર્ણ અવશેષો જ બચ્યા છે. તેના સ્તંભો ઉપર ઘંટડીઓની કળાત્મક કોતરણી હોવાથી તેને 'ઘંટાઈ' નામ મળ્યું છે. આના અવશેષોમાં ત્રિશલા માતાનાં ૧૪ સ્વપ્નોનું અંકન ખાસ ધ્યાન ખેંચે છે. પ્રવેશદ્વાર પર ગરુડારૂઢ અષ્ટભુજા દેવીની શિલ્પાકૃતિ વિશિષ્ટ છે.

ઉત્તરપ્રદેશના દેવગઢ (જિ. ઝાંસી)ના કિલ્લામાં ૯મીથી ૧૨મી સદીનાં ૩૧ જૈનમંદિરોનો સમૂહ છે. આમાંનાં ત્રણ સિવાયનાં બધાં મંદિરો કદમાં નાનાં અને સાદાં છે. મોટાભાગનાં પ્રવેશ-મંડપ અને સપાટ છતવાળાં ચોરસ યા લંબચોરસ છે. આમાંનાં બે મંદિરો જ સ્થાપત્ય શોભા ધરાવે છે. તેમાં 'પંચરથ' પ્રકારનાં પ્રભાવક શિખરવાળા પ્રતિહાર શૈલીનાં મંદિર (૯મી





સદી)માં મૂળનાયક શ્રી શાંતિનાથની કાયોત્સર્ગ મુદ્રામાં પાંચ મીટર ઊંચી પરિકરવાળી પ્રતિમા બેસાડેલી છે.

છત્તીસગઢના અરંગ (જિ. રાયપુર)માં 'ભાંડ દેવતા'ના નામે ઓળખાતું જૈન મંદિર (૧૧મી સદી) કલચુરી શૈલીનું છે. મંડપ આદિ કાળગ્રસ્ત થતાં તેનું પાંચ માળના શિખરથી શોભતું 'ભૂમિજ' પ્રકારનું ગર્ભગૃહ બચ્યું છે. તેમાં કાળા બેસોલ્ટ પથ્થરની શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથની કાયોત્સર્ગ મુદ્રામાં પ્રતિમાઓ સ્થાપિત થયેલી છે.

જૈન મંદિરોની સંખ્યા, ઐતિહાસિકતા અને ઉત્કૃષ્ટતાની બાબતમાં ઉત્તર ભારતમાં રાજસ્થાન સર્વોપરી છે. ગુજરાતની લગોલગ આવેલા માઉન્ટ આબુ (= અર્બુદગિરિ) ઉપર દેલવાડા ગામે (જિ. સિરોહી) આવેલો મંદિર-સમૂહ કળાપ્રેમીઓ માટે તીર્થ સમાન છે. આમાંનું શ્રી આદિનાથનું શ્વેત આરસનું બનેલું વિમલ-વસહિ પશ્ચિમ ભારતનું જૂનામાં જૂનું હયાત (ઈ.સ. ૧૦૩૨) જૈનમંદિર છે. તેનાં ગર્ભગૃહ, ગૂઢમંડપ અને ત્રિકમંડપ મૂળભૂત છે, જ્યારે બાકીના ભાગો ૧૩મી સદીમાં ઉમેરાયા છે. આની બાજુમાં આવેલું શ્રી નેમિનાથનું સફેદ આરસનું જ 'લૂણ-વસહિ' (૧૨મી સદી) તેના નૃત્યમંડપની સર્પાકાર 'વંદનમાલિકા' તથા કળાત્મક ઘુમ્મટની મનમોહક પદ્મશિલા માટે સુખ્યાત છે. આ બંને મંદિરોની યોજના એક સમાન છે. બંને બાહ્ય દેખાવમાં સાદાં પણ અંદરના ભાગમાં શિલ્પ-સુશોભનોથી સમૃદ્ધ છે, બંને લંબચોરસ પ્રાંગણમાં દેવકુલિકાઓથી ઘેરાયેલાં છે, બંનેના મધ્યસ્થ મુખ્ય દેવાલય પર પિરામિડ આકારનાં શિખર છે અને બંને સ્તંભાધારિત સભાખંડ ધરાવે છે, જે આઠ સ્તંભો પર ટકેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કળામય ઘુમ્મટથી શોભાયમાન છે. વિમળવસહિથી આરસનાં મંદિરો બાંધવાની પરંપરા શરૂ થઈ હતી. આ મંદિરનાં સ્તંભો-કમાનો પરની સૂક્ષ્મ કોતરણી અને ઉત્કીર્ણ મૂર્તિઓમાં પ્રકટ થતી સુકુમારતા, ઘુમ્મટમાં સમકેન્દ્રી વૃત્તાકારે ગોઠવાયેલી મનુષ્યો, હાથી અને અન્ય પ્રાણીઓની હારમાળા, ઘુમ્મટને ટેકવતી હોય તે રીતે ગોઠવેલી દેવી સરસ્વતીની પ્રતિમાઓ અને ઘુમ્મટના કેન્દ્રમાંથી ઝૂલતું મનમોહક કમળાકાર લોલક નિહાળતાં ભાવુક દર્શકને કોઈક સ્વપ્નસૃષ્ટિનાં દર્શનનો ભાસ થાય છે. લૂણવસહિ સ્થાપત્ય-યોજનામાં વિમલ-વસહિને અનુસરતું હોવા છતાં તેનાં આંતરિક ભાગોની વિગતોમાં જુદું પડે છે. ગુજરાતની વિશિષ્ટ સ્થાપત્યશૈલીના ચરમોત્કર્ષનું ઉદાહરણ તે પૂરું પાડે છે. આ મંદિર તેના અલંકરણયુક્ત નકશીકામ માટે પ્રસિદ્ધ છે. આમાં શ્રી નેમિનાથના જીવન-પ્રસંગો ઉપરાંત મંદિરના નિર્માતા શ્રાવકબંધુઓ વસ્તુપાળ-તેજપાળનું તેમની પત્નીઓ સહિત શિલ્પાલેખન થયેલું છે. દેલવાડાના મંદિરસમૂહનાં અન્ય બે મંદિરો તે શ્રી પાર્શ્વનાથનું 'ખરતર-વસહિ' તથા 'પિત્તલહર મંદિર' છે. ખરતરવસહિ એ ચૌમુખ-મંદિર (સોળમી સદી) છે. દેલવાડાનાં ચારેય મંદિરોમાં તે સહુથી ઊંચું છે. તેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથની ચાર પ્રતિમાઓ બિરાજમાન છે. નીચેના માળની મૂળનાયક પ્રતિમાઓ પરિકરવાળી છે. શ્રી ઋષભદેવને સમર્પિત 'પિત્તલહર મંદિર'માં મૂળનાયકની મૂર્તિ પિત્તળ આદિ ધાતુઓથી બનેલી હોવાથી તેને આ નામ મળ્યું છે (પંદરમી સદી). તેનું બીજું નામ 'ભીમાશાહનું મંદિર' છે.

માઉન્ટ આબુ ઉપર અચલગઢમાં પણ ચાર જૈન મંદિરો-ચૌમુખજી, શ્રી કુંથુનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી આદીશ્વરનાં આવેલાં છે.

રાણકપુર (જિ. પાલી)નું નયનરમ્ય અને વિશાળ 'ધરણવિહાર' (ઈ.સ. ૧૪૩૯) ચતુર્મુખ મંદિરોમાં શિરોમણિ સમું છે. ઊંચી વિશાળ ચતુષ્કોણ પીઠિકા ઉપર ચોતરફ આવેલી દેવકુલિકાઓની મધ્યમાં શ્રી ઋષભદેવને સમર્પિત આ ચૌમુખ મંદિર આવેલું છે. ૪૮,૦૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં ફેલાયેલા અને ૧૪૪૪ સ્તંભો, ૨૪ મંડપો, ૭૬ દેવકુલિકાઓ, ચાર ખૂણાનાં ચાર દેરાસર અને મધ્યસ્થ ચતુર્મુખ જિનાલયથી શોભતા આ ભવ્ય મંદિરને યથાર્થ રીતે 'ત્રૈલોક્યદીપક પ્રાસાદ' અને 'નલિનીગુલ્મવિમાન' તરીકે ઓળખાવવામાં આવ્યું છે. મધ્યવર્તી જિનાલયમાં ચાર દિશાનાં ચાર દ્વારમાંથી દર્શન આપતી શ્રી ઋષભનાથની ચાર પદ્માસનસ્થ પ્રતિમાઓ છે. ચાર ખૂણે



**આ જિનમંદિરોએ જ ભારતીય કલા, શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને અસ્મિતાનું અનેરું સંવર્ધન કર્યું છે.**

આવેલાં દેરાસરોમાં શ્રી ઋષભદેવ, શ્રી પાર્શ્વનાથ, શ્રી અજિતનાથ અને શ્રી મહાવીરની પ્રતિમાઓ સ્થાપિત છે. ચૌમુખ 'ધરણવિહાર'ની સામે શ્રી પાર્શ્વનાથનું મંદિર (૧૫મી સદી) અને ૧ કિલોમીટર દૂર શ્રી ચક્રેશ્વરીનું મંદિર છે.

મેવાડના પ્રખ્યાત શૈવ તીર્થ એકલિંગજીની પાડોશમાં આવેલા નાગદા (જિ. ઉદયપુર)માં પદ્માવતી-મંદિર (૧૪મી સદી) તરીકે ઓળખાતું મંદિર એના ગર્ભગૃહમાંના એક અભિલેખ પ્રમાણે શ્રી પાર્શ્વનાથનું જિનાલય છે.

ચિત્તૌડના પ્રસિદ્ધ જૈન કીર્તિસ્તંભની બાજુમાં આવેલું શ્રી શાંતિનાથ-જિનાલય (૧૪મી સદી) તેના 'પંચરથ' તલમાન અને શૃંગારચોકીને કારણે નોંધપાત્ર છે. ચિત્તૌડનું બીજું ઉલ્લેખનીય જિનાલય શ્રી આદિનાથનું 'સાતબીસ દેવડી' (૧૫મી સદી) છે.

ઘાણેરાવ (જિ. પાલી)નું શ્રી મહાવીર મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણામાર્ગ, ગૂઢમંડપ, ત્રિકમંડપ અને મુખચોકી ધરાવતું 'સાંધારપ્રાસાદ' છે. પૂર્વે આના અગ્રભાગમાં ૨૪ દેવકુલિકા સહિતનો રંગમંડપ હતો. શ્રી મધુસૂદન ઢાંકી આને 'મારુગુર્જર' સ્થાપત્યશૈલીની મેદપાટ પરિપાટીનું ગણાવીને ૧૦મી સદીના મધ્યભાગમાં મૂકે છે.

જૈસલમેરના કિલ્લામાં હવાપોળમાં પીળા પથ્થરનાં બાંધેલાં સાત જૈન મંદિરોનું એક ઝૂમખું છે, જેની વિગત આ પ્રમાણે છે : (૧) 'લક્ષ્મણવિહાર' અથવા શ્રી ચિંતામણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**શ્રી નેમિનાથ જિનાલયની ભીંતમાં કંડારાયેલા દેવીઓનાં નર્તન–પ્રકારો (રાણકપુર)**

પાર્શ્વનાથનું મંદિર (ઈ.સ. ૧૪૭૩). આના પ્રવેશદ્વાર આગળ બે સ્તંભો પર સુંદર તોરણ છે. સભામંડપમાં નંદીશ્વરદ્વીપના ત્રણ, શત્રુંજયનો એક અને ગિરનારનો એક, એમ પથ્થરના ચાર પટ્ટ છે. (૨) શ્રી સંભવનાથનું મંદિર (ઈ.સ. ૧૪૯૭). આના સભામંડપનો ઘુમ્મટ સુંદર કારીગરી અને વચ્ચે કમળાકાર લોલકથી સુશોભિત છે. (૩) શ્રી શીતલનાથનું મંદિર. તેમાં મૂળનાયક તરીકે સ્થાપિત શ્રી શાંતિનાથની મૂર્તિ ૧૭મી સદીની છે, જે સૂચવે છે કે મૂળ મંદિર વધુ જૂનું છે. (૪) શ્રી શાંતિનાથ તથા શ્રી અષ્ટાપદનું જોડકું મંદિર. આ બંને મંદિરો એક જ ભવનમાં ઉપરનીચે આવેલાં છે. ઉપલા મંદિરમાં શ્રી શાંતિનાથની સમવસરણની આકૃતિમાં વિરાજિત ૧૬મી સદીની ધાતુની મૂર્તિ છે. નીચલા અષ્ટાપદના મંદિરમાંની મૂર્તિ શ્રી કુંથુનાથની (ઈ.સ. ૧૫૩૬) છે. (૫) શ્રી ઋષભદેવનું મંદિર (૧૬મી સદીનો ઉત્તરાર્ધ) (૬) શ્રી ચંદ્રપ્રભુનું મંદિર (૧૬મી સદી). ત્રણ માળના આ ચૌમુખ મંદિરમાં શ્રી ચંદ્રપ્રભુની ચાર મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે. આને 'ચતુર્મુખવિહાર' પણ કહે છે. (૭) શ્રી મહાવીર સ્વામીનું મંદિર (૧૬મી સદી).

બિકાનેરમાં જૂનામાં જૂનું મંદિર ૧૫મી–૧૬મી સદીનું શ્રી પાર્શ્વનાથનું છે. આમાં ભારતીય–મુસ્લિમ સ્થાપત્યનાં તત્ત્વો સમન્વિત થયેલાં જોવા મળે છે. અન્ય બે નોંધપાત્ર મંદિરો ચિંતામણિ મંદિર (ઈ.સ. ૧૫૦૫) તથા શ્રી નેમિનાથ મંદિર (ઈ.સ. ૧૫૩૬) છે.

ઓસવાલ વણિકોનું આદિસ્થાન ઓસિયા (પ્રાચીન ઉપકેશ, જિ. જોધપુર) ૮મીથી ૧૧મી સદી સુધીનાં હિંદુ મંદિરોની નગરી સમું છે. તેમાં આવેલું શ્રી મહાવીરસ્વામીનું મંદિર મૂળ ૮મી સદીનું છે, પણ ૧૦મી સદીમાં તેનો જીર્ણોદ્ધાર થતાં સુધારા–વધારા થયા છે. ગર્ભગૃહ, પ્રદક્ષિણામાર્ગ, અંતરાલ, ગૂઢમંડપ, ત્રિકમંડપ અને મુખચોકી ધરાવતા 'મારુગુર્જર' શૈલીના આ મંદિરની સામે અગાઉ એક તોરણ હતું. ગર્ભગૃહ ઉપરનું શિખર ૧૧મી સદીનું પાછળથી જીર્ણોદ્ધાર પામેલું છે. જૈન મંદિરોની વિશિષ્ટતા સમો આનો 'ત્રિકમંડપ' રાજસ્થાનમાં જૂનામાં જૂનો છે. મંદિર કળાકૃતિઓ અને દેવશિલ્પોથી સમૃદ્ધ છે.

ફલોધિ (પ્રાચીન ફલવર્ધિ, જિ. જોધપુર)નું શ્રી પાર્શ્વનાથ મંદિર ૧૨મી સદીમાં બંધાયેલું અને પાછળથી જીર્ણોદ્ધાર પામેલું હોવા છતાં તેના મૂળ સ્થાપત્યનાં મુખ્ય લક્ષણો તેમાં અદ્યાપિ જળવાઈ રહ્યાં છે.

અજમેરની 'અઢાઈ દિન કા ઝોંપડા' નામની મસ્જિદ ઘણા વિદ્વાનોના મતે મૂળ જૈન મંદિર હતું, કારણ કે તેની અંદર



**જૈન દેરાસર–ચિત્તોડગઢ**

અને બહાર જૈન પ્રતિમાઓ મળી આવેલી. આ ઇમારતની અલંકૃત છત અને રચના જૈન મંદિરોની છત અને લંબચોરસ યોજના સાથે સામ્ય ધરાવે છે.

જૈન ધાર્મિક પરંપરા અનુસાર બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિ અથવા શ્રી નેમિનાથ શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ અને દ્વારવતી (= દ્વારકા)ના નિવાસી હતા. તેમણે ત્યાં જ શ્રમણ-દીક્ષા લઈને પ્રથમ ભિક્ષા પણ સ્વીકારેલી તથા ઉજ્જયંત (=ગિરનાર) ઉપર તેઓ નિર્વાણ પામેલા. આમ તેમના સૌરાષ્ટ્ર સાથેના સંબંધને આધારે ગુજરાતમાં જૈન ધર્મનાં મૂળ મહાવીર અને પાર્શ્વનાથની યે પૂર્વેના આદ્ય-ઐતિહાસિક મહાભારત-કાળ સુધી જાય છે. તેમ છતાં ગુજરાતમાં જૈન ધર્મ સાથે સંબંધિત પુરાવશેષો છેક ઇતિહાસ-કાળ સુધી મળતા નથી.

જૈનોનાં સર્વ તીર્થોમાં પરમ પવિત્ર ગણાતા તીર્થાધિરાજ શત્રુંજય (જિ. ભાવનગર) ઉપર નવ ટૂકોમાં થઈને કુલ ૧૦૬ મંદિરો અને ૭૩૧ દેરીઓ છે. આથી શત્રુંજયગિરિને યથાયોગ્ય રીતે 'મંદિરોની નગરી' કહ્યો છે. જુદા જુદા સમયે બંધાયેલાં આ મંદિરોમાંથી મોટા ભાગનાં ૧૬મી સદી પછીનાં છે. આ સહુમાં વિમલવસી-ટૂકમાં આવેલું શ્રી ઋષભદેવનું ઈ.સ. ૧૫૩૦માં સાતમી વાર જીર્ણોદ્ધાર પામેલુ મંદિર ઉન્નત શિખર ધરાવતું બે માળનું જિનાલય છે. બીજું અગત્યનું મંદિર ખરતરવસીની ટૂકમાં આવેલું ચૌમુખ મંદિર (ઈ.સ. ૧૬૧૮) છે. ૯૬ ફૂટ ઊંચું શિખર ધરાવતા અને બે માળના આ મંદિરમાં સિંહાસન ઉપર વિરાજિત શ્રી આદિનાથની ચાર પ્રતિમાઓ છે. શિખરમાં પણ ચૌમુખજી છે. શત્રુંજય પર્વત ઉપર આ ઉપરાંત રાજવી કુમારપાળ તથા મંત્રીઓ વિમળશાહ અને વાગ્ભટે બંધાવેલાં મંદિરો નોંધનીય છે.

જૂનાગઢના સાન્નિધ્યમાં આવેલા ગુજરાતના સૌથી ઊંચા પર્વત (૩૬૬૪ ફૂટ) ગિરનાર ઉપર ૧૬ જૈન મંદિરોનો સમૂહ છે, જેમાં સહુથી મોટું મંદિર શ્રી નેમિનાથનું છે, જે ઈ.સ. ૧૨૭૮માં જીર્ણોદ્ધાર પામેલું છે. લંબચોરસ પ્રાંગણમાં આવેલા આ મંદિરની આસપાસ ૭૦ દેવકુલિકાઓ છે. મુખ્ય મંદિરનો ગર્ભગૃહ સાથે જોડાયેલો સ્તંભરચનાવાળો મંડપ જૂનો અને મૂળ સ્વરૂપમાં છે, જ્યારે તેની આગળનો મંડપ પાછળથી ઉમેરાયેલો છે. બીજું અગત્યનું મંદિર વસ્તુપાળ-તેજપાળે બંધાવેલું, ત્રણ અલગ મંદિરોના સંયોજનથી બનેલું ત્રિચૈત્ય (ઈ.સ. ૧૨૩૧-૩૨) છે, જેમાં મધ્યનું શ્રી મલ્લિનાથને સમર્પિત છે, જ્યારે ઉત્તર તરફના મંદિરમાં મેરુ પર્વત અને



ગિરનારનાં શિખરો સાથે હરીફાઈ કરતાં જૈનમંદિરોનાં શિખરો

દક્ષિણના મંદિરમાં સમેતશિખરની રચના સ્થાપિત કરેલી છે. આ ત્રિમંદિરની વચ્ચે એક સંયુક્ત સભામંડપ છે.

કુંભારિયા (પ્રાચીન આરાસણા, જિ. બનાસકાંઠા)માં પાંચ જૈન મંદિરો આવેલાં છે : (૧) મહાવીર સ્વામીનું મંદિર (ઈ.સ. ૧૧૦૬-૦૭) ગર્ભગૃહ, ગૂઢમંડપ, ત્રિકમંડપ, રંગમંડપ સહિત ૧૬ દેવકુલિકા ધરાવતું આરસનું જિનાલય છે. મંદિરના આંતરિક ભાગો સુંદર નકશીકામથી સુશોભિત છે અને જગતીમાં નાનકડું સમવસરણ છે. (૨) શ્રી શાંતિનાથનું મંદિર (૧૧મી સદીનો અંતભાગ) આરસનું છે. તેની રચના ઉપરોક્ત શ્રી મહાવીર-મંદિર જેવી જ છે. તેની જગતીમાં નંદીશ્વર-દ્વીપનું નાનકડું પૂજાઘર છે. એક દેરીમાં સમવસરણ છે. (૩) શ્રી પાર્શ્વનાથનું મંદિર (૧૨મી સદીનો આરંભ) ૨૪ દેવકુલિકા ધરાવે છે. ગર્ભગૃહમાં પરિકરવાળી મૂળનાયકની એકતીર્થી પ્રતિમા છે. (૪) શ્રી નેમિનાથનું મંદિર કેટલાક વિદ્વાનોના મતે સિદ્ધરાજ જયસિંહ (ઈ.સ. ૧૦૯૪-૧૧૪૪)ના સમયમાં બંધાયેલું છે. ગર્ભગૃહ, ગૂઢમંડપ, વિશાળ રંગમંડપ, શૃંગાર ચોકીઓ, ઉન્નત શિખર અને ૨૪ દેવકુલિકાઓથી શોભતું આરસનું જિનાલય સ્થાનિક મંદિરોમાં વિશાળતમ છે. (૫) શ્રી સંભવનાથનું મંદિર (ઈ.સ. ૧૨૩૧) પ્રમાણમાં નાનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**તારંગાજી તીર્થ**

सदानंदनिधानाय, मंगलालिप्रदायिने।
तारंगातीर्थनाथाय, चाजिताय नमोनमः ॥

તારંગા ગિરિ (જિ. મહેસાણા) ઉપર આવેલું શ્રી અજિતનાથનું મંદિર (ઈ.સ. ૧૧૬૫) ચૌલુક્ય નરેશ 'પરમ અર્હત્' કુમારપાળના સમયનું છે. 'સાંધાર મેરુપ્રાસાદ' પ્રકારનું આ મંદિર તેની વિશાળ અને ભવ્ય સ્થાપત્યરચનાથી પ્રભાવશાળી લાગે છે.



**મથુરા કંકાલી ટીલામાંથી પ્રાપ્ત ભગવાન મહાવીરની પ્રતિમા**

## સ્તૂપ :-

શ્રમણમાર્ગી બૌદ્ધોના સ્તૂપો ઘણા જાણીતા છે. તે જ રીતે શ્રમણમાર્ગી જૈનોમાં પણ સ્તૂપોની રચના થતી હતી. જિનપ્રભસૂરિએ (૧૪મી સદી) સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથના માનમાં મથુરામાં બંધાયેલા સ્તૂપનો ઉલ્લેખ કર્યો છે. દિગંબર સૂરિ હરિષેણના 'બૃહત્કથાકોષ'માં મથુરામાં પાંચ સ્તૂપોના નિર્માણની કથા આવે છે. ઈ.સ. ૧૪૭૮ના પહાડપુર તામ્રપત્રમાં પણ એક 'પંચસ્તૂપનિકાય'નો ઉલ્લેખ છે. હરિભદ્રસૂરિ અને જિનપ્રભસૂરિએ મથુરામાં એક 'દેવનિર્મિત' સ્તૂપનો ઉલ્લેખ કર્યો છે. આ બધા પરથી નિશ્ચિત છે કે મથુરામાં જૈન સ્તૂપનું અસ્તિત્વ હતું.

મથુરાના કંકાલી ટીલાના ઉત્ખનનમાં એક સ્તૂપના પાયાના અવશેષો મળ્યા છે. આ પાયાનો વ્યાસ ૧૪.૩૩ મીટર અને તેમાં આઠ આરા હતા. આ જ ઉત્ખનનમાં ખોદી કઢાયેલા પુરાવશેષોમાં ઈ.સ. પૂર્વે બીજી-પહેલી સદીના પ્રવેશદ્વારના ટુકડા ઉપર સ્તૂપનું સર્વપ્રથમ શિલ્પાંકન પ્રાપ્ત થયેલું છે. જૈન સ્તૂપ એ અર્ધગોળાકાર ટેકરા જેવું ઈંટોનું બનેલું નક્કર સ્થાપત્ય હતું, જેના તળિયે મધ્ય ભાગમાં તીર્થંકરના પવિત્ર અવશેષો મૂકવામાં આવતા. તેની ફરતે પથ્થરની સંરક્ષણાત્મક વેદિકા ઊભી કરવામાં આવતી. સ્તૂપ અને વૃત્તાકાર વેદિકાની વચ્ચે રચાતા પ્રદક્ષિણામાર્ગમાં પ્રવેશવા માટે ચાર દિશામાં ચાર તોરણદ્વાર રખાતાં. જૈનોમાં મૂર્તિપૂજાનો આરંભ બૌદ્ધો કરતાં વહેલો થયો હોવાથી સ્તૂપનિર્માણની પ્રણાલી પણ વહેલી બંધ થઈ હોવાની સંભાવના છે.

## કાષ્ઠમંદિરો :-

કળા અને સ્થાપત્યમાં લાકડાનો ઉપયોગ સદા અને સર્વત્ર થતો આવ્યો છે. તેમાંયે ગુજરાતમાં મકાનો, મંદિરો, ચબૂતરા (પરબડી), રથ, રમકડાં, રાચરચીલાં જેવાં નિર્માણ અને ઉત્પાદનનાં વિવિધ ક્ષેત્રે તેનો વપરાશ થતો હોવાથી કાષ્ઠકળા વધારે પ્રમાણમાં વિકસી છે. સ્વાભાવિકપણે જ ગુજરાતના ધર્માનુરાગી જૈનો દ્વારા કાષ્ઠકળાકારોને સારું એવું પ્રોત્સાહન મળતાં ભારતમાં ક્યાંય જોવા ન મળતાં લાકડાનાં લઘુ મંદિરોનો ભારતની કળાસંપત્તિમાં ઉમેરો થયો છે. વડોદરાના રાજ્યસંગ્રહાલયમાં આવા એક જૈન કાષ્ઠમંદિરનો નમૂનો પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતમાં કાષ્ઠમંદિરના નમૂના ધરાવતાં દેરાસરો આ પ્રમાણે છે : (૧) શાંતિનાથનું દેરાસર, હાજા પટેલની પોળ, અમદાવાદ. (૨) જગવલ્લભ પાર્શ્વનાથનું દેરાસર, નિશાપોળ, અમદાવાદ. (૩) ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર, શાહપુર, સુરત. (૪) લલ્લુભાઈ દંતીનું ઘરદેરાસર, મણિયાતી પાડો, પાટણ. (૫) ઋષભદેવ સ્વામીનું દેરાસર, કુંભારિયા પાડો, પાટણ. (૬) શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ દેરાસર, પાલિતાણા. (૭) શાંતિનાથ દેરાસર, ભાની પોળ, રાધનપુર. (૮) ઋષભદેવનું પહેલું દેરાસર, કડવા માની પોળ, રાધનપુર. (૯) ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર, ભોંયરા શેરી, રાધનપુર. (૧૦) નાના ચિંતામણિ પાર્શ્વનાથ, અખિલ દોશીની પોળ, રાધનપુર. (૧૧) સીમંધર સ્વામીનું દેરાસર, ખંભાત. (૧૨) ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર, ખંભાત. (૧૩) સંભવનાથનું દેરાસર, વાઘમાની પોળ, બોરપીપળા, ખંભાત.

# જૈન શિલ્પકળા

## મૂર્તિઓ અને ભાસ્કર્યો :-

હિંદુ ધર્મના દેવ-દેવીઓની પ્રતિમાઓ તેમનું સ્વરૂપ જોઈને ઓળખી શકાય છે, પરંતુ જૈન ધર્મમાં આરાધ્ય તીર્થંકરોની પ્રતિમાઓનું સ્વરૂપ ત્રણ તીર્થંકરો શ્રી ઋષભદેવ, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી પાર્શ્વનાથના અપવાદ સિવાય એક સમાન હોય છે. આ મૂર્તિઓ બેઠેલી યા ઊભેલી મુદ્રામાં હોય છે. દક્ષિણ ભારતની બેઠેલી પ્રતિમાઓ મોટે ભાગે અર્ધપદ્માસનમાં જ્યારે ઉત્તર ભારતની પૂર્ણ પદ્માસનમાં હોય છે. એક સમાન સ્વરૂપ ધરાવતા તીર્થંકરોની ઓળખ તેમના આસન પર કે તેની નીચે ઉત્કીર્ણ 'લાંછન' (=ચિહ્ન)થી થાય છે. દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરાના તીર્થંકરોનાં લાંછનો શ્રી શીતલનાથ, શ્રી અનંતનાથ અને શ્રી અરનાથના અપવાદને બાદ કરતાં એક સરખાં હોય છે.

જૈન શિલ્પના પ્રાચીનતમ નમૂના મથુરાના કંકાલી ટીલામાંથી મળ્યા છે. આનું ઉત્ખનન વૈજ્ઞાનિક પદ્ધતિથી થયું ન હોવાથી મળેલા પુરાવશેષોનું તિથિનિર્ધારણ ચોકસાઈથી થઈ શક્યું નથી, તો પણ તે ઈ.સ. પૂર્વે બીજી સદી જેટલા જૂના તો છે જ. અહીંથી મળેલાં ઇતિહાસ-દૃષ્ટિથી મહત્ત્વનાં શિલ્પોમાં ઈ.સ. પૂર્વે બીજી-પહેલી સદીની બ્રાહ્મીના અક્ષરોવાળા આયાગપટ્ટો (મુખ્યત્વે ચોરસ) છે. આમાંના કેટલાક પર બેઠેલા જિનનાં મસ્તક મુંડનવાળાં છે. અહીંથી નીકળેલી દેવી સરસ્વતીની મૂર્તિ નોંધનીય છે. આ ઉપરાંત તીર્થંકર-પ્રતિમાઓ પણ મળી છે.

બિહારમાં રાજગિર (જિ. નાલંદા)ના વૈભારગિરિના જીર્ણ મંદિરમાંથી મળેલી નેમિનાથની ગુપ્તયુગીન પ્રતિમા પૂર્વ ભારતમાંથી મળેલી નેમિનાથની પ્રાચીનતમ મૂર્તિ છે. સોનભંડારની ગુફાની દીવાલ પર કોતરેલી છ જિનમૂર્તિઓ પણ ગુપ્તયુગની જ છે. ચૌસા (જિ. ભોજપુર)માં એક સ્તંભ પર ઉત્કીર્ણ ધર્મચક્ર (પહેલી સદી) અને તીર્થંકરોની સોળ મૂર્તિઓ (ઉત્તર કુશાણ કાળથી ગુપ્તયુગની) પ્રાપ્ત થઈ છે. મૂર્તિઓમાંની દશ કાયોત્સર્ગ મુદ્રામાં અને છ પદ્માસનમાં છે.

ઉડીસાની ખંડગિરિની ગુફાઓમાંની ક્રમાંક-૭ની 'નવમુનિ ગુફા'ની દીવાલ પર સાત તીર્થંકરો (ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, વાસુપૂજ્ય સ્વામી, પાર્શ્વનાથ અને નેમિનાથ)નું તેમની શાસનદેવીઓ સાથેનું ભાસ્કર્ય મૂર્તિકળાની દૃષ્ટિએ અગત્યનું મનાય છે. અન્ય દીવાલ પર ઋષભદેવ અને પાર્શ્વનાથની ઉઠાવદાર દિગંબર પ્રતિમાઓ ઉત્કીર્ણ છે. બાજુની ક્રમાંક-૮ની 'બારભુજી ગુફા'માં ચોવીસ તીર્થંકરોનું તેમની શાસનદેવીઓ સાથેનું ભાસ્કર્ય તથા પાછલી ભીંતમાં મૂળનાયક પાર્શ્વનાથની પ્રતિમા છે. આ ગુફામંદિરો ૧૦-૧૧મી સદીનાં છે.

પશ્ચિમ બંગાળના સત દેવલિયા (જિ. બર્ધમાન)માંથી એક ચૌમુખી મૂર્તિ મળી છે (૧૦મી સદી), જેમાં ઋષભદેવ, મહાવીર, પાર્શ્વનાથ અને ચંદ્રપ્રભુસ્વામી કાયોત્સર્ગ મુદ્રામાં બતાવ્યા છે.

મધ્યપ્રદેશના તેવર (પ્રાચીન ત્રિપુરી, જિ. જબલપુર)માં તીર્થંકર ધર્મનાથની પરિકર સહિતની પ્રતિમા (૧૧મી સદી) પ્રાપ્ત થઈ છે. ગંધવાલ (જિ. દેવાસ)માં કળાદૃષ્ટિએ ઉત્કૃષ્ટ ગણાય તેવાં નવમી સદીનાં જૈન શિલ્પો આવેલાં છે. આમાંની એક વિરાટ જિન પ્રતિમાની બે બાજુએ ઇન્દ્ર અને ઉપેન્દ્રને ચામરધર તરીકે દર્શાવ્યા છે. અન્ય પ્રતિમાઓમાં તીર્થંકરો શાંતિનાથ, સુવિધિનાથ અને સુમતિનાથ ઉપરાંત વિદ્યાદેવીઓ અને જૈન યક્ષ-યક્ષીઓનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં કુંભારિયા (જિ. બનાસકાંઠા)ના મહાવીર-મંદિરની છત પર તીર્થંકરોના જીવનપ્રસંગો અને ચોવીસ તીર્થંકરોનાં માતાપિતા સહિતનાં શિલ્પોની હારમાળા આવેલી છે. અહીં એક શિલાપટ્ટ ઉપર ભૂત અને ભવિષ્યના આરાના તીર્થંકરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કુંભારિયાજી તીર્થમાં બહારની દીવાલ ઉપરનું મનોહર શિલ્પ

પણ અંકિત છે. રાજસ્થાનમાં દેલવાડાના વસ્તુપાળ-તેજપાળના મંદિરમાં બોંતેર જિનોનો પટ્ટ છે.

તમિળનાડુના વિજયમંગલમ્‌ની નજીક આવેલા મેત્તુપુદુર (જિ. કોઈમ્બતુર) ગામે આવેલા શ્રી ચંદ્રનાથના મંદિરમાં પાટડા ઉપર ચોવીસ તીર્થંકરોનાં ગંગ શૈલીનાં શિલ્પો છે. આન્ધ્રપ્રદેશના દનવુલપડુમાંથી શિવલિંગ જેવી દેખાતી નાની ગોળાકાર પીઠમાં આવેલી ચૌમુખ મૂર્તિમાં (૧૦મી સદી) સુપાર્શ્વનાથ અને વર્ધમાનની મુખાકૃતિઓ છે. ઉત્તરપ્રદેશમાં શ્રાવસ્તી (જિ. ગોંડા), અયોધ્યા અને મથુરામાંથી મળેલી આદિનાથની પ્રતિમાઓ પણ ઉલ્લેખનીય છે.

ભારતીય શિલ્પની ઉત્તમ કળાકૃતિઓમાં સ્થાન પામેલી બિકાનેરની વાગ્દેવી (= સરસ્વતી) અને ઓસિયા (જિ. જોધપુર)નું અલંકૃત તોરણ પણ જૈનનિર્મિત છે. કર્ણાટકના કંબડહલ્લી (જિ. હાસન)ની પંચકૂટ બસતિની છત પર બે ચામરધરની વચ્ચે મોંથી શંખનાદ કરતા ધનુર્ધર યક્ષ અને ચાર દિશાઓ અને ચાર વિદિશાઓમાં અષ્ટદિક્‌પાળનાં શિલ્પો ઉત્કીર્ણ છે.

તિરુમલૈ (જિ. ઉત્તર આર્કોટ)ના ગુફામંદિરમાં કુષ્માંડિની અને ધર્મ-દેવી યક્ષીઓ અને પાર્શ્વનાથનાં ચોલયુગનાં સુંદર શિલ્પો છે. વલ્લીમલૈ (જિ. ઉત્તર આર્કોટ) જૈન શિલ્પોથી ભરેલું છે. સિંહાસન ઉપર બેઠેલા બે તીર્થંકરોની એક તરફ સિંહ સાથેની અંબિકા અને બીજી તરફ હાથી પર આરૂઢ બ્રહ્મશાસ્તા છે. આ ઉપરાંત નાગફણાની છત્રછાયામાં પાર્શ્વનાથ, ત્રિછત્રની છાયામાં સિંહાસન ઉપર બિરાજેલા મહાવીર, કાયોત્સર્ગ મુદ્રામાં ગોમ્મટ, યક્ષી અંબિકા, પદ્માવતી, ઊડતા વિદ્યાધરો, અષ્ટમંગલ, મકર-તોરણ અને ત્રિભંગી મુદ્રામાં ઊભેલી નારીનાં શિલ્પો છે.

ગ્વાલિયરમાં ખડકમાં કોતરેલી સુંદર જૈન પ્રતિમાઓ છે. તીર્થંકરો કાયોત્સર્ગ અને પદ્માસનમાં છે. સાથે વામન મનુષ્યોએ પકડેલા પૂર્ણ વિકસિત કમળ પર ઊભેલી દેવી છે. આ શિલ્પો ઉત્તર ગુપ્તકાળનાં છે. દુર્જનપુર (જિ. વિદિશા)માં પદ્માસનસ્થ તીર્થંકરોની સુંદર મૂર્તિઓ છે.

કર્ણાટકમાં હમ્પી (જિ. બેલારી)ની બાજુમાં તુંગભદ્રા નદીના ઉત્તર તટે આવેલા અનેગોંડી ગામે ખડકની સપાટી ઉપર જૈન શિલ્પોનું ભાસ્કર્ય છે (૧૪મી સદી), જેમાં કાયોત્સર્ગમાં ઊભેલી જિનમૂર્તિઓની ઉપર ત્રિછત્ર છે. લક્ષ્મેશ્વરના શંખબસતિમાંથી નંદીશ્વરનું કલાત્મક કોતરકામ ધરાવતું પ્રસ્તર શિલ્પ (૧૩મી સદી) મળ્યું છે અને તેના ઉપર તીર્થંકરોની ૧૦૧૪ પ્રતિકૃતિઓ પણ છે. આન્ધ્રપ્રદેશમાં પુડુરના મહાવીર અને પાર્શ્વનાથ (૧૩મી સદી), કાજુલુરના અર્ધપર્યંકાસનમાં જિનપ્રતિમા (૧૩મી સદી) તથા વારંગળના ઊભેલા પાર્શ્વનાથનાં શિલ્પો અગત્યનાં ગણાય છે.

## વિરાટ પ્રસ્તરપ્રતિમાઓ :-



જિનપ્રતિમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કળાક્ષેત્રે જૈન ધર્મીઓએ કરેલું અનેરું સર્જન વિરાટ પ્રસ્તર પ્રતિમાઓનું છે. તેમાં કર્ણાટકના શ્રવણબેળગોળમાં વિંધ્યગિરિ કિંવા ઈંદ્રગિરિની ટોચ પર ગ્રેનાઈટના ખડકમાંથી કોરી કાઢેલી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પુત્ર ગોમ્મટ અથવા બાહુબલિની ખડ્ગાસનમાં ઊભેલી ૫૭ ફૂટ ઊંચી પ્રતિમા વિશ્વની સહુથી ઊંચી મુક્ત રીતે ઊભેલી ખડકમાંથી કોરેલી પ્રતિમા છે. (ઈ.સ. ૯૮૩). આ પ્રતિમા સાથળની નીચેથી જ પિતૃખડક સાથે જોડાયેલી છે, જે ભાગ ઉધઈના રાફડા, સર્પો અને લતારૂપે દર્શાવ્યો છે. માધવી લતા શરીર પર ચડીને છેક ખભાની નજીક સુખી પહોંચતી બતાવી છે. પ્રતિમાની નીચે પીઠિકારૂપે ૨.૭૫ મીટરનું ખીલેલું કમળ છે.[1] બાહુબલિની અન્ય વિરાટ પ્રતિમાઓ કર્ણાટકના કાર્કલ, વેણુર અને ગોમ્મટગિરિ ખાતે આવેલી છે. કાર્કલ (જિ. દક્ષિણ કન્નડ)ની ૪૨ ફૂટ ઊંચી પ્રતિમા નીસના ખડકમાંથી કોરી કાઢેલી અને ટેકરાની ટોચ પર ઊભેલી છે. (ઈ.સ. ૧૪૩૧-૩૨) કોતરણીની વિગતોમાં આ મૂર્તિ શ્રવણબેળગોળના ગોમ્મટેશ્વરને મળતી આવે છે. વેણુર (પ્રાચીન નામ 'એનૂરૂ', જિ. દક્ષિણ કન્નડ)ની ગોમ્મટ-પ્રતિમા ૩૬ ફૂટ ઊંચી છે અને થોડાક ફેરફાર સિવાય તે કાર્કલની પ્રતિમાને મળતી આવે છે (ઈ.સ. ૧૬૦૩-૪). એના ગાલના ખંજનથી તે બીજી સમાન પ્રતિમાઓથી જુદી પડે છે. ગોમ્મટગિરિ (જિ. મૈસુર)ના બાહુબલિ પણ તેમની અન્ય પ્રતિમાઓ જેવા દર્શાવાયા છે. તેની ઊંચાઈ ૧૮ ફૂટ છે (૧૪મી સદી). પાર્શ્વનાથની પણ વિરાટ પ્રતિમાઓ કર્ણાટકના મુડબિદ્રી (તા. દક્ષિણ કન્નડ)માં ૧૯ ફૂટ ઊંચી અને હળેબીડુ (જિ. હાસન)માં ૨૪ ફૂટ ઊંચી આવેલી છે.

મધ્યપ્રદેશમાં બડવાની નજીક ચૂલગિરિ (જિ. પશ્ચિમ નિમાડ) અથવા બાવનગજા ખાતે આદિનાથની ૮૪ ફૂટ ઊંચી પ્રતિમા આવેલી છે. આ વિરાટ પ્રતિમા ૧૩મી સદીની હોવાનું મનાય છે. ઊંચાઈની દૃષ્ટિએ આ પ્રતિમા વિશ્વની સહુથી ઊંચી ઠરે છે. અન્ય વિરાટ જૈન પ્રતિમાઓ બહરીબંદ (જિ. જબલપુર, મ.પ્ર.), બાણપુર, આહર (બંને જિ. ટિકમગઢ, મ.પ્ર.), ગ્વાલિયર (મ.પ્ર.), દેવગઢ (જિ. ઝાંસી, ઉ.પ્ર.), બરહટા અને બીજાં કેટલાંક સ્થળે આવેલી છે.

## ધાતુપ્રતિમાઓ :-

જૈન ધર્મમાં ધાતુપ્રતિમાઓનું પણ મહત્ત્વ રહ્યું છે. મુખ્યત્વે તે ગૃહમંદિરમાં પૂજા માટે વપરાતી રહી છે, પણ ક્યાંક ક્યાંક સાર્વજનિક મંદિરોમાં પણ તે મુકાતી હતી. ધાતુપ્રતિમાઓની બાબતમાં ગુજરાત સમૃદ્ધ છે. આમાં વડોદરાના અકોટા વિસ્તારમાંથી મળેલો ધાતુપ્રતિમા-સંગ્રહ સુપ્રસિદ્ધ છે, જેમાં ૬૮ કળાકૃતિઓ (પાંચમીથી અગિયારમી સદી) છે. તેમાં જિનપ્રતિમાઓ (ઋષભનાથ, પાર્શ્વનાથ, અજિતનાથ), જીવંતસ્વામી, સરસ્વતી, યક્ષ, યક્ષી ઉપરાંત ત્રિતીર્થિકા, ષટ્તીર્થિકા, અષ્ટત્રિતીર્થિકાની આકૃતિઓ તથા ચતુર્વિંશતિપટનો સમાવેશ થાય છે. આમાંની ૩૦ કૃતિઓ અભિલેખિત છે અને તેમાંની બે ઉપર તિથિ છે. અકોટાના મૂર્તિસંગ્રહમાંની ઋષભનાથ (૫મી સદી), જીવંતસ્વામી (મહાવીરના પૂર્વાશ્રમની ધ્યાનસ્થ મૂર્તિ, છઠ્ઠી સદી) અને ચામરધારિણી (આઠમી સદી) પશ્ચિમ ભારતીય કળાનાં ઉત્કૃષ્ટ દૃષ્ટાંતો છે. દાહોદ જિલ્લાના લીલવાદેવમાંથી પણ કેટલીક ધાતુમૂર્તિઓ (છઠ્ઠી-સાતમી સદી) મળેલી છે. સૌરાષ્ટ્રમાં વલભીપુર (પ્રાચીન વલભી)માંથી મળેલી જિન ધાતુમૂર્તિઓ (છઠ્ઠી સદી) ઉપરાંત વાંકાનેરની પાર્શ્વનાથની ધાતુમૂર્તિ (૮મી સદી) નોંધપાત્ર છે. મહુડીના કોટ્યર્ક મંદિરમાંની ઋષભદેવ, પાર્શ્વનાથ અને અન્ય જિનમૂર્તિ (૮મી-૯મી સદી) તથા અમદાવાદના સીમંધર સ્વામીના દેરાસરમાંની ઋષભદેવ (૮મી સદી)ની મૂર્તિ પણ ઉલ્લેખનીય છે. રાજસ્થાનના વસંતગઢ (જિ. સિરોહી)માંથી મળેલો મૂર્તિસંગ્રહ પશ્ચિમ ભારતીય શૈલીના ઉદાહરણ તરીકે (આઠમી સદી) નોંધનીય છે. બિહારના ચૌસા (જિ. ભોજપુર)માંથી ગુપ્તકાળની ૨૬ ધાતુપ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. દક્ષિણ ભારત તો ત્યાંની વિવિધ વિષયક ધાતુપ્રતિમાઓ માટે અદ્યાપિ જાણીતું છે, પણ તેમાંની મૂડબિદ્રીના 'ત્રિભુવનતિલકચૂડામણિ' મંદિરમાં સ્થાપિત મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુની પ્રતિમા વિશેષ ઉલ્લેખનીય છે. અષ્ટધાતુની બનાવેલી આ આઠ ફૂટ ઊંચી પ્રતિમા કદાચ ભારતની સહુથી ઊંચી ધાતુપ્રતિમા છે. હુડુવલ્લી (જિ. દક્ષિણ કન્નડ)ની પર્યંકાસનમાં બેઠેલી આદિનાથની પ્રતિમાની પાછળ પ્રભાવલિ છે અને તે

---

૧. ઇજિપ્તના અબુ સીમ્બેલના મંદિર આગળની રાજા રામસીસ બીજાની જગપ્રસિદ્ધ કોતરેલી પ્રતિમાઓ (ઈ. પૂર્વે ૧૨મી સદી) ૬૫ ફૂટ ઊંચી છે પણ શ્રવણબેળગોળના ગોમ્મટેશ્વરની જેમ તે ચારે બાજુથી ખુલ્લી નથી, પણ તેની પાછળનો ભાગ પગથી માથા સુધી પિતૃખડક સાથે જોડાયેલો છે. થોડા સમય પહેલાં તોપગોળાથી તોડી નાખવામાં આવેલી બામિયાન (અફઘાનિસ્તાન)ની વિરાટ બુદ્ધપ્રતિમા પણ આ જ પ્રકારની હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મકરતોરણમાં ગોઠવાયેલી છે. પ્રભાવલિ પર ૭૧ તીર્થંકરો ઉત્કીર્ણ છે. (૧૪મી સદી).

## સમવસરણ :-



'સમવસરણ'નો શાબ્દિક અર્થ 'તીર્થંકર કે જૈન આચાર્યના સ્વાગતાર્થે એકઠો થતો ભક્તસમૂહ' થાય છે. જૈન ધર્મની પરિભાષા પ્રમાણે 'જિનના ઉપદેશશ્રવણ અર્થે દેવો દ્વારા નિર્મિત સભાસ્થળ' તે સમવસરણ. જૈન શિલ્પકળાનું તે એક વિશિષ્ટ સ્વરૂપ છે. ઉપાસનાના વિશિષ્ટ પ્રતીક તરીકે પ્રાચીનકાળથી આજપર્યંત જૈન શિલ્પકળામાં તેનું સ્થાન જળવાઈ રહ્યું છે. શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયોમાં સ્વીકૃતિ પામેલી આ શિલ્પરચના સ્થાપત્યકળાની દૃષ્ટિએ સ્તૂપમાંથી વિકસિત થયેલી હોય તેમ લાગે છે. સમવસરણમાં નીચેથી ઉપર સુધી ત્રણ વિભાગો પાડીને તે દરેકમાં 'પ્રાકાર' (= કોટ) બનાવી તેની મધ્યમાં ટોચ પર તીર્થંકરની પ્રતિમા મૂકવામાં આવે છે. તેના મૂળ સ્વરૂપમાં તેનું તલદર્શન વર્તુળાકાર હતું, જેની ટોચ પરથી જિન ઉપદેશ પ્રબોધતા, પણ કાળક્રમે તેને ચતુષ્કોણીય બનાવવાનો પ્રચાર થયો છે.

દક્ષિણ ભારતમાં તિરુમલૈની ભીંત અને છત ઉપર ચક્રાકારે સમવસરણની આકૃતિનું ચિત્રણ (૧૧મી સદી) થયેલું છે. જિનકાંચીના વર્ધમાન-મંદિરમાં પણ તેનું ચિત્ર છે. જૈન મંદિરોનાં ભાસ્કર્યોમાં તીર્થંકરોના જીવન-પ્રસંગોના નિરૂપણમાં તેના નમૂના જોવા મળે છે. એમાં દેલવાડાના વિમલવસહિની છતમાં તીર્થંકર શાંતિનાથના સંદર્ભમાં થયેલી સમવસરણની કોતરણી નોંધપાત્ર છે. રાણકપુરના ભવ્ય મંદિરમાં પણ સુંદર સમવસરણ શોભે છે. જૈન મંદિરોમાં છૂટાછવાયાં જોવા મળતાં ઉત્કીર્ણ સમવસરણો ઉપરાંત પથ્થર, ધાતુ અને કોઈ કોઈ સ્થળે લાકડાનાં બનાવેલાં છૂટાં સમવસરણો ભારતભરનાં જિનાલયોમાં જોવા મળે છે. ૧૧મી સદીનું એક મોટું કાંસાનું સમવસરણ મારવાડના કોઈ જિનાલયમાંથી લાવીને સુરતના દેરાસરમાં રાખવામાં આવ્યું છે. પાલિતાણામાં શત્રુંજયગિરિની તળેટીમાં અતિ મનોહર અર્વાચીન સમવસરણ મહામંદિરનું નિર્માણ થયું છે, જે જોઈને તીર્થંકરના ઉપદેશશ્રવણ માટે યોજાતાં સમવસરણ-આયોજનનો ચિતાર પ્રત્યક્ષ થાય છે.

## માનસ્તંભ :-

શ્રી જિનસેનસૂરિના 'આદિપુરાણ'માં સમવસરણના પહેલા પ્રાકારની અંદર આવેલા માનસ્તંભનું વર્ણન આપ્યું છે. આ સ્તંભની પીઠિકા પર ચાર દિશામાં જિનની સુવર્ણમય મૂર્તિઓ મૂકવામાં આવતી. જોકે 'તિલોય-પણ્ણત્તિ'માં માનસ્તંભના વર્ણનમાં એમ જણાવ્યું છે કે જિનની મૂર્તિઓ તેના શિરોભાગ ઉપર મૂકવામાં આવતી. કહાઉ(જિ. ગોરખપુર, ઉ.પ્ર)ના ગુપ્તયુગીન સ્તંભના શિરોભાગે જ જિનમૂર્તિઓ મૂકેલી છે. ક્યારેક ચાર જિનમૂર્તિઓમાંથી એકના સ્થાને ગણધર કે આચાર્યની મૂર્તિ પણ મૂકવામાં આવતી. ક્યાંક ક્યાંક સ્તંભપીઠિકા પર ક્ષેત્રપાળ કે યક્ષની ચાર મૂર્તિઓ મૂકવામાં આવતી. દિગંબર સંપ્રદાયમાં મુખ્યત્વે જોવા મળતી મંદિર સામે માનસ્તંભ ઊભો કરવાની પરંપરા આજપર્યંત જળવાઈ રહી છે. દિગંબર સંપ્રદાયનો જ્યાં વધારે પ્રભાવ છે તેવા દક્ષિણ ભારતમાં ઠેર ઠેર મંદિરોની સન્મુખ માનસ્તંભ જોવા મળે છે (દા.ત. શ્રવણબેળગોળ, લક્ષ્મેશ્વર, હમ્પી, મૂડબિદ્રી, ઈલોરા આદિ). ગુજરાતમાં ઈડરગઢ (જિ. સાબરકાંઠા) પર આવેલા દિગંબર મંદિરની આગળ સુંદર માનસ્તંભ છે. ચિતોડગઢમાંના સુખ્યાત કીર્તિસ્તંભ અને રાજસ્થાનમાં અન્ય સ્થળોએ જૈન મંદિરના પ્રાંગણમાં જોવા મળતી મિનાર જેવી સ્તંભાકાર બહુમાળી ઈમારત એ માનસ્તંભની શિલ્પરચનામાંથી જ વિકસેલું સ્થાપત્યસ્વરૂપ છે. અમદાવાદના હઠીસિંહ દેરાસરની આગળ આવો કીર્તિસ્તંભ તાજેતરમાં ઊભો કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આયાગપટ્ટ :-

'ઔપપાતિક સૂત્ર'માં જણાવ્યા પ્રમાણે મંદિરના વનક્ષેત્રમાં અશોક વૃક્ષની નીચે સિંહાસન ઉપર શિલાપટ્ટ મૂકવામાં આવતા હતા. ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલે પ્રતિપાદિત કર્યું છે કે મથુરાના કંકાલી ટીલામાંથી 'આયાગપટ્ટ'ના નામે ઓળખાતી જે શિલ્પયુક્ત પાટી મળી છે તે જ 'ઔપપાતિક'માં ઉલ્લેખાયેલો શિલાપટ્ટ છે. કોઈ મૂર્તિ જેમ ઉપાસ્ય દેવને દર્શાવે છે તેમ જૈન આયાગપટ્ટ સ્તૂપ, ધર્મચક્ર, ત્રિરત્ન, અષ્ટમંગલ કે ચૈત્યવૃક્ષ જેવાં આરાધ્ય પ્રતીકો ઉપરાંત જિન અથવા જિનની માતાને દર્શાવે છે. મથુરામાંથી મળેલા આયાગપટ્ટો ઈ.સ. પૂર્વે બીજી સદીના છે. તીર્થંકરોની આકૃતિ પહેલવહેલી તેમના પર ઉત્કીર્ણ થયેલી પ્રાપ્ત થાય છે.

# જૈન અભિલેખો

જૈન ધર્મના ઈતિહાસમાં સહુથી પ્રથમ મહત્ત્વનો અભિલેખ ઉડીસાના ઉદયગિરિની હાથીગુફામાં ઉત્કીર્ણ શિલાલેખ છે. તેમાં ઉલ્લેખ છે કે કલિંગની જે જિનપ્રતિમા નંદવંશીય રાજા મગધ લઈ ગયેલો તે ચેદિનરેશ ખારવેલ (ઈ.સ. પૂર્વે ૩જી–૨જી સદી) તેની રાજધાનીમાં પાછી લાવેલો. રાજા ખારવેલના આ શિલાલેખ ઉપરાંતના ઉદયગિરિના અન્ય શિલાલેખોમાંથી એ જાણવા મળે છે કે ઉદયગિરિના ગુફાવિહારો રાજા અને રાજકુટુંબના સભ્યો દ્વારા જૈન શ્રમણો માટે ખોદાવવામાં આવેલા.

તમિળનાડુના આરંભિક ગુફાવિહારોની શૈલશય્યાઓ અને છત ઉપર ઈ.સ. પૂર્વે ત્રીજી સદીથી ઈ.સ. ત્રીજી સદીની બ્રાહ્મી લિપિમાં 'પાલિ', 'આદિત્તાણમ્' વગેરે તમિળ શબ્દો કોતરેલા છે. કાંચીના છઠ્ઠી સદીના વર્ધમાન–મંદિરના શિલાલેખમાં જણાવ્યું છે કે તે મંદિરના નિભાવ પેટે કાંચીપ્રદેશનાં લોકોએ જમીનનું દાન કરેલું. કિલસત્તમંગલમ્ (જિ. ઉત્તર આર્કોટ)ના શિલાલેખમાં (૯મી સદી) નોંધ્યા મુજબ પલ્લવ રાજાના 'કોડકડિયરૈયર' નામના સામંતની 'માદેવી' નામની પત્નીએ 'ઇયક્કી પડારી' (= યક્ષી ભટારી)ના મંદિરનો મુખમંડપ બંધાવેલો તથા 'પલ્લી' (= મંદિર સંકુલ) અને 'પાલિ' (= શ્રમણો માટેનો વિહાર)નો જીર્ણોદ્ધાર કરાવેલો. તિરુપ્પમલૈ (જિ. ઉત્તર આર્કોટ)ના શિલાલેખમાંથી જાણવા મળે છે કે ઈ.સ. ૭૮૦માં ત્યાં ખડકમાં 'પોન્નીયક્કીયાર' (= યક્ષી હેમા)ની પ્રતિમા ઉત્કીર્ણ કરવામાં આવેલી. કિલસત્તમંગલમ્‌ના એક અન્ય શિલાલેખમાંથી એક વિનષ્ટ જૈન મંદિરની માહિતી મળે છે, જે પલ્લવમલ્લ નંદિવર્મનના શાસનકાળના ૧૪મા વર્ષમાં (ઈ.સ. ૭૪૩–૪૪) ધર્મકાર્યોમાં પ્રવૃત્તિમય હતું.

તમિળ શિલાલેખોમાંથી જૈન ઈતિહાસ અંગેની એક રસપ્રદ માહિતી એ મળે છે કે ૯મા સૈકામાં ત્યાં અજ્જનંદી નામના એક આચાર્ય થયેલા, જેમણે આ પ્રદેશમાં તેમના વિહાર–કાળ દરમિયાન કરંગલક્કુડિ, તિરુવચીરૈ, અનૈમલૈ, અલગરમલૈ (બધા જિ. મદુરૈ), કુરન્દી (રામનાથપુરમ્) અને વલ્લીમલૈ (જિ. ઉત્તર આર્કોટ) જેવાં અનેક સ્થળે તીર્થંકરોની પ્રતિમાઓ મુકાવેલી.

કેરળના ગોદપુરમ્ (અલાતુર, જિ. પાલઘાટ)માં મળેલી શ્રી મહાવીર અને શ્રી પાર્શ્વનાથની પ્રતિમાઓ સાથે મળેલા તમિળ શિલાલેખ (૧૦મી સદી)માં નિર્દેશ છે કે ત્યાં એક જૈન મંદિર અને વિશાળ વિહાર હતો.

કર્ણાટકના શ્રવણબેળગોળ ખાતેનાં મંદિરો અને મૂર્તિઓ પર આશરે ૫૦૦ જેટલા શિલાલેખો નોંધાયા છે. તેમાંના મોટા ભાગના જૈન છે અને ઈ.સ. ૬૦૦થી ૧૮૩૦ સુધીના સમયગાળાના છે. આ બધામાંથી ઘણી અગત્યની ઐતિહાસિક માહિતી જેવી કે આચાર્ય ભદ્રબાહુના નેતૃત્વમાં ચંદ્રગુપ્ત મૌર્ય સહિતના જૈન સમુદાયના અત્રે થયેલા આગમન, ગંગવંશના રાજાઓનો ઉદય અને વિકાસ, છેલ્લા રાષ્ટ્રકૂટ રાજાનું મૃત્યુ, હોયસળ વંશની સ્થાપના અને રાજ્યવિસ્તાર, વિજયનગર–સામ્રાજ્યની સર્વોપરિતા અને મહિસુરના રાજપરિવારના શાસનને લગતી વિગતો મળે છે. આમાંના ચંદ્રગિરિના ખડકની ફરસ પરનો લેખ પૂર્વ હલગન્નડ લિપિના અત્યંત મોટા અક્ષરોને લીધે વિરલ છે. ગોમ્મટેશ્વરની વિશ્વપ્રસિદ્ધ વિરાટ પ્રતિમાની બે તરફના ખડકના નીચલા ભાગમાં તમિળ–ગ્રંથ, નાગરી (જૂની મરાઠી) અને કન્નડ એમ ત્રણ લિપિમાં લેખ કોતરેલા છે. શ્રવણબેળગોળના આ શિલાલેખો એ રીતે પણ મહત્ત્વના છે કે તે કન્નડ ભાષાના વિકાસને સમજવામાં પણ સહાયક થાય છે.

એક અભિલેખમાં જણાવ્યા પ્રમાણે વિજયનગર સામ્રાજ્યના કાળમાં રાજધાની (હમ્પી)માં ઇરૂગપવોડેય નામના શ્રાવકે ઈ.સ. ૧૩૬૭માં એક જૈન મંદિર અને ઈ.સ. ૧૩૮૫માં 'ચૈત્યાલય' પણ બંધાવેલું. તેના જ ભાઈ ઇમ્મડિ બુક્કા, જે હરિહર બીજાનો મંત્રી હતો, તેણે ઈ.સ. ૧૩૯૫માં કુર્નુલ ખાતે 'કુંથુ તીર્થંકર'નું ચૈત્યાલય બંધાવેલું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**મંદિરોના સમૂહ શિખરીનું દર્શન (ભીલડિયાજી તીર્થ) ગુજરાતના આ પ્રાચીન તીર્થની ઐતિહાસિક વિગતો જાણવા જેવી છે.**

જૈન અભિલેખોમાંથી એ માહિતી પણ મળી છે કે કર્ણાટકમાં એક સમયે મૃતાત્માની સ્મૃતિમાં 'નિશિધિ'ના નામે ઓળખાતા સ્તંભ ઊભા કરવાની ઓછી પ્રચલિત એવી એક પ્રથા હતી. ચંદકવટે (જિ. બીજાપુર)માં આવેલા એક નિશિધિ–સ્તંભના લેખમાંથી એક સૂચક માહિતી મળે છે કે તેનું નિર્માણ સુરાષ્ટ્ર–ગણના માઘનંદી ભટ્ટારકની સ્મૃતિમાં થયું હતું. અહીં સુરાષ્ટ્રગણના ઉલ્લેખથી સૌરાષ્ટ્રના જૈનો મધ્યકાળમાં કર્ણાટકમાં વસતા હોવાનું જાણવા મળે છે.

આન્ધ્રપ્રદેશના એક તામ્રપત્ર મુજબ ધર્માવરમ્ ખાતે પૂર્વ ચાલુક્ય કાળમાં દુર્ગરાજે 'કટકાભરણ–જિનાલય' બંધાવેલું અને તેની જાળવણી માટે એક ગામનું દાન કરેલું.

જૈન પુરાવશેષો માટે જાણીતા મથુરાના કંકાલી ટીલામાંથી મળેલાં શિલ્પોમાંના એકનો લેખ જણાવે છે કે મહાક્ષત્રપ શોડાસના રાજ્યકાળમાં ઈ.સ. ૧૫માં એ જગ્યા અમોહિનીએ દાનમાં આપેલી. અહીંથી મળેલા દેવી સરસ્વતીના એક શિલ્પ ઉપર નોંધેલી શક સંવત ૫૪ (ઈ.સ. ૧૩૨)ની તિથિ આ શિલ્પને સરસ્વતીની સહુથી પ્રાચીન મૂર્તિ ઠેરવે છે. ઉત્તરપ્રદેશના જ કહાઉં (જિ. ગોરખપુર)માંથી મળેલા વેળુપાષાણના સ્તંભ ઉપર આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરની સુંદર આકૃતિઓ કંડારેલી છે, જેના ઉપર સ્કંદગુપ્તના કાળનો ઈ.સ. ૪૬૦નો લેખ છે. દેવગઢ (જિ. ઝાંસી)માં હજારેક વર્ષ પૂર્વે જૈનોની મોટી વસાહત હતી, જેનું પ્રમાણ ત્યાં મળેલાં ૪૦ જેટલાં જૈન મંદિરો અને ૪૦૦ જેટલા શિલાલેખો (૯મી સદીથી શરૂ થતાં) પૂરું પાડે છે. આ અભિલેખોમાંથી જાણવા મળે છે કે પૂર્વે આમાંનાં કેટલાક મંદિરોની સાથે માનસ્તંભ હતા.

મધ્યપ્રદેશના બહરીબંદ (જિ. જબલપુર)માં સ્થાપિત શાંતિનાથની વિશાળ પ્રતિમાના લેખમાંથી જાણવા મળે છે કે ત્યાં શાંતિનાથનું એક સુંદર મંદિર હતું, જેના ઉપર સફેદ 'વિતાન' હતું (૧૨મી સદી). દુર્જનપુર (જિ. વિદિશા)માંથી મળેલી ત્રણ જિનમૂર્તિઓના અભિલેખમાંથી એ જાણવા મળે છે કે 'મહારાજાધિરાજ' રામગુપ્તે તે બનાવડાવેલી. જેની ઐતિહાસિકતા વિવાદાસ્પદ રહી છે તે ગુપ્ત રાજા રામગુપ્ત (ચોથી સદી)ના અસ્તિત્વનું પુરાતત્ત્વીય પ્રમાણ આ જૈન અભિલેખે પૂરું પાડ્યું છે.

ગુજરાત–રાજસ્થાનના શિલાલેખો જિનાલય માટે 'ચૈત્ય', 'વસતિ', 'હર્મ્ય', 'મંદિર', 'વિહાર', 'ભુવન', 'પ્રાસાદ' અને 'સ્થાન' જેવાં નામોનો પ્રયોગ કરે છે. આ લેખો ક્યારેક મંદિરનાં અંગો (દા.ત. 'બિમ્બ', 'દંડ', 'કળશ', 'દેવકુલિકા') વિષેની વિગતો આપે છે તો ક્યારેક મંદિર અને પ્રતિમાના પથ્થર અંગેની જાણકારી આપે છે. કેટલાક અભિલેખો સ્થપતિ અને શિલ્પીનો પરિચય આપે છે તો અમુક મંદિરના નિર્માણ અને પુનરુદ્ધારને લગતી ઉપયોગી માહિતી આપે છે.

ઢાંક (પ્રાચીન ઢંકગિરિ, જિ. રાજકોટ)ની ગુફાએથી મળેલાં આદિનાથ, શાંતિનાથ અને પાર્શ્વનાથનાં શિલ્પો (૭મી સદી) કળાદૃષ્ટિએ સાદાં છે, પણ ત્યાંનો પ્રસ્તરલેખ પુરાતત્ત્વવિદ્ બર્જેસની દૃષ્ટિએ ઈસુની બીજી સદીનો છે. જાલોર (રાજસ્થાન)ના શિલાલેખમાંથી પ્રકટ થાય છે કે ચૌલુક્ય કુમારપાળે ત્યાં 'કુમારવિહાર' બંધાવેલો (ઈ.સ. ૧૧૬૪), જેનો ચાહમાન રાજા સમરસિંહે ઈ.સ. ૧૨૦૫માં પુનરુદ્ધાર કરાવીને મધ્યમંડપ ઉપર સુવર્ણકળશ ચડાવેલો. રાણકપુર (રાજસ્થાન)ના વિખ્યાત ચૌમુખ મંદિર 'ધરણવિહાર'નો જીર્ણોદ્ધાર તથા તેમાં મેઘનાદ–મંડપની પૂર્તિ બાદશાહ અકબર પ્રતિબોધક આચાર્ય હીરવિજયસૂરિના ઉપદેશથી કરવામાં આવેલી એ તથ્ય પણ એક શિલાલેખ દ્વારા જાણવા મળે છે. ઘટિયાલા (જિ. જોધપુર)ના પ્રાકૃત શિલાલેખમાંથી (સંવત ૯૧૮) પ્રકટ થયું છે કે મંડોરના કેટલાક પ્રતિહારવંશીય રાજાઓએ અનશનવ્રત ગ્રહણ કર્યું હતું. વળી કક્કુક નામના પ્રતિહાર રાજાએ જિનભવન બંધાવી શ્રી ધનેશ્વરગચ્છને અર્પણ કર્યું હતું. વડોદરામાંથી મળેલા કર્ક સુવર્ણવર્ષના તામ્રપત્ર (શક સંવત ૭૩૮)માંથી જાણવા મળે છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે ત્યારે નવસારીમાં જૈન 'ચૈત્યાલયાયતન', 'વસહિકા' અને 'સેનાસંઘ'નું અસ્તિત્વ હતું.

હાલના બાંગ્લાદેશમાં પહાડપુર (જિ. રાજશાહી)ના ગુપ્ત સંવત ૧૫૯ (ઈ.સ. ૪૭૯)ના એક તામ્રપત્રમાંથી જાણવા મળે છે કે વટગોહાલિ ખાતે એક બ્રાહ્મણે દાન કરેલી ભૂમિ પર જૈન વિહાર બાંધવામાં આવેલો, જેના વડા કાશીના 'પંચસ્તૂપનિકાય'ના શ્રમણાચાર્ય ગુહનંદિન હતા.



દેલવાડાનું અનુપમ દૃશ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન અભિલેખોનું ઐતિહાસિક વિશ્લેષણ

—ડૉ. ભારતીબહેન શેલત



માનવઈતિહાસને જાણવા સમજવા પુરાવશેષો, ઈમારતો, તામ્રપત્રો, વિહારો, સ્તૂપો, ચૈત્યમંદિરો, પ્રાચીન સમયના અભિલેખો વગેરે મહત્ત્વનાં આધારસાધન બની રહે છે. એટલું જ નહીં પણ તે આપણો ગૌરવભર્યો મૂલ્યવાન વારસો ગણી શકાય.

એક સમયે ભોજપત્રો કે તામ્રપત્રોમાં સચવાતું સાહિત્ય અમુક વર્ગ પૂરતું જ મર્યાદિત હતું. સામાન્ય જનસમાજને કેટલાંક કાયમી નીતિનિયમોની જાણ મળે તે માટે મહાન સમ્રાટોએ શિલાલેખો કોતરાવીને ભાવિની પ્રજાને દિશા દર્શાવી. કાગળ કે ધાતુ કરતાં એ શિલાઓ તો કાળબળ સામે અડીખમ ઊભી રહેતી હોય છે. આ શિલાલેખોમાં તામ્રપત્રો, સિક્કાઓ, જૂનાં મકાનો, જૂની મૂર્તિઓ, જૂના ગ્રંથો વગેરે અનેકાનેક વસ્તુઓ શોધી કાઢવી, સંગ્રહવી અને મળી આવેલી જૂની લિપિઓઓ ઉકેલવી, ભાષાઓ સ્પષ્ટ સમજવી, કોતરણી અને મૂર્તિઓના આકારનું હાર્દ સમજવું, જાણવું. એ બધું બહુ કપરું કામ છે. અવનવાં આવાં શોધન, સંગ્રહ અને ઉકેલવામાં ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી, ગૌરીશંકર ઓઝા, ગિરજાશંકર આચાર્ય, રણછોડલાલ જ્ઞાની, ડૉ. ભંડારકર, ચિમનલાલ દલાલ, જૈન મુનિદત્ત, મુનિ પુણ્યવિજયજી, જિનવિજયજી મહારાજ વગેરેનું ઘણું મોટું યોગદાન નોંધાયેલું છે. મંદિરો, કોટ, કિલ્લાઓ, મહાલયો કે કીર્તિસ્તંભોમાં જ સ્થાપત્યકલા સમાઈને નથી રહી, બલ્કે વાવ, કૂવા, તળાવ, સરોવર, નહેરો અને વિશ્રામસ્થાનોમાં પણ આ કલા વ્યક્ત થતી રહી. ગુજરાતમાં મહેમદાવાદનો ભમરિયો કૂવો, અડાલજ વાવ, મોઢેરાનું સૂર્યમંદિર, અમદાવાદની સીદી સૈયદની જાળી આ બધું એ કાળના વૈભવની સાક્ષી પૂરે છે.

મોહેં-જો-દડો અને હડપ્પાના પ્રાચીન કાળના અવશેષો પ્રાપ્ત થયા પછી ક્રમેક્રમે ઘણી વિગતો બહાર આવતી રહી છે. લોથલ અને રોજડી પ્રાચીન સ્થાપત્યો માટે જેમ જાણીતાં બન્યાં તેમ શામળાજી પાસે દેવની મોરીનો સ્તૂપ, ઉના પાસેની શાણાની ગુફાઓ, જૂનાગઢ પાસે સમ્રાટ અશોકનો શિલાલેખ, તળાજાનો એભલમંડપ, ઢાંક અને બરડાની ગુફાઓ ઘણું ઘણું કહી જાય છે. શિહોરનો બ્રહ્મકુંડ, વઢવાણની માધાવાવ, મોરબીની કુબેરવાવ, અને વિવિધ સ્થળેથી મળેલા પ્રાચીન સમયના અભિલેખો પ્રાચીન સમયનું આપણું ઝવેરાત છે. મહાક્ષત્રપ રુદ્રદામા ૧લાના શિલાલેખથી જૈન સંપ્રદાયનું અસ્તિત્વ સૂચિત થાય છે. આ લેખ કચ્છના અંધૌ ગામમાંથી, જ્યારે ક્ષત્રપ રાજા જયદામનના પૌત્રના સમયના જૂનાગઢ પાસેના શિલાલેખમાં 'કેવલિજ્ઞાન' શબ્દ આવે છે. ક્ષત્રપકાળમાં જૈનધર્મ ઠીક રીતે ફેલાયો હોવાનું જણાય છે.

જૈન અભિલેખો(શિલાલેખો)નું આલેખન કરનાર ડૉ. ભારતીબહેન કીર્તિકુમાર શેલતનું નામ ગુજરાતમાં જાણીતું છે. ઉત્તર ગુજરાત, મહેસાણામાં તેમનો જન્મ સમય ૩૦-૭-૧૯૩૯. તેમની શૈક્ષણિક કારકિર્દી અજોડ છે.

**શૈક્ષણિક કારકિર્દી :** બી. એ. ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃત અને માનસશાસ્ત્ર વિષય સાથે ઉચ્ચતર દ્વિતીય વર્ગ, એમ. એ. ૧૯૬૨માં ગુજરાત યુનિવર્સિટી સંસ્કૃત (એપિગ્રાફી) અને અર્ધમાગધી વિષય સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ વર્ગ, પીએચ. ડી. ૧૯૬૯માં ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃત એપિગ્રાફી વિષયમાં. મહાનિબંધનો વિષય 'પ્રાચીન ગુજરાતના સંસ્કૃત અભિલેખોમાં કાલગણનાની વિવિધ પદ્ધતિઓ.'

એમ. એ. સમાજવિદ્યા ટેક્સાસ (યુ.એસ. એ.)ની ડેન્ટોન ટેક્સાસ વુમન્સ યુનિવર્સિટીમાંથી ૧૯૭૨માં પાસ કરી.

**શૈક્ષણિક અનુભવ :** પાંચ વર્ષ અમદાવાદની સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કોલેજમાં સંસ્કૃત-અર્ધમાગધી વિષયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું, ૧૯૬૪થી ૧૯૬૯ સુધી. ૧૯૭૬થી ૧૯૮૨ સુધી અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં વ્યાખ્યાતા તરીકે, ૧૯૮૨થી ૧૯૯૭નાં માર્ચ સુધી રીડર તરીકે અને ૧૯૯૭થી ૨૦૦૬ સુધી સંસ્થાનાં નિયામક અને ભારતીય સંસ્કૃતિ વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇનચાર્જ તરીકે કાર્ય કર્યું. ૧૯૮૮થી પીએચ. ડી.ના માર્ગદર્શક તરીકે સેવાઓ આપી. પાંચ વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ વિષયનાં વિવિધ પાસાંઓ પર મહાનિબંધ તૈયાર કરી પીએચ. ડી. થયા. ગુજરાત યુનિવર્સિટીના ભારતીય સંસ્કૃતિ વિષયના બૉર્ડ ઑફ સ્ટડીઝના ચેરપર્સન તરીકે ૮ વર્ષ કાર્ય કર્યું. ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ, ૧૯૯૯થી ૨૦૦૧, ગુજરાત સાહિત્ય સભાની કારોબારી સમિતિમાં કોષાધ્યક્ષ, ગુજરાત રિસર્ચ સોસાયટીમાં માનદ્ નિયામક (૨૦૦૬થી), ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ ખાતામાં સલાહકાર સભ્ય (૨૦૦૨થી), ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમીમાં કારોબારી સભ્ય (૧૯૯૯થી), ગુજરાત વિદ્યાસભાના કારોબારી સભ્ય (૧૯૯૯થી ૨૦૦૬), ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલના સભ્ય બે વર્ષ, ગુજરાત યુનિ.ના પ્રાકૃત વિભાગમાં મુલાકાતી અધ્યાપક (૧૯૮૬થી ૧૯૯૮ સુધી), ગુજરાત વિદ્યાપીઠમાં એમ. ફિલ., પીએચ. ડી. વિદ્યાર્થીઓના એક્સ્ટર્નલ રેફરી, વિષયનિષ્ણાંત કમિટીના સભ્ય.

**સંપાદનકાર્ય :** 'શ્રીમદ્ ભાગવત પુરાણ' સમીક્ષિત આવૃત્તિના સંસ્થાના પ્રોજેક્ટમાં એક સંપાદક તરીકે કાર્ય કર્યું. એના ગ્રંથ ૨ અને ગ્રંથ ૩ (સ્કંધ ૮)નું સંપાદન કાર્ય, સંસ્થાના સંશોધન ત્રૈમાસિક 'સામીપ્ય' જર્નલનું સંપાદન, 'પથિક' ઇતિહાસ-પુરાતત્ત્વ ત્રૈમાસિકનું સંપાદન, 'ગુજરાત સંશોધન મંડળ ત્રૈમાસિક'નું સંપાદન, દિલ્હીની ઇન્ડિયન કાઉન્સિલ ઑફ હિસ્ટોરિકલ રિસર્ચ સંસ્થા દ્વારા ગ્રાંટ મળેલ પ્રોજેક્ટ 'અમદાવાદની ભો. જે. વિદ્યાભવન સંસ્થા દ્વારા પ્રોજેક્ટ 'અમદાવાદના જૈન પ્રતિમા લેખો'નું સંપાદન કર્યું.

**વિષયનિષ્ણાંત :** ભારતીય લિપિશાસ્ત્ર, ભારતીય અભિલેખવિદ્યા, સિક્કાશાસ્ત્ર, હસ્તપ્રતવિદ્યા, સંસ્કૃત ભાષા અને સાહિત્ય.

**પ્રકાશનો :** 'ભારતીય સંસ્કારો', 'આદિમ સમાજોની સંસ્કૃતિઓ', 'ભારતનો આદ્ય ઇતિહાસ', 'કાલગણના', 'ગુજરાતના અભિલેખો', 'જૈન પ્રતિમા લેખો', રૂપમંજરીનામમાલા'નું સંપાદન, 'સંસ્કૃત પ્રાકૃત હસ્તપ્રતોનું કેટલોગ', 'હરિપ્રસાદ શાસ્ત્રી અભિનંદન ગ્રંથ', રસિક-ભારતી', 'કે. કા. શાસ્ત્રી શતાયુરભિનંદન ગ્રંથ', 'ભો. જે. વિદ્યાભવનના સિક્કાઓના કેટલોગ', 'કે. આર. સંત મેમોરિયલ સેમિનાર'નાં પ્રોસિડિંગ્સ, 'ગુજરાતના શિલાલેખો અને સિક્કાઓ', 'ગિરધરભાઈ મ્યુઝિયમ, અમરેલીના સિક્કાઓનું કેટલોગ', જેવા ગ્રંથોનું લેખનકાર્ય અને પ્રકાશન. ૨૫૦ જેટલા સંશોધન અને માહિતીપ્રદ લેખોનું વિવિધ સામયિકોમાં પ્રકાશન. વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સો અને સેમિનારોમાં સંશોધનપેપરો રજૂ કર્યા. સંસ્થામાં સેમિનારોનું આયોજન કર્યું. હજુ તેમની આ પાકટ વયે પણ સંશોધનનું કામ ચાલુ જ છે. ધન્યવાદ

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈપણ દેશ, સંસ્કૃતિ કે પ્રદેશના પ્રમાણિત ઇતિહાસનું નિરૂપણ એ પ્રદેશની સાધનસામગ્રીનાં અન્વેષણ, અધ્યયન અને સંશોધન પર આધારિત હોય છે. ઇતિહાસનાં મૂળભૂત સાધનોનો પરિચય અને અધ્યયન વિનાનો ઇતિહાસ એ માત્ર સંકલન છે. પ્રાગૈતિહાસિક કાલની સંસ્કૃતિના નિરૂપણનો આધાર કેવળ પુરાવસ્તુકીય સાધનો ઉપર રહેલો છે, જ્યારે ઐતિહાસિક કાલના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના નિરૂપણમાં આભિલેખિક અને સાહિત્યિક સાધનો ઘણાં ઉપયોગી નીવડે છે.

જૈન ધર્મના પ્રમાણભૂત ઇતિહાસ-આલેખન માટે જૈન અભિલેખોનું ઐતિહાસિક વિશ્લેષણ અત્યંત મહત્ત્વનું છે. આ અભિલેખોમાં, ખાસ કરીને શિલાલેખો અને પ્રતિમાલેખોમાં સમકાલીન ઘટનાઓનું પ્રમાણિત નિરૂપણ હોય છે અને એમાંથી વ્યક્તિવિશેષો, ઘટનાવિશેષો અને સ્થળવિશેષો વિષે વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે. કેટલીક વાર ભૂતકાળના બનાવોની નોંધ પણ એમાં કરેલી હોય છે.

## પૂર્વ અને ઉત્તર ભારતમાં જૈન ધર્મનો પ્રસાર

જૈન પુરાણ પરંપરામાં ઋષભનાથ પછી જે ત્રેવીસ તીર્થંકરોનાં નામ અને જીવન-વૃત્ત મળે છે એમાંના ઘણા તીર્થંકરોના તુલનાત્મક અધ્યયનનાં સાધનોનો અભાવ છે, છતાં અંતિમ ચાર તીર્થંકર નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરની ઐતિહાસિકતાનાં પ્રમાણ ઉપલબ્ધ છે. મહાવીર સ્વામીએ સ્વયં વિહાર કરીને પોતાનો ઉપદેશ મગધ, વિદેહ, અંગ, બંગ આદિ પૂર્વના દેશો તથા કોશલ અને કાશી પ્રદેશમાં ફેલાવ્યો. તત્કાલીન મગધરાજ શ્રેણિક બિંબિસાર અને એના પુત્ર કુણિક અજાતશત્રુને પોતાના અનુયાયી બનાવ્યા. નંદ રાજા પણ જૈન ધર્માનુયાયી હતો એનું પ્રમાણ લગભગ ઈ.પૂ. ૧૫૦ના કલિંગ રાજા ખારવેલના શિલાલેખમાં મળે છે. એ જૈન પ્રતિમા (કાષ્ઠની) ૧૦૩ કે ૩૦૦ વર્ષ પહેલાં કલિંગમાંથી મગધ લઈ ગયો હતો. તેને ખારવેલ પુનઃ પોતાના દેશમાં લઈ આવ્યો. લેખમાં આરંભમાં અર્હતો અને સિદ્ધોને નમસ્કાર કરવામાં આવ્યા છે. કલિંગ (ઓરિસ્સા)માં જૈન ધર્મ બિહારમાંથી ગયો, એમાં સંદેહ નથી.

બિહારમાંથી ઓરિસ્સા જવાના માર્ગમાં આવેલા માનભૂમ અને સિંહભૂમ જિલ્લાનાં કેટલાંક સ્થળોએ આવેલાં જૈનમંદિરો અને મૂર્તિઓ ઘણાં પ્રાચીન છે. અહીંથી મળેલી પટના મ્યુઝિયમમાં સંગૃહીત મૂર્તિઓ ૧૧મી સદીથી પૂર્વની જણાય છે. ચીની યાત્રી યુ-આઁન-શ્વાંગે (૭મી સદી) વૈશાલીવર્ણનમાં ત્યાં નિર્ગ્રંથોની મોટી સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે. દિગંબર અને શ્વેતાંબર જૈન મુનિઓ પશ્ચિમમાં તક્ષશિલા સુધી અને પૂર્વમાં દિગંબર નિર્ગ્રંથ પુંડ્રવર્ધન સુધી ફેલાયેલા હતા.

મથુરાના કંકાલી ટીલાના ઉત્ખનનમાંથી એક પ્રાચીન સ્તૂપ અને એક-બે જૈન મંદિરોના અવશેષ મળ્યા છે. પુરાતાત્ત્વિક અવશેષો પરથી ઈ.પૂ. ૨જી-૧લી સદીથી લગભગ ઈ.સ.ની ૧૦મી સદી સુધી અહીં જૈન ધર્મનું મહાન કેન્દ્ર હોવાનું જણાય છે. મૂર્તિઓનાં સિંહાસનો, આયાગ-પટ્ટો ઉપર જે લેખ મળ્યા છે એમાં કુષાણ રાજાઓનાં નામ અને સમયાંકન મળે છે. આથી એ લેખ ઈ.સ.ની આરંભિક સદીઓના જણાય છે. હરિષેણનાં 'બૃહદ્કથાકોશ'ના વૈરકુમાર કથાનક (શ્લો. ૧૩૨)માં મથુરાના પાંચ સ્તૂપોનો ઉલ્લેખ કરેલો છે. અહીંથી સંભવતઃ જૈન મુનિઓનો પંચસ્તૂપાન્વય પ્રારંભ થયો હોય. આ અન્વયનો ઉલ્લેખ બુધગુપ્તના સમયના ગુપ્ત સંવત ૧૫૯ (ઈ.સ. ૪૭૮)નાં પહાડપુર(બંગાળ)નાં તામ્રપત્રોમાંથી મળે છે. એમાં જણાવ્યા અનુસાર વટગોહાલીમાંના એક જૈનવિહારમાં અર્હંતોની પૂજા માટે બનારસના પંચસ્તૂપ નિકાયના આચાર્ય ગુહનંદિના શિષ્ય નિર્ગ્રન્થ આચાર્યને દાન આપવામાં આવ્યું હતું. અતિથિશાલા નિર્માણ કરવા તથા અર્હત્પૂજા માટે, ધૂપ-દીપ-પુષ્પ-ચંદનની વ્યવસ્થા કરવા નાગરટ્ટ મંડલ દક્ષિણાંશક વિથિ અંતર્ગત ચાર ગામોમાં એક કુલ્યવાપ-ચાર દ્રોણ ભૂમિદાન આપવા બ્રાહ્મણ નાથ શર્મા અને એની પત્નીએ નિવેદન કરેલું, જેનો સ્વીકાર અધિકારીઓએ કર્યો. આ અન્વયનો ઉલ્લેખ જિનસેનસૂરિના શિષ્ય ગુણભદ્રે ઉત્તરપુરાણમાં સેનાન્વય નામથી કર્યો છે ત્યારથી તે સેનગણ નામે ઓળખાય છે. મથુરામાં સ્તૂપોની પરંપરા મુઘલ સમ્રાટ અકબરના સમય સુધી જોવા મળે છે. એ સમયના જૈન પંડિત રાજમલ્લે 'જંબૂસ્વામી ચરિત'માં જણાવ્યા અનુસાર મથુરામાં ૫૧૫ જીર્ણ સ્તૂપોનો ઉદ્ધાર ટોડર શેઠે ખૂબ ધન ખર્ચી કરાવ્યો.

ગુપ્ત સંવત ૧૧૩(ઈ.સ. ૪૩૨)ના મથુરાના કંકાલી ટીલાના એક પ્રતિમા લેખમાં કુમારગુપ્ત(૩જા)ના સમયમાં વિદ્યાધરી શાખાના દંતિલાચાર્યની આજ્ઞાથી ભટ્ટિભવની પુત્રી ગ્રહમિત્રની પત્ની સામાધ્યાએ જૈનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. કુમારગુપ્ત (૩જા)ના સમયના ઉદયગિરિ (ભિલસા-મધ્યપ્રદેશ) ગુફાલેખ (ગુપ્ત સં. ૧૦૬=ઈ.સ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૨૫)માં સંઘિલ અને પદ્માવતીના પુત્ર શંકર દ્વારા ગુફા પર તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. સ્કંદગુપ્તના ગુપ્ત સં. ૧૪૧ (ઈ.સ. ૪૬૦)ના કહૌમ શિલાસ્તંભલેખમાં પાંચ અર્હંતોની સ્થાપના મંદ્ર નામના પુરુષે કરાવ્યાનો ઉલ્લેખ છે.

## પશ્ચિમ ભારતમાં જૈન ધર્મનો પ્રસાર

ગુજરાત–સૌરાષ્ટ્રમાં ઈ.સ.ની પ્રથમ શતાબ્દીથી જૈન ધર્મ સુપ્રતિષ્ઠિત રૂપમાં જોવા મળે છે. ષટ્‌ખંડાગમ સૂત્રોના ટીકાકાર વીરસેનાચાર્યે દર્શાવ્યા અનુસાર વીરનિર્વાણથી ૬૮૩ વર્ષ સુધીની શ્રુતજ્ઞાની આચાર્યોની પરંપરા મુજબ ધરસેનાચાર્ય ગિરિનગરની ચંદ્રગુફામાં નિવાસ કરતા અને એમણે પુષ્પદંત અને ભૂતબલિ નામના આચાર્યોને જ્ઞાન પ્રદાન કર્યું, જેના આધારે આ બે આચાર્યોએ દ્રવિડ દેશમાં જઈ ષટ્‌ખંડાગમની સૂત્રરૂપે રચના કરી.

ઈ.સ.ની ૩જી–૪થી સદીની ઢાંક (જિ. રાજકોટ) ગુફાઓની ઉત્તરે ઉપરના ભાગમાં ખડક ઉપર અલ્પમૂર્ત શિલ્પમાં ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર, શાંતિનાથ, અંબિકા અને તીર્થંકરોની પ્રતિમા કોતરેલી છે.

વીર નિર્વાણ પછી ૯૮૦ (ઈ.સ. ૪૫૩-૫૪) કે (ઈ.સ. ૪૬૬-૬૭) વર્ષે વલભીમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં જૈન મુનિઓનું એક વિશાળ સંમેલન યોજાયું હતું, જેમાં જૈન આગમોનાં અંગોપાંગો વગેરે ૪૫ ગ્રંથ સંકલિત કરાયા.

ગુપ્તકાલના અંત સુધીમાં વલભી જૈન ધર્મનું અને એની પ્રવૃત્તિઓનું મોટું કેન્દ્ર હતું. પ્રાચીન ગુર્જર દેશમાં જૈન ધર્મ વ્યાપક બન્યો. વડોદરા પાસે અકોટામાંથી મળેલી જૈન ધાતુપ્રતિમાઓ પર કોતરેલા લેખો મૈત્રકકાલની પ્રતિમાઓ હોવાનું દર્શાવે છે અને આ કાલ દરમ્યાન (ઈ.સ. ૫મી–૯મી સદી) અંકોટક (અકોટા) એ જૈન ધર્મનું મોટું કેન્દ્ર હોવાનું જણાય છે. મૈત્રક રાજા ખરગ્રહ ૧લાના અમરેલી તામ્રપત્રો (વલભી સંવત ૨૯૭=ઈ.સ. ૬૧૬)માં અનુમંજી નામના સ્થળે આવેલી શ્રાવક-વાપીનો નિર્દેશ છે. મૈત્રક કાલની કેટલીક જૈન પ્રતિમાઓ પર લેખો કોતરેલા છે. આ પ્રતિમાલેખોમાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા પ્રતિમાઓ ભરાવ્યાના નિર્દેશ મળે છે. એમાં જૈન શ્રેષ્ઠીઓ અને શ્રાવક-શ્રાવિકાઓનાં કુટુંબ અને નિવાસસ્થાન અંગે માહિતી મળે છે. અકોટાના એક પ્રતિમાલેખમાં ચંદ્રકુલની શ્રાવિકા નાગીશ્વરીએ જીવંતસ્વામી (મહાવીર સ્વામીના પૂર્વજીવન)ની પ્રતિમા ભરાવી હોવાનો નિર્દેશ છે. તીર્થંકર ઋષભદેવની ઊભી પ્રતિમા પરના લેખમાં નિવૃત્તિ કુલના જિનભદ્રગણિ વાચનાચાર્યનો નિર્દેશ છે. પાર્શ્વનાથની ત્રિતીર્થિક ધાતુપ્રતિમાના પાછળના ભાગમાં લેખ કોતરેલો છે, જેમાં નાગેન્દ્ર કુલની આર્યિકા ખંભિલીએ આ પ્રતિમા કરાવી હોવાનું જણાવ્યું છે. ઋષભદેવની બે પ્રતિમાઓ પરના લેખોમાં વિદ્યાધર કુલનો ઉલ્લેખ છે. બેઠેલા જિનની પ્રતિમા પાછળના ભાગમાં કોતરેલા લેખમાં કાશહૃદ (કાસીન્દ્રા–રાજસ્થાન)ના નિવાસી દાતાનો ઉલ્લેખ છે.

દક્ષિણ ગુજરાતની રાષ્ટ્રકૂટ રાજાઓની લાટ શાખાના કર્કરાજ સુવર્ણવર્ષના શક સં. ૭૪૩, વૈશાખ પૂર્ણિમા (૨૧ એપ્રિલ, ઈ.સ. ૮૨૧)ના સુરતના તામ્રપત્રોમાં નાગસારિકા (હાલનું નવસારી)માંની મૂલ સંઘની જૈન સંસ્થાને એક ખેતર દાનમાં આપ્યાની વિગત નોંધી છે. તામ્રપત્રમાંની વિગતો અનુસાર નાગસારિકા વિષય (જિલ્લો)ના અંબાપાટક (હાલનું આમડપુર–નવસારીથી પાંચ માઈલ દૂર) ગામની ઉત્તર દિશામાં આવેલ હિરણ્યયોગ નામનું ઢાષુના કૂવાવાળું ખેતર દિગંબર સંપ્રદાયના સેન સંઘના મલ્લવાદીના શિષ્ય સુમતિના શિષ્ય જૈન ગુરુ અપરાજિતને મંદિરના નિભાવ માટે આપ્યું. તામ્રપત્રના આરંભમાં જિનેન્દ્રશાસનનો જય અને અંતમાં જૈન ધર્મની પ્રશસ્તિ આપવામાં આવી છે.

સોલંકી કાલ દરમ્યાન જૈન ધર્મને ખૂબ ઉત્તેજન મળ્યું અને આ ધર્મની અસર વધુ તીવ્ર થયેલી જોવા મળે છે. પ્રબંધોમાં સોલંકી રાજાઓએ તેમજ એમના સામંતો અને દંડનાયકોએ કરાવેલાં અનેક જિનાલયો વિશે માહિતી મળે છે. આ ઉપરાંત સમકાલીન અને અનુકાલીન સાહિત્યમાં આ સમયના અસંખ્ય સૂરિઓની તથા સાહિત્યકારોની માહિતી મળે છે. એવી રીતે અભિલેખોમાંથી પણ વિપુલ પ્રમાણમાં માહિતી મળે છે.

ચામુંડરાજ, કર્ણદેવ અને સિદ્ધરાજ જયસિંહે જિનાલયોને ઘણાં ભૂમિદાન આપેલાં. ભીમદેવ ૧લાના દંડનાયક વિમલે સં. ૧૦૮૮માં આબુ પર વિમલવસહી નામે પ્રસિદ્ધ આદિનાથનું આરસનું મંદિર બંધાવ્યું હતું, જેનો ઉલ્લેખ આ મંદિરના જીર્ણોદ્ધારને લગતા સં. ૧૩૭૮ (ઈ.સ. ૧૩૨૧–૨૨)ના પ્રશસ્તિલેખમાં થયો છે. વિ. સં. ૧૨૦૬ (ઈ.સ. ૧૧૫૦)માં કુમારપાલના મંત્રી પૃથ્વીપાલે મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

કર્ણદેવ ૧લા અને સિદ્ધરાજ જયસિંહના અનુક્રમે વિ. સં. ૧૧૪૦ (ઈ.સ. ૧૦૮૩-૮૪) અને વિ.સં. ૧૧૫૬ (ઈ.સ. ૧૦૯૯-૧૧૦૦)ના લાડોલ (વિજાપુર પાસે, ઉ. ગુજરાત)નાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તામ્રપત્રોમાં ટાકવધી (ટાકોદી–ચાણસ્મા તા.) ગામના મહામાત્ય પ્રદ્યુમ્ને બંધાવેલ સુમતિનાથ દેવના જૈનમંદિરને ભૂમિદાન કર્યાનો ઉલ્લેખ છે. સિદ્ધરાજ જયસિંહના દંડનાયક સજ્જને ગિરનાર ઉપર નેમિનાથના લાકડાના મંદિરના સ્થાને પથ્થરનું મંદિર બનાવ્યું હોવાનું જણાય છે. નેમિનાથ મંદિરમાં સજ્જનનો વિ.સં. ૧૧૭૬નો શિલાલેખ છે. આ જિનાલય બોતેર જિનાલય તરીકે પ્રસિદ્ધ હતું.

જૈન ધર્મનો વ્યાપક પ્રસાર કરનાર સોલંકી રાજા કુમારપાલે ગુજરાતમાં ઘણાં સ્થળોએ જિનાલય બંધાવ્યાં હોવાના સાહિત્યિક ઉલ્લેખો મળે છે. ગિરનાર, શત્રુંજય, પ્રભાસપાટણ, ખંભાત, અણહિલપુર પાટણ વગેરે સ્થળોએ આ રાજાએ અસંખ્ય જિનમંદિરો બંધાવ્યાં હતાં. પાટણમાં એણે પાર્શ્વનાથનો કુમારવિહાર બંધાવેલો.

## ગિરનાર પર્વત પરના શિલાલેખ

જૈન તીર્થધામ ઉજ્જયંત (ગિરનાર) પર્વત ઉપર મંત્રી સજ્જને બંધાવેલ નેમિનાથનું મંદિર, કુમારપાલે બંધાવેલ મંદિર અને વસ્તુપાલે બંધાવેલ મંદિર આ ત્રણ મંદિર પ્રસિદ્ધ છે. વિ.સં. ૧૨૧૫ (ઈ.સ. ૧૧૫૯)ના ગિરનાર શિલાલેખમાં નાગઝરા પાસે દેવકુલિકાઓ અને કુંડ બંધાવ્યાનો નિર્દેશ છે. મંત્રી આંબાકે વિ.સં. ૧૨૮૮(ઈ.સ. ૧૨૩૨)ના ૬ શિલાલેખ બાજુની દેવકુલિકાઓનાં છ દ્વારો પર કોતરેલ છે. એમાં વસ્તુપાલ–તેજપાલે શત્રુંજય, ગિરનાર, આબુ, અણહિલપુર પાટણ, ભૃગુપુર (ભરૂચ), સ્તમ્ભનકપુર (થામણા), સ્તંભતીર્થ (ખંભાત), દર્ભાવતી (ડભોઈ), ધવલક્કક (ધોળકા) અને બીજાં નગરોમાં મંદિરો બંધાવ્યાં અને જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો હોવાનો નિર્દેશ છે. ગિરનાર ઉપર વસ્તુપાલે ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર અને સરસ્વતીની ચાર દેવકુલિકાઓ, બે તીર્થંકરો, નેમિનાથની ચાર દેવકુલિકાઓ, પિતા અને પિતામહની મૂર્તિઓ, ત્રણ ભવ્ય તોરણો, નેમિનાથની પ્રતિમા અને પરિવારજનોની મૂર્તિઓ તેમજ નેમિનાથની પ્રતિમા કોતરેલ સુખોદ્‌ઘાટન સ્તંભ સ્થાપિત કર્યાં.

વિ.સં. ૧૨૯૯(ઈ.સ. ૧૨૪૩)ના ગિરનાર શિલાલેખમાં વસ્તુપાલે આદિનાથનું મંદિર અને પાછળના ભાગમાં કપર્દી યક્ષનું મંદિર કરાવ્યું હોવાનું જણાવ્યું છે. મુખ્ય મંદિરના મંડપમાંની પાર્શ્વનાથ પ્રતિમાની પીઠિકા પરના લેખ અનુસાર વિ.સં. ૧૩૦૫(ઈ.સ. ૧૨૪૯)માં સામન્તસિંહ અને સલખણસિંહે પિતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી અને જયાનંદસૂરિએ તેની પ્રતિષ્ઠા કરાવી હોવાનું જણાવ્યું છે. નેમિનાથ મંદિરમાંના બે સ્તંભો ઉપર વિ.સં. ૧૩૩૩ (ઈ.સ. ૧૨૭૬-૭૭), વિ.સં. ૧૩૩૫ (ઈ.સ. ૧૨૭૮-૭૯) અને વિ.સં. ૧૩૩૯ (ઈ.સ. ૧૨૬૨-૬૩)ના અભિલેખો છે, જેમાં દેવપૂજા માટે દાન આપવાનું જણાવાયું છે.

## આબુ પરની પ્રશસ્તિ

આબુ પર્વત ઉપર તેજઃપાલની નેમિનાથ મંદિરની સં. ૧૨૮૭, ફાગણ વદિ ૩, રવિવાર (૩ માર્ચ, ઈ.સ. ૧૨૩૦) શિલાલેખપ્રશસ્તિ પ્રસિદ્ધ ગુર્જર કવિ સોમેશ્વરે રચી છે. એમાં જણાવ્યા અનુસાર પ્રસિદ્ધ લૂણસિંહ વસહિકાનું જૈન મંદિર તેજઃપાલે પત્ની અનુપમદેવી અને પુત્ર લાવણ્યસિંહના શ્રેય માટે બંધાવ્યું હતું. તીર્થંકરની પ્રતિમાની પ્રતિષ્ઠા નાગેન્દ્ર ગચ્છના શ્રી વિજયસેનસૂરિએ કરી હતી. મંદિરના સ્નપન અને પૂજા વગેરેના પ્રબંધનો ભાર મલ્લદેવ, વસ્તુપાલ, તેજઃપાલ અને એમના વંશજો લૂણસિંહની માતા અનુપમદેવીના ચંદ્રાવતીમાં રહેતા સર્વ પુરુષવંશજોએ ઉપાડ્યો હતો. સ્થાનિક રાજા સોમસિંહદેવે પ્રતિષ્ઠાના દિવસે એક ગામ દાનમાં આપ્યું હતું.

ભીમદેવ ૧લાના મંત્રી વિમલશાહે બંધાવેલ વિમલવસહીની સામે આવેલી હસ્તિશાલામાં વિમલ મંત્રીની અશ્વારૂઢ છત્રધારી મૂર્તિ કોતરેલી છે. આ ઉપરાંત અહીં આરસના દસ હાથીઓ ગોઠવેલા છે, એમાંના સાત હાથી મંત્રી પૃથ્વીપાલે પોતાના અને છ પૂર્વજોના શ્રેય માટે અને ત્રણ હાથી એમના પુત્ર ધનપાલે કરાવેલા છે, જો કે ઘણી ખરી ગજારૂઢ મૂર્તિઓનો નાશ થયો છે.

આબુ પરના લૂણવસહિના મંદિરમાંના સં. ૧૨૯૬ (ઈ.સ. ૧૨૪૦)ના લેખમાં વસ્તુપાલે બંધાવેલ કે જીર્ણોદ્ધાર કરેલ ઘણાં મંદિરો ગણાવ્યાં છે. એમાં અણહિલવાડના સુવિધિનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવીને નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ છે. પાટણ પાસેના ચારોપ(ચારૂપ)નું આદિનાથ મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ પણ છે.

તારંગા પર્વત પરના કુમારપાલે બંધાવેલ અજિતનાથના મંદિરમાં બે દેવકુલિકાઓની વેદિકા ઉપર વિ.સં. ૧૨૮૫ (ઈ.સ. ૧૨૨૮-૨૯)ના બે શિલાલેખ કોતરેલા છે. એમાં જણાવ્યા અનુસાર બે ગવાક્ષોમાં આદિનાથ અને નેમિનાથની બે પ્રતિમાઓ હતી, જેની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિના હસ્તે કરવામાં આવી હતી. હાલ એમાં યક્ષ–યક્ષિણીની પ્રતિમાઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ખેરાળુ (ઉત્તર ગુજરાત)નો શિલાલેખ : (ચિત્ર નં. ૧)



## ખેરાળુ (ઉત્તર ગુજરાત)નો શિલાલેખ : (ચિત્ર નં. ૧)

ખેરાળુ ગામમાં બારોટવાડામાં રાણાના ઢાળ પાસેથી ગટરનું ખોદકામ કરતાં ૧૪ જેટલાં જૈન મંદિર અને મૂર્તિઓના અવશેષ તથા ઘેરા લીલા રંગના આરસના પથ્થર પર કોતરેલ શિલાલેખ પ્રાપ્ત થયેલ છે. વિ. સં. ૧૧૮૭ કાર્ત્તિક વદિ ૫ (૨૩ ઑક્ટો., ઈ.સ. ૧૧૩૦)ના આ શિલાલેખમાં થારાપદ્રીય ગચ્છમાં મુનિ સુવ્રતસ્વામીના મંદિરમાં ખદિરાલુ(ખેરાળુ)ના રહેવાસી બઉલાની પ્રેરણાથી ઠ. આસચંદ્રે તીર્થંકરોનો પંચકલ્યાણક મહોત્સવ કરાવ્યો હોવાનો ઉલ્લેખ છે. લખાણ ભટ્ટારક ભૂષણે લખ્યું છે. શિલાલેખમાં તીર્થંકરોના પંચકલ્યાણકની તિથિઓ દર્શાવી છે.

લુણાવાડા (જિ. પંચમહાલ) ગામમાં દેરાફળીમાં આવેલા વાસુપૂજ્ય સ્વામીના દેરાસરમાં ગર્ભગૃહની બહારની જમણી તરફની દીવાલ પર બે શિલાલેખ કોતરેલા છે. શ્યામ પથ્થરની બે તકતીઓ પર કોતરેલા લેખોમાંનો એક વિ.સં. ૧૬૯૭, શક ૧૫૬૩, શ્રાવણ સુદિ ૨, શુક્રવાર (ઈ.સ. ૧૬૪૧) અને એક વિ.સં. ૧૭૯૨, શક ૧૬૫૮, વૈશાખ શુદિ ૩, શનિવાર (૩ એપ્રિલ, ઈ.સ. ૧૭૩૬)નો છે. ૭ પંક્તિના લેખ અનુસાર વિ.સં. ૧૬૯૭માં મહારાણા ચંદ્રસેનજીના વિજયરાજ્યમાં સમસ્ત સંઘે અમૃતપુર (લુણાવાડા)માં મંદિર બનાવ્યું. પંડિત યશવિમલે તેની પ્રતિષ્ઠા કરાવી. આ લેખમાં લુણાવાડાનું પૂર્વકાલીન નામ અમૃતપુર હોવાનું જણાવ્યું છે. લુણાવાડાનો લવણપુર તરીકે ઉલ્લેખ પણ મળે છે

સં. ૧૭૯૨ના લેખમાં આરંભમાં શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને અજિતનાથ તીર્થંકરનું સ્તવન કરવામાં આવ્યું છે. પં. યશોવિમલગણિના આદેશથી પં. જ્ઞાનવિમલે હર્ષવિમલ સાથે વાસુપૂજ્ય દેરાસરનો પ્રાસાદ પ્રતિષ્ઠિત કરાવ્યો. નીમા જ્ઞાતિની વૃદ્ધ શાખાના શ્રીસંઘમુખ્ય ગાંધી લાલજીના પુત્ર વિસરામના પુત્ર રાયચંદ અને સમસ્ત સંઘે દેરાસર બનાવ્યું.

## શત્રુંજય ગિરિરાજ પરના શિલાલેખ

શત્રુંજય ગિરિરાજ પશ્ચિમ ભારતનું સહુથી મહત્ત્વનું જૈન તીર્થ છે, જેના પર નવ ટૂંક છે. પ્રત્યેક ટૂંક આગવી દીવાલથી રક્ષિત છે. અહીં બધાં મળીને લગભગ એક હજાર જેટલાં દેવાલયો છે અને લગભગ અગિયાર હજાર જેટલી પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. નજીક નજીક આવેલાં સંખ્યાબંધ દેવાલયોને કારણે આ પર્વત મંદિરનગર બન્યો છે. સરૂપ કલાદષ્ટિએ પણ આ મંદિરનગર અભ્યાસીઓને આકર્ષે છે. એમાંનાં કેટલાંક મંદિર સોલંકીકાળ દરમ્યાન અને મોટા ભાગનાં મધ્યકાલ તથા અર્વાચીન સમયમાં બંધાયેલાં છે. આ મંદિરોમાં અને મૂર્તિઓ ઉપર ઘણા લેખો કોતરેલા છે. એમાં ૬૦૦ જેટલા લેખોનો અભ્યાસ શ્રી કંચનસાગરસૂરિએ કર્યો છે અને એ મૂળ પાઠ સાથે 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન' પુસ્તક (કપડવંજ, ૧૯૮૨)માં રજૂ કરવામાં આવ્યા છે. આ બધા લેખો ઈ.સ.ની ૧૨મી સદીથી લઈને ઈ.સ.ની ૧૯મી સદી સુધીના છે. સહુથી જૂનો લેખ વિ.સં. ૧૧૯૦ (ઈ.સ. ૧૧૩૩-૩૪)નો છે અને નવી ટૂંકની સ્થાપના પૂર્વેનો છેલ્લો લેખ વિ.સં. ૧૯૪૦ (ઈ.સ. ૧૮૮૩-૮૪)નો છે. આ બધા લેખો સંસ્કૃત કે જૂની ગુજરાતીમાં અથવા સંસ્કૃત-ગુજરાતી મિશ્ર ભાષાના છે. શત્રુંજય પરના આદીશ્વર મંદિરના લેખ અનુસાર વિ.સં. ૧૫૮૭, શક ૧૪૫૩, વૈશાખ વદિ ૬ના દિવસે (૭ મે, ઈ.સ. ૧૫૩૧) મેવાડના રાજા રત્નસિંહના મહામાત્ય કર્માશાએ શત્રુંજયની યાત્રા સમયે ત્યાં પુંડરિક સ્વામીના મંદિરનો સાતમી વખત પુનરુદ્ધાર કરી સમરશાના આદિનાથ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી ચક્રેશ્વરી દેવીનું મંદિર પણ બંધાવ્યું.

શત્રુંજય પર્વત પરના મુખ્ય મંદિરના પૂર્વદ્વારના રંગમંડપમાં એક સ્તંભ ઉપર ૮૭ પંક્તિનો શિલાલેખ કોતરેલો છે. એમાં જણાવ્યા અનુસાર શત્રુંજય પરના આદીશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર અગાઉ સં. ૧૫૮૭ (ઈ.સ. ૧૫૩૦-૩૧)માં કર્મા શાહે કરાવ્યો હતો, પરંતુ અતિ પ્રાચીનતાને લીધે થોડા વખતમાં જર્જરિત થયું. આથી ઓસવંશના સોની વછિયાના પુત્ર તેજપાલે બાદશાહ અકબર પાસે બહુમાન પામેલા હીરવિજયસૂરિની પ્રેરણાથી એને સમારાવ્યું. આ મંદિરનાં ઉત્તુંગ શિખર ઉપર ૧,૨૪૫ કુંભ વિરાજે છે. મંદિરની ચારે બાજુ ૭૨ દેવકુલિકા છે. મંદિર ચાર ગવાક્ષો, ૩૨ પૂતળીઓ અને ૩૨ તોરણથી શોભે છે. એમાં ૭૪ સ્તંભ છે. 'નંદિવર્ધન' નામનું આ મંદિર સં. ૧૬૪૯માં તૈયાર થયું અને તેજપાલે સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૩-૯૪) શત્રુંજયની યાત્રા કરી હીરવિજયસૂરિના હસ્તે એની પ્રતિષ્ઠા કરાવી.

આદીશ્વર મંદિરના મુખ્ય દેરાસરમાં પ્રતિષ્ઠિત આદીશ્વરની પ્રતિમાના પરિકરના ગોમુખમાંની પદ્માસનસ્થ શાંતિનાથ તથા નેમિનાથની પ્રતિમાના મસ્તક ઉપરના લેખમાં અમદાવાદનિવાસી સાધુ સહસ્રકિરણના પુત્ર શાંતિદાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિનાથનો પરિકર સં. ૧૬૭૦માં કરાવ્યો હોવાનો લેખ કોતરેલો છે. મૂળ નાયકની જમણી બાજુના પરિકરમાંની કાયોત્સર્ગ પ્રતિમાની પીઠિકા ઉપરના લેખમાં અમદાવાદ-નિવાસી ઓસવાલ જ્ઞાતિના, વૃદ્ધ શાખાના શાહ વછા અને ભાર્યા ગોરાંદેના પુત્ર સહસ્રકિરણની બીજી પત્ની સોભાગદેના પુત્ર શાંતિદાસે નાના ભાઈ વર્ધમાન અને પુત્ર પનજી સાથે મામા શ્રીપાલની પ્રેરણાથી આદિનાથનો ચાર પ્રતિમા સહિતનો પરિકર કરાવ્યો અને તપાગચ્છના ભટ્ટારક હેમવિમલસૂરિએ સં. ૧૬૭૦ (ઈ.સ. ૧૬૧૩-૧૪)માં એની પ્રતિષ્ઠા કરી હોવાનું જણાવ્યું છે.

શત્રુંજય પર્વત ઉપર ચોમુખની ટૂંકમાં 'ચતુર્મુખ–વિહાર' નામે મુખ્ય પ્રાસાદ આવેલો છે. આ પ્રાસાદ મુઘલ બાદશાહ જહાંગીરના રાજ્યમાં સં. ૧૬૭૫(ઈ.સ. ૧૬૧૯)માં અમદાવાદના પોરવાડ સંઘવી સોમજીના પુત્ર રૂપજીએ શત્રુંજયની યાત્રા માટે સંઘ કાઢી બંધાવેલો અને યુગપ્રધાન જિનચંદ્રસૂરિના શિષ્ય જિનસિંહસૂરિના પટ્ટધર જિનરાજસૂરિએ એની પ્રતિષ્ઠા કરેલી. આ હકીકત મૂલનાયકની ચારે પ્રતિમાઓની બેસણી પર કોતરેલા લેખોમાં જણાવી છે. ગર્ભગૃહમાં સિંહાસન પર ચારે દિશામાં મુખ રાખીને બેસાડેલી આદીશ્વરની આરસની પ્રતિમા બિરાજે છે. આથી આ પ્રાસાદ 'ચતુર્મુખવિહાર' કે 'ચોમુખજીનું મંદિર' તરીકે ઓળખાય છે.

## ખંભાતના શિલાલેખો

ખંભાતમાં જૈન ધર્મમાં સેંકડો વર્ષોથી જિનાલય બંધાવવાની અને જીર્ણ થયેલ પ્રાચીન મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની પ્રવૃત્તિ અવિરત ચાલુ જ રહી છે. પ્રભાવક જૈનઆચાર્યો અને વિદ્વાન મુનિઓના ઉપદેશથી અને શ્રેષ્ઠીઓની ઉદાર મનોવૃત્તિ દ્વારા આ પ્રવૃત્તિને વેગ મળતો જ રહ્યો છે. કાળના પ્રભાવે, રાજકીય તથા અન્ય ધર્મીઓના આક્રમણને કારણે કેટલાંક જૈન મંદિરો નષ્ટ થયાં, કેટલાંક જીર્ણ થયાં અને કેટલાંક સ્થળાંતર પામ્યાં, છતાંયે જૈનોએ યથાશક્ય જિનમંદિરોની રક્ષા કરી છે. પ્રાચીન નગર સ્તંભતીર્થ (ખંભાત) સાથે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, અભયદેવસૂરિ અને હીરસૂરિ જેવા અનેક શાસન-પ્રભાવક આચાર્યોના અને મંત્રીશ્વર ઉદયન મહેતા અને કવીશ્વર ઋષભદાસ જેવા શ્રેષ્ઠ શ્રાવકોનાં નામ સંકળાયેલાં છે. અહીં સુંદર જિનાલયો, જ્ઞાનભંડારો અને જિનપ્રતિમાઓનાં દર્શન થાય છે.

ખંભાતના માણેકચોક વિસ્તારમાં આવેલ ચિંતામણિ પાર્શ્વનાથ બાવન જિનાલયમાં વિ.સં. ૧૩૫૨(ઈ.સ. ૧૨૯૫–૯૬)નો શિલાલેખ પથ્થર પર કોતરેલો છે. એમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર વિ.સં. ૧૧૬૫, જ્યેષ્ઠ વદિ ૭, સોમવારે (૪ મે, ઈ.સ. ૧૧૦૮) પૂર્ણ કરવામાં આવ્યું હતું અને સં. ૧૩૫૨માં વાઘેલા રાણા સારંગદેવના સમયમાં વિજયસિંહે એનો જીર્ણોદ્ધાર કર્યો હોવાનો નિર્દેશ છે. મોઢ વંશમાં થયેલા અજયદેવ, ખેતહરિ, પુનહરિ, સુજન, બાપણ, દેદ, પુરેન્દ્ર–પત્ની રત્ના અને છાજુ જેવા જૈન ધર્મના અનુયાયી શાહુકારોએ તીર્થંકર પાર્શ્વનાથની પૂજા માટે લાગો બાંધી આપ્યો અને એમાં કંબાયતી વસ્ત્રખંડ, ટાંકણ જેવી ચીજ વસ્તુઓ ભરેલ એક બળદ દીઠ એક દ્રમ્મ અને ગોળ, કાંબળા, તેલ, ફૂલ વગેરે ચીજો ભરેલ એક બળદ દીઠ અર્ધો દ્રમ્મ કાયમ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું. પ્રશસ્તિ ઠ. સોમે લખી અને સૂત્રધાર પાલ્હાકે કોતરી.

## ચિતારી બજારના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની પ્રશસ્તિ, વિ.સં. ૧૬૪૪ (ઈ.સ. ૧૫૮૭–૮૮)

આ. હીરવિજયસૂરિના પરમભક્ત, ખંભાતના શ્રેષ્ઠીઓ રાજિઆ અને વાજિઆએ બંધાવેલ ચિંતામણિ પાર્શ્વનાથનું શિખરબંધી ભોંયરાયુક્ત જિનાલય ચિતારી બજાર, સાગોટા પાડામાં આવેલું છે. આ જિનાલયમાં ભોંયરામાં મૂળ નાયક સ્તંભન પાર્શ્વનાથ બિરાજમાન છે. રંગમંડપમાં પ્રવેશતાં સામેની દીવાલ પર કાચમાં મઢેલ આરસનો શિલાલેખ મૂકવામાં આવ્યો છે. ૧ શિલાલેખની પ્રશસ્તિમાં આરંભમાં ચિંતામણિ પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામીની સ્તુતિ કરવામાં આવી છે. સં. ૧૨૮૫ (ઈ.સ. ૧૨૨૮–૨૯)માં થયેલા શ્રી જગત્ચંદ્રસૂરિની પટ્ટાવલીમાં થયેલા શ્રી હીરવિજયસૂરીશ્વરના વચનથી અકબર બાદશાહે છ માસ અમારિ ઘોષણા કરી અને મરેલાનો જિજ્યાવેરો માફ કરી શત્રુંજય તીર્થ જૈનોનું બનાવ્યું. શ્રીમાલ વંશમાં જસિયા અને જસમાના બે પુત્રો વજિઆ (પત્ની વિમલાદેવી) અને રાજિઆ (પત્ની કમલાદેવી)એ સં. ૧૬૪૪માં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા વિજયસેનસૂરિના હસ્તે કરાવી. આ સાથે વર્ધમાન સ્વામીની પ્રતિષ્ઠા પણ કરાવી. શિલાલેખમાં જિનાલયનું વર્ણન કર્યું છે. એમાં સાત દેવકુલિકાઓ, બાર સ્તંભો, છ દ્વારો અને નીચે ભોંયરું છે. ભોંયરામાં છવ્વીસ દેવકુલિકાઓ, પાંચ દ્વારો, આદિનાથની ૩૩ અંગુલની અને શાંતિનાથની ૨૭ અંગુલની પ્રતિમાઓ છે. આ પ્રશસ્તિ શ્રી હેમવિજયે રચી છે, કીર્તિવિજયે એનું લખાણ કર્યું અને શ્રીધર શિલ્પીએ એ કોતરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતનાં જિનાલયોમાં મૂળનાયકની પ્રતિમાઓ પરના લેખો વિ.સં. ૧૫૦૦ પહેલાં પ્રાપ્ત થતા નથી. ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયમાં ભોંયરામાં મૂળનાયક સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા પબાસન ઉપર કોતરેલ છે. ઈલાહી સન ૪૬, વિ.સં. ૧૬૫૮, માઘ સુ. ૫, સોમવારે (ઈ.સ. ૧૬૦૨) ખંભાતનિવાસી શ્રીમાલ જ્ઞાતિના પ. વજિઆ અને રાજિઆએ પોતાના કલ્યાણ માટે સ્તંભન પાર્શ્વનાથ બિંબ ભરાવ્યું. એની પ્રતિષ્ઠા તપાગચ્છના શ્રી હીરવિજયસૂરિના શિષ્ય આ. વિજયસેનસૂરિ, આ. વિજયદેવસૂરિ, ઉપા. વિમલહર્ષ ગણિ, શ્રી કલ્યાણવિજય ગણિ, ઉપા. શ્રી સોમવિજય ગણિ વગેરે પ્રમુખ પરિવાર વડે કરી. માણેકચોકના ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયના ભોંયરામાં મૂળનાયક આદીશ્વરની પ્રતિમા ઈલાહી સન ૪૮, વિ.સં. ૧૬૫૯ (ઈ.સ. ૧૬૦૩) વૈ. વદિ ૬, ગુરુવારનો લેખ છે. એમાં સ્તંભતીર્થ બંદરમાં ઓસવાલ વંશની વૃદ્ધ શાખાના સૌવર્ણિક સો. વછિઆ–ભાર્યા સોહામણિના પુત્ર સો. તેજઃપાલે ભાર્યા તેજલદે સહિત સમગ્ર પરિવાર સાથે કુટુંબના શ્રેય માટે આદિનાથ બિંબ ભરાવ્યું. એની પ્રતિષ્ઠા તપાગચ્છના ભટ્ટારક શ્રી વિજયસેનસૂરિએ કરી હોવાનું જણાવ્યું છે.

ભોંયરામાં આવેલા ચંદ્રપ્રભસ્વામીના જિનાલયમાં ગર્ભગૃહની બહાર એક લેખ છે, જેમાં સં. ૧૪૯૬(ઈ.સ. ૧૪૪૦)માં તપાગચ્છના શ્રી સોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીની પ્રતિમા સ્ફટિકની હોવા સાથે સાડા છ ઈંચ ઊંચી અને પ્રમાણસર છે. એ લગભગ ૫૦૦ વર્ષ જૂની છે. પુનઃપ્રતિષ્ઠા પહેલાં ૧૮ ઈંચ ઊંચા પિત્તળમય પરિકરમાં બિરાજમાન કરવામાં આવી હતી. લેખ પિત્તળના પરિકરની પાછળ કોતરવામાં આવ્યો છે. આખો લેખ પડિમાત્રામાં છે. 'પાટણનિવાસી શ્રીમાલ જ્ઞાતિના શેઠ કર્મસિંહના પુત્ર શેઠ માલદેના પુત્ર ગોવિંદે પોતાના પરિવાર સાથે સં. ૧૪૯૬ના જ્યેષ્ઠ સુદિ ૧૦, બુધવારે (૧૧મે, ઈ.સ. ૧૪૪૦) ચંદ્રપ્રભસ્વામીનું સ્ફટિકમય બિંબ પિત્તળમય પરિકરમાં બિરાજમાન કર્યું અને તેની પ્રતિષ્ઠા શ્રીદેવસુંદરસૂરિના પટ્ટધર શ્રી સોમસુંદરસૂરિએ કરી.

ખારવાડામાં સ્તંભન પાર્શ્વનાથ જિનાલયની દીવાલ પર સં. ૧૩૬૬ (ઈ.સ. ૧૩૦૯-૧૦)નો લેખ છે. એમાં અલાઉદ્દીન ખલજીના સૂબેદાર અલપખાનના રાજ્યનો નિર્દેશ છે. લેખમાં જિનપ્રબોધસૂરિના શિષ્ય જિનચંદ્રસૂરિના ઉપદેશથી ઉકેશ વંશનાં જેસલે અજિતનાથ તીર્થંકરનું, ભવ્ય મંદિર બંધાવ્યું હોવાનો ઉલ્લેખ છે.

સંઘવીની પોળમાં વિમલનાથ જિનાલયમાં પ્રવેશતાં પ્રવેશ ચોકીની જમણી બાજુ (મૂળનાયકની) દીવાલ પરનો શિલાલેખ સં. ૧૬૩૯, શક ૧૫૦૫, ચૈત્ર સુદિ ૫, સોમવારનો છે (ઈ.સ. ૧૫૮૩, ૧૮ માર્ચ). જિનાલયની પ્રતિષ્ઠા હીરવિજયસૂરિના હસ્તે થઈ, ઉકેશ વંશનાં સા. જિતસિંહ અને માણકીબાઈની પુત્રી વનાઈએ કુટુંબના શ્રેય માટે વિમલનાથ બિંબ ભરાવ્યું અને પ્રતિષ્ઠા શ્રી હીરવિજયસૂરિએ કરી.

સિદ્ધરાજ અને કુમારપાળના મંત્રી ઉદયને ધોળકામાં સીમંધર સ્વામીનું મંદિર બંધાવ્યું, જે ઉદયન-વિહાર તરીકે પ્રસિદ્ધ હતું. આ મંદિરની પ્રશસ્તિનો એક અંશ રણછોડજી મંદિરમાં રણછોડજીની પ્રતિમાની પાછળના ભાગમાં જડેલો છે. પાલનપુરમાં પહલાવિયા પાર્શ્વનાથ મંદિરમાંની મૂળનાયકની પ્રતિમા પર વિ.સં. ૧૨૭૪ (ઈ.સ. ૧૨૧૭-૧૮)નો લેખ છે. કચ્છમાં કંથકોટનું મહાવીર સ્વામી મંદિર વિ. સં. ૧૩૩૯ (ઈ.સ. ૧૨૮૨-૮૩)માં સારંગદેવના સમય દરમ્યાન બંધાયું હોવાનું જણાય છે. ૧૩મી સદીમાં આમ્રદેવનાં કુટુંબીઓએ મંદિરનું સમારકામ કરાવ્યું. રાંતેજ (મહેસાણા)ના મંદિરમાં સં. ૧૧૨૪-૧૩૧૬ સુધીના આઠ શિલાલેખ છે. એમાં તીર્થંકરો અને ઉપાસકોની પ્રતિમાઓ ભરાવી હોવાના ઉલ્લેખો છે.

જૈન પ્રતિમાલેખો દાતા, શ્રાવક-શ્રાવિકા અને એમના પરિવારજનોની વિગતો દર્શાવે છે. મૂર્તિની પ્રતિષ્ઠા કરનાર જૈન સૂરિઓની માહિતી તેમજ મિતિઓ દર્શાવવામાં આવે છે. કુંભારિયા, ખંભાત, રાધનપુર, પાટણ, સણખલપુર, વડોદરા, ઘોઘા, થરાદ, અમદાવાદ, ઈડર જેવાં સ્થળોએ ઘણા પ્રતિમાલેખો અને દેરાસરો જોવા મળે છે. તીર્થંકરોની સાથે તેમનાં યક્ષ-યક્ષિણીઓની પ્રતિમા પણ મળે છે. ત્રિતીર્થી, પંચતીર્થી અને ચોવીસી પટોનું મહત્ત્વ હતું. જિનબિંબો ભરાવવાં, જિનભવનો બનાવવાં અને જિન–પૂજા સ્વીકારવી એ ધર્મકાર્ય ગણાતું. દેવકુલિકાઓ સાથે મંદિરનું બાંધકામ થતું.

## પાટણનું વાડી પાર્શ્વનાથનું મંદિર

પાટણના ઝવેરીવાડમાં આવેલા આ મંદિરનું બાંધકામ વિ.સં. ૧૬૫૧ માગસર સુદ ૯, સોમવારે ઓસવાળ જ્ઞાતિના ભીમના વંશજ કુંઅરજી અને એમનાં કુટુંબીજનોએ શરૂ કર્યું એને લગતી વિ.સં. ૧૬૫૨, વૈ.વ. ૧૨, ગુરુ, ઈલાહી સન ૪૧ (૧૩ મે, ઈ.સ. ૧૫૯૬)ની બાવન પંક્તિની પ્રશસ્તિ તક્તીરૂપે મંદિરના મુખ્ય મંડપની દીવાલમાં લગાવેલી છે. મૂળ મંદિર હાલ મોજૂદ નથી રહ્યું, પણ એની જગ્યાએ તાજેતરમાં નવું મંદિર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાયું છે. એમાં જણાવ્યા અનુસાર મુઘલ સમ્રાટ અકબરના સમયમાં પાટણના ઓસવાલ શેઠ રત્નકુંવરજીએ વાડીપુર પાર્શ્વનાથનું મંદિર બહેન વાછી અને પુત્રી બાઈ જીવણી સાથે મળી ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિના ઉપદેશથી બંધાવ્યું. લેખમાં આચાર્યોની પટ્ટાવલીમાં દરેક આચાર્યનો સંક્ષિપ્ત પરિચય કરાયો છે. આચાર્યના ગુણસમુદાયથી રંજિત થઈને અકબરે અષાઢ મહિનાની અષ્ટાહ્નિકાએ ખંભાતના દરિયામાં મીનરક્ષણનું અમારિ-ફરમાન કરાવ્યું.

## શંખેશ્વરનું જૂનું પાર્શ્વનાથ મંદિર

શંખેશ્વર પાર્શ્વનાથનું પ્રાચીન તીર્થ મનાય છે. શંખેશ્વરનું પાર્શ્વનાથનું મંદિર સોલંકીકાળ દરમ્યાન હતું, જેનો જીર્ણોદ્ધાર થયેલો. સલ્તનતકાળમાં એ મંદિરનો નાશ થયો હતો. આચાર્ય વિજયસેનસૂરિના ઉપદેશથી ગંધાર નિવાસી માનાજીએ ગામની મધ્યમાં બાવન જિનાલયયુક્ત નવું શિખરબંધી મંદિર ઈ.સ. ૧૬મી સદીના પૂર્વાર્ધમાં બંધાવ્યું. એની ભમતીની દેરીઓ અને ગર્ભગૃહની બારશાખો પર ૩૪ લેખ મળ્યા છે, જે વિ.સં. ૧૬૫૨થી વિ.સં. ૧૬૯૮(ઈ.સ. ૧૫૯૬-૧૬૪૨)ના છે. વિ.સં. ૧૬૬૨-૬૩ના વધુ લેખો મળ્યા છે. ઔરંગઝેબના સમયમાં ફરી પાછો આ મંદિરનો ધ્વંસ થયો. સં. ૧૭૬૦ (ઈ.સ. ૧૭૦૪)માં બંધાયેલ નવા મંદિરમાં પ્રાચીન મંદિરના મૂળનાયકની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી.

કાવીનો ધર્મનાથ પ્રાસાદ બડુઆના પુત્ર કુંવરજીએ સં. ૧૬૫૪(ઈ.સ. ૧૫૯૮)માં 'રત્નતિલક' નામનો બાવન જિનાલયવાળો બંધાવ્યો હોવાનો ઉલ્લેખ મંદિરના શિલાલેખમાં મળે છે. મૂળ ગર્ભગૃહમાં મૂળનાયક ધર્મનાથ અને બીજા ચાર તીર્થંકરોની પ્રતિમાઓ છે.

કાવીનો ઋષભદેવ પ્રાસાદ આચાર્ય હીરવિજયસૂરિની પ્રેરણાથી જૈન ધર્મ અંગીકાર કરનાર વડનગરના વતની ખંભાતનિવાસી નાગર વણિક બડુઆએ સં. ૧૬૪૯ (ઈ.સ. ૧૫૫૨)માં જૂના દેવાલયને સ્થાને 'સર્વજિત્' નામે બંધાવ્યો.

## અમદાવાદનાં મંદિરોના શિલાલેખ

## સરસપુરનું ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર

અમદાવાદની પૂર્વે આવેલા બીબીપુર (સરસપુર)માં શાંતિદાસ ઝવેરીએ બાદશાહ જહાંગીરના રાજ્યકાલ દરમ્યાન ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવેલું. જર્મન પ્રવાસી મેન્ડેલ્સ્લોએ ૧૬૩૮માં અમદાવાદની મુલાકાત લીધી ત્યારે એણે અમદાવાદનાં જોવાલાયક સ્થળોમાં ગણનાપાત્ર એવા આ મંદિરની મુલાકાત લઈ પ્રવાસ-નોંધમાં એનું વર્ણન કર્યું છે. એમાં મંદિરને 'વાણિયાઓનું મુખ્ય મંદિર' અને 'નિઃશંક રીતે જોવા મળતાં સર્વોત્તમ બાંધકામોમાંનું એક' ગણાવ્યું છે. આ મંદિરને લગતી ૮૬ શ્લોકોમાં રચેલી પ્રશસ્તિ શિલાલેખરૂપે જડેલી હતી. હાલ સાહિત્યિક પ્રશસ્તિ મળે છે. તેમાં એ મંદિર શાંતિદાસ શેઠે બીબીપુરમાં બંધાવ્યું હોવાનું જણાવ્યું છે. મંદિરની ભમતીમાં બાવન દેવકુલિકાઓ છે. પ્રશસ્તિમાં જણાવ્યા અનુસાર મંદિર બંધાવવાનો આરંભ સં. ૧૬૭૮(ઈ.સ. ૧૬૨૧-૨૨)માં શેઠ શાંતિદાસે પોતાના ભાઈ વર્ધમાન સાથે મળીને કર્યો. ત્યાર બાદ સં. ૧૬૮૨(ઈ.સ. ૧૬૨૫-૨૬)માં આ મંદિરનું કામ પૂરું થતાં એમાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરવામાં આવી અને મંદિરનું નામ 'માનતુંગ' રાખવામાં આવ્યું. આ પ્રશસ્તિની રચના મુનિશ્રી સત્ય-સૌભાગ્યના શિષ્ય મુનિશ્રી વિદ્યાસૌભાગ્ય દ્વારા વિ.સં. ૧૬૯૭, પોષ સુદિ ૨ ને શુક્રવારે (૪ ડિસે., ઈ.સ. ૧૬૪૦)માં કરવામાં આવી હતી. મંદિરના પ્રવેશદ્વારમાં બે કાળા આરસના, સંપૂર્ણ કદના હાથીઓ કોતરેલા હતા, તેમાંના એક ઉપર સ્થાપક (શાંતિદાસ)ની મૂર્તિ કોતરેલ હતી. મંદિરના છ મંડપ હતા : મેઘનાદ, સિંહનાદ, સૂર્યનાદ, રંગરમ્, ખેલ અને ગૂઢ ગોત્ર. તેને બે મિનારા, ફરતાં ચાર ચોરસ મંદિર અને ભોંયરામાં જિન પ્રતિમાઓ સાથેની ચાર દેરીઓ હતી.

શાંતિદાસ ઝવેરીનું વર્ણન કરતાં પ્રશસ્તિમાં જણાવ્યું છે કે વિ.સં. ૧૬૬૪ (ઈ.સ. ૧૬૧૬-૧૮)માં એ સંઘપતિ બન્યા અને ઘણા સાધુઓ સાથે સિદ્ધગિરિની યાત્રા કરી અને પુષ્કળ દ્રવ્યનું દાન કર્યું. શાહજહાંનાં સમયમાં સં. ૧૬૮૬ (ઈ.સ. ૧૬૨૯-૩૦)માં વિજયસેનસૂરિના હસ્તે મુક્તિસાગરને આચાર્ય પદવી અપાવી અને મુક્તિસાગરગણિએ રાજસાગરસૂરિ નામ ધારણ કર્યું. સં. ૧૬૯૦ (ઈ.સ. ૧૬૩૩-૩૪)માં જૈન યાત્રીઓને વિમલાચલની યાત્રા કરાવી. આ પ્રશસ્તિ અનુસાર શાંતિદાસના વંશ અને કુળની વિગતો નીચે પ્રમાણે છે.

પદ્મ = પદ્માવતી
|
શ્રમાધર = જીવણા
|
સહલુઆ = પાટી
|
હરપતિ = પુનાઈ
|

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વક્ષા (વછા) = ગોરદે
- સહસ્રકિરણ = ૨ ભાર્યા
  - કુયરી (પત્ની)
    - વર્ધમાન = વીરમદેવી
      - વસ્તુપાલ
        - અમીચંદ
        - લાલચંદ્ર
      - રાયસિંઘ
      - ચંદ્રભાણ
      - વિજય
      - સુંદર
      - કલ્યાણમલ
  - સોભાગદે (પત્ની)
    - શાંતિદાસ
      - રૂપા (પત્ની)
        - પનજી
      - કપૂરા (પત્ની)
        - રતનજી (સં. ૧૬૮૭)
      - ફુલા (પત્ની)
        - કપૂરચંદ (સં. ૧૬૯૫)
      - વાચી (પત્ની)
        - લક્ષ્મીચંદ (સં. ૧૬૯૭)

## શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૨ થી ૭)

અમદાવાદના કાળુપુર વિસ્તારની શાંતિનાથની પોળમાં શાંતિનાથના જૈન દેરાસરમાં ગૂઢમંડપમાં ગર્ભગૃહની બહાર ડાબી બાજુની દીવાલ પર એક સાથે ઉપર નીચે ગોઠવેલી અલગ અલગ છ તક્તીઓ પર લેખ કોતરેલા છે. મુખ્ય શિલાલેખ શાંતિનાથ તીર્થંકરના મંદિરનિર્માણને લગતો છે. એમાં જણાવ્યા અનુસાર વિ.સં. ૧૬૪૬, વિજયાદશમીના દિવસે સોમવારે (૨૮ સપ્ટે., ઈ.સ. ૧૫૯૦) શ્રવણ નક્ષત્રના સમયે બાદશાહ અકબરના સમયમાં અમદાવાદ નગરમાં શ્રી જિનચંદ્રસૂરિના વિજય રાજ્યમાં ૨૫ દેવકુલિકાઓથી અલંકૃત શ્રી શાંતિનાથ તીર્થંકરનું ચૈત્ય ખૂબ દ્રવ્ય ખર્ચીને બનાવવામાં આવ્યું. દેવગૃહના કાર્યાધ્યક્ષ મંત્રી સારંગધર સહિત, શત્રુંજય સંઘના અધિપતિ સહિત ખરતરગચ્છીય સંઘે ચૈત્યનું સંસ્કરણ કરાવ્યું. પ્રશસ્તિ પં. સકલચંદ્રગણિ સહિત વા. કલ્યાણકમલ ગણિ અને મહિમરાજ ગણિએ લખી, ગજધર (સલાટ) ગદુઆકે કોતરી.

શિલાલેખ નં. ૨માં સં. ૧૬૪૬, આસો સુદિ ૧૫, શનિવારે (૩ ઓક્ટો., ઈ.સ. ૧૫૯૦) ખરતરગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરિના વિજયરાજ્યમાં અમદાવાદમાં બ્રાહ્મેચા ગોત્રમાં સા. હીરાના પુત્ર સા. ગોરાના પુણ્યાર્થે લક્ષ્મીદાસ, સા. સામીદાસ, સા. ઉદયનાથ, સા. રાયસિંઘ વગેરે પુત્રોએ શ્રાવિકા ગોરાદે, લાડમિદે, આસકરણ વગેરે સપરિવાર શાંતિનાથ મંદિરની જગતી અને દેવકુલિકા કરાવી હોવાનું જણાવ્યું છે. શિલાલેખ ૩માં વિ.સં. ૧૬૪૬, આસો સુદ ૧૦, સોમવારે ઉકેશ વંશમાં શંખવાલ ગોત્રના સાહ સામલ, પુત્ર સાહ ડુંગર-પત્ની લાડાનાં પુત્રરત્ન ધન્નાકે જગતીમાં દેવકુલિકા કરાવી હોવાનો નિર્દેશ છે. શિલાલેખ ૪ અનુસાર વિ. સં. ૧૬૪૬, આસો સુદ ૧૦ના દિવસે શંખવાલ ગોત્રના સાહ ડુંગરની પત્ની શ્રાવિકા લાડાએ સપરિવાર દેવકુલિકા કરાવી. નં. ૫માં બૃહત્ખરતરગચ્છના અધીશ્વર જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર જિનચંદ્રસૂરિના વિજય રાજ્યમાં બ્રાહ્મેચા ગોત્રમાં સાહ હીરાના પુત્ર સાહ ગોરા, પુત્ર સાહ લક્ષ્મીદાસ વગેરેએ પિતાના પુણ્યાર્થે દેવકુલિકા બનાવી. નં. ૬માં શંખવાલ ગોત્રના સાહ ધન્નાકે સપરિવાર દેવકુલિકા કરાવી. મુખ્ય શિલાલેખમાં શ્રી જિનચંદ્રસૂરિના પુરોગામી સૂરિઓની પટ્ટાવલી આપી છે, જે વડ ગચ્છના પ્રથમ આચાર્ય ઉદ્યોતનસૂરિથી શરૂ થાય છે.

શ્રી ઉદ્યોતનસૂરિ
|
શ્રી વર્ધમાનસૂરિ
|
શ્રી જિનેશ્વરસૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૨)



## શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૩ - ૪)





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૫)



શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૬)



શાંતિનાથ પોળનું શાંતિનાથ દેરાસર (ચિત્ર નં. ૭)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।
શ્રી જિનચંદ્રસૂરિ
।
શ્રી અભયદેવસૂરિ
।
શ્રી જિનવલ્લભસૂરિ
।
શ્રી જિનદત્તસૂરિ
।
શ્રી જિનચંદ્રસૂરિ (દ્વિતીય)
।
શ્રી જિનપતિસૂરિ
।
શ્રી જિનેશ્વરસૂરિ (દ્વિતીય)
।
શ્રી જિનપ્રબોધસૂરિ
।
શ્રી જિનચંદ્રસૂરિ (તૃતીય)
।
શ્રી જિનકુશલસૂરિ
।
શ્રી જિનપદ્મસૂરિ
।
શ્રી જિનલબ્ધિસૂરિ
।
શ્રી જિનચંદ્રસૂરિ (ચતુર્થ)
।
શ્રી જિનોદયસૂરિ
।
શ્રી જિનરાજસૂરિ
।
શ્રી જિનભદ્રસૂરિ
।
શ્રી જિનચંદ્રસૂરિ (પંચમ)
।
શ્રી જિનસમુદ્રસૂરિ
।
શ્રી જિનહંસસૂરિ
।
શ્રી જિનમાણિક્યસૂરિ
।
શ્રી જિનચંદ્રસૂરિ (છટ્ઠા)

## શામળાની પોળમાં પાર્શ્વનાથ મંદિરનો શિલાલેખ : (ચિત્ર નં. ૮)

અમદાવાદના રાયપુર વિસ્તારમાં આવેલી શામળાની પોળમાંના શામળા પાર્શ્વનાથ મંદિરમાં પ્રવેશતાં જમણી તરફની દીવાલ પર આરસની તક્તીરૂપે વિ.સં. ૧૬૫૩, ઈલાહી સન ૪૨, ફાલ્ગુન સુદિ ૧૧ (૧૭ ફેબ્રુ., ઈ.સ. ૧૫૯૭)નો આ શિલાલેખ કોતરેલો છે. તેમાં જણાવ્યા અનુસાર બાદશાહ શ્રી અકબરના વિજય રાજ્યમાં અમદાવાદ નગરના નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતિની શોભારૂપ સા. પસાઈયાના પુત્ર સં. જોગી, પત્ની જસમાદેવી, પુત્રરત્ન સંઘપતિ સોમજીએ ભાઈ શિવા, પુત્રો સં. રત્નજી, સં. રૂપજી, સં. ખીમજી, પૌત્ર સં. સુંદરદાસ વગેરે પરિવાર સાથે શ્રી લટકણ સાધુની પોળ (શામળાની પોળ)માં પોતાના ધન વડે નવા ચૈત્યમાં શામળા પાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા શ્રી જિનચંદ્રસૂરિના હસ્તે કરાવી.

## વાઘણ પોળનું અજિતનાથ દેરાસર : શિલાલેખ

અમદાવાદમાં ઝવેરીવાડમાં આવેલી વાઘણ પોળમાંના શ્રી અજિતનાથ તીર્થંકરના દેરાસરમાં પ્રવેશતાં બહારની બાજુએ જમણી તરફની દીવાલ પર આરસની તક્તીરૂપે વિ.સં. ૧૮૬૦, શક ૧૭૨૬, દ્વિતીય ચૈત્ર શુદિ ૧૧, ભૃગુવારનો શિલાલેખ કોતરેલ છે. એમાં જણાવ્યા અનુસાર રાજનગર (અમદાવાદ)માં ગોવિંદરાવ ગાયકવાડના રાજ્યમાં સાગરગચ્છના શ્રી ઉદયસાગર સૂરીશ્વરના ઉપદેશથી વખતચંદ શેઠે અજિતનાથનું મંદિર કરાવ્યું. ઓસવાલ જ્ઞાતિના વૃદ્ધ શાખાના શાંતિદાસ શેઠે ધર્મકાર્ય અને પુસ્તક-ન્યાસવિધિ વગેરેથી યુક્ત નવીન તીર્થંકરોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું. એમના પુત્ર લક્ષ્મીચંદ અને એમના પુત્ર ખુશાલચંદે ઋષભદેવનું મંદિર કરાવ્યું. ખુશાલચંદનાં પુત્ર વખતચંદ પત્ની જડાવ, પુત્રો ઈચ્છાભાઈ, પાનાભાઈ, મોતીભાઈ, હેમાભાઈ, અનુપમભાઈ, સૂર્યમલ્લ, મનસુખ વગેરેએ અજિતનાથનું મંદિર કરાવ્યું. વિ.સં. ૧૮૫૫, ફાગણ સુ. ૨ના દિવસથી (૮ માર્ચ, ઈ.સ. ૧૭૯૯) શરૂ કર્યું અને સં. ૧૮૬૦, દ્વિ.ચૈ શુ. ૧૧, શુક્રવારે (૨૦ એપ્રિલ, ઈ.સ. ૧૮૦૪) પૂરું કર્યું. આ જ મંદિરમાં અંદરની દીવાલ પર સં. ૧૯૦૫ (ઈ.સ. ૧૮૯૯)નો તક્તીલેખ છે, જેમાં ઓસવાલ જ્ઞાતિના સા. ભૂખણદાસની પત્ની વાળીબાઈ, પુત્રી ગુલાબબહેન સાંકળીનાં બે ગોખલા કરાવ્યાનો ઉલ્લેખ છે. **(ચિત્ર ૯)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખ શ્રી ઇન્દ્રવર્ધનગણિના શિષ્ય શ્રી ભાગ્યવર્ધનગણિએ લખ્યો છે. એમાં શત્રુંજય, ગિરનાર, તારંગા, અર્બુદાચલ, દેવકુલપાટક, મથુરા, હસ્તિનાપુર, કલિકુંડ, ફલવર્ધિ, કરહેટક, ઉસવીર, શંખેશ્વર જેવાં ૧૭૫ જેટલાં તીર્થો દર્શાવ્યાં છે.

## સૂરિઓની પટ્ટાવલી નીચે મુજબ છે.

સાગર ગચ્છના
શ્રી રાજસાગરસૂરિ
।
શ્રી વૃદ્ધિસાગરસૂરિ
।
શ્રી લક્ષ્મીસાગરસૂરિ
।
શ્રી કલ્યાણસાગરસૂરિ
।
શ્રી પુણ્યસાગરસૂરિ
।
શ્રી ઉદયસાગરસૂરિ

## હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૦-૧૧)

દિલ્હી દરવાજા બહાર હઠીસિંહની વાડીમાં ધર્મનાથનું ચૈત્ય હઠીસિંહે બંધાવવા માંડેલું, એ એમની હયાતી બાદ એમના પત્ની હરકુંવરે પૂરું કરી સં. ૧૯૦૩, શક ૧૭૬૮માં ૨૧ દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવી શ્રી શાંતિસાગરસૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી. એનો એક સંસ્કૃત અને એક ગુજરાતી શિલાલેખ મંદિરમાં પ્રવેશતાં ડાબી અને જમણી તરફ અનુક્રમે કોતરેલા છે. સંસ્કૃત શિલાલેખની મિતિ સં. ૧૯૦૩, માઘ વદિ ૧૧, ગુરુ (૧૧ ફેબ્રુ., ઈ.સ. ૧૮૪૭) છે.

સંસ્કૃત લેખની ભાષા સંસ્કૃત અને લિપિ દેવનાગરી છે. એમાં વર્ણવ્યા અનુસાર વિ.સં. ૧૯૦૩, માઘ સુ. ૬ (૨૨ જાન્યુ., ઈ.સ. ૧૮૪૭)ના દિવસે જલયાત્રા, માઘ સુદિ ૭ના દિવસે નંદ્યાવર્ત પૂજા, આઠમ અને નવમીએ ગ્રહપૂજા, દસમે દિક્પાલ, ક્ષેત્રપાલ વગેરેની પૂજા, અગિયારશે ૨૦ સ્થાનોની પૂજા, બારશે સિદ્ધચક્રપૂજન, તેરશે તીર્થંકર ચ્યવન મહોત્સવ, ચૌદશે દિક્કુમારીઓ દ્વારા જન્મભાવપઠન અને પૂનમે સ્નાત્ર કર્મ કરાયું. માઘ વદિ એકમે અષ્ટાદશ અભિષેકપૂજા, દ્વિતીયાએ પાઠશાલાગમન, તૃતીયાએ લગ્નસમારંભ, ચતુર્થીએ દીક્ષા-સમારોહ, પંચમીએ અંજનશાલાકા, માઘવદિ ૬ થી ૧૦ સુધી કલશપ્રતિષ્ઠા, ધ્વજદંડસ્થાપન વગેરે, એકાદશીએ બિંબપ્રવેશ અને વાસક્ષેપવિધિ કરાયો અને ધર્મનાથ તીર્થંકરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ. આ પ્રતિષ્ઠામહોત્સવમાં વિવિધ સ્થળોએથી પધારેલા ચાર લાખ ભાવિકોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો અને ચૈત્યબિંબની સ્થાપના માટે અને સદ્ધર્મીઓ, સૂરિઓ, આચાર્યો, સાધુઓ, શ્રાવકોના સત્કાર માટે અઢળક દ્રવ્યનો ખર્ચ કરવામાં આવ્યો. પ્રશસ્તિની રચના ખરતરગચ્છની ક્ષેમ શાખાના પં. સરૂપે કરી અને લખાણ મોઢ ચતુર્વેદી વનમાલીદાસના પુત્ર વિજયરામે કર્યું. લેખ રહેમાનના પુત્ર ઇસકે કોતર્યો. આમ અહીં જૈન, બ્રાહ્મણ અને મુસ્લિમ ત્રણે ધર્મ-સંપ્રદાયોના અનુયાયીઓનું પ્રદાન જોવા મળે છે.

ગુજરાતી લેખ હઠીસિંહ મંદિરમાં પ્રવેશતાં ભમતીમાં પ્રવેશમાર્ગ પાસે દક્ષિણ તરફની દીવાલ પર આરસની તક્તીરૂપે ગોઠવેલો છે. એની ભાષા સંસ્કૃતમિશ્રિત ગુજરાતી છે. લખાણ ગુજરાતી લિપિમાં કોતરેલું છે. કુલ ૧૯ પંક્તિના આ લેખમાં જણાવ્યા અનુસાર સં. ૧૯૦૩માં માઘ માસમાં રાજનગર અમદાવાદમાં શ્રી કંપની બહાદુરના રાજ્યમાં વીસા ઓસવાલ જ્ઞાતિના શાહ ખુશાલચંદના પુત્ર કેસરીસિંહ, તેની પત્ની બાઈ સૂરજ, તેની કૂખે જન્મેલ હઠીસિંહ. તેમની પત્નીઓ રુખમણિ અને હરકુંવરે સિદ્ધાચલ પર્વત પર સંઘ લઈ તીર્થયાત્રા કરી હતી. ધર્મનાથ તીર્થંકર વગેરેનાં ઘણાં બિંબ ભરાવી બાવન જિનાલયવાળો પ્રાસાદ કરાવ્યો. મહા વદ ૧૧ના દિવસે સાગરગચ્છના શ્રી શાંતિસાગરસૂરિએ પ્રતિષ્ઠા કરી. ગોવર્ધન મંછારામે લખાણ લખ્યું અને ઈસફભાઈ રહેમાનજીએ કોતર્યું. લેખમાંની મિતિ સં. ૧૯૦૩, મહા વદ ૫ને ગુરુવારે (૫ ફેબ્રુ., ઈ.સ. ૧૮૪૭) અંજનશલાકામહોત્સવ અને મહાવદિ ૧૧ના દિવસે (૧૧ ફેબ્રુ., ઈ.સ. ૧૮૪૭) પ્રતિષ્ઠામહોત્સવ કરાવ્યો.

હઠીસિંહ દેરાસરમાં મૂળનાયકની પ્રતિમા પર વિ.સં. ૧૯૦૩, શક ૧૭૬૮, માઘ વદિ ૫, શુક્રવાર (૫ ફેબ્રુ., ઈ.સ. ૧૮૪૭)નો લેખ છે, જેમાં સાગરગચ્છના શ્રી શાંતિસાગરસૂરિના હસ્તે આ પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હોવાનો ઉલ્લેખ છે. આદીશ્વરની પાષાણપ્રતિમા પરના સં. ૧૯૦૩, માઘ વદિ ૫ના લેખમાં શેઠ હઠીસિંહનાં પત્ની રુખમણિબાઈએ આ મૂર્તિ કરાવી અને સાગર ગચ્છના શાંતિસાગરસૂરિએ એની પ્રતિષ્ઠા કરાવી હોવાનું જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શામળાની પોળમાં પાર્શ્વનાથ મંદિરનો શિલાલેખ : (ચિત્ર નં. ૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વાઘણ પોળનું અજિતનાથ દેરાસર : (ચિત્ર નં. ૯) શિલાલેખ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૦)



## હઠીસિંહ દેરાસરના શિલાલેખ : (ચિત્ર નં. ૧૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કચ્છના અભિલેખો

કચ્છમાં કંથકોટનું મહાવીર મંદિર વિ.સં. ૧૩૩૯ (ઈ.સ. ૧૨૮૨-૮૩)માં સારંગદેવના સમય દરમ્યાન બંધાવ્યું હોવાનો લેખ છે.

કોઠારા શહેરમાં સં. ૧૯૧૮(ઈ.સ. ૧૮૬૨)માં શાંતિનાથનું દેરાસર બંધાયું ત્યારે મંદિર બંધાવનારે મુંબઈથી પોતાના ખર્ચે સંઘ કાઢેલો, તેમાં નવ ટંક મીઠાઈ જમાડેલી ને નાતમાં ઘરદીઠ કાંસાની ૨ થાળી, ૨ કોરી નાણું અને ૨..શેર સાકરની લહાણી કરેલી. એમાં કુલ ખર્ચ ૬ લાખ કોરી થયેલું.

ભૂજની બૈરાજવાની વાવમાંથી મળેલી અને હાલ ભૂજ મ્યુઝિયમમાં સંગૃહીત શ્વેત આરસની જૈન બેસણી પર વિ.સં. ૧૩૦૦(ઈ.સ. ૧૨૪૩-૪૪)નો લેખ છે, જેમાં મુનિશ્રી સુવ્રતસ્વામીનું બિંબ કરાવ્યાનો ઉલ્લેખ છે. કંથકોટના મહાવીર મંદિરના મંડપના સ્તંભ પરના સં. ૧૩૪૦ (ઈ.સ. ૧૨૮૩-૮૪)ના લેખમાં આમ્રદેવનાથના લાખુ અને સેહિક નામના બે પુત્રોએ મંડપ બંધાવ્યાના ઉલ્લેખ છે.

ભદ્રેશ્વર મંદિરના સં. ૧૫૯૪ (ઈ.સ. ૧૫૩૭-૩૮)ના શિલાલેખમાં આનંદવિમલસૂરિના પ્રતિબોધથી શ્રી જામરાવળે ગાય ભૂમિ, સુવર્ણ, ઘોડાનું દાન કર્યું અને ભદ્રેશ્વરના જિનમંદિરને બાર ગામ ભેટ આપ્યાં એમ જણાવ્યું છે.

આમ ગુજરાત-રાજસ્થાનના સાંસ્કૃતિક અને ધાર્મિક ઈતિહાસમાં અને જનજીવનમાં જૈન ધર્મનું અમૂલ્ય પ્રદાન રહ્યું છે. આ જૈન ધર્મનાં દેરાસરોમાંના શિલાલેખો, તક્તીલેખો તેમજ પ્રતિમાલેખો હજારોની સંખ્યામાં મળે છે. આ શિલાલેખોના અભ્યાસ દ્વારા જૈન સંસ્કૃતિ પરંપરામાં મહત્ત્વનું યોગદાન કરનાર મહાન આચાર્ય અને સૂરિઓ એમના ગચ્છો, શ્રાવકોની જ્ઞાતિઓ, કુળ, વંશ, ગોત્રો, પ્રાચીન સ્થળ નામોનાં અભિજ્ઞાનો, કાલગણના, તત્કાલીન ભાષા અને લિપિ, તેમાં થયેલાં પરિવર્તનો વગેરે વિશે વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે.

## દક્ષિણ ભારતમાં જૈન ધર્મ

એક જૈનપરંપરા અનુસાર મૌર્યકાલમાં જૈન મુનિ ભદ્રબાહુએ મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તને પ્રભાવિત કર્યા હતા અને તેઓ રાજ્યનો ત્યાગ કરી મુનિરાજ સાથે દક્ષિણ ગયા હતા. મૈસૂર પ્રાંતમાં શ્રવણ બેલ્ગોલમાં ચંદ્રગિરિ પર્વત પર ભદ્રબાહુએ તપસ્યા કરી હતી અને ચંદ્રગુપ્ત અંત સુધી તેમની સાથે રહ્યા હતા. આમ મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં જૈન ધર્મનો દક્ષિણ ભારતમાં પ્રવેશ થયો મનાય છે. બૌદ્ધ આનુશ્રુતિક ગ્રંથ મહાવંશ અનુસાર બુદ્ધનિર્વાણ બાદ ૧૦૬ વર્ષ પછી શ્રીલંકામાં પાંડુકાભય રાજાએ રાજ્યાભિષેક પછી અનુરાધપુરની સ્થાપના કરી અને નિર્ગ્રન્થ શ્રમણો માટે અનેક નિવાસસ્થાન બનાવ્યાં. ચંદ્રગુપ્તના પ્રપૌત્ર સંપ્રતિ, એક જૈનપરંપરા અનુસાર આચાર્ય સુહસ્તિના શિષ્ય હતા અને એમણે જૈન ધર્મનો સ્તૂપ, મંદિર વગેરે નિર્માણ કરી જૈન ધર્મનો પ્રસાર કર્યો. તમિળ પ્રદેશમાં પણ પ્રારંભિક સદીઓમાં જૈન ધર્મનો ઘણો પ્રસાર થયો હતો. 'દર્શનસાર' અનુસાર દ્રવિડ સંઘની સ્થાપના પૂજ્યપાદના શિષ્ય વજ્રનંદિ દ્વારા મદુરામાં ઈ.સ. ૪૭૦માં કરાઈ હતી.

દક્ષિણ ભારતના કદમ્બ રાજવંશ, ગંગ રાજવંશ, રાષ્ટ્રકૂટ વંશ, ચાલુક્ય અને હોયસળ વંશના ઘણા રાજાઓ જૈન ધર્માનુયાયી હતા અને એમની સહાય સંરક્ષણથી જૈન મંદિરો અને ધાર્મિક સંસ્થાઓ દક્ષિણના પ્રદેશોમાં ખૂબ વિકાસ પામ્યાં હતાં.

## શ્રવણ બેલ્ગોલના જૈન શિલાલેખ

શ્રવણ બેલ્ગોલ મૈસૂર રાજ્યના હાસન જિલ્લાના ચેન્નારાયપાટન તાલુકાના બે પહાડોની વચ્ચે આવેલું ગામ છે. એમાં ગામની દક્ષિણ બાજુએ આવેલ મોટો પર્વત દોડ્ડબેટ્ટ વિન્ધ્યગિરિ તરીકે પ્રસિદ્ધ છે, જેના ઉપર ગોમ્મટેશ્વરની વિશાળ મૂર્તિ સ્થાપેલી છે. આ ઉપરાંત કેટલાંક નાનાં જૈનમંદિરો આ પર્વત પર છે. ગામની ઉત્તરે ચિક્કબેટ્ટ નામે નાનો પર્વત ચંદ્રગિરિ નામથી પ્રસિદ્ધ છે. મૈસૂરનરેશ કૃષ્ણરાજ ઓડેયર ત્રીજાના એક સને ૧૮૩૦ના સનદલેખમાં જણાવ્યા અનુસાર શ્રવણબેલ્ગોલનાં મંદિરોની સંખ્યા ૩૨ છે, જેમાં વિંધ્યગિરિ પર ૮, ચંદ્રગિરિ પર ૧૬ અને બેલ્ગોલ ગામમાં ૮ મંદિરોનો સમાવેશ થાય છે. આ મંદિરોમાંના ૧૪૪ લેખોનો સંગ્રહ ૧૮૮૯માં મૈસૂર પુરાતત્ત્વવિભાગના તત્કાલીન નિદેશક બી. લૂઈસે રોમન લિપિમાં પ્રકાશિત કર્યો. ૧૯૨૨માં આર. નરસિંહાચારજીએ બીજી આવૃત્તિ કન્નડ લિપિમાં બહાર પાડી, જેમાં દિગંબર જૈનોના ૫૦૦ જેટલા શિલાલેખોનો સમાવેશ કરેલો છે. ડૉ. હીરાલાલ જૈને આ શિલાલેખોનું પુનઃસંસ્કરણ અને સંપાદન કરીને લેખોનો પાઠ દેવનાગરીમાં રજૂ કર્યો.

શ્રવણ બેલ્ગોલના જૈન શિલાલેખોમાં ઘણા રાજવંશોના નિર્દેશ આવે છે. ગંગ રાજાઓનો જૈન સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. ચંદ્રગિરિ પર પાર્શ્વનાથના મંદિરમાં એક સ્તંભલેખ (નં. ૫૪)માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંગરાજ્યની સ્થાપનામાં જૈનાચાર્ય સિંહનંદિનો અમૂલ્ય ફાળો હોવાનું જણાવ્યું છે. કૂગે બ્રહ્મદેવ સ્તંભ પરના લેખ નં. ૩૮ (શક ૮૯૬ – ઈ.સ. ૯૭૪)માં ગંગનરેશ મારસિંહે જૈન ધર્મનું પ્રતિપાલન કર્યું અને જિનમંદિરો બનાવ્યાંનો અને અંતે રાજ્યનો ત્યાગ કરી અજિતસેન ભટ્ટારક પાસે ત્રણ દિવસ સુધી સલ્લેખના વ્રતનું પાલન કરી બંકાપુરમાં દેહોત્સર્ગ કર્યાનો નિર્દેશ છે.

ત્યાગબ્રહ્મદેવસ્તંભ પરના લગ. શક ૯૫૦ (ઈ.સ. ૧૦૨૮)ના લેખ (નં. ૧૦૯)માં જણાવ્યા અનુસાર ચામુંડરાય બ્રહ્મક્ષત્ર કુલના હતા અને સ્વામી માટે અનેક યુદ્ધો લડ્યા હતા. તેઓ એક સારા કવિ પણ હતા. એમનો લખેલો એક કન્નડ ગ્રંથ પણ મળે છે. એ અધિકાંશ ગદ્યમાં છે. એમાં ૨૪ તીર્થંકરોનાં જીવનનું વર્ણન છે. એનો રચનાકાળ શક ૯૦૦ (ઈ.સ. ૯૭૮) છે. ગ્રંથમાં એમના કુળ અને ગુરુ અજિતસેન વગેરેનો પરિચય પ્રાપ્ત થાય છે.

રાષ્ટ્રકૂટ રાજાઓ જૈનધર્મના પોષક હતા. એમના સમયમાં સોમદેવ, પુષ્પદંત, ઈન્દ્રનંદિ વગેરે જૈનાચાર્યો થયા. કૂગે બ્રહ્મદેવ સ્તંભલેખમાં ગંગરાજા મારસિંહે ઈન્દ્રરાજ (૪થા)નો અભિષેક કરાવ્યાનું જણાવ્યું છે. ચંદ્રગિરિ પર ગંધવારણ મંદિર તરફના સ્તંભ ઉપરના સ્મારકલેખમાં (શક ૯૦૪–ઈ.સ. ૧૦૮૨) રાષ્ટ્રકૂટ કૃષ્ણરાજ ઉજાના પૌત્ર ઈન્દ્રરાજે શ્રવણબેલ્ગુલમાં સલ્લેખનામરણ કર્યાનો નિર્દેશ છે (નં. ૫૭).

ગંધવારણ મંદિરના બીજા મંડપમાંના તૃતીય સ્તંભ પરના શક ૧૦૫૦ના લેખ (નં. ૫૩)માં હોયસળ રાજા વિનયાદિત્યે ઘણાં તળાવો અને જૈન મંદિરો બનાવ્યાંનો ઉલ્લેખ મળે છે. વિષ્ણુવર્ધનની પટરાણી શાન્તલદેવી જૈન ધર્માવલંબિની, ધર્મપરાયણ અને પ્રભાચંદ્ર સિદ્ધાન્તદેવની શિષ્યા હતી. ચંદ્રગિરિ પર તેરિન મંદિર પાસેના શિલાલેખ (શક ૧૦૩૯–ઈ.સ. ૧૧૧૭) નં. ૨૨૯માં હોયસળ રાજા વિષ્ણુવર્ધનના રાજ્યકાલ દરમ્યાન પોય્સલ સેટ્ટિ અને નેમિ સેટ્ટિ નામના બે રાજ–વ્યાપારીઓની માતા માચિકબ્બે અને શાંતિકબ્બેએ જિનમંદિર અને નંદીશ્વરનું નિર્માણ કરાવી ભાનુકીર્તિ મુનિ પાસે જિનદીક્ષા લીધાનો ઉલ્લેખ છે. ચલ્લગ્રામના બયિરેદેવ મંદિરના એક શિલાલેખ (શક ૧૦૪૭ – ઈ.સ. ૧૧૨૫)માં હોયસળ વંશના વિષ્ણુવર્ધને મંદિરોના જીર્ણોદ્ધાર તથા ઋષિઓનાં આહારદાન માટે દ્રમિણ સંઘના આચાર્ય શ્રીપાલ ત્રૈવિદ્યદેવને શલ્ય નામનું ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે (નં. ૪૯૩).

ચામુંડરાય મંદિરની દક્ષિણ બાજુના મંડપમાં સ્તંભ પરના શક ૧૦૪૩ (ઈ.સ. ૧૧૨૧)ના લેખમાં ગંગરાજે ગંગવાડિ પરગણાના જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો તથા અનેક સ્થાનો પર નવીન જિનમંદિર કરાવ્યાનો ઉલ્લેખ છે (નં. ૪૪). એરડ્ડ કટ્ટે મંદિરની પશ્ચિમ બાજુના સ્તંભ પર (શક ૧૦૩૭–ઈ.સ. ૧૧૫)ના લેખમાં ગંગરાજની ભાર્યા લક્ષ્મીના ભાઈ બૂચિરાજના સ્મારકરૂપે સેનાપતિ ગંગરાજે પાષાણ–સ્તંભ કરાવ્યાનો નિર્દેશ છે.

શ્રવણ બેલ્ગોલ નગરમાં ભંડારિ મંદિરની પૂર્વ બાજુના સ્તંભ પરના શક ૧૨૯૦–ઈ.સ. ૧૩૬૮ (નં. ૧૩૬)ના લેખમાં વીર બુક્કરાય ૧ લાએ જૈન અને વૈષ્ણવ સંપ્રદાયો વચ્ચે શાંતિ અને સુલેહ કરાવ્યાનું વર્ણન છે. પ્રત્યેક જૈનગૃહમાંથી કેટલુંક દ્રવ્ય પ્રતિવર્ષ એકત્ર કરવામાં આવશે, જેમાંથી બેલ્ગોલના દેવની રક્ષા માટે વીસ રક્ષક રાખવામાં આવશે તથા શેષ દ્રવ્ય મંદિરના જીર્ણોદ્ધાર વગેરેમાં ખર્ચ કરવામાં આવશે. લેખમાં મહારાજ દેવરાયની જૈનધર્માવલંબી રાણી અને પંડિતાચાર્યની શિષ્યા ભીમાદેવીએ મંગાયી મંદિરમાં શાંતિનાથની પ્રતિષ્ઠા (શક ૧૩૩૨ – ઈ.સ. ૧૪૧૦) કરાવ્યાનો નિર્દેશ છે (નં. ૪૨૮). ગોમ્મટેશ્વર મૂર્તિ આગળના બ્રહ્મદેવ મંડપના સ્તંભ પરના શક ૧૩૪૪ – ઈ.સ. ૧૪૨૨ના (નં. ૮૨) લેખમાં હરિહર બીજાના સેનાપતિ ઈરુગપે બેલ્ગોલ ગ્રામ, વનકુંજ અને એક તળાવ ગોમ્મટેશ્વર પ્રતિમા માટે દાન કર્યું હોવાનું જણાય છે. ગોમ્મટેશ્વર મંદિરની પશ્ચિમ બાજુએ આવેલા મંડપમાંના સ્તંભલેખ (શક ૧૬૨૧ – ઈ.સ. ૧૬૯૯)માં મૈસૂર નરેશ કૃષ્ણરાજ ઓડેયરે ગોમ્મટેશ્વર ભગવાનનાં દર્શન કરીને બેલ્ગોલમાં જૈન ધર્મની પ્રભાવના માટે બેલ્ગોલ સહિત કેટલાંક ગામો દાનમાં આપ્યાં હોવાનું જણાવ્યું છે.

વિંધ્યગિરિ પર અખંડબાગિલુની શિલા પરના શક ૧૦૮૨(ઈ.સ. ૧૧૬૦)ના લેખ નં. ૧૧૫માં મરિયણે દંડનાથના લઘુ ભ્રાતા મહામંત્રી ભરતમય્ય દંડનાયકે ભરત અને બાહુબલિ કેવલિની મૂર્તિઓ બનાવ્યાના, રંગશાલામાં કઠેરા અને મહાસોપાન કરાવ્યાંના અને ગંગવાડિભટમાં ૮૦ નવીન મંદિરો અને ૨૦૦ જેટલાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યાના ઉલ્લેખ છે.

અષ્ટદિક્પાલ મંડપમાં એક સ્તંભ ઉપરના શક ૧૭૪૮ (ઈ.સ. ૧૮૨૬)ના લેખ (નં. ૯૮)માં મૈસૂરનરેશ કૃષ્ણરાજ ઓડેયરના પ્રધાન અંગરક્ષકનું મૃત્યુ ગોમ્મટેશ્વરના મહામસ્તકાભિષેકના દિવસે થયું. આથી એના પુત્ર પટ્ટ દેવરાજ અરસુએ ગોમ્મટ સ્વામીની વાર્ષિક પાદપૂજા માટે એ તિથિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૦ વરાહ છાપના સુવર્ણ–સિક્કાનું દાન કર્યું હોવાનો ઉલ્લેખ છે.

શ્રવણ બેલ્ગોલના આ લેખોનું મૂળ પ્રયોજન ધાર્મિક હતું. લગભગ સો જેટલા લેખ મુનિઓ, શ્રાવકો, શ્રાવિકાઓનાં સમાધિમરણના સ્મારક લેખ છે, એટલા જ લેખ મંદિર-નિર્માણ, મૂર્તિપ્રતિષ્ઠા, દાનશાલા, વાચનાલય, મંદિરોના દરવાજા, રંગશાળાઓ, તળાવો, કુંડો, ઉદ્યાનો વગેરેના જીર્ણોદ્ધારને લગતા છે. બીજા સોએક લેખ મંદિરોના નિભાવ માટેના ખર્ચ, પૂજા, અભિષેક, આહારદાન વગેરે માટે ગ્રામ, ભૂમિદાન વગેરેને લગતા છે. ૧૬૦ લેખો સંઘો અને યાત્રીઓની તીર્થયાત્રાના સ્મારકલેખો અને ૪૦ કોઈ આચાર્ય, શ્રાવક કે યોદ્ધાની સ્તુતિને લગતા છે.

ભંડારી મંદિરની પૂર્વ બાજુએ બીજા સ્તંભ પરના લેખ (નં. ૧૩૭–લગ. શક ૧૦૮૦ – ઈ.સ. ૧૧૫૮)માં જણાવ્યા અનુસાર હોયસલવંશી નારસિંહ રાજાના મંત્રી હુલ્લરાજ દ્વારા ગુણચંદ્ર સિદ્ધાંતદેવના શિષ્ય નયકીર્તિ સિદ્ધાંતદેવને સવણેરુ ગ્રામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. હુલ્લરાજ વાજિવંશી યક્ષરાજ અને લોકામ્બિકેના પુત્ર હતા. એ મોટા જિનભક્ત હતા. રાચમલ્લ રાજાના મંત્રી (ચામુણ્ડરાય), વિષ્ણુ નરેશના મંત્રી ગંગણ (ગંગરાજ) અને નરસિંહદેવના મંત્રી હુલ્લ જૈન ધર્મના પોષક હતા. હુલ્લના ગુરુ કુક્કુટાસન મલધારિદેવ હતા. મંત્રી હુલ્લને જૈનમંદિરોનું નિર્માણ કરવામાં, જીર્ણોદ્ધાર કરવામાં, જૈનપુરાણ સંભળાવવામાં તથા જૈન સાધુઓને આહારાદિ દાન આપવામાં અત્યંત રુચિ હતી. એમણે બંકાપુરમાં પ્રાચીન બે મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, કોપણમાં નિત્યદાન માટે વૃત્તિઓનો પ્રબંધ કર્યો, ગંગનરેશો દ્વારા સ્થાપિત પ્રાચીન કેલ્લંગેરેમાં એક વિશાલ જિનમંદિર અને અન્ય ૫. મંદિરો બંધાવ્યાં અને બેલ્ગોલમાં કોટ, રંગશાળા અને બે આશ્રમો સહિત ૨૪ તીર્થંકર–મંદિર કરાવ્યાં.

## તીર્થયાત્રાના ઉલ્લેખો

લગભગ ૧૬૦ લેખો તીર્થયાત્રાને લગતા છે. એમાંના ૧૦૭ દક્ષિણ ભારતના યાત્રીઓના અને ૫૩ ઉત્તર ભારતના તીર્થયાત્રીઓના છે. દક્ષિણ ભારતના યાત્રીઓના ૧૦૭માંથી ૫૪ લેખોમાં માત્ર યાત્રીઓના નામોલ્લેખ મળે છે. બાકીનામાં યાત્રીઓનાં બિરુદ અને નામ મળે છે. શ્રીધરનૂ, વીતરાશિ. ચાવુંડય્ય, કવિરત્ન, અકલંક પંડિત, અલસકુમાર મહામુનિ, માલવ અમાવર, સહદેવ મણિ, ચંદ્રકીર્તિ, નાગવર્મ્મ, મારસિંગય્ય ઞને મલ્લિષેણ જેવા યાત્રિઓના નામોલ્લેખ–દેવ કે તીર્થવંદના કરી હોય તેવા મલ્લિષેણ ભટ્ટારકના શિષ્ય ચરેંગય્ય, અભયનંદિ પંડિતના શિષ્ય કોત્તય્ય, શ્રી વર્મ્મચન્દ્રગીતય્ય. નયનંદિવિમુક્ત-દેવના શિષ્ય મધુવય્ય વગેરેનો નિર્દેશ છે.

ઉત્તર ભારતના યાત્રાલેખો મારવાડીમાં અને હિંદી ભાષામાં છે. એમાંના ૩૬ લેખોની લિપિ નાગરી છે. ૧૭ લેખો મહાજની લિપિમાં છે.નાગરી લેખોનો સમય શક ૧૪૦૦થી શક ૧૭૬૦ છે. મોટા ભાગના લેખ કાષ્ઠાસંઘના છે. કેટલાક યાત્રીઓ સાથે એમની વઘેરવાલ જાતિ અને ગોનાસા કે પીતલા ગોત્રનો નિર્દેશ છે. કેટલાક લેખોમાં યાત્રીઓનાં નિવાસસ્થાનનો નિર્દેશ છે. મહાજની લિપિના ૧૭ લેખોમાં આગરા, અવધ અને પંજાબના પ્રદેશોમાં વ્યાપારી મહાજનોમાં પ્રચલિત મુંડા ભાષાનો પ્રયોગ થયેલો છે. કેટલાક પંજાબના પહાડી પ્રદેશોમાં પ્રચલિત ટાકરી લિપિનો પ્રયોગ પણ જોવા મળે છે. ઘણા ખરા યાત્રીઓ અગ્રવાલ અને સરાવગી જાતિઓના છે. ગોયલ અને ગર્ગ ગોત્રોનાં નામ મળે છે.

### *જીર્ણોદ્ધાર અને દાન*

ગોમ્મટેશ્વર મંદિરની ડાબી બાજુના પાષાણલેખ (લગ. શક ૧૧૧૮–ઈ.સ. ૧૧૯૬)માં મહાપસાયિત વિજણ્ણના જમાઈ ચિક્ક મદુકણ્ણે મહામંડલાચાર્ય ચંદ્રપ્રભદેવ પાસેથી ગંગ સમુદ્રની થોડી જમીન ખરીદી લઈ અને ગોમ્મટેશની નિત્ય પૂજામાં વીસ પુષ્પમાલાઓ માટે અર્પણ કરી હોવાનો નિર્દેશ છે. નં. ૯૧ (લગ. શક ૧૧૦૦–ઈ.સ. ૧૧૭૮) અનુસાર બેલ્ગોલના ઝવેરીઓએ ગોમ્મટેશ અને પાર્શ્વદેવની પૂજામાં પુષ્પો માટે પ્રતિવર્ષ પોતાના માણેકો ઉપર વાર્ષિક ફાળો આપવાનો સંકલ્પ કર્યો. લેખ નં. ૯૪ (લગ. શક ૧૧૯૭–ઈ.સ. ૧૨૭૫, ભાવ સંવત્સર)માં પ્રભાચંદ્ર ભટ્ટારક દેવના શિષ્ય બારકનૂરના મેધાવી સેટ્ટિની સ્મૃતિમાં ગોમ્મટદેવના અભિષેકાર્થ ૩ 'માન' (૬ શેર) દૂધ પ્રતિદિન ચઢાવવા માટે ૪ ગદ્યાણ (સુવર્ણનો સિક્કો)નું દાન કર્યું હોવાનું તથા નં. ૯૫ (લગ. શક ૧૧૯૭–ઈ.સ. ૧૨૭૫)ના લેખમાં ગોમ્મટદેવના નિત્યાભિષેક માટે સોમિ સેટ્ટિના પુત્ર હલસૂરનિવાસી કેતિ સેટિએ ૩ 'માન' દૂધ માટે ૩ ગદ્યાણનું દાન કર્યું હોવાનું જણાવ્યું છે, જેના વ્યાજમાંથી દૂધ લાવવાનું.

આમ શ્રાવણ બેલ્ગોલના જૈન શિલાલેખોમાંથી તે પ્રદેશના રાજકીય અને ધાર્મિક ઇતિહાસ વિશે વિપુલ માહિતી પ્રાપ્ત થાય છે. રાજવંશો, ધર્મ, આચાર્યોની વંશાવલી, ગચ્છોની માહિતી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવિલૂર–મયૂરસંઘ, કિત્તૂર (પૂજાટ)સંઘ, કોલાતૂરસંઘ, ભાષા, લિપિ, સિક્કાઓના ચલણ અંગેની માહિતી, કાલગણના અંતર્ગત લેખોમાં પ્રયોજાયેલ શક સંવત અને બાર્હસ્પત્ય સંવત્સરનો પ્રયોગ વગેરે વિશે ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ


Diskalkar, D. B., ***Inscriptions of Kathiawad***, pub. in New Indian Antiquary, Vols, I-III, Bombay, 1944

Fleet, J. F., ***Corpus Inscriptionum Indicarum***, Vol. III, Gupta Inscriptions, Calcutta, 1888

Parikh, P. C. & Shelat Bharati, ***The Image Inscriptions of Ahmadabad***, B. J. Institute, Ahmedabad, 1997

Sircar, D. C., `***Select Inscriptions***', Vol I, Calcutta, 1942

આચાર્ય, ગિરજાશંકર વલ્લભજી, 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ ૧, ૨ અને ૩, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૩, ૧૯૩૫, ૧૯૪૨.

કડિયા, ચન્દ્રકાન્ત, 'ખંભાતનાં જિનાલયો', શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ, ૨૦૦૦

કંચનસાગરસૂરિ, 'શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન', આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવંજ, ૧૯૮૨

જૈન, હીરાલાલ, 'જૈન શિલાલેખ સંગ્રહ', ૧૯૨૮

પરીખ, પ્ર. ચિ. અને શેલત ભારતી, 'ગુજરાતના અભિલેખો : સ્વાધ્યાય અને સમીક્ષા', અમદાવાદ, ૧૯૯૧

મુનિ. જયંતવિજયજી, 'અર્બુદ પ્રાચીન જૈનલેખ સંદોહ', આબુ ભાગ ૨, વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, ઉજ્જૈન, વિ.સં. ૧૯૯૪

મુનિ જિનવિજયજી, 'પ્રાચીન જૈન લેખસંગ્રહ', ભા. ૨, જૈન આત્માનંદ સભા, ભાવનગર, ૧૯૨૧

વિજયધર્મસૂરિ, 'પ્રાચીન લેખસંગ્રહ', ભાગ ૧, સં. મુનિ વિદ્યાવિજયજી, યશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર, ૧૯૨૯

વૈદ્ય, પોપટલાલ દોલતરામ, 'કપડવણજની ગૌરવગાથા', આગમોદ્ધારક ગ્રંથમાળા, કપડવણજ, ૧૯૮૪

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં., 'ગુજરાતના ઐતિહાસિક લેખ', ભાગ ૪ અને ૫, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. ૧૯૭૯, ૧૯૮૧

શાહ, અંબાલાલ પ્રે., 'જૈન તીર્થ સર્વસંગ્રહ, ભા. ૧, ખંડ ૧, પ્ર. શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ, ૧૯૫૩





**પીલરનું નકશીકામ દૃશ્ય**

**કચ્છના અનેક જૈનમંદિરોમાં સ્થાપત્ય અને શિલ્પકળાના આવા અનેક દૃશ્યો જોઈને હૈયું હિલોળે ચઢે છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુજરાતી સાહિત્યમાં જૈન સાહિત્યસ્વામીઓનું પ્રદાન

## (એક વિહંગાવલોકન)

—કોકિલા સિદ્ધાર્થ ભટ્ટ ★ સિદ્ધાર્થ નરહરિ ભટ્ટ



પ્રાકૃતભાષામાંથી લોકબોલીના આધારે અપભ્રંશ ભાષાના ટેકે વહેતી આવેલી આજની ગુજરાતી ભાષા આ ભાષામાં રચાતા સુંદર સાહિત્યથી સમૃદ્ધ છે, જીવંત છે, વિશ્વની અન્ય ભાષાઓ સામે ઉન્નત મસ્તકે ઊભી છે.

કળિકાળ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વર મહારાજને આપણે આ ભાષાના આદ્ય ગૌરવદાતા કે પિતામહની ભૂમિકાએ ઓળખી શકીએ.

જૈન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વર્ગે આ ભાષાના સાહિત્યને ભૂતકાળમાં અને આજે પણ જીવંત રાખ્યું છે, સમૃદ્ધ બનાવ્યું છે. રાસો, ફાગુ કાવ્યો, શલોકાઓ, છંદો, સજ્ઝાયો, સ્તવનો, સ્તુતિઓ, થોયો, બાલાવબોધ, ઈતિહાસલેખન, ચારિત્રાનુવાદ, પ્રાચીન સાહિત્યના ભાષાનુવાદ, નૂતન ચિંતન-કથા-લેખન-નિબંધ વગેરે વિવિધ વિવિધાઓથી આ સાહિત્યનો લોકોનાં હૈયાં સુધી પહોંચાડ્યું છે. ગુજરાતી સાહિત્યની શોભા વધારતા મુગુટ સમાન જૈન સાહિત્ય છે.

અગિયારમી સદીમાં ગુજરાતી ભાષા પ્રાકૃતમાંથી સ્વતંત્રરૂપ ધારણ કરવા માંડી, જેને આપણે ‘જૂની ગુજરાતી’ તરીકે ઓળખીએ છીએ. આ ભાષાસ્વરૂપમાં છેક પંદરમી સદીમાં થયેલા નરસિંહ મહેતાના કાળ સુધી બહુ ફેરફારો થયા નથી. રાજકીય રીતે અગિયારમી–બારમી સદીનો કાળ રાજપૂત રાજાઓનો સુવર્ણકાળ હતો. સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ એનાં ઝળહળતાં શિખરો છે. આ બંનેએ જૈનધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો. સિદ્ધરાજના પરમ ઉપદેશક કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય હતા અને કુમારપાળે તો સ્વયં જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. ગુજરાતની વેપારી પ્રજા શાંત અને અહિંસક વાતાવરણની પક્ષપાતી હતી એટલે જૈન ધર્મ આ પ્રદેશમાં ફૂલ્યોફાલ્યો હતો. જૈન સાધુઓ ધર્મમય પ્રવૃત્તિઓ કરવા સાથે જ્ઞાન–વિજ્ઞાન–કળા વિશે પણ એટલા જ સક્રિય રહેતા. એમાં ચાતુર્માસ વખતના સ્થિર નિવાસે આ લેખન–સર્જનની પ્રવૃત્તિને ખૂબ વેગ મળતો. ગુજરાતમાં જ પાટણ, અમદાવાદ, વઢવાણ, પાલિતાણા આદિના ગ્રંથભંડારો આની સાક્ષી પૂરે છે. પ્રાચીન પુસ્તકભંડારો અકબંધ સચવાઈ રહ્યા છે. આ ઘટના વિશ્વઈતિહાસમાં અજોડ છે.

પંદરમી સદીમાં વૈષ્ણવભક્તિનું મોજું ફરી વળ્યું અને કૃષ્ણભક્તિનાં કાવ્યોની રેલમછેલ ચાલી, તે પહેલાંની ચાર સદી જૈન સાહિત્યસ્વામીઓની હતી એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પહેલા ચરણને જૈનસાહિત્ય તરીકે જ ઓળખાવાય છે. સમાન્તરે, લોકસાહિત્યની ધારા ચાલતી હતી પણ બ્રહ્મભટ્ટ બારોટોના કંઠેથી વહેતી આ ધારાને કોઈએ શબ્દબદ્ધ કરી ન હતી, જ્યારે જૈનમુનિઓ ચાતુર્માસ દરમિયાન સાહિત્યને લિપિબદ્ધ કરવામાં જ પ્રવૃત્ત રહેતા. તેથી એ સાહિત્ય અકબંધ જળવાઈ રહ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરસિંહની ઊર્મિકવિતા વહેતી થઈ તે પહેલાં જૈન કવિઓએ ફાગુ, પ્રબંધ, ચરિઉ (ચરિત્ર), કક્કા, બારમાસી, દોહા, છંદ આદિ અનેક કાવ્યપ્રકારોમાં માતબર પ્રદાન કર્યું છે. એમાં માત્ર જૈનધર્મના યમનિયમની વાતો જ નથી, બલ્કે સમાજજીવનની સ્થિતિ–પરિસ્થિતિનાં વિવિધ ચિત્રો છે, રાજકીય ઉથલપાથલની વિગતો છે, કળા અને સંસ્કૃતિનાં આરસીરૂપ વર્ણનો છે, જીવનના વિવિધ રસોનાં પ્રતિબિંબો છે. કેટલીક કૃતિઓ તો યાવત્યંદ્રદિવાકરો પ્રશિષ્ટ કૃતિ તરીકે પ્રસ્થાપિત થયેલી છે. જૈનોએ જીવનવ્યવહારની આચારસંહિતા ઘડી છે તેને કારણે દેશના વિશાળ લોકસમૂહમાં જૈનોનું આગવું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે.

ગુજરાતી ભાષા ઉપરાંત તામિલ સાહિત્યનો વિકાસ–યશ જૈનોને ફાળે જાય છે. પ્રાચીન કન્નડ એન્સાઈક્લોપીડિયા પણ જૈન રચના છે. જૈનોનું વિશિષ્ટ અને પ્રતિષ્ઠાવંત પ્રદાન વિજ્ઞાનક્ષેત્રે પણ થયું છે. ભારત પ્રાચીનકાળમાં વિશ્વભરમાં વૈજ્ઞાનિક વિચારધારામાં મોખરે હતું એ મોખરાની હરોળમાં જૈન તત્ત્વચિંતકોએ મહત્ત્વની કામગીરી બજાવી હતી. જૈનોએ જ્ઞાનની એટલી બધી પ્રતિષ્ઠા કરી કે પ્રત્યેક જૈન સાધુને સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશી, અર્ધમાગધી ભાષાઓનું જ્ઞાન તો હતું જ. આ જૈન સાધુઓને પોતાનાં શાસ્ત્રો ઉપરાંત ષટદર્શન, તર્ક વગેરેનો અભ્યાસ હતો તેથી સાર્વજનિક સાહિત્ય પણ ખૂબ જ રચાયું. આમ મધ્યકાલીન યુગમાં જૈન સાધુઓએ ગજબનો પુરુષાર્થ કર્યો છે.

આ લેખમાળા રજૂ કરનાર પ્રા. સિદ્ધાર્થ ભટ્ટનાં ધર્મપત્ની શ્રીમતી કોકિલાબહેન પણ ગુજરાતી અને અર્ધમાગધી ભાષામાં અનુસ્નાતકની પદવી ધરાવે છે. જૈન હોવાને નાતે એમને જૈનધર્મનું અનુસંધાન હોય તે સ્વાભાવિક છે, પણ અભ્યાસકાળ દરમિયાન અર્ધમાગધી ભાષા–સાહિત્યમાં એમ.એ. થયાં તેમાં શિખરસ્થ વિદ્વાનોનો લાભ મળ્યો તે નોંધનીય છે. આ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાનોમાં પંડિત બેચરદાસજી, પંડિત સુખલાલજી, પુણ્યવિજયજી, દલસુખભાઈ માલવણિયા, હરિવલ્લભ ભાયાણી, વગેરે મુખ્ય હતા. કહેવાની જરૂર નથી કે આટઆટલા ગુરુજનોના સાન્નિધ્યે કોકિલાબહેનની પ્રજ્ઞા કેવી તો પરિમાર્જિત થઈ હોય, પાંગરી હોય, પ્રફુલ્લિત થઈ હોય! એમનાં લખાણોમાં એ જોઈ શકાય છે. હમણાં જ થોડા સમય પહેલાં તેઓ સ્વર્ગવાસી બન્યાં. આ પ્રકાશન જોવા તેઓ ન રહ્યાં તેનું અમને ભારોભાર દુઃખ છે. —સંપાદક

અમારી પાસે ભાલણકૃત 'બે નળાખ્યાન' નામનું પુસ્તક છે. શ્રીમંત ગાયકવાડ સરકારના આશ્રયથી રામલાલ ચૂનીલાલ મોદીએ સંશોધન કરી તે પુસ્તકનાં ઉપોદ્‌ઘાત અને ટીકા સાથે તેની પહેલી આવૃત્તિ ૧૯૨૪ (વિ.સં. ૧૯૮૦)માં પ્રગટ કરી હતી. રામલાલ, મૂળ પાટણના હતા અને તેમનું આ પુસ્તક અમદાવાદમાં સલાપસરોડ પર આવેલા દેવીલાલ છગનલાલ પરીખના 'ધી ડાયમંડ જ્યુબિલિ' પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયું હતું.

નળાખ્યાનની મૂળ કથા 'મહાભારત'માં કહેવાઈ છે. મહાભારતમાં આવી અનેક આડકથાઓ છે. મૂળ સંસ્કૃતમાં 'नलोपाख्यान' 'મહાભારત'ના વનપર્વમાં છે. એ મહાકાવ્યના વનપર્વમાં નળાખ્યાન જેવી ઘણી આડકથાઓ કહેવામાં આવી છે. નળાખ્યાનને કેન્દ્રમાં રાખીને ભારતની અનેક ભાષાઓમાં અનેક નાટકો, કાવ્યો, ચમ્પૂ કાવ્યો લખાયાં છે. મૂળ સંસ્કૃતમાં જ કેટલાંક જોઈએ તો **નૈષધીય** चरित, नलोदय, सहृदयानन्द, नलाभ्युदय, नलचम्पू જેવી ઘણી કૃતિઓ રચાઈ છે. વળી, જૈન કવિઓએ પણ નળાખ્યાનને ધ્યાનમાં રાખીને આ સંદર્ભમાં કેટલીક કૃતિઓ રચી છે. તેમાં નોંધપાત્ર માણિક્યચંદ્રની સો સર્ગની नलादन કાવ્યમય રચના; રામચન્દ્રનું નાટક नलविलास જેવી કૃતિઓ સાથે અન્ય કૃતિઓમાં दमयन्तीचम्पू, दमयन्तीप्रबन्ध અને नलकथा ને પણ મૂકી શકાય.

ગુજરાતી સાહિત્યના વિદ્વાન કે. કા. શાસ્ત્રીએ ગુજરાત સાહિત્ય પરિષદે પ્રકાશિત કરેલી 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના ગ્રંથ ૨ના ખંડ ૧માં ભાલણ વિશે વિસ્તારથી લખ્યું છે તેથી અમારે એમાં જવું નથી અને તેવું કરવું પ્રસ્તુત પણ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમારે રામલાલ મોદીએ પ્રગટ કરેલ 'બે નળાખ્યાન' વિશેના ભાલણના પ્રદાનના વિવાદમાં પણ પડવું નથી. અમારે તો એટલું જ કહેવું છે કે આપણી ગુજરાતી ભાષા વિશે કોઈએ નિર્દેશ કર્યો હોય તો તે ભાલણે કર્યો છે. તેના પ્રથમ નળાખ્યાનની શરૂઆતમાં જ ભાલણ કહે છે

ગુરુપદપંકજને પ્રણમું, બ્રહ્મસુતાને ધ્યાઉં,
ગુર્જરભાષાએ નબરાના ગુણ મનોહર ગાઉં,
નૈષધ, ચંપૂ, મહાભારતમાં કવિ કીર્તિ અતિ લીધી;
કાલાંને પ્રીછવવા ભાલણે ભાષા એ કીધી.......

ગુજરાતી ભાષામાં પહેલી કૃતિ કઈ એ વિવાદ સાથે આ ગ્રંથને કોઈ નિસ્બત નથી અને તેની ચર્ચામાં પડવાનું અમારે માટે પ્રસ્તુત પણ નથી. અમારે તો એટલું જ નોંધવું છે કે, અન્ય કોઈ પ્રમાણ મળે નહીં ત્યાં સુધી આપણી ભાષાને 'ગુર્જરભાષા' કહેનાર પહેલો કવિ–આખ્યાનકાર ભાલણ હતો. તે સાથે અમારે એ પણ ભારપૂર્વક કહેવું છે કે પ્રવર્તમાન સમયમાં બોલાતી અને લખાતી ભાષા સદાકાળ એ જ સ્વરૂપની હોતી પણ નથી. પ્રજાઓ અનેક હેતુઓ સર સ્થળાંતરો કરતી રહે છે. નવા સ્થળે, મૂળ સ્થળમાં બોલાતી અને લખાતી ભાષા લઈ જાય છે તો ત્યાંના વસવાટ દરમિયાન નવા પ્રદેશની ભાષાના ઘણા બધા પ્રયોગો તેમાં ઉમેરાતા જાય છે. જૂના અને નવાના સમન્વયમાં કંઈક ત્રીજો અવતાર થાય છે. એ પણ કાળક્રમે બદલાતો જાય છે. જીવનશૈલી, રીતરિવાજો, અનુભવો, વ્યવસાયો, અર્થવ્યવસ્થા, ભિન્ન અર્થવ્યવહારો ભાષા પર પ્રભાવ પાડે જ છે. રાજશાસનો, વહીવટ, નાણાંવટ, સ્થાનિક ધર્માનુભૂતિ, પ્રાદેશિક અનુભૂતિઓ, વિદેશી વ્યાપારી આદાન–પ્રદાનો જેવી કંઈ કેટલીય બાબતોએ આપણી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી છે. જો, મૂળ સંસ્કૃત–પ્રાકૃતમાંથી ગુજરાતી ભાષાનાં મૂળિયાં ઊખડી ગયાં નથી અને કોઈને કોઈ શબ્દસ્વરૂપે અલપઝલપ લખાણની ભાષામાં વ્યવહારમાં રહ્યાં છે તો નરસિંહ મહેતાના પંદરમાં શતકથી અત્યારના ગુજરાતમાં ઇસ્લામના આગમનથી ગુજરાતી ભાષાનું ક્લેવર જ બદલાતું જતું જોવા મળે છે. 'ગુજરાતી સાહિયનો ઇતિહાસ' (ગ્રંથ : ૨, ખંડ : ૧–ઈ.સ. ૧૪૫૦–૧૬૫૦)માં ઉમાશંકર જોશીએ નરસિંહના સમય વિશે લખ્યા પ્રમાણે ખુદ નરસિંહ ભગવાન શ્રીકૃષ્ણે સ્વહસ્તે નરસિંહના ગળામાં હાર પહેરાવ્યા વિશેનો ઉલ્લેખ નરસિંહ 'હારમાળા'માં વર્ણવતાં કહે છે : "સંવત પંનર બારોતર સપતમી અને સોમવાર રે, વૈશાખ અજુઆલિ–પખે નરસિંની આવ્યો હાર રે. ગણિતની દૃષ્ટિએ જોવામાં આવે તો વર્ષ, વાર અને તિથિ (તારીખ ૧૨ જુલાઈ, ૧૪૫૬) બંધ બેસે છે.

ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતાને આદ્ય કવિ કહ્યા છે તે સ્વીકારી લઈએ તો નરસિંહ મહેતા પહેલાં છેક અગિયારમી સદીથી જૈન કવિઓએ કરેલા પ્રદાનનું પગેરું પણ મળે છે. નરસિંહ મહેતાને ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધિ મળી તેટલી તેમની પૂર્વે થઈ ગયેલા જૈન કવિઓને મળી નથી. વિવિધ શાસનો દરમિયાન સાહિત્યક્ષેત્રે જૈન અને જૈનેતર સાહિત્યકારોનું પ્રદાન થતું રહ્યું છે તેની ઘણી બધી વિગતો ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રસિદ્ધ કરેલી ગ્રંથશ્રેણીમાં આપવામાં આવી છે તેથી તેની વિગતોમાં અમારે જવું નથી. કોઈપણ ભાષાનું પૂરેપૂરું ચિત્ર આપવું શક્ય નથી. ભાષા અંતે વ્યવહારાર્થે પ્રયોજાતું પ્રતીકતંત્ર હોવાથી બદલાતા સંજોગોમાં સાંપડતી અનુભૂતિને આધારે તેનું ક્લેવર બદલાતું જ રહે છે. કોઈપણ પ્રદેશમાં શુદ્ધ સ્વરૂપે એક જ પ્રજાસમૂહ જોવા મળતો નથી તેથી વિવિધ પ્રજાસમૂહોના એકત્ર થવાથી સર્જાતી ભાષા નવાં સ્વરૂપો પકડતી જાય છે. જો, ભાષામાં બોલી–ભેદો ભળતાં, ભાષાની સ્થિતિ અનેક પર્વતમાળામાંથી વહેતી નદી જેવી થાય છે. આપણે તેમાં જતા નથી. અગિયારમી સદીથી આજની ગુજરાતી ભાષાનું કંઈક પગેરું મળે છે ત્યારે તે સમયે થઈ ગયેલા જૈન કવિઓને ભૂલી શકીએ નહીં. આ લેખનો હેતુ ગુજરાતી ભાષાવિકાસને આલેખવાનો નથી જ. અમારે માટે એટલું કહેવું પર્યાપ્ત થશે કે ઘણી બધી રીતે શાસન અને સમાજવ્યવસ્થા ભાષા પર પ્રભાવ પાડે છે અને છતાં શાસકો બદલાતાં ક્યાંક જે તે ભાષાનો સાહિત્યિક પ્રવાહ ક્યાં પુષ્ટ બને છે કે સંકાચોય છે અને છતાં એ પ્રવાહ છેક બંધ પડતો નથી.

અગિયારમી સદીથી અઢારમી શતક સુધીના કેવળ જૈન કવિઓની કૃતિઓને જોવામાં આવે તો ત્યારના પ્રચલિત સાહિત્યિક પ્રકારનો પૂરેપૂરો પ્રયોગ થયેલો છે. રાસ અને દાંડિયારાસ જેવા નૃત્તપ્રકારોથી માંડીને બારમાસી, છપ્પય, વિવાહલુ, ફાગુ જેવાં સ્વરૂપોનાં અગણિત ઉદાહરણો જોવાં મળે છે. તો, પૌરાણિક, ઐતિહાસિક, બોધક, લૌકિક કથાઓ, રૂપકો જેવા પ્રકારોનો ભરપૂર પ્રયોગ–ઉપયોગ ત્યારના જૈનકવિઓએ કર્યો છે. સામાન્યતઃ ફાગુ સાહિત્યને શૃંગારના અર્થમાં જોવામાં આવે છે, કારણ કે તેને ફાગણ (ફાલ્ગુન) સાથે સીધી નિસ્બત છે. વસંતને સ્થૂળ અર્થમાં યૌવન સાથે સાંકળવામાં ઘણી બધી માન્યતાઓ અને ગેરસમજો ફાગુ સાહિત્ય સાથે જોડાએલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારી કવિઓ ફાગુ સાહિત્યની રચના કરે તેને સહજ લેખવામાં આવે તો જૈન સાધુ કવિઓએ પણ ઠીક ઠીક પ્રમાણમાં ફાગુ સાહિત્યનું ખેડાણ કર્યું છે.—છતાં, અત્રે એટલું યાદ રહે કે જૈન સાધુ કવિઓએ ફાગુનો સીધો સંબંધ માનવશરીર સાથે નહીં પરંતુ પ્રકૃતિ—કુદરત સાથે કર્યો છે અને તેથી તેમની કૃતિઓ આસ્વાદ્ય બનતી હોવા છતાં શૃંગારિક બનતી નથી.

અમારી પાસે શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)એ પ્રગટ કરેલી દસ ભાગની ગ્રંથ શ્રેણી 'જૈન ગુર્જર કવિઓ' છે. બીજી સંશોધિત આવૃત્તિ નવેમ્બર ૧૯૮૬માં પ્રગટ થઈ અને તેના સંપાદક જયંત કોઠારી છે. મૂળ, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ, તેમના વકીલાતના વ્યવસાય દરમ્યાન ચાર દાયકાની મહેનત કરી 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને 'જૈન ગુર્જર કવિઓ' (ત્રણ ભાગ) પ્રગટ કરેલા. 'જૈન ગુર્જર કવિઓ'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ (મુંબઈ)એ કરેલું ત્યારે તેના પ્રમુખ દીપચંદ ગાર્ડી હતા. બીજી આવૃત્તિનું પ્રકાશન તેમની પરવાનગીથી શ્રી મહાવીર જૈન વિદ્યાલય (મુંબઈ)એ કર્યું. બીજી આવૃત્તિનું સંશોધિત સંપાદનનું કામ જયંત કોઠારીને આપવામાં આવ્યું હતું. મોહનલાલ દલીચંદ 'જૈન યુગ'ના તંત્રી પણ હતા. તેમનું 'જૈન ગુર્જર કવિઓ'નું પ્રથમ પ્રકાશન જૂન ૨૬, ૧૯૨૬માં થયું હતું. એ પ્રથમ પ્રકાશન થયું તે પહેલાં તેમણે એકલે હાથે કેટલી બધી મહેનત કરી હતી તે તો તે આવૃત્તિમાં તેમણે કરેલા નિવેદન પરથી જ જાણવા મળે છે. જે કામ એક યુનિવર્સિટી ન કરી શકે તેટલું બધું કામ મોહનલાલે કર્યું છે. તેવું જ, સૌરાષ્ટ્રના લોકસાહિત્યને એકઠું કરવાનું કામ ઝવેરચંદ મેઘાણીએ કર્યું છે.

મોહનલાલ દલીચંદે કરેલા પ્રકાશનમાં કુલ ૪,૦૬૧ પૃષ્ઠોમાં ૯૮૭ જૈન કવિઓ, ૧૪૧ જૈન ગદ્યકારો અને ૯૦ જેટલા જૈનેતર કવિઓને આવરી લીધા છે. કૃતિઓની સંખ્યા જ ૨,૫૦૦ જેટલી થાય છે. સમગ્ર પ્રકાશનમાં કર્તા, કૃતિ, સ્થલ—કાલ, શાસનકર્તાઓ, જૈન કર્તાના ગચ્છ, લહિયાઓનાં નામ સુદ્ધાં આપ્યાં છે. જૈન કર્તા હોય તો તેમનો પરિચય, જો સંસારત્યાગી હોય તો તેમના ગુરુનાં નામ અને તેમનો પરિચય, રચનાસમય (વિક્રમસંવત, મહિનો, તિથિ, વાર ઈત્યાદિ), કૃતિનો સમગ્ર રચનાસમય, કૃતિની રચનાનું સ્થળ, કૃતિનો આદિ અને અંતભાગ, સંભવિત લખ્યા વર્ષ જેવી ઝીણી વિગતોમાં મોહનલાલ ગયા છે. વળી, ભાષાની દૃષ્ટિએ કડવું, છંદ, ઢાળ, રાસ, પ્રબંધ જેવાની વિગતો પણ આપી છે. મોહનલાલે કૃતિના આદિ અને અંત જ આપ્યા છે અને તે સ્વાભાવિક છે. સમગ્ર કૃતિ આપવામાં કેટલા ગ્રંથોમાં પ્રકાશન થશે અને તેને છાપનાર પણ મળશે કે કેમ એ પ્રશ્ન કદાચ મોહનલાલને સતાવતો રહ્યો હશે. છતાં, શક્ય એટલા પ્રમાણમાં કૃતિની મૂળ હસ્તપ્રત ક્યાં (અંગત માલિકી, જ્ઞાનભંડાર વગેરે) પડેલી છે તે અવશ્ય જણાવ્યું છે જેથી જિજ્ઞાસુ મૂળ કૃતિને માણી શકે. હસ્તપ્રતો ક્યાં પડેલી છે તેની વિગતો પણ તેમણે આપી છે. આધારસામગ્રી અને અન્ય જરૂરી વિગત તેમણે સાંકેતિક અક્ષરોથી આપી છે.

આ પરિચય લેખમાં ભાષાવિજ્ઞાન, પિંગળ જેવાનો આધાર લઈ 'જૈન ગુર્જર કવિઓ'ને તપાસવાનો કોઈ આશય નથી અને તે સંદર્ભમાં અમારી પાસે કોઈ શક્તિ પણ નથી તો, છેક અગિયારમી સદીથી અઢારમી સદી સુધીના જૈન કવિઓના પ્રદાન પર ભાષ્ય લખવાનું જ્ઞાન અમારી પાસે કેમ હોય? મૂળ મુંબઈ રાજ્યથી ગુજરાત રાજ્ય સ્વતંત્ર રાજ્યનો દરજ્જો પામ્યું છે ત્યારે ગુજરાતનાં વિદ્યાધામો (કોલેજો, યુનિવર્સિટીઓ) તેમના ગુજરાતી ભાષાના અભ્યાસક્રમમાં આ વિશાળ સાગરમાંથી પસંદ કરી વિદ્યાપિપાસુઓની જ્ઞાનની અને બોલાતી જતી ગુજરાતી ભાષાનો આસ્વાદ આપવાનું કામ તો કરી શકે જ. અમારા મર્યાદિત જ્ઞાનમાં અમે એટલું તો જાણીએ છીએ કે ગુજરાતી ભાષાના અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકોમાં આ કર્તાઓ અને તેમની કૃતિઓ સુદ્ધાંનો ઉલ્લેખ થયેલો જોવા મળતો નથી.

ત્યારે, આ લેખ થકી સેંકડો કર્તાઓની અઢળક કૃતિઓના કેટલાક અંશો અમે આપી શકીશું તો પણ મહાસાગરમાંથી એકાદ ટીપાનો વાચકોને આસ્વાદ કરાવ્યાનો સંતોષ લઈ શકીશું. આ કહીશું ત્યારે જે તે શતકની શાસનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, સમાજના પ્રજાસમૂહો તેમના આચાર—વિચાર અને વ્યવહારો, જે તે સમયે પ્રવર્તતા સાંસ્કૃતિક પ્રવાહો જેવી બાબતો રોમાંચક હોવા છતાં અમે તેમાં જઈ શકતા નથી એ અમારા ખેદને છુપાવતા પણ નથી. અંતે, જેવો સમાજ તેવું તેનું સાહિત્ય એ અમારી માન્યતા છે. સમાજને થતી અનુભૂતિથી ભિન્ન કેવળ મનોવિહાર—સ્વૈરવિહાર કરતું સાહિત્ય હોઈ શકે ખરું? એ સાહિત્ય સમાજ, માનવમન અને સમાજવ્યવહારોને વ્યક્ત કરતું હોય તો તેવા સાહિત્ય થકી જે તે સમયે રચાયેલા સાહિત્યનો અભ્યાસ એ સમાજને સમજવામાં મદદરૂપ થાય. મુંબઈ સ્થિત શ્રી મહાવીર જૈન વિદ્યાલયે જયંત કોઠારી પાસે મોહનલાલ દલીચંદ દેસાઈના મૂળ સાહિત્યનું સંશોધન—સંપાદન પ્રગટ કરીને સમગ્ર સમાજ પર મોટો ઉપકાર કર્યો છે.

સમગ્ર શ્રેણીના દસ ગ્રંથો છે. સાતમા ભાગમાં કર્તાઓની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ણાનુક્રમણી, કૃતિઓની વર્ણાનુક્રમણી (જૈન અને જૈનેતર), કૃતિઓની વર્ણાનુક્રમણી (જૈન કૃતિઓમાં ઐતિહાસિક પદ્ય અને ગદ્ય, કથનાત્મક ગદ્ય અને પદ્ય, જ્ઞાનાત્મક ગદ્ય અને પદ્ય, પદ્યની કૃતિ, પ્રકારનામસૂચિ, હિંદી–રાજસ્થાની કૃતિ અને જૈનેતર કૃતિઓમાં ઐતિહાસિક ગદ્ય અને પદ્ય, કથનાત્મક ગદ્ય અને પદ્ય, જ્ઞાનાત્મક ગદ્ય અને પદ્ય, અન્ય કૃતિઓ, પ્રકારનામસૂચિ હિંદી–રાજસ્થાની કૃતિ), કૃતિઓની સંવતવાર અનુક્રમણિકા, નામોની વર્ણાનુક્રમણી (વંશનામો, વંશગોત્રાદિ નામો, સ્થળનામો), પરિશિષ્ટ (સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓની વર્ણાનુક્રમણી અને લહિયાઓનાં નામોની વર્ણાનુક્રમણી) તથા સાંકેતિક અક્ષરોની સમજ (આધારસામગ્રી અને તેનો સાંકેતિક અક્ષરો, ગચ્છનામોના સાંકેતિક અક્ષરો, અન્ય અક્ષરો) જેવી વિપુલ માહિતી મળે છે. આઠમા પુસ્તકમાં દેશીઓની અનુક્રમણિકા અને જૈન કથાનામકોશ આપેલાં છે.

દસમા ભાગમાં સાત વિભાગો છે. વિભાગ એકમાં ત્રણ પ્રકરણો છે. પ્રકરણ ૧માં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ (સ્વાભાવિક ભાષા પ્રવાહો, જૈન સૂત્રોની ભાષા, પ્રાકૃત ભાષાઓ, પ્રાકૃત કવિતાનું ઊંચું આસન, ભૂતભાષાઓ એવી શૌરસેની અને પૈશાચી, અપભ્રંશ અને જૂની હિંદી–ગુજરાતી) છે. પ્રકરણ ૨માં પ્રાકૃત પ્રત્યે જૈનોની રુચિ અને અપભ્રંશની વિશેષતાઓના મુખ્ય વિષયમાં અપભ્રંશની વિશેષતાઓ વર્ણવી છે. પ્રકરણ ૩માં અપભ્રંશ અને તેની જીવંતતા અપભ્રંશ વિશેની વિગતો અને અપભ્રંશની વિશેષતાઓની વિગતો છે.

વિભાગ ૨ (અપભ્રંશ સાહિત્ય)માં કુલ પાંચ પ્રકરણો છે. પ્રકરણ ૧માં દશમી સદી સુધીનું અપભ્રંશ સાહિત્ય પૂરતી વિગતો સાથે આપ્યું છે અને તેમાં વીસમી સદી સુધીમાં મળેલું અપભ્રંશ સાહિત્ય, આઠમીથી દશમી સદી સુધીનું સાહિત્ય અને છેલ્લે દશમી સદીના સાહિત્યની વિગતો એ પ્રકરણમાં મળે છે. પ્રકરણ ૨માં અગિયારમી સદીનું અપભ્રંશ સાહિત્ય કેવું હતું તેના નમૂના આપવામાં આવ્યા છે. પ્રકરણ ૩માં, બારમી સદીના અપભ્રંશ સાહિત્યનો આસ્વાદ કરાવવામાં આવ્યો છે. પ્રકરણ ૪માં તેરમી, ચૌદમી અને પંદરમી સદીની અપભ્રંશ સાહિત્ય સમેત અનિર્ણીત સમયની નાની કૃતિઓમાંની કેટલીક કૃતિઓ જણાવવામાં આવી છે. પ્રકરણ ૬માં સોળમી સદીનું અપભ્રંશ સાહિત્ય એ શીર્ષક હેઠળ એ સદીના ગુર્જર સાહિત્યમાં જૈનોના ફાળા અને વીસમી સદી સુધી અપ્રગટ સાહિત્ય વિશે માહિતી આપવામાં આવી છે.

વિભાગ ૩ ઘણો અગત્યનો છે. તેમાં કુલ ૯ પ્રકરણો છે. પ્રકરણ ૧માં હેમચન્દ્રાચાર્યના વ્યાકરણ સમેત પાણિનીના વ્યાકરણની વાત વણી લેવામાં આવી છે. પ્રકરણ–૨માં 'દેશીનામમાલા' અને 'કુમારપાલચરિત' જેવી સાહિત્યિક કૃતિઓ વિશેનું લખાણ છે. પ્રકરણ ૩માં હેમચન્દ્રાચાર્યનું જીવનચરિત્ર અને તેમના સાહિત્યિક પ્રદાન વિશેષ ચર્ચા કરવામાં આવી છે તે સાથે 'સિદ્ધહેમ' વ્યાકરણ વિશે પણ ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ ૪ પણ હેમચન્દ્રાચાર્ય વિશે છે અને તેમાં સંસ્કૃત, પ્રાકૃત અને દેશી (ભાષાઓ), 'દેશીનામમાલા' વિષયક યોજના, હેમચન્દ્રાચાર્યનું અપભ્રંશ અને અપભ્રંશભેદો અને છેલ્લે હેમચન્દ્રાચાર્ય પછીની ભાષાકીય સ્થિતિ વર્ણવવામાં આવી છે. પ્રકરણ ૫ 'કુમારપાલચરિત'માં આપવામાં આવેલા અપભ્રંશ પદ્યો વિશે નોંધ જોવા મળે છે. પ્રકરણ ૬થી ૮માં હેમચન્દ્રાચાર્યે રચેલા વ્યાકરણમાં આપવામાં આવેલાં અપભ્રંશ ઉદાહરણો વિશે માહિતી મળે છે.

વિભાગ ૪ સોમપ્રભાચાર્ય રચિત 'કુમારપાળપ્રતિબોધ' વિશે છે અને આ વિભાગમાં કુલ પાંચ પ્રકરણો છે. પ્રકરણ ૧માં સોમપ્રભસૂરિ વિશે લખાણ છે. પ્રકરણ ૨માં 'કુમારપાલ-પ્રતિબોધ'માં આપવામાં આવેલા ઈતિહાસ અને જૈનકન્યાઓનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રકરણ ૩માં 'કુમારપાલપ્રતિબોધ'ની રચના વિશે જણાવવામાં આવ્યું છે. પ્રકરણ ૪માં સોમપ્રભાચાર્યે આપેલાં અપભ્રંશ ઉદાહણોમાંનાં કેટલાંક ઉદાહરણો આપવામાં આવ્યાં છે. એ વિભાગના છેલ્લા પ્રકરણ ૫માં સોમપ્રભ અને સિદ્ધપાલે રચેલી પદ્યકૃતિઓની વાત આલેખવામાં આવી છે.

વિભાગ ૫ મેરુતુંગસૂરિની રચના 'પ્રબંધચિંતામણિ' વિશે છે અને આ વિભાગમાં પાંચ પ્રકરણો છે. પ્રકરણ ૧માં 'પ્રબંધચિંતામણિ' વિશેની વિગતો છે. પ્રકરણ ૨માં 'પ્રબંધચિંતામણિ'ના રચનાકાળ સમયના જૈન સંસ્કૃત વિશે વિગતો છે. પ્રકરણ ૩ અને ૪ 'પ્રબંધચિંતામણિ' કૃતિનાં કેટલાંક ઉદાહરણો આવરી લે છે. છેલ્લા પ્રકરણ ૫–માં પ્રાચીન ગુજરાતી સુભાષિતોનાં કેટલાંક ઉદાહરણો આપ્યાં છે.

વિભાગ ૬ અપભ્રંશ વિશેની કેટલીક હકીકતોને આવરી લે છે અને તેમાં કુલ પાંચ પ્રકરણોમાંનાં પહેલાં ત્રણમાં અપભ્રંશ વિશે પ્રાચીનકાળમાં કરવામાં આવેલા કેટલાક ઉલ્લેખો વિશે નિર્દેશ જોવા મળે છે. પ્રકરણ ૪ અગત્યનું છે અને તેમાં અપભ્રંશના સમય વિશે કહેવામાં આવ્યું છે. છેલ્લું ૫–મું પ્રકરણ અપભ્રંશ અને આભીરના દેશાનુદેશ વિહાર વિશેનું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેલ્લા અને વિભાગ ૭માં જૂની ગુજરાતી વિશેની કેટલીક અર્થસ્પષ્ટતા આપવામાં આવી છે. તેમાં બે પ્રકરણો છે. આપણા પ્રસ્તુત લેખના સંદર્ભમાં તે અગત્યનાં છે. પ્રકરણ ૧માં ગુર્જરો અને ગુર્જર દેશ વિશે ઠીક ઠીક માહિતી આપવામાં આવી છે. પ્રકરણ ૨માં આપણી દેશી ભાષાઓના ઉદ્ભવ વિશે કહેવામાં આવ્યું છે. તેમાં, કરવામાં આવેલા વિધાન અનુસાર 'પૂર્વની ભાષાઓ મટીને આપણી દેશી ભાષાઓ નવી બની નથી?, છેલ્લા પ્રકરણ ૩માં એક સાહિત્યભાષા તરીકે ગુજરાતીને મૂલવવામાં આવી છે એટલું અવશ્ય કહીશું. મોહનલાલ દલીચંદભાઈ દેસાઈની વર્ષોની સાધનાને અંતે થયેલાં પ્રકાશનને જયંત કોઠારીએ વ્યવસ્થિત રીતે સંપાદિત કર્યું અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે (મુંબઈ) પ્રગટ કર્યું એ માટે કેવળ ગુજરાત ઋણી નથી–સમસ્ત ભારત ઋણી છે. ભાષા ક્યાં ઉદ્ભવ પામે છે એ ક્યારેય નક્કી થઈ શકે નહીં અને છતાં તેમાં કાળક્રમે બદલાતા સમાજ અને સંજોગો થકી કેવાં પરિવર્તનો આવે છે અને ભાષા પુષ્ટ થતી જાય છે એ તો શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આ ગ્રંથ શ્રેણી જ ઉદાહરણરૂપ છે.

આપણે, જૂની હિન્દી–જૂની ગુજરાતીના મૂળમાં જવું નથી. તો, એ સંદર્ભમાં અપભ્રંશ, પ્રાકૃત, પાલિ, સંસ્કૃત જેવી ભાષાને પણ તપાસવી નથી અને આ ગ્રંથ અને વિશેષ કરીને આ લેખ માટે એ પ્રસ્તુત પણ નથી. સાતમા શતકથી બારમા શતક સુધીના આદિ ગુજરાતી ભાષાનાં પરિવર્તનો રોમાંચક હોવાં છતાં એ પણ જોવાં નથી. એટલું અવશ્ય કહીશું : બારમા શતકથી અઢારમા શતક સુધી આપણી ભાષા કેવી બદલાતી રહી તેનાં કેટલાંક ઉદાહરણો આપીશું. અમે મોહનલાલ દલીચંદભાઈ અને જયંતભાઈના તો ઋણી છીએ જ તે સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલય પરત્વેનું ઋણ વ્યક્ત કરવા જેટલી અમારી અભિવ્યક્તિની ભાષામાં શક્તિ નથી. એ સંસ્થાનો આભાર માનીને તેણે પ્રગટ કરેલી ગ્રંથ શ્રેણીમાંથી કેટલાંક ઉદાહરણો લઈશું. એટલું યાદ રહે, ગુજરાતી ભાષા 'સું સાં પૈસા ચાર' નથી જ. પાણિનિએ વ્યાકરણ આપ્યું તો આપણા હેમચંદ્રાચાર્યના એટલા જ યોગદાનનો સ્વીકાર કરવો રહ્યો.

હેમચન્દ્રાચાર્યનો જન્મ વિ.સં. ૧૧૪૫માં અને અવસાન વિ.સં. ૧૨૨૯માં થયું. તેમનાથી પ્રેરિત કુમારપાળે જૈનધર્મ સ્વીકાર્યો અને કુમારપાળના આગ્રહથી હેમચન્દ્રાચાર્યે છત્રીસ હજાર શ્લોકો ધરાવતી રચના 'ત્રિષષ્ટિ–શલાકાપુરુષ–ચરિત્ર' કરી. હેમચન્દ્રાચાર્યને કુમારપાળે સાતસો જેટલા લહિયા પૂરા પાડ્યા હતા. એ પહેલાં રાજા સિદ્ધરાજની વિનંતીથી 'સિદ્ધહેમચન્દ્ર–શબ્દાનુશાસન' ('સિદ્ધહેમ') વ્યાકરણની રચના કરી. તે સિવાય તેમણે અનેક કોશ, છંદાનુશાસન, કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, દ્વયાશ્રયકાવ્ય, દેશીનામમાલા, ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત, પરિશિષ્ટપર્વ, ધાતુપારાયણ જેવા અનેક ગ્રંથોની રચના કરી હતી. આપણે તેમનાં લખાણોની વિગતમાં ઊતરવું નથી. એ કામ ભાષાશાસ્ત્રીઓનું છે. તેમણે રચેલા વ્યાકરણનાં કેટલાંક ઉદાહરણો જોઈ ગુજરાતી ભાષા, વિશેષે કરીને જૈન સાહિત્યકારોએ તેમાં જે યોગદાન આપ્યું, તેનો પ્રવાસ કરતાં કરતાં આપણે આગળ પ્રવાસ કરીએ. હેમચન્દ્રાચાર્યથી આપણો વિચારપ્રવાસ શરૂ કરીએ.

ધવલુ વિસૂરઈ સામિઅહો ગરુઆ ભરુ પિક્ખેવિ,
હઉં કિં ન જુત્તઉ દુહું દિસિહિં, ખંડઈ દોણ્ણિ કરેવિ.

અહીં 'ધવલ'ના બે અર્થ થાય : એક શ્વેત અને બે વૃષભ (ધોળિયો), બળદ વિષાદ કરે છે કે "હું બે ખંડ કરીને બંને દિશાએ–બાજુએ જુતાણો કેમ નહીં".

જૈનસમુદાયમાં 'કષાય' શબ્દ પ્રચલિત છે અને કદાચ જૈનેતરોમાં એ બહુ પ્રચલિત નથી. તેનો અર્થ મોહ, માયા, લોભ, માન, ક્રોધ, વગેરે થાય છે. એટલે પ્રચલિત જૈન માન્યતા અનુસાર જે 'કષાય'નો ત્યાગ કરે છે, તે કેવળપદ પામે છે, મોક્ષ પામે છે. કશું પણ બાકી ન રહે એટલે જ અશેષ. કદાચ, જૈન ધાર્મિક ક્રિયામાં અંતરાયકર્મની પૂજાને અર્થ કષાય–મુક્તિ થતો હશે. જે કષાયબલને જીતે છે તે મોક્ષ પદ પામે છે. ત્યારે, હેમચન્દ્રાચાર્યના આ ઉદાહરણ ('જૈન ગુર્જર કવિઓ, ભાગ–૧૦, પ્રા. ૧૧૮–૧૧૯) લઈએ :

જેપ્પિ અસેસુ કસાય–બલુ, દેપ્પિણુ અભઉ જયસ્સુ,
લેવી મહવ્વય સિવુ લહહિં, ઝાએવિણુ તત્તસ્સુ.

અર્થાત્, જે અસેસુ (અશેષ–કષાયવિહિન અવસ્થા) અથવા કષાયબલને જીતે છે તે જગતને અભય આપે છે અને તત્તસ્સુ (તત્ત્વ)નું ધ્યાન ધરીને મોક્ષ પામે છે. અહીં સિવુ એટલે શિવ અર્થાત્ કલ્યાણ કે મોક્ષ અર્થ કરવો. હેમચન્દ્રાચાર્યની કૃતિઓનો જ કોશ થઈ શકે તેમ છે. શ્રુત અને લેખિત સાહિત્યને નિસ્બત છે ત્યાં સુધી પહેલાં પદ્ય આવ્યું અને પછી ગદ્ય. માટે હેમચન્દ્રાચાર્ય પહેલાંના સઘળાં સાહિત્યમાં શુદ્ધ ગદ્યકૃતિ મળતી નથી. જૈનોમાં શ્રુત પ્રકાર સાથે લેખિત સાહિત્યની પ્રથા ચાલુ રહી. માટે, કમસે કમ, ગુજરાતી ભાષામાં તો પ્રાચીન સાહિત્યનાં જૈનકૃતિઓનાં જ ઉદાહરણો મળી આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્રમ સંવત ૧૨૪૧માં સોમપ્રભસૂરિએ 'કુમારપાળ પ્રતિબોધ'ની રચના કરી હતી. વિ.સં. ૧૨૩૦માં કુમારપાળનું મૃત્યુ થયું હતું. સોમપ્રભસૂરિએ કરેલી રચનાનું એક ઉદાહરણ જોઈએ

વિણુ ધમ્મહ [ન રક્ખઈ] મરણુ
વિણુ ધમ્મહ અન્નુ ન અત્થિ સરણુ (એ જ, પા. ૧૪૫)

અર્થ સરળ છે. 'વિણુ' એટલે વિના અને 'ધમ્મહ' એટલે ધર્મ. મૃત્યુને ધર્મ સિવાય કોઈ રોકી શકતું નથી અને ધર્મ સિવાય અન્ય કોઈ શરણું નથી. તેરમી સદીના આ ઉદાહરણને આજે પણ સારી રીતે સમજી શકાય છે. 'એકલકે ધમ્મિણ લહઈ મુક્ખુ' (એ જ, પા. ૧૪૫). અર્થાત્ કેવળ ધર્મથી જ મોક્ષ મળે છે. વિક્રમ સંવત ૧૨૦૦ના શતક દરમિયાન, એ સમયથી જે કંઈ જૂની-હિન્દી અને જૂની ગુજરાતી અથવા ગુર્જર-મારવાડી ભાષા હશે તેમાં સુભાષિતો પણ લખાતાં હતાં. જોકે, પદ્યની પેઠે સુભાષિતો સર્વકાલીન રચનાઓ છે. જેમકે, 'અંબડસ્થાનક', 'સૂક્તાવલી', 'સિદ્ધચક્રમહિમસૂક્ત' વગેરે (એજ, પા. ૧૭૭–૧૮૦). જીવનના સારરૂપ સુભાષિતો સદ્‌જીવનવ્યવહારનો બોધ આપતા હોય છે તે સાથે પ્રવર્તમાન સામાજિક સ્થિતિ વિશે પણ ટૂંકમાં વર્ણન અને સાર આપતા રહે છે.

વિક્રમ સંવતની બારમી સદીમાં મુનિસુરિ થઈ ગયા. તેમણે તેમના લખાણ ગુરુસ્તુતિમાં અંત ભાગમાં લખતાં બોધ આપતાં કહ્યું છે

દૂસમ રયણિહિં સૂર જિમ્વ તુહ ઉટ્ટિઉ મુણિનાહ,
સિરિ મુણિચંદ મુણિંદ પર મહુ ફેડઈ કુગ્ગાહ.

(એ જ, ભાગ ૧, પા–૨)

અર્થ સરળ છે. દૂસમ એટલે દૂઃષમ, રયણિંહિ એટલે રાત્રિ, મુણુનાહ એટલે મુણિનાથ, મુણિંદ એટલે મુનીન્દ્ર અને કુગ્ગાહ એટલે કુગ્રાહ. જે ગ્રાહ્ય નથી તે. મુખેથી બોલાતી ભાષા કાન સુધી પહોંચે અને કાને સાંભળેલી ભાષા અન્ય કાન સુધી પહોંચે ત્યાં સુધીમાં ઘણાં પરિવર્તનો થઈ જાય છે. વળી, સ્થાનિક વાકવ્યવહારનાં લક્ષણો પણ બોલાતી અને લખાતી ભાષામાં પ્રવેશે છે. વિક્રમની તેરમી સદીમાં વજસેમસૂરિના પટ્ટશિષ્ય શાલિભદ્રસૂરિ થઈ ગયા. તેમણે 'ભરતેશ્વર બાહુબલિ રાસ', 'બુદ્ધિ રાસ' (અથવા 'હિતશિક્ષા પ્રબુદ્ધ રાસ') જેવી કૃતિઓની રચના કરી હતી. બીજી કૃતિના અંતભાગમાં તેઓ લખે છે.

સાલિભદ્ર ગુરુ સાંભલઈ, એ સવિ ગુરુ ઉપદેસ તુ,
પઢઈ ગુણઈ જે સાંભલીય, એ સવિ ગુરુ ઉપદેસ તુ

(એ જ, ભાગ ૧, પ્રા. ૫)

અર્થાત્, શાલિભદ્રના ગુરુના ઉપદેશનું તું પાલન કરીશ, તેમાં આપેલા જે ગુણનું તું પઠન કરીશ તેનાથી તારા સર્વ ક્લેષો દૂર થશે. સમય વહેતો જાય છે, સંજોગો બદલાતા જાય છે, માનવવ્યવહારો પણ બદલાતા જાય છે, તો ભાષા કેમ બદલાય નહીં?

શાંતિસૂરિના શ્રાવક-શિષ્ય આસગુ થઈ ગયા. તેમણે 'જીવદયા રાસુ' વિક્રમ સંવત ૧૨૫૭ના આસો સુદ સાતમે પૂરો કર્યો. એ ગ્રંથનું લખાણ પૂરું કરતાં તેઓ લખે છે,

સંવતુ બારહસય સત્તાવન્નઈ, વિક્રમ કાલિ ગયઇ પંડિપુનઈ,
આસોયહં સિય સત્તમિહિં હત્થોહત્થિ જિણ નિપ્પાય ઉ......

(એ જ, પા. ૯)

તેરમી સદીના આ લખાણને ઉકેલવામાં કોઈ મુશ્કેલી જણાતી નથી. લગભગ ઓગણીસમી સદી સુધી ગુજરાતી લખાણ દેવનાગરી લિપિથી લખાતું. અહીં, મૂળ લખાણને માથું બાંધ્યા વિના આપ્યું છે.

આજના રાજસ્થાનના અર્બુદગિરિ (આબુ) વિસ્તારમાં વસ્તુપાલ-તેજપાલ ભાઈઓએ જિનદેરાસરો બંધાવ્યાં છે. વસ્તુપાલ મહામાત્ય હતા. તેમણે ગિરનાર પર્વત પર પણ અનેક જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. ત્યારે, પદ્યના અનેક પ્રકારોમાંનો એક પ્રકાર મહાકાવ્ય પણ પ્રચલિત હતો. સામાન્યપણે, 'મહાભારત' અને 'રામાયણ'ને જ એ કોટિમાં મૂકવામાં આવે છે. જો ખંડકાવ્ય કોઈક એક ઘટનાના સંદર્ભમાં રચાતું હોય તો મહાકાવ્યમાં અનેક આડકથાઓ આવી જઈ તે એક મહાનદીનું સ્વરૂપ ધારણ કરે છે. હરિભદ્રસૂરિના શિષ્ય વિજયસેનસૂરિએ કરેલી ઘણી બધી કાવ્યબદ્ધ રચનાઓમાં ચાર કડવાંમાં રચાયેલો 'રેવંતગિરિ રાસો' જાણીતો છે. એ રાસોના આરંભમાં તેમણે જે કડીઓ લખી છે તેનો અર્થ કરવો અઘરો નથી. (એ જ, પા. ૯)

પરમેસર તિત્થેસરહ પથપંક્ય પણમેવિ,
ભણિસુ રાસુ રેવંતગિરિ અંબિકાદેવી સુમરેવિ

જૂની ગુજરાતીમાં પ્રકરણને સંધિ કહેવામાં આવતું હતું. એ સમયે પ્રાસાનુબદ્ધ છંદમાં અને ઘણાં બધાં ગીતો કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્તવનો હિન્દુસ્તાની રાગમાં લખાતાં અને ગવાતાં. વીસમી સદીના મધ્યભાગ સુધી છંદોનો મહિમા રહ્યો અને ત્યારબાદ સમયના વહેણ સાથે છંદને સ્થાને અછંદાસ પદ્યરચનાઓ શરૂ થઈ છે. જૂની કવિતાઓમાં અને જૈનસાહિત્યને નિસ્બત છે ત્યાં સુધી, સાહિત્યકાર સંસારી હોય કે સંસારત્યાગી, પોતાનું નામ, પોતાના ગુરુનું નામ, પોતાના પંથનો ગચ્છ, રચનાકાળ, રચનાસ્થળ અને શક્ય હોય ત્યાં સુધી શાસન સુદ્ધાંનો નિર્દેશ કરતા. એની સરખામણીએ આધુનિક પદ્યસાહિત્ય કેટલું બધું દરિદ્રી લાગે છે.

અમે અગાઉ ભાલણનાં 'બે નળાખ્યાન'માં 'ગુર્જર ભાષા' (એ સમયે 'ગુર્જર ભાખા')નો નિર્દેશ કર્યો છે. વિક્રમ સંવત ૧૨૮૯માં પાલ્હણે **'નેમિરાસ'** અથવા **'આબુરાસ'**ની રચના પૂરી કરી. તેમાંનું એક ઉદાહરણ જોઈએ (એ જ, પા. ૯) :

નમિ વિચિ રાણઉ થુણિ નમિ, બીજા મંદિર નિવેસુ,
ત પુહવિહિ માંહિ જો સલહિજએ, ઊત્તિમ ગૂજરૂ દેસુ;
ત સોલંકિય કુલ સંભમિઉં, સૂરઉ જગિ જસબાઉ,
ત ગૂજરાત ધુર સમુધરણ, રાણઉં લુણપસાઉ

પાલ્હણે, તેમના રચનાપ્રદેશને ગૂજરૂ અને ગૂજરાત કહ્યા છે તે સાથે સોલંકીય શાસન પણ નિર્દેશ્યું છે.

માનવસ્વભાવને નિસ્બત છે ત્યાં સુધી તેને થતી અનુભૂતિ વિવિધ સાહિત્યપ્રકારથી વ્યક્ત થતી રહે છે. કોઈક ઉદ્દેશથી વ્રતોનું પાલન થતું હોય છે, તો માનવસંબંધોમાં વિયોગ કે વિરહ જેવી બાબતો પર થોકબંધ લખાયું છે. વિક્રમસંવત ચૌદમી સદીમાં રત્નસિંહસૂરિના શિષ્ય વિનયચંદ્ર થઈ ગયા. તેમના ગુરુ રત્નસિંહસૂરિએ 'પર્યુષણ–કલ્પસૂત્ર'ની રચના સંવત ૧૩૨૫માં કરી હતી તો તેમના શિષ્ય વિનયચંદ્રે સંવત ૧૩૩૮માં 'બારવ્રત રાસ' રચ્યો હતો અને રતનસિંહસૂરિએ પતિવિરહના ભાવને લઈને 'નેમિનાથ ચતુષ્પદિકા'ની રચના કરી હતી. ચાલીસ ટૂંકના આ કાવ્યમાં રાજેમતી બારેમાસ વિરહની મનોસ્થિતિ પામે છે.

પંચ સખી સઈ જસુ પરિવારિ,
પ્રિય ઊમાહી ગઈ શિરિ 'ગિરનારિ',
સખી સહિત 'રાજલ' ગુણરાસિ,
લેઈ દિખ પરમેસર પાસિ,
નિજ્જાલ કેવલનાણુ લહેવિ,
સિદ્ધિ સામિણિ 'રાજલદેવિ',
'રયણસિંહસૂરિ' પણમવિ પાય,
બારઈ માસ ભણિયા મઈ....

(એ જ, પા. ૧૩)

બારમાસા પ્રકારની સાહિત્યરચના પ્રચલિત હતી. મધ્યકાલીન ગુજરાત (અને ભારતના ત્યારના અન્ય પ્રદેશોમાં પણ) આ પ્રકાર સારા એવા પ્રમાણમાં ખેડાયો હતો. વિરહ કાવ્યો અને ગીતો રચાતાં. શક્ય છે, કોઈક વિરહપ્રેરતી ઘટનાને કેન્દ્રમાં રાખી આવાં ખંડકાવ્યો રચાતાં હશે.

પદ્યસાહિત્યનો એક પ્રકાર ફાગુ (ફાગ અથવા ફાલ્ગુન) છે. વસંતના આગમનને વધાવતા ઋતુના વિલાસ વિશે રચના થાય છે તો તત્સંદર્ભમાં પ્રણયકાવ્યો પણ રચાય છે. સંસારી સાહિત્યકાર–કાવ્ય રચનારને નિસ્બત છે ત્યાં સુધી પતિ–પત્ની કે પ્રેમી–પ્રેમિકાનાં વિરહ કે પ્રણય વિશે તેમની રચનાઓ થતી હોય ત્યારે માનવસંબંધમાં પ્રેમની અભિવ્યક્તિ આવા ફાગુ સાહિત્યમાં થતી હોય છે. છતાં, સંસારત્યાગીઓ આવું સાહિત્યનું સર્જન કરે છે ત્યારે માનવપ્રણયની વાત હોતી નથી. તેવી રચનામાં કુદરતના સૌંદર્યની વાત વણી લેવામાં આવતી હોય છે. તપ, શીલ, સંયમ અને ત્યાગવાળું જીવન જીવનાર માટે મર્ત્ય માનવના પ્રણયને સ્થાન નથી. વિક્રમ સંવત ચૌદમા શતકમાં રચવામાં આવેલા નેમિનાથ ફાગુનું જ એકાદું ઉદાહરણ લઈએ. આ કાવ્યની રચના રાગુ મારૂવણિમાં કરવામાં આવી છે.

મિલિયગિરિ રલિયામણઉ, દક્ષિણ વાઈઉ વાઉ,
કામિણિ મન સોહામણઉ, પહુલઉ ઋતુ તણઉ રાઉ....

(એ જ, પા. ૧૬)

પ્રણય કેવળ મનુષ્યો (નર–નારી) વચ્ચે જ હોય એવું પ્રચલિત રીતે માની લેવામાં આવે છે. ત્યારે, તેવા પ્રકારના પ્રણયના વર્ણનને વિસ્તારવામાં દેહવિલાસની લપસણી ભૂમિમાં રચનાકાર નહીં જાય એ કેમ કહી શકાય? શૃંગારભાવ સ્વાભાવિક માનવભાવ છે તે નકારીએ નહીં. છતાં, એ જ ભાવ 'ગીત ગોવિંદ' જેવાં સુંદર અને છતાં દેહવિલાસભાવ તરફ કૃતિને લઈ જાય છે તો, નર–નારીના સંબંધોનો અંતિમ છેડો કામસૂત્ર પ્રકારની રચનાઓમાં પણ આવે છે. જૈન સાહિત્યમાં પ્રણયભાવ છે છતાં તેનો આવો અતિરેક અમને જોવામાં આવ્યો નથી.

પ્રાચીન કાવ્યરચનામાં દુહામાતૃકા પણ જોવા મળે છે. દુહા એ કાવ્યનો પ્રકાર છે. અને, માતૃકા એટલે બારાખડી. તેમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બારાખડીમાં આવતા વર્ણોમાંથી પસંદ કરીને પ્રત્યેક વર્ણ પર ઉપદેશાત્મક રચના કરવામાં આવે છે. વર્ણ અને ઉપદેશને જોડવાના કાવ્યાત્મક પ્રયોગો હવે અદૃશ્ય થયા છે. હવે ખંડ કાવ્યો કે સોનેટ પણ ક્યાં પ્રચલિત રહ્યાં છે? છંદબદ્ધ કાવ્યરચનાના દિવસો પૂરા થયા હોય તેવું લાગે છે ત્યારે જાણે અજાણે મન પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યરચનાઓ તરફ ચાલ્યું જાય છે. વિક્રમસંવત ૧૩૫૮ પહેલાં રચાયેલા **દુહામાતૃકાનું** એક ઉદાહરણ પર્યાપ્ત થશે ( એ જ, પા. ૧૬) :

ભલે ભલેવિણુ જગતગુરુ પણમઉ જગહપહાણુ,
જાસુ પસાંઈ મૂઢ જિય પાવઇ નિમ્મલુ જાણુ.......

જગતના પ્રત્યેક ધર્મમાં કર્મ વિશે વિચારણા થઈ જ છે. કર્મ અને મોક્ષ પ્રત્યેક ધર્મે આ વિશે દાર્શનિક વિચાર રાખ્યો છે. જેવું કર્મ તેવી મુક્તિ જેવા ખ્યાલથી કોઈ ધર્મ મુક્ત નથી. જૈન-મત પ્રમાણે કર્મના પ્રકાર પ્રમાણે કષાય થાય અને કષાય મુક્તિ એટલે જ મોક્ષ અથવા કેવળ પદ પામવું. કષાય એટલે, વિરક્તિ અથવા અનાસક્તિથી વિશુદ્ધનો ખ્યાલ-તેથી, જે ઇન્દ્રિયોને જીતે તે જ જિતેન્દ્ર, તે જ મોક્ષનો અધિકારી બને. વિક્રમની ચૌદમી સદીમાં કોઈ અરૂપા જૈન કવિએ કર્મ-વિપાકથી મુક્તિ પર 'કર્મગતિ ચોપાઈ' લખી હતી : (એ જ, પા. ૨૬)

**વીર** જિણેસર પાય નમેવિ, સમરઉં **અંબિક** સાસણ દેવિ,
**સરસતિ** મુગુ મતિ દઈ સારદા, કવીયણ નામ જપઈ તુગુ સદા.૧
સ્વામિણિ વર્ણિસુ કર્મપુબંધ, જેહના મોટા ઘણા સંબંધ,
જીવયોનિ ચઉરાસી લાખ, સહૂ વિગૂચઈ કર્મ-વિપાક.... ૨.

કર્મના બંધનમાંથી મુક્તિ મેળવવા ચોર્યાસી લાખ જેટલા જન્મના ફેરા ફરવા પડે. જન્મ-પુનર્જન્મનો ખ્યાલ હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મમાં જેટલો છે તેવો સેમેટિક ધર્મો એવા યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામમાં નથી. જૈનસાહિત્યમાં, પદ્યરચનામાં કે ચોપાઈ, દુહા જેવામાં રચના થયેલી જોવા મળે છે તો ફાગની, યોગવાંણિની, વિવાહલાની, છવણી જેવી ઢાલોમાં પણ રચવામાં આવતી સાહિત્યકૃતિઓ છે. ત્યારે, રાગમાં ગાઈ શકાય તેવાં ગીતો પણ લખાતાં હતાં.

વિક્રમ સંવતની પંદરમી સદીમાં પૂર્ણિમાગચ્છના શાલિભદ્રસૂરિ થઈ ગયા. તેમણે 'પાંચ પાંડવ રાસ' રચ્યો હતો. નાદઉદિ (નાંદોદ હોઈ શકે)માં તેનો રચનાકાળ સંવત ૧૪૧૦ છે. એ રાસના અંતે તેઓ લખે છે (એ જ, પા. ૨૯)

'સેત્રજિ' તિથિ ચડેલિ પાંચહ પંડવ સિદ્ધિ ગયા એ,
પંડવ તણઉં ચરીતુ જો પઢએ ગુણઈ સંભલ.....

સેત્રજિ એટલે ચૈત્ર મહિનો હોઈ શકે અને એ મહિનાની પાંચમે કવિએ 'પાંચ પાંડવ રાસ'ની પૂરી કરી હોવાનું જણાવે છે. એટલું અમારે કહેવું પડશે, જૈનકવિઓ, સાહિત્યકારો (સંસારી કે સંસારત્યાગી) જૈનેતર કથાવાર્તા વિશે રચના કરવાનો છોછ રાખતા ન હતા. એ જ અરસામાં સાલિસૂરી થઈ ગયા હતા. તેઓ શાલિભદ્રસૂરિ પણ હોઈ શકે, કારણ કે તેમણે 'વિરાટ પર્વ' અથવા 'મહાભારત વિરાટ પર્વ ચોપાઈ'ની પણ રચના કરી છે. એ ચોપાઈના આરંભમાં લખ્યું છે 'કાશ્મીર-મુખ-મંડણ માડી, તૂ સમી જગિ ન કોઈ ભરાડી'. એનો અર્થ એ થાય છે કે ક્યાં તેઓ હાલના કાશ્મીરના હોય. છતાં, તેમના લખાણની ભાષા ઉત્તર ભારતની નથી. તેથી, તેમણે તેમની કૃતિ વિહાર કરતાં કરતાં રચવાની શરૂ કરી હોય અને હાલના કાશ્મીરમાં તે પૂરી કરી હોય. એવું પણ બનતું કે કવિતાને અંતે રચનાકાર રચના પૂર્ણ થયાની વિગત સંસ્કૃતમાં લખતા. જેમકે, એ જ સદીના રાજેન્દ્રસૂરિના શિષ્ય તરુણપ્રભસૂરિએ 'જડાવશ્યક બાલાવબોધ' અથવા 'શ્રાદ્ધષડાવશ્યકસૂત્ર બાલાવબોધ' નામની કૃતિના અંતે લખ્યું છે : ".......ગાઢાલ્યર્થનયા ષડાવશ્યક વૃત્તિ સુગમ્ય બાલાવબોધકારિણી, સકલસત્ત્વોપકારિણી લિખિતા.' એ સમયે રચાયેલી અને આજે પ્રચલિત કૃતિઓમાં 'ભક્તામર સ્તોત્ર'ને લેખી શકાય. તેની રચના વિ.સં. ૧૫૩૦ની હતી. એવું જ વિ.સં. ૧૪૯૮ના 'શ્રીપાલ રાસ' વિશે પણ કહી શકાય.

વિક્રમની સોળમી સદીની એક રચનાનું ઉદાહરણ લઈએ. હેમરત્નસૂરિના શિષ્ય અને આગમગચ્છના સાધુ સાધુમેરુએ સં. ૧૫૦૧માં 'પુણ્યસાર રાસ' (અથવા પુણ્યસાર ચોપાઈ)ની રચના ધુરિ દુહામાં કરતાં લખ્યું હતું (એ જ, પા. ૮૬) :

**આષાઢાદિ પનર એકોતરઈ**, પોસ વદિ ઇગ્યારિસિ અંતરાઈ,
**ધુંધૂકપૂરિ** કૃપારસ સત્ર, સોમવારિ સમર્થિઉ એ ચરિત્ર......

અહીં કવિએ રચનાકાળ અને રચનાસ્થળનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. મોટેભાગે, જૂની કવિતાઓ કે ગીતોમાં રચના કરનારનું નામ, રચનાસમય કે કાલ અને રચનાસ્થળ અવશ્ય જોવા મળે છે. જૈનસાહિત્યમાં આ વિશેષે કરીને જોવા મળે છે. વળી, ઘણી બધી કૃતિઓનાં રચનાકાર કયા ગચ્છના છે, જો સંસારત્યાગી હોય તો તેમના ગુરુનું નામ, અને સમગ્ર રચનાકાલ દરમિયાનની શાસન-વ્યવસ્થા વિશે પણ લખ્યું હોય છે. ઘણાં વર્ષો પહેલાં ભાષાવિદ્ હરિવલ્લભ ભાયાણીએ અમારામાંના એક (સિદ્ધાર્થ ભટ્ટ)નું તેમના કોઈક વિદ્યાર્થીએ આ સંદર્ભમાં શોધનિબંધ કરવા મોકલી આપવા જણાવ્યું હતું, પરંતુ તેવું થઈ શક્યું નહીં એ અમારો ખેદ અમે છુપાવીશું નહીં. આજે, કેવળ ગુજરાતમાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઠેરઠેર થોકબંધ પ્રાચીન–મધ્યકાલીન હસ્તપ્રતો પડેલી છે. અમારામાંના એક (કોકિલા ભટ્ટ)ના મામા પાસે આવી હસ્તપ્રતોનો અંગત ભંડાર હતો. તેમના પુત્રોએ તે ભંડાર પાટણના ભંડારને આપી દીધો છે.

સોળમી સદી (વિ. સંવત ૧૫૦૫)માં 'સમ્યક્ત્વ રાસ' આઠ ભાષાઓમાં રચાયો હતો તેવી માહિતી 'જૈન ગુર્જર કવિઓ' (ભાગ–૧)માં આપવામાં આવી છે છતાં, અમે માનીએ છીએ કે આપવામાં આવેલી માહિતીમાં ભૂલ છે કારણ કે ખુદ રચનાકારે કૃતિના રચના સમય વિશે લખતાં કહ્યું છે (એ જ, પા. ૯૩)

સંવત પનર પંચોતરઈએ, મ૦ માગસિર રચિઉ રાસ સુ૦

તલવાડા પૂરિ નિપનું એ મા૦ પુણ્યરસ કલસ સંકાસ સુ૦ ૧૧ (પા, ૯૩). એટલે કે, તલવાડા ગામે એ કૃતિની રચના આપેલી માહિતી પ્રમાણે સં. ૧૫૦૫ નહીં પરંતુ સંવત ૧૫૭૫ હશે. ત્યારે, અમદાવાદની રચના થઈ ગઈ હતી અને તેના 'પાતશાહ' અહમદશાહ હતા. સોળમી સદી એટલે ક. મા. મુનશીની દૃષ્ટિએ નરસિંહ મહેતા થયાની સદી. નરસિંહ મહેતાનાં અનેક પદો અને ભક્તિગીતો જાણીતાં છે અને તેમાં 'વૈષ્ણવજન તો તેને રે કહીએ....'થી તેઓ ભારતભરમાં જાણીતા રહ્યા છે. ભક્તિયુગના કવિની, અત્યારે મળતી, સઘળી કૃતિઓની ભાષા આધુનિક ગુજરાતી છે. ત્યારે, અમને પ્રશ્ન થાય છે, જે તે સદીના સાહિત્યકાર કે કવિની કૃતિની રચના એ ભાષામાં આપવામાં આવતી કેમ નથી? જો, આમ કરવામાં આવે તો, વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓને જે તે સમયની ભાષાની લાક્ષણિકતાનો પણ પરિચય થાય.

એ જ સદીમાં પીપલગચ્છના ગુણરત્નસૂરિના શિષ્ય આણંદમેરુ થઈ ગયા. તેમણે વિ.સં. ૧૫૧૩ના અરસામાં 'કલ્પસૂત્ર વ્યાખ્યાન' અને 'કાલકાસૂરિ ભાસ'ની રચના કરી હતી. એ કૃતિની શરૂઆતમાં તેમણે લખ્યું છે (એ જ, પા–૧૦૬)

**એણી પરિઈ આણંદમેરુ બોલઇ કહુ કિમ્હઇ ન જાણીઈ.**

આધુનિક ગુજરાતીમાં આપણે એમ કહી શકીએ 'એણી પેર આનંદમેરુ બોલીયા...' વિક્રમ સંવત સોળમી સદીમાં ઘણું લખાયું. એ સમય, સામાજિક અને રાજકીય રીતે ભારે હલચલનો હતો. ગુજરાતમાં ઈસ્લામનું શાસન સ્થપાઈ ચૂક્યું હતું. હિંદુ શાસનનો છેક નાશ થયો ન હતો છતાં, એ શાસનોના શાસકોમાં એકતા ન હતી અને ઘણીબધી દૃષ્ટિએ તેઓ શાસન સુપેરે ચલાવવામાં નિર્બળ પુરવાર થતા જતા હતા. ત્યારે, એક બાજુ સમાજ વેરવિખેર હાલત તરફ ધકેલાતો જતો હતો અને વેરવિખેર થતાં સમાજમાં શ્રદ્ધા પૂરતા ભક્તકવિઓ થઈ ગયા હતા. ત્યારે, એ જ સમયે, અનેક જૈન કવિઓએ સેંકડો સાહિત્યકૃતિઓ રચી હતી. તંત્રની નિષ્ફળતા સામે, પ્રજાને સંતો સિવાય માનસિક સાંત્વના આપનાર કોણ હતું?

સત્તરમી સદી સુધીમાં યુરોપવાસીઓનું આગમન થઈ ચૂક્યું હતું. ત્યાર સુધીમાં, ઈસ્લામી પ્રભાવ હેઠળ ગુજરાતી ભાષા પણ બદલાવી શરૂ થઈ ચૂકી હતી. ગુજરાતમાં, વિશેષે કરીને આજના સૌરાષ્ટ્રમાં સેંકડો રજવાડાં હતાં અને બાકીનાં ગુજરાતનાં હિન્દુ રજવાડાં તેમનો પ્રભાવ ગુમાવી ચૂકેલાં. લગભગ આ જ સમય આખ્યાનોનો પણ લેખી શકાય. જો, લોકરંજન માટે ભવાઈના વેશો કે ફરતી નાટકમંડળીઓ કામ કરતી હતી તો પ્રજાજીવનને ટકાવનારાઓમાં માણભટ્ટોના પ્રદાનને ઓછું ન આંકીએ. આખ્યાનયુગના પ્રેમાનંદ જેવા સમર્થ આખ્યાનકાર આવી ગયા તો લોકજીભે અને કંઠે ચડે તેવાં પદો આપનાર દયારામ જેવા પણ થઈ ગયા. પ્રેમાનંદ અને દયારામ તો મરાઠી ભાષા પણ જાણતા હતા. સત્તરમી સદી અને ત્યારબાદ આવેલી સામાજિક વેરવિખેરની સ્થિતિમાં અને ખાસ કરીને અઢારમી સદીની અંધાધૂંધીમાં આખ્યાનકારોએ લોકજીવનમાં શ્રદ્ધા પૂરી હતી. વલ્લભાચાર્ય અને અન્ય વૈષ્ણવસંતોના પ્રભાવમાં ભક્તિયુગ છેક પંદરમી સદીમાં શરૂ થયો હતો અને ભક્તિપદોની રચનાનો છેડો આખ્યાનોમાં આવતો હતો. જૈનસાહિત્યની વિપુલતામાં કથાસાહિત્ય વિકસ્યું હતું, છતાં ભાગવતના પ્રભાવ હેઠળ જે ભક્તિયુગ ગુજરાત અને અન્યત્ર આવી ગયો તેવું જૈનસાહિત્ય વિશે કહી શકાય ખરું કે જૈનસાહિત્ય એ દૃષ્ટિએ ઊણું ઊતરતું નથી છતાં જે પ્રકારના કથાકારો, માણભટ્ટો, આખ્યાનકારો જૈનેતરોમાં થઈ ગયા તેવું જૈનમાનસમાં કેમ બન્યું નહીં તેનો ઉત્તર અમારી પાસે નથી. અમે એટલો તર્ક અવશ્ય રાખી શકીએ કે જૈનસ્તવનો જિનમંદિરોમાં ગવાતાં હતાં અને એટલાં જ પ્રચલિત હતાં. ત્યારના ગુજરાતની કુલ વસ્તીને હિસાબે ભલે જૈનસમુદાય ઘણો નાનો હતો છતાં તેનું સાહિત્યમાં પ્રદાન ત્યારે પણ ઘણું મોટું હતું–ભલે, તે એટલું પ્રચલિત થયું ન હોય.

વિક્રમ સંવતની સત્તરમી સદીમાં મેઘરાજ થઈ ગયા. તેઓ પાર્શ્વચંદ્રના શિષ્ય હતા. તેમણે સંવત ૧૬૫૯માં 'સ્થાનાંગ સૂત્ર–દીપિકા' સં. ૧૬૬૧માં 'રાજચંદ્ર પ્રવરણ', સં. ૧૬૬૪માં 'નળદમયંતી રાસ'ની રચના કરી હતી. એ રચના તેમણે રાગ મેવાડો–ધનાશ્રીમાં કરી હતી (એ જ, ભાગ–૩, પા. ૫) :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'નળ દમયંતી'** ચરિત્ર સોહામણુંજી, નવનવ રંગ રસાળ,
સાંભળી ઉત્તમ સાધુ સતી પરેજી, ધરજો શીલ વિશાળ......

સત્તરમી સદીમાં બદલાયેલી ગુજરાતીનું આ ઉદાહરણ છે. એ જ કવિએ 'સોળ સતી ભાસ' (અથવા સજ્ઝાય કે રાસ). એ કૃતિના અંત ભાગે કવિ કહે છે (એ જ, પા. ૬)

શ્રી શીલોપદેશમાલાદિક ગ્રંથે સોળ સતી ગુણ કહીએજી,
ભણતાં ગુણતાં જેહને નામે અષ્ટ મહાસિદ્ધિ લહીએજી,
શ્રી પાસચંદસૂરિ પાટ પટોધર રાજચંદ્ર સૂરિરાયાજી,
શ્રાવણ ઋષિ શિષ્ય મુનિ મેઘરાજે સોલ સતી ગુણ ગાયાજી.

ભાષામાં આવેલા આ વળાંક-પરિવર્તન લાવનાર સામાજિક પરિબળ ક્યું? શક્ય છે, જૂની સામાજિક-આર્થિક-સાંસ્કૃતિક-રાજકીય વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવ્યું હતું અને તેની અસર જો સાહિત્યના વિષય-વસ્તુ પર પડી ન હોય તો, કમસે કમ, જૂની ગુજરાતી ભાષા બદલાતી જતી હતી. હજી, પદ્યસાહિત્યના પ્રકારમાં કોઈ પરિવર્તન આવ્યું ન હતું. હજી, એ જ ઢાળ, છંદ કે રાગમાં એ સાહિત્ય રચાતું હતું. હજી, લોકરુચિ પણ એ જ રહી હતી અને તેથી સાહિત્યના રચનાકારો લોકરુચિથી ભિન્ન રચના કરતા ન હતા.

ખંભાતમાં નૃપ શ્રેણિકના ગુણ ગાતો સાતખંડનો 'શ્રેણિક રાસ' રચવામાં આવ્યો હતો. રચનાકાળ સંવત ૧૮૫૧ હતી : (એ જ, ભા. પા. ૫૮)

સાતઈ ખંડ મન્ત્રૂ સંપૂરણ કીધા,
આજ મનોરથ સઘલા સીધા. ૨૦
સાતઈ ખંડ સુણાઈ નર જેહો,
સાતઈ નરગ નિવારત તેહો. સં. ૨૧

એ જ ખંભાતમાં શ્રાવકોનો પરિચય આપતો રાસો પણ રચાતો હતો. સંસારી હોય કે સંસારત્યાગી—સામાન્ય, અથવા જે તે નગર-વસવાટના વિસ્તારના જાણીતા નાગરિકો અને શ્રેષ્ઠીઓ વિશે પણ કાવ્યો રચાતાં હતાં. આયોલણ એટલે વિજ્ઞપ્તિ. પાટણના ભંડારમાં 'આદીશ્વર આલોયણ' નામની રચના છે. શક્ય છે, મૂળ તેની રચના ખંભાતમાં થઈ હોય કારણ કે ખંભાત, ઝંબાવતી, તંબાવટી જેવા નામથી પણ ઓળખાતું હતું. (એ જ, પા. ૭૪) :

પુરવ પુણ્ય તણા અંકુરા, પ્રગટ થયા મુગુ આજ રે,
શેત્રુંજસ્વામી નયણે નિહાળ્યો, સરિયાં મુગુ રાજ રે.
સંવત ૧૬ છાસઠા વરસે, સાવલા સુદિ દન બીજેજી,
તંબાવટી માંહે જન સાખે, પાપ પખાળી રીઝેજી......

તીર્થંકરો વિશેનાં સ્તવનો, ગીતો, કાવ્યો અનેક રચાયાં છે. એનું એક ઉદાહરણ જોઈએ. એક સમયે ઉનામાં તેની હસ્તપ્રત હતી. એ સ્તવનના આદિમાં કહ્યું છે. (એ જ, પા. ૭૫)

વીર જિણંદ ચોવીસમો, ત્રિશલા જેની માય,
ભૂપ પિતા ભગવંતનો, નર સિદ્ધારથ રાય. ૧

સિદ્ધારથ કુલ ઉપનો, વર્ધમાન જિન નામ,
તે જિણવરના ગુણ સ્તવૂં, પ્રેમે કરું પ્રણામ. ૨

અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીમાં અનેક રાસ-રચનાની ટીપ જોવા મળે છે. ગુજરાતનાં અનેક નગરો અને શહેરોમાં, એક સમયે, ઘણા ભંડારોમાં મધ્યકાલીન રચાયેલાં સાહિત્યની અગણિત હસ્તપ્રતો હતી-અને આજે પણ છે. બધા જ ભંડારોમાં એ કેટલી સચવાયેલી હશે તે શોધનો વિષય બને છે. આવનારા સમયમાં, જીર્ણ થતી જતી એ હસ્તપ્રતોને જાળવવાનું ભગીરથ કામ નહીં થાય તો શક્ય છે, આવનારી પેઢીઓ આ સર્વથી છેક અજાણ થશે. હવે, સેંકડો વર્ષો સુધી સાચવી શકાય તેવી ટેક્નોલોજી આવી છે ત્યારે આવી સાચવણીનો ખર્ચ ઘણો આવશે છતાં અંતે તો તેવી જાળવણી સમાજના સંસ્કાર-ઘડતરમાં જ કામ આવવાની છે. જો, આવું નહીં થાય તો આવનારી પેઢીઓ હાલની પેઢીને માફ નહીં કરે!

વિજયશીલસૂરિના શિષ્ય દયાશીલસૂરિએ નવાનગરમાં 'શીલ બત્રીસી' કાવ્યની રચના સંવત ૧૬૬૪માં કરી. એ રચનાના અંતનું ભાગમું ઉદાહરણ છે (એ જ, પા. ૮૪)

સંવત સાર સિંગાર કાય વાત વેદ સંવચ્છર,
નૂતનપુર વર માહિ સગંતિ સાનિધિ લહી વરતર,
સીલબત્તીસી રંગિ અંગિ ઊલટ ધરી ગાઈ,
ધર્મવંત નરનારિ તારુ મનિ ખરી સુહાઈ,
જિનધર્મ સાર સંસારમાં જાણી જુગતઈ પાલીયઈ,
દયાશીલ કહઈ કર જોડિ એ શ્રી જિનવચન સંભાલીઈ......

રવીન્દ્રનાથ કહેતાં કે ગાઈ શકાય એ જ ગીત. જે ગાઈ શકાય છે તે યાદ રહે છે. મુખથી નીકળેલાં વચનો કર્ણને મધુર ન લાગે તો એ ઝાઝાં ટકતાં નથી. આધુનિક પદ્યપ્રકારમાં ગેય સ્વરૂપ ક્રમશઃ ઓછું થતું જાય છે. કેવળ અર્થભારથી ભર્યાં કાવ્યો, રચનાની દૃષ્ટિએ સારાં હોઈ શકે પરંતુ ગેયતાના અભાવમાં એ ઝાઝો સમય સ્મરણમાં રહેતાં નથી. મધ્યયુગના ભક્તકવિઓનાં પદો આજે પણ યાદ રહે છે-પછી ભલે, એની રચનાકાલના અને આજના સંજોગોમાં આભજમીન જેટલું અંતર હોય. બંગાળમાં, પદ્યસાહિત્યને જીવંત રાખનારા બાઉલ હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો, જિનમંદિરોમાં ગવાતાં સ્તવનો અને ગીતો આજે પણ ગવાય છે–ફેર એટલો જ છે કે, એ સ્તવનો અને ગીતોની ભાષા આધુનિક બની છે.

જૈનસાહિત્યમાં કેવળ પદ્યરચનામાં ધર્મ અને તીર્થંકર–સ્તવનો કે ગીતો જ છે એ માનવું ભૂલભર્યું છે. પિંગળ, અલંકાર, વ્યાકરણ, કોશ વગેરે સાહિત્યપ્રકારો પણ ખેડાતા હતા. જો સંસ્કૃતમાં પાણિનીએ વ્યાકરણ રચ્યું છે તો કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે પણ 'સિદ્ધહેમ' જેવા વ્યાકરણના મહાગ્રંથની રચના કરી છે. જિનસિંહસૂરિના શિષ્ય જિનરાજસૂરિને સંવત ૧૬૬૦માં મેડતામાં આચાર્યપદ મળેલું અને તેમણે પદ્યમાં રચનાઓ સાથે તર્ક, વ્યાકરણ, અલંકાર, પિંગળ, કોશ જેવાની પણ રચના કરી હતી. તેમણે આસો વદ છઠ, સંવત ૧૬૭૮ના રોજ 'શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા (રાસ)'ની રચના પૂરી કરી હતી. એ પદ્યરચનાના અંતે તેમણે લખ્યું છે (એ જ, પા. ૧૦૩):

**સાધુચરિત કહિવા મન તરસ્યે, તિણ એ ઉદ્યમ ભાખ્યો હરષેજી**
**સોલહ સત અઠહત્તર વરસ્યે, આસૂ વદિ છઠિ દિવસ્યજી.**
—શાલિભદ્ર ધન્નો રિષ રાસ. ૮

**શ્રી જિનસિંહસૂરિ સીસ મતિસારે, ભવિયણનિ ઉપગારેજી,**
**શ્રી જિનરાજબચન અનુસારઈ, ચરિત કહ્યો સુવિચારજી. ૯**

**ઇણિ પરિ સાધુ તણા ગુણ ગાવે, જે ભવિયન મન ભાવેજી,**
**અલિય વિઘન તસ દૂરિ પલાયે, મનવંછિત સુખ પાવેજી. ૧૦**

દુહામાં લખાએલી રચના ગેય પણ છે. આ ચોપાઈનો અર્થ સમજવો સરળ છે. એ જ કવિએ સંવત ૧૬૮૯માં 'પાર્શ્વનાથ ગુણવેલી'ની રચના કરી હતી. સત્તરમા શતકમાં બદલાતી જતી ભાષાનું ઉદાહરણ જુઓ (એ જ, પા. ૧૧૦):

**નિશિરાજનંદન વાર શુલી સંખ્યા દિશિ તિથિ ઉલ્લસી,**
**જિનરાજ ગરીબનિવાજ સ્તવતાં સંઘ મન હુઈ અતિ ખુસી..**

રચનામાં સંસ્કૃતનો પ્રભાવ છે તે સાથે 'ગરીબનિવાજ' જેવો શબ્દપ્રયોગ પણ છે.

માનવસંબંધોમાં નર–નારીના દેહસંબંધ વિશે જગતની બધી જ પ્રજાઓએ એક યા બીજા સ્વરૂપે લખ્યું જ છે–સંયમ અને ઈન્દ્રિયોને જીતવાનો અનુરોધ કરતા ધર્મો અને સંપ્રદાયો પણ તેમાંથી બાકાત નથી. 'જૈન ગૂર્જર કવિઓ'ના ભાગ ૩ના પાના ક્રમાંક ૫૨ ગદ્યભાષામાં સંવત ૧૬૬૯ પહેલાં લખાયેલા કોકશાસ્ત્રનો ઉલ્લેખ છે. તેના રચનાકારનું નામ સ્પષ્ટ નથી. શક્ય છે જ્ઞાનસોમ સંસારત્યાગી ન હોય પણ લહિયા લખાણમાં આવતો ઉલ્લેખ 'સંવત ૧૬૬૯ વર્ષે આસાઢ સુદિ ૫ દિને લિખિતાનિ ઇસપ્રાકાર મધ્યે મુનિ જ્ઞાનસોમને' આવે છે ત્યારે રચયિતા મુનિ જ્ઞાનસેન ન હોય પણ લહિયાએ એ પ્રકારે લખ્યું હોઈ શકે. માનવવ્યવહારોમાં આ પ્રકારનો વ્યવહાર કુદરતી અને તેથી માનવસહજ છે, સંકોચ ફક્ત તેના સ્વીકારનો છે.

ઉજ્જૈનના રાજા વિક્રમ વિશે વૈતાળ પચ્ચીસી ગુજરાતી સાહિત્યની એક જાણીતી સાહિત્યકૃતિ છે. શામળ ભટ્ટે 'સિંહાસન બત્રીસી' લખી અને બત્રીસ પૂતળીઓની વાત લખી તો, વિક્રમના સત્તરમાં શતકમાં ગુણવિજયના શિષ્ય સંઘવિજયે પણ ૧૫૪૭ કડીમાં સંવત ૧૬૭૮ના માગસર સુદ બીજના રોજ 'સિંહાસન બત્રીસી'ની રચના પૂરી કર્યાનું જાણવા મળે છે. ભારતના ભવ્ય કથાસાહિત્ય વારસામાં આવી અગણિત કૃતિઓ લેખી શકાય. કવિ અંતમાં લખે છે (એ જ, પા. ૧૫૪)

**કથા કુતુહલ જે સુણેં, તે લહિં સુખસંપત્તિ;**
**ચતુર તણાં ચિત્ત રિંગુવેં, છે એહમાં સુભમતિ.૩૩**

**સંવત ૧૬ અઠોતરેં, દ્વિતિયા માગશિર માસ;**
**શુક્લ પક્ષ મૂલારકેં પૂરણ રચિયો રાસ.૩૪**

એજ કવિએ રાગ અસાઉરી (આસાવરી)માં 'વિક્રમસેન શનિશ્વર રાસ' સંવત ૧૬૮૮માં રચ્યો હતો. ગાહા (ગાથા)એ જૈનસાહિત્યની વિશેષતા છે.

મુનિ રાજસીએ દિવાળી દરમિયાન ચાતુર્માસ અમદાવાદમાં કર્યો હતો. ત્યારે, અમદાવાદ નવાનગરના નામે પણ જાણીતું હતું. સંવત ૧૬૬૯માં દિવાળી હતી તેથી કલ્પના કરી શકાય કે એ વર્ષે અધિક માસ આવતો હશે. તેમના શિષ્ય નાનજીએ 'પંચવરણ સ્તવન' આ જ નગરમાં રચ્યું હતું. તેઓ લખે છે (એ જ, પા. ૧૫૯) :

**સોમવદન ગુરુ ત્રિજઆનંદન, પ્રણામી તેરના પાયજી**
**શ્રી અમ્હદાવાદિ ઉલટ ઘણે, રત્નસીગણિ ચઉમાસ રે.**
**તાસ સેવક મુનિ નાનજી, સંઘનયણે ઉલ્લાસ રે.૩૦**

**સંવત સોલ બહુતરિ, દિવસિ દીવાલી સૂભ આજ રે**
**શ્રી જિનરાજ ગુણ ગાઇયા, સિદ્ધ થયા સર્વે કાજ**
**અ ૩ ૧**

સત્તરમી સદી સુધીમાં, પાટણનું સ્થાન અમદાવાદે લઈ લીધું હતું. કેવળ રાજકીય રીતે જ નહીં બલ્કે ધાર્મિક–સાંસ્કૃતિક–આર્થિક કેન્દ્ર પણ આ નગર બની ચૂક્યું હતું. સમાજવ્યવસ્થા સાથે રાજવ્યવસ્થા પણ બદલાઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકવ્યવહાર બદલાયા હતા. તહેવાર બદલાયા હતા. જીવનશૈલી બદલાઈ હતી. જૂનું, ક્યારેક મંથરગતિએ તો ક્યારેક દ્રુત ગતિએ અતીતમાં અદૃશ્ય થતું હતું. મૂળ ગુજરાત પણ હવે ક્યાં રહ્યું હતું? છતાં, વૈયક્તિક જીવનમાં મહદ્અંશે અને સાર્વજનિક વ્યવહારોમાં, ભલે જે તે પ્રજાસમૂહ પૂરતા લોકવ્યવહારો અને મૂલ્યો રહ્યાં હતાં છતાં, તે છેક અદૃશ્ય થયાં ન હતાં. કુશલમાણિક્યના શિષ્ય સહજકુશલે ગદ્યમાં 'સિદ્ધાંત મત હૂંડી' રચી હતી. ભલે, તેમની એ રચનામાં ઢૂંઢિયા સંપ્રદાયના ધાર્મિક વિચારોનું ખંડન હોય તે છતાં મૂળ જૈનમૂલ્યોનો તેમાં ત્યાગ નથી. અને, ત્યારે તેમણે કૃતિના અંતે લખ્યું છે "તં ખમહ સંઘ સવ્વં, મિચ્છામિ દુક્કડં તસ્સ". (એ જ, પા. ૧૬૭).

જેમ રાસો, પ્રબંધો, વિવાહલો, આખ્યાનો, ચોવીસી, બાવની જેવા સાહિત્યના પ્રકારો ખેડાતા હતા તે જ રીતે ચોવીસીઓની પણ રચના થતી હતી. સંવતના સત્તરમાં શતકમાં સૌભાગ્યસાગરસૂરિના શિષ્ય રાજસાગરે 'લવકુશ રાસ' અથવા 'રામસીતા રાસ' લખ્યો છે. ઓગણીસમી સદીએ જે, સંપ્રદાયો વચ્ચે દીવાલો જોઈ, તેવું ત્યારે ન હતું. હીરનંદનસૂરિના શિષ્ય લાલચંદગણિએ, અદત્તાદાનને કેન્દ્રમાં રાખીને, આજના રાજસ્થાનના અલવર ગામમાં સંવત ૧૬૭૨માં, 'દેવકુમાર ચોપાઈ' શ્રાવણ સુદ પાંચમે પૂરી કરી હતી. તો, તેમણે ૩૮ ઢાળની 'હરિશ્ચંદ્ર ચોપાઈ'ની રચના સંવત ૧૬૭૯માં ધંધાણી ગામે કરતાં, શરૂઆતમાં લખ્યું હતું "શુભ મતિ આપો સારદા, સરસ વચન સરસત્તિ" અને તેના અંતભાગે લખ્યું હતું (એ જ, પા. ૧૭૫) :

**કાશમીર કઠિન વિહાર કરિ, પુતિબોધીએ પાતસાહ**
**ખંભપુરે વરસ લગે ખરી, મારે કો નહી હો માછલાં દરિયા માંહિ...**

કલ્પના કરો, જ્યારે વિહાર કરવાની પારાવાર મુશ્કેલી હતી, જનજીવન ખોરંભે પડ્યું હતું, કાયદો અને વ્યવસ્થા કથળી ગયાં હતાં, ત્યારે જૈનમુનિઓ છેક આજના કાશ્મીર સુધી વિહાર કરતા એટલું જ નહીં દિલ્હીના પાદશાહ પાસે જીવદયાનો અનુરોધ પણ કરતા હતા.

ક્ષેમશાખાના રત્નહર્ષસૂરિ થઈ ગયા. તેમના શિષ્ય શ્રીસાર પાઠક હતા. અટક પરથી જૈનેતર હોવાનો સંભવ છે. મધ્યકાલીન સમય પહેલાં પણ અર્ધમાગધી–માગધી–પ્રાકૃત અને આદિ ગુજરાતી સ્વરૂપ જૂની હિન્દી–જૂની મારવાડી ભાષામાં જૈનેતર કવિઓ જૈનવિચારને કેન્દ્રમાં રાખીને પદ્યરચના કરતા હતા. ઘણા બધા જૈનેતર પદ્યકારોને એ કક્ષામાં ગણાવી શકાય. શ્રીસાર પાઠકે 'જિનરાસ સૂરિ રાસ' પુષ્કરણી નગરીમાં સંવત ૧૬૮૪માં 'આનંદ શ્રાવક સંધિ' ૨૫૨ કડીમાં, સંવત ૧૬૮૯માં 'મોતી કપાસિયા સંબંધ સંવાદ', 'ઉપદેશ સત્તરી' (અથવા 'જીવઉત્પત્તિની સઝાય' અથવા 'તંદુવેયાલી સૂત્ર સઝાય'), 'ફલોધી પાર્શ્વનાથ સ્તવન', 'વાસુપૂજ્ય રોહિણી સ્તવન', 'જિન પ્રતિમા સ્થાપન સ્તવન', 'ગૌતમપૃચ્છા સ્તવન', 'સારબાવની' અથવા 'કવિતબાવની'ની રચના કરી હતી. સંવત ૧૬૮૯માં તેમણે આજના રાજસ્થાનના પાલી ગામમાં આસો સુદ દસમે એ રચના પૂરી કરી હતી. એ રચનાના અંતની કેટલીક કડીઓ જોઈએ. તેમણે, ગુજરાતી ભાષાની બારાખડીનો કાવ્યમાં કેવો ઉપયોગ કર્યો છે. તે અહીં જાણવા મળે છે (એ જ, પા. ૨૧૮)

**ક્ષિતિમંડન ક્ષિતિતિલક, સહર પાલીપુર સોહઈ,**
**ગઢમઢ મંદિર પઉલ, બાગ વાડી મન મોહઈ,**
**સોનિમિરઈ સુસમથ, સુજસ વસુધા તર્તાયો,**
**સંવત સોલ નિવ્યાસીયઈ, આસૂ સુદિ દસમી દિનઈ,**
**શ્રીસાર કવિત બાવન કહ્યા, સાંભલિજ્યો સાચઈ મનંઈ. ૫૫**

**ભલે ૐ નમઃ સિદ્ધં, અ આ ઇ ઈ ભણિઉ ઊ,**
**ઋ ૠ ઌ ૡ વર્ણ, વલે એ ઐ નઈ ઓ ઔ,**
**ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ ત થ**
**દ ધ ન પ ફ બ ભ**
**મ ય ર લ વ શ સ હ લ્લ ક્ષ તેમ અક્ષર સપ્રભઃ**
**બાવન એહ અક્ખર અકલ ક્રિયા કવિત ધુરિ સંકલી,**
**સુવિચાર સાર ઇમ ઉચ્ચરઈ, સાંભલતાં પૂગૈ રલી.**

ક્ષિતિ એટલે પૃથ્વી. તેમાં તિલક સમા આવેલા શહેર (સહર) પાલીપુરના મંદિર અને બાગ–વાડી મનમોહક છે અને તેમાં રાજ કરે છે સામંત શૂરવીર (સૂર) જગન્નાથ (જગનાથ). સુવિચાર આપતી બાવન અક્ષર (અક્ખર)માં રચાએલી આ રચના કરવામાં આવી છે તેવું કવિ કહે છે.

સત્તરમી સદીના મધ્યભાગમાં વિજયાણંદસૂરિ થઈ ગયા. તેમના ગચ્છમાં ચાલેલા વિવાદનો તેમને ખેદ હતો. તેમણે તેર વાર માસિક તપ, વીસ વાર સ્થાનકપદની આરાધના તેમજ સિદ્ધચકની ઓળી અને છૂટક છઠ, અઠ્ઠમ જેવાં તપ કરેલાં. તેમણે છ વાર આબુની, પાંચવાર શંખેશ્વરની, બે વાર તારંગાની બે વાર અંતરીક્ષ પાર્શ્વનાથની, બે વાર સિદ્ધાચલની અને એકવાર ગિરનારની યાત્રાઓ કરી હતી અને અનેક સ્થળે જિનબિંબોની પ્રતિષ્ઠાઓ કરી હતી અને કેવળ ક..વાડા ગામમાં જ તેમણે એક સાથે અઢીસો બિંબોની પ્રતિષ્ઠા કરી હતી તેવું મોહનલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દલીચંદ જણાવે છે. (એ જ, પા-૨૬૮-૨૬૯). તેમના વાના નામના શ્રાવક શિષ્ય હતા. વાનાએ અનેક પદ્યરચનાઓ કરી હતી અને તેમાંની મોટાભાગની રાજસ્થાની હિંદીમાં હતી. 'પ્રેમવિલાસ પ્રેમલતા ચોપાઈ' (સંવત ૧૬૯૩), 'બાવની', ખડી ભાષામાં 'લાહોર ગઝલ' (લાહાનૂર લાહોર), હિન્દીમાં 'સવૈયા', હિન્દીમાં સ્ત્રીશૃંગાર વિષયક 'સ્ત્રી ગઝલ' જેવી પદ્યરચનાઓ કરી હતી. ગુરુ મારવાડના હતા અને શક્ય છે કે વાના પણ હિન્દી-વ્રજભાષી હોઈ શકે. એટલું યાદ કરાવવાનું કે, સત્તરમા શતક સુધીમાં સાહિત્યરચનામાં બિનભારતી એવી ગઝલ-રચનાનો પ્રવેશ થઈ ચૂક્યો હતો અને છતાં 'પ્રેમવિલાસ પ્રેમલતા ચોપાઈ' જેવી શ્રૃંગારપ્રચુર રચનામાં નર-નારીના દેહસંબંધની વિકારાત્મક વાતોને આવરી લેવામાં આવતી ન હતી. એ જ કવિ વાનાએ એ રચનામાં કહ્યું છે (એ જ, પા-૨૭૨):

ચો. [પાઈ]-**પૂરા કોટ કટક કુનિ પૂરા, પર સિરદાર ગાઉકા સૂરા,**
**મસલત મંત્ર બહુત સુજાને, મિલે ખાંન સુલતાણ મિછાન. ૮૦**

દોહા— **સઈદાકૌ સહિબાજખાં, વઈરી સિર કલ વગ્ર,**
**જાનત નાહી જેહલી, સબ ઊવાનકૌ છત્ર. ૮૧**

ચો.-**રઈઅત બહુત રહત સુંરાજી, મુસલમાન સુખાસ નિમાજી,**
**ચોર નીર દેખા ન સુહાવૈ, બહુત દિલાસા લોક વસાવૈ. ૮૨**

એ જ કવિએ 'લાહોર ગઝલ'માં લખ્યું છે (એ જ, પા. ૨૭૩)

**દેખ્યા સહિર જબ લાહોર, વિસૈરે સહિર સગલે ઔર,**
**રાવી નદી નીચૈ વહે, નાવૈ ખૂબ ડાઢી રહૈ ૧**

અને ગઝલના આદિ ભાગમાં આગળ વધતાં કવિ લખે છે (એ જ, પા. ૨૭૩)

**અદ્દભુત જૈન કે પ્રાસાદ, કરેત કનિકગિરિ સૌ વાદ,**
**દેખી ધરમસાલા ખૂબ, દ્વારે કિસનકે મહબૂબ.**
**દેખ્યાં દેહરા ઇક ખાસ, કીયા ફિરંગિયાને બાસ,**
**બેગમકી ભલી મુસીત, લાગા તીન લાખ જ વીત.**

નોંધ લેશો, બદલાતી જતી ભાષાની, અહીં આવેલા આવી વસેલા અને સ્થિર થએલા શાસકો અને યુરોપવાસીઓ (ફિરંગિયા). આજના ગુજરાત અને તે સાથે લગભગ દેશ આખામાં અનેકમુખી પરિવર્તન આવી ગયું હતું. ભાતીગળ, સંસ્કૃતિ ઊભરી આવતી હતી અને તેનો પડઘો સાહિત્યરચનાઓમાં પણ પડતો હતો. આપણા દેશમાં વિવિધ પ્રજાસમૂહો આવતા ગયા, પ્રત્યેકની પોતાની ખાસિયત અને ઓળખ રહી છે, અને અનેકવિધ ભિન્નતાઓ સાથે કોઈક તંતુ સૌને બાંધી રાખે છે. સાહિત્ય તેનાથી અલિપ્ત રહી શકે નહીં.

વિક્રમ સંવત સત્તરમા શતકમાં મુનિ ભાનુચંદ્રસૂરિના દેવચંદ્ર થઈ ગયા સંવત ૧૬૪૪માં જન્મ અને તેમણે ત્રેપન વર્ષની વયે સંથારો આદર્યો. વૈશાખ સુદ ત્રીજના (આઠમા દિવસે) તેમણે દેહત્યાગ કર્યો. તેઓ મોગલ બાદશાહ અકબરના પ્રીતિપાત્ર હતા અને વિદ્વાન ભાનુચંદ્રથી પણ સમ્રાટ અકબર પ્રભાવિત થયા હતા. ભાનુચંદ્રજીના અનુરોધથી સમ્રાટે શત્રુંજય તીર્થમાં ઉઘરાવાતો યાત્રાળુ વેરો નાબૂદ કર્યો હતો, એ દેવચંદ્રે સંવત ૧૬૯૫માં રચેલી 'શત્રુંજય તીર્થ પરિપાટી'માં ઉલ્લેખ છે (એ જ. પા. ૨૮૯) : "કાશમીર અકબર સા પાસઈ શેત્રુંજય દાણ, છુરાયા...."

શ્રીપાલ રાજાનો રાસ અનેક કવિઓએ રચ્યો છે. તેમાં વિનયવિજયસૂરિનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. તેમણે, સંવત ૧૭૩૮માં ચાર ખંડમાં એની રચના રાંદેરમાં કરી હતી અને ત્યાંથી જીવિત અવસ્થામાં એ પૂર્ણ થઈ શકયો નહીં, તેથી યશોવિજયજીએ એ રચના પૂરી કરી હતી. એ 'શ્રીપાલ રાસ'ની શરૂઆત તેમણે નવપદ એટલે કે સિદ્ધચક્ર (અર્હત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ—એ જ, ભાગ ૪, પા. ૨૦)થી કરી લખ્યું હતું. (એ જ, પા. ૨૧) "સિદ્ધચક્ર ગુણ ગાવતાં, પૂરા મનોરથ થાય." ત્યારે, સમ્રાટ અકબરનું શાસન હતું. ગુણશીલસૂરિના શિષ્ય વિનયશીલ હતા. તેમણે સંવત ૧૭૦૧માં 'સહસ્રફણા પાર્શ્વજિન સ્તવન' રચ્યું. તેમાં આપણા ગુજરાતનો ઉલ્લેખ છે-"ગુર્જર દેશથી ગછપતિ તેડ્યાં ત્યાં હો સાહપૂર ઝકારિ......". જ્ઞાનસાગરસૂરિ થઈ ગયા. તેમણે સંવત ૧૭૨૪માં ચક્રાપુરી મુકામે 'પરદેશી રાજા રાસ'માં કહ્યું છે "છંડ હિંસા ને કરો તુમે દયાધરમ ભાવિ પ્રાણી રે.....(એ જ, પા. ૫૨). તેમણે રાગ કેદારોમાં, શ્રૃંગારના સંદર્ભમાં સ્થૂળભદ્ર અને કોશ્યા વચ્ચેના પ્રણયસંબંધનો 'સ્થૂલભદ્ર નવરસો' રચ્યો હતો. માનવસ્વભાવમાં રહેલા નવરસોને સુંદર રીતે તેમણે રજૂ કર્યા છે (એ જ, પા. ૬૩) :

**કરી શૃંગાર કોશ્યા કહે, નાગરના રે નંદન;**
**મોહન! નયણ નિહાલ રે, નાગરના રે નંદન.**

જીવન શુષ્ક નથી અને ન હોવું જોઈએ એવું કહીએ છીએ ત્યારે શ્રૃંગારભાવ પર અમે ભાર આપતા નથી. એ તો માનવસહજ મનોભાવ છે અને કલાના કોઈ ને કોઈ સ્વરૂપે એ વ્યક્ત થાય જ છે. કામસૂત્ર પ્રકારના સાહિત્યમાં તેનો અતિરેક પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તર્કશિરોમણિ યશોવિજયજી (હિરવિજય-કલ્યાણવિજય-લાભવિજય-જિતવિજય, નયવિજયના શિષ્ય) થઈ ગયા. એવું પ્રમાણ છે કે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પછી જિનશાસનમાં આટલા સર્વશાસ્ત્રવિદ્વાન થયા નથી. ગુજરાતના મહમૂદશાહ (બેગડો)એ થિરપાલને લાલપુર ગામ ભેટ આપ્યું હતું અને એ જ ગામમાં થિરપાલે દહેરું બંધાવ્યું હતું. એ થિરપાલના પૌત્ર હરખાશાને ત્યાં પુત્ર અવતર્યો અને તેનું નામ ઠાકરશી રાખવામાં આવ્યું હતું. ઠાકરશીનો જન્મ સંવત ૧૬૦૧ના આસો વદ પાંચમે સોમવારે થયો હતો. પંદર વર્ષ પછી ઠાકરશીએ (સંવત ૧૬૧૬) હીરવિજયજીના હાથે મહેસાણામાં દીક્ષા લીધી હતી અને તેમનું નામ કલ્યાણવિજય રાખ્યું હતું ત્યારે દિલ્હીમાં અકબરનું શાસન હતું. યશોવિજયજી વિશે ઘણું કહી શકાય અને જેટલું કહીએ તેટલું ઓછું છે.

પાટણના એક જ્ઞાનભંડારમાંથી મળેલી માહિતી પ્રમાણે યશોવિજયજીએ અનેકગ્રંથોની રચના કરી હતી : વીરસ્તવટીકા, 'સિદ્ધાંતમંજરીટીકા', 'અલંકાર ચૂડામણિટીકા', 'કાવ્યપ્રકાશ-ટીકા', 'અનેકાંતવ્યવસ્થા', 'તત્ત્વલોકવિવરણ', 'જ્ઞાનાર્ણવ', 'વેદાંતનિર્ણવ', 'તત્ત્વાર્થટીકા', 'કૂપ દૃષ્ટાંતવિશદીકરણ', 'આનંદઘન બાવીસી', 'બાલાવબોધ', 'અધ્યાત્મોપદેશ', 'આત્મ-ખ્યાતિ', 'છંદચૂડામણિટીકા', 'જ્ઞાનસારચૂર્ણિ ', 'તત્ત્વવિવેક', 'ત્રિસૂત્ર્યાલોકવિધિ', 'પ્રમારરહસ્ય', 'સ્યાદવાદરહસ્ય', 'માર્ગ પરિશુદ્ધિ', 'વિચારબિંદુ', 'વિધિવાદ', 'શઠપ્રકરણ', 'મંગલવાદ', 'દ્રવ્યાલોક', 'પાતંજલિ-યોગસૂત્રચતુર્થપાદવૃત્તિ', 'સિદ્ધાન્તતર્ક-પરિષાહ', 'ચતુર્વિંશતિજિન (ઐંદ્ર) સ્તુત્ય' : જેવા અનેક ગ્રંથોની યાદી મળે છે. (એ જ, પા. ૧૯૭-૧૯૮). યશોવિજયજીએ 'સીમંધર સ્વામી વિનત્તિરૂપ' નામે સ્તવન લખેલું એ સ્તવન પર તેમના સમકાલીન જ્ઞાન વિમલસૂરિએ પદ્યમાં બાલાવબોધ (ટબો) લખ્યો છે. તેમાં, આપેલા ગદ્યનું એક ઉદાહરણ લઈએ :

"........શ્રી જસવિજય નામા તેણઈ પોતાની રૂચિ આત્માનો ભાવ સંવિજ્ઞમાર્ગનો અનુભવ પ્રકટ કીધો, પરના ઉપગારને કીજઈ એ સ્તવન સાંભલેં તેહનઈ કુમતિ પરાભવ ન થાઈ. પોતાની મતિ સારૂ શાસ્ત્રમર્યાદાની રીતિ સાંભળી ઘણા લોક લોકસંજ્ઞાના ગહિલા છે તે ડાહ્યા થઈ......." (એ જ, પા. ૨૦૩).

અંચલગચ્છના કલ્યાણસાગરસૂરિ થઈ ગયા. સંસારી જિનદાસ તેમના શિષ્ય હતા. તેમણે 'વ્યાપારી રાસ', 'જોગી રાસ', 'પુણ્યવિલાસ રાસ' જેવી પદ્યકૃતિઓ રચી છે. 'વ્યાપારી રાસ'નો રચનાકાળ સંવત ૧૭૧૯ છે. બદલાતી જતી ગુજરાતી ભાષાના સ્વરૂપનું એક ઉદાહરણ તેમાંથી જોઈએ (એ જ, પા. ૨૮૫) :

**સ્વર્ગ તણાં સુખ તે લહે, જે કરે જીવ યતન્ન;**
**આપ સમાવેડ લેખવે, તે પ્રાણી ધન્યધન્ન. ૧**

**યુગ વ્યાપારી જીવડો, બંદર ચોરાશી લાખ;**
**પોઠીડા શું પરવર્યો, નવનવ નવલિ ભાખ. ૨**

અઢારમી સદીમાં જૈન કવિઓ-સાહિત્યકારોએ ઘણું પ્રદાન કર્યું છે. તેમાંના ઘણા સંસારી પણ હતા. એટલું અવશ્ય સ્વીકારવું જોઈએ કે, જૈનસમાજમાં એક આગવી વ્યવસ્થા હતી, રચાતાં સાહિત્યને આવનારી પેઢીઓ માટે જાળવી રાખવાની કાળજી હતી અને તે થકી, આપણને ગુજરાતના અને ગુજરાત બહારના જ્ઞાનભંડારોમાંથી આવી સચવાયેલી અનેક કૃતિઓ મળે છે. ખરેખર તો, આવી સાહિત્યિક કૃતિઓને જતનથી સાચવનારા અનેક જ્ઞાનભંડારો પર જ લખાણ થઈ શકે તેમ છે.

વિક્રમ સંવત ઓગણીસમી સદીમાં પણ અનેક આવી રચનાઓ થઈ છે. વીરવીમલસૂરિના શિષ્ય વિશુદ્ધવિમલે સંવત ૧૭૮૧માં 'મૌન એકાદશી સ્તવન'ની રચના કરી. તેના અંતે તેમણે લખ્યું છે (એ જ, ભાગ ૬, પા. ૧)

**સંવત સતર સીકા એકાસીઆ વરસે તવન રચું અંતેજી,**
**જંગ અનુસારે જોઈ કીધી, બારે ગાથા મેં તંતેંજી.......**

એ જ શતકમાં મુનિ જિનવિજયજીના શિષ્ય ઉત્તમવિજય થઈ ગયા. તેમનો જન્મ અમદાવાદની શામળાની પોળમાં થયો હતો. જન્મ સંવત ૧૭૬૦માં અને દેહાવસાન સંવત ૧૮૨૭માં થયું. તેમણે 'સંયમશ્રણીગર્ભિત મહાવીર સ્તવન સ્વોપજ્ઞ'ની રચના કરી છે.

**સૂરત માંહે સૂરજમંડણ શ્રી જિનવિજય પસાયો,**
**વિજયદયાસૂરિરાજે જગપતિ, ઉત્તમવિજય મલ્હારો રે.....**

(એ જ, પા. ૫)

ઓગણીસમાં શતકમાં હિંદીમાં પણ જૈનસાહિત્યની રચનાઓ જોવા મળે છે 'કેવળ સતાવની', 'લઘુ બ્રહ્મબાવની' જેવી અનેક કૃતિઓ ત્યારે રચાઈ હતી. તો, ત્યારે પણ છંદ અને રાગમાં પણ પદ્યરચનાઓ થતી હતી. વૃદ્ધિવિજયજીએ સંવત ૧૮૦૯માં, આજના મહુવા (ત્યારે મધુમતિ)માં 'ચિત્રાસેન પદ્માવતી રાસ'ની રચના કરી હતી અને રચનાનો રાગ ધન્યાસી હતો :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શીલેં દેવ દેવી વસિ થઈ, શીલે યશ વિસ્તાર રે,**
**શીલેં દુષ્ટ જરા નાવેં પાસિં, શીલેં શિવપુર સાર રે......**

(એ જ, પા. ૨૫)

અમદાવાદની શામળાની પોળના શ્રીમાળી વણિકને ત્યાં પુત્રજન્મ થયો. જન્મ વર્ષ હતું સંવત ૧૯૭૨ અને સંસારી નામ પાનાચંદ હતું. સંવત ૧૮૦૫માં તેમણે મુનિ ઉત્તમવિજયજી પાસે દીક્ષા લીધી. ધર્મબોધ સાથે તેમણે કાવ્યઅલંકાર, શબ્દશાસ્ત્ર જોવાનો પણ અભ્યાસ કર્યો હતો. અનેક સ્થળે વિહાર કરતાં કરતાં તેમણે અનેક પદ્યરચનાઓ કરી છે : 'અષ્ટપ્રકારી પૂજા', 'નેમિનાથ રાસ', 'ઉત્તમવિજય નિર્વાણ રાસ', 'મહાવીર સ્તવન', 'પંચકલ્યાણક મહોત્સવ સ્તવન', 'સમરાદિત્ય કેવલીનો રાસ', 'સિદ્ધાચલ નવાણુ યાત્રા પૂજા', 'જયાનંદ કેવળી રાસ', 'સમકિત પચીસી સ્તવન', 'ચોમાસીના દેવવંદન', 'વીરવિજય સ્તવન', 'સિદ્ધચક્ર સ્તવન', 'સ્તવનાવલિ' જેવી પદ્યરચનાઓની હસ્તપ્રતો મળી આવી છે. ઉપરાંત, તેમણે ગદ્યગ્રંથો પણ રચ્યા છે. પદ્મવિજયજીની અનેક રચનાઓમાંથી થોડીક રચનાઓનાં જ નામ અહીં આપ્યાં છે. સંવત ૧૮૩૭માં તેમણે 'પંચકલ્યાણક મહોત્સવ સ્તવન' રચ્યું અને સંવત ૧૮૩૮માં 'નવપદ પૂજા'ની પદ્યરચનામાં તેમણે લખ્યું છે (એ જ, પા. ૫૪) :

**શ્રુતદાયક શ્રુતદેવતા, વંદું જિન ચોવીસ**
**ગુણ સિદ્ધચક્રના ગાવતાં, જગમાં હોય જગીસ.......**

તો, સંવત ૧૮૫૮માં તેમણે લખેલા 'જયાનંદ કેવળી રાસ'ની રસાળ ભાષા જોશો.

**પ્રથમ પ્રથમ પ્રણામું પ્રભુ, સોહે અંસે જાસ,**
**કુંતલ કનક કલસ સિરેં, નીલકમલ મનુ ન્યાસ.૧**

**સિદ્ધારથસુત તિવિહ સ્યું, વંદુ તિવિહા વીર,**
**જનક સિદ્ધારથ દુવિહ જિન, ધરણીધર થઈ ધીર.૨**

(એ જ, પા. ૬૨)

વીસમી સદી-વિક્રમ સંવતની એ સદીએ ઘણાં પરિવર્તનો જોયાં. અહીં, આ લખાણની મર્યાદામાં, વિદેશીઓએ આપણા દેશમાં આપણી જ ભાષાઓ અને બોલીઓ વિશે અને તેમાં રચાયેલાં સાહિત્ય વિશે જે કંઈ સંશોધન કર્યું છે એ વિદેશી વિદ્વાનો વિશે અને તેમનાં લખાણો વિશે, લખવાને અવકાશ નથી. કેવળ જર્મન વિદ્વાનો પર જ બે ભાગમાં **'German Scholars on India'**નામનું પ્રકાશન થયું છે. મેક્સ મ્યૂલર **(Max Muller**-૧૮૨૩-૧૯૦૦)નામના જર્મનીમાં ભાષાશાસ્ત્રી થઈ ગયા. ૧૮૭૯થી **'Sacred Books the East'** નામના પચાસ ભાગમાં પ્રકાશનનું સંપાદન શરૂ કર્યું હતું. તેઓ, કદી આપણા દેશમાં આવ્યા નથી. તો, આપણા દેશમાં જ્યોર્જ ગ્રિઅર્સન નામના અંગ્રેજ વહીવટકર્તા અને ભાષાશાસ્ત્રી આવી ગયા. ગ્રિઅર્સને (**George Grierson** : ૧૮૫૧-૧૯૪૧) નિવૃત્તિ પછી ભારતની ભાષાઓ અને બોલીઓના પ્રકાશનનું ભગીરથ કામ હાથ પર લીધું. ૧૯૦૩માં તેમણે હાથમાં લીધેલું કામ છેક ૧૯૨૮માં પૂરું થયું. તેમનું પ્રકાશન **'The Linguistic Survey of India'**ના અગિયાર ભાગ છે અને કુલ સત્તર ગ્રંથોમાં આ વિશાળ પ્રકાશન થયું છે.

પર્સી બ્રાઉન (૧૮૭૨-૧૯૫૫), જેમ્સ બર્કિંગહામ (૧૭૮૬-૧૮૫૫), યોહાન બુહલર (૧૮૩૭-૧૮૯૮), જેમ્સ બર્જેસ (૧૮૩૨-?), આર્થર બર્નેલ (૧૮૪૦-૧૮૮૨), વિલિયમ કેરી (૧૭૬૧-૧૮૩૪), હેન્રી કોલબ્રુક (૧૭૬૫-૧૮૩૭), એલેકઝાંડર કનિંગહામ (૧૮૧૪-૧૮૯૩), હેનરી એલિયટ (૧૮૦૮-૧૮૫૩), જેમ્સ ફર્ગ્યુસન (૧૮૦૮-૧૮૮૩), ડગ્લાસ ગોર્ડન (૧૮૯૫-૧૯૬૧), અર્નેસ્ટ હેવેલ (૧૮૬૧-૧૯૩૪), ઓગસ્ટ હર્નલ (૧૮૪૧-૧૯૧૮), યુજેન હલ્ટશ (૧૮૫૭-૧૯૨૭), વિલિયમ જોન્સ (૧૭૪૬-૧૭૯૪), ચાર્લ્સ વિલ્કિન્સ (૧૭૪૯-૧૮૩૬), મોરિસ વિન્ટરનિત્ઝ (૧૮૬૩-૧૯૩૭)—કેટલાં નામ યાદ કરવાં? આપણા દેશથી બધી જ બાબતોથી અપરિચિત હોય, તમામ અગવડોને વેઠીને પણ આપણા દેશની ભાષાઓ, બોલીઓ, સાહિત્ય, સ્થાપત્ય જેવાંનો અભ્યાસ કરનારા વિદ્વાનો વિદેશથી આવ્યા. અહીં દાયકાઓ સુધી કેટલાક રહ્યા અને કામ કર્યું. ફ્રાન્સની સોબોર્ન યુનિવર્સિટીનાં પ્રાકૃત ભાષા અને જૈનદર્શનનાં વિદૂષી-અભ્યાસી પ્રોફેસર કૈયા અમારે ઘેર આવતાં, ગુજરાતના જ્ઞાનભંડારોમાં જતાં એ અમને યાદ છે.

ભાષા એ તો વિચારો, મનની અનુભૂતિ-સંવેદનાને વ્યક્ત કરવાનું માધ્યમ છે. ત્યારે, સમાજને જેવી અનુભૂતિ થાય, જેવા સંજોગો સાંપડે-તેનાથી, એ સમાજની ભાષા-બોલી આકાર ધારણ કરે છે. તેથી, તેનું સ્વરૂપ બદલાતું રહે છે અને અહીં વિક્રમના વીસમા શતકની એક રચનાથી અમારું લખાણ પૂરું કરીશું. જોકે, એ રચનાના રચયિતા અને કયા શતકમાં એની રચના થઈ તેની માહિતી મળતી નથી. એટલું જ કે એ રચના 'અનુત્તરોપપાતિકદશા બાલાવબોધ', આ સદીમાં મળી છે અને તેની શરૂઆત આ રીતે થાય છે (એ જ, પા. ૪૩૨) :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુજરાતનાં હસ્તલિખિત ગ્રંથાલયો

*—આર. ટી. સાવલિયા*



આજના વિકસતા વિજ્ઞાનયુગમાં આપણી ધર્મશ્રદ્ધા ટકાવી રાખવા માટે પૂર્વજોએ આપણા માટે માર્ગદર્શક એવા સેંકડો ગ્રંથો રચેલ છે. જૈનધર્મના લાખો કરોડો ગ્રંથોમાંના ઘણા હજુ અપ્રગટ સ્થિતિમાં પ્રાચીન તાડપત્રો ઉપર સુંદર અક્ષરોએ વિવિધ શાહીમાં હસ્તલિખિતરૂપમાં ગ્રંથાગારોમાં સચવાયેલા છે. પાટણમાં, સુરતમાં, રાજસ્થાનમાં, ભાવનગરની યશોવિજય ગ્રંથમાળા, આત્માનંદસભાના ગ્રંથાલયમાં, અમદાવાદમાં ભો. જે. વિદ્યાભવનમાં, લાલભાઈ દલપતભાઈ સંશોધન કેન્દ્રમાં, ડાહીલક્ષ્મી લાઇબ્રેરી, ભારતીય વિદ્યાભવન, મહાવીર જૈન વિદ્યાલય વગેરેના ગ્રંથભંડારોમાં બધી મળીને વીશેક લાખથી વધુ હસ્તપ્રતો હોવાનો સંભવ છે. વડોદરા, ખંભાત, લીમડી, ડભોઈ, વીરમગામના જ્ઞાનભંડારો જ્ઞાનામૃતનું પાન કરાવનારી પરબો છે.

હસ્તપ્રતોની સારી એવી સંખ્યા દક્ષિણ ભારતમાં તાંજોરમાં, ત્રિવેન્દ્રમમાં, મૈસૂર તથા મદ્રાસ અન્નામલાઈ પાસે સારો એવો સંગ્રહ છે. મહારાષ્ટ્રમાં પૂનાની ભંડારકર અને ડેક્કન કોલેજ પાસે પણ સારો સંગ્રહ છે. અમદાવાદમાં ગુજરાત વિદ્યાસભા પાસે વિપુલ પ્રમાણમાં હસ્તપ્રતોનો સંગ્રહ જોવા મળશે.

રાજસ્થાનમાં જોધપુરના મહારાજાનો સંગ્રહ પણ સુંદર છે. ઉત્તરમાં વારાણસી પાસે સરસ્વતી ભવન અને વારાણસી સંસ્કૃત યુનિવર્સિટી, બિહારમાં નાલંદા અને દરભંગામાં પટણા યુનિવર્સિટી પાસે પણ છે. બંગાળમાં કલકત્તા યુનિવર્સિટી પાસે પણ ઠીક પ્રમાણમાં છે. નંદિયા અને શાંતિનિકેતનમાં પણ હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ છે. પંજાબમાં હોશિયારપુરમાં, લાહોરમાં પંજાબ યુનિવર્સિટી પાસે, કાશ્મીરમાં અને જમ્મુના જ્ઞાનભંડારોમાં પણ હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ છે.

વિદ્યાપ્રવૃત્તિના ઘડતરમાં પ્રાચીન હસ્તપ્રતોનું બહુમૂલ્ય પ્રદાન છે. જૈનોએ જ્ઞાન પરત્વે કેવી ભક્તિભરી દૃષ્ટિ કેળવી છે તે તો જુઓ! દિવાળી પછીના નવા વર્ષમાં પ્રથમ પાંચમને જૈનો જ્ઞાનપંચમી તરીકે ઊજવે છે. જ્ઞાનની પૂજા થાય છે. ગ્રંથોનાં પ્રદર્શનો યોજાય છે. જ્ઞાન પરત્વે આ છે જૈનોનો શ્રદ્ધાભાવ.

જૈન ધર્મની સચિત્ર હસ્તપ્રતોમાંથી સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક માહિતી મળી રહે છે. ગુજરાતનાં આ હસ્તપ્રત ગ્રંથાલયો ખરેખર તો ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસા સમાન છે. ભાવી પેઢીના વિદ્યાના ઉપાસકોને માટે મહામૂલી મૂડી છે.

**રંગીન કલ્પસૂત્રો-અન્ય ચિત્રો :** જગતસંસ્કૃતિમાં ભારતનું નામ રોશન કરે એવી અદ્‌ભુત વસ્તુ છે જૈન રંગીન કલ્પસૂત્રો. એક રંગીન કલ્પસૂત્રના લાખો રૂપિયા આપવા જગતનાં મ્યુઝિયમો તૈયાર છે. હેમચન્દ્રાચાર્યની સોનેરી અક્ષરની હસ્તપ્રત માટે ૫૦-૫૦ લાખ રૂપિયા બોલાયા છે. આના ઉપરથી આ અમૂલ્ય ખજાનાનો સહેજે અંદાજ આવી શકે છે. જૈનભંડારોમાં હજારો રંગીન કલ્પસૂત્રો છે. અસંખ્ય રંગીન શાસ્ત્રો વિદેશોમાં વહેંચાયાં છતાં હજી ગણ્યાગણાય નહીં એટલાં રંગીન મિનીએચર ચિત્રો જૈનો પાસે છે. પશ્ચિમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતની ચિત્રપરંપરાને જૈન ચિત્ર-પરંપરાથી ઓળખવામાં આવે છે. જૈનોએ કળાને એટલું બધું પોષણ આપ્યું કે ઈરાની, મોગલ, પહાડી, રાજસ્થાની શૈલીની જેમ પશ્ચિમ ભારતીય જૈન ચિત્રકલાની પ્રણાલિકા પ્રચલિત થઈ અને ઘણા સ્થાનોમાં પ્રસરી. આ લેખમાળા રજૂ કરનાર શ્રી સાવલિયા સાહેબનો પરિચય.

પ્રા. ડૉ. રામજીભાઈ ઠાકરસીભાઈ સાવલિયા. વતન : કાથરોટા, તા ધારી, જિ. અમરેલી. તા. ૧૧ જાન્યુઆરી, ૧૯૫૯ના રોજ કણબી કુટુંબમાં જન્મ.

બાળપણમાં પ્રાથમિક શિક્ષણ વતન કાથરોટાની પ્રાથમિક શાળામાં ૧૯૬૪થી ૧૯૭૦ સુધી ધોરણ ૧થી ૬, માધ્યમિક શિક્ષણ બગસરા ખાતે પટેલ વિદ્યાર્થી બોર્ડિંગમાં રહી ધોરણ ૭થી ૧૦ સુધી (૧૯૭૧થી ૧૯૭૪), સ્વ. ઝવેરચંદ મેઘાણી સ્મારક હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. ૧૯૭૫-૭૬માં અમદાવાદ ખાતે પંચશીલ હાઈસ્કૂલ, સરસપુરમાં ધોરણ–૧૧નો અભ્યાસ પૂરો કર્યો.

૧૯૭૬થી ૧૯૮૦ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ.કે. આટ્ર્સ કોલેજ, આશ્રમ રોડ, અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ વિષય સાથે પ્રથમ વર્ગ મેળવી બી. એ. સુધીનો ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ પસાર કરી, ૧૯૮૧-૮૨માં ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન (ભો.જે. વિદ્યાભવન)માંથી મુખ્ય વિષય ભારતીય સંસ્કૃતિમાં અનુસ્નાતક (એમ. એ.)ની પદવી પ્રથમ વર્ગમાં મેળવી.

૧૯૮૨ (જૂનથી નવે.)માં સંશોધક તરીકે ઉપાસના ટ્રસ્ટ (બેરોનેટ ગ્રુપ) શાહીબાગ, અમદાવાદમાં 'સાબરમતી પરિક્રમા' પ્રોજેક્ટમાં કામગીરી. ૧ ડિસેમ્બર, ૧૯૮૨થી ૧૫ જુલાઈ, ૧૯૮૪ દરમ્યાન ક્યુરેટર કમ લેક્ચરર તરીકે વિચાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંચાલિત યુટેન્સિલ્સ મ્યુઝિયમ (ધાતુપાત્ર સંગ્રહાલય)માં કામગીરી બજાવી.

તા. ૧૬-૭-૧૯૮૪થી ગુજરાત યુનિવર્સિટી માન્ય ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, એચ. કે. કોલેજ કેમ્પસ, આશ્રમરોડ, અમદાવાદમાં ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્રમાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૮૯માં 'ગુજરાતની હિંદુ દેવીઓનું પ્રતિમાવિધાન' વિષયમાં મહાનિબંધ તૈયાર કરી વિદ્યાવાચસ્પતિ (પીએચ. ડી.)ની પદવી મેળવી. ૧૯૯૭માં બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદમાંથી સંસ્કૃત વિષયમાં 'શાસ્ત્રી'ની પદવી મેળવી.

૧૯૯૧માં શોધનિબંધ માટે 'ક. ભા. દવે રૌપ્યચંદ્રક' આણંદ, ૧૯૯૯માં શૈક્ષણિક કારકિર્દી માટે 'સમાજ ગૌરવ પુરસ્કાર', ૨૦૦૧માં સંશોધનકાર્ય માટે 'સ્વ. ડૉ. હરિભાઈ ગૌદાની સમાજ ગૌરવ પુરસ્કાર'–સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ૨૦૦૧માં શિલ્પ-કલામાં શોધકાર્ય માટે રાજસ્થાન-કોટા ખાતે 'શ્રીમતી સરયૂ વસંત ગુપ્તે રૌપ્યચંદ્રક' અને ચિત્રકલા ક્ષેત્રના શોધકાર્ય માટે 'સમર્પણ સેવા સમિતિ સમ્માન' તથા પીએચ.ડીના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન આપવા બદલ ૨૦૦૭માં શ્રેષ્ઠ માર્ગદર્શક શિક્ષક તરીકેનું સન્માન.

૧૯૯૬થી ગુજરાત યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક અધ્યાપક તરીકે માન્યતા મળી. હાલ બે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૯૮થી આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અને બૌદ્ધદર્શન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.ફિલ. અને પીએચ.ડી.ના માન્ય માર્ગદર્શક તરીકેની માન્યતા. ૧૯૯૮-૨૦૦૩ દરમ્યાન બૌદ્ધદર્શન વિભાગમાં ૭ અને જૈનવિદ્યામાં ૪ વિદ્યાર્થીઓએ એમ.ફિલનો અભ્યાસ પૂર્ણ કર્યો, જ્યારે ૨૦૦૧થી ૨૦૦૬ સુધીમાં બૌદ્ધ અને જૈનવિદ્યા અને દર્શનમાં ૭ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચ પદવી મેળવી છે. ગુજરાત યુનિવર્સિટીના ફોરેન સેન્ટરમાં ૧૯૯૫થી ગાઈડ ટીચર તરીકેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામગીરી. કુલ સાત વિદ્યાર્થીઓને સંશોધન માર્ગદર્શન પૂરું પાડ્યું. સેન્ટર ફોર એજ્યુકેશન, રીસર્ચ એન્ડ પ્રોગ્રેસ (ઇન્ડિયા)માં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે ૨૦૦૬થી. ઇન્ચાર્જ અધ્યાપક, ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્ર, ગુજરાત યુનિવર્સિટી, ૨૦૦૬થી. તેમના પ્રકાશનોની સંખ્યા ઘણી મોટી છે.

રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, પુરાતત્ત્વ, સંસ્કૃત, તત્ત્વજ્ઞાનની સંસ્થાઓનું આજીવન સભ્યપદ ધરાવે છે. અધ્યયન અને સંશોધનના ત્રૈમાસિક 'સામીપ્ય'ના સહાયક સંપાદક (૧૯૯૨થી ૨૦૦૩),.હાલ સંપાદક તરીકે, ગુજરાત ઇતિહાસ પરિષદમાં કોષાધ્યક્ષ (૧૯૯૪થી ૧૯૯૭), મંત્રી (૧૯૯૭થી ૨૦૦૦) અને ઉપપ્રમુખ (૨૦૦૨થી ૨૦૦૪ અને ૨૦૦૬થી ૨૦૦૮) તરીકે ચૂંટાયા. પુરાતત્ત્વ (ખોજ) શિબિર હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી-પાટણ (ઉ.ગુ.)માં (૧૯૯૨થી કાર્યરત) તજ્જ્ઞ તરીકે . Journal of Oriental institute, History Today, Panchal, Bhartiya Vidya Mandira સામીપ્ય, બુદ્ધિપ્રકાશ, પથિક, કુમાર, સ્વાધ્યાય, વિદ્યા, સંબોધિ, ગુજરાત જેવાં પ્રતિષ્ઠિત જર્નલમાં ૧૫૦ જેટલા અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ભાષામાં વિવિધ વિષયોના સંશોધનાત્મક લેખો પ્રગટ થયા છે. ગુજરાત વિશ્વકોશમાં પુરાતત્ત્વ, ઇતિહાસ, ભારતીય સંસ્કૃતિ વિષયમાં ૧૦૦ જેટલાં અધિકરણો પ્રકાશિત થયાં. Encyclopedia of Patidar, Vol I to III Mahesana (2000) લેખક તથા પરામર્શક તરીકે. Encyclopedia of Indian Culture, Vol I to VIII Calcuttaમાં Co-ordinetor તરીકે કામગીરી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં ભાગ લઈ સંશોધન પેપર રજૂ કરી ચર્ચામાં ભાગ લીધેલ છે.

હાલ, અધ્યાપક, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, (એચ. કે. કોલેજ કમ્પાઉન્ડ) અમદાવાદમાં કાર્યરત.

— સંપાદક

## ગુજરાતના પ્રસિદ્ધ હસ્તલિખિત ગ્રંથભંડારો



**પ્રાચીન તાડપત્રો** (એક હજાર વર્ષ પહેલાંનાં)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતની ભૂમિ ભૂતકાળનો ભવ્ય સાંસ્કૃતિક અને વિદ્યાકીય વારસો ધરાવે છે. એની વિદ્યાપ્રવૃત્તિના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથભંડારોનું બહુમૂલ્ય પ્રદાન છે.

આ હસ્તલિખિત ગ્રંથભંડારો એટલે પ્રાચીન કાળનાં પુસ્તકાલયો. એમાં તાડપત્ર, કાપડ અને કાગળ ઉપર લખાયેલા વિવિધ વિષયોને લગતા હસ્તલિખિત અને સચિત્ર ગ્રંથોનો સંગ્રહ કરેલો હોય છે.

ગુજરાતમાં આવા જ્ઞાનભંડારોની સંસ્થા ઘણી પ્રાચીન છે. ઈ.સ.ની ૫-મી સદીની આસપાસ સૌરાષ્ટ્રનું વલભી એક વિદ્યાધામ તરીકે આખા ભારતમાં વિખ્યાત હતું. તમામ જૈન આગમ ગ્રંથો, જે અગાઉના કાળમાં મુખપાઠથી ચાલતા હતા, તે આચાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના અધ્યક્ષપણા હેઠળ પુસ્તકોરૂપે વલભીમાં લખવામાં આવ્યા. ભારતીય વિદ્યાપ્રવૃત્તિના ઇતિહાસમાં આ ઘણો મહત્ત્વનો બનાવ છે. આ રીતે લખાયેલાં પુસ્તકોની અનેક નકલો થઈ હશે અને તે જુદા જુદા ગ્રંથભંડારોમાં રાખવામાં આવી હશે. પ્રાચીન કાળમાં ગુજરાતમાં બૌદ્ધો, જૈનો અને બ્રાહ્મણોની સાહિત્યપ્રવૃત્તિ સારા પ્રમાણમાં ચાલતી હતી. આથી કોઈ પ્રકારનાં પુસ્તકાલયોનું અસ્તિત્વ તો ત્યાં હોવું જોઈએ, પરંતુ ચૌલુક્ય વંશના બે ગુર્જર રાજાઓ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં પહેલાંના ગુજરાતના જ્ઞાનભંડારો વિશે કોઈ વિશ્વાસપાત્ર માહિતી ઉપલબ્ધ નથી. રાજા સિદ્ધરાજની વિનંતીથી હેમચન્દ્રાચાર્યે ગુજરાતનું પ્રધાન વ્યાકરણ રચ્યું અને ત્યારથી ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિનો મધ્યાહ્નકાળ શરૂ થયો. વિજેતા સિદ્ધરાજે ત્રણસો લહિયાઓ પાસે સતત ત્રણ વર્ષ સુધી વિવિધ લેખનકાર્ય કરાવી રાજકીય પુસ્તકાલયો સ્થાપ્યાં અને સિદ્ધહેમ વ્યાકરણની સેંકડો પ્રતો લખાવી વિદેશનાં પુસ્તકાલયોમાં ભેટ મોકલી. સિદ્ધરાજ પછી રાજા કુમારપાળે પણ એકવીસ જેટલા જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા અને રાજકીય પુસ્તકાલયો માટે જૈન આગમ ગ્રંથો તથા આચાર્ય હેમચંદ્રના ગ્રંથોની સુવર્ણાક્ષરવાળી ૨૧ પ્રતિઓ લખાવી હતી. ધોળકાના રાજા વીરધવલના સુપ્રસિદ્ધ મંત્રી વસ્તુપાળે કરોડો રૂપિયાના ખર્ચે ત્રણ જ્ઞાનભંડારો સ્થાપ્યાની હકીકત પ્રાચીન ગ્રંથોમાંથી મળી રહે છે. આ પ્રાચીન જ્ઞાનભંડારોમાંની એક માત્ર તાડપત્રીય સ્વહસ્ત હસ્તપ્રત હાલ ઉપલબ્ધ છે અને તે ઉદયપ્રભસૂરિએ રચેલી 'ધર્માભ્યુદય' કાવ્યની. માંડવ ગઢના મંત્રી પેથડ શાહે ભરૂચ વગેરે સાત નગરોમાં ભંડાર સ્થાપ્યા હતા. આ ઉપરાંત કેટલાક ધનાઢ્ય ગૃહસ્થોએ પણ જ્ઞાન-સંગ્રહો લખાવ્યા હતા.

જાહેર માલિકોના આવા હસ્તલિખિત ગ્રંથભંડારો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ અંશે પ્રચલિત હતી. ગુજરાત અને રાજસ્થાનમાં જૈન ધર્મનો વિશેષ પ્રસાર હોઈ ગ્રંથ-ભંડારોની સંસ્થા અહીં ખાસ ધ્યાન ખેંચે છે. આ ગ્રંથભંડારોમાં માત્ર જૈન ધર્મને લગતા જ ગ્રંથો નથી, શાસ્ત્ર અને વિજ્ઞાનના જે વિષયોનું પ્રાચીન અને મધ્યકાલીન ભારતમાં અધ્યયન-અધ્યાપન થતું એ તમામ વિષયોને આવરી લેતા ગ્રંથભંડારો છે. આવા વિષયોમાં કાવ્ય, કોશ, છંદ, અલંકાર, જ્યોતિષ, નાટક, શિલ્પ, દર્શનશાસ્ત્ર વગેરે વિષયક સમગ્ર સાહિત્યના ગ્રંથોનો સમાવેશ થતો.

ગુજરાતના હસ્તલિખિત ગ્રંથભંડારોમાં પાટણ, ખંભાત અને અમદાવાદના ભંડારો સૌથી વધારે ખ્યાતિ પામેલા છે. આ ઉપરાંત વડોદરા, છાણી, પાલનપુર, ખેડા, પાદરા, હરપરા, સિનોર, ભરૂચ, સુરત અને સૌરાષ્ટ્રમાં ભાવનગર, ઘોઘા, પાલિતાણા, લીમડી, જામનગર, વઢવાણ કેમ્પ, માંગરોળ વગેરે સ્થળોએ અનેક નાનામોટા ગ્રંથભંડારો છે.

ઈ.સ.ના અગિયારમા, બારમા અને તેરમા શતકમાં પાટણનું રાજકીય મહત્ત્વ ચરમસીમાએ પહોંચ્યું હતું અને આચાર્ય હેમચંદ્રસૂરિના પ્રભાવથી વિદ્યાપ્રવૃત્તિને રાજ્યાશ્રય તથા ઉત્તેજન મળતું હતું. ત્યારે ઇતિહાસ ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન સાહિત્ય વગેરે વિષયોના ગ્રંથોની રચનાને ઘણો જ વેગ મળ્યો હતો. આ સમયે રચાયેલા ગ્રંથો ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં ખૂબ મહત્ત્વના નીવડ્યા. વળી જૈન ધર્મને જે રાજ્યાશ્રય મળ્યો, તેથી જૈન સાધુ અને આચાર્યોયે જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિકસાવવામાં ખૂબ જ રસ લીધો. આવી સાહિત્યિક પ્રવૃત્તિથી મોટા મોટા જ્ઞાનભંડારો અસ્તિત્વમાં આવ્યા અને એમાં પ્રાચીન, સમકાલીન અને નવા ગ્રંથોનો સંગ્રહ થતો રહ્યો.

## પાટણના હસ્તલિખિત ગ્રંથભંડારો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાટણના લગભગ વીસ જેટલા હસ્તપ્રત ભંડારોનો એક રસપ્રદ ઈતિહાસ છે. એમાં પ્રાકૃત, સંસ્કૃત, જૂની ગુજરાતી, હિંદી, મરાઠી વગેરે ભાષાઓમાં રચાયેલ લગભગ બધા જ વિષયોના ગ્રંથો સચવાયા છે, જેમાં જૈન અને બીજા ધર્મોની રચનાઓનો સમાવેશ થાય છે. આને લીધે પાટણના ભંડારો દેશ-વિદેશમાં વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. આજે પાટણના બે સિવાયના બધા જ ભંડારોની તાડપત્ર ઉપરની તેમ જ કાગળ પરની હસ્તપ્રતોનો સંગ્રહ એકત્રિત થઈને પાટણના જૈન સંઘના તાબાના શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં સચવાઈ રહ્યો છે. આશરે વીસ હજાર પ્રતો કાગળ ઉપર લખાયેલી સચવાઈ છે. આ જ્ઞાન-મંદિરની સ્થાપના સને ૧૯૩૯માં થઈ હતી. પાટણના વિખ્યાત ગ્રંથભંડારો કાયમને માટે સચવાઈ રહે અને પ્રાચીન વિદ્યા તથા સાહિત્યના ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો એ હસ્તપ્રતોનો સરળતાથી લાભ લઈ શકે એ હેતુથી આ જ્ઞાનમંદિરની સ્થાપના થઈ છે.

પાટણના નામાંકિત ભંડારોમાં સંઘવીના પાડાનો તાડપત્રીય ગ્રંથભંડાર વિદ્વાનોના આકર્ષણનું ખાસ કેન્દ્ર બનેલો. આ ભંડારની મુલાકાતે પાશ્ચાત્ય વિદ્વાનો અને સંશોધકો આવતા હતા. ભંડારમાં કુલ ૪૩૪ તાડપત્ર ઉપરની હસ્તપ્રતો છે. એમાંની કેટલીક હસ્તપ્રતો સચિત્ર છે. એમાંનાં ચિત્રો મધ્યકાલીન પશ્ચિમ ભારતની ચિત્ર શૈલીના ઉત્તમ નમૂના પૂરા પાડે છે. આ શૈલીનાં ચિત્રો લઘુચિત્રો સ્વરૂપે મળે છે. પશ્ચિમ ભારતની ચિત્રકલાનું જન્મસ્થાન અને પોષણસ્થાન ગુજરાત છે. એમાં ગુજરાતનાં ધર્મ અને સમાજજીવનનું પ્રતિબિંબ પડે છે. આ લઘુ-ચિત્રોની શૈલીના નમૂના મોટે ભાગે ગુજરાત અને રાજસ્થાનના જૈન ભંડારોમાંથી અને ખાસ કરીને જૈન કે જૈનાશ્રિત લખાયેલા ગ્રંથોનાં લઘુ-ચિત્રોરૂપે મળે છે. ચિત્રોની આ શૈલીને ગુજરાતની શૈલી કે મારુ-ગુર્જર શૈલી પણ કહે છે. પાટણના સંઘવી-પાડા ભંડારમાં કેટલીક તાડપત્ર ઉપરની સચિત્ર હસ્તપ્રતો સુરક્ષિત છે. એમાં શ્વેતાંબર જૈન સંપ્રદાયના ગ્રંથ 'નિશીથચૂર્ણિ'ની ઈ.સ.ની ૧૨મી સદીની પ્રત ગુજરાતી સચિત્ર તાડપત્રનો સહુથી જૂનો નમૂનો છે. આ પ્રત ભૃગુકચ્છ (ભરૂચ)માં લખાયેલી છે. એમાં એક પત્ર ઉપર વર્તુળાકારમાં હાથીસવારનું ચિત્ર આલેખાયેલું છે. ચિત્રમાં માળા ધારણ કરતી સ્ત્રીઓનાં આલેખન છે, જે ઘણું કરીને અપ્સરાઓ હોવાનું જણાય છે. આ સંગ્રહમાંની 'કલ્પસૂત્ર'ની એક ૧૩મી સદીની હસ્તપ્રતમાં જૈન સાધ્વીઓ અને શ્રાવિકાઓનાં ચિત્રો આલેખાયેલાં છે. ૧૩મી સદીની 'કથારત્નસાગર'ની હસ્તપ્રતમાં પાર્શ્વનાથ અને શ્રાવક-શ્રાવિકાનાં સુંદર ચિત્રો જોવાં મળે છે.

આવી જ એક બીજી આ જ સમયની 'કલ્પસૂત્ર'ની હસ્તપ્રતમાં જૈનપરંપરામાં વત્તે ઓછે અંશે પૂજાતા બ્રહ્મશાંતિ યક્ષ અને લક્ષ્મીદેવીનાં આકર્ષક ચિત્રો મળે છે. આ ઉપરાંત 'ઋષભદેવચરિત'ની આશરે ૧૩મી સદીની હસ્તપ્રતમાં ઋષભદેવ અને જૈન યક્ષિણી ચક્રેશ્વરીનાં સુંદર ચિત્રો દોરેલાં છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ની પ્રતના છેલ્લા ત્રણ પત્રો ઉપર હેમચન્દ્રસૂરિ, રાજા કુમારપાલ અને શ્રાવિકા શ્રીદેવીનાં મનોરમ ચિત્રો આલેખાયાં છે.

પાટણના વખતજીની શેરીના ભંડારમાંની એક પ્રતમાં ચાર સુંદર ચિત્રો અંકિત કરેલાં છે, જેમાં હેમચન્દ્રાચાર્યને વ્યાકરણનો ગ્રંથ લખવા માટે વિનંતી કરતો રાજા સિદ્ધરાજ, વ્યાકરણગ્રંથને અંબાડી ઉપર મૂકીને ફરતી યાત્રા, પાર્શ્વનાથનું મંદિર અને વ્યાકરણ ગ્રંથની નકલ મેળવવા આનંદપ્રભુ ઉપાધ્યાયને વિનંતી કરતા કર્મણ મંત્રી વગેરે પ્રસંગોનાં આબેહૂબ ચિત્રો આલેખાયેલાં છે. આ ચિત્રોમાં કલાકારની પ્રતિભા તથા કૌશલ્યનાં દર્શન થાય છે.

પાટણના હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં કલ્પસૂત્રની ૧૫મી સદીની બે હસ્તપ્રતો છે, એમાંની એક પ્રતમાં લક્ષ્મીદેવી અને ચંદ્રદેવનાં ચિત્રો મળે છે.

કાપડ પર ચિત્રાંકનો કરવાની જૈન પરંપરા ઈ.સ.ની ૧૪મી સદી જેટલી પુરાણી છે. એમાં યંત્રો, વિશ્વરચના (cosmology) યાત્રાસ્થળો અને માંગલિક ચિહ્નો જેવા વિષયોને રજૂ કરતાં કાપડ પરનાં ચિત્રો ભારત અને વિદેશોનાં સંગ્રહાલયોમાં સચવાયેલાં છે. વૈષ્ણવોની જેમ જૈનોમાં પણ કાપડ ઉપર ધાર્મિક ચિત્રો આલેખવાની પ્રથા છે. એને પટ કહેવામાં આવે છે. વીંટો વાળીને આવા પટ મંદિરમાં કે ખાનગી ગૃહોમાં સાચવી રાખવામાં આવતા.

આ પ્રકારના સૌથી પ્રાચીન ચિત્રનો નમૂનો પાટણના સંઘના ભંડારમાં સચવાયેલી 'ધર્મવિધિપ્રકરણ'ની ૧૪મી સદીની હસ્તપ્રતમાં મળે છે. એમાં સરસ્વતીની સાદી આકૃતિ ચિત્રિત કરેલી છે. સંઘવી પાડાના ભંડારમાંનો ૧૫મી સદીનો કાપડ પર ચીતરેલો પંચતિથિ પટ ખૂબ પ્રસિદ્ધ છે. આ પટ ચાંપાનેરમાં તૈયાર થયેલો છે. એમાં સાત ચિત્રોનું આલેખન કરેલું છે. મંદિરના ગર્ભગૃહમાં સર્પછત્ર ધારણ કરતા તીર્થંકર પાર્શ્વનાથની પ્રતિમા, ગિરનાર પર્વતનું દૃશ્ય, સમ્મેતશિખર અને પાવાગઢ ઉપરના મહાવીર સ્વામીના મંદિરનાં ચિત્રો મનોહર લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના સારાભાઈ નવાબના સંગ્રહમાં 'સૂરિમંત્ર પટ'નું ૧૪મી સદીનું ચિત્ર સંગ્રહિત છે, એમાં પૂર્ણ વિકસિત પદ્મ પર બેઠેલા, મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમ સ્વામીનું ચિત્ર આલેખેલું છે. સારાભાઈ નવાબના સંગ્રહમાંનો ઋષભદેવના સમવસરણનો ૧૫મી સદીના મધ્યનો એક પટ અને જંબૂદ્વીપનો ૧૬મી સદીનો એક પટ નોંધપાત્ર છે. કાપડ પર ચિત્રો આલેખવાની પ્રથા ૧૭મી સદી સુધી જૈનોમાં જળવાઈ રહી.

હસ્તપ્રતોની જાળવણી માટે વપરાતી લાકડાની પાટલીઓ ઉપર પણ લઘુચિત્રો જોવા મળે છે. આવા લાકડાની પાટલી પરનાં લઘુ ચિત્રોના સહુથી જૂના નમૂના રાજસ્થાનના જૈન ભંડારોમાં મળે છે. અમદાવાદના સારાભાઈ નવાબના સંગ્રહમાં સુરક્ષિત લાકડાની પાટલી પર ભરત અને બાહુબલી વચ્ચેના યુદ્ધપ્રસંગનું આલેખન છે. એક પાટલી પર તીર્થંકર પાર્શ્વનાથના પૂર્વના દસ ભવો આલેખેલા છે. મુનિ પુણ્યવિજયજી સંગ્રહમાંની એક પાટલી પર મહાવીર ભગવાનના ૨૭ ભવો પૈકીના કેટલાક ભવોનું ચિત્રાંકન કરેલું જોવા મળે છે.

પાટણના બીજા ભંડારોમાં તપાગચ્છ ભંડાર, ભાભાના પાડાનો ભંડાર, વસ્તાના માણેકનો ભંડાર, શ્રી હિંમત વિજયજી સંગ્રહ વગેરે અત્યંત મહત્ત્વના છે. જોકે આ બધા ભંડારો હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાન ભંડારને સોંપાઈ ગયા છે.

## ખંભાતના જ્ઞાનભંડારો



પાટણની જેમ ખંભાતે પણ સંશોધકવિદ્વાનોને આકર્ષ્યા છે. તેરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતના વિખ્યાત મંત્રી વસ્તુપાલે મોટી રકમ ખર્ચીને પાટણ, ભરૂચ અને ખંભાતમાં ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. હાલમાં ખંભાતમાં મુખ્ય ચાર ગ્રંથભંડારો છે. પાયચંદ ગચ્છનો ભંડાર, જ્ઞાનવિમલસૂરિનો ભંડાર, નેમિસૂરિજીનો ભંડાર અને શાંતિનાથનો ભંડાર. આમાં શાંતિનાથનો ભંડાર સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં સહુથી સમૃદ્ધ અને મૂલ્યવાન ભંડારોમાંનો એક છે. એમાં ગ્રંથસંખ્યા બહુ મોટી નથી, પરંતુ એની વિશિષ્ટતા એમાંની પ્રાચીન અને દુર્લભ તાડપત્રીય હસ્તપ્રતો છે. એમાં તાડપત્ર ઉપર સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલી દોઢસો જેટલી હસ્તપ્રતો છે. આ ભંડારની હસ્તપ્રતો ઈ.સ.ની ૧૨મી, ૧૩મી અને ૧૪મી સદી જેટલી પ્રાચીન છે. ગુજરાતના ગ્રંથસ્થ લઘુ ચિત્રકલાના સહુથી પ્રાચીન નમૂના આ ભંડારની તાડપત્રીય હસ્તપ્રતોમાંથી મળે છે. આચાર્ય હેમચન્દ્ર તેમના શિષ્ય અને રાજા કુમારપાળનું વિખ્યાત ચિત્ર બારમા સૈકાની 'દશવૈકાલિકસૂત્રની લઘુવૃત્તિ'ની હસ્તપ્રતના છેલ્લા પત્ર પર છે. એમાં આસન પર બિરાજમાન હેમચન્દ્રાચાર્ય, જમણા હાથમાં તાડપત્ર રાખીને સામે બેઠેલા પોતાના શિષ્ય મહેન્દ્રસૂરિને જાણે પાઠ આપતા હોય એમ લાગે છે. મહેન્દ્રસૂરિની પાછળ બે હાથ જોડીને ઊભેલા દાઢીવાળા ગૃહસ્થની આકૃતિ રાજા કુમારપાળની જણાય છે. આ ચિત્ર આચાર્ય હેમચન્દ્ર અને રાજા કુમારપાલ બંનેના જીવનકાળ દરમ્યાન દોરાયેલું હોઈ આ સમકાલીન મહાપુરુષોના ચિત્ર તરીકે પણ તેનું વિશિષ્ટ મૂલ્ય છે.

આ ભંડારનું એક અમૂલ્ય રત્ન તે 'ધર્માભ્યુદયકાવ્ય'ની ૧૩મી સદીમાં લખાયેલી તાડપત્રીય પ્રત છે. મંત્રી વસ્તુપાલે પોતાના ગુરુ વિજયસેનસૂરિના ઉપદેશથી શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, એનો ઐતિહાસિક વૃતાંત આપવા સાથે કેટલીક ધર્મકથાઓ વર્ણવતું એ સંસ્કૃત કાવ્ય છે. એ કાવ્ય વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ રચેલું છે. આખાયે કાવ્યની વસ્તુપાલના સ્વહસ્તાક્ષરે ખંભાતમાં જ થયેલી નકલ ત્યાં સચવાયેલી છે. આ ઉપરાંત બૌદ્ધ વિદ્વાનોના ગ્રંથો, સુભાષિત સંગ્રહો, ફારસી શબ્દોનો સંસ્કૃતમાં અર્થ આપતો શબ્દકોશ જેવા સંસ્કૃત-પ્રાકૃત અને ઈતર સાહિત્યની વિવિધ શાખાઓના કેટલાયે ગ્રંથોની પ્રાચીન પ્રતો ઉપલબ્ધ છે. એમાંની કેટલીય હસ્તપ્રતો ગુજરાતના ચૌલુક્ય અને વાઘેલા રાજાઓના સમયમાં લખાયેલી છે. આ ગ્રંથોમાંથી ગુજરાતનો સામાજિક અને ધાર્મિક ઇતિહાસ, પ્રાચીન ગામોનો સ્થાનિક ઇતિહાસ તેમજ પ્રાચીન મધ્યકાલીન ગુજરાતની સંસ્કાર અને સાહિત્ય પ્રવૃત્તિઓ વિશે ઉપયોગી માહિતી મળે છે. ખંભાતના આ પ્રાચીન ગ્રંથભંડારો માત્ર ગુજરાતની જ નહીં, પરંતુ સમસ્ત ભારતની મોંઘી વિદ્યાસંપત્તિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ભંડારમાં સંગ્રહિત 'નેમિનાથચરિત'ની ૧૩મી સદીની પ્રતમાં જૈન તીર્થંકર નેમિનાથ, અંબિકાદેવી અને અંજલિમુદ્રામાં શ્રાવક-શ્રાવિકાનાં ચિત્રો આલેખેલાં છે. બીજી એક ૧૨મી સદીની સચિત્ર પ્રતમાં બે ચિત્રો દોરેલાં છ જેમાંના એકમાં પદ્માસન પર બેઠેલ મહાવીર સ્વામી છે અને બીજા ચિત્રમાં ત્રિભંગ અવસ્થામાં ઊભેલાં ચતુર્ભુજ સરસ્વતીનું આલેખન છે.

ખંભાતના પાયચંદ ગચ્છના ભંડારમાં ૧૫૦૦ જેટલી હસ્તપ્રતો જળવાયેલી છે, જેમાંની કેટલીક તાડપત્ર પર લખાયેલી છે. જ્ઞાનવિમલસૂરિના ભંડારમાં આ જ સૂરિની લખેલ સંસ્કૃત અને ગુજરાતની ભાષાની કેટલીક રચનાઓ પણ જોવા મળે છે. આચાર્ય નેમિસૂરિજીના ગ્રંથ ભંડારમાં આશરે વીસ હજાર જેટલી પ્રાચીન પ્રતો છે. નેમિસૂરિજીએ જૈન દૃષ્ટિએ વિશ્વવિદ્યા (cosmology)નું નિરૂપણ કરતો 'લોકપ્રકાશ' નામનો ગ્રંથ જૂનાગઢમાં રચેલો. એમના પોતાના હસ્તાક્ષરોવાળી પ્રત અહીં સચવાયેલી છે.

## અમદાવાદના હસ્તપ્રત ભંડારો

## ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન હસ્તપ્રત સંગ્રહ

આ મ્યુઝિયમમાં સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી, હિંદી, વ્રજ, મરાઠી, બંગાળી, અરબી, ફારસી જેવી ભાષાઓમાં લખાયેલી લગભગ ૧૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો સંગ્રહિત છે. મોટા ભાગની હસ્તપ્રતો કાગળ ઉપર લખાયેલી છે. કેટલીક કાપડ અને તાડપત્ર ઉપર લખાયેલી મળે છે, તાડપત્રીય પ્રતો કન્નડ, તેલુગુ, મલયાલમ જેવી દક્ષિણ ભારતની લિપિઓમાં લખાયેલી છે અને ઈ.સ.ની ૧૫થી ૧૯મી સદી સુધીની છે.

આ હસ્તપ્રતો વેદ-વેદાંગ, ઈતિહાસ, પુરાણ, બૌદ્ધ સાહિત્ય, જૈન સાહિત્ય, ભક્તિ, તંત્ર, કાવ્ય, વ્યાકરણ, કોશ, નાટ્ય, શિલ્પ, અલંકાર, કામશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ, કોશ જેવા વિવિધ વિષયોને લગતી છે.

આ સંગ્રહમાં ૧૮ જેટલી સચિત્ર હસ્તપ્રતો છે, જેમાં સપ્તશતી, શ્રીમદ્ ભાગવત, કલ્પસૂત્ર, મધુમાલતી કથા જેવી સુંદર ચિત્રોવાળી હસ્તપ્રતોનો સમાવેશ થાય છે.

૧૮મી સદીની ગીત-ગોવિંદની સચિત્ર પ્રતમાં વિષ્ણુના દશાવતારોનાં ચિત્ર અને રાધાકૃષ્ણના મિલન-વિરહના પ્રસંગો ભાવપૂર્ણ રીતે આલેખાયેલા છે. ફારસી લિપિમાં લખાયેલી સચિત્ર હસ્તપ્રતો પણ અહીં જળવાયેલી છે. જ્યોતિષને લગતા સળંગ સચિત્ર ઓળિયા (વીંટા-scroll) અને જૈન સૂરિઓ અને



ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના નામે ઓળખાતી ગુજરાત વિદ્યાસભાએ એના મૂળ સ્થાપક એલેકઝાંડર ફોર્બ્સના સમયથી હસ્તપ્રતોનો સંગ્રહ કરવાનું કાર્ય શરૂ કરેલું. સંસ્થાના ઉત્તરોત્તર વિકાસના પરિણામે ભેટરૂપે પ્રાપ્ત થયેલી અથવા ખરીદેલી હસ્તપ્રતોની સંખ્યા લગભગ ૨૦૦૦ જેટલી થયેલી છે. ૧૯૪૬માં ગુજરાત વિદ્યાસભાનો ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ ભો. જે. વિદ્યાભવનના નામે વિકસ્યો ત્યારથી આ સંસ્થાના મ્યુઝિયમમાં આ હસ્તલિખિત સંગ્રહ સુરક્ષિત છે. હાલ

સાધુઓને તેમ જ તેમના સંઘને યાત્રા દરમ્યાન આમંત્રણ આપતું એક સચિત્ર વિજ્ઞપ્તિપત્ર (૧૮મી સદીનું) ઉપલબ્ધ છે.

'બાબીવિલાસ' જેવી ઐતિહાસિક કૃતિઓ, મેદપાટ પુરાણ,કાયસ્થ પદ્ધતિ જેવી જ્ઞાતિવિષયક હસ્તપ્રતો તેમજ મંડપદુર્ગ જેવી સ્થાપત્યની હસ્તપ્રતો પણ અહીં છે.

આમાંની કેટલીક હસ્તપ્રતો સુંદર વેલબુટ્ટાની આકૃતિઓથી શણગારાયેલી, કોઈક સોનેરી શાહીથી લખેલી, લાલ કાળી શાહીના લખાણવાળી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ મ્યુઝિયમમાં ખેતરો, મકાન કે હાટના ખરીદ-વેચાણ કે ગીરો અંગેના, પલ્લાની ફારગતી અંગેના, મિલકતની વહેંચણીને લગતા ૧૫૦ જેટલા ખતપત્રો (દસ્તાવેજો) છે. ઈ.સ.ની ૧૪મી સદીથી ૧૯મી સદી સુધીના છે. આ દસ્તાવેજો સાંકડા કાગળ કે કપડાની પટ્ટી પર સળંગ લખેલા છે. લાંબા હોવાથી વીંટો વાળીને સાચવવા પડે છે. આવા ખતપત્રોમાંથી તત્કાલીન રાજકીય સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક માહિતી મળે છે.

આ ખતો સંસ્કૃત તેમજ અરબી-ફારસીમાં લખેલા છે. આ ઉપરાંત આ મ્યુઝિયમમાં રમતનાં ચિત્રિત પાનાં ખાસ નોંધપાત્ર છે. આવાં પાનાંઓની સંખ્યા ૧૫૦ની છે. ગોળાકાર પાનાંઓ ઉપર પશુપંખીની આકૃતિઓ છે. પાનાંઓ પરની સંખ્યા કલાત્મક રીતે આલેખવામાં આવી છે. એકની સંખ્યા દર્શાવવા ઘોડા ઉપર સવાર થયેલી રાજાની આકૃતિ અંકિત કરેલી છે. ઘોડાનું આલેખન જીવંત અને ગતિમય લાગે છે.

રાજાની વેશભૂષા રાજપૂત છે. એણે ધારણ કરેલ આયુધો અને અલંકારો ચિત્રની સમૃદ્ધિમાં વધારો કરે છે. કેટલાંક પાનાંના સંખ્યાંક દર્શાવતી છત્રી, લીલાં પાંદડાં કે પર્વતનું આલેખન કરેલું છે. કલાત્મકતા લાવવા લીલાં, પીળાં અને કાળાં ટપકાંનો ઉપયોગ કરાયો છે. પશુ પક્ષીઓમાં ઘોડો, મયૂર, પોપટ વગેરેની ચિત્રકલા સુંદર, આબેહૂબ અને સહજ છે.

## લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર હસ્તપ્રત સંગ્રહ



આ સંસ્થામાં લગભગ પંચાવન હજાર જેટલી હસ્તપ્રતોનો અમૂલ્ય ખજાનો સંગ્રહિત છે. મુનિશ્રી પુણ્યવિજયજીનો પોતાનો હસ્તલિખિત ગ્રંથોનો સમગ્ર ખજાનો આ ભંડારને ભેટ મળેલો છે. આ સંસ્થાનો આટલો મોટો સંગ્રહ માત્ર એક જ વ્યક્તિનો પરિપાક નથી, પરંતુ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી, તેમના ગુરુ ચતુર્વિજયજી તથા પ્રવર્તક કીર્તિવિજયજીના પરિશ્રમને આભારી છે. આ હસ્તપ્રત સંગ્રહમાં જૈન અને જૈનેતર સાહિત્યના અમૂલ્ય ગ્રંથો છે. એ બધા ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં લખાયેલા છે. હસ્તપ્રતો ઈ.સ.ની ૧૨મી સદી સુધીની મળે છે.

હસ્તપ્રતોનાં સૂચિપત્રો પણ પ્રકાશિત થયાં છે. લા. દ. વિદ્યામંદિરના સંગ્રહમાં ૫૫૩ જેટલી સચિત્ર હસ્તપ્રતો છે, જેમાં તાડપત્રની અને કાગળની હસ્તપ્રત ઉપરાંત, ગુટકા અને છૂટા પટ્ટરૂપે પણ મળે છે. અહીંની ૧૮મી સદીની કલ્પસૂત્રની એક હસ્તપ્રતમાં રાજસવારીનાં દૃશ્યો જોવા મળે છે. કેટલીક કાગળની હસ્તપ્રતોમાં ભગવાન તીર્થંકરના જીવનપ્રસંગો આલેખાયેલા છે.

ઈ.સ.ની ૧૮મી સદીની કલ્પસૂત્રની કાગળ પરની સચિત્ર હસ્તપ્રતો ગુજરાત–સૌરાષ્ટ્રના જૈન ભંડારોમા સચવાયેલી છે. આ હસ્તપ્રતોમાં તીર્થંકર ભગવાનના જીવનપ્રસંગો, ખાસ કરીને જન્મ, વિવાહ, કેશલોચ, દીક્ષા, ધર્મોપદેશના પ્રસંગો આલેખાયેલા છે. લા. દ. વિદ્યામંદિરમાં સંગ્રહિત ૧૮મી સદીની કલ્પસૂત્રની એક પ્રતમાં રાજસવારીનાં દૃશ્યોમાં પુરુષ અને સ્ત્રી-પાત્રોની વેશભૂષા મરાઠી જોવા મળે છે. અહીં 'સંગ્રહણીસૂત્ર'ની બાર સચિત્ર પ્રતો મળે છે. સંગ્રહણીસૂત્ર એ જૈન પરંપરા પ્રમાણે બ્રહ્માંડની ઉત્પત્તિને લગતો ગ્રંથ છે. એમાં તીર્થંકરો, દેવ-દેવીઓ, ગંધર્વો, યક્ષ-યક્ષીઓ, સૂર્ય, ચંદ્ર, પર્વતો, નદીઓ અને વૃક્ષોનું આલેખન કરવામાં આવ્યું છે. 'અઢાર શિલાંગ રથ'ની ૧૮મી સદીની અઢાર ચિત્રોવાળી પ્રત છે. લાકડાના લાંબા રથમાં સાધુએ પાળવાના આચારનાં નામોવાળાં પાનાં પાડેલાં છે. રથની ઉપર મધ્યમાં જે તે તીર્થંકર ભગવાનનું ચિત્ર છે. રથને હાંકનાર સારથિએ ઘોડાની લગામ પોતાના જમણા હાથમાં પકડી છે. આખું ચિત્ર જાણે ગતિમાં હોય એમ લાગે છે.

૧૭મી–૧૮મી સદીની કાગળ પરની ધન્નાશાલિભદ્ર-રાસની પ્રતોમાં ચિત્રાલેખન જોવા મળે છે. એમાં આલેખાયેલાં ચિત્રોમાં શાલિભદ્રની માતા ધન્ના, શાલિભદ્રના જીવનપ્રસંગો, શાલિભદ્ર અને મગધરાજ શ્રેણિકની મુલાકાતનો પ્રસંગ ઇત્યાદિ નોંધપાત્ર છે. 'લોકપ્રકાશ' નામની એક પ્રતમાંના એક ચિત્રમાં ચક્રવર્તી રાજાના રાજ્યાભિષેકનું ચિત્ર છે. રાજ્યાભિષેક વખતે રાજાનો પૃથ્વીનાં જુદાં જુદાં પવિત્ર જળથી કેવી રીતે અભિષેક થતો એનું આલેખન છે. શ્રી પાલરાસની એક ૧૯મી સદીની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્તપ્રતમાં રાસના કથા-પ્રસંગ આલેખતાં સુંદર ચિત્રો છે, જેમાંનું એક ચિત્ર ધવલ શેઠની કલાને લગતું છે. વહાણનાં ચિત્રોમાં બ્રિટિશરોનો યુનિયન જેક ધ્વજ સ્પષ્ટ દેખાય છે.

સંસ્કૃત સાહિત્યના મહાન કવિ કાલિદાસની બે કૃતિઓ મેઘદૂત અને કુમારસંભવની સચિત્ર કાગળ પર લખાયેલી પ્રતો અહીં સચવાયેલી છે. ઈ.સ.ની ૧૭મી સદીમાં ખરતરગચ્છના સાધુ ઉદયહર્ષે લખેલી મેઘદૂતની પ્રતમાં કુલ પાંચ ચિત્રો છે. એમાં સરસ્વતીનું ચિત્ર, રામગિરિ આશ્રમ પર વિરહી યક્ષનું ચિત્ર, સ્વર્ગની અલકાપુરી નગરીનું ચિત્ર, વિરહિણી યક્ષિણીનું ચિત્ર અને પ્રેમીઓના મિલનનું દૃશ્ય રેખાંકિત કરાયું છે.

કુમારસંભવની ૧૭મી સદીના પૂર્વાર્ધની પ્રતમાં પશ્ચિમ ભારતીય ચિત્ર-શૈલીમાંનાં સરસ્વતી અને અર્ધનારીશ્વર પાર્વતી પરમેશ્વરનાં મનોરમ આલેખનો મળે છે.

જૈન પરંપરા અનુસાર જૈન આચાર્યો અને મુનિઓને જુદાં જુદાં શહેરો કે નગરોના જૈન સંઘ પોતાને ત્યાં પર્યુષણ કરવા અને ચાતુર્માસ ગાળવા નિમંત્રણ આપતા. આ નિમંત્રણપત્રો વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવતા અને એમાં ચિત્રોનું આલેખન કરવામાં આવતું. ચિત્રોમાં ધાર્મિક અને નગરનો મહિમા બતાવતાં ચિત્રો આલેખાતાં. નગરજનો જૈન સાધુઓનાં દર્શન કરવા અને એમનાં વ્યાખ્યાનો સાંભળવા કેટલા ઉત્સુક છે એનું વર્ણન કરવામાં આવતું. નગરની ભૌતિક અને કુદરતી સમૃદ્ધિનું સચિત્ર વર્ણન કરાતું. આ પ્રકારના નિમંત્રણને જૈન પરિભાષામાં વિજ્ઞપ્તિપત્ર કહે છે. એમાં સાલ અને તિથિ આપેલી હોવાથી ઐતિહાસિક દૃષ્ટિએ એનું મહત્ત્વ ઘણું છે.

અમદાવાદમાં દેવાશા પાડાનાં ભંડારમાં 'શ્રીપાલરાસ'ની એક ચિત્રિત હસ્તપ્રત છે. એમાં વેપાર માટે સુરત આવતાં વહાણોનાં ચિત્રાંકનો આબેહૂબ છે. કેટલાંક ચિત્રોમાં વૃક્ષો-વનરાજીઓનાં દૃશ્યો અંકિત કરેલાં છે, જેમાં ચિત્રકારોના પ્રકૃતિપ્રેમનું દર્શન થાય છે. કેટલાંક ચિત્રોમાં ગીત-સંગીત અને નૃત્યનું આલેખન કરેલું છે. પુરુષોના હાથમાં વીણાનું ચિત્રણ વિશિષ્ટ અને નોંધપાત્ર છે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામમાં ચિત્રિત શ્રીપાલરાસની એક હસ્તપ્રત અમદાવાદના ડહેલાના ઉપાશ્રયમાં છે. આ પ્રતનાં ચિત્ર ઉત્તર ગુજરાતની વિશિષ્ટ ગ્રામીણ શૈલીમાં આલેખાયેલાં છે. પેથાપુરનાં લોકોનાં મકાનોની દીવાલો પર જે ચિત્રો જોવા મળે છે, તેવી જ શૈલીનાં ચિત્ર આ પ્રતમાં ચીતરેલાં છે. પુરુષપાત્રોની પાઘડી, લાંબી બાંયના અંગરખાં, પટાદાર ધોતિયાં અને ખેસનું આલેખન આકર્ષક છે. સ્ત્રી-પાત્રો ઘેરા વાદળી રંગની ઓઢણી અને લાલ રંગનો ચણિયો ધારણ કરેલ દર્શાવાયાં છે. ચિત્રોમાં પશુપક્ષી અને વનરાજિનું આલેખન મનોહર છે.

હિંદુ અને જૈન પરંપરામાં સાધુઓ અને સંસારીઓ માટે જે જ્ઞાનચોપાટ તૈયાર કરાતી, તેમાં ચિત્રોનું આલેખન કરવામાં આવતું. એમાં દેવલોકનું, સર્પોની સીડીઓનું, નવગ્રહોનું તેમ જ જીવયોનિઓનું આલેખન કરાતું. આવી એક ૧૯મી સદીની ચિત્રિત જૈન જ્ઞાનચોપાટ આ સંસ્થામાં સુરક્ષિત છે. જૈન સાધુઓ અને શ્રાવકોને આ જ્ઞાનચોપાટ બતાવી જુદી જુદી જીવયોનિઓ વિવિધ પ્રકારના દેવલોક, સ્વર્ગ અને નરક તેમજ મોક્ષનો ખ્યાલ આપતી જ્ઞાનચોપાટ હિંદુ પરંપરામાં પણ તૈયાર કરાવવામાં આવતી, જેમાં ૮૪ કોઠાઓનું આલેખન કરાતું. આ ૮૪ કોઠાઓ ૮૪ લાખ યોનિનાં પ્રતીક મનાતા.

ગુજરાત અને રાજસ્થાનના લોકસાહિત્યમાં ગોપીચંદની કથા ઘણી લોકપ્રિય છે. આ ગોપીચંદની કથા વર્ણવતો 'ગોપીચંદ કી શાબ્દી' નામનો હિંદુપટ આ સંસ્થામાં સચવાયેલો છે. એમાં આ રાજાના જીવનને લગતાં ચિત્રોનું આલેખન કરેલું છે. આ ચિત્રોનો સમય આશરે ૧૮મી સદીનો છે. ચિત્રોની શૈલી પશ્ચિમ–ભારતીય છે. પાત્રોની વેશભૂષા રાજસ્થાની છે.

બીજા એક હિંદુપટમાં કોઈ હિંદુ ધર્મગુરુના ગાદીવારસા વખતના પ્રસંગોનું જુદાં જુદાં દૃશ્યોમાં આલેખન કરાયું છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આ કપડાના પટ્ટમાં જુદાં જુદાં દૃશ્યોમાં આલેખન કરાયું છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં આ કપડાના પટ્ટમાં જુદા જુદા ખંડ પાડી પ્રસંગની ઉજવણીનાં દૃશ્યો ચીતરેલાં છે. એના એક દૃશ્યમાં નટનર્તકી ઊંધા માથે નૃત્ય કરતાં કરતાં પગની મદદથી તીર છોડતી બતાવાઈ છે. એની બાજુમાં એને મદદ કરનાર બીજી નટનર્તકી ઊભી છે. અંગકસરતના દાવ સાથે નૃત્ય દર્શાવતું આ ચિત્ર એ સમયની નૃત્યકલાની ઝાંખી કરાવે છે. બીજા એક ચિત્રમાં નૃત્યકાર સ્ત્રી એક હાથમાં કપડાનું બનાવેલું કમળનું ફૂલ રાખી નૃત્ય કરતી જોવા મળે છે. એના માથા પર પાંચ ગાગરનું બેડું છે. એની પાછળ હાથમાં ઘૂઘરાની પટ્ટી લઈ બે વાદક સ્ત્રી નૃત્ય કરી રહી છે. પુરુષપાત્ર બે હાથમાં મંજીરાં વગાડે છે. સ્ત્રીપાત્ર મૃદંગ વગાડે છે. એક પુરુષ સારંગી જેવું વાદ્ય વગાડે છે. આ સમગ્ર ચિત્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં લોકપ્રિય હાલના બેડા–નૃત્યનો ખ્યાલ આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આખ્યાનો અને ચિત્ર



ગુજરાતી ભાષામાં લખાયેલ મધ્યકાળના કવિ પ્રેમાનંદનાં આખ્યાનોની હસ્તપ્રતો આ સંગ્રહમાં ઉપલબ્ધ છે. 'કુંવરબાઈના મામેરા'ની ૧૯મા સૈકાની હસ્તપ્રતમાં એક ચિત્રમાં વહેલમાં બેસીને જતાં શેઠશેઠાણીનું આલેખન ભાવવાહી છે, પણ વેશભૂષા સૌરાષ્ટ્રની છે. વહેલ લાકડાની બનાવેલી છે. એમાં કોતરકામ અને ચિત્રકામ આકર્ષક છે. શણગારેલા બળદથી હંકારાતી આ વહેલનાં પૈડાં જાણે ગતિમાન દર્શાવાયાં છે.

જૈનેત્તર ચિત્રકલાનો વિકાસ વૈષ્ણવ, શૈવ અને શાક્ત સંપ્રદાયો દ્વારા થયો. વૈષ્ણવ સંપ્રદાયની અસર નીચે લિપિબદ્ધ થયેલી હસ્તપ્રતોમાં જયદેવ કવિનું ગીતગોવિંદ, બાલગોપાલસ્તુતિ અને નારાયણકવચ મુખ્ય છે. શૈવ સંપ્રદાયની અસર નીચે લખાયેલ કાગળની હસ્તપ્રતમાં શિવકવચ અને છાયા પુરુષજ્ઞાન મહત્ત્વની છે. એમાં ભગવાન શિવનાં ચિત્રોનું આલેખન કરેલું છે. છાયાપુરુષ જ્ઞાનની ૧૮મા સૈકાની એક હસ્તપ્રત આ સંગ્રહમાં છે. એમાં વાઘ પર બેઠેલા શિવનું ચિત્ર અત્યંત આબેહૂબ, મોહક અને આકર્ષક છે. શિવે કંઠમાં ખોપરીની માળા પહેરી છે. જટામાં સર્પ, બે હાથમાં ડમરું અને ત્રિશૂળ ધારણ કરેલ છે.

શાક્ત સંપ્રદાયની હસ્તપ્રતોમાં દેવીભાગવત, ચંડીપાઠ–મહાત્મ્ય જેવા ગ્રંથો મળે છે. આ સંસ્થામાં ૧૮મી સદીની એક દેવી ભાગવતની હસ્તપ્રતમાં દેવીનાં જુદાં જુદાં સ્વરૂપોનાં ચિત્ર આલેખાયેલાં છે. એમાં મહિષાસુરમર્દિનીનું એક જીવંત ચિત્ર નોંધપાત્ર છે.

સૂર્યના ઉપાસકોનો સૌર સંપ્રદાય કહેવાય છે. આ સંપ્રદાયની સૂર્ય સહસ્રનામસ્તોત્રની ૧૮મા સૈકાની કાગળની હસ્તપ્રત સચવાયેલી છે. એમાં ભગવાન સૂર્યના માનુષસ્વરૂપનું ચિત્ર આલેખેલું છે. સૂર્યનો રથ સાત ઘોડાઓથી હંકારાય છે. રથ હાંકનાર સારથિની પાઘડી મરાઠી ઢબની છે. સારથિએ એક હાથમાં ઘોડાઓની લગામ પકડી છે,તો બીજા હાથમાં પાતળો દંડ ધારણ કરેલ છે, રથની મધ્યમાં સૂર્યનું મસ્તક પ્રભામંડળની સાથે દર્શાવેલું છે. આખું ચિત્ર લયયુક્ત ગતિમાં હોય એમ જણાય છે.

ગુજરાત રાજ્યના દફતર ભંડારમાં પ્રેમાનંદની ભાગવત દશમસ્કંધની એક ગુજરાતી ભાષાની સચિત્ર હસ્તપ્રત સંગ્રહિત છે. વડોદરા પાસેના માંડવીમાં લખાયેલી આ હસ્તપ્રતમાં કુલ ૩૬૫ ચિત્રો છે. ચિત્રોનો સમય ૧૮મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૯મી સદીનો પૂર્વાર્ધ જણાય છે. એમાં બકાસુરવધ, પૂતનાવધ, અઘાસુરવધ, કૃષ્ણની બાળલીલા, નાગદમન વગેરે પ્રસંગોના ભાવવાહી આલેખનો છે. વેશભૂષા પરંપરાગત ગુજરાતની છે. એક ચિત્રમાં બાળકને સૂવાના પારણાનું આલેખન કરેલું છે, જે સંખેડાની કાષ્ઠકલાની યાદ તાજી કરાવે છે. ચિત્રોને ઉઠાવ આપવા હાંસિયામાં વેલબુટ્ટાની કલાત્મક ભાત ઉપસાવેલી છે. કવિ પ્રેમાનંદે જે ભાવ કવિતામાં વ્યક્ત કર્યો છે, તેને જ ચિત્રકારે રંગ અને રેખામાં અભિવ્યક્ત કર્યો છે.

અમદાવાદમાં દેવશાના પાડાના દયા વિમલજી ભંડારમાં આશરે ૧૫મી સદીની કલ્પસૂત્રની સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત છે, જેમાં રાગરાગિણીઓ જેવાં સંગીતશાસ્ત્રનાં તથા આકાશચારી, પાદચારી અને ભોમચારી જેવાં ભરતનાટ્યશાસ્ત્રનાં રૂપો ચીતરેલાં છે.

પાંજરાપોળના વિજયનેમસૂરિ જ્ઞાનભંડારમાં શાંતિનાથ-ચરિતની ચિત્રિત લાકડાની પટ્ટી છે. અમદાવાદમાંના ઊજમફોઈની ધર્મશાળાના ગ્રંથભંડારમાંથી એક ૧૪મી સદીની પ્રતમાં મહાવીરનું ચ્યવન, જન્મ-નિર્વાણ, સમવસરણ વગેરે પ્રસંગો ચીતરેલાં છે.

ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં ૪૩૭ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ થયેલો છે. એમાં સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી ભાષાની હસ્તપ્રતો છે. આ હસ્તલિખિત ગ્રંથો, વેદ, ઉપનિષદ ઇતિહાસ–પુરાણ, છંદ, જ્યોતિષ, કર્મકાંડ, વ્યાકરણ જેવા વિષયોને લગતા છે.

## વડોદરાનો પ્રાચ્ય વિદ્યામંદિર હસ્તપ્રત સંગ્રહ

મહારાજા સયાજીરાવ ત્રીજાના અપૂર્વ પ્રયાસ અને ભારતીય સાહિત્ય તેમજ સંસ્કૃતિ પ્રત્યેની એમની અપાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેમભક્તિને પરિણામે વડોદરામાં હસ્તપ્રતોનો વિશાળ ભંડાર અસ્તિત્વમાં આવી શકયો છે.

વડોદરાની સેન્ટ્રલ લાઈબ્રેરીમાંની સંસ્કૃત હસ્તપ્રતોને જુદી તારવી તેનો સ્વતંત્ર વિભાગ પ્રાચ્ય વિદ્યામંદિર નામે અસ્તિત્વમાં આવ્યો. આ સંસ્થામાં ૨૦,૦૦૦ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ સુરક્ષિત છે. હસ્તપ્રતોનાં સૂચિપત્રો પ્રકાશિત થયેલાં છે. આ સંગ્રહમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, વેદાંત, વ્યાકરણ વગેરે વિષયોની હસ્તપ્રતો સચવાયેલી છે. કેટલીક હસ્તપ્રતો દક્ષિણ ભારતની તેલુગુ, કન્નડ, ગ્રંથ, મલયાલમ અને ઉત્તર ભારતની બંગાળી, શારદા, નેવારી, ઉડિયા જેવી લિપિઓમાં લખાયેલી છે. કેટલીક જૈનેતર હસ્તપ્રતો અહીં સચવાયેલી છે, જેમાંની હરિલીલા ષોડશકલા નામના સંસ્કૃત ગ્રંથમાંથી ગુજરાતી રૂપાંતર કરેલ ગ્રંથની સચિત્ર પ્રત મળે છે. એમાં ગોવર્ધનધારણ અને પાર્વતીદક્ષ પ્રજાપતિનાં ચિત્રો આલેખાયેલાં છે. આ પ્રસંગોનાં ચિત્રો અત્યંત મોહક છે.

'પંચરત્ન ગીતા'નો સચિત્ર ગુટકો પણ અહીં છે. એમાં ભગવદ્‌ગીતાનાં ચિત્રો નોંધપાત્ર છે. એમાં દસમા અધ્યાય વિભૂતિયોગમાં શ્રીકૃષ્ણ અર્જુનને સૃષ્ટિમાં સર્વ સર્જનોમાં જે શ્રેષ્ઠતાનો અંશ છે તે પરમાત્માનો છે, એ પ્રકારે સમજાવતાં ચિત્રો આલેખ્યાં છે.

વડોદરાના હંસવિજયજી સંગ્રહમાં કલ્પસૂત્રની ૧૫મી સદીની સોનેરી શાહીથી લખાયેલી હસ્તપ્રતમાં ૮ ચિત્રો અને અપ્રતિમ કારીગરીવાળી સુંદર ૭૪ કિનારો છે.

## છાણીના જૈન ગ્રંથભંડારો

વડોદરા પાસેના છાણી ગામમાં ત્રણ જેટલા ભંડારો છે. કાંતિવિજયજી સંગ્રહમાં કુલ ૧૧૨૦ કાગળની અને ૩ તાડપત્રીય હસ્તપ્રતો સંગ્રહિત છે. એમાં ચાંદીની શાહીથી લખેલ ૧૭મી સદીની કલ્પસૂત્રની હસ્તપ્રત નોંધપાત્ર છે. અહીંના વીરવિજયજી શાસ્ત્રસંગ્રહમાં 'ઓઘનિર્યુક્તિ' ગ્રંથની ઈ.સ. ૧૨મી સદીની (૧૧૬૧) પ્રત છે, જેમાં ૧૬ વિદ્યાદેવીઓ, સરસ્વતી, લક્ષ્મી, અંબિકા, બ્રહ્મશાંતિયક્ષના મળી કુલ ૨૧ ચિત્રો જૈન મૂર્તિવિધાનની દૃષ્ટિએ મહત્ત્વનાં છે. આ ઉપરાંત અભયસાગરજી મહારાજના ભંડારમાં પણ હસ્તપ્રતો સંગ્રહિત છે. શ્રીમદ્‌ ભાગવતની સંપૂર્ણ હસ્તપ્રત અહીં પણ ઉપલબ્ધ છે.

ઈડરના શેઠ આણંદજી મંગળજીની પેઢીના ગ્રંથભંડારમાં કલ્પસૂત્ર અને કાલકકથાની ૧૪મી-૧૫મી સદીની સચિત્ર પ્રત છે. તાડપત્રની પ્રત ઉપર સોનાની શાહીથી ચિત્રો આલેખેલાં છે. એ આ પ્રતની વિશેષતા છે. કલ્પસૂત્રના વધુમાં વધુ પ્રસંગો આ પત્રમાં સ્થાન પામ્યા છે અષ્ટ માંગલિક, મહાવીરનો જન્મ, પાર્શ્વનાથનો જન્મ, નિર્વાણ, એમના યક્ષ-યક્ષી, ઋષભદેવનું નિર્માણ વગેરે ચિત્રો ખૂબ આકર્ષક અને નોંધપાત્ર છે.

આ ઉપરાંત જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીમાં પણ હસ્તપ્રતો સંગ્રહિત છે. સુરતના સરદાર પટેલ મ્યુઝિયમ, રાધનપુર, જૂનાગઢ, ભાવનગર, મહુવા, પાલિતાણા, લીંબડી, બોટાદ જેવાં સ્થળોએ જ્ઞાનભંડારો છે, જેમાં હજારોની સંખ્યામાં આપણો પુરાણો હસ્તલિખિત વારસો સચવાયેલો છે. લીંબડીના જૈન જ્ઞાન ભંડારમાં કલ્પસૂત્રની સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત છે. જામનગરમાં કલ્પસૂત્ર-કાલક કથા (ઈ.સ. ૧૫૦૧)ની સચિત્ર હસ્તપ્રત છે.

૧૮૮૬માં સ્થપાયેલી નડિયાદ ડાહીલક્ષ્મી લાઈબ્રેરીમાં અપ્રગટ હસ્તપ્રતોનો ભંડાર સચવાયેલો છે. એમાં સંસ્કૃત, ગુજરાતી ભાષાની હસ્તપ્રતો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ બધી કાવ્ય, જ્યોતિષશાસ્ત્ર, યોગ, સંગીત, વિજ્ઞાન, આયુર્વેદ વગેરે વિષયોને લગતી હસ્તપ્રતો અહીં જોવા મળે છે.

અમદાવાદ નજીક કોબામાં પણ જૈન જ્ઞાન ભંડાર અસ્તિત્વમાં આવ્યો છે. એમાં જૈન અને જૈનેતર સાહિત્યની હસ્તપ્રતો વિપુલ સંખ્યામાં છે. અહીંની ઈ.સ.ની સદીની કલ્પસૂત્ર 'બાલાવબોધ'ની સચિત્ર હસ્તપ્રત નોંધપાત્ર છે.

આમ ગુજરાતના જ્ઞાનભંડારો એ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના ભવ્ય વારસા સમાન છે. એ વર્તમાન યુગના અને ભાવિ પેઢીના ભારતીય વિદ્યાનાં ઉપાસકો અને વિદ્વાનોની મોટી મૂડી સમાન છે, જેમને આ ભંડારોમાં સચવાયેલી જ્ઞાનસંપત્તિની પરિભાષા, લિપિ તથા અન્ય સંકેતોનું જ્ઞાન છે, તેને માટે આ જ્ઞાનભંડારો દિવ્ય ખજાના રૂપ છે. ભારતીય લિપિઓના અધ્યયન માટે, દુર્લભ ગ્રંથોની હસ્તપ્રતોના તુલનાત્મક અભ્યાસ અને સંશોધન માટે તેમ જ પ્રાચીન અને મધ્યકાલીન ઈતિહાસની સાહિત્યિક અને સાંસ્કૃતિક માહિતી મેળવવા માટે આવા જ્ઞાનભંડારો ખૂબ જ ઉપયોગી નીવડે તેમ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સતી શીવા



ચેટક રાજાની પુત્રી ચંડપ્રદ્યોતન રાજાની પત્ની હતી. દેવતાઓએ શિયળથી ચલિત કરવા વિવિધ ઉપાયો કર્યા. છેવટે નગરીમાં દાહ (અગ્નિ) પ્રગટાવી બાળવાનું અયોગ્ય કાર્ય શરુ કર્યું. તે વખતે શીવા સતીએ સ્વહસ્તે નગરીના નાના-મોટા સર્વ ઘરોને શાંત કરવા એક શાંતિકર્મ ઉપાર્જન કર્યું જેથી નગરી શાંત થઈ.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# સુનંદા અને શ્રેણિક




દેવાનુપ્રિયા! પુત્ર જન્મશે તો તમારી અભયદાનની ભાવના વધાવી અભયકુમાર પુત્રનું નામ રાખીશું તમને ગમશે ને?

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુજરાતના મધ્યકાલીન ઈતિહાસના સંસ્કૃત સ્રોતો

## જૈનમુનિઓનું મહત્તમ યોગદાન

—ભારતીબહેન શેલત



કોઈ પણ ધર્મનો સર્વાંગી પરિચય તેનાં ત્રણ પાસાંઓને ઝીણવટથી તપાસવાથી થાય છે, એ પાસાં છે ભક્તિ, કર્મકાંડ અને તત્ત્વજ્ઞાન. સામાન્ય જન કર્મકાંડ અને ભક્તિને મહત્ત્વ આપે છે અને વિદ્વજ્જન તત્ત્વજ્ઞાનને અગ્રસ્થાને રાખે છે. જૈન ધર્મમાં આ ત્રણે પાસાંઓનો સુપેરે સર્વોચ્ચ વિકાસ થયેલો છે. ધર્મનિર્દિષ્ટ વિધિવિધાન અને ભક્તિભાવના તો વાર-તહેવારે અને પ્રસંગે પ્રસંગે ઝળક્યાં કરતાં જ હોય છે, પણ ધર્મસંબંધી તત્ત્વજ્ઞાન, મતમતાંતર, સ્થળકાળઅધીન પુનરાવર્તનો અને પરિવર્તનો અંગે નોંધ લેવાતી હોય એ પણ ઘણું જરૂરી છે. પોતાનો ધર્મ જ્યાં પ્રવર્તે છે તે પ્રદેશ-પ્રજાની સાંસ્કૃતિક અને સાંસ્કારિક પરિસ્થિતિની સમાલોચના પણ અતિ મહત્ત્વની બાબત છે. એ માટે ધર્મધુરીણોનું અધ્યયનશીલ માનસ હોવું જરૂરી છે.

ચાતુર્માસની સ્થિરતાએ જૈનમુનિઓના આ પાસાને વિકસાવવામાં ઘણો ભાગ ભજવ્યો છે. કોઈ ધર્મમાં આટલી વ્યવસ્થિત સુવિધા નથી. ચાતુર્માસ દરમિયાન આત્મોદ્ધાર અને લોકકલ્યાણની ભાવનાથી પ્રેરાઈને મોક્ષગામી જૈનમુનિઓને એક સ્થળે વાસ કરીને ધર્મ અને પ્રજાજીવનનું અધ્યયન-સંશોધન કરતાં સ્વાધ્યાય, ચિંતન, ઉપદેશ અને લેખનને માટે સદૈવ સમય મળતો રહ્યો. પરિણામે જૈન ગ્રંથભંડારોમાં માનવવિદ્યાઓનાં અગણિત લખાણો સંગ્રહાયેલાં પડ્યાં છે. એમાં કાવ્યો છે, ઇતિહાસ છે, વિજ્ઞાન છે, ચરિત્રો છે, સંસારકથાઓ છે. આ અધ્યયન-લેખન માટે એકલી પ્રાદેશિક ભાષાથી ચાલતું નહીં. સમગ્ર ભારતવર્ષની સ્થિતિ-પરિસ્થિતિ જાણવા-સમજવા માટે આ દેશની મૂળ ભાષા-સર્વવ્યાપ્ત ભાષા સંસ્કૃતનું જ્ઞાન હોવું જરૂરી હતું એટલે જૈનધર્મના પ્રચાર-પ્રસારની ભાષા ભલે પ્રાદેશિક હોય, પણ દરેક જૈનમુનિને સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોવું આવશ્યક હતું. આજે પણ એ પરંપરા અવિરતપણે ચાલુ છે. એ રીતે જ્યારે મુદ્રણ આદિ માધ્યમો નહોતાં, ત્યારે આ જૈનમુનિઓએ હસ્તલિખિત કાવ્યો, ઇતિહાસ, અસાધારણ ઘટનાઓ સંસ્કૃત ભાષામાં લખીને આપણને એક ભવ્ય વારસો આપીને આપણા ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે.

જૈન શાસનની પ્રત્યેક ક્રિયા અને તેની વિધિઓ-વિધાનો અને ક્રિયાનાં સૂત્રો સંસ્કૃત-પ્રાકૃત ભાષામય છે, ત્યારે જૈન શાસનની વહીવટી ભાષા પણ શીખવી જરૂરી છે. જૈન ધર્મના જ્ઞાનભંડારોમાં સચવાયેલા મોટાભાગના ગ્રંથો સંસ્કૃતમાં હોઈને દેવનાગરી જેવી અનેક સંસ્કૃત લિપિઓ શીખવાની પણ એટલી જ જરૂર છે. જૈનાચાર્યો અને વિદ્વચ્ચિંતકોની ચિરંતન ચેતના અને મંગલકારી ભાવનાનાં સ્પંદનો આ સંસ્કૃત ભાષામાં રચાયેલા ગ્રંથોમાંથી આપણને સતતપણે અનુભવાય છે. જૈન સિદ્ધાંતોને સમજવા માટે, અનુષ્ઠાનોમાં શુદ્ધિ લાવવા માટે, સૂત્રોના અર્થો અને ભાવાર્થો સમજવા માટે સિદ્ધચક્ર કે શાંતિસ્નાત્ર પૂજન માટે સંસ્કૃતને અગ્રતાક્રમ આપતો જ રહ્યો અને તે દ્વારા જ સમ્યગ્જ્ઞાન થશે. આ લેખમાળા રજૂ કરનાર શ્રી ભારતીબહેન શેલતનો વિશિષ્ટ પરિચય આ ગ્રંથમાં જ અન્યત્ર પ્રગટ થયેલ છે.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સોમસુંદરસૂરિના શિષ્ય મુનિ પ્રતિષ્ઠાસોમે સં. ૧૫૨૪ (ઈ.સ. ૧૪૬૮)માં સોમસુંદરસૂરિજીના જીવન-પ્રસંગોનું વર્ણન કરતું 'સોમભોગ્યકાવ્ય' ૧૦ સર્ગોમાં રચ્યું છે. આ જ નામની કૃતિ તપાગચ્છના લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય સુમતિ સાધુએ રચી છે. તત્કાલીન ગુજરાતના સામાજિક અને ધાર્મિક જીવન માટે એ કાવ્ય મહત્ત્વનું છે. તપા. ચારિત્રહંસના શિષ્ય સોમચારિત્રગણિએ સં. ૧૫૪૧(ઈ.સ. ૧૪૮૪-૮૫)માં 'ગુરુગુણ રત્નાકર' કાવ્ય ચાર સર્ગોમાં રચ્યું, જેમાં લક્ષ્મીસાગરસૂરિના જીવન-પ્રસંગો વર્ણવેલા છે.

# ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસના સંસ્કૃત સ્રોતો

ઈતિહાસનાં અનેકવિધ સાધનોમાં અત્યંત મહત્ત્વનું અને વ્યાપક સાધન સાહિત્ય છે. કોઈ પણ કાલમાં રચાયેલી સાહિત્ય-કૃતિઓ તે તે સમયના ઈતિહાસ અને સામાજિક તેમજ સાંસ્કૃતિક જીવનને સમજવામાં અગત્યની છે. ગુજરાતનો મધ્યકાલીન ઈતિહાસ એટલે સલ્તનત કાલ (ઈ.સ. ૧૩૦૪થી ૧૫૭૩), મુઘલકાલ (ઈ.સ. ૧૫૭૩ થી ૧૭૫૮) અને મરાઠાકાલ (ઈ.સ. ૧૭૫૮થી ૧૮૧૮)ને આવરી લેતો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ. આ સમગ્ર કાલખંડની ઐતિહાસિક ઘટનાઓને એક યા બીજી રીતે વર્ણવતા કે પ્રસ્તુત કરતા સંસ્કૃત સાહિત્યના અનેક ગ્રંથો પ્રસિદ્ધ છે. પંડિત વિવેકધીર ગણિએ સં. ૧૫૮૭, વૈશાખ વદ ૬ને રવિવારે (૭મે, ઈ.સ. ૧૫૩૧) 'શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ' અપર નામ ઇષ્ટાર્થસાધકની રચના કરી. એમાં ગુજરાતના સુલતાન બહાદુરશાહે (સં. ૧૫૮૩-ઈ.સ. ૧૫૨૭) ચિત્તોડની ઓસવાલ જ્ઞાતિના કર્માશાહને શાહી ફરમાન મોકલ્યું અને કર્માશાહે શત્રુંજય પર્વત પર કુલદેવીની સ્થાપના કરી તથા મોટો પ્રતિષ્ઠા- મહોત્સવ ઊજવ્યો અને વિદ્યામંડનસૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હોવાનું જણાવ્યું છે.

## મુઘલકાલ

આ કાલની ઐતિહાસિક ઘટનાઓને એક અથવા બીજી રીતે વર્ણવતાં હિંદુ-જૈન સંસ્કૃત સાહિત્યનાં સાધનોમાં જૈન કૃતિઓ ઘણી છે. જૈનેતર લેખકોનું ઐતિહાસિક સાહિત્ય અલ્પ છે.

આ કાલના જૈન ઐતિહાસિક સાહિત્યમાં આચાર્ય હીરવિજયસૂરિના જીવન વિશે લખાયેલી કૃતિઓ નોંધપાત્ર છે. પશ્ચિમ અને ઉત્તર ભારતમાં આ પ્રભાવશાળી આચાર્ય હીરવિજયસૂરિના અને તેમના શિષ્યવૃંદના વિહારો, સામાજિક અને ધાર્મિક જીવનની એમની પ્રવૃત્તિઓ, મુઘલ સમ્રાટ અકબર અને તત્કાલીન શાસકો સાથેનો એમનો સંપર્ક અને પ્રભાવ, ગુજરાતની વિદ્યાપ્રવૃત્તિને જીવંત રાખવામાં એમનું પ્રદાન અને શ્રેષ્ઠીવર્ગમાં આત્મવિશ્વાસની ભાવના વિકસાવવા એમણે કરેલા પ્રયત્નો-આ બધાંને લીધે એમના જીવનને કેન્દ્રમાં રાખીને રચાયેલી કૃતિઓ ગુજરાતના ધાર્મિક અને સામાજિક જીવનના અભ્યાસમાં અત્યંત મહત્ત્વની છે. આવી કૃતિઓમાં દેવવિમલ ગણિવિરચિત 'હીરસૌભાગ્ય' કાવ્ય અત્યંત મહત્ત્વનું છે. ઐતિહાસિક પ્રસંગોથી ભરપૂર આ મહાકાવ્ય ૧૭ સર્ગોનું અને સટીક છે. એના પ્રથમ સર્ગમાં કવિએ ગુજરાતનું રાજકીય કેન્દ્ર અમદાવાદ, પુરાણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાટનગર પાટણ અને ઐતિહાસિક બંદર ખંભાતનું આલંકારિક ભાષામાં વર્ણન કર્યું છે.

श्रीस्तंभतीर्थं पुटभेदनं च यत्रोऽभयत्र स्फुरतः पुरे द्वे।
अहम्मदाबादपुराननायाः किं कुण्डले गुर्जरदेशलक्ष्म्याः ।। 1.66

અમદાવાદ જેનું મુખ છે તેવી ગુર્જરદેશરૂપી લક્ષ્મીનાં ખંભાત અને પાટણ એ જાણે કે બંને બાજુ સ્ફુરાયમાણ થતાં કુંડળ છે. એમાં હીરવિજયસૂરિનાં જન્મ, દીક્ષા, આચાર્યપદ–પ્રાપ્તિ, સમ્રાટ અકબરના આમંત્રણથી ગંધાર બંદરથી ફતેપુર સિકરી સુધીની પદયાત્રા કરી સમ્રાટ સાથેનું પ્રથમ મિલન અને વાર્તાલાપ (૧૩. ૧૭૬–૨૨૫) આપેલ છે. ત્યારબાદ ફતેહપુર સિકરીનો વૃત્તાંત છે. ત્યાં સંઘજનોએ એમનું સ્વાગત કર્યું. જયપુરના રાજા બિહારીમલના નાનાભાઈ જગમાલ કછવાહના મહેલમાં એમણે વાસ કર્યો. યવનોના માનનીય ગુરુ અને અકબરના ત્રીજા નેત્ર સમાન (૧૩.૧૨૦) શેખ અબ્દુલ ફૈજી સૂરિને પોતાને ઘેર લઈ ગયા અને ત્યાં શાસ્ત્રચર્ચા થઈ (૧૩. ૧૩૭–૧૫૧). અકબરે ગુરુ પાસે જૈન ધર્મ અને તેના આચારો વિશે માહિતી મેળવી. અકબરના ત્રણ શાહજાદા શેખૂજી (સલીમ), પાટી અને દાનિયારનો ઉલ્લેખ (૧૩.૨૨૪) આવે છે. અકબરના પુત્ર સલીમ (જહાંગીર) પાસે પદ્મસુંદર નામના જૈન સાધુએ આપેલ હસ્તપ્રતોનો ભંડાર હીરવિજયસૂરિને આપ્યો. સૂરિએ આગ્રામાં જ્ઞાનભંડાર સ્થાપ્યો. અકબરે અશ્વ–હસ્તિની ભેટ ધરી પરંતુ અપરિગ્રહી સાધુએ પર્યુષણના આઠ દિવસ અમારિ થાય એમ કરવા જણાવ્યું. આથી પાદશાહે ૧૨ દિવસ સમસ્ત રાજ્યમાં અમારિ પ્રવર્તાવનાર છ ફરમાન કાઢ્યાં અને હીરવિજયસૂરિને જગદ્‌ગુરુનું બિરુદ આપ્યું.

गुणश्रेणीमणिसिन्धोः श्रीहीरविजयप्रभोः।
जगंदगुरुरिदं तेन बिरुदं तदा ।। 14.205

અનેક ધર્મકાર્ય કરતાં કરતાં મથુરા અને ગોપગિરિની યાત્રા કર્યા પછી સૂરિ ગુજરાત તરફ આવ્યા અને શાંતિચંદ્ર ઉપાધ્યાયને અકબર પાસે રાખ્યા, જેમણે અકબર પાસે રહી એની પ્રશસ્તિરૂપે 'કૃપારસકોશ' કાવ્ય રચ્યું. હીરવિજયસૂરિના દર્શનની ઈચ્છાથી ભાનુચંદ્રગણિને પાદશાહ પાસે મૂકી પોતે પાટણ આવ્યા. પાદશાહે ગુજરાતમાંથી જજિયાવેરો કાઢી નાખતું ફરમાન આપ્યું અને અમારિ માટે પર્યુષણના દિવસો ઉપરાંત બીજા દિવસ ઉમેર્યા. આ ઉપરાંત શત્રુંજય તીર્થનાં યાત્રાળુઓને કરમુક્ત કરતું ફરમાન પણ મોકલ્યું. સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪)માં હીરવિજયસૂરિએ શત્રુંજયની મોટી યાત્રા કરી અને વિશાળ જિનમંદિરોની પ્રતિષ્ઠા કરી. ઊનામાં ચાતુર્માસ કર્યા. ત્યાં હજની યાત્રાએથી પાછા ફરેલા ગુજરાતના સૂબા આજમખાને સૂરિ પાસે હજાર મહોરની ભેટ ધરી જેનો સૂરિએ અસ્વીકાર કર્યો. જામનગરના જામસાહેબ સાથે તેમના કારભારી અવજી ભણસારીએ અઢારસો સોનામહોરથી સૂરિની અંગ પૂજા કરી. ઊનાના ખાન મહમદખાન પાસે સૂરિએ હિંસા છોડાવી. સં. ૧૬૫૨ (ઈ.સ. ૧૫૯૫)માં વૈશાખ માસમાં એમણે મંદિરની પ્રતિષ્ઠા કરાવી અને એ જ વર્ષે ભાદ્રપદ સુદિ એકાદશી ને ગુરુવારે (૪ સપ્ટે., ઈ.સ. ૧૫૯૫) સ્વર્ગવાસ કર્યો.

આમ 'હીરસૌભાગ્ય' કાવ્ય એ ગુજરાતના સમકાલીન ધાર્મિક અને સામાજિક ઇતિહાસ માટે વિશિષ્ટ મહત્ત્વ ધરાવતું મહાકાવ્ય છે.

મુઘલ બાદશાહ અકબરને મળી હીરવિજયસૂરિ ગુજરાત પાછા ફરતા હોવાના સમાચાર જાણી પદ્મસાગર ગણિએ ૨૩૩ શ્લોકોનું 'જગદ્‌ગુરુ કાવ્ય' સં. ૧૬૪૬ (ઈ.સ. ૧૫૯૦)માં માંગરોળમાં રચી સૂરિને અર્પણ કર્યું. આચાર્ય શ્રીહીરવિજયસૂરિની પ્રશસ્તિરૂપે આ ઐતિહાસિક રચના કરેલી છે. એમાં અકબરના પિતા હુમાયુએ રાષ્ટ્રકૂટ કુલના મલ્લદેવને હરાવ્યો હોવાનો ઉલ્લેખ છે. અકબરના ત્રણ શાહજાદા શેખૂજી, પાઢુજી અને દાનીઆરાનો નિર્દેશ પણ છે.

અકબરની અમારિઘોષણા અને દયાવૃત્તિની પ્રશસ્તિરૂપે શાંતિચંદ્રે 'કૃપારસકોશ' કાવ્ય સં. ૧૬૭૦(ઈ.સ. ૧૬૧૪)માં રચ્યું. એમાં ૧૨૮ શ્લોકોમાં અકબરના શૌર્ય વગેરે ગુણોની તેમજ સુકૃત્યોની પ્રશંસા કરી છે. અકબરે પૂર્વ સમુદ્રના દેશો–પર્યંત અને દક્ષિણમાં કાવેરીપર્યંત વિજય પ્રાપ્ત કર્યો એનું વર્ણન કરેલું છે.

કવિ બાદશાહનાં સુકૃત્યોનું વર્ણન કરતાં જણાવે છે કે આ બાદશાહે જજિયાવેરો માફ કર્યો, કેદીઓને મુક્ત કર્યા, રાજગણ મુનિઓનો સત્કાર કરવા લાગ્યા, છ માસ અમારિઘોષણા કરી, ઉદ્ધત મુઘલોના પાશમાંથી હિંદુ મંદિરોને મુક્ત કર્યાં વગેરે કૃપાયુક્ત કાર્યો અને જૈન ધર્મની પ્રભાવના કરી.

ભાનુચંદ્ર શિષ્ય સિદ્ધિચંદ્રે ગુરુની જીવનકથાનું આલેખન 'ભાનુચંદ્રગણિચરિત' (રચના સં. ૧૬૭૦–ઈ.સ. ૧૬૧૪)માં કર્યું છે. એમાં એ સમયના રાજકીય, સામાજિક અને ધાર્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનનું પ્રતિબિંબ પડે છે. મુઘલ દરબાર અને પાદશાહોના દૈનિક જીવનનું પ્રત્યક્ષ આલેખન એમાં કરેલું છે. ભાનુચંદ્રે 'સૂર્યસહસ્ર નામ'ની રચના કરી હતી જેનું પઠન અકબર દર રવિવારે એમની પાસે કરતો.

હીરવિજયસૂરિના પટ્ટધર વિજયસેનસૂરિ હતા. એમનું જીવનવૃત્ત હેમવિજયે 'વિજયપ્રશસ્તિ' (સં. ૧૬૮૧-ઈ.સ. ૧૬૨૪)માં ૧૬ સર્ગોમાં કર્યું છે. એમનો સ્વર્ગવાસ થતાં વિદ્યાવિજયના શિષ્ય મુનિ ગુણવિજયે પાંચ સર્ગ ઉમેરી એ કાવ્ય પૂર્ણ કર્યું. વિજયસેનસૂરિએ ખંભાતમાં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. સ્તંભતીર્થ-નિવાસી સોની તેજપાલે શત્રુંજય ઉપર આદિનાથની પ્રતિમા કરાવી (૧૮.૧૭, ૧૮). શ્રીપાલ ઝવેરીએ અમદાવાદમાં પાર્શ્વબિંબ કરાવ્યું. નવાનગરના રાજા જામ રાઉલજી (ઈ.સ. ૧૫૪૦ લગ.)નો નિર્દેશ સર્ગ ૨૧-૨૨-૨૩માં આવે છે. વિજયસેનસૂરિના ઉપદેશથી તારંગા, શંખેશ્વર, સિદ્ધાચલ, રાણપુર, આરાસણ, પાટણ, વીજાપુર વગેરે સ્થળોએ મંદિરોનાં જીર્ણોદ્ધાર થયા અને કાવી, ગંધાર, અમદાવાદ, ખંભાત, પાટણ વગેરે સ્થળોએ લગભગ ચાર લાખ જેટલાં જિનબિંબોની પ્રતિષ્ઠા એમને હાથે થઈ.

વિજયસેનસૂરિના પટ્ટધર વિજયદેવસૂરિ પણ એક પ્રભાવશાળી આચાર્ય હતા. સં. ૧૬૭૪ (ઈ.સ. ૧૬૧૮)માં એમની તપશ્ચર્યાથી પ્રભાવિત થઈ જહાંગીરે માંડવગઢમાં એમને 'મહાતપા'નું બિરુદ આપ્યું. એમના ચારિત્રનું આલેખન ખરતર ગચ્છના વલ્લભ પાઠકે 'વિજયદેવમાહાત્મ્ય' (વિ.સં. ૧૬૯૯-ઈ.સ. ૧૬૪૩)માં કર્યું છે. ૧૯ સર્ગના આ કાવ્યમાં સૂરિનો જન્મોત્સવ, દીક્ષાપ્રસંગો, સૂરિપદગ્રહણ (સં. ૧૬૫૮, પોષ વદિ ૬, ગુરુવાર) વગેરે પ્રસંગોનું વર્ણન કર્યું છે એક પ્રભાવશાળી આચાર્યના જીવનલેખનની સાથે સાથે ધાર્મિક અને સામાજિક પરિસ્થિતના અવલોકનની દૃષ્ટિએ ઐતિહાસિક ઘટનાઓ રજૂ કરાઈ છે. મેઘવિજય ઉપાધ્યાયે સૂરિધર્મના પ્રભાવક પુરુષ વિજયદેવસૂરિ અને તેમના પટ્ટધર વિજયપ્રભસૂરિનું કાવ્યમય ચરિત-આલેખન 'દેવાનંદ મહાકાવ્ય' (રચના સં. ૧૭૨૭-ઈ.સ. ૧૬૭૧)માં સાત સર્ગોમાં કર્યું છે. વિજયદેવસૂરિના આચાર્યપદના પ્રસંગે ખંભાતમાં શ્રીમલ્લ નામના ધનાઢ્યે મોટો ઉત્સવ કર્યો હતો (૨.૧૦૭-૧૧૨). સં. ૧૬૪૩, માઘ સુદિ ૧૦ (૯ જાન્યુઆરી, ૧૫૮૭)ના દિવસે વિજયસેનસૂરિ દ્વારા અમદાવાદમાં (હાજા પટેલની પોળમાં) દીક્ષા આપવામાં આવી હતી. (૨.૮૪-૯૧). દીક્ષોત્સવ પ્રસંગે સમગ્ર પ્રદેશમાં અમારિપ્રબંધ હતો. પાટણમાં સં. ૧૬૫૮, પોષ વદિ ૬, ગુરુ* દિને (ઈ.સ. ૧૬૦૨) એમનો વંદનામહોત્સવ ઊજવાયેલો, જેમાં સહસ્રવીર શ્રાવકે ખૂબ ખર્ચ કર્યો હતો. જહાંગીરે એમને 'મહાતપા'નું બિરુદ આપ્યું, એનું વર્ણન પણ આવે છે (૨.૧૨૭). ઈડરના રાવ કલ્યાણમલ્લે (ઈ.સ. ૧૫૯૭-૧૬૪૪) સૂરિનું ઈડરમાં સ્વાગત કર્યું. ઈડરનો રાજમંત્રી સહજૂ શ્રેષ્ઠી સૂરિનો ઉપાસક હતો (સર્ગ-૨). ઈડર પાસેના સાવલી ગામમાં જીવહિંસા ખૂબ થતી. આથી ત્યાંના શ્રાવક રત્નસિંહ પારેખે સૂરિને જીવહિંસા રોકવા સાવલી પધારવા વિનંતી કરી. સૂરિએ સાવલીના ઠાકુરને ઉપદેશ આપી જીવહિંસા બંધ કરી. ઈડરમાં સહજૂએ આચાર્યપદનો મોટો ઉત્સવ કર્યો અને કનકવિજયને સં. ૧૬૮૨(ઈ.સ. ૧૬૨૬)માં આચાર્યપદ આપી વિજયસિંહસૂરિ નામ રાખ્યું (સર્ગ ૩). એમણે ગિરનારની યાત્રા કરી અને જામવંશી દેવરાજના નવાનગર રાજ્યમાં પધાર્યા. સુરતમાં સાગરપક્ષીઓ સાથે શાસ્ત્રાર્થ કરી વિજયશ્રી પ્રાપ્ત કરી (૪.૪૬). સં. ૧૭૧૦, વૈશાખ સુદ ૧૦ (૧૬ એપ્રિલ, ઈ.સ. ૧૬૫૪)ના દિવસે વિજયસૂરિએ ગંધારમાં વીરવિજય મુનિને આચાર્યપદ આપી વિજયપ્રભસૂરિ નામ આપવામાં આવ્યું. (૬.૪૯)

અમદાવાદમાં ધનજી શાહ અને ધનશ્રીએ મહમૂદી રૂપિયાની પ્રભાવના કરી (૭.૮, ૧૧૨). શાહપુરમાં ચાતુર્માસ કરી વિમલગિરિ યાત્રાએ સૂરિ પધાર્યા (૭.૨૬). અમદાવાદના બીબીપુરમાં એમણે પર્યુષણા મહાપર્વની આરાધના કરી (૭.૭૬). સં. ૧૭૧૩, અષાઢ સુદ ૧૧ના દિવસે (૧૨ જૂન, ઈ.સ. ૧૬૫૭) સમાધિ લીધી.

મેઘવિજય ગણિએ જૈન ધર્મના મહાન પ્રભાવક અને મહાવીર સ્વામીની પટ્ટ પરંપરાના ૬૧મા ભટ્ટારકાચાર્ય

---

★ વિ.સ. ૧૬૫૮, પોષ વદિ ૬ને દિવસે માસ ગણનાની અમાન્ત પદ્ધતિ અનુસાર ૩ જાન્યુ. ઈ.સ. ૧૬૦૨ને રવિવાર આવે છે, જ્યારે પૂર્ણિમાન્ત પદ્ધતિ અનુસાર ૫ ડિસે. ઈ.સ. ૧૬૦૧ ને શનિવાર આવે છે. આ બંને પદ્ધતિ અનુસાર તિથિ અને વારનો મેળ બેસતો નથી. જો વિ.સં.નું વર્ષ षोडशस्य शतस्यास्मिन् अष्टपञ्चाशवत्सरेમાં अष्ट ને षष्ठं બદલે વાંચવામાં આવે તો વિ.સં. ૧૬૫૬ થાય જે વર્ષે તિથિ અને વારનો મેળ અમાન્ત પદ્ધતિ અનુસાર બેસે છે. આ પદ્ધતિ પ્રમાણે ૨૭ ડિસે., ઈ.સ. ૧૫૯૯ ને ગુરુવાર આવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયપ્રભસૂરિનું ચરિત 'દિગ્વિજય મહાકાવ્ય' (૧૩ સર્ગો)માં આલેખ્યું છે. પ્રાસંગિકરૂપે તેમના ગુરુ વિજયસિંહસૂરિ અને પ્રગુરુ વિજયદેવસૂરિનું ચરિત વર્ણવ્યું છે. વિજયદેવસૂરિએ વિમલગિરિ સંઘ કાઢ્યો હતો. વિજયપ્રભસૂરિએ ઘોઘોમા અર્હત્ પ્રતિમાઓની પ્રતિષ્ઠા સં. ૧૭૨૩ (ઈ.સ. ૧૬૬૬-૬૭)માં કરી. એમણે જે જે ગામો અને નગરોમાં વિહાર કરેલા તેના વર્ણન દ્વારા ભૌગોલિક માહિતી મળે છે. ઉદયપુર, શંખેશ્વર, સિરોહી, આગરા, બનારસ, પટના, સમેતશિખર વગેરે મોટાં સ્થળોનું વર્ણન કરેલું છે.

પ્રમોદમાણિક્યના શિષ્ય જયસોમ ઉપાધ્યાયે સં. ૧૬૫૦ (ઈ.સ. ૧૫૯૪)માં 'કર્મચંદ્રવંશાવલીપ્રબંધ' રચ્યો. મંત્રી કર્મચંદ્ર બીકાનેરનો ઓસવાળ વણિક હતો. એનું કુટુંબ રાજસ્થાનનાં રાજકુળોમાં અને મુઘલ દરબારમાં સારો પ્રભાવ ધરાવતું. અકબરના ગાઢ સંપર્કમાં એ આવેલો. ખરતર ગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિનો એણે અકબર સાથે પરિચય કરાવ્યો. આ ગ્રંથ ગુજરાત અને રાજસ્થાનના રાજકીય અને ધાર્મિક ઇતિહાસની ઘણી સામગ્રી પૂરી પાડે છે.

મુઘલકાલના ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ શ્રેષ્ઠી શાંતિદાસ ઝવેરી અકબરના રાજ્યમાન્ય ઝવેરીઓમાંના એક હતા. ભારતનાં ઘણાં વેપારી-કેન્દ્રોમાં એમની પેઢીઓ ચાલતી હતી. જહાંગીરે એમને અમદાવાદના નગરશેઠનું પદ વંશપરંપરાગત આપ્યું હતું. શાંતિદાસે સં. ૧૬૭૮(ઈ.સ. ૧૬૨૨)માં અમદાવાદના બીબીપુર-સરસપુરમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું. એનો પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૬૮૨ (ઈ.સ. ૧૬૨૬)માં મુક્તિસાગર ગણિના હસ્તે થયો હતો, જેઓ આચાર્યપદ પ્રાપ્તિ પછી રાજસાગરસૂરિ તરીકે ઓળખાયા. આ ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરની સંસ્કૃત સાહિત્યિક પ્રશસ્તિ સં. ૧૬૯૭ (ઈ.સ. ૧૬૪૦-૪૧)માં રચાઈ હતી. એમાં શાંતિદાસના પૂર્વજોની વંશાવલી અને કુટુંબ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરની પ્રશસ્તિ પણ સુંદર રીતે કરવામાં આવી છે. આ પ્રશસ્તિમાંથી અમદાવાદના સ્થાનિક ઇતિહાસ વિશે ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે.

ગુજરાત અને રાજસ્થાનમાં રચાયેલા વિજ્ઞપ્તિપત્રો એ મુઘલકાલના ઇતિહાસનું એક મહત્ત્વનું સાધન છે. આવા વિજ્ઞપ્તિપત્રો બે પ્રકારના હોય છે : ૧. સાધુ શિષ્ય પોતાના ગુરુ કે આચાર્યને કાવ્યરૂપે વિજ્ઞપ્તિલેખ લખે, ૨. નગરનો જૈન સંઘ બીજા સ્થળે નિવાસ કરતા આચાર્યને પોતાના નગરમાં ચાતુર્માસ કરવાનો વિજ્ઞપ્તિપત્ર લખે. આ પ્રકારના વિજ્ઞપ્તિપત્રો સંસ્કૃત, ગુજરાતી કાવ્યમાં કે અલંકૃત ગદ્યમાં રચાયેલા હોય છે. સંઘ તરફથી રચાયેલા વિજ્ઞપ્તિપત્રો સચિત્ર હોય છે. એમાં જ્યાંથી એ પત્ર લખાયો હોય તે નગરનાં મહત્ત્વનાં સ્થાનો, રાજમાર્ગો, મંદિરો, બજારો વગેરેનાં ચિત્રો હોય છે. સ્થાનિક ઇતિહાસ, મહાજનો, વિવિધ પ્રકારની કારીગરી, ધાર્મિક સામાજિક રિવાજો, ચિત્રકલા, ભાષા ને સાહિત્ય એમ વિવિધ દૃષ્ટિએ વિજ્ઞપ્તિપત્રો મહત્ત્વના છે.

વિજ્ઞપ્તિપત્રોનો સહુથી જૂનો નમૂનો પાટણના ગ્રંથ ભંડારમાંનું એક તાડપત્રનું પાનું છે. ૧૩મી સદીમાં કાદંબરીના ગદ્ય જેવા અલંકૃત ગદ્યમાં લખેલ છે. વડઉદ(વડોદરા)થી પ્રભાચંદ્રગણિ નામે સાધુએ ચંદ્રકુલના આચાર્ય ભાનુપ્રભસૂરિ ઉપર લખેલ પત્ર છે.

'વિજ્ઞપ્તિત્રિવેણી' (સં. ૧૪૮૪-ઈ.સ. ૧૪૨૮) ગ્રંથમાં ત્રણ ખંડમાં રચાયેલ સંસ્કૃત વિજ્ઞપ્તિપત્ર પ્રસિદ્ધ થયેલ છે. સિંધના મલિક-વાહણ નામના સ્થળેથી જયસાગર ઉપાધ્યાયે પોતાની વિહારયાત્રાનું કાવ્યમય અને વિગતપૂર્ણ નિવેદન પાટણમાં વિરાજમાન ખરતર ગચ્છના આચાર્ય જિનભદ્રસૂરિને મોકલેલું. તપાગચ્છના આચાર્ય દેવસુંદરસૂરિએ ૧૦૮ હાથ જેટલા લાંબા અને ચિત્રકાવ્યોથી સુશોભિત 'ત્રિદશતરંગિણીવિજ્ઞપ્તિ' નામના વિજ્ઞપ્તિપત્રની રચના કરેલી. મુનિ સુંદરસૂરિએ 'ગુર્વાવલી' (સં. ૧૪૯૬-ઈ.સ. ૧૪૪૦) રચી. એ ઉપર્યુક્ત વિજ્ઞપ્તિપત્રનો એક અંશ છે.

મુનિ લાભવિજયે દેવાસ(માળવા)થી પાટણમાં વિજયપ્રભસૂરિ ઉપર સંસ્કૃત કાવ્યમાં સચિત્ર વિજ્ઞપ્તિપત્ર સં. ૧૭૧૮ (ઈ.સ. ૧૬૬૨)માં લખ્યું હતું. હીરવિજયસૂરિના શિષ્ય મહોદય કીર્તિવિજયગણિએ વિદ્યાપુર (વિજાપુર)થી સં. ૧૬૭૨ (ઈ.સ. ૧૬૧૫-૧૬)માં ઇલદુર્ગ(ઈડર)માં ચાતુર્માસ કરી રહેલા આચાર્ય વિજયસેનસૂરિ ઉપર સંસ્કૃત વિજ્ઞપ્તિપત્ર લખ્યો હતો.

## મરાઠા કાલ

મરાઠા કાલ દરમિયાન સંસ્કૃત ભાષામાં ઘણું ઓછું સાહિત્ય રચાયું છે. સંસ્કૃત સાહિત્યની જે કૃતિઓની માહિતી ઉપલબ્ધ છે તેના પરથી જણાય છે કે મોટા ભાગની કૃતિઓ જૈન લેખકોની છે, જેમાં પ્રકરણગ્રંથો મળે છે ઉપરાંત ન્યાય, વ્યાકરણ, પટ્ટાવલી ચરિત્ર અને રાજવંશાવલી જેવા વિષયોનો સમાવેશ થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કેટલાક લેખકો બાલાવબોધ ગુજરાતીમાં લખતા અને તેની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચતા.

બ્રાહ્મણ લેખક દેવશંકર પુરોહિતે 'અલંકાર મંજૂષા' નામના સંસ્કૃત અલંકાર શાસ્ત્રના ગ્રંથની રચના ઈ.સ. ૧૭૬૧–૬૮ દરમિયાન કરી. આ ગ્રંથના આરંભિક શ્લોકમાં કવિ પેશવા શબ્દની વિચિત્ર વ્યુત્પત્તિ આપીને બાજીરાવ પેશવાના વંશજ માધવ (માધવરાવ ૧લા–ઈ.સ. ૧૭૬૧–૭૨) અને એના કાકા રાઘવ (રઘુનાથરાવ–ઈ.સ. ૧૭૭૩–૭૪)ની પ્રશસ્તિ કરે છે. રઘુનાથરાવ અને પેશવા વચ્ચેનો આંતરવિગ્રહ, પેશવાનો જ્વલંત વિજય, વિશ્વાસરાવના પાણિપત યુદ્ધનું વર્ણન, ૧૭૬૧ ઈ.સ.માં પાણિપત ખાતે એનું મૃત્યુ વગેરેનું વર્ણન કરેલું છે. પેશવા માધવરાવ ૧લાએ શ્રાવણ સુદિ ૬ના દિવસે સ્વાતિ નક્ષત્રમાં દક્ષિણા આપવા માટે કરેલો મહોત્સવ, માધવરાવના દરબારના ન્યાયાધીશ રામશાસ્ત્રીની પ્રશંસા (શ્લોક ૨૪), બાલકૃષ્ણ શાસ્ત્રીનું સમ્માન (શ્લો. ૫૪), રઘુનાથરાવના દરબારના ચતુર્ભુજદેવ, ત્રિમંગલાચાર્ય, ખંડોજી દીક્ષિત, નરગુંદકર અપાશાસ્ત્રી વગેરે પંડિતોમાંના ચતુર્ભુજનો નિર્દેશ વગેરે હકીકતો જોવા મળે છે. પ્રશ્નોરા કવિ જગન્નાથકૃત 'ભાગ્યોદય' ગ્રંથની રચના સં. ૧૮૫૨(ઈ.સ. ૧૭૯૫–૯૬)માં થઈ, જેમાં જુદા જુદા અલંકારોને પાત્રો કલ્પીને ભાવનગરના મહારાજા વખતસિંહ તથા તેમની સભાનું વર્ણન કરેલું છે.

'ધર્મવિજય' નામનું પંચાંકી નાટક દિલ્હીપતિના દાનવેતનાધ્યક્ષ કાયસ્થ કેશવદાસ માટે લખાયેલું છે. તેનો કર્તા ભૂદેવ શુક્લ છે. 'સ્માર્ત' આચારોથી યુક્ત જીવનના પારલૌકિક ફાયદાઓ દર્શાવતું એ રૂપક છે. એની હસ્તપ્રત સં. ૧૮૩૨ (ઈ.સ. ૧૭૭૫–૭૬)ની મળે છે, એટલે ત્યાર પહેલાં એ રચાયેલું હોવું જોઈએ.

જૈન લેખક પદ્મવિજયગણિએ 'જયાનંદચરિત' સંસ્કૃત ગદ્યમાં સં. ૧૮૫૮(ઈ.સ. ૧૮૦૧–૦૨)માં રચ્યું. એમાં વિજાપુરના યુવરાજ વિજયના પુત્ર જયાનંદના પૂર્વભવનું, આ ભવમાં એણે કરેલાં પરાક્રમોનું, એમની દીક્ષા, કેવલજ્ઞાન, મોક્ષગમન વગેરે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

ક્ષમાકલ્યાણગણિએ સં. ૧૮૩૦(ઈ.સ. ૧૭૭૩–૭૪)માં જીર્ણદુર્ગ (જૂનાગઢ)માં 'ખરતરગચ્છ પટ્ટાવલી'ની રચના કરી. એમાં ખરતરગચ્છના સૂરિઓની વંશાવલીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

જૈન મુનિ રંગવિજયે સં. ૧૮૬૫(ઈ.સ. ૧૮૦૯)માં 'ગુર્જરદેશરાજવંશાવલી'ની રચના ભૃગુપુર(ભરૂચ)માં કરી. ગ્રંથના અંતિમ શ્લોકમાં જણાવ્યા અનુસાર યવન રાજા રોમટના આદેશથી ખત્રી ભગવંતરાય પાસેથી રાજાઓની માહિતી સાંભળી કવિએ આ કૃતિની રચના કરેલી. ૯૫ શ્લોકોનું આ કાવ્ય પાંચ ખંડોમાં વિભાજિત છે.

૧. મગધના રાજવીઓ અને એ પછી ઉજ્જયિનીની ગાદીએ આવેલા રાજવીઓનાં નામો અને એમના રાજ્યકાલનાં વર્ષ.

૨. ચાપોત્કટ વંશના રાજાઓ

૩. ચૌલુક્ય વંશના રાજાઓ

૪. વાઘેલા વંશના રાજાઓ

૫. યવન રાજાઓ–દિલ્હીના સુલતાનો અને મુઘલ બાદશાહો પ્રત્યેક રાજા માટે એક શ્લોકમાં એનું નામ અને એના રાજ્યકાલનાં વર્ષ આપ્યાં છે.

રાજ્યકાલનાં વર્ષો ઉપરાંત વિક્રમ સંવતમાં રાજ્યારોહણનું વર્ષ શબ્દસંકેતો દ્વારા દર્શાવાયું છે. ચંદ્રગુપ્ત મૌર્ય (શ્લો. ૪–૫), કુમારપાલ (શ્લો. ૪૧–૪૭), અકબર (શ્લો. ૮૩–૮૫)નું વર્ણન એક કરતાં વધારે શ્લોકો દ્વારા થયું છે. કુમારપાળના મંત્રી બાહડનાં ધર્મકૃત્યોની ધ્યાન ખેંચે તેવી નોંધ આપી છે. આ બાહડ તે સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં મહામાત્ય તરીકે પ્રસિદ્ધિ પામેલ વિલક્ષણ રાજનીતિજ્ઞ ઉદયન મંત્રીના પુત્ર હતા. આ ઉપરાંત વીરધવલના મહામાત્ય વસ્તુપાલ–તેજપાલ અને વીસલદેવના સમયમાં થયેલ જગડૂ શ્રેષ્ઠીનો ઉલ્લેખ છે. યવન રાજવીઓના વંશમાં ખિદરશાહ ખિલજી (સં. ૧૩૬૮–ઈ.સ. ૧૩૧૧–૧૨)થી માંડી દિલ્હી સલ્તનતના અહમદશાહ (અહમદશાહ ઈ.સ. ૧૭૪૮–૧૭૫૪), આલિમગિર (આલમગીર–ઈ.સ. ૧૭૫૪–૧૭૫૯) અને આલિઘોર (શાહઆલમ ૨જો–ઈ.સ. ૧૭૫૯થી ૧૮૦૬)ની નોંધ છે. છેલ્લા ત્રણ રાજાઓના રાજ્યકાલનાં વર્ષ દર્શાવાયાં નથી. અકબર જલાલુદ્દીનના વર્ણનમાં હીરવિજયસૂરિના ઉપદેશથી દેશમાં વર્ષના ૬ માસ અમારિ પાળવાની ઉદ્‌ઘોષણા કરી અને ધાર્મિક રાજા તરીકે કીર્તિ સંપાદન કરી, એમ જણાવાયું છે.

જોકે મરાઠાકાલ દરમિયાન ઇતિહાસોપયોગી સંસ્કૃત સાહિત્ય અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસના સંસ્કૃત સ્રોતોમાં ઐતિહાસિક કૃતિઓ, દસ્તાવેજો, વિજ્ઞપ્તિપત્રો, ખતપત્રો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા મૂળ સ્રોતોમાંથી તત્કાલીન રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ વિશે વિપુલ માહિતી મળે છે.

## પાદટીપ

૧. ર. છો. પરીખ અને હ. ગં. શાસ્ત્રી (સંપા.), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (ગુરાસાંઇ.), ગ્રંથ ૫, પૃ. ૧૩

૨. એજન, ગ્રંથ ૫, પૃ. ૩૦૬

૩. એજન, ગ્રંથ ૫, પૃ. ૧૫૪

૪. એજન

૫. સર્ગ ૪, શ્લો. ૧૨

૬. ગુરાસાંઇ., ગ્રંથ ૫, પૃ. ૩૧૯

૭. ભો. જ. સાંડેસરા, 'ઇતિહાસની કેડી', વડોદરા, ૧૯૪૫, પૃ. ૬૫-૬૬

૮. આચાર્ય જિનવિજય, 'પાટણના બે જૂના દસ્તાવેજો', 'પુરાતત્ત્વ', પુ. ૪, અંક ૧-૨ અમદાવાદ, પૃ. ૧ થી ૯

૯. કાદંબરી ટીકાની અંતિમ પ્રશસ્તિમાં સિદ્ધિચંદ્રે પોતાના ગુરુ ભાનુચંદ્ર માટે 'पातशाहश्री अकबर जालालुद्दीन सूर्यसहस्त्रनामाध्याष्टकः' એવું વિશેષણ પ્રયોજ્યું છે. ('પુરાતત્ત્વ', પુ.૫. અં. ૪)

૧૦. મો. દ. દેસાઈ, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૫૫૫

૧૧. રત્નમણિરાવ ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' પૃ. ૭૩૬-૩૭; 'સામીપ્ય', પૃ. ૧૩, અં. ૪, પૃ. ૧૦૨-૧૦૫

૧૨. ગુરાસાંઇ., ગ્રંથ ૬, પૃ. ૨૯૬

૧૩. 'ઇતિહાસની કેડી', પૃ. ૬૫-૬૬

૧૪. અંબાલાલ શાહ, 'ગૂર્જર દેશ રાજવંશાવલી', 'સ્વાધ્યાય', પુ. ૫, અંક ૩ (મે, ૧૯૬૮), પૃ. ૨૪૧થી ૨૬૦; હ. ગં. શાસ્ત્રી, 'ગૂર્જર દેશ રાજવંશાવલી પ્રમાણિત ઇતિહાસની દૃષ્ટિએ', 'સામીપ્ય', પુ. ૯, અં. ૧-૨ (એપ્રિલ-સપ્ટે., ૧૯૯૨), પૃ. ૮૦-૮૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દિવ્યાંગના દેવકીજી




કૃપાળુદેવ! આજે મારા ઘરે ગોચરી વહોરવા પધારેલા મુનિઓ શું મારા પુત્રો છે!

દેવકી! એ છ મુનિઓ તમારા સંતાનો છે એ સંતાનોને હરીણગમેષીદેવે જીવતદાન આપ્યું છે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

# શ્રીકૃષ્ણની આઠ અગ્રમહિષીઓ

ક્ષાયિક સમકિતના સ્વામી શ્રીકૃષ્ણજીની સમકિત-ધારી આઠ પટ્ટરાણીની દેવોએ અનેક રીતે પરીક્ષા કરી પણ જે નિત્ય છ આવશ્યકની આરાધના કરે છે શ્રાવિકાના ૩૬ કર્તવ્યોનું પાલન કરે છે તે ચલાયમાન ન થઈ તે ન જ થઈ.




રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# હસ્તલિખિત પ્રતિઓની લિપિઓ

—ભારતીબહેન શેલત



બધાં પ્રાણીઓમાં મનુષ્યને જ ખૂબ સક્રિય મગજ મળ્યું હોય એમ લાગે છે, નહીંતર વિશ્વના વિધવિધ પદાર્થોનો અનુભવ કરતી ઇન્દ્રિયો તો ઘણાં પ્રાણીઓને અત્યંત સતેજ મળી છે. ઘણાં પ્રાણીઓની ઘ્રાણેન્દ્રિય તીવ્ર હોય છે, ઘણાંની શ્રવણેન્દ્રિય તીવ્ર હોય છે, ઘણાંની સ્પર્શેન્દ્રિય તીવ્ર હોય છે. ઇન્દ્રિયો દ્વારા અનુભવાતી અનુભૂતિને ઝીલવાની અને સંગ્રહવાની ક્ષમતા પણ હોય છે, પરન્તુ મનુષ્ય જે રીતે આ પ્રક્રિયાને સુગઠિત અને સાકાર કરી શકે છે તે તેની વિશેષતા છે. જુદા જુદા અવાજોથી દરેક પ્રાણી વિવિધ ભાવ પ્રગટ કરે છે, કે જુદી જુદી આંગિક ચેષ્ટાઓથી જુદા જુદા ભાવ દર્શાવે છે એ આપણે જાણીએ છીએ, પરન્તુ એ સંકેતોને નિરપેક્ષ અને તટસ્થ અને કાયમી રૂપ આપવાની ક્ષમતા તેમાં હોતી નથી, જ્યારે મનુષ્યમાં એ શક્તિ છે, એ કૌશલ છે અને સાતત્ય છે. પરિણામે મનુષ્ય વિશ્વના મંચ પર મહાનાયક શો શોભે છે.

વિજ્ઞાન અને સંસ્કૃતિના બહુવિધ વિકાસમાં મનુષ્યને એની આ આવડત ઘણી ઉપયોગી પુરવાર થઈ છે. સ્મરણ, સંગ્રહણ અને વિનિમય માટે 'ભાષા' નામનો પદાર્થ મનુષ્યને બહુ ઉપયોગી થયો છે. મહાકવિ દંડીએ તો ત્યાં સુધી કહ્યું છે કે ભાષારૂપી દીપક આ વિશ્વને અજવાળતો ન હોત તો કેટલો અંધકાર હોત તે કલ્પના કરો. ભાષા ધ્વનિસંકેતો છે. આવા ધ્વનિસંકેતોથી પશુપંખીઓ પણ વ્યવહાર કરે છે. મનુષ્યે એ ધ્વનિસંકેતોને રૂપબદ્ધ કર્યા, આકારિત કર્યા, નિશ્ચિત કર્યા એ એની મહાન સિદ્ધિ છે. આરંભે ગુફાવાસી માનવી પોતાના મનની વાત પથ્થર પર લિસોટાથી ચિત્રો દોરીને કહેતો હતો, ત્યાંથી શરૂ કરીને દેવળના પ્રાંગણમાં ઝીણી રેતીમાં આંગળી કે કિત્તા વડે વાતને સમજાવતા ધર્મગુરુ પાસે આવીએ છીએ ત્યાં વિનિમય માટે ભાષા જીવનનું અભિન્ન અંગ બની જતી દેખાય છે. પછી તો કર્મણ્યતાનું સાતત્ય તો મનુષ્યનું અદ્ભુત લક્ષણ છે. એક તારાની ગતિવિધિ જાણીને આકાશના દૃશ્યમાન બધા તારાનો પરિચય કરે, કીટલીનું ઢાંકણ ઊંચું થવાનું કારણ જાણીને તોતિંગ કારખાનાં ચલાવે, પંદર ફૂટ નાનકડું વિમાન ઊડે તો મંગળ ફરતે આંટા લગાવે. એમ ધ્વનિસંકેતોને રૂપબદ્ધ કરતી ભાષા અને ભાષાને આકારબદ્ધ કરતી લિપિ સર્જાઈ. લિપિ મનુષ્યની સરજત છે. એ માનવનો એક મહાન આવિષ્કાર છે. લિપિના આવિષ્કારથી માનવ પ્રત્યક્ષ ઉપરાંત પરોક્ષ વ્યવહારમાં તેમજ સ્થળ અને સમયમાંય લાંબા અંતર પર્યંત પોતાની કથનીયને અન્ય માનવો પાસે વ્યક્ત કરતો થયો. જુદા જુદા માનવજૂથોમાં એ જુદા જુદા સ્વરૂપે વિકસી છે, વિકસતી રહે છે. સુઘડ અને સમૃદ્ધ લિપિ એ સંસ્કૃતિની પરિચાયક છે. લખાતી ભાષા જ આપણે લિપિ ગણીએ છીએ. અત્યારે તો કોમ્પ્યુટર જેવાં ઉપકરણો અને સુંદરતમ બનાવવા સાથ દે તેમ છે. પ્રાચીનકાલીન વિવિધ હસ્તલિખિત પ્રતિઓની લિપિઓ ઉપર સુંદર પ્રકાશ પાડે છે. શ્રી ભારતીબહેન શેલત જેઓ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત આગેવાન વિદ્વાન છે, આ ગ્રંથયોજનામાં શ્રી ભારતીબેનનો ખૂબ જ સહયોગ સાંપડ્યો છે.

–સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બ્રાહ્મી લિપિમાં નવકાર



**મોકલનાર : અચલગચ્છીય**

**પૂ. મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ.સા.**

લેખનકળા પ્રાચીન ભારતમાં શિક્ષણના પાયાના વિષયોમાંના એક વિષય તરીકે ખૂબ અગત્યનું સ્થાન ધરાવતી હતી. લેખનકલા માટે 'લિપિ' શબ્દ અને પ્રાથમિક શાળા માટે 'લિપિશાલા' શબ્દ પ્રયોજાતો.

વિદ્યાનાં પ્રાચીન દેવદેવીઓમાં બ્રહ્મા અને સરસ્વતીના હસ્તમાં હસ્તલિખિત ગ્રંથ ધારણ કરેલો હોય છે. જૈન અનુશ્રુતિમાં બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ પ્રથમ તીર્થંકર ઋષભદેવે કરી મનાય છે, જ્યારે વૈદિક અનુશ્રુતિમાં એનું સર્જન જગતના સર્જક બ્રહ્માએ કર્યું મનાય છે, પરંતુ અનુશ્રુતિઓની પ્રાચીનતા નક્કી કરવી મુશ્કેલ છે.

બૌદ્ધ સાહિત્યના 'લલિતવિસ્તર' (ઈ.સ. ૩૦૦ પૂર્વે) નામે સંસ્કૃત ગ્રંથમાં ૬૪ લિપિઓની યાદી આપવામાં આવી છે,[1] તેમાં મહત્ત્વની લિપિ બ્રાહ્મી અને ખરોષ્ઠી દર્શાવી છે. અન્ય લિપિઓમાં પ્રદેશોનાં નામ પરથી પુષ્કરસારી, અંગ લિપિ, વંગ લિપિ, મગધ લિપિ, દ્રવિડ લિપિ જેવી લિપિઓનાં નામ અને જાતિ કે દેશવિદેશની લિપિઓ–દરક લિપિ, ખાસ્ય લિપિ, ચીન લિપિ, હૂણ લિપિ વગેરેનાં નામ છે. 'સમવાયાંગ સૂત્ર' અને 'પણ્ણવણા સૂત્ર'માં ૧૮ લિપિઓની યાદી આપેલી છે.[2] બંનેમાં ઘણાં નામ સમાન છે. આ યાદીમાં બંભી (બ્રાહ્મી), ખરોટ્ઠી (ખરોષ્ઠી), પુક્ખરસારિયા (પુષ્કરસારિકા), દ્રામિ લિપિ (દ્રવિડી) લિપિઓનો સમાવેશ થાય છે. જૈન આગમોની યાદીમાં 'જવણાલિયા' લિપિનો ઉલ્લેખ છે તે સ્પષ્ટતઃ યવનાની લિપિ છે. યવનોની લિપિના અર્થમાં યવનાની શબ્દ પ્રચલિત હતો. તેનો ઉલ્લેખ પાણિનિના 'અષ્ટાધ્યાયી' (ઈ.પૂ. ૫ મી સદી)માં થયેલો છે.[3] આમ ભારતમાં લિપિઓના ઉલ્લેખ છેક ઈ.પૂ. ૫ મી સદીથી મળે છે.

## હડપ્પીય સભ્યતાની મુદ્રાઓ પરની લિપિ



હડપ્પા અને મોહેંજો–દડોનાં ખંડેરોમાંથી મુદ્રાઓ, મુદ્રાંકો અને તામ્રપટ્ટિકાઓ પર લખાણ કોતરેલાં મળે છે. તેની લિપિ ઉકેલવા પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોએ ઘણા પ્રયત્નો કર્યા છે. આ લખાણોમાં આવતાં જુદાં જુદાં ચિહ્નોનું વર્ગીકરણ કરી એના મૂળાક્ષરોની અને એમાં ઉમેરાયેલાં માત્રાચિહ્નોની ગણતરી કરવાના પ્રયત્નો થયા છે. ડૉ. હન્ટરે કરેલાં પૃથક્કરણ તથા વર્ગીકરણમાં જોડાક્ષર ન હોય તેવા અક્ષરોની કુલ સંખ્યા ૨૩૪ અને એમાં મૂળાક્ષરોની સંખ્યા ૧૦૨ છે. આ મૂળાક્ષરોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વરચિહ્નો કે સ્વરભારચિહ્નો જેવાં ચિહ્નો ઉમેરેલાં જણાય છે. અક્ષરોમાંનાં કેટલાંક ચિત્રાત્મક છે. આ અક્ષરોના આકાર પરથી એને તે તે પદાર્થના દ્યોતક માનવામાં આવ્યા છે; જેમ કે મનુષ્ય, નગર, ઘર, કેદી, ધનુર્ધારી, પક્ષી, મત્સ્ય વગેરે. આ લિપિનું સ્વરૂપ પૂર્ણતઃ ચિત્રાત્મક નથી. કેટલાંક વિદ્વાનો એમાં ભાવાત્મક તથા ધ્વન્યાત્મક ચિહ્નો હોવાનું ધારે છે તો કોઈ એને મુખ્યતઃ શ્રુત્યાત્મક માને છે. ચિહ્નોની સંખ્યા પરથી આ લિપિ પૂર્ણતઃ વર્ણાત્મક નહીં હોવાનું પ્રતીત થાય છે.[૪] કેટલાક વિદ્વાનોએ આ લખાણોની ભાષા વૈદિક સંસ્કૃત જેવી હોવાનું ધાર્યું અને આ લિપિનાં ચિહ્નોને બ્રાહ્મી લિપિનાં પ્રાચીનતમ ચિહ્નો અનુસાર ઉકેલવા કોશિશ કરી છે. આ લિપિનાં કેટલાંક ચિહ્ન બ્રાહ્મી લિપિના અમુક અક્ષરો સાથે આકારસામ્ય ધરાવે છે તેમજ બ્રાહ્મી લિપિની જેમ આ લિપિમાં પણ મૂળાક્ષરોમાં અંતર્ગત ચિહ્નો ઉમેરવાની પદ્ધતિ જણાય છે. આદ્ય-ઐતિહાસિક કાલની આ અણઉકલી લિપિમાંથી બ્રાહ્મી લિપિ ઊતરી આવી હોય એ ઘણું સંભવિત છે, છતાં આ બે લિપિઓનાં ઉપલબ્ધ લખાણો વચ્ચે હજારેક વર્ષનો લાંબો ગાળો રહેલો છે.

પ્રાચીન ભારતમાં મુખ્યત્વે બે લિપિઓ સહુથી વિશેષ પ્રચલિત હતી; બ્રાહ્મી અને ખરોષ્ઠી. ચીની વિશ્વકોષ ફા-યુઆન-સુ-લીન (ઈ.સ. ૬૬૮)માં[૫] ત્રણ દૈવી તત્ત્વોએ લેખનકલાની શોધ કરી. પહેલા દેવ ફાન (બ્રહ્મા) જેમણે ડાબેથી જમણે લખાતી બ્રાહ્મી લિપિની શોધ કરી. બીજા દેવ કીય-લુ (ખરોષ્ઠ) જેમણે જમણેથી ડાબે લખાતી ખરોષ્ઠી લિપિની શોધ કરી. ત્રીજી લિપિની શોધ ત્સંકીએ ઉપરથી નીચે લખાતી ચીની લિપિરૂપે કરી. એમાં પહેલી બે લિપિઓના કર્તા ભારતમાં જન્મ્યા.

## ખરોષ્ઠી લિપિ

આ લિપિ મુખ્યત્વે ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં જ પ્રચલિત હતી, જે ધીમે ધીમે પ્રાચીન કાલમાં જ લુપ્ત થઈ ગઈ. હસ્તપ્રતોમાં આ લિપિનો પ્રયોગ ઈ.સ.ની ૨ જી સદીથી જોવા મળે છે. અફઘાનિસ્તાનના એક સ્તૂપમાંથી મળેલાં ભૂર્જપત્રો ઉપર આ લિપિ પ્રયોજાઈ છે. ખોતાન (ચીની તુર્કસ્તાન)માંથી આ લિપિમાં લખાયેલી બૌદ્ધ ધમ્મપદની હસ્તપ્રત પ્રાપ્ત થઈ છે.[૬] આ પ્રત પ્રાયઃ ગંધારમાં કુષાણ કાલ દરમ્યાન લખાઈ હતી. ચીની તુર્કસ્તાન (મધ્ય એશિયા)માં લાકડાનાં પાટિયાં અને ચામડાં પર લખેલાં ખરોષ્ઠી લખાણ **Lou-lan, Tun huang** અને **Miran**માંથી મળ્યાં છે. રેશમ પર લખેલાં ત્રણ ધાર્મિક અને બિનધાર્મિક લખાણ, પ્રાકૃત અને ખરોષ્ઠીમાં છે. વેપારીઓ, કારકુનો અને ગુમાસ્તાઓ માટેની આ લિપિનાં પ્રાકૃત લખાણ સરળતાથી લખાતાં.[૭]

આ લિપિ સેમેટિક વર્ગની છે. પશ્ચિમ એશિયામાં પ્રયોજાયેલી ઉત્તરી સેમેટિક કુલની અરમાઈક લિપિના કેટલાક અક્ષરો સાથે ખરોષ્ઠી લિપિના સરખા ઉચ્ચારણવાળા અક્ષરો સામ્ય ધરાવે છે. ભારતીય વર્ણો લખવા માટે અરમાઈક વર્ણમાલામાં સુધારા-વધારા કરવામાં આવ્યા. અરમાઈક લિપિનું આ સુધારેલું ભારતીય રૂપાંતર તે ખરોષ્ઠી લિપિ. મૌર્ય, ભારતીય-યવનો, શક-પહ્લવો અને કુષાણોના શાસનકાલમાં આ લિપિનો સ્થાનિક લિપિ તરીકે ઉપયોગ ચાલુ રહ્યો. ઈ.સ.ની ૫ મી સદી પછી આ લિપિ સદંતર લુપ્ત થઈ.[૮]

## બ્રાહ્મી લિપિ




મૌર્યકાલીન બ્રાહ્મી લિપિ

બ્રાહ્મી લિપિ સમસ્ત ભારત વર્ષમાં પ્રયોજાતી અને સમય જતાં જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે ક્રમિક પરિવર્તન પામીને વર્તમાન ભારતીય લિપિઓ રૂપે હજુ પણ વિદ્યમાન છે. આમ વર્તમાન ભારતીય લિપિઓની જનની બ્રાહ્મી લિપિ છે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ બ્રાહ્મીની ઉત્પત્તિ સેમેટિક કુલની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિપિઓમાંથી થઈ હોવાની કલ્પના કરી. તેમાંયે વિલ્સન, કસ્ટ, જોન્સ, વેબર, બ્યૂહ્‌લર જેવા વિદ્વાનોએ બ્રાહ્મી લિપિનો ઉદ્‌ભવ ઉત્તરી સેમેટિક કુળની ફીનિશિયન લિપિમાંથી થયો હોવાનું સૂચવ્યું.[૯] ડીકના મતે પ્રાચીન દક્ષિણી સેમેટિક લિપિ દ્વારા ક્યુનિફોર્મ (કીલાક્ષરી) લિપિમાંથી ઉત્પન્ન થઈ હોવાનું[૧૦] અને ટાયલરે બ્રાહ્મીની ઉત્પત્તિ લુપ્ત દક્ષિણી સેમેટિક લિપિમાંથી થઈ હોવાનું સૂચવ્યું.[૧૧] રાજબલિ પાંડેય[૧૨] અને ગૌરીશંકર ઓઝા[૧૩] જેવા વિદ્વાનોએ બ્રાહ્મી લિપિ આ દેશમાં જ ઉદ્‌ભવી હોવાનો મત રજૂ કર્યો. જનરલ કનિંઘમ, ડાઉસન, લારસન જેવા વિદ્વાનોએ જણાવ્યું કે આર્ય બ્રાહ્મણોએ બ્રાહ્મી લિપિ દેશજ ભારતીય ચિત્રાક્ષરોમાંથી વિકસાવી.[૧૪] એડવર્ડ ટોમસે સાંસ્કૃતિક રીતે આગળ વધેલી દ્રવિડ પ્રજાએ બ્રાહ્મી લિપિની શોધ કરી હોવાનું મંતવ્ય રજૂ કર્યું.[૧૫] આ ધારણા ભૂલભરેલી છે. દ્રવિડો મૂળ દક્ષિણ ભારતના હતા; જ્યારે આર્યોનું મૂળ વતન ઉત્તર ભારતમાં હતું અને લેખનકલાનો સહુથી જૂનો નમૂનો ઉત્તર ભારતમાંથી મળ્યો છે.

## બ્રાહ્મી લિપિનાં અનુકાલીન રૂપાંતરો અને વર્તમાન પ્રાદેશિક લિપિઓ :

પ્રાચીન બ્રાહ્મી લિપિનો સમય બ્યૂહ્‌લર અને ઓઝા ઈ.પૂ. ૩૫૦ થી ઈ.સ. ૩૫૦ સુધીનો મૂકે છે. આ સમયના મોટા ભાગના લેખો પ્રાકૃત ભાષાના મળે છે. મૌર્યકાલીન બ્રાહ્મી લિપિ સમગ્ર દેશની એક સરખી લિપિ તરીકે રહી છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાં મૌર્ય સમ્રાટ અશોકના શિલાલેખ મળ્યા છે. આ બધામાં બ્રાહ્મી લિપિનો એક સરખો મરોડ પ્રચલિત હતો. અશોકના સમયમાં કેટલાક અક્ષરોનાં સ્પષ્ટ પરિવર્તનો થયાં હતાં. 'અ' અને 'આ'નાં ઓછાંમાં ઓછાં દસ રૂપ મળે છે. અશોકના અભિલેખોમાં ત્રણ બોલીભેદ જોવા મળે છે. પ્રાદેશિક ધોરણે કોઈ લિપિભેદ જોવા મળતો નથી. ડૉ. દાનીના મતે ઈ.પૂ. ૨૦૦ થી ઈ.સ. ૫૦ના ગાળા દરમ્યાન બ્રાહ્મી લિપિમાં નોંધપાત્ર રૂપાંતરો થયેલાં માલૂમ પડે છે અને તેમાંથી પ્રાદેશિક ભેદ વિકસવા લાગે છે. ડૉ. દાની તેને પ્રાદેશિક બ્રાહ્મી લિપિઓ કહે છે અને એને ૧. પૂર્વભારતીય, ૨. ઉત્તર–પશ્ચિમ ભારતીય, ૩. ઉત્તર પશ્ચિમ દખ્ખણી, ૪. દક્ષિણ ભારતીય એમ ચાર વિભાગોમાં વર્ગીકૃત કરે છે.[૧૬]

આ સમય દરમ્યાન પૂર્વ ભારત અને ઉત્તર–પશ્ચિમ ભારતના પ્રદેશોની લિપિઓનાં સ્વરૂપમાં ઘણો ઓછો ભેદ જણાય છે.[૧૭] ભટ્ટિપ્રોળુ સ્તૂપના મંજૂષા લેખમાંના અક્ષરોના આકાર બ્રાહ્મીના પ્રચલિત અક્ષરોના આકારમાંથી જ ઉદ્‌ભવેલા છે. દ્રવિડ અક્ષરો પણ સદેશ બ્રાહ્મી અક્ષરોમાંથી સાધિત કરવામાં આવ્યા છે.

ઈ.સ. ૫૦થી ઈ.સ. ૪૦૦ સુધીના ગાળામાં બ્રાહ્મી લિપિના સ્વરૂપમાં વિશિષ્ટ પરિવર્તનો થયાં. વર્ણોના મથાળે નાની આડી રેખારૂપે શિરોરેખા સ્પષ્ટ જોવા મળે છે. બે ટોચવાળા વર્ણો જેવા કે ઘ, प, ष અને स માં ડાબી બાજુની ટોચ પર રેખા કરાતી જ્યારે य જેવા ત્રણ ટોચવાળા વર્ણમાં એ વચલી ટોચ ઉપર ઉમેરાતી. म માં એની બેય ત્રાંસી ટોચ પર કરાતી. अ, क અને र જેવા અક્ષરો ઊંચા અને પાતળા થયા. ઘ, प અને ष જેવા અક્ષરોની ઊંચાઈ ઘટી અને પહોળાઈ વધી. સીધા મરોડના સ્થાને વળાંકદાર મરોડનું પ્રમાણ વધ્યું. ઘણા અક્ષરોમાં ઊભી રેખાઓને નીચલે છેડેથી ડાબી બાજુએ વાળવામાં આવતી. સ્વરમાત્રાઓને ત્રાંસો વળાંકદાર મરોડ આપવામાં આવ્યો. હલન્તનું ચિહ્ન વર્તમાન હલન્ત ચિહ્ન જેવું જ છે, જે પંક્તિના નીચલા ભાગમાં નાના કદમાં લખવામાં આવતું. હલન્તનો પ્રયોગ ભારતમાં ઈ.સ.ની બીજી સદીથી મળે છે. ऋ, ळ અને ङ નાં અક્ષરોનો પ્રયોગ થયો. જિહ્વામૂલીય અને ઉપધ્માનીય ધ્વનિઓ માટે ચિહ્નો પ્રયોજાયાં. લેખનનાં પ્રાદેશિક લઢણોના ઉપયોગ સાથે લિપિભેદ વિકસ્યા.

ઈ.સ. ૪૦૦ થી ૮૦૦ ના સમયમાં પ્રાદેશિક લિપિઓનાં આદ્ય સ્વરૂપ ઘડાયાં, જેને આદ્ય પ્રાદેશિક લિપિઓ કહી શકાય.

આ સમયની ઘણી હસ્તપ્રતો મળી આવે છે. એમાં કલમ અને શાહીના ઉપયોગને લીધે બ્રાહ્મી અક્ષરોનાં ઘણાં નવાં રૂપો મળે છે. એમાં ત્રિકોણાકાર શિર:ચિહ્ન અને અક્ષરોની ઊભી રેખા નીચે એક પ્રકારનું પાદચિહ્ન જોવા મળે છે. દક્ષિણ ભારતમાં તાડપત્ર ઉપર તીક્ષ્ણ શલાકાથી અક્ષરો કોતરવાની પ્રથા હતી, ત્યાં અક્ષર ગોળ અને પાંખાં તરંગાકાર બન્યા. મૂળાક્ષરો અને સ્વરમાત્રાઓને સુશોભનાત્મક મરોડ આપવાની પ્રથાને લીધે અક્ષરોની જમણી બાજુની ઊભી રેખાના નીચલા છેડા ડાબી બાજુ વળાંક લેવા લાગ્યા, જેને કુટિલ લિપિ કહે છે. આ સમય દરમ્યાન હલન્ત અક્ષરને ચાલુ પંક્તિમાં સરખા કદમાં લખવામાં આવતો અને નીચે જમણી બાજુ જતી ત્રાંસી રેખા ઉમેરવામાં આવી.

આ સમયગાળા દરમ્યાન મધ્ય એશિયામાં qyzylની ગુફામાંથી કુમારલાતની 'કલ્પનામણ્ડિતિકા'ની તાડપત્રીય હસ્તપ્રત (ઈ.સ. ૫ મી સદી) ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિની મળી છે. એમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહોળી કલમના ઉપયોગને લઈને શિરોરેખા સળંગ ઘાટી છે. નીચે જતાં પહોળી થતી ઊભી રેખાને છેડે નાની કે મોટી આડી કે ત્રાંસી રેખા કરી તેમાં નીચલા છેડા બાંધી દીધા છે. આને પાદચિહ્ન તરીકે ઓળખવામાં આવે છે. આ મરોડ મથુરા શૈલીનો છે.[૧૮] કર્નલ બોઅર ને મળેલી ભૂર્જપત્ર ઉપરની ઔષધશાસ્ત્રની હસ્તપ્રત (પ્રાયઃ ઈ.સ.ની છટ્ઠી સદી)માં ઘાટી શિરોરેખા, ઊભી રેખા નીચે પાદચિહ્ન જોવા મળે છે. અક્ષરોના મરોડ રાજસ્થાની શૈલીના છે. ઉદાનવર્ગની સંસ્કૃત હસ્તપ્રત ઈ.સ.ની ૭મી સદીમાં કુચામાં પ્રચલિત બ્રાહ્મી લિપિમાં લખાયેલી છે. હોર્યુન્જી (જાપાન)ના મઠમાં સચવાયેલી 'ઉષ્ણીય વિજયધારિણી'ની તાડપત્રીય હસ્તપ્રત ઈ.સ.ની ૮મી સદીની છે. એના અંતે આ સમયની પૂરી વર્ણમાલા આપવામાં આવી છે. ૧૬ સ્વરો, ૩૩ વ્યંજનો અને ક્ષ તથા ૭ જેવું મંગલચિહ્ન એમ ૫૧ ચિહ્નો પ્રયોજાયાં છે. હલન્ત અક્ષરોની નીચે જમણી બાજુ ત્રાંસી રેખા કરેલી છે.[૧૯]

ગુજરાતમાં મૈત્રકકાલ દરમ્યાન અગાઉ કેટલાક અક્ષરોને મથાળે શિરોરેખા ઉમેરાવા લાગી; ઉ.ત. ऋ, ज, क ગુર્જર રાજાઓના હસ્તાક્ષરો ઉત્તરી શૈલીની લિપિમાં લખાયા. અંતર્ગત સ્વરચિહ્નો નાગરીની સમકક્ષનાં બન્યાં. અંતર્ગત 'એ'ના સ્વરચિહ્નને પડિમાત્રા સ્વરૂપે લખાવાનું વલણ વધ્યું છે. સંયુક્તાક્ષરોમાં બંને વ્યંજનોની ઊંચાઈ સરખી જોવા મળે છે. અક્ષરોનો મરોડ ગોળ છે. ડૉ. બ્યૂહ્લર અને ઓઝા આ સમયની ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકની લિપિને પશ્ચિમી લિપિ તરીકે ઓળખાવે છે. જો કે ગુજરાતની લિપિમાં દખ્ખણની શૈલીની સાથે રાજસ્થાની શૈલીની અસર પણ જોવા મળે છે. પ્રાકૃત વિશેષાવશ્યક વ્યાખ્યા (લગભગ ઈ. ૬૧૦)માં તત્કાલીન લિપિઓની યાદીમાં 'લાટ લિપિ' (પ્રા. लाडलिपि) જણાવવામાં આવી છે. તે પરથી ગુજરાતની આ લિપિને લાટ લિપિ તરીકે ઓળખાવી શકાય.[૨૦]

ઈ.સ. ૪૦૦-૮૦૦ના લિપિ વિકાસના ગાળામાં ગોદાવરી-કૃષ્ણા પ્રદેશમાં આદ્ય કાનડી લિપિ વિકસી. કૃષ્ણા પ્રદેશની દક્ષિણના ભાગમાં સાતમી સદીમાં ગ્રંથ લિપિ વિકસી. આ લિપિ આરંભમાં તેલુગુ અને કન્નડ લિપિ જોડે ઠીક ઠીક સામ્ય ધરાવતી, પણ સમય જતાં ચાલુ કલમે લખવાથી ઊભી અને આડી રેખાઓને વળાંકદાર મરોડ આપવાથી તેમજ ક્યાંક ક્યાંક અક્ષરો વચ્ચે ગાંઠ બનાવવાની પ્રક્રિયાને લીધે આ લિપિએ વિશિષ્ટ રૂપ ધારણ કર્યું.

### જુદાં જુદાં કાળનાં અંતર્ગત સ્વર ચિહ્નો, જોડાક્ષરો, સંકેતચિહ્નો અને અંક ચિહ્નો




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**વર્તમાન પ્રાદેશિક લિપિઓ :** ભારતની બધીયે વર્તમાન પ્રાદેશિક લિપિઓ સમય જતાં બ્રાહ્મી લિપિમાંથી જ વિકસેલી છે. એમાં દ્રાવિડ ભાષાઓ માટે વપરાતી લિપિઓનો પણ સમાવેશ થાય છે. દક્ષિણ ભારતની લિપિઓ પણ બ્રાહ્મી કુળનો જ પરિવાર છે.

**નાગરી લિપિ :** ભારતમાં નાગરી લિપિ બધા જ પ્રદેશોમાં સહુથી વધુ પ્રચલિત છે. ઉત્તર ભારત તથા દખ્ખણમાં દેવનાગરી તરીકે ઓળખાય છે. દક્ષિણ ભારતમાં તેને નંદિનાગરી કહે છે. વર્તમાન નાગરીનો પ્રયોગ દખ્ખણમાં ૮મી સદીથી જોવા મળે છે, જ્યારે ઉત્તર ભારતમાં મેવાડમાં ૧૦મી સદીથી જોવા મળે છે. આ સમયની હસ્તપ્રતોમાં બે પંક્તિઓ વચ્ચે ઘણી ઓછી જગ્યા રાખવામાં આવતી અને એ ઓછી જગ્યામાં શિરોરેખા ઉપર અંતર્ગત 'એ'નું ચિહ્ન ઉમેરવું હોય ત્યારે શિરોરેખાની ઉપર નહીં પણ અક્ષરની જમણી બાજુએ ઊભી પડિમાત્રાનો ઉપયોગ કરવામાં આવતો.

ઈ.સ.ની ૧૨મી–૧૩મી સદી દરમ્યાન નાગરી લિપિનો વર્તમાન મરોડ ઘડાયો. આ સમયમાં કાગળ પરની પ્રતો વિશેષ મળે છે. જૈન હસ્તપ્રત જૈન નાગરી લિપિમાં અને જૈનેતર હસ્તપ્રત નાગરી લિપિમાં લખાઈ છે. જૈન હસ્તપ્રતોમાં સમયનિર્દેશ પણ મળે છે.

**જૈન નાગરી લિપિ :** મગધમાં વસતી જૈન પ્રજાએ દુષ્કાળ અને સાંપ્રદાયિક સાઠમારીને લીધે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સ્થળાંતર કર્યું ત્યારે બ્રાહ્મી–બંગલા લિપિની છાયા જૈન લિપિમાં ઊતરી. અક્ષરોના મરોડ, પડિમાત્રા વગેરેમાં તેની અસર દેખાય છે. શ્રમણ સંસ્કૃતિએ લેખનકલામાં પોતાને અનુકૂળ લિપિના ફેરફાર, સુધારા–વધારા અને સંકેતોનું નિર્માણ કર્યું. આથી એ આગવી જૈન લિપિ તરીકે ઓળખાઈ. લિખિત પુસ્તકોની સંશોધન પદ્ધતિ, સાધનો, સંકેત ચિહ્નો, સંયુક્તાક્ષરો, મરોડ વગેરે જુદા પડતા હોઈ આ લિપિ નવીન છે.

જુદી જુદી ટેવો, પસંદગી વગેરેને લઈને જૈન લિપિ અનેક ભાગોમાં વહેંચાઈ, જેમાં યતિઓની લિપિ, ખરતરગચ્છીય લિપિ, મારવાડી લેખકોની લિપિ, ગુજરાતી લેખકોની લિપિ વગેરે. યતિઓની લિપિ અક્ષરોના ટુકડા કરી લખેલી હોય છે. મારવાડી લેખકો અક્ષરોનાં નીચેનાં પાંખડાં ઓછાં ખેંચે છે. બીજા લેખકો વધુ ખેંચે છે. પશ્ચિમ ભારતમાં પાંચમી સદીથી જૈન લેખનકલાનો આરંભ થયો. પરંતુ હાલ જૈન લિપિમાં લખાયેલ એક પણ ગ્રંથ ઉપલબ્ધ નથી. પશ્ચિમ ભારતમાં આ લિપિનો પ્રયોગ થયો હોવાથી જૈન લિપિની હસ્તપ્રતો તાડપત્ર અને કાગળ પર જ મળે છે.

આ લિપિમાં લખાયેલ પ્રાચીન હસ્તપ્રત 'પંચમી કથા' (વિ.સં. ૧૧૦૯=ઈ.સ. ૧૦૫૨–૫૩)ની પ્રાપ્ત થઈ છે.

**ગુજરાતી લિપિ :** ગુજરાતમાં પ્રાદેશિક લિપિનું વિશિષ્ટ સ્વરૂપ ઘડાયું, જે ગુજરાતી લિપિ તરીકે ઓળખાય છે. એના મરોડનો આરંભ ઈ.સ.ની ૧૫મી સદીથી જોવા મળે છે. સળંગ શિરોરેખા તરીકે પહેલાં એક આખી લીટી દોરી એની નીચે અક્ષરો લખવાની પરિપાટી પ્રચલિત થઈ. શીઘ્રલેખન માટે અક્ષરોને વધુ વળાંકદાર મરોડ આપવામાં આવ્યો. આથી ઘણાં અક્ષરોના ઉપલા ડાબા છેડાને તથા નીચલા જમણા છેડાને ગોળ મરોડવાળો બનાવ્યો. અનો ઉત્તરી મરોડ શિરોરેખા વિના સળંગ કલમે 'અ' ઘડાયો. 'ઉં'નું સ્વતંત્ર સ્વરૂપ લુપ્ત થયું. 'એ', 'ઐ', 'ઓ' અને 'ઔ' એ ચારે અક્ષરોને 'અ'માં તે તે સ્વરમાત્રા ઉમેરી સાધિત કરવામાં આવ્યાં. સંયુક્તાક્ષરોમાં ઘણા પૂર્વગ અક્ષરોની જમણી ઊભી રેખાનો લોપ કરી એની સાથે અનુગ અક્ષર જોડાયો છે; જેમ કે ખ્ય, ગ્મ, ચ્છ, ણ્ય, ત્ય, ધ્ર, ન્ય, પ્સ, બ્ય, મ્ય, ય્ય, લ્વ, વ્ય, શ્મ ને સ્ત. બાકીના અક્ષરોમાં કેટલાકમાં પૂર્વગ અક્ષરનું સંકુચિત સ્વરૂપ પ્રયોજાયું, જેમ કે 'ક્વ', 'જ્વ' વગેરે. અનુગ ય માં ડાબા પાંખાને છેડે ચાંચ કાઢી એને પૂર્વગ અક્ષર સાથે જોડવામાં આવ્યો; જેમ કે 'ટ્ય'. કેટલાકમાં સંયુક્તાક્ષરો નાગરી ઢબે લખાય છે; જેમ કે દ્ધ, દ્ય, દ્ય, દ્વ, શ્વ, શ્ર, હ્ન, હ્ય વગેરે. કેટલાકમાં પૂર્વગ અક્ષરને હલન્ત દર્શાવવો પડે છે; જેમ કે છ્વ, ટ્વ, દ્બ, ક્ત, હ્વ વગેરે આરંભમાં ગુજરાતી લિપિને 'વાણિયાશાઈ' કે 'મહાજન' લિપિ કહેતા. ગુજરાતી ગ્રંથલેખનનો આરંભ ઈ.સ.ની ૧૫મી સદીથી થયો.

નાગરી લિપિના અક્ષર ઝડપથી લખવા માટે મહારાષ્ટ્રમાં કેટલાક સુધારા કરવામાં આવેલા. એમાં નાની નાની શિરોરેખાને બદલે લાંબી લીટી દોરી એક કે વધુ શબ્દ સળંગ કલમે લખાતા આ લિપિને 'મોડી' લિપિ કહે છે.

બ્રાહ્મીનાં પ્રાદેશિક રૂપાંતરો બે શૈલીમાં થયાં :

૧ ઉત્તરી અને ૨. દક્ષિણી.

ઉત્તર ભારતમાં ૪થી સદીમાં ગુપ્ત લિપિ પ્રયોજાતી. સમય જતાં એમાંથી ભિન્ન સ્વરૂપ ઘડાયું, જેને કુટિલ લિપિ કહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આ લિપિ ઉત્તર ભારતમાં ઈ.સ.ની ૬ઠ્ઠીથી ૯મી સદી સુધી પ્રચલિત હતી. આ સમય દરમ્યાન ગુજરાત અને દખ્ખણમાં ઉત્તરી શૈલી પ્રચલિત થઈ. (૧૦મી સદીથી કાશ્મીરમાં કુટિલ લિપિનું જે જુદું સ્વરૂપ વિકસ્યું તે 'શારદા' લિપિ કહેવાઈ. જમ્મુ અને ઉત્તર પંજાબમાં ટાકરી લિપિ પ્રયોજાય છે. એ શારદા લિપિનું વળાંકદાર ટાકરી રૂપાંતર છે. જમ્મુ પ્રદેશોમાં એનું ડોંગરી સ્વરૂપ અને ચંબા પ્રદેશમાં ચમિયાલી સ્વરૂપ પ્રચલિત છે.

પંજાબમાં શીખ ધર્મના ગ્રંથોના શુદ્ધ લેખન માટે ત્યાંની પ્રાચીન 'લંડા' નામે મહાજની લિપિમાં પરિવર્તન કરી ગુરુ ગોવિંદસિંહે (૧૬મી સદી) 'ગુરુમુખી' લિપિ ઘડી.

બિહારમાં કાયસ્થ લોકોએ નાગરી લિપિનું ઝડપથી લખાય તેવું સ્વરૂપ પ્રયોજ્યું જે કૈથી લિપિ કહેવાય છે. એનાં સામાન્ય લક્ષણ ગુજરાતી લિપિનાં લક્ષણોને મળતાં આવે છે.

સમય જતાં આદ્ય નાગરી લિપિનું ભિન્ન રૂપાંતર થતાં બંગાળી, મૈથિલી, નેપાલી વગેરે લિપિઓ ઘડાઈ. મૈથિલી એ બંગાળીનું રૂપાંતર છે. ઉડિયા પ્રદેશમાં ઉડિયા લિપિ પ્રયોજાય છે. બંગાળી લિપિ બંગાળા, આસામ, બિહાર, નેપાળ અને ઓરિસ્સાના હસ્તલિખિત ગ્રંથોમાં પ્રયોજાઈ છે. હાલ આ લિપિ બંગાળા અને આસામમાં પ્રચલિત છે. મિથિલા પ્રદેશના બ્રાહ્મણો સંસ્કૃત ગ્રંથ લખવા મૈથિલી લિપિ પ્રયોજતા. ઉડિયા લિપિ પ્રાચીન બંગાળીમાંથી ઉદ્‌ભવી છે. સળંગ કલમે લખાય તેવા મરોડ તથા ગોળાઈદાર શિરોરેખાને લઈને આ લિપિના અક્ષર ઘણા વિલક્ષણ લાગે છે.

પ્રાચીન તેલુગુ-કન્નડ લિપિમાં સમય જતાં અક્ષરોની ગોળાઈ વધવા લાગી અને ઝડપથી લખવાને લીધે અક્ષરોના મરોડ બદલાતા ગયા અને એમાંથી વર્તમાન તેલુગુ-કન્નડ લિપિઓ વિકસી.

**તેલુગુ લિપિ :** તેલુગુ લિપિ આંધ્ર પ્રદેશમાં અને એની આસપાસના ભાગમાં પ્રચલિત છે. એમાં अ થી औ સુધીના સ્વરો માટે સ્વતંત્ર ચિહ્ન છે. ए અને ओ નાં હ્રસ્વ-દીર્ઘ એમ બે ચિહ્ન પ્રચલિત છે. उ અને ऊ ની માત્રા અક્ષરની જમણી બાજુએ જોડાય છે. એમાં નાગરી લિપિની જેમ આડી શિરોરેખા હોતી નથી.

**કન્નડ લિપિ :** કન્નડ લિપિ કર્ણાટકની લિપિ છે. હાલ માયસોર રાજ્ય અને એની આસપાસના ભાગમાં પ્રચલિત છે. એના ઘણા અક્ષર તેલુગુ લિપિના અક્ષરો જેવા છે. સ્વરમાત્રાઓમાં ए અને ओ ના હ્રસ્વ-દીર્ઘ એવા બે મરોડ મળે છે.

**યોગીરાજ શ્રી સર્વેશ સોનીએ મોકલેલ પત્રમાંથી–**




**રજૂઆત : અચલગચ્છીય**
**પૂ. મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ.સા.**

**ગ્રંથ લિપિ :** જે પ્રદેશમાં તમિલ લિપિ પ્રચલિત છે ત્યાં સંસ્કૃત ગ્રંથો લખવા માટે તેલુગુ-કાનડી લિપિને મળતી એક ખાસ લિપિ વિકસી, એને ગ્રંથ લિપિ કહે છે. સમય જતાં ચાલુ કલમે લખવાથી, ઊભી તથા આડી રેખાઓને વળાંકદાર બનાવવાથી ને ઘણા અક્ષરોમાં શરૂઆતમાં, વચ્ચે કે અંતે ગાંઠ જેવો આકાર આપવાથી આ લિપિ વર્તમાન તેલુગુ અને કાનડી લિપિઓથી ઘણી વિલક્ષણ બની ગઈ. એ માં ओ નું સ્વતંત્ર ચિહ્ન છે. ए અને औ માં હ્રસ્વ-દીર્ઘના ભેદ નથી. इ ની માત્રા જમણી બાજુએ જોડાય છે. ए ની માત્રા ડાબી બાજુએ જોડાય છે. ઓ માટે એવી બે માત્રાઓ ડાબી બાજુએ ઉમેરાય છે.

**તમિળ લિપિ :** તમિળનાડુ પ્રદેશમાં તમિળ લિપિ પ્રચલિત થઈ. તેના લેખ ઈ.સ.ની ૭મી સદીથી મળે છે. આ લિપિનું ત્વરિત રૂપ વટ્ટેળુત્તુ લિપિ છે. તમિળ લિપિના ઘણા અક્ષર ગ્રંથલિપિના અક્ષરો સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે. દ્રવિડ ભાષાઓની લિપિઓમાં હ્રસ્વ-દીર્ઘ ए તથા औ નો ભેદ તમિળ લિપિમાં શરૂ થયેલો જણાય છે. आ અને इની માત્રા અક્ષરની જમણી બાજુએ અને ए ની માત્રા ડાબી બાજુએ ઉમેરાય છે.

**મલયાલમ લિપિ :** કેરલ રાજ્યમાં મલયાલમ લિપિ પ્રચલિત છે. આ લિપિ ગ્રંથ લિપિનું વળાંકદાર રૂપાંતર છે. આ લિપિમાં સંસ્કૃત ગ્રંથો પણ લખાય છે. આ લિપિમાં उ તથા ओ માં હ્રસ્વ-દીર્ઘનો ભેદ રહેલો છે. आ, इ અને ઈની માત્રા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અક્ષરની જમણી બાજુએ અને ૩ ની માત્રા ડાબી બાજુએ ઉમેરાય છે.

**તુલુ લિપિ :** દક્ષિણ કન્નડ પ્રદેશમાં સંસ્કૃત ગ્રંથો લખવા માટે વપરાતી તુળુલિપિ મલયાલમ લિપિનું થોડા ફેરફારવાળું રૂપ છે.

આમ મૌર્યકાલીન બ્રાહ્મી લિપિનું જુદા જુદા પ્રદેશોમાં રૂપાંતર થતાં ભારતની વર્તમાન લિપિઓ ઘડાઈ. દ્રવિડ ભાષાઓનું કુલ ભારતીય આર્ય ભાષાઓના કુલથી તદન ભિન્ન હોવા છતાં એ બંને કુલોની ભાષાઓ માટે પ્રયોજાતી બધી લિપિઓ એક જ બ્રાહ્મી લિપિકુલની છે.

પાદટીપ

1. ललितविस्तर, अध्याय 10; गौ. ही. ओझा, 'भारतीय प्राचीन लिपिमाला', पृ. 17, पा.टी. 3; R.B. Pandey, `Indian Palaeography', pp. 23 ff.
2. गौ. ही. ओझा, उपर्युक्त, पृ. 17, पा. टी. 1; R.B. Pandey *op cit.*, pp. 22 f. 3. 4. 1. 49
૪. હ. ગં. શાસ્ત્રી, 'હડપ્પા ને મોહેંજો-દડો', પૃ. ૫૯-૬૦; ૬૬-૬૮
૫. Buhler, *Indian Palaeography*, p. 15
૬. *Ibid.*, p40
૭. Dani, `*Indian Palaeography*, p. 253; હ. ગં. શાસ્ત્રી, 'ભારતીય અભિલેખવિદ્યા', પૃ. ૩૨
૮. હ. ગં. શાસ્ત્રી, એજન, પૃ. ૩૩-૩૪
૯-૧૧ गौ. ही. ओझा, उपर्युक्त, पृ. 18-19; ह. गं. शास्त्री, એજન, પૃ. ૪૧
૧૨. R.B. Pandey, *op. cit.*
૧૩. ચંદ્રકાન્તા ભટ્ટ, 'પ્રાચીન ભારતમાં ગ્રંથલેખન, લેખાપન, સંગ્રહણ અને સંરક્ષણ', પૃ. ૨૫
૧૪. R.B. Pandey, *op. cit.*, p. 35
૧૫. *Ibid.*, p. 35
૧૬. Dani, *op. cit.*, p. 109
૧૭. *Ibid.*, p. 55
૧૮. *Ibid.* p. 147; ચંદ્રકાંતા ભટ્ટ, ઉપર્યુક્ત, પૃ. ૩૬
૧૯. હ. ગં. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૭૧
૨૦. એજન, પૃ. ૭૨



કલ્પવૃક્ષ
જૈન
સ્થાપત્ય
કલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org







જુદા જુદા કાળની લિપિના મૂળાક્ષર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## મનકકુમાર

ગુરુદેવ! શય્યંભવસૂરિજી ક્યાં બિરાજે છે? બાળકે નિર્દોષભાવે પૂછ્યું.

સૂરિજીએ બાળકને સંયમ-દીક્ષા આપી. બાળમુનિ મનક ભલે સાંસારિક પુત્ર હતા. જ્ઞાનથી બાળકનું આયુષ્ય અલ્પ જાણી ખાસ તેના કલ્યાણ માટે દશવૈકાલિક આગમસૂત્રની રચના કરી આ સૂત્રના માધ્યમે ભણી જઈ માત્ર છ માસના અલ્પ ચારિત્રપર્યાયમાં સદ્‌ગતિના ભાગી બન્યા મનકકુમાર.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

## ઈલાચીકુમાર

કોઈ ગૃહને આંગણે ભિક્ષા માટે પ્રવેશેલા મુનિરાજ સામે પદ્મિની જેવી સૌંદર્યસામ્રાજ્ઞી સ્ત્રી લાડુ વહોરાવવા આગ્રહ કરતી પણ મુનિ મોદક લેતા નથી. નીચી નજરે જ ઈન્કાર કરતા મુનિને જોઈને વિચારધારા પલટાઈ ગઈ, નટની પુત્રીમાં મોહિત થયેલા ઈલાચીની રાગભાવના વિરાગમાં પલટાઈ ગઈ, અંતરાય કર્મોના ભુક્કા બોલાવી દીધા ઈલાચીને વાંસડા ઉપર જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મથુરા નગરી : ઈતિહાસ, સાહિત્ય અને સ્થાપત્યના પરિપ્રેક્ષ્યમાં

## (જૈન તથા જૈનેતર શાસ્ત્રની દૃષ્ટિએ)

*જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્યો*
*—પૂ. પંન્યાસપ્રવર શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર મ., પં. ગુણસુંદરવિજયજી ગણી*



પં. શ્રી ભુવનસુંદરવિજયજી મ.સા.



પં. શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.

પ્રાચીનકાળમાં જૈનોએ શ્રેષ્ઠ ગુફાઓ કોતરાવી છે. એમાં અતિ પ્રાચીન ખંડગિરિ–ઉદયગિરિની–ઓરિસ્સાની જૈન ગુફાઓ ગણાય છે. ભુવનેશ્વરના પ્રાંગણમાં જ છે. લગભગ ૨૩૦૦ વર્ષો પહેલાંની આ ગુફાઓમાં ઉત્તમ કોતરણીવાળાં શિલ્પો છે. જ્ઞાનસભાનું પ્લેટફોર્મ છે. સાધુઓ તથા વિદ્યાર્થીઓના આવાસો છે, પ્રાર્થનાખંડો છે, તોરણો, દેવદેવીઓ, અપ્સરાઓ, નર્તિકાઓ, વેલ–બુટ્ટા વગેરેની કોતરણી છે.

એવી જ પ્રાચીન ગુફાઓ જીર્ણ હાલતમાં વિદિશામાંથી મળી છે. દક્ષિણમાં મદુરાઈથી થોડે દૂર સિતન્નવાસલની ચિત્રોથી અલંકૃત ગુફાઓ છે. 'સિદ્ધનો વાસ' એવા અપભ્રંશ શબ્દોના નામવાળી આ ગુફાનાં રંગીન ચિત્રો અજંતાનાં ચિત્રો કરતાંય વધુ પ્રાણવાન છે. એ ગુફાઓ પાંચમી–છઠ્ઠી સદીની છે.

ઈલોરામાં આવેલી 'ઈન્દ્રસભા' નામની જૈન ગુફા તો વિશ્વમાં નામ કાઢી ચૂકી છે. એના સ્તંભ, હાથીઓ, સભાખંડો વગેરે પહાડને કોતરીને બનાવવામાં આવ્યા છે. આખું મંદિર કોતરવામાં આવ્યું છે. કરોડો ટન પત્થર કોતરી કાઢવામાં આવ્યો છે અને બાકીનો પહાડ આખેઆખો છે તે આ ગુફા. એવી પાંચેક મહત્ત્વની ગુફાઓ ત્યાં છે. ઈલોરાની ગુફાઓની દીવાલો પર ઉત્તમ ચિત્રો છે. અજંતામાં પણ એક જીર્ણ જૈન ગુફા મળી આવી છે.

મથુરામાં, તક્ષશિલામાં, અવધમાં, મહાકોસલમાં એવાં જૈન સ્થાપત્યો મળી આવ્યાં છે, જેની શિલ્પમુદ્રાઓ, ઉત્કીર્ણ લેખો, પ્રતિમાઓ, અલંકારો તત્કાલ પ્રજાની સંસ્કૃતિ અને શિલ્પવિદ્યાના અતિ ઉચ્ચ પ્રકારના નમૂનારૂપ છે. મથુરા નગરી જે સમયે સમૃદ્ધિપૂર્ણ હતી તે વખતે ત્યાં અનેક જૈન ધનાઢ્યો વસતા હતા. તેમના દાનથી થયેલા મંદિરોની જે સામગ્રી કંકાલી ટેકરીમાંથી મળી આવે છે તેમાં જૈન પ્રતીકોથી ભરપૂર તક્ષણ પ્રચુરતાવાળી અનેક પ્રતિમાઓ મથુરા મ્યુઝિયમમાં છે. તે એ કાળની કલાની ચરમસીમા રજૂ કરે છે. બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન સર્વકોઈ તત્કાલીન દેશવ્યાપી કલાસ્વરૂપોનો પોતપોતાના ધર્મ માટે વિના સંકોચે ઉપયોગ કરતા. બધાનાં પ્રતીકો એક જ શિલ્પભંડારમાંથી મળી રહેતાં. વૃક્ષ, કઠોડા, ચક્રો, શણગારો બધાં સરખાં હતાં.

જૈન ધર્મનાં ઈ.સ.પૂ.નાં પુરાતન અને આજ સુધીનાં શિલ્પોથી પાકી સાક્ષી આપતા ભૂતકાળના મહત્ત્વના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંકોડા ત્યાં મળી રહે છે, જૈનધર્મનું એક વિશેષ સુજ્ઞકાર્ય છે કે ખંડિત થયેલ મંદિર કે અમુક અંશમાં ખંડિત થયેલ પ્રતિમાની પુનઃપ્રતિષ્ઠા કરી તેને ઉપયોગમાં લઈ શકાય છે. અત્રે જૈનધર્મની અતિ પ્રાચીનતાનો પરિચય કરાવે છે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરિજી મ. સા.ના શિષ્યરત્ન પૂ. પં. ભુવનસુંદરવિજયજી ગણિવર મ. તથા પૂ. પં. શ્રી ગુણસુંદરવિજયજી મ. સા., જેમનો ૩૩/૩૨ વર્ષનો દીક્ષાપર્યાય છે. ચિંતનાત્મક સાહિત્યમાં ખૂબ રસ રુચિ ધરાવે છે.

## પૂ. પં. શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.

પૂ. ગુરુદેવની કૃપાથી અને ધર્મપત્ની ભાનુબહેન તથા સુપુત્રી સાધનાબહેન આદિ ટોળિયા પરિવારની ઉદારતાપૂર્વક રજા પામી દીક્ષા લીધી–સંયમયાત્રા જ્ઞાન, ધ્યાન અને શાસનસેવા આદિ સુંદર રીતે ચાલી રહી છે. લાખ લાખ વંદનાઓ. મથુરાનગરી પણ ઈતિહાસ, સાહિત્ય અને સ્થાપત્યની દૃષ્ટિએ પ્રાચીન હોવાનું જણાયું છે. પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ સમુદાયના આ બન્ને પૂજ્યો તરફથી આ દિશામાં થયેલું સંશોધન દાદ માંગી લ્યે તેવું છે. આ પૂજ્યોના પરિચય જોઈએ—

## પંન્યાસશ્રી ભુવનસુંદરવિજયજી મ.સા.

અત્યારે ઉંમર થઈ ૫૮ વર્ષ. દીક્ષા પર્યાય ૩૩ વર્ષ. તેઓ મૂળ અમરેલીના. નામ કિરીટ. સ્કૂલમાં નામ ભૂપેન્દ્ર. માતા લીલાવંતીબહેન. પિતા નવલચંદ કિરચંદ ટોળિયા. દશાશ્રીમાળી જૈન. શ્રી સંભવનાથ ભગવાનની પૂજા કરતા—ધાર્મિક સંસ્કાર સાથે મોટા થયા.

અમરેલી ફોરવર્ડ સ્કૂલમાં મેટ્રિક પાસ કરી, અમરેલી સાયન્સ કોલેજમાં બી.એસ.સી. ફર્સ્ટક્લાસ. કેમેસ્ટ્રી–ફિઝિક્સ વિષયમાં પાસ કર્યું. સાવરકુંડલા કે.કે. હાઈસ્કૂલમાં સાયન્સ ટીચરની સર્વિસ કરી અને ૨૫ વર્ષની નવયુવાન વયે સાધુ–દીક્ષા અંગીકાર કરી. પૂજ્યપાદ્ મહાનજ્ઞાની જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય બન્યા. નામ પાડ્યું–મુનિ ભુવનસુંદરવિજયજી મહારાજ. ૮ મહિના પછી મોટાભાઈ ગુણવંતે દીક્ષા લીધી. તે મુનિ ગુણસુંદર વિ.મ. જ્ઞાન ભણતાં, સંયમ સાધતાં, ગામોગામ વિહાર કરતાં–ઉપદેશ આપતાં દીક્ષાજીવનના ૩૩ વર્ષ પૂરા થયાં.

૩૩ વર્ષમાં કુલ ૫૦૫૦ (૧૪.૫ વર્ષ) આયંબિલ કર્યાં (દિવસમાં એકવાર લૂખું, બાફેલું, મીઠાઈ, ફ્રૂટ, ફરસાણ, શાકભાજી, ઘી–દૂધ વગરનું અન્ન–કઠોળ જમવું) આમ ૧૪ વર્ષ, ૬ મહિના, ૨૦ દિવસોનાં આયંબિલનું તપ તથા ૧૮ વર્ષ, ૬ મહિના એકાસણાંનું તપ પૂર્ણ કરી ધન્ય બન્યા. પૂ. પંન્યાસ શ્રી ભુવનસુંદર વિ. મહારાજને તા. ૨૮-૧૦-૦૭, રવિવાર શુભદિવસે ૧૦૦મી વર્ધમાન તપ આયંબિલની ઓળીનું પારણું થયું. આ નિમિત્તે તારીખ ૨૬–૨૭–૨૮ ઓક્ટોબર ૨૦૦૭ ત્રણ દિવસના ભવ્ય જિનભક્તિ મહોત્સવનું મુંબઈ–ઈર્લા (અંધેરી) શ્રી ગુજરાતી જૈન સંઘનું આયોજન હતું. પૂજ્યોને ભાવભરી વંદનાઓ.

(નોંધ :–આ ગ્રંથ છપાય છે ત્યારે આ મહોત્સવ અતિ ભવ્ય રીતે શાસનપ્રભાવનાપૂર્વક ઊજવાઈ ગયો.) —સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## મથુરા (જૈનેતર શાસ્ત્રની દૃષ્ટિએ) એ નામની એક નગરી

આર્યાવર્તયાત્રામાં લખ્યું છે કે રામાયણ, મહાભારત, હરિવંશ, વિષ્ણુપુરાણ આદિ પ્રાચીન ગ્રંથોમાં મધુપુર, મધુપુરી, મધુરા આદિ નામોનો ઉલ્લેખ છે. કોઈ કોઈ એની વ્યુત્પત્તિ–મથ્‌ધાતુ ઉપરથી કરે છે. પાપનું અહીં મંથન થાય છે, માટે તે મથુરા કહેવાયું. અહીં શ્રી કૃષ્ણનો ભક્ત હૃદયમંથન અને યોગી આત્મમંથન અનુભવે છે. એ માટે પણ એનું નામ મથુરા હોઈ શકે છે. ઉત્તરપ્રદેશ અને પંજાબના સંગમ ઉપર આવેલા આ મહાન ગોચરમાં દધિનું મંથન મોટે પાયે થતું હશે, એથી પણ એનું નામ મથુરા પડ્યું હોય. વળી એમ પણ કહેવાય છે કે, રાવણની બહેન કુંભીનસીના પતિ મધુ નામના અસુરે પૂર્વે અહીં તપ કરેલું હોવાથી મધુવનને નામે આ દેશ પ્રખ્યાત હતો. પછી તેનું તપ પૂર્ણ થતાં તેણે મથુરા નામની પુરી સ્થાપી. તેના પુત્ર લવણાસુરને દશરથરાજાના પુત્ર શત્રુઘ્ને મારી તે દેશની પ્રજા શૂર થશે એવા દેવના વરદાનથી તે દેશનું નામ શૂરસેન પડ્યું અને મધુપુરી તેની રાજધાની થઈ. પાછળથી તેનું મથુરા નામ પડ્યું. શ્રીકૃષ્ણે બચપણ આ સ્થળે પસાર કર્યું હતું. વિષ્ણુના રામ અને કૃષ્ણના અવતારને લીધે મથુરા પવિત્ર બન્યું છે.

## મથુરા અને સ્થાપના નિક્ષેપો

મથુરા નગરીમાં ઘર બનાવતી વખતે ત્યાં ઉત્તરંગમાં સૌ પ્રથમ અરિહંતની પ્રતિમા સ્થાપવામાં આવતી હતી. જો આવી પ્રતિમાજી ઘરમાં ન હોય તો તે ઘર પડી જતું હતું. આને મંગળચૈત્ય કહેવાય. આ પ્રતિમાઓ આ નગરીમાં ઘરોમાં અને ચત્વાર=ચોતરા પર સ્થાપવામાં આવ્યાં હતાં. આટલું જ નહીં પણ આ નગરીને પ્રતિબદ્ધ જે ૯૬ ગામડાંઓ હતાં ત્યાં પણ આવા ચૈત્યો સ્થાપવામાં આવ્યા હતા.

(ઉત્તરંગ = બારણાંની ઉપરના ભાગમાં રહેલું લાકડું)

હવે મથુરામાં થયેલ જૈન સાહિત્યિક પ્રવૃત્તિ

## માથુરી વાચના (મથુરા પરિષદ્)

વીરાત્ ૮૨૭થી ૮૪૦ની વચ્ચે આર્ય સ્કંદિલના સમયમાં વળી બીજો ભીષણ દુકાળ બાર વર્ષનો આ દેશે પાર કર્યો. તેનું વર્ણન નંદીસૂત્રની ચૂર્ણિમાં આપેલું છે કે "બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થળે હીંડતા–વિહરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શક્યા એથી તે શ્રુત વિપ્રનષ્ટ થયું અને જ્યારે ફરીવાર સુકાળ થયો ત્યારે મથુરામાં શ્રી સ્કંદિલાચાર્ય પ્રમુખ સંઘે મોટો સાધુ સમુદાય ભેગો



શ્રી મહાવીર(વર્ધમાન)સ્વામી —દેવગઢ આઠમીથી બારમી સદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી જેને જે સાંભર્યું તે બધું કાલિક શ્રુત સંઘટિત કર્યું. આ દુષ્કાળે તો માંડમાંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાનિ કરી. આ ઉદ્ધારને માથુરી વાચના-'સ્કાંદિલી વાચના' કહેવામાં આવે છે. તે શૂરસેન દેશના પાટનગર મથુરામાં થયેલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું મિશ્રણ થયેલું સંભવે છે. આ સમયે લગભગ આર્યરક્ષિતસૂરિએ અનુયોગદ્વાર સૂત્ર રચ્યું.

વિ.સં.ની બીજી શતાબ્દીના બનેલા મથુરાના કંકાલી ટીલાવાળા જૈન સ્તૂપથી તથા ત્યાંનાં કેટલાંક બીજાં સ્થાનોથી મળેલાં પ્રાચીન શિલાલેખો તથા મૂર્તિઓથી સ્પષ્ટ જણાય છે કે તે સમયે પણ ત્યાં જૈન ધર્મનો સારો પ્રસાર હતો, એટલું જ નહીં પરંતુ મથુરા જૈનોનું એક કેન્દ્રસ્થાન હતું. અર્હત્ વર્ધમાન-મહાવીરનું એક નાનું મંદિર બંધાવ્યાનો તેમાં લેખ છે, ઉપરાંત કેટલાક આચાર્યોના ગણ, શાખા વગેરેનો ઉલ્લેખ છે. આ આચાર્યોનાં નામ, ગણ, શાખા વગેરે શ્વેતાંબર કલ્પસૂત્રમાં જે આપેલ છે તેની સાથે મળતાં આવે છે તેથી તે શ્વેતાંબર સિદ્ધ થાય છે.

## મથુરાસંઘ-પરિષદ્

जेसिं इमो अणुओगो पयरइ अज्जावि अड्ढ-भरहम्मि ।
बहुनयरनिग्गयजसे ते वंदे खंदिलायरिए ।।

-नंदीसूत्रं गाथा ३३

-જેનો અનુયોગ અદ્યાપિ અર્ધ ભરત (ક્ષેત્ર)માં પ્રવર્તે છે-પ્રચલિત છે અને જેનો યશ બહુ નગરોમાં પ્રસિદ્ધ છે-વ્યાપી રહ્યો છે તે **સ્કન્દિલાચાર્ય**ને હું વંદું છું.

પાટલિપુત્ર સંઘ-પરિષદ્‌માં જૈન સૂત્રો-આગમોને બને તેટલાં સંકલિત કરવામાં આવ્યાં હતાં, છતાં તે શ્રુતિની છિન્નભિન્નતા ઉત્તરોઉત્તર વધતી ગઈ-એટલે ત્યાર પછી, વીરનિર્વાણથી છઠ્ઠા સૈકામાં-પાટલિપુત્ર પરિષદ્‌થી લગભગ ચારસેં વર્ષે-આર્ય શ્રી સ્કંદિલ અને વજ્રસ્વામીની નિકટના સમયમાં એક બીજી ભીષણ બારદુકાળી આવી. તે હકીકતનું વર્ણન આપતાં જણાવવામાં આવે છે કે :—"બાર વર્ષનો ભયંકર દુકાળ પડ્યે સાધુઓ અન્નને માટે જુદે જુદે સ્થળે હીંડતા-ફરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, ગુણન અને ચિંતન ન કરી શક્યા, એથી તે શ્રુત વિપ્રનષ્ટ થયું અને જ્યારે ફરી વાર સુકાળ થયો, ત્યારે મથુરામાં શ્રી સ્કંદિલાચાર્ય પ્રમુખ સંઘે મોટો સાધુસમુદાય ભેગો કરી જેને જે સાંભર્યું તે બધું કાલિક શ્રુત સંઘટિત કર્યું." આ દુકાળે તો માંડ માંડ બચી રહેલ તે શ્રુતની ઘણી વિશેષ હાનિ કરી. આ ઉદ્ધાર શૂરસેન દેશના પાટનગર મથુરામાં થયેલ હોવાથી તે શ્રુતમાં શૌરસેની ભાષાનું મિશ્રણ થયું હોવું સંભવિત છે. આ મથુરા સંઘમાં થયેલ સંકલનને **'માથુરી વાચના'** કહેવામાં આવે છે. મુનિ કલ્યાણવિજય કહે છે કે આ વાચના વીરાત્ ૮૨૭ અને ૮૪૦ની વચ્ચેના કોઈ વર્ષમાં યુગપ્રધાન આચાર્ય સ્કંદિલસૂરિની પ્રમુખતામાં મથુરા નગરીમાં થઈ હતી. તેથી તેને **'માથુરી વાચના'**-કહેવામાં આવી છે. તે સૂરિ વિદ્યાધર આમ્નાયના ને પાદલિપ્તસૂરિની પરંપરાના સ્થવિર હતા. જે રીતે ભદ્રબાહુસ્વામીના સમયમાં દુર્ભિક્ષના કારણે શ્રુતપરંપરા છિન્નભિન્ન થઈ ગઈ હતી તે રીતે આચાર્ય સ્કંદિલના સમયમાં પણ દુષ્કાલને કારણે આગમશ્રુત અવ્યવસ્થિત થઈ ગયું હતું; કેટલાક શ્રુતધર સ્થવિર પરલોકવાસી થયા હતા, વિદ્યમાન શ્રમણગણમાં પણ પઠન-પાઠનની પ્રવૃત્તિઓ બંધ થતી જતી હતી. આ સમયે તે પ્રદેશમાં આચાર્ય સ્કંદિલ જ એક વિશેષ શ્રુતધર રહેવા પામ્યા હતા. દુર્ભિક્ષનું સંકટ દૂર થતાં જ તેમની પ્રમુખતામાં મથુરામાં શ્વેતાંબર શ્રમણસંઘ એકત્ર થયો અને આગમોને વ્યવસ્થિત કરવામાં પ્રયત્નવાન્ થયો. જેને જે આગમસૂત્ર યા તેના ખંડ યાદ હતાં તે લખી લેવામાં આવ્યાં. આ રીતે આગમ અને તેનો અનુયોગ લખીને વ્યવસ્થિત કર્યા બાદ સ્થવિર સ્કંદિલજીએ તે અનુસાર સાધુઓને વાચના આપી. તે કારણથી તે વાચના **'સ્કાંદિલી વાચના'** નામથી પણ પ્રસિદ્ધ છે.

## સ્થાપત્યની દૃષ્ટિએ મથુરા

નામાકૃતિદ્રવ્યભાવૈ: પુનતસ્ત્રિજગજ્જનમ્
ક્ષેત્રે કાલે ય સર્વસ્મિન્નર્હત: સમુપાસ્મહે

-પૂજ્ય કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય

અતિ પ્રાચીન અને સ્વતંત્ર શ્રી જૈન ધર્મના નમસ્કાર મહામંત્રમાં પ્રથમ પદ પર બિરાજમાન પવિત્રતમ-સુશોભિત શ્રી અરિહંત પૂજનીય-વંદનીય-દર્શનીય-ધ્યેય-ગેય-મનનીય- ઉપાદેય-ચિંતનીય-માનનીય-વિશ્વાસનીય-સ્તોતવ્ય છે. એ ચાહે ઋ...ષ..ભ, વ...ર્ધ...મા...ન એમ નામરૂપે હોય, જિન મંદિરમાં આકૃતિ-પ્રતિમારૂપે હોય, મેરુ શિખર ઉપર બાળપણમાં ઇન્દ્રો દ્વારા જન્મ-અભિષેક પામતા દ્રવ્યરૂપે હોય કે સમવસરણમાં બેસી બાર પર્ષદામાં પ્રવચન ફરમાવતા ભાવરૂપે રહ્યા હોય, કોઈ પણ ક્ષેત્રમાં હોય, કોઈપણ કાળમાં હોય એ અરિહંતપણું ત્રણ જગતના જીવો પર સતત પરાર્થ કરતું હતું, કરી રહ્યું છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**ધાતુમયી જૈની પ્રતિમાઓ ઈસુની સાતમીથી સોળમી સદી (રાજસ્થાન, ગુજરાત અને બંગાળ)**

કરી રહેવાનું છે. ભાવરૂપે મનુષ્યના કરતાં પણ કેટલીકવાર આકૃતિરૂપે રહેલ મનુષ્ય વધારે ઉપયોગી બનતો હોય છે...ક્યારેક સાક્ષાત્ વ્યક્તિ કરતાં એનો ફોટો–સહી (Signature)-આઈડેન્ટીટી કાર્ડ (ઓળખપત્ર) વધુ ઉપયુક્ત બનતાં હોય છે...ભાવરૂપે રહેલા ગુરુ દ્રોણાચાર્ય જો અર્જુનને બાણવિદ્યામાં કુશળ બનાવી શક્યા તો એ જ દ્રોણાચાર્યની પ્રતિમા ભીલ એકલવ્યને બાણવિદ્યામાં અર્જુન કરતાં પણ અધિક કૌશલ્યપ્રાપક બની શકી...સાક્ષાત્ અરિહંતો જો સુખપ્રદાયક છે તો એમના સરખી સુખપ્રદાયક છે જ એમની પ્રતિમા. 'ચેઈય' એટલે જિનમંદિર-જિનપ્રતિમા. શ્રી ઔપપાતિક સૂત્ર-શ્રી ભગવતીજી સૂત્ર કહે છે, "कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामो". આટલી પૂર્વભૂમિકા પછી શ્રી હિમવંત આચાર્ય નિર્મિત સ્થવિરાવલી તથા મથુરાના નૈઋત્ય ખૂણા પાસે આગ્રા અને ગોવર્ધન રસ્તાની વચ્ચે આવેલી **કંકાલી-ટીલા** નામની જે ટેકરી છે તેનું ખોદકામ કરતાં ઈ.સ. ૧૮૭૦માં મળેલા શિલાલેખો–ખંડિત અને અખંડિત જૈન પ્રતિમાઓ–આયાગ પટ વગેરેની અહીં વાતો કરવી છે. એમાં સૌ પ્રથમ શ્રી મહાવીરપ્રભુની પરંપરામાં આવેલા શ્રી હિમવંત આચાર્યે લખેલી 'સ્થવિરાવલી તથા જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧ના' આધારે કાંઈક જોઈએ :–

તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ રાજગૃહી નગરમાં વિચરી રહ્યા હતા. તીર્થંકરપ્રભુના સમકાલીન અને બિંબિસાર નામનું બીજું નામ ધારણ કરનારા રાજા શ્રેણિક. એ શ્રી મહાવીર ભગવાનના ન્યાય-નીતિના જાણકાર, શ્રમણોપાસક સુશ્રાવક હતા. પૂર્વે પણ આ અવસર્પિણી કાળના ત્રેવીશમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન આદિના ચરણદ્વયથી પવિત્ર થયેલા અને નિર્ગ્રંથ સાધુ અને નિર્ગ્રન્થિની સાધ્વીજીથી સેવાયેલા કલિંગ નામના જનપદનાં મંડણ તીર્થસ્વરૂપ–કુમાર અને કુમારી નામના બે પર્વતો ઉપર તે શ્રેષ્ઠ રાજવી શ્રેણિકે શ્રી ઋષભદેવ જિનાધિપતિનો અત્યંત મનોહર જિનપ્રાસાદ (=જિનમંદિર) બંધાવેલો. તે જિનમંદિરમાં તેણે સુવર્ણની બનાવેલ આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ–સ્વામીની પ્રતિમા બનાવડાવી હતી અને તેની શ્રી વર્ધમાન–મહાવીરસ્વામીનાં પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીજીના શુભ હસ્તે પ્રતિષ્ઠા કરાવેલી. વળી તે જ ઉત્તમ નરપતિ શ્રેણિક રાજાએ નિર્ગ્રન્થ સાધુ અને નિર્ગ્રન્થિની સાધ્વીઓને વર્ષાવાસમાં રહેવા માટે તે બન્ને પર્વતોમાં અનેક ગિરિપાષાણગૃહો = ગુફાઓ કોતરાવેલી. ત્યાં અલગ-અલગ રહેલા અનેક નિર્ગ્રન્થો અને નિર્ગ્રન્થિનીઓ ધર્મજાગરણ કરતાં હતાં. ધ્યાન અને અધ્યયનયુક્ત બહુ સુખપૂર્વક જુદા જુદા પ્રકારનાં તપકર્મ આચરવાંપૂર્વક વર્ષાવાસ પસાર કરતાં હતાં. શ્રેણિકરાજાનો પુત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજાતશત્રુ-બીજું નામ કોણિક નામે હતો. તે પોતાના પિતાનો શત્રુ સ્વરૂપ બન્યો. એણે પિતાને પાંજરામાં પૂર્યા. પોતે રાજા બની ગયો અને તેણે ચંપા નામની નવી નગરી વસાવી અને ત્યાં તે રાજ્ય કરતો હતો. એ પણ પોતાના પિતાની જેમ જિનધર્મ આરાધના તત્પર ઉત્કૃષ્ટ શ્રમણોપાસક હતો. તેણે પણ તીર્થસ્વરૂપ કલિંગ રાજ્યના તે કુમાર-કુમારી એ બે ગિરિમાં પોતાના નામની પાંચ ગુફાઓ કોતરાવી હતી, પરંતુ પાછળથી અત્યંત લોભ અને અભિમાનથી પીડિત તે પોતાની જાત માટે ચક્રવર્તીપણું ઇચ્છતો થયો અને એથી જ તે કૃતમાલદેવ દ્વારા હણાયો અને મરીને છઠ્ઠી નરકમાં ગયો. પ્રભુશ્રી મહાવીરસ્વામીથી સિત્તેર વર્ષો પસાર થયે છતે, પ્રભુશ્રી પાર્શ્વનાથ અરિહંતદેવની છઠ્ઠી પાટે સ્થવિર **રત્નપ્રભ** નામના આચાર્ય મહારાજ થયા. તેઓએ ઉપકેશ નામની નગરીમાં એક લાખ અને એંશી હજાર ક્ષત્રિયપુત્રોને જૈનધર્મી બનાવ્યા હતા–પ્રતિબોધિત કર્યા હતા. જૈન ધર્મ પામેલા



**MATHURA SERIES—KANKALI TILA PLATE XCIII**

Small Image of Seated VARDHAMANA (MAHAVIR)

(24th Teerthankar of Jain Religion)

તેઓનો તેમણે **'ઉપકેશ'** નામનો વંશ સ્થાપ્યો હતો. વીર ભગવાનના નિર્વાણથી એકત્રીશ વર્ષ પસાર થયાં પછી કોણિક રાજાનો પુત્ર ઉદાયી રાજા પાટલીપુત્ર નગર વસાવી ત્યાં મગધદેશનું રાજ્ય કરતો રહેલો હતો. તે રાજાને જિનધર્મની અંદર દૃઢ અને અત્યંત શ્રદ્ધાવાળો જાણીને તેના કોઈક શત્રુએ નિર્ગ્રન્થનો વેશ પહેરીને ધર્મકથા સંભળાવવાના બહાનાથી એકાંતમાં એના આવાસમાં જઈને એને મારી નાખ્યો.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણબાદ સાઠ વર્ષ પસાર થયે છતે પ્રથમ નંદ નામના હજામપુત્રને પ્રધાનોએ પાટલીપુત્રના રાજ્ય પર રાજા તરીકે સ્થાપ્યો. તેના વંશની અંદર ક્રમસર નંદનામના નવ રાજાઓ થયા. તેમાં આઠમો નંદરાજા અત્યંત લોભાભિક્રાન્ત હતો. મિથ્યાત્વથી અંધ એવા તેણે પોતાના વૈરોચન નામના બ્રાહ્મણ મંત્રીથી પ્રેરાઈને કલિંગદેશ પર ચડાઈ કરી અને એને જીતી લીધો. પૂર્વે ત્યાં તીર્થ સ્વરૂપ કુમારપર્વત ઉપર શ્રેણિકરાજાએ કરાવેલ શ્રી ઋષભદેવનો જિનપ્રાસાદ તે લોભાંધરાજાએ તોડી નાખ્યો અને ત્યાંની સુવર્ણની શ્રી ઋષભદેવની જિન-પ્રતિમાજી ઉપાડી જઈને તે પોતાના પાટલીપુત્ર નગરમાં લઈ ગયો. ત્યારબાદ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણ બાદ એકસો ચોપન વર્ષ પછી ચાણક્યનો વિનય કરનારો જે મૌર્યપુત્ર ચંદ્રગુપ્ત થયો તેણે નવમા નંદરાજાને પાટલીપુત્રથી હાંકી કાઢ્યો અને તે પોતે મગધદેશનો રાજા બન્યો. તે રાજા પૂર્વે મિથ્યાત્વથી રંગાયેલો અને બૌદ્ધધર્મનો અનુયાયી હતો, જૈન શ્રમણ નિર્ગ્રન્થો ઉપર પણ પ્રદ્વેષવાળો હતો. પછીથી જૈન મંત્રી ચાણક્યના અનુયાયીપણાના કારણે તે જૈનધર્મની અંદર દૃઢ શ્રદ્ધાવાળો બન્યો હતો. અત્યંત પરાક્રમવાળો તે યુનાની દેશના શાસક રાજા સેલ્યુક્સની સાથે મૈત્રીવાળો થયેલો અને પોતાના રાજ્યનો વિસ્તાર કરવામાં પ્રવૃત્ત થયેલો. શ્રી મહાવીરપ્રભુનાં ૧૮૪ વર્ષ પછી રાજા ચંદ્રગુપ્ત પરલોક સિધાવ્યો. તે પછીથી ચંદ્રગુપ્તનો પુત્ર **બિન્દુસાર** પાટલીપુત્રના રાજ્ય પર રાજા તરીકે આવ્યો. તે જૈન ધર્મ આરાધકપ્રવર શ્રાવક હતો. તેણે ૨૫ વર્ષ સુધી રાજ્યનું પાલન કર્યું અને શ્રી મહાવીર ભગવાનના નિર્વાણથી ૨૦૯ વર્ષ પછી તે ધર્મારાધનાપૂર્વક સ્વર્ગવાસી બન્યો. ત્યારબાદ શ્રી વીર ભગવાનનાં ૨૦૯ વર્ષ પસાર થયે છતે બિન્દુસારનો પુત્ર અશોક પાટલીપુત્રની રાજ્યગાદી પર રાજા તરીકે આવ્યો.

એ રાજા અશોક પૂર્વે જૈન ધર્મનો અનુયાયી હતો, પણ પછીથી રાજ્યના લાભથી (કે લોભથી?) ચાર વર્ષ બાદ બૌદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## તીર્થંકરપ્રભુના પૂજ્ય માતાજી

ધર્મના સાધુઓનો પરિચય કરીને, પોતાનું 'પ્રિયદર્શી' એવું બીજું નામ રાખીને બુદ્ધપ્રરૂપિત ધર્મઆરાધના કરનારો બન્યો. અત્યંત વિક્રમ-પરાક્રમથી એણે પૃથ્વી પર વિચરણ કરી કલિંગ-મહારાષ્ટ્ર-સૌરાષ્ટ્ર આદિ જનપદ (દેશો) પોતાને સ્વાધીન કર્યા, ત્યાં એણે બૌદ્ધધર્મનો ફેલાવો કર્યો અને બૌદ્ધવિહારો બનાવડાવ્યા, છેક પશ્ચિમગિરિ ઉપર વિંધ્યાચલ આદિ પર્વતો ઉપર બૌદ્ધ શ્રમણ-શ્રમણીઓનાં વર્ષાવાસ માટે એણે અનેક ગુફાઓ કોતરાવી, અનેક પ્રકારની મુદ્રાવાળી બુદ્ધની પ્રતિમાઓ સ્થપાવી. ઉજ્જિંત પર્વત (ગિરનારગિરિ) આદિ અનેક સ્થાનોએ સ્તૂપ (સ્મૃતિ–સ્તંભ)-શિલાઓ વગેરે પર પોતાના નામથી અલંકૃત લેખો કોતરાવ્યા. સિંહલ-ચીણ-બંભા (સિલોન-ચીન-બર્મા) આદિ દ્વીપોમાં બૌદ્ધધર્મના ફેલાવા માટે, પાટલીપુત્ર નગરની અંદર એણે બૌદ્ધ શ્રમણોનું સંમેલન મેળવ્યું અને ત્યાં તેણે પોતાના મતને અનુસરનાર અનેક બૌદ્ધ શ્રમણોને મોકલ્યા. જૈનધર્મને અનુસરનારા નિર્ગ્રન્થ અને નિર્ગ્રન્થિનીઓનો પણ તે આદર-સત્કાર કરતો હતો. તે તેઓની પ્રત્યે ક્યારેય પણ દ્વેષવાળો-દુર્ગુણવાળો બન્યો નહોતો. આ અશોક રાજાને અનેક પુત્રો હતા. તે પૈકીનો <u>કુણાલ</u> નામનો પુત્ર રાજ્યપ્રાપ્તિ માટે યોગ્ય હતો. તે કુણાલ પર વિમાતા (શોક્ય માતા) તિરસ્કાર કરતી હતી એવું જાણીને રાજા અશોકે પોતાના પ્રધાનોની સાથે તે પુત્ર કુણાલને અવંતિનગરીમાં અલગ રાખેલો, પરંતુ શોક્યમાતાનાં કપટ પ્રયોગથી તે કુણાલ આંધળો બન્યો હતો. પછીથી કુણાલના પુત્ર **સંપ્રતિ**ને પોતાના રાજ્ય પર સ્થાપીને તે અશોક રાજા મહાવીર પ્રભુના નિર્વાણથી ૨૪૦ વર્ષબાદ પરલોકમાં ગયો. પાટલીપુત્રમાં પોતાના અનેક શત્રુઓ છે, એવું જાણી આ રાજા સંપ્રતિએ પોતાની તે રાજધાનીનું શહેર છોડી દીધું અને પૂર્વે પોતાના પિતામહ રાજા અશોક તરફથી પોતાના પિતા કુણાલને ભોગવટામાં મળેલી **અવંતિનગરી**માં તે રહ્યો અને ત્યાં રહી તે અત્યંત સુખપૂર્વક પોતાનું રાજ્ય કરનારો બન્યો. આ સંપ્રતિ રાજાનો જીવ પોતાના પૂર્વનાં ભવમાં એક રંક-દરિદ્ર હતો. એણે ભોજન મેળવવા માટે આર્ય સુહસ્તગિરિસૂરિજી મહારાજ પાસે જૈન સાધુ દીક્ષા ગ્રહણ કરી હતી અને અવ્યક્ત સામાયિકવાળો તે એક દિવસનું શ્રમણપણું પાળી તે ધર્મના પ્રભાવે કુણાલના પુત્ર સંપ્રતિ તરીકે ઉત્પન્ન થયો હતો.

આ બાજુ સ્થવીર આર્ય સુહસ્તગિરિ મહારાજ નિર્ગ્રન્થોથી પરિવરેલા વિહાર કરતાંકરતાં અવંતિનગરીમાં પધાર્યા. ત્યાં શ્રી જિનપ્રતિમાની રથયાત્રામાં ચાલી રહેલા એવા તેમને, સંપ્રતિ રાજાએ જોયા. રાજાને આ દૃશ્ય જોઈને તુરંત જાતિસ્મરણ જ્ઞાન થયું અને એટલે તે આચાર્યશ્રી સુહસ્તિગિરિ મહારાજની પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો. એણે આચાર્યશ્રીને વંદના કરી, બે હાથની અંજલિ જોડી પોતાની પૂર્વભવની કથા સંભળાવી અને અત્યંત વિનયવાળો તે બોલ્યો, "આચાર્ય ભગવંત! આપના પ્રસાદથી રંક-ગરીબ એવા મને આ રાજ્યની પ્રાપ્તિ થઈ છે, હવે હું શું સુકૃત કરું?" આચાર્યશ્રીએ રાજાનું આ વચન સાંભળ્યું. એમણે પોતાના શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને કહ્યું, "રાજન્! આલોક અને પરલોક (-પરંપર)ના કલ્યાણ માટે તું જૈનધર્મ સ્વીકાર! જૈનધર્મવાળાને પરલોકમાં સ્વર્ગ અથવા મોક્ષ મળે છે અને આલોકમાં હાથી-ઘોડા ધનવૈભવાદિની વધતી–વધતી સંપત્તિ મળે છે. જૈન શાસનની પ્રભાવનાપૂર્વકની આરાધના ફરીથી તને ભવિષ્યમાં સ્વર્ગ અને મોક્ષ ફળ પ્રદાયક બનશે." આ પ્રમાણે સાંભળીને જૈનધર્મ પર પરમ શ્રદ્ધાવાળો તે સંપ્રતિ રાજાએ ત્યાં અવંતિનગરીમાં ઘણા નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થિનીઓનું સંમેલન ભેગું કરાવ્યું, પોતાના રાજ્યમાં જિનધર્મની પ્રભાવનાનો વિસ્તાર કરવા માટે તેણે જુદાં જુદાં ગામ-નગરોમાં જૈન શ્રમણો મોકલ્યા, અનાર્ય દેશોમાં પણ જૈનધર્મનો વિસ્તાર કરાવ્યો, **અનેક જિનપ્રતિમાઓ સહિત જિનમંદિરોથી પૃથ્વીને અલંકૃત કરાવી.** પછીથી પ્રભુશ્રી મહાવીરદેવના નિર્વાણબાદ ૨૯૩ વર્ષો બાદ જિનધર્મ આરાધનામાં તત્પર રહી સંપ્રતિ રાજા સ્વર્ગગામી બન્યો. પાટલીપુત્ર નગરમાં પણ અશોક રાજાનો પુત્ર બૌદ્ધધર્મ આરાધક પુણ્યરથ વીરપ્રભુના નિર્વાણથી ૨૪૩ વર્ષો બાદ રાજ્યગાદીએ આવ્યો. તે પણ વીરપ્રભુના નિર્વાણથી ૨૮૦ વર્ષો



**અર્હત પૂજા માટેનો આચાગપટ્ટ ઈ.સ. પ્રારંભનો**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ પોતાના પુત્ર વૃદ્ધરથને પોતાની ગાદી પર સ્થાપી પરલોકમાં ગયો. બૌદ્ધધર્મના અનુયાયી એ વૃદ્ધરથ રાજાને મારી નાખીને તેનો સેનાપતિ પુષ્યમિત્ર, મહાવીરપ્રભુના નિર્વાણથી ૩૦૪ વર્ષ પછી પાટલીપુત્ર રાજ્યની ગાદી પર રાજા બન્યો.

આ બાજુ હવે વૈશાલી નગરીનો **રાજા ચેટક** શ્રી વર્ધમાન–મહાવીર તીર્થંકરદેવનો ઉત્કૃષ્ટ શ્રમણોપાસક હતો. એના ભગિનીપુત્ર (મતાંતરે પુત્રી ચેલણાનો પુત્ર) ચંપાનગરીના રાજા કુણિકે એનો સંગ્રામમાં પરાજય કર્યો એટલે એ અણસણ કરી સ્વર્ગમાં ગયા.

સેનાપતિ પુષ્યમિત્ર રાજદ્રોહ કરી પટણાની ગાદીએ ચડી બેઠો હતો. તેણે ધર્માંધ બની જૈન શ્રમણો અને બૌદ્ધ શ્રમણો વગેરેનો શિરચ્છેદ કરાવી કાળો કેર વર્તાવ્યો હતો. આથી જૈન શ્રમણો એકદમ કલિંગ તરફ ચાલ્યા ગયા, તેઓનું પઠન-પાઠન બંધ થયું અને જિનાલયોને મોટો ધક્કો લાગ્યો. આ સમયે કલિંગરાજ **ભિક્ખુરાય ખારવેલ** પરમ જૈન હતો. તેણે પ્રથમ પુષ્યમિત્રને હરાવી પંજાબમાં નસાડી મૂક્યો, પછી કલિંગમાં આવી આ. સુસ્થિતસૂરિ અને આ. સુપ્રતિબદ્ધસૂરિની અધ્યક્ષતામાં કુમારગિરિ પર મોટું શ્રમણ સંમેલન મેળવી બીજી આગમવાચના કરાવી હતી.

'હિમવંત સ્થવિરાવલી'માં લખ્યું છે કે, મુનિસંમેલનમાં જિનકલ્પીની તુલના કરનાર આર્ય મહાગિરિના શિષ્યો-પ્રશિષ્યો આ. બલિસ્સહસૂરિ, દેવાચાર્ય, આ. ધર્મસેન વગેરે ૨૦૦ શ્રમણો, આ. સુસ્થિતસૂરિ વગેરે ૩૦૦ સ્થવિરકલ્પી શ્રમણો, આર્યા પોઈણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, રાજા ભિક્ખુરાય, સીવંદ, ચૂર્ણક, સેલક વગેરે ૭૦૦ શ્રાવકો અને પૂર્ણમિત્રા વગેરે ૭૦૦ શ્રાવિકાઓ એકઠાં થયાં હતાં. વાચનામાં ૧૧ અંગો અને ૧૦ પૂર્વોના પાઠોને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. આ. બલિસ્સહસૂરિએ આ વાચનાના પ્રસંગે વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી અંગવિદ્યા વગેરે શાસ્ત્રોની રચના કરી હતી.

**રાજા મહામેઘવાહન ખારવેલ :**–આ. સુસ્થિત-સૂરિ અને આ. સુપ્રતિબદ્ધસૂરિ આચાર્યના સમયમાં પૂર્વ ભારતમાં મહામેઘવાહન નામનો મહાપ્રતાપી અને જૈન ધર્મનો મહા-પ્રભાવક રાજા થયો છે. તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે:

મહામેઘવાહન રાજા ખારવેલ તે **'હિમવંત સ્થવિરાવલી'**ના કથન મુજબ વિશાલા નગરીના ગણસત્તાક રાજ્યતંત્રનાં પ્રમુખ, પરમાર્હતોપાસક મહારાજા ચેડા (ચેટક)નો વંશજ છે. મહારાજા ચેડા અને મગધસમ્રાટ કોણિક વચ્ચે ભયંકર યુદ્ધ થતાં આખરે મહારાજા ચેડા અનશન કરી મૃત્યુ પામી સ્વર્ગે ગયા છે. આ વખતે મહારાજા ચેડાનો પુત્ર શોભનરાય ત્યાંથી નાસીને કલિંગ દેશમાં તે વખતના રાજા સુલોચનના આશ્રમે ગયો. કલિંગરાજાઓ ભગવાન શ્રી પાર્શ્વનાથના ઉપાસક જૈન હતા. કલિંગનરેશ સુલોચનરાય પણ જૈન હતો. તેને સંતાનમાં પુત્ર ન હતો, માત્ર એક પુત્રી હતી. સુલોચનરાયે પોતાની કન્યા અને રાજ્ય બન્ને શોભનરાયને આપ્યાં. તેના મૃત્યુ પછી શોભનરાય કલિંગાધિપતિ બન્યો અને તેનો વીર સં. ૧૮માં કનકપુરમાં રાજ્યાભિષેક થયો. શોભનરાય પણ પોતાના પિતાની જેમ પરમ જૈનધર્મી હતો, તે કલિંગદેશમાં આવેલ શત્રુંજયાવતારરૂપ કુમારગિરિ તથા ઉજ્જયંતાવતાર રૂપ કુમારીગિરિ તીર્થ ઉપર યાત્રા કરવા ગયો. અહીં રાજા શ્રેણિકના સમકાલીન રાજા સુલોચનરાયે શ્રમણોને ધ્યાનાદિ કરવા માટે પાંચ ગુફાઓ બનાવી હતી, તેમજ શ્રી સુધર્માસ્વામીના હાથે સુવર્ણની શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી, એટલે આ સ્થાન તીર્થરૂપ તો હતું જ, તેમાં શોભનરાયે આ તીર્થનો મહિમા વધારી ખૂબ પ્રચાર કર્યો.

આ શોભનરાયની પાંચમી પેઢીએ વીર સં. ૧૪૯માં કલિંગની ગાદીએ ચંડરાય આવ્યો. તેના સમયમાં મગધના નંદવંશના આઠમા રાજા મહાનંદે અહીં કલિંગ ઉપર ચઢાઈ કરી હતી, જે યુદ્ધમાં કલિંગની ખૂબ જ ખુવારી થઈ, દેશ પાયમાલ થયો, કિન્તુ એની આઝાદીની તમન્ના ઊભી રહી. નંદરાજ ગુસ્સામાં કુમારગિરિ ઉપરના મંદિરને તોડીને ઋષભદેવની સુવર્ણમૂર્તિને પટણા (પાટલીપુત્ર) લઈ ગયો.

આ પછી વીર સં. ૨૨૭માં શોભનરાયની આઠમી પેઢીએ ક્ષેમરાજ કલિંગનો રાજા બન્યો. આ ક્ષેમરાજ પટણાની સત્તાને ફગાવી સ્વતંત્ર થયો હતો એટલે મગધસમ્રાટ અશોકે કલિંગ ઉપર પુનઃ ચઢાઈ કરી. કલિંગની સેનાએ પણ ખૂબ જોરથી તેનો સામનો કર્યો અને તેને પરાજયની સ્થિતિમાં લાવી મૂક્યો. પછી તો અશોકે પણ ઝનૂનમાં આવી મગધની આખી સેના કલિંગમાં ઉતારી, ખૂબ જુલ્મ ગુજારી, કલિંગરાજને હરાવ્યો અને કલિંગની સંપત્તિ લૂંટી લીધી. આ ઘટના વીર સં. ૨૩૯માં બની છે. અશોકે કલિંગરાજને હરાવ્યો પછી અહીં મૌર્ય સંવત ચલાવ્યો. ભારતીય ઇતિહાસકારો અને બૌદ્ધ ગ્રંથો સુદ્ધાં લખે છે કે અશોકના હાથે આ છેલ્લો જ મહાભયંકર માનવસંહાર થયો હતો. અહીંનાં વીરતાભર્યાં બલિદાનો અને કરુણ દૃશ્યો જોઈને આખરે અશોકનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદય દ્રવી ઊઠ્યું. એટલે, તેણે બહાદુર કલિંગને સ્વતંત્રતા આપી અને પોતે રાજ્ય-લોલુપતાથી આવાં યુદ્ધો પણ બંધ કર્યાં.

ક્ષેમરાજનો પુત્ર વુડ્ઢરાજ વીર સં. ૨૭૫માં કલિંગની ગાદીએ આવ્યો. આ વખતે કલિંગમાં શાંતિ હતી. કલિંગના તીર્થરૂપ કુમારગિરિ અને કુમારીગિરિ ઉપર જૈન શ્રમણ-નિર્ગ્રન્થો અને શ્રમણીઓને ચોમાસું રહેવા માટે ૧૧ ગુફાઓ તૈયાર કરાવી તે તીર્થોને પુનઃ સતેજ કર્યાં. વીર સં. ૩૦૦માં તેનો પુત્ર 'ભિક્ખુરાય' કલિંગનો રાજા બન્યો. તે પણ પોતાના પૂર્વજોની જેમ પરમ જૈન ધર્મી અને મહાપ્રતાપી થયો છે. એનાં ત્રણ નામો પ્રસિદ્ધ છે.

૧. ભિક્ખુરાય : જૈન નિર્ગ્રન્થ ભિક્ષુઓ-શ્રમણોનો પરમ ભક્ત હોવાથી તે ભિક્ખુરાજ કહેવાતો હતો.

૨. મહામેઘવાહન : એને એના પૂર્વજોથી ચાલ્યા આવતા મહામેઘ જેવા હાથીનું વાહન હોવાથી તે મેઘવાહન કહેવાતો. તેણે કુમારગિરિની એક ગુફામાં હાથી કોતરાવેલ, તે ગુફા આજે હાથીગુફા તરીકે પ્રસિદ્ધ છે.

૩. ખારવેલાધિપતિ : એની રાજધાની સમુદ્રને કિનારે હોવાથી તેમજ એની રાજ્યની મર્યાદા-સીમા સમુદ્ર સુધી હોવાથી તે ખારવેલાધિપતિ કહેવાતો હતો.

આ ભિક્ખુરાયે મગધના રાજા પુષ્યમિત્રને હરાવ્યો હતો, પાટલીપુત્રની પાસે ગંગામાં પોતાના હાથીઓને સ્નાન કરાવ્યું હતું, મગધના રાજાઓ અવારનવાર કલિંગને લૂંટીને જે સંપત્તિ લઈ ગયા હતા, તે પાછી વાળી હતી. તેમજ આઠમો નંદરાજા સુવર્ણની શ્રી ઋષભદેવની જે મૂર્તિને લઈ ગયો હતો, તે મૂર્તિને પાટલીપુત્રમાંથી કલિંગ લઈ જઈ કુમારગિરિ પર્વત ઉપર શ્રેણિક રાજાએ બંધાવેલા મંદિરનો જિર્ણોદ્ધાર કરાવી, તેમાં તેના અસલ સ્થાને ભારે મહોત્સવપૂર્વક સ્થાપી હતી. આ ઉત્સવમાં આ. સુસ્થિતસૂરિ અને સુપ્રતિબદ્ધસૂરિની અધ્યક્ષતા હતી અને તેઓના હાથે જ પ્રતિષ્ઠા થઈ હતી.




ઉપરના ભાગમાં તીર્થંકર પ્રભુના ચાર પ્રાચીન પ્રતિમાજી

નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ઈસુની પહેલેથી પાંચમી સદીની જૈન સ્થાપત્ય મૂર્તિઓનાં મુખો (મથુરા કંકાલી ટીલો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી, ભિક્ખુરાયે કુમારગિરિ પર નવી ગુફાઓ બનાવી, તેમાં મોટી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, શ્રી શ્રમણસંઘને આમંત્રી મોટું શ્રમણ-સંમેલન કરાવ્યું, જેમાં બીજી આગમવાચના કરાવી જિનાગમોને વ્યવસ્થિત કરાવ્યા. આ ઘટનાઓથી આ વખતે કુમારગિરિ મહાન તીર્થરૂપ બન્યું હતું. ભિક્ખુરાય જૈન શાસનની મહાન પ્રભાવના કરી વીર સં. ૩૩૦માં સ્વર્ગવાસ પામ્યો. એનો પુત્ર વક્રરાય કલિંગનો રાજા બન્યો. તે જૈન ધર્મનો મહાન ઉપાસક થયો છે. એનું વીર સં. ૩૯૫માં સ્વર્ગગમન થયું. (હિમવંત સ્થવિરાવલી).

વિ. સં.ની બીજી શતાબ્દીના બનેલા મથુરાના કંકાલી ટીલાવાલા જૈન સ્તૂપથી તથા ત્યાંનાં કેટલાંક બીજાં સ્થાનોથી મળેલાં પ્રાચીન શિલાલેખો તથા મૂર્તિઓથી સ્પષ્ટ જણાય છે કે તે સમયે પણ ત્યાં જૈન ધર્મનો સારો પ્રસાર હતો, એટલું જ નહીં પરંતુ મથુરા જૈનોનું એક કેન્દ્રસ્થાન હતું. અર્હત્ (મહાવીર-) વર્ધમાનનું એક નાનું મંદિર બંધાવ્યાનો તેમાં લેખ છે, ઉપરાંત કેટલાક આચાર્યોનાં ગણ, શાખા વગેરેનો ઉલ્લેખ છે. આ આચાર્યોનાં નામ, ગણ શાખા વગેરે શ્વેતાંબર કલ્પસૂત્રમાં જે આપેલ છે તેની સાથે મળતાં આવે છે તેથી તે શ્વેતાંબર સિદ્ધ થાય છે. (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ),

મુનિરાજશ્રી જિનવિજયજી મ. શ્રી એ સંગ્રહિત-સમ્પાદિત પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૧ (પ્રગટકર્તા શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર)માં એઓશ્રી જણાવે છે કે ખંડગિરિ અને ઉદયગિરિની ગુફાઓ પૈકી કેટલીક ઈ.સ. પૂર્વે ત્રીજા સૈકા પહેલાંની છે. અહીંની હાથી ગુફાનો લેખ-ખારવેલનો લેખ જે પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીએ ઉકેલેલો છે એનું સંશોધન ગુર્જર સાક્ષર શ્રીયુત્ કેશવલાલ હર્ષદરાય ધ્રુવે જે કરેલું છે તેનો સાર અહીં આપેલ છે.

ઈ.સ. પૂર્વે ૧૬૫ની સાલમાં કલિંગના મહામેઘવાહન ખારવેલ રાજાએ મગધદેશ ઉપર ચડાઈ કરી. રાજા ખારવેલ અને એના પૂર્વજો જૈન હતા-એ રાજાનો જન્મ ઈ.સ. પૂર્વે ૧૯૭ની સાલમાં થયો હતો. એ પ્રતાપી-યુદ્ધવીર-દાનવીર-ધર્મવીર રાજાએ મગધરાજને નમાવ્યા પછી ઉત્તરા..ના બીજા રાજાઓને પણ નમાવ્યા. પૂર્વે જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી (આદિનાથ) ઋષભદેવની પ્રતિમાજી જે નંદરાજ ઉપાડી ગયો હતો તે આ મૂર્તિ આ રાજાએ આ સવારીમાં પાટલીપુત્રથી પાછી મેળવી અને આ જૈન વિજેતાએ નવા ભવ્ય જૈનપ્રાસાદમાં ભારે ઉત્સવપૂર્વક સમારંભથી તેની સ્થાપના કરી.

# મથુરાની કંકાલી ટીલો અને જૈન ધર્મની અતિ પ્રાચીનતા

મૂળ લેખક : ચંદ્રચૂડ ચતુર્વેદી, 'જૈન જ્યોતિ' પુસ્તક બીજું, અંક સાતમો, ચૈત્ર ૧૯૮૯ કુલ અંક ૧૯, તંત્રી : ધીરજલાલ ટોકરશી શાહ, સહતંત્રી : નાગકુમાર મકાતી B.A.L.L.B. અનુવાદક વિહારી : જ્યોતિ કાર્યાલય, હવેલીની પોળ, રાયપુર, અમદાવાદમાંથી કાંઈક :-

કંકાલી ટીલો મથુરાથી નૈઋત્યમાં આગ્રા અને ગોવર્ધન તરફ જતી સડકોના વચમાં છે. આ ટીલામાંથી બે હજાર વર્ષથી પણ અધિક પુરાણાં જૈનમંદિરોના અવશેષો નીકળ્યા છે, તે અવશેષો સ્તૂપ, તોરણ, આયાગપટ (સમ્માનસૂચક ફલક) ખાંભા, ખાંભાની ઉપરના ભાગ, પાટછત્ર, મૂર્તિ વગેરે સ્વરૂપમાં છે. એ ટીલામાંથી આશરે ૧૧૦ શિલાલેખ પણ નીકળ્યા છે. આ લેખો તથા પુરાણા પદાર્થોથી જૈન ધર્મ સંબંધી અનેક નવીન બાબતોનો ખ્યાલ થયો છે. આથી એ પણ નક્કી થયું છે કે જૈન ધર્મ તે બૌદ્ધ ધર્મની શાખા નથી, તે એમાંથી નીકળ્યો નથી. ઈ.સ. પૂર્વે દોઢસો-બસો વર્ષ પહેલાં પણ મથુરામાં જૈન મંદિરો હતાં, આ ધર્મની દીક્ષા સ્ત્રીઓ પણ લેતી હતી તથા જૈન ધર્મના આચાર્યો સ્થાને- સ્થાને વ્યાખ્યાનો આપી લોકોને જૈન ધર્મ તરફ ખેંચતા હતા.

ડૉ. ફુહરરે ઈ.સ. ૧૮૮૯માં ગવર્નમેન્ટ પર પુરાતત્ત્વ સંબંધી જે રિપોર્ટ મોકલ્યો તેમાં કંકાલી ટીલામાંથી મળેલ અનેક વસ્તુઓનું વર્ણન છે, જેમાંથી કેટલાકનાં નામ અમે નીચે- આપીએ છીએ. શ્વેતાંબર-તીર્થંકરોની ૧૦ મૂર્તિઓ તેની પર લેખ પણ છે, જે પૈકીના ચાર લેખો તો એવા છે કે જેનાથી જૈન ઇતિહાસની કેંક વિશેષ પરિસ્થિતિ માલૂમ પડે છે. તેમાં એક લેખ તો એવો છે કે જેની લિપિ ઉપરોક્ત લેખથી પણ જૂની છે, જે ઈ.સ. પૂર્વે ૧૫૦ વર્ષની અગાઉ ખોદાયેલ છે. આ લેખ એક મંદિરનો છે, જેમાં મંદિર કરાવનારનું પણ નામ છે. આથી એ સિદ્ધ થાય છે કે મથુરામાં ઈ.સ. પહેલાંનાં સેંકડો વર્ષ પહેલાં જૈન-મંદિર હયાત હતાં. બીજો લેખ એક મૂર્તિની ડાબી બાજુ ખોદેલ છે. તેમાં લખેલ છે કે આ મૂર્તિ ઈ.સ. ૧૫૬ની લગભગમાં સ્થાપેલ હતી અને તે એક એવા સ્તૂપ ઉપર હતી કે જેને દેવોએ બનાવ્યો હતો. તે સ્તૂપ પણ મળી આવ્યો છે. ખોદતાં ખોદતાં ઈ.સ. ૧૮૯૦માં નીકળેલો સ્તૂપ ઈશુખ્રિસ્તનાં અનેક શતક પહેલાં બન્યો હતો. ડૉ. ફુહરરે ઈ.સ.

Jain Education International · For Private & Personal Use Only · www.jainelibrary.org

૧૮૯૫માં પણ આ કંકાલી ટેકરાનું ખોદકામ કરી અનેક વસ્તુઓ કાઢી છે, જેમાંથી તીર્થંકર પ્રભુશ્રી (વર્ધમાન-) મહાવીરની એક પૂરા કદની મૂર્તિમાં સં. ૨૯૯નો એક લેખ મળ્યો છે.

જે શિલાલેખો અહીં મળ્યા છે તે ઈ.સ. પૂર્વે ૫૦થી આરંભીને ઈ.સ. ૧૦૫૦ સુધીના છે. અર્થાત્ તે દ્વારા ૧૧૦૦ વર્ષનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. કેટલાક લેખો એવા છે કે જેમાં કોઈ સંવત નથી જે ઈ.સ. પૂર્વે ૫૦ વર્ષથી પણ વિશેષ જૂના છે. આ ટેકરામાં જે વસ્તુઓ મળી છે તે જૈન ગ્રંથોમાં લખાયેલ બાબતોને દૃઢ કરે છે. અર્થાત્ જે કથાઓ જૈનગ્રંથોમાં છે તે ચિત્રો અને મૂર્તિઓના આકારમાં અહીં ખોદેલી છે. વળી એક વાત સિદ્ધ થાય છે તે એ કે જૈન ધર્મ એ અતિ પુરાણો ધર્મ છે.

આ ધર્મના અનુયાયીઓ બે હજાર વર્ષ પહેલાં પણ તેના ૨૪ તીર્થંકરોમાં વિશ્વાસ કરતા હતા. આ ધર્મ ઘણું કરીને તે સમયે પણ એવો જ હતો કે જેવો અત્યારે છે. ગણ, કુલ અને શાખાના વિભાગો ત્યારે જ થઈ ગયા હતા. સ્ત્રીઓ સાધ્વીનું જીવન સ્વીકારીને ઉપદેશ દેતી હતી. તે સમયે ધર્મી મનુષ્યોમાં એનો વિશેષ આદર હતો.

કંકાલી ટેકરામાં જે જૂની વસ્તુઓ મળી આવી છે તે દરેક વિશેષ કરીને લખનૌના અજાયબ ઘરમાં રાખી છે. ડૉ. ફુહરરે તેમાંથી મુખ્ય વસ્તુના ફોટા ઉતારી એક પુસ્તક લખવાનો વિચાર રાખ્યો હતો, પરંતુ તે પહેલાં જ સરકારી નોકરીમાંથી છૂટા થઈ ગયા. આ કારણે આ પ્રાંતના ભૂતપૂર્વ નાનાલાટસર મેકડાનલે એ કામ વી. એ. સ્મિથ (I.C.S.) સાહેબને સુપ્રત કર્યું. તેમણે આ કામ કર્યું, કિંતુ જેમણે આ વસ્તુનો સંગ્રહ કર્યો હતો અને તેના ફોટા ઉતાર્યા હતા તે જ સાહેબ જો આનું વર્ણન લખત તો કોઈ અનેરો પ્રકાશ પાડત. બીજાએ મેળવેલ સાધનો પરત્વે લેખ લખવો કઠિન કાર્ય છે, પરંતુ ફરી પણ સ્મીથ સાહેબે કંકાલી ટીલામાંથી પ્રાપ્ત થયેલ વસ્તુઓની આલોચના લખી સુંદર કામ કરેલ છે. આ કામમાં તેને બાબુ પૂર્ણચંદ્રજી મુખરજીએ પણ થોડી ઘણી સહાય કરી છે. સ્મિથ સાહેબના સચિત્ર પુસ્તકને ગવર્નમેન્ટે ઈ.સ. ૧૯૦૧માં પ્રકાશિત કરેલ છે. વિષયના ક્રમ પ્રમાણે તેના ૨૩ ભાગ છે જેમાં ૧૦૭ ચિત્ર છે. આ પુસ્તકની સહાયથી અમે પ્રસ્તુત લેખ તૈયાર કર્યો છે.

તે પુસ્તકમાં જે વસ્તુઓનાં ચિત્ર છે તે પૈકીની બે-ચાર વસ્તુઓના ટૂંક પરિચય આપી અમે આ લેખને સમાપ્ત કરવા ઈચ્છીએ છીએ.

આયાગપટ-આ એક પથ્થરનો ચોરસ ટુકડો છે. તેની મધ્યમાં એક તીર્થંકરની મૂર્તિ છે. તેની ચારે બાજુ એકદમ ઉત્તમ પ્રકારનું નકશીદાર કામ છે. જૈનો પ્રાચીનકાળમાં જૈનમંદિરમાં તીર્થંકરોના સમ્માન માટે આવા પટ લગાવતા હતા. આ પટની નીચે પ્રાચીન લિપિ (પુરાણા અક્ષર) વાળો એક લેખ છે. જેની શૈલી આ પ્રમાણે છે.

આ લેખ પ્રાકૃત ભાષામાં છે તેનો ભાવાર્થ એ છે કે જેનો પિતા સિંહ નામે વણિક છે અને જેની માતા કૌશિકી છે તે સિંહનાદિક અથવા સિંહનંદિકે અરિહંતોની પૂજા તથા સન્માન માટે આ આયાગપટ સ્થાપિત કર્યો છે.

તીર્થંકરની એક પૂરા કદની પ્રતિમા-તેનો ઉપરનો જમણી તરફનો ભાગ જરા તૂટી ગયો છે પરંતુ જિનમૂર્તિ અખંડ છે. બીડેલ આંખવાળી પદ્માસનમાં રહેલ આ મૂર્તિને જોઈને ભક્તિનો પ્રવાહ હૃદયમાં પ્રકટ થયા વિના રહી શકતો નથી. મૂર્તિના ધ્યાનસ્થ આકારથી ગંભીરતા અને પૂજ્ય ભાવ ટપકવા માંડે છે.

તીર્થંકરની એક મૂર્તિ - આ મૂર્તિ પણ પદ્માસનમાં ધ્યાનસ્થ બેઠી છે. તેની નીચે એક લેખ છે, જેમાં સં. ૧૦૩૮ (ઈ.સ. ૯૮૧) ખોદેલ છે. મથુરાના શ્વેતાંબર જૈનોએ આ મૂર્તિની સ્થાપના (પ્રતિષ્ઠા) કરી હતી. મહંમૂદ ગીઝનીએ ઈ.સ. ૧૦૧૮માં મથુરા ભાંગ્યું તેની પહેલાં ૩૭ વર્ષે આ મૂર્તિ સ્થપાઈ હતી. વળી મહંમૂદની ચડાઈ પછી સ્થાપિત કરેલ મૂર્તિઓ પણ મળી છે. એથી સમજી શકાય છે કે જૈનો પોતાના મથુરાના મંદિરમાં દશમા તથા અગિયારમાં શતકમાં આનંદથી પૂજા-અર્ચના કરતા હતા, જેની સાથે ઘણો જ ઓછો વિરોધ કરવામાં આવતો હતો. (ઈતિ શ્રી ચતુર્વેદીના લેખમાંથી કાંઈક).

જૈન સાહિત્ય સંશોધક ખંડ ૩ અંક ૪ માંથી ઉદ્ધૃત કલિંગના ચક્રવર્તી મહારાજ ખારવેલના શિલાલેખનું વિવરણ (લેખક :- વિદ્યામહોદધિ શ્રીકાશીપ્રસાદ જાયસવાલ એમ. એ. પટણા), શ્રી ખારવેલ પ્રશસ્તિ, ભાષાનુવાદ.

(૧૨)......તે મગધવાસીઓને ભારે ભય ઉત્પન્ન કરતો હતો. હાથીઓને સુંગાગેય (પ્રાસાદ) સુધી લઈ ગયો અને મગધરાજ બૃહસ્પતિમિત્રને પોતાના પગ ઉપર નમાવ્યો તથા રાજા નંદ દ્વારા લઈ જવામાં આવેલ **કલિંગજિન મૂર્તિને**....અને ગૃહરત્નોને લઈ પ્રતિહારો વડે અંગ-મગધનું ધન લઈ આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૩)ooooo અંદરથી લખેલ (કોરેલ) સુંદર શિખરો : બનાવરાવ્યાં. સાથે જ સો કારીગરોને જાગીરો આપી. અદ્દ્ભુત અને આશ્ચર્ય (થાય તેવી રીતે તે) હાથીઓવાળાં વહાણ ભરેલ નજરાણાં હય, હાથી, રત્ન, માણિક્ય પાંડ્યરાજાને ત્યાંથી આ વખતે અનેક મોતી, મણિ, રત્ન હરણ કરાવી લાવ્યો. અહીં એ શક્ત (લાયક મહારાજે)

(૧૪)ooooo સીઓને વશ કર્યા. તેરમા વર્ષ પવિત્ર કુમારી પર્વત ઉપર જ્યાં (જૈન ધર્મનું) વિજયચક્ર સુપ્રવૃત્ત છે, પ્રક્ષીણસંસૃતિ (જન્મ મરણને વટાવી ગયેલ) કાયનિષીદી (સ્તૂપ) ઉપર (રહેનારાઓ) પાપ બતાવનારાઓ (પાપજ્ઞાપકો) માટે વ્રત પૂરાં થઈ ગયા બાદ મળનાર રાજભૂતિઓ કાયમ કરી દીધી (શાસનો બાંધી આપ્યાં). પૂજામાં રત ઉપાસક ખારવેલે જીવ અને શરીરની શ્રીની પરીક્ષા કરી લીધી. (જીવ અને શરીર પારખી લીધું).

(૧૫)ooooo સમકૃતિ શ્રમણ સુવિહિત શતદિશાઓના જ્ઞાની, તપસ્વી, ઋષી સંઘી લોકોનાંooooo અરિહંતની નિષીદી પાસે, પહાડ ઉપર, ઉમદા ખાણોમાંથી કાઢી લાવવામાં આવેલા અનેક યોજનોથી લાવવામાં આવેલooooo સિહપ્રસ્થવાળી રાણી સિંધલાને માટે નિઃશ્રયooooo

(૧૬)ooooo ઘંટયુક્ત (ં) વૈડુર્યરત્નવાળા ચાર થાંભલાઓ સ્થાપન કર્યા. પચોતેર લાખના (ખર્ચ)થી મૌર્યકાળમાં ઉચ્છેદ પામેલ ચોસટ્ઠિ (ચોસઠ અધ્યાયવાળા) અંગસપ્તિકનો ચોથો ભાગ ફરીથી તૈયાર કરાવ્યો. આ ક્ષેમરાજે, વૃદ્ધિરાજે, ભિક્ષુરાજે, ધર્મરાજે, કલ્યાણો દેખતાં સાંભળતાં અને અનુભવ કરતાં.

(૧૭)ooooo છે ગુણ વિશેષ કુશળ, બધા પંથોનો આદર કરનાર બધાં (પ્રકારનાં) મંદિરોની મરામત કરાવનાર, અસ્ખલિત રથ અને સૈન્યવાળા ચક્ર (રાજ્ય) ના ધુર (નેતા) ગુપ્ત–(રક્ષિત) ચક્રવાળા, પ્રવૃત્તચક્રવાળા રાજર્ષિવંશવિનિઃસૃત રાજા ખારવેલ.

–અનુવાદક સુખલાલજી

જૈન ધર્મનું અતિપુરાણાપણું, જૈનોની મંદિરમૂર્તિની પ્રાચીનતા–સ્ત્રી સાધ્વી દીક્ષા વગેરે અનેક બાબતો જણાવતો આ લેખ અહીં પૂરો થાય છે. ધી જૈન સ્તૂપ એન્ડ અધર એન્ટિકવીઝ ઓફ મથુરા (લેખક વિન્સેટ એ સ્મિથ I.C.S.) નામના પુસ્તકમાંથી થોડા નમૂનાના ફોટા અને બીજા પણ અત્રે રજૂ કરાયા છે. લેખમાં જિનાજ્ઞા વિરુદ્ધ કે ઈતિહાસ વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. (લેખકો)



ઈંટોનો કોતરેલ પ્રાચીન સ્તૂપ (મથુરા)
કોપીરાઈટ સ્વાધીન–આરકીઓલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા



ખંડગિરિ ઉપરનું જૈન મંદિર
શ્રી મિત્રના સૌજન્યથી–એન્ટિકવીટીઝ ઑફ ઓરિસ્સા



ઉદયગિરિ ઉપરની સ્વર્ગપુરી ગુફાઓ
શ્રી મિત્રના સૌજન્યથી–એન્ટિકવીટીઝ ઑફ ઓરિસ્સા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુજરાતના સાંસ્કૃતિક વિકાસમાં જૈનોનું પ્રદાન

—ડૉ. મુગટલાલ બાવીસી



જૈનધર્મ કેવળ સાધુઓનો જ ધર્મ નહોતો, ચંદ્રગુપ્ત મૌર્યે સ્વીકારેલ જૈન ધર્મ રાજસભાઓ સુધી વિસ્તરેલો હતો. જૈનધર્મ એક સમયે ગુજરાતનો રાજધર્મ ગણાતો. જૈનો એ ગુજરાતની શિક્ષિત, સંસ્કારી, સમૃદ્ધ, ઉદાર, દાનવીર અને શાંતિપ્રિય પ્રજા છે. એ લડાઈ, ઝઘડા, ટંટા, ફિસાદ, તોફાન, મારામારી વગેરેથી દૂર રહીને વ્યાપાર–ઉદ્યોગ દ્વારા દ્રવ્યોપાર્જન કરે છે. કેટલાંક લોકો માને છે કે જૈનો દેરાસરો, ઉપાશ્રયો, પ્રતિષ્ઠા અને દીક્ષા–મહોત્સવોમાં જ પૈસા ખર્ચે છે, પરંતુ એ માન્યતા બરાબર નથી. જૈનો ધાર્મિક ઉપરાંત બીજાં અનેક સમાજોપયોગી અને રાષ્ટ્રોપયોગી કાર્યોમાં પૈસા વાપરે છે. વિવિધ ક્ષેત્રોમાં એમનો ફાળો મહત્ત્વનો છે. ખાસ કરીને ભૂતકાળમાં જૈન ગ્રંથોની પોથીઓ સુંદર ચિત્રકલાથી સુશોભિત કરવામાં આવતી હતી. લલિતકળાને ક્ષેત્રે ભારતમાં જૈનોનું આગવું પ્રદાન રહ્યું છે. પ્રેમ અને ભક્તિયુક્ત રાજસ્થાની ચિત્રકલા અનુપમ અને ચિત્તાકર્ષક છે. કલાને ક્ષેત્રે જૈનોની આગવી દેણ છે. ધર્મ અને કલાનો અદ્‌ભુત સમન્વય સાધી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ., જેમણે ભગવાન મહાવીરના રંગીન ચિત્રસંપુટની ઉમદા ભેટ આપણને આપી, ઉપરાંત મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીરચિત ૨૧ ગ્રંથોનું સંશોધન, સંપાદન અને પ્રકાશન કરાવી શાસનની મહત્તમ સેવા કરી છે.

જૈન સાહિત્યનો વ્યાપ ઘણો મોટો છે. સાહિત્યને ઉત્તેજન આપવા જૈન સમાજે બનતું બધું જ કર્યું. પાઠશાળાઓ બનાવી, પુસ્તકો લહિયાઓ પાસે તૈયાર કરાવ્યાં, સાક્ષરો અને વિદ્વાનોનું બહુમાન કર્યું. કલાકારોને પણ અર્હંત સમાશ્રય આપીને ઘણું મોટું પાયાનું કામ કર્યું અને તેથી જ સોમપુરા શિલ્પીઓએ મંદિરોનાં રૂપરંગ અને સજાવટમાં દિલ દઈને કામ કર્યું. હસ્તલેખનની કળાને પણ જૈનોએ પરિપાલિત કરી.

વિવિધક્ષેત્રમાં જૈનોના આગવા પ્રદાનનો પરિચય કરાવે છે ડૉ. મુગટલાલ પી. બાવીશી. સુરેન્દ્રનગરના લીંબડી ગામે તા. ૨૪મી એપ્રિલ ૧૯૩૫માં તેમનો જન્મ થયો. ઉચ્ચશિક્ષણ મેળવી વિવિધ આર્ટ્સ કોલેજમાં ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે સેવા આપી. 'લીંબડી રાજ્યનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' વિષય પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની Ph.D.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ડૉ. બાવીશીના 'અર્વાચીન યુરોપની મહાન પ્રતિભાઓ' અને ગુજરાતના ઇતિહાસને લગતી વંશાવળીઓ નામનાં બે પુસ્તકો પ્રગટ થયાં. ઝાલાવાડ જૈન મિત્રમંડળ સુરત તરફથી જૂન ૧૯૮૫માં પ્રગટ થયેલ ડિરેક્ટરીનું તેમણે સંપાદન કરેલું. આ સિવાય તેમનાં ઘણાં પ્રકાશનો વિવિધ વિષયો ઉપરનાં છે, જે સારો આવકાર પામ્યાં છે. સારી અસરકારક વક્તૃત્વ શક્તિ ધરાવે છે. ઇતિહાસ અને સાહિત્યને લગતી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ૧૯૭૬થી ૧૯૮૪ સુધી ગુજરાત ઇતિહાસ પરિષદના મંત્રી તરીકેની યશસ્વી કામગીરી બજાવી. ઓલ ઇન્ડિયા હિસ્ટ્રી કોંગ્રેસના સભ્ય અને ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય છે. ઝાલાવાડ જૈન મિત્ર મંડળ, સુરતના સહમંત્રી તરીકે પણ કામગીરી કરી. લીંબડી કેળવણી મંડળ, નર્મદ સાહિત્યસભા સુરતના આજીવન સભ્ય છે.

વાચન, ચિંતન, સંશોધન, લેખન, અધ્યયન અને અધ્યાપન એ એમની પ્રિય પ્રવૃત્તિઓ છે. મૌલિક પ્રવૃત્તિઓમાં પણ એટલે જ રસ ધરાવે છે. આ ગ્રંથ શ્રેણીના પણ હંમેશાં શુભેચ્છક રહ્યા છે. ધન્યવાદ.

—સંપાદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શિક્ષણ ક્ષેત્રે

શિક્ષણના ક્ષેત્રે જૈનોનું પ્રદાન ઘણું મોટું છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં અનેક ગામો તથા શહેરોમાં જૈન શ્રેષ્ઠીઓનાં દાનથી બાલમંદિરો, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને કોલેજો બંધાયાં છે. એવું ભાગ્યે જ કોઈ ગામ કે શહેર હશે જ્યાં કોઈ જૈન પરિવારે શૈક્ષણિક હેતુ માટે દાન કર્યું ન હોય. કેટલાક પરિવારો તો એમની દાનવીરતા માટે સમગ્ર ગુજરાતમાં પ્રસિદ્ધ છે, ઉદાહરણ તરીકે, અમદાવાદનો કસ્તુરભાઈ લાલભાઈ પરિવાર અને સુરતનો રાયચંદ દીપચંદ પરિવાર. કસ્તુરભાઈ લાલભાઈ પરિવારે અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કોલેજ, એલ.ડી. એન્જીનિયરિંગ કોલેજ તથા એલ.ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજીની સ્થાપના કરી છે. કસ્તુરભાઈના પુત્ર શ્રેણિકભાઈએ ગુજરાતી સાહિત્ય પરિષદને કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર માટે અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને કસ્તુરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યાસંકુલ માટે મોટું દાન આપ્યું છે. સુરતના રાયચંદ દીપચંદ પરિવારે રાયચંદ દીપચંદ કન્યાશાળા (સુરત), પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કોલેજ (અમદાવાદ), કીકાભાઈ પ્રેમચંદ કોલેજ ઓફ કોમર્સ (સુરત) તથા લેડી કીકાભાઈ પ્રેમચંદ લાઈબ્રેરી (એમ.ટી.બી. કોલેજ કેમ્પસ, સુરત) માટે મોટાં દાન આપ્યાં છે. કલકત્તા યુનિવર્સિટીમાં ઈતિહાસ વિષયમાં સંશોધન–સ્કોલરશિપ માટે, મુંબઈ યુનિવર્સિટીને રાજાબાઈ ટાવર માટે તથા અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની ગુજરાત વિદ્યાસભા)ને શાહ સોદાગર પ્રેમચંદ રાયચંદે ઉદાર દાન આપ્યાં છે. અમદાવાદની ભોળાનાથ જેસિંગભાઈ વિદ્યાભવન જેવી સંશોધનસંસ્થાની સ્થાપના એક જૈન પરિવારના દાન દ્વારા થઈ છે. મુંબઈમાં અનેક જૈન દાનવીરોએ શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓ માટે નોંધપાત્ર દાન આપ્યાં છે, જેમાં દીપચંદ ગાર્ડી પરિવારનો ખાસ ઉલ્લેખ કરી શકાય. મુનિ ચંદ્રશેખર વિજયજીની પ્રેરણાથી નવસારી પાસે અને અમદાવાદ પાસે 'તપોવન' નામની શૈક્ષણિક સંસ્થાઓ સ્થપાઈ છે.

ગુજરાતમાં શાળાઓની સાથે વિદ્યાર્થીઓનાં છાત્રાલયો અને હોસ્ટેલો બાંધવામાં જૈનોએ ભરપૂર દાન આપ્યાં છે. વડોદરા, નવસારી, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, ભૂજ, કપડવંજ, લીંબડી, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર જેવાં નાનાં–મોટાં શહેરોમાં પણ શૈક્ષણિક સંસ્થાઓ માટે જૈનોએ દાન આપ્યાં છે. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અથવા સ્કોલરશિપો ઘણા જૈન પરિવારો દ્વારા અપાય છે. શૈક્ષણિક સંસ્થાઓમાં જૈનોના પ્રદાન વિશે એક મહાનિબંધ લખી શકાય એટલું મોટું કાર્ય થયું છે. જૈનોએ ખંભાત, પાટણ, અમદાવાદ, લીંબડી, સુરત, પાલિતાણા, જેસલમેર વગેરે ગ્રંથભંડારોમાં હજારો પ્રાચીન હસ્તપ્રતો સાચવીને રાખી છે. શિક્ષણ, સાહિત્ય અને સંશોધનનાં ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરનાર જૈન વિદ્વાનોમાં મુનિ જિનવિજયજી, મુનિ પુણ્યવિજયજી, મુનિ ચંદ્રશેખરવિજયજી, પંડિત બેચરદાસ દોશી, મોહનલાલ દલીચંદ દેસાઈ, જયભિખ્ખુ, ચિમનલાલ ચકુભાઈ શાહ, ડૉ. માધુરીબહેન શાહ, ડૉ. રમણલાલ ચી. શાહ, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, કુન્દનિકાબહેન કાપડિયા વગેરેનો ઉલ્લેખ કરી શકાય. મહાન જાદુગર કે.લાલ (કાંતિલાલ) પણ ગુજરાતી જૈન છે.

## ૨. ગ્રંથાલય અને વાચનાલય :

ગુજરાતનાં વિવિધ શહેરોમાં ચાલતાં ગ્રંથાલયો, વાચનાલયો અને જ્ઞાનશાળાઓની સ્થાપનામાં જૈન સાધુઓ અથવા જૈન અગ્રણીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. લીંબડી (જિ. સુરેન્દ્રનગર)નું દેવચંદ્રજી સાર્વજનિક પુસ્તકાલય તથા લાધાજીસ્વામી પુસ્તકાલય એનાં ઉદાહરણ છે. ગ્રંથાલયો અને વાચનાલયો ઉપરાંત અનેક જૈન સાધુઓ દ્વારા સમાજને ઉપયોગી એવાં નીતિ અને સદાચારનો ઉપદેશ આપતાં પુસ્તકોનું પ્રકાશન થાય છે. એ પુસ્તકોની કિંમત પ્રમાણમાં ઓછી હોય છે. જૈનો જ્ઞાનની આશાતના કરતા નથી અને જ્ઞાનના પ્રસારને ખૂબ મહત્ત્વ આપે છે. જેના પર અક્ષરો લખાયેલા હોય એવા રદ્દી કે પસ્તીના કાગળને તેઓ પગ નીચે કચડતા નથી કે અગ્નિમાં બાળતા નથી. દરેક શહેરમાં જૈનો જ્ઞાનપંચમી (કારતક સુદ પાંચમ)ના દિવસે દેરાસર અથવા ઉપાશ્રયમાં પોથીઓ અને પુસ્તકો ગોઠવીને જ્ઞાનની પૂજા કરે છે.

## ૩. આરોગ્ય :

આરોગ્યક્ષેત્રે જૈનોની સેવા જાણીતી છે. મુંબઈ, અમદાવાદ તથા અનેક નાનાં–મોટાં શહેરોમાં જૈનોનાં દાનથી હોસ્પિટલ અથવા હોસ્પિટલના વિભાગોની સ્થાપના થઈ છે. સુરતની મહાવીર હોસ્પિટલ પણ જૈનોનાં દાનથી બંધાઈ છે. જાહેર અથવા સરકારી હોસ્પિટલોમાં જૈનોએ મોટી સખાવતો કરી છે. અમદાવાદની જીવરાજ મહેતા હોસ્પિટલમાં જૈન અગ્રણી બિલ્ડર અનિલભાઈ બકેરીએ મોટું દાન આપ્યું છે. લગભગ દરેક શહેરમાં ચાલતી હોસ્પિટલોમાં જૈનો કોઈને કોઈ રીતે સક્રિય મદદ કરતા રહે છે. જૈન સોશ્યલ ગ્રુપની શાખાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા વિવિધ પ્રદેશોનાં જૈન મિત્રમંડળો વિવિધ રોગો માટેના નિઃશુલ્ક મેડિકલ કેમ્પો તથા રક્તદાન શિબિરો યોજે છે. કેટલીક સંસ્થાઓ તરફથી ગરીબ દર્દીઓને મફત દવા, સાધનો તથા સારવાર આપવામાં આવે છે.

## ૪. પાંજરાપોળો અને સ્મશાનગૃહો :

જીવદયાને જૈનો ખૂબ મહત્ત્વ આપે છે. કતલખાને જતાં પ્રાણીઓને જૈનો બચાવે છે અને પાંજરાપોળમાં મોકલે છે. લગભગ તમામ ગામોની પાંજરાપોળોના વહીવટમાં જૈન અગ્રણીઓ અને વેપારીઓ મુખ્ય હોય છે. એનો નિભાવખર્ચ પણ તેઓ ભોગવે છે. દુષ્કાળના સમયે પશુધનને બચાવવા જૈનો મોટું ભંડોળ એકઠું કરી સરકારથી અલગ રહીને સ્વતંત્ર રીતે વ્યવસ્થા કરે છે. અન્ય કુદરતી આફતોના સમયે થતાં ફંડફાળામાં પણ જૈનો યથાશક્તિ મદદ આપે છે.

પાંજરાપોળની માફક સ્મશાનગૃહોના વહીવટમાં જૈનો સેવા અને સંપત્તિ દ્વારા મદદ કરતા રહે છે. આ સંસ્થાઓના વહીવટની કામગીરી અને જવાબદારી તેઓ ઉપાડે છે. સૌરાષ્ટ્રમાં કેટલાંક શહેરોની પાંજરાપોળોનો વહીવટ એ શહેરનું વેપારી મહાજન કરતું હોય છે. એ પાંજરાપોળ સાથે 'મહાજન' શબ્દ જોડાયેલો હોય છે. મહાજનની પ્રવૃત્તિઓમાં પણ જૈનોનું પ્રદાન નોંધપાત્ર હોય છે.

## ૫. ધર્મશાળાઓ, મહિલા આશ્રમો અને અનાથાશ્રમો :

ધર્મશાળાઓ, મહિલાઆશ્રમો અને અનાથાશ્રમોના સંચાલનમાં જૈનો આર્થિક મદદ કરે છે. કન્યાશાળાઓ, મહિલા કોલેજો, બાલિકાશ્રમો અને મહિલામંડળોની પ્રવૃત્તિઓને પણ તેઓ વિવિધ રીતે પ્રોત્સાહન આપે છે. કન્યાશિક્ષણના ક્ષેત્રે જૈનોની કામગીરી નોંધપાત્ર છે. ગરીબ મહિલાઓને આજીવિકા મેળવવામાં જૈનો મદદરૂપ બને છે. ફૂટપાથ પર પડી રહેતાં ગરીબોને પણ જૈનો દ્વારા અન્ન, વસ્ત્ર અને શિયાળામાં ગરમ કપડાં અપાય છે.

## ૬. પાણીનાં પરબો, અન્નક્ષેત્રો અને ઉદ્યાનો :

પાણીનાં પરબો, અન્નક્ષેત્રો, ઉદ્યાનો અને ક્રીડાંગણો માટે જૈનો સારું એવું ધન વાપરે છે. સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી શહેરમાં થોડાં વર્ષ પહેલાં એક સરસ અન્નક્ષેત્ર ચાલતું હતુ, જેમાં દરરોજ બપોરે એક વખત સાધુઓ તથા ગરીબોને બાજરાના રોટલા, છાશ અને ગોળ આપવામાં આવતા. સુરતમાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ (ગોપીપુરા) તરફથી દરરોજ 'ભૂખ્યાને ભોજન' આપવાની યોજના ચાલે છે. અમદાવાદ જેવાં શહેરોમાં દર રવિવારે ગરીબોને વિના મૂલ્યે ભોજન આપતાં 'ખીચડીઘર' ચાલે છે. પાણીનાં પરબો સ્થાપવાં તેને જૈનો પુણ્યનું કામ ગણે છે. કેટલાંક શહેરોમાં જાહેર ઉદ્યાનો તથા ક્રીડાંગણો બનાવવા માટે પણ જૈનોએ દાન આપ્યાં છે. હવે સમયની માગ પ્રમાણે જૈનોએ સારા વૃદ્ધાશ્રમો બનાવવા જોઈએ, જ્યાં રહીને દુઃખી વૃદ્ધો પોતાનું જીવન શાંતિથી પસાર કરી શકે.

## ૭. નગરગૃહો, નાટ્યગૃહો અને રંગભવનો :

નગરગૃહો (ટાઉનહોલ), નાટ્યગૃહો, રંગભવનો અને સંગ્રહાલયો માટે ઘણા જૈન પરિવારોએ ઉદાર દાન આપ્યાં છે. મુંબઈ, અમદાવાદ અને ગુજરાત-સૌરાષ્ટ્રનાં ઘણાં શહેરોમાં જૈન દાનવીરોનાં નામ સાથે જોડાયેલાં સભાગૃહો છે. કેટલીક શાળાઓ કે મહાશાળાઓનાં રંગભવનો જૈનોની મદદથી બંધાયાં છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને પણ તેઓ ઉદાર દિલથી મદદ કરે છે. કલાવિષયક પ્રવૃત્તિઓમાં જૈનો સારા પ્રમાણમાં નાણાં ખર્ચે છે. વિવિધ ક્ષેત્રે સંશોધન માટે જૈનો કેટલીક સ્કોલરશિપ આપે છે.

## સમાપન :

આમ, જાહેર જીવનના પ્રત્યેક ક્ષેત્ર સાથે જૈનો સંકળાયેલાં છે. રાજકારણ, સમાજસેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ઉદ્યોગ, વ્યાપાર, શિક્ષણ, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય વગેરે અનેક ક્ષેત્રોમાં ભૂતકાળમાં જૈનોએ ઘણું પ્રદાન કર્યું છે. વર્તમાનમાં પણ એ પ્રદાન ચાલુ રહ્યું છે. ગુજરાતને સુખી, સમૃદ્ધ અને શાંતિપ્રિય બનાવવામાં આ પ્રજાનો ફાળો ઓછો નથી. જૈનોની મોટા ભાગની વસ્તી ગુજરાતમાં છે. તેથી આ પ્રજાની બુદ્ધિ, શક્તિ, કુનેહ, આવડત અને વિચક્ષણતાનો તેને પૂરો લાભ મળ્યો છે. જૈનોની સમૃદ્ધિ અને ઉદારતાનો લાભ માત્ર જૈનોને નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને ભારતને મળ્યો છે. જૈનો ગુજરાત સાથે એવાં એકરૂપ થઈ ગયાં છે કે જૈનો વગરના ગુજરાતની કલ્પના કરવી મુશ્કેલ છે. હવે એકવીસમી સદીમાં તો જૈનો સમગ્ર વિશ્વમાં પથરાઈ ચૂક્યાં છે અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાને ચરિતાર્થ કરી રહ્યાં છે. વિશ્વની [illegible]ારી, શાંતિપ્રિય, અહિંસક, ઉમદા અને વ્યવહારદક્ષ પ્રજાઓમાં જૈનોને સ્થાન આપી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી ૐકારાય નમો નમઃ ॥ ॥ શ્રી ૐકારાય પાર્શ્વનાથાય નમઃ ॥

અમદાવાદ-વડોદરા નેશનલ હા. નં. ૮ ઉપર પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે રોડ ટચ મીની
નદીના કિનારે વિશ્વનું સૌ પ્રથમ અલૌકિક તીર્થ એટલે... પંચ પરમેષ્ઠી યુક્ત

# શ્રી ૐકાર જૈન તીર્થ

ભદ્રંકરનગર, પદમલા, ફોન : ૨૨૪૨૭૯૨ / ૬૫૩૫૧૯૨
(વડોદરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી. વાસદ થી ૭ કિ.મી.)

**તીર્થદિવ્યાશિષદાતા**
શ્રાવસ્તી તીર્થોદ્ધારક પ.પૂ. આ.
દેવ શ્રીમદ્ વિજય ભદ્રંકર
સૂરીશ્વરજી મ.સા.

**તીર્થમાર્ગદર્શક, પ્રેરણાદાતા**
સૂરિમંત્ર આરાધક દક્ષિણભૂષણ, પ.પૂ.આ. શ્રી પૂણ્યાનંદ
સૂરીશ્વરજી મ.સા. મરાઠાવાડ દેશોદ્ધારક
પ.પૂ. શ્રી વારિષેણ સૂરીશ્વરજી મ.સા.

**તીર્થસ્વપ્નદ્રષ્ટા**
વ્યખ્યાનવાચસ્પતિ પ.પૂ.આ. દેવ શ્રીમદ્
વિજય વીરસેન સૂરીશ્વરજી મ.સા.

**તીર્થપથદર્શક**
પ.પૂ. આ. શ્રી મહાસેન સૂરિશ્વરજી મ.સા.
પ.પૂ. ગણિવર્ય શ્રી વિક્રમસેન વિજયજી મ.સા.

## નેશનલ હાઈવે નં. ૮ ના રોડટચ પ્રાકૃતિક રળિયામણા સ્થળે

- ત્રિશિખરી નયનરમ્ય ભવ્ય જિનાલય, કલ્પસૂત્ર મંદિર.
- પૂજ્ય સાધુભગવંત, પૂજ્ય સાધ્વીજી ભગવંતના વિહારનું બેનમૂન વિહારધામ.
- યાત્રાળુ માટે મનમોહક સુંદર ભાવનામય સેવા-પૂજા-જાપનું અનન્ય યાત્રાધામ.
- સાધુ-સાધ્વી ભગવંતના બે ઉપાશ્રય.
- શાસનરક્ષક દેવ શ્રી માણીભદ્રવીરની ભવ્ય દેરી-ભગવતીમા પદ્માવતી દેવીની દેરી.
- ગુરુભગવંતની દેરી-રાયણપગલાંની દેરી.
- ૧૦૦૦ ભાવિકો બેસી શકે તેવો વિશાળ પ્રવચન હોલ.
- સુંદર ભોજનશાળા, ધર્મશાળા.

આવા તીર્થની શાન એટલે આપના ઉદાર હાથનું દાન, યાત્રાળુઓને દર પૂનમ અને દર રવિવારે ભાથાનો અલભ્ય લાભ,
આપને પ્રબળ પુણ્યોદયે મળેલ લક્ષ્મીના સદ્વ્યય માટે અલૌકિક તીર્થમાં ઉદાર હાથે લાભ લેવા વિનંતી.

| | | |
|---|---|---|
| તીર્થનો ભવ્ય પ્રવેશદ્વાર | રૂા. | ૩૧,૦૦,૦૦૦/- |
| જિનાલય સાધારણ તિથિ તક્તી પર નામ | રૂા. | ૩૧,૦૦૦/- |
| તીર્થ શુભેચ્છક તક્તી પર નામ | રૂા. | ૨૧,૦૦૦/- |
| તીર્થ સહયોગી તક્તી પર નામ | રૂા. | ૧૧,૦૦૦/- |
| જિનાલય માસિક સાધારણ ખર્ચનો લાભ | રૂા. | ૭,૦૦૦/- |
| મૂળનાયકની આંગી એક દિવસ નકરો | રૂા. | ૧૦૧/- |
| શંખેશ્વર પાર્શ્વનાથ એક દિવસનો નકરો | રૂા. | ૧૫૧/- |
| ૐકાર પાર્શ્વનાથ એક દિવસ નકરો | રૂા. | ૧૫૧/- |
| **એક દિવસના લાભ (જિનાલય) નો નકરો** | | |
| અખંડ દીપ | રૂા. | ૧૦૧/- |
| ઘી | રૂા. | ૨૫૦/- |
| કેસર | રૂા. | ૧૦૦/- |
| ધૂપ | રૂા. | ૧૦૦/- |
| પક્ષાલ | રૂા. | ૫૧/- |
| ફૂલ | રૂા. | ૫૧/- |
| ધર્મશાળાની ૧ રૂમનો નકરો તક્તી પર નામ | રૂા. | ૧,૦૦,૦૦૦/- |
| સ્ટોર રૂમ પર તક્તી | રૂા. | ૫૧,૦૦૦/- |

| | | |
|---|---|---|
| કાયમી સાલગિરી ફંડ સહયોગી બોર્ડ ઉપર તથા પત્રિકા માં નામ આવશે | રૂા. | ૨૧,૦૦૦/- |
| **ભોજન શાળા** | | |
| આધારસ્તંભ તક્તી પર નામ | રૂા. | ૫૧,૦૦૦/- |
| ભોજનશાળા મોભી તકતી પર નામ | રૂા. | ૩૧,૦૦૦/- |
| ફોટો ૧૬ × ૨૦ | રૂા. | ૧૧,૦૦૦/- |
| ફોટો ૧૦ × ૧૨ | રૂા. | ૫,૫૫૫/- |
| ભોજનશાળા કાયમી તિથિ | રૂા. | ૩,૫૦૦/- |
| પંખો ભોજનશાળા / ધર્મશાળા | રૂા. | ૧,૦૦૦/- |
| સાધુસાધ્વી વૈયાવચ્ચ નકરો | રૂા. | ૫૦૦/- |
| આયંબિલ | રૂા. | ૧,૦૦૦/- |
| ભાથાનો રવિવાર / પૂનમ નકરો એક દિવસ | રૂા. | ૧,૦૦૦/- |
| સાધારણ નકરો | રૂા. | ૧,૦૦૦/- |
| વરંડા પર તક્તી | રૂા. | ૩૧,૦૦૦/- |
| પંખાનો લાભ | રૂા. | ૧,૦૦૦/- |

ધર્મશાળાની રૂમના ફર્નિચર (પલંગ, ટેબલ, ગાદલાં, પડદા) નકરો રૂા. ૧૧,૦૦૦/- (રૂમમાં તક્તી પર નામ લખવામાં આવશે.)
આ ભવ્ય ઉત્તરોત્તર વિકસિત તીર્થમાં લાભ. એટલે અજોડ લાભ આ તીર્થની મુલાકાતે પધારી શાસનની શોભા વધારવા યોજનામાં લાભ લેવા/લેવડાવવા વિનંતી.

ઓફિસ : શ્રી ૐકાર જૈન તીર્થ, C/o. નીરવ રોડવેઝ, ૭/બી, ગુરુકૃપા શોપિંગ સેન્ટર, રામાકાકા રોડ, છાણી (વડોદરા) ફોન : ૯૮૨૫૪૭૭૯૯૨
(ટ્રસ્ટ રજિ. નં. : એ.૨૭૮૨ વડોદરા તા. ૦૪-૦૩-૯૪)


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ-૪

## વિક્રમની વીસમી સદી : વિશિષ્ટ વિભૂતિઓનું ચરિત્રદર્શન

- જિનશાસન નૌકાના સમર્થ સુકાનીઓ
- જૈન શાસનના પરમ પ્રભાવક હિતચિંતકો
- શ્રમણસંઘની પ્રબુદ્ધ પ્રતિભાઓ
- ભારતભૂષણ મહાપુરુષો
- શાસ્ત્રસર્જક સારસ્વતો
- સૂરિમંત્રસહિતના સાધકસૂરિવરો
- શાસનદીપક પ્રજ્ઞાપુરુષો
- તેજતરણ તપોધનો
- સદીના સમયજ્ઞ સંતરત્નો
- ધર્મપ્રવર્તક પુણ્ય પુરુષો
- સમકાલીન શાસ્ત્ર પ્રભાવકો
- અધ્યાત્મમાર્ગના સાધનાનિષ્ઠ ચારિત્રધરો
- વાગડ સમુદાયના કર્ણધારો
- પ.પૂ. આચાર્યાદિ સાધુ-ભગવંતોને અનંતશઃ વંદના
- શાસનપ્રભાવક સૂરિવરો
- રત્નત્રયીના રાહદારીઓ
- શાસનંના તેજસ્વી નક્ષત્રોઃ શ્રમણી રત્નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જેમના સૈકાને હીરયુગ કહેવાય છે**

# જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજ



**જન્મસ્થળ**
પાલનપુર
વિક્રમ સંવત ૧૫૮૩,
માગસર સુદ ૯

•

**દીક્ષાસ્થળ**
પાટણ
વિક્રમ સંવત ૧૫૯૬
કારતક વદ ૨,
સોમવાર

•

**પંન્યાસ પદ**
નાડલાઈ
વિક્રમ સંવત ૧૬૦૭

•

**ઉપાધ્યાય પદ**
નાડલાઈ
વિક્રમ સંવત ૧૬૦૮
નેમનાથ મંદિર

•

**આચાર્યપદ**
શીરોહી
વિક્રમ સંવત ૧૬૧૦

•

**તપાગચ્છના નાયક**
વડાવલી
વિક્રમ સંવત ૧૬૨૨

•

**સમ્રાટ અકબર પ્રતિબોધકની મુલાકાત**
વિક્રમ સંવત ૧૬૩૯,
જેઠ વદ ૧૨

•

**સ્વર્ગગમન**
ઉના (સૌરાષ્ટ્ર)
વિક્રમ સંવત ૧૬૫૨,
ભાદરવા સુદ ૧૧

**સૌજન્ય : શ્રી અજારા પાર્શ્વનાથજી પંચતિર્થિ (જૈન કારખાના પેટી)**
વાસા ચોક, ઉના (જિ. જૂનાગઢ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જિનશાસન નૌકાના સમર્થ સુકાનીઓ

૨૫૦૦ વર્ષનો જૈનશાસનનો ઈતિહાસ એમ કહે છે કે સિદ્ધાંત અને શાસન રક્ષા ખાતર શુદ્ધ પ્રરૂપક ગુણવાળા આ શ્રમણસંસ્થાના સંઘનાયકો અને જ્યોતિર્ધરોને પ્રસંગે પ્રસંગે અનેક તાણાવાણામાંથી પસાર થવું પડ્યું છે. કાળબળની સામે પડકાર ફેંકીને પણ શાસનની આન-શાન વધારી છે. સો ટચના સોના જેવો શાસનનો મૂલ્યવાન વારસો જાળવવામાં આ પ્રતિભાસંપન્ન સંઘનાયકોની રોમાંચક વાતો ઈતિહાસના પાને જોવા મળે છે.

પૂર્વે થઈ ગયેલા જૈનાચાર્યોમાં ઘણા અજૈન હતા. અને વર્તમાનમાં પણ કેટલાક જૈનાચાર્યો જૈનેતર છે. નશ્વર વૈભવના આત્મઘાતક-રંગરાગને શાસ્ત્રવચનો દ્વારા ઓળખી સંસારી માયાને ફગાવી દઈ જિનધર્મનું અમૃતપાન કરાવનારા વિક્રમની વીસમી સદીના તીર્થોદ્ધારકો, આગમગ્રંથોના સંશોધકો, અહિંસા ધર્મના પ્રસારકો એવા કેટકેટલા ધન્ય નામ થયાં છે. જૈન શાસનની આ મહાન વિભૂતિઓમાં પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ, શાસનસમ્રાટ પૂ. નેમિસૂરિજી મહારાજ, સિદ્ધાંત મહોદધિ પૂ. પ્રેમસૂરિજી મહારાજ, જ્યોતિર્ધર યુગપુરુષ પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, તિતિક્ષાની મૂર્તિ પૂ. ભુવનભાનુસૂરિજી મ., મહુડીતીર્થના સ્થાપક પૂ. બુદ્ધિસાગરસૂરિજી મહારાજ, આગમોદ્ધારક પૂ. આનંદસાગરસૂરિજી મહારાજ, આરાધક તપસ્વી પૂ. સિદ્ધિસૂરિજી મહારાજ, રૈવતગિરિના ઉદ્ધારક પૂ. નીતિસૂરિજી મહારાજ, વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. મોહનસૂરિજી મહારાજ, મહાન જ્યોતિર્ધર પૂ. લબ્ધિસૂરિજી મહારાજ, પંજાબ કેસરી પૂ. વલ્લભસૂરિજી મહારાજ, સંસ્કૃતિ શણગાર પૂ. કેસરસૂરિજી મ., કચ્છવાગડના દેશોદ્ધારકો, અનેક ધુરંધરો, પદસ્થો, આ બધા પરમ આદરણીય સંતોને કારણે ભારતભરમાં જૈનધર્મનો વિજયનાદ ગાજતો રહ્યો છે.

*સામ્પ્રતકાલીન શ્રમણસંઘના*

*મહાન સૂત્રધાર; પ્રથમ પીયૂષપયોનિધિ; પરમ તપસ્વી*

## પૂજ્ય પંન્યાસ શ્રી મણિવિજયજી દાદા

ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પ્રભુએ પચ્ચીસસો વર્ષ પૂર્વે ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી. પ્રભુજી ૭૨ વર્ષનું આયુષ્ય પાળી, અઘાતિ કર્મનો નાશ કરી નિર્વાણ પામ્યા. પ્રભુજીની પાટે શ્રી સુધર્માસ્વામીજી આવ્યા. ત્યાર બાદ ચરમ કેવલી શ્રી જંબૂસ્વામીજી આવ્યા. આ પાટપરંપરામાં જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી ૫૮મી પાટે થયા. ૬૯મી પાટે પં. શ્રી કીર્તિવિજયજી ગણિ થયા. તેમનો જન્મ ખંભાતમાં સં. ૧૮૧૬માં થયો હતો. તેમણે સં. ૧૮૬૧માં દીક્ષાગ્રહણ કરી હતી. તેમના શિષ્ય પં. કસ્તૂરવિજયજી ગણિ થયા. તેમનો જન્મ સં. ૧૮૩૭માં પાલનપુરમાં થયો હતો. તેમણે સં. ૧૮૭૦માં પૂ. પં. કીર્તિવિજયજી મહારાજ પાસે દીક્ષાગ્રહણ કરી હતી. તેમના શિષ્ય પં. શ્રી મણિવિજયજી દાદા શ્રી સુધર્માસ્વામીની ૭૧મી પાટે થયા.

ગુજરાતની ધરતી પર અનેક પવિત્ર તીર્થો છે, તેમાં ભોયણીજી એક પ્રભાવક અને પવિત્ર તીર્થ છે. ભોયણીજીની બાજુમાં અઘાર નામે ગામ છે. ત્યાં વીશા શ્રીમાળી જ્ઞાતિના જીવણદાસ શેઠ વસતા હતા. તેમના ધર્મપત્નીનું નામ ગુલાબદેવી હતું. સં. ૧૮૫૨ના ભાદરવા સુદમાં ગુલાબદેવીની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ મોતીચંદ પાડ્યું. શાળાનું સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કરીને મોતીચંદ પિતાના ધંધામાં જોડાયા અને ધંધાર્થે ખેડા જિલ્લાના પેટલી ગામમાં આવી વસ્યા. આ અરસામાં તેમને સાધુ-શિરોમણિ પં. શ્રી કીર્તિવિજયજી મહારાજનો માતર તીર્થે સમાગમ થયો અને તેમના ઉપદેશથી વૈરાગ્યવાસિત બન્યા. આગળ જતાં દીક્ષા લેવા તત્પર બન્યા. સં. ૧૮૭૭માં પાલી મુકામે પૂ. પં. શ્રી કીર્તિવિજયજી મહારાજે તેમને ૨૫ વર્ષની ભરયુવાન વયે દીક્ષા આપી શ્રી મણિવિજયજી નામે જાહેર કર્યા.

તેઓશ્રી મહાતપસ્વી અને ઉગ્ર વિહારી હતા. એનાથી પ્રભાવિત થઈને અનેક પુણ્યશાળી આત્માઓ તેમના શિષ્યો બન્યા. સં. ૧૯૧૨માં શ્રી બૂટેરાયજી, શ્રી મૂલચંદજી અને શ્રી વૃદ્ધિચંદજીને દીક્ષા આપી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી મણિવિજયજી દાદાના અપ્રતીમ ગુણો :** બાલ્યાવસ્થાથી જ સદ્‌ગુણી અને ધાર્મિક વૃત્તિવાળા માબાપના ઉત્સંગમાં ઊછરેલા આ મહાત્માના ગુણોનું શું વર્ણન કરવું! માતાપિતાએ એમના જીવનમાં એવી તો અક્ષય સુવાસ મૂકી કે જે તેમના જીવનપર્યંત અખૂટ રહી. આ વિનીત મુનિવરે પોતાની શારીરિક શક્તિ પહોંચી ત્યાં સુધી નાનામોટાં સર્વની ગોચરી-પાણી વગેરે વૈયાવચ્ચમાં સતત ઉદ્યમ કર્યો. પ્રસન્ન મુખ કદી મ્લાન કર્યું નહીં. સાનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગોમાં, વિહારમાં, તપસ્યામાં, કદી પણ વચન કે વદન વિકારી થયાં નહીં. એમના વ્યક્તિત્વમાં મળતાવડાપણાનો મહાન ગુણ હતો. તેથી ગમે તે સમુદાયના મુનિવર્યો સાથે તેમને હૃદયનો સંબંધ બંધાતો. ૮૬ વર્ષની વૃદ્ધાવસ્થાએ પોતાનું શરીર સાવ અશક્ત હોવા છતાં, પોતાની જરૂરિયાતોની ઉપેક્ષા કરી, રાંદેરમાં રત્નસાગરજીની તબિયત માટે મુનિ શ્રી સિદ્ધવિજયજીને દીક્ષા આપી કે તરત જ મોકલી આપ્યા. સાથે શ્રી શુભવિજયજીને પણ મોકલ્યા. ગુરુવર્યની આવી અવસ્થામાં તેમને છોડી જવા, એ શિષ્યોને ગમ્યું નહીં પણ ગુર્વાજ્ઞાનો અનાદર પણ કરી શક્યા નહીં અને અંતે પરિણામ એ આવ્યું કે ગુરુ-શિષ્યોનો ફરી મેળાપ થઈ શક્યો નહીં.

તેમને નવકારવાળી ગણવાનો વિશેષ અભ્યાસ હતો. જ્ઞાનદશામાં જાગ્રત, પ્રમાદના પરિહારી, હઠાગ્રહથી વેગળા રહી, જ્ઞાનાદિ આચારનું સેવન કરતાં જ્યાં સુધી શારીરિક સ્થિતિ નભી શકી ત્યાં સુધી અપ્રતિબદ્ધ વિહાર કરી, તપસ્યાઓ કરી, સમાચારીનું શુદ્ધ યથાર્થ આરાધન કરી, અકિંચન નિર્લેપ એવા આ બાળબ્રહ્મચારી મહાત્માએ લગભગ ૫૯ વર્ષ પર્યંત વિશુદ્ધ ચારિત્ર પાળી ભવ્ય જીવોને ધર્મપરાયણ કર્યા. જિંદગીભર આરાધનાપૂર્વક ખરેખરું કાર્ય કર્યું. અણાહારી પદના આ સાચા અભિલાષીએ જીવનમાં ઘણી વાર ચારે આહારનો ત્યાગ કરી, અણાહારીપદ માટે સતત પ્રયત્ન સેવી, છેવટે આઠમને દિવસે પણ ચારે આહારનો ત્યાગ કર્યો અને પૂજ્યશ્રી સં. ૧૯૩૫માં આસો સુદ ૮ને દિવસે કાળધર્મ પામ્યા. તેઓશ્રીએ સં. ૧૮૭૭માં દીક્ષા ગ્રહણ કરી; સં. ૧૯૨૨ના જેઠ સુદ ૧૩ને દિવસે પંન્યાસપદ અર્પવામાં આવ્યું. સં. ૧૯૨૩માં તેમને હસ્તે શ્રી મુક્તિવિજયજીને ગણિપદ આપવામાં આવ્યું. વર્તમાનમાં લગભગ ૧૦૦૦થી વધુ સાધુઓ પૂ. મણિવિજયજીદાદાના પરિવારમાં વિચરે છે.

*(પૂ.આ. શ્રી જિનેન્દ્રસૂરિજી મ.ના એક લેખમાંથી સાભાર)*

*સંવેગી શિરતાજ-મહા યોગીરાજ*

# પૂ. શ્રી બુદ્ધિવિજયજી (બૂટેરાયજી) મ.

પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં જૈનશાસનનો ડંકો વગાડનાર પંજાબી સાધુઓમાં શ્રી બૂટેરાયજી મહારાજ પ્રથમ પંક્તિમાં બિરાજે છે. તેઓ ધર્મગ્રંથોના ઊંડા અભ્યાસી અને ક્રિયાકાંડમાં નિપુણ સાધુવર્ય હતા.

શ્રી બૂટેરાયજી મહારાજ જન્મે શીખ હતા. તેમનો જન્મ વિ. સં. ૧૮૬૩માં લુધિયાણા નજીક દુલવા ગામમાં થયો હતો. તેમનું જન્મનામ બુટ્ટાસિંહ હતું. માતાનું નામ કર્માદે અને પિતાનું નામ ટેકસિંહ હતું. માતા કર્માદેને સુસ્વપ્નથી સૂચિત એક પુત્ર જન્મ્યો. એટલે માતાને મનોમન એવી પ્રતીતિ તો હતી જ કે પુત્ર અસાધારણ હશે. એમાં બાળક બુટ્ટાસિંહને ધાર્મિક વાચન અને ક્રિયાકાંડમાં વિશેષ રુચિ હતી. તે જોઈને માતાને પોતાની શ્રદ્ધા દૃઢ થતી દેખાતી હતી. એટલે માતાએ પુત્રમાં ધર્મના સંસ્કારો સિંચવામાં ખૂબ જ કાળજી લીધી હતી.

બુટ્ટાસિંહનું મન તત્કાલીન શીખ ધર્મના સાધુઓ કરતાં જૈન યતિઓ અને સ્થાનકવાસી સાધુઓ પ્રત્યે વધુ આકર્ષાયું હતું. માતાના આશીર્વાદ લઈ, ઘર છોડી નીકળેલા બુટ્ટાસિંહે અનેક સાધુઓનો સમાગમ કર્યો. વિ. સં. ૧૮૮૮માં દિલ્હીમાં એક સ્થાનકવાસી સાધુ પાસે દીક્ષા લઈ શ્રી બૂટેરાયજી મહારાજ નામે જાહેર થયા.

શ્રી બૂટેરાયજીનું પ્રથમ લક્ષ્ય સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાનું જ્ઞાન સંપાદન કરીને શાસ્ત્રોનું ઊંડું અધ્યયન કરવાનું હતું. આ પરિશીલનનાં સુફળ પ્રાપ્ત થયાં. તેનાથી સમગ્ર જૈનશાસનમાં એક મહાન ક્રાંતિ આવી. તેમણે સ્થાનકવાસી સંપ્રદાયને માન્ય એવા બત્રીસ આગમોનું ઝીણવટપૂર્વક વારંવાર અધ્યયન કર્યું. આ ક્રમ પાંચેક વર્ષ ચાલ્યો. પરિણામસ્વરૂપ, તેમના મનમાંથી મૂર્તિપૂજાનો વિરોધ નીકળી ગયો.

જન્મે શીખસંતાન હોવાથી તેમનું મનોબળ ખૂબ દૃઢ હતું. પોતાને યોગ્ય લાગે તે મત વ્યક્ત કરતાં તેઓ કદી અચકાતા નહીં. પરિણામે અનેક વારના શાસ્ત્રાધ્યયનને આધારે મૂર્તિપૂજા અને મુહપત્તિના પ્રશ્નોને તેમણે હિંમતપૂર્વક જાહેર કર્યા અને તે પ્રમાણે અનુસરવાનો અનુરોધ કર્યો. ગુજરાનવાલાના ચાતુર્માસ વખતે તેમણે પોતાના આ મતને સંઘ સમક્ષ વહેતો મૂક્યો, શાસ્ત્રીય રીતે સિદ્ધ કરી બતાવ્યો. પરિણામે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિયાલકોટ, પતિયાલા, પપનાખા, અમૃતસર, પસરૂર, રામનગર, અંબાલા આદિ અનેક સ્થળોએથી તેમને અનુસરનારા સંઘો થયા. એમાં બે પ્રખર શિષ્યોનો ઉમેરો થયો. સં. ૧૯૦૨માં શિયાલકોટમાં મૂલચંદને દીક્ષા આપી અને સં. ૧૯૦૮માં રામનગરમાં વૃદ્ધિચંદને દીક્ષા આપી. આ ત્રિપુટીએ સત્યધર્મની મશાલ પ્રજ્વલિત કરી જૈનશાસનના પ્રચાર–પ્રસાર માટે વિહાર આદર્યો. સં. ૧૯૧૧માં સિદ્ધાચલજીની યાત્રાએ આવ્યા. ભાવનગર ચાતુર્માસ કર્યું. અહીં પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના સાહિત્યનું અવગાહન કર્યું. એ ચોમાસું વિતાવીને સં. ૧૯૧૨માં અમદાવાદ મુકામે પૂ. મણિવિજયજી દાદા પાસે સંવેગી દીક્ષા લીધી. શેઠ પ્રેમાભાઈ, હેમાભાઈ, દલપતભાઈ આદિ તેમના શ્રાવકો થયા. આ ત્રિપુટીએ ગુજરાતમાં રહીને યતિઓ સામે જેહાદ જગાવી. સંવેગી ધર્મની વિજયપતાકા ફરકાવી. સાધુઓને સમ્માનનીય સ્થિતિ આપી. છ વર્ષ જેટલા લાંબા સમય સુધી પંજાબમાં વિચરી ધર્મ પ્રત્યેના વાદવિવાદ અને મતભેદો શમાવ્યા. સં. ૧૯૨૯માં પુનઃ ગુજરાતમાં પધાર્યા ત્યારે તેમના શિષ્ય આત્મારામજી મહારાજ સાથે ૧૭ સાધુઓએ સંવેગી દીક્ષા ગ્રહણ કરી, એ એક ઐતિહાસિક ઘટના હતી.

શ્રી બૂટેરાયજી મહારાજની પડછંદ કાયા જોઈને થતું કે તે સમયે તેમના જેવા પ્રભાવી સંવેગી સાધુ સ્થાનકવાસીમાં કે યતિઓમાં પણ કોઈ ન હતા. તેઓ પ્રતાપી હતા અને સત્ય તથા સંયમની મૂર્તિ હતા. તેઓશ્રીએ મૂલચંદજી મહારાજને ગુજરાત, વૃદ્ધિચંદજી મહારાજને કાઠિયાવાડ, આત્મારામજી મહારાજને પંજાબ અને નીતિવિજયજી મહારાજને સુરત તરફના પ્રદેશ ભળાવ્યા હતા. પરિણામે તેઓશ્રી શિષ્ય–પ્રશિષ્ય આદિનો વિશાળ સમુદાય ઊભો કરી શક્યા હતા. એ સત્યવીર મહાયોગી સં. ૧૯૩૯માં અમદાવાદમાં કાળધર્મ પામ્યા. એ શીખસંતાનને ધન્ય છે, જે શ્રી મહાવીર પ્રભુના શાસનમાં સંઘનાયક બન્યા.!

*વીસમી સદીના, જૈનશાસનના રાજા*

## પૂ. ગણિવર્ય શ્રી મુક્તિવિજયજી (મૂલચંદજી) મહારાજ

વીસમી સદીના જૈન-શાસનના રાજા તરીકે ઓળખતા તે પૂ. ગણિવર્ય શ્રી મુક્તિ-વિજયજી (મૂળચંદજી) મહારાજ જૈનશાસનના ગગનમાં એક તેજસ્વી તારલા હતા.

પૂ. મૂળચંદજી મહારાજનો જન્મ પંજાબમાં શિયાલકોટમાં વિ. સં. ૧૮૮૯માં ભાવડા જૈન જ્ઞાતિમાં ઉપકેશ વંશમાં બરડ ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ સુખા શાહ અને માતાનું નામ બકોરાબાઈ (મહતાબદેવી) હતું. બાળક મૂળચંદ નાનપણથી જ બહુ તેજસ્વી હતા. દેખાવે શક્તિશાળી અને પ્રતિભાશાળી લાગતા. નાનપણથી જ વ્યાવહારિક શિક્ષણ સાથે સ્થાનકમાં જવાની ટેવ પડી. સામાયિક કરે, પ્રતિક્રમણ કરે અને 'થોકડા'નો મુખપાઠ કરે. આગળ જતાં, સાધુઓનો પરિચય પ્રગાઢ થતાં નિયમ લેવાની ઇચ્છાઓ જાગી અને એક સમય એવો આવ્યો કે તેમને દીક્ષા લેવાની ભાવના થઈ. માતાપિતાએ પ્રસ્તાવને સહર્ષ અનુમોદન આપ્યું. સોળ વર્ષની ઉંમરે સં. ૧૯૦૨માં ઋષિ બૂટેરાયજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા ગ્રહણ કરી.

શ્રી બૂટેરાયજી મહારાજ અને મૂળચંદજી મહારાજ– બંને ગુરુશિષ્ય–ઘણી ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા હતા. એને લીધે શાસનમાં પેસી ગયેલી આચાર શિથિલતાઓ અને કુરીતિઓ નાબૂદ થઈ શકી. જિનપ્રતિમાની પૂજા કરવી કે નહીં તથા મુહપત્તિ બાંધવી કે નહીં, તે વિશે સમાધાન ન થતાં સં. ૧૯૦૩માં પંજાબમાં રામનગરમાં મુહપત્તિનો દોરો તોડી નાખ્યો. એથી સંઘમાં ઘણો ઉહાપોહ થયો, પરંતુ પોતાની શંકાના સમાધાન માટે બૂટેરાયજી મહારાજ પોતાના બે શિષ્યો શ્રી મૂળચંદજી અને શ્રી વૃદ્ધિચંદજી સાથે એક હજાર માઈલ કરતાં પણ વધુ અંતરનો કઠિન અને ઉગ્ર વિહાર કરીને પૂ. મણિવિજયજી દાદા પાસે અમદાવાદ આવ્યા. તેઓશ્રીના સત્સંગથી અત્યંત પ્રભાવિત થઈને, ત્રણેએ પૂ. દાદા પાસેથી ફરી સંવેગી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. શત્રુંજય મહાતીર્થની યાત્રા કરીને સં. ૧૯૧૨માં અમદાવાદમાં આવીને ત્રણેએ સંવેગી દીક્ષા લીધી. શ્રી બૂટેરાયજીનું નામ બુદ્ધિવિજયજી, શ્રી મૂળચંદજીનું નામ મુક્તિવિજયજી અને શ્રી વૃદ્ધિચંદજીનું નામ વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું.

ગુજરાતમાં એ સમયે સાચા ત્યાગી–સંવેગી સાધુઓની સંખ્યા ઘણી જ ઓછી થઈ ગઈ હતી. કઠિન સાધનામાર્ગ અને પ્રતિકૂળ સંજોગોને કારણે સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન તેમ જ પંજાબમાં–કુલ મળીને પચીસથી ત્રીશ જેટલા જ સંવેગી સાધુઓ છૂટાછવાયા વિચરતા હતા. યતિ અને શ્રીપૂજ્યની સંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી. મોટાં નગરોમાં તેઓનું બળ પણ ઘણું વધ્યું હતું. પંજાબથી આવેલા આ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુમહારાજોએ જૈન સાધુસમાજમાં એક ક્રાંતિકારી પગલું ભર્યું અને એને લીધે શ્રી બૂટેરાયજી મહારાજ સંવેગી દીક્ષા ધારણ કરી જ્યારે પંજાબમાં પાછા ફર્યા ત્યારે ત્યાં ઘણો ખળભળાટ મચી ગયો, પરંતુ તેઓશ્રીના પ્રભાવથી પંજાબના વતની અને જન્મે બ્રહ્મક્ષત્રિય એવા આત્મારામજી મહારાજ અને એમની સાથે ૧૮ સાધુઓ પણ પંજાબમાંથી વિહાર કરીને ગુજરાતમાં આવ્યા અને સંવેગી દીક્ષા ધારણ કરી, આમ, પંજાબી સાધુઓનો ગુજરાત પર મોટો ઉપકાર થયો.

પૂજ્યશ્રીએ સંઘની વારંવાર વિનંતી હોવા છતાં આચાર્યની પદવી લેવાની ના પાડી હતી. જીવનભર ગણિ જ રહ્યા. તેમ છતાં, તેઓશ્રીની તપશ્ચર્યા ઉગ્ર જ રહી; શાસનપ્રભાવના અત્યંત પ્રભાવશાળી જ રહી.

પૂ. શ્રી મૂળચંદજી મહારાજે અમદાવાદ, પાલિતાણા આદિ સ્થળોમાં યતિઓ–શ્રીપૂજ્યોનું જોર હતું તે તોડી નાખ્યું. તેમને વંદન કરવાનું, તેમના સામૈયામાં જવાનું, તેમની પાસેથી પદવી લેવાનું બંધ કર્યું. તેમના સ્થાપનાચાર્ય ઉપર છેવટે રૂમાલ ઓઢાડવાનું પણ ન સ્વીકાર્યું. પાલિતાણામાં તો યતિઓનું એટલું બધું જોર હતું કે સાધુઓ પાલિતાણામાં આવી, છાનામાના યાત્રા કરીને ચાલ્યા જતા. એવે સમયે શ્રી મૂળચંદજી મહારાજે દર્શનવિજયજી મહારાજને ચાતુર્માસ માટે પાલિતાણા મોકલ્યા. શ્રી દર્શનવિજયજી મહારાજ વાદમાં અને પ્રવચનમાં એટલા પારંગત હતા કે યુવાનવર્ગ યતિઓ પાસે જવાને બદલે એમની પાસે જવા માંડ્યો. યતિઓનું જોર ઓછું થયું. તે પછી ખુદ મૂળચંદજી મહારાજે જ પાલિતાણામાં પધારીને ભક્તિસંગીત તેમ જ વિવિધ રાગરાગિણીમાં પૂજા ભણાવવાનો પ્રચાર કરીને લોકોનાં દિલ જીતી લીધાં..

પ્રખર ચારિત્રપાલક સાધુભગવંત મૂળચંદજી મહારાજ સં. ૧૯૪૪નું ચોમાસું પાલિતાણામાં, ગિરિરાજ શત્રુંજયની છાયામાં, વિતાવતા હતા ત્યારે તેઓશ્રીની તબિયત બગડી. શિષ્યપરિવાર સાથે ભાવનગર પધાર્યા. વૃદ્ધિચંદજી મહારાજ ખડે પગે વૈયાવચ્ચ કરવા લાગ્યા. સં. ૧૯૪૫ના માગશર સુદ ૬ને દિવસે બપોરે ૩-૨૦ કલાકે ૫૯ વર્ષની વયે પૂજ્યશ્રીએ દેહ છોડ્યો. ભાવનગરના સંઘે દાદાસાહેબના પ્રાંગણમાં તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો અને ત્યાં જ આ મહાન પ્રભાવકનું સમાધિમંદિર બંધાવ્યું.

*સદ્‌ગુણોથી શોભતા સમર્થ શાસનરત્ન*

# પૂ. મુનિરાજશ્રી વૃદ્ધિવિજયજી (વૃદ્ધિચંદજી) મહારાજ

ગઈ કાલના તેમ જ આજના કેટલાય પ્રખર આચાર્યો તેમ જ મુનિવરોનું ગુરુપદ શોભાવનાર પરમ પ્રતાપી શ્રી વૃદ્ધિચંદજી મહારાજ તેમની ક્રિયા–તત્પરતા, શાંતિપ્રિયતા અને નિરાભિમાનીપણાને લીધે જૈનશાસનમાં જાણીતા છે.

તેઓશ્રીનો જન્મ પંજાબમાં લાહોર જિલ્લામાં રામનગર શહેરમાં વિ. સં. ૧૮૯૦ના પોષ સુદ ૧૧ને દિવસે થયો હતો. પિતાનું નામ ધર્મજશ અને માતાનું નામ કૃષ્ણાદેવી હતું. તેમનું પોતાનું સંસારીનામ કૃપારામ હતું. જ્ઞાતિએ ઓસવાલ હતા. કૃપારામ ગામઠી નિશાળે અભ્યાસ કરી ચૌદ વર્ષની ઉંમરે દુકાને બેઠા. એ સમયે પંજાબમાં ઢુંઢક મતનું પ્રાબલ્ય હતું. ધર્મવૃત્તિવાળા કૃપારામ પણ તે મતની ક્રિયાઓ કરવા લાગ્યા. દરમિયાન કૃપારામનું વેવિશાળ કરવામાં આવ્યું હતું પણ કોઈ કારણસર તે તૂટ્યું. બીજે ઠેકાણે વાત ચાલતી હતી, પણ તે મુલતવી રહી. આ વખતે સં. ૧૯૦૩માં પૂ. બૂટેરાયજી મહારાજે મુનિ મૂળચંદજી તથા શ્રી પ્રેમચંદજી સાથે ઢુંઢક મતનો ત્યાગ કર્યો. કૃપારામમાં વૈરાગ્યભાવના જાગી. સં. ૧૯૦૫માં દીક્ષા લેવાનો વિચાર કર્યો, પણ તે પાર પડ્યો નહીં, પરંતુ બૂટેરાયજી મહારાજે સં. ૧૯૦૮માં અષાઢ સુદ ૧૩ને દિવસે દિલ્હીમાં દીક્ષા આપી તેમને શ્રી વૃદ્ધિચંદજી નામે ઘોષિત કર્યા.

શ્રી વૃદ્ધિચંદજી મહારાજે દીક્ષા ગ્રહણ કરીને અભ્યાસ અને ભક્તિમાં ખૂબ ધ્યાન આપ્યું. પછી તેઓ ગુજરાતમાં આવ્યા. અહીં તેઓશ્રીની પુણ્યપ્રતિભા ખૂબ વિસ્તરી. સં. ૧૯૧૨માં અમદાવાદમાં શ્રી બૂટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ અને શ્રી વૃદ્ધિચંદજી મહારાજની વડીદીક્ષા પં. શ્રી મણિવિજયજી દાદા પાસે થઈ. શ્રી વૃદ્ધિચંદજીનું નામ મુનિશ્રી વૃદ્ધિવિજયજી રાખવામાં આવ્યું. આ પછી તેઓશ્રીએ ગ્રામાનુગ્રામ વિહાર કરીને ધર્મોપદેશ આપવા માંડ્યો, તેમ જ શાસનહિત માટે અનેક કાર્યો કરવા માંડ્યા. તેમની વાણી અતીવ મધુર અને પ્રભાવી હતી. વળી તેઓશ્રી એટલા નમ્ર હતા કે કોઈની સામે સહેજ પણ કડક વલણ દાખવતા નહીં. શ્રી બૂટેરાયજી મહારાજના સ્વર્ગવાસ પછી શ્રી મૂળચંદજી મહારાજ, કે જેઓ તેમના ગુરુભાઈ હતા તેમને વડીલ માન્યા અને તેમના ભક્તિવિનયમાં પોતાની મહત્તા સમજી. શત્રુંજય અંગેની લડતમાં તેઓશ્રીએ આગવું કાર્ય કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનગરમાં સંઘ વચ્ચે ચાલતા ઝગડા મિટાવ્યા. 'જૈનધર્મ પ્રસારક સભા' તથા 'જૈન ધર્મપ્રકાશ' માસિક પણ તેઓશ્રીની સદ્ભાવનાનું ફળ છે.

પૂજ્યશ્રી દીક્ષા લીધા પછી પંજાબમાં ત્રણ વર્ષ રહ્યા. સં. ૧૯૧૧માં ગુજરાતમાં આવ્યા. પછી પંજાબ ગયા જ નહીં. ગુજરાતમાં ૩૮ ચોમાસાંમાં અડધોઅડધ તો ભાવનગરમાં જ કર્યાં. બાકીનાં વલ્લભીપુર, પાલિતાણા, અમદાવાદ વગેરે સ્થાને કર્યાં. જીવનની છેલ્લી ઘડી સુધી જૈન વિદ્યાશાળા તેમ જ પાઠશાળા માટે ચિંતા સેવ્યા કરી.

સં. ૧૯૪૯માં વ્યાધિએ જોર કર્યું. 'અરિહંત સિદ્ધ સાહુ'ના ધ્યાનમાં વૈશાખ સુદ ૭ની રાતના ૯-૩૦ કલાકે ભાવનગરમાં દેહોત્સર્ગ કર્યો. તેમનાથી દીક્ષિત થયેલા પં. શ્રી ગંભીરવિજયજી, શ્રી ધર્મસૂરિજી (કાશીવાળા), શ્રી વિજયનેમિ-સૂરિજી આદિ ૧૦ સાધુઓ હતા, જેમાં કેટલાક પ્રખર પ્રતાપી મુનિવરો અને સૂરિવરોનો સમાવેશ થાય છે. આજે પણ તેઓશ્રીના નામ પાછળ સેંકડો સાધુઓની પરંપરા છે.

*(સંકલન : 'શ્રી તપાગચ્છ શ્રમણવટવૃક્ષ'માંથી સાભાર.)*

*ન્યાયાંભોનિધિ, કુવાદિતિમિરતરણી*

## પૂ. આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજ

પ્રકાંડ પંડિત પૂ. આત્મારામજી મહારાજ પંજાબ અને ગુજરાતની ધરતી પર ભવ્ય અને વિશાળ શાસનપ્રભાવના પ્રસરાવનાર મહાન સાધુ હતા. છેલ્લા બે સૈકામાં થયેલા બહુશ્રુત પ્રભાવક જૈનાચાર્યોમાં આત્મારામજી મહારાજનું સ્થાન મુખ્ય છે.

પૂ. આત્મારામજી મહારાજ જન્મે કપૂર બ્રહ્મક્ષત્રિય જાતિના હતા. તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૮૯૨ના ચૈત્ર સુદ ૧ ને મંગળવારે પંજાબમાં જીરાનગર નજીક લહેરા ગામમાં થયો હતો. તેમનું જન્મનામ દિત્તારામ હતું. માતાનું નામ રૂપાદેવી અને પિતાનું નામ ગણેશચંદ્ર હતું. પિતા ગણેશચંદ્ર મહારાજા રણજીતસિંહના સૈનિક હતા. લહેરાના જાગીરદાર અત્તરસિંહ શીખ ધર્મગુરુ હતા. એમની ઇચ્છા દિત્તાને શીખ ધર્મગુરુ બનાવવાની હતી, પરંતુ ગણેશચંદ્ર એકના એક પુત્રને સાધુ બનાવવાની ઇચ્છા ધરાવતા ન હતા. તેથી અત્તરસિંહે તેમને જેલમાં પૂર્યા. જેલમાંથી ભાગીને તે અત્તરસિંહ સામે બહારવટે ચડ્યા અને એક વખત ઉપરીઓની સાથે ઝપાઝપીમાં ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા, પરંતુ દિત્તારામના લલાટે સંસારત્યાગની રેખા લખાયેલી હતી તે તેઓ ભૂંસી શક્યા નહીં. પિતાના મિત્ર જોધમલ ઓસવાલને ત્યાં ઊછરતા દિત્તાને જૈન સાધુઓનો સંપર્ક થતો રહ્યો. સામાયિક-પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓમાં રસ પડવા માંડ્યો. આગળ જતાં, લહેરામાં આવેલા બે સ્થાનકવાસી જૈન સાધુઓ ગંગારામજી મહારાજ અને જીવણરામજી મહારાજની છાપ દિત્તાના મન ઉપર અમીટ પડી. એમણે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. જોધમલ ઓસવાલની નામરજી છતાં દિત્તાને દીક્ષા માટે સંમતિ આપવી પડી. વિ. સં. ૧૯૧૦માં ૧૮ વર્ષની વયે માલેરકોટમાં જીવણલાલજી મહારાજના હસ્તે દીક્ષા લીધી અને આત્મારામજી નામ રાખવામાં આવ્યું.

પૂ. આત્મારામજી મહારાજ અત્યંત પ્રભાવશાળી યુવાન સાધુ હતા. અધ્યયન-અધ્યાપન પ્રત્યે તેમને અપાર લાગણી હતી. તેમની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ અજોડ હતી. રોજની ૩૦૦ ગાથાઓ કંઠસ્થ કરી શકતા. અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કરીને આગમોના કેટલાક પાઠોના ખોટા અર્થો સુધારવાનું ભગીરથ કાર્ય તેમના હાથે થયું. આગમના ગ્રંથો ઉપરાંત વેદો, ઉપનિષદો, પુરાણો, ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, શાંકરભાષ્ય આદિ હિન્દુ ધર્મના, તેમ જ કુરાન અને બાઈબલ જેવા અન્ય ધર્મગ્રંથોનું તેમણે ઊંડું પરિશીલન કર્યું હતું. ઈ. સ. ૧૮૯૩માં શિકાગોમાં ભરાયેલી વિખ્યાત સર્વધર્મ પરિષદમાં ભાગ લેવા માટે જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે પૂજ્ય આચાર્યપ્રવરને આમંત્રણ મળ્યું હતું, પરંતુ જૈનસાધુ સમુદ્ર પાર જતા ન હોવાથી એ પરિષદ માટે મહુવાના યુવાન બેરિસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને તૈયાર કરીને મોકલવામાં આવ્યા હતા. આ માટે તેઓશ્રીએ તૈયાર કરેલો 'શિકાગો પ્રશ્નોત્તર' નામનો ગ્રંથ જૈનધર્મના પાયાના સિદ્ધાંતો પર ઘણો પ્રકાશ પાડે છે. આ પરિષદમાં પૂ. આત્મારામજી મહારાજ ગયા હોત તો સ્વામી વિવેકાનંદ સાથે મેળાપ થાત! પૂ. આત્મારામજી મહારાજ જે તેઓનું સ્થાનકવાસી નામ છે અને શ્રી વિજયાનંદસૂરિ તેઓનું સંવેગી દીક્ષા પછી આચાર્ય થયા બાદનું નામ છે. આ બંને નામનો સંયુક્ત પ્રભાવ પંજાબ, રાજસ્થાન, ગુજરાત આદિ પ્રાન્તોમાં એટલો અસરકારક રહ્યો કે બંને સંયુક્ત નામે 'આત્માનંદ' નામની અનેક શાળાઓ, કોલેજો, પાઠશાળાઓ, પુસ્તકાલયો, દવાખાનાંઓ, ધર્મશાળાઓ આદિની સ્થાપના થઈ. પંજાબમાં તો જ્યાં જઈએ ત્યાં 'આત્માનંદ'નું જ નામ ગુંજતું હોય!

સં. ૧૯૧૦માં દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓશ્રી ૧૭ સાધુઓ સાથે ગુજરાતમાં આવ્યા. ૨૨ વર્ષના દીક્ષાપર્યાય પછી સં. ૧૯૩૨માં બૂટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લીધી. એ જમાનામાં આ એક ઐતિહાસિક ઘટના હતી. સં. ૧૯૩૨નું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાતુર્માસ ભાવનગર કરીને તેઓશ્રી રાજસ્થાનમાં થઈ પંજાબમાં પાંચ વર્ષ વિચર્યા. ત્યાર બાદ પાછા ગુજરાતમાં, અમદાવાદ, સુરત, રાધનપુર, મહેસાણા, પાલિતાણા આદિ સ્થળોએ ચાતુર્માસ કર્યાં. સમગ્ર જૈનસમાજ પર પૂજ્યશ્રીનો ખૂબ જ પ્રભાવ હતો.

તેઓશ્રી પંજાબી, ગુજરાતી, હિન્દી, અર્ધમાગધી, સંસ્કૃત આદિ ભાષા ઉપર ખૂબ જ પ્રભુત્વ ધરાવતા હતા. તેથી અનેક ગ્રંથોના અધ્યયન ઉપરાંત ધર્મશાસ્ત્રોની ચર્ચા કરતા. મહાન ગ્રંથોની રચના એ પણ તેમના સાધુજીવનનું ભગીરથ કાર્ય હતું.

પૂ. આત્મારામજી મહારાજ વિદ્વાન હતા તે સાથે વિનયશીલ પણ હતા. જેટલા લોકપ્રિય અને સમ્માનનીય હતા તેટલા લોકચાહક અને લોકાદર ધરાવનાર પણ હતા. આ ગુણો વિશે તેમની આસપાસ અનેક પ્રસંગો નોંધાયા છે, જેની સુવાસ ઘણા લાંબા સમય સુધી જૈન શાસનમાં ફેલાતી રહેશે. પંજાબમાં જૈન, હિન્દુ, મુસલમાન, શીખ ધર્મો વચ્ચે ચાલતી વિસંવાદિતાને મિટાવી શક્યા; ચારે ધર્મીઓ વચ્ચે સુમેળ અને સહકારની ભાવના સ્થાપી શક્યા અને પરિણામે એમના ભક્તજનોમાં માત્ર જૈનો જ નહોતા, પરંતુ શીખ અને મુસલમાનો પણ તેમના ચુસ્ત અનુયાયીઓ બન્યા હતા. તે જમાનાના ધર્મઝનૂની માનસ ધરાવતા લોકોમાં આવો એખલાસ સ્થપાય એ નાનીસૂની સિદ્ધિ નથી.

સાઠ વર્ષના આયુષ્યમાં તેઓશ્રીએ અનેક ભગીરથ કાર્યો કર્યાં. લોકોમાં ધર્મ પ્રત્યેની અદ્‌ભુત જાગૃતી આણી. શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે અનેક સમાજોપયોગી કાર્યોની–પ્રવૃત્તિઓની રચના કરી. જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સંઘના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નોનાં નિરાકરણ કર્યાં. એ મહામના સાધુશ્રેષ્ઠ સં. ૧૯૫૩ના ચાતુર્માસ માટે ગુજરાનવાલા (હાલ પાકિસ્તાનમાં) તરફ વિહાર કરતા હતા ત્યાં તેમની તબિયત બગડી. ઉગ્ર વિહાર થઈ શક્યો નહીં. હાંફ ચડવા લાગ્યો. ગુજરાનવાલા પહોંચ્યા. જેઠ સુદ ૭ને દિવસે સાંજે પ્રતિક્રમણ કર્યા પછી રાત્રે એકદમ શ્વાસ ચડ્યો. તેઓશ્રી ઊઠીને આસન ઉપર બેઠા. શિષ્યમંડળ દોડી આવ્યું. તેમણે આસન ઉપર બેસીને ત્રણ વાર 'અર્હન્‌, અર્હન્‌, અર્હન્‌' એમ મંત્રોચ્ચાર કર્યો અને બોલ્યા, "લો ભાઈ, અબ હમ ચલતે હૈં સબ કો ખમાતે હૈં." અને તેઓશ્રીના ભવ્યાત્માએ નશ્વરદેહ છોડી દીધો. પૂજ્યશ્રીના કાળધર્મ પામ્યાના સમાચાર જોતજોતાંમાં સમગ્ર ભારતવર્ષમાં ફેલાઈ ગયા. અનેક સ્થળે તેઓશ્રીની પ્રતિમાની અને પાદુકાની સ્થાપનાઓ થઈ. શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થ પર પણ પૂજ્યશ્રીની પ્રતિમાઓ સ્થાપવાનો નિર્ણય થયો છે બરાબર એ તેમની અક્ષરકીર્તિનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. તેઓશ્રીએ પોતાના સમુદાયના ઉત્તરાધિકારી આ. શ્રી વલ્લભસૂરીજી તથા આ.શ્રી કમલસૂરિજીને બનાવ્યા. જેથી તેઓની શિષ્ય પરંપરામાં 'આત્મવલ્લભજી' અને 'આત્મકમલ' શાખા નીકળી.

*સૌજન્ય : શ્રીસંયમસુવર્ણોત્સવસમિતિપાવાપુરી-સમવસરણમંદિરતીર્થ.*

*વચનસિદ્ધ વિભૂતિ*

## પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર્ય

જન્મ : સં. ૧૯૦૮ : પડવા ગામ (ભાવનગર). દીક્ષા : સં. ૧૯૩૫ અંબાલા (પંજાબ). ઉપાધ્યાયપદ : સં. ૧૯૫૭ (પાટણ). સ્વર્ગવાસ : સં. ૧૯૭૫ (ખંભાત).

પૂજ્ય ઉપાધ્યાય શ્રી વીરવિજયજી ગણિવર શાંતિની મૂર્તિ સમા હતા. પ્રેરણાનું કેન્દ્રસ્થાન હતા. તેઓશ્રી ભાવનગર પાસેના બાડી–પડવાના વતની હતા. ભાવસાર જ્ઞાતિમાં જન્મ્યા હતા. પૂ. મુનિવર શ્રી થોભણવિજયજી મહારાજના પરિચયથી વૈરાગ્યવાસિત બન્યા હતા. લગ્ન થયાને થોડો સમય થયો હતો, છતાં સંયમના રાગે પંજાબમાં દીક્ષા લેવા માટે ગયા, પરંતુ સંબંધીઓને ખબર પડતાં પંજાબમાંથી પાછા લઈ આવ્યા. તેમના માતુશ્રીએ કહ્યું કે, "તું મારે એકનો એક પુત્ર છે. મારી સંભાળ કોણ લે? તારે પુત્ર થાય પછી દીક્ષા લેવી હોય તો ખુશીથી લેજે." વીરજીભાઈએ માતાની આ વાત કબૂલ રાખી.

એક વખત વીરજીભાઈ આઠ આના અને તપેલી લઈને ઘી લેવા માટે જતા હતા, ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણે સમાચાર આપ્યા કે, "વીરજી! તારી વહુએ દીકરાને જન્મ આપ્યો છે." બસ, આ સાંભળી હાથમાંની તપેલી અને આઠ આના પેલા બ્રાહ્મણને આપી દીધાં અને કહ્યું કે, "મારી માતાને કહેજો કે વીરજી દીક્ષા લેવા ગયો." આ સમાચાર મળતાં માતાને પણ ખાતરી થઈ કે હવે વીરજી પાછો નહીં આવે. વીરજીભાઈ સીધા પંજાબ પહોંચ્યા. અંબાલામાં પૂ. આત્મારામજી મહારાજે તેમને દીક્ષા આપી અને પોતાના શિષ્ય જાહેર કર્યા. દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી વીરવિજયજી જ્ઞાન–ધ્યાનમાં લાગી ગયા. તેઓશ્રી વ્યાખ્યાન સરસ આપતા. ઉપરાંત અચ્છા કવિ, ગાયક અને સમર્થ મુનિવર્ય પણ હતા. શુદ્ધ ચારિત્રપાલનના પ્રભાવે તેઓશ્રીના જીવનમાં ચમત્કાર જેવા અનેક–પ્રસંગો બનેલા. તેઓશ્રી વચનસિદ્ધ પણ હતા. તે વિશેના એક–બે પ્રસંગો નોંધપાત્ર છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રી ગુરુવર્યો આદિ સાથે સૌરાષ્ટ્રમાં પધારેલા ત્યારે ભાવનગર પાસે સાણોદર ગામે પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી) આદિએ સવારે વિહાર કર્યો અને પોતે નવકારસી વાપરવા રોકાયા. તેઓશ્રીએ પછી આઠ વાગે વિહાર કર્યો. પૂ. દાનવિજયજી મહારાજ દસ માઈલ ચાલીને કોળિયાક પહોંચ્યા, તો પૂ. વીરવિજયજી ઉપાશ્રયમાં બેઠા હતા! શ્રાવકોએ કહ્યું કે, "પૂજ્યશ્રી તો આઠ વાગ્યાના અહીં આવી ગયા છે! તમે કેમ મોડા પડ્યા?" આ સાંભળી બધા આશ્ચર્યચકિત થઈ ગયા!

શિહોરમાં મૂંગો નામે પોપટ ઉપાશ્રયમાં કામ કરે. એક વખત પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પધાર્યા. પોપટ ઉપાધ્યાયજી મહારાજના પગ દાબે. પૂજ્યશ્રીએ પૂછ્યું કે, "કોણ છે?" પોપટ મૂંગો હોવાથી શી રીતે જવાબ આપે? ત્યાં તો ઉપાધ્યાયજી મહારાજ બોલ્યા કે, "અરે બોલ, બોલતો કેમ નથી?......" અને પોપટ બોલતો થઈ ગયો! એક વખત તેઓશ્રી ખંભાતમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં અચાનક પૂ. ઉપાધ્યાયજી મહારાજ પોતાના હાથમાં રહેલી મુહપત્તિ મસળવા લાગ્યા. આ જોઈને શ્રાવકોએ પૂછ્યું, તો કહે, "ભાવનગર-વડવાના ઉપાશ્રયમાં પાટ સળગતી હતી તે ઓલવી નાખી." શ્રાવકો આશ્ચર્ય પામ્યા અને ભાવનગર તપાસ કરાવી તો ખબર મળ્યા કે તે સમયે પાટ સળગી હતી અને આપોઆપ બુઝાઈ પણ ગઈ હતી!

દીક્ષા પછીના પ્રથમ વર્ષે જ શ્રી રામવિજયજી મહારાજને તેમણે વ્યાખ્યાન કરવાનો આદેશ આપ્યો અને વ્યાખ્યાન સાંભળીને પીઠ થાબડતાં કહ્યું કે, "તૂ અચ્છા વ્યાખ્યાતા હોગા." આ ભવિષ્યવાણી એટલી બધી સચોટ પૂરવાર થઈ કે એમના મૂર્તિમંત ઉદાહરણ રૂપે આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ચારિત્ર સાક્ષીભૂત છે. આવા ચમત્કારો પછી તાબડતોબ ત્યાંથી વિહાર કરી જતા!

*(સંકલન : 'શ્રી દાન-પ્રેમ વંશવાટિકા'માંથી સાભાર.)*

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી-સમવસરણમંદિર તીર્થ.*

*જૈનશાસનમાં જેઓ 'સદ્ધર્મસંરક્ષક' તરીકે પ્રસિદ્ધિ પામ્યા એવા*

## પૂ. આ.શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ

જન્મ : સં. ૧૯૦૮ સરસા (પંજાબ), યતિ દીક્ષા : સં. ૧૯૨૦ (પંજાબ), સ્થાનકવાસી દીક્ષા : સં. ૧૯૨૯ જીરા (પંજાબ), સંવેગી દીક્ષા : સં. ૧૯૩૨ અમદાવાદ, આચાર્યપદ : સં. ૧૯૫૭ પાટણ અને સ્વર્ગવાસ : ૧૯૮૩ જલાલપુર (નવસારી).

સદ્ધર્મસંરક્ષક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ. પૂ. મુનિવર શ્રી લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્ય, પૂ. આત્મારામજી મહારાજના પ્રભાવક પટ્ટધર અને શ્રી સુધર્માસ્વામીજીની ૭૪મી પાટને પોતાના પ્રચંડ ચારિત્રપ્રભાવથી અને નીડર પડકારથી શોભાવી જનારા આ મહાપુરુષ અનેક રીતે પૂ. આત્મારામજી મહારાજના ઉત્તરાધિકારી હતા. કોઈની યે શેહમાં નહીં તણાવાની, સત્યના નિરૂપણમાં સિંહ જેવો નાદ જગાવવાની અને નિઃસ્પૃહતાની પરાકાષ્ટાની કળા તેમણે પૂ. આત્મારામજી મહારાજ પાસેથી મેળવી હતી. બાર વર્ષની ઉંમરે તેમણે યતિ-દીક્ષા મેળવી હતી,

પૂ. કમલવિજયજી મહારાજના લલાટે બ્રહ્મનું તેજ ઝગારા મારતું હતું. તેઓશ્રી મોટે ભાગે હિન્દીમાં જ બોલતા અને બોલતા થોડું, પણ નાભિના ઊંડાણમાંથી શબ્દો એવા નીકળતા કે મુમુક્ષુઓ માટે તો એ બોલ માર્ગદર્શક મશાલ બની જતા. ભલભલા રાજા-મહારાજને શરમાવે રૂપના ધારક આ મહાપુરુષ હિંસાના હિમાયતી રાજવીઓ સમક્ષ અહિંસાનો એવો સચોટ અને સજ્જડ ઉપદેશ આપતા કે સહવર્તીઓને ય ત્યારે એમ થઈ જતું કે, મહારાજ આ કેટલું બધું કડક સંભળાવી રહ્યા છે! પરંતુ તેઓશ્રીનાં વચનોની ધારી અસર થતી.

પૂ. આત્મારામજી મહારાજની પાટ પૂજ્યશ્રીએ વફાદારી અને વીરતાથી દીપાવી. જીવનમાં એવા પ્રસંગો આવ્યા કે જ્યારે કડવા થઈને ય સત્યની રક્ષા કરવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે ઘરના કે પરનાનો ભેદ રાખ્યા વિના તેઓશ્રીએ જે શાસ્ત્રચુસ્તતા દાખવી તેનો ઈતિહાસ ખૂબ ગૌરવભર્યો છે. ખુમારી, સત્યપ્રીતિ અને પવિત્રતા તો તેઓશ્રીની જ. જીવનનાં છેલ્લાં વર્ષોમાં શહેરમાં રહેવાનું થતાં, ત્યાં થઈ રહેલો મર્યાદાનો સાર્વત્રિક લોપ જોઈને તેઓશ્રી બોલી ઊઠ્યા કે, "શહેરી લોગ ચંદન કી ચિતા સે જલાયેંગે, તો લકડી સે જલાનેવાલે ગામડે મૌજૂદ હૈં. મૃત્યુ બિગાડના નહીં હૈ." અને પૂજ્યશ્રી શહેર છોડીને, ગામડામાં જઈને સાધનામાં મગ્ન બન્યા. અંતે એક મોટા શહેરની પાસે આવેલા ગામડામાં જ તેમનું જીવન સમાધિપૂર્વક પૂર્ણ થયું. તેઓશ્રીએ શાસનની રક્ષા કાજે પોતાની જાતનો વિચાર કર્યા વિના જે ન્યોછાવરી દાખવી તે વિરલ કહી શકાય તેવી હતી. પૂજ્યશ્રીની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સકલાગમ રહસ્યવેદી, જ્યોતિષમાર્તંડ મહાપુરુષ*

## પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ.

પૂ. આત્મારામજી મહારાજના સમુદાયે એકત્રિત થઈને શ્રી કમલવિજયજી મહારાજને આચાર્યપદારૂઢ કરવાનો નિર્ણય લીધો અને પાટણમાં એ પ્રસંગ ઊજવાયો ત્યારે શ્રી વીરવિજયજી મહારાજે સૌની ઈચ્છાને માન આપીને ઉપાધ્યાયપદનો સ્વીકાર કર્યો હતો. પૂ. આચાર્યશ્રી કમલસૂરીશ્વરજી મહારાજની પાટને શોભાવતા પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ સમર્થ મુનિવર્ય હતા, પરંતુ સં. ૧૯૭૫માં તેઓશ્રી સ્વર્ગવાસી બનતાં આ પાટ-પરંપરા પર શ્રી કમલસૂરીશ્વરજી મહારાજે શ્રી દાનસૂરીશ્વરજી મહારાજ અને શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજને સમર્પિત કર્યા.

શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા જેવાં બે અણમોલ રત્નના ઘડવૈયા તરીકે શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાએ જૈનશાસનને જે પ્રદાન કર્યું છે તેનું તો મૂલ જ થાય તેમ નથી! ઝીંઝુવાડાના વતની આ મહાપુરુષે ૨૨ વર્ષની વયે પૂ. ઉપાધ્યાય વીરવિજયજી મહારાજના શિષ્ય બનીને, સંયમ સ્વીકારીને, જ્ઞાન-ધ્યાન અને જપ-તપની એવી તો ભીષ્મસાધના કરી અને કરાવી કે આ યુગમાં એક પ્રખર વિદ્વાન, એક ચુસ્ત ચારિત્રપાલક અને ભીમ-કાન્ત ગુણના અનેરા ધારક તરીકે શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાનાં નામ અને કામ એકી અવાજે વખણાઈ ગયાં!

તેઓશ્રી જ્યોતિષ વિષયના અજોડ અભ્યાસી હતા. સકલ આગમોના રહસ્યના વેત્તા હતા. તેથી 'સકલાગમ રહસ્યવેદી' તરીકે સુપ્રસિદ્ધ બનેલા. આ પુણ્યપુરુષનો પ્રભાવ કોઈ ઓર જ હતો! સાધુસંસ્થા જ્યારે ઓટમાં હતી ત્યારે તેમણે ૬૦-૭૦ શિષ્યોનું સર્જન કર્યું, તે એ વાતની સાક્ષી પૂરે છે કે કઠોર ચારિત્રપર્યાયના સાધક-આરાધકને એવો જ શિષ્યસમુદાય મોટી સંખ્યામાં મળી રહે છે.

કોઈપણની ભૂલ થાય તો એની સામે પુણ્યપ્રકોપ ઠાલવવાની જવાબદારી અદા કરનારા અને પછી પાછું એટલું જ વાત્સલ્ય વહાવનારા એ મહાપુરુષે જ્ઞાન અને ચારિત્રનાં એવાં બીજ વાવ્યાં કે, એને વિકસાવનારા બે મહાપુરુષો-શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા અને શ્રીમદ્ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજાના રૂપમાં આપણને મળી આવ્યા! તે સમયે કોઈ પણ ચર્ચાસ્પદ બાબતમાં પૂ. દાનસૂરીશ્વરજી મહારાજનો બોલ પ્રમાણ ગણાતો. આટલી હદ સુધી તેઓશ્રીની પ્રતિષ્ઠા હતી તેના મૂળમાં તેમનું અગાધ જ્ઞાન અને ઊંડી ચારિત્રનિષ્ઠા હતાં. પાટડી જેવા નાના ગામને પોતાની સ્વર્ગારોહણભૂમિ દ્વારા ઐતિહાસિક બનાવી જનારા આ મહાત્માની તવારીખો નીચે પ્રમાણે છે :

જન્મ : સં. ૧૯૨૪ ઝીંઝુવાડા, દીક્ષા : સં. ૧૯૪૬ ઘોઘા, આચાર્યપદ : સં. ૧૯૮૧ છાણી અને સ્વર્ગવાસ : સં. ૧૯૯૨ પાટડી.

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી-સમવસરણમંદિર તીર્થ.*

*નવયુગ-પ્રવર્તક, શાસ્ત્રવિશારદ*

## પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી (કાશીવાળા) મહારાજ



પ્રાકૃતિક દૃશ્યોથી નયનરમ્ય મહુવા નગરીમાં 'શ્યામવચ્છ' જેવા પવિત્ર ખાનદાન કુળમાં રામચંદ્ર શેઠ અને કમળા શેઠાણી ઉદાર, સરળ, શિયળસંપન્ન અને જૈનધર્મના રંગે રંગાયેલાં રહેતા. સત્યચરિત કુટુંબોમાં ચારિત્રશીલ સંતાનો જન્મે છે અને સ્વ-પરનાં કલ્યાણમય કાર્યો કરીને જગતને ઊર્ધ્વગામી બનાવે છે. આવા એક પુણ્યશાળી દંપતીને ત્યાં પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. જન્મનામ મૂળચંદ હતું. બાળપણથી ધર્મ પ્રત્યે વિશેષ રુચિ ધરાવતા મૂળચંદને શાળાના શિક્ષણમાં બહુ રસ પડ્યો નહીં, એટલે પિતાએ દુકાને બેસાડી દીધા. વેપાર-ધંધો કરતાં કરતાં મૂળચંદ સટ્ટાને રવાડે ચડી ગયા. એમાં એક વાર મોટી ખોટ ખાધી. પિતાએ ઠપકો આપ્યો. આ આઘાતથી મૂળચંદની વૈરાગ્યવૃત્તિ જાગી ઊઠી. તે ભાવનગર આવ્યા. ત્યાં પૂ. શ્રી વૃદ્ધિવિજયજી મહારાજના વ્યાખ્યાન શ્રવણનો અવસર પ્રાપ્ત થયો. મૂળચંદ મુનિવર્યશ્રીની વાણીથી અત્યંત પ્રભાવિત થયા. તેણે દીક્ષા લેવાનો અટલ નિર્ધાર કર્યો. પૂ. શ્રી વૃદ્ધિવિજયજી મહારાજ પાસે દીક્ષા લઈ મુનિ ધર્મવિજયજી બન્યા.

સંસારી જીવનની તડકી-છાંયડીમાંથી મુક્ત થયેલા પૂજ્યશ્રીએ સંયમજીવન સ્વીકારીને નિશ્ચય, કર્યો કે ગુરુદેવનાં ચરણોની સેવા કર્યા વિના સૂવું નહીં, પઠનપાઠન અને દીક્ષાપાલનમાં નિરુદ્યમી અને નિરુત્સાહી થવું નહીં, અસંયમનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનો ઉપસ્થિત કરવાં નહીં, ટૂંકી દૃષ્ટિને સ્થાને જૈનશાસનને વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોવાની પ્રવૃત્તિઓ ચલાવવી. આવા નિષ્ઠાવાન નિર્ણયોથી તેઓ બહુ જ ટૂંકા ગાળામાં ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, કોષ ઉપરાંત આગમના અઠંગ અભ્યાસી બની રહ્યા. સમાજમાં દીર્ઘદૃષ્ટિ ધરાવતા દિગ્ગરાજ પંડિતો તૈયાર કરવાને ઇરાદે, અત્યંત પરિશ્રમ વેઠીને, કેટલાક વિદ્યાર્થીઓ અને મુનિરાજોને સાથે લઈ જઈને બનારસ (કાશી)માં પુણ્યપવિત્ર 'શ્રી યશોવિજયજી મહારાજ'ના નામે સંસ્કૃત પાઠશાળા સ્થાપી. આ પાઠશાળામાં સર્વ પ્રકારનો વ્યવસ્થિત અભ્યાસ આરંભાયો. તદુપરાંત, પૂજ્યશ્રીના અથાક પ્રયત્નોથી વ્યાકરણ, કાવ્ય, ન્યાય, કોષ આદિ ગ્રંથો અને વિશેષાવશ્યક જેવા આગમિક ગ્રંથોનું પ્રકાશન થયું. આ ગ્રંથો વિના મૂલ્યે ભારતમાં અને પાશ્ચાત્ય દેશોમાં મોકલવામાં આવ્યા. આમ, તેઓશ્રીના વરદ્ હસ્તે જૈનશાસનની અભૂતપૂર્વ સેવા થઈ એટલું જ નહીં, પણ પૂજ્યશ્રીએ પ્રગટ કરેલાં આ ગ્રંથોનાં વિવરણોએ પણ સાહિત્યક્ષેત્રે અદ્ભુત પ્રભાવ પાથર્યો. દા. ત. ન્યાયના ગ્રંથો શાંકરભાષ્યના ભક્તોએ જોયા ત્યારે ખબર પડી કે મહાવીરસ્વામીનો સ્યાદ્વાદ સંશયવાદાત્મક નથી, પણ નિર્ણયાત્મક સત્ય છે. પારસ્પરિક ક્લેશો અને મિથ્યા વાગ્યુદ્ધો સમાવવા માટે સર્વથા સક્ષમ છે. તે જ પ્રમાણે, આગમિક ગ્રંથોને જોયા પછી પંડિતોને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની મર્યાદાનો ખ્યાલ આવ્યો.

પૂજ્યશ્રી શાસ્ત્રોની ચર્ચા-વિચારણા, વાદ-વિવાદ અને નૂતન અર્થઘટનો કરવામાં પારંગત હતા. પરિણામે, તેઓશ્રી સામે કોઈ વિરોધ ટકી શકતો નહીં. અંગ્રેજ રાજ્યમાં ગોરાઓ ચામડાના બૂટ પહેરીને આબુના જૈન મંદિરોમાં જતા. એ બાબત ડો. થોમસના માધ્યમથી લંડનની પાર્લામેન્ટ સાથે પત્રવ્યવહાર કરીને પૂજ્યશ્રીએ આ દુર્વર્તન બંધ કરાવ્યું હતું. આ પ્રસંગો તેમની તેજસ્વી પ્રતિભાના સાક્ષી બની રહ્યા છે.

વ્યક્તિત્વ સો ટચનું સોનું બન્યા વગર વક્તૃત્વમાં પ્રભાવકતા, હિમકામિકા અને મધુરતા આવતા નથી. પૂ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના વ્યક્તિત્વમાં પણ ગુરુદેવના આશીર્વાદ હતા, બ્રહ્મચર્યધર્મની નિષ્ઠા હતી, ઉઘાડા પુસ્તક જેવું સર્વથા નિર્દંભ જીવન હતું. જગડુ શાહના અન્નભંડારોની જેમ પૂજ્યશ્રીનાં જીવન-કવન પણ અન્ય જીવો માટે ખુલ્લાં હતાં. આંખોમાં સમતારસ હતો. કાન અન્યનાં દુઃખદર્દ સાંભળવાં તત્પર હતા. ચરણ ગમે તે સ્થળે અને સમયે ધર્મોપદેશ કરવા માટે સદા તૈયાર રહેતા. વેદ-વેદાંત-ઉપનિષદ્-ભગવદ્ગીતા-મહાભારત આદિ ગ્રંથોમાંથી શ્લોકો ટાંકતા જઈ વ્યાખ્યાન આપતા. આચાર્યશ્રીની દલીલો શ્રોતાવર્ગને બહુ સરળતાથી સમજાઈ જતી. આવા વક્તવ્ય-કૌશલ્યને લીધે તેઓશ્રી માંસાહાર-વિરોધી ચળવળને સફળ બનાવી શક્યા હતા. કીડાઓના સંહારથી બનતાં રેશમનાં વસ્ત્રોનો ત્યાગ કરી, શુદ્ધ ખાદી પરિધાન કરવાનો પ્રચાર કર્યો. પૂજ્યશ્રીના આ અભિયાનોએ જૈનશાસનમાં નવી હવાનો સંચાર કર્યો.

દીક્ષાપર્યાય દરમિયાન સીમિત પ્રદેશોમાં જ વિહાર કરીને પૂજ્યશ્રી અટક્યા નહોતા, પરંતુ બંગાળ, બિહાર, આસામ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, મારવાડ, ખાનદેશ, વિદર્ભ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર આદિ પ્રાન્તોમાં વિહાર કરીને જૈનધર્મ પ્રત્યેના વિધર્મીઓના અજ્ઞાન-ગેરસમજને દૂર કર્યાં હતાં. એવા એ અહિંસા, સંયમ અને તપોધર્મના આચારક અને પ્રચારક પૂજ્યશ્રીએ સં. ૨૦૩૩ના ભાદરવા સુદ ૧૪ ને દિવસે શિવપુરી મુકામે દેહ છોડ્યો, ત્યારે ગામેગામના શ્રાવકો શોકમગ્ન બની ગયા હતા. પૂજ્યશ્રી પાછળ અગણિત ગુણાનુવાદ સભાઓ થઈ હતી. આજે પણ તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્ય સમુદાય દ્વારા શાસનના નૂતન અભિગમોનો પ્રચાર-પ્રસાર થતો રહે છે.

*સૌજન્ય : શ્રી ૧૦૮ શંખેશ્વર પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ, શંખેશ્વર. જિ. પાટણ*

*આગમોદ્ધારકશ્રીને દીક્ષા આપનાર આગમજ્યોતિર્ધર*

## પૂજ્ય મુનિપ્રવર શ્રી ઝવેરસાગરજી મ.

શ્રી તપાગચ્છની તેજસ્વી અને પ્રાણવાન શ્રમણપરંપરામાં પૂજ્યશ્રી ઝવેરસાગરજી મહારાજનું નામ સાદર સ્મરણીય રહેશે. શુદ્ધ ચારિત્ર અને પ્રગાઢ શાસનપ્રીતિ સાથે શાસનનાં સાતે ક્ષેત્રોમાં નક્કર અને કાયમી અર્પણને મહાપુરુષોના માપદંડ તરીકે સ્વીકારીએ તો તપાગચ્છની સાગરશાખાના પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી ઝવેરસાગરજી મહારાજ પણ નિઃશંક એકશ્રેષ્ઠ શ્રુત-સ્થવિર શ્રમણરત્ન હતા.

આ ચરિત્રનાયકનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણામાં સં. ૧૮૯૯માં થયો. સં. ૧૯૧૨માં પૂ. શ્રી ગૌતમસાગરજી મહારાજના મહેસાણાના ચાતુર્માસ વખતે તેઓ તેમના સંપર્કમાં આવ્યા અને એ સમાગમે સંયમ તરફ વળ્યા. અમદાવાદમાં સં. ૧૯૧૩માં માગશર સુદ ૧૧ને દિવસે ભાગવતી દીક્ષા લીધી. સં. ૧૯૨૭માં પ્રથમ ચાતુર્માસ સ્વતંત્રપણે પાટણમાં કર્યું.

પૂર્વજન્મની વિશિષ્ઠ આરાધનાને બળે, દીક્ષા થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યારથી પૂજ્યશ્રીએ પૂ. ગુરુદેવની નિશ્રામાં આવશ્યક અધ્યયન અને ક્રિયાઓ સાથે સંયમની ઝીણવટભરી જયણાની બાબતમાં ઊંડી સમજણ સાથે નિપુણતા મેળવી. અન્ય ગુરુબંધુઓ સાથે સૌમનસ્ય ભાવે યથોચિત વિનય મર્યાદાથી વર્તીને સામુદાયિક જીવનના આદર્શ સંસ્કારોને જીવનમાં સ્થાપિત કર્યા. એમનાં સંયમ, શીલ, ચારિત્ર, ત્યાગ, તપ અને ધર્મપ્રવૃત્તિઓના પ્રભાવે પુણ્યવાન આત્માઓનું આકર્ષણકેન્દ્ર બની રહ્યા. ગુજરાતનાં નાનાંમોટાં ગામોમાં વિચરવા દરમિયાન પોતાની પ્રતિભાશાળી પ્રવચનશૈલીથી અનેક પુણ્યાત્માનાં હૃદયમાં પ્રેરણાઓ ઉપજાવી શક્યા. એમ કહેવાતું કે પૂજ્યશ્રી ઉપર મૂળચંદજી મહારાજના ચાર હાથ હતા. સં. ૧૯૨૮માં પાટણમાં શ્રી રત્નસાગરજી મહારાજને દીક્ષા આપી સર્વપ્રથમ શિષ્ય બનાવ્યા. તે જ વરસે પૂ. ગચ્છાધિપતિની આજ્ઞાથી માળવા તરફ વિહાર કરી ધર્મ-પ્રભાવનાનાં ધોડાપૂર વહાવ્યાં. સં. ૧૯૨૯માં રતલામમાં ચાતુર્માસ વખતે આચારશુદ્ધિ પર વ્યાખ્યાનમાળા આપી. સં. ૧૯૩૦માં પણ ત્યાં જ ચાતુર્માસ કરી લોકોમાં જિનમૂર્તિ પૂજા શાસ્ત્રોક્ત તથા મોક્ષનું કારણ છે તે શાસ્ત્રીય રીતે સમજાવી ધર્મભાવનાની વૃદ્ધિ કરી. મહિદપુરમાં ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. એ જ સમયે સનાતન ધર્મ પર આઠ દિવસની જાહેર વ્યાખ્યાનમાળા યોજી.

સં. ૧૯૩૧માં સેમાલિયા જૈન તીર્થે પ્રતિષ્ઠા તથા ધજાદંડ ચઢાવ્યો. સંઘ સાથે અને મક્ષીજી તીર્થ સંઘ સાથે મક્ષીજી તીર્થમાં, મંગળપ્રવેશ કર્યો. મક્ષીજીમાં અઠ્ઠમની આરાધના પૂર્ણ કરીને ઉજ્જૈન તરફ વિહાર કર્યો. ઉજ્જૈનમાં સ્થાનકવાસી સાધુઓ સાથે પ્રભુપૂજાની આવશ્યકતા પર ચર્ચા કરી. ફાગણ ચોમાસી ઈંદોરમાં, ચૈત્રી ઓળી ઈંદોરમાં અને ત્યાંથી સં. ૧૯૩૨માં રતલામથી કરમદી તીર્થે ધર્મપ્રભાવના કરી બદનાવરમાં પ્રવેશ કર્યો. સં. ૧૯૩૩માં મહીદપુરમાં વિધિપૂર્વક પાંચ આગમોની વાચનાનું મંગળાચરણ કર્યું. તે જ વર્ષમાં મહા સુદ પાંચમથી શ્રી આચારાંગસૂત્રથી ૧૧ અંગની વાચના શરૂ કરી. ચૈત્ર માસમાં ભગવતીસૂત્રની પણ શરૂઆત કરી. સં. ૧૯૩૪માં ઉદયપુરમાં પ્રવેશ કર્યો. ત્યાંથી કેશરિયાજીમાં જૈન–જૈનેતરોના મેળાની સ્થાપના કરી. ઉદયપુરમાં અનેક પ્રતિષ્ઠાઓ કરી. ચાતુર્માસ પછી ભીલવાડા તરફ વિહાર કર્યો. સં. ૧૯૩૫માં કાનોડમાં જાહેર વ્યાખ્યાનો આપ્યાં અને 'અમારિપ્રવર્તન' માટે અથાગ પ્રયત્નો કરી સફળતાને વર્યા. સં. ૧૯૩૬માં જિનેન્દ્રભક્તિ મહોત્સવ માટે ઉદયપુરમાં પધાર્યા. ત્યાંના જ્ઞાનભંડારો વ્યવસ્થિત કર્યા. ચોગાનમંદિર પ્રતિષ્ઠા કરી ત્યાં ચાતુર્માસ કરી પર્યુષણ પર્વની અપૂર આરાધના અને નવ છોડનું ઉજમણું આદિ દ્વારા જૈન ધર્મનો જયજયકાર વર્તાવ્યો. સં. ૧૯૩૭માં ગોડીજી મહારાજ દેરાસરનો જીર્ણોદ્ધાર થયો. ચૈત્ર–આસોની આયંબીલની ઓળી માટે શ્રી વર્ધમાન તપ કાયમી ખાતું પૂજ્યશ્રીની પ્રેરણાથી સ્થાપવામાં આવ્યું. સં. ૧૯૩૮માં આહડ, મેવાડ, ચિતોડ વગેરે સ્થળે વિહાર કરતાં કરતાં ઉદયપુરમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. સં. ૧૯૪૦માં રાણકપુર તરફ વિહાર કરી પંચતીર્થની યાત્રા કરી. સં. ૧૯૪૦માં ઉદયપુરમાં ચાતુર્માસ કર્યું. સં. ૧૯૪૧માં કેસરિયાજી, લુણાવાડા, કપડવંજ, બાલાસિનોર વગેરે સ્થળોએ જિનેન્દ્રભક્તિ–મહોત્સવો યોજ્યા. ઠેર ઠેર જાહેર વ્યાખ્યાનોમાં સંસારમાં ધર્મ અને તેની ભેદરેખા જણાવીને, બધાં ભારતીય દર્શનો તત્ત્વદર્શનની ભૂમિકાએ એક છે એ વાત સચોટતાથી પૂરવાર કરી. સનાતનીઓની માન્યતાના આધાર રૂપ વેદો–ઉપનિષદોના આધારે મૂર્તિપૂજા યથાર્થ છે એ વાદ પ્રતિપાદિત કર્યો. સં. ૧૯૪૨માં ઉદયપુરમાં ચાતુર્માસ વખતે શ્રી સિદ્ધાચલ મહાતીર્થના રખોપા ફંડ માટે મોટી રકમ એકત્ર કરાવી. ઉદયપુરમાં સમસ્ત જિનાલયોની ચૈત્યપરિપાટીની શરૂઆત કરાવી. ઉપધાન તપનો લહાવો લેવા સુંદર ભાવોલ્લાસ ઊભો કર્યો. નવપદની ઓળીની સામૂહિક આરાધના આદિ અનેક ધર્મમંગળ કાર્યો થયાં. સં. ૧૯૪૩માં પૂજ્યશ્રીની વૈરાગ્યઝરતી વાણીથી પાંચ બહેનોનાં હૃદયમાં સંયમની ભાવના જાગી. સં. ૧૯૪૫માં ભાવનગરમાં પ્રવેશ કર્યો. ત્યાંથી પાલિતાણા, બોટાદ, લીમડી આદિ સ્થળોએ જૈન ધર્મનો જયજયકાર પ્રવર્તાવ્યો. વિશેષ કરી મેવાડ-માલવા.

પ્રાતસ્મરણીય સ્વનામધન્ય શ્રી ઝવેરસાગરજી મહારાજે ભાવનગર-બોટાદ-લીંમડી નિરંતર જિનશાસનની રક્ષા પ્રભાવના કરીને સ્વ–પર આત્માનું કલ્યાણ કરવાપૂર્વક નિજ જીવનને ધન્ય બનાવ્યું. શુદ્ધ ચારિત્ર અને પ્રગાઢ શાસનપ્રીતિ સાથે ગીતાર્થતા અને શાસનના સાતેય ક્ષેત્રોમાં નક્કર અને કાયમી અર્પણને મહાપુરુષોને ઓળખવાનો માપદંડ માનીએ તો તપાગચ્છની સાગરશાખાના ઝવેરસાગરજી મ૦ પણ નિઃશંક એક શ્રેષ્ઠ શ્રુત–સ્થવિર શ્રમણરત્ન હતા.

સં. ૧૯૪૮ના માગશર સુદ મૌન એકાદશીએ લીમડીમાં પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા. શાસનનાં અનેકવિધ મંગળ કાર્યો કરનારા એ ગુરુદેવશ્રીને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી વર્ધમાન જૈન પેઢી–પાલિતાણા.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સુવિશાળ મુનિગણસર્જક, વાત્સલ્યમૂર્તિ, જૈનશાસનનો સ્તંભ, સિદ્ધાંતમહોદધિ, પૂ. આચાર્યદેવ*

# શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ

*—મુનિ શ્રી મહાબોધિ વિજયજી*

જેમનું નામ અને જેમના કામની નોંધ લીધા વિના વીસમી સદીનો ઇતિહાસ અધૂરો ગણાય તે આચાર્ય ભગવંત એટલે સાદગી-સરળતા અને સાધનાનો ત્રિવેણી સંગમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા.

પંચિંદિયસૂત્રમાં આચાર્ય ભગવંતના ૩૬ ગુણો બતાવ્યા છે. તેમાં પહેલો જ શબ્દ છે પંચિંદિયસંવરણો. આચાર્ય ભગવંતની પાંચે ઇન્દ્રિયો સંવૃત હોય.

પૂજ્યશ્રીનો પોતાની પાંચે ઇન્દ્રિયો ઉપર ગજબનો કંટ્રોલ હતો. પ્રત્યેક ઇન્દ્રિયો ઉપર અદ્ભુત કાબૂ હતો. આપણે એકેક ઇન્દ્રિયો ઉપર ક્રમશઃ વિચારીએ.

(૧) સ્પર્શનેન્દ્રિય : અનંતકાળથી આપણી સાથે કોઈ એક ઇન્દ્રિય રહી હોય તો તે છે સ્પર્શનેન્દ્રિય. સ્પર્શનેન્દ્રિયનો અસંયમ જીવને ફરી પાછો અનંત કાળ માટે નિગોદાદી ગતિમાં ધકેલી દે છે. પૂજ્યશ્રી પોતે આ વિષયમાં અત્યંત જાગૃત હતા.....તેથી બને ત્યાં સુધી પોતાનું શરીર પણ બીજા મહાત્માઓ પાસે દબાવતા નહીં. ગમે તેવો થાક હોય તો તેને સહી લેતા. જેવા પોતે જાગૃત હતા. એવા જ પોતાના શિષ્યો માટે પણ આ વિષયમાં ખૂબ કાળજી રાખતા. બે સાધુઓને પણ પરસ્પર બેસતી વખતે અંતર રખાવતા, રાત્રે સૂતી વખતે બે યુવાન સાધુના સંથારા વચ્ચે એક વૃદ્ધ સાધુનો સંથારો કરાવતા. અનંતકાળના કુસંસ્કારો નાનકડું નિમિત્ત મળતાં પુનઃ જાગૃત ન થઈ જાય તે માટે તેઓશ્રીની કેવી અદ્ભુત કાળજી હતી!

(૨) રસનેન્દ્રિય : પાંચ ઇન્દ્રિયોમાં ખતરનાક ઇન્દ્રિય હોય તો તે જીભ છે. જીભના મુખ્ય બે કામ. બોલવું અને ખાવું. બંને પ્રકાર ઉપર પૂજ્યશ્રીનો અપૂર્વ સંયમ હતો. કામ પડે તો જ બોલવું, બને તેટલું પરિમિત બોલવું અને જેટલું બોલવું પડે તે પણ પ્રિય બોલવું. આ પૂજ્યશ્રીનો સિદ્ધાંત હતો. સાથે આહારની બાબતમાં પણ પૂજ્યશ્રી એટલા જ સાવધ હતા. ૬૮ વર્ષના દીક્ષા પર્યાયમાં મોટાભાગે પૂજ્યશ્રીએ એકાસણાં કર્યાં. આ એકાસણાં પણ બિલકુલ સાદા રહેતાં. મેવો, મીઠાઈ અને ફૂટનો આજીવન તેઓશ્રીને ત્યાગ હતો. ઘણીવાર તો ચોમાસામાં અભિગ્રહ સાથે એકાસણાં કરતા. દાળ અને રોટલી, દૂધ અને રોટલી. આમ બે દ્રવ્યથી એકાસણું કરીને ૭ મિનિટમાં ઊભા થઈ જતા. સાવ સાદો ખોરાક લેવા છતાં તેમાં આસક્તિ ન થઈ જાય એની પણ જાગૃતિ હતી. આચારાંગસૂત્રનું એક વાક્ય છે. **णो वामाओ हणुयाओ दाहिणं कुज्जा, णो दाहिणाओ हणुयाओ वामाओ हणुयं कुज्जा।** સાધુ વાપરતી વખતે કોળિયો જમણેથી ડાબે ન લઈ જાય, ડાબેથી જમણે ન લઈ જાય. સાપ જેમ દરમાં જાય એવી રીતે એમના મુખમાંથી કોળીયો બંને બાજુ ન ફરતાં એક જ બાજુથી સીધો નીચે ઊતરી જતો.

(૩) ઘ્રાણેન્દ્રિય : સાધુપણામાં લગભગ આ વિષયની આસક્તિ નહિવત્ જેવી હોય છે, કારણ કે આ વિષયની આસક્તિ થાય તેવાં સાધનોનો ઉપયોગ જ નથી કરવાનો. સુગંધી બામ કે સુગંધી સાબુ પોતે વાપરતા નહીં, વાપરવા દેતા નહીં.

(૪) ચક્ષુરિન્દ્રિય : મનમાં પાપને પ્રવેશવાનું દ્વાર એટલે આંખ, પૂજ્યશ્રીનો પોતાની આંખ ઉપર જબરજસ્ત કમાંડ હતો. એમનાં વિશાળ નેત્રો જોતાં સ્પષ્ટ જણાઈ આવે કે તેઓ કરુણાના ભંડાર છે. જેમની આંખો કરુણાથી ભરપૂર હોય એમનું મન કરુણાથી તરબતર હોય એમાં ક્યાં સવાલ છે? ૬૮ વર્ષના દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ કોઈ સ્ત્રી કે સાધ્વીની સામે આંખ ઊંચી કરીને વાત નથી કરી. વાત કરવાનો પ્રસંગ આવે ત્યારે એમનાં નયનો નીચાં ઢળેલાં રહેતાં. એક જ્યોતિર્વિદે પૂજ્યશ્રીની કુંડલી જોઈને કહ્યું હતું. "આ મહાપુરુષને પોતાની જિંદગીમાં ક્યારેય લેશમાત્ર વિકાર સ્પર્શ્યો નથી." પૂજ્યશ્રીની સૂક્ષ્મ દૃષ્ટિ તો જુઓ! પોતાની દૃષ્ટિ ક્યાંય ફસાઈ ન જાય એ માટે વર્તમાનપત્રો, સચિત્ર પુસ્તકો કે ફોટાઓના આલબમ તરફ પણ તેઓ નજર ન કરતા. સહવર્તી સાધુઓને પણ આ વિષયમાં સાવધ રહેવા માટે વારંવાર પ્રેરણા કરતા.

(૫) શ્રોત્રેન્દ્રિય : અંતિમ ઇન્દ્રિય છે કાન. કાન દ્વારા વિકથાનું શ્રવણ તો તે કદી ન કરતા, સાથે વિકાર ઉત્પન્ન થાય તેવા શબ્દોથી પણ દૂર રહેતા. આજુબાજુમાં સ્ત્રીઓનો વસવાટ હોય તો તેવી વસતીમાં વાસ ન કરતા. એમની નિશ્રામાં બહેનો ગીતો-ગહુંલી ગાઈ ન શકતા. મીઠા-મધુરા શબ્દો કાન દ્વારા અંદર પ્રવેશી જઈને ક્યાંક પોતાની સાધનાને ખળભળાવી ન નાખે એ ગણતરીથી.

આમ પાંચે ઇન્દ્રિયોના આશ્રવો ચિત્તમાં પ્રવેશીને ચિત્તની પ્રસન્નતા ચોરી ન જાય તે માટે પળેપળ-ક્ષણેક્ષણ પૂજ્યશ્રી એલર્ટ રહેતા. કોટિકોટિ વંદન પૂજ્યશ્રીના ચરણકમળમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમગ્ર ગુજરાતમાં સર્વપ્રથમ
# ચમત્કારી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થની યાત્રાએ પધારો

**તીર્થસ્થળ : પાલનપુર લાડોલ ભાઈકાકા યાત્રાધામ ગુતાલ ચોકડી, નેશનલ હાઈવે નં. ૮, નડીયાદ-૩૮૭૩૭૦. ટેલી. નં. ૦૨૬૮-૨૫૮૭૦૦૩-૨૫૮૭૪૦૫**

**ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓમાં ફક્ત ઉવસગ્ગહરં પાર્શ્વનાથનું આસન જ ધરણેન્દ્રદેવ નાગનું શરીર છે.**



તીર્થંકર થવાનાં ભવમાં દ્વેષના કારણે એક મારવા આવે છે, જ્યારે બીજો ભક્તિવશ બચાવવા આવે છે. શ્રી પાર્શ્વપ્રભુ સમભાવમાં રહી જૂના કર્મો ખપાવીને અને નવા કર્મો અટકાવીને અંતે કેવળજ્ઞાન પામી જંગમ તીર્થની સ્થાપના કરે છે.

ભગવાન જીવન દ્વારા આપણને સહુને માર્ગદર્શન આપે છે કે, શુભ/અશુભ કર્મોના ઉદય વખતે સમભાવમાં રહી કર્મો ભોગવજો. આવું આચરણ જીવનમાં સુખ અને શાંતિ વધારશે. નવા કર્મો આત્મા પર લાગવા દેશો નહિ. મોક્ષ તરફ જવાનો રસ્તો સરળ બનશે.

આધિ-વ્યાધિ અને ઉપાધિ ઓછી કરવા, સુખ અને શાંતિ વધારવા શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથના આ નૂતનતીર્થમાં દર્શન-પૂજનનો લાભ લેવા એકવાર તો અવશ્ય પધારવા વિનંતિ.

અદ્યતન સગવડતાવાળી નૂતન ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે.

| નડિયાદ સંપર્ક | મુંબઈ સંપર્ક |
|---|---|
| ૦૨૬૮-૨૫૮૭૦૦૩ | ૦૨૨-૨૩૮૦૬૦૪૪ |
| ૨૫૮૭૪૦૫ | ૦૯૩૨૨૦૬૧૧૬૬ |

**આયોજનનો બીજો ભાગ ::**

- પાલનપુર ડે હોસ્પિટલ
- પાલનપુર સ્થિરવાસ
- પાલનપુર વૈયાવચ્ચ ભંડાર
- પાલનપુર ભોજનશાળા
- આયંબીલ શાળા
- પાલનપુરી મુખ્ય હોલ
- પાલનપુરી નાનો હોલ
- પાલનપુર મોન્ચેસ્ટર ભુવન ધર્મશાળા

ગુરૂ મંદિર
લાયબ્રેરી
સંગ્રહાલય

**આયોજન કરવામાં આવશે ::**

- ઉવ્વસગ્ગહરં Ambulance
- શબવાહિની
- પાણીની પરબ-ચબુતરો
- માતા પદ્માવતી પ્રસાદ અને શ્રી માણીભદ્ર વીરનો થાળ
- ભૂખ્યાને અન્ન અને માનવતાના કાર્યો

- **Mobile Hospital**
- ચબુતરા • પર્યાવરણ • રમતઘર
- સ્નાનઘર • હવાડો
- ટ્રાવેલ સેન્ટર
- **Medical Camp**
- **Educational**

**પ.પૂ. પંન્યાસશ્રી કૈવલ્યબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી**
**શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ તીર્થ ટ્રસ્ટીગણ - નડીયાદના સૌજન્યથી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન શાસનના પરમ પ્રભાવક હિતચિંતકો

જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પણ પૂર્વકાળથી અનેક ગચ્છો અસ્તિત્વ ધરાવે છે. સૈદ્ધાંતિક બાબતોમાં સમાન માન્યતા હોવા છતાં ભિન્નભિન્ન ગચ્છો વચ્ચે સમાચારીની બાબતમાં નાની-મોટી ભિન્નતા હોઈ શકે. વર્તમાનમાં તપાગચ્છ, ખરતરગચ્છ, અંચલગચ્છ, પાયચંદગચ્છ, વિમલગચ્છ આદિની શ્રમણપરંપરા મૌજુદ છે. તપાગચ્છમાં પણ વિવિધ સમુદાયો છે. આ દરેક સમુદાયના નાયક પદે સમર્થ સુવિહિત ગીતાર્થ પૂજ્ય આચાર્ય ભગવંતની વરણી થાય છે. આ પૂજ્ય ગચ્છનાયક આચાર્ય ભગવંતોના સફળ નેતૃત્વ હેઠળ વિશાળ શ્રમણ-શ્રમણી સમુદાયનું સુચારુ યોગક્ષેમ થાય છે. આ ગચ્છનાયકોના આજ્ઞાતંત્ર હેઠળ શ્રમણધર્મની ગરિમાનું સુંદર જતન થઈ રહ્યું છે.

આ વિરલ વિભૂતિઓનાં જીવન એવાં ગુણગર્વીલાં જોવા મળ્યાં, જેમાં જાજલ્યમાન તપોબળ, સન્નિષ્ઠ આત્મબળ, નૈસર્ગિક બુદ્ધિપ્રતિભા અને સાત્ત્વિક પ્રભાવશીલતાના અદ્‌ભુત ગુણોની સાક્ષાત મૂર્તિઓનું દર્શન થયું. મહાન વ્યક્તિમત્તા અને અનેકવિધ શાસનપ્રભાવના લીધે આ બધા મહાપુરુષો ભારે મોટું માનપાન પામ્યા અને શ્રી ચતુર્વિધ સંઘના પરમ હિતચિંતકો ગણાયા.

*ધર્મમંદિરો-સરસ્વતીમંદિરો-સત્કર્મમંદિરો સ્થાપવાની ઉદ્‌ઘોષણા કરનાર યુગપુરુષ :*

## પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ



પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ગુજરાતની સાંસ્કૃતિક અને શૈક્ષણિક નગરી વડોદરામાં જન્મ્યા હતા. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૨૭ના કારતક સુદ બીજ (ભાઈ બીજ) ને દિવસે થયો હતો. પિતાનું નામ દીપચંદભાઈ અને માતાનું નામ ઇચ્છાબહેન હતું. પૂજ્યશ્રીનું સંસારી નામ છગનભાઈ હતું. તેમને બીજા ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો હતાં. જૈનધર્મ પ્રત્યે વિશેષ રુચિ તો વંશપરંપરાગત હતી.

સં. ૧૯૪૨ના વર્ષમાં જ્ઞાન-સંયમની સાક્ષાત્ મૂર્તિ સમા પરમ પૂજ્ય યુગપ્રધાન આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ (આત્મારામજી મહારાજ)નું વડોદરામાં આગમન થયું. તેઓશ્રીનું વૈરાગ્યમય પ્રવચન સાંભળતાં જ નાના, પણ વૈરાગ્ય-વાસિત છગનલાલના મન રૂપી હરણે જાણે કે મોરલીનો નાદ સાંભળ્યો!

૧૯૪૩માં પૂ. શ્રી આત્મારામજી મહારાજ, રાધનપુરમાં ચાતુર્માસ સ્થિત હતા, ત્યારે છગનલાલ કુટુંબીજનોની સંમતિ મળતાં રાધનપુર આવ્યા. વૈશાખ સુદ ૧૩ને શુભ દિને મુનિશ્રી હર્ષવિજયજી મહારાજના હાથે દીક્ષા આપવામાં આવી. દાદા ગુરુએ નામ આપ્યું મુનિશ્રી વલ્લભવિજયજી. સંયમપંથના પ્રવાસીના લલાટે ખરેખર વલ્લભ બનવાનું જ લખાયું હતું. પૂજ્યશ્રીએ પંજાબમાં આ પ્રમાણે પ્રવૃત્તિઓ આદરવાનો સંકલ્પ કર્યો : (૧) આત્માનંદ જૈન સભાની પંજાબનાં અનેક નગરોમાં સ્થાપના. (૨) ગુજરાનવાલામાં સમાધિમંદિર. (૩) ઠેર-ઠેર પાઠશાળાની સ્થાપના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) 'આત્માનંદ' (વિજયાનંદ) પત્રિકાનું પ્રકાશન. પૂજ્યશ્રીએ પોતાના જીવનકાળ દરમિયાન વહેલામોડા બધા સંકલ્પો પૂરા કર્યા. તેઓશ્રીની પ્રેરણાથી સં. ૧૯૯૩માં શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના હસ્તે શ્રી આત્માનંદ જૈન કોલેજની સ્થાપના કરવામાં આવી. પૂ. દાદાગુરુના સ્વર્ગવાસ પછી સતત તેર વર્ષ સુધી પંજાબના વિવિધ પ્રદેશોમાં વિહાર કરીને તેઓશ્રીએ અનેક શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સંઘ–ઐક્યનાં સમર્થ કાર્યો કર્યાં. રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રને પણ પોતાની શક્તિનો લાભ આપ્યો. ગુજરાતમાં પાલનપુર, પાટણ, અમદાવાદ, સુરત, વડોદરા, રાધનપુર, ડભોઈ, મિયાગામ, ખંભાત, પાલિતાણા આદિ સ્થળોએ, રાજસ્થાનમાં સાદડી, ફાલના, બીકાનેર વગેરે સ્થળોએ તથા મહારાષ્ટ્રમાં મુંબઈ, પૂના, બેલાપુર વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યાં. જીવનનાં અંતિમ વર્ષો મહાનગરી મુંબઈમાં વિતાવીને ૮૪ વર્ષની પાકટ વયે સં. ૨૦૧૦ના ભાદરવા સુદ ૧૦ ને મંગળવારે બપોરે ૨-૩૨ વાગ્યે શાંતિપૂર્વક–સમાધિપૂર્વક મહાપ્રયાણ કર્યું. જિનશાસનનું એક મહાન પ્રકરણ પૂર્ણ થયું.

સંઘ–એકતા : પૂજ્યશ્રી ખૂબ વિશાળ દૃષ્ટિ ધરાવતા હતા. જૈન–જૈનેતરોમાં ભેદ જોતા નહીં. જૈનધર્મ અંતર્ગત ગચ્છ, મત, વાડા આદિ તેઓશ્રીના લક્ષમાં આવતા નહીં. આ કાર્ય માટે તેઓશ્રીએ સં. ૧૯૬૮માં વડોદરામાં અને સં. ૧૯૯૦માં અમદાવાદમાં યોજાયેલાં મુનિસંમેલનોમાં વિશિષ્ટ યોગદાન આપ્યું. પૂજ્યશ્રી જ્યાં જ્યાં જતા, ત્યાં ત્યાં સ્નેહસંમેલન ગોઠવી, લોકોના પરસ્પરના મતભેદો મિટાવી, સંપ–સહકારનું વાતાવરણ રચતા. પ્રભુ, મહાવીરના સૌ અનુયાયીઓએ મહાવીરના નામે એક થવું જોઈએ એવી માન્યતા હતી. ભલે સૌ પોતપોતાની રીતે સાધના–આરાધના કરે, પરંતુ સૌનું લક્ષ્ય તો એક જ છે અને તે આત્મશુદ્ધિ અને આત્મશુદ્ધિનો પ્રથમ પાયો છે પ્રેમભાવ, નિસ્પૃહી અને નિરહંકારી વૃત્તિ. તેથી જૈનસમાજમાં સ્નેહ, સંપ અને સહકાર અત્યંત આવશ્યક છે એમ મનાવતા.

સમાજસુધારણા : આચાર્યશ્રી એક કર્મનિષ્ઠ યોગી હતા. તેઓશ્રીને 'સુધારક' અને 'સમયજ્ઞ' એવાં વિશેષણોથી નવાજવામાં આવે છે. તેઓશ્રી ધર્મ, દર્શન અને સમાજને જોડનારા એક વિશિષ્ટ અને સમયદર્શી પુરુષ હતા. આ ત્રણે ક્ષેત્રોના વિકાસમાં પૂજ્યશ્રીએ અવિરત પુરુષાર્થો કર્યા. સમાજને નિર્વ્યસની, પ્રબુદ્ધ, વિવેકી અને સદ્ગુણસંપન્ન બનાવવામાં સાધુઓએ યોગ્ય યોગદાન આપવું જોઈએ.

ઉપસંહાર : મહાપુરુષોનાં ચરિત્રો પામવાં સહેલાં નથી. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાગર સમાન દૃષ્ટિ ધરાવતા હતા. તેઓશ્રી માત્ર જૈનાચાર્ય જ ન હતા, પણ ભારતના મહાન સંતપુરુષોમાંના એક હતા. પૂજ્યશ્રી સર્વધર્મભાવની દૃષ્ટિ ધરાવતા હતા. રૂઢિગત ક્રિયાકાંડ અને ગતાનુગતિક અનુષ્ઠાનોમાં રાચતા સમાજને પૂજ્યશ્રીએ નૂતન યુગદૃષ્ટિ આપી. શિક્ષણ અને સમાજના ઉત્કર્ષ માટે સહુને સજાગ કર્યા. તેઓશ્રી માનતા કે, 'ધર્મ એટલે માત્ર દેરાસર–ઉપાશ્રય નહીં, પરંતુ જીવનનું વ્યાપક દર્શન અને જીવનની સર્વ પ્રવૃત્તિઓમાંથી અભિવ્યક્ત થતા સંસ્કારો.' પૂજ્યશ્રી સાચા અર્થમાં યુગદૃષ્ટા અને સમયદર્શી આચાર્ય હતા. વર્તમાન સમયમાં જિનશાસનમાં નૂતન સમૃદ્ધિ અને સદ્ધરતાનાં દર્શન થાય છે તે આવા સમર્થ આચાર્યદેવોને આભારી છે. એવા દિવ્ય, ભવ્ય જીવનથી સ્વ–પરકલ્યાણનાં સર્વોચ્ચ શિખરો સર કરનારા આચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદના!

*પ. પૂ. આ.શ્રી નિત્યાનંદસૂરિજી મ.સાની પ્રેરણાથી શ્રી ધર્મનાથ-પાર્શ્વનાથ જૈન શ્વે. દેવસ્થાન ટ્રસ્ટ, ખુડાલા-ફાલના (રાજસ્થાન)*

*મહુવાની ધરતી પર જન્મ્યા અને વિધિના અકળ વિધાન પ્રમાણે મહુવામાં જ કાળધર્મ પામ્યા, શનિવારે વિશાખા નક્ષત્રમાં ૨૦ ઘડી અને ૧૫ પળે જન્મ, શનિવારે એ જ સમયે દેહવિલય વીતરાગશાસનની મહાન વિભૂતિ*

## પ.પૂ. આ.શ્રી વિજયનેમિસૂરિજી મ.સા.



અનેકવિધ શાસનપ્રભાવનાને લીધે વીસમી સદીના સૌથી મોટા સૂરિચક્ર–ચક્રવર્તીનું માનભર્યું સ્થાન પામનાર પૂજ્યશ્રીનો જન્મ સૌરાષ્ટ્રની સાહસશૂરી ધરતી અને પ્રકૃતિથી પલ્લવિત મહુવા (મધુમતી) નગરીમાં થયો હતો. ભાવનગર રાજ્યના એ ગૌરવવંતા બંદરે શેઠ પદ્મા તારાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામનો આંકડો ચાલતો. એ વંશના ધર્મપ્રેમી લક્ષ્મીચંદ દેવચંદ અને દિવાળીબાના ગૃહે સં. ૧૯૨૯ના કારતક સુદ ૧ને દિવસે પનોતા પુત્ર 'નેમચંદ'નો જન્મ થયો. ચુસ્ત ધર્મપાલનના આગ્રહી, સદાચારી તેમ જ સાદાઈ અને સંતોષના જીવનવ્રતને વરેલાં સંસ્કારી મા-બાપની શીતળ છાયા તથા ત્રણ બહેનો અને એક ભાઈના હેતભર્યા સહવાસ વચ્ચે નેમચંદનો ઉછેર થતો હતો. અભ્યાસ પછી તો નેમચંદ સંયમમાર્ગે વિહરવા દૃઢનિશ્ચયી બની ચૂક્યા હતા, પરંતુ એ માટે માતાપિતાની સંમતિ મળી નહીં. એક દિવસ કોઈને કહ્યા વગર ઘર છોડી ભાવનગર પહોંચ્યા. સં. ૧૯૪૫ના જેઠ સુદ ૭ ના પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે ૧૬ વર્ષની યુવાવયે ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને નેમચંદમાંથી મુનિશ્રી નેમવિજયજી બન્યા અને તે સાથે જ ગુરુસેવા, સંયમસાધના અને જ્ઞાનોપાર્જનમાં એકનિષ્ઠ બની ગયા.

સં. ૧૯૪૯માં વાત્સલ્યમૂર્તિ ગુરુદેવની શીળી છાયા



**રાજસ્થાનનું આગવું આકર્ષણકેન્દ્ર અને વાદળીઓ સાથે વાતો કરતું ચઉમાળી ઉત્તુંગ જિનાલય કાપરડાજી (રાજસ્થાન)માં પૂ. શ્રી નેમિસૂરિદાદાનું ભારેમોટું યોગદાન નોંધાયેલું છે.**

ગુમાવી. આથી પૂજ્યશ્રીના હૃદયને ઘણો આઘાત લાગ્યો, પરંતુ જ્ઞાન-તપની સહાયે અલ્પ સમયમાં સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. ત્યાર બાદ, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિના બળે અલ્પ સમયમાં અનેક શાસ્ત્રોનું ઊંડું અવગાહન કર્યું એટલું જ નહીં, જૈનદર્શનની સાથે અન્ય દર્શનો-સાંખ્ય, યોગ, મીમાંસા, વેદાંત વગેરેનું પણ જ્ઞાન સંપાદન કર્યું. તેમની આ જ્ઞાનલબ્ધિ અને તેનાથી સમૃદ્ધ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનશૈલી, કડક સંયમરુચિ આદિ યોગ્યતા જોઈ તેમના વડીલ ગુરુબંધુ ઉદારમના ગીતાર્થ પ્રવર પૂ. પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજે ભાવનગરમાં 'શ્રી ભગવતીસૂત્ર'ના યોગોદ્વહનમાં પ્રવેશ કરાવી, વલભીપુર મુકામે સં. ૧૯૬૦ના કારતક વદ ૭ના ગણિ પદથી, માગશર સુદ ૩ના પંન્યાસ પદથી વિભૂષિત કર્યા અને આગળ જતાં, તેઓશ્રીમાં ઉત્તરોત્તર થતી ગુણજ્ઞાનની વૃદ્ધિને જોઈને તેમ જ શાસનધુરાને વહન કરવાની યોગ્યતાને જાણી, પૂ. વડીલ બંધુએ સં. ૧૯૬૪માં ભાવનગરમાં મહામહોત્સવપૂર્વક આચાર્ય પદવીથી અલંકૃત કર્યા. લગભગ છેલ્લાં ૩૦૦ વર્ષ પછી યોગોદ્વહન, પંચપ્રસ્થાનની આરાધના વગેરે શાસ્ત્રીય વિધિપૂર્વક કરીને આચાર્ય પદવી પ્રાપ્ત કરનારા તેઓ સર્વ પ્રથમ આચાર્ય હતા. તેથી તેઓશ્રી આચાર્યોના ચક્રમાં ચક્રવર્તી અને જૈનશાસનમાં સમ્રાટ કહેવાયા. આચાર્ય પદવી પ્રાપ્ત થતાં તેઓ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી તરીકે જાહેર થયા અને આગળ જતાં વિશાળ શિષ્ય-પ્રશિષ્ય સમુદાયથી શોભાયમાન પૂજ્યપાદશ્રી 'શાસનસમ્રાટ'થી વિશેષ ખ્યાત થયા.

સં. ૨૦૦૫નું ચાતુર્માસ જન્મભૂમિ-મહુવામાં વિતાવતા હતા ત્યારે તબિયત લથડી. દિન-પ્રતિદિન અશક્તિ વધતી ચાલી. દિવાળીનું પર્વ આવ્યું. આસો વદ અમાસની સવાર ઊગી. બાહ્ય ઉપચારો મૂકીને નિર્યામણાનો આભ્યંતર ઉપચાર શરૂ થયો. બરોબર ૭ વાગ્યે પૂજ્યશ્રીનો આત્મા સ્વર્ગલોક ભણી સંચર્યો. એક ભવ્ય જીવનનું ૭૭ વર્ષનું ચક્ર પૂર્ણ થયું. પૂજ્યશ્રીના દેહવિલય-સ્થળથી ૫૦ ડગલાં દૂર તેમનું જન્મસ્થળ હતું, જ્યાં કારતક સુદ ૧ને દિવસે એમનો જન્મ થયો હતો!!

જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનોદ્ધાર : ત્યાગમાર્ગ ગ્રહણ કર્યો અને ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં મગ્ન રહ્યા એટલે સ્વકલ્યાણ તો નિશ્ચિત થયું જ, પરંતુ સાચા સૂરિનું કાર્ય તો પરકલ્યાણનું પણ છે એમ પોતે દૃઢતાથી માનતા હતા, ધર્મકાર્યો કે ધાર્મિક ક્રિયાઓ સમજણ વગર ન થવી જોઈએ એમ પણ તેઓશ્રી માનતા હતા, એ માટે નાના બાળકથી માંડીને મોટા વિદ્વાનો સુધીના માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાર્મિક પાઠશાળાઓ હોવી જરૂરી છે એમ સ્વીકારતા હતા. પરિણામે અમદાવાદ, ખંભાત, મહુવા, વઢવાણ, જાવાલ આદિ અનેક સ્થળે પાઠશાળાઓ, જંગમ શાળાઓ, કન્યાશાળાઓ સ્થાપી-સ્થપાવી. પૂજ્યશ્રીની પ્રેરણાથી ખંભાત, અમદાવાદ, કદંબગિરિ અને મહુવાના વિશાળ જ્ઞાનભંડારો એના સાક્ષીરૂપે આજે પણ ઊભા છે. આ ભંડારોમાં જૈન-જૈનેતર ધર્મ સંબંધી હસ્તલિખિત-મુદ્રિત એવી હજારો પ્રતો જળવાઈ રહી છે.

શિષ્યપરંપરા : પૂજ્યપાદશ્રીનું બીજું ધ્યેય હતું જ્ઞાન અને ગુણસંપન્ન તેજસ્વી શિષ્યપરંપરા રચવાનું. આ કાર્યથી જૈનશાસનનો વિસ્તાર અને વિકાસ શક્ય છે એમ તેઓશ્રી માનતા અને એ ધ્યેયને લક્ષમાં રાખીને પ્રત્યેક શિષ્યને આદર્શભૂત કડક અનુશાસનથી તૈયાર કરતા. ગહન અધ્યયન અને કઠોર ચારિત્રપાલન માટે સદા જાગૃત રહેતા. પરિણામે આઠ બહુશ્રુત આચાર્યો અને અનેક વિદ્વાન મુનિવરોની ભવ્ય પરંપરા શાસનને સમર્પી શક્યા. સ્વયં અદ્વિતીય કક્ષાના વિદ્વાન અને તેઓશ્રીની વિદ્વાન વિશાળ શિષ્ય-પ્રશિષ્યની પરંપરા જૈન ધર્મના ઇતિહાસનું ગૌરવશાળી પ્રકરણ બની રહ્યું છે.

જીવદયા : આ અહિંસાપ્રધાન જૈનશાસનના અધિનાયક તરીકે જીવદયા એ પૂજ્યશ્રીનું વિશિષ્ટ ધ્યેય હતું. સૌરાષ્ટ્રના સાગરકાંઠાના કંઠાળ અને વળાંક જેવા પંથકોમાં ત્યાંનો મુખ્ય વ્યવસાય માછીમારીનો હતો, તે ઉપરાંત દેવદેવીઓને પશુઓના ભોગ ધરાવવાની પ્રથા પણ ફૂલીફાલી હતી. પૂજ્યશ્રીએ ગામડે ગામડે ફરીને, હજારો માઈલોનો વિહાર કરીને, જાનના જોખમે હિંસક માનસ ધરાવતી જાતિઓને ઉપદેશ આપીને આવી ઘાતકી પ્રથાઓ બંધ કરાવી.

તીર્થોદ્ધાર : આચાર્યશ્રીનું તીર્થોદ્ધાર પ્રત્યેનું વલણ ઉમદા અને વિરાટ હતું. એમનાં રોમેરોમમાં તીર્થો પ્રત્યે અપાર ભક્તિભાવ અને એટલી જ ચિંતા હતી. કાપરડાજી તીર્થના ઉદ્ધાર સમયે પ્રાણાંત પરિષહ સહ્યો હતો. કદંબગિરિ તીર્થના ઉદ્ધારમાં એમણે પ્રાણ રેડ્યા હતા. આવાં કાર્યોમાં પૂજ્યશ્રી જાનની પરવા કરતા નહીં. શેરીસાના તીર્થનો ઉદ્ધાર એ આચાર્યશ્રીની શ્રદ્ધાપૂર્ણ દોરવણી અને શેઠ સારાભાઈ ડાહ્યાભાઈની અથાગ જહેમતનો સરવાળો છે. માતર, રાણકપુર, સ્તંભતીર્થ આદિ તીર્થો અને અનેક ગામોમાં જીર્ણ જિનાલયોનાં કરાવેલાં ધરમૂળ ઉદ્ધારો આજે પણ તેઓશ્રીની જીવંત યશગાથા સંભળાવી રહ્યા છે. આ ઉપરાંત, તીર્થોના હકો અને તેની રક્ષા માટે પણ પૂજ્યશ્રી સતત કાળજી રાખતા. ગિરિરાજ ગિરનારના તીર્થ માટે જૂનાગઢના નવાબ સાથે ચાલેલા કેસમાં પૂજ્યશ્રીએ લીધેલી જહેમત ગજબની હતી. એવી જ રીતે, સમેતશિખર, તારંગા, અંતરિક્ષજી, મક્ષીજી અને શત્રુંજય ગિરિરાજના ગૂંચવાડા ભરેલા કેસોના વિજય પાછળ તેઓશ્રીની વિલક્ષણ બુદ્ધિ કામ કરી ગઈ હતી. એથી જ, સમસ્ત સંઘ વતી ભારતભરનાં જૈન તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પૂજ્યશ્રીને પૂછ્યા વિના ડગલું ભરતી નહીં. આમ, આ ચારે મહાન ધ્યેયની સિદ્ધિ માટે આચાર્યશ્રી અડગ આત્મવિશ્વાસ સાથે સતત પ્રયત્નશીલ રહ્યા અને વિજય પણ પ્રાપ્ત કરતા રહ્યા.

પૂજ્યશ્રી સકળ સંઘમાં પરમ આદરણીય બન્યા હતા. સં. ૧૯૯૦ના અમદાવાદના ઐતિહાસિક મુનિસંમેલનમાં તેઓશ્રીની સૂઝ-સમઝણથી અનેક વાદ-વિવાદો શમી ગયા અને એ સિદ્ધિથી એમનો કીર્તિકળશ સર્વોચ્ચ ટોચે ઝળક્યો હતો.

પ્રતાપી વ્યક્તિમત્તા : ઊંડું શાસ્ત્રજ્ઞાન, પ્રભાવક વાક્ચાતુરી, સતત ધર્મજાગૃતિ, કઠોર ધર્મચર્યા તેમ જ વિશાળ અને દીર્ઘ દૃષ્ટિથી સમગ્ર શાસનની ખેવના કરતા પૂજ્ય આચાર્યશ્રી જૈન-જૈનેતર-સૌમાં ખૂબ જ આદરણીય હતા.

*(સંકલન : પૂ.આ.શ્રી શીલચંદ્રસૂરિજી મ.ના લેખમાંથી ટૂંકાવીને)*

*સૌજન્ય : પૂજ્યપાદ આ.ભગવંત શ્રીમદ્દ્વિજયદેવસૂરીશ્વરજી મ.શ્રીના દિવ્ય આશીર્વાદથી પૂ.આ. શ્રીમદ્દ્વિજય હેમચંદ્રસૂરિજી મ. તથા પૂ.આ. શ્રીમદ્ વિજય પદ્યુમ્નસૂરિજી મ.ની પ્રેરણાથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ.*

*રૈવતગિરિ તીર્થના જીર્ણોદ્ધારનું ભગીરથ કાર્ય સાકાર બનાવનારા*

## પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયનીતિસૂરિજી મહારાજ

સંતો અને શૂરવીરોને જન્મ આપનારી ધન્ય ધરા સૌરાષ્ટ્રમાં આવેલ વાંકાનેર નગરે સં. ૧૯૦૩ના પોષ સુદ ૧૧-ને દિવસે પૂ.આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજનો, સ્વ-પરને ધર્મમાર્ગે નૌનિહાલ કરવા ઉદય-જન્મ થયો હતો. નામ પણ એવું જ હતું-નિહાલચંદ. પિતા ફૂલચંદ નેણસી પારેખ, જ્ઞાતિએ દશાશ્રીમાળી, ધંધો શરાફીનો, જ્ઞાતિમાં અગ્રણી અને રાજદરબારે માનભર્યું સ્થાન હતું. માતા ચોથીબહેન પણ એવાં જ આદરણીય અને સ્નેહાળ, સુશીલ અને ધર્મપરાયણાં સન્નારી હતાં. તેઓને ૪ પુત્રો અને ૨ પુત્રીઓ હતાં. તેમાં સૌથી નાના પુત્ર નિહાલચંદ હતા. નાના એટલે લાડકોડમાં ઊછર્યા. આ સુખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપન્ન પરિવારમાં ધર્મસંસ્કાર પણ અજવાળાં પાથરી રહ્યા હતા. તેમાંયે નિહાલચંદને પૂર્વભવના પુણ્યયોગે ધર્મ પ્રત્યે વધુને વધુ જાગૃત અને પ્રવૃત્ત બનાવતા રહ્યા. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ અને વ્યાખ્યાનશ્રવણ એ તેમના જીવનક્રમ બની ગયાં. સંસારમાંથી જ રુચિ ઊઠી ગઈ. ઊંડે ઊંડે દીક્ષાની ભાવના જાગી હતી. ૧૯૪૯ના અષાઢ સુદ ૧૫ને દિવસે, ૧૯ વર્ષની યુવાન વયે, મહેરવાડાના માર્ગમાં એક વૃક્ષ નીચે સ્વયં સંસારી કપડાંનો ત્યાગ કરી, સાધુ વેશ ધારણ કરી લીધો. પૂ. પ્રતાપવિજયજી મહારાજના વરદ હસ્તે ધામધૂમથી વડી દીક્ષા ગ્રહણ કરી, તેમના શિષ્ય બની, મુનિશ્રી નીતિવિજયજી નામે ઘોષિત થયા. તે દિવસે આખા ગામને જમાડવામાં આવ્યું હતું.

દીક્ષા પછી પ્રથમવાર સં. ૧૯૬૨માં જન્મભૂમિ વાંકાનેર પધાર્યા. ગામના આ નવરત્નનું સમસ્ત શહેરે સામૈયું કર્યું. પૂજ્યશ્રીની પ્રભાવક વાણી સાંભળી ગામ ધન્ય ધન્ય બની ગયું. સં. ૧૯૬૩થી ૧૯૬૭ દરમિયાન બે છ'રીપાલિત સંઘો, ઉપધાન તપ અને શંખેશ્વરતીર્થે ભમતીમાં પ્રભુપ્રતિષ્ઠાદિ ધર્મકાર્યો પ્રવર્તાવ્યાં. સં. ૧૯૬૯માં વીરમગામમાં પૂજ્યશ્રીના ઉપદેશથી સાધુ-સાધ્વીજી માટે, સંસ્કૃત-પ્રાકૃતના ધર્માભ્યાસ માટે, પાઠશાલા સ્થપાઈ, સં. ૧૯૭૨માં પાટણ પધારતા શ્રી હેમચંદ્રાચાર્ય સભાના સંચાલકોને જ્ઞાનમંદિર સ્થાપવા અને ગ્રંથાવલિ શરૂ કરવા ઉપદેશ આપ્યો. એ વર્ષે ચાણસ્મા ચાતુર્માસમાં શ્રી સંઘનો વહીવટ એકસંપી અને વ્યવસ્થિત કરાવ્યો. સં. ૧૯૭૪માં ઊંઝામાં પધાર્યા. જુવાનોની જાગૃતિ, રૂઢિઓ પ્રત્યે જેહાદ, કાર્યો કરવાની હોંશ, પણ બિન અનુભવી અને ઉતાવળની નબળી કડી-આ સર્વ સ્થિતિ જાણી, યુવાનોને સંઘના હોદ્દા માટે દૂર રહેવા 'સેવાસમાજ' નામની સંસ્થાની સ્થાપના કરાવી. તેની કાર્યશક્તિને વેગ આપ્યો. સં. ૧૯૭૬ના માગશર સુદ ૧૧ને દિવસે અમદાવાદ-લુવારની પોળના ઉપાશ્રયે પૂજ્ય અનુયોગાચાર્ય શ્રી ભાવવિજયજી મહારાજના વરદ હસ્તે આચાર્યપદે આરૂઢ થયા. સં. ૧૯૭૭ના પાલિતાણા ચાતુર્માસ દરમિયાન 'સેવાસમાજ' ની સ્થાપના કરાવી જૈન યુવકોને સમાજસેવાનો મંત્ર સમજાવ્યો.

પૂજ્યશ્રી દ્વારા જે મહત્ત્વપૂર્ણ અને ચિરઃસ્મરણીય કાર્યો થયાં, તેમાંનું એક રૈવતગિરિ (ગિરનાર) તીર્થનો જીર્ણોદ્ધાર. સં. ૧૯૭૮માં વેરાવળ પધારતાં આ કાર્યનું મંડાણ થયું હતું. ભારતભરના જૈનસંઘોને જીર્ણોદ્ધારની વિગતોથી માહિતગાર બનાવવા, તેની જરૂરિયાત સમજાવવી, વિદેશના એડન આદિના શ્રીસંઘોએ પણ સારો ફાળો નોંધાવ્યો. સાત વર્ષની લગાતાર જહેમતના અંતે જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન બનતાં સં. ૧૯૮૫ના માગશર વદ પાંચમે ખૂબ શાનદાર રીતે પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવાયો. વાંકાનેરમાં ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર, કડીમાં કુસંપનું નિવારણ, અમદાવાદ વીર વિજયજી ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે ફંડ, રાધનપુરમાં પાઠશાળા માટે ફંડ, બોર્ડિંગની શરૂઆત વગેરે શાસનનાં, સમાજનાં વિધવિધ કાર્યો સુસંપન્ન બનાવ્યાં.

રૈવતગિરિ તીર્થોદ્ધારની જેવું પૂજ્યશ્રીનું બીજું ચિરંજીવ કાર્ય અમદાવાદમાં શ્રી મહાવીરસ્વામી જિનાલય પાસે, ગાંધીરોડ પર આવેલ 'શ્રી વિજયનીતિસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને ફ્રી વાચનાલય' છે. એ સમયે અમદાવાદમાં સ્થિતિ એવી હતી કે જે ઉપાશ્રયમાં ગ્રંથભંડારો હોય તેનો ઉપયોગ ત્યાંની પોળવાળા જ કરે. બધા ગ્રંથભંડારોમાં આ સ્થિતિ હતી. જાહેર ઉપયોગ શક્ય ન હતો. પૂજ્યશ્રીએ આ સ્થિતિમાં સુધારો કર્યો અને સૌ કોઈ બધા ગ્રંથભંડારોનો ઉપયોગ કરી શકે એવી સ્થિતિ નિર્માણ કરી. સં. ૧૯૯૦માં અમદાવાદમાં મળેલા મુનિસંમેલનમાં પૂજ્યશ્રીએ આગળ પડતો ભાગ લીધો હતો. ૧૯૯૩માં અમદાવાદ-લુહારની પોળના ઉપાશ્રયે ચાતુર્માસ કર્યું. શામળાની પોળમાં ત્રણ-ત્રણ દેરાસર અને પોળ પણ મોટી, છતાં ત્યાં તપાગચ્છનો કોઈ ઉપાશ્રય નહીં. આ વાતની જાણ થતાં પોતાના વિદ્વાન શિષ્ય પં. શ્રી ઉદયવિજયજીને શામળાજીની પોળે આઠ દિવસ મોકલી સુંદર ઉપાશ્રય કરાવ્યો.

સં. ૧૯૯૭નું સાદડીનું ચોમાસું પૂર્ણ કરીને એ તરફ વિહાર કર્યો. છેલ્લાં એક બે વર્ષથી સ્વાસ્થ્ય નરમ-ગરમ રહેતું હતું. વાયુપ્રકોપને લીધે સોજા ચડી જતા. તેમાં ઉદયપુર પહોંચતાં તબિયત લથડી, છતાં ચિત્તોડગઢ પહોંચવાના, તેના ઉદ્ધારકાર્યને જાતે નીરખવાના વિચારની સામે તબિયતની કંઈ ખેવના કરી નહીં. સં. ૧૯૯૮ના પોષ સુદ ૭ને દિવસે એકલિંગજી પધાર્યા. તબિયતે ગંભીર રૂપ ધારણ લીધું અને બીજે દિવસે ઊગતી સવારે સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું. ઉદયપુરમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. મેવાડના રિવાજ પ્રમાણે અગ્નિસંસ્કારની રાખને પાલિતાણા મોકલી, પવિત્ર શેત્રુંજી નદીમાં રાખ પધરાવવામાં આવી. એ મહાન વિભૂતિને પગલે અનેકાનેક ભવ્યજીવો ધન્ય અને પાવન બની ગયા, તેમ એ મહાન વિભૂતિની ભભૂતિના સ્પર્શે શેત્રુંજી નદીનાં નિર્મળ નીર પણ ધન્ય બની ગયાં. કોટિ કોટિ વંદન હજો એ મહાન સૂરિવરને!

*સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ, પાલિતાણા.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. આ. શ્રીમદ્ વિજયકેશરસૂરીશ્વરજી મ.

જૈનસમાજના શ્રમણોદ્યાનમાં અનેક, પરમ સૌરભભર્યા ફૂલડાં ખીલ્યાં છે અને એ ફૂલોના મઘમઘાટે વિશ્વ સુરભિત બન્યું છે. આવાં અનેક ફૂલડાંઓનું અનેરી ફોરમ ફોરતું એક પુષ્પ તે શ્રીમદ્ વિજયકેશરસૂરિજી! ઓમકારજાપના પૂરેપૂરા રસિયા, યોગવિદ્યાના અભ્યાસી તેમ જ ગઈકાલના અને આજના યુગની માર્ગદર્શક થઈ પડે તેવી સાહિત્યશ્રેણીના સર્જક એ સૂરિજી ગઈ કાલે જીવંત હતા. આજે અક્ષરદેહે જાગૃત છે ને આવતી કાલે તેઓ ચિરંજીવ છે.

આવા ચિરંજીવ સાધુપુરુષનો જન્મ સં. ૧૯૩૩ના પોષ સુદી ૧૫ના દિવસે તીર્થાધિરાજની છત્રછાયામાં પાલિતાણા ખાતે થયો હતો. તેઓનું વતન કાઠિયાવાડમાં બોટાદ પાસેનું પાળિયાદ ગામ હતું. તેમના પિતાનું નામ માધવજીભાઈ નાગજીભાઈ હતું ને માતાનું નામ પાનબાઈ હતું. જેમનાં પગલાંથી ભાગ્યોદય થવાથી, તે લક્ષ્મીરૂપમાં પલટાઈ ગયું હતું. તેઓ જ્ઞાતિએ વિસાશ્રીમાળી અને ધંધે વેપારી હતા. માતાપિતા ધર્મના પૂરા પ્રેમી હતા. એવા માતાપિતાને ત્યાં બાળક કેશવજીનો જન્મ થયો. તેમનું મોસાળ પાલિતાણા હતું. તેણે ત્રણ ચોપડી સુધી અહીં અભ્યાસ કર્યો. સં. ૧૯૪૦માં બધું કુટુંબ વઢવાણ કેમ્પમાં રહેવા આવ્યું. અહીં કેશવજીનો છ ચોપડી સુધીનો અભ્યાસ થયો, પણ તેટલામાં કાળનું ચક્ર આવ્યું અને માતાપિતાનો ત્રણ-ત્રણ દિવસના અંતરે સ્વર્ગવાસ થયો. કેશવજીનું હૃદય સંસારથી ઘવાયું ને વૈરાગ્ય ભાવના પ્રબળ બની.

આ વખતે તેમને વડોદરા ખાતે શ્રી વિજયકમલ-સૂરીશ્વરજીનો મેળાપ થયો અને સં. ૧૯૫૦ના માગશર સુદ ૧૦ના દિવસે તેમની પાસે જ દીક્ષા લીધી. ગુરુજીએ તેમનું નામ શ્રી કેશરવિજયજી રાખ્યું. શ્રી કેશરવિજયજીએ એક સમર્થ ગુરુનું શરણું સ્વીકાર્યું હતું. તેમની પાસે વડોદરા અને સુરતમાં રહીને તેમણે ખૂબ અભ્યાસ કર્યો. જ્ઞાન વિશાળ થતું ગયું. તેવામાં તેમનું મન યોગ તરફ દોરાયું અને જીવનભર યોગપ્રાપ્તિ માટે ગમે તેવાં સંકટો સહેવામાં તેમણે મઝા માણી છે. અનેક ચમત્કારો તે દ્વારા તેમને પ્રાપ્ત થયેલા કહેવાય છે. ઓમકારનો જાપ તો પોતે કરોડોવાર કરેલો ને જે મળે તેને તે કરવા ઉપદેશ આપેલો.

સં. ૧૯૬૩માં સુરતમાં તેમને ગણિ પદવી અપાઈ અને સં. ૧૯૬૪માં પંન્યાસ પદવીનો ઉત્સવ થયો. આ પછી અચાનક ગુરુદેવનો સ્વર્ગવાસ થતાં, તેમ જ ગુરુદેવની ઇચ્છા મુજબ પાછળનો બધો ભાર તેમને સોંપાતાં કાર્યભાર વધ્યો. રાજયોગ જાણવાની ઇચ્છા અહીં દબાઈ ગઈ. પોતાના સમુદાયનું બંધારણ કરવા તેમણે વઢવાણ કેમ્પમાં સાધુસંમેલન ભર્યું. આ પછી ઘણી દીક્ષાઓ તેમને હસ્તે થઈ. તેમની વિદ્વતા અને યોગીપણાની ખ્યાતિ બધે પ્રસરી વળી હતી. ધરમપુર સ્ટેટ તથા બીજા રાજાઓ તેમના ભક્તો બન્યા હતા. પારસી, મુસલમાન, ઘાંચી, મોચી તો તેમને પોતાના જ હિતૈષી ગણતા. તેમના ગુણોથી આકર્ષાઈ તથા સ્વર્ગસ્થ સૂરિજીની ઇચ્છાને માન આપી સં. ૧૯૮૩ના કારતક વદી ૬ના રોજ તેમને આચાર્ય પદવી ભાવનગરમાં અપાઈ. આ પ્રસંગે ખૂબ મહોત્સવ, માનપત્રો તેમ જ લખાણો થયાં હતાં. આ વખતે તેમની સાહિત્ય લેખન-પ્રવૃત્તિ ચાલુ હતી ને તેમના ગ્રંથો જૈન જૈનેતર સમાજમાં સારો આદર પામ્યા હતા. તેમણે લગભગ ૨૦ ઉપરાંત પુસ્તકો નીતિ, ધર્મ, સ્થાનક ને યોગને અંગે લખ્યાં છે.

વિ. સં. ૧૯૮૫નું વડાલીનું ચાતુર્માસ પૂર્ણ કરી તેઓ તારંગાજી ગયા. અહીં ગુફામાં ધ્યાન અવસ્થામાં બેસતાં શરદીએ ભયંકર હુમલો કર્યો, હૃદયમાં દર્દ પેદા થયું ને આ દર્દે છેવટે પ્રાણ લીધા. ઉપચાર કરવા અમદાવાદ ઊજમફઈની ધર્મશાળામાં તે ચાતુર્માસમાં શ્રાવણ વદી પાંચમે તો સૂરિજીએ તમામ ત્યાગ કરી ઓમકારનો જાપ શરૂ કર્યો અને જીવનની છેલ્લી ક્ષણે પણ ઓમકાર. શોકની અમાવસ્યા છવાઈ ગઈ, છતાં તેમની પવિત્રતાની પૂર્ણિમા તો આજે પણ સદોદિત છે.

*જૈનશાસનના જ્યોતિર્ધર, સુવિશાળ ગચ્છાધિપતિ, સમર્થ- વ્યાખ્યાનવાચસ્પતિ*

## પરમ પૂજ્ય આચાર્યપ્રવર શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ



જન્મ : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ ૪, દહેવાણ.

વતન : પાદરા (જિ. વડોદરા).

દીક્ષા : સં. ૧૯૬૯, પોષ વદ ૧૩, ગંધારતીર્થ.

ગણિ-પંન્યાસ પદ : સં. ૧૯૮૭, કારતક વદ ૩, (મુંબઈ).

ઉપાધ્યાય પદ : સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૯૧, ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.
આચાર્ય પદ : સં. ૧૯૯૨, વૈશાખ સુદ ૬, મુંબઈ.
સ્વર્ગવાસ : સં. ૨૦૪૭, અષાઢ વદ ૧૪, અમદાવાદ.
દીક્ષાપર્યાય : ૭૭ વર્ષ અને ૬ મહિના.

સુવિશાળ ગચ્છાધિપતિ, જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, ૭૮ વર્ષનો દીક્ષાપર્યાય પાળી ૯૬ વર્ષની ઉંમરે, અમદાવાદમાં સં. ૨૦૪૭ના અષાઢ વદ ૧૪ (તા. ૯-૮-૧૯૯૧)ના રોજ અરિહંત પરમાત્માના ધ્યાનમાં મગ્ન બનીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ૭૮ વર્ષનું સુદીર્ઘ દીક્ષાજીવન સંખ્યાબંધ મહત્ત્વની ઘટનાઓથી સભર હતું. પૂજ્યશ્રીનું જીવન એટલે ઇતિહાસ. છેલ્લા સૈકામાં થઈ ગયેલા મહાન જૈનાચાર્યોનો ઇતિહાસ. પૂજ્યશ્રીનો જન્મ એમના મોસાળના ગામ દહેવાણમાં વિ.સં. ૧૯૫૨ના ફાગણ વદ ૪ના શુભ દિને થયો હતો. એમનું નામ ત્રિભુવન રાખવામાં આવ્યું હતું. એમના પિતાનું નામ છોટાલાલ અને માતાનું નામ સમરથબહેન હતું. બાળક ત્રિભુવનના જન્મ પછી માતા પિયરથી પાદરા આવે તે પહેલાં તો પિતાશ્રી છોટાલાલનું અવસાન થયું. છોટાલાલને બીજા બે ભાઈઓ હતા. છોટાલાલની માતાનું નામ (ત્રિભુવનની દાદીમાનું નામ) રતનબા હતું. ત્રિભુવને પાદરાની સરકારી શાળામાં અભ્યાસ ચાલુ કર્યો.

કિશોર ત્રિભુવન ધર્મ–અભ્યાસમાં ઘણો તેજસ્વી હતો. સાધુ ભગવંતના સંપર્કને લીધે દીક્ષા લેવાના કોડ એના મનમાં જન્મ્યા, પરંતુ એનાં દાદીમા, એના કાકાઓ એને દીક્ષા લેતા અટકાવતાં હતાં, કારણ કે ત્રણ ભાઈઓ વચ્ચે આ એક જ દીકરો હતો. ત્રિભુવનના પિતાના એક કાકાએ તો ત્રિભુવન જો દીક્ષા ન લે તો પોતાની દુકાન ત્રિભુવનના નામ ઉપર કરી આપવાનું પ્રલોભન પણ બતાવ્યું હતું, પરંતુ એથી ત્રિભુવન જરા પણ આકર્ષિત થયો ન હતો. કિશોર ત્રિભુવને દીક્ષા લેવાનો અડગ નિશ્ચય કર્યો હતો, વહેલી તકે દીક્ષા લેવાનું નક્કી કર્યું. એણે થોડા વખત પછી વડોદરામાં પૂ. પ્રેમવિજયજી મહારાજ પાસે જઈ પોતાની દીક્ષાનું મુહૂર્ત કઢાવ્યું, પરંતુ એ માટે સમય ઓછો હતો. (ઓછો હોય એ જરૂરી પણ હતું.) દીક્ષા ચૂપચાપ લેવી હતી. દીક્ષા વડોદરા રાજ્યની બહાર આપવામાં આવે તો તાત્કાલિક કાયદાનો પ્રશ્ન ઊભો ન થાય, એટલે પૂ. પ્રેમવિજયજી મહારાજે ત્રિભુવનને દીક્ષા માટે બ્રિટિશ સરહદમાં આવેલા જંબૂસર પહોંચવાનું કહ્યું. માસર રોડ પહોંચી, ત્યાંથી પગે ચાલી જંબૂસર જવાનું હતું. ત્રિભુવન વિશ્વામિત્રીથી ટ્રેનમાં બેઠા. રસ્તામાં પાદરા સ્ટેશન આવતું હતું. મુસાફરોની ચડ ઊતરમાં પોતાના ગામનો કોઈ માણસ તેને જોઈ ન લે તે માટે પાદરા સ્ટેશન આવતાં પહેલાં ત્રિભુવન પાટિયા નીચે સૂઈ ને સંતાઈ ગયો. સાંજના માસર રોડ ઊતરીને, પગપાળા ચાલીને તે જંબૂસર રાતના સાડા–અગિયાર વાગે પહોંચ્યો. ઉપાશ્રયમાં જઈને તેણે મોટા મહારાજને જઈને બધી વાત જણાવી. બીજે દિવસે આમોદમાં દીક્ષા આપવાનું વિચારાયું હતું, પરંતુ ત્યાં પણ ઉપાશ્રયમાં ત્રિભુવનના દૂરના એક કાકી ત્રિભુવનને જોઈ ગયાં, એટલે આમોદમાં દીક્ષા આપવાનું માંડી વાળવામાં આવ્યું અને જૈનોની વસ્તી વગરના તીર્થધામ ગંધારમાં દીક્ષા આપવાનું નક્કી થયું. મુનિ મંગળવિજયજીએ એ કાર્ય માટે હિંમત દર્શાવી. તેઓ તથા મુનિ નયવિજયજી તથા મુનિ પ્રકાશવિજયજી કિશોર ત્રિભુવનની સાથે ૧૯ માઈલોનો વિહાર કરી ગંધાર પહોંચ્યા. ગંધારમાં દીક્ષામુહૂર્તનો સમય થઈ ગયો હતો અને મુંડન માટે ગામમાંથી હજામને આવતાં વાર લાગી તો ત્યાં સુધીમાં મુનિ મંગળવિજયજીએ પોતે કેશલોચ ચાલુ કરી દીધો હતો. હજામ આવી પહોંચતાં મુંડન થયું. આ રીતે પાંચ–સાત જણ વચ્ચે ત્રિભુવનનો દીક્ષાવિધિ ગુપ્ત રીતે થઈ ગયો અને નામ મુનિશ્રી રામવિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષા પછી શ્રી રામવિજયજી મહારાજે સં. ૧૯૬૯નું પ્રથમ ચાતુર્માસ સિનોર ગામમાં કર્યું. એ વખતે વ્યાખ્યાનની જવાબદારી શ્રી દાનવિજયજી મહારાજની હતી, પરંતુ એક દિવસ પૂ. શ્રી દાનવિજયજીની તબિયત સારી ન હતી ત્યારે એમના ગુરુદેવ વડીલ પંજાબી મહારાજ ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજે નૂતન સાધુ શ્રી રામવિજયજીને વ્યાખ્યાન આપવા માટે ફરમાવ્યું, કારણ કે શ્રી રામવિજયજીમાં એ શક્તિ એમણે નિહાળી હતી. પાટ ઉપર બિરાજી વ્યાખ્યાન આપવાનો શ્રી રામવિજયજી માટે આ પહેલો જ પ્રસંગ હતો. પોતે ના પાડી છતાં પૂ. ગુરુભગવંતની આજ્ઞા થતાં એ જવાબદારી સ્વીકારવી જ પડી. ક્યા વિષય પર વ્યાખ્યાન આપવું એનો વિચાર કરી લીધો. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય પોતાને કંઠસ્થ હતી તેના વિવેચનરૂપે પૂજ્યશ્રીએ સરસ વ્યાખ્યાન આપ્યું. તે વ્યાખ્યાન સાંભળીને પૂ.ઉપા. શ્રી વીરવિજયજીએ આગાહી કરેલી કે રામવિજયજી ભવિષ્યમાં સમર્થ વ્યાખ્યાતા થશે. પૂજ્યશ્રી જ્યાં જ્યાં વિચર્યા ત્યાં તેમનાં પગલેપગલે અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, ઇત્યાદિ પ્રકારના ઉત્સવો સતત યોજાતા રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતમાં એકી સાથે ૨૪ અને અમલનેરમાં એકી સાથે ૨૬ વ્યક્તિઓએ એમની પાસે દીક્ષા લીધી. તેમના હાથે ૨૫૦–થી વધુ મુનિઓએ અને ૫૦૦ થી વધુ સાધ્વીજીઓએ દીક્ષા ગ્રહણ કરી છે.

પૂજ્યશ્રીએ દીક્ષા લીધી ત્યારે દીક્ષાનાં ચારે બાજુ જબ્બર વિરોધ ચાલતો હોવાથી પૂજ્યશ્રીને પોતાની ખાનગીમાં અને તે પણ દરિયાકિનારે અને તે પણ માત્ર પાંચ-સાત વ્યક્તિની હાજરીમાં જ દીક્ષા લેવી પડી હતી અને એથી એજ વખતે આ મહાપુરુષે મનોમન નિર્ણય કરેલ કે–મારે દીક્ષામાર્ગને એવો સુલભ બનાવવો છે કે નાના બાળકોથી માંડી યુવાનો પ્રૌઢો વૃદ્ધો, લાખોપતિઓ, અબજોપતિઓ સહુ કોઈ જાહેરમાં ધામધૂમથી દીક્ષા લઈ શકે, અને પૂજ્યશ્રીએ દીક્ષા બાદ પોતાની પ્રવચનધારા દ્વારા એવો દીક્ષાનો ડંકો વગાડ્યો કે–બાળકો, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધોની જાહેરમાં ધામધૂમથી દીક્ષા થવા માંડી. આશ્ચર્યની વાત એ છે કે પૂજ્યશ્રીને પોતાને ખાનગીમાં દીક્ષા લેવી પડી હતી જ્યારે પૂજ્યશ્રીના અંતિમ યુવાશિષ્ય અતુલભાઈ ઝવેરી જેઓ અબજોપતિ બાપના નબીરા હતા–જેઓના વરઘોડા પરદેશમાં પણ હીરાના વેપારીઓએ કાઢ્યા હતા તેમની દીક્ષા અમદાવાદ-નવરંગપુરા ખાતે સ્ટેડિયમમાં લાખ્ખો માણસોની મેદની વચ્ચે થઈ હતી અને એ વખતે સમસ્ત અમદાવાદના એક લાખ કરતા વધુ જૈન-જૈનેતરોને તેમના કુટુંબીઓએ નીચે બેસાડીને બહુમાનપૂર્વક ભોજન કરાવી બુફે પદ્ધતિથી સાચી સાધર્મિક ભક્તિ ન થાય તેનો એક આદર્શ ઊભો કકરી દીધો હતો. પૂજ્યશ્રીનું અંતિમ ચાતુર્માસ અમદાવાદ સાબરમતી પુખરાજ રાયચંદ આરાધનાભવન ખાતે નિર્ણિત થયું હતું. ચાતુર્માસ પ્રવેશ સમયે એટલી બધી ભાવિકોની ભીડ જામી હતી કે ખુદ પૂજ્યશ્રી પ્રવચનમંડપમાં જઈ શક્યા ન હતા ને પ્રથમ પ્રવચન શિષ્યોને કરવું પડ્યું હતું. પ્રવેશ બાદ પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય બગડતાં પૂજ્યને ડોલીમાં બેસાડી પાલડી ખાતે દર્શન બંગલે લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં પૂજ્યશ્રીને ટ્રીટમેન્ટ અપાતી હતી. ટ્રીટમેન્ટ દરમ્યાન તેઓશ્રીને પોતાનો અંતિમ સમય નજીક જણાતા આહાર-પાણી તથા દવાનો સંપૂર્ણ ત્યાગકરી સાગરિક અણશન સ્વીકારી લીધું હતું. આ સમાચાર ભારતભરમાં પહોંચતાં હજારો ભક્તો અંતિમદર્શન માટે ત્યાં હાજર થઈ ગયા હતા અને બરાબર વિ.સં. ૨૦૪૭ અષાઢ વદ-૧૪ના સવારે ૧૦ વાગે સેંકડો સાધુ-સાધ્વી અને હજારો શ્રાવક-શ્રાવીકાનીઉપસ્થિતિમાં 'અરિહંત-અરિહંત'ના ઉચ્ચાર સાથે પૂજ્યશ્રીએ દેહ છોડ્યો હતો. પૂજ્યશ્રીની નવશિખરવાળી પાલખી સાથેની અંતિમયાત્રા અષાઢ વદ ૦))ના દર્શન બંગલેથી નવ વાગે નીકળી અમદાવાદના રાજમાર્ગો પર પસાર થઈ ૨૫ કિ.મી.નો રજમાર્ગ કાપી સાંજના ૬ વાગે સાબરમતી રામનગરના અગ્નિ સંસ્કારસ્થળે પહોંચી હતી અને બરાબર સૂર્યાસ્ત સમયે એક કરોડ અગ્યાર લાખની બોલી બોલવાપૂર્વક ભક્તોએ પૂજ્યશ્રીના દેહને અગ્નિદાહ દીધો હતો. પૂજ્યશ્રીના અંતિમ દર્શનમાં અને સ્મશાનયાત્રામાં બે લાખથી વધુ લોકો જોડાયા હતા. અમદાવાદ-ગાંધીનગર સ્થિત તમામ રાજદ્વારી નેતાઓ અંતિમદર્શન અને શ્રદ્ધાંજલિ આપવા આઈ ચૂક્યા હતા પૂજ્યશ્રીના સ્વર્ગવાસના સમાચારની નોંધ દરેક દૈનિક પત્રકારોએ પ્રથમ પેજ પર ફોટા છાપવા સાથે સ્વયંભૂ રીતે લઈ એમને વિશ્વસ્તરીય વ્યક્તિ તરીકે નવાજી હતી. આવા લોખંડી વ્યક્તિત્વના સ્વામી સિદ્ધાંતનિષ્ઠ સૂરિદેવને ભાવપૂર્ણ વંદનાવલિ.

એ સૂરિવરને કોટિ કોટિ વંદનાઓ.

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી સમવસરણમંદિર તીર્થ*

## ન્યાયવિશારદ સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.

અમદાવાદ કાળુશીની પોળના રહીશ ચિમનભાઈના ધર્મપત્ની ભૂરીબહેનની કુક્ષિએ વિ. સં. ૧૯૬૭ ચૈ. વદ છઠના દિવસે જન્મ થયો. નામ પડ્યું કાન્તિભાઈ. આજના સી.એ.ની સમકક્ષ ઉચ્ચતર વ્યાવહારિક શિક્ષણ સપુરસ્કાર પ્રાપ્ત કરવા છતાં સુવિશુદ્ધ બ્રહ્મચર્યમૂર્તિ સ્વ. પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સંપર્કથી વૈરાગી બન્યા ને લઘુભ્રાતા પોપટલાલ સાથે ચાણસ્મા મુકામે શ્રી ભટેવા પાર્શ્વનાથદાદાની છત્રછાયામાં વિ. સં. ૧૯૯૧ પોષ સુદ ૧૨ના દિવસે દીક્ષા લઈને મુનિ શ્રી ભાનુવિજયજી બન્યા, ઊછળતો વૈરાગ્ય, આજીવન ગુરુકુલવાસ, અત્યંત અપ્રમત્તસાધના, તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા, સતત સ્વાધ્યાયમગ્નતા આ બધાના સથવારે અલ્પપર્યાયમાં વિશિષ્ટ બહુશ્રુત ગીતાર્થ બન્યા. ન્યાયશાસ્ત્ર, ષડ્દર્શનમાં સવિશેષ નિપુણતા પ્રાપ્ત કરી. શાસ્ત્રોનું સંક્ષિપ્ત અને છતાં સરળ–સુગમ દોહન તારવાની વિશેષ હથોટી ધરાવનારા બન્યા ને તેથી ન્યાય–વૈશેષિક દર્શનમાં સરળ પ્રવેશ માટેનો જેવો ગ્રન્થ સેંકડો વર્ષોમાં બ્રાહ્મણ પંડિતો ન બનાવી શક્યા એવા 'ન્યાયભૂમિકા' નામના ગ્રન્થની એમણે રચના કરી, જે જોઈને હિંદુ પંડિતોના મુખમાંથી પણ ''ધન્ય–ધન્ય'' ઉદ્ગાર સરી પડ્યા. 'લલિતવિસ્તરા'નું ગુજરાતી વિવેચન 'પરમ તેજ', 'પંચસૂત્ર'નું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવેચન-'ઉચ્ચપ્રકાશના પંથે', 'શ્રી યોગદૃષ્ટિ-સમુચ્ચયનાં વ્યાખ્યાનો' તેઓશ્રીની તર્કપ્રધાન શાસ્ત્રાનુસારી દાર્શનિક શૈલીની જીવંત યશોગાથા છે.

તેઓશ્રીના ક્ષયોપશમમાં ન્યાય-તર્ક એવા વણાઈ ગયેલા કે રોજિંદુ વ્યાખ્યાન હોય કે ઉપદેશાત્મક લેખ હોય તર્ક આવ્યા વિના ન રહે. તે તે સ્તવન-સજ્ઝાયના રહસ્યાર્થોને પણ તર્કસંગત કર્યા વિના તેઓની બુદ્ધિ જંપતી નહોતી. વિક્રમની વસમી એવી વીસમી આ સદીમાં નાસ્તિકતા અને ભોગવિલાસ જ્યારે ચોતરફ ખૂબ વકર્યાં છે, ત્યારે પણ હજારો યુવાનોને શ્રદ્ધા અને આચરણમાં ધર્માભિમુખ રાખનારા ધાર્મિક શિબિરના તેઓશ્રી આદ્ય પ્રેરણાદાતા ને આદ્ય વાચનાદાતા હતા. ભાવુકો ધર્મમાર્ગે અને વૈરાગ્યમાર્ગે આગળ વધતા રહે એ માટે તેઓશ્રીએ શતાધિક પુસ્તકો અને ૪૨-૪૨ વર્ષ સુધી 'દિવ્યદર્શન સાપ્તાહિક' લોકભોગ્યભાષામાં પ્રકાશિત કરાવ્યું હતું.

ઈષ્ટફળસિદ્ધિ વગેરે શાસ્ત્રીય બાબતોમાં તેઓશ્રીની માર્ગાનુસારી પ્રજ્ઞાએ પ્રકાશિત કરેલા પદાર્થો શાસ્ત્રાનુકારી સાબિત થયા હતા. કોઈપણ સમુદાયના મહાત્મા હોય....કોઈના પણ શિષ્ય હોય. શાસનનું રત્ન કેમ બને? એ માટે તેઓશ્રી સતત પ્રયત્નશીલ રહ્યા. કોઈની પણ રોગાદિ પીડા વખતે સમાધિ જાળવવામાં-નિર્યામણા કરાવવામાં તેઓશ્રી માહેર હતા ને સક્રિય હતા. વિ. સં. ૨૦૪૯ ચૈ. વદ ૧૩ના રોજ અમદાવાદ મુકામે અત્યંત સમાધિપૂર્વક કાળ કરનારા તેઓશ્રીનો શ્રમણ સમુદાય, આજે વિદ્યમાન સર્વ સમુદાયોમાં સર્વાધિક શ્રમણો ધરાવે છે. વર્ધમાન તપની ૧૦૮ ઓળી કરવાથી વર્ધમાન તપોનિધિ તરીકે પ્રસિદ્ધ થયેલા, તપ-ત્યાગ-તિતિક્ષા-મૂર્તિ, સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાંકિત પટ્ટધર એવા પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નાં ચરણોમાં લાખ-લાખ વંદન.

*પૂજ્યપાદ યુગદિવાકર, મહાનશાસનનાયક, પ્રૌઢ પ્રભાવશાલી, શતાધિક જિનાલય પ્રણેતા*

## આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.

પૂજ્યપાદ સમર્થશ્રુતધર, સરસ્વતીનરાવતાર, સ્મારિત-શ્રુતકેવલી, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે તારક તીર્થંકર પ્રભુશ્રી મુનિસુવ્ર. ભગવાનની સ્તવનામાં અનુભવસિદ્ધ સત્ય રજૂ કર્યું છે કે :—

"અક્ષર થોડા, ગુણ ઘણાં, સજ્જનના તે ન લખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે......"

સંતપુરુષો-વિરલ વિભૂતિઓના જીવન એવાં ગુણગરિષ્ઠ હોય છે કે જેની અભિવ્યક્તિ કરવામાં અક્ષરો ય અશક્ત બની જાય!! શબ્દમાં સમાય નહીં ને કલમમાં કંડારાય નહીં એવી વિરલતા એમને વરી હોય છે. આવી એક વિરલ વિભૂતિ એટલે વિ.સં. ૨૦૬૦માં જેમની જન્મશતાબ્દીની ઠેર ઠેર શાસન-પ્રભાવનાઓપૂર્વક ઉજવણી થઈ છે તે પૂજ્યપાદ પરમકૃપાળુ મહાન શાસનજ્યોતિર્ધર સમર્થ સંઘનાયક દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા શતાધિક જિનાલયોપાશ્રયાદિપ્રણેતા યુગદિવાકર આચાર્યભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ!!

શ્રમણજીવનના શૈશવમાં જેમના શીતલ સાન્નિધ્યનો પારાવાર પ્રેમાળતાનો ને વિમલ વાત્સલ્યનો મને ક્ષણે-ક્ષણે સાક્ષાત્કાર થયો હતો તે પરમોપકારી પૂજ્યશ્રી મને, 'ગુણસાગર' પ્રતીત થયા છે.

**(૧) જ્ઞાન-સાધના :** ગંગાના નિર્મલ સ્રોત સમી સંયમયાત્રાના ૬૨ વર્ષ દરમ્યાન તેઓશ્રીએ નિરંતર જ્ઞાનની અપૂર્વ અને અસ્ખલિત આરાધના કરી હતી. પ્રારંભમાં અધ્યયનરૂપે, પછી અધ્યાપનરૂપે, તે પછી દૈનિક બબ્બે ત્રણ-ત્રણ સમયનાં પ્રવચનો-વાચનાઓરૂપે, નૂતન સર્જનરૂપે અને શિક્ષણ સંસ્થાઓની સ્થાપના-પ્રોત્સાહનરૂપે તેઓશ્રીનું સમગ્ર જીવન જ્ઞાન-સાધનામાં તત્પર હતું. અતિ ઉચ્ચ કક્ષાની અધ્યયનરુચિ અને કુશાગ્રબુદ્ધિના બળે, દીક્ષાના પ્રારંભના વર્ષોમાં જ તેઓશ્રીએ વ્યાકરણ-સાહિત્ય-ન્યાય-પ્રકરણો-આગમો અને કર્મશાસ્ત્રો પર અદ્ભુત પ્રભુત્વ પ્રાપ્ત કરી લીધું હતું. તેઓશ્રીની અધ્યયન-રુચિ દર્શાવવા માટે એક જ પ્રસંગ નોંધવો પર્યાપ્ત થઈ પડશે. વિક્રમ સંવત ૧૯૯૦ની સાલમાં તેઓશ્રી પોતાના ગુરુદેવો સાથે અમદાવાદ-મરચન્ટ સોસાયટીમાં વિરાજમાન હતા. એ જ અરસામાં અમદાવાદ-પાંજરાપોળના ઉપાશ્રયમાં પૂ. આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ વિરાજમાન હતા. એ સમયે તેઓશ્રી દરરોજ ત્રણ માઈલનો વિહાર કરીને પૂ. સાગરજી મહારાજ પાસે અભ્યાસ કરવા આવતા અને અભ્યાસ કર્યા બાદ પુનઃ ત્રણ માઈલનો વિહાર કરીને સ્વસ્થાને જતા. આમ અભ્યાસની ઉત્કટ તમન્નાના યોગે તેઓશ્રી પ્રતિદિન જવા-આવવાનો છ માઈલનો વિહાર કરતા હતા....આવી અદ્ભુત સાધનાને કઈ સિદ્ધિ ન વરે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીએ જીવનભર જ્ઞાનની સાધના અને જ્ઞાનનો પ્રચાર સતત ચાલુ રાખ્યો હતો. સં. ૨૦૩૮માં મુંબઈ મજગામમાં તેઓશ્રી કાલધર્મ પામ્યા તેના એક દિવસ પૂર્વે, પોતાના તમામ બાલસાધુઓને એકત્રિત કરીને હિતશિક્ષા આપતાં તેઓશ્રીએ ફરમાવ્યું હતું કે "સાધુજીવનને સફળ બનાવવા માટે નિરંતર સ્વાધ્યાયમાં તત્પર રહેજો. પ્રમાદ સેવ્યા વિના જ્ઞાનોપાસનામાં આગળ વધજો." જીવનના અંતિમ દિવસે અભિવ્યક્ત થયેલ આ ભાવના એ જ દર્શાવે છે કે પૂજ્યશ્રી સમ્યગ્જ્ઞાનના કેવા અદ્ભુત અને અપ્રમત્ત આરાધક હતા!!!

**(૨) આરાધનાયોગોમાં પ્રણિધાન :** કોઈ પણ આરાધના-અનુષ્ઠાન જ્યારે મન-વચન-કાયાનું પ્રણિધાન અર્થાત્ તલ્લીનતા આવે છે ત્યારે એ આરાધના આપણા માટે બને છે યોગ. પણ....આવી તલ્લીનતા કાંઈ દરેકને હાથવગી નથી હોતી. એ તો પૂજ્યશ્રી સમા વિરલ આત્માઓને હાથવગી હોય છે. શું દર્શનાદિ કે શું પ્રતિક્રમણાદિ : મનને વ્યર્થ વ્યાપારોમાં ન જવા દઈને દત્તચિત્તતા કેળવી રાખવામાં તેઓ માહેર હતા. કદાચ આ દત્તચિત્તતા એમના અભ્યાસકાલની નીપજ હતી. દશવૈકાલિક સૂત્ર અભ્યાસના ચાર પૈકી એક હેતુ એ જણાવે છે કે एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइअव्वं भवइ' અર્થાત્ 'હું એકાગ્રચિત્ત બનીશ આ હેતુથી ય ભણવું જોઈએ.' પ્રાયઃ દીર્ઘકાલીન દૈનિક અભ્યાસથી સંપ્રાપ્ત આ એકાગ્રતા જિનદર્શનમાં પૂજ્યશ્રીને એવા એકાકાર બનાવી દેતી કે એનાથી સહજ આનંદની સાથે કાંઈક વિશિષ્ટ દિવ્યાનુભૂતિ પણ થાય. આ સંદર્ભમાં પૂજ્યશ્રીએ સ્વયં લખેલ એક પ્રસંગ ટાંકવા જેવો છે.

જેવું પ્રણિધાન પૂજ્યશ્રી ભક્તિના ક્ષેત્રે ધરાવતા હતા, એવું જ પ્રણિધાન પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનોમાં ય ધરાવતા હતા. આ સંબંધી એક હૃદયસ્પર્શી આશ્ચર્યકારી પ્રસંગ વિ.સં. ૨૦૩૪ના તેમના પાલિતાણાના ચાતુર્માસમાં બન્યો છે.

**(૩) નામનામુક્ત શાસનપ્રભાવના :** પૂજ્યશ્રીની શાસનપ્રભાવના નામનામુક્ત ને અભિમાનમુક્ત હતી, જે કાંઈ થયું છે એ ગુરુકૃપાથી જ થયું છે એવું દઢપણે માનતા અને જાહેરમાં કહેતાં. એમના જીવનના યાદગાર સાધર્મિકભક્તિના કાર્યરૂપે, એમની પ્રેરણા-પુરુષાર્થથી મુંબઈ-ભૂલેશ્વર-લાલબાગમાં તૈયાર થયેલ પંચમંજલી જૈન ધર્મશાળાનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો ત્યારે પ્રવચનમાં પૂજ્યશ્રીએ કરેલ રજૂઆત આ સંદર્ભમાં ટાંકવા જેવી છે. 'સેવા અને સમાજ' સામયિકે



**પાલીતાણામાં ૧૯૭૭માં નંદલાલ દેવલુક સંપાદિત 'વિશ્વની અસ્મિતા' ગ્રંથના વિમોચન પ્રસંગે પ.પૂ.આ.શ્રી ધર્મસૂરિદાદાની પ્રેરક નિશ્રામાં યોજાયેલા શાનદાર સમારોહમાં ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ જૈનાચાર્યોને વંદન કરતા નજરે પડે છે.**

એના તા. ૧૩-૬-૬૫ના અંકમાં પ્રગટ કરેલ પૂજ્યશ્રીના પ્રવચનમાંનો એક અંશ અક્ષરશઃ આ મુજબ છે કે :—

"જૈન ધર્મશાળાના આ કાર્યની સફળતાનો સંપૂર્ણ યશ શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ વગેરે વ્યક્તિઓએ મને આપેલ છે એ, સૌ કોઈની ભક્તિ અને લાગણીનું પ્રતિબિંબ છે. બાકી સાધર્મિક ભક્તિના અંગ તરીકે આ ધર્મશાળાના કાર્યમાં મને જે કાંઈ સફળતા મળી છે તેનું પ્રધાન કારણ મારા પરમ ઉપકારી દાદા ગુરુદેવ પૂ. પ્રવચનપ્રભાવક સ્વ. આચાર્યદેવ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. ગુરુદેવ પરમકૃપાળુ આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજની અસીમ કૃપા ઉપરાંત પ્રત્યેક કાર્યમાં સહકાર આપતા મારા નાના-મોટા સાધુઓનો સંપૂર્ણ સાથ છે."

**(૪) સંઘહિતચિંતા :**—સિંદૂર પ્રકર ગ્રન્થ જેની ભક્તિના ફલરૂપે શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ થયાનું જણાવે છે એ શ્રી સંઘની હિતચિંતા કરવામાં પૂજ્યશ્રી ખરેખર અગ્રેસર હતા. સંઘને વ્યાપક અર્થમાં નિહાળીએ તો વર્તમાન શાસનનાં એકેએક અંગોને તેમણે પરિપુષ્ટ બનાવ્યાં હતાં ને સંઘને તે તે ગામ-નગરોમાં વિરાજતા ચતુર્વિધ સંઘરૂપે વિચારીએ તો તેનીય ભક્તિમાં પૂજ્યશ્રી જાગરૂક હતા. આમ, બેય રીતે સંઘના હિતચિંતક બનીને તેઓ ખરા અર્થમાં 'સમર્થ સંઘનાયક' બન્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૫) સાધર્મિકોનું અપાર વાત્સલ્ય :** શાસ્ત્રો કહે છે કે એક તરફ ધર્મારાધના અને બીજી તરફ સાધર્મિકોની સર્વ રીતની ઉચિત ભક્તિ. આ બેને બુદ્ધિરુપી ત્રાજવાનાં બે પલ્લાંમાં મૂકીએ તો બન્ને પલ્લાં સમાન જ રહેવાનાં!! જેમની ભક્તિનો મહિમા આવો અદ્‌ભુત દર્શાવાયો છે એ સાધર્મિકો માટે પૂજ્યશ્રીની લાગણી–વાત્સલ્ય અપાર હતું. વિ.સં. ૨૦૦૭માં ૫૦ હજારની જંગી મેદની વચ્ચે આચાર્યપદાર્પણ થયા બાદના પ્રથમ પ્રવચનમાં એમણે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેમાં તેમની આ લાગણી–વાત્સલ્યનાં પ્રતિબિંબ ઝિલાય છે. તેઓશ્રીએ કહ્યું હતું ત્યારે કે "આચાર્ય પદ માટેની પૂર્ણ અનિચ્છા છતાં મુંબઈના સકલ સંઘ, અનેક સંસ્થાઓ અને વ્યક્તિઓના આગ્રહથી જ્યારે મેં આ જવાબદારીનો સ્વીકાર કર્યો છે ત્યારે મુંબઈના સમસ્ત સંઘ અને તેના મોવડીઓને મારો પ્રથમ અનુરોધ એ છે કે ભારતના ગૌરવસમા આ વિશાલ નગરમાં બહારથી દેવદર્શન–યાત્રા–ઔષધોપચાર વગેરે કારણે હરહંમેશ સેંકડોની સંખ્યામાં આવતા આપણા સાધર્મિક ભાઈઓને ઉતારા માટે મુંબઈના જૈન સંઘને અનુરૂપ ધર્મશાળા અને ધર્માનુકૂલ ભોજન માટે ભોજનાલયની આ ભૂમિમાં જે ઉણપ છે તે સત્વર દૂર કરે. ધર્મ અને તેની આરાધના કલ્યાણનો માર્ગ છે, પરંતુ જ્યાં સુધી આપણા સાધર્મિકો અન્ન વિના ભૂખ્યાં રહેતાં હોય પૂરતાં વસ્ત્રો વિનાનાં રહેતાં હોય, રહેવાની સગવડ વિનાનાં હોય, જીવનનિર્વાહ માટે ફાંફા મારતાં હોય અને તેમનાં બાળકો યોગ્ય શિક્ષણથી વંચિત રહેતાં હોય; ત્યાં સુધી એને ધર્મસાધનાની સગવડ અને નિશ્ચિંતતા કઈ રીતે હોય?"

આ તીવ્ર લાગણીના પરિણામે, વિ.સં. ૨૦૧૬માં પુનઃ મુંબઈ પધાર્યા ત્યારે તેઓશ્રીએ સતત સાત વર્ષ ભગીરથ પુરુષાર્થ–ઉપદેશ આપીને ૫૬ વિશાળ ખંડો, ત્રણ વિરાટ હોલ યુક્ત પાંચ મજલાની આલિશાન ઇમારત સાધર્મિકો માટે તૈયાર કરાવી અને તેમાં (૧) ધર્મશાળા, (૨) ભોજનશાળા, (૩) જૈન વાડી, (૪) જૈન ક્લિનિક, (૫) જૈન જ્ઞાનભંડારની સર્વાંગસુંદર સુવિધા કરાવી. સમયના તકાજાને અનુરૂપ સાધર્મિક બંધુઓ માટે આ એક વિરાટ કાર્ય પૂજ્યશ્રીએ એવું કરાવ્યું કે ત્યારથી જ સાધર્મિક ક્ષેત્રે તેઓશ્રીની ગણના પૂ.આ. શ્રી વલ્લભ-સૂરીશ્વરજી મ.સા. સાથે થવા માંડી......આ ઉપરાંત વિ.સં. ૨૦૧૮માં ગોડીજીમાં પૂજ્યશ્રીએ સાધર્મિક સેવા સંઘની સ્થાપના કરાવી હતી. આ સંસ્થાએ તે કાળે દસ વર્ષમાં રૂ. ૬ લાખથી વધુ રકમ સાધર્મિકોની અન્ન–વસ્ત્ર–ઔષધાદિ જરૂરિયાતમાં વહાવી હતી. વિ.સં. ૨૦૧૬માં વાલકેશ્વર પૂજ્યશ્રીએ જૈન ઉદ્યોગગૃહની સ્થાપના કરાવીને મધ્યમવર્ગીય સાધર્મિકોને જીવનનિર્વાહનું સાધન કરી આપ્યું હતું, જે આજે પણ અનવરત ચાલુ જ છે. આ કાયમી આયોજનો ઉપરાંત ચાતુર્માસ–અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવોમાં તે તે સમય પૂરતી પૂજ્યશ્રી હસ્તક થતી સાધર્મિકભક્તિનો વ્યાપ પણ ખૂબ વિશાળ હતો, જેમાં ગોડીજી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે થયેલ ૨૫૦ સાધર્મિક કુટુંબની થયેલ અન્ન–વસ્ત્ર–ઔષધાદિ ભક્તિ વગેરે ઉલ્લેખનીય છે.

શ્રી સંઘના અમુક અંશે ઉપેક્ષિત આ અંગ પરત્વેની પૂજ્યશ્રીની વિશિષ્ટ લાગણી અને પ્રવૃત્તિ, એમના સંઘનાયકપદને ખરા અર્થમાં ચરિતાર્થ કરતી હતી.

**(૬) કરુણા :** કરુણાના સંદર્ભમાં યાદ કરીએ ગિરિરાજ શ્રી શત્રુંજયતીર્થ પરના વસ્તુપાલ મંત્રીશ્વરના પ્રશસ્તિ લેખનો બીજો શ્લોક. એમાં મસ્ત કલ્પના કરાઈ છે કે : "દેવલોકેશ્વર! ઉપાધિ થઈ છે" ઇન્દ્ર : "શી?" રક્ષક : "આપણા નંદન વનમાંથી કલ્પવૃક્ષ ચોરાયું છે." ઇન્દ્ર : "એમ ન બોલીશ. મનુષ્યો પર કરુણા જાગવાથી મેં એને વસ્તુપાલરૂપે પૃથ્વીતલને શોભાવવા મોકલ્યું છે." આ કલ્પનાને અનુસરીએ તો પૂજ્યશ્રી માટે ય એવું માની શકાય કે તેઓની પ્રવૃત્તિ કલ્પવૃક્ષને અનુસરતી હતી. ના......ના....ભૂલ્યો. કલ્પવૃક્ષો તો યાચના બાદ આપે છે. જ્યારે પૂજ્યશ્રીના જીવનમાં તો કરુણાના કારણે એવું ય નિહાળવા મળે છે કે જેમાં યાચના વિના જ અપાતું હોય!

**(૭) જૈનશાસનની પ્રભાવના :** તેઓશ્રીની અમોઘ ઉપદેશલબ્ધિના બળે વિવિધ સ્થળોએ જૈનશાસનના મહત્ત્વનાં અંગોરૂપ જિનમંદિરો – ઉપાશ્રયો – આયંબિલ ભવનો–જ્ઞાનમંદિરો–પાઠશાળા–ધર્મશાળા–ભોજનશાળા વગેરેનાં અદ્‌ભુત નિર્માણ થયાં છે. એમાંય જીવનનાં છેલ્લાં મુખ્ય વર્ષો દરમ્યાન મુંબઈમાં વિચરીને સ્થળેસ્થળે જિનમંદિર–ઉપાશ્રયાદિના નિર્માણ કાજે એમણે જે ભગીરથ પુરુષાર્થ આદર્યો હતો એના જ કારણે મોહમયી મુંબઈનગરી મંદિરોથી મંડિત થઈ ગઈ છે. ચેમ્બૂર–ઘાટકોપર–કાંદિવલી ચતુર્વિંશતિ જિનાલય–ભાયંદર બાવન જિનાલય વગેરે દેવવિમાન જેવાં નયનરમ્ય મંદિરો તેઓશ્રીની જ પુનીત પ્રેરણાનાં પરિણામો છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત થયેલાં જિનમંદિરોની સંખ્યા લગભગ શતાધિક છે. એ જ રીતે મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રય, શાંતાક્રુઝ જૈન ઉપાશ્રય–બોરીવલી જામલીગલી જૈન ઉપાશ્રય જેવાં લગભગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૫ ભવ્ય અને આલિશાન આરાધના–સ્થળો તેઓશ્રીની અમોઘ ઉપદેશલબ્ધિ અને પ્રખર પ્રેરણાશક્તિના પરિચાયક બની રહે તેવાં છે.

છેલ્લે છેલ્લે તેઓશ્રીની પ્રેરણાથી સંવત ૨૦૩૩ અને ૨૦૩૪માં યોજાયેલ ઐતિહાસિક અને અજોડ પદયાત્રા મહાસંઘો શ્રી શેત્રુંજય તીર્થ પદયાત્રા સંઘ અને શ્રી ગિરનાર તીર્થયાત્રાસંઘ–એ તો એક યશસ્વી, યાદગાર અને ચિરસ્મરણીય ઈતિહાસરૂપે સ્થાન–માન પ્રાપ્ત કર્યું છે. એ મહાસંઘોમાં જે ઉદારતાથી સંઘ–શાસનના ને અનુકંપાદિનાં આયોજનો થતાં હતાં તેના કારણે તો માત્ર જૈન સમાજમાં નહીં પરંતુ જૈનેતર સમાજમાં ય એ મહાસંઘો પરત્વે આદર અને સદ્ભાવનું એક અલૌકિક વાતાવરણ જામ્યું હતું.

આ સર્વ કાર્યોની સાથે સાથે કેળવણીસહાય, હોસ્પિટલ-નિર્માણ સહાય વગેરે સાર્વજનિક કાર્યોમાં ય તેઓશ્રીનું યોગદાન અદ્ભુત રહ્યું છે. તેઓશ્રીની પ્રેરણાથી પાલિતાણામાં થયેલ શ્રી શેત્રુંજય હોસ્પિટલનું નિર્માણ અનેક યાત્રિકો અને સાધુ–સાધ્વીજીના માટે આશીર્વાદ બની ચૂક્યું છે.

આવા પરમપુણ્યશાલી અને ગુણગણનિધાન પૂજ્યશ્રીના પાવન ચરણકમલમાં આપણે ભાવપૂર્ણ વંદન કરીએ.

*સૌજન્ય : શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ. સંઘ, ભુલાભાઈ દેસાઈ રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૬૭*

*શાસનપ્રભાવક ગચ્છાધિપતિ*

## પૂ.આ.શ્રી વિજયરામસૂરીશ્વરજી મ.સા.



ગરવી ગુજરાતના મહાનગર અમદાવાદ નજીક એક ઘણું રળિયામણું ગામ છે. નામ છે કુબડથલ. પ્રકૃતિને ખોળે રમતાં આ કુબડથલ ગામે એક સંસ્કારી અને શીલસંપન્ન શ્રાવકદંપતી રહે. શ્રાવકનું નામ ભલાભાઈ અને એમનાં પત્નીનું નામ ગંગાબાઈ. ભલાભાઈ યથાનામ ભલમનસાઈથી ભરેલા અને ગંગાબાઈ યથાનામ ધર્મમય પ્રવૃત્તિથી પવિત્ર જીવન વિતાવતાં સુખપૂર્વક દિવસો પસાર કરે. આ દંપતીને સંસારના ઉત્તમ ફળરૂપે બે પુત્રો પ્રાપ્ત થયા : ૧. વાડીભાઈ અને ૨. રમણભાઈ.

બંને ભાઈઓએ દુર્ભાગ્યવશાત્ બાળપણથી જ પિતૃછાયા ગુમાવી. દાદાજી પૂંજાભાઈ અને માતા ગંગાબાની છાયામાં બંને ભાઈઓએ સંસ્કારના પાઠ શીખ્યા અને ધર્મ પ્રત્યે અભિરુચિ કેળવી. એવામાં પૂંજાભાઈને ધંધાર્થે અમદાવાદ આવી વસવું પડ્યું. માતા ગંગાબાઈ અને બંને ભાઈઓ પણ અમદાવાદ આવીને રહ્યા, પરંતુ ત્યાં પણ વિધિની ક્રૂરતાએ દાદાજી પૂંજાભાઈને આ દુનિયામાંથી ઉઠાવી લીધા. આ આઘાતોથી ધર્મમય વૃત્તિવાળા રમણભાઈમાં વૈરાગ્યભાવના તીવ્ર થઈ ઊઠી. તેમને સંસારની અસારતા સમજાઈ ગઈ અને ચારિત્ર લેવાની ભાવના થઈ. એવામાં અમદાવાદ બિરાજમાન પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજની વૈરાગ્યસભર વાણી સાંભળી રમણભાઈ સંયમજીવન માટે તત્પર થયા. તેમણે માતા સમક્ષ દીક્ષાગ્રહણ કરવાની અનુમતિ માગી. પરીક્ષા લીધા બાદ માતા તેમની વાતમાં સંમત થયાં, પણ વાડીભાઈને આ વાતની ખબર પડી એટલે તે અકળાઈ ઊઠ્યા. તે પોતાના નાના અને લાડકવાયા ભાઈને સાધુ બનવા દે તેમ નહોતા. આ વિરોધમાં કેટલોક સમય વ્યતીત થયો. અંતે રમણભાઈના દૃઢ નિર્ણય સામે કુટુંબીજનોએ ઝૂકી જવું પડ્યું. માતાની ઈચ્છા પણ દીક્ષા લેવાની થતાં આ કાર્યમાં વધુ ઉત્સાહ આવ્યો. અંતે સં. ૧૯૭૩ના મહા સુદ પાંચમે જન્મેલા આ ભાગ્યશાળી બાળક રમણે, ૧૩ વર્ષની નાની અને કુમળી વયે સં. ૧૯૮૬ના વૈશાખ વદ ૧૦ના શુભ દિવસે ગુરુદેવ આચાર્યશ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષાગ્રહણ કરી. પૂ. ગુરુદેવે તેમનું નામ 'રામવિજયજી' રાખ્યું. ગુરુદેવની આજ્ઞાને અનુવર્તીને મુનિ શ્રી રામવિજયજીએ આગમગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો અને ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિ વિષયોમાં પારંગત બન્યા. યોગોદ્વહન કરીને આગમનો અધિકાર મેળવી લીધો. અપ્રમત્તભાવે અને શુદ્ધ ભાવનાઓથી ચુસ્ત સંયમજીવન જીવતા મુનિશ્રીમાં પૂ. ગુરુદેવે સંપૂર્ણ યોગ્યતા જોઈ સં. ૧૯૯૯ના આસો વદ ૩ના શુભ દિને ગણિ પદથી વિભૂષિત કર્યા.

*૮૯ વર્ષની જૈફ વય, ૭૫ વર્ષનો સંયમી પર્યાપ્ત, ૫૫ વર્ષનો આચાર્ય પર્યાપ્ત, તપાગચ્છાધિપતિ...જ્ઞાન ઉપાસક શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ એટલે જ્ઞાનની ગંગા અને ક્રિયાની યમુનાનો સુભગ સંગમ, મહાન આરાધકનું વિરલ વ્યક્તિત્વ.*

ગણિવર શ્રી રામવિજયજી મહારાજ તો પ્રથમથી જ જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનની પ્રભાવનામાં રત હતા. તેઓશ્રીની વ્યાખ્યાનશૈલી અત્યંત મોહક હતી, તેથી તેમનો ભાવિક સમુદાય પણ ઉત્તરોત્તર વિશાળ બનતો રહ્યો. એવામાં સં. ૨૦૦૬ના કારતક સુદ પાંચમના ગોઝારા દિવસે પૂ. ગુરુદેવનું સ્વર્ગગમન થયું. પૂ. શ્રી રામવિજયજી મહારાજ માટે આ આઘાત સહન કરવો દુષ્કર હતો, પરંતુ તેઓશ્રી જ્ઞાનદૃષ્ટિના પ્રબળ પ્રભાવે સમાધાન સાધીને અખંડપણે શાસનનાં કાર્યો કરતા રહ્યા. તેઓશ્રીની આ વિશિષ્ટ અને નિરંતર ચાલતી ધર્મપ્રવૃત્તિઓથી પ્રેરાઈને અનેક શ્રીસંઘોએ તેમને આચાર્ય પદ ગ્રહણ કરવા માટે વિનંતીઓ કરી. છેવટે, અંતરથી તો આવી પદવીઓથી અલિપ્ત રહેવાવાળા આ મુનિરાજને, વડીલ ગુરુભ્રાતા પૂ. પંન્યાસજી શ્રી રામવિજયજી મહારાજે સં. ૨૦૦૭ના વૈશાખ સુદ ૩ ના શુભ દિવસે પાટણમાં ખેતરવસીના પાડામાં પંન્યાસ પદ તથા વૈશાખ સુદ ૫ના શુભ દિવસે આચાર્ય પદ અર્પણ કર્યું. ગણિવર શ્રી રામવિજયજી સકલ સમુદાયના અધિપતિ આચાર્યદેવ શ્રી વિજયરામસૂરીશ્વરજી મહારાજ બની ગયા. પૂ. આચાર્યદેવ હાલમાં ઘણા પુણ્યશાળી આત્માઓને સન્માર્ગે વાળી રહ્યા છે. ગુજરાત, રાજસ્થાન આદિ તેઓશ્રીનાં મુખ્ય વિહારક્ષેત્રો છે. આ ઉપરાંત, બિહાર, બંગાળ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર આદિ પ્રદેશોમાં પણ તેમણે ચાતુર્માસ કર્યા છે. વિ.સં. ૨૦૪૪માં ભરાયેલા મુનિસંમેલનના તેઓશ્રી સફળ સૂત્રધાર હતા. સમગ્ર શ્રીસંઘોની એકતાનું સંવર્ધન–પોષણ કરવામાં તેઓશ્રીનો અનન્ય ફાળો છે. એવા એ પૂજ્ય આચાર્યદેવ વર્તમાનમાં પણ ચારિત્રના કડક પાલનના આગ્રહી હતા. આટલી ઉંમરે પણ જરા પણ શિથિલતાને સ્થાન નહોતું. મક્કમ મનોબળ ધરાવતા પૂજ્યશ્રીજીનું જીવનકવન અનોખું હતું. એવા એ મહાન સૂરિવર સં. ૨૦૬૧ના ફાગણ વદ ૯ના દિને તા. ૩-૪-૦૫ની ઢળતી સંધ્યાએ ૫ કલાક અને ૦૫ મિનિટે કાળધર્મ પામ્યા. કોટિ કોટિ વંદના!!

સં. ૨૦૬૨ની ફાગણ વદ ૯ની વાર્ષિક તિથિએ દેહભક્તિ નહિ ગુણસ્મૃતિ દ્વારા યાદ કરીને હૃદયથી ભાવાંજલિ અર્પિશું. દેહથીથી ખાખ બનેલી ભક્તો માટે લાખેણી ગુરુરામ પાવનભૂમિમાં ગુરુની નજરમાં કાયમ વસેલા શિષ્યાચાર્ય શ્રી વિજય અભયદેવ સૂરીશ્વરજી મ.ની સાન્નિધ્યતામાં ગુરુરામની અમર કહાનીનું વાગોળવા જેવું ગુંજન થશે અને શુભમંગલ ફાઉન્ડેશનની સેવા સવાઈ બનશે.

અંતે મહાન જૈઆચાર્યશ્રીએ પોતાના જ્ઞાન-ધ્યાન શુદ્ધ આચારનો વારસો સમુદાયના આચાર્યો પદસ્થો-સાધુ-સાધ્વીજી સહિત ૩૫૦માં મૂકીને ગયા છે. જેનો અહેસાસ આજે પણ થઈ રહ્યો છે.

સમસ્ત સુરત જૈન સંઘના ચારે ફિરકાઓ દ્વારા આ એક મહાપુરુષની વાર્ષિક તિથિએ અનેક આચાર્યો–શ્રેષ્ઠિઓ ઉપસ્થિત રહી. શુભ મંગલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત પાવનભૂમિના વિશાળ સંકુલમાં ગુણાનુવાદ સભામાં ગુણવૈભવનું દર્શન કરાવ્યું.

ભૂમિની પ્રભાવકતા પણ ત્યારે જોવા મળે છે દર રવિ–સોમવારે હજારો ભાવિકો દર્શન કરવા આવી ગુરુચરણસ્પર્શ કરી ધન્યતા અનુભવે છે. ગુરુગુણસ્મૃતિમાં તપ-જપ સાથે જીવદયા મેડિકલ કેમ્પ અનુકંપાદિ સેવના કાર્યો પણ ભક્તો ઉદાર હાથે કરી રહ્યા છે.

*સૌજન્ય : શ્રી શત્રુંજય તીર્થ ચાતુર્માસ (મંડાર) આયોજક સમિતિ– મુંબઈ*

## પરમ પૂજ્ય ગચ્છાધિપતિ
# જૈનાચાર્ય વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.
### એક અનોખું વ્યક્તિત્વ



તરણતારણહાર સર્વજ્ઞ શાસન શ્રી જિનશાસનમાં વર્તમાનમાં વિદ્યમાન આચાર્યગણમાં પરમપૂજ્ય પ્રશાન્તમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ અગ્રગણ્ય ધર્મધુરંધર આચાર્યોમાંથી એક છે.

પૂજ્યશ્રી તો અનુભૂતિસમ્પન્ન આત્મજ્ઞાની, વિશિષ્ટ વ્યવહારકુશળ, સમયજ્ઞ મહાપુરુષ, પ્રતિભાસમ્પન્ન પ્રાજ્ઞ, વિખ્યાત વચનસિદ્ધ, પ્રખ્યાત પ્રભાવી, પ્રેમપ્રતિમા, સ્નેહમૂર્તિ, સ્મિતના જાદુગર, પ્રશાન્તમૂર્તિ, સમતાસાગર, ધર્મધ્રુવતારક, સંઘ–એકતાશિલ્પી, પ્રેમાળ, વાત્સલ્યમૂર્તિ, શાસનપ્રભાવક, સદાયે હસમુખા સ્વભાવવાળા છે.

મૂલ રાજસ્થાનના મજલદુનારા નિવાસી લુંકડ ગોત્રીય સંપ્રતિ મહારાજાના વંશજ એવા પૂજ્યશ્રીના પિતાશ્રી પ્રતાપચંદજી અને માતાશ્રી રતનબહેન વરસો પહેલાં ગુજરાતમાં મહેસાણામાં આવીને વસ્યા. આ રીતે બાલઉછેર મહેસાણામાં સંઘવી પોળમાં થયો. પૂજ્યશ્રીનો જન્મ અજમેર બ્યાવર પાસે (વિજયનગર)માં વિ.સં. ૧૯૭૬, ફાગણ સુદ પૂનમ ધૂળેટી, તા. ૫-૩-૧૯૨૦ની મધ્યરાત્રિએ જ્યારે આકાશમાં ઉચ્ચના કર્કના ગુરુના સંયોગના સમયે થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા પણ ઉચ્ચના કર્કના ગુરુમાં થઈ હતી, જે એમ બતાવે છે કે આ બાળક ઉચ્ચપદ એવું ગુરુપદ પામશે અને એ સાચે જ સિદ્ધ થયું. આપણા આજના આ સમાજમાં એક વિરલ વિભૂતિ તરીકે ધાર્મિક આચાર્યપદથી તેઓ વિભૂષિત છે અને બધાને યોગ્ય માર્ગદર્શન આપી રહ્યા છે.

પૂજ્યશ્રી નાના હતા ત્યારે એમના ગુરુદેવ પૂજ્યપાદ વૈરાગ્યવારિધિ, વર્ધમાન આયંબિલ તપોનિધિ, કાંકરેજ દેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ બાળકોની ધાર્મિક પરીક્ષા લેવા મહેસાણા પાઠશાળામાં પધાર્યા ત્યારે એ ઝવેરીએ આ 'હીરા' ને પારખી લીધો. પ્રથમ અષાઢ વદિ ૬, તા. ૪-૮-૧૯૩૧ના દિવસે અમદાવાદમાં ૧૧ વર્ષની કુમળી વયમાં પૂજ્યશ્રીની દીક્ષા થઈ હતી. સંસારી નામ 'પન્નાલાલ' ઉપરથી સંયમી નામ 'મુનિ પ્રેમવિજય' રાખવામાં આવ્યું. 'યથા નામ તથા ગુણાઃ' આ ઉક્તિ પ્રમાણે વિનય, વૈયાવચ્ચ, સેવા સદ્ભાવના, મિષ્ટ ભાષાથી જોતાં જોતાં બધાને પ્યારા બની ગયા. ૩૪ વરસની ઉંમરમાં તેમનો અમદાવાદમાં પંન્યાસ પદનો ભવ્ય પ્રસંગ ઊજવવામાં આવ્યો. પૂજ્યશ્રીનો પોતાના ગુરુ પ્રત્યે ભક્તિભાવ પણ અનુપમ અને અનોખો હતો. ૮૪ વર્ષની વૃદ્ધ ઉંમરમાં પોષ મહિનાની કડકડતી ઠંડીમાં પણ તેઓના ગુરુદેવે ચૌદશનો ઉપવાસ અને પાર્શ્વનાથ ભગવાનની આરાધના છોડી ન હતી. રોજ સવારે પંન્યાસ પ્રેમવિજય શંખેશ્વર દાદાના દરબારમાં લઈ જતા. રાત્રે ગુરુદેવ પાસે જ સૂતા અને થોડો અવાજ થાય તો જાગીને સેવામાં હાજર થઈ જાય. આથી જ ગુરુ મહારાજને બહુ જ શાતા મળતી હતી. ગુરુ મહારાજનો કાળધર્મ સમાધિપૂર્વક થયો ત્યારે તેમની સ્મૃતિમાં શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદનું ભવ્યાતિભવ્ય વિશ્વમાં સૌથી મોટા જિનાલયનું નિર્માણ કરાવ્યું. પૂજ્યશ્રીના સંસારી મોટા ભાઈ પ.પૂ. આ. વિજય સુબોધસૂરીશ્વરજી મ.સા. બહુ જ ક્રિયાચુસ્ત અને સંયમ-એક-લક્ષી હતા. આ બાંધવબેલડીએ જિનશાસનમાં જબરદસ્ત શાસનપ્રભાવના કરી છે. તા. ૧૪-૫-૧૯૫૯ના રોજ પાટણમાં પૂજ્યશ્રી આચાર્ય પદ ઉપર બિરાજમાન થયા. વર્તમાનમાં તેઓશ્રી પૂ. ભક્તિસૂરિ (સમીવાળા) સમુદાયના તપાગચ્છાધિપતિ આચાર્ય પ્રવર પદ પર બિરાજમાન છે. પૂજ્યશ્રીના જીવન દરમ્યાન ૭૫ ચોમાસાં થયાં છે. પૂજ્યશ્રીના દાદાગુરુદેવ પ.પૂ. શાસ્ત્રવિશારદ આચાર્યપ્રવરશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. (કાશીવાળા) પ્રકાંડ મેધાવી વિદ્વાન હતા. ૩૮૦ જેટલા પરદેશી સ્કોલર એમની પાસે ભણવા આવતા. પૂજ્યશ્રીના આજ્ઞાવર્તી સાધુ-સાધ્વીઓ ૩૫૦ છે.

ગુજરાત રાજ્ય અહિંસા અને અમારિપ્રવર્તનની બાબતમાં સમગ્ર ભારત વર્ષનું પ્રતિનિધિત્વ ધરાવે છે. ગુજરાતના કંકરકંકરમાં અહિંસાનું અમૃત-આચમન થયું છે. આ તો કુમારપાલ મહારાજા, હેમચંદ્રાચાર્ય, પેથડ શાહ અને અનેક મહર્ષિઓની ભૂમિ છે. આજે વિકટ સમયમાં રાજ્યસ્તર પર વ્યાપક રૂપથી અહિંસાનો પૈગામ ફેલાવવાનું આંદોલન પૂજ્યશ્રી કરાવી રહ્યા છે. સં. ૨૦૪૫ આંબાવાડી ચાતુર્માસમાં પર્યુષણ મહાપર્વના એક દિવસ માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી દ્વારા કતલખાનાં બંધ રખાવીને કુમારપાલ મહારાજાની સ્મૃતિ કરાવી દીધી હતી. પછી સાબરમતી ચાતુર્માસમાં પણ મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલ દ્વારા પહેલાં ૩ દિવસ અને પછી ૮ દિવસ કતલખાનાં બંધ રખાવવામાં આવ્યાં હતાં. મહારાષ્ટ્રમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ગોપીનાથ મુંડે દ્વારા અને રાજસ્થાનમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ભૈરોસિંહ શેખાવત દ્વારા રાજ્યભરમાં ગૌવંશ હત્યાબંદી પૂજ્યશ્રીના ઉપદેશ દ્વારા કરવામાં આવી હતી.

તપસ્યા માટે તો એમના વાસક્ષેપ માટે પડાપડી થાય છે. ૨૫૦ ઘરની જૈન વસ્તીવાળા થરા ગામમાં ૩૫૦ સિદ્ધિતપ, કાંકરેજ સમાજમાં ૩૪૨ જેટલાં વરસીતપ, હાડેચાનગરમાં એક જ કુટુંબમાં ૧૨-૧૨ માસક્ષમણ, ૮ થી ૧૫ વરસની ઉંમરનાં ૧૦૮ બાળકોની એક સાથે ઉપધાન તપની માળ આ એમની તપ-સિદ્ધિનાં અનોખાં દર્શન છે. જૈન-અજૈન બધાં જ તપમાં જોડાઈ જાય છે અને હેમખેમ તપ કરીને પાર ઊતરી જાય છે. પૂજ્યશ્રી જ્યાં પણ ચાતુર્માસ માટે પધારે તે સંઘમાં સાંકળી માસખમણ, સાંકળી સોળભત્તુ, સાંકળી અટ્ઠાઈ, સાંકળી અટ્ઠમ અને સાંકળી આયંબિલ તપ અવશ્ય જ થાય છે.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અનેક પ્રતિષ્ઠાઓ, પાઠશાળાઓ, આયંબિલખાતાઓ, દીક્ષાઓ, છ'રીપાલિત સંઘો, ઉપધાનો, અંધજન ગરીબ માટે મેડિકલ કેમ્પો, હોસ્પિટલો, ધર્મશાળા, અન્નક્ષેત્ર, જીવદયાનાં કાર્યો, ગૌવંશ હત્યાબંદીનાં કાર્યો, સમ્મેતશિખર તીર્થ રક્ષાનાં કાર્યો આદિ માનવતાનાં કાર્યો કરીને પૂજ્યશ્રીએ સમાજમાં ધાર્મિક તથા આધ્યાત્મિક ક્રાંતિ કરી છે.

*સંકલન : પૂ. પં. શ્રી રત્નશેખરવિજયજી મ.*

*સૌજન્ય : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ, ભક્તિનગર, શંખેશ્વર*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*મરુધરદેશોદ્ધારક, રાજસ્થાનદીપક, જૈન ધર્મદિવાકર, તીર્થપ્રભાવક, શાસ્ત્રવિશારદ, સાહિત્યરત્ન, કવિકુલભૂષણ, ગચ્છાધિપતિ*

## પૂ. આ.શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ.



ગુજરાતના મહેસાણા જિલ્લામાં દાદા ભટેવાજીની ઘેઘૂર છાયામાં વસેલા ચાણસ્મા ગામમાં સં. ૧૯૭૩ના ભાદ્રપદ શુક્લદ્વાદશીના સુવર્ણ પ્રભાતે એક તેજપુંજનું અવતરણ થયું. પિતા ચતુરભાઈ અને માતા ચંચળબહેનના આ લાડલા પુત્રરત્નનું ધાર્મિક સંસ્કારોથી લાલનપાલન થતું રહ્યું. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી'—એ ન્યાયે બાળપણથી જ તેજસ્વિતા–સૌમ્યતા લલાટે ચમકતાં હતાં. એમાં માતાપિતાના સુસંસ્કારોના ફળસ્વરૂપ માત્ર ૧૦ વર્ષની કુમળી વયે જ ચારિત્રના પાવન પંથે પ્રયાણ કરવાની ભાવના જાગી. અંતરની આ ભાવનાને યોગાનુયોગ વેગ મળતો ગયો. સં. ૧૯૮૮માં ૧૫ વર્ષની કુમળી વયમાં આગારનો ત્યાગ કરી, મેવાડની રાજધાની ઉદયપુરની પાવન ધરતી પર અણગાર જીવનને સ્વીકાર્યું. પૂ. શાસનસમ્રાટશ્રીના પાવનતમ નામથી કોણ અજાણ્યું હોય! તેઓશ્રીના સાહિત્યસમ્રાટ શિષ્ય પૂ. પ્રવર્તક શ્રી લાવણ્યવિજયજી મહારાજના ચરણે જીવન સમર્પિત કર્યું. સંસારી ગોદડભાઈ શ્રી સુશીલવિજયજી બન્યા. પૂજ્ય શાસનસમ્રાટશ્રીના વરદ્ હસ્તે વડી દીક્ષા અપાઈ. સમય જતાં જ્ઞાન અને અનુભવમાં વૃદ્ધિ થઈ, ક્રિયાની શ્રેષ્ઠતા વધી. યોગોદ્વહન બાદ સં. ૨૦૦૭માં વેરાવળમાં પૂજ્યશ્રીને ગણિ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. એ જ વર્ષે વૈશાખ સુદ–ત્રીજ અક્ષયતૃતીયાને દિવસે અમદાવાદ–રાજનગરમાં પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા.

પૂજ્યશ્રી પ્રખર વિદ્વાન, સુંદર વક્તા, સમર્થ કવિ અને શાંતમૂર્તિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. વ્યાકરણ, ન્યાય, સાહિત્ય તેમ જ આગમાદિના તત્ત્વવેત્તા છે. સંયમનું સુંદર આરાધન, સમુદાયનું સંચાલન તેમ જ ગ્રંથરચના અને ગ્રંથસંપાદનનાં કાર્યોમાં તેઓશ્રીની પ્રતિભા ઝળકી રહી છે. ૪૫ આગમોના યોગોદ્વહન સવિધિ–સાવધાનીપૂર્વક અને ક્રિયારક્તતાએ કર્યાં. જ્ઞાન અને સાધનાના યશ સાથે પૂ. ગુરુવર્યની ૩૩ વર્ષ સુધી અખંડ અપ્રમત્તભાવે સેવા કરી. રાજસ્થાનની ધરતી પર વિચરી રહેલ આ વિરલ વિભૂતિને કવિદિવાકર પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સં. ૨૦૨૧ના મહા સુદ ત્રીજના દિવસે મુંડારા ગામે ઉપાધ્યાય પદથી અલંકૃત કરવામાં આવ્યા અને સં. ૨૦૨૧ના મહા સુદ પાંચમને દિવસે તે જ પાવન ધરતી પર શાસનધુરાને વહન કરનાર તૃતીય પદ–આચાર્ય પદ પર આરૂઢ કરવામાં આવ્યા.

પૂજ્યપાદશ્રી રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, આન્ધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, બંગાલ, ઝારખંડ, બિહાર, કર્નાટક આદિ રાજ્યોમાં વિહાર કરી અપૂર્વ શાસન પ્રભાવનાપૂર્વક ૧૮૭ જિનાલયોની અંજનશલાકા-પ્રતિષ્ઠા સંપન્ન કરાવી હતી

નિત્ય પેન્સિલ દ્વારા સાહિત્ય લેખન કરી સંસ્કૃત-પ્રાકૃત હિન્દી-ગુજરાતી ભાષામાં ૧૫૦ ગ્રન્થોની રચના કરી હતી. ૩૫ છ'રીપાલકસંઘની નિશ્રા પ્રદાન કરી હતી. છેલ્લે પૂજ્યપાદ શ્રી કર્નાટક પ્રદેશમાં બેંગલોર (ચિકપેટ) ચાતુર્માસ દરમ્યાન આસો સુદ–૮, ૧૧-૧૦-૦૮ના નવપદ ઓલીમાં તૃતીય આચાર્યપદના દિવસે પ્રાતઃ બ્રહ્મમુહૂર્તમાં કાઉસ્સગ્ગ મુદ્રામાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

*સૌજન્ય : પૂ.આ.શ્રી જિનોત્તમસૂરિજી મ.સાની પ્રેરણાથી શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ, દાવણગિરિ (આન્ધ્રપ્રદેશ)*

*તપોનિધિ, શાસન–સમ્રાટ, ભારતદિવાકર–અચલગચ્છાધિપતિ*

## પૂ. આચાર્યપ્રવર શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

પૂ.આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજનો જન્મ સં. ૧૯૬૯ના મહા સુદ ૨ ને શુક્રવારે કચ્છમાં દેઢિયા ગામે થયો હતો. એમના પિતાશ્રીનું નામ ક.વી.ઓ. જ્ઞાતિના લાલજી દેવશી છેડા અને માતુશ્રીનું નામ ધનબાઈ હતું. તેમનું પોતાનું સંસારી નામ ગાંગજી હતું. પિતા લાલજીભાઈએ વ્યવસાયાર્થે મુંબઈ આવી શિવરીમાં દુકાન કરી હતી. ૧૨ વર્ષના ગાંગજીભાઈ પિતાશ્રી સાથે દુકાનમાં જોડાતાં તેઓ શાળામાં વ્યાવહારિક શિક્ષણ ચાર ધોરણ સુધીનું જ લઈ શક્યા. તેર વર્ષની ઉંમરે ગાંગજીભાઈને શીતળાનો રોગ થયો અને એવી ગંભીર સ્થિતિમાં મુકાયા હતા કે પિતાશ્રીએ માનેલું કે તેઓ અવસાન પામ્યા છે, એટલે સ્મશાને લઈ જવાની તૈયારી કરવા માંડેલી, ત્યાં શરીરમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હલનચલન થઈ અને છ મહિનાની ગંભીરમાંદગી પછી ગાંગજીભાઈ સ્વસ્થ થવા માંડ્યા. એ ઘટના પછી પોતાનાં માતુશ્રીને પ્રતિક્રમણ વગેરે વિધિ પુસ્તક વાંચીને કરાવતાં કરાવતાં અને માતુશ્રીની સાથે તપશ્ચર્યા કરતાં કરતાં યુવાન વય થતાં તેમણે કચ્છનાં તીર્થોની યાત્રા કરી અને ત્યાર પછી સમેતશિખર અને તેની આસપાસનાં તીર્થોની યાત્રા કરી. તેઓ ધાર્મિક ઉત્સવોમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યા અને મુંબઈમાં કચ્છી મહાજનવાડીમાં સામાયિક–પૌષધ વગેરે પણ નિયમિતપણે કરવા લાગ્યા.

એવામાં તેઓ જામનગરમાં તે સમયના અચલ-ગચ્છાધિપતિ પૂ. શ્રી ગૌતમસાગરસૂરિ અને તેમના શિષ્ય પૂ. ગણિવર્ય શ્રી નીતિસાગરજી મહારાજના સંપર્કમાં આવ્યા. દીક્ષા લેવાની પોતાની ભાવના વ્યક્ત કરી અને તે પ્રમાણે સં. ૧૯૯૩માં તેમણે પોતાના ગામ દેઢિયા (કચ્છ)માં ચૈત્ર વદ ૮ને દિવસે દીક્ષા ગ્રહણ કરી પૂ. શ્રી નીતિસાગરજી મહારાજના શિષ્યરૂપે મુનિશ્રી ગુણસાગરજી નામ ધારણ કર્યું. કચ્છ–માંડવીમાં, જામનગરમાં, ભૂજમાં, કચ્છ–ગોધરામાં, મોટા આસંબિયામાં એમ એક પછી એક એમનાં ચાતુર્માસ થતાં રહ્યાં. એમની અસાધારણ તેજસ્વિતા પારખીને ગુરુમહારાજે પંડિતો રાખીને એમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો ઊંડો અભ્યાસ કરાવ્યો. સમય જતાં સં. ૧૯૯૩માં તેમને ઉપાધ્યાય પદ પ્રદાન કર્યું અને સં. ૨૦૦૩માં પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરિજીએ તેમને ગચ્છની સર્વ જવાબદારી પણ સોંપી. સં. ૨૦૧૨માં મુંબઈમાં તેમને શ્રીસંઘ તરફથી આચાર્ય પદવી આપવામાં આવી અને તેઓ સં. ૨૦૩૦માં ભદ્રેશ્વર તીર્થમાં તીર્થપ્રભાવક અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી ગુણસાગરસૂરિજી મ.સા તરીકે પ્રસિદ્ધ થયા. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતે ત્યાર પછી કચ્છ, રાજસ્થાન, બૃહદ્ મુંબઈમાં અનેક સ્થળે વિહાર કરી અનેક શ્રેષ્ઠીઓને પ્રતિબોધ આપીને અનેક મહત્ત્વનાં ધર્મકાર્યો કરાવ્યાં. તેમણે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના કચ્છ–મેરાઉમાં કરાવી. ભૂજપુરથી ભદ્રેશ્વર તીર્થનો સંઘ કાઢ્યો. મેરાઉમાં શ્રાવિકા–વિદ્યાપીઠની સ્થાપના કરાવી. કચ્છથી શત્રુંજયની તીર્થયાત્રાનો છ'રીપાલિત સંઘ કઢાવ્યો. ઉપરાંત જિનમંદિરો, ઉપાશ્રયો, જ્ઞાનમંદિરો, ધર્મશાળાઓ, ગ્રંથાલયો, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ, જીર્ણોદ્ધાર, દીક્ષા–પદવીપ્રદાનો વગેરે વિવિધ પ્રકારનાં ઘણાં કાર્યો વર્ષોવર્ષ મહોત્સવપૂર્વક કરાવ્યાં. પોતાનાં માતુશ્રીને દીક્ષા આપી સાધ્વી ધર્મશ્રીજી નામ આપ્યું. સં. ૨૦૪૦માં એમણે મુંબઈથી સમેતશિખરજીનો સંઘ અને સમેતશિખરથી શત્રુંજયનો છ'રીપાલિત સંઘ કઢાવ્યો એ એમની વિરલ સિદ્ધિ લેખાય. તેમની પ્રેરણાથી સમેતશિખરમાં સમવસરણ ૨૦ જિનાલય તીર્થનું નિર્માણ કચ્છી ધર્મશાળા સહિત કરાવ્યું અને કચ્છમાં ૭૨ જિનાલયનાં નિર્માણનું કાર્ય ઉપાશ્રયો, ધર્મશાળા વગેરે નિર્માણ પામ્યા.

જૈન–એકતા માટે તેઓશ્રીએ પ્રશંસનીય પ્રવૃત્તિઓ અને પ્રચાર કર્યો. એમની પ્રેરણાથી વિવિધ પ્રકારનાં અધિવેશનો અને સંમેલનો યોજાયાં હતાં. એમને જુદે જુદે સમયે વિવિધ પદવીથી સંઘ અને સમાજે અલંકૃત કર્યા. તેઓશ્રીની નિશ્રાનાં બે અધિવેશનોમાં ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘ પધાર્યા હતા. ૭૨ જિનાલય તીર્થની ભૂમિ ઉપર સં. ૨૦૪૩માં અક્ષયતૃતીયાના દિવસે રાષ્ટ્રપતિએ તેમને સાતમા વરસીતપનું પારણું કરાવવા ઈક્ષુરસ વહોરાવ્યો. એમની પ્રેરણા અને સદુપદેશથી જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે કેટલાક યુવકોએ અને યુવતીઓએ દીક્ષા લીધી. એ રીતે એમના હસ્તે ૧૧૫ થી વધુ સાધ્વીઓએ દીક્ષા લીધી અને પચાસેક સાધુઓએ દીક્ષા લીધી, જેમાં એમના શિષ્યો પૂ. ગુણોદયસાગરજી અને પૂ. કલાપ્રભસાગરજીને આચાર્ય પદવી અપાઈ છે. આમ એમના પ્રભાવક ચરિત્રથી અચલગચ્છનો સાધુ–સાધ્વીજીનો વિશાળ સમુદાય ઊભો થયો છે. પૂ.આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજે જૈનશાસનનાં જે વિવિધ કાર્યો કર્યાં તેમાં તેમણે સાહિત્યક્ષેત્રે કરેલા સમૃદ્ધ પ્રદાનનું પણ વિસ્મરણ ન થવું જોઈએ. તેઓશ્રી શ્રુતસાહિત્યના અભ્યાસી હતા. સંસ્કૃત–પ્રાકૃત આદિ ભાષાના પ્રખર પંડિત હતા, કવિ પણ હતા. ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં તેમણે ઘણી રચનાઓ કરી છે. તેઓશ્રીએ આર્યરક્ષિતસૂરિ, કલ્યાણસાગરસૂરિ અને ગૌતમસાગરસૂરિનાં ચરિત્રો સંસ્કૃત ભાષામાં રચેલાં છે. ઉપરાંત, સમરાદિત્ય ચરિત્ર (લઘુ–ગદ્ય), ત્રિષષ્ટિ સારોદ્ધાર તેમ જ પર્વકથાસંગ્રહ;· શ્રીપાલચરિત્ર, પાર્શ્વનાથચરિત્ર વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે અનેક સ્તવનો, મોટી પૂજાઓ, ચોઢાળિયાં, સ્તુતિઓ, દુહાઓ, પ્રાર્થનાઓ વગેરેની પણ રચના કરી છે. એક લાખથી વધુ શ્લોકપ્રમાણ જેટલું સાહિત્ય સંસ્કૃત અને ગુજરાતીમાં, ગદ્યમાં અને પદ્યમાં, એમના હાથે રચાયું છે, જે તેઓશ્રીની મહાન સિદ્ધિ છે. એમનાં કેટલાંયે સ્તવનો રોજની ધાર્મિક વિધિમાં અનેક ભાવિકોને મુખે ગવાતાં સંભળાય છે. પૂ.આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત સરળ હૃદયના અને વત્સલ સ્વભાવના હતા. પોતાના શિષ્યોને પિતાતુલ્ય રહીને સંભાળતા, તેઓની દરેક રીતે પ્રગતિ થાય તેની સતત કાળજી રાખતા. તેઓનો આજ્ઞાવર્તિ સમુદાય કુલ ૫૦ શ્રમણો અને ૨૨૫ શ્રમણીગણ પ્રમાણ હતો. વિક્રમની એકવીસની સદીનો ઈતિહાસ લખાશે ત્યારે અર્ધશતાબ્દીથી વધુ દીક્ષાપર્યાયનાં વર્ષોમાં જૈનશાસનની અનેકવિધ સેવા બજાવી જનાર મહાન ગચ્છાધિપતિશ્રીનું નામ સુવર્ણાક્ષરે લખાશે. પૂજ્યશ્રી ૭૭ વર્ષની વયે, સં. ૨૦૪૪ના ભાદરવા વદ ૩૦ ને સોમવારે મુંબઈમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની જન્મભૂમિ કચ્છ-દેઢીયામાં તેઓના અજોડા ખેતરમાં સ્મૃતિરૂપે શ્રી ગુણ પાર્શ્વનાથ તીર્થ નિર્માણ પામ્યું છે. પૂજ્યશ્રીના ભવ્યાત્માને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી*
*સંઘવી પ્રેમજી ખીમજી રણશી છેડા, ગોધરા (કચ્છ)*

*જિનશાસનપ્રભાવક ગચ્છાધિપતિ આચાર્યદેવેશ*

## પૂ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.



પાલનપુર પાસેનું જૂના ડીસા શહેર. આ શહેરને અડીને વહે છે શુભ્ર સલિલા બનાસ નદી અને એથી જ નગરની પ્રાકૃતિક સમૃદ્ધિ અનેકગણી વધી જાય છે. આમેય ડીસા નગર બબ્બે વિશાળ અને સુરમ્ય, ભવ્ય અને ઉત્તુંગ, દિવ્ય અને દેદીપ્યમાન જિનાલયો, અનેક પૌષધશાળાઓ, ઉપાશ્રયો, આયંબિલ શાળાઓ, ગુરુમંદિરો અને કીર્તિમંદિરોથી અલંકૃત છે. આ શહેરના ચૂનીલાલ છગનલાલ મહેતાને ત્યાં માતા જમનાબહેનની રત્નકુક્ષિએ સં. ૧૯૭૯ના માગશર વદ દસમના દિવસે પુત્રનો જન્મ થયો. સમયના ગર્ભમાં પણ અજબ સંકેતો છુપાયેલા હોય છે. હર એક ક્ષણનો અલગ અલગ ચહેરો હોય છે. પુત્ર જન્મની એ ક્ષણ પણ માંગલ્યનો પ્રતિધ્વનિ પ્રગટ કરતી હતી.

પુત્રનું નામ પાડવામાં આવ્યું વર્ધીચંદ. જમનાબહેનને કુલ છ સંતાનો હતાં. પ્રથમ પુત્ર તે શાંતિલાલભાઈ. પછી પુત્રી મણિબહેન. પછી કાંતિલાલ, વર્ધીચંદ, રતિલાલ, અને સૌથી નાનાં તે સવિતાબહેન.

પુત્ર વર્ધીચંદને માતા જમનાબાઈ ભારે લાડકોડથી ઉછેરવા લાગ્યાં. ઘરમાં કશી વાતની કમી નહોતી. પાણી માગે ત્યાં દૂધ હાજર થઈ જાય. હા, ચૂનીલાલભાઈનો સ્વભાવ ઘણો જ કડક હતો. તેઓ પાલનપુરના નવાબના જમણા હાથ સમા પોલીસ પટેલ હતા, એટલે સખ્તાઈ એમના સ્વભાવમાં હતી. એમનો તાપ સૂર્ય સમાન હતો પણ માતા જમનાબાઈ ઋજુ કોમળ હૃદયનાં શ્રાવિકા હતાં. તેઓ ધર્મકાર્યમાં સતત રત રહેતાં. દેવદર્શન, વર્ષીતપ, આયંબિલની ઓળી, અટ્ઠાઈ પણ કરતાં. ગુરુભગવંતોને વંદન કરવા માટે નિયમિત જતાં. જમનાબાઈ વર્ધીચંદને પોતાની સાથે દેરાસર લઈ જતાં. તેઓ તપનાં અનુરાગી હતાં. માતાના સંસ્કાર પુત્ર વર્ધીચંદ પર પડ્યા. દર પૂનમે નાનકડો વર્ધીચંદ માતાની સાથે ભીલડિયાજી તીર્થનાં દર્શન કરવા પણ જતો. ત્યાં જઈ એ ભાવથી ભક્તિ કરતો. માતાની જેમ પુત્ર વર્ધીચંદ પણ સાધુભગવંતોની વૈયાવચ્ચ માટે સદાય ખડેપગે તૈયાર રહેતો.

વર્ધીચંદને માતા પાસેથી બાલ્યવયે પ્રભુપ્રીતિના સંસ્કાર સાંપડ્યા હતા. બાળપણે ઉપાશ્રયની દીવાલ પરની યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજની મોટી તસ્વીર જોતો ત્યારે લાંબા સમય સુધી એની આંખ ત્યાંથી ખસી શકતી નહોતી. એ તસ્વીરને જોઈને વર્ધીચંદનું અંતર ઝંકૃત બની જતું મનમાં કંઈક જુદા જ પ્રકારનો ભાવ અનુભવાતો.

પિતા ચૂનીલાલભાઈની ધાક જબરી હતી. આસપાસના પંથકમાં એમની હાક વાગતી.

પણ એમનો આ પુત્ર! પુત્ર નામે વર્ધીચંદ! દીક્ષા લેવાની રઢ લઈ બેઠો હતો! છેવટે એમનો સંકલ્પ સફળ થયો. સં. ૧૯૯૮ના ફાગણ સુદ ત્રીજને દિવસે વર્ધીચંદે સ્વયં સાધુનો વેશ ધારણ કરી લીધો. અઠમ તપ હતો અને વિહાર કર્યો.

પૂ. આચાર્ય ભગવંત શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના તેઓ વિનમ્ર શિષ્યરત્ન બન્યા અને મુનિ શ્રી સુબોધસાગર મહારાજ તરીકે ઘોષિત થયા. હવે તો હાથ લાગ્યો હતો એક જ માર્ગ, તપનો. એક જ માર્ગ, જ્ઞાનનો. સાધુ માટે તો સ્વાધ્યાય એ જ સૌથી મોટી કિંમતી ચીજ છે અને સ્વાધ્યાયમાં સહેજ પણ પ્રમાદ ન હોય. આળસ ત્યજે તે આગળ વધે. એમાં પાછું મળ્યું ગુરુવર્ય આ. ભ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજનું પ્રોત્સાહન અને માર્ગદર્શન.

પહેલા જ વર્ષે મુનિશ્રી સુબોધસાગરજીએ ચાતુર્માસ દરમ્યાન ચાર પ્રકરણ અને છ કર્મગ્રંથનો અભ્યાસ પૂર્ણ કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રો શીખવાં હોય તો સંસ્કૃતના જ્ઞાન વગર શી રીતે ચાલે? એમણે તત્કાળ સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરી દીધો. તેમના ચિત્તમાં પૂ. આ. ભ. શ્રી બુદ્ધિસાગરજી મ.સા.ની પંક્તિઓ ગુંજવા લાગી.

પછી તો એમણે સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, વ્યાકરણ, ન્યાય, સિદ્ધાંત અને આગમોનો ઊંડો અભ્યાસ કર્યો. શિષ્યરત્નની યોગ્યતા જાણીને સંવત ૨૦૧૦ના માગશર સુદ ત્રીજને દિવસે જૂના ડીસા મુકામે પૂજ્યપાદ ગુરુદેવે તેઓશ્રીને પંન્યાસ પદ પ્રદાન કર્યું. પૂ. આ. શ્રી સુબોધસાગરજીએ અનેક ગામો અને નગરોમાં પ્રાભાવિક ચાતુર્માસ કર્યાં. અનેક સ્થળે પ્રાચીન જિનાલયોનો જીર્ણોદ્ધાર કર્યો. અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, છ'રીપાલિત સંઘો, શ્રી જિનભક્તિ મહોત્સવો તથા નૂતન જિનાલયોનાં નિર્માણ કર્યાં.

શ્રી સુબોધસાગરજી મ.સા.ની વ્યાખ્યાન શૈલી અને છટાની સહુ મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. એમનો ઘોરગંભીર પહાડી અવાજ, વાત કે વિષયના ઊંડાણને સ્પર્શવાની એમની શૈલી સાચે જ પ્રશંસાને પાત્ર હતી.

વિજાપુર જ એમની જન્મભૂમિ અને એ જ એમની નિર્વાણભૂમિ. ત્યાં એમની સમાધિ રચાઈ. કાળની થપાટથી જીર્ણ બનેલ આ સમાધિમંદિરનો જીર્ણોદ્ધાર કરી જંગલમાં મંગલની રચના કરવા માટે જ આચાર્ય ભગવંત પૂ. સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજને વિજાપુરના સંઘે વિ.સં. ૨૦૨૯ના ચાતુર્માસ માટે વિનંતી કરી. પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. એમનાં ભગવતી સૂત્ર પરનાં પ્રવચનોએ લોકોને ઘેલું લગાડ્યું હતું. કોઈ અકળ અગમ્ય કારણસર પૂજ્યશ્રીનાં હૃદયમાં એક વાત સતત ગુંજ્યા કરતી હતી. આ સમાધિ મંદિરની પુણ્યવંતી ભૂમિ પર અલૌકિક તીર્થધામનું સર્જન થાય, હજારો ભાવિકો આ તીર્થ ભૂમિની સ્પર્શના કરે અને આધ્યાત્મિક વિકાસની પ્રેરણા મેળવે.

અને આજે તો આ સ્થાન એક દિવ્ય તીર્થભૂમિ બની ગયું છે. કામ કરી ગઈ પૂજ્યશ્રીની અંતઃ પ્રેરણા.

એક પુણ્યવંતુ તીર્થ બન્યું. પૂજ્યશ્રીનાં પાવન પગલાં ઠેરઠેર પડ્યાં. પગલાં પડ્યાં ને ભૂમિ પાવન થઈ. જ્યાં પગ માંડ્યા, ત્યાં મંદિર બન્યાં. અનેક જિનાલયોનો જિર્ણોદ્ધાર થયો. અનેક નૂતન જિનાલયોનું નિર્માણ થયું.

મુંબઈમાં ગોરેગાંવના જવાહરનગરના શ્રીસંઘને આંગણે પૂજ્યશ્રી પ્રતિષ્ઠા કરવા પધાર્યા. જવાહરનગરમાં પ્રભુના કલ્યાણકોની ઉજવણી થતી હતી ત્યારે પુનઃ એકવાર સૌએ ગચ્છાધિપતિપદ સ્વીકારવાની પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી. શ્રી સંઘની વિનંતી પર ચિંતન–મનન કર્યા બાદ એમણે કરી : તે પણ પદવીની નહીં, પણ આસપાસની ભીષણ અને વિષમ એવી દુષ્કાળની પરિસ્થિતિની.

ત્રણ ત્રણ વર્ષથી દુષ્કાળ પડતા હતા. માણસો તરફડતા હતા. ઘાસચારા વિના અબોલ પશુઓ ભાંગરતાં હતાં.

તે સમયે તેમના પટ્ટધર શિષ્ય પૂ. આ.શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મ.સાહેબે વિશાળ માનવમહેરામણને પડકાર ફેંકતા કહ્યું :

"આજના આ સમયે એક નમ્રાતિનમ્ર અપીલ છે કે પૂજ્યપાદશ્રીને ૬૬ વર્ષ થયાં છે તેથી જીવદયા ફંડમાં પણ ૬૬ લાખ રૂપિયાનું ભંડોળ એકત્રિત કરવામાં આવે તો મને અવશ્ય ખાતરી છે કે આપણા સહુની વિનંતીનો સ્વીકાર કરીને પૂજ્યપાદશ્રી ગચ્છાધિપતિપદનો જરૂર સ્વીકાર કરશે."

સાંભળીને મેદનીએ શાસનદેવની જય બોલાવી. સૌએ જીવદયાનું ફંડ એકત્રિત કરવાનો મક્કમ નિર્ધાર કર્યો.

કરુણાભર્યું પૂજ્યપાદશ્રીનું હૈયું. અબોલ જીવો માટે કરુણાવહી નીકળી. કરુણાની પ્રેરણા વહી નીકળી. સૌનાં હૃદય ઉત્સાહ અને ઉમંગથી ભરાઈ ગયાં. "જવાહરનગરની ધન્ય ધરા પર સકળ સંઘની ઉપસ્થિતિમાં ગચ્છાધિપતિ પદની માંગલિક વિધિ કરવામાં આવશે."

સમય હવે ઓછો હતો. ૬૬ કલાકથી પણ ઓછો. ને ત્યાં સુધીમાં ૬૬ લાખનું માતબર ફંડ એકઠું કરવાનું હતું. પરિણામ ચમત્કારિક આવ્યું. માત્ર ૪૮ કલાકમાં જ ૬૬ લાખ જેવી માતબર રકમનો ફાળો નોંધાઈ ગયો. અને એ દિવસ પણ આવી પહોંચ્યો. વિક્રમ સંવત્ ૨૦૪૪ના મહાવદ પાંચમ ને સોમવારનો એ દિવસ.

એ જ શમિયાણામાં અનુપમ શાસનપ્રભાવક, ભગવતીસૂત્રના માસ્ટર માઈન્ડ સમા, નિખાલસહૃદયી પૂ. આ. ભ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ. સા.ને યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા.ના સમુદાયના ગચ્છાધિપતિ તરીકે અલંકૃત કરવાનો એ ઐતિહાસિક અવસર હતો.

પૂજ્યપાદશ્રીનાં ચાતુર્માસો ભવ્ય રીતે ઠેરઠેર થયાં છે. પાલનપુર, આંબલીપોળ (અમદાવાદ), પાદરા, નવસારી, ગોડીજી (મુંબઈ), પૂના, ડીસા, વિજાપુર, રાજકોટ, ભાવનગર, મલાડ (મુંબઈ), પુંધરા, સાબરમતી, નવસારી, વાલકેશ્વર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગોરેગાંવ, મહુડી એમ વિવિધ સ્થળોએ પૂજ્યપાદશ્રીનાં ચાતુર્માસ સંપન્ન થયાં છે.

પૂજ્યપાદશ્રીના હસ્તે નિર્માણ પામ્યાં છે અનેક ઉપાશ્રયો જેવા કે, નવસારી મહાવીર સોસાયટી, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી વિજાપુરતીર્થ સોસાયટી–વિજાપુર, ધાનેરા, જૂના ડીસા, કુંભાસણ, સુરત–સૈફી સોસાયટી, ધનાલી, સુરત–મગદલ્લા શ્રી નાગેશ્વરતીર્થ, સીરસાડ, લોદરા, આજોલ, ગવાડા, પુંધરા, મિરામ્બિકા (અમદાવાદ), સોલા રોડ (અમદાવાદ), સુપાર્શ્વનાથ–વાલકેશ્વર–મુંબઈ, વસઈ–દહીંસર, ભાવનગર આયોજનાર (અમદાવાદ)—એમ સંખ્યાબંધ ઉપાશ્રયો તથા તીર્થ નિર્માણ થયેલ છે.

પૂજ્યપાદશ્રીનો શિષ્યગણ : પૂ. આ. ભ. શ્રી મનોહર-કીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.પંન્યાસ શ્રી સુદર્શન કીર્તિસાગર મ.સા., પૂ. પ્રવર્તક શ્રી યશકીર્તિસાગર મ.સા., પૂ. પંન્યાસ શ્રી ઉદયકીર્તિ સાગર મ.સા., પૂ. પંન્યાસ શ્રી રાજકીર્તિસાગર મ.સા., મુનિરાજ શ્રી પ્રસન્નકીર્તિ સાગર મ.સા., મુનિરાજ શ્રી જયકીર્તિસાગર મ.સા., પૂ. મુનિરાજ શ્રી અનંતકીર્તિસાગર મ.સા., પૂ. મુનિરાજ શ્રી વિશ્વોદયકીર્તિસાગર મ.સા., પૂ. મુનિરાજ શ્રી વિદ્યોદયકીર્તિસાગર મ.સા. પૂજ્યપાદશ્રીના હસ્તે થયેલી પ્રતિષ્ઠાઓની સંખ્યા ૮૬ જેટલી છે, જેમાંની મુખ્ય તે પાલનપુર, ગોરેગાંવ (મુંબઈ), અંધેરી, ગાંભૂ, મહુડી (અંજનશલાકા), માણસા, ભીલડિયાજી તીર્થ, જૂના ડીસા, ખીમત, ધાનેરા, નવસારી, ગવાડા, આજોલ, વિજાપુર, ધરણીધર સોસાયટી (અમદાવાદ), મિરામ્બિકા–અમદાવાદ, સુરત, પ્રાંતિજ, સોલારોડ, આબુનગર, ઝવેરીપાર્ક–અમદાવાદ, સાબરમતી, સીરસાડ વગેરે છે. હમણાં જ તા. ૩-૮-૦૭ના સવારે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ટી.વી. ચેનલ અને દૈનિકપત્રો દ્વારા આ સમાચાર વિસ્તારથી પ્રગટ થયેલા.

*સૌજન્ય : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર–વિજાપુર સ્વ. માતુશ્રી અંબાબેનની પુણ્યસ્મૃતિમાં*

### *પરમ તપસ્વી, મહાન શાસનપ્રભાવક, વર્તમાન ગચ્છાધિપતિ,* દક્ષિણ દિવાકર

## પૂ. આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરીશ્વરજી મહારાજ

ગુજરાતમાં વડોદરા પાસેનું છાણી ગામ ભવ્ય શ્રી શાંતિનાથ જિનાલયોથી શોભાયમાન પોતાનો પુણ્યપ્રકાશ પાથરી રહ્યું છે. શ્રી મહાવીર ભગવાન, શ્રી પાર્શ્વનાથ અને શ્રી કુંથુનાથ, શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનનાં ભવ્ય દહેરાસરો, ઉપરાંત ઉપાશ્રયો, ધર્મશાળાઓ, આયંબિલખાતું તથા જ્ઞાનમંદિરથી યુક્ત છાણીનગરમાં શાહ ચંદુલાલ છોટાલાલનાં ધર્મપત્ની શ્રી કમળાબહેનની કુક્ષિએ સં. ૧૯૮૨ના જેઠ સુદ ૧૩ની મધ્યરાત્રિએ પુત્રરત્નનો જન્મ થયો. છાણી ગામમાં ધર્મમય વાતાવરણ તો હતું જ, એમાં સુસંસ્કારોની સુગંધ મળતાં 'સોનામાં સુગંધ'નો ન્યાય થયો અને પૂજ્યશ્રીને સં. ૨૦૦૧માં પૂ. ઉપાધ્યાય શ્રી ભુવનવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી શાંતિનાથ ભગવાનના ૫૦ વર્ષના પ્રતિષ્ઠાના મહોત્સવ વખતે પૂ. ઉપાધ્યાયજી મહારાજના સંસર્ગમાં આવતાં વૈરાગ્યભાવના પ્રગટી. તે જ વર્ષે પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિ-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ખંભાતથી શાહ કેશવલાલ વજેચંદ તરફથી છ'રીપાલિત સંઘમાં જોડાઈને પાલિતાણામાં ચૈત્ર સુદ ૪ ને દિવસે સંઘમાળ પછી, પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનવિજયજી મહારાજની આચાર્યપદવી થઈ તે સાથે તેમની દીક્ષા પણ થઈ. પૂ. આચાર્યશ્રી ભુવનતિલકસૂરિના શિષ્ય તરીકે મુનિશ્રી અશોકવિજયજી નામે જાહેર થયા અને તે જ વર્ષે ત્યાં પાલિતાણા પૂ. આ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વડી દીક્ષા ગ્રહણ કરી. સંયમજીવન સ્વીકાર્યા પછી પૂ. ગુરુભગવંતને આજીવન જીવન સમર્પિત કર્યા પછી સ્વાધ્યાયમાં મગ્ન બની ગયા. ગુરુદેવ અને પૂ. વડીલ ગુરુબંધુ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રામાં પ્રકરણગ્રંથો અને આગમગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. પૂ. ગુરુદેવ સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, આંધ્ર અને કર્ણાટકમાં વિહાર કરીને શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો કરાવ્યાં. શ્રી દશવૈકાલિક સૂત્ર, શ્રી સમવાયાંગસૂત્રનાં યોગોદ્વહન કર્યાં. વીશસ્થાનક તપ, પાંચ વર્ષીતપ, પંદર ઉપવાસ, અઠ્ઠાઈ તપ, ૨૪ ભગવાનનાં એકાસણાં, પાંચે કલ્યાણકોની આરાધના, પોષ દશમી તપની, સહસ્રકુટ તપ ૧૭૦ જિનની આરાધના કરી છે. વર્ધમાન તપ સો ઓળી સૂરિમંત્ર પાંચપીઠ ચાર વખત.



સં. ૨૦૨૮ના જેઠ સુદ બીજને દિવસે પૂ. તારક ગુરુદેવનો દાવણગિરિમાં વિરહ થયો. તે પછીથી વડીલ ગુરુબંધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સં. ૨૦૩૩માં મૈસૂર મુકામે ચાતુર્માસ દરમિયાન શ્રી ભગવતીસૂત્રના યોગોદ્વહન સાથે સૂત્રનું વાચન કર્યું. સં. ૨૦૩૪ના કારતક વદ ૬ના દિવસે ભવ્ય મહોત્સવપૂર્વક ગણિ–પંન્યાસ પદવી થઈ. ત્યાંથી કાયમ માટે ત્રણ વિગઈનો ત્યાગ કર્યો. બદામ, કાજુ અને દ્રાક્ષ સિવાય મેવો અને માવાનો ત્યાગ, પાંચ તિથિ ઘી, લીલોતરી, મિષ્ટાન્નનો ત્યાગ, પાકાં કેળાં સિવાય અન્ય ફળોનો ત્યાગ. ચોમાસામાં અઠ્ઠાઈ અને બાર તિથિ અને શેષકાળમાં પાંચ તિથિ અને અઠ્ઠાઈમાં લીલોતરીનો ત્યાગ. દીક્ષા પછી તેરમા વર્ષથી બિયાસણાં, દહેરાસરમાં દેવવંદન, દરેક પ્રતિમાજીને નમો જિણાણં, પાષાણની પ્રતિમાજીને ત્રણ ત્રણ ખમાસમણાં ચૈત્યવંદન, લગભગ ૧૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ અને તેટલાં જ ખમાસમણાં પ્રાયઃ ઊભાં ઊભાં, શ્રી નવકારમંત્રનો અરિહંત સિદ્ધિપદ સિદ્ધિચક્ર નમો માણસ્સનો કરોડ ઉપરનો જાપ હજુ ચાલુ છે. શ્રી વર્ધમાન તપની ૮૪મી ઓળી (સં. ૨૦૪૭), રાત્રે સંથારા સમયે જીવનમાં લાગેલા દોષની ગુર્હા અને આરાધનાની અનુમોદના પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને વાસક્ષેપ દ્વારા સં. ૨૦૪૩ના પોષ વદ ૧ના દિવસે દોડ બાલાપુરમાં આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા. ત્યારથી પૂજ્ય આચાર્યશ્રી વિજયઅશોકરત્નસૂરીશ્વરજી મહારાજ નામથી પ્રસિદ્ધ થયા. પૂજ્યશ્રીની નિશ્રામાં દીક્ષા, વડી દીક્ષા, ઉપધાન તપ, ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવો થઈ રહ્યા છે. ૪૦ વર્ષથી બેંગલોર અને મદ્રાસ, દક્ષિણનાં નાનાં નાનાં ગામડાંઓમાં વિચરીને અને ત્યાં ચાતુર્માસ કરીને શાસનપ્રભાવના કરી રહ્યા છે. સૂરિમંત્રની આરાધના કરીને ઉલ્લાસપૂર્વક રત્નત્રયીની આરાધનામાં ઉજમાળ રહ્યા છે. એવા એ પરમ શાસનપ્રભાવક સૂરિવર નિરામય દીર્ઘાયુ પામી સુદીર્ઘ શાસનસેવા કરતા રહો એવી પ્રાર્થના સાથે પૂજ્યશ્રીને કોટિશઃ વંદના!

★ સંવત ૨૦૫૩, વૈશાખ વદ ૧૧ના સો ઓળી પારણું બેંગલોર પૂજ્ય રાજયશસૂરીશ્વરજી મ.સા. આદિ સમુદાય સાથે.

★ ગચ્છાધિપતિ પદ, ટુમકુર, કર્ણાટક, આસો સુદ ૧, સંવત–૨૦૫૭, અનેક સંઘોએ તથા સમુદાય મળી.

★ દક્ષિણદિવાકરની પદવી : સંવત ૨૦૬૦ ના અષાઢ સુદ બીજને રવિવાર, બેંગલોર આદિ ૧૮ સંઘોની ઉપસ્થિતિમાં ચાતુર્માસ પ્રવેશ વખતે, હિરીપુરનાં ચાતુર્માસ પ્રવેશદિન.

*સૌજન્ય : શાહ સંપતરાય સુરેશકુમાર કટારિયા પરિવાર, દીપક એન્ટરપ્રાઈઝ–બેંગલોર*

*પૂજ્યપાદ વર્તમાન ગચ્છાધિપતિ*

## આચાર્યદેવ
## શ્રીમદ્‌વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ

*—મુનિ મહાબોધિ વિજય*

પૂજ્યપાદ સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજ એટલે ગુણોનો ઘૂઘવતો મહાસાગર. આ મહાસાગરમાં મરજીવા બનીને ઊંડા ઊતરીએ તો અનેક ગુણરત્નો હાથમાં આવ્યા વગર ન રહે. અહીં આપણે એમના પાંચ વિશિષ્ટગુણોનો આસ્વાદ કરીએ.

૧. પરોપકારવૃત્તિ : સમસ્તવિશ્વ આજે દિન–પ્રતિદિન વધુને વધુ સ્વાર્થી બનતું જાય છે ત્યારે આ મહાપુરુષના લોહીના પ્રત્યેક બુંદમાં પરોપકારની વૃત્તિ વણાયેલી છે. નાનામાં નાના સાધુને કઈ વસ્તુની જરૂરિયાત હશે એનો ઉપયોગ તેઓશ્રીને સતત રહેતો હોય છે.

તેઓશ્રી ઘણીવાર કહેતા હોય છે....."આજના દીક્ષિત સાધુને પણ આપણે ગૌતમસ્વામીના રૂપમાં જોવાના છે. સાધુને જે વસ્તુ આપવી હોય તે ઉત્તમકક્ષાની આપવી. હલકી, વધારાની કે અદલાબદલી રૂપે પણ કોઈ વસ્તુ સાધુને આપીએ તો આપણને ઘોર લાભાંતરાય કર્મ બંધાય છે."

એકવાર સ્વ. ગુરુદેવશ્રીએ પિંડવાડામાં એમને લખવા માટે નવી–સારી પેન આપી. સાથે કહ્યું : "આ પેન માત્ર તારે વાપરવાની." એ વખતે પૂર્ણનમ્રતા સાથે પૂજ્યશ્રીએ કહ્યું : "ગુરુદેવ! એવી રીતે આ પેન હું નહીં રાખી શકું. કોઈ માંગશે, કોઈને ગમશે તો હું આપી દઈશ." આચાર્યભગવંતે સહર્ષ અનુમતિ આપી.

૨. આગમજ્ઞાતા : વર્તમાનકાળના તમામ આગમોના પૂજ્યશ્રી વિશિષ્ટજ્ઞાતા છે. વિશિષ્ટ એટલા માટે કે આગમોના માત્ર શબ્દાર્થ કે વાક્યાર્થ ન કરતાં છેક ઐદંપર્યાર્થ સુધી તેઓશ્રી પહોંચતા હોય છે. આનો અનુભવ પૂજ્યશ્રીની પાસે આગમ-ગ્રંથોની વાચના લેનારા મહાત્માઓને ઘણીવાર થયો છે.

જિંદગીમાં ક્યારેય છાપું નહીં વાંચનારા આ મહાપુરુષ સાધુઓને દિવસમાં છ–છ કલાક સુધી આગમગ્રંથો–પ્રકરણગ્રંથો અને કર્મસાહિત્યમાં પાઠો આપતા હોય છે. સમુદાયનો ભેદભાવ રાખ્યા વગર શ્રુતજ્ઞાનની આ ગંગાને તેઓ નિરંતર વહાવી રહ્યા છે. સંઘ અને સમુદાયની અનેકવિધ જવાબદારીઓથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘેરાયેલા હોવા છતાં નિરંતર સ્તોત્રપાઠ અને સમય મળે તો દિવસે, ન મળે તો રાત્રે જાગીને પણ 'દશવૈકાલિક', 'આચારાંગ-સૂત્ર' આદિના પાઠ તેઓશ્રી કરતા હોય છે.

દીક્ષાના પ્રારંભકાળમાં ક્ષયોપશમ મંદ હોવા છતાં ગુરુકૃપાથી છેક શતાવધાન સુધી પહોંચી શક્યા, એટલું જ નહીં પ્રાકૃતવ્યાકરણ શીખ્યા વગર પ્રાકૃતભાષામાં અસ્ખલિતપણે સાધુ ભગવંતોને પોણોકલાક સુધી વાચના આપી શક્યા. વધારે શું લખીએ? શાસ્ત્રીય બાબતોમાં ગૂંચ પડે ત્યારે 'મુનિ જયઘોષ-વિજયજીની પણ સલાહ લેવી' આવું વાક્ય પોતાના પદકમાં લખીને સ્વ. પરમગુરુદેવ શ્રીમદ્ વિજયપ્રેમ-સૂરીશ્વરજી મહારાજે એમની આગમજ્ઞતા-ગીતાર્થતા ઉપર મહોર મારી દીધી હતી.

૩. સંઘએકતા : સ્વ. બંને ગુરુભગવંતોના હૃદયમાં રમતી સંઘ એકતાના પૂજ્યશ્રી પ્રખર હિમાયતી છે. એમના હૃદયમાં સંઘ અને શાસન પ્રત્યે ભારોભાર આદરભાવ અને બહુમાનભાવ છે. વર્તમાનસંઘની દુર્દશા અને કફોડી સ્થિતિથી તેઓશ્રી અત્યંત વ્યથિત છે, અત્યંત ચિંતિત છે. એમની વાચના અને પ્રવચનો દરમિયાન આ વેદના પ્રગટ થયા વગર રહેતી નથી. પ્રાયઃ કરીને એમનું એકપણ પ્રવચન એવું નહીં હોય કે જેમાં સંઘ અને શાસનની એકતા, સમાધિ અને આદરભાવની વાત ન આવતી હોય. ચૌદ પૂર્વધરશ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી પણ સંઘની આજ્ઞા સામે જો ઝૂકી જતા હોય તો આપણે કોણ?

(૪) પ્રાયશ્ચિત્તદાતા : આજ સુધીમાં હજારો આત્માઓએ પૂજ્યશ્રી પાસે પોતાનાં કાળાંમાં કાળાં પાપોની આલોચના બિલકુલ સહજભાવે કરી છે. એની પાછળ મુખ્ય ત્રણ કારણ છે.

(૧) પહેલું કારણ છે પૂજ્યશ્રીની ગંભીરતા. પૂજ્યશ્રી ગંભીરતાના મહાસાગર છે. આ મહાપુરુષની ગંભીરતા આગળ સો સો મહાસાગરો પણ ઝાંખા પડે તેમ છે. ગમે તેવી ગંભીર આલોચના પૂજ્યશ્રીની પાસે અત્યંત સરળતાથી થઈ શકે છે, કારણ કે કોઈ વાંચી જશે, કોઈ સાંભળી જશે આવો ભય કોઈને હોતો નથી, વળી આ વિષયમાં પૂજ્યશ્રી અત્યંત કાળજી ધરાવનારા છે. અનેક જવાબદારીઓ વચ્ચે બેઠા હોવા છતાં પણ સાધુઓની આલોચના સાંભળવાનું, પ્રાયશ્ચિત્ત આપવાનું તેમ જ તે અંગેના પત્રવ્યવહારનું કામ પૂજ્યશ્રી સ્વયમેવ કરતા હોય છે.

(૨) વર્તમાન કાળમાં પૂજ્યશ્રી છેદગ્રંથના વિશિષ્ટ જ્ઞાતા છે. આથી જ સામા જીવોની ભાવના, શક્તિ વગેરે જોઈને એને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપે છે, એટલું જ નહીં, જે પાપ જીવનમાં સહજ બની ગયાં હોય તેમાંથી કાયમ માટે કઈ રીતે છુટાય તેની ચાવીઓ પણ બતાવતા હોય છે.

(૩) સામી વ્યક્તિની નેગેટિવસાઇડ જાણ્યા પછી પણ એના પ્રત્યે પોતાના હૃદયમાં એકસરખો પ્રેમભાવ, વાત્સલ્યભાવ ધારણ કરવો એ જેવીતેવી બાબત નથી. પૂજ્યશ્રી આ કળામાં પારંગત છે અને એટલા માટે જ પૂજ્યશ્રી પાસે પ્રાયશ્ચિત્ત લેતાં કોઈને હિચકિચાટ નથી થતો.

૫. બ્રહ્મનિષ્ઠતા : પૂજ્યશ્રી પાંચે મહાવ્રતોના પાલનમાં સૂક્ષ્મ કાળજી ધરાવે છે. એમાં પણ બ્રહ્મચર્યવ્રતના પાલનમાં અત્યંત નિષ્ઠાવાન છે. વિજાતીય સ્ત્રી કે સાધ્વીની સાથે ક્યારેય દૃષ્ટિ મિલાવીને વાત કરતાં તેઓશ્રીને જોયા નથી. બને ત્યાં સુધી તો વાત કરવાનું જ ટાળે. અત્યાવશ્યક કાર્યાર્થે વાત કરવી જ પડે તો મોં અન્ય દિશા તરફ વાળીને જ વાત કરવાનો આગ્રહ રાખતા હોય છે.

ફોટાઓના આલબમ, વર્તમાનપત્રો અને તેની પૂર્તિઓને ક્યારેય હાથમાં લેતા નથી. આ બધાં સાધનો આપણા વ્રત માટે જોખમી છે, એવું તેઓશ્રીનું દૃઢપણે માનવું છે.

આજના વિષમકાળમાં આવા ભીષ્મવ્રતનું અણીશુદ્ધપણે પાલન કરનારા એ ગુરુદેવનાં ચરણોમાં કોટિકોટિ વંદના.

*ગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય*

## હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

ભારતવર્ષની આર્ય સંસ્કૃતિથી સોહામણી આંધ્રપ્રદેશની અલબેલી રાજધાની હૈદરાબાદ જેવી હરિયાળી ભૂમિમાં વસતા શ્રી નરસિંહ સ્વામીના કુળમાં, ધર્મપત્ની શ્રી લક્ષ્મીબાઈની પવિત્ર કુક્ષિમાંથી એક તેજસ્વી બાળરત્ન પ્રગટ થયું. વિ.સં. ૧૯૯૦, કા.વ. ૯, તા. ૨૦-૧૧-૧૯૩૪ની પવિત્ર રાત્રિએ પ્રગટેલા તેજ સિતારાનું ભવિષ્ય બેનમૂન અજોડ હશે જ અને આજનો પ્રગટેલો સિતારો વીરશાસનનો ઝળહળતો તેજ સિતારો બનશે એવા સંકેતથી જ જાણે કુદરતી તેનું નામ પણ 'વીરાસ્વામી' રાખવામાં આવ્યું!

બાલ્યવયથી જ શૂર–તેજસ્વી, વીરાસ્વામીનો, બ્રાહ્મણ છતાં ઉચ્ચ સંસ્કારી, ધર્મમય વાતાવરણમાં ઉછેર થયો અને વળી સૌભાગ્યની કેવી લીલા! ૧૨ વર્ષની બાલ્યવયે ગુજરાત તરફ અચાનક જ આવવાનો એવો સુઅવસર પ્રાપ્ત થયો કે જેમ કોઈ રાજા બીજા રાજ્ય ઉપર ચડાઈ કરે, પછી વિજયની વરમાળા પહેરીને જ પાછો ફરે! પ.પૂ.પં. ચંદ્રવિજયજી મ.સા. પૂ.પૂ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજ પ્રભાવવિજયજી મ.સાના સમાગમમાં રહેતા દીક્ષાનો ભાવ વધુ પ્રગટતા સં. ૨૦૦૭ના કારતક વદ-૬ના શુભ દિને અમદાવાદ સ્થિત કોકાભટ્ટની પોળમાં દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ. મુનિપ્રવર પ્રભાવવિજયજી મ.સા.ના શિષ્ય તરીકે જાહેર થયા. પૂ. આચાર્યશ્રી લાભસૂરિ મ.સા., પૂ. પંન્યાસચંદ્ર વિજયજી મ.સા. તથા ત્રિપુટી મ.સા.ની શુભ નિશ્રામાં વીરાસ્વામીમાંથી મુનિ હેમપ્રભવિજયજી મ.સા બન્યા.

વિ.સં. ૨૦૨૦માં ખંભાત ચાતુર્માસ દરમ્યાન પૂ. દાદા ગુરુદેવશ્રી ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના અંતરના આશીર્વાદ અને પૂ. ગુરુદેવશ્રી પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રભાવશાળી પ્રેરણાથી નિત્ય, પ્રવચનનો પ્રારંભ થયો! માતૃભાષા તેલુગુ હોવા છતાં પૂ. બન્ને ગુરુદેવોની આશીષ અને અસ્ખલિત ધારાએ વહેતી કૃપાવર્ષાથી પૂજ્યશ્રીએ કાવ્યમય અનોખી વિશિષ્ટ છતાં સરળ શૈલીમાં વ્યાખ્યાન દ્વારા ભાવિકોને ભીંજવ્યાં.

પૂજ્યશ્રીનાં ચરણે ૨૦-૨૫ મુમુક્ષુ આત્માઓએ સંપૂર્ણ જીવન સમર્પિત કરી શિષ્યત્વ અપનાવ્યું છે અને પૂજ્યશ્રીના વરદ હસ્તે સ્વ-પર અનેક સમુદાયો-ગચ્છોમાં સેંકડો દીક્ષાઓ થઈ છે.

ગુજરાત-મહારાષ્ટ્ર, કર્ણાટક – આંધ્ર – તામિલનાડુ-કેરાળા-ઓરિસ્સા, બિહાર-બંગાળ, યુ.પી.-એમ.પી., રાજસ્થાન આદિ વિવિધ પ્રદેશનાં અનેક ક્ષેત્રોમાં વિચરી અનેકવિધ પ્રતિષ્ઠાઓ, ચાતુર્માસ, ઉપધાન, દીક્ષાઓ આદિ અનેકવિધ આરાધના અનુષ્ઠાનોમાં સ્વ-પર કલ્યાણની પૂર્ણ યોગ્યતા ધરાવતા પૂજ્યશ્રી વિ.સં. ૨૦૩૨માં ગણિ પદથી, વિ.સં. ૨૦૩૫માં પંન્યાસ પદથી વિભૂષિત થયા અને પરાકાષ્ઠાની યોગ્યતાને ધરાવતા પૂજ્યશ્રી વિ.સં. ૨૦૪૪ માગ. સુ. ૬ના મંગલ દિને મુંબઈ વાલકેશ્વરમાં આચાર્ય જેવા ધુરંધર પદથી અલંકૃત થયા.

પૂ. દાદા ગુરુશ્રી આ. વિ. ચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના અંતિમ સ્વપ્નને સાકાર કરવા માટે જ પૂજ્ય દાદા ગુરુની ભાવનાનુસાર જ, શાશ્વત તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની પવિત્રતમ તળેટીમાં પાલિતાણા નગરે પ.પૂ. ગુરુદેવશ્રી પ્રભવચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે ગિરિવિહાર સંસ્થાની સ્થાપના થઈ, જે સંસ્થામાં પૂજ્યશ્રીની પ્રેરણાથી શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રી સંઘની સુંદર સેવા ૩૦-૩૦ વર્ષથી અવિરત ધારાએ ચાલી રહી છે. આ સંસ્થા જ પૂજ્યશ્રીની કરુણા-સેવા-ગુણ વગેરે ઉમદા કેટલાય ગુણોની સાક્ષીભૂત છે!

પૂ. ગુરુદેવશ્રી પ્રભવચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ની અંતિમ ભાવનાને સાકાર કરવા પૂજ્ય ગુરુદેવશ્રીના કથનાનુસાર શેત્રુંજી નદીના કિનારે, ડેમ પાસે ૨૫૦ વીઘા જમીનમાં ગિરિવિહાર ગૌશાળા, ગિરિવિહાર પાંજરાપોળની પ્રેરણા-દ્વારા સ્થાપના કરાવી છે, જેનું ટ્રસ્ટીઓ દ્વારા સુચારુ રૂપે સંચાલન થઈ રહ્યું છે. ગૌશાળામાં રહેલી ગાયોનાં દૂધ દ્વારા શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિશ્વર દાદાના પક્ષાલ તેમ જ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત મોતીશાની ટૂંકથી માંડીને પાલિતાણાનાં સર્વ જિનાલયોનાં પક્ષાલ માટે દૂધનો લાભ મળી રહ્યો છે, એટલુ જ નહીં, દાદાના અખંડ દીપક માટે છેલ્લાં ૪ વર્ષથી અખંડપણે ગાયના શુદ્ધ ઘીનો ચતુર્વિધ સંઘને લાભ મળી રહ્યો છે. ગિરિવિહાર પાંજરાપોળમાં અનેક નિરાધાર-અબોલ-બિમાર એવાં પ્રાણીઓની ખૂબ જ સરસ સેવા અને સાચવણી થઈ રહી છે. અનુકંપા રૂપે અન્નક્ષેત્ર તથા છાશની નિઃશુલ્ક પાંચ-પાંચ પરબો ચાલી રહી છે.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં પાલિતાણાથી અજાહરા તીર્થનો, દહેગામથી આંતરસૂબાનો, બાર્શીથી અંતરિક્ષજીનો, હૈદરાબાદથી કુલ્પાકજીનો કાલિંદીથી નાકોડાજીનો આદિ વિવિધ છ'રીપાલિત સંઘો તેમ જ મદ્રાસ, કુંભાકોનમ્, વિજયવાડા, ચાસબોકારો, જબલપુર, સતના, કલકત્તા, પટના, પાલિતાણા, અજાહરા, અમદાવાદ આદિ અનેક સ્થળોમાં જિનાલયોની ભવ્ય પ્રતિષ્ઠાઓ તથા ભોપાલ નગરે શ્રી મહાવીરગિરિ ઉપર શ્રી મહાવીર સ્વામી મહાતીર્થની, વળી અમદાવાદ-ઓગણજમાં શ્રી પંચજિનેશ્વર કૈવલ્યધામ મહાતીર્થોમાં મહામહોત્સવોપૂર્વક ભવ્ય અંજન-શલાકા-પ્રતિષ્ઠા-દીક્ષાઓ વગેરે કાર્યક્રમો થયેલ છે.

પાલિતાણા ગિરિવિહારની જેમ જ ઓગણજમાં પણ સમુદાય-ગચ્છાદિના ભેદભાવ વિના શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધ સંઘની અણમોલ સેવા-શુશ્રૂષા સાથે બન્ને સ્થળે ફક્ત ૧ રૂા. ટોકનમાં ભોજનશાળા પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી ચાલી રહી છે. ધન્ય છે સાધર્મિક ભક્તિના રસિયા પૂજ્યશ્રીને! આ કાળ-ઝાળ મોંઘવારીમાં કેવી ઉમદા ભક્તિ! આવાં આવાં અદ્વિતીય-અજોડ સત્કાર્યો દ્વારા વિશ્વ પર શાસનપ્રભાવના કરતા પૂજ્યશ્રી વિવિધ તપશ્ચર્યા, વિહાર, તપ-ત્યાગ-વૈરાગ્યની ભૂમિકા પર 'સ્વ' ની ઉચ્ચતમ સાધના કરી રહ્યા છે, સાથે સાથે ભવ્યોનાં હૈયાંને હલાવી, દિલડાંને ડોલાવી, હૃદયને ભીંજવી, અજ્ઞાનીઓને આકર્ષી, આત્માઓને જગાડી, જગત ઉપર અનેક પ્રકારે ધારાબદ્ધ ઉપકારોની વૃષ્ટિ કરી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે વિશ્વમાં અનેક મનુષ્યો કેન્સર, કીડની, ડાયાબિટીસ, બીપી જેવા અનેક અસાધ્ય રોગોથી પીડિત છે. જેના માટે એલોપેથિક ઈલાજ હોવા છતાં ઘણો મોંઘો છે એની સામે પંચગવ્ય આધારિત ચિકિત્સા આયુર્વેદિક ચિકિત્સામાં સફળ અને નિર્દોશ ઈલાજ બતાવ્યો છે. તે માલેગાંવના કેશરીચંદજી મહેતાએ કેન્સર પીડિત માટે ૧૧ દિવસનો કેમ્પ એવી રીતે તેમણે ૧૧ કેમ્પ કર્યા છે. તેમાં બે કેમ્પ ગિરિવિહારના ટ્રસ્ટીઓ, પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ચર્ચા કરી વલસાડના આ નંબરના હાઈવે રોડ ઉપર વાઘલપરા ગામ પાસે ગિરિવિહાર કેન્સર હોસ્પિટલ નિર્માણાધિન છે. જેનું ઉદ્ઘાટન મહા સુદ-૫ તા. ૧૧-૨-૦૮, સોમવારના દિવસે થયું હતું.

૧૬ વર્ષની વયથી માંડીને આજે ૭૦-૭૦ વર્ષની વય સુધીનું સમગ્ર જીવન શાસનને સમર્પિત કરી, પ્રતિભાસંપન્ન પૂજ્યશ્રી કેસર સૂરિસમુદાયની ખાણના કોહિનૂર હીરા બની ચમકી રહ્યા છે. તેના પ્રકાશમાં આવનારના અંધકારને દૂર ફગાવી પ્રકાશિત કરી રહ્યા છે. ધન્ય છે જૈન શાસનની આ અણમોલ સંપત્તિને! અદ્ભુત વિરલ વિભૂતિને!

*સળંગ ૩૨-૩૨ વર્ષીતપના આરાધક,*
*અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન*

## પ.પૂ. આ. ભ.શ્રી
## ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.



જન્મ : વિ.સં. ૧૯૮૮, ભાદરવા સુદ-૧૫, કોટડા (રોહા) કચ્છ.

દીક્ષા : વિ.સં. ૨૦૧૪, માગશર સુદ-૧૦, લાલવાડી-મુંબઈ.

ઉપાધ્યાય પદ : વિ.સં. ૨૦૩૨, મહાવદ-૩, ભૂજનગર-કચ્છ.

આચાર્ય પદ : વિ.સં. ૨૦૩૩, વૈશાખ સુદ-૩, મકડા, કચ્છ.

ગચ્છસુકાન : વિ.સં. ૨૦૪૪, આસો સુદ-૨, જિનાલય તીર્થ-કચ્છ.

ગુરુદેવશ્રીનું નામ : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

માતા-પિતાનાં નામ : શ્રી સુંદરબાઈ અને શ્રી ગણશીભાઈ.

સંસારી નામ : શ્રી ગોવિંદભાઈ.

શિષ્ય-પ્રશિષ્ય પરિવાર : ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી, મુનિશ્રી પ્રેમસાગરજી, મુનિશ્રી હરિભદ્રસાગરજી, મુનિશ્રી રાજરત્નસાગરજી, મુનિશ્રી પ્રિયંકરસાગરજી, મુનિશ્રી શશાંકસાગરજી, મુનિશ્રી ભાગ્યોદયસાગરજી.

સંતોની સજ્જનતા, સાધુઓની સાધુતા અને તપસ્વીઓની તેજસ્વિતા....આ ત્રણ કારણોએ ભારત દેશ વિશ્વના દેશોમાં મૂર્ધન્યસ્થાને વિરાજે છે. ભારતની ધરા 'ધર્મભૂમિ' અને 'તપોભૂમિ'નાં વિશેષણોથી વિલસે છે. એમાંય કચ્છની ધરતી તો ધીંગી ધરા છે એ કમનીય પણ છે અને કામણગારિણી પણ છે.

કચ્છનાં આ એ પ્રદેશ, જેમાં પર્વતોની લઘુ પંક્તિ જૂનાગઢના ગરવા ગિરનારની સ્મૃતિને હૈયાની ધરતી પર આણી લાવે છે. એવા પ્રદેશમાં એ નખત્રાણા તાલુકો અને એનું એ પુરાણું છતાં રળિયામણું શ્રી કોટડા (રોહા) ગામ!

કોટડા (રોહા) ના કચ્છી વીસા ઓસવાલ વંશના પાસડ-ગોત્રીય ગણશીભાઈ ખીયશી ભદ્રપરિણામી અને ભાવનાશાળી વ્યક્તિ હતા. એમનાં ધર્મપત્ની સુંદરબહેન ધર્મભાવના અને શીલ-સંસ્કારની સૌરભના કારણે ખરેખર સુંદર હતાં. વિ.સં. ૧૯૮૮ના ભાદ્રપદ પૂર્ણિમાના પાવન દિને પૂનમના ચાંદ સમા પુત્રરત્નનો જન્મ થયો. એ પુત્રરત્ન એ જ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ. આચાર્યદેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ.

માતાપિતાએ પોતાના આ વહાલસોયા આ પુત્રનું નામ પાડ્યું ગોવિંદ. માતા-પિતાના બાલ્યકાળથી જ સુસંસ્કારોના કારણે પરમાત્માપ્રેમી થયા. વ્યાવહારિક સાત ધોરણનો અભ્યાસ કર્યો ત્યારબાદ આધ્યાત્મિક પંથે પ્રગતિ સાધવા માટે ધાર્મિક અભ્યાસમાં દત્તચિત્ત બન્યા, સાથે સ્વાધ્યાયમૂર્તિ સુસાધ્વીશ્રી રૂપશ્રીજી મ.ની પ્રેરણાથી શ્રી શાંતિનાથ જિનાલયમાં ૩ વર્ષ સુધી પરમાત્માના ભક્ત તરીકે પ્રભુભક્તિનો અણમોલ લહાવો લીધો. આ ત્રણ વર્ષ દરમ્યાનમાં શ્રી ગોવિંદભાઈએ ખંત અને ઉંમગપૂર્વક કેટલું બધું શાસ્ત્રઅધ્યયન કરી લીધું! પંચપ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, વૈરાગ્યશતક અને મહર્ષિઓ કૃત ચોવીશીઓ, ચોઢાળિયાં, છ ઢાળિયાં તથા સજ્ઝાયો આદિ લગભગ અઢી હજાર શ્લોકો અને ગાથાઓ ગોવિંદજીભાઈએ કંઠસ્થ કરી લીધાં. જ્યાં સાચા દિલની લગન હોય તેને માટે આ સંસારમાં કોઈ સત્કાર્ય કઠિન બની શકતું જ નથી. ગોવિંદજીભાઈનો સ્વાધ્યાયપ્રેમ ખરેખર હૈયાને આનંદ અને અહોભાવ ઉપજાવી મૂકે તેવો ભવ્ય હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે જ્યારે કોઈપણ વિચાર મનનો કેડો મૂકતો નથી ત્યારે ત્યારે તે અનુરૂપ પ્રવૃત્તિ પણ પ્રગટ્યા વિના રહેતી નથી. હવે તો વૈરાગ્યનો 'ચોલમજીઠ રંગ' ગોવિંદજીભાઈના અંતરમાં લાગી ગયો હતો. વૈરાગ્યનું ચિંતન ગોવિંદજીભાઈના હૃદયમાં સતત ઘમરોળાતું હતું.

પરિણામે ગોવિંદજીભાઈ માતા–પિતાની અનુમતિ લઈ સંસારને તિલાંજલિ આપવા તત્પર બન્યા. અંતે મુંબઈ લાલવાડી મધ્યે વિ.સં. ૨૦૧૪ માગશર સુદ દશમ રવિવારના બે મુમુક્ષુ આત્માઓ સહ ભવ્ય મહોત્સવપૂર્વક મુનિપણું સ્વીકારી 'નૂતન મુનિ ગુણોદયસાગરજી' નામ ધારણ કરી પ.પૂ.આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. નું શિષ્યપણું સ્વીકાર્યું.

શ્રી જિનશાસનના અને અચલગચ્છનાં કાર્યો કાજે પોતાના ગુરુદેવશ્રીનાં સત્કાર્યોમાં સતત જોડાતા રહ્યા અને પોતાના ગુરુદેવશ્રીના દિલમાં મોંઘેરું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

★ ભૂજમાં મુનિશ્રીને ઉપાધ્યાય પદ પ્રદાન :—

છેલ્લા કેટલાય સમયથી ગુરુદેવશ્રીની અને અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘની અંતરની ભાવના હતી કે, "મુનિશ્રી ગુણોદયસાગરજીને ગણિ ઉપાધ્યાય પદે આરુઢ કરવા, પરંતુ આ અંગે પૂજ્ય મુનિશ્રી ઉત્કંઠિત ન હોવાથી જે કાર્ય વિલંબાતું હતું તે કાર્ય વિ.સં. ૨૦૩૨ના રોજ ભૂજ નગરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયના ધ્વજદંડ પુનઃ પ્રતિષ્ઠાના પાવન પ્રસંગે પરિપૂર્ણ થયું. પૂજ્ય મુનિશ્રી ગુણોદયસાગરજી મ.ને ઉપાધ્યાય પદથી અલંકૃત કર્યા.

મકડામાં આચાર્ય પદવી :—

પૂ. અચલગચ્છાધિપતિશ્રીના હૃદયમાં એવી ઉત્તમ ભાવના જાગી હતી કે, પોતાના મુખ્ય શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયશ્રી મ.ને હવે આચાર્ય પદથી અલંકૃત કરવા, કારણ કે, આવા સુયોગ્ય શિષ્યને સૂરિપદથી સુશોભિત કરવાથી પોતાની અનેકવિધ જવાબદારીઓમાં હળવાશ અનુભવાય અને તેમની ઉત્તમ શક્તિઓનો શાસનને તથા શ્રીસંઘને લાભ મળે. તેથી વિ.સં. ૨૦૩૩ વૈશાખ સુદ ૩ અક્ષયતૃતીયાના પાવનદિને મકડા ગામે સ્વ. ગુરુદેવ અચલગચ્છાધિપતિશ્રીના વરદ્ હસ્તે વિશિષ્ટ જિનભક્તિ મહોત્સવપૂર્વક ધામધૂમથી સૂરિ પદે આરૂઢ કરાયા અને જિનશાસનને પૂ. આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરિજી મ. નામના આચાર્યવરની મહાન ભેટ પ્રાપ્ત થઈ.

ત્યારબાદ સૂરિયુગલ ગુરુ શિષ્યની જોડી કચ્છ–રાજસ્થાન ક્ષેત્રે અનેક પ્રભાવક કાર્યો કરી મુંબઈના સંઘોની આગ્રહભરી વિનંતીથી વિ.સં. ૨૦૩૪માં મુંબઈ પધારી ત્યાં જ પૂજ્ય ગુરુદેવશ્રી સાથે જ ત્રણ ચાતુર્માસો અનુક્રમે ઘાટકોપર–ચીંચબંદર–મુલુન્ડ મધ્યે કર્યા.

કચ્છ મોટા આસંબિયા મધ્યે ૧૦૮ જિનબિંબોનો અંજનશલાકા મહોત્સવ ઊજવવો હતો. તેથી પૂ. અચલ-ગચ્છાધિપતિશ્રીને શ્રીસંઘે વિનંતી કરી, "સાહેબજી! આપશ્રી આ પાવન પ્રસંગે પધારો", પરંતુ પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રી મુંબઈનાં શાસનકાર્યોના કારણે સ્વયં પધારી શકે તેમ ન હતા. તેથી તેઓશ્રીએ પોતાના સુવિનીત પટ્ટધર આચાર્યદેવ શ્રી ગુણોદયસાગરસૂરિજીને આજ્ઞા ફરમાવી કે, "તમારે કચ્છમાં અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવને સંપન્ન કરવાનો છે, માટે કચ્છ પ્રયાણ કરો!"

★ ઠેર ઠેર શાસનપ્રભાવના :—

પૂજ્યશ્રીના વરદ્હસ્તે મોટા આસંબિયા રતાડિયા (ગણેશ)–બેરાજા–વડોદરા–પાલિતાણા કચ્છીભવન–બહુંતેર જિનાલય મહાતીર્થ–લાખાપુર, જોગેશ્વરી, ઘાટકોપર કુશલ ટાવર, શ્રી અનંતનાથ ૨૪' જિનાલય–મુંબઈ, ખારેકબજાર, દેઢિયા કચ્છ ગુણપાર્શ્વતીર્થાદિ, રામાણીયા, ભૂજનગર, તલવાણા, ડુમરા આદિ અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ, પુનઃ પ્રતિષ્ઠાઓ, ધ્વજદંડ પ્રતિષ્ઠાઓ આદિ છેલ્લાં ૨૯ વર્ષમાં સંપન્ન થઈ અને ૧૫૦થી અધિક જેટલા પુણ્યાત્માઓને ભવોદધિતારિણી દીક્ષાઓ પ્રદાન કરી. અનેક છ'રી પાળતા સંઘો, શત્રુંજય મહાતીર્થની બબ્બેવાર ૯૯ યાત્રા તેમ જ અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો પૂજ્યશ્રીની નિશ્રામાં ઊજવાયાં કોટડા (રોહા)–રાયધણજર–શેરડી–કોઠારાતીર્થ–કલ્યાણપાર્શ્વનાથ તીર્થ (રતાડિયા ગણેશવાલા) કાંડાગરા–નાગલપુર–બહુંતેર જિનાલય મહાતીર્થ, ડુમરા, માટુંગા–જોગેશ્વરી–બિદડા ગઢસીમાને અને હાલ પૂજ્યશ્રીના સંયમસુવર્ણ વર્ષ નિમિત્તે આદિ ક્ષેત્રોમાં ભવ્યાતિભવ્ય ઐતિહાસિક ચાતુર્માસનો લાભ આપીને કચ્છમાં ધર્મજાગૃતિ આણી છે, એટલું જ નહીં, પણ પોતાના ગુરુદેવ અચલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત પ.પૂ.આ. ભ. શ્રી ગુણસાગર-સૂરીશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી શત્રુંજયાવતાર આદીશ્વર બહુંતેર જિનાલય મહાતીર્થ (કચ્છ) માટે પ્રસંગોપાત પ્રેરણા આપી પ્રતિ વર્ષે લાખોનાં ફંડ કર્યાં છે. તેમ જ જિનશાસનનો જયજયકાર બોલાવ્યો છે. એટલું જ નહીં, પણ પોતાના ગુરુદેવશ્રીનું સ્વપ્ન વહેલી તકે સાકાર થાય તે માટે સતત ઉત્તેજના અને ખેવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખી હતી. પૂજ્યશ્રી દ્વારા અચલગચ્છના નભોમંડળમાં ઉન્નતિરૂપ સૂરજનો ઝળહળતો પ્રકાશ થયો છે.

વિ. સં. ૨૦૪૪માં પૂજ્ય ગુરુદેવ અચલગચ્છાધિપતિશ્રી જીવનના ૭૬'માં વર્ષે અનંતની યાત્રાએ સંચર્યા, આસો સુદ-૨-ના અચલગચ્છાધિપતિશ્રીના અગ્નિસંસ્કાર પૂર્વે સમુદાયનું સુકાન શ્રી સંઘે તેઓશ્રીના પટ્ટધર તપસ્વીરત્ન અચલ-ગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને સોંપ્યું. વિ. સં. ૨૦૫૦માં શ્રીસંઘે પૂજ્યશ્રીના જ અખંડ પચ્ચીસમા આ વરસીતપનાં પારણાં પ્રસંગે અચલગચ્છાધિપતિ પદ પ્રદાન કર્યું. આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે પૂજ્યશ્રીની પ્રેરણાથી સંવત ૨૦૬૦ના માગશર મહિનામાં ૧૩૦૦ જેટલા યાત્રિકો સહ પાલિતાણા મધ્યે આયોજન નક્કી થયું છે.

શ્રી જિનશાસનના અને અચલગચ્છનાં કાર્યો કાજે પોતાના ગુરુદેવશ્રીનાં સત્કાર્યોમાં સતત જોડાતા રહ્યા અને પોતાના ગુરુદેવશ્રીના દિલમાં મોંઘેરું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

★ તપસાધક મહાપુરુષ :—

લગ્નની પાર્ટીઓ અને રિસેપ્શનોમાં ભોજનોની સો-સો આઇટમો અને બસો-બસો રૂપિયાની એક એક ડીશો માનવીય લાલસાઓનું પ્રદર્શન કરી રહી છે ત્યારે તેવા કાળમાંય વર્ષો પૂર્વે પોતાના પૂજ્યપાદ ગુરુદેવશ્રીના મુખેથી "રસે જીતે જીતં સર્વ"ની વાણી સાંભળી પ્રારંભ થયેલી વરસીતપની તપશ્ચર્યાની વણઝાર ૩૬-૩૬ વર્ષથી વણથંભી ચાલી રહી છે.

શ્રી સિદ્ધાચલ મહાતીર્થ અચલગચ્છના ઇતિહાસમાં સૌપ્રથમવાર પૂ. આચાર્ય ભગવંતો-ગણિવર્યોશ્રી-શ્રમણ-શ્રમણી સમેત ૧૮૪ આદિઠાણાનું ૧૫૦૦ યાત્રિકગણ સહ ભવ્યાતિ-ભવ્ય ચાતુર્માસ ઉજવાયું.

પૂજ્યશ્રીના જન્મ-હિરક-સંયમ સુવર્ણવર્ષની સ્મૃતિમાં પાલિતાણા સોનગઢ રોડ પર શ્રી શત્રુંજય મહાતીર્થના પ્રવેશદ્વાર સમા સ્થળ પર "શ્રી ગુણોદય તીર્થધામ" નામનું વિશાળ સંકુલ નિર્માણ પામ્યું છે. વિ.સં. ૨૦૬૪ના વર્ષે શ્રી ગિરનાર મહાતીર્થે તેમજ સોનગઢ શ્રી ગુણોદય તીર્થધામના જિનાલયની અંજન-પ્રતિષ્ઠા સંપન્ન થઈ.

પ્રભુ મહાવીર નિર્વાણ બાદ ટૂંક સમયમાં જે તીર્થ અસ્તિત્વમાં આવ્યું તે કચ્છ ભદ્રેશ્વર તીર્થનું ઈ.સ. ૨૦૦૧ના ભયાનક ભૂકંપમાં ધ્વંસ્ત થયેલ સંપૂર્ણ તીર્થનું નવનિર્માણ કાર્ય પૂરવેગમાં ચાલે છે ત્યારે પૂજ્યશ્રીએ આ તીર્થ માટે લાખો-કરોડોના દાનવચનોની પ્રેરણા અર્પી તીર્થ નિર્માણકાર્યને સરળ બનાવેલ છે. અર્થાત્ મુખ્ય જિર્ણોદ્ધાર પ્રેરક પૂજ્યશ્રી રહ્યા છે.

—પૂજ્યશ્રીના ચરણકમળમાં કોટિશ વંદના....!

*સૌજન્ય : પૂ. મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ગૌતમ ગુરુભક્તિ જૈન ચેરીટીઝ ટ્રસ્ટ, ગુણોદય તીર્થધામ-સોનગઢ (જિ. ભાવનગર)*

*ખરતરગચ્છનાં-ગગનના તેજસ્વી સિતારા*

## ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિજી મ.સા.



જન્મ અને બચપણ : શ્રી ચતુર્ભુજજીને બે પુત્રો થયા. મોટા પુત્રનું નામ હતું ચંપાલાલ અને નાનાનું નામ સંપતરાજ. માતાપિતાએ સીંચેલા સુસંસ્કારોને કારણે બાળક સંપતરાજનું મન પણ આ ભૌતિક સંસારથી ઊઠી ગયું અને તે પણ ચારિત્ર્ય લેવાની તૈયારી કરવા લાગ્યો.

દીક્ષા : સંવત ૧૯૯૦માં જન્મેલા સંપતરાજ પચીસ વર્ષની ભર યુવાવસ્થામાં સંવત ૨૦૧૫ (નાગોરમાં) સ્વ. ગણધીશ્વર પ.પૂ. હેમેન્દ્રસાગરજી મ.સા.નાં કરકમળોથી કવિકુળકિરીટ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી જિન કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ના સુશિષ્ય રૂપે અષાડ સુદિ બીજના દિવસે દીક્ષિત થયા અને એમનું નામ મુનિશ્રી કૈલાસસાગરજી મ.સા. જાહેર કરવામાં આવ્યું.

શાસનપ્રભાવના : વીરવાણી, ધર્મપ્રચાર માટે એમનાં ચાતુર્માસ જુદાં જુદાં સ્થળોએ થયાં, જેમ કે-નાગૌર, સિવાના, પાલિતાણા, સુરત, વડોદરા આ પાંચ ચાતુર્માસ એમણે ગણાધીશ સ્વ. પ.પૂ. હેમેન્દ્રસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં કર્યાં. ત્યારબાદ બીકાનેર, કુચેરા, રુણ, જોધપુર, સિવાના, સાંચોર, ફલૌદી, બીકાનેર, નાગૌર, મોકલસર, બાલોતરા, પાલી, અમદાવાદ, પાલિતાણા, નાકોડાતીર્થ (મેવાનગર) તથા હાલમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાડમેરમાં બિરાજમાન છે. એમનાં પાવન કરકમળોએ ધર્મ-આરાધના અને શાસનપ્રભાવનાનાં ઘણાં અદ્વિતીય કાર્યો થયાં.

પ્રતિષ્ઠાઓ : એમણે દેશનોક (બીકાનેર)માં શ્રી આદિનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા, અમદાવાદમાં દાદાસાહેબની પોળમાં શ્રી શાંતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા, બ્યાવરમાં શ્રી પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠાઓ કરાવી. તેમ જ સાંચોરમાં દાદાવાડી અને જિનાલયની પ્રતિષ્ઠા પણ શાનદાર રીતે કરાવી.

નાની દીક્ષાઓ અને મોટી દીક્ષાઓ : બીકાનેરમાં ૧૧ નાની દીક્ષાઓ, બે મોટી દીક્ષાઓ અને ૧ 'દશવૈકાલિક સૂત્ર'ના યોગ, સિવાનમાં બે નાની દીક્ષાઓ, ૮ મોટી દીક્ષાઓ અને પાંચ મોટા યોગ, જોધપુરમાં સાધ્વીજી રત્નમણિપ્રભાશ્રીજી મ.સા.નાં સુશિષ્યા હેમપ્રભાશ્રીજી મ.સા.ની મોટી દીક્ષા, અજમેરમાં નાની-મોટી દીક્ષા, અમદાવાદમાં ૭ મોટી દીક્ષાઓ અને ૭ મોટા યોગ, અમલનેરમાં સ્વ. પ.પૂ. પ્રવર્તિની જિનશ્રીજી મ.સા.નાં સુશિષ્યાઓની બે મોટી દીક્ષાઓ અને એક મોટો યોગ, સાંચોરમાં બે વાર નાનીમોટી દીક્ષાઓ, ફલૌદીમાં બે મોટી દીક્ષા, બાડમેરમાં એક મોટી દીક્ષા અને બે મોટા યોગ.

તપારાધના : ૩ માસક્ષમણ, ૧૭ ઉપવાસ, ૮ ઉપવાસ, ૭ ઉપવાસ વગેરે.

પદયાત્રાસંઘ : સાંચોરથી ભોરલ તીર્થનો પદયાત્રાસંઘ (છ'રીપાલિત), જેમાં ૨૨૫ યાત્રાળુઓએ ભાગ લીધો. અમદાવાદથી ૨૦૦ યાત્રાળુઓનો છ'રીપાલિત સંઘ શેરીસા, પાનસર તીર્થનો. સાંચોરમાં કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં સાંચોરનિવાસી મિશ્રીમલજી દુધાજી તરફથી પાલિતાણા છ'રીપાલિત ૬૦૦ યાત્રાળુઓના સંઘનું સંચાલન એમણે કર્યું તથા સ્વ. પ.પૂ. આચાર્યશ્રી જિનકાંતિસાગર મ.સા.ની પાવન નિશ્રામાં બાડમેરથી પાલિતાણા પદયાત્રા સંઘમાં વિશાળ સાધુ-સાધ્વી સમુદાય અને ૬૦૦ યાત્રીઓનું કુશળ સંચાલન એમણે કર્યું. જોધપુરથી કોપરડાજી, નાગૌરથી ફલૌદી પાર્શ્વનાથ તથા રુણથી ફલૌદી પાર્શ્વનાથ દર્શનાર્થે પણ પદયાત્રા સંઘ એમની પાવન નિશ્રામાં સફળ રહ્યા.

સાહિત્ય : સાહિત્ય ક્ષેત્રમાં પણ એમનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું. એમણે પ્રકાશિત કરેલ સાહિત્ય નીચે લખ્યા મુજબ છે :

૧. રાઈદેવસી પ્રતિક્રમણ, ૨. સામાયિક, જિનદર્શનવિધિ, ૩. શ્રી પારસમણિ, ૪. નિત્ય પાઠમાળા, ૫. સ્વાધ્યાયમાળા, ૬. પંચ પ્રતિક્રમણ સૂત્ર, ૭. દાદા શ્રી જિનકુશળ ગુરુદેવની પૂજા.

ખરતરગચ્છના સુખસાગરજી મ.સા. વિશાળ સાધુ-સાધ્વી સમુદાયના નાયક જ્ઞાની, ધ્યાની, તપસ્વી, ઉપાધ્યાયપ્રવર, ખરતરગચ્છાધિપતિ પ.પૂ. શ્રી કૈલાસસાગરજી મ.સા.નાં ચરણોમાં કોટિ કોટિ વંદન.

*સૌજન્ય : મિલાપચંદજી ગોલેછા પરિવાર-સરદારમલ પાબુદાન ગોલેછા, ૧૪૮૪ ન્યુ માધુપુરા, અમદાવાદ-૪ ફોન : ૨૨૧૩૧૭૪૩*

*અનન્ય ગુરુકૃપાપાત્ર વિદ્વાન, વર્તમાન ગચ્છાધિપતિ*

## પૂ.આ. શ્રી હેમભૂષણસૂરિજી મહારાજ

આ યુગમાં ગુરુને સમર્પિત થઈને રહેવું, ગુરુને પોતાના હૈયામાં વસાવવા, ઉપરાંત ગુરુના હૈયામાં સ્થાન મેળવવું અને ગુરુના વ્યક્તિત્વમાં પોતાનાં સર્વસ્વને ઓગાળી નાખવું એ કાંઈ સહેલું નથી : લોઢાના ચણા ચાવવા કરતાંય વધુ કઠિન ગણાવી શકાય એવી અને ઘણાને તો સાવ જ અશક્ય લાગે એવી એ સાધના છે, છતાં દોહ્યલી આ સાધનાને સાવ સહેલી બનાવીને, ગુરુને પોતાને હૈયે વસાવીને ગુરુના હૈયામાં વસી જવા સુધીની સિદ્ધિ મેળવી જનારા કોઈ સાધકની સ્મૃતિ થાય તો બીજી જ પળે પૂ. પં. શ્રી હેમભૂષણવિજયજી ગણિવર અચૂક યાદ આવી ગયા વિના ન જ રહે! છેલ્લાં ૧૫ વર્ષ, ૧ મહિનો અને ૨૦ દિવસ સુધી પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામ-ચંદ્રસૂરીશ્વરજી મહારાજાની કાયા આસપાસ પ્રતિચ્છાયા બનીને રહેલું અને પોતાની તમામ તાકાતને રામચરણે સમર્પિત કરી ચૂકેલું એક વિરલ વ્યક્તિત્વ એટલે જ પૂ. પં. શ્રી હેમભૂષણ-વિજયજી ગણિવર!

મેળવવા જેવો એમનો પરિચય : વતન વાપી. પિતાનું નામ છગનલાલ ઉમેદચંદ. માતાનુ નામ મણિબહેન. જન્મ દિન સં. ૨૦૦૩ના આસો વદ આઠમ. નામ હરીનકુમાર. પૂર્વની કોઈ સાધનાના યોગે હરીનકુમારને સાધુસહવાસ શૈશવથી જ ગમતો. ઘરના સંસ્કાર ઘણા જ ઉત્તમ. વળી માતાપિતા પણ સાચાં શ્રાવક હોવાથી એ સંસ્કાર વધતા રહ્યા. સાત ધોરણના શિક્ષણ બાદ માતાપિતાને લાગ્યું કે, હરીનના સંસ્કારો એવા છે કે તેને સુયોગ્ય ઘડતર મળે તો જૈનશાસનને દીપાવનારો સાધુ થઈ શકે. આ વખતે પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ (તે વખતે પંન્યાસશ્રી)ના પરિચયથી છગનભાઈ સવિશેષ ધર્માભિમુખ બન્યા હતા. તેથી હરીનના હૈયામાં રહેલી સાધુત્વના સ્વીકારની ભાવનાને વિકસિત બનાવવા તેમણે પોતાનાથી બનતો બધો જ પુરુષાર્થ કર્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, કવિકુલકિરીટ પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિ શ્રી રોહિતવિજયજી મહારાજ આદિનો પરિચય વધતો ગયો, એમ હરીનકુમારની સંયમભાવના પુષ્ટ બનતી ગઈ. એમાં ૧૦ અને ૧૧ વર્ષની વયે પૂ. પં. શ્રી રોહિતવિજયજી ગણિવરની નિશ્રામાં ક્રમશઃ રાજકોટ અને રાધનપુરમાં ચાતુર્માસ રહીને હરીનકુમારે સંયમજીવનની તાલીમ લેવાનો શુભારંભ કર્યો અને એ ભાવના ઉત્તરોત્તર વધુ દૃઢ થતી ગઈ. એમાં વળી સં. ૨૦૧૫ના માગશર મહિને પૂ. આ. શ્રી વિજયજિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજનો પુણ્યપરિચય એવી શુભ ઘડીએ થયો કે, સવા વર્ષ એમની નિશ્રામાં ગાળીને સંયમ સ્વીકારવા માટે બધી રીતે સજ્જ બની ગયા અને સં. ૨૦૧૬ના વૈશાખ સુદ ૧૨ના મંગલ દિવસે માત્ર સાડાબાર વર્ષની વયે હરીનકુમાર પૂ. પં. શ્રી મૃગાંકવિજયજી ગણિવરના શિષ્યરત્ન શ્રી હેમભૂષણવિજયજી મહારાજ તરીકે જાહેર થયા. વાપીના આંગણે પુરુષની અને તેમાંયે બાળકની આ પ્રથમ દીક્ષા હોવાથી જૈન-જૈનેતરોએ અપૂર્વ ઉત્સાહ સાથે એ દીક્ષા પ્રસંગ ઊજવી જાણ્યો.

પૂ. પં. શ્રી મૃગાંકવિજયજી ગણિવરના જીવનમાં ભીમકાંત ગુણ એવો સુંદર વિકસેલો હતો કે, જેના પ્રભાવે પૂ. શ્રી હેમભૂષણવિજયજી મહારાજનું સુંદરમાં સુંદર ચારિત્રઘડતર થવા પામ્યું. ૧૦ થીય વધુ રોજની ગાથાઓ, ૧૦૦૦ ગાથાથી ય વધુ સ્વાધ્યાય આદિ વિશેષતાઓ સાથે પ્રારંભાયેલી એ જ્ઞાનયાત્રા ધીમે ધીમે આગળ વધી રહી. થોડાં જ વર્ષોમાં પૂ. મુનિશ્રીએ સાધુવિધિ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, બૃહત્-સંગ્રહીણિ, દશવૈકાલિક, વીતરાગ સ્તોત્ર, તત્ત્વાર્થ, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, હારિભદ્રીય અષ્ટક, શાંતસુધારસ, ઉત્તરાધ્યયન, પ્રવચન, સારોદ્ધાર, સિદ્ધહેમ વ્યાકરણ (છ હજારી) અભિમાન ચિંતામણિ કોશ આદિ ગ્રંથો કંઠસ્થ કરવા ઉપરાંત સ્તવન-સજ્ઝાય આદિ હજારો ગાથાઓ મુખપાઠ કરી લીધી.

પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં સાધના-આરાધના-સ્વાધ્યાય કરવા દ્વારા મુનિશ્રીને પોતાની એક આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ હતી. ગુરુનિશ્રાનો લાભ ૧૬ વર્ષ સુધ લઈને મુનિશ્રીએ ગુરુસેવા તથા અંતિમમાંદગીમાં નિર્યામણા આદિનો અપૂર્વ લાભ લીધો. પૂજ્ય ગુરુદેવના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ બાદ તેઓશ્રી પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજને પોતાના સંયમજીવનના ક્ષેમકુશળ માટે શિરોધાર્ય ગણીને સંયમસાધનામાં આગળ વધવા માંડ્યા અને થોડા જ સમયમાં પૂજ્ય ગચ્છાધિપતિની સેવામાં એવી રીતે સમર્પિત બની ગયા કે પૂજ્યશ્રીના શિરે રહેલી અનેકવિધ જવાબદારીઓ વહન કરવામાં તેમને સફળતા મળી. પૂજ્યશ્રીનો પત્રવ્યવહાર આદિ અનેકવિધ જવાબદારીઓ વહન કરવામાં મુનિશ્રી ગચ્છાધિપતિશ્રીને એવી રીતે સમર્પિત થઈ ગયા કે, પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની કાયાની છાયા બનીને ૧૫-૧૫ વર્ષ સુધી વિહરવાનું ભાગ્ય એમને સાંપડ્યું.

સં. ૨૦૩૨ સુધી ગુરુનિશ્રા મેળવીને અપૂર્વ ગુરુકૃપા પામનારા પૂ. મુનિશ્રી સં. ૨૦૩૨થી પૂ. ગચ્છાધિપતિની સેવામાં ઉપસ્થિત થયા. ત્યારબાદ ધીમે ધીમે નાની-મોટી જવાબદારીઓ વહન કરીને વધુ ને વધુ ગુરુકૃપા પામવા ભાગ્યશાળી બન્યા. 'જિનવાણી' પાક્ષિક માટે પ્રવચનો તૈયાર કરવાની જવાબદારીથી પ્રારંભાયેલી એ સેવાસરિતા ધીમે ધીમે એટલી ઘેઘૂર બનીને વહેવા લાગી કે, જેનાથી ઉપકારનાં લેખાં જ ન લગાવી શકાય. પ્રવચનોનું અવતરણ, પત્રવ્યવહાર, નાના-મોટા પ્રશ્નોની ચર્ચાવિચારણામાં પૂ. ગચ્છાધિપતિના વરદ હસ્તે પાલિતાણામાં ગણિ પદારૂઢ બન્યા હતા અને સં. ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ સુદ ૧૦ના દિવસે અમદાવાદમાં પંન્યાસ પદે પ્રતિષ્ઠિત કરાયા. સદૈવ પ્રસન્નતા, ગંભીરતા, સરળતા, પ્રતિષ્ઠા નામનાની કામનાથી પરાઙ્મુખતા આદિ વિરલ ગુણો ધરાવતા પૂજ્યશ્રીના લઘુબંધુ પણ પૂજ્યશ્રીના શિષ્ય તરીકે પૂ. શ્રી દિવ્યભૂષણવિજયજી મહારાજ નામે પ્રસિદ્ધ છે. પદપ્રાપ્તિની કામનાથી દૂર રહેનારા અને છતાં ગુર્વાજ્ઞાને શિરોધાર્ય ગણીને પંન્યાસ પદ સુધી પહોંચેલા પૂ.પં. શ્રી હેમભૂષણવિજયજી ગણિવરને વર્ધમાન-તપોનિધિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજ તથા સુવિશાલ ગચ્છનાયક પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વાપી પાસે બગવાડા મુકામે આચાર્ય પદ પર સ્થાપિત કરવામાં આવ્યા. સ્વ. પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમયથી પત્રવ્યવહાર આદિ અનેક જવાબદારીઓને સુયોગ્ય રીતે વહન કરનારા તેઓશ્રી આજે સ્વર્ગવાસ બાદ તેઓશ્રીની ઇચ્છા-આજ્ઞાનુસાર સમગ્ર ગચ્છનું સુંદર સંચાલન કાર્ય કરી ગચ્છની અપૂર્વ સેવા બજાવી હતી. પૂજ્યશ્રી ગચ્છસંચાલનમાં સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરી હમણા જ કાળધર્મ પામ્યા.

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી-સમવસરણ-મંદિર તીર્થ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## "જૈન શાસનનો ગૌરવવંતો અને આદર્શરૂપ ગુણાનુરાગી શ્રી ભિવાંડી જૈન સંઘ"

# "ગુણીયલ, ઉપકારી, તારણહાર એવા સુસંયમી ગુરુ ભગવંતોની ભક્તિ કરતાં તેઓશ્રીનો ગુણ આવે નિજ અંગ"




**શ્રી મહાવીરસ્વામી જૈન મંદિર (ભિવાંડી રાજ.)**

ગુણાનુરાગી, ગુણીયલ એવા (ક્ષમાનંદી) ભિવાંડી શ્રી સંઘનાં પુણ્યાત્માઓને કોઇ શ્રેષ્ઠતમ્ ક્ષણે શુભભાવના થઇ કે આપણાં જ શ્રી સંઘનાં શાસન રત્નો. ઉપકારી, લાડલા, પ્રાણપ્યારા ક્ષમાસાગર એવા સુસંયમી ગુરુ ભગવંતો, સ્વાધ્યાય નિષ્ઠ સુવિશુદ્ધ સંયમી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીનાં સુવિનેય શિષ્યરત્ન (સંસારી પક્ષે ચિ. સુપુત્રરત્ન) અનુપમ કોટિની ગુરુ ભ.ની વૈયાવચ્ચ કરનાર પ્રવચન પિયુષ પ.પૂ. આ. ભ. શ્રી કનકશેખર સૂ. મહારાજા તથા સાધ્વીજી ભગવંતો (પૂજ્યશ્રીનાં સંસારી સુપુત્રીઓ)નો ૫૦/૫૦ વર્ષનાં સંયમ પર્યાયમાં આપણા શ્રી સંઘને ખાસ લાભ મળ્યો નથી. તો ૨૦૫૪ના વર્ષે આપણાં સકલ શ્રી ભિવાંડી સમસ્ત સંઘે જૈન શાસનનાં ઇતિહાસમાં યાદગાર એવું સારામાં સારું ચાર્તુમાસ કરાવવું. 'આ અંગે વિચારણા માટે મળેલ શ્રી સંઘની પહેલી જ મિટીંગમાં જાણે મહામંગલનું સૂચક ન હોય ! તેમ સકલ શ્રી સમસ્ત સંઘ ખુબ જ ભાવોલ્લાસપૂર્વક ચાર્તુમાસ કરાવવાનું સર્વ સંમતિથી નક્કી કર્યુ. તુરંત જ શ્રી સંઘે "ભિવાંડી ભૂષણ" એવા ઉભય ગુરુ ભગવંતોને ભિવાંડી સમસ્ત શ્રી સંઘને ચાર્તુમાસનો લાભ આપવા આગ્રહભરી વિનંતિ કરતા જાણે કે શ્રી સંઘનાં દ્રઢ સંકલ્પનાં સૂક્ષ્મ પ્રભાવે જ ન હોય તેમ પૂજ્યશ્રીએ વિચાર કર્યો કે માતૃભૂમિની સ્પર્શના પણ થશે. તેમજ શ્રી સંઘનાં ભાવોલ્લાસ ટકી રહે તે માટે તેઓનાં સંતોષ ખાતર પોતાની ૮૯ વર્ષની વયોવૃદ્ધ ઉંમર તથા શારીરિક પ્રતિકુળતા હોવા છતાં કરૂણાસાગર એવા પૂજ્યશ્રીએ પ્રસન્નતાપૂર્વક અનુમતિ આપતાં જ શ્રી સંઘનાં હૈયા હિલોળે ચડયા અને પૂજ્યોને મુંબઇથી ભિવાંડી નગરે અને ચાર્તુમાસ (લાલબાગ) સાનંદ પરિપૂર્ણ થયેથી ભિવાંડી થી મુંબઇ (લાલબાગ) લઇ જવા અને લાવવાની વિગેરે કમિટી બનાવી. તેમાં પૂજ્યશ્રીને ('ફૂલ'ની જેમ) બિલકુલ તકલીફ ન પડે તે માટે સંપૂર્ણ વિહારમાં સાથે રહે તેવો ૧૦-૧૫ વ્યક્તિનો સ્ટાફ (મુંબઇથી ભિવાંડી સુધી સંપૂર્ણ વ્યવસ્થા સાથે) તેમજ હંમેશા ગુરુ ભ.ની સેવા માટે એક-એક દિવસ સાથે રહે તેવા ગુરુભક્ત ૨/૨ સુશ્રાવકોની ટુકડી બનાવી. હંમેશા મુંબઇથી બે-બે સુશ્રાવકો જાય, બીજા દિવસે બીજા બે શ્રાવકો જાય. (પહેલાવાળા મુંબઇ પાછા આવે).

જૈન શાસનનાં ઇતિહાસમાં પ્રાયઃ આવો ગુણીયલ સંઘ પહેલો જ હશે કે જે પોતાનાં ઉપકારી ગુરુ ભગવંતોની સેવા ભક્તિ માટે રાત દિવસ જોયા વિના ખાવા પીવાની રાતની મુસાફરીની ઉજાગરાની ચિંતા (વિચાર) કર્યા વિના વિહારમાં ગુરુ ભગવંતોને શાતા રહે. કોઇ જાતની વિહારમાં તકલીફ ન રહે તેવી એકમાત્ર શુભભાવનાથી સાથે રહ્યા હોય.

શ્રી સંઘ સમસ્ત તથા ચાર્તુમાસ વ્યવસ્થાપક (કમિટી) એ ખુબ જ ઉદારતાપૂર્વક મુંબઇથી ભિવાંડી અને ભિવાંડીથી મુંબઇનો સંપૂર્ણ લાભ લીધો હતો. પૂજ્યશ્રીને તબિયત અસ્વસ્થ થતાં અશાતા કર્મના ઉદયથી મુ. હરકીશન હોસ્પીટલમાં દાખલ કર્યા તેનો સંપૂર્ણ લાભ તેમજ સોનામાં સુગંધની જેમ પૂજ્યોની ૫૦ વર્ષની સંયમપર્યાયની અનુમોદના (ઉજવણી)નો સંપૂર્ણ લાભ લઇને જૈન શાસનમાં ઉત્કૃષ્ટ ગુરુભક્તિનું દ્રષ્ટાંત બતાવ્યું છે.

**સુવિશુદ્ધ સંયમમૂર્તિ સત ક્રિયાનિષ્ઠ પૂ. આ. શ્રીમદ્ વિજય ચંદ્રોદય સૂરીશ્વરજી મહારાજા**
**પ્રવચન પ્રભાવક અપ્રમતગુરૂ ચરણસેવી વિનયમૂર્તિ પૂ. આ. શ્રીમદ્ વિજય કનક શેખરસૂરીશ્વરજી મહારાજા**

જન્મ વિ.સં. ૧૯૭૨ આ.સુ. ૧૪
ભિવાન્ડી

દીક્ષા વિ.સં. ૨૦૧૧ જે.સુ. ૫
કલકત્તા

આચાર્યપદ વિ.સં. ૨૦૪૬ વૈ.સુ.૬
લાલબાગ (મુંબઇ)



જન્મ વિ.સં. ૧૯૯૭ ફા.સુ. ૭
સાડેરાવ (રાજ.)

દીક્ષા વિ.સં. ૨૦૧૧ જે.સુ. ૫
કલકત્તા

આચાર્યપદ વિ.સં. ૨૦૫૦ મ.સુ. ૮
લાલબાગ (મુંબઇ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રમણ સંઘની પ્રબુદ્ધ પ્રતિભાઓ

ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ પરંપરામાં જૈન શ્રમણ સંસ્કૃતિએ જે મહાન યોગદાન આપ્યું છે તેનાથી સમસ્ત માનવજાત નિરંતર બાહ્ય અને અભ્યંતર દૃષ્ટિએ સમૃદ્ધ થતી રહી છે. જૈન શાસનના મનોહર ઉદ્યાનમાં અનેક શ્રમણ-પુષ્પો ખીલ્યાં, પાંગર્યાં અને જગતને વીતરાગના રૂડા માર્ગરૂપી સુગંધથી મઘમઘીત કરી ગયા. પૂર્વે પૂ. હેમચંદ્રાચાર્યજીએ કે પૂ. ઉપા..યશોવિજયજીએ અનેક ગ્રંથરત્નોની જેમ રચના કરી તેમ ભક્તિ, સાધના અને સ્તોત્ર-સ્તવનાદિ સાહિત્યમાં પૂ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીએ અને પૂ. દર્શનવિજયજી ત્રિપુટી મહારાજે કરેલી ઐતિહાસિક સંશોધનાત્મક કૃતિઓની રચના કરી જે આજે પણ ખ્યાતિધરાવે છે.

શ્રમણ પરંપરામાં વિમલગચ્છ, અચલગચ્છ, પાર્શ્વચંદ્રગચ્છ અને ત્રિસ્તુતિક સમુદાયની અનેક સંતપ્રતિભાઓએ પણ પ્રકાશપુંજ રેલાવ્યો છે એ સૌને લાખ લાખ વંદના. *–સંપાદક*

*ધર્મધુરંધર, જિનાગમરહસ્યવેદી*

## પૂ. આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજ

મરુભૂમિ મારવાડના જાલોર જિલ્લામાં 'થાવલા' નામનું ગામ આવેલું છે. કહેવાય છે કે થાવલા કોઈ પ્રાચીન ધર્મનગરી હશે! આજે પણ ત્યાં ખોદકામથી જૈનમંદિરોના અવશેષો મળી આવે છે. આ ધર્મભૂમિમાં ઓસવાલ વંશભૂષણ ધર્મનિષ્ઠ અચલાજી નામના સુશ્રાવક રહેતા હતા. એમને શીલવતી અને સદ્‌ગુણાનુરાગી ભૂરીબાઈ નામે ધર્મપ્રેમી પત્ની હતી. દંપતીનું જીવન સાદું, સંતોષી અને ધર્મપરાયણ હતું. આ દંપતીને સં. ૧૯૪૧ના ફાગણ સુદ પંચમીએ એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. ચાર પુત્રો અને બે પુત્રીઓમાં આ દંપતીને આ પુત્ર અત્યંત પ્રિય હતો. નામ હતું હુકમાજી. હુકમાજીની દસ વર્ષની વયે પિતાનું છત્ર ઊઠી ગયું. ભાઈઓ ધંધાર્થે રત્નાગિરિ (મહારાષ્ટ્ર) વસ્યા હતા. હુકમાજીને પણ ત્યાં રહેવાનું થયું, પરંતુ તેમનું ધ્યાન ધંધામાં લાગવાને બદલે વૈરાગ્ય તરફ વધુ ઢળતું હતું. એમાં તેમના પડોશી ડાહ્યાભાઈ અને તેમના મિત્ર વાડીલાલ અનેરા ભક્તિભાવપૂર્વક સ્તવનો-સજ્ઝાયો ગાતા. એ સાંભળીને હુકમાજીનો વૈરાગ્યભાવ બલવત્તર બનતો જતો હતો, પરંતુ માતા અને ભાઈભાઈઓના વહાલા હુકમાજીને સંયમ માટે સહજપણે અનુજ્ઞા મળે એવી શક્યતા ન હતી. તેમ છતાં, હુકમાજી ડાહ્યાભાઈ અને વાડીભાઈના સંગમાં જપ-તપ અને પૂજનાદિના ઉત્સવોમાં અવારનવાર જતા હતા. કાળક્રમે આ બંને મિત્રોની દીક્ષા થઈ અને હુકમાજી પણ પૂજ્ય ગુરુદેવો સાથે સાથે વિહાર કરતા રહ્યા. અંતે સં. ૧૯૫૮ના ફાગણ સુદ ૬ને શુભ દિને ગુરુમહારાજ આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે દાહોદ મુકામે હુકમાજીને દીક્ષા આપવામાં આવી અને હુકમાજી હર્ષવિજયજી મુનિશ્રી નામે ઘોષિત થયા. આ સમાચાર મળતાં જ ઘરના સર્વ આત્મજનોએ ખૂબ જ પ્રયત્નો કર્યા, પરંતુ જન્મોજનમના વૈરાગી મુનિ અવિચળ રહ્યા.

દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી હર્ષવિજયજી મહારાજે પોતાનું લક્ષ સ્વાધ્યાય-તપ વધારવામાં જ આપ્યું. ગુરુમહારાજ પાસેથી પંચ પ્રતિક્રમણ, પાક્ષિકસૂત્ર, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંઘયણી આદિ ગ્રંથોનો અભ્યાસ કરીને પોતાની બુદ્ધિપ્રભા અને જ્ઞાનપિપાસાનો પરિચય આપ્યો. પૂજ્યશ્રીને સં. ૧૯૭૦માં માગસર સુદ ૧૩ના દિવસે ગણિપદ અને માગસર સુદ ૧૫ના દિવસે પંન્યાસપદથી શોભાવવામાં આવ્યા. આ પ્રસંગે રાધનપુર મુકામે ઉત્સવો ઊજવાયા. સતત વિહાર દ્વારા સાધના-આરાધનાનો પ્રચાર-પ્રસાર કરતા આ મુનિવરને ફલોધિ મુકામે સં. ૧૯૮૮ના જેઠ સુદ ૬ને દિવસે આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. પોતાના ૫૮ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ સમગ્ર ભારતવર્ષમાં વિહાર કરીને ભિન્ન ભિન્ન સ્થળોએ ચાતુર્માસ કર્યાં; જેમાં પાલિતાણા, અમદાવાદ, ઊંઝા, સુરત, રાધનપુર જેવાં ગુજરાતનાં શહેરો છે; તો ઉજ્જૈન, થાવલા, ઈંદોર, મુંબઈ, પૂના, તખતગઢ, ગુડાબાલોતરા, શિવગંજ, સાદડી જેવાં ગુજરાત બહારનાં દૂર દૂરનાં શહેરો પણ છે. આ સ્થળોએ ઉપધાન, ઉજમણાં, પ્રતિષ્ઠા-અંજનશલાકાદિના મહોત્સવો ઊજવીને ધર્મધ્વજા ઉન્નત રાખી. પરિણામસ્વરૂપ, પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય-સમુદાય દિનપ્રતિદિન વિસ્તરતો જ રહ્યો. સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૧૬ના પોષ સુદ ૮ની રાત્રિના ૧૨-૦૦ વાગ્યા પછી સ્વર્ગારોહણ કર્યું ત્યારે પૂ. આચાર્યશ્રીનો વિશાળ શિષ્ય-સમુદાય આ મૃત્યુલોકમાં જીવોને ધર્મારોહણ પ્રતિ દોરી રહ્યો હતો. આ શિષ્યરત્નોમાં પૂ. આ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ, આચાર્યશ્રી વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજ, પં. શ્રી મંગળવિજયજી ગણિ, મુનિશ્રી સુમતિવિજયજી અને અન્ય મુખ્ય છે. આ સર્વના શિષ્યો અને પ્રશિષ્યોની યાદી તો ખૂબ વિસ્તૃત બને તેમ છે. આવા ધર્મધુરંધર, જિનાગમરહસ્યવેદી, સુવિહિત નામધેય પૂ. આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજનો જય હો! *સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ-પાલીતાણા.*

*પ્રશાંતમૂર્તિ : ભદ્ર પ્રકૃતિથી વિભૂષિત*

## પૂ. આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ.પૂ. આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પરમ તીર્થોદ્ધારક આચાર્યભગવંત શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર હતા અને સમુદાયમાં પરંપરાએ ગચ્છાધિપતિ હતા. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૫૩માં રતલામમાં થયો હતો. તેમનું સંસાર નામ મિસરીમલજી હતું. તેમણે ચાર વર્ષની વયે પિતા અને અગિયાર વર્ષની વયે માતા ગુમાવ્યાં. વ્યાવહારિક ચાર શ્રેણી હિન્દીનો અભ્યાસ કરી શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં-મહેસાણા ચાર માસ સુધી પંચપ્રતિક્રમણાદિ ધાર્મિક અભ્યાસ કર્યો. સં. ૧૯૬૪માં પં. શ્રી સિદ્ધિવિજયજી ગણિના સંપર્કમાં આવતાં, તેમના હૃદયમાં વૈરાગ્યભાવના જાગૃત થઈ. ત્યાર બાદ સં. ૧૯૬૮માં વિસનગરમાં પૂ. શ્રી નીતિવિજયજી મહારાજના સંપર્કમાં આવતાં સં. ૧૯૬૯માં તેઓશ્રીના શિષ્ય શ્રી હર્ષવિજયજી મહારાજના શિષ્ય તરીકે દીક્ષા ગ્રહણ કરી. તેર વર્ષ સુધી પૂ. ગુરુમહારાજ પાસે રહી ન્યાય, વ્યાકરણ આદિ ગ્રંથોનો અભ્યાસ તેમ જ ઉત્તરાધ્યયન, આચારાંગ આદિ સૂત્રોના યોગોદ્વહન કર્યાં અને સં. ૧૯૯૯માં અમદાવાદમાં આચાર્યપદથી અલંકૃત થયા.

તેઓશ્રીની શુભ નિશ્રામાં પૂના, બાલાપુર, ભરૂચ, ગોહિલી, પાડીવ આદિ સ્થળે ઉપધાન આદિ વિવિધ તપોની સુંદર આરાધના થઈ હતી, તેમ જ સિદ્ધક્ષેત્ર, જામનગર, શિવગંજ, પાડીવ આદિ સ્થળોએ ભગવતી આદિ સૂત્રોની વાચનાઓ, ઉદ્યાપન, અષ્ટાહ્નિકા મહોત્સવો, અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષાઓ આદિ શાસનપ્રભાવક કાર્યો થયાં હતાં. પૂજ્યશ્રી સ્વભાવે અત્યંત શાંત, માયાળુ, સદૈવ જ્ઞાનધ્યાનમાં મગ્ન અને સરળતા, સૌમ્યતા આદિ ગુણોના ભંડાર હતા. સં. ૨૦૨૨માં ૫૩ વર્ષનો સુદીર્ઘ દીક્ષાપર્યાય પાળી કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીના વિશાળ શિષ્યપરિવારમાં ઊડીને આંખે વળગે એવી પ્રતિભાના સ્વામી પ.પૂ. આચાર્ય દેવશ્રી વિજય હેમપ્રભ સૂરીશ્વરજી મ.સા. એક હતા. તેઓની દીક્ષા વિ.સં. ૨૦૧૭ના અષાઢ સુદ ૭ના દિવસે થયેલી. આ દીક્ષાનો પ્રસંગ જિનશાસનમાં ઉજ્જવલ ઇતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠનો ઉમેરો કરે છે.

પૂજ્યશ્રીનાં આજ્ઞાંકિત શિષ્ય તરીકે પંકાયેલા તે વખતે મુનિહેમપ્રભ વિજયરૂપે પ્રતિક્ષણ પૂજ્યશ્રીની નિકટ જ રહેતા. પૂજ્યશ્રીનાં અંતિમ આશીર્વાદને પ્રાપ્ત કરવા તેઓ બડભાગી બન્યા. એ આશીર્વાદની ફળશ્રુતી સ્વરૂપ આજે વિશાળ શિષ્ય સમુદાય સાથે વિચરતા વળી પરમેષ્ઠીનાં તૃતીય પદે બિરાજીને જિનશાસનની પ્રભાવનાનાં મહાન કાર્ય કરતાં વિચરી રહ્યા છે. પૂજ્યશ્રીના જવાથી જૈન સમાજને સુવિહિત આચાર્યની મોટી ખોટ પડી. એવા એ સમર્થ શાસનપ્રભાવક આચાર્યદેવને શતશઃ વંદના! *સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ-પાલિતાણા.*

*આજીવન જ્ઞાનોપાસક વિદ્યાપુરુષ*

## પૂ. આચાર્યશ્રી વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજ

પં.પૂ. આચાર્યશ્રી વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજનો જન્મ રાધનપુરમાં સં. ૧૯૫૧માં થયો હતો. બચપણમાં જ માતાપિતાનું અવસાન થયું. આથી તેમનું લાલનપાલન કાકાને ત્યાં થયું. કાકાએ તેમને અભ્યાસાર્થે અમદાવાદમાં સદ્‌ગત શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ હાઈસ્કૂલમાં દાખલ કર્યા હતા. ત્યાં વ્યાવહારિક શિક્ષણ સાથે તેઓશ્રીએ જીવવિચાર, નવતત્ત્વ, દંડક, બે કર્મગ્રંથો તેમ જ પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ સહિતનો અભ્યાસ કર્યો. કાકાશ્રીએ પિતાનું સ્થાન યોગ્ય રીતે જાળવી રાખ્યું એટલે તેમને વ્યવહારજીવનમાં ઉપયોગી થવા માટે ઇચ્છા નહીં હોવા છતાં નાછૂટકે ઉપકારવશ અભ્યાસ છોડવો પડ્યો હતો છતાં અધૂરો રહેલો ધર્માભ્યાસ ફુરસદ મેળવીને તેઓશ્રીએ શ્રી બુદ્ધિસાગરજી પાઠશાળામાં પૂરો કર્યો હતો અને આજીવિકા માટે ધાર્મિક પાઠશાળામાં માસ્તરની નોકરી સ્વીકારી હતી. ભણનાર કરતાં ભણાવનારને અભ્યાસમાં વધુ ધ્યાન આપવું પડે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે અને તેથી અભ્યાસ માટે વધુ એકાગ્રતા પણ આવે છે. તેઓશ્રી એક તો છેક નાની વયથી જ ત્યાગ અને વૈરાગ્યવાસિત હતા, તેમાં જ્ઞાનનું ઓજસ ભળતાં તેમણે ભાગવતી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. સં. ૧૯૬૮માં કાકાની રજા લઈને તેઓશ્રી કાશીએ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પાસે અભ્યાસાર્થે ગયા. ત્યાં તેમને સંગ્રહણીનો રોગ લાગુ પડી જવાથી અમદાવાદ પાછું આવવું પડ્યું. વળી પાછા ભાવિભાવને અનુસરીને પાઠશાળામાં શિક્ષક બન્યા. સં. ૧૯૬૯માં તીર્થોદ્ધારક જૈનાચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે તેઓશ્રીનો ગાઢ પરિચય થતાં, તે જ વર્ષના મહા માસમાં પૂ.આ. શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

દીક્ષા અંગીકાર કરીને પૂજ્યશ્રીએ ષડ્દર્શન, જ્યોતિષ, વેદ, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિનો અતલ અભ્યાસ કરીને વિદ્વતા અને ખ્યાતિ પ્રાપ્ત કર્યાં. પૂજ્યશ્રી શ્રીસંઘોના સંગઠન અને ઉત્કર્ષ માટે સદૈવ જાગૃત રહ્યા હતા. સં. ૧૯૯૦માં અમદાવાદ મુકામે શ્રી શ્વેતાંબર સાધુઓનું બૃહદ્ સંમેલન ભરાયું, તેને સફળ બનાવવામાં વૃદ્ધ મહાત્મા શ્રી કાન્તિવિજયજીદાદાએ શ્રી નીતિસૂરિજી મહારાજ સાથે કપડવંજ મુકામે પત્રવ્યવહાર કર્યો. શ્રીમદ્ વિજયકલ્યાણસૂરિને દહેગામ જઈ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ, શ્રી વિદ્યાવિજયજી મહારાજ વગેરે સાથે મંત્રણા કરવા મોકલ્યા હતા. આ શુભ મંત્રણાના પરિણામે સાધુસંમેલન સફળતાપૂર્વક પાર પડ્યું હતું. સમગ્ર જૈનસમાજ આ વાતનો ગૌરવભેર સ્વીકાર કરે છે, ઉપરાંત પૂજ્યશ્રીએ અનેક જગ્યાએ જિનાલયોની પ્રતિષ્ઠાઓ અને જીર્ણોદ્ધાર કરાવેલ છે. અનેક પુણ્યાત્માઓને ભાગવતી દીક્ષા આપેલ છે. એવા એ શાસનપ્રભાવનામાં સદા જાગૃત બાળબ્રહ્મચારી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજ ૪૧ વર્ષનો દીક્ષાપર્યાય પાળીને ૬૦ વર્ષની વયે કાળધર્મ પામ્યા. જિનશાસનના એ વિદ્યાપુરુષને શતશઃ વંદન!

*સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ-પાલિતાણા.*

*ચારિત્રચૂડામણિ, સમર્થ શાસ્ત્રવેત્તા, 'ખાખી મહાત્મા'*

## પૂ. આ. શ્રી વિજયમંગળપ્રભસૂરીશ્વરજી મહારાજ

એક અણમોલ મોતી દેવગુરુભક્તિવંત સુશ્રાવક ઊજમશીભાઈ હિમજીભાઈનાં ધર્મપત્ની સંતોકબહેનની રત્નકુક્ષિએ ઉત્પન્ન થયું. ચરમ શાસનપતિ ત્રિશલાનંદન શ્રી મહાવીર પરમાત્માએ સાડાબાર વર્ષની ઘોર તપશ્ચર્યાનું સર્વોત્કૃષ્ટ ફળ લોકાલોકપ્રકાશક શ્રી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જગતના અજ્ઞાનતાનાં અંધારાં ઉલેચ્યાં. તે ઉત્તમ દિને યાને વૈશાખ સુદ દશમીએ દશવિધ યતિધર્મનું આરાધન કરવા આ સૃષ્ટિમાં અવતરી વિ.સં. ૧૯૫૧ની સાલે માનવજીવનની મહાયાત્રાનો પ્રારંભ કર્યો. ચિંતાને ચૂરનાર સાક્ષાત્ મણિ સમા પુત્રરત્નની પ્રાપ્તિ થતાં જ ગુણને અનુરૂપ 'મણિલાલ' નામ રાખ્યું. લાંબી ભુજાઓ, કાળાભમ્મર વાળ, ચમકતી આંખો અને મીઠું મીઠું હાસ્ય એ નાનકડા લાલના ભાવિનાં લક્ષણો છૂપ્યા છુપાય તેમ ન હતાં. બાલ્યકાળથી જ વૈરાગ્યના રંગોમાં રમતાં એ લાલ બાર વર્ષની નાની ઉંમરમાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' જેવા ગ્રંથોનું વાચન કરતાં જાણે એનાં ગૂઢ રહસ્યો પામ્યા હોય એમ નાચી ઊઠતા! ગુજરાતી સાત ધોરણ, એટલે કે ફાઈનલ સાથે બે અંગ્રેજી ધોરણનો વ્યાવહારિક અભ્યાસ કરી, ધાર્મિક અભ્યાસ માટે મહેસાણા રહીને તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો વિશિષ્ટ અભ્યાસ કર્યો. જન્મભૂમિ લીંબડી શહેરને છોડીને આખા કુટુંબ સાથે અમદાવાદ કસુંબાવાડમાં વસવાટ કર્યો. ત્યાં બાજુમાં આવેલા ડહેલાના ઉપાશ્રયે ગીતાર્થશિરોમણિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થયો-જાણે અનંત ભવોના ઉપકારી ન હોય, જાણે ભવોભવના સાથી ન હોય, તેમ તેઓશ્રીના દર્શનથી હૈયું હર્ષવિભોર બન્યું! બાલ્યકાળનો વૈરાગ્ય વેગવંત બન્યો. સંસારની અસારતા દર્શાવી, વડીલો પાસે હૈયાના ભાવો પ્રગટ કર્યા. મોહાધીન કુટુંબીઓ પાસેથી દીક્ષાની અનુમતિ ન મળી, તો ભોયણી તીર્થ પાસેના ઘેલડા ગામની નજીકના જંગલમાં પોતાની જાતે જ સાધુવેશ પરિધાન કરી, સં. ૧૯૭૩ના ફાગણ વદ ૬ને દિવસે, ૨૨ વર્ષની ભરયુવાનીમાં, અણગાર બની શાસનના સાચા શણગાર બન્યા.

શાસનને શોભાવતા, અંતરને અજવાળતા, સકલાગમરહસ્યવેદી પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજ પાસે વિધિપૂર્વક પ્રવ્રજ્યા સ્વીકારી, તેઓશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી મંગલવિજયજી મહારાજ તરીકે ઘોષિત થયા. સંવેગી ઉપાશ્રયે પ્રથમ ચાતુર્માસ કર્યું અને રૈવતાદિ તીર્થોદ્ધારક, આગમજ્ઞાતા, સંયમત્રાતા પ.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ દાદાગુરુદેવ પાસે શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન લઘુવૃત્તિ વ્યાકરણનો અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવવા કાવ્યાનુશાસન આદિ અનેક ગ્રંથો વાંચ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ નાનીમોટી અસંખ્ય પાઠશાળાઓ સ્થાપી. શ્રેષ્ઠ પંડિતો તૈયાર કરવા માટે શિવગંજમાં 'શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય'ની સ્થાપના કરી, જેના ફળસ્વરૂપે અનેક આત્માઓ ચારિત્રમાર્ગમાં સુંદર સાધના સાધી રહ્યા છે. જ્ઞાન એ આત્મબોધનું પરમ સાધન છે, જેનાથી રાગરૂપ સંસારનો નાશ થતાં જ ચારિત્રરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. પૂજ્યશ્રીના ચારિત્રની સુવાસ આજે પણ મારવાડની મરુભૂમિમાં મઘમઘી રહી છે.

ભાભર જેવા ગામમાં ભગવાનની જેમ પૂજાયેલા પૂજ્યશ્રીએ ખરેખર, કમાલ કરી નાખી! જગતના સર્વ જીવોને સુખ પીરસવાની સક્રિય સાધના એટલે જ ચારિત્રની સાચી રમણતામાં મસ્ત બનેલા આ મહાપુરુષનું અનોખું જીવન જ આદર્શરૂપ બનતાં, અનેક પંથ ભૂલેલાને પંથ ઉપર લાવીને પરમાર્થ કરનારા બન્યા. એક વાર, ઉપાશ્રયે સામાયિક કરવા આવનાર શેઠ બહાર થૂંકવા જતાં, કઠોડો નહીં હોવાથી પગ સરકતાં, પહેલે માળેથી નીચે પડતાં બેશુદ્ધ થઈ ગયા. તેમને તરત જ હોસ્પિટલ લઈ જતા હતા, ત્યાં પૂજ્યશ્રી નીચે દોડી આવ્યા, ને પોતાનો રજોહરણ ત્રણ વખત ફેરવતાં શેઠ બેઠા થઈને પૂજ્યશ્રીનાં ચરણોમાં ઝૂકી પડ્યા! એક વાર, એક શેઠના નવપરિણિત પુત્રને સર્પ ડંખતાં પૂજ્યશ્રીએ ભક્તામરની અમુક ગાથા સાત વાર કાનમાં કહેતાં ઝેર ઊતરી ગયું. પૂજ્યશ્રીની અજોડ ચારિત્રસાધનાની ભૂરી ભૂરી અનુમોદના આજે પણ તેમના જીવનમાં પ્રત્યેક ગુરુભગવંત માટે અનેરી ભક્તિ જગાવી રહ્યા છે! એક વાર, શ્રી તારંગાના છ'રી પાલિત સંઘમાં, શ્રીસંઘ તારંગાજી પહોંચતાં, સામુદાયિક ચૈત્યવંદન કરતાં એક બહેનને દીપકપૂજા કરતાં તેમની સાડીનો છેડો ભડકો થયો, ત્યાં પૂજ્યશ્રીએ ધૂપની રખ્યા તેના પર નાખતાં જ અગ્નિ શમી ગયો, એ જોઈને શ્રીસંઘના આનંદનો પાર ન રહ્યો! આવા અપૂર્વ ભાવો જગાડનારા પ્રસંગે પૂજ્યશ્રી વિશેષે મૌન રહેતા. સંયમબળના ધારકો ચમત્કાર કરવામાં માનતા નથી, પરંતુ તેઓની સાહજિક પ્રવૃત્તિઓ ચમત્કાર બની જતી હોય છે. તેઓની નાભિમાંથી નીકળતા, સંયમનિષ્ઠાથી રણકતા શબ્દો ઘણી વાર મંત્ર કે વિદ્યા જેવો ચમત્કાર સર્જી જતા હોય છે. ઉપરનાં દૃષ્ટાંતો આ વાતની સાખ પૂરે છે.

નામના-કામના, પ્રવૃત્તિ-પદવીના સદંત નિઃસ્પૃહી પૂજ્યશ્રીએ દીર્ઘ સંયમપર્યાય પછી, અનેક સંઘોના અતિ આગ્રહથી, વડીલોની ગેરહાજરીથી જવાબદારી આવી પડતાં, દીક્ષા-ઉપધાન વગેરેમાં અત્યંત અનિવાર્ય એવી પંન્યાસપદવી સં. ૧૯૯૨ના વૈશાખ સુદ-૧૦ના શુભદિને (જન્મદિને) રાધનપુર મુકામે સ્વીકારી પરંતુ આચાર્યપદવી માટે તો ના જ પાડતા હતા. પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, ગીતાર્થ પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ આદિ અનેક પદવીધર ગુરુભગવંતો તથા સમસ્ત રાજસ્થાન-ગુજરાતના નાનામોટા અનેક શ્રીસંઘોના દબાણ છતાં આચાર્યપદ માટે ના પાડનાર પૂજ્યશ્રી 'કલિકાલના ખાખી મહાત્મા' કહેવાયા. સાત વર્ષના સતત પ્રયત્નો પછી વડીલોની આજ્ઞા થતાં, સં. ૨૦૩૦ના માગશર સુદ પાંચમને દિવસે અમદાવાદ-રાજનગરમાં ત્રીજા પદે-આચાર્યપદે આરૂઢ થયા. અનેક ઉપધાનો, ઉજમણાં, જિનમંદિરોનાં નિર્માણો અને જીર્ણોદ્ધારો, પ્રતિષ્ઠાઓ-અંજનશલાકાઓ, શ્રી પાલિતાણા, ગિરનારજી, રાણકપુરજી, તારંગાજી, નાકોડાજી આદિ અનેક તીર્થોના છ'રી પાળતા સંઘો-સંઘમાળા, ઉપાશ્રયો-પાઠશાળાઓનાં નિર્માણકાર્યો વગેરે અનેક શાસનની અજોડ-અદ્ભુત પ્રભાવના સાથે અનેક જંગમ તીર્થો પણ જાગતાં કર્યાં.

૯૨ વર્ષની ઉંમરે પણ પૂજ્યશ્રીને ચશ્માંના નંબર ન હતા. તેમ જ પાંચે ઇન્દ્રિયો પૂર્ણપણે સ્વાધીન હતી, તે તેઓશ્રીના સંયમનો જ દિવ્ય પ્રભાવ હતો. પૂજ્યશ્રીને પાલિતાણા ક્ષેત્રનું અનેરું આકર્ષણ હતું. અમદાવાદના ટ્રસ્ટીઓના આગ્રહથી પાલિતાણાથી અમદાવાદ ચાતુર્માસ માટે પધાર્યા. કમોસમી વરસાદને કારણે પ્રોસ્ટેટ ગ્લેન્ડની વૃદ્ધિ થવાથી ૧૦ મહિના સુધી તકલીફ રહી, પરંતુ વિલાયતી દવાના સખત વિરોધી પૂજ્યશ્રીએ ઓપરેશન ન કરાવ્યું. અષાઢ સુદ ૯થી તાવ શરૂ થયો. પૂજ્યશ્રીની પ્રભુભક્તિ અવિહડ ચાલુ જ હતી.

સં. ૨૦૪૨ના અષાઢ સુદ ૧૧ના દિવસે લોહીની ઊલટી થતાં, પૂજ્યશ્રીની બિલકુલ ઇચ્છાવિરુદ્ધ, ભક્તજનોના ભાવથી ડોક્ટરોએ ઉપચાર ચાલુ કર્યા. શ્રી નમસ્કાર મહામંત્રનાં સ્વતઃ જાપ કરતાં, ભક્તજનોની નવકારમંત્રની ધૂનના ધ્વનિમાં એ અમર આત્મા ખોવાઈ ગયો, જેનો ગુંજારવ આજે પણ ભક્તવર્ગના કર્ણપટલથી સરકી શક્યો નથી. એ મહાપુરુષનો જન્મ હતો જિનભક્તિ માટે, જીવન હતું જીવમૈત્રી માટે અને મૃત્યુ હતું જડવિરક્તિ માટે. આ પરીક્ષામાં પાસ થવું તે જ સમાધિ, જેને પૂજ્યશ્રીએ સાધી મૃત્યુને મહોત્સવ બનાવ્યો! ખરે જ મહાપુરુષોના ગુણ ગાવા માટે સાક્ષાત્ સરસ્વતીમાતા હજાર રૂપો ધારણ કરે, તો પણ વર્ણવી શકવા સમર્થ નથી.

*સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ-પાલિતાણા.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*અગણિત ધર્મગ્રંથોના સમર્થ અનુવાદક*

## પ. પૂ. આચાર્યશ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજ

સૌરાષ્ટ્ર પ્રાન્તમાં શ્રી સિદ્ધગિરિ નજીક જીરા ગામમાં વસતા દોશી દેવચંદ પુરુષોત્તમ અને શીલશાલિની ઝબકબહેનના પુત્ર હીરાચંદભાઈનો જન્મ સં. ૧૯૬૧ના ચૈત્ર સુદ ૮ના શુભદિને થયો હતો. તેમના સુરતના નિવાસ દરમિયાન વ્યાવહારિક શિક્ષણ, ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરી સંસ્કારમાં સંવૃદ્ધિ મેળવી. ત્યાં પૂ. આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનો સમાગમ થવાથી તેમના ધર્માનુરાગી સંસ્કારને વેગ મળ્યો. પિતા દેવચંદભાઈએ સં. ૧૯૮૧માં પૂ. આગમોદ્ધારકશ્રી પાસે અજીમગંજમાં દીક્ષા અંગીકાર કરી અને મુનિશ્રી દેવસાગરજી તરીકે જાહેર થયા. આ ભવ્ય વારસાને દીપાવવા હીરાચંદભાઈ સં. ૧૯૮૪માં અમદાવાદમાં પૂ. આગમોદ્ધારકશ્રી પાસે જ દીક્ષા ગ્રહણ કરી અને મુનિશ્રી હેમસાગરજી તરીકે જાહેર થયા. સતત ગુરુકુળવાસમાં રહીને ગ્રહણ-આસેવન શિક્ષા વ્યાકરણ-કાવ્ય-સાહિત્ય-ન્યાય-આગમ આદિ શાસ્ત્રોનું-સાહિત્યનું ગહન અધ્યયન કરીને સં. ૧૯૯૯ના આસો વદ ૩ને દિવસે પૂ. આગમોદ્ધારકશ્રીના શુભ હસ્તે કપડવંજમાં પંન્યાસપદે અને સં. ૨૦૦૭ના મહા સુદ ત્રયોદશીને દિવસે પૂ. આ. ગચ્છાધિપતિ શ્રી માણિક્યસાગરજી મહારાજના વરદ્ હસ્તે સુરતમાં આચાર્યપદે આરૂઢ થયા.

પૂજ્યશ્રીએ પૂ. આગમોદ્ધારકશ્રીના આગમો પરનાં પ્રવચનો પોતે ઉતારી, પ્રેસ કોપીઓ તૈયાર કરીને શ્રેણીબદ્ધ રીતે, ભાગ ૧-૨-૩-૪-૫ રૂપે છપાવી લોકો પર મહાન ઉપકાર કર્યો. ઉપરાંત, 'સિદ્ધચક્ર' માસિકમાં પૂ. ગુરુદેવનાં વ્યાખ્યાનો છપાતાં; તે મોટે ભાગે તેઓશ્રીએ કરેલાં અવતરણોને આધારે જ હતાં. તદુપરાંત, શ્રી ભગવતીજીનાં આઠમા શતકનાં વ્યાખ્યાનો, ઉપદેશમાલાની દોઘટ્ટી ટીકા, જૂની હસ્તલિખિત પ્રતિનું યથાશક્ય સંશોધન, પૂ. શ્રી વિમલસૂરિજી રચિત 'પઉમચરિય', જૈન મહારામાયણનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ તેમ જ અનેક ધર્મગ્રંથોના અનુવાદ તૈયાર કરીને છપાવ્યા. શ્રી હરિભદ્રાચાર્યરચિત પ્રાકૃત ઉપદેશ મહાગ્રંથનો અનુવાદ તથા શ્રી રત્નપ્રભસૂરિકૃત ટીકા અને ૧૪૦૦ શ્લોકપ્રમાણ પ્રાકૃત ઉપદેશમાળાનો અનુવાદ તેમ જ મહાનિશીથ શ્રુતસ્કંધનો અનુવાદ અને પૂર્વાચાર્યકૃત અંતિમ સાધના તથા સાધુસાધ્વીઓના ક્રિયાસૂત્રો વગેરે છપાવીને પ્રસિદ્ધ કર્યાં. કપડવંજમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા, મોતીશા શેઠની ટૂંકમાં અને પાલિતાણામાં આગમમંદિરના સિદ્ધચક્ર-ગણધર મંદિરના ભૂમિગૃહમાં અનેક પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આરીસા ભુવનમાં પ્રતિષ્ઠામહોત્સવ કરાવ્યો. સાગરસમુદાયનાં લગભગ ૫૦૦ સાધુ-સાધ્વીજીઓના નાયક, ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજે ભવ્ય ભગીરથ પ્રયત્નો દ્વારા કઠિન ગ્રંથોના અનુવાદ પ્રસિદ્ધ કરીને જૈનસમાજ પર ઘણા જ ઉપકાર કર્યા છે. પૂજ્યશ્રી સં. ૨૦૩૭ના આસો સુદ ૮ને દિવસે કાળધર્મ પામ્યા, પણ તેઓશ્રીનાં ધર્મગ્રંથોનાં પ્રકાશનનાં અક્ષયકાર્યો અમરત્વને પ્રાપ્ત કરી ચૂક્યાં! એવા એ પરમ શાસનપ્રભાવક આચાર્ય શ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પ.પૂ.આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવદ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ-પૂના.*

*નિર્મોહી; એકાંતપ્રિય અને ત્યાગી-તપસ્વી*

## પ. પૂ. આચાર્યશ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

સંયમરત્નની ખાણ જેવી પુણ્યભૂમિ, જ્યાં નવાંગી ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરિજી મહારાજ જન્મ્યા, જ્યાં વર્તમાનકાળમાં આગમોના ઉદ્ધારક પૂ. આ. શ્રી આનંદસાગરસૂરિજી મહારાજ જન્મ્યા, જ્યાં આગમપ્રભાકરના બિરુદને વરેલા રાષ્ટ્રમાન્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ જન્મ્યા તે પ્રભાવશાળી ભૂમિ કપડવંજમાં એક પુણ્યપ્રભાવી આત્માએ જન્મ લીધો. એ પવિત્ર આત્મા તે પૂ. આ. શ્રી ચિદાનંદસાગરસૂરિજી મહારાજ. સ્વ-પરના કલ્યાણવાંછુ આ મહાત્માએ સમજણભરી ઉંમરે જ સંયમનો મહામૂલો માર્ગ અપનાવવા નિર્ણય લીધો. પિતાશ્રી તથા અન્ય કુટુંબીજનોની ઇચ્છા ન હોવા છતાં, પોતાના નિર્ણયમાં અડગ રહીને પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે ૧૮ વર્ષની યુવાન વયે, સં. ૧૯૮૭ના અમદાવાદ નગરે દીક્ષા ગ્રહણ કરીને મુનિ શ્રી ચિદાનંદસાગરજી મહારાજ બનીને સંયમમાર્ગ પર પ્રયાણ કર્યું.

પૂજ્યશ્રી એકાંતપ્રિય પ્રકૃતિ ધરાવે છે. તેથી જ પૂજ્યશ્રીની આસપાસ શિષ્ય-પ્રશિષ્યોની પ્રલંબ યાદી જોવા મળતી નથી. આજ સુધી તેઓશ્રી અખંડ અને અડગ સાધનાઆરાધનાના સ્વામી રહ્યા છે. આરંભમાં પૂજ્યશ્રીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ પાસે રહી શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું. કીર્તિ કે પ્રશસ્તિના વ્યામોહથી આકર્ષાયા વગર શાંતિથી શાસનપ્રભાવના કરવી, એ જ માત્ર ધ્યેય રાખ્યું. ગુર્વાજ્ઞા મુજબ ચાતુર્માસ કર્યાં. એક વખતે પોતાના સંયમમાર્ગનો વિરોધ કરનારા પોતાના પિતાશ્રીએ પણ આગળ જતાં સંયમમાર્ગ અપનાવ્યો અને દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી હિતસાગરજી મહારાજ તરીકે જાહેર થયા. તેઓશ્રીના સંયમજીવનમાં સહાયક બનીને અંત સમયની આરાધના પણ કરાવી અને તેઓશ્રીના આત્મકલ્યાણના નિમિત્તભૂત બનીને પિતૃઋણ અદા કર્યું. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મહારાજની પરંપરામાં પ્રદાનનું મહત્ત્વ ઓછું હતું, છતાં પણ યોગ્યતા અને પર્યાયની સંવૃદ્ધિ પ્રમાણે પૂજ્યશ્રી સં. ૨૦૧૧માં કપડવંજમાં ગણિપદવી, સં. ૨૦૨૯માં સુરતમાં પંન્યાસપદવી અને સં. ૨૦૩૬માં વેજલપુરમાં આચાર્યપદથી પણ અલંકૃત થયા. ત્રીજા નંબરના ગચ્છાધિપતિના સ્થાને રહેલા પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પછી પૂજ્યશ્રીના શિર પર સાગરસમુદાયના ગચ્છાધિપતિપદની જવાબદારી આવી પડી અને પૂજ્યશ્રીની ઇચ્છા ન હોવા છતાં એ સ્થાન સ્વીકારવું પડ્યું. આટલી મહાન પદવીએ બિરાજ્યા છતાં પૂજ્યશ્રીના જીવનમાં ક્યાંય મોટાઈ, અહંકાર અને આડંબરનાં દર્શન થતાં નથી. જેમ સોનાની થાળી રણકાર કરતી નથી, તેમ આ પ્રશાંતમૂર્તિ અને એકાંતપ્રિય આચાર્યદેવ પણ પ્રતિષ્ઠા કે નામના પાછળ દૃષ્ટિ કર્યા વગર શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો કરી રહ્યા છે અને યથાનામગુણ ચિત્ત અને આનંદના સમન્વય રૂપ અધ્યયન–અધ્યાપનની તપશ્ચર્યા દ્વારા આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે. આવા તપોમૂર્તિ આચાર્યદેવનાં દર્શન માત્રથી પુણ્યાત્માઓ ધન્ય બને છે! કોટિ કોટિ વંદન હજો એ પુણ્યપ્રભાવી મહાત્માનાં ચરણોમાં! [સંકલન : મુનિશ્રી વિશ્વરત્નસાગરજી મહારાજ]

*સૌજન્ય : પ.પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ–પૂના.*

*જ્ઞાનવિશારદ, શાસનપ્રભાવક, બાલબ્રહ્મચારી*

## પૂ. આચાર્યશ્રી રૈવતસાગરસૂરીશ્વરજી મહારાજ

આજથી ૬૦–૭૦ વર્ષ પહેલાં મધ્યપ્રદેશ–માળવા ધર્મક્ષેત્રે વેરાન હતું તે પૂજ્ય શ્રમણભગવંતોના આવાગમનથી હર્યુંભર્યું બનવા લાગ્યું. એમાં માળવાના એક મહિદપુર શહેરમાં પણ ધર્મજાગૃતિ પાંગરવા લાગી. અહીં વસતા આંચલિયા પરિવારમાં સં. ૧૯૭૩ના જેઠ વદ ૬ને દિવસે જન્મેલા આ ચરિત્રનાયક એ સંસ્કારી વાતાવરણમાં ઊછરવા માંડ્યા. આ બાજુ શ્રમણભગવંતોનું, ખાસ કરીને પૂ. આગમોદ્ધારકશ્રીના સમુદાયવર્તી શ્રમણભગવંતોનું અને તેમાં યે, ખાસ કરીને માલવદેશોદ્ધારક પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજનું આવાગમન વિશેષ રહેતાં, તેઓશ્રીના સત્સમાગમનો લાભ વિશેષ મળ્યો અને એ લાભ ધર્મલાભની ચરમસીમાએ પહોંચતાં એ તેમને સંયમ-વૈરાગ્યને માર્ગે દોરી ગયો, અને એક દિવસ, સં. ૧૯૯૧ના અષાઢ વદ ૮ના દિવસે અમદાવાદમાં પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે મુનિ શ્રી રૈવતસાગરસૂરીશ્વરજી નામે દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા અંગીકાર કરીને તેઓ અપ્રમત્તભાવે સંયમની સાધના કરવાપૂર્વક સ્વાધ્યાય, ગુરુભક્તિ અને વીતરાગભક્તિમાં મગ્ન બની ગયા. ધર્મશાસ્ત્રોના ઉચ્ચ અભ્યાસમાં અને સ્વ–પર કલ્યાણનાં કાર્યોમાં પ્રવીણ બનતાં, પૂજ્યશ્રીની યોગ્યતા જાણીને પૂજ્ય ગુરુદેવે સં. ૨૦૧૧ના માગશર સુદ બીજના દિવસે અમદાવાદમાં ગણિપદવીથી અને સં. ૨૦૨૯ના મહા સુદ ૩ના દિવસે સુરતમાં પંન્યાસપદવીથી વિભૂષિત કર્યા. પૂજ્યશ્રી જ્ઞાનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં અને સાથોસાથ વીતરાગની વાણી દ્વારા અનેકોને ધર્મમાં જાગૃત અને પ્રવૃત્ત કરતાં તેમ જ શાસન-પ્રભાવનાનાં કાર્યો યશસ્વી રીતે પ્રવર્તાવતાં, તેઓશ્રી વિશેષ યોગ્યતાને અનુરૂપ શાસનની શોભારૂપ આચાર્યપદે વિ.સં. ૨૦૪૪ના ચૈત્ર વદ ૩ના દિવસે, ડગ (રાજસ્થાન) મુકામે, જંબૂદ્વીપનિર્માણ આદિ યોજનાના સફળ માર્ગદર્શક પૂ. પંન્યાસશ્રી અશોકસાગરજી મહારાજના વરદ હસ્તે આરૂઢ થયા. પૂ. આ. રૈવતસાગરસૂરિજી મહારાજ પદમાં સૂરિવર અને જ્ઞાનમાં વિશારદ હોવા છતાં કીર્તિથી દૂર રહેતા અને આત્માની નજીક રહેતા. છેલ્લાં વર્ષોમાં તબિયત વધુ અસ્વસ્થ રહેતાં આલોટ સ્થિર હતા. સં. ૨૦૪૫ના ચૈત્ર વદ ૮ને દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીના અંતિમ સમયે પૂ. ઉપા૦ શ્રી યશોભદ્રસાગરજી મહારાજે, તેઓશ્રીના સેવાપરાયણ શિષ્યરત્ન મુનિશ્રી જયઘોષસાગરજી મહારાજે તથા આલોટ શ્રીસંઘે સારી એવી સેવા–શુશ્રૂષા–વૈયાવચ્ચ કરી. એવા પરમ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદન!

*સૌજન્ય : પ.પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ–પૂના.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સરાક-સમાજઉદ્ધારક*

## પૂ. આચાર્યદેવશ્રી યશોભદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ

પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પ્રથમ શિષ્ય પૂ. પંન્યાસપ્રવર શ્રી વિજયસાગરજી મહારાજના શિષ્ય પ્રૌઢ પ્રતિભાશાળી શાંતમૂર્તિ પૂ. ગણિવર્યશ્રી લબ્ધિસાગરજી મહારાજના શિષ્ય સરળસ્વભાવી, વિનય ગુણથી વિભૂષિત, વૈયાવચ્ચમાં સદા તત્પર, સાહિત્યતીર્થ કર્મગ્રંથમાં નિપુણ, કંપયડીમાં નિષ્ણાત, વ્યાકરણરસિક આદિથી વિભૂષિત પૂજ્ય આચાર્યદેવ શ્રી યશોભદ્રસાગરસૂરીશ્વરજી મહારાજનું જન્મસ્થાન ગુજરાતની ધર્મનગરી કપડવંજ છે. તેઓશ્રીનું સંસારી નામ મુકુંદભાઈ વાડીલાલ પરીખ. માતાનું નામ જીવકોરબહેન. ભાઈ-બહેનો અને વિશાળ પરિવારમાં ઊછરતા હોવા છતાં મુકુંદભાઈએ ૧૬ વર્ષની વયે સંસારનાં સુખોને લાત મારીને શત્રુંજય તીર્થની પવિત્ર ભૂમિ ઘેટીની પાસે જઈને પૂ. આ. શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૧૯૯૬ના અષાઢ સુદ ૯ને દિવસે ગણિપદથી વિભૂષિત થયા. સં. ૨૦૨૯ના મહા સુદ ૩ના દિવસે તળાજામાં પૂ. શાસનકંટકોદ્ધારક શ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પંન્યાસપદ પ્રદાન કરવામાં આવ્યું. સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ને શુભ દિને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અમદાવાદમાં ઉપાધ્યાયપદ આપવામાં આવ્યું અને સં. ૨૦૪૭ના વિ. વૈશાખ સુદ ૧૧ને શુભ દિવસે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે બડૌદ (માલવા) નગરે વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં મહામહોત્સવપૂર્વક આચાર્યપદારૂઢ થયા.

સુદીર્ઘ સંયમપર્યાય દરમિયાન પૂજ્યશ્રીએ જ્ઞાન-ધ્યાન અને સાધનામાં સુંદર પ્રગતિ કરી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, માળવા, કચ્છ, બિહાર, બંગાળ આદિ પ્રાંતોમાં ચાતુર્માસ કર્યાં છે. આજે ૬૬ વર્ષથી નિરતિચાર સંયમી જીવન પાળતાં, શિષ્યપરિવારથી પરિવરેલા સૂરિવર સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા હતા. પૂજ્યશ્રીએ સંખ્યાબંધ દીક્ષાઓ-વડીદીક્ષાઓ આપી છે. ઘણા સાધુભગવંતોને યોગ વગેરે કરાવ્યા છે. પૂજ્યશ્રીના કુટુંબમાંથી ૩૨ જેટલી મોટી સંખ્યામાં દીક્ષાઓ થઈ છે. હાલમાં ભાઈ, ભાભી, ભત્રીજા, ભત્રીજી, બહેન, ભાણી વગેરે સંયમજીવન માણી રહ્યાં છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન તપ, ઉદ્યાપન, સંઘ આદિ અનેક ઊજવાયાં છે. ત્રણ વર્ષથી બિહાર-બંગાળમાં રહેલ 'સરાક' = શ્રાવક શબ્દનો અપભ્રંશ શબ્દ સરાક = તે સમાજના ઉદ્ધાર માટે ઝઝૂમી રહ્યા હતા. તેના ફળસ્વરૂપે હાલ બેલૂટગામ તથા મહાલગામમાં જૈન દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા આદિનાં નિર્માણકાર્યો ચાલી રહ્યાં.

સમાજોદ્ધારક પ.પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંતશ્રી યશોભદ્રસાગરસૂરિજી મ.સા. સં. ૨૦૬૨ના દીપાવલીના દિવસે સવારનું પ્રતિક્રમણ કરતાં કરતાં કાળધર્મ પામ્યા.

સૌજન્ય : પ.પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી
*શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ-પૂના.*

*સેવા-સ્વાર્પણ-ત્યાગના ત્રિવેણીસંગમ 'સૌરાષ્ટ્ર-કેસરી'*

## પૂ. આ. શ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ

કલાકોના કલાકો સુધી જેમના સ્વમુખે કાઠિયાવાડી તળપદી ભાષા સાંભળવી ગમે એવા સુમધુર વ્યાખ્યાતા, સૌરાષ્ટ્ર-કેસરી આચાર્યદેવ શ્રી વિજયભુવરત્નસૂરીશ્વરજી મહારાજને સાંભળીએ ત્યારે સ્વપ્નેય ખ્યાલ ન આવે કે આવી તળપદી કાઠિયાવાડી બોલનાર વ્યક્તિ રાજસ્થાની હશે! પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના ખેતાસર ગામમાં ટાંટિયા પરિવારમાં, ઓસવાલ જ્ઞાતિના શેઠ કુંદનમલજી અને ગૌરીબાઈને ત્યાં સં. ૧૯૭૮ના જેઠ સુદ પાંચમે થયો હતો. પુત્રનું નામ ધનરાજજી રાખવામાં આવ્યું. ધનરાજજીને શિક્ષણ અને સંસ્કાર માટે નજીકની ઓશિયા ગામની બોર્ડિંગમાં મૂકવામાં આવ્યા; જ્યાં તેમણે સુંદર રીતે અભ્યાસ કર્યો. વિશાળ વાચન અને આત્મમંથન જીવોને ચિત્તશુદ્ધિ અને સુખ આપવા માટે સમર્થ હોય છે, એ વાત એમના જીવનમાં દૃઢ થતી ગઈ. પૂજ્યશ્રીના વિકાસમાં મુખ્ય ભૂમિકા પૂ. શ્રી ચંદ્રવિજયજી મહારાજે નિભાવી. યેવલામાં સર્વ પ્રથમ મુલાકાત થઈ. પહેલા જ વ્યાખ્યાનમાં ગુરુમુખે સાંભળેલી સંસારની અસારતા અને સંયમની મધુરતા ધનરાજને સ્પર્શી ગઈ. પૂ. ગુરુ મહારાજે ચારિત્રધર્મની વાનગી રૂપે ઉપધાન તપની વાત મૂકતાં શ્રી સંઘે તે સહર્ષ વધાવી લીધી. ધનરાજ પણ તેમાં જોડાયા. આ પ્રસંગે હંમેશ ગુરુદેવ સાથે આધ્યાત્મિક ચર્ચા થતી ચાલી. પરિણામે ધનરાજજીના અધ્યાત્મજ્ઞાનમાં વૃદ્ધિ થતી ચાલી. જૈનશાસન પ્રત્યેની શ્રદ્ધા બળવત્તર થતી ચાલી. ગુરુવાણીના સચોટ પ્રભાવથી ધનરાજજી ચારિત્રપંથે જવાની ભાવનાવાળા થયા. માતા-પિતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખેતાસર મુકામે જાણ કરી. માતા-પિતાએ સંયમના ઉપસર્ગો ને પ્રતિકૂળતાઓ જણાવી, ધનરાજને તે માર્ગે ન જવા કહ્યું. ધનરાજજીએ કહ્યું કે "સુખદુઃખ એ ભાગ્યાધીન છે. કુંવારો કેડે મરે અને પરણેલો પીડાએ મરે એ સંસારની ગતિવિધિ છે". એ રીતે મા-બાપને સમજાવી લીધાં. એમની પાસેથી સંમતિપત્ર લખાવી લીધો અને એ સંમતિપત્ર લઈને પૂ. ગુરુદેવ પાસે ગયા. સં. ૧૯૯૬ના જેઠ સુદ ૧૧ને શુભ દિવસે ખાનદેશના શિરપુર મુકામે માતાપિતાની ઉપસ્થિતિમાં દીક્ષા અંગીકાર કરી અને મુનિશ્રી ભુવનવિજયજી બન્યા. દીક્ષા પછી પૂજ્યશ્રી અધ્યયન-આરાધનામાં નિમગ્ન રહેવા લાગ્યા. જ્ઞાનસાર, અધ્યાત્મસાર, સમાધિશતક, યોગદષ્ટિ સમુચ્ચય, ઉપદેશમાલા, યોગબિંદુ, દ્રવ્યગુણ પર્યાય રાસ, વાસુપૂજ્યચરિત્ર, પાર્શ્વનાથચરિત્ર, મહાવીરચરિત્ર, ધન્ના-શાલીભદ્રસાર આદિનો અભ્યાસ કર્યો. આ ઉપરાંત, દિગંબર પંથના પ્રવચનસાર, નિયમસાર, સમયસાર, ગોમટ્ટસાર, પુરુષાર્થસિદ્ધિ ધવલગ્રંથ આદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો. પૂજ્યશ્રીનો કંઠ મધુર અને આકર્ષક હોવાથી તેમ જ તેઓશ્રીનાં વ્યાખ્યાનોમાં વિશદ ચર્ચા અને રસિક દૃષ્ટાંતો આવતાં હોવાથી સૌને તેમાં અદ્દ્ભુત રસ પડતો. આઠ ચાતુર્માસ મહારાષ્ટ્રમાં કરીને સં. ૨૦૦૪માં સૌરાષ્ટ્રમાં પધાર્યા. વલભીપુર, પાલિતાણા, ગારિયાધાર, રાજકોટ, જૂનાગઢ એમ સૌરાષ્ટ્રનાં વિવિધ સ્થળોએ વિવિધ ઉત્સવ-ઉજમણાં દ્વારા શાસનનો જયજયકાર પ્રવર્તાવ્યો. આમ, ૧૭ યશસ્વી ચાતુર્માસ સૌરાષ્ટ્રમાં કરવાપૂર્વક તેઓશ્રીને ધ્રાંગધ્રામાં 'સૌરાષ્ટ્રકેસરી'નું બિરુદ આપવામાં આવ્યું. સં. ૨૦૧૮નું ચોમાસું મોટીટોળીમાં બહુ જ ભવ્ય રીતે યાદગાર બની રહ્યું. ત્યાંથી વિહાર કરીને સં. ૨૦૨૮માં કલકત્તા પધાર્યા. તે વખતે પૂ. ગુરુદેવ શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગગમનના સમાચાર મળતાં કલકત્તામાં ભવ્ય મહોત્સવ કર્યો. ત્યાંથી બંગાળ, બિહાર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં વિચરીને અનેક કાર્યો કરતાં કરતાં પુનઃ ગુજરાતમાં પધાર્યા. અમદાવાદમાં પ્રકાશ હાઈસ્કૂલના પટાંગણમાં તા. ૧૮-૫-૧૯૭૯ના શુભ દિને પૂ. આ. શ્રી વિજયવિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા અને તે સમયે આચાર્યશ્રી વિજયભુવનરત્નસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર થયા. આ પ્રસંગે ૪૦૦ ઉપરાંત કામળીઓ વહોરાવવામાં આવેલ. રૂા. ૧૦,૦૦૧માં નરોત્તમ કેશવલાલ નવાબે પહેલી કામળી વહોરાવી. વર્ધમાન વિદ્યાના પટ્ટની બોલી ૩૫,૦૦૧ની થઈ. પૂજ્યશ્રીની એક મનીષા એ હતી કે એક મોટી વિદ્યાપીઠ સ્થાપવી. અમદાવાદથી ૭ કિ.મી. દૂર થલતેજ ખાતે, ગાંધીનગર હાઈવે પર, વિશાળ વિદ્યાલયની યોજના સાકાર થઈ, જેમાં ભવ્ય જિનમંદિર, ધર્મશાળા, દવાખાનું આદિ તૈયાર કરવામાં આવ્યાં. મૂળનાયક આદિનાથ સહિત ૨૧ બિંબોની સ્થાપના કરવામાં આવી. એક ઘેઘૂર રાયણવૃક્ષ દૂરથી જ આ ભવ્ય વિદ્યાલયની ધજા ફરફરાવી રહ્યું છે. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં મુંબઈ-મુલુન્ડથી પાલિતાણાનો છ'રીપાલિત સંઘ ૭૦ દિવસની પદયાત્રા દ્વારા પાલિતાણા પહોંચ્યો હતો. તે દરમિયાન ગામોગામ અને શહેરે દરેક જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવ્યો હતો.

વિદ્યાલયના નિર્માણનું અંતિમ લક્ષ સિદ્ધ કરીને પૂજ્યશ્રીએ સં. ૨૦૪૨નું ચાતુર્માસ પાલડી-જૈનનગરમાં કર્યું. સં. ૨૦૪૩ના ચાતુર્માસ માટે વાલકેશ્વર સંઘને હા પાડી. શેષકાળ નાગજી ભૂદરની પોળે રહીને, મુંબઈ તરફ વિહાર કરવા સં. ૨૦૪૩ના ફાગણ વદ ૬ને દિવસે નીકળ્યા પણ ભવિતવ્યતા જુદી જ હતી. રસ્તામાં જ તબિયત લથડી. પાલેજ પહોંચતાં તો તબિયત ખૂબ ગંભીર બની ગઈ. પરિણામે, ચૈત્ર સુદ ૧૪ને દિવસે વધુ સારવાર માટે અમદાવાદ લાવવામાં આવતા હતા ત્યાં જ રસ્તામાં કરજણ ફાટક પાસે દિવ્યજ્યોત બુઝાઈ ગઈ. પૂજ્યશ્રીના પાર્થિવ દેહને થલતેજ લાવવામાં આવ્યો. ત્યાં કેશર-સમુદાયનાં ૧૬૦ સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં, વિશાળ ભાવિકજનોની વચ્ચે પૂજ્યશ્રીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર થયો. ત્યાં પૂજ્યશ્રીની સ્મૃતિમાં કમળ આકારનું ભવ્ય જલમંદિર રચવાનું આયોજન થયું.

*અજાતશત્રુ-સરલ સ્વભાવી*

## પૂજ્યપાદ આચાર્યદેવશ્રી નંદિવર્ધન સાગરસૂરિજી મ.સા.



ગરવી ગુજરાતની ધર્મપુરી સમાન સૂર્યપુરી નગરે ધર્મશ્રેષ્ઠ શાસનસમર્પિત શ્રાદ્ધવર્ય શ્રી પાનાચંદ સાકેટચંદ મદ્રાસીનાં ધર્મપત્ની શ્રમણોપાસિકા પ્રભાવતીબહેનની રત્નકુક્ષિએ જૈનશાસનના રત્ન બનવા જ રતનચંદનો જન્મ સંવત ૧૯૯૦ મહા વદ-૭ના પુણ્યદિવસે થયો. લાડકોડ અને અનેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્કારોથી સિંચિત થતાં વ્યાવહારિક શિક્ષણ દ્વારા જીવનવિકાસ સાધ્યો. પિતાશ્રી પાનાચંદભાઈ પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીના એક અંગત અગ્રગણ્ય શ્રાવક હતા. સુરત વર્ધમાન જૈન આગમમંદિર-નિર્માણકારના સંપૂર્ણ આધારસ્થંભ હતા. માત્ર નવમાસ જેટલા અતિઅલ્પ સમયમાં ત્રણમાળનું ગગનચુંબી ભવ્ય જિનાલય ગુરુદેવશ્રીની ઈચ્છાનુસાર તૈયાર કરાવી આપવામાં તન-મન-ધનનો, દિવસ-રાતનો અગણિત સિંહફાળો હતો. પૂજ્યપાદ આગમોદ્ધારક ગુરુદેવશ્રીના અંતરના મળતાં આશીર્વાદે અને ઉપકારી મુનિશ્રી ગુણસાગરજી મ.સા.ની પ્રેરણાથી ધાર્મિક જ્ઞાનાભ્યાસની વિશિષ્ટ લગન લાગી. તત્સમયે પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા.ના સમાગમમાં આવતાં ચારિત્રના રંગે રંગાયા. ચારિત્રપદની આરાધના આદિ દ્વારા ત્યાગભાવના વધુ ચોળમંજીઠ બની, ત્યારે માતા પ્રભાવતીબહેન દ્વારા વૈરાગ્યની આકરી કસોટી થઈ. જેમાં સો ટચના સોનાની જેમ ઉત્તીર્ણ થતાં ૧૬ વર્ષની યુવા વયે ધામધૂમપૂર્વક મહોત્સવ માંડીને સંવત ૨૦૦૭ના મહા સુદ-૩ના દિવસે તત્કાલીન પૂજ્યપાદ આદ્યગચ્છાધિપતિ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજા તથા દાદા ગુરુદેવ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. પરમપૂજ્ય આચાર્ય શ્રી હેમસાગરસૂરિજી મ.સા. તથા ગુરુદેવ પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા.ના શિષ્ય મુનિશ્રી નંદિવર્ધનસાગરજી મ.સા.ને નામે સંયમના સાચા સાધક બન્યા.

ગુરુ ભગવંતના સાંનિધ્યમાં વિનય-વૈયાવચ્ચ-જ્ઞાન-ધ્યાન તપ-ત્યાગની સાધના કરતાં સંયમોપયોગી અનેક સૂત્રો તથા સંસ્કૃત-પ્રાકૃત વ્યાકરણ આદિ અધ્યયન કરી ગુરુનિશ્રાને આજ્ઞાંકિત-સમર્પિત શિષ્ય બન્યા.

બે વર્ષીતપ-સિદ્ધિતપ-આઠ ઉપવાસ અને વર્ધમાન-તપની ૪૨ ઓળી આદિ તપસ્યા દ્વારા સંયમસાધનાને સુદૃઢ બનાવી.

પૂજ્ય ગુરુદેવશ્રીની નજરે સુયોગ્યતાને પ્રાપ્ત કરતાં અને તપસ્વી મુનિ શ્રી હિતેન્દ્ર સાગરજી મ.સા.ની દીક્ષા બાદ સંવત ૨૦૨૭માં સુરત-મુકામે ભગવતી સૂત્રના યોગોદ્વહનનો પ્રારંભ થયો. સંવત ૨૦૨૮ મહા વદ-૧૧ના મંગળ દિવસે પૂજ્યપાદ ગુરુદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજના વરદ્ હસ્તે ગણિપદ પ્રાપ્ત કર્યું. સંવત ૨૦૨૯ મહા સુદ-૩ના ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે પૂજ્યપાદ ગુરુદેવશ્રી આદિના સાંનિધ્યમાં ૧૦ મુનિવરોને પંન્યાસપદથી અલંકૃત કર્યા તે સમયે પંન્યાસપદ પ્રાપ્ત કર્યું.

સંવત ૨૦૪૭-વૈશાખ સુદ-૧૦ના પુના મુકામે શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન ટેમ્પલની પ્રતિષ્ઠા પ્રસંગે વડીલગુરુબંધુ જિનાગમસેવી આચાર્ય શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે આચાર્યપદથી વિભૂષિત કરવામાં આવ્યા. આ પ્રસંગે સાત દીક્ષાઓએ પ્રસંગને શોભાયમાન બનાવ્યો હતો.

ચરિત્રનાયકશ્રીની પાવનનિશ્રામાં બારામતી વિમલધામ-મુંબઈ અંધેરી-વેસ્ટ મધ્યે ધરણીધરપાર્શ્વનાથ અને પૂના-સિંહગઢરોડ મધ્યે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ તથા કટોસણરોડ, પૂના-ઋતુરાજ સોસાયટી, પૂના-આદિનાથ સોસાયટી, પૂના-કાત્રજતીર્થે પાવાપુરી જલમંદિર, પૂના-સાંગવી તથા ચોકગામે (પનવેલ) ઐતિહાસિક પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયેલ છે તથા પેણ, કાત્રજતીર્થ, સુરત-પીપલોદ મુકામે ઉપધાનતપ તથા દીક્ષા-વડી દીક્ષા આદિ શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો કરી સ્વ-પર કલ્યાણ સાધ્યું છે.

ધીર-ગંભીર સ્વભાવ તથા સહનશીલ સ્વભાવ અને ક્ષમાવૃત્તિના કારણે સમગ્ર સમુદાયમાં પૂજ્યશ્રી અજાતશત્રુના હુલામણા નામે પ્રસિદ્ધ બન્યા છે. સૂરિમંત્રની પાંચેપીઠની વિધિપૂર્વક સુંદર સાધના કરી. જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા ત્યાં ત્યાં સરળ સ્વભાવના કારણે ભોળાના ભગવાનની જેમ સૌનો ખૂબ જ આદર પામે છે.

આવા સરળતા-નિખાલસતા સ્વામીપૂજ્ય આચાર્ય ભગવંતશ્રીના ચરણોમાં અનંત કૃતજ્ઞાંજલિ......

*સૌજન્ય : પ.પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ-પૂના.*

*પ્રાકૃત-સાહિત્ય વિશારદ, કર્મસાહિત્યના અનેક ગ્રંથોના રચયિતા, તપોમૂર્તિ*

## પૂ. આચાર્યશ્રી વિજયવીરશેખરસૂરીશ્વરજી મહારાજ



પૂ. આ. શ્રી વિજયવીરશેખરસૂરીશ્વરજી મહારાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજના સમુદાયમાં તેજસ્વી તપસ્વી છે. પૂજ્યશ્રીનો જન્મ મોસાળ, હાલારના નવાગામે સં. ૧૯૯૪ના ચૈત્ર સુદ ૧૨ને શુભ દિવસે સોમવાર, ચોથા પહોરમાં માતા જોમાબહેનની રત્નકુક્ષિએ થયો હતો. તેઓશ્રીનું સંસારી નામ વીરચંદ હતું. કુટુંબના ધાર્મિક સંસ્કારો પૂર્વભવની પુણ્યસિદ્ધિ અને પૂજ્યોના પારસસ્પર્શ સમા સમાગમે ભાઈ વીરચંદની ભાવના વૈરાગ્યવાસિત થઈ અને આગળ જતાં, તેઓ દીક્ષાની ભાવનાવાળા થયા. ૧૭ વર્ષની ભરયુવાન વયે સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં તેમના જ વરદ્ હસ્તે પૂ. શ્રી રાજશેખરસૂરિજી મહારાજના શિષ્યપદે સં. ૨૦૧૧ના મહા સુદ ૧૦ના દાદર–જ્ઞાનમંદિરમાં દીક્ષા અંગીકાર કરીને વીરચંદભાઈ મુનિશ્રી વીરશેખરવિજયજી બન્યા. પૂજ્યોની પરમ કૃપાથી સિદ્ધહેમ સંસ્કૃત–પ્રાકૃત વ્યાકરણ, કાવ્ય–ન્યાય આગમાદિ ગ્રંથોનો ગહન અભ્યાસ કરીને દીક્ષાનાં પાંચ છ વર્ષ બાદ કર્મસાહિત્યમાં પ્રવેશ કર્યો.

અને દીક્ષાના અગ્યારમા વર્ષે વિ.સં. ૨૦૨૨ની સાલમાં પંદર હજાર શ્લોક પ્રમાણ બંધવિધાન મૂળગ્રન્થ પૂર્ણ કરેલ. વિ.સં. ૨૦૨૨ સન ૧૯૬૬માં પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અમદાવાદમાં વિશાળ કુંકમપત્રિકા અનેકવિધ પત્રિકાઓ અને પુસ્તિકાઓ અને અનેક દૈનિકપત્રોમાં અનેકવિધ જાહેરાતો દ્વારા વિરાટ-માનવ મહેરામણ સાથે અનેકાનેક સાંબેલા વગેરેની સજાવટપૂર્વક ભવ્યાતિભવ્ય વરઘોડામાં હાથીની અંબાડીમાં ૨ ગ્રન્થરત્નોને પધારવા પૂર્વક પ્રાયઃ કરીને સિદ્ધરાજ જયસિંહે સિદ્ધહેમ વ્યાકરણનો દબદબાપૂર્વકનો જે વરઘોડો કાઢેલ તે પછી સૌથી પ્રથમ આવો દબદબાપૂર્વકનો ભવ્યાતિભવ્ય વરઘોડો હોવો જોઈએ. અને આ જ બે પુસ્તકના પ્રકાશન નિમિત્તે પ્રકાશન હાઈસ્કૂલમાં મોટા પાયા પર પ્રાચીન અને અર્વાચીન જૈન સાહિત્યનો વિવિધ સામગ્રી સાથે જુદા જુદા વિષયોનો વિભાગવાર તેમની સમજૂતી આપતા લખાણ સાથે તો બધા જ રૂમો ભરીને ભવ્ય અને વિરાટ પ્રદર્શન અને પ્રકાશ હાઈસ્કૂલના વિશાળ પ્રાંગણમાં સુશોભિત ભવ્ય વિશાળ મંડપમાં દરેક સમુદાયના સાધુ સાધ્વી સાથે ચતુર્વિધ સંઘની ઘણી મોટી હાજરીમાં અનેક પ્રકારના કાર્યક્રમો સાથે બે ગ્રન્થરત્નોનું વિમોચન કરવામાં આવેલ, જેના કારણે સામાન્ય જનતા અને બુદ્ધિજીવી લોકો જૈન સાહિત્ય તરફ આકર્ષિત અને પ્રભાવિત થયેલ. ત્યારબાદ ક્રમે કરીને બંધવિજ્ઞાન મહાશાસ્ત્રના શતક વોલ્યુમનું ૧૫ ભાગમાં સંપૂર્ણ પ્રકાશન થયેલ. સચ્ચારિત્ર ચૂડામણિ, કર્મસાહિત્યનિપુણમતિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન મુજબ વિશાળકાય બંધવિજ્ઞાન પંદર ગ્રંથોના મૂળ ગ્રંથકાર, સ્વોપજ્ઞ સત્તાવિધાન ગ્રંથકાર અનેક વિદ્વાન મુનિવરોને પ્રાકૃત વ્યાકરણનો અભ્યાસ કરાવનાર, જ્ઞાની સાથે ૨૧–૨૫–૩૬ જેવા ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા કરનાર, વડીલોની ભક્તિ, વિનય, વૈયાવચ્ચવાળા મુનિશ્રી વીરશેખરવિજયજી મહારાજને ૨૭૦ વર્ધમાનતપની ઓળીના સમારાધક પૂ. આ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં પાલડી–રાજસ્થાનમાં સં. ૨૦૪૧ના જેઠ સુદ ૧૦ને બુધવારે તા. ૨૯-૫-૮૫ના શુભ દિવસે ગણિપદ અને સં. ૨૦૪૪ના ફાગણ વદ ૩ને રવિવારે તા. ૬-૩-૮૮ના શુભ દિવસે, ગત ચોવીશીના નવમા શ્રી દામોદર જિનના સમયમાં અષાઢી શ્રાવકે બનાવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામીનાં પ્રતિમાજીથી પાવન તીર્થમાં, પંન્યાસપદથી વિભૂષિત થયા.

ત્યારબાદ પૂ. પંન્યાસપ્રવરશ્રીના વરદ હસ્તે અનેકવિધ શાસનપ્રભાવના થઈ. શાહ દેવશી મેઘજી પેથડ પરિવારના આ પનોતા પુત્રને પગલે પગલે પરિવારમાંથી પણ ઘણી દીક્ષાઓ થઈ. પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન, ઓળી વગેરે તપો, પ્રતિષ્ઠા–અંજનશલાકા આદિ મહોત્સવો, છ'રીપાલિત સંઘો આદિ મહાન કાર્યો થયાં. ૩૫ વર્ષના દીક્ષાપર્યાયમાં તેઓશ્રીએ મહાન પ્રભાવનાઓ કરીને જૈનધર્મનો જયજયકાર પ્રવર્તાવ્યો. પરિણામે, ૯૪ વર્ષના દીર્ઘાયુષી ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાને અનુવર્તીને, તેઓશ્રીની જ તારક નિશ્રામાં, ૩૦મી અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે, સં. ૨૦૪૬ના ફાગણ સુદ ૧૧ ને બુધવારે તા. ૭-૩-૯૦ના શુભ દિવસે શ્રી નેમીશ્વર તીર્થ (ડોળિયા)ના પ્રાંગણમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. પ. પૂ. આ.ભ. શ્રીમદ્વિજય વીરશેખર સૂરીશ્વર (ત્યારે પંન્યાસ) મહારાજે 'સત્તાવિક્ષણં તત્થ મૂલપયડિસત્તા' વગેરે એકલા હાથે શરૂઆતથી અંત સુધીની જાતમહેનત કરી પીંડવાડામાં ૩૬–૪૫ છોડનું ઉજમણું ૪૫ આગમનો ભવ્ય વરઘોડો અનેક પૂજનો સહિત અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક તેઓશ્રીની જ નિશ્રામાં વિ.સં. ૨૦૪૩માં ૨૨ ગ્રંથરત્નોનું પ્રકાશન (વિમોચન) કરેલ. તેવી જ રીતે તેમણે જ એકલા હાથે જાત મહેનત કરીને તૈયાર કરેલ 'સત્તાવિક્ષણ તત્થુત્તરથપયડિસન્ના' વગેરે પુસ્તકો અને ૧ થી ૬ કર્મગ્રંથના ૧૦ પ્રકારના પુસ્તકોનું વિ.સં. ૨૦૫૩માં શ્રીપાલનગરમાં તેઓશ્રીની જ નિશ્રામાં એક સાથે જ ઉદ્ઘાટન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયેલ. તેમ જ હમણાં પણ વિ.સં. ૨૦૬૪માં પુનર્મુદ્રણ ૧૭ ગ્રંથરત્નો પ્રાયઃ કરીને પોષ મહિનામાં અને બાકીના પણ ગ્રંથરત્નોનું પણ આજ સાલમાં પ્રકાશન થવાની સંભાવના છે. પૂજ્ય આચાર્યશ્રી વિજયવીરશેખરસૂરીશ્વરજી મહારાજ નિરામય દીર્ઘાયુષ્ય પામીને અનેકવિધ શાસનપ્રભાવક કાર્યો કરતા રહો એ જ અભ્યર્થના! અને પૂજ્યશ્રીનાં ચરણારવિંદમાં કોટિ કોટિ વંદના! *સૌજન્ય : શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન શ્વે. સંઘ કાંદિવલી (ઈસ્ટ) મુંબઈ એક સદ્‌ગૃહસ્થ તરફથી.*

*વિશ્વવિક્રમી આરાધક, ઉગ્રવિહારી તપસ્વી, 'મરાઠાવાડ ઉદ્ધારક'*

## પૂ. આચાર્યશ્રી વિજયવારિષેણસૂરીશ્વરજી મહારાજ

છાણીનું અપરનામ સંયમનગરી રાખવું પડે એટલી દીક્ષાઓ આ નગરીમાં થઈ છે. પૂજ્યશ્રી પણ એ ભૂમિનું સંતાન છે. શ્રી શાંતિનાથ પ્રભુની શીતળ છાયામાં ધર્મપ્રિય સોમચંદભાઈ ગિરધરભાઈના ગૃહે માતા કમળાબહેનની કુક્ષિએ છ પુત્રરત્નોએ જન્મ લીધા હતા. પૂ. આ. શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજાદિનાં પાવન પગલે નગરનાં ૮૦ ઘરમાંથી ૧૨૫ ભગવંતો પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરી ગયા હતા. એવા વાતાવરણમાં ઊછરતાં કમળાબહેન અને સોમચંદભાઈનાં આ સંતાનોમાં ત્રીજા નંબરના મહેશભાઈ, ચોથા નંબરના કિરીટભાઈ, પાંચમા નંબરના મુકુન્દભાઈ અને છઠ્ઠા નંબરના તેજપાલભાઈ વૈરાગ્યના રંગે રંગાયા. ચારે પુત્રોને ઘરઆંગણે મહામહોત્સવપૂર્વક દીક્ષા ગ્રહણ કરાવનાર માતાપિતા ખરેખર ધન્યવાદના અધિકારી છે! સં. ૨૦૧૪ના માગશર સુદ પૂર્ણિમાને દિવસે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષામહોત્સવ થયો. પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરિજી મહારાજના શિષ્ય તરીકે ચાર ભાઈઓ મુનિશ્રી વિજયસેનવિજયજી, શ્રી વજ્રસેનવિજયજી, શ્રી વલ્લભસેનવિજયજી અને શ્રી વારિષેણવિજયજી નામે જાહેર થયા.

દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી વારિષેણવિજયજી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં શાસ્ત્રાધ્યયન અને તપ–આરાધનામાં ખૂબ જ આગળ વધ્યા. તેઓશ્રીને સં. ૨૦૩૭ના મહા સુદ ૧૪ને દિવસે મદ્રાસમાં પૂજ્યપાદ આચાર્યશ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજના હસ્તે પંન્યાસપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ના મંગલ દિને શ્રાવસ્તિનગરીમાં શ્રી સંભવનાથ જિનાલય અંજનશલાકા મહોત્સવ પ્રસંગે 'કર્ણાટક-કેસરી' પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સૂરિપદથી શોભાવવામાં આવ્યા. એક જ વર્ષમાં પંચપ્રસ્થાનની આરાધના કરીને પૂજ્યશ્રી એક દિવ્ય પ્રભાવક બની રહ્યા છે. મરાઠાવાડામાં અનેક નગરો–ગ્રામોમાં ત્રણ વર્ષ સતત વિચરીને ધર્મવિમુખ પ્રજાને ધર્માભિમુખ બનાવી. ઔરંગાબાદમાં પૂજ્યશ્રીની ૭૫મી ઠામચૌવિહારી એકાદશીની ઓળીના પારણે અનેક સંઘોએ મહોત્સવપૂર્વક તેઓશ્રીને 'મરાઠાવાડા ઉદ્ધારક'ની પદવી આપી. પૂજ્યશ્રીએ પ્રથમવાર જ મરાઠાવાડ પ્રદેશમાં ઉદ્યાપન, ઉપધાન તપ, અંજનશલાકા મહોત્સવો ઊજવવાનો યશ પ્રાપ્ત કર્યો છે.

જેમ દક્ષિણ ભારતના પ્રાંતોમાં પૂજ્યશ્રી શાસનપ્રભાવના દ્વારા 'જૈનં જયતિ શાસનમ્'નો જયઘોષ ગાજતો કરી રહ્યા, તેમ ભારતનાં છેક ઉત્તર છેડે–નેપાલમાં પણ તેઓશ્રીએ વીરપ્રભુના શાસનનો ધ્વજ લહેરાવ્યો છે. નેપાલમાં મૂર્તિપૂજક શ્રમણ તરીકે પ્રવેશ કરનાર પૂજ્યશ્રી પહેલા છે. નેપાલની સરહદે ફારબીસગંજ, ફૂલકા વગેરે નગરોમાં જિનમંદિરની પ્રતિષ્ઠા તેઓશ્રી હસ્તક થઈ છે. ઉગ્ર વિહાર એ પૂજ્યશ્રીનું એક પ્રભાવક લક્ષણ છે; તો ઉગ્ર તપશ્ચર્યા એ તેઓશ્રીનું બીજું વિશ્વવિક્રમી લક્ષણ છે. વર્ધમાન તની ૮૭મી ઓળી પૂર્ણ કરી (સં. ૨૦૪૭) ૮૮મી ઓળી ઠામચૌવિહારી એકદત્તીથી કરી રહ્યા છે. એકદત્તી ઠામચૌવિહારી ઓળી કરનાર વર્તમાનમાં પૂજ્યશ્રી વિશ્વવિક્રમ ધરાવનાર આચાર્યપ્રવર છે. પૂજ્યશ્રીની શાસનપ્રભાવના પણ અત્યંત પ્રભાવક પુરવાર થઈ છે. તેઓશ્રીની પ્રેરણાથી વિવિધ સંઘોમાં અનેક આયંબિલ ખાતાં સ્થપાયાં છે. પૂજ્યશ્રીએ પણ ૭૦૦૦ આયંબિલ અને ૧૫૦૦ એકાસણાંની આરાધના કરી છે. ૫ ઉપધાન તપ, ૬ શિખરબંધ મંદિરમાં પ્રતિષ્ઠાઓ, ૬ ગૃહમંદિરે પ્રતિષ્ઠાઓ, અંતરિક્ષજી તીર્થ તેમ જ હિંગોળીથી શત્રુંજય તીર્થનો ૯૨૫ કિ.મી.નો, ૩૦ દિવસનો, અતિ ઉગ્ર વિહારપૂર્વકનો અને અઢાર અભિષેકના ઐતિહાસિક પ્રસંગે શત્રુંજય તીર્થે ઉપસ્થિત થઈ અનુમોદનીય બનેલો અદ્વિતીય યાત્રાસંઘ; ૧૦ અંજનશલાકા ઉત્સવ, ૨૧ માસક્ષમણ તપશ્ચર્યાઓ, ૪ દીક્ષાઓ, ૭૧ છોડનાં ઉજમણાં આદિ અનેક શાસનપ્રભાવનાઓ પૂજ્યશ્રીની નિશ્રામાં થઈ છે. ઉપરાંત પૂજ્યશ્રીએ ૧૦૦ વર્ધમાનતપ ઓળી પૂર્ણ કરી ૐકારતીર્થમાં અંજનશલાકા, પ્રતિષ્ઠામહોત્સવમાં પારણું કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના સંયમજીવનના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે કરેલી નગરે ૫ છોડ ઉદ્યાપન દ્વારા, પૂજન દ્વારા ઉજવણીનું પણ આયોજન થયેલું. એવા એ મહાન ઉગ્રવિહારી, ઉગ્ર તપસ્વી સાધકને અંતઃકરણપૂર્વક શતશઃ વંદના!

*સૌજન્ય : શ્રી જૈન દેરાસર પેઢી : (જ્ઞાનભંડાર ખાતા) કરેલી (M.P.)*

## પૂ. પ્રવચનકાર આચાર્યશ્રી મહાસેનસૂરિજી મ.સા.

જીવન–કવન

ભારતવર્ષમાં પ્રસિદ્ધ એવી સંસ્કારનગરી વડોદરા (વટપદ્ર) નગરની સમીપ સંસ્કાર–સદાચાર–ધર્મપ્રત્યે સમર્પણભાવથી યુક્ત એવું છાયાપુરી (છાણી) નામનું પ્રાચીન નાનું ગામ, જે ગામમાં વસતાં ભાવિકોને દેવગુરુની અપૂર્વ છાયા + પૂરી હતી તેવા છાયાપુરી ગામમાં ધર્મસંસ્કારી કુટુંબ મોહનભાઈનું વસે, માતુશ્રી શકરીબહેને ધર્મના સંસ્કાર પૂરા કુટુંબમાં વાવ્યા. તેના સહારે ૨ પુત્ર, ૨ પુત્રી, ૨ પૌત્રીઓને પ્રભુવીરે સ્થાપેલા ભવસમુદ્ર તરવા જહાજ સમાન દીક્ષા એવા સંયમમાર્ગે પ્રસ્થાન કરાવેલ. માતુશ્રીની ભાવના જીવનના છેલ્લા શ્વાસ સુધી સંયમ લેવાની તમન્નાથી ભાવિત હતી. સુપુત્ર મનકકુમારે ૧૧ વર્ષની લઘુવયે ઉપધાનતપની આરાધના પૂ. દાદાગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં કરી સાથે પૂ. વડીલબંધુ મુનિ વીરસેનવિજય મ.ના સંસર્ગથી મનને વૈરાગ્યવાસિત બનાવી ધર્મમાર્ગમાં આગળ વધ્યા. સંયમ લેવાની તમન્ના તીવ્ર. તેમાં સંયોગ સં. ૨૦૧૯માં પં. ગુણાનંદવિ મ. મુનિ ચંદ્રશેખર વિજય મ.નું ચોમાસું છાણીમાં થતાં પ્રભાવક પ્રવચનોથી દીક્ષાની ખાણી એવી છાણી નગરીનું નામ સાર્થક કરવા મનકકુમાર સંયમ લેવાની દૃઢતાવાળા થતાં પૂ. બંધુમુનિના ચરણોમાં ઉપસ્થિત થયા અને પ્રાચીન મહાન તીર્થ અંતરિક્ષમાં શ્રી વિઘ્નહરાપાર્શ્વનાથપ્રભુની પ્રાણપ્રતિષ્ઠાના પાવન અવસરે પૂ. દાદા ગુરુદેવ શ્રી ભુવનતિલકસૂરિજી મ.ના શુભહસ્તે દીક્ષિત થઈ સંયમમાર્ગમાં જ્ઞાન–ધ્યાન–ભક્તિમાં આગળ વધી સારા પ્રવચનકાર થયા. તપોયોગમાં આગળ વધી ધ્યાનયોગમાં શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના ધ્યાનમાં રહેતા છાણી નગરમાં પૂ. આ. પુણ્યાનંદ સૂ.મ.ના હસ્તે પંન્યાસપદથી અલંકૃત થયા. ૐકારતીર્થ નિર્માણમાં પ્રેરકબળ સુંદર આપેલ. શાસનપ્રભાવનાની અપૂર્વ ધગશ જોતાં પૂજ્યશ્રીએ શ્રી મહાવીર લબ્ધિધામ–પન્હાળા મધ્યે આચાર્યપદથી અલંકૃત કર્યા. આજે શાસનપ્રભાવના સહ જ્ઞાન–ધ્યાન–સાધના કરતાં કરતાં પૂ. ગુરુદેવશ્રીની સહ વિચરી રહ્યા છે.

પૂજ્યશ્રીનો પરિચય–પરિમલ

★ જન્મ : વિ.સં. ૨૦૦૨, ચૈત્ર સુદ–૧૧, છાણી.

★ દીક્ષા : વિ.સં. ૨૦૨૦, મહા વદ–૧૩ અંતરિક્ષ તીર્થ

★ પંન્યાસપદ : વિ.સં. ૨૦૫૧, મહા વદ–૨, છાણી.

★ આચાર્યપદ : વિ.સં. ૨૦૬૧, પોષ સુદ–૫ પન્હાળા–કોલ્હાપુર.

*સૌજન્ય : પૂ. મુનિશ્રી વિક્રમસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી ભક્તજનોના સૌજન્યથી.*



### શ્રીકૃષ્ણની પટરાણી રુક્મણી

કૃપાળુદેવ! પુત્રનો વિયોગ કેમ થયો?

ભગવાન નેમિનાથે રૂક્મણીને પૂર્વ ભવે મોરલીના ઈંડા ઉપાડી માતાથી તેનો સોળ પહોર વિયોગ કર્યાની વાત કહી. આ કર્મ સોળ વર્ષે પૂર્ણ થશે ને તમોને પુત્ર મળી જશે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભારતભૂષણ મહાપુરુષો

પૂર્વકાળથી જૈનાચાર્યોનો રાજ્યસત્તા ઉપર ખૂબ પ્રભાવ રહ્યો છે. સિદ્ધસેન દિવાકરસૂરિ, આચાર્યશ્રી બપ્પભટ્ટીસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે અનેકાનેક પૂજ્ય સૂરિવર્યોએ રાજ્યશાસન ઉપર પોતાની પ્રભાવછાયા પ્રસારીને જૈનશાસનની જ્યોતિને વધુ ને વધુ દીપ્તિમંત બનાવી હતી. આજે રાજાશાહી શાસનપ્રથા અસ્તિત્વમાં નથી. રાજાશાહીનું સ્થાન લોકશાહીએ લીધું છે. લોકશાહી શાસનવ્યવસ્થામાં સત્તા એક જગ્યાએ કેન્દ્રિત નથી હોતી તેમ કાયમી કે વંશપરંપરાગત પણ નથી હોતી. તે સંયોગોમાં રાજકારણ ઉપર વર્ચસ્વ કે પ્રભાવ એ ઘણી મુશ્કેલ બાબત બની છે. પૂર્વના રાજાઓ જેવી સાત્વિકતા પણ આજના રાજ્યકર્તાઓમાં જડવી મુશ્કેલ બની હોવાથી ક્યારેક રાજકારણીઓ સાથેના સંબંધો બહુ હિતાવહ પણ રહેતા નથી. તે છતાં, આવા વિકટ સંયોગોમાં પણ અનેક પૂ. આચાર્ય ભગવંતો રાષ્ટ્રીય માન અને ગૌરવને ધારણ કરી રહ્યા છે અને પ્રભુશાસનના અહિંસા આદિ દિવ્ય સંદેશને દિગંતમાં પ્રસરાવી રહ્યા છે.

## પૂ. મુનિશ્રી મોહનલાલજી મ.સા.

*લે. મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મ.*

પૂ.શ્રીનો જન્મ–વિ.સં. ૧૮૮૭ ચાંદપુર (મથુરા) વિ.સં. ૨૦૪૬–૪૭નું વર્ષ મુંબઈમાં જૈન મુનિ ભગવંતોનું વિહાર–વિચરણનું શતાબ્દી વર્ષ છે. જૈન મુનિ તરીકે સૌપ્રથમ મુંબઈમાં પ્રવેશ કરનાર સ્વ. પૂજ્યશ્રી મોહનલાલજી મહારાજ હતા. આ ઘટનાને ઐતિહાસિક દરજ્જો મળી ચૂક્યો છે. વિ.સં. ૨૦૬૩ના ચૈત્ર વદ–૧૨નો દિવસ પૂ.શ્રીની ૧૦૦મી સ્વર્ગારોહણ–શતાબ્દી વર્ષ તરીકે ઉજવાયો.

વિ.સં. ૧૯૪૭માં મુંબઈ મહાનગરીમાં પૂ.શ્રીનું પદાર્પણ થતાં જૈન સંઘ આનંદવિભોર બની ગયો અને ભાયખલામાં પ્રવેશ પછી માધવબાગના એક ભાગરૂપે વાડીનું લાલબાગમાં રૂપાંતર થયું. લાલબાગનું નામકરણ પણ પૂ.શ્રીના નામથી થયું. શ્રી મોહનલાલજીમાંથી લાલ + બાગ = લાલબાગનો જન્મ થયો.

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન મુંબઈના ટાપુ ઉપર અંગ્રેજોની વસતી પણ ઘણી મોટી હતી. એટલે મુંબઈ મ્લેચ્છોની નગરી તરીકે જાણીતું હતું, ત્યારે બીજી બાજુ જૈનોની સંખ્યા વ્યાપારાર્થે આવતી હતી. જિનમંદિરો હતાં પણ જૈન સાધુઓ ન હતા. જો કે વસઈની ખાડી ઉપર રેલવે બ્રીજ હતો પણ પગપાળા વિહાર કરીને પહોંચવું મુશ્કેલ હતું. ગત શતકમાં શ્વેતાંબર જૈનપરંપરામાં મંદ પડેલી ધર્મભાવનાને ઢંઢોળીને પ્રાણ પૂરનાર પૂજ્યશ્રી હતાં. તેવી જ રીતે બીજા મહાત્માઓ પણ હતા. તેમાં વિશેષ ઉલ્લેખનીય બુટેરાયજી મહારાજ, આત્મારામજી (વિજયાનંદસૂરિ) મહારાજ, બુદ્ધિસાગરસૂરિ મ., વિજય શાંતિસૂરિ મ. વગેરે જેવા મહાપુરુષોનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

આપણે આશ્ચર્યચકિત થઈએ તેવી વાત તો એ છે શ્રી બુટેરાયજી મ. ક્ષત્રિય હતા. આત્મારામજી જન્મે બ્રહ્મક્ષત્રિય હતા. બુદ્ધિસાગરસૂરિજી પાટીદાર હતા અને યોગી શાંતિસૂરિજી જન્મે રબારી–આહિર હતા અને આપણા શ્રી મોહનલાલજી મ. જન્મે બ્રાહ્મણ હતા.

આ મહાપુરુષોનું જૈન ધર્મ માટેનું યોગદાન અપૂર્વ હતું.

આપણા ચરિત્રનાયક શ્રી મોહનલાલજી મ.ના જીવનમાં નોંધપાત્ર ઘટનાઓ આ મુજબ છે :

(૧) જન્મે બ્રાહ્મણ હતા. વિદ્યાભ્યાસ પછી યતિદીક્ષા લીધી હતી.

(૨) ત્યાગ–સંયમમાં રુચિ જાગૃત થતાં યતિજીવનની જાહોજલાલી છોડીને સંવેગી દીક્ષા લીધી.

(૩) ગચ્છ–સંપ્રદાયની દૃષ્ટિએ ખરતરગચ્છની સમાચારી પછી તપગચ્છની સમાચારી સ્વીકારી હતી. તેમનું આ સમન્વયકારી પગલું હતું. તેઓ બંને પક્ષે ઉદાર હતા.

(૪) પોતે મુનિ તરીકે રહીને શિષ્યપરિવારને ગણિ તથા પંન્યાસ પદવી આપીને તેમનું મૂલ્યાંકન કર્યું હતું.

(૫) સૌ પ્રથમ મુંબઈમાં પ્રવેશ કરી તેમણે જૈન સાધુઓનો વિહારમાર્ગ ખુલ્લો કર્યો હતો. એ શ્રેય તેમને જ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) જૈનો ઉપરાંત હિન્દુ, પારસી, મુસલમાન, ખ્રિસ્તી વગેરે જનતાને પ્રતિબોધ પમાડીને જૈનધર્મ તરફ સન્મુખ કરી હતી.

(૭) એક વચનસિદ્ધ મુનિ હતા. તેમનો પરચો જેમને મળ્યો તે કૃતાર્થ થઈ ગયા. શ્રી દેવકરણમૂલજીને પૂ.શ્રીની કૃપા ફળી હતી. તેઓ વંથલી ગામના વતની હતા.

(૮) હમણા પૂ.શ્રી મોહનલાલજી મ.નો એક રંગીન સ્વતંત્ર ફોટો જોવા મળે છે. ભારતમાં ફોટોગ્રાફી એટલી સુલભ ન હતી ત્યારે પૂ.શ્રીના ભક્ત એવા એક વહોરા જ્ઞાતિના ભાઈએ લીધો હતો અને તેની પ્રિન્ટ ઈંગ્લેન્ડમાં કઢાવી તેની દશ હજાર કોપી લાલબાગ–ઉપાશ્રયે વેચાણમાં મૂકતાં શેઠશ્રી દેવકરણમૂળજીએ બધી જ કોપી ખરીદીને સંઘના લોકોને દર્શનાર્થે ભેટ આપી હતી.

(૯) વિ.સં. ૧૯૬૦માં વાલકેશ્વર સ્થિત બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરની મૂળનાયકની પ્રતિષ્ઠા પૂ.શ્રીના વરદહસ્તે થઈ. તેનો શતાબ્દી મહામહોત્સવ ૧૦૮ દિવસીય મંગલમય કાર્યક્રમ આજથી બે વર્ષ પૂર્વે એટલે કે વિ.સં. ૨૦૬૦, તા. ૨૦-૧૧-૨૦૦૩ થી ૩૦-૧૧-૦૩ દરમિયાન શતાધિક પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિમાં ઊજવાયો હતો. ગવાક્ષમાં ગુરુમૂર્તિ પણ બિરાજમાન છે અને શિલાલેખ પણ ઉત્કીર્ણ છે. (યક્ષ–યક્ષિણીની મૂર્તિ નીચે.)

(૧૦) વિ.સં. ૧૯૬૩, ચૈત્ર વદ–૧૨ના વિજયમુહૂર્તે સુરત મુકામે પૂ.શ્રી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યારે ચમત્કાર સર્જાયો હતો.

"વિના દાહે થાય, અગ્નિ સંસ્કારી,
ગુરુદેવ મોહનલાલજી મહિમા ભારી"

પૂ.શ્રીની આ સંક્ષિપ્ત યશોગાથા જૈનઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ છે.

*સૌજન્ય : શ્રેષ્ઠીવર્ય મોહનલાલ પોપટલાલ મહેતા પરિવાર મુ. ઉમરગામ રોડ, જિ. વલસાડ (દ. ગુજરાત)*

## પોતાના સમગ્ર કુટુંબને સંયમમાર્ગે વાળનાર પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ

સમગ્ર ભારતવર્ષ આઝાદી માટેના નારાઓથી ગુંજતું હતું ત્યારે જિનશાસનનાં કેટલાંક તીર્થસ્થાનોને આઝાદી અને આબાદીના પંથે લઈ જવામાં અગ્રણી એવા ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજનો જન્મ થયો હતો. ઉત્તર ગુજરાતનું ગામ ઉનાળા, ઊંઝા પાસેનું મીરાદાતાર. ત્યાં પિતા નહાલચંદ અને માતા ખુશીબહેનને ઘરે સં. ૧૯૫૭ના ભાદરવા સુદ ૭ને દિવસે એક પુત્રનો જન્મ થયો. કુટુંબીજનોએ નામ રાખ્યું મૂલચંદભાઈ. મૂલચંદભાઈ બાળપણથી હોશિયાર હતા. અભ્યાસમાં અને અભ્યાસ પૂરો કરીને ધંધામાં સારી કુશળતા દર્શાવી. પરિણામે, ધંધાના વિકાસ અર્થે મુંબઈ ગયા, પણ મુંબઈ પહોંચતાં જ જીવનની દિશા ફરી ગઈ. અમદાવાદના શેઠ ભગવાનદાસ (પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી) તથા શેઠ ચીમનલાલ (પૂજ્યશ્રીના દીક્ષાગુરુ) પૂ.આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી આદિની મિત્રમંડળી રચાઈ. પૂ. શ્રી આનંદસાગર મહારાજ, પૂ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ, પૂ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજનાં વ્યાખ્યાનો નિયમિત સાંભળવા જવા લાગ્યા. આ મંડળીની સંખ્યા ૪૫ ઉપર પહોંચી. સાથે પ્રતિક્રમણ, સાથે પૂજા, સાથે સ્નાત્રપૂજા, સાથે પૌષધ આદિ જોઈને સૌના અચંબાનો પાર રહેતો નહીં. આ વાતાવરણમાં મૂલચંદભાઈને દીક્ષાની ભાવના જન્મી, પરંતુ એમાંયે માત્ર પોતાને એકલાને જ આ સન્માર્ગે લઈ જવાને બદલે આખા કુટુંબને આ માર્ગે લઈ જવાનો મનોરથ જાગ્યો. સૌ પ્રથમ પોતાના મોટા પુત્રને દીક્ષા અપાવી; તેઓ મુનિ શ્રી મહોદયસાગરજી મહારાજના નામે ઘોષિત થયા. ત્યાર પછી પોતે જામનગરમાં પૂ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે પ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરજી મહારાજના શિષ્ય તરીકે ધર્મસાગરજી નામે શાસનના અણગાર બન્યા. બે વર્ષ ચારિત્રપાલન, તપશ્ચર્યા, શાસ્ત્રાભ્યાસ આદિમાં ખૂબ પ્રગતિ સાધી ધર્મસાગરજી મ.ના પૂરા પરિવારે દીક્ષા લીધી. તેમાં પોતાની પત્ની ૨ પુત્રો ૧ પુત્રી અને ખુદ એમ પાંચની દીક્ષા થઈ તેમાં મહાન વિદ્વાન શિરોમણિ પ્રથમ નંબરનો પુત્ર મુનિ મહોદયસાગરજી મ.સા. દીક્ષાના અલ્પપર્યાયમાં અનેક સભાઓમાં ધર્મદેશના દ્વારા જિનશાસનના નામનો ડંકો વગાડ્યો હતો. તેમની પાછળ મુનિ દર્શનસાગરની પ્રભા નીખરી અને ધર્મસાગરજી તીર્થરક્ષાના કાયદાકોર્ટના કામોની આગેવાની લીધી હતી. તપસ્વી મહાન હતા. અઠ્ઠાઈના પારણે અજૈનને ત્યાંથી ગોચરી લાવી એકાસણાથી પારણા અને આયંબિલમાં કરિયાતુ આદિ ભેગુ કરી ૧૫-૨૦ મિનિટમાં વાપરી લેવું આ ત્યાગ ઉચ્ચો અનેરો હોવાથી એમને લોકો લાકડાના મહાદેવના ઉપનામથી પણ સંબોધી તપાનુમોદના કરતાં હતાં. આવા હતાં પૂ. ધર્મસાગરજી મ. અને પોતાના બીજા પુત્ર અમૃતકુમારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શંખેશ્વરમાં બાળવયે, દીક્ષાવિરોધની જંગી જેહાદ વચ્ચે દીક્ષા અપાવીને, સ્વશિષ્ય બનાવી બાલમુનિ શ્રી અભયસાગરજી નામ આપ્યું. અહીંથી ન અટકતાં, સં. ૧૯૯૧માં રતલામમાં સંસારી પત્ની અને સુપુત્રીને દીક્ષા અપાવી સાધ્વી શ્રી સદ્‌ગુણાશ્રીજી અને બાલસાધ્વી શ્રીસુલસાશ્રીજી નામથી વિભૂષિત કર્યાં. આમ આખું કુટુંબ જિનશાસનને ચરણે ધરી દીધું.

પૂજ્યશ્રીએ પોતાના વિહારમાં એક સિંહની માફક ગર્જના કરીને ધર્મસ્થાનો પર આવેલા ભયને હટાવેલા છે. સરકાર સામે વણથંભી લડત આપીને વિજય હાંસલ કર્યો છે.

પૂજ્યશ્રીએ સં. ૧૯૮૬થી સં. ૨૦૩૪ સુધીમાં ૪૮ ચાતુર્માસ કર્યાં; તેમાં ખંભાત, ચાણસ્મા, ડભોઈ, વેજલપુર, ઊંઝા, અમદાવાદ, પાલિતાણા, કપડવંજ, રાજકોટ આદિ ગુજરાતનાં નગરો મુખ્ય છે. જ્યારે રતલામ, ઈન્દોર, સીતામહુ, મંદસૌર, આગ્રા, ઉજ્જૈન, ઉદયપુર, નાગપુર, કાનપુર, મુંબઈ સિરોહી આદિ ગુજરાત બહારનાં નગરો છે. આ બતાવે છે કે તેઓશ્રીએ શાસનનાં કાર્યો માટે અવિરામ વિહાર કર્યો છે. એટલું જ નહિ, ૪૮ વર્ષના દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ ૨૧ થી ૩૨ ઓળી ચાલુ વર્ષીતપમાં, ૩૩ થી ૩૭ ઓળી છઠ્ઠ–અઠ્ઠમના વર્ષીતપમાં, ૩૮ થી ૫૫ ઓળી ચાલુ વર્ષીતપમાં કરીને ૧૯ વર્ષીતપ કરેલ. આવા તપસ્વી મુનિરાજનો વિશેષ પ્રભાવ પડતો અને અનેક પુણ્યાત્મા તેમના વરદ્ હસ્તે સંયમમાર્ગે સંચરવા સજ્જ થતા. પૂજ્યશ્રીના હસ્તે ૬૦ ઉપરાંત મુમુક્ષુઓએ દીક્ષા ગ્રહણ કરી હતી. ૪૦ ઉપરાંત ઉપધાન તપ થયાં હતાં. જેમાં પાલિતાણામાં ૧૮૦૦ આરાધકોને એક સાથે કરાવેલ ઉપધાન તપ આજે પણ એક વિક્રમ છે. ૨૫ ઉપરાંત તીર્થસ્થળો પર શાશ્વતી ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના થઈ. સમસ્ત માળવા અને મેવાડને ગામડે ગામડે વિચરીને ધર્મજાગૃતિ લાવ્યા. ૩૦ ઉપરાંત પ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયા. ૧૭૫ ઉપરાંત ગામોમાં પાઠશાળાઓ સ્થાપી. શ્રી માંડવગઢ, શ્રી નાગેશ્વર, શ્રી મહાવીરજી (જયપુર) આદિ તીર્થોનો ઉદ્ધાર કરાવ્યો. શાસનરક્ષાર્થે 'અખિલ ભારતવર્ષીય જૈન સંસ્કૃતિરક્ષક સભા', 'રાજસ્થાન જૈન સંઘ', 'માળવા–મેવાડ નવપદ સમાજ' ઈન્દોર પેઢી, માંડવગઢ પેઢી, કેશરિયાજી પેઢી આદિની સ્થાપના કરી. આટઆટલી શાસનપ્રભાવના છતાં સાચા સાધુને છાજે તેવી નિઃસ્પૃહતા તો ગજબની હતી. માન–કષાય પર અદ્‌ભુત કાબૂ ધરાવતા હતા. ક્યાંય પોતાનો ફોટોગ્રાફ મૂકવાની પણ મનાઈ ફરમાવતા. ઉપાધ્યાયપદવી તો કેટલાય પ્રયત્નો પછી સ્વીકારેલી એ પૂજ્યશ્રીની કાર્યસિદ્ધિ પરનો સુવર્ણકળશ છે.

અર્ધી સદીના દીક્ષાપર્યાયમાં, ૭૮ વર્ષની જૈફ વયે પણ પૂજ્યશ્રી અવિરત ઉત્સાહપૂર્વક શાસનકાર્યો કરી રહ્યા હતા. સં. ૨૦૩૪માં ઊંઝામાં સ્થિત હતા. અવસ્થાને લીધે તબિયત વારંવાર નાદુરસ્ત થતી જતી હતી. ચોમાસું બેસવાના આગલા દિવસે, અષાઢ સુદ ૧૩ ના રોજ પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય કથળ્યું. પોતે આ સમય ઓળખી ગયા હોય તેમ સભાન બની ગયા. ગોચરીની અનિચ્છા દર્શાવી. રાત વીતી. ચોમાસી ચૌદશની વહેલી સવારે ૪-૨૫ કલાકે પૂજ્યશ્રીએ પૂર્ણ શુદ્ધિ અને ક્રિયારુચિપૂર્વક પ્રતિક્રમણ, પડિલેહણ, દેરાસરનું ચૈત્ય, પચ્ચક્ખાણ પારવાની ક્રિયા આદિ કર્યાં. મુહપત્તિનું પડિલેહણ એક જ હાથે પોતે બોલપૂર્વક કર્યું. બપોરે ૪-૦૨ કલાકે નમસ્કાર મહામંત્ર, ચત્તારિ મંગલમ્‌ની ધૂન વચ્ચે પૂજ્યશ્રીનો પવિત્ર આત્મા સમાધિની આખરી સલામ ભરીને અગમ–અગોચરમાં સરકી ગયો! ઊંઝા સંઘે કરેલા તાર–ટેલિફોનથી સમગ્ર દેશમાંથી માનવમહેરામણ ઊમટ્યો. બીજે દિવસે ૧૧-૩૦ કલાકે દેવવિમાન શી પાલખીમાં મહાયાત્રા નીકળી. બપોરે ૨-૦૦ કલાકે પૂજ્યશ્રીના પાર્થિવ દેહને અગ્નિદાહ દેવાયો. એ પવિત્ર ભૂમિ પર પૂજ્યશ્રીનું સ્મારક રચવાના નિર્ણય સાથે સૌ પાછા ફર્યા. અનેક સ્થળોએ થયેલી ગુણાનુવાદસભાઓ પૂજ્યશ્રીનાં કાર્યોની ગુણગાથા બની રહી!

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી*
*શ્રી વર્ધમાન જૈન પેઢી, પાલિતાણા*

*જંબૂદ્વીપ યોજનાના નિર્માતા*

## પૂ. પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી મ.

વિજ્ઞાન જ્યારે વિશ્વના સીમાડા ઓળંગી વિજ્ઞાનના મતે ચંદ્રલોક પર પહોંચ્યું ત્યારે સમગ્ર જગતમાં ખળભળાટ મચી ગયો. લોકો કહેવા લાગ્યા કે, શું આગમો! શું વેદો અને શું પુરાણો! બધું જ ગપ છે. પુણ્ય અને પાપને બહાને, દેવ અને નર્કને નામે, ધર્મગુરુઓ ધૂતે છે. વિજ્ઞાનીઓએ વિશ્વ પર ઉપકાર કર્યો, એણે જનતાને ધર્માચાર્યોની જૂઠી ઝંઝાળમાંથી બચાવી. ભલું થજો એ વિજ્ઞાનીઓનું!—આવું આવું સાંભળી એક મહાત્માનું દિલ દ્રવી ઊઠ્યું, હૃદય પોકારી ઊઠ્યું : "અરે, જે સકળ જીવન લોકકલ્યાણ અર્થે ખર્ચે તે મહાત્માઓ પર આવું આળ! જગદુદ્ધારક ધર્મ પર આવું કલંક! પેટ માટે પસીનો પાડતા એ વિજ્ઞાનીઓ સાચા નથી, એ વાત મારે જગતને જણાવવી પડશે" અને એ મહાત્માએ પરદેશના લેખકો–ચિંતકોના વિચારોનું મંથન કર્યું અને કલમ ઉપાડી. વિજ્ઞાન સામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોરચો માંડ્યો. એક-બે નહીં, પાંચ-સાત નહીં, જુદી જુદી ભાષામાં જુદી જુદી દલીલોથી પચીસ-પચીસ પુસ્તકો બહાર પાડ્યાં. "ઓ વિજ્ઞાનીઓ! તમે સાચા નથી. તમારી માન્યતામાં કંઈક મણા છે. ધર્માચાર્યોને જૂઠા બોલવાની કોઈ જરૂર નથી. વિશ્વના ધર્મો અને તત્ત્વજ્ઞાનમાં ભારતીય ધર્મો અને તત્ત્વજ્ઞાન શ્રેષ્ઠ કોટિના છે. એ પ્રતિપાદિત સત્ય સાથે ભારતનાં શાસ્ત્રો, ભૂગોળ અને ખગોળ વિજ્ઞાનમાં પણ ઉચ્ચ કોટિની માહિતી ધરાવે છે અને તેથી ભારત અવકાશક્ષેત્રે તેમ જ ભૌગોલિક ક્ષેત્રે વિજ્ઞાનમાં પણ મોખરે છે"-એવી એવી દલીલો દ્વારા ભારતીય તત્ત્વજ્ઞાનની સિદ્ધિ અને સાર્થકતા સાબિત કરી, વિશ્વભરના વિજ્ઞાનીઓને આશ્ચર્યમાં મૂકી દીધા. પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી ગણિવર જૈનશાસનના ગૌરવ રૂપ હતા.

ગુજરાતના મહેસાણા જિલ્લામાં ખાબોચિયા જેવડું ઉનાવા (મીરાદાતાર) ગામ તે પૂજ્યશ્રીનું જન્મસ્થાન. પિતા મૂલચંદભાઈ (ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ), માતા મણિબહેન (સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીજી મહારાજ)ના એ લાડીલા સંતાન. જન્મનામ અમૃતકુમાર. ભાઈ મોતીલાલ (મુનિશ્રી મહોદય-સાગરજી મહારાજ) અને બહેન સવિતા (સાધ્વીશ્રી સુલસાશ્રીજી મહારાજ) સાથે લાડકોડથી ઊછરતા હતા. સં. ૧૯૮૧ના જેઠ વદ ૧૧ના પુનિત પ્રભાતે જન્મેલા આ પનોતા પુત્રના આગમન પછી માતાપિતાની ધર્મભાવના ઉત્તરોત્તર વધતી ચાલી. સદ્‌ગુરુનાં ચરણોમાં જીવન વિતાવવાની તાલાવેલી જાગી. માતાપિતાના આ સંસ્કારો નાનકડા અમૃતલાલને વારસામાં મળ્યા. તેમની ધર્મભાવના વિકસી અને આગળ જતાં, દીક્ષાની ભાવના દૃઢ થઈ. તેમણે માતાપિતા પાસે પ્રવજ્યાના પુનિત પંથે પ્રયાણ કરવાની અનુજ્ઞા માંગી. તે જમાનામાં બાળદીક્ષાનો પ્રબળ વિરોધ હતો. અમૃતલાલના માર્ગમાં અણકલ્પ્યા અંતરાયો ઊભા થયા પરંતુ અંતે અંતરની ઈચ્છાનો વિજય થયો. પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિજી રાહબર બન્યા. સાડા છ વર્ષની ઉંમરે સં. ૧૯૮૮ના માગશર વદ ૧૧ને પુણ્ય દિને શ્રી શંખેશ્વર મહા-તીર્થની છાયામાં બાલદીક્ષાનો મહોત્સવ ઊજવાયો. સિદ્ધચક્રારાધક તીર્થોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજના શિષ્ય મુનિશ્રી અભયસાગરજી બન્યા. માતા અને બહેન તથા ભાઈ પણ દીક્ષિત બન્યાં હતાં. આમ, પિતાપુત્ર ગુરુ-શિષ્ય બન્યા.

મુનિશ્રી ધર્મસાગરજીએ બાલમુનિમાં સંસ્કારો સાથે જ્ઞાનવૃદ્ધિ થાય તેવા પ્રયત્નો આદર્યા. ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, આદિના અધ્યયન સાથે જૈનધર્મનું અગાધ જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. પરિણામે, તેઓશ્રી જૈનધર્મના ગણનાપાત્ર શાસ્ત્રવેત્તા તરીકે સિદ્ધ-પ્રસિદ્ધ થયા. 'ज्ञान क्रियाभ्यां मोक्षः' એ જૈનધર્મના સૂત્ર પ્રમાણે જ્ઞાન અને ક્રિયા એક જ રથનાં બે ચક્રો છે. મુનિશ્રીએ બંને ચક્રોને સુસાધ્ય બનાવી દીધાં. સં. ૨૦૨૨માં જેઠ વદ ૧૧ને દિવસે કપડવંજ મુકામે ગચ્છાધિપતિ પૂજ્યપાદ શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે ગણિપદથી અલંકૃત કરવામાં આવ્યા અને સં. ૨૦૨૯ના મહા સુદ ૩ને દિવસે સકલ સંઘની વિનંતીથી નરોડા તીર્થ-અમદાવાદમાં પૂ. ઉપાધ્યાયજી શ્રી ધર્મસાગરજી મહારાજની નિશ્રામાં પંન્યાસપદે આરૂઢ કરવામાં આવ્યા. તે સમયે પૂજ્યશ્રીના નામમાં પણ ફેરફાર કરવામાં આવ્યો. પૂ. ગુરુદેવને 'અરુણોદયસાગર'નો ઉચ્ચાર ફાવતો ન હતો, તેથી 'પંન્યાસ શ્રી અભયસાગરજી' નામકરણ થયું.

ભૂગોળ-ખગોળના પ્રશ્નોને પૂજ્યશ્રીએ વીતરાગી વાણીની સચોટતાથી અને નિર્ણાયકતાથી વ્યક્ત કર્યા. 'ભૂ-ભ્રમણ શોધ સંસ્થાન' નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા સં. ૨૦૨૪થી મહેસાણામાં કાર્યરત છે. પૂજ્યશ્રીએ આ અંગે દેશવિદેશના વિજ્ઞાનીઓ સાથે પત્રવ્યવહાર કર્યો. પરિણામે, તેઓશ્રીને વિશ્વની અનેક સંસ્થાઓએ સભ્યપદ એનાયત કર્યાં. આવી સંસ્થાઓમાં—

અમેરિકાની નેશનલ જ્યોગ્રોફિકલ સોસાયટી, મુંબઈની એશિયાટિક સોસાયટી, દિલ્હીની ઓલ ઇન્ડિયા સાયન્સ ટીચર્સ એસોસિયેશન અને હૈદ્રાબાદની ડેક્કન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓબ્ઝવેટરી જેવી જાણીતી અનેક સંસ્થાઓએ પૂજ્યશ્રીને સભ્યપદ આપીને સમ્માન્યા હતા. તેઓશ્રીએ ઘણાં વર્ષો જંબૂદ્વીપ, જૈન ખગોળ અને આધુનિક શોધખોળો વચ્ચે શું તફાવત છે તે દર્શાવવામાં ગાળ્યાં હતાં. અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ગુજરાતી વગેરે ભાષાઓમાં પુસ્તકો પ્રગટ કરીને પોતાની માન્યતાઓનો બહોળો પ્રચાર કરાવ્યો. યુનિવર્સિટીઓ, કોલેજો, હાઈસ્કૂલો આદિમાં પ્રવચનો આપી, વિજ્ઞાને આપેલા આઘાતોને ધર્મશ્રદ્ધાની ભૂમિકા પર સુનિશ્ચિત કર્યા.

આવી અવિરત ચાલતી વિશ્વવ્યાપી વિશાળ પ્રવૃત્તિઓ વચ્ચે પણ તેમની તપસાધના અને ધર્મ-આરાધના અખંડ ચાલ્યા કરતી. ધર્મશાસ્ત્રોના અવિરામ અધ્યનનમાં તેઓશ્રી એક્કા હતા. શાસ્ત્રાધ્યયન માટે ગુજરાતી, હિન્દી, પ્રાકૃત, અર્ધમાગધી, સંસ્કૃત, ઉર્દૂ, અંગ્રેજી, મરાઠી આદિ ભાષાઓ પર તેમનું પ્રભુત્વ હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવું જ ત્રીજું મહત્ત્વનું પાસું માલવોદ્ધારક તરીકેના બિરુદ પૂજ્યશ્રીના ગુરુવર ચન્દ્રસાગરસૂરિજીને મળ્યું તેથી આજે પણ માલવદેશને આરાધના કરવા પરમ ઉપકાર કરી રહ્યા છે. લીધેલા અથાગ પરિશ્રમનું છે. કુલ અઢારેક વર્ષના ઉગ્ર વિહારથી તેઓશ્રી માળવા–મેવાડનાં ગામેગામ ફરી વળ્યા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે કઠિન વિહાર કરી પ્રેરણાની પરબો માંડી. ધર્મવિહોણાં થઈ ગયેલાં લોકોમાં જાગૃતિ આણી તેઓને દર્શન–પૂજા કરતાં, તપ–ક્રિયા કરતાં શીખવ્યું. ઇન્દોરમાં સ્થાપેલી પેઢીને આધારે દોઢસો–દોઢસો મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આજે માળવામાં પ્રસિદ્ધ સર્વ તીર્થો–શ્રી અમીઝરા, શ્રી ભોપાવર, શ્રી માંડવગઢ, શ્રી મક્ષીજી, શ્રી પરાસલી, શ્રી વઈ પાર્શ્વનાથ, શ્રી મંડોરા તીર્થ અને આજે જેની રોનક સમગ્ર ભારતને આકર્ષી રહી છે તે શ્રી નાગેશ્વર તીર્થને ચમકાવનાર આ પિતાપુત્ર–ગુરુશિષ્યની મહાન જુગલજોડી હતી. આમ, પૂજ્યશ્રી માલવોદ્ધારક તરીકે પણ અનન્ય–અસાધારણ કામગીરી બજાવી ગયા.

એવું જ મહાન કાર્ય જંબૂદ્વીપ–નિર્માણનું છે. ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અગાધ પ્રેમ અને આધુનિક જગત પ્રત્યેના કરુણાભાવને લીધે પોતે પ્રાપ્ત કરેલી શક્તિસંપન્નતાનો સદુપયોગ કરીને આ કાર્ય સફળતાથી પાર પાડ્યું. પૂજ્યશ્રીની માન્યતાના પ્રભાવશાળી પ્રચારને પ્રતાપે જૈનસમાજમાં જંબૂદ્વીપ મંદિર રચવાની વિનંતીઓ થઈ અને વિશાળ જિનાલયનું નિર્માણ થયું. આ મંદિરના પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે ઘણો મોટો સાગર–સમુદાય એકત્રિત થયો હતો. લગભગ ૯૦ સાધુઓ અને ૪૫૦ સાધ્વીજીઓ તથા હજારો શ્રાવક–શ્રાવિકાઓનો મહેરામણ ઊમટ્યો હતો. એ સર્વની વચ્ચે પૂજ્યશ્રીની મહાન પ્રભાવકતા પ્રકાશતી હતી. આવા અમૂલા અવસરે તેઓશ્રીને આચાર્યપદ માટે અનેક વિનંતીઓ થઈ હતી, પણ સદાયે નામનાની કામનાથી અળગા રહેતા આ મુનિવરે હંમેશની જેમ ઇન્કાર કરી દીધો. ૯૦ થાણાનો એક જ અવાજ હતો કે આચાર્યપદ સ્વીકારો, પરંતુ માન–પ્રતિષ્ઠાના નિર્લેપી આ મહાત્મા એકના બે થયા નહોતા.

આવી મહાન વિભૂતિમત્તાને જીવનની અર્ધી યાત્રા વટાવી ત્યાં લકવો ગ્રસી ગયો. વિશાળ શિષ્યસમુદાય અને હજારો ભાવિકો ખડે પગે સેવાસુશ્રૂષા કરતાં હતાં તેની વચ્ચે પૂજ્યશ્રીએ સં. ૨૦૪૩ના કારતક વદ ૯ને દિવસે ઊંઝા મુકામે પોતાની જીવનલીલા સંકેલી લીધી. ૬૨ વર્ષના અલ્પાયુમાં અને અર્ધી સદીથી પણ અધિક દીક્ષાપર્યાયમાં તેઓશ્રીએ જે અનેકવિધ શાસનપ્રભાવના કરી તે મહાગ્રંથ વગર દર્શાવી ન શકાય તેટલી વિશાળ છે. પૂજ્યશ્રીની મહાનતા તો એ છે કે તેમના સ્વર્ગવાસ પછી પણ તેમના નામસ્મરણથી અનેક સુખદ ચમત્કારો થયાના દાખલા નોંધાયા છે. પૂ. પંન્યાસજીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રીએ આરંભેલાં તમામ ધર્મકાર્યોની ધૂરા તેમના શિષ્યરત્ન પૂ. પં. શ્રી અશોકસાગરજી મહારાજે સંભાળી છે. એવા એ અનેકમુખી પ્રતિભા ધરાવનાર અપૂર્વ અને અજોડ મહાપુરુષને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી અશોકસાગરસૂરિજી મ.સાની પ્રેરણાથી શ્રી વર્ધમાન જૈન પેઢી, પાલિતાણા*

*જૈનશાસનના ઐતિહાસિક મહાન શાસનપ્રભાવક*

## પ.પૂ. સાહિત્યકલારત્ન આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.

વિ.સં. ૧૯૭૨, પોષ સુદ–૨, તા. ૭-૧-૧૯૧૬ના રોજ જન્મેલા સંઘસ્થવિર, ગચ્છાધિપતિ પ.પૂ. સાહિત્યકલારત્ન આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા. સંસારમાં શ્રી જીવણભાઈના નામે ઓળખાતા હતા. તેઓશ્રીનાં ધન્ય માતાપિતાશ્રીનાં નામ અનુક્રમે શ્રી રાધિકાબહેન અને શ્રી નાથાલાલ હતું. જન્મતાં પહેલાં પિતા અને પાંચ વરસની કુમળી વયે માતા ગુમાવતા શ્રી જીવણભાઈને તેઓના સંસારી વડીલ ભાઈ–બહેનોએ ખૂબ જ લાલનપાલનથી ઉછેરી માતાપિતાની ગેરહાજરીને સાલવા દીધી ન હતી.

ગયા ભવના પ્રબળ પુણ્યોદયે પ.પૂ. શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ.સા.નો વિ.સં. ૧૯૮૪નાં ચાતુર્માસ દરમ્યાન પરિચય થયો અને ભવોભવના પરિચિત હોય તેમ શ્રી જીવણભાઈ પૂજ્ય આચાર્યશ્રીની આંખનું રતન બની ગયા. પરિચય દરમ્યાન વૈરાગ્યવાસિત વાણી સાંભળતાં સંયમજીવન લેવાની ભાવના થઈ અને તે માટે તેઓશ્રીએ સત્તરસત્તર વખત નાસભાગ કરી વિ.સં. ૧૯૮૫ અષાઢ સુદ–૧૧ના રોજ છાણી મુકામે પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ.સા. હસ્તક ખાનગીમાં દીક્ષા લીધી અને પૂ. મુનિશ્રી જિનેન્દ્રવિજયજી બન્યા.

સંબંધીઓએ કોર્ટમાં કેસ કર્યો અને સગીર વયનું બાળક પોતાની જાતે નિર્ણય ન લઈ શકે તે મુદ્દે તેઓને ઘેર પાછા જવું પડ્યું. ત્યારબાદ પરોક્ષ રીતે પોતાના વડીલબંધુ શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગીનભાઈની સંમતિ મેળવી. વિ.સં. ૧૯૮૭માં વૈશાખ સુદ–૩ અક્ષયતૃતીયાના દિવસે કદંબગિરિ તીર્થમાં વાવ પાસેના ઝાડ નીચે નૈસર્ગિક વાતાવરણમાં (ઉપાશ્રયમાં કે મંડપમાં નહીં) પ.પૂ. શાસનસંરક્ષક આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે દીક્ષિત થઈ પ.પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. (તે વખતે પ્રવર્તક)ના શિષ્ય પૂ. મુનિ શ્રી યશોવિજય તરીકે જાહેર થયા. તે વખતે તેઓશ્રીના તારક ગુરુદેવે તેઓ જ્યાં ઊભા રહી દીક્ષાની ક્રિયા કરી હતી તે જગ્યાની કાંકરાવાળી ધૂળ લઈ શીશીમાં સંગ્રહિત કરી તેના ઉપર યશઃ પાદરાજ (યશોવિજયજીનાં ચરણની રજ) તે પ્રમાણેનું લેબલ લગાવ્યું. સમય જતાં એજ મુનિરાજ શ્રી આપણા જૈન સમાજનાં એક મહાન આચાર્ય થયા.

સૌ પ્રથમ ચાતુર્માસ મહુવામાં, બીજું વેરાવળમાં થયું. તે સમયે પૂજ્ય મુનિરાજશ્રીએ જાહેર પ્રવચન આપેલ અને તેની નોંધ તે વખતે નીકળતાં જૈનપ્રવચનમાં સબહુમાન લેવામાં આવી હતી. ત્યારબાદ ૧૮ વરસની નાની ઉંમરે વેરાવળ મુકામે વિ.સં. ૧૯૮૯માં 'બૃહત્સંગ્રહણી' જેવો મહાન ગ્રન્થ લખ્યો. લખતાં ત્રણ વર્ષ અને છાપતાં બે વર્ષ એમ ગ્રન્થ પ્રગટ થતાં પાંચ વરસ લાગ્યાં એટલે વિ.સં. ૧૯૯૫ની સાલમાં બૃહત્સંગ્રહણીની ચિત્રો સાથે સૌ પ્રથમ આવૃત્તિ બહાર પડી અને ગ્રન્થ તેમ જ મુનિરાજ બન્ને જૈનસમાજમાં પ્રસંશાને પામ્યા. ત્યારબાદ પૂજ્યશ્રીએ ૮૦ જેટલા ગ્રંથો લખ્યા છે અને તેમાં લખેલી પ્રસ્તાવનાઓનું એક સ્વતંત્ર પુસ્તક પ્રસ્તાવના સંગ્રહ પ્રગટ થશે. 'બૃહત્સંગ્રહણી' ગ્રન્થનો ચતુર્વિધ સંઘ અભ્યાસ કરે છે. તેઓશ્રીએ વિશ્વશાંતિ, ૨૫૦૦ નિર્વાણમહોત્સવ ઉજવણી, ચિત્રસંપુટની રચના અને તેનું ઉદ્ઘાટન, ભારત સરકારને ૧૭ લાખનું સોનું અર્પણ કરવું. વગેરે વગેરે અનેક ઐતિહાસિક કાર્યો કરવાં દ્વારા જૈનશાસનની મહાન પ્રભાવના કરી.

મુંબઈ વાલકેશ્વર શ્રી બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરને દેવવિમાન તુલ્ય બનાવવાનું શ્રેય પૂજ્યશ્રીને ફાળે જાય છે. ત્યાં બિરાજમાન ભગવતી શ્રી પદ્માવતી માતાજી અને અન્ય મૂર્તિઓનું શિલ્પકામ જોઈને સૌ આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે.

પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૩૫, માગસર સુદ–૫, તા. ૪-૧૨-૧૯૭૮ની રોજ તેઓશ્રીના આચાર્ય પદવી પ્રસંગે તત્કાલીન ભારત દેશના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈએ શાલ તથા ખાદીની પછેડી ઓઢાડી જાહેર સત્કાર-સમ્માન કરી બહુમાન કર્યું હતું. રાષ્ટ્રપતિ, વડાપ્રધાનો, રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, સ્વતંત્રતા પહેલાં રાજા મહારાજાઓ, સરકારી પદાધિકારીઓ વગેરે વગેરે પૂજ્યશ્રીનાં દર્શન વંદનનો લાભ લઈ આશીર્વાદ પ્રાપ્ત કરતા હતા અને આજે પણ કરે છે. જૈન સમાજના ચારેય સંપ્રદાયોના અનેક આચાર્ય ભગવંતોએ તેઓશ્રીને આદરણીય માન આપ્યું છે.

સમયાંતરે પૂજ્યશ્રીના હસ્તે અનેક નાનાંમોટાં શાસન-પ્રભાવક કાર્યો થયાં. વર્તમાન સમયમાં વિ. સં. ૨૦૬૦ના માગસર માસમાં વાલકેશ્વર શ્રી બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસરનો 'શાનદાર શતાબ્દી મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઊજવાયો.

*'રાષ્ટ્રસંત'નું બિરુદ પ્રાપ્ત કરનાર*
*કવિકુલતિલક, યુગપ્રભાવક, શતાવધાની :*

## પૂ. આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.

સાધુપુરુષનું ચરિત્ર ચિત્તને પાવન કરનારું તથા આત્માને અસાધારણ બળ આપનારું હોય છે, તેથી જીવનસાફલ્ય વાંછનારે તેનું પુનઃ પુનઃ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ, પરંતુ સાધુપુરુષ ધારવામાં આવે એવી સરળતાથી પ્રાપ્ત થતા નથી. જેમ દરેક પર્વતમાંથી માણેક મળતાં નથી, જેમ દરેક હાથીના કુંભસ્થળમાંથી મોતી જડતાં નથી, જેમ દરેક વનમાં ચંદનવૃક્ષો હોતાં નથી, તેમ દરેક સ્થળે સાધુપુરુષો હોતા નથી. કવિકુલતિલક શતાવધાની આચાર્યશ્રી, વિજયકીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આવી એક વિરલ વિભૂતિ છે. ગરવી ગુજરાતમાં આવેલ ખંભાત શહેરમાં સંઘવી પોળમાં વીસા શ્રીમાળી જ્ઞાતિના ધર્માત્મા મૂળચંદભાઈ વજેચંદભાઈને ત્યાં પુણ્યવંતાં ખીમકોરબાઈની કુક્ષિએ સં. ૧૯૭૨ના ચૈત્ર વદ અમાસને દિવસે તેમનો જન્મ થયો. સોહામણી મુખમુદ્રા અને કમનીય દેહકાંતિ જોઈને બાળકનું નામ કાંતિલાલ પાડ્યું. કાંતિલાલ નાનપણથી સુસંસ્કારી હતા. આઠ વર્ષની નાની વયમાં પણ ચોવિહાર કરતા. રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. રમતગમતમાં વ્યાખ્યાન કરવાની અને હાથમાં ઝોળી ભરાવી શ્રાવકોને ત્યાં વહોરવા જવાની રમતો રમતા. તેમને શકરચંદ નામે મોટાભાઈ, રસિકલાલ નામે નાનાભાઈ અને સુભદ્રા નામે નાનાં બહેન હતાં. તેજસ્વી બુદ્ધિપ્રતિભા અને વિનયાદિ ગુણોને લીધે તેઓ સહુમાં અતિ પ્રિય હતા. ગુજરાતી સાત ધોરણ અને અંગ્રેજી ત્રણ ધોરણનો અભ્યાસ પૂરો કરી વ્યાપારમાં જોડાયા પરંતુ તેમનું મન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસારી કાર્યોમાં ઓતપ્રોત થતું ન હતું. એવામાં સં. ૧૯૮૮માં પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ ખંભાતમાં થતાં, તેઓશ્રીની વૈરાગ્યવાહી દેશના શ્રવણ કરી તેઓ વૈરાગ્યવાસિત બન્યા અને ચારિત્ર ગ્રહણ કરવાની દૃઢ ભાવનાવાળા થયા. માતાપિતાએ અનુમતિ ન આપી, તેથી તેઓ ચાણસ્મા ગયા. ત્યાં બિરાજતા પૂ. મુનિરાજ શ્રી લક્ષ્મણવિજયજી મહારાજ પાસે સં. ૧૯૮૯ના પોષ સુદ ૬ને દિવસે દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી કીર્તિવિજયજી તરીકે જાહેર થયા. આ વાતની જાણ થતાં પૂજ્યશ્રીના કુટુંબીજનોએ તેમને પાછા લાવવા ઘણી ધમાલ કરી પરંતુ પૂજ્યશ્રી અડગ રહ્યા. ત્યાર બાદ વૈશાખ સુદ ૬ને દિવસે પૂ. ગુરુદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે વડીદીક્ષા આપવામાં આવી, અને મુનિરાજશ્રી લક્ષ્મણવિજયજી (હાલ આચાર્ય)ના શિષ્ય તરીકે જાહેર થયા.

દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી અભ્યાસમાં લીન બની ગયા. ફક્ત છ મહિનાના ટૂંકા ગાળામાં પંચ પ્રતિક્રમણ, સાધુક્રિયા, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર કર્મગ્રંથ, 'મોટી સંઘયણી' આદિનો અર્થ સહિત અભ્યાસ કરી લીધો. તે પછી તેઓશ્રીએ 'સારસ્વત વ્યાકરણ', 'ઉત્તરાર્ધ ચંદ્રિકા', 'અમરકોષ', 'પંચકાવ્ય', 'તર્કસંગ્રહ', 'મુક્તાવલી', 'પંચલક્ષણી', 'સિદ્ધાંતલક્ષણનો ભાગ', 'સ્યાદ્વાદમંજરી', 'રત્નકરાવતારિકા સ્યાદ્વાદ રત્નાકરનો ભાગ', સંમતિતર્કના ૧ થી ૩ ભાગ વગેરેનું વિશદ અધ્યયન કર્યું. સૂત્રસિદ્ધાંતમાં 'અનુયોગદ્વાર', 'દશવૈકાલિક', 'આવશ્યક-સૂત્ર', 'આચારાંગ', 'સૂયગડાંગ', 'ઠાણાંગ', 'વિશેષાવશ્યકનો ભાગ', 'જીવાભિગમ' અને 'લોકપ્રકાશ' આદિનું અધ્યયન કર્યું. જ્યોતિષશાસ્ત્રમાં 'આરંભસિદ્ધિ', 'નીલકંઠી', 'ષટ્પંચાશિકા', 'લઘુ પારાશરી' આદિ ગ્રંથો કંઠસ્થ કર્યા. તેમ જ જૈનશાસ્ત્ર અનુસાર 'ઉત્તરાધ્યયન', 'આચારાંગ', 'કલ્પસૂત્ર', 'મહાનિશીથ', 'નંદીસૂત્ર', 'ઠાણાંગ' અને 'ભગવતીજી' આદિ સૂત્રોનાં 'યોગોદ્વહન' કર્યાં. પૂજ્યશ્રી કાકચેષ્ટા, બકધ્યાન, શ્વાનનિદ્રા, અલ્પાહાર અને સ્ત્રીત્યાગ વિદ્યાર્થીનાં પાંચ લક્ષણોથી યુક્ત હતા. તેઓશ્રીની ગ્રહણશક્તિ અને ઉદ્‌બોધનશક્તિ અદ્‌ભુત હતી, એટલે જ આટલું વિપુલ વિદ્યાર્જન કરી શક્યા અને બહુશ્રુત વિદ્વાનની કોટિમાં બિરાજી શક્યા. સં. ૨૦૦૬ના દાદરના ચાતુર્માસમાં તેઓશ્રીએ 'પ્રવચન સારોદ્ધાર' જેવા મહાન ગ્રંથ પર વાચના આપી, પોતાના પ્રકાંડ પાંડિત્યનો પરિચય આપ્યો હતો. તેમ છતાં, પૂજ્યશ્રી વિદ્વાનોને છાજે તેવી વિનમ્રતાના ભંડાર છે. ૩૮ વર્ષથી એકધારી ગુરુસેવા કરીને તેઓશ્રીએ એ સિદ્ધ કરી ...વ્યું છે. ટૂંકમાં, પૂજ્યશ્રીએ વિદ્વત્તા, સાહિત્યસર્જન, શતાવધાન વિદ્યામાં તેમ જ શાસનપ્રભાવનામાં ઉજ્જ્વળ કીર્તિ સંપાદન કરી છે, પરંતુ તેઓશ્રીનું સાચું વ્યક્તિત્વ તો સાધુતામાં જ ઝળકે છે. તેઓશ્રીની સોહામણી શાંત અને પ્રસન્ન મુખમુદ્રા પ્રથમ દર્શને જ સાધુતાનો પરિચય આપી રહે છે. તેઓશ્રી પરમ વિનયી, સરળ સ્વભાવના અને નિખાલસ વર્તન કરનારા સાધુવર્ય છે. ઉપરાંત, પોતાનાં મહાવ્રતોમાં અવિચળ રહે છે, ક્રિયાકાંડમાં ચુસ્ત છે, વ્યવહારમાં દક્ષ છે. નાની અમસ્તી સ્ખલના પ્રત્યે પણ મિથ્યા દુષ્કૃત લઈને ચારિત્રને નિર્મળ બનાવે છે.

અર્ધશતી જેટલા સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં તેઓશ્રીએ પૂ. ગુરુદેવ સાથે વિવિધ પ્રાન્તોમાં હજારો માઈલોનો પગપાળા વિહાર કર્યો છે. આબાલવૃદ્ધ સૌને આકર્ષિત કરીને સન્માર્ગે સ્થિર કરવા પુરુષાર્થ સેવ્યો છે. ખાસ કરીને, દક્ષિણ ભારતના વિહારમાં અહિંસાધર્મનો અત્યંત યશસ્વી પ્રચાર કરીને સમર્થ ધર્મપ્રચારકની કોટિમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. આનંદી સ્વભાવ અને મધુર શૈલીને લીધે પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો દૃષ્ટાંતો અને તર્કયુક્તિઓથી સભર શોભી રહે છે. એ રીતે અનેક વિદ્વાનો, અધ્યાપકો, કૉલેજિયનો તેઓશ્રી પાસેથી સમાધાન પામ્યા છે. સમુદાયનાં નાનાંમોટાં કાર્યોમાં સતત વ્યસ્ત રહેવા છતાં તેઓશ્રી કવિતા, લેખો વગેરે લખતા રહે છે. ઉપરાંત, બહોળા પત્રવ્યવહારના વ્યવસ્થિત અને નિયમિત ઉત્તરો આપવા એ તેઓશ્રીનો ગુણવિશેષ છે. આમ, અનેક પ્રકારે વિશાળ શાસનપ્રભાવનામાં રત રહેતા પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજને થોડા સમય પહેલાં જ, વિશાળ જનસમુદાયના જયજયકાર વચ્ચે 'રાષ્ટ્રસંત'નું બિરુદ અર્પણ કરવામાં આવ્યું છે. એવા એ બહુમૂલ્ય રત્ન સમા આચાર્યદેવને કોટિશઃ વંદના!

*સૌજન્ય : શ્રી આત્મકમલ લબ્ધિસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિર દાદર મુંબઈ-૨૮*

*રાષ્ટ્રીય કક્ષાએ, પ્રભાવશાળી વ્યક્તિત્વ ધારણ કરનાર*

## પ.પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ.સા.



કાદવમાં રહીને જે કાદવથી અલિપ્ત રહે છે તેને 'પદ્મ' કહેવાય છે, પાણીથી ભરપૂર હોય છતાં જે છલકાય નહીં તેને 'સાગર' કહે છે અને જે 'પદ્મ' પણ છે અને 'સાગર' પણ છે તેમને 'પદ્મસાગર' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સંસારમાં કેટલાક એવા જીવો જન્મ લે છે, જેમની આત્મિક આભા અને સદ્‌ગુણોની સુવાસ સૌને સુગંધિત અને આનંદિત કરી મૂકે છે! આવા વિરલ મહાત્માઓનું વ્યક્તિત્વ જનસામાન્યથી નિરાળું અને અદ્‌ભુત હોય છે. તેઓની વિશિષ્ટતાઓ વંદનીય હોય છે. આવી વિભૂતિઓ સ્વજીવનના ઉચ્ચ આદર્શો દ્વારા પ્રાણી માત્રના કલ્યાણની ભાવનાપૂર્વક સર્વ આત્માઓનું હિતમંગલ માર્ગદર્શન કરે છે. પરમ શ્રદ્ધેય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ એવા જ એક દેદીપ્યમાન સિતારા છે. પૂજ્યશ્રીનો જન્મ તા. ૧૦-૯-૧૯૩૫ના શુભ દિને અજીમગંજ (બંગાળ) ની પાવન વસુંધરા પર થયો. પિતાનું નામ જગન્નાથસિંહ અને માતાનું નામ ભવાનીદેવી હતું. પૂજ્યશ્રીનું સંસારી નામ પ્રેમચંદ રાખવામાં આવ્યું હતું. જન્મથી તેમને નમ્રતા, વિવેક, વિનય, સરળતા, નિજાનંદની મસ્તી, ભાવનાશીલતા, મધુભાષીપણું, ગુણજ્ઞદૃષ્ટિ એવા સદ્‌ગુણો વારસામાં મળ્યા હતા. તેમનું પ્રાથમિક શિક્ષણ અજીમગંજમાં જ થયું. ત્યાર પછી ધાર્મિક અને વ્યાવહારિક ઉચ્ચ શિક્ષણ કાશીવાળા આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીની પ્રેરણાથી મધ્યપ્રદેશના શિવપુરી શહેરમાં સ્થપાયેલા શ્રી વીરતત્ત્વ પ્રકાશન મંડળમાં રહીને પ્રાપ્ત કર્યું. ત્યાં તેમને વિભિન્ન ચિંતકો અને સાધુસંન્યાસીઓના સાહિત્યનું વાચન-મનન કરવાનો અવસર પ્રાપ્ત થયો.

વિદ્યાકાળ દરમ્યાન તેમનું મન જીવનમાં કંઈક કરવા માટે વારંવાર ઉત્સુક રહ્યાં કરતું હતું. ઘણાં આંતરિક ચિંતન પછી તેઓ એવા નિર્ણય પર પહોંચ્યા કે અતિ દુર્લભ માનવજીવન પામીને માત્ર ભૌતિકતાના રંગોમાં જ લપેટાઈ રહેવું, ભોગ અને આસક્તિમાં રચ્યાપચ્યા રહેવું એ તો પશુતુલ્ય જીવનની નિશાની છે. માનવીનો અણમોલ અવતાર સાધના-સુકૃત માટે છે. એ રીતે તેમણે પોતાના જીવનની દિશા સુનિશ્ચિત કરી દીધી. શ્રી વીતરાગ પ્રભુપ્રેરિત સંયમમાર્ગ અપનાવીને રત્નત્રયીની આરાધના દ્વારા સ્વપરના કલ્યાણનો માર્ગ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પની સિદ્ધિ રૂપે તેમને સં. ૨૦૧૧-ના કારતક વદ ૩ના શુભ દિને, ગુજરાતની પુણ્યભૂમિ સાણંદ મુકામે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા આપવામાં આવી અને શ્રી કલ્યાણસાગરસૂરિજીના શિષ્ય તરીકે મુનિ શ્રી પદ્મસાગરજી નામે ઘોષિત કરવામાં આવ્યા. વિરાટ વ્યક્તિત્વ, પ્રભાવશાળી વાણી અને વિશાળ શાસનપ્રભાવનાથી પૂજ્યશ્રીનો સંયમપર્યાય સોળે કળાએ શોભી રહ્યો. તીવ્ર સ્મરણશક્તિ, અપૂર્વ અભ્યાસપ્રીતિ અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અંતઃકરણના આશીર્વાદથી બહુ થોડા સમયમાં માત્ર ધર્મગ્રંથોનો જ નહીં પરંતુ દર્શનશાસ્ત્ર આદિ વિષયોનો અભ્યાસ કરી લીધો. આગમગ્રંથોનું પરિશીલન કર્યું.

મનોહર મુખમુદ્રા, ચમકભરી આંખો, આકર્ષક અને પ્રભાવશાલી વ્યક્તિત્વ તથા સુમધુર વાણીથી લાખો જિજ્ઞાસુઓ પૂજ્યશ્રી પ્રત્યે આકર્ષિત રહે છે. મહાપુરુષ ક્યારેય કોઈ પણ ગચ્છસંપ્રદાયની સીમાઓમાં સીમિત રહેતા નથી. સ્થાન, સમય અને સંપ્રદાયનાં બંધનો પૂજ્યવરને બાંધી શકતાં નથી. પૂજ્યશ્રી પોતાનાં પ્રવચનોમાં ઘણીવાર કહે છે, "હું બધાંનો છું, બધાં મારાં છે, હું મુસ્લિમનો પીર છું. હિંદુઓનો સંન્યાસી, ઈસાઈઓનો પાદરી, શીખોનો ગુરુ અને જૈનોનો આચાર્ય છું." આવી વિશાળ, ઉદાર અને વિશ્વવ્યાપી ભાવનાને લીધે પૂજ્યશ્રી કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિ પ્રદેશોમાં જ્યાં જ્યાં વિચર્યા છે તે દરેક પ્રદેશનાં ગ્રામ- નગરોમાં તેઓશ્રીને ઘણાં યશ-કીર્તિ પ્રાપ્ત થયાં છે. પૂજ્યશ્રીના મુખની એક ઝલકને પામવા લાલાયિત થતી હજારો આંખો, પૂજ્યશ્રીની સુમધુર વાણીની અમૃતધારા પામવા આતુર કાન, પૂજ્યશ્રીનાં ચરણો પાછળ ચાલવા માટે તત્પર હજારો કદમ તેઓશ્રીની સર્વાધિક અને અદ્વિતીય લોકપ્રિયતાનાં પરિચાયક છે. પ્રકાંડ પાંડિત્યથી ભરપૂર અને લલિત મધુર પ્રવચનોથી પ્રભાવિત થનારો વિશાળ વર્ગ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનાં પ્રમાણો છે, ટૂંકા સમયમાં શાસનપ્રભાવનાનો અજોડ કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તે વસ્તુતઃ સુવર્ણાક્ષરે લખવા યોગ્ય છે. પૂજ્યશ્રીના અથાગ પ્રયત્નોથી તીર્થસ્થાન જેવું ભવ્ય અને ગ્રંથભંડારોમાં વિરલ એવું સ્થળ ગાંધીનગર કોબા ગામે નિર્માણ થયું છે.

*ગચ્છાધિપતિ*

## પ. પૂ. આચાર્ય શ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી મહારાજ

ગરવી ગુજરાતના પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાની એ ગૌરવગાથા છે કે રાધનપુર જેવી નગરીના પ્રત્યેક ઘરમાંથી એક એક આત્મા તો દીક્ષિત બનેલ છે જ. પચ્ચીશ પચ્ચીશ શિખરબંધ જિનાલયોથી શોભતા રાધનપુરમાં મોદી કુટુંબના આધારસ્તંભરૂપ શ્રી રમણિકભાઈનાં ધર્મપત્ની કાંતાબહેનની રત્નકુક્ષિએ સં. ૨૦૦૬ના ચૈત્ર વદ ૧૩ ને દિવસે એક બાળકનો જન્મ થયો. બાળકનું તેજસ્વી મુખ જોઈને લોકો કહેવા લાગ્યાં કે, આ બાળક અપ્રતિમ વૈભવશાળી અને મહાત્તમ વ્યક્તિ બનશે. આવી અતુલ પ્રતિભા જોઈને માતાપિતાએ નામ પાડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીધું 'અતુલ'. અતુલને બાળપણમાં જ સાંસારિક કાર્યોમાં ઓછો અને ધાર્મિક કાર્યોમાં વધુ રસ પડવા માંડ્યો. બાળપણથી તેને દર્શન, પૂજા, સામાયિક આદિ ધર્મક્રિયાઓમાં વિશેષ રુચિ થવા માંડી. ધીમે ધીમે મોટા થતા અતુલનું મન વૈરાગ્ય તરફ વળવા માંડ્યું. સાધ્વીશ્રી કંચનશ્રીજી મહારાજની પ્રેરણાથી થોડો સમય પૂ. ગુરુદેવ પાસે રાખવાની ભલામણ થઈ. પૂ. ગુરુદેવે બાળક અતુલને યોગ્ય જાણી, માત્ર ૧૨ વર્ષની કોમળ વયે પાટણ નજીકના સંખારી ગામમાં સં. ૨૦૧૯ના માગશર સુદ પાંચમના શુભ દિને ભાગવતી દીક્ષા આપી અને મુનિશ્રી અભયચંદ્ર વિજયજી નામે ઘોષિત કર્યા.

લોકોની આંખોને આનંદ આપતા બાલમુનિ દિનપ્રતિદિન જ્ઞાન-ધ્યાનમાં સતત આગળ વધવા લાગ્યા. નાની વયે અભ્યાસ અને વિહારમાં પણ સતત પ્રવૃત્ત રહીને તેમણે સૌનાં હૃદય જીતી લીધાં. પૂ. ગુરુદેવની નિશ્રામાં બિહાર, બંગાળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન આદિ પ્રદેશોમાં વિચર્યા. અનેક પ્રકારની શાસનપ્રભાવના કરી. એનાથી પ્રભાવિત થઈને અનેક સંઘો દ્વારા તેમને પદવી પ્રદાન કરવાની વિનંતીઓ થઈ. પ્રાંત-મુંબઈના પ્રાચીનતમ દેવસુર સંઘના ઉપક્રમે ગોડીજી ઉપાશ્રયમાં સં. ૨૦૩૬ના કારતક વદ ૪ને શુભ દિને ગુરુમહારાજે તેમને 'ગણિપદ' થી અને ડહેલાના ઉપાશ્રય (અમદાવાદ) ની વિનંતીથી 'પંન્યાસપદ' થી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૩૭ના ચૈત્ર વદ ૩ના દિવસે ઊજવાયેલા આ ઉત્સવમાં અસંખ્ય ભાવિકોએ લાભ લીધો. ગુરુદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાના કરકમલથી પ્રિય શિષ્ય શ્રી અભયચંદ્રવિજયજી ગણિવરને વાસક્ષેપ નાખી પંન્યાસજી બનાવ્યા. પૂ. પંન્યાસજી શ્રી અભયચંદ્રવિજયજીની વ્યાખ્યાનશક્તિ અદ્ભુત છે અને વ્યવહારદક્ષ આયોજનશક્તિ અપૂર્વ છે. એ કારણે તેમના દ્વારા અનેક ભાવિક આત્માઓએ સાધુજીવન સ્વીકાર્યું. પૂજ્યશ્રીની અનેકવિધ પ્રભાવનાથી પ્રભાવિત થઈ અનેક શ્રીસંઘોએ તેમને આચાર્યપદથી અલંકૃત કરવાની વિનંતી કરી. સકળ સંઘોની આ ભાવનાને માન આપી, જે દિવસે ભગવાન શ્રી મહાવીર સ્વામીએ ગૌતમસ્વામી આદિને ગણધર પદવીઓ આપી સંઘની સ્થાપના કરી હતી તે વૈશાખ સુદ ૧૧ના શુભ દિને સં. ૨૦૪૧માં પૂ. પંન્યાસજી શ્રી અભયચંદ્રવિજયજીને આચાર્યપદથી નવ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં અલંકૃત કરવામાં આવ્યા. હવે પંન્યાસજી 'આચાર્યશ્રી વિજયઅભયદેવસૂરીશ્વરજી' બની રહ્યા. પૂ. આ. શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.ની પાવન પ્રેરણા દ્વારા—બનાસકાંઠા જિલ્લાના અતિ પ્રાચીન શ્રીરામસણ-તીર્થના જીર્ણોદ્ધાર કાર્ય તેમ જ ભાયંદર (વેસ્ટ)માં આચાર્યશ્રી વિજય રામસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર ટ્રસ્ટ સ્થાપી—ત્રણ જિનાલયો-ત્રણ ઉપાશ્રયો, સાધારણ- ભવન તેમ જ મુંબઈમાં પ્રથમક્રમે જેમાં ૮૦૦ વિદ્યાર્થીઓ ધાર્મિક અભ્યાસ કરી સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે તેનું નવનિર્માણ કર્યું.

ભીલડિયાજી તીર્થમાં શ્રી જૈન શ્રમણ શ્રાદ્ધ સેવા ટ્રસ્ટ દ્વારા વૃદ્ધ સાધુ-સાધ્વીજી માટે શ્રમણ-શ્રમણી વિહાર સંઘને આરાધના માટે પાઠશાળા જિનાલય-ઉપાશ્રય-ભક્તિભવન આદિ નિર્માણ—અને તે જ ટ્રસ્ટના નેજા હેઠળ સુરત અર્પણ એપાર્ટમેન્ટમાં જિનાલય-ઉપાશ્રય—પાઠશાળાનું નિર્માણ કાર્ય કરાવ્યું છે. ડીસા ચાર રસ્તા પાસે 'વર્ધમાન જૈન વિહારધામ'નું રમણીય સંકુલ જિનાલય-ઉપાશ્રયો, ધર્મશાળા-ભોજનશાળા-વિશાળ હોલ સાથે નિર્માણ થયું-ગાંધીનગર સરખેજ હાઈવે પર ગોતા હાઉસિંગ બોર્ડમાં શુભમંગલ શ્વે. મૂ. પૂ. સંઘ સ્થાપી-જિનાલય, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલ શાળા નિર્માણ થયું. અભય ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ જયપ્રેમ સોસાયટીમાં બિમાર સાધુ-સાધ્વીની સેવાર્થે ને પાલડી-તીર્થભૂમિ એપાર્ટમેન્ટમાં સાધુ-સાધ્વી પાઠશાળાનું નિર્માણ ને હવે આ રીતે પૂજ્યશ્રી આચાર્યપદ પામ્યા પછી ગુરુકૃપાએ-અનેકવિધ શાસનપ્રભાવનાનાં ઉપરોક્ત કાર્યો સિવાય-બીજાં પણ શાસનપ્રભાવનાનાં કાર્યોમાં ૧૦૦ જેટલાં અંદાજિત ગામોમાં જિનાલય, ઉપાશ્રય, પાઠશાળા, આયંબિલશાળા કંઈકને કંઈક પોતાની કુનેહ બુદ્ધિથી ઉદારતા ને સરળ સ્વભાવથી પ્રેરણા આપી કરાવ્યાં છે ને હજુ પણ અવિરત ચાલુ છે. ઘણાં ગામોમાં અજૈનો પણ પૂજ્યશ્રીની પ્રેરણા પામી ધર્મમાર્ગે જોડાયા.

પૂજ્યશ્રીના આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં સાંચોરીભુવનમાં થનાર વિવિધ અનુષ્ઠાનો તથા અન્યત્ર પૂજ્યશ્રીની પ્રેરણાથી કાયમી સંભારણારૂપે થનારા સુંદર કાર્યોની નોંધ આ મુજબ છે.

કારતક સુદ ૧૩ થી કારતક વદ ૨ સુધી પાલિતાણા દોશીભુવનમાં ભવ્ય અંજનશલાકા મહોત્સવનું આયોજન, કારતક સુદ ૧૫ થી પોષ સુદ ૧૫ સુધી પાલિતાણામાં સત્યાવીશ એકડા ધર્મશાળા નવાણું યાત્રા અને માળારોપણ મહોત્સવનું આયોજન.

અભય ફાઉન્ડેશન, અમદાવાદના ઉપક્રમે ગુજરાત સરકાર દ્વારા નક્કી થયેલ શ્રી સિદ્ધાચલ તીર્થમાં ગુરુકુલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસપાસ અઢીદ્વીપ પાસે 'ગુરુ રામ પ્રવેશદ્વાર' નિર્માણનું આયોજન તથા શ્રી શંખેશ્વર તીર્થમાં ગુરુ રામ પ્રવેશદ્વાર (હાઈવે પર બન્ને સાઈડ) આયોજન.

ધાનેરા જૈનસમાજ-નવસારી દ્વારા નવસારીમાં પ્રવેશ કરતાં "ગુરુ રામ પ્રવેશદ્વાર"નું ભવ્ય આયોજન.

સુરત શુભમંગલ ફાઉન્ડેશન ગુરુરામ પાવનભુમિ (અગ્નિ સંસ્કાર સ્થળ)માં પણ કાયમી સાધર્મિક ભક્તિ મંડપનું આયોજન.

અડાલજ જૈન સંઘના ઉપક્રમે અડાલજથી કલોલ જતા હાઈવે પર શેરથા ગામે ગુરુ રામ વિહારધામનું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં જિનાલય અને ઉપાશ્રયનું પણ આયોજન.

ધંધુકાથી બરવાળા જતાં તગડીથી છ કિ.મી.ના અંતરે પોલારપુર ગામના બસ સ્ટેન્ડ પાસે હાઈવે ટચ અભય ફાઉન્ડેશન અમદાવાદના ઉપક્રમે ગુરુરામ છ'રિપાલિત સંઘ વિહાર ધામનુ આયોજન.

તા. ૨૧-૧-૦૭ ભાયંદરમાં શ્રી રામસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ દ્વારા ચાલતી આચાર્યશ્રી સુરેન્દ્રસૂરિ પાઠશાળાના રજત જયંતી વર્ષની ભવ્ય ઉજવણીનું આયોજન.

મુંબઈ ગોવાલીયા ટેંક-નાના ચોક પાસે શ્રીપતિ આર્કેડમાં કંકુતારા ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે શિખબંધી ભવ્ય જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન.

ભાયંદરમાં શ્રી રામસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટના ઉપક્રમે રેલ્વે સ્ટેશન સામે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ અને તેનું આયોજન, ત્યાર બાદ સુરતમાં ગુરુરામ પાવનભૂમિ ખાતે દીક્ષા મહોત્સવનો પ્રસંગ, ત્યારબાદ હાલોલ અમદાવાદ, બનાસકાંઠા, ઔરંગાબાદ આદિ ક્ષેત્રોની વિવિધ યોજનાઓનું આયોજન.

*સૌજન્ય : ★ શ્રી શત્રુંજય ચાતુર્માસ (મંડાર) આયોજક સમિતિ મુંબઈ, સાંચોરી ભુવન, પાલિતાણા.*

## કાલિકાચાર્યસૂરિ



સાધ્વી સરસ્વતીજીનું ગર્દભિલ્લ રાજાએ હરણ કર્યું. આ વાત જ્યારે કાલિકાચાર્યજી (ત્રીજા)ને ખબર પડી ત્યારે તેઓએ રાજાને સમજાવ્યો પણ તે ન માન્યો એટલે આચાર્યશ્રીએ શક રાજાઓને પ્રતિબોધિ ગર્દભિલ્લ રાજા ઉપર ચડાઈ કરાવી સાધ્વીજીને મુક્ત કરી જિનશાસનની પ્રભાવના કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસ્ત્રસર્જક સારસ્વતો

જૈનાગમોના પ્રકાંડ વિદ્વાનોથી જૈન સંઘ આજે પણ સમૃદ્ધ છે. દાર્શનિક ગ્રન્થોના અભ્યાસીઓ, વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રના પારંગતો, પ્રાકરણિક ગ્રન્થોના વિદ્વાનો તથા જ્યોતિષ અને શિલ્પશાસ્ત્ર જેવા વિદ્યાશાસ્ત્રના પારગામીઓ પણ આજે જૈન સંઘમાં વિદ્યમાન છે. શ્રુત–અધ્યયનની સાથે સંસ્કૃત–પ્રાકૃત–ગુર્જરગિરામાં અભિનવ ગ્રન્થોનું સર્જન કરનારા શાસ્ત્રસર્જકો પણ આજે દૃષ્ટિગોચર થાય છે, તે વર્તમાન જૈન સંઘનું ઊંચુ ગૌરવ છે. આ શાસ્ત્રવેત્તાઓએ જૈનશાસનમાં એક નવો જ યુગ પ્રવર્તાવ્યો છે, અપૂર્વ ચેતના પ્રગટાવીને અભિનવ સંસ્કારો આપ્યા છે. ભિન્નભિન્ન વિષયના નિષ્ણાંતોએ પોતાના સમગ્ર જીવનને તપ, ત્યાગ, સંયમ અને સ્વાધ્યાયની સુવિશુદ્ધ આરાધના કરવાપૂર્વક જિનશાસનની સેવા, રક્ષા અને પ્રભાવના કરવામાં જોડી દીધું હતું. ગુણરત્નના સાગરસમાન આવા અનેક પૂજ્યો અને આવા પ્રખર વિદ્યાવારિધિઓને કોટિશઃ વંદના!

*આગમોદ્ધારક*

## પૂજ્યપાદ આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં વીતરાગ પ્રભુનું શાસન અમરત્વને પામેલું છે. એ અમરતાને નિત્યસિદ્ધ રાખવા બંને કાળના અરિહંત ભગવંતોએ શાસનના મૂળમાં અમૃતને સીંચીને ઉદાત્ત અને ઉદાર ભાવે શાસનનો પાયો દૃઢ કર્યો છે. અમૃતસભર મૂળને વિકસ્વર બનાવવાની અનુપમ શક્તિ સાધુજનો, મહાપુરુષો અને આત્મશ્રેયસ્કરો જ પામી શકે છે અને જેઓ જન્મધરીને સ્વ-પરના શ્રેયાર્થે જીવનના અંત સુધી મહાનતાનો ગુણ જાળવી રાખે છે તેમ જ કોઈ મહાન કાર્ય દ્વારા એ સિદ્ધ કરી શકે છે. એવી વિભૂતિઓ વંદનીય બની જાય છે. આગમોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ એક વંદનીય વિભૂતિ હતા. ગૌરવશાળી ગુજરાત એવો પ્રાન્ત છે કે જ્યાં જૈનધર્મની જ્યોતને જ્વલંત રાખવામાં આચાર્યશ્રી શીલગુણસૂરિજી, નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી, પરમાર્હત રાજવી કુમારપાળ મહારાજા આદિનું મહાન યોગદાન રહ્યું છે. એ ગુજરાતના ખેડા જિલ્લામાં, કપડવંજ શહેરમાં, ગાંધી પરિવારમાં, પિતા મગનભાઈના ખાનદાન કુળમાં, માતા યમુનાબહેનની ઉદરવાટિકામાં વીર સંવત ૨૪૦૧, વિ. સં. ૧૯૩૧ના અષાઢી અમાવસ્યા એટલે 'દિવાસા' ના મંગલ દિવસે એક પનોતા પુત્રનો જન્મ થયો. પુત્રની મુખકાંતિ પ્રમાણે નામ રાખવામાં આવ્યું હેમચંદ્ર. સંસ્કારી માતાપિતાએ પાંચ વર્ષની ઉંમરે હેમચંદ્રને અભ્યાસ માટે નિશાળે મૂક્યા. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી.'–એ ન્યાયે બાળપણથી જ હેમચંદ્રમાં–જ્ઞાનમાં પંડિતાઈ, બુદ્ધિમાં ચતુરાઈ, વાણીમાં ગંભીરતા, હૃદયમાં મૃદુતા નયનોમાં દયાદ્રતા, અંતરમાં આદ્રતા અને સ્વભાવમાં સાહસિકતા જેવા અનેક ગુણો પાણીદાર ઝવેરાતની જેમ ચળકતા હતા. તે સાથે જ તત્ત્વજ્ઞાન પ્રત્યે વિશેષ જિજ્ઞાસા અને ચિંતનશીલ પ્રકૃતિનો પણ વિકાસ થતો જતો હતો. એટલે જ ૧૨ વર્ષની વયે માણેક નામની કન્યા સાથે હેમચંદ્રનું સગપણ થયું ત્યારે સર્વ કુટુંબીજનોના આનંદ વચ્ચે તેઓ તો ઉદાસીન જ રહ્યા હતા. માતાપિતાએ નારાજગીનું કારણ પૂછ્યું ત્યારે કહ્યું કે, "મને લગ્નગ્રંથિથી જોડશો નહીં. મારે શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે દીક્ષા લેવી છે." તેમ છતાં, હેમચંદ્રનાં લગ્ન કરી નાખવામાં આવ્યાં. માણેક વિનયી, વિવેકી, આજ્ઞાંકિત હોવા છતાં હેમચંદ્રને સંસારરસથી ભીંજવી શકી નહીં. તેનું મન વધુ ને વધુ વૈરાગ્યવાસિત થતું ચાલ્યું. એક દિવસ મોટાભાઈ મણિલાલ સાથે અમદાવાદ આવ્યા. બંને ભાઈઓએ દીક્ષા લેવાની ભાવના દર્શાવી. ગુરુદેવે માત્ર મણિલાલને દીક્ષા આપી. આથી હેમુ નિરાશ વદને ઘેર પાછા ફર્યા, પરંતુ તેમનો દૃઢ સંકલ્પ કોઈ કાળે ચલિત થાય તેમ ન હતો. એક અંધારી રાતે ભાગીને હેમુ ગુરુદેવશ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે પહોંચ્યા. ત્યાં ગુરુદેવે દીક્ષા આપી, પણ સંસારી વર્ગને જાણ થતાં સગીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વયના હેમચંદ્રને સંસારમાં પાછા લઈ આવવા માટે શ્વસુરપક્ષ સફળ થયો. આખરે પિતાએ પુત્રનો દૃઢ મનોભાવ જાણી લીધો. પિતા તરફથી સંમતિ મળતાં હેમચંદ્રે લીંબડી આવીને ગુરુદેવશ્રી ઝવેરસાગરજી મહારાજ પાસે, ૧૬-૧૭ વર્ષની ઉંમરે, સં. ૧૯૪૭ના મહા સુદ પાંચમે દીક્ષા લીધી. બંને પુત્રો પાછળ પિતાએ પણ દીક્ષા લીધી. પૂ. ગુરુદેવના સાંનિધ્યે સંયમની સાધના સાથે તપ, જ્ઞાનાભ્યાસ, ધ્યાન, ભક્તિ, વિનય, વૈયાવચ્ચ આદિ ઉલ્લાસથી કરવા લાગ્યા અને પં. શ્રી કમલવિજયજી મહારાજ પાસે વડી દીક્ષા પામ્યા.

કોઈ ભવિતવ્યતાના યોગે પૂજ્યશ્રીના ફક્ત છ માસના દીક્ષાકાળમાં જ ગુરુમહારાજ ઝવેરસાગરજી કાળધર્મ પામ્યા. ગુરુદેવ પાસે રહીને સતત સ્વાધ્યાય કરવાની ઇચ્છા મનમાં રહી ગઈ. અગાઉ 'સિદ્ધાંતરત્નિકા વ્યાકરણ' ત્રણ જ માસમાં કંઠસ્થ કરીને પોતાની સ્વાધ્યાયની તીવ્ર રુચિની પ્રતીતિ કરાવી હતી. વળી, કોઈ પણ હિસાબે રોજ ૫૦૦ શ્લોકોનું વાચન કરવું એવો તેઓશ્રીનો અટલ નિર્ધાર હતો. પૂ. ગુરુદેવના વિરહને મનમાં સમાવી ફરી પાછા શાસ્ત્રાભ્યાસમાં લીન બની ગયા. વ્યાકરણ, કાવ્ય, ન્યાય આદિનો અભ્યાસ કર્યો અને પ્રાંતે આગમોના નવાવતાર માટે જીવન સમર્પણ કર્યું. શાસ્ત્રના યોગોદ્વહન આવશ્યક છે. સં. ૧૯૬૦માં ભાવનગરમાં પૂજ્યશ્રી નેમિવિજયજી મહારાજ અને મુનિશ્રી આનંદસાગરજી મહારાજ યોગોદ્વહન કરતા હતા, ત્યારે અમદાવાદના શ્રીસંઘને મુનિશ્રી આનંદસાગરજી મહારાજને પદવી આપવાના મનોરથ થયા. શ્રી સંઘે વિનંતી કરી. મંગલ મુહૂર્તે પં. નેમિવિજયજી મહારાજે શ્રી ભગવતીજી યોગમાં પ્રવેશ કરાવ્યો. ગણિપદ અને પંન્યાસપદ આપવાનું મુહૂર્ત કાઢી આપ્યું. સં. ૧૯૬૦ના જેઠ સુદ ૧૦ને દિવસે પૂ. આનંદસાગરજી મહારાજ પંન્યાસપદથી વિભૂષિત થયા. ત્યાર પછી અનેક સ્થળોએ વિહાર કરતાં તેઓશ્રી અનેક પ્રકારની શાસનોદ્યોતકર પ્રવૃત્તિઓથી રચ્યાપચ્યા રહેતા. ખાસ કરીને જૂના-પુરાણા, હસ્તલિખિત, ખવાઈ ગયેલા, અગોચર-અપ્રાપ્ય આગમગ્રંથો શોધી-સંમાર્જિત કરી-પ્રકાશિત કરવાની પ્રવૃત્તિ સતત હાથ ધરવાને લીધે સજ્જન આત્માઓએ પૂજ્યશ્રીને 'આગમોદ્ધારક' ઉપપદથી સંબોધવાનું આરંભ્યું હતું. પૂજ્યશ્રીનાં આ કાર્યોથી પ્રભાવિત થઈને સુરતના શ્રીસંઘને આચાર્યપદ પ્રદાન કરવાની ભાવના થઈ હતી. પૂજ્યશ્રીની અનિચ્છા છતાં મુહૂર્ત કાઢવામાં આવ્યું. વિ. સં. ૧૯૭૪ના વૈશાખ સુદ ૧૦ ને દિવસે મહામહોત્સવપૂર્વક, સુરતના ચતુર્વિધ સંઘના હર્ષોલ્લાસ વચ્ચે તપોનિષ્ઠ આચાર્યદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અને અસંખ્ય સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિમાં નંદિની વિધિ, સાત ખમાસમણાં, સાત આદેશો, બૃહદ્ નંદીસૂત્ર શ્રવણ આદિએ કરીને આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. પૂજ્ય ગુરુદેવે કહ્યું કે, 'આજથી તમારું નામ આચાર્યશ્રી આનંદસાગરસૂરિજી છે' પરંતુ ભાવિકો તો તેઓશ્રીને 'સાગરજી મહારાજ' ના ઉદ્બોધનથી જ ઓળખાવતા રહ્યા.

આગમગ્રંથોનો ઉદ્ધાર કરીને તો પૂજ્યશ્રીએ અમર નામના પ્રાપ્ત કરી અને પેઢી દર પેઢીના ભાવિકો માટે જ્ઞાનભંડાર સમૃદ્ધ કરી આપ્યા, પણ 'આગમ-મંદિરો'ના નિર્માણકાર્યથી તો આગમવાણીને યાવચ્ચંદ્રદિવાકરૌ અમર કરી દીધી. સાઠ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં અવિરત અને અવિરામ કાર્યરત રહેતા પૂજ્યશ્રી સં. ૨૦૦૬માં સુરતમાં સ્થિરતા હતી ત્યારે સ્વાસ્થ્ય કથળ્યું. વૈશાખ વદ પાંચમની બપોરે પૂજ્યશ્રી અર્ધપદ્માસને નવકારમંત્ર ગણતા હતા, શિષ્યો 'અરિહંતે શરણં પવજ્જામિ' સંભળાવતા હતા અને ચતુર્વિધ સંઘ નમસ્કાર મહામંત્ર સંભળાવતા હતા, ત્યારે ધ્યાનસ્થ પદ્માસન અવસ્થાએ જીવનદીપ બુઝાયો. ૧૦૦થી અધિક સાધુઓ અને ૩૦૦થી અધિક સાધ્વીજીઓનો વિશાળ પરિવાર ધરાવતા દિવંગત આચાર્યભગવંતને તેમના પટ્ટધર શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ચતુર્વિધ સંઘે દેવવંદન કર્યું. પૂ. ગુરુભગવંતના અગ્નિસંસ્કાર સ્થળે રમણીય ગુરુમંદિરની રચના કરવામાં આવી. સં. ૨૦૦૭ના મહા સુદ ૩ ને દિવસે ગુરુમૂર્તિની સ્થાપના કરવામાં આવી.

**આગમિક તથા સાહિત્યક્ષેત્રે યોગદાન :** ૧. ૮ લાખ શ્લોકપ્રમાણ ૧૮૦ ગ્રંથોનું સંપાદન. ૨. ૨ાા લાખ શ્લોકપ્રમાણ ગ્રંથોનું વાચનાદાન. ૩. ૭૦ હજાર શ્લોકપ્રમાણ આગમિક ગ્રંથોનું સર્જન. ૪. ૭૦ હજાર શ્લોકપ્રમાણ અનેક વિષયના ગ્રંથોનું મૌલિક સર્જન. ૫. ૧૫ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત પ્રસ્તાવનાઓ ૮૦ ગ્રંથો પર. ૬. ૪૦ હજાર ફુલસ્કેપ કાગળ પ્રમાણ ગુજરાતી ભાષામાં આગમિક આદિ ગ્રંથોના પદાર્થોનું વર્ણન. ૭. આગમ તથા પ્રકરણગ્રંથોનું સંગેમરમર, પાષાણ તથાતામ્રપત્રમાં કંડરાવી દીર્ઘાયુષ્યપ્રદાન. ૮. ભિન્ન ભિન્ન સ્થાનમાં સાત વખત આગમવાચના (દરેક વાચના લાગટ છ માસ સુધી.)

**અન્ય શાસન પ્રભાવના :** યથાનામગુણ પૂજ્યશ્રી આગમના મહા ઉદ્ધારક બન્યા, તે જ તેઓશ્રીના જીવનની મહાન સિદ્ધિ છે. બાલ્યકાળથી તત્ત્વજ્ઞાનમાં રસ હતો જ. સંયમજીવન સ્વીકારીને શાસ્ત્રોનો અભ્યાસ પ્રત્યે ઓર લગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગી. હંમેશાં ૫૦૦ શ્લોકોનું વાંચન કરવાનું વ્રત એ જ સ્વાધ્યાયપ્રીતિનાં દર્શન કરાવે છે. આજથી લગભગ ૮૦ વર્ષ પૂર્વે, પૂજ્યશ્રીની અમૃતવાણીના પ્રભાવે એક જ ઝવેરી કુટુંબે એક લાખનું દાન જાહેર કર્યું. એ શ્રુતપ્રેમી દાનવીર ગુલાબચંદભાઈ ઝવેરીની ભાવનાને આવકારી, તેમના વડીલનું નામ જોડી, વિ. સં. ૧૯૬૪માં 'દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ'. ની સ્થાપના કરવામાં આવી અને તે સાથે વિવિધ ગ્રંથોનું પ્રકાશન આરંભાયું. પડતર કિંમત કરતાં અડધી કિંમતે પુસ્તકો આપવાનો નિર્ણય થયો. આ પુસ્તક-પ્રકાશન પ્રવૃત્તિમાં પૂજ્યશ્રીએ પોતાનો અમૂલ્ય સમય આપ્યો. આગમોની પ્રેસકોપીઓ તૈયાર કરવાથી માંડીને સર્વાંગસુંદર છાપકામ થાય તેની પણ કાળજી લેતા. વળી, સંસ્કૃત-પ્રાકૃતના તાત્ત્વિક ઉપદેશ આપતા ગ્રંથો, ચરિત્રગ્રંથો અને સમાચારી ગ્રંથો સાધુભોગ્ય બને તે રીતે ૧૭૫ની વિશાળ સંખ્યામાં સંપાદિત કરીને પ્રકાશિત કરાવ્યા. તેમ જ ૮૦ જેટલાં પુસ્તકો પર પ્રૌઢ-ગંભીર-વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવનાઓ લખી. આગમ, સિદ્ધાંત પ્રકરણ, યોગ અને વિવિધ ચર્ચાસ્પદ પ્રશ્નોને લગતા અને ગ્રંથોનું નવસર્જન કરી સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી આદિ ભાષામાં પ્રગટ કર્યા. વિ. સં. ૧૯૭૧થી ૧૯૭૭ દરમિયાન પાટણ, કપડવંજ, સુરત, અમદાવાદ, પાલિતાણા અને રતલામ (માળવા)માં સેંકડો સાધુ-સાધ્વીઓને આગમ-વાચના જાહેરમાં આપીને આગમ સંબંધી પઠન-પાઠનાદિની શિથિલ પડી ગયેલી વ્યવસ્થાને મજબૂત બનાવી વર્ષોથી કંઠોપકંઠ ચાલી આવતી આગમ-વાચનાને વિશુદ્ધ મુદ્રિત રૂપ આપ્યું.

એવું જ બીજું મહાન ભગીરથ જીવનકાર્ય આગમ-મંદિરના નિર્માણનું છે. એક વખત પૂજ્યશ્રી દેવર્ધિગણિક્ષમા-શ્રમણ ભગવંતે આગમોને પ્રતારૂઢ કરી કાળના પંજામાંથી બચાવ્યા હતા. તેમ પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ આગમોને શીલોત્કીર્ણ કરાવી અભૂતપૂર્વ કાર્ય કર્યું. સં. ૧૯૯૪માં પૂજ્યશ્રી જામનગર ચાતુર્માસ સ્થિત હતા ત્યારે સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનોની યાત્રા કરવા શ્રી પોપટલાલ ધારશી અને શ્રી ચૂનીલાલ લક્ષ્મીચંદ તરફથી છ'રી પાલિત સંઘ કાઢવાની ભાવના થઈ. સંઘ તીર્થાધિરાજ શત્રુંજય-પાલિતાણા પધાર્યા ત્યારે પૂજ્યશ્રીને વિચાર આવ્યો કે જૈનાગમોને આરસપહાણમાં કોતરાવાય તો કલિકાલના પ્રભાવે થયેલા સ્થાનકવાસીઓ, તેરાપંથીઓ જે બત્રીશસૂત્ર વગેરે માને છે તે સામે, ઉપરાંત દિગંબરોની જેમ આગમવિચ્છેદ પણ ન થવા પામે તે માટે આરસપહાણમાં જ ઉત્કીર્ણ કરાય તો શાશ્વત કામ થઈ શકે. તે માટે શ્રી શત્રુંજય તીર્થ, પાલિતાણા જ ઉત્તમ સ્થળ કહેવાય. આ માટે ગિરિતળેટીમાં ૯ હજાર વાર જમીન સંપાદન કરવામાં આવી. પૂજ્યશ્રીએ તત્કાલ ત્યાં જ સ્થિર થવાનો નિર્ણય કર્યો. ચાર દ્વારમય પ્રાસાદ મધ્યે ચૌમુખ ભગવંતો એવું મધ્યમંદિર, ચાલીસ દેવકુલિકા, ચાર દેવાલયો અને એક મુખ્ય મંદિર રચીને ક્રમશઃ વર્તમાન ચોવીશીના ચોવીશ, વીશ વિહારમાનના વીશ અને એક શાશ્વતા-એમ પિસ્તાલીશ ચૌમુખજી (૪૫ × ૪ = ૧૮૦ જિનબિંબો) સ્થાપન કરવાનું નક્કી થયું. પિસ્તાલીશ ચૌમુખજી પાંચ મેરુ અને ચાલીશ સમવસરણ પર બિરાજમાન કરવાનું નક્કી થયું. ત્વરિત ગતિએ કામ ચાલ્યું. સેંકડો કારીગરોને કામે લગાડવામાં આવ્યા. ૩૩૪ શિલાઓમાં આગમો કોતરાયાં. ૨૬ શિલાઓમાં 'કમ્મપયડી' આદિ મહાન પ્રકરણો કોતરાયાં તે સાથે 'શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર'ની રચના કરવાનો નિર્ણય થયો. મંદિરમાં નવપદનું મહામંડલ અને દીવાલો પર ચોવીસ પટોમાં તે તે તીર્થંકર સહિત તેમના ગણધરો અને દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીની પાટપરંપરા લીધી. આમ, શ્રી વર્ધમાન જૈનાગમ મંદિર' અને 'શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર' તૈયાર થયાં. પૂજ્યશ્રીના વરદ્ હસ્તે આ પ્રસંગે ૨૫૦૦ પ્રતિમાજીને એક જ દિવસે એકીસાથે અંજનશલાકા કરવાનું ભગીરથ કાર્ય પણ વીસની શતાબ્દિની એક અપૂર્વ શાસન પ્રભાવના હતી. સં. ૧૯૯૯ના મહા વદ બીજ અને પાંચમના અંજનશલાકા પ્રતિષ્ઠાનો અવસર આવ્યો. મહા-મંગળકારી તેર દિવસના મહોત્સવનું આયોજન થયું. દેશવિદેશથી અનેક ભાવિકો ઊમટી પડ્યા. જળયાત્રા, કુંભસ્થાપના, અખંડ દીપક, જ્વારારોપણની વિધિ, દશદિક્પાલપૂજન, નવગ્રહપૂજન, અષ્ટમંગલ, અધિષ્ઠાયકાદિ પૂજનનાં વિધિવિધાન થયાં. પૂજ્યશ્રીના અવિરામ પુરુષાર્થથી ભગીરથ કાર્ય સુસંપન્ન થયું.

અંતરીક્ષજી તીર્થ રક્ષાર્થે ૬૦૦ પુરાવા લંડન પ્રીકાઉન્સીલમાં રજૂ કરી તીર્થ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘનું જ છે, તેવી જિત હાંસલ કરી સાથોસાથ સમ્મેદશિખરજી, કેસરિયાજી, મક્ષીજી, ભોંયણીજી તીર્થરક્ષાના પ્રસંગો પણ તીર્થરક્ષા માટે મહત્વના પૂરવાર થયા હતા.

એવું જ બીજું નિર્માણકાર્ય સુરતમાં 'શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમ મંદિર' બાંધવાનું થયું. 'શ્રી આગમોદ્ધારક સંસ્થા'ની સ્થાપના કરી. પાલિતાણાસ્થિત સુરતના ઝવેરી નગીનદાસ ઝવેરચંદના કુટુંબી રતનબહેને સુરતની જગ્યા આપી. સં. ૨૦૦૩ના ફાગણ વદ ૬ને ગુરુવારે શેઠ માણેકલાલ મનસુખલાલ સંઘવીને હાથે ભૂમિખનન થયું. વૈશાખ વદ બીજને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુધવારે શેઠ મૂળચંદ વાડીલાલ માણસાવાળાને હાથે શિલા-સ્થાપન થયું. રાતદિવસ કામ ચાલ્યું. ત્રણ માળના વિશિષ્ટ વિશાળ દેવવિમાન સમા શ્રી મહાવીર પ્રભુના ભવ્ય જિનાલયમાં ભીંતો પર તામ્રપત્રો લગાવવામાં આવ્યાં. સં. ૨૦૦૪ના મહા સુદ ૩ ને દિવસે પ્રતિષ્ઠા–મહોત્સવ ઊજવાયો. પ્રાંગણમાં 'આગમોદ્ધારકશ્રીની સાહિત્યસેવા'નો પરિચય આપતો ખંડ બાંધવામાં આવ્યો, જેમાં પૂજ્યશ્રીની સાહિત્યસાધનાની ઝાંખી પ્રાપ્ત થાય છે. પૂજ્યશ્રીની શાસનપ્રભાવનાના આ સુવર્ણકળશો ઉપરાંત પણ તેઓશ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓનો ભવ્ય ઇતિહાસ છે. ગુજરાતમાં દુષ્કાળ પડ્યો ત્યારે તેઓશ્રીની હૃદયસ્પર્શી વાણીથી પીગળીને અનેક શ્રેષ્ઠીઓએ પોતાના ધનભંડાર ખુલ્લા મૂકી દીધા હતા. પૂજ્યશ્રીના સમયમાં અંગ્રેજ સરકારે તીર્થસ્થાનોનો કબજો લેવાની પેરવી કરી ત્યારે સમતાના સાગર સાગરજી મહારાજે રાતદિવસ એક કરીને, અનેક સંઘોને, પેઢીઓને, શ્રાવકોને જાગૃત કરીને સમેતશિખરજીનો પહાડ ખરીદી લેવાની વ્યવસ્થા કરી હતી. આમ, પૂજ્યશ્રીએ ધર્મજાગૃતિ માટે અગાધ અને અવિરત પ્રયત્નો કર્યા. કોલકોત્તામાં ગુજરાતી જ્ઞાનમંદિરની સ્થાપના કરી. અનેક સંઘોના પરસ્પરના મતભેદ મિટાવ્યા. અનેક પુણ્યાત્માઓને દીક્ષા પ્રદાન કરીને સંયમમાર્ગના સહચારી બનાવ્યા. આશરે ચારસો ઉપરાંત સાધુ–સાધ્વીઓનો વિશાળ શિષ્ય–પ્રશિષ્ય સમુદાય ખડો કર્યો! આમ, પ. પૂ. આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના પ્રત્યેક કાર્યમાં મહાનતાની મુદ્રા ઊપસે છે! કોટિ કોટિ વંદન હજો એ મહાત્માને!

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ, પૂના.*

### શ્રી ઘંટાકર્ણ મહાવીર મહુડી તીર્થના સ્થાપક, વિશાળ ગ્રંથરાશિના કર્તા,

## પૂ. આચાર્યપ્રવર શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

શીલ, સંસ્કાર અને સુવિશુદ્ધ સંયમની સૌરભથી સદા સુરભિત ગુણિયલ ગુર્જરદેશની શસ્યશ્યામલા રત્નગર્ભા ભૂમિ પર એક દિવસ એક તેજપુંજ પ્રગટ્યો. એ ભૂમિ તે સુરમ્ય આમ્રઘટાઓ વચ્ચે શોભતાં પ્રાચીન જૈન ઉત્તુંગ જિનાલયો વડે શોભતી વિજાપુર (વિદ્યાપુર) નગરીઃ અને તે દિવસ વિ. સં. ૧૯૩૦ના મહા માસનો કૃષ્ણ પક્ષની ચતુર્દશીનો ધન્ય દિવસ. તે ધન્ય દિવસે પાટીદાર જ્ઞાતિના અગ્રગણ્ય શ્રી શિવાભાઈ પટેલની શીલવતી ભાર્યા અંબાબહેનની રત્નકુક્ષીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. ઝગમગતું ભવ્ય લલાટ, પ્રેમસાગર સમાં નયનો, પ્રભાવશાળી મુખારવિંદ અને સસ્મિત ચહેરો, આબાલવૃદ્ધ સૌને આકર્ષી રહ્યો. ફોઈએ નામ પાડ્યું બહેચરદાસ. શૈશવકાળથી બાળકમાં મહાત્માનાં લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. એકવાર નાનકડા બહેચરને ઝાડની ડાળીએ ઝોળી બાંધીને સુવડાવ્યો હતો, ત્યાં ઉપર મોટો સાપ આવીને બેઠો. સૌ હતપ્રત થઈ ગયાં, પ્રાર્થના કરવા લાગ્યાં. એટલામાં સાપ આપોઆપ ધીમે ધીમે સરકીને ચાલ્યો ગયો. આ વાત સાંભળી એક મહાત્માએ ભવિષ્યવાણી ભાખી કે, 'યહ લડકા બડા સંત યોગી હોગા' અને બાળક બહેચરે મોટા થતાં એવાં લક્ષણો બતાવવા પણ માંડ્યાં. બહેચર ભણવામાં અને રમત-ગમતમાં અગ્રેસર રહેવા લાગ્યો. ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી આદિ ભાષાઓ સારી રીતે શીખીને પાંચ ધોરણ સુધી તો પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. મિત્રો પાસેથી ધાર્મિક અભ્યાસની વાતો સાંભળી પાઠશાળાએ જવાનું શરૂ કર્યું. નમસ્કાર મહામંત્ર વિધિપૂર્વક વિનયસહ ગુરુ પાસેથી ગ્રહણ કર્યો. મુખપાઠ કર્યો. રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. જોતજોતામાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રંથનો સંગીન અભ્યાસ પૂર્ણ કર્યો. અર્થ-ભાવાર્થ-પરમાર્થનું પરિશીલન કર્યું. હજી પણ વધુ અધ્યયનની ઝંખના જાગી. ગુજરાતના કાશી સમા જ્ઞાનતીર્થ મહેસાણામાં 'શ્રી યશોવિજયજી જૈન-સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા'માં પ્રવેશ મેળવ્યો અને ત્યાં જ જૈનદર્શનનું ઉત્તમ અને તલસ્પર્શી અધ્યયન કર્યું. બહેચરભાઈને એક યતિશ્રીના જ્ઞાનનો લાભ મળ્યો છે અને ત્યારથી બહેચરભાઈને સંયમ સ્વીકારવાની ભાવના થઈ. એવામાં તપસ્વીરત્ન મુનિવર્ય શ્રી સુખસાગરજી મહારાજ પાલનપુરમાં બિરાજમાન હતા. બહેચરભાઈ ત્યાં પહોંચી ગયા અને દીક્ષા લેવાની ભાવના દર્શાવી. સં. ૧૯૫૭ના માગશર સુદ ૬ને શુભ દિવસે મહામહોત્સવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. યથાનામગુણા બુદ્ધિના મહાસાગર બન્યા.

પૂજ્યશ્રી યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ અને અષ્ટાંગ યોગની સહજભાવે સાધના કરી પારંગત બન્યા હતા. કલાકોના કલાકો સુધી સહજ સમાધિભાવમાં અડોલ રહેતા. અપૂર્વ આધ્યાત્મિક ઓજસ્વંત લોકોત્તર શક્તિને પ્રભાવે અનેક દૈવી શક્તિઓ આકર્ષાઈને પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત રહેવા લાગી. પોતાની પ્રતિભા, પ્રજ્ઞા અને પુરુષાર્થની શક્તિઓ દ્વારા પૂજ્યશ્રી સમાજ અને શાસનપ્રભાવનામાં સતત કાર્યશીલ રહેવા લાગ્યા.

પૂજ્યશ્રીનું બીજું મહત્ત્વનું પ્રદાન ગ્રંથરચનાનું છે. તેમણે એક પછી એક એમ એકસો આઠથી અધિક ગ્રંથો પ્રગટ કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મજ્યોતને ઝળહળતી રાખી. અનેક ભાવિકોનાં અંતરમાં જ્ઞાનજ્યોતનો પ્રકાશ પ્રસાર્યો. સ્થાનકમાર્ગી સંપ્રદાયના શ્રી અમીઋષિ જેવા મુનિઓ આ ગ્રંથોના પ્રભાવથી પૂ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજના શિષ્ય બન્યા અને શ્રી અજિતસાગરજી મહારાજ બન્યા. પૂજ્યશ્રીના સમાજસેવાનાં કાર્યો અને ગ્રંથપ્રકાશનોથી પ્રભાવિત થયેલા અનેક રાજરાજેશ્વરો તેમના દર્શનને ઝંખતા, દર્શન પામી તૃપ્તિ અનુભવતા. સાક્ષરો સમાધાન પામતા, સમાજસેવકો પ્રેરણા પામીને કર્તવ્યશીલ બનતા. વડોદરાનરેશ શ્રી સયાજીરાવ ગાયકવાડની વિજ્ઞપ્તિથી પૂજ્યશ્રીએ રાજમહેલમાં પધારી કરેલાં પ્રવચનથી મહારાજા ખૂબ પ્રભાવિત થયા હતા. અને વિજયાદશમીને દિવસે થતી પાડાની હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. માણસાનરેશ, પેથાપુરનરેશ, ઈડરનરેશ, વરસોડાનરેશ આદિ અનેક રાજરાજેશ્વરોએ શિકાર, માંસાહાર, વ્યસનો, જુગાર આદિનો ત્યાગ કર્યો હતો. પૂજ્યશ્રીની પંડિતાઈનો પ્રભાવ ગુજરાતની સીમા પાર છેક બનારસ સુધી પહોંચ્યો હતો. ત્યાંના મહાવૈયાકરણીઓ અને નૈયાયિકોએ તેઓશ્રીને 'શાસ્ત્રવિશારદ'ની માનદ પદવી આપી હતી. સં. ૧૯૭૦ના મહાસુદ પૂર્ણિમાને દિવસે પેથાપુર નગરના આંગણે ભારતભરના શ્રીસંઘોએ એકત્રિત થઈને પૂજ્યશ્રીને મહા-મહોત્સવપૂર્વક આચાર્યપદે આરૂઢ કર્યા હતા. સૌએ આ પ્રસંગનો ખૂબ લાભ લીધો હતો.

પરંતુ સં. ૧૯૮૧ના વર્ષમાં, ૨૪ વર્ષનો ભરપૂર અને વિવિધ કાર્યોથી સમૃદ્ધિને વરેલો દીક્ષાપર્યાય પૂરો થયો. જેઠ વદ ૩ ને દિવસે મહુડીથી વિહાર કરીને વિજાપુર વિદ્યાશાળા ઉપાશ્રયે પધાર્યા. 'ઓમ અર્હં મહાવીર' નો અજપાજાપ ચાલુ થયો. પૂજ્યશ્રીને ભવિષ્યનું દર્શન થઈ ચૂક્યું હોય તેમ આસપાસ જોયું. સર્વ શિષ્ય સમુદાય હાજર હતો. પ્રસન્નતાપૂર્વક નયનો મીંચ્યાં અને સમાધિસ્થ થયા. સૌ સ્વપ્ન જોતાં હોય તેમ જોઈ રહ્યા. પૂજ્યપાદ આચાર્ય શ્રી મહાપ્રયાણ કરી ચૂક્યા હતા. એ જોતાં જ સૌની આંખોમાંથી અશ્રુધારાઓ ચાલી. જીવનની અંતિમ ક્ષણ સુધી જ્ઞાનજ્યોતિને અખંડ પ્રકાશિત રાખનારા આ મહાત્માએ ત્રણ દિવસ પહેલાં તો એકી સાથે ૨૭ પુસ્તકો પ્રેસમાં મોકલ્યાં હતાં. નશ્વર દેહ પર પણ એવી જ દીપ્તિ પ્રકાશતી હતી. પૂજ્યશ્રીના સ્વર્ગગમનના સમાચાર વીજળી વેગે ગામોગામ અને નગર નગરે પહોંચી ગયા. ૫૦-૫૦ માઈલના અંતરથી લાખો ભાવિકો ઉમટી પડ્યા. વિજાપુર માનવમહેરામણથી છવાઈ ગયું. જેઠ વદ ૪ને દિવસે ભવ્ય સ્મશાન યાત્રા નીકળી. 'જય જય નંદા, જય જય ભદ્રા'ના જયકારથી ગગન છવાઈ ગયું. લાખો આંખો અશ્રુધારા વહાવતી રહી અને પૂજ્યપાદ ગુરુદેવનો ક્ષર દેહ પંચમહાભૂતોમાં વિલીન થઈ ગયો. માત્ર એકાવન વર્ષના આયુષ્યમાં ભવ્યતમ સાધના, અને પ્રભાવક સચ્ચારિત્રને લીધે મહાન પૂર્વસૂરિઓની પંક્તિમાં પ્રકાશી રહ્યા.

આજેય વિજાપુરના જૈનમંદિરના પરિસરમાં પૂજ્યશ્રીના અસ્તિત્વની અનુભૂતિ સૌ કોઈને થાય છે. કારણ? કારણ કે સુવસ કદી મરણાધીન બનતી નથી. એ તો ચિરંતન હોય છે. શાશ્વતી મહેક તો આજેય એવીને એવી જ અનુભવાય છે.

*સૌજન્ય : પ.પૂ.આ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી જમનાબેન ચુનિલાલ (જૂના ડીસાવાળા)*

## *૫૮ શાસ્ત્રગ્રંથોના સર્જક–સંપાદક, જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, કવિકુલકિરીટ*

# પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. સા.



મહાન ધર્મધુરંધર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિ-સૂરીશ્વરજી મહારાજના પુણ્યનામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે! તેઓશ્રીનો જન્મ ઉત્તર ગુજરાતમાં ભોયણીજી તીર્થની નજીક આવેલા બાલશાસન નામના નાનકડા ગામમાં થયો હતો. પિતા પીતાંબરદાસ અને માતા મોતીબહેનને ત્યાં સં. ૧૯૪૦ના પ્રથમ પોષ સુદ ૧૨ને શુભ દિવસે તેઓ અવતર્યા. માતાપિતાએ વહાલસોયા બાળકનું નામ લાલચંદ રાખ્યું. માતાપિતાના ધાર્મિક સંસ્કારો અને બાલ્યવયથી સાધુ–સાધ્વીજીઓના સહવાસને લીધે લાલચંદમાં વૈરાગ્યભાવ જાગ્યો હતો. આગળ જતાં, શ્રી જિનેશ્વરદેવોએ પ્રબોધેલો માર્ગ જ સંસારની માયામાંથી મુક્તિ અપાવવામાં સમર્થ છે એમ સ્વીકારીને માત્ર ૧૯ વર્ષની ભરયુવાન વયે બાલબ્રહ્મચારી પ્રાતઃસ્મરણીય પૂ. આચાર્ય શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી લબ્ધિવિજયજી નામે ઘોષિત થયા. તેઓશ્રીના ગહન જ્ઞાનનો પરિચય તેમણે સંપાદિત કરેલા 'દ્વાદશાર નયચક્ર' ગ્રંથના ચાર ભાગમાંથી મળી આવે છે. આ ગ્રંથનું પ્રકાશન દાદરના જૈન જ્ઞાનમંદિરના ઉપક્રમે ઉપરાષ્ટ્રપતિશ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનના શુભ હસ્તે થયું હતું અને એ વખતે પૂ. સૂરીશ્વરજીએ ગીર્વાણગીરાસંસ્કૃતમાં વક્તવ્ય આપીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પૂજ્યશ્રી વક્તૃત્વશક્તિમાં પણ પારંગત હતા. તેઓશ્રીમાં વિદ્વત્તા અને કવિત્વનો સુભગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમન્વય થયો હતો. તેથી તેમનાં પ્રવચનો સાંભળવા અસંખ્ય ભાવિકો એકત્રિત થતા હતા. ઈડરના શ્રીસંઘે સં. ૧૯૭૧માં પૂજ્યશ્રીને 'જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ'ના માનવંતા બિરુદથી અલંકૃત કર્યા હતા.

પૂજ્યશ્રી ખ્યાતનામ કવિ હતા. તેઓશ્રીની અગણિત કાવ્યકૃતિઓ સરળ અને સુંદર હોવાને લીધે એટલી લોકપ્રિય નીવડી કે આજે પણ મહાનગરોના મહાન જિનાલયોથી માંડીને નાનાં ગામડાંનાં આબાલવૃદ્ધો નરનારીઓના કંઠે ગવાતી સંભળાય છે. આ રચનાઓને તેઓશ્રીના ભક્તોમાં એકલાખ પુસ્તકો દ્વારા પ્રસરાવવામાં આવી છે અને છતાં આ પુસ્તકોની માંગ સતત ચાલુ જ હોય છે! આવા અસાધારણ પ્રભાવને લીધે તેઓશ્રી 'કવિકુલકિરીટ'ના નામે ઓળખાય છે. પૂજ્યશ્રીએ રચેલા સંસ્કૃત, ગુજરાતી, હિન્દી ભાષામાંનાં ગીતોની સંખ્યા ત્રણ હજાર ઉપર થવા જાય છે. આ ભક્તિગીતોમાંના ભાવ અને હૃદયસ્પર્શી લય એટલાં તો સુંદર હોય છે કે આ ભક્તિગીતોના પ્રભાવથી કેટલાક પુણ્યાત્માઓએ સંયમજીવન સ્વીકારવાનો નિર્ણય કર્યાનાં દૃષ્ટાંતો બન્યાં! ૫૮ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ અનેક નાનામોટા, ગદ્યપદ્યના, ગુજરાતી, હિન્દી, ઉર્દૂ અને સંસ્કૃત ભાષામાં લોકોપયોગી તથા વિદ્વદ્ભોગ્ય ગ્રંથોનું નિર્માણ, સંકલન અને સંપાદન કરીને સાહિત્યની અજોડ સેવા કરી છે. તેઓશ્રીને અનેકવાર અન્ય દાર્શનિકો સાથે વાદ–વિવાદ કરવાના પ્રસંગો ઉપસ્થિત થયા હતા. તેમાં પણ પૂજ્યશ્રીએ દરેક વખતે વિજય પ્રાપ્ત કર્યો હતો. કુશાગ્ર બુદ્ધિ, તીક્ષ્ણ તર્કશક્તિ અને અદ્ભુત વાક્ચાતુર્યથી તેઓશ્રી પ્રતિસ્પર્ધીને પરાસ્ત કરતા. નરસંડામાં આર્યસમાજીઓ સાથે વિવાદમાં મૂર્તિપૂજાની સાર્થકતા સિદ્ધ કરી હતી. ખંભાત પાસેના વટાદરા ગામમાં મુકુન્દાશ્રમ નામના સંન્યાસીએ સનાતનીઓ સાથે વેદ વિષયક શાસ્ત્રાર્થ ચલાવ્યો ત્યારે પૂજ્યશ્રીએ સ્યાદ્વાદથી જ બધાના દિલ જીતી લીધા. પંજાબમાં તો અનેક સ્થળોએ વાદવિવાદોના પ્રસંગો ઉપસ્થિત થયા હતા અને દરેક વખતે પૂજ્યશ્રીએ વિજય મેળવ્યો હતો! જેમ કવિત્વપણાથી તેમ વાદવિજયમાં પણ આઠ પ્રભાવકોમાં ગણના થાય છે. એ પૂજ્યશ્રીને વરેલી સિદ્ધિ પણ અવિસ્મરણીય છે.

જૈન શાસનની પ્રભાવના કરવા માટે પૂજ્યશ્રીએ ઠેર ઠેર જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપનો, ઉપધાનો, છ'રી પાળતા સંઘો, દીક્ષાઓ, પદપ્રદાનો, સાધર્મિક વાત્સલ્ય તથા અન્ય મંગલકારી મહોત્સવો મોટી સંખ્યામાં કરાવ્યા હતા. ઘણીવાર વિપરીત સ્થિતિમાં અડગ રહીને, સિંહગર્જના કરીને, વિજય પ્રાપ્ત કરીને આચાર્યપદ શોભાવ્યું હતું. સતત સ્વાધ્યાય અને તપશ્ચર્યા પૂજ્યશ્રીનો ઉત્તમ ગુણ હતો. તેથી જ તેઓશ્રીના શિષ્ય–પ્રશિષ્ય સમુદાયમાં વિદ્વાનો, કવિઓ, વક્તાઓ મોટી સંખ્યામાં છે. પૂજ્યશ્રીની પાટે આઠ–આઠ આચાર્યો વિચરી રહ્યા છે, જીવન ભવ્ય હતું, તેમ તેઓશ્રીની અંતિમ યાત્રા પણ ભવ્ય બની હતી. એકાદ લાખ માણસોની અશ્રુભીની આંખોએ પૂજ્યશ્રીને ઐતિહાસિક વિદાય આપી તે પ્રસંગે ઠેર ઠેર ગુણાનુવાદસભાઓ અને ઉત્સવો થયા હતા. મુંબઈમાં તારદેવના પ્રખ્યાત ચોકનું (નવજીવન સોસાયટી પાસે) 'આચાર્ય લબ્ધિસૂરીશ્વરજી ચોક' નામકરણ કરીને ઋણ અદા કરવાનો વિનમ્ર પ્રયત્ન થયો છે તો, પૂજ્યશ્રીની જન્મભૂમિ–બાલશાસનને 'લબ્ધિનગર' નામ આપવાનો સ્તુત્ય નિર્ણય લેવાયો છે. આમ, અનેક ક્ષેત્રમાં અમાપ પ્રભાવના દ્વારા જિનશાસનમાં શાશ્વત સ્થાનના અધિકારી આચાર્યભગવંતનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે.

ગચ્છ અને દરેક સમુદાયમાં જેમની કવિત્વશક્તિ પ્રસરેલી હતી. પ્રાચીન મહાપુરુષોમાં સ્તવનો ગાનારા પણ પૂજ્યશ્રીના અધ્યાત્મપદો પ્રતિક્રમણાદિ આવશ્યક સાધનામાં ગાય છે. સમન્વયતા, મૈત્રીભાવ, ગુણાનુરાગ, ગુણાનુવાદ, ચારિત્રની સુવિશુદ્ધતા, તેજસ્વી પ્રતિભા, લોકપ્રિયતા જેમના જીવનમાં આકર્ષક પ્રભાવપૂર્ણ હતો.

પ્રત્યેક કોઈપણ જગ્યાએ ક્યાંય વિસંવાદિત વાતવારણ બને તો નિખાલતાથી સમજીને બધાને મૈત્રીભાવથી પોતાના બનાવીને રાખ્યા. આવા અધ્યાત્મચુડામણિ લબ્ધિસૂરીશ્વરજી મ. આત્મકમલલબ્ધિ પરંપરાના પટ્ટવિભૂતિ કવિકુલકીરીટ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાને કોટિ કોટિ વંદન!

*સૌજન્ય : શ્રી સીકન્દ્રાબાદ ગુજરાતી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, એમ.જી.રોડ, સીકન્દ્રાબાદ-૫૦૦૦૦૩*

*'શ્રાવસ્તિ તીર્થોદ્ધારક', 'કર્ણાટકકેસરી', મહાન તપસ્વી, સમર્થ સાહિત્યારાધક*

## પૂ. આચાર્યશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.

કૃતિથી ભદ્રંકર, આકૃતિથી ભદ્રંકર, વૃત્તિથી ભદ્રંકર, પ્રકૃતિથી ભદ્રંકર, પ્રવૃત્તિથી ભદ્રંકર એવા ભદ્રંકર પ્રભાવશાળી વ્યક્તિત્વથી શોભતા, યથાનામગુણ પૂ. આ. શ્રી વિજયભદ્રંકર-સૂરીશ્વરજી મહારાજ વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર ધર્મ-દિવાકર પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પટ્ટધર રૂપે સૂર્યસમાન દીપી રહ્યા છે. ગરવા ગુજરાતની પુનીતપાવન નગરી છાણીમાં સં. ૧૯૭૩ના મહા વદ ૬ને દિવસે તેમનો જન્મ થયો. શૈશવમાંથી જ સંયમજીવનના શણગાર સજવાનાં સ્વપ્નાં સેવવાં માંડ્યાં, પરંતુ ત્રણ ભાઈઓ વચ્ચે એક જ પુત્ર એટલે દીક્ષાની અનુમતિ મેળવવી અત્યંત કઠિન બની ગઈ. સામે પક્ષે, તેમને દીક્ષાની ભાવનાની ભરતી એવી ચડે કે હિમાલય જેવો અવરોધ પણ નહીં નડે તેની પ્રતીતિ થાય. એક દિવસ કોઈ સુવર્ણ પળે પ્રવ્રજ્યા અંગીકાર કરવાના નિશ્ચય સાથે ઘરમાં કોઈને પૂછ્યા વિના નીકળી પડ્યા. પૂ. દાદા ગુરુદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પાસે પાટણ પહોંચ્યા. પૂ. ગુરુદેવશ્રીને પ્રાર્થના કરી કે, દીક્ષા પ્રદાન કરો. સં. ૧૯૮૯ના અષાઢ સુદ ૧૧ના શુભ દિને પૂ. ગુરુદેવે દીક્ષા પ્રદાન કરી અને સંસારી મામા પૂ. આ. શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિશ્રી ભદ્રંકરવિજયજી તરીકે જાહેર કર્યા.

દીક્ષા સાથે જ શિક્ષા ચાલુ થઈ. આરંભથી જ અંતરની અવિરામ લગનીથી આઠ-દસ કલાક એકધારું અધ્યયન શરૂ કર્યું. કોઈ મળવા આવે તો શોધવા પડે, પૂજ્યશ્રી કોઈ એકાંત માળિયામાં બેઠાં બેઠાં અભ્યાસમાં લીન થઈ ગયા હોય! પરિણામે ત્રણ જ વર્ષમાં સંસ્કૃત ટીકા વાંચતાં થઈ ગયા. પોતે સંસ્કૃત શ્લોકોની રચના કરવા લાગ્યા. તેથી સમુદાયમાં 'પંડિત મહારાજ' તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યા. પૂ. આ. શ્રી ગંભીર-સૂરીશ્વરજી મહારાજ તો રમૂજમાં કહેતા કે, "આ તો કોઈ કાશીનો પંડિત લાગે છે!" ધર્મ, ન્યાય, વ્યાકરણ, કાવ્ય આદિમાં અપ્રતિમ નિપુણતા પ્રાપ્ત કરી. આજે વૃદ્ધાવસ્થામાં પણ યુવાનને શરમાવે એટલા ઉત્સાહથી વિદ્યોપાસના કરી રહ્યા છે. રોજ દસેક કલાક વાચન-મનન-લેખન ચાલે જ, પરિણામે તેઓશ્રી અનેક ગ્રંથોનું સંપાદન-લેખન-પ્રકાશન કરી શક્યા છે. પૂજ્યપાદ શ્રી યશોવિજયજી મહારાજના ગહન ગંભીર દાર્શનિક ગ્રંથ 'અધ્યાત્મોપનિષદ', 'વિજયોલ્લાસ મહાકાવ્ય' પર સરળ, સુગમ અને સુંદર ટીકાઓ લખીને સંસ્કૃતના પ્રગલ્ભ અને પ્રખર વિદ્વાન તરીકેની પ્રતિભા સિદ્ધ કરી છે. અત્યારે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીજી મહારાજના મહાગ્રંથ 'લલિતવિસ્તરા' અને તેની પંજિકા ઉપર ગીર્વાણગિરામાં ટીકા રચી રહ્યા છે. પૂજ્યશ્રીએ 'દશવૈકાલિક', 'ઉત્તરાધ્યયન' જેવા આગમિક ગ્રંથો તેમ જ 'લલિતવિસ્તરા', 'તત્ત્વન્યાયવિભાકર' જેવા દાર્શનિક ગ્રંથોના ગુજરાતી અનુવાદો આપી સાહિત્યોપસના કરી છે.

આવી અખંડ અને અગાધ સાહિત્યસેવા સાથે પૂજ્યશ્રી દૂર-સુદૂરના અનેક પ્રદેશોમાં સતત વિહરતા રહ્યા છે. ગુજરાત, મારવાડ, માળવા, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્ર આદિ પ્રાન્તોમાં જિનશાસનની ધર્મજ્યોત પ્રસરાવી રહ્યા છે; તેના ફળ સ્વરૂપે, ચિકમંગલૂર-કર્ણાટકમાં ઘણા સંઘોએ એકત્ર થઈને ઉપધાનમાળા પ્રસંગે પૂજ્યશ્રીને 'કર્ણાટકકેસરી' ની પદવીથી વિભૂષિત કર્યા છે. એવી જ બીજી શાસનપ્રભાવના બિહાર, ઉત્તર પ્રદેશ આદિ પ્રાંતોની પણ છે. ઉત્તર પ્રદેશમાં આવેલી શ્રાવસ્તિ નગરી ભૂગોળમાંથી ભૂંસાઈ ગઈ હતી. શ્રી સંભવનાથ પ્રભુની આ કલ્યાણક ભૂમિ પર પૂજ્યશ્રીની પ્રેરણાથી સંભવનાથ ભગવાનનું સ્વર્ગવિમાનસદૃશ્ય વિશાળ સંગેમરમરનું ભવ્ય જિનાલય ખડું કરવામાં આવ્યું અને ઉપાશ્રય-ધર્મશાળા આદિનાં નિર્માણકાર્યો થયાં. આવા મહાન શાસનપ્રભાવનાનાં કાર્યોથી પ્રભાવિત થઈને તેઓશ્રીને સં. ૨૦૨૬ના માગશર સુદ ૬ને દિવસે આંધ્રપ્રદેશના આદોનીમાં આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. તપ-આરાધના અને સાહિત્યસર્જન માટે, વિવિધ પ્રાન્તોના વિહારથી જિનશાસનની પ્રભાવના માટે પૂજ્યશ્રીને ચરણે કોટિ કોટિ વંદના!

તા. ક. પૂજ્ય આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ વિ. સં. ૨૦૪૮ના ચૈત્રી ઓળીના દિવસોમાં અંકલેશ્વર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. અંકલેશ્વરમાં તથા ૐકાર તીર્થમાં વિશાલ ગુરુમંદિર નિર્માણ થયેલ છે.

*પૂ. ૐકારતીર્થ સ્થાપક આ.શ્રી પુણ્યાનંદસૂરિજી મ.ના સંયમ-પર્યાયની અનુમોદનાર્થે ગણિવરશ્રી વિક્રમસેનવિજયજી મ.ની પ્રેરણાથી ભક્તોના સૌજન્યથી*

### પીયૂષપાણિ શાસ્ત્રવિશારદ-કવિરત્ન
### પૂજ્યપાદ આચાર્યભગવંત

## શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ



શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રી જિનશાસનની સુવિશુદ્ધ પરંપરામાં થયેલા પરમપ્રભાવક મહાપુરુષ હતા. તેઓએ જૈન શાસનમાં એક નવો જ યુગ પ્રવર્તાવ્યો હતો અને શાસનના સાતે-સાત ક્ષેત્રોમાં વચલા ગાળામાં પ્રવેશેલી શિથિલતા દૂર કરી. અપૂર્વ ચેતના પ્રગટાવી એને અભિનવ સંસ્કારો આપ્યા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનામાં રહેલી બાળસુલભ સરળતા, નિર્મળ નિખાલસતા અને હૈયામાં ઊભરાતો દુર્લભ પ્રમોદભાવ, પહેલા જ પરિચયમાં કોઈને પણ પોતાના કરી લેવા પર્યાપ્ત હતાં. તેઓશ્રી શાસ્ત્રોના માર્મિક વિદ્વાન, ઉત્તમ કવિ, સમર્થ ધર્મોપદેશક, મહાન તત્ત્વજ્ઞ અને દીર્ઘદૃષ્ટિ ધરાવનારા પૂજ્યપુરુષ હતા.

મુંબઈનાં ઉપનગરોમાં ગૌરવવંતુ સ્થાન ધરાવનારા દોલતનગર અને પાલિતાણામાં શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાએ જનાર પ્રત્યેક યાત્રાળુને ઊડીને આંખે વળગે એવા શ્રી કેશરિયાજી વીરપરંપરા પ્રાસાદથી શોભતું 'કેશરિયાજી નગર' તેમની અમોઘ ઉપદેશશક્તિ અને વિરાટ કાર્યશક્તિનો આબેહૂબ પરિચય કરાવે છે.

જૈન-જૈનેતર તીર્થધામોથી શોભતી સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી પર બોટાદ નામનું નગર છે. આ નગરમાં ધર્મિષ્ઠ પરિવાર તરીકે દેસાઈ ભવાન વસ્તાનું કુટુંબ પ્રખ્યાત હતું. એમના પુત્ર હેમચંદ ભવાનને ત્યાં શ્રી દિવાળીબહેનની રત્નકુક્ષિએ સં. ૧૯૫૨ના મહા સુદ ૮ના શુભ દિને એક પુત્રનો જન્મ થયો. પાંચ-પાંચ ભાઈઓ અને એક બહેનના લાડીલા આ લાલનું નામ પાડવામાં આવ્યું અમૃતલાલ. જન્મ તથા દીક્ષા પૂર્વ ભવની પુણ્યાઈ અને કુટુંબના સંસ્કારો લઈને ઊછરતા અમૃતલાલ સાચે જ આ લોકમાં અમૃત-શા મધુર હતા. એમાં સં. ૧૯૬૬માં સૂરિસમ્રાટ આચાર્યભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ શિષ્યપરિવાર સાથે બોટાદને આંગણે પધાર્યા. ગુરુદેવે તો પ્રથમથી જ આ રત્નને પારખી લીધું હતું. સં. ૧૯૭૧ના અષાઢ સુદ પાંચમને શુભ દિને દીક્ષા આપવામાં આવી. પૂ. ગુરુદેવે અમૃતલાલને સ્વશિષ્ય બનાવી મુનિશ્રી અમૃતવિજયજી નામે ઘોષિત કર્યા. કુટુંબીજનોને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ ઘણાં વ્યથિત થઈને ગુરુદેવ પાસે આવ્યા, પરંતુ મુનિશ્રીની સંયમનિષ્ઠા અને નિશ્ચયબળ જોઈને સૌ પ્રસન્ન અને સંતુષ્ટ થયાં અને સકળ સંઘના અતિ આગ્રહને વશ થઈને બોટાદમાં ચાતુર્માસ માટે કૃપા દર્શાવી. શાસનસમ્રાટશ્રીના પ્રથમ દર્શને જ અમૃતલાલ પર અનોખો પ્રભાવ પાથરી દીધો. પોતાની જેમ જ પ્રભાવિત બનેલા નરોત્તમભાઈ, લવજીભાઈ આદિ પાંચ મિત્રોમાંથી ભાઈ નરોત્તમદાસે કુટુંબની અનુમતિ લીધા વિના જ દીક્ષા લઈ મુનિશ્રી નંદનવિજયજી નામ ધારણ કર્યું. એ જાણીને અમૃતલાલની અકળામણ ઓર વધી ગઈ. એમણે કાકા દ્વારા કુટુંબની બીજી રીતે સંમતિ માગી, કે તે ધર્મના અભ્યાસ અર્થે મહેસાણા જવા ઇચ્છે છે. સૌએ રાજીખુશીથી રજા આપી અને અમૃતલાલ મહેસાણાને બદલે સીધા પહોંચ્યા જાવાલ (રાજસ્થાન) સૂરિસમ્રાટ પાસે. ત્યાં જઈ પૂજ્ય ગુરુભગવંતને પોતાની મનોકામનાથી અવગત કર્યા. સંયમ સ્વીકારવા અભિલાષા વ્યક્ત કરી.

ત્યાર પછી ગુરુદેવના વિનેય શિષ્યરત્ન તરીકે તેઓશ્રીએ પોતાની પ્રતિભાનો બહુમુખી વિકાસ સાધ્યો. તીવ્ર બુદ્ધિમત્તા, ચિત્તની એકાગ્રતા અને નિષ્કામ ગુરુભક્તિના પ્રતાપે તેઓશ્રી થોડા જ વખતમાં ન્યાય, સાહિત્ય, વ્યાકરણ, વેદાંત, મીમાંસા, સાંખ્ય આદિ ઇતરશાસ્ત્રોમાં તેમ જ આગમોના તલસ્પર્શી અભ્યાસમાં પારંગત બન્યા. વિશાળ અભ્યાસ અને અનુપમ કવિત્વશક્તિથી વાણી વહાવવાની વિશેષતાને લીધે તેઓશ્રી ગુરુદેવના કૃપાપાત્ર બની ચૂક્યા હતા. તેથી સં. ૧૯૮૫માં મહુવા મુકામે પૂ. ગુરુદેવ દ્વારા યોગોદ્વહન કરવાપૂર્વક તેઓશ્રી ગણિપંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા. આગળ જતાં, સં. ૧૯૯૧ના જેઠ વદ ૧૨ ને દિવસે ઉપાધ્યાયપદથી અને સં. ૧૯૯૨ના વૈશાખ વદ ૪ ને દિવસે રાજનગરમાં મહામહોત્સવ સાથે, પૂજ્યશ્રીના કરકમલથી જ આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. સૂરિસમ્રાટે તેઓશ્રીને આચાર્યપદ સાથે સાથે 'કવિરત્ન' અને 'શાસ્ત્રવિશારદ'નાં બે બિરુદો પણ આપ્યાં! ઉપરોક્ત બંને બિરુદો સાર્થક બને એવું પૂજ્ય આચાર્યશ્રીનું વ્યક્તિત્વ હતું. કવિત્વશક્તિ વારસાગત હતી. પૂજ્યશ્રીના સંસારી બંધુ શ્રી શામજીભાઈ માસ્તર રચિત 'રત્નાકર-પચ્ચીસી' આજે પણ સકળ જૈનસમાજમાં મુક્ત કંઠે ગવાય છે, જ્યારે પૂજ્યશ્રીએ રચેલી સ્તુતિ અને અન્ય સ્તુતિઓ પણ સંઘમાં હોંશેહોંશે ગવાય છે.

મુંબઈ-દોલતનગરમાં તેઓશ્રીના ઉપદેશથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી અમૃતસૂરિજી જ્ઞાનશાળા, જૈન ઉપાશ્રય, જૈનોના વસવાટ માટે શ્રી ઉન્નતિસદન, જૈન વર્ધમાનતપ-નિવાસ, શ્રી આયંબિલખાતું તથા પાઠશાળાનું મકાન, સાહિત્યવર્ધક સભાનું મકાન વગેરે સ્થાયી કાર્યો થયાં. પાલિતાણામાં પણ શ્રી કેશરિયાજીનગર સ્થિત (૧) ચાર માળનું શ્રી કેશરિયાજી વીરપરંપરા મહાપ્રાસાદ, (૨) શ્રી અમૃતપુણ્યોદય જ્ઞાનશાળા, (૩) શ્રી વૃદ્ધનેમિ અમૃતવિહાર, (૪) શ્રી કાંતિલાલ લલ્લુભાઈ જૈન ભોજનશાળા, (૫) શ્રી સુમતિબહેન ફકીરચંદ જૈન ધર્મશાળા, (૬) શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ જૈન ધર્મશાળા, (૭) શ્રી રૂપચંદજી જસરાજજી જૈન ધર્મશાળા, (૮) શ્રી કેશવદાસ બુલાખીદાસ જૈન ધર્મશાળા વગેરે સ્થાયી કાર્યો થયાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પુણ્યપ્રભાવી આત્માએ પાલિતાણા જેવી તીર્થાધિરાજની પવિત્ર ભૂમિ પરથી સં. ૨૦૩૦ના પોષ વદ ૬ ને સોમવારે સુંદર સમાધિપૂર્વક સ્વર્ગવાસ કર્યો ત્યારે માત્ર પાલિતાણામાં જ નહીં, પણ અનેક ગ્રામ-નગરોમાં પૂજ્યશ્રીના સ્વર્ગારોહણ મહોત્સવો ઊજવવામાં આવ્યા, જે તેઓશ્રીના વ્યાપક પ્રભાવનું પ્રતિબિંબ પાડે છે. ધન્ય છે એ મહાત્માને, જેઓશ્રીએ અમૃત બનીને જીવન અમર બનાવ્યું. વંદન હજો એ પરમ સૂરિવરને!

*પ.પૂ. આ.શ્રીમદ્ વિજયહેમચન્દ્રસૂરિજી મ. તથા પ.પૂ. આ.શ્રીમદ્ વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ.ની પ્રેરણાથી ગુણગુણાનુરાગી સુશ્રાવકો તરફથી*

*વ્યાકરણ-વિદ્યાવારિધિ, જ્યોતિર્વિદ્ દિનમણિ, દર્શનસાહિત્યના મર્મજ્ઞ*

## પૂ. આચાર્યશ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ

પૂજ્ય ધર્મધુરન્ધરસૂરિ મહારાજના જીવનને જેણે નજીકથી જોયું છે, તેમણે અનુભવ્યું છે કે તેમના હૃદયનો વિકાસ કેટલો વિશાળ છે? બુદ્ધિની સૂક્ષ્મતા કેટલી બધી છે? તેઓની જીવનવાડીમાં ઘણાં ગુણ-પુષ્પો ખીલ્યાં હતાં પણ તેઓએ પોતાના પિતાગુરુ પં. શ્રી પુણ્યવિજયજી મહારાજની જે અખંડ સેવા વર્ષો સુધી કરી અને ઉત્તરકાળમાં પોતાના પ્રગુરુ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની સેવા કરી હતી, તે કાર્ય કરતી વખતે તે તે પૂજ્યોનાં મનને સતત સંતોષ આપ્યો હતો તે નોંધપાત્ર જ નહીં પણ દૃષ્ટાંત પાત્ર છે. પોતાનું બધું તેઓના ધ્યેયમાં સમાવી દેવાનું કાર્ય કોઈ આવા યોગી પુરુષ જ કરી શકે. કોઈ નિઃસ્પૃહી સંત પુરુષ જ કરી શકે તેવું આ કાર્ય હતું.

તેઓની તમામ પ્રવૃત્તિમાંથી નિષ્કલંકતાની સુગંધ સતત આવતી હતી, તો વૃત્તિમાંથી પ્રસંગે-પ્રસંગે નિષ્કષાયતાની પ્રતીતિ થતી હતી. આ જીવનસિદ્ધિને તેઓના જીવનની વિશાળતાને ઉદાત્તતાને સમજવા માટે આપણી બુદ્ધિનો 'ગજ' ટૂંકો પડ્યો હોય તેવું લાગે છે.

જૈનશાસનના ઇતિહાસમાં અનેક વિભૂતિમત્તા પ્રકાશે છે. તેમાં પૂજ્યશ્રીનું નામ પણ અવિચળ ઝળકે છે. તેઓશ્રીનાં સ્વાધ્યાય-તપથી પ્રાપ્ત થયેલા ધર્મ-જ્ઞાનના ગ્રંથો અને શાસનપ્રભાવનાથી પ્રેરાઈને કરેલાં અગણિત ધર્મકાર્યો તેમની બહુમુખી પ્રતિભાના પરિચાયક છે. તેઓશ્રીનું મૂળ વતન ઝાલાવાડમાં મૂળી પાસેનું ખાટડી ગામ. પિતા પીતાંબરદાસ જીવાભાઈ ધંધાર્થે ભાવનગર આવી વસ્યા. એમનાં બીજાં પત્ની સાંકળીબહેનનું ભાવનગરમાં પિયર હતું. સં. ૧૯૭૪ના ચૈત્ર વદ પાંચમને દિવસે સાંકળીબહેનની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. યથાનામગુણ બાળકનું નામ ધીરજલાલ રાખવામાં આવ્યું. માતા સાંકળીબહેન બાળકના જીવનઘડતરમાં ખૂબ જ રસ લેતાં હતાં, પરંતુ દૈવયોગે એમનું દુઃખદ અવસાન થયું. ધીરજની વય ત્યારે માત્ર આઠ વર્ષની હતી. ધીરજને, શ્રી યશોવિજયજી જૈન-ગુરુકુળમાં ભણવા મૂક્યા અને ત્યારથી બાળકની મનોવૃત્તિમાં વૈરાગ્યના અંકુરો ફૂટવા માંડ્યા. સં. ૧૯૮૫માં પૂ. પં. શ્રી અમૃતવિજયજી ગણિનો સમાગમ થતાં પિતા-પુત્રની વૈરાગ્ય-ભાવના વધુ બળવત્તર બની અને સં. ૧૯૮૮ના મહા સુદ ૧૦ને શુભ દિને જાવાલ ક્ષેત્રના ઉત્સાહી શ્રી સંઘના મહોત્સવ વચ્ચે પૂ. શાસનસમ્રાટશ્રીના આશીર્વાદ સાથે પિતા-પુત્રે દીક્ષા ગ્રહણ કરી. પીતાંબરદાસ મુનિશ્રી પુણ્યવિજયજી નામે પૂ. પં. શ્રી અમૃતવિજયજીના શિષ્ય બન્યા અને ધીરજલાલ મુનિશ્રી ધુરંધરવિજયજી નામે મુનિશ્રી પુણ્યવિજયજીના શિષ્ય જાહેર થયા અને સાચે જ આગલાં વર્ષોમાં પૂ. મુનિવર ધર્મધુરંધરવિજય તરીકે સર્વત્ર પંકાઈ ગયા!

દીક્ષા થઈ ત્યારે માત્ર ૧૩ વર્ષના બાળમુનિ શ્રી ધુરંધરવિજયજી મહારાજમાં કોઈ વિશેષતા દેખાતી નહોતી. એકવડો બાંધો, ઘઉંવર્ણું સામાન્ય શરીર, સાવ મિતભાષી અને એકાકી પ્રકૃતિને લીધે સામાન્ય છાપ પડતી હતી, પરંતુ પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો સહવાસ અને અન્ય આચાર્યદેવો પાસેથી માર્ગદર્શન પામીને સત્તરમા વર્ષે તો એક પ્રભાવશાળી મુનિવર તરીકે સમગ્ર સમુદાય પર અનોખી છાપ અંકિત કરી આપી. એ છાપ ઉત્તરોત્તર વિકસતી ચાલી. પૂજ્યશ્રીએ કરેલાં ગુજરાત-મુંબઈનાં મુખ્ય શહેરોનાં ૪૬ ચાતુર્માસ એનાં જીવતાં-જાગતાં પ્રમાણપત્રો છે કે તેઓશ્રીની ઉપસ્થિતિ હોય ત્યાં મહામહોત્સવપૂર્વક અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, સંઘયાત્રા આદિના અનેકાનેક ઉત્સવો ઊજવાયા જ હોય. આવી અપૂર્વ શાસનપ્રભાવનાના ફળસ્વરૂપ પૂજ્યશ્રીને સં. ૨૦૦૭ના કારતક વદ ૬ને દિવસે ગણિ પદવી અને વૈશાખ સુદ ૩ (અક્ષયતૃતીયા)ને દિવસે પંન્યાસ પદવી અર્પણ કરવામાં આવી. વિરલ એવો ભવ્ય ઉત્સવ મુંબઈ મુકામે સં. ૨૦૨૧ના મહા સુદ ૭ ને સોમવારે ઊજવાયો હતો, જ્યારે પૂજ્યશ્રીને આચાર્યપદથી અલંકૃત કરવાનું ફરમાન શાસનશણગાર, ગીતાર્થગણમુકુટમણિ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ શાસનપ્રભાવક જ્યોતિષશાસ્ત્ર પારંગત પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે કર્યું. દસ દિવસ ચાલેલા આ મહોત્સવમાં અનેક પ્રકારના ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. વિશાળ સંખ્યામાં જૈન અને જૈનેતર મહાનુભાવોએ હાજરી આપી હતી.

આચાર્યદેવોના જીવનક્રમમાં સહજ બની ગયેલાં સામાન્ય કાર્યો તો પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં જ રહેતાં હતાં, પરંતુ યથાનામ ધુરંધર કાર્ય ન થાય તો નામ દીપે નહીં. એવાં કાર્યોમાં પૂજ્યશ્રીની દેખરેખ નીચે પાલિતાણામાં ગિરિરાજ શત્રુંજયની તળેટીમાં જૈન સંઘના ભવ્ય વારસાને દર્શાવતાં અને શ્રમણપરંપરાના ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવતા 'કેસરિયા વીરપરંપરાપ્રાસાદ' નામે વિશાળ ચૈત્યનું નિર્માણ એ મુખ્ય છે. સખત અને સતત પરિશ્રમને પરિણામે હોય કે ગમે તેમ, સં. ૨૦૩૦થી પૂજ્યશ્રીની તંદુરસ્તી જોખમાઈ. કેન્સરનું નિદાન થયું, છતાં તેઓશ્રીની પ્રવૃત્તિમાં સહેજે શિથિલતા ન આવી. વ્યાધિ વધતો ચાલ્યો. ૨૦૩૩નું ચોમાસું અમદાવાદમાં હતા. ત્યાં વ્યાધિની વેદનાએ માઝા મૂકી. સં. ૨૦૩૪ના વૈશાખ માસ સુધી આ વ્યાધિની અશાતના સહન કરતા રહ્યા. વૈશાખ વદ ૧૨ને દિવસે શુક્રવારે સાંજના ૪-૨૫ વાગ્યે આ તેજસ્વી તારક શાંતિ અને સમાધિપૂર્વક દિવ્યસૃષ્ટિમાં વિલીન થઈ ગયા, પરંતુ અપૂર્વ ગુણગરિમાથી ઓપતી તેઓશ્રીની યશઃકાયા તો યાવચ્ચંદ્રદિવાકરૌ અમર છે. ૬૦ વર્ષના અલ્પ આયુષ્યમાં ૪૭ વર્ષનો સુદીર્ઘ દીક્ષાપર્યાય પાળી, ૧૩ વર્ષના સૂરિપદપર્યાયમાં એક દૃષ્ટિમાં ન સમાય તેવાં અને તેટલાં વિવિધ અને વિશાળ કાર્યો કરી ગયા! ઉત્તમ કોટિની સમતા, સમર્થ કોટિની વિદ્વત્તા, આદર્શ કોટિની સંયમ–સાધના–સ્વાધ્યાયપ્રીતિ–સર્જકતા–સત્સંગમગ્નતા આદિના અદ્ભુત ગુણોથી ઓપતી ભવ્ય જીવનયાત્રા પૂર્ણ કરી ગયા.

*પ.પૂ.આ.શ્રી હેમચન્દ્રસૂરિજી મ.સા. તથા પ.પૂ.આ.શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રાવકભક્તોના સૌજન્યથી*

*શ્રી ૐકારતીર્થ–ભદ્રંકરધામ–મહાવીરલબ્ધિધામ કુંથુનાથ ગૌતમલબ્ધિધામ સ્થાપક, દક્ષિણ મહારાષ્ટ્રભૂષણ*

## પૂ. આચાર્યશ્રી વિજયપુણ્યાનંદસૂરીશ્વરજી મહારાજ

પુનીતપાવન છાણી નગરીને વડોદરાના મહારાજા ગાયકવાડે 'દીક્ષાની ખાણ' તરીકે ઓળખાવી છે. છાણી વિષે કહેવત પડી ગઈ છે કે, 'ગામ છાણી–દીક્ષાની ખાણી.' ભાગ્યે જ કોઈ ઘર એવું હશે કે જ્યાંથી કોઈ સંયમ–આરાધક શ્રી વીરપ્રભુની શાસનસેવામાં ન સંચર્યું હોય! એવી એ પવિત્ર ભૂમિમાં સં. ૧૯૮૭ના પોષ વદ ૬ને દિવસે પૂજ્યશ્રીનો જન્મ થયો. સંકલ્પને કલ્પતરુની ઉપમા આપી છે. મનના મનોરથોને સંકલ્પમાં સુદૃઢ કરી દો એટલે ફળ મળ્યા વગર રહે જ નહીં. પૂજ્યશ્રીના મનોનિકુંજમાં પણ નાનપણથી વૈરાગ્યભાવનાનાં મૂળ રોપાયાં હતાં અને આગળ જતાં, એ સંકલ્પના કલ્પવૃક્ષને વિકસવાનું વાતાવરણ મળ્યું હતું. માતાપિતાને સંયમ સ્વીકારવાની વાત કરી, પણ અનુમતિ મળી નહીં. મિત્રો સાથે ભાગીને ઉમેટા પહોંચ્યા. ત્યાં એ સંકલ્પ ફળીભૂત થયો. શ્રાવસ્તિ તીર્થોદ્ધારક આચાર્યદેવ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારી, સં. ૨૦૦૪ના પોષ વદ પાંચમે દીક્ષા ગ્રહણ કરીને મુનિશ્રી પુણ્યવિજયજી નામે ઘોષિત થયા. સંયમ સ્વીકારીને મુનિશ્રી શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યોમાં તલ્લીન બની ગયા. શાસ્ત્રો આદિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. જ્યોતિષશાસ્ત્રમાં સવિશેષ પારંગત થયા. એ ઉપરાંત, પૂજ્યશ્રીના બે ગુણવિશેષ સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા : ૧. તેઓશ્રીની કથા–આલેખનની શૈલી હૃદયંગમ છે. સુબોધ–સુવાચ્ય કથાઓના સર્જક તરીકે તેઓશ્રી અજોડ સાહિત્યસાધના કરી રહ્યા છે. 'સુઘોષા', 'શાંતિસૌરભ', 'મહાવીર–શાસન'માં તેઓશ્રીની કથાઓ પ્રસિદ્ધ થઈ છે, આબાલવૃદ્ધ સૌમાં અત્યંત પ્રિય થઈ પડી છે.

પૂજ્યશ્રી તપમાં પણ આગળ વધતા જ રહ્યા છે. વર્ષીતપ, સિદ્ધિતપ, ચત્તારિ અટ્ઠ, ૧૬–૧૧ ઉપવાસ, વીશસ્થાનક આદિ તપ સાધવામાં અગ્રેસર રહ્યા છે. પૂજ્યશ્રીને કાનપુરમાં સં. ૨૦૪૩ના પોષ સુદ ૧ને શુભ દિવસે પૂ. આ. શ્રી વિજયભદ્રંકર-સૂરીશ્વરજી મહારાજે આચાર્ય પદવી પ્રદાન કરી અને મુનિ શ્રી પુણ્યવિજયજીમાંથી આચાર્યશ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મહારાજ બન્યા. આજે પણ શાસનપ્રભાવનાનાં કાર્યો કરી રહ્યા છે. તેઓશ્રીના ૯ શિષ્યપ્રશિષ્યો પાંચ ભાણિયાઓએ દીક્ષા ગ્રહણ કરેલ છે. વિદ્વાન આ. વારિષેણસૂરિજી તથા સ્વ. આ. વીરસેનસૂ. નામે પ્રસિદ્ધ શિષ્યો છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી વિહારધામ તથા અલૌકિક અનુપમ વિશ્વમાં પ્રથમ ૐમાં પંચપરમેષ્ઠીની સ્થાપના, પ્રતિષ્ઠા તેઓશ્રીના હસ્તે જ સં. ૨૦૫૯ મહાવદ–૩, ૧૯-૨-૨૦૦૩ના અનુમોદનીય થઈ. ત્રણ ભત્રીજીઓએ પણ દીક્ષા ગ્રહણ કરી છે. પૂ. દાદા ગુરુદેવની છત્રછાયામાં છાણીમાં ચાતુર્માસ સમયે તેઓશ્રીનાં સંસારી માતાએ ઉપધાન તપ કરાવવાનો અમૂલ્ય લાભ લીધો. એવા એ શાંતમૂર્તિ–તપસ્વીરત્નસાધક સંત સ્વસાધના કરવાપૂર્વક અનેક જીવોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનરસના ઈચ્છુક બનાવી રહ્યા છે. લાખ લાખ વંદન હજો એ પરમ શાસનપ્રભાવક સૂરીશ્વરજીને!

પૂજ્યશ્રીની ભાવનાના સહારે ગણિવર વિક્રમસેન વિજયના માર્ગદર્શન અનુસાર છાણીથી ૯ કિ.મી. હાઈવે ટચ પદમલા ગામે શ્રી ૐકાર જૈન તીર્થ–ભદ્રંકરનગર વિહારધામરૂપે નિર્માણ થયું, જેમાં ત્રિશિખરી જિનાલય, કલ્પસૂત્રમંદિર, રાયણપગલાં મંદિર, ગુરુમંદિર, શાસનદેવદેવીમંદિર, વિશાળ ૨– ઉપાશ્રય, પ્રવચનહોલ, ભોજનશાળા તથા અદ્યતન ધર્મશાળા નિર્માણ પામેલ છે, જેમાં વિશ્વમાં પ્રથમ એવા વિશાલ ૐ ની સ્થાપના–તેમાં પંચપરમેષ્ઠીની પ્રતિષ્ઠા–અંજનશલાકા સં. ૨૦૫૯, મહા વ. ૩ના પૂજ્યશ્રીના હસ્તે થઈ તથા પૂજ્યશ્રીની પ્રેરણાથી ગેટવે ઑફ કોંકણના સ્થાનને પામેલ પન્હાળા હિલ સ્ટેશને મહાવીર-લબ્ધિ ધામ નિર્માણ થયેલ છે. તેમાં રથાકાર જિનાલય, ભોજનશાળા–ધર્મશાળા–ઉપાશ્રય આદિ તૈયાર થયેલ છે, જેની અંજન–પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના હસ્તે સં. ૨૦૬૧, પો. વ. ૬ ના થશે. પોષ વ. ૫ ના પૂજ્યશ્રી સંયમજીવનના ૫૮માં વર્ષમાં પ્રવેશ તથા જીવનના ૭૫મા વર્ષમાં પ્રવેશ કરશે. તેઓનાં ચરણે વંદના....

સં. ૨૦૬૨ના સંયમપર્યાયના પાવન દિને અનેક સંઘોએ ભેગા થઈ દક્ષિણ મહારાષ્ટ્રભૂષણ પદવી આપેલ,સં. ૨૦૬૨ના મહાવદ ૬ના પાવનદિને પૂના-બેંગલોર હાઈવે ટચ, ઈ કુંથુનાથ-ગૌતમ-લબ્ધિ બાબેશ્વર વિહારધામ–કલશાકારે જિનાલયમાં અંજન-પ્રતિષ્ઠા ગાંધી પરિવાર દ્વારા થયેલ, પૂજ્યશ્રીની પ્રેરણાથી વિટા-ચિપલૂન-યક્ષંબા આદિ જિનાલયના કાર્યો ચાલુ છે. પૂજ્યશ્રી સતત ૧૦ વર્ષથી દીવાળીમાં ૧૬ દિન મૌન સૌથે સૂરિમંત્રની સાધના કરે છે.

*સૌજન્ય : પૂ. ગણિશ્રી વિક્રમસેનવિજયજી મ.ની પ્રેરણાથી પૂ. ૐકારતીર્થ સ્થાપક સૂરિમંત્ર આરાધક દક્ષિણ મહારાષ્ટ્રભૂષમ આ. શ્રી પુણ્યાનંદસૂ.મ.ના સંયમજીવનના ૬૦ વર્ષમાં પ્રવેશ અનુમોદનાર્થે શ્રી ૐકાર જૈન તીર્થ–ભદ્રંકર પદમલા–(વડોદરા) ગુજરાત ૦૨૬૫-૨૨૪૨૭૯૨*

## પૂ. આ.શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.



પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ એક સ્વ–પર ઉપાસક આત્મસાધનાના ધ્યેયને વરેલા પોતાની શક્તિ, સફળતા અને વિદ્વતાને છુપાવી રાખવાની મનોવૃત્તિના તેઓશ્રી ચાહક છે. પૂ. આ. શ્રી વિજયહેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજની વિરલ સિદ્ધિનાં મૂળ એમના કૌટુંબિક સંસ્કારોમાં, પૂર્વજન્મના સંસ્કારોમાં અને નાનપણમાં જ અંતરમાં પ્રગટેલી સાધુજીવન પ્રત્યેની અભિરુચિમાં રોપાયેલાં હોય એમ લાગે છે. તેઓશ્રીની જન્મભૂમિ જંબુસર પાસેનું નાનું સરખું અણખી ગામ. ગામમાં જૈનનું એક જ ઘર. એ ઘર તે એમના દાદા દીપચંદભાઈ અને દાદીમા ડાહીબહેનનું ઘર. એ બન્નેનાં જીવનમાં ધર્મશ્રદ્ધા સારી રીતે સિંચાયેલી. તેઓ ઘરમાં ઘરદેરાસર રાખીને પૂજાભક્તિ કરે અને સાધુમહારાજો અને સાધ્વીમહારાજોની ઉલ્લાસપૂર્વક ભક્તિ–સેવા કરીને જીવનને કૃતાર્થ બનાવે. આ ધર્મસંસ્કારો એમના પુત્ર હીરાભાઈ અને પુત્રવધૂ પ્રભાવતીબહેનમાં ઊતર્યા. શ્રી હીરાભાઈને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ એમ પાંચ સંતાનોનો પરિવાર. પહેલું સંતાન પુત્રી ઈન્દુ, બીજું સંતાન પુત્ર ધનસુખ, ત્રીજું સંતાન પુત્ર હસમુખ, ચોથું સંતાન પુત્રી હંસા અને પાંચમું સંતાન પુત્ર પ્રવીણ. આ પાંચ ભાઈ–ભાંડુઓમાંના વચેટ હસમુખભાઈ તે જ આપણા આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી મહારાજ. સં. ૧૯૯૩ના પોષી પૂનમના દિવસે એમનો જન્મ. ત્યાર બાદ, હીરાભાઈ વ્યવસાયાર્થે પોતાના કુટુંબ સાથે અમદાવાદ આવ્યા ને સાબરમતીમાં વસ્યા. તે સમયે હસમુખભાઈની ઉંમર તો નાની હતી, પણ ભાવિનો કોઈ શુભ સંકેત કહો કે, તેમને બચપણથી જ રમત–ગમત પ્રત્યે ઓછું આકર્ષણ હતું અને અભ્યાસ પ્રત્યે વધારે રુચિ હતી. બુદ્ધિ પણ એવી તેજસ્વી કે થોડું ભણે અને કોઠામાં વધારે વસી જાય અને એ બધા કરતાં વધારે આકર્ષણ ધર્મ પ્રત્યે હતું. દસ વર્ષની સાવ પાંગરતી ઉંમરે જ એમના મનમાં એવા એવા ભાવ જાગતા કે, વીતરાગ પરમાત્માના ધર્મનું શરણ સ્વીકારીને મારા જીવનને ઉજમાળ બનાવું. આ ભાવના એમના મનને ખાન–પાન અને મોજમજાના સામાન્ય આનંદ પ્રત્યે ખેંચાઈ જતાં રોકી રાખતી. એવામાં સં. ૨૦૦૨ની સાલનું પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજનું ચોમાસું મુનિશ્રી દેવવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી ધુરંધરવિજયજી આદિ પરિવાર સાથે સાબરમતીમાં થયું. હસમુખભાઈને તો આ મનગમતો સુયોગ સાંપડ્યો! એમની ધર્મરુચિને ખીલવવાનો અવસર આવી ઊભો. એમના હૃદયમાંનો ધર્મરંગ વધુ પાકો બન્યો. આ પછીના વર્ષે, સં. ૨૦૦૩નું ચોમાસું પૂ. શાસનસમ્રાટશ્રીનું થયું. તેઓશ્રી સાથે પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયનંદનસૂરિજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ, પૂ. મુનિરાજ શ્રી મેરુવિજયજી, પૂ. મુનિરાજ શ્રી દેવવિજયજી આદિ હતા. આ પ્રસંગે હસમુખભાઈની ત્યાગ–વૈરાગ્ય–સંયમની ભાવનાનો વિકાસ કરવામાં ખાતર–પાણીનું કામ કર્યું અને ત્યારથી એમને સંસારરસ ફિક્કો લાગવા માંડ્યો. પછી તો શાળાનો અભ્યાસ છોડીને અમદાવાદમાં લુણસાવાડામાં ચાતુર્માસ બિરાજતા પૂ. મુનિરાજ શ્રી મેરુવિજયજી (વર્તમાન આચાર્ય શ્રી વિજયમેરુપ્રભસૂરિજી) અને પૂ. મુનિરાજ શ્રી દેવવિજયજી (વર્તમાન આચાર્ય શ્રી વિજયદેવસૂરિજી)ના સાન્નિધ્યમાં રહીને, સં. ૨૦૦૫ના મહા વદ પાંચમને શુભ દિને કોઠ–ગાંગડ મુકામે, કુટુંબપરિવાર અને ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં પૂ. મુનિરાજ શ્રી મેરુવિજયજી મહારાજે હસમુખભાઈને દીક્ષા આપીને પૂ. મુનિ શ્રી દેવવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી હેમચંદ્રવિજયજી નામે ઘોષિત કર્યા. બાર વર્ષના બાળભિક્ષુ મુનિશ્રી હેમચંદ્રવિજયજીને તો મનગમતી અમૂલ્ય અને અપૂર્વ વસ્તુ મળ્યાનો આનંદ થયો. તેઓશ્રી જ્ઞાન–ધ્યાન, તપસ્યા અને ગુરુની ભક્તિમાં એકતાન બની ગયા. બાળમુનિની સંયમયાત્રા સુખપૂર્વક આગળ વધતી રહી. દીક્ષા લીધા પછી પૂરાં બાર વર્ષ અધ્યયનમાં લીન બની ગયા. તેઓશ્રીની અભ્યાસ પ્રત્યેની ઝંખના જોઈને ગુરુદેવે તેમને શાસ્ત્રીજી પાસે પાણિનીના વ્યાકરણનો અભ્યાસ કરવા મૂક્યા. વ્યાકરણની સાથોસાથ ન્યાય, સાહિત્ય અને આગમગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદની પરીક્ષાઓ આપી. 'સિદ્ધાંતકૌમુદી', 'પ્રૌઢ મનોરમા', 'લઘુ શબ્દેન્દુશેખર', 'પરિભાષેન્દુશેખર', 'વાક્યપ્રદીય', 'વૈયાકરણ', 'ભૂષણસાર' આદિ વ્યાકરણના તથા 'મુક્તાવલી વ્યાપ્તિપંચક', 'સિદ્ધાંત લક્ષણ', 'વ્યુત્પત્તિવાદ', 'કુસુમાંજલિ' વગેરે ન્યાયના તેમ જ શિષ્ટ સાહિત્યના ગ્રંથોનો બાર બાર વર્ષ સુધી સતત અભ્યાસ કર્યો.

તપસ્યામાં પણ સહજ રુચિ વર્તતી હતી. વર્ધમાન તપની ઓળી, વીશસ્થાનક તપની ઓળી, અઠ્ઠાઈ તપ વગેરે સુંદર તપસ્યા પણ અનુમોદનીય છે. કુટુંબ પ્રથમથી જ ધર્મના રંગે રંગાયેલું, એમાં આવા પનોતા પુત્રે ત્યાગધર્મનો ભેખ લીધો, એટલે એની અસર કુટુંબીજનો પર થયા વગર રહે? એમનાં પગલે એમના પરિવારમાંથી ચાર વ્યક્તિઓએ સંયમમાર્ગનો સ્વીકાર કર્યો. સં. ૨૦૦૯માં નાની બહેન હંસાએ દીક્ષા લીધી; એમનું નામ હેમલતાશ્રીજી છે. સં. ૨૦૧૭માં નાનાભાઈ પ્રવીણકુમારે દીક્ષા લીધી; આ વિદ્યાવ્યાસંગી મુનિશ્રીનું નામ પ્રદ્યુમ્નવિજયજી છે અને તેઓ પૂ. આ. શ્રી વિજયહેમચંદ્ર-સૂરિજીના શિષ્ય બન્યા છે. સં. ૨૦૧૭માં પિતાશ્રીએ દીક્ષા લીધી એમનું નામ મુનિરાજ શ્રી હીરવિજયજી રાખ્યું અને તેઓશ્રી પૂ. ઉપાધ્યાય શ્રી મેરુવિજયજી મહારાજના શિષ્ય થયા.

આવા જ્ઞાનથી અને શીલથી ઓજસ્વી ધીર–ગંભીર પ્રકૃતિથી પરિપક્વ બનેલા આ મુનિપ્રવરની યોગ્યતા જોઈને પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજે ભગવતીસૂત્રના યોગોદ્વહન કરાવવાપૂર્વક સં. ૨૦૨૩ના કારતક વદ ૬ને શુભ દિને સુરતમાં ગણિ પદથી અને સં. ૨૦૨૪ના વૈશાખ સુદ ૧૦ના તીર્થાધિરાજ સિદ્ધગિરિની છાયામાં–પાલિતાણા નગરે પંન્યાસ પદથી અલંકૃત કર્યા. ત્યાર બાદ સં. ૨૦૩૧ના પોષ વદ ૭ને દિવસે ભાયખલા–મુંબઈમાં ઉપાધ્યાયપદ પ્રદાન થયું અને સં. ૨૦૩૩ના મહા સુદ ૧૦ના દિવસે અમદાવાદ–રાજનગર સ્થિત, નગરશેઠના વંડામાં, પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના ૧૦–૧૦ આચાર્યભગવંતોની નિશ્રામાં, જ્ઞાન–દર્શન–ચારિત્રના અનુમોદનીય કાર્યક્રમો અને ભવ્યાતિભવ્ય મહોત્સવ યોજીને શાસનના શ્રેષ્ઠ એવા આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા.

સાહિત્યસર્જન : પૂજ્યશ્રીએ માત્ર અઢાર વર્ષની વયે રચેલ 'કીર્તિકલ્લોલ કાવ્ય' તેમની જ્ઞાનગરિમાનો ખ્યાલ આપે છે. સંસ્કૃત ભાષામાં વિવિધ છંદોમાં રાણકપુર તીર્થનો ઐતિહાસિક પરિચય આ ખંડકાવ્યમાં આપ્યો છે. વ્યાકરણના પ્રયોગો અને સાહિત્યના લાક્ષણિક ભાવોથી સભર આ કૃતિ સાહિત્યના શિખરે બિરાજે તેવી છે.

પૂજ્યશ્રી હેમચન્દ્રસૂરિજી મ.ની નિશ્રામાં સં. ૨૦૫૯ની સાલમાં મહા વદ–૩ના ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા–મહોત્સવ મેરુધાયજૈનતીર્થ (અબિયાપુર)માં ઊજવવામાં આવ્યો તથા અમદાવાદ–કાંકરિયામાં નૂતન નિર્મિત શ્રી શત્રુંજય તીર્થાવતાર પ્રાસાદમાં પણ વૈશાખ સુદ–૭, ભવ્ય અંજનશલાકા, પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવામાં આવ્યો.

તેઓનો શિષ્ય–પ્રશિષ્ય પરિવાર પણ પ્રશંસનીય છે. શિષ્યોમાં–આ. શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ., મુનિરાજશ્રી દર્શનવિજયજી, પં. શ્રી ગુણશીલવિજયજી,- મુનિરાજ, શ્રી લલિતાંગ વિજયજી–મુનિરાજ, શ્રી જગચ્ચન્દ્રવિજયજી તથા પ્રશિષ્યોમાં પં. શ્રી પુંડરીકવિજયજી મ., પં. શ્રી મન્દકીર્તિવિજયજી મ., પં. શ્રી રાજહંસવિજયજી મ., સ્વ. મુનિ શ્રી સુબોધવિજયજી, મુનિશ્રી કાન્તિવિજયજી, મુનિશ્રી દિવ્યયશવિજયજી, મુનિશ્રી પ્રીતિવિજયજી, મુનિ શ્રી મલયગિરિ વિજયજી આદિ છે.

*સૌજન્ય : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, બોરીવલી (ઇસ્ટ) મુંબઈ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સૂરિમંત્ર સહિતના સાધક સૂરિવરો

અષ્ટવિધ પ્રભાવકોમાં મંત્રપ્રભાવક અને વિદ્યાપ્રભાવકનું પણ આગવું સ્થાન છે. આજે પણ જૈન શ્રમણસંઘ પાસે સૂરિમંત્ર કે વર્ધમાનવિદ્યા જેવા પવિત્ર મંત્રો અને વિદ્યાઓનો અણમોલ વારસો જીવંત સ્વરૂપે સચવાયેલો છે. અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો સૂરિમંત્રના પંચ–પ્રસ્થાનની આરાધના કરે છે. આજે એવા પણ આચાર્ય ભગવંતો વિદ્યમાન છે, જેમણે સૂરિમંત્ર પ્રસ્થાનની આરાધના અનેક વાર કરી હોય. આ મંત્રના દિવ્ય પ્રભાવથી અવસરે–અવસરે ઉપદ્રવોનું નિવારણ અને શાસનના–અભ્યુદયની ચમત્કૃતિઓ પણ સર્જી શકાય છે.

આ સૌ પૂજ્યો દ્વારા જિનશાસનની અપૂર્વ આરાધના, રક્ષા અને પ્રભાવના કરવાપૂર્વક સાહિત્ય–ઉપકાર પણ શ્રી ચતુર્વિધ સંઘ માટે ખૂબ જ અવર્ણનીય છે.

*'દક્ષિણ–દીપક'– 'દક્ષિણ દેશોદ્ધારક' સમર્થ પ્રવચનકાર*

## પૂ. આ.શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ.

મનોહર માલવાદેશની જાવરા નગરી પૂજ્યશ્રીની જન્મભૂમિ હતી. પિતાનું નામ મૂળચંદભાઈ અને માતાનું નામ ધાપુબાઈ હતું. ઓસવાલ જ્ઞાતિનાં આ દંપતીને ત્યાં સં. ૧૯૫૩માં તેઓશ્રીનો જન્મ થયો હતો. તેમનું સંસારી નામ દોલતરામ હતું. તેમનાથી છ-સાત વર્ષે મોટાં રાજકુંવર નામે એક બહેન હતાં. દોલતરામની બાલ્યાવસ્થામાં જ પિતાએ ધંધાર્થે બીકાનેરમાં કાયમી વસવાટ કર્યો, પરંતુ માતા–પિતા લાંબું જીવ્યાં નહીં. આથી દોલતરામનો ઉછેર મામાને ત્યાં થયો. તેઓશ્રી સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા હતા અને ચુસ્ત સ્થાનકવાસીને ત્યાં ઊછર્યા હતા, એટલે તેમના મન પર મૂર્તિપૂજા વિરુદ્ધ સંસ્કારો હતા, પરંતુ સોળ વર્ષની ઉંમરે પૂ. આત્મારામજી મહારાજ કૃત 'સમ્યક્ત્વ શલ્યોદ્ધાર' નામનો ગ્રંથ વાંચવામાં આવ્યો અને તેમનાં આંતરચક્ષુ ખૂલી ગયાં. મૂર્તિપૂજા શાસ્ત્રસિદ્ધ વાત છે એ સમજાયું. ત્યાર પછી તેઓ હંમેશાં મંદિરે જઈ પ્રભુદર્શન કરવા લાગ્યા અને નમસ્કાર મહામંત્રની ત્રિકાલગણના કરવા માંડી. એવામાં એક વાર કામસર દિલ્હી જવાનું થયું. ત્યાં જાણવા મળ્યું કે આજે રામા થિયેટરમાં મુનિ શ્રી લબ્ધિવિજયજી મહારાજનું જાહેર પ્રવચન છે. તેઓ વ્યાખ્યાન સાંભળવા પહોંચી ગયા. મુનિશ્રીના વ્યાખ્યાને તેમના પર અદ્‌ભુત અસર કરી અને તેઓ વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. મુનિશ્રી લબ્ધિવિજયજી (પછીથી આચાર્ય ભગવંત) મનુષ્યની પરીક્ષા કરવામાં અત્યંત વિખ્યાત હતા. તેઓશ્રીએ આ રત્નને પારખી લીધું. દોલતરામ પણ ભયાનક ભવાટવીને પાર કરવા માટે પૂજ્યશ્રીના પગ પકડી લીધા. ઘણો સમય પૂ. ગુરુદેવ પાસે રહી વિદ્યાભ્યાસ કર્યો. આખરે સં. ૧૯૭૧માં સિકંદરાબાદ (આગ્રા)માં ભવતારિણી ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી લક્ષ્મણવિજયજી બન્યા.

તેઓશ્રીની સ્મરણશક્તિ સતેજ હતી. અંતરમાં વિદ્યાર્જનનો અનેરો ઉત્સાહ હતો. તેથી શાસ્ત્રાભ્યાસ સારી રીતે ચાલ્યો. ન્યાય, તર્ક, જ્યોતિષ, મંત્ર, વ્યાકરણ, સાહિત્ય આદિ વિષયોમાં પ્રવીણતા પ્રાપ્ત કરી. મુંબઈમાં 'આત્મા, કર્મ અને ધર્મ' વિષય પર આપેલાં વ્યાખ્યાનો આજે પણ 'આત્મતત્ત્વવિચાર'ના બે ભાગમાં ઉપલબ્ધ છે અને વાંચતાં મંત્રમુગ્ધ કરે છે. તદુપરાંત, દાદર–જૈન જ્ઞાનમંદિરમાં આપેલાં પ્રવચનોનો સંગ્રહ 'ધર્મતત્ત્વપ્રકાશ', જેનું સંપાદન પૂ. આ. શ્રી વિજયકીર્તિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજે કર્યું છે તે પણ તેઓશ્રીની વિદ્વત્તાનો પરિચાયક છે. સં. ૨૦૧૪માં રાજનગર–વિદ્યાશાળામાં નવકાર મહામંત્ર ઉપર આપેલાં પ્રવચનો 'નમસ્કાર મહિમા' નામે પ્રસિદ્ધ થયાં છે. પૂજ્યશ્રીને પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે સં. ૧૯૯૧માં ગણિ પદ, સં. ૧૯૯૨માં પંન્યાસ પદ અને સં. ૧૯૯૩માં આચાર્ય પદ અર્પણ કર્યાં. ચૈત્ર વદ પાંચમે આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા તે સમયે પૂ. ઉપાધ્યાયશ્રી ગંભીરવિજયજી મહારાજને પણ આચાર્ય પદે સ્થાપવામાં આવ્યા હતા અને આ પ્રસંગે સૌરાષ્ટ્રની પાવન ભૂમિ શિહોરમાં આઠ દિવસ સુધી ભવ્ય મહોત્સવ ઊજવાયો હતો અને ત્યારથી જૈનાચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું નામ લાખો લોકોનાં હૈયે અને હોઠે રમવા લાગ્યું હતું.

પૂ. આચાર્યશ્રીએ સૂરિમંત્રની પાંચે પીઠો (પંચપ્રસ્થાન)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધ કરેલી હતી. પહેલી અને બીજી પીઠ રોહીડા (રાજસ્થાન)માં સિદ્ધ કરેલી; ત્રીજી અને ચોથી પીઠ અંધેરી–મુંબઈમાં; અને પાંચમી પીઠ નિપાણીના ચાતુર્માસ વખતે સોળ આયંબિલપૂર્વક, મૌન પાળી, સ્ત્રીનું મુખ જોયા વિના સિદ્ધ કરી હતી. પરિણામે, પૂજ્યશ્રીનો પ્રભાવ એટલો પ્રબળ બનેલો કે સંકલ્પ કરેલાં સર્વે કાર્યો સત્વરે સિદ્ધ થતાં. તેઓશ્રીએ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, માલવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર અને તમિલનાડુ જેવા વીશ હજારથી વધુ માઈલનો વિહાર કર્યો હતો. તેઓશ્રી જ્યાં જ્યાં વિચર્યા તે ભૂમિ પાવન અને ધન્ય બની ગઈ. ત્યાંનાં હજારો સ્ત્રી–પુરુષો પૂજ્યશ્રીનાં દર્શન, સહવાસ અને વ્યાખ્યાનશ્રવણથી કૃતાર્થ બનતાં. પૂજ્યશ્રીના ઉપદેશથી હજારો માણસોએ જીવહિંસા ત્યજી હતી. મૈસૂર રાજ્યમાં અનેક ગામોમાં અમુક અમુક દિવસોમાં કતલખાનાં બંધ રાખવાના નિયમો થયા હતા. વળી,

દક્ષિણ ભારતમાં નોંધપાત્ર શાસનપ્રભાવક કાર્યોને લીધે તેઓશ્રીને ‘દક્ષિણદીપક’ અને ‘દક્ષિણદેશોદ્ધારક’ જેવી પદવીઓથી અલંકૃત કરવામાં આવ્યા હતા. વક્તા વિદ્વાન હોય, વિમલ ચારિત્રથી વિભૂષિત હોય અને વક્તૃત્વકલાવિશારદ હોય, પછી ચમત્કારો ન સર્જાય તો જ આશ્ચર્ય લેખાય! પૂજ્યશ્રીની દેશનાએ અનેક જીવો હિંસામાંથી અહિંસામાં, વ્યસનોમાંથી સદાચારમાં, અસત્યમાંથી સત્યમાં, કુસુંપમાંથી સંપમાં અને અધર્મમાંથી ધર્મમાં પાછા ફર્યા હતા. પૂજ્યશ્રીની નિશ્રામાં ચાણસ્માથી ભોંયણી તીર્થનો, રતલામથીમાંડવગઢનો, હૈદ્રાબાદથી કુલ્પાકજી તીર્થનો–એવા અનેક છ’રીપાલિત સંઘો નીકળ્યા હતા. સિરોહીમાં ૪૫૦ ભાવિકોએ ઉપધાનતપની આરાધના કરી હતી. દસ હજારની મેદની વચ્ચે માલારોપણવિધિ થઈ હતી અને પૂ. પં. કીર્તિવિજયજી ગણિને આચાર્ય પદ પ્રદાન કરવામાં આવ્યુ હતું. સં. ૨૦૧૪માં રાજનગર (અમદાવાદ)ના મુનિસંમેલનમાં સમાધાન અને સંગઠન માટે ખૂબ કાર્યરત રહ્યા હતા. સં. ૨૦૧૬માં પૂ. ગુરુદેવશ્રી મુંબઈ–લાલબાગ જૈન ઉપાશ્રયે કાળધર્મ પામ્યા ત્યારે સ્વર્ગારોહણનો ઉત્સવ તેઓશ્રીની નિશ્રામાં ભવ્ય રીતે ઊજવાયો હતો. પૂજ્યશ્રીના વરદ હસ્તે ગાંધીનગર (બેંગલોર), સીમોગા, બાગલકોટ, ટુમકુર, કોલ્હાપુર, ભીવંડી, દાંતરાઈ, બાવળા, રોબર્સનપેઠ, નોખામંડી, રાધનપુર–માટુંગા (મુંબઈ), સાંકરા આદિ સ્થળોએ પ્રતિષ્ઠા–મહોત્સવો ઊજવાયા હતા. મહારાષ્ટ્રમાં નિપાણીનો ભવ્ય ઉપાશ્રય અને જ્ઞાનમંદિર પણ પૂજ્યશ્રીની પ્રેરણાનું પરિણામ છે. મહેસાણા, બેંગલોર, મદ્રાસ, બીજાપુર (કર્ણાટક), નિપાણી, બારસી, અંધેરી, ભાયખલા, પાર્લા, જૂહુ (મુંબઈ)ના આંગણે ઉપધાનતપની આરાધનાઓ થઈ હતી અને કેટલાંક સ્થાનોમાં ઉદ્યાપન રૂપે વિવિધ છોડનાં ઉજમણાં પણ થયાં હતાં. આ સર્વ શાસન-પ્રભાવનાનાં કાર્યો પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવી વ્યક્તિત્વને લીધે થયાં હતાં.

એવા એ પ્રભાવશાળી સૂરીશ્વરજી મુંબઈ–દાદર જૈન મંદિરમાં સં. ૨૦૨૮ના ફાગણ વદ ૯ ની રાત્રિએ ૩-૩૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, તે પૂર્વે રાત્રિના ૨-૩૦ સુધી તો ઊભાં ઊભાં હંમેશના નિયમ પ્રમાણે જાપ કરતા હતા. તેઓશ્રીની અંતિમ યાત્રામાં મુંબઈ અને પરાંઓમાંથી હજારો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ૨૫ હજારની ઉછામણી બોલી એક ભાવિક ભક્તે પૂજ્યશ્રીના અગ્નિસંસ્કાર કર્યા હતા. દિવંગત પૂજ્યશ્રીના શિષ્યરત્ન શતાવધાન પૂ.આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં ત્રણ મહાપૂજનો અને ૧૬ દિવસનો પૂજ્યશ્રીને અંજલિ અર્પતો મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો હતો. એવા ધર્મધુરંધર મહાત્માને અંતઃકરણપૂર્વક કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર ટ્રસ્ટ, દાદર મુંબઈ-૨૮*

*૩૦૦ થી વધારે ભવ્યાત્માઓના ચારિત્ર–પથદર્શક અને શાસનના શણગારરૂપ એવા*

## પૂ.આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦



ગરવી ગુજરાતની તીર્થભૂમિ તરીકે વિખ્યાત બનેલ મહેસાણા જિલ્લાની પુણ્ય ધરા પર અને ગગનચુંબી જિનાલયોથી શોભતી નગરી વીસનગરમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવંતના નિત્ય ઉપાસક શ્રાદ્ધવર્ય શ્રીયુત ગગલભાઈનાં પરોપકારપરાયણ ધર્મપત્ની મોતીબહેનની કુક્ષિએ સં. ૧૯૬૦ના ભાદરવા સુદ ૮ના શુભ દિવસે શાસનના ભાવિ હીરલાએ જન્મ લીધો. ‘પુત્રનાં લક્ષણ પારણાંમાંથી’ એ ન્યાયે માતાપિતાએ નામ પાડ્યું ડાહ્યાભાઈ. ડાહ્યાભાઈએ બાલ્યકાળમાં જ માતાપિતાના સંસ્કારો અને પૂર્વભવની આરાધનાના બળે, પોતાના વડીલ ભાઈ–બહેન સાથે ધાર્મિક અભ્યાસમાં ખૂબ સારી પ્રગતિ કરી. વ્યાવહારિક શિક્ષણ પૂરું કરી ધંધાર્થે મુંબઈ ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહમયી મુંબઈનગરીના મોહમાં તણાયા નહીં. ત્યાં પણ મિત્રો સાથે ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાયા. શ્રાવકાચાર, વિધિપૂર્વક નવપદની ઓળી તથા ઉચ્ચ ધાર્મિક અભ્યાસ તેમ જ રાત્રે વૈરાગ્યપોષક રાસોનું શ્રવણ કરીને વૈરાગ્યના રંગે રંગાવા લાગ્યા. સ્વભાવદશાને પામવા, સંયમ મેળવવા, ચાતક પક્ષીની જેમ આતુર બન્યા. પૂ. આગમો-દ્ધારકશ્રીએ જેઠ સુદ પાંચમનું મુહૂર્ત ફરમાવ્યું. એ ધન્ય દિવસની ધન્ય પળે સં. ૧૯૮૪ના પૂ. આગમોદ્ધારકશ્રીના વરદ્ હસ્તે ચારિત્ર ગ્રહણ કરી મુનિરાજ શ્રી ચંદ્રસાગરજી મહારાજના પ્રથમ શિષ્ય બની મુનિ શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ નામે ઘોષિત થયા.

સંયમજીવનની પ્રાથમિક શરૂઆતથી જ, જ્ઞાન–ધ્યાન અને વિનય–વૈયાવચ્ચ દ્વારા અને રત્નત્રયીની અભૂતપૂર્વ આરાધના દ્વારા કર્મઈંધણ ભસ્મીભૂત બનાવવા સજ્જ બન્યા. પૂ. આગમોદ્ધારકશ્રી પાસે વ્યાકરણનો અભ્યાસ કર્યો. સં. ૧૯૮૭માં સર્વપ્રથમવાર, ત્રણ વર્ષના ટૂંકા સંયમપર્યાયમાં પણ, વિજય-દેવસૂરિ સંઘ (પાયધુની–મુંબઈ) ની પાટ પરથી અવિરતપણે આગવી શૈલીથી પ્રવચનમાં લોકોને પરિપ્લાવિત કરી દઈ ધર્માભિમુખ બનાવ્યાં અને અદ્‌ભુત પ્રવચનકાર તરીકે પરચો આપ્યો. ત્યાર પછી ગુજરાત, મહારાષ્ટ્ર, માળવા, મેવાડ આદિ પ્રદેશોમાં અવિરામ વિચરીને ખૂબ ખૂબ શાસનપ્રભાવના કરી રહ્યા. સં. ૧૯૯૯માં પૂજ્યશ્રીની ગણી પદવી થઈ. આ મહોત્સવમાં શ્રીસંઘ તથા શ્રેષ્ઠીવર્ય મૂલચંદ બુલાખીદાસે મહોત્સવપૂર્વક અનેરી પ્રભાવના કરી. સં. ૨૦૦૭માં સુરતના શ્રીસંઘે ગચ્છાધિપતિની અનુમતિથી પં. શ્રી હેમસાગરજી મહારાજ તથા પં. શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજને આચાર્યપદે આરૂઢ કરવાનું નક્કી કર્યું. પરંતુ પં. શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજે પોતે એ પદવીને લાયક નથી એમ જણાવીને આચાર્યપદ ગ્રહણ કરવાની અનિચ્છા દર્શાવી; તેથી બે પૂજ્યોને આચાર્યપદે અને ચરિત્રનાયકશ્રીને ઉપાધ્યાયપદે સ્થાપન કર્યા. સં. ૨૦૦૯માં પોતાની જન્મભૂમિ વીસનગરમાં ચાતુર્માસ કરી, શેષકાળ સ્થિરતા કરતા હતા ત્યાં વાવના શ્રીસંઘે પોતાને ગામ ચાતુર્માસ કરવા આવી રહેલા તેરાપંથી આચાર્ય તુલસીના આગમનની વાત કરી; અને આર્ત હૃદયે જણાવ્યું કે, 'સાહેબ! આ સમયે આપણા કોઈ મુનિરાજ નહિ હોય તો આપણા સાધર્મિકો બધા તેરાપંથી બની જશે. આ માટે અમે ઘણા પૂજ્યશ્રીને વિંનતી કરી છે, પણ એક યા બીજા કારણસર તેઓ આવીશકે તેમ નથી. છેલ્લે આપની પાસે આશા લઈને આવ્યા છીએ'. સર્વે હકીકત સાંભળી શાસન રક્ષા કાજે પોતાની કેટલીક પ્રતિકૂળતાને અવગણીને પૂજ્ય ઉપાધ્યાયજી વિસનગરથી ઉગ્ર વિહાર કરીને તેરાપંથી આચાર્ય તુલસીના પ્રવેશ પહેલાં ચાર દિવસે વાવમાં પ્રવેશ્યા અને હંમેશા ત્રણ વ્યાખ્યાનો યોજીને શ્રાવકવર્ગને મજબૂત બનાવ્યો. સૌ પ્રત્યે અપાર વાત્સલ્યભાવ અને કોઈ પણ સમુદાયના ગુણીયલોનાં ગુણો પ્રત્યેનું બહુમાન અને અપૂર્વ અનુમોદના કરવાનો જબરદસ્ત ગુણ હતો.

સં. ૨૦૧૨માં પૂજ્યશ્રીએ વયોવૃદ્ધ શ્રમણોપાસક માટે પાલિતાણામાં 'મુમુક્ષુ શાંતિનિકેતન' નામની સંસ્થા સ્થાપી. સં. ૨૦૧૫માં મુંબઈ–સાંતાકુઝના ચાતુર્માસ દરમિયાન સ્થાનકવાસી સંપ્રદાય તરફથી પ્રકાશિત થતી 'જૈન સિદ્ધાંત' માસિકના તંત્રી શ્રી ગિરધરલાલ નગીનદાસને શાસ્ત્રોની યુક્તિ-પ્રયુક્તિ દ્વારા તીર્થંકર પરમાત્માની સ્થાપના કલ્પને માનતા કરી દીધા. આ ચાતુર્માસ પછી ઉગ્ર વિહાર કરીને શ્રી સમેતશિખરની પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજની સાથે રહી; ત્યાંની તથા આજુબાજુમાં આવેલી તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિની સ્પર્શના કરી. સં. ૨૦૧૮માં દિલ્હીમાં પ્રવેશ કર્યો અને પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગર-સૂરીશ્વરજી મહારાજ તરફથી સમાચાર આવ્યા કે વહેલી તકે ઉજ્જૈન આવો. તુર્ત જ ઉજ્જૈન તરફ વિહાર કરીને પૂજ્યશ્રીની સેવામાં હાજર થયા. વૈશાખ સુદ ૧૦ના રોજ ગુરુદેવશ્રીના વરદ હસ્તે અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂ. ઉપાધ્યાયજી આચાર્ય પદે આરૂઢ થયા. પ્રભુશાસન વહન કરવાની જવાબદારી વધતાં પોતાની સઘળી શક્તિ કામે લગાડી પ્રસંગોપાત શાસનરક્ષા કરી અને અનેકવિધ અણમોલ શાસનપ્રભાવના કરી, જેની ઝાંખીરૂપ વિગતો નીચે મુજબ છે :

૧. પરમાત્મા વીરપ્રભુની ૨૫૦૦મી નિર્વાણકલ્યાણકની ઉજવણી પૂ.આ. શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ સાથે રહીને શાનદાર રીતે સંપન્ન કરી. (૨) સં. ૨૦૩૨ના બાયડ મુકામે શ્રેષ્ઠીવર્ય શ્રીયુત્ કસ્તૂરભાઈ લાલભાઈની અતિ આગ્રહ ભરી વિનંતીને સ્વીકારી. પોતાનાં અન્ય કાર્યોને ગૌણ બનાવીને સિદ્ધગિરિની નવી ટૂંકની પ્રતિષ્ઠા માટે પૂ. આ. શ્રી વિજય-કસ્તૂરસૂરિજી મહારાજ સાથે પધારી ૫૦૦ ઉપરાંત જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. (૩) સં. ૨૦૩૩માં જાગેલા નેમ–રાજુલ નાટકના વિવાદ પ્રસંગે પોતાની બુદ્ધિપ્રતિભાથી તે ઝંઝાવાત શમાવીને વાતાવરણ શાંત પાડ્યું. (૪) સં. ૨૦૩૫માં શ્રી શંખેશ્વર તીર્થે પોતાના લઘુગુરુબંધુ મુનિશ્રી અભ્યુદયસાગર મ.સા. તથા મુનિશ્રી નવરત્નસાગરજી પ્રેરિત સંસ્થાપિત નવનિર્મિત શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમમંદિરની મહામહોત્સવપૂર્વક અંજનશલાકા-પ્રતિષ્ઠા (૫) સં. ૨૦૩૬માં ખેડા તીર્થથી શ્રી સિદ્ધગિરિમાં ઐતિહાસિક ૫૫૦ ભાવિકો સાથેનો છ'રીપાલિત સંઘ કાઢ્યો. (૬) સં. ૨૦૩૯માં પુનઃ આગમમંદિરની અંજનશલાકા–પ્રતિઠા પ્રસંગે નિશ્રા પ્રદાન કરી અને સાગર-સમુદાયમાં સર્વ પ્રથમ શ્રમણ તરીકે પૂ. શ્રી હિમાંશુસાગરજી મહારાજને વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણતામાં પંન્યાસપદ–પ્રદાનનો ભવ્યોત્સવ વિધિસર સંપન્ન કર્યો. (૭) સં. ૨૦૪૦માં રાજસ્થાન–ડુંગરપુરમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરી. (૮) સં. ૨૦૪૧માં પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી મ.સા. પ્રેરિત પાલિતાણા જંબુદ્વીપ નિર્માણની અંજન-શલાકા પ્રતિષ્ઠા પ્રસંગે સાગરસમુદાયના આ વિશિષ્ટ અવસરે, સમુદાયના પાંચ આચાર્ય ભગવંતો આદિ ૮૩ શ્રમણ ભગવંતો તથા ૩૦૦ થી અધિક શ્રમણીગણની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠાવિધિ થઈ. સાગર સમુદાયના આ ઐતિહાસિક સંમેલનમાં શાસનપ્રભાવક સૂરિવરને સમુદાયના દરેક આચાર્ય ભગવંતો આદિ શ્રમણ ભગવંતોએ ગચ્છાધિપતિ તરીકે સ્થાપિત કર્યા. (૯) સં. ૨૦૪૨માં અમદાવાદથી શંખેશ્વરજી મહાતીર્થના પંચતીર્થીયુક્ત ભવ્ય છ'રીપાલિત સંઘમાં નિશ્રા અર્પી. શંખેશ્વરજી તીર્થમાં ઐતિહાસિક વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિ, પોષ દશમીની પ્રભાવક આરાધના, વાચના આદિ વિવિધ પ્રસંગોની ઉજવણી કરાવી મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વાર પૂનામાં આકાર લઈ રહેલ શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ દ્વારા નિર્મિત આગમમંદિરના ખાતમુહૂર્ત શિલાન્યાસ પ્રસંગે નિશ્રા પ્રદાન કરી અને શ્રી વિજયદેવસૂરિ સંઘ–ગોડીજી જૈન ઉપાશ્રય, પાયધુની–મુંબઈમાં ઐતિહાસિક ચાતુર્માસ કર્યું. (૧૦) ચરિત્ર-નાયક સૂરિવરની પૂણ્ય નિશ્રામાં ૩૧ ભવ્ય ઉપધાન તપ, અનેક પ્રતિષ્ઠા–અંજનશલાકા મહોત્સવો, નાના મોટા ૧૩ છ'રીપાલિત સંઘો અને અનેક ધાર્મિક સંસ્થાઓની સ્થાપનાઓ દ્વારા શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યો થયાં. (૧૧) સંયમના અવિહડ રાગી સૂરિવરની પ્રેરણાથી ૩૦૦થી વધારે ભવ્યાત્માઓએ ચારિત્રમાર્ગે પ્રયાણ કર્યું. (૧૨) ૧૮ વર્ષની ઉંમરથી જીવનપર્યંત શાશ્વતી નવપદજીની ઓળીની આરાધના દૃઢતાપૂર્વક કરી. પૂજ્યશ્રીના ઉપદેશથી પ્રતિવર્ષ સામુદાયિક વિધિપૂર્વક ચૈત્રી ઓળીની આરાધના કરાવવા સાગર–સંસ્કરણ નામના ટ્રસ્ટની સ્થાપના પણ કરવામાં આવી. (૧૩) સમ્યક્‌જ્ઞાનની પર્યુપાસના પૂજ્યશ્રીના જીવનનો અવિનાભાવિ અંશ છે. તેઓશ્રી ૮૨ વર્ષની જૈફ વયે પણ અજોડ વ્યાખ્યાનશૈલીથી ભાવિકોને ધર્મમાર્ગે પ્રેરતા, શ્રમણ–શ્રમણીઓને વાચના આપી સંયમમાર્ગે સ્થિર કરતા. રત્નત્રયીની અભૂતપૂર્વ આરાધના કરતા શાસનશણગાર સૂરિવર સ્વ–પર કલ્યાણ સાધી, સં. ૨૦૪૩માં અમદાવાદમાં અષાઢ સુદ ૬ને દિવસે અપૂર્વ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીનું ગુરુમંદિર આજે વીતરાગ સોસાયટીમાં સુંદર શોભી રહ્યું છે! કોટિ કોટિ વંદન હજો એ સમર્થ સૂરિવરને!

*સૌજન્ય : પ. પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી. શાંતિલાલ નવલચંદ દમણવાલા પરિવાર.*

*ત્રિકાળ સૂરિમંત્રના જાપથી અને લબ્ધિગુરુકૃપાથી પ્રગટેલી અનોખી પ્રતિભા : સમર્થ તર્કનિપુણ,*

## પૂ. આચાર્યશ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ.



જીવનની મહત્તા જન્મસ્થાનની પ્રભાવક ભૂમિને લીધે, માતા–પિતાના સંસ્કાર–સિંચનને પરિણામે અને ગુરુદેવની અપ્રતિમ વત્સલતાને કારણે પ્રગટે છે, પનપે છે અને સંસિદ્ધ થાય છે, તેનું ગરવું દૃષ્ટાંત પૂ. આ. શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજ છે. તેમનો જન્મ નિસર્ગશ્રીથી શોભતી, ગગનચુંબી જિનાલયોની ગૌરવાન્વિત છાણી નામની ધર્મનગરીમાં પિતા છોટાલાલ અને માતા પ્રસન્નબહેનને ત્યાં સં. ૧૯૭૨ના જેઠ સુદ પાંચમે થયો હતો. જન્મનામ બાલુભાઈ હતું. શૈશવકાળથી જ પ્રેમપ્રપૂર્ણ વ્યક્તિત્વથી તેઓ અનેકોના વહાલા બાલુડા બની ગયા હતા. તેમની તેજનીતરતી આંખો, તેજસ્વી લલાટ, સુડોળ દેહસૌંદર્ય પ્રથમથી જ મહાનતાનો પરિચય કરાવતા હતા. ધર્મભાવનાના બીજાંકુરો તો પૂર્વ ભવથી પ્રગટી ચૂક્યા હતા, તેમાં શીલવતી માતાએ અને સૌજન્યશીલ પિતાએ સંસ્કારસિંચન કર્યું. બાળપણથી જ પ્રભુભક્તિ અને ગુરુભક્તિ પ્રિય હતાં. એમાંથી બાલુકુમારના વૈરાગ્યના ભાવ સાકાર થવા માંડ્યા. સંસારની અસારતા સમજાઈ. સંયમજીવનની સાર્થકતા આકર્ષી રહી, પરંતુ માતા પ્રસન્નબહેનનો પ્રેમ અત્યંત સંવેદનશીલ હતો. દીક્ષાની વાત થતાં તેઓ બેભાન બની જતાં, પરંતુ વિલક્ષણ બુદ્ધિશક્તિવાળા બાલુભાઈ પોતાના નિર્ણયમાંથી ચલિત થાય તેમ ન હતા. તેમણે પોતાના પિતાને દીક્ષા માટે તૈયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યા. પિતા–પુત્ર રાતોરાત ચાણસ્મા પહોંચ્યા, ત્યાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજ બિરાજતા હતા. પિતા–પુત્રે સંયમ-જીવન સ્વીકારવાની ભાવના દર્શાવી. પૂ. ગુરુદેવશ્રીએ સ. ૧૯૮૫ના જેઠ સુદ ૩ને શુભ દિવસે ભટેવા પાર્શ્વનાથની પવિત્ર છાયામાં દીક્ષા આપી, છોટાલાલને મુનિશ્રી મુક્તિવિજયજી અને બાળક બાલુકુમારને બાલમુનિ શ્રી વિક્રમવિજયજી તરીકે ઘોષિત કર્યા. તેઓશ્રીના વડીલ બંધુ નગીનભાઈ પણ પૂર્વે પૂ. દાદા ગુરુદેવશ્રીના શિષ્ય બની મુનિશ્રી નવીનવિજયજી બન્યા હતા.

ચૌદ વર્ષની વયે ભોગૈશ્વર્યને ઠુકરાવી, ભોગૈશ્વરની સાધના કરવા કૃતસંકલ્પ બનેલા બાલમુનિને મહાયોગી બનતાં કોણ અટકાવી શકે? પૂજ્યશ્રી વિનમ્રભાવે ગુરુચરણે સમર્પિત થઈ અધ્યયન–તપશ્ચર્યામાં દિનપ્રતિદિન આગળ વધતા ગયા. શાસ્ત્ર, જ્યોતિષ, વ્યાકરણ, સાહિત્ય આદિનાં વિવિધ ક્ષેત્રોનું અતુલ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અનેક યોગોમાં વૃદ્ધિ પામતાં વિદ્વાન, ગંભીર, શાસનપ્રભાવક મહાપુરુષ બન્યા. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ સર્વ પ્રકારની યોગ્યતા નિહાળીને સં. ૨૦૧૧ના માગશર સુદ ૬ને દિવસે સિદ્ધાચલજીમાં પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. પદસ્થ બન્યા પછી તેઓશ્રીએ ગુરુભગવંત સાથે અનેક શાસ્ત્રગ્રંથોનું સંપાદનકાર્ય અપ્રમત્તભાવે કર્યું. તેઓશ્રીએ નંદી, અવચૂરી, વાસુપૂજ્યચરિત્ર, આચારાંગચૂર્ણિ, શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર, હેમમધ્યમવૃત્તિ વ્યાકરણ, ચૈત્યવંદન, હેમધાતુપારાયણ, પાઈઅલચ્છિનામમાલા આદિ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું. આ સંપાદનોનાં પ્રકાશનને લીધે પૂજ્યશ્રી ભારતભરમાં એક સમર્થ શાસ્ત્રવેત્તા તરીકે સુખ્યાત બન્યા. મુંબઈ લાલબાગમાં અંતિમ ચાતુર્માસ દરમિયાન પૂ. દાદાગુરુની તબિયત બગડી પૂજ્યપાદ કવિકુલકિરીટ દાદા ગુરુદેવશ્રીની સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ પાંચમે સમાધિમય ચિરવિદાય પછી તેઓશ્રી ઉપર સમુદાયની સર્વ જવાબદારી આવી પડી. પૂ. ગુરુદેવનો સર્વ પ્રભાવ, ભવ્ય વારસો પૂજ્યશ્રીમાં પ્રત્યક્ષ દેખાતો હતો અને પૂજ્યશ્રીએ એ સિદ્ધ પણ કરી બતાવ્યો.

પૂજ્યશ્રી સૂરિમંત્રના જાપના અઠંગ ઉપાસક હતા. તેમણે અખંડ ત્રિકાલ સૂરિમંત્રના જાપથી વચનસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રી જે બોલે તે થઈને રહે. ભારતવર્ષના પ્રદેશોમાં–પ્રાન્તોમાં વિચરી મહાન શાસનપ્રભાવનાઓ કરી. સં. ૨૦૨૮માં સિકંદરાબાદથી શિખરજીના અને સં. ૨૦૩૦માં કલકત્તાથી પાલિતાણાના મહાન છ'રીપાલિત સંઘો કાઢ્યા હતા. ખંભાતમાં ૧૦૮ માસક્ષમણ તપશ્ચર્યા કરાવી. ભરૂચતીર્થનો ઉદ્ધાર કરાવ્યો. પૂજ્યશ્રીનું અંતિમ ચાતુર્માસ સં. ૨૦૪૨માં અમદાવાદમાં થયું. ઓચિંતા રોગનો હુમલો થયો. ડોક્ટરો–વૈદ્યોના ઉપચાર સફળ થયા નહીં. અસંખ્ય શિષ્યો–પ્રશિષ્યો–શિષ્યાઓ–શ્રાવક–શ્રાવિકાઓના મંત્રોચ્ચારોની ધુન વચ્ચે ગુરુદેવનો હંસલો ચીરવિદાય થયો. અગણિત ભક્તજનોનાં નયનોને ભીંજવી જનારો એ દિવસ હતો. સં. ૨૦૪૨ની દીપાવલીનો. ચારિત્રધર્મની સમર્થ સાધનાના આ સાધકે આંતરિક નમ્રતા–ક્ષમા–સરળતા–ઉદારતાની જ્ઞાનલક્ષ્મી પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીમાં વક્તૃત્વશક્તિ, કવિત્વશક્તિ, વાદશક્તિ, ધ્યાનશક્તિ અનુપમ અને અદ્ભુત હોવા છતાં સમગ્ર જીવનમાં તેઓશ્રી ગુરુસેવા અને ગુર્વાજ્ઞાને પ્રાધાન્ય આપતા રહ્યા. ભરૂચ તીર્થ, કુલપાક તીર્થ,વારાણસી તર્થના ઉદધાર કરવાના સંકલ્પો, પ્રેરણાબળો પૂજ્યશ્રીના રહ્યા અને પ્રાચીન તીર્થભૂમિઓનો જિર્ણોદ્ધાર થઈ રહ્યો છે. આથી પૂજ્યશ્રી તીર્થપ્રભાવકની પદવીથી વિભૂષિત થયા. પ્રાચીન જિનાલયોમાં જિનભક્તિ, ભક્તામરસ્તોત્રની સાધના જેમના જીવનની સિદ્ધિ સાધના હતા. આથી તો ભક્તામરસ્તોત્રની સાથેમાનતુંગસૂરિજી મ.ના ઐતિહાસિક સ્મૃતિમાં વિક્રમસૂરિજી મ.સા.નું પણ નિત્ય ભકતામર સ્તોત્ર પાઠી પદ અલંકૃત છે. કલકત્તાથી પાલિતાણાસ સિકન્દ્રાબાદથી સમેતશિખર છ'રીપાલક સંઘયાત્રાના પૂજ્યશ્રી નિશ્રાપ્રદાતા હતા.

*સૌજન્ય : શ્રી સિકન્દ્રાબાદ ગુજરાતી જૈન શ્વે. મૂ.પૂ. સંઘ,*
*૬૨, એમ. જી. રોડ, સિકન્દ્રાબાદ.*

*સિદ્ધિતપના અદ્વિતીય પ્રેરક–પ્રભાવક અને વચનસિદ્ધ મહાત્મા*

## પૂ. આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ, સમાજ અને શાસનનું કેવળ હિત જ લક્ષમાં રાખીને અનેક શાસનોપયોગી માંગલિક કાર્યોમાં જેમના યશસ્વી હાથે હંમેશાં વિક્રમ જ સર્જાયા છે, પછી તે અંજનશલાકા હોય કે વિવિધ તપશ્ચર્યા હોય, પણ આત્મસૂઝ, વિશિષ્ટ નિર્ણાયકશક્તિ, અનુપમ પ્રતિભા ધરાવનાર સૌમ્યમૂર્તિ તે આપણા શાસનપ્રભાવક અને વચનસિદ્ધ પ. પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ. જ્યાં જ્યાં તેઓશ્રીએ ચાતુર્માસ કર્યાં છે ત્યાં ત્યાં તપધર્મની હંમેશાં વસંત ખીલી ઊઠી છે. જેઓશ્રીના મંગલ સાન્નિધ્યમાં નમસ્કાર મહામંત્રના કરોડોની સંખ્યામાં જાપ થયા છે. જૈનશાસનની એકતાના સ્તંભ સમા પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી મહારાજનું સં. ૨૦૪૪નું ભાવનગરનું ચોમાસું યાદગાર બની રહેશે. તેમાં વિશ્વરેકોર્ડ રૂપ સિદ્ધિતપની મહાન તપશ્ચર્યા થઈ–૮૦૦ આરાધકોનો ભક્તિરંગ સોળે કળાએ ખીલી ઊઠ્યો. આ સમય દરમિયાન પાંજરાપોળ માટે હજારો રૂપિયાનું ફંડ થયું. અનુકંપા, અભયદાન અને સાધર્મિકતા ક્ષેત્રોને પણ યાદ કર્યાં. સંઘજમણો અને મોટી સંખ્યામાં સંઘપૂજનો થયાં. ધર્મધ્વજા લહેરાવીને વિનાવિઘ્ને અખંડ તપશ્ચર્યા પૂર્ણ કરાવી.

પુણ્યવંતા પુરુષોનાં પાવન પગલાંથી પવિત્ર બનેલી સૂર્યપુર (સુરત)ની ધરતીમાં સુપ્રતિષ્ઠિત ખીમચંદ સ્વરૂપચંદ સંઘવીનું ધર્મિષ્ઠ કુટુંબ રહે. ખીમચંદભાઈના બે પુત્રો : ચિમનભાઈ તથા ચૂનીભાઈ. સમજી લ્યો કે, રામલક્ષ્મણની અતૂટ જોડી. શ્રી ચિમનભાઈનાં ધર્મપત્ની કમળબહેન ધર્મલક્ષ્મીનાં સાક્ષાત્ અવતાર. એમની કુક્ષિએ ચાર પુત્રના જન્મ બાદ સં. ૧૯૮૪ના મહા સુદ ૬ ના પુણ્યદિને એક પુત્રરત્નનો જન્મ થયો. 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ લોકોક્તિ અનુસાર બાળપણથી જ તેમનું નામ પાડવામાં આવ્યું 'સુરવિંદચંદ.' જાણે ભવિષ્યમાં સિદ્ધ થનાર ધર્મશૂરવીરતાનો સંકેત ન આપતું હોય! નામ તો માત્ર સ્થાપન રૂપે જ રહ્યું, પૂર્ણ દેહલાલિત્ય અને શ્વેત વાનને કારણે તેઓ 'લાલા' તરીકે સમગ્ર સુરતમાં ખ્યાતિ પામ્યા. સમય જતાં વ્યાવહારિક અભ્યાસ સાથે માતા–પિતાના ધાર્મિક સંસ્કારોથી પણ વાસિત થવા લાગ્યા. યોગાનુયોગે સં. ૧૯૯૩માં પૂ. શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મહારાજ તથા ઉપા. શ્રી કસ્તૂરવિજયજી ગણિવરનું સુરત–વાડીના ઉપાશ્રયે ચાતુર્માસ થતાં તેઓશ્રીની વૈરાગ્યસભર વાણી અને સતત પ્રેરણાથી 'લાલા'નો આત્મા સંસારની ઉપરછલ્લી લાલાશને જાણી જાગી ઊઠ્યો. પરિણામે, નિશાળમાં કે સંસારમાં ક્યાંય ચેન પડતું નહીં. ઘરેથી નીકળે નિશાળે જવા, પણ પહોંચી જાય ઉપાશ્રયે–અને જ્યાં રજાનો ડંકો સંભળાય એટલે ઉપાશ્રયથી બાળકો સાથે બાળસહજ તોફાનમસ્તી કરતાં કરતાં ઘર ભેગા થાય, જેથી કોઈને ખ્યાલ ન આવે કે લાલો નિશાળે જાય છે કે ઉપાશ્રયે! કેવી સંયમ લેવાની તીવ્રતા! ત્યાર પછી પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ આદિના સમાગમમાં આવતાં તેમને સતત સંસારની અસારતા અને સંયમની મહત્તાનો ખ્યાલ આવતો ગયો. પછી તો મરણાંતકષ્ટ જેવી ટાઈફોઈડની ભયંકર બિમારી પ્રબળ અશાતાવેદનીય કર્મના ઉદયે આવતાં, જીવનની પણ આશા રહી નહીં. આવા કાળમાં તેમણે મનોમન નિશ્ચય કર્યો કે, તબિયત પૂર્વવત્ સારી થઈ જતાં કોઈપણ સંજોગોમાં સંયમ સ્વીકારીશ. આમ, ભયંકર બિમારી જીવનની અનુપમ તાજગીમાં નિમિત્ત બની!

'લાલા' બને છે 'લાલા મહારાજ' : માતા કમળાબહેનની તબિયત લક્ષમાં રાખીને નજીકનાં જ મુહૂર્ત જોવરાવવામાં આવ્યાં. સં. ૨૦૦૦ના માગશર વદ ૧નું શુભ મુહૂર્ત નક્કી થવા છતાં ય કેટલાંક સગાં–સ્નેહીજનો સ્વકીય સામાન્ય સ્વાર્થને સિદ્ધ કરવા સુરવિંદને સમજાવવા લાગ્યા, પણ શાશ્વત સુખનો અભિલાષી આ શૂરવીર આત્મા સંસારનાં ક્ષણિક સુખોમાં અટવાય કાંઈ! સૂર્યપુરના આંગણે છેલ્લાં કેટલાંય વર્ષોથી આવી યુવાનવયે દીક્ષા થયાનો પ્રસંગ આવ્યો ન હતો. તેથી લોકોમાં અનેરા ઉત્સાહનું વાતાવરણ સર્જાયું. દીક્ષાનો વરઘોડો માગશર વદ ૧ના દિવસે છેક બપોરે ૧ વાગ્યા બાદ શ્રી રત્નસાગરજી હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં ઊતર્યો. લોકોના અદમ્ય ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં દીક્ષાપ્રસંગ સંપન્ન થયો. શ્રી સુરવિંદ મુનિશ્રી ચંદ્રોદયવિજયજી નામે પૂ. આ. શ્રી વિજય-કસ્તૂરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય જાહેર થયા, છતાં ય લોકો તો તેઓશ્રીને 'લાલા મહારાજ' તરીકે જ ઓળખતા. આજે પણ સુરતનાં લોકો તેમને એ જ નામે ઓળખે છે. સંયમ સ્વીકાર્યા બાદ તે જ વર્ષે ફાગણ સુદ પાંચમે વડી દીક્ષા થઈ. પૂ. ગુરુદેવની વ્યવહારકુશળતા તેમ જ પૂ. ગુરુદેવના ધર્મરાજાના ગુણોનો સંક્રમ તેઓશ્રીમાં થયો. તેથી આજે પણ કટોકટીભર્યા પ્રસંગે વ્યવહારુ નિર્ણયો લેવાની કુનેહ તેમ જ શાસનપ્રભાવનાની અનેક પ્રવૃત્તિમાં પઠન–પાઠન–વાચનાદિ વિદ્યાવ્યાસંગ જળવાઈ રહ્યો છે. આજે પૂજ્યશ્રી ઉન્નતિની ટોચે બિરાજે છે તે ગુરુસમર્પણથી પ્રાપ્ત પૂજ્ય ધર્મરાજા ગુરુદેવશ્રીની પૂર્ણ કૃપાનું જ અનુપમ ફળ છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.

વડીલોની આજ્ઞાથી સં. ૨૦૦૯માં જાવાલથી ઉગ્ર વિહાર કરી અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે સૌ પ્રથમ ચાતુર્માસ કર્યું. કહેવાય છે કે ત્યારે પૂજ્યશ્રીની વૈરાગ્યસભર વાણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળવા ભાવિકોની અપૂર્વ ભીડ જામતી, કારણ કે વર્ણનીય પ્રસંગનું તાદૃશ ચિત્ર ખડું કરી શ્રોતાઓને રસતરબોળ કરી દેવાની, હકીકતોને સચોટ અને સરળ રીતે રજૂ કરવાની, કથાપ્રસંગ પ્રોત્સાહિત કરવાની તેઓશ્રીમાં અજોડ શક્તિ હતી. તેથી જ તેઓશ્રીની અમૃતવાણી સાંભળવી એ જીવનનો લહાવો ગણાય છે. ધર્મપ્રેરક વ્યાખ્યાનશૈલીથી તેઓશ્રી 'વ્યાખ્યાન-વાચસ્પતિ' તરીકે જબ્બર લોકચાહના મેળવી શક્યા હતા.

શાસનદીપક આચાર્યશ્રી : પૂજ્યશ્રીમાં અનેકવિધ આત્મશક્તિ નિહાળી સં. ૨૦૧૪માં પૂનામાં ગણિ પદ, ઘાટકોપર–મુંબઈમાં પૂ. પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. તે દરમિયાન ઉપધાન, દીક્ષા, પ્રતિષ્ઠા, સામૂહિક તપશ્ચર્યાઓ આદિ ધર્મકાર્યો વિપુલ સંખ્યામાં થયાં. વિવિધ શાસનપ્રભાવનાથી વિવિધ પ્રવૃત્તિઓ કરવાની વિશિષ્ટ શક્તિથી જુદાં જુદાં ગામ–શહેરોમાં ચાતુર્માસ તથા શેષ કાળમાં શાસનપ્રભાવના કરતા જ રહ્યા છે. તેઓશ્રી જ્યાં વિરાજમાન હોય ત્યાં ચોથો આરો વર્તે એવી લોકવાયકા પ્રસિદ્ધ થઈ! સં. ૨૦૨૪ના પોષ વદ ૬ ને દિવસે જન્મભૂમિ સુરતમાં તેઓશ્રીને ઉપાધ્યાયપદથી અલંકૃત કરવામાં આવ્યા. ત્યાર બાદ શાસનનાં અનેકવિધ કાર્યો કરવાની તેઓશ્રીની અમોઘ શક્તિને જાણીને, સૂરિપદ માટેની પ્રૌઢતા અને યોગ્યતા જાણીને સં. ૨૦૨૯ના માગશર સુદ બીજને શુભ દિને સુરેન્દ્રનગર મુકામે આચાર્યપદે વિરાજિત કરવામાં આવ્યા.

સંયમીનાં પગલેપગલે : તેઓશ્રીએ સંયમ સ્વીકારતાં જ તેઓશ્રીના સંસારી–સંબંધીઓમાં સંયમ સ્વીકારવાનો સ્રોત શરૂ થયો. તેઓશ્રીનાં પગલેપગલે તેમના સંસારી વડીલબંધુ શ્રી અમરચંદભાઈ તે મુનિશ્રી અશોકચંદ્રવિજયજી, (સં. ૨૦૦૭માં) સંસારી પિતા શ્રી ચિમનભાઈ તે સ્વ. મુનિશ્રી પ્રસન્નચંદ્રવિજયજી, (સં. ૨૦૧૪માં,) સંસારી વડીલબંધુ શ્રી શાંતિભાઈના સુપુત્ર હેમંતકુમાર તે હાલ આ.શ્રી સોમચંદ્રસૂરિજી, (સં. ૨૦૨૫માં) સંસારી વડીલબંધુ શ્રી શાંતિભાઈની સુપુત્રી કુ. નયનાબહેન તે હાલ સાધ્વીશ્રી યશસ્વિનીશ્રીજી તરીકે ચારિત્ર્યધારી બન્યાં.

પૂ. આચાર્યશ્રીહસ્તે મહત્ત્વનાં શાસનકાર્યો : પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અનેક સ્થાનોએ અંજનશલાકા–પ્રતિષ્ઠાના મહોત્સવો પ્રભાવના-પૂર્વક ઊજવાયા છે, જેમાં મુંબઈ–માટુંગા, મુલુન્ડ, ચોપાટી, જોગેશ્વરી, વાલકેશ્વર (આદીશ્વર), બાબુલનાથ, ભાયખલા; અમદાવાદ–સાબરમતી, પાંજરાપોળ, ગિરધરનગર, સોમેશ્વરા કોમ્પ્લેક્સ (સેટેલાઇટ રોડ); સુરત–શાહપુર, રાંદેર રોડ, સૂરજમંડન પાર્શ્વનાથ, ભાવનગર–દાદાસાહેબ તેમ જ નાગેશ્વર તીર્થ, ગઢ (બનાસકાંઠા), સુરેન્દ્રનગર શ્રી વાસુપૂજ્યસ્વામી શતાબ્દીમહોત્સવ, અમરેલી, પાલિતાણા–જિનહરિવિહાર, આરીસાભવન, ધર્મશાંતિ આરાધનાભવન, ૧૦૮ સમોવસરણ મહાવીરસ્વામી જિનપ્રાસાદ અને પીપરલા–કીર્તિધામ વગેરે કુલ ૫૪ અંજનશલાકા અને ૨૦૦ ઉપરાંત નાની મોટી પ્રતિષ્ઠાઓ કરાવેલ છે.

સમાધિપૂર્ણ કાળધર્મ :–કેટલાંક લોકો હોય છે કે જેઓ જીવનને સદ્ધરતાથી પૂરું કરે છે આ પૂજ્ય આચાર્યશ્રીએ પણ શાસનમાં અનેક કાર્યોને સંપન્ન કરી સં. ૨૦૬૨ની શ્રા. સુ. ૧૪ સાંજે ૭-૨૭ મિનિટે મુંબઈ-ખેતવાડી મુકામે અર્થસંપન્ન બિલ્ડીંગમાં અંતિમ શ્વાસ મૂક્યો. શાસનને ખરેખર ચંદ્ર જેવા સૌમ્ય અમે મહામના સૂરિવરની દુઃસહ્ય ખોટ પડી.

એવા મહાન શાસનપ્રભાવક સાધુવરને કોટિશઃ વંદન!

*સૌજન્યદાતા : જિનશાસન શણગાર પ.પૂ.આ.શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરીમંત્રસમારાધક પ.પૂ.આ.શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સાની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર–સુરત*

*સર્વત્ર જિનશાસનની યશ જ્યોત જલાવનાર*

## પ. પૂ. આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ

વલસાડ જિલ્લાના અણગામ ગામની ભોમકા એ દિવસે ધન્ય બની ગઈ, કારણ કે એ દિવસે આ ગામે સમસ્ત જૈન આલમને આત્મપ્રભા થકી અજવાળનાર એક તેજસ્વી તારકનો જન્મ થયો હતો. પિતા ગણેશમલજી અને માતા ચંદનાબાઈનું એ ત્રીજું સંતાન કસ્તૂરીની સુગંધ જેવું જ નામ કસ્તૂરચંદ. સંવત ૧૯૮૧ની એ તારીખ એટલે તા. ૯-૧૦-૧૯૨૫નો એ મહિમાવંત દિવસ અને તેજસ્વી બાળક એ જ જિન શાસનને જયવંતુ બનાવનાર આપણા સહુના આદરણીય આચાર્ય ભગવંત પૂ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ. શૈશવકાળથી જ સંસારમાં રહ્યે છતે એમનું મનપંખી વીતરાગની વાટે ઉડ્ડયન કરવા માટે ઉત્સુક હતું. સંસારમાં તો હોય મોહ અને માયા, રાગ અને ભોગ, પણ એમનું હૃદય તો વૈરાગ્ય ભાવ તરફ અભિમુખ બન્યું હતું. સંસારના ભાવોમાં ચિત્ત ચોંટતું ન હોતું. દૂર દૂરથી જાણે કોઈ અગમ–અગોચર તત્ત્વનો સાદ આવી રહ્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ, બાળક, આવ સંસારનાં ભોગસુખો એ તારી મંઝિલ નથી. તારો માર્ગ તો નિશ્ચિત થઈ ચૂક્યો છે. તારે તો વીતરાગતાના પંથે પગલાં માંડવાનાં છે. તારી મંઝિલ અહીં છે. સતત વિચારોમાં ડૂબી જવું. સતત આત્માભિમુખ બની જવું. ક્યારેક જાતમાં ખોવાઈ જવું ને આત્મજળના ઊંડાણમાં ડૂબકી લગાડવી......આ બધાં લક્ષણો વૈરાગ્ય ભાવને વ્યક્ત કરનારાં હતાં. મન માયા મમતાથી અળગું બની ગયું હતું. દિલમાં આત્મદીપક પ્રગટી ચૂક્યો હતો અને બન્યું પણ એમ જ.

સંસારી અવસ્થામાં જ તેમને પૂ. શ્રી કૈલાસસાગર–સૂરીશ્વરજી મહારાજનો સમાગમ મુંબઈ, કોટમાં થયો અને એમનું મન અલૌકિક આનંદનો અનુભવ કરી રહ્યું. (વિ.સં.–૨૦૦૪) તરસ્યા ને જાણે જળ મળ્યું! ભૂખ્યાને જાણે ભોજન મળ્યું. મન તો હતું જ, પણ માર્ગ મળતો ન હતો, પણ પૂજ્યશ્રીનો સમાગમ થતાં જ જાણે પંખીને ઊડવા માટે આકાશ મળી ગયું અને જીવનની દિશા અને આત્માની ભાવદશા બદલાઈ ગઈ, મોહશત્રુ ડરી ગયા! તપ, ત્યાગ અને વૈરાગ્યના માર્ગે જવા માટે તેઓશ્રી તત્પર બન્યા. ભાવના ભરપૂર હતી. ઇચ્છા ગજવેલ જેવી હતી. સંકલ્પ લોહ સમો દૃઢ હતો ને સંયમ ગ્રહણની ચિરમનીષા સાકાર થવાની ઘડી પણ આવી પહોંચી. સંવત ૨૦૦૫ની વૈશાખ સુદ છઠ્ઠ, તા. ૪-૫-૧૯૪૯નો એ ધન્ય દિવસ હતો અને પૂ. આચાર્ય ભગવંતના વરદ હસ્તે તેઓશ્રીને ભાગવતી દીક્ષા આપવામાં આવી. શિક્ષિત હતા. હવે દીક્ષિત થયા. છૂટી ગયાં સંસારનાં સંબંધો, છૂટી ગયું સંસારી નામ ને હવે બન્યા મુનિ શ્રી કલ્યાણસાગરજી. સર્વેનું કલ્યાણ થાય તેવી ભાવના અને સાગર જેવી જ્ઞાનની ગહનતા એટલે જ 'કલ્યાણસાગર'.

સાધુ જીવનમાં જૈન આગમો અને અન્ય શાસ્ત્રોનું એમણે ગહન અધ્યયન કર્યું. સમય, સતત, તપ, આરાધના, ગુરુભક્તિ અને શાસ્ત્રાભ્યાસમાં જ વ્યક્ત થતો. સતત સ્વાધ્યાય અને સતત ચિંતન, શિલ્પશાસ્ત્ર વ્યાકરણ અને જ્યોતિષના વિષયોમાં તેમણે પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. દિવસે જિન આગમનું અધ્યયન અને રાત્રે સીમન્ધર સ્વામીનો જન્મ.

ગુરુ ભગવંત પાસે રહીને તેઓશ્રીની શાસન સેવામાં મુનિ શ્રી કલ્યાણસાગરજી સહભાગી બન્યા. પ્રભુભક્તિ અને ગુરુભક્તિ એ બે હતા એમના જીવનમંત્રો. સં. ૨૦૨૮ની સાલમાં તા. ૧૮-૧-૧૯૭૨ના રોજ અમદાવાદ મુકામે તેમને ગણિ પદ અર્પણ કરાયું. એ પછી સં. ૨૦૩૧ના વર્ષમાં તા. ૨૮-૨-૧૯૭૫ના પાવન દિવસે તેઓશ્રીને પન્યાસ પદથી અલંકૃત કરવામાં આવ્યા. સં. ૨૦૩૨ના ફાગણ સુદ સાતમના દિવસે તા. ૮-૩-૧૯૭૬ના રોજ જામનગર મુકામે તેઓશ્રીને આચાર્ય પદથી વિભૂષિત કરવામાં આવ્યા. ઉત્તર ગુજરાતનું ગરવું જૈન તીર્થ એટલે મહેસાણાનું શ્રી સીમંધર સ્વામી જિનાલય. મહેસાણાના આ મહાતીર્થના નિર્માણ અને વિકાસમાં પૂજ્ય આચાર્યદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અગ્ર સ્થાને અને નોંધપાત્ર છે. પૂ. ગુરુદેવ શ્રી કૈલાસ સાગરસૂરીશ્વરજી મહારાજના હાર્દિક આશીર્વાદથી દક્ષિણ ગુજરાતની ધરતીને પાવન કરતું પ્રસિદ્ધ મહાતીર્થ ભીલાડ સ્ટેશન નજીક નંદિગામે સાકાર થવા પામ્યું છે. આ ઓસિયાજી મહાતીર્થનું નિર્માણ પૂ. આ. ભ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શનને કારણે શક્ય બન્યું છે. આ ભવ્યાતિભવ્ય મહાતીર્થ જિનશાસનને જગતમાં જયવંતું કરનાર બની રહ્યું છે. શ્રી સીમંધર સ્વામીનું આ તીર્થ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર હોઈ ને સતત દર્શનાર્થીઓથી ધમધમે છે. એક તીર્થ રાજ–પથ પર, બીજુ તીર્થ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર. જાણે બંને તીર્થ પ્રભુ ભક્તોને સંયમ માર્ગે–મોક્ષ માર્ગે, મુક્તિ માર્ગે ચાલવાની પ્રેરણા આપી રહ્યા હોય તેમ જણાય છે! પૂજ્યશ્રીના શુભ હાથો વડે જે શાસનપ્રભાવનાનાં કાર્યો સુસંપન્ન બન્યાં તે પર સહેજ નજર કરીએ. ૧૨૬ અઠ્ઠમના આરાધક શ્રી વરધીલાલ ગાંધી પરિવાર ૪૬.૨ વર્ષના પ્રાચીન બબોલથી આવેલ પ્રભુજી સહસ્રફણા પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા અમદાવાદ પ્રગતિનગર ખાતે ૨૦૪૬માં મહા સુદ–૧૪ના શુભ દિને કરાવી. ૨૦૪૯, પોષ વદિ–૯ રાધનપુરથી પાલિતાણા ૨૭ દિવસનો છ'રીપાલિત સંઘ કુટુંબના વડીલ કાનજીભાઈ જેચંદભાઈ ગાંધી પરિવારના નામે નીકળ્યો, જેમાં ૫૦૦ યાત્રિકો, ૧૫૦૦ અન્ય ગામોના મહેમાનો અને છેલ્લે સંઘમાળ વખતે ૧૫૩ બસોનું આવાગમન, જેમાં દેવદ્રવ્યની સોળ લાખની ઊપજ થઈ (અનુકંપાદાન–કૂતરાઓને રોટલા વગેરે) ઘણી પ્રેરણા કરી.

૨૦૫૭માં મહા સુદી–૧૪, સુરતમાં અડાજન રોડ, દીપા કોમ્પ્લેક્સમાં મૂળનાયક વિમલનાથ પરમાત્માની શુભ પ્રતિષ્ઠા કરાવી. તેમ જ વંશવારસોને ધજા, દંડ–ધજારોપણ-વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ સિવાય નારણપુરા, ગોદાવરી, વિજય-નગર આદિ રાજનગરનાં મહત્ત્વનાં જિનાલયોમાં શાસનરક્ષક દેવદેવીઓની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીનાં કરકમલો દ્વારા થઈ. શ્રી મીરામ્બિકા જૈન સંઘમાં તપાગચ્છના અધિષ્ઠાયક શ્રી માણિભદ્ર-દેવ તથા સૂરિમંત્રની અધિષ્ઠાત્રી શ્રી મહાલક્ષ્મીજીની દેવકુલિકા નિર્માણ કરાવી પ્રતિષ્ઠા દ્વારા શ્રી સંઘને મોટી આવક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવવામાં પૂજ્યશ્રી નિમિત્ત બન્યા, જેના પ્રભાવે શ્રી સંઘની આરાધનાભવન બનાવવાની ભાવના પરિપૂર્ણ થઈ.

સમગ્ર જિનશાસનની યશોગાથારૂપ મહાતીર્થ સ્વરૂપ જિનમંદિર, પ્રભુભક્તિ કરીને પૂજ્યશ્રીએ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું હતું કે જે કદાચ તીર્થંકર નામ-કર્મ બંધાવે.....મોટી શાંતિ સાંભળીને પાટણના એક ઝવેરી એટલા બધા સુપ્રસન્ન થઈ ગયા હતા કે બીજે દિવસે નવગ્રહની માળા-મણિઓનો ડબો લઈને આવ્યા અને પૂજ્યશ્રીને કહ્યું કે 'આમાંથી જે કાંઈ ખપ હોય તે લઈ લ્યો!' પૂજ્યશ્રીએ તે શ્રાવકને એટલી જ પ્રસન્નતાથી 'ના' પાડી. શાસ્ત્રસિદ્ધાંતના નીતિનિયમોમાં સતત જાગ્રત અને ગુરુપ્રેરિત કાર્યોમાં સતત કાર્યરત પૂજ્ય આચાર્યદેવ દીર્ઘકાળસુધી શાસનપ્રભાવનાનાં કાર્યો કરતા રહો એ જ પ્રાર્થના...!

*સૌજન્ય : પૂ. પં.શ્રી શિવસાગરજી મ.સા. તથા બાલમુનિ શ્રી ઋષભસાગરજી મ.સા.ની પ્રેરણાથી શ્રી સીમંધરસ્વામી જિનમંદિર કાર્યાલય, ઓસીયાજી નગર, પો. નંદીગ્રામ, જિ. વલસાડ*

### *શ્રી સૂરિમંત્ર સમારાધક સ્તવના*

## પૂ. આ. શ્રી શ્રેયાંસપ્રભસૂરિજી મ.સા.

આરાધનાનું સમુત્થાન અને પૂજ્યશ્રી

રાધનપુરના વતની દોશી ભૂદરભાઈ સૂરજમલ પરિવારના ચંદ્રકાંતભાઈ અને સુશીલાબહેનના પ્રથમ સંતાનરૂપે જન્મેલા શ્રીકાંત નામને ધરનારા પૂજ્યશ્રી બાલ્યવયથી જ વૈરાગી બની ૧૬ વર્ષની કુમળી વયે સંયમ પામ્યા અને પોતાનાં બા મહારાજ સા. શ્રી સદ્ગુણાશ્રીજી મ.સા.ના પગલે પગલું મૂકી પૂ. મુ. શ્રી મુક્તિપ્રભવિજયજી મ.સા. (હાલ આ.ભ.)ના શિષ્ય પૂ. મુ. શ્રી શ્રેયાંસપ્રભવિજયજી મ.સા. તરીકે જાહેર થયા. ગુરુ નિશ્રાએ જ્ઞાન-ધ્યાન અને તપ-ત્યાગમાં આગળ વધી, ગુરુદેવો અને 'સૂરિરામ'ચન્દ્ર આદિ વડીલોના અનન્ય કૃપાપાત્ર બન્યા અને તેથી જ લઘુવયમાં ગણિ-પંન્યાસ-ઉપાધ્યાય પદ પામી સૂરિ પદને પણ પામ્યા. લઘુવયમાં જ વિશિષ્ટ પ્રવચન શક્તિને ધારણ કરતા આ મહાપુરુષ 'પ્રસિદ્ધ પ્રવચનસાર' અને 'છોટેરામ' તરીકેની પ્રસિદ્ધિ પામી અનેક આત્માઓના ઉદ્ધારક બન્યા અને વિશાળ શિષ્ય સંપદાના સ્વામી બન્યા. વળી પોતાનાં આલંબન અને માર્ગદર્શન દ્વારા સંસારી ૬-૬ બહેનોને સંયમ પંથે વાળી ઉપકારનું ઋણ જાણે અદા ન કરતા હોય તેમ પોતાના પિતાશ્રી ચંદ્રકાંતભાઈને પણ આજથી ૧૮ વર્ષ પૂર્વે સંસારસાગરથી ઉદ્ધર્યા અને પૂ. મુ. શ્રી ચારિત્રસુન્દરવિજયજી મ.સા. તરીકેની સંયમની આરાધનામાં લયલીન કર્યા! તેઓશ્રીની નિશ્રામાં આજ સુધી અનેક દીક્ષા-પ્રતિષ્ઠા-અંજનશલાકા સ્વરૂપ પ્રભાવક પ્રસંગો ઊજવાયા છે અને ઊજવાય છે. તેથી તેઓશ્રીના જીવનમાં પ્રભાવકતા તો છે જ પરંતુ પ્રભાવકતા સાથે જ આરાધકતા પહેલેથી .જ જોવા મળે છે. તે એક અનોખી વાત છે, કેમ કે માત્ર ૩૨ વર્ષની લઘુ વયમાં ૧૦૦ ઓળી પૂર્ણ કરવાની ભાવનામાં રમતા પૂજ્યશ્રી વર્ષમાં સાડાદસ મહિના આયંબિલ તપની આરાધના કરતા હતા, પરંતુ તે ભાવના સ્વાસ્થ્યની પ્રતિકૂળતાને કારણે પૂર્ણ ન થવા છતાં આજ સુધી એકાસણાંના તપને વળગી રહેવા દ્વારા શ્રમણસંઘને મોટો આદર્શ આપી રહ્યા છે. ચારિત્રનિષ્ઠા પણ આ પુણ્ય પુરુષની અજબ-ગજબની છે. એનું એક જ દૃષ્ટાંત લઈએ તો વલ્લભીપુર જેવા નાનકડા ગામમાં એકાએક હાર્ટએટેક જેવા જોખમી મહારોગનો પ્રવેશ થયો, ત્યારે પણ વાહનનો ઉપયોગ નહીં કરવાનો દૃઢ સંકલ્પ કરીને આ મહાપુરુષે જોખમ ખેડીને પણ ત્યાં જ ઉપચારો કરાવ્યા. ડોળી કે વ્હીલચેર કે વાહનોને જરાય મહત્ત્વ ન આપ્યું. આ રીતે એક સુંદર આદર્શ ઊભો કર્યો. સમર્પિતતા-નિસ્પૃહતા-નિખાલસતા-સરળતા-વડીલો પ્રત્યે અહોભાવ-નમ્રતા આદિ ગુણોની ખીલવણી પણ પ્રશંસનીય છે. આજથી ૪૦૦ વર્ષ પૂર્વે જૂના ડીસા મુકામે પૂજ્ય હીરસૂરીશ્વરજી મહારાજાએ ત્રણ-ત્રણ મહિના સૂરિમન્ત્રની સાધના કરેલી અને શાસનદેવી પ્રત્યક્ષ થયાં હતાં. વિ.સં. ૨૦૫૩માં સૂરિપદ પામ્યા પછીના બીજા વર્ષે વિ.સં. ૨૦૫૫માં તેજ જૂના ડીસા મુકામે ૮૪ દિવસના મૌન અને એકાંતવાસપૂર્વક સૂરિમંત્રની પાંચે પ્રસ્થાનોની સળંગ આરાધના કરવા દ્વારા તે ઇતિહાસનું પુનરાવર્તન કર્યું હતું.

આ રીતે પ્રથમ વાર વિશિષ્ટ આરાધના કર્યા પછી વિ.સં. ૨૦૫૬માં પ્રસંગવિશેષ રાધનપુર જવાનું થતાં પૂજ્યશ્રીનાં સંસારી માતુશ્રી સુશીલાબહેનનું સ્વાસ્થ્ય અસ્વસ્થ થવાથી પૂજ્યશ્રીએ તક ઝડપી લઈને પોતાના સંસારી પક્ષે પિતા મુનિશ્રી ચારિત્રસુંદર-વિજયજી મ.સા. સાથે ૧૦ દિવસ સુધી નિર્યામણા કરાવતાં-કરાવતાં પૂજ્યશ્રીએ આ સૂરિમંત્ર પંચપ્રસ્થાનની આરાધના ફરી એકવાર સળંગ અથવા છૂટી-છૂટી કરવા સંભળાવ્યું હતું અને તે સાંભળીને અનુમોદના કરી પૂજ્યશ્રીના શ્રીમુખેથી જ અરિહંતનું શ્રવણ અને રટણ કરતાં-કરતાં પરલોકની વાટે સંચર્યાં. પૂજ્યશ્રીએ સમાધિપ્રદાન સ્વરૂપ શાંતિનો શ્વાસ લીધો. હવે તે સંભળેલી આરાધના અવસરને જોતાં આજે પાંચ વર્ષ પછી તે ઋણ અદા કરવા પૂજ્યશ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સફળ અને કટિબદ્ધ રહ્યા છે, જેથી ચાલુ વર્ષમાં અમદાવાદ ગિરધરનગર શ્રી સંઘની આગ્રહભરી વિનંતી સ્વીકારી વિ.સં. ૨૦૬૦ના મહા સુદ ૧૪, તા. ૫-૨-૨૦૦૪ના મંગળ દિને પ્રારંભેલી પૂર્વવત્ ભીષ્મ સાધના વિ.સં. ૨૦૬૦ના વૈશાખ સુદ ૯, તા. ૨૯-૪-૨૦૦૪ દિને સમાપન પામી હતી છે. તન્નિમિત્તક ગિરધરનગર શ્રીસંઘ આયોજિત ભવ્ય દશાહ્નિક મહામહોત્સવનાં મંડાણ થયા હતા. પ્રાંતે પૂજ્યશ્રી પાસે આપણે સૌ એજ ઝંખીએ કે આપ આપની આ આરાધના–સાધના દ્વારા ખૂબ–ખૂબ આત્મબળ કેળવી પ્રભુશાસનની વિશિષ્ટ આરાધના–રક્ષા–પ્રભાવના કરી ભવ્યાત્માઓને સંસારસાગરથી તારવા માટે મેઢી રૂપ બની રહો.

## પૂજ્યશ્રીની તેજસ્વી તવારીખો

જન્મ : વિ.સં. ૨૦૦૯, કારતક સુદ ૧૦, મુંબઈ, તા. ૨૮-૧૦-૧૯૫૨.

દીક્ષા : વિ.સં. ૨૦૨૫, માગસર સુદ ૧૦, રાધનપુર, તા. ૨૮-૧૧-૧૯૬૮.

વડી દીક્ષા : વિ.સં. ૨૦૨૫, મહા સુદ ૧૩, પાલી, તા. ૩૧-૧-૧૯૬૯.

ગણિ પદ : વિ.સં. ૨૦૪૯, માગસર સુદ ૬, કોલ્હાપુર. તા. ૩૦-૧૧-૧૯૯૨

પંન્યાસ–ઉપાધ્યાય પદ : વિ.સં. ૨૦૫૨, વૈશાખ સુદ ૬, ભોરોલ. તા. ૨૪-૪-૧૯૯૬

આચાર્ય પદ : વિ.સં. ૨૦૫૨, વૈશાખ સુદ ૭, ભોરોલ. ૨૫-૪-૧૯૯૬

પ્રથમ વાર સૂરિમંત્ર સાધના : વિ.સં. ૨૦૫૫, વૈશાખ સુદ ૮ થી, જૂના ડીસા (ગુજ.)

દ્વિતીયવાર સૂરિમંત્ર સાધના : વિ.સં. ૨૦૬૦, મહા સુદ ૧૪ થી, ગિરધરનગર (અમદાવાદ)

*સૌજન્ય : પૂજ્યશ્રીના ઉપકારોની સ્મૃતિમાં કિરીટકુમાર કે. ગાંધી, ઉષાબહેન કિરીટકુમાર ગાંધી, ભાવિક, ચિંતન (ગાંધી પરિવાર). મુંબઈ*

### *જ્યોતિર્વિદ જૈનાચાર્ય*

## પ.પૂ. આ.ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

બનાસના પાણીની આજુબાજુ ઘૂમતી ઘૂમરી લેતી લીલીછમ અને ધર્મઆરાધનાના જીવંત ધબકારથી ધબકતી બનાસકાંઠાના લોવાણા ગામની ધન્યધરાએ વિ.સં. ૧૯૯૮ના આસો સુદ–૬ના સોનેરી સુપ્રભાતે પ્રતિષ્ઠા સંપન્ન રાયચંદભાઈ અને ધર્મનિષ્ઠ સુસંસ્કારી કંકુબહેનની રત્નકુક્ષિએ એક પુણ્યક્ષણે મહાતેજસ્વી લલાટ અને ભવ્ય મુખમુદ્રા ધરાવતા પુત્રરત્નનું પુનીત અવતરણ થયું, જેથી કુટુંબ-પરિવારમાં આનંદની લહેરો લહેરાવવા લાગી અને માતાપિતાએ યથા નામ તથા ગુણાઃ એવું લહેરચંદ નામ પાડ્યું.



વિચક્ષણ, કર્તવ્યનિષ્ઠ અને મમતામયી માએ ધર્મકર્મના મર્મનું સમજણપૂર્વક શિક્ષણ આપી ગુણદીપકમાં અધ્યાત્મતેજનું સિંચન કર્યું. આમ માતા–પિતાએ લહેરચંદને શૈશવકાળથી જ શિષ્ટ સંસ્કારોથી સંસ્કારિત કર્યા.

કિશોરવયમાં જ દૈવસંકેતથી આત્મસંશોધનના વિજ્ઞાનની ઝંખના જાગી અને એ ઉત્કટ ભાવના પ.પૂ.આ. ભ. શ્રી ભક્તિ-સૂરીશ્વરજી મ.સા. અને બાંધવબેલડી પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. અને પૂ.મુ. શ્રી સુબોધવિજયજી મ.ના ગુરુગમથી વિકાસ પામી અને આત્મવિકાસના અભિયાનમાં પ્રચંડ પુરુષાર્થનો યજ્ઞ માંડ્યો. વિ.સં. ૨૦૦૬ મહા સુદ–૩ના દિવસે આત્મમાંગલ્યની કેડીએ પ્રયાણ કરી પંચમ પદને ગ્રહણ કરવા દ્વારા પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજી બની પૂ. મુનિ શ્રી સુબોધવિજયજી મ.નાં ચરણોમાં જીવન સમર્પિત કર્યું.

અસાધારણ વિદ્વત્તા અને પ્રચંડ પુરુષાર્થથી મુનિશ્રીએ ન્યાયકરણ, કાવ્ય, તર્ક, સાહિત્ય, જ્યોતિષ વગેરેનો વિસ્તૃત અભ્યાસ કર્યો. પૂ. મુનિશ્રીની સમ્યક્ પ્રેરણાથી થયેલ જિનશાસન પ્રભાવના વિવિધ સત્કાર્યોને અને અપૂર્વ યોગ્યતાને નિહાળીને જામનગરના શ્રી દેવબાગ જૈન સંઘની વિનંતીથી સંવત ૨૦૩૦, માગસર સુદ–૫ના શુભ દિવસે ગણિ પદવી પ્રદાન કરાઈ.

આ પદવી બાદ ગણિ લબ્ધિવિજયજીને પૂ. ગુરુદેવશ્રીની હૃદયમનની અંતરંગ ભાવનાથી પૂનામાં શ્રી આદિનાથ સોસાયટીમાં સંવત ૨૦૩૨, મહા વદી ૧૪ના રોજ પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા, સાથે સાથે વિ.સં. ૨૦૩૨, ફાગણ સુદ–૨ ના દિવસે પૂના મુકામે સૂરિપદ તેમ જ સંઘનું સુકાન સોંપવામાં આવ્યું.

પૂજ્યશ્રીએ સંયમજીવનના પાંચ–પાંચ દાયકાના સુવર્ણ યુગ (ગોલ્ડન પિરિયડ)માં તનતોડ પુરુષાર્થથી શાસનઉન્નતિનાં અનેક કાર્યો કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ પૂજ્યશ્રી દ્વારા ઐતિહાસિક કાર્ય : જિનશાસનના ઉત્કર્ષમાં પાયાની ઈંટ રૂપે બનેલી 'શ્રી જૈન ધર્મ તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદ'ની સ્થાપના કરી. ભારતવર્ષનાં પંડિતવર્યો, શિક્ષક, શિક્ષિકાઓને સંગઠનના એક સૂત્રે બાંધેલ છે. આમ, જ્ઞાનની જ્યોત જ્વલંત રાખવા શાસનરૂપી કોડિયામાં 'તેલ' પૂરવાનું વીસમી સદીનું ઐતિહાસિક, અદ્વિતીય કામ કર્યું છે.

★ શાસનપ્રભાવક પૂ. ગુરુદેવશ્રી : જિનાલય, ઉપાશ્રય, આયંબિલશાળા, પાઠશાળા આદિ નિર્માણ, અનેક શ્રી સંઘમાં ભક્તિયુવક મંડળની સ્થાપના તેમ જ છ'રીપાલિત સંઘ, ઉપધાન તપ આદિ અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો કરેલ છે.

★ અહિંસામૂર્તિ પૂ. ગુરુદેવશ્રી : બનાસકાંઠાની ધર્મનગરી થરા ચાતુર્માસમાં પાંજરાપોળ ઉત્કર્ષ માટેના વિરલ કોટિના આયોજનમાં ઉદારદિલ શ્રાવક-શ્રાવિકાઓએ ભારે ઉલ્લાસ સહ પોતાની સંપત્તિનું દાન કર્યું. આમ થરા, સમી, ગઢડા, વિરમગામ, રાધનપુર આદિ અનેક પાંજરાપોળમાં અબોલ પ્રાણીઓને અભયદાન તેમ જ જીવદયાનાં અનેકવિધ કાર્યોનાં દિગંતવ્યાપી તોરણો બંધાયાં છે. પૂજ્યશ્રી કાળધર્મ પામ્યા તેના બે દિવસ અગાઉ જ સ્વયં એ માંડલ શ્રી સંઘને માતબાર રકમ જીવદયી ખાતે જાહેર કરેલ. કેવા જીવદયાપ્રેમી ગુરુદેવ!!.

★ વાત્સલ્યમૂર્તિ પૂ. ગુરુદેવશ્રી : સાધર્મિકોના સહોદર પૂજ્યશ્રી ગુપ્તસહાય દ્વારા સાધર્મિકોને આર્થિક ક્ષેત્રે પગભર અને માનસિક ક્ષેત્રે સમાધિસભર બનાવવાનું અનુપમ કાર્ય કર્યું.

★ દીક્ષા દાનવીર પૂ. ગુરુદેવશ્રી : તેઓશ્રીએ અનેકાનેક મુમુક્ષુઓનાં જીવનમાં ત્યાગની તમન્ના અને વૈરાગ્યની વેલડી વિકસાવી સંયમની સુરભિ પ્રસરાવી.

★ જન્મ : વિ.સં. ૧૯૮૯, આસો સુદ ૬, પાટણ.

★ દીક્ષા : વિ.સં. ૨૦૦૬, મહા સુદ ૩, અમદાવાદ.

★ વડી દીક્ષા : ૨૦૦૬, વૈશાખ સુદ ૧૦, આંતરસુબા.

★ ગણિ પદ : વિ.સં. ૨૦૩૦, માગસર સુદ ૫, જામનગર.

★ પંન્યાસ પદ : વિ.સં. ૨૦૩૨, મહાવદી ૧૪, પૂના.

★ આચાર્ય પદ : વિ.સં. ૨૦૩૨, ફાગણ સુદ ૨, પૂના.

★ કાળધર્મ : વિ.સં. ૨૦૬૦, મહાસુદ-૯, ધાકડી લબ્ધિધામ તીર્થની આસપાસ.

★ અગ્નિસંસ્કાર : વિ.સં. ૨૦૬૦, મહાસુદ-૧૦ લબ્ધિધામમાં.

સાધર્મિકોના સહોદર અને ગરીબોના બેલી પૂ. ગુરુદેવશ્રી : પૂજ્યશ્રી પાસે આવેલ સાધર્મિક પ્રાયઃ ખાલી હાથે પાછો ન જ જાય. ગુપ્ત સહાય દ્વારા સાધર્મિકોને આર્થિક ક્ષેત્રે સમાધિસભર બનાવવાનું અનુપમ કાર્ય કર્યું છે. લબ્ધિનિધાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સારામાં સારી રકમનું અનાજ, રેશનીંગ, વ. પણ સાધર્મિકોને, ગરીબોને અપાવતા.

માનવકલ્યાણ અને શાસનસેવાની જ્વલંત જ્યોતિરૂપ પૂજ્યશ્રી : જીવનમાં સરલતા, હૃદયમાં પ્રમોદભાવ, મનમાં સર્વજીવપ્રતિ મૈત્રીભાવનાથી અનેકોના જીવનમાં શાંતિ, તુષ્ટિ અને પ્રસન્નતાનો પરિમલ પ્રગટાવ્યો છે. હજારો, લાખો જીવનનૈયાઓને પૂજ્યશ્રીએ સરળશૈલીમાં હૃદયસ્પર્શી સચોટ અમૃતવર્ષા સમી પાવનવાણી દ્વારા ઈપ્સિત સ્થાને પહોંચાડેલ છે.

ધ્યાનરમણતામાં મગ્ન પૂજ્યશ્રી : આત્મદર્શનાર્થે કલાકો સુધી પૂજ્યશ્રી ધ્યાનમાં-જાપમાં લયલીન બની જતા અને અધ્યાત્મવિદ્યાના તેજપુંજ પ્રસારી લાખો શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકાઓને પ્રેરક માર્ગદર્શન આપતા.

નિખાલસતાના નિધિ પૂજ્યશ્રી : પ્રભુભક્તિ-ગુરુભક્તિથી પ્રગટેલ લઘુતા, કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચ વગેરેથી સાધનાનાક્ષેત્રની સંખ્યાતીત ઝળહળતી સિદ્ધિઓ પૂજ્યશ્રીએ પ્રાપ્ત કરેલ.

જ્યોતિર્વિદ્ પૂજ્યશ્રી : જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત હતા. અન્ય સમુદાયવર્તી મહાન આચાર્ય ભગવંતો પણ પૂજ્યશ્રી પાસે અંજનશલાકા-પ્રતિષ્ઠાદિનાં મુહૂર્તો મંગાવતા. પૂજ્યશ્રી દ્વારા પ્રકાશિત આરંભસિદ્ધિ મહાગ્રંથ ખૂબ પ્રસિદ્ધિ પામેલ.

જ્ઞાનપિપાસુ પૂ. ગુરુદેવશ્રી : જૈનશાસનની પ્રભાવના થાય અને જૈનશાસનની પ્રાચીન પરંપરાનો ઇતિહાસ જળવાઈ રહે તે માટે ભાવિ પેઢી ગૌરવ લે તેવા દળદાર સચિત્ર ગ્રંથો પ્રકાશન કરેલ છે. ષડ્દર્શન સુબોધિકા વ. તત્ત્વચિંતન-પુસ્તિકાઓ પણ ઘણા પુરુષાર્થથી તૈયાર કરી પ્રકાશિત કરાવેલ છે.

શ્રી લબ્ધિધામ તીર્થના સંસ્થાપક પૂ. ગુરુદેવશ્રી : પ્રભુમંદિરો બનાવી ધર્મભાવના ટકાવવા અને વિરમગામ અને માંડલ વચ્ચે ૨૪ કિ.મી. સુધી જ્યાં કોઈ પણ વિરામસ્થાન નહીં હોવાથી શેષકાળમાં ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલા કોઈપણ સમુદાયના સાધુસાધ્વીજી મ. આદિને વિહારમાં અનુકૂળતા રહે તે અર્થે લબ્ધિધામ તીર્થનું નિર્માણ કાર્ય આરંભ્યું. પૂ. ગુરુદેવની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ ભાવનામાં પૂ. ગણિશ્રી શિલરત્નવિ. મ.નો તીર્થનિર્માણનો સુદૃઢ સંકલ્પ ભળ્યો અને ગુરુભક્તોનો સહયોગ મળ્યો, જેની ફલશ્રુતિએ અકલ્પિત શ્રી લબ્ધિધામ તીર્થનું સર્જન થયું.

*માતૃહૃદયા પ.પૂ.પ્ર.સા. હેમલતાશ્રીજી મ.સા.ના ઉપદેશથી શ્રી લબ્ધિનિધાન ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદના સૌજન્યથી*

### *સૂરિમંત્રના વિશિષ્ટ આરાધક અને યશસ્વી માંગલિક મુહૂર્તદાતા*

## પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ



જે આચાર્યભગવંતના અનંત ઉપકારોને અનુભવતા અનેક ભક્તો કૃતાર્થતાનો અનેરો આનંદ પામી રહ્યા છે, જેઓશ્રીની પ્રેરક નિશ્રામાં અનેક સ્થળે જિનેન્દ્રભક્તિમહોત્સવો ભવ્ય સમારોહપૂર્વક યોજાય છે, જેઓશ્રીના પુણ્ય પ્રતાપે જિનશાસનની ધર્મસભાઓ હંમેશાં ગાજતી રહી હતી તે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી સમવસરણ મહામંદિરના મુખ્ય મુહૂર્તદાતા શ્રી વિજયઅશોકચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ વર્તમાન શાસનસમ્રાટ–સમુદાયને વિશિષ્ટ ભક્તિભાવથી પ્રેરી રહ્યા છે.

પૂજ્યશ્રીનો જન્મ સુરત મુકામે સં. ૧૯૮૦ના શ્રાવણ વદ પાંચમે થયો હતો. પિતા શેઠશ્રી ચિમનલાલ ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી અને માતા કમળાબહેન ધર્મપરાયણ અને ધર્મસહિષ્ણુ દંપતી હતાં. આ સંસ્કારવારસો પુત્રોમાં પણ ઊતર્યો. સંસારી બંધુઓ–શાંતિભાઈ, બાબુભાઈ, કુસુમભાઈ, અરવિંદકુમાર, જયંતીભાઈ–સૌના તેઓ પ્રિય બંધુ હતા. જૈન ધર્મના સંસ્કારો વચ્ચે ઉછેર થવાથી દેવદર્શન તથા પૂજા–વ્યાખ્યાનશ્રવણ વગેરે સહજ ભાવે થતાં રહ્યાં. આગળ જતાં, જપ–તપ, શાસ્ત્રાભ્યાસ, ચિંતન–મનન અને સ્વાધ્યાય જાણે કે તેમનાં આભૂષણો બની રહ્યાં! પરિણામે ત્યાગવૈરાગ્યની ભાવના બલવત્તર બનતી ચાલી. સં. ૨૦૦૭ના વૈશાખ સુદ પાંચમના શુભ દિને ખાનગીમાં દીક્ષા લીધી અને સ્વ–પર કલ્યાણક તેમ જ સ્વાધ્યાયરત સાધનામય જીવનનો આરંભ કર્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં સુરત શહેરમાં સં. ૨૦૪૧ના ચાતુર્માસમાં જિનશાસનના ઇતિહાસમાં યાદગાર બની રહે એ રીતે સામુદાયિક ૪૦૦ સિદ્ધિતપની ભવ્ય આરાધના થઈ હતી. પૂજ્યશ્રીએ સૂરિમંત્રના પાંચમા પ્રસ્થાનની દસ વાર આરાધના કરી છે. છેલ્લા કેટલાયે સમયથી જિનશાસનમાં થતાં કેટલાંયે વિશિષ્ટ કાર્યોનાં માંગલિક મુહૂર્તો પૂજ્યશ્રીના હસ્તે જ નીકળતા હતા.

પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજના તેઓશ્રી સંસારી પક્ષે વડીલબંધુ થાય છે. બાલ્યકાળથી જ ધર્મસંસ્કારો દૃઢ થવાથી તેઓશ્રી કલાકો સુધી જપ–જાપમાં નિમગ્ન રહી શકતા. પરિણામે સમુદાયમાં પણ જપ–તપના સુંદર આરાધના થાય છે. સં. ૨૦૪૨માં સુરતમાં જ સામુદાયિક ૩૦૦ વર્ષીતપની અનુપમ આરાધના થઈ હતી. સામુદાયિક વીશસ્થાનક તપની આરાધનામાં પણ ૨૦૦-૨૫૦ આરાધકો જોડાયા હતા. આ સર્વ તપનાં ભવ્ય ઉજમણાંઓએ તો વળી સોનામાં સુગંધ જેમ, શાસનપ્રભાવનામાં ઓર ઉમેરો કર્યો હતો. આ આરાધક મહાપુરુષને સં. ૨૦૨૪ના વૈશાખ સુદ ૧૦ના શુભ દિવસે સુરતમાં ગણિ પદવી, સં. ૨૦૨૯ના મહા સુદ ૧૧ના શુભ દિવસે અમદાવાદમાં પંન્યાસ પદવી, સં. ૨૦૩૩ના ફાગણ સુદ ૩ના શુભ દિવસે સોજિત્રામાં ઉપાધ્યાય પદ અને સં. ૨૦૩૪ના ફાગણ સુદ ૩ના શુભ દિવસે મુલુન્ડ–મુંબઈમાં આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યાં. પૂજ્યશ્રીના શિષ્યપરિવારમાં પૂ. પંન્યાસ શ્રી પુષ્પચંદ્રવિજયજી, પૂ. આચાર્ય શ્રી સોમચંદ્રસૂરિજી, પં. શ્રી કૈલાસચંદ્રવિજયજી, ગણિશ્રી પ્રશમચંદ્રવિજયજી આદિ વિરાજે છે. મુનિશ્રી નિર્વેદ(સ્વ.), નિરાગ, સત્યચંદ્ર વિજયજી પૂ. ગણિ શ્રી સોમચંદ્રવિજયજી સંસારીપક્ષે તેઓશ્રીના ભત્રીજા થાય છે. પૂજ્ય સાગરજી મહારાજના સમુદાયમાં પૂ. સાધ્વીજી યશસ્વિનીશ્રીજી સંસારીપક્ષે તેઓશ્રીનાં ભત્રીજી થાય છે, એટલું જ નહીં પૂજ્યશ્રીના પ્રશિષ્યોની પણ ઉજ્જ્વલ પરંપરા છે. જાપાનના કોબે જિનાલયની તથા લેસ્ટરના જિનાલયની પ્રતિષ્ઠાનાં મંગલ મુહૂર્તો પૂજ્યશ્રીએ કાઢી આપ્યાં છે.

તેઓશ્રીની વ્યવહાર-કુશળતા અને સામા માણસને પરખવાની તથા સાચવવાની શક્તિ પ્રશંસનીય હતી. અનેક સંઘોમાં તેમણે આંતરિક ઝઘડાઓનું શમન કરાવી સુલેહનું વાતાવરણ રચ્યું હતું. સાધુ-સાધ્વીજી ભગવંતોના અંતરંગ વર્તુળમાં પણ તેઓ પ્રેમભર્યું સ્થાન પામ્યા હતા. આચાર્ય પદવી થઈ ત્યારથી તેઓશ્રીએ પૂર્ણ દૃઢતાથી સૂરિમંત્રની આરાધના કરી હતી. પંચ પ્રસ્થાપન ઉપરાંત સૂરિમંત્રના માત્ર પાંચમા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્થાનની આરાધના તેઓશ્રી દર વર્ષે મૌનપૂર્વક કરતા હતા. આચાર્યપદવી પછી તેક્રમ જીવનના અંતિમ વર્ષ સુધી ૧૬ દિવસની સુધી એટલે કે સળંગ ૨૮ વર્ષ સુધી ચાલતો રહ્યો હતો.

૨૦૬૨ની સાલનું ચાતુર્માસ પૂં. ચંદ્રોદયસૂરિશ્વરજી મ.ની ખેતવાડી મુકામે થયું તે ચાતુર્માસમાં જ પૂ. ચંદ્રોદયસૂરીશ્વરજી મ.નો કાળધર્મ નિશ્રામાં થયો. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા. ઓપરા સોસાયટીની ઉપાશ્રયમાં વિ.સં. ૨૦૬૩ મહા સુદ-૫ની વહેલી સવારે સાવ અણધારી રીતે ઉપસ્થિતિ તમામને 'હું જાઉં છું' કહીને ૩:૦૬ મિનિટે આ પૃથ્વી રથી વિદાય લીધી તેમનો અગ્નિસંસ્કાર પણ સંઘની ઉદારતાથી ઉપાશ્રયનાં પટાંગણમાં જ થયો અને સ્થાન પર સમાધિ મંદિરનું નિર્માણ પણ શ્રી મહાવીર જૈન શ્વે. મૂ.પૂ. સંઘ (ઓપેરા સોસા.- અમદાવાદ) દ્વારા જ કરવામાં આવ્યું.

એવા એ પ્રખર શાસનપ્રભાવક આચાર્યદેવને કોટિશઃ વંદન!

*સૌજન્ય : જિનશાસન શણગાર પ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર- સુરત*

*શ્રી સૂરિમંત્રના અનુપમ સાધક*

## પ. પૂ. આ. શ્રીમદ્વિજય જયશેખરસૂરીશ્વરજી મ.સા.

સુરતના ધર્મનિષ્ઠ સુશ્રાવક ચિમનભાઈ ઝવેરીનાં ધર્મપત્ની મોતીકોરબહેનની કુક્ષિથી વિ.સં. ૧૯૮૬, જેઠ વ. ૫-ના જયંતીલાલ નામે પુત્રરત્નનો જન્મ થયો. સ્તનપાન કરાવતી વખતે માતાએ કાનમાં ફૂંકેલો 'બેટા! સંયમ એ જ સાર છે'નો મંત્ર, ધર્મસંસ્કારી વાતાવરણ, સચ્ચારિત્રચૂડામણિ સ્વ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.નું વાત્સલ્ય, સકલસંઘહિતૈષી સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નાં વૈરાગ્યરસઝરતાં પ્રવચનો, સ્વકીય વડીલબંધુ પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ.ની કે જેઓ પાછળથી સહજાનંદી, અધ્યાત્મરસિક, કર્મસાહિત્યમર્મજ્ઞ, વ્યવહારદક્ષ, નિષ્કપટ, સદા સુપ્રસન્ન સ્વ. પૂ. આ. શ્રી ધર્મજિતસૂ. મ.સા. બન્યા, તેઓની મસ્તીભરી સંયમસાધનાનાં દર્શન તથા જીવલેણ અકસ્માતમાંથી આબાદ બચાવ થવા પર સૌથી જયેષ્ઠબંધુ મોહનભાઈની મળેલી પ્રેરણા........આ બધાંનો સરવાળો એટલે જયંતીલાલનું વિ.સં. ૨૦૦૮ જેઠ સુદ પાંચમે મુનિ જયશેખરવિજયમાં રૂપાંતરણ. જોતજોતાંમાં વર્ધમાનતપની ૬૨ ઓળી, નૂતન કર્મ સાહિત્ય બંધવિધાન અંતર્ગત મૂળપ્રકૃતિ રસબંધોની સંસ્કૃતમાં ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ વૃત્તિ, ગુજરાતીમાં 'કર્મસિદ્ધાંતનું વિજ્ઞાન', મધુર પ્રવચનો દ્વારા ચોમાસાંઓમાં અનેકવિધ શાસનપ્રભાવના......આ બધાં બાહ્ય સોપાનો સાથે શ્રી અરિહંતતત્ત્વ પ્રત્યે અનેરી પ્રીતિ- ભક્તિ, ગુરુઓ પ્રત્યે સમર્પણ, ગુણીઓ પ્રત્યે અનુરાગ, કોઈની પણ આરાધના પ્રત્યે અનુમોદના-પ્રમોદભાવ, નાના-મોટા સહુ સાધુઓ પ્રત્યે ઊછળતો બહુમાનભાવ, પરાર્થવૃત્તિ, સંઘો પ્રત્યે વાત્સલ્ય, બધા સાથે નમ્રતા, નિખાલસતા ને નિષ્કપટતા, દિલની વિશાળતા-ઉદારતાના કારણે અનેકને સંયમમાં સ્થિર કરવાની કલા, પોતાના-પરાયાની સંકુચિત વૃત્તિનો અભાવ, શાસન અને ચતુર્વિધ શ્રીસંઘની ઉન્નતિ જોવાની ભારે ખેવના. આવાં બધાં આંતરિક સોપાનો સર થતાં જોઈ પૂજ્ય ગુરુદેવોએ ક્રમશઃ ગણિ વગેરે પદથી અલંકૃત કર્યા. વિ.સં. ૨૦૪૪ના દ્વિતીય જેઠ સુદ- ૧૦ના કોલ્હાપુર, લક્ષ્મીપુરી મુકામે આચાર્ય પદથી અલંકૃત કરાયા. એ પછી તો તેઓ શ્રી સૂરિમંત્રની સાધનામાં જ જબરા ઓતપ્રોત થઈ ગયેલા. શ્રી સૂરિમંત્રની પાંચે પીઠિકાઓની પાંચથી વધારે વાર તેઓશ્રીએ તપ-જપ દ્વારા સાધના કરી અને શ્રી સૂરિમંત્રની પાંચ પીઠિકાઓની પંચ પ્રસ્થાનની આરાધનાના વિધિની સરળ સંકલના કરી. સ્વ-પર સમુદાયના વર્તમાનકાલીન સંખ્યાબંધ આચાર્ય ભગવંતોએ આ સંકલનાને અનુસરીને પાંચ પીઠિકાની આરાધનાઓ કરી છે, કરે છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી અને શ્રી સૂરિમંત્ર પ્રત્યે તેઓશ્રીની આંતરિક બહુમાન સાથે ભક્તિ અપાર હતી. એના પ્રભાવે આંતરિક શુદ્ધિ સાથે બાહ્યપુણ્યપ્રકર્ષ પણ તેઓશ્રીનો ખૂબ વધેલો જેના પ્રભાવે તેઓશ્રીએ શાસનપ્રભાવક ૧૬ અંજનશલાકા-૪૦ પ્રતિષ્ઠા વગેરે અનેક કાર્યો નિર્વિઘ્નરૂપે કરાવેલાં. એમાં પણ કોલ્હાપુર- શિરોલી શ્રી સીમંધરધામની અંજનશલાકા-પ્રતિષ્ઠાએ તો વિક્રમસર્જક રેકર્ડ કરેલા.

વણી-વાંસદાના જંગલમાં સાધુ-સાધ્વીજી ભગવંતોની વિહારમાં વૈયાવચ્ચ થઈ શકે એ માટે સ્વ. પૂ. આ. શ્રી યશોદેવસૂરિ મહારાજે તથા સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુ- સૂરીશ્વરજી મહારાજે જે મનોરથો સેવેલા તેની પૂર્તિરૂપે સાપુતારા મુકામે, પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી અને અનેરી પુણ્યાઈથી કોઈ જ વિશેષ પ્રકારના પ્રયાસ વિના ગજાભિષેક જૈન તીર્થ સાકાર થઈ રહ્યું છે.

કોઈને પોતાનાં કરવાની ખેવના નહીં, સહુને શાસનનાં જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાની તત્પરતા. ચતુર્વિધ સંઘ તો રત્નોની ખાણ છે. એનો ઉત્કર્ષ જ થવો જોઈએ આવી સતત ભાવના, શ્રી ગૌતમસ્વામી પ્રત્યે અનન્ય ભક્તિ, આ વાતો જીવનની અંતિમ ક્ષણ સુધી જાળવી રાખી. કેવો યોગાનુયોગ! એમના વડીલબંધુ–ગુરુદેવ સ્વ. પૂ. આ. શ્રી ધર્મજિતસૂ. મ.સા. વિ.સં. ૨૦૪૪, ચૈત્રવદ-૧૪ના પક્ખી પ્રતિક્રમણમાં પક્ખી સૂત્ર સાંભળતાં સાંભળતાં સમાધિમૃત્યુને વર્યા, તો તેઓ પોતે વિ.સં. ૨૦૫૭, ભાદરવા વદ–૧૨, પુષ્યનક્ષત્રમાં મલાડ શ્રી હીરસૂરિ ઉપાશ્રયે શ્રી ગૌતમસ્વામીનું પૂજન કરતાંકરતાં અને ચતુર્વિધ શ્રીસંઘને વાસક્ષેપ કરવા દ્વારા શ્રીસંઘના ઉત્કર્ષની ભાવનામાં રમતાંરમતાં સમાધિ મૃત્યુને વર્યા.

જેમના સંસારી પરિવારમાંથી માતા વગેરે ૧૪ પુણ્યાત્માઓ સંયમમાર્ગે સંચર્યા અને જેમના ૨૦ શિષ્ય–પ્રશિષ્યાદિ સંયમ સાધી રહ્યા છે એવા પૂ. ગુરુદેવશ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.નાં ચરણોમાં અગણિત વંદન.

*સૂરિમંત્ર પીઠિકાસાધક, ભરૂચ તીર્થોદ્ધારક*
*મહાન ભાષાવિદ્, પ્રકાંડ પંડિત*

## પૂ. આ.શ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મ.

ગગનમંડળમાં વિધવિધ ગ્રહો, નક્ષત્રો, તારલાઓ પોતપોતાની શ્રીશોભાથી વિશ્વસૌંદર્ય ધારણ કરી રહ્યાં છે, તેમ જિનશાસનમાં જુદા જુદા સૂરિવરોએ પોતપોતાની રીતે તપ–જપ–આરાધના દ્વારા શાસનસેવા ધારણ કરી છે. એવા એક વિશિષ્ટ સાધક છે પૂ. આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રીનો જન્મ નડિયાદ શહેરમાં સં. ૨૦૦૧ના ચૈત્ર વદ ૧૦ના મંગલદિને થયો હતો. પિતા જિનદાસ અને માતા સુભદ્રાના લાડકવાયા સંતાન રમેશભાઈ નાનપણથી જ વૈરાગ્યવૃત્તિ ધરાવતા હતા. ઘરમાં ભૌતિક સુખસાહ્યબીની તમામ અનુકૂળતા હોવા છતાં રમેશભાઈને સંસારની અસારતા હૃદયમાં વસી ગઈ હતી. પગપાળા દેવદર્શને જવું, ખુલ્લા પગે કોલેજ જવું, પોતાનાં કપડાં પોતે જ ધોવાં–એવી નાની નાની બાબતોમાં તેમના સંસ્કારો વ્યક્ત થતા હતા. આગળ જતાં મુંબઈમાં ઉચ્ચ અભ્યાસ કરવા સાથે પૂ. ગુરુદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની સેવા કરવાનો લાભ મળ્યો અને રમેશભાઈને સંયમજીવન સ્વીકારવાની લગની લાગી. સં. ૨૦૨૦ના મહા વદ પાંચમને શુભ દિવસે લાલબાગમાં પૂ. આ. શ્રી વિજયવિક્રમ-સૂરીશ્વરજી મહારાજના સાંનિધ્યમાં ભવતારિણી ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી મુનિ શ્રી રાજયશવિજયજી બન્યા. દીક્ષા ગ્રહણ કરીને પૂજ્યશ્રી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં રહીને સ્વાધ્યાય–તપમાં દિનપ્રતિદિન વિકાસ સાધવા માંડ્યા. દીક્ષાના ચોથા વર્ષથી તો પ્રવચનપીઠ સંભાળી અને સમગ્ર ભારતવર્ષમાં એક અચ્છા પ્રવચનકાર તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી. તેઓશ્રીની આ અનન્ય કુશળતા જોઈને પૂ. શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજ આનંદિત થઈ બોલી ઊઠતા કે, "રાજા મારું રાજ્ય સંભાળશે." પોતાનું આટલું માન હોવા છતાં મુનિશ્રી રાજયશવિજયજી પૂરેપૂરા વિનમ્ર, વિવેકી, નિખાલસ અને નિઃસ્પૃહી રહેતા. શાસ્ત્રોના અધ્યયનમાં નિમગ્ન રહેતા. જ્યોતિષશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રમાં પૂજ્યશ્રીનું વિશિષ્ટ અને વ્યાપક જ્ઞાન જોઈ સહુ કોઈ આશ્ચર્ય પામતાં, તદુપરાંત, તેઓશ્રીએ અનેક ભાષાઓ પર પ્રભુત્વ પ્રાપ્ત કરીને પોતાની એક પ્રકાંડ પંડિત તરીકેની પ્રતિભા ઉપસાવી હતી. પૂ. ગુરુદેવશ્રી સાથેના બે ભવ્ય છ'રીપાલિત સંઘોમાં વિહાર કરીને પૂજ્યશ્રીએ પોતાનો એક સમર્થ ભાષાવિદ્ તરીકેનો પરિચય આપ્યો હતો. ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, અંગ્રેજી, મરાઠી, રાજસ્થાની આદિ સર્વ ભાષાઓ પર એકસરખું પ્રભુત્વ ધરાવનાર પૂજ્યશ્રી કોઈ વિદ્વાન પ્રોફેસરની અદાથી ઈંગ્લિશમાં લેક્ચર આપી શકે છે, તો સંસ્કૃત વાગ્ધારા સાંભળીને લાગે કે કોઈ કાશીના પંડિત વ્યાખ્યાન આપી રહ્યા છે, તો ગુજરાતી કે રાજસ્થાની બોલતા હોય ત્યારે તે તે પ્રદેશના વતની જ લાગે! આમ, પૂજ્યશ્રી ભાષના પ્રકાંડ પંડિત છે.

વળી, એક મહાન તપસ્વી અને સમર્થ આરાધક તરીકે પણ તેઓશ્રીની અનન્ય છાપ છે. સં. ૨૦૪૩માં રાજનગરમાં પૂ. આ. શ્રી વિજયનવીનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પૂજ્યશ્રીને આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા. ત્યારથી પૂ. આચાર્યશ્રી વિજયરાજયશસૂરીશ્વરજી મહારાજ વિવિધ શાસન-પ્રભાવના દ્વારા લાખો ભાવિકોનાં હૃદયે સ્થાન પામી ચૂક્યા છે. તેઓશ્રી પર ગુરુકૃપાની અમીધારા અહોનિશ વરસતી રહે છે, જેને લીધે પૂજ્યશ્રી ભરૂચ તીર્થોદ્ધારનું કાર્ય સફળતાથી પૂર્ણ કરી શક્યા છે. સં. ૨૦૪૩ના આસો માસથી સં. ૨૦૪૫ના આસો સુદ ૧ સુધીમાં પાંચ પાંચ પીઠિકા તપ પૂર્ણ કરેલ છે. આટલી નાની વયે પંચ સૂરિમંત્ર પીઠિકાના સાધક તરીકેની સિદ્ધિ પ્રાપ્ત કરનાર કદાચ તેઓશ્રી પહેલા સૂરિવર હશે! એવા એ મહાન તપસ્વીને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : શ્રી સીકન્દ્રાબાદ ગુજરાતી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ*
*એમ. જી. રોડ, સીકન્દ્રાબાદ-૫૦૦૦૦૩*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# प.पू.आ.श्री चंद्रानन सागरसूरिजी महाराज

निरंजन परिहार



कम उम्रमें जो लोग सफलता के सब से ऊंचे शिखर को हासिल करते हैं उन्हें साधना भी बहुत ज्यादा करनी पड़ती है। लेकिन उस शिखर पर बने रहने के लिए उससे भी कई गुना ज्यादा तपस्या के लिए खुद को समर्पित करना होता है। आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज को ऐसा ही सबसे ऊंचा शिखर हासिल हे जिन्होंने साधना, तपस्या और धर्म के मुश्किल मार्ग को आम आदमी के लिए आसान बनाने की कोशिशों को नई दिशा दी है। साथ ही सामाजिक, शैक्षणिक, सांस्कृतिक कार्यो को आगे बढ़ाने में अपना महत्त्वपूर्ण योगदान दे रहे हैं। वे औरों की तरह सिर्फ जीवन का धर्म और धर्म का मर्म बताने के साथ ही पवित्रता से परिपूर्ण कर्म का मार्ग ही नहीं बताते बल्कि सामाजिक और शैक्षणिक क्षेत्र में क्रांतिकारी परिवर्तन का रास्ता दिखाते हैं। शिक्षा के लिए उनका गजब समर्पम है। आध्यात्मिक चेतना के साथ-साथ शैक्षणिक क्रांति उनकी प्रेरणा का महत्वपूर्ण हिस्सा देखी गई है। जितने धार्मिक और सामाजिक कार्य उनके खाते में दर्ज हैं उतनी ही शैक्षणिक विकास की कोशिशें भी आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज के कार्यों का हिस्सा रही हैं। आज के संतों में आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज शिक्षा के विकास के सबसे महत्वपूर्ण हसताक्षर के रूपमें देखे जाते हैं।

गुजरात के सौराष्ट्र इलाके के आदरियाणा में विक्रम संवत २०१५ को भादरवा सुद १ को जन्मे आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज का दीक्षा संस्कार राजस्थान के गोड़वाड़ की धरती पर पाली जिले के फालना में विक्रम संवत २०२७ के जेठ वद ११ को १७ जूव १९७१ को शनिवार के दिन हुआ। छोटी सी उम्र में साधु का चोला पहनकर बीते ३५ वर्षों से जनसंवामें जुटे आचार्य चंद्रानन सागर धर्म के मर्म को समझाने के साथ ही शिक्षा के विकास में अपने योगदान के अलावा जन-जन को पढ़-लिखकर जीवनका मर्म समझा रहे हैं। बीते ३५ सालों में राजस्थान, गुजरात, महाराष्ट्र, कर्नाटक, तमिलनाडु और आंध्र प्रदेश की धरती पर करीब डेढ़ लाख से ज्यादा पदयात्रा कर चुके आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज जहाँ भी गए वहाँ सत्कर्म की शिक्षा देने के साथ ही जरूरतमंद वर्ग की सहायता करके उनका जीवन स्तर उठाने की कोशिश उनका पहला उद्देश्य रहा। अपनी इन्हीं कोशिशों के तहत बीते ३५ सालों में आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज १० हजार से ज्यादा जरूरतमंद परिवारों के बच्चों को रोजगार दिलाने का काम कर चुके हैं। कमजोर वर्ग के परिवारों के प्रतिभाशाली छात्रों की उच्च शिक्षा के लिए हाल ही में शुरू हुआ उनका अभियान अब तक पांच सौ से ज्यादा युवक-युवतीओं को सहयोग कर चुका है।

शिक्षा का क्षेत्र आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज का सबसे प्रिय विषय रहा है। राजस्थान, गुजरात, कर्नाटक, तमिलनाडु और महाराष्ट्र में आचार्य की प्रेरणा से बीस से ज्यादा शैक्षणिक संस्थाए संचालित हैं। इनमें से १० संस्थाएं स्कूल, कॉलेज और छात्रावास का एक साथ संचालन करती हैं। आचार्य चंद्रानन मानते हैं कि शिक्षा के बिना सर्व कल्याण की कोशिशों को नयी दिशा नहीं दी जा सकती साथ ही विकास की गति को भी तेज नहीं किया जा सकता। यही कारण है कि आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज का विशेष ध्यान सिर्फ शिक्षा की तरफ है। उनकी कोशिशों से मुंबई में एक अत्याधुनिक कॉलेज और स्कूल का सपना आकार ले रहा है तो लोनावाला में एक कॉलेज, एक स्कूल और

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एक छात्रावास के निर्माण की प्रक्रिया शुरू हो चुकी है। आचार्य चंद्रानन अगर आज के संतों में सबसे क्रांतिकारी संत के रूप में विख्यात हैं तो इसकी एकमात्र वजह यही है कि वे जीवन में धर्म और तपस्या कोजितना महत्व देते हैं, शिक्षा को भी उसी की बराबरी में मानते हैं क्योंकि उनकी राय में–'शिक्षा एकमात्र साधन है जिसके जरिए धर्म के मर्म और जीवन के धर्म को आसानी से समझा जा सकता है।'

बीते दस वर्षों का हिसाब लागाया जाए तो आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज की कोशिशों से स्थापित एवं उनके श्रद्धालुओं द्वारा संचालित विभिन्न संस्थाओं द्वारा पांच लाख से ज्यादा जरूरतमंद लोगों को शिक्षा, चिकित्सा एवं सामाजिक विकास की सुविधाएं उपलब्ध कराने के अलावा ५० लाख से ज्यादा पशुओं के जीवन को बचाने की कोशिशें की गई हैं। राजस्थान ही नहीं गुजरात, महाराष्ट्र और दक्षिण भारत की गौशालाएं इस बात की गवाह हैं कि आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज ने पशु कल्याण के कितने मजबूत काम किए हैं। राजस्थान के सुमेरपुर में विशाल भगवान महावीर चिकित्सालय के आधुनिकीकरण एवं विस्तार का कार्य आचार्य चंद्रानन सागर सूरिश्वर महाराज की कोशिशों से लगातार विकसीत हो रहा है तो कर्नाटक के मैसूर में पांच एकड़ जमीन पर महावीर दर्शन अस्पताल हाल ही में शुरू हुआ है। पोलियो शिबिर, नेत्र चिकित्सा शिबिर एवं दंत चिकित्सा शिबिर सहित जरूरतमंद वर्ग के लोगों के लिए हर इलाज मुफ्त में करने की प्रेरणा उन्होंने चेन्नई के युवाओं को दी तो यह आदेश उन्होंने एक यज्ञ की तरह स्वीकारा और सन २०० से यह सेवाकार्य लगातार चल रहा है। चेन्नई, बैंगलोर, मुंबई, मैसूर, पालीताणा, अमदावाद, सुमेरपुर और विभिन्न स्थानों पर चिकित्सा ट्रस्ट आचार्य के सान्निध्य में संचालित हो रहे हैं। जहाँ लाखों लोगों को हर साल मुफ्त एवं रियायती दरों पर चिकित्सा सुविधाएँ हासिल हैं। युवा वर्ग में आचार्य चंद्रानन सबसे ज्यदा लोकप्रिय संतों में शिखर पर हैं और शिखर की मजबूरी यह है कि कोई एक ही रह सकता है। आचार्य चंद्रानन उस शिखर पर बिराजमान हैं तो उसकी पीछे उनकी युवाओं में लोकप्रियता, शिक्षा के प्रति समर्पण और धर्म की धारा को आगे बढ़ाने की कोशिशों का कमाल ही असली कारण माना जा सकता है।

*सौजन्य : श्री सर्वोदय पार्श्वनाथ ट्रस्ट–मुलुन्ड-मुंबई*



## કાકંદીના
## શ્રી ધન્ય અણગાર

૩૨ કન્યાઓનો ભરતાર ભોગવિલાસમાં ડૂબેલ હતો. પણ વૈરાગ્યનો રંગ લાગતા સંયમ લઈ ઉત્કૃષ્ટ તપ કરી નવ મહિનામાં એકાવતારી સર્વાર્થસિદ્ધ વિમાનવાસી થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનદીપક પ્રજ્ઞાપુરુષો

શાસનપતિ પ્રભુ મહાવીરદેવે સ્થાપેલા અનંતકલ્યાણકર જૈનશાસનની ધવલોજ્જવલ પરંપરા આજે પણ ઝળહળી રહી છે અને જૈન શાસનની આ જ્વલંત જ્યોત હજુ ૧૦૫૦૦ વર્ષ ઝળહળતી રહેશે. આ પરમપાવન પ્રભુશાસનને વહેતું રાખનાર સરિતાપટ એટલે ચતુર્વિધ સંઘ. તેમાં પણ શાસનદીપક સૂરિવરોનું યોગદાન અણમોલ છે. વિશિષ્ટ પ્રતિભાસંપન્ન સૂરિવરોએ અષ્ટવિધ પ્રભાવકતાનો નાદ ગજવી ઘટ–ઘટમાં શાસનનો અનુરાગ જગાડ્યો. જિનવચનના ઊંડા મર્મોને સ્પર્શેલા એ પૂજ્યવર્યોએ જગતને સાચી દિશા ચીંધી.

તીર્થંકર દેવની જિનજિનકર્મના અચિન્ત્ય પુણ્યપ્રભાવે પ્રભુશાસનની ધુરાને વહન કરનારા સમર્થ પ્રતિભાસંપન્ન સૂરિવરોની સંપ્રાપ્તિ પ્રત્યેક કાલખંડમાં શ્રી સંઘને થતી રહી. આરાધક, પ્રભાવક અને રક્ષક બની પ્રભુશાસનની દિવ્ય દીપ્તિને એમણે દિગંતમાં પ્રસારી. વર્તમાનજૈન સંઘ પણ આવા પ્રભાવક શાસનદીપક સૂરિવરોથી ઊજળો છે. આજના વિષમ કાળમાં પ્રભુશાસનની જ્યોતને ઝળહળતી રાખવામાં અને શ્રી સંઘનું યોગક્ષેમ કરવામાં આ સૂરિવરોનો સિંહફાળો છે.

*હજારો પુણ્યાત્માઓના પરમ તારક:*

## પૂ. આ.શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ.

સૌના દાદા, ઉપશમરસસિન્ધુ, ગીતાર્થસાર્થશિરોમણિ, પ્રાતઃસ્મરણીય નામધેય આચાર્યભગવંત શ્રીમદ્ વિજયોદય-સૂરીશ્વરજી મહારાજ એટલે આજીવન જ્ઞાન અને તપની સાક્ષાત્ મૂર્તિ. લોકોત્તર જિનશાસનમાં આત્માના અનંત ગુણો દર્શાવ્યા છે. તેમાં બે ગુણ મુખ્ય છે : જ્ઞાન અને દર્શન. એમાંયે જ્ઞાન જ પ્રધાન છે. જ્ઞાન જ સમ્યક્ દર્શનનું કારણ છે. આવી વિશિષ્ટ જ્ઞાનદૃષ્ટિને જ જન્મજાત આત્મસાત્ કરીને ધર્મપ્રીતિ દાખવતા ઉજમશીભાઈ અન્ય મિત્રો સાથે ધાર્મિક અધ્યયનમાં મગ્ન રહેતા જ હતા. એવામાં એમના શહેર ખંભાતમાં વિ.સં. ૧૯૫૪માં શાસનસમ્રાટ ગુરુભગવંતનું આગમન થયું; અને જાણે સોનામાં સુગંધ મળી! પૂ. ગુરુદેવ તો જંગમ (હાલતી–ચાલતી) પાઠશાળા હતા. શ્રી ઉજમશીભાઈ અને તેમના અન્ય મિત્રો–હીરાલાલ, વાડીલાલ, દલસુખભાઈ, આશાલાલ, ઉમેદચંદ, નારાયણદાસ વગેરે સર્વ કોઈ પૂ. ગુરુદેવની જંગમ પાઠશાળાના નિયમિત વિદ્યાર્થીઓ બની રહ્યા. શ્રી ઉજમશીભાઈએ જોતજોતામાં પંચપ્રતિક્રમણાદિ ધાર્મિક અભ્યાસ કરવા સાથે પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ આદિ શાસ્ત્રીય ગ્રંથોનો સમજણપૂર્વક અભ્યાસ કર્યો. પૂ. ગુરુદેવના વિહાર સાથે અન્યત્ર જઈને પણ તેઓ પોતાની જ્ઞાનપિપાસા મિટાવતા. તેઓ સોળ વર્ષની નાની વયે 'ચંદ્રપ્રભા' નામક (૮ હજાર શ્લોકપ્રમાણ) વ્યાકરણ ભણીને પારંગત થયા. એટલું જ નહિ, પૂ. સાધુ–સાધ્વીજીઓને પણ પ્રકરણાદિ સ્વપઠિત ગ્રંથોનું સાંગોપાંગ અધ્યાપન કરાવતા થયા.

સ્વાધ્યાય–તપ : અન્યને જેમ અભ્યાસમગ્ન રાખતા, તેમ પોતે પણ સતત અભ્યાસમાં લીન રહેતા. અન્ય કાર્યો કરતાં કરતાં પણ તેઓશ્રીની આંતર્ગુહામાં જપ–તપ ચાલ્યાં જ કરતાં. પાંચતિથિ તપ કરવાનો જ આગ્રહ રાખતા. શ્રી જ્ઞાનપંચમી તપ, વીશ સ્થાનક તપ, આદિ તપોનું વિધિપૂર્વક આરાધન કરેલું. અરે, દીક્ષા ગ્રહણ કરતી વખતે પણ તેમણે અટ્ઠમ કર્યો હતો!

વિશ્રામણા : એવા તપસ્વી પૂજ્યશ્રીને સં. ૨૦૨૦માં ભાવનગર મુકામે પક્ષઘાતનો અસાધ્ય હુમલો થયો. અને કેટલાંક ધર્મકાર્યો અને તપ–જપમાં ઊભી થયેલી આ દૈહિક મર્યાદાથી તેઓશ્રી વારંવાર દુઃખ વ્યક્ત કરતા. તેમ છતાં, શાસનપ્રભાવનાથી એક ક્ષણ પણ અલિપ્ત રહેતા નહીં. એટલે જ, વિશ્રામણા તો એમની જ એમ કહેવાતું. માર્ગ–પતિતને માર્ગ પર લાવીને સ્થિર કરવો એનું નામ વિશ્રામણા.

વિશુદ્ધ વિધિવિધાન : પૂજ્યશ્રીની નિશ્રામાં જ્યાં જ્યાં વિધિવિધાનો થતાં ત્યાં ત્યાં અપૂર્વ, આહ્‌લાદક અને મંગલમય વાતાવરણ ખડું થઈ જતું. તેઓશ્રીના વરદ હસ્તે અનેક દીક્ષાઓ, વડી દીક્ષાઓ, યોગ–અનુયોગાદિ વિધિઓ તેમ જ શાંતિસ્નાત્ર–પ્રતિષ્ઠા–અંજનશલાકાના તથા અર્હન્–મહાપૂજન, નંદ્યાવર્ત-પૂજન, સિદ્ધચકપૂજન આદિ પૂજનોનાં સમગ્ર વિધાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવ્યવસ્થિત રીતે સંપન્ન થયાના અસંખ્ય ઉદાહરણો સાંપડે છે.

મંગળ–મુહૂર્તદાતા : પૂ. આચાર્યશ્રી જ્યોતિષશાસ્ત્રના અને શિલ્પશાસ્ત્રના પ્રખર જ્ઞાતા હતા. પૂજ્યશ્રી પાસેથી પ્રતિષ્ઠા–અંજન–શલાકા આદિ મહોત્સવોનાં મુહૂર્ત લેવા દેશભરમાંથી અસંખ્ય લોકો સતત આવ્યા જ કરતા. તેઓશ્રીનું આપેલું મુહૂર્ત અપૂર્વ ઉત્સાહ અને અનેરા આનંદથી નિર્વિઘ્ને સંપન્ન થતું.

[આ વિરલ વિભૂતિની કેટલીક સ્થૂળ વિગતો : સં. ૧૯૪૪ના પોષ સુદ ૧૩ના તીર્થ ભૂમિ સ્થંભન (ખંભાત)માં જન્મ. પિતા છોટાલાલભાઈ અને માતા પરસનબહેન. ખેડા જિલ્લાના માતર તીર્થ પાસેના દેવા ગામમાં સં. ૧૯૬૨ના વૈશાખ સુદ પાંચમે ભાગવતી દીક્ષા. કપડવંજ મુકામે સં. ૧૯૬૯માં અષાઢ સુદ પાંચમે ગણિપદ અને અષાઢ વદ ૯ના પંન્યાસપદ. સાદડી (મારવાડ)માં સં. ૧૯૭૨ના માગશર વદ ૩ના ઉપાધ્યાયપદ. ખંભાતનગરે સં. ૧૯૭૯ના વૈશાખ વદ બીજને શુભ દિને આચાર્યપદ.]

*(સંકલન : પૂ. પંન્યાસશ્રી હાલ આચાર્યશ્રી શીલચંદ્રસૂરિજી મહારાજના લેખમાંથી ટૂંકાવીને)*

### *પૂ. આગમોદ્ધારકશ્રીનાં વિશાળ કાર્યો અને સ્વસમુદાયને સફળતાપૂર્વક સંભાળનાર*

## પૂ. આ.શ્રી માણિક્યસાગરસૂરિજી મ.સા.

પરમ પૂજ્ય આગમોદ્ધારક, આગમમંદિર સંસ્થાપક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર સૌમ્ય અને પ્રશાંતમૂર્તિ આચાર્યદેવશ્રી માણિકયસાગરસૂરીજીનો જન્મ વિ.સં. ૧૯૪૮માં ભરૂચ જિલ્લાના જંબૂસર ગામે થયો હતો. તેમનું જન્મનામ મોહનભાઈ હતું. પિતા પાનાચંદભાઈ અને ગંગા સમાન માતા ગંગામાએ બાલ્યવયમાં જ સંસ્કારોનું સિંચન કર્યું. વ્યવસાય અર્થે સુરત આવેલા મોહનભાઈને પૂજ્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થયો, અને દીક્ષા લેવાની ભાવના જાગી. કુટુંબીજનોએ આ વાત જાણી પણ અનુમતિ ન આપી. આથી એક દિવસ ઘરેથી ભાગી, ભરૂચ આવી અને ૧૯ વર્ષની ઉંમરે, યુવાનીમાં પગ મૂકતાં જ, પૂ. આગમોદ્ધારકશ્રીની નિશ્રામાં સંયમમાર્ગનો સ્વીકાર કર્યો. પૂ. ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં રહીને જ્ઞાન–ધ્યાનની સાધનામાં નિમગ્ન બન્યા. ગુરુનિશ્રાએ અલ્પસમયમાં વ્યાકરણ, તર્ક, ન્યાયાદિ શાસ્ત્રના તેમ જ યોગોદ્વહન કરવાપૂર્વક આગમોના ઊંડા અભ્યાસી બન્યા. પૂજ્યશ્રીમાં ગુરુભક્તિ–વૈયાવચ્ચનો ગુણ અપૂર્વ હતો. લઘુવયમાં ગુરુદેવ સાથે શ્રી સમેતશિખરજી આદિ મહાતીર્થોની યાત્રા કરવાપૂર્વક કલકત્તામાં ચાતુર્માસ કર્યું. કારતક વદ ૧૦ દિવસે ગણિ પદ, પન્યાસ પદ અને ભોયણી તીર્થમાં મહા સુદ ૧૦ને દિવસે ઉપાધ્યાય પદ અર્પણ કરવામાં આવ્યાં. જ્ઞાનધ્યાનની પ્રવૃત્તિઓ સતત ચાલતી જ હતી. સં. ૧૯૯૨માં પૂ. ગુરુભગવંતે સર્વ પ્રકારે યોગ્યતા જાણી તેઓશ્રીને નવકાર મંત્રના તૃતીયાપદ–આચાર્ય પદ પર આરૂઢ કરી પોતાના પટ્ટધર બનાવ્યા. સં. ૨૦૦૬માં પૂજ્ય ગુરુદેવનો સ્વર્ગવાસ થતાં પૂજ્યશ્રી સમુદાયના ગચ્છનાયક બન્યા. સં. ૨૦૦૭માં તેઓશ્રીએ પં. શ્રી ચંદ્રસાગરજી મહારાજ તથા પં. શ્રી હેમસાગરજી મહારાજને આચાર્ય પદ તેમ જ પં. શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજને ઉપાધ્યાય પદ સમર્પણ કર્યાં.

પૂ. આગમોદ્ધારકશ્રીએ પોતાના જીવન દરમિયાન ૮૦ હજાર શ્લોકપ્રમાણ પ્રસારિત કર્યું, તેને સંસ્કૃત–પ્રાકૃત–હિન્દી–ગુજરાતી ભાષામાં સંકલનાબદ્ધ રીતિએ પ્રતાકારે–પુસ્તકાકારે શતાધિક ગ્રન્થો મુદ્રિત કરવાનું ભગીરથ કાર્ય પૂજ્યશ્રીએ પાર પાડ્યું. આથી તેઓશ્રી મોટા ભાગે ચિંતનમગ્ન મુદ્રામાં જોવા મળતા. પૂ. આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સેંકડો દીક્ષાઓ થઈ. પૂજ્યશ્રીના સ્વશિષ્યોની સંખ્યા ૧૪ છે. અનેક સ્થળે તેઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠામહોત્સવો, ઉદ્યાપનમહોત્સવો આદિ ઊજવાયા. ઉપધાનતપની આરાધનાઓ પણ અનેક સ્થળોએ થઈ. અનેકવિધ અનુષ્ઠાનો ભવ્ય રીતે ઊજવાયાં. પૂ. સાધ્વીશ્રી રંજનશ્રીજીના ઉપદેશથી જેનો ઐતિહાસિક જીર્ણોદ્ધાર થયેલ તે શ્રી સમેતશિખર મહાતીર્થનો ભવ્યાતિભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ સં. ૨૦૧૭માં પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં ઊજવાયો. સં. ૨૦૨૯માં સુરતમાં શ્રી તામ્રપત્ર આગમ મંદિરમાં રજત મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ૧૦ મુનિરાજોને ગણિ પદ–પંન્યાસ પદની પદવી અર્પણ કરવામાં આવી. સં. ૨૦૩૦માં લુણાવાડા શ્રીસંઘની ભાવપૂર્ણ વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રી ચાતુર્માસાર્થે લુણાવાડા પધાર્યા. ચાતુર્માસ વિવિધ આરાધનામય અને શાસનપ્રભાવનાપૂર્વક વીત્યું. સં. ૨૦૩૧ના ચૈત્ર માસમાં પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય વધુ નરમ બન્યું. ચૈત્ર વદ ૭ની રાત્રિ ખૂબ અશાતામાં પણ સમતાપૂર્વક નવકારમંત્રના શ્રવણ–સ્મરણ સાથે વિતાવી. ચૈત્ર વદ ૮ની ઉષાએ અનેક સ્થળોએથી ભાવિકો શાતા પૂછવા આવવા લાગ્યા. નમસ્કાર મંત્રના જાપ ચાલુ જ હતા. પૂજ્યશ્રી સંઘની વિદાય માગતા હોય તેમ ક્ષમાયાચના માગી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સવારના ૧૦ ને ૧ મિનિટે પૂજ્યશ્રીએ નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગગમન કર્યું. પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીના સ્વર્ગગમન પછી ૨૫ વર્ષ સુધી સાગરગચ્છનું નાયકપદ જવાબદારીપૂર્વક અને કુશળતાપૂર્વક સંભાળી અને સ્વસમુદાયના ૧૫૦ ઉપરાંત સાધુમહારાજો તથા ૪૦૦ ઉપરાંત સાધ્વીજીમહારાજોને સંયમજીવનની સાધનામાં રૂડી રીતે આવૃત્ત અને પ્રવૃત્ત રાખી, પૂજ્યશ્રી સ્વસમુદાયનું સફળ નેતૃત્વ કરવા સાથે ભવ્ય શાસનપ્રભાવના કરી ગયા. એવા એ મહાન ગચ્છાધિપતિ પૂજ્યવરને કોટિ કોટિ વંદન!

*(સંકલન : 'જૈન' પત્રના તા. ૧૭-૫-૭૫ના અંકમાંથી સાભાર.)*

*સૌજન્ય પ. પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્ષિ જૈન આગમમંદિર ટ્રસ્ટ, પૂના.*

*જ્ઞાન–ધ્યાન, તપ–જપ ને સમતાના સાધક અને શાસનપ્રભાવક*

## પૂ. આચાર્યશ્રી કીર્તિસાગરસૂરિજી મ.

અમદાવાદ–રાજનગરની નજીક સુંદર અને સંસ્કારી કોચરબ–ગામ–પાલડી છે. પાલડી ગામે વણિક જાતિમાં અગ્રેસર પરોપકારી, સેવાપરાયણ નરોત્તમદાસ નામે શેઠને ત્યાં શીલ-સંસ્કારસંપન્ન સહધર્મચારિણી પૂરીબહેન હતાં. તેમની રત્નકુક્ષિએ સં. ૧૯૪૬ના ફાગણ સુદ ૧૦ના શુભ દિને શુભ-સ્વપ્નસૂચિત પુત્રરત્નનો જન્મ થયો. માતાપિતાએ લાડકવાયા પુત્રનું નામ કેશવ રાખ્યું. પુણ્યવ્રતના પ્રભાવ પ્રમાણે સાત વર્ષની ઉંમરે અભ્યાસ શરૂ કર્યો. તે પહેલાં માતાપિતાના સુસંસ્કારોની રેખાઓ કેશવના જીવનમાં અંકિત થવા માંડી હતી. નિત્ય જિનદર્શન, નિત્ય જિનભક્તિ, નિત્ય નવકારશીના પચ્ચક્ખાણ તેમ જ વિનયવિવેકથી સંપન્ન બાળક ઉંમરમાં નાનો લાગતો પણ સંસ્કારમાં મહાન લાગતો હતો. સાધુસંતોની વૈયાવચ્ચમાં પ્રથમ, વડીલોના વિનયમાં પ્રથમ, ગરીબગુરબાઓની સેવામાં અગ્રેસર રહેતા. આ બાળકમાં પ્રથમથી જ પ્રમાદનું નામનિશાન ન હતું. દિન–પ્રતિદિન સાધુસંતોની સેવા કરતાં કરતાં જ્ઞાનવૃદ્ધિ પણ થતી રહેતી. પરિણામે વૈરાગ્યનો રંગ ઘેરો થતો ચાલ્યો. પૂ. યોગનિષ્ઠ મુનિરાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજના સતત સમાગમે કેશવલાલનો વૈરાગ્યવાસિત આત્મા સંસારત્યાગ અને સંયમ–સ્વીકારના નિર્ણય પર આવ્યો. સં. ૧૯૬૯ના કારતક વદ પાંચમે સંયમ સ્વીકારી, કેશવલાલ મુનિશ્રી કીર્તિસાગરજી બન્યા અને સંયમશ્રીને વર્યા.

દીક્ષા ગ્રહણ કરીને ગુરુનિશ્રામાં આગમોનું અધ્યયન કર્યું, સિદ્ધાંતોનું પરિશીલન કર્યું; વ્યાકરણ, કાવ્ય, ન્યાયશાસ્ત્રનું શિક્ષણ લીધું. ગુરુનિશ્રા અને ગુરુનિષ્ઠા, ગુરુસેવા અને ગુરુભક્તિના પ્રભાવે સં. ૧૯૮૪ના માગશર સુદ પાંચમે વિજાપુર, સાણંદ, આંબલીપોળ–અમદાવાદ, સાબરમતી, જૈન સોસાયટી–અમદાવાદ, પ્રાંતિજ, મહેસાણા, ઊંઝા, પાલનપુર, ગઢ, પાટણ, ડીસા, મુંબઈ, પૂના, પાદરા, નવસારી, બોટાદ વગેરે અનેક સ્થળોએ ચાતુર્માસ કર્યાં. સં. ૨૦૦૨ અને સં. ૨૦૦૪ના મુંબઈના ચાતુર્માસ દરમિયાન અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળને પુનર્જીવિત કર્યું અને પૂ. યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ વિરચિત ૧૨૫ ગ્રંથોના પુનઃપ્રકાશન કાર્યને વેગવાન કર્યું. આંતરજ્યોતિ ભાગ ૧ થી ૪, ભજનપદ ભાવાર્થ ભાગ ૧–૨ આદિ સરળ ભાવવાહી ગુજરાતી ભાષામાં આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કર્યું. પૂજ્યશ્રીના વરદ હસ્તે શાસનપ્રભાવનાનાં ઘણાં કાર્યો થયાં. કોલવાડ ગામે ઘણાં વર્ષો જૂનાં કલેશકંકાસ, ઝગડા–મનદુઃખને મિટાવીને સંપ–શાંતિનું વાતાવરણ સર્જ્યું અને શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. સં. ૨૦૨૨ના વૈશાખ સુદ ૩ના શુભ દિને કુંભાસણ મધ્યે આમૂલચલ નવનિર્મિત શિખરબંધી શ્રી શીતલનાથજી જિનાલયમાં શ્રી શીતલનાથજી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી.

પૂજ્યશ્રી સ્વભાવે ઘણા જ ભદ્રિક, સરળ અને સૌમ્ય હતા, શાંત અને ગંભીર હતા, ધીર અને વીર હતા, ક્ષમા અને નિરભિમાનના અવતાર હતા. તેઓશ્રીએ ૨૫ વર્ષ સુધી સતત એકાસણાં કર્યાં હતાં. જ્ઞાન, ધ્યાન, તપ, જપ, સંયમ, સ્વાધ્યાય અને સમતા દ્વારા આત્માની ઉત્ક્રાંતિ કરી પરમ પદની પ્રાપ્તિનું ધ્યેય સિદ્ધ કરવા સતત જાગૃત રહેતા. તેઓશ્રીએ સં. ૨૦૨૬માં જૂના ડીસા મુકામે પોતાના શિષ્ય આચાર્યશ્રી સુબોધસાગર-સૂરીશ્વરજી મહારાજ અને વિશાળ શિષ્ય–પ્રશિષ્ય–પરિવાર સહિત ચાતુર્માસ પ્રવેશ કર્યો ત્યારે વૃદ્ધાવસ્થાનાં લક્ષણો જણાવાં માંડ્યાં હતાં. શરીર ક્ષીણ બનતું ચાલ્યું હતું. ભાદરવા સુદ ૪ સંવત્સરી મહાપર્વની સુંદર આરાધના કરી, ભાદરવા સુદ પાંચમે તપસ્વીઓનાં પારણાં થયાં. પ્રભુજીની રથયાત્રાનો વરઘોડો બપોરે ૩=૦૦ કલાકે ચડ્યો. સાંજે ૫=૦૦ વાગે સ્વામિ વાત્સલ્ય થયું. રાત્રે ૧૧=૦૦ કલાકે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય કથળ્યું. ચતુર્વિધ સંઘ જૈન પૌષધશાળામાં એકત્રિત થઈ ગયો. પૂજ્યશ્રીને ભાવિ સ્પષ્ટ થઈ ગયું હોય તેમ ચોરાશી લાખ જીવયોનિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીએ ત્રિવિધે-ત્રિવિધે ખમાવ્યા. નમસ્કારમંત્રનું સ્મરણ સતત ચાલુ રહ્યું. મહાપ્રયાણની તૈયારી કરી લીધી. 'નમો અરિહંતાણં'નો જાપ કરી, નશ્વર દેહનો ત્યાગ કરી, શાશ્વત સિદ્ધ આરાધક આત્મા ૮૧ વર્ષની ઉંમરે ૪૭ વર્ષનો સંયમપર્યાય પાળી અનંતની યાત્રાએ ચાલ્યો! લાખો ભાવિકો શોકમગ્ન બની ગયા. ભવ્ય અંતિમયાત્રા સાથે અગ્નિસંસ્કાર થયા. પૂજ્યશ્રીના અગ્નિસંસ્કાર થયા તે સ્થળે તેઓશ્રીના વિદ્વાન પટ્ટધર, શાસનપ્રભાવક પૂ. આ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી ૫૧ ફૂટ ઊંચું ભવ્ય કીર્તિમંદિર રચવામાં આવ્યું.

*મહાજ્ઞાની : મહાતપસ્વી : વાત્સલ્યવારિધિ*

## પૂજ્ય આચાર્યશ્રી વિજયનંદનસૂરિજી મ.

દીક્ષા અંગીકાર કર્યા પછી માત્ર ૧૩ વર્ષ બાદ, કેવળ ૨૮ વર્ષની કોમળ વયે આચાર્યપદવીથી વિભૂષિત કરવામાં આવે, એ એક અસાધારણ ઘટના કહેવાય. અને સાથોસાથ ન્યાય-વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, સિદ્ધાંતમાર્તંડ અને કવિરત્ન જેવી પ્રત્યેક ક્ષેત્રની મહાન પદવીઓથી નવાજવામાં આવે એવી લબ્ધપ્રતિષ્ઠા મહામના વિભૂતિ માનવદેહ રૂપે ચમત્કાર જ ગણાય! એ મહામના તે વાત્સલ્યવારિધિ સંઘનાયક પ.પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

સૌરાષ્ટ્રના બોટાદ ગામે દશા શ્રીમાળી જૈન નરરત્ન શાહ હેમચંદભાઈનાં ધર્મપત્ની શ્રીમતી જમનાબાઈની કુક્ષીએ સં. ૧૯૫૫ના કારતક સુદ ૧૧ના દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકની વર્તમાન તેજસ્વિતા અને ભાવિના પુણ્યવંતા સંકેતો જોઈને નામ રાખવામાં આવ્યું નરોત્તમ. ઘરનું વાતાવરણ ધર્મમય હતું. પરિણામે નરોત્તમે બાલ્યકાળમાં જ પંચપ્રતિક્રમણ, જીવવિચાર આદિ કંઠસ્થ કરી લીધા. એમાં આ ધર્મવૃત્તિને પ્રોત્સાહિત કરે એવા બીજા મિત્રો પણ મળતા રહ્યા. સં. ૧૯૭૦ના મહા સુદ બીજના વળાદ (અમદાવાદ)માં ચારિત્ર લઈને પૂ. શાસનસમ્રાટશ્રીના પટ્ટધર પૂ.આ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે દીક્ષા લીધી, અને નરોત્તમભાઈમાંથી મુનિશ્રી નંદનવિજયજી બન્યા. માતા-પિતા અને ભાઈઓના ધમપછાડા વચ્ચે તેઓશ્રી મેરુ સમાન અડગ રહ્યા. બે ચાતુર્માસ પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી મહારાજ સાથે કરી, પછી પોતાના તારક ગુરુદેવનાં ચરણકમળમાં ઉપસ્થિત થયા અને તેઓશ્રીની અવિરત સેવામાં તન્મય રહેવા લાગ્યા.

વિદ્યાભ્યાસ : ગુરુસેવા સાથે સાથે અધ્યયન-તપમાં પણ સતત મગ્ન રહેવા લાગ્યા. કાશીના પ્રકાંડ પંડિત શ્રી શશીનાથ ઝા પાસે ન્યાય, વેદાંત, દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. પંડિત શ્રી મુકુંદ ઝા પાસે વ્યાકરણ અને સાહિત્યનો અભ્યાસ કર્યો. પૂ. ગુરુભગવંત પાસે આગમનું ઊંડું જ્ઞાન સંપાદન કર્યું. ઉપરાંત, જ્યોતિષશાસ્ત્રનો અને શિલ્પશાસ્ત્રનો પણ સર્વાંગી અભ્યાસ કર્યો. અધ્યયન સાથે ગુરુસેવાનો આદર્શ આત્મસાત્ કર્યો હતો, તેથી ઉદયનંદનની જોડી ગુરુસેવાના દૃષ્ટાંતરૂપ બની રહી. તેઓશ્રીની વિદ્વત્તા પારખીને સં. ૧૯૮૦માં પૂ. શાસનસમ્રાટશ્રીએ પંન્યાસપદવીથી અલંકૃત કર્યા. આ પ્રસંગે સાક્ષર શ્રી આનંદશંકર ધ્રુવ અને મહાકવિશ્રી ન્હાનાલાલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિધિવિધાનથી પ્રભાવિત થયા હતા.

આચાર્યપદાલંકૃત : અપૂર્વ વિદ્વત્તાથી આકર્ષાઈને દસમે વર્ષે પંન્યાસપદથી વિભૂષિત કર્યા અને શાસનસેવાના અદમ્ય ઉત્સાહનાં દર્શન થતાં, તેમનાથી પ્રભાવિત થઈને દીક્ષાના તેરમે વર્ષે તો આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. સં. ૧૯૮૩માં રાજનગરના અગ્રણી શેઠશ્રી જમનાદાસ ભગુભાઈના આત્મશ્રેયાર્થે એમનાં ધર્મપત્ની માણેકબહેને પોતાના બંગલે મોટો ખર્ચ કરીને ૫૧ છોડનું ભવ્ય ઉજમણું કર્યું હતું. તે પ્રસંગે પૂ. શાસનસમ્રાટશ્રીએ રાજનગરના સંઘને વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રીને આચાર્યપદથી વિભૂષિત કર્યા, અને ચાર બિરુદોથી નવાજ્યા. આ પ્રસંગે ધ્રાંગધ્રાના મહાઅમાત્ય શ્રી માનસિંહજીએ હાજર રહીને આચાર્યશ્રીને કામળી ઓઢાડી સન્માન્યા હતા.

મહાન જીવનકાર્યો : પૂજ્યશ્રીએ સતત અભ્યાસમગ્ન રહીને અનેક ગ્રંથોની રચના કરી. ૬૫ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમિયાન પૂજ્યવરને હાથે સફળતાથી પાર પાડેલા શાસનપ્રભાવનાના કાર્યોની યાદી તો અત્યંત લાંબી બને તેમ છે. તેમાં, મહુવામાં શ્રી નેમિવિહાર પ્રાસાદ, શ્રી વાસુપૂજ્યસ્વામી દેરાસર, મારવાડમાં રાણકપુરજી મહાતીર્થ, અમદાવાદમાં હઠીસિંહની વાડીનાં ઐતિહાસિક દેરાસર, મહુવામાં શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ, પાલિતાણામાં ગિરિરાજ શત્રુંજયની છાયામાં અસંખ્ય જિનબિંબોની પ્રતિષ્ઠા અને અંજનશલાકાના અનેકાનેક મહોત્સવો તેઓશ્રી હસ્તે ઊજવાયા હતા. આ ઉપરાંત અનેક મુનિવરોને ગણિ-પંન્યાસપદ અને ઉપાધ્યાય તેમ જ આચાર્યપદ અર્પણ કરવાના ઉત્સવો પણ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાયા હતા. અનેક તીર્થસ્થાનોથી સંઘયાત્રાઓ કાઢવામાં પૂજ્યશ્રી પ્રેરણાસ્થાને રહ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૨૦૩૨ના માગશર વદ ૧૪ની સાંજે પૂજ્યશ્રી શત્રુંજય પ્રતિ અભિક્રમણ કરતા હતા ત્યારે ધંધુકા પાસે તગડી ગામે મહાપ્રયાણ કર્યું, ત્યાં સુધી સતત શાસનપ્રભાવનામાં મગ્ન રહ્યા! આ વૃત્તિ-પ્રવૃત્તિના સુપરિણામરૂપ પૂજ્યશ્રી વિશાળ શિષ્ય-પ્રશિષ્ય પરિવાર પણ મૂકતા ગયા.

**દર્શનશાસ્ત્રી, સાહિત્યરસિક, જ્ઞાનવૈરાગ્યની સૌમ્યમૂર્તિ**

## પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મ.

શાસનપ્રભાવનાના અનેકવિધ ક્ષેત્રોમાં જપ-તપનાં મહાન અનુષ્ઠાનો થાય, તો કોઈ તપસ્વીના હસ્તે તીર્થસ્થાનોના જીર્ણોદ્ધાર થાય, કોઈ ગુરુવર્ય આગમોનાં અર્થઘટનોમાં ઊંડા ઊતરે, તો કોઈ મનીષી અન્ય શાસ્ત્રોમાં પારંગત બને—એવા એક ભવ્ય શાસનજ્યોત સમા પ્રકાશિત સાધુપુરુષ હતા પ. પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ. સં. ૧૯૫૩ના ભાદરવા વદ પાંચમના દિને સૌરાષ્ટ્રના બોટાદ શહેરમાં જન્મેલા આ મહામાનવે, ૧૯ વર્ષની ભરયુવાન વયે, સં. ૧૯૭૨ના અષાઢ સુદ પાંચમને શુભ દિને રાજસ્થાનના સાદડી મુકામે દીક્ષા અંગીકાર કરી. પ્રથમ પ્રવર્તક પદ-પ્રદાન સં. ૧૯૮૭માં અમદાવાદમાં થયું. સં. ૧૯૯૦માં માગશર સુદ આઠમને દિવસે ભાવનગરમાં ગણિપદ અને બે દિવસ બાદ પંન્યાસપદ. ત્યારબાદ સં. ૧૯૯૧માં મહુવામાં વાચક (ઉપાધ્યાય)પદ અને સં. ૧૯૯૨માં આચાર્યપદ પ્રદાન કરવામાં આવ્યા. તેઓશ્રી અર્ધી સદી જેટલા લાંબા અને યશસ્વી દીર્ઘપર્યાય પછી ૬૭ વર્ષની ઉંમરે તા. ૯-૩-૧૯૬૪ના દિવસે રાજસ્થાનના ખીમાડા ગામે કાળધર્મ પામ્યા.

વ્યાકરણવિદ્ : સંયમ સ્વીકાર્યા પૂર્વે જ તેઓશ્રીની જ્ઞાનપીપાસા તીવ્ર હતી. તેમાં અધ્યયન અને સ્વાધ્યાયતપની અનુકૂળતાનો ઉમેરો થતાં આ પિપાસા વધુ ઉત્તેજિત અને તત્પર બની. સતત વાચન-લેખન અને ચિંતન-મનનમાં નિમગ્ન રહેવા લાગ્યા. આ મુનિવરને જોનાર પ્રથમ દૃષ્ટિએ તો તેમને એકાકી જીવ માની લેતા. કારણ કે અહોરાત અભ્યાસમાં રત રહેવું એ જ તેઓશ્રીની વૃત્તિ અને પ્રવૃત્તિ હતી. પરિણામ સ્વરૂપ, તેઓશ્રીના હસ્તે અનેક તત્ત્વદર્શી અને શાસ્ત્રીય ગ્રંથોની વિદ્વત્તાપૂર્ણ ચર્ચા-વિચારણા થઈ છે. તેઓશ્રીએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યરચિત 'શબ્દાનુશાસન' ઉપર જે સ્વોપજ્ઞ શબ્દ મહાર્ણવન્યાસ છે તેનું સંપાદન અને ત્રુટિત ભાગનું અનુસંધાન કરવાનું દુષ્કર કાર્ય હાથ ધરીને ૭ ભાગ બહાર પાડ્યા છે. 'ધાતુરત્નાકર'ના ૮ ભાગ તેઓશ્રીની ખ્યાતનામ રચના છે. 'કૃતપ્રત્યયાનામ્ મહાયંત્રમ્' દ્વારા આચાર્યશ્રીએ કૃદંતની કઠિનતાને સરળ બનાવી છે. 'વિભક્ત્યર્થ નિર્ણય ગ્રંથ'માંની વિભિક્તિની ચર્ચા તેઓશ્રીની બુદ્ધિપ્રતિભાનું પ્રતીક છે. આ ઉપરાંત, 'હેમચંદ્રિકા'નામની લઘુ પુસ્તિકા તો બાળકોને સરળતાથી વ્યાકરણના મહત્ત્વના સિદ્ધાંતો સમજાવનારી અદ્‌ભુત પુસ્તિકા છે. આમ, મહત્ત્વના વ્યાકરણગ્રંથોમાં તેઓશ્રીની અપ્રતિમ પ્રતિભાનાં દર્શન થાય છે.

જ્ઞાન-વૈરાગ્યની સૌમ્યમૂર્તિ : પૂજ્ય આચાર્ય શ્રી જ્ઞાનગંભીર સાગરની પ્રતિભા ધરાવતા હતા, તે સાથે પ્રભાવશાળી વક્તા પણ હતા. તત્ત્વદર્શન જેવા શુષ્ક વિષયને દૃષ્ટાંતો-દલીલોથી રસાળ અને હૃદયંગમ બનાવવાની તેમની માવજત અનન્ય હતી. અનેકવિધ શાસ્ત્રોનું વિપુલ જ્ઞાન ધરાવતા હોવા છતાં તેઓશ્રી આબાલવૃદ્ધ સહુ સાથે સૌહાર્દપૂર્વક સૌમ્ય વ્યવહાર કરતા. વિશાળ શિષ્યપ્રશિષ્ય પરિવાર ધરાવતા અને પ્રલંબ દીક્ષાપર્યાયથી શાસનસેવાનાં અનેક કાર્યો કરી જનારા ગીતાર્થ આચાર્યશ્રીને કોટિ કોટિ વંદના.

*પ્રાકૃતવિશારદ ધર્મરાજા*

## પૂ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મ.

બહુરત્ના વસુંધરા : જગતના જીવોને અભયમાર્ગ તેમ જ મુક્તિમાર્ગદાતા શ્રી જિનેશ્વર ભગવંતના શાસનરસિક ધર્માત્માઓથી મઘમઘતું અને તે ધર્માત્માઓની જિનશાસન-પ્રભાવક અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું નગર અમદાવાદ તે ગુરુદેવ ધર્મરાજાનું જન્મસ્થાન. અમદાવાદના માણેકચોક પાસેની ખેતરપાળની પોળમાં રહેતા ફતેહચંદ મનસુખલાલ કિનખાબવાળાના નામથી સુપ્રસિદ્ધ કુટુંબમાં વસતા પિતા અમીચંદભાઈ અને માતા અંબાબહેનના પુત્ર રૂપે સં. ૧૯૫૭માં પોષ વદ ૧ના પવિત્ર દિને પૂ. ગુરુદેવનો જન્મ થયો હતો. તેઓશ્રીનું જન્મનામ કાંતિલાલ હતું. વિક્રમની વીસમી સદીના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ સંઘસ્થવિર આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ (બાપજી મ.સા.) પણ આ જ કુટુંબના સુપુત્ર હતા. જે કુટુંબમાં ધર્મસંસ્કારની પરંપરાની જાળવણી વડીલો સજાગ થઈ કરતા હોય ત્યાં તેમનાં બાળકોમાં એ સંસ્કારો પ્રતિબિંબિત થતાં વાર નથી લાગતી. ધર્મસંસ્કારોને બળે તથા જન્મજન્માન્તરની કોઈ અનોખી સાધનાને જોરે કાંતિલાલનો ધર્મરાગ, વૈરાગ્યસંગ બાલ્યાવસ્થામાં જ દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતો જતો હતો. રતિભાઈ, હિંમતભાઈ તથા નાનાભાઈ વગેરે કુટુંબીજનો સાથે તે સંસ્કારો વિશેષ રીતે પાંગરવા માંડ્યા અને આ જીવન એ સાધનાની સિદ્ધિનું અણમોલ ક્ષેત્ર છે એમ દૃઢપણે સમજતા થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવ્રજ્યાના પુનીત પંથે પ્રયાણ : પારસમણિનો સ્પર્શ તો લોહને સુવર્ણ બનાવે પણ સત્સંગનો રંગ જીવનમાં શું પરિણામ ન લાવે? એક સુભાગી દિને પૂ શાસનસમ્રાટશ્રી આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે વિરાજિત હતા. પૂજ્યશ્રીના શિષ્ય પંન્યાસશ્રી વિજ્ઞાન-વિજયજી મહારાજ સાથે કાંતિલાલનો સત્સંગ ચાલ્યો. એ પવિત્ર પુરુષના સમાગમથી એમની વૈરાગ્યભાવના ઉત્કટ બનતી ચાલી. આખરે એ ભાવનાથી પ્રેરાઈને, કુટુંબીજનોની અનુમતિની ચિંતા કર્યા વગર એક ધન્ય દિને, સં. ૧૯૭૬ના ફાગણ વદ ૩ના દિને, ભવિષ્યના શાસનોદ્યોતકર બનનાર આ ચરિત્રનાયકે મારવાડના માવલી સ્ટેશન પાસે ગોધૂમ ક્ષેત્રમાં શાંતિમૂર્તિ વાત્સલ્યવારિધિ પૂ. પંન્યાસશ્રી વિજ્ઞાનવિજયજી મહારાજ પાસે, સર્પ જેમ કાંચળી ઉતારે તેમ, સંસારની માયા છોડી, મહાભિનિષ્ક્રમણના પંથે પ્રયાણ કર્યું. સંયમદાતા ગુરુદેવશ્રીએ પોતાના આ નૂતન શિષ્યને મુનિશ્રી કસ્તૂરવિજયજી નામે ઘોષિત કર્યા.

તેઓશ્રીના જીવનમાં ગુરુભક્તિ, શ્રુતભક્તિ અને ચારિત્રભક્તિનો અલૌકિક ત્રિવેણીસંગમ બહુ અલ્પ સમયમાં જ સાકાર થયો. છેલ્લા કેટલાય દાયકાથી સુષુપ્તાવસ્થામાં રહેલી પ્રાકૃત ભાષાને ચેતનવંતી કરી પુનર્જીવન આપ્યું અને તેઓશ્રી પ્રાકૃતવિશારદ, સાહિત્યના મર્મજ્ઞ અને આગમજ્ઞાતા બન્યા.

'ભગવાન મહાવીર', 'पाठ्य विन्नाण गाहा' વગેરે ૩૯ પુસ્તકોનું સંપાદન, સર્જન અને ભાષાન્તર કર્યું. આમ, તેઓશ્રીએ જીવનમાં પ્રાપ્ત કરેલી જ્ઞાનગંગાનો ખજાનો સંઘ–શાસનને કાયમ માટે સમર્પિત કર્યો.

શાસનોદ્યોતક પાવન પ્રસંગો : સૂરિમંત્ર–સાધક પૂજ્યપાદ ધર્મરાજાએ વહેલી સવારે ધ્યાનના વિષયમાં સાક્ષાત્ સમવસરણસ્થ ભાવ જિનેશ્વરનાં દર્શન કર્યા અને આવું કોઈ પવિત્ર સ્થાન સમવસરણ જેવું બને તેવી ઝંખના થઈ અને તેઓશ્રીના વિનયી શિષ્ય શ્રી ચંદ્રોદયવિજયજી (હાલ પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિજી) મહારાજ છેલ્લાં ઘણાં વર્ષથી ભારે જહેમત ઉઠાવી તથા પોતાના ગુરુબંધુ (સંસારી મોટાભાઈ) પૂ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મહારાજે સમોવસરણની એ ઝંખનાને સાકાર બનાવી છે. તેમ જ બન્ને ગુરુબંધુઓએ ઉપકારી ગુરુદેવનાં છેલ્લાં વર્ષ સુધી સતત સાન્નિધ્યમાં રહી, ગુરુભક્તિ–અનુભવજ્ઞાન આદિ ગુણો સંપાદન કર્યા છે, અને અત્યારે ગુરુભક્તિનાં મીઠાં ફળ અનુભવી રહ્યા છે.

જીવનની સર્વોત્કૃષ્ટ સાધનાને સિદ્ધ કરી ચૂકેલા આ દિવ્ય વિભૂતિની સોજિત્રા મુકામે સં. ૨૦૩૨ના વૈશાખ વદ ૧૩ની સાંજે તબિયત નરમ થવા સાથે હૃદયરોગનો હુમલો થયો. મરણાસન્ન સ્થિતિની તીવ્ર અસર હોવા છતાં તેઓશ્રી પ્રસન્ન ચિત્તે વધુ ને વધુ સ્વાધ્યાયની મસ્તીમાં મહાલતા જણાતા હતા. આ સમયે સર્વ શ્રમણભગવંતો, સંઘના આગેવાનો તથા ભાવિકગણ સેવામાં ખડે પગે હાજર હતા, જ્યારે બીજી બાજુ જીવનદીપ બુઝાવાની તૈયારીમાં વધુ ને વધુ આત્મતેજ પાથરતો જતો હતો. પૂજ્યશ્રીનો 'ૐ હ્રીં અર્હં નમઃ'નો જાપ ચાલુ જ હતો. જાણે જીવનપર્યંત કરેલી ગુરુસેવા, શ્રુતોપાસના અને શાસનોપાસના જ ન હોય શું! વહેલી સવારે ૪ કલાક અને ૦૨ મિનિટે, જાણે ભૂમિતલ ઉપરનું તેમનું કાર્ય પૂર્ણ થયું હોય તેમ, સ્વર્ગે પધાર્યા. તે પહેલાં ત્રણ–સાડાત્રણ વાગે તો તેમની નિત્યક્રમાનુસાર નવકારવાળી, જાપ–ધ્યાન, જીવનમાં કરેલી યાત્રાઓનું સંસ્મરણ વગેરે આત્મરમણતાની પ્રક્રિયા ચાલુ જ હતી. જીવનની અંતિમ ક્ષણોમાં પણ સંયમ–સાધનાનો તેજ–ચળકાટ ચોમેર પ્રસરીને સૌને આંસુભીનાં કરી ગયો! જીવનના અંતિમ શ્વાસ સુધી આત્માના રોમે રોમ જિનશાસન અને ગુરુદેવ પ્રત્યે અતૂટ સ્નેહ; સર્વોત્કૃષ્ટ ગુણોથી સભર આરાધના એ સર્વનું પ્રેરણાપરબ બની રહે, કાયમનો જાજરમાન ઇતિહાસ બની રહે તે માટે ધર્મરાજાની ગુરુમૂર્તિ ગુરુમંદિરમાં સોજિત્રા મુકામે સકલ સંઘના દર્શનાર્થે પ્રતિષ્ઠિત કરવામાં આવી. એવા એ સિદ્ધાંતમહોદધિ, ગુણગાંભીર્યનિધિ, શ્રુતસ્થવિર કૃપાળુએ પોતાનું જીવન કૃતકૃત્ય, ધન્યાતિધન્ય બનાવી, જિનશાસનનાં અનેક પ્રભાવપૂર્ણ કાર્યોથી પોતાનું નામ જૈન શ્રમણોની પરંપરામાં તેમ જ જૈન શ્રુતસાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કર્યું છે!

*સૌજન્ય : જિનશાસન શણગાર પ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર– સુરત*

*'વિદર્ભના વિજયવંત વિહારી', વિઘ્નહર પાર્શ્વનાથ તીર્થસ્થાપક : ધર્મદિવાકર·*

## પૂજ્ય આચાર્યશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

ભુવનમાં તિલક સમા શોભતા પૂ. આ. શ્રી ભુવનતિલક-સૂરીશ્વરજી મહારાજ કવિકુલકિરીટ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની પાટ પર નંદનવનમાંના કલ્પતરુ સમાન શોભી રહ્યા હતા. વડોદરા પાસેની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થનગરી છાણી ગામ તેઓશ્રીની જન્મભૂમિ હતી. ત્યાં સં. ૧૯૬૨માં પિતા ખીમચંદભાઈ અને માતા સૂરજબેનને ઘેર એક પુણ્યાત્માએ જન્મ લીધો. બાળકનું નામ છબીલદાસ (અપરનામ મગુભાઈ) રાખવામાં આવ્યું. પૂર્વ ભવના સંસ્કારો, માતાપિતાના ધર્મસંસ્કારો અને ગુરુભગવંતોના સમાગમથી નાનપણમાં જ છબીલભાઈમાં વૈરાગ્યના અંકુરો ફૂટવા લાગ્યા હતા. જેમ વૈરાગ્યભાવના તેમ સંગીતપ્રીતિ પણ છબીલભાઈને કુદરતી દેણગી હતી. નાનપણથી સ્તવનો–સજ્ઝાયો એવી સુમધુર વાણીમાં અને સંગીતની શાસ્ત્રીયતાથી ગાતા કે ભલભલા સંગીતકારો મંત્રમુગ્ધ બની જતા! એવામાં વ્યાખ્યાનવાચસ્પતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ છાણી પધાર્યા. તેઓશ્રીની મનોહર વાણીએ છાણી સંઘનાં મન હરી લીધાં. એ વાણીના પ્રવાહમાં પરિપ્લાવિત થઈને અનેક જીવો વીરશાસનના પરમ આરાધક બન્યા હતા. તેમ એ વાણીએ છબીલભાઈના અંતરમાં વૈરાગ્યની હેલી ચડાવી. તેમણે ગુરુદેવનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું અને સં. ૧૯૭૮માં ઉમેટા મુકામે દીક્ષા ગ્રહણ કરી, કષાય સંસારનો કામળો ફગાવી ક્ષીરસાગર-શાં શ્વેત વસ્ત્રો પરિધાન કર્યાં અને મુનિશ્રી ભુવનવિજયજી તરીકે જાહેર થયા.

મુનિરાજ ભુવનવિજયજીએ પૂ. ગુરુદેવની નિશ્રામાં ગુરુભક્તિ સાથે નિતનવા સ્વાધ્યાયનો યજ્ઞ આરંભ્યો. ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું. ગુજરાતી અને સંસ્કૃતમાં કાવ્યરચના કરવાની કુશળતા પ્રાપ્ત કરી. સં. ૨૦૦૧ના ચૈત્ર સુદ ૪ના શુભ દિવસે પાલિતાણામાં મહા-મહોત્સવપૂર્વક પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વરદ્ હસ્તે આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા. ત્યારથી મુનિશ્રી ભુવનભાનુવિજયજી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ તરીકે જગપ્રસિદ્ધ થયા. એક દીપકથી હજારો દીપક પ્રગટે, તેમ પૂજ્યશ્રીની દીક્ષા થયા બાદ છાણી ગામમાં ઘર–ઘરમાંથી કોઈને કોઈ ભાઈ કે બહેન દીક્ષા ગ્રહણ કરવા તત્પર બનતાં અને જોતજોતાંમાં છાણી ગામમાંથી ૧૫૦ જેટલી દીક્ષાઓ થઈ. આચાર્યશ્રી વિજયભદ્રંકરસૂરિજી મહારાજ આદિ શિષ્ય–પ્રશિષ્યોને વિદ્વાન લેખક, કુશળ, કવિ, પ્રખર વક્તા, પરમ તપસ્વી, સમર્થ અવધાનકાર બનાવવા સાથે શાસન અને સમુદાયની અવિચ્છિન્ન પરંપરાના રક્ષક અને સંવર્ધક બનાવ્યા, તેમ જ ૧૫૦ જેટલાં સાધુ–સાધ્વીઓના શિરછત્ર રૂપે ગચ્છાધિપતિના બિરુદને શોભાવી રહ્યા. શાસનસેવાની ભાવના હૈયે ધરીને કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર આદિ પ્રાન્તોમાં વિચર્યા. મધુર વાણી, સરળ હૃદય અને પ્રવચનકૌશલના ગુણોને લીધે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં સંઘોની એકતા કરી, જિનાલયોનાં જીર્ણોદ્ધાર અને નવનિર્માણ કર્યાં; આયંબિલ શાળાઓ, પાઠશાળાઓ, ઉપાશ્રયો આદિની સ્થાપના કરી; પ્રતિષ્ઠા–અંજનશલાકા, ઉદ્યાપન, ઉપધાન તપ, છ'રીપાલિત સંઘો કાઢીને વિવિધ અનુષ્ઠાનો દ્વારા જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવ્યો. તે સમયે જેસલમેરની યાત્રા કપરી ગણાતી, જ્યારે પૂજ્યશ્રીએ જેસલમેરનો છ'રિપાલિત સંઘ કાઢ્યો હતો. અંતરીક્ષજી જેવા ચમત્કારિક તીર્થ પર દિગંબરોનો પ્રભાવ વધ્યો હતો. ત્યાં પૂજ્યશ્રીની નિશ્રામાં શાંતિસ્નાત્ર, અઢાર અભિષેક આદિ ઉત્સવો યોજાયા હતા. ખાનદેશમાં અંતરીક્ષ પાર્શ્વનાથ સંકુલમાં વિઘ્નહર પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય પૂજ્યશ્રીના આદેશ અને માર્ગદર્શનથી તૈયાર થયું. આથી પૂજ્યશ્રી વિદર્ભના વિજયવંત વિહારીનું બિરુદ પામ્યા. તેઓશ્રી અચ્છા કવિ અને સંગીતજ્ઞ હતા, પૂજ્યશ્રી સં. ૨૦૨૮ના જેઠ સુદ બીજને દિને દાવણગિરિ (કર્ણાટક)માં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યારે તેઓશ્રી વિશાળ વટવૃક્ષ સમા અસંખ્ય શિષ્યો–પ્રશિષ્યો અને લાખો ભાવિકજનોના હૈયામાં ધર્મનો વાસ કરી ગયા હતા! એવા એ પાવનકારી પરમ પુરુષને શતશઃ વંદના!

દાવણગિરિમાં અગ્નિસંસ્કારના સ્થાને દાદાવાડી બનાવી. પૂ.આ. ભદ્રંકર સૂરિ મ.સા.ના હસ્તે ચરણપાદુકાની પ્રતિષ્ઠા સં. ૨૦૩૨માં થયેલ, ગામના જિનાલયમાં સુંદર કલાકૃતિયુક્ત દેવકુલિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની મૂર્તિની પ્રતિષ્ઠા સં. ૨૦૬૨માં પૂ. તપસ્વી આ. શ્રી અશોકરત્ન સૂ.મ.સા.ના હસ્તે થયેલ છે.

*અનુપમ આરાધક, સમર્થ શાસનપ્રભાવક,*
*પ્રશાંતમૂર્તિ*

## પૂજ્ય આચાર્યશ્રી
## વિજયવિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ

સંઘસ્થવિર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયસિદ્ધિ-સૂરીશ્વરજી (બાપજી) મહારાજના સમુદાયના અને પૂ. આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજયવિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજ અનુપમ આરાધના અને શાસનપ્રભાવના કરવાપૂર્વક તથા સ્વ-સમુદાયના વિશાળ સાધ્વીગણનું નેતૃત્વ સંભાળવાપૂર્વક અનોખું માનસ્થાન ધરાવે છે. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૭૩ના આસો વદ પૂનમ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરદ પૂર્ણિમાએ મહેસાણામાં થયો હતો. પૂર્વના પુણ્યયોગે સંસ્કારવાસિત ગૃહમાં જન્મ પામતાં તેમને બાલ્યકાળમાં જ સહજપણે ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા અને તેથી એ સંસ્કારોનો વિકાસ થતાં તેમની રુચિ અને પ્રવૃત્તિ ધર્મમય થવા લાગી. વયની સાથે પ્રભુભક્તિ, ધર્મજ્ઞાન, સત્ સમાગમ અને તપ–આરાધનામાં પણ વૃદ્ધિ થવા લાગી. આ વૃત્તિ–પ્રવૃત્તિ દિવસે દિવસે ગાઢ બનતાં તેમનું મન સંસારનો ત્યાગ કરવા અને વૈરાગ્યનો માર્ગ સ્વીકારવા ઝંખી રહ્યું અને એક દિવસ, માત્ર ૧૫ વર્ષની કુમાર વયે તેમની ઝંખના સાકાર બની. સં. ૧૯૮૮ના પોષ વદ પાંચમના દિવસે જૈનપુરી–અમદાવાદમાં, પૂજ્ય બાપજી મહારાજના સાંનિધ્યે ભાગવતી દીક્ષા અંગીકાર કરીને પૂ.આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે મુનિ શ્રી વિબુધપ્રભવિજયજી નામે ઘોષિત થયા.

સંયમજીવનના સ્વીકાર સાથે પૂજ્યશ્રી સંયમની ઉત્કૃષ્ટ સાધના કરવાપૂર્વક જ્ઞાનાભ્યાસ અને તપ–ત્યાગમાં વિકાસ સાધવા લાગ્યા અને વિનય વૈયાવચ્ચ દ્વારા ગુરુભક્તિનો પણ ઉત્તમ લાભ પ્રાપ્ત કર્યો. પૂજ્યપાદ બાપજી મહારાજ અને પૂ. ગુરુદેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજની સેવા–વૈયાવચ્ચ માટે તેઓશ્રી અમદાવાદ–વિદ્યાશાળામાં ઠીક ઠીક સમય રહ્યા. અને જ્ઞાન અને તપમાં વિકાસ સાધતા રહ્યા. તેઓશ્રીની યોગ્યતા જાણી પૂ. ગુરુદેવે સં. ૨૦૧૯ના માગશર સુદ ૬ને દિવસે અમદાવાદમાં પંન્યાસપદથી વિભૂષિત કર્યા. ત્યાર બાદ સ્વ–પર કલ્યાણના માર્ગે તેઓશ્રી વધુ ને વધુ પ્રભાવક અને પ્રેરક બનતાં. સં. ૨૦૨૯ના માગશર સુદ બીજને દિવસે સાણંદ મુકામે આચાર્યપદે આરૂઢ કરી શ્રી વિજયવિબુધપ્રભસૂરિજી નામે ઉદ્‌ઘોષિત કરવામાં આવ્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક દીક્ષાઓ, વિવિધ અનુષ્ઠાનો, પ્રતિષ્ઠાઓ અને ધર્મકાર્યો સંપન્ન થયાં છે. વિશેષ કરીને ગુજરાતમાં અને રાજસ્થાનમાં અનુપમ શાસનપ્રભાવના થઈ છે. પૂજ્યશ્રીને કોટિશ વંદના!

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી– સમવસરણ મંદિર તીર્થ.*

## *ક્રાંતિકારી અનુયોગાચાર્ય પરમ પ્રભાવી પ્રજ્ઞાપુરુષ મહાશિલ્પી*

## પૂ.આ. શ્રી જિનકાંતિસાગરસૂરિજી મ.

તપ, ત્યાગ અને જ્ઞાનયોગના પરમ પ્રભાવક મહાન ઉપકારી દાદા ગુરુદેવશ્રી દેદીપ્યમાન ખરતરગચ્છમાં સમયજ્ઞ આચાર્યોની પરંપરા રહી છે. આ ગચ્છની પાટપરંપરાએ આવતા એક પછી એક આચાર્યો દ્વારા શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો સુસંપન્ન બનતાં રહ્યાં. છેલ્લા બે–અઢી દાયકામાં આ પાટપરંપરામાં પૂ. આચાર્યશ્રી જિનકાંતિસાગરસૂરિજી મ. થઈ ગયા. પૂજ્યશ્રીની આચાર્ય પદવી વિ.સં. ૨૦૩૯માં જયપુર મુકામે થઈ. પૂ.આ. શ્રી જિનકાંતિસાગરસૂરિજીનો જન્મ વિ.સં. ૧૯૬૮માં રતનગઢ ગામે થયો. પૂજ્યશ્રીની દીક્ષા અનૂપ શહેરમાં વિ.સં. ૧૯૮૮માં પૂ. આ. શ્રી જિનહરિસાગરસૂરિજી મ.ના વરદ હસ્તે થઈ, વિ.સં. ૨૦૪૨માં રાજસ્થાનના માંડવલા ગામે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં કાળધર્મ પામ્યા.

પૂજ્યશ્રીની પ્રત્યેક નિશ્રામાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, આંધ્ર, કર્ણાટક, કેરલ, તામિલનાડુ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને છેક જમ્મુ કાશ્મિરમાં અપૂર્વ, અનુપમ અને અવિસ્મરણીય એવાં અનેકવિધ ધર્મકાર્યો સુસંપન્ન થયાં હતાં. સાક્ષરતાને વરેલા આ પૂજ્યશ્રી પ્રખર વક્તા હતા, ઓજસ્વી અને તેજસ્વી સૂરિવર હતા. ધર્મસંસ્કારથી સંપન્ન એવા પિતાશ્રી મુક્તિમલજી તથા માતુશ્રી સોહનદેવીની કુક્ષિએ જન્મેલા આ મહાન જ્યોતિર્ધરે બચપણથી જ જૈનધર્મના સંસ્કારો પોતાના જીવન સાથે વણી લીધા હતા.

પૂજ્યશ્રીના ગુરુદેવ પણ એક પ્રકાંડ શ્રુતધર હતા. તેમનું જીવન પણ વાત્સલ્યમય હતું અને એટલું જ અનુશાસનપ્રિય હતું. તેમણે સંઘ અને સમાજના વિકાસ માટે અનેક નિયમોનું વિધાન કરેલ. પૂજ્યશ્રીએ પોતાના સમગ્ર દીક્ષાપર્યાય દરમ્યાન જૈન ધર્મના, જૈન સાહિત્યના અને ચતુર્વિધ સંઘના ઉત્કર્ષ માટે પોતાનું સમગ્ર જીવન તન–મનથી સમર્પિત કરવાપૂર્વક પોતાના આત્મકલ્યાણનું પણ એટલું જ જતન કર્યું હતું.

આજે પણ પૂજ્યશ્રીના શિષ્યરત્નો પૂ. ઉપા. શ્રી મણિપ્રભસાગરજી મહારાજ, પૂ. મનોજ્ઞસાગરજી મ., પૂ. મુક્તિપ્રભસાગરજી મ., પૂ. સુયશપ્રભસાગરજી મ., પૂ મહિમાપ્રભ સાગરજી મ., પૂ. લલિતપ્રભસાગરજી મ., પૂ. ચંદ્રપ્રભસાગરજી મ. આદિ શિષ્ય–પ્રશિષ્ય પરિવાર પૂજ્યશ્રીએ દર્શાવેલ જૈનશાસનના ઉત્કર્ષમાર્ગને શાસનપ્રભાવનાપૂર્વક શોભાવી રહેલ છે. આવા નીડર વક્તા, અનુયોગાચાર્ય, ક્રાંતિકારી સૂરિવર્ય પૂ. આ. શ્રી જિનકાંતિસૂરીશ્વરજી મહારાજશ્રીને કોટિ કોટિ વંદના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### અગણિત મુહૂર્તોના માર્ગદર્શક, ગુરુસેવા-ગુણના આદર્શરૂપ

## પૂ. આ. શ્રી વિજયમહોદયસૂરિજી મ૦

સં. ૧૯૭૦ના શ્રાવણ માસની અમાવાસ્યાને દિવસે વઢવાણમાં પિતા મનસુખલાલને ત્યાં જન્મેલા મણિલાલે પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ધર્મદેશના શ્રવણે વૈરાગ્યવાસિત બનીને સં. ૧૯૯૦ના અષાઢ સુદ ૧૪ ના રોજ અમદાવાદમાં સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સંયમ સ્વીકાર્યું અને પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિ શ્રી મહોદયવિજયજી મહારાજ બન્યા. દીક્ષા-દિવસથી પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં વિદ્યમાનતા સુધી પડછાયાની જેમ સાથે રહીને આજીવન ગુરુકુલવાસી તરીકેનો અદ્‌ભુત આદર્શ ખડો કર્યો છે. દીક્ષા, પ્રતિષ્ઠા, અંજનશલાકા આદિ વિવિધ મુહૂર્તોના માર્ગદર્શક બન્યા છે. પૂજ્યશ્રીના સંયમજીવનમાં સેવા-સમર્પણ અને સમુદાયની સાર-સંભાળના ગુણો વ્યાપેલા છે. આ ગુણોને પ્રભાવે તેઓશ્રીને પૂ. ગુરુદેવશ્રીના વરદ હસ્તે સં. ૨૦૨૯ના માગશર સુદ બીજને શુભ દિવસે મુંબઈમાં મહોત્સવપૂર્વક આચાર્યપદે અભિવ્યકત કરાયા અને પૂ. આચાર્યશ્રી વિજય-મહોદયસૂરીશ્વરજી મહારાજ તરીકે ઘોષિત થયા.

વર્ષોથી અવિરત ગુરુસેવા, સમુદાયની સારસંભાળ, અનેક મુહૂર્તોનું માર્ગદર્શન, પૂ. ગુરુદેવના પત્રવ્યવહારની જવાબદારી ઇત્યાદિમાં પોતાનાં અસ્તિત્વને ઓગાળી દઈને સંયમજીવનને ગૌરવાન્વિત બનાવેલ છે. પરમ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમાધિપૂર્ણ સ્વર્ગ- ગમન બાદ જેઓશ્રીનાં નામ, કામ સમુદાય અને સંઘ સમક્ષ વધુ પ્રમાણમાં જાણીતા અને માનીતા થઈ રહ્યા. એ પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજના નિશ્રા-સાન્નિધ્ય પામવાપૂર્વક સમુદાયનું સુકાન સંભાળી રહ્યા. બહોળો અનુભવ, પ્રશાંત પ્રકૃતિ, પૂજ્ય ગચ્છાધિપતિ સ્વર્ગસ્થ ગુરુદેવની પરમકૃપા, જ્યોતિષશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આદિ અનેકાનેક વિશેષતા ધરાવતા પૂજ્યશ્રી અને પૂ. આ. શ્રી વિજયરાજ-તિલકસૂરીશ્વરજી મહારાજ એક સાલ અને એક જ દિવસના દીક્ષિત છે. બંનેની દીક્ષા વચ્ચે માત્ર કલાકોનું જ અંતર છે. દીક્ષાની એ ઘડી-પળે કોઈને કલ્પનાય નહીં આવી હોય કે, આ બે સહદીક્ષિતોના શિરે ભવિષ્યમાં એક મહાન જવાબદારી તરીકે સમુદાયનું સંચાલન સ્થાપિત થશે. અને એ કર્તવ્ય અદા કરવામાં બંને અરસપરસ પૂરક બની રહેશે ! પૂજ્યશ્રીનો દીક્ષાપર્યાય ૫૭ વર્ષનો.

### *બહુમુખી પ્રતિભાવાન, વિશિષ્ટ ગુણોપેત, સંઘ–એકતાના સંયોજક, ગુણનિધિ સૂરિદેવ*

## પૂ. આચાર્યશ્રી વિજયૐકારસૂરિજી મ.



ગુજરાતના પશ્ચિમ ભાગમાં, સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા નાનકડા ગોકુળિયા ગામ ઝીંઝુવાડામાં પિતા ઈશ્વરભાઈના કુળમાં, માતા કંકુબહેનની કુક્ષિએ સં. ૧૯૭૯ના આસો સુદ ૧૩ના દિવસે પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. સંસારી નામ ચિનુભાઈ હતું. ૧૧ વર્ષની કોમળ વયે જન્માન્તરીય વૈરાગ્યના સંસ્કારો ઊભરાઈ આવ્યા અને ચિનુકુમારે બાળમુનિ ૐકારવિજયજીના રૂપે દાદાગુરુ શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજનાં ચરણોમાં જીવન સમર્પિત કર્યું! પિતા ઈશ્વરભાઈ પણ સાથે જ સંયમ સ્વીકારીને શ્રી વિલાસવિજયજી તરીકે જાહેર થયા. દીક્ષા ગ્રહણ કરીને પૂજ્યશ્રી જ્ઞાન–ધ્યાન અને વૈયાવચ્ચમાં રંગાઈ ગયા. તેઓશ્રીની ગુરુભક્તિ અપ્રતિમ હતી.

તેઓશ્રીનું શિલ્પશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર વિષેનું જ્ઞાન વારી જવાય એવું હતું અને આયોજનશક્તિ પણ અદ્‌ભુત હતી. પ્રચંડ પ્રતિભા અને અસાધારણ મેધાના સ્વામી પૂજ્યશ્રીને સં. ૨૦૦૬માં પૂજ્યપાદ ગુરુદેવે પંન્યાસપદે આરૂઢ કર્યા અને સં. ૨૦૧૦ના મહા સુદ ૧ને શુભ દિવસે મહેસાણામાં આચાર્યપદથી અલંકૃત કર્યા. ત્યારથી પૂજ્યશ્રી આચાર્યપ્રવર શ્રી વિજયૐકાર-સૂરીશ્વરજી મહારાજ નામે સુખ્યાત બન્યા. પૂ. ગુરુદેવની વૃદ્ધાવસ્થાને લીધે તેઓશ્રીની વિહારયાત્રા સીમિત ક્ષેત્રમાં ચાલી. શાસ્ત્રીય પરિભાષા વાપરીએ તો, પૂજ્યશ્રીએ એક મજાનો પ્રદેશ ક્ષેત્રાવગાહના રૂપમાં સ્વીકાર્યો હતો. ડીસા–વાવના એ વિસ્તારમાં પૂજ્યશ્રીની વિહારયાત્રાએ ત્યાંનાં લોકોમાં અપૂર્વ ધર્મજાગૃતિ આણી. ઠેકઠેકાણે નૂતન જિનાલયો અને ઉપાશ્રયો થયાં. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અનુષ્ઠાન કરાવવા માટે ભક્તોની હોડ મચી રહેતી. ગુરુકૃપા અને સ્વકીય સામર્થ્યને લીધે તેઓશ્રીની પ્રભાવકતા ખૂબ જ ખીલી ઊઠેલી. છ'રિપાલિત સંઘો, ઉપધાનો, પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાઓ, દીક્ષાઓ ઇત્યાદિ સતત પૂજ્યશ્રીની નિશ્રામાં ચાલ્યા જ કરતાં. જૈનેતરો પણ પૂજ્યશ્રીનાં પ્રેરક પ્રવચનો સાંભળી પ્રસન્ન થતા, અને નિયમો ગ્રહણ કરતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીને બાળકો ખૂબ જ પ્રિય હતાં. તેમને બાળકોથી ઘેરાયેલા જોવા એ લહાવો હતો. આમ, અનેક વિરલ સદ્દ્ગુણોના સંગમ સમા પૂજ્યશ્રી એક લબ્ધપ્રતિષ્ઠ આચાર્ય હતા. પરસ્પર વિરોધી ગણાતા ભાવો પણ પૂજ્યશ્રીના વ્યક્તિત્વમાં ઓતપ્રોત થઈ રહેતા. પુષ્પની કોમળતાની સાથે સાથે વજ્રની કઠોરતા પણ પૂજ્યશ્રીમાં હતી. અગ્નિની ઉષ્ણતા સાથે હિમ સમાન શીતળતા પણ હતી. તેઓશ્રીના જીવનમાં તપ અને ત્યાગ, સંયમ અને સિદ્ધાંતનાં રહસ્યો તાણાવાણાની જેમ વણાઈ ગયાં હતાં. પૂજ્યશ્રીનાં ૫૪ વર્ષના સંયમજીવનના સુવર્ણકાળમાં, તેમની નિશ્રામાં, અનેક યશોદાયી સ્વપર કલ્યાણકાર્યો થયાં, તેની યાદી ભલભલાને સાનંદાશ્ચર્ય જન્માવે તેવી છે! તેમાં સં. ૨૦૪૪ના ચૈત્ર–વૈશાખ માસમાં અમદાવાદમાં ભરાયેલું શ્રમણસંમેલન જેના માધ્યમ દ્વારા કરેલ સંઘ–એકતાનું કાર્ય તેઓશ્રીના યશસ્વી જીવનનું સોનેરી શિખર બની રહ્યું!

સં. ૨૦૪૪ના વૈશાખ સુદ પાંચમના દિવસે તબિયતની અસ્વસ્થતા દરમિયાન પ્રતિક્રમણ કરતાં. કાઉસગ્ગ ધ્યાનમાં જ પૂજ્યશ્રી રાત્રિના ૯=૦૦ કલાકે કાળધર્મ પામ્યા. અનેક સંઘો અને અનેક મહાન પુરુષોએ પૂજ્યશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું છે કે, તેઓશ્રી સંઘશ્રમણના અજોડ નેતા હતા, વાત્સલ્યનો ધોધ વહાવનારા માયાળુ ગુરુદેવ હતા. એવા સમર્થ સૂરિવરને કોટિ કોટિ વંદન! ("જૈન" પત્રના શ્રદ્ધાંજલિ વિશેષાંકમાંથી સાભાર.)

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી મુનિન્દ્રસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રીમતી કંચનબેન મહાસુખલાલ ઈશ્વરલાલ મહેતા (ગરાંબડીવાળા) કૈલાસનગર ઉપધાનતપની અનુમોદનાર્થે, સુરત*

*૯૦૦૦ ઉપરાંત જિનબિંબોની અંજનશલાકા જેમના વરદ હસ્તે થઈ છે એવા અદ્દ્ભુત શાસનપ્રભાવક*

## પૂ. આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. સા.



કાગળનાં ફૂલોમાં સૌંદર્ય હોઈ શકે, પણ એમાં સુગંધ હોતી નથી. એનું સૌંદર્ય આપણા મનને બહેલાવી શકે છે, પરંતુ સુવાસથી આનંદવિભોર કરી શકતું નથી. નેત્રાદિ પાંચે ઇન્દ્રિયોના અજોડ સંયમી પરમ શ્રદ્ધેય પૂજ્ય આચાર્યદેવ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ પણ સંસાર રૂપી ઉપવનમાં એવા ફૂલ હતા કે જેમનું આત્મિક સૌંદર્યથી અદ્દ્ભુત સૌરભથી મહેકતું હતું. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૬૦ના માગશર વદ ૬, તા. ૧૯-૧૨-૧૯૧૩ને શુક્રવારે પંજાબ પ્રાન્તના લુધિયાણા જિલ્લાના જગરામા ગામે થયો હતો. તેમના પિતાનું નામ રામકૃષ્ણદાસજી અને માતાનું નામ સમરખ્ખીદેવી હતું. પૂજ્યશ્રીનું પોતાનું નામ કાશીરામ હતું. તેઓ સ્થાનકવાસી જૈન હતા. બાળક કાશીરામનો ઉછેર જૈનધર્મના આદર્શ સંસ્કારોને અનુરૂપ થયો હતો. બે ભાઈઓ અને ચાર બહેનોના વિશાળ કુટુંબમાં જન્મથી જ કાશીરામનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું. પ્રાથમિક શિક્ષણ વતનની પાઠશાળામાં લઈને આગળ અભ્યાસ માટે લાહોર ગયા. ત્યાં બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઓનર્સ સાથે પાસ કરી, પરંતુ કિશોરાવસ્થાથી જ કાશીરામનું મન એકદમ વૈરાગ્યવાસિત બની ગયું હતું. પરંતુ માતાપિતાના આગ્રહથી લગ્ન કરવાં પડ્યાં. મૂળ ધર્મથી સ્થાનકવાસી હોવાને કારણે મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી હતા. આત્મકલ્યાણના પંથે આગળ વધવાની તીવ્રતમ ઇચ્છા હતી. સં. ૧૯૯૪ના પોષ વદ ૧૦ના શુભ દિવસે તેમની આ ઇચ્છા પૂર્ણ થઈ, કારણ કે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજનાં પુસ્તકોએ તેમના મન ઉપર ઘેરી અસર કરી હતી. પરિણામે, અમદાવાદમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના સાન્નિધ્યમાં દીક્ષિત થઈને તપસ્વીરત્ન મુનિરાજ શ્રી જિતેન્દ્ર-સાગરજી મહારાજના શિષ્ય બન્યા, અને મુનિ શ્રી કૈલાસ-સાગરજી નામે ઘોષિત થયા.

દીક્ષા પછી પૂજ્યશ્રીની આત્મવિકાસની પ્રક્રિયા ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ. પોતાની અદ્દ્ભુત બુદ્ધિપ્રતિભાને લીધે અલ્પ સમયાવધિમાં જ તેઓશ્રીએ સિદ્ધહેમ વ્યાકરણ, આગમિક, દાર્શનિક અને સાહિત્યિક ગ્રંથોનું નિષ્ઠાપૂર્વક ઊંડું અધ્યયન કર્યું. અગાધ અધ્યયનપ્રીતિ અને અવિરામ અધ્યયનમગ્નતાને કારણે પૂજ્યશ્રીની ગણના વિદ્વાન સાધુઓમાં થવા લાગી. ગમે ત્યાં નૂતન જ્ઞાનની ક્ષિતિજ દેખાય ત્યાં વિહાર કરવામાં કોઈ દિવસ આળસ કે સંકોચ રાખતા ન હતા. તેઓશ્રીની યોગ્યતાને લક્ષમાં લઈને સં. ૨૦૦૪ના મહા સુદ ૧૩ના શુભ દિવસે પૂ. આચાર્યદેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજે તેઓશ્રીને ગણિ પદ પ્રદાન કર્યું અને ૨૦૦૫ના માગશર સુદ ૧૦ના દિવસે મુંબઈમાં પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૧૧ના મહા સુદ પાંચમે સાણંદમાં ઉપાધ્યાય પદે આરૂઢ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યા. સં. ૨૦૨૨ના મહા વદ ૧૧ને શુભ દિવસે પૂજ્યશ્રીને નવપદના ત્રીજા પદે–આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા અને પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર થયા.

આચાર્યપદની પ્રાપ્તિ પછી સાતમે વર્ષે જ પૂજ્યશ્રી પર પૂરા સમુદાયનો ભાર આવી પડ્યો. સં. ૨૦૨૯માં પૂજ્યશ્રી ગચ્છનાયક બન્યા અને સં. ૨૦૩૯ના જેઠ સુદ ૧૧ને દિવસે મધુપુરી (મહુડી) તીર્થની પુણ્યભૂમિ પર વિશાળ જનસમુદાયની ઉપસ્થિતિમાં સાગરસમુદાયની પ્રણાલિકા પ્રમાણે વિધિવત્ 'ગચ્છાધિપતિ'પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પૂજ્યશ્રીના શુભ હસ્તે લગભગ ૨૪ અંજનશલાકાઓ, ૮૦ જિનમંદિરોના જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠાઓ, ૨૦ ઉપરાંત ઉપધાનતપની આરાધનાઓ, અનેક ઉપાશ્રયોનું નિર્માણકાર્ય, ૯૦૦૦ ઉપરાંત જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠાઓ થઈ. પૂજ્શ્રી ગચ્છાધિપતિ બન્યા હોવા છતાં તેમનામાં સ્વાદલંપટપણું જોવા મળ્યું નથી. તેઓશ્રીએ પ્રાયઃ એકાસણાથી ઓછું તપ કર્યું નથી. સાથે સાથે પૂજ્યશ્રી એવું માનતા કે બદામ, ચોખા વગેરે પરમાત્માને ચઢાવવામાં આવે છે તેથી તે વસ્તુનું મારે પચ્ચક્ખાણ રાખવું, કારણ કે બદામ, ચોખા વગેરે દેરાસરજીમાંથી બહાર વેચાતાં હોવાથી તે આવી જાય તો દેવદ્રવ્યનો દોષ લાગે, એટલા માટે જ પૂજ્યશ્રી કદી પણ પંજાબ, કે જે પોતાની જન્મભૂમિ હતી, છતાં ત્યાં ગયા નહીં. પૂજ્યશ્રીએ જીવનભર કદી પણ આધાકર્મી આહારનો ઉપયોગ કર્યો નહીં. અરે, વિહારમાં શીંગ, ચણા, રોટલા, છાશ, ગોળ વગેરેથી ચલાવી લેતા. પોતાને માટે કંઈ પણ બનાવરાવતાં નહીં. પૂજ્યશ્રીએ બેસવા માટે કદી પણ પાટનો ઉપયોગ કર્યો નહીં. હંમેશાં આસન નીચે જ હોય. તેઓશ્રી નીચી દૃષ્ટિ રાખીને જ બેસતા. પ્રાયઃ પેન્સિલ કે બોલપેનથી જ લખતા. પૂજ્યશ્રીનો વિનયવિવેકપણ અદ્‌ભુત હતો હંમેશાં કહેતા કે 'दासोऽहं सर्वसाधूनाम् ।' હું બધા સાધુઓનો ચરણકિંકર છું. પૂજ્યશ્રીને કોઈ પણ પાસેથી કંઈ કે નવું જાણવા મળે તો તરત કહેતાં કે તેઓ મારા વિદ્યાગુરુ છે. જીવનભર ક્રોધને પોતાની પાસે આવવા દીધો ન હતો, છતાં કોઈ વખત ક્રોધ આવી જાય તો પ્રાયશ્ચિત્ત રૂપે ત્રણ આયંબિલ કરતા. પૂજ્યશ્રીએ જીવનમાં ફોટો પડાવ્યો નહીં. એક પ્રસંગે ફોટા પડાવવાનું ફરજિયાત થતાં ૨૧ આયંબિલ શરૂ કરી દીધાં. પૂજ્યશ્રી આટઆટલા ઉચ્ચસ્થાને પ્રતિષ્ઠિત હોવા છતાં કોઈ દિવસ અભિમાન અંશ રૂપે દેખાતું નહીં. આવા નિરભિમાની વ્યક્તિત્વથી પૂજ્યશ્રી અત્યંત લોકપ્રિય બન્યા હતા. પૂજ્યશ્રીનું સીધું અને સરળ વ્યક્તિત્વ શ્રદ્ધાળુઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું. પૂજ્યશ્રી કોઈ પણ મહત્ત્વાકાંક્ષા કે અપેક્ષાથી હંમેશા પર રહેતા. પરિણામે પૂજ્યશ્રીના વરદ હસ્તે વિવિધ શાસનપ્રભાવના હોંશે હોંશે થતી. પૂજ્યશ્રી શિલ્પવિદ્યામાં પણ પારંગત હતા. મહેસાણામાં શ્રી સીમંધર સ્વામીનું તીર્થ આજે ભારતભરમાં અજોડ સ્મારક સમું ઊભું છે તે તેઓશ્રીની દૃષ્ટિનું પરિણામ છે.

પૂજ્યશ્રીએ ૪૭ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, બંગાળ, મહારાષ્ટ્ર આદિ પ્રાંતોમાં વિહાર કરીને ધર્મપ્રવૃત્તિઓ ધમધમતી રાખવા અને માનવજીવનની ધર્મજ્યોત ઉજ્જ્વળ રાખવા માટે સતત પ્રયત્નો કર્યા. સં. ૨૦૪૧માં અંકુર સોસાયટી, અમદાવાદમાં જેઠ સુદ બીજને દિવસે કાયોત્સર્ગ ધ્યાનમાં પૂજ્યશ્રીની જીવનયાત્રા સમાપ્ત થઈ. ૧૫ કિલોમીટરની લાંબી સ્મશાનયાત્રા પછી પૂજ્યશ્રીના પાર્થિવ દેહનો 'શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર'–કોબા (ગાંધીનગર)ના પ્રાંગણમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. તે સમયે ઊમટેલો માનવમહેરામણ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનો સાક્ષી બની રહ્યો. મૃત્યુની પૂર્વરાત્રિએ પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, હું મૃત્યુ પ્રાપ્ત કરીને શ્રી સીમંધરસ્વામી ભગવાન પાસે મહાવિદેહમાં જઈને, પરમાત્માનાં ચરણોમાં, સંયમ અંગીકાર કરવા માગું છું. મને જીવવાનો મોહ નથી, મરવાનો ડર નથી. પૂજ્યશ્રીના શબ્દોમાં સત્ય હોય તેમ કાયોત્સર્ગ ધ્યાનમાં સ્વર્ગગમન કર્યું! આમ, પૂજ્યશ્રી સાચા અર્થમાં નિઃસ્પૃહી આચાર્યભગવંત હતા. જ્ઞાન અને તપમાં અદ્વિતીય હોવા છતાં વિનમ્ર હતા. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે' નામથી પૂજ્યશ્રીનું જીવનકવન જાણીતા સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈની કસાયેલી કલમે લખાયું છે. એવા મહાન જ્યોતિર્ધર સૂરિપુંગવ પૂજ્યપાદ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજનાં ચરણકમળોમાં કોટિશઃ વંદના!

*સૌજન્ય : પૂ. પં.શ્રી શિવસાગરજી મ.ની પ્રેરણાથી સીમન્ધર સ્વામી ઉપાસકગણ મહેસાણા તથા ઓસિયાજી મહાતીર્થ તરફથી*

*શ્રી સિદ્ધાચલ શણગાર ટૂંકના પ્રેરક પ.પૂ. ગચ્છાધિપતિ*

## આચાર્ય શ્રી વિજયઅરિહંતસિદ્ધ સૂરીશ્વરજી મ.સા.

જગતને જિવાડનાર જગડુશાહ અને વિજયશેઠ–વિજયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠાણી જેવાં નરરત્નો ને ઉત્પન્ન કરનારી કચ્છની રત્નગર્ભા ધરતી......તેમાં આધોઈ નામે ગામ છે.......ઓસવાળોનાં ઘણાં ઘર છે. ધર્મ શું છે? કોઈને ગતાગમ નથી. એ જ ભૂમિ ગીંદરા કુટુંબના મૂળજીભાઈ ઉકાભાઈ રહે. એક ધન્ય દિવસે તેમનાં ધર્મપત્ની શ્રીમતી મીણાબહેનની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. એ ધન્ય ઘડી હતી વિ.સં. ૧૯૮૨, શ્રાવણ સુદ પાંચમની. ગુણોમાં સિંહ સમાન એવા વિનય ગુણને જાણે આત્મસાત્ કરવાનો હોય તેમ તેના ગુણોને અનુરૂપ 'ગુણશી' (ગુણસિંહનું અપભ્રંશ) નામ રાખવામાં આવ્યું.

આ આધોઈની અજ્ઞાન ધરતી પર પૂ. મુનિશ્રી દીપવિજયજીની પધરામણી થઈ. હૈયાં હેલે ચઢ્યાં. ગ્રામ્યજનોના......ગુરુજીએ આ ગ્રામ્યજનોની અજ્ઞાનતા–ભોળપણ જોયું. પૂજ્યશ્રીએ એક કુશળ માળીનું કાર્ય કર્યું. સૌનાં હૈયાંમાં ધર્મનાં બીજ વાવ્યાં. અંકુરિત....પુષ્પિત....ફલિત...... નવપલ્લિત કર્યાં. એમાં આપણા ગુણસીંને પૂજ્યશ્રીનો સંપર્ક થયો. તે ગુરુદેવની કૃપાપ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહેવા લાગ્યા. સાવ નાનીવયમાં ગુણો ખીલવા લાગ્યા. થોડાં વર્ષ પછી આ ગુણશીએ ત્રણ ઉપધાન પણ કર્યાં. સં. ૧૯૯૩માં અગિયાર વર્ષની નાની વયે ધર્મશ્રદ્ધા અતિ શીઘ્રતાથી દૃઢ થવા લાગી. તેઓશ્રીની વિચારસરણી વધુ ને વધુ વૈરાગ્યથી વાસિત થઈ રહી.

અને વૈરાગ્યની ગંગોત્રીને મહાકાય ગંગાનું સ્વરૂપ આપવા વિ.સં. ૧૯૯૬માં ગુણસીં મહેસાણાસ્થિત શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં જ્ઞાનામૃતનું પાન કરવા લાગ્યા. એ અરસામાં એકાએક અશાતા વેદનીયનો ઉદય થયો. એમના શરીરને એક મહાવ્યાધિઓએ ઘેરી લીધી. એ વ્યાધિનું નામ ક્ષયરોગ (ટી.બી.) તે વખતનો ટી.બી. એટલે રાજરોગ! આજનું કેન્સર. તેનો કોઈ ઈલાજ નહીં. તેની કોઈ ટ્રીટમેન્ટ નહીં. બચવાની કોઈ શક્યતા નહીં. બધા ડૉક્ટરોએ હાથ ખંખેર્યા.

ગુણશીના મનમાં દૃઢ નિશ્ચય હતો મરવું તો સંયમમાં જ. આ હોસ્પિટલમાં તો મરાય નહીં. હૉસ્પિટલમાં મૃત્યુ થયું તો દુર્ગતિ નિશ્ચિત છે.

પ્રભુના શાસનને પામ્યા છતાં મારે દુર્ગતિમાં જવું પડે? ના......ના.....એ મારે મંજૂર નથી અને હજુ પેલી મારી ભાવનાનું શું? જે દિવસે શત્રુંજય મહાત્મ્ય સાંભળ્યું હતું તે દિવસે નિશ્ચય કર્યો હતો. જીવનમાં એકવાર તો છઠ્ઠ કરીને સાતયાત્રા કરવી....એ મારી ભાવનાનું શું થશે?.......ના.....ના કોઈ પણ હાલતમાં પાલિતાણા પહોંચવું. ગિરિરાજની સ્પર્શના કરવી અને જીવન સમર્પિત કરી દેવું દાદાના ચરણે, પણ.....અહીં તો પથારીમાંથી ઊઠવાની સખત મનાઈ છે. બે–ચાર ઘડીના મહેમાન છીએ. તેમાં પાલિતાણા કેમ પહોંચાય. ક્યાં આધોઈ અને ક્યાં પાલિતાણા. તેમાં એક તક મળી ગઈ.

તે તો ભાગી છૂટ્યો ઘેરથી. અથડાતાં–કુટાતાં.....પરેશાન થતાં આવી પહોંચ્યો ગુણશી પાલિતાણા. મનમાં એક દૃઢ નિશ્ચય હતો મરવું તો સંયમમાં જ, પણ દીક્ષા કોણ આપે આ હાલતમાં? છેવટે સંયમના સેમ્પલ સમાન પોષહ સ્વીકાર્યો. કોઈ મહાત્મા પોષહ ન ઉચ્ચરાવે. મરવાની તો ઘડીઓ ગણાઈ રહી હતી ને. જાતે પોષહ ઉચ્ચરીને ગુરુની આજ્ઞા લઈને....આગળ વધ્યા ગિરિરાજ તરફ. મનમાં સતત શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ છે અને દિલડું દાદાનાં દર્શન માટે તલસી રહ્યું છે. કદમ આગે બઢી રહ્યાં છે. તળેટી પહોંચતાં અનેક સ્થાને વિશ્રામ કરવો પડ્યો. છેવટે પહોંચ્યા તળેટી. સ્પર્શના થઈ ગિરિરાજની. એક આનંદની આછી લહેર વ્યાપી ગઈ આખા શરીરમાં. કદમ આગે બઢ્યાં.....ઔર આગે બઢ્યાં.

શરીરની અંદર કોઈક અગમ્ય અગોચર શક્તિનો સંચાર થવા લાગ્યો. કોઈક શક્તિ દાદા તરફ ખેંચવા લાગી. છેવટે એક મહાઆશ્ચર્યનું નિર્માણ થયું!

૧૯ વર્ષની વયના આ ત્રણ મહારોગી ગુણશીનાં હર્ષાશ્રુપૂર્ણ નેત્રો સામે પરમતારક પરમ કરુણાસાગર પ્રભુ સાક્ષાત્ દૃશ્યમાન થયાં. આદિનાથ દાદા નજરોની સામે હતા. તે પછી તો હૈયામાં આનંદનો ઉદધિ ઊછળવા લાગ્યો. અંતરના અતલ ઊંડાણમાંથી એક અવાજ આવ્યો.

દાદા.......! આ જીવન તારા શરણે છે. સ્વીકાર કરી લે. ત્યાં જ એક ઔર ચમત્કાર. એજ ક્ષણે મહારોગે વિદાય લીધી. યમરાજના ગાલે ચમચમાટ કરતો તમાચો લાગ્યો. એજ ક્ષણે ગુણશીએ ચોવિહારના ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યાં અને તે દિવસે કુલ ૩ યાત્રા ગિરિરાજની થઈ. બીજા દિવસે ચોવિહાર ઉપવાસમાં ૪ યાત્રા થઈ. આ રીતે ચોવિહાર છઠ્ઠ કરીને સાત યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ. દાદાની કૃપાથી શરીર નિરામય થયું.

'ખાખી બાવા'ના હુલામણા નામથી પ્રસિદ્ધ મહાતપસ્વી પ.પૂ. આચાર્ય શ્રી વિજયમંગલપ્રભસૂરીશ્વરજી મ.સા.એ ગુણશીનો હાથ પકડ્યો. અને......

વિ.સં. ૧૯૯૯નાં ફાગણ સુદ ૧૧નાં ધન્ય દિવસે જય તળેટીનાં સિદ્ધસ્થાને પૂજ્યશ્રીએ સંયમજીવનનો સ્વીકાર કર્યો. નામ રાખ્યું મુનિ શ્રી ગુણજ્ઞવિજયજી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પછી દેવ અને ગુરુ.....બન્નેની કૃપારૂપી પાંખોથી જપ-તપ-સંયમસાધનામાં લાંબી ઉડાન ભરી. પોતાના જીવનમાં પૂજ્યશ્રીએ ચોવિહાર છટ્ઠ કરીને સાત-સાત યાત્રા કુલ ૩૦૦ વાર કરી.

હા, એક નિશ્ચય હતો મનમાં 'જેણે જીવન આપ્યું એને જીવન આપું.'

સં. ૨૦૧૬ કારતક વદ ૫ અમદાવાદ ગણિ પદવી નામ અરિહંતવિજયજીગણિ.

સં. ૨૦૨૬ માગસર સુદ ૬ અમદાવાદ પંન્યાસ પદવી.

સં. ૨૦૩૧ વૈશાખ સુદ ૧૧ પાલિતાણા, આચાર્ય પદવી. નામ આ. અરિહંતસિદ્ધસૂરીશ્વરજી.

આજે પૂજ્યશ્રી ૪૫૦ સાધુ-સાધ્વીજીના વિશાલ સમુદાયના ગચ્છાધિપતિ તરીકે બિરાજમાન છે. પૂજ્યશ્રીના જીવનને જાણવું........માણવું.......અનુભવવું એક અનુપમ લહાવો છે. પૂજ્યશ્રીના જીવનની વિરલ ઘટનાઓને આલેખતું 'મહારોગી બન્યા મહાયોગી' પુસ્તક અવશ્ય વાંચવું.

આ મહાપુણ્યરાશિ મહાપુરુષ દીર્ઘાયુષી થાય અને પૂજ્યશ્રી અનેકોના પ્રેરણા શ્રોત-આદર્શ બની રહે એજ આદિનાથ દાદાને પ્રાર્થના......

આ મહાપુરુષના ચરણકમળમાં ભાવભરી હાર્દિક વંદના...

*—સૌજન્ય : મુનિ હાર્દિકરત્ન વિજયજી મ.સા.ની પ્રેરણાથી*
*શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ, પાલિતાણા*

*સંગીતપ્રેમી, સરળમૂર્તિ*

## પૂ. આચાર્ય શ્રી વિજયઅરુણપ્રભસૂરીશ્વરજી મહારાજ

ગરવા ગુજરાતનું છાણી ગામ તો સંયમ સ્વીકારવામાં વિશ્વવિખ્યાત બનેલું છે. પૂજ્યશ્રી પણ એ જ લતાના પુષ્પ છે. દાદા જમનાદાસભાઈ, કાકા દલસુખભાઈ, માતા અને ત્રણ બહેનો-એક જ કુટુંબમાંથી એક કરતાં વધુ ભવ્યાત્માઓ અસાર સંસારને છોડીને વીરપ્રભુના શાસનમાં વિહરવા તત્પર બન્યા હોય ત્યાં જપ-તપ-સંયમનું સામ્રાજ્ય હોય એમાં શી નવાઈ! પૂજ્યશ્રીએ પણ આ જ વાતાવરણમાં વૈરાગ્યનો અંચળો ઓઢવાનો નિશ્ચય કર્યો. સં. ૧૯૭૮ના ભાદરવા સુદ ૮ને દિવસે જન્મેલા આ પુણ્યાત્માએ સં. ૨૦૦૧ના માગશર સુદ ૭ને શુભ દિવસે ખંભાત શહેરમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયસૂરીશ્વરજી મહારાજ હસ્તક પ્રવ્રજ્યા અંગીકાર કરી અને શ્રી અરુણપ્રભવિજયજી મહારાજ બન્યા. દીક્ષા ગ્રહણ કરીને તેઓશ્રી પૂ. ગુરુદેવની નિશ્રામાં સ્વાધ્યાય-તપનું અહોરાત આરાધના કરતા રહ્યા છે. પૂજ્યશ્રીની સૂરિવર તરીકેની બે વિશિષ્ટતાઓ સહુ કોઈને પ્રભાવનું કારણ બની રહે છે. અરુણની પ્રભા જેવી સરળતા અને પ્રસન્નતા મુખ પર પ્રકાશતી હોય એવા એ પૂજ્યશ્રી બાળકોમાં અતિ પ્રિય છે. બાળકોને શિક્ષણ આપવામાં સૌથી વધુ કાળજી રાખવી જોઈએ એવું માનનારા છે. તેઓશ્રી કહે છે કે, " મહાત્મા ઈસુ ખ્રિસ્તે કહ્યું છે તે સાચું છે કે, 'દેવલોક ભવ્ય છે, સુંદર છે, મહાન છે; પણ અફસોસ! તેનું દ્વાર એટલું નાનું છે કે તેમાં પ્રવેશ કરવા માટે બાળક બનવું પડે છે!" બાળકને દેવસમાન માનતા સૂરિવર બાળકો માટેના શિક્ષણની સતત ચિંતા સેવતા હોય છે. એવી જ બીજી લાક્ષણિકતા પૂજ્યશ્રીનો સંગીતપ્રેમ છે. પ્રતિક્રમણમાં સ્તવન-સજ્ઝાયો ગાતાં ગાતાં તલ્લીન બની જતા હોય છે. તેઓશ્રીનાં આવાં ગીત-સંગીતથી આરાધકોમાં ભક્તિભાવનું મોજું ફરી વળે છે! પૂજ્યશ્રીને સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ને શુભ દિને શ્રાવસ્તિ તીર્થમાં પૂ. ગુરુદેવ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્ય પદવી આપવામાં આવી. આજે પણ પૂ. આચાર્યશ્રી વિજયઅરુણપ્રભસૂરીશ્વરજી મહારાજ અપ્રમત્તભાવે શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં મહુવા આદિ પંચતીર્થોની યાત્રા કરી ગુંદી ગામે સમાધિપૂર્વક સં. ૨૦૪૯, ફા.સુ. ૧૨ના કાલધર્મ પામ્યા. આજે ૐકારતીર્થમાં ગુરુમંદિર નિર્માણ થયેલ છે. પૂજ્યશ્રીનાં ચરણે શતશઃ વંદના!

*ચતુર્વિધ સંઘ : ગ્રંથ યોજનાના પ્રેરક*

## પરમ પૂજ્ય આચાર્યશ્રી કુન્દકુન્દસૂરીશ્વરજી મહારાજ

સંત અને શૂરવીરોની ભૂમિ એટલે સૌરાષ્ટ્રની પાવન ધરતી. આ જ ધરતી પર પ્રાચીન તીર્થો અલંકારરૂપે શોભે છે. તેમાં પણ ૧૪ રાજલોકમાં સર્વોત્તમ અને જેની રજેરજ સિદ્ધ પરમાત્માઓથી પાવન થયેલી છે, એવો સિદ્ધાચલ-શત્રુંજય ગિરિરાજ શિરતાજ બનીને વિભૂષિત થયેલો છે એવી આ ધરતી. અહીં પ્રાચીન મધુપુરી તરીકે જાણીતું આજે મહુવા તરીકે ઓળખાતું સૌરાષ્ટ્રનું કાશ્મીર આવેલું છે. મહુવા બંદર શ્રી જીવિતસ્વામીનું જિનાલય અનેક ભાગ્યવાન પુરુષના નામથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલંકૃત છે. આ મહાપુરુષ એટલે શાસનસમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ. ઉપરાંત અહીં જાવડશાહ, ભાવડશાહ, આ. શ્રી ધર્મસૂરીશ્વરજી અને પૂ.આ. શ્રી દર્શનસૂરીશ્વરજીનાં નામથી ચમકતા નભમંડળમાં એક નામ છે આચાર્ય શ્રી કુન્દકુન્દસૂરિજી.

વિ.સં. ૧૯૯૬, ભાદરવા વદ–૮ના પાવન દિવસે શ્રેષ્ઠીવર્ય જગજીવનદાસ ગુલાબચંદ સંઘવીનાં ધર્મપત્ની પરસનબહેનની કુક્ષિએ મુંબઈ મુકામે જન્મનાર આ બાળકને કાન્તિ નામ અપાયું. પ્રમાણિકતા અને ધર્મમય આચારશૈલીવાળા આ માતાને મુંબઈની દોડધામ અશાંત લાગી તેથી ધર્મના સંસ્કાર ટકાવી રાખવા તેમણે થોડા સમય માટે મહુવા સ્થાયી થવાનું નક્કી કર્યું.

મહુવામાં આવીને માતાપિતાએ કાન્તીના જીવનને જૈનત્વના રંગે રંગવા માટે પાઠશાળા, સ્નાત્રપૂજા વગેરેમાં જોડાવા માટેના સંસ્કારોનું સિંચન કર્યું. ધર્મ તરફની રુચિ વધતી ગઈ, પણ મુંબઈમાં અશાંતિ ઓછી થવાથી ફરીથી આ પરિવાર મુંબઈમાં બોરીવલીમાં રહેવા લાગ્યો. પ્રતિદિન પૂજા, પાઠશાળા, વ્યાખ્યાન જેવી ક્રિયાઓનો લાભ લેવા માટે તેઓ ત્યાંની જામલીગલીમાં આવેલા શ્રી સંભવનાથ જિનાલયમાં જતા હતા. કાન્તિલાલ ત્યાંની ધાર્મિક પ્રવૃત્તિમાં રસ લેવા માંડ્યા અને સ્વયંસેવકમંડળમાં જોડાયા આ રીતે શ્રી જૈનશાસનનાં કાર્યોમાં પ્રવૃત્ત રહેવાથી તેમને સાધુ–સાધ્વીજી ભગવંતોની નિશ્રા પણ સાંપડી. ભક્તિ અને વૈરાગ્યના ગુણોથી રંગાયેલો આત્મા સંયમ સાધનાની તૈયારી કરવા લાગ્યો. પરમ પૂ. આ. શ્રી લાવણ્યસૂરિ, શ્રી દક્ષસૂરિ, શ્રી સુશીલસૂરિ આદિના સંપર્કમાં આવતા, આ ભાવના વધતી ગઈ. વૈરાગ્ય તરફ મન વળવા લાગ્યું. સંયમ લેવાની ઉત્કૃષ્ટ ભાવના એટલે પ્રાચીન શાસ્ત્ર અનુસાર 'आत्मार्थे पृथिवींत्यजेत्'નો માર્ગ નક્કી કર્યો. માતાપિતાની સંમતિ મળવાનું સ્વાભાવિક જ અઘરું હતું. લાગણી અને પુત્રપ્રેમ! આ માર્ગ માટેની સંમતિ ક્યાંથી આપે? પરંતુ આત્માની ઉન્નત ભાવનાઓ સામે માતા–પિતાનું ચાલ્યું નહીં. તેઓશ્રીનાં ભાઈઓ–બહેન સંસારી–રમણિકભાઈ, જયાબહેન, બાવચંદભાઈએ રસ લઈને માતાપિતાની રજા માંગી.

આમ વિક્રમ સં. ૨૦૧૪, વૈશાખ સુદ ૭ના શુભ દિવસે ભવ્ય મહોત્સવ સાથે, શ્રી અમૃતસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે પરમ ભાગવતી દીક્ષા આપવામાં આવી. બોરીવલીની જામલીગલીનો શ્રી સંઘ ભાવવિભોર બની ગયો, કારણ કે તેમના ગુરુ ભગવંત એટલે પરમ પૂજ્ય ધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ. કાન્તિભાઈ બન્યા શ્રી કુન્દકુન્દવિજય મહારાજ.

દર્શન–જ્ઞાન અને ચારિત્રના આરાધક મુનિરાજ દિવસે દિવસે જ્ઞાનસાધનામાં પ્રવૃત્ત બન્યા. સંસ્કૃત, પ્રાકૃત અને સાહિત્યન્યાય, આગમગ્રંથો તથા તત્ત્વાર્થના અભ્યાસુ મુનિરાજને આચાર્યશ્રીનું માર્ગદર્શન મળ્યું. ગુરુ ભગવંતના આશીર્વચન અને પુરુષાર્થનો યોગ થતાં અભ્યાસ આગળ વધ્યો. પરમ પૂ. લાવણ્યસૂરિ અને પૂ. નંદનસૂરિ મહારાજ પણ તેમનામાં રસ લેવા માંડ્યા. તક મળતાં જ શ્રી કુન્દકુન્દમુનિરાજ પ્રખર જ્ઞાન ઉપાસના કરતા રહ્યા. આથી પૂ. ગુરુ ભગવંતે તેમને નવી નવી જવાબદારીઓ સોંપી. વિધિવિધાનમાં પારંગતતા તો હતી પણ સાથે સંગીતની પ્રત્યે લગાવના કારણે ભક્તિરસ છલકાતો રહ્યો. આચાર્ય પદવીધારી શ્રી કુન્દકુન્દસૂરીશ્વરજી આમ શાસનની પ્રભાવના કરતા રહ્યા. *ભક્તોના સૌજન્યથી*

## પરમ પૂજ્ય આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજ

ધર્મનગરી રાધનપુરમાં શેઠ શ્રી કાન્તિલાલ અમૂલખદાસનાં સુશ્રાવિકા ધર્મપત્ની કંચનબહેનની કુક્ષિએ સં. ૨૦૦૧ના મહા સુદ ૧૨ને દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ કિરીટકુમાર રાખવામાં આવ્યું. તેની વય ૯ વર્ષની થતાં પ.પૂ. શ્રી અભયસાગરજી મહારાજના પરિચયમાં સમસ્ત કુટુંબ આવ્યું અને ધર્મના રંગે રંગાયું. તેમાં ભાઈ કિરીટકુમારે નવપદજીની ઓળી કરવા સાથે સંયમ લેવાની ભાવના દૃઢમૂળ કરી. સં. ૨૦૧૨માં પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં મહામંગલકારી ઉપધાનતપની ભાવપૂર્વક આરાધના કરીને મોક્ષમાળા પહેરી દીક્ષા લેવા માટે તૈયાર થઈ ગયા, પરંતુ ધર્મનો વધુ અભ્યાસ કરવા માટે માતા-પિતાએ મહેસાણા શ્રી યશોવિજયજી પાઠશાળામાં મોકલ્યા. ૧૬ વર્ષની ઉંમર સુધીમાં પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૨ કર્મગ્રંથ સુધીનો અભ્યાસ કર્યો. સાડાત્રણ વર્ષ પાઠશાળામાં રહ્યા. ૧૬ વર્ષની ઉંમરે વર્ધમાનતપનો પાયો નાખ્યો. ૧૮ વર્ષની ઉંમરે તેમની દીક્ષાની ભાવના સાકાર થઈ અને મેત્રાણ તીર્થે પૂ. ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજના વરદ હસ્તે દીક્ષિત થઈ, પૂ. પં.શ્રી અભયસાગરજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી કલ્યાણસાગરજી નામે જાહેર થયા.

પૂજ્યપાદ ગુરુભગવંતોની પાવન નિશ્રામાં આગમ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન્યાય-વ્યાકરણ આદિનો ગહન અભ્યાસ કર્યો. કેટલાંક ચાતુર્માસ પૂજ્યોની નિશ્રામાં કરીને પછીથી સ્વતંત્રપણે શાસનસેવાનાં કાર્યો ઉપાડ્યાં. સં. ૨૦૩૬ના માગશર સુદ ૬ને દિવસે મુંબઈ-વિલેપાર્લેમાં પ.પૂ. ઉપાધ્યાય શ્રી દર્શનસાગરજી મ.સા.ના વરદ્ હસ્તે ગણિ પદ પ્રદાન થયું. સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ને દિવસે પાલિતાણામાં પૂ. આ. શ્રી સૂર્યોદયસાગરજી મહારાજના વરદ્ હસ્તે પંન્યાસપદ પ્રદાન થયું. પૂજ્યશ્રીનાં પગલેપગલે તેઓશ્રીના વયોવૃદ્ધ પિતાએ, નાનાભાઈએ, નાનીબહેને પણ સંયમ સ્વીકાર્યું. સુદીર્ઘ દીક્ષાપર્યાય દરમિયાન પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અનેક ભવ્યાત્માઓની દીક્ષા થઈ છે. અનેક છ'રિપાલિત સંઘો નીકળ્યા છે, અનેક ઉપધાન-ઉદ્યાપન આદિ તપશ્ચર્યાઓ થઈ છે. શાસનપ્રભાવનાનાં અન્ય કાર્યો ચિરસ્મરણીય રીતે સુસંપન્ન થયાં છે અને થઈ રહ્યાં છે. તેમાં સવિશેષ નોંધપાત્ર છે : પૂજ્યશ્રીની પ્રેરણાથી ઈડર પાસે રાણી તળાવમાં શ્રી અષ્ટાપદ જલમંદિર નિર્માણ યોજના ટ્રસ્ટની સ્થાપના થવા સાથે તેની અંતર્ગત શ્રી પાવાપુરી જલમંદિરનું ભવ્ય નિર્માણકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. હાલમાં શ્રી પાવાપુરી-સમેતશિખર તીર્થધામના નામે શ્રી પાવાપુરી-જલમંદિર તીર્થનો વહીવટ ચાલી રહેલ છે.

સં. ૨૦૫૨માં પૂ. શાસનપ્રભાવક ગચ્છાધિપતિ શ્રી આચાર્યદેવશ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે ખાનપુર માકુભાઈ શેઠના બંગલે વૈ.સુ.-૭ના આચાર્ય પદ પ્રદાન થયું હતું. સં. ૨૦૫૪માં કાંદિવલી જૈન સંઘ, શંકરગલી ચાતુર્માસમાં ૧૩૪ની વિશાળ સંખ્યામાં ૯૧ માળ તથા ૨૭ બાળક-બાલિકાઓએ ઉપધાન તપ કરેલ. માળારોપણ ભવ્યાતિભવ્ય થયેલ. સં. ૨૦૫૬માં કાંદિવલી તથા શાન્તાક્રુઝ જૈન સંઘના સહકારથી પાવાપુરી જલમંદિર તીર્થનું નિર્માણ કાર્ય ઝડપથી પૂર્ણ થયું. વૈ.સુ.-૧૦ના દિવસે ૧૩ દિવસના મહોત્સવ સાથે ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. ૬-આચાર્ય ૩૬ સાધુ ૮૦ સાધ્વીજી મ.સા. અને વિશાળ જનસમુદાયની હાજરી હતી. સં. ૨૦૫૮ના પાવાપુરી જલમંદિર તીર્થમાં પૂજ્યશ્રીને ૧૦૦મી ઓળીનું પારણું ખૂબ જ ભવ્ય મહોત્સવ કરવાપૂર્વક થયું. આ તીર્થના વિકાસ અને પ્રગતિમાં મુખ્ય ફાળો-મૌન, તપ-જપ, સ્વાધ્યાય રત્નવિનયી શિષ્યમુનિશ્રી રાજતિલકસાગરજી મ.સા.નો રહેલ છે. પૂ. પ્રકાશચંદ્ર વિ. તથા મુનિ શ્રી ધર્મકીતિ સા.નો પણ સહકાર મળેલ છે.

સં ૨૦૬૨ના નરોડા મુકામે ગોડી પાર્શ્વનાથ પ્રભુજીની છત્રછાયામાં તથા પદ્માવતીજીના સાંનિધ્યમાં ૪૫ માસક્ષમણ, ૪૦ અઠ્ઠાઈ વિ.ની તપશ્ચર્યા ખૂબ જ સુંદર થઈ. માસક્ષમણ કરાવવાનો લાભ તથા શીખરજીની યાત્રાનો લાભ એક જ ભાગ્યશાળીએ લીધો હતો. રાજતિલકસાગરજીને અષાઢ સુદ ૧૧ થી પંચમાંગ શ્રી ભગવતીજી યોગનો પ્રારંભ થયો. જોગ સુખરૂપ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયા.

પ.પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી સૂર્યોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ્ હસ્તે કા.સુ. ૮-૯-૧૦ ત્રિદિવસીય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું. કા.સુ. ૮નાં રોજ ૪૫ આગમનો ભવ્ય વરઘોડો તથા કા.સુ. ૧૦ના ગચ્છાધિપતિ શ્રીના વરદ્હસ્તે અનેક આચાર્ય શ્રમણ-શ્રમણીઓ વિશાળ જનસમુદાય વચ્ચે અતિ હર્ષોલ્લાસપૂર્વક ગણિપદપ્રદાન સંઘ સ્વામીવાત્સલ્યપૂર્વક થયું. શ્રી નરોડા જૈન સંઘ તથા ગુરુભક્તો આયોજિત નરોડા શ્રી પાવાપુરી તથા ઈડર છ'રિપાલિત સંઘ ખૂબ જ વિશાળ સંખ્યામાં ૧૦ દિવસના આયોજનપૂર્વક નીકળ્યો. મા.સુ. ૧૫-વદ-૧-૨નો ત્રિદિવસીય ઉત્સવ સાથે ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે પંન્યાસપદ પ્રદાન કરવામાં આવ્યો.

*સૌજન્ય : શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધારાખાતની પેઢી- મહેસાણા*

*શ્રી સુશીલ ગુરુકૃપા પ્રાપ્ત-પ્રતિષ્ઠાચાર્ય*

## પ.પૂ. આ. શ્રીમદ્ વિજયજિનોત્તમસૂરીશ્વરજી મ.સા.

[ મિતાક્ષરી પરિચય ]



★ માતા : શ્રી દાડમીબાઈ (વર્તમાનમાં સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા.)

★ પિતા : શ્રી ઉત્તમચંદજી અમીચંદજી મરડિયા.

★ જન્મ : જાવાલ, સં. ૨૦૧૮, ચૈત્ર વદ ૬ શનિવાર, ૨૭ માર્ચ ૧૯૬૨.

★ સાંસારિક નામ : જયંતીલાલ.

★ શ્રમણનામ : પૂ. મુનિરાજશ્રી જિનોત્તમવિજયજી મ.સા.

★ ગુરુદેવ : પ.પૂ.આ. શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ દીક્ષા : જાવાલ, સં. ૨૦૨૮, જ્યેષ્ઠ વદ ૫, રવિવાર. ૧૫ મે, ૧૯૭૧

★ વડી દીક્ષા : ઉદયપુર, સં. ૨૦૨૮, અષાઢ શુક્લ ૧૦.

★ ગણિ પદ : સોજતસીટી સં. ૨૦૪૬, માગશર શુક્લ ૧૦ સોમવાર, ૪ ડિસેમ્બર, ૧૯૮૯.

★ પંન્યાસ પદ : જાવાલ, સં. ૨૦૪૬, જ્યેષ્ઠ શુક્લ ૧૦, શનિવાર, ૨ જૂન, ૧૯૯૦.

★ ઉપાધ્યાય પદ : કોસેલાવ, વિ.સં. ૨૦૫૩, મૃગશીર્ષ વદ–૨, બુધવાર, ૨૭ નવેમ્બર, ૧૯૯૬.

★ આચાર્ય પદ લાટાડા વિ.સં. ૨૦૫૩, વૈશાખ શુક્લ ૬. ૧૨ મે ૧૯૯૭

ઘરનું વાતાવરણ જિનેન્દ્રભક્તિમય હતું, શાસન પ્રત્યે અનુરાગ અને સંસાર પ્રત્યે ઉદાસીન ભાવવાળું હતું. વાતાવરણની અસર બાળ જયંતીલાલ પર પણ થવા લાગી. પૂર્વ ભવના સંસ્કાર અને કુટુંબના વાતાવરણનો સુમેળ જામ્યો. વિરાગતાને પ્રોત્સાહિત કરનારાં એક પછી એક નિમિત્તો મળતાં ગયાં. એમાં મોટાં ફઈબાની દીક્ષા થઈ (પૂ. સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી). ત્યાર બાદ દાદીમા અને નાનાં ફઈબાની દીક્ષા થઈ (પૂ.સા. શ્રી ભાગ્યલતાશ્રીજી અને પૂ.સા. શ્રી ભવ્યગુણાશ્રીજી). આ સર્વ નિમિત્તોએ જયંતીલાલનો વૈરાગ્ય દૃઢ બનતો ચાલ્યો. સંયમનાં ઉપકરણો જોઈ નાચી ઊઠતાં અને સંસારનાં અધિકરણો જોઈ ઉદાસીન બની જતાં જયંતીલાલને સં. ૨૦૨૮ની એક મધ્યરાત્રિએ સ્વપ્ન આવ્યું અને એ સ્વપ્નાનુસાર સં. ૨૦૨૮ના જેઠ વદ પાંચમના શુભ દિને પોતાની જન્મભૂમિ જાવાલમાં, દાદા અમીચંદજીની અનુમતિથી, જૈનધર્મદિવાકર, મરુધર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મહારાજનાં ચરણે જીવન સમર્પિત કર્યું, પરમ તારક ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી, જાવાલના બાળ જયંતીલાલ બાળમુનિ શ્રી જિનોત્તમવિજયજી બન્યા. માતા દાડમીબાઈની દીક્ષા પણ સાથે જ થઈ. તેઓ પૂ. સાધ્વીશ્રી દિવ્યપ્રજ્ઞાશ્રીજી બન્યાં. ત્યાર બાદ, યોગોદ્વહન કરાવી પૂજ્યશ્રીની વડી દીક્ષા સં. ૨૦૨૮ના અષાઢ સુદ ૧૦ને દિવસે મેવાડની રાજધાની ઉદયપુરમાં થઈ. સં. ૨૦૩૦માં દાદા અમીચંદજીની પણ દીક્ષા થઈ. તેઓશ્રી મુનિ અરિહંતવિજયજી બન્યા. જાવાલ સ્થિત મકાનનું 'અરિહંત–જિનોત્તમ જ્ઞાનમંદિર'માં રૂપાંતર કર્યું.

કુશાગ્ર બુદ્ધિ અને ગુરુદેવની કૃપાથી વિવિધ ગ્રંથો અને શાસ્ત્રોનો અભ્યાસ કરી, સાહિત્યના અધ્યયન–ચિંતનથી સુમધુર પ્રવચનકારની ખ્યાતિ પામ્યા. પૂ. ગુરુદેવની કૃપાથી વિભૂષિત અને ગુરુદેવના કાર્યકલાપ માર્ગદર્શન અને સાન્નિધ્યમાં અનેક ધર્માનુષ્ઠાનો, પ્રતિષ્ઠા ઉપધાનતપ, મહોત્સવાદિ તેમ જ સમાજના નૈતિક–આધ્યાત્મિક ઉત્થાનનાં શુભ કાર્યોનું પણ સંચાલન કરી રહ્યા છે. તેઓશ્રીના શુભ માર્ગદર્શને 'સુશીલસંદેશ' માસિક પત્રિકા ૨૨ વર્ષથી પ્રકાશિત થઈ રહી છે, જે જનતામાં ખૂબ પ્રિય બની ચૂકી છે. સહજ કાર્યદક્ષતાથી શાસનપ્રભાવનાનાં કાર્યો કરી રહ્યા છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિશ્રી રવિચંદ્રવિજયજી, મુનિ શ્રી હેમરત્ન વિજયજી મ., મુનિ શ્રી જિનરત્ન વિજયજી મ. પણ અનુપમ ભક્તિ અને અભ્યાસમાં આગળ વધી રહ્યા છે અને ગુરુનિશ્રાએ વિહરતાં શાસનપ્રભાવનાનાં કાર્યોમાં સહયોગ આપી રહ્યા છે.

(પરિવારમાં દીક્ષિત :) —દાદા પૂ.મુનિશ્રી અરિહંતવિજયજી મ૦ —દાદી પૂ. સાધ્વીશ્રી ભાગ્યલતાશ્રીજી મ૦ —માતા પૂ. સાધ્વીશ્રી દીવ્યપ્રજ્ઞાશ્રીજી મ૦ —ભુઆ : પૂ. સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી મ૦ —ભુઆ : પૂ. સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ૦

*સૌજન્ય : શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વે.મૂ. સંઘ, દાવણગિરિ* (A.P.)




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઐતિહાસિક ચાતુર્માસસ્મૃતિ વિ.સં. ૨૦૬૩

## (પાલિતાણા - સાંચોરી ભવન મધ્યે થયેલ ચાતુર્માસના યાદગાર પ્રસંગો)

### પરમ પૂજ્ય સ્વ. આચાર્ય દેવશ્રી રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં

રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્નાટક આદિ રાજ્યોના ૨૬૦ આયોજકો દ્વારા ચાતુર્માસ - ઉપધાન તપનું ભવ્ય આયોજન થયેલ, જેમાં લગભગ ૧૬૦ ગામના ૧૬૦૦ આરાધકોએ ચાતુર્માસ આરાધના માટે પ્રવેશ કરેલ.



શાશ્વતા ગિરિરાજના સાંચોરી ભવનમાં ચાતુર્માસપ્રવેશ પ્રસંગે અન્ય આચાર્ય ભગવંતો સાથે આચાર્યશ્રી રત્નાકરસૂરિ



ચાતુર્માસપ્રવેશ પ્રસંગે બેડા દ્વારા સ્વાગત કરતી બાલિકાઓ

અષાઢ સુદ-૧૩ના દિવસે ચાતુર્માસ મંગલ અનેક સાજન - મહાજન - વાજિંત્રો મંડળીઓ વિ. સાથે ભવ્યાતિભવ્ય રૂપે પ્રવેશ થયેલ. પ્રવેશ પ્રસંગે લગભગ ૪૦૦૦ જેટલા ગુરુભક્તો હાજર હતા. આ પાવન પ્રસંગે - રત્નસંચય ભા. ૧ થી ૪, લઘુવૃત્તિ, રામસીન પ્રતિષ્ઠા અહેવાલ આદિ પુસ્તકોનું વિમોચન થયેલ. ગુરુભક્તો તરફથી ૬ લાખમાં ગુરુપૂજન તથા ૨૦ લાખમાં કાંબળી વહોરાવાનો બંને ચડાવા સાંચોર વાસીએ લીધેલ. પ્રવચન પછી ૧૫૦ રૂપિયાનું સંઘપૂજન થયેલ. આજ પ્રસંગે તવાવનગરમાં અંજનશલાકા પ્રતિષ્ઠાનું મુહૂર્ત તથા હસ્તગિરિથી ગિરનાર મહાતીર્થનું 'છ'રી' પાલિત સંઘનું મુહૂર્ત જાહેર થયેલ.



પોતાના સાધુસમુદાય સાથે પ્રવચન આપતાં આચાર્યશ્રી રત્નાકર સૂરિ

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**

**સૌજન્ય :** શા પારસમલજી મિસરીમલજી ચંદન તથા મફીબહેન પ ... લજીના સિદ્ધાચલ મહાતીર્થમાં ઉપધાન તપ પ્રસં... સાંચોર (સત્યપુર તીર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાતુર્માસમાં આરાધકો ને રહેવા માટે સાંચોરી, હાડેચા, ખીમીબાઈ, આધોઈ, વાવપથક, સૌધર્મ, વચ્છરાજવિહાર આદિ ધર્મશાળાઓ રાખેલ.

ચારે મહિના સુધી હાથી, બેન્ડ પાર્ટી, બગી સાથે વર્ષીદાન આપતો ભવ્ય વરઘોડો તળેટીસ્પર્શનાનો સકલ સંઘ સાથે ચાલતો. યોગદ્રષ્ટિ સમુચ્ચયગ્રંથ ઉપર પ્રવચન થતું. તળેટી વરઘોડાનાં ચડાવા એકથી એક જતા.

પર્યુષણ પર્વ પહેલાં ૫૦ જેટલા આરાધક પુરુષોએ લોચ કરાવેલ.



સકલસંઘ સાથે ગિરિરાજની તળેટીને વંદના કરતા આચાર્ય ભગવંતો

૪૫ આગમ તપની સામૂહિક આરાધના કરાવેલ, જેમાં ૮૦૦ આરાધકો જોડાયાં હતાં. તપની પૂર્ણાહૂતિ પ્રસંગે ૪૪ બગી-૧ હાથી સાથે ભવ્ય વરઘોડો તથા અષ્ટપ્રકારી પૂજા (આગમની) રાખેલ, જેમાં દરેક આગમ ઉપર સોનાની ગિની દ્વારા પૂજન શા પ્રતાપચંદ ભબૂતમલજી કોટકાસ્તાવાળા એ કરેલ. એ વખતે એક પાનાં ૧૦૦૦ રૂપિયા સુવર્ણ શ્યાહીથી લખવાના રાખેલ. આગમોનાં પાનાં લખાવા માટે પડાપડી થયેલ. ઘડીકવારમાં ૧૦૦૦ પાનાં સુવર્ણ આગમના લખાઈ ગયાં. ત્યાર પછી ઘણાં ભાગ્યશાળીઓ દ્વારા સંપૂર્ણ આગમો, સંપૂર્ણ કલ્પસૂત્ર ચિત્ર સાથે સુવર્ણાક્ષરીયમાં લખાવાનું જાહેર થયેલ.

પર્યુષણ પર્વ આવતાં ૩૦૦૦ જેટલાં આરાધકો આ પુણ્ય ભૂમિ ઉપર આવેલ. એમાં ૧૦૦૦ જેટલાં ચોસઠ પ્રહરી પૌષધ થયેલ. ચૌદ સ્વપ્ન, તપસ્વી સમ્માન, પારણાં, પ્રતિક્રમણમાં સૂત્રો બોલવાં આદિના ચડાવા રેકોર્ડ રૂપે બન્યા હતા.

ગિરિરાજની છત્રછાયામાં માસખમણ, સિદ્ધિતપ, આગમતપ, અઠ્ઠાઈ આદિ મોટી તપસ્યામાં ૧૦૦૦ જેટલા આરાધકોનું સમ્માન સુવર્ણદ્રવ્ય તથા રજતદ્રવ્ય દ્વારા કરેલ.

આ પ્રસંગે પાલિતાણામાં ચાલતી પાઠશાળાનાં બાળક - બાલિકાઓ પણ અઠ્ઠાઈ, અઠ્ઠમ, ઓળી આદિ તપમાં જોડાયાં હતાં.

આસો માસની ઓળીમાં ૩૫૦ આરાધકો જોડાયાં હતાં અને દીપાવલીના છઠ તપમાં ૨૫૦ આરાધકો જોડાયાં હતાં.

ચાતુર્માસ દરમ્યાન પં. વસંતભાઈ પં. કનુભાઈ, મયુરભાઈ એ સાધુ-સાધ્વીજી શ્રાવક-શ્રાવિકાને અભ્યાસ કરાવેલ.

પર્યુષણ પર્વમાં તપ પચ્ચકખાણ પ્રસંગે ૬૦ રૂપિયાનું સંઘપૂજન, મુનિ શ્રી રત્નજ્યોત વિ. ના ભગવતીજોગ પ્રવેશ પ્રસંગે ૭૦ રૂપિયાનું સંઘપૂજન તથા એક દીક્ષાના પાવન પ્રસંગે ૬૦ રૂપિયાનું સંઘપૂજન થયેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન જ્ઞાનદ્રવ્ય, દેવદ્રવ્ય, જીવદયા વ.ની ઊપજ સારાપ્રમાણમાં થયેલ. લગભગ ૧૦૮ ગામોમાં જીવદયાની રકમ અર્પણ કરેલ.

આસો સુદ પૂર્ણિમાના દિવસે આ રત્નાકરસૂરિજી ને ૫૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે ૫૦ ગામોના સંઘમાં ૫૦,૦૦૦ જેટલી રકમ સાધારણ ખાતામાં ગુરુભક્તો તરફથી અર્પણ કરાયેલ. દરેક સંઘના ટ્રસ્ટીઓને બોલાવી સન્માન સાથે રકમ અર્પણ કરેલ. વ્યવસ્થા કુમારપાલ વી. શાહે કરેલ.

પાલિતાણા ગામનાં ૮૫ જિનાલયોની ચૈત્યપરિપાટી કાઢેલ. દરેક જિનાલયમાં ૧૫૦૦ રૂપિયા જેટલી પૂજન સામગ્રીનો થાળ અર્પણ કરેલ અને પૂજારી તથા સ્ટાફને પેન્ટ-શર્ટનાં કાપડ અર્પણ કરેલ. લગભગ ૩૫૦ જેટલા પુજારીઓને કાપડ અર્પણ કરેલ.

પાલિતાણા ગામના ૫૦૦ જૈનોનાં ઘરોમાં સમિતિ તરફથી બે ચાદર તથા ૧-કિલો મીઠાઈ દીપાવલીએ અર્પણ કરેલ.

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**

**સૌજન્ય :** શા કિશનલાલજી નેમિચંદજી મુતા તથા રમીલાબહેન કિશનલાલજી તથા રેશમીબહેન માંગલાલજી મુતાના સિદ્ધાચલ મહાતીર્થમાં ઉપધાનતપ નિમિત્તે -ચિતલવાના (રાજ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મહામંગલકારી ઉપધાન તપ



ગિરિરાજની છત્રછાયામાં એક સાથે ૩૮૦ આરાધકોનો
સાંચોરી ભવનમાં ઉપધાન તપપ્રવેશ



ગિરિરાજની છત્રછાયામાં ઉપધાનતપની આરાધના કરતા શ્રાવકો

આસો સુદ-૧૦ના દિવસે ઉપધાન તપનો પ્રારંભ થયેલ જેમાં ૩૮૦ જેટલાં આરાધકો જોડાયાં. ૧૦૪ ભાગ્યશાળીઓ પ્રથમ ઉપધાન તપવાળાં હતાં. એમાં પણ ૨૫ જેટલાં આરાધકોએ મૂળ વિધિ તથા મૌનપણે સંપૂર્ણ ઉપધાન તપ વહન કરેલ.

૮ વર્ષથી માંડી ૮૦ જેટલી ઉંમરવાળાં ભાઇ-બહેનો જોડાયાં હતાં. ત્રણ નાની બાલિકાઓ ૮ વર્ષની હતી. સકલ સંઘના આદેશથી તેમને પ્રથમ માળ પહેરાવવામાં આવી હતી.

ઉપધાન તપ પૂર્ણ થયા પછી દરેક આરાધકોનું હાર-તિલક દ્વારા સમ્માન કરેલ.

સમિતિ તરફથી ૩૮૦ આરાધકોનું સમ્માન સુવર્ણદ્રવ્યથી કરવામાં આવેલ. સામૂહિક ટીપમાંથી રજતદ્રવ્ય દ્વારા કરેલ.

ઉપધાન તપ માળારોપણનો ભવ્ય વરઘોડો નીકળેલ, જેમાં ૩૪ બગી, ૧ હાથી, ૩ બેન્ડ પાર્ટી વ. વિશાળ સામગ્રી હતી. આ પ્રસંગે ૪૦૦૦ જેટલાં ભાવુકો હાજર રહ્યાં હતાં.

પાલિતાણામાં ધર્મશાળાઓ વધતી જવાથી સાધુ-સાધ્વીજીને સ્થંડિલ ભૂમિની ઘણી તકલીફ હોવાથી ૧-કરોડ જેટલું ફંડ ભેગું કરી સાંચોરી સમાજ તરફથી માત્ર સ્થંડિલભૂમિ માટે નવી જગ્યા લેવામાં આવી.

ચાતુર્માસ આરાધકોનું ચાંદીના પટ દ્વારા સમ્માન થયેલ. દરેકને ૨૦૦૦ રૂપિયાની રકમ પ્રભાવના રૂપે અર્પણ કરેલ.

# પાલિતાણાની પાઠશાળાઓનું સમ્માન

ચાતુર્માસના પાવન પ્રસંગે મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી પાલિતાણામાં ચાલતી ધાર્મિક સંસ્થા-પાઠશાળાઓનું ભવ્ય સમ્માન થયેલ.

બાલાશ્રમ, શ્રાવિકાશ્રમ, ગુરુકુલ, શ્રી બુદ્ધિસિંહજી પાઠશાળા, પારસ સો. પાઠશાળા, સર્વોદય સો. પાઠશાળા, નીતીસૂરિ પાઠશાળા આદિ સાત પાઠશાળાઓની અતિચાર, અજિતશાંતિ, મોટી શાંતિ મોટા સૂત્રની પરીક્ષા, વક્તવ્ય-સ્પર્ધાનો મેળાવડો, કેસર તિલક અમર રહો, એનાં ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ ઉત્સાહભેર થયેલ. આવા કાર્યક્રમો થી ધાર્મિક અભ્યાસમાં બાળકોની સંખ્યા વધતી જાય છે.

શા ભબૂતમલભાણાજી પૂરણવાળા તથા શ્રી મહાવીર સેના-સાંચોરવાળા તરફથી અતિચારવાળાને ૫૦૦, અજિતશાંતિવાળાને ૨૫૦, મોટી શાંતિવાળાને ૧૫૦ જેટલી રકમ અર્પણ કરેલ. સૂત્ર પરીક્ષામાં લગભગ ૨૦૦ જેટલાં બાળક-બાલિકાઓએ ભાગ લીધેલ.

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**

**સૌજન્ય :** શા સોહનરાજજી કસ્તુરચંદજી મહેતા પરિવાર – સાંચોર (સત્યપુરતીર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



એક સરખી પૂજા જોડીમાં શોભતાં શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલનાં બાળકો

મુનિ ની રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી પાલિત.ણા ગામમાં 'શ્રી પાદલિપ્ત જૈન બાલમિત્રમંડળ'ની સ્થાપના થયેલ. જેમાં ૩૧ જેટલાં બાળકો ઉત્સાહ સાથે જોડાયાં હતાં.

શા સોહનરાજ હજારીમલજી બોકડિયા તથા શા ગુમાનમલજી મિસરીમલજી સંઘવી - સાંચોરવાળા તરફથી બાલાશ્રમનાં ૯૦ બાળકોને યુનિફોર્મ અર્પણ કરેલ.

શા ધવલચંદજી છગનલાલજી કાનૂંગા-સાંચોરવાળા તરફથી ગુરૂકુલનાં ૯૦ બાળકોને તથા શ્રાવિકાશ્રમની ૧૬૦ બહેનોને યુનિફોર્મ અર્પણ કરેલ.

શા લાલચંદજી ભબૂતમલજી કોટ કાસ્તાવાળા તરફથી ગુરૂકુલનાં ૯૦ બાળકોને પૂજા જોડ, મુગટ, બાજુબંધ અર્પણ કરેલ.

શા કાલુચંદજી ચેલાજી સંઘવી - સાંચોરવાળા તરફથી પાઠશાળાનાં ૫૦૦ બાળક-બાળિકાઓને સ્કૂલબેગની પ્રભાવના તથા ફટાકડા નહિ ફોડનારને પ્રભાવના કરેલ.

શ્રી પાદલિપ્ત જૈન બાલ મિત્ર મંડળે ભેગા મળીને સાંચોરી ભવનમાં આદેશ લઈ હાથી ઉપર બેસી તળેટીસ્પર્શના માટે ગયેલ.



એક જ ડ્રેસમાં શોભતાં શ્રી સિ. . . . જૈન બાલાશ્રમનાં બાળકો



મુનિ શ્રી રત્નત્રયવિજયજી મ.સા.ની પ્રેરણાથી સ્થાપેલ શ્રી પાદલિપ્ત જૈન બાલ મિત્ર મંડળ-પાલિતાણા.

## પાલિતાણાની પાવનભૂમિમાં લગભગ ૪૦૦ બાળક બાલિકાને નવા ડ્રેસ અર્પણ કરેલ.

કારતક સુદ પાંચમ (જ્ઞાનપંચમી)ના દિવસે પં. તિલક વિજયજીની ૬૫મી પુણ્યતિથિ નિમિત્તે ૪-બગી, ૨-બેન્ડ પાર્ટી, ૧-હાથી, ૧૦-ઘોડા, પાઠશાળાનાં બાળકો વર્ષીદાન, અનુકંપાદાન આદિથી યુકત ભવ્ય વરઘોડો નીકળેલ.

સવારે ૯:૦૦ કલાકે શ્રી તિલકરત્ન જૈન ધાર્મિક પાઠશાળાનું આયોજન રાખેલ, જેમાં ૫ રૂપિયાની ફી હોવા છતાં ૧૧૫૦ વિદ્યાર્થીઓએ પાઠશાળામાં પ્રવેશ કરેલ. નાનાં-મોટાં બધા ભાઈ-બહેનો આ પાઠશાળામાં જોડાયાં હતાં.

પં. વસંતભાઈ પં. કનુભાઈએ સામૂહિક રૂપે સૂત્રો ગોખવાની, બેસવાની, સૂત્ર બોલવાની પદ્ધતિ સમજાવીને સૂત્રો ગોખાવેલાં. દરેકની

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**
**સૌજન્ય :** શ્રી મહાવીર સેના - સાંચોર (મુંબઈ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




રાજકુમારીઓની જેમ દેદીપ્યમાન
શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમની શ્રાવિકાઓ

આગળ પુસ્તક, સાપડા વિ. મૂકવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે સુરેન્દ્રનગરથી લહિયાઓ બોલાવી સુવર્ણાક્ષરે આગમો લખાવવામાં આવેલ. ૪૫ આગમનાં છોડ સાથે સુંદર રચના - રંગોલી વિ. કરેલ.

પુણ્યતિથિ નિમિત્તે દરેક સાધુભગવંતે ગુણાનુવાદ કરેલ. આ પ્રસંગે અચલગચ્છીય આ. કલાપ્રભસૂરિ તથા સાગર સમુદાયના સાધુ ભગવંતો પધારેલ.

આજના દિવસે ગામેગામના વિદ્યાર્થીઓ પાઠશાળામાં સામાયિક-પૌષધમાં બેસવાથી સંપૂર્ણ મંડપ એક વિશ્વવિદ્યાલયની જેમ શોભી રહ્યો હતો.

બપોરે જ્ઞાનપંચમીનાં દેવવંદન સામૂહિક રૂપે થયેલાં.

બીજા દિવસે પાઠશાળામાં ભાગ લેનાર દરેક વ્યકિતને મુહપત્તિની પ્રભાવના કરેલ, જેમાં સુવર્ણ-ચાંદીની ગિનીઓ, રૂપિયા વિ. મૂકવામાં આવેલ.

## ભાભરનગર ભૂષણ પં. શ્રી તિલકવિજયજી ગણિવરની ભવ્ય ઉજવણી

પં. શ્રી તિલકવિજયજી મ.સા. કચ્છ વાગડ દેશોદ્ધારક દાદાશ્રી જિતવિજયજીના પ્રશિષ્ય હતા. ભાભરનગરમા રોબિયા પરિવારને ત્યાં જન્મ પ્રાપ્ત કરી મુનિ શ્રી હીરવિજયજી પાસે સંયમગ્રહણ કરી આજીવન ઉપવાસના પારણે ઉપવાસ કરેલ અને આગમો - ગ્રંથો - સજ્ઝાયો વ. લખવા માટે જીવનભર માત્ર પેન્સિલનો ઉપયોગ કરેલ.

પં. તિલકવિજયજીના બે શિષ્યો શાસનપ્રભાવક આચાર્ય બનેલ. આચાર્ય શ્રી ભુવનશેખરસૂરિજી, આચાર્ય શ્રી રત્નશેખરસૂરિજી. પં. તિલકવિજયજીની દીક્ષા ભાભરમાં થયેલ. દીક્ષા પ્રસંગે ગામેગામથી



જ્ઞાનપંચમીના દિવસે સુવર્ણાક્ષરી આગમોનું લેખન કરતા લહિયાઓ

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**
**સૌજન્ય :** શા ભબૂતમલજી ભાણાજી મહેતા પરિવાર - પૂરણ (રાજ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૪ બળદગાડાં અને ૧૨૪ ઊંટ-ઘોડા વ. આવ્યાં હતાં. એક મહિના સુધી ઘેરઘેર વાયણાં લેવા ફર્યા હતા. એમનું અંતિમ ચોમાસુ પાટણમાં થયેલ. આવા મહાપુરુષોના કંઇક ગુણો આપણામાં આવે એ જ અંતરની અભિલાષા.



ભાભરનગરભૂષણ પં. તિલકવિજયજીની ભવ્ય શોભાયાત્રા

## પં. તિલકવિજયજી ગણિવર

જન્મભૂમિ : ભાભરતીર્થ
શ્રાવણ સુદ-પૂર્ણિમા
સં. ૧૯૩૮
દીક્ષા : ભાભર તીર્થ વૈશાખ સુદ-૬
વડી દીક્ષા : છાણી
પંન્યાસપદ : રાધનપુર
માતા : જડાવબેન
પિતા : માનચંદભાઇ
સંસારી નામ : ત્રિભુવનભાઇ
શિષ્ય પરિવાર : આ. ભુવનશેખરસૂરિજી
આ. રત્નશેખરસૂરિજી
મુનિશ્રી વિદ્યાવિજયજી

ફાગણ સુદ-૨ તા. ૯-૩-૨૦૦૮ના દિવસે માલવાડા ગામમાં પૂ.આ. દેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરક નિશ્રામાં મુનિશ્રી રત્નજ્યોતવિજયજી મ.સા.ની ગણિ પંન્યાસ પદવી તથા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન પાઠશાળાના સમારોહનું ભવ્ય આયોજન રાખેલ છે.

– સંગ્રાહક
**મુનિ શ્રી રત્નત્રયવિજયજી**



શાસનની શોભામાં પ્રકાશ પાથરતા ગુરુ-શિષ્યની જોડી

**પૂ. મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**
**સૌજન્ય :** શા ગુમાનમલજી મીસરીમલજી સંઘવી - સાંચોર (સત્યપુરતીર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ-રત્નશેખર સૂરિભ્યો નમઃ ॥

## પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.નાં શિષ્ય મુનિરાજશ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી ધાર્મિક સંસ્કારની પ્રવૃતિ માટે ગામોગામ સ્થાપના બાલક મંડળની યાદી




શ્રી જૈન રાજ ગ્રુપ - ઊંઝા (ગુજરાત)

૧. શ્રી કુંથુનાથ બાલકમંડળ સાતારા (મહારાષ્ટ્ર)
૨. શ્રી સુમતિરત્નબાલક મંડળ કરાડ (મહારાષ્ટ્ર)
૩. શ્રી ચિંતામણી રત્ન બાલક મંડળ વાઇ (મહારાષ્ટ્ર)
૪. શ્રી સુપાર્શ્વનાથ બાલક મંડળ રામસીન (રાજસ્થાન)
૫. શ્રી પદ્મપ્રભ બાલક મંડળ ભવરાની (રાજસ્થાન)
૬. શ્રી સુમતિરત્ન યુવક મંડળ શાંતિનગર (અમદાવાદ)
૭. શ્રી જૈન રાજ ગ્રુપ ઊંઝા (ગુજરાત)
૮. શ્રી ગોડીજી આરતી મંડળ માલવાડા (રાજસ્થાન)
૯. શ્રી પાદલિત જૈન બાલ મિત્ર મંડળ-પાલીતાણા (સૌરાષ્ટ્ર)



શ્રી પદ્મપ્રભ બાલક મંડળ - ભવરાની, જાલોર (રાજસ્થાન)

પૂજ્ય મુનિશ્રીએ દરેક મંડળની સ્થાપના કર્યા પછી મંડળનાં બાલકો રવિવારે સામૂહિક સ્નાત્રપૂજા, સામાયિક, સાંસ્કૃતિક કાર્યક્રમ, માનવસેવા, સાધુ-સાધ્વી વૈયાવચ્ચ આદિ કાર્યોમાં તત્પર રહેવા માટે પ્રેરણા આપેલ.

**મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**

સૌજન્ય : શા મુલતાનમલ છોગાજી પરિવાર - માલવાડા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અનેક પાઠશાળા-ધાર્મિક સંસ્થાઓમાં યુનિફોર્મ અર્પણ કરી બાલક-બાલિકાઓનાં અંતર સુધી ધાર્મિક સંસ્કાર પ્રગટ કરેલ.



**શ્રી શાન્તિનગર જૈન પાઠશાળા - અમદાવાદ**

શ્રી શાન્તિનગર જૈન સંઘની પાઠશાળામાં ૩૫૦ બાલક-બાલિકાઓ છે. આ.વિ.શ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી પાઠશાળાનાં બાલકો દ્વારા ભવ્ય વરઘોડા નીકળેલ. જેમાં ૧૦ હાથી, ૨૪ ઘોડા, ૪ બગી હતી. દરેક ઉપર પાઠશાળાનાં બાલકો બેસી રાજનગરનાં રાજમાર્ગ ઉપર પાઠશાળાનો જય જયકાર કરેલ.

૧. શ્રી શાન્તિનગર જૈન ધાર્મિક પાઠશાળા શાંતિનગર - અમદાવાદ
૨. શ્રી સુધર્મ ભકિત જૈન ધાર્મિક પાઠશાળા- કિરણપાર્ક, નવાવાડજ - અમદાવાદ
૩. શ્રી આદિ પૂનમ યુવા ગૃપ પાયધુની - મુંબઇ
૪. શ્રી તપોવન સંસ્કાર ધામ -નવસારી
૫. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન પાઠશાળા-તવાવ (રાજસ્થાન)
૬. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણા (સૌરાષ્ટ્ર)
૭. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણા (સૌરાષ્ટ્ર)
૮. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમ: પાલીતાણા (સૌરાષ્ટ્ર)
૯. શ્રી અજીતનાથ જૈન મિત્ર મંડળ: મોરબી (સૌરાષ્ટ્ર)



**શ્રી તપોવન સંસ્કાર ધામ - નવસારી (ગુજ.)**

આ. રત્નાકરસૂરિજી, પં. ચદ્રશેખરવિજયજી ગણીની નિશ્રામાં મુનિ શ્રી રત્નત્રયવિજયજી મ.સા.ની પ્રેરણાથી તપોવનનાં ૨૫૦ બાલકોને યુનિફોર્મ હાથ ઘડી સાંચોર વાસીઓ તરફથી અર્પણ કરી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

**મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.ની પ્રેરણાથી**

સૌજન્ય : શા બાબુલાલ વીરચંદજી બુરડ - સાંચોર (સત્યપુરતીર્થ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તેજતરણ તપોધનો

જૈન સંઘની જાજ્વલ્યમાન તપસ્વી–પરંપરા અવિચ્છિન્નપણે આજ દિન સુધી પ્રવર્તમાન છે. ચતુર્વિધ સંઘમાં તપધર્મનો પ્રભાવ ખૂબ છવાયેલો છે. શ્રાવક–શ્રાવિકાસંઘ વિશેષરૂપે ચાતુર્માસ દરમ્યાન વિવિધ તપ–અનુષ્ઠાનોમાં જોડાય છે. શ્રમણ–શ્રમણીવૃંદમાં તપધર્મનો મહિમા વિશેષરૂપે જોવા મળે છે. વરસીતપ, સિદ્ધિતપ, શ્રેણિતપ, ભદ્રતપ, મહાભદ્રતપ, ધર્મચક્રતપ, સમવસરણતપ, સિંહાસનતપ, માસક્ષમણતપ આદિ વિવિધ તપશ્ચર્યાઓને આરાધતાં શ્રમણ–શ્રમણીઓ જૈનશાસનની તેજસ્વી તપ–પરંપરાના સમર્થ વાહકો છે. નિર્દોષ ભિક્ષાવૃત્તિને જાળવીને અને કઠોર સંયમચર્યાઓના પાલનની સાથે આવા ઉગ્ર તપાનુષ્ઠાનોનું વહન અતિ દુષ્કર છે. અષ્ટવિધ પ્રભાવકમાં તપસ્વીનું પણ સ્થાન છે. આ તપસ્વી સંયમધરો સાચા અર્થમાં તપ–પ્રભાવક બની જૈન શાસનનો પ્રભાવ વધારી રહ્યા છે.

*બાહ્ય–અભ્યંતર તપના અખંડ આરાધક*

## પૂ. આચાર્યપ્રવર શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજ

વિક્રમની વીસમી અને એકવીસમી સદીમાં જ્ઞાન અને ચારિત્રનું આરાધન કરનાર જે મુનિવરો અને આચાર્યદેવો થઈ ગયા, તેમાં સૌથી વયોવૃદ્ધ પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ હતા.

પૂજ્ય બાપજી મહારાજ પાંચ વીશી કરતાં લાંબા આયુષ્યને ધારણ કરનાર અને ચાર વીશી કરતાં વધારે સમય સુધીના દીક્ષાપર્યાયને ધારણ કરનાર આવા વયોવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ પૂર્વપુરુષોની હરોળમાં બેસી શકે એવા મહાપુરુષ હતા અને પૂજ્યશ્રીની ઉગ્ર અને દીર્ઘ અવિચ્છિન્ન તપસ્યાનો વિચાર કરતાં તો કદાચ એમ લાગે કે ૧૦૫ વર્ષની અતિ વૃદ્ધ વયે પણ જીવનની અંતિમ ઘડી સુધી પોતાની તપસ્યાને સાચવી રાખનાર ખરેખર અદ્વિતીય આચાર્ય હશે!

પૂ. આચાર્ય મહારાજનો જન્મ વિ. સં. ૧૯૧૧ના શ્રાવણ સુદ ૧૫–રક્ષાબંધનના પુનીત પર્વને દિવસે મોસાળ વળાદમાં થયો હતો. એમનું પોતાનું વતન અમદાવાદ–ખેતરપાળની પોળમાં હતું. હાલ પણ એમનાં કુટુંબીજનો ત્યાં જ રહે છે. આ પોળ અમદાવાદની મધ્યમાં માણેકચોકની પાસે આવેલ છે. એમ કહેવાય છે કે આ પોળની નજીકમાંથી ભદ્રનો કિલ્લો અને એનો ટાવર તે કાળે જોઈ શકાતા હતા! એમના પિતાનું નામ મનસુખલાલ અને માતાનું નામ ઊજમબહેન હતું. બંને ધર્મપરાયણ અને પોતાનાં સંતાનોમાં ધર્મનાં સંસ્કારો પડે એવી લાગણી રાખનારાં હતાં. તેમને છ પુત્રો અને એક પુત્રી હતાં, તેમાં આચાર્યમહારાજ સૌથી નાના હતા. એમનું સંસારી નામ ચૂનીલાલ હતું. ચૂનીલાલ વ્યાવહારિક શિક્ષણ લઈ પિતા તથા ભાઈઓને ધંધામાં મદદ કરવા લાગ્યા.

માતપિતાની આજ્ઞાને વિનીત ચૂનીલાલે શિરોધાર્ય કરી અને અમદાવાદમાં જ આકાશેઠના કૂવાની પોળમાં રહેતા ખરીદિયા કુટુંબનાં ચંદનબહેન સાથે એમનાં લગ્ન થયાં. ચંદનબહેન ચૂનીલાલ કરતાં ફક્ત છ મહિના જ મોટાં હતાં અને ખૂબ જ ધર્મપ્રેમી હતાં. લગ્ન તો કર્યું, પણ અંતરનો વૈરાગ્ય દૂર ન થયો. બે–ત્રણ વર્ષ ગૃહસ્થજીવન ભોગવ્યું ન ભોગવ્યું અને વળી પાછી વૈરાગ્યની ભાવના તીવ્ર બની અને તેવીસ વર્ષની ભરયુવાન વયે ચૂનીલાલે અફર નિશ્ચય કરી લીધો કે હવે સંયમ લીધે જ છૂટકો. ફરી પાછો ઘરમાં સંસાર અને વૈરાગ્ય વચ્ચેનો ગજગ્રાહ શરૂ થયો.

કુટુંબના સજ્જડ વિરોધમાં કોણ સાધુ દીક્ષા આપવા તૈયાર થાય? એટલે પોતાની મેળે સાધુવેશ પહેરીને ઝાંપડાની પોળના ઉપાશ્રયમાં રહ્યા અને છેવટે જંગમ યુગપ્રધાન સમા તે સમયના મહાપ્રભાવક પરમ શ્રદ્ધેય શ્રી મણિવિજયજી દાદાએ એમને લવારની પોળમાં સંઘની ઉપસ્થિતિ વચ્ચે ભાગવતી દીક્ષા આપી. વિ. સં. ૧૯૩૪ના જેઠ વદ બીજને દિવસે ચૂનીલાલ મુનિશ્રી સિદ્ધિવિજયજી બન્યા. તે વર્ષનું પ્રથમ ચોમાસુ સિદ્ધિવિજયજી મ. એ ગુરુદેવની નિશ્રામાં અમદાવાદ કર્યું.ચોમાસા બાદ પૂ. મણિવિજય દાદાએ મુનિસિદ્ધિવિજયને રાંદેર ખરતરગચ્છીય મુનિ રત્નસાગરજીની સેવા કરવા મોકલ્યા. નૂતન મુનિ ગુરુ આજ્ઞા તહત્તિ કરી વૈયાવચ્ચ માટે પહોંચી ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ જ વર્ષે આસો સુ. ૮ના પૂ. મણિવિજય દાદાના સ્વર્ગવાસ થતાં સિદ્ધિવિજયજીના હૈયે અપાર વેદના થઈ. ગુરુ મ.ની ગેરહાજરીમાં પણ એમની આજ્ઞા મુજબ વૈયાવચ્ચ-સેવા કરતાં રહ્યે. એક વર્ષ રાંદેર પછી ૮ વર્ષ સૂરત વૈયાવચ્ચ-સેવાની સાથે અધ્યયન તપ-જપ કરતાં રહ્યા. સુરત શહેર મહારાજશ્રીનું ખૂબ રાગી રહ્યું. વિ. સં. ૧૯૫૭ની સાલમાં ભારે ઉત્સવપૂર્વક પૂ. પંન્યાસશ્રી ચતુરવિજયજી મહારાજના વરદ હસ્તે મુનિશ્રી સિદ્ધિવિજયજી મહારાજને પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. વિ. સં. ૧૯૭૫ની વસંતપંચમીને દિવસે મહેસાણામાં પૂજ્યશ્રીને આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા હતા. તેઓશ્રીનો કંઠ મધુર, ભલભલાને મોહી લે એવો હતો, એટલે જ્ઞાન સાથે વાણીની પ્રાસાદિકતાથી પૂજ્યશ્રીનાં પ્રવચનો અદ્ભુત પ્રભાવ પાથરતાં. જ્ઞાનોપાસના પૂજ્યશ્રીનું જીવન બની ગઈ હતી. એક બાજુ ઉગ્ર અને દીર્ઘ તપસ્યા અને બીજી બાજુ સતત જ્ઞાનસાધના. બાહ્ય અને અભ્યંતર તપનો એક જ જીવનમાં આટલો સુમેળ વિરલ ગણાય. શાસ્ત્રસંશોધનનું આ કાર્ય છેક ૯૦ વર્ષની ઉંમર સુધી, આંખોએ કામ આપ્યું ત્યાં સુધી, અવિરતપણે કરતા રહ્યા. એ જ રીતે, પૂજ્યશ્રીએ જપ, ધ્યાન અને (યોગ) હઠયોગનો પણ અભ્યાસ કરેલો.

ઉગ્ર અને દીર્ઘ તપસ્યા માટે તો પૂ. બાપજી મહારાજનું જીવન એક આદર્શ બની ગયું હતું. સં. ૧૯૫૭થી તેઓશ્રી ચોમાસામાં એકાંતરે ઉપવાસનું ચોમાસી તપ કરતા હતા અને ૭૨ વર્ષની ઉંમરથી અંત સમય સુધી ૩૩ વર્ષ સુધી એકાંતરે ઉપવાસનું વાર્ષિક તપ ચાલુ રાખ્યું હતું. આમાં ક્યારેક બે ત્રણ ઉપવાસ પણ કરવા પડતા અને ક્યારેક ૧૦૫ ડિગ્રી જેટલો તાવ આવી જતો તો પણ તપોભંગ થતો નહીં. પૂજ્યશ્રીનું આયંબિલ પણ અસ્વાદવ્રતનું ઉત્તમ દૃષ્ટાંત હતું. આટલા ઉગ્ર તપસ્વી હોવા છતાં તેઓશ્રી કદી ક્રોધને વશ ન થતા. હંમેશાં સમતાભાવ ધારણ કરતા. એ વાત તેઓશ્રીના તપસ્વી જીવન પ્રત્યે આદર ઉત્પન્ન કરે તેવી છે. બહુ નારાજ થાય ત્યારે તેઓશ્રી દુઃખ સાથે માત્ર એટલું જ કહેતા : 'હત્, તારું ભલું થાય!' સમતા અને લાગણીથી ભરેલા આટલા શબ્દો કોઈના હૃદયને સ્પર્શી જવા બસ થઈ પડતા. પૂજ્યશ્રીનો એક મુદ્રાલેખ હતો કે મનને જરાય નવરું પડવા ન દેવું, જેથી એ નખ્ખોદ વાળવાનું તોફાન કરે.

તેઓશ્રીની તપ, જપ, ધ્યાન, સ્વાધ્યાય અને યોગની સર્વ પ્રવૃત્તિઓ પાછળ આ આત્મજાગૃતિ જ સતત કામ કરતી રહી. આવી અપ્રમત્તતાનો પાઠ શીખવવા પૂજ્યશ્રીનું ચરિત્ર ખૂબ ઉપયોગી થાય તેમ છે.

પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેક પ્રતિષ્ઠાઓ અને અંજનશલાકાઓ થઈ છે અને સેંકડોની સંખ્યામાં દીક્ષાઓ થઈ છે. પૂજ્યશ્રીનો શિષ્યસમુદાય ૪૦ ઉપરાંતનો છે. એ દર્શાવે છે કે તેઓશ્રી શિષ્યમોહમાં ફસાયા ન હતા. પૂજ્યશ્રીને તો ફક્ત એટલાથી જ સંતોષ અને આનંદ થતો કે અમુક ભાઈ કે બહેનને ધર્મબોધ થયો છે! ભલે પછી તે ગમે તેના શિષ્ય–શિષ્યા બને. પૂજ્યશ્રીમાં આવી નિરીહવૃત્તિનાં દર્શન થતાં હતાં. તેમ છતાં, દરેક શિષ્ય પ્રત્યે પૂરી વત્સલતા ધરાવતા અને તેમને શાસ્ત્રાભ્યાસ કે સાધના માટે જોઈતી બધી સગવડની સતત કાળજી રાખતા. વળી પોતાને તો સંપૂર્ણ સ્વાશ્રયી અને સ્વસ્થ રાખવાનો જ પ્રયત્ન કરતા, જેથી સેવા લેવાની જરૂર પડે નહીં. તેમ છતાં, પોતાના ગુરુદેવને કદી વીસરી શક્યા નહીં. સં. ૧૯૯૫માં સાણંદમાં પૂ. મણિવિજયજી દાદાની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ અને પૂ. બાપજી મહારાજ તે વખતે જઈ શક્યા નહીં તો છેવટે બીમારી અને સખત તાપ હોવા છતાં વિહાર કરીને, સાણંદ જઈને ગુરુમૂર્તિનાં દર્શન કર્યાં ત્યારે જ સંતોષ પામ્યા.

*સૌજન્ય : પ.પૂ. દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. દિવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સાની પ્રેરણાથી ધીરજલાલ ભુરાલાલ સંઘાણી (બેણપવાળા) પરિવાર, સુરત*

## *વર્તમાનમાં વર્ધમાનતપની પ્રેરણા દ્વારા આયંબિલતપનું વ્યાપક મહત્ત્વ દર્શાવનારા*
# પૂ. આ.શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ.



ભારતભરમાં ગામેગામ આયંબિલતપનું મહત્ત્વ દર્શાવી, આયંબિલ શાળાઓનો પાયો નાખનાર પૂ. આ. શ્રી વિજય ભક્તિ-સૂરીશ્વરજી મહારાજ સમીવાળાને નામે જગપ્રસિદ્ધ છે. પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથજીથી ગુજરાતના સુપ્રસિદ્ધ વઢિયાર પ્રદેશના શંખેશ્વર ગામથી સાત ગાઉ દૂર રાધનપુર પાસેનું સમી ગામ રૂના વેપારનું મોટું મથક ગણાય છે. એ ગામમાં વીશા શ્રીમાળી જ્ઞાતિમાં શ્રી વસ્તાચંદ પ્રાગજીભાઈનું ધર્મિષ્ઠ ઘર હતું. જૈનશાસનની મોટામાં મોટી શાશ્વતી ઓળીની તપશ્ચર્યાની શરૂઆતના મંગલ દિને સં. ૧૯૩૦ના આસો સુદ ૮ના શુભ દિવસે વસ્તાભાઈનાં તપસ્વિની સુશ્રાવિકા હસ્તુબાઈએ પુત્રરત્નને જન્મ આપ્યો. માતાપિતાએ મહોત્સવપૂર્વક બાળકનું નામ મોહનલાલ રાખ્યું. માતાપિતાના ધાર્મિક સંસ્કારો બાળકમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊતર્યાં, અભ્યાસમાં બુદ્ધિપ્રતિભાના ચમકારા દેખાવા લાગ્યા. થોડા વખતમાં પંચપ્રતિક્રમણ અને નવસ્મરણ સુધી પહોંચી ગયા. યૌવનના આગમન સાથે મોહનલાલમાં તપશ્ચર્યાની વસંત ખીલી. વિધિસહિત વીસસ્થાનક તપ, ચોસઠપહોરી પૌષધ, ચાર વરસ સમોસરણ તપ, સિંહાસન તપ આદિ તપશ્ચર્યા કરીને દીર્ઘ તપસ્વી બની ગયા. એવામાં પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સમી પધાર્યા. મોહનભાઈ પર વૈરાગ્યની અસર પ્રબળ બની. એમનો પવિત્ર આત્મા જાગૃત બની ગયો. એમને સંયમજીવન સ્વીકારવાનો ઉત્સાહ થયો. સમીના સંઘની ભાવનાથી પોતાના પનોતા પુત્ર મોહનભાઈની દીક્ષાનો મહોત્સવ સમીમાં જ ઊજવાયો. સં. ૧૯૫૭ના મહા વદ ૧૦ને દિવસે પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે સંઘ સમક્ષ દીક્ષા પ્રદાન કરી. સભાજનોએ ચોખાથી વધાવ્યા. પૂ. ગુરુદેવે મોહનલાલને મુનિશ્રી ભક્તિવિજયજી તરીકે પોતાના શિષ્ય બનાવ્યા. મુનિશ્રી ભક્તિવિજયજી મહારાજ પણ શાસ્ત્રવિશારદ, જૈનધર્મના સમર્થ જ્ઞાતા કાશીવાળા આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની સેવા ભક્તિભાવથી કરતા રહ્યા અને જ્ઞાન-તપના માર્ગે આગળ વધતા રહ્યા. અનેક મહારોગનાશક અને સર્વસિદ્ધિદાયક શ્રી આયંબિલ તપ દ્વારા વર્ધમાનતપની જીવનભર આરાધના અને પ્રેરણા કરતા રહ્યા. વિદ્યાભ્યાસમાં શાસ્ત્ર અને વ્યાકરણાદિમાં પારંગત થયા. પૂ. ગુરુદેવ તો કાશી પધાર્યા હતા અને ત્યાં વિદ્વાનો તૈયાર કરવાની ભાવનાથી 'શ્રી યશોવિજયજી પાઠશાળા'ની સ્થાપના કરી હતી. મુનિશ્રી ભક્તિવિજયજીને પૂ. ગુરુદેવનાં દર્શનની ભાવના થતાં તેઓશ્રી લાંબો વિહાર કરીને કાશી પહોંચ્યા અને ત્યારે ગુરુશિષ્યનું હૃદયંગમ મિલન થયું હતું.

પ્રત્યેક જગ્યાએ આયંબિલ ખાતાં શરૂ કરાવવાં અને તપોભાવનાની સંવૃદ્ધિ કરવી એ પૂજ્યશ્રીનાં આગવાં ધર્મકાર્યો હતાં. સં. ૧૯૭૫ના અષાઢ સુદ બીજના શુભ દિવસે કપડવંજમાં પૂ. આ. શ્રી વિજયવીરસૂરીશ્વરજીએ તેઓશ્રીને ગણિ પદથી અને પાંચમને દિવસે પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. સં. ૧૯૮૯માં શેઠ જીવતલાલ પ્રતાપશી તથા શેઠ નગીનદાસભાઈ આદિ આગેવાનોની વિનંતીને માન આપી મુંબઈ પધાર્યા. તે સમયે ભૂલેશ્વર-લાલબાગનું ચાતુર્માસ યાદગાર બની રહ્યું. સં. ૧૯૯૨માં શિષ્યસમુદાય સહિત પાલિતાણા પધાર્યા ત્યારે વીરમગામ, સમી આદિ સંઘના આગેવાનોની આગ્રહભરી વિનંતીથી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયસાગરાનંદસૂરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રીને વૈશાખ સુદ ૪ને શનિવારે પ્રાતઃકાળે વિશાળ માનવસમુદાયની ઉપસ્થિતિમાં આચાર્ય પદથી અલંકૃત કર્યા. આ ઉપરાંત, ઉપરિયાળા તીર્થની તીર્થકમિટી તથા ઘણાં ગામોના આગેવાનોની ભાવનાથી પૂજ્યશ્રીનો અર્ધશતાબ્દી મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો.

યથા નામ તથા ગુણ એવા આચાર્યશ્રી મહાન તપોનિધિ હતા. દસ ચીજો વાપરવાનો નિયમ કડકપણે પાળતા. રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મુંબઈ આદિ પ્રદેશોમાં વિચરી, સમેતશિખરજી, ગિરનારજી, શત્રુંજય આદિ તીર્થોની ઘણી યાત્રાઓ કરી; કલકત્તા, બનારસ, મુંબઈ આદિ અનેક ક્ષેત્રોમાં દીર્ઘ ચારિત્રપર્યાયમાં કુલ ૫૮ ચાતુર્માસ કરી, શાસનનાં અનેક કાર્યો સુસંપન્ન કર્યાં. તેઓશ્રી નિત્ય પ્રાણવલ્લભ શંખેશ્વર દાદાનું સ્મરણ કરતા. વિહારમાં વારંવાર શંખેશ્વર તીર્થની યાત્રા પણ કરતા. પૂજ્યશ્રીએ અંતિમ ચાતુર્માસ સમીમાં કર્યું. ૮૫ વર્ષની વૃદ્ધાવસ્થાએ કર્મોદયવશ માંદગીએ ઘેરી લીધા, છતાં પણ આત્મવિશ્વાસ પ્રબળ કરીને પૂજ્યશ્રીએ અંતિમ સાધના શ્રી શંખેશ્વર મહાતીર્થમાં કરવાની ભાવના દર્શાવી. પોતાનો નશ્વરદેહ શંખેશ્વર તીર્થધામમાં છોડવાની ઇચ્છા વ્યક્ત કરી. ડૉક્ટરોની ના હોવા છતાં અપૂર્વ આત્મબળ દર્શાવી, શિષ્યો-પ્રશિષ્યો સાથે શંખેશ્વર પધાર્યા. પૂજ્યશ્રીનાં શિષ્યરત્નો-પૂ. પં. શ્રી પ્રેમવિજયજી ગણિ, પૂ. પં. શ્રી સુબોધવિજયજી ગણિ, (વર્તમાનમાં સર્વ આચાર્યશ્રીઓ) આદિએ ઘણી સેવા કરી. પૂજ્યશ્રીને હાથમાં ઉપાડીને શંખેશ્વર દાદાનાં દર્શન કરાવ્યાં. પૂજ્યશ્રીએ ભાવભીની પ્રાર્થનાથી અંતિમ ઇચ્છા દર્શાવી કે, "હે દાદા! ભવોભવ તારું શરણ, તારું શાસન પ્રાપ્ત થજો"-અને માળા હાથમાં લઈ મહામંત્રનો જાપ જપતાં જપતાં તલ્લીન થઈ ગયા. સં. ૨૦૧૫ના પોષ સુદ ૩ને પવિત્ર દિને વિજય મુહૂર્તે, પાંચ મણકા બાકી રહેતાં નશ્વરદેહનો ત્યાગ કરી, સ્વર્ગગામી બન્યા. ૩૦ વર્ષ પછી પૂજ્યશ્રીનું સ્વપ્ન સાકાર થયું : પૂજ્યશ્રીની સ્મૃતિના સ્મારક રૂપે શ્રી પાર્શ્વનાથ ભગવંતની ભક્તિ અને મહિમાની વૃદ્ધિ સ્વરૂપે 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ' નિર્માણ થવા પામ્યું. પૂજયશ્રી વચનસિદ્ધ મહાપુરુષ, વર્ધમાનતપના પ્રેરક, ધર્મભાવનાના દ્યોતક, ઐક્યના અનુરાગી, ઉપરિયાળા તીર્થના ઉદ્ધારક, ઘણા રાજપુરુષોના પૂજ્ય અને વિશાળ શિષ્ય સમુદાય ધરાવતા હતા. ૨૧ શિષ્યો, ૪૨ પ્રશિષ્યો અને ઘણાં જ સાધ્વીજીઓનો સમુદાય વર્તમાનમાં વિચરી રહ્યો છે એવા પૂજ્યપાદ શાસનપ્રભાવક ગુરુદેવશ્રીને કોટિશઃ વંદન!

*સૌજન્ય : શ્રી ગુરુ લબ્ધિકૃપાપાત્ર પૂ.પં.પ્રવરશ્રી શીલરત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી સમીનિવાસી કુસુમબેન હીરાલાલ શાહ પરિવાર, અમદાવાદ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સંયમ, સરસ્વતી અને સદોદિતતાનો ત્રિવેણી-સંગમ*

# પૂ. આચાર્યશ્રી વિજયમુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ

મહાપુરુષોની મહાનતા માત્ર સુસંસ્કારી પરિવારમાં જન્મવામાં જ નથી હોતી, પણ જન્મ પામ્યા બાદ જન્મને જ ખતમ કરવાની સાધના એ મહાપુરુષની મહાનતાનો માપદંડ હોય છે. પૂ. સ્વર્ગગત આચાર્યદેવ શ્રીમદ્ વિજયમુક્તિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજના વિશાળ જીવન પર દૃષ્ટિપાત કરીશું તો લાગ્યા વિના નહીં રહે કે એ મહાપુરુષ હતા. રાધનપુરમાં જન્મેલી એ જીવનગંગા આગળ જતાં અનેક પવિત્ર પ્રવાહોથી પરિપુષ્ટ બનીને રાંધેજા મુકામે સમાધિના મહાસાગરમાં વિલીન થઈ ગઈ. રાધનપુરથી રાંધેજા સુધી અને સં. ૧૯૭૧થી સં. ૨૦૩૮સુધીના કાળમાં પથરાયેલી એ જીવનગંગાનું થોડું અમૃતપાન કરીશું તો જણાશે કે એ મુક્તિલાલ ખરેખર મુક્તિના જ લાલ હતા. રાધનપુર એટલે ધર્મસંસ્કારોની નગરી. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ કહેતા કે "રાધનપુરની આગળ 'આ' લગાવીએ તો જ તેને સમ્માન આપ્યું ગણાય. એ રાધનપુરમાં મણિલાલ અને મણિબહેનનું નામ ધરાવતાં દંપતીને ત્યાં સં. ૧૯૭૧માં એક પુત્રરત્નનો જન્મ થયો. માતાપિતાએ તેનું નામ મુક્તિલાલ પાડ્યું અને મુક્તિલાલ ખરેખર મુક્તિલાલ બન્યા. શ્રી મણિભાઈને ત્રણ પુત્રો થયા : મહાસુખલાલ, કાંતિલાલ અને મુક્તિલાલ. મણિભાઈ ધંધાર્થે આકોલામાં રહેતા હતા, પરંતુ તેમનું મન વારંવાર દીક્ષા લેવા માટે ઝંખતું હતું. સં. ૧૯૭૫-માં સ્વર્ગવાસી થયા ત્યાં સુધી એમની એ ભાવના સાકાર ન બની, પરંતુ વૈરાગ્યનાં બીજ ત્રણે પુત્રોમાં રોપાઈ ગયાં હતાં. એમાં મુક્તિલાલ નાનપણથી ભણવામાં હોંશિયાર હતા, પરંતુ ચાર અંગ્રેજી ધોરણથી આગળ ભણ્યા નહીં. મહાસુખભાઈ સાથે વેપાર અર્થે મુંબઈ ગયા. ત્યાં પૂ. આ. શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ હતું. મુક્તિલાલ તેઓશ્રીના પરિચયમાં આવ્યા. તેઓશ્રીની નિશ્રામાં ધાર્મિક અભ્યાસમાં આગળ વધ્યા અને વર્ધમાન તપનો પાયો નાખ્યો. આ અરસામાં મુનિવર્ય શ્રી રામવિજયજી મહારાજ ઊગતા સૂર્યની અદાથી પ્રભાવ પાડી રહ્યા હતા. મુક્તિલાલના મોટાભાઈ એક વાર તેઓશ્રીના વ્યાખ્યાનમાં આવ્યા અને હંમેશાં વ્યાખ્યાન સાંભળવાની ટેવ પડી ગઈ. અંતે સંયમ સ્વીકારવાની ભાવના દૃઢ થઈ. બંને ભાઈઓની દીક્ષા અંગીકાર કરવાની મનોકામના જોઈ ત્રીજા ભાઈએ પણ એ જ પંથે પ્રયાણ કરવાનો સંકલ્પ કર્યો. મહાસુખભાઈ સં. ૧૯૮૭માં દીક્ષા સ્વીકારીને મુનિશ્રી મલયવિજયજી બન્યા. ત્યાર બાદ સં. ૧૯૮૯માં મહા સુદ ૧૦ના દિવસે શ્રી શત્રુંજયની ગોદમાં પૂ. આ. શ્રી વિજયદાન-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સંયમ સ્વીકારીને મુક્તિલાલે મુનિશ્રી મહોદયવિજયજી નામ ધારણ કર્યું, પરંતુ માતા મણિ-બહેનના આગ્રહથી વડી દીક્ષા વખતે નામ બદલીને શ્રી મુક્તિ-વિજયજી રાખવામાં આવ્યું. આગળ જતાં, વચેટ ભાઈ કાંતિલાલ પણ સંયમ સ્વીકારીને મુનિશ્રી રવિવિજયજી મહારાજ બન્યા. ત્રણે પુત્રોને શાસનને ચરણે ધરીને માતા મણિબહેન જીવનને ધન્ય બનાવી ગયાં. ત્રણે ભાઈઓ આચાર્ય પદને વર્યા હતા.

મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજ નાનપણમાં વ્યાવહારિક અભ્યાસમાં આગળ રહેતા, તેમ શાસ્ત્રાભ્યાસમાં પણ આગળ રહેવા લાગ્યા. રાતદિવસ જોયા વિના સતત અભ્યાસ મગ્ન રહેવું એ પૂજ્યશ્રીનું એક મહાન લક્ષણ બની ગયું. પૂજ્યશ્રી માનતા કે કોઈ સાધુને ધર્મશાસ્ત્રોનું જ્ઞાનસંપાદન કરવું હોય તો ઓછામાં ઓછો દસ વર્ષનો સમય આપવો જોઈએ. એમાં ગુરુકૃપા ભળે તો તો કહેવું જ શું! પૂજ્યશ્રી ઉપર પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજના ચાર હાથ હતા. તેઓશ્રીએ તેમને ઘડવામાં ખૂબ જ કાળજી લીધી હતી. દીક્ષા પછીનાં થોડાં જ વર્ષો પછી પૂજ્યશ્રીને પ્રવચન માટે તૈયાર કર્યા હતા. રાધનપુરમાં જ સગાં-વહાલાં-પરિચિતો સમક્ષ મુનિશ્રી મુક્તિવિજયજી મહારાજે પ્રથમ વ્યાખ્યાન કરીને સૌનાં મન મોહી લીધાં હતાં. સં. ૧૯૯૩માં પૂનામાં ચાતુર્માસ દરમિયાન પૂ. ગુરુદેવોની નિશ્રામાં ૭-૭ કલાકની વાચનાનો અખંડ લાભ લઈ અત્યંત જ્ઞાનવૃદ્ધિ કરી હતી. આ ચાતુર્માસમાં માતા મણિબહેનની તબિયતના સમાચાર મળતાં ત્રણે બંધુઓ મુરબાડ ચાતુર્માસ બાદ તુરત રાધનપુર તરફ વિહાર કરવા લાગ્યા. સં. ૨૦૧૦માં પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યની નિશ્રામાં ચાતુર્માસ વખતે મુનિશ્રી મુક્તિવિજયજીના યુવાનીના ઉત્સાહને એક નવો જ દિશાબોધ મળ્યો. નમસ્કાર મહામંત્રાદિ વિષયક ચિંતનની દિશા મળતાં પૂજ્યશ્રીના જીવનમાં એક નવો જ પ્રકાશ ફેલાયો, જેના પ્રભાવે તેઓશ્રીની વૃત્તિ-પ્રવૃત્તિમાં સંઘવાત્સલ્ય, મૈત્રી આદિ અનેક ગુણોની વિશેષ ખિલવણી થવા પામી. પૂજ્યશ્રી વારંવાર આ ચાતુર્માસને યાદ કરીને ધન્યતા અનુભવતા. પૂજ્યશ્રીના જીવન-સાગરનું પેટાળ આમ તો ઢગલાબંધ તેજસ્વી રત્નોના પ્રકાશથી ઝગારા મારી રહ્યું હતું, પરંતુ એમાં યે નિરીહતા, સંયમપ્રિયતા, સ્વાધ્યાયરસિકતા આદિ ગુણો તો એવા વિશિષ્ટ કોટિના હતા કે એની જોડ જડવી મુશ્કેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમપ્રિયતા તો એવી કે વિજાતીયના પરિચયથી સાવ અળગા રહેતા. સાધ્વીજીઓ કે સ્ત્રીઓ સાથે બહુ બોલતા નહીં. જે સાધુ-સાધ્વી આવી મર્યાદાના પ્રેમી ન હોય એમના પરિચયમાં આવતા જ નહીં. તેઓ પ્રત્યે પૂજ્યશ્રીને સ્વાભાવિક જ અરુચિ રહેતી.

સ્વાધ્યાય પ્રત્યે વિશેષ રુચિ એ પૂજ્યશ્રીનો વિશિષ્ટ ગુણ હતો. નિત્ય નવું મેળવવાની તમન્ના પૂજ્યશ્રીને છેલ્લાં વર્ષોમાં અંગ્રેજી અભ્યાસ માટે પ્રયત્નશીલ રાખતી. નવસારી ચાતુર્માસ પછી તો તેઓશ્રીએ અંતરમુખી આરાધના વધુ પ્રમાણમાં આરંભી દીધી. સાંજે પ્રતિક્રમણ બાદ તુરત જ સૂઈ જતા અને રાત્રે સાડાબાર-એક વાગે જાગીને સવાર સુધી સ્વાધ્યાયમાં ખોવાઈ જતા. જીવનના પ્રારંભકાળે કંઠસ્થ કરેલું કેટલુંય શ્રુત આ રીતે પૂજ્યશ્રીએ છેલ્લાં વર્ષોમાં ફરી તાજું કરી લીધું હતું. સ્વ-પર સમુદાયના સુવિહિત સાધુઓ સાથે હળી-મળી જવાની પૂજ્યશ્રીની મિલનસાર વૃત્તિ તો સુપ્રસિદ્ધ છે. આ સર્વ ગુણોના યોગથી જીવનમાં જે શાંતિ-શુદ્ધિ અનુભવી શકાય એનો ભરપેટ આસ્વાદ માણીને પૂ. આચાર્યદેવશ્રી મૃત્યુમાં પણ સમાધિ સાધી ગયા, ત્યારે શાસનને એક મહાવક્તા, સમર્થ સ્વાધ્યાયવીર અને સદ્ગુણભંડાર સાધુવર્ય ગુમાવ્યાનો શોક વ્યાપી વળ્યો. લાખ લાખ વંદન હજો એ મહાન સાધુવર્યને!

*સૌજન્ય : પ. પૂ. આ.શ્રી પ્રભાકરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી*
*મુક્તિચંદ્રસૂરિ જૈન આરાધના ભવન, અમદાવાદ*

## *સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધારક, માલવદેશોદ્ધારક અને શ્રી વર્ધમાન આયંબિલ તપના પ્રખર પ્રસારક*

# પૂ. આ.શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ.



પ. પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ શ્રી વર્ધમાન આયંબિલ તપ અને શાશ્વતી શ્રી નવપદજી ઓળીની આરાધનાના પ્રસારક તરીકે વિશેષ પ્રસિદ્ધિ પામ્યા હતા. પૂજ્યશ્રીનો જન્મ અમદાવાદ દોશીવાડાની પોળમાં કૂવાવાળા ખાંચામાં શેઠશ્રી જેશીંગભાઈ પટવાને ઘેર સુશ્રાવિકા પ્રધાનબહેનની કુક્ષિએ સં. ૧૯૪૦ના કાર્તિક સુદ ૧૧ના મંગલ દિને થયો હતો. સંસારી નામ ચિમનભાઈ હતું. તેઓ નાનપણથી ધાર્મિક અભ્યાસમાં ઘણી રુચિ દાખવતા હતા. પ. પૂ. આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી મહારાજના નિકટ પરિચયમાં આવી તેઓશ્રી ધર્મક્રિયામાં તત્ત્વજ્ઞ આરાધક તરીકે અત્યંત જાણીતા બન્યા. ધર્માભ્યાસ સાથે જપ-તપમાં પણ વધુ રસ દાખવવા માંડ્યા. ત્યાં યોગ્ય વયે, માતાપિતાના આગ્રહથી તેમનાં લગ્ન ફૂલીબહેન સાથે કરવામાં આવ્યાં. તે વખતના લોકમાનસને માન આપી તેઓશ્રી મુંબઈમાં શેઠશ્રી નગીનદાસ કરમચંદની પેઢીમાં ધર્મ સાથે અર્થોપાર્જનના પ્રશ્નને હલ કરવા જોડાયા હતા. સંસારમાં પડ્યા છતાં ધર્મભાવના એવી જ પ્રબળ અને કાર્યરત હતી. તેઓ વર્ધમાનતપની ઓળીની સળંગ આરાધના, વીતરાગ પ્રભુની અષ્ટપ્રકારી પૂજા, વ્યાખ્યાનશ્રવણ, સાંજે પ્રતિક્રમણ, પર્વતિથિએ પૌષધ આદિ ધર્મપ્રવૃત્તિ અનેક આરાધક પુણ્યાત્માઓ સાથે પાયધુની સ્થિત શ્રી ગોડીજી જૈન દેરાસર-ઉપાશ્રયમાં કરતા. ગોડીજીમાં સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ આદિની સામૂહિક આરાધના પ્રસંગોપાત થતી. તેમાં તેઓશ્રી સૌના લાડીલા ધર્મનેતા બની રહ્યા. તેમની દેખરેખ અને દોરવણી નીચે અનુપમ હર્ષોલ્લાસથી ધર્મક્રિયાઓ થતી હતી. આવા ૮૦-૯૦ આરાધકોની એક મંડળી હતી અને તેના તેઓ આગેવાન હતા. આ સર્વ ધાર્મિક પ્રવૃત્તિઓના ફળસ્વરૂપે તેઓશ્રીએ મુંબઈમાં કુંભાર ટુકડામાં ભાડાના મકાનમાં શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતાની સ્થાપના કરી અને ખૂબ પ્રેમ, આદર અને ખંતથી અનેક પુણ્યાત્માઓને શ્રી વર્ધમાન આયંબિલ તપમાં જોડી આગળ વધાર્યા. મોહમયી મુંબઈ નગરીમાં આવી ધાર્મિક પ્રવૃત્તિઓમાં અનેક જીવોને સાંકળવા એ ઘણું કઠિન કાર્ય હતું, પરંતુ તેઓશ્રી એવાં કાર્યો સફળતાથી પાર પાડી ખૂબ અનુમોદનાને પાત્ર બન્યા હતા.

ચિમનભાઈ પૂ. આગમોદ્ધારકશ્રીનાં તાત્ત્વિક વ્યાખ્યાનોથી ખૂબ પ્રભાવિત થયા હતા અને તેના પરિણામે વૈરાગ્યની ભૂમિકાએ સ્થિર થઈ, સંસારના કીચડમાંથી નીકળવા મથામણ કરવા લાગ્યા. તેમનાં ધર્મપત્ની ફૂલીબહેનની પ્રબળ મોહદશા અને બાધક મનોવૃત્તિના કારણે ધર્મમાર્ગે દોરનાર ઉપકારી પૂ. આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ પણ દીક્ષા આપવાના પ્રશ્ને દ્વિધામાં હતા, પરંતુ ચિમનભાઈનો સંકલ્પ દૃઢ હતો. અંતે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની હૂંફ મળી. એક વખત ગોડીજીમાં ધર્મક્રિયામાં રસ લેતા ૮૦ જેટલા આરાધકોને એમ હતું કે ચિમનભાઈ પરિસ્થિતિવશ દીક્ષા લઈ શકે તેમ નથી, પરંતુ ચિમનભાઈએ જોરદાર સંયમરંગ રાખ્યો. સ્તવનાદિ લલકારી બધાંને સંયમ તરફ વાળવા અભિગ્રહ આપવા માંડ્યો અને પ્રાંતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે પણ વૈરાગ્યના માર્ગે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી 'મુનિ શ્રી ચંદ્રસાગરજી' નામે સંયમજીવનનો સ્વીકાર કર્યો. દીક્ષા બાદ પૂજ્યશ્રીએ જ્ઞાનાભ્યાસમાં એકાગ્ર બની સિદ્ધહેમ વ્યાકરણ પર પ્રભુત્વ મેળવ્યું. શુદ્ધ પાઠો સાથે મૂળ માત્ર છપાવી અને 'આનંદબોધિની' નામે સુંદર વિદ્વદ્દ્ભોગ્ય ટીકા લખી, વિદ્વાનોમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું. પૂજ્યશ્રીની પ્રતિભા, વાણી, શક્તિ, પડછંદ કાયા, મેઘમલ્હાર સમો બુલંદ અવાજ તેમ જ ત્યાગ-તપ-સંયમનું ઓજસ્વી બળ સંઘમાં અનેક ધર્મકાર્યોની પરંપરા વધારનારું નીવડ્યું. માલવાની-ઉજ્જૈનની પુણ્યભૂમિમાં વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનકાળમાં શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીએ નવપદજીની ચિરસ્મરણીય આરાધના કરેલી તે સ્થાન જીર્ણશીર્ણ બની ગયું હતું. તેનો પૂજ્યશ્રીએ આમૂલચૂલ ઉદ્ધાર કરાવી શ્રી સિદ્ધચક્રારાધન તીર્થની પુનઃ સ્થાપના કરી. ભવ્ય ધર્મશાળા, આયંબિલ ખાતું, જ્ઞાનમંદિર, ભોજનશાળા, ઉપાશ્રય આદિના નિર્માણ સાથે શ્રીપાલ-મયણાસુંદરીની નવપદ આરાધનાની ભૂમિ સાથે સંલગ્ન પ્રાચીન છ-સાત દેરાસરોનો ઉદ્ધાર કરી, શ્રી કેશરિયાજીની દેહપ્રમાણ તે જ વર્ણની નવી પ્રતિમા ભરાવી તેની સ્થાપના કરી, જે પ્રતિમા સમક્ષ શ્રીપાલ મહારાજા અને મયણાસુંદરીએ આરાધન કરેલ તે પ્રતિમાજી હાલ ધૂલેવાજીમાં કેશરિયાજી તરીકે પ્રખ્યાત છે એ લોકોક્તિને ચિરંજીવ બનાવી. આથી સમગ્ર ઉજ્જૈન જૈન સંઘનો પણ પુનરોદ્ધાર થયો અને વિકાસ થયો. માલવામાં પણ અનેક ગામોમાં જૈનધર્મની ઝાંખી બનેલી છાયાને તેજસ્વી બનાવી.

પૂજ્યશ્રીને પાલિતાણામાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવના વરદ હસ્તે સં. ૧૯૯૮માં ગણિપદ અને પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા અને ૨૦૦૭ના મહા સુદ ૧૦ના મંગલ દિને પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સુરત-ગોપીપુરામાં મહોત્સવપૂર્વક આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવ્યા. પ્રથમ તેઓશ્રીએ નવપદ આરાધક સમાજ અને પછી શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજની સ્થાપના કરી. આજે પણ પ્રતિવર્ષે હજારો આરાધકો આ સમાજની દોરવણી નીચે શ્રી સિદ્ધચક્રજીની ઓળીની આરાધના કરે છે. પૂજ્યશ્રીએ શ્રી વર્ધમાન આયંબિલ તપની શ્રી નવકાર મહામંત્રના ૬૮ અક્ષર પ્રમાણ ૬૮ ઓળી વર્ધમાન તપની કરી હતી. તેમ જ નવપદજીની ૧૧૪ ઓળી કરી હતી. પ. પૂ. આગમોદ્ધારકશ્રીનાં વ્યાખ્યાનોના પ્રચાર-પ્રસાર માટે 'સિદ્ધચક્ર' માસિકનું સંપાદન સં. ૧૯૮૬થી ૧૯૮૯ અને સં. ૨૦૦૩થી ૨૦૧૮ સુધી કર્યું હતું. આ ઉપરાંત, અનેક ગ્રંથોનું સંપાદનકાર્ય અને નૂતન ગ્રંથોનું લેખન પણ કર્યું. પૂજ્યશ્રી સં. ૨૦૧૯ના ફાગણ વદ ૬ને દિવસે સુરતમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીના ૧૧૫ શિષ્યો-પ્રશિષ્યો વર્તમાનમાં વિચરી રહ્યા છે અને શાસનપ્રભાવનાથી પૂજ્યશ્રીની પ્રતિભાને ઉજ્જ્વળ પ્રકાશથી શોભાવી રહ્યા છે! કોટિ કોટિ વંદન હજો એવા પૂજ્યવરને!

*પરમપૂજ્ય આચાર્ય શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી*
*જૈન આગમમંદિર ટ્રસ્ટ, પૂના.*

*મેવાડ દેશોદ્ધારક*

## પ. પૂ. આ.શ્રી વિજયજિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજ



મરુભૂમિ રાજસ્થાનમાં પાદરલી ગામ છે. તેમાં હીરાચંદજી નામે એક સુશ્રાવક વસતા હતા. તેમનાં ધર્મપત્ની મનુબાઈની કુક્ષિએ સં. ૧૯૭૯ના વૈશાખ વદ ૬ને દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ જેઠમલજી રાખ્યું. શાળાકીય શિક્ષણ લઈને વેપારધંધાર્થે મુંબઈ આવેલા જેઠમલજીને પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો પાવનકારી સંપર્ક થયો અને તેઓ સંયમી બનવાના મનોરથવાળા થયા. સંસારની જંજાળમાં જકડાઈ ચૂક્યા હોવાથી આ મનોરથ સફળ બનાવવા ઘણો પુરુષાર્થ કરવો પડ્યો, પણ અંતે વિજયી બનીને સવા વરસના બાલકને માતા-પિતાને સોંપીને સં. ૨૦૦૮ના જેઠ સુદ પાંચમે મુંબઈ ભાયખલ્લામાં સંયમ સ્વીકારીને મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ બન્યા અને ગુરુપદે પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજને સ્થાપિત કર્યા.

ગુરુસમર્પણ, જ્ઞાનધ્યાનની તાલાવેલી, તપપ્રેમ આદિ ગુણોના પ્રભાવે થોડા જ સમયમાં તેઓશ્રીએ અદ્ભુત પ્રગતિ સાધી. પૂજ્યશ્રીના નાનાભાઈ ગણેશમલજીએ પણ વડીલ બંધુના સંયમજીવનથી આકર્ષાઈને બે વર્ષ બાદ દીક્ષા લીધી. અને મુનિ ગુણરત્નવિજયજી બન્યા. મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ પર ગજબની ગુરુકૃપા હતી, એથી થોડાં જ વર્ષોમાં જ્ઞાન-ધ્યાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને તપ–જપનાં ક્ષેત્રે પૂજ્યશ્રીએ ખૂબ જ સુંદર પ્રગતિ સાધી. અઠ્ઠમ એમનો પ્રિય તપ. ૪૦૦ અઠ્ઠમ કરીને આ ક્ષેત્રમાં મહાન સિદ્ધિ મેળવી. તદુપરાંત કર્મસાહિત્યના સર્જનમાં પણ સુંદર ફાળો આપ્યો. પૂ. દાદા ગુરુદેવના કાળધર્મ બાદ તેઓશ્રીએ પોતાની વિહારભૂમિના કેન્દ્ર તરીકે મેવાડને પસંદ કર્યું. આ પ્રદેશનો ઘણી રીતે ઉદ્ધાર કરવો જરૂરી હતો. વિશાળ અને મહાન જિનમંદિરો જર્જરિત થઈ ગયાં હતાં, કયાંક મંદિરો સારાં હતાં, તો પૂજકોનો અભાવ હતો. આ બધી ખામીઓને નજર સમક્ષ રાખીને પૂ. પંન્યાસજી જિતેન્દ્રવિજયજી ગણિવરે ખૂબ જ કષ્ટો સહન કરીને મેવાડમાં વિચરણ ચાલુ રાખ્યું અને પૂજ્યશ્રીના પ્રયત્નોથી થોડાં વર્ષોમાં મેવાડ પ્રદેશ ધર્મજાગૃતિ અનુભવી રહ્યો. પૂજ્યશ્રીની પાવનકારી પ્રેરણાથી મેવાડ માલવા આદિમાં ૪૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર થયો. દેરાસરોના જીર્ણોદ્ધાર સાથે હજારો શ્રાવક-શ્રાવિકાઓના જીર્ણોદ્ધાર કર્યા. સ્થાનકવાસી તેરાપંથીઓને જિનપૂજાની શાસ્ત્રીયતા સમજાવી જિનપૂજક બનાવ્યા. ૨૨૨ જેટલાં મંદિરોની અંજનશલાકા પ્રતિષ્ઠાઓ થઈ. ૨૫ ઉપરાંત ઉપધાનતપ થયાં. ૭૫ દીક્ષાઓ થઈ. બિખરે ફૂલ જેવા ૨૫ ઉપરાંત પુસ્તકો પ્રકાશિત થયાં, જેમાં 'રસબંધો' નામનો ૨૫ હજાર શ્લોકમાં સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથ પ્રગટ થયો છે. પૂજ્યશ્રીના માર્ગદર્શન નીચે ૨૫ જેટલા જ્ઞાનભંડારો સ્થાપિત થયા. પૂજ્યશ્રીના કુટુંબમાંથી જ ૭ મુમુક્ષુઓએ દીક્ષા અંગીકાર કરી છે.

મેવાડ પ્રદેશમાં ઈસ્વાલ, સિરસ, માંડલગઢ, દયાલશાલિકા તીર્થ, નાગેશ્વર દર્શનધામ, લાલુખેડા, ભીમ આદિ અનેક નાનાંમોટાં તીર્થોનાં જીર્ણોદ્ધાર, વિકાસ, વિસ્તાર તથા રક્ષણ માટે અને તેને સક્ષમ અને સુદૃઢ બનાવવા ભગીરથ અને સતત પરિશ્રમ ઉઠાવવા બદલ પૂજ્યશ્રીને 'મેવાડદેશોદ્ધારક' તરીકે ઓળખવામાં આવ્યા. ગણિપદવી વખતે ૨૦ હજાર માનવમેદની હાજર હતી. તેઓશ્રીની યોગ્યતા પ્રમાણે, શ્રી સંઘની નમ્ર વિનંતીઓ થવાથી અને પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાને વશવર્તીને સં. ૨૦૪૪ના ફાગણ વદ ૩ને શુભ દિવસે રાજસ્થાનના દલોટ મુકામે આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા. અનેકવિધ શાસનપ્રભાવના દ્વારા જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવનાર પૂજ્યશ્રીનો સંયમપર્યાય ૫૪ વર્ષનો હતો. પૂજ્યશ્રીની સમાધાનવૃત્તિ જબરદસ્ત હતી માટે ખુમારી સાથે કહી શકતા હતાં કે ૫૪ વર્ષની સંયમપર્યાયમાં મને ૫૪ મિનિટ પણ આર્ત્તધ્યાન થયું નથી! માન-અપમાન દરેકમાં સમદૃષ્ટિ પૂજ્યશ્રીનો મુદ્રાલેખ હતો. "શ્રાવક પાસે ગોચરી માંગવી, છોકરા, છોકરી માંગવી પણ પૈસા માંગવા નહિ, નહિંતર સાધુની કિંમત કોડીની થઈ જાય....

૩૦–૩૫ કિ. મી. નો રોજિન્દો વિહાર હતો. સુકલકડી કાયામાં જોશ અને ખુમારી જોવા જેવી હતી. સં. ૨૦૬૧માં મેવાડમાલવાની પ્રતિષ્ઠાઓ પૂર્ણ કરી અતિ ઉગ્ર વિહાર કરી સુરત પહોંચ્યા. ત્યાં તાવ ચઢ્યો–ઉતરે જ નહિં. વર્ષોથી દવા લીધેલ નહી માટે ઉપેક્ષા કરી.રોગ વધતાં તપાસ કરાવી. લીવરનું કેંસર થર્ડ સ્ટેજનું ખ્યાલ આવ્યો છતાં અપાર સમાધિ-ભક્તિ. મારી તો ટીકિટ ક્યારની પૂરી થઈ ગઈ છે. વગર ટીકીટની મુસાફરી છે. ગમે ત્યારે ટી. ટી. આવે ઉતરવા તૈયાર છું–સમાધાન એ જ સ્વર્ગ છે, પ્રતિકુળતામાં પ્રસન્નતા આદિ સૂત્રો આત્મસાત કરેલા. આસો સુદ-૨ના રાત્રે ૧.૫૨ મિનિટે સુરત ભટાર રોડમાં નમસ્કાર મહામંત્ર સાંભળતાં સાભળતાં સ્વર્ગવાસી બન્યા. ૧૦૭ શિષ્યો તથા ૨૦૧ શિષ્યાઓના હિતચિંતક ગુરુદેવશ્રીનો સદા માટે વિરહ થઈ ગયો. અમર રહો પૂજ્ય ગુરુદેવશ્રી!

(પં. શ્રી રશ્મિરત્ન વિ. સંપાદિત સૂરિ જિતેન્દ્રજીવન જ્યોત તથા નમામિ સૂરિ જિતેન્દ્ર" માં પૂજ્યશ્રીનું વિસ્તૃત જીવન છે.)

સૌજન્ય : જનગુણ આરાધક ટ્રસ્ટ, ૧૫૧ ગુલાલવાડી,, મુંબઈ-૪

*સાહિત્યસર્જક : વર્ધમાન તપોનિધિ, ૧૨૪*

*અઠ્ઠમતપના આરાધક*

## પ.પૂ.આ.શ્રી વિજયપ્રભાકરસૂરિજી મ.સા

પોતાના પરોપકારી અને પ્રભાવશાળી વ્યક્તિત્વને લીધે જિનશાસનના ચતુર્વિધસંઘનો જેમના પ્રત્યે અવિહડ રાગ રગરગમાં વ્યાપી વળેલો છે તેવા શ્રી વિજયપ્રભાકરવિજયજી મહારાજ પણ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં વિનય, વિવેક, મમતા, ઉદારતા, વિદ્વત્તા, વ્યવહારકુશળતા, પરોપકારિતાને લીધે અત્યંત લોકપ્રિય મહાત્માની ખ્યાતિ ધરાવે છે. જ્યાં ૨૫ જેટલાં જિનમંદિરો જિનશાસનની આલબેલ પોકારી રહ્યાં છે, જ્યાંથી અસંખ્ય ભવ્યાત્માઓ પ્રવ્રજ્યાના પુનીત પંથે પળ્યા છે, તે વિરાગનગરી રાધનપુરમાં શેઠ રતિભાઈ ભૂરાભાઈ દોશીનાં સુશ્રાવિકા ધર્મપત્ની હીરાબહેનની રત્નકુક્ષિએ સં. ૧૯૯૨ના ફાગણ વદ ૧ (ધૂળેટી)ને દિવસે તેઓશ્રીનો જન્મ થયો. પૂજ્યશ્રીનું સંસારી નામ બાબુભાઈ હતું. બાબુભાઈ કુસંગને પ્રતાપે બાલ્યકાળમાં ઉન્માર્ગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચડી ગયા હતા, પરંતુ પૂ. મુનિવરોના સત્સંગે તરત જ સન્માર્ગે ચડી ગયા. ૭ વર્ષની કુમળી વયે આયંબિલની ઓળી કરવાનું મન થયું અને હોંશે હોંશે ક્રમશઃ આયંબિલ કરી. નાનપણથી જ ધાર્મિક સંસ્કારો સુદૃઢ અને સુવિકસિત થયા. કુટુંબ ધંધાર્થે મુંબઈ આવ્યું, તેમાં પરમ શાસનપ્રભાવક સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં પ્રવચનોની પ્રગાઢ અસર થઈ. માતાપિતાની ધાર્મિક વૃત્તિએ બાબુભાઈને પ્રોત્સાહન પૂરું પાડ્યું. તેઓ સંયમજીવનના પૂર્વસંસ્કરણ રૂપ અનેક વ્રત–નિયમો ધારણ કરવા લાગ્યા. જીવન સંયમ માટે, મોક્ષ માટે જ છે એવી દૃઢ શ્રદ્ધા સેવવા લાગ્યા. રાત્રિભોજન કે હોટલમાં ખાવાનું બંધ કર્યું. આસો વદ ૮થી કારતક સુદ ૫ સુધી મિષ્ટાન્ન લેતા નહીં. પોતાને વાપરવા મળતા પૈસા દીનદુઃખીને આપી દેતા. ૧૪ વર્ષની ઉંમરે ચાર મિત્રોએ થોડા પૈસા ભેગા કર્યા અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે સાતસો પુણ્યવાનોને એક આનાની પ્રભાવના કરી હતી. બાબુભાઈની આ ધર્મપ્રવૃત્તિ અને ચારિત્રપ્રવૃત્તિથી પિતા રતિલાલ પણ ખૂબ જ રાજી રહેતા. તેઓ ઇચ્છતા કે પોતાની હયાતીમાં જ બાબુલાલની દીક્ષા થાય અને બન્યું પણ એમ જ. ભવતારિણી દીક્ષાદાતા પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પાવક નિશ્રામાં દાદર–મુંબઈમાં સં. ૨૦૧૦ના મહા સુદ ૪ને શુભ દિવસે પ્રવ્રજ્યા સ્વીકારીને બાબુભાઈ ૧૭ વર્ષની યુવાન વયે પૂ. આ. શ્રી વિજયમુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય બની મુનિશ્રી પ્રભાકરવિજયજી નામે ઘોષિત થયા.

અત્યાર સુધી તેમણે પાંચ ઉપવાસ પાંચ વખત, છ ઉપવાસ છ વખત, સાત ઉપવાસ, આઠ ઉપવાસ અગ્યાર વખત, નવ ઉપવાસ ત્રણ વખત તેમજ ૧૬ ઉપવાસ, ૩૦ ઉપવાસ, ૩૩ ઉપવાસ, ૪૨ ઉપવાસ કરીને જૈન જગતમાં તપસ્વીઓને પ્રેરણા માટે ક્રાંતિ સર્જી છે. અત્યાર સુધી આયંબિલો ૫૦૭૦ તેમજ તીર્થંકર તપના આયંબિલો પણ ૧૦૦૦ કરેલ છે. ૬૦ હજાર કિલોમીટરથી વધારે પગપાળા વિહાર તેમજ સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર ભારતના દસથી બાર રાજ્યમાં તેમણે ધર્મ પમાડ્યો છે.

ગુરુકૃપાના બળે અને ફળસ્વરૂપે પૂજ્યશ્રીમાં સાધના–સ્વાધ્યાય–શાસનસેવાના અનેકાનેક ગુણોનો વિકાસ થયો. સ્વ-પર કલ્યાણની પ્રવૃત્તિઓમાં તપશ્ચર્યા એ સંયમજીવનનો પાયો છે. પૂજ્યશ્રીએ તો સંસારીપણામાં પણ તપ–સાધના પર વિશેષ રુચિ દર્શાવી હતી. સાધુપણામાં તો આ ગુણનો અનેકગણો વિકાસ થયો. પૂજ્યશ્રીએ આજ સુધીમાં છઠ્ઠનાં પારણે છઠ્ઠ—એક માસ, ચારનાં પારણે ચાર–એક માસ, પાંચ ઉપવાસ પાંચ વારથી માંડીને ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૨૦, ૩૦, ૩૩, ૪૨ ઉપવાસની આરાધના દોઢ વર્ષમાં કરી છે. આજ સુધીમાં સત્તર સો ઉપરાંત ઉપવાસ કર્યા છે. વીશસ્થાનક તપની ઓળી, ૧૦૮ અઠ્ઠમ પૂર્ણ કર્યા. ૨૪ ભગવાનના ચઢતા–ઊતરતાં; વળી ચઢતા આ સો–ઓળી ઉપરાંત એક હજાર આયંબીલ કર્યાં છે. આયંબિલ, ૧૦૦ ઓળી પૂરી થઈ ગઈ છે. પૂજ્યશ્રીની વર્ધમાનતપની ૯૫મી ઓળી નિમિત્તે ૯૯ છોડનો ભવ્ય ઉદ્યાપન મહોત્સવ તેમ જ ૯૪ અને ૯૬મી ઓળી નિમિત્તે ભવ્ય ઉજમણાં અમદાવાદ-નવરંગપુરામાં ઊજવાયાં હતાં. એવી જ રીતે, પૂજ્યશ્રીની પ્રેરણા અને નિશ્રામાં ૨૦ જેટલાં ઉજમણાં, ૧૫ છ'રીપાલિત યાત્રાસંઘો અમદાવાદ, જામનગર, બોરસદ આદિ સ્થાનોમાં ઉપધાનતપની આરાધના, અનેક ભવ્યાત્માઓને દીક્ષાપ્રદાન, ૧૫ જેટલા નવા સંઘોની સ્થાપના અને સ્થિરતા, ૪૦ જેટલાં નાનાંમોટાં જિનમંદિરોનાં નિર્માણ, પાંચ દેરાસરોના જીર્ણોદ્ધાર, અનેક ઉપાશ્રયોનું નિર્માણ, ૧૩/૧૪ પાઠશાળાઓની સ્થાપના આદિ મહાન પ્રભાવક કાર્યો થયાં છે. પૂજ્યશ્રીએ અમદાવાદમાં શ્રી કૃષ્ણનગર જૈન સંઘ અને શ્રી બાપુનગર જૈન સંઘ તેમજ અનેક સંઘો આદિની સ્થાપના કરાવી છે. તેઓશ્રી દ્વારા જ્યાં સંઘો સ્થપાયા, એ આજે સારી રીતે વિકાસ પામ્યા છે. ૨૦ ઘરોનો સંઘ ૧૬૦૦ ઘર સુધી પહોંચ્યો છે. જ્યાં જ્યાં ચાતુર્માસ થયાં છે, ત્યાંના શ્રીસંઘોમાં આરાધનાનાં પૂર ઊમટ્યાં છે. દાન–શીલ–તપ–ભાવનાના ડંકા વાગ્યા છે. સં. ૨૦૪૭માં ૯ દેરાસરોની પ્રતિષ્ઠા, ૨૦૫૯માં સાત દેરાસરમાં પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની પ્રેરણા–નિશ્રાથી થઈ છે. ૨૦૬૧માં અગ્યાર પ્રતિષ્ઠા થઈ હતી. રાજકોટમાં રૈયા રોડ તથા શ્રમજીવી સોસાયટી નં. ૩માં શિખરબંધી દેરાસરો બંધાયાં છે. વર્ધમાનનગરમાં સં. ૨૦૪૭ના ચાતુર્માસમાં અનેકવિધ તપારાધનાઓ અને અનુષ્ઠાનો થયાં છે. પૂજ્યપાદ આચાર્ય-ભગવંત શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે, તેમની દીર્ઘ અને ઉજ્જ્વળ સંયમસાધનાની અનુમોદનાર્થે ભવ્ય મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં ઊજવાયો છે. પૂજ્યશ્રીનાં અપ્રમત્ત જીવનચર્યા, સતત આત્મચિંતન અને સ્વ–પર કલ્યાણની તીવ્ર ભાવનાના કારણે સંઘ અને શાસનનાં અનેક કાર્યો સુસમ્પન્ન બની રહ્યાં છે. ૨૦૫૯માં બોરસદના ચોમાસામાં પર્યુષણ અને અઠ્ઠાઈ કરી આઠે દિવસનાં બે વ્યાખ્યાન છોડીને બધાં વ્યાખ્યાન વાંચ્યાં હતા. રાજકોટ..........આઠે ઉપવાસ કરી બધા વ્યાખ્યાન વાંચ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીની મહાન તપશ્ચર્યાઓ અને શાસનપ્રભાવનાનાં અનેક કાર્યોની જેમ તેઓશ્રીનું અધ્યયનફળ થોડું થોડું પણ ભવ્ય છે. વિવિધ ગ્રંથો અને સાહિત્યના તલસ્પર્શી અધ્યયનને લીધે પૂજ્યશ્રીની વિદ્વત્તા અને વક્તૃત્વશક્તિનો અદ્‌ભુત વિકાસ સધાયો છે. તેઓશ્રી મધુર અને સરળ વાણીમાં ગહન અને ભાવપૂર્ણ પ્રવચનો કરવામાં કુશળ છે. તેઓશ્રીનાં પ્રભાવશાળી પ્રવચનોથી પ્રેરાઈને અનેક ભાવિકો, ખાસ કરીને, યુવાવર્ગમાં ધર્મજાગૃતિના જુવાળ આવ્યા છે. એવી જ રીતે, પોતાના અગાધ અભ્યાસના ફળસ્વરૂપે પૂજ્યશ્રીએ સાહિત્યનું વિપુલ સર્જન કર્યું છે. લોકોપકારી–લોકભોગ્ય સાહિત્યસર્જનમાં તેઓશ્રી અગ્રેસર રહ્યા છે. ધર્મ, અધ્યાત્મ, સમાજ, વિજ્ઞાન આદિ વિષયોને સાંકળીને વર્તમાન સંદર્ભમાં ધર્મસંસ્થાપના અને જૈનદર્શનની મહત્તા પ્રતિપાદિત કરતા ૪૦ થી વધુ ગ્રંથો રચ્યા છે, જેમાં 'વિજ્ઞાન અને જૈનદર્શન' ભાગ ૧–૨, 'સંસ્કૃતિનું વિજ્ઞાન', 'શ્રમણોપાસકનું ઝગમગતું જીવન', 'વિલય ચિનગારી', 'પ્રેરણાની પરબ', 'મહામંત્રનું વિજ્ઞાન', 'જીવનમાં મૌનનો ચમત્કાર', 'વીતરાગવચનનું સર્વશ્રેષ્ઠ વિજ્ઞાન', 'સાપેક્ષવાદનું વિજ્ઞાન', 'પ્રેમસૂરિદાદા', 'જીવનનું અમૃત', 'આત્મવાદ', 'જીવન અને વ્રતો', 'ક્રોધનો દાવાનળ અને ઉપશમની ગંગા', 'ચિંતનનું ચૈતન્ય', 'આચારસંહિતા', 'અદૃશ્ય એટમબોમ્બ', 'રાત્રિભોજન કેમ નહિ?', 'બાળભોગ્ય નવકાર', 'ધર્મનું વિજ્ઞાન', 'સાર્થવાહ', 'મારું વહાલું પુસ્તક', 'હું પુસ્તકની સાથે', ચિંતનની સાથે સાથે પ્રશ્નોતરી આદિ નૂતન શૈલીથી લખાયેલા ગ્રંથો છે. વિજ્ઞાન વિષયક ગ્રંથોની તો હજારો નકલો ખપી ગયેલી છે અને દેશવિદેશમાં લોકપ્રિય પણ થયેલી છે.

એવી અનેકવિધ શાસનપ્રભાવના દ્વારા બહુમુખી પ્રતિભાને ઉપસાવતા સાધુવરને સં. ૨૦૪૧માં માગશર સુદ ૬ને દિવસે પાલિતાણામાં પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે ગણિ પદ, સં. ૨૦૪૪ના ફાગણ વદ ૩ને દિવસે અમદાવાદમાં પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પંન્યાસ પદ અને સં. ૨૦૪૬ના ફાગણ સુદ ૧૧ને શુભ દિવસે બોરસદ મુકામે પૂ. આ. શ્રી વિજયરાજતિલક-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્ય પદ પ્રદાન કરવામાં આવ્યાં. પદપ્રદાનના આ દિવસે, પ્રસંગને અનુલક્ષીને બોરસદમાં જીર્ણોદ્ધાર પામી રહેલા શ્રી આદિનાથ જિનમંદિર માટે સારું ફંડ થયું. બોરસદમાં તાજેતરમાં ૨૦૫૯માં ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે ૨૭ લાખનું ફંડ કરેલ આંબેલ ભુવનનું નિર્માણ કરેલ અને નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરી વિદ્યાનગર ચાતુર્માસ કરેલ છે. બહારગામના સંઘોએ તેમ જ ભાવિકોએ જૈનમંદિરમાં દેવદ્રવ્ય અને સ્વદ્રવ્ય અર્પણ કરી સુંદર લાભ લીધો. જીવદયામાં પણ અનુમોદનીય ફાળો નોંધાયો. આ પ્રસંગે પૂજ્યશ્રીના સંસારી સંબંધીઓએ પણ દ્રવ્યનો અનુપમ સદ્‌વ્યય કર્યો હતો. સાધના-આરાધનામાં ઉત્કૃષ્ટ સ્થાને બિરાજતા આ સૂરિવર નિરામય દીર્ઘાયુષ્ય પામીને શાસનપ્રભાવનાનાં સર્વોત્કૃષ્ટ કાર્યો સફળતાપૂર્વક પાર પાડતા રહો અને તે માટે શાસનદેવ પૂજ્યશ્રીને સંપૂર્ણ સ્વાસ્થ્ય બક્ષો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

મહારાષ્ટ્ર માલેગાવમાં લાખ્ખોના ફંડથી ૬૮ તીર્થ મંદિર બનાવેલ છે.

પૂજ્યશ્રીના અંતરમાં ઔદાર્યતા, આંખોમાં નિર્મળતા, સ્વભાવગત સરળતા, સાર્વત્રિક સાદગી, સંઘ પરોપકાર પરાયણતા–પરસ્પર આત્મીય સદ્‌ભાવ દ્વારા શ્રી સંઘની સમન્વયતા માટેનો પ્રયત્નોના ઉત્કૃષ્ટ ગુણવૈભવ આદર ભાવથી મસ્તકને ઝુકાવનારો છે.

૨૦૬૦માં વલ્લભવિદ્યાનગરમાં ચોમાસાના ભવ્ય સામૈયા બાદ સાધર્મિક વાત્સલ્ય તથા શિરવડ કરતા પૂર્ણ થયું. દરેકને ૪૫ રૂપિયાથી તથા ગોળના રવાથી બહુમાન થયું. ચંદ્રમણિ તીર્થ પેઢી બનાસકાંઠામાં ૨૦૩૪માં નવા ડીસામાં ચોસઠ પહોરી પૌષધ ભાઈબહેન મળીને સાડાચારસો કરાવ્યાં હતાં. ૨૦૬૧નું ચોમાસુ રાજકોટ શ્રમજીવી સોસાયટીમાં સંપન્ન થયું. ૨૦૩૫માં વાવમાં તેમની નિશ્રામાં સોજન ......... પ્રતિક્રમણ કરતા ભાભરમાં ૨૦૩૬માં બસ્સોથી અઢીસો જણ પુરુષો પ્રતિક્રમણ કરતા હતા.

*સૌજન્ય : શાહ ભરતભાઈ ચંદુલાલ ખેડાવાળા, અમદાવાદ.*

*હિંમતભાઈ એમ. દીપ ઈલેક્ટ્રીક વર્ક્સ, અમદાવાદ*

### *વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત*

## શ્રીમદ્‌ વિજય ગુણયશસૂરિજી મહારાજા



સાંસારિક નામ : ગગલદાસભાઈ

માતા : સેજીબહેન

પિતા : સ્વરૂપચંદભાઈ

ગુરુદેવ : પૂ.આ.શ્રીવિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ : વિ.સં. ૧૯૮૦, માહ માસ, ભારોલી તીર્થ.
દીક્ષા : વિ.સં. ૨૦૨૩ પોષ સુદ-૧૪, મુરવાડ, મહારાષ્ટ્ર.
વડી દીક્ષા : વિ.સં. ૨૦૨૩ મહાવદ-૧૦ લાલબાવા, મુંબઈ.
ગણિપદ : વિ.સં. ૨૦૫૦ કારતક સુદ-૧૧, ગોપીપુરા, સુરત.
પંન્યાસ પદ : વિ.સં. ૨૦૫૨ વૈશાખ સુદ-૬ ભારોલ તીર્થ
ઉપાધ્યાય પદ : વિ.સં. ૨૦૫૨ વૈશાખ સુદ-૬ ભારોલ તીર્થ
આચાર્યપદ : વિસં. ૨૦૫૨ વૈશાખ સુદ-૭ ભારોલ તીર્થ
નિશ્રાવર્તી સાધુ : ૪૨

શ્રીમદ્ વિજય ગુણયશસૂરિજી મહારાજામાં વાત્સલ્ય. વિદ્વત્તા અને વિચક્ષણનો વિરલ ત્રિવેણી સંગમ જોવા મળે છે.

વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરિજી મહારાજાનું વ્યક્તિત્વ ઘેઘૂર વડલા જેવું વિરાટ અને શીતળ છાંયો આપનારું છે. આચાર્ય ભગવંતના સાંનિધ્યમાં નાનકડા બાળકથી લઈ જેના માથે પળિયા આવી ગયાં છે, તેવા વૃદ્ધને પણ એવી કુદરતી રીતે સાંત્વના થાય છે કે મારે માથે એક એવા વડીલની છત્રછયા છે કે, જેઓ મને સુખમાં અને દુઃખમાં, આંધીમાં અને તોફાનમાં સાથ આપશે, આપશે અને આપશે જ. સાધનાના વિકટ પથ ઉપર પા પા ડગલી માંડતા બાલ મુનિઓને આચાર્ય ભગવંતે જે કુનેહ, ધીરજ, સહિષ્ણુતા, સૌમ્યતા અને સંવેદનાથી સડસડાટ દોડતા કરી દીધા છે,તેના ઉપરથી લાગ્યા વિના રહેતું નથી કે સાધક અવસ્થામાં બાળમાનસના તેમના જેવા અચ્છા નિષ્ણાંત જૈન સંઘની બહાર દીવો લઈને શોધવા જઈએ તો પણ મળે મહિ. મોટી મોટી યુનિવર્સિટીના ચાઈલ્ડસાયકોલોજીના પ્રોફેસરો જો વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત પાસે આવે તો તેમને જરૂર બાળમાનસને ઘડવાની બાબતમાં અનેક નવા પાઠો શીખવા મળે.

જૈન શ્રાવક પોતાના પુત્રને ન છૂટકે જો વ્યાવહારિક શિક્ષણ આપતી શાળામાં અભ્યાસ કરવા મૂકે તો પણ આજની ભોતિકવાદી કેળવણીના વિષની અસરમાં તે દેવ, ગુરુ તેમજ ધર્મને ન ભૂલી જાય તે માટે વાલી તરીકે કેટલા સંચિત અને સાવધ રહેવું જોઈએ, તે દરેક માતા-પિતાએ આ આચાર્ય ભગવંત પાસેથી શીખવું જોઈએ. ત્રણ વર્ષના અબુધ બાળકને પ્રેરણા કરી, આયંબિલ તપ જેવો તપ કરાવવો હોય ત્યારે તેને પાર ઉતારવા માટે કેટલા વાત્સલ્ય અને કુનેહપૂર્વક બાળકમાં શુભભાવોનો સંચાર કરવો જોઈએ. તેની કળા વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંતને જાણે સહજ સિદ્ધ છે.

આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ગુણયશસૂરિજી મહારાજાએ જૈનશાસનને જો કોઈ સૌથી મોટી ભેંટ આપી હોય તો તે પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ કીર્તિયશસૂરિજી મહારાજા છે. આજે પ્રવચન પ્રભાવક તરીકે સમગ્ર જૈન સંઘમાં સમ્યગ્જ્ઞાનનો અચિંત્ય પ્રકાશ પાથરી રહેલા આચાર્યદેવને બાલ્યવયમાં જે પ્રેરણાના પીયૂષ પાવામાં આવ્યાં, તેના કારણે આજે તેઓ નીડરતાથી અને નિશ્ચલતાથી શાસનની રક્ષા અને પ્રભાવનનાં ઐતિહાસિક કાર્યો કરી રહ્યા છે. પોતાના સંસારી પુત્રને સંયમને માર્ગે વાળવા માટે વર્ધમાન તપોનધિ આચાર્ય ભગવંતે જે મક્કમતા, ધીરજ, સંકલ્પબદ્ધતા અને અડગતાનું આચરણ કર્યું, તે જૈન સંઘમાં દરેક માતા-પિતાઓ માટે ઉદાહરણીય છે.

જૈનકુળમાં જન્મ ધારણ કરનાર બાળકને બચપણથી જ સાધુનાં દર્શન કરાવતી વખતે એક જ વાત કરવી જોઈએ કે, બેટા! તારે પણ એક દિવસ આવા સાધુ બનવાનું છે' અને પુત્ર જ્યારે મહાભિનિષ્ક્રમણને પંથે સંચરવા માટે થનગનવા માંડે ત્યારે તેના પંથમાં રહેલા અવરોધો કેવી ચતુરાઈ અને દૂરંદેશીના હલ કરવા, તે બાબતમાં પણ વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંતશ્રી આ બાળમાનસને પારખીને સાધનાને પંથે ચડાવવાની અદ્ભુત સૂઝનો લાભ તેમના સંસારી પુત્રને મળ્યો છે, તેવું પણ નથી. વર્ધમાન તપોનિધિના તારક ગુરુદેવ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ તેમની આ વિશિષ્ટ શક્તિને પારખી અનેક બાળ મુનિઓના જીવન ઘડતરની ગંભીર જવાબદારી તેમને સોંપી હતી, જે તેમણે ટાંકણાં મારી મનોહર મૂર્તિનું ઘડતર કરતા શિલ્પીની ખૂબીથી નિભાવી હતા.

આચાર્ય ભગવંતે સંવત ૨૦૨૩માં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી, તે અગાઉથી જ આકરી તપશ્ચર્યાને પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. દીક્ષાનાં પાંચ વર્ષ અગાઉ તેમણે દીક્ષા ન લેવાય ત્યાં સુધી છ વિગઈના ત્યાગનો ભીષ્મ સંકલ્પ કર્યો હતો. આ ગાળામાં તો તેઓ છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા અને પારણામાં વળી આયંબિલનો તપ કરતા. આ રીતે ત્રણ દિવસે એક જવખત વાપરવા બેસતા. ત્યારે પણ તેઓ રોટલી અને ભાત જેવો તદ્દન લુખ્ખો આહાર ગ્રહણ કરતા. દીક્ષા પ્રાપ્ત થઈ તે પછી તેમણે વર્ધમાનતપની ૧૦૦ ઓળી ચિત્તની અત્યંત પ્રસન્નતા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અદ્‌ભુત સમતાપૂર્વક પૂર્ણ કરી. જેનું પારણું પરમ તારક ગુરુદેવ પૂજ્યપાદ ગચ્છાધિપતિ વિજય રામચંદ્રસૂરીજી મહારાજાની પવિત્ર છત્રછાયામાં જ કર્યું. તેમાં પણ ૯૭મી ઓળીમાં વચ્ચે માસક્ષમણ કરી પારણું કરી સતત આયંબિલનો તપ ચાલુ જ રાખ્યો. આટલી ઉગ્ર તપસ્યા કરતાં કરતાં વર્ધમન તપોનિધિશ્રીજીએ પોતાના ગુરુદેવ પૂજ્યપાદ આચાર્ય ભગવંતની સેવા, બાળમુનિઓને અભ્યાસ, વિહાર, ગૌચરી, સ્વાધ્યાય વગેરે પ્રવૃત્તિઓ સાહજિક રીતે ચાલું જ રાખી હતી. ઉગ્રમાં ઉગ્ર તપશ્ચર્યા દરમ્યાન પણ તેમના ચહેરા ઉપર પ્રસન્નતા અને સૌમ્યતાનો મહાસાગર હલોળા લેતો જોવા મળે છે.

તેઓશ્રીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક તપો જીવનમાં આચર્યા છે, જેમાં શ્રેણી તપ, સિદ્ધિતપ, વીશસ્થાનક તપ જેવાં દુઃસાધ્ય તપોનો સમાવેશ થાય છે. વર્ધમાન તપ તેમણે ઉત્કૃષ્ટ રીતે કર્યો હતો. સંયમજીવનની પ્રાપ્તિ માટે તેમણે અનેક સંઘર્ષોનો સામનો વેઠવો પડ્યો હતો.

વર્ધમાન તપોનિધિશ્રીને જન્મ બનાસકાંઠાના શ્રી ભારોલતીર્થ મુકામે વિ.સ. ૧૯૮૦ની સાલમાં માતા સેજીબહેનની કુક્ષિએ થયો હતો.

તેઓશ્રીની દીક્ષા મહારાષ્ટ્રના મુરબાડ મુકામે તેઓની ગણિ પદવી સુરત મુકામે વિક્રમની ૨૦૫૦ની સાલે ઈતિહાસમાં સુવર્ણ પૃષ્ઠે અંકિત થાય તે રીતે સંપન્ન થઈ હતી, તો વળી પંન્યાસ-ઉપાધ્યાય અને આચાર્યપદથી તેઓને વિક્રમના ૨૦૫૨ની સાલના શ્રેષ્ઠતમ મુહૂર્તે પોતાની જન્મભૂમિ એવા શ્રી ભારોલતીર્થમાં બાવીશમાં તીર્થપતિ શ્રી નેમિનાથ પરમાત્મા તથા ત્રેવીસમાં તીર્થપતિ શ્રી પાર્શ્વનાથની પાવન પ્રતિષ્ઠાના પાવનકારી દિવસે સ્થાપિત કરાયા હતા.

વર્ધમાન તપોનિધિશ્રીજીએ પંચ પરમેષ્ઠીના ગૌરવવંતા તૃતીયપદે શોભાયમાન થયા પછી પણ પોતાના તપ ગુણ વધારે ને વધારે ઉચ્ચતમ કક્ષાએ પહોંચાડવા માત્ર ૩-૪ વર્ષના ટૂંકા ગાળામાં તીર્થંકર પ્રદાતા એવા વીશસ્થાનક મહાતપને અપ્રમત્તપણે પૂર્ણ કર્યો. એ તપની પૂર્ણાહૂતિ મુંબઈ મહાનગરે મહામહોત્સવપૂર્વક થઈ જેમાં ૩૨૦૦ પુન્યાત્માઓ એ ઉપવાસનો તપ કરવાપૂર્વક વીશ સ્થાનક મહાપૂજનમાં ભાગ લઈ એ મહાપુરુષને "વીશસ્થાનક તપ પ્રભાવક" તરીકે સંબોધ્યાં.

તપ ક્ષેત્રમાં વર્તમાન વિશ્વમાં અગ્રતમ સ્થાને પહોંચ્યા પછી પણ આજે એમના મનોરથો અને છઠ્ઠ-ઉપવાસ-નિત્ય એકાસણા આદિ તપ અનેક ભવ્યાત્માને તપ ધર્મમાં અનન્ય આલંબન પૂરું પાડે છે.

આજે ૮૩ વર્ષની જૈફ વયે પણ પૂજ્ય આચાર્ય શ્રી વિજય ગુણયશસૂરિજી મહારાજા એક યુવાનને શરમાવે એવી ધગશ અને સ્ફૂર્તિપૂર્વક શાસનની આરાધના પ્રભાવનાના કાર્યો કરી રહ્યા છે. તેમના હાથ નીચે તૈયાર થયેલા અનેક બાળમુનિઓ આજે સારા એવા સંયમી, જ્ઞાની, ધ્યાની, તપસ્વી, લેખક, પ્રભાવક, કવિ, પ્રવચનકાર, વાચનાદાતા બની જૈનશાસનની અનુપમ સેવા કરી રહ્યા છે.

જેને પણ તપધર્મમાં આગળ વધવું હોય તેને તેઓશ્રીના આશીર્વાદ સુસફળ નીવડે છે.

અંતે! એ મહાપુરુષના જીવનના દરેક પાસા ગુણવત્તાથી ભરેલા છે, છતાં એ દરેક પાસાને સુસફળ બનાવનારો તેમનો એક ગુણ અજોડ છે. એ ગુણાધિરાજ છે. 'દરેક આત્માને સંસારથી તારી, સંયમી બનાવી, સુખી કરવાની ભાવના.'

*સૌજન્ય : રામપુરા (ભારોલતીર્થ)નિવાસી વોહેરા પાર્વતીબેન રીખવચંદ પરિવાર, સુરત*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન શાસન પ્રચાર અને રક્ષા માટે સામયિકો

## શ્રી જૈન શાસન

(અઠવાડિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦
પરદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦, આજીવન રૂા. ૫૦૦૦

## શ્રી મહાવીર શાસન

(માસિક)

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦
પરદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦, આજીવન રૂા. ૬૦૦૦

## જૈન બાલ શાસન

(માસિક)

ગુજરાતી 卐 હિન્દી 卐 અંગ્રેજી

પાંચ વર્ષના રૂા. ૨૫૦, આજીવન રૂા. ૧૦૦૦
પરદેશમાં પાંચ વાર્ષિક રૂા. ૧૫૦૦, આજીવન રૂા. ૬૦૦૦

**શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (ગુજરાત) ૩૬૧ ૦૦૫.
ફોન : ૨૭૭૦૯૬૩

આગમો, ટીકાઓ, પ્રાચીન સાહિત્ય પ્રકરણો તથા
ધર્મકથા ઉપદેશ તથા કથાઓ તથા
તીર્થદર્શન, શત્રુંજય ભાવયાત્રા વિ. સાહિત્ય પ્રકાશન કરનાર

**શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા – લાખાબાવળ**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (ગુજરાત) ૩૬૧ ૦૦૫. ફોન : ૨૭૭૦૯૬૩
આપને પ્રભાવના માટે ગુજરાતી, અંગ્રેજી, હિન્દીમાં પુસ્તકો જોઇએ તો મંગાઓ, સુચિ પત્ર મંગાઓ.

# સદીના સમયજ્ઞ સંતરત્નો

સર્વસંસારના ત્યાગસહિત ઉગ્ર સંયમચર્યાઓના પાલન દ્વારા કાયા સુધીનાં તમામ પાત્રો પરની મમતા ઓગાળ્યા પછી પણ અહંની મમતા ઓગાળવાનું કાર્ય અતિ દુષ્કર છે. માન-મોભ્ભો અને પદ-પ્રતિષ્ઠાથી પર બનીને નિસ્પૃહપણે આત્મસાધનામાં રત રહેનારા ભદ્રપરિણામી સરળતા અને સૌમ્યતાથી શોભતા સંતજનો વિશેષ માનનીય અને પૂજનીય છે. ઊંડા ગ્રામ્યવિસ્તારોમાં કે રાજસ્થાન આદિ દૂરના પ્રદેશોમાં અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે નિર્મળ અને સુવિશુદ્ધ સંયમયાત્રાના પાલન સાથે આંતરખોજમાં ગરકાવ બનેલા આ મહાત્માઓ આતમમસ્તીમાં મહાલતા હોય છે. માન અને અપમાનના ભેદોને ભૂંસી નાખી ઊંચી આધ્યાત્મિક સ્થિતિને પામેલા આવા પુણ્યપ્રભાવી મહાત્માઓ આજના આ વિષમકાળમાં પણ જૈન સંઘના પરમ વૈભવસમા શોભી રહ્યા છે.

*પરમારાધ્ય પ્રકૃષ્ટ પુણ્યપ્રભાવી*

## પૂ. પંન્યાસ શ્રી ધર્મવિજયજી ગણિવર્ય

(ડહેલાવાળા)

મહાપુરુષોની સ્વર્ણશૃંખલામાં પૂજ્ય પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજનું નામ વર્ષોથી શુક્રતારકની જેમ ચમકી રહ્યું છે. પૂજ્યશ્રીએ સં. ૧૯૩૩ના પોષ વદ ૧૪ના દિવસે વાત્સલ્યમૂર્તિ પિતા માયાચંદભાઈની શીતળ છાયામાં શીલાદિ સંસ્કારોથી સુશોભિત માતા મીરાંતબાઈની કુક્ષિએ જન્મ ધારણ કરી થરા ગામને અલંકૃત બનાવ્યું હતું. 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ ન્યાયે, ભવિષ્યમાં ધર્મધ્વજને ધારણ કરવાનો સંકેત જ રહે તેમ, સ્નેહઘેલાં માતાપિતાએ પુત્રનું નામ ધરમચંદ પાડ્યું. બાલ્યવયથી પૂર્વના ક્ષયોપશમ અને સતેજ બુદ્ધિના પ્રભાવે વ્યવહારયોગ્ય કેળવણી મેળવ્યા બાદ ધરમચંદને નૃત્ય-ગીત-સંગીતનો અનોખો શોખ જાગ્યો. તેમને શીલવતી કન્યા સાથે લગ્નગ્રંથિથી જોડી દીધા. સાંસારિક જવાબદારીઓ વધવા છતાં નાટકો જોવાનો શોખ ટકી રહ્યો. ભર્તૃહરિના સંસારત્યાગનો ખેલ જોયા પછી ભાઈશ્રી ધરમચંદનું અંતઃકરણ સંસારના રંગરાગથી છૂટવા અને વૈરાગ્યના રંગે રંગાવા જાગૃત બન્યું. દીપકની જ્યોતને વધુ દિવેલ મળતાં તેના પ્રકાશમાં વધારો થાય તેમ, અમદાવાદ-ડહેલાના ઉપાશ્રયની પાટપરંપરાના મુખ્ય નાયક પૂ. પંન્યાસજી શ્રી મોહનવિજયજી મહારાજનો પરિચય થતાં ધરમચંદની વૈરાગ્યજ્યોત વધુ પ્રકાશિત બની. પરિણામે ૧૯ વર્ષની ભરયુવાન વયે પૂર્ણ વૈરાગ્ય સાથે, સંસારના સ્નેહ-સંબંધોનો ત્યાગ કરી સં. ૧૯૫૨ના અષાઢ સુદ ૧૩ના શુભ દિને શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની છત્રછાયામાં, ચંચળ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવા માટે હાથીની અંબાડીએ બેસી વર્ષીદાન દેતાં, ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ધરમચંદમાંથી ત્યાગી બનેલા મહાનુભાવે સંયમજીવનમાં મુનિ શ્રી ધર્મવિજયજી નામ ધારણ કરી, પ્રભુશ્રી મહાવીરસ્વામીના શાસનની ધર્મધ્વજાને ઉન્નત રાખવાના શ્રેષ્ઠ પુરુષાર્થ રૂપે જ્ઞાન-ધ્યાન અને તપ-ત્યાગ માટેની સાધનાનાં મંડાણ કર્યાં.

જીવનશિલ્પી રૂપે પ્રકૃષ્ટ પ્રતિભાવંત પૂ. પંન્યાસજી શ્રી મોહનવિજયજી મહારાજને સ્વીકાર્યા બાદ, અતૃપ્ત હૈયે અખંડ શ્રુતોપાસનામાં લીન એવા મુનિશ્રી ધર્મવિજયજી ઘણા ટૂંકા સમયમાં ઉત્કૃષ્ટ વિદ્વાન અને ઉચ્ચ સંયમી આત્મા તરીકે જૈનશાસનમાં તેજસ્વી હીરા સમાન ચમકવા લાગ્યા. સંયમદાતા ઉત્કૃષ્ટ ત્યાગ-વૈરાગ્યના રંગોથી રંગાયેલા મુનિશ્રીની આદર્શ પ્રતિભાથી આકર્ષાયેલા અનેક મહાત્માઓ સંયમમાર્ગના પથિક બન્યા. તેમના મુખ્ય શિષ્યોમાં પૂ. મુનિશ્રી ચમનવિજયજી, મુનિશ્રી ચારિત્રવિજયજી, મુનિશ્રી સુરેન્દ્રવિજયજી અને મુનિશ્રી અશોકવિજયજી મહારાજની ગણના થતી. બીજના ચંદ્રની જેમ આગળ વધેલા મુનિશ્રી ધર્મવિજયજી મહારાજને અનેક સંઘોએ તથા સમુદાયના સાધુભગવંતોએ અત્યંત આગ્રહ સાથે સં.૧૯૬૨માં મહામહોત્સવપૂર્વક ડહેલાના ઉપાશ્રયે પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. સામુદાયિક ઉત્તરદાયિત્વ પૂર્ણ કરવા અંગે પંન્યાસ પદની સ્વીકૃતિ બાદ પરમેષ્ઠીના ત્રીજા પદ આચાર્ય પદ પર બિરાજમાન કરવામાં ડહેલાના ઉપાશ્રયના શ્રીસંઘનો અને પાટણ ખેતરવસી અને ગામોના શ્રીસંઘનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગ્રહ હોવા છતાં પદલિપ્સાથી નિઃસ્પૃહ એવા પૂ. પંન્યાસજી મહારાજે છેક સુધી ઇન્કાર જ કર્યો.

શ્રુતોપાસનાના અખંડ ઉપાસક શ્રી ધર્મવિજયજી મહારાજે પાટણ ખેતરવસી જૈન ઉપાશ્રયમાં અને ડહેલાના ઉપાશ્રયમાં હસ્તલિખિત પ્રતોના વિશિષ્ટ જ્ઞાનભંડારોની સ્થાપના કરી અને જ્ઞાનધનના સુરક્ષાહેતુ અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો. આ જ્ઞાનભંડારો વિશે દેશવિદેશના વિદ્વાનો પૃચ્છા કરતા હતા. પૂ. પંન્યાસજી મહારાજના ધ્યાનસાધનાના કેન્દ્રબિન્દુ રૂપે પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન મુખ્ય હતા. ત્રિકાળ દર્શન-વંદનના નિયમ સાથે કેટલાય દિવસો સુધી દાદાજીની પાવન છાયામાં પૂજ્યશ્રી સમાધિની ઊંડી અનુભૂતિનો આનંદ અનુભવતા હતા. તેઓશ્રીએ અંતરની અનુભૂતિ દ્વારા જીવનયાત્રાની સમાપ્તિનાં ચિહ્નો જાણી, પોતાના પટ્ટધર શિષ્ય તરીકે પરિપૂર્ણ યોગ્યતાના ધારક, પ્રકૃષ્ટ પ્રભાવશાળી પૂ. મુનિવર્યશ્રી સુરેન્દ્રવિજયજી મહારાજને ડહેલાના ઉપાશ્રયની પાટે ભવ્ય સમારોહપૂર્વક પંન્યાસ પદ પર પ્રતિષ્ઠિત કર્યા.

जातस्य हि ध्रुवो मृत्यु—એ ન્યાયે ડહેલાના ઉપાશ્રયની ગૌરવમયી પાટપરંપરાના આ તેજસ્વી તારલાને પણ કાળયમની છાંય પડી. સં. ૧૯૯૦ના ચૈત્ર વદ ૭ની સાંજે ૫-૨ કલાકે, રાજનગર અમદાવાદને આંગણે પ્રથમવાર અદ્વિતીય મુનિસંમેલનની મંગલ પૂર્ણાહુતિના સમાચાર જાણી, પૂજ્યશ્રીના આતમહંસે અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું. આદર્શ ગુણોથી આકર્ષિત ભક્તવર્ગની આંખોથી વરસતા શ્રાવણ-ભાદરવા વચ્ચે શહેરના ઇતિહાસમાં અદ્વિતીય કહી શકાય એવા ઠાઠથી પૂજ્યશ્રીની સ્મશાનયાત્રા નીકળી અને શોકમિશ્રિત ભક્તિભાવનાના અખંડ પ્રવાહની ધારા વચ્ચે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ રૂપે દેવવંદના અને મંગલક્રિયામાં જૈનસમાજના ધુરંધર આચાર્યો શ્રી સિદ્ધિસૂરિજી મહારાજ, શ્રી નેમિસૂરિજી મહારાજ, પંન્યાસ ધર્મવિજયજી મહારાજના નામથી સરિયદ, ખીમાણા, કંબોઇ, ઉંદરા તથા પાટણમાં પં. રત્નવિજયજી મહારાજના નામથી ખેતરવસીમાં, અને અન્ય અનેક ગામોમાં પાઠશાળાઓ ચાલે છે. કોટિ કોટિ વંદન હજો એ પરમ પ્રભાવીને! સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રી અમર રહો!

*સૌજન્ય : પૂ. પં. શ્રી રવિરત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી શ્રી અર્હંપ્રભાવક ચેરીટેબલ ટ્રસ્ટ, કૃષ્ણનગર, અમદાવાદ*

# गच्छाधिपति आचार्य दर्शन सागर सूरीश्वरजी महाराज साहेब

निरंजन परिहार



त्याग, तपस्या, सेवा, स्नेह, सम्मान और इन सबके साथ धन के प्रति गहन आस्था और विराट किस्म की विद्वत्ता की वास्तविक प्रतिमूर्ति के रूप में आचार्य दर्शन सागर सूरीश्वर महाराज को जाना जाता है। जैन धर्म के श्रेष्ठ आचार्यों और अपने समकालीन गच्छाधिपतियों में सर्वश्रेष्ठ माने जाने वाले आचार्य दर्शन सागर सूरीश्वर महाराज जीते जी धर्म, आस्था और सात्विक जीवन की शालीन प्रतिमा का रूप जीते जी ही धर चुके छे। ७५ वर्ष तक साधु जीवन को जीने वाले आचार्य दर्शन सागर सूरीश्वर महाराज अपने जीवनकाल में अगर गच्छाधिपतियों ते सर्वांगीण अग्रणी आचार्य माने जाते रहे तो इसका कारण यही थी कि जैन धर्म के ९०० से अधिक साधु-साध्वीयों की विराट सेना के सेनापति के रूप में उन्होंने देशभर में धर्म का प्रचार और प्रसार किया। विक्रम संवत १९५८ में जेठ वद ७ को गुजरात के ध्रांगध्रा जिले के धोली गांव में जन्मे आचार्य दर्शन सागर सूरिश्वर महाराज २७ वर्ष की उम्र में सांसारिक सुखों का त्याग करके संयम जीवन की तरफ अग्रसर हुए। तब से लेकर ९१ वर्ष की उम्र तक देशभर में भ्रमण के दौरान करीब २०० से ज्यादा मंदिर की स्थापना और प्रतिष्ठा का इतिहास उनके खांते में दर्ज है। उनकी दिव्य उपस्थिति और पावन प्रेरणा के दौरान ही इस विरल योगी के नेतृत्व में मुंबई में पंद्रह मंदिकों की स्थापना हुई।

श्रीमती हरखबेन की कोख से पितांबरदास के घर जन्मे बालक देवचंद में शुरु से ही सत्य, अहिंसा, अपरिग्रह और जीवन में शुचिता केलक्षण स्पष्ट दिखे और

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इसी की परिणीति विक्रम संवत १९८६ में जेठ सुद १४ को गुजरात के खंभात में हुई जहाँ बालक देवचंद को पूज्य श्री सागरजी महाराज ने दीक्षा देकर महोदय सागर महाराज के शिष्य के रूप में प्रस्थापित किया। आचार्य दर्शन सागर सूरिश्वर महाराज ने साधु जीवन के दौरान अपनी धार्मिक क्रियाओं और धर्म के प्रति गहन आस्था को इस तरह विकसित किया कि उनके सांसारिक परिवार के ही कुल २५ सदस्यों ने साधु जीवन की तरफ कदम बढ़ाए और दर्शन सागर सूरिश्वर महाराज के धार्मिक आंदोलन को और प्रबलता प्रदान की। जैन धर्म के जितने भी बड़े संत या आचार्य हुए हैं उनमें दर्शन सागर सूरिश्वर महाराज जैसे और संत बहुत कम हुए हैं जिनके परिवार के इतने सदस्यों ने साधु जीवन स्वीकारा हो। यह उनकी तपस्याओंका ही परिणाम था कि उनके परिवार के लोग ही नहीं अन्य लोग भी उनकी तरफ खिंचे चले आए और उनका समुदाय ९०० से भी ज्यादा सदस्यों के आंकडे को पार कर गया।

आचार्य दर्शन सागर सूरिश्वर महाराज की चातुर्मास तपस्याओं के दौरान धार्मिक आयोजनों का बड़ा सिलसिला शुरू होना बहुत आम बात थी। यही कारम रहा कि राजस्थान में सर्वाधिक १९ चातुर्मास तपस्याओं के दौरान लाखों लोगों ने धर्म परायण जीवन को जिया और खुद को सर्वकल्याण के लिए समर्पित किया। राजस्थान की १९ चातुर्मास के अलावा मध्य प्रदेश में १६, महाराष्ट्र में १५, गुजरात में १० और एक-एक चातुर्मास पश्चिम बंगाल, बिहार एवं उत्तर प्रदेश में करके देशभर के लोगों को सत्य की राह दिखाई और अहिंसा का मार्ग मजबूत करने की प्रेरणा दी। धर्म प्रसाद के प्रति जबरदस्त समर्पण और सत्य की संवेदना को ही जीवन का धर्म मानने के साथ-साथ अपने पास आए हर सांसारिक व्यक्ति में धार्मिक, सात्विक और सत्य की चेतना जागृत करने के फलस्वरूप ही आचार्य दर्शन सागर सूरिश्वर महाराज संवत १९८६ दीआ के बाद पवित्र तीर्थ पालीताणा में संवत २००८ की कार्तिक वद ३ को गणि पदवी और इसी पर्वतराज शत्रुंजय की गोद में बसे तीर्थ पालीताणा में संवत २०२२ की माघ सुद ११ को उपाध्याय पदवी से विभूषित हुए। संवत २०३५ की माघ सुद ५ को मुंबई के पायधुनी स्थित गोड़ीजी तीर्थ में उन्हें आचार्य पदवी और संवत २०४७ में फाल्गुन वद ३ को मुंबई के प्रारना समाज में गच्छाधिपति के पद से नवाजे गए इस महान तपस्वी संत ने बारह वर्षो तक ९०० संतों के समुदाय के गच्छाधिपति के रूप में देश और दुनिया को धर्म, सत्य और अहिंसा की राह दिखाने के साथ ही आचार्य दर्शन सागर सूरिश्वर महाराज संवत २०५९ में भादरवा वद ३ के चार सितंबर १९९३ को शनिवार के दिन मुंबई में जब आखिर सांस लीतो उनकी जुबां पर नवकार मंत्र का जाप था और कानों में आचार्य चंद्रानन सागर सूरीश्वर महाराज के लोगस्स की गूंज थी।

अफने अनुयायियों में दादा गुरुदेव के नाम से विख्यात आचार्य दर्शन सागर सूरिश्वर महाराज के जीवनकाल में जितने विशाल आयोजन हुए उनके मुकाबले कई गुना ज्यादा विराट उनकी अंतिम यात्रा रही। मुंबई में अब तक किसी भी व्यक्ति की अंतिम यात्रा में इतने लोग इससे पहले और इसके बाद शामिल नहीं हुए जितने आचार्यदर्शन सागर सूरिश्वर महाराज की अंतिम यात्रा में। सड़के लाल और आकाश में गुलाल, सभी भक्तों के चेहरे लाल यह नजारा था इस महान तपस्वी की अंतिम विदायी का। जो लोग जीते जी कथा, कहावतों और किस्सों में शामिल हो जाते हैं, आचार्य दर्शन सागर सूरिश्वर महाराज भी उन्हीं में से एक थे। ऐसे दिव्य संत को हम सबका शत् शत् नमन।

*सौजन्य : श्री खिवान्दी जैन संघ खिवान्दी (राजस्थान)*

*સાધુ-સાધ્વીઓનાં અધ્યનના હિમાયતી*

## પૂ.આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી મ.

ગુજરાતના અતિખ્યાત પાટનગર પાટણ નગરમાં સંઘવી અમૃતલાલભાઈ અને પારસબહેનના ગૃહે સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૪૬માં જન્મ ધારણ કરીને ભીખાભાઈએ બાલ્યકાળમાં જ વાત્સલ્યભરી માતા ગુમાવી. મોસાળમાં ઉછેર પામ્યા. આજે પણ પિતૃક્ષેત્રે હેમચંદ મોહનલાલની પેઢી સુપ્રસિદ્ધ છે. ધર્મભાવના તો તેમનામાં ભરપૂર હતી બાર વર્ષની ઉંમરથી જ નવપદજીની ઓળી કરતા હતા પિતાએ અનાદિ વાસનાજન્ય મોહને તિલાંજલિ આપી. સ્વહસ્તે જ દીક્ષા માટે પૂ. આચાર્યભગવંતશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને સુપ્રત કર્યા. ગુરુદેવે તેમને ૧૬ વર્ષની ભર યુવાન વયે, સં. ૧૯૬૨ના કારતક વદ ત્રીજને દિવસે દીક્ષા આપી મુનિ શ્રી વિજ્ઞાનવિજયજી નામે ઘોષિત કર્યા. દીક્ષા લીધા પછી દશ વર્ષમાં પૂ. મુનિશ્રીએ અવિરત ગુરુસેવા, વિનયાદિને કારણે ઉત્તમ અને વિશાળ અભ્યાસ કરીને જ્ઞાનયોગ સિદ્ધ કર્યો, જેના ફળ સ્વરૂપે તેઓશ્રી આસપાસ આજે વિશાળ શિષ્યપરિવાર જોવા મળે છે.

પૂ. ગુરુભગવંતની આજ્ઞાથી સં. ૧૯૬૮નું ચાતુર્માસ સ્વતંત્રપણે ખંભાત જૈનશાળામાં કર્યું. સં. ૧૯૭૩માં તેઓશ્રીને ઘાણેરાવ મુકામે પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. સમયની પરખ, નીડરતા અને આત્મશ્રદ્ધાના ગુણને કારણે અત્યંત વિકટ પરિસ્થિતિમાં સાધુઓને દીક્ષા આપવાનું અને સાચવવાનું કાર્ય પોતે જ ઉપાડી લેતા. તેમાં સં. ૧૯૭૬માં કસ્તૂરસૂરિજી મહારાજને દીક્ષા આપતાં તો તેઓશ્રીને દસ દસ વર્ષ સુધી મારવાડમાં જ વિચરવું પડ્યું અને તેથી તો તેઓ ઘણા જ નીડર અને આત્મશ્રદ્ધાના પ્રેરક બની રહ્યા. પોતાના આશ્રિતો પ્રત્યેનો એટલો વાત્સલ્યભાવ હતો કે તેઓને અધ્યયન–અધ્યાપન વગેરેમાં પોતાનાં કરતાં સવાયા પકવવા સતત ચિંતન અને મનન કરતા, સતત પરિશ્રમ ઉઠાવતા. તેના પ્રતીક તરીકે તેઓશ્રી પૂ. કસ્તૂરસૂરિજી મહારાજને અધ્યાપન કરાવવા પોતાની જાતે જ યતિ અને સંતો પાસે લઈ ગયાનાં દૃષ્ટાંતો છે. જ્યારે પણ દર્શન કરો ત્યારે જાણે એક પ્રભુતામય પ્રાચીન સાધુપુરુષની યાદ આવે એવી સાદાઈ અને પવિત્રતા તરવરી રહે. જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યાં ત્યાં ત્યાં સંઘમાં જૂના–જામી ગયેલાં તડનાં પડ ઉખેડી પરસ્પર મૈત્રીભાવ પ્રગટાવ્યો. પૂજ્યશ્રીના જીવનમાં ત્રણ મુદ્દા ખાસ તરી આવતા :

(૧) પ્રાચીન હસ્તપ્રતો સચવાય તે માટે કાળજી લેતા. (૨) વૈરાગ્યનો આધાર અને ચારિત્રની શુદ્ધિ પઠન–પાઠનને આભારી હોવાથી કોઈ પણ સાધુ કે સાધ્વીજી મહારાજ પઠન–પાઠન વિના રહી ન જાય અને તેમને પૂરેપૂરી સગવડ મળી રહે તે માટે અથાગ પ્રયત્ન કરતા અને એ જ કારણે છેલ્લા શ્વાસ સુધી પોતાની નિશ્રામાં વાચના ચાલુ રખાવી હતી. (૩) ચારિત્રશીલ બહોળા સાધુસમુદાયની જરૂરને ધ્યાનમાં રાખી અતિ વિકટ પરિસ્થિતિમાં પણ પોતાના હસ્તે ૪૫ થી ૫૦ મુનિરાજોને દીક્ષા આપી છે. તેમાં શ્રી કસ્તૂરસૂરિજી, યશોભદ્રસૂરિજી, શુભંકરસૂરિજી, કુમુદચંદ્રસૂરિજી, ચંદ્રોદયસૂરિજી, કીર્તિચંદ્રસૂરિજી, સૂર્યોદયસૂરિજી વગેરે મુખ્ય છે અને અન્ય પરિવારમાં પણ લગભગ બસો સાધુ–સાધ્વીજીને દીક્ષા, વડી દીક્ષા, પદપ્રદાન વગેરે આપ્યાં છે. આ પ્રભાવનાને પરિણામે સુરતમાં જ્ઞાનમંદિર, હસ્તપ્રતોનો સંગ્રહ, પૂ. સાધુ–સાધ્વીજીઓની અધ્યયનપ્રીતિ પ્રત્યક્ષ નિહાળી શકીએ છીએ.

તેઓશ્રી સં. ૧૯૮૭માં ઉપાધ્યાય પદવીથી અને સં. ૧૯૯૧માં આચાર્ય પદવીથી વિભૂષિત બન્યા. ૭૭ વર્ષની બુઝુર્ગ વયમાં કે ૬૧ વર્ષના દીર્ઘ ચારિત્રપર્યાયમાં ક્યારેય તેઓશ્રીએ મૃત્યુનો ભય રાખ્યો નથી. કોઈ કોઈ વખત, તપાસ કરતાં ડોક્ટરોને પૂજ્યશ્રીની તબિયત ગંભીર લાગે અને ડોક્ટર એ બીજાને કહેતા હોય તો પોતે સંભળાવી દેતા કે એમાં બીજાને કહેવાની જરૂર નથી, અમે તો મૃત્યુને મુઠ્ઠીમાં લઈને ફરનારા છીએ. છેલ્લે સં. ૨૦૨૧નું ચાતુર્માસ ખંભાતમાં ઓસવાલ ઉપાશ્રયે બહુ જ આનંદપૂર્વક પૂરું કર્યા બાદ ત્યાં જ સ્થિર રહ્યા હતા. તે દરમિયાન સં. ૨૦૨૨ના ફાગણ વદ ૦))ના બપોરે ૧-૦૦ વાગે પહેલો એટેક આવતાં, લકવાની અસર પૂરેપૂરી આવી જતાં, શ્રી દેવ–ગુરુ–ધર્મપસાયથી પછીના એક કલાકમાં સંપૂર્ણ સુધારો થઈ ગયો હતો, પણ સં. ૨૦૨૨ના ચૈત્ર સુદ દશમનો દિવસ આકરો બન્યો. તે દિવસે રાત્રે ૯-૧૧ મિનિટે ખંભાત મુકામે ઓસવાલ ઉપાશ્રયમાં પૂ. વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજનો આત્મા નશ્વર દેહ છોડી સ્વર્ગવાસી બન્યો. એક મહાન યોગીનો–અવધૂતનો તેજચમકાર એ કમનસીબ પળે વિલીન થઈ ગયો. એ મહાન વૈરાગીના હૈયામાં વૈરાગ્યનો–ત્યાગનો જે ઝણકાર હતો, સત્ય અને અહિંસાનો જે ચમકાર હતો તે વિલીન થઈ ગયો.

*સૌજન્ય : જિનશાસન શણગાર પ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર–સુરત*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*નિઃસ્પૃહ ભાવે સંયમજીવનને દીપાવનાર*

## પૂ. આ. શ્રી વિજયમનોહરસૂરિજી મ.

સંતોની ભૂમિ સૌરાષ્ટ્રના જામનગર શહેર પાસેના બગસરા ગામે, પિતા કસ્તૂરચંદભાઈ અને માતા સંતોકબહેનને ઘેર સં. ૧૯૪૯માં જન્મેલા હેમચંદ્રને રંભાબહેન નામે મોટી બહેન અને ત્રિભુવન નામે નાનાભાઈ હતા. હેમચંદ્રની ૧૨ વર્ષની વયે પિતાજીનું અવસાન થયું. માતા સંતોકબહેન પણ ઘણાં સંસ્કારી અને ધર્મનિષ્ઠ સંન્નારી હતાં. ત્રણે સંતાનોને સંસ્કારી અને સ્વાવલંબી બનાવી સં. ૧૯૬૪માં દીક્ષા અંગીકાર કરી સાધ્વીશ્રી સરસ્વતીશ્રીજી બન્યાં. બહેન રંભાબહેનનાં લગ્ન કરીને હેમચંદ્ર માતા સાધ્વીજીને વંદન કરવા મહેસાણા ગયા. ત્યાં પૂ. સરસ્વતીજીએ કહ્યું કે, "હેમચંદ્ર! મેં દીક્ષા લીધી ને તું રહી ગયો એ ખટકે છે. પૂ. આચાર્ય ભગવંત અહીં બિરાજમાન છે. એમની પાસેથી હિતશિક્ષા લે." હેમચંદ્ર ગુરુદેવ પાસે ગયા. ગુરુદેવની અમૃત જેવી મીઠી વાણી સાંભળી સંસારનો રસ ઊડી ગયો. યાવજ્જીવન બ્રહ્મચર્યનો નિયમ લીધો. પૂ. ગુરુદેવની નિશ્રામાં તાલીમ અને અભ્યાસ લેવા લાગ્યા. પ્રારંભિક અભ્યાસ દ્વારા વૈરાગ્ય તીવ્ર બન્યો અને સં. ૧૯૬૬ના મહાવદ ૩ને દિવસે માતર મુકામે (જિ. ખેડા) પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે સંયમ સ્વીકારી પૂ. આ. શ્રી મેઘસૂરીશ્વરજી મહારાજના શિષ્ય શ્રી મનોહરવિજયજી મહારાજ બન્યા. દીક્ષા લઈને અધ્યયનમાં લીન બન્યા. આ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજ, શ્રી કલ્યાણવિજયજી મહારાજ, આ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, શ્રી સૌભાગ્યવિજયજી મહારાજ આદિ એમના સહાધ્યાયી હતા. હંમેશાં ગુરુકુલવાસમાં જ રહેતા મુનિશ્રી મનોહરવિજયજી મહારાજને શિષ્યસ્પૃહા હતી જ નહીં, પરંતુ તેઓશ્રીની યોગ્યતા જોઈને પૂ. દાદાગુરુ આચાર્યભગવંત શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે તેઓશ્રીના શિષ્ય બનાવ્યા હતા, જેમની સંખ્યા ૭ની હતી.

પૂજ્યશ્રીનો વૈયાવચ્ચનો મહાન ગુણ હતો. પોતાના ગુરુમહારાજની તો છેક લગી ઉત્તમ પ્રકારની વૈયાવચ્ચ કરેલી જ પણ, પોતાના શિષ્યો અને સ્વસમુદાયના અન્ય સાધુઓ અને પર સમુદાયના સાધુઓની પણ સુંદર પ્રકારે સેવા કરી હતી. તેઓશ્રીના કંઠે ગવાતી પૂજા સાંભળી શ્રોતાઓ ભાવવિભોર બની જતા. પૂજ્યશ્રી પદ પ્રત્યે નિઃસ્પૃહી હતા, છતાં પૂ. ગુરુદેવની આજ્ઞાને વશ વર્તીને પદગ્રહણ કરવાં પડ્યાં હતાં. તેઓશ્રીને સં. ૧૯૮૧ના જેઠ વદ ૧૦ને દિવસે સાણંદમાં ગણિ પદ, સં. ૧૯૮૩ના વૈશાખ વદ ૩ને દિવસે અમદાવાદમાં પંન્યાસ પદ, સં. ૧૯૮૫માં મહા સુદ ૧૧ને દિવસે ભોયણી તીર્થમાં ઉપાધ્યાય પદ અને સં. ૧૯૯૯ના ફાગણ સુદ ૩ને દિવસે આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા હતા. પૂજ્યશ્રીમાં પ્રતિકૂળતા સહન કરવાની ગજબની તાકાત હતી. જેસલમેર જેવાં વિકટ અને વિષમ ક્ષેત્રોનો વિહાર પણ કોઈ જાતની સહાય–સગવડ વિના, ભોમિયા વિના કરેલો. જેસલમેરના રાજા આ જાણી તાજ્જુબ થઈ ગયા હતા! વિનંતી કરીને રાજમહેલમાં લઈ ગયા હતા. ઉપદેશ સાંભળ્યો અને વિનંતી કરી કે આવા રણપ્રદેશમાં નિઃસહાય વિચરીને મને કલંકિત ન કરશો. વળતાં સહાયનો ઉપયોગ કરશો. અધિકારીઓને પણ સૂચના આપી, પરંતુ સંયમના ખપી સૂરીશ્વરે એક જ દિવસમાં ૨૭ માઈલનો ઉગ્ર વિહાર કરી, જેસલમેરથી પોખરણ પહોંચી ગયા. સહાય ન લીધી તે ન જ લીધી. પૂજ્યશ્રીએ ઘણાં શાસનપ્રભાવક કાર્યો કર્યાં. ૫૪ વર્ષનો સંયમપર્યાય પાળી, ૭૦ વર્ષની વયે સં. ૨૦૨૦ના વૈશાખ સુદ ૧૧ના દિવસે વિરાર (મુંબઈ) મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. એવા જ્ઞાની–તપસ્વી સૂરિવરને લાખ લાખ વંદન!

*શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ, પાવાપુરી સમવસરણમંદિર-તીર્થ*

*ગુણગણાલંકૃત, અનેક ધર્મકાર્યોના પ્રણેતા :*

## પૂ. આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.



સમતાભરી સાધુતા, ચંદ્રની ચાંદની જેવી શીતળતા અને ગિરિરાજ સમી સંયમમગ્નતા સાથે નિખાલસતાનો સુભગ સંયોગ પૂ. આચાર્યપ્રવર શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજમાં જે રીતે જોવા મળે છે તેવો ભાગ્યે જ બીજે જોવા મળે. એક વાર તેઓશ્રીનું સાન્નિધ્ય માણનાર કદી પણ એમના દિવ્ય સ્નેહને વીસરી શકતું નહીં. તેઓશ્રીનો જન્મ સં. ૧૯૬૮ના અષાઢ વદ ૮ના દિવસે મેવાડના ઉદેપુર જિલ્લાના સલૂંબર ગામે થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતા કસ્તૂરચંદજી અને માતા કુંદનબહેન ધાર્મિક પ્રકૃતિનાં હતાં. ધર્મે દિગંબર જૈન હતાં. બાળક ચૂનીલાલ બાલ્યાવસ્થાથી જ સાધુવરોના પરિચયમાં આવવા માંડ્યા હતા અને એમનામાં ઊંડે ઊંડે ત્યાગમય જીવનના કોડ જાગવા માંડ્યા હતા. અઢારમે વર્ષે ધંધાર્થે ઉદેપુર આવ્યા, ત્યાં પૂ. આચાર્યશ્રી વિજયઅમૃત-સૂરીશ્વરજી મહારાજના પરિચયમાં આવ્યા અને વૈરાગ્યનાં બીજ અંકુરિત થઈ ઊઠ્યાં! સં. ૧૯૮૭ના મહા વદ બીજને દિવસે રાજસ્થાનના નાંડલાઈ તીર્થે મુનિરાજ શ્રી સુમિત્રવિજયજી મહારાજના વરદ્ હસ્તે સંયમ સ્વીકારી પં. શ્રી અમૃતવિજયજી ગણિના શિષ્ય મુનિશ્રી દેવવિજયજી બનીને ત્યાગના માર્ગે ડગ માંડ્યાં.

પૂ. શાસનસમ્રાટશ્રીની સેવામાં વર્ષો સુધી રહ્યા. સેવા–ભક્તિ દ્વારા તેઓશ્રીના અંતરના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. દરમિયાન પૂ. આ. શ્રી વિજયનંદસૂરીશ્વરજી મહારાજની સેવા કરતાંકરતાં અધ્યયન શરૂ કર્યું. વ્યાકરણ, સાહિત્ય અને આગમગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. પરિણામે, સં. ૨૦૦૭માં સુરેન્દ્રનગર ગણિ પદ અને અમદાવાદમાં પંન્યાસ પદે સ્થાપવામાં આવ્યા. તેમ જ સં. ૨૦૨૦માં ભાવનગરમાં પૂ.આ.શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે મહામહોત્સવપૂર્વક ઉપાધ્યાય પદ અને આચાર્ય પદથી વિભૂષિત કરવામાં આવ્યા. આચાર્ય પદ પ્રાપ્તિ પછી તેઓશ્રીએ સૂરિમંત્રનાં ચાર પ્રસ્થાનની આરાધના કરી. સં. ૨૦૨૯થી ૨૦૪૭ દરમ્યાન અનેક સ્થળોએ કરેલાં ચાતુર્માસ દરમ્યાન જિનબિંબોના તથા ગૌતમસ્વામી આદિ બિંબોના ભવ્યપ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયા, ઉપધાન તપ, શાંતિસ્નાત્ર, સ્વામીવાત્સલ્યો, શિષ્યોને પદવીપ્રદાન પ્રસંગો ઊજવાયા, પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક છ'રીપાલક સંઘો નીકળ્યા. વર્ધમાનતપની ઓળીના પારણાં–પ્રસંગો, અંજનશલાકા પ્રતિષ્ઠા-મહોત્સવો, અનેક ચતુષ્ઠાનો ભવ્ય રીતે ઊજવાયા.

વિ. સં. ૨૦૪૮નું ચાતુર્માસ જામનગર અનેક શાસન-પ્રભાવનાનાં કાર્યો તથા આરાધનાઓથી ધમધમતું થયું. વિ. સં. ૨૦૪૯નું ચાતુર્માસ ભાવનગર થયું. ચાતુર્માસ બાદ શિહોરથી શા. વર્ધમાનભાઈ થોભણના શ્રી સિદ્ધગિરિજીના છ'રી પાળતા પૂ. આ. શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં નીકળેલા સંઘમાં ગયા. ત્યાંથી વિહાર કરી કદંબગિરિ તીર્થમાં લાકડાવાળા દેરાસરમાં શ્રી સીમન્ધરસ્વામી ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા પ્રસંગે ગયા. વિ. સં. ૨૦૫૦નું ચાતુર્માસ પાલિતાણામાં કેસરિયાજી- નગરમાં ખૂબ ઠાઠમાઠથી થયું. ચાતુર્માસમાં ૪૫ આગમની પૂજા ભવ્યતાપૂર્વક ભણાવાઈ.

સં. ૨૦૫૨નું ચાતુર્માસ અમદાવાદ પાંજરાપોળ થયું. ચાતુર્માસ બાદ કારતક વદમાં જૈનનગર, પાલડીમાં આચાર્ય પદ–પ્રદાન તથા દીક્ષાનો મહોત્સવ શરૂ થયો. માગસર સુદ–૬ના પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજીની આચાર્ય પદવી તથા ભાઈ જિતેશ ચંદુલાલ સુરેન્દ્રનગરવાળાની દીક્ષાનો મંગલમય પ્રસંગ ચિરસ્મરણીય બની રહે તે રીતે ઊજવાયો. નૂતન દીક્ષિતનું નામ મુ. જગચ્ચન્દ્ર વિજય રાખવામાં આવ્યું. અનેકવિધ વિશિષ્ટતાઓથી સભર એવા આ મહોત્સવથી લોકો ઘણાં પ્રભાવિત થયાં.

વિ. સં. ૨૦૫૩નું ચાતુર્માસ ભાવનગર (કૃષ્ણનગર)માં થયું ત્યાં અ. સુ. ૧૩ના દિવસે શા કાન્તિલાલ ધૂડાલાલને દીક્ષા આપી. ચાતુર્માસમાં આરાધના સુંદર થઈ. ચાતુર્માસ બાદ વિહાર કરી નેમિનગર (સરાંછી) નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા. પ્રતિષ્ઠા કરાવી પુનઃ ભાવનગર આવ્યા. ત્યાંથી પાલિતાણા પધાર્યા. ત્યાં શા ચિરાગભાઈ નગીનદાસની દીક્ષા ૨૦૫૪ મહા સુદ–૫–ના રોજ થઈ તથા પાલિતાણામાં પૂજ્યશ્રીના વડપણ નીચે જયતળેટીની દેરીઓનો જીર્ણોદ્ધાર થયેલો, તેથી ઘણા આચાર્ય ભગવન્તોની હાજરીમાં પગલાં વગેરેની પ્રતિષ્ઠા થઈ.

ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા. સં. ૨૦૫૪નું ચાતુર્માસ આંબાવાડી, અમદાવાદમાં થયું. મુનિશ્રી ગુણશીલ-વિજયજી તથા મુનિશ્રી રાજહંસ વિજયજીને ભગવતીજીના જોગ કરાવ્યા તથા ચાતુર્માસ બાદ બન્નેની ગણિ પદવી મા. સુ.–૧૦ના ઉલ્લાસપૂર્વક થઈ. ચાતુર્માસમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેક પ્રકારની સ્થાયી યોજનાઓમાં સંઘના ભાઈઓએ લાભ લીધો અને પૂજ્ય શાસનસમ્રાટશ્રીના અર્ધ શતાબ્દી વર્ષ પ્રારંભ નિમિત્તે આઠ દિવસની પ્રવચનમાળાનું ભવ્ય આયોજન થયું, જેનો હજારો માણસોએ ઉમળકાભેર લાભ લીધો. ત્યારબાદ પાંજરાપોળમાં પણ પાંચ દિવસની પ્રવચનમાળા યોજવામાં આવી. તે પછી પૂજ્યશ્રીની નિશ્રામાં પાલડી જૈન મર્ચંટ સોસાયટીમાં અંજન-શલાકા પ્રતિષ્ઠા તથા નીલમબાગ સોસાયટીમાં પ્રતિષ્ઠા થઈ.

વિ. સં. ૨૦૫૫નું ચાતુર્માસ ઓપેરા પાલડી, (અમદાવાદ) થયું. પૂજ્ય શાસનસમ્રાટશ્રીનો અર્ધ શતાબ્દી મહોત્સવ અનેરા ઉમંગથી ઊજવાયો. આ નિમિત્તે સમસ્ત પાલડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિસ્તારના બધા જ જૈનોનાં ઘેર ઘેબરની પ્રભાવના કરવામાં આવી હતી તથા ઓપેરાથી છેક પાંજરાપોળ રિલીફ રોડ સુધીની ગુરુભક્તિ યાત્રા ઘણી લાંબી નીકળી હતી. ચાતુર્માસ બાદ કલિકુંડનો સંઘ નીકળ્યો ત્યાંથી પાલિતાણા કદંબગિરિ ભાવનગર વ. થઈ પુનઃ અમદાવાદ આવ્યા.

વિ. સં. ૨૦૫૬નું ચાતુર્માસ શાંતિનગર, આશ્રમરોડ (અમદાવાદ) થયું. આ ચાતુર્માસમાં બાળકોની પાઠશાળાના વિકાસનું સંગીન કાર્ય થયું. ચાતુર્માસબાદ શેરીસા પધાર્યા ત્યાં પોષ દશમીના અટ્ઠમતપની આરાધના સારી રીતે થઈ. ત્યાંથી વિહાર કરી ભાવનગર પધાર્યા. ત્યાં કાળુભા રોડ પાર્શ્વપેલેસમાં નૂતન જિનાલયમાં શ્રી ખદરપર પાર્શ્વનાથ ભગવાન આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠામહોત્સવ ભવ્યતાથી ઊજવાયો. ત્યાંથી પાલિતાણા થઈ કદંબગિરિ પધાર્યા. કદંબગિરિમાં ચાલતા જીર્ણોદ્ધારનું કામ નિહાળી પૂજ્યશ્રીને સંતોષ થયો.

ત્યાંથી અમદાવાદ સરખેજ શ્રી નેમિ-મહિમાપ્રભસૂરિ વિહાર ધામમાં નૂતન નિર્મિત ભવ્ય જિનાલયમાં (પ્રાસાદમાં) વૈશાખ સુદ-૧૩ના પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની તથા પૂ. આ.મ. શ્રી મહિમાપ્રભસૂરિ મ.ની નિશ્રામાં ઊજવાયો. ત્યાંથી અમદાવાદ પધાર્યા. સં. ૨૦૫૭નું ચાતુર્માસ શાંતિવન (પાલડી) શ્રી મહિમાપ્રભસૂરિ જ્ઞાનમંદિરમાં થયું. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીને ઘણો આનંદ આવ્યો. અહીંનું શાંતિમય વાતાવરણ ઘણું અનુકૂળ આવ્યું. આસો સુદમાં સરખેજ વિહારધામમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા ત્યાં અર્હત્ મહાપૂજન પણ ત્રણ દિવસનું ઉલ્લાસથી થયું.

પૂજ્યશ્રીનું આ ચાતુર્માસ અંતિમ ચાતુર્માસ બન્યું. તેઓશ્રીની તબિયત છેક સુધી સારી જ હતી પણ ઉંમરના કારણે અશક્તિ રહ્યા કરતી હતી. એમાં કારતક સુદ-૨ (૧૯૫૮) ની રાત્રે તબિયત વધુ અસ્વસ્થ જણાતાં ત્રીજની સવારે પટવા ન.હો.માં લઈ ગયા. દિવસ દરમિયાન ચાંપતા ઉપચારો કરવામાં આવ્યા પણ ક્ષીણતા વધતી ગઈ અને કારતક સુદ-૪ના દસ વાગે ડોક્ટરોની સલાહ મળતાં તેઓશ્રીને દશા પોરવાડ આયંબિલ શાળાના હોલમાં લાવવામાં આવ્યા, જ્યાં એક કલાક ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં અપૂર્વ આરાધના કરાવતાં નવકાર મંત્રનું સ્મરણ કરતાંકરતાં તેઓશ્રી સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા.

*સૌજન્ય : પૂજ્યપાદ વાત્સલ્યવારિધિ સૌમ્યમૂર્તિ આ. ભ. શ્રીમદ્ વિજયદેવસૂરિજી મ.શ્રીના દિવ્ય આશીર્વાદથી પ. પૂ. આ.શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરિજી મ૦ તથા પ. પૂ. આ.શ્રીમદ્ વિજયપ્રદ્યુમ્નસૂરિજી મ૦ની પ્રેરણાથી ગુણગુણાનુરાગી સુશ્રાવકો તરફથી*

*શાંત-સૌમ્ય-તપોમૂર્તિ, શાસનપ્રભાવક*

## પૂ. આચાર્યશ્રી વિજયવિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજ



દ્વારિકા નગરીની બાજુમાં આંભરડા નામનું ગામ છે. એ ગામમાં માંડ પંદરેક જેટલાં જૈનોનાં ઘર છે. નહીં દેરાસર, નહીં ઉપાશ્રય, નહીં સાધુ-સાધ્વીનો સત્સંગ, પરંતુ કોઈ પ્રબળ પુણ્યાઈને પ્રભાવે જૈનોનું જૈનત્વ અખંડ ટકી રહેલું. આ ગામમાં ગાંધી કુટુંબમાં કાલિદાસભાઈ રહે. તેમનાં ધર્મપત્ની વસ્તુબાઈએ સં. ૧૮૬૩ના ભાદરવા સુદ ૪ના પવિત્ર દિવસે એક પુત્રરત્નને જન્મ આપ્યો. બાળકનું નામ વિઠ્ઠલભાઈ રાખ્યું. પરભવના પુણ્યે અને જન્મના પવિત્ર યોગે બાળકમાં પહેલેથી જ ધર્મના સંસ્કારો પ્રબળ થતા ચાલ્યા. આગળ જતાં, જામનગર મોસાળમાં ભણવા ગયા. ત્યાં પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનો સમાગમ થયો. દેશના-શ્રવણથી વૈરાગ્યનાં બીજ વવાયાં અને માતાપિતાની સંમતિ મેળવી સં. ૧૯૯૩ના વૈશાખ વદ ૬ના શુભ દિવસે મહેસાણા મુકામે દીક્ષા ગ્રહણ કરી પૂ. ગુરુદેવનાં ચરણે જીવન સમર્પિત કર્યું અને મુનિશ્રી વિનયવિજયજી નામે ઘોષિત થયા.

પૂ. ગુરુદેવની છત્રછાયામાં અભ્યાસ અને આરાધના કરતાં આગળ વધ્યા. પૂ. ગુરુદેવનો જપ-તપનો વારસો પ્રાપ્ત કરવામાં સારી સફળતાને વર્યા. વર્ષીતપ-માસક્ષમણ આદિ વિવિધ તપશ્ચર્યા સાથે વિચરતા મુનિશ્રી વિનયવિજયજી મહારાજને સં. ૨૦૧૦માં પૂ. ગુરુદેવે ગણિપંન્યાસ પદથી વિભૂષિત કર્યા. પૂજ્યશ્રી આજે સરળતા અને નિખાલસતા, વાત્સલ્ય અને ભક્તિના ગુણો વડે અનેકોનાં દિલ જીતી રહ્યા છે. તેઓશ્રીની શાસનપ્રભાવનાથી પ્રભાવિત થઈને સં. ૨૦૨૯ના માગસર સુદ બીજને દિવસે ભોંયણી તીર્થમાં આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. ૮૫ વર્ષની પરિપક્વ વયે તેઓશ્રી કાયમી એકાસણાંનું તપ અને મહામંત્રનો સતત જપ સેવી રહ્યા. સં. ૨૦૪૫નું ચાતુર્માસ મલાડ મધ્યે કર્યું ત્યારે ભારે શાસન-પ્રભાવના થવા પામી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. વિનયચંદ્રસૂરિ મ.સા.ની શુભ પ્રેરણા અને આશીર્વાદથી બનાસકાંઠા જિલ્લામાં રાધનપુરથી ૩૦ કિ.મી. દૂર થરા ગામની બાજુમાં રૂની તીર્થનો ભવ્ય જીર્ણોદ્ધાર સાથે તીર્થોદ્ધારનું ભગીરથ કાર્ય થયું, જે તીર્થમાં જમીનમાંથી સ્વયં પ્રગટ થયેલા શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુનાં ચરણપાદુકા જમીનમાંથી સ્વયં પ્રગટ થયાં છે તે પાદુકા બિરાજમાન છે. ભવ્ય ધર્મશાળા, ભોજનશાળા આરાધનાભવન વગેરે નિર્માણ થયું છે તથા પૂજ્યશ્રીનાં વરદ્ હસ્તે ૨૦૪૮ની સાલમાં વૈશાખ સુદ–૬ના શુભદિવસે એ તીર્થે ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠાનો પાવન પ્રસંગ ભવ્ય રીતે ઊજવાયો અને વર્ષોથી એ તીર્થમાં પાર્શ્વનાથ પ્રભુ, ગૌતમ સ્વામી, પદ્માવતી માતા શ્રી માણિભદ્રજી આદિ મૂર્તિમાંથી અમી ઝરે છે, આવા શુભ તીર્થનું તીર્થોદ્ધાટનનું કાર્ય પૂજ્યશ્રીનાં જીવનનું અદ્‌ભુત કાર્ય છે.

*રૂની તીર્થોદ્ધારક પ. પૂ. આ.શ્રી વિનયચંદ્રસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન શ્રી કલ્પજયસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થપ્રભાવક ટ્રસ્ટ રૂની (જિ. બનાસકાંઠા)ના સૌજન્યથી*

*સરળતમ સ્વભાવના તપસ્વી સૂરિવર*

## પૂ. આ.શ્રી વિજયઅરવિંદસૂરીશ્વરજી મ.

જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞાના પાલન દ્વારા જેમનું ગુલાબી જીવન ચોગરદમ સુવાસ પ્રસરાવી રહ્યું છે તેવા નિઃસ્પૃહી આચાર્યપ્રવર શ્રી વિજયઅરવિંદસૂરીજી મહારાજને જોતાં જ પવિત્ર 'પંચસૂત્ર'નું 'अवेक्खा अणाणंदे' સૂત્ર યાદ આવે. પૂજ્યશ્રીનું સંયમી જીવન જાણે કે આવા સૂત્રની જીવંત અનુવૃત્તિ લાગે 'જ્ઞાનસારસૂત્ર'ના 'निःस्पृहत्वं महासुखम्' પદનો જીવંત અનુવાદ તેમની દિનચર્યા અને જીવનચર્યામાંથી સાંપડે છે. સ્પૃહા વિનાનું તેમનું જીવન ખરેખર પરાર્થવૃત્તિથી ભર્યુંભર્યું છે. ગુલાબ અને પારિજાતક–શાં પુષ્પો જેમ આખી રાત્રિની પ્રતીક્ષા પછી સવારે સૂર્યનાં કિરણોના સ્પર્શથી ખીલી ઊઠે, તેમ પૂર્વભવનાં અનેક પુણ્યકર્મોના બળે વર્તમાનમાં જિનશાસનના નભોમંડળમાં તેજસ્વી તારલાની જેમ સોળે કળાએ ખીલી ઊઠી અનેક શ્રીસંઘોને પ્રેરણા આપી રહ્યા છે. સાચે જ ગુલાબ–શા ગુલાબી અને કમળ–શા કોમળ સ્વભાવ દ્વારા તેઓશ્રી પોતાના નામને સાર્થકતાની ગરિમા અર્પી રહ્યા છે.

કચ્છની ખમીરવંતી ભૂમિએ અનેક સંતો–મહંતો અને વીરપુરુષોની મૂલ્યવાન ભેટ આપી છે. પૂજ્યશ્રી પણ કચ્છના પનોતા પુત્ર છે. સં. ૧૯૮૫ના જેઠ સુદ ૧૨ ને મંગળવારે કચ્છના મનફરા ગામે આ મહાપુરુષનો જન્મ થયો. તેમનું સંસારી નામ અમૃતલાલ હતું. પિતાશ્રી પેથાભાઈ ગાલા અને માતુશ્રી વાલીબહેન ધર્મપરાયણ અને સાત્ત્વિક વૃત્તિનાં હોવાને કારણે પુત્રનો પણ એવા સંસ્કારી વાતાવરણમાં ઉછેર થયો. બાળપણથી જ અમૃતલાલ ધર્મરંગે રંગાયા. વીતરાગમાર્ગના પ્રવાસી બનવા અને કષાયોને ડામવા સંગ્રામ શરૂ થયો. જૈન શાસનના સ્વ–પર કલ્યાણ માટે ભેખ લેવાની તમન્ના જાગી. આખરે એ શુભ યોગ ઊભો થયો. સં. ૧૯૯૬ના મહા સુદ ૧૦ને રવિવારે મનફરામાં દીક્ષા ગ્રહણ કરી. પૂ. જનકવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિ શ્રી હ્રીંકારવિજયજી મહારાજ તેમના ગુરુદેવ બન્યા અને દાદા ગુરુદેવ પૂ. આચાર્યભગવંત શ્રી ભદ્રસૂરિજી મહારાજનાં આશિષ સાથે સંયમયાત્રા આરંભી. અગિયાર વર્ષની કુમળી વયથી આરંભાયેલી પૂજ્યશ્રીની સંયમયાત્રા નિરભિમાનીતા, સાદગી અને અપ્રમત્તતાના ગુણો વડે શોભી રહી અનેકોને પ્રેરણાનાં પીયૂષ પાતી રહી. અપ્રમત્તતા, ઇતિહાસનું વાચન અને લેખન, વિવિધ છંદોમાં સંસ્કૃત શ્લોકોનું સર્જન, જિનમૂર્તિઓ તથા પ્રાચીન શિલાલેખોનું આકલન આદિ તેમના પ્રિય વિષયો રહ્યા છે.

સં. ૨૦૪૫ના મહા સુદ પાંચમને શુભ દિને પૂ. આ. શ્રી હિમાંશુસૂરિજી મહારાજના વરદ્ હસ્તે વાવ મુકામે આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. તેઓશ્રી દ્વારા સમયેસમયે શાસનનાં અનેક મંગલ કાર્યો થતાં રહ્યાં છે. વ્યાખ્યાનો, તપસ્વીઓનું બહુમાન, યાત્રાસંઘો, સ્વામીવાત્સલ્ય, ઉપધાન–ઉજમણાં, દીક્ષાપ્રસંગો આદિ તેઓશ્રીની નિશ્રામાં સતત ચાલુ જ હોય છે. પોતાની જન્મભૂમિ અને ગુજરાતમાં ઠેર ઠેર વિહાર કરીને સદ્‌બોધની સરિતા વહાવી છે. જૈનસાહિત્ય અને જૈન જ્ઞાનભંડારોને સમૃદ્ધ કરવામાં, એવી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવામાં તેઓશ્રીનો અનન્ય ફાળો છે. સંઘવત્સલતા અને સાધર્મિક ભક્તિ માટેની ભાવના તેઓશ્રીના વ્યક્તિત્વમાં નીખરી આવે છે. ખરેખર, આવી વિભૂતિઓ જિનશાસનનું ગૌરવ છે. કોટિશઃ વંદન હજો એવી વિભૂતિને!

*સૌજન્ય : શ્રી વાવ જૈન શ્વે. મૂ. સંઘ, વાવ (જિ. બનાસકાંઠા)*

*સ્વાધ્યાયમગ્ન, સંયમનિષ્ઠ; પ્રશાંતમૂર્તિ*

## પૂ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ

રાજસ્થાનના ભૂષણ સમું ખિવાન્દી (ક્ષમાનંદી) ગામ, જ્યાં શ્રાવકોની આરાધના માટે પાંચ પાંચ પૌષધશાળાઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



આ ગામમાં જેઠાજી ભેરાજીનું કુટુંબ છે. આ કુટુંબમાં ધર્મનિષ્ઠ માતા ગુલાબબહેનની કુક્ષિથી સં. ૧૯૭૨ના આસો સુદ ૧૪ના શુભ દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. નામ આપ્યું ચંદનમલ. પૂર્વજન્મના સંસ્કારવારસાને કારણે ધાર્મિક રુચિ જોરદાર હતી. એમાં માતાપિતાના સંસ્કારો પૂરક બન્યા. ચંદનમલજી ક્યારેય વડીલોનો વિનય ચૂક્યા નથી. ચંદનમલજી જ્યાં યૌવનાવસ્થાના ઉંબરે આવીને ઊભા ત્યાં જ લગ્નબંધનથી બંધાઈ ગયા. વ્યવસાયાર્થે વતન છોડી મુંબઈ-નળબજારમાં રહેવાનું થયું. સદ્‌ભાગ્યે આરાધના માટે ભૂલેશ્વર-લાલબાગમાં દેરાસર-ઉપાશ્રય આવતાં-જતાં પૂ. સાધુ-મહારાજાઓનો સમાગમ અને જિનવાણીશ્રવણનો લાભ મળતો. ઉપરાંત, વ્યાખ્યાન-વાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં પ્રવચનોનું પ્રકાશિત પુસ્તક 'જૈનપ્રવચન' વાંચવામાં આવ્યું, જેના પરિણામે એમનામાં વૈરાગ્ય પલ્લવિત થયો. તેમજ મહાન પુણ્યયોગે લાલબાગના કલ્યાણમિત્ર એવા કેશવલાલ ગૌતમભાઈની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી વૈરાગ્યભાવ અતિ પ્રબળ બનતો ગયો અને તેમના સાથ, સહકાર, લાગણીથી પૂ. ગુરુભગવંતશ્રીના શ્રીમુખેથી દીક્ષાનું મુહૂર્ત જલ્દીથી મળી ગયું. પૂર્વભવે કરેલ સામુદાયિક રત્નત્રયની સુવિશુદ્ધ આરાધના દ્વારા સંચિત કરેલ શુભ અનુબંધના પ્રભાવે આ ભવમાં પણ મોક્ષમાર્ગની આરાધનામાં આગળ વધવા માટે જ પૂર્વભવોના ઋણાનુબંધથી પોતાને ત્યાં જન્મેલ સુસંસ્કારી સંતાનોને પરમાત્માના ત્યાગ માર્ગે મોકલવાની ભાવનાથી શ્રમણ ભગવંતોના સમાગમમાં જ રાખ્યા. પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરવાની ભાવનાથી તાલીમાર્થે ૨૫ વર્ષની યુવાન વયે પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિશ્રી સાથે મુંબઈથી દહાણુ સુધી વિહાર કર્યો. સમસ્ત કુટુંબને તરવાની ભાવનાથી પોતાની ધર્મપત્ની તથા પુત્રીઓ શાંતિકુમારી (ઉ. વ. ૧૧) તથા વાસંતીકુમારી (ઉ. વ. ૯ાા) પણ દીક્ષા લેવા માટે તૈયાર થયાં. તેથી સપરિવાર, સમેતશિખરજી આદિ કલ્યાણભૂમિઓની સ્પર્શનયાત્રા કરી, અમદાવાદમાં બીજા મુમુક્ષુઓ સાથે સં. ૨૦૦૦માં ચંદનમલજીની બે સુપુત્રીઓનો દીક્ષાર્થીસમ્માન- સમારોહ ગોઠવાયો. વર્ષીદાનનો વરઘોડો પણ નીકળી ગયો. પરંતુ 'श्रेयांसि बहु विघ्नानि' એ ઉક્તિ અનુસાર, પૂર્વના કોઈ અશુભ કર્મના ઉદયથી અને મોહને આધીન થઈ કુટુંબીઓએ કોર્ટ દ્વારા કામચલાઉ મનાઈહુકમ લાવી દીક્ષા અટકાવી. શુભભાવના ટકવી ખૂબ કઠિન છે. સમયનો વિલંબ થવાથી મોટી દીકરીની સંયમની ભાવના પડી જતાં ન છૂટકે એને પરણાવવા માટેની તૈયારી કરવી પડી, પરંતુ અંતરના દૃઢ વૈરાગ્ય ભાવથી ભવભીરૂ એવા ચંદનમલજીએ વૈરાગ્યવશ લગ્નના ત્રણ દિવસ આયંબિલ તપ સાથે પૌષધ લઈ ઉપાશ્રયમાં જ રહ્યા, પરંતુ અંતરમાં દુઃખની સાથોસાથ એક જ અભિલાષા હતી કે મારી લાડલી દીકરી ભવિતવ્યતાના યોગે કોઈ નિકાચિત ચારિત્ર મોહનીય કર્મના અંતરાયના ઉદયે મોક્ષમાર્ગને બદલે ખૂબ જ દુઃખાતા દિલે સંસારમાર્ગે જઈ રહી છે, પરંતુ હવે બીજી પુત્રી વસંતી સુંદર આરાધના કરીને સંસારની મોહમાયા જાળમાં ફસાવાને બદલે અધિકાધિક પુણ્ય બાંધીને ચારિત્ર મોહનીય કર્મ અંતરાય તોડીને ભવાંતરમાં જલ્દીમાં જલ્દી સંયમ પામી શાશ્વતસુખ પામે તે માટે એને વાગડ સમુદાયના ચારિત્રસંપન્ન પૂ. સા. શ્રી ચતુરશ્રીજી મહારાજ પાસે રાખી. સંયમની ભાવના પ્રબળ બનતાં વાગડદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયકનકસૂરિજી મહારાજના વરદ્ હસ્તે સાંતલપુર મુકામે ચાલુ ઉપધાનતપની માળારોપણ પ્રસંગે ૧૪ વર્ષની પુત્રી વાસંતીકુમારીને સં. ૨૦૦૫ના કાર્તિક સુદ ૧૩ના દીક્ષા અપાવી અને તેઓ પૂ. સા. શ્રી નિર્મળાશ્રીજી મહારાજનાં શિષ્યા પૂ. સા. શ્રી દિનકરશ્રીજી મહારાજ બન્યાં. ત્યાર બાદ, ત્રીજા નંબરની પુત્રી સુંદરીને પણ પૂ. સા. શ્રી દિનકરશ્રીજી મહારાજ પાસે સંયમની તાલીમ માટે મૂકી અને એ પણ વૈરાગ્યવાસિત બનતાં ૯ વર્ષની ઉંમરે પૂ. આ. શ્રી વિજય-કનકસૂરિજી મહારાજના વરદ્ હસ્તે સં. ૨૦૧૧ના માગસર સુદ ૬ના સંયમ અપાવ્યું અને પૂ. સા.શ્રી દિનમણિશ્રીજી બન્યાં.

ત્યાર બાદ ચંદનમલજી પોતે પણ પોતાના રાજકુમાર જેવા દીકરા સાથે સં. ૨૦૧૧માં કલકત્તા મુકામે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષિત બન્યા અને તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી ચંપકવિજયજીના નામે જાહેર થયા. તેમના પુત્ર કુંદનમલ પણ તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી કનકધ્વજવિજયજી બન્યા. દીક્ષાના પ્રારંભ કાળમાં પૂ. ગુરુવર્યોની સેવા-વૈયાવચ્ચ તથા જ્ઞાનાદિમાં પ્રગતિ કરતા રહ્યા. છેલ્લાં ૧૭ વર્ષોથી પૂ. ગુરુદેવની આજ્ઞાથી જુદાં જુદાં ગ્રામ-નગર-તીર્થોમાં અલગ ચાતુર્માસ કરીને અનેક ગામ-નગરોમાં સારી એવી આરાધના કરાવી રહ્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આજે ૮૮ વર્ષની ઉંમરે પણ પૂજ્યશ્રીને તપ–સ્વાધ્યાયનો અનુમોદનીય રસ છે. સં. ૨૦૩૨માં તપનો ઉલ્લાસ વધતાં છઠ્ઠથી વરસીતપ કર્યું હતું. છઠ્ઠને પારણે આયંબિલ કરીને આસો-ચૈત્ર બન્ને નવપદજીની આરાધના પણ ચાલુ રાખી. સં. ૨૦૪૨માં ગણિ પદવીથી અને સં. ૨૦૪૪માં પંન્યાસ પદવીથી વિભૂષિત થયેલા પૂજ્યશ્રીની સંયમનિષ્ઠા, સ્વાધ્યાયમગ્નતા, સુદીર્ઘ સંયમપર્યાય, ગંભીરતા આદિની વિશેષ યોગ્યતા જાણી સં. ૨૦૪૭ના દ્વિ. વૈશાખ સુદ ૬ના શુભ દિવસે મુંબઈ–ભૂલેશ્વરમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા અને આચાર્યશ્રી વિજયચંદ્રોદય-સૂરીશ્વરજી મહારાજ નામે ઉદ્‌ઘોષિત થયા.

૨૦૫૪માં વર્ષીતપ કરેલ તે વખતે નાનાં નાનાં બે ઓપરેશન કરાવવાં પડ્યાં. ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા અને તપ પ્રત્યેના તીવ્ર અનુરાગને પ્રભાવે જ ધર્મનિષ્ઠ સુશ્રાવક ડો. પત્રાવાલાની સેવાભક્તિથી તપ નિર્વિઘ્ને પૂર્ણ કરેલ.

પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં અનેક સ્થાનોમાં વિવિધ આરાધનાઓ, અનુષ્ઠાનો અને ભવ્ય ઓચ્છવ–મહોત્સવો અનેરી શાસનપ્રભાવનાપૂર્વક થયા છે. આવા પુણ્યપ્રભાવી પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ હમણા થોડા સમય પહેલા કાળધર્મ પામ્યા.

*સૌજન્ય : શ્રી ભીવાન્દી જૈન સંઘ (જિ. પાલી)*
*રાજસ્થાન હ. સંઘવી ભુરમલજી તુલસાજી*

*પ્રશમરસતપોનિધિ અને ગુરુદેવની*
*અખંડ સેવાના ઉપાસક*

## પૂ. આચાર્યશ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજ

સિદ્ધાંતમહોદધિ પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો સુવિશાળ સાધુસમુદાય નજર સમક્ષ અંકિત થાય અને સિંહગર્જનાના સ્વામી, નીડર વક્તા પૂ. આ. શ્રી વિજય-મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજની યાદ આવે ને આવે જ. એવા એ પૂ. આચાર્યદેવની પુણ્યસ્મૃતિ સાથે પડછાયાની જેમ સંકળાયેલું એક વ્યક્તિત્વ એટલે પૂ. આ. શ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજ. અનેક વિશેષતાઓ ધરાવતા પૂજ્યશ્રીના જીવનની એક વિશેષતા તો વિરલાતિવિરલ વિશેષણ પામી જાય એવી છે. એ છે આજીવન અંતેવાસિત્વ. દીક્ષાગ્રહણથી માંડીને પૂજ્યશ્રીએ પૂ. ગુરુદેવનાં દેહદિલની સાથે પડછાયાની જેમ જ સંલગ્ન રહેવાની એવી 'સેવાવૃત્તિ' સ્વીકારી કે પૂ. ગુરુદેવશ્રીના સમાધિમૃત્યુની પળ સુધી એ સેવાવ્રત અખંડ જ રહ્યું!

પૂજ્યશ્રીનું સંસારી વતન તારંગાની તળેટીમાં વસેલું વાવ–સતલાસણા પાસેનું કોઠાસણા ગામ. ધંધાર્થે પ્રારંભમાં ટાંકેદઘોટી (મહારાષ્ટ્ર) અને પછી વર્ષોથી નાસિકમાં સ્થિર થયેલા. પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૭૧ના પોષ વદ ૧ના ટાંકેદ ગામે થયો. પિતાનું નામ મોતીચંદ. માતાનું નામ દિવાળીબહેન અને તેમનું જન્મનામ જયચંદ અને લાડીલું નામ બાબુભાઈ હતું. નાસિક જૈનસંઘના અગ્રગણ્ય કાર્યકર સુધીના પદે પહોંચેલા શ્રી બાબુભાઈને કોઈ એવી પુણ્યપળે પૂ. શ્રી મુક્તિવિજયજી મહારાજનો ભેટો થયો કે, થોડા જ પરિચય પછી સંયમ સ્વીકારવાની ભાવનામાં રમતા એમણે અમુક મુદત સુધીમાં સંયમી ન બનાય તો છ વિગઈના ત્યાગની ભીષ્મ–પ્રતિજ્ઞા સ્વીકારી. થોડાં વર્ષોમાં આ મુદત પૂરી થતાં આશીર્વાદ લેવા તેઓશ્રી પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનાં ચરણોમાં જઈ પહોંચ્યા. મનના–મનોરથ વ્યક્ત કરીને આશીર્વાદની માંગ કરી, ત્યારે દીક્ષાના એ સિદ્ધહસ્ત દાનવીરે કહ્યું કે, "એકલા એકલા જ સંસારનો ત્યાગ કરવો છે? બે બાળકોને પણ સાથે લઈ લો. ભલે કદાચ થોડી દીક્ષા લંબાય, પણ બાળકોનું જીવન સુધરી જશે." આ વચન બાબુભાઈનાં દિલમાં અસર કરી ગયું. એમણે પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજને બધી વાત કરી, અને થોડો સમય લંબાવીને બે બાળકો સાથે સંયમી બનવાનું નક્કી થયું. સગાવહાલાં આદિ સૌ સંમત હતાં, પણ બાબુભાઈ નાનાં બાળકો સાથે સંયમ સ્વીકારે એ ગામના અમુક વર્ગને ગમતું ન હતું. એથી અંતે સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ને દિવસે મુરબાડ પાસે નાનકડા ધસઈ ગામમાં ગુપ્ત રીતે શ્રી બાબુભાઈ પોતાનાં બે સંતાનો–પ્રકાશકુમાર (વય : ૯) અને મહેન્દ્રકુમાર (વય : ૭) સાથે સંયમી બન્યા અને તેઓ અનુક્રમે મુનિરાજ શ્રી જયકુંજરવિજયજી, મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી અને મુનિરાજ શ્રી મુક્તિપ્રભવિજયજીના નામે જાહેર થયા.

પૂજ્યશ્રીનું 'શ્રી જયકુંજરવિજયજી' નામ પડ્યું તે પણ ખૂબ જ અન્વર્થ છે. બાબુભાઈ દીક્ષા લેવાના હતા તે પૂર્વે પૂજ્યશ્રીના ગુરુદેવશ્રીને રાત્રે સ્વપ્ન આવ્યું કે એક હાથી પોતાના બે મદનિયાંને લઈ પોતાની પાસે આવી રહ્યો છે અને સાચે જ સ્વપ્નમાં થયેલ સૂચન પ્રમાણે બાબુભાઈ પોતાનાં બે સંતાનો સાથે દીક્ષા લેવા પૂજ્યશ્રી પાસે આવ્યા. તેથી પૂજ્યશ્રીએ દીક્ષા સમયે બાબુભાઈનું નામ મુનિરાજ શ્રી જયકુંજરવિજયજી પાડ્યું. કુંજર એટલે હાથી અને જેને બધે વિજય મળવાનો છે એવો હાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે 'જયકુંજર'. જયકુંજર-હાથીનું વિસ્તૃત વર્ણન 'શ્રી ભગવતીસૂત્ર'માં આવે છે. સંયમી બન્યા બાદ શ્રી જયકુંજરવિજયજી મહારાજ જ્ઞાન-ધ્યાનની સાધનામાં આગળ વધવા.સાથે એવા ગુરુસમર્પિત બની ગયા કે, પોતાનાં સંતાન-શિષ્યોના ઘડતરની તમામ જવાબદારી પૂ. ગુરુદેવને સોંપીને ગુરુસેવાને જીવનમંત્ર બનાવ્યો. સં. ૨૦૧૧થી સં. ૨૦૩૮ સુધી આ મંત્ર તેઓશ્રીએ જીવની જેમ જાળવી જાણ્યો, જેના પ્રતાપે આજે પૂજ્યશ્રીનાં એ બંને શિષ્યો એક સિદ્ધહસ્ત લેખક તરીકે અને એક કુશળ પ્રવચનકાર તરીકે પૂ. આચાર્ય શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ તથા પૂ. આચાર્ય શ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મહારાજ તરીકે ગુરુદેવ સાથે જ રહી શાસનપ્રભાવના કરી રહ્યા છે. સમર્થ લેખક અને પ્રભાવક પ્રવચનકાર તરીકે પોતાનાં બે સંતાનશિષ્યો તૈયાર થઈ ગયેલ હોવા છતાં આ રીતની ગુરુસમર્પિતતાની ભાવના જોઈ, મુનિરાજ શ્રી જયકુંજરવિજયજી મહારાજના વ્યક્તિત્વ અને યોગ્યતાથી પ્રેરાઈને, પૂ. ગુરુદેવના કાળધર્મ પછી, પૂ. દાદાગુરુદેવશ્રીએ, તેઓશ્રીને સં. ૨૦૪૧ના ફાગણ સુદ ૩ના પાલિતાણામાં ગણિપદથી અને સં. ૨૦૪૪ના ફાગણ વદ ૪ના મુંબઈ, શ્રીપાલનગરમાં પંન્યાસપદથી વિભૂષિત કર્યા. પ્રસન્ન વદન, સરળતા, સાદગી, ગુરુસમર્પણભાવ, અનેરું વાત્સલ્ય, અપૂર્વ સ્વાધ્યાયરસિકતા, નિરભિમાનીતા, નિઃસ્પૃહતા, ક્રિયારુચિ આદિ અનેકાનેક ગુણોથી હર્યુંભર્યું આદર્શ જીવન ધરાવતા પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા-આશિષપૂર્વક સં. ૨૦૪૬ના ફાગણ વદ ૧૧ના દિવસે મુંબઈ-ભૂલેશ્વર-લાલબાગમાં આચાર્યપદે અભિષિક્ત થતાં આચાર્યશ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજ નામે પ્રસિદ્ધ થયા. આચાર્ય બન્યા બાદ તેઓશ્રીના વરદ હસ્તે સંચર-કોલ્હાપુર-કારડ-પૂના કાતિયા નગર-ઇચલકંરજી-અમદાવાદ ગોતા-વિજાપુર શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય-વિજાપુર શ્રી મહાવીર સોસાયટી જિનાલય, ટોલીગંજ કલકત્તા-ભવાનીપુર કલકત્તા-ભોમિયાભવન શિખરજી ૧૦૮ પાર્શ્વનાથ પરમાત્મા-અષ્ટાપદ મંદિર, જૈન શ્વે. સોસાયટી શિખરજી-કુમારડીહ નૂતન મંદિર-ચંપાપુરી તીર્થ આદિ સ્થળોએ અંજનશલાકા સાથે પ્રતિષ્ઠા થયેલ. તેમજ નાસક સુવિધિનાથ જિનાલય, શંકેદ સર્વોદય તીર્થ, ભંદારદરા તીર્થ, ભાલુસણા, નરોલી મુનિસુવ્રત સ્વામી જિનાલય, પાવાપુરી નયામંદિર, પારસનાથ ઈસરી, કત્રાસગર. ચંપાપુરી તીર્થ, ભાગલપુર, લઠવાડ-ક્ષત્રિયકુંડ તીર્થ-કાકંદી તીર્થ આદિ કલ્યાણક ભૂમિઓમાં પ્રતિષ્ઠા થયેલ. આ સિવાય છ'રીપાલક સંઘો, ઉપધાન, ઉજમણા તથા અનેક દીક્ષાઓ થયેલ છે. એવા સમર્થ શાસનપ્રભાવક સૂરિવરના ચરણે વંદના!

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી સમવસરણ-મંદિર તીર્થ*

# प.पू. आचार्य श्री नित्योदय सागर सूरीश्वरजी महाराज

निरंजन परिहार



साधु-संत आम तौर पर समाज में धार्मिक चेतना और सत्कारियों के प्रति जागृति पैदा करने के कार्यों में ही लगे रहते हैं, साथ ही जीवन के शुद्धिकरण के लिए तपस्या के आयोजनों का नेतृत्व उनके हिस्से आता है। बहुत कम संत एसे हुए हैं तो इनसे हटकर होनवाले कार्योंमें अपना योगदान देते देखे गए हैं। जैनधर्म के आज के संतों में अगर देखा जाए तो आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज एकमात्र संत हैं जो सामाजिक चेतना और संगठनप्रियता की वजह से सबसे ज्यादा लोकप्रिय हैं। वे मानते हैं कि समाज जब तक पूरी तरह एक होकर धर्म के प्रति जागृत नहीं होता तब तक समाज में कभी भी सामूहिक बदलाव नहीं आ सकता।

अक्सर यह देखा गया है कि विबिन्न समुदायों और सामाजिक संगठनों में मतभेद की वजह से एक गहरी खाई पड़ जाती है, वहाँ आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज की जरूरत महसूस की जाती रही है। अफनी वाणी के ओज ैर प्रबल इच्छाशक्ति के साथ-साथ प्रखर चेतना के बलबूते पर पूज्य गुरुदेव दर्शन सागर सूरिश्वर महाराज के प्रिय शिष्य आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज ने सैंकड़ों संस्थाओं, कई गाँवों और अनेक परिवारों के वर्षों पुराने बिवाद चुटकी में सुलसझाए हैं।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यही कारण है कि बिखरते समाज को एक करने की दिशा में आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज के प्रयासों को हर जगह काफीसराहना मिली है और यह उनकी धार्मिक चेतना एवं तपस्या की प्रबलताका ही परिणाम है कि अपनी बात पर अडिग रहने वाले लोग भी आचार्य के आते ही उनेक सामने नतमस्तक होकर समाज के हितमें अपने कदम पीछे ले लेते हैं।

गुजरात के सुरेन्द्र नगर के पास आदरियाणा में विक्रम संवत १९९८ में मगसर सुद २ कोशनिवार के दिन २१ नवंबर १९४१ को श्रीमती मरघाबेन और तलखीभाई के घर जन्मे मासूम नटवरलाल के किसी भी परिजन को यह कतई पता नहीं था कि सिर्फ १४ वर्ष की उम्र में ही इस बालक के कदम संन्यास लेक संसार का कल्याण करने की तरफ बढ़ेंगे। विक्रम संवत २०१२ में वैशाख वद ३ को २६ मई १९५६ का शनिवार बालक नटवरलाल के लिए सांसारिक सुखों के त्याग का दिन बनकर आया। इसी दिन गुजरात के चाणस्मा में दीक्षा लेकर बालक नटवरलाल नित्योदयसागर बने और आचार्य दर्शन सागर सूरीश्वर महाराज को गुरुदेव के रूप में स्वीकार करने के साथ ही प्रण लिया कि वे अपने पूरे साधु जीवन के दौरान समाज के लिए कुछ ऐसा खास किस्म का नय काम करेंगे जिससे समाज बिखरने के बजाए एक हो और सामाजिक विवाद के रास्ते नेक हो।

आचार्य नित्योदय सागर तमिलनाडु, कर्नाटक, महाराष्ट्र, पश्चिम बंगाल, बिहार, उत्तर प्रदेश, मध्यप्रदेश और राजस्थान के हजारों परिवारों में एकता के बीज बोने और सैकडों संस्थाओं को समर्पण के सूत्र में पिरोने वाले संत के रूपमें जाने जाते हैं। संगठन उनका सबसे पृरिय विषय है और एकता का प्रयास उनकी पहली कोशिशष। जिनशासन की सेवा में इस तरह का एक अनोखा योगदान देनेवाले संत नित्योदय सागर के प्रयासों को प्रबलता प्रदान करने में उनके शिष्य आचार्य चंद्रानन सागर सूरीश्वर महाराज का भी जबरदस्त योगदान है।

आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज मानते हैं कि एकता ही जीवन की सफलताकी चाबी है जिसके जरिए दुनिया के सीसी भी मुश्किल काम को आसान किया जा सकता है। हालांकि यह भी मानते हे कि सामाजिक जीवन में एकता इतनी आसान नहीं है लेकिन उनकी यह भी मानता हे कि यह कोई इतना मुश्किल काम भी नहीं है जिसे आसानी से नहीं किया जाए। आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज की एक मान्यता यह भी है कि कोई भी बात बातों से ही बिगड़ती है और बिगड़ी हुई बात बातों से ही संवरती है। अपनी बातों में पूरी मजबूती और प्रबल शक्ति रखने के साथ वाणी में कठोरता से समाज को एक एकता परोसने वाले आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज के जीवन पर निगाह डालें तो लगता हैं कि उनका पूरा जीवन एकता और संगठन के लिए ही बना है। दिव्य संगठक और एकता के धनी आचार्य नित्योदय सागर सूरीश्वर महाराज के पास जो भी लोग आते हैं उनमें ज्यादातर वे होते हैं जिन्हें संगठन की आशीष और एकता का आशीर्वाद चाहिए, क्योंकि आज के समाज में सबसे ज्यादा जरूरत भी इसी बात की है और इस जरूरत को वर्षों पहले नित्योदय सागर महाराज ने महसूस कर लिया था इसलिए वे शुरु से इसी दिशा में जुटे रहे, और यही वजह है कि उन्हें जैन धर्म के संगठ प्रेमी और एकता के आचार्य के रूप में जाना जाता है।

*सौजन्य : श्री खिवान्दी जैन संघ खिवान्दी (राजस्थान)*

## પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય નરચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સંયમનિષ્ઠ મહાતપસ્વી પૂ. પંન્યાસશ્રી કાંતિવિજયજી ગણિવર્ય સં. ૨૦૧૧ની સાલમાં ખંભાત મુકામે ચાતુર્માસ બિરાજમાન હતા. હળવદનિવાસી સુશ્રાવક દીપચંદભાઈ (બાબુભાઈ)એ પોતાના નાના પુત્ર નગીનદાસને પૂ. પંન્યાસજી મ. પાસે અભ્યાસ માટે મૂક્યો. સ્વાધ્યાયરત અને ત્યાગ–વૈરાગ્યની મૂર્તિ સમા પૂ. પંન્યાસ મ. પાસે અભ્યાસ કરતાં કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગીનદાસને માત્ર જ્ઞાન જ નહીં, સાથોસાથ ઊછળતો વૈરાગ્ય પણ મળ્યો. સર્વવિરતિનો જોરદાર રાગ મળ્યો. સંયમના મનોરથ અદમ્ય બની રહ્યા. તેમણે પિતાશ્રીને ખંભાત બોલાવ્યા. દીક્ષા અપાવવા વિનંતી કરી અને ચારિત્ર ન મળે ત્યાં સુધી વર્ધમાનતપ ચાલુ રાખવાનો પોતાનો મનોરથ જણાવ્યો. પૂ. પંન્યાસજી મહારાજમાં મુમુક્ષુની યોગ્ય પરખ હતી.

ત્યારબાદ, બાબુભાઈએ નગીનદાસને પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પાસે મૂક્યો. તેઓશ્રીએ પણ એ જ અભિપ્રાય આપ્યો. બાબુભાઈએ નગીનને પૂછ્યું, "તારે કોની પાસે દીક્ષા લેવી છે?" નગીને કહ્યું, "તમે જ્યાં અપાવો ત્યાં." પણ પછી તો પૂ. પંન્યાસશ્રી કાંતિવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. ભવ્યાત્મા નગીનભાઈ સંયમ અંગીકાર કરતાં પહેલાં સિદ્ધગિરિની યાત્રાએ ગયા. તેમના કુટુંબી રમણિકભાઈ (આયંબિલ ભવનના મુનીમ) ને ત્યાં ઊતર્યા. રમણિકભાઈએ નગીનને દીક્ષા ન લેવા ઘણું સમજાવ્યા. સાધુ સમુદાયમાં ક્વચિત્ બનતાં અનિચ્છનીય તત્ત્વો ઉઘાડાં કર્યાં. નગીને બધું સ્થિતપ્રજ્ઞની જેમ સાંભળી લીધું. પોતાના કહેવાથી કશી જ અસર નહીં થાય એમ જાણીને અંતે રમણિકલાલે પૂછ્યું, "તમે કોની પાસે દીક્ષા લેવાના છો?" ત્યારે નગીનભાઈએ મૌન તોડ્યું અને પોતાના પૂજનીય ગુરુદેવશ્રીનું નામ લીધું. આ પુણ્યપુરુષનું નામ સાંભળતાં જ રમણિકભાઈની વાણીએ વળાંક લીધો. તેઓશ્રી પાસે દીક્ષા લેવી હોય તો ખુશીથી લો. તેઓશ્રી મહાતપસ્વી અને નિર્મલ સંયમી મહાત્મા છે. નગીને કહ્યું કે, "સમુદાય ઉત્તમ છે; માટે જ મેં તેઓશ્રીને પસંદ કર્યા છે." આ સર્વ પૂ. પંન્યાસજી મહારાજના ઉત્કૃષ્ટ સંયમજીવનનાં સર્વોત્તમ દૃષ્ટાંતો છે.

પૂ. પં. શ્રી કાંતિવિજયજી મહારાજને સંયમ અંગેની કોઈપણ ખામી બિલકુલ ગમતી નહીં. પ્રજ્ઞાપનીયજીવોને અવસરે સારણાં-વારણાં કરી તે ખામી દૂર કરાવતા. પોતાના જીવનમાં એ ખામીઓ માટે સતત આંતર નિરીક્ષણ કર્યા કરતા. ખામી દેખાય ત્યાં તેને દૂર કરવાનો પ્રયત્ન કરતા. ક્યારેક શારીરિક સંયોગને વશ ખામી દૂર ન થાય તો પારાવાર પશ્ચાતાપ કરતા. દરેક મુમુક્ષુની જેમ નગીન માટે પણ એમ જ બન્યું. પૂ. પંન્યાસજી મહારાજે તેને પોતાનો શિષ્ય કરવાની અનિચ્છા દર્શાવી. આ બાબતે લાંબો ગજગ્રાહ ચાલ્યો. છેવટે પૂ. પંન્યાસજી મહારાજ પોતાના અનન્ય ભક્ત પાસે હારી ગયા. બાબુભાઈ જીત્યા. નગીનભાઈ જીત્યા અને સં. ૨૦૧૩ના માગસર સુદ ૧૧ના મૌન એકાદશીના પાવન દિવસે, હળવદના આંગણે ભવ્ય મહોત્સવપૂર્વક અનેરા ઉછરંગથી ૧૯ વર્ષની યુવાનવયે નગીનદાસ દીક્ષિત થઈને મુનિશ્રી નરચંદ્રવિજયજી મ. બન્યા.

પૂ. પંન્યાસજી મહારાજને એક જમણો હાથ મળી ગયો. વિનીત, સમર્પિત, ત્યાગી, તપસ્વી, પ્રજ્ઞાપનીય અને સદા આનંદી ભક્તશિષ્ય મળી ગયો. આ સાધકશિષ્યે પૂ. પંન્યાસજીની સાધનામાં નોંધપાત્ર સહયોગ આપ્યો. પૂ. પંન્યાસજી શ્રી કાંતિવિજયજી મહારાજ ભાવદયાના ભંડાર અને સંયમનિષ્ઠ તેઓશ્રીજી વિ. સ. ૨૦૨૧ ભા. વ. ૩-ના પાટણ મુકામે કાળધર્મ પામ્યા બાદ સુવિશાલ ગચ્છાધિપતિ આશ્રિતગણ પરમ હિતચિંતક સ્વનામ ધન્ય પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રામાં તપ, જ્ઞાન, સંયમ, વૈયાવચ્ચ જેવા સાધુજીવનના સર્વોત્તમ ગુણોનો ક્રમશઃ વિકાસ સાધતાંસાધતાં તેઓશ્રીને સુવિશાલ ગચ્છાધિપતિશ્રીજીએ પોતાના જ વરદ્ હસ્તે વિ. સં. ૨૦૪૭ના માગશર વદ ૯ના શુભ દિને ગણિ-પંન્યાસ અને તે જ વર્ષના વૈશાખ સુદ ૬ના શુભ દિને અમદાવાદ મુકામે ઉપાધ્યાય પદે આરૂઢ કર્યા અને સુવિશાલગચ્છાધિપતિ વાત્સલ્યમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની શુભાજ્ઞાથી સૌજન્યમૂર્તિ તપસ્વીરત્ન પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મહારાજાએ તેઓશ્રીજીને જૈનશાસનના તૃતીયપદે-આચાર્યપદે આરૂઢ કર્યા. ત્યારબાદ અનેક પ્રકારે શાસનની પ્રભાવના કરતાં કરતાં અનેક જીવોને પ્રભુશાસનમાં જોડવાપૂર્વક સ્વજીવનને ધન્ય બનાવીને સાધુજીવનની શોભા વધારી રહ્યા છે. કોટિશઃ વંદન હજો એ પૂજ્યવરને!

*નિઃસ્પૃહી અને પ્રેમાળ મૂર્તિ, જિનશાસનનું ગૌરવરત્ન*

## પૂ.આ.શ્રી વિજયકલ્પજયસૂરીશ્વરજી મ.સા.

પુણ્યપાવન ગુજરાત પ્રાન્તના જામનગર શહેરમાં વીસા ઓસવાલ ઝવેરી લાભુભાઈ ખેંગારભાઈ રહે. એમને ત્યાં સં. ૨૦૧૦ના ભાદરવા વદ ૮ને દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ કિરણકુમાર રાખ્યું. માતાપિતાના ધાર્મિક સંસ્કારો વચ્ચે રહીને બાળક કિરણકુમારમાં પ્રથમથી જ ધાર્મિક સંસ્કારોનો વિકાસ થયો અને આગળ જતાં, સંસાર પ્રત્યેની વિરક્તિ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંયમજીવન પ્રત્યેની ભાવના વધતાં ગયાં અને તે દીક્ષાગ્રહણ કરવાના સંકલ્પ સમક્ષ આવીને અટલ બન્યા! જામનગરમાં સં. ૨૦૧૮ના વૈશાખ સુદ ૬ને શુભ દિવસે પૂ. પં.શ્રી વિનયવિજયજી મહારાજશ્રીના વરદ્ હસ્તે દીક્ષા લીધી અને તેઓશ્રીના શિષ્ય મુનિરાજ શ્રી કલ્પજયવિજયજી તરીકે જાહેર થયા.

પૂજ્યશ્રીએ પહેલું ચાતુર્માસ જામનગર–દિગ્વિજય પ્લોટમાં કરીને, વિહાર કરી સીધા જ શ્રી સમેતશિખરજીની યાત્રાએ ઊપડ્યા. દસ વર્ષ સુધી ગુજરાત બહાર રહીને શાસ્ત્રાભ્યાસ કર્યો. ગુજરાતમાં પૂ. ગુરુદેવ સાથે રહીને શાસનનાં વિવિધ કાર્યો કર્યાં. નાની ઉંમરમાં વ્યાખ્યાતા બન્યા. સરળ અને સચોટ શૈલીમાં વ્યાખ્યાન આપવાની અદ્‌ભુત કુશળતાથી જૈનસમાજમાં ખૂબ વિખ્યાત બન્યા. વિદ્વત્તા, પ્રભાવકતા અને વત્સલતાને લીધે વિશાળ શિષ્યસમુદાય ધરાવે છે. તેઓશ્રીને સં. ૨૦૩૩માં કારતક વદ પાંચમે અમદાવાદ–નવરંગપુરામાં ગણિ–પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા અને સં. ૨૦૩૯ના જેઠ સુદ પાંચમે ધ્રાંગધ્રા મુકામે મહામહોત્સવપૂર્વક આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવ્યા. વર્તમાનમાં સૌથી નાની ઉંમરે આચાર્ય પદવી પ્રાપ્ત કરનારા તેઓશ્રી એક માત્ર મહાપુરુષ છે. સં. ૨૦૪૫નું ચાતુર્માસ મલાડ સંઘના વારંવાર આગ્રહથી મુંબઈમાં કરીને વિવિધ આરાધનાપૂર્વક જૈનધર્મનો જયજયકાર વર્તાવ્યો. પૂજ્યશ્રી ગુરુનિશ્રાએ અનેકવિધ શાસનપ્રભાવના કરતાં શિષ્ય–સમુદાય અને ભક્તસમુદાય વચ્ચે વિચરી રહ્યા છે અને જયવંતા વર્તી રહ્યા છે. એવા એ સમર્થ સૂરિવરને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : શ્રી ગોડીજી પાર્શ્વનાથ તીર્થ પ્રભાવક ટ્રસ્ટ રૂની (જિ. બનાસકાંઠા)*

## પ.પૂ. આચાર્યશ્રી સિંહસેનસૂરિજી મહારાજ

પૂ.આ. શ્રી સિંહસેનસૂરિજી મહારાજનો જન્મ તા. ૨૦-૧-૪૨ના રોજ અમદાવાદ સાબરમતીના પ્રતિષ્ઠિત આગેવાન સુશ્રાવક શ્રી પોપટલાલ મગનલાલને ત્યાં, તેમનાં ધર્મપરાયણ પત્ની હીરબહેનની કુક્ષિએ થયો. તેમનું જન્મનામ શશિકાંત હતું. શશિકાંતનો ઉછેર સુખસમૃદ્ધિ વચ્ચે થવા સાથે એટલા જ ઉચ્ચ સંસ્કારી વાતાવરણમાં થયો. વ્યાવહારિક ઉચ્ચ અભ્યાસ સંપાદન કરવા સાથે ધાર્મિક અભ્યાસ પણ ઘણો સારો કર્યો. ધર્મભાવના પ્રબળ હોવાથી પૂ. શ્રમણભગવંતોનો સમાગમ થતો રહ્યો અને વૈરાગ્યભાવ પ્રબળ બનવા લાગ્યો અને એક દિવસ, ૨૬ વર્ષની વયે, તેમની એ ભાવના સાકાર બની. સં. ૨૦૨૪ના વૈશાખ સુદ ૬ને દિવસે અમદાવાદ–સાબરમતીમાં પરમ ગીતાર્થ પૂ. આ. શ્રી વિજયઉદયસૂરિપટ્ટધર પૂ. આ.ભ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા અંગીકાર કરી, પ્રખર પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે જાહેર થઈ મુનિશ્રી સિંહસેનસૂરિવિજયજી નામ પામ્યા. એ જ વર્ષે અષાઢ સુદ ૧૦ને દિવસે તેમની વડી દીક્ષા પૂ. આ. ભ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ.સા.ના વરદહસ્તે થઈ.

જ્ઞાનસંપાદનની તીવ્ર રુચિ અને તેજસ્વી બુદ્ધિના કારણે દીક્ષા બાદ તેઓશ્રી સંયમની ઉત્કૃષ્ટ સાધના અને ધર્મશાસ્ત્રના ઊંડા અભ્યાસમાં એકાગ્ર બની ગયા. પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યે અને કૃપાબળે તેમને સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું સહજ જ્ઞાન પ્રાપ્ત થયું. વ્યાકરણ, ન્યાય, તર્ક, સાહિત્ય, આગમ આદિમાં પારંગત બન્યા. તેઓશ્રીની યોગ્યતા જાણી સં. ૨૦૪૦ના કારતક વદ ૧૦ના દિવસે ગણિ પદથી અને સં. ૨૦૪૬ના વૈશાખ સુદ ૬ના દિવસે પંન્યાસ પદથી અલંકૃત કરવામાં આવ્યા. પૂ. પંન્યાસશ્રી સિંહસેનવિજયજી મહારાજ ધર્મશાસ્ત્રોના ઊંડા જાણકાર અને કુશળ વ્યાખ્યાનકાર પણ છે. પૂ. ગુરુદેવશ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજની શુભ નિશ્રામાં ઊજવાતાં તપારાધનાનાં અને ધર્મપ્રભાવનાનાં અનેકવિધ કાર્યોમાં તેઓશ્રી રસપૂર્વક સારો એવો ભાગ લઈ રહ્યા છે. ખાસ કરીને પૂજ્યશ્રી દ્વારા નવપદજીની શાશ્વતી ઓળીની સામુદાયિક આરાધના વખતે આરાધકોમાં ધર્મજ્ઞાન ખીલવવા પરીક્ષાદિનું સુંદર આયોજન વર્ષોથી થતું આવ્યું છે. પૂ. પંન્યાસશ્રી વિનય–વિવેક–વૈયાવચ્ચ આદિ ગુણોથી સુસંપન્ન છે, સ્વભાવે શાંત અને સૌમ્ય છે, સ્વાધ્યાયશીલતા એ એમના સંયમજીવનનો વિશેષ ગુણ છે. જ્ઞાનની પ્રાપ્તિ અને પ્રસાર માટે તેઓશ્રી સદાય તત્પર રહે છે. સ્વ–પર કલ્યાણના માર્ગે તેઓશ્રી ચારિત્રધર્મને ઉત્તરોત્તર અજવાળી રહ્યા છે. પૂજ્યશ્રીને વિ.સં. ૨૦૫૨, જેઠ સુદ ૩ના ઉપાધ્યાય પદ–પ્રદાન અને જેઠ સુદ–૬ના ગુરુ–પુષ્યામૃત સિદ્ધિયોગમાં આચાર્ય પદ–પ્રદાન પૂ. આ.ભ. શ્રી વિજયપ્રબોધચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે થયેલ. પૂજ્યશ્રી તથા તેઓશ્રીના ગુરુબંધુઓની પ્રેરણાથી અમદાવાદ–પાલિતાણા હાઈ–વે રોડ ટચ (૧૨ વીઘા જમીન) ખડોલ મુકામે પૂ. ગુરુમહારાજશ્રીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે શ્રી નેમિ–ઉદય–મેરુ વિહારધામનું કાર્ય ઝડપથી આગળ ચાલી રહ્યું છે. પૂજ્યશ્રીના વરદ્ હસ્તે શાસનપ્રભાવનાનાં કાર્યો સુસંપન્ન થતાં રહો એ જ શુભકામના સાથે પૂજ્યશ્રીનાં ચરણારવિંદે કોટિશઃ વંદના!

*સૌજન્ય : શ્રી સેટેલાઈટ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ સોમેશ્વર કોમ્પ્લેક્ષ, અમદાવાદ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મકાર્યપ્રવર્તક પુણ્ય પુરુષો

જૈનશાસનની વર્તમાનની જાહોજલાલીના મૂળમાં તે તે સમયે થયેલા બહુશ્રુત આચાર્યભગવંતોની કર્તવ્યનિષ્ઠાનો અને શાસનપ્રભાવનાનાં કાર્યોનો ફાળો મહત્ત્વનો છે. અરિહંત પરમાત્મા પછી, જગતના જીવો પર ઉપકાર કરવાની દૃષ્ટિએ, આચાર્યભગવંતોનું પ્રદાન મોખરે છે. જૈનશાસનની સેવા, રક્ષા અને પ્રભાવના માટે જ જેમણે અવતાર લીધો હોય તેવા અનેક શ્રમણભગવંતોની અજોડ વિદ્વત્તા, અદ્ભુત ગ્રંથરચના અને મહાન શાસનપ્રભાવનાથી આપણો ઇતિહાસ ઉજ્જ્વળ છે.

*પ્રતિભાશાળી : બાલબ્રહ્મચારી*

## પૂ. આ.શ્રી વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મ.સા.



ગુજરાતના ઉત્તર વિભાગમાં નાનકડું ગામ કુવાલા. ગામમાં ધર્મસમ્મુખ રહેતા સવજીભાઈ અને દલીબાઈને સં. ૧૯૫૦ના કારતક સુદ બીજને દિવસે એક યશસ્વી પુત્ર–યુગલની પ્રાપ્તિ થઈ. મોટા પુત્રનું નામ સીરચંદ અને નાના પુત્રનું નામ રૂપચંદ રાખવામાં આવ્યું. બંને બાળકો તેજસ્વી હતાં અને તેમનામાં સુયોગ્ય સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું. કાળક્રમે માતાપિતાના સ્વર્ગવાસે ભાઈ સીરચંદને યુવાનીના ઉંબરે આવતાં રંગરાગના વાતાવરણથી દૂર રહી, ત્યાગ અને વૈરાગ્યના પંથે વિચરવાનાં અરમાનો જાગવાં લાગ્યાં. એવામાં મહાન ધુરંધર, જ્યોતિષશાસ્ત્રના પ્રકાંડ પંડિત પૂજ્ય પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજનો સંપર્ક થયો અને અંતરમાં પ્રગટેલી વૈરાગ્યજ્યોત વધુ પ્રજ્વલિત થઈ. સં. ૧૯૬૯ના પોષ વદ ૧૦ના શુભ દિવસે પાટણ શહેરમાં ભવ્ય મહોત્સવપૂર્વક, પરિવારની અનુમતિ પ્રાપ્ત કરી, સૌ કોઈના લાડીલા સીરચંદે સાપ કાંચળી ઉતારે તેમ સંસારનાં સ્નેહસંબંધોનો ત્યાગ કરી સંયમજીવનનો સ્વીકાર કર્યો. ભાઈ સીરચંદ મુનિશ્રી સુરેન્દ્રવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા. થોડા સમય બાદ નાનાભાઈ રૂપચંદને પણ સંયમપંથે વાળી દીક્ષા આપી, તેમને મુનિશ્રી રવિવિજયજી નામે ઘોષિત કર્યા.

પૂર્વની પ્રબળ આરાધના, ગુરુજનોની સેવા અને જ્ઞાન-ધ્યાનની અપૂર્વ લગનથી ઘણા ટૂંકા સમયમાં વ્યાકરણ, ન્યાય, કાવ્ય અને જુદાંજુદાં શાસ્ત્રોના અધ્યયન સાથે, ધાર્મિક તત્ત્વ-જ્ઞાનનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરી, જૈનસમાજમાં એક તપસ્વી મુનિ રૂપે શ્રી સુરેન્દ્રવિજયજી મહારાજની ઉત્કૃષ્ટ પ્રતિભા જોતાં, પૂ. ગુરુદેવશ્રીએ અનેક શહેરોના સંઘોની આગ્રહભરી વિનંતીથી ડહેલાના ઉપાશ્રય મધ્યે ખૂબ જ ધામધૂમથી, શહેરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કરવા યોગ્ય મહોત્સવપૂર્વક પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. પંન્યાસજી શ્રી સુરેન્દ્રવિજયજીએ પોતાની અનોખી પ્રતિભાના પ્રભાવે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરીને અને ધાર્મિક કાર્યોના પ્રસારથી અનેક મુમુક્ષુઓને સંયમી બનાવીને જૈનસમાજમાં નામાંકિત અને તપ–ત્યાગ તથા જ્ઞાન–ધ્યાનની સમૃદ્ધિથી સમૃદ્ધ સમુદાયની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. પૂ. પંન્યાસજી મહારાજે સંયમી જીવનની સાધનાને કેન્દ્રબિંદુ બનાવવા સાથે પોતાના દૃષ્ટિબિંદુથી સમાજસુધારણાનાં કાર્યો તરફ પણ ઘણું લક્ષ આપ્યું હતું. પરિણામે પોતાની જન્મભૂમિ કુવાળામાં અજ્ઞાનતાને લીધે વર્ષોથી કન્યાવિક્રય આદિ સામાજિક દૂષણો હતાં તે નાબૂદ થયાં. આ કાર્યો માટે, ભગીરથ પ્રયત્નો કરી બનાસકાંઠા જિલ્લામાં જૈનસમાજને સંગઠિત કરવાનો મહાન પુરુષાર્થ કર્યો. વિ.સં. ૧૯૯૯ના વર્ષમાં શ્રી ગિરનાર મહાતીર્થમાં ડહેલાના ઉપાશ્રયના શ્રીસંઘની આગેવાની નીચે, અનેક શ્રીસંઘોએ યોજેલા અપૂર્વ આનંદ–ઉલ્લાસના વાતાવરણમાં ભવ્ય સમારોહ-પૂર્વક પંન્યાસપ્રવર શ્રી સત્યવિજયજી ગણિવરની પાટ–પરંપરામાં પ્રથમ આચાર્ય પદ પ્રાપ્ત કરવાનું આદર્શ ગૌરવ પ્રાપ્ત કર્યું.

અનેક સ્થાનોમાં મંદિરોનું નવનિર્માણ, જીર્ણોદ્ધાર, ઉપાશ્રય, ધર્મશાળાના નિર્માણમાં અને ઉજમણાં, પ્રતિષ્ઠા–મહોત્સવો, ઉપધાન તપની આરાધના આદિ શાસનપ્રભાવનાનાં વિવિધ કાર્યોમાં પૂજ્યશ્રીની પ્રભાવપૂર્ણ ધર્મદેશનાનું અમૃતપાન કરવાપૂર્વક ભાવિકોએ લાખો રૂપિયાનું દાન કરી જિનશાસનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવા કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. પાછલી અવસ્થામાં પૂ. આચાર્ય ભગવંતશ્રીને એકાએક દમનો વ્યાધિ થયો. તનની અસમાધિ વધવા છતાં મનની સ્થિર સમાધિએ આત્મસાધનાના ઉજ્જ્વળ પંથે અપ્રમત્તભાવે આગળ વધતા રહ્યા. વિશાળ શિષ્યપરિવાર, અનેક શ્રીસંઘો અને અન્ય આત્મીયવર્ગને હિતશિક્ષાનો આદર્શ બોધ દેતા પૂજ્યશ્રી સં. ૨૦૦૬ના કાર્તિક વદ ૪ની મધ્યરાત્રિએ ડહેલાના ઉપાશ્રયમાં પંચપરમેષ્ઠી મહામંત્રના સ્મરણ સાથે સ્વર્ગે સિધાવ્યા. કાર્તિક વદ પાંચમના દિવસે પૂજ્યશ્રીને શોકસંતપ્ત હૃદયે શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમ રૂપે, શહેરના ઇતિહાસમાં એક ભવ્ય પ્રકરણ રૂપ સ્મશાનયાત્રા નીકળી. પૂજ્યશ્રીનો પંચભૂતનો દેહ પંચભૂતોમાં વિલીન થઈ ગયો. દિવ્ય સાધનાનો અવિનાશી આત્મા જગતમાં તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનની છાયા ફેલાવી અમર બની ગયો. પૂજ્યશ્રીની સ્મૃતિમાં ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન આદિ પ્રદેશોમાં તેઓશ્રીના વિદ્વાન શિષ્ય-સમુદાયની પ્રેરણાથી અનેક સમાધિમંદિરો, ગુરુમંદિરો, સરસ્વતીમંદિરો, ધર્મસ્થાનો, પાઠશાળાઓ આદિનું નિર્માણ થવાથી પૂજ્યશ્રીની યશોગાથા વિશ્વના ખૂણે ખૂણે ગુંજી રહી છે. પ્રકૃષ્ટ પુણ્યપ્રભાવક પરમારાધ્ય સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીના નામસ્મરણનો અપૂર્વ પ્રભાવ છે કે તન-મનનાં સેંકડો કષ્ટ ક્ષણભંગુરમાં વિલીન થાય છે.

*પૂ. પં. શ્રી રવિરત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી ભીખીબાઈ હજારીમલ જૈન, વિરારના સૌજન્યથી*

### *નીડર અને પ્રભાવક વ્યાખ્યાનકાર*

## પૂ.આ.શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ.સા

પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ વિજયમેરુપ્રભ-સૂરીશ્વરજી મહારાજ એક દર્શનદુર્લભ શ્રમણભગવંત હતા. તેજસ્વી અને ઊંચી કાયા, ઊજળો ગૌર વાન, ચમકતું રેખાંકિત વિશાળ લલાટ, કરુણાર્દ્ર અને વેધક આંખો, સુડોળ ગરવી નાસિકા, પ્રભાવશાળી ચહેરાને વધુ પ્રભાવશાળી બનાવતી ધવલ દાઢી અને યમ-નિયમથી સંયમિત બનેલ દેહ પર શોભતાં ધવલ વસ્ત્રો, જાણે પુરાણકાળના કોઈ ઋષિવરનું સ્મરણ કરાવે એવું ભવ્ય અને દિવ્ય બાહ્ય વ્યક્તિત્વ પ્રથમ દર્શને જ પ્રભાવ પાથરે છે! પૂજ્યશ્રીનું બાહ્ય વ્યક્તિત્વ ઋષિવરનું છે, તેમ આંતર્ વ્યક્તિત્વ સૂરિવરનું છે. આ વ્યક્તિત્વનો સુયોગ આજન્મ છે. જન્મે વિપ્ર, પણ કર્મે જૈન એવા આ મહાત્મા અનોખા શ્રમણ-ભગવંત હતા.

તેઓશ્રીનો જન્મ ગુજરાતમાં ઈડર પાસેના નાનકડા દેશોત્તર ગામમાં સં. ૧૯૬૨ના આસો વદ ૧૩ (ધનતેરસ)ને શુભ દિવસે થયો. પિતાનું નામ મોતીરામ ઉપાધ્યાય. માતાનું નામ સૂરજબહેન, નાનાભાઈ સુખદેવ અને નાની બહેન જડીબહેનના પરિવારમાં પોતાનું સંસારી નામ મોહનભાઈ ધારણ કરીને વત્સલતાથી પોષાતા હતા. ભારતીય વર્ણવ્યવસ્થામાં મોખરે ગણાય એવા બ્રાહ્મણકુળમાં જન્મ્યા હોવાથી હંમેશાં વેદ-ઉપનિષદ અને ગીતાના શ્લોકોના ગુંજારવ વચ્ચે દિવસો પસાર થતા હતા. આવા ઘરમાં જન્મ લેનાર મોહનભાઈનું ભાવિ કંઈક અલગ જ નિર્માણ થયું હોય તેમ, વ્યાવહારિક શિક્ષણ ખપ પૂરતું લઈને ધર્મસાધનાની છોળો ઊછાળતી હોય એવી ધર્મપરાયણ નગરી ખંભાતમાં આવ્યા. ત્યાં એક જૈનેતર વૈદ્ય દ્વારા એક ધર્મનિષ્ઠ, દેવ-ગુરુ-ધર્મ-ઉપાસક શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તુરચંદ અમરચંદને ત્યાં આવ્યા. જૈનકુળને છાજે અને શોભાવે તેવા ધર્મના સુસંસ્કારોથી દિન-પ્રતિદિન મોહનભાઈમાં પરિવર્તન થવા લાગ્યું. નિરંતર પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતના ગમન-આગમનથી અને તેઓની ભાવભરી ભક્તિથી હૈયું આનંદિત અને વિકસ્વર થવા લાગ્યું. તેમની પ્રામાણિકતાથી શેઠ પણ ખુશ હતા, તેથી પગાર પણ વધારી આપ્યો. શેઠને ત્યાં અચૂક પ્રભુનાં દર્શન કરતાં અને સૂર્યાસ્ત બાદ વાપરતા નહીં. જ્યારે દેશાંતર જાય ત્યારે ફોટાનાં દર્શન કરતાં. પર્વના દિવસે પૌષધ કરતા. ખંભાતમાં શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રી વિજયનેમિસૂરીશ્વર મહારાજના પુણ્યપ્રભાવક દર્શન તથા સમાગમના કારણે જૈનધર્મ પ્રત્યે સારી અભિરુચિ પ્રગટી; ત્યાગ, સર્વત્યાગના પુનીત પંથે પ્રયાણ કરવા હૈયું ઉત્કંઠિત બન્યું, જેના ફળસ્વરૂપે સં. ૧૯૮૫ના કારતક વદ ૧૦ના શુભ દિને ખંભાત પાસે વત્રા મુકામે ૨૩ વર્ષની ભરયુવાન વયે પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરી પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના શિષ્ય ગીતાર્થશિરોમણિ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના શિષ્ય 'મુનિશ્રી મેરુવિજયજી'ના નામકરણથી જાહેર થયા.

અજોડ ગુરુભક્તિ, અદ્‌ભુત અને સચોટ જ્ઞાનશક્તિ, નીડર અને પ્રભાવક પ્રવચનકળાના ત્રિવેણીસંગમ રૂપ પૂજ્યશ્રીને સં. ૨૦૧૫માં ઘાટકોપર (મુંબઈ)માં ઉપાધ્યાય પદ (ઉપધાનતપના પુણ્ય-પ્રસંગે) તથા સં. ૨૦૧૯ના વૈશાખ સુદ ૬ને દિવસે પાલિતાણા (જ્યાં કાંકરેકાંકરે અનંતા આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે એવા પ્રાયઃ શાશ્વત તીર્થ)માં પંચપરમેષ્ઠી ભગવંતો પૈકીના તૃતીયપદે-આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞા અને કરાવેલ પ્રતિજ્ઞાના કારણે વડવા-ભાવનગરમાં 'એકીસાથે સળંગ પંચ-પ્રસ્થાન'ની ભવ્ય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલમય આરાધના થઈ. પૂજ્યશ્રી જેવા ધીરગંભીર, તેજસ્વી, પ્રભાવી, દીર્ઘ દૃષ્ટા, નીડર, સ્પષ્ટવક્તા, પરોપકારી, શાસન-પ્રભાવક આચાર્યશ્રીની નિશ્રામાં, તેમના વરદ હસ્તે સુવર્ણાક્ષરે અંકિત થાય તેવાં સુંદર શાસનપ્રભાવનાનાં કાર્યો થયાં છે. જેની યત્કિંચિત રૂપરેખા નીચે મુજબ છે :

અંજનશલાકા-પ્રતિષ્ઠા : (૧) શ્રી આદીશ્વરજી-પાયધુની-મુંબઈ, જે વિક્રમરૂપ શાસનપ્રભાવના થયેલ અને દીક્ષાકલ્યાણક વરઘોડો, બૃહદ્ મુંબઈની નવકારશી, પ્રતિષ્ઠા સમયની હાજરી ઇત્યાદિ પ્રશંસનીય થયેલ. (૨) દોલતનગર-બોરીવલી-મુંબઈ જિનાલયના ઉપર વર્તમાન ચોવીશી તથા શાશ્વતાજિન. (૩) શાસ્ત્રીનગર-ભાવનગર. (૪) ઓઢવ-અમદાવાદ, (૫) શ્રી સોસાયટી-વડોદરા, (૬) વિદ્યાનગર-ભાવનગર. (૭) શિહોર-શ્રી મારુદેવા પ્રાસાદ ગગનોત્તુંગ ચૌમુખ ભવ્ય અને વિશાળ જિનાલય. (૮) તળાજા-શ્રી સુમતિનાથ જિનાલયની ૧૯ દેરીઓ.

પ્રતિષ્ઠા : કળાપરા (રાજસ્થાન), સ્વરૂપગંજ (રાજસ્થાન), ભાનપરા (મેવાડ), કોલાબા (મુંબઈ), શિહોર, ભાવનગર, સાબરમતી (ચૌમુખજી), વરતેજ, અગિયાળી, વરલ, વલ્લભીપુર (ચૌમુખજી) શ્રીનગર (ગોરેગામ-મુંબઈ), દોલતનગર (બોરીવલી), જૈન મરચન્ટ (વડોદરા) આદિ.

ઉદ્યાપન : દોલતનગર, સાબરમતી, શિહોર, ભાવનગર, મહુવા, અમદાવાદ.

ઉપધાન તપ : સાબરમતી, વાંકલી, ઘાટકોપર, પાલેજ, પાલિતાણા (ત્રણવાર), દોલતનગર (ચાર વાર), શિહોર.

છ'રીપાલિત સંઘ : થાણા તીર્થ, અગાશી તીર્થ, શેરીસા તીર્થ, ઘોઘા તીર્થ, પાલિતાણા તીર્થ, (લીંબડી તથા પાંજરાપોળ-અમદાવાદથી), ઝઘડિયા તીર્થ, રાણકપુર આદિ પંચતીર્થ, કાપરડાજી તીર્થ આદિ.

શાશ્વતી નવપદ ઓળીની આરાધનાઓ : પૂજ્યશ્રીની નિશ્રામાં છેલ્લાં દશેક વર્ષથી ચૈત્રી ઓળીની સામુદાયિક આરાધના જુદાં જુદાં શહેરો અને તીર્થસ્થાનોમાં થઈ છે. તેમાં વિ. સં. ૨૦૪૮માં પણ ભાવનગર શહેરમાં ઓળીની સામુદાયિક આરાધના અદ્ભુત શાસનપ્રભાવનાપૂર્વક સુસમ્પન્ન થયેલ.

ઉપાશ્રય-વ્યાખ્યાનખંડ : ભાવનગર, પાલેજ, આદીશ્વરજી-પાયધુની, મોરચૂપણા, શિહોર, સાબરમતી પાલિતાણા-કેશરિયાજી નગર, બોટાદ, દોલતનગર (મુંબઈ).

પૂજ્યપાદશ્રીના વરદ હસ્તે અનેક પુણ્યાત્માઓની દીક્ષા, વડી દીક્ષા તથા સ્વ-પર સમુદાયના પૂજ્યોને ગણિ પદ, પંન્યાસ પદ, ઉપાધ્યાય પદ, આચાર્ય પદ-પ્રદાન.

શ્રીસંઘોને દેવદ્રવ્યમાંથી મુક્તિ, આયંબિલ ખાતાઓનું નવનિર્માણ. પુનરુદ્ધાર, નિભાવફંડ આદિ શાસનપ્રભાવના.

*સૌજન્ય : પ.પૂ.આ.શ્રી સિંહસેનસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી સેટેલાઈટ જૈન સંઘ, અમદાવાદ*

*પરમ શાસનપ્રભાવક*

## પૂ. આ.શ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મ.

પૂ. તપોનિધિ આચાર્ય શ્રીમદ્ વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનાં શિષ્યરત્નો પણ પોતપોતાની આગવી વિશિષ્ટતાઓથી શાસનને પોતાનું વિશિષ્ટ પ્રદાન કરનારા રહ્યા છે. આ સહુમાં આગળ તરી આવતું નામ એટલે બાંધવબેલડી પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને પ. આ. શ્રી વિજયસુબોધ-સૂરીશ્વજી મહારાજ. પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પૂજ્યશ્રીના સંસારીપણે નાનાભાઈ છે, તેઓશ્રી સમુદાયના ગચ્છાધિપતિ છે, પરંતુ રાજ્યનો સર્વ કાર્યભાર પ્રધાન ચલાવે તેમ, સમુદાયનું સઘળું કામકાજ પૂ. આ. શ્રી વિજયસુબોધ-સૂરીશ્વરજી મહારાજ જ ચલાવતા. બંને બાંધવો રામ-લક્ષ્મણની જોડી ગણાય. એકબીજાના પરિપૂરક બનીને ગમે તેવાં વિશાળ અને વિરાટ કાર્યો પણ સરળતાથી પાર પડે.

પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૭૨ના વૈશાખ સુદ ૭ના દિવસે થયો હતો. તેમનું જન્મનામ શેષમલ હતું. માતાપિતા રાજસ્થાનમાંથી મહેસાણા આવીને રહ્યાં અને ત્યાં શેષમલને અભ્યાસ માટે શાળાએ બેસાડ્યા. તેમને ધર્મ પ્રત્યે પણ ખૂબ લગની હતી. તેમનામાં પરોપકારવૃત્તિ પણ ખૂબ હતી. 'असंविभागी मह तस्स मोक्खो' અને 'तेन त्यक्तेन भुंजिथाः' જેવાં સૂક્તો પૂજ્યશ્રીના જીવનમાં પહેલેથી જ ચરિતાર્થ થયાં હતાં. પૂ. ગુરુદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજની સૂયગડાંગ સૂત્રની અમૃતદેશના સાંભળીને સંસાર પ્રત્યે તીવ્ર અરુચિ જન્મી અને તુરત દીક્ષા લેવાની ભાવના થઈ. રાતદિવસ દીક્ષા લેવાનું જ રટણ કરવા લાગ્યા. માતાએ પણ ભાઈ શેષમલના ઉત્કટ વૈરાગ્યને જોઈને અનુમતિ આપી. સં. ૧૯૮૮ના પોષ વદ ૧૦ ને શુભ દિવસે વીરમગામ મુકામે પૂ. ગુરુદેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા થઈ અને નામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ્યું મુનિશ્રી સુબોધવિજયજી. ખરેખર, મુનિશ્રી યથાનામગુણ બોધ આપવામાં અત્યંત કુશળ હોવાથી અનેક પુણ્યશાળી જીવોને પ્રતિબોધવામાં સફળ રહ્યા. પોતાની આ સાહજિક પ્રતિભાથી તેઓશ્રીએ અનેક જીવોને ચારિત્રપંથે ચડાવ્યા. પૂજ્યશ્રી જ્યારે બુલંદ કંઠે કથાગીતો લલકારતા, ત્યારે ભલભલાં પાષાણહૈયાં પણ પીગળી જતાં. પૂજ્યશ્રીને કથાકથનશૈલી વરેલી હતી, તેથી હંમેશાં સેંકડો આબાલવૃદ્ધ ભાવિકો તેઓશ્રીના કથામૃતથી ધન્ય ધન્ય બનતાં. પૂ. આ. શ્રી વિજયસુબોધસૂરીશ્વરજી મહારાજ ભલભલા નાસ્તિકને ધર્મ પમાડી ચુસ્ત આરાધક બનાવી દેતા. સં. ૨૦૧૦ના મહા સુદ પાંચમે પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમને પંન્યાસ પદથી અલંકૃત કર્યા તથા સં. ૨૦૨૯માં મુંબઈ–ગોરેગાંવ શ્રીસંઘ તથા અન્ય શ્રીસંઘ તથા અન્ય શ્રીસંઘોની આગ્રહભરી વિનંતીથી માગશર સુદ બીજે જવાહરનગરમાં તેઓશ્રીને આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા.

આ બાંધવ-બેલડીનાં જ્ઞાનધ્યાન અને તપત્યાગને પ્રભાવે જૈનધર્મનો સૂર્ય પૂર્ણ કળાએ ખીલી ઊઠ્યો. તેઓશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં જોતજોતાંમાં સૌનાં દિલ જીતી લે. તેઓશ્રીની વિદ્વત્તાથી વિદ્વાનો અંજાઈ જતા. અનેક સંઘોમાં જાહોજલાલીભર્યાં ચોમાસાં કરી આરાધનાઓની રેલમલછેલ વરસાવી છે, હજારોનાં જીવનમાં વ્રત–પચ્ચક્ખાણ–તપત્યાગની રંગોળી પૂરી છે. હિંગનઘાટ, પૂના સિટિ, પૂના—આદિનાથ સોસાયટી, દૌંડ (બારામતી), વાઈ (મહાબલેશ્વર), મુંબઈ–મરીન ડ્રાઇવ વગેરે અનેક સ્થળોએ અંજનશલાકા—પ્રતિષ્ઠા કરાવી છે. આ ઉપરાંત, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તિ-સૂરીશ્વરજી મ.ની અંતિમ ભાવનાને સાકાર બનવા માટે આ બાંધવબેલડીએ મુંબઈમાં ૧૦૮ શ્રી પાર્શ્વનાથ ભગવંતોનાં પ્રતીક રૂપે ૧૦૮ શ્રી પાર્શ્વનાથ સામૂહિક મહામંદિરનો ઉપદેશ આપ્યો. પ્રભુભક્તોએ તેઓશ્રીનો આદેશ ઝીલી લીધો અને શ્રી શંખેશ્વર મહાતીર્થમાં ૮૪૦૦૦ ચો. ફૂટના વિસ્તારમાં વિશ્વભરનું અજોડ એવું વિશાળ જિનાલય નિર્માણ પામ્યું. તેઓશ્રીના વિશાળ શિષ્ય—પ્રશિષ્ય સમુદાયથી જૈનશાસનની અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે. પૂજ્યશ્રીના શિષ્યોમાં ૧. પૂ. આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ, ૨. પૂ. પં. શ્રી અરુણવિજયજી ગણિ, ૩. પૂ. પં. શ્રી શાંતિચંદ્રવિજયજી ગણિ, ૪. મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજી મહારાજ મુખ્ય છે અને પ્રશિષ્યોમાં મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, મુનિશ્રી ચંદ્રશેખર-વિજયજી મહારાજ, મુનિશ્રી ભદ્રસેનવિજયજી, મુનિશ્રી જયચંદ્રવિજયજી મહારાજ, મુનિશ્રી હરિષેણવિજયજી મહારાજ, મુનિશ્રી ધનપાલવિજયજી મહારાજ, મુનિશ્રી વિમલભદ્રવિજયજી મહારાજ, મુનિશ્રી હેમંતવિજયજી મહારાજ, મુનિશ્રી શીલભદ્ર-વિજયજી મહારાજ, મુનિશ્રી ધર્મચંદ્રવિજયજી મહારાજ આદિ છે. પૂજ્યશ્રીના શિષ્યો–પ્રશિષ્યો વિદ્વાન, વ્યાખ્યાનકાર અને શાસનપ્રભાવક બન્યા છે. પ.પૂ. આ. શ્રી ભાનુચંદ્ર-સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ. શ્રી રત્નશેખરસૂરિશ્વરજી મ. તથા પં. શ્રી કુલચંદ્ર વિ. K. C. મ.સા. આદિ શિષ્યરત્નો પૂ. ગુરુદેવશ્રીનાં દરેકે દરેક કાર્યોમાં સાથે રહીને સુંદર સુવ્યવસ્થા કરી રહેલ છે. જ્યોતિર્વિદ પૂ. આ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા., મહાતપસ્વી આ. શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.સા., મહાવિદ્વાન પૂ. પં. શ્રી અરુણવિજયજી મ.સા. તથા મુનિ શ્રી વિદ્યાચંદ્રજી મ. વિ. તેમના સમર્થ શિષ્યો છે.

સં. ૨૦૪૭ના માગશર સુદ ૧૧ના પૂજ્યશ્રીનું અમદાવાદ–ગિરધરનગરમાં આવેલ ચત્રભુજ હોસ્પિટલમાં પથરીનું ઓપરેશન કરવામાં આવ્યું. ઓપરેશન બાદ નબળાઈ વધતી ચાલી, સ્વાસ્થ્ય બગડતું જ ચાલ્યું. માગશર સુદ ૧૩ના રાત્રે ૯–૨૫ના કાળધર્મ પામ્યા. અંતિમ સમયે પૂજ્યશ્રીની આત્મપરિણતિ અને સમતા અનોખી હતી. પૂજ્યશ્રીના નશ્વરદેહને શંખેશ્વર લાવી, તેમના ચિરંજીવ એવા શ્રી ભક્તિનગરમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. સ્વ–પર કલ્યાણમાં જીવનને ઉજ્જ્વળ અને પરમ ઉપકારી બનાવનારા એવા આ મહાસમર્થ આચાર્ય ભગવંતને કોટિ કોટિ વંદના!

*શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ ભક્તિનગર, શંખેશ્વરના સૌજન્યથી*

*કલમના કસબી, વિવિધ ગ્રંથોના સર્જક અને પરમ શાસનપ્રભાવક*

## પૂ. આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

હાલાર પ્રદેશ 'હાલારદેશોદ્ધારક' પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના પ્રભાવપૂર્ણ ચારિત્રજીવનથી પ્રભાવિત થયેલો પ્રદેશ છે. તેઓશ્રીના ગુરુવર્ય તપોનિધિ આચાર્ય શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્યશ્રી, સંઘસ્થવિર પૂજ્યપાદ બાપજી મહારાજની આજ્ઞાનુસાર વિચરતા હતા. વિશેષતઃ હાલારની પ્રજાને ધર્માભિમુખ કરવાનું શ્રેય આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાપુરુષોને મળ્યું છે. વર્ષો પૂર્વે કચ્છમાંથી વીસા-ઓસવાલ જ્ઞાતિના વણિકો અહીં આવીને વસેલા અને વ્યાપારાદિ માટે મુંબઈ અને આફ્રિકા આદિ દૂર દૂરના પ્રદેશોમાં પણ ગયેલા. પ્રાચીનતાના પુરાવા જેવા આ પ્રદેશને ધર્મવાણીથી નવપલ્લવિત રાખવાનું કલ્યાણકારી કાર્ય આ મહાત્માઓ દ્વારા થતું રહ્યું. અનેક મહાત્માઓ આ પ્રદેશમાંથી તૈયાર થયા, તેમાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ એક છે.

જૈનશાસનની જ્વલંત જ્યોતને અખંડિત રાખવામાં જે મહાપુરુષોનું જબ્બર યોગદાન છે તેવા મહર્ષિઓના સહાયક બની રહેવાની પૂજ્યોની પરંપરાને તેઓશ્રીએ પણ બરાબર જાળવી રાખી છે. 'વીરશાસન' નામથી પ્રકાશિત થતા સાપ્તાહિકનું પ્રકાશન બંધ થતાં 'મહાવીરશાસન' નામથી સં. ૨૦૦૯માં પાક્ષિકનું પ્રકાશન, જે ખેતશીભાઈ વાઘજીભાઈ ગુઢકાના તંત્રીપદે પ્રારંભાયું તે જ ખેતશીભાઈ સં. ૨૦૧૦ના જેઠ સુદ ૧૧ને શુભ દિવસે પારમેશ્વરી પ્રવ્રજ્યા સ્વીકારી પૂ. મુનિવર શ્રી જિનેન્દ્રવિજયજી બન્યા અને ગુરુનિશ્રાએ જ્ઞાનાદિની આરાધના કરતાં ગુરુમુખે શાસનની મહાનતા, શાસનરક્ષક સૂરિપુરંદરોની ગૌરવકથાઓ અને રક્ષામંત્રની મહોપકારિતા સંભાળીને તેઓશ્રીએ પણ શાસનના અનેકવિધ પ્રશ્નોમાં કલમની કરામતથી સત્યનો સંદેશ જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રારંભ કર્યો. તેઓશ્રીની સંયમની ઉત્કૃષ્ટ સાધના તેમ જ વિસ્તરતી જતી શક્તિ-ભક્તિથી આકર્ષાઈ પૂ. ગુરુદેવે તેઓશ્રીને પંન્યાસ પદવીથી અલંકૃત કરવા કહ્યું, પરંતુ દરમિયાન પૂ. ગુરુદેવ સ્વર્ગની વાટે સંચર્યા. ત્યાર પછી તેઓશ્રીના વડીલ ગુરુબંધુ પૂ. પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવરે પંન્યાસ પદવી આપી. ત્યારબાદ તેઓશ્રીને સં. ૨૦૩૮માં પૂ. આ. શ્રી વિજયસોમચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે જામનગરમાં શ્રી નમસ્કાર મહામંત્રના તૃતીય પદે-આચાર્ય પદે આરૂઢ કરાતાં પૂ. આચાર્ય શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ નામે પ્રસિદ્ધિ પામ્યા.

'શ્રી મહાવીરશાસન'ની જેમ 'જૈનશાસન' સાપ્તાહિક તેઓશ્રીના પ્રેરક બળથી આજે પ્રકાશિત થઈ રહ્યું છે. આગમાદિ પ્રાચીન ગ્રંથોના રક્ષણ માટે તેઓશ્રીની પ્રેરણા સાકાર થઈ રહી છે અને હસ્તલિખિત ગ્રંથોના સ્વ. પૂ. આ. શ્રી વિજયમાનતુંગ-સૂરીશ્વરજી મહારાજ પ્રેરિત નવસર્જનને વેગ મળી રહ્યો છે. અંજનશલાકા-પ્રતિષ્ઠા, નૂતન જિનમંદિરોનાં નિર્માણ, છ'રી-પાલિત યાત્રાસંઘો આદિ શાસનપ્રભાવક કાર્યોની હારમાળા દ્વારા હાલારની પ્રજાને પણ ધર્મરક્ષા અને શાસનપ્રભાવનાના પાઠ તેઓશ્રી ભણાવી રહ્યા છે. મૂળમાં હાલાર પ્રદેશના અને બહુતયા હાલાર પ્રદેશ (જામનગર જિલ્લા)માં વિચરતા પૂજ્યશ્રી હાલાર પ્રદેશમાં જૈનશાસનની જ્યોતને અણનમ બનાવી રાખવામાં સફળતાને વરેલા 'હાલારકેશરી' પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજને ભાવભરી શતશઃ વંદના!

*સૌજન્ય : હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા, જામનગર*

## *શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રના નવોત્થાનના પ્રેરક, અહિંસા અને એકતાના સંદેશવાહક, ખાદીના હિમાયતી, રાષ્ટ્રીય સંત*

# પૂ.આ.શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ.સા.



યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જૈનશાસનમાં એક નવો જ યુગ પ્રવર્તાવ્યો હતો. પૂ. ગુરુદેવે સાધર્મિક ક્ષેત્રે પ્રવર્તતી ઉદાસીનતા દૂર કરી, સાતેસાત ક્ષેત્રોને નવપલ્લિત કર્યાં હતાં. શિલ્પી ટાંકણાથી મૂર્તિ ઘડે તેમ તેઓશ્રીએ પોતાના શિષ્ય-પ્રશિષ્યોને ઘડ્યા હતા. પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ પણ એ જ ગુરુદેવશ્રીની શિક્ષા, સંસ્કાર અને પ્રેરણા ઝીલીને શાસનસેવામાં પ્રવૃત્ત રહેનાર આચાર્યશ્રી છે.

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ એટલે જેમણે અનુપમેય ગુરુભગવંત શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજનાં પાવન ચરણોની અનન્યભાવે સેવા કરી હતી, જેમણે પૂ. ગુરુવર્યના અતલ જીવનસાગરને અવગાહવા પ્રયત્ન કર્યો હતો, જેમણે પૂ. ગુરુદેવની ગંભીર જીવનગંગામાંથી ઉદાત્ત ભાવનાઓ અને ઉત્તમ વિચારોનાં નિર્મળ નીર ખોબલેખોબલે પીધાં હતાં, જેમણે હંસ બનીને એ આરાધ્ય ગુરુના માનસરોવરમાંથી કિનારે આવતાં ધીરતા, સમતા, કાર્યદક્ષતા, દીર્ઘદર્શિતા અને સેવાભાવનારૂપી સાચાં મોતીનો ચારો ચર્યો હતો, એવા એ ઝળહળતી જ્યોત સમા આચાર્યદેવ શાસનના શણગાર હતા. પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના પાલી ગામમાં સં. ૧૯૪૮ના માગશર સુદ ૧૧ (મૌન એકાદશી)ના શુભ દિવસે ધારિણીદેવીની પવિત્ર કુક્ષિએ થયો હતો. પિતાનું નામ શોભાચંદ બાગરેચા મહેતા. પોતાનું સંસારી નામ સુખરાજ. બાળપણમાં જ માતાપિતાનું અવસાન થયું. એ સમયમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખરાજજીની સંસાર પ્રત્યેની આસક્તિ છૂટી ગઈ. બાળપણમાં જ ગંભીર, એકાંતપ્રિય અને વિરક્ત બની ગયા. પાલીમાં પધારતા સાધુ–સંતોની સેવા કરતા. પંજાબકેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સંપર્કમાં આવતાં પ્રેરણાના એક જ અમીબિંદુએ સુખરાજનું જીવન ધન્ય બની ગયું. ૧૯ વર્ષની ભરયુવાન વયે સં. ૧૯૯૭ના ફાગણ વદ ૬ ને રવિવારે સુરત મુકામે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના વરદ હસ્તે દીક્ષાગ્રહણ કરી અને ઉપાધ્યાયશ્રી સોહનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી સમુદ્રવિજયજી તરીકે જાહેર થયા. સં. ૨૦૦૩ના કારતક સુદ ૧૩ને દિવસે ગણિ પદ અને માગશર વદ પાંચમે પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૦૮ના ફાગણ સુદ ૧૦ ને દિવસે ઉપાધ્યાય પદે સ્થાપવામાં આવ્યા અને સં. ૨૦૦૯ના મહા સુદ ૩ના દિવસે મુંબઈ–થાણા મુકામે આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૬૨ના ભારત–ચીન યુદ્ધ વખતે પૂ. આચાર્યશ્રીએ પ્રતિજ્ઞા લીધી કે યુદ્ધ બંધ ન થાય ત્યાં સુધી ભાત અને મીઠાઈનો ત્યાગ કરવો. પૂજ્યશ્રીએ યુદ્ધ દરમિયાન લોહીની બોટલો અને ધાબળા સૈનિકોને પહોંચાડવાની પ્રેરણા કરી હતી. તેઓશ્રીની રાષ્ટ્રભક્તિ એટલી ઉત્તમ હતી કે હંમેશાં ખાદીનાં વસ્ત્રો જ ધારણ કરતા. ઉત્તમ રાષ્ટ્રપ્રેમ ઉત્તમ માનવપ્રેમમાં પરિણમ્યા વિના રહે નહીં. સાતેય સુપાત્ર ક્ષેત્રો ઉપરાંત દુષ્કાળ, ભૂકંપ, રેલસંકટ જેવી વિષમ પરિસ્થિતિમાં પૂજ્યશ્રીની પ્રેરણા નીચે અનેક રાહતકાર્યો ઊભાં થયાં હતાં. કચ્છ–અંજારના ભૂકંપ સમયે જામનગર સ્થિત હતા, ત્યાંથી ભૂકંપગ્રસ્તો માટે કપડાં–ભોજનની વ્યવસ્થા કરાવી હતી. રાજસ્થાનમાં ઉપરાઉપરી ત્રણ વર્ષ દુષ્કાળ પડ્યો ત્યારે પૂ. આચાર્યશ્રી બીકાનેરમાં હતા, ત્યાંથી વિજયવલ્લભ રિલીફ સોસાયટીની સ્થાપના કરી અને અનાજ–કપડાં–ઘાસચારો આદિ રાહત પૂરી પાડવા પ્રેરિત કર્યા. લુધિયાણામાં આત્મ–વલ્લભ ફ્રી જૈન હોમિયો ઔષધાલય, હોશિયારપુરમાં આત્મવલ્લભ ઔષધાલય, જામનગરમાં ઉદ્યોગગૃહ, રાજસ્થાનમાં વકરાણા વિસ્તારમાં નિરક્ષરતા દૂર કરવા અનેક શાળાઓની સ્થાપના દ્વારા પૂજ્યશ્રીએ પોતાના ગહન માનવપ્રેમનો પરિચય આપ્યો છે.

પૂજ્યશ્રીના માર્ગદર્શન અને નિશ્રામાં મુંબઈ મુકામે સં. ૨૦૨૭માં પૂ. ગુરુદેવશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની જન્મશતાબ્દી ઉજવણી વખતે પૂજ્યશ્રીની સમાજોત્કર્ષની ભાવના અને જૈનશાસનની એકતાની ભાવનાનાં દર્શન થયાં હતાં. એવી જ રીતે ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦મા નિર્વાણમહોત્સવ ઊજવવાની સમિતિમાં ઈ.સ. ૧૯૭૬માં ભારત સરકારે પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને લીધા હતા. ખૂબ જ લાંબો વિહાર કરીને આચાર્યશ્રી દિલ્હી પહોંચ્યા ત્યારે અનેક સંઘોએ, દરેક સંપ્રદાયે એકત્રિત થઈને પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું કર્યું હતું, એ જૈનશાસનના ઇતિહાસની એક યાદગાર ઘટના છે.

પૂજ્યશ્રીના વરદ હસ્તે જમ્મુ અને હથુંડી રાતા મહાવીર તીર્થે જિનાલય, પાલિતાણામાં વલ્લભવિહાર આદિ નિર્માણકાર્યો થયાં છે. મુરાદાબાદ, પૂના, રાજસ્થાનનાં અનેક ગામોમાં પ્રતિષ્ઠા અંજનશલાકાઓના મહોત્સવો ઊજવાયા છે. પંજાબ અને રાજસ્થાનમાં અનેક સ્થળોએ ઉપધાનો કરાવ્યાં છે. ગુજરાત, રાજસ્થાન, પંજાબ આદિ પ્રદેશોમાં શિક્ષણ અને સમાજના સુધારા માટે અનેક સંસ્થાઓ સ્થાપવાની પ્રેરણા આપી છે. સંયમ, તપ અને પુરુષાર્થની સમર્થ મૂર્તિનો દેહ ૮૭ વર્ષની ઉંમરે લથડે છે અને પૂજ્યશ્રી તા. ૧૦-૫-૭૭ને મંગળવારે સવારે ૬-૦૦ વાગે મુરાદાબાદ મુકામે નવકારમંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગારોહણ સાધે છે. હજારો ભક્તજનોની અશ્રુભીની આંખો સમક્ષ અગ્નિસંસ્કાર થયા અને ત્યાં ભવ્ય સમાધિમંદિર બાંધવામાં આવ્યું. ધન્ય છે એવા સંઘ–સમાજપ્રેમી, ધર્મપ્રેમી, રાષ્ટ્રપ્રેમી સાધુવરને! વંદન હજો એ મહાન શાસનપ્રભાવક સૂરિવરને!

*સૌજન્ય : પ.પૂ. આ.શ્રી નિત્યાનંદસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ધર્મનાથ–પાર્શ્વનાથ જૈન શ્વે. દેવસ્થાન ટ્રસ્ટ, ખુડાલા–ફાલના (રાજસ્થાન)*

### *૫૦,૦૦૦ થી વધુ પરમાર ક્ષત્રિયોને જૈન બનાવનાર ગચ્છાધિપતિ*

## પૂ. આ.શ્રી વિજયઇંદ્રદિન્નસૂરિજી મ.

પંજાબકેસરી, યુગદૃષ્ટા આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં ગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજનું નામ ઘણું જ આદરવંત છે. તેઓશ્રીનો જન્મ વડોદરા પાસે આવેલા સાતપુરા નામક ગામમાં થયો હતો. પિતાનું નામ રણછોડભાઈ અને માતાનું નામ બાલુદેવી હતું. સં. ૧૯૮૦ના આસો વદ ૯ને શુભ દિવસે બાલુદેવીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. બાળકનું નામ મોહનલાલ પાડ્યું. પિતાનો ધંધો ખેતીનો હતો. મોહનલાલનું મન ધંધામાં કે સંસારમાં લાગતું ન હતું. અઢાર વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરવાની માતાપિતા પાસે આજ્ઞા માગી અને આજ્ઞા મળતાં સં. ૧૯૯૮ના ફાગણ સુદ પાંચમે નરસડા (આણંદ) ગામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. આ. શ્રી વિજયવિકાસચંદ્રસૂરિજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ શ્રી વિનયવિજયજી મહારાજ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી મોહનભાઈ મુનિશ્રી ઈન્દ્રવિજયજી બન્યા. ત્યાર બાદ બીજોવામાં વડી દીક્ષા થઈ. દીક્ષા ગ્રહણ કરીને પૂજ્યશ્રી શાસ્ત્રાભ્યાસ, તપશ્ચર્યા અને ગુરુસેવામાં એકાકાર બની ગયા. સં. ૨૦૧૧ના ફાગણ વદ ૩ ને દિવસે સુરતમાં પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે મુનિ શ્રી ઈન્દ્રવિજયજી મહારાજને ગણિ પદવી પ્રદાન કરવામાં આવી. ત્યાર બાદ તેઓશ્રી સતત ૧૨ વર્ષ સુધી બોડેલી ક્ષેત્રનાં ગામોમાં વયોવૃદ્ધ મુનિશ્રી જિનભદ્રવિજયજી મહારાજ સાથે વિચરતા રહ્યા. ત્યાં પહેલાં જેઓ જૈન હતા, પણ વર્ષોથી કબીરપંથી બની ગયા હતા તેવા ૫૦,૦૦૦થી વધુ પરમાર ક્ષત્રિયોને જૈનધર્મી બનાવ્યા. દેરાસર, ઉપાશ્રય, પાઠશાળા બનાવવાની પ્રેરણા આપી. ઉપરાંત, આ પરમાર ક્ષત્રિયોમાંથી ૮૦ જેટલા ભાઈઓએ દીક્ષા અંગીકાર કરી જૈનશાસનનો જયજયકાર વર્તાવ્યો. પૂજ્યશ્રીનું આ ભગીરથ કાર્ય જૈનશાસનના ઈતિહાસમાં અદ્વિતીય ઘટના તરીકે લેખાશે.

પૂજ્યશ્રીની આવી ઉત્કટ શાસનપ્રભાવનાના પ્રભાવે તેઓશ્રીને પંજાબકેસરી આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણી પછી, વરલી દેરાસરજીની પ્રતિષ્ઠા પ્રસંગે સં. ૨૦૨૭ના મહા સુદ પાંચમ, તા. ૧-૨-૧૯૭૧ના શુભ દિવસે પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના વરદ હસ્તે આચાર્ય પદવી આપવામાં આવી. ત્યાર બાદ સં. ૨૦૨૮માં પ્રશાંતમૂર્તિ શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજનું સ્વાસ્થ્ય બગડતાં પૂ. આચાર્યશ્રીએ ગચ્છાધિપતિ તરીકેનો ભાર પૂ. આ. શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરને સોંપ્યો. પૂજ્યશ્રી શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની ૨૫૦૦મી નિર્વાણ- શતાબ્દી પ્રસંગે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત સાથે દિલ્હી પધાર્યા હતા અને ત્યાર બાદ પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ આદિ પ્રદેશોમાં વિહાર કરીને સંઘશાસનનાં સાતે ય ક્ષેત્રોનાં શાસનકાર્યો કર્યાં હતાં. પૂ. ગુરુદેવ સં. ૨૦૩૪માં કાળધર્મ પામતાં પૂજ્યશ્રીએ સમુદાયની સર્વ જવાબદારીઓ કુશળતાથી ઉપાડી લીધી. પૂજ્યશ્રીનાં ચરણકમળ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, કાશ્મીર આદિ વિવિધ પ્રદેશોમાં વિહર્યા છે. પૂજ્યશ્રી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં દીક્ષા મહોત્સવો, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ, ઉપધાન તપ, યાત્રાસંઘો—એમ વિવિધ ધાર્મિક ઉત્સવોની ધૂમ મચી રહે છે. પૂજ્યશ્રીની દિનચર્યા, પ્રવચનશૈલી અને સૌમ્ય–મધુર વ્યક્તિત્વ અનેકોને પ્રેરણાદાયી બની રહ્યાં છે. એવા એ સમર્થ શાસનપ્રભાવક આચાર્યદેવને અંતઃકરણપૂર્વક કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પ.પૂ. આ.શ્રી નિત્યાનંદસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ધર્મનાથ–પાર્શ્વનાથ જૈન શ્વે. દેવસ્થાન ટ્રસ્ટ, ખુડાલા–ફાલના (રાજસ્થાન)*

### *તેજસ્વી શાસ્ત્રવેત્તા, મહાન તપસ્વી, યશસ્વી સૂરિવર*

## પૂ.આ.શ્રી વિજયજગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.

કલિકાલકલ્પતરુ સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે સુવિહિત શ્રમણોનું સર્જન કરવાનો ભેખ લીધો હતો. કુશળ ઝવેરી સમા એ મહાપુરુષ રત્નતુલ્ય વ્યક્તિઓની ઉત્તમતાને એક જ દૃષ્ટિમાં પારખીને તેમને સંયમમાર્ગે સંચરવા પ્રેરતા. પૂ. આચાર્યશ્રી વિજયજગચ્ચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ પણ એમાંનું એક બહુમૂલ્યરત્ન છે. પૂજ્યશ્રીનો જન્મ ઉત્તર ગુજરાતના કરબટિયા (વડનગર) ગામે શ્રાદ્ધવર્ય શ્રી કેશવલાલ માનચંદનાં ધર્મપત્ની ચંદનબહેનની કુક્ષિએ સં. ૧૯૮૫ના પોષ વદ અમાસને દિવસે થયો હતો માતાપિતાએ પુત્રનું નામ જયંતીલાલ પાડ્યું. બાલ્યકાળથી જ જયંતીલાલને ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક અનુષ્ઠાનોમાં અત્યંત રસ હતો. શૈશવ દરમિયાન પાંચ પ્રતિક્રમણનાં સૂત્રો, અતિચાર, જીવવિચાર નવતત્ત્વ આદિ અનેરાં સૂત્રો કંઠસ્થ કરી લીધાં. જિનપૂજા, રાત્રિભોજન ત્યાગ, અભક્ષ્ય ત્યાગ આદિ કુટુંબદત્ત સંસ્કારો તેમના જીવનમાં સહજ વણાઈ ગયા હતા. સામાયિક, પૌષધ આદિ અનુષ્ઠાનો કરવા બાળ જયંતીલાલ અનેક વાર ઉલ્લસિત બનતો.

જયંતીલાલ સં. ૨૦૦૮ના અષાઢ સુદ ૧૪ના દિવસે વાત્સલ્યવારિધિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્ન સમતામગ્ન પૂ. મુનિશ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય બન્યા અને મુનિશ્રી જગચ્ચંદ્રવિજયજી તરીકે ઘોષિત થયા. દીક્ષા અંગીકાર કરીને પૂજ્યશ્રી સ્વાધ્યાયમગ્ન બની ગયા. ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૫ કર્મગ્રંથ, 'શ્રી તત્ત્વાર્થસૂત્ર', 'વીતરાગસ્તોત્ર', 'યોગશાસ્ત્ર', 'શ્રી દશવૈકાલિક સૂત્ર', 'શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર', 'ઈન્દ્રિયપરાજય શતક', 'ધર્મરત્ન પ્રકરણ', 'તર્કસંગ્રહ', 'બૃહદ્ સંગ્રહણી', 'સમકિતના ૬૭ બોલની સજ્ઝાય', સિદ્ધહેમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાકરણનાં ચૂંટેલાં સૂત્રો, યતિજિતકલ્પ આદિ અનેક શાસ્ત્રો અને પ્રકરણો કંઠસ્થ કરી લીધાં. સંસ્કૃત, પ્રાકૃત, ભાષા, કાવ્યો, વ્યાકરણ આદિનો અભ્યાસ કર્યો. પૂ. પ્રદાદા ગુરુદેવશ્રીના કર્મસાહિત્ય સંશોધન–લેખન–અધ્યયનનમાં ઊંડો રસ લીધો. પૂ. ન્યાયવિશારદ શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ગુરુદેવો પાસે શ્રી હરિભદ્રસૂરિના ગ્રંથો, મહોપાધ્યાયજીના ગ્રંથો, અધ્યાત્મના ગ્રંથો, ચરિત્રના ગ્રંથો, વૈરાગ્યના ગ્રંથો, દાર્શનિક ગ્રંથો આદિનું વાચન–મનન કર્યું. પૂ. પ્રદાદા ગુરુદેવશ્રીના નૂતન કર્મસાહિત્ય–સર્જનમાં પૂજ્યશ્રીની સ્થિતિબંધ વિષય પરની ૬૦ હજાર શ્લોકપ્રમાણ, ત્રણ દળદાર ગ્રંથોમાં પ્રગટ થયેલી વિસ્તૃત ટીકા તેઓશ્રીની ગૌરવગાથા બની રહી. તદુપરાંત, પૂજ્યશ્રીએ બીજા પણ સ્વોપજ્ઞ ટીકાયુક્ત પ્રકરણગ્રંથો, ક્ષેત્રસ્પર્શનાં પ્રકરણ આદિ ગ્રંથોનું સર્જન તથા પ્રાચીન ગ્રંથો ટિપ્પણ સહિત કર્મપ્રકૃતિ તથા ચૂર્ણિનું પુનઃ સંપાદન આદિ કર્યું.

જેમ અધ્યયનમાં રસ અને બુદ્ધિની તીક્ષ્ણતા તેમ અધ્યાપનકાળમાં કુશળતાનો અપૂર્વ ગુણ પૂજ્યશ્રીની પ્રતિભાનો આગવો ઉન્મેષ છે. તેઓશ્રીએ તેજસ્વી શ્રમણોને સંસ્કૃત–પ્રાકૃત કાવ્યો, વ્યાકરણ, પ્રકરણો, કર્મગ્રંથ–કમ્મપયડી, આગમગ્રંથો, ઓઘનિર્યુક્તિ, પિંડવિશુદ્ધિ, વિશેષાવશ્યક ભાષ્ય, આવશ્યક-નિર્યુક્તિ, છેદસૂત્રો, અધ્યાત્મમતપરીક્ષા, ધર્મપરીક્ષા, 'ઉપદેશરહસ્ય ', 'ભાષારહસ્ય', 'બત્રીસ–બત્રીસી', 'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'યોગબિંદુ', 'યોગવિંશિકા', 'યોગશતક' આદિ અનેક જટિલ ગ્રંથો ભણાવ્યા છે. 'મુક્તાવલી', 'વ્યાપિપંચક', 'સામાન્ય નિરુક્તિ', 'દિનકરી', 'સિદ્ધાંતલક્ષણ', 'સ્યાદ્વાદમંજરી' આદિ ન્યાયના કઠિન ગ્રંથો પણ સાધુઓને કુશળતાથી ભણાવ્યા છે. પૂજ્યશ્રી ખાસ કરીને 'નવ્ય ન્યાય'ના અધ્યયન–અધ્યાપનમાં અગ્રેસર રહ્યા છે. પૂજ્યશ્રીએ દીક્ષાદિનથી માંડીને અવિરામ–અવિરત તપશ્ચર્યા ચાલુ રાખી છે. વૃત્તિસંક્ષેપ અને ઊણોદરીપૂર્વકનાં એકાસણાં પ્રત્યે ગજબની નિષ્ઠા ધરાવે છે. તેથી પૂજ્યશ્રીના પરિચયમાં આવનારા અનેક ભાવિકો એકાસણાંનાં વ્રતધારી બન્યા છે. પૂજ્યશ્રીએ વર્ધમાનતપની ૪૦ ઓળીઓ તથા અટ્ઠાઈ આદિ તપશ્ચર્યા કરી છે. દીક્ષાદિન સાથે તેઓશ્રીએ અનેક અભિગ્રહો પણ કર્યા છે. પ્રભુદર્શન વિના જળ–અન્ન નહીં લેવાનું વ્રત, પાંચ વર્ષ પાંચથી વધુ દ્રવ્યો નહીં વાપરવાનો અભિગ્રહ, ૧૦ વર્ષ સુધી મેવા–મીઠાઈ–ફ્રૂટ–ફરસાણનો ત્યાગ, ૧૦ વર્ષ સુધી મહિનામાં ૨૫ દિવસ દૂધનો ત્યાગ, નિર્દોષ ગોચરી–પાણી વાપરવાનો આગ્રહ, અનેક ચોમાસાંમાં માત્ર બે જ દ્રવ્યથી એકાસણાં આદિ અનેક અભિગ્રહોથી સંયમજીવનની સમૃદ્ધિ અને નિષ્ઠા વધાર્યાં છે.

સુસંયમી શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજની વિશિષ્ટ યોગ્યતા પ્રેક્ષીને સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે સં. ૨૦૩૮ના મહા સુદ ૬ને દિવસે નડિયાદ મુકામે ગણિ પદ પ્રદાન કર્યું. પૂજ્યપાદશ્રીની આજ્ઞાથી સં. ૨૦૪૧ના જેઠ સુદ ૧૦ના દિવસે પાટણ મુકામે સુવિશુદ્ધ સંયમમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સર્વ સૂત્રોની અનુજ્ઞા સ્વરૂપ પંન્યાસ પદ પ્રદાન કરવામાં આવ્યું. સં. ૨૦૪૪–ના દ્વિતીય જેઠ સુદ ૧૦ને શુભ દિને બેંગલોર મુકામે પૂ. ગચ્છાધિપતિ ગુરુભગવંત સિદ્ધસ્યાદ્વાદ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ આચાર્ય પદે આરૂઢ કર્યા.

આચાર્ય પદવીની પ્રાપ્તિ પછી સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની વિધિપૂર્વક આરાધના કરી અને સાથે પાંચવી પીઠિકાની આરાધના ૩ વાર કરી. આજે ૭૭ વર્ષની વયે પણ પાદવિહાર સાથે સવારથી સાંજ સુધી મુમુક્ષુ–મહાત્માઓને સતત વાચના આપી રહ્યા છે. અનેક પદસ્થો–મુનિઓ અભ્યાસાર્થે પૂજ્યશ્રી પાસે પધારે છે. આવા સુસંયમી અને સુયોગ્ય મહાત્મા બાવન વર્ષનો સંયમપર્યાય પાળીને એક સ્વતંત્ર આચારગ્રંથ રચવાનું સ્વપ્ન સેવી રહ્યા છે, પ્રેરણા કરી રહ્યા છે ત્યારે શાસનદેવ પૂજ્યશ્રીને નિરામય દીર્ઘાયુ બક્ષો અને પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેકવિધ શાસન પ્રભાવનાનાં કાર્યો સફળતાપૂર્વક સંપન્ન બનો એવી મંગલકામના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં ભાવભીની વંદના.

પૂ. આ.ભ. શ્રીના શિષ્ય–પ્રશિષ્યો :—૧. પૂ. પંન્યાસશ્રી કનકસુંદરવિજયજી મહારાજ, ૨. પૂ. પંન્યાસ શ્રી અભયચંદ્રવિજયજી મહારાજ, ૩. પૂ. ગણિવર્યશ્રી હીરચંદ્રવિજયજી મહારાજ, ૪. પૂ. મુનિરાજ શ્રી નિર્મોહચંદ્ર-વિજયજી મહારાજ, ૫. પૂ. મુનિરાજ શ્રી પદ્માનંદવિજયજી મહારાજ, ૬. પૂ. મુનિરાજ શ્રી હિતસુંદરવિજયજી મહારાજ, ૭. પૂ. મુનિરાજ શ્રી માનજિતવિજયજી મહારાજ, ૮. પૂ. મુનિરાજ શ્રી સિદ્ધિ વિજયજી મહારાજ, ૯. પૂ. મુનિરાજ શ્રી રિદ્ધિ-વિજયજી મહારાજ, ૧૦. પૂ. મુનિરાજ શ્રી વિરાગસિન્ધુ-વિજયજી મહારાજ, ૧૧. પૂ. મુનિરાજ શ્રી યોગક્ષેમવિજયજી મહારાજ, ૧૨. પૂ. મુનિરાજ શ્રી વિમલપુણ્યવિજયજી મહારાજ, ૧૩. પૂ. બાળ મુનિરાજ શ્રી હીરવિજયજીમહારાજ.

*સૌજન્ય : શ્રી શાંતિનાથ જૈન સંઘ મલાડ (પૂર્વ) મુંબઈ*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*દક્ષિણકેશરી, મહાનશાસનપ્રભાવક પરમપૂજ્ય*

## આ.દે.શ્રી વિ.સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.



મહાન વ્યક્તિત્વ ને કૃતિત્વના સ્વામી શાસનપ્રભાવક પ. પૂ. ગુરુદેવશ્રીનો જન્મ ગુજરાતની ધર્મનગરી રાધનપુર નગરીમાં ધર્મનિષ્ઠ શ્રીમંત કાંતિલાલ વરધીલાલ દોશી પરિવારમાં શ્રીમતી તારાબહેનની કુક્ષિએ વિક્રમ સંવત ૧૯૯૦, ફા.સુ. ૧૫ (પૂર્ણિમા)ના પાવન દિવસે પુણ્યપુરુષનો જન્મ થયો. જન્મથી તેજસ્વી બાલકુમારનું નામ વસંત પાડ્યું. રાધનપુરના વસંતકુમાર જૈનશાસનના મહાસંત અને પુણ્યભૂમિના પ્રભાવક પુરુષ બન્યા.

ન્યાયસંપન્નાદિ ગુણોથી અલંકૃત શ્રી પિતાજી કાંતિલાલ તેમ જ ધર્મમાતા તારાપ્રભાબહેનના સુસંસ્કારોનાં સિંચનથી આત્માનાં ગુણપુષ્પો વિકસિત બનતાં રહ્યાં. અપાર સંસ્કારો અને સંતોની વાણીથી બાળક વસંતકુમારનું મન વૈરાગ્યવાસિત બન્યું. લાલબાગમાં બિરાજિત વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકિરીટ પૂ.આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની અમૃતમયી વાણીનું પીયૂષપાન કરી પૂજ્યશ્રીનાં જ કરકમલોથી વિક્રમ સંવત ૨૦૦૭, વૈશાખ સુદિ-૬ ના દિવસે રાધનપુરમાં સંયમજીવનનો સ્વીકાર કરી તર્કનિપુણ પૂજ્ય ગુરુદેવ શ્રી વિક્રમવિજયજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી સ્થૂલભદ્રવિજયજી મ.સા. તરીકે પ્રખ્યાત થયા.

છાણી નગરમાં બધા જ સાધુમહાત્માઓની વચ્ચે પૂ. દાદા ગુરુદેવશ્રીએ જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેના ત્રિવેણી-સંગમની સાધના નિહાળી પૂજ્યશ્રીને 'જ્ઞાન-દર્શન-ચારિત્રના મહાન આરાધક' તરીકે બિરદાવ્યા.

પૂ.આ.દે.શ્રી વિ. વિક્રમસૂરીશ્વરજી મ.સા.એ શિષ્યમાં સંપૂર્ણ યોગ્યતા નિહાળી સમેતશિખર તીર્થમાં વિ.સં. ૨૦૨૮ના વૈ.સુદ ૬ના શુભદિને ગણિ પદ અને વિ.સં. ૨૦૩૧ના મહાસુદ-૧૨ના દિવસે રાધનપુરમાં પંન્યાસ પદવી અર્પણ કરી પિતાશ્રી કાન્તિલાલભાઈને ૭૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે સંયમ-જીવન આપી ગુરુભાઈ શ્રી કમલયશ વિજયજી મ.સા. બનાવી ઉત્કૃષ્ટ વૈયાવચ્ચ કરી જીવન સફળ બનાવ્યું. દાવણગિરિ, વિસનગર આદિ સંઘોમાં પારસ્પરિક મતભેદોને અમૃતવાણી, દીર્ઘદર્શિતા, ચાતુર્યતથી મિટાવી મૈત્રીભાવનું સર્જન કર્યું.

આચાર્ય પદપ્રદાન : પૂજ્યશ્રીમાં સંપૂર્ણ યોગ્યતા નિહાળી અમદાવાદમાં વિ.સં. ૨૦૪૩, પો.વ. ૧ના પ્રશાંતમૂર્તિ પૂ.આ. શ્રી વિ. નવીનસૂરીશ્વરજી મ.સા.એ આચાર્ય પદ પ્રદાન કરી પૂ.આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા. તરીકે જાહેર કર્યા.

પૂજ્ય આચાર્ય ભગવંતનાં કરકમલો દ્વારા અનેક અંજનશલાકાઓ, જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ, સાધર્મિકોનો ઉદ્ધાર, છ'રીપાલિતસંઘ, ઉપધાન, ઉદ્યાપન આદિ અનેકાનેક શાસનપ્રભાવક કાર્યોની શ્રૃંખલાબદ્ધ શ્રેણી રચાઈ છે, તે અવિસ્મરણીય અને અનુમોદનીય છે. પૂજ્ય આચાર્ય ભગવંતના જીવનની મહત્ત્વની વિશેષતા હતી કે આબાલ-ગરીબ-અમીર બધાંને જ સદા માટે સમદષ્ટિથી નિહાળી ધર્મલાભના આશિષની અમીવર્ષા વરસાવતા.

પૂજ્યશ્રીનાં કરકમલો દ્વારા પ્રથમ અંજનશલાકા પ્રતિષ્ઠા : ઈડર નગરમાં ગોડી પાર્શ્વનાથના જિનાલયમાં શ્રી નમિનાથ ભગવાનની અંજનશલાકા કરાવી શ્રી ગોડીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા હેતુ ચિત્રદુર્ગા પધાર્યા. ચિત્રદુર્ગા નગરની અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવની અનુમોદના કર્ણાટક પ્રાંતમાં જ નહીં સમગ્ર ભારતવર્ષમાં થઈ.

દક્ષિણ બૃહત્તીર્થસ્થાપક પૂ. ગુરુદેવશ્રી :- કર્ણાટક પ્રાંતમાં લાખો જૈનોની વસ્તી હોવા છતાં પણ શ્વેતાંબરીય તીર્થ ન હોવાના કારણે પૂજ્યશ્રીએ એક પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ બનાવવાનો મહાન સંકલ્પ કર્યો.

દાનવીર શ્રી કપૂરચંદજીની ઉદારતા અને ભારતવર્ષના સંઘોની તથા ગુરુભક્તોની ઉદારતાથી ૧૧૭ જિનાલયયુક્ત ૪૪ કલ્યાણમંદિર ગોખના નિર્માણની સાથે ભવ્ય ઈતિહાસના સર્જનતારૂપ અવંતિ પાર્શ્વનાથની ૮૧"ની શ્વેતવર્ણીય પ્રતિમા, મૂળનાયક ૭૧"ની નાકોડા પાર્શ્વનાથની શ્યામવર્ણીય પ્રતિમાથી સુશોભિત દેવવિમાનતુલ્ય શ્રી નાકોડા-અવંતિ ૧૦૮ પાર્શ્વનાથ જૈન તીર્થધામ વિક્રમ-સ્થૂલભદ્રવિહારનું વિશાલકાય પ્રથમ મહાતીર્થનું નિર્માણ થયું અને પૂજ્ય આચાર્ય ભગવંતના પાવન સાન્નિધ્યમાં અને શિલ્પકલામનીષી પૂજ્ય મુનિરાજશ્રીની પ્રેરણાથી વિ.સં. ૨૦૫૫ વૈશાખ સુદિ-૭, ૨૨-૪-૯૯ના દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં ભવ્યાતિભવ્ય દશાહ્નિકા મહોત્સવપૂર્વક અંજનશલાકા-પ્રતિષ્ઠા સંપન્ન થઈ. મહાન તીર્થધામ લાખો જૈનોનું પરમ શ્રદ્ધાસ્થલ બન્યું છે. તીર્થધામમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મશાળા, ભોજનશાળા અને શ્રી લબ્ધિ–વિક્રમ–સ્થૂલભદ્રસૂરીશ્વરજી આરાધનાભવનનું સુંદર નિર્માણ થયું છે.

પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રેરણાથી ટુમકુર હાઈવે રોડ પર વિ.સં. ૧૯૯૫ના કમલાકાર ભવ્ય જિનાલયમાં શ્રી લબ્ધિ પાર્શ્વનાથ ભગવાન, શ્રી ગૌતમસ્વામી, દાદાગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની ગુરુમૂર્તિ, અધિષ્ઠાયક ભૈરુજી અને અંબિકાદેવી–પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા સહ 'શ્રી પાર્શ્વ લબ્ધિધામ' મહાનતીર્થની સુંદર સ્થાપના કરાવી. પ્રતિપૂર્ણિમાનો મેળો, શ્રી લબ્ધિ–વિક્રમ–સ્થૂલિભદ્રકૃપા ભવન સહ ધર્મધામના સંકલનથી એક આહ્‌લાદકારી તીર્થનું નવનિર્માણ થયેલ છે.

**શ્રી સિદ્ધાચલ–સ્થૂલભદ્રધામ** :–આહ્‌લાદકારી વાતાવરણ, ભવ્ય ગિરિમાલા, વિશાલ જલ સરોવરથી નયનરમ્ય નૈસર્ગિક વાતાવરણમાં શ્રી લબ્ધિ–વિક્રમકૃપાવતાર દક્ષિણકેશરી પૂજ્ય આચાર્ય ભગવંતની અખંડ સૂરિમંત્ર સાધના અને આપ પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ચન્દ્રયશ વિજય મ.સા.ની ૫૧ દિવસીય માણિભદ્રવીરની સાધના સહ છાયાદર્શને સંકલ્પબળથી શ્રી સિદ્ધાચલ–સ્થૂલભદ્રધામ મહાન તીર્થની પૂજ્યોએ સ્થાપના કરી.

★ ચિકપેટ–બેંગલોરનું પરમશ્રદ્ધા કેન્દ્ર ૮૦ વર્ષ પ્રાચીન શ્રી આદિનાથ જિનપ્રાસાદ (ચિકપેટ)નો જીર્ણોદ્ધાર સહ નવનિર્માણ દક્ષિણકેશરી પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને શિલાકલામનીષી પૂજ્ય આચાર્યભગવંતના માર્ગદર્શનથી ગજાવલી, હંસાવલી, સર્પાવલીથી આકર્ષિત થંભાવલી નક્કારશીયુક્ત મંડોવરમાં ભવ્ય કોરણી દ્વારા આરસપાષાણમાં ભવ્ય જિનાલય બની રહ્યું છે.

★ **૪૫ જિનાલયના પ્રતિષ્ઠાચાર્ય.** :–બેંગલોર અને દક્ષિણભારતમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને પ્રકૃષ્ટ પુણ્યપ્રભાવથી ૪૫ જિનાલયોની અંજનશલાકા– પ્રતિષ્ઠા સહ મહામહોત્સવ મહાન શાસનપ્રભાવના પૂર્વક પૂજ્યશ્રીનાં કરકમલો દ્વારા થઈ.

★ **શ્રી ચંદ્રપ્રભુલબ્ધિધામ.** : અમદાવાદથી ૨૮ કિ.મી. અને અંબાજી–હિંમતનગર હાઈવે પર ચિલોડા ચોકડીથી ૫ કિ.મી. ધણપ ગામમાં ૮૪ જિનાલયયુક્ત નવનિધિમંદિર, નવગ્રહમંદિર સહ શ્રી ચંદ્રપ્રભુલબ્ધિધામની સ્થાપના પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી થઈ. તીર્થધામમાં શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ મહેતા (ઇડરવાળા)ની પ્રમુખ ઉદારતા અને અનેક દાનવીરો, સંઘો તેમ જ ગુરુભક્તોની ઉદારતાથી વિશાલ તીર્થધામનું નિર્માણ થઈ રહ્યું છે. ધર્મશાળા–ભોજનશાળાની સુંદર સુવિધા છે.

★ **જીર્ણોદ્ધાર** : ગુજરાતમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ઇડર બાવન જિનાલય અને નાના પોશીનાં તીર્થોના જિર્ણોદ્ધારનું કાયં ચાલુ છે. ★ **શ્રી સિદ્ધાચલ–સ્થૂલભદ્રધામમાં મુખ્યમંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા** : મહાનતીર્થસ્થાપક, સૂરિમંત્ર સમારાધક, દક્ષિણકેશરી પૂજ્ય ગુરુદેવશ્રીના શરીરમાં અંતિમ સમયમાં ભયંકર વ્યાધિ હોવા છતાં દાદાની મુખ્ય ટૂંક નિર્માણ કરવાની ભવ્યતમ ભાવનાની અભિવ્યક્તિ આજીવન અંતેવાસી પૂ.આ.શ્રી ચન્દ્રયશસૂરીશ્વરજી મ.સા. સમ્મુખ રાખતાં પૂ. ગુરુદેવશ્રીની ભવ્યતમ ભાવના પૂરી કરવા શિષ્યે મુખ્યમંદિરનાં નિર્માણનાં કાર્યનો દૃઢ સંકલ્પ કરી દાદા શ્રી શંખેશ્વર તીર્થ પેઢીના અપૂર્વ સહયોગથી ટ્રસ્ટમંડળના સહયોગથી અને ગુરુભક્ત શ્રી મહેન્દ્રભાઈ પી. મહેતાની સખત મહેનતથી વિજ્ઞાનયુગને આશ્ચર્ય થાય તેવી મહાનચમત્કાર સ્વરૂપ શ્લોક બોલીને પૂજ્ય ગુરુદેવશ્રીએ અંજનશલાકા કરાવી. વિ.સં. ૨૦૫૯, જેઠ સુદ–૩ના વ્યાધિગ્રસ્ત શરીરે પણ અતિપ્રસન્નતાપૂર્વક દાદા આદિનાથની મુખ્યમંદિરમાં પ્રતિષ્ઠા સ્વહસ્તે કરાવી. દક્ષિણભારતને પાલિતાણાની યાદ અપાવે એવું મહાન તીર્થ અર્પણ કર્યું.

★ **અંતિમ વિદાય** : વિ.સં. ૨૦૫૯, જેઠ સુદ–૧૩, ગુરુવાર, તા. ૧૨-૬-૨૦૦૩ના પ્રાતઃ ૧૧-૦૫ મિનિટે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં શ્રી સિદ્ધાચલ–સ્થૂલભદ્રધામમાં જ સર્વને નિરાધાર છોડી વિદાય થયા. પૂજ્યશ્રીના પાર્થિવદેહનાં અંતિમદર્શન હેતુ બેંગલોર, કર્ણાટક, તમિલનાડુ, આન્ધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત આદિ અનેક શ્રી સંઘોના હજારો ગુરુભક્તોએ પધારી અશ્રુપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી. પૂજ્ય ગુરુદેવશ્રીની અંતિમ ક્રિયા સમયે હજારો ગુરુભક્તોનાં નયનોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. સમાધિસ્થલ પર ભવ્ય સ્મૃતિ મંદિરના નિર્માણ સહ તીર્થનું નિર્માણ કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યકૃપાથી આજીવન અંતેવાસી શિષ્ય દક્ષિણભારતતીર્થપ્રભાવક પૂ.આ.શ્રી વિ. ચન્દ્રયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં પૂજ્યશ્રીની નિર્દેશનાનુસાર ભવ્યતાથી થઈ રહ્યું છે, જે ભારતવર્ષનું બેનમૂન તીર્થ બનશે. દિવ્ય શક્તિના ધની સૂરિદેવ સદા આશિષ વરસાવો.

*સૌજન્ય : શ્રી ચંદ્રપ્રભ લબ્ધિ દાદાવાડી સ્થૂલભદ્રસૂરિ પુણ્ય-પ્રભાવક કેન્દ્ર ગાંધીનગર બેંગલોર*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સંયમમૂર્તિ, વાત્સલ્યવારિધિ અને અનુપમ વ્યક્તિત્વને ધારણ કરનારા*

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયમહાબલસૂરીશ્વરજી મહારાજ

સૌરાષ્ટ્રના સાવરકુંડલા પાસે ગાધકડા ગામમાં જન્મેલા મનસુખભાઈ તે જ પૂ. આચાર્યશ્રી વિજયમહાબલસૂરીશ્વરજી મહારાજ. 'દૂધવાળા' તરીકે ઓળખાતા મનસુખભાઈ જેમ જ્ઞાતિમાં, વેપારીવર્ગમાં જાણીતા હતા, તેમ ધાર્મિક ક્ષેત્રમાં પણ ધર્મ-આરાધના, દેવભક્તિ, ગુરુભક્તિ, સાધર્મિક સેવા વગેરે સત્કાર્યોથી અને વિનય, વિવેક, સરળતા, ઔચિત્ય આદિ સદ્ગુણોથી સુખ્યાત હતા. જીવનભર યાદ રહે એવી ધન્ય પળ ક્યારેક મળી આવે છે. મનસુખભાઈના જીવનમાં પણ એક એવી પુણ્ય પળ આવી. પવિત્રતાની પ્રતિમૂર્તિ જેવા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો પુણ્યપરિચય થયો અને મનસુખભાઈએ આત્માને 'મહાત્મા' બનાવવાનું લક્ષ્ય નિશ્ચિત કર્યું. આ ભાવના ધર્મતીર્થપ્રભાવક પૂ. આચાર્ય શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજના સતત સમાગમથી, ભવ્ય પ્રેરણાથી તેમ જ માર્ગદર્શનથી દૃઢતર બની. સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અનેક મુમુક્ષુઓને આરાધના કરવા માટે અનુકૂળતા કરી આપનારા અને સંયમની સંગીનતાલીમ આપનારા મુમુક્ષુમંડળમાં મુખ્ય સંચાલક સ્થાને રહીને બે વરસ સુધી સફળ સંચાલન કરનાર મનસુખભાઈએ અનેક દીક્ષાર્થીઓને તૈયાર કરી એ દ્વારા પૂજ્યાપાદશ્રીના અનહદ આશીર્વાદ મેળવ્યા.

સં. ૨૦૦૭માં ૨૮ વર્ષની ભરયુવાનીમાં મનસુખભાઈએ પોતાનાં ધર્મપત્ની વિમલાબહેન (ઉં. ૨૪) સાથે અંધેરી-મુંબઈ મુકામે ઉપધાન તપની આરાધના કરી અને ત્યારે જ સજોડે બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કરી સંયમમાર્ગે જવાના પોતાના દૃઢ નિર્ધારને પરિવાર સમક્ષ વ્યક્ત કર્યો. ચાર વર્ષના પોતાના પુત્ર પ્રવીણને પૂજ્યપાદશ્રીની શીતળ છાયામાં, પોતાના ગુરુદેવશ્રી મિત્રાનંદવિજયજી મહારાજ પાસે ભણવા માટે મૂકીને સંયમમાર્ગ તરફ મક્કમ કદમ ઉઠાવ્યું. પોતાના આ પુત્રને 'કુળ નહીં, પણ શાસનને અજવાળે' એવી ઉદાત્ત ભાવનાથી જન્મતાં જ નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવનારા આ પિતાની ધર્મભાવનાનું ફળ આજે આપણે પૂ. આચાર્યશ્રી વિજયપુણ્યપાલસૂરિજીની પ્રતિભામાં જોઈ શકીએ છીએ. પોતાના આઠ વર્ષના પુત્ર પ્રવીણને દીક્ષા આપવા અંગે કુટુંબીઓનો મોટા પાયે વિરોધ હોવાથી સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના દિવસે ખાનગી રીતે વણી (જિ. નાસિક) મુકામે પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સંયમ અપાવ્યું. ત્યારબાદ મનસુખભાઈએ પોતે પણ થોડા જ દિવસમાં સં. ૨૦૧૧ના જેઠ સુદ-૫ ના દિવસે મુંબઈ-ભાયખલામાં અધ્યાત્મયોગી પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના શુભ હસ્તે ભવ્ય સમારોહપૂર્વક પોતાનાં ધર્મપત્ની સાથે દીક્ષા અંગીકાર કરી અને મનસુખભાઈ મુનિ શ્રી મહાબલવિજય નામે પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય બન્યા. આ માટે પૂજ્યશ્રીના મોટાભાઈ ઘોઘારી જ્ઞાતિના આગેવાન તથા ગોડીજી જૈન દેરાસર-મુંબઈના ટ્રસ્ટી શ્રીયુત બાવચન્દભાઈ દૂધવાળાની વિનંતી અને સહયોગ અપૂર્વ રહ્યો તથા વિમલાબહેન સાધ્વીશ્રી વિમલકીર્તિશ્રીજી તરીકે પ્રવર્તિની સાધ્વીશ્રી જયાશ્રીજી મહારાજનાં શિષ્યા સાધ્વીશ્રી નિરંજનાશ્રીજી મહારાજનાં શિષ્યા બન્યાં. આજે તેઓશ્રી ભલે હયાત નથી પણ પોતાનાં શિષ્યા-પ્રશિષ્યા આદિનું સુંદર યોગક્ષેમ કરવા સાથે સંયમની સુંદર આરાધના કરીને પાંચ વર્ષ પૂર્વે સુરતના ચાતુર્માસ દરમિયાન સમાધિપૂર્વક સ્વર્ગગમન સાધી સંયમનો સુન્દર આદર્શ મૂકતા ગયા છે. પૂ. મુનિશ્રી મહાબલવિજયજી મહારાજે દીક્ષા અંગીકાર કરી અપ્રમત્તપણે જ્ઞાન-ધ્યાન, વિનય-વૈયાવચ્ચ, સંયમ-તપ વગેરે જીવનનાં અંગ બનાવ્યાં. વળી ધૈર્ય, ગંભીર, ઔદાર્યઆદિ ગુણો સાથે સંયમજીવનમાં નાનામાં નાનો દોષ પણ ન લાગે એની તકેદારી રાખીને, ગુરુકૃપાના પાત્ર બનીને, આજે પોતાના શિષ્ય-પ્રશિષ્યોમાં એક આદર્શ ખડો થાય એવું યોગક્ષેમ કરી રહ્યા છે. તેઓશ્રીની તારક નિશ્રામાં નાસિક અને માલેગાંવમાં ઐતિહાસિક ચિરસ્મરણીય ઉપધાન તપની આરાધના તથા ૭૭-૩૬-૧૭ આદિ છોડના ઉદ્યાપનમહોત્સવ, અનેક સ્થળે જિનભક્તિમહોત્સવો ઊજવાયા છે. અનેરી શાસનપ્રભાવના થઈ હતી. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં છ'રીપાલક યાત્રાસંઘો નીકળ્યા છે. એમાં પણ અનેરી શાસન પ્રભાવના થઈ હતી. મુંબઈ-બોરીવલી ચંદાવરકર લેનમાં નવનિર્મિત ભવ્ય જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્યશ્રીએ અદ્ભુત યોગદાન અને શાસ્ત્રીય માર્ગદર્શન આપ્યું છે. શ્રીસંઘ આ બાબત તેઓશ્રીને મહાન ઉપકારી માને છે. નાસિકના ચાતુર્માસમાં ૧૫૦ ઘરમાં ૧૮૩ સામુદાયિક સિદ્ધિતપનું ભવ્ય અનુષ્ઠાન પૂજ્યશ્રીના ઉપદેશથી અને તેઓશ્રીની વાત્સલ્યમયી અમીવૃષ્ટિ રૂપ નિશ્રામાં જ થયું હતું. પારણાં પ્રસંગે ભવ્યાતિભવ્ય મહોત્સવ ઊજવાયો હતો. પૂજ્યશ્રીનાં પ્રત્યેક ચાતુર્માસ ઐતિહાસિક અને અનેરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનપ્રભાવનાયુક્ત થયાં છે. પ્રત્યેક સ્થળે સુંદર ધર્મદર્શન કરાવી ભવ્યાત્માઓને ધર્મકાર્યોમાં ઉત્સાહિત અને ઉલ્લસિત બનાવ્યા છે. તેમ જ તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગગમન અવસરે તેઓશ્રીના સંયમ-જીવનની અનુમોદનાર્થે અમદાવાદ-નવરંગપુરાના આંગણે આયોજિત પંચાહ્નિકાશ્રી જિનભક્તિ-મહોત્સવ થયેલ અને ૧૧૧ છોડનું ભવ્યઉદ્યાપન આજે પણ અમદાવાદવાસીઓ માટે યાદગાર સંભારણું બની રહ્યું છે. પૂજ્યશ્રીના ઉપદેશથી નાસિકનગરમાં 'પૂ. આ.શ્રી વિજયપ્રેમ-સૂરિજી જૈન પૌષધશાળા', 'પૂ. આ.શ્રી વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી પ્રવચન હોલ' તથા 'મહારાષ્ટ્ર-કેસરી પૂ.આ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી જૈન ગુરુમંદિર'નું નવનિર્માણ થયું છે. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં વણા (સુરેન્દ્રનગર), ગાધકડા (સૌરાષ્ટ્ર), માલેગાંવ (મહારાષ્ટ્ર) વગેરે સ્થળોએ શાનદાર-યાદગાર પ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયા છે અને શ્રીસંઘોમાં પૂજ્યશ્રીએ એકતા કરાવી છે. પૂજ્યશ્રીના શિષ્યો પૂ.આ. શ્રી વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી ભવ્યભૂષણવિજયજી આદિ ૧૬ શિષ્ય-પ્રશિષ્યો જૈનશાસનની આરાધના-રક્ષા કરવા સાથે અનેરી ધર્મપ્રભાવના વિસ્તારી રહ્યા છે, જ્યારે પૂ. મુનિરાજ શ્રી ચંદ્રદર્શનવિજયજી મહારાજ પણ વૃદ્ધવયે પોતાના ગુરુદેવની અજોડ વૈયાવચ્ચ, સંયમ અને તપધર્મની ઉત્કૃષ્ટ સાધના કરતાં કરતાં સમતા અને સમાધિપૂર્વક મૃત્યુને મહોત્સવ બનાવી ગયા છે. તેમ જ પોતાના વિશાળ સંસારી કુટુંબને સંયમધર્મની અનુમોદનાનું ભારોભાર આલંબન આપી ગયા છે.

પૂ. મુનિરાજ શ્રી મહાબલવિજયજી મહારાજની યોગ્યતા જાણી પૂ.આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે તેઓશ્રીને સં. ૨૦૪૧ના ફાગણ સુદ ૩ના દિવસે શ્રી હસ્તગિરિ મહાતીર્થની છત્રછાયામાં ગણિ પદે અને મુંબઈ-લાલબાગ-ભૂલેશ્વરમાં સં. ૨૦૪૪ના ચૈત્ર વદ ૪ના દિવસે પોતાના સંસારી પુત્ર શિષ્ય-મુનિ સાથે પંન્યાસ પદે બિરાજમાન કર્યા અને સં. ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ સુદ ૬ના દિવસે તેઓશ્રીના જ વરદહસ્તે આચાર્ય પદે અભિષિક્ત કર્યા. શાસનદેવને એક જ પ્રાર્થના કે, પૂ. આચાર્યશ્રી વિજયમહાબલસૂરીશ્વરજી મહારાજ જૈનશાસનની સુંદર આરાધના, રક્ષા અને પ્રભાવના દ્વારા સૂરિપદને શોભાવે અને સહુનું યોગક્ષેમ કરે! પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિશઃ વંદના.

*સૌજન્ય : ઈન્દ્રવદન અમૃતલાલ શાહ, ઓમસાગર બિલ્ડીંગ સી-વિંગ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૯૨*

*સિદ્ધાંતપ્રભાવક*

## પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મ.સા

જિનશાસનમાં આગવી પ્રજ્ઞા, પ્રતિભા ને પ્રભાવકતાના ધારક, કર્મસાહિત્યનિપુણ, અનુપમેય સંયમધારક પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની છત્રછાયામાં બાળપણ વિતાવનારા બાળદીક્ષિત પૂ. આ. શ્રી વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજના નામથી જૈનજગતમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના શુભ દિને વણી (નાસિક) મુકામે પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે દીક્ષિત બનેલા અને પ્રવીણ મટીને 'મુનિ પુણ્યપાલવિજયજી' તરીકે નવાજાયેલા પૂજ્યશ્રી સ્વપિતા-મુનિની ભાવનાને અનુરૂપ આધ્યાત્મિક જીવનવિકાસ સાધવા સાથે ત્યાગ-વૈરાગ્યના માર્ગે ખૂબ જ આગળ વધી રહ્યા છે. માત્ર ૮ વર્ષની વયે પંચપ્રતિક્રમણ, નવસ્મરણાદિ પૂર્ણ કરનાર પૂજ્યશ્રી આજે તો સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, આગમશાસ્ત્ર વગેરેનો સંગીન અભ્યાસ પૂર્ણ કરવા સાથે, અગાધ અભ્યાસનું પ્રભાવક પુણ્યદર્શન કરાવી રહ્યાં છે. પરિણામે, તેઓશ્રીની પ્રવચનશક્તિ આકર્ષક બની રહી છે. જૈનધર્મનાં તત્ત્વો, વિવિધ અને રસપોષક દૃષ્ટાંતોનો તેઓશ્રી પાસે વિપુલ ભંડાર છે. સ્વરમાધુર્યથી પ્રવચનમાં તેઓશ્રીએ આગવી શૈલી સ્થાપિત કરી છે. પૂજ્યશ્રીની વાણીમાં મધુરતા અને ગંભીરતાનો સમન્વય છે. જ્યારે કોઈ સ્તવન કે સજ્ઝાય પૂજ્યશ્રીના મધુર કંઠે સાંભળવા મળે ત્યારે વહેતાં ઝરણાંના મનોરમ સંગીતનો અનુભવ થાય છે. પૂજ્યશ્રીની વ્યાખ્યાનવાણીમાં વૈરાગ્યની છોળો ઊછળે છે, ભક્તિરસનું પાન થાય છે. પ્રવચનશક્તિ જેવી જ પૂજ્યશ્રીની સર્જન શક્તિ છે. આજે તેઓશ્રીએ 'દિવ્યદીપ'ના ઉપનામે રચેલાં અંજનશલાકા-ગીતો લોકકંઠે ગુંજી રહ્યાં છે, તો જિનભક્તિ-ગુરુભક્તિનાં તેમ જ અન્ય પ્રાસંગિક ગીતો અને કુલકો પણ ઠેર ઠેર ગવાય છે. પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું વિશેષ વાત્સલ્ય પ્રાપ્ત કરનાર પૂજ્યશ્રીને શાસ્ત્રાનુસારિતા તો જાણે વારસામાં મળી છે! કુદરતે બક્ષેલી પ્રવચનશક્તિને ચાર ચાંદ લગાડી દે એવી તેઓશ્રીની શાસ્ત્રાનુસારિતા અનુકરણીય અને અભિનંદનીય છે. તેઓશ્રીના આવા સુંદર ઘડતરમાં પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજય-રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ.શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુવનભાનુસૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય, દાદા ગુરુદેવ પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ તથા પિતા–ગુરુદેવ પૂ. આ. શ્રી વિજયમહાબલ-સૂરીશ્વરજી મહારાજનો ફાળો છે. સાડા ચાર વર્ષની બાળવયથી ઉપકારી પૂજ્યોએ અધ્યયન, સુસંસ્કારોનું વાવેતર, સંયમની રક્ષા, શાસ્ત્રાનુસારિતાનો વારસો વગેરે જે જે ઉપકારોની હેલી વર્ષાવી છે તેને પ્રસંગે પ્રસંગે તેઓશ્રીના પ્રવચનાદિમાં યાદ કર્યા વગર રહેતા નથી. આ તેઓશ્રીની જન્મસિદ્ધ કૃતજ્ઞતાનું પ્રતિબિંબ છે. પૂજ્યશ્રીના પૂ. મુનિરાજ શ્રી ભુવનભૂષણવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજ શ્રી વજ્રભૂષણવિજયજી ગણિવર આદિ પાંચ વિનીત શિષ્યો પ્રગુરુદેવ તથા ગુરુદેવની સુંદર સેવાભક્તિ સાથે જ્ઞાનાભ્યાસાદિપૂર્વક સંયમજીવનમાં આગળ વધી રહ્યા છે. પૂજ્યશ્રીની યોગ્યતા જોઈને સં. ૨૦૪૨ના મહા સુદ ૨–ના દિવસે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજે અમદાવાદ–શ્રી શાંતિનાથની પોળમાં ગણિ પદે આરૂઢ કર્યા. ત્યારબાદ સં. ૨૦૪૪ના ચૈત્ર વદ ૪ ના દિવસે પિતા ગુરુદેવ સાથે જ તેઓશ્રીને પણ પંન્યાસ પદે પ્રસ્થાપિત કર્યા અને એ જ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના વરદ હસ્તે સંયમજીવનના ૩૬મા વર્ષના અંતિમ દિવસે ૩૬ ગુણોથી વિભૂષિત એવા આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવ્યા. વળી એ જ પુણ્યદિને પદપ્રદાતા પૂ. ગચ્છાધિપતિ પણ આચાર્ય પદના ૫૬મા વર્ષમાં પદાર્પણ કરી રહ્યા હતા એ કેવો ભવ્યતમ યોગાનુયોગ!

આજે જ્યારે લોકહેરીનો પ્રચંડ પવન ચારે બાજુ ફૂંકાઈ રહ્યો છે, જ્યાં ત્યાં જમાનાવાદનું તાંડવનૃત્ય આંખે ચડે છે, ભલભલા પણ જમાનાવાદની નાગચૂડમાં ભીંસાતાં જોવા મળે છે, ત્યારે જેની અતિ આવશ્યકતા છે એવા શાસ્ત્રસંમત માર્ગને શાસ્ત્રીય નીતિથી સમજાવનારા દુર્લભ થતા જાય છે, ત્યારે પૂજ્યશ્રી એ શાસ્ત્રસંમત માર્ગને બાળભોગ્ય રીતે સુંદર શૈલીમાં સમજાવી શકે છે. તેઓશ્રીને આ કળા સાહજિક વરી છે. આવી આગવી કળાના સ્વામીને જ્યારે સાંભળીએ ત્યારે ભાવિકોને સ્વ. પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સ્મૃતિમાં આવ્યા વિના રહેતા નથી. જિનશાસનની આરાધના, રક્ષા અને પ્રભાવનામાં તત્પર પૂજ્યશ્રીની વાણી સાંભળવી એ જીવનનો એક લહાવો છે. 'વાત્સલ્યભર્યાં વચન' અને 'પ્રભાવકતાસભર પ્રવચન' આ બંનેના સુભગ મિલને પિતા–પુત્ર, ગુરુ–શિષ્યની આ બેલડીનાં પાવન પગલાં જ્યાં જ્યાં મંડાય છે ત્યાં ત્યાં ઐતિહાસિક શાસનપ્રભાવના સર્જાય છે, અશાસ્ત્રીયતા દૂર થાય છે, ક્લેશોનો શાસ્ત્રીય ઉકેલ આવે છે, શ્રીસંઘ લોકોત્તર મધુરતાનો અનુભવ કરે છે. આવા પૂજ્ય આચાર્યશ્રીનાં પાદારવિંદમાં શતશઃ વંદના!

*સૌજન્ય : શ્રી ભભૂતમલજી સુરતમલજી સંઘવી, કોલ્હાપુર.*

## પ.પૂ. આચાર્યશ્રી નરદેવસાગરસૂરિજી મહારાજ સાહેબ

પૂ. આગમોદ્ધારકશ્રીના શિષ્યરત્ન માલવદેશોદ્ધારક આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય વાત્સલ્યસિંધુ, પ્રશાંત ચારિત્રમૂર્તિ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગર-સૂરીશ્વરજી મહારાજના વિદ્વાન અને સરળહૃદયી શિષ્યરત્ન પૂ. આચાર્ય શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મહારાજનો જન્મ બનાસ-કાંઠાના વાવ ગામે સં. ૧૯૯૮માં ચૈત્ર વ૦-૧૧ના દિને થયો હતો. પિતાનું નામ ભૂધરભાઈ, માતાનું નામ મણિબહેન અને તેમનું જન્મનામ સેવંતીલાલ હતું. સં. ૨૦૧૦માં પૂ. સાધ્વીશ્રી મહોદયશ્રીજીના સૌહાર્દપૂર્ણ સૂચનથી સેવંતીલાલ પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજના પરિચયમાં આવ્યા અને પૂર્વભવના પુણ્યોદયે સં. ૨૦૧૨ના વૈશાખ સુદ ૩ના દિવસે શ્રી શત્રુંજય તીર્થની છત્રછાયામાં સંયમમાર્ગનો સ્વીકાર કર્યો. દીક્ષા પછી થોડા જ સમયમાં ક્ષયોપશમની તીવ્રતાથી વ્યાકરણ, ન્યાય, કર્મગ્રંથ આદિનો પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં સુંદરતમ અને તલસ્પર્શી અભ્યાસ કર્યો. ત્યારથી સ્વ–પર સમુદાયના સાધુ–સાધ્વીઓને વાચનાની વિશિષ્ટ શૈલી દ્વારા આગમનાં અનુપાન કરાવવા નિમિત્તભૂત બન્યા છે.

અત્યાર સુધીની ૫૧ વર્ષની સંયમયાત્રામાં, અનેકવિધ શાસનપ્રભાવનાનાં પ્રસંગોમાં લગભગ ૩૫ ઉપરાંત સ્થળોએ પ્રતિષ્ઠા કરાવી છે. ખાપર તથા પાંઢુરના–હૈદ્રાબાદનાં આ ત્રણ સ્થળો પર અંજનશલાકા–પ્રતિષ્ઠા ૧૦૮ છોડનાં ઉજમણાં સહ થયેલ છે. ૨૧થી વધુ ઉદ્યાપનમહોત્સવ સહ ઉપધાન તપ ઊજવાયાં છે. સુરત, કતારગામ, વિસનગર, ઉવસગ્ગહરં તીર્થ, કલકત્તા, બારડોલી, નાગપુરા, યેવલા, શિરપુર ટીંડોઈ, સિકંદરાબાદ, કોલ્હાપુર આદિ સ્થળોમાં ઉપધાનતપની આરાધનાઓ થયેલ છે. પૂજ્યશ્રીની પ્રેરણા પામી અનેક પુણ્યાત્માઓએ દીક્ષા પ્રાપ્ત કરી છે. પૂનાના ૧૭૫ વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયના જીર્ણોદ્ધાર માટે પૂજ્યશ્રીની એક માત્ર પ્રેરણા પામી શિલ્પકળાસમૃદ્ધ જિનાલય થયેલ છે, જેની પ્રતિષ્ઠા સં. ૨૦૪૭માં થઈ. આવું જિનાલય આખા મહારાષ્ટ્રમાં બીજું નથી તથા શ્રી કુલપાકજીમાં ચૌમુખજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનાલયના ઐતિહાસિક જીર્ણોદ્ધારનો પ્રારંભ થયો. છેલ્લાં ૨૨ વર્ષથી તાત્ત્વિક રીતે પ્રશ્નોત્તરી શૈલીથી 'શ્રી ભગવતીજી સૂત્ર' તથા 'શ્રી મલયસુંદરી ચરિત્ર' ઉપર આગવો પ્રકાશ પાથરી રહ્યા છે. પૂજ્યશ્રીની નિશ્રામાં ઘણા છ'રીપાલિત સંઘો નીકળ્યા છે. નાની–મોટી અનેક શાસનપ્રભાવના કરતાં–કરાવતાં ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, ઓરિસ્સા તામિલનાડુ, કર્નાટક, આંધ્રપ્રદેશ આદિ અનેક પ્રદેશોમાં વિચર્યા છે. પૂજ્યશ્રીની ઉત્તમ પ્રભાવનાનું મુખ્ય અંગ કોઈ પણ હોય તો તે એ છે કે, દરેક શ્રીસંઘમાં પૂર્ણ ઐક્ય અને પૂર્ણ સહકાર તથા પ્રેમસંપાદન કરીને જ કાર્ય કરે છે. નિઃસ્પૃહતાથી થયેલાં આવાં ભવ્ય કાર્યો સ્વ–પરની સાધનાનાં સુંદર દૃષ્ટાંતો બની રહે છે. પૂ. આચાર્ય પદવી સં. ૨૦૪૯માં વૈશાખ માસે સુદ-૬નાદિને પાલિતાણા મુકામે ભવ્ય રીતે થઈ હતી. પૂજ્યશ્રીના ત્રણ શિષ્યો પૈકી મુખ્ય વયોવૃદ્ધ શિષ્ય મુનિશ્રી નરરત્નસાગરજી ખેડા ચાતુર્માસમાં સં. ૨૦૪૧ના આસો સુદ ૧૩ને દિવસે સુંદરતમ આરાધના કરી કાળધર્મ પામ્યા. બીજા શિષ્યો–મુનિશ્રી ચંદ્રકીર્તિસાગરજી (હાલ આચાર્ય ચન્દ્રકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.) અને પૂજ્ય વયોવૃદ્ધ મુનિશ્રી પુણ્યકીર્તિ સાગરજી મ., પ્રશિષ્ય મુનિરાજશ્રી પદ્મકીર્તિસાગરજી મ. સુંદર પ્રભાવના કરતાં જયવંતા વર્તી રહે છે. એવા એ વિદ્વદ્વર્ય આચાર્યપ્રવરને શતશઃ વંદના!

૨૦૫૯ વર્ષનું કોલ્હાપુરનું ચોમાસું ઐતિહાસિક બન્યું હતું. 'શ્રી ભગવતી સૂત્ર' વાચનના માધ્યમે આરાધનાનું વાતાવરણ અતિ અદ્‌ભુત બન્યું. દરરોજ સુવર્ણ–રજતથી સૂત્રપૂજા, સંઘપૂજા વ. ઉલ્લેસભેર થયેલ.

ઉપધાન તપની આરાધના ઉલ્લાસભેર શરૂ થયેલ. આમ પૂજ્યશ્રીને પગલે અનેક ધર્મઆરાધનાઓ પુણ્યક્ષેત્રોમાં થઈ રહેલ. પૂજ્યશ્રીના વરદહસ્તે ૨૧થી અધિક ઉપધાન તપ, ઉજમણાં સહિત દરેક ઉપધાન તપના માધ્યમે અનેક આત્માઓની દીક્ષાઓ થઈ છે. સતત ૧૯વર્ષથી 'ભગવતી સૂત્ર'નું ચોમાસામાં સૂત્રવાચન, હૈદ્રાબાદમાં છ પ્રતિષ્ઠાઓ, એક અંજનશલાકા થયાં છે.

છેલ્લાં બે ચાતુર્માસ સુરતમાં બિરજમાન બની અનેક ધર્મકાર્યોમાં નિશ્રાદાતા બન્યા છે. સુરત-કતારગામ સંઘની સ્થાપના વિ.સં. ૨૦૩૪માં પૂજ્યશ્રીની નિશ્રામાં થઈ ત્યારે ૩૦ ઘરો હતા, આજે ૧૩૦૦ ઉપરાંત ઘરો છે. શ્રી ઉપધાન તપ અનેક તપસ્યાઓ ગત ચાતુર્માસ કતારગામ આરાધનામય બન્યું હતું. કતારગામ બાદ શિરપુર-બલસામા છ'રિપાલિત સંઘ, વિસનગર-તારંગા છ'રિપાલક સંઘ કૈલાસનગર સંઘનું ચાતુર્માસ સુંદર આરાધનામય પસાર થયું અનેકવિધ તપશ્ચર્યા શ્રી ભગવતીસૂત્ર પ્રવજ્યા, પ્રતિદિન અઠ્ઠાઈ તપ, મોક્ષદંડક તપ, શ્રી વાવપથક જૈનમિત્રમંડળ તરફથી ૩૦૦ ઉપરાંત આયંબિલ ઓળી થયેલ છે. ચાતુર્માસ બાદ નૂતન જિનાલયમાં શ્રી મહાવીર પરમાત્માનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તથા ૩૦૦ લગભગ પુણ્યાત્માઓનો પૂજ્યશ્રીની નિશ્રામાં સામુદાયિક વર્ષીતપની આરાધનાનો પ્રારંભ. ૬૫૦ આયંબિલ, ચાતુર્માસ કૈલાસનગર–ચાતુર્માસ પૂર્તિની ભવ્ય ઉજવણી ૬૫૧૧ સામાયિકથી પારણાનો લાભ અનેક પૂજનો સહ તપમહોત્સવ ઉજવાયો પૂજ્યશ્રીનો આઠમો વર્ષીતપ ચાલે છે. ગણિ ચન્દ્રકીર્તિ મ.સા. (હાલ આચાર્ય) ૯૩ ઓળી, મુનિ પદ્મકીર્તિસાગરજી ૫૧ ઓળી આરાધી રહ્યા છે. છેલ્લા બે ચાતુર્માસ સુરત થતાં અનેક ધર્મકાર્યના નિશ્રાદાતા બન્યા.

ચાતુર્માસ બાદ શિરપુર-બલસાણા છ'રીપાલિત સંઘ, શિરપુર ઉપાશ્રય નિર્માણ માટે લાખો રૂપિયાનું ફંડ, માલક-તારંગા છ'રીપાલિત સંઘ આદિ અનુષ્ઠાનો યોજાયા.

પૂજ્યશ્રીના દીક્ષાપર્યાય ૫૦ વર્ષની પૂર્ણતા (વૈ.સુ-૩) નિમિત્તે શ્રી અમદાવાદમાં કુબડીયા અમીચંદભાઈ પરિવાર હ. કાન્તાબેન તરફથી અનેકવિધ પૂજનો સહ મહોત્સવ યોજાયો જેમાં ૬૦૦ ઉપરાંત આયંબિલ તપ–૨૦૦૦ સામાયિક-લાખો રૂપિયાનું જીવદયા ફંડ વિ. થયેલ. મહોત્સવ ચિર અવિસ્મરણીય બની ગયો.

મોક્ષદંક્ષ તપ, સાંકળી અઠ્ઠાઈ, અઠ્ઠાઈ તપ વિ. તપશ્ચર્યા સાથે શ્રી વાવપથક જૈન મિત્રમંડળ કૈલાસનગર તરફથી "વર્ધમાન તપના ૮૦ ઉપરાંત પાયા ૩૦ ઉપરાંત આરાધકોએ આરાધના કરવા દ્વારા ચાતુર્માસ દીપાવ્યું છે. પજ્યશ્રીને લાખ લાખ વંદનાઓ. હાલ ભાવનગર વિદ્યાધરનગરમાં ચાતુર્માસ બિરાજમાન છે.

*પૂ. આ.શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન પૂ. આચાર્યશ્રી ચન્દ્રકીર્તિસાગરસૂરિજી મ.ના સંલગ્ન ૫૪૧ આયંબિલ તપની અનુમોદના નિમિત્તે પૂ. મુનિરાજશ્રી પદ્મકીર્તિ સાગરજી મ. (૫૧ ઓળી આરાધક) શ્રીની પ્રેરણાથી શ્રી કૈલાસનગર જૈન શ્વે.મૂ. સંઘ–સુરતના સૌજન્યથી*

## પ્રતિભા સંપન્ન વિદ્વાન પૂજ્ય આ. શ્રી અમરસેનસૂરીશ્વરજી મ.સા.

છાણી દીક્ષાની ખાણી ને ચારિતાર્થ કરતા ધર્મનિષ્ઠ શ્રાવક ચંદુભાઈના સુપુત્ર કમલાબહેનના દુલારા સુપુત્ર તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શશીકાન્તભાઈ. તેમનો જન્મ સંવત ૧૯૯૩, તા. ૧૯-૯-૧૯૩૭ના ભાદરવા સુદી ૧૪ના થયો. પુત્રના લક્ષણ પારણાથી જન્મથી પ્રભાવશાળી મૂશક નામ પ્રમાણે ગુણને ધારણ કરનાર તેમના પરાક્રમથી દિવસે દિવસે માતા-પિતાના સુસંસ્કારોએ ધર્મમાં જોડ્યા સાથે વહેવારિક જ્ઞાનમાં પણ અંગ્રેજી હિન્દી ગુજરાતીનું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું. છાણીમાં પૂ. આચાર્યદેવ શ્રી ભુવન તિલક સૂરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસમાં ધર્મનો સારો એવો રંગ લાગ્યો. માતા-પિતાના સંસ્કારથી રોજ પૂજાદર્શન પરમાત્માની સુંદર અંગરચના ધર્મમાં પંચ પ્રતિક્રમણ આદિ શીખેલ હતા. સોનામાં સુગંધ દીક્ષાની રટ લાગી. ગુરુદેવ સાથે વિહાર અને સંવત ૨૦૧૩ મહા સુદ છઠના ખંભાત મુકામે દીક્ષા પૂજ્ય દાદા ગુરુદેવ શ્રી પૂ. જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા. હાથે ગ્રહણ કરી. ધર્મ દિવાકર પૂજ્ય આચાર્યદેવશ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.નું શિષ્યત્વ ગ્રહણ કરી વડીદીક્ષા સંવત ૨૦૧૩ મહાવદ ૧૩ ગ્રહણ કરી જ્ઞાનાભ્યાસ. વૈયાવચ્ચમાં તથા તપસ્યામાં વિશેષ રુચિ. ચાર પ્રકરણ ભાષ્ય કમગ્રંથ, સંસ્કૃત પ્રાકૃત તથા તપસ્યામાં વર્ષીતપ. પંદર સોળ સિદ્ધિતપ, ત્રણ વખત શ્રેણીતપ, વીશસ્થાનક ચોવીસ પરમાત્માના એકાસણા પોષદશમી ચાતુર્માસમાં અઠ્ઠમના પારણે અઠ્ઠમ આદિ વિવિધ તપસ્યા સાથે (સાંસારિક વડીલ બંધુ) ગુરુ વિરહ પછી ગચ્છાધિપતિ તપસ્વી રત્ન આચાર્યદેવ શ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ.સા. સાથે વિચરણ અનેક યોગદ્વહન પછી ભગવતી સૂત્રમાં યોગદ્વહન પછી સંવત ૨૦૫૨ વૈશાખ સુદ છઠમાં આચાર્ય પદવીથી ગદગ મુકામે વિભૂષિત કર્યા. પૂજ્ય આચાર્યદેવશ્રી સાથે વિચરણ કરતા ૬૮થી અધિક અંજનશલાકા પ્રતિષ્ઠા દીક્ષા ઉપધાન તપ ઉજમણા યાત્રાસંઘોના મુહૂર્ત આદિ પ્રદાન કરી રહ્યા છે. તેમના મધુર પ્રવચનથી સારી સંખ્યામાં ભાગ્યશાળી લાભ લઈ જીવનને કૃતાર્થ કરી રહ્યા છે. દરેક શાસ્ત્રનો ઊંડામથી અભ્યાસ સાથે જ્યોતિષ શાસ્ત્ર તથા શિલ્પ શાસ્ત્રનું પણ સારું એવું જ્ઞાન ધરાવે છે. તેમણે સંયમ જીવનમાં ૫૧માં વર્ષે પ્રવેશ કર્યો છે. આ વર્ષ ૫૨માં વર્ષમાં પ્રવેશ કરશે. પૂજ્યશ્રીનું જીવન સાદગીમય, ત્યાગમય નિસ્પૃહાદિ જોઈ અનેક જીવોને અનુકરણી રહે છે. પ્રવચન પ્રભાવક જ્યોતિષ શિલ્પજ્ઞ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમરસેન સૂરીશ્વરજી મ.સા. દીર્ઘ આયુ બની શાસનની ધ્વજા લહેરાવો એજ મનોકામના.

*સૌજન્ય : મુનિશ્રી અજિતસેનવિજયજી મ.સા.ની પ્રેરણાથી*
*સંઘવરાય સુરેશકુમાર કટારિયા પરિવાર, બેંગલોર.*

## પ. પૂ. આચાર્ય
## શ્રી રત્નભૂષણસૂરિજી મહારાજ



પૂ.આ. શ્રી રત્નભૂષણસૂરિજી મ.નો જન્મ સં. ૧૯૯૩ના શ્રાવણ વદ ૬ને દિવસે મોસાળ જેતપુર (કાઠી) ગામે સોરઠ વીસા શ્રીમાળી જ્ઞાતિમાં થયો હતો. તેમનું નામ રમેશચંદ્ર હતું. પિતા જીવણલાલ દોશી અને માતા છબલબહેનનાં બે સંતાનોમાં રમેશચંદ્ર મોટા હતા. તેમનાથી ચાર વર્ષ નાના છબીલદાસ હતા. રમેશચંદ્રની માત્ર છ વર્ષની ઉંમરે માતા સ્વર્ગવાસી બન્યાં. દાદીમા કપૂરબહેને બંનેને ઊછેરીને મોટા કર્યા. કુટુંબ ખૂબ ધર્મપરાયણ હતું, તેથી રમેશચંદ્રે બાળવયમાં સારા એવા સંસ્કાર પામી, માત્ર ૧૦ વર્ષની વયે પાંચ પ્રતિક્રમણનો ધાર્મિક અભ્યાસ સંપન્ન કર્યો. બાલવયમાં જ અતિચાર પણ મોઢે કર્યાં અને સંવત્સરી પ્રતિક્રમણમાં બોલીને સૌને મંત્રમુગ્ધ બનાવ્યાં. ધોરાજી પાસેના પોતાના વતનના મોટીમારડમાં વ્યાવહારિક પ્રાથમિક અભ્યાસ, માધ્યમિક અભ્યાસ અમરેલીમાં અને પિતાશ્રી ધંધાર્થે કલકત્તા વસવાટ કરતાં ત્યાં હાઈસ્કૂલમાં અંગ્રેજી માધ્યમથી અભ્યાસ કરી મેટ્રિક પાસ થયા. સં. ૨૦૦૯માં પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ કલકત્તા પધારતાં, તેઓશ્રીના સમાગમથી આ ધર્મપરાયણ કુટુંબમાં વૈરાગ્યની ભાવના પ્રગટી. તેમાં સં. ૨૦૧૩માં અષાઢ સુ. ૩ના શુભ દિવસે પિતા જીવણલાલભાઈએ દીક્ષા અંગીકાર કરી. પૂ.આ. શ્રી વિજય માનતુંગસૂરિજી મહારાજના શિષ્ય મુનિશ્રી જયભૂષણવિજયજી નામે જાહેર થયા. ત્યારબાદ સં. ૨૦૧૪માં, અમદાવાદમાં બીજા શ્રમણસંમેલનના ઐતિહાસિક પ્રસંગ પછી તુરત જેઠ સુદ ૬ના દિવસે રમેશચંદ્રે પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી, પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. આ. શ્રી વિજય જિતમૃગાંકસૂરીશ્વરજી મ.ના શિષ્ય મુનિ રત્નભૂષણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજયજી નામે ઘોષિત થયા. એ જ રીતે કુટુંબના છેલ્લા સભ્ય છબીલદાસે પણ સં. ૨૦૧૮માં ચૈત્ર વદ પાંચમને દિવસે અમદાવાદમાં દીક્ષા અંગીકાર કરી. તેઓશ્રી સંસારી પક્ષે મોટાભાઈ પૂ. રત્નભૂષણ-વિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી કુલભૂષણવિજયજી બન્યા. પૂજ્યશ્રીએ ૩૫ ઉપવાસ, બે માસખમણ, વરસીતપ, સિદ્ધિતપ સંસ્કૃત બે બુક ન થાય ત્યાં સુધી છ વિગઈનો મૂળથી ત્યાગ, વદ્ધોની વૈયાવચ્ચમાં અગ્રેસર આમ કુટુંબના સર્વસભ્યો, ત્યાગ માર્ગનો સ્વીકાર કરી, જિનશાસનને ચરણે જીવન સમર્પિત કરી, શાસનશોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે.

પૂ. મુનિશ્રી રત્નભૂષણવિજયજી મહારાજે દીક્ષા લીધા પછી પણ ધર્માભ્યાસમાં ખૂબ આગળ વધી વિશદ અને ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું. શરૂઆતમાં 'સિદ્ધહેમ વ્યાકરણ', 'ન્યાયશાસ્ત્ર' વગેરેનો તેમ જ ૪૫ આગમોનો ટીકા સહિત ગુરુમુખે અભ્યાસ કર્યો. તેઓશ્રીએ દસેક ધર્મગ્રંથો લખ્યાં જેમાં 'રત્નચિંતન' પુસ્તકમાં પોતાના ચિંતનનો ખજાનો આપ્યો છે. તેઓશ્રીએ દીક્ષા લીધી ત્યારથી તે સં. ૨૦૩૨માં પૂ. ગુરુ મહારાજ સ્વર્ગવાસ પામ્યા ત્યાં સુધી એક પણ દિવસના વિયોગ વિના સતત ગુરુસેવા કરી આજીવન અંતેવાસી બની ગુરુદેવની અનન્યકૃપા અને આશીર્વાદ મેળવ્યાં છે અને એ ગુરુકૃપા બળે આજે પણ પૂજ્યશ્રી સંયમની આરાધના, આધ્યાત્મિક સાધના અને જ્ઞાનની ઉપાસનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ કરી રહ્યા છે. પૂજ્યશ્રીની આવી ઉત્કૃષ્ટ યોગ્યતા જાણીને તેમને સં. ૨૦૪૫ના પોષ વદિ ૧-ને દિવસે ગણિ-પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. તેમ જ સં. ૨૦૫૦ના મહા સુદ ૮ના દિવસે આચાર્ય-પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પૂ. આચાર્યશ્રી રત્નભૂષણ-સૂરિજી મ. સ્વ-પર કલ્યાણ માર્ગે આગળ વધી વિવિધ ધર્મકાર્યો દ્વારા આગળ વધી સારી એવી શાસનપ્રભાવના પ્રવર્તાવી રહ્યા છે. તેઓશ્રીએ વરસી તપ, અઠ્ઠાઈ, જ્ઞાનપંચમી, નવપદની ઓળીઓ વગેરે તપસ્યા કરી છે. સિદ્ધગિરિજીની ૯૯ યાત્રા અને તેમાં છઠ્ઠપૂર્વક સાત યાત્રા કરી હતી. પૂજ્યશ્રીએ પ્રાચીન હસ્તપ્રતોનું સંશોધન તેમ જ પ્રાચીન પદ્ધતિ મુજબ અત્યારે પણ લહિયાઓ પાસે આગમાદિ શાસ્ત્રગ્રંથો લખાવવાનું કાર્ય કરાવી રહ્યાં છે. તેઓશ્રીએ દરેક ધર્મગ્રંથોનું સંપાદન કરેલ છે અને તે પ્રકાશિત થયેલ છે. તેમાં 'અધ્યાત્મ રત્નમંજૂષા' અને 'આરાધનાનું મંગલમય ભાથું' એ બે નોંધપાત્ર છે. પૂજ્યશ્રીની નિશ્રામાં શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો સુસંપન્ન થયાં છે જેવાં કે, પ્રભુપ્રતિષ્ઠાઓ, દીક્ષાઓ, છ'રીપાલિત યાત્રા સંઘો, નાની મોટી સામુદાયિક આરાધનાઓ, ઓચ્છવ-મહોત્સવો વગેરે. સં. ૨૦૪૭નું ચાતુર્માસ સમ્મેતશિખરજી તીર્થે કર્યું. તેઓશ્રી તથા વયોવૃદ્ધ પૂ. મુનિ શ્રી જયભૂષણ વિજયજી મ. તથા નિઃસ્પૃહી-વૈયાવચ્ચકારી પૂ. મુનિશ્રી કુલભૂષણ વિજયજી મ. (સંસારીપક્ષે પિતાશ્રી અને લઘુબંધુ) આદિની નિશ્રામાં આ ચાતુર્માસ દરમિયાન સુંદર આરાધના થવા સાથે ભારતભરમાં અજોડ એવું ભક્તામર મંદિર તથા ભોમિયાજીનું મંદિર નિર્માણ પામ્યાં તેની અંજનશલાકા પ્રતિષ્ઠા આદિ શાસનપ્રભાવનાપૂર્વક સંપન્ન થયેલ.

પૂજ્યશ્રી દ્વારા આ રીતે જ્ઞાનપ્રસારનાં, ધર્મપ્રભાવનાનાં અને તીર્થભક્તિ-જાગૃતિનાં કાર્યો ઉત્તરોત્તર આગળ વધતાં રહો એ જ અભ્યર્થના સાથે એ કાર્યો માટે પૂજ્યશ્રી સ્વસ્થ નિરામય દીર્ઘાયુ પામો એવી શાસનદેવને પ્રાર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણે શતશઃ વંદના!

*સૌજન્ય : શ્રી જયનગર શ્વે. મૂ. જૈન સંઘ, વાપી*

*જિનશાસનના તેજસ્વી તારક તીર્થોદ્ધારક*
*પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય નીતિસૂરીશ્વરજી*
*મ.સા.ના સમુદાયના*

## પૂ. આચાર્ય શ્રી
## વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજ

અનાદિકાળથી અનંત ભવસાગરમાં પરિભ્રમણ કરતા જીવને મહાન પુણ્યોદયે જૈનકુળમાં જન્મ મળે છે. એવા કોઈ પ્રબળ પુણ્યને લીધે ગૌરવવંતા ગુજરાત પ્રદેશના અમદાવાદ પાસેના કરોલી (તા. દહેગામ)માં સં. ૧૯૮૯ના જેઠ સુદ પાંચમે શાહ મનસુખલાલ પાનાચંદનાં ધર્મપત્ની શણગારીબહેન (પાર્વતીબહેન)ની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. બાળકનું નામ પાડ્યું બુલાખીદાસ. કરોલીની નિશાળમાં બુલાખીદાસે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. પછી ધંધાર્થે માબાપ સાથે અમદાવાદ આવી વસ્યા. અમદાવાદમાં કાપડની દુકાનમાં નોકરીએ રહ્યા. દરમિયાન તેમનાં બહેન શાંતાબહેન લગ્ન પછી ટૂંક સમયમાં જ વિધવા થતાં, દીક્ષા લઈને સાધ્વીશ્રી સ્નેહલતાશ્રીજી બન્યાં. આ ઘટનાથી બુલાખીદાસનું મન પણ સંસાર પરથી ઊતરી ગયું. તેમણે ધાર્મિક અભ્યાસમાં વધુ રસ લેવા માંડ્યો. સંયમજીવન માટે વહાલસોયાં માતાપિતા સંમતિ આપતાં ન હતાં. તેથી ભીલડિયાજી તીર્થની યાત્રાનું બહાનું કાઢીને ઘેરથી નીકળી પડ્યા. રાજસ્થાનમાં સાદડી મુકામે પ.પૂ. આ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પાસે પહોંચ્યા અને દીક્ષા માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનંતી કરી. પૂ. આચાર્યશ્રીના આદેશ પ્રમાણે પૂ. પં. શ્રી કસ્તુરવિજયજી મહારાજના વરદ હસ્તે શેષલી તીર્થ (લુણાવા)માં સં. ૨૦૧૭ના અષાઢ સુદ ૭ને દિવસે દીક્ષા ગ્રહણ કરી બુલાખીદાસ પૂ. આ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી હેમપ્રભવિજયજી નામે જાહેર થયા.

દીક્ષા ગ્રહણ કરી ત્યારથી જ પોતાના જીવનમાં ગુરુભક્તિ માટે પ્રથમ સ્થાન આપતા રહ્યા. સં. ૨૦૨૨માં પૂ. ગુરુદેવની છત્રછાયા ગુમાવી. તે પછીથી પૂ. પં. શ્રી મંગળવિજયજી (પછીથી પૂ. આચાર્યશ્રી)ની નિશ્રામાં આજ્ઞાનુસાર સંયમજીવન વિતાવતા રહ્યા અને સાધના–આરાધના દ્વારા ગુરુદેવના કૃપાપાત્ર બની રહ્યા. પૂજ્યશ્રી સં. ૨૦૩૧માં પાલિતાણામાં ચાતુર્માસ હતા ત્યારે પૂ. આ. શ્રી વિજયમંગલપ્રભસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં 'ભગવતીસૂત્ર'નાં યોગોદ્વહન કર્યાં. સં. ૨૦૩૨ના માગશર સુદ પાંચમે ગણિ પદ અને માગશર સુદ છઠ્ઠને દિવસે પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પૂજ્યશ્રીનાં વિહારક્ષેત્ર ગુજરાત અને રાજસ્થાન રહ્યાં છે. રાજસ્થાનના ખિવાન્દી પર પૂજ્યશ્રીની અસીમ કૃપા છે. સં. ૨૦૪૨માં તેઓશ્રી ખિવાન્દી ચાતુર્માસ સ્થિત હતા ત્યારે અનેક શ્રીસંઘોની આગ્રહભરી વિનંતીથી પૂજ્યશ્રીને આચાર્ય પદે આરૂઢ કરવા પૂ. આ. શ્રી વિજયઅરિહંત-સિદ્ધસૂરીશ્વરજી મહારાજને અમદાવાદથી ખિવાન્દી પધારવા નિમંત્રણ આપ્યું. આચાર્યદેવ ઉગ્ર વિહાર કરી ખિવાન્દી પહોંચ્યા. સં. ૨૦૪૩ના માગશર સુદ ૬ને શુભ દિવસે અગણિત માનવમહેરામણ વચ્ચે મહામહોત્સવપૂર્વક આચાર્ય પદથી અલંકૃત કરવામાં આવ્યા. પૂ. પંન્યાસ આચાર્યશ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર થયા. પૂજ્યશ્રી હંમેશાં નમસ્કાર મહામંત્રનો અને સંતિકરનો શ્રદ્ધાપૂર્વક જાપ કરે છે. તેઓશ્રીની પાવન નિશ્રામાં અનેક દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન, સંઘ, ઉદ્યાપનો આદિ મહોત્સવ થયા છે અને થઈ રહ્યા છે. પંન્યાસશ્રી લલિતપ્રભવિજયજી, મુનિશ્રી જયપ્રભવિજયજી, બાલમુનિ શ્રી મુક્તિનિલયવિજયજી, મુનિશ્રી આત્મપ્રભવિજયજી, મુનિશ્રી અર્હંપ્રભવિજયજી, મુનિશ્રી હિરણ્યપ્રભવિજયજી, મુનિશ્રી પ્રશમેશપ્રભવિજયજી, મુનિશ્રી હ્રીંકારપ્રભવિજયજી, પૂ. મુનિશ્રી યશ:પ્રભવિજયજી મ.સા., મુનિશ્રી નીતિપ્રભવિજયજી મ.સા. મુનિશ્રી હેમહર્ષવિજયજી મ.સા., મુનિશ્રી ભાનુપ્રભવિજયજી મ.સા. આદિ શિષ્ય-પ્રશિષ્યરત્નોથી વીંટળાયેલા પૂજ્યશ્રી અનેકવિધ શાસનપ્રભાવક કાર્યોમાં વ્યસ્ત હોય છે. એવા તપસ્વી–યશસ્વી–તેજસ્વી આચાર્યદેવ નિરામય દીર્ઘાયુ પામી શાસનપ્રભાવના વડે જયવંતા વર્તો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : શ્રી સિદ્ધાચલ શણગાર જૈન ટ્રસ્ટ, પાલિતાણા.*

## પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય મહાયશસૂરીશ્વરજી મ.સા.

જન્મભૂમિ : ગુજરાત–હાલાર પ્રદેશ–જામનગર (નવાનગર)–અર્ધ શત્રુંજય.

જન્મતિથિ : વિ.સં. ૧૯૯૮, શ્રાવણ વદ અમાસ, કલ્પધરદિન.

દીક્ષાભૂમિ અને દીક્ષાતિથિ : જામનગર, દેવબાગ ઉપાશ્રય, વિ.સં. ૨૦૨૫ના જેઠ સુદ–પાંચમ.

જ્ઞાતિ : જામનગર દિસા ઓસવાલ.

સંસારી માતાપિતા : માતુશ્રી : ધનકોરબહેન, પિતાશ્રી મોહનભાઈ.

સંસારી મોટાભાઈ–ભાભી વગેરે : ભૂપેન્દ્રભાઈ–ભારતીબહેન, રાજુ, પ્રેમળ, પીના.

સંસારી નાનાભાઈ : વજુભાઈ.

સંસારી નામ : મહેન્દ્રકુમાર.

ભગવતી પ્રવ્રજ્યા નામકરણ : પ.પૂ. મુનિ શ્રી મહાયશવિજયજી મ. સાહેબ.

સંસારતારક દીક્ષાગુરુ : વિજયવૃદ્ધિ નેમિ–દર્શનસૂરિ પટ્ટધર પ.પૂ. આચાર્યશ્રી વિજયજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

ગણિ પદ, પંન્યાસ પદ, ઉપાધ્યાય પદ, આચાર્ય પદ પ્રદાનકર્તા. આચાર્ય ભગવંતશ્રી :—વિજયવૃદ્ધિ–નેમિ–વિજ્ઞાનસૂરિ પટ્ટધર, પ.પૂ. આચાર્ય શ્રી વિજય કીર્તિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ.

ગણિ પદ : વિ.સં. ૨૦૫૨, કારતક વદ–૩, શત્રુંજય મહાતીર્થ, પાલિતાણા.

પંન્યાસ પદ : વિ.સં. ૨૦૫૨, કારતક વદ–૬, શત્રુંજય મહાતીર્થ, પાલિતાણા.

ઉપાધ્યાય પદ : વિ.સં. ૨૦૫૨, જેઠ સુદ–૩, શત્રુંજય મહાતીર્થ, પાલિતાણા.

આચાર્ય પદ : વિ.સં. ૨૦૫૨, જેઠ સુદ–૬, શત્રુંજય મહાતીર્થ, પાલિતાણા.

શિષ્યરત્નો : પ.પૂ. પંન્યાસ શ્રી જયભદ્રવિજયજી ગણિ, પ.પૂ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિશ્રી સોમસુંદર વિજયજી મ.સા., સંસારી નાનાભાઈ પ.પૂ. મુનિશ્રી વજ્રયશવિજયજી મ.સા.

પ્રશિષ્ય : મુનિ શ્રી સોમચંદ્રવિજયજીના શિષ્ય પ.પૂ. મુનિશ્રી કલાસુંદરવિજયજી મ.સા.

પ.પૂ. શાસનસમ્રાટ શ્રી વિજય નેમિ–દર્શન–જયાનંદસૂરિપટ્ટધર શાસનપ્રભાવક, સૂરિમંત્ર સમારાધક, ૨૪ તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણકની દ્રવ્યયાત્રા કરનાર (અષ્ટાપદજી ભાવયાત્રા) સમ્મેતશિખરજી મહાતીર્થની સર્વ ટૂંકોની (૨૭ કિ.મી.) ૧૨૧ કરનાર પ.પૂ. આ. શ્રી વિજય મહાયશસૂરીશ્વરજી મ.સા. તથા પટ્ટધર પ્રવચનપ્રભાવક, દ્વિતીય વરસીતપના તપસ્વી, શિલ્પવાસ્તુ–જ્યોતિષ વિશેષજ્ઞ પ.પૂ. મુનિશ્રી સોમસુંદરવિજયજી મ.સા. તથા પ્રથમ વર્ષીતપના તપસ્વી મુનિશ્રી કલાસુંદરવિજયજી મ.સા. તથા પંન્યાસ શ્રી જયભદ્રવિજયજી ગણિ મ.સા. તથા મુનિશ્રી વજ્રયશવિજયજી મ.સા.

*સૌજન્ય : શ્રી રાજસ્થાન જૈન શ્વે. મૂ.પૂ. સંઘ, બેંગલોર*

*ડહેલાવાળા સમુદાયના*

## પ.પૂ. આ.શ્રી વિજયરત્નચંદ્રસૂરિજી મ.

ગુજરાતની પવિત્ર ભૂમિમાં બનાસની ભૂમિ જગવિખ્યાત છે. બધાં જ ક્ષેત્રમાં આ ભૂમિનું યોગદાન પ્રેરક રહ્યું છે. બનાસકાંઠાના થરાદ ગામની સમીપે પાલડી ગામ પૂજ્યશ્રીનું જન્મસ્થાન, સંવત ૨૦૨૧- ના પોષ વદિ ૮–ના પવિત્ર દિવસે પૂજ્યશ્રીનો જન્મ થયો. ગ્રામીણ સંસ્કૃતિમાં પૂજ્યશ્રીનો ઉછેર થયો. માતાપિતા તરફથી ધર્મસંસ્કારો ગળથૂથીમાંથી જ મળેલા. ૨૦૩૪માં બહેનની દીક્ષા થઈ ત્યારથી મન વૈરાગી બન્યું. સંયમજીવનની સુદૃઢ તાલીમ, ગચ્છનાયક આ. ભ. વિજયરામસૂરિજી મ.સા.ની છાયા અને નિજી ધગશના પરિણામે સં. ૨૦૩૬ના દ્વિ જેઠ વદ–૧ના સ્વર્ણિમ દિવસે મુંબઈના વરલી ઉપનગરમાં પ્રવ્રજ્યા સ્વીકારી અને બસ પછી તો રજની બન્યાં તરુણચન્દ્રવિજય ગણી અભયચન્દ્ર વિજયજીનું શિષ્યત્વ સ્વીકારી વડી દીક્ષામાં બન્યા રત્નચન્દ્ર વિજય.

પછી અવિરતપણે આરાધના–સાધના અને જ્ઞાનયજ્ઞ ચાલ્યો.

ન્યાય, સાહિત્ય, વ્યાકરણ, કર્મગ્રન્થ, સંસ્કૃત, પ્રાકૃત, આદિ અભ્યાસ ગુરુસેવા અને સંયમસાધનામાં મસ્ત બન્યા.

અચ્છા લેખક અને પ્રવચનકાર પણ બન્યા. ગુરુકૃપાના બળે, યોગોદ્વહન કરી પૂજ્ય રામ અભય ગુરુદેવના હસ્તે વિ.સ. ૨૦૫૨ મહા સુદ–૫ના શુભ દિને કુવાળા નગરમાં ગણિ પદથી વિભૂષિત થયા.

વિ.સં. ૨૦૫૪ના વૈશાખ સુદમાં પંન્યાસ પદ અને વિ.સં. ૨૦૫૫ના માગશર સુદ ૧૦ના રોજ ૩૩ વર્ષની યુવા વયે સૂરિ પદ પામ્યા. ત્યારથી વિજયરત્નચંદ્રસૂરિ તરીકે ઓળખાય છે.

પૂજ્યશ્રીએ નાની વયમાં ઘણી શાસનપ્રભાવના કરી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર આદિ પ્રાંતોમાં વિહાર કરી જનજાગૃતિ લાવ્યા છે.

શાન્તિભાઈને ૫ સુપુત્રો અને ૪ સુપુત્રી

જન્મ નામ : રજનીકાંત, જન્મ : વિ.સં. ૨૦૨૧, પોષ વદ–૮, તા. ૨૪-૧-૧૯૬૫, રવિવાર, જન્મસ્થળ : પાલડી (જિ. બનાસકાંઠા) ઉ. ગુજરાત, માતા : મથુબહેન, પિતા : શાન્તિલાલ પોપટલાલ વોહરા, વ્યાવહારિક અભ્યાસ : ૭ ધોરણ.

દીક્ષા : સં. ૨૦૩૬ દ્વિ. જેઠ વદ–૧, તા. ૨૯-૬-૧૯૮૦, રવિવાર. દીક્ષાસ્થળ : વરલી જૈન ઉપાશ્રય–પંકજ મેન્શન, મુંબઈ. વડી દીક્ષા : સં. ૨૦૩૬, અષાઢ સુદ–૧૧, વડી દીક્ષા સ્થળ : આદીશ્વર જૈન ધર્મશાળા–પાયધુની–મુંબઈ. દીક્ષાનામ : મુનિશ્રી તરુણચન્દ્રવિજયજી મ.સા. વડી દીક્ષા નામ : મુનિ શ્રી રત્નચન્દ્રવિજયજી મ.સા. દીક્ષા/વડી દીક્ષાદાતા : પ.પૂ. પરમોપકારી ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજયરામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) ગુરુદેવ : પ.પૂ. સરળસ્વભાવી આ.ભ. શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા. વિદ્યાદાતા ગુરુદેવ : પૂ. દાદાગુરુદેવ ગચ્છાધિપતિશ્રી. ગણિ પદ : સં. ૨૦૫૨ મહા સુદ–૫ પંન્યાસ પદ : સં. ૨૦૫૪ વૈશાખ સુદ–૭ : ગણિ-પન્યાસ પદ સ્થળ : શ્રી સુરેન્દ્રગુરુવર જન્મભૂમિ કુવાળા (બનાસકાંઠા) ઉ. ગુજરાત. ઉપાધ્યાય પદ/ આચાર્ય પદ સ્થળ : ધાનેરાભુવન જૈન ધર્મશાળા પાલિતાણા.

શિષ્યો : મુનિશ્રી ઉદયરત્ન વિજયજી મ.સા., મુનિશ્રી હિતરત્નવિજયજી મ.સા., મુનિશ્રી રાજદર્શનવિજયજી મ.સા., બાલમુનિ શ્રી જિનાંગદર્શનવિજયજી મ.સા.

પ્રશિષ્યો : મુનિશ્રી રશ્મિરત્નવિજયજી મ.સા., લઘુ-બાલમુનિ શ્રી ચન્દ્રદર્શનવિજયજી મ.સા.

કુટુંબમાં દીક્ષિત : સંસારી ભાણેજ (૧) મુનિ ઉદયરત્ન વિજયજી મ. સંસારી ભત્રીજો : (૨) મુનિ રાજદર્શન વિજયજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મ.સા. સંસારી બહેનો : (૩) સાધ્વીજી શ્રી ગુણદક્ષાશ્રીજી મ. (૪) સાધ્વીજી શ્રી રાજરત્નાશ્રીજી મ. (૫) સાધ્વીજી શ્રી વિનીતરત્નાશ્રીજી મ. (૬) સાધ્વીજી શ્રી દર્શનરત્નાશ્રીજી મ. ભાણેજીઓ : (૭) સાધ્વીજી શ્રી માર્જવગુણાશ્રીજી (૮) સાધ્વીજી શ્રી પ્રમિતગુણાશ્રીજી (૯) સાધવીજી શ્રી શુદ્ધિરત્નાશ્રીજી ભત્રીજીઓ : (૧૦) સાધ્વીજી શ્રી રવિરત્નાશ્રીજી (૧૧) સાધ્વીજી શ્રી ચૈત્યરત્નાશ્રીજી.

*સૌજન્ય : શ્રી રત્નોદય ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ.*

## પ.પૂ. આ. શ્રી ગુણશીલસૂરિજી મ.સા.



મોસાળ બરગડા (કેરાલા)માં સં. ૨૦૦૧માં જન્મેલા ગુલાબકુમાર બાલ્યાવસ્થાથી જ શાંત સૌમ્ય સ્વભાવના હતા. સહુની સાથે હળીમળીને રહેતા. સં. ૨૦૦૯માં પિતાજી ધનજીભાઈ સાથે પૂજ્યપાદશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો પરિચય થતાં જ ધર્મસંસ્કારો ખીલી ઊઠ્યા. સં. ૨૦૧૧માં અગિયાર વર્ષની વયે પિતાશ્રી સાતે ઉપધાન વહન કરી સંયમજીવનની તાલીમ મેળવી. સં. ૨૦૧૪થી સં. ૨૦૧૯ સુધી, પાંચ વર્ષ, પૂજ્યપાદશ્રીજીની સાથે રહી સંયમજીવનની તાલીમ મેળવી. સં. ૨૦૧૯માં પિતાશ્રી ધનજીભાઈ સપરિવાર દીક્ષિત થઈ પૂ. મુનિરાજ શ્રી ભદ્રશીલવિજયજી બન્યા, ત્યારે ગુલાબકુમાર તેમના શિષ્ય તરીકે મુનિરાજશ્રી ગુણશીલવિજયજી નામે જાહેર થયા.

પૂ. મુનિશ્રી ગુણશીલવિજયજી દીક્ષાગ્રહણથી જ અધ્યયન, વિનય, વૈયાવચ્ચ, તપ આદિમાં લીન બન્યા. કાવ્ય-વ્યાકરણ-ન્યાય આદિનો સુંદર અભ્યાસ કરી પૂજ્યપાદશ્રીના તથા સ્વગુરુદેવના વિશેષ કૃપાપાત્ર બન્યા. સં. ૨૦૨૭થી પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં ચાતુર્માસ કરી મધુર વક્તૃત્વ, સૌમ્ય સ્વભાવ આદિ ગુણો વડે અનેકોનાં દિલ જીતી લીધાં. પ્રવચન માટે ૪-૫ માઈલ નિત્ય આવાગમન અને એક દિવસમાં ત્રણ ત્રણ પ્રવચન એ તો તેઓશ્રીના જીવનનો નિત્યક્રમ બની ગયો! સં. ૨૦૩૭માં જામનગરમાં બાળમુમુક્ષુ હિતેશકુમારે પૂજ્યશ્રી પાસે દીક્ષા ગ્રહણ કરી, પૂજ્યશ્રીનું શિષ્યત્વ સ્વીકારી મુનિરાજશ્રી હર્ષશીલવિજયજી નામ ધારણ કરી આજે સુંદર જ્ઞાન-ધ્યાન-પ્રવચનમાં આગળ વધી રહ્યા છે. સં. ૨૦૩૯માં જામનગર-ઓસવાલ કોલોનીમાં શા પેથરાજભાઈ રાયશીભાઈએ પૂજ્યશ્રીની પ્રેરણાથી અજોડ ઉપધાનતપ કરાવેલ. કલકત્તાથી પૂજ્યશ્રીની પ્રેરણા પામીને ૬૮ દિવસનો બિહારની કલ્યાણક ભૂમિઓનો ઐતિહાસિક સંઘ શ્રીમતી નીલમબહેન કાંકરિયા તથા શ્રીમતી તારાબહેન કાંકરિયા તરફથી નીકળેલ. તેમ જ ભવાનીપુરમાં ઉપધાનતપની આરાધના પણ યાદગાર થયેલ. વિ.સં. ૨૦૪૬ની સાલમાં ઘાટકોપર શ્રી સંઘમાં ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રી પ્રતિદિન ૬૦ ફૂટ-શંખેશ્વર પાર્શ્વનાથ આરાધના ભુવનમાં પ્રેરણાત્મક પ્રવચનો દ્વારા સુંદર ધર્મજાગૃતિ લાવેલ, જેના પરિણામે ચાતુર્માસમાં અનેક શાસનપ્રભાવક કાર્યો થવા પામેલ. સૌમ્ય સ્વભાવ, પરોપકારવૃત્તિ, પ્રવચનપટુતા-આ સર્વ ગુણોની સુવાસથી મઘમઘતા પૂજ્યશ્રીને ગચ્છાધિપતિ પરમ ગુરુદેવે એમના ગુરુદેવની સાથે ગણિ પદથી વિભૂષિત કર્યા હતા અને સં. ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ સુદ ૧૩ના દિવસે મુંબઈ-ઘાટકોપરના આંગણે પૂજ્યશ્રીને પંન્યાસ પદે આરૂઢ કરવામાં આવ્યા. વિ.સં. ૨૦૪૮ની સાલમાં અમદાવાદ-દશા પોરવાડ ચાતુર્માસ દરમ્યાન પણ પ્રતિદિન-રંગસાગર શ્રી સંઘમાં પૂજ્યશ્રીનાં પ્રભાવક પ્રવચનો યોજાતાં બંને સ્થાનોમાં સુંદર આરાધનાઓ સંપન્ન થવા પામી.

પૂજ્યશ્રીના ગુરુદેવશ્રીના કાળધર્મ બાદ વિ.સં. ૨૦૪૯- માં જામનગર-શાંતિભુવન ચાતુર્માસ. અનેકવિધ શાસનપ્રભાવક મહોત્સવો ઊજવાયા. ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૫૦માં સંઘવી શ્રી દિલીપભાઈ ભાઈચંદભાઈ મેઘજી મારૂ પરિવાર તરફથી જામનગર-પાલિતાણાનો ૨૪ દિવસીય ભવ્ય છ'રીપાલક સંઘ નીકળેલ. અનેકવિધ ગુણોથી શોભતા પૂજ્યશ્રીજીને તપસ્વીસમ્રાટ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા તથા સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાએ સ્વહસ્તે ભોરોલ તીર્થમાં વિ.સં. ૨૦૫૨ વૈ.સુ. ૭- ના પુણ્યદિને આચાર્ય પદે અભિષિક્ત કર્યા. પૂજ્યશ્રીએ આચાર્ય પદપ્રદાન બાદ સૂરિમંત્રનાં પાંચે પ્રસ્થાનોની આરાધના અપ્રમત્તપણે કરી. અનેકવિધ શાસનપ્રભાવક કાર્યો પૂજ્યશ્રીની નિશ્રામાં ઊજવાતાં જ રહે છે. વિ.સં. ૨૦૫૩માં અમદાવાદ શાહીબાગમાં, વિ.સં. ૨૦૫૬માં બોરસદમાં, વિ.સં. ૨૦૫૭માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાંકાનેરમાં, વિ.સં. ૨૦૫૯માં મહેસાણામાં. ભવ્ય ઉપધાન તપ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયેલ. વિ.સં. ૨૦૫૫માં બોરસદ નગરમાં ઊજવાયેલ ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા-મહોત્સવમાં શ્રી સંઘને પૂજ્યશ્રીનું પ્રબળ માર્ગદર્શન મળેલ. વિ.સં. ૨૦૫૭માં બોરસદથી માતરતીર્થનો અને વિ.સં. ૧૦૬૦માં બોરસદથી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો ભવ્ય છ'રીપાલક સંઘ સંઘવી ભરતભાઈ કેશવલાલ વાસણવાળા પરિવાર તરફથી ખૂબ જ ઉલ્લાસપૂર્વક નીકળેલ.

પૂજ્યશ્રીના લઘુગુરુબંધુ પૂ. મુનિપ્રવર શ્રી કુલશીલ વિ.મ. અને પૂજ્યશ્રીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી હર્ષશીલવિ. મ., દ્વારા સંપાદિત.—લેખિત–'એક મજેની વાર્તા', 'એક સરસ વાર્તા', 'શ્રમણ ભગવાન મહાવીર', 'ચોવીસ તીર્થંકરચરિત્ર' આદિ અનેક સચિત્ર પુસ્તકો જૈનસમાજમાં ખૂબ જ લોકપ્રિય બન્યાં છે.

વિ.સં. ૨૦૬૦માં રંગઆગર ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ સૂરિમંત્રની પંચપ્રસ્થાનની ૮૪ દિવસની અખંડ આરાધના મૌનપૂર્વક કરીને આરાધના-સાધનાનો અનેરો આદર્શ ઊભો કરેલ. પૂજ્યશ્રીની સૂરિમંત્રની આરાધના નિમિત્તે રંગસાગર સંઘમાં ભવ્યાતિભવ્ય દશાહ્નિક જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ. વિ.સં. ૨૯૬૯માં શાંતિવન પાલડી ખાતે પૂજ્યશ્રીના સદુપદેશથી નિર્મિત થયેલ વિજય રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન ખાતે શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામી જિનાલયનો ભવ્યાતભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયેલ તે જ સાલમાં ખંભાતમાં આ. શ્રી કૈવલ્યરત્નાશ્રીજીની વર્ધમાનતપની ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિનો મહોત્સવ વિ.સં. ૨૦૬૨માં બોરસદની કલિકુંડ તીર્થનો છ'રીપાલક સંઘ, નરોડાતીર્થમાં પોષ દશમીના–શાસન પ્રભાવક અઠ્ઠમ તપની આરાધના, ડીસા નગરમાં મુમુક્ષુઋષિક્ષ કુમારીનો ભવ્ય દીક્ષા મહોત્સવ અને એ જ વર્ષમાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં સાબરમતી યાત્રિક ભુવનમાં થયેલ યાદગાર ભવ્ય ચાતુર્માસ. પૂજ્યશ્રીની નિશ્રામાં અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો સંપન્ન થતા રહે છે.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયગુણશીલસૂરીશ્વરજી મહારાજ પ્રખર પ્રભાવી વ્યક્તિમત્તા દ્વારા અનેક શાસનપ્રભાવક કાર્યોમાં જયવંતા વર્તો એ જ મંગળકામના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં ભાવભીની વંદના......

*સૌજન્ય : પૂ. મુનિશ્રી હર્ષશીલવિજયજી મ.સા.ની પ્રેરણાથી સં. ૨૦૬૨*
*શ્રી તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિ, પાલિતાણા.*

*દક્ષિણબૃહત તીર્થસ્થાપક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના પ્રભાવક શિષ્યરત્ન શિલ્પકલામનીષી મહાન શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ*

## શ્રીમદ્ વિજય ચંદ્રયશસૂરીશ્વરજી મ.સા.

ઈડર નગરનો ધન્ય અવતાર, પિતા છોટાલાલ, માતા કાંતાબહેનના પ્યારા–દુલારાનો જન્મ ઈ.સ. ૧૯૬૬, ચૈત્ર સુદ-૧ના પાવન દિવસે થયો. ઈડર ગામમાં શ્રી લબ્ધિસમુદાયના અને પ્રશાંતમૂર્તિ પૂજ્ય પંન્યાસ શ્રી પદ્મવિજયજી મ.સા.ના ધર્મસંસ્કાર અને માતાપિતાના સુસંસ્કારોથી બચપણથી જ સુનીલકુમારનું જીવન નિર્દોષ, સહજ અને ધર્મમય હતું. ૧૦ વર્ષની બાળવયમાં અક્ષયનિધિ તપારાધના કરતાં કંઠની મધુરતા, બુદ્ધિ-ચાતુર્યના વાણીમાં નિખાલસતા, પઠનપાઠનમાં ગહનતા જોઈને મહાન શાસનપ્રભાવક શ્રી લબ્ધિ વિક્રમપટ્ટાલંકાર પ.પૂ.આ. દેવશ્રી વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ની પાસે ૩ વર્ષની સંયમજીવનની તાલીમ લઈને દર્શનજ્ઞાનચારિત્ર્યનો સમર્પણભાવ લાવી ૧૪ વર્ષની બાળવયમાં વિ.સં. ૨૦૩૮, ફાગણ સુદ ત્રીજના દિવસે ઈડરનગરમાં હર્ષોલ્લાસપૂર્વક સંયમજીવનનો સ્વીકાર કર્યો. સંયમજીવન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સાંનિધ્ય અને કૃપાબળથી વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોશ, તર્કશાસ્ત્ર, શિલ્પવાસ્તુ અને આધ્યાત્મિક ગ્રંથોના શાસ્ત્ર ગ્રંથોના અધ્યયન સાથે ગુરુસમર્પણ દ્વારા બાળવયમાં તેજસ્વી પ્રભાવક બન્યા.

દક્ષિણકેશરી પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્યપ્રભાવથી પૂજ્ય મુનિરાજશ્રીએ અનેક તીર્થો, જિનમંદિરો, ધર્મસંસ્કાર સ્થળોનું માર્ગદર્શન કરીને શિલ્પવાસ્તુકલા, જૈન સંસ્કૃતિકલા, ધર્મકલા દ્વારા એકવીસમી સદીનાં મહાન તીર્થો શ્રી નાકોડા અવંતિ ૧૦૮ પાર્શ્વનાથ જૈન તીર્થધામ, શ્રી પાર્શ્વલબ્ધિધામ ભેટ શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્ર ધામ, ચન્દ્રપ્રભ લબ્ધિધામ, ૮૪ જિનાલય જેવો મહાન તીર્થોની ગુરુકૃપાથી પૂજ્યશ્રીનો પ્રભાવક કાર્યશક્તિ તથા ગુણરસિક તીર્થોના શાસનને ભેટ મળી.

જિનભક્તિમાં તન્મયતા, તીર્થનિર્માણ–કાર્યોના સંકલ્પ સાથે નિર્માણ કરાવવાની શક્તિ, શાસનભક્તિમાં મગ્નતા જેવા અનેક ગુણો દ્વારા જીવનને શાસનપ્રભાવક, મહાન બનાવ્યું છે.

શ્રી નાકોડા અવંતિ ૧૦૮ પાર્શ્વનાથ જૈન તીર્થધામ વિક્રમ સ્થૂલભદ્ર–વિહારની ઐતિહાસિક પ્રતિષ્ઠાવેળા વાસ્તુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિલ્પકલામનિષી અને શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્ર ૫૨ જિનાલયની પ્રતિષ્ઠા વખતે દક્ષિણ ભારતના જૈનસંઘોની ઉપસ્થિતિમાં તથા શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના અધ્યક્ષશ્રી શ્રેણિકભાઈ દ્વારા ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં પૂજ્ય મુનિરાજશ્રીને 'દક્ષિણ ભારત ધર્મપ્રભાવક' પદવીથી ઉદ્‌ઘોષિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના પુણ્યપ્રભાવ અને શિષ્યમાં ગુરુશક્તિ દ્વારા ભારતવર્ષનાં અજોડ, અદ્વિતીય, શિલ્પસ્થાપત્યના બેનમૂન દેવનહલ્લી ૧૦૮ પાર્શ્વતીર્થમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૫૧ દિવસીય સૂરિમંત્રની સાધનાથી અને પૂજ્ય મુનિરાજશ્રીને શ્રી વીરમાણિ-ભદ્રની દિવ્ય છાયા, દિવ્ય સંકેતનાં દર્શનથી પહાડ પર દક્ષિણ ભારતના બેનમૂન શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામમાં મુખ્યમંદિર, બાવન જિનાલય, ઘેટીપાગ મંદિર, વર્ષીતપ મંદિર, લબ્ધિ દાદાવાડીનું નિર્માણ પૂજ્યશ્રીની અખંડ સાધનાનું પરિણામ છે. ચિકપેટ (બેંગલોર) શ્રી આદિનાથ પ્રભુના મંદિરજીના જીર્ણોદ્ધારનો પ્રારંભ પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રેરણાથી જ થયો. નવનિર્મિત જિનાલયમાં ૨૧મી સદીની ઐતિહાસિક શિલ્પકલા પૂજ્ય મુનિરાજશ્રીના માર્ગદર્શનનું સુફળ છે. દક્ષિણ ભારતની દેવનગરી (દેવનહલ્લી)માં ગુરુશિષ્યની સાધનાનું અપૂર્વ યોગદાન રહ્યું છે. ગુરુહૃદયમાં એમણે પોતાનું એક અપૂર્વ સ્થાન બનાવ્યું છે. ગુરુકૃપાએ અનેક શાસનસેવા–શક્તિઓનો પ્રાદુર્ભાવ થયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક પ્રવચનોના પ્રભાવે, ગુરુ પ્રેરણાના બળે તેઓ પણ પ્રવચન–પ્રભાવક બન્યા છે. ગુરુદેવશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શ્રી ચંદ્રપ્રભ લબ્ધિધામ (અમદાવાદ), શ્રી શત્રુંજય તીર્થ (પોરુર–ચેન્નઈ) સહ ઈડર પોશીના તીર્થોના તીર્થોદ્ધારમાં એમનું અપૂર્વ યોગદાન છે. દક્ષિણ ભારતમાં એમને બધાં 'કમ્પ્યૂટર માઈન્ડ' તરીકે જ ઓળખે છે. ચારિત્રમાં ઉચ્ચતા, કાર્યમાં કુશળતા, જિનશાસનનાં શાસનપ્રભાવક કાર્યોમાં તેમની રાતદિવસની સાધના સુવર્ણાક્ષરે અંકિત થઈ શકે એવી મહાન છે. સંઘર્ષો વચ્ચે સમન્વયતા અને શાસન પ્રતિ આયહડ શ્રદ્ધાથી મૈત્રીપૂર્ણ પણ શાસનનો જયજયકાર કરાવી શાસનનાં કાર્યો પ્રભાવક રીતે આયોજિત કરે છે. એમની અવિહડ સાધનાના પ્રતાપે દક્ષિણ ભારતના ઘર–ઘરમાં 'જૈનમ્ જયતિ શાસનમ્' નો દિવ્યનાદ ગુંજતો થયો છે. પ્રભુકૃપા અને ગુરુકૃપાથી એમને વિ.સં. ૨૦૫૯, જેઠ સુદ એકમ, તા. ૦૧-૦૬-૨૦૦૩ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીએ 'આચાર્ય પદ'થી અલંકૃત કર્યા છે. લબ્ધિ સમુદાયની મહાશક્તિ, ગુરુ સ્થૂલભદ્રની કૃપાશક્તિ એટલે શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રી ચંદ્રયશસૂરીશ્વરજી મ.સા.

સમસ્ત દક્ષિણ ભારતના જૈન સંઘો અને દશહજાર ઉપરાંત શ્રાવક-શ્રાવિકા જનસમૂહ વિ. ઐતિહાસિક પદવી સમારોહ આયોજિત કરી પોતાના શાસન પ્રભાવક, કાર્યશક્તિ વિષયાસક્તતા, દીર્ઘદૃષ્ટિ જેવા ગુણોથી પ્રભાવિત પૂજ્યશ્રી સ્થૂલભદ્રસૂરીજી મ.સા. પૂજ્યશ્રીને પંન્યાસ પદની અનુજ્ઞા અર્પણ કરી વિક્રમ સં. .......

દક્ષિણ ભારતમાં ગુરુદેવની ચિરવિદાય પછી ગુરુકૃપાથી શાસનનો, સમુદાયનો, મોટો કાર્યબાર ૩૯ વર્ષની ઉંમરે ગંભીરતા સાથે સંભાળી બે વર્ષમાં જ પંદર જિનાલયોની પ્રતિષ્ઠા એટલું જ નહીં ગુજરાત રાજ્યમાં ૨૦૬૨માં પાલિતાણા પધારી ઘણા તીર્થમાં ચોરાશી જિનાલયની વૈશાખ વદી ૧૧ના ૨૦૬૨ની ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો જેમાં દેશભરમાં એક લાખ વ્યક્તિઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. અમદાવાદમાં એક સામૂહિક ચારસો જિનાલયમાં અભિષેકનું અનુષ્ઠાન પણ એક પ્રભાવ અને રાજનગરના ઈતિહાસમાં ઈતિહાસ સર્જક મહાભિષેકનું આરાધન થતાં સમસ્ત પાટનગરના સંઘોમાં પૂજ્યશ્રીનો અપૂર્વ પ્રભાવ પડ્યો. સાબરકાંઠા, મહેસાણા ઐતિહાસિક અભિષેક ઉત્સવ ઉજવીને ગુજરાત રાજ્યમાં એક અપૂર્વ પરમાત્મા ભક્તિનો મોટો મહેરામણ ઊભો કર્યો. જે વરસોડાના ઈતિહાસમાં ન થઈ શકે તે પૂજ્યશ્રીએ ૧૨ માસમાં શાસન પ્રભાવક કાર્યની શૃંખલા સર્જાવી. ઈડર નગરમાં આચાર્યપદવી મળી. પૂજ્યશ્રીનું પોતાના ગામમાં પ્રવેશ થતાં એક ઐતિહાસિક નગરપ્રવેશ અને ૨૭ દિવસનો દીક્ષામય મહોત્સવ ઉજવી માનવસેવા અનુકંપાના પ્રભાવક કાર્ય કરેલ છે.

૧. શ્રી પાર્શ્વનાથ જૈનમંદિર ટ્રસ્ટ, ગાંધીનગર, પૂ. ચંદ્રયશસૂરિજી મ.સા. ૨. શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ ટ્રસ્ટ, દેવનહલી, બેંગલોર, સ્થૂલભદ્રસૂરિજી મ.સા. ૩. શ્રી અરિહંત લબ્ધિ શાસન ચેરી. ટ્રસ્ટ, ધણપ ચદ્રપ્રભ લબ્ધિધામ. એમ. પી. મેહતા. ૪. ચંદ્રપ્રભ સ્થૂલભદ્રસૂરિ પુણ્યપ્રભાવક ટ્રસ્ટ ઓકલીપુરમ્ વિક્રમસૂરિજી મ.સા. ૫. શ્રી સ્થૂલભદ્રકૃપા ઓમ ચંદ્રલબ્ધિ મહાસંઘ ગુજરાત, લબ્ધિસૂરિજી

*સૌજન્ય : સિદ્ધાચલ સ્થુલભદ્રધામ, શાસનપ્રભાવક ટ્રસ્ટ, પારીવાલગુડા દેવનહલ્લી*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*મરૂધરની મહિમાવંતી ભોમકા માલવાડા નગરનાં કોહિનૂર*

## આચાર્યદેવ શ્રી રત્નાકરસૂરિજી મ.સા.

લેખક : મુનિરત્નજ્યોતવિજયજી મ.સા.

જન્મ બધાને મળે છે, પણ એની ચમક અને ચમત્કાર જીવન દ્વારા પ્રાપ્ત થાય છે.



જબ હમ આયે જગ મેં,
જગ હસે તુમ રોય,
કરણી ઐસી કર ચલો,
તુમ હસો જગ રોય. ૧.

આવું જ કાંઈ પૂજ્યશ્રીનાં જીવનમાં બન્યું. વિ.સં. ૨૦૧૫માં માલવાડા ગામમાં શ્રાવણ સુદ પૂર્ણિમા (રક્ષાબંધન)નાં દિવસે થતા ગજાણી પરિવારમાં આનંદની ઉર્મિઓ ઉછળી. પિતા ઉત્તમચંદ, માતા રંગુદેવીના લાડીલા ખુશાલચંદ આગળ વધવા લાગ્યા. મેટ્રીકની પરીક્ષા આપી ફરવાની ઇચ્છાથી માઉન્ટ આબુ ગયા. ત્યાં આગળ આચાર્યશ્રી ગુણરત્નસૂરિજીની નિશ્રામાં શિબિર ચાલતી હતી. તેમાં બંને મિત્રોએ પ્રવેશ કર્યો. પ્રથમ શિબીરમાં વૈરાગ્યમયવાણી સાંભળી ત્રણ વર્ષમાં દીક્ષા ન લઉં ત્યાં સુધી મિઠાઈ અને ઘીનો ત્યાગ કર્યો. જો અભિગ્રહ અટલ હોય તો સફળતા નિશ્ચિત પ્રાપ્ત થાય. માતાની છત્રછાયા ખોયા પછી પરિવારજને મહારાષ્ટ્રમાં ઘડતર માટે આ. રત્નશેખરસૂરીશ્વરજી પાસે મોકલ્યા. આચાર્ય ભગવંતની તબીયત નાતંદુરસ્ત હોવા છતાં કાકાશ્રી રાજમલજીનાં આગ્રહ કારણે માલવાડા દીક્ષા આપવા પધાર્યા. સુંદર રીતે દીક્ષા મહોત્સવ ઉજવાયો. ગુરુદેવની ઇચ્છા હતી કે કોહિનૂર રત્નનું નામ નવું જ આપવું એમ વિચારી મુનિ રત્નેન્દુવિજય નામ રાખ્યું. ગુરુદેવ સાથે રહી રાધનપુરમાં પંડિત બાંધી અભ્યાસ કરાવ્યો. પરંતુ ધાર્યું કાંઈ થતું નથી. માત્ર પાંચ વર્ષના સંયમ પર્યાયમાં ગુરુદેવની છત્રછાયા ખોઈ નાંખી. પુણ્ય સંયોગે કલિકુંડ તીર્થોદ્ધારક આ. રાજેન્દ્રસૂરિજીનું મિલન થયું.એમને સાથે રાખી જ્ઞાનાભ્યાસ આદિમાં આગળ વધારી યોગ્યતા જામી કલિકુંડ તીર્થમાં વિ.સં. ૨૦૪૯માં ફા.સુ. ૫નાં દિવસે પંન્યાસપદવી અને વિ.સં. ૨૦૫૨માં મહાસુદ ૧૩નાં દિવસે આચાર્યપદવી અર્પણ કરી. આચાર્ય શ્રી રત્નાકરસૂરિ નામથી અલંકૃત કરયા. પૂજ્યશ્રીની જીભમાં એવી મીઠાશ છે કે આવનાર અરિ પણ નરમ થઈ જાય. અનેક સંઘોમાં વર્ષો સુધી કલહનાં કારમે ખોરવાયેલા કાર્યોનો આરંભ કરાવવા રાત દિવસ તનની અપેક્ષા રાખ્યા વિના મહેનત કરેલ. લગભગ દરેક ઠેકાણે સફળતા પ્રાપ્ત કરેલ.

સત્યપુર તીર્થ (સાંચોર)માં જે મહાવીર સ્વામીનું જિનાલય છે. જેના નામે આ નગર તીર્થની ઉપમા પામેલ છે. "જયઉવીર સચ્ચઉરિ મંડણ" એવા તેનાં જીર્ણોદ્ધાર માટે ૧૭-૧૭ વર્ષથી પડેલો ઝઘડો અનેક આચાર્યો આવવા છતા સફળતા મેળવી ન શક્યા. પણ પૂજ્યશ્રીએ દરેક વ્યક્તિ ઉપર સમભાવ રાખી દરેકની વાત સાંભળી દરેક વ્યક્તિને સાથે લઈ જીર્ણોદ્ધારનો નિર્ણય કર્યો ત્યારકે સમસ્ત સાંચોર સંઘ હર્ષોલ્લાસનાં વાતવારણથી ગુંજી ઉઠ્યો.

બીજુ મુખ્ય કામ અતિ પ્રાચીન જીરાવલા તીર્થનાં જીર્ણોદ્ધાર માટે કોઈ આચાર્ય આગળ ન વધતાં પૂજ્યશ્રીએ સાહસિકતાપૂર્વક પ્રાચીન મૂલનાયકને ઉત્થાપન કરાવ્યાં. તે જોઈ કે. પી. સંઘવી, તારાચંદભાઈ વિ. પણ આશ્ચર્યમાં ગરકાવ કરી ગયા.

આવી અનેક દુર્લભ ઘટનાઓ પૂજ્યશ્રીનાં જીવનમાં આવતી રહે છે. પ્રબલ પુણ્યોદયથી શાસનની પ્રભાવનામાં નિમિત્ત બને છે.

શાસનદેવોથી એક જ પ્રાર્થના આવાં શાસનપ્રભાવક વિભૂતિને શતાયું અર્પે અને શાસન કાર્યમાં સહાયક બને એ જ અભ્યર્થના.

*સૌજન્ય : પૂ. મુનિશ્રી રત્નજ્યોતિવિજયજી મ.સા.ની પ્રેરણાથી શા કાલૂચંદજી ચેલાજી સંઘવી પરિવાર - સાંચોર (સત્યપુર તીર્થ)*

*મહિમાવંતી તીર્થોથી મંડિત મરૂધરભૂમિમાં સંયમની ખાણ સમાન માલવાડા નગરને જન્મથી પાવન કરનારા સુણતર સમાજનાં પ્રથમ આચાર્ય ભગવંત*

## શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



લેખક : મુનિશ્રી રત્નજ્યોતવિજય જી મ.સા.

જ્યારે પુણ્યનો ઉદય જાગે ત્યારે જ નાની ઉંમરમાં દિલ વૈરાગ્યવાસિત બને. શાશ્વત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરિરાજની યાત્રા માટે પાલિતાણા આવેક એક સુશ્રાવકની સલાહમાત્રથી માત્ર ધાર્મિક અભ્યાસનો લક્ષ્ય બનાવી આજ થી ૭૦ વર્ષ પહેલાં મહેસાણા સંસ્કૃત પાઠશાળામાં ૧૯ વર્ષની ઉંમરે રતનચંદભાઈએ પ્રવેશ કર્યો. ભાવીમાં શુભ ઉદય થવાનો હોય ત્યારે જ શુભ સ્થળે જવાનું મન થાય. ધાર્મિક અભ્યાસ કરતાં-કરતાં પોતાનું દિલ વૈરાગ્યવાસિત બન્યું. બલજબરીથી ઘેર લાવવા છતાં પોતાનો સમય ધાર્મિક અભ્યાસ કરાવવામાં પસાર કરવા લાગ્યા. માત્ર એક જ વખત ભોજન કરીને સંતોષ માનીને મૌન રાખતા. આવી શુદ્ધ અને કઠોર સાધ°આ દેખી પરિવારજનોને ઝૂકવું પડ્યું. પરંતુ મોહનાં કારણે રજા નહિ આપી. ત્યારે પોતાનાં મામા (આ. રત્નાકરસૂરિનાં દાદા) પાસે ભાડુ લઈ મહેસાણા પહોંચ્યા. ભાવના સારી હોય તો સદ્‌ગુરુનો સંયોગ મળી જાય. મુનિતિલકવિજયજી (ભાભરસમુદાયનાં)નો સંયોગ મળ્યો. એમની પાસે સંયમ સ્વીકાર્યો. ત્યાગી ગુરુને પ્રાપ્ત કરી મન મોરલો નાચી ઉઠ્યો. પરંતુ કુદરતને આ મંજૂર ન હતું. માત્ર પાંચ વર્ષના પર્યાયમાં ગુરુનું છત્ર ખોવું પડ્યું. ત્રણ રત્નની ત્રણ કરણ વડે સાધના કરતા સંયમ જીવનમાં ઓતપ્રોત બન્યાં. ગચ્છનાયક આ. શાંતિચંદ્રસૂરિજીનાં હસ્તે વિ.સં. ૨૦૧૫માં ભાભરનગરમાં પંન્યાસપદથી વિભૂષિત બન્યા અને નવાક્ષેત્રમાં શાસન પ્રભાવનાનાં કારણે ગુજરાત છોડી મહારાષ્ટ્રમાં અનેકવિધ કષ્ટો સહન કરી શાસનનાં કાર્યો કરાવ્યા. વિશિષ્ટ યોગ્યતા મળી સામેથી આજ્ઞા આપી વિ.સં. ૨૦૨૯માં સાંગલી મુકામે આચાર્ય પદવીથી અલંકૃત કરાવ્યા. વ્યક્તિનો ચારે બાજુથી શુભોદય જાગે ત્યારે ક્યાંકથી અશુભોદય જાગે. (કર્નાટક) બીજાપુરમાં ચાતુર્માસ મધ્યે મ.સા.ની બિમારી થતાં ડોક્ટરોને બતાવતા કેંસરની બિમારી નીકળી. ડોક્ટરોએ કહ્યું કે તાત્કાલિક મુંબઈ લઈ જવા પડશે અને ઓપરેશન કરાવવું પડશે. આવી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં જીવનાં ચારિત્રાચારને ભાર આપી શ્રાવકગણની આજીજીને નકારી કાઢી. કોઈપણ પ્રકારના યંત્રનો ઉપયોગ કર્યા વિના વડીલોની આજ્ઞા મંગાવી ડોળીનો ઉપયોગ કરી મીરજ મુકામે ગયા. ડોક્ટરોએ પમ ઓપરેશન કરી સફળતા મેળવી. ચાતુર્માસ પૂર્ણ કરી મુંબઈ આવ્યા ત્યારે હાર્ટનો હુમલો થયો. વારંવાર વ્યાધિ આવવા છતાં સમતા રાખી સંયમ જીવનમાં અડગ રહેતા હતાં. હાર્ટના હુમલા વખતે ભક્તવર્ગ એમ્બુલન્સ લાવી ખડેપગે હાજર હોવા છતાં હાથના ઈશારાથી ના પાડી દીધી. ઉપાશ્રયમાં જ બધી વ્યવસ્થા કરાવી ચારિત્રાચારનાં ભાવથી જીવલેણ બિમારીથી ઉગરી ગયા. વ્યાધિની સામે વૈરાગ્યનાં શસ્ત્રથી ઝઝુમી આખરે જીત મેળવી.

"જ્ઞાનાભ્યાસ એ સાધુનો પ્રાણ છે" એ વાક્ય એમના મનમાં એવું ઘર કરી ગયું કે છેલ્લી ઉંમર સુધી અવનવા ચૈત્યવંદન - સ્તુતિ આદિ કંઠસ્થ કરતાં ગયાં. ડોળીમાં બેઠા બેઠા પણ અરિહંતપદનો જાપ કરતા. વાપતા પૂર્વે અરિહંતપદનો જાપ કરી પછી જ વાપરતા. કલ્પસૂત્ર ઉપર સં. લઘુટીકા, આવશ્યક નિર્યુક્તિ દીવિકા ભાષાંતર, શ્રાદ્ધવિધિનું ભાષાંતર, પ્રબંધ પંચશતી આદિ ગ્રંથોનું કાર્ય કરેલ.

શત શત વંદન હો આવા મહાપુરુષ....

મને એક વાત યાદ આવે છે કે જ્યારે ગૃહસ્થપણામાં હું એમની પાસે પાઠ કરવા જતો ત્યારે મારા કરતા પહેલાં આસન પાથરી બેસી જતાં.પોતાના જીવનના છેલ્લા દિવસ સુધી જ્ઞાનાભ્યાસ કરાવ્યો અને બીજા દિવસે સવારે ચંડીસર-પાલનપુર વચ્ચે અકસ્માતથી ડોળી ફેંકાઈ ગઈ. ડોળવાળા પડી ગયા. અંતે પાલનપુર હોસ્પિટલમાં સ્વર્ગવાસી બન્યા.

આવા અરિહંતનાં અણગાર...જિનશાસનનાં છે શણગાર....કોટિ કોટિ વંદના...

*સૌજન્ય : પૂ. મુનિ શ્રી રત્નજ્યોતિવિજયજી મ.સા.ની પ્રેરણાથી*
*શા કાન્તિલાલ દેવાજી - કીરાણી પરિવાર માલવાડા*

*શાંતિદૂત જૈનાચાર્ય*

## પ.પૂ.શ્રીમદ્ વિજય નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા.



વિશ્વમાં સર્વત્ર શાંતિ, સદ્‌ભાવ, સહયોગ, સૌહાર્દના સમર્થક, રાષ્ટ્રીય વિચારધારાઓમાં આધ્યાત્મિક અભિવ્યક્તિના પ્રખર પ્રવક્તા, આત્મ વલ્લભ દર્શનને આચરણ દ્વારા ચરિતાર્થ કરી ભૌતિકવાદના ત્રાસમાં સર્વત્ર સર્વધર્મ સદ્‌ભાવ રાખી સર્વજન કલ્યાણ માટે ચેતના અને વિકાસનો શંખનાદ કરનારા, જિનશાસનમાં અગણિત કાર્યો શાંતિ અને સરળતાથી પૂર્ણ કરનારા આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મ.સા.ના અસાધારણ વ્યક્તિત્વથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે.

ભારતની રાજધાની દિલ્હીમાં શ્રી ચીમનલાલજી જૈનનાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મપરાયણા પત્ની શ્રીમતી રાજરાનીની કુક્ષિએ તેઓશ્રીનો જન્મ થયો. અનિલ, સુનીલ તથા પ્રવીણ ત્રણેય પુત્રોથી પોતાનો ભાગ્યભંડાર ભરેલો જોઈ માતાપિતા અપાર ખુશ થતાં. મહાતીર્થ હસ્તિનાપુરીજીમાં માતાનાં હાલરડાંની સાથે સત્‌સંસ્કારોનું પણ સંવર્ધન થવા લાગ્યું. પિતાના પ્રેમસભર અનુશાસનમાં જીવનઘડતરનો આરંભ થયો. તીવ્ર બુદ્ધિ, મધુર વાણી સાથે વડીલો પ્રત્યે વિનમ્રતાના ગુણના કારણે તેઓ સૌના પ્રિય પાત્ર બન્યા. પિતાજીનું હૃદય દૃઢ રાષ્ટ્રભક્તિથી સભર હતું તો સાથે સાથે સંસાર પ્રતિ વિરક્તિનો ભાવ એમને સંન્યસ્ત-જીવન જીવવા માટે આકર્ષી રહ્યો હતો.

માતા-પિતાના ધર્મસંસ્કારોનું અમૃત પીનાર ત્રણેય બાળકોને સંસારની વિલાસિતાની ચમકદમક પ્રભાવિત ન કરી શકી. પરિવારમાં દીક્ષાની વાત નીકળતાં બંને મોટાભાઈઓની વાતને સમર્થન આપતાં એમણે કહ્યું : "અમે નાના હોવા છતાં સંયમ પાલનમાં શૂરવીર સાબિત થશું." પુત્રોની પ્રબળ ભાવના સમજી સં. ૨૦૨૪ના માગશર સુદી દશમને દિવસે માત્ર નવ વર્ષની ઉંમરે ઉત્તર પ્રદેશના બડૌત શહેરમાં જિનશાસનરત્ન, શાંત તપોમૂર્તિ, રાષ્ટ્રસંત આ.ભ. શ્રીમદ્ વિજય સમુદ્ર સૂરીશ્વરજી મ.સા.નાં કર-કમળોએ માતાપિતા, ત્રણે ભાઈઓ અને બાબાજી—કુલ છ સભ્યોએ એક સાથે ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સ્વ-પર-કલ્યાણાર્થ જીવન સમર્પિત કર્યું. ગુરુ સમુદ્રએ મુનિશ્રી નિત્યાનંદવિજય નામ આપી સંસારી પિતા મુનિ શ્રી અનેકાંત વિજયજી મ.સા.ના શિષ્ય ઘોષિત કર્યા.

ગુરુ સમુદ્રની છત્રછાયામાં બાલ મુનિઓનો સર્વાંગી વિકાસનો આરંભ થયો. એમણે સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય સહિત જૈનાગમોનુ તલસ્પર્શી અધ્યયન કર્યું. બાળવયમાં જ પ્રવચન-પ્રવિણતા પ્રાપ્ત કરી તેઓએ ગુરુ સમુદ્રના પત્ર વ્યવહારનો સંપૂર્ણ ભાર ઉપાડી લીધો અને તેર વર્ષની ઉંમરથી જ ગુર્વાજ્ઞાથી વિવિધ વિવાદોના નિર્ણય આપવા લાગ્યા. દસ વર્ષ સુધી તેમણે આ જવાબદારી નિભાવી. મુનિ શ્રી અનેકાંત વિજયજી તો મૌનપૂર્વક લાંબી લાંબી તપસ્યામાં લીન થઈ ગયા અને માત્ર ત્રણ વર્ષના સંયમ પર્યાયમાં કાળધર્મ પામ્યા. ગુરુ સમુદ્ર અસ્વસ્થ થતાં બાલમુનિઓની સંભાળની જવાબદારી એમણે પૂ. ગણિવર્ય શ્રી જનક વિજય મ.સા.ને સોંપી. એમની અસીમ કૃપા અને પ્રશિક્ષણથી તેમનું વ્યક્તિત્વ વધુ ને વધુ વિકસતું રહ્યું.

ગુરુવર્ય ઇન્દ્રના અંગત સચિવ મુખ્ય સલાહકાર તરીકે વર્ષો સુધી કામ કરી અનેક સમુદાય-વિકાસનાં કાર્યો કર્યા. એમની નિર્ણયશક્તિ, વિનયવિવેક, શાસનસેવાની ઉત્કંઠાથી પ્રભાવિત થઈ પરમાર ક્ષત્રિયોદ્ધારક ચારિત્ર ચૂડામણિ આ.ભ. શ્રીમદ્ વિજય ઇન્દ્રદિન્ન સૂરીશ્વરજી મ.સા.એ એમને વિ.સં. ૨૦૪૪માં કાશ્મમાં ગણિ પદવી, વિ.સં. ૨૦૪૭માં વિજય વલ્લભ સ્મારક, દિલ્હીમાં પંન્યાસ પદવી થા વિ.સં. ૨૦૫૦માં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયતીર્થ-પાલિતાણામાં આચાર્ય પદવીથી વિભૂષિત કરતાં ઉત્તર ભારતીય ક્ષેત્રોની દેખરેખની જવાબદારી સોંપી.

જાલના (મહારાષ્ટ્ર)ના બે ફિરકાઓનો વિવાદ એમણે માર્મિક પ્રવચનો દ્વારા ઉકેલ્યો અને દ્વેષના દાવાનળને પ્રેમ-ગંગાથી બુઝાવી નાખ્યો. પરિણામે સકળ સંઘે તેમને 'શાંતિદૂત' પદથી અલંકૃત કર્યા. ગંગાનગરમાં આત્મવલ્લભ કન્યા મહાવિદ્યાલયની સ્થાપનાની પ્રેરણા આપી નારી-ઉત્કર્ષનું કામ કર્યું. તેથી સકળ સંઘે 'શિક્ષા-સંત' પદથી વિભૂષિત કર્યા. પીલીબંગા, હનુમાનગઢ, સૂરતગઢ, નોહર ભાદરા વગેરે ક્ષેત્રોમાં મંદિરોના જીર્ણોદ્ધારનાં કરેલાં અગણિત કાર્યોના કારણે 'જીર્ણોદ્ધારપ્રેરક' પદથી તેમને અલંકૃત કરાવ્યા. ખૌડ, ચાતુર્માસ દરમ્યાન ૩૬ કોમનાં અગ્રગણ્ય લોકોએ 'જ્ઞાનગંગા ભગીરથ' પદથી તથા તીર્થ, મંદિર અને ધર્મ-સાધના કેન્દ્રોના જીર્ણોદ્ધાર-કાર્યના પરિણામે ૧૯ કલ્યાણકોની ભૂમિ અયોધ્યા તીર્થ-સકળ શ્રી સંઘ દ્વારા 'કલ્યાણક તીર્થોદ્ધારક' પદથી અને ગોટવાડ ક્ષેત્રના લાટાડા ગામમાં સંક્રાંતિ કાર્યક્રમમાં સ્થાનકવાસી સંપ્રદાયના સંત શ્રી રૂપ મુનિજી મ.સા.એ એમને શાલ ઓઢાડી 'પંજાબ માર્તંડ' પદથી સમ્માનિત કર્યા.

શ્રીમદ્ નિત્યાનંદ સૂરીશ્વરજી મ.સા.ના અભિનંદનીય ગુણોથી આકર્ષાઈ દિગંબરાચાર્ય શ્રી પુષ્પદંત સાગરજી મહારાજે પોતે ઉપાશ્રયે આવી વિવિધ વિષયો પર વિચારવિનિમય કર્યો. શ્રી આત્મવલ્લભ-સમુદ્રઈન્દ્રિકા પાટપરંપરાના તેઓ એવો પ્રથમ આચાર્ય હતા કે તેમણે કોલકાત્તામાં ચાતુર્માસ કરી જિનશાસન-પ્રભાવનાનો સુવર્ણ ઇતિહાસ રચ્યો. સમેત શિખર મહાતીર્થમાં એમણે શ્રી જૈન શ્વે. તપાગચ્છ-દાદાવાડી, રામપુરમાં શ્રી આત્મવલ્લભ જૈનભવન વગેરે જિન-શાસન-પ્રભાવનાનાં કાર્યો કરાવ્યાં.

દક્ષિણ ભારત પ્રવાસનાં બે વર્ષો દરમ્યાન પૂ. ગુરુદેવોની યશ-પતાકા લહેરાવવાની સાથે લોક-કલ્યાણ, સાધર્મિક ઉત્કર્ષ, જીવદયા, જિનશાસન અને પરોપકારનાં લગભગ ૧૦૦ કરોડનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચનાત્મક કાર્યો કરાવી તેઓ જન-જનની શ્રદ્ધાના કેન્દ્ર બની ગયા. ૧૯ વર્ષોથી નિર્માણાધીન શ્રી કિંકાર મહાતીર્થનું નિર્માણ એમના પ્રભાવે દ્રુત ગતિએ ફરી શરૂ થયું. એની ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠા વખતે લુધિયાણાથી ૮૦૦ યાત્રી સ્પેશ્યલ યાત્રા-ટ્રેન લઈ પહોંચ્યા હતા. આ વિશેષ અવસરે તીર્થ ટ્રસ્ટ દ્વારા એમને 'શાસન-દિવાકર' પદથી સુશોભિત કરવામાં આવ્યા.

આ.ભ. શ્રીમદ્ વિજય જનકચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના આદેશથી તેમણે પંજાબ કેસરી જૈનાચાર્ય. શ્રીમદ્ વિજય વલ્લભ સૂરીશ્વરજી મ.સા.ની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી રાષ્ટ્રીય સ્તરે ઉજવવા માટે તત્કાલ દક્ષિણ ભારતથી દિલ્હી પહોંચી મહોત્સવને ઐતિહાસિક રૂપ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

દિલ્હીના વલ્લભ સ્મારકની પુણ્યધરા પર સમુદાય-વડીલના આશીર્વાદ અને દેશના લગભગ પ્રત્યેક સંઘ, મહાસભા તથા મહાસંઘની આગ્રહભરી વિનંતીથી એમણે સમુદાયની લગામ હાથમાં લીધી અને શ્રી આત્મવલ્લભ-સમુદ્ર-ઈન્દ્રદિન્ન પટ્ટ-પરંપરાના તેઓ ક્રમિક પટ્ટધર બન્યા. પછી સમાના ચાતુર્માસમાં ચતુર્વિધ સંઘે એમને ગચ્છાધિપતિ પદથી વિભૂષિત કર્યા.

મુનિ હતા ત્યારથી તેઓ વયોવૃદ્ધ મુનિજનો પ્રત્યે વિનય, સેવા અને સમ્માનની ભાવના રાખતા. બચપણમાં શ્રી વલ્લભદત્ત વિજયજી મ.સા. અસ્વસ્થ્ય થયા ત્યારે એમણે અનુપમ સેવા કરી. સાયરામાં પં. પ્રવર શ્રી જયંત વિજયજી મ.સા.ના અભિનંદન સમારોહ તથા ઇડરમાં સમુદાયના વડીલોના ૮૧મા જન્મોત્સવનું ભવ્ય આયોજન કરી એમના કાળધર્મ પામ્યા બાદ મંદિર-નિર્માણ, પ્રતિષ્ઠા વગેરે કાર્યો સંપન્ન કરાવતાં એમનું વ્યક્તિત્વ નીખરી ઊઠ્યું. કચ્છમાં શ્રી પાર્શ્વ-વલ્લભ-ઈન્દ્રધામની અંજનશલાકા પ્રતિષ્ઠા વખતે આ.ભ. શ્રી વિજયવસંત સૂરીજી મ.સા.ને 'તપ-ચક્રવર્તી', વયોવૃદ્ધા સાધ્વી જગતશ્રીજી મ.સા.ને 'શાસનચંદ્રિકા' અલંકરણ પ્રદાન કરીને તથા અમદાવાદમાં સાધ્વીશ્રી સુજ્ઞાન શ્રી મ.સા. તથા સાધ્વી સુબુદ્ધિશ્રીજી મ.સા.ના ૮૧મા જન્મદિન તથા દીર્ઘ સંયમપર્યાયની અનુમોદનાર્થે મહામહોત્સવ ઊજવી વડીલો પ્રત્યે પોતાનું કર્તવ્ય નિભાવ્યું. ઇડરમાં સમુદાય વડીલે શાલ ઓઢાડી વાસક્ષેપ આપી આશીર્વાદ આપ્યા તે અવિસ્મરણીય ઘટના છે. મુનિ શ્રી લક્ષ્મીચંદ્ર વિજયજી મ.સા.ને 'આદર્શ ગુરુચરણ સેવી', મુનિ શ્રી ધર્મરત્ન વિજયજી મ.સા.ને 'નિઃસ્પૃહસેવાશીલ' પદથી વિભૂષિત કરવામાં એમનો વાત્સલ્યભાવ પ્રગટ થાય છે. એમના ત્રણે શિષ્યો તત્ત્વચિંતક મુનિશ્રી ચિદાનંદ વિજયજી મ.સા., સંગઠન પ્રેમી મુનિ શ્રી દિવ્યાનંદ વિજયજી મ.સા. તથા વિદ્યાનુરાગી મુનિશ્રી મોક્ષાનંદ વિજયજી મ.સા. એમના આશીર્વાદથી સ્વ-પર-કલ્યાણમાં તલ્લીન છે.

ભક્તોની અડધી વ્યથા તો એમની મધુર વાણીથી જ દૂર થઈ જાય છે. સહવતી મુનિઓ, આચાર્યોની તેઓ મુક્ત કંઠે પ્રશંસા કરે છે. જૈતપુરામાં શ્રી આત્મવલ્લભ સમુદાયના કેન્દ્ર શ્રી વિજયવલ્લભસાધના-કેન્દ્રના નિર્માણની પ્રેરણા આપી પૂર્વવર્તી ગુરુદેવો પ્રત્યે એમમે સમર્પણભાવ પ્રગટ કર્યો છે.

લાતુર અને ભૂજના ભૂકંપ, કારગીલ યુદ્ધ, સુનામી વિભિષિકા વખતે આર્થિક સહયોગની અપીલ દ્વારા તથા સ્વદેશી ખાદી ધારણ કરી રાષ્ટ્રપ્રેમ એમણે વ્યક્ત કર્યો છે.

શ્રી વિજયાનંદસૂરિ વિદ્યાપીઠ-નાગૌર, શ્રી આત્મવલ્લભ જૈન કન્યા મહાવિદ્યાલય-શ્રી ગંગાનગર, શ્રી વિજયવલ્લભ સ્કૂલ-જંડિયાલા, ગુરુ શ્રી આત્મવલ્લભ જૈન ચી.સૈ. સ્કૂલ-સુનામ, જૈનાચાર્ય શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરિ કે.જી. સ્કૂલ-બોડેલી, શ્રી વિજય વલ્લભ વિદ્યાવિહાર-અમદાવાદ વગેરે સંસ્થાઓ દ્વારા એમનો શિક્ષણ-પ્રેમ વ્યક્ત થાય છે. જૈન ધર્મના વિભિન્ન વિષયો પર એમના ૩૫થી વધારે પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે.

તેઓ શ્રી જીવનનું સુવર્ણજયંતી વર્ષ (૫૦મું વર્ષ) પસાર કરી રહ્યા છે. તે નિમિત્તે સાધુ ભગવંતો, શ્રમણ-શ્રમણીઓ તથા પૂજ્ય માતાજી મહારાજની શુભ ભાવનાઓ એમને પ્રાપ્ત થઈ છે. ગુરુ વલ્લભનું સ્વપ્ન 'જૈન યુનિવર્સિટી' એમના સાકાર થાય તેવી શુભકામનાઓ સમગ્ર દેશના શ્રી સંઘો એમને પાઠવી રહ્યા છે.

*સૌજન્ય : શ્રી ધર્મનાથ-પાર્શ્વનાથ જૈન શ્વે૦ દેવસ્થાન ટ્રસ્ટ, ખુડાલા-ફાલના (રાજ.)*

## પ.પૂ. આ.શ્રી વિનયસેન સૂરીશ્વરજી મ.સા.

પૂજ્યશ્રી ગુજરાતના દીક્ષાની ખાણી સમા વડોદરા નજીકના છાણી તીર્થના સુશ્રાવક પિતાશ્રી સોમચંદભાઈ ગિરધરદાસ શાહના લાડકવાયા, માતા કમલાબહેનના દુલારા કિરીટભાઈ નામથી પ્રસિદ્ધ પૂ.આ. શ્રી ભદ્રંકરસૂરીજી મ.સા. તથા (સંસારી મામા) પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરીજી મ.સા.નું સાંનિધ્ય મળતાં વૈરાગ્ય ભાવ પ્રગટ થયા અને મહારાષ્ટ્રના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાગપુર નગરે ઉપધાન તપ માલારોપણ પ્રસંગે ૨૦૨૧ પોષ સુદ–૧૫ના દીક્ષાગ્રહણ કરેલ અને પૂ. મરાઠાવાડા દેશોદ્ધારક પૂ.આ. શ્રી વારિષેણ સૂરીશ્વરજી મ.ના પટ્ટધર શિષ્ય રત્ન તરીકે પ્રસિદ્ધ થયેલ, જેઓશ્રીના સંસારીબંધુ છે. વડી દીક્ષા ૨૦૨૧ના વૈશાખ સુદ–૬ સંગમનેરમાં પૂ.આ. શ્રી ભુવનતિલક સૂરીશ્વરજી મ.ના હસ્તે પૂ.આ. વિક્રમ સૂરીશ્વરજી, પૂ. આ. જયંતસૂરીજી મ.ની આચાર્યપદવી પ્રસંગે થયેલ.

ગણિ પદવી પન્યાસ પદ મહા વદી–૩ ૨૦૫૧ના ૐકાર તીર્થમાં, અંજનપ્રતિષ્ઠા પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરીજી, પૂ.આ. વારિષેણ સૂરી મ.સા.ના હસ્તે થયેલ. પૂજ્ય વારિષેણ સૂરીજી મ.સા. કરકમલો દ્વારા મહાવીરધામ કર્નુલ આંધ્રિ પ્રવેશે અંજનપ્રતિષ્ઠા પ્રસંગે આચાર્યપદવી વિભૂષિત કરેલ. ગુજરાત, મહારાષ્ટ્ર, આન્ધ્ર, કર્નાટક, બંગાળ, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, તામિલનાડુ આદિ દેશોમાં વિચરેલ. ૪૪ ચાતુર્માસ કરેલ છે. અનેક શાસનપ્રભાવના સાથે વર્ષીતપ, ૫૦૦ આયંબિલ, ૬૬ અટ્ઠમ, અઠ્ઠાઈ, વર્ધમાન ઓળી, નવપદ ઓળી આદિ તપસ્યા કરેલ છે. પૂજ્યશ્રીના શિષ્ય પ્રવર્તક શ્રી વજ્રસેન વિ. પ્રશિષ્ય પ્રવચનકાર મુનિશ્રી વલ્લભસેન વિ.મ.સા. (સંસારીભાઈ) સાથે ઉગ્ર વિહાર કરે છે. તેઓશ્રીની ૧ ભત્રીજીએ દીક્ષા ગ્રહણ કરેલ છે, જે સાધ્વી પાવનયશાશ્રીજી મ. નામે શાસનપ્રભાવના કરી રહ્યા છે. પૂજ્ય મુનિશ્રી વિરાગસેન વિજયજી મ.સા. તેઓશ્રીના સંસારીભાઈ હતા.

તપ, ત્યાગ, જાપધ્યાન આદિ દ્વારા આરાધના કરી રહ્યા છે.

*સૌજન્ય : શ્રી જૈન શ્વે. મૂ. સંઘ–કરેલી*

*સરાક સમાજમાં પ્રથમ આચાર્ય*

## પ.પૂ.આ. શ્રી ચંદ્રશેખરસાગરસૂરિજી મહારાજ



બિહાર અને બંગાળમાં આજે 'સરાક' જાતિની લગભગ ત્રણ લાખની વસ્તી છે. ભગવાન પાર્શ્વનાથના સમયમાં આ જાતિના પૂર્વજો જૈનધર્મી શ્રાવકો હતા. કાળબળે તેઓનો જૈનધર્મ સાથેનો સંબંધ વિચ્છેદ પામ્યો, છતાં તેમનામાં શાકાહારીપણાના સંસ્કારો આજે પણ ટકી રહ્યા છે. આજે તેઓ 'શ્રાવક'ને બદલે 'સરાક' જાતિથી ઓળખાય છે. છેલ્લા ચાર–પાંચ દાયકાથી આ 'સરાક' જાતિને તેઓના મૂળ ધર્મની જાણ અને સમજ આપવાના ઉદ્દેશથી અનેક પૂજ્ય સાધુભગવંતો દ્વારા સઘન પ્રયત્નો ચાલી રહ્યા છે અને તેના પરિણામે તેઓ સારી એવી સંખ્યામાં પોતાનો અસલ જૈનધર્મ અંગીકાર કરી શ્રદ્ધાસંપન્ન બની રહ્યા છે. એટલું જ નહીં, કેટલાકે ચારિત્રધર્મનો સ્વીકાર પણ કર્યો છે. તેમાંના એક છે, પૂ. આચાર્ય શ્રી ચંદ્રશેખરસાગરસૂરિજી મહારાજ. તેમનો જન્મ બિહારના ધનબાદ જિલ્લાના બેલુટ ગામે સં. ૨૦૦૯ના વૈશાખ સુદ ૭ના દિવસે થયો. બાલ્યવયમાં શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો અને પૂજ્ય શ્રમણભગવંતોના સમાગમમાં આવતાં વૈરાગ્યનો રંગ લાગ્યો અને માત્ર ૧૪ વર્ષની કુમારવયે સં. ૨૦૨૩ના જેઠ વદ ૭ના શુભ દિને, કપડવંજ મુકામે દીક્ષા અંગીકાર કરી પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ. ગણિવર્યશ્રી લબ્ધિસાગરજી મહારાજના શિષ્ય અને સરાક જાતિના ઉદ્ધાર માટે કાર્યરત પૂ. આ. શ્રી યશોભદ્રસાગરજી મહારાજના શિષ્ય બની મુનિશ્રી ચંદ્રશેખરસાગરજી નામે જાહેર થયા.

પૂજ્યશ્રી દીક્ષા બાદ સંયમની સાધના અને જ્ઞાનની ઉપાસનામાં ઉત્તરોત્તર આગળ વધતાં, તેમને સં. ૨૦૪૨ના ચૈત્ર સુદ પાંચમને દિવસે પાલિતાણાની પાવન ભૂમિમાં ગણિપદથી અને સં. ૨૦૪૭ના વૈશાખ સુદ ૧૦ના દિવસે માળવાના બડૌદ નગરે પંન્યાસપદથી અલંકૃત કરવામાં આવ્યા. પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રશેખરસાગરજી મહારાજના બે શિષ્યો મુનિશ્રી વિશ્વશેખરસાગરજી અને મુનિશ્રી દિવ્યશેખરસાગરજી પણ 'સરાક' જાતિમાંથી આવેલ છે. પૂજ્ય પંન્યાસશ્રી 'સરાક' જાતિ જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધાવંત અને ક્રિયાશીલ બને તે માટે સારો એવો પ્રયત્ન કરી રહ્યા છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી એ ક્ષેત્રોનાં અનેક ગામોમાં દેરાસર, ઉપાશ્રય, પાઠશાળાઓ વગેરે સ્થપાયાં છે. અને એ કાર્ય ઉત્તરોત્તર આગળ વધી રહ્યું છે. પૂજ્યશ્રી દ્વારા આવાં કાર્યોમાં ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રગતિ થતી રહો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

પૂજ્યશ્રીના શાસનપ્રભાવનાના મહત્ત્વનાં આયોજનોમાં કલકત્તામાં શ્રી સંઘના સહયોગથી પ્રતિષ્ઠાનો કાર્યક્રમ શાનદાર રીતે સંપન્ન થયો.

પૂજ્યશ્રી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ આદિ પ્રદેશોમાં વિચરણ કરતાં રહીને દીક્ષામહોત્સવો, છ'રીપાલિત સંઘો, પ્રતિષ્ઠા, અંજનશલાકા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપધાનતપ આદિ અનેક ધાર્મિક પ્રસંગો શાનદાર રીતે ઊજવાયા.

હાલમાં પૂ. ગુરુદેવ અને તેનો શિષ્ય પરિવાર પાલિતાણામાં બિરાજમાન છે.

*સૌજન્ય : ભક્તજનોના સૌજન્યથી*

*વર્તમાન શાસન પ્રભાવક-સંયમી*

## આ.ભ. વરબોધિસૂરિજી

આલેખન : પૂ.પં. કૈવલ્યબોધિ વિ.મ.

નડિયાદમાં દીક્ષાની ખાણ એવા સંઘવી પરિવારના મોભી ચંદુલાલ મગનલાલ શાહ તથા માતુશ્રી શાન્તાબહેનની રત્નકુક્ષિએ ત્રીજા નંબરના સંતાન તરીકે નડિયાદમાં (ગુજરાત જિ. ખેડા) સંવત ૨૦૦૫ ભાદરવા વ-૪ના શુભદિને જન્મ થયો. પરિવારમાં પિતાશ્રીના મોટાભાઈ ચીમનભાઈ (સંસારી પક્ષે કાકા)એ સંવત ૨૦૦૬માં મહા સુ.-૬ નડિયાદમાં સિદ્ધાંત મહોદધિ ત્રિશત મુનિ ગુણાધિપતિ-સ્વ. આ.ભ. શ્રીના શિષ્ય વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ યુવા શિબિરોના પ્રણેતા ગુરુ અંતેવાસી સ્વ. ભુવનભાનુસૂરિજી મ.ના શિષ્ય તરીકે (૩૫) વર્ષ સંયમની આરાધના કરેલી. મુનિશ્રી મણિપ્રભવિજયજી નડિયાદવાળા પાસે સ્કૂલના વેકેશનમાં અભ્યાસ કરવા ૧૦ વર્ષની નાની વયથી જતા હતા. પૂ. પ્રેમસૂરિ મ.ની કૃપાદૃષ્ટિ પડી ગયેલી. તેથી ૨૨ વર્ષની ઉંમરે બી.કોમ. પછી **C.A.**ના આર્ટીકલનો અભ્યાસ ચાલુ હતો ત્યારે પૂ.આ.ભ. ભુવનભાનુસૂરિજીની નિશ્રામાં મે વેકેશનમાં પાલનપુર મુકામે યુવા શિબિરમાં તત્ત્વજ્ઞાન માટે ગયેલ. ત્યાં પૂજ્યશ્રીના ઉપદેશથી હૃદયમાં વૈરાગ્યનો રંગ લાગ્યો. ચોથાવ્રતનો અભિગ્રહ કર્યો અને પાંચ વર્ષની બાળ વયમાં વડીલોએ સંસારી વિવાહ સંબંધ (સગાઈ) કરેલો તે ફોક કરીને સંવત ૨૦૨૯માં નડિયાદ મુકામે પૂ.આ.ભ. ભુવનભાનુસૂરિજી મ. તેમના વિશાળ પરિવાર સાથે પધાર્યા. તેમના હસ્તે માગશર સુદ-૫ના દિવસે ચારિત્રપંથ સ્વીકારી કાકા મ. મણિપ્રભ વિ.મ.ના શિષ્ય તરીકે પરિવારના બીજા સભ્ય સંયમી બનવાનો અધિકાર મેળવ્યો. સંસારી વાગ્દત્તાએ પણ તેમના પગલે રાજુલસતીની જેમ પતિના માર્ગે પાંચ વર્ષબાદ સંયમ સ્વીકારતાં કલીકાળમાં 'નેમ રાજુલનો' પ્રસંગ જૈનશાસનમાં જોવા મળ્યો. ત્યારબાદ ૨૫ વર્ષ ગુરુ નિશ્રામાં જ્ઞાનાભ્યાસ સમુદાયમાં વૈયાવચ્ચ ભક્તિ વિનયગુણુ સાથે ગુરુનિશ્રા-ગુરુકૃપાના બળે અનુક્રમે પંન્યાસ પદવી સંવત ૨૦૫૨માં થઈ ત્યાર બાદ સંવત ૨૦૫૮માં મુંબઈ ઈર્લાબ્રિજ મુકામે સમુદાયના બીજા પંન્યાસ બે મુનિભગવંતોની સાથે પૂ. સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરિજી મ.ની આજ્ઞા અને તેમના સ્વહસ્તે આચાર્ય પદવી વૈશાખ વદિ-૩ના દિવસે આપવામાં આવી.

આચાર્યપદવી પછી હાલમાં ગુજરાત-મહારાષ્ટ્રના મરાઠાવાડમાં શાસનપ્રભાવનાં કાર્યો પ્રતિષ્ઠા-અંજનશલાકા-યુવાશિબિરો-જાહેર વ્યાખ્યાનો દ્વારા સ્થાનકવાસી વર્ગમાં આચાર-વિચાર-આહારનો પ્રચાર કરી રહ્યા છે. સેંકડો ભવ્યજીવોને ધર્મબોધિ પમાડી રહ્યા છે. તેમના વર્તમાન પટ્ટધર પંન્યાસપ્રવર કુલબોધિ મ. શિષ્ય તરીકે તેમની સાથે રહીને પ્રભાવક પ્રવચનપટુતાથી તેમને શાસનપ્રભાવનામાં સહાયક બની રહ્યા છે. તેમના સંસારી પરિવારમાં તેમના પછી ૯ મુમુક્ષુ-મુમુક્ષી સાધુ-સાધ્વી તરીકે સંયમ સ્વીકારીને શાસનપ્રભાવના કરી રહ્યા છે. વર્ધમાન તપની ૧૦૧ ઓળી-સિદ્ધિતપ-માસક્ષમણ-૯૯ યાત્રા વગેરે તપ સાથે જીવનને સુગંધી બનાવ્યું છે. પ્રાયઃ બાર મહિનામાં ૧૧ મહિના એકાસણાથી ઓછું પચ્ચ. નથી કરતા. જ્ઞાનસંયમીનો અખંડ તપ ઉપવાસથી ૩૫ વર્ષથી ચાલુ છે.

જન્મ સંવત : ૨૦૦૫ ભાદરવા વદિ-૪ નડિયાદ

દીક્ષા સંવત : ૨૦૨૯ માગશર સુદિ-૬ નડિયાદ

પંન્યાસ સંવત : ૨૦૫૩ કારતક વદિ-૧૩ અમદાવાદ

આચાર્યપદવી સંવત ૨૦૫૮ વૈશાખ વદિ-૩ મુંબઈ પાર્લા (વેસ્ટ) ઈર્લાબ્રિજ

## પ.પૂ.આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



બેંગ્લોર (કર્ણાટક) સ્થિત કંકુબહેન જેવંતરાજ પોરવાલ માતુશ્રીની પવિત્ર કુક્ષિએ દિવ્ય સ્વપ્ન અને દિવ્ય સંકેતના અનુસારે ફાગણ વદ-૪, ગુરુવારે તા. ૧૪-૩-૧૯૬૩ના શુભ દિને સવારે ૯=૩૦ વાગે એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો તે બાળકનું નામ રમેશકુમાર પાડવામાં આવ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાનપણથી જ માતાના અને ફઈબા તથા બહેનના સંસ્કારો હેઠળ નિર્માણ પામેલ આ બાળકને ધર્મના સુસંસ્કારો આપવામાં આવ્યા. નાનપણથી જ અતિ સરલ, નમ્ર, વિનયી અને દયાળુ આદિ સુસંસ્કારોને કારણે બાળક રમેશ સૌને પ્રિય બની ગયો. પાઠશાળામાં પણ ભણવામાં ખૂબ જ હોશિયાર, અતિ તેજસ્વી બુદ્ધિપ્રતિભા જોઈને પાઠશાળાના પંડિતજીએ પણ કહ્યું કે આ બાળકને શાસનના ચરણે સમર્પિત કરવામાં આવે તો ભવિષ્યમાં આ બાળક એક સમર્થ આચાર્ય બની શકે તેવી પૂરી સંભાવના છે. ફઈબાએ પંડિતજીની વાત ઝીલી લીધી અને બાળક દીક્ષા જ લે એવા સંસ્કારો આપવામાં આવ્યા. દશ વર્ષની નાની ઉંમરમાં ફઈબાની સાથે કલકત્તાથી નીકળેલ પાલિતાણા પર્યંતનો છ:રીપાલિત સંઘયાત્રા ચાલીને કરી અને દાવણગિરિમાં ઉપધાન પણ કર્યાં. નાની ઉંમરથી આ બાળકના આવા ઉલ્લાસિત ભાવો જોઈને ફઈબાએ માતાપિતા અને પરિવારના સૌને દીક્ષા અપાવવા માટે સંમત કર્યાં. અતિશય ઉલ્લાસ–ઉમંગના વાતાવરણની સાથે તથા રાજાશાહી ઠાઠમાઠથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિની સાથે ભવ્યાતિભવ્ય વર્ષીદાનની યાત્રા સાથે અંદાજિત પચીસહજારની મેદની સમક્ષ મા. સુદ–૫–ના શુભદિને આ તેજસ્વી બાળકે સંયમજીવનનો સ્વીકાર કર્યો.

સંયમજીવન સ્વીકાર્યા બાદ રમેશમાંથી આ બાળક હવે મુનિશ્રી રત્નશેખરવિજયજી મ.સા. બન્યો. આ નાના બાલમુનિની વડીદીક્ષા પૂ. ગચ્છાધિપતિ ગુરુદેવશ્રીના વરદ હસ્તે પૂનામાં વૈશાખ સુદ–૬ના દિને સુસંપન્ન થઈ. આ નાનો બાળમુનિ (ભક્તિસૂરિ સમુદાયમાં) સૌનો પ્રિય બની ગયો.

સરળતા, નમ્રતા, વિનય, સ્વાધ્યાયરુચિ આદિ વિશિષ્ટ ગુણોને કારણે આ નાના બાલમુનિને દરરોજની ૫૦–૬૦ ગાથા કંઠસ્થ કરવી રમતવાત થઈ પડી. દરરોજના ૮ થી ૧૦ પંડિતો પાસે અભ્યાસ કરતાં કરતાં આ બાલમુનિએ ભાષ્યપ્રકરણો, કર્મગ્રંથ, પંચસંગ્રહ, કમ્મપયડી, તત્ત્વાર્થ, લોકપ્રકાશ, વિશેષાવશ્યક ભાષ્ય, દ્રવ્યગુણપર્યાયનો રાસ, પન્નવણા સૂત્ર (આગમ) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, સીમંધરસ્વામી ભ.નું ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાઓનાં સ્તવનો વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, છંદ, કાવ્ય, અલંકારશાસ્ત્ર, આગમ વાચન, ચિંતન–મનન અને શિલ્પશાસ્ત્ર આદિનો ખૂબ જ સુંદર અભ્યાસ કરી આ નાના બાલમુનિને મોટા યોગોદ્વહન કરાવવા દ્વારા વિશિષ્ટ પ્રવચનશક્તિ અદ્ભુત જોઈને પૂ. ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી શંખેશ્વરજીમાં મા.વ. ૪ને દિવસે મુનિમાંથી ગણિ પદ આપવામાં આવ્યું. ગણિ પદ ધારણ કર્યા બાદ આ ગણિવર્યની અદ્ભુત શાસનપ્રભાવના, પ્રવચનશક્તિ, વ્યવહારકુશળતા, દીર્ઘદ્રષ્ટા, યશસ્વી માર્ગદર્શક, સાહિત્યપ્રકાશક આદિ અનેકાનેક ગુણો જોઈને પૂ. ગુરુદેવશ્રીએ ગણિમાંથી ૨૦૫૬ ફાગણ સુદી–૭ના દિને પંન્યાસપદથી વિભૂષિત કર્યા. પંન્યાસ પદ ધારણ કર્યા બાદ પૂ. ગુરુદેવશ્રીના દરેક કાર્યમાં પછી તે ઉપાશ્રયનું કાર્ય હોય કે દેરાસરનું કાર્ય હોય, પાઠશાળાનું હોય કે જ્ઞાનમંદિરનું હોય, શ્રી ૧૦૮ ટ્રસ્ટમાં થતાં દરેક કાર્યોમાં અને દરેક ક્ષેત્રોમાં પૂ. ગુરુદેવશ્રીનો પડ્યો બોલ ઝીલી લેનાર આ પંન્યાસશ્રીનો મૂલ્યવાન ફાળો રહ્યો છે.

પૂ. ગુરુદેવશ્રીની એક ભાવના હતી કે પંન્યાસજી મ.ને આચાર્ય પદથી વિભૂષિત કરવામાં આવે તો ખરેખર શાસનને ઉપયોગી બની રહેશે. અત્યારસુધીમાં અનેકાનેક પરિવારોને ધર્માભિમુખ કરવામાં આ પંન્યાસજી મ.ની એક લબ્ધિ રહી છે. શાસનપ્રભાવના, સાધુસાધ્વી–વૈયાવચ્ચ અને સાધર્મિકભક્તિ, વિદ્યાદાન, સાતેય ક્ષેત્રોની ભાવથી ભક્તિ તે તેમનાં જીવનસૂત્રો રહ્યાં છે.

૩૬ ગુણોથી યુક્ત એવા આચાર્યપદે આરૂઢ કરવા માટે ભક્તિસૂરિ સમુદાય તથા શ્રી ૧૦૮ પા.ભ.વિ. જૈન ટ્રસ્ટના સમગ્ર ટ્રસ્ટિગણની ઇચ્છાનુસાર આ પંન્યાસજી મ.નો ભવ્યાતિભવ્ય આચાર્યપદ પ્રદાન સમારોહ પ્રસંગ ૨૦૬૨ વૈશાખ સુદિ–૧૦ (પ્રથમ), તા. ૭-૫-૨૦૦૬ રવિવારના શુભ દિને પ્રભાતે શુભ મંગળ યોગે શ્રી ભક્તિવિહાર જૈન ટ્રસ્ટના આંગણે ભારે આનંદ ઉલ્લાસથી, હજારોની મેદની વચ્ચે સુસંપન્ન થયો.

*સૌજન્ય : ભાવનગરનિવાસી (હાલ મુંબઈ) શ્રીમતી લતાબેન મહીપતરાય શાહ સુપુત્રો : હેમંતભાઈ, વિમલભાઈ આદિ.*

*પ્રાચીન તીર્થોદ્ધારક......શાસનપ્રભાવક.....માલવ શિરોમણિ*

## પ.પૂ. આચાર્યપ્રવર શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.



તપાગચ્છીય સાગર-સમુદાયના એક અણમોલ જવાહિરનો જન્મ કપડવંજ (ગુજરાત)ની ધન્ય ધરા પર સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૧૮માં થયો. પિતાશ્રી ત્રંબકભાઈ અને માતાશ્રી સુશીલાબહેનના લાડપ્યારમાં મિનેશકુમારનો ઉછેર થયો. માતાપિતાના ધર્મસંસ્કારોએ તેમની વિકાસયાત્રાથી સૌ કોઈ મુગ્ધ બની રહેતા.

ચૌદ વર્ષની બાલ્ય અવસ્થામાં જ વૈરાગી બની મિનેશકુમારે પોતાની સંયમરૂપી જીવન નૌકાને સુવિશાલ ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિજી મહારાજાના ચરણોમાં સમર્પિત કરી પૂ. ગુરુદેવની અસીમકૃપાથી પૂજ્યશ્રીએ અલ્પ દીક્ષા પર્યાયમાં અનેક પ્રકરણગ્રંથ, કર્મગ્રંથ, જ્યોતિષગ્રંથ અને આગમગ્રંથોનું વિશેષ પ્રમાણમાં અધ્યયન કર્યું.

ગુજરાત, મહારાષ્ટ્ર, કોંકણ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન આદિ અનેક પ્રાંતોમાં વિચરીને હજારો લોકોને ધર્મયુક્ત અને ધર્મચુસ્ત બનાવ્યાં. વ્યવહારમાં કુશળતા, હૃદયમાં ઉદારતા, સ્વભાવમાં નમ્રતા, વાણીમાં મધુરતા, ચહેરા પર હસમુખતા, કાર્યમાં બુદ્ધિમત્તા, અંતરમાં સરળતા આદિ અનેક ગુણોથી તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્વ શાસન વચ્ચે ઊપસી આવ્યું છે.

પૂ.આચાર્યશ્રી પ્રખર વક્તા, લેખક, શાસનપ્રભાવક તીર્થોદ્ધારક પ્રભાવશાળી યુવાપ્રણેતા સંતરત્ન છે.

નવકાર મહામંત્રની વિશિષ્ટ સાધના–આરાધના અને પ્રવચનકલાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની ગજબની કલા છે.

મીની પાલિતાણા નામથી જગપ્રસિદ્ધ કાત્રજ પૂના સ્થિત જૈન આગમતીર્થનું વિશાળ મંદિર, વિશાળ ધર્મશાળા ભવન આદિના નિર્માણકાર્યમાં પૂજ્યશ્રીના માર્ગદર્શન અને દેખરેખમાં મુખ્ય ભૂમિકા રહી છે. તીર્થના વિકાસમાં કુશળ સંચાલન અને માર્ગદર્શન મળતું રહ્યું છે. ચાર શિષ્યો પ્રશિષ્યોના તારણહાર અને સમગ્ર જૈન ચાતુર્માસસૂચિ (મુંબઈ)ના આદ્યપ્રેરક અને માર્ગદર્શક રહ્યાં છે.

પૂના સ્થિત કાત્રજ આગમતીર્થના નિર્માણની સાથે સાથે ઓસવાલ મંદિર, ડી.એસ.કે. સોસાયટી, કુમાર ગેલેક્સી, વિઠ્ઠલવાડી અને ઇન્દ્રપ્રસ્થ જેવા પૂનાના વિવિધ સંઘોના જિનમંદિર આદિ તથા બારામતી, સાંગલી, નિગડી, ખંડાલા, ચોક, પરલી, પોયનાડ, અલીબાગ, દાપોલી, અંધેરી સ્પોર્ટ કોમ્પ્લેક્સ, મલાડ, વાલકેશ્વર, પ્રાચીનતીર્થ ઢંકગિરી, પરાસલી, વહી, ભોપાલ, મંઢોડા, ઉજ્જૈન આદિ માલવાનાં અનેક તીર્થો, મંદિરો અને સંઘના સફળ પ્રેરક માર્ગદર્શક રહ્યાં છે.

**વિશ્વવિખ્યાત મહારાષ્ટ્રના પૂના–કાત્રજ મહાતીર્થમાં જિનશાસનપ્રભાવક સાગરસમુદાયરત્ન માલવશિરોમણિ પૂ.પં.શ્રી હર્ષસાગરજી મ. સં. ૨૦૬૨, ફાગણ વદ–૨, શુક્રવાર તા. ૧૭ માર્ચ, ૨૦૦૬ના રોજ આચાર્યપદ ઉપર ભારે ઠાઠમાઠથી આરૂઢ થયાં. પૂજ્યશ્રીના આચાર્યપદ પ્રદાન મહોત્સવ દરમિયાન તપ–જપ ક્રિયાનો ઘુઘવતો મહાસાગર**

**★ ૩૬૦ પૌષધ ★ ૩૬૦૦ પ્રતિક્રમણ ★ ૩૬૦૦૦ સામાયિક ★ ૩૬૦૦૦૦૦ શ્રી નવકાર મહામંત્રનો જાપ ★ ૩૬૦૦૦૦૦૦ નમો આયરિયાણં પદનો જાપ ★ સમવસરણયુક્ત ૪૫ આગમની ભવ્ય રચના ★ ૪૫ આગમસ્તૂપનું નિર્માણ ★ દેવવિમાન તુલ્ય કાત્રજ તીર્થ ★ ૩૬ જિનાલયોમાં વિશિષ્ટ પૂજન ★ પૂજ્યપાદ શ્રી સાગરજીમહાજના સમગ્ર સાહિત્યનું પ્રદર્શન ★ સાગર રત્નત્રયી પ્રદર્શન ★ દિવ્ય પંચ પ્રસ્થાન રથ ★ સૂરિમંત્રનો દર્શનીય પટ ★ મહાવિશાલ પદપ્રદાન મંડપ ★ સુવર્ણ, હીરા–મોતીથી પ્રભુજીની ભવ્ય અંગ–રચના ★ એક જ દિવસમાં સમગ્ર પૂનાનાં જિનાલયોમાં ૧૮ અભિષેક–પૂજન ★ ૧૮૦ શહેર–ગામોમાં મહોત્સવોનાં આયોજનો ★ શ્રી મણિભદ્ર–સૂરિમંત્ર શાંતિસ્નાત્ર જેવા મહાપૂજનનું આયોજન ★ ૫૦૦ પ્રતિભાઓનો સામૂહિક જન્મોત્સવ ★ જીવદયા, સાધર્મિક ભક્તિ, અનુકંપાદાન જેવાં અનેક સુકૃત્યો સુસંપન્ન થયા.**

વિશાળતા, ગંભીરતા, દયાળુતા, વિદ્વતા, ઉદારતા, મનોહરતા, જ્ઞાનીપણું, સ્નેહાળતા, સાધુતા, વિરાગમયતા, સરળતા, ત્યાગીપણું, ધૈર્યવાનતા, શૌર્યતા, લક્ષ્યસિદ્ધતા, વિવેક, સુંદરતા, હિતકારિતા, સુવક્તા, મધુરતા, સૌમ્યતા, નિર્મળતા, શુભાષિતો, નમ્રતા, સુકાર્યશીલતા વગેરે અનેક સદ્‌ગુણોના મહાસાગર એવા જિનશાસનપ્રભાવક, સાગરસમુદાયરત્ન પૂ. આચાર્ય શ્રી હર્ષસાગરસૂરીશ્વરજીએ મરુભૂમિથી મહારાષ્ટ્ર સુધી અનેક ગામો અને શહેરોમાં ૪૫,૦૦૦ કિલોમીટરની પદયાત્રા (વિહાર) કરી જિનશાસનની અદ્‌ભુત પ્રભાવના કરી આ પદયાત્રા દ્વારા તેમણે હજારો વ્યક્તિઓને સદ્‌ધર્મમાં સ્થિર કરી હર્ષમય અને ધર્મમય જીવન જીવવાનું અલભ્ય માર્ગદર્શન આપ્યું. તેમ જ સેંકડો વ્યક્તિઓમાં મુમુક્ષુતાનું બીજારોપણ કરી અનન્ય ઉપકારની ગંગા વહાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તેજોવલયયુક્ત મહામનીષીએ હ્રીંકારસાધના, નવકારમંત્રઅનુષ્ઠાન, તપ-જપ-સંયમ, અંજનશલાકા, પ્રતિષ્ઠાદિ, દિવ્ય અનુષ્ઠાન, છ'રીપાલિત સંઘ, ઉપધાન, ઉજમણાં, તીર્થોદ્ધાર, યોગોદ્વહનની દિવ્ય ક્રિયા દ્વારા પોતાના વ્યક્તિત્વને તેજોવલયયુક્ત બનાવ્યું છે. એમના સાંનિધ્યથી જીવનમાં દિવ્ય શાંતિનો અનુભવ થાય છે. એમના મંગલકારી આશીર્વાદથી વ્યક્તિનાં તન-મન આધ્યાત્મિક ઊર્જા-સભર બની જાય છે.

જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવનારા શ્રી હર્ષસાગરસૂરિજીએ વ્યાકરણ, આગમગ્રંથ, વાસ્તુ, જ્યોતિષ, મંત્રોપાસના, આયુર્વેદ, શિલ્પ, ધ્યાન, યોગ-સાધના, અધ્યાત્મ વગેરે અનેકવિધ વિષયોમાં ઊંડાણસભર જ્ઞાન પ્રાપ્ત કરી એનું મનોમંથન કર્યું અને જન-ઉપયોગ માટે સરળ, સુબોધ ભાષામાં ૨૭થીયે વધારે પુસ્તકોમાં પ્રકાશિત કર્યું. સમગ્ર જૈન ચાતુર્માસ સૂચી અને સાગર જૈન પંચાગ દ્વારા ઘર-ઘરમાં જ્ઞાન-જ્યોત ઝળહળતી કરી છે.

## પૂજ્યશ્રી દ્વારા શાસનપ્રભાવના

આચાર્યપદવી પછી પૂજ્યશ્રીએ પૂના શહેરના વિવિધ કાર્યક્રમો સંપન્ન કરી વડીલબંધુ આચાર્યશ્રી નંદિવર્ધનસાગર સૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં જ પાબલ તીર્થ તરફ વિહારયાત્રાનો આરંભ કર્યો. સર્વપ્રથમ વાર પાબલ તીર્થની સ્પર્શનાનું નિમિત્ત બન્યા. તપાગચ્છના અધિષ્ઠાયક શાસનરક્ષક શ્રી માણિભદ્ર વીર. જિનશાસનની નિજી આગવી પરંપરાને ધ્યાનમાં લઈને નૂતન સૂરિદેવ શ્રી માણિભદ્ર વીરને ધર્મલાભ કહેવા માટે પધાર્યા. તીર્થ-પેઢી તરફથી પૂજ્ય ગુરુદેવોનો મંગલમય પ્રવેશ ઉલ્લાસપૂર્વક કરાવ્યો. બીજા જ દિવસથી ગુરુદેવે ત્રણ દિવસી મૌનસાધના શરૂ કરી. વિશિષ્ટ સાધનાની પૂર્ણાહુતિ નિમિત્તે પૂનાનિવાસી અનન્ય ગુરુભક્ત શ્રીયુત્ પ્રવીણભાઈ જૈન તરફથી શ્રી માણિભદ્રજી મહાપૂજનનું ભવ્ય આયોજન આયોજિત કરાયું હતું.

ફાગણ વદિ ૯-ગુડી પડવાના દિવસે ગામે-ગામથી પૂજ્યશ્રીના અનન્ય અનુયાયી બેસતા મહિનાના માંગલિક શ્રવણ માટે આવ્યા હતા. સવારે ૧૧-૦૦ વાગ્યે સમૂહમાં બધા પુણ્યશાળી શ્રાવકો એકઠા થાય તે માટે સાગરપરિવારના સ્થાપના અને મૈત્રીભાવ અંતરમાં જાગૃત થાય એવી પ્રેરણા આપી. માંગલિક શ્રવણ કરીને બધાં પૂજનની તૈયારીમાં લાગ્યા. બપોરે પાબલ તીર્થના જાગૃતદેવ શ્રી માણિભદ્રવીરની સામે જ ઠાઠપૂર્વક મહાપૂજન ભણાવવામાં આવ્યું.

પાબલ તીર્થથી વિહાર કરી પૂજ્યશ્રી આકુર્ડી (પૂના) અંજનશલાકા-પ્રતિષ્ઠામહામહોત્સવ નિમિત્તે પધાર્યા. શ્રી સંઘ દ્વારા પ્રવેશમહોત્સવ ખૂબ ધામધૂમથી થયો. શાશ્વતી ચૈત્ર માસની ઓળીજી આરાધના આનંદસહ થઈ.

ચૈત્ર સુદિ ૧૪થી ચૈત્ર વદિ ૭ સુધીનો પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ધામધૂમથી શ્રી સંઘના અસીમ ઉત્સાહ ઉમંગથી સંપન્ન થયો. આકુર્ડીનગરની ઐતિહાસિક પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરી ખંડાલા નગરે શ્રી નમિનાથ ભગવાનનો જીર્ણોદ્ધાર થયો. આરસપહાણના શિખરબદ્ધ નૂતન જિનાલયનો અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર વદિ ૧૧થી વૈશાખ સુદિ-૩ સુધી ઘણી ધામધૂમથી સંપન્ન થયો. આચાર્ય પદવી પછી જિનાગમસેવી આચાર્યદેવ શ્રી દોલતસાગર સૂરીશ્વરજી મ.સા. અને પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી નંદીવર્ધનસાગરસૂરીશ્વરજી મ.સા. તથા શાસનપ્રભાવક નૂતન આચાર્યદેવ શ્રી હર્ષસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં બંને સંઘમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

પોયનાડ નગરમાં ગુરુદેવ શ્રી પ્રેરિત નૂતન આરાધના ભવનાદિનો ચડાવો પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રી નંદીવર્ધનસાગરસૂરીશ્વરજી મહારાજા અને પ.પૂ. મુનિશ્રી વિરાગસાગર મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી સંઘની અપેક્ષા કરતાં કેટલાયગણો વધારે કલ્પનાતીત થયો.

ખંડાલાથી ઉગ્ર વિહાર કરી સૂરિદેવો મુંબઈ-મલાડ (વેસ્ટ) શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુની શીતળ છાયામાં પધાર્યા. પૂજ્યશ્રીની પ્રેરણાથી ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર થયો. એનું મંગલ ઉદ્‌ઘાટન વૈશાખ સુદિ-૭, તા. ૧૦-૫-૨૦૦૬ના રોજ થયું. સવારે પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી ભગવંતની પ્રતિષ્ઠા આનંદ સાથે સંપન્ન થઈ. ત્યાર પછી મલાડ-સુંદરનગરમાં શ્રી ગૌતમસ્વામીજી અને અધિષ્ઠાયક દેવદેવી પ્રતિષ્ઠાર્થે ત્રણ દિવસનો મહોત્સવ હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થયો.

તત્કાલ ઉગ્ર વિહાર કરતાં ત્રણે આચાર્યભગવંત સુરત થઈને શાશ્વત ગિરિરાજની પવિત્રતમ છત્રછાયામાં પધાર્યા. અષાઢ સુદિ ત્રીજના રોજ આગમમંદિર સંકુલમાં ચાતુર્માસાર્થે પ્રવેશ કર્યો અને નૂતન આરાધનાભવન, આયંબિલભવન, ભોજનશાળા તેમ જ ધર્મશાળાનું મંગલ ઉદ્‌ઘાટન થયું.

પૂજ્યશ્રીના ચરણોમાં કોટિશઃ વંદના.

*ભક્તજનોના સૌજન્યથી*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ.સા. (ડહેલાવાળા)

જન્મ તારીખ : ૧૫-૧-૧૯૬૪/વિ.સં. ૨૦૧૯ મહા સુદ-૧
જન્મસ્થળ : કલકત્તા-બંગાળ
જન્મદાત્રી માતા : કંચનબહેન જયવંતલાલ શાહ
જન્મદાતા પિતા : જયવંતલાલ અમુલખ શાહ
મૂળ વતન : કોલકી (સૌરાષ્ટ્ર) જિ. જામનગર
વ્યાવહારિક અભ્યાસ : **S.S.C.–CALCUTTA.**
ભાગવતી પ્રવ્રજ્યા : વિ.સં. ૨૦૩૬, અષાઢ સુદ ૬
વડી દીક્ષા : વિ.સં. ૨૦૩૬, આસો વદ ૬
ભાષાકીય અભ્યાસ : ગુજરાતી-હિન્દી-અંગ્રેજી-સંસ્કૃત-પ્રાકૃત.
દાર્શનિક અભ્યાસ : જૈન, બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, યોગ, સાંખ્યાદિ.
આગમિક અભ્યાસ : સમવાયાંગ સુધીના આગમો.
ગણિપદ : વિ.સં. ૨૦૫૨, મહા સુદ ૫, કુવાલા **B.K.**
પંન્યાસપદ : વિ.સં. ૨૦૫૪, વૈશાખ સુદ ૬, કુવાલા **B.K.**
આચાર્યપદ : વિ.સં. ૨૦૫૫, માગસર સુદ ૧૦, પાલિતાણા
વિચરણ ક્ષેત્ર : ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન.
દીક્ષાદાતા ગુરુદેવ : પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા ડહેલાવાળા
વડી દીક્ષા દાતા : પૂ.આ. શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા
ગણિપદ પ્રદાતા : પૂ.આ. શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા
પંન્યાસપદ પ્રદાતા : પૂ.આ. શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા
આચાર્યપદ પ્રદાતા : પૂ.આ. શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા

*પ.પૂ.આ. શ્રીમદ્ વિજય આનંદઘનસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. સૂરિમંત્ર સમારાધક, સરસ્વતી કૃપાપ્રાપ્ત*

## પ.પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રદીપચંદ્રસૂરીશ્વરજી મ.સા.



પૂજ્ય ગુરુદેવનો જન્મ અજ્ઞાન અને અંધકારને ચીરવા જેમ તેજ લિસોટો બહાર આવે તે રીતે– પોરબંદર (સૌરાષ્ટ્ર) મુકામે તા. ૩૧-૧૨-૧૯૬૧ના રોજ થયો હતો. તેમનું મૂળ વતન ચૂડા (ભેંસાણ) સોરઠની ધન્યધરા અને ત્યાંના જ ખમતીધર પાણી સમાન રત્નકુક્ષિ માતા શ્રીમતી મંજુલાબહેન અને ધર્મનિષ્ઠ પિતા શ્રી ચંપકલાલ સવચંદભાઈ રૂપાણીને ત્યાં જન્મ થયો હતો. અજ્ઞાનરૂપ અંધકારને જાણે ખરેખર ચીરવાનું હોય તેમ તેમનું નામ પણ પાડવામાં આવ્યું ચિ. પ્રદીપકુમાર!

આ ચિ. પ્રદીપકુમાર બાલ્ય સહજ ચપલતાને બદલે નાનપણથી જ શાંત, સૌમ્ય, ગંભીર, ચિંતનશીલ પ્રકૃતિના હતા. કોલેજકાળ દરમ્યાન પણ તે સતત સંસારના સ્વરૂપ ઉપર વિચાર કરતા. ભણવામાં હોંશિયાર એવા તેમણે અનેક સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાનાં ઇનામો પણ મેળવ્યાં અને વ્યાવહારિક શિક્ષણ મિકેનિકલ ઇન્જીનિયરિંગ સુધીનો કર્યો.

કોલેજનું શિક્ષણ પૂરું થતાં અચાનક જ એકાદ વર્ષ બાદ સ્વયં જ તેમનો આતમરામ જાગી ઊઠ્યો અને કુદરતી જ વૈરાગ્યને પ્રાપ્ત કર્યો. આમેય તેમનું વાચન અને મનન અધ્યાત્મ તથા વૈરાગ્યને ઉત્પન્ન કરે તેવા ગ્રંથો પર વિશેષ રહેતું. તેમને થયું આ સંસાર અસાર છે અને મોક્ષપ્રાપ્તિ માટેની આરાધના આ મનુષ્યભવમાં જ થાય તેમ છે અને તેમને અચાનક જ દીક્ષા લેવાનો ભાવ જાગી ગયો.

ગુરુદેવ તરીકે મળી ગયા દીક્ષા ગાંડીવ ધનુષ્ય ટંકારક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પ્રથમ પટ્ટધર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક પૂજ્યપાદ આગલોક મણિભદ્રવીર મૂલસ્થાનોદ્ધારક, સાબરકાંઠાના સિંહસમાન આચાર્યદેવ શ્રીમદ્ વિજય આનંદઘનસૂરીશ્વરજી મહારાજા.

પરમ ગુરુ અને શિષ્યનું મિલન થયું અને વિ.સં. ૨૦૪૩, વૈશાખ વદ–૬, તા. ૧૮-૫-૧૯૮૭ના શ્રી માણિભદ્રવીર જૈન તીર્થ આગલોડ મુકામે દીક્ષા થઈ. દીક્ષાપ્રદાતા પૂજ્યપાદ સખતીર્થ સ્થાપક આનંદઘનસૂરીશ્વરજી મહારાજા તેમના સ્વહસ્તે જ પ્રદીપમાંથી મુનિશ્રી પ્રદીપચંદ્ર વિજયજી મ.સા. બન્યા. દીક્ષા બાદ જ્ઞાનયજ્ઞ ચાલુ થયો અને સંસ્કૃત કાવ્ય, ન્યાય, આધ્યાત્મિક ગ્રંથો અને જ્યોતિષ વિષયક અભિનવ જ્ઞાનની ટૂંક સમયમાં જ પ્રાપ્તિ કરી લીધી. પૂજ્યશ્રીની વડી દીક્ષા તેમના ગુરુદેવના પરમ ભક્તની વિનંતીથી વિ.સં. ૨૦૪૩ના જેઠ સુદ–૧૦ના જશવંતભાઈ ધામીના ગૃહાંગણે અમદાવાદમાં થઈ.

પૂજ્ય ગુરુદેવની કૃપાથી તેમણે પ્રારંભિક અભ્યાસ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત જિનાગમો અને તેને સંલગ્ન શાસ્ત્રો, દર્શન શાસ્ત્રો આદિનું પણ પારગામી અને તલસ્પર્શી અધ્યયન કર્યું.

ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા અને આશીર્વાદ-પૂર્વક તેઓશ્રીએ ઈડરગઢ શ્રી શાંતિનાથ જિનાલયના પાછળના ભાગે પહાડ પર આવેલી પ્રાચીન ગુફામાં, જેમાં તેમના પૂજ્ય ગુરુદેવે ઘણાં વર્ષો સુધી આરાધના કરી. તે જ ગુફામાં પ્રતિદિન નિયમિત એકાસણાની તપશ્ચર્યા સાથે સળંગ બે વર્ષ રહીને આત્મકલ્યાણ તથા મોક્ષપ્રાપ્તિ માટે આરાધના કરી.

આ બધું જોતાં અને જ્ઞાનપ્રાપ્તિના ચૌદ પર્યાય સુધી પહોંચતાં તેઓના પૂ. ગુરુદેવે વિ.સં. ૨૦૬૪ના વૈશાખ સુદ–૬ શુક્રવાર તા. ૧-૫-૧૯૯૮ના ઉપાધ્યાયપદે આરૂઢ કર્યા.

ઉપાધ્યાય પ્રદીપચંદ્ર વિજયજી મ.સા.એ ત્યારબાદ અનેક શાસનપ્રભાવનાપૂર્વક ગુજરાતમાં સર્વ પ્રથમવાર આયોજિત સરસ્વતી મહાપૂજન તથા જાપનું સફળતમ સંચાલન કર્યું. પ્રવચનાદિ દ્વારા અનેક વ્યક્તિઓને સન્માર્ગે લાવવાનું કાર્ય કર્યું અને સ્વઆરાધના પણ ચાલુ રાખી.

તેમનામાં શાસનના સુકાની બનવાની યોગ્યતા દેખાતાં તેમના પૂજ્ય ગુરુદેવે નમસ્કાર મહામંત્રના ત્રીજા પદે અલંકૃત કરવા માટે નક્કી કર્યું. પોતે નાના જ રહેવા માંગતા હતા તેમ છતાં ગુરુદેવની આજ્ઞાથી સાબરકાંઠા જિલ્લાના એકમાત્ર સંપ્રતિ મહારાજા કાલીન ૨૪ જિનાલયયુક્ત વટપલ્લી (વડાલી) તીર્થમધ્યે વિ.સં. ૨૦૬૦ના મહા સુદ–૧૪, ગુરુવાર તા. ૫-૨-૦૪ના હજારો ગુરુભક્તોની હાજરીમાં લાડીલા પૂજ્ય ઉપાધ્યાયજી મ.સા.ને આચાર્યપદ પર સ્થાપિત કર્યા.

આચાર્યપદના સફળતમ સુકાની બનવા સાથે તેમની પ્રથમ પીઠની આરાધના ઈડરગઢની તેજ પ્રાચીન ગુફામાં કરી ત્યારબાદ સમગ્ર સાબરકાંઠામાં સો વર્ષના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર થયેલ દીક્ષાનું અદ્‌ભુત આયોજન તેઓશ્રીએ કર્યું અને ઈતિહાસમાં રેકર્ડરૂપ થયેલ. શ્રી વટપલ્લી (વડાલી) તથા આગલોડ તીર્થ મધ્યે થયેલા ઐતિહાસિક ઉપધાન તપનું આયોજન તેઓશ્રીએ કર્યું, જેથી સર્વે લોકોમાં તેમની અદ્‌ભુત આયોજનશક્તિ, ક્રિયાશક્તિ, વ્યાખ્યાનશક્તિ આદિનાં સર્વેને દર્શન થયાં. તેઓશ્રી સુષુપ્ત આધ્યાત્મિક ચેતનાને ઢંઢોળનાર, મોક્ષૈકલક્ષી દેશનાના પ્રવક્તા છે, જેઓ મૌલિક પ્રવચનશક્તિ ધરાવવાની સાથે બહુમુખી પ્રતિભા સંપન્ન, વિદ્વાન અને વિશ્રુત આચાર્ય ભગવંત છે.

પૂજ્યપાદ સૂરિમંત્ર સમારાધક આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રદીપચંદ્ર સૂરીશ્વરજી મહારાજને કોટિશ: વંદના.....

*સૌજન્ય : શ્રી આગલોડ જૈન શ્વે૦ મૂર્તિપૂજક જૈન સંઘ :માણિભદ્રવીર જૈન તીર્થ પેઢી આગલોડ (તા. વિજાપુર)*

## શચ્યાતરી જયંતિ શ્રાવિકા

હે ભગવંત! જીવો ઉંઘતા સારા કે જાગતા?

શ્રાવિકા! પાપીજીવો ઉંઘતા સારા, ધર્મી જીવો જાગતા સારા કારણ પાપી જીવો અધર્મની પ્રવૃત્તિ કરશે. સૂવું તે પ્રમાદ પણ અધર્મીઓ સૂતા સારા અને ધર્મીઓનું જાગરણ ભલુ. અબળા મટી સબળા બનેલી જયંતિએ પ્રભુવીરના શ્રમણીસંઘમાં દીક્ષા લીધી.



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમકાલીન શાસ્ત્રપ્રભાવકો

પૂર્વપુરુષોએ આપેલા અણમોલ શાસ્ત્રવારસાના સંરક્ષણ અને સંવર્ધનની ગંભીર જવાબદારી આજની પેઢીના શિરે છે. અનેક ખ્યાતનામ સંસ્થાઓ અને સંઘો ગ્રન્થ–પ્રકાશનના ક્ષેત્રે કાર્યરત છે. ટકાઉ કાગળો ઉપર શુદ્ધ હસ્તપ્રતો તૈયાર કરી પ્રાચીન શાસ્ત્રવારસાને નવું દીર્ઘ જીવન આપવાનું પણ ખૂબ જરૂરી છે, તો પ્રાચીન લિપિમાં લખાયેલ હસ્તપ્રતોને ઉકેલી તેની પ્રેસકોપી તૈયાર કરવાનું કાર્ય પણ ખૂબ ખંત અને ચીવટ માંગી લે છે. અનેક હસ્તપ્રતોનો આધાર લઈને શુદ્ધ પાઠોવાળી સંપાદિત નકલ તૈયાર કરવાનું કાર્ય ખૂબ કઠિન છે. આજે અનેક મહાત્માઓ આવી કઠિન કાર્યવાહી પણ ખૂબ ઉત્સાહથી કરી રહ્યા છે. કઠિન ગ્રન્થોના સરળ ભાવાનુવાદ, ભાષાન્તર કે સંપાદનનાં કાર્યો આજે સુંદર ચાલે છે, તો પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં શાસ્ત્રસંગત અભિનવ ગ્રન્થોની રચનાનું કાર્ય પણ કયાંક કયાંક થઈ રહ્યું છે, તે પણ ખૂબ ઉત્સાહજનક છે.

*શાસ્ત્રવિશારદ : ન્યાયવાચસ્પતિ*

## પૂ. આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મ.

નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા પુણ્યનામધેય સમર્થ વિદ્વાન આત્મસાધક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજનો જન્મ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયથી પાવન થયેલા ભાવનગર જિલ્લાના સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકેના બિરુદધારક મહુવા શહેરમાં થયો હતો. સં. ૧૯૪૩ના પોષ સુદ ૧૫ ને મંગળવારે પિતા કમળશીભાઈ અને માતા ધનીબહેનને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. પોષી પૂર્ણિમા, મંગળકારી દિવસ, કમળ સમા સુવાસિત પિતા અને ધન્ય ધન્ય માતા–પછી બાળકનું નામ પણ રાખ્યું સુંદરજી. કર્તવ્યનિષ્ઠ જીવન, વ્યવહારમાં સાદગી, સહનશીલતા, ઔદાર્યપૂર્ણ મનોવૃત્તિ, નિરંતર પરોપકારની ભાવના, વીતરાગના ધર્મ પ્રત્યે અવિહડ વફાદારી વગેરે માતાના સંસ્કારવાસિત ગુણોની ઘેરી અસર બાળક સુંદરજીના માનસ પર પ્રથમથી જ છવાઈ ગઈ હતી. એમાં પૂજ્યપાદ પરમ તપસ્વી શ્રમણશ્રેષ્ઠ શ્રી ખાંતિવિજયજી મહારાજનો સંપર્ક થયો અને સુંદરજીભાઈ સંયમ અંગીકાર કરવા કટિબદ્ધ બન્યા. સંસ્કારી કુટુંબની સંમતિ મળતાં સં. ૧૯૫૯ના અષાઢ સુદ ૧૦ના મંગળ દિને ભાવનગર મુકામે, સુરિશિરોમણિ શાસનસમ્રાટ પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વરદ્ હસ્તે મહામહોત્સવપૂર્વક દીક્ષા આપવામાં આવી અને મુનિશ્રી દર્શનવિજયજી નામ આપવામાં આવ્યું.

પૂજ્યશ્રીના અદ્ભુત સમર્પણભાવ, ગુરુસેવા, જ્ઞાન-પ્રાપ્તિની ઉત્કંઠા અને સંયમપાલનના પ્રભાવથી પ્રેરાઈને ગુરુવર્યશ્રીએ તેમને સં. ૧૯૬૯માં કપડવંજ મુકામે પંન્યાસપદ, સં. ૧૯૭૩માં સાદડી મુકામે ઉપાધ્યાયપદ અને સં. ૧૯૭૩માં ખંભાત મુકામે આચાર્યપદથી અલંકૃત કર્યા.

અધ્યયનમાં તેમ, અધ્યાપનમાં પણ પૂજ્યશ્રી અનન્ય સાધારણ હતા. 'શ્રી ધર્મરત્ન પ્રકરણ' નામક શાસ્ત્રગ્રંથમાં પૂ. આચાર્યશ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજે નિર્દેશેલા 'ભાવસાધુ'ના લક્ષણોની ઝાંખી પૂજ્યશ્રીના જીવનથી થઈ આવતી. (૧) सयला मग्गाणु सारिणी किरिया, (२) सद्धा पवरा धम्मे, (३) पन्नवाणिज्ञमुन्नु भावा, (४) किथ्थासु अप्पमाओ, (५) आरंभो सक्कणिज्ञणु ड्राणे, (६) गुरुओ गुणाणुशओ અને (૭) गुरु आणाराहणं परमं—આવાં ભવસાધુતાનાં સાત લક્ષણોની ઝાંખી પૂ. આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજને તેઓશ્રીમાં થઈ હતી. અને તેના પરિપાક રૂપે ગુરુદેવે તેમને પ્રથમ પટ્ટધરપદે સ્થાપ્યા હતા.

પૂજ્યશ્રીએ પચીસ હજાર શ્લોકપ્રમાણ વૃત્તિ લખી છે, જે મૂળ ગ્રંથને સમજવામાં ભોમિયાની ગરજ સારે છે. એમના જ અન્ય ગ્રંથ 'તત્ત્વાર્થસૂત્ર' પરના વિવરણને સમજાવનાર 'ગૂઢાર્થદીપિકા' નામની વૃત્તિ લખી છે. પર્યુષણ–માહાત્મ્ય દર્શાવતો 'પર્યુષણ કલ્પલતા' નામનો સુંદર ગ્રંથ રચ્યો છે. આ ઉપરાંત, અનેક નાના–મોટા ગ્રંથોનું નિર્માણ કરીને પૂજ્યશ્રીએ જીવનકાળ દરમિયાન જ્ઞાનોપાસનાનો આદર્શ પૂરો પાડ્યો છે.

તેઓશ્રીની નિશ્રામાં શાસનપ્રભાવનાનાં અનેક સુકૃત્યો થયાં છે. ઉપધાન, પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉદ્યાપન, દીક્ષાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહોત્સવો, સંઘયાત્રાઓ આદિ અનેક કાર્યો દ્વારા તેમણે અનેક જીવોને બોધિરત્ન પ્રાપ્ત કરાવ્યું છે. પૂજ્યશ્રીના જ્ઞાન–સાધનામય જીવનને જોતાં તેઓશ્રીને 'ન્યાયવાચસ્પતિ' અને 'શાસ્ત્રવિશારદ' જેવાં શ્રેષ્ઠતાસૂચક બિરુદો પણ મળ્યાં છે. પૂજ્યશ્રીના વરદ્ હસ્તે થયેલી પ્રતિષ્ઠાઓમાં શ્રી તાલધ્વજ (તળાજા) તીર્થમાં બે વાર થયેલી પ્રતિષ્ઠા જેસર, જસપરા, સુરેન્દ્રનગર, શિહોર, ઘોઘા, તણસા, મહુવા, કપડવંજ વગેરે સ્થાનોના જૈન–જૈનેતર સમાજમાં ચિરસ્મરણીય બની રહે એવી સુસમ્પન્ન બની હતી.

૬૪ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીએ જિન-શાસનના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય એવાં સુકાર્યો કર્યાં! એક મહાગ્રંથ રચાય એટલી પ્રવૃત્તિઓ કરી! સં. ૨૦૧૬ના ચૈત્ર વદ ૪ને દિવસે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની છાયામાં નશ્વર દેહનો ત્યાગ કરીને સ્વર્ગારોહણ પામ્યા. તેમની ગુણાનુવાદ સભાઓમાં પૂજ્યશ્રીના ગૌરવપૂર્ણ જીવનકાર્યોની ઝાંખી થઈ. તેઓશ્રીનો જન્મશતાબ્દી મહોત્સવ પણ તેમની અપૂર્વ કીર્તિગાથાનો પરિચાયક બની રહ્યો! એવા મહાસૂરિવરને કોટિ કોટિ વંદના!

*પ.પૂ. આ.શ્રી હેમચંદ્રસૂરિજી મ. તથા પ.પૂ. આ.શ્રી પ્રદ્યુમ્ન-સૂરિજી મ.ની પ્રેરણાથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી, બોરીવલી (ઈસ્ટ) મુંબઈના સૌજન્યથી*

*હાલારદેશોદ્ધારક–કવિરત્ન–પરમ શાસનપ્રભાવક*

## પૂ. આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીનો જન્મ સોજીત્રા (જિ. ખેડા) ગામે સં. ૧૯૫૫ના આસો સુદ બીજે થયો હતો. પિતાનું નામ માણેકચંદ, માતાનું નામ પરસનબહેન અને તેમનું સંસારી નામ અંબાલાલ હતું. તેમના પિતાશ્રી વ્યાપારાર્થે પ્રથમ ઉદેલ અને ત્યાંથી ખંભાત આવ્યા. એને લીધે ખંભાતમાં પૂજ્ય ગુરુ-ભગવંતોના પરિચયમાં આવવાનું થયું. સં. ૧૯૭૮ની સાલમાં તેઓશ્રી યોગશાસ્ત્રનું અધ્યયન કરતા હતા અને તે વખતે તેનો અર્થ પણ લખતા. એક વાર તેઓશ્રી રાત્રે ખાટલા પર સૂતા હતા. તરસને કારણે જાગ્યા અને નીચે પાણી મૂકેલું તે પી ગયા, પણ છેલ્લે ખ્યાલ આવ્યો કે તેમાં ખૂબ કીડીઓ હતી. ભારે વિરાધના થવાથી તે પાપ ધોવા વધુ જાગૃત બન્યા અને સંયમનો લાભ જાગ્યો.

૧૯૮૦ના કારતક સુદ ૧૫ને દિવસે પૌષધ પારીને ગામ બહાર જઈને દીક્ષા લીધી. પાછળથી સંબંધીઓ આવ્યા પણ દીક્ષિતની દૃઢ ભાવનાને જોઈ ઠંડા પડી ગયા. આમ, સં. ૧૯૮૦ના કારતક સુદ ૧૫ની દીક્ષા થઈ અને પૂ. શ્રી કર્પૂરવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિરાજશ્રી અમૃતવિજયજી નામે જાહેર થયા. નૂતન મુનિરાજશ્રીના જ્ઞાનના ક્ષયોપશમ જોરદાર નહીં, પણ અભ્યાસ સતત કરે. આઠ કલાક ગોખે ત્યારે ચાર ગાથા આવડે, પછી તે મનમાંથી જાય નહીં.

સં. ૧૯૯૨માં ખંભાતમાં જૈનશાળામાં ચોમાસું કર્યું અને જૈનશાળાની રક્ષા કરી શ્રીસંઘને આરાધનામાં દૃઢ બનાવ્યો. તેઓશ્રી શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. તેઓશ્રીએ સંસ્કૃતમાં 'સંક્ષિપ્ત શ્રાદ્ધધર્મ', 'ચતુર્વિંશતિ ચૈત્યવંદનાદિ સ્તુતયઃ', 'જયવિજય કથાનક' વગેરે ગ્રંથો લખ્યા છે. ન્યાયના વિષયમાં તર્કસંગ્રહ ઉપર 'પ્રભા' નામની ટીકા લખેલી છે, જે અપ્રગટ છે. ઉપરાંત અનેક ગુજરાતી પુસ્તકો લખ્યાં છે. અમૃતબિન્દુ લખ્યાં છે, પૂજાઓ રચી છે. તેઓશ્રીની જૈન દર્શનને સમજાવવાની સરળ ઢબને કારણે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં દૃઢ ધર્મશ્રદ્ધા ઉત્પન્ન કરી છે. સં. ૧૯૯૯માં ફાગણ સુદ ૩ના પૂજ્યાદ આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી દાદાના શુભ હસ્તે પૂ. શ્રી મનહરવિજયજી તથા પૂ. શ્રી કર્પૂરવિજયજી મહારાજની આચાર્યપદવી સાથે સાથે પૂ. શ્રી અમૃતવિજયજી મહારાજને ઉપાધ્યાયપદ પ્રદાન થયું અને ત્યાર બાદ, ફાગણ સુદ ૧૦ ના દિવસે અમદાવાદ જૈન વિદ્યાશાળામાં આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા. તે વખતે અઢી માસ પર્યંત ભવ્ય મહોત્સવ ઊજવાયો હતો.

જૈનશાસનના પ્રચાર અને રક્ષા માટે તેઓશ્રીના ઉપદેશથી લાખાબાવળથી 'શ્રી મહાવીરશાસન' નામનું પત્ર શરૂ થયું હતું, જે આજે પણ જૈનધર્મનો પ્રચાર અને રક્ષાનું કાર્ય કરે છે. પ્રભાસપાટણના પ્રખ્યાત નૂતન મહામંદિરનું તથા ધનિયાવાડા (ડીસા) દેરાસરનું શીલારોપણ પૂજ્યશ્રીની નિશ્રામાં થયું હતું. લીંબડીના શ્રી સુબાહુ જિનના મહામંદિરનો જીર્ણોદ્ધાર પૂજ્યશ્રીના ઉપદેશથી થયો હતો. પૂજ્યશ્રીના હસ્તે દીક્ષાઓ પણ અનેક થઈ હતી.

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ જૈનશાસનના અપ્રમત્ત સાધક, આરાધક, પ્રભાવક અને રક્ષક હતા. પૂજ્યશ્રીનાં અનેક કાર્યો અને ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદનાપૂર્વક તેઓશ્રીને કોટિ કોટિ વંદના!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*શાસનકંટકોદ્ધારક અને મહાન શાસનપ્રભાવક*

## પૂ. આચાર્યશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.

શાસનસ્તંભ–શાસનકંટકોદ્ધારક પૂ. આ. શ્રી હંસસાગર-સૂરીશ્વરજી મહારાજનો જન્મ વિ. સં. ૧૯૫૪ના કારતક વદ ૬ ને સોમવારે ઠળિયા ગામે થયો હતો. પિતાનું નામ દીપચંદ જેરામભાઈ અને માતાનું નામ ઊજમબહેન તથા પોતાનું સંસારી નામ હઠીચંદ હતું. હઠીચંદને બાળપણથી જ ધર્મપ્રીતિ સવિશેષ હતી. એમાં નાનપણમાં માતાપિતાનો સ્વર્ગવાસ થતાં કુટુંબની જવાબદારી તેમની ઉપર અને વડીલ બંધુ મોતીચંદભાઈ ઉપર આવતાં નાની વયે ધંધાર્થે મુંબઈ જવાનું થયું. મુંબઈમાં ધંધા સાથે હંમેશાં પ્રભુપૂજા–પ્રતિક્રમણ–સામાયિક અને વ્રત–નિયમ–તપ આદિ કરવાપૂર્વક ધર્મકાર્યોમાં દિન–પ્રતિદિન આગળ વધતા રહ્યા. ધર્મસમાજમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું. નવપદજીની ઓળીનું આરાધન કરવા રાસ વાંચતા. એ માટે સેંકડોની માનવમેદની મળતી. સં. ૧૮૭૬માં લગ્ન થયાં. તેમને બે પુત્રો અને એક પુત્રી થયાં, પરંતુ ધર્મ પ્રત્યેની ભાવના જરાયે ઓછી થઈ ન હતી. સં. ૧૯૮૫માં દીક્ષા અંગીકાર ન કરાય ત્યાં સુધી છ વિગઈનો ત્યાગ કર્યો. ભરયુવાનીમાં ચતુર્થ વ્રત અંગીકાર કર્યું. ૮–૧૦–૧૧–૧૫–૧૬–૨૧ ઉપવાસ અને વર્ધમાન તપની ઓળીઓ આદિ તપસ્યાઓ કરી સં. ૧૯૮૫માં મુંબઈથી ઠળિયા આવી, શ્રીસંઘને એકત્રિત કરી, નૂતન જિનમંદિર બંધાવવાનો શુભ નિર્ણય કરાવ્યો. પોતાને છ વિગઈનો ત્યાગ હોવા છતાં, યથાશક્તિ ભાગ લેવાની ભાવનાએ શ્રી જિનમંદિર અંગેના પથ્થરો કઢાવવા માટે અને કાટકડા ગામનાં જંગલોમાં આઠ આઠ દિવસ રહીને પથ્થરની ખાણોમાંથી પથ્થરો કઢાવતા અને ગામ પહોંચાડતા. સં. ૧૯૮૬માં ખાતમુહૂર્ત અને શિલાસ્થાપન કરી, પાયા મથાળ સુધી લાવી, ચારિત્ર અંગીકાર કરવાની ભાવનાએ પાછા મુંબઈ ગયા. મુંબઈ સં. ૧૯૮૭ના કાર્તિક વદ ૬ને રવિવારે પૂ. આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે, ૨૦ હજારની માનવમેદની વચ્ચે, હર્ષોલ્લાસપૂર્વક દીક્ષા અંગીકાર કરી, પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી (તે વખતે મુનિ શ્રી ચંદ્રસાગરજી) મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી હંસસાગરજી નામે ઘોષિત થયા. દીક્ષા બાદ દોઢ વર્ષ સુધી પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મહારાજ સાથે રહ્યા. બાદ સુરત પધારી સ્વસમુદાય સાથે થઈ ગયા.

દીક્ષા બાદ પૂજ્યશ્રીએ ટૂંક સમયમાં ધર્મશાસ્ત્રોનું તથા આગમોનું સુંદર જ્ઞાનસંપાદન કર્યું. 'પિંડનિર્યુક્તિ' ગ્રંથનો અનુવાદ 'શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર', 'તત્ત્વતરંગિણી' ગ્રંથ 'કુમહતાવિષ જાંગુલી' મંત્ર તિમિરતરણિના અનુવાદ, પ્રાચીન–અર્વાચીન ઇતિહાસોની સમીક્ષા કરતું સાહિત્ય નિર્માણ કર્યું. અનેક સમાધાનગ્રંથો બનાવ્યા, અનેક ગ્રંથોનું સંપાદન કરી પ્રસિદ્ધ કરાવ્યા. કાવ્યરચના ક્ષેત્રે સ્તવન ચોવીશી, ચૈત્યવંદન ચોવીશી આદિ ભાવવાહી કૃતિઓની રચના કરી. આમ, આગમશાસ્ત્રો, ઇતિહાસ, કાવ્ય આદિ વિવિધ ક્ષેત્રોમાં તેઓશ્રીએ અગાધ પ્રતિભાબળે અપૂર્વ વિકાસ સાધ્યો. પૂજ્યશ્રીએ અનેક ગામોમાં જિનમંદિરોનાં નિર્માણ કરાવ્યાં. સેંકડો પ્રતિમાજીનો પ્રવેશ તથા પ્રતિષ્ઠાઓ કરાવી. પોતાના પુત્ર, પુત્રી, પત્ની, ભત્રીજાઓને પ્રવ્રજ્યા આપી શાસનને સુપ્રત કર્યા તદુપરાંત અનેક મુમુક્ષુઓને સંયમમાર્ગે દોર્યા. પૂજ્યશ્રીની શાસનસેવાને અનુલક્ષીને પૂ. આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના આદેશાનુસાર ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી મહારાજે કરેલ ફરમાન મુજબ ચતુર્વિધ સંઘની વિશાળ સભામાં સુરતના શ્રીસંઘે 'શાસન કંટકોદ્ધારક' ની પદવી અર્પણ કરવાની બુલંદ ઘોષણા કરી. પાલિતાણામાં પદવી–સમારંભ યોજવાનો નિર્ણય થયો. સં. ૨૦૦૭ના મહાવદ પાંચમે વયોવૃદ્ધ ચારિત્રપાદ મુનિશ્રી અમરશી મહારાજને વરદ હસ્તે પદવી અર્પણ થઈ. પૂજ્યશ્રીને સં. ૨૦૧૫માં પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજે ચાણસ્મા મુકામે મહા વદ ૧૩ ને ગુરુવારે ગણિ પદ આપ્યું. સં. ૨૦૨૨માં પાલિતાણામાં પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજે મહા વદ ૩ ને શનિવારે ઉપાધ્યાયપદથી વિભૂષિત કર્યા. સં. ૨૦૨૯માં તળાજામાં માગશર સુદ બીજના સુપ્રભાતે આચાર્યપદથી અલંકૃત કરવામાં આવ્યા.

ત્યાર બાદ, તેઓશ્રી પોતાની દેખરેખ તળે રૂ. એક લાખને ખર્ચે તૈયાર કરાવેલા ભવ્ય 'શાસન કંટકોદ્ધારક જ્ઞાનમંદિર' તથા જ્ઞાનવિકાસનાં અવશિષ્ટ રહેલાં કાર્યોની પૂર્ણાહુતિ અર્થે પોતાની જન્મભૂમિમાં પધાર્યા. ઠળિયાના શ્રીસંઘે અત્યંત પ્રેમાદરપૂર્વક પૂજ્યશ્રીનું સામૈયું કર્યું. અહીં એક માસની સ્થિરતામાં પૂજ્યશ્રીની તબિયત બરાબર હતી. ત્યાર બાદ બિમારી શરૂ થઈ. સુજ્ઞાણ ડોક્ટરો નિરુપાય રહ્યા. સતત ઉપાયો ચાલુ હોવા છતાં શ્વાસનો વ્યાધિ વધતો ચાલ્યો. જેમ જેમ વ્યાધિ વધતો ચાલ્યો તેમ તેમ આચાર્યદેવ આત્મધ્યાનમાં વધુ ને વધુ દત્તચિત્ત બનતા ચાલ્યા. ચૈત્ર સુદ ૧૩ની રાતે સહુની સાથે સ્વસ્થતાથી વાતો કરતાં, ૩–૮ મિનિટે નશ્વર દેહનો ત્યાગ કરી, સ્વર્ગગમન થયું. જૈનસંઘોએ મહાન જ્યોતિર્ધર ગુમાવ્યો! પૂ. શાસનસ્તંભ આચાર્યદેવના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામને તેમ જ તેઓશ્રીનાં શાસનરક્ષાનાં કાર્યોને અમર બનાવવા માટે સ્વજન્મભૂમિમાં તૈયાર થઈ રહેલ સમાધિમંદિર તથા સંગેમરમરના શિલ્પકલાયુક્ત ગુરુમંદિરના નિર્માણ માટે શ્રીસંઘે છૂટે હાથે સદ્વ્યય કર્યો. કોટિ કોટિ વંદન હજો એ શાસનના એ અજોડ સંરક્ષક સિંહપુરુષને!

*સૌજન્ય : પ.પૂ.આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સાની પ્રેરણાથી શ્રી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ–પૂના*

*પૂ. ''કાકા મહારાજ''ના હુલામણા નામથી ઓળખાતા*

## પ.પૂ.આ.શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ.

ગરવી ગુજરાત મહાન ખેડા જિલ્લો કલાસંસ્કૃતિનું ધામ કર્પટવાણિજ્ય પુરાણું નામ કપડવંજ આજે જેનું નામ જ્યાં હસ્તકલાપ્રધાન વૈજ્ઞાનિક ઉદ્યોગે કલા બની નિષ્પ્રામ તોય કપડવંજ તાલુકો ખ્યાત. જાણે સર્વધર્મનું ધામ ધનાઢ્ય લોક બહુપ્રમાણ. જાણે સંતોની ખાણ, શિવાભાઈ શ્રાવકકુલે - માણેકબાઈ કૂંખે પ્રગટ્યું રત્ન અમૂલ. સંસારના ફલ સ્વરૂપે બીજું રત્ન જેનું તેજ અમાપ. નામે ચંદુ. રૂપના અંબાર નાનું કાંતિ આપે અષ્ટિનેમિની યાદ.

ચંદુ-કાંતિની જોડી હરે ફરે ધર્મની જોડી. ચંદુભાઈને લગની લાગી સતસંગે સુસંસ્કારે મીઠાં આહલરડા રણકારે જાગ્ય સંયમના ભાવ. ચાર-ચાર મહિના ફર્યા યાત્રાના બ્હાને પંજાબ સુધી. માતા-પિતાને જાણ થતાં લઈ આવ્યાં ઘરે ચંદનબહેન ધર્મસંગની સાથે લગ્નગ્રંથી ઘરે પણ મન ન વિકારી બને. અનાશક્તભાવ ધરે. પુત્રી-પુત્ર સંતાનરૂપે જન્મ્યા. બ્રહ્મવ્રત સ્વીકાર કર્યા. સંયમભાવ જોર કરે. ઉભય દંપતી એકમના થઈ એ ભવ્યપળની પ્રતિક્ષા કરે. બાલશિશુ હસમુખ સાતવર્ષ પૂર્ણ કરે. પૂર્વ સંસ્કારે તે પણ ગુરુસંગે શુભભાવે ચઢે.

આશ્ચર્યની વાત બની ત્યાં કાંતિભાઈને મળ્યા પૂજ્ય લબ્ધિસૂરિ અણગાર. મુમુક્ષુ બન્યા. માત-પિતાને વિનવ્યા. સંયમની સંમતિ મળી. ૧૯૮૭ વૈશાખ સુદી ૧૦ કાંતિભાઈ મુનિ કંચનવિજય બન્યાં. પૂ. લક્ષ્મણસૂરીશ્વરજી મ.ને જીવન અર્પણ કર્યા. વડી દીક્ષા છાણી નક્કી થઈ. ચંદુભાઈ હરખાયા, લાગ આવ્યો જાણી પત્ની ને પુત્ર સાથે વડીદીક્ષા પ્રસંગે છાણી પધાર્યા ને પ્રસંગ પતાવી ચાલ્યાં તીર્થભૂમિ પવિત્ર ગિરિરાજની છાયામાં. યાત્રા કરી દાદાની કૃપા મેળવી પૂ. આ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા.ના ચરણમાં શરણ અંગી કર્યા. ઠવણીએ ત્રણેની દીક્ષા થઈ.

વડીલ બંધુ ચંદુભાઈની દીક્ષા થઈને પૂ. લબ્ધિસાગરજી નામે ખ્યાત થયા એ જામ થતાં પૂ. કંચનવિજયજી મ.નો મનોભાવ જાણી પૂ. વડીલબંધુ મ. પાસે રહેવાની ગુરુદેવે અનુમતિ આપી. ઉપસંપદા પ્રાપ્ત પૂ. કંચનવિજયજી મ., પૂ. સાગરજી મ.ની નિશ્રામાં રહી જ્ઞાનગોષ્ઠી સાથે સંયમ આચાર નિરતીચારે પાળતાં સંસ્કૃત-વ્યાકરણ-કાવ્ય ન્યાયાદિ અભ્યાસમાં આગળ વધ્યાં સાહિત્યક્ષેત્રમાં ચૌમુખી વદ્ધિ પામતા ગયા. પૂ. સાગરજી મ.સા.ની સેવાના સથવારે તેઓશ્રીના આગમ કાર્યમાં પ્રથમ નંબરે સહયોગી બન્યા. તેઓનાં મુખ્ય કાર્ય હતાં આગમ અને આગમમંદિર. તેમાં પાયાની ઈંટથી માંડી શીખર સુધીના કાર્યમાં તેઓશ્રીનુંયોગદાન કોઈ અનોખું હતું. વિનય કરતા ગુરુતણો પામે મતિ સુવિસ્તાર અને કરતાં કાર્ય અભ્યાસથી ઉપજે મતિ સુવિચાર એ ભેદે વૈનયિક ને કાર્મિકી બુદ્ધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમી વૃદ્ધિ પામતા ''શિલ્પ સાહિત્યમાં નિષ્ણાંત બિરૂદ'' પામ્યા. આગમમંદિરના કણે કણેની માહિતીથી તો વાકેફ હતા. તે માટે તન-મન અને સમયનો પૂરો ભોગ આપ્યો. આ તેઓના જીવનની સૌભાગ્યદાયક સુવર્ણ પળ હતી.

હા સહુ કોઈના લાડકવાયા પૂ. આ. કંચનસાગરસૂરીશ્વરજી મ.સા. પૂ. ''કાકા મહારાજ''ના હુલામણા નામથી ઓળખાતા હતા. સહુ એ નામથી જ સંબોધતા હતા. એક અદ્‌ભુત કાર્ય તો તેઓએ તે કર્યું જે ખૂબ કઠીન ને ગહન હતું. દુઃસાધ્ય હતું. એ કામ હતું શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર બિરાજમાન દરેક પ્રતિમાજી ઉપરના શિલાલેખને વાંચી લખવાનું. રોજ સવારે આઠ વાગે એ પાવન ધરાની શ્રેણીને સ્પર્શી પરમાત્માના દર્શન કરી પાવન બની શીલાલેખને વાંચવાના લખવાના ને સિદ્ધગિરિ ભેટ્યાના આનંદને વાગોળતા પાંચવાગે ઉતરવાનું કહેશો હવે કે આ કાર્ય કેવું ??

આ પંક્તિ લખતાં આશ્ચર્ય થાય છે કે તેઓશ્રીએ માસક્ષમણ કર્યું હશે? માસક્ષમણ તો ઘણાં કરે. મૌનપણે પણ ઘણાં કરે છે પણ આ પૂજ્યશ્રીએ તો કાંઈ ઓર જ ધૂણી ધખાવી હતી. તન-મન-વચન બધું જ સમર્પણ પ્રભુના ચરણે જ્ઞાનનાં શરણે..આગમગ્રંથના વાંચન સાથે એક આદર્શનું દર્શન કરાવ્યું હતું. દિવાળી પર્વના દિવસોમાં ૨૧-૨૧ દિવસના મૌન સાથે કાગળની પાવાપુરીનો તાદૃશ્ય ચીતાર સાથે ભવ્ય પ્રદર્શન ગોઠવતા તે પણ પરમ ઉપકારી પરમાત્માના અંતરથી નામ સ્મરણ સાથે....જે ભવ્યાત્મા જીવોનું આકર્ષણ બની જતું હતું. તેઓની આગવી કલાનું એ પ્રતિક હતું.

વિશેષમાં પૂ. સાગરજી મ.ના રચેલ ગ્રંથોનું પરિલેખન કરી હસ્તલેખનનું કાર્ય કર્યું. તેમાં પણ તેઓએ અલ્પપરિચીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૈદ્ધાન્તિક શબ્દકોષને પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરી સંઘના ચરણે આગમ વાંચન કરનાર જિજ્ઞાસુવર્ગને સરલ બને એ હતુને લક્ષ્યમાં રાખી આ દૃષ્ટાંતો તેઓના જીવનની સાધના-જ્ઞાન, જિજ્ઞાસા ને સેવાના આદર્શો છે.

પરોપકારિતા, સરલતા, ભક્તિ, સદાચારી હતાં એટલા જ સત્યનાં આગ્રહી ને સ્પષ્ટ વક્તા હતા. વિહાર માએટ જ્યારે અસામર્થ્ય અનુભવ્યું ત્યારે અમદાવાદ મુકામે સાબરમતીની વરસોડાની ચાલમાં આવેલાં શ્રી આનંદ-ચંદ્રોદય જિનેન્દ્ર જ્ઞાનમંદિરનું કાર્ય સેવાભાવથી સ્વીકારી ખરી પડતી એક ભવ્ય ઈમારતને જીવંત બનાવી શ્રી શત્રુંજય ગિરિરાજ ખડો કર્યો. જેનો પ્રભાવ પ્રસિદ્ધ થતાં ભાવુકો નવ્વાણું યાત્રા કરે છે. કા.સુદી પૂર્ણિમાંએ ભાથુ આપવામાં આવે છે. આ તેઓની પરોપકારવૃત્તિનો પૂરક છે. ટ્રસ્ટીગણ પણ આદરપૂર્વક સંઘની ભક્તિ કરે છે. આજે પૂ. આ. શ્રી પ્રમોદસાગરસૂરીશ્વરજી મ.સા. તે સ્થાનને પૂજ્યશ્રીની ભાવનાને અનુરૂપ ખૂબ અલૌકિક બનાવી રહ્યા છે.

ઉપધાન, ઓચ્છવ આદિ શાસન પ્રભાવના સાથે આ અદ્ભૂત કાર્યોથી સ્વપર કલ્યાણકારી કાર્યોથી જેની જીવનગાથા ઉજ્જ્વલ છે તેવા પૂ. કંચનસાગરજી મ.સા. અનુક્રમે ગણિપદ, પંન્યાસપદ ને આચાર્યપદથી શોભતા અંત સમયને નજીક જામી કહે છે કે હવે હું ૧૦ મિનીટ છું. આરાધના કરાવે કહી સ્વયં બધુ વોસિરાવી નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરતા કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીનું વિહારક્ષેત્ર, ગુજરાત, કાઠીયાવાડ, મહારાષ્ટ્ર, માળવા, મારવાડ અને દક્ષિણક્ષેત્ર હતું.

અનેકનું પ્રેરણાબળ હતું તેઓના કુટુંબમાં લગભગ ૩૦ થી બત્રીસ સભ્યો દિક્ષીત બની કલ્યાણ સાધી રહ્યાં છે ને સાધી ગયાં છે. એ પુનિત સંયમશ્વરસૂરીજીનાં ચરણકમલમાં કોટી કોટી વંદન. *સૌજન્ય : દીપકભાઈ હસમુખલાલ શાહ, મુંબઈ*

## *પ. પૂ. આગમોદ્ધારકશ્રી હસ્ત દીક્ષિત શિષ્ય ગીતાર્થ ગચ્છાધિપતિ વડલાસાય ઘેઘૂર*

# પૂ. આ.શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.

જન્મ : ફા. સુ. ૧૨, ૧૯૮૦ ★ ગણિ : મા. સુ. ૬, ૨૦૨૫ ★ દીક્ષા : અ. સુ. ૫, ૧૯૮૭ ★ ઉપાધ્યાય : અ. સુ. ૭, ૨૦૩૮ ★ પંન્યાસ : મહા સુ. ૩, ૨૦૨૮ ★ ગચ્છાધિપતિ : મા. સુ. ૨, ૨૦૫૦ ★ આચાર્ય : આ. વ. ૮, ૨૦૩૯.

**વડલાની ઓળખ**

**૯ વર્ષની વયે સંયમસ્વીકાર-પિતા-માતા-બહેન સાથે પરિવારમાંથી ૨૨ દીક્ષા ★ ગુજરાત-કપડવંજનું ગૌરવ ★ આગમોદ્ધારકશ્રીના હસ્તદીક્ષિત લઘુવય અંતિમ શિષ્ય ★ વ્યાકરણ-સાહિત્ય-આગમ-કર્મગ્રંથના પ્રખર અભ્યાસુ.**



★ પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ.ના પરમ મિત્ર. ★ પૂ. ગચ્છાધિપતિ માણિક્યસાગર સૂ.મ.ના કૃપાપાત્ર ★ ૩૨ વર્ષની વયથી પ્રાયશ્ચિત આપવાના અધિકારી. ★ શતાધિક દીક્ષા હતા. માંડવગઢ-અયોધ્યાપુરમ્-ઉવસગ્ગહરં-નાગેશ્વર ૨૪ જિનાલય આદિ અનેક તીર્થોના પ્રતિષ્ઠાકારક ★ જંબૂદ્વીપ મંદિરના સ્વપ્નશિલ્પી ★ પિતા મુનિ લબ્ધિસાગરજીના આજીવન વૈયાવચ્ચ ★ ૮૧ વર્ષની વયે પણ અપ્રમત્ત, જ્ઞાનમગ્ન, સ્વાધ્યાયી ★ ગીતાર્થતા-વાત્સલ્યતા-સરલતા-સહજતાના સ્વામી ★ કપડવંજના પૂ. સાગરજી મ.ના ભવ્ય સ્મારકના પ્રણેતા. ★ બાંસવાડા-બિબડોદ જિર્ણોદ્ધારના પ્રેરક

એવામાં સં. ૧૯૮૭માં માતાપિતા અને પુત્ર હસમુખ (આ ત્રિપુટી) શત્રુંજય તીર્થની યાત્રા કરવા પધારે છે. ધર્મસંસ્કારોના અદ્ભુત સંચયના બળે ત્રણે અષાઢ સુદ પંચમીના શુભ દિને દીક્ષા ગ્રહણ કરે છે. ઝરમર મેઘવર્ષા દેવકૃપા વર્ષાવી આનંદ વ્યક્ત કરે છે. હસમુખભાઈની વય સાત વર્ષની હતી. તેઓશ્રી નવાં નક્કોર શ્વેતવસ્ત્રોમાં બાલસૂર્ય સમા પ્રકાશી રહ્યા! એ જોઈને જ નામ રાખવામાં આવ્યું બાલમુનિશ્રી સૂર્યોદય-સાગરજી. પૂ. આગમોદ્ધારકશ્રીના શિષ્ય તરીકે ઘોષિત થયાં.

તેઓને સાત વર્ષની લઘુવયમાં દીક્ષા મળી. તેમાં વર્તમાન જીવનનાં માત-પિતા આદિની પ્રેરણા કરતાં ભૂતકાળની આરાધનાનું બળ આ વર્તમાન સંયમમાર્ગનું મુખ્ય કારણ સમજાય છે, કેમકે ગુરુદેવનો જન્મ થયો ત્યારે તેઓના પિતાશ્રીએ પોતાની ગૃહિણીને જણાવ્યું કે "તને સંભાળનાર પુત્ર આવી ગયો છે તો મને સંયમ માટે રજા આપ." ત્યારે અર્ધાંગનાએ કહ્યું કે "શું તમે મને નહીં તારો? સંસારમાં ડૂબાડવા માટે મૂકીને જશો?" આવા પરસ્પરના સંવાદમાં નક્કી થયું કે પુત્ર સાત વર્ષનો થાય અને તેની મરજી હોય તો તેને લઈને દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેવી. આ જાતના માનસિક નિર્ણય થયા બાદ મારા ગુરુદેવના પિતાશ્રી પોતાની દુકાને બેઠા અને વિશાલ કુટુંબની જવાબદારી સાથે દુકાને બેઠા. અને પુત્રની ઉંમર ફા. સુ. ૧૨–ના સાત વર્ષની થતાં પિતાજીએ પોતાની પત્નીને કહ્યું કે–"આપણો વાયદો પૂરો થયો છે." પ્રિયતમાએ ઉત્તરમાં જણાવ્યું કે–"હું તૈયાર જ છું." આ પછી અઠવાડિયામાં જ પતિ–પત્ની અને પુત્રે ઘેરથી પ્રયાણ કર્યું અને ૩ મહિના સુધી સંપૂર્ણ સૌરાષ્ટ્રની તીર્થયાત્રા કરી અને ગામેગામનાં જિનાલયો જુહારી છેક અ. સુ. ૨–ના અમદાવાદ આવ્યા અને ત્યાં પૂ. સાગરજી મ. વિદ્યાશાળામાં ચાતુર્માસ હતા અને તેઓશ્રીની અજોડ પ્રેરણા અને ઉપદેશ મળતાં તેમની નિશ્રામાં જ અ. સુ. ૫–ના ત્રણે જણાએ દીક્ષાનો સ્વીકાર કર્યો. આ હતું ભવાંતરની આરાધનાનું સુંદર ફલ, જેને એક ચમત્કાર તરીકે ગણી શકાય. આથી પણ વધુ ચમત્કારિક ઘટના બની દીક્ષાના દોઢ માસ બાદ એટલે કે શ્રા. વ. ૫–ના પૂ. ગુરુદેવશ્રીએ સાત નવા દીક્ષિતોના દીક્ષાના દોઢ માસના ગાળામાં ઊગેલા વાળનો લોચ અશક્ય જણાતાં સાતેય નૂતન દીક્ષિતોને મુંડનનો આદેશ કર્યો. પોતે વ્યાખ્યાન આપવા પધાર્યા. આ બાજુ ગુરુદેવ કે જેઓ નૂતન બાલમુનિ સાત પૈકી હતા. તેઓશ્રીએ પૂ. અમરેન્દ્રસાગરજી મ.ને વિનંતી કરી કે તમે મારો લોચ કરી આપો. તમે ખાનગીમાં ચીપિયો મંગાવી લો અને ઉપર અગાશીમાં બંધ બારણે વ્યાખ્યાન ઊઠતાં પહેલાં મારો લોચ કરી આપો. લોચ કરે તે સાધુ કહેવાય. મુંડન કરે તે મુંડિયો કહેવાય. ગુરુ મ. ઠપકો આપશે કે પ્રાયશ્ચિત આપશે તે લઈ લઈશું પણ આટલું મારું કાર્ય કરી આપો! અને મને સાધુતામાં રાખો. તેઓશ્રીએ પણ આ વાતનો સ્વીકાર કર્યો અને ગુરુ મ.ની આજ્ઞા ન હોવા છતાં પણ ગુરુજી (નાના બાળ સાધુ)નું વચન માની લોચનું કાર્ય કર્યું. તેમાં પણ ભવાંતરની આરાધનાનું બળ જ કામ કરી ગયું એમ જણાય છે.

આ બાલમુનિ સુંદર ભણે અને કઠોર સંયમની સાધના કરવામાં ઉદ્યમવંત રહે તેવા ઉત્તમ ભાવથી તે વખતમાં કઠોર સંયમના પાલક તપસ્વી અને શાસનસેવારત પૂ. ધર્મસાગરજી મ. પાસે એકાકી મૂક્યા. જેથી સંયમ અને ભાવનામાં વ્યાઘાત ન આવે. અહીં આગળ બાલમુનિને પૂ. બાલમુનિ અભયસાગરજી મ. સા. સાથે ભણવાનો અને બાલ વય પ્રાપ્ય તોફાન મસ્તીનો અનુભવ કરતાં આગળ વધ્યા. ૩ વર્ષ વિતાવ્યાં. ત્યાર બાદ ઉત્તરોત્તર વિકાસ વધતાં અભ્યાસાદિમાં સુંદર પ્રગતિ કરી. તેના ફળસ્વરૂપે સંસ્કૃત ભાષામાં અનેક પરીક્ષાઓ આપી જેના અભ્યાસગ્રંથો પી.એચ.ડી.ના ગ્રંથો કરતાં પણ વધુ હતા અને સાગર સમુદાયના 'રત્ન' તરીકે પ્રસિદ્ધિ પામ્યા અને પૂ. પં. અભયસાગરજી મ. સાથે ઉત્તરોત્તર અનેક ચાતુર્માસ થયાં અને તેમાં અનેક આગમિક વિષયોનું અધ્યયન મળ્યું અને સાથે સાથે ગાઢ મિત્રતા બંધાઈ.

ગચ્છાધિતિ પૂ. આ. માણેકસાગરસૂરિજી પાસેથી પણ અપૂર્વ આગમ–શાસ્ત્રોનું અધ્યયન આદિ સુંદર લાભ મળ્યો. આમાં પણ પૂજ્યશ્રીએ બતાવેલા સાધનાના માર્ગે કરેલી આરાધના આ ફળ આપનારી બની, જેઓશ્રીએ ગુરુદેવને પાલિતાણામાં ઉપાધ્યાયપદ તથા આચાર્ય પદથી અલંકૃત કર્યા.

તેઓ આજે છેલ્લાં ૧૪ વર્ષથી ગચ્છાધિપતિ પદને શોભાવે છે અને વિશાળ સાગર સમુદાયનું સફળ સંચાલન કરે છે.

તેઓશ્રીના સંસારી સંબંધ ધરાવતા ૨૭ પુણ્યાત્માઓ સંયમસાધના કરી રહ્યા છે એ પણ એક આશ્ચર્યકારી ઘટના છે. પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેક પ્રતિષ્ઠાઓ, અંજનશલાકા, ઉપધાન આદિ અનુષ્ઠાનો ઊજવાયાં છે. વંદન હજો એ પુણ્યવંતા પ્રભાવક આચાર્યપ્રવરને! *[સંકલન : ગુણરત્નસાગરજી મ.]*

*સૌજન્ય : શ્રી જયેશભાઈ ગાંધી પરિવાર, ઈસનપુર-અમદાવાદ*

*દક્ષિણ ભારતની સુષુપ્ત અને લુપ્ત ધર્મભાવનાને જાગૃત અને ચેતનવંતી બનાવનાર*

## પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ.

પૂ. આચાર્યશ્રી વિજયયશોભદ્રસૂરિજી મહારાજનું જીવન પણ એક દિવ્ય પ્રેરણાસ્રોત છે. કચ્છના સુથરી ગામમાં ધર્મપ્રેમી ઓસવાલ જ્ઞાતિનાં અનેક ઘર છે. એમાં શામજીભાઈ ઉકેડા નામના સાહસિક, શ્રીમંત અને પરગજુ ગૃહસ્થ વસતા હતા. એમનાં ધર્મપત્નીનું નામ સોનબાઈ હતું. સંવત ૧૯૬૪ના આસો સુદ ૧૩ને શુભ દિને સુલક્ષણા સોનબાઈએ પુત્રરત્નને જન્મ આપ્યો. પ્રથમ સંતાનની પ્રાપ્તિથી કુટુંબમાં આનંદ આનંદ પ્રસરી ગયો. એક સમયે શ્રી કસ્તુરવિજયજી મહારાજના શ્રીમુખેથી નીકળતી અમૃતવાણી શિવજીના હૃદયને ભીંજવી ગઈ! દેશમાં પાછા જવાને બદલે તેઓ તીર્થયાત્રાએ નીકળ્યા. તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી અને શ્રી સમેતશિખરજીની યાત્રા કરી. તેમનું મન ધર્મથી પૂર્ણવાસિત બની ગયું. આવીને ગુરુદેવ પાસે દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા અને સાધના : સં. ૧૯૮૭ના મહા સુદ ૬નો દિવસ શિવભાઈના જીવનમાં સુવર્ણાક્ષરે અંકિત થયો. પૂ. ઉપાધ્યાય શ્રી વિજ્ઞાનવિજયજી મહારાજે કલોલ પાસેના છત્રાલ ગામે ભવતારિણી ભાગવતી દીક્ષા આપી અને તેમને પોતાના શિષ્યરત્ન મુનિરાજ શ્રી કસ્તૂર વિજયજીના શિષ્યશ્રી યશોભદ્ર-વિજયજી નામે ઘોષિત કર્યા.

**શાસનપ્રભાવના :** સંયમજીવનનો સ્વીકાર અને આચાર્યપદની પ્રાપ્તિ—એ સર્વ અત્યંત જવાબદારી અવસ્થાઓ છે. સ્વ-પરના ધર્મદ્યોત સાથે શાસનપ્રભાવનાનાં સતત, સચિન્ત, સન્નિષ્ઠ કાર્યો દ્વારા એ સાર્થક બને છે અને શોભી ઊઠે છે. એ દૃષ્ટિએ પૂજ્યશ્રી સફળ શાસનપ્રભાવક સાધુપુરુષ હતા. દક્ષિણ ભારતમાં અવિરત વિહાર કરતાં કરતાં પણ એમને હાથે અનેક ધર્મગ્રંથોની રચના થઈ, જેમાં સં. ૨૦૧૩થી ૨૦૩૫ સુધીમાં બેંગારપેઠ, મદ્રાસ, બેંગ્લોર, શીમોગા, પાલી, ગદગ, મુંબઈ, સુરત, જેતપુર, અમદાવાદ–નવરંગપુરા, રાજકોટ, પેટલાદ, ખંભાત, બોરસદ, અમદાવાદ, મોડાસા આદિ સત્તર સ્થળોએ અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો ઊજવાયાં. પૂના, બેંગલોર–ચિકપેટ, મદ્રાસ, હુબલી, મુંબઈ, અમદાવાદ, જામનગર આદિ સ્થળોએ ઉપધાન તપ થયાં. પૂજ્યશ્રીના ઉપદેશથી મદ્રાસ, નાલાસોપારા, મોડાસા, ખેરાળુ, દેવા, વિજયનગર, કૃષ્ણનગર, મરોલી બજાર, સાઠંબા આદિ સ્થળોએ ઉપાશ્રયોનું નિર્માણ થયું. તેઓશ્રી મહામંત્રના ત્રીજા પદમાં બિરાજમાન થયા ત્યાં સુધીમાં તો જીવનની ક્ષણેક્ષણ શાસનપ્રભાવનામાં વાપરી હોય તેમ પુરવાર થતું હતું અને જેમ સૂર્યોદયથી પુષ્પપાંખડીઓ પ્રફુલ્લિત થાય તેમ, પૂજ્યશ્રીના દર્શનથી ભાવિકો પ્રભાવિત અને ધન્ય ધન્ય બની ગયાંના પ્રસંગો બન્યા. પરિણામસ્વરૂપે, તેઓશ્રીના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરીને જીવનને કૃતાર્થ કરનારા મહાત્માઓની સંખ્યા પણ નાનીસૂની ન હતી. તેઓશ્રીનો શિષ્ય–પ્રશિષ્ય–પરિવાર પણ સૂર્યમંડળની જેમ શાસનાકાશમાં ઝળહળી રહ્યો છે.

*શાસનહિતવત્સલ, અનેક ધર્મગ્રંથોના*
*સંશોધક–સંપાદક–લેખક*

## પૂ. આ.શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.

શ્રી શત્રુંજય મહાગિરિ આદિ અનેક તીર્થોથી પવિત્ર બનેલી સૌરાષ્ટ્રની ધરતી ઉપર કદંબગિરિ–તાલધ્વજગિરિની નિશ્રામાં આવેલા ઠળિયા (સ્થલિકા) નામના પાંચેક હજારની વસતી ધરાવતા ગામમાં શાહ કુટુંબમાં પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૮૩ના ફાગણ વદ ૧–ને શુભ દિવસે થયો. પિતાશ્રીનું નામ હઠીચંદ અને માતુશ્રીનું નામ અનોપબહેન હતું. પુત્રનું નામ પરમાણંદ પાડવામાં આવેલું, જે પરમ આનંદના આરાધક બનીને સાર્થક કર્યું. થોડા સમય પછી, ચરિત્રનાયકના પિતાશ્રી હઠીચંદભાઈએ સકલ સંઘના ઉલ્લાસ સાથે, નૂતન શિખરબંધ જિનાલય બંધાવવા માટે ખાતમુહૂર્ત કરીને સં. ૧૯૮૭ના કારતક વદ ૩–ના શુભ દિને મુંબઈમાં ધામધૂમપૂર્વક પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ (તે સમયે મુનિ શ્રી ચંદ્રસાગરજી મહારાજ)ના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને મુનિશ્રી હંસસાગરજી તરીકે ઘોષિત થયા. આ વખતે ચરિત્ર-નાયકશ્રીની ઉંમર માત્ર સાડાત્રણ વર્ષની હતી. પૂજ્ય મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજ આદિ ઠાણા ચાર વર્ષ બાદ પાલિતાણા શ્રી શત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા કરવા માટે પધાર્યા. પોતાના સંસારી પરિવારને પણ દાદાની છત્રછાયામાં લાભ લેવા માટે ઉપદેશ આપી પાલિતાણા બોલાવ્યા. પાલિતાણા આવી ત્રણેય ભાગ્યશાળીઓએ લાભ લેવા પોતાનું રસોડું ખોલી યથાશક્તિ લાભ લીધો. સુપાત્રદાનના પ્રભાવે ત્રણેય મહાભાગને પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ભાવના થતાં પોતાના સ્વજનોને જાણ કરી. સ્વજનોએ દુઃખાતા દિલે સંયમની અનુમતિ આપી. ઠળિયા શ્રીસંઘે પણ પોતાને આંગણે જ ધામધૂમપૂર્વક ત્રણે મુમુક્ષુઓને દીક્ષા આપવાનો નિર્ણય કરીને પાલિતાણા બિરાજતા પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજને વિનંતી કરતાં, તેનો સ્વીકાર કરીને, પૂજ્યશ્રી ઠળિયા પધાર્યા. ઠળિયા શ્રીસંઘે ધામધૂમથી પ્રવેશ કરાવ્યો. દીક્ષાર્થીઓને બેન્ડવાજાં આદિની ધામધૂમ વચ્ચે, નવકારશી જમણ આદિ મહોત્સવપૂર્વક સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૩ ને દિને પ્રવ્રજ્યા પ્રદાન કરીને પરમાનંદને મુનિશ્રી નરેન્દ્રસાગરજી તરીકે પોતાના શિષ્ય બનાવ્યા. પૂ. સાધ્વીશ્રી તારાશ્રીજી મહારાજનાં શિષ્ય શ્રી અનોપબહેનનું નામ સાધ્વીશ્રી અંજનાશ્રીજી રાખીને, તેમનાં શિષ્યા વિમળાબહેનનું નામ સાધ્વીશ્રી વિદ્યાશ્રીજી રાખીને જાહેર કર્યા. બાલમુનિશ્રી નરેન્દ્રસાગરજીમાં પૂર્વના પ્રબળ પુણ્યોદયે એક દિવસમાં ૫૦ગાથા કરવાની બુદ્ધિ હતી. પ્રથમ ચાતુર્માસમાં જ પંચપ્રતિક્રમણ–પગામસજ્ઝાય–પક્ખીસૂત્ર–ચાર પ્રકરણ–દશવૈકાલિકનાં ચાર અધ્યયન મુખપાઠ થઈ ગયાં. જેમ જેમ ઉંમર વધતી ગઈ, તેમ તેમ સંસ્કૃત, પ્રાકૃત, 'સિદ્ધહેમ-શબ્દાનુશાસન' આદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો. આગમગ્રંથો અને જ્યોતિષગ્રંથોનો પણ ઊંડો અભ્યાસ કર્યો. ગુરુનિશ્રામાં અવિરામ અધ્યયન કરીને પ્રખર શાસ્ત્રવેત્તા બન્યા. તેઓશ્રીને ગુરુકૃપાથી ૬ શિષ્યોની પ્રાપ્તિ થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૨૦૨૨માં ચોટીલા શ્રીસંઘની વિનંતીથી પૂ. ઉપાધ્યાયશ્રી દર્શનસાગરજી મહારાજ તથા પૂ. ગુરુવર્યશ્રી હંસસાગરજી મહારાજ આદિ ઠાણા ૮નું ચાતુર્માસ થયું. ત્યાં મુનિરાજ શ્રી નરેન્દ્રસાગરજી મહારાજને આસો વદ ૬ ને દિવસે મહામહોત્સવપૂર્વક ગણિ પદ અર્પણ કર્યું. ત્યાર બાદ સં. ૨૦૨૮માં તળાજા સંઘની વિનંતીથી ચાતુર્માસ ત્યાં થયું, ત્યાં સં. ૨૦૨૯ના મહા સુદ ૩ ને દિવસે પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. સં. ૨૦૨૯ના ચૈત્ર સુદ ૧૩ ને દિવસે પૂ. ગુરુદેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મહારાજ ઠળિયા મુકામે સ્વર્ગવાસી થતાં સમુદાયની ક્ષેત્રો સાચવવાની–શાસનરક્ષાની જવાબદારી પંન્યાસ શ્રી નરેન્દ્રસાગરજી મહારાજ પર આવી પડી. પૂજ્યશ્રીએ સં. ૨૦૩૨ તથા સં. ૨૦૪૨ની સંવત્સરી પ્રસંગે પત્રિકા આદિ સાહિત્ય બહાર પાડીને શાસનપક્ષને દેવસુર સમાચારીમાં સ્થિર કરવાપૂર્વક અપૂર્વ સેવા બજાવી. ત્યાર બાદ સમુદાયની શિસ્તને અનુવર્તીને, પૂજ્યશ્રીની અનિચ્છા હોવા છતાં, વડીલોની આજ્ઞાને શિરોમાન્ય ગણીને, સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ ના શુભ દિને પાલિતાણા–આગમમંદિરના વિશાળ પટાંગણમાં પૂ. આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું અને ઉપાધ્યાય પદને યથાર્થ શોભાવ્યું જોઈને સં. ૨૦૪૪ના ફાગણ વદ ૩ ને શુભ દિને સ્વ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર સાગરસમુદાયના વડીલ આચાર્યદેવ શ્રી દર્શન-સાગરસૂરીશ્વરજી મહારાજની પવિત્ર નિશ્રામાં પૂ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી ચિદાનંદસાગરજી મહારાજના વરદ હસ્તે અમદાવાદ–વીતરાગ સોસાયટીમાં અનેક ગામોમાંથી પધારેલા શ્રીસંઘોના પરમ ઉલ્લાસ વચ્ચે આચાર્ય પદ અર્પણ કરવામાં આવ્યું અને પૂજ્યશ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી તરીકે ઉદ્‌ઘોષિત થયા.

પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજે આજ સુધીમાં લગભગ સવાસો ગ્રંથો પ્રગટ કર્યા છે, જેમાંના મોટા ભાગના તેઓશ્રીએ સંપાદિત કર્યા છે, રચ્યા છે અને પ્રસિદ્ધ કર્યા છે. આ વિશાળ ગ્રંથરાશિ શાસનપ્રેમી ભાવિકોમાં અત્યંત પ્રશંસા પામી છે અને પૂજ્યશ્રીની આ અમૂલ્ય સાહિત્યસેવાથી અનુપમ શાસનપ્રભાવના થઈ છે. તેઓશ્રી રાજનગર–અમદાવાદમાં સં. ૨૦૪૪માં વૈશાખ માસમાં યોજાયેલા શ્રમણસંમેલનમાં સાગરસમુદાયના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને સંમેલનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એવા એ શાસનપ્રભાવક પૂજ્ય આચાર્યદેવને કોટિશઃ વંદન!

*સૌજન્ય :* પૂ.આ.શ્રી હર્ષસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી
આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ, પૂના.

*જિનાગમસેવી અવિરત આગમ ઉપાસક*

## પૂ. આ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.



પૂજ્યશ્રીનો જન્મ ઉત્તર ગુજરાતમાં મહેસાણા નજીક આવેલા જેતપુર નામના નાનકડા ગામડામાં થયો હતો. તેઓ જન્મે પટેલ જ્ઞાતિના હતા. પિતા ગણદાસ અને માતા દિવાળીબહેનના આ લાડકવાયા પુત્રનું નામ શંકર હતું. આ બાળક ભવિષ્યમાં જિનશાસનનું તૃતીય પદ પામી આટલો મહાન બનશે તે કલ્પનાતીત હતું, પરંતુ માણસનું પૂર્વ જન્મનું પુણ્ય એને જીવમાંથી શિવ બનવા તરફ પ્રેરે છે, તે શંકરના જીવનથી ફલિત થાય છે. વતનમાં બાળપણ વિતાવીને શંકર રાજનગર–અમદાવાદ આવીને રહ્યો. તે એક માતાપિતા જેવું વાત્સલ્ય દાખવનાર શ્રાવકદંપતી સાથે રહેતો હતો. ત્યાં દિન–પ્રતિદિન સાધુ–સાધ્વીજીઓનો સમાગમ, જિનાલયમાં દેવદર્શન, લોકોત્તર પર્વ–પ્રસંગો, તપ–જપ–આરાધના આદિમાં જોડાવાના પ્રસંગો તેમના જીવનમાં બનતા રહ્યા અને તેના પરિણામે શંકરના ધાર્મિક સંસ્કારોનું સંવર્ધન થતું રહ્યું. ધન કમાવાના ધ્યેયથી ગામ છોડીને અમદાવાદ આવી વસેલા શંકરે એક દિવસ ધર્મધન કમાવા માટે સંસાર છોડવાનો નિર્ણય કર્યો.

સં. ૧૯૫૫માં પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્ય માલવદેશોદ્ધારક આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ (તે વખતે મુનિશ્રી ચંદ્રસાગરજી મહારાજ)ના પટ્ટધર ગચ્છાધિપતિ આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજનું ચોમાસું અમદાવાદ, શાહપુર, મંગળ પારેખના ખાંચે હતું, ત્યાં થતી દરેક આરાધનામાં જોડાતાં શંકરનું મન પ્રાંતે વૈરાગ્યવાસિત બન્યું અને ૧૯૯૬ના કારતક વદમાં સંયમ ગ્રહણ કર્યું, પરંતુ કેમ જાણે, સંયમ પૂરો પાક્યો ન હોય તેમ, મોહપાશમાં પડેલાં કુટુંબીજનો આવી ચડ્યાં અને સંયમી નૂતન મુનિને પરાણે જેતપુર લઈ જઈ ફરી સંસારી બનાવી દીધા. નજરકેદમાં રહેતા આ પુણ્યાત્મા કાચી માટીના ન હતા. પુનઃ સંયમ પ્રાપ્ત કરવા મક્કમ અને અડગ રહ્યા. એક દિવસ લાગ શોધી જેતપુરથી નાસી છૂટ્યા. એકશ્વાસે મહેસાણા દોડી, ત્યાંથી ગાડી પકડી અમદાવાદ આવ્યા. પૂજ્યપાદ ગુરુદેવશ્રીનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણોમાં પુનઃ જીવન સમર્પિત કર્યું. દીક્ષા ગ્રહણ કરી મુનિશ્રી દોલતસાગરજી બન્યા. કુટુંબીજનો તરફથી પુનઃ વિટંબણા ન થાય તે કારણે તેમના સંસર્ગથી દૂર રહ્યા. ગુરુનિશ્રામાં સંયમસાધનાના માર્ગે આગળ વધી થોડા જ સમયમાં પૂ. શ્રી કમલસાગરજી મહારાજના વરદ હસ્તે વડી દીક્ષા ગ્રહણ કરી. સંયમની મસ્તીમાં મસ્ત બનેલા આ સાધકે જ્ઞાન, ધ્યાન, વિનય, વૈયાવચ્ચને પોતાના જીવનનો મંત્ર બનાવ્યો. જ્ઞાનધ્યાન અને આરાધનાના નિતનવા ગુણો વિકસાવતા ગયા. પોતાની આગવી બુદ્ધિપ્રતિભાએ સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, કાવ્ય આદિ ક્ષેત્રોમાં ખૂબ જ વિકાસ સાધ્યો. કર્મસાહિત્યના વિષયમાં તો અપૂર્વ વિદ્વત્તા પ્રાપ્ત કરી. સં. ૨૦૨૨માં ગણિપદ પ્રાપ્ત કરી શાસનપ્રભાવનાનાં કાર્યોમાં લીન બન્યા. પૂજ્યપાદ સાગરજી મહારાજે પણ જિનશાસનના અણમોલ ખજાનાનું સુવ્યવસ્થિત સંયોજન કર્યું, તેના સંરક્ષણ માટે આગમ મંદિર જેવા બેનમૂન શિલ્પની જિનશાસનને ભેટ ધરવામાં આવી. ૪૫ આગમોને મુદ્રિત કરી 'આગમરત્નમંજૂષા' રૂપે પ્રકાશિત કરી તથા અન્ય અનેક ધર્મગ્રંથોનું પ્રકાશન કરવાનું ભગીરથ કાર્ય કર્યું "અને હું?" બસ, આ પ્રશ્ન પૂછી પૂજ્યશ્રીએ પૂ. ગુરુદેવશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સમક્ષ પોતાની ભાવના જણાવી કે "પોતાના નામ પ્રમાણે જિનશાસનની દોલતને સંરક્ષવા અને સંવર્ધવા જ જીવન સમર્પિત કરીશ." પૂ. ગુરુદેવશ્રી અત્યંત પ્રસન્ન થયા અને આશીર્વાદ આપી પ્રોત્સાહિત કર્યા. સં. ૨૦૨૮માં સુરત-સ્થિત પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજની અનુમતિ અને આશીર્વાદથી પૂજ્યશ્રીએ શ્રુતભક્તિ કરવા કાજે જિનાગમની સેવના કરવાનો ભેખ લીધો. આજપર્યંત નવાં ૬ આગમમંદિર માટે ૪૫ મૂળ આગમોની બે નકલ પોતાની નિશ્રામાં તૈયાર કરાવી. 'આગમરત્નમંજૂષા' નું પુનર્મુદ્રણ કરાવી, એકાગ્રતાપૂર્વક શ્રુતભક્તિ કરતાં કરતાં 'જિનાગમસેવી' નું હુલામણું નામ પ્રાપ્ત કર્યું!

સં. ૨૦૪૩માં પૂ. ગુરુદેવશ્રીની ઇચ્છા આચાર્ય પદ અર્પણ કરવાની થઈ. પૂજ્યશ્રીની અનિચ્છા છતાં, પૂ. ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય કરી, અમદાવાદ-નારણપુરામાં વૈશાખ સુદ ૬-ને દિવસે પ્રથમ ઉપાધ્યાય પદે સ્થાપ્યા. ત્યાર પછી પૂ. ગુરુદેવની કૃપાદૃષ્ટિનો પૂજ્યશ્રીને બહુ અલ્પ સમય લાભ મળ્યો. સં. ૨૦૪૩ના અષાઢ સુદ ૬-ના દિવસે અમદાવાદ-આંબાવાડી મુકામે પૂજ્ય ગુરુદેવશ્રીનો સ્વર્ગવાસ થતાં અસહ્ય આઘાત થયો. ૨૦૪૪ના ફાગણ વદ ૩-ના દિવસે ગુરુમંદિરની પ્રતિષ્ઠાવિધિ બાદ, પૂ. આ. શ્રી રામસૂરીશ્વરજી મહારાજ ડહેલાવાળા, પૂ. આ. શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજ તત્કાલીન પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ ચિદાનંદસાગરસૂરીશ્વરજી મહારાજા આદિની શુભ નિશ્રામાં અને શ્રમણશ્રમણીવૃંદની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે શ્રી પરમ આનંદ શ્વે. મૂ. જૈન સંઘ-પાલડી (અમદાવાદ)ના આંગણે મહામહોત્સવપૂર્વક પૂજ્યશ્રીને આચાર્યપદવીથી અલંકૃત કરવામા આવ્યા. આજે આયુષ્યના આઠમા દશકમાં પ્રવેશતા પૂજ્યશ્રી અવિરામ પુરુષાર્થથી આગમકાર્યોમાં જ પ્રવૃત્ત રહે છે. કોઈ એમના આ શ્રમ વિશે પૂછે તો હસતા મુખે ઉત્તર આપતા હોય છે કે, "આગમની સેવા તો મારે મન એક કલ્પવૃક્ષ છે. સતત એમાં વ્યસ્ત રહેવાને કારણે આંતર-મન અવર્ણનીય આનંદની અનુભૂતિ કરે છે!"

પૂજ્યશ્રીની પ્રેરણાથી પ્રભુશાસનમાં બીજી આગમવાચનાની ઐતિહાસિક નગરી ઉજ્જૈયણીનગરીમાં જ્યાં શ્રીપાલ મહારાજા, શ્રી મયણાસુંદરીએ શાશ્વતા નવપદજીની આરાધના કરી હતી તે પ્રાચીન સ્થળનો જીર્ણોદ્ધાર કરાવનાર પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મહારાજા દ્વારા સંસ્થાપિત શ્રી સિદ્ધચક્રારાધનતીર્થે તામ્રપત્ર સટીક આગમમંદિરની રચના થઈ.

પોતાના જન્મસ્થાન જેતપુર (મહેસાણા) મુકામે ૩-ચાતુર્માસ કરી ગ્રામવાસીઓને સેંકડોની સંખ્યામાં જૈન બનાવ્યા. તેઓની સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવંતનું ભવ્ય શિખરબદ્ધ જિનાલય બનાવરાવ્યું અને અષ્ટાહ્નિકા મહોત્સવ પૂર્વક અંજનશલાકા-પ્રતિષ્ઠાનો શાનદાર પ્રસંગ ઉજવાયો.

પરમાત્મા મહાવીરદેવના સમયે વિદ્યુન્માલી દેવ દ્વારા ગૃહસ્થજીવનમાં કાર્યોત્સર્ગમુદ્રામાં ધ્યાનારૂઢ રહેલા પ્રભુની પ્રતિમાજી બનાવી હતી જેની ઉદય રાજર્ષિ દ્વારા નિત્ય પૂજા થતી હતી. કાળક્રમે તે પ્રતિમાજી ઉપલબ્ધ ન રહી તેના જેવા જ મહાવીરની સપ્રમાણ કાયાયુક્ત પંચધાતુમય બે પ્રતિમાજી નિર્માણ કરાવ્યા. પ્રથમ પ્રતિમાજી પાલિતાણા જંબૂદ્વીપ મધ્યે મૂળ જિનાલયની ભમતીની પાછળ નૂતન શિખરબદ્ધ જિનાલયમાં સ્થાપન કરાવ્યા. તેમજ બીજી પ્રતિમાજી પૂના-કાત્રજ શ્રી વર્ધમાન જૈન આગમતીર્થે સ્થાપિત કર્યા.

ભારતવર્ષમાં છઠ્ઠા નંબરે અને મહારાષ્ટ્રમાં સર્વ પ્રથમ નિર્માણ પામી રહેલા શ્રી વર્ધમાન જૈન આગમતીર્થ-પૂનાના આગમમંદિરને પૂજ્યશ્રીનું માર્ગદર્શન સાંપડી રહ્યું છે. જિનાગમના સંરક્ષણ અને સંવર્ધન કરતાં આ સૂરિવર આ તીર્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકાસ પાછળ કંઈક સોનેરી સ્વપ્નાં અવગાહી રહ્યા છે! તેઓશ્રીની આ મનોભાવના જિનશાસનમાં ઉત્તરોત્તર આગળ વધી સાકાર બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. ધન્ય છે એ સૂરિવરને! ધન્ય છે પૂજ્યશ્રીની આગમસેવાને!

*સૌજન્ય : પૂ.આ.શ્રી નંદીવર્ધનસાગરસૂરિ મ.સા. તથા પૂ. આ.શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણાથી આગમોદ્ધારક દેવર્દ્ધિ જૈન આગમમંદિર ટ્રસ્ટ, પૂના.*

*હાલારના ઈતિહાસમાં પ્રથમ જૈનાચાર્ય બન્યા*

## પૂ. આચાર્યશ્રી કુંદકુંદસૂરિજી મ.સા.

ગુજરાતમાં જામનગર જિલ્લાના હાલારના પ્રાન્તમાં સિંહણ નદીના કાંઠે અનેરી જાહોજલાલીથી ભરપૂર એવા મોટા માંઢા ગામની પુનીત ધરાને પવિત્ર કરતા, અનેકોને આનંદ આપતા શા. પૂંજાભાઈ નોંઘા ખીમસિયાને ઘેર માતા માકાબહેનની કુક્ષિએ સર્વ દિશાઓને પ્રકાશિત કરતા એવા બાલરત્નનો જન્મ વિ. સં. ૧૯૭૩ના ફાગણ સુદ ૧૧ને દિવસે થયો. અનેરા લાલન-પાલનપૂર્વક વૃદ્ધિને પામતા માતાપિતાના વાત્સલ્યનું પાન કરતા, ધર્મની સુષુપ્ત ભાવનાને પ્રગટ કરતા કુમાર કેશવજીભાઈ-કેશુના હુલામણા નામથી સર્વને પ્યારા થઈ ગયા.

કિશોર અવસ્થામાં પણ હોંશિયાર વિદ્યાર્થી તરીકે સ્થાન પામ્યા. બુદ્ધિની સ્વયં પ્રતિભાથી તેમ જ તે અરસાની આઝાદીની લડતથી પ્રેરાઈને ચુસ્ત ગાંધીવાદી તરીકેનું જીવન જીવવા લાગ્યા યુવાવસ્થામાં પહોંચેલા આ નાનકડા યુવાને થોડાં વર્ષોમાં અભ્યાસ-દેશસેવા તથા વ્યાપારાદિમાં સારી સફળતા પ્રાપ્ત કરી, અને 'પુત્રનાં લક્ષણ પારણામાં' એ યુક્તિને સાર્થક કરતા લોકપ્રિયતા મેળવતા આગળ વધવા લાગ્યા. તેમાં પોતાના વડીલ બંધુ માણેકભાઈ (મુનિ શ્રી મહાસેન વિજયજી મ.સા.) ના સંપૂર્ણ સહકારથી પોતાની બૌદ્ધિક પ્રતિભાને વધાવવા લાગ્યા.

દીક્ષા માટે વડીલોની રજા સહેલાઈથી મળી જાય તે માટે છ વિગઈનો સર્વથા ત્યાગ કરી ફક્ત 'છાશ અને રોટલા' નો આહાર લેવા લાગ્યા. તેથી વડીલોને એમના ત્યાગની ઝાંખી થઈ અને તેમના સ્નેહ અને મોહ ઓગળી ગયા અને ઉપકારક એવા સાધુપણાને વરવા કેશવજીભાઈને સંમતિ આપી.

એમના ગુરુ મહારાજે-પૂજ્ય ઉપકારી કર્મસાહિત્ય નિષ્ણાંત, સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમ સૂરીશ્વરજી મહારાજા પાસે મોકલીને શુભ મુહૂર્ત કઢાવ્યું. મુહૂર્ત લઈને હાલારમાં આવ્યા. હાલારનાં બાવન ગામોમાં તથા જામનગરમાં દિગ્વિજય પ્લોટમાં વસતા સ્વજ્ઞાતીય ભાઈઓને સામાયિકનાં ઉપકરણોની લહાણી કરી અને પોતાના વડીલો સાથે કચ્છના તીર્થોની યાત્રા કરી.

મુહૂર્તના દિવસે સહકુટુંબ મહારાષ્ટ્રમાં નાસિક પાસે વણી ગામમાં બિરાજતા પૂ. પંન્યાસજી ભગવંતની નિશ્રામાં પહોંચી ગયા. અનેરા ઉલ્લાસપૂર્વક 'મુનિ કુંદકુંદવિજયજી' તરીકે દીક્ષિત થયા. દીક્ષિત થયેલ કેશુભાઈ, હાલારમાંથી તપગચ્છમાં પ્રાયઃ પ્રથમ હતા. મુનિ શ્રી કુંદકુંદવિજયજી પોતાના ઉપકારી પૂ. ગુરુદેવ આદિ વડીલોની વૈયાવચ્ચ-સેવા, અભ્યાસ, તપ-જપ માં મગ્ન બન્યા. થોડા જ વર્ષોમાં પૂજ્ય ગુરુદેવની કૃપાદૃષ્ટિથી શાસ્ત્રોના ગહન અધ્યયનમાં સારી રીતે આગળ વધી રસાસ્વાદને માણવા લાગ્યા.

એમાં વળી સં. ૨૦૧૩માં માણેકભાઈનાં ધર્મપત્ની સમાધિપૂર્વક અવસાન પામ્યાં. તેમના આત્મશ્રેય નિમિત્તે મહોત્સવમાં ગુરુદેવની આજ્ઞાથી પૂજ્યશ્રી માંઢા પધાર્યા. ભાઈભાઈનું હેત અહીં સફળ થયું અને એમને વિચાર આવ્યો. વડીલ બંધુ માણેકભાઈની પ્રેરણાથી અને એમના ઉપકારથી હું આ માર્ગને પામ્યો, તો મારી પણ ફરજ છે કે મારે મારા ભાઈને ચારિત્રના આ પરમોત્કૃષ્ટ માર્ગમાં લાવવા જોઈએ. બે દિવસમાં તૈયારી પણ થઈ ગઈ અને વૈશાખ સુદ-૩ ના દીક્ષા આપીને બંધુ બેલડીએ સ્વ-પરોપકારનાં પરમશ્રેય કાર્યમાં પોતાનું જીવન બુઝાવી દીધું.

પ.પૂ. ઉપકારી ગુરુદેવ શ્રી પં. ભદ્રંકર વિ. ગણિવર્યશ્રીની તબિયત હવે અસ્વસ્થ રહેવા લાગી હતી. તેથી મારવાડમાં રહેવાનું યોગ્ય ધારી ત્યાં ગયા. ત્યાં તેઓશ્રીને પંચસૂત્ર, નવસ્મરણ આદિ સમાધિસાધક સૂત્રો સંભળાવવાનું કાર્ય પોતાની ફરજ સમજીને બજાવવા લાગ્યા. ત્યારબાદ પૂ. પંન્યાસજી ભગવંત એમના ઉપકારી પરમ ગુરુદેવ, સંઘહિતચિંતક પં. પૂ. શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી પાટણ પધાર્યા અને પોતાના ગુરુદેવની નિશ્રામાં છેલ્લું ચાતુર્માસ થયું. જ્યારે પૂ. કુંદકુંદ વિ. મ.નું ચાતુર્માસ પૂ. આચાર્ય ભ.ની આજ્ઞાથી પિંડવાડા થયું. ચાતુર્માસ પૂર્ણ થતાં પૂ. ગુરુદેવની સેવામાં પાટણ હાજર થઈ. પૂર્વવત્ આરાધનામાં સહાયક થવા લાગ્યા. ત્યાં પૂ. પંન્યાસજી મ.ની તબિયત વધુ નાજુક બની અને સં. ૨૦૩૬ના વૈશાખ સુદ ૧૪ની રાતે પખ્ખી પ્રતિક્રમણમાં સકળ સંઘની સાથે ક્ષમાપના કર્યા પછી શ્રી નવકારનો જાપ કરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮=૦૩ મિનિટે સમાધિપૂર્વક જર્જરિત દેહનો ત્યાગ કર્યો. તે દિવસ પૂજ્યશ્રી માટે સૌથી વધારે ઉદાસ ભાસિત થયો.

બન્ને ગુરુબંધુ અને સંસારીબંધુની એક જ ખેવના કે– આપણી સકલ ભદ્રિક અને ધર્મમાં અબુધ પ્રજાને ધર્મમાર્ગમાં જોડવી. તે માટે ઘર ઘર નવકાર મંત્રનું રટણ, ગામોગામ પહેલાં ભગવાનની છબીઓ અને પછી જિનાલયોનું નિર્માણ, સામૂહિક અનુષ્ઠાનો દ્વારા ક્રિયાઓનું જ્ઞાન અને શત્રુંજયની યાત્રા કરાવીને ભવ્યત્વની છાપ પડાવવાનું મહાન કાર્ય કર્યું.

પૂજ્ય ગુરુદેવ પૂજ્યપાદ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રા અને આશીર્વાદથી હાલારમાં સર્વપ્રથમ ઉપધાનતપ–છ'રીપાલિતસંઘ–નવપદજીની ઓળી વગેરે અનુષ્ઠાનોથી ધર્મને જાગતો કરી દીધો.

સં. ૨૦૩૮નું અંતિમ ચાતુર્માસ નવરંગપુરામાં કર્યું. પછી ઉપધાન તપ કરાવવા માટે હાલારમાં પધારવાની વિનંતીથી પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાપૂર્વક હાલારમાં પધાર્યા. જામખંભાળિયામાં ઉપધાનતપની શરૂઆત થઈ અને ૧૨ દિવસ પછી અચાનક તબિયતમાં કીડની ડેમેજ થઈ, છતાં ગજબની સમાધિ હતી. ભક્તજનો પૂજ્યશ્રીને આપદ્ધર્મ તરીકે મોટા કોઈ શહેરમાં લઈ જવાની વિચારણા અંદરોઅંદર કરવા લાગ્યા. તે માટે જરૂરી આજ્ઞા મેળવવા દોડાદોડ શરૂ થઈ. શરીરનું યંત્ર ખોટકાતું જતું હોવા છતાં અભ્યંતર રીતે સજાગ અને સભાન પૂજ્યશ્રીને આ હિલચાલનો મર્મ સમજાઈ ગયો. એટલે તેઓશ્રીએ પોતાના હાથે જ પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા ઉપર એક પત્ર લખીને બંધુમુનિ શ્રી મહાસેન વિજયજી મહારાજને તથા એમના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી હેમપ્રભવિજયજી મ. ને આપ્યો.

પત્રમાં લખ્યું હતું કે–"આ બિમારીમાં હું કદાચ બેભાન બની જાઉં, તોય મારા ચારિત્રધર્મને બાધક આવે એવી કોઈ પ્રવૃત્તિ મારા શરીર અંગે ન કરાય અને વડીલોની કૃપાથી નવકારમાં જ ધ્યાન રહો." અને છેલ્લે ભક્તોની હાર થઈ. તેમની ભાવના મુજબ ત્યાં જ નવકારની ધૂન ચાલુ હતી. અનેક ભાવિકોની મેદની વચ્ચે એમના ગુરુદેવ અને શંખેશ્વર દાદાના ધ્યાનમાં ખૂબ સમાધિ, સભાનતાપૂર્વક ૨૦૩૯ ફાગણ સુદ–૪ના સવારના ૧૦=૦૩ મિનિટે પોતાના આત્મા સાથે શરીરનો સંબંધ પૂરો કરીને દેવલોકની વાટે સંચર્યા. આ ધરતી ઉપર એક આચાર્ય મ.ની ખોટ પાડી.

*ગુર્વાજ્ઞાના અજોડ ધારક, બારડોલીના પનોતાપુત્ર, ખમતીધર સાહિત્યસર્જક*

## પૂ. આચાર્ય ભગવંત શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

ગુજરાતના સપૂત સરદાર પટેલને યાદ કરો એટલે બારડોલી યાદ આવે. બારડોલી નજર સમક્ષ ખડું થઈ જાય. બારડોલીનો આખોય નકશો આંખ સમક્ષ રમી રહે. બારડોલીની સડકો અને પહોળા પહોળા માર્ગો આંખ આગળ ઊંચકાય. બારડોલીનાં કતારબંધ મકાનો, વાણિયાવાસની મેડીઓ અને પાટીદારોનાં ટ્રેક્ટરો નજર સમક્ષ રચાઈ જાય. સરદાર પટેલવાળા પેલા બારડોલીના સત્યાગ્રહની પૃષ્ઠભૂમિ તે જ આ નગરી. પણ સમયના વહેણ સાથે સંદર્ભો પણ બદલાતા હોય છે. સરદારવાળું બારડોલી ક્યારે કોઈ દિવ્યાત્માના નામ સાથે પણ સંકળાઈ જાય.

કોને ખબર કે જિનશાસનને ઉજાળનાર જિનધર્મની ઉજ્જ્વળ પરંપરામાં ઉજમાળી યશકલગીઓ ઉમેરનાર અને સંયમજીવન દ્વારા પ્રશાંતપણે આગળ વધી, પોતાના તપોભૂત જીવનમાં પોતાની દિવ્ય કલમ દ્વારા ઉત્તમ સાહિત્યિક કૃતિઓ જગતનાં ચરણે ધરનાર એક દિવ્યાત્મા રૂપી છોડ આ જ ભૂમિમાંથી પાંગરશે? કોને ખબર? કોણ જાણી શકે?

સંવત ૧૯૮૪ની સાલ હતી. ભાદરવા સુદ એકમનો શુભ દિન હતો. ધર્મપ્રેમી શ્રાવક નગીનદાસભાઈ શાહનું ઘર હતું. ત્યારે એ શુભ ઘડીએ એમનાં ધર્મપત્ની કમળાબહેનની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો. નામ પાડ્યું મનહર. બસ, આ બાળક મનહર એ જ પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત પૂ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરિ મહારાજ.

તેમણે બારડોલીમાં જ પ્રાથમિક શિક્ષણ ગ્રહણ કર્યું. બચપનથી જ એમની ગ્રહણશક્તિ ખૂબ તેજ. બાળક મનહરને બાળપણથી જ ધર્મ અને તપ પ્રત્યે અભિરુચિ. પિતા નગીનદાસભાઈ અને માતા કમળાબહેને સિંચેલા ધાર્મિક સંસ્કાર અને બાળક સ્વયંના અંતરમાં પ્રગટેલો ધર્મનો દીવો અને આ બધાના સરવાળા રૂપે બાળકનું ઘડતર થયું.

૨૧ વર્ષની ઉંમરે સં. ૨૦૦૫ના કારતક વદ દસમના શુભ દિવસે મુંબઈ ખાતે એમણે દીક્ષા અંગીકાર કરી ને તેઓ વીતરાગની વાટે ચાલી નીકળ્યા. જીવનનો સાચો રાહ એમને લાધી ગયો. જીવન ધન્યતા અનુભવી રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત એમ બની કે મેટ્રિક થયેલા યુવક મનહરને છાત્રાલયમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજ વિરચિત 'યોગદીપક' નામનો ગ્રંથ વાંચવા મળ્યો ને દૃષ્ટિ બદલાઈ ગઈ યુવાનની. મનમાં દીક્ષાની તીવ્ર તાલાવેલી જાગી ને તે યુવાન મનહર પૂ. શ્રી સુબોધસાગર મહારાજનો શિષ્ય બન્યો. આ નૂતન મુનિરાજને નામ અપાયું મુનિ મનોહરકીર્તિ સાગરજી. મુનિ મનોહરકીર્તિ સાગરજીએ જ્ઞાનસાધનાનો આરંભ કર્યો. અને તપોમાર્ગી, સંયમમાર્ગી અને આત્મમાર્ગી મુનિ શ્રી મનોહરકીર્તિ સાગરજીની જ્ઞાનયાત્રા અતિ વેગવંતી બની. તેઓ સ્વાધ્યાયમગ્ન બની ગયા. અલ્પકાળમાં જૈનદર્શનનું સમગ્ર જ્ઞાન મેળવી લીધું. સંસ્કૃત અને પ્રાકૃતનો ઊંડો અભ્યાસ કર્યો. એમના હૃદયની ભીતરમાં એક સત્ત્વશાળી સર્જક લપાઈને બેઠો હતો. બસ, આ સર્જકને હાથમાં કલમ પકડવાની જવાર હતી.

કોને ખબર, એમના હાથે શરૂ થનારી સર્જનયાત્રા ક્યા ક્યા માર્ગે વિચરણ કરશે? કેવાં ઊર્ધ્વ શિખરો સર કરશે? જૈન ધર્મ તો મહાસાગર સમો છે. એનું ઊંડાણ તમને હાથ ન લાગે. અંદર પડ્યાં છે મબલખ મોતી, પણ એ માટે મરજીવા બનવું પડે. ડૂબકી લગાવવી પડે. જીવની પણ પરવા કર્યા વગર ઊંડાણમાં જે ઊતરે, તે ભરે મોતીથી મુઠ્ઠી! કિનારે ઊભા રહીને તમાશો જોનારા પસ્તાય. અંદર પડેલ જીવાત્મા મોતીઓથી મુઠ્ઠી ભરીને બહાર આવે.

પણ જ્ઞાન સાગરનાં મોતી મુઠ્ઠીમાં પકડવાનું કાર્ય અઘરું છે, કારણ કે એમાં ડૂબવાનું છે, અગાધ ઊંડાણમાં સરકવાનું છે; જીવસટોસટનો ખેલ ખેલવાનો છે, મોહ માયાનો પરિત્યાગ કરવો પડે.

મુનિમાંથી આગળ વધતાં વધતાં આજના પ્રશાંતમૂર્તિ આચાર્ય ભગવંત બનેલા પૂ. શ્રી મનોહરકીર્તિ સાગરસૂરીશ્વરજી મહારાજ તો ખમતીધર સર્જક છે. શબ્દોનાં મોતી પકડનારા છે. અંતરમાં પડેલી ઉત્તમોત્તમ કથાઓને કંડારનારા છે. સરળ ભાષા ને સહજપણે સરી પડતા શબ્દો. લખાણમાં ઊંચાઈ પણ એટલી જ અને ઊંડાણ પણ એટલું જ, છતાં વાંચનારને લખાણનો ભાર ન લાગે. ઝરણું વહે એમ કથા વહ્યે જાય. જ્ઞાનદૃષ્ટિ ખૂલતી જાય. મન પ્રફુલ્લિત બનતું જાય. સરળતા છતાં શ્રેષ્ઠતા. ચોટદાર સંવાદો અને હૃદયને સ્પર્શી જતો શબ્દપ્રવાહ.

તેઓશ્રી ઉત્કટ ચારિત્રનાં આરાધના અને જ્ઞાનસાધના કરતાં કરતાં સં. ૨૦૨૬ના મહા વદ પાંચમના શુભ દિને જૂના ડીસા નગરમાં ગણિ–પંન્યાસ પદ પામ્યા ને અનેકવિધ રીતે શાસનપ્રભાવના કરતાં કરતાં પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજાએ તેમની સવિશેષ યોગ્યતા જાણી અમદાવાદમાં સાબરમતી ખાતે સં. ૨૦૩૧ના મહાસુદ પાંચમે તેમને આચાર્યપદથી અલંકૃત કર્યા.

પૂજ્યશ્રીનું સંપૂર્ણ જીવન ગુર્વાજ્ઞામય છે. ગુરુજીને સંપૂર્ણપણે સમર્પિત થયેલું છે. ગુરુનો શબ્દ એ એમનો શબ્દ છે. જ્યારે જુઓ ત્યારે.

પૂજ્યશ્રીના શિષ્ય–પ્રશિષ્ય પરિવારમાં પૂ. પંન્યાસશ્રી સુદર્શનકીર્તિસાગરજી મહારાજ, મુનિશ્રી અનંતકીર્તિસાગરજી મહારાજ, મુનિવર્યશ્રી શાંતિસાગરજી મહારાજ, વ્યાખ્યાન વાચસ્પતિ પંન્યાસ પ્રવર પૂ. શ્રી ઉદયકીર્તિસાગરજી મહારાજ, મુનિ શ્રી વિશ્વોદયકીર્તિસાગરજી મહારાજ તથા મુનિ શ્રી વિદ્યોદય કીર્તિસાગરજી મહારાજ શોભાયમાન છે.

પૂ. આચાર્ય ભગવંત શ્રી મનોહર કીર્તીસાગરસૂરીશ્વરજી મહારાજની સર્જનયાત્રા વણથંભી આગળ વધતી રહી છે. આજ દિન સુધીમાં અંદાજે ૬૦ કરતાં પણ વધારે ગ્રંથોનું આલેખન એમની યશસ્વી કલમ દ્વારા સંપન્ન થયું છે. એમની પ્રવાહી અને પ્રાસાદિક શૈલીને કારણે એમનાં ગ્રંથોનું વાચન કરનારો વર્ગ ખૂબ વિશાળ છે.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય દ્વારા સંસ્કૃત ભાષામાં રચાયેલ ચોવીસ તીર્થંકર પરમાત્માઓનાં જીવનચરિત્રો સરળ અને પ્રાસાદિક ગુજરાતી ભાષામાં ઉતારવાનો સંકલ્પ પૂજ્યશ્રીએ કર્યો હતો. એમની નેમ હતી કે આ તીર્થંકર ચરિત્રોનાં અલગ અલગ પુસ્તકો બને. માત્ર સંકલ્પ કરવાથી કામ બનતું નથી, પણ પૂજ્યશ્રીનો સંકલ્પ ગજવેલ જેવો હતો. એમણે આ મહાકાય કાર્ય તરત જ આરંભી દીધું ને તૈયાર થઈ ગયાં ચોવીસ તીર્થંકર પરમાત્માઓનાં ચોવીસ પુસ્તકો વત્તા 'જૈન રામાયણ' અને 'જૈન મહાભારત' એમ કુલ છવ્વીસ પુસ્તકો પ્રગટ કર્યાં.

એમણે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. શબ્દ સાથેનો સથવારો એમણે ક્યારેય છોડ્યો નથી. એમણે વૈવિધ્યસભર દિશાઓમાં સાહિત્યસર્જન કર્યું છે.

જે સૂર એમનાં પુસ્તકોમાં પ્રગટ થાય છે, એ જ સૂર એમની વાણીમાં પ્રગટ થાય છે. વાણી જ છેવટે તો સર્જનનું દર્પણ છે. દર્પણમાં જે પ્રતિબિંબ પડશે તે વાણી–વર્તનની તસ્વીર જેવું જ રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોવીસ તીર્થંકર પરમાત્માઓના ચોવીસ પુસ્તકો ઉપરાંત 'જૈન મહાભારત' અને 'જૈન રામાયણ' એમ એમણે તત્સમયે છવ્વીસ પુસ્તકો સરળ પ્રાસાદિક શૈલીમાં ગુજરાતીમાં પ્રસિદ્ધ કર્યા છે. પૂજ્યશ્રીનું આ કાર્ય જૈનજગતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થશે અને એ ઉપરાંત પણ સંખ્યાબંધ ગ્રંથો એમની કલમપ્રસાદીરૂપ પ્રગટ થયા છે. તપ, સાધના, ઉપાસના અને સર્જનકાર્ય આ ચતુર્કોણીય ઉદ્યમો એમના સાધુજીવનમાં કેન્દ્રસ્થાને રહ્યા છે.

એમના શિષ્ય : પંન્યાસ શ્રી ઉદયકીર્તિસાગર મ.સા. પ્રશિષ્ય : મુનિ શ્રી વિશ્વોદયકીર્તિસાગર મ.સા. મુનિ શ્રી વિદ્યોદયકીર્તિસાગર મ.સા.

*સૌજન્ય : **PRATHNA GEMS, AHMEDABAD***

*જૈનતત્ત્વજ્ઞાનના સંપાદક, શિબિરવાચના અને સાત્ત્વિક સાહિત્ય દ્વારા ધર્મ જાગૃતિનો શંખધ્વનિ ફૂંકનારા*

## પૂજ્ય આચાર્યશ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રીની જન્મભૂમિ સુરેન્દ્રનગર. પિતાનું નામ મગનલાલ અને માતાનું નામ શકરીબહેન. તેમને ત્રણ પુત્રો. સૌથી નાના પુત્ર રમણિકલાલનો જન્મ સં. ૧૯૮૯ના માગશર વદ ૧૨ના દિવસે થયો. પિતાશ્રીનો વ્યવસાય મહારાષ્ટ્રના જલગાંવમાં ચાલતો હતો, પણ રમણિકલાલની ચાર વર્ષની વયે માતા સ્વર્ગવાસી થતાં પિતાએ જલગાંવ છોડ્યું અને સુરેન્દ્રનગર આવીને રહ્યા. રમણિકલાલના મામા મુંબઈ રહેતા હતા. તે ત્રણે ભાણેજને અભ્યાસાર્થે મુંબઈ લઈ ગયા. મામા-મામી સાચવતાં અને વ્યાવહારિક તેમ જ ધાર્મિક શિક્ષણ મળે તેની કાળજી રાખતાં. આમ તો આ પરિવાર સ્થાનકવાસી હતો, પરંતુ મૂર્તિપૂજક વર્ગના સહવાસે દેરાસર જવાની શ્રદ્ધાવાળો થયો હતો. માતા સમાન મામીએ પાડેલા સંસ્કારો બાળક રમણિકમાં ઊતર્યા, જેથી રોજ દેરાસર જવું, પૂજા કરવી, પાઠશાળાએ જવું, વ્યાખ્યાનો સાંભળવાં-લખવાં, એમ ઉત્તરોત્તર ધર્મક્રિયામાં રસ લેવા લાગ્યા પ્રારંભમાં બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં તથા કોટની હાઈસ્કૂલમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. આ દરમિયાન પ્રભુપૂજામાં, અંગરચના કરવામાં તેમનું મન વધુ ને વધુ લીન રહેવા લાગ્યું. ભવ્ય અંગરચનાથી પ્રસન્નતાની વૃદ્ધિ કરતા. રજાના દિવસોમાં કલાકોના કલાકો દેરાસરમાં જ હોય. આ બધાં ભાવિનાં એંધાણ હતાં. વળી, તેઓ નજીકના મુંબઈ-ભૂલેશ્વર લાલબાગ ઉપાશ્રયે આવાગમન કરતાં સુવિહિત સાધુ ભગવંતોની વૈરાગ્ય નીતરતી વાણી સાંભળવા જાય. વ્યાખ્યાનશ્રવણથી અરિહંત પરમાત્માની વાસ્તવિક ઓળખાણ થઈ. સંસારના રંગરાગ અને મોજશોખની ભયંકરતા સમજાઈ. જીવોના ભેદ, નવતત્ત્વ, નવપદ, પંચપરમેષ્ઠી, આઠ કર્મ, સામાયિક, પૌષધ, દેશવિરતિ, સર્વવિરતિ, સમ્યક્ત્વ—આ સર્વ જૈનશાસનનાં મહત્ત્વનાં અંગોની સમજ મળી.

સં. ૨૦૦૬માં પાલિતાણા-આયંબિલ ભવનમાં પૂ. ગુરુભગવંતની નિશ્રામાં ચાતુર્માસમાં સાથે રહી જ્ઞાનાભ્યાસ કર્યો. દિવાળી લગભગમાં સમેતશિખર આદિ પૂર્વ દેશનાં તીર્થોની, કલ્યાણકભૂમિની યાત્રા કરી, જેમાં રમણિકલાલ પણ જોડાયા અને સંયમ સ્વીકારવા માટે બધા ઉત્સાહી બન્યા.

સં. ૨૦૦૭ના વૈશાખ સુદ ૬ ના દિવસે પાંચ મુનિઓની વડી દીક્ષા સાથે સી. પી. ટેન્ક-માધવબાગના વિશાળ મંડપમાં વરસીદાનનો વરઘોડો ઊતર્યો અને ભવ્ય રીતે દીક્ષા થઈ. રમણિકલાલ પૂ. મુનિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્ય રૂપે સંયમ સ્વીકારી મુનિશ્રી રાજેન્દ્રવિજયજી બન્યા.

દીક્ષા અંગીકાર કરીને પૂજ્યશ્રી ઉત્તરોત્તર સાધનામાં લાગી ગયા. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અષ્ટપ્રવચનમાતા, પ્રકરણ, કર્મસાહિત્ય આદિ શાસ્ત્ર-સ્વાધ્યાય અંગે સમજાવતા. પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ સંસ્કૃત ભાષાના સરળ નિયમો, વ્યાકરણ, ન્યાયભૂમિકા, ઓઘનિર્યુક્તિ વગેરે શીખવતા.

પૂજ્યપાદ ગુરુભગવંતશ્રી ભુવનભાનુસૂરિજી મહારાજે તેઓશ્રીની યોગ્યતા નિહાળી શ્રી ભગવતીસૂત્રનાં યોગોદ્વહન કરાવી મલાડમાં સં. ૨૦૩૫ના વૈશાખ સુદી-૬ને દિવસે ગણિ પદ અને સં. ૨૦૩૮ના મહાસુદ-૧૦ને દિવસે નડિયાદમાં પંન્યાસ પદથી વિભૂષિત કર્યા તથા ગણિવરશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજને કોલ્હાપુરમાં ૨૦૪૩ના વૈશાખ સુદ-૬ને દિવસે આચાર્ય પદે આરુઢ કરવામાં આવ્યા. ૫૦ વર્ષનો દીક્ષાપર્યાય. આ સુદીર્ઘ સંયમપર્યાયમાં પૂજ્યશ્રીની નિશ્રામાં શાસન-પ્રભાવનાના અનેકવિધ કાર્યો થયાં છે. પૂજ્યશ્રીનાં ચરણોમાં ભાવભીની કોટિશઃ વંદના!

*સૌજન્ય : શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રી સુરેન્દ્રનગર*
*જૈન શ્વે.મૂ.તપા.સંઘ, સુરેન્દ્રનગર*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યુવકજાગૃતિના પ્રેરણાદાતા : વ્યાકરણવિશારદ ૨૬૦ દીક્ષાદાનેશ્વરી

# પ.પૂ. આચાર્યશ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ.સા.



વિનય-વિવેક જેવા સદ્‌ગુણોથી સંપન્ન અને જિનશાસન પાટપરંપરાને સમયે સમયે જે ધર્મપ્રભાવક મહાપુરુષોની ભેટ મળી છે તેમાં તપાગચ્છીય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિજી મહારાજ એક વિરલ વિભૂતિ છે.

પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનમાં પાદરલી મુકામે સં. ૧૯૮૯ના પોષ સુદિ-૪ને દિવસે ઉમદા, ધર્મસંપન્ન, સંસ્કારી પરિવારમાં થયો. પુત્રનું નામ ગણેશમલ રાખવામાં આવ્યું. પિતા હીરાચંદજી અને મમતાળુ માતા મનુબાઈના ઉછંગે વાત્સલ્યથી ઊછરતા ગણેશમલને શૈશવકાળથી ઉત્તમ ધર્મસંસ્કાર મળ્યા. અંગ્રેજી માધ્યમમાં પોદાર મારવાડી કોલેજમાં મેટ્રીક સુધીનો વ્યાવહારિક અભ્યાસ કર્યો. ચાર વર્ષ સુધી ફિલ્મ સ્ટાર શશિકપુર પણ ગણેશભાઈ સાથે એક જ બેંચ પર ભણતા હતા.

પૂ.આ. દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને વડીલબંધુ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજનું ઉમદા અને પ્રેરક જીવન જોયા પછી ગણેશમલને પણ સંસારવાસ આકરો થઈ પડ્યો. વેવિશાળ થયેલ હોવા છતાં પૂર્વભવના પુણ્યોદયે સદ્‌ગુરુઓનો સમાગમ પામી એકવાર પોર્તુગલરાજ્યના દમનમાં ભાગી ગયા. મોહવશ પિતા પાછા લઈ ગયા. ધુરો લઈ પિતા મારવા આવ્યા તોય મુમુક્ષુની એક જ વાર્ત....મારે દીક્ષા જ જોઈએ છે. છેલ્લે પિતાની આજ્ઞા પામી પ્રવ્રજ્યા અંગીકાર કરવા પરમ ભાગ્યશાળી બન્યા.

સં. ૨૦૧૦ના મહા સુદ-૪ને દિવસે દાદર મુંબઈ મુકામે મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારીને મુનિશ્રી ગુણરત્નવિજયજી નામે દીક્ષા અંગીકાર કરી. ૧૪ વર્ષ સુધી પૂ. ગુરુવર્યોની નિશ્રામાં જ્ઞાનસંપાદન કરી તથા શુદ્ધ ક્રિયાનુષ્ઠાન આરાધી અનંત પુણ્ય ઉપાર્જન કરતા રહ્યા. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વિશેષ કૃપાપાત્ર બની, કર્મસાહિત્યના સર્જનના પાયાનું કામ હાથ પર લઈ, જ્ઞાનગંગાની ધૂણી ધખાવી અને ૬૦ હજાર શ્લોક પ્રમાણ પ્રાકૃત, સંસ્કૃત 'ખવગસેઢી' મૂલપયડીબંધ ઉદય સામિત્ર અને ઉપશમનાકરણ જેવા વિરાટકાય ગ્રંથો લખ્યા, જેના વખાણ દેશ વિદેશમાં બર્લિનના પ્રો. કલાઉઝ બ્રુને 'ગાગરમેં સાગર ભર દિયા'ના શબ્દોમાં કર્યા. પૂજ્યશ્રી દ્વારા આ ઉપરાંત, 'જૈન મહાભારત', 'રે! કર્મ, તારી ગતિ ન્યારી'. 'જોજે કરમાએ ના' 'ટેન્શન ટુ પીસ', 'એક થી રાજકુમારી' (મહાસતી અંજના) 'સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ', 'સચિત્ર જૈન રામાયણ' અને 'સચિત્ર જૈન તત્ત્વજ્ઞાન' આલ્બમ વગેરે હિન્દી તેમ જ ગુજરાતીમાં અને અંગ્રેજીમાં ઉત્તમ અને વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું છે. પૂજ્ય સિદ્ધાંતમહોદધિ આ. શ્રી પ્રેમસૂરિજીના વિશિષ્ટ કૃપાપાત્ર હતા માટે જ સ્તો (૧) છેલ્લુ સમુદાય વ્યવસ્થાપત્રક પૂજ્યશ્રીએ મુનિ ગુણરત્ન વિ. પાસે લખાવ્યું. (૨) પૂજ્ય પ્રેમસૂરિદાદાનો ઓઘો મુનિ ગુણરત્ન વિ.ને મળ્યો. (૩) પૂજ્ય દાદા પ્રેમસૂરિજીએ અંતિમ સમયે નિર્યામણા માટે ખડે પગે સેવામાં રહેતા "ગુણરત્નને બોલાવો" એમ કહી યાદ કર્યા...તુરંત આવી જ્ઞાનસાર, વિવેકાષ્ટક તથા ઝાંઝરીયા ઋષિની સજ્ઝાય સંભળાવીને અંતિમ નિર્યામણા કરાવી. દાદાનું રજોહરણ પૂજ્યશ્રીને મલ્યું

પૂજ્યશ્રી છેલ્લાં ઘણાં વર્ષોથી રાજસ્થાન-ગુજરાતમાં જ વિચરી રહ્યા છે. રાજસ્થાનમાંની પૂજ્યશ્રીની શાસનપ્રભાવના અદ્‌ભુત અને વિશિષ્ટ કોટીની છે. યુવાન વર્ગને ધર્મમાર્ગે વાળવામાં પૂજ્યશ્રીનો ફાળો નોંધપાત્ર છે. તેઓશ્રીની નિશ્રામાં યુવાનો માટે ૫૧ જેટલી જ્ઞાનશિબિરો યોજાઈ છે અને તેમાં લગભગ ૩૦ હજાર યુવાનોએ ધર્મબોધ પ્રાપ્ત કર્યો છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી 'ઓપન બુક્સ એક્ઝામ' અખિલ ભારતીય સ્તરે લેવામાં આવે છે. પૂજ્યશ્રીની પ્રવચનશૈલી મીઠી-મધુર અને તલસ્પર્શી છે. જૈન રામાયણ ઉપર તેઓશ્રીનાં જાહેર પ્રવચનોમાં જૈન-જૈનેતરો ભાગ લે છે. તે પૂજ્યશ્રીનો ખાસ વિષય છે. એવી જ રીતે, સાધના-આરાધનાના ક્ષેત્રે પણ પૂજ્યશ્રી અપ્રમત્તભાવે અવિરામ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવતા રહ્યા છે. પૂજ્યશ્રી નિર્દોષ ગોચરીના આગ્રહી છે. તેઓશ્રીએ વર્ધમાન તપની ૬૯ ઓળી, અનેક અટ્ઠાઈ-અટ્ઠમ અને નિત્ય એકાસણાં સાથે ૧૦ વર્ષ અને ૧૦ મહિના સુધીનો દૂધ વિગઈનો ત્યાગ કર્યો હતો. પૂજ્યશ્રીની નિશ્રામાં ૩૫ જેટલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાદગાર ઉપધાન તપ થયાં છે. ૨૫ જેટલી ઐતિહાસિક પ્રતિષ્ઠાઓ થઈ છે. તેમાં અચલગઢ (આબુ) દયાલશાહ કિલ્લા, ઘાણેરાવ, અજારી તીર્થ, નાકોડા તીર્થ, નાંદિયા, પાવાપુરી, રાજિકાવાસ, ખિવાંદી, નીંબજ, ભેરુતારકધામ, ભટાર રોડ પાલી આદિની અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવમાં ૨૫-૨૫ હજાર ભાવિકોએ ભાગ લીધો હતો. તેઓશ્રીની નિશ્રામાં ૧૦૮ જેટલાં ભવ્ય ઉજમણાં થયાં, જેમાં સાબરમતી, બીકાનેર, જોધપુર, પાલી, જાલોર, સાંચોર, સિરોહી, પિંડવાડા, પાલનપુર આદિ મુખ્ય છે. તેઓશ્રીની પ્રેરણા અને નિશ્રામાં સામૂહિક અઠ્ઠમતપની આરાધના શંખેશ્વરતીર્થમાં ૪૮૦૦ની સંખ્યા થઈ હતી. પૂજ્યશ્રીની નિશ્રામાં ૩૨ જેટલી નવપદજીની ઓળી થઈ છે. ગિનેસ બુક ઑફ જૈનાજમાં અંકિત જિરાવલાજી તીર્થમાં ૩૨૦૦ ઓળી થઈ અને એ સાથે સાથે ૧૮૦૦ અઠ્ઠમ થયાં–એ આજ સુધીનો રેકોર્ડ છે. આજપર્યંત ૫૦૦૦૦ ભાવિકોએ આરાધનાનો લાભ લીધો છે, ઉપરાંત ૪૬ જેટલા છ'રીપાલિત સંઘો પૂજ્યશ્રીની નિશ્રામાં નીકળ્યા છે. પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ છે, જ્યાં પગ મૂકે છે, ત્યાં આપોઆપ ઇતિહાસ સર્જાય છે.

પૂજ્યશ્રીના કુટુંબમાંથી બીજી પાંચ વ્યક્તિઓ દીક્ષિત થઈ છે, જેમાં મોટા ભાઈ અને ગુરુવર્ય પૂ. આચાર્યશ્રી વિજયજિતેન્દ્રસૂરિજી મહારાજ, પૂ. પં. શ્રી રશ્મિરત્નવિજયજી મહારાજ (ભાણેજ), સાધ્વીશ્રી પુષ્પલતાશ્રીજી મ. (ભાભી), પ્રવર્તિની શ્રી પુણ્યરેખાશ્રીજી મહારાજ અને સાધ્વીશ્રી મનીષરેખાશ્રીજી મહારાજ (બન્ને ભત્રીજીઓ) તદુપરાંત તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યની સંખ્યા હાલ ૮૦ જેટલી છે, જેમાં અનેક સાક્ષર મુનિવર્યો છે, જેમ કે પંન્યાસશ્રી વીરરત્નવિજયજી મહારાજ, સ્વ. મુનિશ્રી વિશ્વરત્ન-વિજયજી મહારાજ, સ્વ. મુનિશ્રી મોક્ષરત્ન વિજયજી મહારાજ, વર્ધમાન તપોમૂર્તિ આચાર્યશ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મહારાજ, વિદ્વદ્વર્ય પંન્યાસશ્રી યશોરત્નવિજયજી મહારાજ, ૧૦૮ અઠ્ઠમના આરાધક પં. રવિરત્નવિજયજી મ., પ્રભાવક પ્રવચનકાર પં. રશ્મિરત્નવિજયજી મ., પં. સંયમરત્ન વિ. પં. વૈરાગ્યરત્નવિ., વર્ધમાનતપની ૧૨૦ ઓળી તપસ્વી, પં પદ્મભૂષણ વિ. આદિ.

પૂજ્યશ્રી પાસે જ્ઞાનાર્જન કરનારા અનેક–અનેક પ્રભાવક મહાત્માઓ છે, જેમાં આ. શ્રી મુક્તિચંદ્રસૂ. મ., આ.શ્રી કલાપૂર્ણ સૂ.મ., આ. શ્રી પુણ્યપાલસૂ. મ., આ. કનકધ્વજ સૂ.મ., આ. શ્રી જયસુંદર સૂ. મ., આ. શ્રી કલાપ્રભસૂ મ., ઉપા. શ્રી વિમલસેનવિ. મ., ઉપા. શ્રી અક્ષયવિ. મ., પં. શ્રી કલ્પતરુ વિ. મ., મુનિશ્રી મોક્ષરત્ન વિ. આદિ મુખ્ય છે.

પૂજ્યશ્રીને યોગ્યતા અનુસાર અમદાવાદમાં ગણિ પદવી અને જાલોરમાં પંન્યાસ પદવી અપાયા બાદ સં. ૨૦૪૪ના દ્વિતીય જેઠ સુદ–૧૦ ને દિવસે પાદરલી મુકામે અદ્ભુત શાસન પ્રભાવક–મહામહોત્સવપૂર્વક આચાર્યપદે અધિષ્ઠિત કરાયા છે. હાલ પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મહારાજનો સંયમપર્યાય ૫૪ વર્ષનો છે. પૂજ્યશ્રી સ્વ–પર કલ્યાણની પ્રવૃત્તિઓદ્વારા શાસનપ્રભાવનાનાં કાર્યોમાં વધુને વધુ પ્રેરણાદાતા બની
રહો એ જ અભ્યર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

પૂજ્યશ્રીનાં અનેક મહાન શાસનપ્રભાવક કાર્યો જગપ્રસિદ્ધ થયાં. (૧) જગજયવંત શ્રી જીરાવલા વરમાણ-મૂંગથલા તીર્થોદ્ધાર (૨) સુરતમાં સામૂહિક ૨૮ યુવક–યુવતીઓની દીક્ષા. (૩) પાવાપુરી ભેરુતારક તીર્થમાં મહાન અંજનશલાકા પ્રતિષ્ઠા (૩) પાલિતાણામાં સામૂહિક ૩૮ યુવક–યુવતીઓની દીક્ષા જે ૯૮૨ વર્ષ પછી એકી સાથે જૈનશાસનમાં થઈ છે. દરેક ઠેકાણે હજારોની સંખ્યામાં સમૂહ સામાયિક, હઠીસિંગની વાડીમાં ત્રણ વાર પાંચ-પાંચ હજાર પુરુષોની સમૂહ સામાયિક થયેલ

## એક સાથે દીક્ષાઓ આપી

૯ દીક્ષાઓ શંખેશ્વરમાં ૨૦૬૧ પોષ સુદ ૭, કલિકુંડમાં ૨૦૫૯ માહ સુદ ૬

૧૦ દીક્ષાઓ પાવાપુરી (રાજ.)માં સં. ૨૦૧૯ વૈશાખ સુદ ૧૧

૧૧ દીક્ષાઓ પાદરલીમાં ૨૦૪૪, જેઠ સુદી ૧૦. આચાર્યપદવી સાથે

૧૨ દીક્ષાઓ તખતગઢમાં ૨૦૪૦, ફાગણ સુદ ૭.

૧૩ દીક્ષાઓ શંખેશ્વરજીમાં ૨૦૫૪, જેઠ સુદ–૧૦. તથા ૨૦૬૩ ફા.સુ. ૬

૨૮ દીક્ષાઓ સુરતમાં ૨૦૫૬, ફાગણ સુદ–૭.

૩૮ દીક્ષાઓ પાલિતાણામાં ૨૦૫૮, મહાસુદ–૪.

બે, ત્રણ, પાંચ, નવ, દસની તો સંખ્યા અનેકો છે. ૨૬૦ દીક્ષાઓ આપી છે.

૨૦૫૭ના ફાગણ શુદ–૩ પૂજ્યશ્રીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્માણ થયેલ આબુ તળેટી સંઘની ભેરુતારક તીર્થધામમાં ભવ્ય ઐતિહાસિક અંજનશલાકા પ્રસંગે પૂજ્યશ્રી સાથેમાં ૧૭ આચાર્ય ભગવંતો અને એકસો પચીસ જેટલા સાધુભગવંતો, પાંચસો સાધ્વીજીઓ, પચીશ-ત્રીશ હજાર જેટલાં શ્રાવક-શ્રાવિકાઓ દશ દિવસ મહોત્સવ, અર્બુદગિરિ સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના જન્મ સમયે ૨૫ હજાર પૂજાજોડ, લગ્ન સમયે ૨૫ હજાર શાલ આપેલ.

પાવાપુરી-માલગાંવની ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠાઓમાં પૂજ્યશ્રીની પાવનીય સહનિશ્રા હતી.

સંઘવી ભેરુમલ હુકમચંદજી બાફના પરિવાર આયોજિત શ્રી માલેગાંવ શત્રુંજય છ'રીપાલક સંઘ (૨૦૦૦ યાત્રિક), પાલિતાણા-ગિરનાર તીર્થ છ'રીપાલક સંઘ (ત્રણ હજાર યાત્રિક), શ્રી કે. પી. સંઘવી પરિવાર આયોજિત શ્રી માલગાંવ-રાણકપુર છ'રીપાલક સંઘ (પાંચ હજાર યાત્રિક), શ્રીમતી તારાબેન હરખચંદજી કાંકરિયા, કલકત્તા આયોજિત પાલિતાણા-ગિરનાર છ'રીપાલક સંઘ, સંઘવી પુખરાજ છોગામલજીનો તખતગઢ-જીરાવાલા સંઘ, સંઘવી તારાચંદજી રતનચંદજી આયોજિત પ્રાચીન પ્રદ્ધતિનો શ્રી નારલાઈ-શંખેશ્વર છ'રીપાલક સંઘ, શ્રી મંડાર-શંખેશ્વર-સિદ્ધાચલ છ'રીપાલક સંઘ (સંઘવી રુગનાથમલ સમરથમલ દોશી, દિલ્લી આયોજિત) શ્રી લલિતકુમાર ભૂરમલજી સાદરિયા આયોજિત પિંડવાડા-શંખેશ્વર તીર્થનો ભવ્ય છ'રીપાલક સંઘ આદિ ૪૬ ઐતિહાસિક સંઘોમાં નિશ્રા પ્રદાન કરી છે.

દર વર્ષે ૩-૪ છ'રીપાલક સંઘો થઈ જાય છે. શ્રી શત્રુંજય મહાપુરમ્ સિદ્ધવડ પટાંગણ ઘેટીપાગ-આદપુર તલેટીથી ૨૨૧૪ યાત્રિકોની ઐતિહાસિક નવ્વાણુ યાત્રા (આયોજક : શ્રીમતી પાનીદેવી મોહનલાલ મુથા સોનવાડિયા ટ્રસ્ટ, ચેન્નાઈ, માંડવલા) ના પૂજ્યની નિશ્રાદાતા છે. આ નવ્વાણુમાં બે હજાર આરાધકોએ છટ્ઠ કરી સાતયાત્રા કરી. સંઘવી હંસરાજ રમેશભાઈએ જંગલમાં મંગલ કરી પૂજ્યશ્રીની પ્રેરણાથી શત્રુંજય મહાપુરમ્‌ની રચના ચાર દ્વાર, છત્રીસ પાલઘર સિદ્ધવડ અને ઘેટીપાગનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરેલ. આ નવ્વાણુમાં પૂ. પં. શ્રી રશ્મિરત્ન વિ. આદિ ૧૭૫ સાધુ-સાધ્વી ભગવંતોએ નવ્વાણુ કરેલ.

પૂજ્યશ્રીના માર્ગદર્શનમાં શ્રી નાકોડાતીર્થ જૈન પેઢી, પો. મેવાનગર (રાજ.) તરફથી વિનામૂલ્યે ઘેર બેઠા વિશ્વપ્રકાશ પત્રાચાર પાઠ્યક્રમનો હિન્દી કોર્સ છેલ્લા ૨૮ વર્ષથી ચલાવવામાં આવે છે. જેમાં પ્રથમ વર્ષ જૈન પરિચય, દ્વિતીય વર્ષ જૈન વિશારદ, તૃતીય વર્ષ જૈન સ્નાતક (B.J.) ની ડિગ્રી તથા આકર્ષક ઈનામો આપવામાં આવે છે. આજ સુધી એક લાખ વિદ્યાર્થીઓ આ કોર્સમાં જોડાઈ ચુક્યા છે.

પૂજ્ય આ. ભ. શ્રી તથા પૂજ્યપાદ પ્રભાવક યુવા પ્રવચનકાર પંન્યાસ શ્રી રશ્મિરત્નવિજયજી મ. સા.ના માર્ગદર્શનમાં શ્રી નાકોડાતીર્થ પેઢી સંચાલિત એક બીજી પણ સંઘને લાભદાયી યોજના ચાલે છે. દર વર્ષે ત્રણ શિબિરો ગોઠવી પર્યુષણ આરાધકો તૈયાર કરી કોઈ પણ ચાર્જ-બહુમાન લીધા વગર દૂર દૂરના હિંદીભાષી સંઘોમાં પર્યુષણારાધક કરાવવા મોકલવામાં આવે છે.

પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં અમદાવાદ-દિલ્લી નેશનલ હાઈવે નં. ૧૪ ટચ શ્રી સુમેરપુર વર્ધમાન જૈન બોર્ડિંગ હાઉસના પ્રાંગણના વિશાલ ભૂખંડમાં ભગવાન મહાવીરના સિદ્ધાંતોને પ્રાચીન-અર્વાચીન ટેકનોલોજીનું મિશ્રણ કરી વિશ્વની સૌથી ઊંચી ૨૫ ફુટની પ્રભુવીરની પ્રતિમાંથી અલંકૃત ભવ્યાતિભવ્ય અતિ અદ્‌ભુત શ્રી અભિનવ મહાવીર ધામ' આકાર લઈ રહ્યું છે.

પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં તમામ ઐતિહાસિક આયોજનોમાં પૂજ્યશ્રીની સાથે સદા છાયાની જેમ રહેતા પ્રભાવક યુવા પ્રવચનકાર પંન્યાસ શ્રી રશ્મિરત્નવિજયજી મ. સા.નું કુશળ સંયોજન હોય છે. પૂજ્ય આ. ભ. શ્રી નો પ્રોજેક્ટ હોય તો માત્ર એક જ સહુને મોક્ષમાં લઈ જવાનો-એમના ઉપદેશનો રણકો-અવિરતિથી ભાગો, વિરતિધારી બનો-દરેક ચાતુર્માસમાં માત્ર અને માત્ર આરાધના સિવાય બીજી વાત નહિ.

*શ્રાવક ભક્તોના સૌજન્યથી*

*કથા-કલમના કુશળ કસબી અને*
*સર્જન-સંપાદનના કલાસ્વામી*

## પૂ. આ.શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.

પૂજ્ય આચાર્યશ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજનું નામ શ્રવણગોચર થતાં જ આંખ અને અંતર સમક્ષ એક સમર્થ સાહિત્યસર્જક ખડા થઈ જાય છે, જેઓ શબ્દના શિલ્પી, કલમના કસબી અને ભાવ-ભાષાના ભંડાર છે. પૂજ્યશ્રી આકાર-આકૃતિથી ભલે ઓછા જાણીતા હોય, પણ અક્ષર-આલેખનથી તો ઠેર ઠેર સુપ્રસિદ્ધ છે. જૈનજગતના જાણીતા માસિક 'કલ્યાણ'-ના માધ્યમે પૂજ્યશ્રી ખૂબ ખૂબ પ્રસિદ્ધ છે, તો વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીની લેખ–પ્રસાદીના કારણે 'કલ્યાણ' માસિક પણ ખૂબ ખૂબ પ્રસિદ્ધિ પામ્યું છે. 'કલ્યાણ'માં નિયમિત અનેક કોલમો લખવા ઉપરાંત, લેખોનું સંપાદન પણ પૂજ્યશ્રી કરતા રહ્યા છે. તેઓશ્રીની લેખનકળા અને સંપાદનસૂઝ એવી આગવી છે કે, જેના સ્પર્શે પ્રાચીન કથાનકો જીવંત બની જાય છે અને પ્રાચીન સાહિત્ય પણ નવા શણગાર પામે છે. પૂજ્યશ્રી મિતભાષી છે, પણ 'કલ્યાણ' અને કલમના માધ્યમે અનેકોની સાથે કલાકોના કલાકો મૌન વાર્તાલાપ કરતા હોય એમ લાગે. તેઓશ્રીનું સાહિત્ય સર્વતોમુખી છે. ચિંતન, કથાલેખન, સંપાદન, સંકલન : આ અને આવી સાહિત્યની વિવિધ ક્ષિતિજોને અજવાળતાં એમનાં કેટલાંયે પુસ્તકો પ્રકાશિત થયાં છે. જુદી જુદી સંસ્થાઓ દ્વારા પ્રકાશિત આવાં નાનાં–મોટાં પુસ્તકોની સંખ્યા ૧૦૦ આસપાસની થાય છે. જો કે એ બધાં જ પ્રકાશનો ભારે માંગને કારણે આજે અપ્રાપ્ય છે. આથી પૂજ્યશ્રીના સાહિત્યના વ્યવસ્થિત પ્રકાશન માટેની અનેકાનેક માગણી–લાગણીને માન આપીને સં. ૨૦૪૬–ના મૌન એકાદશીને શુભ દિવસે 'સંસ્કૃતિ પ્રકાશન–સુરત' સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. સવા–દોઢ વર્ષના ટૂંકા સમયમાં આ સંસ્થા દ્વારા ૧૦ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. આ સાહિત્યને સંઘ–સમાજે એવી અંતરની લાગણીથી વધાવી લીધું છે કે આજે પૂર્વે પ્રકાશિત પાંચ પુસ્તકો અપ્રાપ્ય બની ચૂક્યાં છે. આ સિદ્ધહસ્ત લેખક આચાર્યશ્રીએ લેખનની શરૂઆત લગભગ ૨૫ વર્ષ પૂર્વે કરી હતી. ૨૫ વર્ષના સમયમાં પૂજ્યશ્રીની કલમે અનેક ઐતિહાસિક આગમિક કથાઓ, જૈનસાહિત્યની શ્રેણીબદ્ધ કથાઓ, સંસ્કૃતિપોષક અનેકાનેક વાર્તાઓ, ચિંતન–મનનથી ભરપૂર સાહિત્યની ભેટ જૈનસંઘને મળી છે, એનું મૂલ્ય આંકી શકાય તેમ નથી.

સં. ૨૦૪૧ના ફાગણ સુદ ૩–ના દિવસે હસ્તગરિમાં ગણિ પદે અને સં. ૨૦૪૪ના ફાગણ વદ ૩–ના મુંબઈ–શ્રીપાલનગરમાં પંન્યાસ પદે પ્રતિષ્ઠિત કરાયા બાદ, પૂ. ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૪૭ના વૈશાખ સુદ ૬–ના શુભ દિવસે સુરતમાં આચાર્ય પદે આરૂઢ કરવામાં આવ્યા.

સં. ૨૦૦૧ની ધનતેરશના દિવસે નાસિક–મહારાષ્ટ્રમાં જન્મ પામીને 'પ્રકાશ' નામ ધરાવનાર પૂજ્યશ્રીના પિતાનું નામ બાબુભાઈ, માતાનું નામ શાંતાબહેન અને ભાઈનું નામ મહેન્દ્ર હતું. બાબુભાઈનું મૂળ વતન તારંગાની તળેટીમાં વસેલું કોઠાસણા ગામ. ધંધાર્થે તેઓશ્રી મહારાષ્ટ્રમાં ટાંકેદ–ઘોટીમાં થોડો સમય રહીને નાસિકમાં સ્થિર થયા, એટલું જ નહીં, એક આગેવાન તરીકે નાસિક ઉપરાંત આસપાસનાં કેટલાંય ગામોમાં પ્રસિદ્ધ થયા. પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજ (પછીથી આચાર્ય)ના પરિચયે તેઓશ્રી સંયમમાર્ગે વળવાની ભાવના ધરાવતા થયા. પ્રકાશ–મહેન્દ્ર એ વખતે નાના હતા, છતાં પિતાજી સાથે સાથે પૂજા, પ્રતિક્રમણ, પૌષધ આદિ આરાધનાઓ કરતા અને દીક્ષાના વિષયમાં કંઈ પૂછવામાં આવે ત્યારે "પૂ. પિતાજી જે કરે તે અમે કરવાના" એવો જવાબ આપતા. બાબુભાઈ દીક્ષા લે એમાં નાસિકના આગેવાનો સંમત હતા, પણ નાનાં બાળકોની બાબતમાં સંમતિ ન હોવાથી સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭–ને દિવસે મુરબાડ પાસેના ઘસઈ ગામે બાબુભાઈએ નજીકનાં સગાંઓની હાજરીમાં ગુપ્ત રીતે સંયમનો સ્વીકાર કર્યો. પોતાનું નામ શ્રી જયકુંજરવિજયજી અને એમના શિષ્ય તરીકે પ્રકાશ–મહેન્દ્રને શ્રી પૂર્ણચંદ્રવિજયજી અને શ્રી મુક્તિપ્રભવિજયજી નામે જાહેર કરાયા.

પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજની કડક દેખરેખ નીચે સંયમઘડતર ચાલુ થયું. પ્રારંભનાં થોડાં જ વર્ષોમાં સુંદર અને સંગીન અભ્યાસ કરી લીધો. એમાં ધીમે ધીમે શ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજનાં રસ અને રુચિ લેખનમાર્ગે વધુ વળ્યાં અને થોડાં જ વર્ષોમાં એક સિદ્ધહસ્ત લેખક તરીકે તેઓશ્રી સુપ્રસિદ્ધ થયા. પ્રારંભે શશધર, શ્રમણપ્રિયદર્શી, ઉપાંશુ, ચંદ્ર, નિઃશેષ, સત્યદર્શી આદિ અનેક ઉપનામોથી તેઓશ્રીએ લેખનનો પ્રારંભ કર્યો. શ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજના મૂળ નામે લેખન શરૂ થયા બાદ તો તેઓશ્રી સંઘ–સમુદાયમાં ખૂબ જ જાણીતા–માનીતા બની ગયા. પૂજ્યશ્રીને 'જેમ લેખનશક્તિ સ્વતઃસિદ્ધ છે, એવી જ રીતે સંપાદન–સંકલનની કળા પણ સ્વયંવશ છે. 'ધર્મનો મર્મ', 'પાનું ફરે, સોનું ખરે', 'સાગર છલકે મોતી મલકે', 'સિંધુ સમાયો બિંદુમાં', 'બિંદુમાં સિંધુ' ભાગ ૧–૨–૩ આદિ 'પૂ. ગચ્છાધિપતિનાં પ્રવચન'–પુસ્તકો, 'ચૂંટેલું ચિંતન' (પૂ. પંન્યાસજી મહારાજના પ્રવચનાંશો), 'મુક્તિનો મારગ મીઠો', (પૂ. આ. શ્રી વિજયમુક્તિચંદ્રસૂરિજી મહારાજના પ્રવચનાંશો) તથા પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર, પૂ. આ. શ્રી વિજયરવિચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયજિનપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ 'કલ્યાણ'ના એકી અવાજે આકાર પામેલા વિશેષાંકો વારંવાર વાંચવાનું મન થાય, એવી પૂજ્યશ્રીની સંપાદનશૈલીના બોલતા પુરાવા છે.

સિદ્ધહસ્ત સાહિત્યસર્જક પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ વર્ષોથી સરસ્વતીસાધનામાં લીન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીની આ સાધના સતત આગળ વધતી રહે, જેના પ્રભાવે આંખ આગળથી ઓઝલ થયેલો આપણો પ્રાચીન ઇતિહાસ પુનઃ પ્રકાશમાં દીપી ઊઠે, તેઓશ્રી શ્રુતના પરમ ઉપાસક છે. તેઓની પ્રેરણાથી તેઓશ્રીના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી યુગચન્દ્રવિજયજી મ.ના માર્ગદર્શનથી મુંબઈ ગોવાળિયા ટેન્કના વિશાળ મેદાનમાં થયેલ શ્રુતમહાપૂજાનું આયોજન એવું ભવ્ય અને ઐતિહાસિક થવા પામેલ કે જેના દર્શન માટે લાખો દર્શનાર્થી આવેલ. પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર પણ શક્તિશાળી અને શ્રુતજ્ઞાન પ્રત્યે રુચિ ધરાવનાર છે. પૂજ્યશ્રીના જીવનમાં ઉપધાન-ઉજમણા-પ્રતિષ્ઠા-દીક્ષા સંઘો આદિ અનેકવિધ કાર્યક્રમો સતત ચાલુ હોય છે. શક્તનના સ્રોતસમા પૂજ્ય સૂરિવરના ચરણોમાં કોટિ કોટિ વંદન.

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી સમવસરણ મંદિર–તીર્થ*

*લેખન અને પ્રવચન દ્વારા જૈનસંઘોને જાગૃત બનાવનાર*

## પૂ. આ.શ્રી વિજયમુક્તિપ્રભસૂરિજી મ.

સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂ. આચાર્યપ્રવર શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો સુવિશાળ સાધુસમુદાય નજર સમક્ષ અંકિત થાય અને વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રચંડ પ્રતિભાના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સ્મૃતિ ન થાય એવું બને જ નહીં! આ મહાપુરુષ મન સમક્ષ પ્રત્યક્ષ થાય એટલે સિંહગર્જનાના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રી વિજયમુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજની યાદ આવે અને એમની યાદ આવતાં એમની સાથે પડછાયાની જેમ જીવનભર રહીને આચાર્ય પદ સુધી પહોંચેલ પ્રશમરસપયોનિધિ પૂ. આચાર્ય શ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજની યાદ આવે અને એમની યાદ સાથે સંકળાઈને યાદ આવી જતાં બે નામ એટલે–પૂ. આ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ. સંસારી વતન નાસિક. પિતા બાબુભાઈ અને માતા શાંતાબહેને આપેલ ધર્મસંસ્કારોનું ધાવણ પીને ઊછરેલી પ્રકાશ–મહેન્દ્રની બાંધવબેલડી એટલે જાણે રામલક્ષ્મણની અજોડ જોડી. એમાં મુખ્ય ઉપકાર જો કોઈનો હોય તો તે વખતે 'લઘુરામ' તરીકે લોકજીભે ગવાઈ ગયેલ પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજનો! વૈરાગ્યના રંગ રેલાવતી એમની દેશનાના શ્રવણે શ્રોતાઓનાં હૈયાં ડોલી ઊઠે! એમાં બાબુભાઈનું મન વૈરાગ્યવાસિત બન્યું અને એમણે સંયમી બનવાનો નિર્ધાર કર્યો. તેમાં વળી સિદ્ધાંતમહોદધિ પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનો મેળાપ થતાં પોતાના પુત્રો પ્રકાશ અને મહેન્દ્રને પણ સંયમમાર્ગના સાથી બનાવવાની ભાવના જાગૃત થઈ. વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામ-ચંદ્રસૂરીશ્વરજી મહારાજની વાણીના શ્રમણે એમાં વેગ આવતો ગયો અને સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ ના દિવસે ધસઈ (મહારાષ્ટ્ર) મુકામે ત્રણેય સંયમમાર્ગના પથિક બન્યા, અને મુનિશ્રી જયકુંજરવિજયજી, મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી અને મુનિશ્રી મુક્તિપ્રભવિજયજી નામે જાહેર થયા; તેમાં મુનિશ્રી મુક્તિપ્રભવિજયજી મુનિ શ્રી જયકુંજરવિજયજીના શિષ્ય બન્યા.

પૂ. મુનિરાજ શ્રી મુક્તિપ્રભવિજયજી મહારાજ નાનપણથી તીક્ષ્ણ બુદ્ધિ, સહનશીલતા, સમર્પિતતા આદિ વિશિષ્ટ ગુણો ધરાવતા હતા, જેના પ્રભાવે સુંદર શ્રુતસાધના, વર્ધમાનતપની ૩૧ ઓળી, શ્રી સિદ્ધગિરિરાજની ૯૯ યાત્રા, ચોવિહાર ઉપવાસ સાથે એક જ દિવસમાં સિદ્ધાચલની ૭ યાત્રા, આશ્રિતવર્ગના યોગક્ષેમની સતત ચિંતા, શાસનની પ્રભાવના–રક્ષા કરવાની અદ્ભુત દક્ષતા આદિ ગુણોથી સમૃદ્ધ સંયમજીવન ધારી રહ્યા છે. પૂ. ગુરુદેવોની આજ્ઞાથી પ્રવચનપીઠને શોભાવી ત્યારથી તર્કબદ્ધ યુક્તિઓ સાથે શાસ્ત્રસિદ્ધ સત્યને મધુર છતાં માર્ગસ્થ રીતે શ્રોતાઓ સુધી પહોંચાડવા દ્વારા પૂ. ગુરુદેવોના હૈયામાં અનેરું સ્થાન પામ્યા છે. નાની ઉંમરમાં દીક્ષા લેવા છતાં ગુરુનિશ્રાએ અને ગુરુકૃપાએ તેઓશ્રીનું જીવન–ઘડતર અદ્ભુત રીતે થયું છે. પૂજ્યશ્રીની જ્ઞાનરાશિ જૈન સંઘ માટે ખૂબ ખૂબ ઉપયોગી નીવડે છે. જૈન સમાજને જ્યારે જ્યારે જાગૃત કરવાનો અને અસત્યની સામે સનાતન સત્યને ખુલ્લું મૂકવાનો વખત આવ્યો છે ત્યારે ત્યારે પૂજ્યશ્રી કલમ અને વાણીને કામે લગાડ્યા વિના રહ્યા નથી. પ્રવચન પીઠેથી નીચે ઊતર્યા બાદ બિલકુલ શાંત અને સૌમ્ય તેમ જ હસમુખા લાગતા પૂજ્યશ્રી પ્રવચનપીઠ પર બિરાજમાન થયા બાદ શાસ્ત્રીય સત્યોની રક્ષા કરવા ટાણે કોઈની પણ શેહશરમમાં પડ્યા વિના કડકમાં કડક બન્યા વિના રહેતા નથી. સમર્થ પ્રવચનકારની સાથે-સાથે સમર્થ લેખક તરીકે પણ તેઓશ્રી પ્રસિદ્ધિ પામ્યા છે. 'વિજયમુક્તિચંદ્રસૂરી ગ્રંથમાળા' તરફથી પ્રગટ થયેલ શ્રાવકજીવન, જીવનને જીવી તું જાણ, જય શત્રુંજય, રાણકપુરની ભીતરમાં, વાર્તા રે વાર્તા, નાનકડી વાર્તા, સાહસના શિખરેથી, જિંદગી એક ઝંઝાવાત, પથ્થર કે પ્રભુ? શ્રાવકે શું કરવું જોઈએ? વગેરે અનેક આકર્ષક પુસ્તકો પૂજ્યશ્રીની વિદ્વત્તા, રસિકતા અને સર્જનશક્તિનો પરિચય કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીનો જન્મ નાસિક (મહારાષ્ટ્ર)માં સં. ૨૦૦૪ના વૈશાખ સુદ ૮ના દિવસે થયો. દીક્ષા ધસઈ મુકામે સં. ૨૦૧૧-ના વૈશાખ સુદ ૭ના દિવસે થઈ. સં. ૨૦૪૨ના માગશર સુદ બીજના દિવસે અમદાવાદ મુકામે ગણિપદ, સં. ૨૦૪૪ના ચૈત્ર વદ ૪ના દિવસે મુંબઈ-ભૂલેશ્વર-લાલબાગમાં પંન્યાસપદ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થયેલ. જ્યારે આચાર્યપદ સુરત-ગોપીપુરામાં સં. ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ સુદ ૬-ના તેઓશ્રીની આજ્ઞા અને મંગલ આશીર્વાદપૂર્વક પોતાના પિતા-ગુરુદેવ પૂ. આ. શ્રી વિજયજયકુંજરસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે થયેલ. જૈનશાસનના જવાબદારીભર્યા તૃતીયપદે બિરાજમાન પૂ. આ. શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ આજે અનેક રીતે જૈનસંઘને પોતાની આગવી શક્તિનો પરિચય આપી રહ્યા છે. તેઓશ્રીના શિષ્યપરિવારમાં આચાર્ય શ્રી શ્રેયાંસપ્રભસૂરિજી, મુનિશ્રી પુણ્યપ્રભવિજયજી, મુનિશ્રી ધર્મરક્ષિત વિજયજી, મનિશ્રી આત્મરક્ષિતવિજયજી, મુનિશ્રી પાર્શ્વરક્ષિત વિજયજી, મુનિશ્રી દર્શનરક્ષિતવિજયજી, મુનિશ્રી પ્રશમરક્ષિતવિજયજી, મુનિશ્રી યશારક્ષિતવિજયજી, તથા બાળમુનિશ્રી પૂર્ણરક્ષિતવિજયજી, આદિ શ્રમણો અનેક રીતે તૈયાર થઈ શાસન પ્રભાવના સહ સ્વઆરાધના કરી રહ્યા છે. તેઓશ્રીએ પોતાના ગુરુદેવની પાવનનિશ્રામાં રહી કરેલા અનેક કાર્યો પૈકી બંગાલ-બિહારમાં વિ.સં. ૨૦૬૦થી વિ.સં. ૨૦૬૪ ચાર વર્ષ વિચરણ દરમ્યાન થયેલ કાર્યો ખરેખર મહત્વના ગણી શકાય એવા ચિરંજીવ હતા. વિ.સં. ૨૦૬૦ કલકત્તા ચાતુર્માસમાં માત્ર બે મહિનામાં ટોલીગંજ ખાતે જિનાલય નિર્માણ, વિ.સં. ૨૦૬૧માં સમ્મેતશિખર મહાતીર્થનો ૬૫૦ યાત્રિકો સાથેનું ઐતિહાસિક ચાતુર્માસ, ★ શિખરજી ભોમિયાજી-શાંતિનાથ જિનાલયમાં ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા, ★ શત્રુંજયમંડન આદિનાથ જિનાલય નિર્માણ, ★ શિખરજી તીર્થમાં ઉપર નીચે મૂળનાયક ભગવાનના પરિકરનું નિર્માણ, ★ સમ્મોતશિખર ભાતાઘર જિર્ણોદ્ધાર, ★ જલમંદિર પાસે નૂતન ઉપાશ્રય નિર્મણ, ★ શ્રી વાસુપૂજ્યસ્વામી કલ્યાણક ભૂમિ ચંપાપુરી તીર્થ જીર્ણોદ્ધાર, ★ પ્રભુ મહાવીરની કલ્યાણક ભૂમિ લઠવાડ-ક્ષત્રિયકુંડ જિર્ણોદ્ધાર, ★ સુવિધિનાથ કલ્યાણક ભૂમિ કાકંદીતીર્થ જિર્ણોદ્ધાર, ★ ભાગલપુર જિર્ણોદ્ધાર, ★ રાજગૃહી ચાતુર્માસ, ★ શ્રી મુનિસુવ્રતસ્વામી કલ્યાણકભૂમિ રાજગૃહી-વૈભારગિરિ તીર્થના પાંચે મંદિરોનો જિર્ણોદ્ધાર, ★ તેમજ કલકત્તા ટોલીગંજ-સમ્મેતશિખર શ્વે. કોઠી-સમ્મેતશિખર ભોમિયભવન-પાવાપુરી નયામંદિર-કુમારડીહ-લઠવાડ-ચંપાપુરી-ભાગલપુર આદિ અનેક સ્થળે વિજયરામચન્દ્રસૂરિ ગુરુમંદિરનું નિર્માણ ★ આ બધા કાર્યો કે જે થતાં વર્ષોના વર્ષો પસાર થઈ જાય તે માત્ર પજ્યશ્રીની કુનેહબુદ્ધિ અને નિર્ણાયક કાર્યશક્તિથી માત્ર ચારવર્ષમાં થવા પામ્યા હતા.જે દ્વારા પૂર્વભારતની કલ્યામકભૂમિઓમાં નવા ઇતિહાસનું સર્જન થવા પામ્યું હતું. જે જિર્ણોધારોમાં અઢીથી ત્રણ કરોડ રૂપિયાનો સદ્વ્યય થયો હશે. પૂર્વભારતની કલ્યાણક ભૂમિઓના જિર્ણોદ્ધારના માર્ગદર્શક તથા પ્રેરક એવા પ્રભાવક સૂરિવરને શતશઃ વંદના!

*સૌજન્ય : શ્રી સંયમ સુવર્ણોત્સવ સમિતિ પાવાપુરી સમવસરણ મંદિર- તીર્થ*

## *શ્રુતભક્તિના મહાન પુરસ્કર્તા*

# પૂ. આ.શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.



સાધુજીવનની સમાચારીના પાલનમાં સદાય સજાગ અને સમયબદ્ધ રહેનારા પૂ. આચાર્યદેવશ્રી યશોવિજયજી મહારાજનું ત્યાગી જીવન અનેક ગુણોથી મહેકી રહ્યું છે. પૂજ્યપાદ બાપજી મહારાજના સમુદાયમાં ઉચ્ચતમ પદે બિરાજમાન પૂ. સૂરિવર્ય ખરે જ વાત્સલ્ય અને પ્રસન્નતાની મૂર્તિ છે! મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના જ્ઞાનસારસૂત્રની "સમશીલં મનો યસ્ય સ મધ્યસ્થો મહામુનિઃ" પંક્તિની જીવંત કૃતિ અને "ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું" એ પંક્તિમાં આનંદઘનજી મહારાજાએ વીંધેલી-ચીંધેલી ચિત્તપ્રસન્નતાની ઝળહળતી ઝાંખી કરાવતું વ્યક્તિત્વ એટલે પૂ. આચાર્યશ્રી યશોવિજયસૂરિજી મહારાજ.

તેઓશ્રીનો જન્મ સં. ૨૦૦૨ના મહા વદ ૧૩ને શુક્રવાર, તા. ૧-૩-૧૯૪૬માં ઝીંઝુવાડામાં એક સંસ્કારી અને ધર્મનિષ્ઠ પરિવારમાં થયો હતો. બાળપણથી પૂર્ણિમાના ચંદ્ર જેવું પ્રસન્ન મુખકમળ અનેક જીવોના આકર્ષણનું કેન્દ્ર હતું. પિતા જયંતીલાલે અને માતા કંચનબહેને બાળકનો ઉછેર પણ પૂરતા વાત્સલ્ય-ભાવથી કર્યો. સમય જતાં તેઓ શ્રુતભક્તિના મહાન પુરસ્કર્તા બન્યા. પૂજ્યશ્રીનું સંસારી નામ જશવંતભાઈ. બાળપણથી જ જશવંતભાઈનાં ધર્મપ્રીતિ, તપ-જપની આરાધના અને જ્ઞાન-ધ્યાનમાં રસ વધતા જ રહ્યા. એવામાં ગુરુદેવશ્રી આચાર્યભગવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ૐકારસૂરિજી મહારાજની કૃપાદૃષ્ટિએ જશવંતભાઈની ધર્મજ્યોત પ્રજ્વલિત કરી અને સં. ૨૦૧૩–ના મહા સુદ ૧૦–ના દિવસે ઝીંઝુવાડામાં દીક્ષા લઈ પૂ. આ. શ્રી ૐકારસૂરિજી મહારાજના વિનેય શિષ્ય મુનિ યશોવિજયજી નામે જાહેર થયા. આગળ જતાં, પૂ. આ. શ્રી ૐકારસૂરિજી મહારાજના વરદ હસ્તે સં. ૨૦૪૨માં જૂના ડીસા મુકામે પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા. સં. ૨૦૪૫ના મહા સુદ પાંચમને દિવસે બનાસકાંઠા જિલ્લાના વાવ ગામે પૂ. આ.શ્રી હિમાંશુ-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા.

પ્રખર પ્રતિભાના ધારક, શાસનપ્રભાવક અને સૌજન્ય-શીલ વ્યક્તિત્વ ધરાવતા આ મહાપુરુષ સાચે જ અનેકવિધ શાસનકાર્યોથી સંયમજીવનની સુવાસ પ્રસરાવી રહ્યા છે. પૂજ્યશ્રીનો અલ્પ પરિચય પણ આપણને પ્રસન્ન વદન, સમતાપૂર્ણ હૃદય અને નેહ નીતરતાં નયનોની ત્રિવેણીમાં સ્નાન કરતાં હોઈએ એવો અનુભવ કરાવી જાય છે. આ. ભ. ૐકારસૂરિ મ.સા.ની ત્રણ દાયકાથી પણ વધુ સમય સુધી સતત વહી રહેલી ગુરુકૃપાના પૂજ્યશ્રી અનુપમ વાહક છે. ભક્તિયોગ એમનો પ્રિયમાં પ્રિય યોગ છે. પ્રભુ પ્રત્યે પાંગરતી પૂજ્યશ્રીની ભક્તિધારામાં આપણે સહજપણે પરિપ્લાવિત થઈ ઊઠીએ છીએ. વિહારયાત્રામાં પણ સતત ચિંતન–મનન–સંકલન–લેખન આદિ ચાલતાં જ હોય. યાત્રામાં વિહરતાં તેઓશ્રીનું દર્શન નયનરમ્ય હોય છે.

આ. શ્રી યશોવિજયસૂરિ મ.સા.નાં વાચનાનાં કેટલાંક પુસ્તકોનાં નામ :—

'દરિસણ નરસિએ', 'ઋષભ જિનેશ્વર પ્રીતમમાહરો', 'અસ્તિત્વનું પરોઢ', 'અનુભૂતિનું આકાશ', 'સોહિભાવ નિર્ગ્રંથ', 'આતમજ્ઞાની શ્રમણ કહાવે', 'પ્રભુનો પ્યારો સ્પર્શ, આપ હિ આપ બુઝાય', 'આત્માનુભૂતિ', 'રોમ રોમ પરમ સ્પર્શ', 'મેરે અવગુણ ચિત ન ધરો'.

પૂજ્યશ્રીનાં પાવન પગલે તેઓશ્રીના પિતાશ્રી મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મહારાજ સુંદર સંયમસાધના કરી રહ્યા છે. તથા લઘુબંધુ વિદ્વદ્વર્ય આ. વિજય શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ સંશોધનક્ષેત્રે હરણફાળ ભરી રહ્યાં છે માતુશ્રી સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી મહારાજ તરીકે વિચરી રહ્યા છે તથા લઘુબંધુ પંન્યાસ રાજેશવિજયજી તરીકે સુંદર સંયમસાધના કરી રહ્યા છે. આમ, પોતાના કુટુંબીજનો અને અન્ય અનેક પવિત્ર આત્માઓને પૂજ્યશ્રીએ સંયમમાર્ગ સંબોધ્યો છે. વર્તમાન જિનશાસનના સિતારા સમા આ આચાર્યદેવ શાસ્ત્રોના ગૂઢ અભ્યાસી છે. ઉચ્ચ કોટિના અધ્યાત્મચિંતક છે. આનંદઘન આત્માના એકનિષ્ઠ આરાધક છે. અગણિત અનુષ્ઠાનોના ઉપાસક છે. આવા મહાસમર્થ ધર્માત્માના વરદ હસ્તે શાસનનાં માંગલિક કાર્યો દીર્ઘ કાળપર્યંત થતાં રહો એ જ હાર્દિક અભ્યર્થના સાથે પૂજ્યશ્રીને શતશઃ વંદના!

*સૌજન્ય : હીરાલાલ વાલચંદ મોદી, ભાભર*

## *સાહિત્યસર્જક : શાસ્ત્રવેત્તા*

# પ.પૂ.આ.શ્રી શ્રેયાંસચન્દ્રસૂરિજી મ.સા.

પૂજ્યશ્રીનું વતન કચ્છનું જખૌ ગામ. પિતાનું નામ ઠાકરશી નાગશી અને માતાનું નામ લીલાબાઈ. સ્વનામ શાંતિલાલ. તેમનો જન્મ મુંબઈમાં તા. ૧૬-૬-૧૯૪૧ને સોમવારે થયો. સેવાગ્રામ (વર્ધા), ગુરુકુળ (સોનગઢ) અને મુલુન્ડમાં વ્યાવહારિક શિક્ષણ પાંચ ધોરણ સુધીનું લીધું. પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર, હેમલઘુ-પ્રક્રિયાનો અભ્યાસ કર્યો. સં. ૨૦૧૩ના મહા વદ પાંચમ ને મંગળવારે પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના સમુદાયના પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે દીક્ષા અંગીકાર કરીને મુનિશ્રી શ્રેયાંસવિજયજી મહારાજ બન્યા. ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, ઓરિસ્સા, બંગાળ, બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન આદિ સમગ્ર ભારતવર્ષમાં વિચર્યા.

તેઓશ્રીની વિશેષ પ્રવૃત્તિઓમાં સાહિત્યસર્જનનું કાર્ય નોંધપાત્ર છે. પૂજ્યશ્રીએ અનેક ગ્રંથો પ્રગટ કર્યા છે. પૂજ્યશ્રીને શૈક્ષણિક શિબિરોમાં પણ ખૂબ રસ છે. બાળકોની જ્ઞાનશિબિરોનું પણ આયોજન કર્યું છે.

પુસ્તક પ્રકાશન–પાર્શ્વનાથચરિત્ર ત્રણ આવૃત્તિ–ધન્યકુમારચરિત્ર બે આવૃત્તિ–શાંતિનાથચરિત્ર–વર્ધમાન દેશના–ગૌતમકુલક–ઉપદેશતરંગિણી–ઉપદેશપ્રાસાદ ભાગ ૧–૨–૩ તથા બારસા સૂત્ર ચરિત્ર. હાલમાં ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિત્ર ભાગ ૧–૪ હિન્દીમાં પ્રકાશનનું કામ ચાલુ છે.

ધાર્મિક શિબિર–વિ.સં. ૨૦૩૧-૩૩-૩૫-૩૬-૩૭-૩૮ અમદાવાદ પાંજરાપોળ તથા ગોધરા ૨૦૩૪–૩૭ મુંબઈ, બોરીવલી, દોલતનગર, ૨૦૩૯ તથા ૨૦૪૩ અમદાવાદ–શામળાની પોળ, ૨૦૩૫ દિવાળી શિબિર, પુસ્તક પ્રકાશન–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધાર્મિક શિક્ષણ શિબિર તથા તીર્થયાત્રામાં વિશેષ રસ. ૩૬ વર્ષથી સળંગ બેઆસણાં ચાલુ છે.

દીક્ષા મુંબઈ-ગણિ પદ-બોરસદ, ૨૦૩૪ પન્યાસ પદ-વલસાડ ૨૦૩૯ થયેલ છે. પ્રતિષ્ઠા-બુરહાનપુર-વિમલનાથપ્રભુની તથા શાંતિનાથ વાડી તથા પાઠશાળા અને બહેનોના ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન આ બધા કાર્યક્રમ તેઓશ્રીની નિશ્રામાં બુરહાનપુર મધ્યપ્રદેશમાં થયેલ છે.

*શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી, દોલતનગર, બોરીવલી, મુંબઈ-૬૬ના સૌજન્યથી*

*પ્રસિદ્ધ પ્રવચનકાર, સંસિદ્ધ સાહિત્યકાર, 'પંચ મહારાજ' તરીકે પ્રસિદ્ધ સંગઠનપ્રેમી*

## પૂ. આ.શ્રી વિજયવીરસેનસૂરીશ્વરજી મ.

'વીર-સેનાના સૈનિક' શ્રી વીરસેનસૂરીશ્વરજી મહારાજ પણ છાણી ગામની ચિંતામણિ ખાણમાંના જ એક રત્ન છે. પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૯૯ના ભાદરવા સુદ પાંચમે થયો હતો. નગર અને કુટુંબના ધર્મમય વાતાવરણમાં ઊછરેલા પૂજ્યશ્રીને શૈશવકાળમાં જ વૈરાગ્યનો રંગ લાગ્યો હતો. સં. ૨૦૧૪ના વૈશાખ વદ ૬ ને મંગળ દિને છાણીમાં જ પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટદીપક તરીકે પ્રવ્રજ્યા અંગીકાર કરી મુનિશ્રી વીરસેનવિજયજી બન્યા. પૂજ્યશ્રીનાં બે બહેનો અને લઘુબંધુ પણ સંયમમાર્ગના સહપંથી બન્યાં છે. સંયમ સ્વીકારીને પૂજ્યશ્રીએ પૂ. ગુરુદેવની નિશ્રામાં અનેકવિધ આરાધના કરી છે. ૧૧ અટ્ઠાઈ, ૧૬ ઉપવાસ, વર્ષીતપ આદિ આરાધના કરી છે. ગુરુભક્તિ અને સંયમસાધના સાથે સંગઠનપ્રેમ એ તેઓશ્રીની વિશેષતા છે. સંઘમાંનાં કુસંપ અને વૈમનસ્યોને કુશળતાથી દૂર કરવામાં પૂજ્યશ્રીની આવડત અજોડ છે. દક્ષિણ ભારતના રમણિયા, વેદાના, અરસીકેરે, કર્નુલ આદિ સંઘોમાંના વૈમનસ્યો મિટાવી જિનશાસનનો જયજયકાર પ્રવર્તાવ્યો છે. તેથી તો ઘણા તેઓશ્રીને 'પંચ મહારાજ' તરીકે ઓળખે છે.

પૂ. ગુરુદેવશ્રીનો સંસ્કૃતના સુપ્રસિદ્ધ વિદ્વાન હોવાનો વારસો પૂજ્યશ્રીએ પણ જાળવી રાખ્યો છે. 'છાણીશતક', 'ભદ્રંકર ભક્તામર', 'સંઘશતક' આદિ સંસ્કૃત રચનાઓ કરી છે. ૨૦૦ જેટલાં હિન્દી મુક્તકો રચી 'ગાઓ ઔર પાઓ' નામનો સુંદર સંગ્રહ પ્રકાશિત કર્યો છે. ગુજરાતી હોવાને લીધે ગુજરાતી ગીતો અને મુક્તકોની રચનાઓ કરી છે, એ નવાઈ પમાડે તેવી વાત નથી, પરંતુ તેઓશ્રીનું મરાઠી અને તેલુગુ ભાષામાં સાહિત્યસર્જન આશ્ચર્ય જન્માવે તેવું છે. પૂજ્યશ્રીએ 'પ્રભુ મહાવીરડું' નામની તેલુગુ ભાષામાં પુસ્તિકા રચી છે. 'પઢો ઔર બઢો', 'વૈરાગ્યરસમંજરી', 'દિલનું દીપ', 'પ્રેરણા', 'પ્રવચનમાધુરી' આદિ મરાઠી રચનાઓ પણ જે તે પ્રદેશોમાં અત્યંત આદર પામી છે. છેલ્લાં નવ વર્ષથી 'લબ્ધિકૃપા' માસિકનું સંપાદન કરી રહ્યા છે. આમ, પૂજ્યશ્રી એક સમર્થ સાહિત્યકાર તરીકે જનજીવનના સંસ્કારને સંમાર્જિત-સંવર્ધિત કરીને જિનપ્રભુનો જયજયકાર પ્રવર્તાવી રહ્યા છે. ઉત્તર પ્રદેશના બહરાઈચ જિલ્લામાં આવેલા શ્રાવસ્તિતીર્થના ઉદ્ધાર માટે પૂ. ગુરુદેવશ્રી સાથે રહીને માર્ગદર્શન-પ્રેરણા આપી મહાન યોગદાન આપેલ છે અને એ જ તીર્થસ્થળે સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ ને શુભ દિને પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ તેઓશ્રીને આચાર્યપદે આરૂઢ કર્યા. એવા એ સંગઠનપ્રેમી, પ્રસિદ્ધ પ્રવચનકાર, મહાન સાહિત્યસર્જક આચાર્ય શ્રી વિજયવીરસેનસૂરીશ્વરજી મહારાજને શતશઃ વંદના!

*સૌજન્ય : પૂ. ગણિવર્યશ્રી વિક્રમસેનવિજયજી મ.ની પ્રેરણાથી શ્રાવકભક્તોનાના સૌજન્યથી*

*ધીર- ગંભીર અને મેધાવી ચિંતક, પ્રભાવી પ્રવચનકાર,*

## પ. પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિજી મહારાજ

જૈનધર્મનાં સાતેય ક્ષેત્રોનાં પાતળાં પડેલાં વહેણોને પુનઃ ખળખળ વહેતા ઝરણારૂપે પરિવર્તિત કરનાર, વીસમી સદીના શાસન-પ્રભાવક આચાર્ય ભગવંતોમાં મૂર્ધન્ય સમા અને જૈન સંઘમાં 'શાસનસમ્રાટ' ગણાયેલા મહાન આચાર્યશ્રી વિજયનેમિ-સૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં આચાર્યશ્રી વિજયદેવ-સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના સંસારી લઘુબંધુ અને શિષ્ય આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ પોતાના વિદ્વત્તા, શાસ્ત્રાધ્યયન અને પ્રભાવક પ્રવચનશક્તિના યોગે શુક્રતારકની જેમ ચમકી રહ્યા છે.

### જન્મ : વતન : પરિવાર

તેઓશ્રીનું મૂળ વતન જંબૂસર પાસેનું અણખી ગામ. વિ.સં. ૨૦૦૩ના આસો વદ ૧૨ના રોજ એમનો જન્મ. સંસારી નામ પ્રવીણકુમાર. પિતાશ્રી હીરાલાલ દીપચંદ શાહ અને માતુશ્રી પ્રભાવતીબહેન પાસેથી ધર્મસંસ્કારોનું સિંચન થયું. વ્યવસાય અર્થે પિતાશ્રીએ વસવાટ અમદાવાદ-સાબરમતી ખાતે કર્યો. શાસનસમ્રાટ આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે સાબરમતીમાં ચાતુર્માસ બિરાજમાન હતા ત્યારે ઘરે પધારતાં સાધુ–સાધ્વીજીનાં દર્શન–વંદનનો લાભ સૌ કુટુંબીજનો સાથે આ બાળ પ્રવીણને પણ મળ્યો.

કુટુંબમાં દીક્ષાનાં પ્રથમ દ્વાર ખોલ્યાં વડીલબંધુ હસમુખભાઈએ. તેઓ સં. ૨૦૦૫માં મુનિશ્રી હેમચંદ્રવિજયજી નામે દીક્ષિત થયા. તે પછી બહેન હંસાબહેન સં. ૨૦૦૯માં સાધ્વીજી શ્રી હેમલતાશ્રીજી બન્યાં. સં. ૨૦૧૨માં માતા પ્રભાવતીબહેન સાધ્વીજી શ્રી પદ્મલત્તાશ્રીજી બન્યાં અને સં. ૨૦૧૭માં પિતાશ્રી હીરાભાઈ મુનિશ્રી હીરવિજયજી મહારાજ બન્યા. એ જ વર્ષમાં ૧૩ વર્ષની વયે માગશર સુદ ૫–ના રોજ પ્રવીણકુમારે સુરત ખાતે પૂજ્ય આચાર્યશ્રી મેરુવિજયજી મહારાજના વરદ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી અને પોતાના વડીલબંધુ મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી બન્યા. આમ આખોયે પરિવાર પાંચ સભ્યોના દીક્ષા–અંગીકાર દ્વારા જૈન શાસનને સમર્પિત થયો.

## સાધુ પદથી આચાર્ય પદ

મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજીનાં સળંગ ત્રણ ચાતુર્માસ (સં. ૨૦૨૨ થી ૨૪) પૂજ્ય આચાર્યશ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજની નિશ્રામાં થયાં. તે દરમિયાન વિદ્વાન આચાર્યશ્રી વિજયધર્મધુરંધરસૂરિજીના નિકટ પરિચયમાં રહેવાનું થતાં તેઓના આચારવિચાર અને જ્ઞાનસંસ્કારનો ઊંડો પ્રભાવ મુનિ પ્રદ્યુમ્નવિજયજી ઉપર પડ્યો. પ્રારંભમાં પોતાના ગુરુમહારાજ તેમ જ વૈયાકરણ પંડિત શ્રી બંસીધર ઝા અને તે પછી દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન પંડિતશ્રી દુર્ગાનાથ ઝા પાસે કરેલા ન્યાય અને વ્યાકરણના અભ્યાસને કારણે કોઈપણ વિષયને સૂક્ષ્મતાથી ગ્રહણ કરવાની શક્તિ તથા તે વિષયને સ્પષ્ટતાથી વિચારવાની દૃષ્ટિ એમને પ્રાપ્ત થઈ.

સં. ૨૦૩૬માં સુરેન્દ્રનગર મુકામે ગણિ પદવી અને સં. ૨૦૩૯માં જેસિંગભાઈની વાડી, અમદાવાદ ખાતે પંન્યાસ પદવીથી તેઓ વિભૂષિત થયા. તે પછી સં. ૨૦૫૨ના માગશર સુદ–૬ (તા. ૨૭-૧૧-૧૯૯૫)ના રોજ શ્રી પો. હે. જૈનનગર, અમદાવાદને આંગણે પંચપરમેષ્ઠીના તૃતીય પદ સમું આચાર્યપદ એમને પ્રદાન થયું. મુનિ રાજહંસવિજયજી જેવા વિચક્ષણ શિષ્યરત્નનો સાથ એમને પ્રાપ્ત થયો છે.

ઉપાધ્યાયજીના ગ્રંથોના ઊંડા અધ્યયનમાં અને એ ગ્રંથોની પ્રાપ્ય હસ્તપ્રતોને આધારે શુદ્ધિ સમેતનાં સંશોધન–સંપાદનમાં તેઓ ઓતપ્રોત રહે છે. 'સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ'નું શાસ્ત્રીય સંપાદન એનું એક સુંદર ઉદાહરણ છે. એમનાં પ્રવચનોમાં પણ ઉપા. યશોવિજયજીના ગ્રંથોનો પ્રભાવ અછતો નથી રહેતો.

## પરિસંવાદો અને પ્રવચનમાળા

'ઉપાધ્યાય યશોવિજયજી : વ્યક્તિત્વ અને વાઙ્મય', 'અકબર–પ્રતિબોધક મહાન જૈનાચાર્ય શ્રી હીરવિજયસૂરિ' તથા 'પંડિત વીરવિજયજી' વિશેના વિદ્વત્તાસભર પરિસંવાદો મુંબઈની શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થાએ આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીની નિશ્રામાં યોજ્યા છે. આ પરિસંવાદોએ મહાન સાધુભગવંતોના અભ્યાસમાં એક નવું પરિમાણ ઉમેર્યું છે. પૂજ્ય મહારાજશ્રી જ્યાં ચાતુર્માસ બિરાજમાન હોય તે સ્થળોએ આ પરિસંવાદો યોજાયા હોઈ આ ત્રણેય પરિસંવાદો અનુક્રમે વિશ્વનંદિકર જૈન સંઘ, અમદાવાદ, મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, કેશરિયાજી નગર, પાલિતાણા અને જૈનનગર, અમદાવાદ ખાતે યોજાયા હતા.

સં. ૨૦૫૫નું વર્ષ એ શાસનસમ્રાટ આચાર્યશ્રી વિજય-નેમિસૂરીશ્વરજીના સ્વર્ગારોહણની અર્ધશતાબ્દીનું વર્ષ હતું. એ નિમિત્તે આ. શ્રી હેમચંદ્રસૂરિજી અને આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ આંબાવાડી જૈન ઉપાશ્રય ખાતે સળંગ આઠ દિવસ (કારતક વદ ૫–થી ૧૨/૮ થી ૧૫ નવે. ૧૯૯૮) શાસનસમ્રાટશ્રીના જીવનનાં વિવિધ પાસાંઓ વિશે આઠ પ્રવચનો આપ્યાં. આ. પ્રદ્યુમ્નસૂરિજીએ આ પ્રવચનશ્રેણીમાં નિજી દૃષ્ટિકોણથી શાસનસમ્રાટશ્રીના જીવનનું જે પુનર્મૂલ્યાંકન કરી આપ્યું તે સમગ્ર સંઘની એક ઐતિહાસિક ઘટના ગણી શકાય. આ પ્રવચનશ્રેણી એટલી તો લોકપ્રિય બની કે અમદાવાદ શહેરવિસ્તારના પાંજરાપોળના ઉપાશ્રય ખાતે ત્યાંના સ્થાનિક સંઘોના આગ્રહથી પૂજ્ય મહારાજશ્રીને સમ્રાટશ્રી વિશે બીજી પ્રવચનશ્રેણીનું આયોજન કરવું પડ્યું.

પૂજ્ય મહારાજશ્રીનો સં. ૨૦૫૫નો ચાતુર્માસ ઓપેરા સોસાયટી ખાતે હતો. એ સંઘના યજમાનપદે પૂજ્ય આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના નિર્વાણ–અર્ધશતાબ્દી મહોત્સવની ઉજવણી અત્યંત ભવ્ય રીતે કરવામાં આવી. એના એક ભાગ રૂપે 'શાસનસમ્રાટ્ પ્રવચનમાળા' ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના તત્કાલીન રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારીના હસ્તે કરવામાં આવ્યું.

જંગમ 'પાઠશાળા' : કેટલાંક વર્ષોથી સુરતથી પ્રકાશિત થતું 'પાઠશાળા' સામયિક સાચે જ જીવનઘડતર માટેની પૂજ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રીની જંગમ પાઠશાળા બની રહ્યું છે. શેઠ શ્રી શ્રેણિકભાઈએ એક સભામાં કહેલું કે "પૂજ્ય મહારાજશ્રીનું 'પાઠશાળા' જેવું હાથમાં આવે છે કે એક જ બેઠકે વાંચી જાઉં છું."

પંડિત રૂપવિજયજી મહારાજ રચિત ૪૫ આગમની મોટી પૂજા પ્રત્યે એમના મનમાં એવી અપાર પ્રીતિ છે કે પોતે જ્યાં પણ ચાતુર્માસ–સ્થિરતા કરી હોય ત્યાં તે પૂજા ઠાઠમાઠથી સંગીતબદ્ધ રીતે પૂરા હૃદયોલ્લાસથી ભણાવવાનું આયોજન તેઓ કરે છે.

આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજીના વ્યક્તિત્વમાં ગુણાનુરાગિતા, સરળતા, નમ્રતા અને પારદર્શિતા છે. એમની મુખમુદ્રાની પ્રસન્નતા અને નમ્ર હૃદયની માધુર્યની છાલક આપણાં હૈયાંને ભીંજવી જાય છે. એમનો સત્સંગ અને સાન્નિધ્ય સદૈવ સુખકર અને શાતાદાયક બની રહે છે.

પૂજ્યશ્રીના વરદ હસ્તે શાસનપ્રભાવક કાર્યો થતાં રહે એ જ અભ્યર્થના. શાસનના આ તેજસ્વી તારકને કોટિ કોટિ વંદના!

*[લેખન–સંકલન : પ્રા. કાન્તિભાઈ બી. શાહ]*

*સૌજન્ય : ગુણગુણાનુરાગી સુશ્રાવકો તરફથી*

*સમર્થ વ્યાખ્યાનકાર : અજોડ સાહિત્યકાર,*
*પરમ શાસનપ્રભાવક*

## પ.પૂ. આ.શ્રી અશોકસાગરસૂરિજી મ.



ગરવી ગુજરાતની પાવન ધરાએ અનેક વીરરત્નો આપ્યાં છે. જે વિશ્વના સામાન્ય જન કરતાં કાંઈક નોખી માટીના હોય છે. આ ધરા પર પાંગરેલા પુષ્પોએ ધર્મ અને સંસ્કૃતિની જ્યોતને ઝગમગતી રાખી છે. એમાનું એક નરરત્ન કે પાંગરેલું પુષ્પ એટલે પ.પૂ.આ.મ.શ્રી અશોક સાગરસૂરિશ્વરજી–પરમ શાસન પ્રભાવક આચાર્ય ભગવંત.

ગુજરાતના વડોદરા જિલ્લાના છાણી ગામની ધન્યધરા, જ્યાં સંપ્રતિરાજના સમયના શ્રી શાંતિનાથપ્રભુનું ૧૨૫ વર્ષ પ્રાચીન ભવ્ય જિનાલય શોભે છે. આ જિનાલયમાં પ્રભુનો પ્રતિષ્ઠા મહોત્સવ આચાર્ય શ્રી લક્ષ્મીસાગરસૂરિજી મ. સાહેબે કરી હતી. આ શાંતિનાથ દાદાનો પ્રભાવ છાણી ગામ પર ઘણો હતો.

ગામ નાનકડું હોય, પરંતુ દિલાવર ભક્તજનો હોય ત્યાં પ્રભુનો પ્રભાવ ચોક્કસ જોવા મળે. છોટાભાઈ અને મોહનભાઈ એટલે ધર્મવીર અને કર્મવીરની જોડી. મોહનભાઈ પૂ. સાગરજી મ.સા.ના ભક્ત અને જિનાલયમાં શ્રી શાંતિનાથદાદાના પરમ ઉપાસક–ઝવેરાતના વેપારી હતા તેથી લાખેણી આંગી તેમની દેખરેખ નીચે થતી. સંગીતના રસજ્ઞ હતે તેથી તેઓ તબલા વગાડવામાં પણ ઉસ્તાદ.

મોહનભાઈના ત્રણ દીકરા શાંતિભાઈ પણ સંગીતના ભેર શોખીન. શાસદઈય સંગીતક્ષેત્રે ખૂબ જ નામના પ્રાપ્ત કરી હતી. પરિવારે સુસંસ્કારી વાતવરણ મળે એવો પ્રયાસ કરતા હતા. તેમના પત્ની સુશ્રાવિકા મંગુબહેન એવા જ ધર્મનિષ્ઠ હતા. અભ્યાસમાં પૂરવીણ, વ્રતોને જીવનમાં ઉતારનાર સુશ્રાવિકા અને સંસ્કારદાત્રી મંગુબહેનને પાંચ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતા. સંસ્કારનું ઘડતર આ માતાએ પોતાના ત્રણ પુત્રો અને બે પુત્રીઓને દીક્ષા આપી હતી. તેમના રોમરોમમાં શ્રી વીરશાસન પ્રગટતું હતું.

મહાન પુરુષોની જીવનયાત્રા પણ શરૂઆતથી જ કાંઈક અળગ લાગે છે. મંગુબહેનના ત્રીજા નંબરના પુત્રના જન્મ પહેલાં તેમણે દેવવિમાન સહિત એક સ્વપ્ન જોયું હતું. તેમાં સુંદર સંગીતના સૂરની વચ્ચે દેવવિમાન એટલે દિવ્યતાનો પાર નહીં.

આ સ્વપ્ન પુરું થયું, તે પછી તરત જ અરુણકુમારનો જન્મ થયો. વૈઆખ સુદ-૨ વર્ષ : સંવત ૨૦૦૦ અરુણકુમાર એટલે સંસ્કાર અને બુદ્ધિનો સમન્વય. અરુણકુમાર રોજ રાત્રે બા-બાપુજી અને પરિવારના સૌની સાથે ધર્મની ચર્ચા કરે.

### પ્રસંગોમાંથી પ્રગટતું વ્યક્તિત્વ

એક દિવસ તેમના બાપુજીએ પ.આ.મ.સા. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ના પ્રવચનની વાત કરતાં કહ્યું કે શ્રી વીર પ્રભુના કાનમાંથી જ્યારે ખીલા કાઢ્યા ત્યારે તેમની ચીસથી આસપાસના પહાડો પણ ફાટી ગયા હતા. છ-સાત વર્ષના બુદ્ધિ પ્રતિભાસંપન્ન અરુણકુમારે એ પ્રશ્ન સાંભળીને તરત જ પૂછ્યું કે જો પહાડો ફાટી ગયા, તો ખીલા કાઢનાર જીવતા રહ્યા કે મરી ગયા? આવા ઉત્તમ સંસ્કાર અને બુદ્ધિપ્રતિભા ધરાવનાર અરુણકુમાર સૌના પ્રિયપાત્ર બની ગયા.

પરિવારમાંથી નાનીમા–મામા-ત્રણ માસીઓ સંયમ જીવન પસાર કરતાં હતાં. તેઓની પ્રેરણાથી અરુણકુમારને લગભગ અગિયાર વર્ષની ઉંમરે મહેસાણાની પાઠશાળામાં મૂક્યા. ત્યાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મગ્રંથ, તર્કસંગ્રહ તેમજ સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ કર્યો. સાથે સંગીતની સાધના તો ખરી જ. વિનય અને વિવેકથી વડીલોની સેવા કરે, તેથી પં. પુખરાજજી અને પરીક્ષક શ્રી વાડીભાઈની કૃપાપાત્ર બનતા વાર ન લાગી. ક્યારેક તો પંડિતજી તેમને વ્યક્તિગત રીતે કરાવતા.

ઘણી વખત એવું બનતું કે રાત્રે જ્યારે બધા મિત્રો ગપાટા મારવા બેસી જતાં, ત્યારે અરુણકુમાર પોતાના ઘરમાંથી જે જે દીક્ષાર્થીઓએ નીકળ્યા હતા તે વિષે વિચારતા હતા. પૂર્વભવના સંસ્કારો ગુરુની પ્રેરણા અને પુરુષાર્થના પુણ્યોદયે સંસારથી વિરક્તભાવ જાગ્યો.

**અરુણકુમારમાંથી અશોકસાગર**

સંવત ૨૦૧૭, વૈશાખ સુદ ૧૪, આબુ દેલવાડા-વિમલવસહીનો રંગમંડપ, શ્રી આદિનાથ દાદાની સન્મુખ અને પૂ.પં.શ્રી ભદ્રંકરવિજય મ.સા.ની નિશ્રા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં અરુણકુમારની દીક્ષાનો પ્રસંગ ઉજવાયો. પૂ. પં. અભયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે અશોકસાગર નામથી દીક્ષિત થયા. ભય દૂર કરનાર અભયસાગરજી મ.સા.ના શિષ્ય શોક દૂર કરનાર અશોકસાગર મ.સા બન્યા.

જો કે આ સમયે છાણીમાં તેમના માતા, મામા વગેરે અજાણ હતા. તેઓ તરત જ ત્યાં પહોંચ્યા.થોડો વિરોધ પણ થયો. છેવટે માતાને ખ્યાલ આવ્યો કે અરુણકુમારે લીધેલો માર્ગ જ સાચો છે, ત્યારે મનમાં તો આનંદ થયો.

દાદાગુરુ, પોતાના ગુરુ અને અન્ય ઠાણા સાથે અશોકસાગર મ.સા. કુંભારિયા પધાર્યા. અમદાવાદમાં પૂ. મુનિ શ્રી નિરૂપણસાગરજી અને પ્રથમ ચાતુર્માસ મહેસાણા પછી મેત્રાણામાં કલ્યાણસાગર મ.સાની દીક્ષા થઈ. આ રીતે બે ગુરુભાઈઓ મળ્યા.

અભ્યાસમાં જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો જ તેથી તેઓએ લલિતવિસ્તરા (પૂ. યશોવિજયજી કૃત), ષોડષક, પ્રબોધ ચિંતામણિ, વૈરાગ્ય કલ્પલતા વગેરે સાથે અધ્યાત્મસાર અને વ્યાકરણનો અભ્યાસ કર્યો.

ગુરુબંધુઓની સાથે લગભગ પાંચ હજાર ગાથાઓનો સ્વાધ્યાય કર્યો. ગુરુદેવની એટલી બધી કૃપા પ્રાપ્ત થઈ કે તે પોતે ગુરુજી કરે એ જ પોતે કરે, ગુરુનું પહેરેલું કપડું વાપરે, ગોચરી વાપરવા માટે પણ સાથે જ વાપરે. નાના નાના પ્રશ્નો વિષે જાણે.

શ્રી અશોકસાગર મ.સાના સંસારી બંધુઓ જયકાંત અને હર્ષકાંતને પણ સંયમનો રંગ લાગ્યો તેથી છાણીમાં તેઓને પણ દીક્ષા આપી. મુનિ શ્રી જિનચંદ્રસાગર અને મુનિ શ્રી હેમચન્દ્ર સાગર બન્યા. ગુરુદેવની આજ્ઞાથી તેઓને પણ વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો. સંયમજીવનની તાલીમથી પોતાને પણ આનંદ થયો. આ પછી તો બંને ગણિપદ પામ્યા પછી આચાર્યપદવી શોભાવે છે. વિશાળ શિષ્ય પરિવાર સાથે બંને પ્રભાવના કરે છે.

પૂ.દાદા મ્ર. તથા ગુરુદેવના આગ્રહથી અનેક કાર્યોમાં પ.પૂ.આ.શ્રી અશોકસાગર મ.સા. તેઓની સાથે રહ્યા. વધારે સમય મેવાડ અને માળવામાં રહીને અભ્યાસ કર્યો. ગુરુદેવના અનન્ય આગ્રહને માન આપવું પડ્યું એટલે ઊંઝામાં તેમને સંયમબંધુ મુનિ શ્રી નિરૂપમ સાગર મ.સા.ની સાથે ગણિપદવી મળી. પંન્યાસપદવી માટે આગ્રહ થયો ત્યારે તેમને જવાબમાં જણાવ્યું કે આપશ્રી ઉપાધ્યાય કે આચાર્યપદ સ્વીકારો તો અમે પંન્યાસ પદ લઈ જઈ શકાય. પૂ.આ.મ.સા.ને હંમેશા એવી જ ઇચ્છા રહેતી કે તેમનો શિષ્ય ગુરુદેવશ્રીની સેવામાં રહે. ગુરુઆજ્ઞા પ્રમાણે જ ચાતુર્માસ પસંદ કરે.

**શાશનપ્રભાવનાનાં કાર્યો :–**

વિ.સં. ૨૦૪૩ના ઊંઝાના ચોમાસાના અંતે તેઓના ગુરુ મહારાજશ્રીની તબિયત લથડી અને કારતક વદ-૯ના દિવસે ગુરુ મહારાજનો વિરહ થયો. કાયમી છત્રછાયા હતી તે દૂર થઈ. છતાં હિંમત રાખીને પોતાના ગુરુદેવનાં અધૂરાં કાર્યો કરવા માટે તૈયાર થયા. [redacted]

ગુરુજીના કાળધર્મ પછી પંન્યાસ પદવી, આચાર્ય પદવી, સિદ્ધિગિરિરાજની છાયામાં અનેક ઉત્સવો, જંબૂદ્વીપ પરિસરમાં અનુષ્ઠાનો વગેરેની જવાબદારી લેવી પડી. શાસન પ્રભાવનાનાં તમામ કાર્યો સરળતાથી પાર પડે છે. ગુરુદેવની હયાતીમાં જ જંબૂદ્વીપ સંકુલ, નાગેશ્વર તીર્થ, માંડવગઢ વગેરે માટે તેઓનું નામ ગુરુદેવે આપ્યું હતું. શાસન પ્રભાવનાનાં ઘણાં કાર્યો માટે સર્વની નજર તેમની તરફ જ હોય.

ગુરુદેવની ઇચ્છા એ પોતાની ઇચ્છા, એવું સમજનારા ઘણા ઓછા હોય છે, પરંતુ પૂ. અશોકસાગર મ.સા.નું જીવન લક્ષ્ય જ ગુરુની ઇચ્છા પ્રમાણે કરવાનું રહ્યું.

**પૂ. શ્રી અશોકસાગરસૂરિજી મ.ના હસ્તે થયેલાં કાર્યો**

★ ઉજ્જૈનમાં શ્રી માણિભદ્ર યક્ષરાજ-જન્મસ્થળ–ભેરૂગઢના ઉદ્ધાર માટે ઉપદેશક ★ નાગેશ્વરજી, માંડવગઢ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્યરક્ષિતસૂરિધામ, શ્રી અજિતશાંતિ તીર્થધામ, ઊંઝા, બામણવાડા (રાજસ્થાન) વગેરે તીર્થના ઉદ્ધારક. ★ સ્વર્ણાક્ષરી આગમમંદિર, ઉનાવ, સેમલિયાજી, માલવા-મેવાડ વગેરે તીર્થના ઉદ્ધારક. ★ નાગેશ્વરજી તીર્થમાં સર્વપ્રથમ સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં. ★ કુલ ૨૫ જેટલા સંઘો. ★ ૫૦ થી વધારે પ્રતિષ્ઠા. ★ ૧૫થી વધારે ઉપધાન. ★ સાધુ ભગવંતોને પંન્યાસ પદવી, આચાર્ય પદવી. ★ જંબૂદ્વીપ માટે પૂજ્ય ગુરુદેવના અધૂરા કાર્યો આગળ વધારી આ સ્થળને વિશ્વ વિખ્યાત બનાવવા સિંહફાળો. ★ શિષ્યો, પ્રશિષ્યો (શ્રી સૌમ્યચંદ્ર મ.સા., શ્રી વિવેકચંદ્ર મ.સા., શ્રી ધૈર્યચંદ્ર મ.સા. વગેરે) પ્રેરક રહી શાસનનાં કાર્યો કર્યા.

## વિશિષ્ટ પ્રદાન

માત્ર છ વર્ષના દીક્ષાપર્યાયમાં ૨૯૯ જેટલાં પદ્યબદ્ધ સંસ્કૃત શ્લોકોના રચયિતા, 'ભૂગોળ-ભ્રમ-ભંજની', 'શું એ ખરું હશે?', 'આપણી પૃથ્વી' અને સામાન્ય જનસમુદાયની સમજ પ્રમાણે લખેલું 'આપણી સાચી ભૂગોળ'. જેની હિન્દીમાં બે તથા ગુજરાતીમાં પાંચ આવૃત્તિ પ્રકાશિત થઈ છે. ઉપરાંત અંગ્રેજીમાં પણ આ પુસ્ત પ્રગટ થયું છે. આ પુસ્તકમાં ભૂગોળ વિષયક ખ્યાલો, પૃથ્વી, સૂર્ય વગેરે વિષયક આધુનિક ખ્યાલોનું ખંડન કરતી માન્યતાઓ–માહિતી તથા તેની વીડિયો સી.ડી. પણતૈયાર કરી છે.

'આપણી સાચી ભૂગોળ'ની સીડી વૈજ્ઞાનિકો, વિદ્વાનો તથા રસજ્ઞોએ નિહાળી છે. જિનશાસનમાં તત્ત્વોને રમતાં રમતાં સમજાય એવું 'જ્ઞાન ગમ્મત ઉદ્યાન' તથા જયપુરમાં છે તેવી 'જંતર-મંતર વેધશાળા', નવકારના વિશાળ પટો, અખંડ દીપકવાળું શ્રી નવકાર મંદિર, ભૂગોળ વિષયક યુવાનોના અનેક પ્રશ્નોના ઉકેલ માટે વિજ્ઞાનભવન તેમજ ચરમતીર્થ પ્રભુ મહાવીરસ્વામીનું અદ્દભુત અને કલાત્મક જિનાલયનું નિર્માણ વગેરે તેઓશ્રીના અજોડ કાર્યના સાક્ષી છે.

આજે પણ જંબૂદ્વીપમાં શ્રીમતી મેનકાબહેન નિતીશભાઈ સરકાર ઉપધાન ભવનમાં અજોડ ગુરુભક્તિના દર્શન થાય છે.

અને અંતમાં :–

સર્વપ્રથમ દીક્ષાનો સ્વીકાર કરનાર ગુરુદેવશ્રીના પરિવારમાં બે ભાઈ, બે ભત્રીજા, એક ભાણેજ તથા બે બહેનો સંયમજીવનની આરાધના કરી રહ્યા છે.

શ્રી શત્રુંજયતીર્થમાં શ્રી આદેશ્વર દાદા પ્રત્યેની અપાર ભક્તિની પ્રસાદી સ્વરૂપે મનભાવન વ્યાખ્યાનો તેમના મુખેથી સાંભળવાનો લ્હાવો ચૂકવા જેવો નથી.

મુંબઈમાં ચોપાટી વિસ્તારના મહત્વના સ્થળને શ્રી સાગરાનંદસૂરિજી ચોક તરીકે નામાભિધાન કરાવીને ગુરુભક્તિ અને બહુમાનનો લાભ લીધો. આવું બહુમાન પ્રગટ કરવા માટે તેઓનું હૃદય ઉત્સુક હતું. ૫૦ જેટલા શિષ્ય–પ્રશિષ્યોનો પરિવાર જેમાં આચાર્યપદે, પંન્યાસપદે, ગણિપદે બિરાજતાં શિષ્યો હોવાં છતાં સ્વભાવમાં ક્યાંય દંભ નહીં, આડંબર અને ગર્વ નહીં. સૌની સાથે સરળતા, નિખાલસતા અને નિર્ભયતાથી વર્તન કરવાનું શીખવું હોય તો ગુરુ મહારાજના ચરણે જવું પડે.

પૂજ્ય આગમ ઉદ્ધારકશ્રીનાં તાત્ત્વિક પ્રવચનોને રજૂ કરતું 'સિદ્ધચક્ર' માસિકનો જિર્ણોદ્ધાર કરાવ્યો. આમ એક મૂલ્યવાન ખજાનાની રક્ષા કરી. પૂજ્ય દાદા ગુરુદેવ આ. ભગવંત શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ. દ્વારા સ્થાપિત 'સિદ્ધચક્ર સમાજ'નો પુનરુદ્ધાર કરાવીને તારક ગુરુદેવની ભાવના જાળવી રાખી. શ્રી નવપદજી આરાધનાનો સાચો ક્રમ જાળવવામાં તેઓશ્રીનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

આટલા પ્રબળ પુરુષાર્થી હોવા છતાં પોતાની પ્રસિદ્ધિ થાય, પોતાના ફોટા છપાય અને સમાજમાં બોલબાલા વધે એવી જરા પણ ઇચ્છા નહીં.

આવા ગુણોથી વંદનીય બનેલું વ્યક્તિત્વ તપના પ્રભાવથી વધારે નિર્મળ બન્યું છે. વર્ધમાન તપની બાવન ઓળી અને કાયમી બિઆસણાથી તપોનિધાન બનેલા પૂ. ગુરુભગવંત શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.નું તેજ અનેરી આભા પ્રગટાવે છે. આવા પરમ ઉપકારી ગુરુભગવંતના ચરણોમાં કોટિ કોટિ વંદના.

*સૌજન્ય : શ્રી વર્ધમાન જૈન પેઢી, પાલીતાણા*

*બંધુબેલડી*

## પૂ.આ.શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.
## પૂ.આ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાનમાં જૈનસંઘોની પવિત્ર-પુણ્યશાળી અને પ્રભાવક પ્રમુખ પ્રતિભાઓમાં જેઓશ્રીનું નામ અચૂકપણે આદરપૂર્વક સહસા લેવાઈ જાય એવા છે બંધુ-બેલડી પૂ. આ. શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરજી મ. જીવન તેજ-લકીરનું શબ્દ ચિત્ર........

મધ્ય ગુજરાતના વડોદરા જિલ્લાના છાણી ગામે જૈન સંઘને અનેક શ્રમણ-શ્રમણી રત્નોની ભેટ ધરી છે. ઘરે-ઘરેથી સંયમ સ્વીકારના આત્માઓથી 'છાણી-દીક્ષાની ખાણી'રૂપે પ્રસિદ્ધ છે. આ છાણીમાં પિતા શ્રી શાંતિલાલ છોટાલાલ શાહ તથા માતા મંગુબહેનની રત્નકુક્ષિથી પાંચ પુત્ર-ત્રણ પુત્રીઓએ જનમ લીધો. માતાના હાલરડામાં જ સંયમ કોડને જગવતા ભાવો પ્રગટી રહ્યા હતા એથી પરિવારમાંથી પાંચ સંતાનોએ સંયમ સ્વીકાર કર્યો છે. કુલ્લે આઠ પુણ્યાત્માઓ વીરધર્મની સંયમચર્યા આરાધી રહ્યા છે.

પરિવારમાં સૌથી નાના બે પુત્ર જયકાન્ત અને હર્ષકાન્ત બાલ્યકાળથી જ એક-બીજાના બંધુપ્રેમથી બંધાયા હતા. બંને બંધુ બધું જ કાર્ય સાથે જ કરતા. એમનું શૈશવ સત્ત્વ અને સંસ્કારથી શોભતું હતું.

સુશ્રાવક શાંતિલાલે ઘરઆંગણે શાસન સુભટ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.ને પધરાવી ભવ્ય મહોત્સવ આયોજ્યો. પૂજ્યશ્રીના વરદ્દહસ્તે સં. ૨૦૨૦ના વૈ. સુ. ૧૦ના દિવસે જયકાન્તે ઉંમર વર્ષ ૧૨, હર્ષકાન્તે ઉંમર વર્ષ ૧૦ સંયમધર્મ સ્વીકાર્યો. પ. પૂ. ગુરુદેવશ્રી અભયસાગરજી મ.ના શિષ્ય તરીકે ઘોષિત થયા. ત્યારબાદ વડી દીક્ષાના અવસરે પોતાના વડીલબંધુ અશોકસાગર મ.ના શિષ્ય રૂપે જાહેર થયા.

પૂ. આ.શ્રી હેમચંદ્રસાગરજી સૂરિજી મ.નો જ્ઞાનવૈભવ, પ્રવચનવૈભવ, સંયમવૈભવ અને લેખનવૈભવ આગવો છે. ગુરુદેવ શ્રી તથા મૂર્ધન્ય પંડિતો પાસે તેઓશ્રીએ તન્મય થઈ આગમ-ન્યાય-સાહિત્ય જેવા વિષયોનું તલસ્પર્શી અધ્યયન કર્યું છે. હિન્દી-ગુજરાતી ભાષા ઉપર શ્રેષ્ઠ પ્રભુત્વ ધરાવે છે. તેઓશ્રીના સરળ, સુગમ, સચોટ ૨૦ જેટલાં પુસ્તકો આજે જૈન-જનતામાં રસપૂર્વક વંચાઈ રહ્યાં છે. નવકારમહામંત્ર વર્ણન અને વૈરાગ્યભર્યાં પ્રવચનો તેમના પ્રવચનની આગવી ખાસિયત છે. જાપ-સાધનામાં તેઓ અચ્છા માહિર છે. બે વર્ષી તપ તથા ૭૬ આયંબિલની ઓળીની આરાધનાથી તપસ્વી પણ છે. સંપ, સમન્વય અને સમાધાન માટે પણ પણ પૂજ્યશ્રી કોઠાસૂઝ ધરાવે છે. ઠેર-ઠેર પડેલી પરિવાર-સમાજ-સંઘની તિરાડોને ભૂંસવાનું ભગીરથ કાર્ય કરતા રહે છે.

આત્મ-શુદ્ધિ અને પુણ્ય સમૃદ્ધિની લાવકાત પર પૂ. પં. શ્રી અભયસાગરજી મ.ના વરદ્ હસ્તે ચાણસ્મા મુકામે ગણિ પદવી પ્રદાન કરવામાં આવી. ગચ્છા. પૂ. આ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.ના હસ્તે ઇન્દોરમાં પંન્યાસ પદવી એનાયત થઈ તથા પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી તથા પૂ. ગુરુદેવ આ. અશોકસાગર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં સુરત મુકામે ભવ્ય આચાર્ય પદવી શ્રી સંઘે અર્પી હતી.

'બંધુ-બેલડી' તરીકે પ્રસિદ્ધ આ બંધુયુગલે ગુરુકૃપાના પનોતા બળે ધર્મ અને સંસ્કૃતિની સુરક્ષા-સેવા માટે સતત જાગરૂક અને સક્રિય હોય છે.

કલકત્તાથી ગુજરાત ભણી પાછાં વળતાં મોટી સંખ્યામાં માંસાહારી જનતાને પ્રવચનો-સત્સંગ દ્વારા માંસ-મદિરા-પાનત્યાગના શપથ અપાવ્યા છે.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.ની દીક્ષાશતાબ્દીના ઉપલક્ષમાં પ.પૂ.આ.શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૨૫૦ વર્ષના ઇતિહાસમાં સર્વ પ્રથમવાર સુરતથી સમેતશિખરજીનો છ'રીપાલિત સંઘ કપરી સ્થિતિમાં પણ ૭૦૦ યાત્રિકો, ૧૪૦ સાધુ-સાધ્વી સાથે ૨૨૦૦ કિ.મી.નો વિહાર કરી ઇતિહાસ ખડો કર્યો હતો.

મધ્યપ્રદેશમાં કેટલાંય નાનાં-મોટાં ગામડાં, નગરો-તીર્થોમાં તેઓશ્રીની પ્રેરણાથી મંદિર-જીર્ણોદ્ધાર તથા ઉપાશ્રયોનું નિર્માણ થવા પામ્યું છે. ઇન્દોર, સુરત, બોલયા, કરજણ, પૂના, મુંબઈ જેવાં અનેક નગરોમાં જિનમંદિરોમાં પ્રતિષ્ઠા તથા અંજનશલાકા મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં અકલ્પ્ય સફળતાઓથી પાર પાડે છે. સાધુ-સાધ્વી વૈયાવચ્ચ તથા સાધર્મિક ભક્તિ માટે પણ તેઓશ્રીની પ્રેરણાથી શાસનપ્રેમી શ્રાવકો તથા ઉદાર દાનવીર શ્રેષ્ઠીઓ મન મૂકી સહયોગ આપે છે.

નવકાર મહામંત્રના નિમિત્તને લઈને લોકજાગૃતિ-આન્તરજાગૃતિ વિશ્વશાંતિ-આત્મસમાધિની નેમ લઈ સમૂહ જાપ-ચેતનાનું અભિયાન લઈ જાપ-વણઝારા સર્વત્ર સામૂહિક-ચેતના જગાવી રહ્યા છે. કલકત્તામાં ૯ લાખ નવકારના સામૂહિક જાપથી શરૂઆત કરી પાલિતાણામાં ૬૮ લાખનો સામૂહિક જાપ, સુરતમાં ૯ કરોડનો જાપ, અમદાવાદમાં ૨૭ કરોડ જાપનાં કરેલાં ચોમાસાંમાં મહા અભિયાનને મુંબઈમાં જબરદસ્ત પ્રતિભાવ સાંપડ્યો. ગોવાલિયા ટેંકમાં ૬૮ કરોડની સંખ્યામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવકારનો સમૂહજાપ, ભાયખલામાં ૯૯,૯૯,૯૯૯ નો સમૂહ જાપ, પૂનામાં ૧૦૮ કરોડનો ઐતિહાસિક જાપ મહારાષ્ટ્રમાં જ નહીં, સમગ્ર મન્ત્રપ્રેમી સાધકોમાં હજુ ગુંજી રહ્યો છે. આ અભિયાન વધુ સઘન બનાવવા મુંબઈ માટુંગામાં ૬૮ લાખ નવકાર-આલેખન-અભિયાન કરી મુંબઈગરાઓને મહામન્ત્રનું એક વિશ્વમાં અદ્ભુત આંદોલન જગાવ્યું છે. આના થકી આ વિશ્વ ધરાને સમૂહ જાપથી સામાજિક એકતા અને વિશ્વબંધુત્વની અણમોલ ભેટ આચાર્યશ્રીએ નિઃસ્વાર્થભાવે ધરી છે. સુરત, રાજકોટ, ઈંદોર વગેરે વિવિધ સંઘોમાં પણ ૬૮ લાખ, ૫૪ લાખ, ૩૬ લાખ જેવા આલેખન અનુષ્ઠાનો યોજાયા છે. હવે નવકારનો સ્તૂપ અને ધ્યાન-મંદિર બનાવવાની સંકલ્પના પણ થોડા સમયમાં સાફલ્યને વરશે એવી તેઓશ્રીની મહેચ્છા છે.

સ્થાપત્ય અને સાહિત્ય એ સંસ્કૃતિની ધરોહર છે. જૈન શાસન પાસે બન્ને અમૂલ્ય પ્રાચીન મૂડી આજે પણ જળવાઈને પડી છે. સર્જનક્ષેત્રે બીજાં કેટલાંય સાહિત્ય અને સ્થાપત્યો વર્તમાનને અજવાળી રહ્યાં છે. એમાં 'જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ્' પૂજ્ય બંધુ-બેલડી આચાર્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનથી નિર્માણાધીન છે. ભારતીય સંસ્કૃતિના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની ૨૩ ફૂટ એકમાત્ર વિશાળ પ્રતિમા ધરાવતું આ અલૌકિક તીર્થ ભારતમાં જ નહીં ,વિશ્વમાં ઈતિહાસ-કળા અને શ્રદ્ધા માટે પ્રખ્યાત થઈ રહ્યું છે.

સંવત ૨૦૫૯, ઈ.સ. ૨૦૦૩માં આ તીર્થનો અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ (૧૮ દિવસનો) ગીતાર્થ શ્રેષ્ઠ પૂ. ગચ્છાધિપતિ શ્રી સૂર્યોદયસાગરજી મ. તથા પ.પૂ.આ.શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.ના પરમપ્રભાવક સાંનિધ્યમાં ઊજવાયો છે. ભીડ વચ્ચે ગુજરાત આખામાં ગાજ્યો હતો. ઐતિહાસિક રથયાત્રા તથા આસપાસ ગામોની ભોજન-પ્રસાદી સાથે આ તીર્થ સહુનું આસ્થા કેન્દ્ર બન્યું છે. વર્ષે ૨૦૦૦થી વધુ સાધુ-સાધ્વી ભગવંતો અને અઢી લાખથી વધુ યાત્રિકો તીર્થયાત્રાએ આવે છે.

બીજું પણ એક સ્થાપત્ય કરજણ-મિયાગામનાં ત્રણ મંદિરોને એક પ્રાચીન તીર્થને કલાત્મકરૂપ આપી સુમેરુ નવકાર-તીર્થ રૂપ જગજાહેર છે. ચમત્કારિક દાદા વાસુપૂજ્ય આદિ પ્રાચીન જિન બિમ્બો આજે સહુના આકર્ષણપાત્ર છે.

*સૌજન્ય : જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ-નવાગામ અમદાવાદ-પાલીતાણા રાજમાર્ગ, તાલુકો વલભીપુર જિ. ભાવનગર*

*માર્ગાનુગામી પ્રતિભાના સ્વામી, પ્રવચનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય*

## કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ



તેજસ્વી વ્યક્તિત્વ અને ઓજસ્વી વાણીના પ્રતાપે જૈનશાસનના એક મહાપ્રભાવક બન્યા છે.

**તેજસ્વી તવારીખો**

**સાંસારિક નામ : કાંતિભાઈ**

**માતા : જીવીબેન**

**પિતા : ગગલભાઈ**

**ગુરુદેવ : પ.પૂ.આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ.**

**જન્મ : વિ.સં. ૨૦૦૮, માગસર વદ-૨ ભોરોલતીર્થ**

**દીક્ષા : વિ.સં. ૨૦૨૩, પોષ સુદ-૧૪ મુરબાડ**

**વડી દીક્ષા : વિ.સં. ૨૦૨૩, મહા વદ-૧૦, લાલબાગ**

**ગણિપદ : વિ.સં. ૨૦૫૦ કારતક સુદ-૧૧, સુરત**

**પંન્યાસ ઉપાધ્યાય પદ : ૨૦૫૨ વૈશાખ સુદ-૬ ભોરોલ તીર્થ**

**આચાર્ય પદ : વિ.સં. ૨૦૫૨ વૈશાખ સુદ-૭ ભોરોલ તીર્થ**

**શિષ્ય-પ્રશિષ્ય સંપદા : ૩૩ (૨૦૬૩ સુધી)**

**નિશ્રાવર્તી : ૪૧**

પરમાત્મા શ્રી મહાવીરદેવે સ્થાપેલા વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંત ખરેખર કેવા હોય, તેની જો ઝલક પ્રાપ્ત કરવી હોય તો એક વખત આચાર્ય વિજય કીર્તિયશસૂરિજી મહારાજાનો પરિચય અવશ્ય કેળવવો જોઈએ. ગહન ચિંતનમાં ગરકાવ થયેલી મોટી મોટી સ્વપ્નિલ આંખો, તીવ્ર બુદ્ધિ પ્રતિભાનું સૂચક અણિદાર નાક, જૈનશાસનની સતત ચિંતાને કારણે કરચલીથી શોભતું કપાળ અને કંઈક કહેવાને તત્પર હોઠ વડે તેઓ હજાર માણસોના ટોળામાં પણ અલગ તરી આવે તેવી દેહયષ્ટિ ધરાવે છે. પ્રવચનપ્રભાવક આચાર્ય ભગવંતની વ્યાખ્યાનસભાનો અનેરો માહોલ હોય છે અને તેમના પ્રવચનમાં નાયગરાના ભવ્ય ધોધની જેમ જિનવાણીનો જે મધુર સ્રાવ થાય છે, તે સાંભળીને પરમ સમાધિ અને તૃપ્તિનો અનુભવ થયા વિના રહેતો નથી. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજય રામચંદ્રસૂરિજી મહારાજાની અનુપમ સેવા દ્વારા વિશિષ્ટ પુણ્યનો સંચય કરનાર આ આચાર્ય ભગવંતને તેમના દાદા ગુરુ ભગવંતનો શાસન પ્રભાવકતાનો વારસો સાંગોપાંગ પ્રાપ્ત થયો છે. તેમ લાગ્યા વિના રહેતું નથી.

પ્રવચન પ્રભાવક આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજાનું બાહ્ય વ્યક્તિત્વ જેટલું પ્રભાવશાળી છે, તેટલું જ સરળ અને પારદર્શક તેમનું અંતરંગ વ્યક્તિત્વ છે. શાસનરક્ષાના કાર્યોમાં તેમની વિચારધારા અને વાણી અત્યંત આક્રમક અને ધારદાર ગણાય છે, પણ જ્યારે પરમ ઉપકારી પરમાત્માની ભક્તિ કે ગુરુ ભગવંતોના ઉપકારની વાત આવે ત્યારે તેઓ અત્યંત ભાવનાશીલ બની જાય છે અને તેમની આંખના એક ખૂણે આંસુનાં બુંદ તગતગી ઊઠે છે. પૂજ્ય આચાર્ય ભગવંત આચારરક્ષાની બાબતમાં વજ્ર કરતાં પણ કઠોર છે, તો આશ્રિતોને પરમાત્મ શાસનના અનુપમ પદાર્થોનો રસાસ્વાદ કરાવી તેમનું આત્મિક કલ્યાણ કરવાની બાબતમાં તેઓ પુષ્પ કરતાં પણ વધુ કોમળ છે. તેમના વિરોધીઓ પણ એ વાત વગર વિવાદે કબૂલ કરશે કે, આગમશાસ્ત્રોના અગાધ જ્ઞાન અને શાસ્ત્રચુસ્ત પ્રરૂપણાની બાબતમાં આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજને ક્યારેય પડકારી શકાય તેમ નથી. આ કારણે જ ભારતભરના જૈન સંઘો તેમનાં પાવનકારી પગલાં પોતાના ક્ષેત્રમાં કરાવવા માટે હંમેશાં આતુર હોય છે.

આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજાએ સંવત ૨૦૨૩માં ૧૪ વર્ષની કિશોર વયે દીક્ષા અંગીકાર કરી, ત્યારથી જ તેમને પોતાના દાદાગુરુ વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી મહારાજાની સેવા અને સાન્નિધ્યનો અપૂર્વ લાભ પ્રાપ્ત થયો હતો. આ સાથે સંયમ સાધનાની બાબતમાં સંસારી સંબંધે પિતાશ્રી અને સાધુપર્યાયના ગુરુ વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંત શ્રી વિજય ગણયશસૂરિજી મહારાજાનું સતત માર્ગદર્શન પણ મળતું રહ્યું હતું. ગચ્છાધિપતિ શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજાની દરેક નાની મોટી માંદગીમાં ખડે પગે તેમની સામે હાજર રહી, તેમની તમામ પ્રકારે સેવા કરવાનો મહામૂલો લાભ મુનિ શ્રી કીર્તિયશવિજયજીને શરૂઆતથી જ મળતો રહ્યો છે. આ યુગપુરુષના સાન્નિધ્યમાં રહી તેમને સહજ રીતે સિદ્ધાંતચુસ્તતા અને શાસનપ્રભાવકતાના પાઠો શીખવા મળી ગયા હતા અને પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની અંતિમ માંદગીમાં મુનિશ્રી કીર્તિયશવિજયજીએ જે શુશ્રૂષા કરી અંતિમ આરાધના કરાવી, તે તો ગુરુશિષ્યના સંબંધોના ઇતિહાસનું એક યાદગાર પ્રકરણ બની ગયું છે.

આચાર્યદેવ શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજા જ્યારે બાલ્યાવસ્થામાં હતા, ત્યારે પણ તેમની છાપ એક જિદ્દી અને તોફાની બાળક તરીકેની હતી. દીક્ષા અંગીકાર કર્યા પછી આ તોફાની સ્વભાવનું રૂપાંતર આત્મસાધનામાં થયું. શાસન-પ્રભાવનાના પ્રસંગોમાં તે હજારોની મેદનીના હૃદયને જીતી લેનારા હૈયાના હાર બની જાય છે. લોકોના દિલને જીતીને તેમના હૃદય સિંહાસન ઉપર રાજ કરવાની ગુરુચાવી જાણે તેમને પોતાનાં દાદાગુરુ વિજય રામચંદ્રસૂરિજી મહારાજા પાસેથી પ્રાપ્ત થઈ છે! આ કારણે જ તેમની પાવન નિશ્રામાં શાસન પ્રભાવના, સિદ્ધાંત રક્ષા અને તીર્થોદ્ધારાદિ અનેક ઐતિહાસિક પ્રસંગોની હારમાળા જોવા મળે છે.

આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજા સર્વતોમુખી પ્રતિભાના સ્વામી છે. એક બાજુ શાસ્ત્રાભ્યાસમાં ગજુ કાઢી તેમણે ગ્લાન, વૃદ્ધ, તપસ્વી વગેરે સાધુભગવંતોની વૈયાવચ્ચ બાબતમાં પણ નામના કાઢી છે. એક બાજુ પ્રવચનમાં પ્રભાવકતાના પ્રાણ પૂરનારા આ આચાર્ય ભગવંત બીજી બાજુ શાસ્ત્રોનાં સંશોધન અને સંપાદનમાં પણ મશાલચીની ભૂમિકા નિભાવી રહ્યા છે. આયુર્વેદ, હોમિયોપથી અને આધુનિક ચિકિત્સા શાસ્ત્રના ઊંડા જ્ઞાનનો ઉપયોગ અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોને તેઓ સમાધિ આપવા માટે કરે છે, તો શિલ્પશાસ્ત્રના નિષ્ણાત કક્ષાના જ્ઞાનનો ઉપયોગ તેઓ જિનમંદિરોના નિર્માણમાં અને તીર્થોના ઉદ્ધારમાં શાસ્ત્રીય માર્ગદર્શન આપવા દ્વારા કરે છે. કાયદાશાસ્ત્રના અભ્યાસનો ઉપયોગ તેઓ શાસ્ત્રો અને સિદ્ધાંતોની રક્ષા માટે કરી રહ્યા છે. તો જ્યોતિશાસ્ત્રના જ્ઞાન દ્વારા તેઓ અનેક સાધક આત્માઓના સંયમ જીવનમાં આડે આવતાં અંતરાયોને દૂર કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છે. આજે પંચાવન વર્ષની વયે તેમણે શાસન પ્રભાવકતા અને સિદ્ધાંત રક્ષાની બાબતમાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે, તે જોતાં આવનારા સમયમાં જૈનશાસનના ગગનમાં તેઓ સૂર્યની જેમ છવાઈ દશે, તેવી ભવિષ્યવાણી ભાખ્યા વિના રહી -શકતું નથી. પ્રવચનપ્રભાવકશ્રીજીએ વ્યાખ્યાન વાચસ્પતિશ્રીજીની સેવા અખંડ ૨૪ વર્ષ સુધી કરી, તેને તેઓ પોતાના જીવનનું શ્રેષ્ઠ ભાથું ગણે છે. તેઓના જીવનમાં વળી એક એ વિશેષતા છે કે, તેઓ આજથી ૩૦૦ વર્ષ પૂર્વે થયેલા પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ પોતાના આધ્યાત્મિક જીવનના ઘડવૈયા અને પરોક્ષ ગુરુપદે અંતરમનથી સ્થાપિત કરે છે. તેઓશ્રીની દીક્ષા અને પદપ્રદાન ઈત્યાદિ દરેક ઉપલબ્ધિઓ પિતા–ગુરુ–સૂરિદેવની સાથોસાથ પ્રાપ્ત થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ સુધીમાં આચાર્યશ્રીની નિશ્રામાં મુક્તિ દાયક સાતે સુપાત્ર ક્ષેત્રો અને અનુકંપા-જીવદયા આદિ અનેક ક્ષેત્રોમાં માતબર રકમ અનેક સદ્‌ગૃહસ્થો દ્વારા વાપરવામાં આવી છે. આચાર્યશ્રીજીનો માત્ર ઉપદેશ જ એમાં પ્રેરક બને છે. વ્યક્તિગત એઓ ક્યારેય કોઈને પૈસો ખરચવા આદિ બાબતનો ઈશારો ય કરતા નથી.

સ્મૃતિમંદીર પ્રતિષ્ઠા અંતર્ગત વિશ્વોત્કૃષ્ટ મહામહોત્સવનું આકર્ષણ શ્રુત મહાપૂજા બન્યું હતું. જેમાં શ્રુત રક્ષા-શ્રુત પ્રભાવના વિગેરે તમામ બાળકોની સચિત-રચના આદિ દ્વારા જનજનના માનસમાં પહોંચી શાસકે તેવી સામગ્રી યોજાઈ હતી. જે સર્વ પ્રથમવાર જ યોજાયેલ, જૈનાદર્શન ૫ લાખથી વધુ ભાવિકોએ કર્યા હતા.

પ્રવચન પ્રભાવકતાને પામેલા તેઓશ્રીનાં પાવન પગલે-પગલે પ્રચંડ પુણ્યાઈનો મોહોલ સર્જાય છે. સૂરિપદને શોભાવનારા અને સૂરિમંત્રથી શોભતા તેઓશ્રીએ મુંબઈ મહાનગરે બાવન મહિનાની સ્થિરતામાં બાવન ગૃહમંદિરોમાં પરમાત્માની પ્રતિષ્ઠાઓ સંપન્ન કરી.

વિક્રમની ૨૦૫૩ થી ૨૦૫૭ સુધીના પાંચ ચાતુર્માસમાં પરમાત્માવવીરની આચારાંગ સૂત્રની વાણીથી મુંબઈગરા જૈનોમાં જૈનત્વનું જાગરણ કર્યું. ઉપધાન તપનો વિશિષ્ટ માહોલ કાંદીવલીમાં, તો વાલકેશ્વર-ચોપાટીના મેદાનમાં બે-બે વાર પ્રભાવક સંયમોત્સવ, અનેક પરામાં હજારો શ્રોતાને ઉદ્દેશીને અનેક વાચનાશ્રેણી તો બીજી બાજુ માટુંગા-મલાડ-કુર્લા વગેરે સ્થળે અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ. દેવાચી આળંદી તીર્થે ૧૦૮ પ્રભુ પાર્શ્વના અંજન પ્રતિષ્ઠાને, હીલ સ્ટેશન લોનાવાલા વાકસાઈમાં પ્રભુ પાર્શ્વનાં બેસણાં પૂજ્યશ્રીની નિશ્રામાં થયાં.

પોતાના પરમતારક-પરમ ગુરુદેવના સ્મૃતિમંદિર અર્થે અમદાવાદની ભૂમિને પાવન કરી, તેના ૨૭ દિવસના મહામહોત્સવમાં શિલ્પ-શાસ્ત્રીય માર્ગદર્શન દ્વારા પૂજ્યશ્રીની પ્રત્યેની અનન્ય ભક્તિ કરી.

જગ જયવંત શ્રી જીરાવલા તીર્થ એટલે રાજસ્થાનમાં આવેલ મહત્ત્વપૂર્ણ તીર્થ. જગતભરમાં ક્યાંય પ્રતિષ્ઠા થાય ત્યારે આ ધામના મૂળદાદાનો મંત્ર લખાય એવી પ્રણાલિકા છે. જીર્ણ પ્રાયઃ મંદિર થઈ ગયું. મૂળ પ્રભુ પણ મુસ્લિમ-વિધર્મી આક્રમણ સમયે બાજુમાં પધરાવાયા. જિનાલયમાં અનેક દોષ હતા. સંઘ ચિંતિત હતો. મોટા મોટા સૂરિવરો-મુનિવરો આવી ગયા. પણ ગાંઠ ઊકલી ન હતી. કોઈ પુણ્ય પળે બધા જ ટ્રસ્ટીઓએ પૂજ્યશ્રીને વિનંતી કરી જીરાવલા પધરાવ્યા. અઠ્ઠમ થયા. જાપ દરમ્યાન ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં પ્રવચન પ્રભાવકશ્રીજીએ પોતાને પ્રાપ્ત થયેલ સંકેત સંભળાવ્યો. દાદાને મૂળનાયક બનાવવાનો નિર્ણય હતો. ટ્રસ્ટ મંડળે નિર્ણય વધાવ્યો અને આ સદીના શ્રેષ્ઠતમ જીર્ણોદ્ધારનો સૂત્ર પ્રાપ્ત થઈ ગયો. નૂતન જિનાલયનું શિલ્પ પૂજ્યશ્રીની દીર્ઘદષ્ટિભરી નજરથી પસાર થયેલું છે. આ જીર્ણોદ્ધાર એવી પળે પ્રારંભાયું કે આજે ભારતભરમાંથી અવિરત ધનવર્ષાથી તીર્થ પલ્લવિત બની ગયું છે.

છેલ્લા ચાર વર્ષમાં પૂજ્યશ્રીની પ્રભાવકતાના કારણે શ્રી ગિરનારજી, શ્રી સિદ્ધગિરિજી, શ્રી શંખેશ્વરજી, શ્રી બામણવાડાજી આદિ તીર્થોના જિનાજ્ઞાનસુરી છ'રી પાલક સંઘો, શ્રી નાકોડાજી શ્રી ભીલડીયાજી, શ્રી કલિકુંડજી મહાતીર્થે નવપદ ઓળીની અપૂર્વ આરાધના, શ્રી હસ્તગિરિ, શ્રી ભોરોલ, શ્રી ભીલડીયાજી, શ્રી શંખેશ્વરજી, શ્રી સ્મૃતિમંદિર આદિ પુણ્યવંતી પાવનભૂમિમાં ઉપધાન તપના મહામંડાણ, શ્રી પાલિતાણા, શ્રી રાજનગર, શ્રી સૂર્યપુરે, શ્રી સ્મૃતિમંદિર મુકામે વર્ષાકાળ ચાતુર્માસ માહોલ.

અઢળક દેવદ્રવ્યાદિની વૃદ્ધિ, અનેક પુણ્યાત્માના હૈયે પ્રગટેલ સમ્યગ્દર્શન આદિ ધર્મરૂચિ તથા શાસન રક્ષા-સિદ્ધાંત સુરક્ષાના મક્કમ મંડાણ-આ છે પ્રત્યેક પ્રસંગોની આમ્રફળ શ્રુતિ.

છેલ્લા ચાર વર્ષની અમૃતફળ શ્રુતિ છે અનેક સંયમીઓનું સર્જન વૈરાગ્ય ભરપૂર પ્રવચનના પ્રભાવે સામુહિક ૧૪-૯-૬ આદિ દીક્ષા મહોત્સવ.

વિ.સં. ૨૦૬૩માં મરણ સામે દેખાય એવો અકસ્માત નડવા છતાં પૂજ્યશ્રીની પ્રસન્નતાને ઉની આંચ પણ આવી નહીં. એઓ સ્વાધ્યાય-ધ્યાનમાં મગ્ન રહ્યા. નિરંતર પ્રવચન પ્રદાનાદિ દ્વારા ઉપકાર કરતા જ રહ્યા છે.

પૂજ્યશ્રીની બાહ્ય-અભ્યંતર, પ્રભાવકતાને જાણવા-માણવા જૈનસાસન પ્રતિપાળ ઝંખી રહ્યું છે અને પ્રત્યેક દિવસે તે પ્રભાવકતાને નજરોનજર જોતા, કાનો-કાન સાંભળતા પુણ્યાત્માઓના મુક્ત કંઠમાંથી શબ્દો સરે છે કે, "હજુ જૈનશાસન જયવંતુ છે." "સૂરિરામનું સામ્રાજ્ય જયવંતુ છે"

*સૌજન્ય : પૂ. મુનિશ્રી નિર્મલદર્શનવિજયજી મ.સા.ની પ્રેરણાથી*
*વોહેરા પાર્વતિબેન રીખવચંદ હકમચંદ પરિવાર*
*(રામપુરા-ભોરોલતીર્થ)*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*યુવા હૃદયસમ્રાટ*

## પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમરત્નસૂરીશ્વરજી મહારાજ

જન્મ : વિ.સં. ૨૦૦૭, ચૈ. સુ.-૧૦ ભાલક (વિસનગર).
દીક્ષા : વિ.સં. ૨૦૨૩, જેઠ સુદ-૫, બોરસદ.
વડી દીક્ષા : વિ.સં. ૨૦૨૩, અ.સુ.-૨, ખંભાત.
ગણિ પદ : વિ.સં. ૨૦૪૫, અષાઢ વદ-૮, સુરત.
પંન્યાસ પદ : વિ.સં. ૨૦૪૮, ચૈ. સુ. ૫, વિલ્હોળી.
આચાર્ય પદ : વિ.સં. ૨૦૫૩ કા.વ. ૯, અમદાવાદ.
માતા-કંચનબહેન પટવા પિતા-તારાચંદ પટવા
સંસારી નામ-મનુભાઈ

જેઓશ્રીનાં નામ અને કામથી આખો જૈનસંઘ જાણીતો છે. પ્રખર પ્રવક્તાઓનાં આંગળીના વેઢે ગણાતાં નામોમાં જેઓશ્રીનું નામ લોકબત્રીશીએ ગવાઈ રહ્યું છે, એવા પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમરત્નસૂરીશ્વરજી મહારાજાએ સોળ વર્ષની ઊઘડતી ઉંમરે પ્રવ્રજ્યા સ્વીકારી હતી. વર્ધમાનતપોનિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના કૃપાપાત્ર બન્યા હતા. ૨૫ વર્ષની યુવાવયે તેઓશ્રી પ્રવચનની પાટે બિરાજમાન થયા ત્યારથી લગાવીને આજ સુધી સતત તેઓશ્રીની પ્રવચનધારાઓ વહેતી રહી છે. વાણીના અસ્ખલિત પ્રવાહમાં તેઓ હજારો હૈયાંઓને ભીંજવી શકે છે. ચોધાર આંસુએ રડાવી શકે છે. ખમીર અને ખુમારીથી યુવાનોને ઝૂમતા અને ઝઝૂમતા કરી શકે છે. વૈરાગ્ય નીતરતી વાણીથી અંતરને તરબતર કરે છે અને ભગવાનની ભક્તિની વાતો કરતાં આખી સભાને પરમાત્મમય બનાવી શકે છે. પ્રવચનધારાની સાથોસાથ તેઓશ્રીની લેખનધારાથી પણ જૈન સંઘ અજ્ઞાત નથી. જેમના 'ચાલો જિનાલયે જઈએ' અને 'રિસર્ચ ઓફ ડાયનિંગ ટેબલ', અને 'બિઝનેસ સિલેક્શન' જેવાં બેસ્ટ સેલર પુસ્તકો ઘર ઘરમાં વંચાય છે. જે પુસ્તકોના આધારે આજસુધીમાં અનેકવાર ઓપન બુક એક્ઝામનાં આયોજનો થયાં છે. પાઠશાળામાં આ પુસ્તકો ટેક્સબૂક તરીકે વપરાય છે, તો અનેક સાધુસાધ્વીજીઓ આ પુસ્તકોના આધારે વાચના શ્રેણીનાં આયોજનો કરે છે. યુવાપેઢીને ઝકઝોરતા પૂજ્યશ્રીનાં અન્ય પ્રકાશનો છે 'યુવાહૃદયનાં ઓપરેશન' 'યંગસ્ટર', 'યૌવન વીંઝે પાંખ', યૌવન માંડે આંખ, યૌવનની આસપાસ, યૌવનની મઝધાર, 'યુવા શિબિર પ્રવચનો' અને 'માનસ શિબિર પ્રવચનો' નોવેલના આશિક બનેલા યુવાનો આ પુસ્તકોને જ્યારે હાથમાં લે છે ત્યારે નીચે મૂકવાનું નામ લેતા નથી.

યુવાનોથી છલોછલ ઊભરાતા પ્રવચનમંડપોમાં જ્યારે પૂજ્યશ્રી વ્યસનો, ફેશનો, ટી.વી., વીડિઓ અને મોડર્નયુગની વિકૃતિઓ સામે ઝઝૂમતા હોય ત્યારે શૌર્યભર્યા સિંહની અદામાં અનેક યુવાનોએ નિહાળ્યા છે. પ્રવચનની પૂર્ણાહુતિ થાય તે પહેલાં તો હજારો યુવાનોએ ઊભા થઈને હાથ જોડી દીધા હોય અને આજીવન વ્યસનોને તિલાંજલી આપી દીધી હોય એવાં નયનાભિરામ દૃશ્યો અનેકવાર સર્જાયાં છે. લાખો યુવાનોને પૂજ્યશ્રીએ વ્યસનમુક્ત કર્યા છે. ફેશનમુક્ત કર્યા છે. ટી.વી., વીડિઓની વિકૃતિઓથી બચાવી લીધા છે. પરમાત્માના પરમ ભક્ત બનાવ્યા છે અને જીવનમાં સદાચારી બનાવ્યા છે. આજે લાખો યુવાનોના હૃદયમાં પૂજ્યશ્રીનું એક અનોખું આગવું અને અંગત સ્થાન છે, માટે જ ખરા અર્થમાં પૂજ્યશ્રી યુવાહૃદય-સમ્રાટ છે.

ગુરુકૃપા અને અધ્યાત્મના સૂક્ષ્મબળથી પૂજ્ય ગુરુદેવશ્રીના વરદ હસ્તે કેટલાંક કાર્યો એવાં થયાં છે કે જેનાથી જૈનસંઘના ઇતિહાસમાં કેટલાંક સુવર્ણો પૃષ્ઠો ઉમેરાયાં છે.

અમદાવાદ મુકામે ભુવનભાનુનગરમાં જે ગુરુ- પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો, તેનો મૂલાધાર પૂજ્ય ગુરુદેવશ્રી જ હતા. ૯૦ એકર જમીન પર પથરાયેલા ભુવનભાનુનગરમાં આઠ દિવસમાં ૩૦ લાખ માણસોનું પદાર્પણ થયું હતું. ભવ્ય જિનાલય, પ્રદર્શન, પ્રવચનકક્ષ, શ્રમણ-શ્રમણીવિહારો, શ્રાવક-નિવાસો, ભરતચક્રી ભોજનગૃહો, જેણે નજરે જોયું છે તેમના મુખમાંથી 'વાહ! વાહ!' ના શબ્દો સરી પડ્યા છે. ગુણાનુવાદ સભાઓ, આચાર્ય પદપ્રદાન, વિશાળ રથયાત્રા અને ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવનો લહાવો અનેક લોકો માણી શક્યા હતા.

શ્રી શત્રુંજયતીર્થધામ-ભુવનભાનુ માનસ મંદિરમ્-મહારાષ્ટ્રમાં મુંબઈથી ૮૦ કિ.મી.ના અંતરે શાહપુર આસનગાંવ સ્ટે. પાસે એક અતિ ભવ્ય તીર્થનું નવનિર્માણ પૂજ્યશ્રીના માર્ગદર્શન નીચે થઈ રહ્યું છે. વિશ્વમાં આજ સુધીમાં નિર્માણ થયેલી ઇમારતોમાં પ્રસ્તુત સ્થાપત્ય, શિલ્પકલા, બિલકુલ અનોખી છે. ૭૬×૭૬ સ્કવેરફૂટનાં વિશાળ રંગમંડપની ઉપર એકપણ પીલરના આધાર વિના માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પથ્થરોના સંયોજનથી તૈયાર થયેલો ડોમ અજોડ આખા વિશ્વની અજાયબી ગણાય છે. પંચધાતુમય ભગવાન આદિનાથ (૬૩'')ની ચમત્કારિક ભવ્ય પ્રતિમાજીનું નિર્માણ પ્રાચીન ૧૫૦ જિનબિંબોનો આધાર લઈને કરવામાં આવ્યું છે. વિશાળ વટવૃક્ષની શીતલ છાયામાં સાક્ષાત ક્ષેત્રપાલ દેવે આસન ગ્રહણ કર્યું છે. પ્રસ્તુત તીર્થના પ્રતિષ્ઠા મહોત્સવમાં ભારતભરમાંથી પાંચ લાખ જૈનો ઊભરાયા હતા. ૫૦૦ ઉપરાંત સાધુ–સાધ્વીજી ભગવંતોના પાવન સાન્નિધ્યમાં સંપ્રાપ્ત થયું હતું. પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્માણ થયેલું આ તીર્થ જૈન–અજૈન હજારો યાત્રિકો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી છેલ્લાં ૧૨ વર્ષથી ભારતભરમાં જૈન એલર્ટ ગ્રુપના યુવાનો વિવિધ સેવાઓ બજાવી રહ્યા છે. હજારો યુવાનો આજે ઠેર ઠેર ભક્તિપ્રાર્થના, પૂજા, આરતીથી શુભારંભ કરીને સાધર્મિકસહાય, અનુકંપાદાન, ભૂકંપ- રાહત, રેલરાહત, દુષ્કાળરાહત, સંઘસેવા, સાધુસાધ્વી વૈયાવચ્ચ, નોટબૂકવિતરણ, પુસ્તકવિતરણ, ફ્રૂટવિતરણ, હોસ્પિટલોમાં વિઝિટ, મૂંગા–બહેરાં શાળાની વિઝિટ, અનાથાશ્રમો મુલાકાતોથી માંડીને પાંજરાપોળમાં પશુઓની સેવા, ઘાસવિતરણ, ગોળવિતરણ, જળપ્રદાનથી માંડીને બિમાર પશુઓ માટે હરતુ ફરતું દવાખાનું, પશુઓને નવકાર મંત્રનું શ્રવણ કરવા સુધીનાં કાર્યો બજાવે છે. અમદાવાદ મુકામે યોજાયેલા ભુવનભાનુ પ્રતિષ્ઠામહોત્સવમાં ૧૦૦૦ યુવાનો તથા માનસ મંદિરમ્માં યોજાયેલા પ્રતિષ્ઠામહોત્સવમાં હજારો યુવાનોએ જાતે કારસેવા આપીને–લાખો ભાવિકોની મેદનીને સંભાળી હતી. *સૌજન્ય : શ્રી સમીરભાઈ વી. ઝવેરી*

## પ.પૂ. આ.શ્રી સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.



સુરત વીસાશ્રીમાળી જ્ઞાતિય સુપ્રસિદ્ધ, ધર્મનિષ્ઠ પિતાશ્રી ચિમનલાલ ખીમચંદ સંઘવી તથા માતુશ્રી કમળાના મોટા દીકરા શ્રી શાંતિભાઈ અને વીરમતીબહેનના સુપુત્ર જન્મજાત વૈરાગી શ્રી હેમંતકુમારે [હાલ પ.પૂ. આચાર્ય શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.] સંયમી કાકા મુનિરાજ પ.પૂ. પં. શ્રી ચંદ્રોદયવિજયજી મ.સા. [હાલ પ.પૂ. આચાર્યશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા.] તથા પ.પૂ. પં. શ્રી અશોકચંદ્રવિજયજી મ.સા. [હાલ પૂ. આ. શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.] નાં ચરણે તેર વરસની ઉંમરે શરણાં અંગીકાર કર્યાં. પ.પૂ. શાસનસમ્રાટ શ્રી નેમિ–વિજ્ઞાનસૂરીશ્વરજી મ.સા. ના પટ્ટધર ધર્મરાજા પ.પૂ. આચાર્યશ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ.સા. આદિની નિશ્રામાં સેંકડો વરસો બાદ સુરત શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલયે ઐતિહાસિક અંજનશલાકા પ્રસંગે વિ. સં. ૨૦૨૫, માગસર વદ ૩ના જાજરમાન દીક્ષા થતાં પૂ. મુનિ શ્રી સોમચંદ્રવિજયજી મ.સા. તરીકે જાહેર થયા.

સાથો સાથ તેઓશ્રીનાં મોટાંબહેન નયના ઉ.વ. ૧૫ની દીક્ષા પ.પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટધર પ.પૂ. આચાર્યશ્રી વિજય માણિક્યસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે થઈ. પૂ.સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી મ.ના પ્રશિષ્યા પૂ.સા. શ્રી પ્ર. નિર્વેદશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. શ્રી યશસ્વિનીશ્રીજી તરીકે જાહેર થયાં. કુમારવયના ભાઈ–બહેનની જોડી સાથે ચાર દીક્ષાએ સુરતને દીક્ષામય બનાવી દીધું. અભૂતપૂર્વ શાસનપ્રભાવના થઈ.

સંયમના દિવસથી જ જ્ઞાનયજ્ઞ શરૂ થયો. ગુરુદેવનાં અંતરઆશિષથી સંયમજીવનના અગિયારમા વરસે બંગીય સંસ્કૃત શિક્ષા પરિષદની પરીક્ષામાં ઝળહળતી કુનેહ મેળવી. ત્યારબાદ બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદની સાહિત્યશાસ્ત્રની અને આગળ વધતાં ભારતીય વિદ્યાભવન મુંબઈની પરીક્ષા આપી. ભારતીય વિદ્યાભવનના ઇતિહાસમાં સહુ પ્રથમવાર બધા જ વિષયોમાં સર્વાધિક ગુણ મેળવી વિક્રમ સર્જ્યો.

મુંબઈ અંધેરી મુકામે બ્રાહ્મણ પંડિતોની વિશાળ સભામાં પૂ. શ્રી સોમચંદ્ર વિ. મ.સા.ને (ઉ.વ. ૨૪) વ્યાકરણાચાર્યનું બિરુદ આપી સર્વોત્કૃષ્ટ માનથી સમ્માનિત કર્યા. બ્રાહ્મણ પંડિતોએ જિનશાસનની–જિનશાસનના સાધુઓની તથા તેમની જ્ઞાનસાધનાની ભરપેટ પ્રશંસા કરી. બ્રાહ્મણ પંડિતો તરફથી આવાં માન આપવાના દાખલા ખૂબ જ ઓછા જાણવા–સાંભળવા મળે છે.

સર્વ રીતે યોગ્ય જાણી જન્મભૂમિ સુરતમાં વિ. સં. ૨૦૫૨, જેઠ સુ. ૬ના ગુરુદેવે તેઓશ્રીને આચાર્ય પદથી વિભૂષિત કર્યા. પૂજ્યશ્રીએ અંજનશલાકાની પ્રતનું સંપાદન કર્યું, જે ખૂબ જ લોકાદર પામતાં બીજી આવૃત્તિ પણ પ્રકાશિત કરવામાં આવી. 'પાઈઅ વિન્નાણ ગાહા'–'પ્રાકૃત પાઠમાળા માર્ગદર્શિકા'–'પ્રાકૃતસચિત્ર બાળપોથી ભાગ ૧ થી ૪'નું સુપેરે સંપાદન કરી પ્રાકૃત ભાષાને નવપલ્લવ કરવાનું પ્રશંસનીય કામ કર્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુદેવ શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા અને આશિષથી સૂરિ પદવીના પહેલા જ વરસથી સૂરિમંત્રની આરાધના સળંગ અખંડ રીતે બાર વરસથી કરી રહ્યા છે. માસક્ષમણ–સિદ્ધિતપ વર્ષીતપ–વીશસ્થાનક વગેરે વિવિધ તપ કરી જીવન મંગલ કર્યું છે.

ત્યાંશી વરસના પિતાશ્રી શાંતિભાઈ સંઘવી તથા માતુશ્રી વીરમતીબહેન તથા કાકાશ્રી જયંતીભાઈ સંઘવીને સંયમ આપી તાર્યા છે. એક જ પરિવારના આઠ આઠ સભ્યો દીક્ષિત થયાના દાખલા ખૂબ ઓછા જાણવા–સાંભળવા મળે છે. તેઓશ્રીની જ્ઞાનસાધના ઉત્તરોત્તર વિકાસ પામતી રહો અને સાધનાનાં ઉચ્ચ શિખરો સર કરતા રહો એ જ શુભ કામના.

પૂજ્યશ્રીમાં જ્ઞાનરુચિ, બુદ્ધિશક્તિ અને સ્વાધ્યાય–મગ્નતા વિશેષ જોવા મળે છે. (આગમ ગ્રંથો તેમ જ ન્યાય, વ્યાકરણ, સાહિત્ય આદિનો ઊંડો અભ્યાસ કરવા સાથે પૂજ્યશ્રીએ અંજનશલાકાની પ્રત, 'પાઈયવિજાણગાહા', 'પ્રાકૃત પાઠશાળા માર્ગદર્શિકા' વગેરે ગ્રંથોના સંપાદનનું કાર્ય પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક કર્યું છે. જ્ઞાનોપાસના સાથે માસક્ષમણ, સિદ્ધિતપ અને વીશસ્થાનક જેવી કઠિન તપારાધના કરી પૂજ્યશ્રી સંયમજીવનને સાર્થક બનાવી રહ્યા છે.) પૂજ્યશ્રી આવા જ્ઞાનયજ્ઞ અને તપયજ્ઞમાં અવિરતપણે વિકાસ સાધી શાસનપ્રભાવક સુકાર્યોમાં પ્રવૃત્ત રહો એ જ શુભકામના.

*સૌજન્ય : જિનશાસન શણગાર પ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર–સુરત*

*અચલગચ્છના શણગાર, પ્રાચીન સાહિત્યના સંશોધક અને પ્રતિભાસમ્પન્ન*

## પૂ. આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.



જૈનશાસન–અચલગચ્છના વર્તમાન પ્રવાહોમાં જેમની ગણના પ્રથમ હરોળમાં થાય છે, જેમના પ્રતાપી વ્યક્તિત્વને લીધે શાસનનાં અનેક માંગલિક કાર્યો અમલી બની શક્યાં છે, એવા પૂજ્ય આચાર્યશ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ ખરેખર અચલગચ્છના શણગાર રૂપ છે. પૂજ્યશ્રીનો દેહ તો બહુ નાજુક છે, પણ દિલ અને દિમાગ વિશાળ છે. તેમના દિલની અમીરાતે અને દિમાગની ઝડપી નિર્ણયશક્તિએ કારણે શાસનસેવાની ઘણી યોજનાઓને બળ મળ્યું છે. પૂજ્યશ્રી એક સારા સંશોધક અને લેખક છે. વક્તા અને વિદ્વાન છે. સુંદર કાર્યોના પ્રેરક અને પ્રણેતા છે. જૈનશાસનની અને અચલગચ્છની પ્રાચીન સાહિત્યસમૃદ્ધિને પોતાની આગવી કળાથી કલમના સહારે કાગળ ઉપર કંડારી શકે છે. કલ્પનાની પાંખો વડે સાહિત્યના સુવિશાળ આકાશમાં પોતાની કળા–કુશળતાથી દૂર–સુદૂર ઉડ્ડયન કરી શકે છે, માટે જ તેમનું નામ 'કલાપ્રભસાગર' રખાયું ન હોય જાણે!

બે દાયકા પહેલાં, સોળ વરસની કિશોર વયમાં જ કિશોરકુમારે માતા પ્રેમકુંવર અને પિતા રતનશીભાઈના મોહ અને મમતાનો ત્યાગ કરી, અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજના શિષ્યત્વનો સ્વીકાર કરી કચ્છ–ભૂજપુર નગરે સમતાભર્યા સંયમમાર્ગનો સ્વીકાર કર્યો, ત્યારે સં. ૨૦૨૬ના કારતક સુદ ૧૩ ને શનિવારનો શુભ દિવસ હતો. તેમનું સંસારી ગામ નવાવાસ (કચ્છ); તેમની જન્મતિથિ સં. ૨૦૧૦ના માગશર વદ ૨ ને મંગળવાર, અચલગચ્છ સંઘને આ આશાસ્પદ યુવાન આચાર્યની શાસનને ચરણે ભેટ ધરાઈ એનો ઘણો મોટો યશ શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠને જાય છે. આ વિદ્યાપીઠમાં રહીને તેમણે ધાર્મિક તેમ જ સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દીની ઉચ્ચ પરીક્ષાઓ આપી. તેઓશ્રી સાહિત્યરત્ન અને સંસ્કૃત સાહિત્યશાસ્ત્રી (**B.A.**સમકક્ષ) બનેલા છે. છ કર્મગ્રંથો, સિદ્ધહેમવ્યાકરણ, ન્યાય, છંદ, આગમ, ચરિત્ર આદિનું વાચન અને કેટલાક દાર્શનિક ગ્રંથોનું અધ્યયન કર્યું છે.

સાહિત્યપ્રેમી આ મહાત્માની સાહિત્યયાત્રા સં. ૨૦૨૮–માં 'પરભવનું ભાતું' નામના લોકભોગ્ય પુસ્તકના આલેખન–સંપાદન દ્વારા શરૂ થઈ તે આજ દિન સુધી અવિરત ચાલુ છે. તેઓશ્રીના સાહિત્યપ્રેમને શબ્દદેહ આપવાનો અહીં અવકાશ નથી, તેમ છતાં એટલું લખવું આવશ્યક લાગે છે કે, પ્રાચીન હસ્તલિખિત સાહિત્ય અને જ્ઞાનભંડારો જ જાણે એમનું જીવન છે! એમની રક્તવાહિનીઓમાં જાણે સાહિત્યરસ વહે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી! એમના દ્વારા સંશોધિત, સંપાદિત અને લિખિત પુસ્તકોની સંખ્યા ૧૫૧ થવા જાય છે!

'ગુણભારતી' નામના સંસ્કારી માસિકના પ્રકાશનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેરણા આપી, તે દ્વારા પણ પૂજ્યશ્રી સંઘમાં અહિંસાધર્મ, સંસ્કૃતિ અને માનવજીવનનાં આદર્શ કર્તવ્યોના દિવ્ય સંદેશાને ઘરે ઘરે પહોંચાડવા પોતાના અમૂલ્ય સમય અને શક્તિનો ભોગ આપી રહ્યા છે. 'શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ સ્મૃતિગ્રંથ' (સચિત્ર; પૃ. ૧૦૦૦) એ એમનો અતિ ઉપયોગી સંશોધિત-સંપાદિત ગૌરવપ્રદ ગ્રંથ છે. પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર પણ પંદર જેટલો છે. પૂજ્યશ્રીએ પ્રભુભક્તિરૂપી ચોવીશીની રચના પણ કરેલ છે. પૂજ્યશ્રીએ ૯૯ યાત્રા દરમ્યાન ૧૧૧ યાત્રા તથા છઠ્ઠ કરીને પણ સાતયાત્રા કરેલ છે. અને આજે ૫૪ વર્ષની વયે દર મહિનાની ચાર છઠ્ઠ તપ શરૂ છે. (અઠવાડિયાની એક)

પૂજ્યશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ આબાલવૃદ્ધ-સૌમાં નવચેતના પ્રગટાવે એવી મંગલકારી શાસનપ્રભાવક પ્રવૃત્તિઓનો ઉદ્‌ભવ અને વિકાસ થયો છે, જેમાં શ્રી આર્યજય કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ, શ્રી આર્ય-ગુણ સાધર્મિક ફંડ, શ્રી ગૌતમ-નીતિ ગુણસાગરસૂરિ જૈન મેઘ સંસ્કૃતિ ભવન, શ્રી ગુણશિશુ જિનાગમાદિ ચિત્કોષ અને અનેક જ્ઞાનભંડારો, મહા ઉજમણાંમહોત્સવો—છ'રીપાલિત સંઘો, અજોડ ૯૯ યાત્રાસંઘ, તીર્થોના પ્રણેતા, જ્ઞાનસત્રો, સાંસ્કૃતિક પ્રદર્શનો વગેરેનો સમાવેશ થાય છે. તેમ જ અચલગચ્છ જૈનસંઘને લગતી કે અન્ય પણ મોટી નાની અનેક ધાર્મિક સંસ્થાઓ, જીવદયાકેન્દ્ર, યુવક પરિષદ શિબિરો અને યુવક મંડળો વગેરેને પૂજ્યશ્રી નિખાલસભાવે પોતાની સૂઝસમજનો લાભ આપી રહ્યા છે. રાજસ્થાન, કચ્છ, બૃહદ્ મુંબઈ, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર તેમ જ પૂર્વ ભારતની લાંબી મજલના વિહારોમાં પૂજ્ય ગચ્છાધિપતિ ગુરુદેવ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.ની સાથે વિચરી પ્રવચન અને પ્રેરણા દ્વારા જ્ઞાનબોધનાં ઝરણાં વહેતાં કરી પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની ગચ્છ અને શાસનની જવાબદારીઓમાં બળપૂરક બની સારી એવી ગુરુકૃપા પ્રાપ્ત કરી સંઘો અને જનતાની લાગણી સંપાદન કરી છે.

તેઓશ્રીએ ગચ્છના વર્તમાન મુનિગણમાં પ્રથમવાર શ્રી 'મહાનિશીથસૂત્ર' સુધીના બૃહદ્‌યોગ પૂજ્ય અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં પૂર્ણ કરી, 'ભગવતીસૂત્ર'ના યોગપૂર્વક સં. ૨૦૪૦ના કારતક વદ ૧૧ના દિવસે તેઓશ્રી મુંબઈ-વડાલા મુકામે 'ગણિ' પદધારક બન્યા. અનુમોદન કરવા યોગ્ય વાત પણ એ છે કે, ચોપાસ વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત એવા પૂજ્યશ્રીએ એકાંતરાં ૫૦૦ આયાબિલ જેવી ઉગ્ર તપસ્યા પણ ૩૦ વર્ષની નાની ઉંમરે કરેલ છે. એટલે, તેઓશ્રીનો તપ-જપ પ્રત્યેનો અનુરાગ પણ અનુમોદનીય છે. વરસીતપ પણ કર્યાં છે. શિખરજી તીર્થની એકવાર અને શત્રુંજય તીર્થની બે વાર ૧૦૮ યાત્રાઓ પણ કરી છે. તેઓશ્રીની પ્રેરણાના પરિણામસ્વરૂપ શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ પ્રાચીન દંતાણી તીર્થનો ઉદ્ધાર થયો. સં. ૨૦૪૧માં શિખરજી તીર્થમાં ભ. મહાવીરદેવની જન્મભૂમિ ક્ષત્રિયકુંડ તીર્થના નિર્ણય માટે અખિલ ભારતીય વિદ્વદ્ સંમેલનમાં વિદ્વાનોએ એમને 'સાહિત્યદિવાકર' નું બિરુદ અર્પણ કર્યું. સં. ૨૦૪૧માં અમદાવાદમાં ચાતુર્માસ રહી, તેમણે ઘણા પ્રાચીન ભંડારોમાંથી ગચ્છની વિરલ હસ્તપ્રતો મેળવી તેના ઉદ્ધારનું મહાન કાર્ય કર્યું. અમદાવાદ ચાતુર્માસની ફલશ્રુતિ રૂપે ત્યાં ગચ્છના વિશાળ ઉપાશ્રયનું સર્જન થયું. ગુજરાત, મારવાડ, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, મુંબઈ, યુ.પી., એમ.પી. કચ્છ જેવા અનેક રાજ્યોમાં ઉગ્ર વિહારે વિચરી અનેરી શાસન પ્રભાવના કરી છે.

સં. ૨૦૪૩માં કચ્છથી ગુરુદેવની આજ્ઞા આવતાં મુંબઈથી ઉગ્ર વિહાર કરી માત્ર ૪૦ દિવસમાં ભીનમાલ-(રાજસ્થાન) અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા. સં. ૨૦૪૪-માં ગુરુદેવના શુભ હસ્તે બાડમેરમાં પોષ વદ ૧૩ના દિવસે ઉપાધ્યાયપદ અને એક મહિના પછી, સં. ૨૦૪૪ના મહા વદ ૧૨ના દિવસે શ્રી આર્યરક્ષિત દંતાણી તીર્થ (રાજસ્થાન) માં પ્રતિષ્ઠા પ્રસંગે નવકાર મહામંત્રના તૃતીયપદ આચાર્યપદે બિરાજમાન થયા. તેઓશ્રીના વિહારોથી-પ્રેરણાથી રાજસ્થાન-મેવાડ-માલવામાં ગચ્છમાં જાગૃતિ આવી; તેથી તેઓશ્રી 'રાજસ્થાન-દીપક' તરીકે પણ ઓળખાયા છે. સં. ૨૦૪૪માં મુંબઈ પધારેલા અચલગચ્છાધિપતિ પૂ.આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની તબિયત એકાએક કથળતાં નૂતન યુવાચાર્યશ્રી ઉગ્ર વિહાર કરી મુંબઈ પધાર્યા અને અંતિમ મહિનાઓમાં ગુરુદેવશ્રીની સેવાભક્તિનો અપૂર્વ લહાવો લીધો. આમ, પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિના પ્રભાવે હાલ તેઓશ્રી ૫૪ વર્ષની યુવાવયમાં અનેક અંજનશલાકાઓ, પ્રતિષ્ઠાઓ મહોત્સવો, તીર્થોદ્ધાર, છ'રીપાલિત સંઘો, ૨૦૪૭માં શત્રુંજય તીર્થમાં ૧૦૦ યાત્રિકોની અજોડ ૯૯ યાત્રાસંઘ તેમ જ રત્નત્રયવર્ધક શુભ પ્રવૃત્તિઓ દ્વારા જૈનશાસનની સુંદર પ્રભાવના કરી રહ્યા છે. તાજેતરમાં તેઓશ્રીની પ્રેરણાથી દંતાણી તીર્થ વીશ વિહરમાન મહાવિદેહધામ અને ગુરુ ગુણની જન્મદીક્ષા ભૂમિ કચ્છ દેસીયાના હાઈવે પર સમેતશીખરાવતાર તીર્થ ગુણપાર્શ્વતીર્થધામ નિર્માણ પામ્યાં છે. મુંબઈ આદિ સ્થળોમાં ઉપાશ્રયોનાં નિર્માણ, શંખેશ્વર તીર્થમાં અચલગચ્છ કચ્છી ભવન ધર્મશાળા, ડોંબીવલીમાં સાધારણ ખાતાની સદ્ધરતા માટે વિરાટ કલ્પતરુ સાધારણ ફંડ યોજના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમલી બની છે. ડોંબીવલીમાં સુવિધિનાથ ભગવાનનું જિનાલય, હૈદરાબાદ સીટીમાં શાંતિનાથ જિનેશ્વરધામ, પવઈ કચ્છી ભવન, દેવલાલીમાં શાંતિનાથધામ, બાડમેર (રાજ૦)માં ચિંતામણિ પાર્શ્વ જિનાલય ને સમેતશીખરાવતારની પ્રતિષ્ઠ સહ પ્રેરણા, બાડમેરમાં આ. ગુણસાગરસૂરિ વિશાળ સાધના ભવન, બાડમેર પાસે રામજી કીગોલ મધ્યે નિર્માણાધીન આર્ય-ગુણ-ગુરુકૃપા તીર્થની પ્રેરણા આપેલ છે. પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટી કોટિ વંદના.

*સૌજન્ય : પૂ. મુનિશ્રી હેમચન્દ્રસાગરજી મ.સાની પ્રેરણાથી સંઘમાતા કસ્તૂરબહેન પ્રેમજી ગાલા (કચ્છ) દેવપુર*

*જ્ઞાનયાત્રાના અથાક પ્રવાસી*

## પૂજ્ય આચાર્ય મુનિચંદ્રસૂરિજી મ.સા.

દાદાશ્રી ઈશ્વરભાઈ (પૂ. મુનિશ્રી વિલાસવિજયજી મહારાજા), કાકાશ્રી ચીનુભાઈની (પૂ.આ.ભ. ૐકારસૂરીશ્વરજી મહારાજાની) દીક્ષા ૧૯૯૦ મહા સુદ ૧૦ના દિવસે થયેલ. વડીલ બંધુ શ્રી યશોવિજયસૂરિજી મહારાજાની દીક્ષા વિ.સં. ૨૦૧૩માં થયેલ. આવી રીતે વિરતિની વાટે પરિવારમાંથી ૨૦–૨૫ વ્યક્તિ નીકળેલ તેમાં પણ ધુરંધર એવા ત્રણ ત્રણ આચાર્યોની ભેટ આ પરિવારે આપેલ છે.

દાદાશ્રી વિલાસવિજયજી મહા તપસ્વી હતા. ૬૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે (૬ વર્ષના દીક્ષા પર્યાયમાં) પણ ૩૧, ૪૫, ૬૦, ૭૦ ઉપવાસ કર્યા.

કાકાશ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજા જૈન સમાજમાં એક અતિ સન્માનનીય આચાર્ય તરીકે પ્રસ્થાપિત થયા. સં. ૨૦૪૪માં તપાગચ્છ શ્રમણ મહાસંમેલનનું સંચાલન કરી આચાર્યશ્રીએ સંઘ એકતાનું અધૂરું કાર્ય પરિપૂર્ણ કર્યું અને સંઘ એકતાના શિલ્પીનું બિરુદ પ્રાપ્ત કર્યું.

પિતાશ્રી જિનચંદ્રવિજયજી ૯૦ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે પણ તપ ત્યાગ ક્રિયા આદિમાં વ્યસ્ત રહેતા અપ્રમત્ત ભાવે ભગવાનની ભક્તિ આદિ કરી રહ્યા છે.

વડીલ બંધુ આ. યશોવિજયસૂરીશ્વરજી ભક્તિમાર્ગ યોગમાર્ગના પથદર્શક છે. પ્રસન્નતા, સમર્પણભાવ, સાક્ષીભાવના સ્વામી છે. આ હરિભદ્રસૂરિજી, આનંદઘનજી, દેવચંદ્રજી, ઉ. યશોવિજયજીના ગ્રંથો ઉપર એમની વાચના તથા પુસ્તકો ભક્તિમાર્ગની માર્ગદર્શિકા સમાન છે. વિ.સં. ૨૦૦૭ ઈ.સ. ૧૯૫૧ ફાગણની અજવાળી ચૌદસે કુળને અજવાળનાર પુત્રરત્ન મહેન્દ્રનો જન્મ થયો.

મોરના ઈંડાને જેમ ચીતરવા ન પડે તેમ પૂર્વભવની કો'ક પ્રબળ વૈરાગ્યવાસિત આરાધના લઈને આવેલ પુત્ર મહેન્દ્રે માત્ર ૧૨ વર્ષની બાળ ઉંમરે પ્રથમ ઉપધાન તપ કરી મોક્ષમાળા પહેરી. સંસારીપક્ષે કાકા, સંઘ એકતાના શિલ્પી આ. ૐકારસૂરિજી મ. પાસે સંસ્કૃતની પ્રથમ બુક કરી જ્ઞાનયાત્રાનો પ્રારંભ કર્યો. ૧૩ વર્ષની ઉંમરે રજુ ઉપધાન તપ–પાંત્રીસુ કરી સાધના ક્ષેત્રે વધુ દૃઢ બન્યા. આત્માને વૈરાગ્યથી વાસિત કર્યો. માત્ર ૧૫ વર્ષની ઉંમરે શત્રુંજયની ૯૯ યાત્રા કરી શરીરને પણ કસ્યું. સંસ્કૃતની રજી બુક પ્રકરણાદિ તથા તત્ત્વાર્થ કંઠસ્થ કર્યા.

ધર્મપરાયણ પિતાશ્રીને પણ સંયમની ભાવના હતી જ. માતા–પિતા સહિત સમગ્ર પરિવાર વિ.સં. ૨૦૨૩ના મહા સુદ ૧૦ના દિવસે વિરતિની વાટે સંચર્યા, સંયમ લઈ અભ્યાસમાં ગૂંથાઈ ગયા.

દીક્ષા જીવનના 'પાંચ'માં જ વર્ષે પૂ.આ. ભ. શ્રી ૐકારવિજયજી મ. સાથે બનાસકાંઠાના વાવ તાલુકાના બેપણ નગરે (બેનાતટ નગરે) પ્રતિષ્ઠા પ્રસંગે જવાનું થયું. ત્યાં એક કબાટમાં 'ધાતુ–પારાયણ' ગ્રંથના અધૂરા ફર્મા જોયા. પૂછપરછ કરતાં જણાયું કે એક મુનિરાજે સંપાદન–મુદ્રણકાર્ય શરૂ કરેલ પણ તે પૂરું કરી શક્યા નથી.

પૂ.આ. શ્રી ૐકારવિજયજી મ.ને અધૂરા ગ્રંથને પૂર્ણ કરવાની ભાવના થઈ. આ માટે તેમની દૃષ્ટિ મુનિરાજ શ્રી મુનિચંદ્ર વિ.મ. પર ઠરી. પૂજ્યશ્રીએ ગ્રંથનું સંપાદન કરવા મુનિચન્દ્ર વિ.ને આજ્ઞા કરી અંતરના આશીર્વાદ આપ્યા.

પૂજ્યશ્રીના આશીર્વાદને પ્રાપ્ત કરી અધૂરા ગ્રંથને પૂર્ણ કરવા જરૂરી માહિતી તથા સામગ્રી મેળવવાના પ્રયાસો આદર્યા. સંસારીપક્ષે કાકા આગમપ્રજ્ઞ મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજે સંશોધન સંપાદનની કેટલીક સમજ અને મહત્ત્વની સૂચનાઓ કરી સફળતાના આશિષ આપ્યા. આ આશિષની અમીવર્ષાથી સંશોધન કાર્યને બળ અને વેગ મળ્યો અને અહીંથી સાહિત્ય સર્જનના શ્રીગણેશ થયા.

ધાતુ–પારાયણથી શરૂ થયેલી આ સર્જનયાત્રા આજ સુધી અવિચ્છિન્ન રીતે ચાલે છે.

પ્રવચનસારોદ્ધારટીકા, પ્રવચન સારોદ્ધાર વિષમપદ ટીકા, કથારત્નાકર, ધર્મરત્નકરંડક, ધર્મસંગ્રહ, દસસાવગચરિયમ્ આદિ ગ્રંથો પ્રાચીન તાડપત્રીય અને હસ્તલિખિત પ્રતોના આધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંશોધિત સંપાદિત કરી સંઘને સમર્પિત કર્યા. પ્રભાવક ચારિત્ર, જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ ૧–૨–૩ વગેરે ગ્રંથોના શ્રમસાધ્ય સંપાદનો સર્વત્ર આવકાર પામ્યા છે.

સંશોધન સંપાદન માટે ઘણા બધા સાધુ–સાધ્વીજી પંડિતો પૂજ્યશ્રીના અભિપ્રાયને પૂછાવે છે. પૂજ્યશ્રી પણ સંશોધન ક્ષેત્રે રસ–રુચિ ધરાવતા ઘણા વિદ્વાનો અને મહાત્માઓ સાથે સ્વ–પર ગચ્છના ભેદભાવ વિના આત્મીય સંબંધ જાળવે છે. કોઈ પણ પૂ. સાધુ–સાધ્વીજી અથવા પંડિતવર્ય આદિને સંશોધન–સંપાદન માટે જરૂરી માર્ગદર્શન આપવું, જરૂરી સામગ્રી મેળવી આપવી. પ્રુફો જોઈ આપવા, પ્રસ્તાવના લખી આપવી, સુધારા–વધારા કરવા વગેરે અનેક બાબતમાં સહાયક થતા રહ્યા છે. સંપર્કમાં આવનાર રુચિ ધરાવનાર વ્યક્તિને કક્ષા મુજબ કાર્ય સોંપી પ્રોત્સાહિત પણ કરી રહ્યા છે. પ્રસિદ્ધિની ઘેલછાથી લાખો યોજન દૂર એવા પૂજ્યશ્રી આજે સકળ સંઘ માટે સાહિત્ય સંશોધન–સંપાદન ક્ષેત્રે દીવાદાંડી સમાન બન્યા છે.

વિદ્વજજનોને આદરણીય હોવા સાથે બાળકોને પણ અતિપ્રિય છે. બાળકો માટે બોધપાઠસભર કથાઓ પૂજ્યશ્રી પીરસતા રહ્યા છે. સર્વક્ષેત્રગ્રાહી પ્રસંગકથાઓ લખવામાં પૂજ્યશ્રીની હથોટી છે. "શાંતિસૌરભ"માં 'પ્રસંગ–પરિમલ' કૉલમમાં 'મુનીન્દુ'ના ઉપનામથી નિયમિતપણે વાર્તાઓ પ્રગટ થાય છે. પ્રસંગ પરિમલ, પ્રસંગ નવનીત, પ્રસંગ સુધા, પ્રસંગ શિખર, પ્રસંગ કલ્પલતા, પ્રસંગ વિલાસ, પ્રસંગ સુવાસ, પ્રસંગ પ્રભા, જનક કથાપરીમલ વગેરે પૂજ્યશ્રીના કથાપુસ્તકો અદ્યાવધિ પ્રગટ થયા છે.

સહુની વચ્ચે છતા સહુથી અલિપ્ત રહીને શ્રુતની દુનિયામાં મગ્ન બનીને જ્ઞાનાનંદમાં મહાલતા, ગંભીરતા, સરળતા, નમ્રતા, નિખાલસતા, જેવા ગુણોના સ્વામી અલગારી વ્યક્તિત્વસંપન્ન એવા પૂજ્ય આચાર્યદેવ બહુમુખી વ્યક્તિત્વ દ્વારા પોતાનું આગવું સ્થાન જૈન શાસનમાં વિવિધ ક્ષેત્રોમાં સતત આપી રહ્યા છે. સાથે સાથે બનાસકાંઠા, મરુભૂમિ, સુરત, મુંબઈ, અમદાવાદ વગેરે વિચક્ષણ ક્ષેત્રમાં ચાતુર્માસ તપ, ઉપધાન, પ્રતિષ્ઠા, ઉજમણા, દીક્ષા, સંઘ, જ્ઞાનભંડારનિર્માણાદિ અનેકવિધ શાસનની ઉન્નતિના કાર્યો કરી રહ્યા છે.

*સૌજન્ય : પ.પૂ.આ.ભ.શ્રી અરવિંદસૂરિજી મ.સા. આદિની નિશ્રામાં મોદી ત્રિભોવનદાસ ઉજમશીભાઈ પરિવાર આયોજિત શ્રી ભાભરથી તારંગાતીર્થનો છ''રીપાલક સંઘ (વિ.સં. ૨૦૬૨માં) અનુમોદનાર્થે મોદી હીરાલાલ વાલચંદ પરિવાર*

# પૂ.આ. દેવ શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.

આવા છે ગુરુવર્ય અમારા

"અભિનંદન હૈં જ્યોતિર્મય કિરણોંકા,
અભિનંદન હૈં તુમ્હારે અમૃતમયી શરણોંકા,
સ્વર્ગ બન જાતી હૈ મિટ્ટી જિન્હેં છૂકર–
અભિનંદન હૈં તુમ્હારે મંગલમય ચરણોંકા !"



**જન્મ :** વિ.સં. ૧૯૯૨, શ્રાવણ વદી ૧૦, તા. ૧૨-૮-૧૯૩૬ રાધનપુર, ગુજરાત

**દીક્ષા :** વિ.સં. ૨૦૨૫ માગશર સુદિ–૪, તા. ૨૨-૧૧-૧૯૬૮, વાપી (ગુજરાત)

**ગુરુ :** દક્ષિણકેશરી આચાર્યદેવ શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.

**વડી દીક્ષા :** વિ.સં. ૨૦૨૫, જ્યેષ્ઠ વદી ૧૧, ચિકપેટ (બેંગ્લોર).

**દાતા :** પ.પૂ. જયંતસૂરીશ્વરજી મ.સા. અને તીર્થપ્રભાવક પ.પૂ. વિક્રમસૂરીશ્વરજી મ.સા.

**ઉપાધ્યાય–પદ :** વિ.સં. ૨૦૫૯, મહાસુદિ ૧૨, તા. ૧૪-૨-૨૦૦૩, મૈસૂર.

**દાતા :** દક્ષિણકેશરી, આચાર્યદેવ શ્રી સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.સા.

**આચાર્યપદ :** વિ.સં. ૨૦૫૯, જ્યેષ્ઠ સુદિ ૧, તા. ૧-૬-૨૦૦૩, શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ, દેવનહલ્લી (કર્ણાટક).

**દાતા :** દક્ષિણકેસરી આચાર્યદેવ શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.

શ્રી લબ્ધિવિક્રમ સ્થૂલભદ્ર પટ્ટાલંકાર, શ્રી સંકટમોચન પાર્શ્વભૈરવતીર્થ સ્થાપક વર્ધમાનતપોનિધિ, શાસનપ્રભાવક, કવિરત્ન પૂ.આ. દેવ શ્રી કલ્પયશસૂરીશ્વરજી મ.સા.નો જન્મ રાધનપુર ગામમાં થયો હતો. કવિકુલકિરીટ પૂ.આ. શ્રી લબ્ધિ સૂરીશ્વરજી મ.સા.એ રાધનપુરને 'આરાધનાપુર' કહી રાધનપુરની જનતામાં જે ધર્મની જ્યોત પ્રજ્વલિત થઈ રહી હતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના તેઓ સાક્ષીરૂપ હતા. અહીં ૨૫-૨૫ જિનમંદિરોની હારમાળાની રોનક આજે પણ આકર્ષણનો નમૂનો બની ઊભી છે. અનેક ઉપાશ્રયોથી રાધનપુર નગરી સુશોભિત છે.

કહેવાય છે કે આ ધરતીના કણ-કણમાં સુવાસ ફેલાયેલી છે અને એ સુવાસ માના પ્રેમની છે. જ્યાં માતા પ્રેમનું સિંચન કરે ત્યાં એનો લાડલો દીકરો ધ્રુવતારાની જેમ જગત આખાનો સિતારો બની ચમકી ઊઠે છે એમ જ આ. શ્રી કલ્પયશસૂરીશ્વરજીનાં માતા કાંતાબહેન અને પિતા મનસુખલાલભાઈએ પ્રભુદર્શન, પૂજા, ગુરુભક્તિ, ધર્મશ્રવણ જેવા અમૂલ્ય સંસ્કારોનું સિંચન કર્યું હતું. પરિણામે ૧૯ વર્ષની નાની ઉંમરમાં મહાન ઉપધાન તપની આરાધના કરી છે. પૂ. આચાર્ય શ્રી સાધુતામાં રહીને ક્રિયાશુદ્ધિ સાથે વીશ સ્થાનક તપ, વર્ષી તપ, જ્ઞાનપંચમાદિ અને વર્ધમાન તપની ઓળીમાં આગળ વધતાં વધતાં ૭૦ વર્ષની ઉંમરમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ કરી ચૂક્યા છે. ધન્ય છે આવા શાસનરત્નને.

ભારતીય સંસ્કૃતિમાં સંન્યસ્ત થવું એ સૌથી મોટો યોગ છે. ગીતામાં શ્રીકૃષ્ણ પાંડવોને સંબોધિત કરતાં કહે છે :

"યં સન્યાસમિતિ ત્રાહુયોગં તં વિદ્ધિ પાંડવ:"

અર્થાત્ જે સંન્યાસ છે એજ યોગ છે. એ દૃષ્ટિએ આચાર્ય દેવ મહારાજ ૩૯ વર્ષથી યોગીજીવન જીવી રહ્યા છે. એમનું જીવન જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો સમન્વય છે. ગીતામાં યોગીને તપસ્વી, જ્ઞાની અને પુરુષાર્થી વ્યક્તિ કરતાં પણ ઊંચો કહ્યો છે.

વિ.સં. ૨૦૨૫માં બૃહત્ તીર્થસ્થાપક દક્ષિણકેશરી પૂ.આ. ભગવંત શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.નું સાંનિધ્ય પ્રાપ્ત થયું. પૂ.શ્રીની દિનચર્યા, તપાનુરાગિતા, નિખાલસતા, મધુરભાષિતા, વિનમ્રતાદિ ગુણોએ એમને સંયમનો રસ ચખાડ્યો એટલે કે સંયમનો રસાસ્વાદ કરવા આકર્ષિત કર્યા. સંસારની અસારતાનું દર્શન કરતાં કરતાં વૈરાગ્યભાવ એના હૃદયના અણુએ અણુમાં ઓતપ્રોત થઈ ગયો. છેવટે વિ.સં. ૨૦૨૪માં પૂ.શ્રીનાં ચાતુર્માસ વાપીમાં થયાં અને પૂ.શ્રીના સાંનિધ્યમાં રહી ચાતુર્માસ-આરાધના કરી એમણે દીક્ષા અંગીકાર કરી, સાથે જ વાપીનિવાસી અશોકકુમાર (હાલમાં અમિતયશસૂરીશ્વરજી મ.સા.)ની પણ દીક્ષા થઈ.

આજે પણ આચાર્યમહારાજ ગુરુ-આજ્ઞાનું પાલન કરતાં જ્ઞાન, ધ્યાન, તપાદિ ધર્માનુષ્ઠાનમાં રત મધુર પ્રવચન દ્વારા અનેક સંઘમાં ધર્મપ્રભાવના કરતાં કરતાં જય-વિજયનો ધ્વજ લહેરાવી રહ્યા છે.

આચાર્ય મ.સા.ની દિવ્યવાણીએ હજારો, લાખોને સાધનામાં રાજમાર્ગ પર પ્રસ્થાપિત કર્યા છે. એમના જાદુઈ હાથોના સ્પર્શે ન જાણે કેટલીય વ્યક્તિઓમાં નવી ચેતનાનો સંચાર કર્યો. એમના પ્રેરક જીવને અનેકોની દિશાનું રૂપાંતર કર્યું. એમની પાવન સંનિધિ અધ્યાત્મનાં નવાં કિરણો પ્રસરાવતી રહી છે. તેથી આચાર્યશ્રી સાધક જ નહીં, લાખો સાધકોના અનુશાસ્તા છે.

આચાર્યશ્રી બ્રહ્મર્ષિ છે, કારણ કે સાધનાના નવા નવા પ્રયોગોની શોધ કરે છે. તેઓ દેવર્ષિ છે, કારણ કે તેઓ સૌને જ્ઞાનનો પ્રકાશ વહેંચી રહ્યા છે. તેઓ રાજર્ષિ છે, કારણ કે તેઓ એક ધર્મસંઘના અનુશાસ્તા છે અને મહર્ષિ છે, કારણ કે તેઓ સતત મહાનની શોધમાં પ્રયત્નશીલ રહે છે.

આચાર્ય મ.સા. સરળ હૃદયી, મૃદુભાષી, સરળ ભાષાના વ્યાખ્યાનકર્તા-ગમે તેવો અભણ હોય કે બાળક હોય, સૌને સરળ શબ્દોમાં તત્ત્વનો મર્મ સમજાવે છે અને આચાર્ય મ.સા.નું કહેવુંય છે :

"વૈજ્ઞાનિક યુગ મેં જીનેકા બસ ઉસકો અધિકાર મિલા,
જિસકો જીવનમેં વિકાસકા આધ્યાત્મિક આધાર મિલા."

આ.મ.ની ભીતરમાં સરસ્વતીનો અખૂટ ખજાનો, વિદ્યાનો ભંડાર ઠાંસી ઠાંસીને ભરેલો છે. જે એમના અંતર્ આત્માને સ્પર્શ કરી લે છે એમનો આ સંસારમાં બેડો પાર થઈ જાય છે.

પૂજ્યશ્રીમાં કવિત્વશક્તિ, પ્રવચનશાલીનતાનાં દર્શન થાય છે. પૂજ્યશ્રીએ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં જિનસ્તવન, સજ્ઝાય, ભક્તામરસ્તોત્ર, રત્નાકરપચ્ચીસી, સકલાર્હત, ચિંતામણિસ્તોત્ર વગેરેની ગુર્જર કાવ્યમય સ્વરચનાઓ કરવા સાથે વીતરાગસ્તોત્રનો કાવ્યમય ગુજરાતી અનુવાદ, ષોડશક અનુવાદ, લબ્ધિકલ્પઝરણાં, વિચારવૈભવ, પાવનકીધાં ધામ, સંસ્કૃતસ્તુતિ, ગુરુઅષ્ટક, પાંડવ ચરિત્રઠાણાં ઉપદેશ રત્નાકરનો ગુજરાતી અનુવાદ ભાગ-૧-૨ વગેરે વિવિધ રચનાઓની ભેટ એમણે શાસનને ધરી છે.

આવા આચાર્ય ભગવંતનાં ચરણકમળોમાં કોટિશઃ કોટિશઃ નમન !

"દિનકી આત્માકો ચિરણોંકી જરૂરત નહીં,
ઔર બાહરી ચમનકો નજરોંકી જરૂરત નહીં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈનકી તારીફ મેં હમ ક્યા શબ્દ બયાં કરેં–
જો સૂરજ ખુદ હૈં ઉનકો ઉજાલોં કી જરૂરત નહીં."

*સૌજન્ય : ચંદ્રકાન્તભાઈ રતિલાલ પારેખ (ચેન્નઈ)*

*વર્ધમાન તપોરત્ન, સ્વાધ્યાયપ્રિય*

## પ.પૂ.આ.દેવ શ્રી અમિતયશસૂરિ મ.સા.



સમુદાય : જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલ કિરીટ પ.પૂ. આ. દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

તીર્થપ્રભાવક, તર્કનિપુણ પ.પૂ. આ.દેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર દક્ષિણ કેશરી પ.પૂ.આ. દેવ શ્રી સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.સા.

જન્મ : વિ.સં. ૨૦૦૪, ભાદરવા વદ–૪, તા. ૨૨-૯-૧૯૪૮, વાપી (ગુજરાત)

દીક્ષા : વિ.સં. ૨૦૨૫, તા. ૨૨-૧૧-૧૯૬૮, વાપી, ગુજરાત

વડી દીક્ષા : વિ.સં. ૨૦૨૫, જેઠ વદ–૧૧, બેંગ્લોર.

વડી દીક્ષા દાતા : પ.પૂ. આ.દેવશ્રી જયંતસૂરીશ્વરજી મ.સા. અને પ.પૂ. આ.દેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.

તપસ્યા : વર્ધમાનતપની ૧૦૦ ઓળી, નવપદ ઓળી, પોષ દશમી, ૨૪ તીર્થંકર એકાસણાં, વીશ સ્થાનક ઓળી વગેરે.

આગમવાચન : પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ વગેરે ગ્રંથોનું વાચન. જ્યોતિષ, ન્યાય, કાવ્ય વગેરેનો અભ્યાસ.

ગ્રંથ સંશોધન : શ્રાવકપ્રજ્ઞપ્તિ, જીવસમાસ, જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર, પ્રવચન સારોદ્ધાર, દર્શન–રત્ન રત્નાકર ગ્રંથનો ગુજરાતી અનુવાદ, દંડક–લઘુસંગ્રહણી–હિન્દી અનુવાદ.

ચાતુર્માસ : ગુરુઆજ્ઞાએ વિસનગર (ગુજરાત) ચિકપેટ, રાજાજીનગર (બેંગ્લોર), ઈડર, વડાલી (ગુજરાત) વગેરે સંઘોમાં આરાધનામય ચાતુર્માસ થયાં.

પદવી : પંન્યાસ પદ–વિ.સં. ૨૦૫૯, મહા સુદ–૧૨, તા. ૧૪-૨-૨૦૦૩, મૈસૂર.

આચાર્યપદ : વિ.સં. ૨૦૫૯, જેઠ સુદ–૧, તા. ૧-૬-૨૦૦૩, શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ, દેવનહલ્લી, બેંગ્લોર.

પદપ્રદાતા : અનેક બૃહત્ તીર્થસ્થાપક દક્ષિણકેશરી પ.પૂ. આ.દેવ શ્રી સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.સા.

વિહાર : ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાલ, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ વગેરે.

અનેક સાધુ–સાધ્વીઓનાં ચરણ–કમળ–સ્પર્શથી પાવન વાપી શહેર નિવાસી પિતા અમૃતલાલ, માતા શાંતાબહેનની કુક્ષિએ એક રત્નએ જન્મ લીધો. નામ રાખવામાં આવ્યું અશોકકુમાર. બચપણથી જ માતા–પિતા અને વડીલોએ ધર્મનું સિંચન કર્યું, જેના પરિણામે વૈયાવચ્ચના અંકુર પુત્ર–રત્નમાં જાગૃત થયા. પરોપકારી પૂ. ગુરુદેવ આ. શ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ના પરિચયમાં આવવાથી વૈરાગ્ય પાકો થઈ ગયો, જેના પરિણામે વિ.સં. ૨૦૨૫ના વર્ષમાં રાધનપુરનિવાસી કુમુદચંદ્ર (હાલમાં આ. શ્રી કલ્પયશ સૂરીશ્વરજી મ.સા.)ની સાથે દીક્ષિત થઈને જ્ઞાન, ધ્યાન, તપમાં આગળ વધતાં ગુરુદેવે નમસ્કારથી ત્રીજા પદ આચાર્યપદની પદવી પર આરૂઢ કર્યા.

આચાર્યશ્રી અમિતયશસૂરિ મ.સા.નું જીવન સરળ, સાદગીપૂર્ણ, મૌનધારીવ્રતવાળું, સ્વાધ્યાયરત છે. આચાર્યશ્રીનો વધારેમાં વધારે સમય અંતસાધનામાં વ્યતીત થાય છે. પ્રતિભાસંપન્ન, સંઘસ્નેહસર્જક, નિસ્પૃહ શિરોમણિ, નિખાલસહૃદયી, સદૈવસ્મરણીય, પરમ શાસનપ્રભાવક અમિતયશસૂરિ મ.સા.નું ચારિત્ર્યમય જીવન ખરેખર સાધુ–શ્રાવક સર્વને માટે પ્રેરણાદાયી છે.

દરેક ચાતુર્માસને આરાધનાથી સુવાસિત કરવાં. બધો જ સમય, દરેક પળ ધર્મની જ્યોત પ્રજ્વલિત કરવી, સ્વાધ્યાય–ધ્યાન તપ માટે પ્રેરણાસ્રોત બની રહેવું એ એમનું પરમ લક્ષ્ય–ધ્યેય છે. એમનું મધુર સ્મિત હંમેશાં કાચ જેવું સ્પષ્ટ પ્રગટે છે.

*સૌજન્ય : ચંદ્રકાન્તભાઈ રતિલાલ પારેખ (ચેન્નઈ)*

*સમર્થ તાર્કિક : જૈન તત્ત્વજ્ઞાનના વિશિષ્ટ જ્ઞાતા*

*શાસન–પ્રભાવક*

## પ.પૂ. આ.શ્રી અભયશેખરસૂરીશ્વરજી મ.સા.

"અક્ષય! તને તારી પ્રોડક્શન એન્જિનિયર તરીકેની કેરિયર બ્રાઈટ દેખાય છે, મને એમાં પાપની ધમધોકાર કમાણી દેખાય છે. તું મોટી કંપનીઓના પ્લાન્ટોના પ્લાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવશે! પછી એ પ્લાન મુજબ ચાલતા પ્લાન્ટોમાં પાણી વગેરેમાં કેટલા બધા જીવોનો આરંભ-સમારંભ થશે? અને હાથમજૂરી કરતા કેટલા માનવો બેકાર થશે? તને થોડા હજારનો પગાર મળશે પણ તું કેટલાં બધાં પાપોનો અશુભારંભ કરશે? તને જૈન તરીકે બુદ્ધિ આ માટે મળી છે કે તારું અને બીજાનું હિત થાય એવી પ્રવૃત્તિઓ કરવા મળી છે?"

સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪)ના અષાઢ મહિનામાં સાવરકુંડલા મુકામે યુવાવર્ગના ઉદ્ધારક પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીના સવારના લગભગ ચારેક વાગ્યે મુંબઈ યુનિવર્સિટીના પ્રોડકશન એન્જિ. બીજા વર્ષની પરીક્ષા આપી વંદન માટે આવેલા વીસ વર્ષના યુવક અક્ષયકુમારને ઉપર મુજબ પ્રેરણા આપી રહ્યા હતા.

દાદાજીના પરિવારની સાત દીક્ષા અને પોતાની બહેનની દીક્ષાથી ધર્મરંગે રંગાયેલા આ યુવાનને પૂ. ગુરુ મહારાજશ્રીની પ્રેરણાએ ઝાટકો આપ્યો. ત્યાં જ સંકલ્પ કર્યો-આજીવન બ્રહ્મચર્ય પાળવું અને ચોમાસા પછી શીઘ્ર દીક્ષા લેવી.

તીવ્ર બુદ્ધિપ્રતિભાના કારણે યુનિવર્સિટીમાં સેકન્ડ રેન્ક પામેલા તથા મોટી મોટી ઓફરો આવવાની શરૂ થઈ હોવા છતાં એક જ ઝાટકે દીક્ષાનો નિર્ણય લીધો.

ધર્મસંસ્કારી માતા સુશીલાબહેને પણ એમની તીવ્ર ભાવના જોઈ રજા આપી. મોહનભાઈના આ ચોથા સંતાને સં. ૨૦૩૧ના કારતક વદ દશમે બીજા ત્રણ મુમુક્ષુ સાથે દીક્ષા લીધી અને પોતાના નાના કાકા મહારાજ પૂ. જયશેખરવિજયજી મ.ના પ્રથમ શિષ્ય થયા (પૂ. જયશેખરવિજયજી મહારાજ પાછળથી આચાર્ય મ. થયાં). પછીથી એમના નાનાભાઈ તથા માતાએ પણ દીક્ષા લીધી.

તીવ્ર બુદ્ધિપ્રતિભા, તીક્ષ્ણ તર્કશક્તિ, અદ્‌ભુત ધારણા-શક્તિના કારણે અત્યંત ટૂંકા ગાળામાં જ ન્યાય, વ્યાકરણ, આગમ પ્રકરણ ગ્રંથોના પ્રકાંડ તજ્જ્ઞ થયા. માત્ર સમુદાયમાં જ નહીં, સમસ્ત તપાગચ્છમાં અગ્રણી જ્ઞાતા તરીકે ઊભરી આવ્યા.

પ્રબળ સત્ત્વબળે નબળી કાયામાં પણ બે વાર અપ્રમત્તભાવે માસક્ષમણ કર્યાં. એકવાર મૌન અઠ્ઠાઈ કરી. માત્ર દસ વર્ષની ઉંમરથી દરેક સુદ પાંચમના ઉપવાસ શરૂ કર્યા. અત્યાર સુધીમાં લગભગ ૧૭૮ અઠ્ઠમ થઈ ગયા ને વર્ધમાનતપની ૩૬ ઓળી કરી છે. વિશેષ પ્રકારે શારીરિક પ્રતિકૂળતા ન હોય તો લાંબા લાંબા વિહારોમાં પણ એકાસણાં એ એમનો રોજિંદો ક્રમ છે.

નિર્દોષ ગોચરી અને સૂક્ષ્મ સંયમના આગ્રહી પૂજ્યશ્રી તાર્કિક અને તાત્ત્વિક પ્રવચનકાર તરીકે પ્રસિદ્ધ છે. તેમના ન્યાય પર, કર્મસાહિત્ય પર અને મહો. શ્રી યશોવિજયજી મ.ના સાહિત્ય ઉપર લખાયેલા ગ્રંથો પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોમાં જ્ઞાનાભ્યાસ માટે, અત્યંત લોકપ્રિય બન્યા છે. 'હંસા! તું ઝીલ મૈત્રી સરોવરમાં' વગેરે લોકભોગ્ય બનેલાં પુસ્તકો જૈન-જૈનેતર જનતામાં જ નહીં, વિદ્વાનોમાં પણ અત્યંત આદરપાત્ર બન્યાં, બની રહ્યાં છે. શ્રી સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતોના સમર્થ વાચનાદાતા તરીકે પણ તેઓશ્રી સારી ખ્યાતિ પામ્યા છે.

પૂજ્યશ્રીની સર્વાંગીણ યોગ્યતા જોઈ વિ.સં. ૨૦૫૭ના વૈશાખ સુદિ બારશે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી આચાર્ય ભગવંત જયઘોષ-સૂરીશ્વરજી મહારાજે એમને આચાર્યપદે સ્થાપિત કર્યા.

આચાર્ય પદ પછી પોતાના ગુરુદેવના દક્ષિણ મહારાષ્ટ્રના અધૂરા કાર્યો ઉપાડી લઈ ત્યાં ઠેરઠેર અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરે કાર્યક્રમો પણ શાસનપ્રભાવક રીતે સંપન્ન કરી રહ્યા છે.

અત્યાર સુધીમાં તેઓશ્રી દ્વારા લગભગ ત્રીશથી વધુ ગ્રંથો પુસ્તકોનાં લેખન-સંપાદન-સંશોધન થયેલાં છે. તેઓશ્રીના હસ્તે ભવિષ્યમાં પણ ઘણા ગ્રંથોના સર્જન દ્વારા જૈન શ્રુત સાહિત્ય સમૃદ્ધ થતું રહે એવી મંગળકામના છે. તેઓશ્રીની નિશ્રામાં સં. ૨૦૬૦માં થાણા-પાલિતાણાનો ઐતિહાસિક છ'રીપાલિત સંઘ સંપન્ન થયો.

હાલ તેઓશ્રીનો અઢાર શિષ્યો-પ્રશિષ્યોનો પરિવાર છે. તત્ત્વના અને સત્ત્વના પ્રખર આગ્રહી પૂજ્યશ્રી દીર્ઘકાળ સુધી જૈન સંઘ ઉપર અનેક રીતે ઉપકાર શ્રેણી વરસાવે તેવી શુભેચ્છા.

(પૂજ્યશ્રીનો જન્મ ભાદરવા વદ પાંચમ સં. ૨૦૧૦, તા. ૧૬-૯-૫૪, સુરત મુકામે).

*સૌજન્ય : પૂ. પંન્યાસશ્રી અજિતશેખરવિજયજી મ.સા.ની પ્રેરણાથી શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, પાર્લા (પૂર્વ) મુંબઈ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અધ્યાત્મમાર્ગના સાધનાનિષ્ઠ ચારિત્રધરો

શ્રમણધર્મ આખરે તો એક આધ્યાત્મિક ખોજ છે. ભૌતિકજીવનના સામે છેડે અધ્યાત્મની દુનિયા છે. આંતરકષાયો અને વિષયની અભીપ્સાઓ શમાવી આત્મગુણોના ઊંચા સુખની અનુભૂતિની એ દિવ્ય સૃષ્ટિ છે. સૂરિપુરંદર પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જેવા અનેક પૂજ્યવર્યોએ યોગ–અધ્યાત્મના ગ્રંથોમાં અધ્યાત્મસુખની દિશા ચીંધી છે. તે માર્ગને અનુસરીને સાધક આત્માઓ અધ્યાત્મ-માર્ગની નૈષ્ઠિક સાધનામાં ગળાડૂબ બને છે. આવા કર્મયોગીઓ અને અધ્યાત્મયોગીઓ અનેક સાધક આત્માઓ માટે એક ઊંચો આદર્શ સ્થાપી જાય છે.

વર્ષોના દીક્ષાપર્યાય દરમ્યાન ગામેગામ વિચરી, અનેક સ્થળોએ ચાતુર્માસ કરી પોતાની વાચસ્પતિરૂપી વ્યાખ્યાનમાળાથી અનેક જૈનો અને જૈનેતરોને જૈનધર્મના સંસ્કારનું સિંચન કરનારા સાધનાનિષ્ઠ ચારિત્રધરોનાં જીવનકવન અનેરી પ્રેરણા આપી જાય છે.

## પ.પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજય જયાનંદસૂરીશ્વરજી મ.સા.

જન્મભૂમિ : કરાંચી (પાકિસ્તાન), જન્મતિથિ : વિ.સં. ૧૯૭૨, કારતક સુદ ૭.

કર્મભૂમિ : ચૂડા–સૌરાષ્ટ્ર.

સંસારી પિતા–મણિલાલ કપાસી ★ સંસારી માતા : અમરતબહેન કપાસી.

સંસારી નામ–જયંતીભાઈ ★ ભાગવતી પ્રવ્રજ્યાદિન : વિ. સં. ૧૯૮૮, માગશર સુદ–૩, કેશરિયાજી તીર્થ (રાજ. મેવાડ).

ભાગવતી પ્રવ્રજ્યા નામ : પૂ. મુનિરાજશ્રી જયાનંદવિજયજી મ.સા.

દીક્ષાગુરુ : પ.પૂ.આ. દેવ શ્રીમદ્ વિજય દર્શનસૂરીશ્વરજી મ.સા.

પરંપરાસમુદાય : શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.

ગણિ પદ : વિ. સં. ૨૦૦૭, મહા સુદ–૫, સુરેન્દ્રનગર.

પંન્યાસ પદ : વિ. સં. ૨૦૦૭ વૈશાખ સુદ–૩, અમદાવાદ હઠીભાઈની વાડી.

ઉપાધ્યાય પદ : વિ. સં. ૨૦01 મહા સુદ–૩, વરતેજ–ભાવનગર–સૌરાષ્ટ્ર.

આચાર્ય પદ : વિ. સં. ૨૦૨૧, મહા સુદ–૫, વરતેજ–ભાવનગર–સૌરાષ્ટ્ર.

સ્વર્ગગમન : વિ. સં. ૨૦૪૫, પોષ વદ–૧૩–મેરૂત્રયોદશી–અમદાવાદ.

*સૌજન્ય : શ્રી વર્ધમાન જૈન સંઘ ૧૦, હંસપુકુર, ૧લી લેઈન, કોલકત્તા-૭*

### *આગલોડ સ્થિત શ્રી મણિભદ્ર તીર્થના ઉદ્ધારક, વક્તાપુર તીર્થના સ્થાપક જપ–તપ પૂર્વકની વિવિધ યોગસાધનાના સાધક*

## પૂ. આચાર્યશ્રી વિજયઆનંદઘનસૂરીશ્વરજી મહારાજ



પૂજ્ય આચાર્યશ્રી વિજય આનંદઘનસૂરીશ્વરજી મહારાજનો જન્મ સં. ૧૯૭૭ના શ્રાવણ વદ પાંચમે રાજસ્થાનના સિરોહી રાજ્યના પાલડી (માયલી) ગામે બિબલોસા પરમાર ગોત્રમાં થયો હતો. તેમના પિતાનું નામ ચતરાજી પમાજી, માતાનું નામ કંકુબાઈ અને તેમનું જન્મનામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂનીલાલજી હતું. ચૂનીલાલ માત્ર દોઢ વર્ષના થયા કે તેમનાં માતુશ્રી સ્વર્ગવાસ પામ્યાં. પિતા ચતરાજીનાં મોટાં ભાભી ચમનીબાઈએ તેમને ઊછેરીને મોટા કર્યા. પૂર્વના પુણ્યયોગે અને આ જન્મના ધર્મસંસ્કારોએ તેમની ધર્મ પ્રત્યેની રુચિ ઉત્તરોત્તર ખીલતી ગઈ. બાળવયથી જ પ્રતિક્રમણ, પૌષધાદિ વ્રત–નિયમો તેમના જીવન સાથે વણાઈ ગયાં. કુમારવયે પહોંચતાં હિન્દી, અંગ્રેજી સાથે વ્યાવહારિક શિક્ષણ સંપાદન કર્યું. તેજ બુદ્ધિ અને સાલસ સ્વભાવના કારણે તેઓ સૌમાં પ્રિય બન્યા હતા. ૧૬ વર્ષની વયે તેમને દત્તક પુત્ર તરીકે જોધપુર રાજ્યના બગડીનગરના શ્રી લાલચંદજી ચંદનમલજી અને તેમનાં ધર્મપત્ની લક્ષ્મીબાઈએ ખોળે લેતાં તેમને મુંબઈ જવાનું થયું. મુંબઈ ગયા છતાં વ્રત–નિયમો તો ચાલુ જ રહ્યાં અને આગળ જતાં આ સંસ્કારો વૈરાગ્યભાવમાં પરિણમ્યા અને તેઓ દીક્ષા લેવા તત્પર બન્યા. સં. ૨૦૦૮ના અષાઢ સુદ ૧૪ના દિવસે તેમની એ ભાવના સાકાર બની અને દીક્ષા અંગીકાર કરવાપૂર્વક તેઓ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયભુવનસૂરિજી મહારાજના શિષ્ય બની મુનિશ્રી આનંદઘનવિજયજી નામે જાહેર થયા. મુનિજીવનના ઉષાકાળે તેઓશ્રીએ ગુરુગમ બની 'કર્મગ્રંથ', 'પ્રકરણ', 'ન્યાય' તથા આગમશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. જ્યોતિષશાસ્ત્ર અને મંત્રવિદ્યાનું પણ વિશદ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

તપ–જપ અને યોગસાધના : પૂજ્યશ્રીએ સંયમસાધના અને જ્ઞાનોપાસનામાં આગળ વધવા સાથે જપ–તપ અને યોગમાં પણ ઉત્તરોત્તર આગળ વધતા રહી એક સમર્થ સાધક તરીકે નામના પ્રાપ્ત કરી છે. તેઓશ્રીએ વરસીતપ–૨, ચૌમાસી–૧, અટ્ઠાઈ–૫, ૨૩ કલાક મૌનપૂર્વક સતત ૫૦૦ આયંબિલ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનાં ૧૦૮ અટ્ઠમ વગેરે તપશ્ચર્યાઓ કરી છે. ઈશ્વરગઢ પર શ્રી શાંતિનાથ જિનાલયની પાછળ આવેલી પ્રાચીન ગુફામાં રહીને અષ્ટાંગ યોગસાધના તેમ જ વિવિધ આસનો સિદ્ધ કર્યાં. અહીં ગુફામાં ત્રણ વર્ષ દરમિયાન તપપૂર્વક સવાકરોડ નવકારમંત્રનો જાપ કર્યો. ઈડર પાંજરાપોળમાં રહીને દિવસ દરમિયાન માત્ર બે વાર ૫૦૦ ગ્રામ દૂધ પર રહીને ૯ લાખ નવકારમંત્રનો જાપ કર્યો. ૫૦૦ આયંબિલમાં ૯ લાખ નવકારમંત્રનો જાપ પ્રાયઃ મૌન રહીને કર્યો. ઉપરાંત, તારંગા તીર્થની ગુફામાં ૨૦ દિવસના આયંબિલપૂર્વક શ્રી ઋષિમંડલ મૂલમંત્રનો એક લાખનો જાપ, અચલગઢ (આબુ)માં એક વર્ષ રહી એકાસણાં સાથે શ્રી સિદ્ધચક્ર મૂલમંત્રનો જાપ, પોસીના તીર્થમાં ચાર માસ દરમિયાન પાંચ અટ્ઠમ અને ૬ આયંબિલ કરી, સવા લાખ ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ, ગિરનારજી પર ગુફામાં રહી એકાસણાં સાથે એક લાખ નવકારમંત્રનો જાપ, આગલોડ (ઉ. ગુ.)માં ૨૧ દિવસ શ્રી માણિભદ્રવીરની સાધના કરેલ. પૂજ્યશ્રીએ ઈડર અને તારંગાની ગુફાનો જીર્ણોદ્ધાર કરાવી તથા અચલગઢની ટોચ પરનો રૂમ રિપેર કરાવી, તે તે સ્થાનોની તીર્થપેઢીને અર્પણ કરેલ.

પૂજ્યશ્રીને સં. ૨૦૩૯ના અષાઢ સુદ ૬ના રોજ ઘાણેરાવ (રાજસ્થાન) સ્થિત કીર્તિસ્તંભ તીર્થે પૂ. આ. શ્રી વિજયહિમાચલ-સૂરિજી મહારાજે આચાર્યપદે આરૂઢ કર્યા. સં. ૨૦૪૬ના જેઠ સુદ પાંચમે વક્તાપુર (સાબરકાંઠા)માં પૂ. ગુરુદેવશ્રી વિજય-ભુવનસૂરિજી મહારાજ આદિ તથા ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં 'યોગદિવાકર'ની પદવી અર્પણ કરવામાં આવી. પૂ. આ. શ્રી વિજયઆનંદઘનસૂરિજી મહારાજના શિષ્યપરિવારમાં મુનિશ્રી જયચંદ્રવિજયજી, મુનિશ્રી ભુવનાનંદવિજયજી, મુનિશ્રી રાજયશ-વિજયજી, મુનિશ્રી પ્રદીપચંદ્રવિજયજી અને મુનિશ્રી શાંતિચંદ્ર-વિજયજી છે.

શાસનપ્રભાવના : પૂજ્યશ્રીની પ્રેરણા અને નિશ્રામાં શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો સંપન્ન થયાં છે. તેમાં વિજાપુર પાસે આગલોડમાં શ્રી માણિભદ્રવીરના પ્રાચીન સ્થાનનો ઉદ્ધાર કરાવી, તેને તીર્થરૂપે સારી રીતે વિકસાવ્યું છે. એક બાજુ નવું તીર્થ સાબરકાંઠામાં હિંમતનગરથી ૮ કિ. મી. દૂર વક્તાપુર ગામે 'ૐ શ્રી પાર્શ્વ–પદ્માવતી જૈન શ્વે. મૂ. તીર્થ' નામે સ્થાપી, ત્યાં પણ જિનાલય, ઉપાશ્રયો, ધર્મશાળા, ભોજનશાળા આદિનું આયોજન કરાવી, સં. ૨૦૪૬માં પ્રતિષ્ઠામહોત્સવ ઊજવવાપૂર્વક વિકસાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, જૂનાગઢ તળેટી-મંદિર, જસનગર, કાલુકોકીન (રાજસ્થાન)માં શિખરબંધ દેરાસર, સુમેરપુર (ઉંદરી), બેલાપુર (થાણા) અને મામલતદારવાડી–મલાડ (મુંબઈ)માં જિનાલયો, દેવ–દેવીની પ્રતિષ્ઠા, નાડોલમાં શ્રી પદ્મનાભસ્વામી જિનાલયે શ્રી પાર્શ્વ–પદ્માવતીની પ્રતિષ્ઠા, અચલગઢ (આબુ)માં યક્ષ–યક્ષિણીની પ્રતિષ્ઠા તથા વડાલી (બનાસકાંઠા) ગામે સોસાયટીમાં શિખરબંધ દેરાસર અને ઉપાશ્રયનું નિર્માણ, ખેરોજમાં જિનાલયનું શિલારોપણ, અમદાવાદ–નારણપુરામાં હરિપાર્કમાં, હિંમતનગરમાં મહાવીરનગરમાં તેમ જ એકલારા, મટોડા અને ડરામલી ગામે ઉપાશ્રયોનું નિર્માણ ઉપરાંત ૧. તારંગાજીનો, ૨. ભદ્રેશ્વર તીર્થનો, ૩. જેસલમેરનો અને ૪. સમેતશિખરજીનો—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ આગલોડથી ૪ સંઘો, પાલીથી સિદ્ધાચલગિરિનો, પોરબંદરથી ગિરનારજીનો, પાલિતાણાથી બાર ગાઉની સંઘયાત્રા સામુદાયિક તથા ૯૯ યાત્રા, એકલારાથી તારંગાજી, વડાલીથી તારંગાજી, હિંમતનગરથી પોસીનાજી આદિના છ'રીપાલિત યાત્રાસંઘો; ચારભુજા (રાજસ્થાન)ના રસ્તે નિર્માણાધીન 'હિમાચલનગર'નું ખાતમુહૂર્ત; આગલોડ, પાલિતાણા અને વક્તાપુરમાં ઉપધાનતપની આરાધના વગેરે અનેકવિધ ધર્મકાર્યો પૂજ્યશ્રીની નિશ્રામાં સુસંપન્ન બન્યાં છે. પૂજ્યશ્રીના વરદ હસ્તે અનેક શાસનપ્રભાવક કાર્યો પ્રવર્તી રહ્યાં છે. એવાં કાર્યો માટે પૂજ્યશ્રી નિરામય દીર્ઘાયુ પ્રાપ્ત કરો એવી શાસનદેવને હાર્દિક અભ્યર્થના તથા પૂજ્યશ્રીનાં ચરણારવિંદમાં કોટિશઃ વંદના!

*(સંકલન : મુનિશ્રી વિશ્વચંદ્રવિજયજી મહારાજ)*

*સૌજન્ય : શ્રી આગલોડ જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, મણિભદ્રવીર જૈનતીર્થ પેઢી આગલોડ (તા. વિજાપુર)*

*સરળ સ્વભાવી : પ્રવચનપ્રભાવક*

## પ. પૂ. આ. શ્રી વિજય કનકશેખરસૂરિજી મ. સા.



અનેક તીર્થોની શ્રેણિઓથી શોભતો મરુધર દેશ, પાંચ ભવ્ય જિનાલયોથી મંડિત નયનરમ્ય ખિવાન્દી ગામ. તેમાં ધર્મમૂર્તિ સુશ્રાવક ચંદનમલજીનાં ધર્મપત્ની જતનાબહેનની રત્નકુક્ષિથી જન્મ પામેલ બાળક કુંદનમલના કુંદન સમા રૂપલાવણ્યને જોઈને કોણ કહે કે આ માત્ર ઘરનો દીપક નથી, પણ જિનશાસનનો સિતારો છે! પિતાજી સમગ્ર કુટુંબને સંસારની જડ ઉખાડનાર ચારિત્રના માર્ગે પ્રયાણ કરવા-કરાવવાની ભાવનામાં રમતા હતા. તેથી જ બાળકના વ્યાવહારિક શિક્ષણને મુખ્યતા ન આપતાં ધાર્મિક સંસ્કરણ માટે બોર્ડિંગમાં મૂક્યો. બીજી બાજુ, પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વૈરાગ્યને દૃઢાવનારા, સંસારના રસને ક્ષીણ કરનારાં પ્રવચનો વાંચવા-સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો. તેથી સંસાર ઉપરથી મન ઊઠી ગયું.

ભવોચ્છેદક તારણહાર, અસીમોપકારી એવા પૂ. પિતાશ્રી ચંદનમલજીએ પોતાની બે લાડલી દીકરીઓને સંયમમાર્ગે સ્થાપિત કરીને, સંયમ માટેનો પોતાનો માર્ગ ખુલ્લો થયો જાણીને સં. ૨૦૧૧ના જેઠ સુદી-પાંચમે પોતાના સુપુત્રરત્ન કુંદન સાથે કલકત્તા મુકામે પૂજ્યપાદ ગુરુદેવશ્રી આ. વિજયરામચંદ્રસૂરિજી મહારાજશ્રીના વરદ હસ્તે દીક્ષા સ્વીકારી.

સં. ૨૦૪૬ વૈશાખ સુદી ૧૨ના દિવસે મુંબઈ, ચંદનબાળા ઉપાશ્રયે પૂ. આ. ભગવંતશ્રી મિત્રાનંદસૂરિજી મ.સા.ના વરદ હસ્તે ગણિ-પંન્યાસ પદવી થઈ.

ત્યારબાદ મુનિશ્રીના વિનય વૈયાવચ્ચ, ઔચિત્ય, ધીરતા, ગંભીરતા અને શાસ્ત્રોનું પઠનપાઠન, પૂજ્યો પ્રત્યેનો સમર્પિત ભાવ વગેરે ગુણોના પ્રભાવે વડીલોએ સં.૨૦૫૦, મહાસુદ આઠમના દિવસે મુંબઈ લાલબાગ ઉપાશ્રયે પૂ. આ. શ્રી પ્રભાકરસૂરિજી મ.સા.ના વરદ હસ્તે આચાર્ય પદે આરૂઢ કર્યા.

પોતે આચાર્ય હોવા છતાં પોતાના અનંતોપકારી સંસારી પૂજ્ય પિતાશ્રી-ગુરુ ભગવંતશ્રીની ખૂબ જ ઉત્સાહ-ઉલ્લાસપૂર્વક સમતાભાવે અને પ્રસન્નચિત્તે અપ્રમત્તભાવે, વિનયવિવેક, નમ્રતાપૂર્વક જે અપ્રતિમ સેવા-ભક્તિ-વૈયાવચ્ચ કરવા દ્વારા પૂ. ગુરુ ભગવંતશ્રીનો સૌથી વધારે પ્રિય મનોભિષ્ટ એવો કર્મનિર્મૂલક મુક્તિપ્રદાના એવો મહામૂલો સ્વાધ્યાય કરાવવા દ્વારા અપૂર્વ શાતા સમાધિ આપવા દ્વારા, ગુરુને પ્રમુદિત કરી રહ્યા.

આવા કલિકાલમાં પણ આવા શાંત વિનયવંત સેવાભાવી ઉત્કૃષ્ટ ભક્તિ કરનારા સુપુત્ર રત્ન જોવા કે મળવા મુશ્કેલ છે.

ગુરુકૃપાથી તેઓશ્રીના શ્રીમુખેથી લીધેલ કોઈ પણ તપના પચ્ચક્ખાણ દ્વારા તે તે પ્રાય નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય છે તેવો ઘણાને અનુભવ છે. તેમના શ્રીમુખેથી અજિતશાંતિ અને સંતિકર સૂત્રો સાંભળવાં જેવાં છે. પોતાના ગુરુ ભગવંતની નિષ્કામ સેવાભક્તિના પ્રતાપે તેઓશ્રીને પણ સેવાભાવી શિષ્ય મુનિશ્રી કીર્તિધ્વજ વિજયજી મ. સુંદર આરાધના કરી રહ્યા છે.

પૂજ્યશ્રીના પ્રવચનો લખવા અને તેના ઉપરથી પ્રવચનની તૈયારી કરવા સતત પ્રેરણા આપનાર પૂ. પંન્યાસ શ્રી ભદ્રાનંદવિજયજી ગણિવર્ય (માસ્તર સાહેબ) છેલ્લા ઘણા વર્ષોથી સુંદર પ્રવચનો દ્વારા અનેકના હૃદયમાં પૂજ્યશ્રીએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. અલ્પ ચોમાસામાં પણ તેઓશ્રી અનેકવાર રાહદાર બન્યા છે. સં. ૨૦૪૫ના વૈશાખ વદ-૬ને દિવસે મુમુક્ષુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાલચંદકુમાર પૂજ્યશ્રીનું શિષ્યત્વ સ્વીકારીને મુનિશ્રી કીર્તિધ્વજવિજયજી નામ ધારણ કરી સુંદર સંયમજીવન જીવી રહ્યાં છે એવા એ પરમ શાસનપ્રભાવક પંન્યાસપ્રવરને શતશઃ વંદના. *સંકલનકાર : મુનિશ્રી ચારિત્રભૂષણવિજયજી મ.*

## પ. પૂ. આચાર્યશ્રી કીર્તિસેનસૂરિજી મહારાજ સાહેબ



પૂ. આ. શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજે ૨૪ વર્ષની ઉંમરે વૈરાગ્યવાસિત બની, સુખમય સંસારનો ત્યાગ કરી, સિદ્ધાંતમહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાદિ ૧૦૦ ઉપરાંત પૂ. સાધુ-ભગવંતોની પુનીત નિશ્રામાં મહારાષ્ટ્રના વણી ગામે સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના દિવસે ધર્મતીર્થપ્રભાવક પૂ. આ. શ્રી વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા સ્વીકારી. સતત ગુરુકુળવાસમાં રહી વિનય, વિવેક, ભક્તિ સાથે જ્ઞાન–ધ્યાન અને તપ–ત્યાગમાં આગળ વધી આગમવાચન અને પ્રકરણાભ્યાસ દ્વારા પોતાના જીવનને પવિત્ર બનાવ્યું. તેમની યોગ્યતાને અનુલક્ષી વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે સં. ૨૦૪૦ના ધનતેરસના દિવસે પન્ના–રૂપા ધર્મશાળા–પાલિતાણામાં ભગવતીસૂત્રના જોગ કરાવ્યા અને હસ્તગિરિ તીર્થે સં. ૨૦૪૧–ના ફાગણ સુદ ૩–ના દિવસે ૩૦૦ ઉપરાંત સાધુસાધ્વીજી મહારાજો અને ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે મહામહોત્સવપૂર્વક ગણિ પદથી અલંકૃત કર્યા તથા સં. ૨૦૪૨ના ફાગણ વદ ૩–ને દિવસે શ્રી શંખેશ્વર તીર્થે વિશાળ ચતુર્વિધ સંઘ વચ્ચે પંન્યાસપદથી વિભૂષિત કર્યા. ત્યારબાદ વિ.સં. ૨૦૫૦ મહા સુદ-૮ને શનિવારે શ્રી શત્રુંજય મહાતીર્થે રત્નત્રયીધામમાં આચાર્યપદથી વિભૂષિત કર્યા. હાલ ૫૪ વર્ષનો દીક્ષાપર્યાય. આજે ૭૮ વર્ષની ઉંમરે પણ પૂજ્યશ્રી સુંદર આરાધના કરી–કરાવી રહ્યા છે. છેલ્લાં ૩૫ વર્ષોથી ગુર્વાજ્ઞાનુસાર જુદાં જુદાં ક્ષેત્રોમાં–કચ્છ, મારવાડ, મુંબઈ, સૌરાષ્ટ્ર, ગુજરાત, બનાસકાંઠામાં ચાતુર્માસ કરી શાસનપ્રભાવના પ્રવર્તાવી છે.

પૂજ્યશ્રી ઉત્તમ લેખક પણ છે. ડીસાથી નીકળતા 'રખેવાળ' દૈનિક પત્રમાં તેમની 'આધ્યાત્મિક ચિંતન' નામની કોલમમાં લેખમાળા પ્રસિદ્ધ થઈ રહી છે, જેના આધારે ૮ મોટાં પુસ્તકો તેમ જ સંસ્કૃત, આધ્યાત્મિક, કથાઓ વગેરે કુલ મળી ૨૫ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'જ્ઞાનદીપક પ્રકાશન ટ્રસ્ટ' મારફત પૂજ્યશ્રીનાં પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે.

પૂજ્યશ્રીની દીક્ષા બાદ તેમના સંસારી પરિવારમાંથી સાધ્વીશ્રી ચંદ્રધર્માશ્રીજી, સાધ્વીશ્રી ચંદ્રદર્શનાશ્રીજી, સાધ્વીશ્રી અમીરસાશ્રી આદિ દિક્ષિત થઈ નિર્મળ સંયમની આરાધના કરી રહેલ છે. તેમનાં સંસારી ધર્મપત્ની જડાવબહેન માતુશ્રીના અવસાન બાદ હાલ સાધ્વીજીશ્રી ચંદ્રમાલાશ્રીજી તરીકે સુંદર સંયમની આરાધના કરી રહ્યાં છે, જેમણે વર્ધમાનતપની ૧૦૦ ઓળી પૂર્ણ કરી છે. ઉપરાંત, ૪૫ ઉપવાસ, માસક્ષમણ, વીશસ્થાનક તપ, ધર્મચક્રતપ, ભવઆલોચના, સિદ્ધગિરિમાં આયંબિલ તપથી બે ચાતુર્માસ, કલ્યાણક ભૂમિઓની યાત્રાઓ અને સુંદર જ્ઞાનાભ્યાસ કરી જીવનને ધર્મમય બનાવ્યું છે. પૂજ્યશ્રીનું ચિંતન–મનન–દેશના બિન્દુનું માધ્યમ મુખ્યતયા પંચસૂત્ર–પ્રથમસૂત્ર : 'ચાર શરણ સ્વીકાર, સ્વદોષદર્શન અને પરગુણ અનુમોદન' છે. પૂજ્યશ્રીના સદુપદેશાનુસાર શ્રી શંખેશ્વર મહાતીર્થમાં 'શ્રી શંખેશ્વર વર્ધમાનસૂરિ જ્ઞાન આરાધના ટ્રસ્ટ' દ્વારા હાઈ વે ઉપર શ્રી 'શ્રી વર્ધમાનસૂરિ જ્ઞાનમંદિર', 'શ્રી વર્ધમાનસૂરિ શાસ્ત્રસંગ્રહ', પાઠશાળા, કાર્યાલય, સ્વાધ્યાય હોલ વગેરે સાકાર થઈ રહેલ છે. આ વર્ધમાનસૂરિ એટલે આજથી ૭૦૦ વર્ષ પહેલાં થયેલ શ્રી વસ્તુપાલ–તેજપાલના ગુરુ અને શ્રી શંખેશ્વર મહાતીર્થના અધિષ્ઠાયક દેવાત્મા. પૂજ્યશ્રીને તેમના પ્રત્યે અપાર ભક્તિ છે. પૂ. આચાર્ય શ્રી કીર્તિસેનસૂરિજીનું સંસારી નામ કાંતિલાલ. પિતાનું નામ ગોવર્ધનભાઈ અને માતાનું નામ રંભાબહેન હતું. તેમનો જન્મ સં. ૧૯૮૭ના માગશર વદ ૧૧–ને દિવસે અંબાપર (કચ્છ) માં થયો હતો. પૂજ્યપાદશ્રી હાલ પાલિતાણા મધ્યે 'જય શત્રુંજય આરાધના ધામ' મધ્યે બિરાજમાન છે. જ્યાં દેવાધિદેવ મહાવીરસ્વામી જિનમંદિર, ભવ્ય જ્ઞાનમંદિર, શ્રી સુધર્મસ્વામી પ્રવચન હૉલ, શ્રી ગૌતમસ્વામી સ્વાધ્યાય હૉલ, સૂરિમંત્ર પંચપીઠ, શ્રી ત્રિભુવનસ્વામીની પ્રતિમા, ૮ નાના ઉપાશ્રય, ધ્યાનમંદિર આદિ વિશાળ સંકુલ છે. જેના સૌજન્યદાતા દેવેન્દ્રભાઈ રતિલાલ શાહ, પાટણવાળા (હાલ પાર્લા-મુંબઈ) છે. *સૌજન્ય : જય શત્રુંજય આરાધનાધામ ટ્રસ્ટ, પાલિતાણા*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*રાજસ્થાનરત્ન ૧૦૦ + ૧૯ વર્ધમાન ઓળીના તપસ્વી*

## પ.પૂ. આ.શ્રી કમલરત્નસૂરિજી મ.સા.

મહાપુરુષો ધરતીનાં આભૂષણો હોય છે, એમનું સમગ્ર જીવન આત્મકલ્યાણ સાથે લોકકલ્યાણ માટે જ સમર્પિત હોય છે. એમણે પોતાનું જીવન માનવસમાજમાં માનવીય મૂલ્યોને પ્રતિષ્ઠિત કરવા માટે અર્પણ કર્યું હોય છે.

પૂજ્ય ગુરુદેવનાં કરકમળો દ્વારા અનેક પ્રતિષ્ઠા, લગભગ ૬૦ દીક્ષા થઈ.

એમનો જન્મ પિંડવાડા (રાજસ્થાન)માં વિ.સં. ૧૯૮૭ના ભાદરવા વદ સાતમે થયો હતો. પિતાનું નામ કિસ્તુરચંદજી અને માતાનું નામ નંદિનીબહેન હતું. માતાપિતાના સુસંસ્કાર અને પૂ. સિદ્ધાંતમહોદધિ આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સુપરિચયથી એમની વૈરાગ્યભાવના પ્રજ્વલિત થઈ. તેઓ રોજ બહુ ઠાઠમાઠથી પરિવાર સાથે સ્નાત્રપૂજા ભણાવતા હતા. એમણે પોતાના ઘરનું વાતાવરણ જિનેન્દ્ર ભક્તિમય બનાવ્યું. એ જ કારણે એમનો શાસન તરફનો અનુરાગ અને સંસાર તરફ ઉદાસીનભાવ દિનપ્રતિદિન વધતો ગયો.

એમણે એકત્રીસ વર્ષની ભરયુવાન વયે બ્રહ્મચર્યવ્રત લીધું અને વિ.સં. ૨૦૨૫ના વૈશાખ સુદ ૭ના રોજ પિંડવાડામાં સહકુટુંબ દીક્ષા ગ્રહણ કરી. સમગ્ર પરિવારની દીક્ષા, વડી દીક્ષા એક જ દિવસે થઈ. પિતા અને બે પુત્રોની ગણિ પદવી એકજ દિવસે થઈ. રાજસ્થાનમાં એક કુટુંબના ૬ સભ્યોની દીક્ષા એક જ દિવસે સર્વપ્રથમવાર થઈ. એમણે રાજસ્થાનની કીર્તિમાં ચાર ચાંદ લગાવી એક આશ્ચર્ય સર્જી દીધું. તેઓ મેવાડ દેશોદ્ધારક આ.ભ. શ્રી જિતેન્દ્ર સૂ.મ.ના સુશિષ્ય બન્યા. દીક્ષા સમયે પૂ. આગમપ્રજ્ઞ આ.દેવ શ્રી વિજયજંબૂ સૂ.મ., (પૂ.આ.ભ. શ્રી હીર સૂ.મ., પૂ.આ.ભ. શ્રી ભુવનભાનુ સૂ.મ.,) પ.પૂ. આ.શ્રી વિજયજિતેન્દ્રસૂરિજી મ., પૂ. આ.ભ.શ્રી ગુણરત્ન સૂ.મ. તે વખતે મુનિ હતા (એ વખતે પંન્યાસ, મુનિરાજ) વગેરે વિશાળ પરિવાર સાથે ઉપસ્થિત હતા.

### ગૌરવમય પરિવાર :

પિંડવાડાના શ્રેષ્ઠીવર્ય શ્રી કિસ્તુરચંદજી હંસરાજજી પ્રાગ્વાટ પરિવાર બહુ ગૌરવશાળીછે. આ પરિવારના ૬ સભ્યો દીક્ષિત થયા. કિસ્તુરચંદજી હંસાજીના પુત્ર, પુત્રવધૂ, બે પૌત્ર તેમજ બે પૌત્રી. કિસ્તુરચંદજી હંસરાજજીનો પરિવાર નીચે મુજબ છે : ૧. ધર્મચંદજી કિસ્તુરચંદજી, ૨. કાલિદાસજી કિસ્તુરચંદજી, ૩. પુખરાજજી કિસ્તુરચંદજી, પુત્રી–૧. સંતીબહેન, ૨. પંકુબહેન.

### પૂ. ગુરુદેવના ચાતુર્માસ સ્થળો

નાગૌર, માંડવલા, ચાંદરાઈ, મોકલસર, ગઢસિવાના પિંડવાડા, તખતગઢ, મંડાર, માંડવલા, પાલીમારવાડ, પાડીવ, પાડીવ, ખમનોર, કોશીથલ, સનવાડ, ઈંદોર, રતલામ, મુંબઈ, મુંડારા, સોલાપુર, રતલામ, દાંતરાઈ, વાપી, તખતગઢ, સુરેન્દ્રનગર, ઉદયપુર, અમદાવાદ, પાલનપુર, આષ્ટા, ખેડબ્રહ્મા, સિરોહી, જોધપુર શ્રીપાલનગર-મુંબઈ, ભાયંદર, પાલીતાણા પાટણ, વડોદરા વગેરે સ્થળોએ ચાતુર્માસ કરેલ છે.

એમના વાત્સલ્યભાવના કારણે મૈત્રી અને કરુણાની એમના દ્વારા એવી અજસ્ર ધારા વહી રહી છે, જે રાષ્ટ્ર અને સમાજનું કલ્યાણ કરતી નિરંતર પ્રવાહમાન છે.

સંયમની શુદ્ધ સાધનામાં વિપુલ જ્ઞાનનો અપૂર્વ સંગમ એમના જીવનમાં મળે છે. એમનું જીવન સાદું પરંતુ સદ્જ્ઞાન અને ક્રિયાની પાંખો દ્વારા ઊડતું મોક્ષમાર્ગ તરફ ઉડ્ડયન કરી રહ્યું છે. આપણે એમની અનુમોદના કરતાં અપાર ગૌરવની અનુભૂતિ કરીએ.

પૂજ્ય ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં સાબરમતી યાત્રિકભુવન પાલિતાણામાં વિક્રમ સંવત ૨૦૬૧માં ૨૫૦ ભાઈબહેનો ચોમાસે રહેલ છે. તેનું આયોજન મુંબઈના ભાઈઓ તરફથી છે. વર્ધમાન સિદ્ધગિરિ ઉપધાન તપ મુંબઈ તરફથી આસો સુદ ૧૨ દિ. ૧૪-૧૦-૦૫થી ઉપધાન શરૂ થશે અને વિક્રમ સંવત કાર્તિક સુદ ૧૪ + ૧૫ દિ. ૧૫-૧૧-૨૦૦૫થી સંઘવી ધરમચંદજી પુખરાજ કિસ્તુરચંદજી હંસરાજજી પરિવાર, પિંડવાડા તરફથી નવ્વાણું યાત્રા થઈ.

ડીસા પાસે દાંતીવાડા કોલોની ગામે છોકરીઓની દીક્ષાઓ ૨૦૬૨માં પૂ. ગુરુદેવોની નિશ્રામાં થયેલ. ચૈત્રી ઓળી જીરાવલાજી મહાતીર્થ પાસેના દાંતરાઈ-નગરમાં પૂજ્યોની નિશ્રામાં ૧૧ દિવસીય મહોત્સવ સાથે થયેલ.

*સૌજન્ય : એક સદ્‌ગૃહસ્થ તરફથી*

## પ.પૂ. આ.શ્રી દર્શનરત્નસૂરિજી મ.સા.

પ.પૂ. ગુરુદેવ આચાર્ય શ્રી મ.નો જન્મ વિ.સં. ૨૦૧૧ના શ્રાવણ સુદ–૭, તા. ૧૨-૭-'૫૫ના બપોરે બે વાગ્યે પિંડવાડામાં કાલિદાસજીના ઘેર કમળાબેનની કુક્ષિએ થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



હિન્દીપ્રદેશ અને મરુ દેશની સુક્કી અને દુર્ગમ ભૂમિમાં વિચરણ કરવું અને અજ્ઞાનાંધકાર તળે દબાયેલા જીવોના જીવનપથને જ્ઞાનપ્રકાશથી પ્રકાશિત કરવો એ કેટલું કઠિન અને દુષ્કર કાર્ય છે. આવા પ્રદેશમાં સતત વિચરવું, ધર્મ પ્રભાવના કરવી અને ધર્મપ્રકાશથી આ પ્રદેશને પ્રકાશિત કરવો. આકરી કસોટી અને આકરી સાધના છે, જેણે એમની યશપતાકાને ગગનની ઊંચાઈએ લહેરાતી કરી છે. એમના વિશાળ લલાટ અને ચમકતું કપાળ ભાવિના કોઈ અકલ્પ્ય સંકેત આપે છે. તેઓ વ્યવહરિક નવમા ધોરણ સુધી ભણ્યા. તેઓ શાળામાં પણ પ્રથમ નંબરે આવતા હતા. એમની અવિરત સાધનાનું જ આ પરિણામ છે કે એમની નિશ્રામાં મોટાં શાસનપ્રભાવક કાર્યો, ઉપધાન વગેરે થયાં છે. એમની નિશ્રામાં મહોત્સવો જે શાંતિ, એકતા, સંતોષ અને ઉલ્લાસના વાતાવરણમાં સંપન્ન થાય છે, એમના પ્રેરણાસ્રોત પોતે જ છે. સરળતા, સ્મિત લહેરાવતી સૌમ્યતાનો જ આ પ્રભાવ છે કે સદ્‌ભાવનાની પુનીત ધારા પ્રવાહિત થઈ સૌને આનંદથી પલ્લવિત કરી દે છે અને ભવ્યાત્માઓનાં મન મોહી લે છે. આવા અનન્ય સંઘ અને શાસનના ઉત્કર્ષના ઉચ્ચા વિચારધારી સાધક અને સિદ્ધ પુરુષ તરફ કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવામાં શબ્દોની શક્તિ અપર્યાપ્ત સાબિત થઈ રહી છે.

પૂજ્યશ્રીને ધર્મની સાથે જ ધર્મની વસિયત કૌટુંબિક પરંપરા રૂપે મળી હતી. એમનાં માતા–પિતા, ભાઈ–બહેન સમગ્ર પરિવાર પ્રવ્રજ્યાના પાવન પથ પર અગ્રેસર થઈ ધર્મશાસનને અલંકૃત કરવામાં સફળ રહ્યો છે. સમગ્ર પરિવાર સાથે રાજસ્થાનની સુપ્રસિદ્ધ પાવન પિંડવાડાની ધન્યધરા પર જન્મી વિ.સં. ૨૦૨૫માં વૈશાખ સુદ સાતમે પિતા ગુરુદેવની સાથે દીક્ષા ગ્રહણ કરી અને મુનિ શ્રી કમલરત્નવિજયજી મ.ના સુશિષ્ય બન્યા. એમણે પૂ.આ. ભ. શ્રી ગુણરત્ન સૂ.મ.ની પાવન નિશ્રામાં ૧૫ વર્ષ રહીને એમના જમણા હાથ તરીકે સેવા કરી તેઓ ગુણબાહુ નામે પ્રખ્યાત થયા અને પૂજ્યશ્રીની પૂર્ણ સેવાની સાથે સાથે કુશાગ્ર બુદ્ધિ તથા ગુરુદેવોની કૃપાથી જૈન ગ્રંથોનું નિષ્ઠાપૂર્વક અધ્યયન કર્યું અને ન્યાય–વ્યાકરણ, આગમગ્રંથોના વિદ્વાન બન્યા. વિ.સં. ૨૦૫૧માં પૂજ્યશ્રીને પૂ.આ.ભ. શ્રી રવિપ્રભ સૂ.મ., પૂ.આ.ભ. મહાબલ સૂ.મ. વગેરેએ શ્રી શત્રુંજય ગિરિરાજ પર ગણિ પદથી વિભૂષિત કર્યા.

રાજસ્થાન પ્રદેશનું એ પરમ સૌભાગ્ય છે કે પૂજ્યશ્રીની દીક્ષા–વડી દીક્ષા આજ પ્રદેશમાં થઈ અને પંન્યાસ પદનું અલંકરણ પણ શિવગંજ અને આચાર્યપદનું અલંકરણ મુંડારા પાલી મારવાડમાં થયું. પૂજ્યશ્રીનાં શાસનપ્રભાવક સત્કાર્યો આપણને આકર્ષિત કરે છે. આ પ્રદેશમાં વિચરણ કરીને પૂજ્યશ્રીએ સદ્ધર્મની જ્યોત પ્રજ્વલિત કરી છે. એ ભૌતિકતાથી સંત્રસ્ત અર્થાત્ સાંસારિક ધૂંધળા પદને આલોકિત કરી તેને દિશા નિર્દેશમાં સહાયક બની રહી છે. આપની કાચી દીક્ષા વખતે મુનિશ્રી દિવાકરવિજયજી નામે ઘોષિત થયા હતા. હકીકતમાં તેઓ દિવાકરની માફક આલોકિત થઈને આપણા પથને પ્રકાશિત કરવાની કૃપા કરતા રહેશે.

## જ્ઞાન અને વૈરાગ્યનો સુયોગ

બંધુબેલડીએ આજ અપ્રાપ્ય શ્રીસિદ્ધ હેમલઘુવૃત્તિની સંપૂર્ણ વૃત્તિ ગુણરત્નાવૃત્તિ જેવી નવી ટીકા રચી અભ્યાસુઓને સુવિધા કરી આપી છે. એમના ઉપદેશથી આજ સુધીમાં ૩૧ [illegible]રથી પણ વધારે પુસ્તકો છપાઈ ચૂક્યાં છે. સન્માર્ગ પ્રકાશનથી પ્રકાશિત સંસ્કૃત જૈન પ્રવચન પ્રથમ પ્રતને સંશોધિત કરવાનું શ્રેય પણ એમને મળે છે. આપનાં પ્રસન્ન મુદ્રા અને શાંત સ્વભાવ સર્વને આકર્ષે છે. તેમનો જન્મ, દીક્ષા, પંન્યાસ પદવી રાજસ્થાનમાં થવાના કારણે તેઓ પણ રાજસ્થાનનું રત્ન છે. એમણે ૧૩ વર્ષની બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી. એમના નાનાભાઈએ ૧૧ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને નાની બહેન તેમ જ મોટી બહેને ૯ વર્ષ તેમ જ ૧૮ વર્ષની બાલ્યાવસ્થામાં દીક્ષા લીધી. એમની અનુકરણીય અને અનોખી એવી ગુરુભક્તિ હતી કે તેઓ તેમના પરોપકારી દીક્ષા–શિક્ષાદાતા ગુરુદેવ વગેરેની નિશ્રામાં ચોવીસ વર્ષ સુધી રહ્યા. દીક્ષા પછી પૂ.આ.ભ. શ્રી ગુણરત્નસૂરિ મ.ની સેવામાં ૧૫ વર્ષ સુધી રહ્યા. સેવાને જીવનમંત્ર બનાવ્યો અને સેવા માટે જ એમનાં રોમરોમમાં એવી દિવ્યતા ભરી હતી કે એમણે અનેક આકર્ષણોનો પણ ત્યાગ કર્યો અને ક્યારેય દૂર ન ગયા. ધન્ય છે એમની ભક્તિ! ધન્ય છે એમનો સમર્પણભાવ!

યુવાનોને ગમે એવી રોચક શૈલી[illegible] વ્યા[illegible]ન આપવાની અદ્‌ભુત કુશળતાને કારણે પૂજ્યશ્રી અત્યંત લોકપ્રિય થયા છે. કાર્યદક્ષતાથી શાસનપ્રભાવક કાર્યો કરી રહ્યા છે. રુક્ષ–સૂકો રણપ્રદેશ એમના વિચરણ અને ઉપકારથી ધર્મપ્લાવિત બન્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. મંડવારિયા–દીક્ષા, પિંડવાડા–દીક્ષાથી એમની કીર્તિને ચાર ચાંદ લાગ્યા છે. આમ શ્રી જિનેશ્વર દેવના શાસનને તથા સદ્ધર્મને એમણે અક્ષુણ્ણ બનાવી દીધો છે. એમનાં અનેક ગુણોનું અને પછાત હિન્દીભાષી દેશની અંધકારમય ભૂમિને પ્રકાશ તરફ લઈ જનારી પ્રવૃત્તિનું અમે સમ્માન કરીએ.

ગુલાબનાં ફૂલોની સેજ પર ચાલવું સરળ છે. પરંતુ કાંટાઓની તીવ્ર વેદના સહી એના પર ચાલનારા તો ગણ્યીગાંઠી વ્યક્તિ જ મળે છે. અણધારી અને કષ્ટપ્રદ પરિસ્થિતિઓને પાર કરવાનો બનાવ લોકોને આશ્ચર્યચકિત કરે છે. આજ આપણી સામે પણ એવો જ આશ્ચર્યકારક બનાવ બન્યો છે. છેલ્લાં ત્રીશ વર્ષોથી અપૂર્વ કષ્ટ સહન કરી હિન્દીભાષી પ્રદેશો કે જ્યાં જિનવાણી–વર્ષાના અભાવે દેવદ્રવ્ય, શાસ્ત્રીય સત્ય અને ધર્મનાં બીજ નષ્ટ થવા માંડ્યાં હતાં. એ તરફ એમનું ધ્યાન ગયું. તેઓ આ પ્રદેશને ધર્મના છોડથી ફરી નવપલ્લવિત કરવાની દૃઢ ભાવના બનાવી કષ્ટો તરફ ધ્યાન આપ્યા વિના તેઓ લક્ષ્ય તરફ આગળ વધવા લાગ્યા. એમણે અપૂર્વ કષ્ટ સહન કરી આપેલા ઉપદેશોનું પરિણામ એ આવ્યું કે કેટલાંય સ્થળે સુધારો થઈ ગયો. આષ્ટા ચોમાસામાં અને શિવગંજ ચોમાસામાં અપૂર્વ શાસનપ્રભાવના થઈ છે. આષ્ટા ચોમાસામાં સાડાપાંચ કલાક ચાતુર્માસ પ્રવેશની શોભાયાત્રા ચાલી. બસ્સો તો સ્વાગત બેનર લાગ્યાં. ચોમાસામાં ૧૫ સ્વામીવાત્સલ્ય, સિદ્ધિતપ, માસખમણ વગેરેની તપશ્ચર્યાઓએ નવો રેકોર્ડ સ્થાપિત કર્યો. ૩૪ શોભાયાત્રા નીકળી વગેરે. શિવગંજ ચાતુર્માસમાં પારણાંની અપૂર્વ બોલી, ઉપધાન વગેરે થયાં. એમના શિષ્યો–પ્રશિષ્યો પૂ. મુનિ ભાવેશરત્ન વિ.મ., પૂ. પ્રશમરત્નવિ.મ., પૂ. દાનરત્ન વિ.મ., પૂ. રત્નેશરત્નવિ. મ., પૂ. લાભરત્નવિ. મ., પૂ. કિરણરત્નવિ. મ. છે. તેઓ અજોડ શાસનપ્રભાવક છે. જેમ ખેડૂત પોતાની હરિયાળી ખેતી જોઈ પ્રસન્ન થાય છે એમ જ પોતાના આત્માના ખેતરને હરિયાળા છોડોથી પલ્લવિત જોઈ અમારાં રોમ–રોમ પ્રફુલ્લિત થઈ રહ્યાં છે. આ બધું એમની કૃપાનું જ ફળ છે. વિશ્વવિખ્યાત સ્થળે યાદગાર પ્રતિષ્ઠા (આબુ–નખી તળાવ પર) એમનાં કરકમળો દ્વારા સંપન્ન થઈ છે.

એમનાં માતા દેવ થયાં છે જેઓ એમને ક્યારેક ક્યારેક સ્વપ્નમાં સંકેત કરે છે. આષ્ટા (મ.પ્ર.) ચાતુર્માસ આપની જરાય ઈચ્છા ન્હોતી, પરંતુ રાત્રે માતાના રૂપમાં આવી દેવ થયેલી માતાએ કહ્યું કે “આષ્ટા ચાતુર્માસ માટે જા, બહુ લાભ થશે.” અને ખરેખર એવું જ થયું. ગણિપદ પછીનું સર્વપ્રથમ આષ્ટાનું વિ.સં. ૨૦૫૧નું ચાતુર્માસ યશસ્વી અને ઐતિહાસિક થયું.

એમની પુણ્યપ્રકૃતિ પણ અપૂર્વ છે. તેઓ જ્યાં જાય છે ત્યાં અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો થાય છે. પૂ.આ.ભ., મહાબલસૂરિ મ. તથા પુણ્યોદય વિ.મ. એ પત્રમાં એમની ખૂબ પ્રશંસા કરી છે. એમણે પૂ.આ.ભ. સુદર્શન સૂ.મ., પૂ.આ.ભ. વિબુધપ્રભ સૂ.મ., પૂ.આ.ભ. રાજતિલક સૂ.મ., પૂ.આ.ભ. મહોદય સૂ.મ., પૂ.આ.ભ. રવિપ્રભ સૂ.મ., પૂ.આ.ભ. ગુણરત્ન સૂ.મ., પૂ.આ.ભ. મહાબલ સૂ.મ., પૂ.આ.ભ. પુણ્યપાલ સૂ.મ. વગેરેએ પોતાની નિશ્રામાં વ્યાખ્યાન કરાવી એમના પર પ્રશંસાના પુષ્પો વરસાવ્યાં છે.

*સૌજન્ય : ચાર થુઈ જૈન સંઘ, પરાવાસ, જાલોર (રાજસ્થાન)*

## ન્યાયવિશારદ
## પ.પૂ. આ.શ્રી અજિતરત્નસૂરિજી મ.સા.

હિન્દીભાષી પ્રદેશને ધર્મઆભાથી આલોકિત કરનાર રત્નદીપ! પિંડવાડાના શ્રી મહાવીરસ્વામી જિનપ્રાસાદ યુક્ત પિંડવાડાનગરીમાં કાલિદાસભાઈ અને કમળાબહેનના પાવન પ્રાંગણમાં વીરેન્દ્રકુમાર નામે એક કમળબીજ વિ.સં. ૨૦૧૪ના માગશર સુદ તેરશે ઊગ્યું, જે વિકસીને જિનશાસનને પોતાની સુવાસથી સમગ્ર રાષ્ટ્રને સુરભિત કરવા લાગ્યું. સમ્યક્ ચારિત્રના પર્યાય વિમલ, પૃથ્વી સમા ક્ષમાશીલ, ચંદ્ર જેવા સૌમ્ય, આકાશ જેવા દિવ્ય નક્ષત્રોથી અલંકૃત થઈને સંયમ પાલનમાં વજ્રસમાન દૃઢ જિનશાસન–સ્તંભ બની સરસ્વતીપુત્ર અને પ્રાણીમિત્ર રૂપે શોભાયમાન થયા. માત્ર અગિયારવર્ષના અલ્પાયુમાં વૈરાગ્યદીપક વડે આલોકિત મહાત્માને અમે સાદર વંદન કરીએ છીએ. 'પુત્રનાં લક્ષણ પારણામાં'–આ ન્યાયે બાળકમાં સુસંસ્કારનાં દર્શન થવાં લાગ્યાં.

પ્રાકૃત, સંસ્કૃત, ન્યાય, વ્યાકરણ, જ્યોતિષ, આગમ–છેદ–ગ્રંથ–કમ્મપયડિ, હિન્દી–ગુજરાતી ભાષા પર અધિકાર ધરાવનાર એમની કલમ 'શ્રી સિદ્ધ હેમલઘુવૃત્તિ પર ૫–૬–૭ અધ્યાયની ગુણરત્નાવૃત્તિ રૂપે અવતરિત થઈ. તેઓ મોટા મોટા ગ્રંથો સરળ ભાષામાં ભણાવે છે. એમણે 'કમ્મપયડિ'ની ગુજરાતી ટીકા પણ લખી છે.

જૈનદર્શનમાં તપને કર્મોની નિર્જરાનું સર્વોત્તમ સાધન માનવામાં આવે છે. એમનું સમગ્ર જીવન સ્વાધ્યાય રૂપી તપસાધનામાં લીન રહ્યું છે. શ્રી ભગવતીજી સુધીનાં યોગોદ્વહન, વર્ષીતપ, ૬૯ વર્ધમાન તપની ઓળી, શ્રી સિદ્ધગિરિજીની ચૌવિહાર છટ્ઠપૂર્વક સાત યાત્રા, વર્ધમાન વિદ્યા સૂરિમંત્રની પાંચે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પીઠની આરાધનાની **સાધના સાથે** દૈનિક **પ્રત્યાખ્યાન** તથા પર્વતિથિની વિશેષ **તપસ્યાઓની· એમની નિયમિત આરાધના** ચાલે છે. એમના **તપ**–**પ્રભાવ, વિશુદ્ધ ચારિત્ર અને** મંગળ પ્રવચનોથી જિનશાસન આલોકિત થઈ રહ્યું છે.

નાના દેહમાં વિપુલ જ્ઞાનનો સાગર ધરાવનાર એમની સંઘયાત્રા સ્વોપકાર અને પરોપકાર રૂપી 'તિન્નાણં નારયાણં' ભાવને અભિવ્યક્ત કરતી જીવનસરિતાના કિનારાઓને રેલમછેલ કરતી કલ્યાણપથ પર આગળ વધી રહી છે.

એમનું જીવન શ્વેત વસ્ત્ર જેવું છે. એમની સંયમ રૂપી ચાદર સર્વત્ર સફેદ જ સફેદ જોવા મળે છે. એમના શિષ્યો મુ. શ્રી પ્રાજ્ઞરતિવિજયજી મ., મુ.શ્રી દીપકરત્નવિજયજી મ., મુ.શ્રી તરુણરત્નવિજયજી મ., મુ.શ્રી આનંદરત્નવિજયજી મ., મુ.શ્રી અભયરત્નવિજયજી મ.

### આયંબિલ તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ કરનાર

## તપસ્વિની-દમયંતી




રેખાંકન :
સવજી છાયા,
દ્વારકા

પૂર્વભવે ૨૪ ભગવાનના ઉત્કૃષ્ટ ૨૪ આયંબિલ કરી પ્રભુના ભાલ (કપાળ) ઉપર તિલક સ્થાપ્યા. તેથી સતી સ્ત્રીના કપાળે ભાલતિલક છે.

એક દિવસ નળરાજા જુગારમાં બધું હારી જંગલમાં દમયંતીને ત્યજી ભટકતો થયો. ભાગ્યયોગે દધિપર્ણ રાજા નળરાજાની વિનંતિ સ્વીકારી રાજ્યમાં પ્રજાને સાત વ્યસનથી મુક્ત કર્યાં. આમ નળ–દમયંતીનો સંયોગ બાર વર્ષે થયો. આવેલ આપત્તિ વચ્ચે અનેક સતીઓએ પોતાની પ્રતિભા પ્રગટ કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તપ ત્યાગ અને સાધનાથી વિભૂષિત

# વાગડ સમુદાયના કર્ણધારો

*પૂ.પં. શ્રી મુક્તિચંદ્રવિજય મ. સા., પૂ.પં. શ્રી મુનિચન્દ્રવિજય મ. સા.*



ભારતની પશ્ચિમ દિશાએ આવેલો ખમીરવંતો કચ્છપ્રદેશ, એનાં ભૌગોલિક સ્થાનો, એની ભાષા, એના રિવાજોથી સૌમાં નિરાળો તરી આવે છે. કચ્છ વાગડમાં જૈનધર્મનું પ્રાબલ્ય પ્રાચીન કાળથી જોવા મળે છે. ખમીરવંતા કચ્છની ધર્મભાવનાની સૌરભથી મઘમઘતા વિરલ વાગડ પ્રદેશના અનોખા દેદીપ્યમાન પ્રાચીન જૈન તીર્થો રોમાંચક અને હૃદયદ્રાવક નજરે પડે છે. આ ધન્ય ધરાને મોટું ગૌરવ અને યશકીર્તિ અપાવવામાં સંતરત્નોનું મૂંગું છતાં મહત્ત્વનું પ્રદાન નોંધાયું છે. અણવિકસિત એવા વાગડ પ્રદેશમાં ત્યાગી વૈરાગી અને ઉત્તમ ચારિત્રજીવનના સંયમયાત્રીઓ ઝબકી ઊઠ્યા અને આ ભૂમિને પોતાની સાધનાની અનુભૂતિનું પયગાન કરાવી દૂરદૂરના વિસ્તારો સુધી જૈનશાસનની ધજાપતાકા ફરકાવી મહાન ઉપકાર કર્યો છે.

વાગડના કર્ણધારોનો પરિચય કરાવે છે બે વિદ્વાન પંન્યાસ મહારાજશ્રીઓ. જેઓના પરિચયો અત્રે પાછળના પાને પ્રગટ થયાં છે. પૂજ્યોને લાખ લાખ વંદના.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. પંન્યાસજી શ્રી મુક્તિચન્દ્રવિજયજી



(૧) જન્મ : વિ.સં. ૨૦૦૨, શ્રા.વ. ૩૦.
સંસારી નામ:મેઘજીભાઈ.
જન્મભૂમિ : મનફરા. [કચ્છ–વાગડ]
માતા–પિતા : ભમીબહેન ભચુભાઈ દેઢિયા.
દીક્ષા : વિ.સં. ૨૦૨૮, મહા સુ. ૧૪, ભૂજ [કચ્છ].
દીક્ષા–દાતા : પૂ.આ. શ્રી વિ. દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.
જીવનઘડતર : પૂ.આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.
દીક્ષા–ગુરુ : પૂ. આ. શ્રી વિ. કલાપ્રભસૂરીશ્વરજી મ.
ગણિ–પદ : વિ.સં. ૨૦૫૨, મહા સુ.–૧૩, મદ્રાસ (ચેન્નઈ).
પંન્યાસ–પદ : વિ.સં. ૨૦૫૭, માગ. સુ.–૫, પાલિતાણા.
પદ–પ્રદાતા : પૂ.આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.
શાસનપ્રભાવક કાર્યો : દીક્ષા, પ્રતિષ્ઠા, ઉપધાન, છ'રી-પાલક સંઘ, શિબિર ઇત્યાદિ.
સાહિત્ય : શાલિભદ્ર મહાકાવ્યમ્, દ્વયાશ્રય મહાકાવ્યમ્, કહે કલાપૂર્ણસૂરિ [૪ ભાગ], કલાપૂર્ણમ્ સ્મૃતિગ્રન્થ ઇત્યાદિ ૩૦ ગ્રન્થોનું સહસંપાદન.
વિચરણ : ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તામિલનાડુ આદિ
વિશેષતા : સેવાભાવી સરળ સ્વભાવ, દીક્ષા : જીવનથી પ્રાયઃ નિત્ય એકાસણા.
શિષ્યો : પૂ. પં. મુનિચન્દ્રવિજયજી, સ્વ મુક્તાનંદવિજયજી આદિ

## પૂજ્ય પંન્યાસશ્રીજી મુનિચન્દ્રવિજયજી



જન્મ : વિ.સં. ૨૦૧૫, શ્રા. સુ. ૧, તા. ૫-૮-૧૯૫૯, બુધવાર
જન્મભૂમિ : મનફરા [કચ્છ–વાગડ]
માતા-પિતા :ભમીબહેન ભચુભાઈ દેઢિયા.
સંસારી નામ : મણિલાલભાઈ.
દીક્ષા : વિ.સં. ૨૦૨૮, મહા સુદ–૧૪, ભુજ–કચ્છ.
દીક્ષા–દાતા : પૂ.આ. શ્રી વિ. દેવેન્દ્રસૂરીશ્વરજી મ.
ગુરુદેવ : પૂ.પં. મુક્તિચન્દ્રવિજયજી [સંસારી વડીલબંધુ].
જીવનઘડતર : પૂ.આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.
ગુરુપરંપરા : કચ્છ વાગડ દેશોદ્ધારક શ્રી પદ્મ–જીત હીર–કનક–દેવેન્દ્ર–કલાપૂર્ણ–કલાપ્રભસૂરીશ્વર મ.
ગણિ–પદ : વિ.સં. ૨૦૫૬, મહા સુદ–૬, વાંકી તીર્થ, કચ્છ.
ગણિ–પદપ્રદાતા : પૂ.આ. શ્રી વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.
પન્યાસપદ : વિ.સં. ૨૦૫૯, વૈ.સુ. ૭. શાહપુર મહારાષ્ટ્ર [માનસમંદિર તીર્થ].
પં.પદ-પ્રદાતા : પૂ.આ.શ્રી વિજયઘોષસૂરીશ્વરજી મ.સા.
સાહિત્ય : દ્વયાશ્રમ મહાકાવ્યમ્, આદિ ૩૦ ગ્રંથોનું સંપાદન–લેખન.
વિશેષતા : દીક્ષા–જીવનથી પ્રાયઃ નિત્ય એકાસણાં, દર ચૌદસે નિયમિતપણે અખંડ ઉપવાસ [મહિનામાં ત્રણ ઉપવાસ].
વિચરણ : ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ આદિ.
શિષ્યો : પૂ. મુનિશ્રી મહાગિરિવિજયજી, પૂ. મુનિશ્રી મુક્તિશ્રમણવિજયજી, પૂ.મુનિશ્રી મુક્તિમનનવિજયજી આદિ
પ્રશિષ્યો : મુનિશ્રી મુક્તિચરણવિજયજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*ઉજ્જ્વલ ગુરુ-પરંપરા, જે પરંપરાને પૂ.*
*કલાપૂર્ણસૂરિજીએ વધુ ઉજ્જ્વલ બનાવી.....*
*વાગડ સમુદાયના આદ્ય મહાત્મા*

## પૂજ્ય દાદાશ્રી પદ્મવિજયજી મહારાજ



વિ.સં. ૧૮૬૬માં કચ્છ-વાગડના ભરૂડીઆ ગામે તેજસ્વી બાળકનો જન્મ થયો. માતા : રૂપાબાઈ-પિતા : દેવશીભાઈ- વંશ : ઓશવાળ. ગોત્ર : સત્રા. ગૃહસ્થી નામ : પરબતભાઈ.

બળદની દર્દભરી રિબામણ જોઈ વૈરાગી થયેલા આ પરબત નામના કિશોરે ૧૭ વર્ષની વયે શ્રી રવિવિજયજી નામના ગોરજી પાસે દીક્ષા લીધી. નામ પડ્યું : શ્રી પદ્મવિજયજી. જોતજોતામાં આગમ, વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, વૈદક વગેરેનો ઊંડો અભ્યાસ કરી વિદ્વાન બન્યા.

સત્ય માર્ગની જાણ થતાં ૪૫ વર્ષની ઉંમરે વિ.સં. ૧૯૧૧માં સંવેગી દીક્ષા સ્વીકારી.



**ભદ્રેશ્વરના શિખરબંધ દહેરાસર**

ત્યારે ભારતમાં સંવેગી સાધુઓ બહુ જ ગણ્યાગાંઠ્યા હતા. આથી ગુરુ શોધતાં તેમને બહુ જ મુશ્કેલી પડી.

સંવેગી દીક્ષા પછી તેર વર્ષ બાદ ૫૮ વર્ષની ઉંમરે તેમની વડી દીક્ષા થઈ. તેમના ગુરુ બન્યા તપાગચ્છીય દાદાશ્રી મણિવિજયજી મહારાજ!

ત્યાર પછીનાં દશ વર્ષોમાં એમણે જબરદસ્ત સંયમ-સાધના કરી. તપ, ત્યાગ, ઔદાર્ય, વૈરાગ્ય વગેરે ગુણોથી એમણે જીવનને નંદનવન સમું બનાવ્યું.

ઉદારતાનો ગુણ તો એટલો બધો વિકલેસો હતો કે તેમણે એક વખત ડેલાવાળા સૌભાગ્યવિજયજી મહારાજને પોતાના શિષ્ય રત્નવિજયજી સોંપી દીધેલા. (આ વાતનો ઉલ્લેખ 'મુહપત્તિ-ચર્ચા' નામના પુસ્તકમાં શ્રી બુટેરાયજીએ પણ કરેલો છે. જુઓ પેજ નંબર-૩૨)

આવી મહાન ઉદારતાના સ્વામી પ્રકાંડ જ્યોતિર્વેત્તા મુનિશ્રી પદ્મવિજયજી મ.સા. ૬૮ વર્ષની વયે વૈશાખ સુદ ૧૧ની સાંજે પલાંસવા મુકામે કાળધર્મ પામ્યા. એમના ઉત્તરાધિકારી તરીકે પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ.સા. આવ્યા, જેમણે કચ્છ વાગડ પ્રદેશમાં ધર્મસંસ્કારોનું કાર્ય-પોતાના ગુરુદેવનું કાર્ય સહર્ષ ઉપાડી લીધું.

વાગડ સમુદાયના આદ્ય મહાત્મા પૂજ્ય દાદાશ્રી પદ્મવિજયજી મ.સા.ને અગણિત વંદન.....!

## પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મહારાજ



દાદાશ્રી જીતવિજયજી મહારાજ પોતાના સંયમ અને તપોનિષ્ઠ જીવનથી જૈનજગતમાં જાણીતા છે.

આ મહાપુરુષનો જન્મ વિ.સં. ૧૮૯૬ ચૈત્ર સુદ ૨ ના પવિત્ર દિવસે કચ્છ દેશના મનફરા ગામની પુણ્યધરા પર થયો હતો. વિક્રમની ૧૮મી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજયપ્રભસૂરિજી મ.સા.ની પણ આ મનફરા (જૂનું નામ મનોહરપુર) જ જન્મભૂમિ હતી. આજ સુધી આ ગામમાંથી ૬૫ જેટલા આત્માઓ સંયમધર બનેલા છે. તે આવા મહાપુરુષોને આભારી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જૈન દેરાસરજી (તેરા–કચ્છ)

પૂ. જીતવિજયજી મ.સા.નાં માતા અવલબહેન અને પિતા ઊકાભાઈ હતાં. સંસારી નામ હતું જયમલ્લ. બાળપણથી જ ધર્મરંગે રંગાયેલા આ જયમલ્લને ૧૨ વર્ષની વયે આંખમાં વેદના થઈ. ધીરે ધીરે દેખાતું બંધ થઈ ગયું, પણ આંતરદૃષ્ટિ બંધ નહોતી થઈ. તેમણે ૧૦૦૦ વર્ષ પ્રાચીન પ્રભુશ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિમા પાસે પ્રાર્થના કરી : "જો હું દેખતો થાઉં તો મારે દીક્ષા સ્વીકારવી" અને ખરેખર તેઓ દેખતા થયા. અભિગ્રહ પ્રમાણે પૂજ્ય મણિવિજયજી દાદાના શિષ્ય પૂ. પદ્મવિજયજી પાસે આડીસર મુકામે વિ.સં. ૧૯૨૫ વૈ.સુ. ૩ના સંયમ સ્વીકારી જયમલ્લમાંથી 'જીતવિજયજી' બન્યા. જ્યાં તેમની દીક્ષા થઈ એ કૂવાનું ખારું પાણી (આડીસર ગામ રણની પાસે જ છે) મીઠું થયું અને સૂકી રાયણ નવપલ્લવિત થઈ. આથી દીક્ષાના સમયથી જ તેમની આશ્ચર્યભરી સુવાસ ચારે બાજુ ફેલાઈ ગઈ.

વિ.સં. ૧૯૩૮માં ગુરુદેવશ્રી પૂ. પદ્મવિજયજી સ્વર્ગવાસી થયા, ત્યારબાદ તેમણે ખૂબ જ ભ્રમણ કર્યું અને અનેક લોકોનાં હૈયાંમાં ધર્મ–ભાવના ભરી, મારવાડ, ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ વગેરે અનેક સ્થળોએ તેમનાં ચાતુર્માસ થયેલાં છે.

તેમની વચનસિદ્ધ મહાપુરુષ તરીકે પ્રસિદ્ધિ હતી. એમના મુખેથી નીકળેલું વાક્ય સત્ય બને જ, એવી ઘણી ઘટનાઓ લોકોને પ્રત્યક્ષ જોવા મળેલી. આંબરડી ગામે એક ગુલાબચંદ ઝોટા નામના લંગડાભાઈને નવકાર મંત્રના જાપ દ્વારા તે જ વખતે ચાલતા કરી દીધેલા.

વિ.સં. ૧૯૫૫માં સૂઈ ગામમાં બિરાજમાન પૂજ્યશ્રીની નજર આકાશ પર જતાં "હવે તો એવો કાળ આવશે કે જેની પાસે ધાન હશે તેની પાસે ધન હશે" એવા શબ્દો તેમના મુખમાંથી નીકળી પડ્યા. આ સાંભળીને ત્યાંના શેઠ નેણશી પોપટલાલે અનાજનો વિપુલ સંગ્રહ કરેલો અને ખરેખર વિ.સં. ૧૯૫૬માં ભયંકર દુકાળ પડ્યો. પૂજ્યશ્રીની વાણી સાચી સાબિત થઈ. આવી તો કેટલીયે ઘટનાઓ એમના જીવનમાં બનેલી છે.

કેટલાયને દેશવિરતિધર અને કેટલાયને સર્વવિરતિધર બનાવી અનેક લોકોનાં હૈયે ધર્મભાવનાનાં બીજ રોપી એમણે સ્વ–પર જીવનને ધન્ય બનાવ્યું.

વૃદ્ધાવસ્થામાં પલાંસવા (કચ્છ–વાગડ) ખાતે સ્થિરતા કરી. વિ.સં. ૧૯૭૯ (કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી શરૂ થતું હોવાથી ત્યારે કચ્છી વિ.સં. ૧૯૮૦ હતી, પણ કાર્તિકથી શરૂ થતી વિ.સં. ૧૯૭૯ જ હતી.), અષાઢ વદ–૬ની વહેલી સવારે સિદ્ધ ભગવંતોનું ધ્યાન ધરતાં સ્વર્ગે સિધાવ્યા. પૂજ્ય કનકસૂરિજી મ.નો સમુદાય તથા પૂ. શાન્તિચન્દ્રસૂરિજી મ.નો સમુદાય–એ પૂજ્ય દાદાશ્રી જીતવિજયજી મ.સા.ની જ શિષ્ય–પરંપરા છે.

*આજીવન ગુરુ–અંતેવાસી*

## પૂજ્ય મુનિશ્રી હીરવિજયજી મહારાજ

વાગડ પ્રદેશના અનન્ય ઉપકારી આ મહાપુરુષનો જન્મ વિ.સં. ૧૯૧૩માં પલાંસવામાં થયો હતો. તેઓ ચંદુરા કુટુંબમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ ઓધવજીભાઈ તથા માતાનું નામ રૂપાબાઈ હતું. તેમનું સંસારી નામ હરદાસ હતું. આ પુણ્યશાળી આત્માએ ૨૫ વર્ષની ઉંમરે વિ.સં. ૧૯૩૮ના માગશર સુદ–૩ના પલાંસવા મુકામે પૂ. દાદાશ્રી પદ્મવિજયજી મહારાજના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી હતી. તેમનું નામ શ્રી હીરવિજયજી પાડી પ.પૂ. શ્રી જીતવિજયજી મ.સા.ના શિષ્ય બનાવ્યા હતા.

પુણ્યશાળી માણસોના પ્રસંગો પણ પ્રતાપી જ હોય છે. આ સમયે વરસીદાનમાં ૫૦૦૦ કોરી અને મહોત્સવનો કુલ ખર્ચ ૮૦૦૦૦ કોરી થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. ગુરુ મહારાજે કચ્છ-વાગડ-ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામોમાં વિચરી ધર્મોપદેશ વડે કેટલાય આત્માનો ઉદ્ધાર કરી, બ્રહ્મચર્યવ્રત અને સંયમના ઉચ્ચતમ માર્ગે વાળ્યા હતા. તેઓશ્રીના શુભ હસ્તે તપ, જપ, પચ્ચક્ખાણ, તપસ્યાઓ, પૂજાઓ અને જૈન શાસનની પ્રભાવનાં અનેકાનેક શુભ કાર્યો થયાં હતાં.

શ્રી બુદ્ધિવિજયજી, શ્રી કનકસૂરિ તથા શ્રી તિલકવિજયજી તેમના શિષ્યો હતા. આમ દરેક સ્થળની ભૂમિને પાવન કરીને અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર કરીને શારીરિક શક્તિ ક્ષીણ થઈ જવાથી અંતે પોતાની જન્મભૂમિ પલાંસવામાં સ્થિરતા કરી. વિ.સં. ૧૯૮૯નું અંતિમ ચાતુર્માસ પલાંસવા કર્યું અને આસો વદ-૧૧ના રોજ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગે સિધાવી ગયા.

તેમના સ્વર્ગવાસથી વાગડના જૈન સમાજને મોટી ખોટ પડી! વાગડભૂમિના અનન્ય ઉપકારી પૂજ્યશ્રીના ચરણકમળમાં હાર્દિક વંદના.

*વાત્સલ્યમૂર્તિ પૂજ્ય આચાર્ય*

## શ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજ



વિ.સં. ૧૯૩૯, ભાદરવા વદ-૫ના પુણ્ય દિવસે પલાંસવા (કચ્છ-વાગડ)માં એક જ્યોત પ્રગટી, જેના પ્રકાશથી સમસ્ત વાગડ પ્રદેશ પ્રકાશિત થઈ ઊઠ્યો. એ જ્યોતિ 'કનકસૂરિજી મહારાજ' તરીકે પ્રખ્યાત થઈ. માતા : નવલબહેન, પિતા : નાનચંદભાઈ, ગૃહસ્થી નામ : કાનજીભાઈ હતું.

નાનપણથી જ વૈરાગ્ય-વાસિત આ આત્મા વિરાગીની સાથે બુદ્ધિશાળી પણ હતા. એમની ઉત્કટ બુદ્ધિને જોઈને પલાંસવાના ઠાકોર તેમને બેરિસ્ટર બનાવવા ઈંગ્લેન્ડ મોકલવા તૈયાર થયા, પણ જે ધર્મનાયક બનવાના હોય તેમને બેરિસ્ટર થવું કેમ ગમે? કાનજીભાઈએ સ્પષ્ટ ના કહી.

સાધ્વીરત્ન શ્રી આણંદશ્રીજી મ.સા.ના સતત સમાગમે એમના હૈયામાં વૈરાગ્ય દિન-દિન પલ્લવિત થવા લાગ્યો અને એક દિવસે એ જ સાધ્વીજીના શ્રીમુખે પાલિતાણા મુકામે



જૈન દેરાસરજી, લાકડીઆ (કચ્છ)

આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકાર્યું, ત્યારે તેમની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી. યૌવનની ઊગતી ઉષાએ કેવો અણનમ અને પવિત્ર સંકલ્પ!

૨૩ વર્ષની વયે વિ.સં. ૧૯૬૨માં (માગ. સુ.૧૫), ભીમાસર (કચ્છ-વાગડ) મુકામે પૂજ્ય શ્રી જીતવિજયજી દાદા પાસે દીક્ષા સ્વીકારી. પૂ. મુનિશ્રી હીરવિજયજી મ. (તેમના જ સંસારી કાકા)ના શિષ્ય પૂ. કીર્તિવિજયજી તરીકે પ્રખ્યાત થયા. વડી દીક્ષામાં પૂ. કનકવિજયજી અને આગળ જતાં પૂ. કનકસૂરિજી તરીકે પ્રસિદ્ધ થયા.

વિ.સં. ૧૯૭૫માં સંઘસ્થવિર પૂજ્ય આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજીએ તેમને પંન્યાસ પદવી અને સં. ૧૯૮૯ અમદાવાદમાં આચાર્ય-પદથી વિભૂષિત કર્યા.

વિ.સં. ૧૯૭૯માં જીતવિજયજી અને સં. ૧૯૮૬માં હીરવિજયજી મ.ના સ્વર્ગવાસ પછી વાગડ-સમુદાયના તેઓ કર્ણધાર બન્યા. પોતાની સંયમ-સુવાસ દ્વારા સમસ્ત જગ્યાએ આદરપ્રાપ્ત અજાતશત્રુ બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું અષ્ટ પ્રવચન માતાના પાલનથી સભર એવું જીવન હતું કે જે જોઈને જ જીવો પામી જાય. એમનાં મધુર-વચનમાં એવી તાકાત હતી કે જેને કદી ઉત્થાપવાનું મન ન થાય. એમની પાસે જનારને, ચરણ-સ્પર્શ કરનારને અનહદ શાન્તિનો અનુભવ થતો. ગમે તેવા ઉકળાટવાળો માણસ એમની હાજરીમાં શાન્ત, પ્રશાન્ત બની જતો. આ તેમની-ઉપશમ ગુણની અનુપમ સિદ્ધિ હતી.

વિ.સં. ૨૦૧૨માં કચ્છમાં જ્યારે ધરતીકંપનો આંચકો લાગ્યો ત્યારે પૂજ્યશ્રી ભચાઉ મુકામે હતા. ધરતી ધણધણી ઊઠી, પણ પૂજ્યશ્રીના પ્રભાવથી ભચાઉ-કિલ્લામાં રહેલું એક પણ મકાન પડ્યું નહીં કે કોઈ મર્યું નહીં. જ્યાં પૂજ્યશ્રી હતા તે ઉપાશ્રય નવો જ બનેલો હતો ને છત પર પાંચ હજાર મણ પથ્થર હતા, છતાં એક કાંકરી પણ નીચે પડી નહીં. આવી પ્રચંડ સૂક્ષ્મ શક્તિના સ્વામી પૂજ્ય આચાર્યશ્રી વિ.સં. ૨૦૧૯, શ્રાવણ વદ ૪ના ભચાઉ મુકામે પંચસૂત્રનું શ્રવણ કરતાં કરતાં અનંતની યાત્રાએ ઊપડી ગયા. પૂજ્યશ્રીના અનહદ ઉપકારોથી કચ્છ-વાગડ આજે નતમસ્તક છે.

*તપોમૂર્તિ પૂજ્ય આચાર્ય*

## શ્રી વિજયદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ



વાગડ પ્રદેશના ઓશવાળ જૈન ભાઈઓનો ઉદ્ધાર કરવા માટે કચ્છની પવિત્ર ધરતી પર કોઈ દેવાત્માનું અવતરણ થયું. ધરતીના લોકોએ પણ જેઓને દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા તરીકે પિછાણ્યા તે પૂજ્ય આચાર્યશ્રીનો જન્મ વિ. સં. ૧૯૪૮, ફા.વ. ૧૨ના દિવસે લાકડીઆ (કચ્છ-વાગડ)ની પુણ્યધરા ઉપર થયેલો હતો.

માતા : મૂળીબહેન, પિતા : લીલાધરભાઈ, ગૃહસ્થી નામ ગોપાળભાઈ હતું. બાળ ગોપાળ પૂજ્યશ્રી જીતવિજયજી મહારાજ આદિના સંપર્કથી તથા પૂર્વ જન્મના પ્રબળ સંસ્કારથી વૈરાગ્ય-વાસિત થયા. મહેસાણાની પાઠશાળામાં અભ્યાસ કરવાથી એ વૈરાગ્ય અત્યંત પુષ્ટ થયો. દીક્ષા માટે મક્કમ નિર્ધાર કર્યો પણ એકના એક પુત્ર ગોપાળ પર માતા મૂળીબહેનને અપાર સ્નેહ હતો. એ કેમેય રજા આપવા તૈયાર ન થયાં, પણ



શ્રી શીતલનાથ દેરાસર મુંદ્રા (કચ્છ)

ગોપાળભાઈ પણ ક્યાં ઓછા હતા? ગમે તેમ થઈ જાય પણ આ જિંદગીમાં દીક્ષા તો લેવી જ લેવી. એમના અંતરાત્માનો આ દૃઢ સંકલ્પ હતો, પણ માને તરછોડીને તે દીક્ષા લેવા માંગતા ન હતા. આથી માતાની સમ્મેતશિખર આદિની તીર્થયાત્રા કરવાની ભાવના હતી તે પૂર્ણ કરાવી. માતાની અનુમતિની રાહ જોવાથી ૩૬ વર્ષની ઉંમર થઈ ગઈ. ત્યાં સુધી તેમણે આધોઈ, મનફરા, સામખિયારી આદિ સ્થળે પાઠશાળાઓ ચલાવી જૈન ઓશવાળ ભાઈઓમાં ધર્મના સંસ્કારો રોપ્યા. આજે પણ ઓશવાળ ભાઈઓ તેમના પ્રત્યે અત્યંત કૃતજ્ઞ છે. એક દિવસ આધોઈ મુકામે કોઈ બાઈનું મહેણું સાંભળી દીક્ષા માટે કૂદી પડ્યા.

વિ.સં. ૧૯૮૩માં લાકડીઆ મુકામે દીક્ષા સ્વીકારી પૂ. કનકસૂરિજી મ.સા.ના શિષ્ય થયા. નામ પડ્યું : મુનિ શ્રી દીપવિજયજી. વિ.સં. ૨૦૦૪માં પૂજ્ય ગુરુદેવે યોગ્યતા જોઈ પંન્યાસ પદથી વિભૂષિત કર્યા. પૂજ્ય કનકસૂરિજી મ.સા.ના સ્વર્ગવાસ પછી વિ.સં. ૨૦૨૦માં (વૈ.સુ. ૧૧) કટારીઆ મુકામે આચાર્યપદથી અલંકૃત થયા ને વાગડ સમુદાયના નાયક બન્યા.

પૂજ્ય આચાર્યશ્રી તીવ્ર સ્મરણશક્તિ, બુલંદ અને મધુર અવાજ તથા અપૂર્વ વ્યાખ્યાનશક્તિના સ્વામી હતા. તેમનાં વ્યાખ્યાનો તથા તેમના મધુર કંઠેથી સજ્ઝાયો વગેરે સાંભળવાં તે જીવનનો લહાવો ગણાતો. એમનાં વ્યાખ્યાનો સાંભળવા વિદ્યાશાળા (અમદાવાદ)નો હોલ ખીચોખીચ ભરાઈ જતો.

વિ.સં. ૨૦૨૬માં નવસારી મુકામે પૂજ્યશ્રીને ફ્રેક્ચર થતાં તથા વૃદ્ધાવસ્થા થઈ જતાં હાલવા-ચાલવાનું બંધ થઈ ગયું. શરીર વ્યાધિગ્રસ્ત થયું પણ મન સમાધિમસ્ત જ હતું. વિ.સં. ૨૦૨૯માં પૂ. કલાપૂર્ણવિજયજી મ.સા.ને આચાર્યપદવી આપી ઉત્તરાધિકારી જાહેર કર્યા. એજ વર્ષે આધોઈ મુકામે ચૈત્ર સુદ ૧૪ના દિવસે ઉપવાસના પચ્ચકખાણ પૂર્વક સાંજે ૫-૦૦ વાગે કાળધર્મ પામ્યા. એમના જવાથી ખરેખર જૈન સંઘને મહાન શાસનપ્રભાવક એક આત્માની ખોટ પડી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*જ્યોતિર્વેત્તા પૂજ્ય મુનિરાજશ્રી*

## કંચનવિજયજી

[પૂ. કલાપૂર્ણસૂરિજીના ગુરુદેવ]

ફલોદી (રાજ.)માં જન્મેલા લક્ષ્મીચંદભાઈ વ્યવસાયાર્થે મદ્રાસ ગયા. ત્યાં વૈરાગ્ય જાગતાં દીક્ષા માટેનો દૃઢ સંકલ્પ કર્યો. સદ્ગુરુની શોધ માટે પાલિતાણા રહ્યા. અનેક સૂરિભગવંતોના પરિચય પછી તેમણે કચ્છવાગડદેશોદ્ધારક પૂ. કનકસૂરિજીને સદ્ગુરુ તરીકે સ્વીકાર્યા. પ્રથમ પોતાની સાળી તથા પત્નીને દીક્ષા અપાવી. પછી પોતે દીક્ષા લીધી.

દીક્ષા પછી તેમનું નામ પડ્યું : મુનિશ્રી કંચનવિજયજી.

અત્યંત ફક્કડ આ મુનિશ્રી જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત હતા તથા સુંદર પ્રવચનકળા પણ તેમને વરેલી હતી. વિ.સં. ૨૦૨૮માં એમને જણાઈ આવ્યું કે હવે મારું આયુષ્ય અલ્પ છે. એટલે તેમણે ચોવિહાર ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ લઈ લીધાં. ૧૧મા ઉપવાસે કા.વ. ૨ ના ભચાઉ (કચ્છ) મુકામે સમાધિપૂર્વક સ્વર્ગે સિધાવ્યા.

એ નિઃસ્પૃહ મહાત્માને હાર્દિક વંદન!

*કચ્છ-વાગડ સમુદાયના નેતૃત્વને સફળ અને ઉજ્જ્વળ બનાવનાર, કચ્છ અને બનાસકાંઠાદિ પ્રદેશોમાં અભૂતપૂર્વ શાસનપ્રભાવના પ્રવર્તાવનાર, વાત્સલ્યમૂર્તિ, કરુણામૂર્તિ*

## પૂ. આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મ.



રાજસ્થાનમાં ધર્મતીર્થ જેવો મહિમા ધરાવતું ફલોદી નગર તેઓશ્રીની જન્મભૂમિ. પિતાનું નામ પાબુદાનજી, માતાનું નામ ખમાબહેન. સં. ૧૯૮૦ના વૈશાખ સુદ બીજના દિવસે એમનો જન્મ થયો.



નલીયા દેરાસરજી, નલીયા (કચ્છ)

નામ રાખ્યું અક્ષયરાજજી. જાણે આત્માના અક્ષય સુખ માટે આ નામ હોય એવો ઉજ્જ્વળ સંકેત એમાં સમાયો હતો! અક્ષયરાજ ઘરસંસારમાં રહ્યા હતા અને સામાન્યજનની જેમ લગ્ન પણ કર્યાં હતાં, એટલે કુટુંબને નિભાવવાની જવાબદારીમાં એમને પોતાના પિતાજીને સહકાર પણ આપવો પડ્યો હશે, પરંતુ એમના જીવનની બદલાયેલી કાર્યદિશા પરથી કંઈક એવું તારણ નીકળી શકે કે, એમનો જીવ મોહ-માયા-મમતામાં રાચનારો કે વૈભવ-વિલાસ, સુખોપભોગ કે સમૃદ્ધિમાં ખૂંપી જનારો નહીં હોય, પણ એમના હૃદયને તો તપ-ત્યાગ-વૈરાગ્યનો માર્ગ જ પસંદ હશે અને તેથી જ એમનું અંતર સંયમની સાધના પ્રત્યેના રંગથી રંગાયેલું હશે અને તેથી જ સંસારમાં રહ્યા છતાં અલિપ્ત જેવું જળકમળવત્ જીવન જીવતા હશે. આવા ઉત્તમ જીવને સંસારની અસારતાનો ખ્યાલ જરા સરખા સંતસમાગમથી, ધર્મની વાણીના શ્રવણથી કે ધર્મના અધ્યયનથી કે સંસારીઓને વેઠવાં પડતાં દુઃખોનાં દર્શનથી પણ આવી જતાં વાર લાગતી નથી. અક્ષયરાજના જીવનમાં પણ કંઈક એવું જ બન્યું. અક્ષયરાજનો સંસારી જીવ ત્યાગના માર્ગે વૈરાગ્યને વિભૂષિત કરતાં ધવલ વસ્ત્રોથી શોભી ઊઠ્યો, પણ આવું ઉચ્ચ કોટિનું આત્મહિત સાધવામાં તેઓશ્રીએ કેવળ પોતાના જ કલ્યાણથી સંતોષ ન માનતાં શાંત, હિતકારી અને વિવેકભરી સમજુતીથી કામ લઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના પૂરા પરિવારને–ધર્મપત્ની તથા બંને બાળકુમાર પુત્રોને સાથે લઈ ત્યાગમાર્ગનો સ્વીકાર કર્યો, એટલે આ રીતે, પોતાના આખા પરિવારને ભવસાગરને તરી જવાના દિવ્ય વહાણ સમા ભગવાન તીર્થંકર પ્રરૂપિત ધર્મનાં ચરણે, આનંદ અને ઉલ્લાસપૂર્વક સમર્પિત કરી દીધો.

આ ઘટના બની તે પ્રસંગે યોગાનુયોગ પણ કેવો આવકારદાયક બન્યો! સંયમના માર્ગના પુણ્યપ્રવાસી બનેલા અક્ષયરાજજીનું ગુરુપદ, મૂળ એમના વતનના જ એક સપૂત સાધુપુંગવ તેમ જ કચ્છ વાગડદેશોદ્ધારક પૂજ્ય આચાર્ય શ્રી વિજયકનક-સૂરીશ્વરજી મહારાજના આત્મલક્ષી શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજે પ્રાપ્ત કર્યું. શ્રી અક્ષયરાજજીનો દીક્ષામહોત્સવ એમના વતન ફલોદી શહેરમાં ધામધૂમથી સં. ૨૦૧૨ના વૈશાખ સુદ ૧૦ના, પરમાત્મા શ્રી મહાવીરપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકના પર્વના દિને ઊજવાયો હતો. તેઓશ્રીનું નામ મુનિ શ્રી કલાપૂર્ણવિજયજી રાખવામાં આવ્યું, જાણે કે આત્મસાધનાની કળાને પરિપૂર્ણ રૂપે પ્રાપ્ત કરનારા પરમ ધર્મપુરુષાર્થમાં સંલગ્ન રહેવાનો જ એમનો ભાગ્યયોગ ન હોય! અને એ નૂતન મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજનાં પગલે પગલે ત્યાગમાર્ગે પ્રયાણ કરતા બે સુપુત્રોનાં નામ મુનિ શ્રી કલાપ્રભવિજયજી અને મુનિશ્રી કલ્પતરુવિજયજી રાખવામાં આવ્યાં. હાલ પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિ તથા પૂ. પં. શ્રી કલ્પતરુવિજયજી મ. આ બંને જ્ઞાનચારિત્રની નિષ્ઠાભરી આરાધના દ્વારા પોતાની સંયમયાત્રામાં આગળ વધી રહ્યા છે.

પૂજ્ય શ્રી કલાપૂર્ણવિજયજી મુનિવર માટે તો આ અવસર ભૂખ્યાને ભાવતાં ભોજન મળી જાય એવો હતો. એટલે એમાં લેશ પણ ક્ષતિ આવવા ન પામે કે એક ક્ષણ જેટલો સમય પણ આત્મતત્ત્વના અહિતકાર અરિ સમાન આળસમાં એળે ન જવા પામે એ રીતે તેઓ સતત અપ્રમત્તભાવે પોતાના સંયમી જીવનને ઉજ્જ્વળ બનાવવા મન–વચન–કાયાની એકાગ્રતાથી કાર્યરત બની ગયા. આ કાર્યમાં શાસ્ત્રાભ્યાસ, નાનીમોટી તપસ્યાઓ અને શિષ્યોને અધ્યાપન કરાવવા જેવી પ્રવૃત્તિ ઉપરાંત ધ્યાનયોગ અને ઈશ્વરપ્રણિધાનનો પણ સમાવેશ થાય છે. એમની ધ્યાનયોગ માટેની પ્રવૃત્તિ જોતાં એમ જ લાગે કે જૈનસાધનામાંથી ઠીક ઠીક પ્રમાણમાં વીસરાઈ ગયેલા ધ્યાનના માર્ગને પુનઃ ચાલુ કરવા તેઓશ્રી જાતઅનુભવ અને સ્વયંપ્રયોગ દ્વારા, બહુ જ આવકારપાત્ર પ્રયત્નો કર્યા. જ્યારે તેઓશ્રી તીર્થંકર પરમાત્માની પ્રતિમા સામે ઈશ્વરપ્રણિધાનમાં ઊતરી જતા, ત્યારે તો આરામ, આહાર અને સ્થળકાળના ભેદને વીસરી ગયા હોય એવું ભવ્ય અને પ્રેરક દૃશ્ય જોવા મળતું છે! આહાર લેવાની વૃત્તિ ઉપર તથા સ્વાદ ઉપર પૂજ્યશ્રીએ હેરત પમાડે એવો કાબૂ મેળવ્યો છે. આથી તેઓશ્રીની શ્રમણધર્મની સાધના વગેરે ચરિતાર્થ અને પ્રભાવશાલી બની છે એમ કહેવું જોઈએ.

આ સંતપુરુષને સં. ૨૦૨૫ના મહા સુદી ૧૩ ના રોજ ફલોદી શહેરમાં મહામહોત્સવપૂર્વક પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા અને સં. ૨૦૨૯ના માગશર સુદિ ૩ના દિવસે કચ્છના સુપ્રસિદ્ધ પ્રાચીન તીર્થ ભદ્રેશ્વરની પુણ્યભૂમિમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. આ પ્રસંગે આયોજિત જૈનસંઘનો વિશાળ મેળો અને એ મહોત્સવ સદા માટે યાદગાર બની ગયા! પોતે આચાર્ય ન હતા ત્યારે પણ શ્રી સંઘની ધર્મભાવનાને ટકાવી રાખવાની અને વધારવાની જવાબદારીમાં આ મુનિવર ક્યારેય પાછા પડ્યા ન હતા, એટલે આચાર્ય બનીને સંઘનાયક તરીકેના મહાન જવાબદારીવાળા પદે પ્રતિષ્ઠિત થયા પછી તો એમની આ પ્રવૃત્તિમાં અનેકગણો વધારો થવા પામ્યો. વાગડ સમુદાયના આશરે ૪૫૦ સાધુ–સાધ્વીજીઓના શિરછત્ર તરીકે રહીને તેઓશ્રીએ સર્વની સંયમયાત્રા સારી રીતે આગળ વધારી. પૂજ્યશ્રીના શુભ હસ્તે ઘણા પુણ્યાત્માઓની દીક્ષાઓ થઈ છે. પૂજ્યશ્રીના નિકટવર્તી શ્રમણ સમુદાયમાં પૂજ્યશ્રીની પ્રેરક નિશ્રામાં અનેક પ્રતિષ્ઠાઓ, ઉપધાનો અને ઉજમણાં થયાં છે. તેમ જ છ'રી પાળતા નાના–મોટા સંખ્યાબંધ સંઘો નીકળ્યા છે. તેઓશ્રીએ માળવા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, તમિલનાડુ, છત્તીસગઢ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની ધર્મભાવનાની અભિવૃદ્ધિ કરવા દૂર દૂર સુધી વિહાર અને ચોમાસાં કરવા છતાં કચ્છ, અને ખાસ કરીને વાગડ પ્રદેશના શ્રીસંઘોની જરાયે ઉપેક્ષા ન થાય એની સતત ચિંતા અને કાળજી રાખી છે. પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ રાજસ્થાનના કેશવણા મુકામે વિ.સં. ૨૦૫૮ મહાસુદ-૪ના થયો તથા અગ્નિ-સંસ્કાર શંખેશ્વરતીર્થમાં મહા સુદ-૬ના થયો. શંખેશ્વર તીર્થમાં આજે પૂજ્યશ્રીની સ્મૃતિમાં સુવિશાળ ગુરુ-મંદિર ઊભું થયેલું છે. પૂજ્યશ્રીનું પ્રેરક જીવન જાણવા ।।કલાપૂર્ણમ્।। સ્મૃતિગ્રંથ (બે ભાગ) વાંચવા જેવા છે તથા પૂજ્યશ્રીની વાણી જાણવા 'કહે કલાપૂર્ણસૂરિ' (ભાગ-૪) ગ્રન્થો વાંચવા જેવા છે.

*—પૂ. પં. અધ્યાત્મયોગી આ.ભ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજીમ.સાના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.ની પ્રેરણાથી અમદાવાદ-સાબરમતી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ચાતુર્માસ (વિ.સં. ૨૦૬૨) અનુમોદના નિમિત્તે.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૪થા આરાની યાદ અપાવે તેવા ઉત્કૃષ્ટ સંયમી

# પ. પૂ. આચાર્યાદિ સાધુ-ભગવંતોને અનંતશઃ વંદના

*અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના*
*વિનેય, ૪૫ આગમ અભ્યાસી પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.*



અનેક પ્રભાવકો પોતાના જ્ઞાનઉજાસથી શાસનને અનોખી સિદ્ધિ અને સમૃદ્ધિથી શોભાવી ગયા છે. જ્ઞાનસાધના, ઉગ્ર તપશ્ચર્યા અને સંયમથી મઘમઘતા જૈનશાસનના ઉદ્યાનમાં રહીને જે જે પૂ. સાધુ-ભગવંતો લોકહૃદયમાં કાયમ બિરાજિત બન્યા છે, એ પૂજ્યોના વિવિધગુણો આપણને સૌને જરૂર દીવાદાંડીરૂપ બનશે. પ્રતાપી પૂર્વજોએ વહાવેલી ગુણાનુરાગીતારૂપી ગંગાનું આચમન જિજ્ઞાસુ જગતને દીર્ઘકાળ સુધી ભારે મોટું બળ આપી રહેશે. આ પુણ્ય પુરુષોના સદ્‌ગુણો જ આપણને સંકલ્પ, સાધના અને સિદ્ધિની કેડી તરફ પહોંચવામાં મદદરૂપ થશે.

[નીચે રજૂ થયેલ દૃષ્ટાંતો ઉપરોક્ત લેખકશ્રી દ્વારા સંયોજિત 'બહુરત્ના વસુંધરા'–ભાગ ત્રીજામાંથી અત્યંત સંક્ષેપ કરીને રજૂ કરવામાં આવ્યા છે. વિસ્તાર રુચિવાળા વાચકોએ ઉપરોક્ત પુસ્તકનું અચૂક વાંચન કરવા વિનંતિ.

પ્રાપ્તિસ્થાન : કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ, ૧૦૨ લક્ષ્મી એપાર્ટમેન્ટ, ૨૦૬ ડૉ. એની બેસન્ટ રોડ, વરલી નાકા, મુંબઈ ૪૦૦ ૦૧૮, ફોન : ૨૪૯૩૬૬૬૦, ૨૪૯૩૬૨૬૬, ૨૪૯૪૩૯૪૨ —સંપાદક]

***(૧) ૧૦૦ + ૧૦૦ + ૮૯ વર્ધમાન આયંબિલ તપની ઓળીના આરાધક, તપસ્વીસમ્રાટ***

## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.સા.

પૂરા વિશ્વના હજારો વર્ષના ઈતિહાસમાં સીમાચિહ્ન કહી શકાય તેવી ઉત્કૃષ્ટ તપશ્ચર્યા કરનાર ઉપરોક્ત મહાત્માએ સં. ૧૯૯૦માં ૧૯ વર્ષની વયે કર્મસાહિત્યનિષ્ણાત પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. પાસે દીક્ષા અંગીકાર કરી ત્યારે વડી દીક્ષા માટે ૧ મહિનાના આયંબિલ પણ ખૂબ જ મુશ્કેલીથી પૂર્ણ કરી શક્યા હતા. આયંબિલનો લુક્ખો આહાર જોતાં જ તેમને જાણે કે ઉબકા આવતા હતા, પરંતુ અનન્ય ગુરુ–સમર્પણભાવ દ્વારા પ્રાપ્ત અમોઘ ગુરુકૃપાના બળે તેમણે ઉપરોક્ત અજોડ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ૨૧ વર્ષની વયે દાંતોમાં ઉત્પન્ન થયેલ તીવ્ર વેદનાથી વિશિષ્ટ વૈરાગ્યવાસિત થઈ તેમણે વર્ધમાન આયંબિલ તપસાધનાનો દૃઢ સંકલ્પપૂર્વક પ્રારંભ કર્યો અને ભયંકર ગરમીના વિહારોમાં પણ ૪૦થી ૧૦૦મી ઓળી સુધી ઠામ ચોવિહાર આયંબિલો કરી પ્રથમ વાર ૧૦૦મી ઓળીનું પારણું સં. ૨૦૧૩માં કર્યું. પુનઃ વર્ધમાન તપનો પાયો નાખીને ૧ થી ૭૨ ઓળીઓ ઠામ ચોવિહાર આયંબિલથી કરી. શારીરિક અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ગુરુકૃપાથી તેમણે તપ–સાધના અવિરત ચાલુ રાખી. સં. ૨૦૨૨માં પંન્યાસ તથા સં. ૨૦૨૯માં આચાર્ય પદ પર ગુરુકૃપાથી આરૂઢ થયા. બીજી વાર ૧૦૦મી ઓળીનું પારણું સં. ૨૦૩૪ ચૈત્ર વદિ ૧૦ના અમદાવાદમાં કર્યું.

મોહરાજાના સૈન્યનો નાશ કરવા ત્રીજી વાર પાયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખીને સં. ૨૦૫૫ના શાહીબાગ–અમદાવાદમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યાં સુધીમાં ૮૯ ઓળી પરિપૂર્ણ કરી ચૂક્યા હતા. કુલ લગભગ ૧૪૦૦૦થી અધિક આયંબિલ કરવા છતાં પ્રસિદ્ધિ તથા આડંબરથી દૂર રહેનારા, સરળ સ્વભાવી તપસ્વી–સમ્રાટ સૂરીશ્વરજીના ચરણોમાં અનંતશઃ વંદના.

### (૨) ભીષણ કલિકાલમાં પણ ધન્ના અણગારની યાદ અપાવનાર ઘોર તપસ્વીસમ્રાટ

## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.સા.

જેમની મહાન તપશ્ચર્યાનું વર્ણન વાંચતાં રૂંવાડા ખડા થઈ જાય અને મસ્તક અહોભાવથી ઝૂકી જાય તેવા ઉપરોક્ત મહાપુરુષે ૨૭ વર્ષની ભર યુવાવસ્થામાં હર્યાભર્યા સંસારનો પરિત્યાગ કરીને કર્મસાહિત્યનિષ્ણાંત પ.પૂ.આ.ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં સંયમ સ્વીકારીને કર્મક્ષય માટે ઘોર સાધનાનો યજ્ઞ માંડ્યો. વિહાર હોય તો આયંબિલ અને સ્થિરતા હોય તો ઉપવાસ! વડીલોનો વિનય–વૈયાવચ્ચ, ભક્તિ અને આજ્ઞાપાલન દ્વારા વિશિષ્ટ ગુરુકૃપા પ્રાપ્ત કરી તપશ્ચર્યાની સાથે સાથે સંયમયોગોનું સુવિશુદ્ધ પાલન, નિર્દોષ ગોચરીનો ખપ અને વિશિષ્ટ સ્વાધ્યાયપ્રેમ તથા જાપ આ તેમના જીવનના અંગ બની ગયા. ૯૫ વર્ષની વય સુધીમાં દિવસે પ્રાયઃ કદી સૂતા નહીં. મોટી ઉંમરમાં ૨૦–૨૨ કિ.મી.ના વિહારોમાં પણ ડોળીનો ઉપયોગ કર્યો નહીં. એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ કદી કર્યું નહીં. ૮૫ વર્ષની ઉંમર સુધીમાં ચડતા–ઉતરતા ક્રમે તીર્થંકર વર્ધમાન તપ, ૨૦ સ્થાનક તપ, ૨ વર્ષીતપ, શ્રેણિ તપ......ઈત્યાદિ દ્વારા પૂજ્યશ્રીએ કરેલ ૩૦૦૫ ઉપવાસનું કોષ્ટક નીચે મુજબ છે.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉપવાસ | ૩૦ | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | ૧૯ | ૧૮ | ૧૭ | ૧૬ | ૧૫ | ૧૪ | ૧૩ |
| કેટલીવાર | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨૦ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |
| ઉપવાસ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ | |
| કેટલી વાર | ૨ | ૨ | ૨ | ૨ | ૩ | ૮ | ૩ | ૫ | ૫૬ | ૫૨ | ૨૦૪ | ૧૩૩૪ | |

★ ૨૦ સ્થાનક તપમાં પ્રથમ અરિહંત પદની આરાધના સળંગ ૨૦–૨૦ ઉપવાસ ૨૦ વખત કરીને છેલ્લા ૨૦ ઉપવાસ પછી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની પદયાત્રા કરીને આયંબિલથી પારણું કરેલ.

★ 'નમો સિદ્ધાણં' પદમાં ૫ અક્ષરો હોવાથી ૫ અટ્ઠાઈઓ દ્વારા બીજા પદની આરાધના કરી!–

★ વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ ઓળી કરી. તેમાં ૫૪ મી ઓળીમાં રોજ સિદ્ધગિરિજીની ૨ યાત્રા કરવા દ્વારા ૧૦૮ યાત્રા કરી. ★ ૫૮મી ઓળીમાં ૭ છટ્ઠ તથા ૨ અટ્ઠમ સહિત ૧૨૦ યાત્રાઓ કરી. ★ ૫૯–૬૦–૬૧–૬૪મી ઓળીઓ છટ્ઠના પારણે આયંબિલથી કરી. ★ ૬૧ મી ઓળીમાં ૭ છટ્ઠ, ૨ અટ્ઠમ અને વચ્ચે ૯ આયંબિલ સહિત ૨૯ દિવસમાં ગિરનારજી મહાતીર્થની ૯૯ યાત્રા કરી અને ઓળીના અંતે અટ્ઠાઈ તપ સાથે જામકંડોરણાથી જૂનાગઢના છ'રીપાલક સંઘમાં પદયાત્રા કરી! ★ ૬૫મી ઓળી એકાંતરા ઉપવાસ–આયંબિલથી કરી! ★ ૬૬મી ઓળીમાં કેટલીક છટ્ઠ તથા બાકીના એકાંતરા ઉપવાસ–આયંબિલ કર્યા. ★ ૭૭મી ઓળીમાં સિદ્ધગિરિની ૧૦૮ યાત્રાઓ કરી. ★ ૧૦૦ થી ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮ ઓળીઓ દ્વારા સળંગ ૧૦૦૮ આયંબિલ ઉપર શંખેશ્વરજી મહાતીર્થમાં અટ્ઠમ કરીને પારણું કર્યા વિના ૧૭૫૧ આયંબિલ કર્યા. પછી સંઘના અગ્રણીઓના અતિ આગ્રહથી ૧ ઉપવાસ કરીને ઈક્ષુરસથી પારણું કર્યું, પરંતુ ૯૨ દિવસ સુધી ૬ વિગઈઓના ત્યાગપૂર્વક એકાસણાં કરીને પુનઃ ૨૦૪૪ થી આયંબિલ ચાલુ કર્યા જે ત્યાર પછી પ્રાયઃ ૧૩ વર્ષ સુધી આજીવન ચાલુ રહ્યા. ૭૨ વર્ષની ઉંમર સુધી દર વર્ષે ૨ વાર નવપદજી આયંબિલ ઓળીની વિધિપૂર્વક આરાધના કરી. આમ પૂજ્યશ્રીએ ૧૦ હજારથી અધિક આયંબિલ તથા ૩ હજારથી અધિક ઉપવાસની તપશ્ચર્યા ખૂબ જ અપ્રમત્ત આરાધનાપૂર્વક પૂર્ણ કરેલ. પૂજ્યશ્રીની પ્રેરણાથી ગિરનારજી ઉપર શેષાવન (સહસ્રામ્રવન)માં જ્યાં આબાલ-બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનનાં ૩ કલ્યાણક થયાં છે ત્યાં સમવસરણ મંદિરનું નિર્માણ થયેલ છે.

પૂજ્યશ્રીના વડીલબંધુએ પણ તેમનાથી પૂર્વે દીક્ષા લીધેલ. તેઓ પૂ.આ. શ્રી જિતમૃગાંકસૂરીશ્વરજી મ.સા.ના નામે પ્રસિદ્ધ થયા. તેમના જીવન રૂપી બાગમાં પણ તપ, ત્યાગ, તિતિક્ષા, ગુરુ-સમર્પણ, વાત્સલ્યભાવ, ગંભીરતા, નિઃસ્પૃહતા, ક્રિયારુચિ, નિરભિમાનિતા, સમતા, સૌજન્ય આદિ અનેકાનેક સદ્‌ગુણોરૂપી ગુલાબ મહેકતાં હતાં.

તપસ્વી સમ્રાટ પૂજ્યશ્રીએ પોતાના સંસારી સુપુત્રને પણ ૭॥ વર્ષની વયે સંયમ પ્રદાન કરેલ, જેઓ આગળ જતાં પૂ.આ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મ.સા. તરીકે પ્રસિદ્ધ થયા. તેમણે પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ૧ મહિનામાં આયંબિલ સહિત સિદ્ધગિરિજીની ૯૯ યાત્રા (૨) એકાસણાંથી ૯૯ યાત્રા અને (૩) ૪ વાર ગિરનારજી મહાતીર્થની ૯૯ યાત્રા (૪) ૨ વાર ચોવિહાર છઠ્ઠ સાથે સિદ્ધાચલજી મહાતીર્થની ૭-૭ યાત્રાઓ વગેરે વિશિષ્ટ આરાધનાઓ કરેલ.

આવા મહાન તપસ્વી પૂજ્યોની અજોડ તપશ્ચર્યાનું વર્ણન વાંચીને આપણે પણ યથાશક્તિ તપ, ત્યાગ આદિના શુભ સંકલ્પ કરવા દ્વારા પૂજ્યશ્રીના જીવનની સાચી અનુમોદના દ્વારા પુણ્યશાળી બનીએ એ જ એકમેવ શુભાભિલાષા.

*(3) મહા તપસ્વીરત્ન*

## પ.પૂ. આ. ભ. શ્રી વિજય કુમુદચંદ્રસૂરીશ્વરજી મ.સા.

૪૩ વર્ષની વયે સજોડે સંયમ સ્વીકારીને પ્રાકૃત વિશારદ પ.પૂ.આ. ભ. શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.નું શિષ્યત્વ સ્વીકારી ૫૧ વર્ષનો સંયમપર્યાય પાળી ૯૪ વર્ષની વયે સં. ૨૦૪૮માં કાળધર્મ પામેલા મહાતપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રીએ પોતાના જીવનમાં કરેલી તપ-જપની આરાધના ખરેખર, આશ્ચર્ય ઉપજાવે તેવી છે. આ રહી તેમની વિશિષ્ટ આરાધનાની અનુમોદનીય રૂપરેખા.

(૧) શ્રી નવકાર મહામંત્રના સળંગ ૬૮ ઉપવાસ, પારણામાં ૧૧ આયંબિલ, (૨) ૪૫ આગમના ૪૫ ઉપવાસ, (૩) માસક્ષમણ, (૪) ૨૦ વાર સિદ્ધિતપ. તેમાં પણ ૧૮ વાર પ્રત્યેક પારણામાં આયંબિલપૂર્વક સિદ્ધિતપ કરેલ. (૫) શ્રેણિ તપ, (૬) ચત્તારિ-અટ્ઠ-દશ-દોય તપ, (૭) ૯૬ જિન આરાધનાના ૯૬ ઉપવાસ, (૮) સહસ્રકૂટના ૧૦૨૪ ઉપવાસ, (૯) ૪-૫-૬-૭-૮-૧૦-૧૫-૧૬ ઉપવાસ અનેકવાર કર્યા. (૧૦) વર્ષમાં ૬ અઠ્ઠાઈઓ દરમ્યાન ૮-૯ ઉપવાસ, (૧૧) પારણામાં પાંચ જ દ્રવ્યના અભિગ્રહપૂર્વક ૨ વર્ષીતપ-ઈત્યાદિ (૧૨) ૭૦ વર્ષોથી એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ નહીં. (૧૩) વર્ધમાન તપની ૧૦૦ + ૭૩ ઓળી. (૧૪) નવપદજીની ૧૩૧ ઓળી. (૧૫) ૨ વાર સળંગ ૫૦૦ આયંબિલ. (૧૬) વર્ધમાન તપની ૮૬ + ૮૭ મી ઓળી ઉપર સિદ્ધિતપ. (૧૭) વર્ધમાન તપની ૯૧મી ઓળી ઉપર માસક્ષમણ. (૧૮) ૧૦૦મી ઓળીમાં છેલ્લે ૧૬ ઉપવાસ. (૧૯) ૨૦ વર્ષ સુધી ગુરુનિશ્રામાં રહીને દરેક ચાતુર્માસમા પ્રવેશથી માંડીને વિહાર પર્યંત આયંબિલના અભિગ્રહ. (૨૦) સંપૂર્ણ ૪૫ આગમોના આયંબિલપૂર્વક યોગોદ્વહન. (૨૧) કરોડોની સંખ્યામાં શ્રી નવકાર મહામંત્રનો જાપ. (૨૨) લાખોની સંખ્યામાં શ્રી વર્ધમાનવિદ્યાનો જાપ. (૨૩) સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની ૮૪ આયંબિલપૂર્વક સાધના બાદ લાખોની સંખ્યામાં સૂરિમંત્રનો જાપ. (૨૪) મુનિજીવનમાં શ્રી સિદ્ધગિરિજીની ૯ વાર ૯૯ યાત્રાઓ સહિત કુલ ૧૮૦૦ યાત્રાઓ. (૨૫) ૧૦ વાર ચોવિહાર છઠ્ઠ પૂર્વક ૭-૭ યાત્રાઓ. (૨૬) ૩૩ દિવસમાં શ્રી ગિરનારજી મહાતીર્થની ૧૦૮ યાત્રાઓ તથા અઠ્ઠમ કરીને ૧૧ યાત્રાઓ. (૨૭) ગૃહસ્થ જીવનમાં અલ્પાયુષવાળા ૧ સંતાનની પ્રાપ્તિ બાદ ૩૦ વર્ષની વયે સજોડે બ્રહ્મચર્ય અંગીકાર કરેલાં. આવા મહાતપસ્વીરત્ન સૂરીશ્વરજીની ભૂરિશઃ અનુમોદના સહ અનંતશઃ વંદના.

*(૪) ૩૫૦થી અધિક વાર ચોવિહાર છઠ્ઠ સાથે સિદ્ધગિરિજીની ૭-૭ યાત્રાઓ કરનાર*

## ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.

ગૃહસ્થ અવસ્થામાં ક્ષયરોગ (ટી.બી.)ના કારણે બચવાની શક્યતા ન હતી ત્યારે અંતિમ શ્વાસ છોડવા માટે તેઓશ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં પધાર્યા અને ચોવિહાર છઠ્ઠ સાથે ૭ યાત્રાઓ કરતાં જોતજોતાંમાં ડૉકટરો દ્વારા અસાધ્ય તરીકે ઘોષિત થયેલ ટી.બી. અદશ્ય થઈ જતાં તેમણે સંયમ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો અને ટૂંક સમયમાં સંયમનો સ્વીકાર કર્યો. પોતાને નવજીવન આપનાર સિદ્ધગિરિજીની ચોવિહાર છઠ્ઠ સાથે ૭-૭ યાત્રાઓ તેમણે વારંવાર ઉત્કૃષ્ટ ભાવથી ચાલુ રાખી. પરિણામે આજે ૩૫૦થી અધિકવાર તેઓશ્રીએ ચોવિહાર છઠ્ઠ કરી ૭-૭ યાત્રાઓ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. છતાં પ્રસિદ્ધિની ખેવનાથી પર રહીને, ગચ્છાધિપતિ પદે બિરાજમાન હોવા છતાં ફક્ત વ્યાખ્યાન કે ચોમાસામાં રાત્રે સૂવા પૂરતો જ પાટનો ઉપયોગ કરીને બાકીના સમયમાં નીચે જ બેસે છે. સ્વભાવે અત્યંત સરલ છે. પૂજ્યશ્રીની નિશ્રામાં જાખોડા (રાજસ્થાન) તીર્થથી સમેતશિખરજી મહાતીર્થનો છ'રીપાલક મહાન યાત્રાસંઘ સં. ૨૦૫૪માં નીકળેલ. સિદ્ધાચલ શણગાર ટૂંક તથા ઘેટી પગલાં પાછળ આદપર ગામ પાસે વિશાલકાય આદિનાથ ભગવંતની અંજન-પ્રતિષ્ઠા પણ પૂજ્યશ્રીના વરદ હસ્તે થયેલ છે. હાલ તેઓશ્રીના શુભાશીર્વાદથી પાલિતાણાથી ૪-૫ કિ.મી. દૂર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્કૃષ્ટ કાળે અઢી દ્વીપમાં વિચરતા ૧૭૦ તીર્થંકરોનાં ૧૭૦ જિનાલય તીર્થનું નિર્માણ ચાલુ છે. પૂજ્યશ્રીના ગુરુદેવનું નામ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ. શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના 'ખાખી મહાત્મા' તરીકે પ્રસિદ્ધ થયેલ પ.પૂ.આ.ભ. શ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મ.સા. હતું. પૂજ્યશ્રી પાલિતાણામાં 'લુણાવા મંગલ ભુવન' ધર્મશાળામાં બહુધા બિરાજમાન હોય છે. ખરેખર એકવાર તો આવા જંગમતીર્થ સમાન મહાત્માના દર્શન-વંદન અચૂક કરવા યોગ્ય છે.

### *(૫) અધ્યાત્મયોગી, પ્રભુભક્તિપરાયણ,*

## પ.પૂ.આ.ભ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.

પોતાનાં સંસારી ધર્મપત્ની અને બંને સુપુત્રો સાથે વાગડ સમુદાયમાં સંયમ અંગીકાર કરીને, અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ની નિશ્રામાં રાજસ્થાનમાં કેટલોક સમય વિતાવીને ઉપરોક્ત પૂજ્યશ્રીએ વિશિષ્ટ કોટિની પ્રભુભક્તિ તથા ધ્યાનયોગમાં ખૂબ જ અનુમોદનીય પ્રગતિ સાધી હતી. ત્રિકાળ દેવવંદન વખતે પ્રભુભક્તિમાં તલ્લીન બનેલા પૂજ્યશ્રીનાં દર્શન કરનાર વ્યક્તિને પણ પ્રભુભક્તિનો રંગ લાગ્યા વગર રહેતો નહીં. ક્યારેક તો પર્વતિથિએ ઉપવાસ કરીને આખો દિવસ જિનાલયમાં પ્રભુભક્તિમાં તલ્લીન બની જતા. રાત્રે પણ માત્ર ૨-૩ કલાક અલ્પ આરામ કરીને કલાકો સુધી કાયોત્સર્ગ-ધ્યાનમાં નિમગ્ન બની જતા. આવી ઉત્કૃષ્ટ પ્રભુભક્તિ અને ધ્યાનયોગજન્ય પુણ્ય પ્રભાવે તેઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠાદિના પ્રસંગોમાં અનેકવાર જિનાલયમાં અમીઝરણાં થતાં તો ક્યારેક પૂજ્યશ્રી પસાર થાય ત્યાં કેસરનાં પગલાં થઈ જતાં, છતાં તેઓશ્રી સહજપણે થઈ જતી આવી ચમત્કારિક ઘટનાઓને ખાસ મહત્ત્વ ન આપતાં પોતાના કર્તવ્યમાં લીન રહેતા. વ્યાખ્યાનાદિના સમયમાં જ્યારે ઉપરોક્ત પૂ. પંન્યાસજી મ.સા. સાથે પાટ પર બેસવાનો પ્રસંગ આવે ત્યારે તેઓશ્રી રત્નાધિક તથા પરમોપકારી એવા પંન્યાસજી મ.સા.ને વચ્ચે બેસાડતા અને પોતે આચાર્ય હોવા છતાં તેમની બાજુમાં બેસતા. કેવી અનુમોદનીય વિનમ્ર-લઘુતા કૃતજ્ઞતા!..... તેઓશ્રીના અનેકવિધ સદ્‌ગુણો તથા તેઓશ્રીની પાવન નિશ્રામાં થયેલાં અનેકવિધ શાસનપ્રભાવક સત્કાર્યોનું વર્ણન જાણવા માટે તો તાજેતરમાં તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યો દ્વારા સંપાદિત થયેલ સ્મૃતિગ્રંથ ભાગ ૧-૨ નું અવગાહન કરવું રહ્યું. આવી વિશિષ્ટ પ્રભુભક્તિ તથા ધ્યાનદશા સહુમાં પ્રગટે તેવી શુભ ભાવના સાથે પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદના.

### *(૬) સળંગ ૩૩ કલાક સુધી ઉભા ઉભા કાયોત્સર્ગ ધ્યાનમાં લીન રહેનાર વિદ્વદ્વર્ય આત્મજ્ઞાની*

## પૂ.આ. શ્રી વિદ્યાસાગરજી મ.સા.

(સાંપ્રદાયિક પૂર્વગ્રહથી મુક્ત થઈને ગુણગ્રાહી દૃષ્ટિથી પ્રમોદ ભાવનાપૂર્વક આ દૃષ્ટાંત વાંચવા વિનંતિ).

૨૨ વર્ષની ભર યુવાવસ્થામાં સં. ૨૦૨૫માં દિગંબર મુનિ દીક્ષા સ્વીકારીને અપ્રમત્તપણે જ્ઞાન-ધ્યાનની સાધના તથા વિનય-વૈયાવચ્ચ આદિ સદ્‌ગુણોની યોગ્યતાને લીધે ગુરુ દ્વારા માત્ર ૪ વર્ષના દીક્ષાપર્યાયમાં (૨૬ વર્ષની વયે) આચાર્ય પદ પર આરૂઢ થનાર આ મહાત્માની સાધનાની વાતો વર્તમાનમાં આશ્ચર્યચકિત કરે તેવી છે. રોજ ૩ ટાઈમ ૨-૨॥ કલાક (કુલ ૬-૭ કલાક) સુધી ધ્યાનમુદ્રામાં સ્થિર થઈને આત્માનુભૂતિ માટે સાધના કરતા આ મહાત્મા ક્યારેક નિર્જન ગુફા વગેરેમાં કલાકો સુધી ઉભા ઉભા ધ્યાનમાં લીન રહે છે. એકવાર ચાતુર્માસ દરમ્યાન સળંગ ૩૩ કલાક સુધી ઉભા ઉભા ધ્યાનમગ્ન રહ્યા હતા!......આટલા દીર્ઘ સમય સુધી ભૂખ-તરસ-થાક-નિદ્રા-લઘુશંકા-વડીનીતિ આદિ શારીરિક બાધાઓ પર કેવો અદ્‌ભુત વિજય પ્રાપ્ત કર્યો હશે!........તેમણે દીક્ષાથી માંડીને યાવજ્જીવ સુધી મીઠું, મરચું, તેલ તથા ખાંડનો ત્યાગ કરેલ છે! કેટલાય વર્ષોથી તમામ ફળોનો પણ ત્યાગ કરેલ છે.

કાયમ ઠામ ચોવિહાર એકાસણા ઉપરાંત વર્ષમાં ૪૦-૫૦ ઉપવાસ પણ કરે છે. આવા તપ-ત્યાગ તથા જ્ઞાન-ધ્યાનના પ્રતાપે સમયસાર ગ્રંથની અનુપ્રેક્ષા તથા નિદિધ્યાસન કરતાં કરતાં તેમને આત્મસ્વરૂપનો વિશિષ્ટ અનુભવ થયેલ છે. આવા સ્વાનુભૂતિ સંપન્ન પ્રખર આત્મસાધક હોવાની સાથે સાથે તેઓશ્રી વિશિષ્ટ કક્ષાના સાહિત્યકાર તથા શીઘ્ર કવિ પણ છે. તેમની અનેક રચનાઓ પૈકી 'મૂક માટી' નામના આધ્યાત્મિક મહાકાવ્યે ખૂબ જ પ્રશંસા પ્રાપ્ત કરી છે. સંસ્કૃત તથા હિન્દીમાં ૭ શતક, ૫ કાવ્યસંગ્રહો, ૨૨ પ્રવચનસંગ્રહો, અંગ્રેજી તથા બંગાળી ભાષામાં પણ કાવ્ય રચનાઓ વગેરે તેમનું સાહિત્ય ખૂબ જ લોકપ્રિય બન્યું છે. આટલી સાહિત્ય-રચના તથા નિયમિતપણે શિષ્યો અને મુમુક્ષુઓને શાસ્ત્રવાચના આપવા છતાં રોજ ૬-૭ કલાક ધ્યાન સાધનાને તેઓ ક્યારેય પણ ગૌણ થવા દેતા નથી. અનેક વિદ્વાનોના પત્ર પણ તેમના નામે આવે છે પરંતુ તેઓ કદી પણ પત્ર ખોલતા કે વાંચતા નથી. તેઓશ્રીના એક શિષ્ય આ જવાબદારી સંભાળે છે. તેમના જીવનમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચય અને વ્યવહારનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. તેમનાં માતા-પિતા, બે ભાઈઓ તથા બે બહેનોએ પણ દીક્ષા લીધી છે, પરંતુ તેઓશ્રી તેમના પ્રત્યે પણ મમત્વભાવ રાખતા નથી. તેમના એક નાના ભાઈ તેમના જેવા જ પ્રખર આત્મસાધક છે. મોટા ભાગે મધ્યપ્રદેશ તથા રાજસ્થાનમાં વિચરે છે. સં. ૨૦૫૩માં ગુજરાતમાં સુરત પાસે મહુવા ગામે ચાતુર્માસ કરેલ ત્યારે ચાતુર્માસ બાદ પાલિતાણા તથા ગિરનાર તીર્થની યાત્રા પણ કરેલ. પૂજ્યશ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવીને આપણે સહુ નિશ્ચય-વ્યવહારનું સંતુલન જાળવીએ એ જ શુભાભિલાષા.

***(૭) સિદ્ધગિરિ આદિના પ્રત્યેક જિનાલયમાં પ્રત્યેક પ્રભુજીને ૩-૩ ખમાસમણ આપનાર પરમશાસન-પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ***

## પ.પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.

બાલદીક્ષા સંરક્ષણ, બોકડાની બલિપ્રથાનો સફળ પ્રતિકાર, નાસ્તિકવાદ નિરસન ઇત્યાદિ અનેક શાસનપ્રભાવક તથા શાસનરક્ષક સત્કાર્યો દ્વારા વ્યાખ્યાનવાચસ્પતિ તથા પરમશાસનપ્રભાવક તરીકે સુપ્રસિદ્ધ થયેલા ઉપરોક્ત મહાપુરુષની આ વાત તેમના સમુદાય સિવાય કદાચ બહુ થોડા-ઘણા જાણતા હશે કે તેઓશ્રીએ શત્રુંજય મહાતીર્થ પર બિરાજમાન લગભગ ૨૨૦૦૦ જેટલાં જિનબિંબો પૈકી દરેક પ્રભુજીને ૩-૩ ખમાસમણ આપીને વંદના કરી હતી. તેવી જ રીતે અમદાવાદ, ગુજરાત , રાજસ્થાન, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, કચ્છ વગેરેમાં જ્યાં જ્યાં તેઓશ્રી વિચર્યા ત્યાં ત્યાં પાષાણના દરેક જિનબિંબોને તેઓશ્રીએ ૩-૩ ખમાસમણ આપીને વંદના કરી છે!....... ૨ વાર શ્રી સિદ્ધગિરિજીની વિધિપૂર્વક ૯૯ યાત્રા કરી ત્યારે પણ ગિરિરાજ ઉપર ક્યારેય આહાર કે નીહાર કરેલ નથી. બનતાં સુધી ગિરિરાજ ઉપર પાણી પીવાનું પણ ટાળતા. ૯૫ વર્ષની જૈફ વયે ગિરિરાજની યાત્રા કરી ત્યારે પણ સવારના પ્રકાશ થયા પછી જ યાત્રાનો પ્રારંભ કર્યો. ૯ ટૂંકોનાં દર્શન તથા મુખ્ય જિનાલયોમાં ચૈત્યવંદન કરતાં કરતાં ૧૨ વાગે દાદાના દરબારમાં પહોંચ્યા. ત્યાં પ્રભુભક્તિમાં લીન બનીને સવા બે વાગે બહાર આવ્યા. પછી ઘેટી પાગે જઈને ત્યાં પ્રત્યેક મંદિરમાં ચૈત્યવંદનાદિ કરીને ૩ા વાગે નીચે જઈને પચ્ચક્ખાણ પાર્યું!.......પૂજ્યશ્રીની જિનભક્તિ તીર્થભક્તિ-શાસન ભક્તિની ભૂરિશઃ હાર્દિક અનુમોદના....

***(૮) મુંબઈથી સમેતશિખર તથા સમેતશિખરથી પાલિતાણાના છ'રી પાલક સંઘોના પ્રેરક યથાર્થનામી, શાસનસમ્રાટ, ભારતદિવાકર, તીર્થપ્રભાવક, તપોનિધિ કચ્છકેસરી અચલગચ્છાધિપતિ***

## પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

૧૩ વર્ષની વયે શીતળાના રોગથી મૂર્છિત થયેલા ગાંગજીભાઈને મૃત્યુ પામેલ જાણીને સ્મશાનયાત્રાની તૈયારી થવા લાગી! પરંતુ આ બાળકના હાથે ભવિષ્યમાં અનેકવિધ શાસનપ્રભાવક સત્કાર્યો થવાનાં હોવાથી પગના અંગૂઠાના સ્ફુરણ પરથી બાળકને જીવિત જાણી યોગ્ય ઉપચાર કરતાં ૬ મહિને બિમારીથી સર્વથા મુક્ત થયા બાદ વૈરાગ્યવાસિત બની તપ-ત્યાગ-સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ આદિ આરાધના કરવા-કરાવવા દ્વારા સંયમની તૈયારી કરી. દીક્ષાની અનુમતિ ન મળે ત્યાં સુધી એકાસણાનો અભિગ્રહ લીધો. માતુશ્રીને રસોઈમાં મદદ કરવા જતાં કળકળતું તેલ શરીર પર ઉછળતાં સખત રીતે દાઝી જવા છતાં એકાસણા ન જ છોડ્યા. આખરે ૩ વર્ષ બાદ સંયમની અનુમતિ મળવા છતાં એકાસણા આજીવન ચાલુ જ રાખ્યા. ગાંગજીભાઈમાંથી મુનિરાજ શ્રી ગુણસાગરજી બન્યા. કુશાગ્રબુદ્ધિથી ભણવાના અલ્પ સાધનો છતાં પાંચ વર્ષમાં ગુરુ-વૈયાવચ્ચ અને ગુરુકૃપા દ્વારા સંસ્કૃત આદિનો વિશિષ્ટ અભ્યાસ કર્યો. પરિણામે પાંચ વર્ષના દીક્ષાપર્યાયમાં સં. ૧૯૯૮માં ઉપાધ્યાયપદે આરૂઢ થયા. સંસ્કૃતમાં 'શ્રીપાળ-ચરિત્ર', 'ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર', 'સમરાદિત્ય કેવલી ચારિત્ર', 'દ્વાદશ પર્વકથા સંગ્રહ', 'સ્તુતિ ચોવીશી' આદિ રચનાઓ તથા ગુજરાતીમાં 'ભાવવાહી સ્તવન' ચોવીશી સહિત સેંકડો સ્તવનો, 'પૂજાઓ', 'ચોઢાળિયા', 'રાસ', વગેરેની રચના અનેકવિધ શાસનકાર્યોની જવાબદારી અદા કરતાં કરતાં પૂર્ણ કરી. એક જ ચાતુર્માસમાં ૨ ટાઈમ વ્યાખ્યાન, દાદા ગુરુદેવ શ્રી ગૌતમસાગર-સૂરીશ્વરજી મ.સા.ની દરેક પ્રકારની વૈયાવચ્ચ કરવા સાથે ૧૧ અંગસૂત્રોનું સ્વયમેવ વાંચન કર્યું!........ધાર્મિક દૃષ્ટિએ પછાત ગણાતા કચ્છી સમાજમાં જ્ઞાનની ચેતના જગાડવા માટે બાલક-બાલિકાઓ માટે બે વિદ્યાપીઠોની સ્થાપના કરી. દર વર્ષે બંને વેકેશનમાં બાલક-બાલિકાઓ માટે ૧૦ દિવસીય શિબિરો ચાલુ કરાવી. સં. ૨૦૧૨માં આચાર્ય પદારૂઢ થતી વખતે જાહેરાત કરી કે જો બધા આચાર્યો ભેગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈને શાસનની એકતા માટે સંમત થતા હશે તો હું મારી આચાર્ય પદવી છોડવા તથા ગચ્છની સામાચારીમાં ફેરફાર કરવા તૈયાર રહીશ!........ રોજ પંચ પરમેષ્ઠીને ૧૦૮ ખમાસમણ આપતા. છેલ્લા ૮ વર્ષ વર્ષીતપ કર્યાં. કચ્છમાં ૭૨ જિનાલય, સમેતશિખરમાં ૬ મહિનામાં ૨૦ જિનાલય આદિ અનેક જિનાલયો, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ છ'રી પાલક યાત્રા સંઘો, દીક્ષાઓ વગેરે દ્વારા અદ્‌ભુત શાસનપ્રભાવના કરી. બિહારના ગવર્નર કીડવાઈએ 'ભારતદિવાકર'નું બિરુદ તથા રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહજીએ 'રાષ્ટ્રસંત'નું બિરુદ આપ્યું. છતાં તેઓશ્રીમાં અત્યંત નિરભિમાનીતા, નિખાલસતા, સાદગી, સરલતા, શાસ્ત્ર ચુસ્તતા, શાસનદાઝ, વાત્સલ્ય, અપ્રમત્તતા, સમતા, ક્ષમા આદિ અગણિત ગુણો સાગરમાં રત્નોની જેમ સમાયેલા હતા. આવા યથાર્થનામી પૂજ્યશ્રીના ચરણોમાં અનંતશઃ વંદના.

*(૯) સળંગ ૩૮મા વર્ષીતપના આરાધક તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ*

## પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

ગત દૃષ્ટાંતમાં વર્ણવાયેલ યથાર્થનામી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના પ્રથમ પટ્ટાલંકાર ઉપરોક્ત પૂજ્યશ્રીએ વર્ષો સુધી ગુરુનિશ્રામાં રહી ગુરુસેવા દ્વારા અદ્‌ભુત ગુરુકૃપા પ્રાપ્ત કરી છે. પરિણામે આજે ૭૫ વર્ષની ઉંમરે તથા ૫૦મા વર્ષના સંયમપર્યાયમાં પણ અપ્રમત્તપણે અનેકવિધ શાસનપ્રભાવક કાર્યોમાં સહજતાએ નિશ્રા આપી રહ્યા છે. મિતભાષી હોવા છતાં તપશ્ચર્યાના પ્રચંડ પુણ્ય પ્રભાવે અનેક છ'રી પાલક યાત્રા સંઘો, ૯૯ યાત્રા સંઘો, ૧૫૦ જેટલી દીક્ષાઓ, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ વગેરે શાસન-પ્રભાવનાં કાર્યોની હારમાળાઓ તેઓશ્રીના વરદ્ હસ્તે સર્જાતી રહી છે. સં. ૨૦૬૩માં તેઓશ્રીના જન્મ હીરક વર્ષ તથા સંયમ સુવર્ણ વર્ષની અનુમોદનાર્થે ૧૫૦૦ યાત્રિકો તથા ૧૮૦ જેટલા સાધુ–સાધ્વીજી ભગવંતો સહિત પૂજ્યશ્રીનું ચાતુર્માસ પાલિતાણામાં કચ્છી ભવનમાં થયેલ છે. સં. ૨૦૬૫માં તેઓશ્રીના વરદ્ હસ્તે ભદ્રેશ્વર તીર્થની પુનઃ પ્રતિષ્ઠા પણ ભવ્ય રીતે થનાર છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી ભદ્રેશ્વર તીર્થમાં લાખો–કરોડો રૂા.નાં દાન દાનવીરો દ્વારા સંપ્રાપ્ત થયેલ છે. તપસ્વીસમ્રાટ, પ્રચંડ પુણ્યના સ્વામી પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદનાવલિ.

*(૧૦) ૩૬ વર્ષની વયે આચાર્યપદે આરૂઢ થઈને અનેકવિધ શાસનપ્રભાવના કરતા સાહિત્યદિવાકર*

## પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

ઉપરોક્ત કચ્છકેસરી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના દ્વિતીય પટ્ટાલંકાર સાહિત્ય–દિવાકર ઉપરોક્ત સૂરિજીએ પણ સતત અપ્રમત્તપણે પુરુષાર્થ દ્વારા અનેક શાસનપ્રભાવના સાથે અનેક અઠ્ઠમની તપશ્ચર્યા પૂર્ણ કરી. હાલ ૨૦૦ છઠ્ઠના લક્ષ્ય સાથે દર અઠવાડિયે છઠ્ઠ તપ કરતા રહે છે. લગભગ ૧૧૩ જેટલી છઠ્ઠ થઈ ચૂકી છે. આ ઉપરાંત વર્ષીતપપણ કરેલ છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી વિધિપક્ષ (અચલ) ગચ્છના પ્રણેતા પૂ. દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ દંતાણી તીર્થનો ઉદ્ધાર થયો. અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મ + દીક્ષાભૂમિ કચ્છ–દેઢિઆ ગામના પાદરમાં શ્રી ગુણપાર્શ્વનાથ તીર્થની સ્થાપના થયેલ છે. ત્યાં મીની સમેતશિખરની રચનાનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે. આ ઉપરાંત બાડમેર (રાજ.), હૈદ્રાબાદ, ડોંબીવલી, શંખેશ્વર વાશી–નવી મુંબઈ, બાડમેર, દેવલાલી, અલીબાગ વગેરે અનેક સ્થળોએ પૂજ્યશ્રીની પ્રેરણાથી વિશાળ ઉપાશ્રય જિનાલય, અંજન-પ્રતિષ્ઠાદિ આદિનાં નિર્માણ થયાં છે. સૂરિમંત્ર પંચ પ્રસ્થાનની તેઓશ્રીએ આરાધના કરેલ છે. પ્રાચીન અપ્રગટ સાહિત્ય–સંશોધન તથા અહિંસાનો પ્રચાર પૂજ્યશ્રીના પ્રિય વિષયો છે. પૂ. ગુરુદેવશ્રીના જીવનમાં રહેલ સમતા, ક્ષમા, વાત્સલ્ય, ગંભીરતા આદિ અનેક સદ્‌ગુણોને તેઓશ્રીએ સારી રીતે આત્મસાત્ કરેલ છે. પૂજ્યશ્રીના હસ્તે હજી પણ અનેકવિધ શાસનપ્રભાવના થતી રહે તેવી હાર્દિક શુભેચ્છા.

*(૧૧) ૧૦૮થી અધિક ઓળી કરનાર વર્ધમાન તપોનિધિ, યુવા-શિબિરોના આદ્યપ્રણેતા ન્યાયવિશારદ ગચ્છાધિપતિ*

## પ.પૂ. આ.ભ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના પ્રેરક જીવનપ્રસંગો.

★ પૂજ્યશ્રીને જાપની તૈયારી કરતા જોઈ એક મુનિવરે સ્વાધ્યાયનો ઘોષ એકદમ ધીમો કરતાં પૂજ્યશ્રીએ ટકોર કરી—અરે ભાઈ! સાધુના ઉપાશ્રયમાં તો સ્વાધ્યાયનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોષ સદા ગુંજતો જ રહેવો જોઈએ. તેનાથી મારા જાપમાં એકાગ્રતાનો જરાપણ ભંગ થતો નથી; પરંતુ જો તમે વાતો કરો તો જ એકાગ્રતાનો ભંગ થાય છે."

★ ઉનાળાના દિવસોમાં સાંજે વિહાર કરી માતર તીર્થે પહોંચતાં શિષ્યે કહ્યું—"ગુરુદેવ! પહેલાં પાણી પી લો. પછી જિનાલયમાં પધારો" તરત પૂજ્યશ્રીએ કહ્યું—"ગામમાં પ્રવેશ કર્યા પછી જ્યાં-સુધી પ્રભુદર્શન ન થાય ત્યાં સુધી પાણી કેમ પીવાય?".....પૂજ્યશ્રી પ્રભુભક્તિમાં એટલા લીન બની ગયા કે સૂર્યાસ્ત સમયે દેરાસરમાંથી બહાર પધાર્યા ત્યારે ચોવિહારનું પચ્ચક્ખાણ લઈને જ પધાર્યા!.......

★ શિષ્યે પૂજ્યશ્રીની તરપણી ઉપરની ટોક્સી નમૂના રૂપે બતાવવા શ્રાવકને આગલા દિવસે આપી હતી. બીજે દિવસે સવારના પૂજ્યશ્રીને ખ્યાલ આવતાં જ ટોક્સીનું પડિલેહણ ૧ ટંક રહી જવા બદલ, જેઠ મહિનામાં ૧૪ કિ.મી.નો વિહાર થયો હોવા છતાં, પ્રાયશ્ચિત્તરૂપે ચોવિહાર ઉપવાસ કર્યો!

★ પૂજ્યશ્રીનાં ચશ્મા તૂટી જતાં, જેની ચશ્માની ૬ દુકાનો હતી એવા ગુરુભક્ત શ્રાવકે ગોલ્ડન ફ્રેમવાળી સારામાં સારા ચશ્માનો પોતાને લાભ આપવા માટે આગ્રહભરી વિનંતી કરતાં પૂજ્યશ્રીએ દૃઢતાથી કહ્યું—"તમારે ભક્તિ કરવી છે કે મારી કમબખ્તી? સાધુજીવનમાં સાદગી જ હોવી જોઈએ. મારે ગચ્છ સંભાળવો છે–ઘર નહીં".....આખરે પૂજ્યશ્રીએ સાદામાં સાદી ફ્રેમનો જ સ્વીકાર કર્યો! ઈત્યાદિ અનેક પ્રેરક પ્રસંગો પૂજ્યશ્રીના સ્મૃતિગ્રંથમાંથી વાંચવા સુજ્ઞ વાંચકોને ખાસ ભલામણ છે.

## (૧૨) ગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.ની

### અનુકરણીય ક્રિયાનિષ્ઠતા તથા વાત્સલ્ય

મહાન શાસનપ્રભાવક ઉપરોક્ત પૂજ્યશ્રીના જીવનમાં રહેલી ક્રિયાનિષ્ઠતા, સમયની નિયમિતતા અને વાત્સલ્યભાવ ખરેખર અનુમોદનીય તથા અનુકરણીય છે. પૂજ્યશ્રીનાં દર્શન–વંદન કરવા તથા ધર્મનાં અનેક કાર્યો અંગે માર્ગદર્શન લેવા માટે રોજ સેંકડો ભક્ત શ્રાવકો આવતા હોય છે, છતાં પણ સાંજે સૂર્યાસ્ત સમયે પ્રતિક્રમણમાં તેમનું શ્રમણસૂત્ર અચૂક ચાલુ હોય છે. કોઈપણ પરિસ્થિતિમાં તેઓ આમાં ફેરફાર થવા દેતા નથી.

પૂજ્યશ્રી રાત્રે ૨ થી ૫ સુધી જાપ–ધ્યાનની સાધના વર્ષોથી નિયમિતપણે કરતા આવ્યા છે. પરિણામે દૈવી તત્ત્વોનું સાંનિધ્ય પણ તેમણે સારું સંપાદન કર્યું છે. ગોચરીની માંડલીમાં પણ બધા શિષ્ય–પ્રશિષ્યાદિને વાત્સલ્યભાવે ગોચરી પોતાના હાથે વહેંચીને પછી જ પોતે વાપરે છે. આવા અનેક ગુણો સંપન્ન, વિજાપુરમાં શ્રી સ્ફુલ્લિંગ પાર્શ્વનાથ તીર્થના પ્રેરક પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદના. પૂજ્યશ્રી તાજેતરમાં કાળધર્મ પામ્યા છે.

## (૧૩) પ.પૂ. આ.ભ. શ્રી વિજય રુચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની વંદનીય ક્રિયારુચિતા

પૂજ્યશ્રીના વરદ્ હસ્તે એક કુમારિકાની દીક્ષા થઈ હતી. હવે એ નવદીક્ષિત સાધ્વીજીને વડી દીક્ષા માટે યોગોદ્વહન કરાવવાના હતા, પરંતુ એ વર્ષે ચૈત્ર મહિનામાં ૩ દિવસ સુધી સચિત્ત–અચિત્ત રજ ઉડ્ડાવણીનો કાઉસ્સગ્ગ કરવાનું છદ્મસ્થદશાવશાત્ શરતચૂકથી રહી ગયું હતું, જેથી પૂજ્યશ્રીએ નિખાલસતાથી સ્વયમેવ કહી દીધું કે–"મારો આ કાઉસ્સગ્ગ કરવાનો રહી ગયો હોવાથી શાસ્ત્ર–મર્યાદાનુસાર યોગોદ્વહન તથા વડી દીક્ષા હું નહીં કરાવી શકું, પરંતુ થોડા દિવસ પછી બીજા આચાર્યશ્રી પધારશે તેઓ કરાવશે."

પૂજ્યશ્રીની આ કેટલી નિખાલસતા તથા શાસ્ત્રમર્યાદાનું બહુમાન!!! પ.પૂ.આ.ભ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પૂજ્યશ્રી તાજેતરમાં કાળધર્મ પામ્યા છે.ગ

### *(૧૪) પ્રથમ રાખ વહોરાવાય તો જ પારણું કરવાનો ગુપ્ત અભિગ્રહ લેનાર મહા તપસ્વીરત્ન*

## પ.પૂ. આ.ભ. શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા.

૧૦૮ અટ્ઠમ તથા વર્ધમાન તપની ૧૦૦ + ૬૦થી અધિક ઓળી કરનાર ઉપરોક્ત પૂજ્યશ્રીએ અટ્ઠમના પારણે મનમાં ઉપર મુજબનો અભિગ્રહ લીધો. ઘણાં ઘરોમાં ગોચરી માટે ગયા પરંતુ પ્રથમ રાખ કોણ વહોરાવે!.....આખરે સાંજે પોતાની સંસારી માસીના ઘરે ગયા. તેમણે પણ વહોરાવવા માટે અનેક વસ્તુઓનાં નામ લીધાં, પરંતુ પૂજ્યશ્રીએ મસ્તક હલાવી 'ના' જ પાડતાં આખરે માસીથી રહેવાયું નહીં. તેમણે કહ્યું કે–"મ.સા. આપને આમાંથી કાંઈપણ ન ખપે તો શું હવે આપને રાખ વહોરાવું?" મહાત્માએ મસ્તક હલાવી સંમતિ આપતાં છેવટે રાખ વહોરાવાઈ. ત્યારબાદ જ અન્ય વસ્તુઓ વહોરીને પારણું કર્યું!......

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા તો અનેક અભિગ્રહો પૂજ્યશ્રી અનેકવાર લેતા રહે છે. ૮૯મી ઓળી મીઠા વગરના ફક્ત મગથી ઠામ ચોવિહાર અવડ્ઢ આયંબિલ દ્વારા પૂર્ણ કરી!

ઓળી સિવાયના દિવસોમાં પણ દર મહિને ઓછામાં ઓછા ૨ ઉપવાસ, ૫ આયંબિલ તથા બાકીના દિવસોમાં એકાસણું હોય જ.

આ મહાત્મા સવારથી માંડીને પુરિમડ્ઢ સુધી નવકાર તથા સૂરિમંત્રનો જાપ મૌનપૂર્વક કરતા રહે છે. પુરિમડ્ઢ સુધી જાપ પૂર્ણ કર્યા પછી જ પચ્ચક્ખાણ પારે છે. સાંજે હંમેશાં સૂર્યાસ્તથી ૪૮ મિનિટ પહેલાં પાણહારનું પચ્ચક્ખાણ લઈ લે છે. ત્રિકાલ દેવવંદન તથા બિમારીમાં પણ બંને ટાઈમ ઉભા ઉભા અપ્રમત્તપણે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ઉલ્લાસપૂર્વક કરે છે. માલવભૂષણ પૂજ્યશ્રીએ ૧૧ વર્ષની વયે સંયમગ્રહણ કરેલ છે. પૂજ્યશ્રીની નિશ્રામાં કરોડ નવકાર જાપ આદિનાં અનેક સુંદર આયોજનો થતાં રહે છે. પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદના.

### *(૧૫) સળંગ ચોવિહારા ૪૦ વર્ષીતપ કરનારા મહા તપસ્વીરત્ન*

## પૂ.આ.ભ. શ્રી વિજય વસંતસૂરીશ્વરજી મ.

મહાન શાસનપ્રભાવક પ.પૂ. આ.ભ. શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના ઉપરોક્ત પૂજ્યશ્રી છેલ્લાં ૪૦ વર્ષોથી સળંગ ચોવિહારા ઉપવાસથી વર્ષીતપની મહાન તપશ્ચર્યા કરી રહ્યા છે. તેમાં પણ ૧૦ વર્ષીતપ ચોવિહાર છઠ્ઠ દ્વારા કર્યા. ૧ વર્ષીતપ ચોવિહાર છઠ્ઠના પારણે આયંબિલથી કર્યું અને એક વર્ષીતપ ચોવિહાર અઠ્ઠમના પારણે અઠ્ઠમથી કર્યું છે. ૯ વર્ષની બાલ્યવયમાં દીક્ષિત થયેલા આ મહાત્માએ ૨૮ વર્ષની ઉંમરથી સળંગ વર્ષીતપનો પ્રારંભ કર્યો છે. તેઓ અનેકવાર હસ્તિનાપુરમાં ધ્યાન શિબિરો ચલાવે છે. મહા તપસ્વી સૂરિજીના ચરણોમાં ભાવભરી વંદના.

### *(૧૬) ૧૦ વર્ષની અથાગ મહેનતથી દ્વાદશાર નયચક્ર ગ્રંથરત્નનું સંપાદન કરનારા આગમપ્રજ્ઞ, પ્રભુભક્ત*

## પ.પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા.

જેમાં ૧૨ પ્રકારના ભારતીય દાર્શનિક મતો સાથે સ્યાદ્વાદદર્શનની સુંદર સમીક્ષા કરવામાં આવી છે એવા શ્રી મલ્લવાદીજી દ્વારા વિરચિત ઉપરોક્ત કઠિનતમ ગ્રંથરત્નના સંશોધન–સંપાદન–પ્રકાશન માટે પૂજ્યશ્રીએ તિબેટ, ચીન, જાપાન, ઈંગ્લેન્ડ, અમેરિકા આદિ દેશોમાંથી પ્રાચીન ગ્રંથોની અલગ અલગ પદ્ધતિથી લેવાયેલ પ્રતિકૃતિઓ, માઈક્રોફિલ્મ પ્રતો આદિ સામગ્રી એકઠી કરી દેશ–વિદેશના સાક્ષરો સાથે પત્ર વ્યવહાર કર્યો અને ૨૦ વર્ષની જહેમતથી આવા દુર્લભ ગ્રંથરત્નનું પ્રકાશન કરાવીને જિજ્ઞાસુઓ ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ મહાત્મા સંસ્કૃત–પ્રાકૃત ઉપરાંત અંગ્રેજી, ઉર્દૂ, ફારસી, તિબેટીઅન આદિ અનેક વિદેશી ભાષાઓ ઉપર પણ સારું પ્રભુત્વ ધરાવે છે. એમની પાસે જૈન ધર્મનો અભ્યાસ કરવા માટે વિદેશી લોકો પણ અવારનવાર આવતા હોય છે. અરિહંત પરમાત્મા તથા પોતાના સ્વર્ગસ્થ પિતા ગુરુદેવ પ્રત્યે તેમનો સમર્પણભાવ અનન્ય કોટિનો છે. તેઓએ જેસલમેર ઋષિકેશ આદિમાં પણ ચાતુર્માસ કરેલ છે. દર મહિને ૧ અઠ્ઠમ જરૂર કરે છે. લગભગ ૮૫ વર્ષની જૈફ વયે તેઓ પગે જ વિહાર કરે છે. અગાધ શ્રુતજ્ઞાન હોવા છતાં તેઓશ્રીની વિનમ્રતા ખૂબ જ અનુમોદનીય છે. અનેક આગમ ગ્રંથોનું પણ પૂજ્યશ્રીએ સંશોધન–સંપાદન કરેલ છે. સુદેવ–ગુરુ અને શ્રુતજ્ઞાનના ભક્ત પૂજ્યશ્રીના ચરણોમાં ભાવભરી વંદના.

### *(૧૭) ૩૪ વર્ષીતપ સાથે નવકાર–લોગસ્સ–નમોત્થુણં–ધમ્મો મંગલ–ચત્તારિ મંગલં–અરિહંતો મહદેવો–આદિ દરેકનો ૯–૯ લાખ જાપ કરનાર*

## લાલચંદ્રજી મહારાજ.

એક સ્થાનકવાસી સમુદાયના નાયક ઉપરોક્ત મહાત્માએ ૪૬ વર્ષના દીક્ષાપર્યાયમાં નીચે મુજબ તપ–જપની આરાધના કરેલ. (૧) છેલ્લાં ૩૪ વર્ષ સળંગ વર્ષીતપ, (૨) ૨ માસક્ષમણ, (૩) ૨૫ તથા ૩૫ ઉપવાસ, (૪) છેલ્લે સંથારાની ભાવના સાથે ૪૫ ઉપવાસ, (૫) એકેક પખવાડિયા સુધી મીઠું–મરચું વગેરે ૬ રસોનો ત્યાગ, (૬) ૧ વાર મૌન સહિત અઠ્ઠાઈ તપ કરીને એકાંતમાં ધ્યાન–સાધના, (૭) વર્ષો સુધી ઘી–તેલ તથા ખાંડનો મૂળથી ત્યાગ, (૮) રોજ ૦।। કલાક શીર્ષાસનમાં ધ્યાન, (૯) ૨૦ વર્ષ સુધી રોજ પંચપરમેષ્ઠીને ૧૦૮ ખમાસમણ દ્વારા વંદના, (૧૦) ઉપરોક્ત ૬ મંત્ર–સૂત્રોનો ૯–૯ લાખનો જાપ. ૨ પુત્રી અને ૩ પુત્રો સહિત ૪૧ વર્ષની વયે દીક્ષા લઈને ૮૮ વર્ષની વયે ઈંદોરમાં સં. ૨૦૪૮માં કાલધર્મ પામ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### (૧૮) સિદ્ધગિરિ તથા અમદાવાદનાં પ્રત્યેક જિનબિંબો સમક્ષ ચૈત્યવંદન કરનાર

## મુનિરાજ શ્રી સુધર્મસાગરજી મહારાજ

ઉપરોક્ત મુનિવરે શત્રુંજય મહાતીર્થ ઉપર તથા પાલિતાણા ગામનાં તમામ જિનાલયોમાં રહેલાં નાનાં-મોટાં આરસનાં તમામ જિનબિંબો સમક્ષ વિધિપૂર્વક ચૈત્યવંદન કરેલ છે. તેવી જ રીતે અમદાવાદનાં ૩૪૮ જેટલાં જિનાલયોનાં તમામ જિનબિંબો સમક્ષ પણ અલગ-અલગ ચૈત્યવંદન કરેલ છે. એમની પ્રેરણાથી ૫ બાળકોએ પણ અમદાવાદનાં તમામ જિનબિંબોની પૂજા કરી છે. "ૐ હ્રીં નમો ચારિત્તસ્સ" પદનો ૧ કરોડ વાર જાપ કરનાર, તથા આબાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનના વિશિષ્ટ ભક્ત એવા આ મહાત્માની પ્રેરણાથી અનેક આત્માઓ આ મંત્રના કરોડ જાપમાં જોડાયા છે. તેમના લઘુબંધુ મુનિરાજ શ્રી દીપરત્નસાગરજીએ ૪૫ આગમો મૂળ તથા ગુજરાતી ભાષાંતર રૂપે છપાવેલ છે. અભિનવ ઉપદેશ પ્રાસાદ, પ્રતિક્રમણ સૂત્રવિવેચના વગેરે અનેક ઉપયોગી પુસ્તકો પણ તેમણે પ્રકાશિત કર્યાં છે.

### (૧૯) કરિયાતામાં ભીંજાયેલ રોટલીથી મહાનિશીથસૂત્રનાં યોગોદ્વહન કરનાર

## મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મહારાજ

લગભગ ૧૭ વર્ષની વયે મહાનિશીથ સૂત્રનાં યોગોદ્વહન કરનાર ઉપરોક્ત અચલગચ્છીય મુનિવરે ૫૨ દિવસ સુધી કરિયાતામાં ૦॥ કલાક સુધી રોટલીઓને ભીંજાવીને પ્રાયઃ ૨ દ્રવ્યથી જ આયંબિલ કર્યાં. તેમની અનુમોદનાર્થે બીજાં અનેક સાધુ-સાધ્વીજીઓએ એકાદ દિવસ કરિયાતા અને રોટલીથી આયંબિલ કરેલ. એમના મોટા ભાઈ મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી તથા પિતાશ્રી મુનિરાજ શ્રી ચારિત્રરત્નસાગરજી પણ સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે. રસનેન્દ્રિય વિજેતા મુનિવરની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

### (૨૦) ૩૦મા ઉપવાસે પ્રસન્નતા સાથે કેશલોચ કરાવતા

## મુનિરાજ શ્રી ધર્મરત્નસાગરજી મ.

સં. ૨૦૪૦માં સમેતશિખરજી મહાતીર્થમાં છ ઠાણા સાધુ-સાધ્વીઓ સાથે ચાતુર્માસ બિરાજમાન તીર્થપ્રભાવક, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ૨૦ સાધુ-સાધ્વીજી તથા ૪ શ્રાવક-શ્રાવિકાઓએ માસક્ષમણ તપ કરેલ ત્યારે પૂજ્યશ્રીના કૃપાપાત્ર પ્રશિષ્ય ઉપરોક્ત ૨૨ વર્ષીય મુનિરાજ શ્રા.સુ. ૫-ના દિવસે આચારાંગસૂત્રના યોગમાં તાવ આવવા છતાં છેલ્લા દિવસે જ્ઞાનપંચમી નિમિત્તે પૂજ્યશ્રી પાસે ૧ ઉપવાસનું પચ્ચક્ખાણ લેવા ગયા. પૂજ્યશ્રીએ તેમને પ્રેમથી પૂછ્યું-"મુનિવર, તમે પણ માસક્ષમણ કરશો ને?" મુનિશ્રીને સ્વપ્નમાં પણ માસક્ષમણની કલ્પના ન હતી, છતાં વિનયી મુનિવરે પૂજ્યશ્રીની ભાવનાને શિરોમાન્ય કરીને ૧-૧ ઉપવાસનું પચ્ચક્ખાણ લેતાં જ્યાં ૭ મો ઉપવાસ ચાલુ હતો ત્યારે કર્મરાજાએ જબરદસ્ત હુમલો કર્યો. શરીરમાં એવી વેદના ઉત્પન્ન થઈ કે મુનિવરે પૂજ્યશ્રીને કહ્યું : "હવે આગળ વધાય તેમ નથી. આવતી કાલે પારણું કરવું છે." સમયજ્ઞ પૂજ્યશ્રીએ કહ્યું-"કાંઈ વાંધો નહીં. જેવી તમારી અનુકૂળતા". પરંતુ ગુરુકૃપા તથા તીર્થભૂમિના પવિત્ર પરમાણુઓના પ્રભાવે બીજા દિવસે કંઈક સ્ફૂર્તિ જણાતાં અટ્ઠાઈ પૂરી કરવા માટે ઉપવાસનું પચ્ચક્ખાણ માગ્યું. પછી તો ઉત્તરોત્તર સ્ફૂર્તિ વધતાં રંગેચંગે માસક્ષમણ પૂરું કર્યું એટલું જ નહીં, પરંતુ ૩૦મા ઉપવાસે ખૂબ જ સમતાભાવે ૧ કલાકમાં કેશલોચ પણ કરાવી લીધો. આવી દીર્ઘ તપશ્ચર્યામાં પણ આ મુનિવર રોજ પોતાના ગુરુદેવશ્રી દ્વારા છ ઠાણાઓને અપાતી ૨ કલાક સુધી કર્મગ્રંથની વાચનામાં પણ નિયમિત બેસતા અને લેખિત પરીક્ષા પણ આપતા. ખરેખર ગુરુકૃપા અને તીર્થભૂમિનો અદ્‌ભુવ પ્રભાવ જોઈ સહુ આશ્ચર્ય ચકિત બની ગયા.

### (૨૧) મહા તપસ્વી ગુરુ-શિષ્ય

## મુનિરાજ શ્રી નયપ્રભ-નંદીવર્ધન સાગરજી મ. સા.

સં. ૨૦૩૫માં ૪૫ વર્ષની વયે અચલગચ્છમાં દીક્ષિત થયેલા મુનિરાજ શ્રી નયપ્રભસાગરજીએ વૈરાગ્યવાસિત થઈને કર્મોની હોળી કરવા માટે તપશ્ચર્યાનો યજ્ઞ માંડ્યો. આ મહાત્માએ અત્યાર સુધીમાં ૨૨ જેટલાં વર્ષીતપ કર્યાં છે, જેમાં ૧ વર્ષીતપ ઉપવાસના પારણે આયંબિલથી, ૧ વર્ષીતપ અટ્ઠમના પારણે એકાસણાથી, ૭ વર્ષીતપ ઉપવાસના પારણે એકાસણાથી, ૫ વર્ષીતપ છટ્ઠના પારણે એકાસણાથી તથા ૮ વર્ષીતપ છટ્ઠના પારણે બ્યાસણાંથી કર્યાં છે. આ ઉપરાંત એકાંતરાં ૫૦૦ આયંબિલ, વર્ધમાન તપની ૩૧ ઓળી, સળંગ ૧૨, ૩૦, ૪૫ ઉપવાસ, શ્રેણિતપ આદિ દ્વારા કુલ લગભગ ૫૦૦૦ જેટલા ઉપવાસ, ૧૨૦૦ જેટલાં આયંબિલ, ૨૦૦૦ જેટલાં એકાસણાં, ૧૦૦૦ જેટલા બ્યાસણાં આદિ કરેલ છે. ૨૫ વર્ષ સુધી એક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ સંથારા આદિ ઉપકરણનો ખૂબ જ કરકસર-પૂર્વક ઉપયોગ કરેલ છે. અતિ મર્યાદિત ઉપધિ રાખનાર આ મહાત્મા જ્ઞાનની આશાતનાથી બચવા કાગળના ટુકડાને પણ પ્રાયઃ પોતાના હાથે ફાડતા નથી.

આ મહાત્માના શિષ્ય, લગભગ ૫૫ વર્ષની વયે દીક્ષિત બનેલા મુનિરાજ શ્રી નંદીવર્ધનસાગરજીએ પણ ૨૫ માસક્ષમણ તથા વર્ધમાન તપની ૮૫ જેટલી ઓળી ઉપરાંત સળંગ ૨૦-૨૪-૩૦-૩૨-૪૨-૪૫-૫૨-૫૭-૬૨ ઉપવાસ કરેલ છે. દર ચાતુર્માસમાં આયંબિલની મોટી ઓળી ઉપર ઉપવાસની મોટી તપશ્ચર્યા જૈફ વયે પણ યુવાન જેવા ઉત્સાહથી કરતા રહે છે. તપસ્વી ગુરુ-શિષ્યને ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

## (૨૨) એક જ સમુદાયની યુવા પ્રતિબોધક પદસ્થ ત્રિપુટી

જેમનાં વગર માઈકે અપાતાં જોશીલાં અને હૃદયસ્પર્શી પ્રવચનો સાંભળવા માટે હજારો યુવાનો શિબિરોમાં સફેદ વસ્ત્રોમાં સજ્જ બની એકતાનથી સાંભળે છે, મોટા મોટા હોલ પણ સાંકડા થતાં ગેલેરી તથા પગથિયાં ઉપર ઊભા રહીને જેમનાં પ્રવચનો કલાકો સુધી યુવાવર્ગ તન્મય થઈને સાંભળે છે, એટલું જ નહીં પરંતુ પોતાના જીવનની બ્લેક ડાયરી નિખાલસતાથી જેમની આગળ ખુલ્લી મૂકીને ભવાલોચના દ્વારા આત્મશુદ્ધિ કરી રહ્યા છે તથા અનેક વ્યસનોને તિલાંજલિ આપી હોંશે હોંશે વ્રત-નિયમો સ્વીકારી ધર્મમાં ઓતપ્રોત બની રહ્યા છે, જેમનાં સંખ્યાબંધ પુસ્તકો યુવાવર્ગમાં તથા જૈનેતરોમાં રસપૂર્વક વંચાય છે એવા એક જ સમુદાયના ત્રિપુટી મહાત્માઓના શુભ નામ છે :

(૧) પ.પૂ. પંન્યાસપ્રવર **શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.** (૨) પ.પૂ. આ.ભ. **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.** તથા (૩) પં.પૂ. આ.ભ. **શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા.** આ મહાત્માઓ પ.પૂ. બહુશ્રુત ગચ્છાધિપતિ આ.ભ. **શ્રીમદ્ જયઘોષસૂરીશ્વરજી મ.સા.**ના સમુદાયવર્તી છે. ૨૮-૩૮ દીક્ષાઓ આપનાર અનેક સાધક-પ્રભાવક ઐતિહાસિક પ્રસંગોના નિશ્રાદાતા ૨૬૯ દીક્ષા દાનેશ્વરી ગુણરત્નસૂરિશ્નરજી મ.સા. આ જ સમુદાયના વિરલ વ્યક્તિ છે.

તેવી રીતે નિત્ય ભક્તામર સ્તોત્રપાઠી પ.પૂ. આ.ભ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં પ.પૂ. આ.ભ. **શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.** તથા ૯ વર્ષની વયે દીક્ષિત થઈને માત્ર ૬ દિવસમાં દશ વૈકાલિક સૂત્ર કંઠસ્થ કરનાર જોશીલા પ્રવચનકાર પ.પૂ. આ.ભ. **શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**, વ્યાખ્યાનવાચસ્પતિ પ.પૂ. આ.ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયમાં પ.પૂ. આ.ભ. **શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.**, મુનિરાજ **શ્રી હિતરુચિવિજયજી મ.સા.** આદિ અચલગચ્છમાં મુનિરાજ **શ્રી દેવરત્નસાગરજી**, દિગંબર સમુદાયમાં મુનિશ્રી તરુણસાગરજી, સ્થાનકમાં **નમ્ર મુનિશ્રી** આદિ અનેક મહાત્માઓનાં પ્રવચનોમાં યુવાવર્ગ પણ બહોળી સંખ્યામાં રસપૂર્વક ભાગ લેતો જોવા મળે છે. તેવી જ રીતે પંડિત મહારાજ તરીકે સુપ્રસિદ્ધ બનેલા પૂ. ગણિવર્ય **શ્રી યુગભૂષણવિજયજી મ.સા.** તથા અધ્યાત્મરસિક પ.પૂ. પંન્યાસપ્રવર **શ્રી મુક્તિદર્શન વિજયજી મ.સા.**નાં તાત્ત્વિક તથા આધ્યાત્મિક પ્રવચનો સાંભળવા પણ ઘણા શ્રોતાઓ દૂર દૂરથી નિયમિતપણે તેમનાં પ્રવચનોમાં જાય છે.......ઇત્યાદિ વિવિધ સમુદાયોમાં અનેકાનેક મહાત્માઓ વિશિષ્ટ પ્રવચનશક્તિ તથા લેખનશક્તિ દ્વારા અનેક આત્માઓને ધર્મમાં જોડીને સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે તે સહુની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

★ લેખ વિસ્તારના ભયથી હવે અતિ સંક્ષેપમાં બાકીનાં દૃષ્ટાંતોનો ઉલ્લેખ કરાય છે.

(૨૩) સળંગ ૧૦૮ ઉપવાસ તથા ૫૦૦ અટ્ઠાઈના તપસ્વી મુનિરાજ **શ્રી નિત્યાનંદવિજયજી મ.**

(૨૪) લગભગ ૧૦ વાર ૧૦૦થી માંડીને ૩૬૫ સુધી ઉપવાસ કરનારા સહજમુનિશ્રી.

(૨૫) ૧૨ વર્ષોમાં ૪૨૫ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ કરનારા મુનિરાજ **શ્રી મોક્ષરત્નવિજયજી** મ.

(૨૬) સંસ્કૃત ભણવા માટે રોજ ૧૨ માઇલનો વિહાર કરનારા તથા ૧૦૫ વર્ષની ઉંમર.

(૨૭) રોજ વ્યાખ્યાન ઉપરાંત શિષ્ય-પ્રશિષ્યોને ૪ વાર વાચના આપનારા ૧૦૦થી અધિક ઓળીના તપસ્વી પૂ.પં. **શ્રી કલ્યાણબોધિવિજયજી મ.સા.**

(૨૮) પ્રેમસગાઈ થવા છતાં જિનવાણી શ્રવણથી વૈરાગ્યવાસિત થઈ લગ્ન કર્યા વિના જ સંયમ સ્વીકારનારા વૈરાગ્ય-દેશનાદક્ષ પ.પૂ. આ.ભ. **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

(૨૯) આજીવન મૌનવ્રતધારી ૨૨ વર્ષીતપ, ૧૦૦૦ આયંબિલ આદિ કરનાર **રતિલાલજી મહારાજ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩૦) ૨૫ વર્ષ મૌનપૂર્વક આત્મસાધના કરનાર **પૂ. નરેન્દ્રવિમલજી મ.સા.**

(૩૧) ૩૬ કરોડ નવકાર જાપના આરાધક મહારાષ્ટ્ર દેશોદ્ધારક પ.પૂ. **આ.ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.**

(૩૨) રોજ ૨-૩ કલાક પ્રભુજી સમક્ષ ઉભા ઉભા વંદના-સુકૃત-અનુમોદના તથા દુષ્કૃત ગર્હાના આરાધક પ.પૂ. પ્રવર્તક **શ્રી ધર્મગુપ્તવિજયજી મ.સા.**

(૩૩) યાવજ્જીવ ફક્ત પાંચ સાદા દ્રવ્યોથી એકાસણાનો અભિગ્રહ લેનારા ૨ મુનિવરો.

(૩૪) સુરતથી સમેતશિખરજીના છ'રી પાલક સંઘમાં પણ ૧-૨ કિ.મી. દૂરનાં ઘરોમાંથી જ ગોચરી વહોરનારા મુનિરાજ **શ્રી પ્રસન્નચંદ્રસાગરજી મ.સા.** તથા મુનિરાજ **શ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.**

(૩૫) ૭૭ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ, જેમાં ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ કરવાના હોય છે તેવા **ગુણરત્નસંવત્સર તપ કરનારા મહાતપસ્વી મુનિરાજ શ્રી સોમતિલક વિ.મ.સા.**

(૩૬) વર્તમાનકાળે પણ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ની યાદ અપાવનારા વિદ્વદ્વર્ય, સિદ્ધહસ્ત લેખક, વર્ધમાન તપોનિધિ, અધ્યાત્મનિષ્ઠ ગણિવર્ય **શ્રી યશોવિજયજી મ.સા.**

(૩૭) સદાનંદી, ભક્તિયોગાચાર્ય પ.પૂ. આ.ભ. **શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા.**

(૩૮) સંઘહિતચિંતક, વિદ્વદ્વર્ય પ.પૂ. આ.ભ. **શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.**

(૪૦) ફક્ત ખાખરા અને ચા-દૂધથી સદા એકાસણા કરતા તપસ્વી મુનિરાજ શ્રી ચરણપ્રભવિજયજી મ.સા.

(૪૧) ૯૦ વગેરે ઓળીમાં પણ આયંબિલખાતામાંથી ન વહોરતાં દૂર દૂરનાં ઘરોમાંથી જ શુદ્ધ ગોચરી-પાણી વહોરતા, પરિણતિલક્ષી સાધુતાના સ્વામી મુનિરાજ **શ્રી વિશ્વદર્શનવિજયજી મ.સા.**

**(૪૨) એક જ પરિવારના ૨૩ સભ્યોએ સાગરસમુદાયમાં લીધેલી દીક્ષા.**

(૪૩) વર્ધમાન તપની લગભગ ૩૪થી ૧૦૦ સુધી સળંગ ઓળી કરનારા તપસ્વી મુનિરાજ **શ્રી વૈરાગ્યરત્નસાગરજી મ.સા.**

(૪૪) ૧૩ માસખમણ, મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. કે જેમણે ૨૯ વર્ષના દીક્ષાપર્યાયમાં ૬૦, ૫૪, ૫૧, ૫૦, ૪૫, ૩૬, ૩૧, ૩૦ મળી ૧૩ માસખમણો આરાધેલ છે.

(૪૫) ૨ સુપુત્રો, ૪ સુપુત્રીઓ તથા માતા-પિતા એમ **એક ઘરના આઠેય સભ્યોએ એકી સાથે અંગીકાર કરેલી ભાગવતી પ્રવ્રજ્યા!........**

(૪૬) **એકી સાથે ૨૪/૨૫/૨૬/૨૮/૩૧ તથા મુમુક્ષુઓએ લીધેલી દીક્ષા**.......ઇત્યાદિ....હજી તો ઘણા મહાત્માઓનો ઉલ્લેખ રહી જતો હશે જ. તે સર્વેની ભાવથી અનુમોદના.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री चिंतामणी पार्श्वनाथाय नमः ॥

॥ श्री जित-हीर-बुद्धि-तिलक-शांतिचंद्र-रत्नशेखर सूरिभ्यो नमः ॥

# श्री पार्श्वनाथ जैन छात्रालय द्वारा संचालित श्री चिंतामणी पार्श्वनाथ जैन पाठशाला मालवाडा



:: प्रेरणादाता ::

परम पूज्य स्व. आचार्यदेवश्री रत्नशेखर सूरीश्वरजी म.सा. के
शिष्य प.पू. आचार्यदेवश्री रत्नाकर सूरीश्वरजी म.सा.
शुभ अनुदेशक : मुनिराजश्री रत्नत्रय विजयजी म.सा.

**आद्य संस्थापक**
स्व. शा मगनलाल उमाजी
स्व. शा मूलचंद उमाजी
स्व. शा चिमनलाल उमाजी

**मार्गदर्शक**
प्राचार्यश्री नरेन्द्रभाई कोरडीया
जैन ज्ञान शाला नकोडा तीर्थ

**पदाधिकारी**
शा बाबुलाल मगनलाल
शा राजमल मूलचंद
शा गुलाबचंद चिमनलाल

## संस्थाद्वारा पाठ्यक्रम

प्रकरण, भाष्य, कर्मग्रंथ, संस्कृत, प्राकृत, व्याकरणादि अनेक ग्रंथो का तलस्पर्शी ज्ञान अंजनशलाका प्रतिष्ठा, पूजा-पूजन आदि के विधीविधान की संपूर्ण जानकारी। ज्योतिष, संगीत, वक्तृत्व, लेखन, स्टेज प्रोग्राम, शिबीर गणित, कम्प्युटर आदि का प्रेक्टीकल शिक्षण। पर्युषण पर्व की आराधना एवं साधु-साध्वीजी को अध्ययन हेतु प्रेकटीकल नोलेज।

## संस्थाद्वारा प्राप्त सुविधाएँ

प्रतिमाह ५० से ५०० रुपये तक की स्कोरलशीप ४ एवं ६ साल का कोर्ष पूर्ण होने पर पांच एवं सात हजार द्वारा सन्मान, सामायिक, पौषध आदि के उपकरण, चिकित्सा, पठन-पाठन की सामग्री; भोजन, वस्त्र, किराया आदिक सभी सुविधाए निःशुल्क प्रमाणपत्र के साथ सर्विस हेतु प्रयास।

:: संपर्क स्थल ::

पालीताणा : 02848-252276
सुरत : 9424159544 प्रविणभाई
अमदावाद : 9327035946 अरविंदभाई

**श्री पार्श्वनाथ जैन छात्रालय**
मु.पो. मालवाडा, जि. जालोर (राज.)
363034, फोन : 02990-256047
मो. 9414155415 चुनीलालजी

:: मुंबई ::
9867029824 : शा मफतलाल जसाजी
9920339192 : शा. मूलचंद जेठाजी
9833899692 : शा. शांतिलाल मूलचंद


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનપ્રભાવક શણગાર રત્નો

શાસનપતિ પ્રભુ મહાવીર દેવે સ્થાપેલા અનંત કલ્યાણકર જૈનશાસનની ધવલોજ્જ્વલ પરંપરા આજે પણ ઝળહળી રહી છે અને જૈન શાસનની આ જ્વલંત જ્યોત હજુ ૧૦૫૦૦ વર્ષ ઝળહળતી રહેશે. આ પરમપાવન પ્રભુશાસનને વહેતું રાખનાર સરિતાપટ એટલે ચતુર્વિધ સંઘ. તેમાં પણ શાસનપ્રભાવક સૂરિવરોનું યોગદાન અણમોલ છે. વિશિષ્ટ પ્રતિભાસંપન્ન સૂરિવરોએ અષ્ટવિધ પ્રભાવકતાનો નાદ ગજવી ઘટ–ઘટમાં શાસનનો અનુરાગ જગાડ્યો. જિનવચનના ઊંડા મર્મોને સ્પર્શેલા એ પૂજ્યવર્યોએ જગતને સાચી દિશા ચીંધી. પ્રભુશાસનની દિવ્ય દીપ્તિને એમણે દિગંતમાં પ્રસારી. વર્તમાન જૈન સંઘ પણ આવા પ્રભાવક શાસનપ્રભાવક સૂરિવરોથી ઊજળો છે. આજના વિષમ કાળમાં પ્રભુશાસનની જ્યોતને ઝળહળતી રાખવામાં અને શ્રી સંઘનું સાચું યોગક્ષેમ કરવામાં આ સૂરિવરોનો સિંહફાળો છે.

સાધના–આરાધનાથી યશોજ્જ્વલ શાસનપ્રભાવક

## પૂ. આ.શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મ.

તપાગચ્છ, અચલગચ્છ અને પાયચંદગચ્છના ત્રિવેણી-સંગમ સમા વઢિયાર પ્રદેશની ધન્ય ધરા માંડલ નગરે પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજનો જન્મ સં. ૧૯૫૨ના જેઠ સુદ બીજને દિવસે દેસાઈ કુટુંબમાં થયો હતો. પિતાનું નામ પોપટલાલ, માતાનું નામ નાથીબહેન અને પોતાનું સંસારી નામ બુદ્ધિલાલ હતું. બુદ્ધિલાલે માત્ર ચાર વર્ષની વયે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. કુટુંબની જવાબદારી માતા નાથીબહેન પર આવી પડી. ધર્મપરાયણા નાથીબહેન દુઃખના આ કપરા દિવસો સમતાબળે પસાર કરતાં કરતાં પરિવારમાં ધર્મભાવનાનું સિંચન કરતાં રહ્યાં. સોળ વર્ષની પરિપક્વ ઉંમર થતાં બુદ્ધિલાલે કુટુંબની જવાબદારી ઉપાડી લીધી. માતાની ઈચ્છા–આજ્ઞાથી લગ્ન પણ કર્યાં, પરંતુ બીજી બાજુ પૂર્વભવના તેમ જ આ જન્મમાં રહેલા ધાર્મિક સંસ્કારો અને સંસારની અસારતાના અનુભવોથી તેમનું મન સંસારથી ઉદાસીન રહ્યા કરતું હતું. ઊંડે ઊંડે ત્યાગમાર્ગને ઝંખી રહ્યું હતું અને એટલે જ વિવિધ તપસ્યાઓ અને ઉપધાનતપ આદિ કરતાં રહી જીવનને ધર્મ-ભાવનાથી દૃઢ અને ઉન્નત બનાવતા રહ્યા. એવામાં, સં. ૧૯૮૧માં ધર્મપત્ની મીરાંબહેન ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસી બન્યાં. તે સાથે જ સંસારની જવાબદારી અને જંજાળ ઢીલી પડતાં, ત્યાગમાર્ગને ઝંખી રહેલું મન તીવ્રતર બન્યું અને સં. ૧૯૮૨ના ફાગણ વદ ૭ને દિવસે ટાકરવાડા ગામે બુદ્ધિલાલભાઈએ પૂજ્યશ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય પૂ. શ્રી બુદ્ધિવિજયજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી શાંતિવિજયજી નામે જાહેર થયા.

પૂ. ગુરુદેવશ્રી બુદ્ધિવિજયજી મહારાજ વાત્સલ્યમૂર્તિ હતા અને અધ્યાપનમાં ઘણા કુશાગ્ર હતા. આથી મુનિશ્રી શાંતિ-વિજયજી મહારાજ પણ તપ–ત્યાગપૂર્વકની સંયમની અપ્રમત્ત સાધના સાથે અધ્યયનમાં લીન બની ગયા. થોડા જ સમયમાં ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરી સંયમજીવનને તપ–ત્યાગ અને ધર્મજ્ઞાનથી ઉન્નત બનાવી દીધું. ગુજરાત અને રાજસ્થાનમાં–ખાસ કરીને દાંતરાઈ, જાંબલ, માલગાંવ, બાપલા, આરખી, જેતાવાડા, આલવાડા આદિ ગ્રામપ્રદેશોમાં વિચરી ત્યાંના સંઘોને ધર્મમાર્ગે સ્થિર અને ઉન્નત કરી અસીમ ઉપકાર કર્યો. પૂજ્યશ્રીની નિશ્રામાં શાસનપ્રભાવનાનાં વિધવિધ કાર્યો સુસંપન્ન થતાં જ રહ્યાં. પૂજ્યશ્રીની આ યોગ્યતા અને પ્રભાવકતા જાણી ઊંઝામાં પંન્યાસ પદથી અને પ્રાંતે પૂરણ (રાજસ્થાન)માં આચાર્ય પદથી વિભૂષિત કરવામાં આવ્યા. પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને નિશ્રામાં બનાસકાંઠા પ્રદેશમાં અનેક જિનમંદિરોનાં જીર્ણોદ્ધાર, નવનિર્માણ, અંજનશલાકા–પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, દીક્ષાપ્રદાન આદિ અનેકાનેક ધર્મકાર્યો સુસંપન્ન થયાં છે. ભાભર અને તેની આજુબાજુના પ્રદેશોમાં તો પૂજ્યશ્રીનો ઉપકાર અદ્‌ભુત વરસ્યો છે. પૂજ્યશ્રી સં. ૨૦૨૮ના જેઠ વદ ૪ના દિવસે, ૭૬ વર્ષની વયે, ભાભરમાં જ, કાળધર્મ પામ્યા. આવા પરમોપકારી અને મહાન ત્યાગી–જ્ઞાની આચાર્યશ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પૂ. મુનિશ્રી પુણ્યસુંદરવિજયજી મ.સાની પ્રેરણાથી કુમારી અંકિતાના અઠ્ઠાઈ તપ તથા કુ. સચિની અઠ્ઠાઈ તપની આરાધના નિમિત્તે જેતાવાડાનિવાસી શા. પન્નાલાલ પ્રતાપચંદ પરિવાર. સુપુત્ર-હરેશભાઈ, પૌત્ર-પુન્યપાલ. પુન્ય એન્ટરપ્રાઈઝ, મુંબઈ-અમદાવાદ-છત્રાલ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનને દીપાવનાર :

## પ.પૂ. આ.શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મ.

વિક્રમ સંવત ૧૯૭૧નું વર્ષ, તહેવારોની હારમાળા સર્જતો શ્રેષ્ઠ શ્રાવણમાસ અને તેમાં પણ લૌકિક પર્વ બળેવ (રક્ષાબંધન)નો દિવસ એટલે શ્રાવણ સુદ ૧૫, ધન્યઘડી, ધન્યપળે ઉત્તર ગુજરાતની ધન્યધરાએ અનેક તીર્થોથી સુશોભિત બનાસકાંઠા જિલ્લાના થીરપુર (થરાદ) નગરની બાજુમાં રહેલા મોટી પારવાડ ગામમાં શ્રેષ્ઠીવર્ય સુશ્રાવક સગથાચંદભાઈનાં ધર્મપત્ની સુશ્રાવિકા પારુબહેનની રત્નકુક્ષિએ આ બાળકનો (મહાપુરુષનો) જન્મ થયો. ચોમેર આનંદનું વાતાવરણ છવાઈ ગયું. સૌએ સાથે મળી આ બાળકનું હુલામણું નામ જાહેર કર્યું 'હાલચંદકુમાર'.

બાળ હાલચંદ તેમને સમજાવેલ સુંદર વાતોમાં, વિચારમાં અને માતા–પિતા તેમ જ પરિવારની સેવામાં પોતાનો સમય પસાર કરે છે. એમ કરતાં કરતાં સમય જતાં બાળ હાલચંદને પિતાજીની આજ્ઞાથી અમદાવાદ ધંધાર્થે આવવાનું થયું. અમદાવાદમાં કાપડની ફેરીનો વ્યવસાય (સર્વિસ) શરૂ કર્યો. જન્મસ્થળ મોટી પાવડ કરતાં અહીં અમદાવાદમાં તો ધર્મક્રિયાઓ કરવાના ચાન્સ વધારે મળે, એટલે આ હાલચંદભાઈને તો કેમ મજા ન આવે? દરરોજ ભગવાનની પૂજા, બે ટાઈમ પ્રતિક્રમણ (જૈનોની નિત્યક્રિયા વ્યાખ્યાનશ્રવણ) વગેરેમાં સમય ફાળવતાં જે સમય વધે તેમાં કાપડની ફેરી કરવાનું નક્કી કરી સારી રીતે દિવસો પસાર થાય છે, પણ નાનપણમાં સાચા સુખની શોધમાં લાગેલું મન દીક્ષા લેવા માટે (જૈન મુનિ બનવા માટે) તડપી રહ્યું છે. જૈન મુનિઓ પૂ. શ્રી બુદ્ધિવિજયજી મ., પૂ. શ્રી તિલકવિજયજી મ.ના વરદ હસ્તે આ બાળકની પાલિતાણામાં દીક્ષા થઈ અને હાલચંદભાઈમાંથી આ વિરલ વિભૂતિ જૈન મુનિ સુજ્ઞાનવિજયજી બન્યા અને તેમને પૂ. શ્રી શાન્તિચંદ્રસૂરિજીના શિષ્ય તરીકે જાહેર કર્યા. એ સમય હતો વિક્રમ સંવત ૧૯૯૧, ચૈત્ર સુદ વદ ૭નો (હવે બાળરત્ન હાલચંદભાઈને આપણે મુનિ સુજ્ઞાનવિજયજી તરીકે સંબોધીશું).

હવે મુનિ સુજ્ઞાનવિજયજીનું એક જ લક્ષ્ય (મિશન) વડીલોની–ગુરુજીની આજ્ઞામાં રહેવું, તેમની બધાની ખૂબ ખૂબ ભક્તિ કરવી, જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરવો વગેરે વગેરે લક્ષ્યને સિદ્ધ કરવા તનતોડ મહેનત ચાલુ કરી. કવિ 'બેફામ'ની કાવ્યપંક્તિ ખરેખર સત્ય છે જ ને? કે "–કદમ અસ્થિર છે તેને, કદી રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફિરને, હિમાલય પણ નથી નડતો".

જૈન જગતના તમામ ગચ્છ–સંપ્રદાયો જ્યોતિષ શિલ્પશાસ્ત્ર વિષયે પૂજ્યશ્રીની સલાહ મેળવતા એટલું જ નહીં પણ મુનિ સુજ્ઞાનવિજયજીએ આપેલ મુહૂર્ત દિવસ ઘડી પળ એટલા ચોક્કસ રહેતા કે ગમે તેવા મહા જ્યોતિષીને પણ તેમાં લેશમાત્ર વિચારવાનું નહોતુ રહેતું. અર્થાત્ મહા વિદ્વાન જ્યોતિષીઓ પણ પૂજ્યશ્રીના આ વિષયે માનભેર વખાણ કરતા. શિલ્પના વિષયોમાં પણ આ મહામુનિએ જોરદાર સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જૈન જિનાલયોના ખજાના સ્વરૂપ અદ્ભુત કલા–કારીગીરી અને કોતરણીઓ વગેરે તમામ નાનામાં નાની બાબતે પણ તેઓશ્રીનું માર્ગદર્શન, અનુભવ અને જ્ઞાન અદ્ભુત હતું. જૈનજગતના નાના મોટા ઘણા શિલ્પગ્રંથોનું પૂજ્યશ્રીએ વારંવાર ચિંતનપૂર્વક મંથન કર્યું હતું. તેથી જ તેઓશ્રી જ્યોતિષ-શિલ્પશાસ્ત્રવિશારદ કહેવાયા હતા, એટલું જ નહીં પણ પ્રસિદ્ધ બન્યા હતા. કૂદકે અને ભૂસકે સુધારકવાદી વલણ ધરાવતા અને તે તરફ આગળ વધી રહેલા વિજ્ઞાનના ભૌતિકયુગમાં જે સિદ્ધિઓ અને સફળતાઓ જગતના વૈજ્ઞાનિકો મેળવી શક્યા નથી, તેનાથી પણ ચડિયાતી જાજરમાન સિદ્ધિઓ અને સફળતા આ પૂજ્યશ્રીએ જૈનશાસનના સિદ્ધાંતો–આગમો દ્વારા મેળવી. ભગવાન મહાવીરે સ્વશરીરે નિઃસ્પૃહી રહી, અતિ ભયાનક કાતિલ કર્મોનો ખાત્મો કરી જ્યારે વિશ્વ-વંદનીય સ્તુત્ય કેવલજ્ઞાન (સર્વજ્ઞપણું) (જેમનાથી જગતનો કોઈ પદાર્થ અજાણ ન હોય તેવી સિદ્ધિ) મેળવ્યું અને જૈન આગમોનો પ્રકાશ પાથરી જગતના જીવોના અજ્ઞાન (અણસમજ)નું અંધારું દૂર કરવા સમર્થ પુરુષાર્થ કર્યો. તે હકીકતોને જૈનશાસનના (ધુરંધર મહાપુરુષોએ) ગણધર ભગવંતોએ શબ્દદેહે સ્વીકારી તે તે પછીના થયેલા મહાપુરુષોએ (જૈનાચાર્યોએ) આગમો (પુસ્તકો) દ્વારા આજ સુધી અકબંધ રાખ્યો અને તે ટકાવ્યો તે તે અદ્ભુત જ્ઞાનખજાનાને આ મહા મુનિવરે પોતાની આગવી સૂઝ–બૂઝ અને હોંશિયારી દ્વારા પ્રાપ્ત કર્યો.

આ મુનિવરની ખાસ વિશેષતા એ હતી કે એ જે પણ પુસ્તકોનું–ગ્રંથોનું વાચન કરે એટલે તેમાં પેન્સિલથી નિશાનીઓ કરે અગત્યના મુદ્દાઓની નોંધ કરે. ન સમજાય તેવા વિષયો પ્રશ્નોની તેમનાથી નાના હોય કે મોટાની પાસે જરાપણ સંકોચ રાખ્યા વગર બાળભાવે પ્રશ્નોત્તરી કરે, સાચી સમજણ ખુલાસો ન થાય ત્યાં સુધી એ પ્રશ્નને–વાતને છોડે નહીં અને સંતોષકારક ખુલાસો થઈ જાય તો ભાવવિભોર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બની જાય. ખુશ ખુશ થઈ જાય. કેવી મહાપુરુષની જ્ઞાન પ્રત્યેની, સત્યસમજણ પ્રત્યેની પદાર્થ ચોક્કસ કરવાની કટિબદ્ધતા, તલ્લીનતા! આ રીતે ગહન શાસ્ત્રોનાં દોહન અને મંથનથી તેઓશ્રી ખરેખર સુજ્ઞાની બન્યા. શાસનમાં આવતાં આંધી અને આફતોનાં તોફાનોમાં પણ અડીખમ ઊભા રહેનારા, ઝઝૂમનારા વફાદાર મહાપુરુષ બન્યા. પ્રાણના ભોગે પણ ભગવાન મહાવીરના સિદ્ધાંતોની રક્ષા કરવાની ખેવનાથી પૂજ્યશ્રી સિદ્ધાંતનિષ્ઠ તરીકે પંકાયા. શાસનની પ્રભાવના અને રક્ષા એ જ તેમનું જીવન હતું. 'પ્રભાવના ઓછી થશે તો ચાલશે પણ શાસનરક્ષામાં જરાપણ કચાશ નહીં જ ચાલે'— આ તેમની મજબૂત માન્યતા હતી, જેના કારણે જૈનજગતના જવાહિર તપાગચ્છાધિરાજ આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા માટે પણ 'સલાહનું કેન્દ્ર' બન્યા હતા. નિરંતર જ્ઞાનસાધના સાથે આશ્રિતજનોનું સુયોગ્ય ઘડતર, શાસનના મૂંઝવતા પ્રશ્નો પ્રત્યે અદ્‌ભુત જાગૃતિ સાથે સાથે અદ્‌ભુત પરમાત્મ-ભક્તિ–ધ્યાનશક્તિ–જાપશક્તિ પણ પૂજ્યશ્રીનું મજબૂત પાસું હતું. વઢિયાર દેશમાં બિરાજતાં પ્રગટપ્રભાવી પુરુષાદાનીય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું અને જૈનોનું મુખ્ય યાત્રાધામ શાશ્વત (કાયમ રહેનારું) પાલિતાણાધામ અને ત્યાં બિરાજતા શ્રી આદિનાથ દાદાનું તેઓશ્રી ખાસ ધ્યાન કરતા. નવકારમંત્રના જાપ સાથે અનેક બીજા મંત્ર–જાપો વડે તેઓશ્રીએ પોતાના સંયમજીવનને મઘમઘાયમાન બનાવ્યું હતું. તમામ પ્રકારની યોગ્યતાઓને જોઈને વડીલોએ તેઓશ્રીની ક્રમે ક્રમે ગણિ, પન્યાસ અને અંતે આચાર્યપદવી (જૈન ધર્મના પ્રગતિમય બઢતીનાં સ્થાનો (પ્રમોશન)પર આરૂઢ કરી આ મહામુનિશ્રીને મુનિમાંથી જૈનાચાર્ય વિજય સોમચંદ્રસૂરીશ્વરજી તરીકે પ્રસિદ્ધ કર્યા. એ સમય હતો વિક્રમ સંવત ૨૦૨૯ના મહા સુદ ૫, વસંત પંચમીનો અને ધન્ય ધરા હતી ભાભર તીર્થની. મહા મહિમાવંત જગપ્રસિદ્ધ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ. જિનાલયના જિર્ણોદ્ધારનું કામ (સાદા પત્થરોમાંથી સંગેમરમરના આરસોથી અને દેદીપ્યમાન કલાકારીગરીવાળી કોતરણીથી યુક્ત સુંદર કામ) આ જૈનાચાર્યની પ્રેરણા—સદુપદેશ અને શાસ્ત્રોક્ત શિલ્પસિદ્ધાંતો મુજબ માર્ગદર્શનથી થયું, જેના પ્રભાવે આજે આપણે સૌ આ દેવવિમાન તુલ્ય દેદીપ્યમાન સંગેમરમરના સફેદ હંસ જેવા, કલા–કારીગરી અને નકશી કોતરણીવાળા સુવર્ણમઢ્યા કળશોવાળા બાવન જિનાલયોથી શોભતા જોવા માત્રથી હૈયું ઠરે, આંખો ઠરે, મનને શાન્તિ મળે એવા દાદાના દરબારને જોઈ શકીએ છીએ. આ પણ પૂજ્યશ્રીનો નાનો–સૂનો ઉપકાર ન કહેવાય.

બનાસકાંઠા, પાટણ, વઢિયાર, રાજસ્થાન પૂજ્યશ્રીની ખાસ વિહારભૂમિ (ધર્મ–પ્રચારનું કેન્દ્ર) હતી. આજે પણ આ પ્રદેશના જીવો પૂજ્યશ્રીની નીડરતા, જ્ઞાનરુચિ, ક્રિયા–ચુસ્તતાના ઉમંગભેર વખાણ કરતાં થાકતા નથી. પોતાનો લેશમાત્ર વિચાર કર્યા વગર બીજા જીવોનું કલ્યાણ કેમ થાય? તે હેતુથી જ આ પ્રદેશોનાં શહેરોં અને ગામડાઓમાં રહી જીવોને ધર્મનું પાન કરાવ્યું. સુસંસ્કાર અને સદાચારોનું સિંચન કર્યું. તેમના સમાગમે આવેલા કેટલાય જીવોએ સંયમજીવન (જૈનદીક્ષા) સ્વીકાર્યું. ઘણી વિષમ પરિસ્થિતિઓનો સામનો કરીને પણ આ ગુરુદેવે જૈનદીક્ષા બાળદીક્ષાનો જયનાદ ગજાવ્યો અને ધામધૂમપૂર્વક દીક્ષાઓ આપી. શાસનની શાન વધારી એ દ્વારા વિરોધીઓ પણ પૂજ્યશ્રીના પરમ ગુરુભક્ત બની ગયા.

અનેક જિનાલયોની પ્રતિષ્ઠાદિ પ્રસંગો, નવાં જિનમંદિર–નિર્માણ, ઉપધાનતપ, ઉજમણાં, દીક્ષામહોત્સવો, પ્રભુભક્તિના વિવિધ મહોત્સવો દ્વારા જૈનશાસનની વિજયપતાકાને જગતના ચોગાનમાં સદાયે ફરકતી રાખી.

પૂજ્ય ગુરુદેવને સંયમીજીવનમાં અનેક શારીરિક નાનીમોટી બિમારીઓ આવી અને પૂજ્યશ્રીની પ્રગતિના પંથે પૂરપાટવેગે ચાલતી સંયમયાત્રાને ધીમી કરવા–અટકાવવા પ્રયત્ન કર્યો પણ પૂજ્યશ્રી સ્વયં બધું સમજેલા અને જાગૃત હતા, જેથી ત્રાસદાયક ભયંકર વ્યાધિના સમયમાં પણ જોરદાર સમાધિભાવ (શાન્તચિત્તે આવેલ રોગોને, વ્યાધિને સહન કરવા)થી તેનો સામનો કર્યો. અંતે વ્યાધિઓ નાશ પામી (ભાગી ગઈ). પૂજ્યશ્રીનો જ્વલંત વિજય થયો. ત્રાસદાયક વ્યાધિમાં એકવાર પૂજ્યશ્રીને સંયમજીવનના પ્રારંભકાળમાં પેટમાં ગાંઠની બિમારી થતાં તે સમયે એક કીડની કાઢી નાખેલ. ત્યારપછીનું પૂજ્યશ્રીનું જીવન માત્ર એક જ કીડનીથી ચાલતુ હતું. જૈન સંઘનું, પરિવારનું ગુરુભક્તોનું પુણ્ય ઝાંખું પડ્યું, જેના કારણે પૂજ્યશ્રીને અંતિમ ઉંમરે કીડનીની બિમારી થઈ. કીડની નબળી પડતી હતી. ડૉ.ની સલાહ માત્ર ધર્મ–ઉપચારની હતી. સૌને લાગ્યું કે પૂજ્યશ્રી હવે આપણા વચ્ચે વધુ સમય નથી. સૌ ગંભીર થયાં.

કર્મસત્તા આગળ કોનું ચાલે? દિવસ હતો વિક્રમ સંવત ૨૦૪૮ જેઠ સુદ ૧૧નો, સમય હતો સંધ્યાના છ કલાકનો, આખરી ક્ષણનાં એંધાણ પૂજ્યશ્રીને જાણે કે અગાઉથી થયાં હોય તેમ છેલ્લા પાંચ દિવસથી સ્વસ્થતાપૂર્વક અન્ન–પાણીનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગ હતો. કારમા ગોઝારા દિને યમરાજાની સવારી આવી પહોંચી અને પૂજ્યશ્રીને આપણા સૌ વચ્ચેથી ઝૂંટવી લીધા. સૌ નિરાધાર થયાં. પરમ ગુરુકૃપાપાત્ર, પ્રવચનપ્રભાવક, પ.પૂ.આ. શ્રીમદ્ વિજય સોમચંદ્ર સૂ. મહારાજા આદિના વિશાળ પરિવારની ઉપસ્થિતિમાં ઉપકારી પૂજ્યગુરુદેવની ૧૨મી સ્વર્ગારોહણતિથિ મુંબઈ મહાનગરીમાં લાલબાગને આંગણે દબદબાભેર ઊજવાઈ ગઈ.

*સૌજન્ય : પૂ. મુનિશ્રી પુણ્યસુંદરવિજયજી મ.સાની પ્રેરણાથી પાટણનિવાસી સ્વ. વિનિતાબહેનના જીવનમાં કરેલ સુકૃત્યોની સ્મૃત્યાર્થે શાહ વિરેન્દ્રભાઈ નરોત્તમદાસ પરિવાર. હ : હિરલ, હાર્દિક, વૃષ્ટિ, બિજલ, કૈવન્ય, અક્ષય.*

### ધ્યાનયોગની અનુભૂતિના સાધક

## પૂ.આ.શ્રી વિજયધર્મજિતસૂરીશ્વરજી મ.સા.

પરમ શાસનપ્રભાવક ગુરુભગવંત આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા ઝીલીને તેઓશ્રીના પનોતા પટ્ટધર પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ શિષ્ય–પ્રશિષ્ય વિદ્વાનોએ 'કર્મસાહિત્ય'ના નિર્માણનું કાર્ય આરંભ્યું, તેમાં પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મહારાજ (પછીથી આચાર્યશ્રી વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજ) અગ્રગણ્ય હતા. પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૯૮૪ના વૈશાખ વદ પાંચમે સુરતમાં થયો હતો. પિતાનું નામ ચિમનલાલ ઝવેરી અને માતાનું નામ મોતીકોર-બહેન હતું. તેઓશ્રીનું સંસારી નામ યથાનામગુણ ફતેહચંદ હતું. ફતેહચંદ સં. ૨૦૦૭ના મહા વદ ૬ને દિવસે પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનું શિષ્યત્વ સ્વીકારી મુનિશ્રી ધર્માનંદવિજયજી બન્યા અને અધ્યયન તેમ જ તપોધર્મની સાધનામાં લીન બન્યા. કર્મવિષયક અધ્યયનમાં અત્યંત ગહન જ્ઞાન પ્રાપ્ત કર્યું અને યોગ્યતાનુસાર તેઓશ્રીને સં. ૨૦૩૨માં ગણિ પદે અને સં. ૨૦૩૮માં પંન્યાસપદે આરૂઢ કરવામાં આવ્યા. ત્યારબાદ સં. ૨૦૪૩ના વૈશાખ સુદ ૬ ને દિવસે કોલ્હાપુર મુકામે આચાર્યપદે અલંકૃત કરાયા.

પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મજિતસૂરિજી મહારાજ તીર્થયાત્રા અને પ્રભુભક્તિના અવ્વલ ઉપાસક હતા. વિહાર-માર્ગની આજુબાજુમાં ૪–૫–૭ કિ.મી. જેટલા અંતરે રહેલાં ગામોમાં પણ જો જિનમંદિર હોય તો એટલો આવવા–જવાનો વિહાર વધારીને પણ દર્શનાદિએ જતા. વિહારમાં જ્યારે જ્યારે સુરત, ખંભાત, અમદાવાદ કે પાટણ જવાનું થાય ત્યારે, થોડા જ દિવસો રહેવાનું હોય તો પણ અવશ્ય ચૈત્યપરિપાટી કરી લગભગ બધાં જ જિનમંદિરોને જુહારતા. તેઓશ્રી કહેતા કે અહીં સંયમજીવનની સાધનાના પ્રભાવે દેવલોકની પ્રાપ્તિ લગભગ નિશ્ચિત છે, ત્યાં વૈભવોમાં ફસાતા બચવાનો એક માત્ર ઉપાય પ્રભુભક્તિ છે, એટલે અહીંથી જ પ્રભુભક્તિનો તીવ્ર–રસ સંસ્કાર પેદા થઈ જાય એ માટે હું આ પ્રભુભક્તિ કરું છું. તેઓશ્રીને અનેકવાર સ્વપ્નમાં વિશાળ રમણીય જિનબિંબોનાં દર્શન થતાં. એક વાર સ્વપ્નમાં પ્રભુભક્તિ કરતાં તેમને ભગવાને પૂછ્યું, "બોલ! તારે શું જોઈએ?" ત્યારે તેઓશ્રીએ જવાબ આપેલો કે, "મારે ન રાગ જોઈએ, ન દ્વેષ જોઈએ.....ન ક્રોધ જોઈએ, ન માન જોઈએ....ન વિકાર જોઈએ, ન વિલાસ જોઈએ.......ન સુખ જોઈએ, ન દુઃખ જોઈએ.....ન પાપ જોઈએ, ન સંસાર જોઈએ....." અને ભગવાને સ્વપ્નમાં જ ઊભા થઈને એમની પીઠ થાબડી. આવું તેઓશ્રીએ સ્વપ્નમાં જોયું. એક વાર સ્વપ્નમાં એક દેવે દર્શન આપી કહેલ કે "હું 'ધર્મજિત' નામના વિમાનનો દેવ છું અને તમે મારા સ્થાને આવવાના છો, એટલે આવ્યો છું." આ સંકેતને અનુસરીને ગણિપદપ્રદાન વખતે તેઓશ્રીનું નામ બદલીને 'ધર્મજિતવિજયજી ગણિવર' રાખવામાં આવેલ. આ સિવાય પણ અનેકવિધ પ્રભાવક અને સૂચક સ્વપ્નો પૂજ્યશ્રીએ નિહાળ્યાં હતાં.

પૂજ્યશ્રીએ વર્ધમાન તપની ૮૯ ઓળીની તથા વરસીતપની અનુપમ આરાધના કરી હતી, તેમાં હાર્ટએટેક આવ્યા બાદ પણ તેઓશ્રીએ હજારો કિલોમીટરનો પગપાળા વિહાર કરેલ, તેમ જ ૮૬ થી ૮૯ એમ ચાર દીર્ઘ ઓળીઓ કરી. આચાર્ય પદ પ્રાપ્ત થતાં જ મહાપ્રભાવક શ્રી સૂરિમંત્રના પંચપ્રસ્થાનની વિધિપૂર્વક આરાધના કરી હતી. ધ્યાન, યોગ અને અધ્યાત્મનાં ક્ષેત્રોમાં પ્રગતિ સાધીને અનેક ચમત્કૃતિનો અનુભવ કર્યો હતો. પૂજ્યશ્રીમાં ભક્તિ, ઉપશમભાવ, સરળતા, નિઃસ્પૃહતા આદિ આત્મગુણોનો સંચય થયો હતો. તેઓશ્રીનાં પગલેપગલે કુટુંબના ૧૪ સભ્યોએ સંયમમાર્ગે પ્રયાણ આદર્યું. તેમ જ તેઓશ્રીના પરિવારમાં ૧૪ શિષ્યો–પ્રશિષ્યો સંયમ-જીવનની આરાધના કરી રહ્યા છે. પૂજ્યશ્રીએ ૪૦ વર્ષના દીક્ષાપર્યાયમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, સંઘયાત્રા આદિ અનેક પ્રભાવક કાર્યો કર્યાં હતાં. પૂજ્યશ્રીની તારક નિશ્રામાં સં. ૨૦૪૪માં ઈસ્લામપુરથી કુંભોજ તીર્થનો છ'રી પાલિત સંઘ નીકળ્યો, સાંગલીમાં ભવ્ય ઉપધાન તપનું અનુષ્ઠાન થયું, સાંગલીમાં શ્રી મહાવીરસ્વામી જિનપ્રાસાદનો ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહોત્સવ ઊજવાયો. પૂજ્યશ્રી સં. ૨૦૪૪ના ચૈત્ર વદ ૧૪ના દિવસે કોલ્હાપુરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તપ–જપ દ્વારા વિશિષ્ટ આત્માનુભૂતિની ચમત્કૃતિના સાધક સૂરિવરને કોટિ કોટિ વંદન!

*સૌજન્ય :* **પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી પ્રશાંતવલ્લભવિજયજી ગણિવર મ.સા**ની *પ્રેરણાથી સિદ્ધગિરિરાજ તળેટીના અઢાર અભિષેક અંતર્ગત પ્રાપ્ત થયેલ ૧૪મા અભિષેકના લાભની અનુમોદનાર્થે અ.સૌ. શશિકલાબહેન કાંતિલાલ પોપટલાલ શાહ (કરાડ નિવાસી) પુત્ર : સતીશ, નીતિન, પુત્રવધૂ : અ.સૌ. નયનાબહેન, રાજશ્રીબહેન, પ્રપુત્ર : પ્રીતમ, સંકેત, અપૂર્વ, પૂજા સમસ્ત પરિવાર. (વિ.સં. ૨૦૬૪)*

### સરળતા, સૌમ્યતા, ઔદાર્ય અને ધૈર્યના ધારક યોગીરાજ

## પૂ. આચાર્યશ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મ.



વિરલ વિભૂતિ પૂજ્ય આચાર્યશ્રી શાંતિવિમલસૂરિજી મહારાજનો જન્મ સં. ૧૯૫૯ના ભાદરવા સુદ પાંચમે રાજસ્થાનના ઐતિહાસિક જાલોર જિલ્લાના જેતૂનગરમાં થયો હતો. તેમના પિતાનું નામ માલદેવજી અને માતાનું નામ યમુનાદેવી હતું. તેઓ ધર્મપરાયણ, ભદ્રપરિણામી હતાં. તેમને ધર્માદેવી, ઉમાશંકર અને ક્ષેમચંદ્ર નામે ત્રણ સંતાનો હતાં. એ સંતાનોના આનંદકિલ્લોલથી તેમનું ઘર ભર્યું--ભર્યું હતું, એવામાં કુદરતની કોઈ અકળ લીલા કે પિતા માલદેવજી અને માતા યમુનાદેવી થોડા દિવસના અંતરે જ એકાએક સ્વર્ગવાસી બન્યાં. પરિણામે ત્રણે સંતાનો નિરાધાર થઈ ગયાં. આ વાતની જાણ નજીકના આજોદર ગામમાં બિરાજતા યતિવર્ય શ્રી લક્ષ્મીવિજયજીને થઈ. શ્રી લાલવિજયજીના બીજા નામે પણ ઓળખાતા આ યતિવર્યશ્રી અદ્‌ભુત પ્રભાવશાળી હતા. પોતે કરેલ વિશિષ્ટ સાધનાઓને કારણે રાજસ્થાનમાં એમની ખ્યાતિ 'સમર્થ ચમત્કારી મહાત્મા' તરીકે હતી. આ યતિશ્રી સાથે શ્રી માલદેવજીને ઘનિષ્ઠ સંપર્ક હતો. આથી યતિશ્રીએ ત્રણે બાળકોને પોતાને ત્યાં બોલાવી લીધાં. એમની બધી જવાબદારી પોતાની ઉપર લઈ લીધી. આમ, કેટલોક સમય વીતતાં શ્રી માલદેવજીની પુત્રી ધર્માદેવીને તેના મામા પોતાની સાથે પોતાના ઘેર લઈ ગયા, ઉમાશંકરને તીર્થયાત્રાની ભાવના થતાં તેઓ તીર્થયાત્રાએ ગયા અને ક્ષેમચંદ્ર યતિવર્ય પાસે રહ્યા.

ત્રીજા અને સૌથી નાના સંતાન ક્ષેમચંદ્ર યતિશ્રી પાસે આવ્યા ત્યારે તેમની વય માંડ સાત વર્ષની હતી. નાની વય હોવા છતાં તેમની બુદ્ધિપ્રતિભા અદ્‌ભુત હતી. ગુરુદેવ તેમને જેટલો પાઠ આપતા તે સાંજ સુધીમાં સંપૂર્ણ તૈયાર કરી લેતા અને જાણે ઘણાં વર્ષોથી આવડતો હોય તેમ બીજી સવારે યતિજીને સંભળાવતા. આ યતિવર્યના બીજા એક શિષ્ય યતિશ્રી રાજવિજયજી હતા. તેઓ ગુરુશ્રીની મૂળ ગાદી જ્યાં હતી તે ચાંદરાઈ ગામમાં રહેતા હતા. ક્ષેમચંદ્રની વય નાની હોવાથી તેના મનને આનંદ થાય, નવું નવું જોવા–જાણવા મળે અને એ બહાને હરવા–ફરવા મળે એવા આશયથી શ્રી લક્ષ્મીવિજયજીએ ક્ષેમચંદ્રને ચાંદરાઈ મોકલ્યા. ત્યાં પણ કેટલોક સમય રહીને ક્ષેમચંદ્ર અધ્યયનમાં પ્રવૃત્ત રહ્યા. આ સમય દરમિયાન તેમણે પ્રતિક્રમણનાં સૂત્રો અને જીવવિચારાદિ પ્રકરણોનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ધીરે ધીરે યતિશ્રીની કૃપાના બળે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. દરમિયાન તેઓ થોડા સમય માટે ચાંદરાઈથી આજોદર ગુરુશ્રી પાસે રહેવા આવ્યા.

**યતિસંપ્રદાયમાં :** પૂનામાં શ્રી ચારિત્રવિજયજી નામના યતિવર્ય હતા. તેઓ પ્રકાંડ વિદ્વાન અને મંત્રવિદ્યાના અજોડ જ્ઞાતા ગણાતા હતા. અત્યંત પ્રસન્નતાથી અને હાર્દિક આશીર્વાદ આપવાપૂર્વક ક્ષેમચંદ્રને શ્રી ચારિત્રવિજયજી સાથે પૂના મોકલ્યો. પ્રાંતે એક દિવસ ક્ષેમચંદ્રને યતિસંપ્રદાયમાં દીક્ષા આપવામાં આવી અને તેમનું નામ યતિ શ્રી ક્ષમાવિજયજી રાખવામાં આવ્યું.

**સાધનાના માર્ગે :** શ્રી ક્ષમાવિજયજીની બુદ્ધિ તીવ્ર હતી. શ્રી ચારિત્રવિજયજી પાસે રહીને તેમણે વધુ ઊંડાણથી અધ્યયન કર્યું. તેઓશ્રીએ યતિજીવનમાં આવશ્યક ગણાતા એવા આયુર્વેદ, જ્યોતિષ આદિ વિષયોનો અભ્યાસ કર્યો અને ધીરે ધીરે એમાં પારંગત બન્યા.

શ્રી ક્ષમાવિજયજીમાં ધીરતા, દૃઢ મનોબળ, સેવાવૃત્તિ, નિઃસ્વાર્થતા આદિ અનેક ગુણો શ્રી ચારિત્રવિજયજીને દેખાયા હતા. આથી યતિજીવનમાં મહત્ત્વના એવા મંત્રશાસ્ત્રના અભ્યાસમાં શ્રી ક્ષમાવિજયજીને જોડવામાં આવ્યા અને ધીરે ધીરે તેમણે ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી. તેમને યોગસાધનામાં પણ ઘણો રસ પડ્યો હતો. તેથી તેમણે તે વિષયમાં પણ ઊંડું ખેડાણ કર્યું. તેઓ કલાકો સુધી યોગસાધનામાં અને ધ્યાનમાં લીન બની રહેતા. આથી તેઓ મંત્રવિદ્યાની સાથે યોગવિદ્યામાં પણ પારંગત બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ક્ષમાવિજયજી બાલ્યાવસ્થા અને તરુણાવસ્થા ક્યારની યે વટાવી ચૂક્યા હતા. તેઓશ્રી ચારિત્રવિજયજીના ઉત્તરાધિકારી પણ થઈ ગયા હતા. ધીમે ધીમે તેમના મનમાં પ્રતીતિ થઈ ગઈ હતી કે ત્યાગપ્રધાન મુનિજીવન જ સત્યમાર્ગ છે. ઘણાં મનોમંથનને અંતે તૈયાર થયેલું એ 'નવનીત' હતું. તેમણે નક્કી કર્યું કે આ વિષયમાં કોઈ વિદ્વાન સાધુ સાથે ઊંડાણથી ચર્ચા કરવી. એવો અવસર એક વાર આવી ઊભો. પોતે ઇચ્છતા હતા એવા શ્રમણશ્રેષ્ઠ અનાયાસે મળી ગયા. એ હતા પૂ. પંન્યાસપ્રવર શ્રી હિંમતવિમલજી મહારાજ.

**સત્યપંથના રાહી :** શ્રી ક્ષમાવિજયજી જે પ્રશ્નો ઘણા સમયથી વિચારતા હતા તે પ્રશ્નો વિશે તેમણે પં. શ્રી હિંમતવિમલજી મહારાજ સાથે મોકળાશથી ચર્ચા–વિચારણા કરી. પંચમહાવ્રતોનું વાસ્તવિક સ્વરૂપ શું છે, વાસ્તવિક મુનિજીવન કેવું હોય, યતિજીવનમાં વ્યક્તિએ કેવાં કેવાં અકર્તવ્યો કરવાં પડે એ, શ્રી હિંમતવિમલજી મહારાજશ્રીએ ખૂબ ઊંડાણથી શ્રી ક્ષમાવિજયજીને સમજાવ્યું. શ્રી ક્ષમાવિજયજી આમેય સાચા સાધુજીવન પ્રત્યે પહેલેથી આકર્ષાયા હતા. એમને શ્રી હિંમતવિમલજીની વાતોથી વધુ બળ મળ્યું. તેઓ શુદ્ધ સંયમજીવન અંગીકાર કરવા વધુ પ્રેરિત થયા. તેમણે શ્રી હિંમલવિમલજી મહારાજને પોતાને શુદ્ધ મુનિધર્મની દીક્ષા આપવા વિનંતી કરી. શ્રી ક્ષમાવિજયજીમાં શ્રી હિંમતવિમલજી મહારાજને વિશેષ યોગ્યતા જણાતાં એમની સુંદર મનોભાવનાથી પ્રસન્નતા પામીને મુનિજીવનની દીક્ષા આપી. વૈભવ છોડીને તેઓ યતિ મટીને મુનિ બન્યા : શ્રી ક્ષમાવિજયજી મટીને 'મુનિશ્રી શાન્તિવિમલજી' બન્યા. આ શ્રેષ્ઠ કાર્યનું નિમિત્ત બન્યું મહારાષ્ટ્ર પ્રાંતનું 'તળેગામ' નગર. મુનિજીવનની સંસારતારિણી દીક્ષાનો એ ધન્ય દિવસ! હતો જેઠ સુદ ૩, ગુરુવારનો વર્ષ સં. ૧૯૮૩! યતિવર્ય શ્રી લક્ષ્મીવિજયજીના આગમ્ય સ્વપ્નનો સંકેત જાણે હવે સ્પષ્ટ થયો હતો! યતિસંપ્રદાયમાં એક દીપક તો પ્રગટ્યો હતો, પણ તે દીપક ત્યાંથી અલોપ થઈને જાણે મુનિજીવનમાં અજવાળાં પાથરવા સર્જાયો હતો!

શ્રી મહાવીરપ્રભુની શ્રમણપરંપરામાં વિમલશાખાનો પણ એક અનોખો અને ગૌરવવંતો ઇતિહાસ છે. આ શાખામાં ત્યાગપ્રધાન, ક્રિયાપ્રધાન અનેક મુનિપુંગવો થયા છે. તેમાં એક નામ શ્રી જ્ઞાનવિમલસૂરિનું છે. તેમણે ગુજરાતી ગેયસાહિત્યને સમૃદ્ધ કરવામાં પોતાનો ઘણો મોટો ફાળો આપ્યો છે. આવું જ એક નામ પં. શ્રી કલ્યાણવિમલજી મહારાજનું છે. જૈનોના મહાન તીર્થ શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાએ આવનાર પ્રત્યેક યાત્રિક યાત્રા કરીને ઊતર્યા પછી તલાટી પાસેના ભાતખાતામાં આવીને ભાતું વાપરે છે, પરંતુ ઘણાં ઓછાં લોકોને આ ભાતખાતાના ઇતિહાસનો ખ્યાલ હશે. આ ભાતાખાતા વિશે સૌ પ્રથમ વિચાર શ્રી કલ્યાણવિમલજી મહારાજને આવેલો. પૂજ્યશ્રીની પ્રેરણાથી તળેટી ઉપર ભાતાખાતાની શુભ શરૂઆત થઈ. ભાતાની આ પ્રથાનું ત્યાર પછી ઘણાં તીર્થોમાં અનુકરણ થયું છે. આ ભાતાખાતાના આદ્યપ્રણેતા પં. શ્રી કલ્યાણવિમલજી ગણિ વિમલશાખાના એક દેદીપ્યમાન નક્ષત્ર હતા. આવાં તો કેટલાંયે શ્રમણરત્નો વિમલશાખાની રત્નખાણમાં સમયે સમયે પાક્યાં છે. પં. શ્રી શાન્તિવિમલજી મહારાજની ગુરુસેવા અદ્ભુત હતી. તેઓ ગુરુનિશ્રાએ જ કાયમ માટે રહેતા, ગુરુશ્રીનો પડ્યો બોલ ઝીલી લેતા. ગુરુશ્રીનાં તમામ કાર્યોમાં તેઓ પૂરક બની રહ્યા.

સં. ૨૦૨૦માં મહા માસની ૪ને શનિવારે શ્રી ઉપરિયાળા તીર્થમાં હજારો માણસોની મેદની સમક્ષ પૂ. આ. શ્રી વિજયન્યાયસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે તેમને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું અને આચાર્યપદ પ્રાપ્ત થતાં તેઓ આચાર્યશ્રી શાંતિવિમલસૂરીશ્વરજી નામે પ્રસિદ્ધિ પામ્યા.

પૂ. આચાર્યશ્રીએ રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ પ્રાંતોમાં વિહાર કર્યો છે. અનેક તીર્થોની યાત્રાઓ, અનેક પ્રતિષ્ઠાઓ, સંઘયાત્રાઓ, તપ-ઉત્સવો આદિ શાસનહિતકારી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. તેમના ઉપદેશથી પ્રતિબદ્ધ થઈને અનેક પુણ્યાત્માઓ એમનાં ચરણે દીક્ષિત થયા છે, જેમાં શ્રી દેવવિમલજી, શ્રી નરેન્દ્રવિમલજી, શ્રી ગૌતમવિમલજી, શ્રી હરિભદ્રવિમલજી, શ્રી પ્રદ્યુમ્નવિમલજી તથા શ્રી પ્રદ્યુમ્ન-વિમલજીના શિષ્ય શ્રી વિજયવિમલજીનો સમાવેશ થાય છે. તેઓ બંને આચાર્યશ્રીના વડીલ બંધુ શ્રી ઉમાશંકરજીના સુપુત્રો છે. મુનિશ્રી હરિભદ્રવિમલજી તથા શ્રી ગૌતમવિમલજીનો સ્વર્ગવાસ આચાર્યશ્રીની વિદ્યમાનતામાં જ થયો હતો.

પૂજ્ય આચાર્યશ્રી જે વિચારતા તે જ કહેતા અને જે કહેતા તે જ કરતા. એમના અંતરંગ અને બાહ્યજીવનમાં કોઈ વિરોધાભાસ જોવા ન મળતો. મન–વચન–કાયાને એકરૂપ રાખવાં એ જ જીવનની સાચી સિદ્ધિ છે. આ સિદ્ધિ તેઓશ્રીમાં જોવા મળતી. તેઓશ્રી અનેક માંત્રિક સિદ્ધિઓના સ્વામી હોવા છતાં તે વિષયના અહંકારથી હંમેશાં દૂર રહેતા, સાથોસાથ અંગત હિત માટે ક્યારેય પણ તે સિદ્ધિઓનો ઉપયોગ કરતા નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીની માંત્રિક વ્યક્તિ તરીકે ઘણી ખ્યાતિ હોવાથી એમની પાસે અવારનવાર અનેક લોકો પોતાના પ્રશ્નો લઈને આવતાં, પરંતુ તેઓશ્રી દરેકને વાત્સલ્યભાવથી "પૂર્વકૃત અશુભ કર્મોના ઉદયથી જ જીવનમાં આધિ–વ્યાધિ–ઉપાધિ આવે છે." –એવું સમજાવતા અને છેલ્લે તેના નિવારણ માટે નમસ્કાર મહામંત્ર ગણવાનું સૂચન કરતા. તેઓ કહેતા કે "શ્રી નમસ્કાર મહામંત્ર જો શ્રદ્ધાપૂર્વક ગણવામાં આવે અને મનને પવિત્રતાના પંથે દોરવામાં આવે તો જીવનમાં વ્યક્તિની મનોકામનાઓ પૂર્ણ થઈ શકે છે અને વ્યક્તિ આધિ--વ્યાધિ ઉપાધિના ત્રિવિધ સંતાપોથી મુક્ત થઈ શકે છે. જરૂર માત્ર સાચી શ્રદ્ધાની છે". તેઓશ્રીએ આત્મકલ્યાણને જ સર્વદા અગ્રતાક્રમ આપ્યો છે. આત્મકલ્યાણને સાધ્યા વગર કહેવાતી પરકલ્યાણની વાતોમાં ખરી રીતે કંઈ તથ્ય હોતું જ નથી. શુભની શરૂઆત હંમેશાં પોતાથી જ થાય. ઉપદેશનો ક્રમ પછીથી આવે. પૂજ્યશ્રી હંમેશાં પોતે આચરણમાં મૂકતા. પછી જ બીજાને ઉપદેશ આપવાનું વિચારતા. આવી વ્યક્તિ આત્માની મહાનતાને પામે એમાં કાંઈ આશ્ચર્ય નથી. એવા મહામના મહાત્માનાં ચરણોમા શતશઃ વંદનાવલિ....!!!

*સૌજન્ય : આ. શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી મ.સા.ની પ્રેરણાથી શ્રી માણિભદ્રવીર શાન્તિ સેવા ટ્રસ્ટ, પાલિતાણા.*

## શાસન એકતાના હિમાયતી, સંયમમાર્ગના પ્રખર પથદર્શક

## પ.પૂ.આ.શ્રી વિજયસોમસુંદરસૂરિજી મ.સા.



પૂજ્યશ્રીનો જન્મ બનાસકાંઠાના થરાદ તાલુકાના મોટી પાવડ ગામે સં. ૨૦૦૭ના પોષ વદ બીજના દિવસે થયો હતો. પિતાનું નામ રામચંદભાઈ, માતાનું નામ તારાબહેન તથા સ્વનામ મહાસુખલાલ હતું. માતાપિતાના ઉત્તમ ધર્માચાર અને પૂર્વજન્મના પુણ્યના બળે તેમનામાં બાલ્યવયથી જ ધર્મસંસ્કાર ઝળકી ઊઠ્યા. તેમાંયે પૂ. શ્રમણભગવંતોનો સમાગમ, વિશેષ કરીને પૂ. ગુરુદેવ પંન્યાસ સુજ્ઞાનવિજયજી (વર્તમાનમાં પૂ. આચાર્ય શ્રી વિજય સોમચંદ્રસૂરિજી) મહારાજના સમાગમ અને પ્રેરક વાણીએ ત્યાગ અને વૈરાગ્યના માર્ગે જવા તત્પર બનાવ્યા અને માત્ર ૧૨ વર્ષની કુમળી વયે સં. ૨૦૧૯ના માગશર સુદ પાંચમે પૂ. પં. શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજે મનસુખલાલને સરિયદ મુકામે ભાગવતી પ્રવજ્યા આપી. મુનિશ્રી સિદ્ધસેનવિજયજી નામે સંયમજીવનથી અલંકૃત કરી દીધા.

સતત ગુરુકુલવાસમાં રહી ગ્રહણ-આસેવ ને શિક્ષા દ્વારા આચારમાં જાગરુકતા, વિચારમાં ઉજ્જ્વળતા અને વાણીમાં મૃદુતા કેળવી આત્માને સિદ્ધાંતનિષ્ઠ બનાવ્યો. ગુરુભક્તિ, વિનય, વિવેક, સરલતા તેમજ જ્ઞાન-ધ્યાન-તપ આદિમાં તત્પર અને સંયમજીવનને ઉત્કૃષ્ટ બનાવતા પૂ. ગુરુદેવોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું, સ્વ-પર હિતકારક યોગોમાં પણ આત્મજાગૃતિ દર્શાવી પૂ. ગુરુદેવના કૃપાપાત્ર બન્યા અને સં. ૨૦૪૬ના મહા સુદ ૧૧ના થરાદનગરે પંન્યાસપદ અને ફાગણ સુદ ૧૧ના ભીલડિયાજી તીર્થે મહામહોત્સવપૂર્વક પૂ. ગુરુદેવશ્રી સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિની શુભ નિશ્રામાં તથા વિશાળ સાધુ-સાધ્વીજી અને સંઘની ઉપસ્થિતિમાં શ્રી નવકાર મહામંત્રના તૃતીયપદે-આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. આચાર્યશ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મહારાજના નામે ઉદ્ઘોષિત કરવામાં આવ્યા.

ત્યારબાદ પૂજ્ય ગુરુદેવની [illegible]ન્ય કૃપાના બળે અનેક શાસનપ્રભાવનાનાં કાર્યો અને અનેક સંઘોના રાહ બતાવનાર બન્યા. પૂજ્ય દાદા ગુરુદેવના સ્વર્ગસ્થ થયા બાદ પૂજ્યશ્રીની ઉપર અનરાધાર કૃપા વરસાવી અને પૂજ્યશ્રીને શિષ્યોની પરંપરા અવિરતપણે ચાલુ થઈ અને દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતી રહી. પૂજ્યશ્રીમાં શ્રીસંઘોમાં કાર્યો કરવાના પ્રભાવે વિ.સં. ૨૦૬૧નું બોરીવલી ચંદાવકર લેન ખાતે ચાતુર્માસ થયેલ અને તેમાં પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની ઉજવણીરૂપે સમસ્ત બોરીવલી સંઘની એકતા કરીને આખા શ્રીસંઘનો રથયાત્રાનો વરઘોડો ૨૭ સંઘોને એક કરીને કઢાવ્યો અને આજે અનુમોદનારૂપ છે, જે સંઘો આજે પણ પ્રસંગને અવિરતપણે યાદ કરે છે અને તે રથયાત્રાના વરઘોડા આજે પણ ચાલુ છે. આવી પૂજ્યશ્રીની કાર્યશક્તિને શ્રીસંઘ બિરદાવે છે. અવિરતપણે શાસનપ્રભાવના કરતા રહો તેવી અમારા સૌની શુભેચ્છા. બે સંવત્સરીવાળાને એક સાથે રાખ્યા. પૂજ્યશ્રીની આ એક મોટી સિદ્ધિ ગણી શકાય. પૂજ્યશ્રી શાસન-સંઘની પ્રભાવના વધુ ને વધુ પ્રવર્તાવતા રહો એવી ભાવભરી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના!

*સૌજન્ય : પૂ. મુનિશ્રી પુણ્યસુંદરવિજયજી મ.સાની પ્રેરણાથી સિદ્ધગિરિની શીતળ છાયામાં પ્રવચનપ્રભાવક પૂ.આ.ભ.શ્રી સોમસુંદરસૂરિજી મહારાજ સાહેબે કરેલ અપૂર્વ અઢાઈ તપની આરાધના નિમિત્તે મુંબઈનિવાસી શા. પ્રશાંતભાઈ સૂર્યકાન્તભાઈ પરિવાર.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*વિમલગચ્છના તેજસ્વીરત્ન : વિમલગચ્છનાયક*

## પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નવિમલસૂરિજી મહારાજ



રાજસ્થાનના જાલોર જિલ્લામાં સ્થિત ઇતિહાસપ્રસિદ્ધ અનેક વિદ્વાન મહાપુરુષોની જન્મભૂમિ–ભીનમાલ, જે ઇતિહાસમાં શ્રીમાલ અને ફૂલમાલના નામથી વિખ્યાત છે, તેની નજીક જેતુ નામનું સુંદર ગામ છે. આ જેતુ નગરમાં પરમ શૈવ–ઉપાસક ધર્મનિષ્ઠ રાજપુરોહિત પિતાશ્રી ઉકચંદજી અને માતાશ્રી દિવાળીબહેનના ચતુર્થ પુત્રરત્નના રૂપમાં બાળક પ્રભુએ જન્મ લીધો, જેઓ પાંચ વર્ષની નાની વયે જ પૂ. યોગીરાજ સિદ્ધપુરુષ ગુરુદેવ શ્રી શાંતિવિમલસૂરીશ્વરજી મહારાજના સાન્નિધ્યમાં પૂ ગુરુદેવશ્રીના માનસપુત્રના રૂપમાં આધ્યાત્મિક અને દૈવી શક્તિથી સંપન્ન પ્રખર પ્રજ્ઞાવંત વિમલગણાધીશ શ્રી પ્રદ્યુમ્નવિમલજીના નામે આપણા વંદનીય છે. તેઓશ્રીનો જન્મ તા. ૯-૧૨-૬૪ને દિવસે જેતુ નગરમાં થયો. તેઓશ્રીનું જન્મ-નામ પ્રભુ હતું. પ્રભુની વય નાની હતી, પણ પૂ. આ. શ્રી શાંતિવિમલસૂરિજી મહારાજની દિવ્યદૃષ્ટિ ભવિષ્ય તરફ હતી. તેઓશ્રી આ નાનકડા અંકુરમાં છુપાયેલા વિશાળ વટવૃક્ષને સાક્ષાત્ જોઈ રહ્યા હતા. અજ્ઞાત પ્રેરણાની સ્ફુરણા થતાં જ પૂ. ગુરુદેવે બાળક પ્રભુના પિતાશ્રીને પોતાના હૃદયની વાત કરી કે, "આપના કુળદીપકને મારા સાન્નિધ્યમાં રાખવાનો સમય આવી પહોંચ્યો છે. હવે એને શુભ મુહૂર્તમાં દીક્ષા પ્રદાન કરવાની અનુમતિ આપી પુણ્યોપાર્જનનો લાભ લ્યો!" માતાપિતાએ ભવિષ્યવેત્તા ગુરુદેવશ્રીના શ્રીમુખે પોતાના પ્રિય બાળક પ્રભુના આત્મકલ્યાણના પાવન પંથની વાત સાંભળી, એ પ્રમાણે કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. માત્ર અગિયાર વર્ષની ઉંમરે, સં. ૨૦૩૨ના માગશર સુદ ૪ના દિવસે, પૂ. આ. શ્રી શાંતિવિમલસૂરીજી મહારાજના વરદ હસ્તે બાળક પ્રભુને શત્રુંજય મહાતીર્થની પુણ્યભૂમિમાં, 'હિંમતવિહાર'ના વિશાળ પ્રાંગણમાં, ચતુર્વિધ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં, મહામહોત્સવ-પૂર્વક દીક્ષા પ્રદાન કરવામાં આવી. પૂ. ગુરુદેવે શ્રી પ્રદ્યુમ્નવિમલજી નામે ઘોષિત કર્યા. નવદીક્ષિત મુનિરાજની વડી દીક્ષા શત્રુંજય મહાતીર્થમાં જ સં. ૨૦૩૨ના વૈશાખ સુદ ૬ને દિવસે થઈ.

મુનિરાજશ્રી પ્રદ્યુમ્નવિમલજી મહારાજે દીક્ષા પછી પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં જૈનદર્શનનાં વિવિધ ગ્રંથો અને શાસ્ત્રોનો વિધિવત્ અભ્યાસ કર્યો. તેઓશ્રીએ હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષાની પ્રશિષ્ટ કૃતિઓ 'મેઘદૂત', 'અભિજ્ઞાન શાંકુતલ', 'કાદમ્બરી' આદિનું અધ્યયન કર્યું. વ્યાકરણ અને જ્યોતિષ જેવાં શાસ્ત્રોમાં પારંગતતા પ્રાપ્ત કરી. તદુપરાંત, વક્તૃત્વકળા અને લેખનકળામાં પણ કૌશલ પ્રાપ્ત કર્યું. આમ, નાની ઉંમરમાં સંયમજીવનને શોભાવે તેવી સિદ્ધિ પ્રાપ્ત કરી. વર્તમાનમાં વિમલશાખાના શ્રમણભગવંતોમાં નાયકપદ પૂજ્ય મુનિરાજશ્રી પ્રદ્યુમ્નવિમલજી મહારાજ શોભાવી રહ્યા છે. માત્ર ૧૧ વર્ષની ઉંમરે સંયમ સ્વીકારી, ૧૮ વર્ષની વયે ગચ્છાધિપતિ બની, ૨૬ વર્ષની વયે પંન્યાસ પદથી અલંકૃત થયેલા આ તેજસ્વી સાધુવર દાદાગુરુશ્રી શાંતિવિમલસૂરિજી મહારાજ અને ગુરુદેવશ્રી દેવવિમલજી મહારાજની છત્રછાયામાં રહીને, જ્ઞાનોપાસનામાં અત્યંત વિકાસમાન રહીને, વિવિધ શાસનપ્રભાવનામાં સંલગ્ન રહ્યા છે. પૂજ્યશ્રીની પ્રતિષ્ઠા, ઉદ્યાપન, વિવિધ અનુષ્ઠાનો આદિ અનેક કાર્યો સુસમ્પન્ન થયાં છે. પૂજ્યશ્રીની નિશ્રામાં મહાન ધર્મકાર્યો સુસમ્પન્ન બનતાં રહો એવી મનોકામના સાથે, પૂજ્યશ્રીના ચરણારવિંદમાં કોટિ કોટિ વંદના!

પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક તીર્થોનો જીર્ણોદ્ધાર, અંજનશલાકા, પ્રતિષ્ઠા આદિ સંપન્ન થયાં, અનેક છ'રીપાલિત સંઘયાત્રાઓ તથા પાલિતાણા તળેટી ઉપર ભવ્ય શિખરબંધ શ્રી માણિભદ્રદેવનું મંદિરકાર્ય નિર્માણ થયું. માણિભદ્રજીના મૂળસ્થાનનો પણ જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. વાણીમાં મધુરતા, વ્યવહારમાં કુશળતા, હૃદયમાં સરળતા વગેરે સદ્‌ગુણો પૂજ્યશ્રીમાં દેખાઈ આવે છે.

*સૌજન્ય : હિંમતવિહાર જૈન ધર્મશાળા પેઢી-પાલીતાણા*

*શુભમાં નિમિત્ત થનાર : નિર્લેપી સંતરત્ન*

## પ.પૂ.આ.શ્રી ચન્દ્રકીર્તિસાગરસૂરિજી મ.સા.

સં. ૨૦૦૯ના ભાદરવા માસમાં ભાવનગરની પુણ્યધરા પર જન્મેલા હારિજવાળા ચંદુલાલ ગિરધર લાલચંદના પરિવારમાં જન્મેલ મૂળનામ પ્રકાશભાઈ મા-બાપના સંનિષ્ઠ ધાર્મિક સંસ્કાર પામતાં જીવનઘડતરમાં ધાર્મિક બીજ ઊંડે વવાતાં રહ્યાં. નાની વયે ક્ષયોપશમ-ધર્મની ભાવના-અનુષ્ઠાનો પ્રત્યેનો રાગ આ બધાં પરિબળોએ જીવનની ત્યાગદિશાના મર્મ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજાવ્યા અને પૂ.આ.ભ.શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. ૨૦૨૨ની સાલમાં ભાવનગરમાં ચાતુર્માસ માટે પધારી અપૂર્વ આરાધના કરાવતા હતા તે દરમ્યાન તેઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન મુનિશ્રી નરદેવસાગરજી મ.ના પરિચયમાં આવ્યા. સંસ્કારનો વધુ ઉઘાડ થયો. વૈરાગ્યની તીવ્ર ભાવના જાગૃત થઈ. પૂજ્યશ્રી સાથે વિચરવાનું થયું. પાલિતાણામાં થતા ઉપધાનમાં અઢારિયું કર્યું પણ એ જ વખતે વૈરાગ્યનાં બી ઊંડે વાવણી થઈ અંકુરા સુધી પહોંચવા લાગ્યા. ત્યાર પછીનું ચોમાસું સુરેન્દ્રનગર થયું અને ઉપધાનની માળા પહેરાઈ અને તે પછી ભવિતવ્યતાના ૧૦ વર્ષનાં વહાણાં વહી ગયાં અને ૨૦૩૪ના વૈશાખ સુદ ૫ ના સુપ્રભાતે કપડવણજ મુકામે પૂ.આ.શ્રી દેવેન્દ્રસાગરસૂરિ મ.ના વરદ્ હસ્તે પૂ. મુનિશ્રી નરદેવસાગરના શિષ્ય તરીકે પૂ. મુનિશ્રી ચન્દ્રકીર્તિસાગરજી મ. તરીકે જાહેર થયા હતા. (દીક્ષા વખતે નામ અલગ હતું. વડીદીક્ષામાં ઉપરોક્ત નામ જાહેર થયું.) સાથે ઉસ્માનપુરાના પ્રમુખ વીરચંદભાઈની પણ જૈફ વયે દીક્ષા થતાં પૂ. મુનિશ્રી વર્ધમાનસાગરજી તરીકે જાહેર થયા અને તે પછી પૂજ્ય ગુરુદેવશ્રીના સિંચન મુજબ જ્ઞાન-ધ્યાન-વિનય-વૈયાવચ્ચ-તપ-જપમાં આગળ વધી પૂજ્ય ગુરુદેવશ્રી સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, યુ.પી., છત્તીસગઢ, બિહાર, બંગાળ, ઓરિસ્સા, આન્ધ્ર, કર્નાટક, તામિલનાડુ આદિ પ્રદેશોની યાત્રા અને તપ સેવા ચાલતી.

૨૦૪૩માં પૂના મુકામે પૂજ્યશ્રીના શિષ્ય તરીકે મુનિ પદ્મકીર્તિસાગર જાહેર થયા, જેઓ સુંદર આરાધના કરી રહ્યા છે. ટૂંક સમયમાં મુનિશ્રીની પ્રતિભા ખીલતી ગઈ અને ૨૦૫૦માં સુરત મુકામે કા.વ. ૧૦ના શ્રી ભગવતીસૂત્રની અનુરાગરૂપ ગણિપદવી નક્કી થતાં જ પૂજ્યશ્રીના સંસારી પિતાશ્રી ચંદુભાઈ હારીજવાળાની દીક્ષા પણ એ જ દિવસે સાથે નક્કી થઈ અને પૂજ્ય ગુરુદેવશ્રીના શિષ્ય પૂ. મુનિશ્રી પુણ્યકીર્તિસાગરજી મ. તરીકે જાહેર થઈ ૨૧ વર્ષમાં સંયમજીવનની સાધના કરી જીવન સફળ કર્યું. સામુદાયિક પંન્યાસપદવી વ. ખૂબ જ દબાણ ચાલુ જ હતું, છતાંય તેઓએ પોતાની યોગ્યતા ક્યાં છે? કહી લંબાવતા રહ્યા છે. આખરે સમુદાય મર્યાદા સ્વરૂપ આચાર્યપદવી આપવાનું નક્કી થતાં પૂજ્ય ગુરુ શ્રી નરદેવસાગરસૂરિજી મ.સા. તથા પૂ. આ. શ્રી હર્ષસાગરસૂરિજી મ.સા. આદિના વરદ હસ્તે પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાથી વિ.સં. ૨૦૬૪ ચૈ.વ. ૫, તા. ૨૫-૪-૦૮ સુરત કૈલાસનગરે ભવ્ય જાહોજલાલીપૂર્વક આચાર્યપદવી પ્રદાન થઈ અને ત્યાર પછી અનેક શાસનના કાર્યોમાં રત થઈ અદ્ભુત પ્રભાવના કરી રહ્યા છે. પોતાના વિદ્વાન પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી ભગવતીજી સૂત્ર સાંભળી અને પછી ધીરે ધીરે નૂતન આચાર્ય ભગવંતશ્રી પણ શ્રી ભગવતીજી સૂત્રના વ્યાખ્યાન માધ્યમે અજોડ શાસનસેવા કરી રહ્યા છે. પૂજ્યશ્રી તરફથી મળેલો આજના જમાનામાં વરદાન સ્વરૂપ સાબિત થયેલો એક ગુણ અજોડ રીતે સાચવી રહ્યા છે અને તે કોઈપણ કાર્યમાં કે શ્રી સંઘમાં નિર્લેપ થઈ રહેવું અને પ્રોજેક્ટથી હમેશા દૂર રહેવું—જેથી સાધુતાનો સ્વાદ ખુદ માણી શકે. પૂજ્યશ્રી માહ વદમાં જન્મભૂમિ ભાવનગરમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળીનાં પારણાં કરી એક અનેરી મંઝિલ સર કરે છે.

સં. ૨૦૬૪ની સાલે વિદ્યાનગર ચોમાસું હોવા છતાં ગુરુદેવશ્રીની આજ્ઞાથી શ્રી દાદાસાહેબ (ભાવનગર) ક્ષેત્ર સાચવવાની જવાબદારીમાં પૂજ્યશ્રીના ભગવતીજી સૂત્ર તથા શ્રી મલયસુંદરી ચરિત્રવાંચન થતાં વિશાળ મેદની ઊમટી લાભ લઈ રહી છે. પૂજ્યશ્રીની વિશિષ્ટતા એ જ કે શુભમાં નિમિત્ત બની અલાયદા રહેવું. પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદનાઓ.

## ધન્ય છે રાજસ્થાની કોઠારી પરિવારને

જિનશાસન અને ધર્મના રંગે રંગાયેલા ધર્મપ્રેમી ધનરાજજી કોઠારીના ધર્મપત્ની સુશ્રાવિકા, રત્નકુક્ષી સુકનકુંવરબહેન તથા વૈરાગ્ય રંગે રંગાયેલા શ્રી બલવંતરાજજીના ધર્મપત્ની તુલસીબહેન જેમના પુત્ર, પૌત્ર, પૌત્રી, ભાણી, દોહિત્રી તથા અન્ય સગા સ્નેહીઓને દીક્ષા અપાવી જિનશાસનને સમર્પિત કર્યા જે આજે પણ ક્રમશઃ આચાર્ય, પંન્યાસ, મુનિ અને સાધ્વીપદ સુધી પહોંચીને જેઓ વર્ધમાનતપ સંસ્થાપક આ.શ્રી ભક્તિસૂરીશ્વરજી સમુદાયના ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ૧૦૮ ભક્તિ વિહાર-શંખેશ્વરના પ્રેરક આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ્રશિષ્ય બની અંતરના આશિષ પામી ગુણોના એ મઘમઘતા બાગમાં વિચરી રહ્યા છે.

સમગ્ર પરિવારની સાથે પ્રવજ્યાના માર્ગે સંચરતા

## પૂ.બાપા મ.સા. પૂ. વીરવિજયજી મ.સા.



પુણ્યના અંકુરા પાંગરે છે ત્યારે જિનશાસનને સમર્પણ થનાર વિભૂતિનો જન્મ થાય છે. મહારાષ્ટ્ર દેશની પાવનધરા દારવ્હા (મોતીબાગ) ગામમાં પુણ્યશાળી કોઠારી પરિવારમાં પિતાશ્રી ધનરાજભાઈ તથા માતુશ્રી સુકનકંવરબહેનની કુક્ષીએ વિરલ અને ઉત્તમ ગુણ વૈભવ સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ દિવ્યભૂમિમાંથી એક તેજસ્વી તારલાએ જન્મ ધારણ કર્યો.

મોહરાજાને જીતવા માટે જાણે પરાક્રમી બળવાન ન હોય તેવું લાગતું હતું તેથી તેમનું નામ માતા-પિતાએ બળવંતરાજ પાડ્યું. માતાપિતાએ સુસંસ્કારોનું સિંચન કર્યું. બાલ્યવયથી જ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના અહોભાવને કારણે ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા. જેમની વાણી-વર્તન અને વિચારોમાં નમ્રતા, સરલતા, ન્યાય, નીતિ, પ્રમાણિકતા અને સમભાવના દર્શન થતાં નામ પ્રમાણે ગુણોને શોભાવતા હતા.

બાલ્યવયથી જ વૈરાગ્યની ભાવના હતી, ભોગાવલિ કર્મના ઉદયે, ફુટાણાનિવાસી, રેદાસણી પરિવારના તુલછાબેનની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્નને દિવસે અજવાળી પાંચમ હોવાથી તેમના નિયમ મુજબ ચોવિહારો ઉપવાસ કર્યો. કંસાર પણ મોંમાં ન લીધો. નિયમમાં અડગ હતા. વર્ષો પર વર્ષો વીતવા લાગ્યા અને જલકમલવત્ સંસારસુખો ભોગવતાં તેમના દામ્પત્યથી ચાર પુત્રો ને બે પુત્રીરુપ પુષ્પો પ્રગટ્યા.

પ્રથમ પુત્રીનો જન્મ થતાં પહેલાં જ લક્ષ્મીદેવી રુમઝુમ કરતાં આવ્યા અને બોલ્યા કે હું તારે ઘેર અવતરું છું એમ કીધું ને ચાર કલાક પછી ઈંદિરા (અમીરસાશ્રીજી)નો જન્મ થયો અને છેલ્લે એક નાની દીકરીનો જન્મ થયો. અરુણા (હાલ રાજરત્નાશ્રીજી) તરીકે સંયમયાત્રામાં વિચરી રહ્યા છે.

બલવંતરાજને વર્ષોથી ચારિત્રની ભાવના હતી અને વ્યાખ્યાનના રસિયા હતા. સ્વધર્મને સાચવવા માટે સંસારમાં ૫૦ વર્ષ રહ્યા પછી બલવંતરાજે પ્રથમ ઈંદિરા પોતાની દુકાને ન્હાવાનો સાબુ લેવા બાપા પાસે ગઈ. ત્યારે બાપાએ પૂછ્યું કે તારે દીક્ષા લેવી છે? તો દીકરીએ હા કહી. તુરત જ ત્યાંથી બારોબાર મુંબઈ સાધ્વીજી મ.સા. પાસે ભણવા મોકલી. ૧૫ દિવસમાં તો ઈંદિરાને પૂર્ણ વૈરાગ્ય થઈ ગયો. ઘેર આવી પણ વૈરાગ્યપુષ્ટ થવાથી તેને સંયમજીવન બાલ્યવયમાં સ્વીકાર્યું.

ત્યારબાદ એક પુત્રને સંયમની વાટે ૮ વર્ષની વયે વિદાય આપી, ત્રણવર્ષ પછી બલવંતરાજભાઈ-તુલછાબહેન, ત્રણ દિકરા અને એક દિકરી તથા તેમના ભાઈની બે દિકરીઓ બધાએ સાથે ૧૦ આત્માએ સહકુટુંબ સંયમ સ્વીકાર્યું. બલવંતરાજભાઈ પ. પૂ. ગચ્છાધિપતિ આ.દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિ વીરવિજયજી મ.સા. નામે જાહેર થયા. ચારિત્રગ્રહણ બાદ, ગુજરાત, મહારાષ્ટ્ર, M.P., સૌરાષ્ટ્ર આદિ દેશોમાં વિચરી પોતાના કુટુંબના ૧૭ સભ્યોના દીક્ષાના કારણભૂત બન્યા. દાદાની ૫૫૦ યાત્રા કરી. પુરિમડ્ઢના એકાસણા સાથે પાલિતાણામાં ૨૦ વર્ષ સુધી શત્રુંજયની ગોદમાં ખૂબ સુંદર આરાધના કરી. તળેટી વહેલા જઈને બેસી જાય અને દરેક યાત્રિકોને વાસક્ષેપ નાખે અને મોક્ષમાં જાઓ એક જ વાક્ય બોલે. તેમના જીવનમાં ક્યારેય ફરીયાદ ન હતી. શૂરવીર અને બાહોશ હતા. સિંહગર્જનાના સ્વામી હતા. છેલ્લે તબિયતની પ્રતિકૂળતા હોવાથી પ.પૂ.આ.દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં તેમના દિકરા મ.સા. પ.પૂ.આ.દેવશ્રી હેમચંદ્રસૂરિજી મ.સાની પાસે ૧૦૮ પાર્શ્વનાથ શંખેશ્વર મુકામે લઈ ગયા.

ત્યાં પર્યુષણના બીજા જ દિવસે દીકરા મ.સા.ના મુખે નવકારમંત્ર સાંભળતા હાથમાં નવકારવાળી ગણતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ૩૬ વર્ષનો દીક્ષાપર્યાય અને ૮૬ વર્ષની ઉંમરે સુંદર સંયમ જીવન પાળી સ્વર્ગે સિધાવ્યા.

ગુણ અસીમ આપના કેમ અગાવા, સૌની એક સુરાવલી
શબ્દો નથી જડતા, ગુરુવર કેમ અર્પુ શ્રદ્ધાંજલી

*જિનશાસન પ્રભાવક : ગુરુઆજ્ઞાધારક*

## પ.પૂ. આ.દેવશ્રી ભાનુચંદ્રસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. આ.દેવશ્રી ભાનુચંદ્રસૂરીશ્વરજી મ.સા. તેમના મોટા દીકરા પ.પૂ.આ.દેવશ્રી ભાનુચંદ્રસૂરિજી મ.સા. જેઓ સરલહૃદયી, મિલનસાર સ્વભાવ, દરેક જીવપ્રત્યે અંતરની લાગણી, હંમેશા હસતું મુખડું એમના જીવનમાં અમીર-ગરીબનો ભેદ ન હતો. પરદુઃખભંજન, વ્યવહારદક્ષ, જિનશાસન પ્રભાવક, સહુના વ્હાલા, ગુરુઆજ્ઞાધારક, તેઓએ પણ દેશોદેશમાં વિચરી ખૂબ શાસન પ્રભાવના કરી છે. સ્નેહભરી આત્મીયતા વાણીની મીઠાશ, પુષ્પપાંખડી જેવું કોમળ હૈયુ હતું. નિરાભિમાન અને નિર્લેપતાના ગુણોને વિકસાવ્યા હતા.

જ્ઞાનોપાસના જોરદાર હતી. સંસ્કૃત-પ્રાકૃત-ન્યાયશાસ્ત્ર આદિનો ઊંડો અભ્યાસ કર્યો હતો. છેલ્લે મુંબઈ પ.પૂ. ગચ્છાધિપતિ આ.દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની સાથે વાલકેશ્વરમાં ચાતુર્માસ રહ્યા અને ગુંદેચા ગાર્ડનની પ્રતિષ્ઠા નિમિત્તે ત્યાં પ્રવેશ કર્યો અને મહોત્સવની શરુઆત થઈ કુંભસ્થાપન દિપક સ્થાપન કરાવી અને બીજે દિવસે રાત્રે ૧૧ વાગે મુમુક્ષુ આત્માને સંયમની અસારતા સમજાવતા-સમજાવતાં, સમાધિપૂર્વક આ પાર્થિવદેહનો ત્યાગ કર્યો. ફૂલની જેમ ખીલી અચાનક કરમાઈ ગયા. જીવન એવું જીવી મૃત્યુને શરમાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા. કાયમ માટે રડાવી સૌના આંસુમાં વણાઈ ગયા. અકાળે અસ્ત પામી, અનંતની યાત્રાએ નીકળી ગયા. પ.પૂ. વીરવિજયજી મ.સા. પ.પૂ. આ.દેવશ્રી ભાનુચંદ્રસૂરિજી મ.સા.ના ચરણોમાં શતઃ શતઃ વંદના. સદ્‌ગત આત્મા જ્યાં હોય ત્યાં પ્રભુ શાંતિ અર્પે.

વિરલતા, નિસ્પૃહતા, સરલતા, સમતા એ ત્રણેનો સંગમ પૂજ્યશ્રીમાં સહજ શોભાયમાન હતો જ. પ્રેમભરી પુષ્પાંજલી.

સા. અમીરસાશ્રીજી મ. (દારવ્હાવાળા) સા. રાજરત્નાશ્રી મ.ની ભાવભીની સદૈવ નતમસ્તકે અશ્રુભીની વંદના.

દયા-દર્શન-વિદ્યુત-ધર્મ-તીર્થ પરિવારની વંદના

*શાસન શણગાર : ધ્યાનયોગના પ્રખર અભ્યાસી*

## પ.પૂ.આ.શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.



માનવભાવ એટલે મોક્ષમાં જવાનું એકમેવ જંકશન...આવો માનવભાવ મળવો અતિ દુર્લભ છે. પરંતુ પૂર્વ પુણ્યોદય હોય તોજ માનવભવ મળે. એમાંયે આર્ય દેશ, આર્યવંશ, જૈન ધર્મ, જૈન ધર્મનિષ્ઠ માતા-પિતાનું કુટુંબ તો પૂર્વભવના કરેલા મહાન પુણ્યપ્રભાવે જ મળે. તેમાં પણ સંસાર છોડવાનો વિચાર આવે, સાધુ થવાનું મન થાય તે તો અતિદુર્લભ કહેવાય....પરંતુ આ આચાર્યપદ ધારક આત્મા માટે આવું જ કંઈક બન્યું.

જે શંખેશ્વર મહાતીર્થની પરમપાવનીય ભૂમિ ઉપર આચાર્ય પદવી સમારોહ થયો તે ભૂમિ સાથે જોગાનુજોગ કેવું લેણું નીકળ્યું છે તે આપણે જોઈએ. જ્યાં ૨૨માં શ્રી નેમિનાથજી અને ભાવી તીર્થંકર શ્રી કૃષ્ણજી જે મથુરાના યાદવ વંશના કહેવાય, તે શુભ આત્માઓ આ ધરતી ઉપર પધારી, પાવનીય ભૂમિ બનાવી તેજ મથુરાથી અને યાદવવંશથી જેમનાં પૂર્વજો રાજસ્થાનના રાજાઓના રાજપાટમાં કોઠારી તરીકે શુભપદ પામ્યા, તેવા પૂર્વજોને આ. ધર્મઘોષસૂરિજીએ વિ.સં. ૧૧૦૦ની સાલમાં ઋષભદેવના દરબારે જૈન ધર્મનો સ્વીકાર કરાવ્યો. તેમની સ્થાપના ઓસવાલ જ્ઞાતિમાં ઋષભગૌત્રમાં રણ ધીરોત કોઠારી તરીકે થઈ. મૂળ રાજસ્થાન નાગૌર જિલ્લાના કુચેરા ગામમાં આવી વસ્યા. માં સચ્ચાઈ કુળદેવી પ્રત્યક્ષપણે પધારી કહ્યું કે તમો મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભ પ્રદેશના યવતમાળ જિલ્લાના પ્રાચીન ઐતિહાસિક ગામ દ્વારિકા હાલ દારવ્હા-મોતીબાગ ગામે જાઓ,ત્યાં તમારો અભ્યુદય થશે, ત્યાં આવ્યા અને ધર્મનિષ્ઠ જૈન શ્રેષ્ઠી કોઠારી પરિવારે નિત્ય પ્રભુનું દર્શન-પૂજન ધાર્મિક અનુષ્ઠાનો માટે સ્વદ્રવ્યે શિખરબદ્ધ ઋષભદેવ પ્રભુનું જિનાલય બંધાવ્યું, તેવા સુસંસ્કારી કુટુંબમાં માતા તુલસીદેવીના કુખે એક પાવન આત્મા ઉછરવા લાગ્યો.

જ્યારથી આત્મા ગર્ભમાં આવ્યો, ત્યારથી માતા તુલસીને ધર્મમય નવી-નવી અંતર ભાવનાઓ દોહદરુપે ઉત્પન્ન થઈ. જેમકે મારે હવે સંસારમાં રમવું નથી, તેથી સાધુની જેમ એક વર્ષ સુધી શ્વેત વસ્ત્રો જ પહેરીશ. પાણી પણ અચિત્ત જ વાપરીશ. સામાયિક આદિ નિત્ય કરીશ. પરિમિત વીગઈઓ જ વાપરીશ. આવા અનેક અભિગ્રહ નાન્દેડ ગામે (મહારાષ્ટ્રમાં) ગણેશમુનિજીના મુખએથી ધારણ કર્યા હતા. ઘેર આવીને બળવંતરાજજીને વાત જણાવી આ બાળકનો આત્મા જ્યારથી ગર્ભમાં આવ્યો છે તે સૂચવે છે કે આ બાળક ભવિષ્યમાં સંસારમાં રાચનારો નહીં પણ પોતે સંસાર તરીને અનેકોને તારનારો બનશે. સાચા સુખનો રાહ બતાવનાર બનશે. ત્યારે ધર્મપતિએ વિચાર્યું કે સારું થયું હવે મારા પુરાણા મનોરથ સપરિવાર સાથે સંયમ લેવાના જે છે તે પૂર્ણ થશે. ત્યારબાદ સમય જતાં સવારે ઉગતા પ્રહરે બલવંતરાજજી ધનરાજજી કોઠારીના ગૃહે ભોલીસી માતા તુલસીદેવીએ શ્રેષ્ઠ નક્ષત્રોમાં પુષ્ય નક્ષત્ર કહેવાય છે, તે પુષ્ય નક્ષત્રમાં ગુરુ ચંદ્રમાનો યોગ (ગજકેસરી યોગ) પ્રાપ્ત થતા પુત્રરત્નને જન્મ આપ્યો. કર્કરાશી પ્રમાણે સુનક્ષત્ર ઉપરથી "હંસરાજ" એવું નામ પાડ્યું. દાદીમાં શુકનકુંવરબહેને સુસંસ્કાર રેડીને એને ધર્મનું અમૃતપાન કરાવ્યું. ૮ વર્ષની નાનકડી વયે અઠ્ઠાઈતપ કરીને ઈતિહાસ રચ્યો. મુંબઈમાં આ. ભક્તિસૂરિજીના લાડીલા આ. પ્રેમસૂરીશ્વરજી મ.સા.નો વાલકેશ્વર ખાતે ભેટો થયો. આ વિરલા સંતે મંદ હાસ્યે કહ્યું "ઓ હંસરાજ! તું દીક્ષા લે...મારે તને શાસનનો સિતારો બનાવવો છે અને હંસરાજે તુરત જ બે હાથ જોડી તહત્તિ કરી, દીક્ષાનું મુહૂર્ત કાઢવા કહ્યું. ૧૧ વર્ષની નાની વયે તા. ૭-૫-૧૯૭૩ના દિવસે દીક્ષા થઈ અને તે જ તારીખે ૩૩ વર્ષ પછી આચાર્ય પદવી પ્રાપ્ત કરી. પિતા, માતા, ભાઈઓ, બહેનો, કાકાની દિકરી, માસી બા, ફઈબા આદિ ૧૦ સાથે મંગળ પળે ૪૫૦૦૦ની માનવમેદની વચ્ચે મહારાષ્ટ્રમાં દારવ્હા ખાતે દીક્ષા થઈ. ગુરુદેવ "બાલમુનિરાજશ્રી હેમચન્દ્ર વિજયજી" એવું અણમોલ નામ ધારણ કરાવ્યું. વડી દીક્ષા હિંગણઘાટે થઈ. બાલવયમાં ધાર્મિક અભ્યાસ, વ્યાકરણ, કાવ્ય, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરેનું તલસ્પર્શી પઠન કર્યું.ધ્યાન યોગનો પણ સારો એવો અભ્યાસ કર્યો. આચાર્યપદે વિભૂષિત થયા પછી પૂજ્યશ્રીના હાથે શાસનપ્રભાવનાના ઘણા કાર્યો સુસંપન્ન થયા. પૂજ્યશ્રીને લાખ લાખ વંદનાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री दान-प्रेम-भुवनभानु - जयथोषसूरि - जयसोम विजयेभ्यो नमः

श्रुतसर्जन सहायक - प.पू. जयदर्शन वि. म.सा. (नेमिप्रेमी)

**शाश्वतसौरभ ग्रंथके सर्जनकर्ता साक्षरो और सहायकोके अनुमोदक**

१. श्री मुलुन्ड श्वे. मू.पू. जैन संघ - झवेर रोड - मुंबई.
२. श्री राजस्थान जैन संघ - बजारपेठ- कल्याण.
३. श्री श्वेतांबर मू. पू. जैन संघ - कापड बजार - पनवेल.
४. श्री महावीरस्वामि जैन टेम्पल ट्रस्ट - चिंचवडगांव - पूना.
५. श्री मुनिसुव्रतस्वामि जैन श्वे. मू. पू. संघ - निगडी - पूना.
६. श्री शांतिनाथ जैन श्वे. मू. पू. संघ - गाँवठान - लोनावला.
७. श्री आदिनाथ सोसायटी जैन टेम्पल ट्रस्ट - सतारा रोड - पूना.
८. श्री केसरिया पार्श्वनाथ महिला मंडल - कुमार गेलेक्सी - पूना.
९. श्री पार्श्वनाथ जैन महिला मंडल - चिंचवडगांव - पूना.

ॐ श्री मति-श्रुत-अवधि-मनपर्यव-केवलज्ञानाय नमो नमः

---

॥ ॐ श्री वीतरागाय नमः ॥

# सांवत्सरिक क्षमापना - जिनशासनकी आराधना

## प्रेरक : प. पू. जयदर्शन विजयजी म.सा. (नेमिप्रेमी)

**शुभेच्छक : श्री किरणराजजी हस्तिमलजी चौपडा - निगडी - पूना**

**अनुमोदक : श्री भागचंदजी हिम्मतमलजी सोनीगरा - निगडी - पूना**



१. प्रतिदिनं प्रणमामि जिनेश्वरम् ।
२. साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः ।
३. धम्मोमंगलमुक्किठं - अहिंसा संजमो तवो ।
४. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ।
५. जिनशासनरक्षादक्षाय शासनदेवाय नमः ।



नमामि, खमामि, वंदामि, मिच्छामि दुक्कडम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# રત્નત્રયીના રાહદારીઓ

સકલ વિશ્વનાં દુર્લભ અને મહામૂલાં ત્રણ રત્નો એટલાં સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ પાવન રત્નત્રયીને પામવા સકલ સંસારનો ઘાસના તણખલાની જેમ ત્યાગ કરીને સર્વસંગત્યાગનું ભીષ્મ પરાક્રમ આદરનારાં શ્રમણ અને શ્રમણી ભગવંતો જૈન સંઘની શોભા છે. રત્નત્રયીની સાધનાનો મહાયજ્ઞ માંડી અનેક ભવોમાં સંચિત કર્મરાશિનું દહન કરી રહેલાં આ સંયમીઓ શ્રાવકસંઘ માટે પણ એક ઊચ્ચ આદર્શ છે.

નાસ્તિકતાનો પ્રસાર કરનારા પરિબળોનો રાફડો ફાટ્યો છે ત્યારે આ સાધકવર્યો સમ્યગ્દર્શનનાં દિવ્ય અજવાળાં સર્વત્ર પાથરી રહ્યાં છે. મિથ્યાજ્ઞાનનો મહિમા ચોમેર પ્રસરેલો છે તે કાળમાં આ શ્રુતોપાસકો સમ્યક્ જ્ઞાનના તારક તેજદ્વારા મોહ અને અજ્ઞાનનાં અંધારાં જનગણમાંથી ઉલેચી રહ્યા છે, અને સમ્યક્ ચારિત્રની પ્રખર સાધના દ્વારા આ ચારિત્રધરો સ્વ-પરના કલ્યાણ સુપેરે સાધી રહ્યા છે. વંદન હો એ રત્નત્રયીના આરાધકોને!

*આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી,*
*કૃતિથી કામણગારા, એક એકથી અધિકી*
*અજોડતાના અવતાર, આ યુગના યોગી,*

## પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

આ મહાપુરુષનો જન્મ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનાં પવિત્ર ચરણકમળોથી પાવન બનેલી પાટણ નગરીમાં વિ. સં. ૧૯૫૯ના માગસર સુદી ૩ ના મંગલ પ્રભાતે શેઠશ્રી હાલાભાઈ મગનભાઈના ધર્મપત્ની ચૂનીબહેનની કુક્ષિએ થયો હતો.

કોને ખબર હશે કે આ આજે જન્મેલો બાલશિશુ જૈન શાસનનો એક તેજસ્વી રત્ન બની જશે. બાલકનું નામ ભગવાનદાસ રાખવામાં આવ્યું હતું. પિતાશ્રી હાલાભાઈનો વ્યાપાર મુંબઈ હોવાને કારણે એમનો બાલ્યકાળ મુંબઈ અને પાટણમાં વ્યતીત થયો.

કોઈ પૂર્વજન્મના ઉત્તમ સંસ્કારોને કારણે નાનપણથી જ ભગવાનદાસભાઈ પ્રભુપૂજા, માતા-પિતાને પ્રણામ, ધાર્મિક અભ્યાસ, રાત્રિ ભોજન ત્યાગ, કંદમૂલાદિના ત્યાગનું પાલન કરતા હતા. ૧૬ વર્ષની વયમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યા પછી ધંધામાં જોડાયા. ધંધાની સાથે સાથે જ ગોડીજી પાઠશાળા આદિમાં પંચપ્રતિક્રમણ, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ.ના ગુર્જર સાહિત્યનો સારા પ્રમાણમાં અભ્યાસ કરેલો. ઉપરાંત પ્રકરણો તથા સંસ્કૃત વગેરેનો પણ અભ્યાસ કર્યો હતો. માતા-પિતાદિ વડીલોના દબાણથી લગ્નગ્રંથિમાં પણ જોડાવું પડ્યું હતું.

સંવત ૧૯૮૨ માં સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રી પોતાના શિષ્ય-પ્રશિષ્ય પરિવારાદિ સાથે મુંબઈ પધાર્યા અને ત્યાં પૂ.પાદ મુનિરાજ શ્રી રામવિજયજી મહારાજના વૈરાગ્ય ભરેલાં પ્રવચનો સાંભળ્યા પછી આ સંસારનાં બંધનોમાંથી વહેલી તકે છૂટી જવા માટે અવસરની શોધમાં હતા.

ભગવાનદાસભાઈની અત્યંત વૈરાગ્ય ભાવના અને મક્કમતા જોઈ સ્વજનોએ પણ ખુશીથી દીક્ષાની રજા આપી અને ખૂબ જ ધામધૂમપૂર્વક પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી મહારાજશ્રીનાં વરદ હસ્તે મુંબઈમાં ભાયખલા મુકામે બીજા ચાર મુમુક્ષુઓની દીક્ષાઓની સાથે સંવત ૧૯૮૭ના કાર્તિક વદ ૩ ના દિવસે ભગવાનદાસભાઈએ દીક્ષા અંગીકાર કરી અને એજ પ્રસંગમાં પ.પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. સા.ને ઉપાધ્યાયપદવી અને પ. પૂ. શ્રી રામવિજયજી મ.ને પણ પંન્યાસ પદવીથી અલંકૃત કરવામાં આવેલ હતા. નવદીક્ષિત મુનિશ્રીનું નામ 'મુનિશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ' રાખવામાં આવ્યું અને પ. પૂ. પંન્યાસજી મ. શ્રી રામવિજયજી ગણિવર્યના શિષ્ય તરીકે જાહેર થયા.

ભોગી મટી યોગી બન્યા, અગારી મટી અણગાર બન્યા.

દીક્ષા ગ્રહણ કર્યા પછી વિશુદ્ધપણે ચારિત્ર-પાલન પૂર્વક જ્ઞાનધ્યાનની સાધનામાં તેઓશ્રી તલ્લીન બની ગયા અને થોડાં જ વર્ષોમાં પૂર્વાચાર્યો રચિત મહાન શાસ્ત્રોના ગૂઢ અને ગંભીર રહસ્યોને સમજી તદનુરૂપ જીવન જીવવા લાગ્યા. ખરેખર જ્ઞાનને પચાવવું ઘણું જ અઘરું કામ છે, પરંતુ આ મહાપુરુષ શાસ્ત્રોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાર્થોના બોધને પોતાના જીવનમાં પચાવી ખૂબ જ ગંભીર બન્યા હતા. સૌ પ્રત્યે વાત્સલ્યભાવને કારણે એ સ્વ–પર બધા સમુદાયોમાં પ્રિયપાત્ર બની ગયા.

એ મહાપુરુષમાં બીજાને સંયમમાં સ્થિર કરવાની અદ્‌ભુત કલા હતી. કર્મના ઉદયથી અસ્થિર બનેલા અનેક આત્માઓને એમણે સ્થિર બનાવ્યા છે. ગંભીરતાના તો દરિયા હતા અને એ કારણે જ એમની પાસે અનેક આરાધક આત્માઓ આવીને નિખાલસપણે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરતા હતા.

વાત્સલ્ય અને પ્રશમભાવનાના તો સાગર હતા. એક નાનામાં નાની વ્યક્તિ સાથે વાતચીત કરવામાં એમને સંકોચ ન હતો. કષાયો તો એઓશ્રીના જીવનમાં ભાગ્યે જ જોવા મળે.

એમણે પોતાના જીવનમાં નમસ્કારમહામંત્રની અપૂર્વ આરાધના કરી અને બીજાને કરાવી છે. અનેક ગામો અને તીર્થભૂમિઓમાં વિધિપૂર્વક લાખ નવકાર જાપના અનુષ્ઠાન કરાવી સકલ સંઘમાં મહામંત્રના જાપ અને ધ્યાનનો ફેલાવો કર્યો છે. જાપ અને ધ્યાનની સાથે આધ્યાત્મિક ભૂમિકામાં પણ એ મહાપુરુષ ખૂબ જ આગળ વધેલા હતા. નમસ્કારમહામંત્ર અને નવપદ ઉપર ખૂબ જ ચિંતન અને અનુપ્રેક્ષા કરી શાસ્ત્રોના રહસ્યને પ્રકટ કરનારા અનેકવિધ ગ્રંથરત્નોની તેઓશ્રીએ શાસનને ભેટ ધરી છે.

આયંબીલ તપના તેઓશ્રી ખૂબ જ પ્રેમી હતા. ગૃહાવસ્થામાં પણ એમને લાગટ છ મહિના સુધી આયંબીલ કર્યાં હતાં અને દીક્ષા પછી પણ પોતાની નાદુરસ્ત તબિયતમાં પણ વર્ધમાનતપની બાવન ઓળીઓ પૂર્ણ કરી છે.

મુંબઈ, મહારાષ્ટ્ર, જામનગર, હાલાર પ્રદેશના ગામડામાં, ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ અને રાજસ્થાનના અનેક ગામોમાં વિચરીને શાસન પ્રભાવનાનાં અનેક અનુષ્ઠાનો કરાવ્યાં છે.

તેઓ નિઃસ્પૃહશિરોમણિ હતા. ભયંકર માંદગી અને શારીરિક રોગોમાં પણ એમની સમતા અને સમાધિ આ પંચમકાલમાં એક મહાન આદર્શભૂત હતી. સંયમ જીવનની ખૂબ કાળજી રાખતા હતા. ક્રિયા–પાલનમાં પણ શુદ્ધિ જાળવવા ખૂબ જ સજાગ રહેતા.

જીવમાત્રની હિતચિંતારૂપ મૈત્રી આદિ ભાવો તો એમના જીવનના પ્રાણ હતા. એ કારણે જ તો સ્વ–પર સમુદાયના અનેક મહાત્માઓ કહેતા હતા કે આ મહાપુરુષ તો મૈત્ર્યાદિભાવોની સાક્ષાત્ મૂર્તિ છે.

અગણિત ગુણોથી ઓતપ્રોત તેઓશ્રી જૈન શાસનના એક મહાન તેજસ્વી રત્ન હતા.

છેલ્લાં ૧૫ વર્ષોથી એ મહાપુરુષ મારવાડની ભૂમિને પાવન કરી રહ્યા હતા. છેલ્લાં ત્રણ વર્ષોથી તેઓશ્રીની તબિયત અસ્વસ્થ રહેતી છતાં પોતે ખૂબ જ સજાગ અને સમાધિમાં તલ્લીન હતા. ૨૦૩૫માં પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ પાટણ મુકામે ચાતુર્માસાર્થે પધાર્યા હતા અને ચાતુર્માસ દરમિયાન પોતાના ગુરુદેવશ્રી આચાર્યદેવશ્રીની શુભ નિશ્રામાં ખૂબ જ સુંદર આરાધના કરી હતી.

વૈશાખ સુદ ૧૨થી તબિયતમાં વધારે વળાંક આવ્યો. કફની સાથે હેડકીની પણ તકલીફ ચાલુ થઈ. મુંબઈના ડૉ. શરદભાઈ અને અહીંના ડૉ. જીવણભાઈ આદિ ખૂબ જ કાળજી અને ભક્તિપૂર્વક યોગ્ય ઉપચાર કરતા હતા.

પૂજ્યપાદશ્રીની સમાધિ માટે પ. પૂ. શ્રી પ્રદ્યોતન વિ. મ., પૂ. મુ. શ્રી કુંદકુંદ વિ. મ., પૂ. મુ. શ્રી વજ્રસેન વિ. મ., પૂ. મુ. શ્રી જિનસેન વિ. મ. આદિ બધા મહાત્માઓ ક્રમશઃ નમસ્કાર મહામંત્રાદિ સંભળાવતા જ હતા. એવી તબિયતમાં પણ પોતે ખૂબ જ સજાગ અને સમાધિમાં હતા. વૈશાખ સુદ ૧૩ના રોજ મુમુક્ષુ શ્રી વેલજીભાઈની દીક્ષા હતી. તે નિમિત્તે વેલજીભાઈ ઉપર વાસક્ષેપ નાખી આશીર્વાદ પણ આપ્યા હતા. વૈશાખ સુદ ૧૪ની બપોરે અશક્તિ હોવા છતાં પણ મોઢેથી નવકાર પણ બોલ્યા હતા. યોગ્ય ઉપચાર ચાલુ જ હતા. સમય વહેવા માંડ્યો.....! અને સાંજે છ વાગે પૂ. શ્રી કુંદકુંદ વિ. મ., પૂ. મુનિશ્રી વજ્રસેન વિ. મ., પૂ. મુ. શ્રી જિનસેન વિ. મ., પૂ. મુ. શ્રી ચારિત્રભૂષણ વિ. મ. અને પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ. આદિ મુનિરાજો તથા ચંદ્રકાંત (હાલ મુનિશ્રી દિવ્યસેનવિજય) તથા અશોક (હાલ મુનિશ્રી હેમપ્રભવિજયજી)એ પૂજ્યશ્રી સાથે પક્ખી પ્રતિક્રમણ ચાલુ કર્યું.

પ્રતિક્રમણની બધી ક્રિયાઓ કરી, બધા કાઉસગ્ગો કર્યા. પછી માત્રાની શંકા થઈ હોવાથી પાટ ઉપરથી બે મુનિવર્યોએ નીચે ઉતારી માત્રુ કરાવ્યું. માત્રુ કર્યા પછી પાટ ઉપર સૂતી વખતે "હવે આ છેલ્લો સમય છે." એટલું બોલી પૂજ્યપાદશ્રી ખૂબ જ સજાગ અને સાવધાન બની ગયા. બધાની સાથે ક્ષમાપના કરી. અને પક્ખી પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી શ્વાસની ગતિમાં મંદતા જણાતાં જ સૌએ નવકાર મહામંત્રની ધૂન ચાલુ કરી દીધી. પૂજ્યપાદશ્રીની બંને આંખો ખુલ્લી ગઈ અને ખૂબ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાગૃતિ અને સમતાપૂર્વક નમસ્કારમહામંત્રનું રટણ અને શ્રવણ કરતાં કરતાં વૈશાખ સુદ ૧૪ની રાત્રે આઠ કલાક અને દસ મિનિટે ખૂબ જ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તેઓશ્રીનું સમગ્ર જીવન કોઈ અલૌકિક અને દિવ્ય જીવન હતું. અસાધારણસૌમ્યતા, અપૂર્વવાત્સલ્ય, અતુલસાત્ત્વિકતા, અદ્‌ભુતસહિષ્ણુતા અને હૃદયની અપૂર્વનિખાલસતા આદિ સદ્‌ગુણો તેઓશ્રીના જીવનમાં ઝળહળતા હતા. તેઓશ્રીની પંચાચારની પ્રવૃત્તિએ અનેક ભવ્યાત્માઓનું ભવકૂપમાંથી ઉદ્ધરણ કર્યું છે.

પૂજ્યપાદશ્રીના કાળધર્મથી જૈન શાસનમાં રત્નમણિમુકુટ સમાન મહાનસાધક અને મહાઉપકારક પુરુષની ન પુરાય એવી મહાન ખોટ પડી છે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી સ્થૂલદેહે તો ચાલ્યા ગયા, પરંતુ એમનો ગુણદેહ તો સદા વિદ્યમાન જ છે. એમના ગુણોને નજર સમક્ષ રાખી આપણે આરાધનામાં આગળ વધીએ એ જ તેઓશ્રીની સાચી સેવા છે.

*સૌજન્ય : શ્રી રતિલાલ દેવશી ગુઢકા (લખિયા-હાલાર), માટુંગા-મુંબઈ*

## પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્રસાગરજી મ.

સં. ૧૯૭૨માં, જેસર–રાજપરામાં, મામાના ઘરે માતુશ્રી ઝબકબહેનની રત્નકુક્ષિએ જન્મ લીધો. એમનું નામ અમરચંદ પાડવામાં આવ્યું. પિતા દેવચંદભાઈ આજીવિકા માટે કાઠિયાવાડમાંથી સુરત આવીને વસ્યા હતા. તેથી અમરચંદનું બાળપણ ત્યાં વીત્યું. વ્યાવહારિક તેમ જ ધાર્મિક શિક્ષણ અને સંસ્કારોનું બીજારોપણ સુરત જેવી પુણ્યમયી નગરીમાં થયું. તેઓશ્રીના વડીલ ભાઈ હીરાચંદે કુટુંબની આર્થિક જવાબદારી અદા કરીને પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ પાસે સં. ૧૯૮૪માં અમદાવાદમાં સંયમ ગ્રહણ કર્યું હતું અને તેઓશ્રી આગળ જતાં પોતાની જ્ઞાનપ્રાપ્તિની તમન્ના અને તત્પરતાને લઈને વિકાસ સાધીને સાગરસમુદાયના ગચ્છાધિપતિપદ સુધી પહોંચ્યા હતા. એ વડીલ ભ્રાતા પાસે સં. ૧૯૯૦માં શ્રી સિદ્ધાચલ તીર્થભૂમિમાં પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે શ્રી બાબુ પન્નાલાલની ધર્મશાળામાં દીક્ષા ગ્રહણ કરીને, સંસારીપણે વડીલ ભાઈ પૂ. શ્રી હેમસાગરજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી અમરેન્દ્રસાગરજી નામથી સંયમમાર્ગે પ્રયાણ આદર્યું.

પહેલેથી જ તેઓશ્રીના જીવનમાં શ્રુતભક્તિ અને વ્યવસ્થાશક્તિ અદ્‌ભુત હતાં. તેથી જ તેઓશ્રી પોતાના જીવનમાં મુંબઈ–સાન્તાક્રુઝ, ઘાટકોપર–સંઘાણી એસ્ટેટ અને ગોધરા–પંચમહાલ–આ ત્રણ સ્થળોમાં મોટા જ્ઞાનભંડારો બનાવીને શ્રીસંઘને સમર્પણ કરી શક્યા. આ સિવાય પણ પૂજ્યશ્રીમાં રહેલ જ્ઞાનોપયોગી વિવિધ પુસ્તકો પ્રકાશન કરવાની આગવી કળાને લીધે સરળ પંચપ્રતિક્રમણ વિધિ અને જેની પાંચ આવૃત્તિ થઈ એવું 'વિધિસંગ્રહ' પુસ્તક પ્રગટ કરેલ છે. આ સિવાય બીજાં ઘણાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. સંયમી આત્માઓ સંયમપાલન કરતાં કરતાં વૃદ્ધ થાય ત્યારે શું? તેઓ વિહાર કરી શકે નહીં, અને કોઈ સંઘ કાયમ માટે તેઓને રાખે નહીં ત્યારે તેઓના સંયમજીવનની આરાધનાનું શું? એ માટે ખૂબ મનોમંથનને અંતે 'શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના ટ્રસ્ટ' નામનું એક સુંદર નાનકડું ટ્રસ્ટ સ્થાપન કર્યું અને એના ઉપક્રમે પાલિતાણાની તીર્થભૂમિમાં 'શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના ભવન' નામનો એક નાનકડો ઉપાશ્રય બનાવરાવ્યો, જેમાં હાલ તેઓશ્રી તથા અન્ય મુનિભગવંતો બિરાજે છે અને જ્ઞાન–ધ્યાન કરી રહ્યા છે. પૂજ્યશ્રીની મંગલ નિશ્રામાં તેમના નાના ગુરુભાઈ મુનિશ્રી મહાભદ્રસાગરજી સં. ૧૫૧૮માં શ્રી શુભશીલગણિએ રચેલ શ્રી શત્રુંજય તીર્થ સંબંધી 'શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ' ૧૪૨૨૪ શ્લોકપ્રમાણ ગ્રંથનું સંપૂર્ણ ભાષાંતર કરીને બે ભાગમાં પ્રકાશન કર્યું. આ શત્રુંજય સંબંધી ગ્રંથ અદ્‌ભુત છે.

ત્યારબાદ અભ્યાસી વર્ગની માંગણી આવી કે ભાષાંતર મળ્યું પણ મૂળ ગ્રંથ ક્યાંથી મળશે? એટલે આગમમંદિરની સંસ્થા દ્વારા શ્રી શત્રુંજયકલ્પવૃત્તિ ટીકા પ્રતાકારે બે ભાગમાં બહાર પાડ્યું. અને પછી વાચકવર્ગની સતત પ્રેરણાને માંગણીના સથવારે તે જ ભાષાંતર હિન્દી ભાષામાં બે ભાગમાં આજ સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ ગયું છે. પછી મુનિશ્રીની ભાવના આગળ વધે છે કે ત્રીજું શત્રુંજય મહાત્મ્ય જેનું નામ 'શત્રુંજય માહાત્મ્ય ઉલ્લેખ' છે તે ગ્રંથના ગુજરાતી ભાષાંતરનું કાર્ય પણ ચાલે છે. જ્ઞાનીની દૃષ્ટિએ પૂર્ણતા હશે તો પ્રકાશન થઈ જશે.

આવી રીતે સંયમપાલન કરતાં, જ્ઞાન–ધ્યાન કરતાં અને અન્ય જીવોને સહાયક બનતાં તેઓશ્રીના દીક્ષાપર્યાયમાં પંચાવન વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો છે, એટલે શાસ્ત્રની દૃષ્ટિએ તેઓશ્રી વયસ્થવિર કહી શકાય, છતાં પણ તેમના જીવનમાં મોટાઈનો ઠઠારો નથી. પ્રચાર–જાહેરાત–જાહેરખબરોની ઝંઝટ નથી. શિષ્યો કે પરિવારવૃદ્ધિની તમન્ના નથી. શાંતિથી સંયમ-જીવન વિતાવ્યે જાય છે. આવા, પાયામાં ઈંટ બનીને પુરાઈ જનારા મુનિઓ વડે જ શાસનની ઇમારત અડીખમ ઊભી છે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાગમાર્ગે વળેલા તેમના સંસારી કુટુંબની ગૌરવમય વિગત આ પ્રમાણે છે : પોતાના દીક્ષિત પિતા–મુનિશ્રી દેવસાગરજી મ. પોતાના ગુરુ અને વડીલ ભાઈ–પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજ. પોતાનાં વડીલ ભગિની–સાધ્વીશ્રી દિનેન્દ્રશ્રીજી. પોતાનાં લઘુભગિની–સાધ્વીશ્રી હર્ષલતાશ્રીજી. પૂજ્યશ્રી ૯૨ વર્ષની વયે સ્વાસ્થ્યપૂર્ણ જીવન દ્વારા શાસનપ્રભાવક કાર્યો માટે પ્રેરણા આપતા રહ્યાં. હમણાં જ થોડો સમય પહેલા કાળધર્મ પામ્યા.

*મુનિશ્રી મહાભદ્રસાગરજી મહારાજની પ્રેરણાથી ભારતીબહેન કે. ટી. સોની. મુંબઈના સૌજન્યથી.*

*જૈન ધાર્મિક શિક્ષણના ભેખધારી, સાહિત્યભૂષણ*

## પ.પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મ.



મુનિશ્રીનો જન્મ મહા વદ–૧૩ સં. ૧૯૬૪માં તાપીના પવિત્ર નીરથી જે ભૂમિ પરમ પવિત્ર થઈ છે, એ ભૂમિ સુરત શહેરમાં શ્રી વીસા ઓસવાળ શ્વેતામ્બર મૂર્તિપૂજક જ્ઞાતિના માનીતા શેઠ શ્રી જીવનચંદ નવલચંદ સંઘવીના ઘરે માતા શ્રી પાર્વતીબાઈની પવિત્ર કુક્ષિએ થયો હતો. તેઓશ્રીનું લાડીલું નામ–જેચંદભાઈ પાડવામાં આવ્યું હતું.

"જન્મવું એ નવું નથી પણ જન્મ સફળ સાર્થક કરવો એ જ મહત્ત્વનું છે." એ દૃષ્ટિએ શેઠ શ્રી જીવનચંદ ભાઈએ પોતાની સુકૃત લક્ષ્મીને સં. ૧૯૭૬માં સુરતથી શાશ્વતગિરિ સિદ્ધાચળજીનો છ'રીપાલિત સંઘ પ.પૂ. આ. મ. શ્રીમદ્ આનંદ-સાગરસૂરીશ્વરજી મ.સા.ની પવિત્ર નિશ્રામાં કાઢી પવિત્ર કરી હતી. તે વખતે મુનિશ્રી ખૂબ નાની વયના હતા, તો પણ તેઓમાં છુપાયેલી ધર્મભાવના સંસ્કાર અને સદ્વિચારનો પરિચય અનેક સંઘોને ઉત્તમ રીતે અને અનુકરણીય થયો હતો. શાળાકીય શિક્ષણ 'ન્યુ ભરડા હાઈસ્કૂલ'માં **S.S.C.** સુધીનું લીધા બાદ મુનિશ્રીએ નહીંવત વ્યાપાર–વ્યવસાયમાં સં. ૧૯૮૫ પછી પ્રવેશ કર્યો અને સં. ૧૯૮૭માં સુરતના રહીશ શેઠશ્રી મગનભાઈ દયાચંદમલજીની સુપુત્રી શ્રી જશવંતીબહેન સાથે જાણે ભોગાવલી કર્મ બાકી રહ્યાં ન હોય એ રીતે નિર્લેપ નિર્મળભાવે જળકમળવત્, જીવન જીવવાની ભાવનાથી લગ્ન ગ્રંથિથી જોડાયા!

પ્રાચીન કાળમાં જેમ અનેક મહાપુરુષોને લગ્નમંડપમાં ચોરીના ફેરા ફરતાં હસ્તમેળાપ કરતાં સંસારની અસારતાનાં દર્શન થયાં, વૈરાગ્યના ઝરણામાં નિર્મળ સ્નાન કરવાના કોડ જાગ્યા તેમ મુનિશ્રીના જીવનમાં પણ આવી જ અદ્ભુત ઘટના થઈ ગઈ. ખબર નહીં કે મુનિશ્રીએ ધર્મપત્નીને પણ વૈરાગ્યના માર્ગે વાળવાના કોડ સેવ્યા હશે! અને તેથી લગ્ન પછી અલ્પ સમયમાં જ મનના વિચારને સંસારીઓની સામે વહેતા મૂક્યા અને સં. ૧૯૯૦ માગશર વદ ૮ના પવિત્ર દિવસે પાટણની પવિત્ર ભૂમિમાં ભરયૌવન વયે સંસારના સંબંધોનો ત્યાગ કરી પરમપૂજ્ય આ. મ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.પં. મ. શ્રી પ્રવીણવિજયજી મ.સા.ના શિષ્યરત્ન પ્રભાવક પૂ.પં. મ. શ્રી મહિમાવિજયજી મ.ના શિષ્યરત્ન–મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ. તરીકે સુપ્રસિદ્ધ થયા.

જ્યારે સુકોમળ એવાં ધર્મપત્ની પણ પતિના પવિત્ર માર્ગે પ્રયાણ કરી સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી મ.નાં પ્રથમ શિષ્યા સાધ્વીજી શ્રી જયપ્રભાશ્રીજી મ. તરીકે સંયમી થઈ ધન્ય બન્યાં.

"સંયોગ ત્યાં વિયોગ છે." "સર્જન ત્યાં વિસર્જન છે." એવી વ્યાવહારિક વાતો મુજબ ચરિત્રનાયક શ્રાવકમાંથી શ્રમણ અને રાગીમાંથી ત્યાગી થયા. અજ્ઞાનતામાંથી મુક્ત બની જ્ઞાન–સાધના–આત્મસાધનામાં આગળ વધ્યા. આ સાધના યજ્ઞમાં તેઓશ્રીના ગુરુદેવનો અને દાદા ગુરુદેવ પૂ.આ. મ. શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની કૃપા ઘણી જ ઉપયોગી થઈ.

સં. ૧૯૯૬/૯૭ની વાત છે. સ્વ. મુનિશ્રીના આત્મ–મંદિરમાં જૈન ધર્મના શિક્ષણપ્રચારની ઉત્કંઠા જાગી અને નાનકડો જ્ઞાનનો દીપ ગારિયાધારમાં ભ૦ શ્રી શાંતિનાથ પ્રભુની નિશ્રામાં 'પુણ્યનો સિતારો' નામે પુસ્તક દ્વારા પ્રગટ કર્યો.

કોડિયું ભલે નાનું હોય પણ તેનો પ્રકાશ ચોમેર પ્રસરે છે. પુષ્પ ભલે કોમળ હોય, નાનકડું હોય પણ તેની સુવાસ સૌને આકર્ષે છે. તેમ જ્ઞાનદીપને અખંડિત રાખવા તેના દ્વારા અનેક આત્મમંદિરોમાં શ્રદ્ધાનો પ્રકાશ પાથરવા સ્વ. મુનિશ્રીએ તા. ૧૪-૫-૧૯૪૮ના મંગળ દિવસે પૂનામાં 'શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની વિશાળ દૃષ્ટિથી સ્થાપના કરી.

"ક્રિયાની સાથે જ્ઞાન ભળે તો તે ઇચ્છિત ફળ આપે છે." એવી પ્રસિદ્ધિને મગજમાં બરાબર બેસાડવા તેઓશ્રીએ આવશ્યક સૂત્રોની સાથે અર્થ પ્રચારનું બીડું ઉક્ત સંસ્થા દ્વારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝડપ્યું, જે છેલ્લા શ્વાસ સુધી અવિરત, અનેક ભાષા દ્વારા અખંડિત ચાલુ રાખ્યું. આ સાધનામાં તેઓશ્રીના અંતરને સમજનારા અને ભાવનાને મૂર્તિસ્વરૂપ આપનારા એક નરવીર ઈ.સ. ૧૯૫૦/૫૧માં મળ્યા. તેઓનું નામ હતું, કલકત્તા નિવાસી શેઠ શ્રી હિમચંદભાઈ કે. શાહ, જેઓએ પણ પોતાના છેલ્લા શ્વાસ સુધી પૂજ્યશ્રીની પડખે જ દૃઢતાપૂર્વક ઊભા રહી સંસ્થાની જરૂરિયાતો પૂરી પાડી.

'પ્રેસ અને પ્લેટફોર્મ' એ સમાજને જાગ્રત કરવાનાં સાધન છે. એવા વિચારે સ્વ. મુનિશ્રીએ સં. ૨૦૦૫થી મુરબાડ ગામે 'ગુલાબ' નામના માસિકનો પ્રારંભ કર્યો. આ બાળમાસિકે શિક્ષા અને શિક્ષણ માટે, વિદ્યાપીઠ અને પાઠશાળા માટે વિદ્યાર્થી અને ભાવિ નાગરિક માટે ઉમદા વિચારો સમાજને આપ્યા. સાહિત્યકાર મુનિશ્રીના વિચારોને પાને પાને વહેતા કરી એક નવું જ વાતાવરણ 'માધ્યસ્થ ભાવના'નું ઊભું કર્યું. ટૂંકમાં હજારો જ્ઞાનપિપાસુઓમાં જ્ઞાનની ભૂખ જગાડી. અર્થની સૂઝ ઊભી કરી. અને ઊગતા લેખકોને ચાન્સ આપ્યો. સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કર્યો.

મુનિજીવન અનેક સંકટોની ઉપસર્ગોની હારમાળાનું જીવન કહેવાય છે. તેથી શાસ્ત્રમાં મુનિ જીવનને "લોઢાના ચણા ચાવવા" જેવું વર્ણવ્યું છે. તેનો અનુભવ કરવા માટે જ સ્વ. મુનિશ્રી પૂર્વ પ્રદેશના (કલકત્તા–દિલ્હી) અને દક્ષિણ પ્રદેશના (કન્યાકુમારી સુધી) જિનમંદિરોની સ્પર્શના કરવા પધાર્યા હતા. એટલું જ નહીં, પણ એ પ્રદેશમાં વસતાં જૈન–જૈનેતર સમાજની સાથે હળીમળી તેઓને ઉપયોગી થાય તેવાં જૈન ધર્મનાં અનેક પુસ્તકો તે તે ભાષામાં પ્રકાશિત કરી જૈનધર્મની અપૂર્વ સેવા કરી હતી.

"આજનો વિદ્યાર્થી કાલનો નાગરિક છે", "કુમળા છોડને વાળો તેમ વળે." આવા વિચારો અનુસાર શિક્ષણ– ક્ષેત્રના પ્રખર હિમાયતી સ્વ. મુનિશ્રીએ એકલા હાથે પોતાના શિષ્યરત્ન મુનિશ્રી હરીશભદ્ર વિજયજી મ.ની સાથે જૈનસમાજને કુલ આઠ ભાષામાં અનોખી સાહિત્ય–સંસ્કારની ભેટ આપી છે. બીજા શબ્દમાં આવું કપરું કામ પૂર્વ કોઈએ ભેખ લઈ કર્યું નથી અને ભવિષ્યમાં કરશે કે કેમ તે શંકા છે.

જીવનને ચાર અવસ્થામાં સાક્ષરોએ વહેંચ્યું છે, જ્યારે આધ્યાત્મિક પુરુષોએ વેદનીય કર્મની અપેક્ષાએ બે વિભાગમાં વર્ણવ્યું છે. ગમે તે હોય પણ આવા સમતાશીલ, સરળ સ્વભાવી, નવકાર મહામંત્રાદિ સૂત્રોના અર્થનો નિત્ય ફેલાવો કરવાનું ઝંખનારા મુનિવર્યશ્રીએ ધર્મઇતિહાસને નવું સ્વરૂપ આપ્યું છે એવું કહેવું પડશે અને તેથી જ બેંગલોર શ્રી સંઘે પૂજ્યશ્રીની સાહિત્યસેવા અને શ્રુતજ્ઞાનની ઉપાસનાને જાતે અનુભવી આકર્ષાઈ 'સાહિત્યભૂષણ'ના સમ્માનનીય પદથી તા. ૫-૯-૧૯૭૬ના રોજ ઉત્સવપૂર્વક વિભૂષિત કર્યા હતા.

સ્વ. મુનિરાજશ્રી એક આદર્શ સ્વપ્નદૃષ્ટા હતા. તેઓશ્રીની સદ્પ્રેરણાથી અનેક જિનમંદિરોનું નિર્માણ, ધાર્મિક પાઠશાળા, કન્યાછાત્રાલય, બાળમંદિર, જૈન લાયબ્રેરી, હોમિયોપેથિક દવાખાનું, શિવણ ક્લાસ જેવી ધાર્મિક તેમ જ સામાજિક અનેક શુભ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો હતો. ભાવિમાં હજુ જૈન બેન્ક, અખંડ મંત્ર જાપ, અખંડદીપ જેવાં કાર્યો કરવાના મનોરથો પણ સેવ્યા હતા. વિદ્યાપીઠ ભવન મુલુન્ડ, તત્ત્વજ્ઞાન ભવન–પૂના એમનાં સ્વપ્નનાં પ્રતીક છે. એમનાં જીવતાં–જાગતાં સ્મારકો છે.

ટૂંકમાં જ્યારે તેઓશ્રીનો અંત સમય નજીક આવ્યો ત્યારે તેઓએ દાખવેલાં ધૈર્ય, હળુકર્મીતા, પાપભીરુતા અને લોકપ્રિયતા ભૂલી ભુલાય તેમ નથી, અને તેથી જ ભાંડુપ જેવા નાના જૈન સંઘના અનેક ડૉક્ટરો, કાર્યકરો ઉપરાંત આબાળવૃદ્ધે (પ.પૂ. આ. દેવશ્રી કીર્તિચંદ્રસૂરી મ.સા.ની પવિત્ર હાજરીમાં) અદ્વિતીય તેમની સેવા કરી હતી. છેલ્લે છેલ્લે ૧૦ કલાક શાશ્વત નવકાર મહામંત્રની ધૂન ચલાવી નવકારમંત્રના ગુંજનમાં જ એ આત્માને પરમાત્મદશા પ્રાપ્ત કરવા માટે સદાની વિદાય આપી.

અંતે આત્મા જાય ને શરીર રહી જાય તેમ એ પુરુષાર્થી પુણ્યશાળી આત્મા તો સંસારના ઋણાનુબંધ પૂરા કરી ચાલી ગયો પણ જતાં જતાં કાંઈક આપી ગયો, કાંઈક કહી ગયો, કર્તવ્યની કેડી બતાવી ગયો.

*સૌજન્ય : પૂ. હરિશભદ્રવિજયજી મ.ની પ્રેરણાથી મુનિશ્રી જિતેન્દ્રવિજયજી જૈન આધ્યાત્મિક સેન્ટર, ભાંડુપ-મુંબઈ*

## પૂ. પંન્યાસશ્રી વજસેનવિજયજી મહારાજ

હાલાર વિસ્તારના જૈનજગતમાં આંદોલન ઊભું કરી, પરમાત્માની–નવકારમંત્રની આલબેલ વગાડનાર પૂ. મુનિરાજ શ્રી મહાસેનવિજયજી મહારાજના સંસારી સુપુત્ર પૂ. પંન્યાસશ્રી વજસેનવિજયજી મહારાજનો જન્મ સં. ૧૯૯૮ના જેઠ સુદ બીજને દિવસે આંબલા (હાલાર) મુકામે માતા જીવીબહેનની કુક્ષિએ થયો હતો. ધર્મસંપન્ન માતાપિતાનું સંતાન પણ મહાન જ બને એમાં શી નવાઈ! પુત્રનું નામ પાડ્યું વર્ધમાનકુમાર. હુલામણું નામ 'કેશુ' હતું. બે વર્ષની ઉંમરથી જેણે કદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત્રિભોજન કર્યું નથી, અભક્ષ્ય જેના પેટમાં ગયું નથી, અપશબ્દ જેની જિહ્વા પર આવ્યો નથી, તેવા આ કેશુ પર પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની દૃષ્ટિ પડી ગઈ. આગળ જતાં, ૧૩ વર્ષની નાની ઉંમરે સં. ૨૦૧૧ના વૈશાખ સુદ ૭ના શુભ દિને લોનાવાલા (મહારાષ્ટ્ર)માં સેંકડો હાલારીઓ તથા અન્ય જૈનોની હાજરીમાં દીક્ષા-પ્રસંગ ઊજવાયો અને વર્ધમાનકુમારને પૂ. આ. શ્રી વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય બનાવી મુનિશ્રી વજ્રસેનવિજયજી નામે ઘોષિત કરાયા.

ક્ષયોપશમ તીવ્ર હોવાથી ગાથાઓ ગોખવી તેમને મન-રમત વાત હતી. પંદર ગાથા એક કલાકમાં સહેલાઈથી બોલી જતા. સંયમજીવનના ઘડતર માટે એમને સફળ ઘડવૈયા એવા તપસ્વી વયોવૃદ્ધ મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મહારાજની સંભાળ નીચે રાખવામાં આવ્યા. તેઓશ્રી સાથે દસ વર્ષ સુધી રહેવાથી સંયમની ઉત્કૃષ્ટ તાલીમ મળી. સાથોસાથ વ્યાકરણ છ હજારી, કાવ્યકોષ, તર્કસંગ્રહ, મુક્તાવલી, લોકપ્રકાશ ચાર ભાગ, વિશેષાવશ્યક ભાષ્ય બે ભાગ, ધર્મસંગ્રહ, ઉપમિતિ ભવ પ્રપંચ કથા, ત્રિષષ્ઠિદશપર્વ, કુમારપાલચરિત્ર, સંવેદ રંગશાળા, સમરાઈચ્ચ કહા, પાર્શ્વનાથચરિત્ર આદિનો અભ્યાસ કર્યો તથા ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહદ્ સંગ્રહણી, લઘુક્ષેત્રસમાસ, તત્ત્વાર્થ, વીતરાગસ્તોત્ર, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, હારીભદ્રીય અષ્ટક, ષોડશક, સિંદુર પ્રકરણ, કુલકો, અભિધાન ચિંતામણિ સંપૂર્ણ, અધ્યાત્મ કલ્પદ્રુમ, પ્રશમરતિ, શાંત સુધારસ, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સમાવાયાંગ આદિનો વિશદ અભ્યાસ કર્યો. આવું વિશાળ વાચન અને ઊંડો અભ્યાસ ધરાવતા હોવા છતાં તેઓશ્રીમાં સરળતા અને નમ્રતા ઘણી જ જોવા મળે છે. તેઓશ્રીએ પંદર વર્ષ સુધી પૂ. અધ્યાત્મયોગી પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની આંતર્બાહ્ય સેવાભક્તિ-વૈયાવચ્ચ કરી હતી. તેમનું આ કાર્ય લોકોના જોવામાં આવતું અને તેથી તેઓશ્રી બહુ ભણ્યા નથી અને સેવા કરે છે એવી ધારણા લોકોમાં પ્રવર્તતી, પરંતુ પછીથી વિદ્વત્તાના ક્ષેત્રમાં જવાબદારી સંભાળવાનો અવસર આવી પડતાં તેમના વિશાળ જ્ઞાનનો પરિચય થવા લાગ્યો ત્યારે સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ જતા. પૂજ્યશ્રી દરેક સૂત્ર સ્પષ્ટ બોલે છે અને અનેરી છટાથી બોલે છે. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજનાં વ્યાખ્યાનો, ચિંતનો, લેખોનું સંપાદન કરી પ્રકાશન કરવાનો પુરુષાર્થ કરી રહ્યા છે.

## પૂ. મુનિરાજ શ્રી મહાસેન વિજયજી મ.

ગુજરાત રાજ્યમાં જામનગર જિલ્લામાં, જામખંભાલિયા પાસે સિંહણ નદીના કાંઠે નાનકડું 'મોટામાંઢા' ગામ. ત્યાં પૂંજાભાઈ નોંધા ખીમસીયા-ઉદાર દિલના, પૂર્વના સંસ્કારોથી દાનપ્રેમી, પરોપકારી શ્રીમંત હતા, જેમને ત્યાં ૬ પુત્રરત્ન અને ૧ પુત્રીનો જન્મ થયેલ, તેમાં ત્રીજા પુત્રરત્ન એ 'માણેકભાઈ' થયા.

માણેકભાઈની પૂર્વની પુણ્યાઈ કેવી, કે જે તેમના જન્મથી જ ખ્યાલ આવે છે. કારતક સુદ-૧-૧૯૭૧-બેસતા વર્ષે શુભદિને-શુભલગ્ને-શુભમુહૂર્તે માતા માંકાબહેનની કુક્ષિએ તેમનો જન્મ થયો. બચપણથી જ તેજસ્વી-ઓજસ્વી આ બાળક હતું. થોડા જ મહિનાઓમાં દાંત આવ્યા અને વિશેષ પુણ્યાઈ એવી કે ૩૨ અખંડ અને શોભતા દાંત આવ્યા.

પુણ્યશાળી એવા કે જ્યારથી-જ્યાં સુધી ધંધો કર્યો, ત્યાં સુધી કોઈ દિવસ-એક પૈસાની પણ ખોટ પડી નથી. આ રીતે જીવન પસાર કરતાં-એક દિવસ મહાન પુણ્યના યોગે લાલબાગમાં બિરાજમાન પ.પૂ. કરુણાનિધાન, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં દર્શનનો યોગ પ્રાપ્ત થયો અને એમના પરિચયમાં આવતાં આત્મદળ વિશેષ ખીલી ઊઠ્યું. સતત તેમના સમાગમમાં રહેવા લાગ્યા. હંમેશ એમનાં દર્શન કરવા જતા. એમાં પોતે તો સંસારનાં બંધનથી બંધાઈ ચૂક્યા હતા, પણ પોતાના લઘુબંધુ કેશવજીભાઈને એ પુણ્યપુરુષનો પરિચય કરાવ્યો અને સતત પ્રેરણા કરતા રહ્યા, કે આ સંસારમાં પડવા જેવું નથી. કેશુભાઈ પણ લઘુકર્મીજીવ એટલે વડીલબંધુની પ્રેરણા ગમવા લાગી અને પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજનાં દર્શનમાત્રથી જ નિર્ણય કર્યો કે આ જન્મમાં મારા માટે આજ મહાપુરુષ જીવનનું સર્વસ્વ છે. માણેકભાઈને કેશુભાઈને દીક્ષા અપાવવા માટે ઘરમાં ખૂબ મહેનત પડી, પણ ભાઈના સાથમાં ઊભા રહ્યા. ઉપકારી માતા-પિતા સાથે ભાઈને પણ બધી જાત્રાઓ કરાવી અને ૧૯૯૮માં ભાઈ કેશવજીને દીક્ષા અપાવી મુનિશ્રી કુંદકુંદવિજય બનાવ્યા.

તે વખતે મનમાં મક્કમ, સંસાર ઉપર વિરક્ત મનવાળા અને માણેકભાઈએ ભરયૌવનમાં ૨૮ વર્ષની ઉંમરે તથા એમનાં ધર્મપત્ની, પરોપકાર પરાયણ, સરલ સ્વભાવી જીવીબહેને ઊગતી ઉંમરે, ૧૮ વર્ષની નાની વયે વ્રતમાં દીપક સમાન બ્રહ્મચર્યવ્રતનો સજોડે નિયમ કર્યો.

માણેકભાઈએ પૂજ્ય પંન્યાસજી ભગવંતની નાદુરસ્ત તબિયતમાં ૨૦૦૭માં સાથે રહીને સુંદર સેવા, વૈયાવચ્ચ સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભક્તિ કરી અનેરા ભાવોલ્લાસથી અખૂટ પુણ્યોપાર્જન સાથે ગુરુભગવંતની કૃપા પ્રાપ્ત કરેલ.

લઘુબંધુ મુનિશ્રી કુંદકુંદવિજયજી મ.ની દીક્ષા પછી પોતે દર રવિવારે અનેક ભાઈબહેનોને દર્શનાર્થે તેડી જતા અને તેઓ ધર્મ પામે, તે ઉદ્દેશથી ખૂબ ભક્તિ કરતા. સં. ૨૦૦૦માં માલેગામથી માંડવગઢનો સંઘ ગુરુભગવંતની નિશ્રામાં નીકળેલ. તેમાં પોતે સંઘમાં જોડાનાર ભાવિકોને સોનામહોરની પહેરામણી કરેલ. તેથી સંઘ કઢાવનાર કરતાં પણ પોતે પ્રભાવના દ્વારા વધુ લાભ લીધેલ.

સં. ૨૦૧૧માં પોતાના એકના એક લાડકા વળી બુદ્ધિના તેજસ્વી ઓજસ્વી એવા પુત્રરત્નને ૧૩ વર્ષની નાની ઉંમરમાં પૂ. પંન્યાસજી ભગવંતનાં ચરણોમાં સોંપી દઈને, ગુરુદેવ કુંદકુંદ વિ. મ.ના શિષ્ય તરીકે લોણાવાલામાં ભવ્ય મહોત્સવપૂર્વક, લોકોને આશ્ચર્ય અને આનંદ પમાડે તેવી રીતે દીક્ષા આપી. તે મુનિશ્રી વજ્જસેન વિજયજી મ. આજે ૫૦ વર્ષનો દીક્ષા પર્યાય પૂર્ણ કરી જ્ઞાન-ધ્યાનમાં મગ્ન, અનેક મહાત્માઓને સંયમયોગમાં સહાયક થઈ રહ્યા છે.

સં. ૨૦૧૩માં શંખેશ્વરમાં પંન્યાસજી શ્રી ભદ્રંકર-વિજયજી મહારાજની નિશ્રામાં એમનાં ધર્મપત્ની જીવીબહેને ઉપધાન કર્યાં. પછી માંઢા આવ્યાં. ત્યાં જીવીબહેનને આઠ દિવસ તાવ આવ્યો. નવકારમંત્રની ધૂન ચાલતી હતી ત્યારે સમાધિપૂર્વક જીવીબહેન કાળધર્મ પામ્યાં. તેમના ધર્મમય જીવનની અનુમોદનાર્થે મહોત્સવ કરવાનું નક્કી કર્યું.

પોતાના લઘુબંધુ મુ. શ્રી કુંદકુંદ વિ. મ. હાલાર પધાર્યા, મહોત્સવનો પ્રારંભ થયો અને વૈશાખ સુદ ૧ના શુભદિને લઘુબંધુશ્રીને વિચાર આવ્યો કે મોટાભાઈએ મને સંસાર કાદવમાંથી બહાર કાઢ્યો તો મારી ફરજ છે કે મારા વડીલ બંધુશ્રીને સંયમી બનાવવા. તે વાત કરવા માણેકભાઈને એક આંબાની વાડીમાં તેડી ગયા. સંસારની અસારતા તો તેમનાં મનમાં હતી જ. તેથી ભાઈના સ્નેહપૂર્ણ વાત્સલ્યે તેમને ભીંજવી દીધા અને ધર્મરાજની જીત થઈ. બે જ દિવસમાં બધું હિસાબ-કિતાબ વગેરે આટોપીને સં. ૨૦૧૩ના વૈશાખ સુદ-૩ના દિવસે હજારો માનવ મહેરામણ વચ્ચે ચાલી રહેલા મહોત્સવમાં જ ભાગવતી પ્રવ્રજ્યાને અંગીકાર કરી, પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિ. ગણિવર્યશ્રીના શિષ્યરત્ન તરીકે માણેકચંદભાઈમાંથી મુનિરાજ શ્રી મહાસેન વિજયજી અણગાર બન્યા. ગુરુદેવની આજ્ઞા પ્રમાણે ૩૦-૩૦ વર્ષ સુધી અનેક ગામ-નગરમાં વિચરી સતત પરોપકારના ભાવ સાથે સ્વ-પર કલ્યાણમાં મગ્ન રહેતા. દીક્ષા પછી ઉપકારી ગુરુદેવ આદિ મહાત્માઓનાં પવિત્ર પગલાં આ હાલારની ધરા ઉપર કરાવી, હાલારી પ્રજાને અધ્યાત્મયોગી, અજાતશત્રુ અણગારનાં દર્શનનો અનુપમ લાભ અપાવેલ.

ઉપકારી ગુરુદેવની પ્રેરણા તથા કૃપાથી—

★ પોતાના લઘુબાંધવ સાથે હાલારનાં ગામોમાં નવકારનો નાદ જગાવીને ઘેર ઘેર નવકારને વહેતો કર્યો. ★ ૩૪ ગામોમાં આદિનાથ ભગવાનના ફોટાઓ શાસનપ્રભાવનાપૂર્વક ગામજમણ, પ્રભાવનાઓ વ. સાથે પધરાવ્યા. ★ હાલારની પ્રજાને પાલિતાણાની યાત્રા કરાવવા માટે ભાવિકોને ઉપદેશ આપી, તૈયાર કરી, અનેકોને ગિરિરાજની યાત્રા કરાવી. ★ સાત વ્યસનનો ત્યાગ, રાત્રિભોજન ત્યાગ, નવકારશી, અટ્ઠમ, આયંબિલો, એકાસણાં વ. અનુષ્ઠાનોનું જ્ઞાન આપી, સમજણ આપીને તૈયાર કર્યા. અનેકોને દીક્ષા માટે પ્રેરણા કરીને દીક્ષા અપાવી.

આરાધનાધામમાં જેઠ વદ-૬ના બુધવારની સવારે ૭-૧૩ મિનિટે સળંગ ૧૧ દિવસથી રાત-દિવસ ચાલતા નવકાર-મંત્રનું સ્મરણ કરતાંકરતાં કાળના ધર્મને પામ્યા.

તેઓનું આંતરિક યોગદાન-આજે હજારો હાલારી વિસા ઓસવાળોને ધર્માભિમુખ બનાવી ગયું.

આજે હાલાર તીર્થની વિજયપતાકા ગગનમાં લહેરાય છે. તેમાં પૂ. મુનિરાજ શ્રી મહાસેન વિજયજીનું નામ અવ્યક્ત રીતે પ્રસરી રહ્યું છે.

*સૌજન્ય : શ્રી મોહનલાલ દેવરાજ ખીમશીયાની સ્મૃતિમાં*
*મોતીબેન મોહનલાલ ખીમશીયા નાઈરોબી (કેન્યા)*

## પૂ. પંન્યાસશ્રી ભદ્રશીલવિજયજી મહારાજ

કચ્છની પાવન ભૂમિ પર અબડાસા તાલુકાના સાંધવ ગામના વતની અને વ્યાપારાર્થે કલકત્તામાં વસતા એવા ધનજીભાઈને કોઈ ધન્ય પળે સં. ૨૦૦૯માં પરમ શાસન-પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજનાં પ્રવચન-શ્રમણનો સુયોગ સાંપડ્યો અને ધનજી-ભાઈની જીવનનૈયા જે સંસારમાર્ગે ધમમસતી જઈ રહી હતી તે ધર્મમાર્ગે વળી ગઈ! સં. ૨૦૧૧થી નિત્ય પાંચ દ્રવ્યથી એકાસણાં, ત્રિકાળ સ્વદ્રવ્યથી જિનપૂજા, પ્રતિદિન સાધર્મિક ભક્તિ, ઉભયકાળ આવશ્યક, સંયમ સ્વીકારવાની તીવ્ર ભાવના-આ સર્વ તેમના જીવનનો ક્રમ બની રહ્યાં. સં. ૨૦૧૦માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાવાપુરી નૂતન સમવસરણ મંદિરની સ્થાપના થઈ ત્યારથી સં. ૨૦૧૯ સુધી એ જિનાલયના ટ્રસ્ટના સેક્રેટરી–ખજાનચી તરીકે રહી સુંદર વહીવટ ઉપધાન વહન કર્યાં. ત્યાર પછી વયોવૃદ્ધ પિતાશ્રીના કારણે સંયમ સ્વીકારવામાં વિલંબ છતાં આઠ ચાતુર્માસ પૂ. ગુરુદેવશ્રીની નિશ્રામાં પૂ. પિતાશ્રી તથા પરિવાર સાથે રહી પ્રવચનોનું નિયમિત શ્રવણ કરી વૈરાગ્ય દૃઢ બનાવ્યો. સં. ૨૦૧૯ના જેઠ સુદ ૧૦ના દિવસે સપરિવાર–ધર્મપત્ની નવલબહેન, પુત્રો ગુલાબકુમાર, કિશોરકુમાર, પુત્રી ઈન્દિરાકુમારી સાથે સંયમ ગ્રહણ કરી પૂજ્યશ્રીના સુવિનીત શિષ્ય તરીકે મુનિશ્રી ભદ્રશીલવિજયજી મહારાજ બન્યા. બંને સુપુત્રો તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી ગુણશીલવિજયજી મહારાજ તથા મુનિશ્રી કુલશીલવિજયજી મહારાજ બન્યા. શ્રાવિકા નવલબહેન સાધ્વીશ્રી નિર્મલપ્રભાશ્રીજી સાધ્વીશ્રી લક્ષ્મીશ્રીજી મહારાજનાં શિષ્યા તરીકે અને ઈન્દિરાકુમારી તેમનાં શિષ્યા તરીકે સાધ્વીશ્રી ઈન્દુરેખાશ્રીજીના નામે જાહેર થયાં, જેઓ આજે પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી જયાશ્રીજી મહારાજની નિશ્રામાં રહી આરાધના કરી રહ્યાં છે.

ધનજીભાઈની આ સપરિવાર દીક્ષા અમદાવાદના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઈ ગઈ. અઠ્ઠાવીસ વર્ષ પછી પણ અમદાવાદની જનતા એ દીક્ષાને યાદ કરે છે. દીક્ષાગ્રહણ બાદ ગુરુનિશ્રામાં રહી તપ, ત્યાગ, જ્ઞાનાર્જનમાં ઘણો સમય વિતાવ્યો. સંસ્કૃત–પ્રાકૃત ભાષા, કાવ્ય, ન્યાય આદિમાં પારંગત બન્યા, વૈયાવચ્ચ આદિ ગુણોમાં ઓતપ્રોત બની ગુરુકૃપાના પ્રીતિપાત્ર બન્યા. સં. ૨૦૨૭નું પ્રથમ ચાતુર્માસ ગુરુદેવશ્રીની આજ્ઞાથી વાંકાનેર કર્યું. ત્યાર બાદ, આજ સુધી સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ–મહારાષ્ટ્ર, કલકત્તા–બંગાળ આદિ પ્રદેશોમાં ૨૦ ચાતુર્માસ કર્યાં. પ્રતિષ્ઠા, યાત્રાસંઘ, ઉપધાન આદિ દ્વારા અનુપમ શાસનપ્રભાવના કરી છે અને કરાવી રહ્યા છે. પ્રભાવક ચાતુર્માસો દ્વારા અનેક આત્માઓને શાસનના રાગી બનાવ્યા. પૂજ્યશ્રી વૃદ્ધવયે પણ વર્ધમાનતપની ૯૨મી ઓળી સુધી પહોંચ્યા. નિત્ય એકાસણાં ૪૦ વર્ષ થયાં. વીશસ્થાનકતપ, આદિમાં પણ એકાસણાંથી ઓછું પચ્ચક્ખાણ કર્યું નથી. અનેકને માટે આલંબનભૂત જીવન જીવનાર પૂજ્યશ્રીને ગચ્છાધિપતિ પરમ ગુરુદેવે વિ.સં. ૨૦૪૬, ફાગણ વદ ૧૧ના ગણિપદથી વિભૂષિત કરેલા. પ્રશમરસ-પયોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજર-સૂરીશ્વરજી મહારાજના આચાર્યપદ–પ્રદાન સાથે પૂજ્યશ્રીનો ગણિપદ–પ્રદાન મહોત્સવ મુંબઈ–લાલબાગ સંઘના આંગણે અતિ ભવ્યતાથી ઊજવાયેલો. મુંબઈ–ઘાટકોપરના આંગણે સં. ૨૦૪૭ના દ્વિતીય વૈશાખ સુદ ૧૩ના દિવસે પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીજીની અનુજ્ઞાથી ધર્મતીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજાના વરદહસ્તે–પંન્યાસ પદવીને પ્રાપ્ત કરનારા, તપસ્વીરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરના સાંનિધ્યમાં વિ.સં. ૨૦૪૭, બોરીવલી–ચંદાવરકરલેન અને વિ.સં. ૨૦૪૮, અમદાવાદ દશાપોરવાડના ચાતુર્માસમાં અપૂર્વ આરાધનાઓ સંપન્ન થવા પામી. પૂજ્યશ્રીજીના વર્ધમાનતપની ૯૨મી ઓળીની પૂર્ણાહૂતિ પ્રસંગે આયોજિત ભવ્યાતિભવ્ય મહાપૂજા–દશાપોરવાડ સંઘના ઈતિહાસમાં વર્ષો સુધી અવિસ્મરણીય બની રહેશે.

વિ.સં. ૨૦૪૯ની સાલમાં શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની વર્ષો બાદ યાત્રાની ભાવનાની અને તપસ્વીસમ્રાટ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા અને ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં આયોજિત ભારોલતીર્થ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ સંઘ પ્રસંગે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં પધાર્યા. વૃદ્ધવયે પણ અપ્રમત્તપણે તીર્થયાત્રાઓ કરી. પાલિતાણા ગામના બધાં જિનાલયોએ દર્શન–દેવવંદન આદિ કરેલાં. પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની અનુજ્ઞાથી ચૈત્રી ઓળીની પૂર્ણાહૂતિ બાદ શ્રીમતી પુષ્પાબહેનના આત્મશ્રેયાર્થેના ભવ્ય મહોત્સવમાં શ્રી બબલદાસ પાનાચંદ પરિવાર પાંચોટ (મહેસાણા)ની આગ્રહભરી વિનંતીથી અતિ ઉગ્રવિહાર કરી વૈ.સુ. ૨–ના પાંચોટ પધાર્યા. ત્યાં ભવ્યાતિભવ્ય મહોત્સવ ઊજવાયા બાદ–ભીષણ ગરમીમાં ૨૦ જ દિવસમાં ૪૭૦ કિ.મી.નો ઉગ્રવિહાર કરી ત્યાંથી વેરાવળ (સૌ.) પધાર્યા. શ્રી સુમતિનાથ સ્વામી જિનાલયને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ, પૂ. મુનિશ્રી (હાલ પંન્યાસ) કુલશીલવિજયજી મ.સા.ની પ્રેરણાથી પદમશી કુંવરજી શાહ કલકત્તાના સૌજન્યથી (પૂજ્યશ્રીના પરમગુરુદેવશ્રીજીના જ વરદહસ્તે ૫૦ વર્ષ પૂર્વે એ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ.) જિનાલયનો સુવર્ણજયંતી મહોત્સવ અતિ ભવ્યતાથી ઊજવાયો. વર્ષોથી પૂજારીજીને પગાર દેવકલ્પમાંથી અપાતો હતો.....એ પૂજ્યશ્રીના ઉપદેશથી સાધારણનું માતબર ફંડ થયું અને સંઘને સંપૂર્ણ દેવકલ્પના ઋણમાંથી મુક્તિ આપી. ત્યાંથી જામનગર તરફ વિહાર કરતાં જેઠ સુદ ૧૪, તા. ૩-૬-૯૩ના કમભાગી દિને પ્રભાવના સમયે જ વિહાર કરતાં પૂજ્યશ્રીની ડોળીને કારનો જીવલેણ અકસ્માત થયો. આટલા દિવસો સુધી ચાલીને જ વિહાર કરતાં પૂજ્યશ્રીજી એ એ જ દિવસે તબિયતના કારણે ડોળીનો ઉપયોગ કર્યો, જાણે એમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માને ડોળીમાં બેસવું ગમતું જ નહીં હોય! પોતે તો સદા માટે જાગૃત હતા. અંતિમ સમયે પણ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં સમાધિપૂર્ણ કાળધર્મ પામ્યા. તેમની અંતિમયાત્રા આદિ પ્રસંગો પણ વેરાવળ સંઘ માટે ચિરસ્મરણીય બની ગયા. પૂજ્યશ્રીજીના સંયમ જીવનની અનુમોદનાર્થે જામનગર–શાંતિભુવન સંઘમાં ૧૭ દિવસનો ભવ્ય જિનભક્તિમહોત્સવ ઊજવાયેલ. બીજા પણ અનેક સ્થાનોમાં જિનભક્તિ મહોત્સવ ઊજવાયા. પૂજ્યશ્રીના કાળધર્મને ૧૦ વર્ષ થયાં પ્રત્યેક વાર્ષિકતિથિએ ભવ્ય જિનભક્તિ મહોત્સવો ઊજવાય છે.

જૈનસમાજના સુવિખ્યાત 'કલ્યાણ' માસિકે પણ પૂજ્યશ્રીજીને શ્રદ્ધાંજલિ અર્પતો દળદાર વિશેષાંક બહાર પાડેલ. પૂજ્યશ્રીના સંયમજીવનની અનુમોદનાર્થે તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી કુલશીલવિજયજી ગણિવર દ્વારા સદુપદેશિત અમદાવાદ-પાલન-શાંતિવનના આંગણિયે વિજય રામચન્દ્રસૂરિજી આરાધનાલયમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રચારમાં પૂજ્યશ્રીના પરમ ગુરુદેવ આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર અને પૂજ્યશ્રીની ગુરુપાદુકાથી નિર્મિત આ સ્થાન ભાવિકોની શ્રદ્ધાનું કેન્દ્ર બન્યું છે.

અનેક ભવ્ય આત્માઓ માટે આલંબનભૂત જીવન જીવનારા મહાપુરુષોનાં ચરણોમાં નતમસ્તકે વંદનાંજલિ!

*પૂ.પં.શ્રી કુલશીલવિજયજી મ.સાની પ્રેરણાથી શ્રી તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિ (વિ.સં. ૨૦૬૨) પાલિતાણાના સૌજન્યથી*

## મધુર કંઠી પૂ. પંન્યાસપ્રવર શ્રી કુલશીલ વિજયજી ગણિવર



સાંધવ (કચ્છ) ના વતની અને વ્યવસાયાર્થે કલકત્તા મહાનગરમાં સ્થિર થયેલા શ્રી ધનજીભાઈ શિવજીનાં ધર્મપત્ની અ. સૌ. નવલબેનની કુક્ષિએ વિ. સં. ૨૦૦૭ના ભાદરવા વદ ૧૦ ના પુણ્યદિને સુંદર મજાના પુત્રનો જન્મ થયો. નામ તેનું કિશોર પાડવામાં આવ્યું.

પૂર્વના પ્રકૃષ્ટ પુણ્યોદયના કારણે સુસમૃદ્ધ ઘરમાં તો જન્મ થયો પણ તેમના જન્મ પછી ધનજીભાઈનું ઘર ધર્મથી પણ સમૃદ્ધ બનવા પામ્યું. તેમના જન્મ પછી થયેલ તુરંત જ પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના સમાગમના કારણે કિશોરકુમારે જીવનમાં ક્યારેય અભક્ષ્યનું ભક્ષણ કે રાત્રિભોજન પણ કરેલ નથી. બાલ્યાવસ્થાથી જ પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીજીના ખોળામાં બેસવાનું સદ્‌ભાગ્ય મેળવનારા કિશોરકુમારે વ્યવહારિક અભ્યાસ કરતા ધાર્મિક અભ્યાસ વધુ કરેલ.

દર ચાતુર્માસમાં પૂજ્યશ્રીની નિશ્રામાં રહેવાનું સૌભાગ્ય મેળવનાર કિશોરકુમારે બાલ્યાવસ્થામાં રમતગમતની સાથે અનેક પ્રકારની સુંદર આરાધનાઓ બે પ્રતિક્રમણ પંચ પ્રતિક્રમણ નવસ્મરણ ચાર પ્રકરણ છ કર્મગ્રંથ આદિનો અભ્યાસ સહજતાથી કરી લીધો.

વિ. સં. ૨૦૧૯ માં પિતાજી ધનજીભાઈ આદિ સપરિવારની સાથે દીક્ષીત બનેલા કિશોરકુમારમાંથી મુનિરાજ શ્રી કુલશીલ વિજયજી તરીકે નામાભિધાન પામેલા બાલમુનિ શ્રી પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીજીના લાડીલા હતા તો પૂજ્યપાદ ઉપાધ્યાજી શ્રી ચારિત્રવિજયજી મ. ના કુશળ ઘડતરના કારણે તેમની પાસેથી ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષા મેળવતાં બાલમુનિની પ્રત્યેક કાર્યોમાં ચોકસાઈ ચીવટ આગવી તરી આવતી હતી. તેમની વ્યવસ્થિત કુશળતાપૂર્વક કામ કરવાની પદ્ધતિની ઘણીવાર પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીજી વાચનામાં પ્રશંસા કરતા હતા.

બાલ્યાવસ્થાથી જ મધુર કંઠની કુદરતી બક્ષીસ હોવાથી છ અટ્ઠાઈ, સત્તાવીસ ભવ, પંચકલ્યાણક, જ્ઞાનપંચમી, મૌન એકાદશી આદિના સ્તવનો સજ્જાયોના રાગો તે સમયના સુવિખ્યાત સંગીતજ્ઞ કેશવલાલ ગૌતમ પાસે એ રાગોની વ્યવસ્થિત પદ્ધતિ શીખી. વિ. સં. ૨૦૨૧-૨૦૨૨-૨૦૨૩ ના લાલબાગ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વમાં જે બુલંદ અને મધુર સ્વરે સ્તવનોનું ગાન કર્યું છે તે સાંભળી હજારોની પર્ષદા ભગવદ્‌ભક્તિમાં તલ્લીન બની ગયેલ.

ન્યાય વિશારદ વર્ધમાન તપોનિધિ પૂ. આ. ભ. ભુવનભાનુ સૂ. મ. વિ. સં. ૨૦૩૦ની સાલમાં ખાસ મુનિ કુલશીલ વિજયજીના કંઠે ગવાતા સ્તવનો. સજ્ઝાયો સાંભળવા માટે વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં પ્રતિક્રમણની માંડલીમાં પધારતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતના દાદા ગુરુદેવશ્રીજી અને ગુરુદેવશ્રીજીની નિશ્રામાં જ વિચરતા મુનિવરે બાલવયમાં જ વર્ધમાનતપનો પાયો નાખી ૩૯ ઓળીની આરાધના, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, પૌષ દસમી આદિ તપોની આરાધના કરી વિ. સં. ૨૦૪૭ માં મુંબઈ વિક્રોલી તથા વિ. સં. ૨૦૫૧માં અમદાવાદ જ્ઞાનમંદિર વિ. સં. ૨૦૬૧ માં અમદાવાદ શાંતિવન કૃપાસાગરમાં વડિલોની આજ્ઞાથી પૂજ્યશ્રીની નિશ્રામાં થયેલા ચાતુર્માસમાં તેઓશ્રીના સરળ સ્વભાવના કારણે આરાધનાઓ અતિ સુંદર થવા પામી.

વિ. સં. ૨૦૬૧માં અમદાવાદનિવાસી જિતુભાઈએ પૂજ્યશ્રીનું શિષ્યત્વ સ્વીકારી મુનિરાજશ્રી જયશીલ વિજયજી બન્યા.

વિ. સં. ૨૦૬૧માં જ અમદાવાદ શાંતિવન કૃપાસાગર સોસાયટીનાં આંગણે કોઠાડા (કચ્છ) નિવાસી માતુશ્રી ચંદનબેન દામજી કાનજી ધરમશી પરિવાર નિર્મિત વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી આરાધનાલયમાં પોતાના પરમ ઉપકારી ગુરુદેવ પૂ. પંન્યાસજી ભદ્રશીલ વિજયજી મ. ની સ્મૃતિ અર્થે નિર્મિત થયેલ સ્થાનમાં પૂજ્યશ્રીના સુંદર માર્ગદર્શનના પરિણામે જ ટૂંક સમયમાં ભવ્ય કલાત્મક, દર્શનીય જિનાલય, ગુરુમંદિર, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, સાધનાખંડ આદિનું નિર્માણ સંભવિત બની શક્યું. મુંબઈ, વિક્રોલી, થાનગઢ, અમદાવાદ આદિ સ્થાનોમાં પૂજ્યશ્રીનાં માર્ગદર્શન મુજબ જ્ઞાનભંડારોનું સુંદર નિર્માણ થયું.

વિ. સં. ૨૦૬૨ માં અમદાવાદ, શાંતિવન, પી. પી. સી. સી. ગ્રાઉન્ડના આંગણે આયોજિત પૂજ્યશ્રીની ગણિ પંન્યાસ પદવીનો પ્રસંગ અતિ ભવ્યતાથી ઉજવાયેલ.

પૂજ્યશ્રીજી શીઘ્રાતિશીઘ્ર તૃતીયપદના ધારક બની શાસનની સુંદર પ્રભાવના કરે એ જ અભિલાષા.

*સૌજન્ય : શ્રી તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિ*
*(વિ.સં. ૨૦૬૨) પાલિતાણા.*

## પંન્યાસ શ્રી ઉદયકીર્તિસાગર મહારાજ

પાટણના હાર્દસમા મધ્ય ભાગમાં રહેતા હતા એક સજ્જન વેપારી. નામ એમનું કાળીદાસભાઈ વીરચંદભાઈ શાહ.

એમનાં ધર્મપત્નીનું નામ રસીલાબહેન.

રસીલાબહેનની ધર્મપ્રીતિ અજોડ હતી. જિનશાસનમાં એમને અતૂટ શ્રદ્ધા. દરરોજ ચૈત્યવંદના માટે મંદિરે જવાનું, ઉપાશ્રયે જઈને ગુરુભગવંતોને ભાવપૂર્વક વંદન કરવાનાં, ઉપવાસ અને એકટાણાં, અઠ્ઠમ તપ અને આયંબિલ......આ બધું તો એમના ધર્મમય જીવનના એક ભાગરૂપ હતું. સમય મળે ગુરુવાણીનું શ્રવણ કરવા જવાનું.

તા. ૧૯-૪-૧૯૬૧નો એ શુભ દિવસ અને શુભ દિવસની એથી પણ શુભ ક્ષણે રસીલાબહેનની કુક્ષિએ એક પુત્રરત્નનો જન્મ થયો.

આજે અનેક પુસ્તકોનું માંગલ્યધર્મી સર્જન કરનાર, 'ટર્નિંગ પોઇન્ટ' જેવી પુસ્તક શ્રેણી દ્વારા માનવીગુણોનું ઋજુધર્મી પ્રસારણ કરનાર અને વ્યાખ્યાનની પાટ ઉપર પોતાની માર્મિક વેધક છતાં ધર્મચિંતનથી ભરી ભરી ઓજસભરી વાણી દ્વારા શ્રોતાઓને શ્રેયો માર્ગી બનાવનાર પ્રભાવક પ્રવચનકાર પંન્યાસ પ્રવર પૂ. આ. શ્રી ઉદયકીર્તિસાગર મહારાજ સાહેબ.

માની મમતા એમને મળી. લાગણીભર્યું માતૃત્વ એમને પ્રાપ્ત થયું. માણસ મોટો જરૂર થાય છે. એને મોટાઈ પણ મળે છે, પણ એ મોટાઈના મૂળમાં પડ્યું હોય છે એનું શૈશવ. મહાન પુરુષોના શૈશવની ચોક્કસ ક્ષણોમાં એમની મહાનતાના ચમકારા વર્તાતા જ હોય છે.

સાધુ વાણીમાં રહેલાં ચિંતન અને તત્ત્વજ્ઞાનનું એને આકર્ષણ. પાટણની શાળામાં ચાર ધોરણ પૂરાં કરી પાંચમામાં હતો ઉમેશ ત્યાં અજબ ઘટના બની ગઈ.

પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત પૂ. શ્રી મનોહરકીર્તિ–સાગરસૂરિજી મહારાજના પરિચયમાં એ આવ્યો. એમની જોશભરી પ્રભાવક વાણીએ ઉમેશના મનમાં અજબ સ્પંદનો જગાડ્યાં.

છેવટે એ દિવસ પણ આવી પહોંચ્યો. એ શુભ દિવસે, માતા રસીલાબહેન અને સગાંવહાલાંની સંમતિ સાથે, સકળ સંઘની ઉપસ્થિતિમાં, ધર્મના જયજયકાર વચ્ચે અમદાવાદના સાબરમતી મુકામે માત્ર સાડા દસ વર્ષની વયે ઉમેશને પ્રશાંતમૂર્તિ આ. ભ. પૂ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરિજી મ.સા. ના વરદ્હસ્તે દીક્ષા આપવામાં આવી.

એ દિવસ હતો તા. ૨૧-૧૧-૭૧નો. માગશર મહિનો હતો. અજવાળી ત્રીજનો શુભ દિવસ હતો. ઉમેશ કાળીદાસભાઈ શાહ બન્યા મુનિ શ્રી ઉદયકીર્તિસાગર મહારાજ.

બાલમુનિ ઉદયકીર્તિસાગર ગુરુની સાથે વિહારના માર્ગો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર ડગલાં માંડી રહ્યા. ગ્રંથોનું વાચન અને અવગાહન. ગ્રંથના એકેએક શબ્દને ઓળખવાનો. એના મર્મને જાણવાનો.

દાદાગુરુના ગ્રંથો વંચાતા ગયા. ઊંડું ચિંતન થતું ગયું. ઉજાસ પ્રગટતો ગયો. તપ વધતું ગયું. ધ્યાન અવિરત ચાલુ ને વિજાપુરના શ્રીમદ્ બુદ્ધિ-સાગરસૂરિ જૈન મંદિર ખાતે સકળ સંઘની હાજરીમાં મુનિશ્રી ઉદયકીર્તિસાગરને ધામધૂમપૂર્વક પંન્યાસપદવીથી અલંકૃત કરવામાં આવ્યા. ઉમેશમાંથી ઉદયકીર્તિસાગર ને મુનિ ઉદયકીર્તિ-સાગરમાંથી પંન્યાસ શ્રી ઉદયકીર્તિસાગર મહારાજ સાહેબ.

આજ દિન સુધીમાં પંદરેક પુસ્તકોનું અર્પણ એમણે ગુજરાતી સાહિત્યનાં ચરણે કર્યું છે. આજથી વીસેક વર્ષ પૂર્વે એમણે કલમ ઉપાડી ને શરૂ થઈ ગઈ એમની સર્જનયાત્રા. જૈન ધર્મની જીવનવાચક કથાઓ એમની કલમ દ્વારા કંડારાતી ગઈ અને યુવાનવર્ગમાં આંદોલનો જગાવી ગઈ.

પંન્યાસપ્રવર શ્રી ઉદયકીર્તિસાગર મહારાજે વર્ણવેલા પ્રસંગો પ્રેરણાના ધોધ સમાન છે. જેને જેટલું જોઈએ એટલું પ્રેરણાજળ લઈ શકે છે, પી શકે છે, સંતૃપ્ત થઈ શકે છે. આવા તો અનેક વિષયો આ ગ્રંથ શ્રેણીમાં આલેખાયા છે, જે વાંચનારના જીવનમાં પરમ ઉદ્યોત્ કરી દે છે!

એમની પ્રાસાદિક અને પ્રવાહી વાક્ધારા એમનાં વ્યાખ્યાનો સાંભળવાં એ પણ જીવનનો મહામૂલો લહાવો છે. પ્રેરણાત્મક ઘરેલુ ઉદાહરણોને કારણે એમની વાણી સૌનાં હૃદયને સ્પર્શી જાય છે. એમનો અસ્ખલિત વાક્પ્રવાહ જૈનો જ નહીં જૈનેતરોને પણ સ્પર્શી જાય છે. એમનાં શિષ્યરત્નો : મુનિ શ્રી વિશ્વોદયકીર્તિસાગર અને મુનિ વિદ્યોદય કીર્તિસાગર.

પંન્યાસ શ્રી ઉદયકીર્તિસાગર મહારાજ પાસે જગત અને જિવાતા જીવનને જોવાની અને મૂલવવાની આગવી દૃષ્ટિ છે.

## પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી અજિતશેખરવિજયજી મહારાજ

પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી અજિતશેખરવિજયજી મહારાજ વર્તમાનકાલીન જૈન શાસનમાં અગ્રગણ્ય વિદ્વાન મહાત્માઓની હરોળમાં ગણાય છે. પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમ–ભુવનભાનુ–જયઘોષ ધર્મજિત–જયશેખર–અભયશેખરસૂરિ આદિ પવિત્ર ગુરુવર્યોના પરમ કૃપાપાત્ર શિષ્ય છે. જ્ઞાન-સાધના કરવી તથા જ્ઞાન-સાધક અન્યને સહાયક થવું, રુચિ-રસ ઊભાં કરવાં એ પૂજ્યશ્રીનો શ્રેષ્ઠ ગુણ છે. જ્ઞાનાવરણીયના અદ્ભુત ક્ષયોપશમથી શાસ્ત્રના કઠિન–જટિલ ગણાતા પદાર્થોને સહેલાઈથી બીજાના મગજમાં ઉતારવાની હથોટી ધરાવનાર પૂજ્યશ્રી શ્રેષ્ઠ પ્રવચનકાર છે. જ્યાં જ્યાં વિચરણ કરે છે ત્યાંની વ્યક્તિને પૂજ્યશ્રીના નિર્દંભ–નિષ્કપટ, શાંતિપ્રિયતા વગેરે ગુણવૈભવ પ્રત્યે આકર્ષણ સાહજિક થઈ જાય છે. વકતૃત્વકલાની જેમ લેખનકલામાંય પૂજ્યશ્રી માહિર છે. બાળ–યુવાન–વૃદ્ધ દરેક પૂજ્યશ્રી દ્વારા લિખિત ૩૫ જેટલા પુસ્તકોનું રસપૂર્વક વાચન કરે છે. સ્યાદ્વાદમંજરી–પ્રતિમાશતક, ધર્મસંગ્રહણી ભાગ-૧ તથા ભાગ-૨ આ ગ્રંથોના કરેલ સુંદર અનુવાદનું વાચન ચતુર્વિધ સંઘમાં થઈ રહ્યું છે.

*આગમાભ્યાસી, ધ્યાનપ્રિય, મધુરવક્તા,*

## પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.



કચ્છ–ચાંગડાઈ એમની જન્મભૂમિ. જન્મ દિવસ વિ.સં. ૨૦૦૮, અષાઢ સુદિ ૭, રવિવાર, તા. ૨૯-૬-૫૨, સંસારી અવસ્થાનું નામ મનહરલાલ.

પાંચ પાંચ વર્ષના અનેક પ્રયત્નો છતાં પણ પિતાશ્રી રાયશીભાઈ દ્વારા દીક્ષા માટે સંમતિ ન મળતાં છેવટે સંયમપ્રેમી માતુશ્રીના તથા ઉપકારી નાનીમા દેવકાંબાઈના શુભાશીર્વાદ લઈ સં. ૨૦૩૧માં મહા સુદિ–૩નાં, કચ્છ-દેવપુર ગામમાં પોતાના વડિલ બહેન વિમળાબાઈ (હાલ પૂ. સા. શ્રી વીરગુણાશ્રીજી મ.) સાથે પ્રવ્રજ્યાના પુનીત પંથે પ્રસ્થાન કર્યું અને મનહરમાંથી મુનિશ્રી મહોદયસાગરજી બની અચલગચ્છાધિપતિ, ભારત દિવાકર, તીર્થ પ્રભાવક, પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નું શિષ્યત્વ સ્વીકાર્યું. વડી દીક્ષા પણ દેવપુરમાં જ થઈ. વિનય-વૈયાવચ્ચ દ્વારા અદ્ભૂત ગુરુકૃપા પ્રાપ્ત કરી.

તા. ૭-૩-૧૯૯૧, સં. ૨૦૪૭, ફાગણના પાલિતાણા મહાતીર્થ મધ્યે, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે મુનિવરમાંથી ગણિવર બની શાસન, સંઘ, સમાજ અને ગચ્છની ઉન્નતિના અનેકવિધ શુભકાર્યોમાં પ્રેરણા-નિશ્રા તથા માર્ગદર્શનની સાથે આત્મસાધનામાં પણ અપમત્તપણે આગળ ધપી રહ્યા છે.

★ સં. ૨૦૪૯માં અમદાવાદ (મણિનગર)ના ચાતુર્માસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દરમ્યાન તેઓશ્રીની પ્રેરણાથી નારણપુરા ચારરસ્તા પાસે ઉપાશ્રયનું નિર્માણ થયું અને સં. ૨૦૫૦નું ચાતુર્માસ પણ એ નૂતન ઉપાશ્રયમાં કર્યું.

★ સં. ૨૦૫૧માં સર્વપ્રથમવાર ગિરનારજી મહાતીર્થની ચતુર્વિધ સંઘ સહ સામૂહિક ૯૯ યાત્રા ૯૦ દિવસીય યશસ્વી આયોજન પણ ગણિવર્યની નિશ્રામાં થયું.

★ સં. ૨૦૫૩માં શંખેશ્વરજી મહાતીર્થમાં ચાતુર્માસ દરમ્યાન, પૂજ્યશ્રી દ્વારા સંપાદિત 'બહુરત્ના વસુંધરા (ભાગ ૧ થી ૪) પુસ્તકના પ્રથમ બે ભાગમાં વર્ણવાયેલા વિશિષ્ટ કોટિના આરાધક રત્નોનું અત્યંત અનુમોદનીય બહુમાન ભા.સુ. ૧૫ના દિવસે ૫૦૦૦જેટલા ભાવિકોની હાજરીમાં, માલવભૂષણ, તપસ્વીરત્ન, પ.પૂ. આ.ભ. શ્રી નવરત્નસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. ગણિવર્યશ્રીની સંયુક્ત નિશ્રામાં યોજાયેલ. જેમાં ભારતના ૭ રાજ્યોમાંથી ૮૫ જેટલા ઉત્કૃષ્ટ આરાધકરત્નોનું બહુમાન થયેલ.

★ સં. ૨૦૫૫માં ઉદયપુર (મેવાડ) શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ઉપક્રમે થયેલ ભવ્ય ચાતુર્માસ દરમ્યાન ત્યાંના અછલગચ્છીય ૧૫૦ વર્ષ પ્રાચીન શ્રી ઋષભાનન સ્વામી ગૃહ જિનાલય તથા ઉપાશ્રયનું પૂજ્યશ્રીની પ્રેરણાથી પાયાથી સંપૂર્ણ જીર્ણોદ્ધાર શરૂ થયું અને સં. ૨૦૫૯માં નવનિર્મિત ૨ માળના ભવ્ય શિખરબદ્ધ જિનાલયની પ્રતિષ્ઠા તથા અતિથિગૃહ, ઉપાશ્રય, ભોજનાલય, વ્યાખ્યાન હોલ આદિથી યુક્ત ૪ માળના ભવ્ય અચલગચ્છીય જૈન ભવનનું ઉદ્‌ઘાટન જેઠ સુદિ ૫ના ગણિવર્યશ્રીની પાવન નિશ્રામાં થયું અને તેમાં પ્રથમ ચાતુર્માસ પણ એ જ વર્ષે પૂજ્યશ્રીનું થયું.

★ સં. ૨૦૫૬માં પાલિતાણા–કચ્છીભવનમાં ચાતુર્માસ દરમ્યાન અધ્યાત્મયોગી પૂ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. આદિ ૧૭ આચાર્ય ભગવંતોની નિશ્રામાં ત્રણેકવાર પ્રવચન આપવાનો મોકો પૂજ્યશ્રીને મળ્યો.

★ સં. ૨૯૫૭માં મુંબઈ-માટુંગામાં તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ૮૨ દિવસીય ધર્મચક્ર તપની આરાધના પણ પૂજ્યશ્રીએ કરી.

★ સં. ૨૦૫૮માં દહિસર પૂર્વ (મુંબઈ)માં અચલગચ્છ જૈન સંઘમાં વર્ષો બાદ પ્રથમવાર પૂજ્યશ્રીનું અવિસ્મરણીય આરાધનાપૂર્ણ યશસ્વી ચાતુર્માસ થતાં સંઘમાં દરેક ક્ષેત્રે અનેરી ધર્મચેતના જાગ્રત થતાં ત્યારથી દર વર્ષે સુંદર ચાતુર્માસો થતા રહ્યા છે.

સં. ૨૦૬૧માં કચ્છ-નાગલપુરમાં ચાતુર્માસ દરમ્યાન ત્યાંની "આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ"ના બાળકો માટે દરરોજ પૂજ્યશ્રીએ ખાસ પ્રવચન ગોઠવી બાળકોનું સુંદર સંસ્કરણ કર્યું.

★ સં. ૨૦૬૨માં શેષકાળમાં ૨।। મહિના સુધી કચ્છ–૭૨ જિનાલય મહાતીર્થ મધ્યે ૫૦ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતો સમક્ષ 'શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા', 'જ્ઞાનસાર' વિગેરે ગ્રંથરત્નોના આધારે રોજ ૨ ટાઈમ ૩।। કલાક સુધી ખૂબ જ અનુમોદનીય વાચનાઓ આપી.

★ સં. ૨૦૬૨ના પોતાની જન્મભૂમિ મોટી ઉનડોઠ (તા. માંડવી–કચ્છ) જૈન સંઘમાં વર્ષો બાદ ચાતુર્માસ થયું. આ ચાતુર્માસમાં જૈનેતરોએ પણ સારી સંખ્યામાં વ્યસનોના ત્યાગ કર્યા તથા પર્યુષણમાં મુસલમાન વિગેરે જ્ઞાતિના લોકોએ પણ ઉપવાસ, ૧૦ ઉપવાસ વિગેરે તપશ્ચર્યા કરી. ૯ શ્રાવકોએ સકલ સંઘ સમક્ષ કેશલોચ કરાવ્યો. દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્ય-જીવદયા–વૈયાવચ્ચ દ્રવ્ય વિગેરે રેકર્ડરૂપ આવક થઈ. ૬ સંઘપતિ પરિવારો તરફથી સકલ સંઘ તથા આવેલા હજારો મહેમાનો તથા ચૈત્ય પરીપાટીરૂપે પધારેલા ૧૦૦થી અધિક સંઘોની સુંદર સાધર્મિક ભક્તિ કરવામાં આવી. રોજ સવારે સમૂહ દેવવંદન, ૨ ટાઈમ વ્યાખ્યાન, ૨ ટાઈમ સમૂહ પ્રતિક્રમણ તથા અનેકવિધ તપશ્ચર્યાઓ, અખંડ જાપ વિગેરેમાં ખૂબ સારી સંખ્યામાં ઉલ્લાસપૂર્વક જોડાયા. દીવાળી વેકેશનમાં ૧૮ દિવસ સુધી સુંદર શિબિર યોજાઈ. દેરાણી-જેઠાણી તથા મા-દીકરી વચ્ચેના અબોલા દૂર થયા. ૩ નગર પ્રવેશ દ્વાર આદિનું નવસર્જન થયું, ૯ લાખ નવકાર જાપ, ૩।। કરોડવાર અર્હં નમઃ જાપ, જીવનમાં ૧૮ હજાર વાર ગુરુવંદન, ૪ મહિના સળંગ એકાસણા-બ્યાસણા વિગેરે પ્રતિજ્ઞામાં પણ ખૂબ સારી સંખ્યામાં લોકો જોડાયા. ૧૪ દંપતિઓ સહિત ૪૨ ભાગ્યશાળીઓએ વિધિપૂર્વક બ્રહ્મચર્યવ્રતનો સ્વીકાર કર્યો. પધારેલા ૧૦૦થી અધિક સંઘોને પૂજ્યશ્રીએ 'સમતાની સુખડી' આપી...ઇત્યાદિ અનેક દૃષ્ટિએ પૂજ્યશ્રીના ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાતુર્માસોમાં આ ચાતુર્માસ સર્વોત્કૃષ્ટ કહી શકાય તેવું થયું.

*સૌજન્ય : શ્રી મોટી ઉનડોડ જૈન મહાજન (માંડવી-કચ્છ)*

*પ્રમુખ : નાનજી લખમશી નાગડા, ઉપપ્રમુખ : પ્રવીણ હંસરાજ ખીમસરીયા, મંત્રીઓ : અમરચંદ દેવજી ગડા, જગદીશ લાલજી ગાલા, માવજી લખમશી નાગડા.*

*સ્વયંભૂ વૈરાગ્યના સ્વામી, માનવતાના મસીહા, પ્રવક્તા*

## પૂ. ગણિવર્યશ્રી કવિન્દ્રસાગરજી મ.સા.



સંસારા નામ કિશોરકુમાર કાકુભાઈ દેઢીયા, જન્મ :–જખૌ (અબડાસા), પિતા કાકુભાઈના કૂળદીપક, માતા મણિબહેનની કૂંખે જખૌ (અબડાસા) ની પાવનધરા પર ઈ.સ. ૧૯૫૭– અષાઢ સુદ પૂનમે જન્મ્યા. પૂર્વજન્મના સંસ્કારયોગે ગુરુ દર્શન સંયોગે પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પાદપદ્મે ૨૦૨૬ કા.વ.૧૩ના દીક્ષા ગ્રહી. સંયમ સ્વીકાર્યું. ગુરુસેવા અને અધ્યયન દ્વારા સંસ્કૃતાદિ અધ્યયન દ્વારા, સહજ વક્તૃત્વ કળા આગમાદિના અધ્યેતા બન્યા. ગુરુ આજ્ઞાએ માત્ર ૧૭ વર્ષની વયે પાલિતાણાના પાવનધરા પર ૧૦૦૦, યાત્રિકોની ૯૯ યાત્રાના નિશ્રાદાતા બન્યા. પૂ. અચલગચ્છેશ આ.ભ. શ્રી ગુણસાગરસૂરિજી મ.સાહેબે પોતાના શિષ્ય મુનિરાજશ્રી કવિન્દ્રસાગરજી મ.સા.ને વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિ કાજે તપસ્વીરત્ન આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરિજી મ.સા.ની સેવા સેવા-શાસન પ્રભાવના આદિ કાર્યો માટે પૂ. તપસ્વીરત્ન સાથે રહેવાની આજ્ઞા આપી. પૂ. મુનિરાજશ્રી કવિન્દ્ર સાગરજી મ.સા.ને સં. ૨૦૪૭ની સાલે પૂ. ગચ્છનાયક અચલગચ્છેશ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિજી મહારાજાએ ફા.વ. ૭ના ગણિપદારૂઢે સ્થાપ્યા. પ્રતિષ્ઠા–અંજનશલાકા આદિ અનેક શાસનના કાર્યો પૂ. ગણિવર્યશ્રી દ્વારા સંપન્ન થયા. મુંબઈની પાવનધરા પર મુલુંડ ચેક નાકા, ખાર, ઈસ્ટ શાંતાક્રુઝ આદિ સ્થાનોમાં જબ્બર પ્રભાવના ચાતુર્માસ દ્વારા ઐતિહાસિક થઈ. પૂ. ગણિવરશ્રી ખૂબ શાસનની પ્રભાવના દ્વારા પુણ્યોપાર્જન કરે. મંગલકામના કોટીશઃ વંદના

*સૌજન્ય : ચેકનાકા મુલુન્ડ અચલગચ્છ જૈન સંઘની ભૂરીશઃ વંદના.*

*તેજસ્વી પ્રવચનકાર, જ્યોતિષાચાર્ય*

## ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા.



શૈશવકાળ એટલે ધૂળમાં રમવાની વય...! વીરચંદ્ર બાળવયથી ધીર અને ગંભીર...સૌથી નિરાળા.. શુચીનામ્ શ્રીમતાંગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે... ગીતાની પંક્તિને સાર્થક કરવામાં જાણે સાહસી બન્યા હોય એવા બાળવીરકુમારે પોતાના વડીલબંધુ કિશોરકુમાર દેઢીયાની સાથે સં. ૨૦૨૬ની સાલે કા. વ. ૧૩ના દિવસે પ્રભુવીરની વાટે સંયમકાજે સંચર્યા. પૂ.પાદ અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજાના વરદ્ હસ્તે ભુજપુર-કચ્છની પાવનધરા પર વીરચંદ્ર ગાંધીમાંથી વીરભદ્ર સાગરજી બન્યા. પૂ. તપસ્વી મુનિરાજશ્રી ગુણોદયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે સ્થાપ્યા. દાદાગુરુની અને ગુરુદેવની અસીમકૃપાએ બાળવીર! સેવા-સાધના-સ્વાધ્યાય અને બનારસ યુનિ. પંડિતો પાસે ન્યાય-વ્યાકરણ-કાવ્ય-સાહિત્ય-છંદ-અલંકાર અને જ્યોતિષાદિ-આગમાદિ શાસ્ત્રોના અધ્યયન દ્વારા વિદ્વત્તા પ્રાપ્ત કરી. ઓલ ઇન્ડિયા એસ્ટ્રોલોજી યુનિ દ્વારા જ્યોતિષાચાર્યની માનદ્ ડિગ્રી પ્રાપ્ત કરી. બ્રહદ્ સંસ્કૃત વિદ્વત્પરિષદ અમદાવાદ યુનિ. દ્વારા સાહિત્યરત્ન-સાહિત્ય શાસ્ત્રીની એમ.એ. સમકક્ષ ડિગ્રી મેળવી. પૂ. મુનિરાજશ્રી વીરભદ્ર સાગરજી મ.ને પાલિતાણાની પાવનધરા પર પૂજ્યપાદ અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિજી મહારાજાએ મુનિરાજ શ્રી કવિન્દ્રસાગરજી મ. સાથે સં. ૨૦૪૭ની સાલે ફા.વ. ૭ના દિવસે ગણિપદારૂઢ થયા. પૂ. ગણિવર્યશ્રી વીરભદ્રસાગરજી મ.સા. જ્યોતિષ શાસ્ત્ર તથા યંત્રશાસ્ત્રના ખોજી અને પરમ સાધક છે. અનેક દેવ-દેવીઓની સાધના દ્વારા કૃપાપાત્ર દ્વારા શાસનની પ્રભાવના કરી છે. પૂ. ગણિવર્યશ્રી પોતાના પર શ્રદ્ધેય ગુરુદેવ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિજી મહારાજા સાથે રહી દીક્ષા-પ્રતિષ્ઠા અંજનશલાકા અનેક વિધ શાસન પ્રભાવનામાં સહાયક બન્યા છે અને શાંતાક્રૂઝ, ખાર, ચેકનાકા (મુલુન્ડ), કલ્યાણ વગેરે સ્થળોએ ચાતુર્માસ દ્વારા ખૂબ જ પ્રભાવના કરી છે. પૂજ્યશ્રીને ખાર (ઈ.) મુંબઈ જૈન સંઘની વંદના.

*સૌજન્ય : શ્રી જયજિનેન્દ્ર ગૌતમનિધિ ટ્રસ્ટ, મુંબઈ.*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પૂ. મુનિશ્રી નીતિસાગરજી મ.સા.



કચ્છ પ્રદેશમાં વીસા ઓસવાલ જ્ઞાતિમાં માંડવી તાલુકાના મોટા લાયજા ગામમાં સંસ્કારસંપન્ન અને પ્રતિષ્ઠિત પરિવારના ધર્મપ્રેમી સુશ્રાવક-શ્રી ખેતસીંભાઈ તથા માતા પદ્માબહેનને ત્યાં વિ.સં. ૨૦૦૪ માગશર વદી ૧૧ ને બુધવારે, પાર્શ્વપ્રભુના દીક્ષાકલ્યાણકના મંગળ દિવસે, શુભ યોગમાં એક તેજસ્વી બાળકનો જન્મ થયો. ખેતસીંભાઈના આ પુત્ર માટે તે દિવસ ભાવિમાં દીક્ષા ગ્રહણ કરવા માટે જાણે કે સંકેતરૂપ બની ગયો !

આ બાળકને બચપણથી જ ધર્મરુચિ અને આધ્યાત્મિક વિચારધારાની ગળથૂથી મળવાને કારણે યુવાનવયે વૈરાગ્યભાવ દૃઢ અને મજબૂત બનતો રહ્યો.

જૈનતીર્થસ્થાનોની સ્પર્શના, ધર્મજિજ્ઞાસાના તીવ્ર ભાવોને કારણે અને તપસ્વી સંતોના સંસર્ગથી સંયમભાવમાં વધારો થતો રહ્યો. યુવાન નાનજીભાઈના જીવનસાફલ્ય માટેના પ્રબળ મનોરથોને જાણી-સમજી એ અરસામાં જ યોગનિષ્ઠ પૂ. બુદ્ધિસાગરસૂરિ સમુદાયના અજોડ સંયમી, આત્મજ્ઞાની, વિરલ વિભૂતિ આચાર્ય ભગવંતશ્રી કૈલાસસાગર સૂરિજી મ.ની કૃપા અને આત્મદૃષ્ટિએ શ્રી નાનજીભાઈનું મન સંયમજીવનમાં પ્રવેશવા હિલોળે ચઢ્યું. સં. ૨૦૨૮ના મહા સુદિ ૧૪ના રોજ પૂજ્યશ્રીના શિષ્ય તરીકે ચારિત્રધર્મનો સ્વીકાર કર્યો અને નીતિસાગરજી મ. તરીકે જાહેર થયા.

શ્રી નીતિસાગરજી મહારાજશ્રીએ દીક્ષા બાદ સંયમ-સાધના, જ્ઞાનની ઉપાસના તથા ગુરુદેવની વૈયાવચ્ચ ભક્તિમાં એકાગ્ર બની થોડા સમયમાં જ ગુરુકૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરી લીધાં.

પૂ. ગુરુદેવની પ્રેરક નિશ્રામાં જિનાલયો, ઉપાશ્રયો અને પ્રતિમાપ્રતિષ્ઠાઓના પાવન પ્રસંગો ઉપર ગુરુદેવની સાથે જોડાઈને અનેકોના સંપર્ક-સંસર્ગથી શ્રી નીતિસાગરજી મ.ની જીવરક્ષા, શાસનરક્ષા અને વિશ્વમૈત્રીની ભાવનાને બળ મળ્યું.

શ્રી શંખેશ્વર તીર્થમાં કરેલી અટ્ઠમતપ સાથેની જાપની આરાધનાને પ્રતાપે અને પૂ. ગુરુદેવની નિર્મળભાવે કરેલી સેવાવૈયાવચ્ચના ગુણ પ્રભાવે સંયમજીવનમાં ખૂબ જ પ્રગતિ સાધી. પૂજ્યશ્રીની નિશ્રામાં પણ શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો થયાં. જૈન-જૈનેતરોમાં અનેક જીવોને ધર્મમાર્ગમાં જોડ્યા, સ્વતંત્ર ચાતુર્માસ કરીને અનેકવિધ ધર્મકાર્યો પ્રવર્તાવી રહ્યા છે. અમદાવાદ, પાટણ, વડોદરા, શિવગંજ આદિ સ્થળોએ યશસ્વી ચાતુર્માસ કર્યા. સં. ૨૦૫૯નું ચોમાસું જન્મભૂમિ લાયજા (કચ્છ)માં આનંદ ઉલ્લાસપૂર્વક સંપન્ન થયું. સં. ૨૦૬૦નું ચોમાસું ભાવેણાના શાસ્ત્રીનગર વિભાગમાં સંપન્ન થયું. મહામંત્ર નવકારના જાપ સાથે આરાધનાના ઘોડાપૂર વહાવ્યાં. ૬૮ ઉપવાસની આરાધના અત્રેના શ્રી સંઘમાં શાતાપૂર્વક થઈ. પૂજ્યશ્રીની પ્રેરણાથી શાસનપ્રભાવના સાથે સાતેયક્ષેત્રોમાં પુણ્યશાળીઓ તરફથી સારો લાભ લેવાયો.

પૂજ્યશ્રી ઘણા જ શાંત, સૌમ્ય અને જગતને ઉચ્ચ આદર્શો મળે તેવું જીવન જીવવાની તીવ્ર ભાવના દર્શાવે છે. પૂજ્યશ્રીની આ ઉચ્ચત્તમ ભાવનાઓ ચરિતાર્થ થાઓ તેવી શાસનદેવને પ્રાર્થના સાથે પૂજ્યશ્રીને ભાવપૂર્વક વંદના!

*સૌજન્ય : પૂ. માતુશ્રી પદ્માબહેન ખેતશીભાઈ માંડણ હ. પદ્માબાઈ સહ પરિવાર (કચ્છ) લાયજા તરફથી.*

*સમર્થ સાહિત્યકાર અને પ્રખર પ્રવચનકાર*

## પૂ. ઉપા. શ્રી મણિપ્રભસાગરજી મ.સા



પૂજ્યશ્રીનો જન્મ રાજસ્થાનના બાડમેર જિલ્લાના મોકલસર ગામમાં લૂંકડગોત્રીય શ્રી પારસમલજીના ઘેર માતા રોહિણીદેવીની કુક્ષિએ સં. ૨૦૧૬ના ફાગણ સુદ ૧૪ને શુભ દિને થયો. તેમનું જન્મનામ મીઠાલાલ હતું. પાલિતાણા મહાતીર્થમાં માતા રોહિણીદેવી તથા બહેન વિમલાકુમારી સાથે મીઠાલાલે પણ ૧૪ વર્ષની વયે પૂ. આ. શ્રી વિજયકાંતિસૂરિજી મહારાજ પાસે સંયમ ગ્રહણ કર્યું. તે ધન્ય દિવસ તા. ૨૩-૬-૧૯૭૩, સં. ૨૦૩૦ના અષાઢ વદ ૭નો હતો. માતા રોહિણી દેવીનું નામ સાધ્વી શ્રી રતનમાલાશ્રીજી, બહેનનું નામ સાધ્વી શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી (પી.એચ.ડી.) અને મીઠાલાલનું નામ મુનિ શ્રી મણિપ્રભસાગરજી રાખી પૂ. આચાર્યશ્રીના પ્રથમ શિષ્ય ઘોષિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યા. પ્રભાવક ગુરુદેવના ૧૩ વર્ષના સતત સાન્નિધ્યે યુવામુનિની તેજસ્વી પ્રતિભાને વધુ ને વધુ ઉદ્યોત કરી અને એ યોગ્યતાના કારણે તેઓશ્રી ગુરુદેવના વિશેષ પ્રીતિપાત્ર બન્યા.

તેઓશ્રીનું બાહ્ય અને અભ્યંતર વ્યક્તિત્વ અત્યંત આકર્ષક અને પ્રેરક છે. ઘઉંવર્ણો વાન, આદમકદ કાયા, ઉન્નત લલાટ, વિશાળ વક્ષસ્થળ, મધુર સ્મિત, તેજસ્વી પ્રદીપ્ત નેત્ર, કાળા ઘેઘૂર વાળ, ભરાવદાર દાઢી આદિ પૂજ્યશ્રીના ધીર-ગંભીર પ્રતાપી વ્યક્તિત્વના પરિચાયક છે. કઠોર વાતાવરણમાં ઊછર્યા હોવાથી પૂજ્યશ્રી સ્વાભાવિક જ પરિશ્રમી, સહિષ્ણુ અને સાહસિક છે. જ્ઞાન, વૈરાગ્ય અને સંયમનું તેજ તેઓશ્રીના ચહેરા પર તરવરે છે. પૂજ્ય મુનિરાજ યુવાન હોવા છતાં પ્રૌઢ વિદ્વત્તા અને ઉત્કૃષ્ટ સંયમનિષ્ઠાથી શોભે છે. તેઓશ્રી સારા જ્યોતિષી છે. તેઓશ્રીમાં વક્તૃત્વ, કવિત્વ અને લેખનનાં બીજ અંકુરિત થઈ રહ્યાં છે. એવી એ ઉત્કૃષ્ટ પ્રતિભા પૂજ્ય ગુરુદેવની જ્ઞાનજ્યોતિથી વિકસિત અને પ્રફુલ્લિત થઈને આજે સમગ્ર વાતાવરણને સુરભિત કરી રહી છે. જ્ઞાનના તેજથી યુક્ત 'મણિપ્રભ' યથાનામગુણ જૈનશાસનને ઉદ્યોત કરવા સમર્થ છે. દીક્ષાકાળથી પ્રારંભાયેલી તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ વ્યાકરણ, કાવ્ય, ન્યાય, દર્શન અને આગમિક અધ્યયનની સુદીર્ઘ યાત્રા પરિપૂર્ણ કરીને સાહિત્યસર્જનની દિશામાં આગળ વધી રહી છે. પરિણામે તેઓશ્રીનાં પ્રવચનો આધુનિક શૈલીમાં અધ્યાત્મિક ભાવોને ગૂંથીને વહે છે અને આકર્ષક અને રોચક રૂપ ધારણ કરે છે. પૂજ્યશ્રીની કવિત્વશક્તિ પણ ઈશ્વરી દેણ લાગે છે. એ કવિત્વશક્તિથી તેઓશ્રીએ ભજનો, પદો અને મુક્તકો લખ્યાં છે. 'ઋષિદત્તા રાસ' અને 'મલયસુન્દરી રાસ' એ કાવ્યકળાનો ઉત્તમ નમૂનો છે. પરિમાર્જિત અને ભાવપૂર્ણ ભાષાશૈલીમાં લખાયેલાં પૂજ્યશ્રીનાં લખાણો મૌલિક અને નવચેતનયુક્ત છે. વાસ્તવમાં તેઓશ્રી સુયોગ્ય ગુરુના સુયોગ્ય શિષ્ય છે. પૂજ્યશ્રીની યોગ્યતા જાણીને તેમને સં. ૨૦૪૪ દ્વિતીય જ્યેષ્ઠ સુદ ૧૦ના દિવસે પાદરુ (રાજસ્થાન)માં ગણિ પદથી અલંકૃત કરવામાં આવ્યા. વિ.સં. ૨૦૫૭માં માઘ સુદ ૨ના દિવસે ગઢસિવાનામાં ઉપાધ્યાય પદ અર્પણ કરવામાં આવ્યું. તેમના શિષ્યમંડલમાં મુનિ શ્રી મનીષપ્રભસાગરજી મ., મુનિશ્રી મયંકપ્રભ સાગરજી મ., મુનિ શ્રી મનિતપ્રભ સાગરજી મ., મુનિશ્રી મિતેશપ્રભસાગરજી અધ્યયન કરી રહ્યા છે.

સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, મારવાડી આદિ અનેક ભાષાઓના જ્ઞાતા છે. આજસુધીમાં પંચોતેરથી વધુ અંજનશલાકા પ્રતિષ્ઠાઓ તેમના હાથે થઈ, પાંસઠથી વધુ દીક્ષાઓ તેમની નિશ્રામાં સંપન્ન થઈ. અનેક ઉપધાન પ્રસંગો, પદયાત્રા સંઘો, વડી દીક્ષાઓ, મહોત્સવો પૂજ્યશ્રીની નિશ્રામાં થયાં. પૂજ્યશ્રીની એક અનોખી કલ્પનાશક્તિ અનુસાર પૂજ્યશ્રીના ગુરુદેવ આ. શ્રી જિનકાંતિસાગરસૂરિજી મ.સા.ની સમાધિભૂમિ પર વિશ્વનું એક પ્રથમ અદ્ભુત સ્થાપત્યકલાના નમૂનારૂપ જહાજમંદિરના રૂપમાં સર્જન કરાવ્યું છે. શ્રી કેસરિયાજી તીર્થના કેસરિયાવાસનું નિર્માણ કરાવી તેમાં ગજમંદિરનું નિર્માણ એ તેમની અદ્ભુત કલ્પનાશક્તિ સૂચવે છે.

પૂજ્યશ્રી સંઘ-શાસનના યોગક્ષેમને સુચારુ રૂપે વહન કરી ઉત્તરોત્તર શાસનપ્રભાવના પ્રસરાવો એવી અભ્યર્થના સાથે પૂજ્યશ્રીને શતશઃ વંદના!

## *હિન્દી સાહિત્યકાર પૂજ્ય*
## પંન્યાસશ્રી રત્નસેનવિજયજી મ.

તારક તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોના કલ્યાણ માટે અર્થથી દેશના આપતા હોય છે. પ્રભુની તે વાણીને ગણધર ભગવંતો સૂત્ર રૂપે ગૂંથતા હોય છે. પ્રભુની તે વાણી આજે વર્તમાનમાં 'આગમ' રૂપે વિદ્યમાન છે. જૈન આગમોની મૂલ ભાષા પ્રાકૃત છે. આગમોનાં રહસ્યોને જાણવાં-માણવાં માટે અનેક મહાપુરુષોએ એ આગમગ્રંથો ઉપર સંસ્કૃત ભાષામાં ટીકા આદિની રચના કરી. એ આગમગ્રંથોના આધારે અનેક પ્રકરણ-ગ્રંથોની રચનાઓ કરી.

ભારતના અધિકાંશ પ્રાંતોમાં જૈનોની વસ્તી હોવા છતાં વર્તમાનમાં વિદ્યમાન શ્વે. મૂ. જૈન સાધુ-સાધ્વીજીમાં લગભગ ૭૦% સાધુ-સાધ્વીજી ગુજરાત પ્રાંત અને ગુજરાતી ભાષાથી જોડાયેલાં હશે. એના કારણે ભારતના વિવિધ પ્રાંતોમાં અનેક ભાષાઓ હોવા છતાં પણ શ્વે. મૂ. જૈનોનું અધિકાંશ સાહિત્ય ગુજરાતી ભાષામાં છે. હિન્દી, મરાઠી, અંગ્રેજી, તામિલ, તેલુગુ, કન્નડ આદિ ભાષાઓમાં લગભગ બહુ જ અલ્પ પ્રમાણમાં સાહિત્ય છે.

પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસપ્રવર શ્રી રત્નસેનવિજયજી મહારાજે ૧૮ વરસની ઊગતી જવાનીમાં ભાગવતીદીક્ષા અંગીકાર કરી છે.

વીસમી સદીના મહાનયોગી પરમનિઃસ્પૃહી પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનું અંતિમ શિષ્યત્વ સ્વીકારી એ પુણ્ય પુરુષના કૃપાપાત્ર બન્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ.સં. ૨૦૩૩માં દીક્ષા અંગીકાર કર્યા પછી પૂ. મુનિશ્રીએ નિયમિત એકાસન તપની આરાધના સાથે ખૂબ સુંદર સ્વાધ્યાય કરેલ છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવી જૈનદર્શન, જૈનઆગમ, જૈનસાહિત્યના અભ્યાસની સાથે સાથે જૈનેતર દર્શનોનો પણ ગહન અભ્યાસ કરેલ.

પોતાના ઉપકારી ગુરુદેવશ્રીની આજ્ઞાનુસાર ૧૯ વરસની ઊગતી જવાનીમાં એમની પ્રવચનયાત્રાનો મંગલ પ્રારંભ થયેલ. પ્રગતિના પંથે આગળ વધતાં તેઓ પ્રભાવક પ્રવચનકાર રૂપે પ્રસિદ્ધિ પામ્યા. છેલ્લાં ૨૪ વરસોથી રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, મુંબઈ અને મહારાષ્ટ્રનાં વિવિધક્ષેત્રોમાં વિચરણ કરી નાનાં–મોટાં શહેરોમાં ચાતુર્માસ કરી સુંદર શાસનપ્રભાવના કરેલ છે. તેઓશ્રી હિન્દી અને ગુજરાતી ભાષામાં સુંદર અને રોચક શૈલીમાં પ્રવચન આપે છે.

હિન્દીભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા પૂજ્ય મુનિશ્રીએ વિ.સં. ૨૦૩૭માં પોતાના પરમ ઉપકારી ગુરુદેવશ્રીને શ્રદ્ધાંજલિ આપતા 'વાત્સલ્ય કે મહાસાગર' પુસ્તકનું આલેખન કરેલ. ધીમે ધીમે એમની સાહિત્યયાત્રા આગળ વધવા માંડી. દિવ્યસંદેશ પ્રકાશન ટ્રસ્ટ મુંબઈના અન્વયે હિન્દીભાષામાં આલેખિત તેમના સાહિત્યનું પ્રકાશન ચાલુ થયું. દર વરસે ૬–૭ પુસ્તકોનું પ્રકાશન થતાં આજે તેમનાં ૧૧૪ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

બે વરસ પૂર્વે અષાઢ સુદ–૯ના દિવસે એમના દ્વારા આલેખિત–સંપાદિત 'બીસવીં સદી કે મહાનયોગી' ૧૦૦માં પુસ્તકનું વિમોચન થયેલ છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં ગુજરાતી સાહિત્ય બહોળા પ્રમાણમાં છે, જ્યારે હિન્દી ભાષામાં સાહિત્યની ખૂબ જ કમીના છે. પૂજ્યશ્રીએ એ કમીની પૂર્તિ કરવા માટે કમર કસેલ છે.

છેલ્લાં ૧૭ વરસથી એમનાં પ્રવચનોને વાચા આપતું 'અર્હદ્ દિવ્યસંદેશ' માસિક પણ નિયમિતરૂપે પ્રકાશિત થાય છે.

નૂતન સાહિત્ય સર્જનની સાથે સાથે પૂજ્યશ્રીએ સંસ્કૃત-ભાષામાં અનેક ગ્રંથોનું પણ સંપાદન કરેલ છે. 'શ્રી હેમચંદ્ર શબ્દાનુશાસનમ્'–'બૃહદ્‌વૃત્તિ'–'લઘુન્યાસ' સહિત ત્રણ ભાગમાં એમના સંપાદન તળે પ્રકાશિત થયેલ છે. એની સાથે 'पाण्डवचरित्रम्' નું પણ સંપાદન કરેલ છે.

સ્વ. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાનુસાર વિ.સં. ૨૦૫૫ના વૈશાખ સુદિ ૫–ના દિવસે તેમને 'ગણિ' પદથી વિભૂષિત કરવામાં આવેલ અને વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાનુસારે કા.વદી ૫ સંવત ૨૦૫૯ના શુભ દિવસે શ્રીપાલનગર-મુંબઈમાં તેમને પંન્યાસપદથી અલંકૃત કરવામાં આવેલ છે. બાલ અને તરુણ સંસ્કરણ વાચના શ્રેણીના માધ્યમે તેમણે હજારો બાળકોને પ્રભુશાસનના રસિક બનાવવા માટે યોગ્ય પ્રયત્ન કરેલ છે. એમની તારક નિશ્રામાં અનેકવિધ સામુદાયિક અનુષ્ઠાનો, આરાધના–તપશ્ચર્યાઓ સંપન્ન થયેલ છે. થાણા (મહા.)માં એઓશ્રીની પ્રેરણાથી સંઘમાં મહાન્ સિદ્ધિદાયક–સિદ્ધિતપની તપશ્ચર્યા થઈ હતી, જેમાં ૧૦૯ આરાધકો જોડાયા હતા. ધૂલિયા, યેરવડા કર્જત આદિમાં ઉપધાનતપ તથા ઠેર ઠેર ભવ્ય ઉદ્યાપનમહોત્સવો પણ થયા છે.

પૂજ્ય પંન્યાસજી મ.ના પ્રથમ શિષ્ય તપસ્વી મુનિશ્રી ઉદયરત્નવિજયજી મ.સા. વિ.સં. ૨૦૬૦ ભાદરવા વદ ૧૦ના શુભદિવસે ૮૦ વર્ષની જૈફ વયમાં પણ વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂરી કરી છે. વિ.સં. ૨૦૫૮માં પૂજ્યશ્રીની પ્રેરણાથી ભાયંદરનિવાસી સંદીપકુમાર અમરચંદજી ચોપડાએ ભાગવતી દીક્ષા અંગીકાર કરી પૂજ્યશ્રીના શિષ્ય મુશ્રિ કેવલરત્ન વિજયજી બન્યા છે.

પૂજ્ય પંન્યાસશ્રીના સદુપદેશથી દેહરોડ–પૂના નિવાસી શા કેસરીમલ એમચંદજી જૈને પોતાના સમગ્ર પરિવાર–ધર્મપત્ની, એક પુત્ર તથા એક પુત્રી સહિત વિ.સં. ૨૦૫૯, મહા સુદ–૬ના શુભદિવસે પૂજ્યશ્રીની શુભનિશ્રામાં ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ છે. જૈનશાસનની સુંદર આરાધના–પ્રભાવના કરી રહેલા અને નૂતન હિન્દી સાહિત્યનું અવિરત સર્જન કરનારા પૂજ્ય પંન્યાસશ્રી રત્નસેનવિજયજી મ.નાં ચરણોમાં ભાવભરી વંદના.

*ગુરુ કૃપાપાત્ર, પ્રવચન પ્રભાવક*

## પૂજ્ય પંન્યાસ શ્રી રશ્મિરત્નવિજયજી મ.



પ્રભુ મહાવીરનું વિચરણ મરુભૂમિના જે પ્રદેશમાં થયું ત્યાં આજે પ્રભુવીરના અનેક તીર્થો છે. નાણા, દિયાણ, નાંદિયા, જીવિતસ્વામી વાંદિયા.... નંદિવર્ધન રાજાના નામથી નાંદિયા વસ્યું...સિદ્ધાર્થરાજાના નામથી સિદ્ધરથ વસ્યું...કાનમાંથી ખીલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાઢવામાં આવ્યા ત્યાં બામણવાડા તીર્થ વસ્યું...એની બાજુમાં જ બે કિ.મી.ના અંતરે પ્રભુવીરના નામથી વીરવાડા વસેલું છે. પ્રભુ મહાવીરનું વિશાલ જિનાલય ગામ બહાર આવેલું છે. આ જિનાલયને **વર્ધમાન વિદ્યા સાધનાપીઠ** તરીકે પણ ઓળખી શકાય છે. કારણ કે અહીં અનેક સાધક મુનિઓએ શ્રી વર્ધમાન વિદ્યાની સાધના કરેલી છે.

આ ગામમાં તરોજી અને માધોજી નામના બે સગાભાઈઓ જિનશાસનના ઉપાસક સુશ્રાવકો હતા. શ્રી મહાવીરસ્વામી જિનાલયની ઉત્તમ વ્યવસ્થા, સારસંભાલ અને સુંદર ઉપાસના કરતાં હતાં. સાંભળવા પ્રમાણે કોક અગમ્ય કારણસર આ બન્ને ભાઈઓએ ગામ છોડવાનો નિર્ધાર કર્યો. તરોજી વાગરા બાજુ જઈને વસ્યા એમના સંતાનો તરાણી કહેવાયા. માધોજી માલવાડા આદિમાં ગયા અને તેઓ માધાણી કહેવાયા. એટલે તરાણી અને માધાણી ભાઈઓ થયા. તરાણી શ્રી છોગાજી સેનાજી વ્યવસાયાર્થે પોતાના ભાઈઓ સાથે કર્નાટકમાં બસવન ભાગેવાડી જઈ વસ્યા. ગચ્છાધિપતિ આ. શ્રી હેમેન્દ્રસૂરીશ્વરજી મ. સા. તરાણી પરિવારથી બસવન ભાગેવાડીથી દીક્ષિત થયા. શ્રી છોગાજીના પુત્ર શ્રી પુખરાજજી વ્યવસાયાર્થે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં સ્થિર થઈ 'જૈનબ્રધર્સ' નામથી વ્યવસાય શરૂ કર્યો. ધર્મપત્ની ફૂલવંતીદેવી ખૂબ જ સંસ્કારી કુટુંબના હતા. એમના બે સગા ભાઈઓ દીક્ષિત થઈ આ. શ્રી જિતેન્દ્રસૂરિજી મ. સા., આ. ગુણરત્નસૂરિજી મ. સા. રૂપે શાસનનાં નભોમંડળમાં ચમકી રહ્યાં છે. તેમને દીક્ષા માટે ઘરથી ભાગી જવાનો પુરુષાર્થ કર્યો પણ પરિવારવાળા પાછા લઈ આવી લગ્ન કરાવી દીધા. લગ્ન પછી પુખરાજભાઈને સંયમ લેવાના કોડ જાગ્યા. પરંતુ કર્મસંજોગે નીકળી ન શક્યા. સંતાનોમાં પાંચ પુત્ર સંપત, કિશોર, મુકેશ, રમેશ, સુરેશ અને બે પુત્રી પુષ્પા અને પ્રમીલા હતા. એમાં ત્રીજા પુત્ર રમેશનો ભાગ્યોદય થયો.

* * *

બાલકનો જન્મ સં. ૨૦૨૦ ફાગણ વદ ૭ મંગળવાર ૪-૨-૧૯૬૪ સ્વાતિ-૧ વિશાખાપટ્ટનમમાં થયો તે સમયે જોશી ઉવાચ–આ બાલકના શરીર પર કુદરતી જનોઈ અંકિત છે. આ બાલક પૂર્વ જન્મમાં પંડિત હોવો જોઈએ. આ જન્મમાં તમારા ઘરમાં નહીં રહે...

મામા સરદારમલ ઉવાચ–આ બાલક દીક્ષા લેશે.

નાના હીરાચંદ ઉવાચ–બેટા! મેં તારા મામા ગણેશમલની દીક્ષામાં અજ્ઞાનતાના કારણે ઘણો અંતરાય કર્યો. એ તો દૃઢ રહ્યાં અને દીક્ષા લીધી અને સુંદર આરાધના કરી રહ્યા છે. પણ હું તને કહું છું લેવા જેવી તો દીક્ષા જ છે.

માં! તૂ દહી કેમ નથી ખાતી? બેટા મારે બાધા છે. દીક્ષાની ભાવના હતી પણ ન લઈ શકી માટે દહીની બાધા રાખી છે. માં! તારી ભાવનાને હું પૂરી કરીશ!

માં દીકરાના આ સંવાદથી પાયો રચાયો...

પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ૮ વર્ષની ઉંમરે જવાનું થયું. નારકી ચિત્રાવલી જોઈ ભવનો ભય લાગ્યો. સંયમની તાલાવેલી લાગી. **૧૨** વર્ષની ઉંમરે વિશાખાપટ્ટનમથી તખતગઢ મોટાભાઈના લગ્નપ્રસંગે આવવાનું થયું–ત્યાં જોગાનુજોગ પૂજ્ય ગુરુદેવ શ્રી ગુણરત્નસૂરિજી મ. નું ચાતુર્માસ હતું. પારસમણિનો સ્પર્શ થયો. લોઢુ સોનુ બની ગયું. સાથે રહ્યા, ઘરે લગ્નપ્રસંગે ૧૨ વર્ષના રમેશની કસોટી આવી છતાં મક્કમ રહી ચાંદરાઈમાં લગ્ન મંડપના સ્થળના જ મુખ્ય અવરજવરના માર્ગે લાઈટો બંધ કરાવી પ્રતિક્રમણ કર્યું. ૧૦ દિવસમાં બે પ્રતિક્રમણ મોંઢે કરી આગળ વધ્યા. સંવત ૨૦૩૪ ફાગણ વદ ૧૦ ૨-૪-૧૯૭૮ રવિવારે ૧૪ વર્ષની ઉંમરે તખતગઢમાં દીક્ષા થઈ. સં. ૨૦૩૪ વૈશાખ સુદ ૫ ના પં. શ્રી ભદ્રંકર વિ., આ. શ્રી મુક્તિચંદ્રસૂરિજી, આ. શ્રી રાજતિલકસૂરિજી મ. સા., આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. ના હાથે પિંડવાડામાં વડી દીક્ષા થઈ. સં. ૨૦૫૩ કા. વ. ૯ના અમદાવાદ શ્રી ભુવનભાનુસૂરિજી સ્મૃતિમંદિર પ્રતિષ્ઠાના ઐતિહાસિક મહોત્સવમાં ગણિપદવી થઈ. પૂ. મુનિશ્રી દર્શનરત્ન વિ. , મુનિશ્રી વિમલરત્ન વિ. પાસે વ્યાકરણ, વિદ્યાગુરુશ્રી મોક્ષરત્ન વિ. મ. પાસે ૭ વર્ષ નવ્ય-ન્યાય-તત્ત્વચિંતામણિ(સંપૂર્ણ) જાગદીશી-ગાદાધરી-માથુરી ચાર તત્ત્વાલોક, ષડ્દર્શનાદિ ૪૦૦ ગ્રંથોનો વિસ્તૃત અભ્યાસ કર્યો. પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ઉપશમનાકરણ કરી પૂજ્યશ્રી રચિત ઉદય સામિત્ત ગ્રંથનું સંશોધન કરી તૈયાર કર્યું. કવિત્વશક્તિ અને તર્કશક્તિનો ઉપયોગ કરી દરરોજ એક નવો શ્લોક લખવાનો નિયમ રાખ્યો. હજારો શ્લોકો રચ્યા. અભાવવાદ તત્ત્વાલોકની રચના કરી. 'ન મ' બે વર્ણના આધારે દ્વિવર્ણસ્તુતિરશ્મયઃ નામનો નાનકડો ચિત્તને ચમત્કૃત કરનારો ગ્રંથ લખ્યો. હિંદી ગુજરાતી અંગ્રેજીમાં ૫૪ પુસ્તકો લખ્યા. ગુડનાઈટ રાત્રિ પ્રવચનો ૮૦ હજાર નકલ, જૈનમનોવિજ્ઞાન ૪૦ હજાર નકલ, ગુડલાઈફ ૪૦ હજાર નકલ, બચાવો બચાવો ગર્ભપાત મહાપાપ ૫ લાખ નકલ, ઐસી લાગી લગન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિં. ગુ. દોઢ લાખ નકલ આદિ સાહિત્ય રચના કરેલ. પૂજ્યશ્રીની ભીલડીયા તીર્થમાં સં.૨૦૫૫ ફા. વ. ૩ તા. ૫-૩-૯૯ના મંગલ દિને પંન્યાસ પદવી થઈ. પૂજ્યશ્રીના ૪૫ આગમ આદિના પ્રવચનો લગભગ દરેક ચાતુર્માસમાં યોજાય છે. રાત્રિ પ્રવચનો અને યુવા શિબિરોમાં હજારો યુવાનોના જીવન પરિવર્તન થયા છે. વિધિવિજ્ઞાન અને જૈન મનોવિજ્ઞાનના પ્રવચનો તો યુવાનોને ખુબ જ આકર્ષે છે. પૂજ્યશ્રી દીક્ષા લીધી એ જ દિવસથી એટલે છેલ્લા ૩૦ વર્ષથી ગુરુનિશ્રામાં આરાધના કરી રહ્યા છે. ગુરુકૃપા એ જ સંયમ સાધના છે, એવું તેમનું માનવું છે. જ્યાં ઝાડ ત્યાં છાયડો, ગુરુ ત્યાં શિષ્ય આ એમનો જીવનનો મુદ્રાલેખ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની અપરંપાર ગુરુકૃપાના પાત્ર બની પૂજ્યશ્રીની નિશ્રામાં થતાં દરેક ઐતિહાસિક આયોજનનું કુશળ માર્ગદર્શન કરે છે. ગુરુની આશિષના બળે જ ૪૩ વર્ષની લઘુ વયે ૨૯ વર્ષના દીક્ષા પર્યાયમાં પૂજ્યશ્રીના ૩૧ જેટલા શિષ્યો છે. જેઓ જ્ઞાનધ્યાન સ્વાધ્યાયમાં સદા રત રહે છે.

પૂજ્યશ્રીના શિષ્યો–પ્રશિષ્યો

| | |
|---|---|
| (૧) મુનિ હર્ષરત્ન વિ. | (૧૬) મુનિ સમર્પિતરત્ન વિ. |
| (૨) મુનિ ભાનુરત્ન વિ. | (૧૭) મુનિ ચારિત્રરત્ન વિ. |
| (૩) મુનિ ચિરંતનરત્ન વિ. | (૧૮) મુનિ સિદ્ધાંતરત્ન વિ. |
| (૪) મુનિ હીરરત્ન વિ. | (૧૯) બાલમુનિ યશરત્ન વિ. |
| (૫) મુનિ જિતરત્ન વિ. | (૨૦) બાલમુનિ રમ્યાંગરત્ન વિ. |
| (૬) મુનિ મોક્ષાંગરત્ન વિ. | (૨૧) મુનિ ગીતાર્થરત્ન વિ. |
| (૭) મુનિ મતિરત્ન વિ. | (૨૨) મુનિ તીર્થરત્ન વિ. |
| (૮) મુનિ જિનાંગરત્ન વિ. | (૨૩) બાળમુનિ હિતાર્થરત્ન વિ. |
| (૯) મુનિ સંભવરત્ન વિ. | (૨૪) મુનિ ગણધરરત્ન વિ. |
| (૧૦) મુનિ કૈવલ્યરત્ન વિ. | (૨૫) મુનિ તપોરત્ન વિ. |
| (૧૧) મુનિ દેવરત્ન વિ. | (૨૬) બાળમુનિ તત્ત્વરત્ન વિ. |
| (૧૨) મુનિ સૌમ્યાંગરત્ન વિ. | (૨૭) બાળમુનિ જ્ઞાનરત્ન વિ. |
| (૧૩) મુનિ પૂર્ણરત્ન વિ. | (૨૮) મુનિ આત્માર્થીરત્ન વિ. |
| (૧૪) મુનિ નીતિરત્ન વિ. | (૨૯) મુનિ તત્ત્વાર્થરત્ન વિ. |
| (૧૫) મુનિ કલ્યાણરત્ન વિ. | (૩૦) મુનિ અજિતરત્ન વિ. |

(૩૧)૭ વર્ષના બાળમુનિ ત્રિપદીરત્ન વિ.

કેટલાક પ્રતિભાવંત બાળમુનિઓ પણ છે. ઐતિહાસિક સંઘોની ચૈત્રી ઓળી, ચાતુર્માસ, દીક્ષા પ્રસંગો અને પ્રતિષ્ઠાપ્રસંગોમાં પૂજ્યશ્રીની તમામ જૈન અજૈન જીવોને પમાડનારી તમન્ના અદ્‌ભુત છે. ૧૨ ભાષાના જાણકાર છે. ૨૦ હજાર માનવમેદની વચ્ચે શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા પ્રસંગે સંસ્કૃતમાં પ્રવચન આપ્યું. કોલેજોમાં અંગ્રેજીમાં પણ પ્રવચનો આપે છે.

રામાયણ-મહાભારતો ઉપર જાહેર પ્રવચનો અને ચાલુ સાલે સ્કૂલોમાં પ્રવચનો આપી ૧૨ હજાર બાળકોને ફટાકડાનો ત્યાગ કરાવ્યો. અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠના બી. એડ. કૉલેજ આદિમાં પણ પ્રવચનો થયા.

## પૂ.પંન્યાસપ્રવર શ્રી શિવસાગરજી મ.સા.

(૧) જન્મતારીખ : ૧૪-૮-૧૯૬૫ (૨) સંસારી નામ : શૈલેશકુમાર (૩) પિતાનું નામ : મનુભાઈ પ્રેમચંદ વોરા (૪) માતાનું નામ : મંજુલાબહેન (૫) દીક્ષાતારીખ : ૨૨-૧૧-૮૧ (૬) દીક્ષાતિથિ : કારતક વદ–૧૧ (૭) દીક્ષાસ્થળ : હિંમતનગર પાસે અડપોદરા (૮) વ્યાવહારિક અભ્યાસ : ધોરણ ૮ (૯) ધાર્મિક અભ્યાસ : ૨ વર્ષ–યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા–મહેસાણા (૧૦) દીક્ષા બાદ : સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ કરવા માટે પાઠશાળામાં બે વર્ષ નિયમિત ગયા. (૧૧) આ સિવાય જ્યોતિષશાસ્ત્રની અધિષ્ઠાયિકા માતા પંચાંગુલીની આરાધના દ્વારા જ્યોતિષ–યંત્ર–મંત્ર તથા સાહિત્ય પ્રકાશનક્ષેત્રમાં આગળ વધ્યા. (૧૨) પ્રગટ પ્રભાવક શ્રી ઘંટાકર્ણ મહાવીરના ,૧ લાખ જાપ પરિપૂર્ણ કરીને ગણિ+પંન્યાસ પદવી પ્રાપ્ત કરી. (૧૩) શિષ્યસંપદા : બાલમુનિ શ્રી ઋષભસાગરજી મ.સા. (૧૪) ૨૪ વર્ષ અખંડ ગુરુની નિશ્રામાં રહીને જ્ઞાનમાર્ગે પૂજ્યશ્રી આગળ વધ્યા છે.

બહુમુખી પ્રતિભાના ધારક, મધુરભાષી પંન્યાસજીના ચરણોમાં અમારી કોટિ કોટિ વંદના.....

*સૌજન્ય : જક્ષા ઈન્ફોટેકક અમદાવાદ, સંજયભાઈ બાબુભાઈ પટેલ પરિવાર, કલ્યાણ ઈન્વેસ્ટમેન્ટ સુરત, સંજય બિપિનચંદ્ર શાહ.*

## પૂ. મુનિરાજ શ્રી હર્ષશીલ વિજયજી મહારાજ



સૌરાષ્ટ્રના કાશી તરીકે સુવિખ્યાત જામનગર શહેરનાં વતની ઝવેરી વ્રજલાલ ઘેલાભાઈના ધર્મપત્ની ધર્મશીલા મંજુલાબેનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુક્ષિએ વિ. સં. ૨૦૨૩ના ફાગણ સુદ ૧૦ના દિવસે મોહમયી મુંબઈ નગરીમાં પુત્રનો જન્મ થયો. હિતેષ નામ પાડવામાં આવ્યું. બાલ્યાવસ્થાની સાથે જ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે....બુદ્ધિ તીવ્ર હતી. માતુશ્રી મંજુલાબેનનાં ધર્મસંસ્કારોના કારણે પાંચવર્ષની નાની વયમાં તો બે પ્રતિક્રમણ સુધીનો અભ્યાસ કરી લીધો. વિ. સં. ૨૦૨૮-૨૦૨૯માં પૂજ્યપાદ તપસ્વી મુનિરાજ શ્રી ભદ્રશીલ વિજયજી મ. સા. આદિની અભ્યાસાર્થ જામનગર શાંતિભુવનમાં સ્થિરતા થયેલી તે સમયે બાલ હિતેષકુમાર પૂજ્યશ્રીના સંસર્ગમાં આવેલ. પૂર્વના સંસ્કારો અને માતુશ્રીની પ્રેરણાના બળે ટૂંક સમયમાં જ પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ આદિનો અભ્યાસ પરિપૂર્ણ કરેલ.

સ્કૂલના અભ્યાસની સાથે સાથે સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ પણ સુંદર રીતીએ ચાલતો હતો. સ્કુલમાં પ્રાયઃ કરીને પ્રથમ-દ્વિતીય નંબરે જ ઉતીર્ણ થતા હતા.

વિ. સં. ૨૦૩૦માં પૂ. મુ. શ્રી ભદ્રશીલ વિજયજી મ. સા.ના જામનગરથી વિહાર બાદ વેદાંતાચાર્ય પંડિતપ્રવર શ્રી વ્રજલાલભાઈ વાલજી ઉપાધ્યાય પાસે સાત વર્ષની લઘુવયમાં સંસ્કૃતની બે બુક, વ્યાકરણ, સંસ્કૃત કાવ્યો આદિનો સુંદર અભ્યાસ કર્યો. જામનગર પધારતા મહાત્માઓની પાસે હિતેષકુમારનો અભ્યાસ સુંદર રીતીએ ચાલતો હતો.

વિ. સં. ૨૦૩૨માં જામનગરથી જૂનાગઢ સિદ્ધાચલ મહાતીર્થના છ'રીપાલક સંઘનું આયોજન શ્રી મણિલાલ ધરમશી પરિવાર તરફથી થયેલ તેમાં સૌથી નાની ઉંમરમાં સંપૂર્ણ વિહાર કરેલ. વિ. સં. ૨૦૩૩માં પૂ. રાજેન્દ્રવિજયજી મ. સા. અને પૂજ્ય શ્રી પ્રભાકરવિજયજી મ. સા.ની નિશ્રામાં આયોજિત ઉપધાનતપમાં ૧૦ વર્ષની વયે માળા પરિધાન કરેલ. વિ. સં. ૨૦૩૪-૨૦૩૫ના વેકેશનના સમયમાં પૂ. ગુરુદેવ ભદ્રશીલ વિ. મ. પૂ. મુનિ ગુણશીલ વિ. મ., પૂ. મુ. કુલશીલ વિ. મ. આદિના સંગાથમાં રહી વૈરાગ્ય પ્રબળ બનાવેલ. વિ. સં. ૨૦૩૬માં પૂજ્યશ્રીનું જામનગરનાં આંગણે જ ચતુર્માસ થયું. વિ. સં. ૨૦૩૭ પોષ વદ ૫ના પુણ્યદિને ભવ્યાતિભવ્ય દીક્ષા થયેલ.

હિતેષમાંથી મુ. હર્ષશીલ વિજયજી તરીકે નામાભિધાન પામેલ બાલમુનિ મુનિરાજ શ્રી ગુણશીલ વિજયજી મ. ના શિષ્ય તરીકે થયા. દીક્ષા ગ્રહણથી જ દાદા ગુરુદેવનું અપાર વાત્સલ્ય તેઓશ્રીનાં શિસ્તપૂર્ણ અનુશાસનની વચ્ચે સંયમજીવનની ગ્રહણશિક્ષા આસેવન શિક્ષા મેળવી.

વિ. સં. ૨૦૩૭ ફાગણ સુદ ૪ ના શંખેશ્વરતીર્થમાં પૂજ્યપાદ પરમગુરુદેવ તપાગચ્છાધિરાજ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આદિની નિશ્રામાં વડીદીક્ષા વિધિ સંપન્ન થયેલ.

દીક્ષા ગ્રહણ બાદ વડિલોની ભક્તિ કરવા દ્વારા બાલમુનિએ બધા વડિલોનાં હૃદયમાં સ્થાન-માન પ્રાપ્ત કરેલ.

સિદ્ધહેમ વ્યાકરણ–તર્કસંગ્રહ આદિ ન્યાયના ગ્રંથો તથા અનેક ગ્રંથોનાં વાંચન દ્વારા જ્ઞાનની ઉપાસનામાં દત્તચિત્ત રહ્યા.

વિ. સં. ૨૦૪૬ માં મુંબઈ શ્રીપાલનગરમાં સૌ પ્રથમ પ્રવચન માટે બેસવાનું થયું. ત્યારથી પ્રવચનશક્તિના માધ્યમે અનેક આત્માઓને સન્માર્ગે વાળી શક્યા.

વિ. સં. ૨૦૪૭માં એક મજેની વાર્તા (ધન્યકુમાર ચરિત્ર)ના પ્રકાશન દ્વારા પૂજ્યશ્રીએ જૈન સાહિત્યમાં સચિત્ર પ્રકાશનનો એક નવો યુગ શરૂ કર્યો.

વિ. સં. ૨૦૪૬ માં મુંબઈ લાલબાગમાં તેઓશ્રીના ગુરુદેવોના ગણિપદ પ્રદાન પ્રસંગ

વિ. સં. ૨૦૪૭ માં મુંબઈ ઘાટકોપરમાં પંન્યાસ પદ પ્રદાન પ્રસંગ

પૂજ્યશ્રીનાં સંસારી બેન જયશ્રીકુમારીએ વિ. સં. ૨૦૪૧માં ખંભાત મુકામે દીક્ષા ગ્રહણ કરી સા. શ્રી દિવ્યગિરાશ્રીજી તરીકે સુંદર સંયમ જીવનની સાધના સાથે જ્ઞાનોપાસના કરી રહ્યા છે. તો માતુશ્રી મંજુલાબેન જૈફ વયે વિ. સં. ૨૦૫૬ માં અમદાવાદ રંગસાગર મુકામે-ભાગવતી પ્રવજ્યા અંગીકાર કરી આ. શ્રી મોક્ષનંદિતાશ્રીજી નામે સુંદર આરાધના કરી રહ્યા છે.

*સૌજન્ય : તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિ (વિ.સં. ૨૦૬૨) પાલિતાણા.*







Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.



જેમણે પોતાના જીવનમાં પ્રશમરસ આત્મસાત્ કર્યો છે. તેમની શાંત, પ્રશાંત મુખાકૃતિ, વૈરાગ્યગર્ભિત વાણી, બહુ જ ખૂબીપૂર્વક યુવાનોને જીવનનો સાચો રાહ બતાવવા દ્વારા યોગ્ય માર્ગદર્શન આપનાર પૂજ્યશ્રી સંયમજીવનમાં સારી એવી શાસન પ્રભાવના કરી રહ્યા છે.

બાલ્યકાળથી માતા-પિતા દ્વારા જ જીવનમાં પ્રબળ ધાર્મિક સંસ્કારોનું સિંચન થયેલું, પૂજા, રાત્રિભોજન ત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ અને ધાર્મિક અભ્યાસ નિયમિત રીતે કરતા રહ્યાં. વળી નાની ઉંમરમાં ગુરુ ભગવંતના સંપર્કથી એમનું મન સંસારના ક્ષણિક સુખો તરફ વળવાને બદલે વૈરાગ્યવાસિત બન્યું. ઊંડે ઊંડે પણ તેમનામાં સંયમની પ્રબળ ભાવના એમના આત્માને સતત ઢંઢોળતી રહી.

સંયમજીવનમાં ગુરુકૃપાએ આગમગ્રંથોનું અધ્યયનાદિ કરી પરિણત બન્યા. વર્તમાનમાં શાસનપ્રભાવનાના અનેક કાર્યો કરી રહ્યા છે. સમુદાયનું ગૌરવ વધારી રહ્યા છે. પ્રકૃતિએ અભ્યાસી છે.

સંયમપર્યાયના કેટલાંક વર્ષો ગુરુનિશ્રામાં જ રહીને પૂર્ણપણે ગુરુને સમર્પિત બની રહ્યાં. ગુરુ ભગવંતના સાહિત્યોપાસના અને શાસનપ્રભાવનાના દરેક કાર્યોમાં સંપૂર્ણપણે સહાયક બનતા રહ્યાં, પ્રકૃતિએ અભ્યાસી છે. સદાય સ્વસ્થ ચહેરો, ધીરગંભીર મુખભાવ, શાસ્ત્રાનુસારી સાધના વગેરે પૂજ્યશ્રીના ઉચ્ચ સાધુજીવનના સાક્ષીભૂત અંગો છે.

જન્મદિન : વિ.સં. ૨૦૧૪, ભાદરવા વદ–અમાસ, તા. ૧૨-૧૦-૧૯૫૮

જન્મભૂમિ : જુના ડીસા (જિ. બનાસકાઠા. ઉત્તર ગુજરાત.)

સંસારી નામ : રાજેન્દ્ર

માતા-પિતા : લીલાબહેન બબાલાલ શાહ.

નિવાસસ્થાન : સુરત

શિક્ષણ : બી. કોમ.

દીક્ષા : વિ.સં. ૨૦૩૮, વૈશાખ સુદ–૬, તા. ૨૪-૪-૧૯૮૨.

દીક્ષાભૂમિ : સંગમનેર. જિ. અહમદનગર (મહારાષ્ટ્ર)

સમુદાય : પ.પૂ.શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

વર્તમાન ગચ્છાધિપતિ : સિદ્ધાન્તદિવાકર પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.

દાદા ગુરુદેવ : સહજાનંદી પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.

ગુરુદેવ : ધર્મચક્રતપપ્રભાવક પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.

ગણિ તથા પંન્યાસ પદવી : વિ.સં. ૨૦૬૨, ફાગણ સુદ–૭, સોમવાર, તા. ૬-૩-૨૦૦૬.

ગણિ–પંન્યાસપદવી દાતા : ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.

વિશેષતા : પ્રવચનકાર, શાસ્ત્રજ્ઞ, આચારસંપન્ન, શ્રી સંઘોમાં યશસ્વી આરાધના કરાવનાર, ધર્મચક્ર તપ, વર્ધમાન તપની ૨૬ ઓળી, ૧૮ વર્ષ સુધી જ્ઞાનપંચમીની અખંડ આરાધના, પોષ દશમીની આરાધના.

શ્રી કુલક સમુચ્ચય (મૂળ), શ્રી કુલક સમુચ્ચય (ભાષાંતર સહિત) તથા પાપ પડલ પરિહરોના સંપાદક, વાસવવંદિત શ્રી વાસુપૂજ્ય, આનંદદાતા શ્રી અભિનંદનસ્વામી, સુરતરુ સરીખા સાહિબા, સુમતિદાયક શ્રી સુમતિનાથ, શાંતિકરણ શ્રી શાંતિનાથ, પાર્શ્વ ચિંતામણિ મેરે મેરો આદિના સંપાદક.

દીક્ષિત પરિવાર : મુનિશ્રી દિવ્યશેખરવિજયજી મ.સા. (વડીલ બંધુ)

**નિમ્નોક્ત સંઘમાં વજસ્વામી પાઠશાળાના પ્રેરક**

(૧) શ્રી સંભવનાથ જૈન સંઘ–જામલીગલી, બોરીવલી (વેસ્ટ) મુંબઈ. (૨) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ–વિલેપાર્લા (વેસ્ટ) મુંબઈ. (૩) આનંદદાયક શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન સંઘ–ભટાર રોડ, સુરત. (૪) શ્રી આદિનાથ જૈન સંઘ–નવસારી. (૫) શ્રી સુધર્માસ્વામી શ્વે. મૂ. જૈન સંઘ–બુધવાર પેઠ, પૂના.

**નિમ્નોક્ત આરાધના ભવનના પ્રેરક**

(૧) ધર્મજિતસૂરિ આરાધના ભવન. કરાડ (મહારાષ્ટ્ર).

(૨) આચાર્ય શ્રી જયઘોષસૂરીશ્વરજી જૈન પાઠશાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) સૌ. મંગુબહેન ચીમનલાલ જીવાભાઈ હેક્કડ આરાધનાભવન, જોગાણીનગર–સુરત.

*સૌજન્ય : કાન્તિલાલ પોપટલાલ શાહ અ.સૌ. શશીકલાબેન કાન્તિલાલ, પુત્ર સતીશ-અ.સૌ. નયના, નીતિન-અ.સૌ. રાજશ્રી, પૌત્ર-પૌત્રી : પ્રીતમ, સંકેત, અપૂર્વ, પૂજા, પ્રિયંકા*

## પૂ. મુનિ શ્રી નિર્વેદચંદ્રવિજયજી મ.સા.



ધર્મનગર સુરત....સંઘવી પરિવાર.....શ્રી ચીમનભાઈ તથા માતુશ્રી કમળાબહેનનાં છ સંતાનોમાં સહુથી નાના જયંતીભાઈ, નાની ઉંમરથી જ બુદ્ધિ કુશાગ્ર હતી. શાળામાં લગભગ અવ્વલ નંબરે જ પાસ થતા. દરમ્યાન માતા કમળાબાને ક્ષય રોગની બિમારી લાગુ પડી. ક્ષય રોગની સારવાર માટેની હોસ્પિટલ ખૂબ દૂર હતી. ગોપીપુરાથી ચાલતો ચાલતો નાનકડો જયંત પોતાની માને માટે જમવાનું લઈને જાય, મા દીકરાને નવરો ન બેસવા દે. ધર્મનું શીખવે. સ્તવનો, સજ્ઝાયો, સૂત્રો બીમાર માએ હોસ્પિટલના બિછાને શીખવ્યા. કુશાગ્ર બુદ્ધિવાળા જયંતને સ્તવનો વગેરે ઝડપથી કંઠસ્થ થઈ જતાં. શ્રી જ્ઞાનપંચમીનું છ પાનાંનું મોટું સ્તવન, અવિતરપણે ૫૩ વર્ષ સુધી ભાવવાહી સ્વરથી શ્રી સુરત સંઘ સમક્ષ તેઓશ્રીએ ગાયું હતું, જેનો ગંભીર અને મધુર અવાજ સાંભળનારના હૃદયમાં સીધી અસર કરતો.

હીરા–મોતી–ઝવેરાતનો વ્યવસાય. ધંધામાં નિપુણ અને અતિ પ્રામાણિક વ્યાપારી તરીકે જયંતીભાઈની સુરત ઉપરાંત મુંબઈ, અમદાવાદ વગેરે બજારોમાં ખ્યાતિ હતી.

ઈ.સ. ૧૯૭૪માં તેઓ પોતાના ભક્તિ મંડળ 'શ્રી સંયુક્ત મંડળ' સાથે અચ્છારી (વાપી પાસે) મુકામે ચૈત્યપરિપાટી માટે ગયા હતા. રાત્રે ભાવનામાં દાંડિયા રમતાં દાંડીયો અચાનક આંખમાં વાગ્યો, આંખમાં એ પ્રકારની ઈજા થઈ જેનો દુનિયા આખીમાં કોઈ ઇલાજ ન હતો, છતાં ખૂબ ખૂબ સમતાથી દર્દ સહી લીધું અને તેમણે ત્યાંને ત્યાં આજીવન દાંડિયા ન રમવાની પ્રતિજ્ઞા લઈ લીધી. આંખનો ધંધો અને આંખ જ નકામી થઈ ગઈ, છતાં સહેજ પણ હિંમત ગુમાવ્યા વિના બાહોશીથી ધંધો કરતા રહ્યા. ૧૪ વર્ષની ઉંમરે કચરા પરિવારનાં મંજુલાબહેન સાથે સગાઈ થઈ. વાચન અને શુકનવંતાં પગલાંથી ઘરમાં ધર્મલક્ષ્મી અને ધનલક્ષ્મીમાં સતત વૃદ્ધિ થવા લાગી.

જયંતીભાઈનો આત્મા પોતાના અતિ લાડકા ભત્રીજા શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબની આચાર્યપદ પ્રદાનની વિધિ સમયે સંયમનાં સપનાં જોવા લાગ્યો. સંસારની અસારતા અને સંયમ દ્વારા મળતી શાશ્વતતાના નક્કર પરિણામોમાં મહાલવા લાગ્યો. સંવત ૨૦૫૩ના વૈશાખ સુદ–૬ના શુભ દિને તેમનાં સહુથી મોટાભાઈ શ્રી શાંતિભાઈ અને ભાભી શ્રી વીરમતી બહેન સહિત પાંચ ભવ્યાત્માનો દીક્ષામહોત્સવ ખૂબ ખૂબ શાસનપ્રભાવકતાપૂર્વક ઊજવાયો હજારોની મેદની વચ્ચે દીક્ષા થઈ. શ્રી જયંતભાઈ બન્યા મુનિરાજ શ્રી નિર્વેદચંદ્રવિજયજી મ.સાહેબ. સંસારી અવસ્થાની કહો કે નાની ઉંમરથી કાવ્યલેખનના શોખીન, તેથી સંસારીપણાથી જ ધાર્મિક ગીતો તેમ જ પ્રસંગોચિત્ત લખતા. સુંદર પ્રાસની ગોઠવણી, લાગણીસભર કલ્પનાઓથી તેઓશ્રીની રચનાઓ ખૂબ ખૂબ શોભતી. આ રચનાઓનું સંકલન 'જિન શાસનના દીવા' પુસ્તકરૂપે તેમણે જ પ્રકાશિત કર્યું હતું.

દીક્ષા અંગીકાર કર્યા પછી તેઓશ્રીની યોગ્યતા નિહાળી ગુરુ ભગવંતે તેઓને અલગ અલગ ક્ષેત્રોમાં ચાતુર્માસ અર્થે મોકલ્યા અને તેમણે પણ દરેક ક્ષેત્રમાં યશસ્વી, એકથી એક ચડિયાતાં ચાતુર્માસ કર્યા તેમણે સંયમજીવનનો ઘણો મોટો સમય એકાસણાં જ કર્યાં. સંવત ૨૦૬૨ના કા.વ.૯ને દિને વાલકેશ્વર, મુંબઈ મુકામે જ્યારે તબિયત બગડી ત્યારે આગલે દિવસે એટલે કે કા.વ.૮ના દિને તેઓશ્રીના સંસારી પુત્રવધૂ રાગિણીબહેનના મોઢે બોલ્યા હતા કે મારા બે મોટાભાઈ (આ.શ્રી વિ. ચંદ્રોદયસૂરીશ્વરજી મ. સાહેબ તથા આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સાહેબ)ની નિશ્રામાં મારું જીવન સમાપ્ત થાય તેવું કહું છું. મેં જીવનમાં બધું જ મેળવ્યું કે હવે કશું પણ મેળવવાનું બાકી નથી. મને પૂર્ણ સંતોષ છે અને બીજા દિવસે ન્યુમોનિયાનો હુમલો થયો અને સંવત ૨૦૬૨ના મા. શુ. ૮ના દિવસે આ મહામુનિએ જીવનલીલા સંકેલી લીધી. શ્રી સંઘની હાજરીમાં સંપૂર્ણ સમાધિમાં શ્રી નમસ્કાર મહામંત્રને સુણતાં સુણતાં પંડિત મૃત્યુ પામ્યા. કવિહૃદયી એ મહામુનિનાં શ્રી ચરણોમાં કોટી કોટી વંદન....

*સૌજન્ય : જૈનશાસન શણગાર પૂ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પૂ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર-સુરત*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જિનશાસનરાગી પરમ પૂજ્ય મુનિરાજ શ્રી સંવેગચંદ્રવિજયજી મ.સા.



સુરતના સંઘવી પરિવારની ધર્મનિષ્ઠા જૈન સમાજમાં પ્રખ્યાત છે. સં. ૨૦૫૩માં આ પરિવારમાં અતિ આદરણીય પ્રસંગ થયો, કહો કે અનુષ્ઠાન જ થયું.

શ્રી ચીમનલાલ ખીમચંદ સંઘવીનાં જ્યેષ્ઠ પુત્ર શ્રી શાંતિલાલભાઈએ ૮૪ વર્ષની ઉંમરે ધર્મપત્ની શ્રી વીરમતીબહેન (૬૭) તથા લઘુબંધુ શ્રી જયંતિભાઈ (૬૭)ની સંગાથે દીક્ષા ગ્રહણ કરી. ૮૪ વર્ષની વૃદ્ધ ઉંમરે જીવનની પૂર્ણાહૂતિને બદલે નવી શરૂઆત કરી અને પ.પૂ.આ. ભગવંત શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે પ.પૂ. મુનિરાજ શ્રી સંવેગચંદ્રવિજયજી બન્યા.

તેઓશ્રી ભૂતકાળમાં પણ તેજસ્વી રહ્યા હતા. ઈ.સ. ૧૯૩૪માં એકચ્યુરીયલ સાયન્સના વિષય સાથે તેઓ વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિનાં પ્રથમ ગ્રેજ્યુએટ થયેલા.

ધર્મપરિણતિ પણ વેગવંતી હતી. પોતાના પિતાશ્રી ચીમનભાઈ (પ.પૂ. મુનિરાજશ્રી પ્રસન્નચંદ્રવિજયજી મ.સા.)ને દીક્ષા અપાવવાની પૂરી જવાબદારી પોતે લીધેલી. વળી, પુત્ર હેમંત તથા પુત્રી નયનાને પણ નાની વયે સહર્ષ દીક્ષા આપી. જે આજે પૂ. આ. શ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા સા. શ્રી યશસ્વિનીશ્રીજી મ.ના નામે જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે.

તેમનામાં જિનશાસનનિષ્ઠા સજ્જડ હતી. શાસનવિરુદ્ધનું કંઈ વાંચે–સાંભળે તો તરત જ આક્રોશ ઠાલવતા. નાનામાં નાનું કામ કરતાં પણ શરમ અનુભવતા નહીં. સુરતનાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિરને સુવ્યવસ્થિત કરવામાં તેઓએ ઘણી જહેમત લીધી હતી. દીક્ષા પછી પણ જૈનધર્મનો પ્રચાર-પ્રસાર કરવો તેમને ખૂબ ગમતો.કોઈને ભણતાં જોઈ ખૂબ રાજી થતા. કંઈ સારું દેખાય તો તેની અનેક નકલો લોકોમાં વહેંચતા. ગુજરાતી ભાષા તથા સંસ્કૃત સહુ જાણે–સહુ ભણે તેવા પ્રયત્નો તેમના રહેતા. તે જ અન્વયે સરળ ગુજરાતી વ્યાકરણની નૂતન આવૃત્તિ તેઓશ્રીએ પ્રકટ કરાવેલી.

શરીરબળ છેલ્લી વૃદ્ધાવસ્થામાં પણ એકંદર સારુ રહ્યું. વિ.સં. ૨૦૬૨માં મુંબઈ-પ્રાર્થના સમાજ ખાતે ૯૩ વર્ષની વયે બરોબર નવવર્ષનું સંયમજીવનનું પાલન કરી પૂર્ણ જાગરૂકપણે નવકાર સ્મરણ કરતાં પોતાની દીક્ષાતિથિ વૈશાખ સુદ–૬ની મધ્યરાત્રિએ કાળધર્મ પામ્યા.

મુનિઓ જિનશાસનનું મૂળ છે. તેઓનાં જવાથી આપણે થોડા હચમચી જતા હોઈએ છીએ. આ અનુભવ થવો એ ધર્મપ્રેમી જીવ માટે સ્વાભાવિક છે. તેઓશ્રીનો આત્મા પરમાત્માનાં શાસનનો અખિલ લોકમાં વિસ્તાર કરે એવી અંતરકામના સેવીએ.

*સૌજન્ય : જૈનશાસન શણગાર પૂ.પૂ.આ.શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા સૂરિમંત્ર સમારાધક પૂ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સ્મૃતિમાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર-સુરત*

## અધ્યાત્મયોગી શ્રી ગૌતમવિજય

લેખક : આચાર્ય વીરેન્દ્રસૂરિ

તપસ્વી મુનિરાજશ્રી ગૌતમ વિજયજી મહારાજ સાહેબ પરમાર ક્ષત્રિયોદ્ધારક ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય હતા. ઈસ્વીસન ૧૯૬૯માં મહાસુદ-પના તેઓએ પોતાના બે પુત્રો સાથે દીક્ષા લીધી. વડોદરા જિલ્લામાં છોટા ઉદેપુર શહેરમાં તેઓની દીક્ષા થઈ.

મુનિરાજ શ્રી ગૌતમ વિજયજી દ્વારા તેઓનું નામકરણ થયું. આ બન્ને પુત્રો મુનિરાજ શ્રી વિરેન્દ્રવિજયજી (હાલ આચાર્ય) અને મુનિરાજ હરિષેન વિજય આ બંને બાલમુનિ રૂપમાં સાથે જ દીક્ષિત થયા. ત્રીજા સુપુત્ર મુનિરાજ શ્રી ઈન્દ્રવિજયજીએ પણ બીજા સમુદાયમાં દીક્ષા લીધી. આ ત્રણે પુત્રો પણ સુંદર સંયમની આરાધના સાથે સ્વ-પર કલ્યાણ કરી રહ્યા છે.

લગભગ ૭૦ વર્ષની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી. ટી.બી. આદિ બિમારી હોવા છતાં પણ સંયમ તપ ત્યાગમાં તેઓનું મનોબલ અતિ દૃઢ હતું. પાટણના પ્રથમ ચાતુર્માસમાં જ તેઓએ આચાર્ય ભગવંતના આશીર્વાદથી માસક્ષમણની તપસ્યા કરી. દીક્ષા જીવનથી જ તેઓએ નિરંતર તપસ્યા ચાલુ કરી. ૧૯૭૧ના મુંબઈમાં ભાયખલા ચાતુર્માસ થયું ત્યાં પણ તેઓએ બીજું માસખમણ કર્યું. પૂજ્ય ગુરુભગવંતની વૈયાવચ્ચ અને સેવા પણ તેઓશ્રી કરતા થાકતા ન હતા. બાલમુનિઓની પણ તેઓ સેવા કરતા હતા. મોટી ઉંમરે દીક્ષા ગ્રહણ કર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી પણ ધાર્મિક ક્રિયાના સુત્રોનું તેઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું. સાંસારિક અવસ્થામાં તેઓએ આત્માધ્યાનનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સાધુ અવસ્થામાં અધિક સમય તેઓ આત્મધ્યાન સાધનામાં વ્યતીત કરતા હતા.તેઓ સમય-સમય પર આત્મધ્યાનની સ્વ-અનુભવની વાતો કરતા હતા. જે સાંભળીને પણ આત્મજાગૃતિની પ્રેરણા મળતી હતી.

એકવાર રાણકપુર તીર્થમાં તેઓ આત્મધ્યાનમાં લીન હતા ત્યારે દેવદેવીએ દર્શન આપ્યા. ત્યારે દેવે તેઓની આત્મજાગૃતિની અને આત્મધ્યાનની પ્રશંસા કરી અને આત્મકલ્યાણના માર્ગમાં આગળ વધવાની પ્રેરણા કરી હતી.

જેતપુર પાવી તાલુકામાં બોડેલીથી પશ્ચિમ વિસ્તારમાં મુનિવર શ્રી ગૌતમ વિજયજી દીક્ષા સ્વીકારનાર પ્રથમ હતા. તેઓના સંસારી અવસ્થાના ગુરુ રામજી મહારાજ હતા. તેઓએ ભવિષ્યવાણી કરી હતી કે તમારા પાનીબાર ગામમાં તમને મહાન ધર્મ પ્રાપ્ત થશે અને મંદિર નિર્માણ કાર્ય પણ થશે. ખરેખર તેઓની વાણી સિદ્ધ થઈ. રામજી મહારાજ ના સાનિધ્યમાં શ્રી ગૌતમવિજયજી જેઓ સંસારી અવસ્થામાં ગોસાઈભાઈ તરીકે પ્રસિદ્ધ હતા તેઓએ તેમનાથી દયા, અહિંસા, પરોપકાર ભકિત આદિ અનેક ગુણોની પ્રાપ્તિ કરી. સંસારી અવસ્થામાં જ તેઓએ આત્મધ્યાનનો માર્ગ પ્રાપ્ત કર્યો. આત્મધ્યાનમાં આગળ વધી તેઓએ આત્માનુભૂતિ કરી અને આત્મજ્ઞાન પણ મેળવ્યું.

તેઓ સમય-સમય પર આત્મધ્યાનનો મહિમા બતાવતા હતા અને આત્માનુભૂતિની વાત કરતા હતા. તેઓ દ્વારા જ મને આત્મધ્યાનમાં આગળ વધવાની પ્રેરણા મળી હતી. તેઓએ ઘણીવાર કહ્યું કે નિદ્રાવસ્થામાં તેઓનો આત્મા પ્રકાશમાં ચાલ્યો જાય છે. જ્યાં તેઓને ચારે તરફ પ્રકાશ દેખાતો હતો.

શ્રી પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભા સંચાલિત વર્ધમાન જૈન આશ્રમમાં તેઓ સ્થિરવાસ હતા. તે દરમ્યાન હજારો જૈન પરમાર ભાઈઓને તેઓએ ધર્મમાં સ્થિરતા માટે પ્રેરણા આપી હતી. કેટલાક ભવિ જીવોએ તેમની પ્રેરણાથી દીક્ષા પણ ગ્રહણ કરી.

જન્મભૂમિ પાનીબરમાં તેઓની ભાવનાનુસાર ઉપાશ્રય તથા દેરાસરનું નિર્માણ કરવામાં આવ્યું. મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા ગચ્છાધિપતિ પરમાર ક્ષત્રિયોદ્ધારક આચાર્ય શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા.ના કરકમલોથી થઈ.

બોડેલીથી ૨૦ કિ.મી. દૂર ભીંડોલ નામક ગાંવમાં એમ.પી. હાઈવે રોડ પર તેઓશ્રીની ભાવનાનુસાર ઉપાશ્રય, ભોજનશાલા તથા દેરાસરનું નિર્માણ કરવામાં આવ્યું. મૂલનાયક શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા પણ પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ.સા.ના કરકમલોથી સન્ ૨૦૦૦માં કરવામાં આવી. આ ક્ષેત્રમાં હજારો ભાઈઓ જૈનધર્મમાં જોડાયા અને જૈનધર્મનો જે વિકાસ થયો તે તેઓને આભારી છે.

બળદગામનિવાસી શ્રી ગંભીરભાઈ જૈને પણ તેઓશ્રીની પ્રેરણાથી પોતાના સુપુત્ર શ્રી રાજેશકુમારને દીક્ષા આપી જેઓ વિદ્વાન બની ગણિવર્ય પદવી પ્રાપ્ત કરી છે. જિનશાસન તથા પંજાબકેસરી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સમુદાયનું નામ રોશન કરી રહ્યા છે. સુખી પરિવારનું આયોજન કરી ખૂબ જ શાસન પ્રભાવના કરી રહ્યા છે. આ પણ તેઓશ્રીનો જ પ્રતાપ છે. કારતક વદ-૧૩ શુક્રવાર ઈ.સ. ૨૦૦૭માં તેઓ પાવનતીર્થ બોડેલીમાં સાંજે લગભગ ૭વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા. તેઓ મોટી ઉંમરમાં સંયમ ગ્રહણ કરી જીવન ધન્ય બનાવી ગયા. દેવલોકમાં ગયા પછી પણ અનેક ભક્તોને આજે સ્વપ્નમાં દર્શન અને પ્રેરણા આપે છે. ભીંડોલ ગામ દેરાસરમાં આજે પણ તેઓનો પ્રભાવ અનુભવ થાય છે.

પ્રેરણા :-આચાર્ય શ્રી વિરેન્દ્રસૂરીશ્વરજી મ.સા., મુનિરાજ શ્રી હરિષેણ વિજયજી.

*સૌજન્ય : શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ, પાનીબાર*
*હસ્તે કંચનભાઈ*

*સૌરાષ્ટ્ર કેસરી, શાસન પ્રભાવક, આચાર્યદેવશ્રી વિજય ભુવનરત્નસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્યરત્ન, અષ્ટમ વર્ષીતપ આરાધક*

## પંન્યાસપ્રવર શ્રી રાજયશ વિજયજી મ.



મહારાષ્ટ્ર-આનદેશમાં શીરપુર નગરી જ્યાં પદ્મણી કુટુંબો-૬૦ ઘરની વસ્તી છે. સંવત ૧૯૯૬માં પૂજયપાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌરાષ્ટ્રકેસરી આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરિજીની દીક્ષા આ નગરે થઈ. ૨ જિનમંદિર અને ૨ ભવ્ય ઉપાશ્રયોથી વિભૂષિત આ ભૂમિમાં ત્યારબાદ ઘણી બધી બહેનો દીક્ષિત થઈ. પરંતુ કોઈ પુરુષોની દીક્ષા થઈ ન હતી. ૩૬ વર્ષ બાદ સૌરાષ્ટ્ર કેસરીજી પોતાની દીક્ષાભૂમિમાં પ્રથમ વાર જ ચાતુર્માસાર્થે પ્રખર વ્યાખ્યાતા થઈને પધાર્યા. પ્રવેશદિનના પ્રથમ વ્યાખ્યાન અને પ્રથમ પરિચયનો પ્રભાવ એવો પડ્યો કે શીરપુરનિવાસી સુશ્રાવક શ્રી સેવંતિભાઈ અને માતા શારદાબહેનના સુપુત્ર–શ્રી રાજેન્દ્રભાઈ જેઓ ત્યારે એમ. કોમ.નું ભણતાતા–તેઓએ કૉલેજ જવાનું છોડી દીધું અને પ્રથમ દિવસથી જ દરરોજ સાંજનું પ્રતિક્રમણ અને ગુરુસેવાનો પ્રારંભ કર્યો. ચાતુર્માસ બાદ શીરપુરથી માંડવગઢ તીર્થનો છ'રીપાલિત સંઘ નીકળ્યો. તેમાં રાજેન્દ્રભાઈ જોડાયા અને ગામ-ઘરની બહાર પોતાની શક્તિઓનો અંદાજ મેળવ્યો. ગુરુદેવની પ્રેરણાથી માંડવગઢથી આગળ વિહારમાં ધાર, ભોપાવર, ઉજ્જૈન, ચિત્તોડગઢ, કેસરીયાજી થઈને ઉદયપુર સુધી વિહારમાં સાથે રહ્યા. પૂજ્ય ગુરુદેવશ્રીએ માંડવગઢ સંઘ પછી ધાર્મિક અધ્યયનનો પ્રારંભ નવકારથી શરૂ કરાવ્યો અને અલ્પસમયમાં પંચપ્રતિક્રમણ, સાધુક્રિયા, ચાર પ્રકરણ વિગેરે અભ્યાસ પૂર્ણ કર્યો. ઉદયપુર નગરે સંસારીપણે પૂજ્ય ગુરુદેવની સાથે ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસ બાદ સમ્મેતશીખરજીની યાત્રા કરીને પાછા ગુરુદેવની સાથે જોધપુર મુકામે વિહારમાં જોડાયા. ત્યાંથી ઓસીયાજીતીર્થ-ફલૌદી થઈને જેસલમેર પંચતીર્થની યાત્રા કરીને પાછા ફલૌદી આવ્યા ત્યાં દીક્ષા નિશ્ચિત થઈ. ફલૌદી શ્રી સંઘ અને ત્યાંના પરમગુરુભક્ત સુશ્રાવક શ્રી સૌભાગ્યચંદજી લલવાણી (દુર્ગ-ભિલાઈ) વાળાએ ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવ્યો અને વૈશાખ સુદ ૫ સંવત ૨૦૩૪માં શ્રી રાજેન્દ્રભાઈ પૂજ્ય સૌરાષ્ટ્રકેસીજીના શિષ્ય પૂજ્ય યશોવિજયજી મ.સા. (વર્તમાનમાં આ. યશોરત્નસૂરિજી)ના શિષ્ય પૂ. મુનિશ્રી રાજ્યયશવિજયજી નામે દીક્ષિત થયા. વડીદીક્ષા બિકાનેર મુકામે થઈ અને પ્રથમ ચાતુર્માસ ફલૌદી મુકામે થયું. સંપૂર્ણ ધાર્મિક શિક્ષાપાઠ, પ્રખર વ્યાખ્યાતા, શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી ભુવનરત્નસૂરિજીના વરદ્ હસ્તે જ પ્રાપ્ત કર્યા. પૂજ્ય દાદા ગુરુદેવની નિશ્રામાં ૯ ચાતુર્માસ સાથે રહીને ભક્તિ કરવાનો લાભ મળેલો. ત્યારબાદ પોતાના ગુરુદેવની નિશ્રામાં ૪ ચાતુર્માસ અને વર્તમાન ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી હેમપ્રભ સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૩ વર્ષ સેવાનો લાભ મેળવ્યો.

મહુવા મુકામે–શ્રી વર્ધમાનતપનો પાયો નાંખીને ૨૪ વર્ધમાનતપ ઓળીની આરાધના સાથે ૨ વાર ધર્મચક્ર તપની આરાધના કરી છે. સાથે નવપદજી ઓળીની આરાધના ૧૧ વાર, પંચમીતપની આરાધના પણ કરી છે.

પોતાના ગુરુદેવ આ. યશોરત્નસૂરિજીના વરદ્ હસ્તે અમદાવાદ થલતેજ મુકામે સંવત ૨૦૪૯માં કારતક વદ ૭ના દિને ગણિપદારૂઢ થયા. પોતાના બીજા વર્ષીતપના પારણા નિમિત્તે–પોતાના પ્રથમ શિષ્ય વયોવૃદ્ધ તપસ્વી મુનિશ્રી તત્ત્વરત્નવિજયજી મ.સા. સાથે મુંબઈથી વિહાર કરીને હસ્તિનાપુર પહોંચ્યા હતા તે અવસરે ગુરુભગવંતોની નિશ્રા વિનાનું પોતાનું પ્રથમ ચાતુર્માસ ભારતની રાજધાની દિલ્લી નગરે ગુજરાત વિહાર સંઘમાં કર્યું. જે અતિ ભવ્યાતિભવ્ય, યાદગાર, ઐતિહાસિક રહ્યું હતું. પોતાના દાદા ગુરુદેવની જેમજ પૂજ્યશ્રી પણ સૌરાષ્ટ્ર ભૂમિના વિશેષ ચાહક છે અને સૌરાષ્ટ્રમાં ભાવનગર, મહુવા, તળાજા, સિહોર, પાલિતાણા ફરી ચૂક્યા છે. પોતાના દાદા ગુરુદેવના માર્ગે જ ચાલતા પૂજ્યશ્રી પણ ચાતુર્માસિક સ્થાનથી વિવિધ તીર્થોના છ'રિપાલિત સંઘના પ્રેરક, સંયોજક અને નિશ્રાદાતા બનીને આજ સુધી ૯ છ'રિપાલિત સંઘો કઢાવી ચૂક્યા છે. દીક્ષાઓ, વડીદીક્ષાઓ, ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા વિવિધ કાર્યો કરાવતાં પૂજ્યશ્રીને ૩ શિષ્યોનો પરિવાર છે અને છેલ્લા ૫ વર્ષથી નિરંતર વર્ષીતપની આરાધના કરતાં પૂજ્યશ્રીને અત્યારે ૮માં વર્ષીતપની આરાધના ચાલે છે.

સંવત ૨૦૫૯ની સાલમાં શ્રી સિદ્ધાચલની પાવનભૂમિમાં ગચ્છાધિપતિ આ.દેવશ્રી વિજયહેમપ્રભસૂરિજીના વરદ્ હસ્તે પંન્યાસ પદારૂઢ થયેલા પૂજ્યશ્રી ઉગ્રતપસ્વી તો છે જ. સાથે સાથે તેઓનો વિશેષ રસ જાપમાં છે. કલિકાલ કલ્પતરુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માના અનન્ય આરાધક અને લાખોની સંખ્યામાં જાપ કરનારા પૂજ્યશ્રીને તપાગચ્છાધિષ્ઠાયક શ્રી મણિભદ્ર દાદા પણ એવા જ પ્રિય છે અને તેથી તેઓ મણિભદ્ર દાદાના કૃપાપાત્ર પણ છે અને તેમના જીવનનો મૂલ લક્ષાંક પરમાત્મભક્તિ હોવાથી તેઓ પરમાત્મભક્તિ રસિક ના નામે જ ભક્તોમાં ઓળખાય છે.

પોતાના દાદા ગુરુદેવના અત્યંત ઉપકારોની ચિરસ્મૃતિ નિમિત્તે પૂજ્યશ્રીની પ્રેરણાથી પાલિતાણા મુકામે 'ભુવનરત્ન સાધના સદન' ના નામે સુંદર ઉપાશ્રય એવં ગુરુમંદિરની સ્થાપના થઈ છે. પૂજ્યશ્રીની જેવા જ તેમના બે બાલશિષ્યો પૂ. મુનિશ્રી ધર્મરત્નવિજયજી અને પૂ. તીર્થરત્નવિજયજી મ.સા. છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મભક્તિમાં તરબોળ, પૂજ્યશ્રીને નિહાળવા અને ભક્તિરસનો અમૃતસ્વાદ શું હોઈ શકે તે અનુભવવો તે જિંદગીનો અપૂર્વ લ્હાવો છે અને તે એકવાર તો અનુભવવો જ જોઈએ. દેવગુરુની કૃપાથી વર્ષીતપ આરાધના પૂજ્યશ્રી આજીવન અખંડ તપસ્વી બનીને સ્વપરના તારક, આરાધક અને ઉપકારક બને એ જ શુભેચ્છા.

*સૌજન્ય : એક ભક્ત તરફથી*

## પૂજ્ય હિતપૂર્ણવિજયજી મહારાજ સાહેબ (ભાઈ મહારાજ)

ચુસ્ત સાધુપણું પાળતા, પગમાં પહેરે નહીં. જરૂરિયાત પૂરતા જ વસ્ત્રો રાખે. જૈફ વયે પોતે નાની ઉંમરના ગુરુભાઈઓ માટે ગોચરી-ઉકાળેલું પાણી વહોરવા જતા. આખો દિવસ ધર્મધ્યાન કરતા.

એક વખત શ્રાવક ખાદીનું વસ્ત્ર વહોરવા ગયો તો કહે મારે ન વહોરાવાય. મારા આચાર્ય ભગવંતને જ વહોરાવો મારે જરૂર પડશે તો લઈશ.

ગુજરાતના તિર્થસ્થળોએ વિહી મુંબઈ તરફ પ્રયાણ કરતા હતા. વડોદરા પહોંચ્યા ત્યાં સાધુ ભગવંતોને વિચાર આવ્યો કે રાજસ્થાનમાં દીક્ષા મહોત્સવ છે તો ત્યાં જઈએ.

રાજસ્થાનના દીક્ષાના સ્થળે પહોંચી ગયા. દીક્ષા મહોત્સવ સારી રીતે ઉજવાયો. બધા ઊભા થઈ તંબુ બહાર નીકળ્યા ત્યાં એક બાજુએથી તંબુ સળગ્યો.

ભાઈ મહારાજ પોતે તો મંડપ બહાર ઝડપથી નીકળી ગયા પણ વયોવૃદ્ધ સાધુ ભગવંતોને મંડપમાંથી નીકળતા સમય લાગ્યો એટલે ભાઈ મહારાજ તેઓને બચાવવા ગયા તેમાં વિશેષ દાઝી ગયા.

અમદાવાદ રાજસ્થાન હોસ્પિટલમાં દોઢેક માસ રહ્યાં આખરે કાળધર્મ પામ્યા. તેઓના આત્માને શાંતિ અર્પે તેવી ભગવાન પાસે પ્રાર્થના પ્રાર્થીએ છીએ.

*રજૂઆત : શ્રી મનુભાઈ જી. શાહ, ભાવનગર*

## પાપભીરુ પં. શ્રી રવિરત્ન વિ. મ.સા. (સપરિવાર સંયમના માર્ગે)

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં જૈનધર્મ સ્થાના વિનાનું નાનકડું ગામ રવેલ.....તેમાં વસે જૈનધર્મના રંગથી રંગાયેલું કુટુંબ વાલાણી-પરિવાર. કુટુંબના મોભી શ્રી નટવરલાલભાઈ વ્યાવહારિક શિક્ષણના જ્ઞાતા. તેમના સ્વભાવ અને કાર્યકુશળતાથી ગામમાં પ્રિય થઈ પડ્યા. દરેક કાર્યમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી તારાબહેનનો વિશેષ ફાળો હતો અને એટલે જ ગામની ફઈ તરીકે પંકાયાં હતાં. બે પુત્રી અને એક પુત્ર ઉપર સંવત ૨૦૧૮ માં મહા સુદિ તેરસના દિને વિજયમુહૂર્ત પસાર થઈ રહ્યું છે. પુષ્ય નક્ષત્રનો યોગ છે. તે સમયે તારાબહેને પોતાની કુક્ષિએથી ચરિત્રનાયકને જન્મ આપ્યો. રાજેશ એવું નામ જાહેર કર્યું

પાંચ વર્ષની ઉંમર થતાં પિતાશ્રીએ શાળામાં દાખલ કર્યો, સાથે સાથે પિતાશ્રીએ પણ સંસ્કાર અને જ્ઞાન ઘડવાનો પ્રારંભ કર્યો, પરંતુ બાલ્યાવસ્થાથી જ એકલપણામાં રાચવાને ઇચ્છતો ગમે ત્યાં જઈ એકાંતમાં બેસી રહેતો.

**ટર્નીંગ પોઇન્ટ :** રાજેશને વ્યાવહારિક પુસ્તકો કરતાં ધાર્મિક પુસ્તકો અને કથાયોગમાં ખૂબ જ રસ હતો....ગમે તે ઘડીએ જે પુસ્તક હાથમાં આવે તે પુસ્તક પૂર્ણ કરીને જ મૂકે. વાચન તેમનો પ્રિય શોખ હતો. "એક વખતની વાત છે તે તેમના જીવની ભાત છે. સોનેરી પળની વાત ગુરુદેવની મુલાકાત."

**મહેસાણા પાઠશાળામાં પ્રવેશ :** પૂજ્ય પિતાશ્રી પાસે સંયમની અનુમતિ માંગતાં પિતાશ્રી અને ગુરુદેવની ઇચ્છા ને આજ્ઞા સ્વીકારી ચરિત્રનાયક મહેસાણા પાઠશાળામાં દાખલ થયા અને જ્ઞાનાભ્યાસમાં આગળ વધવા લાગ્યા. વિદ્યાગુરુઓનો પ્રેમ સંપાદન કરવા સેવા ભક્તિના રસિયા બન્યા. હૃદયની સરળતા, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે સંવત ૨૦૩૨ના જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ પ.પૂ.પં. અભયસાગરજી મ.ની કૃપાથી મેળવી. પૂર્વભવના માતાપિતાને મળ્યા. સં. ૨૦૪૯માં ફરી પાલનપુર પાઠશાળામાં જોડાયા અને દ્વિતીય પુત્રરત્નને જન્મ આપ્યો ને તેનું નામ અર્પિત પાડ્યું. તે નામ પાછળ પણ કંઈક ભાવિસંકેત હશે, કારણ કે આપણા ચરિત્રનાયક જ્યોતિષ તેમ જ આધ્યાત્મિક શક્તિના સ્રોત હતા અને મંત્ર-તંત્ર નિપુણતા મેળવવા તેમના જીવનની લઘુતા પણ જોવા જેવી છે. સં. ૨૦૫૦ માં અમદાવાદને તેમના જીવનનું કર્મ-ધર્મક્ષેત્ર બનાવી પાઠશાળામાં અધ્યાપન, સાધુ-સાધ્વીને અધ્યાપન, વિધિવિધાન ક્ષેત્ર, આગવું નામ, માસિક પ્રકાશનથી પ્રખ્યાતિના ગગનમાં વિહરવું, સોના-ચાંદીના, ધીરધારના, ટ્રાવેલ્સના અને લોટરી-વ્યવસાય ક્ષેત્રે ઝંપલાવ્યું. એક સાથે ૭-૭ ધંધા કરતા હોવા છતાં જ્યારે જુઓ ત્યારે નિવૃત્ત જોવા મળે અનેક ધાર્મિક-સામાજિક સંસ્થાઓમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવા આપે તેમજ આધિ-વ્યાધિને ઉપાધિથી પીડાતા અનેક વ્યક્તિના શાન્તિદૂત બનીને આપણા ચરિત્રનાયક તેમના જીવનમાં આગળ વધતા હતા. ત્યાં તેમનાં ધર્મપત્નીએ સાચા અર્થમાં સાથ નિભાવ્યો ને ચરિત્રનાયકની ઇચ્છાને માન આપી બાળકોના વૈરાગ્યઘડતરમાં અને તે તપધર્મમાં જોડાયાં. ૫૦૦ આયંબિલ તપ-૨ વર્ષીતપ-અઠ્ઠાઈતપની આરાધના કરી. ચરિત્રનાયકનાં ધર્મપત્ની જયશ્રીબહેન પણ વૈરાગ્યપંથવાસી બનવા થનગની રહ્યાં.

**ગુરુદેવની પ્રાપ્તિ :** સં. ૨૦૫૯ વર્ષના પ્રારંભે ડીસા મુકામે ઉપધાન થાય છે, તેના સમાચાર ચરિત્રનાયકને મળતાં ઘરનાં સભ્યોને કહ્યું ચારિત્રની તાલીમ એટલે ઉપધાન તપ જો તમારી દીક્ષાની તૈયારી હોય તો ઉપધાન કરી લો તમને ખ્યાલ આવે દીક્ષા શું ચીજ છે? ત્યાં શું કરવાનું છે? કેવો ત્યાગ? કેવી તપશ્ચર્યા ને કેવી દિનચર્યા? આ બધા પ્રશ્નના જવાબરૂપ ઉપધાનતપ આવશ્યક છે. ચરિત્રનાયકનો પરિવાર ચરિત્રનાયકની ઇચ્છાને આધીન હતો, એટલું જ નહી તેમના વચનના એકસોએક બોલને પાળનારો હતો. તેથી તરત જ તૈયારી કરી. ડીસા મુકામે પ.પૂ. આ. અભયદેવ સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં કર્યો ઉપધાન તપનો પ્રારંભ. ગુરુદેવે તેમના વૈરાગ્યને મજબૂત બનાવ્યો. ચરિત્ર નાયકને પ્રશ્ન હતો અનેક પૂ. મહાત્માના સંપર્કમાં હતા. કોને જીવન સમર્પિત કરી સંયમ જીવન જીવવું તેવી દ્વિધા અનુભવતા હતા, ત્યાં પરિવારનાં સભ્યોએ કહ્યું "દોઢ માસથી અમો આ ગુરુદેવના સાન્નિધ્યમાં છીએ' અમને તો અનુકૂળ આવે છે, સ્વભાવ ગમે છે' છતાં આપની જેવી ઇચ્છા." ચરિત્ર નાયકે કહ્યું, "આપનાં પિતાશ્રી—માતુશ્રીના ગુરુદેવ છે તેમ જ આપણા બન્ને ભાઈઓના ગુરુદેવ છે' તેથી આપણને કંઈ તકલીફ ન હોય પરંતુ આટલા પૂ. મહાત્માઓ જે મારા પરિચિત ને ઉપકારી છે તેમાં પૂજ્યશ્રી પરિચિત જરૂર છે, પરંતુ ઉપકારની દૃષ્ટિથી હું ગુરુદેવની નિકટતમ આવેલ નથી, તેમજ ઉદારતાની દૃષ્ટિમાં ક્યારે કંઈ જોયું નથી છતાં તમારી બધાની ઇચ્છા હોય તો મારી ના નથી કારણ કે મારા પિતાશ્રીના ગુરુદેવ તે મારા ગુરુદેવ જ હોય." બસ નિર્ણય લેવાઈ ચૂક્યો ને ગુરુદેવને જીવન સમર્પિત કરવું તે પાકું થઈ ચૂક્યું.....ત્યાં તો વર્ષ પૂર્ણ થવાની તૈયારીમાં હતું.

**કલ્યાણક ભૂમિની સ્પર્શના :** ચરિત્રનાયક ધર્મપત્નીના વચનથી બંધાયેલ હતા. આપણા ચરિત્રનાયકમાં તે ગુણ જોવા મળ્યો છે. 'વચનના ખૂબ પાક્કા' વચન આપે નહીં આપ્યા પછી ફરે નહીં......ધર્મ- પત્નીએ એક વર્ષ સાથે સમ્મેતશિખરની યાત્રા કરવાની માંગણી કરેલ.....આપણા ચરિત્રનાયકનો પરિવાર એકલો જ સમેતશિખર-રાજગૃહિ, ચંપાપુરી-પાવાપુરી તીર્થયાત્રાએ પહોંચ્યો ને દર્શનશુદ્ધિ કરી.

**સંયમમાર્ગે પ્રયાણ :** સંવત ૨૦૫૯ ફાગણ સુદી ૨ ના વાલાણી પરિવાર પહોંચ્યો ખીમન મુકામે અને ગુરુદેવની પાસે માંગણી કરી-"અમારા ભાઈને આપનાં શરણોમાં આવવું છે ને સંયમનો વેશ ધારણ કરવો છે ને પરમાત્માના પંથે ચાલવું છે તો આપ મુહૂર્ત પ્રદાન કરો." ગુરુદેવે ચૈત્ર વદ-૫ નવસારી મુકામે દીક્ષા- પ્રદાનનું મુહૂર્ત અર્પણ કર્યું. સમગ્ર પરિવારના આશીર્વાદ મેળવી પોતાનો પથરાયેલો કારોભાર આટોપી આપણા ચરિત્રનાયક પોતાના સર્વ પરિવાર સાથે નવસારી મુકામે સં. ૨૦૫૯, ચૈત્ર વદ ૫ ના શુભ દિવસે ને શુભ મુહૂર્તે પૂજ્યશ્રીના સ્વહસ્તે પરિવારનાં પાંચે સભ્યો સંસારી મટી સંયમી બન્યા.

**અભ્યાસક્ષેત્ર :** રવેલ-ભાભર-મહેસાણા-મુંબઈ-બીકાનેર

**કર્મક્ષેત્ર :** રવેલ-અમદાવાદ-પાલનપુર-ઝીંઝુવાડા-મુંબઈ-ઉમ્મેદપુર-થરાદ -સતલાસણા

**ધર્મપ્રચાર ક્ષેત્ર :** ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક

**સાહિત્યક્ષેત્ર :** ચરિત્રનાયકને સં. ૨૦૩૮ માં પ્રથમ પ્રકાશન કરેલ વાવણી કરી લો ★ 'પૂન્યની ચાવી' ★ 'શિક્ષણની સાચી દિશા'. ઉપરોક્ત ત્રણ પ્રકાશનો બાદ સં. ૨૦૪૪ માં ઉમ્મેદપુરથી સુન્દરમ્ નામના માસિકનો પ્રારંભ કર્યો પરંતુ રજિ. સં. ૨૦૪૬ માં થરાદ કરાવતાં સુન્દરમ્‌માંથી અર્હમ્ સુન્દરમ્ માસિક નામ રાખી ચાલુ રાખ્યું. આજે ભારતભરનાં ૧૧ રાજ્યો અને આફ્રિકા-અમેરિકા પણ તે માસિક જાય છે. તે માસિકમાં અનેક વિશેષાંક પણ સુંદર મહેનત કરી પ્રકાશન કરેલ છે.

(૪) 'સ્વાધ્યાયસંહિતા-ભા. ૧' (૫) 'પદ્માવતી-માણીભદ્રવીર મહાપૂજન-હવન' (૬) મંગલાચરણ (૭) સુણો મેરે પરમાત્મા.

**કાવ્યશક્તિ :** અનેક ગંહુલિ-પદ્ય-સજ્ઝાયની સાથે પરમાત્માની ચોવીશીની રચના પણ ચરિત્રનાયકે કરેલ છે.

**વિધિવિધાન ક્ષેત્ર :** અનેક ગામ-નગરમાં પ્રતિષ્ઠા-દરેક પ્રકારનાં પૂજનો ભણાવી પોતે પરમાત્મા ભક્તિમાં લીન બની અનેકને પરમાત્મરસિક બનાવેલ છે.

**શાસનકાર્ય :** અનેક આત્માને સમ્યગ્જ્ઞાન આપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈરાગ્ય મજબૂત કરી પરમાત્માના માર્ગે પ્રયાણ કરવામાં પ્રેરક બનેલ છે. ગૃહાંગણે જિનમંદિર નિર્માણ કરી પરમાત્માને હૃદયમાં બિરાજમાન કરેલ છે. સામાયિક બેંકની સ્થાપના કરી ચારિત્ર ને સાધર્મિક પ્રત્યે તેમના હૃદયનો ભાવ દર્શાવ્યો છે. માસિકપત્ર શરૂ કરી જ્ઞાનપ્રચારની રસિકતા દર્શાવી છે. ચરિત્રનાયકનું જીવન જોતાં અનેક ગુણો પ્રદર્શિત થાય છે.

*પ્રભુવીરના માર્ગનું આચરણ કરનાર મુનિવર*

## પૂ. ગણિવર્યશ્રી જગતદર્શનવિજયજી મ.સા.



જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તથા વર્ધમાનતપોનિધિ પૂજ્ય આ. શ્રી વિજય ગુણયશ સૂ.મ. તથા પ્રવચન પ્રભાવક પૂ.આ. શ્રી વિ. કીર્તિયશ સૂ.મ.ના નિશ્રાવર્તી વર્ધમાનતપોનિધિ પરમતપસ્વી પરમ સંયમી પૂજ્ય ગણિવર્ય શ્રી જગત્‌દર્શન વિજયજી મહારાજ કે જેઓ આજથી ૨૫ વર્ષ પૂર્વે ગુજરાતના પાટડી મુકામે સંસાર ત્યજી સંયમી બન્યા હતા. મૂળ રાજસ્થાનના રાણકપુર તીર્થ પાસે આવેલ એક નાનકડા ગામ–ખારડાના એ વતની હતા. ધંધો–વ્યવસાય કરવા માટે મુંબઈ વસવાટ કર્યો. જીવનમાં ધર્મની જાગૃતિ લાવવા અને પરિવારને પણ ધર્મથી વાસિત કરવા મુંબઈને પણ દેશવટો આપી ગુજરાતમાં રાજનગર અમદાવાદમાં પોતાનાં કોઈ જ સ્વજન ન હોવા છતાં વસવાટ કર્યો. વ્યાવહારિક જીવનાં નીતિ નિયમોને જાળવી રાખ્યા. કૂડ–કપટને ક્યારેય આશરો ન આપ્યો, કોઈની પણ સાથે ક્લેશ ન થાય તેની સતત કાળજી રાખી, કોઈએ તેમની સાથે ઠગાઈ કરી તો તેને પણ ક્ષમા આપી. આવું વિશિષ્ટતાભર્યું તેઓનું જીવન હતું.

બાલ્યવયથી ઘરમાં ધર્મસંસ્કારો ન હોવા છતાં પૂર્વ જન્મના સંસ્કારોને કારણે પ્રારંભિક ધર્મસાધના ગુરુનો યોગ ન હોવા છતાં પોતાની અંતઃસ્ફૂરણાથી જ જીવનમાં આદરી હતી સાંસારિક જીવનમાં વર્ષો સુધી સચિત્તનો ત્યાગ, વ્રત, નિયમો, બિયાસણાં–એકાસણાંનું પચ્ચક્ખાણ આદિ કાયમી રીતે કરતા હતા. પોતાનો ધંધો છોડીને દર ચૌદસે અવશ્ય પૌષધ વ્રત કરતા હતા. અનેક વર્ષો સુધી પર્યુષણાપર્વમાં પૌષધ સહિત અઠ્ઠાઈની તપશ્ચર્યા આદરતા હતા. પરિવારના દરેક સભ્યો સંયમ માર્ગે પ્રયાણ કરે તે હેતુથી ઉત્તમ ગુરુભગવંતોનો એમને પરિચય કરાવ્યો હતો. તેના ફળ સ્વરૂપે પરિવારમાંથી કુલ પાંચ દીક્ષાઓ થઈ હતી. સાંસારિક જીવનમાં શહેરમાં વસતા હોવા છતાં સંયમ પૂર્વના વર્ષોમાં બાથરુમ સંડાસનો ઉપયોગ તેમણે ટાળ્યો હતો. પરિવારની દરેક વ્યક્તિ રાત્રિભોજનનો ત્યાગ કરતી એટલું જ નહીં, પણ ઘરમાં સૂર્યાસ્ત બાદ આવનારાં મહેમાનો માટે પણ રાત્રિભોજનનો ત્યાગ રખાતો હતો. કદાચ કોઈના દબાણવશ રાત્રિભોજન કરાવવું જ પડે તો અઠ્ઠમનું પચ્ચક્ખાણ કરવું તેવો એમને પોતાને નિયમ હતો. જીવનમાં એકવાર કસોટી આવી તો તેના પ્રાયશ્ચિત્તરૂપે એકવાર અઠ્ઠમ આદરેલ પરંતુ તે દિવસ બાદ ક્યારેય રાત્રિભોજન કરાવવાનો પ્રસંગ ઉપસ્થિત થતો ન હતો.

પરિવારની દરેક વ્યક્તિને ઉપધાન તપની આરાધના, વર્ધમાન તપનો પાયો વગેરે આરાધના અવશ્ય કરાવેલ. પોતાની પુત્રીનાં લગ્ન સમયે ગુરુ ભગવંતને આમંત્રી અષ્ટાહ્નિકા મહોત્સવનું આયોજન કરી પોતે લગ્નના કાર્યથી–પાપથી અલિપ્ત રહ્યા હતા. સર્વે કાર્ય વડીલભ્રાતાને સોંપી પાપમુક્તિનો આનંદ મેળવ્યો હતો.

પુત્રના લગ્નમાં પણ પૂજા વગેરે અનુષ્ઠાનમાં જ જોડાયેલા રહ્યા હતા. તે દિવસે પણ દિવસ દરમ્યાન સર્વે કાર્ય સંપન્ન કરાવેલ. સંસારમાં રહ્યા છતાં સંસારથી અલિપ્ત રહેવાનો જ તેઓનો પુરુષાર્થ રહેતો હતો.

અનેક ગુરુભગવંતોનો પરિચય હોવા છતાં સત્યમાર્ગની ખેવનાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીજી પાસે પોતાના પુત્ર 'નવનીત'ને અભ્યાસાર્થે રાખી તૈયાર કરી તેની સાથે સંવત ૨૦૩૮ની સાલમાં દીક્ષા લીધી. તે પૂર્વે બે વર્ષ પહેલાં પોતાની બે પુત્રીને પણ દીક્ષા અપાવી. ગુરુવર્યોના ચરણે તેમનું જીવન સમર્પિત કર્યું હતું. મોટી ઉમ્મરે દીક્ષિત બનીને પણ સંસારને સંપૂર્ણ ભૂલી સાધનામાં મન લગાવ્યું. અધ્યયનમાં મન જોડ્યું. વાચનામાં લીન બન્યા, વાચનામાં આવતા સંયમ જીવનના આદર્શોને માત્ર સાંભળવા પૂરતા જ ન રાખ્યા પણ જીવનમાં અમલી બનાવવાનો નિશ્ચય કર્યો.

દીક્ષા લીધી ત્યારથી એકાસણાં કરાવાનો દૃઢ સંકલ્પ કર્યો. ઉપવાસ હોય અઠ્ઠમ હોય કે કોઈ પણ વધુ તપશ્ચર્યા હોય પારણે એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ ક્યારેય ન કરવું તેવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચય કર્યો. બિમારીમાં પણ એકાસણાં ન છોડતા આયંબિલની મોટી–મોટી ઓળીઓ પણ કરી.

વિક્રમની ૨૦૪૦ની સાલે પરમતારક ગુરુદેવની નિશ્રા તો વળી પરમપવિત્ર સિદ્ધગિરિરાજની શીતળછાયામાં ચાતુર્માસ દરમ્યાન ચાલુ વર્ધમાનતપની મોટી ઓળીમાં ૩૬ ઉપવાસની ભીષ્મ તપશ્ચર્યા આદરી. એમાંય પારણે ઓળી ચાલુ રાખી આયંબિલ કર્યાં અને નિર્દોષ ભિક્ષા દ્વારા જ નિર્ગમન કર્યું.

સંયમની ચીવટને લીધે એમની આંતર–બાહ્ય વિશેષતા દિવસે દિવસે વધવા લાગી, નિર્દોષ ચર્યાનું પાલન કરવું સાધુજીવનમાં અનિવાર્ય સમજી ગોચરીના ૪૨ દોષોનું તલસ્પર્શી જ્ઞાન મેળવ્યું અને નિયમિત ગોચરી માટે જતાં અંશ માત્ર દોષ ગોચરી + પાણીમાં ન લાગે તેની કાળજી વધુમાં વધુ રાખવા લાગ્યા. જેમ જેમ પર્યાય વૃદ્ધિમાન થયો તેમતેમ પરિણામો પણ વૃદ્ધિમાન થવાં લાગ્યાં. ગૃહસ્થના ઘરે અચિત્ત પાણીની પૃચ્છામાં અંશ પણ દોષની સંભાવના લાગે તો તે પાણી ન વહોરવું તેવો સંકલ્પ મજબૂત થવા લાગ્યો તેના પરિણામે વિહાર દરમ્યાન અલ્પ વસ્તિવાળાં ગામોમાં ક્યારેક પાણી ન મળે તેવું થવા લાગ્યું, તોપણ સહજભાવે તે પરિસ્થિતિનો સ્વીકાર કરવા લાગ્યા. ઘણીવાર ઉનાળાના વિહારોમાં ત્રણ ત્રણ દિવસ પણ પાણી વગર ચલાવવા પડે તેવી પરિસ્થિતિ સર્જાય તે સમયે પણ મુખારવિંદ પર એવી જ પ્રસન્નતા જણાતી હોય.

ભાવના એક જ રમતી હોય કે 'જ્ઞાનીભગવંતોએ બતાવેલી સર્વસંપત્કરી ભિક્ષાને પ્રાપ્ત કરી સાધનામાં આગળ વધવું છે.' નિર્દોષ ચર્યા માટે પાંચ કિ.મી. દૂર જવું પડે તો પણ પ્રમાદ ન નડે તેવું તેઓનું મનોબળ છે. ગમે તેવો થાક લાગ્યો હોય તો પણ આવશ્યક ક્રિયાઓ વિધિ મુજબ જ કરવાનો તેમનો પ્રયત્ન હોય છે.

જે ગામે જવું હોય ત્યાં નિર્દોષ પાણી મળે એમ ન હોય અને જ્યાંથી વિહાર કરવાનો હોય ત્યાં નિર્દોષ પાણી મળે તેમ હોય તો ત્યાં રોકાઈ પાણી લઈ વિહાર કરી સામે ગામે જઈ પછી વાપરતા. 'દોષ ન લાગવો જોઈએ' એ દૃષ્ટિ હતી.

સિદ્ધગિરિરાજની છાયામાં હોય ત્યારે અવશ્ય એક યાત્રા કરતા. એ પણ સૂર્યોદય બાદ જ મકાનમાંથી નીકળી શાંતિથી આરાધના કરી નીચે આવી, ગામમાં ૨ કિ.મી. દૂર ગોચરી વહોરવા જઈ પછી જ એકાસણું કરતા.

રોજિંદા વિહારમાં પણ સૂર્યોદય બાદ જ વિહાર કરવાની તેમની તમન્ના તપ–ત્યાગ–આરાધના સાથે સ્વાધ્યાય પ્રેમ પણ તેમનો એવો જ છે. સૂત્રોની શુદ્ધિ પણ ઉત્તમ પ્રકારની છે કે જેને કારણે તેમની પાસે જેમણે પણ સૂત્રો શુદ્ધ કર્યાં હોય તે ક્યાંય પણ બોલે તો કોઈ તેની ભૂલ કાઢી ન શકે. સવારે ૩ કે ૪ વાગે ઊઠી સ્વાધ્યાય ચાલુ થઈ જાય. સહવર્તીઓ પણ સ્વાધ્યાયમાં તેમની સાથે લાગી જાય. રાત્રે પણ પ્રતિક્રમણ બાદ સ્વાધ્યાયમાં જોવા મળે. રોજ નવું નવું ગોખવાનો અભિલાષ તેમના જીવનમાં જોવા મળે છે.

તેઓએ પોતાના જીવનમાં વર્ધમાનતપની ૧૦૦ ઓળી પણ પૂર્ણ કરી છે. આયંબિલમાં રોટલી–પાણી જેવાં દ્રવ્યોથી આયંબિલ કરતા. સંસારી અવસ્થામાં ગરમગરમ ખાવા જ ટેવાયેલ સાધુ જીવનમાં ઠંડામાં ઠંડું ખાવા છતાં જરા પણ ઉદ્વેગ નહીં બલકે આનંદ જ એમનાં મુખ ઉપર દેખાયા કરે છે.

તો વળી વૈયાવચ્ચ ગુણ અતિ ઉત્તમ વર્તાઈ રહ્યો છે. ક્યારેય કોઈની પણ વૈયાવચ્ચ કરવાની આજ્ઞા વડીલો તરફથી મળે તો હર્ષથી વધાવી લેતા જોવા મળે એમના જીવનના શબ્દ કોશમાં "ન ફાવે" એ શબ્દ જ જોવા નથી મળતો.

વસ્ત્રપાત્ર પણ શક્યતઃ નિર્દોષ મેળવવાનો એમનો પૂરેપૂરો પ્રયત્ન હોય છે. આવા ઉત્તમ સંયમી, ખપી મહાત્માઓના કારણે આ જૈન શાસન અપ્રતિહતપણે ચાલ્યું છે, ચાલે છે અને ચાલવાનું છે.

સંયમજીવનના ૨૬મા વર્ષે વિક્રમની ૨૦૬૪ની સાલે પૂજ્યોની આજ્ઞાથી મુંબઈ–વાલકેશ્વર–લાલબાગ ખાતે ૧૧ આચાર્ય ભગવંતોની ઉપસ્થિતિ નિશ્રામાં પિતા–પુત્ર બન્નેને હજારોની મેદની સમક્ષ ગણિપદથી અલંકૃત કર્યા છે. આવા ઉત્તમ તપસ્વી ચારિત્રવ્રત આત્માઓને કોટી કોટી વંદન.

*સૌજન્ય :ગામ ખારડાનિવાસી સુંદરબેન જુગરાજજી*
*આર. બરલોટા પરિવાર તરફથી*

## પ.પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિ સમુદાયના પ.પૂ. આ.શ્રી પ્રભાકરસૂરિ મ.સા.નાં શિષ્યરત્નોની તપસ્યાની અનુમોદના

પ.પૂ. આ.શ્રી વિજયપ્રભાકરસૂરિજી મ.સા.નાં શિષ્યરત્નો પૂ. મુનિશ્રી જયબોધિવિજયજી મ. છેલ્લાં એકવીશ વર્ષથી અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરે છે. દર સાલ મૌનપૂર્વક સોળ ઉપવાસ તો ઓછામાં ઓછા હોય જ. સંયમજીવનમાં ત્રીસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપવાસ બે વાર તથા ૩૪ અને ૪૫ ઉપવાસની ભીષ્મ તપસ્યાઓ પણ કરી છે.

બીજા શિષ્યરત્ન પૂ. શ્રી હેમબોધિવિજયજી મહારાજ જેઓ સંસારીપણામાં હાર્ટના સ્પેશ્યાલિસ્ટ ડૉ. તરીકે જાણીતા હતા. ફર્સ્ટક્લાસ ફર્સ્ટ ગોલ્ડ મેડલિસ્ટ હતા. તેઓએ સિદ્ધિતપ તેમજ વીશસ્થાનક તપ કરેલ છે. દીક્ષા લેવા માટે છઠ્ઠના પારણે છઠ્ઠ નવમહિના સુધી કરેલ છે. અમદાવાદની વાડીલાલ સારાભાઈ હોસ્પિટલમાં પચીસ વર્ષ સુધી ઓનરરી સેવા કરી છે. તેમનો અઢી વર્ષનો દીક્ષાપર્યાય છે.

ત્રીજા શિષ્યરત્ન મોક્ષરક્ષિતવિજયજી મ.નો દીક્ષાપર્યાય ૧૧ વર્ષનો છે. તેમણે ૩૦-૩૬-૪૫ ઉપવાસ તેમ જ વર્ધમાન તપની ૮૧ ઓળી કરેલ છે. ઓછામાં ઓછું એકાસણાંનું તપ કરે છે.

પૂજ્યશ્રીના ચોથા શિષ્ય પ્રભુરક્ષિતવિજયજી મ. જેઓ બ્રાહ્મણ હોવા છતાં જૈનશાસનની અપૂર્વ મદદથી તપસ્યામાં ખૂબ જ પ્રગતિ કરી છે. અનેક વખત અઠ્ઠાઈ ૯-૧૨ ઉપવાસ તેમ જ વર્ધમાનતપની ૨૫ ઓળી કરી છે. તેઓ સારા એવા હિન્દી અને ગુજરાતીમાં વ્યાખ્યાનકાર છે. લેખનકળામાં પણ સારા અક્ષરોથી લખી શકે છે.

સ્વ. રત્નકીર્તિ વિજય સંસારીપણામાં રસિકભાઈ ભગત પાડાપોળમાં રહેતા. વર્ધમાનતપની ૬૫ ઓળીમાં બાર વર્ષી તપ કર્યાં. શરીરમાં ગેગરીન રોગ હતો. એકવાર પગમાં કીડા પડી ગયા. ભયંકર વેદનામાં સમાધિ સમતા લીધા પછી ૮૯ ઓળી કરી. વર્ધમાન તપ સુધી પહોંચ્યા.ઓળીના પારણે સાધર્મિકોને લઈ જઈ પારણું કરાવવાનો નિયમ હતો. પૂજ્યશ્રીના શિષ્ય જિનરક્ષિતવિજયજી મ. પૂ.પં. ચન્દ્રશેખર વિ.ના વ્યાખ્યાનથી ધર્મમાં જોડાયા આ. ભગવંત રામચન્દ્રસૂરિ મ.ની પાવન નિશ્રામાં શંખેશ્વર દીક્ષા લીધી. જગતનું ભલું કરવું એવી અતિરેકમાં ડીપરેશનમાં કાળ ધર્મ પામ્યા. વર્ધમાન તપની ૬૯ ઓળી કરી સાડા સાત વર્ષ દીક્ષા પર્યાય. બીજા શિષ્ય જયરક્ષિત વિ. મ. સાડા ચૌદ વર્ષના દીક્ષા પર્યાયમાં નિત્ય એકાસણું અઠ્ઠમના પારણે એકાસણું સ્વાધ્યાય મગ્નના સાડા ૩ કરોડ નવકારનો જાપ કર્યો હતો. જીવન ધન્ય બનાવી ગયા. પંન્યાસ ધર્મદાસ જયદર્શન આયંબિલ વૈયાવચ્ચ સુંદર કરે. બીજાનું કરી છૂટવું-એ જ જીવન મંત્ર છે. આ. વિબુધપ્રભસૂરિના શિષ્ય મુનિકુમુદચન્દ્ર વિજયજી દાંતરાઈમાં ભયંકર આગમાં ખૂબ જ બળી ગયા. ભયંકર વેદનામાં ખૂબ સમતા વર્ધમાન તપની ઓળી કરી.

## 'સર્વોદય સ્તવના'



(રાગ = જેનાં રોમરોમથી.......)

જેના રોમ રોમથી મૈત્રી કરુણાની વહેતી ધારા,
આ છે ગુરુદેવ અમારા, ગુરુવર સર્વોદય પ્યારા
કચ્છ પ્રદેશમાં જન્મ્યા અને મેરાઉને પાવન કીધું
થાણાને કર્મભૂમિ બનાવી, મકડામાં સંયમ લીધું
ધન્ય ધરા તે બિદડાની જ્યાં, વડી દીક્ષા લેનારા...........(૨)
સાકરબહેનના લાડીલા નંદન, દામજીભાઈને દિપાવ્યા
સત્તર વર્ષની ઉંમરે સંયમ, લેવા માટે સિધાવ્યા
ગુણસાગરસૂરિના લાડકવાયા, ગુરુના હૃદયે રહેનારા.......(૩)
સૂરિ ગૌતમ-ગુણને ગુણોદય સાગરની, શિક્ષા દિલમાં ધારી
ઇતિહાસના નિષ્ણાત બની, જિન આણા ચિત્તધારી
શાસનનું સાચું હિત કરવા, મુનિ સર્વોદય બનનારા........(૪)
પ્રથમ ચાતુર્માસ કોઠારા તીર્થે, લઘુ હૈમ કંઠસ્થ કીધું
જ્ઞાનાવરણીયનાં ક્ષયોપશમથી, જીવન અમૃત પીધું
ગુરુ નિશ્રાએ સૂરિવર સાથે, ૧૨ રાજ્યો વિચરનારા.......(૫)
ગુણસાગર સૂરિનાં ગુરુવચનોને, તુરંત તહત્તિ કીધું
ગુરુવચનોની નિષ્ઠા ખાતર, જીવન સમર્પી દીધું
સર્વ જીવોનો ઉદય કરનારા, સર્વોદય કહેવાયા........(૬)
પ્રાચીન અને અર્વાચીન ગ્રન્થો, જેણે પ્રગટ કીધા
હસ્તપ્રતોનાં સંશોધનમાં, દિન-રાત વિતાવી દીધાં
પિસ્તાલીસસો (૪૫૦૦) હસ્તપ્રતોની, સંકલના કરનારા.....(૭)
મહારાષ્ટ્ર અને કોંકણ દેશે, ડંકો વીરનો વગાડી
છ'રી સંઘોને પ્રતિષ્ઠાઓ, ગુરુદેવ આપે કરાવી
લોક તણાં લાડીલા ગુરુજી, જનજનને ગમનારા.......(૮)
સાડાચારસો પૂજનપ્રતોની, સંકલના જેણે કીધી
૩૦-૩૦ શિબિરો કરાવીને, યુવાનોને દિશા દીધી
તીર્થંકર પરમાત્માઓનાં, તામ્રયંત્રો બનાવનારા.......(૯)
૩૧ દિવસના મહા મહોત્સવ, ગુરુ પુણ્યતિથીએ કરાવ્યા
મહાતીર્થોમાં ચોમાસું રહીને, અચલગચ્છને હરખાવ્યા
શાસનપ્રભાવનાધારક ગુરુવર, સાહિત્યસંશોધક કહેવાયા...(૧૦)
જેની વાણી દુઃખ હરનારી, જગ મંગલ કરનારી
ભવોભવના સંતાપ નિવારી, આનંદને દેનારી
પૂજા-પૂજન ને સ્તવનોની, રચનાઓ કરનારા.......(૧૧)
'ઉદયરત્ન'નાં લાડીલા વીરા, 'ચારિત્ર' ને દિલ ધાર્યા
'જગવલ્લભ'નાં ગુરુ બનીને, 'ગુણવલ્લભ'ને તાર્યા
આશિષ દેજો, સૌને આજે, મનમંદિરે પધાર્યા.......(૧૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ॐ નમો અરિહંતાણં

સૌજન્ય પ્રેરક : પ.પૂ. જયદર્શન વિ.મ.સા. (નેમિપ્રેમી)

ગુણીજનોના ગુણો દેખી દિલડું છે હરખાય,
મળ્યો જન્મારો માનવનો, જીવન સફળ થઈ જાય.

卐 શ્રુતાનુરાગી શ્રી નંદલાલભાઈ દેવલુકની ગ્રંથધારાના અનુમોદકો 卐

(૧) સ્વ. કંચનબહેન શાંતિલાલ જે. શાહ પરિવાર - બેંગ્લોર

(૨) શ્રીમાન વિનયભાઈ પ્રકાશભાઈ શાહ પરિવાર - મુંબઈ

(૩) સ્વ. ચંપકબહેન ધીરજલાલ દોશી પરિવાર - મદ્રાસ

(૪) શ્રીમતી દીનાબહેન પંકજભાઈ ભણસારી પરિવાર - હૈદ્રાબાદ

(૫) સ્વ. રમણિકભાઈ જે. શાહ પરિવાર - ભૂજ

(૬) સ્વ. જગમોહનદાસ વી. સંઘવી - અહમદાવાદ

(૭) શ્રી શામજીભાઈ કે. શેઠ પરિવાર - ઝરિયા

(૮) શ્રી નેમિપ્રેમી આરાધક મંડળ - મુંબઈ

(૯) શ્રી ભવ્યગુણા સેવા સંસ્થા - મુંબઈ

શ્રુતજ્ઞાનનું કરતાં સન્માન – ક્યારેક પ્રગટશે કેવળજ્ઞાન

卐 :: સૌજન્ય :: 卐

નવલખા નવકાર આરાધક મંડળનાં સદસ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री दान-प्रेम-भुवनभानु-जयघोषसूरि-जयसोम विजयेभ्यो नमः
महामंत्र नवकार प्रभावक : प.पू. जयदर्शन वि.म.सा. (नेमिप्रेमी)

**પ્રસ્તુત ગ્રંથના અનુમોદક : મહામંત્ર નવકારના વિશિષ્ટ આરાધકો**

બેંગ્લોર, મદ્રાસ, અહમદાવાદ, વિજયવાડા, સુરત, નવસારી, કપડવંજ, ચિખલી, વલસાડ, નાલાસોપારા, વસઈ, ભાયંદર, ભિવંડી, કલ્યાણ, પનવેલ, લોનાવલા, કામશેત, નિગડી, આકુર્ડી, ચિંચવડગાંવ, પૂના, અલીબાગ, રેવદંડા, મુરુડ ઝંઝીરા, ચણેરા, રોહા, નાગોઠાણા, પેણ, પાલી, પેડલી, પરલી, કોલાડ, ઈંદાપુર, પોયનાડ તથા બૃહદ મુંબઈના વિસ્તામાં, બોરીવલી, કાંદીવલી, મલાડ, જોગેશ્વરી, દાદર, માટુંગા, સાયન, ચૂનાભઠ્ઠી, ચેમ્બૂર, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ, મુલુંડ, થાણા તથા હૈદ્રાબાદ, ભાવનગર તથા ખંભાતના વિવિધ આરાધકો.

**-: નવલખા નવકાર કા જાપ - ૬૮ જાતે હૈં સભી પાપ :-**
**જૈનં જયતિ શાસનમ્**

श्री दान-प्रेम-भुवनभानु-जयघोषसूरि-जयसोम विजयेभ्यो नमः
महामंत्र नवकार प्रभावक : प.पू. जयदर्शन वि.म.सा. (नेमिप्रेमी)

**वि. सं. २०६३ के चिंचवडगाँव - पूना के चातुर्मासकी तप-जप, ज्ञान-ध्यान इत्यादि आराधना प्रशस्तिकारक परिवार**

१) श्रीमान रुपचंदजी धरमचंदजी ओसवाल ।
२) श्रीमान जेठमलजी वीरचंदजी सोनीगरा ।
३) श्रीमान रमेशभाई पी. शेठ ।
४) श्रीमती हेमलताबहन सुरेशभाई शाह ।
५) श्रीमती रश्मिबेन राजेश शाह ।

**अनुमोदक : नवलखा नवकार आराधक मंडल के १६००० सदस्य एवं नेमिप्रेमी आराधक मंडल - मुंबई और पूना ।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ श्री शत्रुंजयावतंसक ऋषभदेवाय नमः ॥ ॥ चर्तुर्थारकसूर्य श्री अजितनाथाय नमः ॥

श्री वर्धमान–सत्य–नीति–हर्ष–महेन्द्र–मंगलप्रभ अरिहंतसिद्ध–हेमप्रभ सूरि सद्गुरूभ्यो नमः

# श्री सिद्धाचल गिरिराज की

सौम्य छायामें प.पू. गच्छाधिपति आचार्य

श्रीमद् विजय अरिहंतसिद्ध सूरीश्वरजी म.सा. के सद्उपदेश से नवनिर्मित

## श्री अढीद्वीप सह १७० जिन मंदिर अंजनशलाका

# महाप्रतिष्ठा महोत्सव

सूरि सम्राट का सुहाना सान्निध्य चौविहार छट्ठ करके शत्रुंजय गिरिराज की ७–७ यात्रा सैंकडोंबार करनेवाले भीष्म तपस्वी भव्यजीवमनरंजन पुण्यदर्शन–निकट भवमोक्षगामी प.पू. गच्छाधिपति आचार्य श्री विजय अरिहंतसिद्ध सूरीश्वरजी म.सा. शासनश्रृंगार मुनिहृदयशुक्तामौतिक परमवात्सल्यमहासागर करुणामृतनयन प.पू. आचार्यश्री विजयहेमप्रभ सूरीश्वरजी म.सा. आदि ४०० श्रमण–श्रमणी की पावन उपस्थिति

| प्रतिष्ठामहोत्सव प्रारंभ | अंजनविधि एवं रथयात्रा | प्रतिष्ठा शुभदिन |
|---|---|---|
| पोष सुदि–१२, शनिवार, दिनांक : १९–१–२००८ | पोष (माघ) वद–४, शनिवार, दिनांक : २६–१–२००८ | पोष (माघ) वद–६, सोमवार, दिनांक २८–१–२००८ |

इस महोत्सव पर पधारने हेतु आप सभी को भावभरा निमंत्रण है

**:: तीर्थ स्थल ::**

श्री अढीढिप सह १७० जिनमंदिर तीर्थ

पालिताणा अहमदाबाद हाइ–वे, मु. मालपरा, पोस्ट पालिताणा (सौराष्ट्र) तलेटी से मात्र पांच कि.मी.

संपर्क : लुणावा मंगल भवन–पालिताणा फोन : (०२८४८) २५२३१६/२५३५७५

**निमंत्रक : मंगल–अरिहंत–सिद्धाचल धाम जैन ट्रस्ट**

## अभिनव काव्यमय तीर्थकी कुछ विशेषताएं

- पृथ्वी कैसी गोल है ?
- समंदर का पानी खारा क्यों होता है ?
- नवनिधान कहां पर है ?
- लक्ष्मीजी एवं सरस्वतीजी का निवासस्थान कहाँ है ?
- महाकाय मनुष्यों का फिलहाल निवास कहाँ है ?
- देवताई नगरियाँ कहाँ आयी हुई हैं ?
- महा काय वृक्षपर भी जिनालय होते हैं वे कहाँ हैं ?
- इस पृथ्वी पर कई सूर्य चंद्र हैं वे कहाँ हैं ?
- मेरु पर्वत कहाँ पर है ?
- इस धरती पर शुद्ध–सोना–चांदी–रत्न–हीरा–जवाहरात
- आदि के पर्वतों की हारमाला कहाँ आई हुई हैं ?

ऐसे तो असंख्य सवालों का जवाब एक मात्र यह तीर्थ है।

आईए पधारिए इतिहास के साक्षी बनने का सौभाग्य आपके नसीब है ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનનાં તેજસ્વી નક્ષત્રોઃ શ્રમણીરત્નો

ડૉ. કવિન શાહ : બિલિમોરા



પ્રભુના શાસનમાં જેમ શ્રમણોનું યોગદાન છે તેમ શ્રમણીઓએ પણ નામનાની કામના વિના પ્રભુના શાસનને અજવાળવાનું કામ કર્યું છે. એ વાત તો સ્પષ્ટ થાય છે કે સ્ત્રીશક્તિ જાગે તો ઘર આખું આગળ આવે. ઘરઘરમાં અને ઘટઘટમાં ધર્મરંગે પ્રસરાવવાનું કામ, આચારોના વારસોને ચોલ મજીઠ રંગ લગાડવાનું કામ આ શ્રમણી ભગવંતોએ જ કર્યું છે.

જૈનશાસનને ૧૪૪૪ ગ્રંથોની જે અણમોલ ઉમદા ભેટ સાંપડી તેના મૂળમાં હરિભદ્રસૂરિજી મ.ને પ્રભુના શાસનમાં લઈ આવવાનું કામ કરનારાં 'યાકિની મહત્તરા' સાધ્વી જ હતાંને?

અભિમાનના હાથી ઉપર આરૂઢ બંધુ મુનિ બાહુબલિને એ હાથી ઉપરથી નીચે ઉતારીને કેવળજ્ઞાનનો અણમોલ ઉપહાર પ્રાપ્ત કરાવનાર બહેનો સાધ્વીજીઓ જ હતી ને?

ધંધુકાની ધરતી પર છેલ્લી નિર્યામણાની વેળાએ પોતાના પુત્રશ્રેષ્ઠ સમા આચાર્ય હેમચંદ્રાચાર્ય મહારાજા પાસે ૩।। કરોડ શ્લોકની રચનાનો સંકલ્પ મેળવનાર માતા પાહિની દેવી પણ સાધ્વી જ હતાં ને?

શય્યાતર શ્રાવિકાને ત્યાં મોટા થયેલા વજ્રસ્વામી સાધ્વીજીના ઉપાશ્રય અથવા તો ઘોડિયામાં સૂતાં સૂતાં સાધ્વીના મુખેથી સાંભળીને શું અગિયાર અંગો ન્હોતા ભણ્યા? આ શ્રમણીરત્નોએ કમાલ કરી છે. પઠન, પાઠન અને સ્વાધ્યાયના ઘોષને જીવંત બનાવી રાખ્યો તો શ્રમણોના યોગદાનમાં પણ સહયોગી બનીને પ્રભુના શાસનનો જયજયકાર કરાવ્યો, સંઘની શ્રાવિકાઓમાં આરાધના કરાવી, તો સાથે સાથે દુર્ગમ અને દુષ્કર એવાં ક્ષેત્રોમાં વિચરણો કરીને સમાજને લીલોછમ બનાવી રાખ્યો જેમનાં કાર્યોની નોંધ લખતાં ગ્રંથનાં પાનાં ઓછાં પડે. સાક્ષાત સરસ્વતી સમી ઉપમાને વરેલાં આ શ્રમણીઓને કયા શબ્દોથી બિરદાવીએ?

શ્રી ચતુર્વિધસંઘમાં સાધ્વીઓનું અને શ્રાવિકાઓનું સ્થાન શ્રમણસંસ્કૃતિએ સ્વીકારી પ્રતિષ્ઠા કરી એ વિરલ–ઉત્તમ નમૂનો છે. રાજમહેલમાં રહેનારી રાજપુત્રી વસુમતિ તપસ્વીઓમાં અગ્રેસર બની ચંદનબાળા બની શ્રમણીસંઘને અજવાળતી ગઈ. પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયથી બ્રાહ્મી, સુંદરી વગેરે સાધ્વી પરંપરા તેજસ્વી નક્ષત્રની જેમ, જિનશાસનમાં આજ પર્યંત દીપી રહી છે. શ્રાવિકા સુલસા માત્ર શ્રદ્ધાના બળે ભગવાન મહાવીર સ્વામીનાં ધર્મલાભ પામી શકી. આ સુલસા આવતી ચોવીશીમાં ૧૫ તીર્થંકર નિર્મમ નામે થશે. ચેલણા દેવાનંદા, પ્રિયદર્શના જેવી તારિકાઓની એક નક્ષત્રમાળા અહર્નિશ ઘૂમતી રહી છે. ત્રિશલામાતા પણ ઈતિહાસમાં અમર બની ગયાં.

વર્તમાનકાળનાં શ્રમણીઓ પ્રતિ દૃષ્ટિપાત કરીએ તો તેમના તપસ્વીપણાની, સ્વાધ્યાયરમણતાની, ક્રિયારુચિની મધુરકંઠે ગવાતી સ્તુતિ અને સ્તવનો, સાધુ વૈયાવચ્ચભાવના, સ્ત્રીઓને ધર્મમાર્ગે જોડવા અને ટકાવવાની, શાસનનાં કાર્યોમાં પ્રેરણા દ્વારા ઉદાર હાથે ફાળો આપવાની ઇત્યાદિ ગુણોની પ્રશંસા કર્યા વિના રહી શકાય તેમ નથી.

આ ટૂંકી લેખમાળા રજૂ કરનાર ડૉ. કવિનભાઈ શાહ બિલિમોરાના વતની છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસી અને સંશોધક છે. દક્ષિણ ગુજરાતની વિવિધ સંસ્થાઓએ પ્રસંગોચિત તેમનું બહુમાન કરી સન્માન્યા છે. —સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# અર્વાચીનકાળનાં શાસનપ્રભાવક સાધ્વીરત્નો – મિતાક્ષરી નોંધ

જિનશાસનની પ્રભાવના અનેક રીતે થાય છે. તેમાં સાધ્વીજીનાં જીવન અને કાર્ય દ્વારા પણ શાસનની પ્રભાવના થાય છે અને સ્ત્રીવર્ગમાં ધર્મના સંસ્કારોનું સિંચન કરવામાં સાધ્વીજીનું પ્રદાન મૂલ્યવાન ગણાય છે.

નારીરત્નો પૂર્વના મહાન પુણ્યોદયે સંસારના ક્ષણિક સુખોપભોગનો ત્યાગ કરીને તલવારની ધાર પર ચાલવા જેવા કઠિન એવા સંયમ ધર્મનો સ્વીકાર કરીને આત્માના શાશ્વત સુખની પ્રાપ્તિ માટે રત્નત્રયીની આરાધના કરે છે. એમનું જીવન એક પંથ અને દો કાજ જેવું છે પોતે મોક્ષમાર્ગની સાધના કરે છે અને બહેનોને મોક્ષમાર્ગની સાધનાનો અનુભવસિદ્ધ માર્ગ દર્શાવી તેનું કલ્યાણ મિત્ર સમ અનુમોદનીય સુકૃત કરે છે.

સંયમ એટલે પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીશ પરિષહ, દશયતિ ધર્મ, દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના દ્વારા મોક્ષ માર્ગની સાધનાનો ધર્મ પુરુષાર્થ છે.

સંયમ જીવનમાં શ્રુતોપાસના અને તપધર્મની આરાધના મહત્ત્વની છે. સાધ્વીજી સમુદાયમાં વિવિધ પ્રકારના લયની આરાધના થાય છે. તેના વર્ધમાનતપની ૧૦૦ ઓળી, સિદ્ધિ તપ, વર્ષી તપ, માસમણ શ્રેણી તપ, ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા વિશેષ રીતે શાસ્ત્રપ્રભાવક બની છે. સંઘયાત્રા અને ઉપધાનની આરાધના એ બહેનોને ધર્માભિમુખ કરવાની એમની શુભ ભાવના પ્રશંસનીય છે.

સંયમ જીવનમાં તપ દ્વારા કર્મની નિર્જરા થાય છે તેની સાથે શ્રુતજ્ઞાન ભક્તિ, સ્વાધ્યાય અને તત્ત્વના અભ્યાસથી જ્ઞાનાવરણીય કર્મ ક્ષય થતાં દિવ્યજ્ઞાન પ્રાપ્તિનો માર્ગ નિષ્કંટક બને છે. સાધ્વીજી સમુદાયમાં પણ શ્રુતજ્ઞાનનો ઊંડો તલસ્પર્શી અભ્યાસ થાય છે. તે પણ એક મહત્ત્વની આરાધના ગણાય છે. પ.પૂ. પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.ની પ્રેરણાથી 'વિરતિદૂત' માસિકનું પ્રકાશન થાય છે. તેમાં જ્ઞાનમાર્ગની સાધનાનો પરિપાઠ તાત્ત્વિક પરીક્ષાના પરિણામ ઉપરથી નિહાળી શકાય છે. લગભગ દરેક સમુદાયનાં સાધ્વીજીએ 'વિરતિ દૂત'ના વાચનથી અભ્યાસમાં જોડાઈને શ્રુતજ્ઞાન પ્રાપ્તિ દ્વારા આત્મશુદ્ધિ કરી રહ્યાં છે. વિરતિદૂત પંડિત કરતાં પણ વધુ ઉપયોગી બનીને સાધ્વીવૃંદના સંયમવિકાસમાં ચાર ચાંદ અંકિત કરવાનું પુણ્ય કાર્ય કરે છે. આ હકીકતની સાધ્વીરત્નોની એક વિશિષ્ટ પ્રકારની જ્ઞાનમાર્ગની સાધનારૂપે નોંધ કરવામાં આવી છે.

જૈન ધર્મમાં મોક્ષની સાધના કરવા માટે સ્ત્રીઓને પણ અધિકાર છે. ઘણી મોટી સંખ્યામાં સાધ્વીજીઓ મોક્ષમાર્ગની સાધના કરે છે. વર્તમાન ચોવીશીના તીર્થંકરોમાં ૧૯મા મલ્લીનાથ ભગવાન સ્ત્રી તરીકે મોક્ષે ગયા છે. એમનો સાધ્વીજીનો પરિવાર ૫૫ હજારનો હતો. એટલે આજે પણ પુરુષો કરતાં સ્ત્રીઓની ધર્મભાવના–લાગણી અને સમર્પણ વિશેષ રીતે પ્રસિદ્ધ છે. જૈન ધર્મના સ્થાનકવાસી સંપ્રદાયમાં પણ કેટલાંક સાધ્વીજીઓનું જીવન વિશિષ્ટ કોટિનું હતું અને આજે પણ આવાં સાધ્વીજી મહાસતીજીનું ભક્તો પુણ્યસ્મરણ કરે છે.

પાઠશાળાના શિક્ષણ ઉપરાંત ચાતુર્માસ અને શેષકાળમાં સમયને અનુરૂપ કન્યાઓની (બહેનો) શિબિરોનું વિવિધ સ્થળોએ આયોજન થાય છે અને તેના દ્વારા ભૌતિકવાદના પ્રચંડ મોજા સામે પ્રતિકાર કરવા માટે ધાર્મિક આચાર–વિચાર અને તત્ત્વજ્ઞાનનું અમૃતપાન કરાવવામાં આવે છે. શાસનની પ્રભાવના જૈન સમાજ માટે તો પુણ્ય કાર્ય છે જૈનેતરો પણ જો જૈન ધર્મ પ્રત્યે આકર્ષાય તો તે મહાન સુકૃત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦મી સદીની એક મહત્ત્વની માહિતી એ છે કે પૂ. સાધ્વીજી મ.સા. પર્યુષણપર્વની આરાધનામાં સ્ત્રી–પુરુષોની સભા સમક્ષ વ્યાખ્યાન કલ્પસૂત્રનું વાચન કરે છે. ચાતુર્માસમાં પૂ. ગુરુ ભગવંત ન હોય ત્યાં પૂ. સાધ્વીજીની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના સંઘમાં થાય છે. પૂ. સાધ્વીજી મ.સા.ની આ પ્રવૃત્તિનો દિનપ્રતિદિન વિસ્તાર થયો છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં તો આ પ્રવૃત્તિ ચાલુ જ હતી અને શ્વેતાંબર સંપ્રદાયમાં તે ચાલુ થઈ છે. સમય અને સંજોગો પ્રમાણે આવી કેટલીક નવી પ્રણાલિકાનું અનુસરણ થયું છે. વર્તમાનમાં સાધ્વીજી મહારાજ પણ પોતાના પ્રભાવશાળી વ્યાખ્યાન અને ઉપદેશથી જૈન સમાજને ધર્મના માર્ગમાં પ્રવૃત્ત થવા માટે શુભ નિમિત્તરૂપ બન્યાં છે.

ભૌતિકવાદનું સ્લો પોઈઝન (ધીમું વિષ) જનસમૂહમાં પ્રસરી રહ્યું છે આધિ–વ્યાધિ અને ઉપાધિથી કર્મ વિપાક ભોગવી રહ્યાં છે ત્યારે જૈન સમાજમાંથી પૂર્વનો પુણ્યોદય–દેવ–ગુરુ અને ધર્મની સામગ્રી–માતાપિતા અને પાઠશાળાના ધાર્મિક જ્ઞાન અને સંસ્કારોથી વૈરાગ્યવાસિત થઈને મોક્ષની સાધના કરનારાં પૂ. સાધ્વીજીઓની જીવનગાથા જૈનશાસનની પ્રભાવનાની સાથે સ્વ–પરના કલ્યાણની પરમોચ્ચ ભાવનાથી વર્તમાન અને ભવિષ્યની પેઢીને માટે અનુકરણીય જીવન શૈલીનું મહાન દૃષ્ટાંત છે. સાધ્વી જીવનમાં તપ, જ્ઞાન અને નારી જાગૃતિ–ધર્માભિમુખ કરવાની વૃત્તિ, ધર્મની શ્રદ્ધા દૃઢ યાને સમકિત પ્રાપ્તિ શુદ્ધિને વૃદ્ધિના નિમિત્તરૂપ સાધ્વીજીના જીવનનો મિતાક્ષરી પરિચય જીવનનું પ્રેરણાદાયી વાચન છે. જીવનમાં એક નવું પરિવર્તન આવી જાય અને આત્મકલ્યાણ થઈ જાય એવી મોંઘેરી ક્ષણ પણ પ્રાપ્ત થવાનો પૂર્ણ સંભવ છે. આ મિતાક્ષરી નોંધ જિનશાસનનાં નારીરત્નો શ્રમણી સમુદાયના ભવ્ય–ગૌરવવંતા અને પ્રેરણાદાયી ઇતિહાસનું સર્જન કરવા માટે પણ નિમિત્તરૂપ છે. તેજીને ટકોરાની જરૂર, આ વિભાગની માહિતી માત્ર નારી સમૂહને જ નહીં પણ, નરપુંગવોને પણ આહ્વાન રૂપ છે. તપ–ત્યાગ–વૈરાગ્ય જ્ઞાન–ધ્યાન–જાપ અને ભક્તિમય જીવન શૈલીવાળાં પૂ. સાધ્વીજીરત્નોને કોટિ કોટિ વંદના.

## તીર્થોદ્ધારક પ.પૂ. સાધ્વીજી રંજનશ્રીજી મ.

આગમોદ્ધારક પ.પૂ. સાગરાનંદસૂરીશ્વરજીના સમુદાયનાં પ.પૂ. સાધ્વીજી રંજનશ્રીજીની સંયમયાત્રા તો યાદગાર છે પણ એમનું તીર્થોદ્ધારનું સુકૃત સમેતશિખરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું છે. પ.પૂ. સાગરાનંદસૂરીશ્વરજી મ.સા. ઉગ્ર વિહાર કરીને સં. ૧૯૮૦–૮૧માં સમેતશિખર મહાતીર્થ આવી પહોંચ્યાં પછી આ તીર્થનો ઉદ્ધાર કરવાની પરમોચ્ચ ભાવના હતી. આ ભાવનાને પરિપૂર્ણ કરવાનો યશ પ.પૂ. સાધ્વીજી રંજનશ્રીજીને પ્રાપ્ત થયો હતો. પ.પૂ. સાધ્વીજી રંજનશ્રીજી મુંબઈથી વિહાર કરીને સંવત ૨૦૦૯ના ચૈત્ર શુદ–૧૪ના રોજ મધુવન આવીને પૂર્ણિમાને દિવસે સમેતશિખર મહાતીર્થની અન્ય સાધ્વીજીઓ સાથે યાત્રા કરીને મનખાવતાર પાવન થયાનો અપૂર્વ હર્ષોલ્લાસ અનુભવ્યો હતો. સંયમ યાત્રામાં આવો પ્રસંગ માત્ર જીવનનું જ નહીં પણ ઐતિહાસિક સંસ્મરણ બનીને ભક્તોને પણ આનંદપ્રદાયક બને છે. સમેતશિખરનાં સ્તૂપ, દેરીઓ, જળમંદિર વગેરે જીર્ણ હાલતમાં હતાં. સમેતશિખર જીર્ણોદ્ધાર સમિતિની રચના કરીને સં. ૨૦૧૨માં જીર્ણોદ્ધારના કામની શરૂઆત થઈ અને સં. ૨૦૧૭માં આ કાર્ય પૂર્ણ થયું હતું. સંવત ૨૦૧૭ના મહા વદ–૭ના રોજ ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી માણિક્ય સાગરસૂરિની નિશ્રામાં જીર્ણોદ્ધાર મહોત્સવ ઊજવાયો હતો. સમેતશિખર- પ્રતિષ્ઠા ગીતમાં પૂ.સા.નો ઉલ્લેખ થયો છે.

"જનમનરંજન મીઠડો રે, સહુ જન પ્રિય ઉપદેશ,
ધનધનશ્રી રંજન ભલા રે ધનશ્રી જીવન સંવેશ રે ॥"

નવ વર્ષના લાંબા સમય સુધી આ તીર્થમાં સ્થિરતા કરીને તીર્થોદ્ધારનું મહાન સુકૃત કરીને જીવનને ધન્ય બનાવ્યું છે. પૂ. સાધ્વીજીની તીર્થભક્તિ–સેવા હિંમત, ધીરજ અને કર્મઠતા જિનશાસન પ્રત્યેના અભૂતપૂર્વ પ્રેમનું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. શાસનપ્રભાવક સાધ્વીરત્ન તરીકે પૂ. રંજનશ્રીજીનું નામ પ્રથમ પંક્તિમાં સૂર્યસમાન ઝળહળતા તેજથી પ્રકાશ પાથરીને અમર કીર્તિને પ્રાપ્ત કરાવી છે.

## પ્રતિભાશાળી સાધ્વીરત્ન પૂ. ખાંતિશ્રીજી મ.

કચ્છની નયનરમ્ય અને પ્રકૃતિ સૌંદર્યથી સમૃદ્ધ ભૂમિ નાગલપુરનું સ્ત્રીરત્ન જીવીબહેન બાલ્યાવસ્થાથી ધર્મના સંસ્કારોનું સિંચન થતાં પ.પૂ. ગણિવર્ય પૂનમચંદ્રજીની શુભ નિશ્રામાં દીક્ષા અંગીકાર કરીને ખાંતિશ્રીજી નામના સાધ્વીજી તરીકે સંયમની આરાધનામાં પ્રવૃત્ત થયાં. એમનાં ગુરુ લાભશ્રીજી હતાં. ગુરુ નિશ્રામાં આવશ્યક શાસ્ત્ર-અભ્યાસ કરીને પોતાની જાદુઈ વાક્છટા અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી ગામેગામ બહેનોનો મોટો સમૂહ એમનો ભક્ત બન્યો હતો. વાત્સલ્યમૂર્તિ ખાંતિશ્રીજીએ ગુજરાત, બોરીવલી, મલાડ, ચેમ્બુર, મહારાષ્ટ્ર, કચ્છ અને સૌરાષ્ટ્રમાં વિહાર કરીને સ્ત્રીઓને પ્રતિબોધ પમાડી ધર્માનુરાગી બનાવી જૈન ધર્મમાં દૃઢ કરી હતી. તેઓશ્રી માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાનમાં જ કુશળ ન હતાં. સાહિત્યના સર્જનમાં પણ યોગદાન કરીને એમની પ્રતિભાનું અનેરું દર્શન કરાવ્યું છે.

પૂ.શ્રીએ ધાંગધ્રા, હરિપુર, મોરબી જેવાં સ્થળોએ પોતાના સદુપદેશથી ઉપાશ્રયનું નિર્માણ કરાવ્યું હતું. સાધર્મિક ભક્તિ, જીર્ણોદ્ધાર, મહિલામંડળ છ'રીપાલિત સંઘ, દીક્ષા તથા જિનેન્દ્રભક્તિ મહોત્સવ જેવાં શાસનપ્રભાવનાનાં કાર્યો કર્યાં હતાં. એમના પ્રકાશિત પુસ્તકો 'નિત્યાનંદ ગુણમંજરી', 'દક્ષાદેવી', 'ક્ષમાદેવી', 'વિદ્યુલ્લતા સતી', 'ચંદ્રકલા મહાસતી', 'પુષ્પવાટિકા', 'ત્યાગી કે ભોગી', 'મૌક્તિકમાલા' છે.

ખાંતિશ્રીજી પાર્શ્વચન્દ્ર ગચ્છના કોહિનૂર હીરા સમાન તેજસ્વી સાધ્વીરત્ન તરીકે ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. પૂ.શ્રીનો ૪૪ શિષ્યા-પ્રશિષ્યાનો પરિવાર હતો. પૂ. ૐકારશ્રીજી, પૂ. સુનંદાશ્રીજી જેવી શિષ્યાઓ ગુરુનાં પગલે પગલે આવીને શાસનની પ્રભાવના કરતાં હતાં. પૂ.શ્રીનો ૬૧ વર્ષનો સંયમ-પર્યાય સાચા અર્થમાં ચારિત્રની સુવાસ સમગ્ર જૈનજૈનેતર વર્ગમાં પ્રસરાવી હતી. ધન્ય સંયમજીવન.

## પૂ. સાધ્વીજી દયાશ્રીજી મ.

(સં. ૧૯૫૩ થી ૨૦૧૬નો સમય) : કપડવણજ નગરનાં મૂળ વતની દયાશ્રીજીએ પ.પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ સિદ્ધસૂરીશ્વરજીની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું. પૂ. ગુરુણીશ્રી દાનશ્રીજી સાથે રહીને ૧૬ માસખમણ, ૮ વર્ષીતપ, નવપદજી અને વીશસ્થાનકની ઓળી, સિદ્ધગિરિની ૯૯ યાત્રા દ્વારા તપધર્મથી મહાન કર્મનિર્જરા કરી હતી. ૪૫ વર્ષનો દીક્ષાપર્યાય અને ૨૮ શિષ્યા-પ્રશિષ્યાના પરિવારથી પૂ. દયાશ્રીજી એક વડીલ સાધ્વી તરીકે ગૌરવવંતુ સ્થાન ધરાવતાં હતાં. પૂ.શ્રી ગુજરાત સૌરાષ્ટ્ર, મારવાડ અને માળવાના વિસ્તારમાં આવેલાં સ્થળોએ વિહાર કરીને જિનશાસનની પ્રભાવનામાં સહભાગી બન્યાં હતાં. કપડવણજની ભૂમિએ સાધુ-સાધ્વી-નર-નારી રત્નોની શાસનને ભેટ આપી છે. તેમાંનું એક નારીરત્ન પૂ.સા. દયાશ્રીજી.

## વિદુષી સાધ્વીજી પૂ. પ્રભાશ્રીજી મ.

(સં. ૧૯૪૦થી ૨૦૧૩) : ખંભાતનગર એટલે જૈનોની તીર્થભૂમિ જ્યાં પૂર્વકાળમાં પ્રભાવક આચાર્યોનું આગમન થવાથી આ ભૂમિના શુચિ પુદ્ગલોથી જીવન ધન્ય બને છે. સંસારી નામ ભૂરીબહેન. સંયમજીવનમાં પ્રભાશ્રીજી નામથી અલંકૃત થઈને રત્નત્રયીની આરાધના કરવા માંડી. ખંભાતમાં સાધુ-સાધ્વીજીના સંપર્ક અને વ્યાખ્યાનથી પ્રભાવિત થઈ પ.પૂ. કવિ કુલકિરીટ આ. લબ્ધિસૂરીશ્વરજીની પુનિત નિશ્રામાં સં. ૧૯૭૫માં દીક્ષા લઈને ચંપાશ્રીજીના શિષ્યા તરીકે જીવનનો એક અનોખો માર્ગ સ્વીકાર્યો. સંયમજીવનમાં પરંપરાગત અભ્યાસની સાથે આગમનો ઊંડો અભ્યાસ કરીને વિદુષી સાધ્વીજી તરીકે નામના પ્રાપ્ત કરી હતી. માસખમણ સિદ્ધિતપ, ચોર્યાસી, વર્ધમાન તપ આદિના આચારણથી જ્ઞાન અને તપનો સુભગ સમન્વય થયો હતો. ૧૬ શિષ્યાનો પરિવાર ધરાવતાં પૂ. પ્રભાશ્રીજીનો દીક્ષાપર્યાય ૩૮ વર્ષનો હતો. પૂ.શ્રીનો શાસ્ત્રાભ્યાસ અન્ય શ્રમણીઓને માટે દૃષ્ટાંત બની સંયમજીવનમાં જ્ઞાનપ્રાપ્તિની પ્રેરણા આપે તેવો છે. વિનય-વિવેક અને નમ્રતાના ત્રિવેણી સંગમરૂપ એમનું સંયમ જીવન પ્રશસ્ય છે.

## પૂ. સાધ્વજી તિલકશ્રીજી મ.

પ્રાચીનનગર કપડવણજની જન્મભૂમિ અને કર્મભૂમિનું એક સ્ત્રીરત્ન તારાબહેન કે જેમણે ભર યૌવનમાં ૧૬ વર્ષની વયે પૂ. દાનશ્રીજી પાસે દીક્ષા સ્વીકારીને તિલકશ્રીજી નામથી મોક્ષમાર્ગની સાધનાનો પ્રારંભ કર્યો હતો. બાળપણથી જ ભૂમિના પ્રતાપે ધાર્મિક સંસ્કારોનો પ્રભાવ દીક્ષાનું નિમિત્ત બન્યો હતો. તપ અને જ્ઞાનની સાધના મહત્ત્વની બની હતી. આગમ-ન્યાય અને વ્યાકરણ જેવા કઠિન વિષયોનું અધ્યયન કરીને આત્મા જ્ઞાનમય બન્યો હતો. પૂ.શ્રીની ચાર બહેનો અને એક માસીએ પણ દીક્ષા સ્વીકારી હતી. પૂ.શ્રીનો ૪૧ વર્ષનો દીક્ષાપર્યાય અપૂર્વ સંયમસાધના અને જ્ઞાનમાર્ગની ઉપાસનાનું નમૂનેદાર દૃષ્ટાંત પૂરું પાડે છે.

## પ્રતિબોધ કુશળા
## પ.પૂ. સાધ્વીજી પ્રવીણાશ્રીજી મ.



શાસનસમ્રાટ વિજયનેમિસૂરીશ્વરજીના સમુદાયનાં પ્રતિબોધકુશળા સાધ્વીજી પ્રવીણાશ્રીજીનું નામ સાધુ-સાધ્વી સમૂહમાં વિશેષ લોકપ્રિય છે. પંચમહાલ જિલ્લાના વેજલપુર ગામના પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મ ધારણ કરીને પરંપરાગત ધાર્મિક સંસ્કારોથી પ્રભાવિત થઈને લગ્નજીવનનો ત્યાગ કરી ૧૯ વર્ષની વયે પૂ. ગુણશ્રીજી મ.સા.ની પાસે દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈને રત્નત્રયીની આરાધનાથી મોક્ષમાર્ગની સાધના કરવા માંડી હતી. સંસારી નામ પ્રભાવતી અને સંયમજીવનમાં પ્રવીણાજી નામ પ્રમાણે ગુણ ધરાવતાં પૂ. પ્રવીણાશ્રીજીની સંયમ સાધના, સ્વાધ્યાય અને ઉપદેશના પ્રભાવથી ૧૧૫ જેટલી શિષ્યા પ્રશિષ્યાનો પરિવાર થયો હતો. એમના જીવનની એક નોંધપાત્ર ઘટના એ છે કે લગભગ જ્યાં જ્યાં વિહાર કરીને પહોંચ્યાં-ચાતુર્માસ રહ્યાં તે સ્થળેથી શિષ્યાનો યોગ થયો હતો. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈનાં વિવિધ સ્થળોએ વિચરીને સ્ત્રીઓને ધર્માભિમુખ કરવા માટે પ્રશસ્ય પુરુષાર્થ કર્યો હતો. બહેનોનાં મંડળની સ્થાપના કરીને ભક્તિભાવનામાં રસલીન કરવાની એમની ભાવના સફળ નીવડી હતી. પૂ.શ્રીના ૫૦ વર્ષના સંયમપર્યાયની ઉજવણી માદરેવતન વેજલપુરમાં પ.પૂ. મેરૂસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં થઈ હતી. સ્વાધ્યાય, વાત્સલ્ય, ભક્તિભાવના, આરાધનાની ઉત્કટ આકાંક્ષાથી એમનું જીવન અલંકૃત થયું હતું. ૬૮ વર્ષનો દીક્ષાપર્યાય હજી યાદગાર સંસ્મરણોની ગુણગાથા સમાન છે. એમનું વાક્ચાતુર્ય માત્ર બહેનોને જ પ્રભાવિત કરે તેમ ન હતું પણ પ્રસંગોપાત ભાઈઓને પણ ઉપદેશ વચન દ્વારા સાતક્ષેત્રમાં દાન આપી દુર્ગતિમાં પડતા આત્માને બચાવવા માટેનો ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં જિનેન્દ્રભક્તિ મહોત્સવ, ઉપધાન, સંઘયાત્રાના પ્રસંગોથી સંયમજીવનમાં આરાધનાના કાર્યમાં પૂરક કામગીરી કરી હતી. પૂ.શ્રીના પ્રભાવથી શિષ્યાઓ ઉગ્ર તપશ્ચર્યા, માસખમણ, સિદ્ધિતપ, વર્ધમાન તપ કરી શક્યાં હતાં. એમના જીવનની ઉત્કટ ભાવના એજ હતી કે બહેનો સંસારના પરિભ્રમણથી અટકે અને સંયમ સ્વીકારીને મોક્ષપ્રાપ્તિ કરે. તે માટે જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, વૈયાવચ્ચ, તપ, જપ આદિના ઉપદેશથી સ્વ-પરના કલ્યાણમાં જીવન વિતાવીને નારીજીવન સંયમરત્ન વિભૂષિત કરીને નમૂનેદાર દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

*બાલ બ્રહ્મચારિણી પ્રવર્તિની વિદુષી*

## પૂ. સાધ્વીજી નેમશ્રીજી મ.



કુસુમ કોમળ નિર્દોષ અને નિર્મળ કાયાવાળી છ વર્ષની એક નાનકડી બાળા નેણબાઈએ પોતાની માતા વેણબાઈ સાથે પાલિતાણામાં પૂ.આ. શ્રી કેશરસૂરિજીની નિશ્રામાં સંયમ- જીવનમાં પ્રવેશ કર્યો. આ નિર્દોષ બાળા એ પૂ.સા. નેમશ્રીજી. છ વર્ષની વયે દીક્ષા, ૯૦ વર્ષનો સુદીર્ઘ દીક્ષાપર્યાય આજે પણ અનુમોદનીય અને આશ્ચર્યકારક ઘટના લાગે છે. રત્નત્રયીની આરાધના કરવામાં પ્રતિદિન હર્ષોત્કર્ષથી પ્રવૃત રહીને જ્યાં જ્યાં વિહાર કરીને ગયાં ત્યાં સંયમની અનુપમ સુરભિ પ્રસરાવી છે. બહેનોને ધર્મની આરાધના જ્ઞાન-ક્રિયા-તપ-જપ વગેરેમાં જોડીને ધર્મના રંગે રંગાઈને માનવજીવન સફળ કરાવવાની પ્રશંસાનીય અને અનુકરણીય પ્રવૃત્તિ ગામેગામ કરીને જીવનને ધન્ય બનાવ્યું હતું. સામાયિક મંડળ, પ્રતિક્રમણ મંડળ, શિબિર, ભક્તામર સ્તોત્રના પ્રભાતના સમયે જિનમંદિરમાં સમૂહમાં પ્રભુભક્તિ જેવી એમની પ્રિય પ્રવૃત્તિઓ આજે ગામેગામ વિકાસ પામીને નારીવૃંદ પ્રભાવના પહોરથી જ ધર્મના રંગે રંગાયું છે. અપૂર્વ વાત્સલ્યભાવ નાના-મોટા, ગરીબ-શ્રીમંતના ભેદભાવપૂર્વક માત્ર આરાધનાના હેતુથી જ સૌને પ્રેરણાદાયી થવાની તીવ્રઉત્કંઠાથી પ્રવૃત્ત થયાં હતાં. પોતાના આત્માના કલ્યાણ માટે સ્વાધ્યાય આદિમાં પણ અપૂર્વ રમણતા પ્રાપ્ત કરી હતી. ૬૧ જેટલી સાધ્વીઓના પરિવારનાં વડીલ સાધ્વીજી નેમશ્રીજીનું જીવન સંયમની વિશુદ્ધિ, પરકલ્યાણની ભાવના-સ્ત્રીઓમાં સંસ્કાર સિંચન દ્વારા આત્મજાગૃતિ અને અપૂર્વ વાત્સલ્યભાવ જેવા ગુણોથી અલંકૃત જીવન સાધ્વી સમુદાયના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું માનીએ તો તે અતિશયોક્તિ નહીં લેખાય. કચ્છના ડુંમરા ગામની એક હસલી-રમતી ખેલતી નેણબાઈએ છ વર્ષની વયે સંયમ સ્વીકારીને ૯૦ વર્ષ સુધી ચારિત્રપાલન કરી રત્નત્રયીની આરાધના કરી એ અજબગજબની ઘટના જેવી શાસનની શોભા અને પ્રભાવક સાધ્વીજી તરીકે અપાર કીર્તિ પ્રાપ્ત કરી છે.

## સ્થાનક સાધ્વીજીનો મિતાક્ષરી પરિચય

સિંહની જેમ વીરતાથી દીક્ષા લેનાર સિંહબાળ સમાન પૂ. લીલાવતીબાઈ મ.સા., વ્યાખ્યાતા તરીકે અમરકીર્તિ વરેલાં પૂ. વસુબાઈ મ.સા. જૈનાચારના પાલન દ્વારા સંયમજીવન અને મૃત્યુને મહોત્સવ બનાવનાર પૂ. તારાબાઈ મ.સા., સ્થાનિક સંપ્રદાયના સુકાની વિખ્યાત વ્યાખ્યાતા અને લેખિકા પૂ. શારદાબાઈ મ.સા., કેન્સરની ભયંકર વેદનાને સમતાપૂર્વક સહન કરી આરાધક એવા પૂ. કુસુમબાઈ, સુપ્રસિદ્ધ અને લોકપ્રિય વ્યાખ્યાતા પૂ. ધનકુંવરબાઈ મ.સા. સંયમ જીવનને આત્માની ખોજ અર્થે સમર્પિત કરનાર પૂ. તરુબાઈ મ.સા. સૌને જીવનમંત્ર બનાવી સંયમજીવન જીવનાર પૂ. ઇન્દુમતીબાઈ મ.સા.,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આનંદઘનજીના પદો વિશે ઊંડો અભ્યાસ કરી Ph.D.ની પદવી પ્રાપ્ત કરનાર જસુમતીબાઈ મ.સા. વગેરેનું જીવન અને કાર્ય સાધ્વીવૃંદની વિશિષ્ટતાનું પ્રતીક છે.

*અધ્યાત્મ યોગિની પ.પૂ. મહાસતીજી*

## ચૈતન્યદેવીજી મ.

સંયમજીવન કાંટાળો તાજ છે તો તેમાં યોગસાધનાનો માર્ગ પણ વિશેષ અટપટો અને ગહન છે. વિરલ વ્યક્તિત્વ ધરાવનાર આ યોગમાર્ગમાં સાધક બને છે. સ્થા.વાસી સંપ્રદાયના મહાસતીજી ચૈતન્યદેવીજીનું નામ 'યોગિની' વિશેષણથી સુવિદિત છે. એમનું જીવન એટલે સંયમની સૌરભ સાથે યોગનો સુભગ સમન્વય. યોગસાધના તો હવાઈ જહાજની ગતિએ મોક્ષપ્રાપ્તિગમન કરાવવામાં સમર્થ છે.

સંવત ૧૯૬૦ ના કારતક વદ આઠમને દિવસે કરાંચીમાં જન્મયા પછી સં. ૧૯૯૧ના વૈશાખ સુદ–૩ના રોજ મારવાડમાં દીક્ષા લીધી હતી. દીક્ષાના પ્રેરકબળ તરીકે માતા–પિતાના ધાર્મિક સંસ્કારોનું સિંચન બાલ્યાવસ્થાથી ધાર્મિક વાચન અને આરાધનાનો રસ અને રાજકુંવર મહારાજશ્રીની વૈરાગ્યગર્ભિત વાણીના પ્રભાવથી મોક્ષમાર્ગના સાધક બન્યાં હતાં.

એમનું સંયમ જીવન એટલે સતત યોગસાધના દ્વારા આત્મરમણતાનું એક નમૂનેદાર દૃષ્ટાંત છે. પૂ.શ્રીએ યોગના વિશિષ્ટ કોટિના અનુભવને આધારે 'યોગદર્શન અને યોગસમાધિ' નામના એક ઉત્તમ ગ્રંથની રચના કરીને અનુભવસિદ્ધ એવા રાજયોગની પ્રરૂપણા કરી છે. આ કાર્યમાં પૂ.શ્રીએ સદ્‌ગુરુની કૃપાને પ્રથમ સ્થાન આપ્યું છે. 'ગુરુદેવો ભવ'સૂત્ર એમના જીવનમાં ચરિતાર્થ થયું હતું. સ્વયં શાંતિના સામ્રાજ્યની ખોજમાં સમતારસમાં લીન રહેનાર પૂ.શ્રીએ વિશ્વશાંતિના સંકલ્પ માટે જીવનમાં યોગનું મહત્ત્વ સિદ્ધ કરી બતાવ્યું હતું. પૂ.શ્રીએ સર્જનપ્રવૃત્તિ એક સાહિત્યકાર તરીકે નહીં પણ સ્વ–પરના કલ્યાણ માટે આત્માભિમુખ થઈ આત્મસિદ્ધિ કરવાના ઉદ્દેશથી કરી હતી. સ્ત્રીઓમાં પણ વિશિષ્ટ શક્તિ અને ચૈતન્ય છે તેને જાગૃત કરવા માટે પ્રયત્નો કર્યા હતા. 'નારીશક્તિ વિચારશક્તિનો અદ્‌ભુત પ્રભાવ ભાગ ૧-૨-૩', 'અંતરદૃષ્ટિ', 'આત્મોત્થાન', 'મંત્રવિજ્ઞાન અને સાધનારહસ્ય' જેવા અનન્ય પ્રેરક આત્મલક્ષી ગ્રંથોથી મહાસતીજી ચૈતન્યદેવીજીએ સાચા અર્થમાં પોતાના ચૈતન્યનાં દર્શન કરવા માટે જ જાણે મનુષ્યજન્મ પ્રાપ્ત થયો હોય એવી અનુભૂતિ થાય છે. એમની સાધના સૌ કોઈને પ્રેરક બને તેવી છે. આત્મશાંતિ અને વિશ્વશાંતિના પ્રખર હિમાયતી પૂ. ચૈતન્યદેવીનું જીવન એમના ગ્રંથોને આધારે વિશેષ હૃદયસ્પર્શી બને તેમ છે.

# પૂ. સાધ્વીજી ભગવંતોને અનંતશઃ વંદના

**આલેખન : પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.**

(૧) સંયમની અનુમતિ ન મળતાં, અબળા ગણાતી નારીઓએ દાખવેલ અદ્‌ભુત પરાક્રમોની યશોગાથા. **સ્વયં વેષ–પરિધાન કરતાં સા. શ્રી સૌભાગ્યશ્રીજી.**

(૨) **જંગલમાં વડના ઝાડ નીચે સ્વયં સાધ્વીજીનો વેષ પરિધાન કરનારા** અને ૧૦૮થી અધિક શિષ્યા–પ્રશિષ્યાઓના આધાર બનેલાં **સા. શ્રી પ્રવીણાશ્રીજી મ.**

(૩) **સ્વહસ્તે વેષ પહેરીને** રોજ ૫૦૦ ખમાસમણ આદિનાં આરાધક, ૧૫૦થી અધિક શિષ્યા–પ્રશિષ્યાદિનાં પ્રવર્તિની સા. શ્રી જયાશ્રીજી મ.

(૪) અનિચ્છાએ લગ્ન થવા છતાં **સંયમના સ્વીકાર માટે ૩–૩ વાર ગૃહત્યાગ કરવા છતાં અનુમતિ ન મળતાં આખરે મહાપરાક્રમ કરી સુભદ્રાબહેન બન્યાં મહા તપસ્વી સા. શ્રી સુવ્રતાશ્રીજી મ.**

(૫) **દીક્ષાની અનુમતિ મેળવવા** માટે મુમુક્ષુ શશીબહેને આખરે **૬ વિગઈનો ત્યાગ કર્યો.** ૫ વર્ષ બાદ અનુમતિ મળતાં સંયમ સ્વીકારીને બન્યાં સા. શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.

(૬) લગ્નના દિવસે જ પતિનું હાર્ટફેલ થતાં વૈરાગ્યવાસિત થઈ દીક્ષાની અનુમતિ માંગી. પરંતુ મોહાધીન કુટુંબીજનો તરફથી અનુમતિ ન મળતાં ૬ વિગઈનો ત્યાગ કર્યો. તો પણ અનુમતિ ન મળતાં સાગારિક અનશનનો સ્વીકાર કર્યો. આખરે અનુમતિ મળી અને સં. ૨૦૧૪માં દીક્ષિત થયેલાં **સા. શ્રી લલિતપ્રભાશ્રીજી** આજે ૯૦ શિષ્યા–પ્રશિષ્યાઓની જીવનનૈયાનાં સફળ સુકાની મહાતપસ્વી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનપ્રભાવિકા સાધ્વીજી છે. તેમણે (૧) અઠ્ઠમથી ૨૦ સ્થાનક તપ (૪૦૦ અઠ્ઠમ) (૨) ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની ૧૦૮ અઠ્ઠમ (૩) અઠ્ઠમથી વર્ષીતપ (૪) છઠ્ઠથી વર્ષીતપ (૫) ૨૨૯ છઠ્ઠ (૬) ૩ માસક્ષમણ......ઈત્યાદિ અનેક મોટી તપશ્ચર્યાઓ કરેલ છે. તપ-જપ-સંયમના પ્રભાવથી એકવાર પાલિતાણામાં પદ્માવતી દેવીએ સ્વયમેવ તેમને દર્શન આપ્યાં હતાં. એમની પ્રેરણાથી ૨૦ જિનાલય સહિત ૩ ઠેકાણે જિનાલય નિર્માણ, ૩ વાર ૯૯ યાત્રા સંઘ, ૬ વાર સામૂહિક ઉપધાન, ૧૧ વાર છ'રી પાલક સંઘ, ૨૫ વાર ૫૧, ૧૦૦ ઈત્યાદિ છોડના ઉજમણાં વગેરે અનેક શાસનપ્રભાવક કાર્યો થયાં છે.

(૭) વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ + ૧૦૦ + ૫૦ થી અધિક ઓળી ઉપરાંત સળંગ ૭૮ ઉપવાસ આદિ મહાતપશ્ચર્યા તથા કરોડોનો જાપ કરનારા સાણંદના **સા. શ્રી મનોરમાશ્રીજી મ.સા.** (બાપજી મ.સા.ના સમુદાયમાં).

(૮) વર્ધમાન તપની ૧૦૦ + ૧૦૦ + ૨૭ ઓળી કરનારા મહાતપસ્વી **સા. શ્રી પુષ્પચૂલાશ્રીજી મ.** (વાગડ સમુદાય).

(૯) વર્ધમાન તપની ૧૦૦ + ૧૦૦ + ૬૫થી અધિક ઓળી તથા માસક્ષમણ, સોળભત્તુ, ૬ અઠ્ઠાઈ, સિદ્ધિતપ આદિની **મહાતપસ્વી સા. શ્રી હંસકીર્તિશ્રીજી મ.** (વાગડ સમુદાય).

(૧૦) સળંગ ૨૦-૨૦ ઉપવાસથી ૨૦ સ્થાનક તપની આરાધના કરનારા **સા. શ્રી હેમચંદ્રાશ્રીજી મ.** તથા **સા. શ્રી શુભાનનાશ્રીજી મ.** (વાગડ સમુદાય).

(૧૧) ૭૩ વર્ષની વયે સળંગ ૨૫૧ ઉપવાસ કરનારા **મહાતપસ્વી સા. હેમકુંવરજી** (શ્રમણસંઘ) એ સં. ૨૦૪૪થી ૨૦૫૨ દરમ્યાન અનુક્રમે ૬૧, ૩૧, ૭૧, ૭૩, ૭૫, ૧૦૮, ૧૩૧, ૧૫૧ તથા ૨૫૧ ઉપવાસની તપશ્ચર્યા કરેલ છે.

(૧૨) **સં. ૨૦૫૨માં દિલ્હીમાં સળંગ ૩૧૧ ઉપવાસ કરનારા 'તપચકેશ્વરી' સા. મોહનમાલાશ્રીજી** (શ્રમણ સંઘ સમુદાય) એ સં. ૨૦૫૧માં ૫૧૨ ઉપવાસ તથા સં. ૨૦૫૫માં ૨૧૧ ઉપવાસ કરેલ. તપ-જપના પ્રભાવે તેમના ઉપર અનેકવાર કેસરવૃષ્ટિ પણ થયેલ છે.

(૧૩) રોજની ૧૦૦ ગાથા કંઠસ્થ કરનારા, ગુરુઆજ્ઞાથી ૧૧ અંગસૂત્રો કંઠસ્થ કરનારા 'વિક્રમ ભક્તામર' સ્તોત્રનાં રચયિતા **વિદુષી સા. શ્રી રત્નચૂલાશ્રીજી મ.**

(૧૪) શ્રી દશવૈકાલિક ચિંતનિકા, શ્રી ઉત્તરાધ્યયન ચિંતનિકા, શ્રી આચારાંગ ચિંતનિકા આદિનાં લેખિકા, **વિદુષી સા. શ્રી વાચંયમાશ્રીજી (બહેન મ.)** (વિક્રમસૂરિ સમુદાયમાં).

(૧૫) ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરીને રાજસ્થાનના પછાત ગણાતા ભરતપુર, અલવર, ગંગાનગર તથા સવાઈ માધોપુર જિલ્લાના પલ્લીવાલ ક્ષેત્રમાં ૧૮ વર્ષ વિચરીને ૩૬ જિનાલયોનો જીર્ણોદ્ધાર તથા નવનિર્માણ, ૧૧ આરાધના ભવન-ઉપાશ્રયોનું નિર્માણ, ધાર્મિક શિબિરો, સરસ તીર્થનો ૬ વાર છ'રી પાલક સંઘ ઈત્યાદિ દ્વારા **ધર્મજાગૃતિને પુનર્જીવિત કરનારા સા. શ્રી શુભોદયાશ્રીજી મ.**

ઉપરોક્ત દૃષ્ટાંત નં ૫૮-૫૯-૬૦ ત્રણે સગી બહેનોએ પૂ. આ. શ્રી વિક્રમસૂરિ સમુદાયમાં દીક્ષા લીધેલ છે.

(૧૬) અઠ્ઠમના પારણે એકાસણાથી ૫ વર્ષીતપ! તેમાં પણ પ્રત્યેક વર્ષીતપમાં ઉત્તરોત્તર ૧-૨-૩-૪-૫ વિગઈનો મૂળથી ત્યાગ.......છેલ્લે અઠ્ઠાઈના પારણે એક ધાન્યના નિર્દોષ પુરિમડ્ઢ આયંબિલથી વર્ષીતપનો ભવ્ય પુરુષાર્થ કરનારા સાગર સમુદાયના **સા. શ્રી ચિદ્વર્ષાશ્રીજી મ.**

(૧૭) સળંગ ૯૦૦ આયંબિલ ઉપર ૪૫ ઉપવાસની તપશ્ચર્યા સાથે નવસારીથી શંખેશ્વર સુધી વિહાર કરીને નિર્દોષ આયંબિલથી પારણું કરનારા..... દરેક બારીના પારણામાં આયંબિલપૂર્વક શ્રેણિ તપ તથા સિદ્ધિ તપ, ૪૦૦ અઠ્ઠમ પૂર્વક ૨૦ સ્થાનકની આરાધના, ૧૦૮ અઠ્ઠમ દ્વારા શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના, પારણામાં પુરિમડ્ઢ એકાસણાપૂર્વક અઠ્ઠમથી વર્ષીતપ..... સળંગ ૧ વર્ષ સુધી વારાફરતી એકેક ધાન્યથી ૯ આયંબિલના પારણે ૯ આયંબિલપૂર્વક નવપદજીની આરાધના ઈત્યાદિ અનેકવિધ તપ-જપની અપ્રમત્તપણે આરાધના કરનારા **મહાતપસ્વી સા. શ્રી શ્રુતવર્ષાશ્રીજી મ.** ઉપરોક્ત સા. શ્રી ચિદ્વર્ષાશ્રીજીના સંસારપક્ષે સગાં બહેન મ.)

(૧૭) સળંગ ૪૦૦ છઠ્ઠથી ૨૦ સ્થાનક તપ, સિદ્ધિ તપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષીતપ, ૧ વર્ષ સુધી દર મહિને ૩ અટ્ઠમ, સળંગ ૮૭૦ આયંબિલ ઈત્યાદિ મહાન તપશ્ચર્યા કરનાર **મહા તપસ્વી સા. શ્રી શીલવર્ષાશ્રીજી મ.** (ઉપરોક્ત બંને સાધ્વીજીનાં બહેન મ.સા.).

(૧૮) છટ્ઠથી વર્ષીતપ, ઉપવાસથી ૫ વર્ષીતપ, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, સળંગ ૫૦૦ આયંબિલ ઈત્યાદિ તપશ્ચર્યા કરનારા સા. શ્રી શમવર્ષાશ્રીજી મ. (ઉપરોક્ત ત્રણે સાધ્વીજીના બહેન મ.).

(૧૯) સિદ્ધિતપ, ૨ વર્ષીતપ, વર્ધમાન તપની ૫૧ ઓળી, ૯૯ યાત્રા, છેલ્લાં ૪૫ વર્ષોમાં એકાસણાથી ઓછું તપ નહીં, અનેક તીર્થોની પદયાત્રા ઈત્યાદિ આરાધના સાથે ૭૨ વર્ષની ઉંમરે સંયમ સ્વીકારનારા સાધ્વીજી ભગવંત (ઉપરોક્ત ચારેય સાધ્વીજીઓના સંસારપક્ષે બા મહારાજ).

(૨૦) મરણાંત ટ્રક અકસ્માતમાં પણ અપૂર્વ સમતા–ક્ષમા તથા નવકારલીનતા ધારણ કરનારા **સા. શ્રી વીર્યધર્માશ્રીજી મ.** (સાગર સમુદાય).

(૨૧) ૧૦૮ માસક્ષમણની ભાવના સાથે લગભગ ૪૦ માસક્ષમણ (ફક્ત પાંચ વર્ષમાં મૌનપૂર્વક ૨૦ માસક્ષમણ), ૧ વર્ષમાં ૨૦ અટ્ઠાઈ, ૩૬, ૪૨, ૪૫, ૫૧, ૬૮ ઉપવાસ, ૨૦ વાર સળંગ ૨૦–૨૦ ઉપવાસ દ્વારા વીશ સ્થાનક તપ, વર્ધમાન તપની ૮૦ ઓળી, શ્રેણિ તપ, ભદ્ર તપ, ૩ વર્ષીતપ, ઉવસગ્ગહરં સ્તોત્રના ૧૮૫ અક્ષરોની આરાધના નિમિત્તે ૧૮૫ અટ્ઠમ ઈત્યાદિ અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યા કરનારા મહાતપસ્વીરત્ન સા. **શ્રી ગીતયશાશ્રીજી મ.સા.**

(૨૨) ૪૦ માસક્ષમણ, ૨૦ વાર સળંગ ૨૦–૨૦ ઉપવાસ દ્વારા વીશ સ્થાનક તપ, ૧૬, ૩૬, ૫૧, ૬૮ ઉપવાસ, એક વર્ષમાં ૨૦ અટ્ઠાઈ (કુલ ૩૬ અટ્ઠાઈ), ૧ વર્ષમાં ૭૧ અટ્ઠમ (કુલ ૧૮૫ અટ્ઠમ) ૨ વર્ષીતપ, સિદ્ધિ તપ, ધર્મચક્ર તપ, સળંગ ૧૦૮ આયંબિલ, વર્ધમાન તપની ૪૦ ઓળી ઈત્યાદિ અત્યંત અનુમોદનીય તપશ્ચર્યા કરનારા **મહાતપસ્વીરત્ન સા. શ્રી દીપયશાશ્રીજી મ.સા.** (ઉપરોક્ત બંને સાધ્વીજી ભગવંતો નિત્યભક્તામરસ્તોત્ર પાઠી પ.પૂ. આ.ભ. શ્રી વિક્રમસૂરિ સમુદાયને અલંકૃત કરી રહ્યાં છે.

(૨૩) **પ્રાયઃ સળંગ ચોવિહાર ૧૦૮ છટ્ઠ સાથે સિદ્ધગિરિજીની ૯–૯ યાત્રાઓ કર્યા પછી જ બ્યાસણાથી પારણું કરનારા સા. શ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.** (સાગર સમુદાયના આ સાધ્વીજી ભગવંતની સંસાર સંબંધે ત્રણેય સુપુત્રીઓએ પણ સંયમ સ્વીકારેલ છે. ચાતુર્માસમાં સાધુ–સાધ્વીજી ભગવંતો શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરતા નહિ હોવાથી ચાતુર્માસ પહેલાં અને પછી એમ બે વિભાગમાં ૧૦૮ છટ્ઠ કરેલ છે. પારણાના દિવસે પણ ૨ યાત્રા કર્યા પછી પારણું કરતા).

(૨૪) **બે વિભાગમાં સળંગ ૧૦૮ છટ્ઠ તપ સાથે સિદ્ધગિરિની ૮–૮ યાત્રાઓ કરનારા ઉપરોક્ત બીજી** અનેકવિધ તપશ્ચર્યાઓ કરનારા, તથા જેમના અગ્નિસંસ્કાર વખતે ઘણો પ્રયત્ન કરવા છતાં ૧ વસ્ત્ર બળ્યું જ નહીં તેવા સાગર સમુદાયનાં **મહાતપસ્વીરત્ના સા. શ્રી કમલપ્રભાશ્રીજી મ.સા.**

(૨૫) ચોવિહારા ઉપવાસથી ૫૨ વર્ષીતપ કરનારા, કુલ ૯૫૦૦થી અધિક ચોવિહાર ઉપવાસ, લગભગ ૩૫૦૦ જેટલાં તિવિહાર ઉપવાસ સાથે પારણામાં ચિત્ર–વિચિત્ર પ્રકારના કઠિનતમ અભિગ્રહોને ધારણ કરનારા, અનેકવિધ અનુમોદનીય પ્રતિજ્ઞાઓ યાવજ્જીવ સ્વીકારનારા તથા દીક્ષાની અનુમતિ માટે ગૃહસ્થપણામાં ૬ મહિના સુધી ફક્ત રોટલી અને પાણી વાપરનારા **શાસનગૌરવ મહાતપસ્વીરત્ના સા.શ્રી પન્નાશ્રીજી (તેરાપંથ સમુદાય)**

(૨૬) સળંગ ૧૨ વર્ષ મૌન + વર્ષીતપ દ્વારા સાધના કરતાં કરતાં અનેકવિધ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરનારા **શ્રી વસુધાબાઈ મહાસતીજી.**

(૨૭) **૧૪ વર્ષ સુધી મૌન તથા વિશિષ્ટ તપશ્ચર્યા સાથે** આત્મસાધના કરનારા **મહાસતીજી નૂતનપ્રભાશ્રીજી.** (શ્રમણસંઘ સમુદાય).

(૨૮) આયંબિલનું તપ તથા નવકાર મહામંત્રના જાપથી હાર્ટ એટેક, હરપીસ તથા કેન્સરને કેન્સલ કરનારા વર્ધમાન તપની ૧૧૨ ઓળી કરનારા **વર્ધમાન તપોનિધિ સા. શ્રી અરુણોદયશ્રીજી મ.**

(૨૯) ૮૧ આયંબિલ + ૧૫ ચોવિહાર અટ્ઠમ તપ તથા રોજની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયઃ એકી બેઠકે ૫૧ બાધી નવકારવાળીના જપ દ્વારા કેન્સરને કેન્સલ કરનારા, કોઈને જરાપણ મનદુઃખ થઈ જાય તેવું બોલાઈ જાય તો અઠ્ઠમ તથા કોઈની થોડી પણ નિંદા સંભળાઈ જાય તો આયંબિલ ઈત્યાદિ અનેકવિધ અનુમોદનીય પ્રતિજ્ઞાઓ લેનારા **યથાર્થનામી સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.** (પૂ. આ. શ્રી કેસરસૂરિ સમુદાય).

(૩૦) ૯૦ **વર્ષનો દીર્ઘતમ દીક્ષા-પર્યાય ધરાવનારા પ્રવર્તિની સા. શ્રી નેમશ્રીજીએ** કરેલી અનેકવિધ તપ-જપ આદિની અનુમોદનીય આરાધના (પૂ. આ.શ્રી કેસરસૂરિ સમુદાય).

(૩૧) વિહારમાં આવતાં દરેક ગામ-નગર-તીર્થોનાં **પ્રત્યેક જિનબિંબ સમક્ષ ચૈત્યવંદન કરનારા સા. શ્રી હર્ષલતાશ્રીજી મ.ના સંસારીપરિવારમાંથી કુલ ૪૫ જણાએ દીક્ષા લીધેલ છે.** (પૂ. આ.શ્રી ભક્તિસૂરિ સમુદાય).

(૩૨) નિર્દોષ ગોચરીના અભાવે ૧૫ દિવસ સુધી ફક્ત ચણા-મમરા જેવી સૂકી વસ્તુઓથી નિર્વાહ કરનારા, માત્ર ૩૨ વર્ષના દીક્ષાપર્યાય અને ૪૮ વર્ષની ઉંમરમાં ૨૩૦થી અધિક શિષ્યા-પ્રશિષ્યાઓનાં ગુરુણી સુસંયમી પ્રવર્તિની સા.શ્રી પુણ્યરેખાશ્રીજી મ. (પૂ. દીક્ષાદાનેશ્વરી આ.શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.નાં સંસારપક્ષે ભત્રીજી).

(૩૩) આંખમાં મંકોડો પ્રવેશવા છતાં અપૂર્વ સમતા રાખનારા, વીંછીનાં ડંખ લાગવા છતાં ૩૫ કિ.મી. સુધી ડોલી ઉપાડીને વિહાર કરનારા, નિશ્ચય તથા વ્યવહારનો અત્યંત અનુમોદનીય સમન્વય સાધનારા જિનાજ્ઞા તથા ગુર્વાજ્ઞાનું ચુસ્તપણે પાલન કરનારા, **યોગનિષ્ઠા, આત્મજ્ઞા, સુસાધ્વીશ્રી ગુણોદયાશ્રીજી મ.સા.** (અચલગચ્છીય).

(૩૪) દીક્ષા લેવી તો એમની પાસે જ એવો દૃઢ નિર્ણય ધરાવનારા ૩-૩ મુમુક્ષુ બહેનોએ ૧૫-૨૦ વર્ષો સુધી રાહ જોઈ છતાં અદ્‌ભુત નિઃસ્પૃહતા ધારણ કરનારા **યથાર્થનામી, આત્મજ્ઞ, સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.સા.** (અચલગચ્છીય).

(૩૫) વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ થવા છતાં કોઈ મહોત્સવ કે જાહેરાત વિના ચૂપચાપ સહજ રીતે પારણું કરનારા **નિઃસ્પૃહી સા. શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.** (અચલગચ્છીય) તથા **સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા.** (વાગડ સમુદાય).

હજી તો આવા અનેકાનેક વિશિષ્ટ આરાધકરત્ન સાધ્વીજી ભગવંતોનાં દૃષ્ટાંતો રહી ગયાં હશે જ. તે સહુ નામી-અનામી સાધુ-સાધ્વીજી ભગવંતોની રત્નત્રયીની વિશિષ્ટ આરાધના તથા તત્ત્વત્રયીની વિશિષ્ટ ઉપાસનાની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## વિશેષ કેટલાંક ચરિત્રો ઉપલબ્ધ બન્યા છે તે અત્રે રજૂ કરીએ છીએ

-ગ્રંથ સંપાદક

*વાગડ સમુદાયના નક્ષત્ર સમાં, પરમ શ્રદ્ધેય, પરમ વિદુષી પ્રવર્તિની*

## પૂજ્ય સાધ્વીજી શ્રી ચતુરશ્રીજી મહારાજ

જૈનશાસનનો ઈતિહાસ સુવર્ણ અક્ષરે સોહી રહ્યો છે, તેમાં મહાન તપસ્વીઓ અને વિરલ વિભૂતિઓએ આ આકાશગંગાને ઝળહળતી કરી છે. કચ્છ-વાગડનાં સાધ્વીરત્ન શ્રી પ.પૂ. ચતુરશ્રીજી મહારાજ પણ એક હતાં.

તેઓશ્રીનો જન્મ કચ્છની કામણગારી ધરા પર માંડવી શહેરમાં થયો હતો. પિતાનું નામ વરદરાજભાઈ અને માતાનું નામ મીઠીબાઈ હતું. સ્વનામ પાર્વતીબહેન હતું. પાર્વતીબહેનનું બાલ્યકાળથી ધર્માભિમુખ વર્તન જોઈને સૌ કોઈને થતું કે કોઈ સાધક જીવ અધૂરી સાધના પૂર્ણ કરવા માટે જ ફરી પૃથ્વી પર આવ્યો છે! બાળપણથી જ તેઓશ્રીમાં સ્વાભાવિક સંસ્કારિતા જોવા મળતી હતી. તેનાથી વાણીમાં વિમલતા, દિલમાં કોમળતા અને વર્તનમાં વિનમ્રતાના ગુણો વિકાસ પામ્યા. યુવાનીના આંગણામાં પ્રવેશ પામતાં જ રાગની રાત ત્યાગીને વિરાગના પ્રભાત ભણી ડગ માંડ્યાં. સંયમ સ્વીકારવાનાં સોનેરી સોણલાં સેવવા માંડ્યાં. સૌમ્યમૂર્તિ પ.પૂ. રત્નશ્રીજી મહારાજના સમાગમે પોતાનાં માતુશ્રી સાથે સં. ૧૯૬૭ના મહા સુદ ૧૦ના શુભ દિને પરમ ઉપકારી પૂજ્યવર શ્રી જીતવિજયજીદાદાના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી શ્રી ચતુરશ્રીજી બન્યાં. દીક્ષાદિનથી કર્મો સાથે જંગ માંડીને સાધનાનો યજ્ઞ આરંભ્યો. પરિણામે પૂજ્યશ્રીના પાવન જીવનમાં અગણિત ગુણોની ગંગા વહી રહી. સંયમના સારભૂત શ્રદ્ધા-સમર્પણ અને આજ્ઞાપાલનના ગુણોને આત્મસાત્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવ્યા. આ ગુણોને લીધે જ ૨૫૦ ઠાણાનું સફળ સંચાલન કરતાં રહ્યાં. સમતા, સરલતા, સંયમ, નિઃસ્પૃહતા, નિઃસંગતા તપ, ત્યાગ, તિતિક્ષાના ત્રિભેટે શોભતું પૂજ્યશ્રીનું જીવન અનેક જીવો માટે અનુકરણીય, અભિનંદનીય એને અભિવંદનીય હતું.

પૂજ્યશ્રીમાં વાત્સલ્યભાવ અજબ હતો. સ્વ–સમુદાયના હોય કે પર સમુદાયના, નાના હોય કે મોટા, સૌ કોઈ પૂજ્યશ્રીની પ્રીતિના સમાનભાવે ભાજક બનતાં. અને તેઓશ્રીનાં દર્શન માત્રથી હિમગિરિનાં દર્શન સમી શીતળતાનો અનુભવ કરતા.

ગુરુકૃપા એ જીવનની સંજીવની છે, ગુરુકૃપા વિના સાધનામાં સફળતા ન મળે, ગુરુકૃપા વિના તારક યોગો મારક બની જાય, એવા વિચારો અને આચારોથી પૂજ્યશ્રીએ સાધના અને પ્રભાવનામાં અદ્‌ભુત પ્રગતિ કરી હતી. સંયમજીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં સાવધાન રહ્યાં હતાં. જયણાને જીવનમંત્ર બનાવ્યો હતો. સ્વાધ્યાયને શ્વાસોચ્છ્‌વાસ બનાવ્યો હતો. ફળસ્વરૂપ વિનય, વિવેક અને વૈયાવચ્ચ ગૌરવપૂર્ણ બન્યાં હતાં. વૈયાવચ્ચ તેઓશ્રીની અમૂલ્ય મૂડી હતી. વ્યાપારી જેમ લાભને ઝડપી લે, તેમ સેવાની કોઈ તક જતી કરતાં નહીં.

જેમણે જિંદગીભર જાતને જાગૃત રાખવા સાથે જગતને 'જાગતા રહેજો'ની અહાલેક જગાવી, પૂ. આણંદશ્રીજી મહારાજનાં સહાયક બની વર્ષો સુખી સંયમની સંપૂર્ણ સુવાસ ફેલાવી હતી, જેમનામાં આશ્રિતોને તૈયાર કરવાની ધગશ અને સંયમની સ્થિર કરવાની કળા અપૂર્વ હતી.

૪૯ વર્ષ સંયમજીવનનું સુંદર પાલન કરીને, સંયમજીવનના દિવ્ય વારસાને દીપાવીને, ચારિત્રની ચાંદની વરસાવીને, ચતુર્વિધ સંઘને શીતળતા બક્ષીને, વિરતિની વાટ બતાવીને એ શાસનનો સિતારો અસ્ત થયો ત્યારે અસંખ્ય ભાવિકોનાં અંતરમાં ઘેરો શૂન્યાવકાશ સર્જાયો હતો. એ દેદીપ્યમાન જ્ઞાનપુંજની આભા અહોરાત અનેકોનાં અંતઃકરણને અજવાળતી રહી છે. એક યોગાનુયોગ આ પ્રસંગે સાંભરે છે. અમદાવાદ પાલડી, પરિમલ ક્રોસિંગ પાસેનાં દર્શન બંગલે જૈનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ ભાવાચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થયો. એ જ બંગલામાં આપણાં ચરિત્રનાયિકા પૂજ્ય સાધ્વીવર્યા શ્રી ચતુરશ્રીજી મહારાજનો પણ કાળધર્મ થયો હતો.

સુશ્રાવક બાકુભાઈ શેઠનો એ બંગલો છે. એ શેઠશ્રી તેઓ શ્રીમદ્‌ના પરમ ભક્ત પરમ સમર્પિત સુશ્રાવક હતા તો એમનાં ધર્મપત્ની નારંગીબહેન પણ પૂ. શ્રી ચતુરશ્રીજી મહારાજ બિરાજમાન થયેલાં હતાં. તેઓ પ્રત્યે પરમ આદર ધરાવતાં હતાં. પરમ સમાધિના આદર્શને સમર્પનારાં બંને ગુરુવર્યોની પરમ સમાધિના અને અંતિમ આરાધનાના પુણ્ય પરમાણુઓ આ બંગલામાં પથરાયેલા છે. બંને ગુરુભક્ત શ્રાવક–શ્રાવિકા પણ સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા હતા. પૂજ્યશ્રીની આજ્ઞારૂપી ક્ષીરસની પ્રાપ્તિ સંસારની સમાપ્તિ સુધી થાય અને સૌની આત્મસંપત્તિ અને પરમ તૃપ્તિ વિકાસ પામતી રહો એ જ અભિલાષા. જ્ઞાનાદિ આરાધના દ્વારા અપૂર્વ આત્મતેજને પામવાનું સામર્થ્ય આપણામાં પ્રગટે, રાગાદિભાવોનાં અંધકાર સદાયને માટે ચિત્તરૂપી આકાશમાંથી પલાયન થઈ જાય તો જ તેની સાચી સફળતા માણી શકાય. પૂજ્યશ્રીનાં પાવન ચરણોમાં શતસહસ્ર વંદના!

—ચરણસંચરિકા સાધ્વીશ્રી ચંદ્રાનનાશ્રીજી

*ત્યાગ–વૈરાગ્ય અને તિતિક્ષાની મૂર્તિ પ્રવર્તિની*

## પૂ. સાધ્વીજીશ્રી હેમશ્રીજી મહારાજ

વયની સદી વિતાવવા સાથે સંયમના સાક્ષાત્ સાડા સાત દાયકા પસાર કરી ચૂકેલા શ્રમણ–શ્રમણી–શ્રમણી ગણની યાદી સેંકડો વર્ષના ઇતિહાસમાં પણ સાવ નાની છે. એવી જ નાની યાદીમાં પોતાનું નામ નોંધાવનારાં એક છે, પૂજ્ય સ્વનામધન્ય, નિઃસ્પૃહતાની ટોચે બિરાજમાન, પ્રવર્તિની સાધ્વીજીશ્રી હેમશ્રીજી મહારાજ, કે જેઓ 'સૂરિરામચન્દ્ર'ના સુવિશાળ ગચ્છના એક ભાગ સમા વાગડસમુદાયનાં ૧૯૪ શ્રમણી ભગવંતોનાં શિરતાજ હોવા સાથે ૬૭ વર્ષનો સંયમપર્યાય અને ૧૦૫ વર્ષનું આયુષ્ય ધરાવે છે. આટલી બુઝર્ગ વયે પણ અત્યંત પ્રસન્ન અને અપ્રમત્ત સાધક બની પ્રવર્તિની પદને શોભાવી રહ્યાં છે!!

વિ.સં. ૧૯૫૯ના વૈશાખ સુદ–૬ના મંગળ દિને સવારના સમયે પિતા લાલભાઈના કુળમાં અને માતા મણિબહેનની રત્નગર્ભા કુક્ષિએ એક અણમોલરત્નને જન્મ આપ્યો. 'હીરાબહેન' નામાભિધાન થયું. બીજું નામ જાસુદબહેન પણ હતું. 'યથા ગુણ તથા નામ' આ ઉક્તિને સત્ય પુરવાર કરનાર આ નામ હતું. બાલ્યાવસ્થાથી સંપત્તિથી સંપન્ન અને શોખીન હોવા છતાં મધુરભાષી હતાં. ભાષામાં મધુરતા હતી, તો સ્વભાવમાં લજ્જા હતી. પૂર્વભવમાં જીવદયા સારી પાળી હશે તેથી સુંદર રૂપ–પંચેન્દ્રિયની પરિપૂર્ણતા, સારું આરોગ્ય, પ્રશંસનીયતા વગેરે સહજ હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ્યાવસ્થામાં જ માતાનો વિયોગ થયો. માતાનું છત્ર ગુમાવવા છતાં દાદીમાએ ઉછેરની સાથે સંસ્કારોનું સુંદર સિંચન કર્યું. સોળ વર્ષની ઉંમરે લગ્નના બંધનથી પિતાદિ સ્નેહીજનોએ બાંધ્યાં. શ્વસુરપક્ષમાં સુખસાહ્યબીમાં પણ ધર્મનું વાતાવરણ વિશેષ હોવાથી શ્રાવકજીવનને દીપાવનારાં, પાયાનાં અલંકાર સમાં જિનપૂજા અને જિનવાણી-શ્રવણ રોજનું કર્તવ્ય થયું. પછી તો એ બંને ચીજો વ્યસન બની ગઈ. એમાં વ્યાખ્યાન-વાચસ્પતિ પૂજ્યપાદ મુનિપ્રવર શ્રી રામવિજયજી મ.ના માર્ગનો સચોટ બોધ કરાવતાં, આત્માને વૈરાગ્યના રંગે રંગી નાંખનારાં, ભવ્યજીવોમાં આત્મવિબોધક, સંસારશોષક, ધર્મપોષક, મર્મવેધક, તત્ત્વજ્ઞાનને જણાવનારાં, સત્ત્વને જગાડનારાં ચોટદાર-ધારદાર પ્રવચનોનું પીયૂષપાન મળ્યું.

યોગાનુયોગ ધર્મભૂમિ રાજનગરમાં બિરાજમાન કરુણાના અમાત્ર-પાત્ર, ચરણથી પવિત્રગાત્ર, વાગડ સમુદાયનાં પૂ. સાધ્વીજી ચરણશ્રીજી મ.ના પરિચયમાં આવ્યાં. જિનવાણીના શ્રવણ દ્વારા પેદા થયેલા વૈરાગ્યબીજને વાસ્તવમાં પલ્લવિત કરનાર વિશિષ્ટ પ્રેરણા મળી.

સંયમી દીર્ઘતપસ્વી, દીર્ઘજીવી આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી (બાપજી) મહારાજાના વરદહસ્તે, રાજનગર આભૂષણતુલ્ય, તીર્થસમાન શેઠ હઠીસિંગ કેસરીસિંગની વાડીમાં રજોહરણની પ્રાપ્તિ થઈ. વિ.સં. ૧૯૮૭ના માગસર વદના શુભદિવસે સંસારના પાંજરામાંથી હીરાબહેનને મુક્તિ મળી. સંયમના નીલગગનમાં વિહરવાનો મનોરથ પૂરો થયો. તે સમયે સમુદાયનાં સુકાની પૂ.સા. શ્રી ચતુરશ્રીજી મ. હતાં.

દીક્ષા સ્વીકારવાનો ઉદ્દેશ ધ્યાનમાં હોવાથી પહેલા જ દિવસથી વિનય-વિવેક-નમ્રતા-સરળતા-સમતા-ભક્તિ-વૈયાવચ્ચ-જ્ઞાનસ્વાધ્યાય વગેરે ગુણોને આત્મસાત્ કરવામાં લાગી ગયાં. પંચાચાર આદિ સદાચારોથી મૂક ઉપદેશક પણ બન્યાં. પોતાનાં ઉપકારી પૂજ્યો પ્રત્યે ભક્તિભાવ, બહુમાનભાવ અને અહોભાવ દાદ માગે તેવો હતો. તેથી જ પોતાની લઘુતા દર્શાવવામાં ક્યારેય અચકાયાં નથી. એના જ યોગે વડીલોનાં હૃદય-સિંહાસનમાં વાસ મેળવવા પૂર્વક 'ધન્યાતિધન્ય શિષ્યા' બની ગયાં.

અનશન તપમાં વિશેષ પ્રગતિ ન કરી શકનાર તેઓશ્રી હંમેશાં આત્મનિંદક બનીને રહ્યાં છે, પણ ઊણોદરી-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ-કાયક્લેશ-સંલીનતાવચ્ચ-જ્ઞાનસ્વાધ્યાય વગેરે બાહ્ય-તપથી અનશનની ઊણપને દેખાવા નથી દીધી. બાહ્યતપની સાથે અભ્યંતરતપથી એટલે કે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગાદિ ધ્યાનના અલંકારોથી આત્માને ખૂબ જ સજાવ્યો છે.

સંયમના ૬૭ વર્ષ સુધી તમામ મેવા-મિષ્ટાન્ન-કડા વિગઈ-ફ્રૂટ વગેરેના ત્યાગથી જીવનને મઢ્યું જ હતું. પરંતુ પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના કાળધર્મ પછી ત્યાગના તેલથી જીવનદીપને વધુ ઝળહળતો બનાવ્યો.

૧૦૫ વર્ષની વયે પણ પંચાચારનું પાલન અપ્રમત્તપણે કરી રહ્યાં છે. વિશિષ્ટ ત્યાગ અને મર્યાદાયુક્ત જીવન જીવવા સાથે શારીરિક-માનસિક સ્વસ્થતાપૂર્વક, મોટાભાગે આરોગ્યની અનુકૂળતાવાળું સંયમજીવન જીવી રહ્યાં છે. ગુરુજનોની કરેલી વૈયાવચ્ચ-ભક્તિના પ્રભાવે ઊભા થયેલા પુણ્યથી તેઓશ્રીની સેવા પણ શ્રમણીવૃંદ દ્વારા એવી જ સુંદર પ્રેરણાબળ પૂરું પાડે છે. સંયમ દ્વારા મેળવેલી આત્મમસ્તી તેઓશ્રીના મુખ ઉપર તરતી દૃષ્ટિગોચર થાય છે.

લઘુતાને તેઓ પચાવી ચૂક્યાં છે. 'बालादपि हितं ग्राह्यम्'- એ નીતિને આત્મસાત્ કરી છે. હિતકારી વાત બાળકની (નાનાની) પણ હોય તો સહજતાથી સ્વીકારી લે છે. એમાં ક્યારેય મોટાઈ નડતી નથી, હિચકિચાટ હોતો નથી! આજ્ઞાપાલનથી વડીલોનાં-પૂજ્યોનાં દિલને જીતનારાં છે તો નિર્વ્યાજ વાત્સલ્યના દાનથી નાનાઓનાં દિલને જીતનારાં છે.

સમગ્ર સંસારની જડ સમાં રાગ-દ્વેષને બરાબર ઓળખી લીધા હોવાથી હિતશિક્ષા આપતાં-શ્રમણીગણને ખાસ કહે કે- "રાગ-દ્વેષની પરિણતિને ઘટાડવા શ્રમણજીવન સ્વીકાર્યું છે તે ભૂલશો નહીં." આ રાગ-દ્વેષને ઉપદેશમાળામાં મોટા દોષો ગણાવ્યા છે. એમાં જણાવ્યું છે કે-"આ જીવ જો સમ્યગ્દર્શન ન પામતો હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી સંવેગ ન આવતો હોય અને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં રાચતો હોય તો એ દોષ રાગ-દ્વેષનો છે. શાસ્ત્રના આવા પદાર્થોને પચાવે ત્યારે જ પરિણતિ ઘડાય છે. આવી પરિણતિ જ મોક્ષ પામવા માટે પરમ આવશ્યક અને અનિવાર્ય છે."

'ઇન્દ્રિયો ચોર છે' આ વાતને હૈયામાં કોતરી રાખનારાં આ શ્રમણીનેતાએ ઇન્દ્રિયોને ખૂબ જ કાબૂમાં રાખી છે. જેના કારણે ખાવા-પીવામાં કે અન્યમાં ઇન્દ્રિયોની ગુલામી ક્યાંય ડોકાતી નથી! અલબત્ત, ઇન્દ્રિયોનો સદુપયોગ કરવાના યોગે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૫ વર્ષની પાકટવયે પણ તમામ ઇન્દ્રિયો સતેજ છે. સુખશીતલતાને જીવનમાં ક્યાંય અવકાશ નથી આપ્યો. સંથારામાં ઉંમરના કારણે વધુ ઉપાધિનો ઉપયોગ કરવો પડે તે પણ તેમને ખટકે છે. એ માટે ક્યારેક હૈયાવરાળ પણ સાંભળવા મળતી હોય છે. આંતરિક સભાનતા–સજાગતાનું આ પ્રતીક છે.

પૂ. સાધ્વીજી શ્રી હેમશ્રીજી મ. હીમ જેવાં શીતલ છે તો હેમ જેવાં નિર્મળ સ્વચ્છ છે. સુવર્ણવર્ણી દેહછબી છે તો ચમકતી શાંતિ ચહેરા ઉપર છે. ચન્દ્ર જેવું સૌમ્યવદન છે.

ઓછું પણ અવસરે–અસરકારક–માર્મિક–વેધક બોલવું.. છતાં હિતકર અને દ્વેષ ઊભો ન થાય તેવું બોલવું એ તેઓની આગવી વિલક્ષણતા છે. નિર્મળ સંયમજીવન એ તેઓનો વ્યક્તિ પરિચય છે. કરુણાપૂર્ણ દૃષ્ટિએ જેઓના દરિયાઈ દિલનો પરિચય છે. ક્રિયાની અપ્રમત્તતા એ જિનાજ્ઞાની વફાદારીનો અને સમ્યગ્દર્શનની નિર્મળતાનો પરિચય છે. જ્ઞાન–સ્વાધ્યાયની રસિકતા એ આંતરિક પરિણતિનો પરિચય આપે છે. વધારે તો શું કહીએ? તેઓના ગુણો ગાવા માટે કાગળ અને કલમ વામણાં લાગે છે.

પૂજ્યશ્રીનું જીવન એક વટવૃક્ષ સમું ગુણસમૂહની શાખા–પ્રશાખા, પત્ર–પુષ્પાદિથી સમૃદ્ધ છે. તેઓ પાસે આવનારને કંઈક વિશિષ્ટ જ અનુભૂતિ થાય છે. પૂજ્ય મહારાજજીનો ભદ્રક સ્વભાવ, સહજ સદા ખીલતા કમળ જેવું વદન, વિશાળ ભાવ, કરુણામૃત ઝરતાં નયનો, સુકોમળ વરદ કરકમલ, નાજુક–નમણું શરીર......આ બધું અન્યને શાતા આપનારું, સમાધિ આપનારું, સમતામાં ઝીલાવનારું, અધ્યાત્મની ચેતનાને જગાડનારું, વાત્સલ્યનું અમીપાન કરાવનારું છે!

તેઓ ઘનિષ્ટ ત્યાગ અને તિતિક્ષાની મૂર્તિ છે. વિશિષ્ટ સંયમમૂર્તિ છે. બલિષ્ઠ સમાધિમૂર્તિ છે. ઉત્કૃષ્ટ આરાધકમૂર્તિ છે. પ્રકૃષ્ટ પ્રેરણામૂર્તિ છે. તારક આજ્ઞાપાલક મૂર્તિ છે. ગુણાનુરાગની મૂર્તિ છે. તેઓને દુઃખની આહ નથી, સુખની ચાહ નથી. કીર્તિની કામના નથી, યશની ચાહના નથી, પદનું પ્રલોભન નથી, સન્માનનું આકર્ષણ નથી, અપમાનની અકળામણ નથી. હા, પાપની આહ છે, ધર્મની ચાહ છે, મુક્તિની કામના છે, ગુણોની ચાહના છે. આજ્ઞાપાલનનું પ્રલોભન છે. ગુણોનું આકર્ષણ છે. દોષોની અકળામણ છે છતાં જેઓ શાંત–પ્રશાંત–ઉપશાંત બનીને શ્રમણતત્ત્વના ઉદ્યાનમાં વિચરી રહ્યાં છે.

આ ગુરુણીની સૌભાગી નિશ્રામાં, તેઓશ્રીના લઘુ–ગુરુભગિની પરમવિદુષી, યોગ–ક્ષેમકુશળ પૂ. સાધ્વીજી શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ. જેવાં જ્ઞાની–ધ્યાની–આદર્શ–અગ્રગણ્ય શ્રમણીરત્ન છે તો બીજી તરફ વર્ધમાનતપની પૂર્ણાહુતિ કરનાર અને પૂર્ણતાના આરે પહોંચનાર તપસ્વી શ્રમણીરત્નો છે. તે જ રીતે જ્ઞાન–ધ્યાનમગ્ન, સેવા–વૈયાવચ્ચાદિ દ્વારા અહોભાવ જગાડનારાં શ્રમણીરત્નો પણ છે.

આવા વિરલવિભૂતિ સમા, વિશિષ્ટ ગુણનિધિ પૂ. ગુરુણીજીનાં પાવન ચરણકમલમાં કોટિ કોટિ વંદન......અનંત અનંત નમન.

## પ્રવર્તિની પૂ. સાધ્વીજીશ્રી હંસશ્રીજી મ.

જૈનશાસનના વિશાળ પટાંગણમાં શોભતા સુરિરામના 'આરામ' માં અનેક આરાધકોનાં આમ્રવૃક્ષો આરાધનાની ઘેઘૂર ધરાથી શોભી રહ્યાં છે. તેમાં શોભતાં સાધનાના સુરવૃક્ષ સમા સાધ્વીશ્રી હંસશ્રીજી મહારાજ પોતાની સાધના સૌમ્યઆભા–સુપ્રસન્નતા–સ્વાધ્યાય મગ્નતા–સદામૌન પ્રાયઃ વૃત્તિ આદિ પોતાની આગવી ગુણસમૃદ્ધિ દ્વારા શ્રમણીવૃંદમાં એક વિશિષ્ટ અસ્મિતા ધરાવતાં હતાં.

ગરવા ગૌરવ દેશમાં ગૌરવવંતા છાણી ગામમાં પુણ્યવાન પિતા હિંમતલાલ તથા માતુશ્રી મંછાબહેનની રત્નકુક્ષિએ જન્મીને તેઓએ નામ ધારણ કર્યું હસમુખબહેન!

જિન જિનાજ્ઞા અને જિનાજ્ઞાનુસારી સાધુસાધ્વીજી ભગવંતોએ હસમુખબહેનની મોહમસ્તીને મહાત કરી નાખી તેમાં પણ સા. શ્રી દર્શનશ્રીજી મ.નાં સૌમ્યદર્શનથી તો જાણે તેઓ સમ્યગ્દર્શનમાં સફળતા પામી ચૂક્યા! સંસારમાં સુસ્તી કર્મ સાથે કુસ્તી અને મોક્ષની મસ્તી આ ત્રિભેટે ઊભેલાં મુમુક્ષુ હસમુખબહેન શ્રી દર્શનશ્રીજી મ.નાં આશિષ મેળવી, સંસારના શણગાર ઉતારી અણગાર જીવનના શણગાર સજી, સા. હંસશ્રીજી મ. નામ ધારણ કરી મહાપુરુષોનાં મહિમાશાળી આશિષ પામી તેઓ પૂ. સા. શ્રી દર્શનશ્રીજી મ.નાં શિષ્યા બની સંયમજીવનમાં પ્રવેશ્યાં.

મૌનમુદ્રા એ તો જાણે તેઓશ્રીનો મુદ્રાલેખ બની ગયો અને અપ્રમત્તભાવ એ તો જાણે તેઓશ્રીનું અપરનામ બની ગયું!

સંયમપર્યાયની વૃદ્ધિની સાથે પરિણામની વૃદ્ધિ પણ આત્મસાત્ કરતાં સા. હંસશ્રીજી મ. સમુદાયમાં એક અદના આરાધક તરીકે પંકાયાં. ગુરુજનની સેવામાં સદા સમર્પિત રહેનારા આ સાધક મહાત્માને સ્વયં ગુરુતા પ્રાપ્ત થવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ શિષ્યા અને ચાલીશ આસપાસ શિષ્યા-પ્રશિષ્યા આશ્રિતોનો વિશાળ પરિવાર ધરાવનારાં આ સાધ્વીવર્યા આગળ વધીને એક પાવનીય પળે પ્રવર્તિનીના પાવનકારી પદે પ્રસ્થાપિત થયાં અને પૂજ્યપાદ ભારતવર્ષાલંકાર જૈનશાસનના દિવ્યજ્યોતિર્ધારી તપાગચ્છાધિરાજ સૂરિચક્રચક્રવર્તી આ. ભ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મહારાજાધિરાજાના સુવિશાળ-સુવિશુદ્ધ અને સુવિખ્યાત સમુદાયમાં એક અગ્રગણ્ય અનુપમ આરાધક, આદરણીય સ્થાને શોભાવનારાં એક શ્રેષ્ઠશ્રમણીના સ્વરૂપમાં ઝળહળી રહ્યાં હતાં.

છેલ્લાં ૧૬ વર્ષથી તેઓશ્રીના પગની શારીરિક તકલીફના કારણે બૃહદ્‌સાધ્વીગણ તેઓશ્રીને ખુરશીમાં બેસાડી ખભે ઉપાડી અને વિહારાદિ કરાવતાં-ખુરશી ઉપાડવા માટે પણ સાધ્વીગણ પડાપડી કરતાં.....અરે.....શત્રુંજયગિરિરાજની યાત્રા પણ સ્વયં સાધ્વીવૃંદે ખુરશીમાં ઉપાડીને ઘણી કરાવી છે. આ ખરેખર! તેઓનું અજબ-ગજબનું પુણ્ય સાથે નિસ્પૃહતા પણ અપરંપાર હતી.

આવા અનેકાનેક ગુલાબોથી મઘમઘતા જીવનઉપવનનાં સ્વામી, ૨૫૦થી વધુ અંક ધરાવતા વિશાળ શ્રમણીવૃન્દનું સુસફળ નેતૃત્વ અદા કરતાં પૂ. સા. શ્રી હંસશ્રીજી મહારાજ પોતાના શિષ્યાવૃન્દથી વહન કરતાં અમદાવાદ-સાબરમતી સૂરિરામ-સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગને નજરે નિહાળવા પધાર્યા હતાં પરંતુ આયુષ્યનો કોઈ ભરોસો નથી. પ્રતિષ્ઠા પૂર્વે જ પો. વદ ૭+૮ ના તેઓ સુવિશાળ ગચ્છનાયક પૂ. આ. ભ. શ્રી મહોદયસૂરીશ્વરજી મહારાજાની પાવન છત્રછાયામાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામી ગુરુભક્તિનો એક આદર્શ ઇતિહાસ રચી ગયાં. ધન્ય હો સાધ્વીરત્ના પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ. ને!

*પ.પૂ. પ્રવર્તિની સાધ્વીજી*

## શ્રી રોહિતાશ્રીજી મ.સા.

ધર્મનગરી અમદાવાદમાં વિ.સં. ૧૯૬૭ના આસો વદ ૧૨ (વાઘબારસ)ના દિને જન્મ થયો. વાઘ જેવી શૂરવીરતા દ્વારા કર્મ સત્તાને ધૂળ ચાટતી કરી દેવાના લક્ષણ સાથે જાણે જન્મ્યા ન હોય! માતા ચંદનબેનના ખોળે અને પિતા રૂપચંદભાઈના હાથે રમેલી ઉછરેલી આ બાળકી મંજુલા ઉત્તરોત્તર ધર્મ સંસ્કાર પામ્યા. ગુણોમાં ઉદાતા, સહૃદયતા અને ગંભીરતા તો જાણે સાથે લઈ આવ્યા ન હોય!!

બગીચાની માખી ઉકરડામાં બેસી શકે નહીં તેમ વિરાગની વાટે સંચરવા જન્મેલો આત્મા રાગના ખાબોચિયામાં ડૂબી કેમ શકે? કુટુંબીના આગ્રહવશે સંસારના બંધનમાં બંધાવા છતાં સતત સંઘર્ષરત રહી સ્વજનોની અનુમતિ મેળવી વિ.સં. ૨૦૦૨ વૈશાખ સુદ ૧૧ વડોદરા મુકામે પ.પૂ. સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી મ. (ડભોઈવાળા)ના ચરણોમાં જીવન સમર્પિત કરી. સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી મ. બન્યા. અષ્ટ પ્રવચનમાળાનું પાલન, મહાવ્રતોમાં સાવધાની અને જ્ઞાનાદિમાં સતત લીન બન્યા.....અત્યંત સરળ સ્વભાવ, ભદ્રિક હૃદય, સદા પ્રસન્ન મન એમની અનેરી પહેચાન બની છે. કાળક્રમે બીજમાંથી વડલો પેદા થાય તેમ ૮૦ થી અધિક શિષ્ય-પ્રશિષ્યાઓના સમુદાયના સર્જક અને સંવર્ધક બન્યા. શિષ્ય-પ્રશિષ્યાઓના બાહ્ય-આભ્યંતર જીવનના ઉત્તમ શિલ્પી બની રહ્યા. હિતશિક્ષા કે ઠપકો પણ એવી મધુર રીતે આપે કે સાંભળનારની પ્રસન્નતા સહેજ પણ ઘટે નહીં. માતાનું વાત્સલ્ય અને પિતાનો પ્રેમ બન્ને વરસાવનારા તેઓ મહાત્માઓની ભક્તિ માટે સદૈવ તત્પર રહેતા. આરાધના અને ઉપયોગમાં સતત અપ્રમત્તભાવે રમતા. તે જ પ્રમાણે સ્વ-પરની સમાધિ માટે ખૂબ જ સાવધાન રહેતા. અનેક નાની-મોટી વા વગેરેની બિમારીઓ વચ્ચે પણ સહનશીલતાના યોગે અપૂર્વ સમાધિભાવ અને પ્રસન્નતા ઝળકતા જોવા મળતા. પુણ્ય-પ્રભાવ અને પ્રતિભા પણ જબરદસ્ત.....શારીરિક પ્રતિકૂળતાના યોગે છેલ્લા ૧૦ વર્ષથી પિંડવાડામાં જ સ્થિરવાસ રહેવા છતાં નિઃસ્પૃહતાના યોગે સંઘના તમામ સભ્યોના ઉછળતા બહુમાન ભાવને પ્રાપ્ત કર્યો હતો.

આવું પંચાચારમય જીવન જીવી ૯૧ વર્ષે પિંડવાડા મુકામે વૈશાખ સુદ ૧૦ તા. ૨૧-૫-૨૦૦૨ના સમાધિમય રીતે સ્વર્ગવાસ પામ્યા. પંચાચારમય જીવન જીવી જનારા સાધ્વીરત્નાના ચરણોમાં ભાવભર્યા વંદન.

*પ.પૂ. વિદુષી સાધ્વીજી*

## શ્રી રોહિણાશ્રીજી મહારાજ

સ્થંભન તીર્થની પુણ્યભૂમિમાં માતુશ્રી મણિબહેનની કુક્ષિએ વિ.સં. ૧૯૭૦માં જન્મ થયો. પૂર્વભવના તથા માતુશ્રીના ગળથૂથીના સંસ્કાર તથા પૂજ્ય ગુરૂ ભગવંતોના પ્રવચન અને શ્રવણથી, સાધ્વીજી ભગવંતોના સત્સંગના પ્રભાવે ધર્મશ્રદ્ધા દૃઢ બની. આચારોનું પાલન ચુસ્તપણે કરતા.

મોહાધીન પરિવારજનોએ દીક્ષાની ભાવના જોતાં ૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષની બાલ્યવયમાં લગ્નના બંધને બાંધી દીધા પરંતુ વિધિના લેખ જુદા હતા. ૧૪ મહિનામાં વૈધવ્ય આવ્યું. સંસારની અનિત્યતાનું ભાન થયું. વૈરાગ્યનો રંગ ઘેરો બન્યો. પરંતુ સસરાજીએ સંયમ માટે રજા ન આપી. ઘણી મહેનત, ત્યાગ અને સત્ત્વને વિકસાવતા ૩૨ વર્ષની ઉંમરે રજા મળી. વિ.સં. ૨૦૦૨, વૈ.વ. ૧૦ ખંભાતમાં પ.પૂ.આ. શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજના હસ્તે પૂ. કલ્યાણશ્રીજી મ.ના શિષ્યા બન્યા. તપ, ત્યાગ અને જ્ઞાનનો ત્રિવેણીસંગમ રચાતા પ.પૂ.આ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાદૃષ્ટિ મળી અને વૈરાગ્ય તેમજ સંયમપાલનમાં ઉત્તરોત્તર દૃઢ બન્યા.

વિ.સં. ૨૦૧૮માં શ્રમણી જીવનના વિશેષ યોગક્ષેમ માટે પ.પૂ.આ. શ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજને સંયમ જીવનરથના સારથી બનાવાયા, ત્યારથી તો સંયમજીવનનો સૂર્ય મધ્યાહ્ને તપવા લાગ્યો.

શિષ્યાપરિવાર વધતા ગુણોની વૃદ્ધિ તેમજ આશ્રિતોના જીવનમાં સંયમ, વૈરાગ્ય, જ્ઞાન, તપ આદિ વધે તે માટે અનેક નિયમોના પાલન વધાર્યા. ગુજરાત–મહારાષ્ટ્ર–રાજસ્થાન આદિ સ્થળોએ વિહાર કરી અનેકને ધર્મપિયુષના પાન કરાવ્યા. ૪૨ વર્ષના દીક્ષા પર્યાયમાં ૪૨ શિષ્યા–પ્રશિષ્યાનો પરિવાર છતાં એજ નિખાલસતા, વિનય, વિવેક, આજ્ઞાપાલન, સહનશીલતા, ઔદાર્ય, ગાંભીર્ય અને સવિશેષ તો સંયમ જીવનની અત્યંત જાગૃતિ હતી. તેથી જ માંદગીમાં રાત્રે નિદ્રામાં પણ પ્રતિક્રમણ, પ્રતિલેખન, ક્ષમાપના આદિ ચાલુ રહેતા. કેવી સમાધિમરણની તીવ્ર ઝંખના!

આદર્શ સંયમજીવન જીવનારા આ શ્રમણીરત્ના અમલનેર મુકામે વિ.સં. ૨૦૪૪ મહાસુદ ૧૩–અસહ્ય માંદગીમાં પણ અપૂર્વ સમાધિ મરણ પામી ગયા. ધન્ય સંયમ! ધન્ય સંયમી!

## વાત્સલ્યનિધિ પૂ. સાધ્વીજી શ્રી નિર્મમાશ્રીજી મહારાજ



જૈન શાસનના ગૌરવવંતા ઇતિહાસમાં શ્રમણ ભગવંતોની જેમ શ્રમણીરત્નોનું પણ અનુપમ યોગદાન રહેલું છે.

અનેક શ્રમણીરત્નોએ જિનશાસનની અનુપમ આરાધના સાધના કરીને ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. વર્તમાનમાં પણ અનેક શ્રમણીરત્નો ઉત્કૃષ્ટ સાધના કરી શાસનની રક્ષા પ્રભાવનાના ગૌરવવંતા ઇતિહાસમાં સૂક્ષ્મ બળ પૂરું પાડી રહ્યાં છે.

પૂજ્યપાદ જિનશાસન શિરતાજ તપાગચ્છાધિરાજ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં પરમ વિદુષી પૂ.સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ.નાં શિષ્યારત્ના અને પૂ. સા. શ્રી જયાશ્રીજી મ.ના લઘુ ગુરુભગિની વાત્સલ્યનિધિ પૂ.સા. શ્રી નિર્મમાશ્રીજી મહારાજ ત્રેવીસમા તીર્થપતિ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનના તીર્થની સુવિખ્યાત સુથરી (કચ્છ)ની પુણ્યભૂમિના વતની અને વ્યવસાયાર્થે બરગડા (કેરળ)માં વસતા શ્રેષ્ઠી શ્રીમાન્ પદમશીભાઈ અરજણ ધરમશીનાં સૌભાગ્યશાલિની ધર્મપત્ની અ.સૌ. નેણબાઈની કુક્ષિએ વિ.સં. ૧૯૯૬ મહા વદ ૯ના મંગળ દિવસે તેમનો જન્મ થયો. છ છ ભાઈઓ અને ચાર ભગિનીઓની મધ્યમાં શોભતાં નવલબહેન બાલ્યાવસ્થાથી જ શાંત પ્રકૃતિના હતા. વિશાળ પરિવારમાં સૌના સ્નેહનું ભાજન બનેલા નવલબહેન ૧૩ વર્ષની બાલ્યવયે સાંધવ (કચ્છ)ના વતની અને વ્યાપારાર્થે કલકત્તા જેવા પૂર્વના પ્રદેશમાં વસતા શ્રીયુત શિવજીભાઈ શામજીભાઈ લોડાયાના સુપુત્ર શ્રી ધનજીભાઈ સાથે લગ્નગ્રંથિએ જોડાયાં.

બાલ્યાવસ્થાથી જ ધર્મની ભાવના હોવા છતાં બરગડા (કેરળ), કોચીન, કલકત્તા જેવાં ક્ષેત્રોમાં વરવાટ હોવાના કારણે શ્રમણ શ્રમણીગણના સમાગમના અભાવે વિશેષ ધર્મ આરાધના જીવનમાં ન'તી–છતાં પણ સરળતા, ઋજુતા, ઉદારતા, પરોપકાર પરાયણતા આદિ ગુણોથી તો તેમનું જીવન હર્યુંભર્યું હતું. શ્વસુર પક્ષમાં પણ બધાંના માટે સ્નેહનું ભાજન બન્યાં.

વિ.સં. ૨૦૦૧માં મોટા સુપુત્ર ગુલાબકુમારનો જન્મ બડગરા (કેરાલા)માં થયો હતો. વિ.સં. ૨૦૦૭માં નાના સુપુત્ર કિશોરકુમારનો જન્મ કલકત્તા મહાનગરમાં જ થયો. નાના સુપુત્રના જન્મ બાદ તેમના દેહમાં અસાધ્ય વ્યાધિ લાગુ પડી ગયો. બોર્ન ટી.બી.નું ભયંકર દર્દ, અસહ્ય વેદનાની વચ્ચે પણ ત્રણ ત્રણ વર્ષ સુધી એ વેદનાને સમાધિપૂર્વક સહન કરી....એ દર્દની વચમાં બે ત્રણ વાર તો લકવાના હુમલા પણ આવી ગયેલા.

ભર યૌવન વયે અસહ્ય વ્યાધિ સહેનાર નવલબહેનની તે સમયે તો એવી સ્થિતિ હતી કે જોનારા પણ એવું જ અનુમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે કે આ તો હવે થોડા દિવસોના જ મહેમાન છે......!

ત્યારે કોને કલ્પના હતી કે આ આત્મા આ જ ભવમાં વર્ષોનાં વર્ષો સુધી નિર્મળ ચારિત્રનું પાલન કરવાનો છે!

ધનજીભાઈની અપૂર્વ મહેનત અને પૂર્વના પુણ્યોદયના કારણે ત્રણ વર્ષ બાદ એ વ્યાધિ શાંત થયો. વિ.સં. ૨૦૧૧માં સુપુત્રી ઇન્દિરાબહેનનો જન્મ થયો. એ જ અરસામાં વિ.સં. ૨૦૦૯માં કલકત્તા મહાનગરમાં જિનવાણીના જગમશહૂર જાદુગર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાની પધરામણી થઈ. પૂજ્યશ્રીનાં પ્રવચનોની પ્રેરણા ઝીલી. ધનજીભાઈએ પોતાની જીવનનૈયા ધર્મના માર્ગે વાળી. ત્યારે ધર્મપત્ની નવલબહેને પણ સાચા અર્થમાં ધર્મપત્ની બની પતિની પડખે રહીને પોતાના અને સંતાનોના જીવનને ધર્મના સુસંસ્કારોથી સમૃદ્ધ બનાવ્યું. ધર્માત્મા ધનજીભાઈ જીવનમાં જે જે આદર્શો રાખતા ગયા તે બધામાં સુશ્રાવિકા નવલબહેનનો અપૂર્વ સહયોગ રહ્યો. પ્રતિદિન ઘરમાં ૧૦-૧૫-૨૦-૨૫ સાધર્મિકો આવે એમની ભક્તિ નવલબહેન હૃદયના અનેરા ઊમળકાથી કરતા હતા. સુપાત્રદાનની તમન્ના હરહમેશ તેમને રહેતી હતી. વિ.સં. ૨૦૧૨થી માંડીને વિ.સં. ૨૦૧૯ સુધીના પ્રત્યેક ચાતુર્માસોમાં પૂ.આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂરિ મ.સા.ની નિશ્રામાં જુદાં જુદાં સ્થાનોમાં રહીને પોતાનું રસોડું ખોલીને સાધુસાધ્વી શ્રાવકશ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની ઉમદા ભક્તિ કરતાં હતાં. વિ.સં. ૨૦૧૯માં સપરિવાર દીક્ષા અંગીકાર કર્યા બાદ પૂજ્યશ્રીના સમુદાયવર્તી પરમ વિદુષી પૂ.સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. પરમ વિદુષી, કવયિત્રિ, સાધ્વીજી ભગવંત હતાં. તેમણે રચેલાં સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો આદિ જાણે પૂર્વના મહાપુરુષોએ રચેલાં ન હોય એવો અપ્રતિમ ભાવ તેમની રચનામાં ઊભરાય છે.

દીક્ષા લીધા પછી નવલબહેનમાંથી નિર્મમાશ્રીજી મ. બનેલા સાધ્વીજી ભગવંત વાસ્તવમાં હવે બધાંથી નિર્લેપ બની ગયાં.

સંસારીપણામાં ઉત્કૃષ્ટ સુખી કહી શકાય તેવું જીવન હોવા છતાં સંયમાવસ્થામાં આવીને પોતાના ગુરુણીજી તથા વડીલ ગુરુભગિનીઓના હૃદયમાં વિનય, નમ્રતા, સરળતા ભક્તિ આદિ ગુણોના કારણે સમુદાયમાં બધાંનાં પ્રીતિપાત્ર બન્યાં.

વડીલ ગુરુભગિની પૂ.સા. શ્રી જયાશ્રીજી મ., પૂ. સા. શ્રી ચિંતામણિશ્રીજી મ. આદિ બધાની સુંદર ભક્તિ કરી સમુદાયમાં અમદાવાદ જેવા શહેરમાં સખત ગરમીના દિવસોમાં દૂર દૂર પણ ગોચરી જવામાં હંમેશાં તૈયાર જ હોય.

દીક્ષા ગ્રહણ બાદ પોતાના સંસારી પતિ, પુત્રો આદિની પણ મમતા ઉતારી નાખી. પૂ. પરમગુરુદેવ આ.ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પણ તેમના ગુણોની અનુમોદના કરતા હતા. તેમના સંસારી સુપુત્ર મુનિ શ્રી ગુણશીલ વિજયજી (વર્તમાનમાં આચાર્ય)ને પૂજ્યશ્રીજી ઘણીવાર કહેતા હતા "તારી માતાએ તમારા બધાની પણ મમતા ઉતારી નાંખી છે વાસ્તવિકતામાં એ નિર્મમ છે." પોતાના સંસારી સુપુત્રી બાલસાધ્વી શ્રી ઇન્દુરેખાશ્રીજીનું ઘડતર વડીલોની નિશ્રામાં ખૂબ સુંદર કર્યું જેના પરિણામે તેઓ આજે ૧૨ શિષ્યાપ્રશિષ્યાઓનાં ગુરુણીજી છે.

વિ.સં. ૨૦૨૩માં પોતાના ગુરુ સા. શ્રી લક્ષ્મીશ્રીજી મ. કાળધર્મ પામતાં વડીલ ગુરુભગિની પૂ. સા. શ્રી જયાશ્રીજીની નિશ્રામાં તેમને જ ગુરુવત્ માનીને પૂર્ણ સમર્પિત બનીને તેમના જીવનના અંત સુધી તેમની પણ પૂર્ણ કૃપા મેળવી.

તેમની સેવામાં એવા તત્પર હતા કે પોતાના સંસારીપણાના પતિદેવ અને સુપુત્રની મુંબઈમાં ગણિ-પંન્યાસ પદવી પ્રસંગે સંસારીજનોનો આગ્રહ ખૂબ જ હતો પણ એ પ્રસંગે પણ ગુરુસેવાને ગૌણ કરીને પધાર્યા નહીં.

વિ.સં. ૨૦૪૧માં તપસ્વીરત્ન પૂ. મુનિ શ્રી ભદ્રશીલ વિ.મ. સપરિવાર કલકત્તા સંઘ તથા સ્વજનોની આગ્રહભરી વિનંતીથી તે તરફ પધાર્યા ત્યારે પણ ગુરુનિશ્રા ગુરુસેવાને જ મુખ્ય લક્ષ્ય બનાવી ત્યારે પણ પૂ.સા. શ્રી જયાશ્રીજી મ.ની નિશ્રામાં જ રહ્યાં.

આજે પણ ૭૬ વર્ષની જૈફ વયે હાર્ટની તકલીફની વચ્ચે પણ મહિનામાં અમુક દિવસ તો આયંબિલ કરવાં જ છે અનેક વસ્તુઓનો ત્યાગ સંયમજીવનનું ઉમદા લક્ષ્ય આદિ દ્વારા સ્વયં અને તેમના પરિવારમાં વિદુષી સા. શ્રી ઇન્દુરેખાશ્રીજી મ. આદિ ૧૩ ઠાણા સુંદર આરાધના-સાધના કરી રહ્યાં છે.

તેમના મોટા સુપુત્ર પૂ. આ. શ્રી વિજયગુણશીલસૂરિ તરીકે પ્રસિદ્ધ બની સૂરિમંત્રની ૮૪-૮૪ દિવસની સળંગ આરાધના કરી અનેક શાસનપ્રભાવક કાર્યો કરી રહ્યા છે.

તેમના બીજા સુપુત્ર મધુરકંઠી પૂ. પંન્યાસપ્રવર શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુલશીલ વિજયજી ગણિવર પણ અનેક પુસ્તકોના સંપાદન આદિ દ્વારા જ્ઞાનોપાસના અને મધુર કંઠના માધ્યમ દ્વારા અનેક ભાવિકોને જિનભક્તિમાં જોડી રહ્યા છે.

પૂ. સા. મ. શ્રી નિર્મમાશ્રીજી મ. શતાયુ બની અનેક આત્માઓનાં પથદર્શક બની રહે એ જ શુભેચ્છા.

સૌજન્ય : શ્રી તીર્થાધિરાજ ચાતુર્માસ સમિતિ સં. ૨૦૬૨-સાબરમતી યાત્રિક ભવન, પાલિતાણા

*સવા કરોડ જાપના આરાધક, સરલ સ્વભાવી*

## પૂ. સાધ્વીરત્ના શ્રી પદ્મયશાશ્રીજી મ.



સચ્ચારિત્રમય જીવનની મહત્તા જન્મસ્થાનની પ્રભાવક ભૂમિને લીધે, માતાપિતાના સંસ્કારસિંચનને પરિણામે અને ગુરુદેવની અપ્રતિમ વાત્સલ્યતાને લીધે પ્રગટે છે, પનપે છે અને સંસિદ્ધ થાય છે. આવી પ્રતિભાસંપન્ન વિરલ વિભૂતિની જન્મભૂમિ તરીકેનું સ્થાન-માન પામવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે જેતપુર શહેરને! જે ગિરનારની ગરવી ગોદમાં આવેલું, સાડીઓના છાપકામ માટે વખણાતું, ભાદર નદીને કાંઠે આવેલું નયનરમ્ય અને મનોહર છે.

આ જેતપુર શહેરમાં સં. ૧૯૯૦માં પોષ સુદ પૂનમને દિવસે શેઠ કુટુંબમાં સુસંસ્કારોની જીવંત પ્રતિમારૂપ, અહર્નિશ ધર્મધ્યાનમાં જીવન વ્યતીત કરતાં શ્રી દેવચંદભાઈ અને માતા દિવાળીબહેનની રત્નકુક્ષિએ એક બાળકીનો જન્મ થયો. તેના મુખની ઉજ્જવલ કાંતિને જોઈને, તેને અનુરૂપ નામ પણ કાંતાબહેન રાખવામાં આવ્યું.

બાલપણાથી જ વ્યાવહારિક કરતાં ધાર્મિક અભ્યાસની વધુ રુચિ ધરાવતાં કાંતાબહેને નાની ઉંમરમાં જ સારું એવું જ્ઞાન સંપાદન કર્યું. ગામમાં આવતાં પૂ. શ્રમણી ભગવંતોના વધુ ને વધુ પરિચયમાં આવવાથી એમનું મન વૈરાગ્યવાસિત થતું ગયું. પંદર-સોળ વર્ષની ઉંમર થતાં-થતાં એ ભાવના વધુ ને વધુ પ્રજ્વલિત બનતાં માતા-પિતાને વાત કરી, પરંતુ મોહમાયાના બંધનમાં ફસાયેલાં માતા-પિતાએ રજા ન આપી.

ખરેખર કર્મનાં બંધન અફર છે ! ભોગની ભૂતાવળથી દૂર ભાગનારાને પણ ભૂતાવળ છોડતી નથી. પોતાની અનિચ્છા હોવા છતાં પણ તેમને કુટુંબીજનોના આગ્રહને વશ થઈને સંસારની શૃંખલાથી બંધાવું પડ્યું. ભાણવડ નિવાસી શેઠ કાલિદાસભાઈના સુપુત્ર પ્રભુદાસભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં તો ખરાં પણ અંતરાત્મા તો જલકમલવત્ નિર્લેપ રહેવા જ માંગતો હતો.

મહાન વ્યક્તિનાં જીવન ખડક જેવાં હોય છે. સામાન્ય માનવીના જીવનને તોફાનોની બહુ ટક્કર લેવી પડતી નથી. બહુ-બહુ તો કોઈકવાર વાવંટોળ કે કોઈકવાર વર્ષાઝડીનો સામનો કરવો પડે છે, જ્યારે મહાસાગરના જળમાં છુપાયેલા આ ખડકોને તો રાતદિવસ મહાકાય મત્સ્યોની થાપટો ને ભરતીઓટના જબ્બર પછડાટ સહન કરવા પડે છે. આવી આપત્તિમાં અણનમ રહેવાનું શૂરાતન દાખવવામાં જ તેમના જીવનની સિદ્ધિ હોય છે ભોગૈશ્વર્યને ઠુકરાવી યોગૈશ્વર્યની સાધના કરવા કૃતસંકલ્પી બનેલાં કાંતાબહેનના મનની અડગતા જોઈને છેવટે પ્રભુદાસભાઈએ ઉદારદિલે પ્રવ્રજ્યાના પુનીતપંથે પ્રયાણ કરવાની અનુમતિ આપી.

સં. ૨૦૦૯માં અષાઢ સુદ પાંચમના દિવસે ઝાલાવાડની રાજધાની સમાન ધ્રાંગધ્રા શહેરમાં કાંતાબહેને પ. પૂ. યુગદિવાકર આ. ધર્મસૂરીશ્વરજી મ. સા.નાં આજ્ઞાવર્તિની પરમ વિદુષી પ. પૂ. સા. જયંતશ્રીજી મ. સા.નાં પ્રશિષ્યા પરમવાત્સલ્યવારિધિ પ. પૂ. સા. પ્રિયંવદાશ્રીજી મ. સા.નાં ચરણકમલમાં પોતાનું જીવન સમર્પણ કર્યું ને તેઓશ્રીનાં શિષ્યા તરીકે સા. પદ્મયશાશ્રીજી મ.ના નામે જાહેર થયાં.

સંયમજીવનની પ્રાથમિક શરૂઆતથી જ જ્ઞાન-ધ્યાન-વિનય-વૈયાવચ્ચ દ્વારા અને રત્નત્રયીની અભૂતપૂર્વ આરાધના દ્વારા કર્મઈંધણ ભસ્મીભૂત બનાવવા સજ્જ બન્યાં. ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, 'તત્ત્વાર્થસૂત્ર', 'યોગશાસ્ત્ર', 'બૃહત્-સંગ્રહણી', 'ક્ષેત્રસમાસ', 'વીતરાગસ્તોત્ર', 'ઇન્દ્રિયપરાજયશતક', સિંદૂર પ્રકર', 'વૈરાગ્યશતક', 'ગુણસ્થાનક કમારોહ', 'જ્ઞાનસાર', 'અષ્ટકજી' વગેરે સૂત્રોનો અર્થસહિત તલસ્પર્શી અભ્યાસ ગુરુ મહારાજની નિશ્રામાં કર્યો. સાથે સાથે સંસ્કૃત બે બુક, નામમાલા, વ્યાકરણ, રઘુવંશ, પાતાંજલિયોગ, શ્રી શાંતિનાથ મહાકાવ્ય વગેરેનો પણ ઊંડો અભ્યાસ કર્યો. પૂના વિદ્યાપીઠની ચાર-પાંચ પરીક્ષાઓ આપી તેમાં પણ ઉત્તીર્ણ થયેલ છે.

પૂ. સાધ્વીજી મ.નો કંઠ પણ મધુર છે. શ્રી સીમંધરસ્વામીનું ૧૫૦ ગાથાનું તેમ જ ૩૫૦ ગાથાનું સ્તવન, સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અર્થસહિત, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ તેમ જ આનંદઘનજીની યશોવિજયજી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવિજયજીની, દેવચંદ્રજીની ચોવીશીઓ પણ અર્થસહિત કરેલી છે. જ્ઞાનની સાથે-સાથે તપની ભૂમિમાં પણ પગરણ માંડ્યાં વિના તેઓ રહી શક્યાં નથી. અટ્ઠાઈ-નવાઈ-અગિયાર ઉપવાસ, વીશસ્થાનક તપ, વર્ધમાનતપની ઓળી, નવપદજીની ઓળી, કર્મસૂદનતપ, પરદેશીરાજાનાં છટ્ઠ, રતનપાવડીનાં છઠ, દીપાવલી તપ, એકમાસી તપ, દોઢમાસી તપ, નાનો-મોટો પખવાસો, બીજ, પંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ જેવી પર્વતિથિઓની આરાધનાસહ અનેકવિધ નાની-મોટી તપશ્ચર્યા એકાસણાં-આયંબિલ સહિત કરેલ છે.

પૂ. સાધ્વીજી મ.ના જીવનમાં જાપ, સ્વાધ્યાય સાથે વાંચન-મનન ચિંતનનો ઘણો જ ઉત્કૃષ્ટ ફાળો છે. ફક્ત જૈન જ નહીં પરંતુ જૈનેતરગ્રંથનું પણ વિશાળ-બહોળા પાયા પર વાંચન અને આત્મમંથન કરી તેઓશ્રી અભૂતપૂર્વની ચિત્તશુદ્ધિ અને આત્મસુખસમૃદ્ધિને પ્રાપ્ત કરી રહ્યાં છે. મુંબઈ-પૂના-અમરેલી-જેતપુર-ધ્રાંગધ્રા-સુરત વગેરે અનેક સ્થળોએ ચાતુર્માસ કરી શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો કર્યાં છે. તેઓની જ્ઞાનજિજ્ઞાસા-જ્ઞાનપિપાસા અને સાહિત્ય પ્રત્યેની ભક્તિ એવી તો અજબગજબની છે કે પૂના, ગોરેગાંવ, વેરાવળ, પાટણ, જેતપુર, ધ્રાંગધ્રા વગેરે સ્થળોએ ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનમંદિરના જ્ઞાનભંડારો ખૂબ જ સુવ્યવસ્થિત કર્યા છે. જ્ઞાનનાં સાધનોને પુસ્તકોના રક્ષણાર્થે સુંદર સજાવ્યાં છે. 'સુઘોષા', 'કલ્યાણ', 'ગુલાબ', 'જૈન' વગેરે જૈન સાહિત્યમાં લેખ દ્વારા પોતાનાં આત્મચિંતનો અનન્ય ફાળો આપી રહ્યાં છે. દરેક ચાતુર્માસમાં ૪૫ આગમની પૂજા-વરઘોડા-રચના દ્વારા ભણાવડાવે છે. એવી જ રીતે અષ્ટાપદજીની પૂજા, વીશસ્થાનકતપની પૂજા પણ કલાકૃતિની રચના કરાવવા સુંદર ભણાવડાવે છે. ફક્ત પૂજા ભણાવે જ નહીં, સાથે અર્થની સમજાવટ અને છણાવટ પણ સુંદર રીતે કરે છે.

સંયમજીવન પ્રાપ્ત કર્યા પછી કોઈક પૂર્વના કર્મોદયના કારણે છેલ્લાં ત્રીશેક વર્ષથી સતત વેદનીયકર્મનો ઉદય રહ્યા જ કરે છે. દર્દથી ભરેલી કાયાની માયા છોડીને સતત સાહિત્યમાં રત રહેવું એ કાંઈ નાનીસૂની વાત નથી, પરંતુ પૂ. સાધ્વીજી મ. આ વાતને આત્મસાત્ કરી લીધી છે. પરમ ઉપકારી તીર્થંકર ભગવંતે પળમાત્ર જેટલો ય પ્રમાદ ન કરવાની આપેલી દિવ્ય વાણી ને ચેતવણી દરેક આત્મસાધકને તેમ જ વ્યાવહારિક સાધનાને માટે પુરુષાર્થ કરતા પ્રત્યેક માનવીને પણ ભીષણ સંસારનાં અનેક ભયસ્થાનોથી બચવાનો મૂંગો સાદ કરતી દીવાદાંડીની ગરજ સારે છે અને એ દીવાદાંડી સમગ્ર સંસારના જીવોને માટે મહાન ઉપકારક બની રહે છે. ખરેખર પ્રભુએ પ્રરૂપેલી આ દિવ્ય વાણીનો સાક્ષાત્કાર જોવો હોય તો પૂ. સા. પદ્મયશાશ્રીજી મ. સા.માં જોવા મળે. જરા પણ પ્રમાદ એમના જીવનમાં જોવા નહીં મળે. સતત વાંચન-જાપ-સ્વાધ્યાયમાં જ રત રહેનારાં કદી શારીરિક સ્વાસ્થ્યની ચિંતા પણ નથી કરતાં. અત્યંત નાદુરસ્ત તબિયતમાં પણ જ્યારે જુઓ ત્યારે તેમના હાથમાં પુસ્તક જ જોવા મળે. સ્વાધ્યાય સાથે જાપની પણ એમના જીવનમાં એટલી જ પ્રધાનતા છે.

સંયમજીવનનાં ૫૫ વર્ષ દરમ્યાન તેઓશ્રીએ જાપ ઘણો કર્યો છે. શ્રી નવકાર મહામંત્રનો જાપ સવા કરોડ, શ્રી શંખેશ્વરપાર્શ્વનાથનો જાપ સવા કરોડ, શ્રી ભગવતી પદ્માવતીનો જાપ સવા કરોડ, શ્રી નામસ્તવ સૂત્રનો જાપ સવા કરોડ, શ્રી અરિહંતપદનો જાપ સવા લાખ, શ્રી સિદ્ધપદનો જાપ સવા લાખ, શ્રી જ્ઞાનપદનો જાપ સવા લાખ, શ્રી ચારિત્ર પદનો જાપ સવા લાખ, શ્રી નવપદજીનો જાપ સવા લાખ, શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો જાપ સત્તાવીશ હજારનો.

પૂ. સાધ્વીજી મ.ની પ્રેરણાથી તેઓશ્રીનાં પરમ વિનયી શિષ્યા સા. ઋજુકલાશ્રીજીના મૂળવતન (સંસારી ગામ) અમરેલીમાં 'શ્રી નેમિનાથ જૈન દેરાસર સર્વતોભદ્ર પ્રાસાદ' નામનું શિખરબંધી ભવ્યાતિભવ્ય ગગનચુંબી ઉસંગ જિનાલયનું નિર્માણ થયેલ છે. આવાં શાસનપ્રભાવનાનાં અનેકાનેક કાર્યો કરી પોતાના સંયમજીવનના સાફલ્યને સાર્થક કરી છે.

તેમનું હસતું મુખારવિંદ, અનુપમ વાત્સલ્ય, મધુર ભાષા, સંઘના અભ્યુદયની ચિંતા, વિશ્વમૈત્રીની ભાવનાને જીવન સાથે એકરૂપ બનાવી લેવા પુરુષાર્થ કરતાં, પ્રેમ, કરુણા ને જીવદયાના ભંડારસમાં પ્રભાવક પૂ. સાધ્વીજી મ.નું સર્વ-મંગલકારી માર્ગદર્શન શ્રીસંઘને સુદીર્ઘ સમય સુધી મળતું રહે અને તે માટે તેઓશ્રી નિરામય દીર્ઘાયુષ્ય પામો એવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.

*પ્રશાંતમૂર્તિ, અપૂર્વ વાત્સલ્યદાત્રી, વિશાલ શ્રમણીવૃંદશિરોમણિ, પ્રવર્તિની—*

## પૂ. સાધ્વીજી શ્રી પુણ્યરેખાશ્રીજી મહારાજ

જન્મ વિ. સં. ૨૦૧૩. જેઠ વદ ૭, પાદરલી (રાજસ્થાન), સંસારી નામ રતનકુમારી, માતાનું નામ : લક્ષ્મીબહેન. પિતાનું નામ : તિકમચંદજી. દીક્ષા : વિ. સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૩૨, જેઠ વદ ૭, પાદરલી. ગુરુ નામ : તપસ્વિની સા. શ્રી પુષ્પલતાશ્રીજી. પ્રવર્તિની પદપ્રદાન દિન : ૨૦૫૩, માગસર સુદ-૩-અમદાવાદ. આજ્ઞાપ્રદાતા : પૂ. મેવાડદેશોદ્ધારક આ. શ્રી જિતેન્દ્ર સૂ. મ.

લઘુવય અને લઘુદીક્ષાપર્યાયમાં વિશાલ સાધ્વીવૃંદનું સંચાલન કરતાં પૂ. સાધ્વીજી શ્રી પુષ્પલતાશ્રીજીનાં શિષ્યા પૂ. સા. શ્રી પુણ્યરેખાશ્રીજીનાં ચરણોમાં મસ્તક ઝૂક્યા વગર રહેતાં નથી. અહો ગુરુદેવ! આપશ્રીની અજબ-ગજબ કોટિની ક્ષમતા, વાત્સલ્યતા ને વૈરાગ્યપરાર્થતા ઇત્યાદિ વિશિષ્ટ ગુણોનું પ્રત્યક્ષ અવલોકન કરતાં અમે ધન્યતાનો અનુભવ કરીએ છીએ. મારવાડ, મેવાડ, ગુજરાત, કચ્છ, કર્ણાટક—દૂર-દૂરના પ્રદેશોમાં રહેલા મુમુક્ષુઓએ પૂજ્યશ્રીની જીવનસુવાસથી આકર્ષાઈને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં જિનાજ્ઞાનુસાર સાધનાની ધૂમ મચાવી છે. અરે! એટલું જ નહીં, ભૌતિકવાદમાં રંગાયેલી આધુનિક શિક્ષા બી.કોમ., બી.એ. સુધી પ્રાપ્ત કરેલી શિક્ષિત યુવતીઓ પણ પૂજ્યશ્રીનું શુદ્ધાચારમય જીવન જોઈ સમર્પિત બની છે.

તેઓશ્રીની જ્ઞાનપિપાસા પણ અપૂર્વ કોટિની છે. આટલી બધી સમુદાયની જવાબદારી હોવા છતાં 'ન્યાય' જેવા ક્લિષ્ટ ગ્રંથોનો પણ તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. પૂજ્યશ્રીએ છ કર્મગ્રંથ સાર્થ, ત્રણ બુક, પ્રાકૃત બુક, વ્યાકરણ, તર્કસંગ્રહ, મુક્તાવલી, વ્યાપ્તિપંચક, સ્યાદ્વાદ મંજરી, રત્નાકરાવતારિકા; ૩ વિશેષાવશ્યક, કમ્મપયડી, પાંચ મહાકાવ્યાદિ, આચારાંગ, ઉત્તરાધ્યયન ટીકા સહિત પંચવસ્તુક, લલિતવિસ્તરા, ગુરુતત્ત્વ વિનિશ્ચય-૧, ૨ યોગના ગ્રંથો, ઉપશમનાકરણ સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ, ગચ્છાચાર પયન્ના, પ્રવચનસારોદ્ધાર ઇત્યાદિ અનેક ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કરી સ્વ-પર સાધના કરાવી રહ્યાં છે. પૂજ્યશ્રીના વિશિષ્ટ જ્ઞાનનું આલંબન લઈ શ્રમણીવૃંદમાંથી કેટલાંક સાધ્વીઓએ ન્યાય, કમ્મપયડી, ખવગસેઢી, કાવ્ય, વ્યાકરણ ઇત્યાદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો છે.

પૂજ્યશ્રીએ અઠ્ઠાઈ, અઠ્ઠમ, વીશસ્થાનક આદિ તપધર્મની સુંદર આરાધના સાથે-સાથે વિશેષ પ્રકારે સ્વ-જીવનમાં ત્યાગ અપનાવ્યો છે. યાવજ્જીવન ફરસાણ, મેવા અને ફ્રૂટના ત્યાગ સાથે ૩ વર્ષથી ચાતુર્માસમાં મિષ્ટાન્ન, કડક વસ્તુ, કડાવિગઈ આદિના ત્યાગપૂર્વક માત્ર ૩ દ્રવ્ય જ વાપરે છે. તબિયતના કારણે સાંજે વાપરવું પડે તો પણ સાંજે ઉષ્ણ ગોચરીનો ત્યાગ, વૃત્તિસંક્ષેપ, રસત્યાગાદિ તપથી જીવન-બાગ મધમધાયમાન બનાવ્યો છે. પૂજ્યશ્રીનો નિર્દોષ ગોચરીનો અનુરાગ પણ અદ્વિતીય છે. છ' રીપાલિત સંઘમાં જેસલમેર તીર્થની યાત્રા કરી પાછાં ફરતાં, સંઘવી તરફથી બધી વ્યવસ્થા હોવા છતાં પણ, રસ્તામાં જૈન-જૈનેતર વસ્તીના અભાવે નિર્દોષ ગોચરીની અશક્યતા હોવાથી પંદર-પંદર દિવસ સુધી 'ચણાદિ' સૂકી વસ્તુથી જીવનનિર્વાહ કર્યો છે. પૂજ્યશ્રીનો મૌન-આચાર જોઈ સ્વશિષ્યાઓએ પણ પૂજ્યશ્રીના જીવનનું અનુકરણ કર્યું છે.

પૂજ્યશ્રીના સાંનિધ્યમાં અનેક પ્રકારે વિશાળ સંખ્યામાં ઓળી, ઉપધાન, શિબિર, ઉદ્યાપન, છ'રીપાલિત સંઘ, અઠ્ઠાઈ મહોત્સવ વગેરે થવા દ્વારા બહેનોમાં નવીન ક્રાંતિ પ્રાપ્ત થઈ છે. પૂજ્યશ્રીના સાંનિધ્યમાં તેઓશ્રીની વૈરાગ્યભરી પ્રેરણાથી આજના વિષમ યુગમાં આશ્ચર્ય પમાડે એવી કાપની પ્રવૃત્તિ ચાલી રહી છે, એટલે કે કેટલાંક સાધ્વીજી મહારાજો બાર મહિનામાં એક જ વાર સાબુથી વસ્ત્રપ્રક્ષાલન રૂપ કાપ કાઢે છે. કેટલાંક સાધ્વીજી મહારાજને યાવજ્જીવન મીઠાઈ-ફરસાણ-ફ્રૂટ આદિનો ત્યાગ છે. આવા ત્યાગી સાધ્વી પરિવારને જોઈને બધાં નતમસ્તક થઈ જાય છે. કેટલાંક સાધ્વીજીઓ સ્વેચ્છાથી પોતાના હાથે લોચ કરવાનું પરાક્રમ કરે છે ત્યારે શ્રાવક-શ્રાવિકાઓ હેરત પામી જાય છે.

(૧) પૂજ્ય ગુરુવર્યાશ્રીના સમુદાયમાં ૧૭૫થી વધુ માસક્ષમણ, ૩૬, ૪૫, ૫૧, ૫૨, ૬૮ ૭૦, ૭૨ ઉપવાસ કરનારાં તપસ્વી સાધ્વીભગવંતો પણ વિદ્યમાન છે. પૂજ્ય સાધ્વીભગવંતોના બે સાંસારિક કાકાશ્રી-આ. શ્રી જિતેન્દ્ર સૂ. મ., આ. શ્રી ગુણરત્ન સૂ. મ સા., કાકી સા. પુષ્પલતાશ્રીજી (ગુરુણી) સા. ફઈના દીકરા-પં. રશ્મિરત્ન વિ. મ. સા, કાકાની દીકરી સા. શ્રી મનીષરેખાશ્રીજી છે.

(૨) ૨૧૭ શિષ્યા-પ્રશિષ્યાઓની ગુરુમાતાશ્રી દ્વારા આટલી નાની વયમાં જ ૨૧ વર્ષના અલ્પ દીક્ષાપર્યાયમાં વિશાળ શ્રમણીવૃંદોનો યોગક્ષેમ સુંદર રીતે થતો જોઈને ભલભલાં આશ્ચર્યચકિત થઈ જાય છે. આવા અનેક ગુણાલંકૃત તેઓશ્રીની યોગ્યતાને નિહાળીને ગીતાર્થ મૂર્ધન્ય, સિદ્ધાંત દિવાકર સુવિશાળ ગચ્છાધિપતિ શ્રી પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબે પ્રવર્તિની પદ આપવાનો નિર્ણય કર્યો અને ૨૦૫૩ની સાલમાં માગસર સુદ-૩, શુક્રવારના પાવન દિવસે રાજનગર અમદાવાદના શાહીબાગ, અરિહંતનગરે દેવાધિદેવ શ્રી વાસુપૂજ્યસ્વામીની અંજનશલાકા પ્રતિષ્ઠાનાં શુભદિવસે પ.પૂ. આ. દેવશ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય જગત્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. પ. પૂ. આ. દેવશ્રીમદ્વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. ઈત્યાદિ આચાર્યો તથા પંન્યાસજી અનેક ગણિવર્યો તથા દ્વિશતાધિક શ્રમણ–શ્રમણીની પાવન ઉપસ્થિતિ તેમ જ હજારોની જનમેદની સમક્ષ પ.પૂ. ગચ્છાધિપતિશ્રીનાં જ વરદ હસ્તે પ. પૂ. ગુરુદેવશ્રી પુણ્યરેખાશ્રીજી મ.સા. ને ઉત્તમ શ્રેષ્ઠ પ્રવર્તિની પદ ઉપર આરૂઢ કરાયાં. આવાં પ્રશાંતમૂર્તિ, વાત્સલ્યદાત્રી, ઉત્કૃષ્ટ ત્યાગી–વૈરાગી અને ૨૧૭ શિષ્યા–પ્રશિષ્યાઓનો વિશાળ શ્રમણીવૃંદ ધરાવતાં પૂ. સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજીને કોટિ કોટિ વંદન હો!

*સૌજન્ય : —પ્રવર્તિની સાધ્વી શ્રી ગુણજ્ઞરેખાશ્રીજી મહારાજની પ્રેરણાથી સંઘવી ભેરૂમલજી પરિવાર*

## સાધ્વીશ્રી અર્પિતગુણાશ્રીજી મ.સા.

સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ ઉણ–બેંગ્લોર.

ભારત વર્ષમાં કાંકરેજી ગાયો માટે પ્રખ્યાત એવું ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં આવેલું કાંકરેજ તાલુકામાં સુંદર રળિયામણું ગામ ઉણ જે જીવ વિચાર ગ્રંથ રચનાકાર વાદી-વેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિ–પ્રાચીન મહા મહિમ ઉણ તીર્થ મંડન શ્રી ધર્મનાથ પ્રભુના જિનાલયથી સુશોભિત ઉણ ગામે રહેતા સંઘમાં આગેવાની સંભાળતા શ્રી માનચંદલાલ નગીનદાસ શાહના ઘેર માતા કેશરબહેનની કુક્ષિએ ઈ.સ. ૧૯૬૮ની મે માસની પાંચમી તારીખે કુલદીપિકા અંજનાનો જન્મ થયો.

સમયની રફતાર પૂરજોશમાં જઈ રહી હતી. બાલ્યવસ્થામાં દાદી મણિબહેનના સુસંસ્કારો સિંચન કર્યું હતું. છોડને વાવીએ ત્યારે તેને પાણી ખાતરની જરૂર પડે છે તેમ અંજનાને ધર્મરૂપી સંસ્કારનું સિંચન મળ્યું હતું. ધર્મના રંગે રંગાયેલ ધીરે ધીરે યુવાવસ્થા આવ્યા પછી ધાર્મિક અભ્યાસ શરૂ કરી પોતાનું મનોબળ એકદમ નક્કી કર્યું કે મારે સંસારમાં રહેવું નથી, સંયમયાત્રા કરવી છે.'

સાધુ–સાધ્વીના સમાગમમાં આવ્યા પછી તો વધારે મનોબળ મક્કમ થયું. સમય કોઈની રાહ જોતો નથી. તેવી જ રીતે ચારિત્રસાધના, જ્ઞાનસાધના, તપસાધના, યાત્રાસાધનામાં અડગ રહી તેમણે પરિપૂર્ણ કરી. વ્યાવહારિક અભ્યાસ સાધારણ કર્યો હતો.

પરિપકવતા જોઈ એમના માતા–પિતાએ દીક્ષાની રજા આપી ત્યારે કુલદીપિકા અંજનાના હર્ષનો પાર ન રહ્યો. ઝૂમી ઊઠી અને ત્યારપછી પ.પૂ. આ. દેવશ્રી નીતિસૂરિજી મ.સા. સમુદાયવર્તી પ.પૂ. આ.દેવશ્રી હેમપ્રભસૂરિ પાસે દીક્ષાપ્રયાણનું મુહૂર્ત કઢાવેલ. દીક્ષાનું શુભમૂહુર્ત સૂર્યકિરણે ઝળહળતો દિવસ હતો. સંવત ૨૦૪૫ની સાલ ફાગણ સુદિ ત્રીજ આવેલ. સકલ સંઘને જાણ કરી.

આ વખતે સકલ સંઘે કહ્યું કે "તમે કોઈ ચિંતા ન કરશો. અમે બધી જ વ્યવસ્થા કરીશું. તમે કોઈ જાતની ચિંતા ન કરશો."

આ સમયે ત્રણ દીક્ષા હોવાથી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ ત્યારે વાલપુરાથી મુમુક્ષુ કિરીટભાઈ, ઉણથી મુમુક્ષુ અંજનાબહેન, ઉણથી મુમુક્ષુ રસીલાબહેન એમ એક સાથે દીક્ષાના ભવ્ય વરઘોડા નીકળેલ. સિદ્ધચક્રપૂજન ભણાવેલ. સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ.

પ.પૂ. આ. દેવશ્રી હેમપ્રભસૂરીની નિશ્રામાં દીક્ષા અંગીકાર કરેલ. પૂ. સાધ્વીજી શુંભકરાશ્રીજીના શિષ્યા બની તેમનું નામ શ્રી સાધ્વીજી અર્પિતગુણાશ્રી મ.સા. જાહેર કરવામાં આવેલ તે પ્રસંગે તેમના ભાઈઓ બહુ જ યાદ આવ્યા. તે વખતે અંજનાને મોટાભાઈ પ્રવીણભાઈએ ઉપાડી ફૂદરડી ફેરવી ત્યારે ભાન ભૂલાવી શકે તેવું દૃશ્ય હતું. સંયમ જીવન લીધા પછી કુળ દીપાવી પ્રગતિના સોપાન સર કરી આગળ વધ્યા.

ચારિત્રસાધના—ચોસઠ પ્રહરી પૌષધ, શેત્રુંજય તીર્થે ચોમાસાં, ઉપધાન તપ.

તપસાધના—વર્ષીતપ, આયંબિલતપ, નવપદજી, વર્ધમાનતપની ઓળી, અઠ્ઠાઈતપ, સિદ્ધિતપ, અન્ય વિશેષ તપશ્ચર્યા કરી.

યાત્રાસાધના—શત્રુંજય યાત્રા છ'રીપાલક સંઘ નવ્વાણુ યાત્રા, સમેતશિખરજી, ગિરનાર વગેરે યાત્રા કરેલ. પૂ. સાધ્વીજી મ.સા. શિષ્યા છે.

## સાધ્વી તત્ત્વયશાશ્રીજી મ.સા.

બેંગ્લોર ખાતે રહેતા શ્રી જેચંદભાઈ લલ્લુભાઈ શાહ માદરે વતન રાજપરા (તણસા–ભાવનગર)વાળાના ઘરે માતા રસીલાબહેનની કુક્ષિએ પુત્રીનો જન્મ થયો તેનું નામ તરલાબહેન પાડ્યું.

નાનપણથી ઘરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન હોવાથી તરલાબહેને ઈંગ્લિશ હાઈસ્કૂલ ભણી સુંદર રીતે S.S.C. પાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી સાથે સાથે ધાર્મિક અભ્યાસ સુંદર રીતે કરી પોતાના જીવનની નૈયા બદલીને બાલબ્રહ્મચારી સંયમમાર્ગે જવાનું પસંદ કરી ૨૩મા વર્ષ ચિકપેટ, બેંગ્લોર ખાતે પ્રથમ દીક્ષા શ્રી આદિનાથ જૈન સંઘ લેવાઈ, જે જયા પ્રભાશ્રીજીની પ્રેરણાથી.

પ.પૂ. આ. દેવશ્રી નીતિસૂરીસમુદાય આજ્ઞાવર્તી પ.પૂ. અરિહંતસૂરીશ્વરજી મ.સા. સમુદાયમાં આજ્ઞાવર્તી લવ્યાણશ્રીજી સમુદાયમાં પરાયશાશ્રીજી મ.સા.નાં શિષ્યા બની દીક્ષા અંગીકાર કરી તરલાબહેનના બદલે સાધ્વીજી તન્વયશાશ્રીજી નામ ધારણ કરી બેંગ્લોર તેમ જ સમાજનું નામ રોશન કરી અત્યારે સંયમને ૪૦ વર્ષ થયાં પોતાનું સંયમજીવન વિતાવે છે.

તેમનું મનોબળ એકદમ મક્કમ હોવાથી ચારિત્ર સુંદર રીતે પાળી સાથે સાથે તપમાં તેમણે માસક્ષમણ–સિદ્ધિતપ–વરસીતપ–શ્રેણિકતપ, ૨૦ ઉપવાસ, ૨૦ સ્થાનકની ઓળી, સોળ ઉપવાસ, અટ્ઠાઈ તેમ જ ૧૦૮ અઠ્ઠમતપ અને ૩ નવ્વાણું યાત્રા એવી નાની મોટી અન્ય તપશ્ચર્યા કરી હતી.

સંકલન : પ્રવિણભાઈ એમ. શાહ બેંગ્લોર

❊

*૨૮૩ ઓળી તપનો વિશ્વવિક્રમ*

## સાધ્વી ભગવંત હંસકીર્તિશ્રીજી મ.સા.

કચ્છી વાગડ સમુદાયના પ.પૂ. સાધ્વીજી ભગવંત શ્રી હંસકીર્તિશ્રીજી મ.સા.એ ૧૨ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી અને ૧૫મા વર્ષથી આયંબિલની ઓળીનો પ્રારંભ કર્યો હતો. અત્યારે તેમની ૬૭ વર્ષની ઉંમર છે. આયંબિલ તપ એટલે કે જેમાં ઘી, ગોળ, દૂધ, દહીં વિગેરે તેમજ લીલા શાકભાજી, મેવો, મીઠાઈ, ફ્રુટ-ફળ વગેરે કશું જ ખવાય નહીં, ૪૮ મીનીટ એક જ જગ્યા પર બેસી દિવસમાં એક જ વાર સુકુ-બાફેલું અને મરચુ, હળદર, જીરૂ વિગેરે મસાલા વગરનું ખાવાનું હોય છે. ૧ થી ૧૦૦ ઓળી પૂર્ણ કરતા ૧૪ વર્ષ લાગે તેવી જ રીતે ૨૮૭ ઓળી પૂર્ણ કરતાં ૪૦ વર્ષ લાગે. પૂ. સાધ્વી ભગવંત હંસકીર્તિશ્રીજી મ.સા.એ ૪૦ વર્ષથી કોઈપણ પ્રકારનો સ્વાદિષ્ટ કે શક્તિવાળો ખોરાક ખાધો નથી. વર્તમાનમાં જિનશાસનમાં ૮૦૦૦ જૈન સાધુ-સાધ્વી ભગવંત છે જેમાંથી માત્ર પૂ. સાધ્વી ભગવંત શ્રી હંસકીર્તિશ્રીજી મ.સા. એક જ છે જેઓ ૨૮૭ ઓળી કરી શક્યા છે. આ પહેલા ૨૮૯ ઓળી પ.પૂ.આ.ભ.શ્રી રાજતિલકસૂરિજી મહારાજાએ કરી હતી. વર્તમાનમાં તેઓ હયાત નથી. પૂ.સા. હંસકીર્તિશ્રીજી મ.સા. પણ તપ-જપ-ત્યાગમાં, જ્ઞાનમાં અગ્રેસર છે.



## અર્ણિકાપુત્રની કથા

હે મહાસતી! વરસતા વરસાદમાં તમે ગોચરી કેવી રીતે લાવ્યા?

ગુરુદેવ! જ્યાં જ્યાં સચિત્ત પાણી હતું તેને ઉપયોગ રાખી ગોચરી લાવી છું.

એટલે....પુષ્પચુલા સાધ્વી વૈયાવચ્ચ કરતાં અપ્રતિપાતિગુણના કારણે કેવળી થયા હતા. -

કેવલી તોય આચાર્યની,<br>
કીધી વૈયાવચ્ચ અપાર,<br>
પુષ્પચૂલા સ્વયં તરી તમે,<br>
અર્ણિકાપુત્રને કીધા પાર.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-રાજેન્દ્રસૂરિભ્યો નમઃ

## તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો

**પ્રવર્તિની પ.પૂ. વસંતપ્રભાશ્રીજી મ.સા.નાં શિષ્યા વિવિધ તપસ્યાનાં આરાધિકા સાદવી પ.પૂ. ભવ્યગુણાશ્રીજી મ.સા.નાં બે માસક્ષમણ, સિદ્ધિતપ, શ્રેણિતપ, ભદ્રતપ, વરસીતપ વીસ સ્થાનક તપદ્રકંઠાભરત, ધર્મચક તથા નવકાર મહામંત્રતપ ઉપરાંત અનેક છટ્ઠ-અટ્ઠમ વગેરે તપધર્મની અનુમોદના.**

-: અનુમોદક :-

**શ્રી પ્રકાશભાઈ - રાજેશભાઈ લક્ષ્મીચંદ સંઘવી**
**તથા હંસા પિક્ચર્સ પરિવાર - બેંગ્લોર.**

---

સમાધિપ્રેરક : પ.પૂ. જયદર્શન વિ.મ.સા. (નેમિપ્રેમી)

## જીવનમાં જો નવકાર વસી જાય, મૃત્યુ પણ મહોત્સવ બની જાય.

**મહામંત્ર નવકારનાં આરાધિકા માતુશ્રી ચંપકબહેન ધીરજલાલ દોશીના સાગારિક અણસણ સાથેના સ્વર્ગવાસ નિમિત્તે સૌ. જયલક્ષ્મી કીર્તિભાઈ દોશી તરફથી સ્વર્ગસ્થ માતા-પિતાને સપરિવાર ભાવભરી શ્રદ્ધાંજલિ.**

દેવલોક દિવસ : વિ.સં. ૨૦૬૩, ભાદરવા સુદ-૧૫ બુધવાર
તા. : ૨૬-૯-૦૭, સવારે ૪:૧૫ કલાકે

-: સૌજન્યદાતા :-

**મે. જ્યોતિ ડાયમંડ કું. - મદ્રાસ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# દ્રૌપદી

સાત વ્યસનમાં જુગાર–ઘણું અયોગ્ય કાર્ય છે. યુધિષ્ઠિર અને દુર્યોધન–શકુની અચાનક જુગાર રમવા બેઠા. શકુની પાસે મનગમતા પાસા ફેંકવાની સિદ્ધિ હતી. તેથી યુધિષ્ઠિર બધુ હારી ગયા છેવટે પોતાની પત્ની દ્રૌપદીજીને પણ.

દુર્યોધને રાજસભામાં દુશાસનને દ્રૌપદીને હાજર કરવા આજ્ઞા કરી. તે ન આવી માટે તેના વસ્ત્ર ખેંચવાની દુષ્ટ ચેષ્ટા દુશાસને કરી. દ્રૌપદીજી સતી સ્ત્રી હતા તેથી શ્રીકૃષ્ણના આશીર્વાદના કારણે દુશાસન તેમાં સફળ ન થયો.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા



# કલાવતી

પત્નીના વચન સાંભળી શંખરાજાના મનમાં શીલ માટે શંકા થઈ.

શિક્ષારુપે પત્નીના હાથના કાંડા કપાવ્યા. કર્મનો ઉદય માની કલાવતી સતીએ નવકારમંત્રનું ધ્યાન કર્યું ફળસ્વરુપે હાથના કાંડા પાછા જોઈન્ટ થઈ ગયા.

સત્ય વાત જાણતાં રાજાને ઘણો પશ્ચાતાપ થયો.

શિયળના પ્રભાવથી શું શું નથી બનતું? દેવોના સિંહાસનો ડોલે છે, સર્પ ફૂલમાળામાં ફેરવાઈ જાય છે, અગ્નિ જલરુપ બની જાય છે.

રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ-૫

## વૈવિધ્ય સૌરભ દર્શન


પ્રાચીન જિનાલયોના જિર્ણોદ્ધારકો —મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.

આબુના જૈનમંદિરોના શિલાલેખોમાં ઉલ્લેખિત રાજવીઓ અને મંત્રીઓ —પ્રા. બિપિનચંદ્ર ર. ત્રિવેદી

અષ્ટાપદજીની આછી ઓળખાણ —પૂ. જયદર્શન વિજયજી મ.સા.

નવકાર ચમત્કાર અનુભવકર્તાઓ —પૂ. જયદર્શન વિજયજી મ.સા.

જન્મથી નહીં કિન્તુ કર્મથી સવાયા જૈન આરાધક-રત્નોની સંક્ષિપ્ત ઝલક —પૂ. ગણિવર્ય મહોદયસાગરજી મ.સા.

૨૧મી સદીના કેટલાક વિશિષ્ટકોટિના આરાધક-રત્ન શ્રાવક-શ્રાવિકાઓની અનુમોદનીય આરાધના —પૂ. ગણિવર્ય મહોદયસાગરજી મ.સા.

સંગીતક્ષેત્રે જૈનોનું પ્રદાન —જયદેવભાઈ બી. ભોજક

જૈન સંગીતકારો : આંગી રચનાના તજજ્ઞો: ચક્ષુ-ટીકાના કલાવિદો —નવીનચંદ્ર રમણિકલાલ ભોજક

સદ્‌વિચાર પ્રવૃત્તિના પ્રણેતાઓ —સંપાદક

દક્ષિણ ભારતનું ગર્વીલું મહાજન : સમાજ અને શાસન મોભીઓ —અમીબહેન કે. શાહ

ધર્મનિષ્ઠ પુણ્યપ્રતિભાઓ —સંપાદક

શાસનના પરમાર્થરસિક કાર્યકરો : દાનવીરો —સંપાદક

જ્ઞાન, ધ્યાન, તપમાં શાસન શણગાર શ્રાવિકારત્નો —સંપાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાચીન જિનાલયોના જિર્ણોદ્ધારકો

—મુનિ શ્રી રત્નત્રય વિજયજી મ.સા.



જિનશાસનના ભવ્ય ભૂતકાળમાં અનેક પ્રભાવક પૂર્વજોએ સુવર્ણભંડારો ખુલ્લા મૂકી કલાના નમૂના સમાન ગગનચૂંબી જિનાલયો બંધાવ્યાં તે સૌનાં જીવનકવન ભવ્ય હતાં. આ સદાચારી દાતાઓના દાનથી શોભિત તીર્થો, જિનાલયો, પ્રતિમાજીઓ, ઉપાશ્રયો વગેરે તમામ સુવિધાઓ શ્રી ચતુર્વિધસંઘનું જ સામૂહિક બળ હતું, જેમાં અનેક પૂર્વકાલીન સૂરિવર્યોનું પ્રદાન ચિર:સ્મરણીય બની રહેશે.

તેરમી સદીમાં થયેલા દેદા શાહની કર્તવ્યપરાયણતા અને નમ્રતાના ભંડાર સમા ભાવડશા અને જાવડશાનું સ્થાન શાસનમાં હંમેશાં આદરણીય રહ્યું છે. કોને કોને યાદ કરવા? ભીમા કુંડલિયાનો સમર્પણભાવ, ધરણશા પોરવાડ અને ખેમા દેદરાણીની સંકલ્પસિદ્ધિ, દાનગુણના પ્રતાપે જગડુશાને, તપગુણના પ્રભાવે કાકંદીના ધન્ના અણગારને કે ભાવસમૃદ્ધ જીરણ શેઠને? અમદાવાદના શેઠ શાંતિદાસ, કચ્છના નરશી નાથા કે કર્મયોગી મોતીશા શેઠ એ સૌ ઈતિહાસનાં તેજસ્વી પાત્રો બની ગયાં. મંદિરોના નિર્માણમાં અખૂટ ધનરાશિનો ઉપયોગ કરનારા અમદાવાદના શેઠ હઠીસિંગ અને હરકુંવર શેઠાણી.

દેવગિરિની ધરતી પર આકાર પામેલું અમૂલિકાવિહાર પેથડશાની ધર્મભાવનાની યશોગાથા સંભળાવે છે. શત્રુંજયના પુનરુદ્ધારમાં શેઠ મોતીશા, બાલાભાઈ, પ્રેમચંદ મોદી, શેઠ હેમાભાઈ, શેઠ સાકરચંદ, નરશી કેશવજી, ચંદુ સંઘવી અને બંધુબેલડી–વસ્તુપાળ તેજપાળ આ સૌએ જિનમંદિરો બંધાવવામાં લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો છે. ધર્મપ્રેમી રાજવીઓ, મંત્રીઓ, ઓસવાલ પરિવારના શ્રાવક શ્રેષ્ઠીઓનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

આ લેખમાળાનું સંકલન કરનાર પૂ. મુનિશ્રી રત્નત્રયવિજયજી મહારાજશ્રીને સંદર્ભસાહિત્યમાં ઘણી જ દિલચસ્પી જણાય છે. મરુધર દેશમાં આવેલ જાલોર જિલ્લામાં માલવાડા ગામ, જે નગરમાં આજ સુધીમાં પચાસથી વધારે દીક્ષાઓ થઈ છે. આ પવિત્રભૂમિ માલવાડાના વતની પ. પૂ. આ. શ્રી રત્નશેખરસૂરિજી મહારાજના શિષ્યરત્ન પૂ. આ.શ્રી રત્નાકરસૂરિજી મહારાજના શિષ્ય પૂ. મુનિશ્રી રત્નત્રયવિજયજી મહારાજશ્રીને જ્ઞાનભંડારોને સમૃદ્ધ કરવામાં અને શ્રુતસાહિત્યના પ્રચાર–પ્રસારમાં ભારે રસ લાગ્યો છે-માલવાડાના વતની, સંસારી નામ ધનપાલભાઈ, સંસારી પિતા ઉત્તમચંદજી અને સંસારી માતા રંગુબહેન, સં. ૨૦૩૭ના મહા સુદ ૬ના દીક્ષા લીધી. સંસ્કૃત–પ્રાકૃત હસ્તપ્રતોની જાળવણી તેમજ અવનવાં પ્રકાશનો પ્રગટ કરવાની તેમની દિલચસ્પી ખરેખર દાદ માગી લે છે. તેમનાં પ્રકાશનોમાં 'રત્નસંચય' ભાગ–૧–૨–૩–૪–૫ તથા 'સાગરમાં મીઠી વીરડી' (પ્રાચીન સજ્ઝાય), 'પાર્શ્વનાથચરિત્ર' (ગદ્યમાં) અને વિવિધ તીર્થકલ્પનું ગુજરાતી ભાષાંતર તથા વિવિધ વિષય વિચારમાળા ભા. ૧થી ૯ ભારે લોકાદર પામ્યાં છે. નવું નવું સંશોધન–સંપાદનનું તેમનું કાર્ય ચાલુ જ છે. જ્યાં જ્યાં ધાર્મિક પાઠશાળાઓ, ગુરુકુલ વ. ચાલતાં હોય ત્યાં ખાસ પ્રભાવના, યુનિફોર્મ વ. અર્પણ કરી બાળકોનો ઉત્સાહ વધારે છે. 'ધર્મકાર્યોમાં શ્રાવકોનું યોગદાન' ઉપર સુંદર માહિતી સંકલન કરીને આપણી સમક્ષ રજૂ કરી છે. આપણાં ઉપર મહાન ઉપકાર કર્યો છે. જૈન સમાજની નવી પેઢીને ધર્મમાર્ગે વાળવા પૂજ્યશ્રીના યોજનાબદ્ધ કાર્યક્રમો અવિરતપણે ચાલુ જ હોય છે. પૂજ્યશ્રીની ચીવટ અને ધગશ ખરેખર અનુમોદનીય છે. પૂજ્યશ્રીની આત્મિક ચેતના ગજબની છે.

—સંપાદક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જિનાલયો-જિનપ્રતિમાઓ પ્રત્યે અતૂટ ભક્તિભાવ દાખવતા પૂર્વકાલીન મહાપુરુષોના પ્રેરક પ્રસંગો

## ગિરનાર તીર્થનો ગરિમાભર્યો ઇતિહાસ



शीलवीर प्रधानाया, ब्रह्मानन्दविद्यायिने।
नमः श्रीनेमिनाथाय, रैवताचलमूर्त्तये।।

શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી બપ્પભટ્ટસૂરિજીએ વ્યાખ્યાનમાં ગિરનાર તીર્થનો મહિમા વર્ણવેલ. એ વખતે આમરાજાએ અભિગ્રહ લીધો કે નેમનાથ પ્રભુનાં દર્શન વિના ભોજન કરવું નહિ. એમની સાથે ૧૦૦૦ રાજાએ અભિગ્રહ ધારણ કર્યો. તરત જ સંઘની તૈયારી કરી ગિરનાર તીર્થનો સંઘ કાઢ્યો. એ સંઘમાં ૧ લાખ સુભટ, ૧ લાખ ઘોડાઓ, ૭૦૦ હાથીઓ, ૨૦,૦૦૦ ઊંટ, ૩ લાખ પાડા તથા વીસ હજાર શ્રાવકોનો પરિવાર હતો.

બત્રીસમાં દિવસે સંઘ ગિરનાર તીર્થ પહોંચ્યો. એ વખતે ગિરનાર દિગમ્બરને આધીન હતું. તે તીર્થને સ્વાધીન કરી તીર્થમાળા પહેરી પછી આમરાજા આદિ રાજાઓએ પારણું કરેલ.

- આવતી ચોવીશીનાં પદ્મનાભાદિ બધા તીર્થંકરો આ ગિરનારજી તીર્થ ઉપર નિર્વાણ પામશે.
- તેવીસમાં તથા ચોવીસમા તીર્થંકરનાં દીક્ષા તથા કેવળજ્ઞાન કલ્યાણક પણ ગિરનાર તીર્થમાં થશે.
- ગઈ ચોવીશીના ૧૭ થી ૨૪ તીર્થંકરોનાં દીક્ષા-કેવલજ્ઞાન અને નિર્વાણકલ્યાણક આ તીર્થ ઉપર થયેલાં છે.
- નેમિનાથપ્રભુનાં દીક્ષા-કેવલ-નિર્વાણ કલ્યાણક અહીં થયેલાં.
- નેમિનાથપ્રભુનાં ૮૦૦૦ વર્ષ પછી સૌરાષ્ટ્રમાં કાંપિલ્યપુર નગરમાં રત્નશ્રાવક થયેલ. તેમને કાશમીરથી ગિરનારનો સંઘ કાઢેલો. મૂર્તિ લેપ્યમય હોવાથી પ્રક્ષાલપૂજા કરતાં મૂર્તિ નાશ પામી ગઈ. બીજીમૂર્તિ ન મળે ત્યાં સુધી અન્નજલનો ત્યાગ એવો અભિગ્રહ ધારણ કરેલ. એકવીશ દિવસે દેવી પ્રસન્ન થઈ. રત્ન શ્રાવકને ગુફામાં લઈ જઈ ૧૮ સુવર્ણની, ૧૮ ચાંદીની, ૧૮ વજ્રમયની મૂર્તિઓ બતાવેલ. એમાંથી બ્રહ્મેન્દ્રે ભરાવેલ મનપસંદ કરેલ સૂતરના તાંતણા દ્વારા મૂર્તિ ગિરનાર ઉપર લાવેલ તે વખતે દેવીએ રત્નશ્રાવકને કલ્પવૃક્ષની માળા પહેરાવેલ. આ મૂર્તિ ૧૩૬૨૫૦ વર્ષ સુધી ગિરનાર તીર્થ ઉપર રહેશે.

(આધારગ્રંથ-પ્રબંધપંચશતી).

## ॥ ગિરનાર તીર્થનાં ઉદ્ધારો ॥

| | |
|---|---|
| * પહેલો ઉદ્ધાર | – ઋષભદેવના પુત્ર ભરતરાજાએ સ્ફટિક રત્નમય અગિયાર મંડપવાળો સુરસુંદર નામનો પ્રાસાદ બનાવેલ. |
| * બીજો ઉદ્ધાર | – દંડવીર્ય રાજાએ કરાવેલ. |
| * ત્રીજો ઉદ્ધાર | – બીજા દેવલોકના ઇન્દ્ર ઇશાનેન્દ્રે કરાવેલ. |
| * ચોથો ઉદ્ધાર | – ચોથા દેવલોકના ઇન્દ્ર શ્રી મહેન્દ્રે કરાવેલ. |
| * પાંચમો ઉદ્ધાર | – પાંચમા દેવલોકના ઇન્દ્ર શ્રી બ્રહ્મેન્દ્રે કરાવેલ. |
| * છઠ્ઠો ઉદ્ધાર | – ભવનપતિકાયના ઇન્દ્રોએ કરાવેલ. |
| * સાતમો ઉદ્ધાર | – અજિતનાથ ભ.ના સમયમાં સાગરચક્રીએ કરાવેલ. |
| * આઠમો ઉદ્ધાર | – અભિનંદન સ્વામીના સમયમાં વ્યંતરનિકાયના ઇન્દ્રે કરાવેલ. |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✻ નવમો ઉદ્ધાર – ચન્દ્રપ્રભ સ્વામીના સમયમાં ચંદ્રયશા રાજાએ કરાવેલ.

✻ દશમો ઉદ્ધાર – શાન્તિનાથ ભ.ના સમયમાં ચક્રધર રાજાએ કરાવેલ.

✻ અગ્યારમો ઉદ્ધાર – મુનિસુવ્રત સ્વામીના સમયમાં રામચંદ્રજીએ કરાવેલ.

✻ બારમો ઉદ્ધાર – નેમિનાથ ભ.ના સમયમાં વરદત્ત ગણધરની નિશ્રામાં પાંડવોએ શત્રુંજય-ગિરનારનો સંઘ કાઢ્યા પછી શત્રુંજય તથા ગિરનાર બંને તીર્થનો ઉદ્ધાર કરાવેલ.

✻ તેરમો ઉદ્ધાર – વીર નિર્વાણ પહેલાં રેવાનગરના રાજા નેબુસુદનેમુરે કરાવેલ.

✻ ચૌદમો ઉદ્ધાર – કાંપિલ્યપુરનગરના રત્નાશાહ તથા અજિતશાહે કરાવેલ.

✻ પંદરમો ઉદ્ધાર – વિક્રમની નવમી સદીના કાન્યકુબ્જના આમરાજાએ કરાવેલ.

✻ સોળમો ઉદ્ધાર – સં. ૧૧૮૫ના સિદ્ધિરાજના સમયમાં સજ્જનમંત્રીએ કરાવેલ.

✍ ત્યારપછી તેરમી સદીમાં વસ્તુપાલ-તેજપાલે કરાવેલ.

✍ ચૌદમી સદીમાં સમરસિંહે કરાવેલ.

✍ સત્તરમી સદીમાં વર્ધમાનસિંહ પદ્મસિંહ નામના બે ભાઈઓએ ઉદ્ધાર કરાવેલ.

✍ વીસમી સદીમાં નરસી કેશવજીએ ઉદ્ધાર કરાવેલ.

✍ ત્યાર પછી સંપ્રતિરાજા, કુમારપાલ, સામંતસિંહ, સંગ્રામસોની વ. ઘણા રાજાએ જીર્ણોદ્ધાર કરાવેલ.

(ગિરનાર તીર્થ ઇતિહાસ).

## તેજપાલ સોની

શેઠ 'વછિયા' અને 'સુહાસિની' શેઠાણીને ત્યાં તેજપાલ નામનો પુત્ર હતો, જે ઓસવાલ વંશના સોની હતા. તેજપાલને તેજલદે નામની પુત્રી હતી.

જગત્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય આચાર્યદેવ શ્રી વિજયસેન સૂરીશ્વરજી મ.સા.નો તેજપાલ પરમ ભક્ત હતો.



श्री शत्रुंजयतीर्थाय, विश्वचिंतामणियते।
तत्रादीश्वरदेवाय, सम्यग् भक्त्या नमोनमः।।

તેજપાલે ખંભાતમાં સુપાર્શ્વનાથ તથા અનંતનાથ પરમાત્માનાં બે જિનાલયો બંધાવેલ.

ચિત્તોડનગરના દોશી કર્માશાહે શત્રુંજયનો સોળમો ઉદ્ધાર કરાવેલ તે જ જિનાલયનો જીર્ણોદ્ધાર આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીનાં ઉપદેશથી તેજપાલ સોનીએ કરાવેલ. એ વખતે તેજપાલે જીર્ણોદ્ધારમાં બે લાખ ૬૮૫ (લ્હારીઓ) ખર્ચેલ. ૭૪ થાંભલાઓ કરાવેલ અને બાવન હાથ ઊંચો મુખ્ય શિખર ઉપર સોનાનો કળશ ચઢાવેલ. નાનામોટા ૧૨૪૫ સોનાના કળશો બનાવી અલગ અલગ શિખરો ઉપર પધરાવેલ.

નંદિવર્ધન જિનપ્રસાદ પણ શત્રુંજય પર તેજપાલ સોનીએ બનાવેલ.

કુલ પરમાત્માની ૭૨ દેરીઓ અને ૪ મુનિવરોની આકૃતિ બનાવેલ. જગત્ગુરુ શ્રી હીરસૂરિજી ૧૬૪૯માં પાટણમાં ચોમાસું કર્યા પછી ત્યાં છ'રીપાલિત સંઘ લઈ શત્રુંજય તરફ વિહાર કરેલ. જ્યારે ધોળકા આવ્યા ત્યારે ધોળકામાં ભારતના ઘણા સંઘો એકઠા થયેલા. એ વખતે તેજપાલ સોની ખંભાતથી ૩૬ પાલખીઓમાં બેઠેલા શેઠિયાઓની સાથે ધોળકા આવેલ. સાથે બીજા હાથી-ઘોડા લઈ આવેલ. બધા ભેગા મળી હીરસૂરિજીની સાથે શત્રુંજયે પહોંચેલ. એ વખતે તેજપાલે બનાવેલ નંદિવર્ધન પ્રાસાદની પ્રતિષ્ઠા માટે ગામોગામ આમંત્રણ આપેલ. એમાં ગંધાર વ. થી ૯૨ યાત્રાસંઘો પ્રતિષ્ઠા વખતે હાજર રહેલ. તેજપાલે દરેક સંઘોને પોતાને રસોડે જમવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમંત્રણ આપેલ. જ્યાં સુધી પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી સાધર્મિક વાત્સલ્ય ચાલુ રાખેલ.

સં. ૧૬૫૦માં જગદ્‌ગુરુ હીરસૂરિજીના હાથે નંદિવર્ધનપ્રાસાદનીં પ્રતિષ્ઠા ચૈત્રમાસમાં થયેલ.

સોની તેજપાલે ઉદ્ધાર કરાવેલ જિનપ્રાસાદની પ્રશસ્તિ હેમવિજયજી ગણિએ રચેલ.

તેજપાલની પુત્રી તેજલદેએ ખંભાતમાં ભોંયરાવાળું જિનાલય બનાવી સં. ૧૬૬૧ વૈ.વ. ૭ના દિવસે ઘણું ધન વાપરી આચાર્ય શ્રી વિજયસેનસૂરિજીના હાથે પ્રતિષ્ઠા કરાવેલ.

આધારગ્રંથ : જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૩

*

## વર્ધમાનસિંહ-પદ્મસિંહ

વિક્રમની સત્તરમી સદીમાં કચ્છ પ્રદેશમાં ઓસવાલવંશના મહાસમૃદ્ધિશાળી અમરસિંહ નામે શેઠ હતા. આ શેઠ લાલનગોત્રના હતા. લાલનગોત્રની ઉત્પત્તિ વિ.સં. ૭૧૩માં સોનગરા સોઢા સોલંકી રાજપૂતોથી મનાય છે.

અમરસિંહ શેઠને બે પુત્રો હતા. વર્ધમાનસિંહ, પદ્મસિંહ. બન્ને પુત્રો વિનયવાન ગુણવાન અને બલવાન હતા.

એક વખત એક યોગી પાસેથી બંને પુત્રોએ સિદ્ધરસ મેળવી સુવર્ણસિદ્ધિની પ્રાપ્તિ કરી, જેથી બંને ભાઈઓએ ઘણું ધન પ્રાપ્ત કરીને યશ પ્રાપ્ત કર્યો.

કચ્છથી રવાના થઈ બંને ભાઈ ભદ્રાવતીમાં આવીને વસ્યા. ઈલાચો અને રેશમનો વ્યાપાર કરતાં બંને ભાઈઓએ સારી સફળતા પ્રાપ્ત કરેલ.

જામનગરના રાજાને આ સમાચાર મળતાં વિ.સં. ૧૬૭૫માં વર્ધમાન શાહને ત્યાંના મંત્રીપદ પર નિયુક્ત કરેલ.

ધીરેધીરે બંને ભાઈઓ વિદેશમાં વેપાર કરવા લાગ્યા. ચીનના કેરાન બંદર ગાટ પર ઘણા દિવસો પસાર કરેલ.

લગભગ બંને ભાઈઓએ ૨૦૪ જિનપ્રતિમાઓ ભરાવેલ.

વિ.સં. ૧૬૭૬માં શત્રુંજયતીર્થનો છ'રીપાલિત સંઘ કાઢેલ જેમાં ૧૫,૦૦૦ શ્રાવક-શ્રાવિકા, ૫૦૦ રથ, ૭૦૦ ગાડાં, ૯૦૦ ઘોડા, ૧૫૦ તંબૂ, ૧૦૦૦ ખચ્ચર, ૨૦૦૦ સાધુ, ૩૦૦ સાધ્વીજી, ૧૦૦ ચારણ, ૨૦૦ રસોઈયા, ૫૦ નાટકિયા હતા. આ સામગ્રી ઉપરથી ખબર પડી જાય છે કે એ બંને ભાઈઓ કેટલા સમૃદ્ધિશાળી હશે.

શત્રુંજયતીર્થની યાત્રા કરી પાછા ફરતાં 'નવાનગર' આવેલ. ત્યાંનાં જસવંતસિંહ રાજાએ સંઘવીનું દબદબાભર્યું સ્વાગત કરેલ તેથી સંઘવીએ (બંને ભાઈઓએ) નવાનગરમાં શિખરબંધી જિનાલય બંધાવેલ.

પ્રતિષ્ઠા પછી રાજાને નવ લાખ સોનૈયા ભેટ કરેલ તેથી રાજાએ સંઘવીને નવલખાની પદવી આપેલ. જ્યારે ભદ્રાવતી નગરી ઉજ્જડ બની ત્યારે બંને ભાઈઓ કચ્છમાં ભૂજનગરમાં આવીને વસ્યા. વર્ધમાનશાહનો 'જગડૂ' નામનો પુત્ર હતો. જગડૂશાની વિનંતીથી વિ.સં. ૧૬૯૧માં અમરસાગરસૂરિએ સંસ્કૃતમાં વર્ધમાન-પદ્મસિંહ ચરિત્રની રચના કરેલ.

આ બંને ભાઈ આરીખણા (કચ્છ) ગામના હતા.

*('ઓસવાલ ઈતિહાસ')*

## ધોળકાનાં જિનાલયો

★ ઉદયનમંત્રીના પુત્ર વાગભેટે ધોળકામાં 'ઉદયનવિહાર' નામે વિશાળચૈત્ય બનાવી વાદિદેવસૂરિએ સીમંધર સ્વામીની પ્રતિષ્ઠા કરાવેલ.

★ વસ્તુપાલમંત્રીએ ધોળકામાં 'શત્રુંજયાવતાર' નામનું જિનાલય ૨૪ દેરીઓથી યુક્ત બનાવી રત્નમયબિંબોની સ્થાપના કરેલ.

★ તેજપાલમંત્રીએ એક વિશાળ 'ઉજ્જય'તાવતાર નામનું વિશાળ ચૈત્ય ધોળકામાં બનાવેલ.

★ પેથડ મંત્રીએ ચૌદમા સૈકામાં ધોળકામાં મલ્લિનાથ ભગવાનનું જિનાલય બંધાવેલ.

*(પ્રાચીન તીર્થમાળા)*

## અજયરાજા

વર્તમાન ચોવીશીના મુનિસુવ્રત સ્વામીના નિર્વાણથી લગભગ ત્રણ લાખ વર્ષ વ્યતીત થયાં પછી રામ-લક્ષ્મણ થયા. તેમના દાદા અનરણ્ય રાજા હતા. તેઓ અયોધ્યાના રાજા હતા. અનરણ્ય રાજા અજયરાજા નામે પ્રસિદ્ધ થયા.

અશુભકર્મનો ઉદય થતાં અજયરાજા રોગથી પિડાવા લાગ્યા. એમાં પણ ભયંકર કોઢ રોગ થવાથી ઘણા જ હેરાન થવા લાગ્યા. દેશ-પરદેશથી ઘણા વૈદ્યો બોલાવવા છતાં રોગ મટ્યો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વખત જૈનમુનિના ઉપદેશથી સિદ્ધગિરિની યાત્રાએ ગયા. અનુક્રમે દીવબંદર પહોંચ્યા. એ વખતે રત્નસાર નામનો વેપારી દીવ બંદર નજીક આવ્યો. એ વખતે બંદરમાં જોરદાર પાણીનો ભરાવો અને મહાવંટોળિયો વધી જવાથી વહાણો ડૂબવા માંડ્યાં. રત્નસાર ગભરાવા લાગ્યા. પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરી મરવાની તૈયારી કરવા લાગ્યા. તેટલામાં પાર્શ્વપ્રભુની અધિષ્ઠાયિકા દેવી તે રત્નસાર શેઠને અટકાવે છે અને કહે છે "હે વત્સ! સાંભળ, આ દરિયાના તળિયે કલ્પવૃક્ષના પાટિયાથી બનાવેલી મહામૂલ્યવાન પાર્શ્વનાથની પ્રતિમા છે, તે બહાર કઢાવજે અને અયોધ્યાનગરીથી તીર્થયાત્રા કરવા નીકળેલા અજયરાજાને આપજે.

આ પ્રતિમાજીના રત્નજલથી રાજાનો રોગ શમી જશે. તમે અને રાજા બંને ભયમુક્ત બનશો એમ કહી અદૃશ્ય થઈ ગઈ.

દેવીનાં વચનથી રત્નસાર આશ્ચર્ય પામ્યો. જરીવાળા તંબૂમાં પ્રતિમાજી પધરાવી. અજયરાજાને સમાચાર મોકલ્યા.

અજયરાજા પણ વધામણી સાંભળી ખુશ થયા અને ઇનામ આપ્યું. તે પ્રતિમા રાજાને ભેટ આપી અને બધી વાત કરી. રાજાએ પણ સ્વાગત સાથે પ્રતિમાજીનો નગરપ્રવેશ કરાવ્યો અને સ્નાત્રજલ મસ્તકે લગાવ્યું. આમ છ મહિના સુધી આ પ્રયોગ કરતાં અજયરાજાના ૧૦૮ રોગો નાશ થયા.

રોગ નાશ થયા પછી અજયરાજાએ દીવ બંદરની નજીક અજયનગર વસાવેલ. ત્યાં વિશાળ જિનાલય બંધાવી જે પ્રતિમા પ્રાપ્ત થઈ તે પ્રતિમા પધરાવી. અજાહરા પાર્શ્વનાથ નામ રાખ્યું. પછી ગુરુભગવંતનો સંયોગ થતાં પુત્ર અનંતરથને રાજ્ય સોંપી પોતે દીક્ષા લીધી. આ પ્રતિમા ધરણેન્દ્રના ભવનમાં છ લાખ વર્ષ સુધી પૂજાણી હતી. કુબેરલોકના ભવનમાં ૬૮૦ વર્ષ સુધી પૂજાણી. વરુણલોકના ભવનમાં સાત લાખ વર્ષ સુધી પૂજાણી, એટલે આ પ્રતિમા તેર લાખ વર્ષ સુધી પુરાણી અજયરાજાને પ્રાપ્ત થયેલ. ત્યારપછી ત્રણ લાખ વર્ષ પસાર થયાં પછી નમિનાથ પ્રભુનું શાસન આવ્યું. ત્યારપછી પાંચ લાખ વર્ષ પછી નેમિનાથનું શાસન આવ્યું. નેમિનાથ પ્રભુના નિર્વાણને આજે ૮૬,૪૯૨ વર્ષ થયાં, એટલે લગભગ ૨૨ લાખ વર્ષ પહેલાં આ પ્રતિમા મલ્લિનાથના શાસનમાં બની લાગે છે.

આ નગરમાં વિ.સં. ૧૯૪૦માં ખોદકામ કરતાં બાવીસ પ્રતિમાજી નીકળી હતી.

આ અજારાતીર્થમાં પ્રાચીન કાંસાનો ઘંટ છે.

*(સર્વતીર્થ સંગ્રહ).*



કુદરતની વચ્ચે શોભતા ધરણવિહારનું સર્વગ્રાહી બાહ્ય દૃશ્ય—રાણકપુર

## આબુ ઉપર જિનવર જુહાર

ગુજરાતના રાજા ભીમદેવના મુખ્યમંત્રી વિમલશાહ હતા. આ વિમલશાહ મંત્રીએ સં. ૧૧૦૦માં આબુજી તીર્થ ઉપર જિનાલયનું નિર્માણ કરેલ.

- વિમલમંત્રીને વિમલવસહિ નામનું જિનાલય બાંધતાં ૧૪ વર્ષ લાગેલાં.
- આ જિનાલયને બાંધવા માટે દરરોજ ૧૫૦૦ કારીગર અને ૫૨૦૦ મજૂરો કામ કરતા હતા.
- આ જિનાલયની જગ્યા લેવા માટે ૪ કરોડ ૫૩ લાખ ૬૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ.
- જમીન લેવા માટે જમીન ઉપર ચોરસ સોનામહોર પાથરી બ્રાહ્મણોને આપી પછી જગ્યા પ્રાપ્ત થયેલ.
- આ જિનાલયમાં મૂલનાયક આદિનાથ છે માટે શત્રુંજ્યાવતાર નામથી જિનાલય પ્રસિદ્ધ છે.
- આ જિનાલયની પાછળ ૧૮ કરોડ ૫૩ લાખનો ખર્ચ થયેલ.

## વિમલમંત્રીનો રાજાશાહી ઠાઠ

- વિમલમંત્રીના ભોજનઅવસરે ૮૪ શ્રેષ્ઠ જાંગિક ઢોલ વાગતા હતા.
- વિમલમંત્રીના પ્રતિપ્રયાણમાં ૨૭ લાખ દ્રવ્યનો વ્યય થતો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



આરસપહાણના કોતરણીવાળા સ્તંભોનું દૃશ્ય—રાણકપુર

- આ મંત્રીએ ૧૨ બાદશાહોને જીતીને ૧૨ છત્ર ગ્રહણ કર્યાં હતાં.
- કુંભારિયાજીના જિનમંદિર માટે વિમલમંત્રીએ પાયા ખોદાવ્યા ત્યારે પાયાને ભરવા માટે ૭૦૦ સાંઢો ભરીને સોનારૂપાની ઈંટો લાવેલ તે બધી પાયામાં ભરી હતી.
- કુંભારિયાજીમાં પ્રથમ ૩૬૦ જિનાલયો હતાં.

*(વિમલ પ્રબંધ)*

અચલગચ્છીય પૂ. મુનિશ્રી વિમલસાગરજી મ.સા.એ વિમલમંત્રીનો ૧૦૦ ગાથાનો શ્લોક રચ્યો છે. જે પૂ. મુનિ શ્રી સર્વોદય સાગરજીના સંગ્રહમાં છે.

## માંડવગઢના પેથડમંત્રીએ જિનાલય–જિનપ્રતિમા માટે આપેલ અનન્ય યોગદાન



- ૫૬ ધડી સુવર્ણની બોલી બોલીને ગિરનાર તીર્થને શ્વેતામ્બર બનાવેલ અને ઈન્દ્રમાળા પહેરેલ. આ બોલી બોલ્યા પછી ૧ ઘડીમાં ૧ યોજન ચાલે તેવી સાંઢ ઉપર સુવર્ણ આવ્યા પછી સુવર્ણ ભરીને જ ત્રીજા દિવસે અન્નજળ ગ્રહણ કરેલ. ૫૬ ધડી એટલે ૫૬૦ મણ સુવર્ણ થાય.
- ૨૧ ધડી સોનું બોલી સિદ્ધાચલ તીર્થે જિનાલય બંધાવેલ.
- ૭ કરોડ દ્રવ્ય ખર્ચી આગમો લખાવી જ્ઞાનભંડાર બનાવેલ.
- ૧૧ લાખ દ્રવ્ય ખર્ચી શત્રુંજયનો સંઘ કાઢેલ, જેમાં સાતલાખ માણસ હતા. બાવન જિનાલય અને ૧૨,૦૦૦ ગાડાં હતાં. શત્રુંજયમાં ૨૫ ધડી સુવર્ણ ખર્ચ કરેલ.
- ૧૮ લાખ દ્રવ્ય ખર્ચી માંડવગઢમાં ૭૨ દેરીવાળુ જિનાલય બંધાવેલ.
- નમસ્કાર મહામંત્રનું ભવ્ય ઉજમણું કરેલ. એ ઉજમણામાં ૬૮ સોનાનાં ગોલા મોતી–પરવાળાથી ભરીને મૂકેલ. ૬૮ પ્રકારનાં સર્વ જાતિનાં ફળો, ૬૮ સર્વ જાતિનાં સોના રૂપાનાં નાણાંઓ, ૬૮ રેશમી વસ્ત્રો, ૬૮ ધજા આદિ મૂકેલ.
- જ્યારે પેથડ મંત્રીએ સમકિત સ્વીકારેલ ત્યારે ૧,૨૫,૦૦૦ સાધર્મિકોને ૧ લાડુમાં ૧ સોનામહોર મૂકીને અર્પણ કરેલ.
- સવા કરોડ દ્રવ્ય દાનશાળામાં વાપરેલ.
- પેથડ મંત્રીએ ૩૨ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ.
- પેથડમંત્રી પક્ખી પ્રતિક્રમણ કરવા માટે માંડવગઢથી ૪ કોસ દૂર સુધી પણ જઈને સાધુ મ.સા.ની નિશ્રામાં કરતા હતા.
- આ મંત્રીએ માંડવગઢનાં ૩૦૦ જિનાલયો ઉપર સોનાના કળશો ચઢાવેલ.
- ભીમ શ્રાવક જયારે ચતુર્થ વ્રત સ્વીકારીને ૭૦૦ પૂજાનાં વસ્ત્રોની લહાણી સાધર્મિકોને કરે છે, તેમાંથી એક જોડ પેથડમંત્રીને મોકલે છે. પેથડમંત્રી તે જોડને હાથી ઉપર પધરાવી વરઘોડાની સાથે બહુમાનપૂર્વક પોતાના ઘેર લાવ્યા તેમાં ૧૦,૦૦૦નો ખર્ચ થયેલ.
- ચતુર્થવ્રતધારીની પૂજાની જોડ ઘેર આવવાની ૩૨ વર્ષની ઉંમરે પેથડમંત્રી પણ ચતુર્થવ્રત સ્વીકારે છે. ચતુર્થ વ્રત સ્વીકાર્યા પછી મંત્રીના શરીરનું તેજ એટલું વધી ગયું કે એમના પગ ધોઈને પાણી પીવાથી રોગ ચાલ્યો જતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- રાજાની રાણીનો ભયંકર તાવ પણ આ જ મંત્રીની શાલ ઓઢવાથી ઊતરેલ. ગાંડો થયેલો હાથી પણ આજ મંત્રીના વસ્ત્રથી સારો થયેલ. પ્રભુભક્ત એવા પેથડમંત્રીના બ્રહ્મચર્યનો કેટલો પ્રભાવ કહેવાય! જ્યારે આ મંત્રીએ ચતુર્થ વ્રત સ્વીકાર્યું ત્યારે ૧૪૦૦ શ્રાવકોને પાંચ-પાંચ રેશમી વસ્ત્રો અર્પણ કરેલ.
- આ પેથડમંત્રીએ ૧૮ લાખ રૂપિયા ખર્ચીને 'શત્રુંજયાવતાર' નામનું ૭૨ દેરીઓવાળું ભવ્ય જિનાલય માંડવગઢમાં બનાવેલ.
- એક વખત પેથડમંત્રીના પિતા દેદાશાને જેલમાં પૂર્યા ત્યારે દેદાશાએ માત્ર પાર્શ્વનાથના નામસ્મરણથી બેડી તોડી નાખેલ.
- પેથડમંત્રીને રાજ્ય તરફથી દર વર્ષે ૧૪૭ મણ સુવર્ણ પ્રાપ્ત થતું હતું તે બધું દ્રવ્ય સુકૃત કાર્યમાં વાપરતા.
- આ રીતે પેથડમંત્રીએ જિનાલય-જિનબિંબ-જિનાગમને લક્ષમાં રાખીને સારી શાસનપ્રભાવના કરેલ.
- પેથડમંત્રીના પુત્ર ઝાંઝણમંત્રીએ માંડવગઢમાં જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવી સાતમાળનું જિનાલય બનાવેલ.
- ઝાંઝણ મંત્રીએ જીરાવલા તીર્થમાં કરોડ પુષ્પોથી જિનપૂજા કરેલ.
- પેથડ મંત્રીએ ૨૪ ભગવાનનાં ૮૪ (ચોર્યાસી) જિનાલયો બંધાવેલ.

## ॥ દેવગિરિના જિનાલયની વિશિષ્ટતા ॥

દેવગિરિનું જિનાલય માંડવગઢનાં પેથડ મંત્રીએ બનાવેલ.

- આ જિનાલયની જગ્યા લેવા માટે હેમડમંત્રી નામે ત્રણ વર્ષ સુધી દાનશાળા ચલાવેલ. તેથી મંત્રીએ ખુશ થઈને રાજાને વાત કરી અને રાજાએ જિનાલય માટે વિશાળ જગ્યા આપેલ.
- જે સોમપુરાએ રુદ્રમહાલય બનાવેલ તેના વંશમાં ઉત્પન્ન થયેલ રત્નાકર નામના સલાટે આ જિનાલય બનાવેલ.
- પેથડ મંત્રીએ કારીગરોના નિભાવ માટે માંડવગઢથી ૩૨ સાંઢો ભરી સુવર્ણ મોકલેલ.
- આ જિનાલયના નિર્માણ માટે દેવગિરિમાં ૧૦,૦૦૦ ઈંટનાં નિભાડા રોકેલા. દરેક નિભાડામાં ૧૦,૦૦૦ ઈંટો પકાવવામાં આવતી હતી.
- જિનાલયના પાયા માટે ૩ વાંસ ઊંડા ખોદેલ પાયામાં ૧૫ શેર સીસાનો રસ પૂરેલ.
- આ જિનાલયમાં ૨૧ ગજ લાંબી ૧૪૪૪ પત્થરની પાટો ગોઠવેલ.
- પ્રતિષ્ઠામહોત્સવ વખતે દરરોજ ૧૦૮ બ્રહ્મચારી શ્રાવકો વિધિપૂર્વક સ્નાત્ર મહોત્સવ કરતા હતા અને મંત્રી તેમની ભક્તિ કરતા હતા.
- પ્રતિષ્ઠા વખતે મંત્રીએ સર્વગચ્છના સાધુઓની વસ્ત્રથી ભક્તિ કરેલ.
- આ જિનાલયમાં ૮૩ અંગુલ પ્રમાણવાળી વીરપ્રભુની પ્રતિમા પધરાવેલ.
- આ જિનાલયની પ્રતિષ્ઠા વખતે પાંચ લાખ દ્રવ્યનો ખર્ચ થયેલ.
- દેવગિરિ જિનાલય પૂર્ણ થયાના સમાચાર આપનાર વ્યક્તિને પેથડમંત્રીએ ત્રણ લાખ ટાંકનું દાન આપેલ.
- પેથડ મંત્રીનાં ધર્મપત્નસ જિનમંદિરે જતી વખતે રોજ સવાશેર સુવર્ણનું દાન કરતાં હતાં.

*રાણકપુરમાં જિનાલય બનાવી જગમાં નામ અમર કરનાર*

## ધરણાશાહ પોરવાલ



नलिनीगुल्म विमानोभिधान श्री चतुर्मुख युगादीश्वर पसियंतु।

- રાણકપુર જિનાલયના સ્થાપક કુંભારાણાના મંત્રી ધરણાશાહ પોરવાલે માત્ર ૩૨ વર્ષની ઉંમરે ૩૨ સંઘોની વચ્ચે શત્રુંજય તીર્થ ઉપર સોમસુંદરસૂરિજીના હસ્તે તીર્થમાળા પહેરી બ્રહ્મચર્ય વ્રત સ્વીકારેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- તીર્થમાળા વખતે પ્રતિજ્ઞા લીધેલ કે રાણકપુરમાં નલિનીગુલ્મ વિમાન જેવું જિનાલય બંધાવવું.
- કુંભારાણા પાસેથી જમીન લઈ સં. ૧૪૪૬માં જિનાલયનું કામ શરૂ કરાવ્યું અને સં. ૧૪૯૬માં પ્રતિષ્ઠા થયેલ અને ત્રૈલોક્યદીપક નામ રાખ્યું. ૫૦ વર્ષ સુધી જિનાલયનું કામ ચાલેલ.
- આ જિનાલયમાં ૪૮,૪૦૦ (વર્ગ) ચો. ફૂટનો ઘેરાવો છે. આ જિનાલયમાં ૮૪ દેરીઓ અને ૧૪૪૪ થાંભલાઓ છે. દરેક થાંભલામાં અલગ અલગ કોતરણી કરેલ છે. આ જિનાલયમાં અષ્ટાપદ, શત્રુંજય, ૨૪ મંડપ, ૧૦૦ તોરણ, ૯ ભોંયરાં, ૪ વિશાલ રંગમંડપ અને પાંચસો બાવન (૫૫૨) પૂતળીઓ રહેલ છે.
- આ જિનાલય જમીનથી ૪૫ ફૂટ ઊંચું છે અને જિનાલયનો પાયો સાત માથોડા (સાત માણસ અંદર ઊતરી શકે) જેટલો ઊંડો છે.
- કહેવાય છે કે ચિત્તોડના રાણાએ ધરણાશાહ શેઠની નકલ કરવા જિનાલયમાં વિશાળ થાંભલો બનાવ્યો પણ તેમના જેવો કરી ન શક્યા તેથી અધૂરો રહ્યો.
- મૂલનાયકની સામે ૧ હાથી અને તેની પાસે ૫૦૦ વર્ષ સુધી પુરાણું રાયણવૃક્ષ છે. તેમની સામે ૧૦૦૮ ફણાને ધારણ કરનાર નાગ–નાગણીયુક્ત પાર્શ્વનાથની મૂર્તિ છે.
- પહેલાં અહીં ૮૪ ભોંયરાં હતાં. હાલ નવ ભોંયરાં વિદ્યમાન છે. આ જિનાલયમાં જુદી જુદી જાતનાં ૭૬ શિલ્પની સજાવટ છે. દરેક દેરાસર ઉપર ૨૦–૨૦ પ્રકારની કારીગરી છે.
- ધરણાશાહની ભાવના ૯ માળનું જિનાલય બનાવવાની હતી પરન્તુ અંત સમય નજીક આવવાથી ૩ માળનું બનાવ્યું.
- આ જિનાલયની પ્રતિષ્ઠા વખતે ૪ આચાર્ય, ૯ ઉપાધ્યાય, ૫૦૦ સાધુઓ અને જુદા જુદા ગચ્છના ૭૦૦ સાધુઓ, મુખ્ય આચાર્ય શ્રી સોમસુંદર સૂરિજી હતા.
- પાંચમી સદીમાં રાણકપુરમાં ૨૭૦૦ જૈનોનાં ઘર હતાં.

(પ્રાચીનતીર્થ ઈતિહાસ)

*ભક્તિ અને કળાના સંગમનું તીર્થ*

## શ્રી રાણકપુર

રાજસ્થાન એ શિલ્પ–સ્થાપત્યની વિપુલતા અને



સજીવ કોતરણીથી સમૃદ્ધ મંડોવર મુખ્ય

વિવિધતાઓથી સમૃદ્ધ પ્રદેશ છે અને તેની કેટલીક કળાપૂર્ણ શિલ્પસમૃદ્ધિ તો વિશ્વનાં નામાંકિત શિલ્પોમાં માનભર્યું સ્થાન અપાવે એવી અદ્‌ભુત છે. એ બધામાં ગિરિરાજ આબુ ઉપરનાં જિનાલયો તો બેનમૂન છે જ; આમ છતાં વિશાળતા અને કળામયતાના સંગમની દૃષ્ટિએ રાણકપુરનું આ જિનમંદિર એ બધામાં શિરોમણિરૂપ બની રહે એવું છે એ નિઃશંક છે, સાથે સાથે ભારતીય શિલ્પકળાનો પણ એ બેનમૂન નમૂનો છે અને ભારતની વાસ્તુવિદ્યા કેટલી ઉચ્ચ કોટિની અને આગળ વધેલી હતી અને એના સ્થપતિઓ કેવા સિદ્ધહસ્ત હતા એ વાતની પણ એ સાખ પૂરે છે.

આ મંદિરની નિર્માણકથાના ચાર મુખ્ય સ્તંભો છે : આચાર્ય સોમસુંદરસૂરિજી, મંત્રી ધરણાશાહ, પોરવાલ રાણા કુંભ અને શિલ્પી દેપા અથવા દેપાક. આ ચારેની ભાવનારૂપ ચાર સ્તંભોના આધારે શિલ્પકળાના સૌંદર્યની પરાકાષ્ઠા સમા આ અદ્‌ભુત જિનમંદિરની રચના થઈ શકી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય સોમસુંદરસૂરિજી વિક્રમની પંદરમી સદીના એક પ્રભાવશાળી આચાર્ય થઈ ગયા. શ્રેષ્ઠી ધરણાશાહ રાણકપુર પાસેના નાંદિયા ગામના વતની હતા અને પછી તેઓ માલગઢમાં જઈને વસ્યા હતા. એમના પિતાનું નામ શ્રેષ્ઠી કુરપાલ, માતાનું નામ કામલદે અને મોટાભાઈનું નામ રત્નાશાહ હતું. એમનો વંશ પોરવાલ.

તે સમયના પ્રભાવક પુરુષ આચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીના સંપર્કથી ધરણાશાહ વિશેષ ધર્મપરાયણ બન્યા હતા અને કાળક્રમે એમની ધર્મભાવનામાં એવી અભિવૃદ્ધિ થતી ગઈ કે, બત્રીસ વર્ષની યુવાન વયે, એમણે તીર્થાધિરાજ શત્રુંજયમાં, આજીવન બ્રહ્મચર્યવ્રત જેવા ખૂબ કઠોર વ્રતનો સ્વીકાર કર્યો હતો. પોતાની કુશાગ્ર બુદ્ધિ, વહીવટી કુશળતા, રાજકારણી કાબેલિયત અને બાહોશીના લીધે તેઓ મેવાડના રાણા કુંભાના મંત્રી બન્યા હતા.

કોઈક શુભ પળે, મંત્રી ધરણાશાહના અંતરમાં ભગવાન ઋષભદેવનું એક ભવ્ય મંદિર ચણાવવાની ભાવના જાગી. આ મંદિર શિલ્પકળાના શ્રેષ્ઠ નમૂના જેવું સર્વાંગસુંદર થાય તે માટે તેઓ કંઈ કંઈ મનોરથો સેવતા હતા. એક અનુશ્રુતિ તો એમ કહે છે કે, મંત્રી ધરણાશાહને એક રાત્રે સુંદર સ્વપ્ન આવ્યું અને તેમાં એમણે સ્વર્ગલોકના નલિનીગુલ્મ વિમાનનું દર્શન કર્યું. નલિનીગુલ્મ વિમાન એ સ્વર્ગલોકનું સર્વાંગસુંદર દેવવિમાન લેખાય છે. ધરણાશાહે વિચાર કર્યો કે મારે આવો જ ભવ્ય જિનપ્રાસાદ ચણાવવો.

પછી તો એમણે જુદા જુદા શિલ્પીઓ પાસે મંદિરના નકશાઓ મંગાવ્યા. કેટલાક શિલ્પીઓએ પોતાના નકશા રજૂ કર્યા, પણ એક પણ નકશો જોઈને શ્રેષ્ઠી ધરણાશાહનું મન ઠર્યું નહીં. છેવટે મુન્ડારાના વતની શિલ્પી દેપા અથવા દેપાકે દોરેલું ચિત્ર શ્રેષ્ઠીના મનમાં વસી ગયું. શિલ્પી દેપાક ભારે મસ્ત મિજાજનો અલગારી કળાકાર હતો. પોતાની કળાનું ગૌરવ અને બહુમાન જાળવવા માટે એ ગરીબીને સુખેથી નિભાવી લેતો હતો. છેવટે મંત્રી ધરણાશાહની સ્ફટિક સમી નિર્મળ ધર્મભક્તિ દેપાકના અંતરને સ્પર્શી ગઈ અને એણે મંત્રીના મનોરથને સજીવન કરે એવું મનમોહક, વિશાળ અને ભવ્ય જિનમંદિર નિર્માણ કરવાનું બીડું ઝડપ્યું—જાણે ધર્મતીર્થને આરે ભક્તિ અને કળાનો સુભગ સંગમ થયો!

મંત્રી ધરણાશાહે રાણા કુંભા પાસે મંદિર માટે જગ્યાની માંગણી કરી. રાણાજીએ મંદિરને માટે ઉદારતાથી જમીન આપવાની સાથે ત્યાં એક નગર વસાવવાની પણ સલાહ આપી. અને એ માટે માદ્રી પર્વતની તળેટીમાં આવેલ જૂના માદગી ગામની ભૂમિની પસંદગી કરવામાં આવી, એટલે મંદિરની સાથે જ ત્યાં નવું નગર ઊભું થયું. રાણાના નામ ઉપરથી તેનું નામ



**રાણકપુર : મંદિરનું ત્રણમાળનું કોતરણીવાળું શિખર આકાશ સાથે વાતો કરે છે.**

રાણપુર રાખવામાં આવ્યું. સમય જતાં લોકોમાં એ રાણકપુરના નામે વિશેષ ખ્યાતિ પામ્યું.

વિ.સં. ૧૪૪૬માં શરૂ કરવામાં આવેલું આ મંદિરનું બાંધકામ ૫૦ વર્ષે પણ પૂરું થયું નહીં ત્યારે, પોતાની વૃદ્ધાવસ્થાનો વિચાર કરીને, શ્રેષ્ઠી ધરણાશાહે એની પ્રતિષ્ઠા કરાવવાનો નિશ્ચય કર્યો એટલે વિ.સં. ૧૯૪૬ની સાલમાં એની પ્રતિષ્ઠા થઈ, એ સુનિશ્ચિત છે. મંદિરમાંના મુખ્ય શિલાલેખમાં આ જ સાલ આપવામાં આવી છે. આ પ્રતિષ્ઠા આચાર્ય સોમસુંદરસૂરિજીના વરદ્ હાથે જ થઈ હતી અને એ રીતે પાંચ દાયકા સુધી ચાલેલ ચણતરકામને અંતે, મંત્રી ધરણાશાહની ભાવનાને મૂર્ત કરતા દેવવિમાન જેવા મનોહર મંદિરનો ધરતી ઉપર અવતાર થયો હતો. ચાલી આવતી અનુશ્રુતિ પ્રમાણે આ મંદિરમાં નવ્વાણું લાખ રૂપિયા જેટલું ખર્ચ થયું હતું. એના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાયામાં સાત પ્રકારની ધાતુઓ અને કસ્તુરી જેવી બહુ કિંમતી ચીજો નખાવીને શિલ્પી દેપાએ ધરણાશાહની ભાવના અને ઉદારતાની કસોટી કરી હતી એમ કહેવાય છે.

આ મંદિરની સૌથી અનોખી વિશેષતા તે એની વિપુલ સ્તંભાવલી છે. આ મંદિરને સ્તંભોનો મહાનિધિ કે સ્તંભોનું નગર કહી શકાય. એ રીતે ઠેર ઠેર સ્તંભો ઊભા કરવામાં આવ્યા છે. જે તરફ નજર કરો તે તરફ નાના, મોટા, પાતળા, જાડા, સાદા કે કોરણથી ઊભરાતા સ્તંભો જ નજરે પડે છે, પણ મંદિરના કુશળ શિલ્પીએ આટલા બધા સ્તંભોની ગોઠવણી એવી સપ્રમાણ રીતે કરી છે કે, એ પ્રભુનાં દર્શન કરવામાં ક્યાંય અંતરાયરૂપ થતી નથી, જિનલયમાં ગમે ત્યાં ઊભેલો ભક્ત ભગવાનનાં દર્શન કરી શકે છે. સ્તંભોની આટલી વિપુલ સમૃદ્ધિને લીધે તો આ મંદિરમાં ૧૪૪૪ થાંભલા હોવાની લોકખ્યાતિ થઈ છે.

મંદિરની ઉત્તરે રાયણવૃક્ષ અને ભગવાન ઋષભદેવનાં પગલાં છે, તે ભગવાન ઋષભદેવના જીવનનું અને તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનું સ્મરણ કરાવે છે.

સદ્ભાગ્યે વિ.સં. ૧૯૫૩ (સને ૧૮૯૭)ની સાલમાં, સાદડીના શ્રી સંઘે આ તીર્થ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપી દીધું. શરૂઆતમાં પેઢીએ આ તીર્થની યાત્રાએ યાત્રિકો નચિંતપણે જઈ શકે એ માટેનાં જરૂરી પગલાં લીધાં અને પછીથી આ તીર્થનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવવાનો પેઢીએ નિર્ણય કર્યો, અને તરત જ જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવ્યું.

જીર્ણોદ્ધારનું કાર્ય વિ.સં. ૧૯૯૦થી ૨૦૦૧ સુધી અગિયાર વર્ષ ચાલ્યું. આ કાર્ય એવું ઉચ્ચ કોટિનું અને નમૂનેદાર થયું કે વિશ્વખ્યાત સ્થપતિઓએ પણ એનાં મુક્તકંઠે વખાણ કર્યાં. જીર્ણોદ્ધારથી સાવ નૂતનરૂપ પામેલ આ મંદિરની વિ.સં. ૨૦૦૯ની સાલમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ મંદિરને ચતુર્મુખપ્રાસાદ ઉપરાંત 'ધરણવિહાર', 'ત્રૈલોક્યદીપકપ્રાસાદ' કે 'ત્રિભુવનવિહાર'ના નામથી પણ ઓળખવામાં આવે છે. એના નિર્માતા શ્રેષ્ઠી ધરણાશાહ હોવાથી એનું 'ધરણવિહાર' એ નામ સાર્થક છે. ત્રણે લોકમાં એ દીપક સમાન હોવાથી એનાં 'ત્રૈલોક્યદીપકપ્રાસાદ' તેમજ 'ત્રિભુવનવિહાર' એવાં નામો પણ સાર્થક છે અને તે એ મંદિરનો મહિમા દર્શાવે છે.

## જિનાલય-જિનબિંબ પ્રત્યે ભક્તિપૂર્વક દ્રવ્ય ખર્ચનાર શ્રાવકો

સંપ્રતિ મહારાજાએ સવાલાખ નવાં જિનાલયો અને છત્રીસ હજાર જિનાલયોનો જીર્ણોદ્ધાર અને સવાકરોડ જિનપ્રતિમા ભરાવેલ.

- શ્રેણિક મહારાજા દરરોજ જે દિશામાં પ્રભુ વિચરતા તે દિશા તરફ સાત-આઠ ડગલાં જઈ સોનાનાં જવનો સાથિયો કરતા.
- આમરાજાએ ગોવર્ધનપર્વતની ઉપર સાડાત્રણ કરોડ સોનામહોર ખર્ચી જિનાલય બનાવ્યું હતું. તેનાં મૂળ મંડપમાં સવાલાખ સોનામહોર તથા રંગમંડપમાં ૨૧ લાખ સોનામહોરનો ખર્ચ થયેલ.
- સં. ૧૩૧૬માં મંડલિક રાજાએ ગિરનારતીર્થના નેમિનાથ પરમાત્માના જિનાલયને સુવર્ણ-પતરાંથી મઢેલ એવો ઉલ્લેખ શિલાલેખમાં છે.
- દયાલશાહ શેઠે ચિત્તોડ પાસે દયાલકિલ્લા ઉપર નવ માળનું જિનાલય બંધાવેલ જે જિનાલયની ધજા ૧૨ માઈલ સુધી દૂર પડતી હતી. એ વખતે આ જિનાલય બનાવવામાં ૧ કરોડ સોનામહોરનો ખર્ચ થયો.
- તેજપાલ શ્રાવકે [illegible]વલાતીર્થમાં ૧ કરોડ પુષ્પોથી જિનપૂજા કરે[illegible].
- થરાદના આભુ સંઘવીએ શ્રી શત્રુંજય મહાતીર્થને ૩ કરોડ સોનારૂપાનાં ફૂલો વડે વધાવેલ.
- કુમારપાલ રાજાએ ૯ લાખ સોનામહોર દ્વારા નવાંગી પૂજા કરેલ.
- દોશી મનજીએ પ્રભુભક્તિ નિમિત્તે અમદાવાદનાં તમામ જિનાલયોમાં સત્તરભેદી પૂજા ભણાવેલ.
- વસ્તુપાલ મંત્રીએ શત્રુંજયતીર્થ ઉપર જિનાલય બંધાવી કુલ ૧૮ કરોડને ૯૬ લાખ દ્રવ્ય વાપરેલ અને ગિરનાર તીર્થ ઉપર ૧૨ કરોડ ને ૮૦ લાખ દ્રવ્ય વાપરેલ.
- જાવડશા શેઠે ૨૨ શેર ચાંદીની પ્રતિમાજી ભરાવી પૂજા માટે જિનાલયમાં પધરાવેલ.
- કુમારપાલ રાજા દરરોજ ત્રિભુવનપાલવિહારમાં ૭૨ સામન્તો અને ૧૮૦૦ (અઢારસો) કરોડપતિઓ સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટપ્રકારી પૂજા કરતા હતા અને દરરોજ ૭૨ જિનાલયોમાં ચૈત્યપરિપાટી કરતા.

- કુમારપાલ રાજાએ ૧૪૪૪ (ચૌદસો ચુમ્માલીસ) નવાં જિનાલયો બનાવીને પ્રતિષ્ઠા કરાવેલ.
- ત્રિભુવનપાલ નામના જિનાલયમાં ૨૪ ચાંદીના પ્રતિમાજી અને મૂલનાયક શ્રી નેમિનાથ રિષ્ટરત્નમાંથી બનાવેલ. એ વખતે એક જ જિનાલયમાં ૯૬ કરોડ સોનામહોરોનો ખર્ચ થયેલ.
- રણવીર રાજાએ ૧૦૦૦ થાંભલાવાળું ભવ્ય જિનાલય શત્રુંજય મહાતીર્થ ઉપર બનાવી આદેશ્વર દાદાની મૂર્તિ-સ્થાપના કરેલ.
- વિક્રમ રાજાએ કૈલાસ પર્વત જેવાં ૧૦૦ જિનાલયોનું નિર્માણ કરાવી દરેક જિનેશ્વરનાં ૧ લાખ જિનબિંબો ભરાવી, ૧ લાખ સાધર્મિકોને ભોજન કરાવી વસ્ત્રની લહાણી કરાવી ભવ્ય પ્રતિષ્ઠાઓ કરાવેલ.
- કહેવાય છે કે વિક્રમ રાજાએ ઋષભદેવ ભગવાનની પૂજા માટે સાંબદ્ધા આદિ ૯૧ ગામો, વસાડ આદિ ૮૪ ગામો, ધુંટારસી આદિ ૨૪ ગામો, ઇસરોડા આદિ ૫૬ ગામો અર્પણ કરેલ, એટલે એ ગામોમાંથી જે આવક આવતી તે બધી જિનાલયમાં વપરાતી. (વિક્રમચરિત્ર)

## જગજયવંત અતિ પ્રાચીન શ્રી જીરાવલા તીર્થ



રાજસ્થાન રાજ્યના સિરોહી જિલ્લામાં આવેલું જીરાવલા તીર્થ ઘણું જ પ્રાચીન અને ઇતિહાસથી ભરપૂર છે. ચોરાશી ગચ્છોનું આ તીર્થ કહેવાય કારણ કે દરેક ગચ્છોના આચાર્યો અહીં ચાતુર્માસ કરી સાધના-આરાધના તથા સંઘો લઈને આવેલા છે.

વર્તમાનકાળમાં કોઈપણ ઠેકાણે પ્રતિષ્ઠા મહોત્સવ હોય તો દરેક જિનાલયમાં જીરાવલા પાર્શ્વનાથનો મંત્ર લખવામાં આવે છે અને બોલાવવામાં પણ આવે છે.

જીરાવલા પાર્શ્વનાથનો મૂલમંત્ર "।। ૐ હ્રીં અર્હં શ્રી જીરાવલા પાર્શ્વનાથ રક્ષાં કુરૂ કુરૂ સ્વાહાઃ ।।"

## જીરાવલા પાર્શ્વનાથની પ્રાપ્તિનો ઇતિહાસ

વિ.સં. ૩૨૭માં કોડીનારનગરના ઓસવાલજાતિના બાફણા ગોત્રના અમરાસા શેઠને રાત્રિના પાછલા પહોરે સ્વપ્ન આવ્યું કે હું પાર્શ્વનાથનો અધિષ્ઠાયક દેવ છું. તું જીરાવલ્લી પહાડની નજીક આઠસો ડગલાં પહાડ ઉપર ચડી ગુફાની અંદર ઇશાન ખુણામાં ખાડો ખોદતાં તને પાર્શ્વનાથની મૂર્તિ પ્રાપ્ત થશે તે મૂર્તિ લાવીને તે પહાડ નીચે જ જિનાલય બનાવી તેમાં પધરાવજે.

આટલું સ્વપ્ન પૂર્ણ થતાં શેઠ જાગૃત થઈ ધર્મધ્યાનમાં લીન બને છે. સૂર્યોદય થયા પછી પોતાના નગરમાં બિરાજમાન આચાર્ય શ્રી દેવસૂરિજીને વિધિપૂર્વક વંદન કરી સ્વપ્નનું ફળ પૂછે છે ત્યારે દેવસૂરિજીએ કહ્યું કે મને પણ રાત્રિના પાછલા પહોરે આ સ્વપ્ન આવેલ.

દેવસૂરિએ આ વાત સકલસંઘને કરી અને સંઘ સાથે પહાડ ઉપર મૂર્તિની શોધ માટે ગયા. અમરાસા શેઠ નિશ્ચિત બતાવેલ જગ્યાએ ખાડો ખોદતા મૂર્તિ પ્રાપ્ત થયેલ. સંપૂર્ણ સંઘ હર્ષોલ્લાસ સાથે ગુંજી ઊઠ્યો. આજુબાજુના સંઘોની ભીડ લાગવા માંડી બધા સંઘો પ્રતિમાજી પોતાના ગામે લઈ જવા માટે પડાપડી કરવા લાગ્યા. વિશેષતઃ કોડીનગર અને જીરાવલ્લી ગાંવના સંઘોનો વિશેષ આગ્રહ હતો. બધા સંઘો આચાર્ય ભગવંતને વિનંતી કરવા લાગ્યા. સ્વપ્ન અનુસાર આચાર્ય ભગવંતે જીરાવલ્લી સંઘને આદેશ આપ્યો.

સકલ સંઘ સાથે જીરાવલ્લી ગામમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથની પ્રાચીન મૂર્તિનો પ્રવેશ કરાવ્યો અને શેઠ અમરાસાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ્ય જિનાલયનું નિર્માણ પહાડ નીચે ચાલુ કરાવ્યું. ચાર વર્ષ સુધી આ જિનાલયનું કામ ચાલ્યું. ગગનચુંબી ભવ્ય જિનાલય તૈયાર થતાં વિ.સં. ૩૩૧ વૈશાખ સુદ ૧૦ના દિવસે શુભમુહૂર્તે આચાર્ય દેવસૂરિજી પોતાનાં ૧૦૦ શિષ્યો સાથે પધાર્યા ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. પ્રતિષ્ઠા થયા પછી અધિષ્ઠાયક દેવની પૂર્ણકૃપાથી ચારેબાજુ જીરાવલા તીર્થનો પ્રભાવ–ચમત્કાર વ. થવા માંડ્યા.

- જિનાલયને લગભગ ૪૦૦ વર્ષ પૂર્ણ થતાં અતિ જીર્ણ અવસ્થામાં જિનાલય થવાથી વિ.સં. ૭૬૩માં જેતાશા ખેતાશા મેરૂસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૧૦,૦૦૦ વ્યક્તિઓ સાથે સંઘ લઈને આવેલા. તે સંઘપતિએ ગુરુના આદેશથી આ જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવેલ.
- આ જીર્ણોદ્ધારને ૫૭૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે વિ.સં. ૧૦૩૩માં સહજાનંદ સૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી તેતલીનગર નિવાસી હરદાસ શેઠે બીજો જીર્ણોદ્ધાર કરાવ્યો. એ વખતે જીરાવલામાં ૧૮૦૦ જૈનોનાં ઘરો હતાં. એ પણ બધા સુખી સમૃદ્ધિશાળી શ્રાવકો હતા.

## એક ચમત્કાર અને પાર્શ્વનાથ પ્રતિમાની પ્રાપ્તિ

જીરાપલ્લી ગામમાં એક કડુઆ નામનો બ્રાહ્મણ હતો તે ઘણો જ ધર્માત્મા અને ક્રિયાકાંડવાળો હતો. તેની ગાય એકદમ સફેદ હતી. દરરોજ ગોવાલો એની ગાયને ચરાવવા જતો હતો, પરન્તુ એ ગાય સાંજે ઘેર આવે ત્યારે દૂધ આપતી ન હતી. એ ગાય દરરોજ પોતાની મેળે એક નિશ્ચિત જગ્યાએ જઈને દૂધ ઝરાવતી, પરન્તુ તે વાતની ગોવાળાને ખબર નહીં પડી.

કડુઆ બ્રાહ્મણને દૂધ પ્રાપ્ત નહીં થવાથી દુઃખી થઈને ગામના સમૃદ્ધિશાળી શેઠ પ્રતિષ્ઠિત વ્યક્તિ ધન્નાસાને વાત કરી. ધન્નાસાએ તે યોગ્ય મૂલ્ય આપી તે ગાય વેચાતી લઈ લીધી. પછી તે ધન્નાસા શેઠ તે ગાયની પાછળ પાછળ ગયા, જ્યાં દૂધ ઝરાવે તે જગ્યા જોઈ લીધી. હવે ત્યાં શું હશે એનાં માટે ધન્નાસા શેઠ જિનાલયમાં જઈ સાધના કરવા લાગ્યા. ત્યાં અધિષ્ઠાયક દેવે કહ્યું કે જે સ્થળે ગાય દૂધ ઝરાવે છે તે સ્થળે પાર્શ્વનાથની મૂર્તિ છે. આજથી પાંચ દિવસ પછી તે મૂર્તિ તું કઢાવજે. કારણ આ જિનાલયમાં જે મૂર્તિ છે તે ખંડિત દશામાં છે માટે આ મૂર્તિને તું જિનાલયના બીજા ભાગમાં સ્થાપન કરી અને આ જે મૂર્તિ નીકળશે તેને મૂલનાયક રૂપે સ્થાપિત કરજે.

ધન્નાસા શેઠે પણ પાંચ દિવસ પછી આ વાત સંઘ સમક્ષ કરી. સંઘ સાથે તે સ્થળે જઈ પ્રતિમા બહાર કાઢી ધામધૂમથી પાર્શ્વનાથની પ્રતિમાનો પ્રવેશ કરાવ્યો. સ્વપ્નાનુસાર તે પ્રતિમાને મૂલનાયક તરીકે સ્થાપી.

એ વખતે ઉપકેશ ગચ્છના દેવગુપ્તસૂરિ તથા જીરાવલ્લી ગચ્છના રામચન્દ્રસૂરિની નિશ્રામાં વિ.સં. ૧૪૨૧માં જેઠ સુદ–૧૦ના દિવસે નવા મૂલનાયકની પ્રતિષ્ઠા થયેલ.

કહેવાય છે કે વિ.સં. ૧૪૨૧થી ૧૮૫૧ સુધી ઘણા ગચ્છના ઘણા આચાર્યોએ આ જીરાવલા તીર્થ ચાતુર્માસ સાધના–આરાધના વ. કરેલ.

આચાર્ય શ્રી રંગવિમલસૂરિએ સંઘ પાસે ૩૦,૨૧૧ રૂપિયા અપાવી શિખર જીર્ણ થતાં શિખરનો જીર્ણોદ્ધાર કરાવેલ.

વર્તમાનકાળમાં પ્રાચીન શ્રી જીરાવલા પાર્શ્વનાથને મૂલનાયક રૂપે સ્થાપવા માટે જીર્ણોદ્ધારનો નિર્ણય જીરાવલા ટ્રસ્ટના ટ્રસ્ટીગણે ઘણા આચાર્યો ભગવંતની સલાહ લઈને કરેલ. હાલ જીરાવલા તીર્થના જીર્ણોદ્ધાર માટે મુખ્યતઃ ૧. આચાર્ય ગુણરત્નસૂરિ, ૨. આચાર્ય યશોવિજયસૂરિ, ૩. આચાર્ય નવરત્નસાગરસૂરિ, ૪. આચાર્ય રત્નાકરસૂરિ. આમ ચાર આચાર્ય ભગવંતના સલાહ–સૂચન મુજબ જીર્ણોદ્ધાર ચાલે છે. પાંચ શિખર બાવન દેરીઓથી યુક્ત ભવ્ય ગગનચુંબી જિનાલય લગભગ ૮૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે. પ્રતિષ્ઠા વખતે ભારતભરના સમસ્ત આચાર્યોને ભેગા કરી જીરાવલા દાદાને ગાદીનશીન કરવાની ભાવના છે.

## ॥ જીરાવલા તીર્થમાં થયેલાં મહાન ચાતુર્માસો ॥

- સર્વપ્રથમ અચલગચ્છના આચાર્યશ્રી મેરુતુંગસૂરિએ ૧૫૨ શિષ્ય સાથે ચાતુર્માસ કરેલ અને જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્રની રચના આજ આચાર્યે કરેલ.
- ત્યાર પછી આગમગચ્છના આચાર્યશ્રી હેમરાજસૂરિજીએ પોતાનાં ૭૫ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી ઉપકેશ ગચ્છના આચાર્ય શ્રી દેવગુપ્તસૂરિજીએ ૧૧૩ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી આગમગચ્છના આચાર્ય શ્રી દેવરત્નસૂરિજીએ ૪૮ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- ત્યાર પછી ઉપકેશગચ્છના આચાર્ય શ્રી કક્કસૂરિજીએ ૭૧ શિષ્યો સહિત ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી ખરતર ગચ્છના આચાર્ય શ્રી જિનતિલક સૂરિજીએ ૫૩ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી તપાગચ્છના આચાર્ય શ્રી કીર્તિરત્નસૂરિજીએ ૩૧ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી જયતિલકસૂરિજીએ ૬૮ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી મુનિસુંદરસૂરિજીએ ૪૧ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી જીરાવલ્લી ગચ્છના ખેમચંદ ગણિવરે ૫૦ શિષ્યો સાથે ચાતુર્માસ કરેલ.
- ત્યાર પછી જીરાવલ્લી ગચ્છના રત્નપ્રભસૂરિએ ૬૫ શિષ્યો સાથે તથા દેવચંદ્રમુનિએ ૬૧ શિષ્યો સાથે ચોમાસું કરેલ.

## ॥ જીરાવલા તીર્થમાં પ્રાચીન કાળમાં આવેલ સંઘો ॥

- વીર સં. ૭૬૩માં મેરુતુંગસૂરિજી અચલગચ્છના, જેઓ ૧૦,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.
- વીર સં. ૮૩૪માં લક્ષ્મણશાહ ૧૭,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.
- વીર સં. ૮૩૪માં દેવસૂરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા, જે સંઘ જાણ્હાશેઠે કાઢ્યો હતો.
- ત્યાર પછી કક્કસૂરિજીએ ૫,૦૦૦ યાત્રિકો સાથે, વીર સં. ૧૩૦૩માં દેવસૂરિજી ૮,૦૦૦ યાત્રિકો સાથે અને વીર સં. ૧૪૬૮માં હર્ષસૂરિજી ૫,૦૦૦ યાત્રિકો સાથે ઓસવાલ ખેમાશા સંઘ લઈને આવેલા.
- વીર સં. ૧૪૬૮માં જિનપદ્મસૂરિજી ૧૧,૦૦૦ યાત્રિકો સાથે ચોરડિયા પરિવારનાં ભાનાશાહ સંઘ લઈને આવેલા.
- વીર સં. ૧૪૭૫માં હેમન્તસૂરિજી ૮,૦૦૦ યાત્રિકો સાથે ઓસવાલ રાંકા સંઘ લઈને આવેલા.
- તેતલીનગર નિવાસી હરદાસજી શેઠ સં. ૧૦૩૩માં મોટો સંઘ લઈને જીરાવલા તીર્થ આવેલા.
- વિ.સં. ૧૧૮૮માં ઓસવાલ શ્રીમા લગોત્રીય જાણ્હાશેઠ ૫,૦૦૦ યાત્રિકો સાથે શ્રામદેવસૂરિજીની નિશ્રામાં આવેલ.
- વિ.સં. ૧૨૯૩માં પોરવાલ જાતિના ભીલા શેઠ રાહેડનગરથી ૫,૦૦૦ યાત્રિકો સાથે કક્કસૂરિજીની નિશ્રામાં સંઘ લઈને આવેલા.
- વિ.સં. ૧૩૦૩માં આમપાલ શેઠ ચિત્રવાલ ગચ્છના આમદેવસૂરિજીની નિશ્રામાં ૮,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.
- વિ.સં. ૧૩૯૮માં ઓસવાલ જાતિના સંચેતિગોત્રીય ખીમાસા ૫,૦૦૦ યાત્રિકો સાથે તપાગચ્છના હર્ષસૂરિજીની નિશ્રામાં સંઘ લઈને આવેલ.
- વીર સં. ૧૪૬૮માં ઓસવાલ જાતિના ચોરડિયા ગોત્રીય પાતાશા શેઠ ૧૧૦૦૦ યાત્રિકો સાથે ખરતર ગચ્છના જિનપદ્મસૂરિની નિશ્રામાં સંઘ લઈને આવેલ.
- વીર સં. ૧૪૭૫માં ઓસવાલ વંશનાં રાંકા ગોત્રીય મનોરથ શેઠ ૮,૦૦૦ યાત્રિકો સાથે તપાગચ્છના હેમંતસૂરિજીની નિશ્રામાં સંઘ લઈને આવેલા.
- વિ.સં. ૧૪૯૧માં ઓસવાલ વંશનાં અજવાશા શેઠ ખરતરગચ્છના ભવ્યરાજગણિની નિશ્રામાં ૫,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.
- વિ.સં. ૧૫૦૧માં ચિત્રવાલ ગચ્છના પોરવાલ પુનાશા ૩,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને જીરાવલા તીર્થે આવેલ.
- વિ.સં. ૧૫૨૭માં પોરવાલ જાતિના ખેમાશા શેઠ જીરાપલ્લી ગચ્છના ભાનુચંદ્રસૂરિ સાથે ૫,૦૦૦ યાત્રિકો સાથે સંઘ લઈને આવેલા.
- વિ.સં. ૧૫૩૬માં ઓસવાલ વંશના ચોપડાગોત્રીય કરમાશા શેઠ ૫,૦૦૦ યાત્રિકો સાથે તપાગચ્છના લક્ષ્મીસાગરસૂરિની નિશ્રામાં સંઘ લઈને આવેલ.
- વિ.સં. ૧૩૪૦માં માલવમંત્રી પેથડનો પુત્ર ઝાંઝણ સંઘ લઈ જીરાવલાતીર્થ આવેલ ત્યારે ૧ કરોડ પુષ્પોથી જિનપૂજા કરેલ અને ૧ લાખ રૂપિયાના મોતીવાલો ચંદરવો બાંધેલ.
- ખંભાત નિવાસી આણ્હાક શ્રાવકના પુત્ર રામ અને પર્વતે વિ.સં ૧૪૬૮માં અહીં આવી પુષ્કળ દ્રવ્ય વાપરેલ.
- મેવાડના રાણા મોકલના મંત્રી રામદેવની સ્ત્રી મેલાદેવીએ ચતુર્વિધ સંઘ સાથે મળીને યાત્રા કરેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✍ સારંગપુર નિવાસી જયસિંહે આગરાના સંઘવી રત્નાશાહે ૮૮ સંઘોની સાથે આબુ તથા જીરાવલા તીર્થની યાત્રા કરેલ.

✍ ઓસવાલ વંશના ધનજી–પનજી–મનજીએ ૭ લાખ દ્રવ્ય ખર્ચી સંઘ કાઢેલ.

✍ વિ.સં. ૧૮૯૧માં મહેન્દ્રસૂરિના ઉપદેશથી જેસલમેર નિવાસી ગુમાનચંદ બાફનાએ પાંચ પુત્રોએ ૨૩ લાખ રૂપિયા ખર્ચી શત્રુંજયનો સંઘ કાઢ્યો ત્યારે ખાસ જીરાવલા ગયેલ.

✍ વિ.સં. ૧૫૨૫માં અમદાવાદના સંઘવી ગદરાજ ડુંગર શાહે જીરાવલાતીર્થની સામુદાયિક યાત્રા કરેલ, જેમાં ૭,૦૦૦ બળદ ગાડીઓ હતી. આજ ગદાશાહે આબુજીના ભીમવિહારમાં ૧૨૦ મહાપિત્તલની મૂર્તિ ભરાવી પ્રતિષ્ઠા કરાવેલ.

## ॥ ભદ્રેશ્વરતીર્થના ૧૬ જીર્ણોદ્ધારો ॥

૧. પ્રથમ જીર્ણોદ્ધાર - વિ.સં. ૨૨૩માં શ્રી સંપ્રતિ મહારાજાનો.

૨. બીજો જીર્ણોદ્ધાર - કાલિકાચાર્યના ભાણેજનો.

૩. ત્રીજો જીર્ણોદ્ધાર - શ્રી વનરાજ ચાવડાનો.

૪. ચોથો જીર્ણોદ્ધાર - સં. ૬૨૧માં કનકરાજ ચાવડાનો.

૫. પાંચમો જીર્ણોદ્ધાર - સં. ૧૧૩૪માં શ્રીમાળી શ્રેષ્ઠીનો.

૬. છઠ્ઠો જીર્ણોદ્ધાર - કુમારપાલ મહારાજાનો.

૭. સાતમો જીર્ણોદ્ધાર - સં. ૧૨૦૮માં જગત્ચંદ્રસૂરિનો.

૮. આઠમો જીર્ણોદ્ધાર - સં. ૧૨૮૭માં વસ્તુપાલ–તેજપાલનો.

૯. નવમો જીર્ણોદ્ધાર - સં. ૧૩૧૨માં દાનવીર જગડુશાનો.

૧૦. દસમો જીર્ણોદ્ધાર - વાઘેલા સારંગદેવનો.

૧૧. અગિયારમો જીર્ણોદ્ધાર - સં. ૧૫૯૬માં જામરાવલનો.

૧૨. બારમો જીર્ણોદ્ધાર - સં. ૧૬૨૨માં મહારાજા ભારમલનો.

૧૩. તેરમો જીર્ણોદ્ધાર - સં. ૧૬૫૯માં જૈનસંઘનો.

૧૪. ચૌદમો જીર્ણોદ્ધાર - સં. ૧૬૮૨માં વર્ધમાનસિંહ–પદ્મસિંહનો.

૧૫. પંદરમો જીર્ણોદ્ધાર - સં. ૧૯૨૦માં શ્રી સંઘનો

૧૬. સોળમો જીર્ણોદ્ધાર - સં. ૧૩૩૯માં મહા સુદ–૧૦ના દિવસે માંડવીનગરના શેઠ મોણસી તેજસીની ધર્મપત્ની મીઠાબાઈએ કરાવેલ.

★ વર્તમાનકાળમાં ભદ્રેશ્વરનું જિનાલય ભૂકંપના કારણે જમીનદોસ્ત થવાથી સંપૂર્ણ જિનાલયનો જીર્ણોદ્ધાર ચાલુ છે.

*(ભારત જૈન તીર્થ ઈતિહાસ)*



**આપણાં દેવાલયો મહા-મહાજન શ્રી તીર્થંકર દેવોના સંદેશને આર્યદેશના ખૂણે ખૂણે પ્રસરાવી રહ્યાં છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આબુના જૈનમંદિરોનાં શિલાલેખોમાં ઉલ્લેખિત રાજવીઓ અને મંત્રીઓ

પ્રા. બિપિનચંદ્ર ર. ત્રિવેદી



(જૈન ધર્મના) ઇતિહાસના એક અગત્યના સાધન તરીકે પ્રાચીન ગ્રંથો, દાનપત્રો, જૂના સિક્કાઓ ઉપયોગી છે તેમજ પ્રાચીન ગ્રંથો પરની પ્રશસ્તિઓ, પ્રાચીન મંદિરો સંબંધી શિલાલેખો, રાસાઓ, પટ્ટાવલીઓ, તામ્રપત્રો વ. ઉપયોગી છે.

આજથી સિત્તેર વર્ષ પહેલાં પ્રકાશિત થયેલ 'શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન-લેખસંદોહ (ભાગ બીજો) ગ્રંથ : સંગ્રાહક-સંપાદક મુનિરાજ શ્રી જયન્તવિજયજીના ધર્મપ્રેમ અને ઇતિહાસપ્રેમને અભિવ્યક્ત કરતો વિ.સં. ૧૯૯૪નો આ ગ્રંથ અનેક રીતે મહત્ત્વનો છે.

આ લેખમાલાની રજૂઆત કરનાર પ્રા. બિપિનચંદ્ર ર. ત્રિવેદીનું વતન ગલસાણા, તા. ધંધુકા (જિ. અમદાવાદ) છે. જન્મ તા. ૭-૯-૧૯૪૭ના રોજ મોસાળના શિયાણી, જિ. સુરેન્દ્રનગરમાં. સૌરાષ્ટ્ર યુનિ.માંથી અર્થશાસ્ત્ર સાથે ૧૯૭૩માં એમ.એ. થયા પછી કવિશ્રી બોટાદકર કોલેજ-બોટાદ, પછી સી.એન. કોમર્સ કોલેજ-વિસનગરમાં અને ૧૯૮૧થી જે. એમ. શાહ આટ્‌ર્સ-કોમર્સ કોલેજ, જંબુસરમાં અધ્યાપક, હાલમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ. અર્થશાસ્ત્ર ઉપરાંત લોકસાહિત્ય, સિક્કાશાસ્ત્ર, પુરાતત્ત્વ, ઇતિહાસ વ.માં કલમ ચલાવે છે. હિંદીમાં 'વેદવાણી', 'પરોપકારી' જેવા ઉચ્ચકક્ષાના સામયિકોમાં લેખ પ્રકાશિત થયા, જેના ફળસ્વરૂપે ડૉ. ભવાનીલાલ ભારતીય જેવા વિદ્વાનના 'આર્યલેખક કોશ'માં સ્થાન મળ્યું. પર્યાવરણ, અંધશ્રદ્ધા નિર્મૂલન, ભારતીય સંસ્કૃતિ, શિક્ષણ વિશે સંખ્યાબંધ વ્યાખ્યાનો તથા ૬ જેટલાં રેડિયોપ્રવચનો આપ્યાં છે. સ્તંભેશ્વર તીર્થ (કાવી-કંબોઈ) અંગે ઓડિયો-વિડિયો સી.ડી. બનાવવામાં યોગદાન આપ્યું. કેન્દ્ર દ્વારા નિયુક્ત 'આકાશવાણી'ના લોકસંગીતના ગાયક કલાકારની પસંદગીસમિતિના વડોદરા રેડિયો સ્ટેશનના (૧૯૯૦ થી ૧૯૯૩) સભ્ય હતા. ગુજરાત રાજ્ય અભિલેખાગાર (આર્કાઈવ્ઝ)માં ભરૂચ જિ.ના સભ્ય તરીકે લેવાયા છે. શિક્ષણ સાથે સમાજસેવા અને લેખનપ્રવૃત્તિમાં ઓતપ્રોત પ્રા. બી. આર. ત્રિવેદીના નાનાં-મોટાં ત્રેવીસેક પુસ્તકો સંપાદિત/પ્રકાશિત થયેલ છે. તેમની પાસે સિક્કાસંગ્રહ અને અંગત પુસ્તકાલય છે. સને ૨૦૦૭માં ના. માહિતી નિયામકશ્રીની કચેરી-ભરૂચ દ્વારા પ્રકાશિત 'મળવા જેવા માણસ'માં તેમનો પરિચય વિસ્તૃત રીતે લેવાયો છે. તાજેતરમાં તેમને ભરૂચ જિલ્લા 'હેરિટેજ કમિટી'માં લેવામાં આવ્યા છે. હાલ મુંબઈ સ્થિત શ્રી હર્ષદભાઈ શેઠની વી.સી.ડી. 'જન્મભૂમિ જંબુસર : એક ઝલક'ના આલેખનમાં પ્રા. બી. આર. ત્રિવેદીએ સહયોગ આપ્યો છે. લગભગ પચીસેક પુસ્તકોમાં તેમણે પ્રકરણો લખ્યાં છે. પ્રા. બી. આર. ત્રિવેદીનું નમ્રપણે માનવું છે કે ઇતિહાસપ્રેમી, સંસ્કૃતિપ્રેમી અને ધર્મપ્રેમી સંશોધકો પોતાના શોધનિબંધો માટે મુનિરાજ શ્રી જયંતવિજયજી જેવાના ગ્રંથોને ધ્યાનમાં રાખીને આગળ વધશે તો સુંદર દિશા સાંપડશે.

સરનામું : પ્રા. બિપિનચંદ્ર ર. ત્રિવેદી, ૨૫-જયમહાદેવનગર, જંબુસર, જિ. ભરૂચ-૩૯૨ ૧૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




આબુના આ શિલાલેખોના મૂળ ગ્રંથમાં વિ.સં. ૧૧૧૨થી માંડીને સં. ૧૯૮૭ સુધીના સંવતના લેખોનો સમાવેશ કર્યો છે જેમની સંખ્યા ૬૬૪ જેટલી છે, બધા જ લેખોને સંગ્રહિત કર્યાનો દાવો નથી.

(૩) શિલાલેખોની ભાષા બહુધા સંસ્કૃત, ક્યારેક તેમાં દેશી/ગુજરાતી ભાષાની છાંટ (ખીચડિયા ભાષા!) વગેરે આવે છે જે લિપિના અને ભાષાના વિકાસના અભ્યાસ અને પરિવર્તનના વલણ માટે બહુ ઉપયોગી છે.

(૪) દેલવાડા-આબુના (૧) વિમલવસહી (૨) લૂણવસહિ (૩) પિત્તલહર (૪) ખરતર વસહી (૫) અલચગઢ જેવા સ્થળોને તો માહિતી-સંકલના માટે ખાસ ધ્યાનમાં લીધાં છે (જો કે મૂળ ગ્રંથમાં તો તે ઉપરાંત આબુના સુવિધિનાથ મંદિર, દિગંબર મંદિર, આરણાના લેખો પણ આપેલ છે). આબુના લેખોમાં 'વિમલવસહિકા' સ્થળ આવે છે તે વિમલ મંત્રીએ બંધાવેલા જૈનમંદિરનું નામ છે. લેખોમાં 'વિમલ વસહિકા', 'વિમલસ્ય વસહિકા', 'વિમલવસહી', 'વિમલવસતિકા તીર્થ' જેવા શબ્દો વપરાયેલા છે, અમુક ગ્રંથોમાં 'વિમલવસતિ' શબ્દ છે-દેવાલય બાંધવા બ્રાહ્મણો પાસેથી જમીન મેળવવા માટે વિમળે સોનાના સિક્કા જમીન પર પાથર્યા અને મંદિર બાંધવા ૧૮,૫૩,૦૦,૦૦૦ ખર્ચ્યા.

'લૂણિગવસહિકા' તેજપાલે પોતાના પુત્ર લાવણ્યસિંહના શ્રેય માટે બંધાવેલા મંદિરનું જ નામ છે કે જેનું સાચું નામ 'લૂણસિંહવસહિકા' 'લૂણવસહિકા' છે-'લૂણિગ વસતિ' તૈયાર કરનાર 'સૂત્રધાર' શોભનદેવ હતો.

['સં. ૧૧૧૨માં સોમાના પુત્ર વનદેવે આ જિનપ્રતિમા ભરાવી' આ લેખ નં. ૫૦૭ સૌથી જૂનો છે, વિમળમંદિરના લેખોમાં મિતિવાળો સૌથી જૂનો લેખ વિ.સં. ૧૧૧૯નો છે જ્યારે તેજપાળના મંદિરોમાં સં. ૧૨૮૭નો, અચળેશ્વરના મંદિરોમાં જૂનામાં જૂનો લેખ સં. ૧૧૮૬નો છે.]

શ્રી પિત્તલહર મંદિર (ભીમચૈત્ય)માં મૂળનાયકજી શ્રી ઋષભદેવ ભ.ની બહુ મનોહર અને મોટી, ધાતુની ૧૦૮ મણ જેટલા વજનની પ્રતિમા હોવાથી તે મંદિર 'પિત્તલહર' નામે

આબુના આ (શિલા)લેખોમાં (૧) આચાર્યો-સાધુઓના નામ, (૨) વિવિધ ગચ્છો-શાખાઓની માહિતી (૩) જૈનધર્મીઓની વિવિધ જાતિ-વંશ-કુલ (૪) ગોત્ર-શાખા (૫) પ્રદેશ-ગામ-પર્વત-નદીની માહિતી (૬) રાજાઓ (૭) મંત્રી-અમાત્યો (૮) ગૃહસ્થોના વિશિષ્ટ કુટુંબોની યાદી વગેરે માહિતી આપી છે. આ ઉપરાંત જૈન ધર્મના અગ્રેસર ભાવિકોના વિવિધ બિરુદો, ચલણ, શબ્દો, રિવાજો, ઉત્સવો, વ્યક્તિગત નામો, યાત્રાળુઓ વ.ની માહિતી પણ સાંપડે છે. શિલાલેખોની શૈલી, પ્રશસ્તિઓમાં આવતું લાલિત્ય, ઉપમાઓ વ.ની જાણકારી પણ મળે છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ કાચું સોનું છે પરંતુ દુર્ભાગ્યે આ બાબતોના વિશ્લેષણ પ્રત્યે અથવા જેટલું જોઈએ તેટલું ધ્યાન ગયું નથી આમ છતાં આપણા 'ધન્યધરા : શાશ્વત સૌરભ (ભાગ-૧)' ગ્રંથમાં દૃષ્ટાંતરૂપે માત્ર શ્રી અર્બુદગિરિ (આબુ)ના શિલાલેખોમાં ઉલ્લેખિત વિવિધ રાજાઓ અને મંત્રીઓ વિશે જ સંકલિત માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ તે અંગે કેટલીક સ્પષ્ટતા—

(૧) પ્રા. બી. આર. ત્રિવેદીના લેખમાં દર્શાવાયેલ લે. = લેખ નંબર/ક્રમાંક 'શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન-લેખ-સંદોહ ભાગ બીજો'માં અપાયેલા (શિલા) લેખોના ક્રમાંકને સગવડતા ખાતર અનુસરવાનું રાખ્યું છે.

(૨) 'શ્રી અર્બુદ.....સંદોહ' ગ્રંથ વિ.સં. ૧૯૯૪માં બહાર પડ્યો હતો તે વખતે લેખોની સ્થાન-સ્થિતિ વગેરેને જ ધ્યાનમાં લીધેલ છે, તે પછી ફેરફાર થયો હોય તો તેનો નિર્દેશ અહીં નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



લૂણ-વસહી, અશ્વાવબોધ અને સમળીવિહાર તીર્થનું દૃશ્ય.

ઓળખાય છે, આ મંદિર પ્રારંભમાં ભીમા શાહે બાંધેલું હોવાથી તેને 'ભીમાશાહનું મંદિર' પણ કહે છે-જો કે તેમના વિશે સ્વતંત્ર લેખ મળતો નથી આમ છતાં જીર્ણોદ્ધાર સમયના 'सा. भीमचैत्ये' અને 'भीमप्रासादे' લખેલ બે લેખો મળે છે. આ મંદિર વિ.સં. ૧૩૭૩ અને ૧૪૮૯ વચ્ચે પ્રતિષ્ઠિત થઈ ચૂક્યું હતું. વિમલ શાહે વિશ્વમાં અદ્વિતીય મંદિર 'વિમલવસહી' બંધાવ્યું છતાં પોતાની પ્રશસ્તિ તરીકે એક અક્ષર પણ નહીં કોતરાવેલો.

* * * * *

## આબુના જૈનમંદિરોના શિલાલેખોમાં ઉલ્લેખિત રાજવીઓ

અચલગઢના સં. ૧૬૯૮ (જો કે બીજા લખાણમાં તેને સં. ૧૬૯૫ ગણાવ્યો છે), તથા સં. ૧૬૯૮ના અચલગઢના બીજા બે લેખોમાં તથા સં. ૧૭૨૧ના લેખમાં 'શ્રી માહારાજશ્રી અષ(ક્ષ)[યિ] રાજજી એટલે કે **અક્ષરરાજ** નામના રાજવી ો ઉલ્લેખ આવે છે. તેમના યુવરાજ શ્રી **ઉદયભાણસિંહજી**નો પણ ઉલ્લેખ છે. લૂણવસહીના સં. ૧૭૨૩ના બીજા બે લેખોમાં અક્ષરરાજનો ઉલ્લેખ આવે છે.

સિરોહીના મહારાવ **રાજસિંહ**ના પુત્ર **અક્ષયરાજજી (અખેરાજજી બીજા)**નો જન્મ સં. ૧૬૭૪માં થયો હતો. તેમના પિતાનું એક કુટુંબીના હાથે મૃત્યુ થવાથી માત્ર અઢી વર્ષની ઉંમરે તેમને સં. ૧૬૭૭માં ગાદી મેળવેલી. તેમણે ૫૩ વર્ષ રાજ કરેલું. પિતાને કેદ કરીને ઉદયભાણ સં. ૧૭૨૦માં ગાદીએ બેઠેલા પણ ઉદયપુરના મહારાણા રાજસિંહે અક્ષયરાજજીને કેદમાંથી છોડાવેલા. પોતાના દુશ્મન બનેલા પુત્ર ઉદયભાણ અને તેના એક પુત્રને અક્ષયરાજે મારી નખાવ્યા, સં. ૧૭૩૦માં અખયરાજજીના મૃત્યુ પછી તેમનો બીજો પુત્ર ઉદયસિંહજી ગાદીએ બેઠેલો.

**અર્ણોરાજ** :—'ગૂર્જરમહામાત્ય-શ્રી તેજઃપાલ કારિત-લૂણસિંહવસહિકા-ગીતપ્રશસ્તિ' ૭૪ ગદ્યપંક્તિઓની છે તેમાં અર્ણોરાજનો ઉલ્લેખ આવે છે.

લૂણવસહીમાં પ્રવેશ કરવાના દક્ષિણ તરફના દ્વાર ઉપર બલાનક (મંડપ)માં ડાબી બાજુની દીવાલના એક મોટા ગોખલામાં ચણી લીધેલા કાળા આરસ પથ્થરમાં આ લેખ બહુ સુંદર રીતે કોતરેલો છે. તેના પદ્યમાં (પાટણના-ધોળકાના) મંત્રી તેજપાલના પૂર્વજોનું, કુટુંબીઓનું, વસ્તુપાળ સહિત ભાઈઓનું, પાટણનું અને ત્યાંનાં સોલંકી રાજવીઓનું સુંદર વર્ણન પ્રાપ્ત થાય છે. માત્ર સાહિત્યની રીતે જ નહીં. ઇતિહાસની રીતે પણ આ પ્રશસ્તિ કાવ્ય-લખાણ ઉપયોગી છે. દા.ત. ત્રીજા પદ્યમાં કવિ અણહિલપુર પાટણની પ્રશંસા કરે છે—

''अणहिलपुरमस्ति स्वस्तिपात्रं प्रजाना-
मजरजि [द्] रघुतुल्यैः पाल्यमानं चुलुक्यैः।
विरमति रमणीना यत्र [वक्त्रे]न्दु [मंदी]-
कृत इव सितपक्षप्रक्षयेऽप्यंधकारः ॥३॥

ગુજરાતી ભાવાર્થ :—''દેવોને પણ જીતનાર રઘુરાજાની જેવા ચૌલુક્ય (સોલંકી) રાજાઓથી પાલન કરાતું અને પ્રજાના કલ્યાણના ઉત્તમ સ્થાન સ્વરૂપ એવું અણહિલપુર પાટણ નામનું શહેર છે, કે જ્યાં કૃષ્ણપક્ષમાં પણ સ્ત્રીઓના મુખરૂપી ચંદ્રથી મંદ-નિસ્તેજ થઈ ગયેલો અંધકાર નાશ પામે છે-અદૃશ્ય થાય છે, અર્થાત્ ત્યાંની સ્ત્રીઓનાં મુખો ચંદ્રનાં જેવાં ઉજ્જવળ છે.''

મંત્રી વસ્તુપાળ-તેજપાળ અંગે ૨૪મા પદ્યમાં આવે છે—



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''धर्म्मस्थानांक्तितामुर्वी सर्वतः कुर्वताऽमुना।
दत्तः पादो बलाद्बन्धुयुगलेन कलेर्गले॥२४॥''

''ઠેકાણે ઠેકાણે પૃથ્વીને ધર્મના સ્થાનોથી યુક્ત બનાવતા એવા આ બંને ભાઈઓએ બલાત્કારથી કલિકાળના ગળા ઉપર પગ દીધો છે અર્થાત્–કલિકાલને દબાવીને અધમુવો કરી નાખ્યો છે.''

ત્યારપછી ૨૫થી ૨૯ સુધીની પદ્યપંક્તિઓમાં ધવલકપુર–ધોળકાના સોલંકી–વાઘેલા રાજાઓનું વર્ણન આવે છે : ચૌલુક્ય–સોલંકી વીરોના વંશની કોઈ શાખામાં (વાઘેલા–બઘેલ) અતિ તેજસ્વી અને દુનિયામાં પ્રસિદ્ધ **અર્ણોરાજ** નામનો પુરુષ થયો. ૨૫. તેની પછી તરત જ (તેનો પુત્ર) અત્યંત પ્રતાપી અને જેના શત્રુઓનો નાશ થઈ ગયો છે એવો **લવણપ્રસાદ** નામનો રાજા થયો, કે જેની સ્વર્ગલોકની નદી–ગંગાના જળથી ઉજ્જવલ કરાયેલ શંખની જેવી સફેદ (નિર્મળ) કીર્તિ લવણસમુદ્રનું ઉલ્લંઘન કરીને–તેનાથી પણ આગળ ચાલે છે. ૨૬. કકુત્સ્થવંશીય રાજા દશરથના જેવા અથવા રાજા દશરથ અને રામચંદ્રના જેવા તે (લવણપ્રસાદ)ને શત્રુભૂત રાજાઓના બળ સૈન્યને ખાઈ જનારો–નાશ કરનારો એવો વીરધવલ નામનો પુત્ર થયો.....''

શ્લોક નં. ૪ થી ૭માં મંત્રી તેજપાલના પૂર્વજોનું વર્ણન આવે છે. અણહિલપુર–પાટણમાં પોરવાલ જ્ઞાતિમાં મુગટ સમાન, નિર્મળ યશવાળો, દાન કરીને કલ્પવૃક્ષના વનને જીતનાર એવો **ચંડપ** થયો, તેનો પુત્ર **ચંડપ્રસાદ**, તેનો **સોમ**, સોમનો **અશ્વરાજ** (પત્ની–કુમારદેવી) કે જેને મંત્રી **લૂણિગ** નામનો પહેલો પુત્ર હતો. ''તે બાલક હોવા છતાં પણ ભાગ્યના યોગથી ઈન્દ્રના સાથે રહેવાના સ્થાન (દેવલોક)ને પામ્યો......૮. જે નિર્મળ મતિવાળા (લૂણિગ)ની બુદ્ધિએ, બૃહસ્પતિની બુદ્ધિને પણ લગભગ તિરસ્કૃત કરી નાખી છે, એવા તે મંત્રી લૂણિગને પંડિત પુરુષો ગુણવાન મનુષ્યોમાં મુખ્ય જ ગણે છે. ૯.'' ત્યાર પછી ૧૦મા શ્લોકમાં (લૂણિગના લઘુબંધુ કે જેણે) શ્રી મલ્લિનાથ ભગવાનનો હંમેશા આશ્રય લીધો છે અને જે મંત્રીઓમાં શ્રેષ્ઠ છે તેવા **મંત્રી મલ્લદેવ**ના ભાઈ **વસ્તુપાલ**ની કીર્તિનું, વાણીરૂપી અમૃતને ઉત્પન્ન કરનાર, ધાર્મિક કાર્યો કરનાર, પંડિતોના–સ્વજનોના ભાલ–કપાળમાં લખાઈ આવેલ દારિદ્રયપણાના અક્ષરોને ભૂંસી નાખનાર તરીકેનું વર્ણન આવે છે. વસ્તુપાળ મંત્રીપણાનું કામ કરતી વખતે ન તો કોઈના દ્રવ્યની ચોરી કરતો તેમ જ ''કાવ્ય બનાવતી વખતે બીજાના



**લૂણ-વસહીની હસ્તિશાલામાં, મહામંત્રી વસ્તુપાલ-તેજપાલના માતા-પિતા**

રચેલાં શ્લોકો, પદો કે વાક્યોના કદાપિ ઉતારા કરીને પોતાના ગ્રંથમાં દાખલ કરતો નથી''–આમ ૧૪મી પંક્તિમાં કહ્યું છે, ત્યારબાદ ''જેણે પોતાના સ્વામી–રાજાના તેજના સમૂહ–પ્રતાપનું રક્ષણ કર્યું છે, દુરાચારીઓ જેનાથી ત્રાસ પામે છે, જેની કીર્તિ આખી દુનિયામાં ફરી રહી છે અને મંત્રીઓમાં શિરોમણિ એવો **તેજપાલ** નામનો નાનો ભાઈ શોભે છે''–એ પ્રમાણે ૧૫મા શ્લોકમાં વર્ણન આવે છે. આમ લૂણિગ–મલ્લદેવ–વસ્તુપાલ–તેજપાલ એ ચાર ભાઈઓ અને તેમની ૭ બહેનો–(૧) જાલ્હૂ (૨) માઉ (૩) સાઉ (૪) ધનદેવી (૫) સોહગા (૬) વયજુ (૭) પદમલદેવી (પદ્મલા)નાં નામો આવે છે. અશ્વરાજના આ ચાર પુત્રો છે તે, દશરથ રાજાના ચારે પુત્રો પહેલાં જુદી જુદી માતાઓથી ઉત્પન્ન થયા હતા, તે એક જ માતાની કુક્ષિથી ઉત્પન્ન થવાના લોભથી ફરીવાર પૃથ્વી પર જાણે અવતર્યા હોય તેમ લાગે છે.....'–આ ૧૮મી પંક્તિમાં કેવી સુંદર કલ્પના કરી છે? ૧૯થી ૨૪ સુધીનાં પદ્યોમાં મંત્રી વસ્તુપાલ અને તેજપાલની યુગ્મરૂપે પ્રશંસા આવે છે. તેમની ભુજાઓ માટે 'ધોંસરાના જેવડી લાંબી ભુજાઓની શોભાવાળું જોડલું' એવી ઉપમાનો ઉપયોગ થયેલો છે.

૩૨ થી ૪૨ સુધીનાં પદ્યખંડોમાં ચંદ્રાવતીના પરમાર રાજાઓનું વર્ણન આવે છે–શ્રેષ્ઠ વસિષ્ઠ ઋષિના હોમ કરવાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તેજપાળ અને અનુપમાદેવી (આબુ)

કલ્યાણકારી અગ્નિકુંડમાંથી "એવો કોઈ પણ પુરુષ ઉત્પન્ન થયો; તે (ધર્મકાર્યોમાં વિઘ્ન કરનારા) શત્રુઓને મારવામાં હંમેશાં તત્પર રહેતો હોવાથી લોકોમાં તે "પરમારણ" (પરમાર) નામથી પ્રસિદ્ધિને પામ્યો; તે શ્રુતિનો આધારભૂત થયો અને તેના વંશમાં ઉત્પન્ન થયેલા માણસો 'પરમાર' કહેવાયા. ૩૨. પરમાર રાજાના વંશમાં સૌથી પહેલો **શ્રી ધૂમરાજ** રાજા થયો, કે જેણે બીજા રાજાઓને બંને પાંખ (પક્ષ) કાપી નાંખવાથી થતી વેદનાઓનો અનુભવ કરાવ્યો અર્થાત્ ધૂમરાજ રાજાએ પોતાના શત્રુ રાજાઓના પિતૃપક્ષ અને માતૃપક્ષના માણસોનો નાશ કરાવ્યો. તેના વંશમાં **ધંધુક** અને **ધ્રુવભટ** વગેરે રાજાઓ થયા. તેઓના વંશમાં અતિ મનોહર **'રામદેવ'** થયો, તેને **'યશોધવલ'** નામનો પુત્ર થયો કે જેણે સોલંકી મહારાજા કુમારપાલના શત્રુ–દુશ્મન બની ગયેલ માળવા દેશના **'બલ્લાલ'** નામના રાજાને શીઘ્રતાથી મારી નાખ્યો હતો. ૩૫" તેનો **ધારાવર્ષ** નામનો પુત્ર થયો. "ધારાવર્ષથી કોંકણ દેશના રાજાની રાણીઓ પોતાના નેત્રોરૂપી કમળોમાંથી પાણીનાં બિંદુઓ (આંસુઓ) પાડવાવાળી થઈ ગઈ (રોવા લાગી). ૩૭." "સામંતસિંહની સાથેના યુદ્ધની ભૂમિમાં ક્ષીણ બલવાળા થઈ ગયેલા ગુજરાતના મહારાજાના સૈન્યનું રક્ષણ કરવામાં જેની તરવાર ઘણી (દક્ષ) હોંશિયાર છે એ **પ્રહ્લાદન** નામનો તે (ધારાવર્ષ)નો નાનો ભાઈ, વિષ્ણુના ચરિત્રને ફરીને આ મૃત્યુલોકમાં ઉજ્જવલ કરતો હતો. ૩૮. [પ્રહ્લાદને પોતાના નામથી 'પ્રહ્લાદનપુર' નામે નવું શહેર વસાવ્યું હતું જે આજે 'પાલનપુર' નામે ઓળખાય છે. એ વીર અને ઉત્તમ પ્રકારનો વિદ્વાન હતો. તેણે પાલનપુરમાં 'પાલ્હણવિહાર' નામનું શ્રી પાર્શ્વનાથનું વિશાળ–મનોહર મંદિર બંધાવ્યું હતું.] તેનો પુત્ર **સોમસિંહદેવ** થયો અને તેનો પુત્ર જયવંતો **કૃષ્ણરાજ** થયો.

૪૩ થી ૪૬ સુધના પદ્યોમાં વસ્તુપાલ અને તેના પુત્ર જયંતસિંહ (જૈત્રસિંહ)ની તથા તે પછીના ત્રણ શ્લોકોમાં મંત્રી તેજપાળની પ્રશંસા આવે છે. ૫૦ થી ૫૭ સુધીના કાવ્યોમાં મંત્રી તેજપાલની પત્ની અનુપમદેવીના પિતૃવંશનું, અનુપમદેવીનું તથા તેના પુત્ર લાવણ્યસિંહ–લૂણસિંહનું વર્ણન પ્રશસ્તિકાર પુરોહિત કરે છે.

[અનુપમદેવી આબુરોડ સ્ટેશનથી લગભગ ચાર માઈલ દક્ષિણ આવેલ ચંદ્રાવતી નામની પ્રસિદ્ધ અને પ્રાચીન નગરીની હતી. ચંદ્રાવતી એક વખતે સમૃદ્ધશાળી નગરી હતી અને પરમારોની રાજધાની હતી. અનુપમાદેવી આ ચંદ્રાવતીના રહેવાસી પોરવાડ મહાજન ગાગાના પુત્ર ધરણિગની પુત્રી હતી. મુસ્લિમ સૈન્યએ ચંદ્રાવતીની ખરાબ હાલત કરી હતી. ઈ.સ. ૧૮૨૪માં સર ચાર્લ્સ કૉલ્વિન સાહેબ અહીં આવ્યા ત્યારે ૨૦ મંદિરો અહીં હતાં, પછી તો તે મંદિરો પણ ન રહ્યાં. રેલવેના કોન્ટ્રાક્ટરોએ આ મંદિરો તોડી નાખેલ!]

ચંદ્રાવતી નગરીમાં ગાગા નામનો બુદ્ધિશાળી પુરુષ થયો, તેને **ધરણિમ** નામનો પુત્ર થયો કે જેને ત્રિભુવનદેવી નામની પત્ની હતી–પુત્રીનું નામ અનુપમદેવી કે જે મંત્રી તેજપાલની ધર્મપત્ની હતી. તેમને **લાવણ્યસિંહ (લૂણસિંહ)** નામનો પુત્ર થયો–"આ લૂણસિંહ તો ગુણોરૂપી ધનનો કોઈ એવો અપૂર્વ કલશ–ચરૂ છે; કે તે હમેશાં પ્રગટ રહે છે, દુર્જનોરૂપી સર્પો કદી તેને વિંટાતા નથી અને સજ્જનો તેને વાપરે છે–સજ્જનોને તે ઉપયોગી થાય છે તો પણ તે હમેશાં વૃદ્ધિને પામતો જાય છે. ૫૭." **મંત્રી મલ્લદેવ (માલદેવ)**ને તેની લીલુકા (લીલા) દેવીથી પૂર્ણસિંહ નામનો પુત્ર થયો, તેની પત્ની અહ્લણાદેવીથી **પેથડ** નામનો પુત્ર વૃદ્ધિ–સમૃદ્ધિને પામ્યો. અનુપમાદેવી અને લાવણ્યસિંહના કલ્યાણાર્થે તેજપાલે અર્બુદાચલ ઉપર શ્રી નેમિનાથ ભગવાનનું આ મંદિર બંધાવેલું એવું પદ્યખંડ ૫૯–૬૦માં આવે છે. ૬૧ થી ૬૪ સુધીમાં મંદિરનું વર્ણન આવે છે, ૬૫ થી ૬૮ સુધીમાં મંત્રી યુગલની પ્રશંસા પછીના ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્યોમાં આ મંદિરની પ્રતિષ્ઠા કરનાર સૂરિના વંશનું વર્ણન આવે છે. શ્રી નાગેન્દ્રગચ્છમાં શ્રી મહેન્દ્રસૂરિ, તેમના પટ્ટધર શ્રી શાંતિસૂરિજી, તેમના પટ્ટધર આનંદસૂરિ અને અમરસૂરિ થયા. તે સૂરિયુગલના પટ્ટધર શ્રીમાન્ હરિભદ્રસૂરિજી થયા. તેમના પટ્ટધર શ્રી વિજયસેનસૂરિશ્વરજી થયા.–"તે શ્રી વિજયસેનસૂરિના આશીર્વાદનું પાત્ર અર્થાત્ તેમના શિષ્ય, જેમ સમુદ્રમાંથી મોતીઓ ઉત્પન્ન થાય છે તેમ, જેમની પ્રતિભા–વિદ્વતારૂપી સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલ મોતીઓની જેવાં સુભાષિત પદ્યો અતિ શોભી રહ્યાં છે એવા શ્રી ઉદયપ્રભ નામના સૂરિ છે. ૭૧." સોલંકી મહારાજા ભીમદેવ (બીજા)ના ચરણ–કમળોની જેણે સેવા કરી છે, એવો તેમનો પુરોહિત શ્રી સોમેશ્વરદેવ; તેણે ધર્મસ્થાનની–મંદિરની આ મનોહર પ્રશસ્તિ રચી છે. ૭૩."–વિ.સં. ૧૨૮૭ના ફાગણ વદ ૩ને રવિવારે નાગેન્દ્રગચ્છના શ્રી વિજયસેનસૂરિજીએ આ મંદિરની પ્રતિષ્ઠા કરેલ.

સં. ૧૬૩૦ના વિમલવસહીના એક લેખમાં વાગડ દેશના રહેવાસી સલાટોના ઉલ્લેખ સાથે 'જ્યાં હાલ રાજા આશકરણ છે' એવો નિર્દેશ છે.

વિમલ–વસહીની ભમતીની દેરી નં. ૧૭ના એક લેખ પ્રમાણે ઉક્ત મંદિરનો વિ.સં. ૧૩૭૮માં જીર્ણોદ્ધાર થયેલો તે સંબંધી લેખ છે. વિ.સં. ૧૦૮૮માં ગુર્જરેશ્વર મહારાજા **ભીમદેવ (પહેલા)**ના મુખ્ય સેનાપતિ **વિમલશાહે** આ મંદિરની પ્રતિષ્ઠા કરાવ્યા પછી વિમલ–વસહી અને લૂણવસહી એ મંદિરના કેટલાક ભાગોનો મુસ્લિમોએ ભંગ કર્યો હતો. સંઘપતિ લલ્લ અને વીજડ નામના પિતરાઈ ભાઈઓએ શ્રી વિમલવસહીનો અને સંઘપતિ પેથડે લૂણવસહીનો વિ.સં. ૧૩૭૮માં મોટો જીર્ણોદ્ધાર કરાવેલો.

આબુ પરના અગ્નિકુંડમાંથી **'પરમાર'** નામનો પુરુષ થયો, તેના વંશમાં પ્રબળ પ્રતાપી **'કાન્હડદેવ'** થયો. તેના વંશરૂપી કમળને સુશોભિત કરવામાં હંસ સમાન, શત્રુ થયેલા મંડલિક રાજાઓને માટે કાળસમાન અને શૂરવીરોમાં અગ્રેશ્વરી એવો ચંદ્રાવતી નગરીનો **ધંધુ** નામનો રાજા થયો. ભીમદેવ–૧નો તે મહામંડલિક હોવા છતાં પોતાના આપખુદ વર્તનને કારણે આ **ધંધુરાજ** રાજા ભીમદેવના રોષથી નાસીને ધારાનગરીના રાજા **ભોજ**ના શરણે ગયેલો. **ભીમદેવ–પહેલાએ** પોરવાલ જ્ઞાતિના આભૂષણરૂપ, મહાપ્રતાપી **'વિમલ'** શેઠને આબુ (ચંદ્રાવતી)નો 'દંડનાયક' સૂબો બનાવેલો. અંબિકાદેવીએ તેને આબુપર્વત પર શ્રી ઋષભદેવ ભગવાનનું રમણીય મંદિર બંધાવવા આજ્ઞા કરેલ. આ પ્રમાણે વિ.સં. ૧૦૮૮માં વિમલે કર્યું. અહીંના હિંદુ–જૈન તીર્થો અંગે પણ શિલાલેખમાં ઉલ્લેખ છે.

પદ્યખંડ–૧૩થી રાજાઓનું વર્ણન શરૂ થાય છે. ચૌહાણના વંશરૂપી કમળને પ્રફુલ્લિત કરનાર શ્રી નદ્દૂલ (નાંડોલ) નગરનો **આસરાજ** થયો. "તેની પછી; બળવાળા શત્રુઓરૂપી દાવાનળને શાંત કરવામાં–બુઝાવી નાંખવામાં મેઘસમાન **સમરસિંહ (મહણસિંહ)** થયો. ત્યારપછી 'પ્રતાપમલ્લ' થયો. તેને **'વીજડ'** નામે પુત્ર હતો જે રાજા થયો." તે વીજડને ન્યાયથી યુક્ત, સુખભોગને ભોગવનારા તથા જાણે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થો જ શરીર ધારણ કરીને આવ્યા ન હોય? એવા ત્રણ પુત્રો હતા. [ખરી રીતે આ ૪ પુત્રો હતા. (૧) લાવણ્યકર્ણ (૨) લુણિગ (**લુંઢ/લુંભ/લુંભા/લુંઢાગર/લુંઢાક**) (૩) લક્ષ્મણ અને (૪) લૂણવર્મા (લૂણા.....) પરંતુ તેમાંનો મોટો લાવણ્યકર્ણ કેટલાક સમયે સ્વર્ગવાસી થઈ જવાથી તેનો નાનો ભાઈ લુંઢ રાજા થયો.] **લુંભ** ઘણાં વર્ષો સુધી આબુનો રાજા રહ્યો, તેને **તેજસિંહ** નામનો પ્રથમ પુત્ર હતો જે "તેજનો ભંડાર અને જગતને જીતનારો" હતો....."જેના પ્રતાપરૂપી દાવાનળને અગ્નિ, શત્રુઓના સમૂહરૂપી વેલડીઓને ઘણા કાળ સુધી બાળી નાખતો હતો...." તેને **'તિહુણાક'/તિહુણ** નામનો બીજો પુત્ર હતો.

**ઉગ્રસેન** (૨૮૬)–લૂણવસહીના એક ત્રૂટિત હાલતના લેખના પ્રારંભમાં એક શ્લોક સ્રગ્ધરા છંદમાં છે, તેનો સારાંશ આ પ્રમાણે છે–"**ઉગ્રસેન** રાજાની પુત્રી રાજીમતીને ત્યાગવાને લીધે તેના નિઃશ્વાસો–નિસાસાથી; અથવા હમેશાં અગરૂ વગેરેના ઉવેખાતા ધૂપના ધુમાડાથી અથવા ગિરનારના ઊંચા શિખર પર અથડાતી મેઘ–વાદળાંઓની શ્રેણિઓનાં સંબંધથી, અથવા ગમે તે કારણથી શ્યામ થયેલી એવી શ્રી નેમિનાથ ભગવાનની શ્યામમૂર્તિ લોકોનું રક્ષણ કરો ૧."

**ઉદયભાણ**—નો ઉલ્લેખ લેખ નં. ૪૭૮–૪૭૯–૪૮૦માં આવે છે. આ પહેલાંનો અક્ષયરાજજીનો પેરેગ્રાફ તપાસો.

**કાન્હડદેવ**–(લેખ ૧–૨૫૧) લૂણવસહીના ૨૫૦ નં.ના લેખ પાસે જ ૨૫૧મો લેખ આવેલો છે, છેવટે આપેલા ૩ શ્લોકો સિવાય તે આખો ગદ્યમાં છે. આ લેખમાં નેમિનાથનું દેવાલય બંધાવ્યાની, તથા તેમના ઉત્સવોના નિયમોની અને દેવાલયના રક્ષણ વગેરેની રાજકીય નોંધનો સમાવેશ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત્ ૧૨૮૭ના લૌકિક (ગુજરાતી) ફાગણ વદ ૩ને રવિવારે "......મહારાજાધિરાજ શ્રી **ભીમદેવ (બીજા)**ના વિજયવંતા રાજ્યમાં મહામંડલેશ્વર **રાણક લવણપ્રસાદ** અને મ.મં. રાણક શ્રી વીરધવલના રાજ્યસંબંધી કામ કરનાર મહામંત્રી; શ્રી અણહિલપુરના રહેવાસી, પોરવાલજ્ઞાતીય ઠક્કુર શ્રી ચંડપ, તેનો પુત્ર ઠ. ચંડપ્રસાદ, તેનો પુત્ર **મંત્રી સોમ,** તેનો પુત્ર શ્રી આસરાજ, તેની ભાર્યા ઠક્કુરાજ્ઞી (ઠકુરાણી) કુમારદેવી, તે બંને (આસરાજ–કુમારદેવી)ના પુત્ર તથા મંત્રી **મલ્લદેવ** અને મંત્રી સંઘવી **વસ્તુપાલ**ના નાના ભાઈ મંત્રી શ્રી **તેજપાલે;** પોતાની ભાર્યા મહં. અનુપમદેવીના તથા તેની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પવિત્ર પુત્ર મંત્રી શ્રી **લૂણસિંહ**ના પુણ્ય અને યશની વૃદ્ધિ માટે; શ્રી અર્બુદગિરિ ઉપર દેઉલવાડા (દેલવાડા) ગામમાં; બધી દેરીઓથી અલંકૃત અને વિશાળ હસ્તિશાળાથી સુશોભિત શ્રી લૂણસિંહ–વસહિકા નામનું શ્રી નેમિનાથ ભગવાનનું આ મંદિર બંધાવ્યું છે....."

શ્રી આબુ ઉપરના દેલવાડાના રહેવાસી સમસ્ત શ્રાવકોએ શ્રી નેમિનાથદેવના પાંચે કલ્યાણકોના દિવસોમાં દર વર્ષે સ્નાત્રપૂજા વગેરે મહોત્સવ કરવાનું લખ્યું છે.

આ પ્રમાણેની વ્યવસ્થા શ્રી ચંદ્રાવતીના રાજા રાજકુલ શ્રી **સોમસિંહદેવે** તથા તેમના પુત્ર યુવરાજ શ્રી **કાન્હડદેવે,** બધા રાજકુમારો, રાજ્યના બધા અધિકારીઓએ ચંદ્રાવતીના સ્થાનપતિ, આચાર્યો–મહંતો, ગુગુલિ બ્રાહ્મણો, મહાજન તથા જિનમંદિરોના બધા કાર્યવાહકો, આબુ ઉપરનાં સ્થાનના તથા નજીકના બાર ગામનાઓ)એ "રાજીખુશીપૂર્વક શ્રી લૂણસિંહ વસહિકા નામના આ ધર્મસ્થાનની રક્ષા કરવાનો બધો ભાર સૌએ સ્વીકાર્યો છે" એવો ઉલ્લેખ મળે છે.

**કુંભકરણ** : [લેખ નં. ૨૪૪–૨૪૫–૪૪૪–૪૪૭–૪૬૭–૪૯૩] ક્રમ નં. ૨૪૪–૨૪૫ના લેખો, લૂણવસહી મંદિરની પાસેના કીર્તિસ્તંભના ચોતરાની નીચેના એક નાના ચોતરામાં ઉભા કરેલ 'સુરહી'ના એક જ પથ્થરમાં કોતરેલા છે. લેખના પ્રારંભમાં સહીની જગ્યાએ (મેવાડના મહારાણાઓનું રાજચિહ્ન) ભાલું કોતરેલું છે. મહારાણા કુંભકરણે સં. ૧૫૦૬ની આસપાસમાં સિરોહીના મહારાવ પાસેથી આબુ પહાડ ઝુંટવી લીધો, પોતે જીવ્યા ત્યાં સુધી સં. ૧૫૨૫ તે કુંભકરણે પોતાના કબજામાં રાખ્યો.

"સં. ૧૫૦૬ના અષાઢ સુદી બીજને દિવસે મહારાણા શ્રી કુંભકરણના વિજયી રાજ્યમાં, શ્રી આબુ ઉપરના દેલવાડા ગામના વિમલવસહી–શ્રી આદિનાથ, તેજલવસહી–શ્રી નેમિનાથ તથા બીજાં શ્રાવકનાં દેહરાંની યાત્રા કરવા માટે જે કોઈ યાત્રી આવે, તેની પાસેથી દાણ (જકાત); વળાવું; રખવાળી–ચોકી પહેરો; ગાડાં પોઠીઆ દીઠ લેવાનો હક વ. બધું મહારાણા કુંભકરણે **મંત્રી ડુંગર** ભોજા ઉપર મહેરબાની કરીને મુકાવ્યું–લેવાનું બંધ કરાવ્યું....." બીજો આવો જ લેખ સં. ૧૫૦૯ના આસો સુદી ૧૩ને રવિવારનો છે.

'ખરતર વસહિ' નામનું ચૌમુખજીનું મંદિર ત્રણ માળનું શિખરબંધી છે, તેમાં બિરાજમાન મૂળનાયકજીની ૧૨ મૂર્તિઓમાં ૧૦ મૂર્તિઓ શ્રી પાર્શ્વનાથ ભગવાનની, એક આદિનાથ ભ.ની અને એક સુમતિનાથ ભ.ની છે–આમાંથી ૧૦ મૂર્તિઓ તો એક જ ધણીએ–સંઘવી મંડલિકે કરાવેલી છે. આ બારેય લેખો વિ.સં. ૧૫૧૫ના અષાઢ વદી ૧ને શુક્રવારના છે. તેમાં પણ 'રાજાધિરાજ શ્રી કુંભકર્ણના વિજયવંતા રાજ્ય'નો ઉલ્લેખ છે.

અચલગઢના લેખ નં. ૪૬૭માં–સં. ૧૫૧૮ના વૈશાખ વદી ૪ને શનિવારે, મેદપાટ (મેવાડ) દેશના કુંભલમેરૂ (કુંભલગઢ) ગામના મોટા કિલ્લામાં, રાજાધિરાજ શ્રી કુંભકર્ણના વિજયવંતા રાજ્યમાં, તપાગચ્છીય શ્રી સંઘે બંધાવેલા–ચતુર્મુખ/ચૌમુખ મંદિર કે જેના મુખ્ય દ્વારમાં આબુથી લાવેલ શ્રી આદિનાથ ભગવાનની ધાતુની મોટી પ્રતિમા વિરાજમાન છે, તે મંદિરનાં બીજા દ્વારોમાં વિરાજમાન કરવા માટે કુંભલગઢના તપાગચ્છીય શ્રીસંઘે શ્રી ઋષભદેવ ભગવાનની નૂતન પ્રતિમા કરાવીને તેની; ડુંગરપુરનગરમાં રાવળ–રાજા શ્રી **સોમદાસ**ના રાજ્યમાં......" અચલગઢના આ મંદિરના પૂર્વદિશાના દ્વારમાં મૂળનાયક તરીકે વિરાજમાન કરવામાં આવી હોવાનો ઉલ્લેખ સાંપડે છે.

(લે. ૪૯૩) શ્રી અચલગઢના શ્રી આદીશ્વર ભગવાનની છત્રીની પાસે હથિયારો અને છત્રયુક્ત સવારોવાળા પિત્તળના ત્રણ ઘોડા છે જેમના આસન પર લેખ કોતરેલ છે. આ ત્રણે ઘોડા સં. ૧૫૬૬માં બનેલા છે. તેમાં "કુંભલમેરૂ (કુંભલગઢ)ના મોટા કિલ્લામાં, મહારાણા શ્રી **કુંભકરણ**ના વિજયવંતા રાજ્યમાં, કલ્કી–કલંકી અવતારના પુત્ર 'ધર્મરાજ' ઉપનામવાળા દત્ત રાજાનો આ ઘોડો, કુંભલગઢના ચૌમુખજી (શ્રી ઋષભદેવ ભ.)ને પૂજનાર શા. પનાની ભાર્યા જીતૂના પુત્ર શાર્દૂલે કરાવ્યો" એમ ઉલ્લેખ છે.

**કુંભા (દેવડા)** : લેખ નં. ૪૦૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"વિક્રમ સંવત્ ૧૫૨૫ના ફાગણ સુદિ-૭ શનિવારે રોહિણી નક્ષત્રમાં શ્રી અર્બુદગિરિ-આબુ ઉપર દેવડા રાજધર સાયર શ્રી **ડુંગરસિંહ**ના રાજ્યમાં; ગૂર્જર જ્ઞાતિના શાહ ભીમસિંહે બંધાવેલા મંદિર (ભીમચૈત્ય)માં; ગૂર્જર શ્રીમાલજ્ઞાતીય રાજમાન્ય **મંત્રી રાજા**ની ભાર્યા સૂલ્લી તથા મંત્રી મંડન ભાર્યા લોલી, તેના પુત્રો ૧ **મંત્રી સગર** અને ૨ **મંત્રી સુંદર**, તેમાંના મંત્રી સગરના પુત્રો ૧ નાથા અને ૨ ગહિલા. મંત્રી સુંદરની ભાર્યા ૧ હાંશી તથા ૨ પદમાઈ, તેના પુત્ર રાજમાન્ય **મંત્રી ગદા**ની ભાર્યા આસૂના પુત્રો ૧ શ્રીરંગ, ૨ વાઘા આદિ કુટુંબથી યુક્તમંત્રી સુંદર અને ગદાએ; આબુના અધિપતિ-રાજા દેવડા **શ્રીવીસા**ના પુત્ર **કુંભા**ના પવિત્ર પુત્ર રાજધર સાયર **દેવ ચુંડા**ના પુત્ર રાજધર.....રામદાસની મંજુરીથી ૧૦૮ મણ પ્રમાણ ધાતુની પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનૂની સપરિકર મનોહર પ્રતિમા નવી કરાવીને....." ઘણાં ગામોના સંઘે અહીં યાત્રા કરીને મોટા મહોત્સવપૂર્વક અહીં વિરાજમાન કરીને તપાગચ્છના શ્રીમાન્ લક્ષ્મીસાગરસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી તે ઉલ્લેખ સાથે "......મહિંસાણા (મહેસાણા) નિવાસી મિસ્ત્રી દેવાના કલા-કૌશલ્યથી આ મૂર્તિ બની છે" તેમ લખ્યું છે.

**કુમારપાલ** (લે. ૨૫૦), **કૃષ્ણરાજ** (લે. ૨૫૦) અગાઉ ઉલ્લેખ આવ્યો છે. **કેશરીસિંહ** (લે. ૪૯૦)-શ્રી સિરોહી દેશમાં શ્રી **કેશરીસિંહજી**ના રાજ્યમાં, શ્રી અચલગઢ મહાદુર્ગમાં બે જોડી પગલાંવાળા પાદુકાપટ્ટ પર કોતરેલા લેખ પ્રમાણે-સં. ૧૯૬૩ના વૈશાખ સુદી ૧૧ને શુક્રવારે શ્રી તપાગચ્છની શ્રી કમલકલશ શાખાના ભ. શ્રી યશોભદ્રસૂરિજીની તથા શ્રી મહેન્દ્રસૂરિજીની પાદુકા પધરાવ્યાનો લેખ છે.

**ચૂંડા** (લેખ નં. ૨૪૮-૪૦૭-૪૬૨) :

(લે. ૨૪૮) શ્રી આબુ તીર્થ (દેલવાડા)માં શ્રી આદિનાથ ભગવાન વ. ૩ જિનમંદિરો માટે સં. ૧૪૮૯માં રાજ શ્રી રાજધર **દેવડા ચુંડા**ના વિજયવંતા રાજ્યમાં શ્રી રાજધર દેવડા ચુંડા વગેરે રાજ્યાધિકારીઓએ પોતાના રાજ્યના અભ્યુદયને માટે, **દેવડા સાંડા**, મંત્રી નાથુ.....સામંત વગેરેએ મળીને આઘાટ ઘલાવિઉં-**યાત્રામુક્તિ** કરાવી એટલે કે ઉક્ત ત્રણે જિનમંદિરોના **કાર્યવાહકો પાસેથી** અથવા તેના યાત્રીઓ પાસેથી એક પૈસો પણ **ન લેવો એમ** ઠરાવ્યું. (લેખ-૪૬૨માં પણ) દેવડા સાંડાનું નામ **આવે છે.** તે દેવડા ચૂંડાનો પુત્ર અથવા નજીકનો કોઈ કુટુંબી હોવો **જોઈએ.** ક્રમાંક-૪૦૭માં ચૂંડાનો ઉલ્લેખ આગળ આવી ગયો **છે.** દેવડા ચૂંડાના પુત્રનું નામ ડુંગરસિંહ હતું.

લેખ નં. ૪૬૨, દેલવાડાની એક સડકના કિનારે આવેલા દિગંબર જૈન મંદિરના સભામંડપની દિવાલમાં કોતરેલ છે, આ લેખનો વચલો થોડો ભાગ નષ્ટ થયેલો છે : વિ.સં. ૧૪૯૪ના વૈશાખ સુદી ૧૩ને ગુરુવાર....."ગામ ઊંબરણીમાં આબુના રાજા રાજધર **દેવડા ચુંડા** પાસે દોસી કરણા તથા સંઘવી ગોવિંદે આ અક્ષરવિધિ કરાવી (લેખ લખાવ્યો) છે. માટે આ મંદિર થતાં કોઈએ કર-લાગા માટે માગણી, રકઝક કે તકરાર કરવી નહીં. તેમ કોઈએ દેવદાય કે બ્રહ્મદાય (દેવના કે બ્રાહ્મણના ભાગ-દાન) તરીકે પણ કાંઈ માંગવું નહીં. જો કોઈ કાંઈ માગશે અને લાગા સંબંધી કોઈ કાંઈ તકરાર કરશે તો તે રાજશ્રી **દેવડા ચૂંડા** ભોગવશે......" ત્યાર પછી સાક્ષી અને મુખ્ય માણસોનાં નામ આપેલા છે.

**જગમાલ** : (લેખ નં. ૪૬૪-૪૭૧-૪૭૩-૪૭૪-૪૮૨-૪૮૩-૪૮૪) સિરોહી (રાજપુતાના)ના મહારાવ **લાખા**ના પુત્ર મહારાવ **જગમાલ** વિ.સં. ૧૫૪૦માં સિરોહીની ગાદીએ બેઠા હતા, તેમનું અવસાન સં. ૧૫૮૦માં થયું, તેમણે ૪૦ વર્ષ રાજ્ય કર્યું હતું. તેમના પછી જ્યેષ્ઠ પુત્ર મહારાવ **અખયરાજજી (પ્રથમ)** ગાદીએ આવ્યા. સંવત્ ૧૫૬૬ના ફાગણ સુદી ૧૦ને સોમવારના અચલગઢના લેખમાં રાજાધિરાજ શ્રી જગમાલના વિજયવંતા રાજ્યમાં સંઘવી સહસાએ પોતે કરાવેલા ચતુર્મુખ મંદિરના ઉત્તર દ્વારમાં વિરાજમાન કરવા માટે મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનની ધાતુમય ભવ્ય પ્રતિમા કરાવી જેની પ્રતિષ્ઠા તપાગચ્છીય શ્રી જયકલ્યાણસૂરિજીએ કરાવ્યાનો ઉલ્લેખ છે. નીચેના છએ લેખ આ મંદિરની પ્રતિષ્ઠા વખતે પ્રતિષ્ઠિત થયેલ ધાતુની મનોહર મૂર્તિઓની બેઠકો પર કોતરેલ છે. આ છએ લેખમાં ફક્ત ભગવાન અને પ્ર. કરાવનાર ધણીના નામ સિવાયની બીજી બધી હકીકત લગભગ સરખી છે. વિ.સં. ૧૫૬૬ના ફાગણ સુદી ૧૦ને સોમવારે શ્રી અચલગઢ મહાદુર્ગ (કિલ્લા)માં, મહારાજાધિરાજ શ્રી જગમાલના વિજયવંતા રાજ્યમાં, સંઘવી સાલિગના પુત્ર સંઘવી સહસાએ કરાવેલ શ્રી ચતુર્મુખમંદિરમાં અમુકે કરાવેલ અમુક બિંબની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. ભદ્રપ્રાસાદમાં-

(લે. ૪૭૧) શ્રી સુપાર્શ્વબિંબ શ્રીસંઘે કરાવ્યું. (લે. ૪૭૩) શ્રી આદિનાથ બિંબ સંઘવી શ્રીપતિએ (લે. ૪૭૪) શ્રી આદિનાથ બિંબ સંઘવી સાલિગની બીજી ભાર્યા નાયકદેએ (લે. ૪૮૨) શ્રી પાર્શ્વનાથબિંબ સમસ્ત સંઘે (લે. ૪૮૩) + (લે. ૪૮૪) શ્રી આદિનાથબિંબ સંઘવી કૂપા તથા ચાંડાએ કરાવ્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવો ઉલ્લેખ સાંપડે છે.

**ડુંગરસિંહ** (લેખ ૪૦૭-૪૦૮-૪૧૦-૪૧૧) પિતલહરના મૂલગભારા (ગર્ભાગાર)ના ક્રમ ૪૦૭થી ૪૧૩ સુધીના ૭ લેખો મંત્રી સુંદર અને મંત્રી ગદાએ તૈયાર કરાવેલ શ્રી ઋષભદેવ ભગવાનની ધાતુની સપરિકર મૂર્તિ પર કોતરેલા છે તેમાં આબુ પર દેવડા રાજવી શ્રી ડુંગરસિંહનો ઉલ્લેખ છે. લે. ૪૦૭-૪૦૮ની વિગત અગાઉ આવેલ છે.

લે. ૪૧૦-"ગુર્જર જ્ઞાતિના આભૂષણ સ્વરૂપ મંત્રી **મંડન**ની ભાર્યા લોલીના પુત્ર, રાજાધિરાજ શ્રી રામદાસમાન્ય મંત્રી **સુંદર**ની ભાર્યા (કે જે દોસી રત્નાની ભાર્યા જીવિણીની પુત્રી થાય છે.) શ્રાવિકા (હાંસીએ?) ધાતુની ૪૧ આંગળાના પ્રમાણવાળી મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિના પરિકરમાં શ્રી શીતલનાથ ભ.ની ઉભી મૂર્તિ કરાવી." એવો ઉલ્લેખ છે, લે.-૪૧૧ પ્રમાણે "મંત્રીશ્વર **ગદા**ની ભાર્યા (કે જે શા. હીરાની ભાર્યા મદીની પુત્રી થાય છે.) શ્રાવિકા આસૂએ મૂળનાયકજીના પરિકરમાં શ્રી વાસુપૂજ્ય ભ.ની ઉભી મૂર્તિ કરાવી."

**તખતસિંહ** (લે. ૪૮૯)-વિ.સં. ૧૮૩૮, શક સં. ૧૭૦૩ના માગશર વદી ૧ને શુક્રવારે શ્રી તપાગચ્છની કમલકલશ શાખાના પંન્યાસ શ્રી સુંદરવિજયગણિની પાદુકાની તેમના શિષ્ય પં. જીવણવિજયે (સિરોહીના મહારાવ) શ્રી તખતસિંહજીના વિજયવંતા રાજ્યમાં પ્રતિષ્ઠા કરી તેવો ઉલ્લેખ છે.

**તિહુણ/તિહુણાક** અને **તેજસિંહ** માટે લેખ-૧ (આસરાજજી) જુઓ. **ધંધુક-ધંધુ-ધંધુરાજ** માટે લેખ-૧ અને ૨૫૦ (અર્ણોરાજ) જુઓ. **ધારાવર્ષ**-૨૫૦, **ધૂમરાજ**-૨૫૦ અને ૨૫૧ (કાન્હડદેવ) જુઓ.

**ધ્રુવભટ**-૨૫૦, **પરમાર**-૧, ૨૫૦. **પ્રતાપમલ્લ** લે. ૧, **પ્રલ્હાદન**-૨૫૦, **બલ્લાલ**-૨૫૦, **ભીમદેવ પહેલો** લે. ૧માં છે ઉપરાંત વિમલવસહીના લેખ નં. ૬૩ના બે શ્લોકોમાં જણાવ્યા પ્રમાણે : થારાપદ્રીય ગચ્છનો, પ્રસિદ્ધ શ્રાવક-જૈન ધર્મનું પાલન કરનારો અને **સોમ** નામના રાજાને ઘણો વહાલો એવો **શાંતિ** નામનો મંત્રી થઈ ગયો. તેની પત્ની શિવાદેવીએ પોતાના નીના અને ગીગા નામના બે પુત્રોના શ્રેયને માટે ભમતીની ૧૩મી દેરીના **મૂળનાયકજીની મનોહર મૂર્તિને સં. ૧૧૧૯માં ભરાવી. વિમલવસહીના બધા લેખોમાં આ લેખને સૌથી વધુ પ્રાચીન ગણવામાં આવેલો.** [આ શાંતિ અમાત્ય ગુજરાતના મહારાજા ભીમદેવ (પહેલા)નો મંત્રી હતો અને તે **'શાંતૂ'** અથવા 'સાંતૂ મંત્રી' એ નામથી પ્રસિદ્ધ હતો.]

**ભીમદેવ-બીજો** : લૂણવસહીના નેમનાથના દેવાલયના લેખ **નં.** ૨૫૧ પ્રમાણે સં. ૧૨૮૭માં મહારાજાધિરાજ શ્રી ભીમદેવ-બીજાનો ઉલ્લેખ છે. આ અંગે વધુ વિગતો અગાઉ અપાયેલી છે.

**ભોજ** અને **મહણસિંહ**નો ઉલ્લેખ લે. ૧માં છે.

**મહિમ્મુદ/મહમ્મુદ**નો ઉલ્લેખ લે. ૪૦૭-૪૦૮માં છે. "મહમુદ બેગડાએ જેને બહુમાનપૂર્વક 'રાજાધિરાજ' બિરૂદ આપ્યું છે એવા **રામદાસ**ની મંજુરીથી ૧૦૮ મણ પ્રમાણ ધાતુની પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સપરિકર મનોહર પ્રતિમા....."ની સ્થાપના **મંત્રી સુંદર** અને તેના પુત્ર **મંત્રી** ગદાનો ઉલ્લેખ છે, વધુ માટે જુઓ લેખ-૪૦૭ [કુંભા-દેવડા]માં.

**મૂલદેવ** : વિમલવસહી, લેખ નં. ૫૧ નાનાં-મોટાં સુંદર અને વિવિધ ૧૭ પદ્યો/શ્લોકો ધરાવતા આ લેખમાં મંત્રીશ્વર **વિમલ**ના પૂર્વજો અને વિમલના ભાઈ **મંત્રી નેટ** તથા **મંત્રી દશરથ** સુધીના વંશજોનું તથા મંત્રી દશરથે આ દેરીનો જીર્ણોદ્ધાર કરાવીને તેમાં શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ વિરાજમાન કર્યાનું વર્ણન વિસ્તારથી છે. પહેલા શ્લોકમાં શ્રી આદીશ્વર ભ.ની કેવી સુંદર સ્તુતિ છે?—

"અત્યંત દેદીપ્યમાન અને તેજસ્વી કાબરચીતરા વર્ણવાળા-પંચરંગી વાદળાંની જેમ અનિત્ય એવાં શરીરોથી ભરેલા સંસારરૂપી ભયંકર સમુદ્રમાં ડૂબતા એવા પ્રાણીઓના સમૂહને તારવા માટે જબરદસ્ત ઉત્તમ વહાણ સમાન......એવા શ્રી ઋષભદેવ ભગવાન (જયવંતા વર્તે છે.) ૧." શ્રી શ્રીમાલ **નામના** કુળમાં ઉત્પન્ન થયેલ અને અતિ નિર્મળ એવા પોરમાલવંશરૂપી આકાશને પ્રકાશિત કરવામાં તેજસ્વી ચંદ્રની ઉપમાવાળો.....પોતાના સદાચારોથી લોકોમાં અગ્રેસર થયેલો નિન્નક (નીના) નામના ગૃહસ્થને ત્યાં દાની, ભક્ત, પવિત્ર **લહર** નામનો પુત્ર થયો.... "અણહિલપુર પાટણના મહારાજા **મૂલરાજ**ની દૃષ્ટિરૂપી અમૃતના ઝરણાથી સિંચાયેલો બુદ્ધિશાળી, દાનેશ્વરી, ઉદાર ચરિત અને શ્રેષ્ઠ એવા તેને (તે લહરને) **'વીરમંત્રી'** નામથી **પ્રસિદ્ધ** પુત્ર થયો-તેના મોટા પુત્રનું નામ **મંત્રી નેટ** હતું, બીજો પુત્ર વિમલ મહારાજ ભીમદેવ (પહેલા)નો મંત્રી હતો. આ વિશાળ જિનમંદિર (વિમલ-વસહી) તેણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધાવેલું. **નેઢ** મંત્રીને **લાલિગ** મંત્રી અને લાલિગને સદ્‌ગુણી **મહિંદુક** (મંત્રી) નામનો પુત્ર હતો. તેને હેમરથ તથા **દશરથ** (મંત્રી) નામના પુત્ર હતા. **દશરથ** મંત્રીએ આબુ પર્વત પર શ્રીમાન્ ઋષભદેવ ભગવાનના સુંદર જિનાલય (વિમલવસહી)ની ભમતીની શ્રેષ્ઠ એવી આ દશમી દેરીમાં; મહામંત્રી **પૃથ્વીપાલ**ની સુંદર પ્રસન્નતા-મહેરબાનીથી, પોતાના અને પોતાના ભાઈ હેમરથના પુણ્યસંગ્રહ માટે શ્રીમાન નેમિનાથ ભગવાનની મૂર્તિ બનાવરાવી. જેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૨૦૧ના જેઠ માસમાં થયેલ. મંત્રી ધવલનું વંશવૃક્ષ આ પ્રમાણે ચાલે છે.

ધવલ
|
આનંદ
|
(૧ પદ્માવતી — ૨ સલૂણ)

(૧ પદ્માવતી) → પૃથ્વીપાલ (નામલદેવી) → જગદેવ (માલદેવી), ધનપાલ (રુપિણી/પિણાઈ)

(૨ સલૂણ) → નાના (ત્રિભુવનદેવી) → નાગપાલ → આસવીર; નાગાર્જુન

**યશોધવલ** : જુઓ લેખ-૨૫૦.

**રામદાસ** : પિતલહરના લેખ નં. ૪૦૭-૪૧૦-૪૧૧. અગાઉના લેખમાં 'ડુંગરસિંહ'ના લખાણમાં જુઓ.

**રામદેવ**-અગાઉનો લુણવસહીનો લેખ-૨૫૦ (અર્ણોરાજ) જુઓ.

**લવણપ્રસાદદેવ**-લેખ નં. ૨૫૦, ૨૫૧ જુઓ.

**લૂંઢ/લૂંઢા/લૂણિગ/લૂંભ/લૂંભક**—તે માટે અગાઉનો લેખ-૧ જુઓ. વિમલવસહીના લે. નં. ૨૪૦-૨૪૧-૨૪૨-૨૪૩. વિમલ મંત્રીશ્વરની હસ્તિશાળાની પાસેના મોટા મંડપમાં 'સુરહી'ના પથ્થર પર કોતરેલા છે. સુરહી = સુરભી = ગાય. રાજસ્થાનમાં જે પથ્થરને મથાળે સૂર્ય અને ચંદ્ર કોતર્યા હોય, તેની નીચે વાછડાસહિત/વાછડારહિત ગાય કોતરેલી હોય અને તેની નીચે રાજા, ઠાકોર, જાગીરદારો વ.એ ગામ-ગરાસ-જમીન વ. અર્પણ કર્યા અંગેના દાનપત્રના/કર-લાગા વ. માફ કર્યા અંગેના કોતરેલા લેખને 'સુરહી' કહે છે. પછીથી મારવાડમાં તેનું 'સરઈ'



વિમલ-વસહી, શ્રી પાર્શ્વનાથ ભગવાનની ઊભી મૂર્તિ, (કાઉસગ્ગીયા)

નામ પડ્યું. લેખ નં. ૨૪૦, સં. ૧૩૭૩ના ચૈત્ર વદ (એકમ?) ને રવિવારનો છે, તેમાં અર્બુદગિરિ પર મહારાવ લંઢાના રાજ્યનો ઉલ્લેખ છે, "તેમણે જ પોતાના રાજ્યની દિવાનગીરીના કામ માટે નિયુક્ત કરેલ **મંત્રી પૂનસિંહ** વગેરે પંચકુલ-અમલદારોની ખાત્રી માટે ધર્મશાસન લખાય છે, કે-આબુ ઉપર શ્રી આદિનાથ અને નેમિનાથના દરેક પૂજારીઓ અથવા દરેક મોટી પૂજા ભણાવનારાઓ પાસેથી ૨૪ દ્રમ્મ કર તરીકે જાગીરદાર અથવા ગામના લોકો લેતા હતા તે....ગામના લોકોના સમુદાયે મળીને ૨૪ દ્રમ્મ લેવાના હંમેશને માટે છોડી દીધા...."

'સુરહી' પરના લેખ નં. ૨૪૦ પરનો બીજો લેખ નં. ૨૪૧, સં. ૧૩૯૭નો છે.

આબુ પર્વત પરનાં ગામ દેલવાડા અને ગામ આરણા, શ્રી આદિનાથ અને શ્રી નેમિનાથની નૈવેદ વ. શ્રેષ્ઠ પૂજાને માટે **રાણા વીરસિંહે** આપ્યાં હતાં. તે સુરહીને કોઈ પાપીઓએ ભાંગી નાખેલી જોઈને મહારાવ **લૂંઢા** કલ્યાણ રાજાએ પોતાના પણ પુણ્ય-શ્રેયને માટે તે બંને ગામો શ્રી આદિનાથ અને શ્રી નેમિનાથને અર્પણ કરીને નવી સુરહી કરાવી આપી. લે. ૨૪૨ (સુરહી બીજી) સં. ૧૩૭૨ના જેઠ સુદી ૨ને સોમવારે, આબુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર શ્રી લૂંઢા કલ્યાણના રાજ્યનો ઉલ્લેખ છે અને તેમના મંત્રી **પૂનસિંહ** વ. અમલદારોની જાણ માટે ધર્મશાસન-દાનપત્ર લખેલ છે, જેમાં આબુ પરના શ્રી વિમલ-વસહી લૂણ-વસહીમાં દેવ શ્રી આદિનાથ-નેમિનાથ પાસેથી (સંઘનું આગમન, કલ્યાણકાદિ પર્વોના ઉત્સવ-મહોત્સવ આદિ પ્રસંગે) જે કાંઈ કપડાં, દ્રમ્મ, ધાન્ય અને સાથવાનો કોળીઓ, પસલી ચંદ્રાવતીના ઠાકોર અને કુમારને મળતું હતું તે બધું મહારાવ શ્રી લૂંઢાજીએ રાજશ્રી વીજડબાઈ અને શ્રી નામલદેવીના શ્રેય માટે યાવત્ ચંદ્ર-દિવાકરૌ આપવા-લેવાની મનાઈ કરી છે." ત્યારપછી આજ્ઞા લખી છે કે-"અમારા વંશનો અથવા બીજા વંશનો ભવિષ્યકાળમાં આ આબુનો જે રાજા થાય, તેને હું હાથ જોડીને કહું છું કે-મારા આ દાનનું સંપૂર્ણપણે પાલન કરવું......"

લે. ૨૪૩ (સુરહી ત્રીજી)માં સં. ૧૩૭૨માં મહારાવ શ્રી લૂંઢાજીના રાજ્યનો ઉલ્લેખ કરી પધારી જ્ઞાતિના કડૂઆના પુત્ર લૂણમાએ શ્રી વિમલવસહી અને શ્રી લૂણવસહીના કાર્યવાહકો પાસેથી પર્વ-મહોત્સવ પ્રસંગે કાપડ-દ્રમ્મ-ધાન્યસુખડી-વ. ભેટ લેવાનું બંધ કરી તે બંને મંદિરોને જ ભેટ કર્યું.

**વીજડ**નો ઉલ્લેખ લેખ-૧માં છે, **વીરધવલ**નો ઉલ્લેખ લે.નં. ૨૫૦-૨૫૧માં છે. **વીરસિંહ** લે. ૨૪૧માં છે.

**વીસલદેવ**-લે.નં. ૨, વિમલવસહીની ભમતીની ૧૩મી દેરીની બહારની દીવાલમાં ૨૪ પંક્તિનો લેખ, સં. ૧૩૫૦નો છે, તેમાં અણહિલ્લપુર-પાટણના મહારાજાધિરાજ **સારંગ વાઘેલા**નો ઉલ્લેખ છે, તેનો સામંત-મંડલિક રાજા **વિસલદેવ** આબુના પરમારોના વંશનો અને ચંદ્રાવતીનો રાજા હતો. વિસલદેવના આજ્ઞાપત્ર પ્રમાણે શ્રી વિમલવસહી તથા લૂણવસહી એ બે મંદિરોની પૂજા તથા નિર્વાહ માટે અમુક પ્રકારના વ્યાપારાદિ ઉપર લાગા નાખવાની વ્યવસ્થા તથા એ બંને મંદિરોના યાત્રાળુઓ તથા પૂજારીઓ પાસેથી કોઈ પણ જાતનો મુંડકાવેરો, ચોકી, વળાવું વ. કોઈ પણ નિમિત્તનો કર નહીં લેવાનું ફરમાન કરતો લેખ છે.

**વીસા (દેવડા)** : લેખ નં. ૪૦૭ (કુંભા દેવડા)માં જુઓ.

**સગર ચક્રવર્તી** : લેખ નં. ૨, ૨૪૦. "વ્યાસ ભગવાને કહ્યું છે કે-સગર ચક્રવર્તી વ. ઘણા રાજાઓએ પૃથ્વી ભોગવી છે પણ દાન કરતી વખતે તે ભૂમિ જેની હોય-જે ભૂમિપતિ હોય તેને જ તે દાનનું શુભ ફળ મળે છે." આવો ઉલ્લેખ સં. ૧૩૫૦ના પાટણના રાજા શ્રી સારંગદેવના લાગા વ્યવસ્થા સંબંધી લેખમાં છે, જે વિમલવસહીની ભમતીની ૧૩મી દેરીની બહારી દિવાલમાં છે, વધુ માટે જુઓ લેખ નં. ૨, વિસલદેવનો સંદર્ભ. સંવત્ ૧૩૭૩ના લેખ નં. ૨૪૦માં પણ 'સગર'નો ઉલ્લેખ અગાઉ પ્રમાણે જ છે. **સમરસિંહ** : લેખ નં. ૧માં ઉલ્લેખ.

**સરજ્યુરાવ/સરયૂરાવ** : લે. નં. ૬૬૪-અચલગઢમાં શ્રી કુંથુનાથ પ્રભુજીના દેરાસરની બહારના જમણી તરફના ચોતરાના ખુણામાં એક 'ગધૈયો' (ગધેગાળના) પથ્થરમાં સં. ૧૬૩૪નો લેખ છે, જે ખૂબ ઘસાઈ ગયેલો છે. સિરોહીના મહારાવ સરજ્યુરાવજીના રાજ્યમાં જૈનમંદિરને લગતો કોઈ દાનપત્ર સંબંધી લેખ છે.

**સામંતસિંહ** (મેવાડપતિ) : લેખ નં. ૨૫૦માં જુઓ. **સારંગદેવ** : લે. ૨માં.

**સાંડા** : લેખ નં. ૨૪૮માં જુઓ.

**સોમદાસ** : તેમનો ઉલ્લેખ ૩ લેખમાં છે. નં. ૪૬૭માં જુઓ. લેખ નં. ૪૬૯, સં. ૧૫૧૮નો છે. શ્રી ડુંગરપુર નગરમાં, રાવળ સોમદાસના વિજયવંતા રાજ્યમાં શાહ સાભાના પુત્ર, ડુંગરપુરના મહારાજા **રામદાસ**ના પ્રધાન **શાહ સાલ્હા**એ ૧૨૦ મણ ધાતુની એક મનોહરમૂર્તિ ડુંગરપુરમાં કરાવી, તેની શ્રીમાન્ લક્ષ્મીસાગરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી હતી.

સં. ૧૫૨૯ના વૈશાખ વદ-૪ને શુક્રવારે, શ્રી ડુંગરપુર નગરમાં રાજા શ્રી સોમદાસના વિજયવંતા રાજ્યમાં, તેના પ્રધાનોમાં મહાપ્રતાપી મુખ્ય પ્રધાન શાહ સાલ્હા વ. શ્રીસંઘના પ્રયાસથી આ (ધાતુમય મનોહર) શ્રી આદિનાથ ભગવાનની મૂર્તિ બની અને તેની પ્રતિષ્ઠા તપાગચ્છના શ્રી લક્ષ્મીસાગરસૂરિજીએ કરી હતી.

લે. નં. ૪૬૯ અને ૪૭૨વાળી ધાતુની મનોહર મૂર્તિઓ ડુંગરપુરથી લાવીને અચલગઢના ચૌમુખજી મંદિરમાં ગોઠવવામાં આવી.

**સોમસિંહદેવ**-આ રાજાનો ઉલ્લેખ લે. નં. ૨૫૦-૨૫૧માં આવી ગયો છે.

**નોંધ** : આ યાદીમાં ખાસ મહારાજાઓ અને રાજાઓનાં નામો જ એકંદરે આવેલ છે, તે સિવાયના અપ્રસિદ્ધ દેવડા, રજપુત, ઠાકોર, દરબાર અને જાગીરદારોનાં નામો આબુના લેખોમાં આવે છે પણ આ સંક્ષિપ્ત લખાણમાં તેનો ઉલ્લેખ કર્યો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આબુના જૈનમંદિરોના શિલાલેખોમાં ઉલ્લેખિત અમાત્યો/મંત્રીઓ—

આબુના જે શિલાલેખમાં નામની પહેલા મહામાત્ય, અમાત્ય, મહામંત્રી કે મંત્રીમાંથી કોઈપણ શબ્દ સ્પષ્ટ રીતે લખ્યો હોય અથવા બીજા ગ્રંથો કે અન્ય સાધનોથી જે મંત્રી હોવાનું સ્પષ્ટ થતું હોય તેમનો અહીં ઉલ્લેખ કર્યો છે છતાં (અભિ–) લેખોમાંનાં ઘણાં નામોની પૂર્વે 'મહં'/'મં.' શબ્દનો અર્થ 'મહત્તમ = ઘણો મોટો/અધિકારી' એવો થાય છે, પણ તે પોતે જ મંત્રી હોય કે મંત્રીના કુળનો હોય તેવી ખાત્રી નહીં થવાથી અહીં તેમનો સમાવેશ કર્યો નથી.

**મંત્રી ઉદયસિંહ** :—લેખ નં. ૧૫૦–૧૫૧. વિમલવસહીની ૪૫મી દેરીના આ બંને લેખો એક જ ધણીના અને લગભગ એકસરખી મતલબના છે.

લે. ૧૫૦–સં. ૧૨૪૫ના વૈશાખ વદી ૫ને ગુરુવારે શ્રી સંડેરક ગચ્છીય અને શ્રી ધર્કટવંશમાં ઉત્પન્ન થયેલા દોસી શ્રી **ઉદયસિંહ**ના પુત્ર મંત્રી **યશોવીરે** પોતાની માતા ઉદયશ્રીના કલ્યાણ માટે ૪૫મી સુંદર દેરી અને શ્રી નેમિનાથ ભ.ની પ્રતિમા કરાવી, તેની પ્રતિષ્ઠા શ્રી દેવચંદ્રસૂરિજીએ કરી તે બાબતનો છે.



વિમલ-વસહીની હસ્તિશાલામાં ઘોડેસ્વાર વિમલ મંત્રીશ્વર

લે. ૧૫૧–જેનું દુર્જેયપણું રાજાઓને પણ આનંદ આપનારું થાય છે અને વિવિધ પ્રકારના વીરોમાં અગ્રેશ્વરી એવો **ઉદયસિંહ** નામનો મંત્રી થઈ ગયો, તેનો પુત્ર 'કવીન્દ્રબંધુ'ના ઉપનામને ધારણ કરનારો હતો. લક્ષ્મી અને સરસ્વતીએ તેને ત્યાં એક સાથે નિવાસ કર્યો તે **યશોવીર** નામનો મંત્રી પ્રસિદ્ધ છે.

લે. ૩૫૯ થી ૩૬૨ :—પૈકીના બે લેખો બે દેવકુલિકા સંબંધમાં અને બે લેખો તે તે દેરીઓ કરાવ્યાના છે જે મંત્રી **યશોવીર**ના, એક જ સંવતના અને લગભગ એક જ હકીકતના છે. લેખ ૩૫૯–મંત્રી **યશોવીરે** પોતાના પિતાના શ્રેય માટે મૂ.ના શ્રી સુમતિનાથ ભ.ના બિંબયુક્ત ૪૦મી દેરી કરાવેલી. (લે. ૩૬૧) માતાના શ્રેય માટે મૂળનાયક શ્રી પદ્મપ્રભદેવથી અલંકૃત ૪૧મી સુંદર દેરી કરાવેલી. [**યશોવીર**, જાલોરના ચૌહાણ મહારાજા **ઉદયસિંહ**નો મુખ્યમંત્રી હતો. કદાચ તે જાલોરનો જ વતની હશે. માતાનું નામ ઉદયશ્રી, પિતાનું નામ **ઉદયસિંહ (મંત્રી)** અને ગોત્ર ધર્કટ હતું. અટક 'દોસી' હતી. બુદ્ધિશાળી હોવાથી 'મંત્રીગુરુ' અને વિદ્વાનોને આશ્રય આપનારો હતો એટલે 'કવીન્દ્રબંધુ' જેવાં બિરુદો મળેલા. **મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ** સાથે તેને ખૂબ મિત્રાચારી હતી.]

**કવડિ/કપર્દિ**–(લેખ નં. ૨૩૬) :—મહામાત્ય કવડિનું સંસ્કૃત ભાષામાં નામ 'કપર્દિ' હતું. સં. ૧૨૨૬ના વૈશાખ સુદ ૩ને સોમવારે શ્રી અર્બુદગિરિ મહાતીર્થમાં **મહામંત્રી કવડિએ** પિતા ઠ. શ્રી આમપસા અને માતા ઠકુરાણી સીતાદેવીની મૂર્તિનું જોડલું કરાવીને શ્રી ઋષભનાથજીની સામે સ્થાપન કર્યું, અખાત્રીજે આ. શ્રી ધર્મઘોષસૂરિજીએ પ્રતિષ્ઠા કરેલી. (ઠ. = ઠક્કુર/ઠાકુર, જમીનદારને કહેતા.)

[જૈનધર્મી **કવડિ મહારાજા કુમારપાલ**નો ઘણો માનીતો મહામંત્રી હતો. તે મહાન પરાક્રમી અને વિદ્વાન હતો. કુમારપાલના મૃત્યુ પછી વિ.સં. ૧૨૩૦માં અજયપાળ ગાદીએ બેઠો. તેણે **કવડિ**ને મહામંત્રી બનાવી તે જ દિવસે તેના પર ખોટા આરોપો મૂકી કકડતા તેલના કડાયામાં તેને નખાવીને મારી નાખ્યો!]

લૂણવસહીના લે. ૨૫૦ની ૪૯મી પંક્તિમાં "......આશ્ચર્યના સ્થાનસ્વરૂપ જે તેજપાલને જોઈને (નીતિસાર ગ્રંથના કર્તા) **કામંદકિ** પોતાના ગુણસમૂહને તુચ્છ માને છે તથા **ચાણક્ય** પણ માણસોના હૃદયમાં ચમત્કાર ઉત્પન્ન કરી શકતો નથી....." એમ જણાવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંડ તથા તેના વંશજોનું વર્ણન અગાઉના લેખ નં. ૨૫૦-૨૫૧માં છે. (લે. ૯) સં. ૧૨૭૮ના ફાગણ વદ-૧૧ ને ગુરુવારે.....**મંત્રી માલદેવ**ના કલ્યાણ માટે તેમના ભાઈ મંત્રી વસ્તુપાળે શ્રી મલ્લિનાથ ભગવાનયુક્ત ગોખલો કરાવ્યો. મં. વસ્તુપાળના નાનાભાઈ મં. તેજપાળે અહીં લૂણવસહી નામનું મંદિર બંધાવ્યા પહેલા આ ગોખલો કરાવ્યો છે.

(લેખ-૨૫૬) સં. ૧૨૮૭ના લૂણવસહીના ત્રૂટક લેખ પ્રમાણે-"મંત્રી વસ્તુપાળ અને મંત્રી શ્રી તેજપાલ......પૂર્વજોના શ્રેય માટે આ અર્બુદગિરિ ઉપર શ્રી......" વંચાય છે.

(લેખ-૨૬૦) સં. ૧૨૮૭ના લૂણવસહીના લેખમાં મંત્રી તેજપાલે પુત્ર લૂણસિંહના કલ્યાણ માટે આ શ્રી લૂણવસહીમાં શ્રી નેમિનાથ ભ.નું મહાતીર્થ કરાવ્યું એમ લખ્યું છે જો કે તેમાં પૂર્વજો અને ભાઈઓની વિગત પણ છે.

લૂણવસહીનો લેખ નં. ૨૬૧ : અહીંની નવચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બેઉ બાજુએ અતિ ઉત્તમ કોતરણીવાળો એકેક ગોખલો છે જે બંનેને 'દેરાણી-જેઠાણીના ગોખલા' નામે ઓળખાવાય છે, વાસ્તવમાં એ બંને ગોખલા મહામાત્ય તેજપાલે જ પોતાની બીજી ભાર્યા મહાદેવીના કલ્યાણ માટે કરાવેલા છે. (બંને ગોખલાઓમાં વિરાજમાન કરેલ તીર્થંકર ભગવાનના નામ સિવાયની તે બંને લેખોની સર્વ હકીકત અક્ષરશઃ સરખી જ છે.)

આ લેખોમાં તેજપાલના પૂર્વજો પિતા આસરાજ-સોમા-ઠ. ચંડપ્રસાદ-ચંડપની હકીકતો આપેલ છે.

લૂણવસહીની મંદિરની ભમતીમાં ૪૮ દેરીઓ પૈકી ૪૩ દેરીઓના દ્વાર (દરવાજાના ઉત્તરંગા) પર લેખો કોતરેલા છે, તેમાંથી ૨૮ દેરીઓ ઉપર તો અમુકના શ્રેય માટે દેરીઓ કરાવ્યા અંગેના મહામાત્ય તેજપાલના જ પોતાના લેખો છે. ૯ દેરીઓનાં દ્વારો ઉપર મહામાત્ય વસ્તુપાલ-તેજપાલના સગાસંબંધીઓ અને મિત્રોએ દેવકુલિકાઓ કરાવ્યા સંબંધીના લેખ છે. ૨૮ લેખો ટૂંકા છે. જેમ કે—

લે. ૨૬૫—મંત્રી તેજપાલના મોટાભાઈ **મં. માલદેવની** પુત્રી સદમલના શ્રેય માટે દેરી પહેલી.

લે. ૨૬૯—મં. માલદેવના પુત્ર પુનસિંહની ભાર્યા આલ્હણ દેવીના શ્રેય માટે દેરી બીજી.

લે. ૨૭૦—મં. માલદેવની ભાર્યા પાતૂ (પ્રતાપદેવી)ના કલ્યાણ માટે દેરી ત્રીજી.

લે. ૨૭૧-મં. માલદેવની પ્રથમ ભાર્યા લીલૂ (લીલાદેવી)ના કલ્યાણ માટે દેરી ચોથી.

લે. ૨૭૨-મં. માલદેવના પુત્ર પુનસિંહના પુત્ર પેથડના શ્રેય માટે દેરી પાંચમી.

લે. ૨૭૪—મં. માલદેવના પુત્ર પુનસિંહના શ્રેય માટે દેરી છઠ્ઠી.

લે. ૨૭૫—મં. માલદેવના કલ્યાણ માટે દેરી સાતમી.

લે. ૨૭૬—મં. માલદેવના પુત્ર પુનસિંહની પુત્રી બાઈ વલાલદેવીના કલ્યાણ માટે દેરી આઠમી.

લે. ૩૬૩—મં. વસ્તુપાલની **દ્વિતીય** ભાર્યા સોખુકાદેવીના શ્રેય માટે મૂ.ના શ્રી સુપાર્શ્વનાથ ભ.ના બિંબયુક્ત દેરી ૪૨મી.

લે. ૩૬૫—મં. વસ્તુપાલની પ્રથમ ભાર્યા લલિતાદેવીના શ્રેય માટે દેરી ૪૩મી.

લે. ૩૬૬—મં. વસ્તુપાલના પુત્ર **જયવંતસિંહ (જૈતસિંહ)**ના શ્રેય માટે દેરી ૪૪મી.

લે. ૩૬૮, ૩૭૦, ૩૭૨માં વસ્તુપાલના પુત્ર જયંતસિંહની ત્રણ ભાર્યા નામે ૧ જયતલદેવી ૨ સુહવદેવી અને ૩ રૂપાદેવીના કલ્યાણ માટે અનુક્રમે દેરી ૪૫મી, ૪૬મી, ૪૭મી.

લે. ૩૭૪—મં. માલદેવની પુત્રી સહજલના શ્રેય માટે દેરી ૪૮મી.

લે. ૨૯૫-૨૯૬—મં. તેજપાલના પુત્ર લૂણસિંહની (૧) રયણાદેવી અને (૨) લખમાદેવી નામની બે ભાર્યાના કલ્યાણ માટે અનુક્રમે દેરી ૧૭મી અને ૧૮મી.

લે. ૨૯૮—મં. તેજપાલની ભાર્યા અનુપમદેવીના કલ્યાણ માટે શ્રી મુનિસુવ્રતસ્વામિના બિંબયુક્ત દેરી ૧૯મી.

લે. ૩૦૨—મં. તેજપાલની પુત્રી બઉલદેવીના શ્રેય માટે દેરી ૨૦મી.

લે. ૩૦૪—મં. તેજપાલના પુત્ર મં. લૂણસિંહની પુત્રી ગઉરદેવીના શ્રેય માટે દેરી ૨૧મી.

લે. ૩૨૫ થી ૩૨૭—પોતાની સાત બહેનોના શ્રેય માટે (.....જિનબિંબયુક્ત) સાત દેરીઓ : ૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૫મી મહામાત્ય તેજપાલે કરાવી.

લે. ૩૩૫—પોતાના મામાના પુત્રો ભાભા અને રાજપાલના કહેવાથી મહામાત્ય તેજપાલે પોતાના મામા **મંત્રી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વિમલવસહીના રંગમંડપનો એક ભાગ (આબુ)

**પૂનપાલ** તથા તેની ભાર્યા મં. પૂનદેવીના શ્રેય માટે દેરી ૩૪મીમાં શાશ્વત શ્રી ચંદ્રાનનદેવની મૂર્તિ ભરાવી (કદાચ આ ૩૪મી દેરી પોતાના મામા–મામીના શ્રેય માટે કરાવી હશે.)

લે. ૨૭૮–લૂણવસહીના આ લેખમાં પોરવાડ જ્ઞાતિના **મંત્રી સિરપાલ**ની ભાર્યા સંસારદેવીના પુત્ર **મંત્રી વસ્તા**એ પોતાની માતાના કલ્યાણ માટે શ્રી પાર્શ્વનાથ ભ.નું બિંબ ભરાવ્યું.

લે. ૨૭૯–સં. ૧૨૯૩માં આબુ ઉપર મહામાત્ય તેજપાલે કરાવેલા શ્રી નેમિનાથ ચૈત્યની ભમતીની ૧૦મી દેરીમાં.....ચંદ્રાવતીવાસી સોમસિંહ અને આંબડે પોતપોતાનાં માતાપિતાના કલ્યાણ માટે શ્રી પાર્શ્વનાથ ભ.નું બિંબ ભરાવ્યું.

લે. ૨૮૭—સં. ૧૨૯૩ના વૈશાખ સુદી ૧૫ને શનિવારે શ્રી અર્બુદાચલતીર્થમાં મહામાત્ય તેજપાલે બંધાવેલ શ્રી લૂણસિંહ વસાહિકા મંદિરની ભમતીમાં ચંદ્રાવતીના શેઠ વીરચંદ અને કુટુંબે શ્રી શાંતિનાથ દેવની પ્રતિમા ભરાવી.

લે. ૨૮૯—સં. ૧૨૯૩ના ચૈત્ર વદ ૮ને શુક્રવારે શ્રી અર્બુદાચલતીર્થમાં મહામાત્ય શ્રી તેજપાલે બંધાવેલ શ્રી લૂણસિંહવસહિકા મંદિરની ભમતીમાં; ચંદ્રાવતીના પોરવાડ જ્ઞાતીય મંત્રી **કઉડિ**ના પુત્ર, કાકાના ભાઈઓ, ભત્રીજા વ. કુટુંબીજનો સાથે શેઠ સાજણે મૂલનાયક શ્રી ઋષભનાથ ભગવાનની પ્રતિમાથી શોભતી પંદરમી દેરી કરાવી.

લે. ૩૧૯–૩૨૦ : લૂણવસહીના આ લેખ પ્રમાણે આ મંદિરના મૂળ ગભારાની પાછળ મહામાત્ય તેજપાલે એક વિશાળ હસ્તિશાળા બંધાવી છે. તેમાં વચ્ચે મેરુ પર્વતની રચના તરીકે ઉપરાઉપર ત્રણે ખંડોમાં ચૌમુખજી અને તે સિવાય બીજી પણ કેટલીક જિનમૂર્તિઓની સ્થાપના કરેલ છે. ચૌમુખજીની બંને બાજુએ હારબંધ આરસના સુંદર કુલ ૧૦ હાથીઓ કરાવ્યા છે. દરેક હાથી ઉપરની પાલખીમાં તેજપાલના કુટુંબના ૧–૧ માણસની મૂર્તિ, ૧–૧ મહાવત, પાછળ ૧–૧ છત્રધર એમ દરેક હાથી પર ૩ માણસોની મૂર્તિઓ છે. તે બધી નષ્ટ થઈ ગયેલ છે. તે મૂર્તિઓ નીચે લખેલાં નામો લે. ૩૧૯માં છે—(૧) **મંત્રી ચંડપ** (૨) (તેનો પુત્ર) **ચંડપ્રસાદ** (૩) તેનો પુત્ર **સોમ** (૪) તેનો પુત્ર **આસરાજ (અશ્વરાજ)**. તેનો પ્રથમ પુત્ર (૫) **લૂણિગ,** (૬) અશ્વરાજનો બીજો પુત્ર **મલ્લદેવ** (૭) ત્રીજો પુત્ર મંત્રી **વસ્તુપાલ** (૮) ચોથો પુત્ર મંત્રી **તેજપાલ** (૯) મં. વસ્તુપાલનો પુત્ર **જૈત્રસિંહ (જયંતસિંહ)** (૧૦) મં. તેજપાલનો પુત્ર–લાવણ્યસિંહ/લૂણસિંહ.

દશે હાથીઓની પાછળ દીવાલ પાસે દશ ખંડોમાં દશ મોટા મોટા ગોખલાઓમાં વસ્તુપાલ–તેજપાલના ગુરુઓની તથા તેમના કુટુંબીઓની સ્ત્રીઓ સાથેની ઉભી મૂર્તિઓ સ્થાપન કરાઈ છે. મૂર્તિઓ નીચે લખેલાં નામો લેખ–૩૨૦માં છે.

લે. ૩૩૪–સંવત્ ૧૨૯૩ના ચૈત્ર વદ ૮ ને શુક્રવારે, શ્રી ચંદ્રાવતીનગરી નિવાસી પોરવાડ જ્ઞાતીય, **મંત્રી અજિત**, તેનો પુત્ર મંત્રી આભટ, તેનો પુત્ર **મંત્રી સાંતિમ,** તેનો પુત્ર **મંત્રી શોભનદેવ,** તેની ભાર્યા માઉ, તેની પુત્રી રતનદેવીએ પોતાનાં માતા–પિતાના શ્રેય માટે, શ્રી લૂણસિંહવસહિકા નામક શ્રી નેમિનાથદેવના મંદિરની ભમતીની (૩૩મી) દેરીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભ.ની પ્રતિમા ભરાવી હતી.

લૂણવસહીનો લેખ–૩૫૨, વિક્રમ સં. ૧૨૯૬, વૈ. સુદ–૩. વરહુડિયાવંશીય શેઠ નેમડના કુટુંબના માણસોએ આબુ અને તે સિવાયનાં બીજાં તીર્થો અને ગામોમાં પણ મંદિરો, મૂર્તિઓ, ગોખલા, દેરીઓ તથા જીર્ણોદ્ધાર વ. જે કરાવ્યું તેનો ઉલ્લેખ છે

(૧) શ્રી શત્રુંજય મહાતીર્થમાં મહામાત્ય શ્રી તેજપાલે બંધાવેલા, શ્રી નંદીશ્વર દ્વીપની રચનાવાળા, શ્રેષ્ઠ ચૈત્યના પશ્ચિમ દિશાના મંડપની દેવકુલિકા ૧, શ્રી આદિનાથ ભ.નું બિંબ–૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) એ જ (શત્રુંજય) તીર્થમાં મ.મા. શ્રી તેજપાળે બંધાવેલ શ્રી સત્યપુરીય શ્રી મહાવીર સ્વામીના મંદિરમાં એક બિંબ અને ગોખલો-૧.

(૩) શ્રી ગિરનાર તીર્થમાં મ.મા. **વસ્તુપાલે** બંધાવેલા શ્રી આદિનાથ ભ.ની આગળના મંડપમાં ૧ ગોખલો અને શ્રી નેમિનાથ ભ.નું બિંબ-૧.

લૂણવસહીના લે. નં. ૩૪૮-૩૪૯. સંવત ૧૩૮૪-મંત્રી **મલયસિંહ**ની ભાર્યા માણેકે પોતાના કલ્યાણ માટે શ્રી આદિનાથ ભ. અને શ્રી મહાવીર સ્વામી એમ બે બિંબો ૩૮મી દેરીમાં પધરાવ્યા.

લે. ૫૦૧—શ્રી લૂણવસહીના એક ભોંયરામાં પડેલ પરિકરની ખંડિત ગાદી પર અધૂરો લેખ છે. મળેલા ભાગ પરથી જણાય છે કે-મહામાત્ય **તેજપાલ**ની ભાર્યા અનુપમદેવીના પુત્ર **લાવણ્યસિંહે** આ (સપરિકર મૂર્તિ) કરાવેલ.

પોરવાલ જ્ઞાતિના શેઠ નીનાના પુત્રનું નામ 'લહર' હતું. તેના વંશમાં કેટલાંક વર્ષો બાદ **'વીર મહત્તમ' (વીર મંત્રી)** ઉત્પન્ન થયેલ અને તે ચૌલુક્ય પહેલા-મૂળરાજનો મંત્રી હતો.

હવેથી અહીં વિ.વ. = વિમલવસહી સમજવું.

વિ.વ.નો લેખ-૪૭. મંત્રી **દશરથે** પોતાનાં સ્ત્રી-પુત્ર વ. સાથે ભમતીની ૧૦મી દેરીના મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાનનું મનોહરબિંબ પોતાના કલ્યાણ માટે ભરાવ્યું. સાથે તેના પૂર્વજોના નામનો પણ ઉલ્લેખ છે. "શ્રી શ્રીમાલ કુળમાં ઉત્પન્ન થયેલા **મહામંત્રી વીર**ના પુત્ર મહામંત્રી નેઢના પુત્ર મંત્રી **લાલિગ**ના પુત્ર મંત્રી **મહિંદુક**ના પુત્ર **મંત્રી દશરથ.....**"

વિ.વ.નો લેખ નં. ૫૦—એક જ દેરીમાં **વિમલ મંત્રીના** મોટાભાઈ મંત્રી **નેઢ**ના પૂર્વજો અને વંશજોની ૮ મૂર્તિઓવાળો એક મૂર્તિપટ્ટ છે, તેમાં મૂર્તિ નીચે મંત્રીઓના નામ આ પ્રમાણે કોતરેલા છે—

(૧) શ્રી **નીના** (નિન્નક) (૨) શ્રી નીનાના પુત્ર મંત્રી **લહર** (૩) લહરના વંશજ મંત્રી **વીર** (૪) વીરના પુત્ર અને વિમલ મંત્રીના મોટાભાઈ મંત્રી **નેઢ** (૫) નેઢના પુત્ર મં. **લાલિગ** (૬) લાલિગના પુત્ર મં. **મહિંદુક** (૭) મહિંદુકના મોટા પુત્ર **હેમરથ** અને નાનાપુત્ર (૮) મં. **દશરથ.**

વિ.વ. લેખ-૫૧ : **વિમલ મંત્રી** અંગે અગાઉનું લખાણ જુઓ.

વિ.વ. લેખ-૫૩ : સં. ૧૨૦૦ના જેઠ વદી ૧ને શુક્રવાર શ્રી **વીર મંત્રી**ના સંતાનીય-પરંપરામાં થયેલા **મંત્રી ચાહિલ્લ**ના પુત્ર રાણાકના પુત્ર નરસિંહે પોતાના કુટુંબ સાથે પોતાના કલ્યાણ માટે ૧૧મી દેરીના મૂ.ના શ્રી મુનિસુવ્રત સ્વામીની પરિકરવાળી પ્રતિમા કરાવી.

વિ.વ. લેખ-૭૨ : સં. ૧૨૦૬. મહામંત્રીશ્વર **વિમલ**ના મોટાભાઈ **મંત્રી નેઢ**ના પુત્ર મંત્રી **ધવલ**ના પુત્ર **મંત્રી આનંદ**ના પુત્ર **મંત્રી પૃથ્વીપાલે** વિમલવસહીનો કુટુંબીઓ/સંઘ સાથે પધારી સુંદર જીર્ણોદ્ધાર કરાવ્યાનું તેમાં નોંધ્યું છે, તે વખતે શ્રીમાન ચંદ્રસૂરિજીએ આબુની તીર્થયાત્રા કરી હતી.

[વિમલવસહીની હસ્તિશાલામાંના સાત હાથીઓ મહામંત્રી **પૃથ્વીપાલે** સ. ૧૨૦૪માં કરાવ્યા, બાકીના ૩ હાથી પૃથ્વીપાલના પુત્ર મંત્રી **ધનપાલે** સં. ૧૩૩૭માં કરાવ્યા (લેખ નં. ૨૩૩).

તે સમયમાં વિમલ શાહે કરોડો રૂ. ખર્ચીને જગતમાં અદ્વિતીય એવું વિમલવસહી નામનું ભવ્ય મંદિર બંધાવ્યું છતાં આ મંદિરની અંદર પ્રશસ્તિ તરીકે પોતાના નામનો એક અક્ષર પણ નહોતો લખાવ્યો. તેમના કુટુંબી **મંત્રી પૃથ્વીપાલે** ત્યાં સારો જીર્ણોદ્ધાર અને હસ્તિશાલા વ. કરાવવા છતાં અતિ સંક્ષેપમાં માત્ર બે શ્લોકમાં જ તે અંગે ઉલ્લેખ કર્યો છે. કેટલું નિરાભિમાનીપણું! મંત્રી પૃથ્વીપાલના પુત્ર પોરવાલવંશી મંત્રી **ધનપાલે** પણ સં. ૧૨૪૫માં ભમતીની કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ આઠે લેખો વિ.સં. ૧૨૪૫ના વૈશાખ વદી ૫ ને ગુરુવારના છે, જુઓ લેખ-૯૫. ધનપાલે મોટાભાઈ ઠ. **જગદેવ**ના કલ્યાણ માટે ભમતીની ૨૩-૨૪મી દેરીના મૂ.ના અનુક્રમે શ્રી ઋષભદેવ અને શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ ભરાવી હતી (લેખ-૯૮). ધનપાલે સ્વકલ્યાણ માટે ભમતીની ૨૫મી દેરીના મૂ.ના શ્રી સંભવનાથ ભ.ની મૂર્તિ ભરાવી (લે. ૧૦૦). પોતાની દાદીમા પદ્માવતીના શ્રેય માટે ભમતીની ૨૬મી દેરીના મૂ.ના શ્રી અભિનંદન ભ.ની પ્રતિમા ભરાવી (લે. ૧૦૩).

લેખ-૧૫૯ : સં. ૧૨૧૨ના માહ શુદી-૧૦ને બુધવારે મંત્રી **લલિતાંગ** ભાર્યા શીતાના પુત્ર ઠ. પદ્મસિંહે પોતાના મોટાભાઈ ઠ. નરવાહનના કલ્યાણ માટે આબુ પર શ્રી વિમલવસહી મંદિરની ભમતીની ૪૮મી દેરીમાં મૂ.ના શ્રી અજિતનાથ ભ.ની પ્રતિમા ભરાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખ–૧૫૩ : સં. ૧૨૪૫, વૈશાખ વદ–૫ ગુરુવારનો છે. પોરવાલવંશી **મંત્રી આનંદ**ના બીજા પુત્ર ઠ. નાના અને તેના પુત્ર ઠ. **નાગપાલે** પોતાની માતા ત્રિભુવનદેવીના કલ્યાણ માટે ભમતીની ૪૬મી દેરીમાં મૂ.ના શ્રી મહાવીર સ્વામીનું બિંબ ભરાવ્યું તે અંગેનો છે. તે **વિમલશાહ**ના વંશજોમાં થયેલો.

લેખ–૧૬૯ : સં. ૧૨૧૨ના માઘ શુદી–૧૦ને બુધવારે **મહામાત્ય શ્રીમાન આનંદ** અને તેમની ભાર્યા શ્રી સલૂણાના પુત્ર ઠ. નાનાએ પોતાના પુત્ર દંડનાયક શ્રી નાગાર્જુનના કલ્યાણ માટે ભમતીની ૫૩મી દેરીના મૂ.ના શ્રી સંભવનાથ ભ.ની મૂર્તિ ભરાવી.

લેખ–૨૩૩ : શ્રી વિમલમંત્રીશ્વરની હસ્તિશાળામાં જે સુંદર કોરણીદાર આરસના હાથીઓ છે તે દરેક હાથીઓના પગ નીચેની આરસની શિલામાં તે હાથીઓ ક્યા સંવતમાં કોને માટે કરાવ્યા તેની વિગત છે. જો કે હાથી/લેખો ખંડિત થવાથી લેખ પૂરા વાંચી શકાતા નથી છતાં–

છેલ્લો હાથી મહામાત્ય **ધનપાલે** પોતાના ભાઈ/પુત્ર/કુટુંબીના નામથી સં. ૧૨૩૭માં કરાવ્યો હશે.

આમાંના પ્રથમના ૭ હાથીઓ, મહામાત્ય–(૧) **નીના** (૨) **લહર** (૩) **વીર** (૪) **નેઢ** (૫) **ધવલક** (૬) **આનંદ** (૭) **પૃથ્વીપાલ** માટે સં. ૧૨૦૪ ફાગણ શુદ–૧૦ને શનિવારે મહામાત્ય **પૃથ્વીપાલે** કરાવ્યા. (પોતાના કુટુંબીઓના સ્મારક તરીકે આ હસ્તિશાળા પણ એ જ સં.માં મ.મા. પૃથ્વીપાલે કરાવેલી.) આઠમો અને નવમો હાથી, મહામાત્ય **પૃથ્વીપાલ**ના પુત્ર મહામાત્ય **ધનપાલે સં.** ૧૨૩૭ના અષાઢ સુદી ૮ને બુધવારે પોતાના મોટાભાઈ ઠ. **જગદેવ** અને પોતાના માટે કરાવેલ.

**ધાંધુક** : લેખ ૨૨૯ : શ્રી વેલાપલ્લી (વેરાવળ?) નિવાસી, ઓસવાલ જ્ઞાતિના મંત્રી ધાંધૂકે સં. ૧૨૧૨ના જેઠ વદ–૮ને મંગળવારે શ્રી વિમલમંત્રીની હસ્તિશાળામાં શ્રી આદિનાથ ભગવાનનું સમવસરણ કરાવ્યું.

**નાથુ** : લેખ–૨૪૮માં. **પૂનાસિંહ** : લેખ નં. ૨૪૦–૨૪૨માં.

**મંડન–સગર–સુંદર–ગદા** : માટે જુઓ લે. નં. ૪૦૭, ૪૦૮, ૪૧૦. પિત્તલહરનો લે. ૪૧૧-**મંત્રીશ્વર ગદા** ભાર્યા શ્રાવિકા આસુએ મૂળનાયકજીના પરિકરમાં શ્રી વાસુપૂજ્ય ભ.ની ઊભી મૂર્તિ કરાવી.

પિત્તલહરનો લે. ૪૧૨–**મંત્રી** ગદાની ભાર્યા આસૂના પુત્ર શ્રીરંગે મૂળનાયકજીના પરિકરમાં શ્રી અભિનંદનજિનની બેઠી મૂર્તિ કરાવી.

પિત્તલહરનો લે. ૪૧૩–**મંત્રી** ગદાની ભાર્યા આસૂના પુત્ર **મંત્રી વાઘાએ** મૂળનાયકજીના પરિકરમાં શ્રી સંભવનાથ જિનની બેઠી મૂર્તિ કરાવી. લેખ નં. ૪૧૦ થી ૪૧૩માં પ્રતિષ્ઠિક તરીકે તપાગચ્છીય શ્રી લક્ષ્મીસાગરસૂરિજી છે.

**યશોવર**—અગાઉના લેખ ૧૫૦–૧૫૧–૩૫૯–૩૬૧ (ઉદયવીર મંત્રી) માં જુઓ.

વરાહુ—વિ.વ.નો લેખ નં. ૨૦૬ જુઓ. **મંત્રી વરાહ** વ.એ ગુરુ (શ્રી કૃષ્ણર્ષીય ગચ્છના ભટ્ટારક શ્રી ધર્મચંદ્રસૂરિ વ.)ની સાથે સં. ૧૬૧૬ના મહા સુદ–૧૧એ જાત્રા કરી.

**વાધુય**–લે. ૨, વિમલવસહીની ભમતીની ૧૩મી દેરીની બહારની દિવાલમાં છે. અર્જુનદેવ વાઘેલાના પુત્ર–પાટણના રાજાધિરાજ–શ્રીમાન **સારંગદેવ**ના સેવા તત્પર મહામંત્રી **વાધૂય** હતો. સારંગદેવના સામંત–મંડલિક રાજા શ્રી **વિસલદેવે** તેને શ્રી વિમલવસહી તથા લુણવસહી એ બે મંદિરોના પૂજા અને નિર્વાહ માટે અમુક વ્યાપારાદિક ઉપર લાગાની વ્યવસ્થા અને એ બંને મંદિરોના યાત્રાળુઓ–પૂજારીઓ પાસેથી કોઈ લાગો/કર ન લેવો એવું આજ્ઞાપત્ર સં. ૧૩૫૦માં આપ્યું હતું. (વધુ માટે અગાઉનો લેખ નં. ૨ જુઓ–સારંગદેવ અને શ્રી વિસલદેવ.)

**શાન્તિ**—વિ.વ.નો લેખ નં. ૬૩નું રાજા સોમ અને મંત્રી **શાંતૂ/સાંતૂમંત્રી** અંગે અગાઉનું લખાણ જુઓ.

**સહસા**—વિ.વ.નો લેખ નં. ૪૬૪–૪૭૧–૪૭૩–૪૭૪–૪૮૨–૪૮૩–૪૮૪માં જુઓ.

**સાલ્હા**—વિ.વ.નો લેખ–૪૬૭ જુઓ. તે રાજા **સોમદાસ**નો પ્રધાન હતો. અચલગઢનો લેખ–૪૭૨ જુઓ.

આમ આબુ પરના જૈન મંદિરોના શિલાલેખો/અભિલેખોમાં ઉલ્લેખિત અનેક અમાત્યો/મંત્રીઓ જૈન ધર્મ પ્રત્યે ઉદાર, આસ્થાળુ હતા.....મંત્રી ઉદયસિંહ, ચંડ તથા તેના વંશજો : વસ્તુપાલ–તેજપાલ–જૈત્રસિંહ–લાવણ્યસિંહ ઉપરાંત યશોવર અને શાન્તૂ વ.તો ઇતિહાસના પાને અમર થઈ ગયા.

'આબુની કોરણી, તારંગાની ઉભણી અને રાણકપુરની બાંધણી' આજે પણ સર્વોત્તમ છે.

[નોંધ : સ્કેચ સહયોગ માટે જિતેન્દ્ર માસ્ટર(જંબુસર)નો આભાર.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટાપદજીની આછી ઓળખાણ

—પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા.

॥ श्री अष्टापद तीर्थ ॥



निर्वाण यत्र संजात-मादिनारथ मुक्तिदम्।
गिरिमष्टापदं वन्दे सदानन्दं सताम्॥



જંબુદ્વીપના ભરત-ક્ષેત્રની વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થપતિ પરમાત્મા આદિનાથ પ્રભુ એક માત્ર એવા તીર્થંકર છે, જેઓ આજે અદૃશ્ય ગણાતા શ્રી અષ્ટાપદતીર્થથી મોક્ષે ગયા છે. આજે ઠેર ઠેર શ્રી અષ્ટાપદ તીર્થની રચના, જિનાલયો તથા ચિત્રપટો જોવા મળે છે, ઉપરાંત ગૌતમ સ્વામીજી સૂર્યનાં કિરણોને અવગાહી તેજ તીર્થની જાત્રા કરી આવ્યા, પાછા વળતાં તાપસોને પ્રતિબોધિત કર્યા વગેરે અનેક માહિતીઓ ઉપરાંત કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી રચિત 'ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર' વગેરે અનેક ગ્રંથોમાં શ્રી અષ્ટાપદજીનું વર્ણન સ્પષ્ટ જોવા મળે છે. તે બાબત સંશોધન કરતાં મુંબઈ–મુલુંડ-નિવાસી શ્રી ભરતભાઈ હંસરાજ શાહના મિત્ર તે બાબત ચર્ચા–વિચારણા કરવા અનેકવાર મુલુંડ–ઝવેર રોડના વિ.સં. ૨૦૬૧ના ચાતુર્માસ દરમ્યાન મને સંપર્ક કરતા રહ્યા. તે તીર્થની જાણકારી માટે મારી પણ સવિશેષ જિજ્ઞાસા હોવાથી મેં તેમની પાસે તે સ્થાનની પરિક્રમા કર્યા પછી તેમના દ્વારા લેવાયેલ તે સ્થાનના ફોટા વગેરે તપાસ્યા. બહુ દૂરથી ખેંચાયેલ તે તસ્વીરોમાં અતિ ઉત્તુંગ શિખરો ઉપર તીર્થંકરોની કાઉસગ્ગ મુદ્રાની કલાકૃતિઓ તથા અનેક અન્ય કંડારાયેલ રચનાઓ દેખી આશ્ચર્ય થયું કે આવા ઊંચા કૈલાસપર્વતના વિભાગ નંદી પર્વત ઉપર કોણે આવી તે પ્રમાણે સર્જન કર્યું હશે! શ્રી અષ્ટાપદજી તીર્થના સંશોધનમાં સહાયક બની શકે તેવો એક નાનો તેમનો જ આનુભવિક લેખનો સાર અત્રે પ્રસ્તુત કરતાં હર્ષ પણ અનુભવાય છે કે વધુ તપાસ કરતાં પુરુષાર્થ વડે ફરી તીર્થનો પરિચય વિશેષથી મેળવી શકાશે.

—પ. પૂ. જયદર્શનવિજયજી મ.સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી અષ્ટાપદજી–એક શક્યતા

પ્રસ્તુતકર્તા :—શ્રી ભરતભાઈ હંસરાજ શાહ
–મુલુંડ વેસ્ટ (મુંબઈ)

ી કૈલાસ–મા

અરિહંત કૃપાથી શ્રી કૈલાસ–માનસરોવરની યાત્રા ત્રણ વખત કરવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. પ્રથમ વખત જૂન–જુલાઈ ૧૯૯૩માં, બીજી વખત જુલાઈ–ઑગષ્ટ ૧૯૯૬માં અને છેલ્લે જૂન–જુલાઈ ૧૯૯૮. આ યાત્રાની ગણના અતિ કઠિન યાત્રામાં થાય છે. મારી આ યાત્રાઓ દરમ્યાન મને કૈલાસની બાહ્ય પરિક્રમા, આંતરિક પરિક્રમા અને નંદી પરિક્રમા નિર્વિઘ્ને કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે.

પવિત્ર શ્રી કૈલાસ પર્વત અને માનસરોવર તિબેટના નાગરી પ્રદેશમાં સ્થિત છે. આ યાત્રા આપણા દેશનું વિદેશ મંત્રાલય, ઉત્તર પ્રદેશના કુંમાઉ મંડળ વિકાસ નિગમના સહયોગથી આયોજે છે. દર વર્ષે (જૂન, જુલાઈ, ઑગષ્ટ) ૧૨ જૂથોમાં લગભગ ૩૬૦ યાત્રીઓને આ યાત્રા માટે ચાઈનીઝ વીઝા આપવામાં આવે છે. યાત્રા માટે આવેલ આવેદનપત્રોમાંથી એવી રીતે પસંદગી કરવામાં આવે છે કે જેથી દરેક જૂથ જે લગભગ ૩૦ યાત્રીઓનું હોય છે, તેમાં ધર્મ, શિક્ષા, ભાષા, વ્યવસાય, ઉંમર દરેક રીતે ભારતનું પ્રતિનિધિત્વ થાય. અલબત્ત શારીરિક સુસજ્જતા અહીં પ્રાથમિક જરૂરિયાત છે. દિલ્હીથી શરૂ થતી અને દિલ્હી પૂર્ણ થતી આ યાત્રા ૩૦–૩૧ દિવસની હોય છે. લગભગ ૧૪૪૦ કિલોમીટર વાહન અને ૩૩૦ કિલોમીટર પદયાત્રા અથવા ઘોડા–યાકનો ઉપયોગ આ યાત્રા દરમ્યાન થાય છે. (જેમાં કૈલાસ પરિક્રમા ૫૪ કિલોમીટર ૩ દિવસમાં અને માનસરોવર પરિક્રમા ૭૨ કિલોમીટર ૨ દિવસમાં કરવાની હોય છે.) વધુમાં વધુ ૧૮૭૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત 'ડોલમા પાસ' શ્રી કૈલાસની પરિક્રમા દરમ્યાન પહોંચવાનું હોય છે. હિન્દુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનાં પુસ્તકોમાં કૈલાસ અને માનસરોવરને પવિત્રતમ યાત્રા લેખવામાં આવી છે.

મારી પ્રથમ યાત્રા જે હું એક સાહસ યાત્રારૂપે કરતો હતો, જે દરમ્યાન ભારત સરકારની કૈલાસ–માનસરોવર યાત્રા પ્રવાસ કાર્યક્રમ પુસ્તિકામાં શ્રી અષ્ટાપદજીનો ઉલ્લેખ મળ્યો. જૈનોના પ્રથમ તીર્થંકર આદિનાથ–ઋષભદેવનું નિર્વાણસ્થાન અષ્ટાપદજીના નામે ઓળખાય છે. જૈન ધાર્મિક પુસ્તકોમાં એવું વિવરણ છે કે ચક્રવર્તી ભરત જે પ્રથમ તીર્થંકર આદિનાથ ઋષભદેવના પુત્ર હતા, તેમણે શ્રી અષ્ટાપદજી ઉપર ભવ્ય મંદિરો, સ્તૂપો, ચૈત્યોનું નિર્માણ કરાવ્યું છે.

શ્રી કૈલાસ–માનસરોવરની મારી પહેલી યાત્રા પછી, શ્રી અષ્ટાપદજી વિષે માહિતી ભેગી કરવાનું મેં શરૂ કર્યું. આ બાબત જૈનાચાર્યો, સાધુ ભગવંતો અને જૈન ધર્મના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવતાં ઉપલબ્ધ માહિતી અત્રે રજૂ કરી રહ્યો છું.

૧. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યસૂરિજી કૃત 'ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર.' પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ઋષભદેવના નિર્વાણ પ્રકરણમાં કૈલાસ પર્વતને અષ્ટાપદ માનવામાં આવેલ છે. (પર્વ–૧, સર્ગ–૬).

૨. શ્રી દીપવિજયજી કૃત, 'વિવિધ પૂજાસંગ્રહ'.

કૈલાસ પર્વતને અષ્ટાપદ દર્શાવવામાં આવ્યો છે.

૩. આચાર્ય ધર્મઘોષસૂરિજી કૃત 'વિવિધ તીર્થકલ્પ'.

એમાં 'અષ્ટાપદ મહાતીર્થ કલ્પ' અને 'અષ્ટાપદગિરિ-કલ્પ'માં કૈલાસ પર્વત, માનસરોવર, સગર ચક્રવર્તી, રાવણનો ઉલ્લેખ છે.

૪. મુનિશ્રી જયંતવિજયજીકૃત 'પૂર્વ ભારતની જૈન તીર્થ ભૂમિઓ.'

એમાં પણ કૈલાસ પર્વતને અષ્ટાપદ માનવામાં આવ્યો છે.

૫. શ્રી હીરાલાલજી દુગ્ગડ કૃત–'મધ્ય એશિયા ઔર પંજાબ મેં જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર લોકમત.'

૬. 'પ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકા'ના જગચિંતામણિ ચૈત્યવંદન સૂત્ર ૧૧–૪માં પણ એવો જ અભિપ્રાય છે.

૭. સ્વામી પ્રણવાનંદજી લિખિત 'કૈલાસ–માનસરોવર' પુસ્તકમાં સ્વામીજીએ કૈલાસ બાબત લખ્યું છે : "એવું માનવામાં આવે છે કે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ ઋષભદેવ અહીં નિર્વાણ પામ્યા.

૮. 'મુંબઈ સમાચાર' તા. ૨૨-૯-૯૬. શ્રી કનુ દેસાઈના એક લેખમાં જૈન તીર્થ, અગ્નિતત્ત્વ અને હરિયાળી રહિત પ્રદેશનો સમન્વય છે. ભૌગોલિક દૃષ્ટિએ કૈલાસ પર્વત પણ વેરાન પ્રદેશમાં સ્થિત છે.

૯. મિ. જહોન સ્નેલિંગનું પુસ્તક–'ધ સેક્રેડ માઉન્ટેન.' આ પુસ્તકમાં લેખકે કૈલાસ પર્વતને એક અતિ વિશાળ હિન્દુ મંદિર સાથે આઉટલાઈન કરીને સરખાવ્યો છે.

૧૦. કૈલાસ–માનસરોવરના યાત્રીઓને ભારત સરકાર તરફથી મળતાં પુસ્તકમાં પણ અષ્ટાપદનો ઉલ્લેખ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. ગીતા પ્રેસ ગોરખપુરના ૩૧મા વર્ષના વિશેષાંક 'કલ્યાણ તિર્થાંક'માં કૈલાસને અષ્ટાપદ અને તેને સિદ્ધક્ષેત્ર લખવામાં આવ્યું છે અને ત્યાં કોઈ સમયે જૈન મંદિર હતું, જે હવે લુપ્ત થઈ ગયું છે એવું પણ લખ્યું છે (પાનાં નં. ૫૪૩).

૧૨. ડૉ. દેવીપ્રસાદ મિશ્રાનું પુસ્તક 'જૈન પુરાણોં કા સાંસ્કૃતિક અધ્યયન'. આ પુસ્તકના પ્રકરણ 'ભૌગોલિક દશા'ના પાનાં નં. ૪૪૦માં કૈલાસ પર્વતને અષ્ટાપદ અને તેનું સ્થાન હિમાલયના દક્ષિણ ભાગમાં દર્શાવ્યું છે. ડૉ. એસ. એમ. અલીની વહી પાનાં નં. ૫૬ પ્રમાણે એ બંધબેસતું આવે છે.

૧૩. લૉસ એંજેલસ કાઉન્ટી મ્યુઝિયમ ઓફ આર્ટ્સના શ્રી પ્રતાપાદિત્ય પાલનું પુસ્તક 'ધ પીસફુલ લિબરેટર્સ—જૈન આર્ટ ફ્રોમ ઈન્ડિયા.' આ પુસ્તકમાં પણ લેખકે કૈલાસને અષ્ટાપદ માન્યો છે (પાનાં નં. ૬૫).

મારી બીજી અને ત્રીજી યાત્રા દરમ્યાન શ્રી કૈલાસ એજ અષ્ટાપદજી છે એની શક્યતા બાબત મેં સંશોધન કરવાની વિનમ્ર કોશિશ કરી છે. યાત્રાના નિર્દિષ્ટ માર્ગથી હટીને જે જગ્યાઓના મેં દર્શન કર્યા અને ફોટોગ્રાફ્સ તેમજ સ્લાઈડ્સ લીધી છે તેનાં પરિણામો ઉત્સાહપ્રેરક છે :

૧. શ્રી કૈલાસના દક્ષિણાભિમુખ પાસે એક કંડારેલ (મારો અભિપ્રાય) પર્વત છે, એને નંદી પર્વત માનવામાં આવે છે. એના મધ્ય ભાગમાં શિલ્પ કામ દેખાય છે. એ શિલ્પકૃત્યમાંની એક આકૃતિના હાથમાં સિતાર જેવા વાદ્યનો સ્પષ્ટ આભાસ છે. એ પર્વતની ટોચ ઉપર સિંહ બેઠો હોય એવી આકૃતિનો સ્પષ્ટ આભાસ છે. એના પૂર્વ ભાગના મધ્યમાં પ્રાણીની એક વિશાળ મુખાકૃતિ કંડારેલી લાગે છે જે કદાચ સિંહની અથવા વાનર (હનુમાન)ની હોઈ શકે.

'ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર'માં સિંહ નિષધ્યા પ્રાસાદનું વર્ણન આવે છે. આ પર્વત એ વર્ણનને અનુરૂપ એક ભાગ જણાય છે.

૨. આ પર્વતની બાજુમાં અમુક પર્વતોની ટોચો પણ એક સમાન જણાય છે. પર્વતો દેખાવે દક્ષિણ ભારતનાં મંદિરો–ગોપુરમ્ જેવા લાગે છે.

૩. નજીકની એક પર્વતમાળામાં એક ગવાક્ષ (મંગળ મૂર્તિ માટેનો ગોખ) સ્પષ્ટ દેખાય છે. (ન્યારી ગોમ્પાની સામેનો પર્વત.).

૪. ઈજિપ્તમાં 'સ્ફીંક્સ'ના નામે ઓળખાતી માનવસર્જિત કૃતિ જેવું એક પર્વતમાં ત્યાં પણ દૃષ્ટિગોચર થાય છે. (ન્યારી ગોમ્પાની સામેનો પર્વત).

૫. આ પર્વતમાળામાં ઘણા ભાગોમાં ઉપર કિલ્લાની દીવાલોનો સ્પષ્ટ આભાસ છે. જૂનાં તીર્થો પર્વતો ઉપર અને કિલ્લેબંધીમાં અત્યારે પણ હયાત છે. દા.ત. શ્રી શત્રુંજય મહાતીર્થ, શ્રી ગિરનારજી, શ્રી સમ્મેતશિખરજી, જેસલમેર ઈત્યાદિ.

ઉપરોક્ત દૃશ્યોથી એવું માનવાને પ્રેરિત થાય છે કે, કોઈક કાળે આ પ્રદેશમાં વિશાળ પાયા પર માનવસર્જિત કામ થયાં હશે. દીર્ઘ કાળ દરમ્યાન વાતાવરણની અસર થકી આ સર્જનોને ઘસારો લાગ્યો છે. શું જૈન ધર્મમાં ઉલ્લેખિત અષ્ટાપદ–વિવરણમાં આવતાં મંદિરો, ચૈત્યો, સ્તૂપોના આ સંકેતો જણાય છે?

અહીં એ ઉલ્લેખ કરવો યોગ્ય છે કે આજે પણ જૈન સંતો અતિ વિદ્વાન છે, પણ એમની દૈનિક ક્રિયાઓ અને ગોચરી–પાણી થકી, શ્રી કૈલાસ માનસરોવરની યાત્રા એમના માટે કઠિન છે. જૈન સંતો વાહનનો ઉપયોગ કરતા નથી. એમનાં આહાર–પાણી પણ ધર્માનુસાર નિર્દિષ્ટ હોય છે, જે આ યાત્રા દરમ્યાન જાળવવાં અતિ કઠિન છે. જૈન ધર્મના આગેવાનોને આ બાબત વિચારવા અને યોગ્ય કરવા મારી હાર્દિક વિનંતી છે, જેથી કરીને વિદ્વાન સંતો સમાજને અષ્ટાપદજી વિષે યોગ્ય અભિપ્રાય આપી શકે. તિબેટી ધર્માનુસાર વીસમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામી પણ આ કૈલાસ ભૂમિમાં વિચર્યા છે. તેમજ સંત મિલારપ્પા સૂર્યનાં કિરણો પકડીને કૈલાસ પર્વત ઉપર પહોંચ્યા છે. (જૈન ધર્મ ગ્રંથોમાં અનંતલબ્ધિનિધાન ગૌતમ સ્વામીની અષ્ટાપદ યાત્રા આવી જ રીતે વર્ણવવામાં આવી છે).

કેટલાક સાંયોગિક પુરાવાઓ પણ અત્રે રજૂ કરું છું :

૧. કૈલાસ પર્વત ઉપર ચઢવું અતિ કઠિન જણાય છે. શ્રી અષ્ટાપદજીના વિવરણ સાથે આ બંધબેસતું છે.

૨. કૈલાસના દક્ષિણ મુખ પાસેનો કંડારેલો પર્વત નંદીના નામે ઓળખાય છે. નંદી એટલે બળદ, જે આદિનાથ ઋષભદેવનું લાંછન (ચિહ્ન) છે.

૩. અનાદિકાળથી હિન્દુ ધર્મ પ્રમાણે કૈલાસને મહાદેવનું સ્થાન માનવામાં આવે છે. વાહન નંદી છે. આદિનાથ ઋષભદેવની નિર્વાણ તિથિ પોષ વદ તેરસ છે. વદ તેરસને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવરાત પણ કહે છે. શું મહાદેવ એ જ આદિનાથ છે?

૪. કૈલાસ પર્વતની સામે લગભગ ૪૦ કિલોમીટર દૂર બરફાચ્છાદિત અને જાજરમાન પર્વત છે, એનું નામ ગુરલામાન્ધાતા છે. માન્ધાતા એ સગરચક્રવર્તીની સાધનાભૂમિ છે.

૫. માનસરોવરનો ઉલ્લેખ જૈન શાસ્ત્રોમાં છે.

૬. કૈલાસ માનસરોવર અને ગુરલામાન્ધાતા પર્વતની વચ્ચે એક બીજો વિશાળ અતિ સુંદર પર્વત છે, જેનું નામ રાકાશતાલ અથવા રાવણતાલ છે. જૈન ધર્મમાં રાવણનો ઉલ્લેખ સુવિદિત છે. અષ્ટાપદ પર્વત પાસે રાવણ-મંદોદરીનું વીણા વાદન અને નૃત્ય જૈન ધાર્મિક પુસ્તકોમાં ઉલ્લેખાયાં છે.

૭. આ પ્રદેશમાં અનુભવાતી (Vibration) અનુભૂતિ અવર્ણનીય છે. શબ્દોમાં એ અભિવ્યક્ત કરી શકાય એવું નથી. આસ્તિક એને દિવ્ય અનુભૂતિ કહે છે. વૈજ્ઞાનિકોએ પણ આ ભૂમિમાં ઉત્તમ ધાતુ-ખનિજોનું ભરપૂર પ્રમાણ શોધવાથી આવા અનુભવને સમર્થન આપ્યું છે.

૮. એ ધરતી, સરોવરો, પર્વતો, વાદળાં અને આકાશનું સંયોજન અલૌકિક, અતિ ભવ્ય દૈવી જણાય છે.

હું ધર્મે જૈન છું પણ ધર્મનું જ્ઞાન મને નહીંવત્ છે, પણ જ્યારે-જ્યારે જૈન ધર્મ અને એની તીર્થ ભૂમિઓનો વિચાર કરું છું કે :

જો આપણે સિદ્ધાચલ મહાતીર્થ પાલિતાણાને શાશ્વત તીર્થ જાણતાં હોઈએ, જો આપણે બિહાર પ્રદેશના સમ્મેત શિખરજી મહાતીર્થને વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ જાણતાં હોઈએ,

જો દિલ્હીથી સવા સો કિલોમીટર દૂર આવેલ હસ્તિનાપુરને પ્રથમ તીર્થંકર ઋષભદેવના વરસીતપની પારણાં-ભૂમિ તરીકે પૂજતાં હોઈએ અને, જો ધર્મગ્રંથોમાં વર્ણિત બીજી બધી તીર્થભૂમિઓને જાણતાં-પૂજતાં હોઈએ

તો શું આ કૈલાસ પર્વત જ અષ્ટાપદજી છે?

જૈન ધર્મના પૂજનીય સંતો અને વિદ્વાનોને મારી વિનમ્ર વિનંતી છે કે આ બાબત માર્ગદર્શન આપે.

પુરાતત્ત્વવિદોને મારી નમ્ર વિનંતી કે આ બાબત સ્પષ્ટ અભિપ્રાય આપે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નવકાર ચમત્કાર અનુભવકર્તાઓ

*—પૂ. પૂ. જયદર્શનવિજયજી મ.સા. (નેમિપ્રેમી)*

## હે નવકાર! તને કરોડ કરોડ નમસ્કાર

પ્રેરક :—*નવલખા નવકાર આરાધક મંડળ–મુંબઈ, મદ્રાસ, બેંગ્લોર, હૈદ્રાબાદ.*



પ્રસ્તુત થઈ રહેલ ગ્રંથનો આ એક મહત્ત્વનો વિભાગ છે, કારણ કે આજેય ચારેય ફિરકા તથા વિશ્વના તમામ જૈનોને મહામંત્ર નવકાર એકસરખો આદરણીય છે. તેના આરાધકો વિશ્વના ખૂણેખૂણે છે, છતાંય વિશેષતા એ છે કે નવકારને બોલનારા સંખ્યાતીત (અઢીદ્વીપના તમામ આરાધકો ગણતાં) પણ જાપ કરનારા તેમાંથી થોડા ઓછા, જ્યારે તેનો સૂત્રાર્થ તથા હાર્દ સમજનારા તેથી પણ ઓછા અને તેને આરાધી ચમત્કારના અનુભવો કરનારાં તો તેથીય ઓછાં જ રહ્યાં અને રહેવાનાં. શ્રી નવકાર જગતના સર્વજીવોના કલ્યાણનો શાશ્વત સિંધુ છે. શ્રી નવકારમાં મોક્ષનાં બીજ છે. શ્રી નવકારને પોતાનું હૃદય અર્પણ કરનાર સર્વજીવોના હૃદયમાં સ્થાન પામે છે.

પૂર્વભવોથી આરાધના લઈને આવેલ જીવાત્માઓની આત્મશુદ્ધિ ઉગ્ર હોય છે. તેથી નવકારસ્મરણ માત્રથી દેવતાઈ સાંનિધ્ય, ચમત્કારોની અનુભૂતિ કે પછી વિશિષ્ટ લબ્ધિઓ તેમને લાધી જતી હોય છે. આવા, વર્તમાનકાળના સત્યપ્રસંગો અત્રે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવાય છે કારણ કે નાગ મટી ધરણેન્દ્ર બન્યા, સમડી મટી સુદર્શના કે બળદ મટી કંબલ–સંબલ દેવ બની ગયાનાં પ્રાચીન દૃષ્ટાંતો કરતાં પણ અર્વાચીન હકીકતો લોકોને નવકારજાપમાં સુપેરે સ્થિત કરે છે. નવકાર તો જીવનો અહમ્ ઓગાળી અર્હમ્‌નાં પરમ દર્શન કરાવે છે. તે માટે નિમ્નાંકિત દૃષ્ટાંતો સાવ નવાં–અવનવાં અનેક મોટાભાગનાં પૂર્વે અપ્રકાશિત હોવાથી આરાધકોને ખૂબ ઉપયોગી બનશે. અઢળક દાસ્તાનો પણ પુસ્તક મર્યાદાને લક્ષમાં લઈ જૂજ હકીકતો પણ સંક્ષેપમાં રજૂ કરીએ છીએ.

**—સંપાદક**

**(૧) સુવિશાલ ગચ્છાધિપતિ વર્ધમાન તપોનિધિ પ.પૂ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.** :—વૃદ્ધાવસ્થા સુધી ધ્યાનયોગમાં ટટ્ટાર બેસીને નવકારવાળીથી જાપ કરતા હતા. તપ અને જપને કારણે તેમની વિશિષ્ટ શક્તિઓ ખૂબ જાગૃત હતી. કલકત્તા નગર હતા ત્યારે ભયાનક વાવાઝોડું ત્રાટકવાનું હતું પણ પૂજ્યશ્રીના સૂચનથી સંપૂર્ણ શ્રીસંઘ સાથે સ્વયં પણ નવકારજાપમાં આખી રાત વિતાવી, ચમત્કાર એ થયો તે વાવાઝોડાએ દિશા બદલી પણ જ્યાં ગયું ત્યાં ચાર હજારથી વધુ માણસો મૃત્યુ પામી ગયા હતા. પૂજ્યશ્રીએ પાતરીમાં પાણી લઈ નવકારગણી ભાવિત કરી તે પાણી પૂ.પ. કનકસુંદર વિ.મ.સા.ને પીવડાવ્યું ને જીવલેણ તાવ ઊતરવા લાગ્યો. તે ઘટના વિ.સં. ૨૦૪૭માં ફાગણ માસ પૂર્વે બનેલ હતી. તદુપરાંત જાપ પ્રભાવે અનેક શાસનપ્રભાવક પ્રવૃત્તિઓ કરી શક્યા હતા.

**(૨) તપસ્વીરત્ન આ. ભગવંત અરિહંતસિદ્ધસૂરીશ્વરજી :**—ગૃહસ્થાવસ્થામાં ક્ષયની બિમારીમાં મરણ સુધીના તબક્કે પહોંચી જનારા નવકારપ્રભાવે ચારિત્ર સુધી પહોંચી ગયા. દીક્ષાજીવનમાં પણ કોઈક વ્યંતરદેવે કરેલ ઉપદ્રવથી પોતાના સાધુને નવકાર સંભળાવી બચાવ્યા, જેથી શીખ્યા વગર અંગ્રેજી અને વા અલ્લાહ બોલી રહેલ સાધુએ રડવાનું બંધ કરી દીધેલ. એક બહેનને સાપના દંશથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃત્યુમુખા બનેલ છતાંય નવકાર જાપ સ્વયં કરી જીવનદાન આપ્યું. વિહારમાં ધારાનગરી તરફ અજૈનોના ઉપદ્રવ સમયે ફેંકાયેલા પથ્થરો સમયે નવકાર જાપના પ્રભાવે ફક્ત તરપણીના ટુકડા થઈ ગયા, પણ એક પથ્થર પણ મહાત્માને વાગ્યો ન હતો.

**(૩) વિવિધ નવકાર આરાધકો :**—પૂ. પંન્યાસજી ભદ્રંકર વિજયજી, પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા., પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા., પૂ. ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ઉપરાંત અન્ય સમુદાયના અનેક મહાત્માઓ નિકટના ભૂતકાળમાં મહામંત્ર નવકારના આરાધક અને પ્રભાવક બન્યા. તે બધાય મહાત્માઓના જીવનનો પાયો નવકાર હતો, અનેક પ્રકારના ચમત્કારોની અનુભૂતિઓ તેમની જીવનમૂડી હતી તે માટે તેમના લેખો, જીવન–કવનની ઘટનાઓ વાંચવી રહી, તેમાંય જીવનભર ખૂબ ઊંડાણથી નવકારનું ખેડાણ કરનાર પંન્યાસજીનું ચિંતન ભાવિના જીવોને દીવાદાંડી સમાન છે.

**(૪) પૂ.પં. ભદ્રેશ્વર વિ.મ.સા. :**—ત્રીસેક વરસ પૂર્વે ધુવારણથી કાવી જતાં પાંચ સાધુઓ હોડીમાં બેઠેલ ત્યારે અચાનક ધોધ અને વમળ તરફ હોડકું ધસી જતાં પ્રાણ કંઠે આવી જાય તેવી પરિસ્થિતિ સર્જાણી ત્યારે પંન્યાસજીએ સાગારિક અણશણ કરી, સૌને ખમાવી, નવકાર જાપ ચાલુ કરી દીધા અને જોતજોતાંમાં ફસાયેલ હોડકું થાંભલાની બાજુમાંથી નીકળી જતાં ૩૦–૩૫ મુસાફરો મોતના મુખથી બચી ગયા.

**(૫) પૂ.આ. હેમરત્નસૂરિજી મ.સા. :**— વિ.સં. ૨૦૩૭ના તીર્થરક્ષા અભિયાનમાં ગુંડાઓની વરસતી લાકડીઓ અને પ્રહારો વચ્ચે પૂજ્યશ્રીએ સાગારિક અણશણ કરી નવકારશરણું લઈ લીધું. થોડી જ વારમાં પોલીસવાન આવી જતાં સાધુ–સાધ્વીભગવંતોની પ્રાણરક્ષા તથા ખાસ તો ગુંડાઓથી સાધ્વીઓની જીવરક્ષા ચમત્કારિક રીતે થઈ ગઈ. તે ઘટના અંતરીક્ષજી તીર્થ મુકામે બનેલ હતી.

**(૬) પૂ. ગણિવર્ય મહોદય સાગર મ.સા. :-** 'જેના હૈયે શ્રી નવકાર, તેને કરશે શું સંસાર' નામના ગુજરાતી, હિન્દી, પુસ્તકના સંકલનકાર તથા પ્રસ્તુતકર્તા અચલગચ્છના પૂ. ગણિવર્યજી સ્વયં નવકાર મહામંત્રના પરમ આરાધક, વિવિધ ચમત્કારોના અનુભવકર્તા તથા પ્રસ્તુતકર્તા છે. તેમનું નવકારસંબંધી સંપૂર્ણ પુસ્તક વર્તમાનકાલીન સત્ય પ્રસંગોથી ભરપૂર છે. ચમત્કાર અનુભવકર્તાનાં નામ પણ વિગતો સાથે આપી તેમણે ખૂબ સારી જહેમત ઉઠાવી છે.

**(૭) પ્રસ્તુત લેખના લેખકના આત્માનુભવો :**– વિ.સં. ૧૯૮૨માં ગુંડાઓના આક્રમણ સમયે બચી જવું, તા. ૬-૨-૧૯૮૮માં જાત્રાની બસમાં થયેલ અકસ્માતમાં નવ યાત્રાળુઓનાં મરણ સમયે નવકારજાપ પ્રભાવે સજોડે સુરક્ષિત રહેવું, તે જ પ્રમાણે ૧૧-૧-૯૯, બુધવારના દિવસે ગૌહાટી એરપોર્ટ ઉપર વિમાનઅકસ્માતમાં નવકારશરણ પ્રભાવે ૯૨ અજૈનોના + લેખકશ્રીના જીવનની ચમત્કારિક રક્ષા, તા. ૩-૭-૯૯ના શનિવારે નવસારી મુકામે ઉપાશ્રયની છત ઊતરવા છતાંય જાપ–પ્રભાવે રક્ષા, તેજ પ્રમાણે ૨૬-૧-૨૦૦૦ના કચ્છના ધરતીકંપ વચ્ચે પણ વિશિષ્ટ અનુભવ, ઉપરાંત પાટણ, કલ્યાણ અને મુરુડ–ઝંઝીરામાં અમીઝરણાં, ઝરિયામાં ભગવાનના છત્રનું ફરવા લાગવું, જાત્રામાં આવેલાને છૂપી સહાય વગેરે અનેક પ્રસંગો પોતાના જ હોવાથી સંક્ષેપ્યા છે. તે ઉપરાંત પણ નાની–મોટી ઘટનાઓ, પ્રસંગો એકધારા છેલ્લાં છત્રીસ વરસમાં અનુભવિત થયાં છે, કારણ કે તા. ૨૧-૧૦-૧૯૭૧ના શુભ દિવસે ગુરુદેવ પ.પૂ. જયસોમ વિ.મ.સા. પાસે નવલખા જાપની પ્રતિજ્ઞા ઝરિયા મુકામે ગ્રહણ કરી ફક્ત ૪।। વરસના નાના ગાળામાં વિધિવત્ પૂર્ણ કરેલ, જેના પુણ્યોદયે છેલ્લાં ૧૬ વરસના સંયમપર્યાયમાં સોળ હજારથી વધુ ભાવિકો નવલખા જાપની પ્રતિજ્ઞામાં જોડાયા છે. ઉપરોક્ત લખાણ આત્મપ્રશંસાથી પર રહી નવકારપ્રભાવને દર્શાવવાના શુભ ઉદ્દેશ્યથી લખાયેલ છે. વિશેષ અવસરે.

**(૮) સાધ્વી ભગવંત ભવ્યગુણાશ્રીજી મ.સા. :**–સાંસારિક અવસ્થામાં જરાય પણ તપ ન કરી શકનાર તથા ચારિત્ર માટે પણ મનને ખૂબ મનાવી–મારીને તૈયાર થનાર ઉપરાંત દીક્ષા પૂર્વેની છેલ્લી જાત્રાની સફરમાં થયેલ બસઅકસ્માતમાં તા. ૬-૨-૧૯૮૮ના અશુભ દિવસે નિકટની સીટ ઉપર બેઠેલ નવ જાત્રાળુઓનાં મરણ છતાંય નવકારની આરાધનાથી આશ્ચર્યકારી રીતે બચી જનાર અને ખૂબ ચઢતા પરિણામે સજોડે બધીય અનુકૂળતાઓના સુખનો ત્યાગ કરી સંયમમાર્ગે સંચરનાર તેઓશ્રી સાધ્વી ભગવંત વિશિષ્ટ બ્રહ્મચારિણી વસંતપ્રભાશ્રીજી મ.સા.નાં શિષ્યા બન્યાં છે તથા દીક્ષાજીવનમાં સુંદર જ્ઞાનાભ્યાસ સાથે તપમાં પણ પરાક્રમી બન્યાં છે. સારામાં સારી યાદશક્તિ અને વક્તૃત્વકળા તથા વિવિધ ગુણ સંપન્ન તેમનું નામ પણ ગુણોચિત છે તથા હાલ પણ નવકાર ચમત્કાર અનુભવકર્તા પૈકીના એક સાધિકાનું જીવન જીવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૯) સાધ્વી ભગવંત વિનયપ્રભાશ્રીજી મ.સા.** :—૬૦થી વધુ વરસના સંયમપર્યાયવાળાં, વસ્ત્રોનો કાપ પણ ન કાઢનારાં તથા આઠ કરોડ નવકારથી પણ વધુ જાપ જપી જનારાં આ સાધ્વિકાએ મહામંત્ર નવકારના જાપને વધારી કેન્સરને લોહીની ઊલટીથી દૂર કર્યું છે. સાપના ઝેરને જાપ વધારી મુખ વાટે લીલા પાણીની ઊલ્ટી કરી નાથી લીધું છે. જીવન આખુંય ખાખી વૈરાગી તથા સમતામય બની જવાથી અનેક પ્રકારના નાના–મોટા ચમત્કારિક પ્રસંગોના અનુભવી છે, પણ બધોય જશ મહામંત્રના નમસ્કારને આપી પોતાની લઘુતા દર્શાવે છે.

**(૧૦) સાધ્વી ભગવંત નેમશ્રીજી** :—ફક્ત છ વરસની ઉંમરે માતાની સાથે દીક્ષિત થનાર આબાલબ્રહ્મચારિણી સાધ્વી સંસારપક્ષે કચ્છનાં વતની હતાં. ૭૫થી વધુ વરસના સંયમપર્યાયમાં અનેકોને નવકારમાં જોડનાર તથા અનેક જાત્રાઓ કરી જીવનને સમકિતમય બનાવનાર હતા. તેમને એકવાર બિહાર પ્રદેશમાં કલ્યાણક ભૂમિની સ્પર્શના કરતાં જંગલમાં અટવાઈ જવાનું થયું. બધાંય સાધ્વીઓ ગભરાણાં અને જંગલમાં રસ્તો કોઈ દેખાડે તેવી પ્રાર્થના નવકાર પાસે કરતાં જાપ ચાલુ કર્યા. પંદર મિનિટમાં જ એક માનવદેહ ધરાવતી વ્યક્તિ નિકટમાં આવી, સામે ચડી રસ્તો દેખાડ્યો. જંગલથી બધાંયને પાર ઉતારી પોતે કોઈ પણ વાતચીત કર્યા વગર અદૃશ્ય થઈ ગયો. તેવું જ થયું શંખેશ્વર જતાં, જ્યાં એક ઘોડેસવારે આવી જઈ ભૂલેલ રસ્તેથી બહાર લાવી મદદ કરી, વળતરમાં કોઈ પરિચય પણ ન કર્યો. તે સાધ્વીજી માનતાં હતાં કે એંશી વરસની વયે પણ પાંચેય ઇન્દ્રિયોની પટુતા તથા નિરાલંબન જીવન તથા તમામ ઇચ્છાઓની સિદ્ધિ છે તે મહામંત્ર નવકારની આરાધનાને આભારી છે.

**(૧૧) સાધ્વી ભગવંત ચંદ્રપ્રભાશ્રીજી** :— વિ.સં. ૨૦૩૦ની સાલમાં જામનગર મુકામે ચાતુર્માસ માટે જતાં બે ઠાણા સાધ્વીઓને વિહારમાં વરસાદ જોરદાર નડ્યો. કોટડાપીઠા ગામે ચાલુ સાંજના પકખી પ્રતિક્રમણ સમયે વાવાઝોડા સાથે એવો વરસાદ તૂટી પડ્યો ને તૂટેલાં નળિયાંને કારણે આખોય ઉપાશ્રય પાણીથી છલકાવા લાગ્યો. તે સમયે ભયજનક વાતાવરણ વચ્ચે બેઉ સાધ્વીઓએ નવકાર જાપ ચાલુ કરી દીધા. કમાલ એ થઈ કે ફક્ત આસન અને ચાર કબાટ જ બચ્યાં રહ્યાં. બાકીનો બધોય ઉપાશ્રયનો ભાગ જળબંબાકાર બની ગયો. તે પછી વિ.સં. ૨૦૩૧ની સાલમાં જૂનાગઢ તરફ જતાં ઉપલેટા ગામના ઉપાશ્રયે રાત્રિના સમયે પિશાચી ઉપદ્રવો ચાલુ થયા, જેથી ભયાનક અવાજો, વાસણ પડવાના શબ્દો વગેરે વચ્ચે રાત્રિના સાડાત્રણ વાગ્યા સુધી તેઓ નવકારના શરણે રહ્યાં પછી ઉપદ્રવ શમ્યો અને કોઈ નુકશાન ન થવા પામ્યું, તેવો જ ઘનઘોર વર્ષાતાંડવનો અનુભવ વિ.સં. ૨૦૩૪માં નાકોડાજીની નિકટમાં થયેલ હતો. છતાંય નવકાર પ્રમાણે રક્ષા થયેલ હતી.

**(૧૨) ડૉ. સુરેશભાઈ ઝવેરી** :—પૂર્વકાળમાં યુવાનીમાં રંગ–રાગવિલાસમાં બેફામ બની જવાથી શરીરમાં વિકારો થઈ ગયા. ઈંગ્લેંડની ધરતી ઉપર જીવલેણ ઓપરેશન પૂર્વે પોતાનું તથા શ્રાવિકા મંજુલાબહેનનું નવકારશરણું ખરેખર કામ લાગી ગયું. શરીરમાંથી છ ઔંસ રસી અને ફેફસાંમાંથી સાડા પાંચ હાડકીઓ સડેલી નીકળી. છતાંય માતાએ બચપણમાં આપેલ નવકારથી જેઓ મૃત્યુમુખથી પાછા વળ્યા છે અને પછી તો જીવનપરિવર્તન જ કરી નવકારનું અઢારિયું કર્યું. વર્ધમાન તપની ૪૦થી વધુ ઓળી કરી તથા અમદાવાદ મુકામે હિંસાનિવારણ સંઘના મુખ્ય પદ ઉપર રહી સેવા આપી. તેમને લેખકશ્રી સુપેરે ઓળખે છે.

**(૧૩) વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ** :—જોગેશ્વરી મુંબઈના નિવાસી અચલગચ્છના ધર્માનુરાગી શ્રાવકના ઉપર અઘોરી બાબાએ કરેલ વશીકરણ નવકારજાપના કારણે નિષ્ફળ ગયેલ. એક બહેન જેઓ મેલી વિદ્યાનો પ્રયોગ કરવાનાં હતાં તેની પણ વિદ્યા નાશ પામી, બલ્કે સામે ચડી નંદુની માફી માગી. નરેન્દ્રભાઈએ બ્રહ્મચર્ય વ્રત લઈ અનેકવાર ૧–૧ લાખ જાપનાં અનુષ્ઠાન કર્યાં છે. વાહનમાં પણ નવકાર જ ગણતા રહેનાર તેમને એક વખત ઓટો રીક્ષાના અકસ્માતમાં તથા બીજી વાર ઘોડાગાડીના અકસ્માતમાં પણ અદ્‌ભુત બચાવ થયો છે. નવકારની વિધિકાર પ્રતિજ્ઞા વિ.સં. ૨૦૩૦ની સાલમાં લીધેલ હતી.

**(૧૪) સંગીતકાર શ્રી જયંતભાઈ રાહી** :— વર્તમાનમાં પોતાની સાંગીતિક શક્તિમાં નવકારનો રણકાર જોડી દેનાર તથા ફક્ત જાપમાં જ નહીં બલ્કે નવકારપ્રચારમાં પણ ઓતપ્રોત થઈ જનાર તથા મુંબઈ, ચેમ્બુર, મુલુંડ ઉપરાંત વિવિધ સ્થાને કલાકો સુધી નિઃસ્વાર્થ ભાવે લોકોને નવકારના સત્કારમાં રંગી દેનાર તેઓ પાલિતાણા મુકામે શાશ્વતા તીર્થ શાશ્વતા નવકારની પીઠિકા બનાવવાની ભાવના રાખે છે. સ્વયં નવકાર ચમત્કારના અનુભવકર્તા છે, ઉપરાંત અન્ય અનેકોના જીવન–પ્રસંગોને પોતાના પ્રકાશન દ્વારા પ્રકાશિત કરી રહ્યા છે. તેમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનો બનાવેલો નવકારનો ભક્તવર્ગ બહોળો છે, કારણ કે સ્વયં તન-મન-ધનનો ભોગ આપી પ્રેરે છે.

**(૧૫) શ્રી તારાચંદભાઈ શાહ :**-મુંબઈ પાર્લા મુકામે રહેનાર તથા પૂ.આ. હેમચંદ્રસૂરિજી મ.સા.ના સાંસારિક પક્ષે મોટાભાઈ કરોડો નવકારના આરાધક છે. સંસારી માયાજાળ વચ્ચે આટઆટલી જાપસંખ્યા સંયમી સાધકોને પણ મુગ્ધ બનાવી દે તેવી કહેવાય. તેમણે યુવાવસ્થાથી વૃદ્ધાવસ્થાની દીર્ઘ જીવનસફરમાં નવકાર ચમત્કારના અદ્ભૂત પ્રસંગો અનુભવ્યા છે. આખોય પરિવાર સુખ-સમાધિ-શાંતિ અને સમૃદ્ધિમાં પહોંચ્યો તેમાં નવકારનો ઉપકાર મુખ્ય માને છે. તેમના પરિવારમાંથી ઠીકઠીક સંખ્યામાં સદસ્યો દીક્ષિત થયા છે તથા સારામાં સારી આરાધના કરી અનેકોને નવકારારાધના માટે પ્રેરી રહ્યા છે.

**(૧૬) ગુલાબચંદભાઈ શેઠ :**-જામનગરના નિવાસી પણ ગળાના કેન્સરના દર્દી. પીડામાં એવી સ્થિતિ આવી કે મુંબઈના કેન્સર નિષ્ણાંત ડૉ. કે.પી. મોદીએ તો તેમને હવે ૨-૩ દિવસના જ મહેમાન જણાવ્યા. સાવધાન થઈ ગયેલા ગુલાબચંદભાઈએ બધીય આળ-પંપાળ છોડી નવકારનું શરણું લઈ લીધું. લાગટ જાપ કરતાં સાડાત્રણથી ચાર કલાકમાં તો ગાંઠનું ઝેર ઊલટી વાટે વહી ગયું અને મૃત્યુ પણ ધકેલાઈ ગયું હોય તેમ ગળું ખુલી જતાં ખાતાં-પીતાં પણ થઈ ગયા. ડૉક્ટરોના અને લોકોના આશ્ચર્ય વચ્ચે તે પછી તો તેઓ ૩૯ વરસ જીવી ગયા.

**(૧૭) શાહ વીરચંદ મોહનલાલ :**-પૂના જિલ્લાના ચીખલી ગામના શ્રાવકની ૩૭ વરસની ભરયુવાનીમાં અચાનક વાચા બંધ પડી ગઈ. કંઈ બોલી જ ન શકે. દવાઓના ખર્ચા તો વધ્યા, પણ ઠીક ન થતાં મંત્ર-તંત્રમાં પૈસા વેડફાઈ જવા છતાંય બોલી પાછી ન વળી. છેલ્લે હારેલા તેમણે કોઈક કલ્યાણમિત્રની પ્રેરણાથી નવકારજાપ શુભારંભ કર્યા. ખૂબ ભાવપૂર્વક પ્રથમપદ **'નમો અરિહંતાણં'** તે ભાર અને ભાવપૂર્વક ભજવા લાગ્યા. ચમત્કાર થઈ ગયો કે એકવાર વ્યાપારાર્થે પૂના ગયેલ ત્યારે ગોડીજી પાર્શ્વપ્રભુનાં દર્શન કરતાં કરતાં અચાનક જીભ ખૂલી ગઈ અને બાર વરસે બોલ પાછા વળ્યા. પ્રસંગનો રંગ વધાવતાં લોનાવાલા સંઘે તો વીરચંદભાઈનો વરઘોડો કાઢેલ હતો.

**(૧૮) વાંદરીનું મનપરિવર્તન :**-એક શ્રાવિકાનું ૩ માસનું નાનું સંતાન તારંગા તીર્થની ધર્મશાળાના પ્રાંગણમાં ગોદડી પર સૂતું હતું ને અચાનક વૃક્ષ ઉપર નાચતાં વાંદરાંઓ પૈકી એક વાંદરી કૂદી નીચે આવી અને પળવારમાં તો બાળકીને ઉઠાવી ભાગી. પોતાના બચ્ચાની જેમ તે બેબીને છાતીએ વળગાડી બેસી ગઈ. યાત્રિકોની બૂમાબૂમ થતાં વાનરો ગભરાયા પણ કોઈક નવકારરાગી શ્રાવકના સૂચનથી બાલિકાને વાનરીથી છોડાવવા સૌ સમૂહમાં નવકારને બોલવા લાગ્યા. કોઈ અજિતનાથ પ્રભુની સ્તુતિ ગાવા લાગ્યા. ચમત્કાર થઈ ગયો કે વાંદરીએ પાંચ મિનિટ પછી નાના શિશુને પાછું ગોદડીમાં લાવી મૂકી દીધું ને પોતે એકદમ ભૂલ થઈ ગઈ હોય તેમ પશ્ચાત્તાપ મુદ્રામાં રડમસ બની ગઈ. આ સત્ય પ્રસંગ વિ.સં. ૨૦૫૫ની સાલમાં તારંગા તીર્થે માગશર માસમાં બની ગયો છે.

**(૧૯) રજપૂત લાલુભાઈ :**-જન્મે અજૈન પણ પૂ. મહાયશસાગર મ.સાહેબની પ્રેરણાથી બીડીનું વ્યસન છોડી આગળ વધતાં ચૌવિહાર અને પૌષધ સુધી પહોંચી જનાર ભાગ્યશાળી લાલુભાઈના પાડોશીને એક દિવસ રાત્રે પાણી પીવા જતાં લોટામાં બેસેલ વીંછીએ તાળવે ડંખ દઈ દીધો. મુખ ખૂલે જ નહીં તેવો સોજો આવી ગયો. લાલુભાઈએ પોતાની નવકારસાધનાનું બળ કામે લગાડી દીધું. નવકારથી પાણી ભાવિત કરી દર્દીના મુખમાં નાખતાં ધીમેધીમે સોજો ઊતરી ગયો. મુખ પૂર્વવત્ થઈ ગયું. ચાલુ સામાયિકમાં પણ મોટો સાપ આવી ગયો, ત્યારે પણ ગભરાયા વગર લાલુભાઈ નવકાર બોલવા લાગ્યા ને ફણા દેખાડી નાગ ક્યાંય ચાલ્યો ગયો. એક અજૈનની નવકાર મહામંત્રની શ્રદ્ધા ખરેખર અનુમોદનીય છે.

**(૨૦) શ્રી પ્રફુલભાઈ એમ. શાહ :**-જેઓ પ્રથમ વાર જ કાંદીવલીથી ચર્ચગેટ ફર્સ્ટક્લાસની બોગીમાં ગયા હતા તથા સાંજે પાછા ફર્સ્ટક્લાસ બોગીમાં જ ૫=૫૪ની ટ્રેન પકડી પાછા કાંદીવલી તા. ૧૧-૭-૨૦૦૬ના રોજ ફરી રહ્યા હતા. તે દિવસે ઉપરા-ઉપરી ૭ ટ્રેનોમાં બોમ્બ-બ્લાસ્ટ થયા અને ૨૫૦થી વધુ મુસાફરો મૃત્યુ પામી ગયા. તે સમયે ૬=૨૫ વાગ્યે માહિમ સ્ટેશનની બાજુમાંથી પસાર થતી ટ્રેનમાં જેમાં પ્રફુલભાઈ નવકાર ગણતા જઈ રહ્યા હતા તેઓ આબાદ બચી ગયા જ્યારે ઠીક આજુબાજુના ૭૦થી વધુ મુસાફરો તેજ બોગીમાં બ્લાસ્ટ થતાં તરત મૃત્યુ પામી ગયા હતા. તે જ શ્રાવકે લેખકશ્રી પાસે નવલખા જાપની પ્રતિજ્ઞા લઈ લીધી છે તથા પોતાના ચમત્કારિક બચાવનો પ્રસંગ જે જન્મભૂમિ પેપરમાં ફોટા સાથે છપાયેલ હતો તે તેમણે ચિરંજીવ યાદ માટે સાચવી રાખ્યો છે.

**(૨૧) પન્નાલાલજી રાઠોડ :**-મધ્યપ્રદેશનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝાબુઆના નિવાસી વકીલને એક મુસ્લિમે જબલપુરથી રતલામ જતી ટ્રેનમાં બામણિયા સ્ટેશને રૂમાલ પાથરી તેના ઉપર નવકાર મહામંત્રનો પ્રયોગ કરી આખી ટ્રેન ઊભી રખાવી દીધી હતી. અડધી કલાક પછી સ્વયં ડ્રાઈવર ગાડીના બધાંય મશીન બરોબર છતાંય ચક્કાજામ જેવી સ્થિતિનું કારણ તપાસતાં જેવો પ્લેટફોર્મ ઉપર ફરવા લાગ્યો તેને પોતાની કેબીનમાં જે માણસની આકૃતિ વારંવાર દેખાતી હતી તે ફકીર અને પન્નાલાલજી ત્યાં દેખાણા. તરત જ વસ્તુસ્થિતિ પામી ગયો અને ફકીરને હાથ જોડી વિદ્યાથી ગાડીને મુક્ત કરવા કીધું. તરત મુસ્લિમ ફકીર રૂમાલ ઝાટકી ઊભો થયો અને બધાંય જેવા ગાડીમાં ગોઠવાયાં કે ટ્રેન ચાલુ થઈ ગઈ. ઈ.સ. ૧૯૭૨માં બનેલો મહામંત્રની શક્તિનો પ્રસંગ એક મુસ્લિમે જૈનને દેખાડવા ઉપયોગ કરેલો, અને તે મહામંત્ર ફકીર પાસે પણ કોઈક જૈનના માધ્યમથી જ પહોંચેલો હતો.

**(૨૨) દેવચંદભાઈ અને નેમચંદભાઈ :–** ઈર્લાના દહેરાસરની બાજુમાં જ રહેતા બેઉ ભાગ્યશાળીઓ ૨૪ કલાક મોડી ઊપડેલ સમેતશિખરજીની સ્પેશિયલ ટ્રેનમાં હતા. તેમાં મધ્યપ્રદેશના કોઈ સૂમસામ સ્ટેશને દૂધ લેવા ઊતરેલા નેમચંદભાઈ પાછા વળે તે પૂર્વે જ ટ્રેન ચાલુ થઈ ગઈ. તરત તેમણે અને ટ્રેનમાં બેઠેલા દેવચંદભાઈએ નમસ્કારમંત્રના જાપ ચાલુ કરી દીધા ને ઊપડેલી ટ્રેન આંચકા લેતી અચાનક ઊભી રહી ગઈ. પુલ ઉપરથી દોડતા આવી રહેલ નેમચંદભાઈ અજાણ્યા સ્થાનમાં ન અટવાતા ટ્રેનમાં આવી ગોઠવાણા ને ફરી ટ્રેન ચાલુ પણ થઈ. કદાચ આ પ્રસંગમાં ટ્રેન–ડ્રાઈવર તથા ગાર્ડની પણ સાવચેતી હશે, જે નવકારના પ્રભાવથી હતી.

**(૨૩) પૂનાનાં શ્રાવિકા સમતાબહેન :–**એક દિવસ કોઈક દેવતા ગાયના સ્વરૂપે આવી બહેનને કહી ગયા કે આવતી કાલે તમારી દીકરીને સ્કૂલના ફંકશનમાં ન મોકલશો. તેટલો જ સંદેશો આપી દેવ તો અદૃશ્ય થઈ ગયા. તેથી ગભરાઈ ગયેલ માતાએ દીકરીની જીદ છતાંય પુત્રીને સ્કૂલમાં ન જ જવા દીધી. પ્રસંગની પૂર્ણાહૂતિ પછી સ્કૂલનું મકાન તૂટી પડવાથી અનેક વિદ્યાર્થીઓનાં મરણ થઈ જવાના સમાચાર આવ્યા ત્યારે રહસ્યનો ઘટસ્ફોટ થયો. ખાસ તો એ લખવાનું કે આવી રીતે હોનારતથી બચાવી લેનાર દેવ ગયા ભવમાં ગાય હતો, જેને સમતાબહેને મરતાં નવકાર આપેલ હતો.

**(૨૪) શ્રી દિનેશભાઈ પટેલ :–**વિ.સં. ૨૦૫૮ના નાલાસોપારા આત્મવલ્લભના ચાતુર્માસ દરમ્યાન પોતાનો એકમાત્ર દીકરો સ્કૂલથી પાછો ન વળતાં ખોવાયેલ જાહેર થતાં રોકકળ મચી ગયેલ. તે સમયે લેખકશ્રી પાસે રડતાં આવેલ માતા–પિતામાંથી માતાને સામાયિક લઈ જાપમાં બેસવા સૂચન કર્યું અને પિતાશ્રીને બપોરના ખાસ પૂજારીને બોલાવી દહેરાસર ખોલાવી પરમાત્મા વાસુપૂજ્ય સ્વામી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપી પુત્રને માટે પ્રાર્થના કરી શોધ કરવા પ્રસ્થાન કરવાનું માર્ગદર્શન આપ્યું અને કમાલ એ થઈ કે ચાલુ સામાયિકમાં જ્યારે બાળકની માતા જાપમાં હતી ત્યારે જ તેમના પતિદેવ બાળકને નાલાસોપારા વેસ્ટના સમુદ્રતટથી શોધી લાવ્યા, જેના ઉપર બદમાશોની ટોળકીએ કામણ–ટૂમણ કરવાથી છોકરો ઘર ભૂલી ગયો હતો.

**(૨૫) શ્રી પદમશીભાઈ ખીમજી છેડા :–** નિકટના ભૂતકાળમાં જ જેઓ પાલિતાણાની જાત્રાએ જવા ગોધરાથી માંડવી બળદગાડીમાં આવેલ અને પછી માંડવી બંદરથી ઓખા જવા વહાણમાં બેઠા. પચીસેક જાત્રાળુઓ સાથ જ્યારે મધદરિયે પહોંચ્યા ત્યારે અચાનક સમુદ્રમાં તોફાન મચ્યું. મોજાં ૧૦–૧૫ ફૂટ ઊછળવાં લાગ્યાં. કોઈ બચે એમ લાગતું ન હતું. તેથી બધાંય જાત્રાળુઓએ મળીને નવકારની ધૂન ચાલુ કરી દીધી. સામૂહિક ધૂનમાં સૂક્ષ્મશક્તિઓ હતી, તેથી કલાકો પછી સાગર શાંત થવા લાગ્યો. ગમે તેમ કરીને પણ ચાર કલાકથી વધુ ઓખા જતાં ન લાગે તેના બદલે સવારના ઊપડેલ વહાણ સાંજ સુધીમાં ઓખા બંદરે પહોંચી ગયું અને નવકાર પ્રભાવે બધાંય જામનગર, રાજકોટ થઈ પાલિતાણા સુધી પહોંચી ગયા. શાશ્વત તીર્થનાં દર્શન થવામાં શાશ્વત નવકાર જ કામ આવ્યો.

**(૨૬) દમયંતીબહેન પ્રેમચંદ કાપડિયા :–** જેમને એકવાર માતા–પિતા સાથે શંખેશ્વર અને કેશરિયાજીની જાત્રાએ જતાં બહારવટિયાઓ ભાલા–છરી સાથે નડ્યા હતા, છતાંય સતત નવકારજાપ પ્રતાપે ડ્રાઈવરે સાઈડમાંથી બસ કાઢી લીધી ને બધાંય બચી ગયાં. તેજ પ્રમાણે ભારતપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીની હત્યાના તરતં પછી ફાટી પડેલ તોફાનોમાં તા. ૩૧-૧૦-૮૪ના દિવસોમાં સંભવજિન મહિલા મંડળની (વાંદરા–મુંબઈ) બધીંય બહેનો સાથે નવકાર શરણે જઈ ઈંદોર, નાગપુર, મક્ષીજીની જાત્રા કરી પાછાં હેમખેમ પાછાં વળી શક્યાં, જ્યારે પ્રવાસમાં ખુલ્લેઆમ મારામારી, કાપાકૂપી અને નરસંહાર સુધ્ધાં તેમને જોવો પડ્યો. ભયના વિકટ પ્રસંગમાં ફક્ત નવકારના જ વિશ્વાસે બધીય શ્રાવિકાઓ ઊગરી ગઈ અને મુંબઈ પાછાં વળ્યાં પછી ચારેય તરફ નવકારના ચમત્કારની વાતો થવા લાગી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**(૨૭) મુલુંડવાસીઓએ અનુભવેલ નવકાર પ્રભાવ** :—વિ.સં. ૨૦૬૧નું લેખકશ્રીનું ચાતુર્માસ ગચ્છાધિપતિ ગુરુદેવ પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.ના નિર્દેશ મુજબ અચલગચ્છાધિપતિ તપસ્વી પૂ. ગુણોદયસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૬ સાથે મુલુંડ ઝવેર શેઠના ઉપાશ્રયે થયું. **શ્રીસંઘમાં ચાતુર્માસ દરમ્યાન ૬૪૧ ભાગ્યશાળી નવલખા નવકારના જાપમાં જોડાઈ ગયા, તે છેલ્લાં પાંચસો વરસ પછીનો એક જ સંઘનો રેકોર્ડ છે.** એક દિવસ અનાયાસ પ્રતિક્રમણ પછી લેખકશ્રીથી ભયાનક વરસાદની શક્યતા બોલાઈ ગઈ અને ટૂંક સમયમાં જ ૨૬-૭-૨૦૦૫ના દિવસે મુંબઈ આખાયમાં રેકોર્ડબ્રેક વરસાદે માઝા મૂકી દીધી. પનવેલ, કલ્યાણ, ગોરેગામ સાથે બોરીવલી વગેરે સ્થાનોમાં તો પૂરથીય વધુ ગંભીર પરિસ્થિતિ સર્જાણી. ભેંસો, ગાયો, પશુઓ સાથે માનવહોનારત પણ સારી સંખ્યામાં થવા પામી પણ સૌના આશ્ચર્ય વચ્ચે હકીકત એ હતી કે અચલગચ્છાધિપતિશ્રીના તપ અને લેખકશ્રી દ્વારા આયોજિત સંખ્યાબંધ જાપના પ્રભાવે સંપૂર્ણ મુંબઈ જળબંબાકાર છતાંય મુલુંડ સંપૂર્ણ સુરક્ષિત રહ્યું, બલ્કે સ્ટેશન ઉપર અટવાયેલ અનેકોને ત્રણ-ત્રણ દિવસ સુધી શ્રીસંઘના કાર્યકર્તાઓ તરફથી રાહત મળી.

તે પછી તો આ લેખ લખાય છે ત્યાં સુધીમાં લગભગ ૧૬૦૦૦થી વધુ ભાવિકો જે રીતે નવલખાજાપમાં જોડાયાં ને લગભગ ૬૮થી વધુ સ્થાનમાં સામૂહિક નવકાર જાપ ચાલુ થઈ ગયા. તેના પ્રભાવે ગુરુદેવો તરફથી હાર્દિક આશીર્વાદ સાથે વિવિધ ક્ષેત્રોમાં એકાકી વિચરણ માટે વિશિષ્ટ અનુમતિ સામેથી મળી ગઈ, જે બધોય પ્રભાવ લોકોનાં હૈયાંમાં બીજા-ત્રીજા મંત્ર-તંત્ર અને બિનજરૂરી ઉપચારોથી બચાવી લઈ મહામંત્ર નવકારની શ્રદ્ધા જ દઢ કરવાનો છે. પ્રાંતે લખવાનું કે જ્યાં પણ નવલાખ નવકારની આરાધના થઈ કે થાય છે અને **જ્યાં જ્યાં પણ એક-એક નવકાર પણ પ્રતિજ્ઞા, સંકલ્પ, વિધિ-શુદ્ધિ અને ભાવપૂર્વક ગણાય છે ત્યાં ત્યાં અમારી અનુમોદનાને વહેતી કરવા જાણે આ નાનો નવકાર—ચમત્કારનો લેખ લખાયો છે.**

પ્રસ્તુત લેખની મર્યાદા અનેકોના જીવનના સત્યાનુભવોને ન્યાય નથી આપી શકી તેનો ખેદ છે. બાકી અર્વાચીન પ્રસંગોની આ લેખમાળા પણ સૌને નવકારરાગી બનાવશે તો થોડું પણ લખેલું સાર્થક માનીશું. મહામંત્ર નમસ્કારને વંદન-નમન-નમસ્કાર કરતાં કરતાં પ્રાચીન છતાંય અર્વાચીન શ્લોકને પણ ન્યાય આપશો.

मन्त्रं संसारसारं त्रिजगदनुपमं, सर्वपापारिमन्त्रं,
संसारोच्छेदमन्त्रं, विषमविषहरं, कर्मनिर्मूलमन्त्रम्।
मन्त्रं सिद्धिप्रदानं, शिवसुखजननं, केवलज्ञानमन्त्रं,
मन्त्रं नमस्कार–मन्त्रं, जप जप जपितं, जन्मनिर्वाणमन्त्रम्॥

—नमस्काराय नमो नमः

–अस्तु.

**નવકારમંત્રના જાપ કરતાં ધ્યાન રાખવાની બાબતો :-**

(૧) દરરોજનો નિશ્ચિત સમય એક જ રાખવો.
(૨) દરરોજનું આસન પણ એક જ રાખવું.
(૩) દરરોજની બેસવાની દિશા પણ એક જ રાખવી.
(૪) દરરોજની નવકારવાળી પણ એક જ રાખવી.
(૫) દરરોજના ગણવાના જાપની સંખ્યા પણ એક જ રાખવી.

**જાપ કરવાની સમજણ :**

મોક્ષ માટે જાપ અંગૂઠાથી, ધન સુખ માટેનો જાપ મધ્ય આંગળીથી, શત્રુદમન માટે તર્જની આંગળીથી, શાંતિ માટે અનામિકા આંગળીથી અને આકર્ષણકાર્ય માટે જાપ કનિષ્ઠિકા આંગળીથી કરવો.

સવારે ઊઠતાંની સાથે ૧૨ નવકાર એટલા માટે ગણવામાં આવે છે કે આપણો આખો દિવસ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનામાં પસાર થાય. રાત્રે ૭ નવકાર સાત પ્રકારના ભયને દૂર કરવા ગણવામાં આવે છે. અનાદિ સંસારમાં ૧૦૮ અવગુણો દૂર કરવા અને ૧૦૮ પ્રકારના ગુણો મેળવવા ૧૦૮ મણકાવાળી નવકારવાળી ગણવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જન્મથી નહીં કિન્તુ કર્મથી સવાયા જૈન આરાધક-રત્નોની સંક્ષિપ્ત ઝલક

*અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય*
*૪૫ આગમ અભ્યાસી પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.*



જિનાજ્ઞા પ્રમાણે જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના દ્વારા મોક્ષમાર્ગની આરાધના કરે તે જૈન છે. તીર્થંકરો રાજવંશીય હતા, ગણધરો અને કેટલાએ આચાર્યો, સિદ્ધસેન દિવાકરજી અને હરિભદ્રસૂરિજી આદિ બ્રાહ્મણો હતા. સ્વયંપ્રભસૂરિ અન્ય કુળમાં જન્મ્યા હતા. આચાર્ય બુદ્ધિસાગરસૂરિ મ. પટેલ હતા. આજે પણ જૈનેતરો સવાયા જૈન બન્યા છે. જૈનધર્મમાં વ્યક્તિના મૂલ્યાંકનનો આધાર તેની જાતિ, કુળ કે ઉંમર ઉપર નથી પણ તેના જ્ઞાન, દર્શન અને ચારિત્રના વિકાસ ઉપર અવલંબે છે. આ વાત નીચેના અર્વાચીન દૃષ્ટાંતો દ્વારા વધુ સ્પષ્ટ થશે.

[આ લેખમાળાનાં દૃષ્ટાંતો ઉપરોક્ત લેખકશ્રી દ્વારા સંયોજિત 'બહુરત્ના વસુંધરા' ભાગ-૧ માંથી અત્યંત સંક્ષેપ કરીને રજૂ કરવામાં આવ્યાં છે. વિસ્તારરુચિવાળા વાચકોએ ઉપરોક્ત પુસ્તકનું અવગાહન કરવા વિનંતિ.

પ્રાપ્તિસ્થાન : કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ, ૧૦૨ લક્ષ્મી એપાર્ટમેન્ટ, ૨૦૬ ડૉ. એની બેસન્ટ રોડ, વરલી નાકા, મુંબઈ ૪૦૦ ૦૧૮, ફોન : ૨૪૯૩૬૬૬૦, ૨૪૯૩૬૨૬૬, ૨૪૯૪૩૯૪૨ —સંપાદક]

### *(૧) આજીવન ઠામ ચોવિહાર અવઠ્ઠ એકાસણા તપના અજોડ આરાધક*

## શ્રી વનમાલીદાસભાઈ ભાવસાર

ગુજરાતમાં મહુડી તીર્થની પાસે આવેલા વાગ્પુર ગામમાં વિ.સં. ૧૯૮૫માં જન્મેલ શ્રી વનમાલીદાસભાઈ ભાવસારના પિતાશ્રી જગજીવનભાઈ કુળપરંપરાગત વૈષ્ણવ ધર્મનું પાલન કરતા હતા, પરંતુ જૈન શ્રાવકોના પરિચયથી તેમને અહિંસાપ્રધાન જૈન ધર્મનો રંગ લાગ્યો હતો. ૭ વર્ષની ઉંમરે વનમાલીદાસભાઈ પિતાજીની સાથે અમદાવાદ આવ્યા. ત્યાં એ જ વર્ષે અમથીબાઈ નામના શ્રાવિકાની પ્રેરણાથી દરરોજ નવકારશ્રી તથા જિનપૂજા કરવાનો પ્રારંભ કર્યો. ૨૦ વર્ષની ઉંમરે પૂ. માનવિજયજી મ.સા.ની પ્રેરણાથી આજીવન નવકારસી તથા ચોવિહાર કરવાની પ્રતિજ્ઞા લીધી. એક કલ્યાણમિત્રની પ્રેરણાથી ૩૫ વર્ષની યુવાવસ્થામાં તેમણે પોતાના ધર્મપત્ની હીરાબાઈ સાથે સજોડે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું! ૩૮ વર્ષની વયે પૂ. પુણ્યવિજયજી મ.સા.ના શ્રીમુખેથી આજીવન અવઠ્ઠ એકાસણાં કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી! છેલ્લા ૨૧ વર્ષોથી અવઠ્ઠ એકાસણાની સાથે ઠામ ચોવિહાર પણ કરે છે! વિશાળ પરિવાર હોવા છતાં એકત્વ ભાવનાની પુષ્ટિમાં માટે તેઓ અમદાવાદમાં હઠીસીંગની વાડીમાં ઉપાશ્રયની પાસેના રૂમમાં એકલા જ રહે છે. સંથારા પર શયન કરે છે. સચિત્ત પાણીથી સ્નાન પણ કરતા નથી. રોટલી અને શાક જેવાં સાદાં ૨-૩ દ્રવ્ય સ્વયં રાંધીને ઉપર મુજબના એકાસણા કરે છે. દર બેસતા મહિને એક જ દ્રવ્યથી આયંબિલ કરે છે. છેલ્લા ૫૦ વર્ષોથી આંબાનો ત્યાગ છે. તેમાં દૂધ-દહીં-તેલ તથા કઢા વિગઈ આ ૪ વિગઈઓનો કાયમને માટે ત્યાગ કર્યો છે. ક્વચિત્ તાવ જેવું લાગે તો ચોવિહાર ઉપવાસ દ્વારા તેને કાબૂમાં લઈ લે પરંતુ એલોપથી દવા કદી લેતા નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦ વર્ષ પહેલાં એકાંતરા ૫૦૦ આયંબિલ કર્યા. લાઈટ કે પંખાનું બટન પોતાના હાથે દબાવતા નથી. છાપું વાંચતા નથી. રોજ ૨ ટાઈમ પ્રતિક્રમણ, ૪ સામાયિક તથા જિનપૂજા અચૂક કરે છે. રોજ ૮ સામાયિક દ્વારા ૩ વર્ષમાં ૬૦૦૦ સામાયિક કર્યાં. શિયાળામાં રાત્રે ૨II-૩ વાગે અને ઉનાળામાં ૪ વાગે ઊઠીને જાપ તથા ૨૫૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ તથા 'અરિહંત અરિહંત'નો ૧૦ હજાર વાર જાપ કરે છે. દેહ અને આત્માના ભેદજ્ઞાનના લક્ષ્યપૂર્વક રોજ આત્મસિદ્ધિશાસ્ત્રનો સ્વાધ્યાય કરે છે. શ્રાવકનાં ૧૨ વ્રતોનો સ્વીકાર કર્યો છે. વિવિધ ક્ષેત્રોમાં ૬૦ લાખ રૂા. થી અધિક દાન કરેલ છે. રોજ ૧૦૦ રૂા.નું પક્ષીઓને ચણ નાખે છે. પગરખા પહેરતા નથી. ૧૦૮ દિવસ સુધી અગ્નિકાય જીવોની વિરાધનાથી બચવા માટે ચણાના લોટમાં ઘી-ગોળ મિશ્રિત કરીને અથવા મમરામાં મીઠું-મરચું ભભરાવીને અવઢ્ઢ એકાસણાં કરેલ. ૭૮ વર્ષની જૈફ વયે પણ તેઓ ખૂબ જ અપ્રમત્તપણે આરાધનામાં લીન રહેતા તેઓશ્રી ગત વર્ષે જ સમાધિપૂર્વક સ્વર્ગસ્થ બન્યા છે.

### *(૨) નવકાર મહામંત્રને સિદ્ધ કરનાર સરપંચ*

## લાલુભા મફાજી વાઘેલા

ગુજરાતમાં વીરમગામ તાલુકાના ટ્રેન્ટ ગામમાં રહેતા લાલુભાને સં. ૨૦૩૭માં કોઈ ધન્ય ઘડીએ નવકાર મહામંત્ર સમારાધક પ.પૂ. પં. શ્રી મહાયશસાગરજી ગણિવર્ય મ.સા. (પાછળથી આચાર્ય)નો સત્સંગ સંપ્રાપ્ત થયો અને તેમણે રોજની ૧૦૦ બીડીનું ધૂમ્રપાન કરવાની વર્ષો જૂની આદતને એક ધડાકે તિલાંજલિ આપી દીધી. પછીથી પૂજ્યશ્રીના સત્સંગના પ્રભાવે લાલુભાના અંતરમાં જૈન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા ઉત્તરોત્તર બલવત્તર બનતી ગઈ અને તેની ફલશ્રુતિ રૂપે તેમણે કંદમૂળ, રાત્રિભોજન તથા ૭ મહા વ્યસનના આજીવન ત્યાગની પ્રતિજ્ઞા લીધી. સગાભાઈની દીકરીના લગ્નપ્રસંગે તથા પોતાની દીકરીના સગપણ નિમિત્તે વેવાઈના ઘરે પણ તેમણે રાત્રિભોજન ન જ કર્યું. રોજ નવકાર મહામંત્રની ૧ બાધી માળાનો જાપ નિયમિત રીતે શરૂ કર્યો. દર વર્ષે પર્યુષણ પર્વમાં પોતાના પરમોપકારી ગુરુ મહારાજની નિશ્રામાં એકાંતરે ૪ ઉપવાસ તથા ૪ એકાસણા સહિત ૬૪ પ્રહરી પૌષધ કરવા લાગ્યા. સં. ૨૦૪૫માં પોતાના ગુરુદેવશ્રીની સાથે વર્ષીતપનું પારણું હસ્તિનાપુરમાં કર્યું. સં. ૨૦૪૮માં વર્ધમાન તપનો પાયો નાખ્યો. કષાય જય-તપ તથા ધર્મચક્રતપ પૂર્ણ કરી વીરમગામથી ટ્રેન્ટ ગામમાં પ્રભુજીને પધરાવીને ધામધૂમથી સ્નાત્ર પૂજા ભણાવીને આખા ગામને પ્રીતિભોજન આપવા દ્વારા સુંદર શાસનપ્રભાવના કરી. સં. ૨૦૪૯માં શત્રુંજય ગિરિરાજની ૬ ગાઉની પ્રદક્ષિણા આપી આદિનાથ દાદાની પૂજા કરી. એ જ વર્ષે ચાતુર્માસના અંતે ગિરિરાજની છત્રછાયામાં ગુરુદેવશ્રીની નિશ્રામાં પ્રથમ ઉપધાન તપ કરી મોક્ષમાળનું પરિધાન કર્યું. શ્રાવકના ૧૨ વ્રતોમાંથી યથાશક્તિ વ્રતો સ્વીકાર્યાં. અનુક્રમે ત્રણ ઉપધાન કરી લીધાં. શ્રી સમેતશિખરજી આદિ અનેક જૈન તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરીને સમ્યક્ત્વને નિર્મલ બનાવ્યું. જૈફ વયે પણ પોતાનાં માતુશ્રીને છેવટ સુધી રોજ ચરણસ્પર્શ કરી પ્રણામ કરતા રહ્યા. ખેતીવાડીમાં પણ જંતુનાશક દવા છાંટવાનો ત્યાગ કરી જીવદયાનું સુંદર રીતે પાલન કરવા લાગ્યા. નવકાર મહામંત્ર પ્રત્યે દૃઢ શ્રદ્ધાના કારણે તેમના જીવનમાં અનેક ચમત્કારિક ઘટનાઓ બની છે, જેમાંની કેટલીક ઘટનાઓ સંક્ષેપમાં નીચે મુજબ છે. (૧) પોતાના ભાણેજને કેન્સર જેવા દર્દના કારણે થતી લોહીની ઉલટી ૧૦૮ નવકારથી અભિમંત્રિત પાણી પીવડાવીને મટાડી. (૨) એક યુવકને કરડેલ ઝેરી સર્પના વિષને નવકારથી અભિમંત્રિત પાણી છાંટીને વિષમુક્ત કર્યો. (૩) ટ્રેન્ટ ગામના બ્રાહ્મણ ટપાલીનું ૬ મહિનાથી અસાધ્ય પેટનું દર્દ નવકારથી અભિમંત્રિત પાણી પીવડાવીને મટાડ્યું. (૪) પોતાના હાથે કરડેલ કાળા વીંછીની અસહ્ય પીડાને નવકારના જાપ દ્વારા ૧ કલાકમાં શાંત કરી. (૫) સામાયિકમાં શંખેશ્વર પાર્શ્વનાથની છબી સમક્ષ જાપ કરતી વખતે ધરણેન્દ્ર નાગરાજે પ્રભુજીની છબી ઉપર ફણા કરી, છતાં લાલુભાએ ગભરાયા વિના જાપ ચાલુ રાખતાં નાગરાજ અદૃશ્ય થઈ ગયા. (૫) સં. ૨૦૪૩માં દુકાળ વખતે આજુબાજુના ખેતરોમાં બોર નાખતાં ખારું પાણી નીકળ્યું. ફક્ત લાલુભાના બોરમાં જ મીઠું પાણી નીકળતાં તેમણે આખા ગામને ઉદારતાથી મીઠું પાણી આપી સહુનાં દિલ જીતી લીધાં. (૬) જીરાના પાકમાં થતા બંટીરોગને નાબૂદ કરવા અન્ય ખેડૂતોએ જંતુનાશક દવા છાંટી પરંતુ દવા નહીં છાંટનાર લાલુભાના ખેતરમાં વધુ પાક થયેલો જોઈ બધાનાં અંતરમાં અહિંસામય જૈન ધર્મ પ્રત્યે અહોભાવ ઉત્પન્ન થયો. (૭) સં. ૨૦૫૪માં લાલુભાના નજીકના સંબંધીને ઉત્પન્ન થયેલ કેન્સરની ગાંઠને પણ નવકારના પ્રયોગથી મટાડતાં ડૉક્ટરો પણ આશ્ચર્ય-ચકિત થઈ ગયા.

લાલુભાના એક સુપુત્ર જયેશે નવસારી તપોવનમાં ૩ વર્ષ સુધી અભ્યાસ કરીને જૈન ધર્મના સુંદર સંસ્કારો પ્રાપ્ત કર્યા છે.

★ સં. ૨૦૬૨માં અમારા ચાતુર્માસ પ્રવેશ વખતે કચ્છ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉનડોઠ ગામમાં આવીને લાલુભાએ ૪ મહિના સળંગ એકાસણાં કરવાની પ્રતિજ્ઞા લેતાં તેમની અનુમોદનાર્થે બીજા દશેક જણાએ ૪ મહિના એકાસણા/બ્યાસણા કરવાની પ્રતિજ્ઞા લીધી તથા ૯ લાખ નવકાર જાપનો સંકલ્પ ૫૦થી અધિક લોકોએ કર્યો. લાલુભાનું સરનામું : લાલુભા વાઘેલા, મુ.પો. ટ્રેન્ટ, વાયા : વીરમગામ (ઉ.ગુજ.) પીન : ૩૮૨ ૧૫૧. ફોન : ૦૨૭૧૫-૨૫૧૪૮૨.

*(૩) ૨૮ વર્ષની ઉંમરે આજીવન સજોડે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારનારા*

## દરબાર રામસંગભાઈ બનેસંગભાઈ લીંબડ

ગુજરાતમાં વઢવાણ શહેરમાં રહેતા દરબાર રામસંગભાઈના જીવનમાં તથાપ્રકારના મિત્રોની સોબતના કારણે ચા-બીડી વગેરે અનેક વ્યસનો હતાં. પરંતુ ૨૬ વર્ષની ઉંમરે તેમની પડોશમાં રહેતા જૈન મિત્ર ચંદ્રકાંતભાઈની પ્રેરણાથી શાસનપ્રભાવક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી જયભદ્રવિજયજી મ.સા.નાં ચાતુર્માસિક પ્રવચનોનું શ્રવણ કરતાં જૈન ધર્મનો રંગ લાગ્યો. પરિણામે વ્યસનો છૂટવા લાગ્યા. સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મારાધનાની રુચિ જાગ્રત થઈ. પછી તો વઢવાણમાં જે કોઈ પણ જૈન મુનિવરો પધારે તેમનાં પ્રવચન તથા વાચનાશ્રવણનો રસ જાગ્યો. પરિણામે સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા નિયમિત કરવા લાગ્યા. ચંદન પણ જાતે ઘસે અને પ્રક્ષાલ માટેનું પાણી પણ પોતાના ઘરેથી ગાળીને લાવે. પ્રભુ પૂજા માટે ચાંદીનાં ઉપકરણો વસાવ્યાં. પ્રજ્ઞાચક્ષુ પં. શ્રી અમુલખભાઈ પાસે ૨ પ્રતિક્રમણનાં સૂત્રો કંઠસ્થ કરી લીધાં. ૧ પુત્ર તથા ૨ પુત્રીઓના પિતા બન્યા પછી બ્રહ્મચર્ય વ્રતનો અણમોલ મહિમા સમજીને ૨૮ વર્ષની ભર યુવાનીમાં પોતાનાં ધર્મપત્ની ઝીકુબાઈની સહર્ષ સંમતિ મેળવીને પ.પૂ. આ.ભ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા. પાસે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી લીધું. આ વ્રતના અણિશુદ્ધ પાલન માટે તેઓ રાત-દિવસનો મોટા ભાગનો સમય ઉપાશ્રયમાં જ રહે છે. સંથારા પર શયન કરે છે. કાયમ એકાસણા કરે છે. તેના માટે પોતાના ઘરેથી ઉપાશ્રયમાં જ ટિફિન મંગાવીને સુપાત્રદાન તથા સાધર્મિક ભક્તિ કરીને પછી એકાસણુ કરે છે. વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખીને ૫૦ જેટલી ઓળીઓ કરી લીધા છે. સમ્યક્ જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમી તપ પણ વિધિપૂર્વક પૂર્ણ કર્યું છે. ફક્ત સવા ૩ વર્ષમાં ૩૮૦ ઉપવાસ અને ૨૦ છઠ્ઠ સહિત વીસસ્થાનક જેવું મહાન તપ પરિપૂર્ણ કર્યું. તેના ઉજમણા વખતે પોતાનાં ધર્મપત્ની તથા નાનાભાઈ દીપસંગની ભાવનાનુસાર સકલ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય તથા પોતાનાં જ્ઞાતિજનોને પ્રીતિભોજન તથા ૨૦ સ્થાનક પૂજન તેમ જ ૩ છોડના ઉદ્યાપન સહિત ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવમાં ૫૧ હજાર રૂા.નો સદ્વ્યય કર્યો. આ મહોત્સવના વરઘોડામાં વઢવાણના બધા જ રજપૂતોએ સાફા બાંધીને હાજરી આપીને ખૂબ ખૂબ અનુમોદના કરી. અધ્યાત્મયોગી પ.પૂ. આ.ભ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. પાસે ભવઆલોચના સ્વીકારીને ચડતા પરિણામે ૨ વર્ષમાં પરિપૂર્ણ કરીને આત્માને અત્યંત નિર્મલ બનાવ્યો. યતનાપ્રેમી રામસંગભાઈ લઘુશંકા તથા સ્નાન આદિનું પાણી પણ ગટરમાં ન નાખતાં નિર્જીવ ભૂમિમાં પરઠવે છે. રોજ ૨ ટાઈમ પ્રતિક્રમણ તથા પર્વતિથિઓમાં પૌષધ સૂચક કરે છે. સં. ૨૦૫૩માં શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા વિધિવત્ પૂર્ણ કરી તથા સં. ૨૦૫૫માં વર્ષીતપ પણ કરી લીધું! હવે તો તેમના જીવનમાં એક જ રટણ છે કે-'સનેહી પ્યારા રે સંયમ કબ હી મિલે.' દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી સર્વ પ્રકારની લીલોતરી તથા મગ સિવાયનાં તમામ કઠોળનો પણ ત્યાગ કર્યો છે! રામસંગભાઈનાં માતુશ્રી, ધર્મપત્ની, સંતાનો, ભાઈ, ભત્રીજા વગેરે પણ જૈનધર્મની યથાશક્તિ સુંદર આરાધના કરી રહ્યા છે. ખરેખર એકવાર તો રામસંગભાઈનો સત્સંગ અચૂક કરવા યોગ્ય છે. સરનામું : દાજીપરા, વઢવાણસીટી, જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) પીન : ૩૬૩ ૦૩૦ ફોન : ૨૫૦૮૩૪ દુકાન : ૨૫૧૧૯૧ ઘર-પી.પી. દીપસંગભાઈ.

*(૪) કરોડ નવકારના આરાધક નિદ્રાવિજેતા જાતિસ્મરણજ્ઞાની*

## જયંતિલાલભાઈ વીરાણી (પટેલ)

જામનગરમાં પટેલ જ્ઞાતિમાં જન્મેલા જયંતીલાલભાઈ જયરામભાઈ વીરાણી (ઉ.વ. ૬૬) (ગવર્મેન્ટ ડિપ્લોમા-ઇલેક્ટ્રિશિયન) ને આજથી લગભગ ૨૨ વર્ષ પૂર્વે વિદ્વદ્વર્ય પૂ.પં. શ્રી અરુણવિજયજી મ.સા. (તે વખતે ગણિવર્ય)ના ચાતુર્માસિક પ્રવચનશ્રવણથી જૈનધર્મનો રંગ લાગ્યો. પૂર્વભવમાં જૂનાગઢમાં જૈન શ્રાવક તરીકેના ભવના સંસ્કારો જાગ્રત થયા. પરિણામે નીચે મુજબની ઉત્કૃષ્ટ આરાધના તેઓએ કરી છે અને કરી રહ્યા છે. છેલ્લાં ૨૦ વર્ષોથી તેઓ રાતના પણ પથારીમાં લેટ્યા વિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેઠાં બેઠાં જ અલ્પતમ આરામ કરીને સવારે ૩ વાગે પદ્માસનમાં સામાયિકપૂર્વક નવકાર મહામંત્રનો રોજ ૩૩ બાધી માળાનો જાપ કરતાં આજથી ૯ વર્ષ પૂર્વે ૧ કરોડ નવકાર જાપ પૂર્ણ કરેલ. રોજ સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા કર્યા પછી જ જમે–ઓછામાં ઓછું રોજ બ્યાસણાનું પચ્ચક્ખાણ કરે છે. દર મહિને બંને પાંચમના ચોવિહારા ઉપવાસ કરે છે. સૂર્યાસ્તથી ૯૬ મિનિટ (૪ ઘડી) પહેલાં જ ચોવિહારનું પચ્ચક્ખાણ લઈ લે છે. છેલ્લાં ૧૯ વર્ષોથી સજોડે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું છે. રોજ દુકાન ખોલતાં પહેલાં ઓછામાં ઓછા ૧૦ રૂા. જીવદયાના કાર્યોમાં વાપરે છે.

કેટલાંય વર્ષો સુધી વર્ષમાં ૬ અઠ્ઠાઈઓમાં ૮ કે ૯ ઉપવાસ કરેલ છે. દર આઠમ–પૂનમ–અમાસના ચોવિહારા ઉપવાસ કરે છે. અનેક વાર અઠ્ઠમ તપ પણ કરે છે. સિદ્ધિતપ પૂર્ણ કરેલ છે. આજથી ૮ વર્ષ પૂર્વે પાંચ વર્ષના ટૂંકા ગાળામાં વર્ધમાન આયંબિલ તપની ૫૬ ઓળીઓ પૂર્ણ કરેલ. ૧૦૦ ઓળી તથા ચોવિહારા ઉપવાસથી વીસ સ્થાનક તપ પૂર્ણ કરવાની તીવ્ર ભાવના છે. બ્યાસણા દરમ્યાન ઉનાળામાં પણ નવસેકું ગરમ પાણી જ પીએ છે. દર વર્ષે ફા.સુ. ૧૩ના શત્રુંજય મહાતીર્થની ૬ ગાઉની પ્રદક્ષિણા–યાત્રા કરે છે, પરંતુ તે દિવસે 'પાલ'નું ભોજન કે પ્રભાવના પણ લેતા નથી. પાલિતાણામાં પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચમાં હજારો રૂા.નો સદ્વ્યય કરેલ છે. જીવરક્ષા માટે પગરખાં પણ પહેરતા નથી તથા ચોમાસામાં જામનગરથી બહાર પણ જતા નથી. સં. ૨૦૪૫માં અમારું જામનગરમાં ચાતુર્માસ હતું ત્યારે ૪ મહિના અખંડ જાપના આયોજનમાં રાતના ત્રીજા તથા ૪થા પ્રહરમાં જાપ માટે જયંતિલાલભાઈએ ખૂબ જ અનુમોદનીય સહયોગ આપેલ. ભવિષ્યમાં જિનકલ્પી મુનિની માફક ઉત્કૃષ્ટ કોટિનું કઠોર સાધનામય સંયમી જીવન જીવવાના મનોરથ તેમના હૃદયમાં છે. જયંતિલાલભાઈની ઉત્કૃષ્ટ આરાધનાની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

સરનામું : જયંતિલાલભાઈ વીરાણી, વીરાણી ઈલેક્ટ્રીક વર્કસ, દિગ્વિજય પ્લોટ નં. ૫૮, જામનગર (સૌરાષ્ટ્ર) પીન : ૩૬૧ ૦૦૫. ફોન : ૨૭૭૭૩૩ પી.પી.

## *(૫) સાધર્મિક ભક્તિના અજોડ દૃષ્ટાંતરૂપ–*

## લક્ષ્મણભાઈ વાળંદ

જોધપુર (રાજસ્થાન)માં છેલ્લાં કેટલાંય વર્ષોથી રાત–દિવસનો મોટા ભાગનો સમય ઉપાશ્રયમાં જ આરાધનાપૂર્વક વ્યતીત કરતા લક્ષ્મણભાઈ પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર–ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા. તથા પૂ.પં. પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી મ.સા. આદિના સત્સંગ પ્રભાવે જૈન ધર્મની અનેકવિધ આરાધનાઓ દ્વારા કર્મોને કાપી રહ્યા છે. નવપરિણિત જમાઈની ભક્તિ સાસુ જેવી રીતે કરે તેનાથી પણ વિશિષ્ટતર સાધર્મિક ભક્તિ માટે લક્ષ્મણભાઈ ખાસ જાણીતા છે. તેઓ પોતે ઉકાળેલું અચિત્ત પાણી જ પીવામાં તથા સ્નાન આદિમાં ઉપયોગ કરે છે. એટલું જ નહીં, પોતાના પરિચયમાં આવનાર દરેકને પણ તેઓ ગાળેલું તથા અચિત્ત પાણી વાપરવાનું મહત્ત્વ ખાસ સમજાવે છે. સં. ૨૦૨૮માં પાલનપુરમાં, સં. ૨૦૪૨માં બામણવાડામાં ઉનાળા વેકેશનની ધાર્મિક શિબિરમાં ૨૫૦ યુવાનોને ઉકાળેલું પાણી ઉચિત રીતે ઠંડું બનાવીને પવડાવતાં પૂજ્યો તથા યુવકો તેમના પર ઓવારી ગયેલ. જોધપુરમાં પધારતા મુનિરાજોના નખ કાપવાની ભક્તિ તેઓ અચૂક કરે તથા ઘરે લઈ જઈને સુપાત્રદાનનો પણ સુંદર લાભ લે છે. ઓછામાં ઓછું કાયમી બ્યાસણાનું પચ્ચક્ખાણ કરનારા લક્ષ્મણભાઈએ વર્ધમાન તપની ૪૫ ઓળીઓ આજથી ૮ વર્ષ પૂર્વે પૂર્ણ કરેલ. દર વર્ષે ૨ વાર નવપદજીની ઓળીની અચૂક આરાધના કરે છે. રોજ ૨ ટાઈમ પ્રતિક્રમણ તથા અષ્ટપ્રકારી જિનપૂજા અચૂક કરે છે. મુસાફરીમાં પણ તેઓ પૂજા તથા પ્રતિક્રમણ ચૂકતા નથી! ૨ વાર શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા તથા અનેકવાર પાલિતાણામાં ચાતુર્માસિક આરાધનાઓ કરી છે. છ'રી પાલક સંઘોમાં જોડાઈને અનેક તીર્થોની યાત્રા કરી છે. દર વર્ષે કેશલુંચન કરાવે છે. રોજ ૧૪ નિયમની ધારણા કરે છે. રાતના ઉપાશ્રયમાં ચાલવા માટે જીવરક્ષાર્થે દંડાસનનો ઉપયોગ અચૂક કરે છે. પોતાની દીકરી તથા દોહિત્રોનાં જીવનમાં પણ જૈનધર્મના સુંદર સંસ્કારો નાખેલ છે. પોતાના નાના ભાઈને પણ કહ્યું કે "તું જો જૈન ધર્મનો સ્વીકાર કરીને મારો સાધર્મિક બને તો મારું મકાન તથા સંપત્તિ તને આપી દઉં, કારણ કે મારી સંપત્તિને પાપાનુબંધી બનાવવાની મારી બિલકુલ ઈચ્છા નથી." કેવી અનુમોદનીય આત્મજાગૃતિ અને દીર્ઘદૃષ્ટિ તથા સહુને તારવાની કેવી ઉદાત્ત ભાવના! હમણાં સિદ્ધવડ-ઘેટીપાગ નવાણું યાત્રામાં લાભ લઈ શંખેશ્વર ઉપધાનમાં સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું.

સરનામું :—ત્રિપોલિયા બજાર, જોધપુર (રાજ.) પીન : ૩૪૨ ૦૦૧ અથવા જૈન ક્રિયા ભવન, આહોરની હવેલી કે પાસ, મોતી ચોક, જોધપુર (રાજ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### *(૬) દર મહિને શંખેશ્વર તીર્થની યાત્રા કરનાર, અનન્ય નવકારપ્રેમી*

## રસિકભાઈ જનસારી (મોચી)

અજોડ નવકારસાધક પૂ.પં. પ્રવર શ્રી અભયસાગરજી મ.સા.નાં બહેન સા. શ્રી સુલસાશ્રીજીની પ્રેરણાથી પાટણમાં પટેલ તથા મોદી જ્ઞાતિનાં અનેક લોકો શ્રી શામળાજી પાર્શ્વનાથ ભગવંતનાં નિયમિત દર્શન-પૂજા કરતાં થયાં છે. તેમાંના એક શ્રી રસિકભાઈ જનસારી નવકાર મહામંત્ર પ્રત્યે અનન્ય શ્રદ્ધાપૂર્વક નિયમિત ૨ બાધી માળાનો જાપ કરે છે તથા રોજ સવારે ૬ થી ૮.૩૦ સુધી જોગીવાડામાં શ્રી શામળાજી પાર્શ્વનાથ ભગવંતની સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે. હિન્દુ-મુસ્લિમ સંઘર્ષના સમયમાં પણ તેઓ ગભરાયા વિના નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં મુસલમાનોની ૩ શેરી પસાર કરીને જોગીવાડામાં જ જિનપૂજા કરવા જતા. પરિણામે તેમનો વાળ પણ વાંકો ન થયો. કેવી અનન્ય શ્રદ્ધા! શ્રદ્ધા અને નિષ્ઠા પૂર્વક એકાગ્રચિત્તે નવકાર જાપ કરવાથી તેમને અનેક અદ્ભુત અનુભૂતિઓ પણ થતી રહે છે, જેથી નવકાર મહામંત્ર તથા જૈન ધર્મ પ્રત્યે તેમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી રહે છે. તેમણે ચૈત્યવંદન વિધિ, ૯ સ્મરણ આદિ સૂત્રો કંઠસ્થ કરી લીધાં છે અને રોજ સામાયિકમાં બેસીને તેનો સ્વાધ્યાય કરે છે. પર્વતિથિઓમાં આયંબિલ તથા પ્રતિક્રમણ, મહિનામાં ૫ બ્યાસણા, બાકીના દિવસોમાં નવકારશી-ચોવિહાર અને શિયાળામાં પોરિસીનું પચ્ચક્ખાણ કરે છે. કંદમૂળ આદિ અભક્ષ્ય ત્યાગની પ્રતિજ્ઞા સ્વીકારી છે. વ્યાખ્યાનશ્રવણનો મોકો મળતાં અચૂક લાભ લે છે. દર મહિને એક વાર શ્રી શંખેશ્વર મહાતીર્થની યાત્રા અચૂક કરે છે. તે દિવસે જ્યાં સુધી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીનાં દર્શન ન થાય ત્યાં સુધી કાંઈ પણ ખાતા-પીતા નથી. તેમનાં ધર્મપત્ની ઊર્મિલાબહેન પણ દર મહિને ચારૂપ તીર્થની યાત્રા તથા શ્રી શામળિયાજી પાર્શ્વનાથની પૂજા અચૂક કરે છે. કૉલેજમાં અભ્યાસ કરતાં ૩ સંતાનો પ્રવીણા, વંદન તથા હર્ષદ પણ રોજ જિનપૂજા અચૂક કરે છે! તેમના ઘરમાં પણ સુશ્રાવકના ઘરમાં છાજે તે રીતે શ્રી દેવ-ગુરુના ફોટા જોવા મળે. તેઓ પ્રાયઃ રોજ સુપાત્રદાનનો લાભ લેતા રહે છે. નવકારનો જાપ કરતાં ક્વચિત્ બીજો વિચાર આવી જાય તો તેઓ તરત જ મનમાં બોલે કે-"અરે! આ બીજી કેસેટ ક્યાંથી આવી ગઈ?" પછી તરત સાવધાન થઈને જાપમાં લીન બની જાય. તેમની આવી ઉદાત્ત ધર્મભાવના જોઈને સા. શ્રી સુલસાશ્રીજીએ ચાતુર્માસ પરિવર્તનનો લાભ પણ તેમને આપેલ! રસિકભાઈના દૃષ્ટાંતમાંથી સહુ પ્રેરણા મેળવે એ જ શુભભાવના.

સરનામું : રસિકભાઈ વિઠ્ઠલદાસ જનસારી, વંદના ફૂટવેર્સ, ઝવેરી બજાર, પાટણ, જિ. મહેસાણા (ઉ. ગુજરાત) પીન : ૩૮૪ ૨૬૫. ફોન : ૨૨૦ ૫૭૯ પી.પી. જયેન્દ્રભાઈ પટેલ

### *(૭) સત્સંગના પ્રભાવે કથીરમાંથી કંચન બન્યા*

## સંજયભાઈ ડાહ્યાલાલ સોની

પાટણમાં રહેતા સંજયભાઈ સોનીના જીવનમાં સં. ૨૦૫૧માં અધ્યાત્મયોગી પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.નાં આજ્ઞાવર્તિની સા. શ્રી સુભદ્રયશાશ્રીજી તથા તેમનાં બા મહારાજ વર્ધમાન તપોનિધિ, નવકારનિષ્ઠ સા. શ્રી સંયમપૂર્ણાશ્રીજી આદિના ચાતુર્માસિક સત્સંગના પ્રભાવે એકાએક અત્યંત પરિવર્તન આવ્યું અને જાણે કે તેઓ કથીર મટીને કંચન બની ગયા!

રોજ ૩૫૦૦ લીટર અણગળ પાણીથી બાથટબમાં સ્નાન કરનારા સંજયભાઈ બાલદીમાં ગાળેલું મર્યાદિત પાણી લઈને ગામ બહાર ખુલ્લી જમીનમાં સ્નાન કરતા થઈ ગયા! એટલું જ નહીં પરંતુ દાતણ કર્યા પછી મુખશુદ્ધિનું પાણી પણ ગટરમાં ન જાય તે માટે ખાસ અલગ મકાન રાખીને તેની ખુલ્લી જમીનમાં જ દાતણ કરે છે. વડીનીતિ માટે સંડાશનો ઉપયોગ ન કરતાં ૨ કિ.મી. ચાલીને શહેરની બહાર જાય છે. અજ્ઞાનદશામાં થયેલ અનેક પાપોની નિખાલસતાપૂર્વક ભવ-આલોચના લઈને પૂર્ણ કરી. કંદમૂળ, રાત્રિભોજન તથા ચાય સહિત બધાં વ્યસનોના ત્યાગની પ્રતિજ્ઞા સ્વીકારીને જીવદયાના લક્ષ્યપૂર્વક ખૂબ જ જયણાયુક્ત જીવન જીવી રહ્યા છે. વ્યવસાયમાં પણ અનીતિ નહીં કરવાનો સંકલ્પ કરીને સાંજે ૫ વાગે દુકાન બંધ કરીને ચોવિહાર કરવા ઘરે જાય છે. સવારના શ્રી પંચાસરા પાર્શ્વનાથની પૂજા કર્યા પછી જ નવકારશી કરે છે. દર મહિને પોતાના ગામમાં તથા અન્ય ગામોમાં પણ સાધર્મિક ભક્તિ ઈત્યાદિ સત્કાર્યોમાં હજારો રૂા. નો સદ્વ્યય કરે છે. ૭ મહિના સુધી પાટણની ભોજનશાળામાં દર મહિને ૩૧૦૦ રૂા. આપ્યા પછી શંખેશ્વરજી, ગાંભુ ઈત્યાદિ તીર્થોની ભોજનશાળાઓમાં દાન આપે છે. છેલ્લાં દશેક વર્ષથી રોજ સાંજે શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવંતની આરતી તથા મંગલ દીવાનો લાભ લેવા માટે પોતાના તરફથી ૭ મણની બોલીથી પ્રારંભ કરાવે છે અને વિશિષ્ટ દિવસોમાં તો ૫૦૦ મણથી પણ અધિક બોલી બોલીને તેઓ પ્રભુ ભક્તિનો લાભ લે છે. સિદ્ધાચલજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાતીર્થની ચોવિહાર છઠ્ઠ કરીને ૭ યાત્રા ન થાય ત્યાં સુધી દૂધના ત્યાગની પ્રતિજ્ઞા લીધી અને બીજા જ વર્ષે એ રીતે ૭ યાત્રા કરતાં તેમને એટલો આનંદ આવ્યો કે ત્યારથી પ્રાયઃ દર વર્ષે ચોવિહાર છઠ્ઠ સાથે ૭ યાત્રાઓ કરતા રહે છે. ૨ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરી લીધાં અને જ્યાં સુધી પાંચ પ્રતિક્રમણ પૂરાં ન થાય ત્યાં સુધી અમુક વસ્તુના ત્યાગની પ્રતિજ્ઞા લઈને એ સૂત્રો કંઠસ્થ કર્યાં. ૪૮ વર્ષની વયે સંજયભાઈ ઉત્તરોત્તર ધર્મમાં ખૂબ સુંદર પ્રગતિ સાધી રહ્યા છે તેની ભૂરિશઃ હાર્દિક અનુમોદના. તેમને પ્રેરણા આપનાર સાધ્વીજી ભગવંતોને પણ ખૂબ ખૂબ ધન્યવાદ.

સરનામું : સોનીવાડો, ખેદડાની પોળ, પાટણ, જિ. મહેસાણા (ઉ. ગુજરાત) પીન : ૩૮૪ ૨૬૫

*(૮) અધ્યાત્મ પરાયણ*

## પ્રો. કેશુભાઈ ડી. પરમાર (ક્ષત્રિય)

ગુજરાતમાં ભરૂચ જિલ્લાના જંબૂસર ગામના વતની પ્રોફેસર કેશુભાઈ ડી. પરમારને અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસ–પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના સત્સંગ પ્રભાવે જૈનધર્મનો અનન્ય રંગ લાગ્યો છે. પરિણામે તેઓ કોલેજમાં પ્રોફેસર તરીકે ભણાવતા હતા ત્યારે પણ ધોતિયું તથા ખેસ પહેરીને જિનપૂજા કરવામાં તેમને જરાપણ સંકોચ થતો ન હતો, બલ્કે તેમ કરવામાં તેઓ આનંદ અને ગૌરવ અનુભવતા. આજે તેઓ અધ્યાત્મ- પરાયણ નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. રોજ સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, નવકાર મહામંત્રનો જાપ, મુસાફરીમાં પણ ઉકાળેલા અચિત્ત પાણીનો જ ઉપયોગ વગેરે શ્રાવકોચિત આચારો તેમના જીવનમાં સહજ રીતે વણાયેલા જોવા મળે છે. નવકાર મહામંત્રના પ્રભાવે બસ દુર્ઘટનામાંથી તેમનો ચમત્કારિક રીતે બચાવ થયેલ. આધ્યાત્મિક વાર્તાલાપના સમયે બંધ આંખે કલાકો સુધી અસ્ખલિતપણે વહેતી તેમની પ્રાસયુક્ત પ્રાસાદિક અધ્યાત્મવાણીનો આસ્વાદ જેમણે એકાદ વાર પણ માણ્યો હોય તેઓ જિંદગીભર તેમને ભૂલી શકતા નથી. આનો સંપૂર્ણ યશ તેઓ પોતાના પરમ ઉપકારી ગુરુદેવ શ્રી પંન્યાસજી મ.સા.ને જ આપે છે. વક્તૃત્વ શક્તિની જેમ તેમની લેખનશૈલી પણ અદ્‌ભુત અને અસરકારક છે. પત્રવ્યવહારમાં પણ ચીલાચાલુ વાતો લખવાને બદલે તેઓ અધ્યાત્મનું અમૃત જ સહજ રીતે પીરસતા હોય છે. એમનાં સ્વ. ધર્મપત્ની પુષ્પાબહેન પણ જંબૂસરમાં પધારતાં કોઈ પણ સમુદાયના જૈન સાધુ–સાધ્વીજી ભગવંતોની સુંદર વૈયાવચ્ચ કરતા. હાલ તેઓ કઠલાલમાં રહે છે. તેમના સત્સંગનો લાભ ખાસ લેવા યોગ્ય છે.

સરનામું : કન્યાશાળા પાસે, મુ.પો. કઠલાલ, તા. પેટલાદ, જિ. ખેડા (ગુજરાત)

*(૯) સલૂનમાં પણ સુદેવ–ગુરુના ફોટા રાખતા વાળંદ*

## પુરુષોત્તમભાઈ કાલિદાસ પારેખ

"મહારાજ સાહેબ! મને એવા આશીર્વાદ આપો કે જેથી આ ભવમાં જ શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય અને ૫–૭ ભવોમાં જ જલદીથી જલદી ચોર્યાશી લાખના ચક્કરમાંથી છૂટકારો થઈ જાય." આ શબ્દો કોઈ શ્રાવકના મુખેથી નહીં પરંતુ સાબરમતીમાં વાળંદનો વ્યવસાય કરતા પુરુષોત્તમભાઈના મુખેથી સાંભળતાં અમારા આશ્ચર્ય અને આનંદની સીમા ન રહી. આજથી લગભગ ૪૮ વર્ષ પૂર્વે પુરુષોત્તમભાઈની દુકાને વાળ કપાવવા માટે આવતા ગુલાબકાકા તથા મણિકાકાના નામથી સુપ્રસિદ્ધ શ્રાવકોના પરિચયથી પુરુષોત્તમભાઈએ ઉપાશ્રયમાં જવાની શરૂઆત કરી અને પ.પૂ. આ.ભ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ. શ્રી વિજય મેરુપ્રભ-સૂરીશ્વરજી મ.સા. આદિના ચાતુર્માસિક સત્સંગથી તેમને જૈન ધર્મનો રંગ લાગ્યો જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો ગયો. પરિણામે ૪૭ વર્ષોથી તેઓ રોજ અષ્ટપ્રકારી જિનપૂજા, દર મહિને પાંચ આયંબિલ, નવકારશી ચોવિહાર, સામાયિક, પ્રતિક્રમણ, પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ વગેરે આરાધનાઓ કરી રહ્યા છે. વ્યાખ્યાન-શ્રવણનો મોકો ચૂકતા નથી. છેલ્લા ૧૪ વર્ષોથી ઉપાશ્રયમાં જ શયન કરે છે. બ્રહ્મચર્યનું પાલન કરે છે. આજ સુધીમાં ૬૪ પ્રહરી પૌષધ સાથે ૩૫ વાર અટ્ઠાઈ તપ, નવપદજીની ૫૦ ઓળીઓ, વર્ધમાન તપની ૨૫થી અધિક ઓળીઓ, ૨૦ સ્થાનકની ઓળી, ઉપધાન આદિ તપશ્ચર્યાઓ કરી છે. વિશિષ્ટ પર્વતિથિઓમાં ચોવિહાર ઉપવાસ સાથે પૌષધ કરે છે. ૪૪ વર્ષોથી કંદમૂળનો ત્યાગ છે. આમ છતાં દીક્ષા વિના આ બધી આરાધનાઓ સાકર વગરના દૂધ જેવી છે એમ તેઓ માને છે. સં. ૨૦૩૦માં ૧ મહિના સુધી સમેતશિખરજી આદિ અનેક જૈન તીર્થોની યાત્રા કરી સાબરમતીથી પાલિતાણા વગેરે અનેક છ'રી પાલક સંઘોમાં જોડાઈને તીર્થયાત્રાઓ કરી. તેમના ઘરના બધા જ સભ્યો જૈન ધર્મનું પાલન કરે છે. કંદમૂળ આદિ અભક્ષ્ય ખાતા નથી. જીવનના મુખ્ય લક્ષ્યની વારંવાર સ્મૃતિ થતી રહે તે માટે તેમણે સલૂનમાં પણ સુદેવ–ગુરુના ફોટા રાખ્યા છે તથા સલૂન પાસેથી કોઈ પણ સાધુ–સાધ્વીજી પસાર થાય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથ જોડીને 'મત્થએણ વંદામિ' કહી સુખશાતા પૃચ્છા અચૂક કરે છે! અમારી સાથે વાર્તાલાપમાં તેમના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા કે–"મ.સા.! પૂર્વજન્મમાં મેં કુલમદ કર્યો હશે એટલે આજે વાળંદ કુળમાં જન્મ પામ્યો છું. હવે મને એવા આશીર્વાદ આપો કે આવતા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર સ્વામીના હસ્તે દીક્ષા લઉં, કારણ કે સાધુતા પામ્યા વિના ભવસાગરથી નિસ્તાર અસંભવ છે!" પુરુષોત્તમભાઈની વાણીમાં ઝળકતો જિનશાસન પ્રત્યેનો અહોભાવ, સંસાર પ્રત્યે નિર્વેદભાવ તથા સંયમ પ્રત્યેનો સમર્પણભાવ જોઈને અમારું અંતઃકરણ પણ તેમના પ્રત્યે અનુમોદનાના ભાવથી ગદ્‌ગદ્ બની ગયું.

સરનામું : પારસ હેયર આર્ટ્સ, ઈંડિયા બેંકની સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ પીન : ૩૮૦ ૦૦૫.

* * *

આ ઉપરાંત બીજાં પણ આવાં અનેક અર્વાચીન આરાધકરત્નોનાં દૃષ્ટાંતો **'બહુરત્ના વસુંધરા–ભાગ ૧'** માં વર્ણવાયેલાં છે. તે સહુ આરાધકોની વિશિષ્ટ આરાધનાની ભૂરિશઃ હાર્દિક અનુમોદના કરવાપૂર્વક લેખવિસ્તારના ભયથી અહીં અતિ સંક્ષેપમાં તેમાંનાં કેટલાંક દૃષ્ટાંતોનો સહુની અનુમોદનાર્થે ઉલ્લેખ કરવામાં આવે છે. વિસ્તારરુચિવાળા વાચકોએ ઉપરોક્ત પુસ્તક શ્રી કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ, ૧૦૨ લક્ષ્મી એપાર્ટ, ૨૦૬ ડૉ. એની બેસન્ટ રોડ, વરલી નાકા, મુંબઈ–૧૮ ફોન : ૨૪૯૩૬૬૦/૨૪૯૩૬૨૬૬ આ સરનામેથી મંગાવીને વાંચવા ભલામણ છે.

(૧૦) રોજની ૨૮૦૦૦ રૂા.ની આવકવાળો પોલ્ટ્રી ફાર્મનો ધંધો બંધ કરીને અહિંસામય જૈનધર્મનું અદ્‌ભુત રીતે પાલન કરતા ડૉ. ખાન મહમદભાઈ કાદરી–પઠાણ (મીરઝાપુર–અમદાવાદ).

(૧૧) ૧ પુત્રી તથા ૩ પૌત્રીઓને દીક્ષા અપાવતા અજોડ **જીવદયાપ્રેમી ઠાકોર મંગાભાઈ કાળાભાઈ ભગત (પાટડી**–જિ. સુરેન્દ્રનગર).

(૧૨) પર્યુષણના ૮ દિવસ પાંખી પાળતા, લોચ, અઠ્ઠાઈ, ૯૯ યાત્રા ૬૪ પ્રહરી પૌષધ ઈત્યાદિના આરાધક **કાંયાભાઈ લાખાભાઈ માહેશ્વરી (બિદડા–કચ્છ).**

(૧૩) અઠ્ઠાઈ, સોળભત્તા, ૩૬ ઉપવાસ, ૬૪ પ્રહરી પૌષધ ઈત્યાદિના આરાધક **ગજરાજભાઈ મંડરાઈ મોચી (ડોંબીવલી** (પૂર્વ) જિ. થાણા).

(૧૪) અનન્ય સત્સંગ તથા સાધુ–સેવા પ્રેમી, સદા પ્રસન્ન, ઝૂંપડીમાં રહીને ફૂટપાથ પર જોડા સીવતા હોવા છતાં પોતાની જાતને સહુથી સુખી માનતા **પીતાંબરદાસ મોચી (લખતર, જિ. સુરેન્દ્રનગર).**

(૧૫) વિરોધની પરવા કર્યા વિના રોજ જિનદર્શન તથા જિનપૂજા કરતા **નિવૃત્ત પોલીસ ઋજુમલજી નથમલજી ખત્રી (બાડમેર, રાજસ્થાન).**

(૧૬) જૈન ધર્મની આરાધના અને માતાની સેવા માટે અવિવાહિત રહીને અનેકવાર ૮, ૧૬, ૩૦ ઉપવાસ તથા ધર્મચક્ર આદિ તપશ્ચર્યા કરનારા **સરદારજી પપ્પુભાઈ અરોરા (ગુરુ મોહિંદર સીંગ) (ખડ્‌કી–પુના–મહારાષ્ટ્ર).**

(૧૭) સ્વપ્નમાં જૈનાચાર્યનાં દર્શનથી જૈનધર્મના દ્વેષી મટી અનન્યપ્રેમી બનીને ગુરુમંદિર માટે પોતાની જમીન સંઘને વિના મૂલ્યે અર્પણ કરનારા તથા રોજ જિનપૂજા, નવકાર–જાપ, નવપદની ઓળી, અઠ્ઠમ ઈત્યાદિના આરાધક **બ્રાહ્મણ અમૃતલાલભાઈ મોહનલાલ રાજગોર (વાલવોડ–જિ. આણંદ).**

(૧૮) ૧૪ વર્ષની ઉંમરથી માંડીને ૯૧ વર્ષની વય સુધી ફક્ત બે જ સાદાં દ્રવ્યોથી એકાસણાં કરનાર અડાલજના બ્રાહ્મણ...

(૧૯) ૧૧ વર્ષની બાલ્યવયમાં ૨૦ દિવસ સુધી એકાસણાપૂર્વક ૧ લાખ નવકારજાપ તથા અઠ્ઠાઈ, ઉપધાન આદિના આરાધક **લક્ષેશકુમાર ભૂપેન્દ્રભાઈ ભાવસાર (ભરૂચ).**

(૨૦) અઠ્ઠાઈ, સોળભત્તુ, બ્રહ્મચર્ય, વર્ધમાન તપ, રોજ જિનપૂજા છ'રી પાલક સંઘ દ્વારા ભરૂચથી પાલિતાણાની યાત્રા ઈત્યાદિના આરાધક **પ્રજાપતિ રતિલાલભાઈ પૂંજાભાઈ ગાંધી (લલ્લુભાઈ ચકલા–ભરૂચ).**

(૨૧) રોજ ૧૮ કલાક સુધી જૈન ધર્મના પુસ્તકોનું વાચન કરનારા **શંકરભાઈ ભવાનભાઈ પટેલ (ખાખરેચી, તા. માળિયા, જિ. રાજકોટ, ગુજરાત).**

(૨૨) પોતાના ઘરે ૧૮ અભિષેકયુક્ત જિનબિંબ પધરાવીને રોજ જિનપૂજા કરવાની ભાવનાને પૂર્ણ કરતા **ગિરધરનગર–અમદાવાદના ભાગ્યશાળી ભંગીની ભવ્ય ભાવના.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૩) જૈન ધર્મના પાલન ખાતર પિતાનાં વારસાનો સહર્ષ પરિત્યાગ કરીને રોજ જિનદર્શન, નવકારસ્મરણ તથા રવિવારે જિનપૂજા કરતો **મુસ્લિમ યુવક (પાલડી-અમદાવાદ).**

(૨૪) જૈન ધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવતા **આંધ્રના વૈષ્ણવ બ્રાહ્મણ પ્રોફેસર પી.પી. રાવ (વિલેપાર્લા (પ.) મુંબઈ).**

(૨૫) વર્ધમાન આયંબિલ તપ, ક્ષીરસમુદ્ર તપ, જિનપૂજા ઇત્યાદિ આરાધના કરનાર મહારાષ્ટ્રિયન પેન્ટર **બાબુભાઈ રાઠોડ (અમદાવાદ).**

(૨૬) **દર મહિને પાંચ પર્વતિથિઓમાં કપડાં નહીં ધોવાનો નિયમ પાળતા ધોબી રામજીભાઈ (કોંઠ, તા. ધોળકા, જિ. અમદાવાદ).**

(૨૭) છ'રી પાલક સંઘના સંઘપતિ બનતા **લુહાર કાંતિલાલભાઈ એન. પીઠવા (સુરેન્દ્રનગર-ગુજરાત).**

(૨૮) સાધુ-સાધ્વીજીઓની સુંદર **વૈયાવચ્ચ કરતા મૂલજીભાઈ માસ્તર (વણસોલ,** તા. નડિયાદ).

(૨૯) અદ્ભુત સાધુ-સેવા સાથે પ્રાયઃ એકાંતરા ઉપવાસ, સતત નવકાર-જાપ, રોજ જિનપૂજા આદિ આરાધના કરતા **શિવાભાઈ કોળી (દાદા સાહેબનો ઉપાશ્રય, ભાવનગર).**

(૩૦) **વર્ધમાન આયંબિલ તપ કરતા વ્યાકરણ-ન્યાયાચાર્ય પંડિત શ્રી વૈદ્યનાથજી મિશ્ર (તરૌની-બિહાર).**

(૩૧) ૭ જણા અઠ્ઠાઈ તપ કરનાર પરિવારના વડીલ તથા ઉપધાન તપ, કેશલોચ, જિનપૂજા ઇત્યાદિ આરાધના કરનાર તેમ જ જીવદયા ખાતર વંશપરંપરાગત લુહારનો તથા અનાજ દળવાની ચક્કીનો વ્યવસાય ત્યાગ કરનાર **ગણપતભાઈ પંચાલ (કરબટિયા, જિ.).**

(૩૨) ૩ અઠ્ઠાઈ, સોળભત્તું તથા માસક્ષમણની તપશ્ચર્યા કરનારા સહાયક પૂજારી સુખાભાઈ પટેલ (ધોલેરા, તા. ધંધુકા, જિ. અમદાવાદ).

(૩૩) વિશિષ્ટ રીતે સાધુ-સેવા, સામાયિક, સ્વાધ્યાય, સત્સંગ તથા તપશ્ચર્યા કરતા **વિજયભાઈ દરબાર (પીપળી, તા. ધંધુકા, જિ. અમદાવાદ).**

(૩૪) નવકાર મહામંત્રના આરાધક, સત્સંગપ્રેમી, નિવૃત્ત **સરપંચ બહાદુરસિંહજી જાડેજા (મોટા આસંબીઆ, તા. માંડવી-કચ્છ).**

(૩૫) ૪ કર્મગ્રંથ સુધી અધ્યયન કરીને ધાર્મિક પાઠશાળામાં ભણાવતા વર્ધમાન તપની ઓળી, સિદ્ધિતપ, કેશલોચ ઇત્યાદિના આરાધક **લાધુસિંહજી સોલંકી (રજપૂત) (જાડોલી, પિંડવાડા પાસે, જિ. સિરોહી-રાજ.).**

(૩૬) ૮ વર્ષની બાલ્યવયમાં ૮૨ દિવસના ધર્મચક્રતપની આરાધના કરનાર **યોગીન્દ્રકુમાર પ્રવીણભાઈ ભીમજીભાઈ રાઠોડ (ખરડ, તા. ધંધુકા,** જિ. અમદાવાદ).

(૩૭) 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' કહેવતને સાર્થક બનાવનારા, **જીવદયા પ્રેમી, પ્રભુભક્ત હઠીજી દિવાનજી ઠાકોર (આંગણવાડા,** તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા).

(૩૮) ૩ ઉપધાન તપ, ૩ છ'રી પાલક સંઘમાં યાત્રિક બનીને તીર્થયાત્રા, રોજ જિનપૂજા, નવકારશી-ચોવિહાર ૬૮ એકાસણાપૂર્વક નવકારજાપ, સામાયિક ઇત્યાદિના આરાધક મોચી ધર્માજી ગાયકવાડ (લક્ષ્મણપુર, જિ. ધારવાડ, કર્ણાટક રાજ્ય).

(૩૯) સાધુ-સાધ્વીજી ભગવંતોની અદ્ભુત સેવા-ભક્તિનો લાભ લેતા ઝમર ગામ (ધ્રાંગધ્રા-વઢવાણ વચ્ચે)ના દરબાર.

(૪૦) ૧૨ વર્ષથી દર પૂનમના શંખેશ્વરની યાત્રા કરતા, રોજ ૩ કલાક જિનપૂજા-નવકાર-જાપ, દશેક વાર અઠ્ઠાઈ તપ, કાર્તિક પૂનમ તથા ફા.સુ. ૧૩ના સિદ્ધગિરિની અચૂક યાત્રા ઇત્યાદિ અનેકવિધ આરાધનાભરપૂર જીવન જીવતા મદ્રાસી બ્રાહ્મણ કૃષ્ણ મનુસ્વામી સેટિયાર (મલાડ (પ.) મુંબઈ).

(૪૧) ઉપવાસ તથા આયંબિલથી વર્ષી તપ, સિદ્ધિ તપ, અઠ્ઠાઈ, સોળભત્તું ઇત્યાદિના તપસ્વી, **સત્સંગપ્રેમી સાહેબસિંહ લખુભા જાડેજા (ધોરાજી જિ. રાજકોટ).**

(૪૨) ૨૦ વર્ષથી દર પર્યુષણમાં અઠ્ઠાઈ તથા ૯ પ્રતિજ્ઞાઓના ધારક, **મહિનામાં ૧૫ દિવસ બ્રહ્મવ્રતી સુરેશભાઈ અંબાલાલભાઈ પારેખ (વાળંદ) (નાર, તા. પેટલાદ, જિ. ખેડા).**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪૩) ૮, ૧૬, ૨૧, ૩૬, ૫૧, ૬૮, ૧૦૮ ઇત્યાદિ ઉપવાસની તપશ્ચર્યા કરનારા **દરજી ભીખાભાઈ કચરાદાસ તથા તેમની તપસ્વી સુપુત્રી સોનલ (કેશવનગર-અમદાવાદ).**

(૪૪) માસક્ષમણ, સિદ્ધિતપ, રોજ જિનપૂજા, નવકારશી-ચોવિહાર ઇત્યાદિના આરાધક **મોચી રમેશભાઈ વાઢેર (ધંધુકા,. જિ. અમદાવાદ).**

(૪૫) સળંગ ૨૫ વર્ષ સુધી ૮થી ૩૧ ઉપવાસ સુધીની મોટી તપશ્ચર્યા, ૧ વર્ષમાં ૧૦૧ આયંબિલ સામાયિક-પ્રતિક્રમણ આદિના આરાધક, સજોડે બ્રહ્મચર્યવ્રત ધારક **મોચી મોહનભાઈ લક્ષ્મણભાઈ વાળા (ગઢડા-સ્વામીનારાયણ, જિ. ભાવનગર).**

(૪૬) જિનબિંબ ભરાવનાર, સમેતશિખરજી આદિ તીર્થોની યાત્રા, નવપદજીની ઓળીઓ, ઇત્યાદિના આરાધક **ભાણજીભાઈ પ્રજાપતિ (થાનગઢ, જિ. સુરેન્દ્રનગર).**

(૪૭) જિનદર્શન વિના પાણીનું ટીપું પણ નહીં પીનારા, દર વર્ષે નવપદજીની બંને ઓળીઓ એક એક દ્રવ્યથી કરનારા, ૨૨ વર્ષથી દર ચાતુર્માસમાં ૪ મહિના એકાસણા કરનાર, બિપિનભાઈ ભૂલાભાઈ પટેલ (બારડોલી, જિ. સુરત).

(૪૮) નવપદજીની આયંબિલ ઓળી તથા ઉપધાન તપની આરાધના કરનાર કસાઈ યુવક નબી.

(૪૯) રાત્રિભોજન, અચિત્ત પાણી, ૭ મહાવ્યસન આદિનો ત્યાગી તથા અઠ્ઠમ. અઠ્ઠાઈ સામાયિક, નવકાર જાપ તથા સાધુવૈયાવચ્ચકારી **રામકુમાર કૈવટ (ખલાસી) (મધુબની**-બિહાર).

(૫૦) રાત્રિભોજન-ત્યાગી તથા સગાંવહાલાંને પણ રાત્રિભોજન નહીં કરાવતા **મોતીલાલજી ગણપતજી પાટીદાર** પરિવાર (બડવાહ, જિ. ખરગોન, મધ્યપ્રદેશ).

(૫૧) અનાનુપૂર્વીથી રોજ નવકાર-જાપ તથા જિનપૂજા, નવકારશી-ચોવિહાર, અઠ્ઠાઈ સમવસરણ તપ, છ'રી સંઘો દ્વારા તીર્થયાત્રા આદિના આરાધક **જાડેજા કરસનજી હાજાજી (ડુમરા, તા. માંડવી-કચ્છ).**

(૫૨) **ધર્મરંગથી રંગાયેલ પેન્ટર શ્યામલાલભાઈ જોષી-પરિવાર (રતલામ**-મધ્યપ્રદેશ).

(૫૩) રોજ સવાર-સાંજ ૨-૨ કલાક ઊભાં ઊભાં એકાગ્ર ચિત્તે જિનભક્તિ તથા નવકાર-જાપ કરતાં **જસભાઈ મંગલભાઈ પટેલ** (નડિયાદ, જિ. ખેડા, ગુજરાત).

(૫૪) ત્રિકાલ જિનદર્શન, જિનપૂજા, રોજ ૪ બાંધી નવકારવાળી જાપ, સામાયિક-પ્રતિક્રમણ, ઉપધાન તપ, સિદ્ધિતપ ઇત્યાદિ અનેકવિધ આરાધનાના રંગથી રંગાયેલ **લાલસિંહજી સવાઈસિંહજી રાઠોડ (કોટ, જિ. પાલી,** રાજસ્થાન).

(૫૫) રોજ ૩।। કલાક જિનભક્તિ-જાપ' સાથે અનેકવિધ આરાધનાઓથી ભરપૂર જીવન જીવતા **ગોવિંદજીભાઈ કેશવલાલ મોદી (પાટણ-ઉ. ગુજરાત).**

(૫૬) હોટલના પાણીનો પણ ત્યાગ કરીને નિયમિત આધ્યાત્મિક સ્વાધ્યાય-ભક્તિ કરતા **હરિજન લાલજીભાઈ ભગત આદિ ૬૦૦ હરિજનોનો સત્સંગ મંડળ (ચિત્રોડા, જિ. સાબરકાંઠા).**

(૫૭) વૈષ્ણવકુલોત્પન્ન, **નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી જયેન્દ્રભાઈ પ્રાણજીવનભાઈની જૈન ધર્મની અનુમોદનીય આરાધના** તથા અનુકરણીય સ્વાવલંબિતા.

(૫૮) ૨ વાર ચોવિહાર છઠ્ઠ સાથે સિદ્ધગિરિની ૭ યાત્રા, અઠ્ઠાઈ, ઉપધાન, વીશ સ્થાનક તપ, ૫ પ્રતિક્રમણ કંઠસ્થ ઇત્યાદિ અનેકવિધ આરાધનાઓથી ભરપૂર જીવન જીવતા **પરમાર ક્ષત્રિય દંપતી રેવાબહેન અંબાલાલભાઈ બાટિયા (ખાંડીઆ,** જિ. વડોદરા, ગુજરાત).

(૫૯) રોજ નવકારશી-ચોવિહાર, પ્રતિક્રમણ, જિનપૂજા, પર્વતિથિઓમાં વિવિધ તપશ્ચર્યા આદિના આરાધક **હરિજન દંપતી લક્ષ્મીબહેન નવીનચંદ્રભાઈ ચાવડા** તથા મૌનપૂર્વક ઉપધાન તપ કરતા **હરિજન અર્જુનભાઈ મકવાણા** આદિ (રાજકોટ-ગુજરાત).

(૬૦) ૧૦૮ એકાસણા-આયંબિલ, નવપદજીની ઓળીઓ ઇત્યાદિ અનેકવિધ આરાધનાઓથી ભરપૂર જીવન જીવતા તથા સ્વયં વિકલાંગ હોવા છતાં બાળકોને ધાર્મિક અધ્યયન કરાવતા દિલીપભાઈ માલવીઆ-લુહાર (પિંડવાડા, જિ. સિરોહી-રાજસ્થાન).

(૬૧) વિશિષ્ટ આત્મસાધક ડૉક્ટર પ્રફુલ્લભાઈ જનસારી (મોચી) (મોટા આસંબીઆ, હાલ ભુજ-કચ્છ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬૨) રોજ સામાયિકમાં જૈન ધર્મના ગ્રંથોનું મનન કરતા તથા રોજ જિનપૂજા, નવકારશી ઉપરાંત ૨૫૦ એકાસણા, ૩૦૦ બયાસણા, વીશ સ્થાનક, નવપદજીની ઓળીઓ ઈત્યાદિ અનેકવિધ આરાધનાઓ કરતા ડૉક્ટર રાધેશ્યામ અગ્રવાલ (ધૂલિયા–મહારાષ્ટ્ર).

(૬૩) દર વર્ષે હજારો રૂ.ની બોલી દ્વારા જિનમંદિરના દ્વારોદ્ઘાટનનો લાભ લેતા તથા અટ્ઠાઈ આદિના આરાધક **કેશવ નામકર સુપરેકર પાટિલ (માલિનાથ–મહા૦).**

(૬૪) અનેકવિધ આરાધનાઓ કરતા **ખીમજીભાઈ જીવાભાઈ પરમાર–દરજી (બોરીવલી–મુંબઈ).**

(૬૫) જૈનાચાર્યના ચાતુર્માસ પરિવર્તનનો લાભ લેનાર, અટ્ઠાઈ, વર્ધમાન તપ ઈત્યાદિના આરાધક **હીનાબહેન વ્રજલાલ–વૈષ્ણવ (માલેગામ–મહારાષ્ટ્ર).**

(૬૬) વગર પગારે દેરાસર તથા સાધુ–સાધ્વીજીની સુંદર વૈયાવચ્ચનો લાભ લેતા **રમેશભાઈ વાળંદ** તથા વર્ષી તપ, ઉપધાન, એકાંતરા ૫૦૦ આયંબિલ આદિ તપ કરનાર તેમનાં ધર્મપત્ની (કાણોદર, તા. પાલનપુર, ગુજરાત).

(૬૭) ફક્ત પાંચ દ્રવ્યથી કાયમ બ્યાસણા, આયંબિલ ઓળી, અઠ્ઠમ, ઉપધાન તપ તથા **બ્રહ્મચર્ય વ્રતના આરાધક મોચી જીવરાજભાઈ ઝાલા (બોટાદ–જિ. ભાવનગર)**

(૬૮) દર સંવત્સરીના ઘરના પાંચેય સભ્યો સહ ચોવિહાર ઉપવાસ કરનારા **પ્રવીણભાઈ લધાભાઈ પટેલ (અમદાવાદ).**

(૬૯) નવપદજીની આયંબિલ ઓળી, અટ્ઠાઈ તપ, રોજ જિનપૂજા તથા સાંજે અચૂક આરતીનો લાભ લેનારા **સોમપુરા મયુરભાઈ (ભોરોલ તીર્થ,** જિ. બનાસકાંઠા).

(૭૦) રોજ ૧૦૮ લોગસ્સ, ૧૦૮ ઉવસગ્ગહરં, ૧૦૮ નવકાર આદિ અનેકવિધ આરાધના કરનાર **મીનાબહેન મહારાષ્ટ્રીઅન (શિરસાડ,** જિ. થાણા).

(૭૧) **૧૦ વર્ષની વયે પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરનાર નેપાલિયન બાલિકા લક્ષ્મી (કલકત્તા).**

(૭૨) પાંચ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ કરનાર ૩ **સગી દરજી બહેનો અલ્પાબહેન, ભવિષાબહેન, પૂજાબહેન (ધોરાજી–**સૌરાષ્ટ્ર).

(૭૩) મીરાંબાઈ જેવી પ્રભુભક્ત બનવાની ભાવના ધરાવતી તથા ૩ વાર અટ્ઠાઈ તપ, ૨ પ્રતિક્રમણ સૂત્રો કંઠસ્થ, રોજ જિનપૂજા, નવકારશી–ચોવિહાર, સાધુ–સાધ્વીજીની વૈયાવચ્ચ તથા સત્સંગનો લાભ લેનાર **નીતાબહેન ચંદુભાઈ દરબાર (કચ્છ–મઉ,** હાલ–ગાંગવા જિ. જામનગર).

(૭૪) રોજ જિનપૂજા, નવકારશી–ચોવિહાર, પ્રતિક્રમણ તથા પર્વતિથિઓમાં ઉપવાસ આયંબિલ આદિ કરનાર **હાંસબાઈમા–ખવાસ (મોટી ખાખર, તા. મુન્દ્રા–કચ્છ).**

(૭૫) **વિધિપૂર્વક સિદ્ધિ તપ કરી સકલ સંઘનાં પોતાના ઘરે પગલાં કરાવનાર** તથા ભંગી હોવા છતાં માંસાહારીના ઘરનું પાણી પણ નહીં પીનાર **મુક્તાબાઈ ભંગી** (સુરેન્દ્રનગર–ભારત સોસાયટી).

(૭૬) જો સાસરામાં રાત્રિભોજન તથા કંદમૂળ ત્યાગ કરવાની અનુમતિ મળશે તો જ લગ્ન કરવાની ટેક ધરાવનાર **હરિજન કન્યા નવલબાઈ તથા કંદમૂળ–ભક્ષણ તેમજ તેની ખેતી પણ નહીં કરતાં તેમના માતા–પિતા મોંઘીબાઈ ભાણાભાઈ તથા માવજીભાઈ, બેચરભાઈ, જાદવણીબાઈ આદિ હરિજનો (પ્રાગપુર, વાગડ–કચ્છ).**

(૭૭) "જો મને નાનપણથી જ જૈન ધર્મ મળ્યો હોત તો લગ્ન ન કરતાં દીક્ષા જ સ્વીકારી લેત" આવી ભાવના ધરાવતા, **અત્યંત ભવભીરુ–પાપભીરુ રેખાબહેન મિસ્ત્રી (અપનાનગર–ગાંધીધામ).**

(૭૮) કેશલોચ, ૮–૧૦ ઉપવાસ, વર્ધમાન તપની ૧૦ ઓળી તથા રોજ જિનપૂજા, સામાયિક–પ્રતિક્રમણ–નવકાર–જાપ તથા ૧૦ વર્ષથી સાધુસંતોની વૈયાવચ્ચ કરતા **બ્રાહ્મણ યુવક ઠાકરશી ખીમજી ગામોટ** (રાપર, તા. અંજાર–કચ્છ), આ વર્ષે અચલગચ્છમાં ૪૫ આગમ અભ્યાસી પ. પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા. પાસે દીક્ષા અંગીકાર કરી મુનિરાજ શ્રી પરમાનંદસાગરજી તરીકે સુંદર આરાધના કરી રહ્યા છે.

(૭૯) ગિરધરનગરમાં સાધ્વી ઉપાશ્રયમાં **મીનાબહેન** ગઢવીને અટ્ઠાઈના ભાવ જાગ્યા. **શંખેશ્વરના ઐતિહાસિક ઉપધાનમાં હારિતાબહેન ગઢવી** સાથે જોડાયા મોક્ષમાળ પહેરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૧મી સદીના કેટલાક વિશિષ્ટ કોટિના આરાધક-રત્ન શ્રાવક-શ્રાવિકાઓની અનુમોદનીય આરાધના

*અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના*
*વિનેય, ૪૫ આગમ અભ્યાસી પ.પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા.*



શ્રી ચતુર્વિધસંઘના ચારેય અંગોમાં પડેલી મહાશક્તિને સમજવા અને અંદરની સારપ પ્રાપ્ત કરી લેવા અમારું આ પુરુષાર્થી અભિયાન સૌને આત્માનંદરૂપ મકરંદનો આસ્વાદ જરૂર કરાવશે એવી અમને પાકી શ્રદ્ધા છે અને આ શ્રદ્ધા જ આપણને ધર્મકાર્યો માટે પ્રેરણા કરે છે.

[નીચેના દૃષ્ટાંતો ઉપરોક્ત લેખક શ્રી દ્વારા સંયોજિત 'બહુરત્ના વસુંધરા' ભાગ-૨ માંથી અત્યંત સંક્ષેપ કરીને રજૂ કરવામાં આવ્યાં છે. વિસ્તારરુચિવાળા વાચકોએ ઉપરોક્ત પુસ્તકનું અચૂક અવગાહન કરવા ખાસ વિનંતિ. પ્રાપ્તિસ્થાન આ લેખના અંતે આપવામાં આવેલ છે. —સંપાદક]

(૧) લગ્ન કરીને ૧૦ વર્ષના સહજીવન છતાં આબાલ-**બ્રહ્મચારી દંપતી ભારતીબહેન જતીનભાઈ** દીક્ષા લઈને બન્યાં તપસ્વી સા. શ્રી ભવ્યગુણાશ્રીજી તથા વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જયદર્શનવિજયજી મ.સા. (પૂ.આ. શ્રી જયઘોષસૂરિજી સમુદાયમાં).

(૨) એક જ વારના પ્રવચનશ્રવણથી **૨૪ વર્ષની ભર યુવાવસ્થામાં આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર દંપતી દક્ષાબહેન દિલીપભાઈ શાહ.** (મૂળ કચ્છ માંડવી-મુન્દ્રાના. હાલ ડહાણુરોડ-મહારાષ્ટ્ર).

(૩) સત્સંગના પ્રભાવે નાસ્તિકમાંથી આસ્તિક બનીને ભાવોલ્લાસપૂર્વકની જિનપૂજાના પ્રભાવે **લગ્ન કરવા છતાં પણ પ્રથમ દિવસથી જ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર દંપતી.**

(૪) શ્રાવકના ૨૧ ગુણોથી અલંકૃત, સર્વ સમુદાયોનાં સાધુ-સાધ્વીજી ભગવંતોની અદ્ભુત વૈયાવચ્ચ દ્વારા સહુ . કૃપાપાત્ર, અજાતશત્રુ **અધ્યાત્મનિષ્ઠ બંધુયુગલ દેવજીભાઈ તથા નાનજીભાઈ ચાંપશી શાહ (ગાંધીધામ-કચ્છ).**

(૫) વૃદ્ધાવસ્થામાં સાધનાનો પ્રારંભ કરીને અનેકવિધ વિશિષ્ટ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત કરનારા **આત્મસાધક ખીમજીભાઈ વાલજી વોરા.** (કચ્છ-નારાણપુર/વસઈ રોડ-મહારાષ્ટ્ર).

(૬) હિમાલયના સિદ્ધયોગી મહાત્માના માર્ગદર્શન મુજબ **નવકાર મહામંત્રની સાધના કરનારા શ્રી દામજીભાઈ જેઠાભાઈ લોડાયા (કચ્છ-સુથરી/** દાદર-મુંબઈ).

(૭) હજાર યાત્રિકોને ૧૦૦ દિવસ સુધી સિદ્ધાચલજી મહાતીર્થની ૯૯ **યાત્રા કરાવનાર બંધુયુગલ શામજીભાઈ તથા મોરારજીભાઈ ગાલા (કચ્છ-મોટા આસંબીઆ/**મુલુંડ-શાયન-મુંબઈ).

(૮) અનેક સદ્ગુણોથી અલંકૃત, ઉદારચરિત, સેવાભાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સુશ્રાવક શ્રી બાબુભાઈ મેઘજી છેડા (કચ્છ–કાંડાગરા**/હાલ દેવલાલી–મહારાષ્ટ્ર).

(૯) સ્વસ્થ હોવા છતાં આત્મસાધના માટે છેલ્લાં ૧૦ વર્ષ પોતાના મકાનથી આજીવન બહાર નહીં જવાનો સંકલ્પ કરીને **અઠ્ઠમના પારણે સાદાં ૫ દ્રવ્યોથી ઠામ ચોવિહાર એકાસણું કરનારા સુશ્રાવક શ્રી પ્રેમજીભાઈ (કચ્છ–કાંડાગરા**/બીચકેન્ડી–મુંબઈ).

(૧૦) **નવકાર મહામંત્રના પ્રભાવથી કેન્સરને કેન્સલ કરાવનાર, વિશિષ્ટ પ્રભુભક્ત સુશ્રાવક શ્રી ધીરજલાલભાઈ ખીમજી** ગંગર **(કચ્છ**–મેરાઉ/ પંતનગર–મુંબઈ).

(૫) **૧૧ કરોડ નવકાર જાપના આરાધક**, અનેકવિધ આધિદૈવિક અનુભવો પ્રાપ્ત કરનાર સુશ્રાવક શ્રી **પ્રાણલાલભાઈ લવજી શાહ (ધ્રાંગધ્રા** જિ. સુરેન્દ્રનગર).

(૧૨) **શ્રી ઋષિમંડલ સ્તોત્રને સિદ્ધ કરનાર**, અનેકવિધ આધ્યાત્મિક તથા આધિદૈવિક અનુભૂતિઓથી સંપન્ન સુશ્રાવક **શ્રી કાંતિલાલભાઈ કેશવલાલ સંઘવી** (સુરેન્દ્રનગર).

(૧૩) વૈજ્ઞાનિક પરીક્ષણો હેઠળ રહીને સળંગ ૨૧૧ તથા **૪૧૧ ઉપવાસ કરનાર, મહાતપસ્વી હીરાચંદભાઈ રતનશી માણેક (કચ્છ–સુજાપુર**/હાલ કલિકા–કેરાલા).

(૧૪) ડૉક્ટરોથી અસાધ્ય એવા હજારો દર્દીઓને કુદરતી બક્ષિસ દ્વારા વિનામૂલ્યે અને વગર દવાએ સાજા કરનાર **સેવાભાવી રતિલાલભાઈ પદમશી પનપારીઆ (કચ્છ–નાગ્રેચા)/હાલ વડોદરા**. ફોન : ૦૨૬૫–૨૬૩૫૮૮/૫૬૬૦૮૨).

(૧૫) રોજ ૯ કલાક પદ્માસનમાં ૫૦ બાધી માળા દ્વારા નવકાર મહામંત્રનો જાપ કરનારા **અપ્રમત્ત 'શ્રાવકશિરોમણિ' મહાતપસ્વી સુશ્રાવક શ્રી દલીચંદભાઈ ધર્માજી.** [ખડકી (પૂના–મહારાષ્ટ્ર)].

(૧૬) રોજ પંચ કલ્યાણકની ઉજવણી તથા ૫૦૦ રૂ.નાં પુષ્પો વગેરે ઉત્કૃષ્ટ દ્રવ્યોથી ૫ કલાક સુધી **અત્યદ્ભુત પ્રભુભક્તિ કરનારા ગિરીશભાઈ તારાચંદ મહેતા** (કાલબાદેવી રોડ–મુંબઈ. ફોન : ૨૦૬૦૫૭૯–૨૦૧૩૦૬૫).

(૧૭) **રોજ ૫૪ જિનાલયોમાં પૂજા કરનારા**, દર મહિને ૯ તીર્થોની અચૂક યાત્રા કરનારા, **સંઘવી સુશ્રાવક નવીનભાઈ ગાંધી** (વિજયનગર–અમદાવાદ).

(૧૮) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને ૧૫ વર્ષમાં પંચાંગ પ્રણિપાત પૂર્વક **૧ કરોડ ખમાસમણ આપનારા**, ૧ કરોડ નવકાર–જાપના આરાધક, અનેકવિધ મોટી તપશ્ચર્યા કરનારા **સુશ્રાવક શ્રી ભોગીલાલભાઈ માણેકચંદજી મહેતા** (ગોધરા–કચ્છ).

(૧૯) ૧૦ વર્ષમાં ૫૫ હજાર કિ.મી.ના પ્રવાસ દ્વારા ભારતભરના **પ્રાયઃ બધા જૈન તીર્થોની પદયાત્રા કરનારા શ્રી રામદયાલ નેમિચંદજી જૈન** (ભરતપુર–રાજસ્થાન).

(૨૦) **શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની ૪૮ વાર ૯૯ યાત્રા**, તથા ૪૪ વાર તલેટીની ૯૯ યાત્રાઓ કરનાર **સુશ્રાવક શ્રી રતિલાલભાઈ જીવરાજભાઈ શેઠ** (હઠીભાઈની ધર્મશાળા–પાલિતાણા).

(૨૧) ૧૫ લાખ રૂ.ના હીરા તથા સોનાના ઉપકરણો આદિથી **વિશિષ્ટ પ્રભુભક્તિ તથા અપૂર્વ ગુરુભક્તિ કરીને સપરિવાર દીક્ષિત બનેલા વિમલભાઈ જીવરાજજી સિંઘવી** (ભીવંડી–મહારાષ્ટ્ર).

(૨૨) **સામાયિક કે જિનપૂજા ન થાય તે દિવસે ૧૦–૧૦ હજાર રૂ. દેરાસરના ભંડારમાં નાખવાની પ્રતિજ્ઞા લેનારા, જીવદયાપ્રેમી શ્રાવકરત્ન ધીરુભાઈ ઝવેરી** (અઠવા લાઈન્સ–સુરત ફોન : ૦૨૬૧–૨૨૮૦૧૮/૨૨૮૦૭૮/૪૧૭૩૫૦).

(૨૩) **રોજ ત્રિકાલ ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ** તથા સિદ્ધચક્રની આરાધના કરનારા ઉત્કૃષ્ટ આરાધક શ્રાદ્ધવર્ય **શ્રી હિંમતભાઈ બેડાવાલા (વાલકેશ્વર–મુંબઈ).**

(૨૪) **રોજ સિદ્ધચક્ર પૂજન કરનારા તથા ૫ વાર વર્ધમાન શક્રસ્તવનો સ્વાધ્યાય–જાપ કરનારા, સ્વાનુભૂતિ સંપન્ન શ્રાદ્ધવર્ય શ્રી બાબુભાઈ કડીવાલા** (પાલડી–અમદાવાદ).

(૨૫) શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં **અજોડ વિધિકાર,**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રાદ્ધવર્ય શ્રી હીરાલાલભાઈ મણિલાલભાઈ શાહ** (ગિરધરનગર–અમદાવાદ).

(૨૬) અટ્ઠમના પારણે અટ્ઠમથી ૯૯ યાત્રા, છટ્ઠના પારણે છટ્ઠથી ૨ વાર ૯૯ યાત્રા, એક જ વર્ષમાં સમેતશિખરજી–ગિરનારજી તથા સિદ્ધાચલજી મહાતીર્થની ૯૯ યાત્રા, કુલ ૨૫થી અધિક વાર ૯૯ યાત્રા, ૧૦૮ દિવસ સુધી રોજ શંખેશ્વર મહા તીર્થના ૫૨ જિનાલયની બહારથી ૧૦૮ પ્રદક્ષિણાઓ, ૬ ગાઉની ૯૯ યાત્રા, ૩ ગાઉની તથા ૧।। ગાઉની ૯૯ યાત્રા, તળાજા તથા કદંબગિરિની તેમજ હસ્તગિરિજીની ૯૯ યાત્રા, ૩ ઉપધાન, ૧૦૮ અટ્ઠમ, ૪ વર્ષીતપ, છટ્ઠના પારણે છટ્ઠથી ૧ વર્ષીતપ, માસક્ષમણ–સિદ્ધિ તપ, વીશસ્થાનક, બ્રહ્મચર્ય વ્રત, ભવાલોચના ઈત્યાદિના **આરાધક–રત્ન દંપતી બચુબહેન ટોકરશીભાઈ દેવજી દેઢિયા (કચ્છ–લાયજા/**ગોરેગામ–મુંબઈ ફોન : ૦૨૨–૨૮૭૩૦૭૨૧–૨૮૭૩૩૪૨૨).

(૨૭) ૧૭ વર્ષની ઉંમરે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી, દીક્ષા ન લઈ શકાય ત્યાં સુધી મિષ્ટાન્ન તથા ઘીના ત્યાગની પ્રતિજ્ઞા સ્વીકારી, વિશિષ્ટ પ્રભુભક્તિ, સાધુ–સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ, સાધર્મિક ભક્તિ, જીવદયા, માનવરાહત, જૈન આચારોનો પ્રસાર, સત્સાહિત્યનું પ્રકાશન ઈત્યાદિ અનેકવિધ સત્પ્રવૃત્તિઓ સદા નિઃસ્પૃહભાવથી કરનારા, **અજોડ પ્રેરણાદાયી વ્યક્તિત્વ ધરાવનારા, શાસનરત્ન, શ્રાદ્ધવર્ય શ્રી કુમારપાળભાઈ વી. શાહ** (શ્રી વર્ધમાન સેવા કેન્દ્ર, ૩૯ કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ પીન : ૩૮૭ ૮૧૦, ફોન : ૦૨૭૧૮–૨૨૨૮૨).

(૨૮) **મુંબઈમાં રહેવા છતાં સંડાસ–બાથરૂમ તથા સલૂનનો ઉપયોગ ટાળનારા,** પોતાના ૨ સુપુત્રોને થયેલ ડૉક્ટરોથી અસાધ્ય બ્લડ કેન્સરની જીવલેણ બિમારીને મ.સા.ની પ્રેરણાનુસાર ધર્મચક્રની આરતીનો ચડાવો લઈ ભાવોલ્લાસપૂર્વક આરતી ઉતારવા દ્વારા મટાડનારા **સુશ્રાવક શ્રી અરવિંદભાઈ દોશી** (૧૨ 'આનંદમંગલ', જાંબલી ગલી, બોરીવલી (વે.) મુંબઈ–૯૨).

(૨૯) **૩ વર્ષ સુધી નિરંતર ઊભાં ઊભાં આત્મસાધના કરનારા,** ૬ વર્ષ સુધી ફક્ત રોટલા અને દાળથી ભોજન કરનારા, ૩ વર્ષ સુધી ઠામ ચોવિહાર એકલઠાણા તપ, ૫૦ વર્ષથી દર શનિવારે સંપૂર્ણ મૌન, ૪૫ વર્ષથી આજીવન બ્રહ્મચર્ય–વ્રત, ૫૦ વર્ષોથી રોજ ૧ કલાક નવકાર–જાપ તથા ૧। કલાક નાડી બંધ કરીને ધ્યાન કરનારા **શ્રાદ્ધવર્ય બંસીલાલજી ઉમેદમલજી ચોરડિયા** (ગણેશ પેઠ, પૂના–મહારાષ્ટ્ર).

(૩૦) સળંગ ૧૮ વર્ષ સુધી મૌનવ્રત ધારણ કરી, ૨ માસક્ષમણ, ફક્ત એક જ દ્રવ્યથી કાયમ એકાસણા તથા તપ–જપ–ભક્તિ–સ્વાધ્યાય–ધ્યાન અને આત્મસ્વરૂપના નિદિધ્યાસન દ્વારા સ્વસ્વરૂપની અનુભૂતિ પ્રાપ્ત કરનારા **સાધકરત્ન અમરચંદભાઈ નાહર (ઝવેરી બજાર–જયપુર** (રાજ.).

(૩૧) માતાના અતિ આગ્રહથી ન છૂટકે લગ્ન કરવા છતાં, ધર્મપત્નીની રાજીખુશીથી સંમતિપૂર્વક **આબાલબ્રહ્મચર્ય વ્રતનું સુવિશુદ્ધ પાલન કરનારા આત્મસાધક ભાસ્કરભાઈ** (કચ્છ–લાલા/ઘાટકોપર–મુંબઈ).

(૩૨) ૩૨–૩૫ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી તેના સુવિશુદ્ધ પાલન માટે અણિશુદ્ધ બ્રહ્મગુપ્તિનું પાલન કરનારા તથા **સરકારી અધિકારી હોવા છતાં** ધર્મપત્નીની પ્રેરણા મુજબ **લાંચ–રુશ્વતથી સદા અલિપ્ત રહેનારા ગુણવંતભાઈ** દીક્ષા લઈ બન્યા છે હાલ પૂ. પં. પ્રવર શ્રી ગુણસુંદરવિજયજી મ.સા.

(૩૩) આજીવન બ્રહ્મચર્યવ્રતના શુભ સંકલ્પના પ્રભાવે ધર્મપત્નીની અસાધ્ય બિમારી ચમત્કારિક રીતે દૂર થતાં **બ્રહ્મવ્રત સ્વીકારતા હસમુખભાઈ** (અમદાવાદ).

(૩૪) ૮૧ આયંબિલ સાથે બ્રહ્મચર્ય વ્રતપાલનના શુભ સંકલ્પથી સગર્ભા પત્નીની અસાધ્ય બિમારી દૂર થતાં **લગ્ન બાદ ૨ વર્ષના ટૂંકા ગાળાથી આજીવન બ્રહ્મચર્ય–વ્રત સ્વીકારનારા હસમુખભાઈ (અમદાવાદ)**એ થનાર પુત્રવધૂ સાથે તથા જમાઈ સાથે પોતાની દીકરી માટે કાયમી નવકારશી–ચોવિહાર તથા અચિત્ત પાણી પીવાની શરત માન્ય થયા બાદ જ લગ્નની સંમતિ આપી.

(૩૫) ૩૨ વર્ષની વયથી આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવાની તીવ્ર તમન્ના હોવા છતાં ગુરુ મહારાજની પ્રેરણા મુજબ દર વર્ષે ૧–૧ વર્ષની પ્રતિજ્ઞા સ્વીકારતાં ૭–૮ વર્ષથી **સુવિશુદ્ધ બ્રહ્મચર્ય–વ્રતનું પાલન કરનાર દંપતી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩૬) ૨૫ વર્ષની યુવાવસ્થાથી માંડીને **વર્ષમાં ફક્ત ૨ કલાકની જયણા સાથે આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારનારા રતિલાલભાઈ (આકોલા**-મહારાષ્ટ્ર).

(૩૭) બાલ્યવયમાં આંખોની રોશની ગુમાવવા છતાં મહેસાણા વિદ્યાપીઠમાં અભ્યાસ કરીને સાધુ-સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓને ૬ કર્મગ્રંથ આદિનું અધ્યયન કરાવતા, વર્ધમાન તપની ૧૦૦ + ૪૫ ઓળીઓ, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, કાયમી એકાસણા આદિ તપશ્ચર્યા કરનારા, રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરનારા, પાઠશાળા તથા સંઘનો કારોબાર સંભાળતા **બાલબ્રહ્મચારી પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી મોતીચંદભાઈ ડુંગરશી (સમી,** જિ. મહેસાણા, ફોન : ૦૨૭૩૩-૨૪૪૪૦૫-૨૪૪૪૬૨).

(૩૮) બાલ્યવયમાં પ્રજ્ઞાચક્ષુ બનવા છતાં સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ કમ્મપયડી તથા પંચસંગ્રહ આદિ કઠિન ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરાવનાર, **બાલબ્રહ્મચારી પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય શ્રી પુખરાજભાઈ.** (શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા-મહેસાણા).

(૩૯) ૨ વર્ષની બાલ્યવયમાં પ્રજ્ઞાચક્ષુ બનવા છતાં ૧૪ વર્ષની વયે વર્ષીતપ કરી, ૨૫૦ સ્તવન તથા પાંચ પ્રતિક્રમણ કંઠસ્થ કરનારા, ૭ વર્ષીતપ, ૨૧૧ અઠ્ઠમ, નવપદજીની ૫૦ ઓળી, ૨૦ સ્થાનક તપ, **૨ વાર ૯૯ યાત્રા, આદિના આરાધક પ્રજ્ઞાચક્ષુ સુશ્રાવક શ્રી મીઠુભાઈ વેલજી ગડા (કચ્છ-નાના રતડીઆ**/ડોંબીવલી (પૂર્વ).

(૪૦) "દૃષ્ટિના અભાવે હું ભલે પ્રભુદર્શન નથી કરી શકતો પરંતુ ભગવાનની અમીદૃષ્ટિ મારી ઉપર પડવાથી મારો બેડો પાર થશે" આવી અનુમોદનીય શ્રદ્ધા સાથે **રોજ ૨ ટાઇમ દેરાસરમાં આવીને વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ કરતા પ્રજ્ઞાચક્ષુ મગનલાલભાઈ (રાવલસર,** જિ. જામનગર).

(૪૧) ૧ કરોડ નવકાર જાપના આરાધક, સળંગ ૧૨ વર્ષોથી વર્ષીતપ સાથે અંજનશલાકા-પ્રતિષ્ઠા આદિના નિઃશુલ્ક સુવિશુદ્ધ વિધિકારક, દર વર્ષે ૬ મહિના વિદેશોમાં પૂજન-પ્રતિષ્ઠા આદિ કરાવનાર, **અત્યંત લોકપ્રિય વિધિકાર શ્રાદ્ધરત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ (કચ્છ-વાંઢ**/ઇર્લા-મુંબઈ ફોન : ૯૮૨૦૩૯૮૪૫૬).

(૪૨) એકાંતરાં આયંબિલ-એકાસણા સાથે કરોડ નવકારનો જાપ કરતા, પ્રતિષ્ઠા તથા વિવિધ પૂજનોમાં નિઃશુલ્કપણે સુવિશુદ્ધ વિધિવિધાનો કરાવતા વિધિકાર શ્રી કેશવજીભાઈ ધારસી ગડા (કચ્છ-રાયધણજાર/હાલ મુલુંડ (પૂર્વ) મુંબઈ ફોન : ૨૧૬૩૧૬૨૬ તથા ૦૯૩૨૨૨૭૧૭૩૪

(૪૩) સળંગ ૮મા વર્ષીતપ સાથે વિવિધ પૂજનો તથા પ્રતિષ્ઠામાં સુવિશુદ્ધ વિધિવિધાનો તથા પ્રભુભક્તિની રમઝટ દ્વારા ઉછામણીઓમાં રંગત જમાવનાર **વિધિકાર તથા સંગીતકાર ચંદ્રકાંતભાઈ પ્રેમજી દેઢિઆ (કચ્છ-બિદડા.** ૦૨૮૩૪-૨૪૪૪૪૬/૨૪૪૫૪૬ તથા ૦૯૮૭૯૦૧૨૯૨૭.

(૪૪) ૧।। વર્ષની ઉંમરથી રોજ જિનપૂજા, નવકારશી-ચોવિહાર તથા અચિત્ત પાણીનો ઉપયોગ કરનાર તથા ૨।। **વર્ષની ઉંમરે અઠ્ઠમ કરનાર મુમુક્ષુ જિનલકુમાર નવીનભાઈ શાહ** (વલસાડ-ગુજરાત).

(૪૫) ૩।। **વર્ષની ઉંમરમાં ૮ ઉપવાસ તથા** ૪।। **વર્ષની ઉંમરે ૧૦ ઉપવાસ** તથા ૬ કર્મગ્રંથાદિનો અભ્યાસ કરીને દીક્ષા લઈ **વિવેકકુમાર બને છે બાલ મુનિ વિવેકસાગર.**

(૪૬) ૧।। **વર્ષની ઉંમરે ઉપવાસ કરનાર શ્રેયાંસકુમાર કમલેશભાઈ શાહ** (વાલકેશ્વર-મુંબઈ).

(૪૭) **૪ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ કરનાર સાગરકુમાર દિલીપભાઈ સૂતરિયા** (જામનગર, હાલ મોરબી).

(૪૮) **૫ થી ૯ વર્ષની બાલ્ય વયમાં અઠ્ઠાઈ તપ કરનાર સુરતના બાળ શ્રાવકો.**

(૧) ખુશબૂ ભદ્રેશભાઈ શાહ (ઉં.વ. ૫), (૨) કોમલ શાંતિલાલ શાહ (ઉં.વ. ૬), (૩) કોમલ મહેશકુમાર શાહ (ઉં.વ. ૫), (૪) પૂજા લલિતભાઈ શાહ (ઉં.વ. ૬), (૫) ચિંતન મહેશકુમાર (ઉં.વ. ૬), (૬) અમી કૌશિકકુમાર (ઉં.વ. ૭), (૭) બીજલ ગિરીશભાઈ (ઉં.વ. ૮), (૮) ભવિષ્યા ભદ્રેશભાઈ (ઉં.વ. ૮), (૯) રચના કેતનભાઈ (ઉં.વ. ૮), (૧૦) પ્રિયંકા વીરેશભાઈ (ઉં.વ. ૮), (૧૧) જિરલ વિરલભાઈ (ઉં.વ. ૫), (૧૨) વિરાટ અશ્વિનભાઈ (ઉં.વ. ૯), (૧૩) કીના ભદ્રેશભાઈ (ઉં.વ. ૯) તથા (૧૪) કુ. નિકિતા દીપકભાઈ મસાલિયા (ઉં.વ. ૯) એ સિદ્ધિતપની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન તપશ્ચર્યા સં. ૨૦૪૯માં પરમ શાસનપ્રભાવક પ.પૂ. આ.ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી મ.સા. (હાલ આચાર્યશ્રી)ની નિશ્રામાં કરેલ.

(૪૯) **અમદાવાદના તપસ્વી તેજસ્વી બાળશ્રાવકો :** રામનગર સાબરમતીમાં સૌરભકુમાર સતીશભાઈ શાહ (ઉં.વ. ૮) તથા કમલ પ્રિયકાંત ઝવેરી (ઉં.વ. ૮) એ સં. ૨૦૫૦માં અઠ્ઠાઈ તપ કરેલ. કાળુશીની પોળમાં સોનલ નીતિનભાઈ શાહ (ઉં.વ. ૧૦) એ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરેલ તથા કૌશલકુમાર જયેન્દ્રભાઈ શાહ (ઉં.વ. ૯) એ અઠ્ઠાઈ તપ કરેલ. તેણે પંચપ્રતિક્રમણ, ૪ પ્રકરણ આદિનો અભ્યાસ કરેલ છે તથા દર પર્યુષણમાં ૬૪ પ્રહરી પૌષધ કરે છે. રંગસાગર ઉપાશ્રય પાસે કુ. બિરવા એ ૮ વર્ષની ઉંમરે અઠ્ઠાઈ તપ કરેલ. શિવાંગી રોહિતભાઈ શાહે ૭ વર્ષની વયમાં ૫ પ્રતિક્રમણ તથા ૯ સ્મરણ કંઠસ્થ કરી લીધેલ. દેવકીનંદન સોસાયટીમાં એક બાળક ૭ વર્ષની વયે ૫ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ તથા ૩ ભાષ્ય પોતાની માતા દ્વારા શીખેલ. જૈનનગરમાં પ.પૂ. આ.ભ. શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં ૫ થી ૮ વર્ષનાં ૭ બાળકોએ અઠ્ઠાઈ તપ કરેલ. કૃષ્ણનગરમાં ૯ વર્ષના જિગરકુમાર કમલેશભાઈ શાહે પર્યુષણમાં સેંકડો શ્રાવકોની ઉપસ્થિતિમાં મોટા અતિચાર, બૃહત્ શાંતિ વગેરે સૂત્રો કડકડાટ બોલીને સહુને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

(૫૦) અમદાવાદમાં સૌરાષ્ટ્ર સોસાયટી-જૈન નગરમાં રહેતા તપસ્વી **સુશ્રાવક શ્રી જસવંતભાઈ લાલભાઈ શાહ** (ઉં.વ. ૭૬) **છેલ્લાં ૩૬ વર્ષોથી દર પર્યુષણમાં અઠ્ઠાઈ તપ કરે છે.**

(૫૧) કચ્છ-ચીઆસરના અને હાલ વડાલા-મુંબઈમાં રહેતા **કિરણભાઈ વેરસી ગડા (ઉં.વ. ૪૭) ૧૦ વર્ષની બાલ્યવયથી દર વર્ષે અઠ્ઠાઈ તપ કરે છે.** તેમણે ૨૫ વર્ષની ઉંમરે, કચ્છ-કેસરી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં સં. ૨૦૪૦માં નીકળેલ મુંબઈથી સમેતશિખરજી તથા સં. ૨૦૪૧માં નીકળેલ સમેતશિખરજીથી પાલિતાણાના વિરાટ છ'રી પાલક મહાયાત્રા સંઘોના કન્વીનર તરીકેની જવાબદારી પોતાના ૨ યુવા મિત્રો રામજીભાઈ શામજી ધરોડ તથા જતીનકુમાર મોરારજી છેડા સાથે મળીને ખૂબ જ સુંદર રીતે સંભાળી હતી.

(૫૨) કાંદીવલી-મહાવીરનગરમાં રહેતી **બાલિકાએ ૧૨ વર્ષની વયે માસક્ષમણ તપ કરેલ.**

(૫૩) રાજસ્થાનમાં દેશનોક ગામમાં સં. ૨૦૪૯માં **કુ. સમતા બાંઠિયાએ ફક્ત ૧૧ વર્ષની વયે માસક્ષમણની મહાન તપશ્ચર્યા કરેલ.**

(૫૪) **કુ. રિદ્ધિ હરીશભાઈ (દિઓરા) એ ૪ વર્ષની બાલ્યવયમાં** સં. ૨૦૨૯ માં મુંબઈ-મલાડમાં પૂ.પૂ. આ.ભ. શ્રી પૂર્ણાનંદસૂરીશ્વજી મ.સા.ની નિશ્રામાં **અઠ્ઠાઈ** તપ કરેલ.

(૫૫) મલાડ (પૂર્વ) મુંબઈમાં રત્નપુરી ઉપાશ્રયમાં સં. ૨૦૩૯-માં વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આ.ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં **ફક્ત ૭ વર્ષના જિજ્ઞેશકુમારે ૪૭ દિવસીય ઉપધાન તપ કરીને સહુને આશ્ચર્ય ચકિત કરી દીધેલ.**

(૫૬) **કુ. કિમી તથા કુ. હર્ષિતાએ ૫ા વર્ષની** વયે પ.પૂ. આ.ભ. શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ગિરિરાજની ૯૯ **યાત્રા વિધિપૂર્વક પૂર્ણ કરેલ.**

(૫૭) **ઘાટકોપરમાં ઋષભકુમાર બિપિનભાઈ મહેતાએ ૧૦ વર્ષની વયે ફક્ત ૩ કલાકમાં એકી બેઠકે સાંભળી સાંભળીને ભક્તામર સ્તોત્ર કંઠસ્થ કરેલ.** આજ બાળકે રત્નાકર પચીશી (૨૫ શ્લોક), અરિહંત વંદનાવલિ (૪૯ શ્લોક) તથા સકલાર્હત્ સ્તોત્રનો ગુજરાતીમાં પદ્યાનુવાદ (૩૪ શ્લોક) પણ વિવિધ મુનિરાજોની પાસેથી સાંભળી સાંભળીને ફક્ત ૨-૨ કલાકમાં જ કંઠસ્થ કરી લીધેલ. (પંકજ B બ્લોક નં. ૮૦, હોટલ એરવેઝની પાસે, એલ.બી. શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર-મુંબઈ-૮૬ ફોન : ૨૫૧૪૯૦૭૮).

(૫૮) ૪૧ દિવસની ઉંમરથી નિયમિત જિનપૂજા, ૧ વર્ષની ઉંમરથી રાત્રિભોજન ત્યાગથી ઉકાળેલા અચિત્ત પાણીનો ઉપયોગ તેમ જ **૪ વર્ષની ઉંમરથી દર વર્ષે ૨ વાર નવપદજીની આયંબિલ ઓળી અચૂક કરનાર ભાઈ-બહેન કુમારપાલ તથા મયણા** (મુંબઈ).

(૫૯) **૧૧** વર્ષની વયે પ્રતના આધાર વિના મૌખિક રીતે સિદ્ધચક્ર મહાપૂજનાદિ ભણાવતા, વિદેશોમાં અંગ્રેજીમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવચન આપતા, **કરોડ નવકારના આરાધક કચવન્નકુમાર નરેન્દ્રભાઈ રામજી નંદુ** તથા તેમના ભત્રીજા **બાળ વિધિકારો જયકુમાર તથા મેઘકુમાર નંદુ. (કચ્છ–વાંઢ/ઈર્લા–મુંબઈ** ફોન : ૯૮૨૦૩૯૮૪૫૬.

(૬૦) પોતાના જાનના જોખમે ઘોડા તથા અનેકવાર માછલીઓને અભયદાન અપાવનાર વિશિષ્ટ **જીવદયાપ્રેમી સુશ્રાવક શ્રી રતિલાલભાઈ જીવણ અબજી (વઢવાણ)**ના ૮ વિશિષ્ટ પ્રસંગો.

(૬૧) ૧૫૦૦ ભૂંડને બચાવનાર **જીવદયાપ્રેમી સુશ્રાવક શ્રી બાબુભાઈ–કટોસણવાળા** સં. ૨૦૩૮માં આગમપ્રજ્ઞ પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા. પાસે દીક્ષા લઈ બાહુવિજયજી મ.સા. બન્યા. આજીવન એકાસણાથી ઓછું નહીં કરનાર આ મહાત્માએ એકાંતરા ૫૦૦ આયંબિલ–એકાસણા, નવપદની ૮૦ ઓળીઓ, દીક્ષાના પ્રથમ વર્ષે જ માસક્ષમણ આદિ તપશ્ચર્યા કરી છે.

(૬૨) **દર વર્ષે સેંકડો બકરાંઓની સામૂહિક બલિપ્રથાને બંધ કરાવનાર શ્રાદ્ધવર્ય શ્રી સુમતિભાઈ રાજારામ શાહ નિપાણી**, જિ. બેલગામ (કર્ણાટક)].

(૬૩) જે દિવસે એક પણ પશુને અભયદાન અપાવી ન શકાય તેના બીજા દિવસે ચોવિહાર ઉપવાસ કરવાની પ્રતિજ્ઞા છેલ્લાં ૩૦ વર્ષથી પાલી રહેલા **જીવદયાપ્રેમી સુશ્રાવક બાપુલાલભાઈ મોહનલાલ શાહ** જીવદયાના પ્રભાવે જ મૃત્યુના મુખમાંથી પાછા ફર્યા. દર મહિને ૧૦૦ જેટલા પશુઓને તેઓ બચાવે છે. ચિમનગઢ વગેરે ૩ ઠેકાણે પાંજરાપોળોની સ્થાપના તેમણે કરાવી છે. કુલ ૫ પાંજરાપોળ સ્થાપવાની તેમની ભાવના છે. આજીવન એકાસણાની પ્રતિજ્ઞા ૩૦ વર્ષથી પાળી રહ્યા છે. તદુપરાંત ૨ વર્ષીતપ, ૫૦૦ આયંબિલ આદિ તપશ્ચર્યા પણ તેમણે કરી છે. (ચિમનગઢ, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા–ઉ. ગુજરાત).

(૬૪) ખાડામાં પડેલી ભેંસને બહાર કાઢવા માટે ૩ રેલ્વે એન્જિન, ૩ રેલ્વેના ડબ્બા તથા ૨૫ માણસોનો સ્ટાફ ગોઠવીને ભેંસને બચાવનાર **જીવદયાપ્રેમી સુશ્રાવક શ્રી અશોકભાઈ શાહ**ના ધર્મપત્ની તથા ૨ સુપુત્રોએ પણ દીક્ષા લીધેલ છે. (ગણેશ પેઠ, **પૂના–મહારાષ્ટ્ર**).

(૬૬) ૧૩૦થી અધિક સાધુ–સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓને નિઃશુલ્કપણે B.A. તથા M.A. સમકક્ષ હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત તથા ગુજરાતી ભાષાના વિવિધ વિષયોનો અભ્યાસ કરાવનાર **આદર્શ શિક્ષક શ્રી જસવંતભાઈ ડી. દફ્તરી** એ સ્થનાકવાસી હોવા છતાં શત્રુંજય મહાતીર્થની ૨ વાર ૯૯ યાત્રા, ૩ વાર તલેટીની ૯૯ યાત્રા, મુંબઈ આદિથી ૧૦૮ વાર પાલિતાણાની યાત્રા કરી છે. ૩૧ જણાને સ્વદ્રવ્યથી પાલિતાણાની યાત્રા કરાવી છે. ૨૯ વર્ષની વયથી બ્રહ્મચર્ય–વ્રતનું પાલન તથા ઉપવાસ–આયંબિલ–એકાસણાથી ૩ વાર ૨૦ સ્થાનક તપની આરાધના, ૧૧ ઉપવાસ, સળંગ ૭ છઠ્ઠ, ૬૨૫ એકાસણા આદિ અનેકવિધ તપશ્ચર્યા કરી છે. અનેક ધાર્મિક શિબિરોનું સંચાલન પણ કરેલ છે. (૬/૨૫ પોદાર પાર્ક સોસાયટી, **મલાડ (પૂર્વ)–મુંબઈ**–૯૭ ફોન : ૨૮૮૩૪૮૯૨.

(૬૭) સરકારી બાંધકામના નિરીક્ષક અધિકારી એન્જિનિયર હોવા છતાં કદી ૧ રૂા.ની પણ લાંચ–રુશ્વત નહીં લેનાર **શ્રી શાંતિલાલભાઈ શિવલાલ શાહની અદ્‌ભુત પ્રામાણિકતા.** (વિજયનગર–અમદાવાદ ફોન : ૦૭૯–૨૭૪૮૨૩૧૩.

(૬૮) ૩૨ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્ય તથા એકાસણાની પ્રતિજ્ઞા સ્વીકારી આજીવન ૫ વિગઈઓનો ત્યાગ, સંથારા પર શયન, સળંગ ૫૦૦/૧૦૦૮ આયંબિલ, ૧ માસક્ષમણ, ૩ વર્ષીતપ, ૨ સિદ્ધિ તપ, ૨૧ ઉપવાસ, ૨ વાર ૧૬ ઉપવાસ, ૨ વાર ૧૧ ઉપવાસ, ૬ વાર અટ્ઠાઈ, વર્ધમાન તપની ૮૨ ઓળીઓ ઈત્યાદિ **અનેકવિધ આરાધના કરનાર સુશ્રાવક શ્રી છોટાલાલભાઈ ભીખાભાઈ મશ્કારિયા** (૯૭/૫૮૦ વિજયનગર–અમદાવાદ. ફોન : ૦૭૯–૨૭૪૧૯૨૩૩).

(૬૯) (૧) ૧૨૨ ઉપવાસ, (૨) ૧૦૮ ઉપવાસ, (૩) ૭૨ ઉપવાસ, (૪) ૬૮ ઉપવાસ, (૫) ૩ વાર ૪૫ ઉપવાસ, (૬) ૩૬ ઉપવાસ, (૭) ૬ વાર માસક્ષમણ, (૮) શંખેશ્વર તીર્થમાં ૩૦૦ અટ્ઠમ ઈત્યાદિ **ભીષ્મ તપશ્ચર્યા કરનાર કચ્છી પંડિત નરેશભાઈ લાલજીભાઈ શાહ** (વિક્રોલી પૂર્વ–મુંબઈ).

(૭૦) ૫૭ વર્ષની વયે વર્ધમાન આયંબિલ તપનો પ્રારંભ કરીને **સળંગ ૧૦૩ ઓળીઓ કરનારા વીરમગામના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**મહાતપસ્વી સુશ્રાવક શ્રી રતિલાલભાઈ ખોડીદાસ શાહ.** તેમણે અનેક ઓળી-અલૂણાં ૫ દ્રવ્ય સાથે ઠામ ચોવિહારના અભિગ્રહ સાથે પૂર્ણ કરી તથા અનેક ઓળી ફક્ત રોટલી અને દાળ આ બે જ દ્રવ્યથી ઠામ ચોવિહાર આયંબિલ દ્વારા કરેલ!.....

(૭૧) સળંગ ૧૦ હજારથી અધિક આયંબિલ (સળંગ ૧૪૦ ઓળી)ના પરમ **તપસ્વી બાલબ્રહ્મચારી સુશ્રાવક શ્રી દલપતભાઈ તારાચંદજી બોથરા**એ ૧૦૦ ઓળી પછી ૧૦૧-૧૦૨.....એ રીતે ૧૪૦ ઓળી સં. ૨૦૫૬ સુધીમાં કરેલ. ત્યારબાદ પણ ઓળી ચાલુ જ હશે! (સાહુકાર પેઠ-મદ્રાસ ફોન : ૨૫૮૭૫૨૧ P.P. હુકમીચંદજી સમદડિયા)

(૭૨) રોજ ૨ા કલાક સુધી સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી જિનપૂજા, ૨ ટાઈમ પ્રતિક્રમણ તથા સામાયિક, નવકારશી-ચોવિહાર, પર્વતિથિઓમાં આયંબિલ, નિત્ય બ્યાસણા, દર રવિવારે કુંભોજગિરિની યાત્રા તથા ત્યાં વિના મૂલ્યે ગરીબોની સેવા વગેરે આરાધનાઓ કરતા બેલગામ જિલ્લા **(કર્ણાટક)ના સર્વોત્તમ આરાધક નિપાણીના યુવા ડોક્ટર અજિતભાઈ દીવાણી** (ફોન : ૦૮૩૩૮-૨૨૦૪૮૫/૨૩૧૪૮૫)

(૭૩) **ભક્તિ-મૈત્રી તથા શુદ્ધિના ત્રિવેણી સંગમરૂપ અજોડ તપસ્વી સુશ્રાવક શ્રી શેષમલજી પંડ્યા એ (મદ્રાસ**-ફોન : ૦૪૪-૨૫૮૯૭૬૮-૨૫૬૪૬૯૯) વર્ધમાન તપની ૧૦૦ + ૧૫ ઓળીઓ કરી છે. તેમાં ૧ થી ૯૪ ઓળી સુધી એકાંતરા ઉપવાસ + આયંબિલ કરતા. બધી ઓળીઓના બધા આયંબિલ ઠામ ચોવિહાર પુરિમઢના પચ્ચક્ખાણપૂર્વક બહુધા ૨ જ દ્રવ્યોથી અભિગ્રહપૂર્વક કરેલ છે. ૬૮મી ઓળી ફક્ત ભાત + પાણીથી કરેલ. ૧૦૦મી ઓળી ફક્ત એક જ ધાન્યથી કરેલ. ગરીબોને મફત ભોજનની વ્યવસ્થા તેમણે કરી છે. પોતાના ગૃહ જિનાલયમાં રોજ વિશિષ્ટ રીતે પ્રભુભક્તિ કરે છે. અધ્યાત્મયોગી પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી મ.સા.ના સત્સંગથી તેઓ આ જાતનું સાધનામય જીવન જીવી રહ્યા છે.

(૭૪) ઉપરોક્ત પંન્યાસજી ભગવંતની પ્રેરણાથી મદ્રાસમાં **લલિતભાઈ એમ. શાહ પણ નવકાર મહામંત્રના વિશિષ્ટ સાધક તથા પ્રભાવક છે.** (ફોન : ૦૪૪-૨૫૮૧૫૪૮).

(૭૫) જિનપૂજા, પ્રતિક્રમણ, સાધર્મિક ભક્તિ કે એક પણ સાધુને વંદન કરવાનું ચૂકી જવાય તો બીજે દિવસે ચોવિહાર ઉપવાસ કરનારા, આજીવન જ સાદા દ્રવ્યોથી એકાસન કરનારા, છેવટે સપરિવાર દીક્ષા લઈને **ધનજીભાઈમાંથી મુનિરાજ શ્રી ભદ્રશીલવિજયજી મ.સા.** બનનારા કચ્છ-સાંધવના ધનજીભાઈ શિવજી શાહ-તેમના ૨ સુપુત્રો આજે પ.પૂ. આ.ભ. શ્રી ગુણશીલસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજ શ્રી કુલશીલવિજયજી મ.સા. તરીકે સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે.

(૭૬) **પોપટ તરીકેના પૂર્વભવમાં સિદ્ધાચલજી મહાતીર્થમાં આદિનાથદાદાની ચંદન તથા પુષ્પથી પૂજા કરનારા સુશ્રાવક શ્રી સિદ્ધરાજજી ઢઢ્ઢા** (જયપુર-રાજ.).

(૭૭) અરિહંત પરમાત્મા સિવાય અન્ય કોઈ દેવ-દેવી આદિને કટોકટીના પ્રસંગોમાં નહીં નમવાની દૃઢ પ્રતિજ્ઞાના પાલક, **ચુસ્ત સમ્યગ્દર્શનપ્રેમી અમલનેર (મહારાષ્ટ્ર) ના સુશ્રાવક શ્રી નેમિચંદજી કોઠારી** આખરે સંયમ સ્વીકારી બન્યા વિશુદ્ધ સંયમી મુનિરાજ શ્રી નંદીશ્વરવિજયજી મ.સા.

(૭૮) **પોતાની દીકરીના લગ્નપ્રસંગને ધાર્મિક મહોત્સવ રૂપે ઉજવનારા, નાસિક (મહારાષ્ટ્ર) ના સુશ્રાવક બોરાભાઈ વકીલ.**

(૭૯) રાજા ઋષભ દ્વારા પ્રવર્તિત આર્ય સંસ્કૃતિની પરંપરા તથા મર્યાદાનુસાર સંપન્ન થયેલાં કેટલાંક શાસનપ્રભાવક સત્કાર્યોની ઝલક. કોટ્યાધિપતિ ગર્ભશ્રીમંત પરિવારમાં જન્મેલા **અતુલભાઈ દલપતભાઈ શાહ** આર્યસંસ્કૃતિની મર્યાદાઓનું પાલન કરીને ઐતિહાસિક સમારોહપૂર્વક દીક્ષા લઈને બન્યા મુનિરાજ શ્રી હિતરુચિવિજયજી મ.સા.

(૮૦) **સર્વપ્રથમવાર આયોજિત થયેલ ગિરનારજી મહાતીર્થની ચતુર્વિધ સંઘની સમૂહ ૯૯ યાત્રામાં થયેલ અનુમોદનીય આરાધનાની ઝલક.**

(૮૧) વિદ્યાર્થીઓને નાસ્તિક બનાવનાર કેવલ ભૌતિકતાલક્ષી આધુનિક શિક્ષણનો પરિત્યાગ કરીને **ગુરુકુલની પ્રાચીન પરંપરા મુજબના શિક્ષણનો પ્રયોગ કરનારા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉત્તમભાઈ જવાનમલજી બેડાવાલા (રામનગર, સાબરમતી**–અમદાવાદ. ફોન : ૦૭૯–૨૭૪૮૬૧૭૮).

(૮૨) **શ્રી કે. પી. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ તથા સ્વ. ભેરુમલજી હુકમીચંદજી બાફના (માલગામ–રાજસ્થાન) પરિવારનાં અત્યંત અનુમોદનીય અનેકવિધ વિશિષ્ટ સુકૃતોની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.** (ફોન : કે. પી. સંઘવી પરિવાર–સુરત ૦૨૬૧–૨૪૨૧૨૫૧, મુંબઈ ૨૩૬૩૦૩૧૫/૨૩૬૩૦૪૪૯ તથા સ્વ. બાફના પરિવાર સુરતમાં મોહનભાઈ ૦૨૬૧–૨૪૨૯૫૭૪ તેમ જ મુંબઈમાં સંઘવી તારાચંદજી ૨૩૬૮૨૦૦૨).

(૮૩) લગભગ ૧૩૦૦થી અધિક સાધર્મિકોને કુલ ૧ કરોડ રૂા.થી અધિક વગર વ્યાજની લોન આપનાર **'સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ'ની સ્થાપના કરનાર શ્રી પ્રકાશભાઈ ઝવેરી** (ઓપેરા હાઉસ–મુંબઈ ફોન : ૨૩૬૧૪૪૭૫).

(૮૪) દર મહિને લાખો રૂા. સાધર્મિક ભક્તિ માટે વાપરતા **અજોડ સાધર્મિક ભક્ત ઉદારદિલ શ્રાદ્ધવર્ય શ્રી રસિકભાઈ મગનલાલ શાહ (બારડોલી**–જિ. સુરત ફોન : ૦૨૬૨૨–૨૨૦૦૪૫/૨૨૦૬૪૫).

(૮૫) **૪૫ વર્ષોથી સળંગ છઠ્ઠના પારણે એકાસણા કરનારા મહાતપસ્વી સુશ્રાવક શ્રી રસિકભાઈ શાહ (પૂના**–મહારાષ્ટ્ર).

(૮૬) **અઠ્ઠાઈથી વર્ષીતપના મહાતપસ્વી સુશ્રાવક શ્રી નવીનભાઈ શાહ (ભાયંદર**–પશ્ચિમ–મુંબઈ).

(૮૭) પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વ આદિનો અભ્યાસ, રોજ ૨ ટાઈમ પ્રતિક્રમણ, જિનપૂજા, નવકારશી–ચોવિહાર તથા અનેક ધાર્મિક પૂજનો નિઃશુલ્ક રીતે કરાવનાર **ડૉ. પ્રવીણભાઈ મહેતા પરિવાર (રાજકોટ).**

(૮૮) **૪૦૦ થી અધિક વાર મુંબઈથી શંખેશ્વર મહાતીર્થની દર પૂનમે યાત્રા કરનારા** (૧) વિનોદભાઈ દેવજીભાઈ ગંગર (કચ્છ–ગોધરા–મુંબઈ–બોરીવલી (પૂર્વ) (૨) પ્રેમચંદભાઈ દેવરાજ દેઢિયા (નવાગામ–હાલાર/માહીમ સ્ટેશન–મુંબઈ) (૩) હીરજીભાઈ રણમલ [(દાંતા–હાલાર/ભીવંડી (થાણા)].

(૮૯) **શ્રાદ્ધરત્ન શ્રી રજનીભાઈ દેવડી તથા શ્રી શાંતિચંદ બાલુભાઈ ઝવેરીએ** ૧૭ વર્ષ પૂર્વે તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના ૧૮ અભિષેક અત્યંત વિશિષ્ટ રીતે ભાવોલ્લાસપૂર્વક કરાવીને સિદ્ધિગતિનું રીઝર્વેશન કરાવી લીધું.

(૯૦) **લગ્ન થવા છતાં આબાલબ્રહ્મચારી રહીને દીક્ષા અંગીકાર કરી** ખંભાતનાં મૂલીબહેન અંબાલાલભાઈની સુપુત્રી **વિજયાબહેન સા. શ્રી વસંતપ્રભાશ્રીજી બની** ગુરુણી તથા પ્રગુરુણીની વૈયાવચ્ચ કરતાં કરતાં માસક્ષમણ, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, ધર્મચક્ર તપ, ચત્તારિ અટ્ઠ દશ દોય તપ, વીશ સ્થાનક, વર્ષીતપ ૧૭–૧૬–૧૫–૧૨–૧૧ ઉપવાસ, અનેકવાર અઠ્ઠાઈ–અઠ્ઠમ–છઠ્ઠ, વર્ધમાન તપની ૫૦ ઓળી આદિ તપ દ્વારા કર્મો સામે સફળ જંગ માંડતાં ગચ્છાધિપતિશ્રી દ્વારા 'જંગ એ બહાદુર' નું બિરુદ પામી સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે.

(૯૧) લગ્ન કરાવવા માટે માતા–પિતા દ્વારા આમંત્રિત યુવકના વડીલો પાસેથી યુક્તિપૂર્વક છટકીને ભારે પરાક્રમપૂર્વક સંયમ પ્રાપ્ત કરીને **સાણંદનાં કુમુદબહેન કેશવલાલ સંઘવી** ૨૧ વર્ષની વયે સંયમ સ્વીકારી 'જથા આરાના સાધ્વીજી' તરીકે પ્રખ્યાત **સા. શ્રી પદ્મલતાશ્રીજી** બન્યાં.

(૯૨) **વાગડમાં રાપર ગામમાં રત્નકુક્ષિ સુશ્રાવિકા શ્રી કુંવરબાઈ મણિલાલભાઈની ગ્રેજ્યુએટ થયેલી ૮ સુપુત્રીઓ** વનિતાબહેન, મધુબહેન, ભારતીબહેન, ચાંદનીબહેન, રોશનીબહેન, જ્યોતિબહેન, શીલુબહેન તથા પ્રીતિબહેને સં. ૧૯૭૮, સં. ૧૯૮૪ તથા સં. ૧૯૯૫માં દીક્ષા અંગીકાર કરી અનુક્રમે વંદિતાબાઈ મહાસતીજી, મિતાબાઈ મહાસતીજી, ભારતીબાઈ મહાસતીજી, ચાંદનીબાઈ મહાસતીજી, રોશનીબાઈ મહાસતીજી, સુવ્રતાબાઈ મહાસતીજી, સુહાનીબાઈ મહાસતીજી તથા પ્રિયાંશીબાઈ મહાસતીજી બની **સુંદર સંયમ પાળી રહ્યાં છે.** તેમાંથી મિતાબાઈ મહાસતીજી તો ૧૨–૧૨ મહિના સુધી મૌન, ઘણી વાર એકાંતરે મૌન, રાત્રે ૨ાા–૩ વાગે ઊઠીને આગમસૂત્રોના અર્થનું ચિંતન તથા કોઈની પણ નિંદા કરવી કે સાંભળવી નહીં તેવી પ્રતિજ્ઞા લઈને સુંદર રીતે પાળી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯૩) ૧૮૦/૧૭૫/૧૨૪/૬૮/૬૧ ચોવિહારા ૫૧ ઉપવાસ ૪૧/૩૬/૩૦/૧૭/૧૬ (૨ વાર) ચોવિહારા ૧૫ ઉપવાસ ૧૧/૯/૮ ઉપવાસ, ઉપવાસના પારણે આયંબિલથી વર્ષીતપ, અઠ્ઠમના પારણે ફક્ત રોટલી-પાણીથી વર્ષીતપમાં ૬-૯-૬૧-૫૧ ઉપવાસ!, એક ધાન્યથી નવપદજીની ૧૧ ઓળી, એક દાણાથી નવપદજીની ૯ ઓળી, સળંગ ૫૦૦/૧૨૦/૫૧ આયંબિલ ઈત્યાદિ હેરત પમાડે તેવી અનેકવિધ મહાન તપશ્ચર્યાઓ સહજતાથી કરતાં **મહાતપસ્વી સુશ્રાવિકા શ્રીમતી વિમલાબાઈ વીરચંદ પારેખ (મદ્રાસ,** ફોન : ૦૪૪-૨૫૨૧૧૪૪૭).

(૯૪) સળંગ અઠ્ઠમ તપ સાથે ૭ વાર છ'રી પાલક સંઘોમાં પદયાત્રા, ૪ માસક્ષમણમાંથી ૨ માસક્ષમણ દરમ્યાન ૨૦-૨૦ ઉપવાસ સુધી પગે ચાલીને તીર્થયાત્રાઓ કરનાર, ૧૪ વર્ષીતપ, ૨૪૦ અઠ્ઠમ, અનેક અટ્ઠાઈ, ૨-૨ વાર શ્રેણિ તપ તથા સિદ્ધિ તપ, ૨ વાર ભદ્ર તપ, ૨૦ સ્થાનક તપ, ૩ ઉપધાન, ૩૬ વર્ષની ઉંમરથી સજોડે આજીવન બ્રહ્મચર્ય......ઈત્યાદિ **અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યા સહજતાથી કરનારાં મહાતપસ્વી સુશ્રાવિકા કંચનબહેન ગણેશમલજી લામગોતા (પરેલ**-મુંબઈ ફોન : ૨૪૧૩૭૮૬૨)

(૯૫) **૧ ઉપવાસથી માંડીને ૮ ઉપવાસ સુધીનાં કુલ ૪૮ વર્ષીતપોના. આરાધક રાધનપુરનાં મહાતપસ્વી સુશ્રાવિકા સરસ્વતીબહેન કાંતિલાલભાઈ.**

(૯૬) **સોળભત્તાથી વર્ષીતપ,** અઠ્ઠાઈથી વર્ષીતપ, ૨ વાર છઠ્ઠથી વર્ષીતપ, ઉપવાસથી વર્ષીતપ, સળંગ ૧૦૮/૭૦/૬૮/૫૮ ઉપવાસ છ'રી પાલક સંઘમાં ૪૫ ઉપવાસ/ ૫ માસક્ષમણ/૧૬/૧૫/૧૦/૩૦ વાર અઠ્ઠાઈ/૨૨૯ છઠ્ઠ, સિદ્ધિ તપ ચત્તારિ-અઠ્ઠ-દશ-દોય તપ ઈત્યાદિ **અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યા કરનારા મહાતપસ્વી સુશ્રાવિકા સરસ્વતીબહેન જસવંતલાલ કાપડિયા** (કતારગામ-સુરત).

(૯૭) ૧૫૦ અટ્ઠાઈ, ૧૧૦૮ થી અધિક અઠ્ઠમ, ૨૨૯ છઠ્ઠ, અઠ્ઠમથી વર્ષીતપ, છઠ્ઠથી વર્ષીતપ, ઉપવાસથી વર્ષીતપ, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, વર્ધમાન તપની ૧૦૧ ઓળી, સળંગ ૮૨૫ તથા ૫૦૦ આયંબિલ, આયંબિલથી ઉપધાન તપ, ૯૯ યાત્રા, ૯ લાખ નવકાર જાપ, ૧૨ વાર ૨૪ તીર્થંકરોનાં એકાસણા, ધર્મચક્ર તપ, શત્રુંજય તપ ઈત્યાદિ **અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યા કરનારા મહાતપસ્વી સુશ્રાવિકા ચંદ્રાબહેન બાબુલાલ સંઘવી (ખડકી-પૂના-મહારાષ્ટ્ર).**

(૯૮) અઠ્ઠાઈના પારણે ૨૨ દ્રવ્યોથી એકાસણાપૂર્વક સળંગ ૩૧ અઠ્ઠાઈ, ભગવાન શ્રી મહાવીર સ્વામીએ છદ્મસ્થકાલમાં કરેલ ૧૨ અઠ્ઠમ, ૨૨૯ છઠ્ઠ વગેરે કુલ ૪૧૪૯ ઉપવાસ!, શ્રેણિ તપ, સિદ્ધિ તપ, ૨૦ થી અધિક વર્ષો સુધી દર વર્ષે ૬ અઠ્ઠાઈઓમાં ૮ કે ૯ ઉપવાસ, મહાભદ્ર તપ, ભદ્ર તપ, ભદ્રોત્તર તપ, ધર્મચક્ર તપ, પંચ કલ્યાણક તપ, ફક્ત બે જ દ્રવ્યથી સળંગ ૫૦૦ આયંબિલ, છેલ્લાં ૪૦ વર્ષોમાં એકાંતરા ઉપવાસથી ઓછું તપ નહીં, ૨ વર્ષીતપ ઈત્યાદિ **અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યાઓ અત્યંત અપ્રમત્તપણે કરનારાં મહાતપસ્વી સુશ્રાવિકા ઝમકુબહેન લાલજીભાઈ ખોના** (કચ્છ-**નલીઆ**/મુલુંડ-મુંબઈ).

(૯૯) **ચરવડા (પૂના) નિવાસી મહાતપસ્વિની સુશ્રાવિકા મૈનાબાઈ કચરદાસજી ચોરડિયા** છેલ્લાં ૩૫ વર્ષોથી રોજ ૧૫ સામાયિક, ૫ કલાકમૌન પૂર્વક ૧૫ નવકારવાળી, ૧ લોગસ્સની માળા, ૧ નમોત્થુણંની માળા, સળંગ ૨૦ વર્ષીતપમાં દર મહિને ૫ છઠ્ઠ તથા ૧ અઠ્ઠમ, ૧૦ માસક્ષમણ, ૫૧ ઉપવાસ, ૨૦ વર્ષથી રોજ ૧૦૮ ખમાસમણ, સળંગ ૬ મહિના આયંબિલ આદિ આરાધનાઓ અપ્રમત્તપણે કરી રહ્યા છે. પરિણામે તેમના આત્મામાં રોગ-નિવારણ આદિ કેટલીક લબ્ધિઓ પણ ઉત્પન્ન થઈ છે.

(૧૦૦) ૧૦૮ અઠ્ઠાઈ, ૧૦૮ અઠ્ઠમ, અઠ્ઠમ-છઠ્ઠ-ઉપવાસથી ૩ વર્ષીતપ, ૨૨૯ છઠ્ઠ, સિદ્ધિ-શ્રેણિ તપ, ભદ્ર-મહાભદ્ર તપ, ૩ ઉપધાન, ૬૮ ઉપવાસ, ૨૦ સ્થાનક તપ, ૮-૯-૧૦-૧૧-૧૨-૨૧-૩૦ ઉપવાસ, સમવસરણ-સિંહાસન તપ, રોજ ૧૦૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ ઈત્યાદિ **અનેકવિધ ભીષ્મ તપશ્ચર્યા કરનાર મહાતપસ્વી સુશ્રાવિકા કમલાબહેન ઘેવરચંદજી કટારિયા (ખાર-વેસ્ટ-મુંબઈ** ફોન : ૨૬૦૪૪૯૫૮).

(૧૦૧) રોજ ૧૨ કિ.મી. દૂર બસમાં જઈને અચૂક જિનપૂજા કરનારા, પચાસેક વાર મુંબઈ જવાના પ્રસંગોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંડાસનો ઉપયોગ ટાળવા માટે દર વખતે અઠ્ઠમ તપ કરીને ૩ દિવસમાં મુંબઈથી પાછા આવી જનારાં, ૧૦ મહિના સુધી આંખોની રોશની ચાલી જવા છતાં કાયમ એકાસણાથી ઓછું પચ્ચક્ખાણ નહીં કરનારા, દીક્ષા લઈને વર્ધમાન તપની ૧૦૦મી ઓળી ફક્ત રોટલી અને પાણીથી વિહાર દરમ્યાન કરનારા, રોજ અપ્રમત્તપણે ૧૦૦ બાધી નવકારવાળીનો જાપ કરનારા **ખેતીબાઈ ભચુભાઈ દેઢિઆમાંથી સા. શ્રી સંયમપૂર્ણાશ્રીજી** બનેલાં અપ્રમત્ત આરાધિકાંની ભૂરિશઃ હાર્દિક અનુમોદના. તેમનાં બંને સુપુત્રીઓએ પણ દીક્ષા લઈને સા. શ્રી સુભદ્રયશાશ્રીજી તથા સા. શ્રી શ્રુતદર્શનાશ્રીજી તરીકે સુંદર સંયમ પાળી રહ્યાં છે. હાલ તેઓ પાટણમાં બિરાજમાન છે.

(૧૦૨) પોતાનાં ૨ સંતાનોને સહર્ષ સંયમના પંથે વાળનાર, સ્વયં નિયમિત જિનપૂજા, ઉભય કાલ પ્રતિક્રમણ, ૧૨ વ્રતોનો સ્વીકાર, વર્ષીતપ–વીશસ્થાનક તપ–વર્ધમાન તપની ૪૫ ઓળી, સિદ્ધાચલજી મહાતીર્થની ૯૯ યાત્રા સહ ભવપૂજા, સાધુ–સાધ્વીજી ભગવંતોની ભાવથી ભક્તિ, પાંચ પ્રતિક્રમણ, સંસ્કૃત બુકો આદિનો અભ્યાસ ઈત્યાદિ દ્વારા **રત્નત્રયીની અનુમોદનીય આરાધના કરનારા રત્નકુક્ષિ આદર્શ શ્રાવિકારત્ન શ્રી પાનબાઈ રાયસી ગાલા (કચ્છ–ઉનડોઠ મોટી–હાલ લાયજા–કચ્છ).**

(૧૦૩) પોતાની જાતનું બલિદાન આપીને પણ હજારો અબોલ પ્રાણીઓને કસાઈઓના સકંજામાંથી છોડાવીને પાંજરાપોળોમાં મોકલનાર **અહિંસાની દેવી ગીતાબહેન બચુભાઈ રાંભિયા તથા તેમના પતિ બચુભાઈ રાંભિયા (કચ્છ–રામાણિઆ/અમદાવાદ.** ફોન : ૦૭૯–૨૧૧ ૪૧૧૯૭.

(૧૦૪) કાયદા દ્વારા કતલખાનાં અટકાવવા તથા પાઠ્ય પુસ્તકોમાંથી માંસાહાર પ્રોત્સાહક વિધાનો દૂર કરાવવા તન–મન–ધનથી સતત પ્રયત્નશીલ, **અનન્ય જીવદયાપ્રેમી સુશ્રાવકો શ્રી અરવિંદભાઈ પારેખ, શ્રી ગોરધનલાલભાઈ, શ્રી મોહનલાલભાઈ, શ્રી અતુલભાઈ વી. શાહ, શ્રી કેસરીચંદજી બાફના, શ્રી જયેશભાઈ ભણશાળી, શ્રી કલ્પેશભાઈ શાહ, શ્રી સંજયભાઈ વોરા, શ્રી ગિરીશભાઈ શાહ, ડૉ. સુરેશભાઈ ઝવેરી, શ્રી હસમુખભાઈ શાહ (મણિનગર), શ્રી રુગનાથમલજી રૂપચંદજી (આંદોની–આંધ્ર)** તથા તેમના મિત્ર પીલા શ્રીરામકૃષ્ણ (વિશાખાપટ્ટનમ)......ઈત્યાદિ તથા જીવદયાપ્રેમી સંસ્થાઓ 'શ્રીવિનિયોગ પરિવાર' (બોરીવલી) (પ.) ફોન : ૨૮૦૭૭૮૧) 'શ્રી મહાજનમ્', અખિલ ભારત હિંસાનિવારણ સંઘ (અમદાવાદ), 'શ્રી અહિંસા મહાસંઘ' ઈત્યાદિની ભૂરિશઃ હાર્દિક અનુમોદના.

(૧૦૫) ૪૪ વર્ષોથી બિમાર કબૂતરોની અનન્ય ભાવથી સુશ્રૂષા કરનાર **જીવદયાપ્રેમી સુશ્રાવિકા શ્રી રતનબાઈ રાઘવજી ગુટકા. (કચ્છ–બારોઈ/હાલ મઝગામ–મુંબઈ).**

(૧૦૬) **શત્રુંજય મહાતીર્થની ૨૫ વાર ૯૯ યાત્રા,** ૪ માસક્ષમણ, ૪ વર્ષીતપ, ૩૫ અઠ્ઠાઈ, ૫ વાર ૧૬ ઉપવાસ, ૨૪ તીર્થંકરોના ૬૦૦ ઉપવાસ, સિદ્ધિ–શ્રેણિ–૨૦ સ્થાનક તપ, વર્ધમાન તપની ૫૬ ઓળી, ૩ ઉપધાન, સમેતશિખર–ગિરનારજી–તળાજા આદિ તીર્થોની ૯૯ યાત્રા, ૫ વાર ૯ લાખ નવકાર જાપ ઈત્યાદિ અનેકવિધ આરાધનાઓ કરનાર **સુશ્રાવિકા શ્રી ભચીબાઈ ભવાનજી ચના (કચ્છ–ગોધરા).**

(૧૦૭) નિષેધ કરવા છતાં દીકરાઓએ ઘરમાં ટી.વી. લાવતાં ગૃહત્યાગ કરવા તૈયાર થયેલી માતાને જોઈ માતૃભક્ત દીકરાઓએ ટી.વી.નો બહિષ્કાર કરી માતાને મનાવી લીધી. આગળ જતાં એ બંને સુપુત્રોએ દીક્ષા લીધી અને **પૂ.પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. તથા પૂ. પં. શ્રી મહાબોધિવિજયજી મ.સા.** તરીકે બંને મુનિવરો સુંદર શાસનપ્રભાવના કરી રહ્યા છે. ધન્ય છે આવી સંસ્કારદાત્રી રત્નકુક્ષિ શ્રાવિકા માતાને. (હાલાર).

(૧૦૮) સિદ્ધાચલજી મહાતીર્થમાં **ભવપૂજા કરનાર ઉત્તમ આરાધક સુશ્રાવિકા શ્રી ધીરજબહેન રતિલાલભાઈ સલોત** (મહુવા–સૌરાષ્ટ્ર/જુહુ સ્કીમ–મુંબઈ)ની અનુમોદનીય આરાધનાઓ. (૧) ૨૦ દિવસ સુધી ખીરનાં એકાસણા સહ ૯ લાખ નવકાર–જાપ. (૨) નવપદની ૮૦ થી અધિક ઓળી. તેમાં ૧૦ ઓળી અલૂણી–એક ધાન્યથી. (૩) અરિહંતપદનો ૨ કરોડ જાપ. (૪) ૧૨ વ્રત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) વર્ષીતપ (૬) ૩ ઉપધાન (૭) ૧૫ જિનબિંબો ભરાવ્યાં. (૮) ૧૦૮ ઉનનાં પેકેટ સાધુ-સાધ્વીજી ભગવંતોને વહોરાવ્યાં છે.....ઇત્યાદિ.

(૧૦૯) **સળંગ ૧૧૦૦થી અધિક અઠ્ઠમ કરનાર મહાતપસ્વિની દર્શનાબહેન નયનભાઈ શાહ હવે આજીવન અઠ્ઠમ તપ ચાલુ રાખવાની ભાવના ધરાવે છે.** છેલ્લા એકાદ વર્ષથી તેઓ અઠ્ઠમના પારણે આયંબિલ કરી રહ્યા છે. દરેક અઠ્ઠમમાં તેઓ વિસહર ફુલ્લિંગ મંત્રના ૧૨ા હજાર વાર જાપ કરે છે. ૧। કરોડ વાર આ મંત્રના જાપ કરવાની તેમની ભાવના છે. સાથે લોગસ્સ, ઉવસગ્ગહરં સ્તોત્ર તથા ૐ નમઃ પાર્શ્વનાથાય ચૈત્યવંદનના ૫ શ્લોકની પણ ૧-૧ માળાનો જાપ કરે છે. તપ-જપના પ્રભાવે તેમની ૧૭ વર્ષ જૂની કીડનીની બિમારી વગર દવાએ દૂર થઈ ગઈ. (૭/૮ રાજરત્ન એપાર્ટ., આંબાવાડી-અમદાવાદ-૧૫, ફોન : ૨૪૦૪૫૫૦).

(૧૧૦) ૩૬ વર્ષની ઉંમરે પણ કર્મસંયોગે ફક્ત ૨ા ફૂટની કાયા-અપંગ હાથપગ, ૩૦ કિલો વજન, મોટા ભાગે લેટીને રહેવું પડે તેવી પરાધીન સ્થિતિ છતાં ૫ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથાદિનો અભ્યાસ કરીને બાળકોને વિના મૂલ્યે ધાર્મિક અધ્યયન કરાવીને સ્વખર્ચે ઇનામો આપતાં તથા રોજ સામાયિક-પ્રતિક્રમણ-સ્વાધ્યાય-જિનપૂજા આદિ દ્વારા **કર્મોની સામે જંગ ખેલતાં કુ. મયણાબહેન વિલાસભાઈ ધરમચંદ શાહ બારામતી, જિ. પૂના (મહારાષ્ટ્ર).**

(૧૧૧) વિકલાંગતાના કારણે દીક્ષા ન લઈ શકાતાં આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી રોજ ૨ પ્રતિક્રમણ + ૮ સામાયિકમાં ૫ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, તત્ત્વાર્થ સૂત્ર, વીતરાગ સ્તોત્ર, ૩ શતક આદિનો અભ્યાસ કરી નિઃશુલ્કપણે જિજ્ઞાસુઓને અધ્યયન કરાવતાં તથા સહસ્રકૂટના ૧૦૨૪ એકાસણા આદિ અનેકવિધ તપશ્ચર્યા કરનાર **બા.બ્ર. અનિલાબહેન અરવિંદભાઈ દલસુખભાઈ** (રૂપા સૂરચંદની પોળ-**અમદાવાદ**).

(૧૧૨) **લગ્ન પછી તરત જ ૨ મહિના સુધી બ્રહ્મચર્ય તથા આજીવન ૬ અઠ્ઠાઈઓમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનાર પ્રવીણભાઈ કેશવજીભાઈ શાહ (કચ્છ-બારોઈ**/મઝગામ-મુંબઈ).

(૧૧૩) સોલિસિટર હોવા છતાં ૨ વાર અઠ્ઠાઈ, એકાંતરા ૫૦૦ આયંબિલ, વર્ધમાન તપની ૫૫ ઓળી, વર્ષીતપ, ૨૦ સ્થાનક તપ ઇત્યાદિ તપશ્ચર્યા સાથે રોજ જિનપૂજા, નવકારશી-ચોવિહાર આરાધના કરનાર, અંતરીક્ષજી તીર્થના કેસમાં તથા અનેક સંઘોનાં બંધારણ તૈયાર કરવામાં માનદ્ સેવા આપનાર, **અનેક કુટુંબોના કલેશ- નિવારણ કરનાર સોલિસિટર હરખચંદભાઈ કુંવરજી ગડા (કચ્છ-બાડા/વરલી** નાકા-મુંબઈ ૧૮. ફોન : ૨૪૯૪૩૯૪૨/ ૨૪૯૩૬૬૬૦.

(૧૧૪) ૧૦ વર્ષીતપ, ૧૦ વાર અઠ્ઠાઈ તપ, સોળભત્તું, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, ધર્મચક્ર તપ, કંઠાભરણ તપ, પંચકલ્યાણક તપ, ૯૬ જિન તપ, ૨૦ સ્થાનક તપ, કેશલોચ, ૧૨ વ્રત, રોજ જિનપૂજા-ઉભય ટંક પ્રતિક્રમણના આરાધક સેંકડો સાધર્મિકોને ૯૯ યાત્રા કરાવનાર, મુંબઈથી સમેતશિખરજી તથા શિખરજીથી પાલિતાણાના છ'રી પાલક સંઘોના સંઘપતિઓ પૈકી એક, એવા **સંઘવી સંઘરત્ન શ્રી કુંવરજીભાઈ (બાબુભાઈ) જેઠાભાઈ ગડા તથા તેમનાં ધર્મપત્ની સંઘમાતા કસ્તૂરબહેન કુંવરજીભાઈ ગડાએ** પણ ઉપરોક્ત બધી તપશ્ચર્યાદિ આરાધના સજોડે કરી છે.

(સરનામું તથા ફોન નં. ઉપરોક્ત દૃષ્ટાંત નં. ૧૧૩ મુજબ)

**ઉપરોક્ત દૃષ્ટાંતોને વિગતવાર માણવા માટે જુઓ 'બહુરત્ના વસુંધરા ભાગ-૨'**

**પ્રાપ્તિસ્થાન : કસ્તૂર પ્રકાશન ટ્રસ્ટ,**
**૧૦૨, લક્ષ્મી એપાર્ટમેન્ટ,**
**૨૦૬ ડો. એનીબેસન્ટ રોડ,**
**વરલી નાકા, મુંબઈ ૪૦૦૦૧૮,**

**ફોન : ૨૪૯૪૩૯૪૨, ૨૪૯૩૬૬૬૦, ૨૪૯૩૬૨૬૬)**

**હસ્તે : સોલિસિટર હરખચંદભાઈ કુંવરજીભાઈ ગડા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશ - વિદેશમાં પ્રસિદ્ધ શ્રી નાકોડા તીર્થ ટ્રસ્ટ
સંચાલિત

# શ્રી નાકોડા પાર્શ્વનાથ જૈન જ્ઞાનશાળાના

**પ્રાચાર્ય એવં વિધિકારક**
**શ્રી નરેન્દ્રભાઈ ડી. કોરડિયા**

* પૂજ્ય જ્ઞાનદાતા ગુરુદેવ આપશ્રીએ ઈ.સ. ૧૯૯૧ થી આ જ્ઞાનશાળાનું વિધિવત્ સંચાલન શરૂ કર્યું.
* જેઓ સતત ૨૨ વર્ષથી જૈન શાસ્ત્રોનું ચતુર્વિધ સંઘમાં તલસ્પર્શી જ્ઞાનદાન કરી રહ્યા છે,
* જેઓ એ આજ સુધી ૬૩૦ સાધુ-સાધ્વીઓને જ્ઞાનદાન કર્યું,
* જ્ઞાનના ભંડાર હોવા છતાં જેઓ નમ્ર, ગુણાનુરાગી અને જ્ઞાનપિપાસુ છે,
* જેઓશ્રી દ્વારા અત્યાર સુધીમાં અમારા જેવા ૮૨ થી અધિક શિક્ષકો તૈયાર કરીને જૈન શાસનને સમર્પિત કર્યા છે, જેઓ આજે ભારત વર્ષમાં તન-મનથી સેવા આપી રહ્યા છે,
* જેઓશ્રીની સત્પ્રેરણાથી ૪૫ મુમુક્ષુઓએ સંયમ સ્વીકારેલ છે,
* જેઓએ આજ સુધીમાં ૫૬૦ છાત્રોને અધ્યયન કરાવી માતૃ-પિતૃભક્ત, રાષ્ટ્રપ્રેમી, સમાજપ્રેમી અને પ્રભુપ્રેમી બનાવવાના કોડ જગાવ્યા છે,
* અમારા જ્ઞાનદાતાએ દિલ્લી, ગુવાહટી, તેજપુર (આસામ), ફરીદાબાદ, પૂના, આગરા, કલકત્તા જેવાં મોટાં નગરોમાં પર્યુષણ પર્વની આરાધના એવં મહાપૂજનોનાં વિશિષ્ટ વિધાનો કરાવી પરમાત્મા ભક્તિમાં ભાવિકોને ભાવિત કર્યાં છે.
* યવતમાલ સમસ્ત જૈન સંઘે જેમને જૈન ઊર્જા પુરુષના બિરુદ થી નવાજ્યા છે,
* જેઓ દીનો પ્રત્યે ઉદાર, ગુણાનુરાગી અને શાસનપ્રેમીના ધણી છે,
* જૈન શાસનને સંપૂર્ણ સમર્પિત છે,
* એવા જ્ઞાનદાતા ગુરુદેવશ્રીના દીર્ઘાયુ માટે નાકોડા પાર્શ્વપ્રભુ એવં નાકોડા ભૈરુજીને અંતઃકરણની પ્રાર્થના....!
* આપશ્રીની ઉપકાર સ્મૃતિ અમારા માનસ પટ પર સદન્તર અંકિત રહે........!

---

*झलकता है जिनकी बात-बात में बोध,*
*लक्ष्य है एकमात्र जिनका सत्य की खोज,*
*अनबोले भी बोलता है जिन का यशस्वी जीवन,*
*ऐसे प्यारे गुरुवर के चरणो में शत्-शत् वन्दन...!!*

**:: સંપર્ક સૂત્ર ::**

(પ્રાચાર્ય) શ્રી નરેન્દ્રભાઈ કોરડિયા
નાકોડા તીર્થ, જૈન જ્ઞાનશાળા.
જિ. બાડમેર. પિન - ૩૪૪ ૦૨૫
ફોન : (૦૨૯૮૮) ૨૪૦૮૫૯

**:: કૃપાકાંક્ષી ::**

વરિષ્ઠ અધ્યાપક - પંકજ એમ. ઝાલમોરા (ખોડા)
અધ્યાપક - રમેશ જે. જૈન (ભાણપુરી)
અધ્યાપક - ગૌરાંગ જી. જૈન (મહેસાણા)
અધ્યાપક - સાગર એસ. જૈન (મહેસાણા)
અધ્યાપક - દેવેન્દ્ર જે. જૈન (ધાનેરા)
આદિ ૧૧ અધ્યાપકગણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંગીતક્ષેત્રે જૈનોનું પ્રદાન

—જયદેવભાઈ બી. ભોજક



જૈનોનું સંગીત, જૈનોનાં ભક્તિગીતો તદન જુદા જ પ્રકારનાં ને વિષયના છે.

(૧)· જૈનોની ભાષા સંગીત માટે સૌથી અનુકૂળ ગુજરાતી સ્વરૂપ.

(૨) 'દેશી' નામનો પ્રકાર લોકગીતો સહિત જૈનો દ્વારા પ્રચલિત થયો, એટલું જ નહીં તેને જીવતી કળાના સ્વરૂપે રક્ષણ આપ્યું. (૩) જૈન ધર્મ સનાતન ધર્મ (વૈદિક) જેટલો જ જૂનો છે. તેથી ૧૧મી કે બારમી સદી પૂર્વે રાગોનાં સ્વરૂપો નિશ્ચિત નહોતાં થયાં ત્યારના ગવાતા ઢાળો એટલે કે ૫–મીથી ૧૧મી સદી સુધીનું ગેય કાવ્યોનું સ્વરૂપ 'દેશી' નામથી જૈનોએ સાચવ્યું છે.

ભાષા બદલાયા કરી છે. ઢાળ એના એ જ રહ્યા છે તે સંગીત વિદ્યાનું ચિરંજીવપણું સૂચવે છે અને કંઠોપકંઠ એ ન સચવાય તો સેંકડો ઢાળો વીસરાયાં એમ પણ બને છે. —સંપાદકીય

ભારતીય કલાના અભ્યાસીઓએ આપણા દેશની ચિત્રકળા, શિલ્પકળા, સ્થાપત્ય કલા અને સંગીતકલાને વિષે ઘણું લખ્યું છે. ભારતમાં અંગ્રેજી રાજ્ય શરૂ થતાં પશ્ચિમનાં લોકોને તેમણે ભારતદેશ જાદુગરો, સાપ, નોળિયાને રમાડતા મદારીઓનો દેશ છે એવું ખોટું વર્ણન કરેલું. ૧૮૫૭ પછીથી દિલ્હી કલકત્તા વચ્ચે જ્યારે વાહનવ્યવહાર, તારટપાલ અને રેલ્વે શરૂ થઈ તે વખતનું રેલ્વેનું ટાઈમટેબલ આ લેખના લેખકના હાથમાં આવ્યું. આજના જેવું શુષ્ક ટાઈમટેબલ તે ન હતું. તેમાં જોવાલાયક સ્થળોના ફોટા તથા સ્થળની ઐતિહાસિક માહિતી પણ હતી. મોટા શહેરનાં વર્ણન પણ આપેલાં તે સાથે પ્રકરણને મથાળે સાપને મોરલી વગાડી રમાડતા મદારીનું ચિત્ર પણ છાપેલું. પ્રવાસે આવનારા પૈકી ભારતને પ્રત્યક્ષ જોનારાંઓએ જોયું કે ભારતદેશ તેમણે વાંચેલા વર્ણન કરતાં ઘણો સુસંસ્કૃત છે, એટલે ભારતની કળાઓ વિષે ફરીથી લખાવા માંડ્યું.

પશ્ચિમી લેખકોને એક વાત ખૂબ જ ધ્યાનમાં આવી ગઈ કે ભારતની તમામ કળાઓ, ધર્મ દ્વારા, મંદિરો દ્વારા કે અન્ય રીતે ધર્મની સાધનાના હેતુથી જ સર્જન પામી છે. આંખેથી પ્રત્યક્ષ દેખાય તેવી ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય કલા વિષે તો તેમને ભારતીયો જેટલું જ કે તેથી વધુ સમજાયું પણ સંગીતકલા વિષે લાંબા સમય સુધી સમજ પડી નહીં. પશ્ચિમના સંગીતમાં વાદ્ય સંગીત વધુ પ્રચલિત છે તેથી વાદ્ય સંગીતને તેઓ પ્રથમ સમજી શક્યા. વળી પાશ્ચાત્ય દેશમાંથી આવેલા હાર્મોનિયમ, ઓરગન અને વાયોલિન તો ભારતીય સંગીતકારો પણ કુશળતાથી વગાડવા લાગ્યા. આથી સંગીત સમજાવા માંડ્યું પણ લાંબા સમય સુધી કંઠ્ય સંગીત સમજાયું નહીં. તેમનો એક પ્રશ્ન હતો કે ભારતીય ગાયકો ગાયન ગાતાં ગાતાં વચ્ચે એબીસીડી (કક્કો મૂળાક્ષર) શા માટે બોલે છે ? આપણા સંગીતમાં ગીતને છોડી માત્ર રાગના સ્વરો; જેને, આપણે સરગમ પણ કહીએ છીએ તે ગાવાનો રિવાજ છે જે ગાયકની કુશળતા બતાવે છે. વખત જતાં એ પણ સમજાયું.

ભારતીય સંગીતમાં મુખ્ય બે પ્રકાર છે (૧) મનોરંજન માટે ગવાતું સંગીત અને (૨) ભક્તિ માટે સંગીત. જૈન ધર્મ દ્વારા ભક્તિ માટે સંગીતનો ઉપયોગ ક્યારથી થયો તે વિષે ચોક્કસ કહેવું મુશ્કેલ છે, છતાં એક બાબત જરૂર ધ્યાનમાં આવે તેવી છે કે મૂર્તિ અને મંદિર વિના માત્ર સાધના દ્વારા જ ધર્માચરણ કરવું એ જૈન સંપ્રદાયની જૂની પરંપરા છે. આ જૂની પરંપરામાં તંત્રની સાધના પણ છે. તંત્રની સાધના એ યોગનો એક પ્રકાર છે તેનો પ્રચાર સૌથી વધુ બંગાળ બાજુ છે, પણ વખત જતાં આ યોગસાધના સમગ્ર ભારતમાં પ્રચલિત થયેલ. યોગસાધનાનો એક તબક્કો એવો આવે છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધકના કાને સ્વયંભુ સંગીતના સ્વરો સંભળાય છે. કોનો કોઈવાર મુખ-નાકમાંથી સ્વરોનું ગુંજન થાય છે તેને નાદયોગ કે સ્વરસાધના નામથી પણ ઓળખવામાં આવે છે. આપણા સંગીતના સાચા સ્વરોનું મૂળ આ યોગમાં છે. આવા યોગસાધનાના સાધકને સંગીત વિદ્યા પ્રિય હોય તે સહજ છે. આમ સંગીતની ચાહના જેની સાધનાના પાયામાં રહેલી છે ત્યાં બારમી સદીમાં પ્રચલિત થયેલ ભક્તિ સંગીતના જુવાળનો લાભ બધા જ સંપ્રદાયોને મળ્યો છે. જો માનવી સાધના, તપ, યોગ, ભક્તિ, સંગીત કોઈ પણ દ્વારા આત્મોન્નતિ કરે તો સમાજને અને વ્યક્તિને લાભ જ છે. આ રીતે જૈન સમાજમાં ભક્તિ સંગીત પ્રચલિત થયું.

વખત જતાં મંદિરોમાં સંગીતકારોને સ્થાન મળ્યું. જૂની પરંપરાના દક્ષિણ ભારતના જૈનેતર મંદિરોમાં મૂર્તિના સભામંડપમાં નૃત્ય સાથે સંગીત થતું. પુષ્ટિ સંપ્રદાય દ્વારા પણ કીર્તનકારોને મંદિરમાં સંગીત માટે આવકારવામાં આવ્યા. જૈન ધર્મમાં સંગીત ક્યા સમયથી ગાવાનું શરૂ થયું તે સંશોધકોનો વિષય છે પણ ગુજરાતમાં હેમચંદ્રાચાર્યજીના વખતમાં શ્રીમાળમાંથી 'ભોજક' કુટુંબોને તેઓએ પાટણ બોલાવી વસાવ્યા અને જૈન મંદિરોમાં સંગીત દ્વારા પૂજા, ભાવના અને અન્ય ધાર્મિક ઉત્સવોનું કામ સોંપ્યું. આજે પણ તાનારીરીના વડનગર ગામના તથા ગુજરાતની પાટનગરી પાટણના ભોજક કુટુંબો જૈન સંગીત ગાવા માટે જાણીતાં છે. દલસુખરામ ઠાકોર, હીરાલાલ ઠાકોર, ગજાનન ઠાકોર, લાભશંકર ભોજક, છનાલાલ સંગીતકાર, ચંપકલાલ નાયક અને એમના સમકાલીન ઘણા નાયક-ભોજક જ્ઞાતિમાંથી જ જૈન સંગીતકારો મળ્યા છે એટલા અને એ કક્ષાના અન્ય ઘણા ઓછા છે. પાલિતાણામાં કેટલાંક બારોટ પરિવારો પણ જૈન સંગીતમાં ટોચનું સ્થાન ધરાવે છે.

જૈનધર્મ દ્વારા સંગીત વિદ્યાને શું લાભ થયો છે, શું મળ્યું છે ? તે જાણવું મહત્ત્વનું છે.

આપણા સંગીતની મૂળ ધારાથી જુદા થવાનું ભારતીય ધર્મોએ વિચાર્યું નથી. દેવ બદલાય, ચિંતન બદલાય પણ સંગીત બધામાં એક જ રહ્યું છે, તો પછી જૈનોની વિશેષતા શું? અહીં એનો વિગતે વિચાર કરીએ.

## સંગીતનું માધ્યમ

ભાષા એ સાહિત્યનું વહન કરે છે એમ સ્વરોની રચનાઓ સંગીતનું વહન કરે છે. જો સ્વરો દ્વારા જ સંગીતનો પર્યાપ્ત આનંદ મળતો હોય તો ભાષાનું શું મહત્ત્વ? આપણે ઇતિહાસનો સૌથી જૂનો કાળ જોઈશું તો સમજાશે કે સંગીત પ્રથમ ઉત્પન્ન થયું, ભાષા ઘણા સમય પછી. આપણા સંગીતકારો જ વખત જતાં કવિ બન્યા છે. વેદ કાળથી માંડી મુદ્રણ કળા આવી ત્યાં સુધીના સમયમાં ગેય રચનાઓમાં જ સાહિત્ય રજૂ થતું હતું. આમ વખત જતાં સંગીતનો ઉપયોગ ભાષાના વહન માટે થયો. એ જ રીતે સામાન્ય જનસમુદાયને એકલા રાગ સંગીતને બદલે કાવ્યને સહારે થતું ગીત-સંગીત સરળતાથી સમજાતું. આજે પણ આ સ્થિતિ છે. શાસ્ત્રીય સંગીત જેમાં ભાષા ગૌણ છે ને સંગીત પ્રધાન છે તેનો શ્રોતાવર્ગ સીમિત છે. મોટો જનસમુદાય ગીત અને સાજ સંગીતને માણે છે, સમજે છે.

પહેલાં સંગીતનું માધ્યમ ભાષા બની તેમ વખત જતાં ભાષાનું માધ્યમ સંગીત બન્યું. આ બંને કળા પરસ્પર પૂરક બની છે. ખાસ કરીને કવિતાને લાગુ પડે છે.

## શું સંગીત માટે જુદી ભાષા છે?

ભાષાના મૂળાક્ષરો શોધાયા તે પહેલાં સંગીતના મૂળાક્ષરો-સ્વરો-શોધાયા હતા. આથી સંગીતકારને સંગીતમાં જે ભાષા અનુકૂળ લાગે તે વિશેષ પ્રચલિત થાય. આજે પણ ઘણું ખરું શાસ્ત્રીય સંગીત વ્રજ ભાષામાં ગવાય છે. તેનાં ઘણાં કારણો પૈકી તે ભાષા વિશેષરૂપે સંગીતકારોની ભાષા હતી. સૂરદાસ, પરમાણંદદાસ ઇત્યાદિ અષ્ટછાપ કવિઓ પુષ્ટિ માર્ગીય હવેલીના નિમણૂક પામેલા સંગીતકારો હતા. ભગવાનના ગુણાનુવાદ ગાવા એ ભારતનાં તમામ મંદિરોમાં રિવાજ છે.

જેમ વ્રજભાષા શાસ્ત્રીય સંગીત માટે પ્રથમ પસંદગીની ભાષા બની તેમ ગુજરાતી ભાષામાં તે જેમાંથી ઊતરી આવી છે તે અપભ્રંશ, પ્રાકૃત કે માગધીભાષા સંગીત માટે તેમજ મીઠાશ માટે લોકપ્રિય હતી. સંસ્કૃત અને પ્રાકૃત બંને ભાષાના પંડિત રાજશેખર સંસ્કૃતને કઠોર અને પ્રાકૃતને મીઠી કહેતાં લખે છે.

"પરુસા સકકઉઅબન્ધા વાઉઅબન્ધો વિહોઈ સુકિમારો ।
પુરુસમહિલાણું જેત્તિ અભિહંતરં તે ત્તિયમિ મણં ।।

એટલે કે "સંસ્કૃતની રચના પુરુષ જેવી અને પ્રાકૃતની રચના (સ્ત્રી જેવી) સુકુમાર હોય છે. જેટલું પુરુષ અને સ્ત્રીઓમાં અંતર હોય છે તેટલું આ બેમાં છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજશેખર બંને ભાષાનો સમાદર કરતા હતા. એ સમયમાં પણ એવું મનાતું કે "પાણિની આદિથી શીખવવામાં આવેલી હોવાથી જેમ સંસ્કૃત ભાષા ઉત્તમ ગણાય છે તેમ વાલ્મીકે વ્યાકરણ બનાવેલ હોવાથી પ્રાકૃત પણ ઉત્તમ છે." આ ઉલ્લેખ 'શંભુરહસ્ય' નામના જૈનેતર ગ્રંથમાંથી છે.

## જૈનોનું પ્રદાન

વિક્રમની પાંચમી શતાબ્દીથી આજ સુધી મુખ્ય મુખ્ય ભારતીય ભાષાઓને સાહિત્ય દ્વારા જીવિત રાખવાનું શ્રેય જૈન આચાર્યોને છે. પ્રાકૃત ભાષાઓને ધર્મપ્રચારનું વાહન બનાવી તેને સાહિત્યનું રૂપ જૈન આચાર્યોએ આપ્યું.

આ ભાષામાં નવા છંદો ઉદ્ભવેલ છે. અપભ્રંશમાં અસંખ્ય નવા છંદો છે. તેમાં અક્ષરમેળ છંદો વપરાયા માત્રામેળ છંદો કે જે વૈદિક કવિતામાં જોવામાં આવે છે તે નહીં. પ્રાસબંધ છંદ તો પ્રાકુભાવિ તથા પ્રાસાનુબંધ છંદ પહેલી વખત જ અપભ્રંશમાં મળે છે. આ છંદગાન સાહિત્યને ગેયરૂપ આપે છે.

જૈન આચાર્યોએ વાર્તાઓ દ્વારા વિવિધ રાસો રચ્યા છે. આરંભમાં તે ટૂંકા ને સમૂહમાં નૃત્ય તથા ગીત સાથે થઈ શકે તેવા હતા. વખત જતાં તેમાં લંબાઈ વધતી ગઈ અને શ્રાવ્ય બની ગયા તેમ છતાં તેનું ગેય સ્વરૂપ તો રહ્યું જ.

અહીં એક વાતની સ્પષ્ટતા જરુરી છે કે જૈન સમાજને સંસ્કૃત ભાષા માટે અનાદર ન હતો. જૈન વિદ્વાનો સંસ્કૃત ભાષાને સ્વીકારતા એટલું જ નહીં પણ હેમચંદ્રાચાર્યજીનું સંસ્કૃત વ્યાકરણ તો આજે સમગ્ર સંસ્કૃત ભાષાના વિદ્વાનોમાં આદર પામ્યું છે.

## રાસાઓ તથા છંદો દ્વારા સંગીત

આપણે જાણીએ છીએ કે છંદોના પ્રકાર મુજબ તે જુદી જુદી રીતે ગવાય છે. બે પંક્તિનો દુહો તથા ચારથી છ પંક્તિના છંદગાન ખૂબ સહેલા અને નિશ્ચિત સ્વરૂપનાં હોવાથી ગાવામાં સરળ છે. રાસામાં વિષય બદલાય ત્યારે દુહો કે છંદ લખાય છે. તે જ પદ્ધતિથી ઘણી જૈન પૂજાઓમાં પ્રથમ દુહો કે છંદ ગવાય પછી ગીતની જેમ પૂજા ગવાય છે જે આજ સુધી પ્રચારમાં છે. રાસામાં રજૂ થયેલી ગેય સ્વરૂપની વાર્તાઓ જેમ કે 'નેમ-રાજુલ'ની વાત. એવા ઘણા પ્રસંગો ગેય રીતે જૈનસમાજ માણે છે. આપણે ત્યાં ભારતભરમાં ભક્તિપદોનો પ્રચાર જયદેવની અષ્ટપદીઓ લોકપ્રિય થઈ ત્યારથી અવિરત ચાલુ છે.

## ઢાળોનો ઉપયોગ : 'દેશી'

ઘણા ગીતોને મથાળે એ ગીત કયા ઢાળમાં ગવાશે તેની નોંધ હોય છે. 'આશ્રમ ભજનાવલી'માં ન્હાનાલાલનું "મારા નયણાની આળસ રે" ભક્તિ ગીત છે તેના પર "શીખ સાસુજી દે છે રે" એ ઢાળ એમ લખેલું છે. એ જ ઢાળનું જૈનપદ "મનમંદિર આવોને કહું એક વાતલડી" જસવિજયજીનું પણ છે. જેના પર બીજા જ કોઈ ગીતની પંક્તિ લખી છે અને પછી 'એ ઢાળ'ને બદલે 'એ દેશી' લખેલું છે. 'દેશી' એટલે નિશ્ચિત ઢાળમાં ગવાતાં વિવિધ ગીતો. જૈનેતર સમાજ કરતાં આપણી પરંપરાગત સંગીતની આ દેશીઓનું સંરક્ષણ જૈન સમાજમાં ખૂબ જ થયું છે. થોડાં ઉદાહરણ જોઈએ.

૧. સીખ સાસુજી દે છે રે રહો વહુજી ઢંગે-દયારામ

૨. મનમંદિર આવોને કહું એક વાતલડી-શુભવીર

૧. માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે રે-દયારામ

૨. કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે-

૩. માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે રે-વિનયવિજયજી.

આ ગીતો જ્યારે લખાય ત્યારે તેના ઢાળનો નિર્દેશ કરવા 'એ દેશી' એવી નોંધ કરવામાં આવે છે. આવી બે હજારથી વધુ 'દેશી'ઓનો સંગ્રહ મોહનલાલ દલીચંદ શાહે તેમના "જૈન ગુર્જર કવિઓ"ની નવી આવૃત્તિના આઠમા ભાગમાં છાપી છે. આમાની સેંકડો 'દેશી'ઓ ગુજરાતી સમાજ ભૂલી ગયો છે એક દાખલો લઈએ.

"નંદ કુંવર કેડે પડ્યો કેમ કહિયે, હારે કેમ કહિયે રે..." નરસિંહ મહેતા

"તિરથની આશાતના ક્યમ કરીએ, હાંરે ક્યમ કરીએ રે..... જૈનપદ.

જૈન સમાજ આજે પણ આવા જૂના ઢાળોમાં પદો દેરાસરમાં ગાય છે. આપણે ત્યાં શું આ રીતે મંદિરમાં આ જૂનો ઢાળ કોઈ ગાય છે? જૈન સમાજે જેમ સંગીતના જૂના ઢાળો સાચવ્યા છે તેમ જૈનેતર ગ્રંથો પણ તેમના પાટણ, ખંભાત અને જેસલમેર, જેવાં જૂના ગ્રંથ ભંડારોમાં સચવાયા છે. ગ્રંથો સાચવવા સહેલા છે કારણ કે તે વસ્તુસ્વરૂપે છે પણ પદના ઢાળ સાચવવા માટે ગાવાની પરંપરા જોઈએ બાકી તો સઘળું ભુલાઈ જાય.

## દેશીની પરંપરાનું રક્ષણ

લોકોના સંગીતને પ્રાધાન્ય આપનાર જૈનાચાર્યોએ કરેલા કાર્યને ટૂંકમાં અવલોકીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગરબાની દેશી–ઢાળ–ગુજરાતમાં લોકપ્રિય છે જેનો ઉપયોગ અમૃત વિજયજી, રામચંદ્રજી–રામવિજયજી–ચતુરવિજયજી, જિનહર્ષ, માન સાગરજીએ કરેલ છે. ગરબાની શૈલીમાં આપણા બારમાસી ગીતોનો પણ ઉપયોગ થયો છે.

"કપૂર હુઈ અતિ ઊજલું રે" કેદાર ગોડી રાગમાં સમયસુંદરજીએ સંવત ૧૬૫૯ (સને ૧૬૫૩)માં લખ્યું તે પછી તે ઢાળ–દેશીનો ઉપયોગ ગંગદાસ–દર્શનવિજય–માનસાગરજી–જિનહર્ષજી–મોહન વિજયજીએ અપનાવેલો.

જયવંતસૂરિજીએ સંવત ૧૬૧૪માં લખેલું, જેના પછી સમપ્રમોદ–સમયસુંદર–રાજસિંહ–સૂમતારો–યશોવિજયજી–વિનયવિજયજી, જ્ઞાનવિમલજી, ખીમમુનિ, પદ્મવિજયજી અને વીરવિજયજીએ છેક સં. ૧૯૦૨માં તેનો ઉપયોગ કર્યો. આમ ત્રણસોથી ચારસો વર્ષ સુધી કેટલીક દેશીઓમાં જૈનાચાર્યોએ પદો લખ્યાં. નરસિંહ મહેતા સોળમી સદીના પૂર્વાર્ધમાં થયા. પાંચ સો વર્ષ બાદ પણ એમનાં પદ આપણે ગાઈએ છીએ પણ એમના પદોના ઢાળ પરથી અન્ય કવિઓએ કેટલાં ગીતો લખ્યાં? જૈન સમાજ જેવી પરંપરા જળવાઈ નહીં. એ તો જગપ્રસિદ્ધ વાત છે કે નરસિંહ પૂર્વે પણ જૈન પ્રાકૃત ગુજરાતી કાવ્યો લખાયાં છે ને તેના ઢાળો પણ પરંપરારૂપે જૈનો પાસેથી આપણને મળ્યા છે જે ગુજરાતનું સંગીત ધન છે.

## જૈન અને અન્ય દેશીના અભ્યાસનું મહત્ત્વ

કાવ્યને કંઠોપકંઠ જાળવવાની પરંપરાના સમયમાં છંદો પછી નવીન રીતે ગવાતા ઢાળના પદ સૌ પ્રથમ કોણે ગાયા એનો અભ્યાસ સંગીત અને કાવ્યનો અભ્યાસ કરનાર માટે એક નવીન દિશા ખોલી આપે છે, જેમકે ન્હાનાલાલનું "મારાં નયણાંની આળસ રે" તે કાવ્યની ઉપર આશ્રમ ભજનાવલીમાં "શીખ સાસુજી દે છે રે" એ ઢાળ એવો નિર્દેશ છે. આથી આપણે સમજીએ છીએ કે દયારામે 'શીખ સાસુજીને દે છે રે' લખ્યું છે તેથી તેમનો સમય ન્હાનાલાલ પૂર્વે છે. આ તો આપણી જાણીતી વાત છે. દેશીનો રચના સમય ક્યો છે? જે–તે દેશીનો નિર્દેશ સૌ પ્રથમ ક્યારે થયો છે તે જાણવાથી ઐતિહાસિક માહિતી પર પ્રકાશ પડી શકે છે. (દા.ત. થોભણ અને વલ્લભભટ્ટની કૃતિઓના રચના સમય વહેલા હોવાનું સૂચન, એમની પંક્તિ દેશી તરીકે ઉદ્ધૃત થયાના સમયને આધારે સાંપડે છે.)

આમાં ચોક્કસાઈ જરૂરી છે ઉલ્લેખાયેલી પંક્તિ મૂળ બે કવિને નામે મળતી હોય ને પંક્તિનો દેશી તરીકે નિર્દેશ એના મૂળ રચના સમયથી વહેલો મળતો હોય એવા દાખલા પણ ક્વચિત મળે છે ને આમાં સંશોધનને અવકાશ છે એમ સમજાય છે. છતાં એકંદરે દેશી નિર્દેશના સમય પર આધાર રાખવામાં કાંઈ ખોટું નથી (જૈન ગૂર્જર કવિઓ ભાગ–૮, જે 'જૈન દેશીઓના' સંગ્રહનું પુસ્તક છે.) તેના સંપાદકશ્રી જયંત કોઠારીએ ઉપર મુજબ નિર્દેશ કર્યો. ખરેખર 'જૈન દેશી'નો અભ્યાસ સાહિત્ય અને સંગીત બંને ક્ષેત્રના ઇતિહાસ પર નવી રીતે પ્રકાશ ફેંકી શકે તેમ છે. એમ છતાં તેનું એક ભયસ્થાન પણ છે તે એક પાછલા કાળના કોઈ ગાયકે કાવ્ય પર બીજો ઢાળ લખ્યો હોય તો લખાયેલા પુસ્તકની સાલ નક્કી ન થાય. સંગીતમાં એક જ સરખા છંદમાં લખાયેલ કાવ્ય એકથી વધારે ઢાળમાં ગાઈ શકાય છે. આમ છતાં જૂના સમયમાં અત્યારે છે તેવું ઢાળોનું વૈવિધ્ય ઓછું હતું તેથી લોકપ્રિય ઢાળને સર્વત્ર ખૂબ આવકાર મળતો. આથી જૂના ઢાળો કાળનિર્ણય કરવામાં વિશ્વસનીય અને ખૂબ જ ઉપયોગી છે.

## રાગસંગીત અને જૈનસમાજ

જૈન સમાજમાં 'દેશી' માટે જે અભિરુચિ છે તેટલી રાગ સંગીત માટે નથી. સંપ્રદાયોમાં જ્યાં જ્યાં સંગીત પ્રયોજાયું છે ત્યાં ભક્તિ, ગુણાનુવાદ, પ્રાર્થના જેવા પ્રકારનાં ગીતોનું પ્રાધાન્ય છે. આપણે ત્યાં પુષ્ટિ સંપ્રદાય પ્રચાર પામતાં ઉત્તર હિન્દુસ્તાની રાગોનું ચલનવિશેષ પરિચયમાં આવ્યું. છ રાગ ને છત્રીસ રાગિણીના પરિઘમાં જે વખતે સંગીત હતું ત્યારે અષ્ટછાપ સંગીતજ્ઞોએ કીર્તન ને રાગસંગીતનું ચલન ગુજરાતમાં પ્રસ્થાપિત કર્યું હતું.

નરસિંહ મહેતાને કેન્દ્રમાં રાખી રાગ સંગીતમાં ક્યા રાગો પ્રચારમાં હતા તે જોઈએ. કે.કા. શાસ્ત્રીએ તેમના 'ભક્તિસંગીત અને શાસ્ત્રીય સંગીત' વિષેના લેખમાં નરસિંહ મહેતાએ અને ભાલણે શાસ્ત્રીય રાગોનો ઉપયોગ કર્યો છે, બંને ગાયક પણ હતા તેવું લખ્યું છે.

નરસિંહના રાગો (ચોવીસ)

| | | | |
|---|---|---|---|
| ૧. કેદાર | ૨. મલ્હાર | ૩. સિંધુ | ૪. રામગ્રી |
| ૫. સોરઠ | ૬. કાલેરો | ૭. બિભાસ | ૮. પંચમ |
| ૯. સામેરી | ૧૦. આસાવરી | ૧૧. પ્રભાતી | ૧૨. બિહાગ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| રાગ નામ | રચના સંખ્યા | રાગ નામ | રચના સંખ્યા |
|---|---|---|---|
| ૧. ધન્યાશ્રી ધનાશ્રી | ૬૩ | ૨. ગોડી | ૫૩ |
| | | ૩. કેદારો | ૪૨ |
| ૪. મારુ | ૩૬ | ૫. આસાઉરી આશાવરી | ૩૫ |
| ૬. મલ્હાર | ૩૪ | ૭. સારંગ મલ્હાર | ૧૮ |
| ૮. રામગિરી | ૧૭ | ૯. કાફી | ૧૩ |
| ૧૦. વેરાડી | ૧૨ | ૧૧. સામેરી | ૧૨ |
| ૧૨. રામગ્રી | ૧૧ | ૧૩. સોરઠ | ૧૦ |
| ૧૪. સારંગ | ૧૧ | ૧૫. જયતસિરિ | ૧૦ |
| ૧૬. કેદારગોડી | ૧૧ | ૧૭. ખંભાયત ૧૮. ખંભાત | ૧૦ |

આ સંખ્યા 'જૈન દેશી'ની 'જૈન ગુર્જર કવિઓ' ભાગ ૮ના આધારે કરી છે જે બે વસ્તુ સૂચવે છે.

(૧) જૈન દેશીઓમાં રાગ સંખ્યા વધારે છે તે વૈવિધ્ય સૂચવે છે. રાગપ્રીતિ પણ સૂચવે છે.

(૨) એકસમય 'ધનાશ્રી' 'ગોડી' અને 'કેદારો' ખૂબ પ્રચલિત હતા. આજે ધનાશ્રી અને ગોડી સાંભળવા ભાગ્યે જ મળે છે. માત્ર કેદાર પ્રચલિત છે.

(૩) બીજા ક્રમે 'મારુ' 'આસાવરી અને મલ્હાર આવે છે. 'મલ્હાર' અને 'સારંગ મલ્હાર' એક સરખા જો હોય તો તેની સંખ્યા વધી જાય છે. તે શક્ય છે કેમ કે જૈનાચાર્યો ચાતુર્માસ–વર્ષાઋતુમાં એક જ સ્થળે રહે છે.

(૪) સોરઠ–જૈતશ્રી–ખંભાવતી રાગ ઓછા પ્રચલિત છે, છતાં તેમાં દેશી ગવાય છે તે નોંધપાત્ર વાત છે.

(૫) નરસિંહ અને ભાલણે 'સારંગ' રાગ ગાયો નથી પણ જૈન 'દેશી' 'સારંગ' રાગમાં છે. જૈન આચાર્યોનું રાજસ્થાન ગુજરાતમાં આવાગમન તેનું કારણ હશે છતાં 'માંડ' રાગનો પ્રચાર કેમ નહીં?

આપણે માત્ર મર્યાદિત સંખ્યાની 'દેશી' ઓની તપાસ કરતાં પણ જે વસ્તુ ધ્યાન પર આવે છે તે એ છે કે હિન્દુસ્તાનના જુદા જુદા પ્રદેશમાં વિહાર કરી ત્યાંના સંગીતનો પરિચય જૈન આચાર્યોને થયો હશે એ જ કારણે દેશીઓમાં રાગનું પ્રમાણ વધારે જણાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧૩. દેશાક | ૧૪. બિલાવલ | ૧૫. માલવ | ૧૬. મારુ |
| ૧૭. વસંત | ૧૮. ભૈરવ | ૧૯. શ્રી | ૨૦. ગોડી |
| ૨૧. ટોડી | ૨૨. ધન્યાશ્રી | ૨૩. વેરાડી | ૨૪. કાફી |

ભાલણના રાગો (એકવીસ)

| | | | |
|---|---|---|---|
| ૧. ગોડી | ૨. ધન્યાશ્રી | ૩. પરજિયા | ૪. કેદાર |
| ૫. દેશાખ | ૬. કલ્યાણ | ૭. રામગ્રી | ૮. સામેરી |
| ૯. નરનારાયણ | ૧૦. મલ્હાર | ૧૧. કાન્હરો | ૧૨. કાફી |
| ૧૩. વેરાડી | ૧૪. મારુ | ૧૫. ગુર્જરી | ૧૬. સારૈપ |
| ૧૭. આસાવરી | ૧૮. મારુણ | ૧૯. ભૈરવ | ૨૦. પ્રભાતી |

૨૧. કારી (?) ['નર નારાયણ' નામ નટનારાયણ હોઈ શકે]

ભાલણે આ ૨૧ રાગોમાં પદ ગાયાં છે, તેમાં 'પરજિયા' ૨. કલ્યાણ ૩. નરનારાયણ ૪. કાન્હરો ૫. ગુર્જરી ૬. સારંગ અને તેનું 'કારી' સાત રાગ નરસિંહનાં પદોમાં મળતા નથી.

શ્રી કે. કા. શાસ્ત્રી લખે છે કે આમ આદિભક્તિયુગમાં ૩૧ રાગ ગુજરાતમાં ગવાતા સ્પષ્ટ થાય છે, પરંતુ વિશેષ તપાસ કરતાં નરસિંહના રાગોની સંખ્યા વિશેષ માલૂમ પડે છે જેમ કે

| | | | |
|---|---|---|---|
| ૧. પરજ | ૨. મેવાડો | ૩. દેવગાંધાર | ૪. સારંગ |
| ૫. નટીનીદેશ | ૬. રામકરી | ૭. હિંડોર | ૮. શંકરભૂષણ |

૯. પ્રભાતપંચમ ૧૦. માળવગોડી ૧૧. લલિત

આ પરથી એક નોંધ લેવાની જરૂરી છે કે રાગના નામની યાદીની ચોક્કસાઈ રાખવી મુશ્કેલ છે. વખત જતાં ગાયકો રાગો બદલીને તે જુદા રાગમાં ગાય ને તે પ્રચલિત થાય. નરસિંહ અને ભાલણ બંનેએ ગુજરાતમાં હાલ ખૂબ પ્રચલિત 'સારંગ' રાગ પ્રયોજ્યો નથી! વિશેષ તપાસ કરતાં એવું જણાયું છે કે નરસિંહે તેમનો 'કેદાર' કે 'કેદારો' રાગ જેટલો ગાયો છે તે કરતાં 'આશાવરી' રાગ સૌથી વિશેષ પદોમાં પ્રયોજ્યો છે.

## રાગમાં નિબદ્ધ જૈન દેશીઓ

આપણે જૈનેતર બે જૂના કવિના રાગોનું અવલોકન કર્યું. હવે જૈન ગુર્જર કવિઓએ પ્રયોજેલા રાગ જોઈશું. આ યાદી આશરે ૬૦ જેટલા રાગોની થાય છે, પરંતુ યાદી નરસિંહ પૂર્વે અને સમકાલીન જૈન કવિઓના રાગો પ્રાપ્ત કરવા મુશ્કેલ છે. પરંતુ તપાસ કરતાં જણાયું છે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## રાગોનો ઉપયોગ :

જે તે સમયમાં લોકોને ક્યા રાગ વિશેષ પ્રિય જણાયા, ગાવામાં સહેલા લાગ્યા તે પણ આ નિરીક્ષણથી જાણવા મળે છે. અહીં એક મહત્ત્વની બીજી વાત વિચારવાની છે કે રાગનો ઉપયોગ ભારતીય સંગીતમાં ક્યારથી થયો? ભરતના નાટ્ય શાસ્ત્રમાં સ્વર અને તાલની ચર્ચા છે પણ રાગનો નિર્દેશ નથી છેક બારમી સદીમાં પ્રસિદ્ધ કવિ અને સંગીતકાર જયદેવના રચેલા પ્રબન્ધ મળે છે. સંશોધકોનો અભિપ્રાય એવો છે કે જયદેવના પ્રયોજેલા રાગો કોઈ ગાતા હોય તથા જે મૂળ કવિએ ગાયેલા રાગ જ ગાતા હોય તેવા ગાયકો મળતા નથી! પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે લખે છે કે "શકે વર્ણ ૧૭૮૨ એટલે કે સન ૧૧૬૨માં લોચન કવિએ જયદેવ અને વિદ્યાપતિના નામનો ઉલ્લેખ કર્યો. એમનાં પદો તેણે પોતાના ગ્રંથ 'રાગ તરંગિણી'માં લખ્યાં છે, જેના પર રાગનાં નામ લખ્યાં છે, જેમ કે કવિ જયદેવના પદ પર 'દેશાખ' રાગ લખ્યું છે. રાગ વિષે તેમાં માહિતી મળતી નથી. છેક સન ૧૪૨૫ લગભગમાં વિજયનગરના રાજા દેવરાજના દરબારમાં પંડિત કલ્લિનાથ હતા. તેમણે સારંગ દેવ રચિત 'સંગીત રત્નાકર' પર ટીકા લખી છે. આ 'સંગીત રત્નાકર' એક જ સૌથી જૂનો ગ્રંથ છે, જેમાં રાગ વિષે નોંધ છે પણ તે રાગો આજ સમજી શકાય તેમ નથી.

## સાચા રાગ ક્યા અને કેવા :

જૂના વખતના સંગીત વિશે વિદ્વાનો કેમ કશું કહી શકતા નથી તેનું એક કારણ એ છે કે રાગ ગાવાનો પ્રારંભ થયો તે પૂર્વે જાતિગાયન, શ્રુતિ, ગ્રામ, મૂર્છના વિષે જ માત્ર ચર્ચા તથા ગાયનક્રિયા થતી હતી. આપણે એક જ દાખલો લઈએ જેને આજે આપણે શુદ્ધ થાટ બિલાવલ કહીએ છીએ તેમ જ પૂર્વ કાળના સ્વરોની ગોઠવણ કરવાથી તે 'કાફી' રાગના સ્વરો બને છે. હવે આપણા જૈન આચાર્યો જેઓ બારમી તેરમી સદીમાં થઈ ગયા તેમણે જ્યાં રાગ બિલાવલ લખ્યો તેજ ૧૪મી પંદરમી સદીના ગાયકોએ કાફી રાગ જેવો ગાવા લાગ્યા. આમ જૈન દેશીઓમાં 'કાફી' અને 'બિલાવલ' શું બંને સરખા હશે? આનો જવાબ નથી, કેમ કે આજની જેમ નોટેશન પદ્ધતિ ત્યારે ન હતી. વળી પ્રથમ સ્વર 'સા' ક્યાંથી ગણવો તે પણ નિશ્ચિત આપણે ત્યાં નથી. યુરોપીય દેશોમાં સૈકાઓથી આ નિશ્ચિત છે તેથી તેમનું જૂનું સંગીત જે તે જમાનામાં ગવાતું, વગાડવામાં આવતું તે આજે પણ સાંભળી શકાય છે. આજે આપણે હેમચંદ્રાચાર્યજી યા આનંદઘનજી અને યશોવિજયજીના સમયમાં કેવી રીતે ગવાતું હતું તે વિષે ખાતરીપૂર્વક કહી શકતા નથી. માત્ર ગાયન પરંપરા દ્વારા 'દેશી'ના ઢાળોમાં આપણે ગેય સ્તવનો, પદો સારાં બચાવી શક્યા છીએ.

આનંદઘનજીએ કેટલા રાગોનો પ્રયોગ કર્યો છે તેની તપાસ કરતાં બત્રીસ રાગો જાણી શકાયા છે. તેમાં પણ ગ્રંથકારોમાં ક્યાંક રાગનાં નામ નથી તો ક્યાંક નામ જુદાં છે. તેમના જ સમકાલીન યશોવિજયજી છે. પ્રેમાનંદ પણ સમકાલીન ગણાય તેણે બાવીસ જેટલા રાગો પ્રયોજ્યા છે, પણ આ સંખ્યા વિશ્વસનીય નથી. સંશોધનના આ વિષયમાં બધાએ રસ લેવા જેવું છે. આમ છતાં જૈન કવિઓએ પ્રયોજેલા રાગોમાંના કેદાર, રામગ્રી, ધનાશ્રી, ગોડી, દેશાખ, કલ્હેરો, પરજિયો, મલ્હાર રાગ પ્રેમાનંદે પણ ગાયા છે.

આજે જૈનોનું રાગસંગીત તથા દેશી કેવી રીતે ગવાતાં હતાં તે જાણવું હોય તો ઉત્તર ગુજરાતના ભોજક સંગીતકારોને સાંભળવા જોઈએ. સ્વ. હીરાલાલ ઠાકુર, ગજાનન ઠાકુર, લાભશંકર ભોજક આજે હયાત નથી. તેમની પરંપરામાં હવે ગાયકો ખૂબ ઓછા થતા જાય છે ત્યારે ખંભાતના એક શ્રાવકે હીરાલાલના કંઠે ગવાયેલ પૂજાઓ રેકોર્ડ કરી રાખી છે, તેમ રેકોર્ડ કરી લેવાનું ઉચિત ગણાશે. આચાર્ય શ્રી શીલચંદ્રવિજય સૂરિ જેવા પ્રાચીન સંગીતના ચાહકે આનંદઘનજીનાં પદોની ચાર કેસેટો પ્રસિદ્ધ કરી છે, જે જયદેવ ભોજક આકાશવાણી વડોદરાના મ્યુઝિક પ્રોડ્યુસરે તૈયાર કરી આપી છે. એવી જ રીતે મુંબઈથી પણ આનંદઘનજીનાં સંપૂર્ણ પદોની સી.ડી. બહાર પડી છે.

અહીં એક સૂચન કરી શકાય કે જેમ અન્ય સંપ્રદાયોમાં ભક્તિ-પદો ગાવાની પરંપરા છે, તેમ પાછલા કાળના જૈન કવિઓએ પણ લોકપ્રિય થાય તેવાં પદો રચ્યાં છે તેને તેના પરંપરાના ઢાળમાં અથવા અનુરૂપ નવા ઢાળમાં પ્રચલિત કરીશું તો 'જૈન ભક્તિસંગીત' પ્રચલિત થશે. હાલ એક નવો જુવાળ પણ જોવા મળે છે તે રાગ પર આધારિત પદોનો શોખ એક નિશ્ચિત વર્ગ રસપૂર્વક સાંભળે છે. તેમને ગાયકોની જરૂર છે. સંગીતશાસ્ત્ર તો કહે જ છે કે સંગીત એ પરિવર્તનશીલ કળા છે. આ પરિવર્તન કેવું જોઈએ તે માટે આચાર્ય શીલચંદ્રવિજયજી જેવા સંગીતજ્ઞ આચાર્યો પાસેથી માર્ગદર્શન લઈ આરંભ કરી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જૈન સંગીતકારો: આંગી રચનાના નજ્ઞો: ચક્ષુ-ટીકાના કલાવિદો

—નવીનચંદ્ર રમણિકલાલ ભોજક



પ્રભુભક્તિમાં ગીત, નૃત્ય, વાજિંત્રનાદને પણ વિશેષ સ્થાન અપાયું છે. પૂજાઓ, પૂજનોમાં તો ભક્તિરસના ઝબ્બર ઉછાળા સંગીતકારોએ પીરસેલાં પરમાત્મભક્તિનાં સંગીતમય ગીતોના કારણે જ વિશેષ આવે છે.

પ્રત્યેક માનવીમાં સૌંદર્યને પરખવાની-પામવાની વૃત્તિ રહેલી હોય છે. પછી તે ગુફાવાસી માનવ હોય કે આધુનિક માનવ હોય. ઝીણી ઝીણી બાબતો વધુ સુંદર-વધુ સરસ કેમ લાગે તેની દૃષ્ટિ પ્રત્યેક માનવી ધરાવતો હોય છે, એટલે તો કહેવાયું છે કે કળા વ્યક્તિજન્ય વસ્તુ નથી, સમૂહચેતનામાં પ્રગટતી બાબત છે. પ્રાચીન ભક્તિગીતો, ભજનો, પ્રાસંગિક ગીતો, કેટકેટલી કથા-વારતાઓના રચયિતા કોઈ એક વ્યક્તિ નથી; ગુફામાં દોરેલાં ચિત્રો કે અજંટા-ઈલોરાના કલાકારનાં નામો મળતાં નથી; ભરત-ગૂંથણની ભાતો કોઈ એક વ્યક્તિએ નક્કી કરી નથી. એ બધું સામૂહિક રીતે ક્રમે ક્રમે પરંપરાગત વિકસતું જતું હોય છે. હા, એનું જતન કરવું, જાળવવું એ જે-તે પ્રજાની નૈતિક ફરજ બની રહે છે. પ્રજાની સાચી સંસ્કૃતિ એની વિશિષ્ટ કળામાં સચવાઈ રહી હોય છે. એનું પ્રજાને ભાન કરાવવું એ સંસ્કૃત માણસની ફરજ છે. એવી ફરજના ભાગરૂપે કેટકેટલાં કલાકારો પેઢી-દર પેઢીથી પ્રવૃત્ત રહે છે.

આ કળા વિવિધ ક્ષેત્રે પ્રસરેલી છે, જેમાં સંગીત-ગાયન-વાદન, નર્તન-નાટક, કથન-મંચન, ભરત-ગૂંથણચિત્ર, માટી-કાષ્ઠાદિ શિલ્પકામ, આંગીરચના, ચક્ષુ-ટીકા અને એવી તો અનેક ઝીણી ઝીણી બાબતો છે કે જે રોજિંદા વપરાશની વસ્તુને સુંદરરૂપે રજૂ કરે છે. સમૂહ માધ્યમોની ભરમાર વધતી ચાલી ત્યારે એમ થતું હતું કે આ કળાઓ વિલુપ્ત થઈ જશે. છાપેલો શબ્દ બોલતા શબ્દને દબાવી દેશે, રેડિયો અને દૂરદર્શન કેટલીક કળાને રૂંધી નાખશે, પણ આ કળા આકાશમાંથી વરસતાં નિર્મળ પાણી જેવી ફર્સ્ટ હેન્ડ આર્ટ છે. અન્ય માધ્યમો કરતાં એ કલાકારના દિમાગમાંથી સ્વયંભૂ પ્રગટ થાય છે અને શ્રોતાઓને સીધી અપીલ કરે છે, એટલે એના કસબી કલાકારો જીવશે ત્યાં સુધી આ તેજસ્વી કળા પણ જીવશે અને અમર રહેશે.







Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પાલિતાણાના કોઈ જિનાલયમાં કોઈ પુણ્ય અવસરે મન મૂકીને કોઈ ધાર્મિક વિધિને રસમય બનાવતા સંગીત કલાવીદ્ સંજયભાઈ કાંતિલાલ બારોટ

પર્યુષણ મહાપર્વ જેવા પવિત્ર દિવસોએ રાતે પણ ભાવનાઓમાં સંગીતના સથવારે નૃત્ય, ગરબા, રાસ સાથે ગવાતાં ગીતોના કારણે ભક્તિનો અનન્ય માહોલ જામે છે. રાવણ–મંદોદરીનો અષ્ટાપદનો પ્રસંગ નૃત્ય–ગીત–વાજિંત્ર ભક્તિનો એક અનોખો ઐતિહાસિક પ્રસંગ છે, જે જાણવા–માણવા જેવો છે. ઉદાયન રાજા અને તેમની પ્રભાવતી રાણી પણ રોજ પ્રભુ આગળ કલાકો સુધી આ રીતે ગીત–વાજિંત્ર–નૃત્ય ભક્તિ કરતાં. આજે પણ સેંકડો સંગીતકારો, નૃત્યકારો જૈન દેરાસરોમાં ભક્તિસંગીત પીરસી સતત ઉત્સવ–આનંદનો માહોલ સર્જે છે. પરમાત્માનું સાકાર ધ્યાન સિદ્ધસ્વરૂપના નિરાલંબન ધ્યાન માટે અગત્યનું છે. વીતરાગતા અને કરુણાની સાક્ષાત્ પ્રતિકૃતિ સમાન જિનપ્રતિમાઓ આંગીરચના વિના પણ ચિત્તને આકર્ષે છે, સ્થિર કરે છે, શાંત કરે છે.

પરમાત્માની દ્રવ્યપૂજામાં શિરમોર સ્થાને છે આંગી. પરમાત્માના ભક્તશ્રાવકો શ્રેષ્ઠતમ દ્રવ્યોથી પ્રભુના અંગે સજાવટ, ગભારો સજાવટ વગેરે કરે, એ આંગી કહેવાય. તેઓ પરમાત્માને ત્રણ લોકના નાથ માને છે. પ્રભુના મંદિરને પ્રભુના દરબારસમ લેખે છે. જગતનું ઉત્તમ દ્રવ્ય જગતના સૌથી શ્રેષ્ઠ મહાપુરુષની આંગીમાં ધરી તેઓ પ્રભુની અનન્ય કરુણા–પ્રભુના અનન્ય ઉપકારની કૃતજ્ઞતાની અભિવ્યક્તિ કરે છે. એ નિમિત્તને પામી પરમાત્માની સાથે એકાકાર થવાના સફળ પ્રયાસ આદરે છે. કુમારપાળ જેવા રાજાઓ અને પેથડશા જેવા મંત્રીઓ આ રીતે આંગીરચના નિમિત્તે કલાકો સુધી પરમાત્મમય બની જતા. એ આંગીરચના જોનારને પણ એ નિમિત્તે પ્રભુદર્શનનું અલબેલું આકર્ષણ જાગે છે ને એવી લાખેણી આંગી વચ્ચે પણ પ્રભુની નિર્લેપતા–વીતરાગતાને નિહાળી ધન્ય બનેલા તેઓ પછી સંસારનાં લોભામણાં આકર્ષણોની સામે સ્વસ્થ ભાવે ટકી શકે છે. વર્તમાનકાળે પણ નાનાં બાળકોથી માંડી વૃદ્ધો સુધીના ઘણા–ઘણા શ્રાવકો પોતે અને કલાવિદો–તજજ્ઞો દ્વારા પ્રતિદિન પ્રભુની એવી વિશિષ્ટ અંગરચનાઓ થતી હોય છે કે જોનારાં ઘડીભર થંભી જાય છે. મન સોળે કળાએ ખીલી ઊઠે, આત્મા નિજાનંદમાં સરી પડે.

આ સૌ કલાવિદો અને સંગીતજ્ઞોનો પરિચય કરાવનાર શ્રી નવીનચંદ્ર રમણિકલાલ ભોજક, **B.A., B.Ed., S.K. Ratna Medalist**–સંગીત પ્રથમા પૂર્ણ, નિવૃત્ત પ્રિન્સિપાલ, શેઠ એ. એન. કુમકુમ મંગલ મંદિર વિદ્યાલય, ઉણ–તા. કાંકરેજ, બનાસકાંઠા, હાલ. ૨–પાર્શ્વનાથ સોસાયટી, પેટ્રોલપંપ પાછળ, શંખેશ્વર પીન–૩૮૪ ૨૪૬ જિ. પાટણ ફોન : ૦૨૭૩૩–૨૭૩૫૨૮ મો. ૯૪૨૭૪૮૮૩૬૨.

–શ્રેષ્ઠ શિક્ષક–રાષ્ટ્રીય (રાષ્ટ્રપતિ) એવોર્ડ–૧૯૯૬ વિજેતા. – શ્રેષ્ઠ શિક્ષક–રાજ્ય એવોર્ડ વિજેતા–૧૯૯૩ – સભ્ય, જિલ્લા સાક્ષરતા સમિતિ, બનાસકાંઠા. ટ્રસ્ટી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગ્રામવિકાસ ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલય, શંખેશ્વર. મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી ઉણ વિભાગ કેળવણી મંડળ (ઉ. માધ્ય. વિદ્યાલય) મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી ગ્રામવિકાસ ટ્રસ્ટ, ઉણ (બનાસકાંઠા), સભ્ય, ગવર્નિંગ બોડી, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શંખેશ્વર. પરિચયકર્તાએ ઘણી જહેમત લીધી છે. ધન્યવાદ.

–સંપાદક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રાસ્તાવિક

સંગીત અને સૂર માટે કોઈ વિદ્વાને સાચે જ લખ્યું છે :

"પ્યાર નહીં સૂર સે જિસકો, વહ મૂરખ ઈન્સાન નહીં,
સૂર ઈન્સાન બના દેતા હૈ, સૂર ભગવાન મિલા દેતા હૈ.
સૂર કે શ્યામ સહાય કરે તો, ઔર સહાય જરૂર નહીં,
જગમેં અગર સંગીત ના હોતા, કોઈ કિસીકા મિત ન હોતા.
યહ અહેસાન હૈ સાત સૂરોં કા, યે દુનિયા વિરાન નહીં,
સૂરોં કે બિના સરસ્વતી નહીં મિલતી,
સૂર કે બિના કલિયાં નહીં ખિલતી."

સંગીતમય જિનભક્તિ એ પરમાત્માને ભાવથી ભજવાનું લીન થવાનું, તરબોળ થવાનું, તાદાત્મ્ય સાધવાનું માધ્યમ છે. સંગીતમય જિનભક્તિ એ સાધના–આરાધનાનો ઉત્તમ માર્ગ છે. સંગીત ભક્તોને સ્થિતપ્રજ્ઞ બનાવી, એક લક્ષ્ય તરફ દોરી જાય છે. સંગીત પરમાત્માની સમીપ લઈ જવાનું કાર્ય કરે છે. તન, મનથી પરમાત્મભક્તિમાં સૌને જોડવાનું પુનીત કાર્ય કરે છે. સુંદર ભક્તિમય ભાવાવરણનું તે સર્જક છે.

જિનશાસનમાં પૂજા, ભાવના, પૂજન, અંજનશલાકા– મહોત્સવોમાં જિનેશ્વરભક્તિની સેવા આપતા સંગીતકારોના પરિચયો તેમની રૂબરૂ મુલાકાત, ટેલિફોન દ્વારા અને અન્ય આધારભૂત સ્રોત દ્વારા મેળવી આપની સમક્ષ મૂકવા નમ્ર પ્રયાસ કર્યો છે.

ચક્ષુટીકા, અંગરચનામાં કલાકાર અને ચિત્રકારોની વિગતો જેટલી મેળવી શકાય છે એટલી મેળવવા પ્રયાસ કર્યો છે. આ તમામ માહિતી, મહોત્સવોના આયોજકશ્રીઓ, સકળસંઘો, તીર્થો તેમજ દેરાસરજીના ટ્રસ્ટીશ્રીઓને ઉપયોગી થશે તેવી શ્રદ્ધા છે.

*શાસ્ત્રીય સંગીત સૂરાવલિ સાથે પૂજા–અંજનશલાકા–ભાવનાના આદ્યસ્થાપક*

## સંગીતરત્ન–સ્વ. હીરાલાલ દેવીદાસ ઠાકોર (ભોજક)

વતન–વડનગર (૧૯૧૩–૧૯૯૦)



સંગીતરત્ન હીરાભાઈએ ૧૪ વર્ષની નાની વયે પિતાજીની છત્રછાયા ગુમાવી. 'પુરુષાર્થ દ્વારા જ પ્રારબ્ધ' સૂત્રને જીવનમાં સાકાર કર્યું. નાની વયે જ સંગીતની તાલીમ વડનગરના શ્રી ચીમનભાઈ ઉસ્તાદ અને શ્રી દલસુખભાઈ ભોજક (રાજગાયક –ભાવનગર) પાસેથી લીધી. ધર્મઆરાધના સાથે સોનગઢના ગુરુકુલ મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાયા. અધ્યાપન સાથે સંગીતની આરાધના કરી. સંગીત આચાર્ય પંડિત વાડીલાલ શિવરામ પાસે સંગીતની વિશેષ તાલીમ લઈ સંગીતજ્ઞ બન્યા. સંગીતનો ઉપયોગ ધર્મ–આરાધના અને ભક્તિસંગીતમાં કરવા મનમાં નક્કી કર્યું.

જૈન પૂજા, ભાવના, અંજનશલાકામાં તેમણે સૌ પ્રથમ શાસ્ત્રીય રાગ–રાગિણીસૂરે તાલલય સાથે કર્યાં તેથી તે આદ્યસ્થાપક બન્યા અને સારી લોકચાહના મેળવી. આચાર્ય ભગવંતોના આશીર્વાદ મેળવ્યા. ઉત્કૃષ્ટ કોટીના સંગીતકાર તરીકે ગુજરાત રાજ્યના રાજ્યપાલના હસ્તે સમ્માન પામ્યા.

આચાર્યશ્રી પ.પૂ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સા.ના શબ્દોમાં કહીએ તો "હીરાભાઈની પૂજામાં ભાવ આવે છે. તેથી તેમની પૂજા સાંભળવાની ભાવના થાય છે. હીરાભાઈ ગાય છે ત્યારે ભક્તિભાવમાં ખોવાઈ જાય છે. તે ખરેખરા સુશ્રાવક છે." શ્રી હીરાભાઈની ભક્તિસંગીત સાધના માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતભરના જૈન સમાજમાં આદર અને પ્રતિષ્ઠા પામી છે.

તેઓ મુંબઈ જૈનસમાજ, અમદાવાદ જૈનસમાજ તેમજ અનેક સંઘો દ્વારા અભૂતપૂર્વ સમ્માન પામ્યા હતા, જૈ ભોજક–સમાજ અને જૈનસમાજ માટે એક ગૌરવમય ઘટના હતી.

વડનગર ભોજકસમાજના શ્રી ઋષભનાથજી જિનમંદિરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે ૫૦ વર્ષ સુધી સુંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામગીરી કરી જિનાલયની પુનઃ સ્થાપના જિર્ણોદ્ધારની કામગીરી તેમજ જિનાલયના રજતજયંતી મહોત્સવનું આયોજન વગેરે કામગીરી આજે સૌ યાદ કરી તેમને બિરદાવે છે. વડનગર ખાતે જ્ઞાતિની વાડી જૂના મકાનના મુખ્યદાતા તરીકે અમૂલ્ય સહયોગ આપ્યો. ભારતભરના સુપ્રસિદ્ધ માઉન્ટઆબુ પરના દેલવાડાના વસ્તુપાલ-તેજપાલના દેરાસરમાં પાંચમા ક્રમની દેહરીમાં શ્રી ઋષભનાથ પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા તેમના હાથે થઈ, તે સાથે વંશપરંપરાનો ધ્વજાનો લાભ પણ તેમને પ્રાપ્ત થયો હતો, જે સમગ્ર ભોજક જૈન સંઘ માટે ગૌરવની ઘટના હતી. વડનગરનાં નગરજનો દ્વારા 'પાંચ રત્નો'માં તેમનું પ્રતિષ્ઠિત બહુમાન થયું હતું.

પૂજા, અંજનશલાકા, ભાવનાની શાસ્ત્રીય ઢબે પૂજાઅર્ચના રાગ સમિતિના આદ્યસ્થાપક હીરાભાઈનું ભક્તિસંગીત જૈન-સમાજના હૃદયમાં સદાય અંકિત રહેશે. સમગ્ર સમાજના સંગીત-રત્ન શ્રી હીરાલાલભાઈનો દેહવિલય તા. ૧૫-૫-૯૦ના રોજ વડનગરના શ્રી ઋષભનાથ જિન મંદિરના સુવર્ણજયંતી-મહોત્સવની ઉજવણીની આમંત્રણ પત્રિકાઓ લખતાં લખતાં થયો.

વસંતની બહાર આજે, પાનખર બની ગઈ,
દિવ્ય જીવન જીવનારની યાદ એક રહી ગઈ.

*સંગીતરત્ન*

## સ્વ. ગજાનન દેવીદાસ ઠાકુર (અંજનશલાકા)

વતન : વડનગર. જન્મ : ૧૯૨૨. નિવાસ : અમદાવાદ. અભ્યાસ : ધો ૬ સુધી.

પ્રસિદ્ધ સંગીતકાર વડીલબંધુ સાથે કારકિર્દીનો પ્રારંભ કર્યો. થોડા સમય બાદ સંગીતના પદ્ધતિસરના અભ્યાસમાં જોડાયા. જાણીતા સંગીતકલાધર શ્રી ચંપકલાલ છબીલદાસ નાયક પાસે બે માસ સુધી સંગીતનો અભ્યાસ કર્યો. ત્યારબાદ સંગીતની લગનીને પૂર્ણ કરવા સંગીતની આરાધના કરવા વડોદરા ગયા. સંગીતજ્ઞ શ્રી નજોખાં પાસે સંગીતની પ્રથમ વર્ષની પરીક્ષા માટે તૈયારી કરી, શ્રી સયાજીરાવ મહારાજની ગાયન શાળામાં સંગીતની પરીક્ષા આપી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતાં તેમના ઉત્સાહમાં વૃદ્ધિ થઈ. તે પદવીનાં ચાર વર્ષ એ જ સંગીત શાળામાં ગુરુદેવ શ્રી ગુલામરસૂલ ખાંસાહેબ, ગુરુદેવશ્રી સુંદરભાઈ, ગુરુદેવશ્રી સિન્નરકર સાહેબ પાસે અભ્યાસ કરી પ્રથમ કક્ષામાં દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થયા.

સંગીતસાધનાનાં આ વર્ષોમાં કોઈ સાથ નહીં. માત્ર બે આનામાં જ જીવનનિર્વાહ ચલાવવાનો હતો. ગુરુદેવશ્રી રસૂલખાં સાહેબની ઓફિસમાં જ રહેવાનું. રોજના દસથી બાર કલાક રિયાઝ કરતા હતા. સુપ્રસિદ્ધ ગાયક શ્રી શિવકુમાર શુક્લના સાંનિધ્યમાં પણ સંગીતસાધના કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. અમદાવાદના શેઠ શ્રી બકુભાઈ મણિલાલ શાહના મહોત્સવમાં સંગીતકાર તરીકે તેમને નિમંત્રણ મળ્યું અને સૌ પ્રથમ અદ્‌ભુત લોકચાહના મળી. શ્રી જિનેશ્વર પરમાત્માનાં ગુણગાન માટે મહોત્સવોમાં આમંત્રણ મળતાં જ રહ્યાં. પૂજ્ય માતાપિતા, વડીલબંધુ અને ગુરુદેવોના આશીર્વાદે તેમને જૈન સમાજમાં ટોચ કક્ષાના સંગીતકારનું સ્થાન અપાવ્યું.

અંજનશલાકામહોત્સવની ઉજવણીના એ પ્રથમ હરોળના સંગીતકાર હતા. અંજનશલાકામહોત્સવમાં ભક્તિસંગીતના તેઓ આદ્યસ્થાપક હતા. અનેક નગરોમાં જૈન સંઘોએ શ્રી ગજાનનભાઈને સુવર્ણચંદ્રકો અને રૌપ્યચંદ્રકોથી સમ્માન્યા છે. મહોત્સવોમાં વિરાટ જનમેદનીએ તેમનું અભિવાદન કર્યું છે. સરસ્વતીદેવીની પણ તેમના પર કૃપા પ્રાપ્ત થઈ હતી. સાહિત્યના જીવ હતા. એમના હાથે શ્રી જિનેશ્વરદેવનાં ભક્તિગીતોનાં પુસ્તકો (૧) આત્મગુંજન, (૨) પરમાત્મગુંજન, (૩) શુદ્ધાત્મગુંજન એમ ત્રણ પ્રકાશનો બહાર પડેલાં છે. તેમનાં ભક્તિગીતો આજે પણ ઘેર ઘેર ગુંજે છે. સંગીતકાર ગજાનનભાઈ અતિ નમ્ર અને નિરાભિમાની હતા. કોઈને પણ સહાયરૂપ થવા સદાય તત્પર રહેતા. અંજનશલાકા મહોત્સવની ઉજવણીના મહાન સંગીતકાર તરીકે જૈનસમાજના હૃદયમાં તેમનું સ્થાન ચિરંજીવ બની રહ્યું છે.

(સૌજન્ય-વિનોદકુમાર રાગી-સંગીતકાર)

## સ્વ. રમણિકલાલ કાળીદાસ ભોજક

વતન : રાધનપુર કર્મભૂમિ : શંખેશ્વર.



રાધનપુર ખાતે શિક્ષક તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો. સંગીતનો જીવ હોવાથી શિક્ષકના વ્યવસાયમાં મન માન્યું નહીં. છ માસના ટૂંકાગાળામાં શિક્ષકની નોકરી છોડી દીધી. સંગીતકાર બનવાની ઉત્કટ ઝંખના સાથે મુંબઈ ખાતે થોડાં વર્ષ સ્થિર થયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજા, ભાવના અને મહોત્સવોમાં સફળતાપૂર્વકનો સંગીતકાર તરીકેનો અનુભવ મેળવી શંખેશ્વર મહાતીર્થમાં જૈન સંગીતકાર તરીકે જોડાઈ, ૫૧ વર્ષ સુધી સેવા આપી. તેમણે પદ્ધતિસરની ઉત્તર હિન્દુસ્તાની સંગીતની તાલીમ લીધી હતી. અષાઢી મેઘ જેવો ઘૂઘવતો સૂરીલો તેમનો કંઠ હતો. દેશી અને શાસ્ત્રીયરાગમાં પૂજાઓ તેમજ પ્રાચીનપદોની અર્થસભર સુબદ્ધ સંગીતમય રજૂઆત એ તેમની આગવી વિશેષતા હતી. શંખેશ્વર ખાતેના સેવાકાળ દરમ્યાન પૂજા, ભાવના, અંજનશલાકા–પ્રતિષ્ઠા–મહોત્સવોમાં યશસ્વી કામગીરી બજાવી. શંખેશ્વર મહાતીર્થની રાત્રિભાવનામાં તેમના દ્વારા ગવાયેલ સ્તવન "શંખેશ્વર સાહિબ સાચો" ભારતભરના જૈનસમાજના હૃદયમાં સ્થાન પામ્યું. આજે પણ તેમના દ્વારા ગવાયેલ પ્રાચીન પદોનું સ્મરણ કરાય છે. તેમના સમયની રાત્રિભાવનામાં પ્રાચીનપદો દ્વારા પરમાત્મ ભક્તિની અનોખી લિજ્જત હતી. શંખેશ્વર મહાતીર્થમાં જૈન સંગીતકાર તરીકે સંનિષ્ઠ સેવા દ્વારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાની ૫૧ વર્ષ ભક્તિ કરી સમગ્ર જૈનસમાજમાં આદરભર્યું સ્થાન પામ્યા. તેમની સેવાઓની કદર સ્વરૂપે અખિલ ભારત તત્ત્વજ્ઞાન પરિષદ દ્વારા સુવર્ણપ્રતીક અને શ્રેષ્ઠીવર્ય દ્વારા રૂા. ૨૧,૦૦૦/-ની થેલી આપી તેમનું સમ્માન કરવામાં આવ્યું.

૧૯૯૯માં માર્ચ માસની તેરમી તારીખે ફાગણ વદ ૧૧ના દિવસે પરમાત્માનું સ્મરણ કરતાં અવસાન પામ્યા. તેમના સુપુત્રોએ સદ્‌ગતના આત્મશ્રેયાર્થે તેમની કર્મભૂમિ શંખેશ્વર મહાતીર્થમાં પંચાહ્નિકામહોત્સવનું આયોજન કર્યું. આચાર્ય ભગવંતો અને ગુરુભગવંતોની નિશ્રામાં મહોત્સવ દરમ્યાન શંખેશ્વરની તમામ સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ તથા તેમના ભક્તિ- સંગીતના ચાહકો અને શ્રેષ્ઠીવર્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી. નામાંકિત સંગીતકારોએ એ ભક્તિની રમઝટથી મહોત્સવને દીપાવ્યો. મહોત્સવ દરમ્યાન જીવદયાના પુનિત કાર્ય માટે મોટી રકમની ઊપજ થઈ. મહોત્સવ એક સંભારણું બની રહ્યો. શ્રી રમણિકભાઈની શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત અને પ્રાચીનપદોથી જિનેશ્વરભક્તિ અવિસ્મરણીય બની રહી છે.

## સ્વ. અંબાલાલ ખોડીદાસ ભોજક

વતન : રાધનપુર, કર્મભૂમિ : મુંબઈ.

ગુલાલવાડી મુંબઈ ખાતે ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરના સંગીતકાર તરીકે આજીવન સેવા આપી. શાસ્ત્રીય સંગીતની જાણકારી ધરાવતા અંબાલાલભાઈનો કેળવાયેલો અવાજ હતો. પૂજા–ભાવના અને મહોત્સવોમાં શાસ્ત્રીય સંગીત દ્વારા જિનભક્તિ કરી. જૈનરત્ન સ્વ. રમણલાલ દલસુખભાઈ શ્રોફ (મુંબઈ–ખંભાત)ના પારિવારિક સંગીતકાર તરીકે પણ આજીવન સેવા આપી. મુંબઈ ખાતે આજીવન વસવાટ કર્યો.

## સ્વ. દામોદરદાસ કાળીદાસ ભોજક

વતન : રાધનપુર

કંબોઈ, ભોયણી અને શંખેશ્વર મહાતીર્થ ખાતે સંગીતકાર તરીકે સેવા આપી, પદ્ધતિસરની ઉત્તર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની તેમણે તાલીમ લીધી હતી. પહાડી અવાજ ધરાવતા તેઓ હાર્મોનિયમ–મિસ્ત્રી હતાં. તબલાવાદનમાં પણ નિપુણતા ધરાવતા હતાં. પૂજા, ભાવના અને પ્રાચીનપદોની અર્થસભર સંગીતમય રજૂઆત કરતા. પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગજાનનભાઈ ઠાકુર સાથે અંજનશલાકા–મહોત્સવોમાં સંગીતસેવા આપતા હતા. તેમની સંગીતસેવાઓ જૈનસમાજમાં પ્રસિદ્ધિ પામી. નાની વયે અવસાન પામ્યા.

## સ્વ. મનુભાઈ હરિલાલ ભોજક (પાટણવાળા)

વતન : પાટણ કર્મભૂમિ : મુંબઈ



મનુભાઈ સ્વયમ્ એક જાગૃત સંગીત હતા. પરમાત્માએ આપેલા મધુર સ્વરને તેમણે જિનભક્તિ માટે વાપરીને એણે જ આપેલા દાનની એને અંજલિ આપી.

ખારેક બજાર, (મુંબઈ)માં આવેલું શ્રી અનંતનાથ જૈન દેરાસર એક સમયે અનેક સંગીતકારો માટે કદરદાનીનું મંદિર હતું. કિશોર અવસ્થાથી જ દેરાસરમાં પૂજા–ભાવના ભણાવવા લાગ્યા. તેમણે પ્રો. દેવધરની સંગીતશાળામાં અભ્યાસ કર્યો અને પદ્ધતિસરની તાલીમ લીધી. માલકોષ અને ભૈરવી રાગની તેમની મીઠાશ હજુ ઘણાંની સ્મૃતિમાં સચવાઈ છે.

જૈનબંધુઓએ તેમની કલાની કદરરૂપે ચાંદીનો રથ અને પ્રશસ્તિપત્ર એમને અર્પણ કર્યાં હતા. મનુભાઈ કાયારૂપે ભલે વિરમ્યા પણ એમના સંગીતદ્વારા સૌના હૃદયમાં ગુંજી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્વ. રમણલાલ શિવલાલ નાયક

વતન : વડનગર કર્મભૂમિ : અમદાવાદ.

૧૦ વર્ષની નાની વયે બાલ્યકાળમાં નાટ્યક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ કર્યો અને સફળ કલાકાર બની માસ્ટર રમણ તરીકે જાણીતા થયા. કેટલાંક વર્ષો બાદ અભિનયક્ષેત્રનો ત્યાગ કરી સંગીતના શોખને લીધે સંગીતક્ષેત્રે પ્રવેશ્યા. કારકિર્દીનો પ્રારંભ સંગીતરત્ન શ્રી હીરાલાલ ઠાકુર તથા સંગીતરત્ન શ્રી ગજાનનભાઈ ઠાકુર સાથે તાનપુરાની સંગતથી કર્યો અને શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી. તેઓ પૂજા, ભાવના અને મહોત્સવોમાં શાસ્ત્રીય ભક્તિ સંગીત દ્વારા જૈન સમાજમાં કુશળ સંગીતકાર તરીકે ખ્યાતિ પામ્યા. ૨૫ વર્ષના જૈન સંગીતકાર તરીકેના સેવાકાળ દરમ્યાન તેમની જિનભક્તિ ખૂબ પ્રશંસા પામી. તેમની શાસ્ત્રીય સંગીતભક્તિને સૌ યાદ કરે છે.

## સ્વ. ચમનલાલ કસ્તુરચંદ ભોજક

વતન : પાટણ, જન્મભૂમિ : ગુજરાત રાજ્યનું અણહિલપુર પાટણ.

અડધી સદી પૂર્વેના પ્રાચીન યુગના શ્રેષ્ઠ જૈન સંગીતકાર. વર્તમાન જૈન સંગીતકારોની પ્રેરણામૂર્તિ હતા. સંગીતક્ષેત્રે મુંબઈને કર્મભૂમિ બનાવી. શ્રી મહાવીર પંચકલ્યાણકની પૂજા શાસ્ત્રીય રીતે સંગીતમય ભણાવનાર તરીકે ખ્યાતિ પામી લોકપ્રિય બન્યા. તેમની આ શાસ્ત્રીય રીતે ભણાવાયેલ શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજાનું રેકોર્ડિંગ થયેલ, જેણે જૈનસમાજમાં ખૂબ લોકપ્રિયતા મેળવી. માદરે પાટણ ખાતે તેમણે ધાર્મિક ઉદ્યાપન (ઉજમણું) મહોત્સવ કરેલ. તે સમયે તેમણે વાસણનો મંડપ બંધાવ્યો હતો, જે મહોત્સવનું અનેરું આકર્ષણ બની રહ્યો હતો. વર્તમાન પેઢીના શ્રાવકો—એ રેકોર્ડિંગના ભક્તિસંગીતનું શ્રવણ કરી આ સંગીતકારને ભાવાંજલિ આપી રહ્યા છે.

*જૈફવયના સંગીતકાર*

## શ્રી અંબાલાલ હરિલાલ ભોજક (પાટણવાળા)



વતન : પાટણ હાલ : મુંબઈ.

શ્રી અંબાલાલબાઈ જૈફવયના એક વિશિષ્ટ સંગીતકાર છે. જૈન સ્તુતિ-સ્તવન, ભજન, ભાવના વ.માં એમણે પ્રાણ પૂરીને સૂર પૂર્યા. આ જ કારણે એમના સૂર શ્રોતાજનોને આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે. શ્રી અંબાલાલભાઈ માત્ર સંગીતકાર જ નહીં, પરંતુ સાહિત્યના જીવ છે. એમણે કેટલીય કાવ્યરચનાઓ કરી તેમજ સંગીતમાં મઢી છે.

તેમણે મુંબઈના ભાતબજાર–ખારેક બજારમાં આવેલા શ્રી અનંતનાથજી જિનેશ્વર પ્રભુની ૬૨ વર્ષ સંગીતમય સેવા કરી છે. તેમની આ સેવા માટે સંસ્થાએ તેમને પ્રશસ્તિપત્ર પણ આપ્યું છે. પિતાશ્રી હરિલાલભાઈ તથા ગુરુજી ગોરધનદાસ મારવાડી તેમજ દેવધર સંગીત વિદ્યાલયમાં મનહર બર્વે પાસે તેમણે સંગીતની તાલીમ લીધી હતી. જૈફવયે પણ અંબાલાલભાઈ ભાવપૂર્વક ભક્તિસંગીત રેલાવી રહ્યા છે.

સૌજન્ય : પ્રો. રમેશ હ. ભોજક

*જૈફવયના સંગીતકાર*

## શ્રી વાસુદેવભાઈ ધનસુખરામ નાયક

અમદાવાદ ખાતે નિવાસ કરી છેલ્લાં ૫૦ વર્ષથી જૈન-સંગીતકાર તરીકે પૂજા, ભાવના, અંજનશલાકામહોત્સવોમાં જૈન–ધાર્મિક સંગીતના કાર્યક્રમો આપી રહ્યા છે. કર્ણપ્રિય સ્વર ધરાવે છે. જૈફવયના સંગીતકાર તરીકે જિનશાસનભક્તિનો બહોળો અનુભવ ધરાવે છે. સરળ સ્વભાવી વાસુદેવભાઈ અમદાવાદ નગરના જૂના સંગીતકાર તરીકે જાણીતા છે.

સરનામું : ફોન નં. ૨૭૪૭૫૩૬૬. નરસિંહપાર્ક સોસાયટી, નારણપુરા, વિજયનગર ચાર રસ્તા પાસે, અમદાવાદ–૧૩

*જૈફવયના સંગીતકાર*

## શ્રી વસ્તીલાલ વિઠ્ઠલદાસ ભોજક

વતન : રાધનપુર હાલ : શંખેશ્વર.

હાલ શંખેશ્વર ખાતે આગમમંદિરમાં સંગીતકાર તરીકે સેવા આપે છે. ૪૫ વર્ષના જૈન સંગીતકાર તરીકેના સેવાકાળ દરમ્યાન રાજસ્થાન, ગુજરાતના વિસ્તારોમાં પૂજા–ભાવના–મહોત્સવોના કાર્યક્રમોમાં સંગીતકાર તરીકે સેવાઓ આપી. શંખેશ્વર ખાતે આગમમંદિરમાં સંગીતકાર તરીકે સ્થિર થયા છે. લોકભોગ્યશૈલીમાં ધાર્મિક કથાગીતની સંગીતમય રજૂઆત એ તેમની વિશેષતા છે. જીવનસંધ્યાના દિવસોમાં આગમ મંદિર (શંખેશ્વર)માં મહાવીરસ્વામી ભગવાનની ભક્તિ કરી વિતાવી રહ્યા છે. સરનામું : ઠે. જૈન આગમ મંદિર સંસ્થા, શંખેશ્વર–પીન–૩૮૪૨૪૬ જિ. પાટણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*જૈફ વયના સંગીતકાર*

## શ્રી બાલકૃષ્ણ ચંપકલાલ નાયક

વતન : પાટણ કર્મભૂમિ : અમદાવાદ.

શ્રી બાલકૃષ્ણભાઈ જૈફ વયના સંગીતકાર છે. તેમના પિતાશ્રી ચંપકલાલ હવેલીસંગીત માટે જાણીતા હતા. તેમના પિતાશ્રી આકાશવાણી કલાકાર હતા. તેમને પિતાજી પાસેથી સંગીતકલા વારસામાં મળી છે. તેઓ અમદાવાદ ખાતે કાલુપુરમાં ભાતખંડે સંગીત વિદ્યાલય ચલાવતા હતા. મ્યુ. કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળામાં સંગીતશિક્ષક તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે. તેમના માર્ગદર્શન હેઠળ ઘણા સંગીતપ્રેમી યુવકોએ તાલીમ લીધી છે. સૂરીલો અવાજ અને પદ્ધતિસરના શાસ્ત્રીય સંગીતની જાણકારી ધરાવે છે. પૂજા, ભાવના અને મહોત્સવોમાં જૈન સંગીતકાર તરીકે સેવાઓ આપે છે. તેમની જિનભક્તિ સંગીતની સેવાઓ પ્રશંસનીય રહી છે.

સરનામું : નાયકનગર, સરદાર પટેલ કોલોની સામે, પો. નવજીવન અમદાવાદ.

## પ્રસિદ્ધ સંગીતકાર શ્રી બળવંત ઠાકુર

વતન : રાધનપુર કર્મભૂમિ : મુંબઈ



મુંબઈ ખાતે સ્થિર થઈ સંગીતકાર તરીકે સેવા આપનાર પિતાજીને પગલે સંગીતકાર બનવાની પ્રેરણા મળી. આપબળે સંગીતની આરાધના કરી, જૈન સમાજમાં અનેક સુવર્ણચંદ્રકો દ્વારા સન્માન પામી, પ્રસિદ્ધ સંગીતકાર તરીકે સ્થાન પામ્યા છે. અંજનશલાકામહોત્સવમાં સંગીતકાર તરીકે તેમનું આગવું પ્રદાન છે. મહોત્સવો, અંજનશલાકા મહોત્સવોમાં ચડાવા–બોલી માટે લાભ લેવા ઇચ્છતા ભાગ્યશાળીઓને પ્રેરિત–પ્રોત્સાહિત કરી, દેવદ્રવ્યની ઊપજમાં વૃદ્ધિ કરાવનાર તરીકે તેમણે લોકચાહના મેળવી છે. તેમણે ગાયેલાં ગીતોની ઓડિયો કેસેટ તેમજ વીડિયો સીડી પ્રસિદ્ધિ પામી છે. જૈનસમાજમાં લોકપ્રિય સંગીતકાર તરીકે સન્માનભર્યું સ્થાન પામી, ભક્તિસંગીતક્ષેત્રે સિદ્ધિનાં શિખરો સર કરી રહ્યા છે. શ્રેષ્ઠીવર્યો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશિષ્ટ સન્માન પામી સફળ કર્તૃત્વ દ્વારા ખ્યાતિ મેળવી છે.

સરનામું : શ્રી બળવંત ઠાકુર/નીરવ–નિકુંજ, ૧૨મી ખેતવાડી ક્રોસ લેન, ૧૩–સોનાવાલા કમ્પાઉન્ડ, બીજે માળે, ફ્લેટ નં. ૪, મુંબઈ–૪૦૦૦૦૪ ફોન : ૦૨૨–૨૩૮૨૪૩૧૬, મો. નં. ૯૩૨૨૧૨૧૬૫૩, ૯૩૨૨૨૨૭૮૩૫, ૯૩૨૪૨૬૯૬૮૪

*શંખેશ્વર મહાતીર્થના સુપ્રસિદ્ધ સંગીતકાર*

## શ્રી દિલીપભાઈ રમણીકલાલ ઠાકુર

વતન : રાધનપુર કર્મભૂમિ : શંખેશ્વર–મહાતીર્થ



શંખેશ્વરદાદાને ચરણે ભક્તિસંગીતમાં જીવન સમર્પિત કરનાર પિતાજીને પગલે, પિતાજીના સ્થાને શંખેશ્વર મહાતીર્થમાં જૈન સંગીતકાર તરીકે ૨૫ વર્ષથી સેવા આપી રહ્યા છે. સુમધુર સૂરીલો ઓડિબલ અવાજ અને શાસ્ત્રીય સંગીતની વિશેષ જાણકારી ધરાવે છે. પૂજા, ભાવના, અંજનશલાકામહોત્સવોના ભરચક કાર્યક્રમોમાં ખૂબ પ્રસિદ્ધિ પામ્યા છે. શંખેશ્વર મહાતીર્થની રાત્રિભાવના એ શંખેશ્વર મહાતીર્થની આગવી વિશેષતા છે. દિલીપભાઈની ભક્તિગીતોની સંગીતમય ભક્તિ રાત્રિભાવનામાં સાંભળવા યાત્રિકો ખાસ રાત્રિરોકાણ કરે છે. તેમના દ્વારા ગવાતાં ભક્તિગીતો સાંભળવાં એ જીવનનો લહાવો છે. તેમ આવનાર યાત્રિકો માને છે. શંખેશ્વરદાદાની ભાવનામાં ગવાતાં તેમનાં સ્વરચિત ભક્તિગીતો જૈનસમાજની ભાવનાઓમાં ખૂબ ગવાય છે. અન્ય સંગીતકારો અને જૈન ભક્તિમંડળો માટે તે પ્રેરણારૂપ બન્યાં છે. દુનિયાભરના જિનભક્તિસંગીતપ્રેમીઓના ઘરમાં તેમની ભક્તિગીતોની ઓડિયો કેસેટ અને ઓડિયો સીડી MP3 ખૂબ પ્રસિદ્ધિ પામી છે. તેમના સેવાકાળ દરમ્યાન અનેક સંગીતપ્રેમીઓ, શ્રેષ્ઠીવર્યો અને સંઘો દ્વારા અનેકવાર સમ્માન પામ્યા છે. તાજેતરમાં તેમનાં ભક્તિગીતોની 'ઊંચા અંબરથી' શીર્ષકવાળી ઓડિયો સીડી મોન્ટેક્ષ ગ્રુપ ઓફ મુંબઈના સૌજન્યથી તૈયાર કરાઈ હતી, જે એટલી પ્રસિદ્ધિ પામી કે તેની ૫૦૦૦ પાંચ હજાર ઓડિયો સીડીની પ્રભાવના કરવામાં આવી હતી. તેમનું ભક્તિસંગીત એ શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત અને પ્રાચીન ભક્તિપદોનો ત્રિવેણી સંગમ છે. તેઓ શંખેશ્વર દાદાના ચરણોમાં આજીવન ભક્તિની ઝંખના ધરાવે છે.

સરનામું : ૨. પાર્શ્વનાથ સોસાયટી, પેટ્રોલપંપ પાછળ, શંખેશ્વર–મહાતીર્થ પીન–૩૮૪૨૪૬ જિ. પાટણ (ગુજરાત) ફોન : ૦૨૭૩૩–૨૭૩૩૬૧ મોબાઈલ નં. ૯૪૨૭૫૪૪૦૪૧

## શ્રી જયંત રાહી

જૈન સંગીતકાર તરીકેની કારકિર્દીનો પ્રારંભ પાટણથી કર્યો. આપબળે સંગીતક્ષેત્રે પ્રગતિ કરી મુંબઈને કર્મભૂમિ બનાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



વિશાળ સમિયાણામાં ઉપસ્થિત ભાવિકજનો સમક્ષ સ્તવનોની રજૂઆત. મંચસ્થ મહારાજશ્રીઓ પ્રસન્નવદને શ્રવણ કરતા જણાય છે.

જૈનસમાજમાં સફળ સંગીતકાર તરીકે નામના મેળવી છે. છેલ્લાં ૪૫ વર્ષથી પૂજા–ભાવના અંજનશલાકા, પ્રતિષ્ઠામહોત્સવોમાં ઉત્તમ ખ્યાતિ પામ્યા છે. તેઓ ભક્તિભાવના અને અંજનશલાકા પોતાની આગવી સંગીતશૈલીમાં કરે છે, જે તેમની આગવી વિશેષતા છે. આ વિશિષ્ટ શૈલીએ તેમને લોકપ્રિય બનાવ્યા છે. જૈન સંગીતકાર તરીકેની સેવાઓ સાથે કાપડના વેપારમાં વ્યસ્ત છે. જૈનસમાજમાં સંગીતકાર તરીકે આદરભર્યું સ્થાન પામી–સમ્માન પામ્યા છે. વતન : પાટણ હાલ : મુંબઈ (ચેમ્બુર).

## શ્રી આસુતોષ વ્યાસ

નાની વયે સંગીતના શોખીન હોવાથી સંગીતકળા હસ્તગત કરવાની પ્રબળ ઇચ્છા ધરાવતા હતા. આપબળે સંગીત સાધના કરી. જિનભક્તિસંગીત હસ્તગત કર્યું. સૂરીલો અવાજ ધરાવે છે. કંઠમાધુર્યને લીધે તેમનું ભક્તિસંગીત વધુ લોકભોગ્ય બન્યું અને પૂજા, ભાવના, પૂજનો અને અંજનશલાકામહોત્સવોમાં સફળ સંગીતકાર તરીકે ખ્યાતિ પામ્યા. આચાર્ય ભગવંતો અને ગુરુ–ભગવંતોના આશીર્વાદ પામી અનેક સંઘો દ્વારા સુંદર જિનભક્તિ-સંગીત માટે સમ્માન પામ્યા છે. જૈન સમાજમાં લોકચાહના મેળવી ભક્તિ સંગીતક્ષેત્રે સુંદર પ્રગતિ કરી રહ્યા છે.

સરનામું : ૯૧, 'શિલાલેખ', પોલીસ સ્ટેડિયમ સામે,
શાહીબાગ, અમદાવાદ. ફોન ; ૦૭૯–૨૫૬૨૭૦૧૪.

## સ્વ. શ્રી વિનોદચંદ્ર નરેન્દ્રકુમાર નાયક

શ્રી વિનોદભાઈને બાળપણથી જ સંગીતની લગની લાગી હતી. ધો. ૧૦ સુધી અભ્યાસ કર્યો. ખાનગી હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે ૧૦ વર્ષ સુધી સેવા આપી. પંડિત બાલકૃષ્ણ ચીમનલાલ તથા ફોઈ કમળાબહેન પાસે સંગીતની તાલીમ લીધી. બાળપણથી જ સ્વરજ્ઞાન ધરાવે છે. પ્રવેશિકા પૂર્ણ સુધી સંગીતનો અભ્યાસ તેમણે કર્યો છે. જૈન તીર્થ બામણવાડાજી (રાજસ્થાન)માં સંગીતકાર તરીકે તેમણે પાંચ વર્ષ સેવા આપેલ છે. ત્યારબાદ પોતાના વતન વડનગરમાં આવીને સંગીતરત્ન શ્રી હીરાલાલ દેવીદાસ ઠાકુર તથા સંગીતરત્નશ્રી ગજાનનભાઈ ઠાકુર સાથે તાનપુરાની સંગતથી સંગીતની વિધિસરની કારકિર્દીનો પ્રારંભ કર્યો અને જિનભક્તિસંગીતનો અનુભવ મેળવ્યો. આકાશવાણી અમદાવાદ પર બી ગ્રેડમાં સ્થાન મળ્યું.

શ્રી વિનોદભાઈ ઘણાં વર્ષોથી જૈનસમાજમાં સંગીતકાર તરીકે સેવા આપે છે. પૂજા, ભાવના, અંજનશલાકામહોત્સવોમાં સુંદર ભક્તિસંગીત આપી, સુવર્ણ પ્રતીકોથી સમ્માન પામ્યા છે.

સરનામું : ૯૯/૧૧૮૮ લક્ષ્મીકૃપા સોસાયટી, એ.ઇ.સી. ચાર
રસ્તા, રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે, નારણપુરા,
અમદાવાદ. ફોન : ૯૮૨૫૩૫૬૬૪૭

## શ્રી મલયભાઈ દામોદરદાસ ભોજક

વતન : રાધનપુર જન્મસ્થળ : ભોયણીતીર્થ



શંખેશ્વર મહાતીર્થ ખાતે મોટાભાઈ શ્રી દિલીપભાઈની સાથે સંગીતકાર તરીકે છેલ્લાં ૨૫ વર્ષથી સેવા આપે છે. મલ્લિનાથદાદાની ભૂમિ (ભોયણી) પર જન્મ થવાને લીધે–તેમનું 'મલય' નામ રાખવામાં આવ્યું. સંગીતનો શોખ તેમજ પિતાજી પાસેથી સંગીતની તાલીમ લીધી. શાસ્ત્રીય સંગીતનું તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે. પૂજા, ભાવના અને ધાર્મિક મહોત્સવોના કાર્યક્રમોમાં સ્વતંત્ર કમ્પોઝીશન તથા ભક્તિપદ રચનાઓ દ્વારા ભાવવાહી સંગીત પીરસે છે. ભગવાન મહાવીરનું જીવનચરિત્ર કાવ્યાત્મક સંગીતબદ્ધ આલેખન કર્યું છે. તેમની ઓડિયો કેસેટ અને ઓડિયો સીડી રેકર્ડ થયેલ છે. તેમણે કારકિર્દીનો પ્રારંભ તબલાંવાદક તરીકે (૧૦ વર્ષ) કર્યો. પ્રસિદ્ધ સંગીતકારો સાથે તબલાં પર સંગત કરી, નિપુણતા મેળવી. શંખેશ્વર દાદાના ચરણોમાં ભક્તિમય સંગીત દ્વારા આજીવન સેવાની ઝંખના ધરાવે છે.

સરનામું : ફોન : ૦૨૭૩૩–૨૭૩૪૨૩
પેટ્રોલપંપ પાસે, શંખેશ્વર જિ. પાટણ–૩૮૪૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી મેહુલ દિલીપભાઈ ઠાકુર



વતન : શંખેશ્વર હાલ : શંખેશ્વર

શંખેશ્વર મહાતીર્થમાં પ્રસિદ્ધ સંગીતકાર પિતાશ્રી દિલીપભાઈ તથા કાકાશ્રી મલયભાઈ તેમજ પરિવારના વડીલો પાસેથી સંગીતના સંસ્કારો મળ્યા. મેહુલભાઈને બાલ્યકાળથી ભક્તિસંગીતનો શોખ હતો. મધુર સૂરીલા કંઠની કુદરતી બક્ષિસ છે. જૈન સંગીતકાર બની પ્રભુભક્તિ કરવાની ઉત્કટ ઝંખના હતી. નાનીવયે સંગીતકાર તરીકે અપૂર્વ લોકચાહના પ્રાપ્ત કરી છે. સુંદર મધુર પ્રકાશિત કંઠ ધરાવે છે. સંગીતના સતત અભ્યાસુ છે. પોતાના ભક્તિસંગીતથી ભાવવાહી ગીતો દ્વારા શ્રોતાઓને તરબોળ કરી દે છે. ઓરગન અને હાર્મોનિયમ પર સુંદર પ્રભુત્વ ધરાવે છે. નાનીવયે પૂજા, ભાવના અને અંજનશલાકામહોત્સવના ભરચક કાર્યક્રમોમાં પ્રસિદ્ધિ પામ્યા છે. અંજનશલાકામહોત્સવોમાં આગવી વિશેષતાથી ભક્તિ સંગીતના કાર્યક્રમો આપે છે. અનેક સંગીતપ્રેમીસંઘો દ્વારા સમ્માન પામી સુંદર ખ્યાતિ પ્રાપ્ત કરી છે. જૈનસમાજમાં ભક્તિસંગીતક્ષેત્રે સિદ્ધિનાં શિખરો સર કરી તેમણે ભક્તિ- સંગીતના યુવા કલાકાર તરીકે પ્રસિદ્ધિ મેળવી છે. મેહુલભાઈ સુવર્ણ પ્રતીકોથી નાની વયે સમ્માન પામનાર જૈન સંગીતકાર છે. તેમની ઓડિયો સીડી અને કેસેટ પ્રસિદ્ધ પામી છે.

સરનામું : ૨. પાર્શ્વનાથ સોસાયટી, પેટ્રોલપંપ પાછળ,
શંખેશ્વર-પીન : ૩૮૪ ૨૪૬ જિ. પાટણ

ફોન : (૦૨૭૩૩)૨૭૩૩૬૧ મો. ૯૪૨૭૪૮૮૩૯૬૧,

## શ્રી લલિતકુમાર દામોદરદાસ ભોજક (ઠાકુર)



વતન : રાધનપુર નિવાસ : રાધનપુર

પરિવારના જન્મદત્ત સંસ્કારો અને ગુરુબંધુ પાસેથી સંગીતની તાલીમ લીધી. ઘેઘૂર-મધુર અવાજ ધરાવે છે. પૂજા, ભાવના અને મહોત્સવોમાં સારી લોકચાહના મેળવી છે. લોકગીત, ભજન અને ડાયરાના કાર્યક્રમો પણ આપે છે. તેમના સંગીતમાં લોકસંગીતનો પ્રભાવ છે. હાર્મોનિયમ અને ઓરગન પર પ્રભુત્વ ધરાવે છે. તબલાંવાદનનું વિશેષ જ્ઞાન ધરાવે છે. તેમની ઓડિયો કેસેટ અને ઓડિયોસીડી ઉપલબ્ધ છે. પ્રગતિને પંથે તેમની વિકાસયાત્રા ચાલુ છે.

સરનામું : ફોન : ૦૨૭૪૬-૨૭૫૧૬૭
ભોજકવાસ રાધનપુર જિ. પાટણ

*બંધુબેલડી*

## નીરવ-નિકુંજ ઠાકુર એન્ડ પાર્ટી



વતન : રાધનપુર

હાલ : મુંબઈ.



પ્રસિદ્ધ સંગીતકાર પિતાશ્રી બળવંત ઠાકુરનું સંગીત વારસામાં મેળવ્યું. શાસ્ત્રીય સંગીતજ્ઞ ઉસ્તાદ પાસેથી શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ લીધી છે. આ બંધુ-બેલડીએ મુંબઈ અને શહેરી વિસ્તારોમાં પૂજા-ભાવના અને અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવોમાં નાનીવયે સંગીતક્ષેત્રે જૈન સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની ભક્તિસંગીતની ઓડિયો કેસેટ તેમજ વીડિયો સીડી ઉપલબ્ધ છે. ૧૦ વર્ષના સેવાકાળમાં અનેક સંઘો દ્વારા સુંદર જિનભક્તિસંગીત માટે સન્માન પામ્યા છે.

સરનામું : શ્રી બળવંત ઠાકુર/નીરવ-નિકુંજ ૧૨મી ખેતવાડી ક્રોસ લેન, ૧૩-સોનાવાલા કમ્પાઉન્ડ, બીજે માળે, ફ્લેટ નં. ૪, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૪૩૧૬, મો. નં. ૯૩૨૨૧૨૧૬૫૩ ૯૩૨૨૨૨૭૮૩૫, ૯૩૨૪૨૬૯૬૮૪

*ચુંવાળ પંથકના સંગીતકાર*

## શ્રી ડાહ્યાલાલ કાંતિલાલ ભોજક

વતન : કડી હાલ : ભોયણીતીર્થ.

મલ્લિનાથદાદાના ભોયણીતીર્થમાં છેલ્લાં ૩૫ વર્ષથી સંગીતકાર તરીકે સેવા આપે છે. તેમના પિતાશ્રી કાંતિભાઈ પાસેથી સંગીત વારસામાં મળ્યું. બુલંદ અવાજ ધરાવે છે. ચુંવાળ પંથકમાં 'કથા-ગીત-ભક્તિ-સંગીત' માટે ખ્યાતિ ધરાવે છે. પૂજા-ભાવના-પૂજનના કાર્યક્રમોમાં સંગીતકાર તરીકે સેવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપે છે. ભોયણીતીર્થ ખાતે નિષ્ઠાપૂર્વક મલ્લિનાથદાદાની ભક્તિ કરે છે. ભોયણી (તીર્થ) તા. વિરમગામ, જિ. અમદાવાદ.

## શ્રી મૂકેશભાઈ કે. નાયક

જન્મભૂમિ પાટણ ખાતે આઠ વર્ષની નાની વયે સંગીતના શોખને લીધે, સંગીતક્ષેત્રે પ્રવેશ કર્યો. ભક્તિસંગીત માટે પ્રસિદ્ધ સંગીતકાર બળવંત ઠાકુર પાસેથી પ્રેરણા મળી. તેઓ બુલંદ અવાજ ધરાવે છે. પૂજા–ભાવના મહાપૂજન અને મહોત્સવોમાં સુંદર ભક્તિસંગીત દ્વારા પ્રસિદ્ધિ પામ્યા છે. છ'રીપાલિત સંઘોમાં તેમના સંગીતમાં અર્વાચીન અને લોકસંગીતનો વિશેષ પ્રભાવ છે. નવીન ભક્તિરચનાઓ દ્વારા જિનભક્તિસંગીતક્ષેત્રે સફળ આગેકૂચ કરી રહ્યા છે. ઠે. બડવાવાડો, પાટણ

## શ્રી જયેન્દ્રભાઈ કે. નાયક

અમદાવાદ ખાતે માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપી, શિક્ષણક્ષેત્રે સ્થિર થયા છે. તેમના મોટા બાપુજી હવેલી–સંગીતજ્ઞ શ્રી કાંતિભાઈ પાસેથી સંગીતની પ્રેરણા મળી. તેમણે સંગીતની તાલીમ આપી. શ્રી જયેન્દ્રભાઈ છેલ્લાં ૨૫ વર્ષથી અમદાવાદ ખાતે પોતાના શિક્ષકના વ્યવસાય સાથે જૈન સંગીતકાર તરીકે પણ સેવાઓ આપે છે. તેઓ 'અંતરાયકર્મની પૂજા'ના સ્પેશ્યાલિસ્ટ તરીકે ખ્યાતિ પામ્યા છે.

## શ્રી મનોજભાઈ કે. નાયક

ચારૂપ તીર્થ ખાતે પ.પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ઓમકારસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલ કાર્યક્રમમાંથી શ્રી મનોજભાઈને જિનભક્તિની પ્રેરણા મળી. છેલ્લાં કેટલાંક વર્ષથી જૈન સંગીતકાર તરીકે પૂજા–ભાવના–મહોત્સવોના કાર્યક્રમોમાં સેવા આપી રહ્યા છે. જીવદયા માટે ભજન–ભક્તિ સંગીતના કાર્યક્રમોમાં માનદ્‌સેવા આપી, જીવદયાનું પુનિતકાર્ય કરે છે. જિનભક્તિ સંગીતક્ષેત્રે યશસ્વી કારકિર્દી માટે ખૂબ પ્રયત્નશીલ છે. સરનામું : બડવાવાડો, પાટણ. પીન–૩૮૪૨૬૫.

## શ્રી પ્રદીપભાઈ અંબાલાલ ઠાકુર

શ્રી પ્રદીપભાઈને સંગીતના સંસ્કારો વારસામાં મળેલા છે. કારકિર્દીનો પ્રારંભ વાહનવ્યવહાર વિભાગમાંથી કર્યો. સંગીતના શોખને લીધે તેમણે નોકરી છોડી સંગીતકાર તરીકે સેવા આપવા વિચાર્યું. હાલ શંખેશ્વર ખાતે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ જિનમંદિરમાં સંગીતકાર તરીકે સેવા આપે છે. સૂરીલા અવાજવાળા શ્રી પ્રદીપભાઈ શાસ્ત્રીય સંગીતનું પણ જ્ઞાન ધરાવે છે. પ્રદીપભાઈ પ્રસિદ્ધ સંગીતકાર શ્રી બળવંત ઠાકુરના મોટાભાઈ છે. પૂજા, ભાવના, પૂજન અને અંજનશલાકામહોત્સવોમાં શ્રી બળવંતભાઈ સાથે પણ સંગીતની સેવા આપે છે. Ph : ૦૨૭૩૩–૨૭૩૭૩૯. શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ શંખેશ્વર જિ. પાટણ

## શ્રી રાજેશ ગુણવંતલાલ ભોજક(ઠાકુર)

વતન : કડી હાલ : ભોયણી તીર્થ.

મલ્લિનાથદાદાના ભોયણીતીર્થમાં પોતાના પિતાશ્રી સાથે સંગીતકાર તરીકે સેવા આપે છે. પરિવારના આનુવંશિક સંગીતના સંસ્કારો પ્રાપ્ત થયા છે. તે તારસપ્તકનો પ્રકાશિત સ્વર ધરાવે છે. પૂજા ભાવના–પૂજન અને મહોત્સવોમાં લોકભોગ્ય સંગીતનું જ્ઞાન ધરાવે છે. તેમની સ્તવનોની ઓડિયો કેસેટ તેમજ સીડી ઉપલબ્ધ છે. ચુંવાળ પંથકમાં લોકપ્રિય સંગીતકાર તરીકે ચાહના મેળવી છે. જિનભક્તિસંગીતક્ષેત્રે તેમની વિકાસયાત્રા ચાલુ છે. સરનામું : ભોંયણી (તીર્થ) તા. વિરમગામ

## શ્રી હસમુખલાલ રમણિકલાલ ઠાકુર

વતન : રાધનપુર કર્મભૂમિ : ગોતરકા.



શંખેશ્વર મહાતીર્થ ખાતે આજીવન પરમાત્મભક્તિ કરી, સંનિષ્ઠ સેવા આપનાર સંગીતકાર પિતાશ્રી રમણિકભાઈ તથા મોટાભાઈ દિલીપભાઈ પાસેથી સંગીતના સંસ્કારો મળ્યા. શ્રી હસમુખભાઈ પાટણ જિલ્લાના ગોતરકા ખાતે હાઈસ્કૂલમાં ક્લાર્ક તરીકે સેવા આપે છે. ક્લાર્ક તરીકેની સેવાઓ સાથે પૂજા, ભાવના, પૂજનો અને મહોત્સવોમાં જિનેશ્વર ભક્તિના કાર્યક્રમો આપે છે. છેલ્લાં ૧૫ વર્ષથી તેમની સંગીતકાર તરીકેની સેવાઓ યશસ્વી રહી છે.

સરનામું : ફોન : ૯૮૨૫૩૩૨૩૧૯.
ગોતરકા ઠે. હાઈસ્કૂલ જિ. પાટણ.
૨. પાર્શ્વનાથ સોસાયટી, શંખેશ્વર પીન : ૩૮૪૨૪૬

## શ્રી પ્રમોદકુમાર રમણિકલાલ ભોજક

વતન : શંખેશ્વર હાલ : અમદાવાદ

શ્રી પ્રમોદભાઈને સંગીતના સંસ્કારો પિતાજી સંગીતકાર રમણિકભાઈ તથા મોટાભાઈ દિલીપભાઈ પાસેથી મળ્યા. બુલંદ–પહાડી અવાજ ધરાવે છે. તબલાંવાદનના પણ જાણકાર છે. હાલ–ગાંધીનગર ખાતે પશુપાલન નિયામકની કચેરીમાં હિસાબનીશ તરીકે સેવા આપે છે. પોતાની સરકારી નોકરી સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદ ખાતે નિવાસ કરી પૂજા, ભાવના, પૂજન અને મહોત્સવોમાં સંગીતકાર તરીકે સેવા આપે છે. તેમનું સંગીતનું કાર્યક્ષેત્ર વિશેષ અમદાવાદ રહ્યું છે.

સરનામું : ફોન : ૦૭૯-૨૭૬૬૦૩૬૬.
ડી-૨/૬ આવાસ હાઉસિંગ સોસાયટી (ફ્લેટ્સ)
નંદબંગ્લોઝની બાજુમાં, ઘાટલોડિયા, પાવાપુરી
સોસાયટી પાસે, અમદાવાદ.

## સ્વ. શ્રી ભરત ઠાકુર એન્ડ પાર્ટી

વતન : પાટણ.

છેલ્લાં કેટલાંક વર્ષોથી પૂજા-ભાવના અને મહોત્સવોના કાર્યક્રમોમાં જૈન સંગીતકાર તરીકે સેવા આપી છે. જિનભક્તિ-સંગીતક્ષેત્રે પ્રગતિ માટે પ્રયત્નશીલ હતા. આપબળે શ્રદ્ધાથી ભક્તિસંગીતના કાર્યક્રમો આપ્યા છે. સંગીતકાર સ્વ. હસમુખ દિવાન પાસેથી પ્રેરણા લઈ સંગીતની કારકિર્દીનો પ્રારંભ કર્યો. પ્રયત્નપૂર્વક આગળ વધી રહ્યા છે. તેઓ તાજેતરમાં આવસાન પામ્યા.

સરનામું : ફોન : ૯૯૦૯૨૧૭૪૫૬ વાગોળનો પાડો,
મદારસા, પાટણ (ઉ. ગુજરાત) પીન : ૩૮૪ ૨૬૬

## શ્રી પરેશકુમાર વી. નાયક

શ્રી પરેશભાઈ અમદાવાદના જૈફવયના સંગીતકાર શ્રી વાસુદેવભાઈના પુત્ર છે. સંગીતનો શોખ અને જન્મદત્ત સંગીતના સંસ્કારોએ સંગીતકાર બનવાની પ્રેરણા આપી. શ્રી પરેશભાઈ પૂજા, ભાવના, અંજનશલાકામહોત્સવોમાં સંગીતકાર તરીકે સેવા આપે છે. અમદાવાદ શહેરમાં સંગીતકાર તરીકે જાણીતા છે.

સરનામું : ૦૭૯-૨૭૪૭૫૩૬૬
૧૧, નરસિંહ પાર્ક, વિજયનગર, નારણપુરા અમદાવાદ.

## શ્રી વિજયકુમાર ડાહ્યાલાલ ભોજક

વતન : કડી નિવાસ : અમદાવાદ

શ્રી વિજયભાઈ જૈન સંગીતકાર તરીકેની કારકિર્દીનો પ્રારંભ આત્મબળે કરી રહ્યા છે. પોતાના પિતા અને દાદા પાસેથી સંગીતના સંસ્કારો મળ્યા છે. પૂજા, ભાવના, પૂજનોમાં જિનભક્તિસંગીતના કાર્યક્રમો આપે છે. સંગીતની તાલીમ લઈ વિકાસના પંથે આગેકૂચ કરવા પ્રયત્નશીલ છે.

❋



**જૈન ધર્મમાં સદીઓથી સંગીતને ખાસ મહત્વ આપવામાં આવે છે. પાલિતાણામાં એક પ્રસંગે સાંગીતિક રજૂઆત કરતા જૂની પેઢીના ખ્યાતનામ સંગીતકાર બારોટ નંદલાલ કલ્યાણના કલાકાર વારસદારો**

## શેત્રુંજય મહાતીર્થના સંગીતકારો

શેત્રુંજય ધામમાં દેરાસરોમાં બારોટસમાજ (બ્રહ્મભટ્ટ સમાજ)ના ભાઈઓ ઘણાં વર્ષોથી હૃદયપૂર્વક જિનભક્તિ કરે છે. પૂજા, ભાવના, પૂજન, દાંડિયારાસ અને અંજનશલાકા-મહોત્સવોમાં જિનભક્તિ દ્વારા સંગીતકાર તરીકે સેવા આપે છે. જિનશાસનના સૌથી મોટા આ તીર્થધામમાં અને સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં તેમનું જિનભક્તિસંગીત પ્રસિદ્ધિ પામ્યું છે.

ઘણાં વર્ષો પૂર્વે શેત્રુંજય પર્વત પર અગાઉની પાંચ પેઢીથી શ્રી નંદલાલભાઈ કલ્યાણજીભાઈ બારોટ શેત્રુંજય પર્વત ઉપર દેરાસરમાં સંગીતકાર તરીકે સેવા આપતા હતા. એકવાર પાલિતાણાના બાબુ દેરાસરના ટ્રસ્ટીઓ ત્યાં આવ્યા અને તેમણે શ્રી નંદલાલભાઈની સંગીતસેવાઓથી પ્રભાવિત થઈ, બાબુ દેરાસરમાં સંગીતકાર તરીકે સેવા માટે ઓફર કરી. શ્રી નંદલાલભાઈએ બાબુ દેરાસરમાં ઘણાં વર્ષો સુધી જિનભક્તિ કરી. શ્રી નંદલાલભાઈના પુત્રો શ્રી દલપતભાઈ અને શ્રી કાંતિલાલભાઈએ પણ પિતાજીનો સંગીતનો વારસો જાળવી રાખ્યો છે. શ્રી દલપતભાઈ પૂજા, ભાવના, જિનભક્તિસંગીતના કાર્યક્રમો આપે છે અને જિનભક્તિ સંગીત માટે જાણીતા છે અને સંગીતકાર તરીકે સેવા આપી રહ્યા છે. તેમના ભાઈ સ્વ. મનુભાઈ અને સ્વ. મંગુભાઈ સંગીતકાર તરીકે સેવાઓ આપતા હતા.

શ્રી નંદલાલભાઈ અને શ્રી કાંતિલાલભાઈના જિનભક્તિ સંગીતના સંસ્કારો તેમના સુપુત્ર સંજયભાઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વારસામાં મળ્યા છે. શ્રી સંજયભાઈ પણ જિનભક્તિ સંગીતના સારા જાણકાર છે. તેમની પાર્ટી પૂજા, પૂજન, ભાવના અને અંજનશલાકા- પ્રતિષ્ઠામહોત્સવોના કાર્યક્રમો માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જાણીતી છે. આમ શ્રી નંદલાલભાઈનું આખું પરિવાર શેત્રુંજયધામમાં જિનેશ્વરની ભક્તિ કરે છે અને જૈનસમાજમાં લોકચાહના મેળવી છે.

શ્રી નંદલાલભાઈના પરિવારની જેમ સ્વ. શ્રી રાયમલભાઈ જોરસંગભાઈ બારોટની સંગીતકાર તરીકેની સેવાઓની નોંધ લેતાં તેમની સંગીતમય પરમાત્મભક્તિને સૌ યાદ કરે છે. તેમના પુત્ર શ્રી મહેન્દ્રભાઈ પાલિતાણા ખાતે સંગીતકાર તરીકે સેવા આપી રહ્યા છે. સૂરીલા અવાજવાળા શ્રી મહેન્દ્રભાઈની ભક્તિસંગીતની વિકાસયાત્રા ચાલુ છે. પાલિતાણા ખાતેના બારોટસમાજના સંગીતકારભાઈઓ પરમપૂજ્ય આચાર્યભગવંતો અને ગુરુભગવંતોના આશીર્વાદ પામ્યા છે. તેમની સંગીતકાર તરીકેની સેવાઓ પ્રશંસનીય રહી છે.

સરનામું :જૈન સંગીતકાર કાંતિલાલ એન્ડ પાર્ટી બાબુદેરાસર,
તળેટી, પાલિતાણા–૩૬૪ ૨૭૦.
ફોન : ૦૨૮૪૮–૨૪૨૯૭૩ મો. ૯૮૯૮૬૯૫૧૬૩

## લેપ, ઓપ, ચક્ષુ–ટીકા વગેરેના તજજ્ઞો

સરનામાં :

(૧) ધીરુભાઈ/વિજયભાઈ ભોજક (ભોજક બ્રધર્સ)
અરિહંત આર્ટ, ૩૯, તક્ષશિલા બંગ્લોઝ
વિસનગર જિ. મહેસાણા

(૨) યોગેશભાઈ ધનસુખભાઈ નાયક
ગોવિંદ ચકલા, ભાટવાડો, ત્રણ દરવાજા, ટાવર પાસે,
વિસનગર જિ. મહેસાણા.
ફોન : ૦૨૭૬૫–૨૨૩૨૦૮ મો. ૯૩૭૫૬૨૨૯૫૦

(૩) પ્રતાપભાઈ કેશવલાલ નાયક
પી.પી.આર્ટિસ્ટ ૧૫–એ,
અનુરાધા સોસાયટી,
મહેશ પેટ્રોલ પંપ પાસે,
વિસનગર જિ. મહેસાણા.
મો. નં. ૯૯૭૪૨૩૧૦૪૩



(૪) વિનોદકુમાર કેશવલાલ નાયક
૧૫–એ, અનુરાધા સોસાયટી,
મહેશ પેટ્રોલ પંપ પાસે,
વિસનગર જિ. મહેસાણા.
મો.નં. ૯૪૨૭૩૮૦૬૯૯



(૫) પ્રદીપકુમાર પ્રતાપચંદ્ર નાયક
૧૫–એ, અનુરાધા સોસાયટી,
મહેશ પેટ્રોલ પંપ પાસે,
વિસનગર જિ. મહેસાણા.
મો.નં. ૯૮૯૮૩૬૯૭૦૫



(૬) ધર્મેશકુમાર પ્રતાપચંદ્ર નાયક
૧૫–એ, અનુરાધા સોસાયટી,
મહેશ પેટ્રોલ પંપ પાસે,
વિસનગર જિ. મહેસાણા.
મો.નં. ૯૮૯૮૮૬૮૨૪૯



(૭) મૂકેશભાઈ દેવચંદદાસ નાયક
ઠે. કનય ફ્લેટ્સ, ગાયત્રી મંદિર પાસે, મહેસાણા.

(૮) અશોકભાઈ શાંતિલાલ નાયક
નાયકવાસ, જોષીનો મઢ, ઉમતા,
તા. વિસનગર જિ. મહેસાણા.

(૯) પ્રકાશભાઈ ગોરધનદાસ નાયક, પ્રભુનગર સોસાયટી,
ખેરાળુરોડ, વિસનગર જિ. મહેસાણા.

## જૈન ચિત્રકળાના કસબીઓ/ અંગરચનાના કસબીઓ

(૧) અરવિંદભાઈ હરિલાલ નાયક
ઠે. શામળા પાર્શ્વનાથ દેરાસર,
જોગીવાડો, પાટણ
ફોન : ૦૨૭૬૬–૨૩૪૮૮૩



(૨) અમૃતલાલ જેઠાલાલ ભોજક
વડગામ, જિ. બનાસકાંઠા
ભોજકશેરી, વડગામ.

(૩) માધવલાલ હાથીરામ ભોજક
ભોલાશંકર માધવલાલ ભોજક,
ભોજકશેરી, વડગામ જિ. બનાસકાંઠા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભાવનગરના જૈન સંગીતકારો

*સૂરીલો કંઠ ધરાવતા*

## અશોક પરમાણંદદાસ શાહ



હાલ બાવન વર્ષની ઉંમર ધરાવતા, તા. ૧૬-૬-૧૯૫૫ના રોજ જન્મેલા અશોક પરમાણંદદાસ શાહ જૈન સંગીતકાર તરીકેની કારકિર્દી છેલ્લાં પચ્ચીસ વર્ષથી ધરાવે છે. દરેક પ્રકારનાં પૂજન, ભાવયાત્રા, પ્રાર્થના, ભાવનાના કાર્યક્રમો આપે છે અને પોતાનો ચાહકવર્ગ ધરાવે છે.

શ્રી અશોકભાઈએ જૈન સ્તવનના કાર્યક્રમો આપવા માટે વિદેશ–પ્રવાસ પણ કરેલ છે. તેમની પાંચ ઑડિયો કેસેટ–સી.ડી. પણ બહાર પડેલ છે. તેઓ ભાવનગરની એસ.બી.એસ.માં સેવા આપે છે. તેમનું સરનામું છે : 'પરમ', પ્લોટ નં. ૬૧૮/બી–૬, ગીતાચોક, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧. તથા ફોન નં. ૦૨૭૯–૨૨૦૦૮૬૨ અને મોબાઈલ નં. ૦૯૪૨૬૪૫૪૫૦૬ છે.

*સુમધુર કંઠના સાધિકા*

## કુ. હીરલ અશોકભાઈ શાહ



પિતા અશોકભાઈનાં પગલે–પગલે કુ. હીરલ શાહે પણ કારકિર્દી ક્ષેત્રે સંગીત અપનાવવાનું મુનાસીબ માન્યું. તેઓ છેલ્લાં દસેક વર્ષથી પિતાની સાથે જૈન સ્તવનના કાર્યક્રમો આપે છે.

તા. ૨૨-૪-૧૯૮૩ના રોજ જન્મેલાં હાલ ૨૪ વર્ષની વય ધરાવતાં કુ. હીરલ 'સંગીત–વિશારદ'ની પદવી ધરાવે છે. ઝી ટીવી–ગુજરાતીની 'સારેગામા' શ્રેણીનાં તેઓ રનર્સઅપ છે તથા પ્રાર્થના–સ્તવનના કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષિકાની ફરજ પણ બજાવે છે. તેમનું સરનામું : 'પરમ', પ્લોટ નં. ૬૧૮/બી–૬, ગીતા ચોક, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧ છે. ફોન નં. ૦૨૭૮–૨૨૦૦૮૬૨ તથા મોબાઈલ નં. ૦૯૩૨૮૦૨૪૮૬૩ છે.

❋

*આકર્ષક અવાજ ધરાવતા*

## દીપેશ અશ્વિનભાઈ કામદાર



જીવનનાં સત્યાવીસ વર્ષ પસાર કરી ચૂકેલા શ્રી દીપેશભાઈ અશ્વિનભાઈ કામદાર છેલ્લાં ૧૫ વર્ષથી જૈન સંગીતકાર તરીકે કાર્યક્રમો આપે છે. પૂજન અને ભાવનાના કાર્યક્રમો આપે છે. તેમનું સરનામું છે : 'અરિહંત', પ્લોટ નં. ૯૫૩–એ–૧–બી, ગીતાચોક, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧. ફોન નં. ૦૨૭૮–૨૨૦૫૨૬૩ અને મોબાઈલ નં. ૯૩૨૮૦૦૨૨૦૪ અને ૯૭૨૫૨૩૪૦૯૮ છે.

*ભાવનામય સ્વર–સાધક*

## ભાવિક વિક્રમભાઈ શાહ



શૈક્ષણિક ક્ષેત્રે બી.બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર શ્રી ભાવિકભાઈ શાહ છેલ્લાં વીસ વર્ષોથી ધાર્મિક પૂજા, પૂજન, ભાવના, સાંજી, પ્રતિષ્ઠા–અંજનશલાકા, સંઘયાત્રા, દીક્ષા, પ્રાર્થના તથા સ્તવનોના કાર્યક્રમ આપે છે.

વ્યવસાયક્ષેત્રે 'ભાવિક ટેક્ષટાઈલ'ના માલિક એવા ભાવિકભાઈનું સરનામું આ મુજબ છે : 'ભાવિક'–૬/સી, શક્તિ હાઉસિંગ સોસાયટી, ડૉ. દ્વિજેશ શાહના દવાખાના સામે, વિદ્યાનગર, ભાવનગર–૩૬૪ ૦૦૨ છે. ફોન નં. ૯૮૯૮૬૨૪૫૫૨, ૯૯૨૫૯૨૬૮૯૯ અને ૯૭૨૩૫૩૨૦૫૨ છે.

*કામણગારો કંઠ ધરાવનાર*

## કમલેશ કાંતિલાલ શાહ



છેલ્લાં વીસ વર્ષથી જૈન સંગીતકાર તરીકે કાર્યક્રમો આપતા શ્રી કમલેશ કાંતિલાલ શાહ બી.કોમ., એલ.એલ.બી. થઈ એડ્વોકેટની કામગીરી કરે છે. તેઓ માત્ર જૈન સંગીતના જ કાર્યક્રમો આપે છે, જેમાં પૂજા, પૂજન, પ્રાર્થનાસભા, ભાવના, અંજનશલાકા વગેરેમાં જૈન સંગીતકાર તરીકે ભક્તિ કરાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું સરનામું : એ/૨, તૃપ્તિ ફલેટ, ઘંટાકર્ણ દેરાસર સામે, ક્રેસન્ટ, ભાવનગર–૩૬૪ ૦૦૧ છે. ફોન નં. ૦૨૭૮–૨૪૨૯૯૮૩ અને મો. ૯૪૨૬૮૦૨૨૦૮ છે.

*મળતાવડા–મિલનસાર*

## મિતેશ હસમુખરાય શાહ



એલ.આઈ.સી. એજન્ટની વ્યાવસાયિક કારકિર્દી ધરાવતા શ્રી મિતેશ હસમુખરાય શાહ જૈન સંગીતકાર તરીકે પણ ઉજ્જવળ પાસું ધરાવે છે. તેઓ છેલ્લાં ત્રીસ વર્ષથી સેવક મ્યુઝિકલ ગ્રુપ નામે જૈન સંગીતના કાર્યક્રમો કરે છે. જૈનપૂજન, ભાવના, પ્રાર્થનાની સાથે લગ્નગીતોના કાર્યક્રમો પણ આપે છે. તેઓ એક સારા એન્કર અને પ્રોગ્રામ–ઓર્ગેનાઇઝર છે. તેમનું સરનામું : પ્લોટ નં. ૨–ઈ, શક્તિ ટેનામેન્ટ, શ્યામલ ફલેટ સામે, વિદ્યાનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧ છે. ફોન નં. ૦૨૭૮–૨૫૨૨૧૬૩ તેમજ મોબાઈલ નં. ૯૪૨૬૪૬૮૭૩૬ છે.

*જૈન સ્તવનોના ગાયક, રચયિતા અને સ્વરકાર*

## ચંદ્રકાન્ત વર્ધમાન શાહ



અત્રે આપેલા ભાવનગરના જૈન સંગીતકારોના પરિચયોમાં સૌથી જૂના સ્તવન-ગાયક શ્રી ચંદ્રકાન્ત વર્ધમાન શાહે કારકિર્દીની શરૂઆત ૧૯૭૫થી ભાવનગરના લલિતસૂરિ જૈન સંગીતકલા મંડળ દ્વારા કરી. મંડળ દ્વારા પ્રકાશિત સ્તવન–પુસ્તિકામાં તેમણે રચેલાં ચૌદ સ્તવનોનો સમાવેશ થયેલ છે.

એ પછી એમણે 'અમી વંદના કલાવૃંદ' નામે પોતાનું ગ્રુપ શરૂ કર્યું. આ ગ્રુપના ઉપક્રમે પોતાની પત્ની શ્રીમતી સોહિણીબહેન તથા પુત્રી અમી અને સાથીદારોના સાથમાં ભારતનાં કલકત્તા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર, બિહાર, ઓરિસ્સા, કર્ણાટક વગેરે રાજ્યોમાં અને ગુજરાતનાં પાલિતાણા, મહુવા, તળાજા, વડોદરા, મહુડી, નડિયાદ, અમદાવાદ વગેરે શહેરોમાં સૂરમય ભક્તિવંદનાના જૈન સ્તવનોના કાર્યક્રમો આપ્યા છે. સ્તવનો ઉપરાંત અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવોમાં, સંઘયાત્રામાં જૈન સંગીતના ભક્તિરસની ગંગા વહેવડાવે છે. તેમણે સંગીત–રૂપક દ્વારા સૌપ્રથમ તીર્થંકરોના સંયમને તાદૃશ્ય રજૂ કર્યા છે.

રાજશ્રી સાઉન્ડ, મુંબઈ દ્વારા 'શંખેશ્વરના ચરણે જય વંદના' નામે તેમણે ગાયેલાં સ્તવનોની ઓડિયો કેસેટ પ્રસિદ્ધ થયેલ છે. 'આદેશ્વરના દરબારે અમીવંદના' નામે ઓડિયો કેસેટ પણ બહાર પડેલ છે. તેમનો પુત્ર જલદીપ સારો ઓર્ગનપ્લેયર છે અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિ ધરાવે છે. જૈનોના શ્વેતાંબર, સ્થાનકવાસી, દિગંબર ત્રણેય ફિરકાઓના તેઓ જાણીતા ગાયક છે.

અનેક સંસ્થાઓએ તેમને સમ્માન અને એવોર્ડથી નવાજ્યાં છે.

# ભાવનગરના જૈન વિધિકારો-ક્રિયાધારકો

## ધનવંતભાઈ સી. શાહ (સિહોરવાળા)



સિહોરના શ્રી ધનવંતભાઈ સી. શાહ સં. ૨૦૫૦થી શાંતિસ્નાત્ર તથા વિવિધ પૂજા, પૂજન, હવન, અનુષ્ઠાન પ્રસંગે વિધિ–વિધાન કરાવે છે. દરેક પ્રકારનાં પૂજા–પૂજન ભણાવે છે. તેઓ શ્રી સિહોર જૈન શ્વે. મૂ. સંઘના ૩૦ વર્ષથી સેક્રેટરી છે તથા સિહોર મર્કન્ટાઇલ કો. ઑ. બેન્ક લિ.–સિહોરના ડિરેક્ટર, શ્રી સિહોર મેટલ મરચન્ટ એસો.ના સેક્રેટરી અને ચેમ્બર ઑફ કોમર્સ–સિહોરના કારોબારી સભ્ય પણ છે. તેમનું સરનામું : અનિલકુમાર એન્ડ બ્રધર્સ, કંસારા બજાર, સિહોર જિ. ભાવનગર છે. ફોન નં. ૦૨૮૪૬–૨૨૨૨૭૩ અને મો. ૯૮૨૫૮૮૨૦૦૪ તથા ૯૪૨૮૬૩૭૨૮૫ છે.

## જસવંતરાય સી. પારેખ



નિવૃત્ત પોર્ટ કર્મચારી, પેન્શનર શ્રી જસવંતભાઈ પારેખ એક અચ્છા વિધિકાર છે. છેલ્લાં વીસ વર્ષથી તેઓ વિધિ–વિધાન કરાવે છે. બને ત્યાં સુધી ભાવનગર જિલ્લામાં વિધિવિધાન માટે જાય છે, ભાવનગર જિલ્લાની બહાર જતા નથી.

સૌમ્ય અને મિલનસાર સ્વભાવના શ્રી જસવંતભાઈનું સરનામું છે : ૩૦૩–બી, મહાવીર પાર્ક, વિદ્યાનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧. ફોન નં. ૦૨૭૮–૨૫૧૩૯૮૪ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*જૈન વિધિકાર*

## વિજયભાઈ પ્રતાપરાય મહેતા



૪૮ વર્ષની ઉંમર ધરાવતા અને ભાવનગરના હાઈકોર્ટ રોડ પર 'શારદા સાયકલ સ્ટોર'નો વ્યવસાય ધરાવતા શ્રી વિજયભાઈ મહેતા છેલ્લાં ૩૦ વર્ષથી વિધિકાર તરીકે સેવા આપે છે અને દરેક પ્રકારનાં પૂજનોમાં વિધિકારક તરીકે સેવા આપવા જાય છે. તેમનું સરનામું : ટી. સી. બ્રધર્સની ખડકી, ગોડીજી જૈન દેરાસર પાસે, વોરાબજાર, ભાવનગર-૩૬૪ ૦૦૧ છે. ફોન નં. દુકાન-૦૨૭૮-૨૫૧૬૮૧૯ તથા ઘર : ૦૨૭૮-૨૫૨૦૯૫૦ છે.

*ક્રિયાકારક-વિધિકાર*

## મનીષકુમાર રસિકલાલ મહેતા (વલ્લભીપુરવાળા)



'જૈન જ્વેલર્સ' નામે ભાવનગરના શેરડીપીઠના ડેલામાં વ્યવસાય ધરાવતા શ્રી મનીષકુમાર રસિકલાલ મહેતા છેલ્લાં પચીસ વર્ષથી પૂજન ભણાવે છે અને વિધિકાર-ક્રિયાકારક તરીકે સેવા આપે છે. આ ઉપરાંત શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા તથા સામાયિક શાળામાં સેવા આપે છે. દર રવિવારે શ્રી નવખંડા પાર્શ્વનાથ સામાયિક મંડળમાં ૬૦૦ થી ૭૦૦ બાળકોને સમૂહ સામાયિકનું આયોજન અને શિબિર-પ્રવાસ વગેરેનું સંચાલન પણ કરે છે. તેમનું સરનામું છે :

૧૦૧/એ, શાલિભદ્ર એપાર્ટમેન્ટ, દાદાસાહેબ દેરાસરની સામે, કાળાનાળા, ભાવનગર-૩૬૪ ૦૦૧
ફોન : ૦૨૭૮-૩૦૧૪૨૬૯ અને
મોબાઈલ : ૯૪૨૬૯૬૨૫૭૨ છે.



← **કોઈ ધાર્મિક ઉત્સવ વેળા પૂ. શ્રમણભગવંતોની પાવનનિશ્રામાં સંગીતમય ભક્તિરસ પીરસતા સંગીતકાર**

# જૈન સંગીતકારો

૧. હાર્દિક શાહ
B/5 રાજગૃહી ફ્લેટ,
નવરકાર ફ્લેટની બાજુમાં,
વાસણા-અમદાવાદ-૭
મો. ૯૮૨૫૫૯૯૩૬૨
૦૭૯-૨૬૬૧૪૯૯૩

૨. શૈલેન્દ્ર જૈન
કાલિન્દ્રી જિ. શિરોહી (રાજસ્થાન)

૩. સુશીલ શાહ
ખીમાણા તા. કાંકરેજ
જિ. બનાસકાંઠા

૪. નરેશભાઈ સેવંતીલાલ શાહ
જૈન દેરાસર પાસે,
ઊંઝા જિ. મહેસાણા

૫. અશોક ગેમાવત
ચેમ્બુર-મુંબઈ

૬. અનિલ ગેમાવત
ભાયંદર-મુંબઈ

૭. વિનીત ગેમાવત
ચેમ્બુર-મુંબઈ

૮. નૈનેશ શાહ
પાટણ

૯. અંકુર શાહ એન્ડ પાર્ટી

૧૦. મેઘકુમાર શાહ
બોરીવલી-મુંબઈ

૧૧. સતીશ શાહ
બોરીવલી-મુંબઈ

૧૨. નીલેશ રાણાવત
સરીગામ
સ્ટે. વલસાડ
રાણાવત ભવન,
સ્વામિનારાયણ ગુરુકુળ સામે,
જિ. વલસાડ-૩૯૬૧૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. હસમુખ જેસીંગલાલ ધામી
રાધનપુરવાળા
પ્રદીપ મેન્શન, કાર્ટર રોડ નં. ૪
જૈન દેરાસર પાસે, ભોંયતળિયે,
બેંક ઓફ ઇન્ડિયાની સામે,
બોરીવલી (ઇસ્ટ)
મુંબઈ–૪૦૪ ૦૬૬
ફોન : ૦૨–૨૮૦૬૩૩૮૬
૨૮૯૯૦૭૫૦

૧૪. શ્રી સુરેશભાઈ ડી. શાહ
૮૦૬, હીરાપન્ના એપાર્ટમેન્ટ,
કાજીનું મેદાન, ગોપીપુરા,
સુરત
મો.નં. ૯૮૨૪૭૬૫૦૦૦
૦૨૬૧–૨૫૯૯૮૪૫

૧૫. શ્રી નિકેશભાઈ સંઘવી
કાયસ્થ મહોલ્લો, સુભાષચોક
પાસે, ગોપીપુરા,
સુરત
ફોન : ૦૨૬૧–૨૫૯૧૬૨૨

૧૬. મહાવીર જૈન મંડળ
સુમતિભાઈ પરોપકારી,
લક્ષ્મીનારાયણ પોળ,
લાવરીનો ખાંચો,
શાહપુર, અમદાવાદ–૧

૧૭. લુણસાવાડ જૈન યુવક મંડળ
મોટી પોળ, લુણસાવાડ,
અમદાવાદ

૧૮. ધુરંધર સંગીત કલા મંડળ
પીપળાવાળો ખાંચો, રતનપોળ,
અમદાવાદ–૧

૧૯. સાબરમતી જૈન યુવક મંડળ
જૈન સંસ્કૃતિ ભવન,
નિશાપોળ, રિલિફ રોડ,
અમદાવાદ–૧

૨૦. જીવીતસ્વામી યુવક મંડળ
હીરપુર જૈન સંઘ,
ઢોર બજાર, કાંકરિયા,
અમદાવાદ

૨૧. જૈન ભક્તિ મંડળ
શાહપુર, અમદાવાદ–૧

૨૨. જસવંતભાઈ સાંકળચંદ શાહ
કર્ણાવતી સોસાયટી,
ઉસ્માનપુરા, વાડજ,
અમદાવાદ

૨૩. શ્રી ગોપાળભાઈ વી. વોરા
૧૦, લલિતાદેવીપાર્ક સોસાયટી,
રાણીપ, અમદાવાદ

૨૪. શ્રી મહાવીર જૈન મહિલા મંડળ
અને શ્રી પાર્શ્વ મહિલા મંડળ
સેક્ટર–૨૨, ગાંધીનગર

૨૫. હેમેન્દ્રભાઈ ચિનુભાઈ વકીલ
૧૯–૧૧૧ રૂપક પાર્ક,
વિજયનગર, અમદાવાદ

૨૬. રજનીકાંત રતિલાલ શાહ
ઉત્તમ લીલાધરની ખડકી,
મંગળ પારેખનો ખાંચો,
શાહપુર, અમદાવાદ

૨૭. રમણભાઈ કાપડિયા
ભૂમિકા એપાર્ટમેન્ટ, વિકાસગૃહ
રોડ, નવા શારદામંદિર રોડ,
અમદાવાદ–૭

૨૮. ગોપાળદાસ હરજીવન વોરા
મણિભદ્ર અગરબત્તી વર્ક્સ
શિવમપાર્ક,
શાહીબાગ, અમદાવાદ

૨૯. રમેશભાઈ ચંપકલાલ નાયક
ઈ/૫૬ દેશવાલી સોસાયટી,
ધનજીભાઈના કૂવા પાસે,
ચાંદલોડિયા રોડ, અમદાવાદ

૩૦. કીરીટભાઈ ઈ. ઠક્કર
૪, ઋષિપાર્ક સોસાયટી,
આનંદવાડી બસસ્ટેન્ડ પાસે,
ઈસનપુર, વટવા
અમદાવાદ

૩૧. જેઠાભાઈ ઠક્કર (કડીવાળા)
આઝાદ ચોક, નરોડા
અમદાવાદ

૩૨. મુકુંદભાઈ આર. મહંત
શાહપુર, નવી પોળ સામે,
રામજીમંદિરમાં,
અમદાવાદ–૧

૩૩. દીપકકુમાર પારેખ
૬૪૪, માઈવાડો,
રાયપુર, અમદાવાદ

૩૪. રમણલાલ મોતીરામ બારોટ
રાજપુર, દેરાસર પાસે,
૨, મનસૂરીની ચાલી,
અમદાવાદ–૨૧

૩૫. શિવરામભાઈ
રાજા મહેતાની પોળ
અમદાવાદ–૧

૩૬. રાજનગર સંયુક્ત મંડળ
શામળાની પોળ, રાયપુર
અમદાવાદ

૩૭. જૈન આરાધક મંડળ
કાલુપુર, જ્ઞાનમંદિર ઉપાશ્રય,
અમદાવાદ–૧

૩૮. શ્રી એલિસબ્રિજ જૈન યુવક મંડળ
(સ્લાઇડ શો સાથે તીર્થદર્શન)
૨/સી–પુષ્પાંજલિ ફ્લેટ્સ,
પાલડી બસસ્ટેન્ડ પાસે,
અમદાવાદ–૭

૩૯. મહાવીર શ્રુતિ મંડળ
વૈશાલી મહાવીર સોસાયટી,
પાલડી, અમદાવાદ–૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૦. પાર્શ્વભક્તિ મંડળ
શ્રી હિંમતભાઈ પી. શાહ
૩૭/ પ્રોફેસર કોલોની,
નવરંગપુરા, અમદાવાદ-૯

૪૧. વર્ધમાન ભક્તિ મંડળ
શ્રી જનકભાઈ એચ. શાહ
૧૧૧, ગગનવિહાર ફ્લેટ્સ,
ખાનપુર, અમદાવાદ-૯

૪૨. મનહરલાલ રતિલાલ ગાંધી
(ખંભાતવાળા)
અર્પણા ફ્લેટ, પાલડી સ્ટેન્ડ
પાછળ, અમદાવાદ

૪૩. હસમુખલાલ હરજીવનદાસ વોરા
૧૮૮૬/પાડાપોળ, ગાંધીરોડ,
યુનિયન બેંક પાછળ, અમદાવાદ

૪૪. પ્રબોધભાઈ સોમચંદભાઈ માસ્તર
શિશુવિહાર બાલમંદિર પાસે,
પંકજ સોસાયટી, અમદાવાદ

૪૫. જયંતીલાલ સુખલાલ શાહ
સુરતી ચાલી, પાંજરાપોળ,
રિલિફ રોડ, અમદાવાદ

૪૬. અંબાલાલ છોટાલાલ શાહ
૩૩/અવનિકાપાર્ક,
ખાનપુર, અમદાવાદ

૪૭. સ્વ. ગજાનન દેવીદાસ ઠાકુરના પુત્રો
૪૫, નાયકનગર, નવજીવન
અમદાવાદ

૪૮. જૈનમ્ મ્યુઝિકલ ગ્રુપ
અમદાવાદ

૪૯. તીર્થરંજન મહિલા મંડળ
માકુભાઈ શેઠનો બંગલો,
ખાનપુર, અમદાવાદ-૧
(છપ્પન દિક્કુમારિકા માટે)

૫૦. પાર્શ્વ મહિલા મંડળ
શાહપુર, દરવાજાનો ખાંચો,
શાહપુર, અમદાવાદ

૫૧. આશિષ કે. મહેતા
મોબાઈલ-૯૮૨૫૦૭૯૭૯૪

૫૨. પરેશ રામી એન્ડ પાર્ટી
ઓરકેસ્ટ્રા
સોમીવાડો, પાટણ

## પૂજન-વિધિકારો

૧. પંડિતવર્ય વસંતભાઈ મફતલાલ દોશી
વાસુપૂજ્ય એપાર્ટમેન્ટ, શાંતિવન,
પાલડી, અમદાવાદ

૨. શ્રી નવીનભાઈ શાહ
ટ્રસ્ટીશ્રી-શેઠ રાયશી વર્ધમાન
પેઢી, ચાંદી બજાર, જામનગર
ફોન-૨૬૭૨૧૦૮

૩. શ્રી નાનુભાઈ વીરચંદ બાવીશી
ઢાળની પોળ, આસ્ટોડિયા,
અમદાવાદ ૧૮૩૦/જૈન દેરાસર
પાસે,
ફોન : ૦૭૯-૨૨૧૪૮૫૫૮

૪. શ્રી શાંતિલાલ મનસુખલાલ શાહ
ઉણ તા. કાંકરેજ, જિ.
બનાસકાંઠા ઉણ-૩૮૫ ૫૬૦
ફોન : ૦૨૭૪૭-૨૨૬૪૪૮
મો. ૯૪૨૭૩૯૦૦૨૫

૫. શ્રી અરવિંદભાઈ પંડિત
પાંજરાપોળ,
રાધનપુર જિ. પાટણ
મો. ૦૯૮૭૯૫૮૬૦૪૯

૬. શ્રી ચંદ્રકાન્તભાઈ પંડિત
કુમારપાળ સોસાયટી
ચાણસ્મા-ડીસા હાઈવે-પાટણ

૭. પંડિતશ્રી ચંપકભાઈ શાહ
જૈનવાસ, શિવગંજ જિ. સિરોહી
રાજસ્થાન

૮. શ્રી સંજયભાઈ સોમાભાઈ
પાઈપવાળા
પતાસાપોળ, ૧૯૨/ધરમચંદની
ખડકી, મહાવીરસ્વામી દેરાસર
પાસે, ગાંધી રોડ, અમદાવાદ

૯. શ્રી મૂકેશભાઈ શાહ
શીતલનાથ દેરાસર પાસે,
વઢવાણ

૧૦. શ્રી કીર્તિભાઈ શાહ
મોટા જૈન દેરાસર પાસે,
સુરેન્દ્રનગર

૧૧. શ્રી કનુભાઈ ફોજાલાલ દોશી
જૈન બોર્ડિંગ, દેરાસર પાસે,
નવસારી

૧૨. પંડિતવર્યશ્રી દલપતભાઈ સી. શાહ
ચિંતામણી જૈન દેરાસર,
નવસારી

૧૩. શ્રી વસંતભાઈ વકીલ
મહાવીર આરાધક મંડળ,
અમદાવાદ
ચિત્રકૂટ સોસાયટી, પાલડી
મ્યુઝિયમ પાસે, અમદાવાદ-૭

૧૪. શ્રી પ્રવીણભાઈ પંડિત
ભક્તિનગર સોસાયટી
થરા તા. કાંકરેજ
જિ. બનાસકાંઠા

૧૫. શ્રી ભીખુભાઈ કટારિયા
બારસીવાળા
પૂના

૧૬. શ્રી દિલીપભાઈ જે. શાહ
સી-૧૦, આસોપાલવ
એપાર્ટમેન્ટ, બીજા માળે,
રજનીગંધા ટાવરની બાજુમાં,
શાહીબાગ, કેમ્પ રોડ,
અમદાવાદ-૪
ફોન : મો. ૯૮૨૫૫૭૫૬૩૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭. શાહ દિલીપભાઈ વેરાવળવાળા
બોરીવલી, મુંબઈ

૧૮. શ્રી નરેશભાઈ શાહ–રાધનપુરવાળા
બોરીવલી, મુંબઈ

૧૯. શ્રી સુરેશભાઈ સંઘવી
રાહેજા–ટાઉનશીપ
૧૦૧/– શિવ બિલ્ડિંગ
મલાડ (ઈસ્ટ)
મુંબઈ–૯૭
મો. નં. ૦૯૮૯૨૨૨૬૯૦૯

૨૦. શ્રી રાજેશભાઈ સંઘવી
ઠે. કાયસ્થ મહોલ્લો
મીનળ એપાર્ટમેન્ટ,
રૂમ નં. ૫, બીજે માળે
ગોપીપુરા, સુરત
મો. નં. ૦૯૮૨૪૬૩૫૦૯૬

૨૧. ચંદ્રકાંતભાઈ દોશી
પૂજા–અભિષેક બિલ્ડિંગ,
લાલ બંગલા, અઠવા લાઈન્સ,
સુરત
ફોન મો. ૯૮૨૫૧૧૭૯૫૧

૨૨. શ્રી ધનંજયભાઈ જૈન
મુંબઈ

૨૩. જસભાઈ લાલભાઈ શેઠ
રતનપોળ, શેઠની પોળ,
અમદાવાદ–૧

૨૪. બાબુભાઈ સાણંદવાળા
૬, પંકજ સોસાયટી,
પાલડી, અમદાવાદ–૭

૨૫. મફતલાલ ફકીરચંદ ડભોઈવાળા
ચિંતન ફ્લેટ, સદ્યનયનનગર
દેરાસર પાસે, અમદાવાદ

૨૬. હીરાલાલ જાદવજી ભાવનગરવાળા
૧૪, સ્વરાજનગર, આંબાવાડી,
અમદાવાદ–૧૫

૨૭. રમણલાલ કેશવલાલ શાહ
જ્ઞાનમંદિર, કાળુપુર,
અમદાવાદ

૨૮. રમણલાલ ભોગીલાલ શાહ
૯૧૫, કાળુશીની પોળ
કાળુપુર, અમદાવાદ–૧

૨૯. લાલભાઈ ફૂલચંદ ધીઆ
૧૪, ભાવિક સોસાયટી,
આનંદનગર, પોસ્ટઓફિસ પાસે,
પાલડી, અમદાવાદ–૭

૩૦. નરેન્દ્રભાઈ હીરાલાલ શાહ
૧૮૫૦/ પાડાપોળ,
કોળીપાડાની ખડકી,
અમદાવાદ–૧

૩૧. છોટાલાલ નાનચંદ માસ્તર
ખાનપુર, ૨૪, અભિસજની,
ત્રીજે માળે, સાબર હોટેલ પાસે,
અમદાવાદ–૧

૩૨. જસવંતલાલ સાંકળચંદ શાહ
કર્ણાવતી સોસાયટી,
ઉસ્માનપુરા, વાડજ,
અમદાવાદ–૧૩

૩૩. બચુભાઈ રાયચંદ શાહ
કાળુપુર, ટંકશાળ, સમરથભાઈ
હોલ પાસે, અમદાવાદ

૩૪. આશિષ કનકરાય મહેતા
૭૦૨, મારુતી સેન્ટર,
ડ્રાઈવ ઈન રોડ,
મેમનગર, અમદાવાદ

૩૫. મનુભાઈ માણેકલાલ શાહ
લવારની પોળ, માણેકચોક,
અમદાવાદ

૩૬. ચિનુભાઈ અમૃતલાલ શાહ
મંગળ પારેખનો ખાંચો,
ગોવિંદ કાશીની પોળ, શાહપુર
અમદાવાદ–૧

૩૭. જયંતિલાલ અમૃતલાલ શાહ
સાતભાઈનું ડહેલું, વાઘણપોળ,
રતનપોળ, અમદાવાદ–૧

૩૮. રજનીકાંત કે. શાહ
૧૦, શાસ્ત્રીપાર્ક, એમ. એમ.
રોડ, આંબાવાડી, અમદાવાદ

૩૯. ગિરધરભાઈ મુનમજી બેલાણી
ડી. ૫૮/૯૪૭ કૃષ્ણનગર,
નરોડા રોડ, અમદાવાદ

૪૦. જયંતીલાલ કેશવલાલ લીંચવાળા
મનસુખભાઈની પોળ, કાલુપુર
અમદાવાદ–૧

૪૧. કાંતિલાલ જે. પ્રજાપતિ
માંડલાવાળા, શમીમ સોસાયટી,
વસુંધરા પાસે, ગુલબાઈ ટેકરા,
એલિસબ્રિજ, અમદાવાદ–૬

૪૨. પંડિત શાહ જેઠાલાલ ભારમલ
તથા શાહ હેમચંદ ભારમલ
બી/વેલાણી એસ્ટેટ,
દુકાન નં. ૭, રાણીસતી માર્ગ,
મલાડ (પૂર્વ)–મુંબઈ–૯૭
મોબાઈલ : ૯૯૩૦૧૯૪૫૦૩

૪૩. સકરચંદ માંડલાવાળા
ખેતરપાળની પોળ, માણેકચોક,
અમદાવાદ–૧

૪૪. કેશવલાલ ચિમનલાલ ભોજક
સ્વામિનારાયણ મંદિર પાસે,
તરગાળા વાડ, કાળુપુર,
અમદાવાદ–૧

૪૫. વિદ્યુતભાઈ કસ્તુરભાઈ શાહ
પાલડી, બસસ્ટેન્ડ પાસે,
અમદાવાદ–૭

૪૬. જસભાઈ લાલભાઈ
રતનપોળ, શેઠની પોળ,
અમદાવાદ–૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭. કાંતિલાલ સવચંદભાઈ શાહ
દોશીવાડાની પોળ,
ગોસાંઈજી મંદિર પાસે,
જૈન વિદ્યાશાળા પાસે,
અમદાવાદ-૧

૪૮. મનુભાઈ પોપટલાલ શાહ
પતાસાપોળ, સદાશાની ખડકી,
ગાંધી રોડ, અમદાવાદ

૪૯. ભૂરાભાઈ ફૂલચંદભાઈ
મંગળ પારેખનો ખાંચો,
શાહપુર, અમદાવાદ

૫૦. ડૉ. પ્રવીણભાઈ એચ. મહેતા
પદ્મકુંવરબા હોસ્પિટલ
ગુંદાવાડી, રાજકોટ

૫૧. ભૂપતરાય પરષોત્તમદાસ શેઠ
૨, વર્ધમાનનગર, કરિયાણાંના
વેપારી, પેલેસ રોડ, રાજકોટ

૫૨. દિનેશચંદ્ર ધનજીભાઈ શેઠ
શીતલકુંજ, જૈન દેરાસર પાસે,
જૂનાગઢ
ફોન (૦૨૮૫) ૨૬૨૦૪૯૬
(૦૨૮૫) ૨૬૫૪૨૩૪

૫૩. મોહનભાઈ
જૈન દેરાસર પાસે, બોટાદ

૫૪. શિહોર
ધનસુખભાઈ
વાસણના વેપારી,
શિહોર જિ. ભાવનગર

૫૫. મનહર વખારીઆ
૧૫, શંકરનગર સોસાયટી
મહાવીર નગર
મુ. હિંમતનગર જિ. સાબરકાંઠા
ફોન (૦૨૭૭૨) ૨૩૫૧૨૦

## પુષ્પચુલા



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

પિતાજી! મને આજે ભયાનક સ્વપ્ન આવ્યા છે. હું ઘણી ડરી ગઈ છું. મને ચેન પડતું નથી. કોઈ જ્ઞાનીને એ અંગે પૂછી જૂઓ.

રાજા પુષ્પકેતુએ પુત્રીની વાત સાંભળી અનિક્કાપુત્ર આચાર્યશ્રીને વિનયપૂર્વક સ્વપ્ના માટે પૂછ્યું.

ગુરુ મહારાજે ટૂંકમાં કહ્યું....જે જીવ ઘણા પાપ કરે, ઘણા રૌદ્રધ્યાનાદિ કરે તે નરકગતિને પામે એવો આ સ્વપ્નનો સાર છે. માટે પુત્રી પાસે ખૂબ ધર્મ કરાવી સદ્‌ગતિના અધિકારી બનાવો.

દેવગતિ પામેલ માતા પુષ્પવતીએ પુત્રીને સ્વપ્ન દ્વારા ધર્મી થવાની પ્રેરણા આપી. માતાએ પુષ્પચુલાને સંસાર તો છોડાવ્યો જ પણ સાથે મુક્તિ અપાવવામાં પણ આદર્શ બની.

# શ્રી મલ્લિનાથ જૈન તીર્થ – કોસબાડ – દહાણું

દળવીપાડા, ધર્મેન્દ્રવિહાર, નૂતન ભોયણી, કોસબાડ, દહાણુ રોડ, મહારાષ્ટ્ર, પીન : ૪૦૧ ૭૦૩.
મો. : ૯૨૨૬૨૯૭૯૭૫ ટે. : (૦૨૫૨૮) ૨૪૧૦૦૪/૨૪૧૨૪૪

## જૈન ધર્મના ઈતિહાસમાં પ્રથમ વખત બનતું મોરબી નિવાસી હાલ ઘાટકોપર ચંદ્ર-કાંતિ પરોણાગત પ્રતિમા ગૃહ

## ભારતભરનાં જૈનોએ ગર્વ લેવા જેવો અભિગમ

આજે કચ્છ કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાનનાં નાનાં ગામડાનાં શ્રાવકોના પરિવારો ધંધાર્થે શહેર તરફ આવતાં ત્યાંના દેરાસરનાં પ્રતિમાઓ અપૂજ રહે છે. આ પ્રતિમાઓને મોટાં દેરાસરો-તીર્થનાં દેરાસરો પરિવાર નફા વધારવાના હોઈ પ્રતિમા લેવા ના પાડે છે જે આજે અનેક સંઘો તેમજ પ.પૂ. સાધુ-સાધ્વી મહારાજોના અનુભવની વાત છે.

આ બાબત શ્રી મલ્લિનાથ જૈન તીર્થ કોસવાડ દહાણુના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે. જી. શાહને એક શુભ વિચાર આવ્યો કે આવાં પ્રતિષ્ઠા થયેલાં ગામડાંઓનાં પ્રતિમા લેવાનું આ તીર્થ ખાતે આયોજન કરીએ, જે માટે તીર્થમાં અષાડ શુદ બીજના શુભ દિવસે ચંદ્ર-કાંતિ 'પરોણાગત પ્રતિમા ગૃહ'ના બાંધકામની શરૂઆત કરી. નૂતન ઉપાશ્રય 'વોરા પરિવાર આરાધનાભવન'ના મકાન ઉપર ૯૦૦ સ્ક્વેર ફૂટનો સંગેમરમરનો ભવ્ય હોલ બનાવવાના આયોજનની શરૂઆત કરી છે.

દહાણુ રેલ્વે સ્ટેશનથી ૬ કિ.મી.ના અંતરે નાના ડુંગર ઉપર સુંદર રળિયામણા મનમોહક વાતાવરણમાં મૂળનાયક શ્રી મલ્લિનાથ ભગવાનનુ ભવ્ય ત્રિશિખરથી શોભતું જિનાલય આવેલ છે. શ્રી કે. જી. શાહને પરમાત્મા ઉપર અપાર શ્રદ્ધા અને ભક્તિભાવ છે. તે જેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં નાની નાની બાબતોનું પોતે દર અઠવાડિ તીર્થમાં હાજર રહી ધ્યાન રાખી સંચાલન કરી રહ્યા છે. આજે ત્યાં સુંદર ધર્મશાળા, આરાધના હોલ, ભોજનાલય, આયંબેલશાળાની વ્યવસ્થા છે. બેત્રણ સંઘ આવે તો વ્યવસ્થા કરી દેવાય છે.

પરોણાગત પ્રતિમાગૃહમાં પૂજારી રાખી તન-મન-ધનથી પૂજા સેવા આરતી-મંગળ દીવો થશે. ભાવિકો માટે ૭૦૦ થી ૭૫૦ ફૂટનો ભવ્ય રંગમંડપ બનશે શ્રી કે. જી. શાહની ભાવના છે કે ૧૦૮ પ્રતિમાનો અહીંયાં સમાવેશ કરવો. જેમણે પોતાના વતનનાં જિનાલયનાં પ્રતિમા શ્રી મલ્લીનાથ તીર્થમાં પધરાવવાની ભાવના હોય અમારો સંપર્ક કરવા આગ્રહભરી નમ્ર વિનંતી છે. આ વિગત જરૂરિયાત હોય તે સંઘને તેમજ પ.પૂ. મુનિમહારાજને આપ પહોંચાડશો.

આ મકાન બાંધકામનો અંદાજિત ખર્ચ રૂપિયા ૬ લાખથી વધુ થશે . રંગમંડપમાં પૂરેપૂરો માર્બલ આવશે. સંસ્થાએ એ માટે એક યોજના કરી છે. રૂા. ૧,૧૧,૧૧૧/- (એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયા) આપનાર દાતાના નામની તકતી (નામ બે લાઈનમાં આવશે) રંગમંડપની અંદરની બાજુ એ સુશોભિત રીતે લગાવવામાં આવશે. ખર્ચની જરૂરિયાત મુજબ નામ લેવાશે. જે વહેલો તે પહેલાના ધોરણે નામ લઈશું. દરેક તકતી સુંદર ગ્રેનાઈટ ઉપર બનાવવામાં આવશે. આ લાભ લેવાથી ૧૦૮ પ્રતિમાનું જિનાલય બંધાવ્યાનો લાભ મળશે. દાતાઓએ નીચે મુજબના કાર્યકરોનો સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| કે. જી. શાહ<br>૧૫, શ્રમ સાધના, ત્રીજે માળે, પ્લોટ નં. ૫૭,<br>ડો. ડી.વી. પ્રધાન રોડ,<br>હિંદુ કોલોની, લેન નં. ૧, દાદર (પૂર્વ),<br>ટે.:(૦૨૨) ૨૪૧૪૬૪૧૬, ફેક્સ : ૨૪૧૪૨૨૫૭ | શ્રી જયસુખલાલ ચંપકલાલ વોરા<br>સી/૪૪, પદમ નગર, અંધેરી કુર્લા રોડ,<br>અંધેરી (ઈસ્ટ), મું. ૪૦૦ ૦૯૯.<br>મો. : ૯૮૧૯૫૫૦૦૧૧<br>ફોન : ૦૨૨ ૨૮૩૭૯૨૭૩ | શ્રી અમુલખભાઈ પી. મહેતા<br>બી/૩૦૨, નિસ્ટા બિલ્ડિંગ,<br>બી.પી.એસ. કંપાઉન્ડ, દયાલ રોડ,<br>મુલુંડ (વેસ્ટ)<br>ફોન : (૦૨૨) ૨૫૬૮૬૭૭૦ |

આ પત્રિકા દેરાસર / ઉપાશ્રયના બોર્ડ ઉપર લગાવવી તથા
આપણા સ્નેહી સંબંધીને પણ અહીંયાં પ્રતિમા પધરાવવા હોય તો આપવા નમ્ર વિનંતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સેવા સાધનાનો પમરાટ
# સદ્‌વિચાર પ્રવૃત્તિના પ્રણેતાઓ

જીવનમાં સિદ્ધિ સાર્થકતા અને સફળતા આપનાર જો કોઈ હોય તો તે માત્ર સમાજ પરત્વેની નિષ્ઠા અને સેવા. સમાજ પાસેથી જે કાંઈ મેળવ્યું હોય તેમાં સવાયું કરીને પાછું આપવાની ઉદારતા ઘણામાં જોવા મળે છે. પોતાના વ્યવસાયમાંથી સમય મેળવીને વિવિધ સંસ્થાઓમાં માર્ગદર્શક બની રહેનારા, વિવિધક્ષેત્રે પુરુષાર્થની અનોખી ગાથા ઊભી કરનારા ઘરદીવડાઓના પ્રકાશમાન જીવનનું અત્રે અવલોકન કરીએ.

કરુણાભાવથી ભરપૂર અને દીનદુઃખીઓના સાચા બેલી એવા ઘણા નરપુંગવોના ઉત્તમ સુકૃત્યોની હૈયાના ભાવથી આપણે અનુમોદના કરીએ.

*સખાવતી વ્યક્તિ નહીં, વિશ્વવિખ્યાત સંસ્થા, એટલે*

## શ્રી દીપચંદભાઈ સવરાજભાઈ ગાર્ડી

**શીલભદ્ર શ્રેષ્ઠી, સંસ્કૃતિપૂજક અને દૃષ્ટિપૂત વ્યક્તિત્વનું તેજસ્વી અનુસંધાન.**



મહાત્મા ગાંધીજીને નરસિંહ મહેતાનું જે ભજન પ્રિય હતું તેમાંનો 'વૈષ્ણવજન' એટલે શું? વૈષ્ણવજન એટલે ઉત્તમ માનવ અને ઉત્તમ માનવની પ્રથમ પહેલી ઓળખ શી? તો કહે,

"વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે."

આ બ્રહ્માંડની અગણિત જીવસૃષ્ટિમાં મનુષ્ય અવતાર અતિ દુર્લભ માનવામાં આવે છે. એમાં યે અગણિત માનવસૃષ્ટિમાંથી કોઈ પણ ક્ષેત્રે સહેજે અ–સાધારણ ઓળખ બનાવવી અતિ દુર્લભ હોય છે. એમાં યે કોઈ કોઈ મનુષ્ય સ્વ.–અર્થે પુરુષાર્થ કરીને નાની–મોટી સિદ્ધિને હાંસલ કરે છે. ધર્મ, વિજ્ઞાન, રાજકારણ, વેપારઉદ્યોગ, સમાજ, શિક્ષણ વગેરે એનાં ક્ષેત્રો છે. ઈતિહાસ એવી વ્યક્તિઓને સાચવી રાખે છે. સામે પક્ષે, કોઈ જ વ્યક્તિ એવી હોય છે જે પર–અર્થે પુરુષાર્થ કરીને પોતાની ઓળખ રચે છે. એવી વ્યક્તિનું સ્થાન સ્થળ અને સમયના સીમાડા વીંધીને લોકોના હૃદયમાં અવિચળ હોય છે. એ વ્યક્તિ મટીને વિભૂતિ બની જાય છે. શ્રી દીપચંદભાઈ ગાર્ડી સમા વિભૂતિની આ પહેલી ઓળખ છે. પર દુઃખે ઉપકાર કરવાની ભાવના જન્મવી અને એ ભાવનાની પરિપુષ્ટિ માટે જીવનયજ્ઞ આરંભવો, એ યજ્ઞને સતત દીર્ઘકાળ સુધી સંવર્ધિત કર્યા કરવો એ સઘળું અતિ દુષ્કર છે. દીપચંદભાઈના સઘળા પુરુષાર્થો એ યજ્ઞકાર્યને સફળ કરવામાં કાર્યરત છે. એ માનવજીવનની અદ્‌ભુત અને અભૂતપૂર્વ ઘટના છે. દીપચંદભાઈ એટલે દુર્લભ માનવ–અવતારની દુર્લભ ભાવનાનો સાક્ષાત્કાર. દાન, ધર્મ, પરોપકાર, પરમાર્થ, સખાવત, જે કહો તે, એક વ્યક્તિની આ એક ઉત્તમ ભાવનાનું બીજ પાંગરીને–ફૂલીફાલીને કેટકેટલી શાખા–પ્રશાખામાં ફેલાઈ શકે તેનું જીવતુંજાગતું ઉદાહરણ તે શ્રી દીપચંદભાઈ ગાર્ડી.

### વિરાટ વ્યક્તિત્વ :

શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે સતત ઉદાર સખાવતો અને દાનનો પ્રવાહ વહેવડાવી ભારતના 'ભામાશા' તથા 'શલાકા પુરુષ' રહેલા શ્રી દીપચંદભાઈ સવરાજભાઈ ગાર્ડીનો જન્મ દિનાંક ૨૫-૪-૧૯૧૫ના રોજ. સૌરાષ્ટ્રના પડધરી–વાંકાનેર જિલ્લો- રાજકોટ મુકામે થયેલો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પડધરી, વાંકાનેર તેમજ જ્યાં ગાંધીજીએ શિક્ષણ પ્રાપ્ત કર્યું તેવી ભાવનગરની શામળદાસ કોલેજમાંથી પ્રિકોલેજ કર્યા પછી ઉચ્ચ શિક્ષણ માટે મુંબઈ ગયા. ત્યાંથી બી.એસ.સી. અને એલ.એલ.બી.ની પદવી મેળવ્યા પછી મુંબઈમાં વકીલાત શરૂ કરીને, મુંબઈને કર્મભૂમિ બનાવી. બે વર્ષ સુધી પ્રેક્ટિસ કર્યા પછી 'બાર એટ લો'ની પદવી મેળવવા માટે ઈંગ્લેન્ડ ગયેલા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાળપણમાં ચાર વર્ષની શિશુ વયે જ પિતાની છત્રછાયા ગુમાવેલી. એથી જ સંપત્તિવાન બન્યા પછી સમાજના છત્ર બની રહ્યા, આધાર બની રહ્યા. અભ્યાસકાળ દરમ્યાન ફૈબાને ત્યાં રહીને ભણ્યા, પણ પછી પ્રાપ્ત થયેલી લક્ષ્મીને સરસ્વતીના પૂજન–અર્ચન માટે જ વહેવડાવી.

બાલ્યાવસ્થામાં મૂળી (જિલ્લો–સુરેન્દ્રનગર)ના પ્રખ્યાત માંડવરાયજીના મંદિરે દર્શન કરીને તેમણે પ્રાર્થના કરેલી કે, "હે પરમાત્મા! મને નિત્ય હજારેક રૂપિયાનું દાન કરી શકું એવો ધનવાન બનાવજે," પણ પરમકૃપાળુ પરમાત્મા માંડવરાયજીએ એમને એવા અને એટલા ધનવાન બનાવ્યા કે તેઓ હવે હજારનું નહીં પણ દરરોજ લાખો રૂપિયાનું દાન કરે છે અને ભવિષ્યમાં દરરોજ કરોડો રૂપિયાનું દાન કરવાની ઇચ્છા ધરાવે છે. તેમની આવી ઉદાર સખાવતને કારણે ૫૦૦ જેટલાં વિદ્યાધામોનું નિર્માણ તેમના દ્વારા શક્ય બન્યું છે. નાનામાં નાનું ગામડું હોય, જ્યાંના માણસોને કોઈ મોટા ગજાના માણસ સાથે ઓળખાણ ન હોય, પણ દીપચંદભાઈનો સંપર્ક કરે અને એમની નિરાશા ટળી જાય. જે ગામ સાથે, જે પ્રજા સાથે દીપચંદભાઈને કંઈ પણ સંબંધ નથી, જ્યાં ક્યારેય એમને જવાનું નથી ત્યાં પણ નિઃસ્વાર્થ ભાવથી, નરી શિક્ષણ પ્રીતિથી અને માનવતાવાદી દૃષ્ટિબિંદુથી તેઓ પોતાની સિદ્ધિલક્ષ્મીને વહાવે છે. ઉદાર અનુદાન કરે છે અને સંસ્થા સાથે પોતાનું નહીં પણ પુત્રો, પૌત્રો, પૌત્રી, પત્ની અને પુત્રવધૂઓને દાન આપવાની સતત પ્રેરણા આપવાના હેતુથી તેઓનાં નામ જોડીને એક વિદ્યાલયનું નિર્માણ થાય એ માટે નિર્મમભાવે સહાયભૂત થાય છે. ભારતીય સંસ્કૃતિના ઉદાર દાતાઓના, આવા કારણે, તેઓ ખરા અર્થમાં તેજસ્વી વારસદાર બન્યા છે.

પ્રાથમિકથી માંડીને પોસ્ટગ્રેજ્યુએટ અને પીએચ.ડી. કક્ષા સુધીના શિક્ષણ માટે તેઓ અનુદાન આપતા રહ્યા છે, ઉપરાંત આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, મેડિકલ, કૃષિ, એન્જિનિયરિંગ, ફાર્મસી, આઈ.ટી.આઈ. અને પોલિટેક્નિક જેવી વિદ્યાશાખાને આવરી લેતો તેમનો દાનપ્રવાહ ભારે વ્યાપક છે. કોઈ પણ પ્રકારની જ્ઞાતિ, જાતિ અને ધર્મના ભેદભાવ વગર સમગ્ર સમાજ માટે દાનનો પ્રવાહ વહેવડાવી રહેલ દીપચંદભાઈ એ રીતે માનવસેવાના વ્રતધારી છે. તેમની વ્યાપક ધર્મભાવના તેમને ખરા અર્થમાં આપણી ભવ્ય મહાજનપરંપરાના ઉજ્જ્વળ અને તેજસ્વી વારસદાર તરીકે સ્થાપે છે. આસામ, બિહાર અને ગુજરાતનાં આ વિદ્યાલયો માટે તેમણે પૂરી અનુકંપા, સદ્‌ભાવ અને સમભાવથી જે રીતે અનુદાન અર્પણ કરીને વનવાસી પ્રજાના વિકાસમાં યોગદાન આપ્યું એ તેમના સંવાદી વ્યક્તિત્વનું ઊજળું ઉદાહરણ છે. મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં રૂપિયા સો કરોડના દાનથી અદ્યતન સુવિધા ધરાવતી મેડિકલ કોલેજ અને એ સાથે હોસ્પિટલનું નિર્માણ તથા સાથે–સાથે પેરામેડિકલ અભ્યાસક્રમો અને સંશોધન માટેનું તેમનું ઊંડી સૂઝપૂર્વકનું આયોજન સમગ્ર ભારતને સ્વનિર્ભર વિદ્યાધામ કેવું માનવકેન્દ્રી અને સેવાકેન્દ્રી હોય એનું આદર્શ માળખું પ્રત્યક્ષ ઉદાહરણરૂપે પૂરું પાડે છે.

સૌરાષ્ટ્રની શારદાગ્રામ કૉલેજ હોય, મધ્યપ્રદેશની ઉજ્જૈનની મેડિકલ કૉલેજ હોય કે લખતરની ફાર્મસી કૉલેજ હોય કે મુંબઈની ફાધર અહનેસ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ હોય કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભારતીય સંસ્કૃતિ, જૈન એકેડેમી, હોમસાયન્સ, અંગ્રેજી, કેમેસ્ટ્રી, એમ.બી.એ., એમ.સી.એ., એકેડેમિક સ્ટાફ– કોલેજ, માનવઅધિકાર ભવન આદિ વિદ્યાભવનો તેમની ઉદાર સખાવતથી બંધાયાં છે. આ બધાંનું ઉત્કૃષ્ટ સ્થાપત્ય સુવિધાપૂર્ણ અને આધુનિક ઉપકરણોથી સભર છે. સંપત્તિનો સૂઝપૂર્વક વિદ્યાક્ષેત્રે વિનિયોગ કરવાની તેમની આવી દાનવીર અને સૂઝપૂર્ણ વૃત્તિ દીપચંદભાઈને અનોખા દાનવીર તરીકેની મુદ્રા અર્પે છે. કરકસર, પણ ઉત્કૃષ્ટ ગુણવત્તા જાળવીને દ્રવ્યનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય એવી ખેવના રાખવી એ તેમની આગવી ઓળખ છે. ઉત્તમ વિદ્યાભવનોના નિર્માણ ઉપરાંત વિદ્યાર્થીઓના નિવાસ માટે છાત્રાલય–હોસ્ટેલ નિર્માણ માટે પણ તેઓ પૂરા પ્રોત્સાહક રહ્યા છે. કડીનું કન્યા છાત્રાલય, બક્ષીપંચનાં છાત્રાલયો, વનવાસી વિદ્યાર્થી માટેનાં એમના વિસ્તારમાંનાં છાત્રાલયો, યશોવિજયજી ગુરુકુળ–પાલિતાણા, બોયઝ હોસ્ટેલ–સોનગઢ જેવાં અનેક સુવિધાપૂર્ણ છાત્રાલયોનાં નિર્માણ માટે પણ પૂરા પ્રોત્સાહક રહ્યા. પોતે વેઠેલી પીડા અને અસુવિધાઓથી સાંપ્રત યુવાનોને છુટકારો મળે એ માટેની એમની આ સેવાકીય–વિદ્યાકીય પ્રવૃત્તિ એમની માનવતાવાદી અને વિદ્યાપ્રેમી પ્રકૃતિની દ્યોતક છે. અનેક યુવાનોની કારકિર્દીના ઘડવૈયા બનીને, ભારતના તેજસ્વી વિદ્યાર્થીને વિકાસની તક પૂરી પાડીને તેમણે મોટી રાષ્ટ્રસેવા કરી છે.

વિદ્યાભવનનિર્માણ, છાત્રાલયનિર્માણ ઉપરાંત વિદ્યાકીય ઉપકરણોની સહાય પણ તેઓ કરતા રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કમ્પ્યૂટર, સેમિનાર હોલ, પીએચ.ડી. લેબોરેટરી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રીડિંગ રૂમ અને ગ્રંથાલય કે રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંગે પણ અનુદાન ફાળવતા, જરૂરિયાતમંદને જરૂરી વિદ્યાકીય સાધનસામગ્રી પૂરી પાડનારા દાતા તરીકે તેઓ હંમેશાં યાદ રહેશે. ઉપરાંત વિકલાંગ કે શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓ માટે પણ વિદ્યાકેન્દ્રોના તેઓ જનક રહ્યા છે. આ ઉપરાંત તેઓ વિદ્યાર્થીઓને આર્થિક સહાય, વિદેશના ઉચ્ચ અભ્યાસ માટે મદદરૂપ થવા માટેની તેમની તત્પરતા તેમની નરી વિદ્યાકીય પ્રવૃત્તિની પરિચાયક છે. સંશોધન માટે અનુદાન એ પણ તેમનો દાતા તરીકેનો એક અભિનવ અભિગમ રહ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતીભવનનું જૈન એકેડેમી રિસર્ચ સેન્ટર, ચેન્નાઈની અહિંસા રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી જેવી સંશોધનસંસ્થાઓ દ્વારા ઉચ્ચ પ્રકારનું સંશોધન થાય એ માટે તેઓ મદદરૂપ થતા રહ્યા છે. ઉપરાંત વિદેશમાં પરિસંવાદમાં પેપરવાચન માટે પણ પ્રોત્સાહન આપી રહ્યા છે. પરિસંવાદોના આયોજનમાં પણ સહયોગ આપે છે. વિદ્યાર્થીઓને-વિદ્વાનોને સમ્માન-પારિતોષિક માટે પણ ઉદાર દિલે સખાવત કરે છે. તેમની આવી વ્યાપક રૂપની વિદ્યાકીય શિક્ષણક્ષેત્રની સૂઝપૂર્વકની અને વૈવિધ્યપૂર્ણ દાન ભાવનાથી તેઓ લક્ષ્મીના કૃપાપાત્ર અને સરસ્વતી દેવીના પૂજારી તરીકે સમાજમાં ચિરસ્મરણીય રહેશે.

## આરોગ્યક્ષેત્રે આયોજનપૂર્ણ અને ઉમદા અનુદાન :

ભારતની મોટી સમસ્યા આરોગ્ય વિષયક સુવિધા પ્રાપ્ત કરવી તે છે. સરકારી સહાય કેટકેટલે સ્થાને પહોંચી શકે. સમાજનો કેટલો બધો ભાગ સુવિધાથી વંચિત રહેતો હોય છે. સમાજ નીરોગી હોય, સશક્ત હોય, માનસિક રીતે સ્વસ્થ હોય તો એ સમાજ દ્વારા જ રાષ્ટ્ર ખરા અર્થમાં વિકાસ-વિસ્તાર સાધીને રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે પહોંચાડી શકે. આવા ઉમદા વિચારથી તેમણે આરોગ્ય ક્ષેત્રે અનુદાન માટે જે આયોજન કર્યું તેમાંથી માનવમાત્ર માટેની તેમની ખેવના પ્રગટ થાય છે.

તેઓ નાત-જાતના ભેદ રાખ્યા વગર આરોગ્યધામના, હોસ્પિટલના નિર્માણ માટે જે રીતે મદદરૂપ થયા તે તેમના માનવતાવાદી વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. મહારાષ્ટ્રના યૂસુફ મહેરઅલી સેન્ટર, ગુજરાતના આદિવાસી વિસ્તારની મુક્તિ-રંજન હોસ્પિટલ, બિહારની પેહરબરની આંખની હોસ્પિટલ, મુંબઈની હરકિશનદાસ હોસ્પિટલ, નડિયાદની કિડની હોસ્પિટલ, રાજકોટની કેન્સર હોસ્પિટલ, અમરગઢની ટી.બી. હોસ્પિટલ, પાટણની જનતા હોસ્પિટલ જેવી પચાસ જેટલી હોસ્પિટલોના નિર્માણમાં પૂરી નિષ્ઠાથી અનુસહાય કે અનુદાન આપતા રહીને સમાજને નીરોગી બનાવવાનું બહુ મોટું સેવાકાર્ય પણ દીપચંદભાઈ બજાવે છે.

મધ્યપ્રદેશના ઈન્દોર-ઉજ્જૈન જેવાં મહાનગરોમાં આરોગ્યધામો અને આરોગ્ય વિદ્યાલયો ઊભાં કરીને પોતે એકલા હાથે કરોડો રૂપિયાનું દાન આપીને એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જૂનાગઢમાં પણ આ પ્રકારનું આરોગ્યધામ એ આરોગ્ય વિદ્યાલય મેડિકલ કોલેજરૂપે ક્રિયાશીલ બને એ માટે તેઓ પ્રયત્નશીલ છે. આવી આદર્શ અને ઉમદા સેવાભાવના તેમને આરોગ્યક્ષેત્રના અનોખા દાતા તરીકે સ્થાપે છે.

કોમ્યુનિટી હેલ્થસેન્ટરો, સરકારના આરોગ્યકેન્દ્રનું સંચાલન કરવું, સરકારને આરોગ્યકેન્દ્રો સ્થાપી આપવાં જેવી તેમની કામગીરી પણ તેમની ઉજ્જવળ દાનશીલતાનું પ્રતીક છે.

આરોગ્યક્ષેત્રે ભવનનિર્માણ અને વિદ્યાલયનિર્માણ તથા સંચાલન ઉપરાંત બ્લડબેન્કના નિર્માણ માટે તેમણે કરેલી મદદ પણ મહત્ત્વની છે. પ્રાણી, પક્ષીઓ માટેની હોસ્પિટલનો ઉમદા વિચાર તો આવા અનુકંપાશીલ હૃદય ધરાવતા દીપચંદભાઈને જ આવે. તેમનું વ્યાપક દૃષ્ટિબિંદુ અહીં પણ દૃષ્ટિગોચર થાય છે. વિવિધ પ્રકારના નિદાનકેમ્પો, બ્લડડોનેશનના કેમ્પો, ખાસ કરીને હાડકાં, પોલિયો, આંખ અને કેન્સર જેવા જનરલ મેડિકલ કેમ્પોનું આયોજન ઉપરાંત અસાધ્ય રોગ ધરાવતાં રોગીઓને ભારે મોટી રાહત તેઓ નિયમિત રૂપે અનેક જગ્યાએ પૂરી પાડે છે. ૨૫૦૦૦થી પણ વધુ હૃદયરોગના, થેલેસેમિયાના અને કેન્સરના રોગથી પિડાતા દર્દીને પણ નિમયિતરૂપે તેઓ મદદ કરે છે. કોઈ પણ, જનસમાજને આરોગ્યસુવિધા પૂરી પાડનારા આવા મેડિકલ નિદાન કેમ્પોનું આયોજન કરવું હોય તો દીપચંદભાઈ અહર્નિશ સહયોગ માટે તત્પર હોય છે, બલ્કે આવી ટહેલ નાખનારાની રાહ જોતા હોય છે. તેઓની માન્યતા છે કે, 'માનવસેવા એજ પ્રભુ સેવા'. જીવનમાં આ સૂત્રનું તેઓ નખશિખ પાલન કરતાં પણ જોવા મળે છે. તેમની આ પ્રકારની આરોગ્યલક્ષી દાનવૃત્તિ દીપચંદભાઈના ઉમદા અને અનુકંપાશીલ વ્યક્તિત્વની પરિચાયક છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### *આપત્તિગ્રસ્ત પીડિતો માટે અનુદાન :*

દાનવીર દીપચંદભાઈ ગાર્ડીના વ્યક્તિત્વની એક વિશિષ્ટતા એ પણ છે કે, એમને ખ્યાલ આવે કે કુદરતી આફતોનો સમાજ ભોગ બનેલ છે, તો તેઓ ત્યાં પણ ચૂપચાપ પહોંચીને દાનગંગા વહેવડાવે છે.

ઈ.સ. ૧૯૮૭માં સતત ત્રણ વર્ષ સુધી દુષ્કાળની આપત્તિ આવી પડેલ, ત્યારે તેમણે એક લાખ જેટલા ઢોરવાડાઓમાં ગાય, ભેંસ, બળદ, ઊંટ, ઘેટાં-બકરાં જેવાં પ્રાણીઓને સમગ્ર ગુજરાતમાં સાચવેલાં. આટલી મોટી સંખ્યામાં ગુજરાતને ગામડે-ગામડે ઢોરવાડામાં નીરણ, પાણી માટે તેમણે જે આયોજન કર્યું, ક્યાંય કોઈને તકલીફ ન પડે અને મદદ માટે દોડધામ ન કરવી પડે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવ્યું. પશુઓના પાલકોને ઢોરવાડામાં જ બધી મદદ મળી રહે એ માટે ખડેપગે રહીને ઉપરાઉપરી ત્રણ-ત્રણ વર્ષ સુધી મદદ કરી એ એમની પ્રાણીપ્રીતિ અને જીવદયાનું ભારે ઊજળું ઉદાહરણ છે.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ઢોરવાડા ઉપરાંત પંખીઓ માટે ચણનું, પરબનું અને અવેડાનું તેમનું આયોજન અવિરતપણે ચાલે છે. કીડીને માટે કીડિયારાની વ્યવસ્થા, માછલાંને ખોરાક, કૂતરાંને રોટલા મળી રહે એ માટેનું તેમનું આયોજન તેમની ખરી-નરી જીવદયાપ્રીતિ અને ખરા જૈન શ્રાવક-શ્રેષ્ઠીની વ્યક્તિમત્તાનો પરિચય કરાવે છે. કરુણા, પ્રેમમુદિતા અને નિઃસ્વાર્થભાવે પ્રાણીમાત્ર પરત્વે સદ્‌ભાવ, સમભાવ વ્યક્ત કરવાનું તેમનું આવું દાનશીલ વલણ તેમના વ્યક્તિત્વનું એક મહત્ત્વનું પરિમાણ છે.

કતલખાને જતી ગાયોને બચાવવી, ગૌશાળામાં, પાંજરાપોળમાં માંદા પડેલાં પશુઓની સાર-સંભાળ માટે માત્ર આપત્તિ અને દુષ્કાળ સમયે જ નહીં, પરંતુ પછી પણ તેઓ અવિરતપણે મદદરૂપ થતા રહે છે. ગૌશાળાની પડતર જમીનમાં ઘાસનું ઉત્પાદન થાય અને ઢોરને પોષણક્ષમ આહાર મળે એ માટે પણ અનેક પ્રકલ્પોમાં તેમનું દાન છે.

પૂરપીડિતોને, વાવાઝોડાગ્રસ્ત અને ભૂકંપપીડિતોને પણ મોરબી, દક્ષિણ ગુજરાત, કચ્છ અને લાતુર કે ઓરિસ્સામાં તેઓ ભારે સહાયભૂત થયેલા. કચ્છના ભૂકંપ પછી ખૂબ ટૂંકાગાળામાં ૪૦૦ શાળાઓ બાંધી આપેલી. તેમનું અનુદાન આવી રીતે આપત્તિગ્રસ્તો માટે ભારે સમયસરનું, ભારે આવશ્યકતાવાળું અને ખરા અર્થમાં પરિણામદાયી બની રહ્યું છે. અનેક જીવોને *બચાવનારા તેઓ એ અર્થમાં જીવનદાતા બની શક્યા છે. તેમનું* આપત્તિગ્રસ્તો માટેનું મનુષ્યમાત્ર અને પ્રાણીમાત્ર માટેનું દાન ભારતીય સંસ્કૃતિના, જૈન મહાજનપરંપરાના તેજસ્વી તારક તરીકે તેમને સ્થાપે છે.

### નિરાધારોના આધાર માટે અનુદાન :

શિક્ષણ, આરોગ્ય અને આપત્તિગ્રસ્તો માટે દાનની ગંગા વહેવડાવનારા દીપચંદભાઈ ગાર્ડી નિરાધારો માટે પણ ભારે સ્નેહથી, નર્યા નિઃસ્વાર્થ ભાવથી આધારરૂપ અને સહાયભૂત બની રહ્યા છે. તેમનું આ પગલું પણ તેમની દાનશીલ વ્યક્તિમત્તાનું આગવું ઉદાહરણ છે. રાજકોટમાં 'દીકરાનું ઘર' જેવા વૃદ્ધાશ્રમનું નિર્માણ તેમના મોટા અનુદાનથી શક્ય બન્યું. બહેરાંમૂંગાં શાળા કે અનાથાશ્રમના નિર્માણમાં પણ તેઓનું ભારે મોટું અનુદાન રહેલું છે.

વિધવા અને ત્યક્તા બહેનોને રોજગારી મળી રહે, સ્વમાનભેર તેઓ પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે એ માટે તેઓ અનેકરીતે મદદરૂપ થતા રહે છે. ક્યાંય પોતાનું નામ જાહેર ન થાય એની કાળજી રાખીને અનેક નિરાધારને આર્થિક અનુદાન તેમના દ્વારા પહોંચે એવું તેમનું આયોજન તેમની ઉમદા અને ઉદાત્ત દાનવૃત્તિનું પરિચાયક છે. મોટા કલાકારો, વિદ્વાનો નિરાધાર હોય તો એમને સહાયભૂત થઈને પોતે ઈશ્વરસેવા કર્યાની અનુભૂતિ પ્રાપ્ત કરે છે. કેટલાંક સધર્મિકને અને સમાજના છેવાડાનાં લોકોને સહાયરૂપ થઈને ગદ્‌ગદિત બનતા દીપચંદભાઈ ગાર્ડી મોટા ગજાના ગુપ્તદાનના હિમાયતી છે, એવો પરિચય પણ પ્રાપ્ત થાય છે.

### વિવિધ સેવાકીય સંસ્થાઓમાં સેવાપ્રદાન :

તેમની દાનશીલવૃત્તિને કારણે અનેક સેવાકીય સંસ્થાઓનું અસ્તિત્વ શક્ય બન્યું છે. એવી બધી સંસ્થાઓમાં આર્થિક અનુદાન ઉપરાંત તેમનું અનુભવપૂત માર્ગદર્શન પણ પ્રાપ્ત થતું હોય છે. 'ઓલ ઈન્ડિયા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ', 'ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠ', 'મહાવીર જૈન વિદ્યાલય', 'ગુજરાત મહાજન પાંજરાપોળ', 'ગૌશાળા ફેડરેશન', 'ભગવાન મહાવીર મેમોરિઅલ સમિતિ' અને 'ભારત સરસ્વતી મંદિર સંસદ-માંગરોળ' જેવાં અનેક સંસ્થાનના પ્રમુખ તરીકેની તેઓ જવાબદારી વહન કરી રહ્યા છે. આ ઉપરાંત 'ઈન્ટરનેશનલ જૈન એકેડેમી', 'એમ.એસ.જે. તીર્થરક્ષા ટ્રસ્ટ', 'શેઠ આણંદજી કલ્યાણજી પેઢી', 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ', 'અહિંસા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્ટરનેશનલ', 'અખિલ હિન્દ કૃષિ ગૌસેવા સંઘ' જેવી પચાસેક સેવાસંસ્થાઓમાં–ટ્રસ્ટમાં હાલના સમયે પણ ભૂતપૂર્વ પ્રમુખ તરીકે કે ટ્રસ્ટી તરીકે તેઓ સેવાઓ આપે છે. તેમની આવી અહર્નિશ સેવાવૃત્તિ અને તેમની નિરંતર સેવાપ્રવૃત્તિ, અનેકને માટે બહુ મોટો આદર્શ પૂરો પાડે છે. પોતે દાતા હોવું અને અનેક ટ્રસ્ટોના માધ્યમથી એમની સેવાપ્રવૃત્તિમાં સમયદાન, વિચારદાન અને આર્થિક અનુદાન અર્પતાં રહેવું એ એમનો આગવો ગુણ છે. દીપચંદભાઈ આવા માધ્યમથી એમના ઓજસ્વી, પ્રબુદ્ધ અને પ્રામાણિક વ્યક્તિત્વનો તથા સતત ક્રિયાશીલ રહી શકવાના ખમીર, ખુમારી અને સામર્થ્યનો પરિચય કરાવે છે.

## પરિવારજનોની સેવાકીય પ્રતિબદ્ધતા :

દીપચંદભાઈએ બાલ્યાવસ્થામાં જ પિતાનો આધાર ગુમાવેલો, પણ પછી જાણે કે પોતે જ માત્ર પોતાનો નહીં સમગ્ર સમાજનો આધાર બની શકે એવા સમર્થ અને શક્તિશાળી બન્યા! પોતે સંચિત કરેલ દ્રવ્યનો નિજી સુખ–સુવિધાઓ માટે કે મોજશોખમાં–આનંદપ્રમોદમાં વિનિયોગ કરવાને બદલે સમાજને મદદરૂપ થવાની માન્યતા ધારણ કરી. સ્વનો નહીં પણ સર્વનો વિચાર કરનારા બન્યા. તેમની ચિંતા અને ચિંતન સમાજાભિમુખ રહ્યાં. તેમનાં સંતાનોએ ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કર્યો, એટલું જ નહીં પણ પિતાના પગલે ઉજ્જવળ કારકિર્દી પણ આરંભી. તેમના બન્ને સુપુત્રો ડૉ. રશ્મિકાન્તભાઈ (જી.વાય.એમ.ઈ.સી.)ની પદવી પ્રાપ્ત કરીને અમેરિકામાં પ્રેક્ટિસરત છે. બીજા પુત્ર હસમુખભાઈ સોલિસિટર છે અને દુબઈમાં પ્રેક્ટિસ કરે છે. પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રો, પૌત્રીઓનું કુટુંબવૃક્ષ પિતા દીપચંદભાઈની દાનવીર પ્રવૃત્તિને પોષક અને પ્રોત્સાહક રહ્યું છે. એમના પરિવારને દાનશીલ પ્રવૃત્તિ અને સેવાકાર્યોમાં તેઓ સહજ રીતે સાંકળી શક્યા એ તેમના પારસમણિ સમાન વ્યક્તિત્વનું જીવંત ઉદાહરણ છે.

પરિવારની સંપત્તિમાંથી અનેક ટ્રસ્ટોની રચના કરીને સેવાકીય પ્રવૃત્તિના ફલકને તેમણે વિસ્તાર્યું છે. કુટુંબનાં પરિવારજનો પણ એમનાં વિવિધ ટ્રસ્ટો જેવાં કે (૧) શ્રી દીપચંદભાઈ ગાર્ડી ચેરિટેબલ ટ્રસ્ટ (૨) શ્રી દીપચંદભાઈ ગાર્ડી સોશ્યલ એન્ડ રિલિજિસ ચેરિટેબલ ટ્રસ્ટ (૩) શ્રી દીપચંદભાઈ ગાર્ડી રૂરલ એન્ડ એનિમલ પ્રોટેક્શન ડેવલપમેન્ટ ટ્રસ્ટ (૪) સંસ્કૃતિદીપ ફાઉન્ડેશન (૫) શ્રીમતી રૂક્ષ્મણીબહેન ગાર્ડી ચેરિટેબલ ટ્રસ્ટ (૬) શ્રીમતી રૂક્ષ્મણીબહેન ગાર્ડી ફાઉન્ડેશન, જેવાં સેવાકીય પ્રવૃત્તિનાં ટ્રસ્ટો દ્વારા સમાજમાં શિક્ષણક્ષેત્રે, આરોગ્યલક્ષી, જીવદયાલક્ષી, આપત્તિલક્ષી અને નિરાધારલક્ષી સેવાકીય પ્રવૃત્તિ અવિરતપણે ચાલે છે. આ બધામાં દૃષ્ટિતેજ તો દીપચંદભાઈ ગાર્ડી જ છે. પોતે સ્વયં પ્રત્યેક લાભાર્થીઓના પ્રત્યક્ષ સંપર્કમાં રહે છે.

રાજકોટમાં એમનું નાગરિકસમ્માન તો અવર્ણનીય પ્રસંગ હતો. મહાવીર માર્ગના અનેક સંઘ, ફીરકાઓ, સાધુ–ભગવંતોએ એમનાં સમ્માન કરેલાં છે. દેશમાં તેઓએ રાષ્ટ્રીય અતિથિનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જગદ્‌ગુરુ શંકરાચાર્ય, પ્રમુખસ્વામી જેવા સાધુ–સંતોએ આશિષ વરસાવી છે. ઈંગ્લેન્ડની મહારાણી એલિઝાબેથ અને પોપ પોલ જેવા ખ્રિસ્તી ધર્મના ટોચના સંતે પણ તેમને સમ્માનિત કરેલા છે. ભારતના શ્રેષ્ઠ સંતો પાંડુરંગ આઠવલે, મોરારિબાપુ, રમેશભાઈ ઓઝા વગેરેના આશીર્વાદરૂપી એવોર્ડથી વિભૂષિત દીપચંદભાઈ ભારતીય મહાજનપરંપરાના વસ્તુપાળ, મોતીશા, શાંતિદાસ, કસ્તુરભાઈ લાલભાઈ, દલપતભાઈ–પરંપરાના તેજસ્વી વારસદાર તરીકે ઉદાહૃત થયા છે. તેઓ સાચા અર્થમાં ભારતના સાંસ્કૃતિક રાજદૂત છે. જાતને ઘસી નાખનારા દધીચિ–પરંપરાના તેઓ અનુસંધાનરૂપ છે. તેમના માટે કહેવાય છે કે તેઓ દાન કરવા માટે દાન નથી કરતા પણ પ્રાચીન ભારતની કર્ણ અને બલિ રાજાની દાનપરંપરા આજે પણ જીવંત છે.

દીપચંદભાઈના પ્રથમ પ્રારંભિક અનુદાનથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા–સાહિત્ય ભવનમાં 'જૈન એકેડેમી' અને 'ભારતીય સાહિત્ય સંસ્કૃતિ સંસ્થાન'ના નિર્માણ પામેલ નૂતન ભવન દિનાંક : ૧૯-૭-૧૯૯૮ના રોજ તેમના હસ્તે ખુલ્લું મુકાયેલ.

આયુષ્યના દશમા દાયકામાં પ્રવેશેલા દીપચંદભાઈ બાણું વર્ષની ઉંમરે પણ સ્વસ્થ અને સેવાસભર બનેલા જોવા એ સમકાલીન સમાજને માટે એક મોટું સંભારણું બની રહેશે. આપણે સેવાપરાયણ એવા કોઈ મહામાનવના સમકાલીન હતા એ માટે કોઈ એક નામ આપીને ગૌરવ લઈ શકીએ એવું નામ આપવું હોય તો, એ છે દીપચંદભાઈ ગાર્ડી. એમની ઉમદા દાનવૃત્તિ–પ્રવૃત્તિના સાક્ષી બનવાનું અને એમની સંગત સાંપડવાનું ગૌરવ અને ગર્વ લઈ શકીએ એવી વ્યક્તિ છે દીપચંદભાઈ ગાર્ડી. આવા નખશિખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલભદ્ર શ્રેષ્ઠી અને સંસ્કૃતિના રખેવાળ દીપચંદભાઈને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ડી.લિટ.ની માનદ્ પદવી એનાયત કરે એ માત્ર ગુજરાતની જ નહીં, પરન્તુ સમગ્ર ભારતની એક સાંસ્કૃતિક ઘટના છે.

## ગુરુભક્ત શ્રી રાજેન્દ્રભાઈ દલાલ



શ્રી રાજેન્દ્રભાઈ દલાલનું નામ આજે માત્ર સિકન્દ્રાબાદમાં જ નહીં, ભારતભરમાં જ નહીં, પણ અમેરિકાના નગરેનગરમાં ઝળહળ જ્યોતની જેમ પ્રકાશી રહ્યું છે.

એમના પ્રથમ પરિચયે જ પ્રતીત થાય છે. એમનું સાત્ત્વિક છતાં પ્રભાવશાળી વ્યક્તિત્વ જોતાં જ આપણા હૃદયમાં પડઘો પડે કે આ વ્યક્તિની આસપાસ ધર્મ–પ્રભાવનાનું આભામંડળ રચાયું છે. અહીં પુણ્યશાળી અને પાવનકારી પ્રવૃત્તિઓનો પ્રતાપ ઝળહળે છે. આ પ્રતાપી વ્યક્તિમત્તા નવ ખંડ ધરતી અને સાત સમુદ્રો પાર પોતાનો પ્રભાવ પાથર્યા વગર નહીં રહે, સૂર્યકિરણો જેમ સકલ વિશ્વમાં વ્યાપી વળશે. અહીં પુણ્યકાર્ય કરવા માટે જ જેઓ જન્મ લેતા હોય છે, રાજેન્દ્રભાઈ એમાંના જીવ છે. નહીંતર, જન્મભૂમિ અમદાવાદ, કર્મભૂમિ સિકન્દ્રાબાદ અને શાસનપ્રભાવક કાર્યોની ભવ્ય હારમાળા ભારતભરમાં અને છેક અમેરિકા સુધી પ્રસરે એવું ના બને. માતા જાસુદબહેન અને પિતા અમૃતલાલભાઈને બાળવયે અમદાવાદના આંગણે રમતા રાજેન્દ્રભાઈને જોઈને એવી કલ્પના નહીં હોય, પણ સંસ્કારી માતાપિતાને ત્યાં જન્મ મળવો એ પણ મોટું સદ્ભાગ્ય છે. બીજરૂપ સંસ્કાર હોય તો જ સમર્થ ગુરુકૃપાનું સિંચન થાય અને તો જ આગળ જતાં એ બીજ અનેક શાખા–પ્રશાખા ફેલાવી શકે. રાજેન્દ્રભાઈમાં એવી પાત્રતા જોવા મળે છે. અમદાવાદમાં શિક્ષણ લઈને તેઓ યુવાનવયે બેંગ્લોર અને સિકન્દ્રાબાદને પોતાની કર્મભૂમિ બનાવે છે અને જોતજોતાંમાં રિદ્ધિ–સિદ્ધિનાં શિખરો સર કરે છે. તીવ્ર બુદ્ધિમતા, સમર્થ સંકલ્પશક્તિ, અડગ આત્મવિશ્વાસ, પ્રચંડ કાર્યશીલતા, અદમ્ય ઉત્સાહ અભય સાહસિકતાને લીધે તેઓ સિકન્દ્રાબાદમાં કાપડ બજારના અગ્રણી વેપારી તરીકે પ્રતિષ્ઠિત થઈ શક્યા છે. મિલનસાર સ્વભાવ અને હસમુખા વ્યવહારથી તેઓ આબાલવૃદ્ધ સૌમાં આદરપાત્ર રહ્યા છે. ધંધાકીય સૂઝ–સમજ અને અથાક પરિશ્રમના ફળસ્વરૂપે તેઓ આજે અનેક દુકાનો–શો રૂમોની માલિકી ધરાવે છે. માત્ર આંધ્રપ્રદેશમાં જ નહીં, પણ પ્રીમિયર મિલન–કોઈમ્બતૂર અને અરવિંદ જિન્સ ગારમેન્ટ જેવી કંપનીઓ સાથે સંકળાયેલા છે. હાલમાં એમના સુપુત્રો–સુનીલભાઈ અને સંઘેશભાઈ આ કારોબાર વિકસાવી રહ્યા છે, જ્યારે રાજેન્દ્રભાઈ તો વર્ષોથી શાસનસેવાને સમર્પિત છે.

મનુષ્યજીવનની સાર્થકતા માત્ર ભૌતિક સંપત્તિમાં જ નથી એવું રાજેન્દ્રભાઈ યુવાનવયે સમજી ગયા હોય એમ લાગે છે. જીવનમાં પ્રેય કરતાં શ્રેયને, સ્થૂળ કરતાં સૂક્ષ્મને, લૌકિક સમૃદ્ધિ કરતાં અલૌકિક આત્મશ્રીને અનોખું સ્થાન છે. માતા–પિતા તરફથી યોગ્ય સંસ્કારો મળ્યા હોય, સહધર્મચારિણીનો સદાય સહકાર સાંપડ્યો હોય, પણ કોઈ બડભાગીને જ પ્રતાપી ગુરુની અમી દૃષ્ટિનો સંયોગ સાંપડે છે. રાજેન્દ્રભાઈ એવા ધન્યભાગી છે. ૩૦ વર્ષની યુવાનવયે રાજેન્દ્રભાઈને ભક્તામર સ્તોત્રપાઠી તીર્થપ્રભાવક ગુરુભગવંત શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.નાં દર્શન થાય છે અને તેઓ ગુરુભક્તિમાં તલ્લીન થાય છે. પૂ. ગુરુદેવ પણ રાજેન્દ્રભાઈમાં નવી ચેતનાનો શક્તિપાત કરે છે. એમના જીવનમાં શાસનભક્તિની જ્યોત પ્રગટે છે. એમને જીવનનુ સાચું રહસ્ય સમજાય છે, જીવનનું સારસર્વસ્વ સમજાય છે અને શાસનકાર્યોમાં સમર્પિત ભાવ જાગે છે અને કુશળ વેપારી, ધનાઢ્ય શ્રાવક રાજેન્દ્રભાઈ સંયમશીલ, વિવેકી, સાત્ત્વિક, સદ્ભાવી, નમ્રસેવક તરીકેની ઓળખ રચે છે અને જોતજોતાંમાં જેમ સિકન્દ્રાબાદની કાપડ બજારના અગ્રેસર બન્યા હતા, તેમ જિનશાસનનાં અનેક તીર્થસ્થાનોના અને અનેકવિધ પ્રવૃત્તિઓના અગ્રણી બની રહે છે. કહેવું જોઈએ કે આ ઓળખ રાજેન્દ્રભાઈની ખરી પરિચાયક બની રહે છે. પાયો મજબૂત અને વિશાળ હોય તો તેના પર ઊંચું શિખરબંધ મંદિર નિર્મિત થઈ શકે છે, એમ આચાર્યભગવંત પૂ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજની કૃપાદૃષ્ટિથી રાજેન્દ્રભાઈનું જીવન દિનપ્રતિદિન વિકાસ પામે છે. એમાં એ શિખર પર સંઘયાત્રાનાં આયોજનો ધજાકીર્તિગાથાના યશોગાન સમાન ફરફરી રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાન્ય માનવીને કલ્પનાતીત લાગે અને એ કાર્ય સુપેરે સંપન્ન થાય ત્યારે સ્વપ્નવત્ લાગે, એવાં કાર્યો જ ઈતિહાસનાં પ્રકરણ બનતાં હોય છે. શાસનના ઈતિહાસમાં ભવ્યાતિભવ્ય સંઘયાત્રાનાં આયોજનો સુવર્ણ અક્ષરે અંકાયેલાં અને પંકાયેલાં છે. મહારાજા કુમારપાળ અને મંત્રીશ્વરો શ્રી વસ્તુપાલ-તેજપાલના નેતૃત્વ નીચે વર્ષો પહેલાં આવી વિશાળ પદયાત્રાઓ થઈ હતી. તે પછી સૈકાઓ બાદ સિકન્દ્રાબાદના આંગણે આ અવસર ઊગ્યો. પરમ શાસનપ્રભાવક પૂ. દાદાગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટશિષ્યરત્નોની નિશ્રામાં મહાન પદયાત્રાનું આચાર્યદેવ શ્રી વિક્રમસૂરીશ્વર મ.સા.ની સાલ હતી ૧૯૭૧, વિ.સં. ૨૦૨૭ યાત્રાનો પટ પથરાયો હતો. સિકન્દ્રાબાદથી સમેતશિખરજી માર્ગમાં ૪૫થી વધુ તીર્થસ્થાનોનાં દર્શનનો લાભ લેવાનો હતો. ૧૯૧ દિવસની આ પ્રલંબ યાત્રાના સંયોજક તરીકે ગુરુદેવ શ્રી વિક્રમસૂરિ મહારાજે ૩૦ વર્ષના યુવાન રાજેન્દ્રભાઈની નિમણૂક કરી. આ સંઘયાત્રાની વિશાળતા અને ભવ્યતા અવર્ણનીય છે. આ યાત્રામાં ૫૦૦ યાત્રિકો, ૭૦ સાધુ-સાધ્વીજીઓ, ૧૦૦ વર્ષીતપવાળા તપસ્વીઓ અને પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી જયંતસૂરિ મ.સા., પૂ.આ. શ્રી વિક્રમસૂરિ મ.સા., પૂ.આ. શ્રી નવીનસૂરિજી મ.સા., પૂ. મુનિ ભગવંત શ્રી જિનભદ્રવિજયજી મ.સા., પ્રખર પ્રવચનકાર મુનિ ભગવંત શ્રી રાજયશવિજયજી મ.સા., પૂ.સા. સર્વોદયાશ્રીજી, પૂ.સા. રત્નચૂલાશ્રીજી તથા પૂ. સાધ્વીજી બહેન મ.સા. આદિ ઠાણા જોડાયાં. સંઘપતિઓ શ્રી છલાણી પરિવાર, શ્રી સુગનચંદ ચેનચંદ પરિવાર, શ્રી ઈન્દરચંદ ધોકા પરિવાર તથા કંવરલાલ મદનલાલ જેવા મહાનુભાવો સંઘસેવા માટે તત્પર હતા.

પૂ. ગુરુદેવે આ મહાન કાર્યની જવાબદારી રાજેન્દ્રભાઈના શિરે નાખી. ૩૦ વર્ષના આ જુવાનમાં અજબની સ્ફૂર્તિ-શક્તિ હતી. પૂ. ગુરુદેવે તેમનામાં રહેલી કાર્યકુશળતા, ચતુરાઈ અને ધગશને બરોબર પિછાણી હતી. યૌવનને છાજે તેવી સાહસિકતા અને કર્મશીલતા, વૃદ્ધને શોભે તેવી ગંભીરતા અને દીર્ઘદૃષ્ટિ અને શૈશવને શોભે તેવી સરળતા અને ભાવુકતા રાજેન્દ્રભાઈના વ્યક્તિત્વની વિશેષતાઓ હતી. પરિણામે ૨૦૦૦ કિ.મી.ની આ મહાયાત્રા નિર્વિઘ્ને સંપન્ન થઈ. રાજેન્દ્રભાઈની વ્યવસ્થાશક્તિ અને ખેવનાને લીધે યાત્રાળુઓ આ ૧૯૧ દિવસો રોજરોજનો ઉત્સવ બની રહ્યા, નહીંતર રોજરોજ જંગલો વીંધવા, પહાડો વટાવવા અને નદીનાળાં ઓળંગવાં એ સહેલું નહોતું. રોજરોજ સાંજ પડ્યે પડાવ નાખવાના અને વહેલી સવારે ઉઠાવવાના, રસોઈની નિયમિત સગવડ સાચવવાની, સૌની તંદુરસ્તીની કાળજી રાખવાની, તેમ છતાં પ્રભુભક્તિની અખંડ આરાધના અવિરત ચાલુ રાખવાની, ગુરુભગવંતોની વૈયાવચ્ચમાં તકેદારી રાખવાની વગેરે વગેરે કાર્યવાહી પર ચાંપતી નજર રાખીને રાજેન્દ્રભાઈએ આ સંઘયાત્રાને ચાર ચાંદ લગાવી દીધા. પછી તો સંઘયાત્રા અને રાજેન્દ્રભાઈ પરસ્પરના પર્યાય બની ગયા હોય તેમ રાજેન્દ્રભાઈના સંયોજનના નામે જ યાત્રાળુઓમાં ઉત્સાહની ભરતી આવવા માંડી.

ઈ.સ. ૧૯૭૩માં એવી જ બીજી ભવ્ય યાત્રાનું આયોજન થયું. આ યાત્રા હતી કલકત્તાથી સિદ્ધાચલજી ૨૮૦૦ કિ.મી.નું અંતર ૨૨૨ દિવસમાં પગપાળા કાપવાનું હતું. વચ્ચે ૫૫ જેટલાં તીર્થસ્થાનોનાં દર્શન કરતાં જવાનું હતું. ૬૦૦ યાત્રિકો, ૮૦ સાધુ-સાધ્વી, ૧૧૦ કર્મચારી અને ૧૧ સંઘપતિઓનો આ કાફલો જ્યાં જાય, પડાવ કરે ત્યાં ત્યાં એક ગામ વસ્યું હોય એવું દૃશ્ય સર્જાતું હતું. ૨૨૨ દિવસના સમયગાળામાં ઠંડી-ગરમીના ઋતુચક્ર ફરે, યાત્રાળુઓની તબિયત પર અસર કરે, પહાડો-નદીઓ-જંગલો વટાવવા પડે, ચંબલની ખીણોના વિસ્તારમાં તો ડાકુઓના ડેરા પણ આવે, પણ રાજેન્દ્રભાઈનું આયોજન અને સંચાલન સર્વેને પાર કરતું આગળ વધે. પૂ. ગુરુદેવ જયંતસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. શ્રી નવીનસૂરીશ્વરજી મહારાજ, પ્રખર પ્રવચનકાર (હાલ આચાર્યશ્રી) મુનિ ભગવંત શ્રી રાજયશવિજયજી, પૂ. બહેન મ.સા. આદિ ૮૦ સાધુ ભગવંતોની સેવાભક્તિ યથાયોગ્ય થાય. ભારતના એક છેડેથી બીજે છેડે પ્રસરેલી આ પદયાત્રાએ ભારતના નકશા પર જિનશાસનની ધર્મધ્વજા લહેરાવી. દરેક મોટા નગરના શ્રી સંઘોએ ભાવભેર સ્વાગત કર્યું. આ છ રીપાલક સંઘ રાજનગર અમદાવાદ પહોંચ્યો ત્યારે હઠીસિંગ વાડીશ્રેષ્ઠીરત્ન શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ સમસ્ત રાજનગર વતી રાજેન્દ્રભાઈને સાફો પહેરાવી સમ્માન્યા.

આ બે ભવ્ય સંઘયાત્રાએ રાજેન્દ્રભાઈમાં વધુ ને વધુ ભક્તિભાવનાનાં બીજ રોપ્યાં. આવાં અશક્ય કાર્યો શક્ય બનાવ્યાં, છતાં તેમનામાં દંભ કે આડંબરનો અંશ પણ પ્રવેશી શક્યો નહીં. ઊલટાનું વિનમ્રતા, વિવેક અને ભક્તિભાવનો ઉગાવ થયો. તેઓ પરમ ગુરુભગવંત આ.શ્રી વિક્રમસૂરીશ્વરજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજ અને પૂ. મુનિશ્રી રાજયશવિજયશ્રી મહારાજ તથા પૂ. બહેન મ.સા. પ્રત્યે વધુ ને વધુ ખેંચાવા લાગ્યા. ગુરુદેવાના પ્રતાપી પ્રભાવે રાજેન્દ્રભાઈની જીવનનૌકા નવી દિશામાં આગળ વધતી ચાલી. જીવનમાં માત્ર ધર્મપ્રવૃત્તિઓ જ નહીં, પણ આત્મજ્ઞાન પણ જરુરી છે એમ સમજાયું. પૂ. ગુરુદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મહારાજની મદ્રાસમાં તૃતીય પીઠિકાની મૌન આરાધના રાજેન્દ્રભાઈએ આજીવન બ્રહ્મચર્યવ્રતના પચ્ચક્ખાણ દ્વારા બોલાવી ભરયૌવનમાં લીધેલું બ્રહ્મચર્ય વિશુદ્ધ ભાવે પળાય તે માટે તપશ્ચર્યા માર્ગે પ્રયાણ કર્યું. તે વર્ષે સુદી પ્રારંભે બિયાસણાં અને બાદમાં ૧૭૦ એકાસણાં અને બે વર્ષની વર્ષીતપની આરાધના કરી. દીક્ષા ના લઈ શકાય ત્યાં સુધીનો પૂ. ગુરુદેવે કાયમી બિયાસણાંનો નિયમ આપેલ છે. નિયમિત ઘર-દેરાસરમાં સ્નાત્રપૂજા તથા ૪ પૂજનો દરરોજ કરે છે. બાંધી નવકાર મંત્રની માળા ૨૦ ગણે છે. 'નમો અરિહંતાણં' પદની વિધિ સહિત આરાધના કરે છે.

અંગત તપશ્ચર્યાના અખંડ પ્રભાવે તેઓ શ્રી સિકન્દ્રાબાદ ગુજરાતી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના છેલ્લાં ૩૦ વર્ષથી પ્રમુખપદે છે. જૈન સમાજ પૂરા પ્રેમ-આદરથી તેઓશ્રીને પ્રમુખપદે સમ્માને છે. સિકન્દ્રાબાદમાં મોટે ભાગે ગુજરાત-સૌરાષ્ટ્રથી આવીને વસેલાં ગુજરાતી જૈનોનો વસવાટ હતો. સહુએ સહકારપૂર્વક શ્રી કુંથુનાથ ભગવાનનું સુંદર શિખરબંધ મંદિર નિર્માણ કર્યું. આ મંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા માટે સંઘની વિનંતીથી પૂ. અધ્યાત્મરત્ન આચાર્ય ભગવંત શ્રી જયંતસૂરીશ્વરજી મ.સા., વિદ્વિદ્વર્ય વાત્સલ્યવારિધિ શાસનપ્રભાવક આ.ભ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા. તથા શાંતમૂર્તિ પૂ.આ.ભ. શ્રી નવીનસૂરીશ્વરજી મ.સા. પધાર્યા, સાથે માતૃહૃદયા સાધ્વીવર્યા શ્રી સર્વોદયાશ્રીજી મ.સા. આદિ ઠાણા પધાર્યા હતા. આ અભૂતપૂર્વ પ્રતિષ્ઠાના અવસરે જ રાજેન્દ્રભાઈમાં જિનભક્તિ-ગુરુભક્તિ-શાસનપ્રીતિની સરવાણીઓ ફૂટી, તે અદ્યાપિપર્યંત ચોમેર પ્રસરતી જ રહી.

શ્રી કુંથુનાથ ભગવાનના જિનાલયનિર્માણ પછી રાજેન્દ્રભાઈને મંદિરનિર્માણ કરવાનો રંગ લાગ્યો. એમના પ્રમુખપદના સમયમાં શ્રીસંઘ સંચાલિત ત્રણ દહેરાસરોનું નિર્માણ થયું. ઉપાશ્રય અને શ્રી પાર્શ્વપદ્માવતી જૈન ભવન, ૧૫૦૦૦ ચો.ફૂટનું નિર્માણ પામ્યું. ત્રણે દહેરાસરોમાં ૬૫ લાખ રૂપિયાનાં આભૂષણો બન્યાં. ભગવતી મા પદ્માવતીની દેરીઓ ત્રણ દહેરાસરમાં નિર્માણ કરાવી. શ્રી રાજેન્દ્રભાઈએ એવી યોજના મૂકી કે ત્રણે દહેરાસરમાં ૧૦૮, ૧૦૮ વખત પૂજા કરનારને શ્રી સિદ્ધાચલજી, શ્રી સમ્મેતશિખરજીની યાત્રા સંઘ તરફથી કરાવવામાં આવે. આજે ૪૦૦થી વધુ ભાવિકો ત્રણે દહેરાસરમાં ૧૦૮, ૧૦૮ પૂજા કરે છે. શ્રી પાર્શ્વપદ્માવતી દહેરાસરમાં નવજિનેશ્વર દેવોનું નવગ્રહ પરિસરમાં, નવજિન જિનાલય કરાવ્યું. પૂ.આ.ભ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ થયો. રાજેન્દ્રભાઈના પ્રમુખપદે આ ચોથું દહેરાસર થયું.

રાજેન્દ્રભાઈની કારકિર્દી સિકન્દ્રાબાદ પૂરતી સીમિત નથી. પૂ. વિક્રમ ગુરુનો હૃદયપૂર્વક સંકેત થાય તથા પૂજ્ય આ. દેવ રાજયશસૂરી મ.સા.ની આજ્ઞા થાય એમજ પૂ. બહેન મ.સા. (વાચંયમાશ્રીજી) રાજેન્દ્રભાઈનાં ધર્મજનેતાની પ્રેરણા મળે અને રાજેન્દ્રભાઈ એ પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા ન રહે એવું બન્યું નથી. એ જ માર્ગે બનારસતીર્થના જીર્ણોદ્ધારમાં પોતાનો અપૂર્વ સહયોગ આપ્યો. આ કાર્યમાં આણંદજી કલ્યાણજી પેઢીના શ્રી શ્રેણિકભાઈ તથા શંખેશ્વર પેઢીના શ્રી અરવિંદભાઈ દ્વારા લાખો-કરોડોનાં દાન સંપાદન કરીને જીર્ણોદ્ધારના કાર્યને આસાન બનાવ્યું. બનારસ તીર્થના મેનેજિંગ ટ્રસ્ટીની તેમની આ અનુમોદનીય સેવા બાદ હાલ તેઓ કુલપાક તીર્થના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. બનારસ તીર્થ સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, શ્રેયાંસનાથ અને પાર્શ્વનાથનાં ચાર ચાર મળી કુલ ૧૬ કલ્યાણકની ભૂમિ છે, જ્યારે ભેલપુર પાર્શ્વનાથ ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા બને કલ્યાણકની ભૂમિ છે. આ ભૂમિ પર દિવ્ય-ભવ્ય અને રમણીય જિનપ્રસાદનું નિર્માણ કરવાનું પૂ. ગુરુદેવનું સ્વપ્ન સાકાર કરીને રાજેન્દ્રભાઈએ જીવનની ધન્યતાનો પરિચય કરાવ્યો. આ પ્રસંગે શેઠ શ્રી શ્રેણિકભાઈ તથા શેઠશ્રી અરવિંદભાઈના હસ્તે શ્રી સંઘ તરફથી વિશાળ પાયા પર બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજેન્દ્રભાઈનાં આ શાસનપ્રભાવક કાર્યોની ઝાંખી કરાવતી ચરિત્રગાથા પણ પ્રકાશિત કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રભાઈની કાર્યકુશલતાનો પરિમલ દશે દિશામાં પ્રસરેલો છે. સિકન્દ્રાબાદ, બનારસતીર્થ પછી કુલપાક તીર્થના ટ્રસ્ટી તરીકેની નામના પછી ભારતમાં કે વિદેશમાં જિનાલય નિર્માણના કાર્યોમાં એમનો તન-મન-ધનથી સહકાર મળતો રહે છે. અમદાવાદ પ્રેરણાતીર્થ, ભરૂચતીર્થ, ઉવસગ્ગહરમ તીર્થ, હસ્તગિરી તીર્થ આદિના નિર્માણકાર્યમાં રાજેન્દ્રભાઈનો હાર્દિક સહયોગ છે. વિદેશમાં ન્યૂયોર્ક, ન્યૂજર્સી, ફિલાડેલ્ફિયા આદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. ન્યૂયોર્કના દહેરાસરમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવવાની પ્રેરણા પ્રભુજી દ્વારા રાજેન્દ્રભાઈને થઈ. પૂ.આ.ભ. શ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સુરતમાં અંજનશલાકા કરાવી પ્રભુજીને ન્યૂયોર્કના દહેરાસરમાં લઈ જવાની જવાબદારી સ્વીકારી. આમ, રાજેન્દ્રભાઈ એક વિધિકાર તરીકે પણ પ્રતિષ્ઠા પામ્યા છે. દેશવિદેશમાં એક વિધિકાર તરીકે એમનું નામ છે. અમેરિકામાં અનેક સ્થાનોમાં તેમણે ભક્તામરપૂજન, ૨૪ તીર્થંકરપૂજન, પાર્શ્વપદ્માવતીપૂજન આદિ ભણાવેલ છે.

આમ રાજેન્દ્રભાઈએ જીવનને શાસનસમર્પિત કરીને ૧૨ સંઘયાત્રાનું સંચાલન કર્યું અને ૩૬ દહેરાસરોના નિર્માણકાર્યમાં સહયોગ આપ્યો એ શાસનના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલી હકીકત છે. આવા કુશળ વક્તા અને વિનમ્ર વિધિકાર, ઉત્સાહી સંયોજક અને સંનિષ્ઠ ગુરુભક્ત રાજેન્દ્રભાઈ દલાલને અનેક નગરોના શ્રીસંઘોએ અનેકવિધ રીતે સમ્માન્યા છે. એમને જૈન શાસનરત્ન અને તીર્થરત્ન જેવાં પદોથી શોભાવ્યા છે. રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંઘ તથા પ્રધાનમંત્રી શ્રી બાજપેઈજીએ એમના હસ્તે પૂજનવિધિ કરવાનો લહાવો લીધો છે.

માતાપિતા અને પૂ. ગુરુદેવની આશિષથી તથા પૂજ્ય આ.દેવ રાજયશસૂરી મ.સા.ની કૃપાથી તથા તેમના ધર્મજનેતા પૂ. બહેન મ.સા.ની પ્રચંડ પ્રેરણાથી, સહધર્મચારિણી સ્વ. મનોરબાબહેનના સુચારુ સહકારથી અને શ્રી સંઘના સાથથી રાજેન્દ્રભાઈએ ૭૧ વર્ષની વયે જિનશાસનનાં ૭૧ કાર્યો સુપેરે સંપન્ન કર્યાં એ એમના જીવનનો જયજયકાર મનાવવા પૂરતાં છે. આજેપણ તેઓશ્રી જિનભક્તિમાં જ જીવનવ્યાપન કરે છે. પ્રભુજી આવા ભક્તપ્રેમીને નિરામય દીર્ઘાયુ બક્ષે એમ આપણી મનોકામનાઓ હો !!

આજે ૭૨ વર્ષની વયે પણ રાજેન્દ્રભાઈ **U.S.A.**નાં બે નૂતન જિનાલયના નિર્માણ કાર્યમાં પ્રવૃત્ત છે. ન્યૂજર્સીના દહેરાસરમાં અંજનશલાકા કરેલાં પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવવામાં તેમનો ખાસ આગ્રહ હતો, જે સંઘે માન્ય રાખ્યો છે. રાજેન્દ્રભાઈ **U.S.A.**માં ખાસ આગ્રહપૂર્વકની પ્રેરણા કરે છે કે અંજનશલાકા કરેલા પ્રભુજી દહેરાસરમાં બિરાજમાન કરવા તથા ૩૬૫ દિવસ દહેરાસર ખુલ્લાં રાખવાં તથા રોજ પૂજા-દર્શન આરતી કરી ધન્ય બનવું.

રાજેન્દ્રભાઈએ પોતાની શક્તિ અને ઉત્સાહ દહેરાસરોના નિર્માણ, પૌષધશાળાનિર્માણ-ભવનનિર્માણ કરાવવામાં તો વાપરેલ છે, પરંતુ તેનાથી વધુ આજના યુગમાં મહત્ત્વનું કાર્ય કહેવાય તેવા શૈક્ષણિક કાર્યના પ્રોજેક્ટમાં પોતાની જબરજસ્ત શક્તિનો ઉપયોગ કરવા માંડ્યો છે.

મેડિકલ કોલેજનો પ્રોજેક્ટ હૈદરાબાદ ખાતે શરૂ થયેલો છે. તેની જવાબદારી રાજેન્દ્રભાઈને સુપરત કરવામાં આવી છે. રાજેન્દ્રભાઈએ તે જવાબદારી સ્વીકારી લીધી છે. કરોડો રૂપિયાનાં આ શ્રી મહાવીર મેડિકલ કોલેજના પ્રોજેક્ટના કન્વીનર તરીકે રાજેન્દ્રભાઈને જવાબદારી સોંપવામાં આવી છે. રાજેન્દ્રભાઈ તે કાર્ય ઉત્સાહથી કરી રહ્યા છે. આ ઉંમરે ધાર્મિક કાર્યોની જબરજસ્ત, સફળ કાર્યવાહી સાથે સાથે તેઓ મેડિકલ કોલેજ માટે રાતદિવસ પ્રવૃત્ત રહે છે. શાસનદેવ તેમને તન-મનથી સહાયક રહો, દીર્ઘ આયુષ્ય બક્ષો તે જ પ્રાર્થના.

*સંપાદક : શ્રી સુરેન્દ્રમલજી લૂણિયા, કુલપાકતીર્થ પ્રમુખ*

*લેખક : શ્રી તારાચંદજી ચોરડીયા, કુલપાકતીર્થ, સહમેનેજિંગ ટ્રસ્ટી*

*સૌજન્ય : હીરાચંદ બાળચંદ પરિવાર-સીકન્દ્રાબાદ*

## ૫૦ વર્ષ સુધી રબ્બર ઇન્ડસ્ટ્રીઝને સતત અને અથાગ સેવા આપનાર

# શ્રી શિવુભાઈ લાઠિયા



આંતરરાષ્ટ્રીય ઈન્સ્ટિટ્યૂટ ઓફ મટિરિયલ દ્વારા જાણીતા જૈન ઉદ્યોગપતિ શ્રી શિવુભાઈ વસનજી લાઠિયાને હેંકોક મેડલ એનાયત કરવામાં આવેલ છે઼ કારણ કે તેઓએ સતત ૫૦ વર્ષ સુધી રબ્બર ઈન્ડસ્ટ્રીઝ ને અથાગ સેવા આપનાર પ્રથમ જૈન ઉદ્યોગપતિ હતા. પૂર્વે આયાત અવેજીના ઉત્પાદન ક્ષેત્રની સિદ્ધિ બદલ પણ તેમનું ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સમ્માન થયેલું. તેઓએ, બોમ્બે ઈન્ડસ્ટ્રિઝ એસો.ના પ્રમુખપદે તથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાસ્ટિક એન્ડ રબ્બર, (યુ.કે.) ના ઉપપ્રમુખપદે રહીને આધુનિક રબ્બર ટેકનોલોજીને સંલગ્ન ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે.

ઉપરાંત તેઓ બૃહદ્ મુંબઈ સ્થા. જૈન મહાસંઘ, અખિલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભારતીય શ્વે.સ્થા. જૈન સંઘ, વગેરેમાં ટ્રસ્ટી તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહ્યા છે તથા ભગવાન મહાવીર ૨૬૦૦ જન્મ કલ્યાણક સમિતિના કાર્યકરી સભ્ય છે. અનેક ધાર્મિક, વૈદ્યકીય અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેમના તરફથી દાન તથા માર્ગદર્શનનો પ્રવાહ સતત મળતો રહ્યો છે. તેમના સુપુત્રો યોગેનભાઈ-સંજીવભાઈ અને આસિતભાઈએ વિદેશમાં ઉચ્ચ તાંત્રિક શિક્ષણ મેળવ્યું છે. લાઠિયા રબ્બર ઇન્ડસ્ટ્રિઝ દ્વારા ઉદ્યોગ ક્ષેત્રે પ્રવૃત્ત છે.

૧૯૬૫માં તેઓ 'જસ્ટિસ ઓફ પીસ' તથા 'મુંબઈ એસોસિયેશન', 'ભારત નારીકલ્યાણ સમાજ'ના માનદ ખજાનચી. તથા પૂર્વમુંબઈની રોટરી ક્લબના ડાયરેક્ટર તથા લાઠિયા ચેરિટેબલ ટ્રસ્ટ અને રબ્બરઇન્ડસ્ટ્રિઝના કામદારોની પ્રોવિડન્ડ ફંડ સમિતિના ચેરમેન તથા 'ઇન્ડિયન કેન્સર સોસા.' અને 'પ્રોગ્રેસિવ ગ્રુપ'માં કારોબારી સભ્યપદ વગેરે અનેક જગ્યાએ નિમણૂક પામેલ. તેમજ 'મિશન ક્રિપલ્ડ ચિલ્ડ્રન સોસાયટી', 'હેરલ્ડ લાસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિક્સ' જેવી અનેક સંસ્થાઓના આશ્રયદાતા સમાન છે. 'ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી'માં પણ ગણનાપાત્ર સહાય આપી છે. બોમ્બે એસોસિએશનના સ્થાપકોમાંના તેઓ એક સભ્ય છે, ઉપરાંત બીજી વિવિધ પ્રકારની સમિતિઓના સભ્ય છે જેવી કે :

બોમ્બે ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન. ઇન્ડિયન રબ્બર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂશન, બોર્ડ ઓફ કન્ટ્રોલ ઓફ મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ, સમાજશિક્ષણ મંદિર નિધિસમિતિ વગેરે.

તેઓએ ઉચ્ચ શિક્ષણ વાંછુઓને આર્થિક સહાય પૂરી પાડવા લાઠિયા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે. ભારતસરકારે પ્રથમવાર જ વિદેશી આયાતને પહોંચી વાળવા માટે રબ્બરનું બ્લેંકેટ ઉત્પાદન વધારવા રોકડ રકમનું મોટું ઇનામ આપવાની જાહેરાત કરી. આ પ્રકારના ઉત્પાદનનો વિકાસ તેઓએ ભારતમાં પ્રથમ વિદેશી મદદરહિત સ્વપ્રયત્ને કર્યો. ભારતમાં રબ્બરના ઉત્પાદકો માત્ર ગણ્યાગાંઠ્યા જ છે. આથી તેઓએ સાધેલ પ્રગતિથી દેશને થયેલ ફાયદાની કદરરૂપે તા. ૧૭-૧૨-૧૯૬૯ના રોજ દિલ્હીથી રાષ્ટ્રભવન ખાતે રાષ્ટ્રપતિ દ્વારા તેમને એવોર્ડ મળેલ. તેમજ ટેક્સટાઇલ્સ ઇન્ડ.ના માટે રબ્બર સ્પેડિંગ જેકેટ, પી.વી.સી. લેધર ક્લોથ ઇન્ડ. માટે તથા મરક્યુરી સેલ કોસ્ટિક સોડા પ્લાન્ટ માટે દેશમાં પ્રથમવાર ઉત્પાદન પ્રારંભી રાષ્ટ્રપતિશ્રી વી.વી. ગિરિના વરદ્ હસ્તે રજતશિલ્ડ મેળવી ગૌરવ પ્રાપ્ત કરેલ. ઈ. સ. ૧૯૭૮ના વર્ષમાં કંપનીના ૨૫ વર્ષ પૂરા થતાં રજતજયંતી વર્ષની ઉજવણી પ્રસંગે તેઓએ સતત નવી શોધો કરી. અને રૂા. ૬૦,૦૦૦નું દાન જાહેર કરી દરેક સંસ્થાને ઉપયોગી થવાની ભાવના દર્શાવી તથા પેપર મિલ ઇન્ડસ્ટ્રિઝની જરૂરિયાત સ્ટોનાઇટ, માઇક્રોરોટ, બ્લેકડાયમંડ, માઇક્રોમેઇટ તથા સીલરોલ આ પાંચ આઇટમોનો રોલ દેશમાં સર્વ પ્રથમ બનાવવાનો યશ પ્રાપ્ત કર્યો. તેઓની ઔદ્યોગિક ક્ષેત્રે સતત વ્યસ્ત છતાં વતન મેંદરડા ગામને સતત નજરસમક્ષ રાખી ત્યાં ઘણાં લોકકલ્યાણનાં કાર્યો જેવાં કે લાઠિયા વસનજી-પરશોત્તમ હોસ્પિટલ તથા કન્યાશાળાનું નિર્માણ કરેલ.

તેઓ માનવસેવા સંઘ, ડિવાઇન ચાઇલ્ડ સ્કૂલ ફંડ, કાઉન્સિલ ઓન વર્લ્ડ ટેન્શન, એશિયા-પેસિફિક ડિવિઝન, કોયના અર્થક્વેક વગેરેના સભ્ય છે, ઉપરાંત અખિલ ભારતીય ઉત્પાદક સંઘના મધ્યસ્થ સમિતિ સહિત સોળેક જેટલી સમિતિઓના તેઓ આજીવન સભ્ય અને કારફ્લેગ કમિટિમાં ૬૭-૬૮ના સેક્રેટરી, તેમજ બોમ્બે ઇન્ડ. એસો.ના ૭૨-૭૩ના પ્રમુખ, તેમજ અખિલભારતીય રબ્બર મેન્યુ. ઇન્ડ.ના ૭૭-૭૮ના, તેમજ રોટરી ક્લબ ઓફ મુંબઈ (ઇસ્ટ)ના ૭૮-૭૯ના પ્રમુખ હતા. આ ક્ષેત્રની આધુનિક પ્રગતિના અભ્યાસાર્થે તેઓ ઇંગ્લેન્ડ-જાપાન-બર્મા તેમજ રબ્બર નિકાસ માટે સિંગાપોર-હોંગકોંગ અને ઓસ્ટ્રેલિયા જઈ આવેલા છે. સિંગાપોરના સેમિનારમાં તેઓએ ભારતીય પ્રતિનિધિ તરીકે હાજરી આપેલ તથા આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇ-ઝેશનમાં ભારતીય પ્રતિનિધિ રૂપે રબ્બર રોલની કમિટિમાં નિયુક્ત થયા. ૨૩-૧૦-૧૯૬૬ના રોજ કારખાનાના પ્રથમ ઉદ્ઘાટન નિમિત્તે કેશોદની ટી.બી. હોસ્પિટલને મોટી રકમનું દાન આપવા સાથે અન્ય સંસ્થાઓને મદદ કરી ઉપરાંત '૭૯માં મેંદરડામાં નેત્રયજ્ઞ યોજી આજુબાજુઓના દર્દીઓનું નેત્રનિદાન કરાવી જરૂરતમંદોને ઓપરેશન કરાવી ચશ્માં-દવા વગેરેનું વિતરણ સફળતાપૂર્વક કરેલ.

### આદ્યસ્થાપક તથા પ્રણેતા

## સ્વ. શ્રી ભરતભાઈ મોહનલાલ કોઠારી



ચૂડા (કંકણપુર)ના વતની એવા અમદાવાદ સાબરમતી ખાતે રહેતા, વ્યવસાયે એડ્વોકેટ સ્વ. મોહનલાલ જેચંદભાઈ કોઠારી જીવદયા અને કરુણાના પ્રખર હિમાયતી હતા. સ્વ. મોહનલાલ કોઠારીએ વાંદરાઓની જીવનરક્ષા માટે લડત ચલાવેલી તથા ૧૯૪૭માં ગૌરક્ષા માટે ઉપવાસ–આંદોલન કરેલું અને જેલવાસ ભોગવેલો. આવા જૈન શ્રેષ્ઠીવર્ય શ્રી મોહનભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઠારીનાં ધર્મપત્ની તપ, ત્યાગ અને સંસ્કારની વાત્સલ્યમૂર્તિ સમાં ગુણિયલ નારી ગુણવંતી બહેનની કૂખે તા. ૧-૨-૧૯૩૫ના રોજ લીંબડી મુકામે શ્રી ભરતભાઈ કોઠારીનો જન્મ થયો હતો.

પિતાજીનાં પગલે-પગલે એલ.એલ.બી. ની પરીક્ષા પસાર કરી તેઓ એડ્વોકેટ થયા. ઈન્કમટેક્સની વકીલાત શરૂ કરી. સને ૧૯૭૮માં તેઓ સાબરમતી લાયન્સ ક્લબમાં પ્રમુખ તરીકે પસંદગી પામ્યા. સને ૧૯૭૨માં તેઓની નિમણૂક શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈનસેવા સમાજના ઉપપ્રમુખ તરીકે થઈ અને તેઓ સતત આઠ વર્ષ સુધી આ પદ સંભાળતા રહ્યા. સને ૧૯૮૫માં શ્રી ભરતભાઈ ટેક્સ એડવોકેટ બાર એસોસિએશનના ગુજરાત રાજયના પ્રમુખ વરાયા, જ્યારે સને ૧૯૮૬માં શ્રી ઝાલાવાડ મૂર્તિપૂજક જૈન સેવાસમાજના પ્રમુખ તરીકે બે વર્ષ માટે શ્રી ભરતભાઈને જવાબદારી સોંપવામાં આવી, જે ખૂબ સારી રીતે પાર પાડી. સને ૧૯૮૮માં તેમની ઈન્કમટેક્સ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી. પિતાશ્રીના વ્યવસાય સાથે વારસામાં મળેલા જૈન ધર્મના સંસ્કાર અને જીવદયાની પ્રવૃત્તિના ભાગરૂપે પિતાશ્રીએ સને ૧૯૫૧માં માદરે વતન ચૂડા ગામે સરકારશ્રી મારફતે શરૂ કરાવેલ પશુ દવાખાનાનું પણ ધ્યાન રાખતા હતા. આમ અનેક સંસ્થાઓમાં તેમણે પોતાની સેવા અને માર્ગદર્શન પૂરાં પાડી જે તે સંસ્થાની પ્રગતિમાં તન-મન-ધનથી સાથ અને સહકાર આપેલ છે.

સને ૧૯૯૧માં તેમની તબિયત બગડી. ડૉક્ટરશ્રીના કહેવા પ્રમાણે લકવાની અસર હોઈ સંપૂર્ણપણે આરામ કરવાની સલાહ આપવામાં આવી. સતત પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેતા માનવને સમય કઈ રીતે પસાર કરવો તે સવાલ ઊભો થયો, પણ ધર્મના રંગે રંગાયેલા એવા ભરતભાઈને તિથલવાળા બંધુ ત્રિપુટીના પરમ પૂજ્ય જિનચંદ્ર મહારાજ સાહેબની ધાર્મિક કેસેટ 'શાંતસુધારસ' શ્રવણ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો, જેમાં છ બાહ્ય તપ અને ૭ અભ્યંતર તપની વાત સાંભળી ભરતભાઈના મનમાં એક યોજના આકાર લેવા લાગી. શ્રી રમણિકભાઈ કપાસી અને શ્રી દિનેશભાઈ વોરા વગેરે મિત્રો સાથે ચર્ચા કરી સાધુ ભગવંતોની વૈયાવચ્ચની યોજના તૈયાર કરવામાં આવી.

તબિયતમાં સુધારો થતાં મિત્રો સાથે સાબરમતી વિસ્તારના ઉપાશ્રયોમાં રૂબરૂ ફરીને સાધુ અને સાધ્વીજી મહારાજ સાહેબ ને જે વસ્તુઓનો ખપ હોય તે વહોરાવવાની શરૂઆત કરી. આમ એક સત્કાર્યનું બીજ રોપાયું, પણ વિચાર આવ્યો કે, હાલના સંજોગોમાં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબને ઔષધ-દવાની તકલીફ પડે છે તેના માટે કંઈક શરૂઆત કરવી. આ મનોમંથન ચાલતું હતું. એવામાં પરમ પૂજ્ય હિતરુચિ મહારાજ સાહેબ સાથે આ બાબતમાં વિસ્તૃત વાતચીત થઈ અને તેઓની પ્રેરણા તથા આદેશ પ્રમાણે નિર્દોષ આયુર્વેદિક ઔષધ ઉપયોગમાં લેવામાં આવ્યાં. આ કામગીરી ચલાવતાં ચલાવતાં વિચાર આવ્યો કે, વિહારમાં દવા-ઔષધિની જરૂરિયાત પડે તો? આપણને ક્યાં જાણ કરે? આથી તા. ૨૩-૪-૧૯૯૩ને અખાત્રીજના શુભ અવસરે અમદાવાદ ખાતે શ્રી નવકાર સારવાર કેન્દ્રની વિધિવત સ્થાપના કરવામાં આવી. આગળની પ્રવૃત્તિઓ વિસ્તરતી ચાલી. આગળ લખ્યું છે તેમ જે સત્કાર્યનું બીજ રોપાયેલું તે આજે વિરાટ વટવૃક્ષ બની વૈયાવચ્ચની તથા તેને આનુસંગિક પ્રવૃત્તિઓ ઘટાટોપ કરે છે.

સ્વ. શ્રી ભરતભાઈ દ્વારા શરૂ કરાયેલ આ શુભ કાર્યમાં તેમનાં પત્ની અ.સૌ. સરોજબહેન તથા તેમના સુપુત્રો ચિ. સંજયભાઈ, અલ્પેશભાઈ, જયદીપભાઈ તથા પુત્રવધૂ દિનાબહેન, નીતાબહેન, પ્રીતિબહેન, સેજલબહેન પણ સહકાર આપી રહ્યાં છે. અત્યારે તેમના પુત્ર સંજયભાઈ મેનેજિંગ ટ્રસ્ટી અને પુત્રવધૂ દિનાબહેન દીપકભાઈ કોઠારી ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે.

## સ્વ. મોહનલાલ જે. કોઠારી

શ્રી મોહનલાલ જે. કોઠારીનો જન્મ સને ૧૯૦૪માં ચૂડા મુકામે થયો હતો. નાનપણમાં માતા તેમ જ પિતાની છાયા ગુમાવી દીધેલ. સોળ (૧૬) વર્ષની નાની ઉંમરે આજીવિકા અર્થે ઝરિયા (બિહાર) જઈ વસવાટ કર્યો. ત્યાં ધંધાનો અનુભવ લઈ ૨૮ વર્ષની ઉંમરે અમદાવાદમાં સ્થાયી થયા અને ઈન્કમટેક્સના વકીલ તરીકે કારકિર્દી ચાલુ કરી. ધંધામાં નીડરતા અને પ્રામાણિકતાને લીધે એક બાહોશ ઈન્કમટેક્સના વકીલ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. ઈન્કમટેક્સના કાયદા અંગે ગુજરાતીમાં સૌ પ્રથમ તેઓએ પુસ્તક બહાર પાડેલ.

તેઓશ્રી જીવદયાના હિમાયતી હતા. તેમણે સને ૧૯૪૮માં સરકારે રચેલ વાંદરાટોળીના કાર્યક્રમને નિષ્ક્રિય બનાવવામાં ફાળો આપેલ. તે જ અરસામાં અમદાવાદમાં ગૌવધ વિરોધની ચળવળમાં સક્રિય ભાગ લીધો. પશુ પ્રત્યે ઘાતકી-નિવારણ મંડળની કારોબારીમાં તેઓ વરસો સુધી સભ્ય હતાં. પોતાની માતૃભૂમિ ચૂડામાં પશુદવાખાનાનું મોટું દાન આપી ચાલુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યું, જે પશુદવાખાનામાં આજે વર્ષે પાંત્રીસસો (૩૫૦૦) મૂંગાં પ્રાણીઓ લાભ લે છે. ચૂડામાં પંખીઓ માટે ચબૂતરો કરાવેલ છે. તેઓનો નિયમ હતો કે દરરોજ સવારે ચબૂતરામાં આઠ શેર અનાજ નાખીને પછી જ દાતણ કરવું, જે તેઓના વારસદારોએ ચાલુ રાખેલ છે. ગરીબ પ્રત્યે તેમને અનહદ હમદર્દી હતી. ગરીબોને તેઓ હંમેશાં મદદ કરતા હતા.

સાબરમતીના પોતાના રહેવાના નિવાસસ્થાને દેરાસર બાંધી સવાતેર ફૂટની ઊંચાઈના શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરેલ છે. આબુમાં શ્રી દેલવાડાનાં દેરાસરોમાં શ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં મૂળનાયકની જમણી અને ડાબી બાજુએ શ્રી આદીશ્વર પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુને બિરાજમાન કરેલ છે. તેઓ તા. ૧૯-૮-૬૯ના રોજ સવારે અચાનક સ્વર્ગવાસી થયા. શ્રી સાબરમતી રામનગરના શ્રીસંઘે તેમના ફોટાની માંગણી કરતાં શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતામાં તેમનો ફોટો વારસદારોએ મુકાવેલ છે. તેઓશ્રીના આત્માના કલ્યાણાર્થે વારસદારોએ ભાગીદારી યોજિત શ્રી પાલિતાણા મુકામે સં. ૨૦૨૯માં શ્રી ઉપધાનતપ કરાવેલ છે. પ્રભુ તેઓશ્રીના આત્માને શાશ્વત શાંતિ અર્પે.

*ઉચ્ચત્તમ આદર્શના પ્રેરક*

## શ્રી રતિલાલ ફાવચંદ

'જીવનમાં કોઈપણ ડાઘ કે કલંક લગાડ્યા વગર પોતાની સડસઠ વર્ષની જીવનયાત્રા ખૂબ જ સુખચેનથી પસાર કરી છે.' એવો એક ઊંડો આત્મસંતોષ જેના મુખ ઉપર હંમેશાં પ્રગટ થતો રહ્યો છે તેવા શ્રી રતિભાઈ તળાજા પાસે ભાલર (બોરલા)ના વતની છે. વણિક પરિવારના સંસ્કારો અને નિયમો પ્રમાણે તેમનું ઘડતર થયું. ધર્મ તરફની આસ્થા વધુ દૃઢ બનાવતા અને તેમાં એક પછી એક વ્રત–જપની આરાધના કર્યે જતાં કેવા કેવા ચમત્કારોથી જીવનબાગ મહેકતો રહે છે તે જેમને જાણવા–સમજવાની જિજ્ઞાસા હોય તેમણે મુંબઈમાં માટુંગામાં તેમના નિવાસસ્થાને પરિવારના સભ્યોને જરૂર મળવું.

૧૦૬ વર્ષનાં તેમના વૃદ્ધ માતુશ્રીને વંદન દર્શન કરીને જ નિત્યક્રિયા શરૂ કરે અને કહે છે કે માનવીને જ્યાંથી શુભ સંકેત સાંપડે તેવી તીર્થભૂમિ કે તીર્થંકરનું જિંદગીના છેલ્લા શ્વાસ સુધી રટણ નહીં ભૂલવું જોઈએ. શરીરની અસ્વસ્થતા હોય કે–ગળાડૂબ ધંધાની પ્રવૃત્તિ હોય તો પણ ચોક્કસ સમય અને ચોક્કસ તિથિએ એકસો સીત્તેર વખત ભોયણી જૈન તીર્થની યાત્રા તેઓ કરી ચૂક્યા છે.

પિસ્તાળીશ વર્ષ પહેલાં સામાન્યસ્થિતિમાં મુંબઈમાં તેમનું આગમન થયું. શેઠશ્રી પ્રભુદાસ ગાંડાભાઈ તથા મામાના અંગત સહારાથી મુંબઈમાં સ્થિર થયા. કુટુંબના ભરણપોષણ કે વ્યાપારની તડકી છાંયડી કરતાંયે જૈન ધર્મના ઉચ્ચતમ આદર્શોએ તેમના જીવનને નવપલ્લવિત કર્યું છે. સાત જેટલાં પ્રખર જૈનાચાર્યોના સમાગમમાં આવવાનું બન્યું અને પલટાતા પ્રવાહો નજરે નિહાળવાનું તેમને સાંપડેલું સૌભાગ્ય તેમના શબ્દોમાં જ જ્યારે સાંભળીએ ત્યારે તેમની પાસેથી ઊઠવાનું મન ન થાય.

ભયંકર દુર્વ્યસનો અને શઠતાની બદબોમાં રાચતો માનવી પણ યોગ્ય સમયે જો ધર્મનું શરણ લ્યે તો કંઈક દિવ્ય કક્ષઃ સુધી પહોંચી શકે છે તે ધર્મની આસ્થા જ કહી શકે છે. સંસારમાં કોઈ એવી અજબ ચેતના શક્તિ પળે પળે આપણાં માંગલિક કામોમાં સહાય કરી રહી હોય ત્યારે સમજવું કે તેની પાછળ ધર્મની શ્રદ્ધાનું જ રહસ્ય છુપાયેલું છે. શ્રી રતિભાઈનું આતિથ્ય માણવું એ એક જીવનનો લ્હાવો હતો. થોડા વર્ષો પહેલાં જ સ્વર્ગવાસી બન્યા.

## શ્રી માણેકલાલ કે. શાહ



જૈન જાગૃતિ સેન્ટર જેવી અનોખી અને માતબર સંસ્થાના સુકાની શ્રી માણેકલાલ કે. શાહ આજે આપણા જૈનસમાજના ગૌરવશાળી રત્ન છે.

શ્રી માણેકલાલનો જન્મ ઉત્તર ગુજરાતમાં બેચરાજી પાસે ૫૦૦ માણસોની વસ્તી ધરાવતા સીણજના પરામાં તા. ૧૧-૩-૩૩ના દિવસે થયેલ. વતનમાં ૪ ધોરણ સુધી અભ્યાસ કરી જૈન વિદ્યાર્થીભવન-કડીમાં ૧૯૪૪ થી ૧૯૫૧ સુધી રહી એસ. એસ. સી. પસાર કરી. ત્યારબાદ મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહી સીડનહામ કોલેજમાં અભ્યાસ કરી ૧૯૫૫માં બી.કોમ.ની ડીગ્રી મેળવી. ૧૯૫૮માં ચાર્ટડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે સફળતા મેળવી. તે વખતના ત્રણ ટકાના રિઝલ્ટમાં આવી સફળતા શ્રી માણેકભાઈએ પ્રાપ્ત કરી તે સિદ્ધિ અલ્પ ન ગણાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે હરિદાસ એન્ડ કું.ના સીનિયર પાર્ટનર છે. સનસેમ સરફેસ કોટીંગ્સ પ્રા.લિ.ના ચેરમેન અને ડાયરેક્ટર છે. એપોલો સ્ટ્રેપ્સ પ્રા.લિ.ના પણ ચેરમેન અને ડાયરેક્ટર છે. અગાઉ કીલિક નિક્સન લી. અને સ્નોસેમ ઇન્ડિયા લી.ના ડાયરેક્ટર તરીકે રહી ચૂકેલ છે.

સમાજસેવા, જીવદયા, કેળવણી સહાય અને ધર્મ આરાધના તેમના જીવનમાં જોવા મળે છે. આવા અનુરાગના કારણે જ તેઓ અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેઓ નીચેની સંસ્થાઓમાં સક્રિય સેવાઓ આપી રહેલા છે.

ભૂતપૂર્વ ચેરમેન : જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ.

ભૂતપૂર્વ પ્રમુખ : શ્રી જૈન શ્વે. મૂ.પૂ. વિદ્યાર્થીભવન અને કન્યા છાત્રાલય-કડી, જૈન જાગૃતિ સેન્ટર-અંધેરી તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલય એલમ્ની ફેડરેશન.

ઉપપ્રમુખ : જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ-વિલેપાર્લા.

મંત્રી : શ્રી વિલેપાર્લા ગુજરાતી મંડળ, નવિનચંદ્ર પોપટલાલ કાપડિયા (ઠક્કર) વિદ્યામંદિર-વિલેપાર્લા, વાડીલાલ સારાભાઈ વિદ્યાર્થીગૃહ-ગોવાલિયા ટેન્ક-મુંબઈ.

ટ્રસ્ટી : જીવદયા મંડળી-પાયધૂની-મુંબઈ, જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય એલમ્ની ફાઉન્ડેશન.

પોતાના વતન બેચરાજીમાં તેમનાં માતુશ્રી છબલબેન કેશવલાલ શાહના નામની ધર્મશાળા બનાવેલ છે. બેચરાજીના દેરાસરનું દ્વારોદ્‌ઘાટન તેમના હસ્તક થયેલ. કડીમાં કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન તથા ખાતમુહૂર્ત તેમના હસ્તક થયેલ, જ્યાં અત્યારે ૧૬૦ બાળાઓ ધોરણ પાંચથી કોલેજ સુધીનો અભ્યાસ કરે છે. પાલીતાણામાં આગમમંદિરમાં શ્રી શાંતિનાથભગવાનની પ્રતિમા ભરાવેલ છે. કચ્છ ભદ્રેશ્વરની કુટુંબયાત્રા તથા ભોયણી તીર્થમાં મહોત્સવ કરાવેલ છે. કુટુંબમાં ધર્મસંસ્કારો હોવાથી તેમનાં ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેને પણ અઠ્ઠાઈતપ, ક્ષીરસમુદ્ર તપ, શત્રુંજય તપ, ત્રણે ઉપધાન તપ, વરસીતપ અને સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસની આરાધના કરેલ છે.

સૌજન્ય અને શીલતાના ગુણો જીવનમાં પચાવી જાણ્યા છે. શ્રી અને સરસ્વતીનો સમન્વય જેમનામાં જોવા મળે છે. પરમદયાળુ પરમાત્મા તેમને દીર્ઘાયુષ બક્ષે અને તેઓ સેવા આપતા રહે, તેવી અભ્યર્થના.

❑

# શ્રી જે. કે. સંઘવી



ધર્મદૃઢ, આચારવંત, કર્મઠ તેમજ સમાજોન્મુખી વિચારવાળા શ્રી જે. કે. સંઘવીનું પૂરું નામ જુગરાજ કુંદનમલજી સંઘવી છે. રાજસ્થાનના આહોરનગરમાં ૧૫ ઓગસ્ટે ૧૯૫૧ના રોજ એમનો જન્મ થયો. વર્તમાનમાં તેઓશ્રી થાણાનગરે વ્યવસાયમાં રત છે. તેમના પૂર્વજો છેલ્લા એકસો વરસથી રાજસ્થાનથી થાણામાં વ્યવસાય હેતુ આવ્યા હતા. વ્યવસાયી પરિવારમાં જન્મ લઈ પણ તેઓશ્રીની અભિરુચિ શરૂઆતથી જ લેખન તથા વાંચન પ્રતિ રહી છે. એકવીસ વર્ષની ઉંમરમાં રાષ્ટ્રસંત વર્તમાન આચાર્યશ્રી જયંતસેનસૂરીશ્વરજી મ.સા.ના સંપર્કમાં આવ્યા બાદ તેમણે જીવનને સામાજિક કાર્યોમાં લગાવી દીધું છે. અ.ભા. રાજેન્દ્ર નવયુવક પરિષદના કેન્દ્રિય મહામંત્રી તેમ જ ઉપાધ્યક્ષપદ પર આજે કાર્યરત છે. પરિષદની રજત જયંતિ સમારોહના અવસરે તેમની સામાજિક અને ધાર્મિક સેવા ભાવનાઓને જોતા અનુમોદના સ્વરૂપ તેમને 'પરિષદ રત્ન'ની ઉપાધિથી અલંકૃત કરી ગૌરવવંત કરવામાં આવેલ. સને ૧૯૭૭માં તેમને 'શાશ્વત ધર્મ' માસિકના સંપાદક ઘોષિત કરવામાં આવ્યા અને ત્યારથી આજ સુધી તેઓ 'શાશ્વત ધર્મ'ને અત્યંત વાચનીય, મનનીય યોગ્ય તેમજ ઉન્નતિ કરવાના કાર્યમાં જોડાયેલા છે. ધાર્મિક પ્રવૃત્તિમાં હંમેશા તેમની ઊંડી રુચિ રહી છે. શ્રી ગુરુ રાજેન્દ્ર જનલ્યાણ ટ્રસ્ટ, શ્રીગુરુ રાજેન્દ્ર ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા શ્રી રાજ રાજેન્દ્ર પ્રકાશનના તેઓશ્રી ટ્રસ્ટી પણ છે. શ્રી કોંકણ શત્રુંજય તીર્થના શ્રી ઋષભદેવ સ્વામી જૈન ધર્મ ટેમ્પલ અને જ્ઞાતિ ટ્રસ્ટના મંત્રી સ્વરૂપે (૯૧થી ૯૩) તેમજ હાલ ટ્રસ્ટીરૂપે સેવાઓ આપી રહ્યા છે. તેઓશ્રી અત્યંત સુધારાવાદી વિચારો ધરાવતા આદર્શવાદી વ્યક્તિ છે. શ્રી આહોર જૈન સેવા સંઘ મુંબઈના મંત્રીપદે છેલ્લા ઘણા વર્ષથી તેઓશ્રી કાર્યરત છે. થાણામાં ધાર્મિક પાઠશાળા સંચાલન અર્થે તેઓશ્રી ઘણા વર્ષ વિશેષ રસ લઈ સહયોગ પ્રદાન કરેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રી તથા તેમના ધર્મપત્ની વિમલાદેવીએ ૩૦ વર્ષની ઉંમરમાં જ શ્રી સમેતશિખરજી તીર્થે ચોથા બ્રહ્મચર્યવ્રત ધારણ કરી રાખેલ છે. પોતાના જીવનને જૈનધર્મના સિદ્ધાંતો મુજબ અનુસરવા માટે તેમણે હોટલની વસ્તુઓનો ત્યાગ, સિનેમા ત્યાગ, સુવર્ણના આભૂષણોનો યોગ નહીં, દરરોજ પૂજા–દર્શન આદિ અનેકાનેક નિયમોનું પાલન કરી રહ્યા છે. તેઓશ્રી કુશળ લેખક હોવા ઉપરાંત પ્રખર વક્તા પણ છે. તેમની વ્યસ્ત દિનચર્યામાં વધુ સમય સ્વાધ્યાય તેમજ લેખનમાં જ વિતાવે છે. કંઈક પત્ર–પત્રિકાઓમાં તેમના લેખો પ્રકાશિત થતાં રહે છે. ગુરુદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા. તેમજ રાષ્ટ્રસંત જૈનાચાર્ય શ્રીમદ્ વિજયજયંતસેનસૂરીશ્વરજી મ.સા. પ્રત્યે વિશેષ આસ્થા અને સમર્પણભાવ હોવાથી તેમના મંગળ આશીર્વાદ અને માર્ગદર્શનને જ તેઓશ્રી પોતાના જીવનમાં સફળતાનું કારણ માને છે.

છ'રીપાલિત સંઘ આયોજન, ચૈત્ય પરિપાટીઓ, જિનમંદિર પ્રતિષ્ઠા આદિ જિનશાસન પ્રભાવનાના કાર્યો પાઠશાળા સંચાલન આદિ દ્વારા ભવિષ્યની પેઢીઓમાં સુસંસ્કારોના બીજારોપણ તેમજ જીવદયા અને અનુકંપાદાનના કાર્યોમાં તેમના પરિવાર દ્વારા સમયે–સમયે લક્ષ્મીનો સદુપયોગ થતો રહે છે, જે અભિનંદનીય અને અનુમોદનીય છે. શ્રી સિદ્ધચક્ર મંડળ–થાણા દ્વારા આયોજિત શ્રી સમેતશિખરજી–પાવાપુરી સહ કુલુમનાલીના યાત્રાસંઘમાં સંઘપતિ પણ બનવાનો લાભ પણ પોતાના પરિવારને મળેલ. શાકાહાર પ્રચાર તેમજ વ્યસનમુક્તિ અભિયાનમાં તેમને વિશેષ રુચિ છે. તેમના પિતાશ્રી દ્વારા અપાયેલ સુસંસ્કારથી તેમણે પોતાનું જીવન સુવાસિત બનાવ્યું છે. સને ૧૯૭૯થી તેઓશ્રી ખાદીના વસ્ત્રો પહેરે છે. સાદુ જીવન અને ઉચ્ચ વિચારોના તેઓશ્રી માલિક, સરળ સ્વભાવી શ્રી જે. કે. સંઘવી ઉચ્ચ આદર્શોના રાજમાર્ગ પર આગળ વધતા આત્મોન્નતિ કરે એવી શુભભાવના.



## શ્રી કુમારપાળ દેસાઈ



અમદાવાદથી માંડીને લંડન અને છેક અમેરિકા સુધી જૈન ધર્મના મૂળભૂત અને મૂલ્યવાન વિચારોનો ફેલાવો કરનાર કુમારપાળ દેસાઈએ એમનાં પ્રવચનો અને પુસ્તકોથી ઘણું મૂલ્યવાન પ્રદાન કર્યું છે. દેશવિદેશમાં ફરીને તેઓએ જૈનધર્મનો ખૂબ જ પ્રચાર કર્યો છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી વ્યક્તિ છે. જૈન ધર્મના સૌથી રહસ્યવાદી કવિ આનંદઘનજી વિશે મહાનિબંધ લખ્યો છે અને અનેક કોન્ફરન્સમાં જૈન ધર્મ વિશે સંશોધન લેખો રજૂ કર્યા છે. એમનાં પાંચ પુસ્તકને ભારત સરકારનાં અને ચાર પુસ્તકને ગુજરાત સરકારનાં પારિતોષિકો એનાયત થયાં છે. 'ઓલ ઈન્ડિયા જેસીસ' સંસ્થા દ્વારા 'ટેન આઉટ સ્ટેન્ડિંગ યંગ પર્સનાલિટી ઓફ ઈન્ડિયા' તરીકે પસંદગી પામેલ કુમારપાળ દેસાઈ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપક છે. તો ગુજરાત સમાચારની 'ઈંટ અને ઈમારત', 'ઝાકળ બન્યું મોતી' ને જન્મભૂમિની 'ગુલાબ અને કંટક' જેવી લોકપ્રિય કોલમના લેખક છે. રમતગમતના નિષ્ણાંત તરીકે પણ એમનાં પુસ્તકો ગુજરાતી, અંગ્રેજી અને હિંદીમાં પ્રગટ થયાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, પ્રાકૃત વિદ્યા મંડળ અને યશોવિજય જૈન ગ્રંથમાળાના મંત્રી તરીકે તેઓ અનેકવિધ સેવાઓ આપી રહ્યા છે. તેઓ શ્રી મહાવીર શ્રુતિમંડળ તથા શ્રી માંગલ્ય સેવા કેળવણી મંડળના ટ્રસ્ટી તરીકે સંકળાયેલા છે.

ધર્મ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં આગવું પ્રદાન નોંધાવનાર શ્રી કુમારપાળભાઈની સાહિત્યિક પ્રવૃત્તિ આજના સમયમાં આગવી ભાત પાડે છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને ઘડનારાં મૂલ્યોનો પુરસ્કાર કરનારું એમનું વિપુલ સાહિત્યસર્જન ખરેખર દાદ માંગી લ્યે છે. પરિસંવાદો કે પ્રવચનોનાં આયોજનોમાં તેમની વ્યવસ્થાશક્તિ ગજબની છે. 'જયભિખ્ખુ'નો સાહિત્ય તથા સંસ્કારનો વારસો અકબંધ રીતે સાચવી રહેલા ડૉ. કુમારપાળભાઈની લેખસામગ્રી અખબારી કટારોમાં પ્રસંગોપાત પ્રગટ થતી રહી છે. તેમની આ સિદ્ધિઓ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દક્ષિણ ભારતનું ગર્વીલું મહાજન : સમાજ અને શાસન મોભીઓ

—અમીબહેન કે. શાહ



જન્મ અને મૃત્યુ વચ્ચે જીવાતું નાનકડું જીવન આ અનંત કાળ વચ્ચે કેટલું નાનકડું છે! મહાકાળની સામે કેટલું અલ્પ, ક્ષણિક અને ક્યારેક તુચ્છ લાગે છે? આ અનંત આકાશ, અગણિત ગ્રહો-નક્ષત્રો, નિરવધિ પૃથ્વી વચ્ચે એક પ્રાણીના પચાસ-પંચોતર-સો વરસ શ્વાસોચ્છ્‌વાસ ચાલે તે કેટલા ક્ષણજીવી લાગે છે? તેમ છતાં આ અલ્પજીવનને માનવીએ કેવાં કેવાં શણગાર સજાવ્યાં છે! કેવાં કેવાં તાણાવાણામાં ગૂંથીને શોભાવ્યું છે; એની કલ્પના કરીએ છીએ ત્યારે દંગ રહી જવાય છે.

સામાન્ય જન મહાજન બની જાય; નર નારાયણ થાય; વ્યક્તિ વિભૂતિ બની રહે; ત્યારે આપણે આશ્ચર્યચકિત થઈ ઉઠીએ છીએ. એ મહાજન બને છે એની આકૃતિથી? ના. એ વિભૂતિ બને છે એના ઉંચા પડછંદ શરીરથી? ના. તો જનને મહાજનમાં પરિવર્તિત કરનારાં તત્ત્વો ક્યાં છે? એનો જવાબ પૌરાણિક સમયથી આજ સુધી ઇતિહાસના પાને પાને પથરાઈને પડ્યો છે. જનને મહાજન બનાવે છે. સદ્‌ગુણોની સંપત્તિ અને એની આંતર્ સમૃદ્ધિ, એના માનવીય ગુણો, એના જીવન પ્રત્યેના આદર્શો અને ભાવનાઓ. હટ્ટોકટ્ટો દેહ હોય તો એ મહાન નથી, હીરામાણેકના ઢગ પર બેઠો હોય તો એ મહાન નથી, હજારો વીઘા જમીનનો કે ગંજાવર કારખાનાનો માલિક હોય તો એ મહાન નથી, કોઈ ગામ-શહેર કે દેશ પર જોહુકમી ચલાવતો હોય તો એ મહાન નથી. મહાન થવા માટે તો આંતરિક સદ્‌ગુણો વિકસાવવા રહે છે. સ્વાર્થ નહીં પણ પરમાર્થ, લોભ નહીં પણ દાન, સત્તા નહીં પણ સમર્પિતતા અને નમ્રતા, સંકુચિતતા નહીં પણ સરળતા અને ઉદારતા, પરોપકાર અને કરુણાને જીવનમાં સ્થાન આપવાનું રહે છે. એવી વિભૂતિઓથી જ સમાજ શોભે છે. ધનવાન તો ઘણા હોય છે, ભામાશા કોઈ એક જ હોય છે. કહેવાની જરૂર નથી કે આ ભામાશાના વંશજોથી જ સમાજનાં નાનાં-મોટાં શુભ કાર્યો થતાં હોય છે.



**ભારતભરમાં ખ્યાતનામ બનેલા તપસ્વી વિધિકાર, અનેક શ્રીસંઘોમાં સમ્માનિત બનેલા પૂ. ગુરુજીનું બીરુદ પામેલા મા. શ્રી સુરેન્દ્રભાઈ સી. શાહની ઉત્સાહજનક પ્રેરણાથી શ્રી પ્રવિણભાઈ એમ. શાહ ઉણવાળા હાલ બેંગલોરના સહયોગથી અને બેંગલોરના કર્મઠ મહિલા આગેવાન શ્રી અમીબહેન શાહે અસ્વસ્થ રહેતી તબીયત વચ્ચે પણ ભારે મોટો પુરુષાર્થ કરીને આ લેખમાળાનું સંકલન કર્યુ છે.**

સુંદર ધાર્મિક અભ્યાસ ધરાવતાં અમીબહેન શાહ બેંગ્લોરના જૈન અને જૈનેતર સમાજમાં જાણીતું અને માનીતું નામ છે. જ્ઞાનપિપાસુ વૈયાવચ્ચ ગુણપ્રેમી ધાર્મિક વાચનમાં અત્યંત રુચિ ધરાવતા શાસનભક્ત અને ગુણાનુરાગી છે. પુસ્તકો વાચનનાં-ચિંતનનાં શોખીન અમીબહેન સંપાદકીય પ્રવૃત્તિમાં ખાસ રસ ધરાવે છે. વિષયને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજૂ કરવાની પદ્ધતિ પ્રશંસનીય છે. સભાનું સંચાલન કે વક્તવ્ય રસપ્રદ શૈલીમાં કરી શકે છે. તેમણે બેંગ્લોર ખાતે 'શ્રુત ગંગા ફાઉન્ડેશન'ની સ્થાપના કરી છે અને મહિલાઓમાં ધાર્મિક ઓપન બુક પરીક્ષાના માધ્યમે વાચનમાં જાગૃતિ લાવી રહ્યા છે. શ્રી રત્નત્રયી ટ્રસ્ટ, શ્રી વર્ધમાન સંસ્કાર ધામ, શ્રી અખિલ ભારતીય સ્વાધ્યાય પીઠ શ્રી જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ તથા અર્હમ્ સુંદરમ્ ટ્રસ્ટ વ. દ્વારા આયોજિત પરીક્ષાઓનું સફળતાપૂર્વક સંચાલન કરવાની સાથે પરીક્ષા પણ આપે છે.

★ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુજૈન ફિલોસોફિકલ એન્ડ લિટરટી રિસર્સ સેન્ટર, ઉવસ્સગહરમ સાધના ટ્રસ્ટ દ્વારા ઉવસ્સગહરમ્ શ્રુત એવોર્ડમાં સ્તોત્રની સર્વાંગી સમીક્ષા તથા સ્તોત્રનાં રચિયતાના જીવનકવન જેવા બે બે વિષયો પર નિબંધો લખી પ્રોત્સાહિત પારિતોષિક મેળવ્યું છે.

★ 'નવકારનો રણકાર' સામાયિક દ્વારા આયોજિત 'નવકારનો અચિંત્ય પ્રભાવ' નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા થયા છે.

★ શ્રી કુલપાકજી તીર્થયાત્રા સંઘ હૈદ્રાબાદ (કાચીગુડા) સંઘ દ્વારા આયોજિત 'દીક્ષાર્થી મિત્રને અનુમોદનાત્મક–ભલામણ પત્ર' વિષયમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે.

★ મુંબઈકાલીના યુનિવર્સિટી દ્વારા આયોજિત ૨૦૦૨ પીએચ.ડી. સમકક્ષ નિબંધ સ્પર્ધામાં 'તંદુરસ્ત જીવન જીવવાની જૈન પદ્ધતિ **The Jain way of Healthy living**' વિષય પર અદ્‌ભુત વિચારો વ્યક્ત કરી પારિતોષિક મેળવ્યું છે.

★ ગુજરાત કલા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજિત વૈવિધ્યપૂર્ણ અભિયાનમાં તેમની ધાર્મિકપ્રવૃત્તિ–પ્રગતિના આધારે 'મહિલા મંચ' એવોર્ડથી ૨૦૦૭માં સન્માનિત કરવામાં આવ્યા, જેમાં બેંગ્લોરની દસ અગ્રેસર મહિલાઓને સન્માનિત કરેલ.

★ આજ ગ્રંથ 'શાશ્વત સૌરભ'નું સંકલન 'તવારીખની તેજછાયા'માં દક્ષિણ ભારતના સમર્પિત જૈન અગ્રેસરોની સંપૂર્ણ લેખનમાળા આલેખી. 'સૂરજનો પ્રકાશ રવિનો ઉજાસ' શાસનરત્ન સમાજરત્ન શ્રી રવિલાલ લવજીભાઈ પારેખના અભિવાદન–સમારોહ પ્રસંગની સ્મરણિકાનું લેખન–સંકલન–સંચાલન સુંદર રીતે કરી શાસન પ્રત્યે નિઃસ્વાર્થ ભાવનાને સિદ્ધ કરી છે.

★ અમદાવાદથી પ્રગટ થતા (ધર્મધારા) અંતરધારાના પ્રતિનિધિ છે. શ્રી પાર્શ્વકલાપૂર્ણ ભક્તિ મહિલા મંડળ (બેંગ્લોર–ગાંધીનગર)ના સ્થાપનાથી દશ વર્ષ સુધી સફળ કોષાધ્યક્ષ અને સક્રિય કાર્યકર્તા રહ્યાં હતાં.

નિરંતર પ્રવૃત્તિ–પ્રગતિ કરતાં અમીબહેને અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈને વિશિષ્ટ બહુમાનો મેળવ્યાં છે તથા અનેક મહિલા સંસ્થાઓમાં નિર્ણાયક તરીકે સફળતા મેળવી છે.

પુણ્યાત્માઓના સ્વર્ગવાસ પછી આયોજિત પ્રાર્થના શ્રદ્ધાંજલિ સભામાં પોષક, વૈરાગ્યપોષક ગીતો પર વક્તવ્ય પીરસવાની તેમની આગવી કળા છે. તેથી ભાવગીતોને સંકલન કરી **'પરમશરણ'** તૈયાર કર્યું છે. ભાવસભર ઉચ્ચ ગીતો તથા સમાધિ સાધના એ આ સંકલનનું જમા પાસું છે.

મક્કમ મનોબળી અમીબહેનના પ્રત્યેક કાર્યમાં ઉત્સાહી શાસનપ્રેમી શ્રી કિરીટભાઈ દરેક રીતે સહયોગ આપી ઉત્સાહ અભિવૃદ્ધિ કરેલ છે. શાસનની ધગશવાળાં અમીબહેનને અભિનંદીએ.

**દક્ષિણભારતના શ્રેષ્ઠીઓની આ પરિચયાત્મક લેખમાળામાં બેંગલોરના શ્રેષ્ઠીવર્યો તરફથી સૌજન્ય સહયોગ મળેલ છે. હ. શ્રી સુરેન્દ્રભાઈ સી. શાહ 'ગુરુજી' બેંગલોર આ સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ -ગ્રંથ સંપાદક**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ લેખમાળાના સંકલનમાં વિશેષ સહયોગી બનનાર શ્રી પ્રવીણભાઈનો પરિચય જોઈએ



## શ્રી પ્રવિણકુમાર માનચંદલાલ શાહ-બેંગ્લોર (ઉણ)

ગરવી ગુજરાતની ધરતી જેવું ગુજરાત રાજ્ય જે રાજસ્થાનની સરહદ પાસે આવેલ છે બનાસકાંઠા જિલ્લો તેમાં કાંકરેજ તાલુકામાં આવેલ ઉણ ગામે રહેતા શ્રી માનચંદલાલ નગીનદાસ શાહના ઘેર કેશરબહેનની કુક્ષિએ કંકાવટી નગરીથી પ્રચલિત કાકર ગામે સંવત ૨૦૧૧ના જેઠ વદ ૧૦ના શુભ દિવસે સુપુત્રનો જન્મ થયો તેનું નામ **પ્રવીણ** પાડેલ.

ધર્મમય જીવનમાં સંસ્કારો સિંચન કરાવનાર વડીલ તરીકે માબાપ સાથે સાથે વયવૃદ્ધ દાદીમા મણિબહેન એ ઘરમાં દરેકનું જીવન ધર્મમય બને તેથી તેમની જીવન જીવવાની શૈલી અનેરી હતી. તેથી પરિવાર ધર્મમય બનાવેલ અને સાચી રાહ બતાવેલ.

વ્યાવહારિક અભ્યાસ અર્થે પાટણ ખાતે સમાજની બોર્ડિંગમાં રહી શ્રી બી.ડી. હાઈસ્કૂલમાં ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ ત્યારબાદ પાલનપુર ખાતે પાલનપુર હાઈસ્કૂલમાં **S.S.C.** સુધી અભ્યાસ કરેલ સાથે સાથે ધંધાની જાણકારી માટે સર્વિસ લગભગ ૧૦ વર્ષ કરી. ત્યારબાદ દિઓદર ખાતે પોતાની સુરેશ નોવેલ્ટી સ્ટોર્સના નામની પેઢીની શુભ શરૂઆત કરી. ધીમે ધીમે પ્રગતિનાં સોપાન સર થવા લાગ્યાં. જેમ જેમ સમય બદલ્યા તેમ ધંધાની પ્રગતિ બદલ્યા એ સમયે પહેલાં લીલો દુષ્કાળ પછી સૂકો દુષ્કાળ પડવાથી ધંધાની પ્રગતિ નબળી પડતી ગઈ ત્યારે ગૃહસ્થ જીવનગ્રંથિથી જોડાયેલ કૈલાશબહેને તેમજ સાસરેપક્ષ અને અમારા પરિવારજનોએ સાથ સહકારથી હિંમત આપી કે હિંમતવાન બનો તો જ ધનવાન બનશો. એ સલાહને સ્વીકારી બેંગ્લોર જવા માટે કહ્યું. બેંગ્લોર ખાતે રહેતા મારા નાના ભાઈ સુરેશભાઈ ધાર્મિક અધ્યાપક તરીકે હતા. તેમના સહયોગથી બેંગ્લોર આવવા માટે પ્રયાણ કર્યું.

બેંગ્લોરમાં આવતા જ પ્રથમ સર્વિસ શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટમાં મેનેજર તરીકે જવાબદારી મળેલ તે ફરજ એકધારી ૨૩ વર્ષથી સંભાળી રહેલ છે. થોડા સમય પછી ગાંધીનગર ખાતે આવેલ શ્રી હીરાચંદ નાહર જૈન ભવનમાં મેનેજર તરીકે નિમણૂક થયેલ તે કાર્ય થોડા સમય સંભાળેલ.

તે સમયે નાનો પરિવાર સુખી પરિવાર સાથે સુખદુઃખ સાથે જીવન ચાલી રહ્યું હતું. જેમ જેમ સમય બદલાયો તેમ કાર્યક્ષેત્ર બદલ્યા ત્યારે એકાઉન્ટ (નામા)ની લાઈન લીધી અને ધીરે ધીરે કામનો બોજો વધતો ગયો તેમ કામગીરી વધતી ગઈ. નામા (એકાઉન્ટ)માં પ્રવીણતા કેળવી પ્રગતિનાં સોપાન સર થવા લાગ્યાં.

વિશેષમાં અત્રે બેંગ્લોરમાં આવ્યા પછી ધર્મ પ્રત્યે વધારે રુચિ લાગી, સાથે સાથે જીવદયા, અનુકંપાદાન, સામાજિક કાર્ય, ધાર્મિક કાર્ય, શૈક્ષણિક કાર્ય આગળ રહી સમાજનું કાર્ય દીપાવવા તત્પર રહી સમાજના સહભાગી બની રહેતા. શ્રી કાંકરેજ જૈન પ્રગતિ મંડળના નેજા હેઠળ સમેતશિખર સ્પેશિયલ ટ્રેન દ્વારા યાત્રા પ્રવાસ નીકળેલ તે વખતે સુંદર કામ કરેલ. અત્યારે તે જ મંડળમાં સહમંત્રી તરીકે હોદ્દો સંભાળી રહેલ છે. શ્રી ગુજરાત સોસિયલ સોસાયટીમાં ભૂતપૂર્વ મંત્રીપદ તરીકે ફરજ બજાવી હતી. કાર્યક્રમની વ્યવસ્થા તેમ જ અલંકારી ભાષા દ્વારા લખાણો તૈયાર કરવાં અને મોકલવાં જેવાં કે શાંતિશ્રમ-દીઓહર-દક્ષિણદર્શન બેંગ્લોર સ્વરાજ્ય-પાલનપુર વગેરે સાપ્તાહિક અંકમાં પ્રગટ થતાં હતાં અને આ ગ્રંથમાં દક્ષિણ ભારતના વરિષ્ઠ કાર્યકરોના લેખ માટે સંકલન કરવાનો ચાન્સ મળ્યો તે બદલ ધન્યવાદ. શ્રી કાંકરેજ જૈન પ્રગતિમંડળની 'પરિવાર પરિચય પુસ્તિકા' તેમજ "જીવન દર્પણ" પુસ્તકનું સંકલન કરેલ. સમાજ ઉપયોગી કાર્યમાં હરહંમેશાં હાજરી અવશ્ય આપતા રહે છે. ધ ્વાદ. *–સંપાદક*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માનુરાગી સમાજસેવક : આત્મિકદષ્ટિસંપન્ન શાસનરત્ન : કુશળ વહીવટકર્તા : સેવાસમર્પણની જીવંત દંતકથાના નાયક સદ્ગુણાલંકૃત

## શ્રી રવિલાલ લવજીભાઈ પારેખ

### કુળ દીપકની પધરામણી.....



આજથી લગભગ ૧૦૮ વર્ષ પહેલાં શ્રી ગોરધનભાઈ પારેખ આપના દાદાજી ભારતની પશ્ચિમે અંજાર (કચ્છ) થી પ્રયાણ કરીને દક્ષિણમાં આવ્યા ત્યારે હાથમાં કાંઈ ન હતું, પણ હૈયામાં હામ અને હિંમત હતાં. આપના દાદાજીએ અનાજના વ્યવસાયથી શરૂઆત કરી ધીમે ધીમે સ્થિર થતા ગયા. સન્ ૧૯૦૦માં શ્રી લવજીભાઈનો જન્મ થયો. તેમના લગ્ન માનકૂવા (અંજાર પાસે) જડાવબહેન સાથે થયા. શ્રી લવજીભાઈએ શરૂઆતમાં સાયકલનો અને બાદમાં કપડાનો વ્યવસાય પણ કર્યો પણ ધારી સફળતા ન દેખાતાં સન્ ૧૯૨૭માં ફિલ્મ ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને સ્ટાર પિક્ચર્સ કોર્પોરેશનના નામથી અને પછી જગત પિક્ચર્સના નામથી શરૂ કરેલ વ્યવસાયમાં પ્રગતિ થતી રહી–માતા જડાવબહેનની કુક્ષિએ તા. ૭-૨-૧૯૨૩ના શ્રી રવિભાઈ જન્મ લઈને આ અવનીના આંગણે આવ્યા. માતાની મમતા અને પિતાની સમતાથી જીવનનો પિંડ ઘડાયો મોસાળ માનકૂવામાં જન્મેલા રવિનાં કિરણો દક્ષિણ દેશ સુધી પહોંચ્યા અને ધીરે ધીરે ભારતવર્ષમાં ફેલાયાં....પરિવાર સાથે સિકન્દરાબાદ કાયમી વસવાટ નક્કી કરીને સ્થિર થઈ ગયેલા શ્રી રવિભાઈ માતા જડાવબહેનની આજ્ઞા અને આગ્રહને માન આપી બેંગલોર આવીને વસ્યા.....ત્યારે જ બેંગલોર–ગાંધીનગરની અનેક સંસ્થાઓનાં નિર્માણનું ભાવિ લખાયુ હશે!

શાસનદેવનો ઉપકાર કહો કે આશીર્વાદ સ્વ. શ્રી લવજીભાઈને તેમનાં જીવનમાં દસેક વર્ષમાં તો ધર્મનું એવું ઘેલું લાગ્યું કે વ્યવહાર અને વ્યવસાય પુત્રોનાં શિરે નાખી રાત–દિવસ જોયા વિના મંદિર, ઉપાશ્રય અને પાઠશાળાના નિર્માણમાં લાગી ગયા અને સમાજને કંઈક અર્પણ કર્યાનો અનેરો આનંદ મેળવ્યો. સન્ ૧૯૫૫ ડિસેમ્બરમાં શ્રી લવજીભાઈના અવસાન પછી તેમના સ્થાને સૌ ટ્રસ્ટીઓએ શ્રી રવિભાઈને તમામ ક્ષેત્રના કાયમી ટ્રસ્ટી તરીકે નીમ્યા ત્યારે શ્રી રવિભાઈની ઉંમર ૩૦ વર્ષની હતી અને ત્યારથી તેમના અથાગ પ્રયત્ને નિર્માણ અને સ્થાપનાની વણઝાર ચાલી જે આજે ૮૬ વર્ષે પણ અવિરત ચાલુ છે.

શ્રી ગાંધીનગર જૈન મંદિરના શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા આ.દેવ શ્રી પૂ. લક્ષ્મણસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ઐતિહાસિક સ્વરૂપે થઈ.

વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ.સા. જેવા ધુરંધર આચાર્યની નિશ્રામાં આજ પાવનસ્થળના સામેના શ્રી પાર્શ્વવલ્લભ પ્રાસાદમાં બિરાજતા મૂળનાયક અને અન્ય બિંબોનાં પાંચ કલ્યાણકો અને પ્રતિષ્ઠા મહોત્સવ તેમના પિતાજીના પ્રમુખપણા નીચે શ્રીસંઘે શાનદાર રીતે ઊજવ્યાં અને તેમના પિતાની ગેરહાજરી બાદ એ કાંટાળો તાજ સંઘે તેમના શિરે ધર્યો. ત્યારે તેઓએ વહીવટી કુનેહ અને ચાણક્યનીતિ દ્વારા બતાવી આપ્યું કે કંટક સાથે ગુલાબ પણ હોય છે. માત્ર હાઈસ્કૂલનું શિક્ષણ લઈ શાળામાંથી ઊઠી જનાર વિદ્યાર્થી હોવા છતાં તેમની જવાબદારી, કુશળતા, અમીદષ્ટિ, સાદાઈ, પરમાર્થભાવના, સાચા સલાહકાર વગેરે સદ્ગુણોએ સૌનાં હૈયાને નાચતાં કરી દીધેલાં.

જાણે કે તેમના લલાટે જીવનસિદ્ધિનાં સુકાર્યો લખાવીને જ આવ્યા હોય તેમ શરૂઆતથી જ સિકન્દરાબાદના મંદિર અને સમાજની કમિટીમાં ઉચ્ચસ્થાને રહી સંચાલન કરી બાદ બેંગલોર આવી આજે ૫૦ વર્ષથી શ્રી પાર્શ્વવલ્લભજૈન પ્રાસાદ, યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરીશ્વરજી જૈન દાદાવાડી, શ્રી જૈનમૂર્તિપૂજક સમાજ, ભેદા ખીઅંશી ઠાકરશી જૈન પાઠશાળાના એકધારા સંચાલન ઉપરાંત ઈતર સામાજિક અને વ્યાપારિક નાનીમોટી સંસ્થાઓ અને એસોસિએશનની કમિટીનું સભ્યપદ શોભાવા ઉપરાંત અત્રેના ગુજરાતી સમાજની 'શ્રી વેલચંદ–વશરામ દેસાઈ ગુજરાતી સ્કૂલ'નું પ્રમુખપદે તેઓ ઘણા વર્ષ રહ્યા છે. સેવાના સંસ્કારો વારસાગત આવે તેમ તેમના લઘુ બંધુ સ્વ. મોહનભાઈએ પણ સિકન્દરાબાદના મંદિર અને સમાજના પ્રમુખપદે રહી સફળતાપૂર્વક સંચાલન કરી બતાવ્યું છે.

'લઘુતામાં પ્રભુતાનો વાસ' એ સદ્ગુણને તેઓએ જીવનમાં વણી લીધો છે. દેવગુરુની યથાવત તન, મન અને ધનથી સેવા શુશ્રૂષામાં તેઓને અચળ અને અફર કરવામાં રાણપુરના શ્રી શાંતિભાઈ મોદી (મુ.મ.શ્રી ગુણચંદ્રવિજયજી મહારાજ) તથા તેમના લઘુબંધુ શ્રી નરોત્તમદાસ મોદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(સહટ્રસ્ટી)ની પ્રેરણા અને સહકારે અપૂર્વ સાથ પૂર્યો છે.

વર્તન-વાણી ધાર્મિક આચારવિચાર અને ઊંચા ખમીરથી તેઓએ સૌને પ્રભાવિત કર્યા છે. માદરેવતન અંજારમાં મંદિર-ધર્મશાળા દાદાવાડીના તેમના હસ્તે શિલારોપણ કર્યા પછી બેંગલોરમાં બેઠાં-બેઠાં તેઓ ત્યાંનું સંચાલન કરી રહ્યા છે. શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી શ્રીમાન શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ, અખિલ હિન્દુસ્તાન તીર્થરક્ષાકમિટીના કર્ણાટક દેશના પ્રતિનિધિ તરીકે તેમની નિમણૂક કરી છે, જે ખૂબ જ પ્રશંસાપાત્ર બની હતી. જિતેન્દ્રવિજયજી મુનિ મહારાજ આદિ ઠાણા તથા સાધ્વીશ્રીજી મહારાજ શ્રી સૂર્યમાળા આદિ ઠાણા એમ શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ તેઓની સેવાને સૌએ ગૌરવભેર બિરદાવી છે.

ભારતભરમાં વિશાળ મિત્ર મંડળ અને 'સોનામાં સુગંધ ભળે' એવાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી સુશીલાબહેન ખડે પગે તેમની ગુરુભક્તિ અને સાધર્મિક ભક્તિલહાવમાં સહકાર આપી 'શતાયુ જીવો જુગલ જોડી' એવા લોકઆશીર્વાદ પામી રહ્યા છે.

ઇતિહાસને પણ ઈર્ષ્યા થાય એવી તેમના હૃદયની શુદ્ધતાએ તેમના કુટુંબની એકતા, પ્રગતિ ને ઉન્નતિ સચવાઈ રહ્યાં છે, કારણ કે કુટુંબીજનોની સેવા પ્રત્યે પણ તેઓએ કદી દુર્લક્ષ્ય સેવ્યું નથી. તેઓનો એક મહાન સદ્‌ગુણ કે 'રેતીમાં મહેલ' ચણવાનો તેમનો પુરુષાર્થ ગજબનો છે. હાથ લીધેલ કાર્ય કોઈ પણ સંજોગોમાં પૂર્ણ કરવાની ધગશ અને હિંમતનો 'શ્રી હીરાચંદજી નાહર જૈનભુવન'ની ભવ્ય ઇમારત તેમનો તાદૃશ પુરાવો છે.

## તવારીખોની તેજછાયા

શ્રી રવિભાઈનાં કરકમલો દ્વારા સંપન્ન થયેલાં શાસન-પ્રભાવક કાર્યો

શ્રી જિનમંદિરનાં ખનનવિધિ : શ્રી ભક્તામર મંદિર, અલ્વર રાજસ્થાન-અભિનંદન સ્વામી મંદિર, સુશીલ આશ્રમ, દિલ્હી-શ્રી સુમતિનાથ મંદિર, મડગાંવ (ગોવા)-શ્રી પાર્શ્વકુશલ ધામ, નલખેડા (મધ્યપ્રદેશ)-શ્રી હિંમત વિહાર, પાલિતાણા (ગુજરાત)-શ્રી રાજસ્થાનમાં જિનાલયો મંદિર-શ્રી મધ્યપ્રદેશમાં જિનમંદિરો તલેન તીર્થ (મ.પ્ર.).

શ્રી દાદાવાડી ખનનવિધિ : સારંગપુર (મધ્યપ્રદેશ), શ્રી નરસિંહગઢ (મધ્યપ્રદેશ), નલખેડા (મધ્યપ્રદેશ).

શ્રી ઉપાશ્રયખનનવિધિ : આકોદિયા (મધ્યપ્રદેશ)-ભોમિયાજી ભવન, શિખરજી (બિહાર)-તલેનતીર્થ (મધ્યપ્રદેશ)-શિવપુરી (મધ્યપ્રદેશ).

ઉપાશ્રય-ઉદ્દ્‌ઘાટન : મડગાંવ (ગોવા)-સુજાલપુર (મ.પ્ર.)-લાઠી (ગુજરાત).

શ્રી જિનમંદિર-શિલાન્યાસ : મડગાવ (ગોવા), બેલાપુર-દુર્ગાપુર (બંગાળ), સિતામઉ, માલપુરા, સાવન, ચિકલાના, કાલુખેડા, પાવાગઢ, રાહતગઢ, સુમતપુર, છિન્દવાડા (મ.પ્ર.), પાર્શ્વમણિતીર્થ (આદોની) સુશીલ આશ્રમ દિલ્હી, નાહરગઢ મધ્યપ્રદેશ, અમરાવતી, કમલપુરી (મહારાષ્ટ્ર), નગરી (છતીસગઢ), ફાફરડીહ (રાયપુર).

શ્રી દાદાવાડી-શિલાન્યાસ ત્થા સહયોગ : કાનપુર, ગુમાસ્તાનગર, ઇન્દોર, બડવાત (મ.પ્ર.), સુજાલપુરા, માલપુરાતીર્થ અંજાર.

આપની પ્રેરણાથી અને સહયોગ દ્વારા : માલપુરા તીર્થનાં પ્રભુપ્રતિમા ભરાવી કુરજ, ચિકલાના, પાલિતાણા, લાઠી-રાજનગરમાં જિનમંદિર નિર્માણમાં સહયોગ, ભોપાવરતીર્થમાં રોડનાં નિર્માણમાં સહયોગ, નાગેશ્વરમાં ઓળીની આરાધનામાં સહયોગ, અનેક મંદિરજીમાં પરિકર-નિર્માણમાં સહયોગ.

વિદેશોમાં પ્રેરક પ્રસંગ : મિલ પટાસ (કેલિફોર્નિયા), યુ.એસ.એ., કાઠમંડુ, નેપાળનાં મંદિરનિર્માણમાં સહયોગ

સ્વપ્નદૃષ્ટા એવા તેઓએ ધૂપસળી માફક જૈન-જૈનેતર સમાજમાં સુવાસ ફેલાવી છે. તેઓએ સંઘના અગ્રપદે રહીને ધર્મ પરાયણતા-સચ્ચાઈ, ચરિત્રશીલતા, ઉદારતા આદિ ગુણોથી સંઘનું ગૌરવ વધાર્યું છે. તેથી તેમના પ્રત્યેની બહુમાનની લાગણીરૂપે શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ મદ્રાસના ધર્મશ્રેષ્ઠીવર્ય શ્રી માણેકચંદજી બેતાલાના વરદહસ્તે તેઓને કાસકેટ સમ્માનપત્ર અર્પણ કરાયું હતું, જે ૧૯૭૬માં બેંગલોરના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે સન્માનપત્ર આપી બહુમાન કર્યું હતું. આજે તેઓ નીચેની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

૧. પ્રમુખ : શ્રી જૈન શ્વે. મૂ. પૂ. મંદિર ગાંધીનગર-બેંગલોર ૫૧ વર્ષથી, ૨. પ્રમુખ : શ્રી જૈન શ્વે. મૂ. પૂ. સમાજ બેંગલોર (પ્રારંભથી ૩૦ વર્ષથી પ્રમુખ અને ટ્રસ્ટી), ૩. પ્રમુખ : વિમલાબહેન દલપતલાલ જૈનભોજનશાળા ગાંધીનગર, શ્રી હીરાચંદજી નાહર જૈનભવન, શ્રી સીતાદેવી રતનચંદજી નાહર ડાયગ્નોસ્ટિક સેન્ટર, ગાંધીનગર-બેંગલોર, ૪. પ્રમુખ :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુગપ્રધાન શ્રી જીવદત્તસૂરીશ્વરજી જૈનદાદાવાડીમાં ગાંધીનગર (૩૦ વર્ષથી પ્રમુખ તથા ટ્રસ્ટી), ૫. પ્રમુખ : ભેદા ખીઅંશી ઠાકરશી જૈન પાઠશાલા ગાંધીનગર બેંગલોર (૨૫ વર્ષથી), ૬. પ્રમુખ : શ્રી ગુજરાત જૈન શ્વે. મૂ. પૂ. સંઘ બેંગલોર (પ્રારંભથી આજ ઉધી), ૭. પ્રમુખ : શ્રી વીસાઓસવાલ કચ્છી ગુજરાતી જૈન સંઘ (પ્રારંભથી આજ સુધી), ૮. ટ્રસ્ટી : શ્રી જિનકુશળસૂરિ દાદાવાડી ટ્રસ્ટ, બસવનગુડી–બેંગલોર, ૯. ટ્રસ્ટી તથા પ્રમુખ : શ્રીચંદ્રપ્રભલબ્ધિ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ ઓકલીપુર–બેંગલોર, ૧૦. ટ્રસ્ટી તથા પ્રમુખ : શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ શાસન પ્રભાવક ટ્રસ્ટી–દેવનહલ્લી, ૧૧. કમિટીમેમ્બર : શ્રી કર્ણાટક ગુજરાતી પ્રગતિ સમાજ, ૧૨. ટ્રસ્ટી : શ્રી પાર્શ્વનાથ જીર્ણોદ્ધાર ટ્રસ્ટ–(બનારસ ઉ.પ્ર.), ૧૩. ટ્રસ્ટી : શ્રી અંજાર ખરતર ગચ્છ જૈનસંઘ–અંજાર (કચ્છ–ગુજરાત), ૧૪. કમિટીમેમ્બર : શ્રી મહાવીર આરાધના કેન્દ્ર–કોબા (ગુજરાત), ૧૫. ઉપપ્રમુખ : શ્રી દક્ષિણભારતીય કચ્છી ગુર્જર જૈન સમાજ, ૧૬. ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી : શ્રી ઓમ શાંતિ ટ્રસ્ટ–પાલિતાણા અને ઈરોડ, ૧૭. ટ્રસ્ટી : શ્રી વર્ધમાન જૈન ભોજનાલય–અંજાર, ૧૮. ટ્રસ્ટી : શ્રી નાગેશ્વરી જૈન દાદાવાડી (ઉન્હેલ), ૧૯. પ્રતિનિધિ : શ્રી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી–અમદાવાદના ૨૫ વર્ષથી કર્ણાટક પ્રાન્તીય પ્રતિનિધિ, ૨૦. મેમ્બર : ગવર્નિંગ બોર્ડ, અખિલ ભારત તીર્થરક્ષા સમિતિ–અમદાવાદ–મુંબઈ.

## વાત્સલ્ય પ્રેમી દાંમ્પત્ય જીવન

રવિભાઈની સેવાપયોગી પ્રવૃત્તિઓની સફળતા પાછળ તેમનાં ધર્મપત્ની સુશીલાબહેનનું યોગદાન ઘણું જ મોટું છે. ૬૦ વર્ષના તેમના સુખી દામ્પત્યજીવનનો યશ રવિભાઈ સુશીલાબહેનને આપે છે. સુશીલાબહેનની સૂઝ, સમજ અને વ્યવહાર, કુશળતા એ રવિભાઈને તેમના વ્યવહારની ચિંતા થવા દીધી નથી. તેમણે તેમને બધાથી મુક્ત રાખ્યા છે, જેથી તેઓ નિશ્ચિંતપણે કાર્ય કરી શક્યા છે. સુશીલાબહેન એક આદર્શ આર્યનારી છે. સદા રવિભાઈનો પડછાયો બની પોતાના જીવનને સમર્પણ કરી સાચા અર્થમાં સહધર્મચારિણી બની દામ્પત્ય જીવન શોભાવ્યું છે. બોલવાનું નહીં અને હસતા રહેવું તે તેમનો સ્વભાવ છે. "હું જે કંઈ કરી શક્યો છું અને કરી રહ્યો છું તેમાં સુશીલાનો ફાળો ઘણો મોટો છે." જીવનમાં ૬૫–૬૫ વર્ષથી પર્યુષણમાં અટ્ઠાઈ કરતાં સુશીલાબહેન તપસ્વી પણ છે.

## પુરુષાર્થના પ્રતીક

રવિભાઈના ગુણોમાં સૌથી વિશેષ આંખે ઊડીને વળગે તેવો ગુણ છે પ્રચંડ આત્મવિશ્વાસ. જે કાર્ય શરૂ કર્યું તેને બરાબર પકડી રાખવું તથા તેને જલ્દી પૂર્ણ કરવા સમર્પિત બની લાગી જવું. નર્મદના શબ્દોમાં "ડગલુ ભર્યું કે ના હટવું ન હટવું" ને બરાબર પોતાના જીવનમાં અપનાવ્યું છે અને "તારી સાથે કોઈ ન આવે તો તું એકલો જાને રે" અનુસાર પોતે જ દરેક કાર્યોમાં આગળ રહે છે. કેટલીક વ્યક્તિઓ જન્મથી મહાન હોય છે કેટલાક પર મહાનતા આરોપવામાં આવે છે. જ્યારે કેટલાક મહાનુભાવો પોતાના કર્મથી (સ્વકર્મથી) મહાનતાના ગુણો મેળવે છે. રવિભાઈ તેમાંના એક છે, જેમણે પોતાની જાત મહેનતથી અનેક સંસ્થાઓનું સર્જન કરી તેને વટવૃક્ષ જેવી મહાન બનાવી છે. આત્મવિશ્વાસથી રવિભાઈને શત શત અભિનંદન...

## વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ :

વજ્રથી કઠોર અને ફૂલથી પણ કોમળ એટલે રવિભાઈ. ઘણીવાર ભલભલા લોકોને પણ મક્કમતાથી સાચી વાત જણાવતાં રવિભાઈ આપણને ખૂબ જ કઠોર જેવા જણાય પણ જ્યારે નજીકથી નાનામાં નાના કર્મચારી વગેરે પ્રત્યે પણ ભરપૂર વાત્સલ્ય દર્શાવતા તથા તેને ભરપૂર મદદકર્તા ઉપયોગી બનતા રવિભાઈ ફૂલોથી કોમળ દેખાય છે.

અનેક આચાર્ય ભગવંતોના જેમને આશીર્વાદ સાંપડ્યા છે તે રવિભાઈ પારેખ એટલે કે બેંગલોરની અનેક સંસ્થાઓના સ્થાપક તથા આધારસ્તંભ, જૈન સમાજના અગ્રગણ્ય નેતા, દક્ષિણ ભારતની અનેક ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક તથા તબીબી સંસ્થાઓના સૂત્રધાર, પીઢ કર્મશીલ પ્રબળ પુરુષાર્થની ગૌરવગાથા. આવા બહુમુખી પ્રતિભાસંપન્ન, સાદા સરળ અને ચેતનાના હાર્દ સમા શ્રી રવિભાઈ પારેખને ખૂબ ખૂબ અભિનંદન.

અદ્‌ભુત વ્યકિતત્વના સ્વામી :
સંઘમાં ભીષ્મ પિતામહ

## શ્રી લક્ષ્મીચંદજી કોઠારી



બાંકલી (રાજ.)માં શા હજારીમલજી જવાનમલજી કોઠારી પરિવારમાં જન્મેલ શેઠશ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લક્ષ્મીચંદજી અદ્ભુત વ્યક્તિત્વના સ્વામી હતા. પૂજ્ય પિતાશ્રી હજારીમલજી તથા વડીલભ્રાતા ચંદુલાલજીના સાહસિક અને બાહોશી ભર્યા ગુણો તેમને વારસામાં મળ્યા છે. બેંગ્લોરમાં વ્યાવસાયિક રીતે આગળ વધી નાની ઉંમરથી જ વડીલ બંધુની સાથે સંઘની વ્યવસ્થામાં જોડાયા. ૨૫ વર્ષની યુવાન ઉંમરથી જ શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ ચિકપેટ અને અનેક સંસ્થાઓમાં જોડાયેલ લક્ષ્મીચંદજી ૮૭ વર્ષની જૈફ ઉંમરે પણ એવા જ કાર્યરત હતા.

સવારે ૪ વાગ્યાથી આરાધના દ્વારા આરંભિત તેમની જીવનચર્યા પણ ખરેખર અનુમોદનીય હતી. પ્રાતઃ કાળમાં ૪-૪ કલાક પ્રતિક્રમણ-સ્વાધ્યાયમાં રત અને પછી અષ્ટપ્રકારી પૂજા-પરમાત્મભક્તિમાં ૨-૨ કલાક તલ્લીન રહેતા કોઠારીજી કુશળતાપૂર્વક સંસ્થાઓનો વહીવટ ચલાવતા હતા.

૫૦ વર્ષથી લગભગ શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘના મુખ્ય-સક્રિય ટ્રસ્ટી રહી સંસ્થાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલ છે: હાલમાં સંઘના અધ્યક્ષ હતા અને શ્રી સાવત્થી જૈન શ્વે. તીર્થ કમિટીના પણ અધ્યક્ષ રહી પ્રારંભથી જ અત્યુતમ સેવા આપી રહ્યા હતા. બેંગ્લોરમાં રહીને પણ ઉત્તરપ્રદેશમાં સાવત્થી તીર્થનું અદ્ભુત સર્જન તેમની સૂઝબૂઝને આભારી છે. શ્રી સિદ્ધાચલ શણગાર ટ્રસ્ટ પાલિતાણામાં ઘણાં વર્ષોથી જોડાયેલ છે તો પાલિતાણામાં બેંગ્લોર આરાધના ભવનનિર્માણ અને આયંબિલ ખાતા આદિમાં તેમની અત્યુતમ સેવા પ્રશંસનીય છે.

બેંગ્લોરની ભારત પ્રસિદ્ધ શ્રી વિજયલબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાને ગૌરવપૂર્ણ અને સુપ્રસિદ્ધ કરવામાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. જ્ઞાનપ્રેમી કોઠારીજી ધાર્મિક અધ્યાપકો તથા જ્ઞાન પ્રત્યે ખૂબ જ બહુમાન ધરાવે છે. તેથી પાઠશાળાના કોઈપણ કાર્ય માટે રાતદિવસ તત્પર રહેતા હતા. અધ્યાપક તૈયાર કરતી શ્રી આદિનાથ જૈન તત્ત્વ પ્રશિક્ષણ કેન્દ્ર જયનગરમાં પણ પૂર્ણ રસ લઈ આ સંસ્થાને સદ્ધર બનાવી છે. શ્રી રાજસ્થાન જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જયનગરના તેઓ અધ્યક્ષ છે અને તેમના માર્ગદર્શનાનુસાર વિશાળ સંકુલ ઊભું થયું છે.

પ. પૂ. ગચ્છાધિપતિ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી મંગળપ્રભસૂરીશ્વરજી મ.સા. (ખાખીબાબા)ને પોતાના મહાન ઉપકારી ગણતા કોઠારીજી કહેતા મને બાલ્યાવસ્થામાં ચાતુર્માસમાં નવતત્ત્વ જેવા ગ્રંથનો અભ્યાસ કરાવી શ્રદ્ધાસંપન્ન બનાવ્યો. આજે હું જે કાંઈ છું તે તેમને આભારી છે.

જેમના નેતૃત્વ નીચે અનેક ધાર્મિક-સામાજિક ઉત્કર્ષનાં વિવિધ કાર્યો ચાલી રહ્યાં છે-સંપન્ન થઈ રહ્યાં છે એવા કોઠારીજીની એકજ ઇચ્છા છે કે શ્રી આદિનાથ પરમાત્માના જિનાલય (ચિકપેટ)નો જીર્ણોદ્ધાર જલ્દી પૂર્ણ થાય અને દેવવિદ્યમાન તુલ્ય જિનાલયમાં પરમાત્મા પ્રતિષ્ઠિત થાય.

પોતાની વિવેકશક્તિથી સંઘને એકતાના અતૂટ બંધનમાં બાંધી રાખવામાં એક્કા કોઠારીજીએ ઘણીવાર સંઘમાં ઉત્પન્ન કલહોને સમાવીને પ્રેમનું વાતાવરણ સર્જ્યું છે.

શ્રી આદિનાથ મંદિરજીનો ભવ્ય અમૃતમહોત્સવ અને શ્રી વિજયલબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાનો ઐતિહાસિક અમૃત મહોત્સવ પોતાના માર્ગદર્શન વડપણ હેઠળ સુંદર ઉજવાયાનો તેમને આનંદ હતો.

સંઘમાં 'ભીષ્મ પિતામહ' ગણાતા કોઠારીજી પોતાની આત્મોન્નતિ માટે પણ એટલા જ જાગૃત છે. માન-સમ્માનથી સદાય દૂર રહેતા આ શ્રેષ્ઠીવર્યે કેટલીયવાર પોતાનાં સમ્માન અને અલંકરણોને ઠુકરાવ્યાં છે. માળા પહેરવાથી પણ દૂર રહેતા આ મહામાનવે પોતાને શાસનના અદમ્ય સેવક ગણી રોજ નિયમિત વ્યાખ્યાનશ્રવણ, પ્રતિક્રમણાદિ ક્રિયા, પર્વના દિવસોમાં પૌષધતપશ્ચર્યા આદિ ઉત્સાહપૂર્વક કરવામાં સભાનપણે ભાગ ભજવ્યો છે. સાધુ-સાધ્વી પ્રત્યે અનન્ય બહુમાનવૃત્તિવાળા તેઓશ્રી ઘરમાં પણ સ્વાધ્યાય અને તપશ્ચર્યામાં જ ખાસ્સો સમય વ્યાવહારિક પ્રસંગોમાં તો કેટલાંય વર્ષોથી બિલકુલ ભાગ જ લેતા ન હતા.

બાહોશ વહીવટકર્તા -દીર્ઘદૃષ્ટિ અને કર્તવ્યપરાયણશીલ લક્ષ્મીચંદજી દેવદ્રવ્યાદિ સાતક્ષેત્રોની શાસ્ત્રીય વ્યવસ્થાના ખૂબ જ ચુસ્ત હિમાયતી છે અને કર્મચારી (સ્ટાફ) પ્રત્યે ખૂબ જ બહુમાન (કુણી) લાગણી ધરાવતા હતા. ફલસ્વરૂપ ચિકપેટમંદિર દ્વારા અનેક તીર્થો મંદિરોમાં દેવદ્રવ્યાદિની સારી રકમ અર્પણ કરેલ છે.

તેમનાં ધર્મપત્ની લક્ષ્મીબહેન પણ ખૂબ જ ધાર્મિક વિચારસરણી ધરાવતાં આરાધનાપ્રેમી સુશ્રાવિકા હતા. ૮૫ વર્ષની ઉંમરે પણ અપ્રમત્ત આરાધના તપશ્ચર્યામાં લીન હતા. ધાર્મિક પાઠશાળામાં પણ ધાર્મિક અભ્યાસ માટે નિયમિત હાજરી આપે. પૂરા પરિવારનું જીવન ધન્યવાદને પાત્ર છે. તેમનું જીવનપંખેરુ તા. ૫-૬-૨૦૦૭ના જેઠ વદ-૪ને દિવસે આ દુનિયામાંથી વિદાય લીધી પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાન દાનવીર : ધર્મપ્રેમી

## શેઠશ્રી કપૂરચંદજી ભીલોચા વોરા



સમગ્ર દક્ષિણ ભારતમાં 'દાનવીર'ના હુલામણા નામે સુપ્રસિદ્ધ શ્રીયુત શેઠશ્રી કપૂરચંદજી પૂનમચંદજી ભીલોચા વોરા (રાજ–તવાવ નિવાસી) પોતાનાં નામ અને કામથી જનમનમાં અપૂર્વ સ્થાન પામી ગયા.

સામાન્ય પરિસ્થિતિમાંથી પરિશ્રમ અને પુરુષાર્થથી શ્રીમંતાઈ સુધી પહોંચેલા આ શ્રેષ્ઠીવર્યે જીવનના અંત સુધી પોતાની પૂર્વની સામાન્ય સ્થિતિને નજર સમક્ષ રાખી બુદ્ધિ અને પૈસાને શુભ કાર્યોમાં જ વાપરવા એવા જીવનમંત્રને સાક્ષાત્કાર કરતાં દાનનો પ્રવાહ ઉદાર દિલથી મન મૂકીને વહેતો કર્યો છે.

તેમની ઉદારતા અને હૃદયની સરળતા આકાશને આંબી જાય તેવી હતી. પોતાને ત્યાં આવેલ નાનામાં નાની વ્યક્તિની સાથે પણ પ્રેમપૂર્વક વાત કરવી, તેની ભાવનાને સમજવી અને ભરપૂર મદદ કરવી તેમ જ મોટામાં મોટું દાન પણ આપીને ભૂલી જવું આવી સરળતાના સ્વામી કપૂરચંદજી ખરેખર માણવા લાયક, મહામાનવ હતા. દરેકની સાથે ખૂબ જ નિખાલસતાપૂર્વક મળવું. મનમાં મેલ ન રાખવો અને શ્રીમંતાઈનો જરાપણ ગર્વ ન કરવો આ તેમના દૈવિક ગુણો હતા.

ફેરી કરતા અને નાની દુકાનમાંથી આગળ વધતાં સમગ્ર દક્ષિણમાં સુપ્રસિદ્ધ એસ. કપૂરચંદજી ફર્મથી સિલ્ક ઉદ્યોગમાં છવાઈ ગયેલ આ કપૂરચંદજીને પુણ્યે સાથ આપ્યો. લક્ષ્મીએ જાણે પુણ્યશાળીને ત્યાં વાસ કર્યો એટલે બેંગ્લોરના દરેક દેરાસરોમાં પર્યુષણમાં હજારો મણની બોલીથી લાભ અચૂક લેતા જ.

તેમનાં સુવર્ણમય કાર્યોમાં બેંગ્લોરથી ૪૦ કિ.મી. દૂર તેમની જૈન સિલ્ક મિલ્સની વિશાળ જગ્યા ભેટ આપવા સાથે પૂ. આ. દેવશ્રી સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી એક કરોડની વિશાળ રાશિ અર્પણ કરી સમગ્ર ભારતવર્ષમાં અનુમોદના પ્રાપ્ત કરી અને સમયે સમયે ૭–૮ વર્ષના તીર્થ નિર્માણના ગાળામાં મહાન રાશિ અર્પણ કરી લાભ લેતા રહ્યા. ફળસ્વરૂપ દક્ષિણ ભારતના ગૌરવતુલ્ય શ્રી નાકોડા અવન્તિ ૧૦૮ પાર્શ્વનાથ જૈન તીર્થધામ દેવનહલ્લી આજે તેમની ગૌરવમય ગાથા ગાઈ રહ્યું છે. હજારો લોક દર્શન કરી પાવન બની અનુમોદના કરી રહ્યાં છે.

પ. પૂ. પૂર્ણાનંદસૂરિજીને પોતાના ધર્મદાતા ગુરુ માનતા કપૂરચંદજીએ તપોનિધિ આ. દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ને દક્ષિણમાં લાવવા કુંભોજગિરિથી બેંગ્લોર છ'રીપાલિત સંઘના સંઘપતિ બની લાભ લીધો અને ગુરુદેવશ્રીને વિજયપુરા ગૌશાળામાં પદાર્પણ કરાવી ગુરુદેવશ્રીની ઉંમર ૭૮ વર્ષ પ્રમાણે ૭ લાખ ૭૮ હજારની માતબર રાશિ ગૌશાળામાં અર્પણ કરી બધાને આશ્ચર્યચકિત કરી દીધા.

બેંગ્લોરના કોઈપણ દેરાસરના નિર્માણ માટે શ્રેષ્ઠીનો સહયોગ હંમેશાં ભરપૂર રહેતો. લગભગ દરેક મંદિરોમાં ભૂમિપૂજન શિલાન્યાસ યા ભગવાન ભરાવવામાં તેમનો ફાળો ન હોય તેવું બન્યું નથી. પ્રતિમા ભરાવવાનો ખૂબ જ શોખ હતો તેથી જ દરેક જગ્યાએ જિનબિંબો ભરાવી લાભ લીધો.

સરળ મનવાળા શ્રેષ્ઠીવર્યને જીવદયા સાધર્મિકભક્તિ-જ્ઞાન આદિ દરેક ક્ષેત્રો પ્રત્યે અનન્ય પ્રેમ હતો. તેથી જ સ્કૂલ–હાઈસ્કૂલ હૉસ્પિટલ આદિમાં પણ લાભ લેવાનું ચૂક્યા નથી. તેમ જ ઇતર લોકોનાં પણ દરેક કાર્યોમાં શેઠશ્રી અવશ્ય ફાળો આપતા જ.

આ. દેવ શ્રી પદ્મસાગરસૂરિજી, ભદ્રગુપ્તસૂરિજી, ભુવન-ભાનુસૂરિજી, હેમપ્રભસૂરિજી, પદ્મસૂરિજી આદિ દરેક પૂજ્યોના ભરપૂર આશીર્વાદ પામેલા શ્રીયુત્ કપૂરચંદજીને દરેક પૂજ્યો સમયે–સમયે યાદ કરી લાભ આપતા અને કહેતા કે "આવા સરળ નિષ્કપટ ઉદારમનવાળા દાનવીર શોધ્યા ય ન જડે."

લાભ લેવા સામે ચડીને દોડી જતા કપૂરચંદજીએ પોતાના ગામ તવાવમાં આયંબિલ ખાતા નિર્માણનો લાભ લીધો છે તો બેંગ્લોરથી દેવનહલ્લી છ'રીપાલિત સંઘનું ભવ્ય આયોજન અને દેવનહલ્લી તીર્થમાં પોષદશમીના પ્રથમ મેળાનું ભવ્ય આયોજન ઉદારતાપૂર્વક કરી તીર્થપ્રેમને પ્રદર્શિત કરેલ.

પાલિતાણાની પુણ્યભૂમિમાં બેંગ્લોર આરાધના ભવનમાં ટ્રસ્ટી અને દાનદાતા તરીકે ખૂબ જ લાભ લેતા શેઠશ્રીએ પોતાના ઉપકારી ગુરુદેવની સ્મૃતિમાં પૂર્ણાનંદસૂરિ હોલનું નિર્માણ કરી ગુરુ પ્રત્યેના પ્રેમને દર્શાવ્યો છે.

તીર્થપ્રેમી કપૂરચંદજીની એક જ ધગશ હતી કે આ બેનમૂન તીર્થ જલ્દી પૂર્ણ થાય અને પ્રતિષ્ઠા કરાવી ૧૦૮ ધ્વજા લહેરાવીએ. પોતાના ગૃહાંગણે રોજ ૪–૪ કલાક આરાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા શેઠશ્રીએ તીર્થ માટે પોતાના શરીરની પણ પરવા ન કરી. રાત્રે ૨-૨ વાગ્યા સુધી અખંડ રીતે તીર્થભક્તિમાં વ્યસ્ત શેઠશ્રી પ્રતિષ્ઠાની તૈયારીમાં જ પ્રતિષ્ઠાના ત્રણમાસ પૂર્વ સ્વર્ગે સિધાવ્યા. બેંગ્લોરના સમગ્ર સંઘે પાલખી કાઢી આ મહાન દાનવીરને પોતાની અનન્ય શ્રદ્ધાંજલિ અર્પિત કરી. તેમનાં ધર્મપત્ની પકુબેન, પુત્ર રાજેશભાઈ-રવિભાઈ પણ એટલાં જ ધર્મનિષ્ઠ નીકળ્યાં કે પિતાશ્રીની અંતિમ ઈચ્છા પૂર્તિહેતુ ત્રણ મહિનામાં જ મુહૂર્ત અનુસાર ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં દિલ ખોલીને લાભ લીધો. ફૂલેચૂંદડી-ભગવાન બિરાજમાન આદિ અને ધ્વજાનો તો ચઢાવો એક કરોડ ૧ લાખ રૂા. રેકોર્ડ લાભ લઈ ઈતિહાસનું સર્જન કર્યું. લોકો બોલી ઊઠ્યા ધન્ય દાનવીર! ધન્ય પરિવાર!

વિશાળ સંઘયાત્રાની ભાવનાવાળા શેઠશ્રી એક જ ઈચ્છતા કે આ દાનની ગંગા મારા પરિવારમાં નિત્ય વહેતી રહે. ખરેખર તેમનો પરિવાર પણ તેમની ભાવનાને પુષ્ટિ આપી રહ્યો છે.

*જૈનજગતના અજોડ-બેજોડ*

*સર્વશ્રેષ્ઠ વિધિકારક-પ્રાધ્યાપક*

## શ્રી સુરેન્દ્રભાઈ સી. શાહ 'ગુરુજી'

કવિતા બનાને કે લિયે કલા ચાહિયે,<br>
કવિતા ગાને કે લિયે ગલા ચાહિયે,<br>
કિસી મહોત્સવ મેં યદિ ચાર ચાંદ લગાના હૈ,<br>
તો સુરેન્દ્રભાઈ ગુરુજી કો અવશ્ય બુલાના ચાહિયે.



આ કોઈ કાવ્યની પંક્તિ નથી પણ ધર્મીજનોના હૃદયની નીકળેલી સત્યોક્તિ છે. દક્ષિણ ભારત જેનાં ગામ અને કામથી પ્રત્યેક ગામ-નગરમાં નાનાં-મોટાં સૌ પ્રભાવિત છે એવા વિધિકારક શ્રી સુરેન્દ્રભાઈ 'ગુરુજી'ના હુલામણાં નામથી જાણીતા અને માનીતા છે. ભારતભરમાં જે પાઠશાળાની પ્રશંસા અને અનુમોદના થાય છે તે બેંગલોરની શ્રી લબ્ધિસૂરિ પાઠશાળાનાં મુખ્ય પ્રાધ્યાપક શ્રી સુરેન્દ્રભાઈ-ગુરુજી ખરા અર્થમાં એક વ્યક્તિ નથી પણ સંસ્થા છે. ચાલતું-ફરતું જાગતું એક મિશન છે.

બનાસકાંઠાના નાના સરખા થરા ગામમાં માતુશ્રી મધુબહેન ચૌથાલાલના સુપુત્ર છે. માત્ર ૧૩ વર્ષની ઉંમરે મહેસાણા શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં પ્રવેશ મેળવીને સંસ્કૃત-પ્રાકૃત વ.માં ઉચ્ચ અભ્યાસ કરીને બેંગલોર ચીકપેટની શ્રી વિજયલબ્ધિસૂરિ પાઠશાળામાં અધ્યાપક તરીકેના કાર્યમાં ઓતપ્રોત થયા અને ત્યારબાદ વિધિકારક નથમલજી ભગત અને શ્રી તિલકભાઈનાં માર્ગદર્શન-નિર્દેશન હેઠળ વિધિ-વિધાનોનો શુભારંભ કર્યો.

વર્ષો પહેલાં પૂ.આ. દેવ વિક્રમસૂરિ મ.સા. તથા પૂ. બહેનમ.સા. બેંગલોર વી.વી. પુરમ અંજનશલાકા મહોત્સવમાં સંગીતકાર વિના પણ કલ્યાણકોની ભવ્યતાથી ઊજવી શકે તેની તલાશમાં હતા. આવા સમયે શ્રી સુરેન્દ્રભાઈ દ્વારા વિધિ-વિધાન સ્ટેજ પ્રોગ્રામ વ. સાથે ખૂબ સફળતાપૂર્વક મહોત્સવસુસંપન્ન થયો. આ તેઓશ્રીની પ્રથમ સફળતા હતી. ત્યાર બાદ જાલોર (રાજસ્થાન) કીર્તિસ્તંભ અંજનશલાકા કરી જે તેમની પોતાની સૂઝ-બૂઝ અને કુનેહથી સ્વતંત્ર રીતે ઐતિહાસિક સ્વરૂપે સફળ કરી, જેના ફળ સ્વરૂપે શ્રી સંઘે 'ગોલ્ડમેડલ'થી સમ્માનિત કર્યા. વિધિ-વિધાનો મુજબ નવાંનવાં પૂજનોનો આવિષ્કાર કરવાની તેમની સૂઝ-બૂઝ અને શોખ છે.

અદ્‌ભૂત વાક્‌શક્તિ, કાવ્યમય શૈલી, મનમોહક વ્યક્તિત્વ, સૌને પ્રભુભક્તિમાં જોડવાની તીવ્ર તાલાવેલી જેવા અનેક વિવિધ ગુણસંપન્ન ગુરુજી સમગ્ર દક્ષિણભારતમાં છવાયેલા છે. પ્રત્યેક સંઘે તેમનો અનુભવ, માર્ગદર્શન લઈને મહોત્સવ અને મહાપૂજનોમાં અપૂર્વ ભક્તિનો લહાવો લેવા તત્પર રહ્યા છે.

તનતોડ મહેનત, અનુશાસન અને સુવિશુદ્ધ વિધિ એ તેમનું ધ્યેય, લક્ષ અને સંકલ્પ છે. પ્રત્યેક વિધિમાં મહોત્સવ મહાપૂજનોમાં સતત જાગૃતિ એ તેમના સફળ કાર્યમાં સોનામાં સુગંધ સમાન રહ્યા છે. એક જ દિવસમાં પંચકલ્યાણક મહોત્સવ કરાવનાર ભારતવર્ષના આ એક જ વિધિકારક છે જે એક જ દિવસનાં જુદાં જુદાં સ્થળો પર સવારના પાંચથી સાંજના પાંચ સુધી પૂજન ભણાવવાની ક્ષમતા ધરાવે છે. સવિશુદ્ધવિધિકારક હોવાની સાથે તેઓ શ્રેષ્ઠ કલાકાર પણ છે. કલ્યાણકો હોય કે ચડાવાઓ હોય, મહોત્સવ હોય કે મહાપૂજનો, તપસ્યામાં પણ કલાકોના કલાકો સુધી પાણી વિના સ્ટેજ પર અપૂર્વ પ્રભુભક્તિ કરાવી ધર્મીજનોનાં મન જીતી શક્યા છે. પાલિતાણામાં શ્રી નિત્યચંદ્રદર્શન ધર્મશાળામાં વિશાળ ચાંદીની પ્રતિમાની અંજનશલાકા સમયે ૫૦૦-૫૦૦ પૂ. સાધુ-સાધ્વીજીઓ તેમના અપૂર્વ ઉલ્લાસપૂર્વકનાં વિધિ-વિધાનો અને કાર્યક્રમોથી આશ્ચર્યચકિત થયાં છે. તેજ સમયે પૂ. આ. દેવ, ચંદ્રાનન-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરીશ્વરજીએ વિશાલ સંઘ સમક્ષ ભારતભરના 'સર્વશ્રેષ્ઠ વિધિકારક' તરીકેની ઘોષણા કરી સમ્માનિત કરાવ્યા છે.

બેંગલોરમાં તેઓશ્રીએ પોતાના સ્વદ્રવ્યથી જિનમંદિર પણ કરેલ છે. પૂ. ગુરુજી ખૂબ પ્રભાવશાળી અને પુણ્યવંતા વિધિકારક છે જેમણે—

(૧) શ્રી અષ્ટાપદ તીર્થ, રાણી, (૨) શ્રી ચમત્કારી તીર્થ બાકરા રોડ, (૩) શ્રી પ્રેરણાતીર્થ, અમદાવાદ, (૪) શ્રી ભેરુતાકતીર્થ, (૫) શ્રી શંખેશ્વરધામ–ઝારખંડ, (૬) શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ, દેવનહલ્લી (બેંગલોર), (૭) શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ–દેવનહલ્લી (બેંગલોર), (૮) શ્રી માલગાંવ તીર્થ, (૯) શ્રી પાર્શ્વલબ્ધિધામ (બેંગલોર), (૧૦) ગોડીજી તીર્થ, (૧૧) જીરાવાલા તીર્થ, ઓસ્તરા તીર્થ સમેતશિખર તીર્થ તથા (૧૨) ચાર ભૂજા તીર્થ. વ. અનેક પ્રભાવિત તીર્થોની અંજનશલાકા એમનાં વિધિ–વિધાનોથી સુસંપન્ન થઈ છે.

અભિમાન–માન–સમ્માનથી અલિપ્ત એવા સ્વાધ્યાય-પ્રેમી–વિધિકારક કલાકાર તપસ્વી પણ છે. સ્વ. પૂ. માતુશ્રીનાં ૧૭ વર્ષી તપથી પ્રેરણા મેળવીને માત્ર પાંચ દ્રવ્યથી ૧૯મા વર્ષી તપની તપસ્યા પ્રસન્નતાપૂર્વક કરી રહ્યા છે. દિવસના ૧૮, ૧૮ કલાક સુધી ધર્મકાર્ય, વ્યવસાય, પાઠશાળા વ. માં ઓતપ્રોત રહેતા પૂ. ગુરુજીએ અનેક વિધિકારકોને તૈયાર કર્યા છે. પાઠશાળાની બાલિકાઓને મહાપૂજનોમાં કાર્યવિધિ કરતાં જોઈને સૌ કોઈ દંગ રહી જાય તેવી કેળવણી અને સંસ્કાર તેમના દ્વારા અપાયાં છે. ૩૮ વર્ષના તેમના પ્રાધ્યાપક તરીકેની સેવા દરમ્યાન ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચુક્યા છે, જ્યારે ૭૫ ભવ્યાત્માઓ સંયમી બન્યા છે. આજ સુધીમાં તેઓ દ્વારા ૨૦૦ અંજનશલાકા અને ૨૫૦ પ્રતિષ્ઠા તથા સેંકડો પૂજનો અદ્‌ભૂત રીતે થયાં છે. જેઓએ તેમને મહાપૂજનોની વિધિ કરતાં જોયા છે, સાંભળ્યા છે. તેઓએ ખરેખર આનંદની અદ્‌ભૂત અનુભૂતિને પામ્યા છે. શ્રી અર્હત્ મહાપૂજન તથા શ્રી ભૈરવપૂજન તેઓશ્રીનાં વિશિષ્ટ ભવ્ય આયોજનો છે.

એક વ્યક્તિને અનેક ગુણ, અનેક રૂપ સ્વરૂપે નિહાળવા, માણવા હોય તો પૂ. શ્રી સુરેન્દ્રભાઈ ગુરુજીમાં જોઈ શકાય. સદાય પોતાનાં કાર્યોમાં મસ્ત, પ્રસન્ન, સાધના–આરાધનામાં ઓતપ્રોત પૂ. ગુરુજીએ ૨૫ વર્ષોથી પગમાં ચંપલ પહેર્યાં નથી. ૪૦ વર્ષની ઉંમરથી બ્રહ્મચારી. ભૂમિશયનના આગ્રહી પૂ. ગુરુજીએ અનેક પુસ્તકોનું સંપાદન–પ્રકાશન પણ કરેલ છે. અનેક બોધ–ઉપદેશકરૂપ ધાર્મિક નાટકો લખનાર તેઓએ બાળકો દ્વારા અતિ ભવ્ય રીતે ભજવીને બાળકોમાં રહેલા ગુણોને અભિવ્યક્ત કરાવ્યા છે.

બેંગલોરનાં તમામ ક્ષેત્રો પૂ. ગુરુજીના ધાર્મિક પ્રભાવ અને માર્ગદર્શનથી જોડાયેલા છે. તેમના કેટલાક કાર્યક્રમોએ તો બેંગલોરનાં ઈતિહાસમાં ચિરસ્મરણીય રૂપે સ્થાન મેળવ્યું છે. અનેક ગુરુ ભગવંતો દક્ષિણ ભારત છોડે ત્યારે તેમની અદ્‌ભુત સેવા, લાગણી, ભાવનાને સ્મૃતિપટમાં લઈને જાય છે.

વિશ્વપ્રસિદ્ધ લબ્ધિસૂરિ પાઠશાળાના અમૃત મહોત્સવ સમયે રૂ.। દોઢ કરોડની ધનરાશિ એકઠી કરીને ભારતમાં રેકોર્ડ બનાવ્યો છે તો મહેસાણાની પાઠશાળા તેમની માતૃસંસ્થાના અમૃતમહોત્સવ શતાબ્દી સમયે રૂ।. ૨૫ લાખની રાશિ બેંગલોરથી એકત્રિત કરીને હૃદયપૂર્વક ઋણ અદા કરવાની સાથે કીર્તિમાન બન્યા છે માટે જ કહેવાય છે કે—

ના હર મજાર પર યાદોં કે દીપ જલતે હૈં,
ના હર સીપ પે મોતી સદા નીકલતે હૈં,
વસંત જિસકે મહેકનેસે ધન્ય હો ગયા,
એસે સુરેન્દ્રભાઈ જૈસે સદિયોં કે બાદ મિલતે હૈં.

મુંબઈમાં પૂ. ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૧૦૦૮ સજોડે સાથે લાલ વસ્ત્રોમાં શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ પૂજન પણ તેઓએ ભણાવેલ. જે જૈન ઈતિહાસમાં પ્રથમવાર થયેલ.

*પ્રેષક : અમીબેન કિરીટભાઈ શાહ, બેંગ્લોર.*

## શ્રીમતી શાન્તાબહેન ખીમરાજજી બરલોટા (આઉવા રાજ.)

સાધર્મિક ભક્તિનો આદર્શ એટલે જ શાન્તાબહેન–સાદગીનું પ્રતીક એટલે જ શાન્તાબહેન......રાજસ્થાન આઉવા નિવાસી ધર્મપ્રેમી ખીમરાજજી બરલોટાનાં ધર્મપત્ની શાંતાબહેન જૈનશાસનનું અણમોલ રત્ન છે. સાધુ–સંતોની આદર્શ માના અર્થમાં તેમણે નામ સાર્થક કર્યું છે. એકપણ દિવસ કે ટંક એવો ન જવો જોઈએ કે સાધુ–સાધ્વીજી પોતાને ત્યાં લાભ માટે ન પધારે–તેવા દૃઢ આગ્રહી છે. કોઈપણ સંત હૉસ્પિટલમાં યા વિહારમાં હોય, બિમાર હોય તેવા સમાચાર મળતાં જ ગોચરી લઈ હાજર થતાં તેઓ ખૂબ જ ઉત્કૃષ્ટ ભાવથી સારામાં સારી વસ્તુઓથી ભક્તિ કરે છે. કયારેય પણ કંટાળ્યા વગર પોતાની બબ્બે પુત્રવધૂઓ સાથે જ્યારે પણ જાઓ ત્યારે રસોઈ તૈયાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ હોય અને ભક્તિ માટે આગ્રહ હોય જ. મ.સા. પાસે પણ જઈ મહેમાનોને માટે પોતાને ત્યાં જ મોકલવા આગ્રહ કરતાં પૂરો પરિવાર ધર્મના રંગે રંગાયો છે. પોતાના સુપુત્ર મૂકેશને શાસનને અર્પણ કરી પૂ.આ.દેવશ્રી પદ્મસાગર, સૂરીશ્વરજી મ.સા.ના ચરણોમાં સમર્પિત કરી ધન્ય બનેલ છે જે આજે પૂ. ગણિવર્ય જ્યોતિર્વિદ અરવિંદસાગરજી મ.સા. તરીકે સુપ્રસિદ્ધ છે. અમદાવાદથી પાલિતાણા છ'રી પાલિત સંઘના તેઓ સંઘવી હતા. પોતાના ગૃહાંગણે શ્રી મુનિસુવ્રત જિનાલયનું નિર્માણ કરાવી પ્રતિદિન સ્વદ્રવ્યે-સ્વહસ્તે ખૂબ જ ઉત્કટભાવથી પરમાત્મ ભક્તિ કરે છે. પાઠશાળામાં પણ ખૂબ જ ઊંચાં કર્મગ્રંથ-તત્ત્વાર્થ આદિનો અભ્યાસ કરેલ છે.

## સ્વ. શ્રીમતી મધુબહેન ચોથાલાલ શાહ

તપસ્યા અને તપસ્વી નામ પડતાં મધુબહેનનું નામ યાદ આવ્યા વગર રહે જ નહીં. બેંગ્લોર પાઠશાળાના પ્રાધ્યાપક સુરેન્દ્રભાઈ સી. શાહનાં માતુશ્રી મધુબહેન એટલે તપસ્યાની હાલતીચાલતી જીવંત પ્રતિકૃતિ. ગામડાગામમાં જીવન વિતાવવા છતાં બેંગ્લોરના ૩૦ વર્ષના વસવાટ દરમ્યાન ક્યારેય ખુલ્લું મોઢું રાખ્યું નથી. બબ્બે વખત જીવલેણ મોતના મુખમાં જવાની તૈયારી છતાં પણ તપમયજીવન રાખ્યું. ૧૭-૧૭ વર્ષોનાં વર્ષીતપના આ આરાધિકાએ વચ્ચે છઠ છઠથી વર્ષીતપ કર્યું. તેમજ ચાલુ તપસ્યામાં પ્રતિવર્ષ ૫૧ ઉપવાસ-માસક્ષમણ-શ્રેણીતપ-સિદ્ધતપ-ચત્તારી અટ્ઠ તપ-મોક્ષદંડક-૧૩ કાઠિયાતપ જેવી ભીષણ તપસ્યાઓ કરી. પર્યુષણમાં તો અટ્ઠાઈ સાથે ૬૪ પ્રહરી પૌષધ હોય જ તે સિવાય રોહિણી તપ-જ્ઞાનપંચમી-બીજ-મૌન એકાદશી-વીશસ્થાનક ઓળી-નવપદ ઓળી આવી નાની તપસ્યા કે જે એમણે બાકી રાખી હોય. પાંચ-પાંચ નવાણું યાત્રા-ત્રણ-ત્રણ ચાતુર્માસ, અનેક છ'રી પાલિત સંઘ. છેલ્લે ૭૫ વર્ષની ઉંમરે પણ ચાલુ વર્ષીતપમાં લકવો થઈ જતાં દવા લેવા ખૂબ જ મુશ્કેલીએ પારણું કરાવ્યું. પોતાનાં સુપુત્રી ભાનુને દીક્ષા અપાવી રામચંદ્રસૂરીશ્વરજી સમુદાયમાં સમર્પિત કરી. પૂ.સા. શ્રી ઉજજ્વલ જ્યોતિશ્રીજી તરીકે પ્રસિદ્ધ કર્યાં. પોતે પણ નિરંતર દીક્ષા લેવા જ આગ્રહ કરતાં હતાં. દૈનિક આરાધનાઓમાં ક્યારેય છૂટ નહીં.....પૂરા પરિવારને પણ ધર્મ સંસ્કારોથી વાસિત બનાવ્યો. મહામંત્રની આરાધનામાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો.

❑

## સ્વ. સંઘવી જશરાજજી ખુમાજી
## સ્વ. કસ્તુરબેન જશરાજજી
## (રાજ.-તવરી) બેંગ્લોર

૩૨-૩૨ વર્ષોના સજોડે અખંડ વર્ષીતપના આ આરાધક આ દંપતી ખરેખર આદર્શમય જીવન જીવી ગયા. સાદગીનાં પ્રતીકોએ પોતાના ગૃહાંગણે શાંતિનાથ ભગવાનનું ભવ્ય મંદિર બનાવ્યું. સમેતશિખરનો સ્પેશલ ટ્રેનથી સંઘ કાઢ્યો. અનેક ધાર્મિક કાર્યોમાં લક્ષ્મી વ્યય કરી. દૈનિક આરાધનામાં તત્પર, જશરાજજી કોઈપણ મહાત્માને ચાતુર્માસ વિનંતી કરવામાં અને સંઘના કાર્યોમાં અગ્રગણ્ય હતા. આયંબિલ ખાતામાં તપસ્વીઓની ભક્તિ કરતાં તેમને અપૂર્વ આનંદ આવતો. વર્ષીતપમાં પણ પર્વતિથિએ આયંબિલ કરતા દરેક ગુરુવર્યોની સુંદર ભક્તિ કરવી તેમનો આદર્શ હતો. દર વર્ષે તપસ્વીઓનાં પોતાનાં ઘેર પારણાં કરાવી ખૂબ ભક્તિ કરતાં. વૃદ્ધ ઉંમરે પણ કસ્તુરબેન પાઠશાળા મંડળ આદિ ક્યારેય ન ચૂકતાં. પરિવારને પણ ધર્મસંસ્કારો અને નવ સંસ્કારોથી વાસિત બનાવ્યો છે. વર્ષીતપ સાથે અનેક મોટી તપસ્યા પણ કરતા.

## શ્રીમતી સુંદરબહેન ઘેવરચંદજી
## દાંતેવાડિયા (રાજ.-માંડવલા) બેંગ્લોર

શરીરમાં ભારી પણ સદાય ઉત્સાહી.....શરીર બિમારીગ્રસ્ત પણ મનોબળનાં પાકાં આ શ્રાવિકા ખરેખર અનુમોદનીય શાસનભક્તિ ભરેલ શ્રાવિકા છે. પૂ. આ. દેવશ્રી અશોકરત્નસૂરીશ્વરજી મ.સા.ના પરિચયથી ધર્મપ્રાપ્ત તેઓ તેમને ધર્મગુરુ માને છે. ગુરુદેવના ૧૦૦ ઓળીના બેંગ્લોરમાં પારણાં પ્રસંગે તેમણે કરેલ ગુરુભક્તિનો આદર્શ દરેક માટે અભિનંદનીય હતો. સોનાની થાળી, સોનાની ચમચીથી ગુરુદેવને વહોરાવ્યું. ઉદ્યાપન મહોત્સવ દરેક લાભ લીધો. પ્રતિવર્ષ બેંગ્લોરના સમસ્ત ગુરુજીઓની અપૂર્વ ભોજનભક્તિ કરી બહુમાન કરે છે. સાધુ તેમજ સાધ્વીજી ભગવંતો પ્રત્યે અનન્ય પ્રેમ ધરાવતાં તેઓ શારીરિક પ્રતિકૂળતા છતાં દરરોજ પાંચમંદિર દર્શન કરે છે. કોઈપણ શ્રમણના પધારવાના સમાચાર સાંભળી તરત જ ભક્તિ-લાભ માટે પહોંચી જાય છે. શાસનનાં દરેક કાર્યોમાં વધતા પરિણામે અવશ્ય લાભ લે જ છે. છાણીમાં ઉપાશ્રય નિર્માણ તેમજ સાવત્થી તીર્થમાં અપૂર્વ લાભ લીધો છે. નિરંતર દાનની ગંગા વહાવતાં હોવાં છતાં સાધર્મિક ભક્તિમાં વિશેષ રસ લે છે. પરિગ્રહ ન વધારતાં પુણ્ય વધારવું તેમનું લક્ષ્ય છે. વર્ધમાનતપની ઓળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવપદ ઓળી આદિ તપ કરેલ છે અને ખૂબ જ સારાં કાર્યો કરવા શ્રેષ્ઠીવર્ય ઘેવરચંદજીને તેઓ પ્રેરણા આપે છે.

## શ્રીમતી રુકિમણિબહેન મિશ્રીમલજી

તપોમૂર્તિ રુકિમણીબહેને જીવનમાં ઘણી લીલીસૂકી જોવા છતાં પોતાની આરાધનામાં ક્યારેય ઓટ આવવા દીધી નથી. નાની ઉંમરે પતિની વિદાય છતાં કુટુંબના છત્રધાર બની પરિવારમાં સંસ્કારોનું દાન કર્યું. પોતાની સામે પુત્રની વિદાય, પુત્રવધૂની વિદાય–જમાઈની વિદાય છતાં ધર્મમાર્ગમાં દૃઢ બની રત રહ્યાં. પૂ. આ. દેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.નાં કૃપાપાત્ર રુકિમણિબહેન ભક્તામરપ્રિય પરિવાર છે. પોતાના જીવનમાં કેટલાંય વર્ષીતપ તથા દરેક તપસ્યા કરી છે. તબિયત સાનુકૂળ ન હોવાં છતાં એક પણ તપસ્યા બાકી રાખી નથી. તપસ્યાનું લિસ્ટ કરીએ તો પેજ ભરાય. લિસ્ટ વાંચીને તો ઈતિહાસ લાગે અને મનમાં થાય કે આવા પણ તપીસ્વિની હોય છે ખરાં. ખૂબ જ અનુમોદના–તપસ્વીની

*આદર્શ શ્રાવિકારત્ન*

## શ્રીમતી ભંવરીદેવી ઘેવરચંદજી સુરાણા

રાજસ્થાન વાલરાઈ નિવાસી હાલ બેંગ્લોર માઈક્રોલેબ્સવાળાં ભંવરીબહેન ગરીબાઈમાંથી સમૃદ્ધિના શિખર સુધી પહોંચેલ. આ સન્નારીની ગૌરવગાથા અનોખી છે. સદાય હસતું મુખ, કરુણાભરી આંખો, કંઈક કરી છૂટવાની તમન્ના જેમનાં રોમરોમમાં છે તેવાં સાધુ–સાધ્વીજી પ્રત્યે અનન્ય બહુમાન ધરાવતાં તેઓએ પોતાના જીવનને સુકૃતથી સભર બનાવ્યું છે, તો પરિવારને પણ ધર્મના રંગે રંગ્યો છે. દાનની ગંગા વહાવી અનોખો ઈતિહાસ સર્જ્યો છે. લક્ષ્મીની છોળો ઊછળતી હોવાં છતાં સદાય નિર્લિપ્ત આ પુણ્યશાળીને જોતાં હૃદયમાં અનોખા ભાવ પેદા થાય છે. સિદ્ધગિરિરાજની ભવ્ય નવ્વાણું યાત્રા આયોજન.....તો અનેક જગ્યાએ મૂર્તિઓ ભરાવવાનો લાભ, દરેક ઠેકાણે જિનાલય નિર્માણમાં ભરપૂર લાભ લીધો છે. ગુપ્ત દાનમાં વિશેષ માનતાં ભવરીબહેન સુરાણા કોલેજ હોસ્પિટલ આદિનાં પ્રેરક તો છે જ સાથે કોઈ પણ સાધુ–સાધ્વીજી ભગવંતોને વિહાર કરી આવતાં સાંભળે કે ટિફિન લઈ ગાડીમાં નીકળી પડતાં તેમને અપૂર્વ આનંદ થાય છે. પોતાની વિશાળ દવાઈની ફેકટરીમાં પણ સાધર્મિક ભાઈઓને વિશિષ્ઠ સગવડો પૂરી પાડે છે. પોતાના જ ઘરના સદસ્યની જેમ રાખે છે. તેને રાત્રિ ભોજન ન કરવું હોય તો સગવડ પૂરી પાડે છે. ગુપ્ત રીતે તેની વિશિષ્ઠ ભક્તિ કરે છે. કોઈપણ સાધર્મિકને આર્થિક મદદ માટે સદા તત્પર રહે છે. શ્રીયુત શેઠશ્રી ઘેવરચંદજી ધંધામાં રત રહેતા હોવાથી ભંવરીબહેન પૂરી રીતે લાભ લે છે. પોતાના બન્ને સુપુત્રો દિલીપકુમાર તથા આનંદકુમાર તેમજ પુત્રવધૂઓને પણ તેઓએ પ્રેમમય રીતે ધર્મમાર્ગમાં જોડેલ છે. તેથી જ ઘરમાં પણ ધર્મમય–પ્રેમમય વાતાવરણ સર્જિત થયું છે. આજના યુગનાં અનુપમાદેવી એટલે ભંવરીબહેન.

## સ્વ. શ્રીમતી કુસુમબહેન બાબુભાઈ

શુભ્ર–સફેદ વસ્ત્રોમાં શોભતાં. સાધર્મિક બહેનોની મા એટલે જ કુસુમબહેન. આર્થિક રીતે ખૂબ જ સુદૃઢ ન હોવાં છતાં હૃદયની વિશાળતા અને ઉદારતાના પ્રતીક કુસુમબહેન સાધર્મિક બહેનો માટે બધું જ કરી છૂટવાની તમન્નાવાળાં હતાં. પોતાના ઘરમાં ગૃહઉદ્યોગ–મંડળ આદિ ચલાવી અનેક બહેનોને મદદ રૂપ બનેલ છે. મોટી ઉંમરે પણ કામ કરવામાં કંટાળો નહીં અને ભક્તિમાં ક્યારેય પાછાં નહીં. પોતાના સુપુત્ર શરદને શાસનને અર્પણ કરી આનંદિત બનેલાં કુસુમબહેનને પોતાની ત્રણત્રણ સુપુત્રી–બે બે કામવાળી અને પોતાના પૌત્રને પણ સંયમિત બનાવ્યાં છે. પોતાનો સુપુત્ર જૈનશાસનનો કોહિનૂર હીરો પૂ. આ. દેવશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા. બની શાસનની ખૂબ જ પ્રભાવના કરી રહેલ છે. અંતિમ અવસ્થામાં પણ હોસ્પિટલમાં પોતાના પૌત્રને શાસનને સમર્પિત કરવા લાલાયિત કુસુમબહેન ખુદ પણ સંયમનાં અભિલાષી હતાં, તેથી જ અંતસમયે હાથમાં ઓઘો લઈ પ્રાણ છોડ્યા. સંયમઅભિલાષી કુસુમબહેન ગુણાનુરાગી–શ્રદ્ધાશીલ–ભક્તિવંત પ્રભુભક્તિના અનન્ય ઉપાસક–સાધર્મિક પ્રેમી. આ ગુણિયલ મહિલા ખરેખર ભાવનગર અને બેંગ્લોરનું આદર્શ શ્રાવિકારત્ન હતાં.

સંસારનાં સંયમી

## શ્રીમતી સુંદરબહેન નેમિદાસ ભેદા



તેમનું જીવન જ્ઞાનયોગ અને ભક્તિયોગના સંમિશ્રણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. સંસારમાં રહી વિરક્ત ભાવે આત્મ-કલ્યાણ સાધનાર સુંદરબહેન નેમિદાસ જલકમલવત્ જીવન વિતાવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદરબહેન ભુજપુર–કચ્છમાં મહાવદ તેરસ ૧૯૨૫ના ગાંગજીભાઈ સાવલાના કુળમાં માતા હંસાબાઈની કૂખે જન્મ્યાં. બે ભાઈ અને બે બહેનો સહિતનો તેમનો પરિવાર ધર્માનુરાગી, અપિરિગ્રહી, સંતોષી છે. બન્ને ભાઈઓ વિપશ્યના–ધ્યાન-સાધનાના વરિષ્ઠ પ્રણેતા છે.

૨૧ વર્ષની ઉંમરે ગાંગજી ખીંમશી ભેદાના પુત્ર નેમિદાસ ભાઈ સાથે વિવાહ થયા. ૨૩ વર્ષની ઉંમરે પુત્ર જન્મ્યો પણ ૩ા વર્ષની કોમળ ઉંમરે માતાના ખોળામાં નવસ્મરણ સાંભળતા મૃત્યુ પામ્યો. પ્રસૂતિ ખબૂ તકલીફદાયી હતી. મૃત્યુના મુખમાંથી પાછાં ફર્યાં હતાં. આ પ્રસંગોએ ધર્મરુચિ વિશેષ વધારી. તેમનાં નિત્યકર્મમાં પરિવર્તન આવ્યું. નવકારશી, ચોવિહાર, પ્રતિક્રમણો, જિનદર્શન–પૂજા અને તપ જીવનનાં અંગ બની ગયાં. તેમની જ્ઞાનપિપાસા જાગૃત થઈ અને પાનાચંદભાઈ પંડિતજી પાસે ધર્માભ્યાસ પઠન–પાઠન–ચિંતન શરૂ થયું.

જીવનમાં જાણે જ્ઞાનદીપકનું તેજ પ્રગટ્યું. પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વ–દંડક, લઘુસંગ્રહણી, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ (૫ અર્થ સાથે) તત્ત્વાર્થસૂત્ર (અર્થસહિત) બૃહત્ સંગ્રહિણી (અર્થ સાથે) લઘુ ક્ષેત્ર સમાસ (અર્થ સહિત) સમોવસરણ પ્રકરણ, ૬૭ બોલની સજ્ઝાય, વૈરાગ્યશતક, શત્રુંજય લઘુકલ્પ, વીતરાગ સ્તોત્ર, ગૌતમઅષ્ટક, સંબોધસિત્તરી, પુણ્ય પ્રકાશનું સ્તવન જેવો અભ્યાસ કરતાં ગયાં.

બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, પૂનમ, ઓળા, વિશસ્થાનક તપ, ૩ ઉપધાન, ૯૯ યાત્રા સહિતનાં તપ વિધિ સાથે કરતાં રહ્યાં.

તેમના પતિનો ધર્મારાધના સદૈવ સાથ રહ્યો છે. તેથી જ ૨૭ વર્ષ પહેલાં તેઓએ ચતુર્થવ્રત અંગીકાર કર્યું. પતિ પણ ધાર્મિક અનુષ્ઠાનોમાં પ્રેરિત, પ્રોત્સાહિત કરતા રહ્યા અને સ્વયં સંપૂર્ણ સહકાર આપ્યો.

તેઓ પોતાના જીવનના ત્રણ પ્રેરણાદાયી પ્રસંગોને મહત્ત્વ આપે છે.

(૧) શાંતાબહેન (નાનાં નણંદ-સાધ્વીશ્રી નિર્મલગુણાશ્રીજી)ની દીક્ષા

(૨) પૂ. લક્ષ્મણસૂરિનાં વ્યાખ્યાનો

(૩) પાનાચંદભાઈએ આપેલ ધર્મજ્ઞાન

તેઓ ભદ્રંકર વિજયજીને ગુરુ માને છે. તેઓ બારવ્રતધારી શ્રાવિકા છે. જ્ઞાન–ભક્તિ વૈયાવચ્ચ, દાન જીવનમાં ઓતપ્રોત બની ગયાં છે. પોતાને પ્રાપ્ત થયેલી આંતરિક સમૃદ્ધિ પોતાના પૂરતી સીમિત ન રાખતાં તેની પ્રભાવના કરતાં રહ્યાં. સુપાત્રદાન, સાધર્મિકભક્તિ, અનુકંપાદાન બધું જ નિર્મળ પ્રવાહ રૂપે જીવનસ્રોત સાથે વહેતું રહે છે. અન્ય જ્ઞાનપિપાસુઓને પણ જ્ઞાનદાન દેતાં રહે છે. શાસનપ્રભાવના કરતાં કરતાં કષાયોથી મુક્ત થતાં જતાં હોવાનો અહેસાસ તેમના મુખ પર વિલસતી–આંતરગુણોની પ્રભા કરાવે છે. જ્ઞાનોપાર્જનથી જે સુખશાંતિ તેમને પ્રાપ્ત થયાં છે તેની સર્વત્ર પ્રભાવના કરતાં રહે છે. ગાંધીનગર પાઠશાળાને દાન આપી પોતાના કુટુંબનાં નામ સાથે જોડી તો રાજાજીનગરની બહેનોની પાઠશાળા શરૂ કરવાનું શ્રેય પણ તેમના ભાગે જ આવ્યું છે.

સંસારમાં સંયમનું તેઓ શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. સુકૃતોની અનુમોદના અને દુષ્કૃતની ગ્રહાનો ગુણ તેમની નસેનસમાં સમાયેલો છે. તેમનો એક મહાગુણ છે અપ્રમત્ત દશા. જીવનની પ્રત્યેક ક્ષણને સાર્થક કરી લેવી તે જ માત્ર તેમનું અંતર–લક્ષ્ય. સમય મળે ધાર્મિક અનુષ્ઠાનોમાં જાતને એવી ઓત–પ્રોત કરી દે કે તેમનો આત્મા અંતરંગ ઉચ્ચદશાનો, જાગૃતિનો સમતા-ભાવનો અનુભવ કરી શકે. શરીરની બિમારીઓએ તેમની શ્રદ્ધાને વિચલિત થવા દીધી નથી. દેહ પ્રત્યેનો અનાસક્તિ ભાવ તેમને દેહાતીત અવસ્થાએ પહોંચાડે છે. શરીરની સ્પૃહાથી મુક્ત થઈ ઉપાધિમાં સમાધિ કેળવી જાણી છે. ભૌતિક પુદ્ગલોની રુચિ અને તૃષ્ણાથી પર થઈ ગયાં છે. તેથી અંતર્મુખી બની શકયાં છે. શરીર–રોગથી નહીં પણ ભવરોગથી મુક્ત થવા અને કરવાની કામના જ તેમનું ધ્યેય છે. જીવનમાં સદાચારીપણું, અવિચલ નિયમબદ્ધતા, સાદાઈ અને 'સવિ જીવં કરુ શાસન રસી'ની મનોભાવના આ મૂઠી ઊંચેરા આત્માને સ્ફટિક જેવો નિર્મળ અને રત્નો જેવો તેજસ્વી બનાવે છે.

તેથી જ નિર્મલગુણાશ્રી જેવા ગુરુજનના મુખેથી આશીર્વચન સરી પડે છે. "તમારી જ્ઞાન વૃત્તિ–પ્રવૃત્તિ મુક્તિના ધ્યેયપૂર્વકની હોઈ નિવૃત્તિ નિર્વાણકારણ બનશે જ."........

*શિક્ષણપ્રેમી બહુમુખીપ્રતિભાસંપન્ન*

## શ્રી દામજી જાદવજી છેડા

કચ્છની ભાતીગળ ધરતી પર અનેકાનેક રત્નો પાકયાં છે, જેમાંનાં કેટલાંકે પોતાના કુળની સાથે સાથે જ્ઞાતિનું નામ પોતાનાં સત્કાર્યોથી ઉજ્જ્વળ કર્યું છે. તેવા જ એક અગ્રગણ્ય સજ્જન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે 'સમાજરત્ન' કચ્છ શક્તિ એવોર્ડ વિજેતા દામજીભાઈ જાદવજી છેડા.

કચ્છ મુદ્રા તાલુકાના પત્રી ગામમાં ૨૧-૯-૧૯૨૭ના માતા મીઠાબાઈ તથા પિતા જાદવજીભાઈને ત્યાં દામજીભાઈનો જન્મ થયેલ પણ તેમની કર્મભૂમિ હુબલી રહ્યું છે. આ સહૃદયી સફળ સામાજિક કાર્યકર પોતાની નિઃસ્વાર્થ સેવા, કોઠાસૂઝ, સમસ્યાનું નિરાકરણ કરવાની કુનેહ, ધાર્મિક સ્વભાવ અને મળતાવડા સ્વભાવના કારણે વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ વિવિધ શૈક્ષણિક, વૈદકીય, ધાર્મિક સંસ્થાઓને સ્થાપવા, પગભર કરવા ધગશ અને ખંતથી મચી પડે છે.

દાદા તથા પિતા તરફથી તેમને ધાર્મિક અને સામાજિક કાર્યોમાં અગ્રેસર રહેવાનો વારસો મળ્યો છે, જેમાં તેમણે સમયાનુસાર વૈદકીય ક્ષેત્રનો સમાવેશ કરી દરેક ક્ષેત્રે સેવાભાવનાની હરણફાળ ભરી છે. ૧૯૪૫માં તેમનાં લગ્ન વિજયાબાઈ સાથે થયાં, જે તેમની દરેક પ્રવૃત્તિનું પ્રેરક બળ બની રહ્યાં. ૧૯૬૦માં તેઓ પુત્ર વીરેન્દ્રના પિતા બન્યા.

હૈદરાબાદ, ચૈતન્યપુરી તેમ કચ્છ કોડાયના બોંતેર જિનાલયમાં તેમણે પ્રભુજીની પ્રતિમા બિરાજમાન કરાવી. હૈદ્રાબાદ, કાચીગુડા તેમજ કચ્છ–વાંઠી દેરાસરના નિર્માણમાં સહયોગ આપ્યો. દિગંબર દેરાસરોમાં દાનની ધારા વહાવી તો હુબલીમાં પણ દેરાસરનાં સર્વકાર્યમાં અગ્રેસર રહ્યા છે.

કચ્છની ગૌશાળામાં ફંડ એકત્રિત કરી આપી અને હુબલી પાંજરાપોળના ઉપાધ્યક્ષ રહીને જીવદયાનો ઝંડો ફરકાવ્યો છે.

વૈદકીય ક્ષેત્રે કર્ણાટક કેન્સર થેરાપી એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું અધ્યક્ષ પદ શોભાવે છે. તે સિવાય તેમણે અરવિંદ જનરલ હોસ્પિટલની પણ સ્થાપના કરી હતી. વિવેકાનંદ જનરલ હોસ્પિટલના ટ્રસ્ટી રૂપે ફરજ બજાવી હોસ્પિટલના વિકાસમાં સહાયરૂપ બન્યા છે. આ ઉપરાંત ગામડામાં મફત મેડિકલ કેમ્પ અને દવાવિતરણ વગેરે કાર્યો કરે છે.

શૈક્ષણિક ક્ષેત્રે તેમણે ૧૯૭૨માં શ્રી મહાવીર જૈન એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમાં અંગ્રેજી હાઇસ્કૂલ I.T.T સંસ્થાની સ્થાપના કરી, જેમાં **Professional Course** થાય છે. આ ઉપરાંત બીજી સ્કૂલોમાં પણ તેમણે અનુદાન આપ્યાં છે.

સામાજિક ક્ષેત્રે તેમણે વર્ધમાન કો.ઓ. બેંક લિમિટેડની સ્થાપના કરી હતી. ગૌરી–શંકર ફાયનાન્સ કંપની ચલાવે છે. પત્રી ગામમાં અદ્યતન સેનેટોરિયમ બંધાવવા તથા અમદાવાદમાં અતિથિભવન નિર્માણમા સહયોગી થયેલા. સર્વોદય સમાજ તરફથી ત્રણ યોજનાઓ આરંભ કરાવી શિક્ષણ, રહેઠાણ અને મેડિકેર માટેની લોન વ્યવસ્થા કરાવી આપેલ. ક્યારેક કૌટુંબિક, સામાજિક વિવાદો અને મતભેદોમાં લવાદ બની મધ્યસ્થીપૂર્વક નિવેડો લાવે છે.

દામજીભાઈ દાનવીર, ધર્માનુરાગી, શિક્ષણપ્રેમી અને બહુમુખી પ્રતિભાના માલિક છે. દરેક ક્ષેત્રે તેઓ તન–મન–ધનથી નિર્વ્યાજ સેવા બજાવે છે. તેમના થકી સમાજ અને જ્ઞાતિના જરૂરતમંદોને હંમેશાં લાભ મળતો રહે તેવી અભ્યર્થના.

*દાનવીર : સમાજસેવક*

## શ્રીમતી મણિબાઈ કાંતિલાલ શાહ

શ્રીમતી મણિબાઈ કાંતિલાલ મૈશેરીનો જન્મ મુંબઈમાં સ્વ. બાંયાબાઈ તથા શા. શિવજી ચત્રભોજ નાગડા (કચ્છ–નલિયા)ને ત્યાં તા. ૧૧-૧-૧૯૨૮ના રોજ થયો. પ્રાથમિક શિક્ષણ મુંબઈની પાઠશાળામાં લીધું. માતાપિતાના ઉચ્ચ સંસ્કારો વારસામાં મળ્યા. નાનપણથી જ તેમનો સ્વભાવ ખૂબ જ મસ્તીપ્રિય, સેવાભાવી અને વ્યવસ્થિત છે. તેઓ પાકશાસ્ત્રમાં પારંગત છે અને એટલા જ સ્વચ્છતાના આગ્રહી છે.

૨૦ વર્ષની ઉંમરે ગદગના શ્રી કાંતિલાલ કલ્યાણજી મૈશેરી (કચ્છ–નલિયા) સાથે લગ્નગ્રંથિથી જોડાયાં, ૪૦ વર્ષના સુખી, સંપન્ન અને આદર્શ લગ્નજીવનબાદ જૂન ૧૯૮૭માં એમના પતિશ્રીનો દેહાંત થયો તે વખતે તેમણે પતિના શરીરનું 'દેહદાન' કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમનું મક્કમ મનોબળ દર્શાવેલ, પણ ગદગમાં દેહદાન સ્વીકારવાની વ્યવસ્થા ન હોવાથી માત્ર ચક્ષુદાન કરી અંધ વ્યક્તિના જીવનમાં પ્રકાશ ફેલાવવા નિમિત્ત બન્યાં.

ત્યારબાદ પોતે નિષ્ક્રિય ન રહેતાં નાનાંમોટાં કાર્ય કરી આજીવિકા મેળવી લેતાં. એમને કાયમ એક જ વિચાર આવતો કે મારું જીવન સાર્થક કેમ બને અને હું સમાજને કઈ રીતે ઉપયોગી થઈ શકું? આ વિચારને અમલમાં મૂકવા તેઓશ્રીએ શ્રીયુત તિલકચંદભાઈ કુંવરજી લોડાયાનો સંપર્ક સાધ્યો અને પોતાના વિચારો વ્યક્ત કર્યા. મધ્યમવગરની એકાકી મહિલાના આવા ઉમદા વિચારો જાણી શ્રીયુત તિલકભાઈને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. શ્રીયુત તિલકભાઈએ એમને ૨–૩ યોજનાઓની જાણકારી આપી. એમાંથી 'વૃદ્ધાશ્રય ગૃહ' નો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર એમને યોગ્ય લાગ્યો અને રક્ષા કાર્ય માટે તુરત જ તેમણે પોતાના એકમાત્ર રહેઠાણનું વેચાણ કરી એમાંથી રૂા. ત્રણ લાખ જેવી માતબર રકમ ઉપરોક્ત યોજનાને અમલમાં મૂકવા માટે ફાળવી અને પોતે ભાડાના મકાનમાં રહેવા ગયાં. આ નારીના અદ્‌ભુત ત્યાગ અને સમર્પણની ભાવનાની કદર રૂપે અને એમની સ્મૃતિ કાયમ રહે એ ઉપદેશથી એમના નામથી જ એક અલગ ટ્રસ્ટ સ્થાપવાનો નિર્ણય શ્રી તિલકભાઈ તથા સમાજના અન્ય આગેવાનોએ લીધેલ.

આ ઉપરાંત એમણે પાંચ વખત આય-કેમ્પ યોજી આંખના દર્દીઓ માટે પ્રકાશનાં કિરણો ફેલાવ્યાં છે. કોઈમ્બતુર જૈન દેરાસરને રૂા ૧૦૦૦૦/- નું દાન આપેલ છે અને ધર્મ પ્રત્યે પણ પોતાની ભાવના વ્યક્ત કરેલ છે. તદ્‌ઉપરાંત ગદગના સ્મશાનના નવીકરણ માટે તેમણે રૂા. ૫૧૦૦૦/- નું માતબર દાન આપેલ છે. સ્મશાનના નવીકરણ માટે આટલી મોટી રકમનું દાન આપનાર તેઓ કદાચ ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં પ્રથમ મહિલા છે. તેવી જ રીતે ગદગની ક.દ.ઓ. જૈન શાળાને પણ રૂા. ૫૧૦૦૦/-નું દાન આપેલ છે. આવી રીતે એમણે ધર્મ, શિક્ષણ અને સામાજિક કાર્યો માટે વહેવડાવેલ દાનગંગાનો પ્રવાહ ઉદાહરણીય, અનુકરણીય અને અનુમોદનીય છે.

હમણાં તેઓ ૭૬ વર્ષની જૈફ ઉંમરે પણ સંપૂર્ણ કાર્યરત છે અને વૃદ્ધાશ્રમ (જીવન-સંધ્યા) તેમની દેખરેખ નીચે સ્થાનિક ટ્રસ્ટીઓની સાથે સુંદર રીતે સેવા બજાવી રહેલ છે. સ્વબળે શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી, વળી એ જ પૈસા સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે વાપરે એવી ઝૂઝ જ્ઞાતિ મહિલાઓમાં શ્રીમતી મણિબાઈનું નામ ગર્વથી લઈ શકાય. એક મહિલા સમાજ માટે આટલું સ્વાર્પણ કરે એ જ્ઞાતિ માટે ગૌરવ લેવાની બાબત છે.

### કોચીનની નીડર મહિલા

## શ્રીમતી લીલાવતીબહેન ઝવેરીલાલ દંડ

જન્મભૂમિ ઘાટકોપર, મુંબઈ છે. પિતાશ્રી ચાંપશી માણશી મોમાયા (વરાડિયા)એ તેમનાં લગ્ન કોચીન-નિવાસી શ્રી ઝવેરીલાલ આણંદજી દંડ સાથે કરાવ્યાં બાદ કોચીન તેમની કર્મભૂમિ બની રહ્યું છે.

બે પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રો, પૌત્રવધૂઓના બહોળા સંયુક્ત પરિવારનાં આ વડીલ માત્ર કુટુંબનાં જ નહીં, સમસ્ત સમાજનાં વડીલ છે. સમાજના સર્વેને તેઓ સારા, માઠા પ્રસંગે યોગ્ય માર્ગદર્શન આપે છે.

કોચીનમાં સામાજિક ધાર્મિક પ્રવૃત્તિમાં તેઓ સંસ્થાપક ગણાય છે. તેમણે જૈન મહિલા મંડળની સ્થાપના કરી. તેનું પછીથી શ્રી કોચીન ગુજરાતી મહિલા મંડળમાં રૂપાંતર થયું અને તેની સુવર્ણજયંતી ઊજવાઈ ચૂકી છે. ધાર્મિક પ્રવૃત્તિ માટે તેમણે કોચીન સ્નાત્રમંડળની સ્થાપના કરી. તેઓ કે.ડી.ઓ. મહિલા મંચના સ્થાપક પ્રમુખ હોવા ઉપરાંત જૈન સોશ્યલ ગ્રુપની કાર્યવાહક સમિતિનાં સભ્ય રહી ચૂક્યાં છે.

સંગીત તેમના શ્વાસમાં સમાયું છે. સંગીતનો વારસો તેમનાં માતા-પિતા તરફથી મળ્યો. જીવનસાથી પણ એવા મળ્યા કે જેમને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન તેમજ તબલાંવાદનનો શોખ હોય. જાણે સૂર સાથે તાલનું સાયુજ્ય! તેથી જ તેમના ઘરના કણે-કણમાં સંગીત સતત ગુંજતું રહ્યું છે. ભક્તિ-સંગીતમાં તેમને વિશેષ રુચિ છે. પૂજાઓ ભણાવવામાં તેમની જોડ જડે તેમ નથી. તેઓની પૂજાઓ, ભાવનાઓ, સ્તવનોની કેસેટ બહાર પડી ચૂકી છે. આઠ વર્ષની ઉંમરથી શરૂ થયેલ સંગીતયાત્રા આજે ૭૮ વર્ષની ઉંમરે પણ અવિરત ચાલુ રહી છે. મધુર અને સૂરીલા કંઠનાં માલિકણ આજે પણ ઈશ્વરકૃપાથી સંગીતમાં ઓતપ્રોત થઈ ભાવવિભોર બની જાય છે. સંગીતના રાહે સાધનાની મંઝિલની સફરમાં સાંભળનારને પણ તેઓ પોતાના સથવારે લઈ લે છે.

તેઓ પૂજા ભણાવવા, ભક્તિ કે પ્રાર્થના કાર્યક્રમ સેવાભાવે કરવા ગામે-ગામ ફર્યાં છે. અનેક યાત્રાઓ કરી છે. ભારતમાં રાજકોટ, જામનગર, સમેતશિખરજી, પાવાપુરી, કલકત્તા, મુંબઈ, મદ્રાસ, બેંગ્લોર, કોઈમ્બતુર, લાતુર, કચ્છ વગેરે સ્થળો ઉપરાંત વિદેશમાં યુરોપ, અમેરિકા, કેનેડા, સિલોન, સિંગાપોર, મોમ્બાસા, નાઈરોબી જેવાં સ્થળોએ તેમણે ભક્તિપ્રવાસ-યાત્રા કર્યાં છે. ભક્તિ સંગીત માટે તેમને અનેક સ્થળોએ વિધવિધ માન-સમ્માન મળેલ છે.

સંગીત ઉપરાંત ધ્યાન-જાપ-સ્વાધ્યાય, પ્રાણાયામ યોગ વગેરે પ્રવૃત્તિમાં હજી પણ તેઓ વ્યસ્ત છે. સંગીતને માત્ર પોતાના સુધી સીમિત ન રાખતાં તેમણે થોડાં શિષ્યાઓને પણ તૈયાર કરી ભક્તિસંગીતનો વ્યાપ વધારવા પ્રયત્નશીલ રહ્યાં છે.

ધાર્મિક ક્ષેત્રે પણ તેઓ યથાશક્તિ ધર્મકાર્ય કરતાં રહે છે. સજોડે નવ્વાણું ચોમાસાં કર્યાં છે. જીવિત મહોત્સવ કરવા ઉપરાંત દાન પણ કરતાં રહ્યાં છે. આંગી-અખંડ દીપકની તિથિઓ લખાવવા ઉપરાંત તેમણે કચ્છમાં સુથરી ખાતે અને કોચીનમાં સાધનામંદિરો અનુક્રમે તેમનાં સાસુ તથા સસરાનાં સ્મરણાર્થે બંધાવી સંઘને અર્પણ કરેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાજિક ક્ષેત્રે તેમણે કોલેજ લાયબ્રેરીમાં ૫૦૦૦૦ અને ૨૫૦૦ મકાન ફંડમાં આપ્યા છે. શિલ્પા સ્કૂલ હેન્ડીકેપમાં રૂા. ૧૦૦૦૦ અને આંખના ફ્રી ઓપરેશન માટે રૂ. ૧૦૦૦૦ દાનમાં આપેલ છે. જ્ઞાતિના ઉત્કર્ષ માટે પોતાનાં પહેરેલાં ઘરેણાં દાનમાં આપી દીધાં હતાં.

તેઓ વ્યવહારકુશળ, આધ્યાત્મિક અને લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવે છે. 'બાઈ'ના હુલામણા નામથી ઓળખાતાં લીલાવતીબહેન સૌમ્ય વ્યક્તિત્વ, નીડર મંતવ્ય અને સાહજિક નેતાગીરી જેવા નૈસર્ગિક ગુણો ધરાવે છે.

તપસ્વીરત્ના : ધર્મપરાયણ

## શ્રીમતી દુર્ગાબાઈ ચંપાલાલજી બાફના



રાજસ્થાનના સાદડી નિવાસી સ્વ. શાંતિબાઈ અને ગંભીરમલજી બાફનાનાં પુત્રવધૂ અને કોઈમ્બતુર સમાજના આગેવાન ધર્માનુરાગી–દાનવીર શ્રી ચંપાલાલજી બાફનાનાં ધર્મપત્ની શ્રીમતી દુર્ગાબહેન ખરા અર્થમાં તપસ્વીરત્ના છે. ૫૦- થી વધારે સભ્યોના વિશાળ પરિવારનાં વડીલ છે. અનેક આ. ભગવંતોની આશિષ મેળવી છે. કોઈમ્બતુરમાં આ તપસ્વી રત્નાથી–આ પરિવારથી કોઈ જ અજાણ નથી. આજે પણ તેઓ અનેકો તીર્થોની યાત્રા–તપ સાથે કરી રહ્યાં છે.

પૂ. ગુરુભગવંતોની નિશ્રામાં અને સાંનિધ્યમાં આજ સુધીમાં જે જે તપસ્યાઓ કરી તેનું પણ વિહંગાવલોકન કરીએ-

પૂ. આ. શ્રી લક્ષ્મણસૂરિજી મ.ની નિશ્રામાં ઉપધાન તપ,

પૂ. આ શ્રી વિક્રમસૂરિજી મ.ની નિશ્રામાં માસક્ષમણ તપ,

પૂ. આ. શ્રી નવીનસૂરિજી મ.ની નિશ્રામાં સોળ ઉપધાન તપ,

પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.ની નિશ્રામાં મોક્ષદંડક તથા સિંહાસન તપ,

પૂ. આ. શ્રી ઈન્દ્રદીન્નસૂરિજી મ.ની નિશ્રામાં પાલિતાણામાં ચાતુર્માસ દરમ્યાન ઉગ્ર તપસ્યા,

પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ.ની નિશ્રામાં ૪૫ ઉપવાસ તપ,

પૂ. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિજી મ.ની નિશ્રામાં શ્રેણી તપ,

પૂ. આ. શ્રી સ્થૂલભદ્રસૂરિજી મ.ની નિશ્રામાં ભદ્ર તપ,

પૂ. આ. શ્રી રાજયશસૂરિજી મ.ની નિશ્રામાં તપારાધનાનો અવસર પણ પ્રાપ્ત કર્યો છે.

શ્રીમતી દુર્ગાબાઈના વિવિધ તપસ્યાઓની ઝલક જોઈએ.

૪૫ ઉપવાસ, માસક્ષમણ, ૧૬ ઉપવાસ, ૧૫ ઉપવાસ, ૧૧ ઉપવાસ પાંચવાર, ૮ ઉપવાસ ૪૨ વાર, ચત્તારિ અઠ્ઠ, દસ દોય તપ, વીસસ્થાનક ઓળી વર્ણ, રત્નપાવડી બેલા છઠ્ઠ, કર્મસૂદન તપ, અક્ષયનિધિ તપ, કલ્યાણક તપ, મેરુપર્વત ઓલી, ભદ્રતપ, શ્રેણી તપ, સિદ્ધિ તપ, ભક્તામર તપ, સમોસરણ તપ, મોક્ષદણ્ડક તપ, સિંહાસન તપ, વર્ષીતપ બે, ત્રણ ઉપધાન તપ, ધર્મચક્ર તપ, ભવ આલોચના તપ, ચૈત્રીપૂનમ ૧૬ વર્ષ, રોહીણી તપ, નિગોદ તપ, કંઠાભરણ તપ, ૧૫ આગમ તપ, પંચ અક્ષર તપ, તેરહ કાઠીઆ તપ, ધનતપ, ચિંતામ તપ, યતિધર્મ તપ, જિનગુણ સંપત્તિ તપ, ચૌદહપૂર્વ તપ, સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ, દેશ પ્રકાર યતિધર્મ તપ, નવાણુ યાત્રા, પાલિતાણામાં ત્રણ ચાતુર્માસ અને અન્ય નાની-મોટી તપસ્યાઓ.

## ડૉ. નરપત સોલંકી

*[તમસો મા જ્યોર્તિગમય:]*



દક્ષિણભારતના બેંગ્લોરના ડૉ. નરપત સોલંકી, જે એક એવા જૈન નેત્રચિકિત્સક છે કે જેમણે ૪૦,૦૦૦થી વધુના જીવનમાં અજવાળાં પાથર્યાં છે. તેમનું સમસ્ત જીવન નેત્રચિકિત્સાના ક્ષેત્રે સમર્પિત છે. ખૂબ જ નાની વયથી અભ્યાસ કરતી વખતે જ તેમણે જીવનનું ધ્યેય નક્કી કરી લીધેલું. ૧૦૦૦-થી પણ વધુ નેત્રોની શસ્ત્રક્રિયા અભ્યાસ દરમ્યાન જ કરીને તેમણે માનવસેવાની પગદંડી પર પગરણ માંડી દીધાં હતાં.

રાજસ્થાનમાં જન્મેલા ડૉ. સોલંકી જૈન છે અને એ રીતે તેઓમાં સેવા અને કરુણાની સ્વભાવ ગળથૂથીમાં જ છે. બેંગ્લોરને કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરીને ભગવાન મહાવીર જૈન હોસ્પિટલ (૧૯૯૯)ના નિર્માણસમયથી જ મહત્ત્વની કડી બની રહ્યા. ૧૪ વર્ષ તેઓ બેંગ્લોરમાં માનદ્ કન્સલટંટ તથા **Medical of Medical Advisary Board** તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યરત છે. ભગવાન મહાવીર જૈન હોસ્પિટલના સ્થાપક હોવાં ઉપરાંત **Honourary Medical Director** (૨૦૦૧) સુધી રહ્યા હતા અને ૧૯૮૯-થી મહાવીર **Eye Hospital**ના મુખ્ય સર્જન અને મેડિકલ **director** તરીકે સેવા આપી રહ્યા છે.

ડૉ. સોલંકી તેમના કોલેજના સમયથી નિઃશુલ્ક નેત્ર-ચિકિત્સા શિબિરોમાં ભાગ લઈ રહ્યા છે. 'નેત્રજ્યોતિ પરિવાર' મુંબઈ દ્વારા આયોજિત બોધિગયા (બિહાર)નાં કેમ્પમાં ૨૦૦૦થી વધુ શસ્ત્રક્રિયા કરેલી અને ૧૯૯૦થી **Jain Social Federation**ના સહયોગમાં નિઃશુલ્ક નેત્રચિકિત્સા તેમજ શસ્ત્રક્રિયા માટે શિબિરોનાં આયોજનથી શરૂ કરી જે આજ સુધીમાં ૪૦થી વધુ શિબિરોનું સફળ આયોજન કર્યું અને ૧૯૯૨થી ડૉ. સોલંકી, નિઃશુલ્ક નેત્રચિકિત્સામાં ઈન્દ્રઓક્યુલટ લેન્સ ઈમ્પાલન્ટેશન, દ્વારા ક્રાંતિ લાવ્યા. ૨૦૦૧થી **`Project Drishti'** 'પ્રોજેક્ટ દૃષ્ટિ'ની સેવા પ્રોજેક્ટ મોટા પાયે શરૂ કર્યો. નાતજાતના ભેદભાવ વગર પ્રત્યેક ગરીબ અને જરૂરતમંદને નેત્રચિકિત્સા પૂરી પાડવામાં આવે છે. આજે આ 'પ્રોજેક્ટ દૃષ્ટિ'ના ઉપક્રમે ૧૫૦૦ વધુ **Eye camp**નું આયોજન કરી શક્યા છે. ૬૦૦૦થી વધુ ચશ્માનું વિતરણ કર્યું છે, જ્યારે ૯ લાખ દર્દીઓએ કેમ્પમાં ચિકિત્સા મેળવી છે. ૪૦,૦૦૦થી વધુ **Iol** ઈમ્પલાન્ટેનશન કરવામાં આવ્યા છે અને જુદી જુદી શાખાઓમાં ૮૬૦૦ વિદ્યાર્થીઓનું નિઃશુલ્ક નેત્રપરીક્ષણ કરેલું છે.

તેમની સૌથી મહત્ત્વપૂર્ણ કામગીરી એ રહી છે કે તેઓ દર મહિને વિવિધ રાજ્યોમાંથી આવતા નેત્રચિકિત્સકોને સુચર લીધા વિના કરાતી સ્મોલ ઈનસીશીન મોતિયાની શસ્ત્ર-ક્રિયાની તાલીમ આપે છે અને આજ સુધીમાં લગભગ ૭૦ નેત્રચિકિત્સકોએ તેમનાં જ્ઞાન અને સેવાનો લાભ લીધો છે.

તેમની નિષ્ઠાની અને સેવાની કદરરૂપે તેમને વિવિધ પુરસ્કારો અને માનદ્પદો એનાયત થયાં છે.

આટલી બધી સિદ્ધિ પ્રાપ્ત કરી હોવાં છતાં સ્થિતપ્રજ્ઞની જેમ તેમનું વ્યક્તિત્વ સૌમ્ય અને મિતભાષી રહ્યું છે. જૈન ધર્મના સેવાના ઉચ્ચ સંસ્કાર જીવનમાં ઉતાર્યા છે. તેમની અમોઘ કાર્યશક્તિ અને ધીરજનું રહસ્ય તેમની જૈન ધર્મની ઊંડી સમજ અને વફાદારી છે. કોઈપણ જાતના વાણી કે વર્તનના આડંબર વિના, દિવસ રાત જોયા વિના સમાજના મૂકસેવકે સેવા કરીને આ જન્મને સાર્થક કર્યો છે. તેમની નિષ્ઠા અને ન્યાયનીતિની પ્રશંસનીયતા અને કાર્યદક્ષતાના કારણે આર્થિક સહાય કરનારા સહજપણે મળતા રહ્યા છે. તેમના આ સેવાના કાર્યમાં રાજસ્થાની સમાજે અનુમોદનીય આર્થિક સહકાર આપ્યો છે. માનવસેવાના અંગરૂપે તેમણે દૃષ્ટિવિહીનની ચિકિત્સાનો ભેખ લીધો છે. પૂ. સાધુ-સાધ્વી ભગવંતોની સેવામાં સદાય તત્પર રહ્યા છે. તેમનું જીવન તબીબી વ્યવસાય સાથે જોડાયેલ પ્રત્યેક વ્યક્તિ માટે પથદર્શક જેવું છે. એક પછી એક ધ્યેય સિદ્ધ કરતા રહ્યા હોવાં છતાં તેમની યાત્રા અવિરતપણે ચાલતી રહી છે......ચાલતી જ રહેશે. જૈન-જૈનેતર એવાં અનેક સાધુ-સાધ્વી, મહંતો સંતોની આશિષ મળી છે.

આપણે તો જગતનિયંતાને એટલી જ પ્રાર્થના કરી શકીએ કે પ્રભુ તેમને ખૂબ-ખૂબ શક્તિ દે. એમણે જલાવેલા માનવતાના દીપકમાં અખૂટ રોશની દેજે. આ દીપકમાંથી જ્યોતિ લઈને બીજા હજારો આવા દીપક પ્રજ્વલિત બને તેવી પ્રેરણા દેજે!

### સેવાના ભેખધારી

## શ્રી માણેકચંદજી બેતાલા, મદ્રાસ

દક્ષિણભારતમાં સુપાત્રદાન વૈયાવચ્ચભક્તિ, સાધર્મિકો પ્રત્યે હૃદયમાં કુણી લાગણી સાથે આદર અને અનેક ઊંચી સેવાનું બીજું નામ એટલે ચેન્નઈના સ્વ. શ્રી માણેકચંદજી બેતાલા. દક્ષિણભારતમાં કોઈ આ ધર્માનુરાગીના નામથી અજાણ નથી. સેવાના ભેખધારી અને બહુમુખી પ્રતિભાસંપન્ન શ્રી માણેકચંદજી વીસા ઓસવાળનો જન્મ રાજસ્થાનના નાગોર જિલ્લાના અંદરના "ડેહ" જનપદમાં સં. ૧૯૬૫માં ફાગણસુદ પૂનમના રોજ થયો હતો. પિતાશ્રી પૂનમચંદજીની સમતા-સેવા અને માતુશ્રી રાજીબાઈની મમતા-ભક્તિથી ઘડાયેલાશ્રી માણેકચંદજી જીવનને ધાર્મિક અને સામાજિક કાર્યથી સુવાસિત બનાવી ગયા. તેના સુપાત્રદાન-વૈયાવચ્ચ ભક્તિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી કુસુમબાઈ સાચા અર્થમાં અર્ધાંગિની પુરવાર થયેલાં. સવારના નવકારશીથી સાંજના ૫ સુધી લગાતાર તેમને ત્યાં સાધુ-સાધ્વી ભગવંતો તથા સાધર્મિકો અને મહેમાનોની આવનજાવન રહેતી હતી. પૂરા ચેન્નાઈમાં બિરાજિત પૂ. ગુરુભગવંતોની ભક્તિ-સેવાના પ્રસન્નતાપૂર્વક તત્પર રહેતા શ્રી માણેકચંદજીને બે પુત્રો અને એકપુત્રી છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે દક્ષિણના મદ્રાસ શહેરમાં હૈયામાં હામ અને હિંમતથી આવેલા શ્રી બેતાલાજીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી બહાદુર મલજી સમદડિયાનાં નેતૃત્વમાં વ્યવસાયનો અનુભવ શરૂ કર્યો. ૧૯૩૫માં કચ્છ–ભૂજ નિવાસી શ્રી દેવરાજ નેણસી સાથે દેવરાજ માણેકચંદ ફર્મમાં પ્રતિષ્ઠિત થયા, જે ૪૦ વર્ષ સુધી ભાગીદારી રહી.૧૯૭૫ના મદ્રાસમાં 'શ્રી માણેકચંદજી બેતાલા એન્ડ કું।' અને મુંબઈમાં 'ગૌતમ બ્રધર્સ'થી ઝવેરાતનો ધંધો કર્યો, જેમાં ઘણા સફળ થયા અને સફળતાને સામાજિક તથા ધાર્મિક કાર્યોનો પર્યાય બનાવ્યો. તેમનાં કરકમલોથી અનેક પ્રતિષ્ઠાનોનું ઉદ્‌ઘાટન થયેલું, જેમાં વિમલનો શો રૂમ મંગલદીપ, જે મદ્રાસ અને કોયમ્બ્તુરમાં પ્રસિદ્ધ છે, પોતાના વતન નાગોરમાં 'અમરચંદ માણેકચંદ બેતાલા જૈનભવન' નિર્માણ કરી શ્રી તપાગચ્છ જૈન સંઘને સમર્પિત કર્યું. બિહારના રાજગૃહીમાં જૈન શ્વેતાંબર મંદિરના મુખ્ય માર્ગનું નામ 'માણેકચંદ બેતાલા માર્ગ' તેમની યશોગાથાને હંમેશને માટે અમર કરે છે.

આવા સેવાભાવી, નિરાભિમાની શ્રી માણેકચંદજી બેતાલાને આજે પણ ચેન્નઈમાં સૌ યાદ કરે છે. પરિવારમાં અન્ય ધર્માનુરાગી મિત્રો વિ. ને પણ સદાય ઊચી સેવાની પ્રેરણા આપતા જ હતા. તેઓ સૌના આદર્શ, માર્ગદર્શક અને પ્રેરણાસ્રોત હતા.

*જીવદયાપ્રેમી*

## શ્રી ઉત્તમચંદજી દુગ્ગડ

જગતનિયંતાના સર્વશ્રેષ્ઠ સર્જન મનુષ્યની પણ ચોક્કસ મર્યાદાઓ છે. ત્યાં મૂક પ્રાણીઓ તો પોતોની વેદના અને મજબૂરી કોને કહે? આવા અબોલ મજબૂર પ્રાણીઓનો સહારો બનીને તેમને માટે સતત કાર્યશીલ રહેતા જીવદયા સમર્પિતજીવ શ્રી ઉત્તમચંદજી દુગ્ગડનું જીવન આપણા સૌ માટે પ્રેરણારૂપ બની રહે તેવું છે.

રાજસ્થાનના પાલી જિલ્લાના ગુડાચુથરા ગામમાં તેમનો જન્મ થયો હતો. પિતા પ્રભુલાલજી તથા માતા જસાબાઈના જીવનમાં જીવદયા વણાયેલી જ હતી. તેમના સંસ્કાર અને ઘડતરના શ્રી ઉત્તમચંદજીમાં ઊતરી આવ્યા. બેંગલોરમાં પોતાના કાપડનાં વ્યવસાયમાં પુત્રો સાથે વ્યસ્ત રહેવા છતાં ગૌરક્ષા અને જીવદયા અને પશુબલિને રોકવા તેઓ સદાય જાગ્રત રહે છે. બેંગલોરના કન્નડ ભાષી ડૉ. નારાયણને ઘણાં વર્ષો પહેલાં જીવદયાનું કાર્ય કરતા જોઈને સ્વભાવે કરુણાસભર શ્રી દુગ્ગડજી તેમના કાર્યમાં જોડાયા. કોરમંગલા બેંગલોર ખાતે શ્રી અખિલ કર્ણાટકા પ્રાણીદયાસંઘ જે કાર્ય કરી રહ્યા છે તે પ્રશંસનીય અને અનુમોદનીય છે. કર્ણાટકના ગદગ નજીક બોમ્બસાગરા પાસે ૪૦ હજાર બકરીનાં પશુબલિના કાર્યને ઘણી જ જહેમત પછી રોકીને જીવોને છોડાવ્યાનો આત્મિક સંતોષ અનુભવે છે. મૈસુર પાસે ટી નરસીપુરા નજીક ખુલેલા કતલખાનાને બંધ કરાવવામાં પણ તેઓ સફળ થયા કે જ્યાં ૫૦૦૦ પશુઓની કતલ થતી હતી. શ્રી ઉત્તમચંદજીનું બીજું નામ અબોલ જીવ સમર્પિત જીવ એમ કહી શકાય તેવું તેમનું કામ જેની વિશ્વ હિંદુ પરિષદે પણ નોંધ લીધી છે. વિ.હિ.પ.ના પ્રમુખ શ્રી અશોક સિંઘલ તેમના કાર્યથી પ્રભાવિત થયા છે. તેઓ પોતે જ્યાં હાજર રહેવાના હોય તેવી કેટલીક પરિષદોમાં શ્રી ઉત્તમચંદજીને પણ નિમંત્રણ મળતું હોય છે. જેમણે ૧૯૮૩ માં શ્રી રાધાકૃષ્ણબજાજ દ્વારા આયોજિત કૃષિ ગૌ સેવા સંઘની બેઠકમાં તથા ૧૯૯૪માં નાગપુરમાં ભારતીય ગૌવંશ રક્ષણની બેઠકમાં ૧૯૯૧માં કર્ણાટકમાં શ્રી બંગરપ્પાની સરકાર સમયે શાળામાં મધ્યાહ્ન ભોજનમાં ઈંડાના વિતરણની જાહેરાતની માત્ર ૨૪ કલાકમાં જ રદ કરાવવાનું શ્રેય તેમને મળે છે. તેઓશ્રીનાં આવાં ઉમદા કાર્યોમાં શ્રી દયાનંદ સ્વામી સતત ૧૫ વર્ષથી સહકાર આપી રહ્યા છે.

જૈનાચાર્ય પૂજ્ય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. જ્યારે દક્ષિણભારતમાં વિચરી રહ્યા હતા ત્યારે બેંગલોરમાં મોટું કતલખાનું શરૂ થવાની હિલચાલ શરૂ થયેલી, જ્યાં રોજના ૭૦૦૦ પશુઓની કતલ થવાની યોજના અને ગણતરી હતી. તે સમયે પૂ. આચાર્યજી પાસે સતત મહિનાઓ સુધી સંપર્કમાં રહી તેમના માર્ગદર્શન હેઠળ અને આશિષથી કુનેહપૂર્વક અટકાવવામાં સફળ થયા હતા. આ સમયે તેમના સંગઠનને ૩૦ હજાર જીવદયા પ્રેમીઓનો સહકાર મળ્યો હતો. જૈનોએ વ્યવસાય બંધ રાખી આંદોલન શરૂ કર્યું હતું. આ ઘટનાને તેમના મુખેથી સાંભળતાં ભાવવિભોર બની પૂ. આચાર્યદેવને શતઃ શતઃ વંદના કરતાં એક અદ્‌ભુત કરુણાભાવ નીતરતો જોયો. ભારતભરમાં પ્રથમવાર ૫૦૦ ઊંટોને રાજસ્થાનથી કતલ માટે લઈ જઈ રહ્યા હતા. સમાચાર ઘણાં જ મોડા મળવા છતાં જીવના જોખમે ૨૬૩ ઊંટોને બચાવી શકવામાં જબરું સાહસ ખેડવું પડ્યું. બાકીના જે ઊંટોની કતલ થઈ ગઈ હતી તે માટે તેમનું હૃદય રડી રહ્યું હતું. ૨૬૩ ઊંટોને ૪ મહિના બેંગલોર રાખવાં પડ્યાં. જેનો ખર્ચ લગભગ ૫ લાખ થયેલ જે માટે દાનવીર–જીવદયા પ્રેમી શ્રી જેનમકુમારે આર્થિક સહયોગ આપી તેમના જીવરક્ષાના કાર્યને પ્રોત્સાહિત કર્યું.

પોતાના જીવનની પરવા કર્યા વિના અનેક વખત કતલખાને જઈ આવેલા શ્રી ઉત્તમચંદજી તપસ્વી પણ છે. છેલ્લાં ૪૫ વર્ષથી પૂરા ચાતુર્માસમાં એકાસણાં કરનાર છેલ્લાં ૩ વર્ષથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયમિત રોજ એકાસણાં કરી રહ્યા છે. પશુઓને બચાવવા માટે અનેક વખત નનામા ફોન આવે તો ક્યારેક ધમકીભર્યા ફોન પણ આવતા હોવા છતાં તેઓ હિંમતપૂર્વક સામનો કરીને પણ જીવદયાનું કાર્ય કરવામાં તત્પર જાગ્રત છે. તેમના આ કાર્યમાં પરિવારનાં બધાં જ–વિશેષ પુત્રો સાથ આપે છે. શ્રી ઉત્તમચંદજી કર્ણાટકની બહાર હોય તો પશુધન બચાવવાની હાકલ મળતાં તેમના પુત્રો કામકાજ છોડીને સેવાનાં ઉમદા કાર્ય કરવાનું ચુકતા નથી. પરિવારના સહયોગનો શ્રી ઉત્તમચંદજીને ખૂબ જ સંતોષ છે. કતલખાનેથી બચાવી લેવાતા પશુધન સંબંધી કસાઈઓ ઘણીવાર તેમની પાસે મોટી રકમની માગણી કરે તો તેમને તાબે ન થતાં ધીરજ–કુનેહ સાથે હિંમતથી કામ લે છે, પણ કસાઈઓને પૈસા આપી પશુધન બચાવી લઈને કસાઈઓને પ્રોત્સાહિત કરવાનો સખત વિરોધ કરે છે.

જીવદયાની આવી ઝુંબેશ માટે સુ.શ્રી મેનકાગાંધીએ તેમને 'સુવર્ણપદક' થી નવાજિત કર્યા છે, તો કર્ણાટક ઓસવાલ પરિષદે 'સમાજભૂષણ' પદથી અલંકૃત કર્યા છે. હાલમાં જ શિમોગા પાસે શિકારીપુરમાં શ્રી રુદ્ર સ્વામીજીના મઠ દ્વારા તેમના કામની કદર કરીને પાંચ એકર જમીન મળતા ગૌશાળાનું નિર્માણ કર્યું છે. અનેક જૈનાચાર્યો તથા સંત–મહાત્માઓનાં આશિષ મેળવનાર શ્રી ઉત્તમચંદજીને મળવું અને તેમના જ કાર્યને તેમના મુખેથી સાંભળવું એ એક હૃદયદ્રાવક અનુભવ છે. હાલમાં તેઓ,

(૧) પ્રમુખ–આંતરરાષ્ટ્રીય કૃષિ–ગૌ–પર્યાવરણ સંરક્ષણ પરિસર, (૨) ઉપપ્રમુખ–સંસ્કૃતિ ગૌરવ સંસ્થાન (૩) સેક્રેટરી–શ્રી સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, જયનગર (૪) સેક્રેટરી–શ્રી અખિલ કર્ણાટક પ્રાણીદયા સંઘ, કોરમંગલા (૫) વ્યવસ્થાપક સેક્રેટરી–દક્ષિણ ભારતીય ગૌરક્ષા પરિષદ તથા (૬) મેમ્બર–એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયાના નેજા હેઠળ કામ કરી રહ્યા છે. અબોલ પશુઓની વહારે દોડી જતા ૬૨ વર્ષીય શ્રી ઉત્તમચંદજીના જીવદયાના કાર્યની અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

*જૈનદર્શનના ઊંડા અભ્યાસી*

## પ્રો. શ્રી પ્રતાપભાઈ ટોલિયા

*[વર્ધમાન ભારતી ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, બેંગલોર]*

ધ્યાન અને સંગીત દ્વારા જૈનધર્મ ગ્રંથોની વાચનાને શુદ્ધ રૂપે કેસેટોમાં મઢીને આધ્યાત્મિક ભક્તિ સંગીતને ઘેર ઘેર ગુંજતું કરનાર પ્રો. શ્રી પ્રતાપભાઈ ટોલિયાનું નામ માત્ર બેંગલોરમાં જ નહી પણ અન્ય રાજ્યોમાં અને પરદેશમાં જાણીતું છે. મૂળ સૌરાષ્ટ્રના અમરેલીના વતની શ્રી પ્રતાપભાઈ લીંબડી ગામમાં ગ્રંથાલયનાં ગ્રંથપાલ રહ્યા બાદ પૂના હૈદ્રાબાદ અને શાંતિનિકેતનથી પોતાની અભિરુચિ પ્રમાણેના કાર્યની શરૂઆત કરી. ૧૯૭૦માં બેંગલોર આવ્યા અને ૧૯૭૧માં તેમણે 'વર્ધમાન ભારતી ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી અને ત્યારથી ધ્યાન, શિબીર સંગીત અને સાહિત્યપ્રકાશનોનાં ક્ષેત્રે તેમની પ્રવૃત્તિઓ અવિરત ચાલતી રહી છે. સંગીત અને સાહિત્યના સમન્વયની સુંદર પ્રવૃત્તિઓના પ્રણેતા પ્રો. શ્રી પ્રતાપભાઈ **M.A.**(ઇંગ્લિશ–હિન્દી બનેમાં) સાહિત્યરત્ન (હિન્દી) જૈન સંગીતરત્ન **(U.S.A.)** છે. પંડિત સુખલાલજી, ગાંધીજી, વિનોબાજી તેમજ શ્રીમદ્ રાજચંદ્રજી તેમના જીવનના આદર્શ અને પ્રેરણામૂર્તિ રહ્યા છે. તેમણે ધ્યાનાત્મ સંગીત અર્થાત્ ધ્યાનનો સંગીત સાથે સમન્વય કરીને ધર્મનાં સનાતન તત્ત્વોનો અભ્યાસ કરીને લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. શ્રીમદ્ રાજચંદ્રથી પ્રભાવિત–શ્રી પ્રતાપભાઈએ 'સપ્તભાષી આત્મસિદ્ધિ' સાત ભાષાઓમાં અનુવાદ કરી સુંદર સંપાદન સંકલન કર્યું છે. જૈનદર્શન પ્રત્યે ઊંડો અભ્યાસ અને રુચિ ધરાવતા શ્રી પ્રતાપભાઈ અન્ય દર્શનો પ્રત્યે આદરભાવ દર્શાવે છે.

ગીતા, રામાયણ, કઠોપનિષદ તથા ઇશોપનિષદનાં કેટલાક ખાસ અંશોને કેસેટોમાં સુંદર રીતે મઢ્યા છે. 'મેડિટેશન અને જૈનીઝમ', 'અનંતકી અનુગુંજ' કાવ્યો તથા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તથા હમ્પી (કર્ણાટક) પ્રથમ દર્શનનો આલેખ આપતું 'દક્ષિણપથકી સાધનાયાત્રા' ખૂબ પ્રખ્યાત છે. તેમાંના કેટલાંક પુસ્તકોને સરકારનાં ઇનામો પણ મળ્યાં છે તેમજ અહિંસા પર 'મહા સૈનિક' ને શ્રેષ્ઠ પારિતોષિક મળ્યું છે.

અમેરિકામાં જૈન ફેડરેશન ઇન્ટરનેશનલ તથા મહાવીર જૈન મિશન દ્વારા આયોજિત લગભગ બારેક વખત પોતાના ધ્યાન સંગીતના સુંદર સરળ પ્રયોગો કર્યા છે. અમેરિકાના ડૉ. સાલગિયાના ખાસ આમંત્રણથી તેઓએ અમેરિકાનાં કલ્પસૂત્ર–વાચન કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. ક્વીનલેન્ડ મેયર શ્રી જ્યોર્જ વી. વોઇનોવીચ દ્વારા શ્રી દીપચંદભાઈ ગાર્ડીની ઉપસ્થિતિમાં સમ્માનપત્ર મેળવ્યું છે. અભિનંદિત થયા છે. આજ સુધીમાં લગભગ ૨૫ વખત કલ્પસૂત્રનો અનુવાદ પોતાની આગવી શૈલી અને મધુરકંઠે શ્રોતાઓને પીરસ્યો છે.

'મેરે માનસલોક કે મહાવીર'ની કેસેટ માધ્યમે તેઓ જિનવાણીનો પ્રચાર કરી રહ્યા છે. શ્રી પ્રતાપભાઈનું એક સપનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. જિનભારતી શ્વેતાંબર આમ્નાય મુજબ જૈન વિશ્વવિદ્યાલય ઊભું કરીને વિશ્વમાં જૈનધર્મના વિષયોને પ્રાધાન્ય આપવાનું છે. આ માટે તેમણે અભ્યાસક્રમનું આયોજન પણ કર્યું છે. પ્રો. ટોલિયાનો પરિવાર સતત આ કાર્યમાં જોડાયેલો છે. તેમનાં ધર્મપત્ની શ્રી સુમિત્રાબહેન ટોલિયાએ અનેક ભાષાઓનાં પુસ્તકોનું અંગ્રેજી અને હિન્દીમાં ભાષાંતર કર્યું છે.

## ધર્માનુરાગી લહેરચંદજી હંસરાજજી

રાજસ્થાન દાંતરાઈ ગામમાં ૮-૮-૧૯૩૯માં શ્રી લહેરચંદજીનો જન્મ થયો. સરળતા, સાદગી, સચ્ચાઈ, નમ્રતા, વિનય, વિવેક અને ધાર્મિકતા તેમના જીવનનાં આભૂષણ સમાન છે. નાનપણથી ખૂબજ પુરુષાર્થ કરવામાં માનતા શ્રી લહેરચંદજીએ મહેનત અને ઈમાનદારી નીતિન્યાયના ધોરણે પોતાનો વ્યવસાય કરતાં બુલંદીના શિખરે પહોંચ્યા અને જીવનમાં ખરા સમયે ધર્મારાધનામાં જોડાઈ ગયા. લગાતાર ત્રણ વર્ષમાં ત્રણ ઉપધાન ઉપરાંત ૬૮ ઉપવાસ સાથે નવકાર મહામંત્ર તપ, તથા દ. ભારતના દેવનહલ્લી (બેંગલોર) તીર્થમાં, સંપૂર્ણ ચાતુર્માસ પૌષધવ્રતમાં રહીને શ્રી ગૌતમ લબ્ધિ તપ, વર્ધમાનતપની તથા નવપદજીની ઓળી કરી ઉપરાંત પોતાના જીવનમાં નવ્વાઈ, અઠ્ઠાઈ, પાંચ ઉપવાસ, ચૌવિહાર છઠ્ઠ, અઠ્ઠમ અનેક વખત કર્યાં છે.

ઉપરાંત અનેક નાની–મોટી સંસ્થામાં તન–મન–ધનથી આર્થિક યોગદાન આપી રહ્યા છે.

શ્રી લહેરચંદજીના જીવનમાં સુકૃતોની ઝાંખી–ઝલક

(૧) શ્રી માતૃભૂમિ દાંતરાઈમાં આદિનાથ પ્રભુની પ્રતિમા (૨) ચંદ્રપ્રભુ નયામંદિરજી, (ચેન્નઈ) મૂર્તિ ભરાવવાં તથા પ્રતિષ્ઠા (૩) શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામ (બેંગલોર–દેવનહલ્લી)માં ૮૧''ના મૂળનાયકજી પ્રતિમાજી ભરાવવાં તથા પ્રતિષ્ઠા–લાભ. (૪) શ્રી સિદ્ધાચલજી તીર્થમાં મહાવીરસ્વામી મંદિરનું ભૂમિપૂજન–ખનનવિધિ લાભ (૫) દાંતરાઈમાં મુનિસુવ્રતસ્વામી રથમંદિરની પ્રતિષ્ઠા તથા નવકારશીલાભ. (૬) ગિરનારજીની નજીક ડંકગિરિમા પાલિતાણામાં કેશરિયાજી ધર્મશાળામાં સિદ્ધાચલ સ્થૂલભદ્રધામમાં–બ્લોકનો લાભ. (૭) દેવદર્શન ઉપાશ્રયમાં સુધર્માસ્વામી હોલ નિર્માણનો લાભ. (૮) હરદ્વારમાં ધર્મશાળાના આધારસ્તંભ (૯) શંખેશ્વરજી શ્રી કલાપૂર્ણસૂરિ સાધના મંદિરમાં–આધાર-સ્તંભ

ઉપરાંત ★ પૂરા ચેન્નઈના તપસ્વીઓનાં પારણાં ★ ચેન્નઈથી દેવનહલ્લી બેંગલોર વિ.

## કર્મયોગી શ્રી ખુશાલચંદ ધનજી ધરમશી



બેંગ્લોરમાં જૈન અને જૈનેતર સમાજમાં પોતાના નામ અને કામથી જાણીતા શ્રી ખુશાલભાઈ ઉદારદિલ, પરમાર્થી અને ધર્મપ્રેમી છે. તેઓ બેંગ્લોરના ધાર્મિક પ્રસંગ હોય કે સામાજિક હોય સાંસ્કૃતિક હોય કે શાળાનો અવસર હોય, ખડે પગે હાજરી આપી સહકાર આપે જ.

આવા સરળ નિખાલસ, નિઃસ્વાર્થી શ્રી ખુશાલભાઈ ૨૭ ઓક્ટોબર, ૧૯૫૨માં બાગલકોટ (કર્ણાટક)માં જન્મ્યા. બાળપણ સાવ સામાન્યથી પણ ઊતરતી રીતે પસાર થયું. આર્થિક સંકડામણમાં પિતાએ પ્રારબ્ધને દોષ ન દેતાં કે નિરાશ હતાશ થવાને બદલે બન્ને પુત્રો શ્રી ખુશાલભાઈ તથા કીર્તિભાઈને શિક્ષણ આપવાનું માંડી વાળ્યું. ૧૯૬૬માં ડીલક્ષ રોડલાઈન્સના નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય શરૂ કર્યો. પ્રભુનો સાથ અને પિતાનું માર્ગદર્શન બંધુઓના અથાગ પરિશ્રમથી 'ડીલક્ષ' ઉત્તરોત્તર સફળતાનાં સોપાન આંબતું ગયું. સાતભાઈ અને એક બહેનના વિશાળ પરિવાર માટે સુખના દિવસો હતા. સંઘર્ષોમાંથી બહાર આવ્યાની કળ વળી ત્યાં બેંગ્લોરના ૧૯૯૦ના પ્લેન અકસ્માતમાં પિતા ધનજીભાઈની છત્રછાયા ગુમાવી. આવા આકસ્મિક મોતથી પરિવાર શોકમાં ડૂબી ગયો. માતા ઝવેરબહેનનાં પીઠબળ અને હિંમતે તેઓને લોખંડી અને સાહસિક બનાવ્યા. 'ડીલક્ષ રોડ–લાઈન્સ પ્રા. લિ.'ના ચેરમેન છે. ભારતભરમાં તેમની ૨૫૦ શાખાઓ છે અને પોતાની ૨૦૦થી પણ વધારે ટ્રક ફ્લીટ પણ છે. ટ્રાન્સપોર્ટ સિવાયના બદલાતા જમાના પ્રમાણે બેંગ્લોરથી ૩૦ કિ.મી. એક સંપૂર્ણ શાકાહારી 'ધરમશી રિસોર્ટ' વિકસાવ્યું છે જ્યાં જૈન અને જૈનેતરોના અનેક પ્રોગ્રામ થાય છે.

માતા–પિતાના ધાર્મિક અને સેવાના સંસ્કારનું સિંચન મેળવી શ્રી ખુશાલભાઈ જે ગુજરાતી શાળામાં શિક્ષણ લીધું તે જ શાળાના આજે પ્રમુખપદે છે. આ શાળા માટે તેમને ખૂબ ગૌરવ અને આદર છે. શાળાના વિકાસ માટે અથાગ પ્રયત્નો કરે છે. બેંગ્લોર અંગ્રેજી શાળાની હરોળમાં ગુજરાતી શાળા રહે તે માટે નવાં નવાં આયોજનો ચેરિટિ શો વ. કરી મોટું ફંડ એકઠું કરવામાં સફળ રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશાળ પરિવારના જયેષ્ઠપુત્ર તરીકે તેમણે ખરેખર તેમનાં કર્તવ્યો નિભાવ્યાંની સાથે તેઓ પોતાના 'દ. ભારત કચ્છી દશા ઓસવાળ એકમ' (K.D.O.)ને પણ પોતાનો પરિવાર સમજે છે. તેઓ આ સમાજની સ્થાપનાના ૧૧ વર્ષથી પ્રમુખપદે છે. જ્યારે તેમનું એકમ નિષ્ક્રિય અને સુસુપ્ત અવસ્થામાં આવી ગયેલ ત્યારે પરિસ્થિતિને સમજીને સંભાળી ૧૯૯૧થી સુકાન સંભાળતા આવ્યા છે. તેમની કુનેહ, સંકલ્પ, દીર્ઘદૃષ્ટિ અને સૂઝબૂઝથી એકમને શૂન્યમાંથી સુવ્યવસ્થિત અને મજબૂત બનાવ્યું છે. શ્રી ખુશાલભાઈ ગમે તેવા કઠિન કામને પરિશ્રમ લઈને પણ સફળતાપૂર્વક પાર પાડવામાં કુશળ છે. તેમની નેતાગીરીમાં તેમના સમાજે અખૂટ વિશ્વાસ મૂક્યો છે. તે તેમને સાર્થક કરી બતાવ્યો છે. દ. ભારત એકમને મજબૂત કરવા મેડિકલ ઈન્સ્યુરસ સ્કીમ વ. અનેક કામોમાં અપૂર્વ સફળતા હાંસલ કરી છે. હાલમાં જેપીનગરમાં 'કચ્છી ભવન' બનાવવામાં તેમનું આર્થિક યોગદાન ઉલ્લેખનીય છે. સમગ્ર જાતિ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ–પર્યુષણપર્વની આરાધના કે સમસ્ત ભારતમાંથી બેંગ્લોર આવતાં સમાજના યાત્રિકો માટેની આવાસયોજનાને સાકાર કરી છે. ૨૦૦૧માં મુંબઈ ખાતે શ્રી ખુશાલભાઈને ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં તેમની કાર્યસિદ્ધિ અને પ્રતિભાને અનુલક્ષીને 'કચ્છ શક્તિ વ્યાપારરત્ન'ના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વ્યવસાયે–અનેકવિધ પ્રવૃત્તિમાં વ્યસ્ત હોવાની સાથે કર્ણાટકના રાજકીય ક્ષેત્રમાં તેમની નામના છે. તેમની રાજકીય ઓળખાણનો લાભ સમગ્ર ગુજરાતી સમાજને મળે તે માટે હંમેશાં જાગ્રત રહે છે. કર્ણાટક હાઈવે પર થતા નાનામોટા ટ્રાન્સપોર્ટ લૂંટ વ. અનિચ્છનીય બનાવોમાં તેમણે અનેકોને સાથ–સહકાર અને મદદ કરી છે. સૌ કોઈની મુસીબત કે મૂંઝવણમાં રાત–દિવસ જોયા વિના રાજકીય કે સામાજિક કાર્યમાં ઉપયોગી બન્યા છે. તેમના લઘુબંધુ શ્રી કીર્તિભાઈ પણ તેમનાં તમામ કાર્યોમાં સદાય પડછાયાની જેમ સાથે જ હોય છે. 'ડીલક્ષની બંધુ બેલડી'થી જાણીતા આ ભાઈઓમાં સખત પરિશ્રમ પરમાર્થી ભાવના સાથે ધાર્મિકભાવના ગળથૂથીમાં જ છે. તેમના પરિવારમાં પ્રતિવર્ષ ૪.૫ કે તેથી વધુ અટ્ઠાઈની તપસ્યાઓ થતી જ હોય છે. મોટાં મોટાં અનુષ્ઠાનો કરાવવામાં શ્રી ખુશાલભાઈ અગ્રેસર છે. તેમણે પણ પોતાના જીવનમાં ૮-૧૧-૧૬ ઉપરાંત માસક્ષમણની ઉગ્ર તપસ્યા કરેલ છે. પૂ. સાધુ–સાધ્વી ભગવંતોના વિહારનાં પુસ્તકો વ. સામાન તેઓ તેમના ટ્રાન્સપોર્ટ દ્વારા યોગ્ય જગ્યાએ પહોંચાડે છે. સર્વતોમુખી–બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી ખુશાલભાઈ એટલે સખત પરિશ્રમનો પરમાર્થપરાયણ બીજો પર્યાય જ છે.

તેઓ હાલમાં નીચેના હોદ્દાઓ ધરાવે છે. તે દરેક પદને તેમને તેમના કામથી દિપાવ્યાં છે.

પ્રમુખ : શ્રી દક્ષિણ ભારત કચ્છી દશા ઓસવાળ જૈન એકમ, પ્રમુખ : શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન, પ્રમુખ : શ્રી ડી. વી. વી. ગુજરાતી શાળા, ભૂતપૂર્વ મેમ્બર–કર્ણાટક ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશન, ઉપપ્રમુખ–શ્રી સંયુક્ત ગુજરાતી સમાજ (કર્ણાટક), ઉપપ્રમુખ–શ્રી કર્ણાટક જ્યુડો એસોસિએશન (રજિ.), ટ્રસ્ટી–શ્રી શાહ ધનજી કલ્યાણજી ચેરિટેબલ ટ્રસ્ટ, ટ્રસ્ટી–આર્ય સેવાશ્રમ ટ્રસ્ટ (રજિ.), ટ્રસ્ટી શ્રી સંયુક્ત ગુજરાતી સમાજ (કર્ણાટક) તથા ધરમશી ગ્રુપ ઓફ કંપનીસમાં ચેરમેન–ડીલક્ષ રોડલાઈન્સ પ્રા. લિ., ડાયરેક્ટર–ધરમશી રિસોર્ટ પ્રા. લિ., મેનેજિંગ ડાયરેક્ટર–ધરમશી હોલ્ડિંગ એન્ડ ડેવલપર્સ પ્રા. લિ., મેનેજિંગ ડાયરેક્ટર–ડીલક્ષ એક્ષપ્રેસ કાર્ગો પ્રા. લિ.

*અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી*

## શ્રી ચીમનભાઈ જમનાદાસ હકાણી



સૌરાષ્ટ્રમાં આવેલાં ભાવનગર ખાતે જમનાદાસ ગોરધનદાસ હકાણી પરિવાર રહેતો હતો. તા. ૩-૬-૧૯૧૮ના દિવસે માતા ચંચળબહેનની કૂખે ચીમનભાઈનો જન્મ થયો.

નાની ઉંમરે તેઓ ભાવનગરમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ધોરણ પાંચ સુધી અભ્યાસ કર્યો હતો. તે પૂર્ણ કર્યા પછી કાંતિલાલ એન્ડ કંપની ભાવનગરમાં ટોપી સીવવાનું કામ કરતા હતા. પુખ્તવયના થયા ત્યારે મુક્તાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સમયની રફતારની જેમ સમય પાણીની માફક જતો હતો. યુવાવયમાં આવ્યા પછી ૨૦ વર્ષે બેંગ્લોર આવ્યા ત્યારે તેમના મોટાભાઈની સાથે દુકાનમાં બેસતા હતા અને મોટાભાઈની દુકાનમાંથી નીકળી નાનાભાઈની દુકાન ચીમનલાલ એન્ડ કંપની નામની પેઢી શરૂ કરી. ન્યાય–નીતિથી તેઓ આગળ વધ્યા. પોતાના સુઘડ વહીવટથી તેઓ પ્રગતિના પંથે આગેકૂચ કરી. પોતાની હોંશિયારી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાબેલિયતના આધારે તેઓ ૧૯૬૮માં થઈને તે વખતે સાથે હતા. ૧૯૭૪ અલગ અલગ થઈને પોતાની પેઢીનો કારોબાર સંભાળીને તેમના જમાઈશ્રી ભીખાલાલ ચૂનીલાલ શાહ સાથે પાર્ટનરશિપમાં દુકાનની શુભ શરૂઆત કરી પેઢીનું નામ દિનેશ એન્ડ કંપની રાખેલ, જે અત્યારે ચાલુ છે.

તેઓશ્રીનું ધર્મમય જીવન હોવાથી તેઓ ધર્મના સુસંસ્કાર, સમતાભાવ, સમાજઉપયોગી, જીવદયા, ધાર્મિક કાર્યોમાં સુંદર સેવા આપી પોતાનું જીવન અલગ શૈલીમાં વિતાવી રહ્યા છે.

શ્રી મહાવીર સ્વામી જૈન મંદિર ચિકપેટ બેંગ્લોર ખાતે શ્રી મહાવીર સ્વામી ભગવાન બિરાજમાન કરેલ અને પાઠશાળાના હોલમાં સુંદર યોગદાન આપેલ.

ગાંધીનગર ખાતે ઉપાશ્રયમાં મોટું દાન આપી તેમનું નામ આપેલ હતું અને આયંબિલશાળા તેમના નામથી ચાલે છે. તેમની જગ્યા હતી તે ગાંધીનગર સંઘને ભેટ આપેલ અને પાલિતાણા ખાતે બેંગ્લોર ભવનમાં એક રૂમનો સુંદર લાભ લીધો હતો.

તેઓ નાનાં મોટાં એવાં સુંદર કાર્યોમાં તન, મન, ધનથી સેવા આપી રહ્યા છે.

તેઓશ્રી મહાવીર જૈન શ્વે. મંદિરમાં ટ્રસ્ટી અને શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન પાઠશાળામાં ટ્રસ્ટી શ્રી, ગાંધીનગરની અન્ય સંસ્થાઓમાં તેમનો સંપૂર્ણ સહયોગ મળેલ છે.

અન્ય ગુજરાતી સંસ્થાઓ સાથે સંકળાયેલ છે. દાનનો સદ્ઉપયોગ કરવા તત્પર રહે છે.

સંકલન :—પ્રવીણભાઈ એમ. શાહ (ઉણ) (બેંગ્લોર)

*સૌમ્ય, સરળ, નિરાભિમાની*

## શ્રી જયંતીલાલ નાગરદાસ શાહ-બેંગ્લોર



આર્યતાના આભૂષણથી શોભતી ભારતભૂમિ છે. જે ધન્યધરામાં કણકણની અંદર મણમણ સંસ્કાર ભરેલા છે એવી ગરવી ગુજરાતની બનાસકાંઠા ભૂમિમાં આવેલ ધાનેરા તાલુકામાં આવેલ ખીંમત ગામના વતની નાગરદાસ પદમાભાઈ શાહને ત્યાં જનેતા કેશરબહેનની કુક્ષિએ તા. ૬-૨-૧૯૩૦ના રોજ શુભ સમયે જયંતીભાઈનો જન્મ થયેલ. તેમના પિતાશ્રી નાગરદાસ ઈ.સ. ૧૯૧૨માં ખીંમતથી પાલનપુર ધંધા માટે આવ્યા અને પછી ઈ.સ. ૧૯૩૪માં મોટીબજારમાં કાપડની દુકાન શરૂ કરી હતી. આ અરસામાં થોડા સમય પછી માતુશ્રી કેશરબહેનનું નિધન થયું.

ઘડિયાળના ચક્રની માફક સમય પાણીના રેલાની જેમ વહી રહ્યો હતો. તેવી જ રીતે જયંતીભાઈની ઉંમર વહી રહી હતી. તેમની ઉંમર યુવાનીમાં આવ્યા પછી તેમણે પાલનપુર શિશુશાળા તથા પાલનપુર હાઈસ્કૂલમાં S.S.C. સુધી સુંદર અભ્યાસ કરીને પ્રવીણતાના શિખરે પહોંચેલ, સાથે સાથે તેમનામાં ધાર્મિક રુચિ હોવાથી તેઓશ્રી પાંચ પ્રતિક્રમણનો સુંદર અભ્યાસ પ્રાપ્ત કરેલ.

તેઓશ્રી ઈ.સ. ૧૯૪૭માં S.S.C. પાસ કરી મદ્રાસ ખાતે ઝવેરાતના ધંધા માટે આવ્યા ને એક વર્ષ નોકરી કરી પછી પોતાની હોંશિયારી, કાબેલિયત, હિંમત, હોંસલાથી પોતાના ઝવેરાતના ધંધામાં બીડું ઝડપ્યું.

ત્યારપછી ઈ.સ.૧૯૫૦માં મદ્રાસથી સ્થળાંતર કરી ગાર્ડન સિટી, બેંગ્લોરમાં આવી ઝવેરાતનો ધંધો ચાલુ કર્યો. જયંતીલાલ એન્ડ કંપનીના નામની પેઢીની શુભ શરૂઆત કરી હતી. ધંધાનાં પ્રગતિનાં સોપાન સર કરવા લાગ્યા હતા.

ઈ.સ. ૧૯૫૪માં જયંતીભાઈ તેમના માદરે વતનમાં જ શ્રીમતી સુભદ્રાબહેન વલેચંદભાઈ સાથે વૈશાખ સુદ–૧૫ના રોજ લગ્નગ્રંથિથી જોડાયા. પોતાનો સંસાર ગતિચક્રમાળા મુજબ સુંદર રીતે ચાલી રહ્યો હતો.

ધર્મપત્ની સુભદ્રાબહેનનો સ્વભાવ હસમુખો હતો તેમજ ખાસ વિશેષતા હતી કોઈના માટે કરી છૂટવાની ભાવના, તમન્ના હતી. તેઓ શાસનસેવા, સમાજસેવા, ધાર્મિક સેવા આપી અને સાધુ–સાધ્વીજીની વૈયાવચ્ચ બહુ જ સુંદર સેવા અને પ્રેરણા આપતાં તેમજ તેમનો સાથ અને સહકાર જયંતીભાઈને આપતાં હતાં.

ધંધાના વિકાસમાં હિંમતથી આગળ વધવા હંમેશાં પ્રોત્સાહન આપતાં હતાં. તેમના ચાર સંતાનમાં નરેશભાઈ, ગિરીશભાઈ, અતુલભાઈ સુપુત્રો, બહેન દક્ષા પરિવારમાં સંપથી રહી પોતાની કુશળતાપૂર્વક પ્રગતિના પંથે આગળ જવા જયંતીભાઈના માર્ગદર્શન હેઠળ ધંધામાં હરણફાળ ભરી ધંધામાં પ્રગતિની વણથંભી કૂચ શરૂ કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું નામ બેંગ્લોરમાં ગુજરાતી સમાજમાં ગુંજતું કર્યું અને કમાયેલી લક્ષ્મીનો સદ્‌ઉપયોગ સારાં કાર્યોમાં સુંદર રીતે વાપરવા જરા પણ અચકાતા નહીં અને પોતાનાં સંતાનોમાં ધર્મના, સામાજિક, શૈક્ષણિક, જીવદયાનાં કાર્યો કરવાના સંસ્કારોનું સિંચન કરી ધર્મમય બનવાની પ્રેરણા આપતા હતા.

શ્રીમતી સુભદ્રાબહેનના મુખ ઉપર તેજસ્વી છાંય કદી મૂરઝાતી નહીં. ઉત્સાહી એવા શ્રાવિકા સદાને માટે હસતાં રહેતાં. પૂ. સાધુ–સાધ્વીજી મ.સા.ની વૈયાવચ્ચમાં ભાવવાહી લાગણી હતી. તેઓશ્રીના પુણ્ય આત્માનું નિધન માગશર વદ–૩૦, તા. ૬-૧-૨૦૦૦ના રોજ જૈનોની પાવનભૂમિ પાલિતાણા ખાતે થયેલ.

"સૂરજની કિંમત એના પ્રકાશથી.....
દીપકની કિંમત એના ઉજાસથી.....
પુષ્પની કિંમત એની સુવાસથી.....
માણસની કિંમત એનાં કાર્યોથી થાય છે."

બેંગ્લોરમાં કાર્યક્ષેત્ર બનાવી રહેલ પોતે તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપી, ધાર્મિક કાર્યોમાં, જેવાં કે દેરાસરોના નિર્માણમાં, વહીવટમાં આગળ પડતો ભાગ લઈ સંપૂર્ણ અવલોકન અહેવાલમાં પોતાની સૂઝબૂઝનો ઉપયોગ કરી સમાજમાં આગળ આવ્યા. ત્યાર–પછી તે સમયે ચિકપેટ ખાતે પાઠશાળાનું જૂનું મકાન જમીનદોસ્ત કરી પ્લોટ પડેલ હતો. આજુબાજુવાળાંઓ તેમજ કોર્ટ–કચેરીના કેસથી સમાજ કંટાળી ગયેલ અને કામ થંભી ગયેલ હતું. સમાજ એટલી હદ સુધી ગયો કે આ જગ્યા વેચી નવી જગ્યા લઈ પાઠશાળાનું મકાન બનાવવાનો વિચાર કરેલ, પણ આ સંસ્થામાં જયંતીભાઈ જોડાયા ત્યારપછી પોતાની મનની કોઠાસૂઝ સમજણ હિંમત આપી બધા આગેવાનોને સાથે રાખી આ જગ્યા ઉપર આજુબાજુવાળાં પાસે સમાધાન કરી ત્રણ માળનું મકાન બનાવ્યું. તેનું ઉદ્‌ઘાટન ઈ.સ. ૧૯૭૧માં થયું હતું.

શ્રી મહાવીર સ્વામી જૈન શ્વેતામ્બર મંદિરની સ્થાપના ઈ.સ. ૧૯૭૫માં કરવામાં આવી હતી. આ સંસ્થામાં જોડાયા પછી દેરાસર ચાલુ કરવા પોતાનો સક્રિય રીતે તન, મન, ધનથી સુંદર સહયોગ આપેલ.

શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વેતામ્બર પાઠશાળા અને શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિરનો વહીવટ સુંદર સુઘડ સુવ્યવસ્થિત રીતે નીડર બની સંભાળ્યો. ત્યારપછી તેમને અન્ય સંસ્થાઓમાં પોતાની હોંશિયારી, આવડત, પ્રવીણતાથી પોતાનો કિંમતી સમય આપી અનેક સંસ્થાઓમાં પોતાનો નિઃસ્વાર્થ ભાવે ભોગ આપવા લાગ્યા, જેવાં કે જીવદયા, અનુકંપાદાન, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક, વ્યાવહારિક વગેરે સુંદર રીતે રચનાત્મક રીતે કાર્યની સેવા આપવા લાગ્યા. એવા સમાજ–વડીલબંધુ શ્રી જયંતીલાલ નાગરદાસ શાહની પોતાની જીવન જીવવાની એક અનોખી કળા રહેલી છે.

કવિની મધુર ભાષામાં સુંદર રીતે વર્ણન કરેલ છે.

"કુસુમની કુમાશ ને કોકીલની કેડી
નૃત્યના લયતાલ, સંગની સૂરવેલી
મેઘધનુષના રંગ, તુફાની વર્ષાની હેલી
સાગરના ઊંડાણ, ગંગાનાં પવિત્ર પાણી,
સૂરજનાં પ્રકાશ ને વીજળીના ઝનકારની હેલી
રવિના ઉજાસની જેમ જયંતીભાઈની જીવન
જીવવાની અનોખી શૈલી."

આવા આદરણીય શ્રી જયંતીભાઈને કોઈ જાતનું અભિમાન, મોટાઈ, કે સ્વાર્થભાવના જરાપણ તેમના મુખ પર દેખાતી નહીં. એકદમ સાદગીભર્યું જીવન, ધર્મમય સરળતા, પવિત્રતાના ગુણો સાથે નિયમિત પણ પોતાના કાર્યમાં મસ્ત બની રહેતા. તેમની પાસે તૈયાર થયેલ વ્યક્તિ દુનિયામાં કોઈપણ જગ્યાએ જાય તો તે પાછી નહીં પડે, કારણ કે તેમની પાસે છૂપી રહેલ દૈવીશક્તિનું મુખ્ય કારણ છે.

## શુભકાર્યોની તેજછાયા

- ઈ.સ. ૧૯૭૦માં પોતાના મૂળવતન ખીંમત ખાતે વોટર–વર્ક્સ માટે દાન આપી ચાલુ કરાવ્યું.
- ઈ.સ. ૧૯૭૧માં ખીંમત ખાતે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા વખતે એક ભગવાન બિરાજમાન કરવાનો આદેશ લીધો હતો.
- ઈ.સ. ૧૯૮૫ બેંગ્લોર ખાતે સેન્ટ માર્થસ્ હોસ્પિટલમાં પાણીનું પરબ ખુલ્લું મૂક્યું હતું. તેનો દરેક દર્દીઓ સુંદર લાભ લઈ રહ્યાં છે.
- ઈ.સ. ૧૯૮૭ બેંગ્લોર ખાતે સેન્ટ માર્થસ્ હોસ્પિટલમાં મોટી સખાવત આપી ઈમરજન્સી વોર્ડ બનાવ્યો અને ભવ્ય રીતે તેનું ઉદ્‌ઘાટન તે વખતના ગવર્નરની હાજરીમાં કરેલું.
- ઈ.સ. ૧૯૯૦ બેંગ્લોર ખાતે ચામરાજપેટમાં રાષ્ટ્રીય થાણા બ્લડ બેન્કમાં દાન આપી તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✍ ઈ.સ. ૧૯૮૦માં પાલિતાણામાં ધર્મશાળા બનાવવા માટે પ્લોટ લીધો હતો. તે પછી ઈ.સ. ૧૯૯૪માં ધર્મશાળા બનાવવાનું ચાલુ કર્યું. ઈ.સ. ૧૯૯૬માં 'ખીંમત યાત્રિક ભવન' ધર્મશાળાનું ઉદ્ઘાટન કરેલ, જેઓ મેનેજિંગ ટ્રસ્ટી તરીકે પોતાની અનોખી સેવા આપી રહ્યા છે.

✍ પાલિતાણામાં 'ખીંમત યાત્રિક ભવન' ધર્મશાળાના પ્રાંગણમાં શિખરબંધી ભવ્ય જિનાલય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાનું પોતાના સ્વદ્રવ્યથી આલિશાન મંદિર બનાવ્યું તેની પ્રતિષ્ઠા ઐતિહાસિક અને યાદગાર ચિરસ્મરણીય ગણાય છે.

✍ શંખેશ્વરમાં નવી ભોજનશાળામાં 'રસોડા વિભાગ'નો સુંદર લાભ લીધો હતો.

✍ શાહપુર મુંબઈ ખાતે માનસમંદિરમાં ધર્મશાળામાં મુખ્ય નામનો આદેશ લીધો હતો.

✍ શાહપુર, મુંબઈ ખાતે કાર્યાલય તેમજ ભાતઘર અને સંકુલના ટોટલ ભૂમિદાન માટે મોટું દાન આપી લાભ લીધો હતો.

✍ ગુજરાતના વડોદરાની બાજુમાં આવેલ ગોરજ મુકામે મુનિસેવા આશ્રમ અતિથિમંદિર બનાવવા માટે મોટી સખાવત આપી હતી.

✍ વડોદરામાં નવી હોસ્પિટલમાં ઓપરેશન થિએટર બનાવવામાં મોટું દાન આપી લાભ લીધો હતો.

✍ બનાસકાંઠા જિલ્લામાં પોતાના માદરેવતન પાલનપુરમાં લાયન્સ ક્લબના નેજા હેઠળ ઓર્થોપેડિક હોસ્પિટલમાં મુખ્ય નામ માટે અને આંખ વિભાગ માટે મુખ્ય નામ માટે સુંદર લાભ લીધો હતો.

✍ બેંગ્લોરમાં બન્નરગટા રોડ ઉપર 'આશાજીવન' વૃદ્ધાશ્રમનાં ત્રણ મકાન બનાવવા મુખ્ય સહકાર સહયોગ આપેલ.

✍ તલાસરી વિહારધામમાં ઓફિસ બ્લોક ઉપર મુખ્ય દાતા તરીકે લાભ લીધો હતો.

✍ બેંગ્લોર ગાર્ડન સિટીને ટેમ્પલ સિટી સર્જનાર દક્ષિણકેશરી પ.પૂ. આ. સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ઈ.સ. ૧૯૯૦માં રાજાજીનગર ખાતે દેરાસર માટે જગ્યા લઈ મંદિરના પાયાથી શિખર સુધી તન, મન, ધનની સુંદર સેવા–ભોગ આપી લાભ લીધો. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિને ભરાવાને તેમજ બિરાજમાન કરવાના તેમજ પ્રતિષ્ઠા સમયે અનેક નાના મોટા સુંદર લાભ લીધા હતા.

✍ બેંગ્લોરથી ૩૬ કિલોમીટર દૂર આવેલ દેવનહલ્લીમાં શ્રી ૧૦૮ નાકોડા પાર્શ્વનાથ જૈન મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે અવંતિ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવી અને કળશ સ્થાપનાનો આદેશ લીધો હતો.

✍ પાલિતાણા ઘેટીની પાળે નીચે ઊતરતી વખતે રામકુંડ પરબ સુંદર રીતે બનાવી લાભ લીધો.

✍ બેંગ્લોર રાજાજીનગરમાં આવેલ આરાધના ભુવન ખાતે શુભજયંતી ભોજનખંડનો લાભ લીધો અને બીજા અન્ય આદેશો લીધા હતા.

**★ નીચેનાં ટ્રસ્ટો દ્વારા દાનની ગંગા વહેતી રાખી**

**સંસ્થાની સ્થાપના કરેલ છે.**

✻ શ્રી જયંતીલાલ નાગરદાસ શાહ ફાઉન્ડેશન ટ્રસ્ટ.

✻ શ્રી સુભદ્રાબહેન જયંતીલાલ શાહ ફાઉન્ડેશન ટ્રસ્ટ.

✻ શ્રી સિદ્ધગિરિ આરાધક ટ્રસ્ટ.

✻ શ્રી સુભદ્રાબહેન જયંતીલાલ નાગરદાસ ચેરિટેબલ ટ્રસ્ટ.

✻ પોતાની અનોખી નિઃસ્વાર્થભાવથી સેવા આપી રહેલ સંસ્થાઓનું આલેખનઃ–

✻ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર–રાજાજીનગર બેંગ્લોર–પ્રમુખ.

✻ શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર–ચિકપેટ. બેંગ્લોર–મંત્રી.

✻ શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વેતામ્બર પાઠશાળા ચીકપેટ બેંગ્લોર–ખજાનચી.

✻ શ્રી હીરાચંદ નાહર જૈન ભવન–ગાંધીનગર, બેંગ્લોર–ટ્રસ્ટીગણ.

✻ શ્રી ખીંમત યાત્રિક ભવન–પાલિતાણા–પ્રમુખ–મેનેજિંગ ટ્રસ્ટી.

✻ શ્રી માનવમંદિર, શાહપુર–મુંબઈ–ટ્રસ્ટી.

✻ શ્રી તલાસરી વિહારધામ–ટ્રસ્ટી.

✻ શ્રી ખીંમત જૈન સંઘ–ખીંમત ટ્રસ્ટી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* શ્રી આણંદજી કલ્યાણજી પેઢીમાં બેંગ્લોર ગુજરાતી સમાજવતી પ્રતિનિધિ.
* શ્રી રાજેન્દ્રવિહાર ધામ વિરમગામ–ટ્રસ્ટી.
* શ્રી બેંગ્લોર ગુજરાતી સંયુક્ત સમાજ–ટ્રસ્ટી.
* શ્રી ડી.વી.વી. ગુજરાતી સ્કૂલમાં પોતાનું યોગદાન આપેલ છે

ઉપરોક્ત અન્ય સંસ્થામાં રહી પોતાની અનોખી સેવા તન, મન, ધનથી આપી રહ્યા છે.

–સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ (ઉણવાળા) હાલ–બેંગ્લોર

*જીવદયાપ્રેમી, શાંત, સરળ*

## સ્વ. શ્રી દલપતલાલ ગુલાબચંદભાઈ શાહ



ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં રાજસ્થાનની સરહદની સુવર્ણભૂમિ જૂના ડીસા ખાતે રહેતા શ્રીયુત્ ગુલાબચંદભાઈ ઝૂમચંદભાઈ શાહના ઘરે હૈયાના હેતથી સદા ભીંજવનારી એવી જન્મદાત્રી જ નહીં સંસ્કારદાત્રી એવી જનેતા પસીબહેનની રત્નકુક્ષિએ ઈ.સ. ૧૯૨૮ના ઓક્ટોબર માસની નવમી તારીખે પુત્રનો જન્મ થયો હતો. તે પુત્રનું નામ દલપતભાઈ પાડેલ.

એમની માતા પાંચ વર્ષની ઉંમરે ગુજરી ગયેલ અને ૭ વર્ષની ઉંમરે પિતાજીનો વિયોગ થતાં તે વખતે સદાસદૈવ સાથે રહેનાર માતા–પિતાથી વિખૂટા પડી ગયેલ ત્યારે વિરહવેદનાથી વ્યાકુળ અને વ્યથિત થતાં તેમની ત્રણ બહેનો જે (સ્વ. બબુબહેન, તારાબહેન, જાસૂદબહેન)એ પોતાના ભાઈને સુંદર સાથ સહકાર આપેલ. ખાસ કરીને સ્વ. બબુબહેનને ત્યાં રહી મોટા થયા ત્યારે ભણવાનો હુન્નર, હિંમત, હોંશલા સાથે નિર્ભય, નિખાલસતાપૂર્વક પાલનપુર જૈન બોર્ડિંગમાં રહી અભ્યાસ કરેલ. ૧૮ વર્ષની ઉંમરે મદ્રાસ રહેતાં તેમનાં બહેન–બનેવીના સહયોગથી તેમની પત્ની શ્રીમતી વિમળાબહેન સાથે મદ્રાસ આવ્યા અને શરૂઆતમાં ખંતપૂર્વક ઈમાનદારી નીતિન્યાયના ધોરણે પોતે સર્વિસ કરી.

પાંચેક વર્ષ મદ્રાસ રહીને પુત્ર અશોકભાઈ તથા પુત્રી કલ્પનાબહેન સાથે ગાર્ડન સિટી બેંગ્લોર આવેલ અને સ્થાયી થઈ કર્મભૂમિ બનાવી.

પોતાનાં ખંત, મહેનત, હિંમત અને તેમની પત્ની વિમળાબહેનના અપૂર્વ સાથ–સહકારથી શૂન્યમાંથી સર્જન કરી માતાની કૂખ દિપાવી અને પિતાનું કુળ અજવાળ્યું.

શરૂઆતથી તેઓનું જીવન સરળતા, સાદગી, સચ્ચાઈ, નમ્રતા, વિનય, વિવેક અને ધર્મમય જેવું આભૂષણ સમાન હતું.

નાનપણથી ખૂબ જ હોંશિયાર, હિંમત, નિખાલસતા, પ્રવીણતા જેવું કર્તવ્યપરાયણ રહી હૃદયમાં ધર્મભાવના અતિપ્રભાવી અને લક્ષ્મીકૃપા બની રહી હતી.

શાસનના કોઈપણ કાર્યમાં હંમેશાં તન, મન, ધનથી સેવા આપવામાં તત્પર રહી ક્યારેય પીછેહઠ નહીં કરી હોય, પછી તે કર્મભૂમિ હોય કે જન્મભૂમિ હોય, તેવા ઊંચા આદર્શ સાથે દરેકને પ્રેરણારૂપ બની તેમના મનની ઊંડી કોઠાસૂઝ તેમજ પરોપકારની ઉજ્જવળ ભાવનાઓ તેમનામાં વણાયેલી હતી.

ધાર્મિક તેમજ સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે અને જીવદયા–અનુકંપાદાન, કરુણાની શીલભરી લાગણી દ્વારા અન્ય પ્રવૃત્તિમાં સંપૂર્ણપણે સહકાર આપી કાર્યમાં હાજર રહી સચોટરૂપથી સુંદર રીતે માર્ગદર્શન આપી સહભાગી બની રહેતા.

તેઓશ્રી અન્ય સંસ્થાઓમાં પોતાની જીવન જીવવાની શૈલી દ્વારા પોતાનું કાર્ય સંભાળતા અને કાર્યની સુવાસ ફેલાવી કાર્યક્ષેત્રમાં અડગ રહેતા અને દરેકને પ્રેમ અને હૃદયનું ઉષ્માભર્યું વાત્સલ્ય આપી જીવન જીવી જાણ્યું. તેમનો આદર્શ વ્યવહાર સામાન્ય માણસ સાથે રાખી અંતરનાં અમીભર્યું જીવનકાર્ય પ્રેરણારૂપ રહેલ.

તેમની જન્મભૂમિ જૂના ડીસા ખાતે આશરે લગભગ પંદર વર્ષ પહેલાં શ્રી આદેશ્વર દાદાની પ્રતિષ્ઠા સમયે સુંદર લાભ લીધેલ.

નવા ડીસા ખાતે નેમનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે સુંદર યોગદાન કરેલ.

જીવદયાપ્રેમી આત્મા હોઈ કોઈપણ ક્ષેત્રમાં પાંજરાપોળમાં ઉદાર દિલથી ફંડફાળામાં સહકાર આપી દાનગંગા વહેવડાવતા હતા.

વિવિધ દેરાસરો, ધર્મશાળાઓ, ભોજનશાળા, આરાધનાભવન વગેરેમાં ક્યાંક ખાતમુહૂર્ત, શિલાન્યાસ, ક્યાંક નાની દેરી, ભગવાન ભરાવાના તેમજ શિખર ઉપર કળશ ચડાવવાના, ક્યારેક ધ્વજા ચડાવવાના વગેરે જુદી જુદી જગ્યાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુંદર રીતે લાભ લઈ પોતાના જીવનમાં ધન્યતા અનુભવતા.

જીવનના અંતિમ સમય સુધી ગુપ્તદાન તેમજ સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ માટે હંમેશાં તત્પર રહેલ.

તેમની કર્મભૂમિ બેંગ્લોર ખાતે પોતાની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી ગાંધીનગરમાં શ્રીમતી વિમળાબહેન દલપતલાલ જૈન ભોજનશાળામાં સુંદર રીતે લાભ લીધેલ.

આ ઉપરાંત અનેક નાનીમોટી સંસ્થામાં રહી સુંદર સેવા સાથે યોગદાન આપેલ. તેઓશ્રી જોડાયેલ સંસ્થાઓ :-

શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર, ચીકપેટ-પ્રમુખ.

શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વે. પાઠશાળા, ચીકપેટ-ટ્રસ્ટી.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર, રાજાજીનગર-ટ્રસ્ટી.

શ્રી ભેદા ખીંઅશી ઠાકરશી જૈન પાઠશાળા, ગાંધીનગર-ટ્રસ્ટી.

શ્રી હીરાચંદ નાહર જૈન ભવન, ગાંધીનગર, ટ્રસ્ટી.

શ્રી ગુજરાતી મૂર્તિપૂજક જૈન સંઘ, ગાંધીનગર-ટ્રસ્ટી.

તથા અન્ય ગુજરાતી સંસ્થાઓમાં ટ્રસ્ટી તેમજ અન્ય હોદ્દાઓમાં પ્રતિનિધિત્વ સંભાળીને તન, મન, ધનથી સુંદર સેવા આપતા હતા. તેઓ ચિરસ્મરણીય, અનુમોદનીય, અનુકરણીય છે.

તેઓશ્રીનું સં. ૨૦૬૩ ને ભાદરવા સુદ ૧૦ ને શનિવાર તા. ૨૨-૯-૨૦૦૭ના દિવસે બેંગ્લોર ખાતે અવસાન થયું. તેમની અણધારી વસમી વિદાયથી પરિવાર પર આવી પડેલ આઘાતજનક સમયે પરમાત્મા પાસે એજ પ્રાર્થના કે તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી અભ્યર્થના સાથે......

ભાર સંઘનો ઉપાડી તમે, સંસ્થાકાર્યો કર્યા તમે......
મીઠી વીરડી બની રહ્યા તમે, અમીનું સિંચન કર્યું તમે.....
સહુના મોવડી બન્યા તમે, દોરવણી આપી માર્ગ ચીંધ્યો તમે....
વાટ પકડી પરલોકની તમે, મધુર યાદ મૂકી ગયા તમે.....

—સંકલન શ્રી પ્રવીણભાઈ એમ. શાહ
(ઉણ) બેંગ્લોર

*'ધન્ય તપસ્વી રત્ન'*

## શ્રી દીપકભાઈ હિંમતલાલ સુરાણા

રાજસ્થાનની જન્મભૂમિ પારલુ (રાજ) શ્રી હિંમતલાલજી સુરાણાના ઘેર માતા મેનાબહેનની કુક્ષિએ તા. ૨૬-૭-૧૯૪૯ના શુભ સમયે દીપકભાઈનો જન્મ થયો હતો. તેઓશ્રી રાજસ્થાનથી ગુજરાતની ધરતી ઉપર આવેલ. અંકલેશ્વરમાં આવી વસવાટ કર્યો. પોતાની જન્મભૂમિ જેવું વાતાવરણ ઊભું કર્યું. અંકલેશ્વરમાં તેમની બાલ્યાવસ્થા પૂર્ણ થયા પછી યુવાવસ્થામાં આવી નૈતિક ધોરણે અભ્યાસ શરૂ કર્યો. SSC પાસ કરી. ધંધાર્થે તેઓશ્રીની પોતાની હોંશિયારીથી તેમના સગાંવહાલાંની સહાયથી ઈ.સ. ૧૯૮૦માં બેંગ્લોરમા આવ્યા. થયું. ત્યાર પછી અહીં આવી પોતાની કર્મભૂમિ બનાવી પોતાનું જીવન સુંદર રીતે વિતાવી રહ્યા હતા.



સોનામાં સુગંધ ભળે તેવી રીતે તેમના સાળાએ તેમની ઈચ્છા શું છે તે પૂછ્યું તો તેમણે કહ્યું કે આપે જે મારા માટે યોગ્ય ધંધા માટે પહેલ કરવાનું કહ્યું. બેંગ્લોર ખાતે શ્રી મહાવીર બેંગલ્સ-મામુલપેટ બેંગ્લોરના નામે પેઢીની શુભ શરૂઆત કરી. ધંધામાં જમાવટ સારી થઈ. પ્રગતિનાં સોપાન સર કરવા લાગ્યા.

તેમને ધર્મ પ્રત્યે રુચિ ઘણી હતી પણ તેમને કોઈ સહકાર, જાણકાર ન હોવાથી તેમનું મન દુઃભાતું હતું. સંજોગોઅનુસાર તેમને ગુરુભગવંતનો સહયોગ મળી ગયો અને તેમના મનની ભાવના વિભોર બની ગઈ.

ઈ.સ. ૧૯૯૭માં શ્રી કાંકરેજ જૈન પ્રગતિમંડળ દ્વારા સ્પેશિયલ ટ્રેનનું આયોજન કરેલ તેમાં તેઓ સામેલ થયા અને એ દ્રશ્ય જોઈ તેમનું મનપરિવર્તન થયું. તેથી તો બેંગ્લોરના હુલામણા નામે પ્રસિદ્ધ 'ગુરુજી' તરીકે ઓળખતા શ્રી સુરેન્દ્રભાઈના સહવાસમાં આવ્યા પછી તેઓશ્રીએ વર્ધમાન તપની ઓળીનો પાયો નાખી પોતાની તપશ્ચર્યાની શુભ શરૂઆત કરી.

ધર્મમાં રંગ લાગ્યા પછી તેઓએ પોતે સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા ચાલુ કરી અને ઓળી કરવા પછી આયંબિલ ચાલુ રાખતા. આયંબિલના પારણે આયંબિલ કરતાં. અત્યારે તેમણે વર્ધમાન તપની ૬૬મી ઓળી પૂર્ણ કરી છે. તેઓની આગળ વધવાની પૂરેપૂરી તૈયારી શાસનદેવ તેમને સહાય કરે તેવી પ્રાર્થના.

સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ(ઉણ) બેંગ્લોર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*મૂક સામાજીક સેવક*

## સ્વ. શ્રી નાગરદાસ કુંવરજીભાઈ શાહ–બેંગ્લોર

ભાવનગર બાજુના એક નાનકડા ગામ તણસા–રાજપરા ગામે રહેતા શ્રીયુત્ કુંવરજીભાઈ જેઠાભાઈ શાહ લગભગ ૯૮ વર્ષ પહેલાં બેંગ્લોર આવેલ. અત્રે સ્થાયી થયા અને ધંધામાં શુભ શરૂઆત કરી.

બેંગ્લોર ખાતે કેટોમેન્ટમાં રહેતા હતા. કુંવરજીભાઈના ઘેર સુપુત્રનો માતાની કૂખે જન્મ થયો. તેમનું નામ નાગરદાસ પાડેલ. સમય આગળ વધી તે યુવાવસ્થામાં આવી પોતે કેટોમેન્ટ ખાતે અભ્યાસ કર્યો. અભ્યાસ પૂર્ણ થયા પછી તેમણે મોહનલાલ તારાચંદ ગાંધીની પેઢી શાહ બ્રધર્સમાં મેનેજર તરીકે પ્રામાણિકતા મુજબ સર્વિસ કરી. પ્રગતિનાં સોપાન સર કરી પોતાની આવડત હુન્નર, ખંતથી ઈ.સ. ૧૯૫૦માં પોતાનો કાપડનો ધંધો શાહ સ્ટોર્સ નામથી ભાગીદારીમાં શરૂ કર્યો. ઈ.સ. ૧૯૫૩ પોતાની સ્વતંત્ર રીતે શાહ સિલ્ક હાઉસની પેઢી શરૂ કરી. ધંધાનો વિકાસ કરી ધંધા સાથે ધર્મનું પાસું બરાબર સમતોલ રાખી ધાર્મિક ઘણાં કાર્યો યશસ્વી રીતે કરેલાં છે.

સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન ઘણું મોટું છે. ઘોઘારી વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિ, બેંગ્લોર ખાતે પોતાની આગવી સેવા હોદ્દા સહિત આપેલ. ઘણાં વર્ષો સુધી ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, આરોગ્યક્ષેત્રે પોતાનું સુંદર યોગદાન આપી સમાજમાં પ્રતિભાશાળી બની દરેકનું મન જીતી લીધું હતું. તેઓ હુલામણા નામ 'દાદા' તરીકે ઓળખાતા હતા. બેંગ્લોરને કર્મભૂમિ બનાવી દાનની ગંગા વહેતી કરી હતી.

બેંગ્લોરમાં માર્થ હોસ્પિટલમાં પાણીનું પરબ બનાવવામાં સુંદર યોગદાન આપેલ અને શૈક્ષણિક ક્ષેત્રે શ્રી ડી. વી. વી. ગુજરાતી શાળામાં અંતર્ગતમાં મોટી રકમ આપી હાઈસ્કૂલમાં પોતાનું નામ જોડી એન. કે. શાહ હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી હતી.

બેંગ્લોર ખાતે શ્રી હીરાચંદ નાહર જૈન ભવનમાં ખાતમુહૂર્તનો આદેશ લઈ તેમનાં ચરણકમળ હાથે કરેલ. દાદાવાડી ગાંધીનગરમાં ખાતમુહૂર્ત તેમણે કરેલ.

મૈસુરમાં ગુજરાતી સમાજના નેજા હેઠળ શેઠ શ્રી કુંવરજીભાઈ જેઠાભાઈ શાહ હ. નાગરદાસ રસિકભાઈ મોટા રકમ આપી સુંદર લાભ લીધો હતો.

મુંબઈમાં ડોંબીવલી ખાતે શ્રી નાગરદાસ કુંવરજીભાઈનું દવાખાનું ચાલુ છે.

મુંબઈમાં ઉપાશ્રયમાં સુંદર લાભ લીધો હતો. પોતાનું યોગ્ય દાન સારા કાર્યમાં વાપરવા તૈયાર રહેતા હતા.

શ્રી મહાવીર સ્વામી જૈન મંદિરમાં પ્રમુખ તરીકે, શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વે. પાઠશાળામાં ટ્રસ્ટી તરીકે, શ્રી હીરાચંદ નાહર જૈન ભવનમાં ટ્રસ્ટી તરીકે, શ્રી ડી. વી. વી. ગુજરાતી સ્કૂલમાં કાયમી ટ્રસ્ટી તરીકે પોતાની સેવા આપી હતી.

ભાવનગર પોતાના વતનને કદી પણ ભૂલતા નહીં. ત્યાં પણ ભાવનગર ખાતે સર ટી. હોસ્પિટલમાં મિશનોમાં યોગદાન આપેલ. મૂંગાં બહેરાં હોસ્પિટલમાં યોગદાન આપેલ.

વહીવટી સૂઝ અને ત્વરિત કાર્ય કરવાની કુનેહ આપણા આ શ્રેષ્ઠીવર્યમાં જોવા મળે છે. સમાજને તેમની સેવાનો લાભ અહર્નિશ મળતો રહે એ જ અભ્યર્થના.

સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ બેંગ્લોર

*ન્યાયપ્રેમી, નિઃસ્વાર્થી, સત્યવક્તા*

## સ્વ. શ્રી નેમિદાસભાઈ જી. ભેદા-બેંગ્લોર



કુદરતે આપણને આપેલ માનવ જન્મના અલ્પ આયુષ્યમાં એક વ્યક્તિ કેટલું મેળવી શકે! એજ તો જીવનનો સંઘર્ષ છે. આપણે બધાં જીવન તો જીવી જઈએ છીએ પણ એમાં કેટલાંક એવાં માનવ હોય છે કે તેમની સુવાસ મૂકતાં જાય છે. જીવનને સર્જક બનાવ્યું હોય તેવાં લાગે છે. તેવી વ્યક્તિ, જે ગુજરાતની રણપ્રદેશની ભૂમિ કચ્છમાં આવેલા ભૂજપુરના શ્રી નેમિદાસ ગાંગજીભાઈ ભેદા, જેઓ પોતાનું જીવન એવું જીવ્યા છે કે બીજાને દાખલારૂપ રહે.

મનુષ્યજીવનમાં બંધનોમાંથી મુક્ત થવા નવ સરળ સૂત્રો અપનાવીને કર્તાભાવથી ઉપર ઊઠીને કામ કરવું એ જ જીવનની ધન્યતા છે. જીવન એવું જીવવું કે જીવનની સંધ્યાએ એમ કહી શકાય કે સત્યતા, અહિંસાના પલ્લામાં એક પાંદડી મૂકવાનું મેં કામ કર્યું છે. આવું કંઈક ચિંતન કરી તેમણે જીવન સફળ બનાવેલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રી સાધુ–સાધ્વીનાં દર્શન જવું, વૈયાવચ્ચ કરવી, સાધર્મિક ભક્તિનો લાભ લેવો, તપશ્ચર્યાની અનુમોદનાનો લાભ લેવો, જીવદયામાં યથાશક્તિ ફાળો આપવો, ધાર્મિક કોઈપણ ઉત્સવોમાં બની શકે તેટલી હાજરી આપવી, ધર્મ પ્રત્યે શ્રદ્ધા વધારે મજબૂત થાય, સમાજ અને ધર્મસ્થાનકો વગેરેમાં પોતાની ઉત્તમ હાજરી સાથે કમિટીમાં રહી પોતાનો સત્ય અવાજ રજૂ કરતાં અહિંસા, સત્ય, અદ્દતાદાન, સાધર્મિકતા, શૈક્ષણિકતાની લગનના સુંદર સરળ રીતે પોતાનું યોગદાન આપી સમાજનાં દરેક કાર્ય નિસ્વાર્થ ભાવે સેવા કરવા તેમનું ચિંતન, મનન હતું અને કવિએ પોતાની મૃદુ શૈલીમાં કહ્યું છે :

"માણી લેજો તમે ગૃહસ્થજીવનનો ટેસ્ટ,
જો જો અણમોલ પળ જાય ના વેસ્ટ,
બનજો નહીં ચાર ગતિ તણા ગેસ્ટ,
મોક્ષમાં જઈને સદા મેળવજો રેસ્ટ."

આ કાવ્યને સાર્થક કરેલ એવા શ્રી નેમિદાસભાઈએ લગભગ ૬૦ વર્ષ પહેલાં બેંગ્લોરમાં રેડીમેડનો ધંધો શરૂ કર્યો હતો. મે. સ્વસ્તિક ડ્રેસ મેન્યુ. કંપનીના નામથી શરૂ કરેલ જે અત્યારે આ કંપની ચાલે છે. ધંધામાં તેઓ કાર્યશીલ હતા. પહેલેથી ધાર્મિક સંસ્કાર હોવાના કારણે ગાંધીનગર સંઘમાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યા હતા. શ્રી જૈન દેરાસર તથા દાદાવાડીમાં ઘણાં વર્ષો સુધી ટ્રસ્ટીની પદવી સંભાળી રહ્યા હતા. શ્રી ભેદા ખીંઅશી ઠાકરશી ધાર્મિક પાઠશાળાની સ્થાપનાનો લાભ ભેદા પરિવારે જ લીધો હતો.

પાઠશાળાના વિકાસમાં પણ તેઓ ખૂબ ખંતપૂર્વક રસ લઈ ધ્યાન આપતા અને ધર્મનો અભ્યાસ જીવવિચાર સુધી કરેલ હતો.

નેમિદાસભાઈનો સ્વભાવ અત્યંત ન્યાયપ્રેમી અને શિષ્ટ હતો. સચ્ચાઈ તથા દયાનો પ્રયોગ એમનાં દરેક કાર્યમાં જોવા મળતો હતો. શ્રી નાહર જૈનભવનના નિર્માણસમયથી જ એમણે વહીવટમાં ખૂબ સુંદર સેવા આપી હતી. શ્રી ભદ્રેશ્વર તીર્થમાં પણ ટ્રસ્ટી તરીકે સુંદર સેવા આપી હતી.

એમના સંપર્કમાં આવેલ દરેક વ્યક્તિ સાથે એક સાચા બંધુનો સંબંધ કેળવી રાખવાની પ્રવીણતા હતી. ખાસ કરીને સાધુ–સાધ્વીઓની વૈયાવચ્ચમાં એમને ખૂબ આનંદ–સંતોષ મળતો. દરેક જૈન સંપ્રદાય સાધુ–સાધ્વીજીઓ સાથે એમનો સંપર્ક રહેતો.

સંસારી પક્ષે એમનાં બહેન પણ બાલબ્રહ્મચારી અવસ્થામાં શ્રી વાગડ સમુદાયમાં સધર્મ ગ્રહણ કર્યા છે. તેમનું નામ સાધ્વી શ્રી નિર્મળગુણાશ્રીજી મ.સા., શ્રી નેમિદાસભાઈના અંત સમયે હાજર હતા તથા આરાધના કરાવી એમના સમાધિ–મૃત્યુમાં સહાયક બન્યા.

શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન સમાજનાં ઘણાં વર્ષો સુધી પ્રમુખપદ શોભાવ્યું હતું. કચ્છી સિવાય દરેક ગુજરાતી તથા મારવાડી સમાજ સાથે એમનો અદ્‌ભુત લગાવ હતો. તેમણે સંપર્કસેતુ બાંધ્યો હતો. અનેક વ્યક્તિઓ તથા કુટુંબોને વિવિધ પ્રકારે સહાય કરી તેમનાં હૃદયોમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ધાર્મિક તથા સામાજિક કાર્યોમાં આટલો રસ લેવા છતાં એમનું વ્યક્તિગત જીવન અત્યંત સરલ અને સાદું જીવન હતું. સેવાપૂજા, સામાયિક તથા ચૌવિહાર એમના જીવનમાં તારની માફક વણાયેલાં હતી. તેમાં જીવનરૂપી અંગ હતું એમનાં ધર્મપત્ની શ્રી સુંદરબહેન ઉત્કૃષ્ટ આરાધનામાં લીન બનેલ હમેશાં સહભાગી બની અને એક આદર્શ દામ્પત્યજીવનનો દાખલો દર્શાવી ગયાં હતાં.

જેમને જેમને એમની સાથે નિકટતાથી કામ કરવાનો અવસર મળ્યો છે, તેમના માટે શ્રી નેમિદાસભાઈ સદા અવિસ્મરણીય તથા પ્રેરણારૂપ બન્યા છે અને પ્રભાવશાળી જીવનથી ન કેવળ જૈન સમાજની શોભા વધારી પણ સાથે સાથે અનેકોનાં દિલોને જીતી સાચા અર્થે સાર્થકજીવન જીવી ગયા. તેમનું પ્રાણપંખેરુ આ દુનિયામાંથી ઊડી ગયું. તેમના આત્માને ચિર શાંતિ આપે.

સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ (ઉણ) બેંગ્લોર

## શ્રી મનહરભાઈ શિવલાલભાઈ પારેખ (મનુભાઈ પારેખ)–બેંગ્લોર



ભારતવર્ષ એટલે સંસ્કૃતિ–પ્રધાન દેશ. જે દેશમાં ગરવી ગુજરાતની સુવર્ણમય સૌરાષ્ટ્રની ધન્ય ધરા પર ઘૂમરાતી એ ભોમકાની રજેરજ પણ ધર્મભાવનાયુક્ત ભાવિકો રહેતા હોય તેવા મોહમયી ગામ રોહીશાળામાં મહા મહિનાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કડકડતી ઠંડી વસંતઋતુની વસંતપંચમીના શુભદિવસે શુભસમયે ઈ.સ. ૧૯૪૪ની જાન્યુઆરી માસની છવ્વીસમી તારીખે પૂ. માતુશ્રી કમળાબહેનની કુક્ષિએ સુપુત્રનો જન્મ થયો. તેનું નામ મનહરભાઈ રાખવામાં આવ્યું.

પૂ. પિતાશ્રી શિવલાલભાઈ અને માતાએ તેમજ દાદાએ ધાર્મિક સંસ્કારનાં બીજ રોપ્યાં તેમના દાદાશ્રી તથા પિતાશ્રી શાળામાં હેડમાસ્તર હતા તેથી ગામમાં તેઓની સુંદર છાપ હતી. તેમના પરિવારનાં બાળકોને પ્રેરણાબળ અને માર્ગદર્શન નાનપણથી સદાચારમય જીવનનું સુંદર સુઘડ ઘડતરનાં બીજની વાવણી કરી સ્નેહ, પ્રેમ, સદ્‌ગુણોરૂપી પાણીનું સિંચન કર્યુ ત્યારે પારેખ પરિવારે ધર્મરૂપી વટવૃક્ષનું સર્જન કરી જન્મભૂમિ અને કર્મભૂમિમાં નામ રોશન કર્યું.

બાલ્યવયથી જ કુશળ બુદ્ધિશાળી અને તેજસ્વીકાર્ય પદ્ધતિથી નિશ્ચલ નીતિનિષ્ઠતા–ચેતનાથી પરિપૂર્ણ હોવાથી યુવાન વય થઈ ત્યારે પોતાની પ્રવીણતા, હિંમત, હોંસલા સાથે સને ૧૯૬૦માં ગાર્ડનસિટી બેંગ્લોરમાં પદાર્પણ કરી કર્ણાટકને કર્મભૂમિ બનાવી.

બેંગ્લોરમાં આવી શરૂથી કાપડ લાઈનમાં હોલસેલ અને રિટેઈલ વ્યવસાય શરૂ કર્યો હતો. પોતાના અડીખમ પરિશ્રમ અને પ્રમાણિકતાથી પ્રગતિના પંથે આગળ વધતા ગયા. આ કાર્યમાં સહભાગી હોય તો તેમનાં ધર્મપત્ની શ્રીમતી પ્રન્નાબહેનનાં સુખદ દામ્પત્યજીવનમાં અનેક સુંદર કાર્યોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા રહ્યા. તેથી તેમના સુપુત્રો જેવા કે ઘનશ્યામ અને અમીત. જે પોતાની ભરયુવાનીમાં પોતાનું પિતા પ્રત્યેનું ઋણ સુંદર રીતે આદા કરેલ.

ચિકપેટ ખાતે તેમને જનતા ટ્રેડર્સ–મધુર મિલન અને **Gnanshyam's** એમ ત્રણ પેઢી બેંગ્લોર ખાતે ચાલુ કરી. આ પેઢીનું તેમના સુપુત્રો તથા સુપુત્રી વંદના સમીરભાઈ મહેતા, ચેન્નાઈ સાથે હળીમળીને સુંદર રીતે સુકાન સંભાળી રહ્યા છે. સાથે સાથે શ્રી બોનાન્ઝા પોર્ટફોલિઓ લિ. (શેરના સબબ્રોકર)નો વહીવટ સંભાળી રહ્યા છે.

સદ્‌ગુરુવર્યના વિશેષ સમાગમમાં આવ્યા અને વારંવાર ધર્મશ્રવણથી જ્ઞાનપૂર્વક વિરતિમાં આગળ વધ્યા. પુણ્યથી પ્રાપ્ત લક્ષ્મીનો સદુપયોગ કરતા રહ્યા. લગભગ દરેક પ્રતિષ્ઠિત આચાર્ય ભગવંતો, ગુરુ ભગવંતોના શુભ આશીર્વાદ પ્રાપ્ત થયેલ. ખાસ કરી દરેક પ.પૂ.આ. દેવશ્રી મ.સા.ના ખાસ અનુયાયી છે.

લક્ષ્મીની ત્રણ ગતિ છે. આ ત્રણમાં પ્રથમસ્થાને દાન છે. લક્ષ્મી પ્રાપ્ત કરવી, મળ્યા પછી રક્ષા કરવી, રક્ષા કરેલ ધનમાં વૃદ્ધિ કરવી અને વધારેલા ધનનું દાન કરવું. આ સિદ્ધાંતને માની તેને અમલી કરનાર વ્યક્તિ હંમેશાં માન, મોભો, મર્યાદા સહિત પ્રાપ્ત કરનાર મનહરભાઈ પારેખ જેને બેંગ્લોરમાં 'મનુભાઈ' હુલામણા નામથી સહુ ઓળખે છે.

મનુભાઈ શ્રીમંતાઈ છતાં સાદાઈ, પ્રભુના શાસન ઉપર રોમરોમ રાગ, જ્ઞાનાભ્યાસમાં આગળ વધવાની ઉત્કંઠા અને યથાશક્તિ વિરતિનું આરાધન તેમજ લક્ષ્મી ઉપરથી મૂર્ચ્છા ઓછી કરવા સાથે યોગ્ય ક્ષેત્રોમાં ખુલ્લો મૂકેલ દાનપ્રવાહ એ ચતુરંગીયોગ ભાગ્યે જ કોઈ પુણ્યશાળી વ્યક્તિમાં દૃષ્ટિગોચર થાય છે. તેમના પરિચયમાં આવનારને પ્રેરણા મળે અને એમનાં સદ્‌ગુણો–સત્કર્મો તથા સુવિચારો થકી એમની સ્મૃતિરૂપે સૌના દિલમાં કાયમી જૈન ધર્મની ઉન્નતિ અને જૈનસમાજના ઉત્કર્ષ સાથે દરેક હૂંફ આપી ધર્માનુરાગી ઉદારદિલથી સમાજ માટે કરી છૂટવાની ભાવના તેમનામાં રોમેરોમે રંગાઈ હતી.

સમાજસેવા જીવદયા કેળવણી સહાય અને ધર્મઆરાધના અને સાધુ–સાધ્વીની વૈયાવચ્ચ વગેરે તેમના જીવનમાં જોવા મળે છે. આવા અનુરાગના કારણે જ તેઓ અનેક સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેઓ નીચેની સંસ્થાઓમાં સક્રિય સેવા આપી રહેલ છે.

કંઈક આંશિક ઝાંખી આ પ્રમાણે છે:

(૧) શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, બેંગ્લોર ઉપપ્રમુખ.

(૨) શ્રી પાર્શ્વલબ્ધિ તીર્થધામ ટૂમકૂર રોડ, બેંગ્લોર ટ્રસ્ટી.

(૩) શ્રી સૌરાષ્ટ્ર જૈન સંઘ તથા સૌરાષ્ટ્ર મહાસંઘ બેંગ્લોર કમિટી મેમ્બર.

(૪) શ્રી ડી. વી. વી. ગુજરાતી શાળા, બેંગ્લોર કમિટી મેમ્બર.

(૫) શ્રી સંયુક્ત ગુજરાતી સમાજ કર્ણાટકા બેંગ્લોર ફાઉન્ડર મેમ્બર.

(૬) શ્રી બેંગ્લોર વૈષ્ણવ સમાજ, બેંગ્લોર લાઈફ મેમ્બર.

(૭) શ્રી આદર્શ કોલેજ, બેંગ્લોર લાઈફ મેમ્બર.

(૮) શ્રી ભારતીય વિદ્યાનિકેતન, બેંગ્લોર ટ્રસ્ટી.

(૯) શ્રી બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિર, બેંગ્લોર સક્રિય કાર્યકર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૦) શ્રી દશાશ્રીમાળી વણિક જ્ઞાતિ મહાજન, બેંગ્લોર ખજાનચી.

(૧૧) શ્રી નાકોડા અવન્તિ ૧૦૮ પાર્શ્વનાથ તીર્થધામ, બેંગ્લોર એક દેવકુલિકા નિર્માણમાં સંપૂર્ણ લાભ.

(૧૨) શ્રી સંભવ લબ્ધિ જૈન મંદિર વિજયનગર, બેંગ્લોર ઉપાશ્રય દાનદાતા.

(૧૩) શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્ર ધામ બેંગ્લોર, અનેક લાભ.

(૧૪) શ્રી પાર્શ્વનાથ લબ્ધિધામ, બેંગ્લોર સ્વાધ્યાય રૂમ અને અનેક લાભ.

(૧૫) શ્રી શિવકમલકમલા ભવન, પોલારપુર (સૌરાષ્ટ્ર) મુખ્યદાતા.

અનેક જગ્યાએ મંદિરોની પ્રતિષ્ઠામાં અને વિદ્યાર્થીઓને આર્થિક લાભ સહાય, સાધર્મિક મદદ તથા નાનાં મોટાં દરેક પ્રકારનાં સુકૃતોમાં ઉત્સાહપૂર્વક કોઈપણ જાતના ધર્મના ભેદભાવ વગર યોગદાન આપી રહ્યા છે.

સંકલન : શ્રી પ્રવીણભાઈ એમ. શાહ–બેંગ્લોર

*દાનવીર સરળ સ્વભાવી*

## શ્રી માણેકલાલ રતનશી પારેખ



મૂળ કચ્છના અંજાર-નિવાસી શ્રી માણેકલાલભાઈ પારેખ બેંગ્લોરમાં એમ. આર. પારેખ હીરોહોન્ડાવાળાના નામથી જાણીતા હતા. માતુશ્રી પાર્વતીબહેન તથા પિતા રતનશી પારેખ વર્ષો પહેલાં બેંગ્લોરમાં આવ્યાં. માણેકભાઈની જન્મભૂમિ અને કર્મભૂમિ બેંગ્લોર રહી. ખૂબ જ ગરીબીમાં મોટા થયા. મોટા પરિવારના જયેષ્ઠ પુત્ર. ભણતર ન થયું પણ પુરુષાર્થ, સાહસ, મહેનત હૈયામાં હામ સાથે સંઘર્ષો સાથે લડતાં ૧૯૨૯માં એમ. આર. પારેખ એન્ડ બ્રધર્સ નામથી સાયકલની દુકાન શ્રી રતનશીભાઈએ શરૂ કરી અને શ્રી માણેકભાઈએ વ્યવસાયમાં ઝંપલાવ્યું. ૧૯૩૧માં તેનો દોર સંભાળ્યો. ખંત, મહેનત, નીતિ આજે પૂરા વ્યવસાય સાથે નામ–યશ–કીર્તિથી સફળતાના શિખરે પહોંચ્યા હતા. સમગ્ર ભારતમાં **Hiro Honda**ની ડિલરશિપ મેળવી. **Mcyestic Auto** એજન્સીના નામથી મોટો શો–રૂમ કર્યો. પુણ્યપ્રભાવે આર્થિક રીતે સદ્ધર થતાં જ જીવનને ધર્મના રંગે સુકૃતોની વણથંભી આગેકૂચ કરી જીવનના અંતિમ સમય સુધી જૈનશાસનનાં અનેક કાર્યો કર્યાં. સાદા, સરળ, સ્પષ્ટવક્તા શ્રી માણેકભાઈએ ગાંધીનગર, બેંગ્લોરમાં સૌ પ્રથમ જૈનભવનમાં હોલનો આદેશ લઈ પૂ. પિતાશ્રી રતનશી કલ્યાણજી પારેખની સ્મૃતિમાં અર્પણ કર્યો. દેવનહલ્લી તીર્થમાં ૧૦૮ પાર્શ્વનાથ જિનાલયમાં એક દેરીનો સંપૂર્ણ લાભ લેવા સાથે શ્રી સિદ્ધાચલ સ્થૂલભદ્રધામમાં બાવન જિનાલયનો શિલાન્યાસ તેમના હસ્તે થયો, ઉપરાંત મુખ્યમંદિરમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠામાં સમૂહ લાભ લીધો હતો. ગાંધીનગર શ્રી દાદાવાડીમાં શ્રી મણિધારી દાદાની પ્રતિમા ભરાવવાની સાથે કાયમી ધ્વજારોહણનો સુંદર લાભ લીધો. હમણાં જ થયેલા પૂ. સાધ્વીજીના ઉપાશ્રયમાં ખાતમુહૂર્ત કરવા સાથે મુખ્ય આધારસ્તંભ બન્યા. સાધારણ ખાતાની ૧૧ તિથિ લખાવી મોટી રકમ ચૂકવી. ભૂકંપમાં ધ્વસ્ત થયેલ વતન અંજારની નવી દાદાવાડીના નિર્માણમાં શિલાન્યાસ સાથે પૂ. માતુશ્રી પાર્વતીબાઈ રતનશી પારેખની સ્મૃતિમાં અર્પણ કરી ત્યાં જ ગામની સ્કૂલમાં મોટા દાન સાથે ધર્મપત્ની ઝવેરબહેનના નામે એક રૂમ અર્પણ કર્યો.

અહીંના પેદામ્બપુર (આદોની) મંદિર શિલાન્યાસ તથા અલ્વર (રાજ૦) મંદિરમાં ખાતમુહૂર્ત તથા ગોવામાં થયેલ પ્રથમ મંદિર શિલાન્યાસ તેમનાં કરકમલોથી થયેલ. અમદાવાદ નજીક ધણપ શ્રી ચંદ્રપ્રભુલબ્ધિ ધામમાં એક દેરીનો સંપૂર્ણ લાભ લીધો હતો.

રાજસ્થાન કોટામાં પૂ. ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શાળામાં એક રૂમ નોંધાવ્યો. શ્રી સરદાર પટેલ ગુજરાતી ભવનમાં એક રૂમ લખાવ્યો છે. ગાંધીનગરના નવા ઉપાશ્રયમાં પાઠશાળા માટેનો હોલ નોંધાવી ધર્મપત્ની ઝવેરબહેનની સ્મૃતિને કાયમી બનાવી. બેંગ્લોર બરાવનગુડી શ્રી વિમલનાથ જૈન મંદિર આરાધના ભવનમાં એક રૂમ નોંધાવી અને ત્યાં શ્રી જિનકુશલસૂરિ દાદાવાડીના ફાઉન્ડર ટ્રસ્ટી બન્યા. અત્રેના મૂર્તિપૂજક સંઘના કાયમી ટ્રસ્ટી હતા. ઈડરમાં પૂ. સ્થૂલિભદ્ર સૂરીશ્વરજીની પ્રેરણાથી ધર્મશાળામાં એક રૂમ લખાવી તેમના જીવનમાં જ્યાં જ્યાં તક મળી તેને ઝડપી ઉલ્લાસપૂર્વક સુકૃતો કરતાં પૂ.શ્રીની પ્રેરણાને પોતાનું અહોભાગ્ય સમજતા.

શાસનનાં કામો સાથે સાથે બીજાં ક્ષેત્રોમાં પણ તેઓ હંમેશાં સહાયક બનતા. **Bangalore Lions Club**ના પ્રમુખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા ત્યારે માંસ અને દારૂ બંધ કરાવવામાં ઘણા પ્રયત્ન પછી સફળ થયા હતા. ત્યાં ઘણું મોટું ફંડ એકત્રિત કરી ગરીબોમાં અન્નદાન સાથે વિકલાંગોને ટ્રાયસાઈકલો આપતા. ગામડાઓમાં નોટબુક્સ વિતરણ વારંવાર કરતા. વિજયપુર ગૌશાળામાં પ્રાણીનો શેડ અર્પણ કરવા સાથે Animal nightsમાં મોટું આર્થિક યોગદાન આપેલ.

દાનવીર-શાસનપ્રેમી ધર્માનુરાગી શ્રી એમ. આર. પારેખ સાધુ-સાધ્વી ભગવંતની વૈયાવચ્ચભક્તિ અપૂર્વ આનંદથી કરતા. તેમને વારસામાં મળેલ સંસ્કાર તેમના પુત્ર શ્રી મનુભાઈ તથા શ્રીમતી સુશીલાબહેને દિપાવ્યા છે. શ્રી માણેકભાઈ તથા પત્ની ઝવેરબહેન કેટલુંય ગુપ્તદાન અને સા.ભક્તિ કરતા તો કોઈનેય ખબર ન પડતી. તેઓ સમાધિમરણ પામ્યા ત્યારે તેમના પરિવાર સાથે કેટલાય પરિવારે આધારસ્તંભ ખોયાની લાગણી અનુભવી. ગાંધીનગર સંઘને આવા દાતાની ખોટ પડી. તેમના પુત્ર-પુત્રવધૂ ધાર્મિક છે. ધર્મદપંતી આજે જીવનનો વધુ સમય પ્રભુભક્તિ, વૈયાવચ્ચભક્તિ, સા. ભક્તિમાં જનસેવા આદિ અનેક કાર્યો વ્યસ્ત રહે છે.

*સાદાઈ અને નમ્રતાની મૂર્તિ*

## સ્વ. શ્રી રતિલાલ વેલચંદભાઈ સંઘવી-બેંગ્લોર



**દ**ક્ષિણ ગુજરાતની સૌરાષ્ટ્ર-ભૂમિમાં ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં આવેલ વડિયા ગામમાં રહેતા ધર્માનુરાગી શ્રીયુત્ વેલચંદ ફૂલચંદ સંઘવીના ઘેર માતા પૂરીબહેનની કુક્ષિએ ઈ.સ. ૧૯૧૭ને ઓક્ટોમ્બર માસની સત્તરમી તારીખે પુત્રનો જન્મ થયો. તેનું નામ રતિભાઈ પાડેલ.

**ર**તિભાઈના નાનપણથી જીવન ધર્મમય લાગણીસભર હતું. ભણવાની જાગૃતિ, વિવેકપૂર્વક ગામની નજીક આવેલ શિહોરની સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. સમય પાણીના પ્રવાહની જેમ જતો હતો તેમ તેમની ઉંમર બાલ્યાવસ્થાથી યુવાવસ્થામાં આવવા લાગી. પ્રગતિનાં સોપાન સર કરવા લાગ્યા.

**તિ**લક સૌરભ સમાન યુવાવસ્થામાં આવ્યા પછી દરેક કાર્યમાં પ્રવીણતા મેળવી જીવન સુંદર રીતે ચાલી રહ્યું હતું. અભ્યાસ પૂર્ણ થયા પછી પોતાની ઉપર પડેલી નૈતિક જવાબદારી આવતાં તેમના આત્મબળ ઉપર પ્રગતિનાં શિખરો સંપન્ન કરવાના મનોબળ સાથે મક્કમ નિર્ધાર કર્યો.

**લા**જવાબ આપવાની એમની કુશળતા, આંખોમાં અમી સમાન એમના દાદા શ્રી મણિલાલ નેમચંદભાઈએ બેંગ્લોર બોલાવવા માટે સલાહ આપી ત્યારે લગ્નગ્રંથિથી જોડાયેલ તેમનાં ધર્મપત્ની શ્રીમતી શાંતાબહેને પોતાની કુનેહપૂર્વક સાથ આપેલ. તેમનો સ્વભાવ એકદમ પ્રેમાળ, હસમુખો હતો. તેમની કાર્ય કરવાની અલગ શૈલી હતી અને દરેકની સાથે હળીમળીને રહેવાની ભાવના સાથે તેમનું જીવન નંદનવન જેવું બનાવવું તેમની ખાસ વિશેષતા હતી. તેઓ ગુપ્તદાન, જીવદયા, સાધર્મિક ભક્તિ કરતાં. કોઈને ખબર ન પડતી. આવા વિવેકી સ્વભાવથી રતિભાઈને ઘણો સાથ આપ્યો ને બેંગ્લોર જવા માટે હિંમત આપી ત્યારે બેંગ્લોરમાં આવ્યા.

**લ**લાટે આપના જીવનસિદ્ધિનાં સુકાર્યો લખાયાં જ હશે ત્યારે જીવનની શરૂઆત તેમના દાદાશ્રી મણિભાઈ નેમચંદને ત્યાં તેમની જ પેઢીમાં રહી ખંતપૂર્વક સર્વિસ કરી. જેમ ધંધાનો અનુભવ થતો ગયો તેમ પોતાના હુન્નર, કળા, પ્રવીણતાની સાથે બેંગ્લોર ખાતે નાના પાયા ઉપર પોતાનો સાયકલનો ધંધો શરૂ કરેલ. ત્યારપછી પ્રિસિડન્સી સાયકલ ઈમ્પોર્ટિંગ કંપની નામથી પેઢી શરૂ કરી. કાર્યમાં મશગૂલ રહી પ્રગતિનાં સોપાન સર કરવા લાગ્યા.

**વે**લચંદભાઈએ તેમના પિતાનું નામ રોશન કરવા અને માતા પૂરીબહેનનું કુળ દિપાવવા પોતે પૂરેપૂરો પુરુષાર્થ કર્યો હતો. સાથે સાથે તેમનાં ધર્મપત્ની શાંતાબહેનને સુંદર સહકાર, સહયોગ આપી પ્રગતિ સિદ્ધ કરી તેમનું નિયમ મુજબ જીવન સાર્થક કરવા પોતે સજાગ રહેતા. સમાજના કોઈપણ કાર્ય જેવાં કે સારાં કે નરસાં હોય તો તે પ્રથમ આવી પહોંચતા. કાર્યમાં સંયોગ આપતા. આ તેમની ખાસ આ વિશેષતા હતી.

**લ**ઘુતામાં પ્રભુતાનો વાસ છે. એ સૂત્ર તેમના જીવનમાં વણી લીધું હતું. તેઓ કોઈ પણ ઋતુ હોય. શિયાળાની કડકડતી ઠંડી હોય કે પછી ઉનાળાના ધમધમતો તાપ હોય કે પછી ધોધમાર વરસાદ હોય તો પણ તેમના સમયમાં કદી ફેરફાર ન થાય. તેઓ આજીવન શ્રી મહાવીર સ્વામી જૈન મંદિરમાં સવારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫=૦૦ વાગે અવશ્ય હાજર હોય. તેમની પ્રભુ ઉપર લાગણી હોવાથી સમયમાં કદી ફેર ન કરતાં સમાજના કોઈપણ પ્રસંગે હાજર રહેતા. તેમની અનુમોદના કરવી રહી.

**ચં**દ્રની માફક તેમનું તેજસ્વી તેજ સમાન બાહોશ, કુશળ, કુનેહબાજી, પરમાર્થની ભાવના, સાચી સલાહ આપવાની શક્તિ તેમનામાં રહેલ સદ્ગુણોની સુવાસની સાથે સાદાઈ ભરેલું એકાગ્રતા જેવું સુંદર જીવન જીવી જાણ્યું.

**ભા**ઈશ્રી રતિલાલનો પહાડી અવાજ જાણે કાન ઉપર પડઘા–ભણકારા ગુંજ્યા કરે–તેઓ શ્રી મહાવીર જન્મવાચન વખતે વિશાળ સમુદાય સામે સુપનો તેમજ અન્ય બોલી બોલવા ઊભા થાય ત્યારે તેમના ચહેરા પર એક અનોખી રોનક દેખાતી હતી ને દરેકને ચાહક પ્રિય હતા. તેમની મીઠી ભાષા હોવાથી કાર્ય કુનેહપૂર્વક લેવાની તેમનામાં યોગ્ય શક્તિ હતી.

**ઈ**તિહાસને પણ ઈર્ષા આવે એવી હૃદયની અપ્રતિમ શુદ્ધતાથી એમણે કુટુંબની પ્રગતિ ઐક્ય અને ઉન્નતિ સાચવી છે. આપે સચવાવી છે. એ ઘર આંગણે સેવાને પણ અચૂક લક્ષમાં રાખવાનું ભૂલ્યા નથી.

**સં**પત્તિ હોવા છતાં સાદાઈભર્યું જીવન જીવી લીધું. તેઓશ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર, ચીકપેટ (ટ્રસ્ટી), શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વે. પાઠશાળા ચીકપેટ (પ્રમુખ), શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જ્ઞાતિ, બેંગ્લોર (પ્રમુખ) તેમજ ગુજરાતી સંસ્થાઓ સાથે સંકળાયેલ પોતાની અદ્ભુત તન, મન, ધનથી સેવા આપી હતી.

**દા**ર–ઘરમાં પોતાની સુવાસ પ્રસરી હતી તેવી જ વ્યવસાયમાં પોતે નિપુણતાપૂર્વક જવાબદારી જાળવીને સાયકલ એસોસિએશનના પ્રમુખનો હોદ્દો સંભાળી વેપારી વર્ગમાં લોકચાહના મેળવી હતી.

**વી**જળીના વાયુવેગે સમયની રફતાર ચાલતી હતી. તેમાં કુદરતને ગમ્યું કે ન ગમ્યું પણ તેમના છેલ્લા શ્વાસો સુધી મંદિરનું પ્રભુકાર્ય કદી ભૂલ્યા નહીં. સમાજના કાર્યમાં સહભાગી રહી અંતે આ જગતમાંથી તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું. તેમના આત્માને ચિર શાંતિ આપે એજ અભ્યર્થના.

સંકલન :—પ્રવીણભાઈ એમ. શાહ
(ઉણ) બેંગ્લોર.

❑

# સ્વ. સૌભાગ્યચંદભાઈ ચત્રભુજભાઈ સલોત બેંગ્લોર



ગુજરાતમાં સૌરાષ્ટ્રની સંતભૂમિમાં આવેલાં ભાવનગર જિલ્લામાં દાઠા ગામે શેઠ શ્રી ચત્રભુજદાસ ગુલાબચંદના ઘેર માતુશ્રી હરકુંવરબહેનની કૂખે પુત્રનો જન્મ થયો. તેમનું નામ સૌભાગ્યચંદ રાખવામાં આવેલ.

નાનપણથી ધર્મસંસ્કારનો સુંદર વારસો માતા–પિતા તરફથી મળ્યો ઉપરાંત ખંત, ચીવટ, ધગશ, નીતિમત્તા તથા પ્રામાણિકતા જેવા સદ્ગુણોનો પણ વારસો મળ્યો હતો. તેથી ગામમાં કાપડની દુકાનમાં સર્વિસ કરી ત્યારપછી તેઓ મુંબઈ ખાતે આવેલ.

મુંબઈમાં ચૈતલિયા બ્રધર્સમાં સર્વિસમાં જોડાયા. તેમાં ખાસ કરી ટ્રાવેલિંગનું કામ સોંપવામાં આવ્યું. ટુરમાં કોલોમ્બો, કરાંચી, બેહરીન (ગર્લરે) પોતાની હોંશિયારીથી સુંદર યોગદાન આપતાં ટ્રસ્ટ, વિશ્વાસથી દરેકનું મન જીતી લીધું અને પ્રામાણિકતાનાં દર્શન કરાવેલ ત્યારે તેમની મદ્રાસ ખાતે બ્રાન્ચ શરૂ કરી ત્યાં મેનેજર તરીકે નિમણૂક કરી. જેમ જેમ પોતાની પ્રવીણતા, તમન્ના જોઈને બેંગ્લોર ખાતે બ્રાન્ચ શરૂ કરી તેમાં મેનેજરની પોસ્ટ આપી પોતે સુંદર રીતે કાર્યરત હોવાથી સુંદર રીતે કામગીરી નિભાવવા લાગ્યા.

ઈ.સ. ૧૯૫૦માં શ્રીમતી ચંપાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. પોતાની સુંદર રીતે સંસારરૂપી ગાડી ચાલી રહી હતી. સમય કોઈની રાહ જોતો નથી તેમ ધીરે ધીરે સંસારચક્ર ફરવા લાગ્યું. ઈ.સ. ૧૯૫૨ તેમને ત્યાં સુપુત્ર પ્રફુલ્લભાઈનો જન્મ થયો અને ઈ.સ. ૧૯૬૬માં સુપુત્રી પ્રવીણાબહેનનો જન્મ થયો.

ઈ.સ. ૧૯૫૭માં ચૈતાલિયા બ્રધર્સમાંથી છૂટા થઈ પોતાનો અલગ વ્યવસાય કરવા તૈયાર થયા ત્યારે તેમના ભાઈ મહાસુખભાઈ સાથે રહી 'ભારત ગ્લાસ વેર' નામની પેઢી શરૂ કરી હતી.

ઈ.સ. ૧૯૬૩માં નામ બદલી ધંધાની લાઈન બદલી 'સલોત બ્રધર્સ'નામની પેઢી શરૂ કરી તેમાં ફેન્સી આઈટમ ચાલુ કરી. ધંધામાં પ્રગતિનાં સોપાન સર કરવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેંગ્લોર જેવા શાંત રમણીય સ્થળના વાતાવરણમાં જૈન ધર્મના આચારપાલન અને આવશ્યક ક્રિયાઓ દ્વારા એક ધાર્મિક વ્યક્તિ તરીકે ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તેઓશ્રીએ તન-મન અને ધનથી કરેલ સેવાકીય નમૂનારૂપ સંસ્થાઓ જોઈએ તો-

શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર-મંત્રી.

શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વે. પાઠશાળા-ટ્રસ્ટી.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર-ટ્રસ્ટી.

શ્રી ચત્રભુજ ગુલાબચંદ જૈન આરાધનાભવન-ટ્રસ્ટી.

શ્રી હીરાચંદ નાહર જૈન ભવન-ઉપપ્રમુખ.

શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જ્ઞાતિ-પ્રમુખ.

શ્રી ડી. વી. વી. ગુજરાતી પ્રાથમિક શાળા-મેમ્બર.

આ ઉપરાંત અન્ય ગુજરાતી સંસ્થામાં સુંદર યોગદાન આપી પોતાનું વ્યક્તિત્વ જમાવેલ.

દાઠામાં ભોજનશાળામાં ૧૮ પહેલાં ભોજનશાળાના હોલમાં માતુશ્રી હરકુંવરબહેનના નામથી નામકરણવિધિ સહિત સુંદર લાભ લીધો હતો.

બેંગ્લોર, રાજાજીનગર ખાતે પોતાના પિતાશ્રીના નામથી નામકરણ સાથે આરાધનાભવન સાથે નામ જોડવાનો લાભ લીધો હતો. શ્રી ચત્રભુજ ગુલાબચંદ સલોત જૈન આરાધનાભવન રાજાજીનગરમાં ખુલ્લું મૂકેલ.

આ સિવાય મંદિરની પ્રતિષ્ઠા, ઉપાશ્રય, ભવન, ધ્વજારોપણ, શિલાલેખ, ભૂમિપૂજન વગેરે નાનીમોટી યોજનામાં સંપૂર્ણ સહકાર આપી સુંદર લાભ લેતા હતા.

ઈ.સ. ૨૦૦૫ની ડિસેમ્બર માસની ઓગણત્રીસમી તારીખે તેમનું પ્રાણપંખેરુ આ દુનિયામાંથી ઊડી ગયું. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ આપે.

સંકલન :—પ્રવીણભાઈ એમ. શાહ (ઉણ) બેંગ્લોર.

## શ્રીકાન્ત એસ. મહેતા

શ્રી શ્રીકાન્તભાઈનો જન્મ ૬-૯-૧૯૪૩ના રોજ હીરા-ઝવેરાતના વેપારી મે. બાપાલાલ એન્ડ કું., ચેન્નાઈના માલિકને ત્યાં થયો. તેમણે વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કુટુંબના કોફીના બગીચાઓના વ્યવસ્થાપનથી કરી. તેમણે 'મધુકર'



નામની કેળાંની જાતનો મબલખ પાક લીધો. તેમણે દક્ષિણમાં આમળાંનું વાવેતર શરૂ કરાવ્યું અને અન્ય ફળોનો ઉછેર પણ લોકપ્રિય બનાવ્યો. તેમણે આમળાં પરના ત્રણ રાષ્ટ્રીય કક્ષાના સેમિનાર સલેમ (૨૦૦૩), મદુરાઈ (૨૦૦૫) અને અમદાવાદ (૨૦૦૬)માં યોજ્યા. સરકારે તેમને ભારતના આમળાં ઉછેર એસોસિએશનના પ્રમુખ અને નેશનલ હોર્ટિકલ્ચર બોર્ડના ડાયરેક્ટર તરીકે નીમ્યા. તેઓ કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન હોર્ટિકલ્ચરના સેક્રેટરી તરીકે ચૂંટાયા. તેમણે પાંચ વર્ષ સુધી નાણામંત્રી સાથેની બજેટ પૂર્વેની મીટિંગમાં બાગાયત ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે લખનૌમાં 'હોર્ટિકલ્ચર સમ્મીટ ૨૦૦૭'નું આયોજન કર્યું. તેમને અનેક સંસ્થાઓ દ્વારા એવોર્ડ મળ્યા અને તેઓએ અનેક સંસ્થાઓના સભ્યપદે અને અગત્યના હોદ્દાઓ પર રહી કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી. તેમણે શિક્ષણક્ષેત્રે પણ મહત્ત્વનું યોગદાન આપ્યું.

## ડૉ. સી. બાલકિષ્નન



છેલ્લાં અઢાર વર્ષથી બધી શાળા, મહાશાળાના વિદ્યાર્થીઓ વચ્ચે ગાંધીજીના આદર્શો અને અહિંસાના સિદ્ધાંતોનો પ્રચાર થઈ રહ્યો છે. દારૂના સેવન અને મટનના ઉપયોગથી ઊભાં થતાં દૂષણોની જાણકારી આપવામાં આવે છે અને મદ્યપાનના સંપૂર્ણ નિષેધ અંગે જાગૃતિ ઊભી કરવામાં આવે છે.

યુવા પેઢીને અને બાળકોને બધાં કાર્યોમાં સંયમ અને સ્વચ્છતાનું મહત્ત્વ શીખવવામાં આવે છે અને અસ્પૃશ્યતાનાં દૂષણો અંગેની માહિતી આપવામાં આવે છે. પ્રજાપિતા બ્રહ્મકુમારી સંગઠનના પ્રખર હિમાયતી તરીકે બધાં ગામડાંઓમાં કાર્યો અને વિચારોમાં સત્ય અને સ્વચ્છતાવાળા મનુષ્યનું મહત્વ સમજાવવામાં આવે છે.

ગુજરાતનાં બધાં રાજ્યોમાં મદિરાપાન અને મન મલિન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનારા પદાર્થો કઈ રીતે માનવ જાતનો સામૂહિક વિનાશ નોતરે છે તેની વાત કરવામાં આવે છે.

ગાંધીજીના રામરાજયને સાકાર કરવા શાળાઓમાં શ્રી મહાવીરના સત્ય અને અહિંસાના આદર્શો શીખવાડવામાં આવે છે. **Holy Flower, Mat. Hr. Sec. School,**
**Salem 636 016**

*સેવાભાવી કર્મનિષ્ઠ*

## શ્રીમતી મંજુલાબહેન હીરાલાલ મહેતા



તા. ૧૫-૪-૦૭ના સાંજના એ.ડી.એ. રંગભવનમાં ગુજરાત કેન્દ્ર દ્વારા 'કસુંબીનો રંગ' કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. તે કાર્યક્રમમાં બેંગ્લોરની ૧૦ અગ્રણી મહિલાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓને મહિલા મંચ એવોર્ડનો ખિતાબ આપવામાં આવ્યો હતો, જેમાંનાં એક છે શાહ પરિવારની દીકરી, મહેતા પરિવારના વહુ તથા કચ્છી ગુર્જર સમાજના ગૌરવસમાં શ્રીમતી મંજુલાબહેન હીરાલાલ મહેતા. તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

મંજુલાબહેન મહેતા જેઓ ૩૦ વર્ષોથી અનેક સંસ્થાઓ અને મંડળો સાથે સંકળાયેલાં છે અને તન, મન અને ધનથી ગુજરાતી સમાજનાં લોકોની સેવા કરી રહ્યા છે અને માનવતાની જ્યોતને ઝગમગાવી રહ્યા છે.

શ્રી કચ્છી ગુર્જર જૈન મહિલા મંડળના ગૌરવરૂપ મંજુલાબહેન આ મંડળના ગુપ્તદાન ખાતાનાં ઉપરી છે અને જરૂરતમંદ મધ્યમવર્ગ પરિવારોને ગુપ્ત રીતે મદદરૂપ થઈ રહ્યા છે. મંડળના નેજા હેઠળ નિઃશુલ્ક સિલાઈમશીનોનું વિતરણ કર્યું છે. એક્યુપ્રેશર અને ફિઝિઓથેરાપીના વિશેષજ્ઞો સાથે મળીને ફ્રી ટ્રીટમેન્ટ શિબિર તથા ટ્રેઈનિંગ શિબિરનું આયોજન પણ કર્યું છે. મંડળના દરેક સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાસ–ગરબા હરીફાઈમાં નેતૃત્વ લીધું છે, સાથે આર્થિક ભંડોળ ભેગું કરવા માટે અભિયાન ચલાવ્યું હતું. વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, ગવર્નમેન્ટ હોસ્પિટલો, લેપ્રસી હોમ વગેરેમાં ફળ, મેવા તથા જરૂરી દૈનિક વસ્તુઓનું વિતરણ કર્યું છે. શ્રી પાર્શ્વ લબ્ધિ સેવા મંડળ ગાંધીનગરના નેજા હેઠળ દર વર્ષે દિવાળી દરમ્યાન પોતાના નેતૃત્વ હેઠળ ચોખ્ખા ઘીની મીઠાઈઓ અને સારા તેલનાં ફરસાણો તૈયાર કરાવી વ્યાજબી ભાવે વેચાણ કરી નફો મંડળના હસ્તક અર્પણ કર્યો છે. ૨૨ સાધારણ કુટુંબોને દર મહિને રૂ. ૩૦૦નું ગુપ્તદાન કર્યું છે. આયંબિલની ઓળીને ચોમાસા દરમ્યાન રસોડાનું સંચાલન, જૈન ભુવનમાં વ્યાજબી દરે પાઠ્ય–પુસ્તકોનું વિતરણ, વિલ્સન ગાર્ડન સ્થિત ગવર્નમેન્ટ સ્કૂલમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને યુનિફોર્મ પ્રદાન કર્યા. એક સાધારણ પરિવારના જીવન–નિર્વાહ માટે રૂા. ૪૦ હજારની સ્ટેશનરી અપાવી ધંધો ચાલુ કરાવી દીધો, જેને કારણે આજે આર્થિક સ્થિતિ તેમની સારી છે. મંડળને સારી રકમ પણ આવી છે. ડો. નરપત સોલંકીના ફ્રી આઈ કેમ્પમાં નિજી ખર્ચે અને ડોનેશન ભેગું કરી ગામડેથી આવતા દર્દીઓને ખાવા–પીવાની, જમણની પૂરી વ્યવસ્થા કરી આપતા રહ્યા છે. ગરીબ બાળકોને અન્નદાન પણ કરે છે. પોતાનાં ખર્ચે ઘણાં બાળકોની સ્કૂલ ફીઝ પણ ભરે છે. ગુજરાત સેવા મંડળના નેજા હેઠળ ઘણાં વર્ષો સુધી ૨૦ કુટુંબોને આખા વરસનું અનાજ ભરાવી દેતા હતા જેના કારણે તે કુટુંબો પોતાનાં બાળકોને સારું શિક્ષણ અપાવી શક્યાં. **Jaipur Artificil leg**ના કેમ્પમાં આર્થિક તથા અન્ય રીતે પણ સહકાર આપ્યો છે. **Free neuro therapy camp** કરાવ્યો, જેનાથી ૪૦૦ વ્યક્તિઓને મફત ટ્રીટમેન્ટ મળી હતી.

આવી રીતે અનેક સંસ્થાના નેજા હેઠળ અને પોતે સ્વતંત્ર રીતે પોતાના ખર્ચે ઘણી ઘણી સેવાઓ કરી છે. પોતાનો અમૂલ્ય સમય ફાળવીને જ્યાં જરૂર હોય ત્યાં હાજર રહેવાની કોશિશ કરી છે. આવા માનવતાના પ્રતિક સમાન મંજુલાબહેન કચ્છી ગુર્જર જૈન મહિલામંડળ, શ્રી પાર્શ્વલબ્ધિ સેવા મંડળ, ગાંધીનગર અંતર્ગત શ્રી ગુજરાત સેવા મંડળ, પ્રેમલજ્યોત સંસ્થા અને અન્ય ઘણા પ્રોજેક્ટો સાથે સંકળાયેલાં છે. તેઓ માનવતાની જ્યોતને વધુ પ્રગાઢ બનાવે એજ હૃદયની શુભેચ્છા.

## ડૉ. નેહા વખારિયા 'ઑએસિસ', બેંગ્લોર



ગુજરાત સ્થિત સ્વૈચ્છિક સંસ્થા 'ઑએસિસ' સન ૨૦૦૧થી બેંગ્લોરમાં નબળા વર્ગનાં લોકોનાં સ્વાસ્થ્ય તથા આરોગ્યલક્ષી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે. 'ઑએસિસ' બેંગ્લોરના ઉપક્રમે ગીચ વસ્તી ધરાવતાં ઝૂંપડપટ્ટી વિસ્તાર–વિવેકનગર અને મડીવાલામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વાસ્થ્ય કેન્દ્રો ચલાવે છે, ઉપરાંત આ સંસ્થા પાંચ સરકારી શાળાઓમાં પણ આરોગ્ય–શિક્ષણ આપે છે. ડૉ. નેહાબહેન વખારિયા પાસે ૧૨–૧૫ મહિલાઓનું જૂથ છે, જે આ શાળાઓમાં આરોગ્યલક્ષી વર્ગોનું સંચાલન કરે છે.

ડૉ. નેહા વખારિયાએ 'ઑએસિસ' માટે જણાવ્યું હતું કે, 'ઑએસિસ' એટલે રણદ્વીપ, રણમાં આવેલી લીલીછમ ફળદ્રુપ ભૂમિ. તેવી જ રીતે 'ઑએસિસ' સંસ્થા પણ નબળા વર્ગનાં લોકો અને બિમાર લોકોની સુંદર સેવા કરે છે. 'ઑએસિસ' દેશના લાખો બાળકો તથા નબળા વર્ગનાં લોકો સુધી પહોંચવા માગે છે.

ડૉ. નેહા વખારિયાએ આ ઉમદા કાર્યમાં સહયોગ આપવા માટે બેંગ્લોરનાં નિવાસીઓને વિનંતી કરી છે. 'ઑએસિસ'નું સેવાકાર્ય ભલે મૂક હોય પણ તે પ્રાણવંત છે.

'ઑએસિસ'એ સમાજની નિસ્વાર્થભાવે સેવા કરી, પોતાની જિંદગીને સાચી રીતે જીવવા સતત મથતા એવા યુવાનોનું, મિત્રતાના પાયા ઉપર રચાયેલું સુંદર યુવા સંગઠન છે. તેની શરૂઆત તદ્દન અનૌપચારિક રીતે ૧૯૮૯માં યોગનિકેતન વડોદરા (ગુજરાત) ખાતે યોગ શીખવા ભેગા થયેલા ૧૦–૧૨ યુવકોની નિયમિત મળતી બેઠકોથી શરૂઆત થઈ. જીવનના આદર્શોની ચર્ચામાં ધીરે ધીરે ૩૦૦ યુવાનો જોડાયા. જીવનની પાઠશાળાને નામ અપાયું 'ઑએસિસ' 'એ યુનિવર્સિટી ઓફ લવ, લાઈફ એન્ડ ફ્રેન્ડશિપ ફોર યુથ.'

એક ધર્માર્થન્યાસ ઑએસિસના ટ્રસ્ટી શ્રી ડૉ. નેહા વખારિયાને ગુજરાતી કલા કેન્દ્ર, બેંગ્લોરનો તેમની સમાજસેવાના ક્ષેત્રમાં આપેલા બહુમૂલ્ય યોગદાન માટે 'મહિલા મંચ એવોર્ડ ૨૦૦૭'થી સમ્માનિત કર્યા હતાં. આ પ્રસંગે દશ જેટલાં મહિલા અગ્રેસરોને સમ્માનથી નવાજ્યાં હતાં.

*સેવાધુરંધર, હિન્દી માર્તણ્ડ*

## પ્રા. કે. જી. બાલકન્દ સ્વામી



પવિત્ર તમિલનાડુ સ્થિત સેલમ નગરીના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલા અને વિદ્યા, જ્ઞાનશક્તિ, દેશભક્તિ અને સેવાવૃત્તિના રંગે રંગાયેલા પ્રા. શ્રી કે. જી. બાલકન્દ સ્વામી એ[illegible]એ., એમ.એડ., સાહિત્યરત્નની ડિગ્રી ધરાવે છે અને હિંદીના પ્રચાર–પ્રસારમાં વ્યસ્ત છે.

કટ્ટર હિન્દીવિરોધી પ્રાન્તમાં રહીને પણ રાષ્ટ્રભાષા હિન્દીના ઊંડા અભ્યાસી, મર્મજ્ઞ રહેલા તેઓની દરેક પુત્રીને તેમણે હિન્દીમાં શિક્ષણ અપાવી હિન્દીમાં એમ.એ., સાહિત્યરત્ન તથા બી.એડ્., એમ.ફિલ. વગેરે પદવી પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી.

તેમણે તમિલનાડુમાં 'આદર્શ હિન્દી વિદ્યાલય'ની સ્થાપના કરી. અગણિત હિન્દી પ્રચારકો, અધ્યાપકો અને હિન્દીપ્રેમીઓની સેના ઊભી કરી. તેઓ દક્ષિણ ભારતની હિન્દી પ્રચારસભામાં છેલ્લાં બાસઠ વર્ષથી યોગદાન આપે છે. સેલમ હિન્દી–પ્રેમી મંડળમાં સલાહકાર અને સચિવની કામગીરી કરે છે. હિન્દી પ્રચારસંમેલનો, ગોષ્ઠીઓ, સભાઓ અને અનેક સ્તરીય સ્પર્ધાઓ દ્વારા કન્યાકુમારીથી દિલ્હી અને ગુજરાતથી આસામ સુધી પ્રવચનો દ્વારા લોકોમાં હિન્દીપ્રેમ જાગૃત કરે છે.

દિલ્હીના હિન્દી નિદેશાલયે હિન્દી શીખવવાના પુસ્તકના પુનરાવલોકનની જવાબદારી તેમને સોંપી. લખનઉમાં 'હિન્દી માર્તણ્ડ' તરીકે એમનું સમ્માન થયું. અલ્હાબાદના હિન્દી સાહિત્ય સંમેલને માનદ્ પુરસ્કાર આપી શાલ ઓઢાડી એમનું બહુમાન કર્યું. કેન્દ્ર સરકારના શોધસલાહકાર અધિકારિતા મંત્રાલયે એમને શોધસલાહકાર વિશેષજ્ઞ સમિતિના સભ્ય બનાવ્યા.

હિન્દીમાં 'કન્દ કે દોહે' નામે દોહા–શતકની રચના કરી. તેલુગુ, તમિલ, કન્નડ, હિન્દી, અંગ્રેજી–પાંચ ભાષાઓમાં તેઓ સારી રીતે લખી, બોલી, વાંચી શકે છે. જૈન મુનિ પ.પૂ. આ. દેવ શ્રી રાજયશ સૂરીશ્વરજી લિખિત 'રાત્રિભોજન : મહાપાપ' તથા સંકલિત 'ભારતભક્તિ સ્તોત્રમ્', 'વાસ્તુશાસ્ત્ર', 'ગુરુજી સમગ્ર', 'રાષ્ટ્ર સેવિકા સમિતિ : એક પરિચય'ના તેમણે હિન્દીમાંથી તમિલમાં અનુવાદ કર્યા છે. પૂ.આ. વેદાદ્રિ મહર્ષિ લિખિત 'વેદાદ્રિયમ્ અને સંકલન 'બાલકોપયોગી કથાએં'ના તેમણે તમિલમાંથી હિન્દીમાં અનુવાદ કર્યો છે. 'જનમન શિલ્પી' કન્નડમાંથી તમિલમાં અને 'શ્રી વાસવી પુરાણમુ' તેમના તેલુગુમાંથી તમિલમાં કરેલા અનુવાદો છે. આમ તેઓ સુંદર અનુવાદ–કાર્ય કરે છે.

શ્રી વિવેકાનંદ વિદ્યાર્થી સંઘ, આર્ય વૈશ્ય યુવજન સંઘ, દક્ષિણ મંડળ પ્રચારક સંઘ, 'ભારતીય ઇલક્કિમ મન્નમ' (ભારતીય સાહિત્ય મંચ), સ્વામી વિવેકાનંદ સ્મારક સમિતિ, વનવાસી બાળકોની પાઠશાળા, મફત રક્તદાન યોજના, બ્લડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેન્ક, વિકલાંગ સહાય, ન્યૂરોથેરપિ વગેરે સાથે અનેક કાર્યોમાં તેઓ સક્રિય રીતે સંકળાયેલા છે.

ગ્રામીણ વિદ્યાર્થી યુવકો માટે નિઃશુલ્ક છાત્રાલયનો પ્રારંભ કર્યો, જેમાં રહેવા–જમવા, વાંચવા–રમવાની સુવિધા છે. તદુપરાંત તેઓ સાચા ગૌપ્રેમી છે. ગૌવધ–વિરોધના સમર્થનમાં તેઓ સહી–ઝુંબેશ ચલાવે છે. એક આદર્શ સ્વયંસેવક તરીકે જાણીતા છે. 'વિવિધ ભાષા વૈજ્ઞાનિક'ના બિરુદ દ્વારા તેઓ સમ્માનિત થયા છે. આમ આ ઉંમરે પણ તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં સતત નિમગ્ન રહે છે.

*દાનવીર : સેવાભાવી*

## શ્રી પ્રવીણભાઈ લાલભાઈ શાહ-બેંગ્લોર



ગુજરાતનું મુખ્ય શહેર અમદાવાદ ખાતે તા. ૨૭-૪-૧૯૪૨ના શુભદિવસે પ્રવીણભાઈનો જન્મ થયેલ. નાનપણથી હોંશિયાર મહેનતું હોવાથી તેઓનો અભ્યાસ સુંદર હોવાથી શૈક્ષણિક ક્ષેત્રે તેઓ **B.A., B. Com., M.Com.** જેવી પરીક્ષા આપી ઉત્તીર્ણ થઈ શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરી હતી.

તેઓશ્રી સને ૧૯૬૮માં બેંગ્લોર ખાતે આવેલ અને તેમની પોતાની પ્રવીણતા અને બુદ્ધિ સાથે કુનેહપૂર્વક સને ૧૯૭૦માં ધંધામાં જોડાયા અને ત્યારપછી સને ૧૯૭૮માં પોતાના સ્વતંત્ર ધંધાની શુભ શરૂઆત શ્રી પ્રવીણ મેટલ એન્ડ એલોયલ નામની પેઢી દ્વારા ધંધો ચાલુ કર્યો. સમયની રફતારની માફક પ્રગતિના સોપાન સર કરવા લાગ્યા તેમ તેમ દરેક સંસ્થાઓમાં પોતાની સુવાસ ચારેબાજુ ફેલાવા લાગી.

તેઓશ્રી શ્રી ગુજરાત સેવા મંડળ (રજી)માં કારોભારી કમીટી સભ્ય તરીકે ઉમદાપૂર્વક સેવા આપી પોતાનું નામ ગુંજતું કરેલ. તેનામાં એક ખાસ વિશેષતા કે તેઓ જે કામ હાથમાં લે તે કદી પૂર્ણ ન થાય ત્યાં સુધી તે કાર્યમાં જોડાઈ રહેતાં. સંઘર્ષ સાથે પરિપૂર્ણ કરતાં સને ૧૯૮૦માં તેઓ ચીકપેટ ખાતે નિવાસસ્થાને રહેતા. તે મંદિરથી નજીક હોવાથી તેઓ શ્રી મંદિરના કાર્યમાં સંપૂર્ણ સહયોગ આપતાં. તેઓ શ્રી મહાવીર સ્વામી જૈન શ્વે. મંદિર ચીકપેટ ખાતે કમીટી મેમ્બરમાં પોતાની યોગ્ય સેવા આપી રહ્યા છે.

સને ૧૯૮૫માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર–રાજાજીનગર બેંગ્લોર ખાતે ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓશ્રીની કામ કરવાની ધગશ કુનેહપૂર્વક હોવાથી તેઓશ્રી આ મંદિરના મંત્રીપદનો હોદ્દો સુંદર રીતે સંભાળી રહ્યા છે.

સમાજના કોઈપણ કાર્યમાં તેમની હાજરી અવશ્ય રહેતી. મંદિર હોય કે પાઠશાળા કે પછી આરાધના ભવન ખાતે કોઈપણ સ્ટેજ પ્રોગ્રામ (કાર્યક્રમ) હોય તો અવશ્ય હાજરી આપી લોકોને કાર્યમાં જોડાવા પ્રેરણા આપી દરેકનું મન જીતી લઈ કાર્ય સરળ બનાવા પ્રયત્ન કરતાં. સંસ્થાનું કોઈપણ અધરું કામ તે કુનેહપૂર્વક સંભાળી સામાન્ય કરી લેતાં. તેઓ લોક પ્રત્યે પ્રેમભર્યા વર્તનથી લોકચાહના મેળવી લઈ સાથે રહી કાર્યને દિપાવા બહુ જ મહેનત કરવાની એમનામાં આવડત છે.

તેઓ બેંગ્લોર ખાતે શ્રી ગુજરાતી અન્ય સંસ્થાઓ તેમ જ પ્રાદેશિક સંસ્થાઓ પોતાનું યોગ્ય દાનપ્રવાહ અને સેવાનો સુંદર યોગદાન આપી રહેલ.

★ શ્રી કર્ણાટકા મેટલ મરચન્ટ એસોસિએશન રજી. બેંગ્લોર પાંચ વર્ષ–ખજાનચી.

★ શ્રી ગણેશા હાઈસ્કૂલ–બેંગ્લોર બે વર્ષ–ખજાનચી.

★ શ્રી કર્ણાટકા મેટલ મરચન્ટ એસોસિએશન રજી. બેંગ્લોર પ્રમુખ તરીકે દોઢ વર્ષ સેવા આપી.

દાનપ્રવાહ આપેલ તેવી સંસ્થાઓ.

★ શ્રી સલોત જૈન આરાધના ભવનમાં મેઝેલેન્ડ ફલોરમાં નામકરણ કરી આદેશ લીધો.

★ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર અંજનશલાકા પ્રતિષ્ઠા વખતે.

★ શ્રી ગોડીજી પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિષ્ઠા કરેલ.

★ શ્રી પદ્માવતી દેવી મૂર્તિ ભરાવેલના આદેશ લીધેલ.

★ શ્રી દેરાસર પરના શિખર ઉપર સોનાના કળશનો આદેશ લીધેલ.

★ તેમ જ અન્ય આદેશો લીધા હતા.

★ ઈ.સ. ૧૯૬૬માં ગુજરાત અમદાવાદમાં રમખાણો ફાટી નીકળેલ તે સમયે શ્રીએ અપના બજારમાં સ્વયં સેવા આપી સમાજ સેવા કરેલ તે બદલ ગુજરાત રાજ્ય સરકાર તરફથી બહુમાન સાથે સર્ટીફિકેટ પ્રાપ્ત થયું હતું.

––સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ ઉણ, બેંગ્લોર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## દૂદમલજી સરતાનમલજી બાલર (સરત)



કાર્યસિદ્ધિ માટે સતત ઝૂઝનારા અને સાર્થકતાનાં મોતી શોધી લાવનાર એવા એક તેજોમય વ્યક્તિત્વના સ્વામી છે દૂદમલજી સરતાનમલજી બાલર, જેઓ રાજસ્થાનના મરુ પ્રદેશના સરતના મૂળવતની અને જેમણે લગભગ સાઠ વર્ષ પહેલાં બેંગ્લોર આવી પરિવારના આર્થિક ઉપાર્જન માટે સાડીઓનો વ્યવસાય શરૂ કર્યો. પોતાની દૃઢ ઇચ્છાશક્તિ અને મહેનતના પરિણામે પોતાના વ્યવસાયમાં નિરંતર પ્રગતિ સાધતાં તેમણે આજે પોતાના વ્યવસાયને એવા ઉચ્ચસ્તરે લઈ જવામાં સફળતા મેળવી છે કે જેનો જવાબ નહીં.

એમના પરિવાર પર શ્રી લક્ષ્મીદેવીની અસીમ કૃપા છે. જ્યારે લક્ષ્મી આવે છે અને તેનો સદુપયોગ થાય છે ત્યારે તે ત્યાં જ સ્થિર થઈ જાય છે. લક્ષ્મીની ચંચળતા અંગે વિચારતાં એમણે લક્ષ્મીનો સારાં કાર્યોમાં ઉપયોગ કરવાનું શરૂ કર્યું. એમણે પોતાનાં સહધર્મચારિણી ડાયીદેવીની પ્રેરણાથી બેંગ્લોર પાસે હોસુરમાં સ્વદ્રવ્યથી શ્રી અજિતનાથ જૈન મંદિર સહ ધર્મશાળા અને આરાધનાગૃહનું નિર્માણ કરાવ્યું. એમણે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજીની પાવન નિશ્રામાં કુંભોજગિરિથી બેંગ્લોરના છરીપાલિત સંઘમાં સામુહિક આયોજકનો લાભ લીધો. એમના પરિવારે બેંગ્લોરની શાન ભગવાન મહાવીર હોસ્પિટલના ઓ.પી.ડી. વિભાગના નામકરણનો લાભ લીધો. એમણે પોતાના સ્વદ્રવ્યથી સિદ્ધિતપના તપસ્વીઓને પારણાં કરાવી એમને કુલપાકજી, ભાંડુકજી અને ઉવ્વસગ્ગરં તીર્થ વગેરેની યાત્રા કરાવી. એમણે દેવનહલ્લીમાં દેવલી બનાવડાવવાનો લાભ લીધો. તેઓ પોતાની લોકપ્રિયતાના કારણે ૧૨ મંદિરોના ટ્રસ્ટી બની ચૂક્યા છે. તેઓ બેંગ્લોરના અક્કીપેટ મંદિરજીમાં ત્રણ વર્ષ સુધી માનદ્ સચિવપદે પોતાની સેવા આપી ચૂક્યા છે. તેમનાં પત્ની એક ધર્મપરાયણ મહિલા છે, જેમની પ્રેરણાથી તેઓ નિરંતર ધર્મકાર્યોમાં હંમેશાં અગ્રણી રહ્યા છે. એમને શાસનદીપક શ્રી સુરેન્દ્રભાઈ ગુરુજીનું અનન્ય સમર્થન પ્રાપ્ત છે. પરમ પિતા પરમાત્મા આવા ધર્મવીરને શતાયુ બનાવે, જેથી ધર્મકાર્યોમાં નિરંતર અગ્રેસર રહીને જિનશાસનની અનુપમ સેવા કરી શકે એ જ મંગલકામના સહ.

## સંઘવી ચંપાલાલજી સુમેરમલજી સિંઘી (ચેલાવાસ)



ધ્યાનથી જીવનને ઊર્જા મળે છે અને સાધનાથી સંકલ્પશક્તિ દૃઢ થાય છે. આવી દૃઢ સંકલ્પશક્તિના સ્વામી બેંગ્લોરનું એક એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ સંઘવી ચંપાલાલજી છે, જેઓ રાજસ્થાનના ચેલાવાસના નિવાસી છે. સંઘવી નામ જ એવું છે સાંભળીને જ સમજી જવાય છે કે એમના પરિવારે સંઘ કાઢીને પોતાના સ્વધર્મી ભાઈઓને પ્રભુભક્તિ કરાવી હશે. તેઓ મિલનસાર વ્યક્તિત્વના માલિક છે. ઉંમરના ઊંચા પડાવે પહોંચીને પણ તેમનું બાલસુલભ સ્મિત એમના વ્યક્તિત્વની સૌમ્યતાનું પરિચાયક છે.

એમણે પોતાના ધર્મક્ષેત્રને બેંગ્લોરથી ચેલાવાસ સુધી વિસ્તાર્યું છે. તેમણે પોતાના નાનકડા ગામમાં શ્રી નેમિનાથ જૈન મંદિરના નિર્માણ અને ઐતિહાસિક પ્રતિષ્ઠાનો સારો લાભ લીધો. એમના પરિવારે પાલિતાણામાં નવ્વાણું યાત્રા કરાવી. એમના પરિવારે સમ્મેતશિખરજી, ગિરિરાજ શત્રુંજય, કચ્છ મહેશ્વરનો રેલગાડીમાં સંઘ કાઢ્યો હતો. એમના પરિવારે શાંતિસૂરીશ્વરજી મંદિરજીમાં શાંતિસૂરિજીને બિરાજમાન કરવાનો લાભ પણ લીધો હતો. તેઓ અનેક જગ્યાએ ટ્રસ્ટી તરીકે સેવા પ્રદાન કરી રહ્યા છે. એમનાં આવાં મહાન કાર્યોમાં એમના પુત્રો સહિત સમગ્ર પરિવાર સાથ આપે છે. પાલિતાણાની ઓમ શાંતિ ધર્મશાળામાં પણ એમના પરિવારે યથેષ્ટ લાભ લીધો છે. એમણે શ્રી સંભવનાથ જૈનમંદિર, દાદાવાડીમાં જીવંત મહોત્સવ સાથે મહાપૂજાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરીને જિનશાસન પ્રત્યે સાચી શ્રદ્ધા અર્પિત કરી છે. પરમાત્મા એમને દીર્ઘાયુ બનાવે એવી મંગલકામના સાથે......

## શ્રી વસંતભાઈ ઓટમલજી વેદમુથા

રાજસ્થાની ધન્યધરા જાલોર જિલ્લાના રેવતડા ગામની પાવન ધરતકી પર વસંતભાઈનો જન્મ થયો. માબાપ અને દાદા–દાદીના ધાર્મિક અને નિર્મળ વ્યવહારથી જીવનમાં દેવ–ગુરુ–ધર્મનો સમાગમ થયો.

જ્યારે પ્રથમ તપોનિધિ આચાર્યશ્રી ભુવનસૂરીશ્વરજી તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શિષ્ય ગુણસુંદરવિજયજીની પ્રેરણાથી એક સંસ્થા 'બેંગ્લોર જૈન સેવા મંડળ'ની રચના થઈ અને સચિવ તરીકે એમને નિયુક્ત કરવામાં આવ્યા. એ વખતે બેંગ્લોરમાં યાંત્રિક કતલખાનાનું કામ અટકાવવું એ મુખ્ય ઉદ્દેશ હતો. આ ભયંકર યોજનાને રોકવા માટે બેંગ્લોરના અન્ય સંઘ–સંસ્થાઓનો સહયોગ મેળવી લગભગ પચાસ હજાર લોકોની ભવ્ય રેલી, સત્યાગ્રહ, જેલભરો ધરણાં વગેરે અનેક કાર્યવાહીના પરિણામે દેવ–ગુરુ–ધર્મની કૃપાથી દરરોજ દસેક હજાર અબોલ પ્રાણીને કતલ કરવાની યોજનાને રોકવી પડી. પછી મીડ ડે મિલ રૂપે અંડે આપવાની યોજનાઓના વિરોધમાં સભા–સરઘસ વગેરે કરતાં કરતાં એના બદલે બે કેળાં આપવાનો પ્રસ્તાવ રખાયો. આચાર્યશ્રી પદ્મસાગરસૂરિ, જયંતસેન સૂરિ, કલાપૂર્ણસૂરિ, અરુણવિજયજી, જિનરત્નસાગરજી, નિત્યાનંદસૂરિ, મોક્ષરતિ વિજય વગેરે સાધુસંતોની નિકટ રહેવાથી ધીરે ધીરે બધી જગ્યાએ સંસ્કાર–શિબિરનું આયોજન થયું. જેમાં મુંબઈ, પુના, દાવણગેરે, હુબલી, બેલગામ વગેરે અને બેંગ્લોરની ધાર્મિક પાઠશાળાઓમાં જ્ઞાન–શિબિર, મહાવીર મંદિરજીમાં શિબિરોનાં આયોજના થતાં રહ્યાં. શ્રી કન્ટોન્ટમેન્ટ મંદિરજી અને મહાવીર મંદિરજીમાં પર્યુષણ પર્વમાં કલ્પસૂત્રવાચન છેલ્લાં છ વર્ષથી ચાલતું રહ્યું છે. ચિકપેટ જૈન ધર્મશાળા અને ભોજનશાળામાં ટ્રસ્ટી તરીકે સુચારુ વ્યવસ્થા ચલાવી રહ્યા છે. શ્રી નયપદ્મસાગરજીની પ્રેરણાથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘમાં છેલ્લાં સાત વર્ષોથી ઉપાધ્યક્ષ તરીકે રાષ્ટ્રીય સ્તરે કામ કરી રહ્યા છે, જેની ૩૦થી વધારે શાખાઓ રાષ્ટ્રભરમાં છે.

અરુણવિજયજીની પ્રેરણાથી બેંગ્લોરમાં શાકાહાર સંમેલન, જેમાં અને જૈન સમુદાયનાં દસ હજાર લોકો દ્વારા શાકાહારનો ભવ્ય પ્રચાર થયો.

અરિહંત દેવની અસીમકૃપાથી ગૃહસ્થજીવન, પારિવારિક જીવન, શાકાહાર માનવજીવનનો માર્ગદર્શન, રાજેન્દ્રગુરુ જીવનપરિચય વગેરે પુસ્તકો પ્રકાશિત કરી પ્રચારનો લાભ લીધો.

જીવનમાં સદાચાર, સરળતા, ગુરુઆજ્ઞા, દેવકૃપા, વડીલો પ્રત્યે આદર મુખ્ય ઉદ્દેશ્ય છે.

ગુરુદેવ સ્થૂલિભદ્રસૂરિ, રાજયશસૂરિના શુભઆશિષથી અનેક ધાર્મિક સ્પર્ધાઓ, ક્વિઝ પ્રોગ્રામ કરવાનો મોકો મળ્યો.

મુખ્યત્વે સુરેન્દ્રગુરુજીનું માર્ગદર્શન સમયે સમયે સોનામાં સુગંધ જેવું કાર્ય કરતું રહ્યું.

આજે બેંગ્લોર સમસ્તની ધાર્મિક પાઠશાળાઓની જાણકારી અને ઉન્નતિ માટે પણ શ્રી લબ્ધિસૂરિ જૈન ધાર્મિક શિક્ષણ ઉત્કર્ષ ટ્રસ્ટમાં સહસચિવ તરીકે કાર્યરત છે. મુખ્ય ઉદ્દેશ્ય–સ્વાધ્યક્ષ, શિક્ષણ, સંસ્કાર, પરોપકાર ભાવના સાથે પોતાના જીવન અર્પણ કરવાની તમન્ના સાથે ધર્મમય જીવન નૈયા ચાલી રહી છે.. —*પ્રવીણ એમ. શાહ, ઉગ્ર*

## શ્રી અશોકભાઈ જશરાજજી સંઘવી



દક્ષિણભારતમાં આવેલ કર્ણાટકા પ્રાંતમાં આવેલ ફૂલોની નગરી સાથે સાથે ટેમ્પલ સીટી બેંગ્લોરમાં રહેતા શ્રીયુત ધર્મપ્રેમી જશરાજજી ખુમાજી સંઘવીના ઘેર કસ્તુરબહેનની કુક્ષીએ તા. ૨૧-૧૨-૧૯૫૦ના શુભદિને પુત્રનો જન્મ થયો. તે પુત્રરત્ન જન્મથી જ તેજસ્વી તારલાની જેમ ચમકતા સિતારા જેવા શ્રી અશોકભાઈ સંઘવી.

સમયના ચક્ર મુજબ બાળવયમાં ધર્મના સંસ્કારનું સિંચનરૂપી ધાર્મિકજ્ઞાન માતાપિતા આપતા હતા. જેમ જેમ સૂર્યના કિરણોની અવસ્થા બદલી રૂપ બદલે છે તેમ બાલ્યવયમાંથી યુવાનવયમાં આવતાની સાથે તેઓ ધાર્મિક અભ્યાસ સાથે વ્યવહારિક અભ્યાસ હોંશિયાર અને નિપૂણ હોવાથી તેઓ **B.Com.** સુધી ભણી પદવી પ્રાપ્ત કરી. ત્યારબાદ સાંસારિક રીતે એમને વિમળાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ઘરસંસારની જવાબદારી આવી ત્યારે તેમના પિતાજીની પેઢીમાં કાપડના ધંધામાં જોડાયા અને ધંધા પ્રત્યેની લગની એકદમ સુંદર હોવાથી પ્રગતિના સોપાન સર કરવા લાગ્યા અને તેમની પ્રવીણતા શિખરે પહોંચતા તેમણે ક્રિકેટમાં ઝંપલાવ્યું તેઓ રોજ સવારે ક્રિકેટ રમવા જતાં ધીરે ધીરે મોટી ટીમમાં જોડાયા પછી રણજીત ટ્રોફીમાં પ્રવેશ મળ્યો.

એક દિવસ તેમણે ફાસ્ટ બોલીંગ કરીને સૌથી વધારે વિકેટ લીધી ત્યારે તેમના કેપ્ટને સાથીદારોએ પુછ્યું કે તું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમવામાં શું જમે છો ? ત્યારે અશોકભાઈએ ધીરે ધીરે કહ્યું કે હું લુખ્ખું ભોજન લવું છું. જેમાં ન ઘી કે તેલ મરચું, ખાલી બાફીલ આઈટમ જમું છું તે દિવસે તેમને જૈનધર્મમાં આપણે આયંબિલ કહી તે કરેલ તેમને શાબાશી આપી હતી.

તેમનો સ્વાધ્યાય વાંચન તેમના ઘેર બેબી (નાનું) પુસ્તકાલય રાખેલ છે. ધાર્મિક પ્રવૃત્તિમાં વધારે રસ ધરાવે છે. સવારે સામાયિક-પ્રતિક્રમણ રોજ નિયમિતરૂપથી કરે છે.

તેમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ થયો કે સને ૧૭૦માં પ.પૂ.આ. દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની કલકત્તા ખાતે શિબિરમાં ભાગ લીધો ત્યારથી ધર્મ પ્રત્યે રૂચિ વધારે સજાગ બની. ધાર્મિક અભ્યાસ બેંગ્લોરની મુખ્ય પાઠશાળામાં ભણેલ છે. જેવી કે ગાંધીનગરની પાઠશાળા. શ્રી વિજય લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળા ચીકપેટ, શ્રી તારાચંદ ગાંડાલાલ જૈન શ્વે. પાઠશાળામાં સુંદર અભ્યાસ કરી ઉત્તીર્ણ થયેલ. ચીકપેટની પાઠશાળામાં તે વખતે પ્રાધ્યાપક શ્રી તિલકભાઈ ગુરુજીના હાથ નીચે તૈયાર થયેલ વિદ્યાર્થી કઈ જગ્યાએ પાછો ન પડે.

પ.પૂ. આ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં ભક્તિયાત્રા સાથે જોડાઈ ભક્તિની રમઝટ જમાવતા હતાં.

૩૮ વર્ષથી શાંતિનાથ પરમાત્માની ધાતુની પ્રતિમા તેમના ઘેર ઘરદહેરાસર પધરાવેલ. તેઓ સવારે અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્રપૂજા, નિયમિતરૂપથી ભણાવશે. આ દહેરાસરના દર્શનાર્થે શહેરમાં બિરાજેલા પૂ. આચાર્ય ગુરુભગવંતો સાધ્વીજી મ.સા.ના પગલા થાય છે. તેમના પરિવારમાં સુસંસ્કાર બી રોપણાના તેમના માતપિતા કે જેઓ સજોડ ૩૨ વરસીતપની ઉગ્ર તપશ્ચરણ કરી જૈન સમાજમાં બેંગ્લોર ખાતે નોંધપાત્ર રેકોર્ડ કહેવાય. તેમને સને ૧૯૮૪માં હિન્દીમાં દિવ્યદર્શન માસિકમાં સાહિત્યના સંપાદન તરીકે પોતાની યોગ્ય સેવા આપી હતી.

પૂ.આ. દેવશ્રી ભુવનભાનુસુરીશ્વરજી મ.સા. ગણધરવાદ બુકનું અંગ્રેજી અનુવાદકમાં સહયોગી બનેલ.

પૂ. ગુરૂ ભગવંતો દ્વારા લેખીત ઓપન એક્ઝામ બુકોની પરિક્ષાના આયોજનમાં સંપૂર્ણપણે સહયોગ આપી જ્ઞાનપ્રચાર માટે તત્પર રહેતા.

તેમની આરાધનામાં મશગુલ રહી પોતાની રીતે અત્યારે વર્ધમાન તપની ૬૬મી ઓળી ચાલી રહી છે.

૩૮ વર્ષથી તેઓ સામાયિક સ્વાધ્યાય પચ્ચક્ખાણ વિગેરે નિયમિત રૂપે ચાલે છે. તેઓ કોઈપણ ધર્મસભાનું સંચાલન સોંપવામાં આવે તો તેમના પ્રવચનમાં એક દ્રષ્ટાંત ક્રિકેટના વિષયમાં અચૂક કહેતા એટલે લોકોએ તેમને ક્રિકેટની ભાષામાં સિક્સર તરીકે ઓળખે છે.

વિજયલબ્ધિસૂરી પાઠશાળાના વિદ્યાર્થી અત્યારે તેજ પાઠશાળાના ચેરમેન હોદ્દો સંભાળી રહ્યા છે.

લબ્ધિસૂરિ શિક્ષણ શિક્ષક ટ્રસ્ટ બેંગ્લોરમાં સ્થાપેલ તેમાં કર્ણાટકાના દરેક પાઠશાળાના નિરીક્ષણહેતુ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી તેથી તેમાં તેમનો ઉત્સાહ અનેરો હોવાથી બેંગ્લોર ઘણી ખરી પાઠશાળાની મુલાકાત પણ લીધી હતી.

સ્થૂલભદ્ર સાધર્મિક કેન્દ્રની વ્યવસ્થા પોતાની સુઝબૂઝથી લગભગ ૧૫ વર્ષથી સુંદર રીતે સંભાળે છે.

શાસનકાર્યમાં આગળ આવી પોતે જાતે આવી તન, મન, ધન ભોગ આપી પ્રસંગોને દીપાવે છે. અને તેમના પિતાશ્રીએ સને ૧૯૬૨ સ્પે. ટ્રેન દ્વારા સમેતશિખર યાત્રાપ્રવાસનું આયોજન કરી સંઘ નીકાળી સંઘવી પદવી પ્રાપ્ત કરી હતી.

અશોકભાઈ સંઘવી ભક્તિ સંધ્યામાં પર્યુષણપર્વમાં યુવાન વયે ભક્તિમાં રમઝટ જમાવે છે.

*સંકલન--પ્રવીણભાઈ એમ. શાહ બેંગ્લોર*

## શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી ચીમનમલજી ડુંગાજી (આહોર)

"ફલક કો જિદ હૈ જહાં બિજલિયાં ગિરાને કી,
હમેં ભી જિદ હૈ વહાં આશિયાં બનાને કી."



આપણું જીવન કર્મ પર આધારિત છે. કર્મોનો અર્થ છે પ્રયાસ, ગતિશીલતા, સક્રિયતા, ચેષ્ટા વગેરે. આના પર જ આપણું ભવિષ્ય ટકેલું છે અને તેનાથી જ આપણે પોતાના ભાગ્યનું નિર્માણ કરીએ છીએ. પોતાના સ્વબળે અને કઠોર મહેનતથી પોતાના ભાગ્યનું નિર્માણ કરનારા દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી ચમનલાલજી ડુંગાજી રાજસ્થાન-આહોરના રહેવાસી હતા. ઈ.સ. ૧૯૦૩માં વિષમ પરિસ્થિતિઓ સામે ઝઝૂમતાં બેંગ્લોર પધાર્યા. મહેનત, શ્રદ્ધા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનમ્રતા, પ્રામાણિકતા અને આત્મવિશ્વાસ એમનામાં ભારોભાર હતા. ધર્મપ્રત્યે અગાધ અનુરાગ હતો. એમણે સ્વબળે એમનો પોતાનો વ્યવસાય શરૂ કર્યો. એમના પુણ્યકર્મના પરિણામે વ્યવસાય સારો ચાલવા લાગ્યો. આવકમાં વધારો થવા લાગ્યો. એમને ફક્ત આવકથી સંતોષ ન હતો. તેઓ એક બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી હતા. ધર્મ પ્રત્યે એમનું હૃદય હિલોળા લઈ રહ્યું હતું. એમણે વિચાર્યું કે અહીંયા શ્વેતામ્બર મૂર્તિપૂજક આરાધકો વિશાળ સંખ્યામાં હોવા છતાં એક પણ જિનમંદિર નથી. નથી તો કેમ નથી ? જિનમંદિરના નિર્માણ માટે સમાજ તન, મન, ધનથી લાગી જાય. કાર્ય બહુ ઉમદા હતું અને દેવદર્શન તેમજ અન્ય ધર્મક્રિયાઓ માટે મંદિરનું નિર્માણ અતિ આવશ્યક હતું. સમાજના આગેવાનોને બોલાવી વિચારવિમર્શ કર્યો અને ઈ.સ. ૧૯૧૮માં જિનમંદિરજીનું નિર્માણ એમની દેખરેખમાં શરૂ થયું. એ વખતે દૂરના પ્રદેશમાં જિનમંદિરનું નિર્માણ લોઢાના ચણા ચાવવા જેવું હતું. પટેગારો (મરાઠીઓ)ની અધિકતા હતા. નિર્માણકાર્યમાં મુશ્કેલીઓ પેદા થઈ. એ તો એમની હિંમત અને ઉદારતા હતી કે આવનારી તમામ મુશ્કેલીઓ દૂર થવા લાગી અને બેંગ્લોરના હૃદયસ્થળે મંદિરજીનું નિર્માણ થવા લાગ્યું. આ દક્ષિણ ભારતનું પ્રથમ શ્વેતામ્બર જૈનમંદિર હતું. મંદિરજીના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા એમના પરિવાર દ્વારા બિરાજિત કરવામાં આવી. મંદિરજીની પ્રતિષ્ઠા પછી આજ દિવસ સુધી ૮૮ વર્ષ પછી પણ સમાજ ઉત્તરોત્તર પ્રગતિના પંથ પર આગળ ધપી રહ્યો છે. તેઓ જીવનપર્યંત શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર સંઘના અધ્યક્ષસ્થાને રહ્યા. ૧૯૩૫માં એમનો સ્વર્ગવાસ થયો.

૧૯૨૮-૨૯માં તેમણે સ્વદ્રવ્યથી બેંગ્લોરના ઉપનગર વિશ્વેશ્વરપુરમ્‌માં દાદાવાડી જૈન શ્વેતામ્બર મંદિરનું નિર્માણ કરાવ્યું અને શ્રી સંઘને સોંપ્યું. આજે બેંગ્લોરના ભવ્યતમ જિનમંદિરોમાં દાદાવાડી મોખરે છે. દેવકૃપાથી વિશ્વેશ્વરપુરમ્‌માં રહેનાર જૈન સમાજ અત્યંત સમૃદ્ધ છે.

તત્કાલીન અધ્યાત્મયોગી પ્રાત: સ્મરણીય વિશ્વપ્રભુ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસૂરીશ્વરજીનો એમના પર વિશેષ હાથ હતો. ગુરુદેવના આશીર્વાદ અને અસીમ કૃપાથી એમનાં મુશ્કેલ કાર્યો પણ ક્ષણમાત્રમાં પૂર્ણ થઈ જતાં હતાં. જ્યાં ક્યારેય ધાર્મિક કાર્ય થતું હોય તેઓ લાભ લેવા અને પોતાની લક્ષ્મીનો સુકૃત વ્યય કરવા માટે હંમેશા તત્પર રહેતાં. તેમણે પોતાની જન્મભૂમિ આહોર (રાજ.)માં સો વર્ષ પહેલાં નિર્મિત શ્રી ગોડી પાર્શ્વનાથ મંદિરજીની પ્રતિષ્ઠા વખતે પોતાની લક્ષ્મીનો સુંદર ઉપયોગ કર્યો. પાલિતાણામાં બાલુ મંદિરજીમાં એમણે સ્વદ્રવ્યથી દેરીનું નિર્માણ કરાવ્યું અને બીજાં મોટાં તીર્થોમાં પણ એમણે શક્ય એટલી લક્ષ્મીનો સુંદર વ્યય કર્યો.

તત્કાલીન મૈસૂર રાજ્ય (વર્તમાનમાં કર્ણાટક રાજ્ય)ના મહારાજા શ્રી કૃષ્ણ દેવરાયા વાડિયાર, એમના દીવાન સર મિર્ઝા ઇસ્માઈલ અને સર પુટ્ટણાચેટ્ટી સાથે એમને ઘણો નજીકનો ઘનિષ્ઠ સંબંધ હતો. દીવાનજીના આસન પાસે એમનું આસન હતું. અને મૈસૂર મહારાજાએ એમને નગરશેઠની પદવીથી વિભૂષિત કર્યા હતા.

તેઓ શિક્ષણપ્રેમી પણ હતા. સને ૧૯૨૫થી મૈસૂર વિશ્વ વિદ્યાલયના વાણિજ્ય વિભાગમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને એમના તરફથી સુવર્ણચંદ્રક આપવામાં આવતો હતો.

તેઓ દિલેર અને હિંમતવાન હતા. સમાજ કે સધર્મીબંધુ પર આવેલી કોઈ પણ આપત્તિ વખતે સામનો કરવા માટે અને તેના નિરાકરણ માટે હંમેશા તત્પર રહેતા.

તેઓ જૈન હોવાથી પોતે તો અહિંસામાં પ્રગાઢ વિશ્વાસ રાખતા હતા પરંતુ અહીંના અન્ય સમાજ દ્વારા કરવામાં આવતી જીવહિંસાનો પણ તે દિલેરીપૂર્વક તીવ્ર વિરોધ કરતા. દશેરા અને અન્ય પ્રસિદ્ધ તહેવારોના સમયે ઘણાં મંદિરોમાં પશુબલિ આપવામાં આવતો હતો. એમણે અથાક પ્રયત્નો અને મૈસૂર મહારાજાના સહયોગથી પશુબલિ બંધ કરાવવામાં આવ્યો.

એમને વ્યવસાય સિવાય અન્ય ક્ષેત્રોમાં પણ લગાવ હતો. ૧૯૩૪માં પ્રથમ કન્નડ બોલપટ 'સતી સુલોચના'નું નિર્માણ કર્યું હતું. રાજસ્થાનના મારવાડી પરિવાર દ્વારા કન્નડ ફિલ્મ બનાવવી એ એક આશ્ચર્યજનક ઘટના હતી. એમના મતે આ એક ક્રાંતિકારી હિંમતભર્યું કદમ હતું. ૧૯૩૪માં કન્નડ ફિલ્મોની સુવર્ણજયંતીના અવસરે દેશવિદેશની કેટલીય પત્રિકાઓએ ઘણા અગ્રલેખ અને સંપાદકીય લખ્યા જેમાં પ્રથમ કન્નડ બોલપટ 'સતી સુલોચના'ને વિશેષ મહત્ત્વ આપી હાઈલાઈટ (ઉજાગર) કરવામાં આવ્યું અને ઘણાં પત્ર-પત્રિકાઓમાં એમની અને એમના પુત્ર શ્રી ભૂરમલજીની તસ્વીરો પ્રથમ કન્નડ બોલપટના નિર્માતા તરીકે છપાઈ. આમ એમનાં સુકૃત્યોએ મારવાડી સમાજને કર્ણાટકમાં વિશેષ વિશિષ્ટ સ્થાન અપાવ્યું.

જીવનપર્યંત એમનો ઈતિહાસ એટલો અલૌકિક રહ્યો કે એમને યુગપુરુષ શ્રેષ્ઠીવર્યની સંજ્ઞા આપી શકાય છે. ગર્વની વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે છેલ્લાં ત્રણ વર્ષોથી કન્નડ પાઠ્યપુસ્તકોમાં આ શ્રેષ્ઠીવર્યનું નામ નિરંતર પ્રકાશિત થઈ રહ્યું છે. કન્નડ પાઠ્યપુસ્તકો કર્ણાટકની દરેક માધ્યમિક શાળાઓમાં ભણાવાઈ રહી છે.

*સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગરૂક, ધર્મરથ પર આરૂઢ કર્મપથના વીર*

## તેજરાજજી કુહાડ (આહોર)



કહેવાય છે કે સૂરજ પોતાનો પ્રકાશ અને ચંદ્રમા પોતાની ચાંદની છુપાવી શકતા નથી. આહોરની ધન્યધરા પર અવતરનારા એક મહાન વ્યક્તિત્વનું નામ છે તેજરાજજી કુહાડ. કદમાં નાના પરંતુ ભાવનાઓની વૈચારિકતા એમનામાં અદ્દભુત છે. એમના દાદા શ્રી હીરાચંદજી અને પિતાશ્રી વક્તાવરમલજી આંધ્રપ્રદેશના કાકીનાડામાં વ્યવસાયરત હતા. એમણે એમના નાના ભાઈઓ સાથે બેંગ્લોરમાં પેપરનો વ્યવસાય કર્યો અને પોતાની મહેનત અને લગનના બળે સતત પ્રગતિ કરતાં કરતાં એ શિખર પર પહોંચાડી દીધો, જ્યાં સામાન્ય માણસનું પહોંચવું એક સ્વપ્નમાત્ર બની જાય છે. અર્થ–ઉપાર્જન સાથે જૈન ધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધા હોવાથી ધાર્મિક કાર્યોમાં પોતાની લક્ષ્મીનો સુકૃત વ્યય કરી એક શાનદાર દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

એમણે પ.પૂ. મુનિરાજ શ્રી જયાનંદવિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં આહોરથી શત્રુંજય મહાતીર્થનો છ'રીપાલિત સંઘ (જેમાં લગભગ એક હજાર યાત્રાળુ હતા) કાઢ્યો હતો. આહોરમાં ઉપધાન તપનું ભવ્ય આયોજન, પાલિતાણામાં આજ મહાન સંતની છત્રછાયામાં ૧૨૦૦ તપસ્વીઓથી પરિપૂર્ણ ઐતિહાસિક ભવ્ય ચાતુર્માસનું આયોજન અને અન્ય મંદિરોના નવનિર્માણ અને જીર્ણોદ્ધારમાં વિપુલ ધનરાશિ અર્પણ કરી.

શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વેતાંબર મંદિર અક્કીપેટ, બેંગ્લોર જે ત્રિખંડીય બેંગ્લોરનું એકમાત્ર વાસ્તુ તથા શિલ્પકલાના અદ્દભુત રૂપ, પ્રભુની નયનાભિરામ પ્રતિમા અને કોરનીમાં રાણકપુર તીર્થના સમકક્ષ એવા અદ્દભુત મંદિરજીના નિર્માણમાં એમનો વિશિષ્ટ સહયોગ રહ્યો છે અને તેના ટ્રસ્ટીમંડળના તેઓ માનદ્દસચિવ છે. આ ઉપરાંત તેઓ આહોર ગોડી પાર્શ્વનાથ મંદિરના ટ્રસ્ટી, શ્રી આહોર જૈન પ્રવાસી સંઘ, બેંગ્લોરના ઉપાધ્યક્ષપદે તથા કર્ણાટક પેપર મરચન્ટ એસોસિએશનમાં તેઓ વિભિન્ન પદોને શોભાયમાન કરી ચૂક્યા છે. તેઓ અર્થઉપાર્જન ઉપરાંત હંમેશા સામાજિક હિત માટે મનન–ચિંતન કરતા રહ્યા છે. કોઈપણ કાર્યક્રમ એમની ગેરહાજરીથી ઝાંખો લાગે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓ ક્યાંય પણ, કોઈ પણ રીતે, કોઈ પણ સમયે, કોઈ પણ જગ્યાએ દરેક સમયે સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાં અત્યંત વ્યસ્ત રહેવા છતાં પોતાની હાજરી નોંધાવે છે.

એમનો સ્વભાવ સરળતા અને સાદગીથી પરિપૂર્ણ છે. કૂટનીતિ સાથે એમને દૂરનો પણ સંબંધ નથી. આજના આધુનિક યુગમાં દેવદર્શન, જિનપૂજા, સાંજનું પ્રતિક્રમણ અને ત્રિવિહાર એમની દૈનિક દિનચર્યાના અંગો છે. જેનાથી તેઓ ક્યારેય વિમુખ નથી હોતા. સામાજિક અને ધાર્મિક ટીપ–ટીપ્પણી એમના નામ વિના અધૂરી છે. એમના મુખમાં સરસ્વતી અને ભાગ્યમાં લક્ષ્મી બિરાજમાન છે. તેઓ લક્ષ્મી અને સરસ્વતીનો ઉપયોગ બહુ કુશળતાથી કરે છે. કોઈ પણ સધર્મીબંધુને તેઓ દુઃખી નથી જોઈ શકતા. શક્ય એટલી ગુપ્ત સહાય પણ કરે છે.

તેમના મોટા ભાઈઓ શ્રી મોહનલાલજી અને નાનાભાઈ શ્રી પ્રવીણકુમારજી પણ તેમની જેમ સુસભ્ય અને સુસંસ્કારવાન છે. સામાજિક અને ધાર્મિક આયોજનોમાં નાનાભાઈઓનો યથેષ્ટ સહયોગ મળી રહે છે. નાની વયમાં અને ઓછા સમયમાં પોતાના વ્યવસાયને ઉચ્ચત્તમ શિખર પર પહોંચાડી અર્થ ઉપાર્જન કરી વધુમાં વધુ મર્યાદામાં ધાર્મિક કાર્યોમાં રોકાણ કરવું એ એમની પુણ્યકમાઈનું એક ઉદાહરણ છે.

એમની મોટામાં મોટી ખાસિયત એ છે કે સામાજિક હિત માટે તેઓ વિના સંકોચે નમતું જોખીને પણ સામાજિક અહિત ક્યારેય નહીં થવા દે.

આજના વિલાસમય અને ભૌતિકયુગમાં એમનો એ પણ અભિગ્રહ છે કે પોતાની પારિવારિક જવાબદારીઓથી મુક્ત થતાં જ તેઓ તેમનાં સહધર્મિણી રતનદેવી સાથે પાલિતાણામાં જ હંમેશ માટે સ્થિર થવાની ભાવના છે અને સામાજિક પ્રપંચ છોડી દેશે. પરમ પિતા પરમાત્મા એમનો એ અભિગ્રહ જલદીમાં જલદી પૂર્ણ કરાવે. પરમાત્મા અને સાધુ–ભગવંતોમાં એમને અતૂટ શ્રદ્ધા છે. એમની આજ્ઞા તેઓ માટે સર્વોપરી છે. જ્યાં સુધી એમનો અભિગ્રહ પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસન માટે આવાં ઐતિહાસિક કાર્યોનું સૃજન કરે, જેથી તેઓ આહોરના ઝળહળ તારા બની આહોરના ઇતિહાસને દેદીપ્યમાન સૂરજ બનાવી સુવર્ણમય ઇતિહાસ બનાવી દે એ જ મંગલકામના સાથે.....

*વ્યક્તિત્વ, શાલીનતા અને સહજતાના સ્વામી*

## દેવકુમાર કે. જૈન



કોઈ પણ વ્યક્તિના ઘડતરમાં જે ત્રણ બાબતો વિશેષ મહત્ત્વની રહી છે તે છે સંસ્કાર, વિચાર અને વ્યવહાર. સંસ્કારોમાંથી વ્યક્તિના વિચાર બને છે અને વિચારો દ્વારા જ વ્યક્તિનો વ્યવહાર નિયંત્રિત થાય છે. એમ કહેવામાં જરાય ખોટું નથી કે દેવકુમારજી કુંદનમલજી જૈનને આ ધાર્મિક અને સામાજિક સંસ્કાર વારસામાં મળ્યા છે. આ સંસ્કારોના જ કારણે એમને ધર્મ અને જીવદયા પ્રત્યે એટલો લગાવ છે કે આના માટે તેઓ પોતાનું કામકાજ છોડીને પણ આમાં તત્પર જોવા મળશે. વ્યવહાર બાબતમાં તેઓ એટલા શિષ્ટ, સહજ અને શાલીન છે કે ક્યારેક ક્યારેક તો લોકોને વિશ્વાસ પણ નથી બેસતો કે એમની જેવો માણસ આટલો સહજ પણ હોઈ શકે. એ સાચું છે કે વ્યવહારની આ સહજતા ક્યારેક ક્યારેક વ્યક્તિની ખામી પણ બની જાય છે. કેટલાંક લોકો આને બનાવટીપણું (દંભ) પણ કહે છે, પરંતુ મારો પોતાનો અનુભવ તો એવો છે કે એકવાર જેની સાથે એમના પોતાના મન–મિજાજનો મેળ જામી જાય તો એના માટે દેવકુમારજીનું તમામ ખુલ્લું ખાતું છે જે કોઈપણ ગમે ત્યારે વાંચી શકે છે.

પ્રતિભાઓ કદી પ્રેરણાઓ પર આધારિત નથી હોતી. એ તો પોતે પોતાનો દીપક લઈને ચાલે છે અને અંધકારમાં પ્રકાશનું આહ્‌વાન કરે છે. જીવનના અનેક પડાવો પર પથરાયેલા અંધકારનો પડકાર સ્વીકાર કરવો અને ખૂબ જ શાનથી અંધારાઓને નેસ્તનાબૂદ કરી જીવનમાં ઉજાસ ભરી લેવો. કાર્યસિદ્ધિ માટે અવિરત ઝૂઝવું અને સાર્થકતાના મોતી શોધી લાવવા. આ સંપૂર્ણ ચિત્રાવલી જ્યાં એક સૂત્રમાં બંધાય છે અને એનાથી જે પડછાયા એક નવા ઓજસ્વી વ્યક્તિને નકશીદાર બનાવે છે એજ વ્યક્તિત્વ મેળવ્યું છે શ્રી દેવકુમારજી કુન્દનમલજી જૈને. જેમનો જન્મ શૂરવીરોની ધરતી રાજસ્થાનના જાલોર જિલ્લાના આહોરમાં સને ૧૯૫૪માં થયો. આહોરનો ધાર્મિક પરિવેશ તો માત્ર રાજસ્થાનમાં નહીં, આખા હિન્દુસ્તાનમાં મશહૂર છે. ૫૪ વર્ષના નવયુવાન છે. ઉંમરના ઢળવા છતાં એમના ચહેરા પર સ્મિત ફરકતું રહે છે ન જોશમાં કમી જણાય છે ન ચહેરા પર થાક જોવા મળે છે. દેવકુમારજીમાં ગજબનું જોશ, તત્પરતા અને સમાજસેવાનાં કાર્યો માટે અથાગ લગન છે. હું એમ નથી કહેતો કે દેવકુમારજી કોઈ સંત કે ફકીર છે, કોઈ મોટા કલાકાર છે. કોઈ જ્ઞાની–ધ્યાની પણ નથી તેઓ. તેઓ એક સુસંસ્કૃત અને વ્યવહારુ વ્યક્તિ છે. જાતીય સ્વાભિમાનની પક્ષધરતા એમનામાં ભારોભાર ભરેલી છે, પરંતુ તેઓ બીજાના સ્વાભિમાનને વિના કારણે પડકારતા ફરતાય નથી. આયુષ્યથી જ વિચારો માટે સારાં અને અનુભવી લોકોનું સાહચર્ય હોવું જોઈએ. એ મૂડી દેવકુમારજી પાસે સારા પ્રમાણમાં છે. સુસંસ્કૃત, શાલીન અને શિષ્ટ તો એમના પરિવારના દરેક જણ છે. સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પ્રત્યે એમનો સહજ લગાવ રહ્યો છે. તેઓ હંમેશાં ટ્રસ્ટોના ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર્તાના પદ પર બિરાજી જિનશાસનની સેવા કરતા રહ્યા છે, જેમાં શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિર–ચિકપેટ બેંગ્લોરનાં ત્રણ વર્ષ ટ્રસ્ટી રહી ચૂક્યા છે. શ્રી સીમંધર સ્વામી–રાજેન્દ્રસૂરિ જૈન શ્વેતાંબર મંદિર મામુલપેટ–બેંગ્લોરના ટ્રસ્ટી છે. શ્રી અખિલ ભારતીય જૈન મૂર્તિપૂજક યુવક મહાસંઘ–બેંગ્લોર શાખાના ઉપાધ્યક્ષ છે. શ્રી આદિનાથ જૈન સેવા મંડળ–ચિકપેટ બેંગ્લોરના ઉપાધ્યક્ષ છે. શ્રી લબ્ધિસૂરિ જૈન શિક્ષણક્રશિક્ષક ઉત્કર્ષ ટ્રસ્ટ–બેંગ્લોરના પ્રચારમંત્રી છે અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. સાચું તો એ છે કે આ બધાં કામોમાં એમનું તન–મન બહુ પ્રસન્ન રહે છે. એમના કેટલાક સાથીઓ આના માટે ઘણીવાર ગાઢી ટીકા પણ કરે છે, પરંતુ આ ટીકાઓથી એમના કામમાં કોઈ ફરક પડતો નથી. તે બરાબર ચાલ્યા કરે છે. સામાજિક કાર્યોમાં એમની સક્રિયતા વધતી ગઈ. અહિંસા અને જીવદયા પ્રત્યે એમના મનમાં ઘણી શ્રદ્ધા છે. સન ૧૯૮૨માં તેઓ શ્રી અરિહંત જૈન પ્રાણીકલ્યાણ સંસ્થા સાથે જોડાયા. આ સંસ્થા તરફથી ગૌવધ, યાંત્રિક કતલખાનાંઓના વિરોધની શ્રૃંખલામાં રાજ્ય અને દેશના મોટા મોટા નેતાઓને તેઓ મળ્યા. કેટલાંય પ્રતિનિધિ મંડળોનું નેતૃત્વ પણ કર્યું, પછી તે દૂધની થેલી સાથે માંસનું વેચાણ હોય કે શાળાઓમાં બપોરના ભોજનમાં ઈંડાનું પીરસાવું હોય ! સમ્મેત શિખરજી તીર્થના અધિગ્રહણની વાત હોય કે પાલિતાણા તીર્થ પર તોડફોડ હોય કે માંસના ખુલ્લા વેચાણનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન હોય. સાધુઓ પર હુમલો થયો હોય કે તીર્થોની ભૂમિ જ્યાં તપ અને ત્યાગ વસ્યાં હોય ત્યાં તીર્થોની પવિત્રતા અને અખંડતા ટકાવી રાખવા માટેનું કામ હોય કે કેશરિયાજી તીર્થનો સવાલ હોય. બસ એક જ ઉદ્દેશ્ય છે કે લોકોમાં બધા જીવો પ્રત્યે પ્રેમ વધે, સર્વત્ર અહિંસાનો પ્રચાર-પ્રસાર થાય. ભગવાન મહાવીર, ગૌતમ, ગાંધીના આ ભારતમાં યાંત્રિક કતલખાનાંઓનો વધારો ન થાય, લાખોની સંખ્યામાં રોજ મુંગાપશુઓની હત્યા ન થાય, જેથી આપણી મહાન સંસ્કૃતિ અકલંકિત રહે. આ બધાં કાર્યોમાં તેઓને મહાન સાધુ-સંતોનું, સહયોગીઓનું સદાય માર્ગદર્શન મળતું રહ્યું છે. વ્યક્તિ તો માત્ર નિમિત્ત હોય છે. કરવા, કરાવવાવાળો તો કેવળ પરમાત્મા છે એની કૃપા વિના તો એક પાંદડુંય હલી નથી શકતું. અહિંસા પરમો ધર્મઃ......

--રમેશકુમાર ફોલામુથા, આહોર તરફથી

*મહેનત, શ્રદ્ધા, વિનમ્રતા, ઈમાનદારી અને આત્મવિશ્વાસથી છલોછલ વ્યક્તિત્વના માલિક*

## શાંતિલાલજી નાગોરી (આહોર)



પ્રતિભાઓ કોઈ પ્રેરણા પર નિર્ભર ન હોઈ શકે. એ તો પોતે જ પોતાના દીપક લઈને ચાલે છે અને પ્રકાશનું આહ્‌વાન કરે છે. જીવનના અનેક મુકામો પર પથરાયેલા અંધકારનો પડકાર ઝીલવો અને પછી શાનથી અંધકારોને નેસ્તનાબૂદ કરી જીવનમાં ઉજાશ ભરવો-આવું જ એક વ્યક્તિત્વ છે શ્રી શાંતિલાલજી નાગોરી. જેમણે પોતાના જીવનના પડાવમાં અનેક ઉતાર-ચઢાવ જોયા. એમના પૂ. દાદાશ્રી ચુનીલાલ નાગોરી પોતાના નાનાભાઈ મિશ્રીમલજી નાગોરી અને પુત્ર શ્રી સુમેરમલજી નાગોરી લગભગ ૯૦-૯૫ વર્ષ પહેલાં રાજસ્થાનથી અનેક વિષમ પરિસ્થિતિઓનો સામનો કરતાં પગપાળા બેંગ્લોર આવ્યા. ૧૯૨૧માં પોતાનું પ્રતિષ્ઠાન 'મિશ્રીમલ મબૂતમલ એન્ડ બ્રધર્સ'ના નામથી શરૂ કર્યું. તે વખતે બેંગ્લોરમાં જૈનસમાજ બાળ અવસ્થામાં હતો. પહેગારો (મરાઠીઓ)નું વર્ચસ્વ બહુ હતું. આવા સમયે પોતાનો વ્યવસાય શરૂ કરવો એ તલવારની ધાર પર ચાલવા બરાબર હતું પરંતુ સાહસિકતાના સ્વામી નાગોરી પરિવારે બેંગ્લોરના હૃદયસમા સ્થળે પોતાનો વ્યવસાય શરૂ કર્યો. મૃદુલતા અને સાદગીના કારણે એમનો વ્યવસાય નિતનવા શિખરો સર કરવા લાગ્યો. આજ બેંગ્લોરની સૌથી જૂની પેઢીઓમાં એમની એક પેઢી પણ છે. દેશવિદેશની કોઈપણ ટીપ્પણીનો આરંભ એમને ત્યાંથી જ થાય છે.

કાળાંતરે સમયની માંગ મુજબ તેમણે એલ્યુમિનિયમનો વેપાર શરૂ કર્યો. આજે એમના પ્રતિષ્ઠાનના હુલામણાં નામ એલ્યુમિનિયમ પિપલના નામથી આખા કર્ણાટકમાં સુપ્રસિદ્ધ છે. એમના પરિવારના સભ્યોએ એલ્યુમિનિયમના વેપારને એવી પરિધી પર લાવી મૂક્યો છે કે જેનાથી આગળ **Dead End** (ડેડ એન્ડ) છે. એલ્યુમિનિયમની પ્રકૃતિ જેવી એમની પ્રકૃતિ છે-બહારથી નરમ અને અંદરથી મજબૂત.

એમણે જેવી રીતે અર્થ-ઉપાર્જન કર્યું એવી જ રીતે હંમેશાં ખર્ચી પણ રહ્યા છે. ખર્ચ પણ પોતાના ઠાઠમાઠ માટે નહીં, પરંતુ સામાજિક અને ધાર્મિક કાર્યોમાં જેનું સુફળ અનેકગણું થઈને આપોઆપ આગલા ભવના રોકાણમાં ભળી જાય છે.

એમના પરિવારે આહોરના સૌથી પ્રાચીન મંદિર શ્રી શાંતિનાથજી મંદિરમાં ભગવાનને બિરાજમાન કરવાનો ઉત્તમ લાભ લીધો. એમના દાદાશ્રીએ આહોરમાં પ.પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજીના સ્મરણાર્થે શ્રી રાજેન્દ્ર જૈન પાઠશાળા બંધાવી સમાજને સપ્રેમ અર્પણ કરી. આજે પણ પાઠશાળામાં જૈન-અજૈન વિદ્યાભ્યાસ કરી આહોરના શિક્ષણક્ષેત્રમાં સુશોભિત કરી રહ્યા છે. એમણે યોગનિષ્ઠ પ. પૂજ્ય મુનિરાજ શ્રી જયાનંદ વિજયજીની નિશ્રામાં પાલતાણામાં ઐતિહાસિક ચાતુર્માસ સહ ઉપધાન તપનું આયોજન કર્યું, જેમાં લગભગ ૧૦૦૦ શ્રદ્ધાળુઓએ અત્યંત ઉલ્લાસ સાથે આરાધના કરી. ચાતુર્માસ દરમિયાન એમના પરિવારે આબુ દેરાસરમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાને બિરાજમાન કરવાનો ઉત્તમ લાભ લીધો.

કોઈ પણ કાર્યક્રમના આયોજનમાં એમના નાના ભાઈ બાબુલાલ મોહનલાલ અશોકકુમાર એમની સાથે કદમેકદમ મેળવી અને તાલથી તાલ મેળવી ચાલે છે. ધર્મમાં એમની અખંડતા અપ્રતિમ છે. જિનશાસનમાં એમનું સમર્પણ જોતાં જ રહીએ એવું છે. જીવદયા એમની રગેરગમાં ભરેલી છે. આહોર-ગૌશાળાને અતિ વિકસિત બનાવવામાં એમના પરિવારનું અમૂલ્ય યોગદાન છે. ઉંમરમાં યુવાન હોવા છતાં એમનું ચિંતન ધીર-ગંભીર છે. સામાજિક બાબતોમાં એમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સલાહ અમૂલ્ય હોય છે. સમાજની વિભક્તતાને અટકાવવી એ જ એમનું અંતિમ લક્ષ્ય છે.

ધર્મ પ્રત્યે સમર્પણભાવ અને સંત મહાપુરુષો પ્રત્યે અગાધ શ્રદ્ધાને અનુરૂપ એમના મનમાં જિનશાસનનાં અનેક કાર્યો કરવાની પ્રચુર ભાવના બળવત્તર થઈ રહી છે. પરમ પિતા પરમાત્મા એમની ભાવનાઓની કદર કરતાં એમને જલદીમાં જલદી પૂર્ણ કરાવી તેઓ આહોરના નવરત્નોમાંના એક બને એવી મંગલકામના.

## શેઠ શ્રી સ્વ. કુન્દનમલજી છોગાજી ગાદિયા (આહોરવાળા) બેંગ્લોર

રાજસ્થાનમાં આહોરના મૂળવતની, ઘણાં વર્ષોથી બેંગ્લોર ખાતે સ્થાયી થયા તેઓશ્રીનો પરિવાર મોટો તેમાં તેમના સંતાનો ધર્મપ્રેમી રહ્યાં છે. તેઓનું નાનપણથી ધર્મમય જીવન સાથે પરમાત્મા ભક્તિ ઉપર પૂરો વિશ્વાસ અને શ્રદ્ધાના બીજ રોપાયા હતા.



તેઓશ્રી બાવન જિનાલય મૂળનાયક ગોડીજી પાર્શ્વનાથ ભગવાન આહોર ખાતેના અનંત ભક્ત હતા. ધર્મમય લાગણી સાથે ધર્માનુરાગી બનેલ.

શંખેશ્વરમાં પૂ. આ. દેવશ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં ચૈત્રમાસની ઓળી સુંદર આયોજન કરેલ તેમાં દરેકે ધર્મ સાથે તપમાં જોડાવાની ઉત્કૃષ્ટ ભાવના હતી.

એમની પૌત્રી હિનાકુમારી વિમલચંદજી સંયમગ્રહણ પ.પૂ.આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી સમુદાયમાં સાધ્વી શ્રી ચારૂનંદિતા શ્રી મ.સા. સુશિષ્યા સાધ્વી હિતનંદિતાશ્રી મ.સા. દીક્ષાગ્રહણ કરી કુલદીપિકાઓ શાસનની શોભા વધારી એમની દોહિત્રી શોભાકુમારી દેવીચંદજી પ.પૂ.આ. શ્રી અભિધાન રાજેન્દ્ર કોસ રચયિતા રાજેન્દ્રસૂરીશ્વરજી સમુદાયમાં સાધ્વીજી મણીપ્રભાશ્રીજીની સુશિષ્યા સાધ્વીશ્રી સંવેગયશાશ્રીજી મ.સા. નામ ગ્રહણ કરી સંયમ અંગીકાર કરી શાસનમાં નામ રોશન કરેલ.

તેમના સંતાનો ધર્મના કાર્યકુશળ હોઈ દરેક પોતાના મન પસંદગીના વિષયો રસ દાખવવા ખડે પગે હાજર રહેતાં કોઈ આંગીમાં કોઈ તીર્થરક્ષા કોઈ સ્નાત્રપૂજા–જીવદયા આદિ તો સાધુ–સાધ્વી વૈયાવચ્ચ તો કોઈ સકલ સંઘના કોઈપણ કાર્ય સુંદર બનાવામાં તત્પર રહી કાર્યક્રમને ચાર ચાંદ લગાવવામાં માહિર હતાં.

સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ (ઉણ) બેંગ્લોર

*જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારીને સપનાં સાકાર કરવામાં સહયોગી બનનાર બેંગ્લોરના સુપ્રસિદ્ધ સપના બુક હાઉસના પ્રણેતા*

## શ્રી સુરેશભાઈ સી. શાહ

ધ ટાઈમ્સ ગ્રુપ દ્વારા **Footprints** નામે એક સુંદર પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે, જેમાં કર્ણાટકના ૨૮ સ્વપ્નશિલ્પીઓની જીવનગાથા આલેખવામાં આવી છે. આ ૨૮ સ્વપ્નશિલ્પીઓએ સામાન્ય સ્થિતિમાંથી સાહસ અને પુરુષાર્થ દ્વારા અનન્ય સિદ્ધિ મેળવી છે. કર્ણાટકના આવા ૨૮ સફળ સાહસવીરો અને સ્વપ્નશિલ્પીઓની યાદીમાં એકમાત્ર ગુજરાતી વ્યક્તિ સમાવિષ્ટ છે, જેમનું નામ છે–શ્રી સુરેશભાઈ સી. શાહ, સપના બુક હાઉસના ચેરમેન. આ પુસ્તકમાં શ્રી સુરેશભાઈ સી. શાહના જીવનવૃતાંતનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે, જેમાં સપના બુક હાઉસની યશગાથા પણ સાંપડે છે. પ્રસ્તુત છે : ધ ટાઈમ્સ ગ્રુપ દ્વારા પ્રકાશિત **Footprints'** પુસ્તકમાં પ્રગટ થયેલા સ્વપ્નશિલ્પી શ્રી સુરેશભાઈ સી. શાહનાં જીવન–કવન વિશેના લેખનો અનુવાદ.



નવમા ધોરણમાં અભ્યાસ કરતા કિશોરે બોમ્બે કુલી એસોસિએશન વતી ઘાટકોપર સ્ટેશન પર પંડિત જવાહરલાલ નહેરુને હાર પહેરાવવાનો હતો. જેવો તે પંડિતજીની નજીક ગયો એટલે પંડિતજીએ ટકોર કરતાં કહ્યું, "અરે નાના બાળ, તું અહીં રેલવેમાં શા માટે કામ કરે છે? મને તો લાગે છે કે મા સરસ્વતી તારા ચહેરા પર નૃત્ય કરી રહ્યાં છે," આટલું કહી નેહરુજી ચાલ્યા હતા. પેલો કિશોર ત્યારે નહેરુજીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહેવાનો ભાવાર્થ સમજી શક્યો નહોતો. તેના સહકર્મીઓ પણ તેને તેનો અર્થ સમજાવી શક્યા નહોતા–પણ એક સમયે રેલવેમાં કામ કરતો એ કિશોર આજે સપના બુક હાઉસના ચેરમેનપદે વિરાજે છે ત્યારે તેને તેનો અર્થ પૂરેપૂરો સમજાઈ ગયો છે. વાત, સપના બુક હાઉસના ચેરમેન શ્રી સુરેશભાઈ સી. શાહની છે. તેમનો જન્મ મુંબઈના ઘાટકોપરમાં થયો હતો. સામાન્ય પરિવારના સભ્ય. કૌટુંબિક પરિસ્થિતિને કારણે માત્ર એસ.એસ.સી. સુધી જ અભ્યાસ કરી શક્યા, પણ તેઓ આજે લીમકા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા પ્રમાણિત ભારતના સૌથી મોટા બુક સ્ટોરના માલિક તરીકેનું ગૌરવ અનુભવે છે. સ્વયં ભલે ભણી ન શક્યા, પણ અન્ય લોકોની જ્ઞાન–પિપાસા સંતોષવામાં તેઓ નિમિત્ત બન્યા છે, તેનો તેમને સંતોષ છે.

પરિવારમાં તેઓ સૌથી મોટા પુત્ર હતા. તેમને અભ્યાસ છોડીને નોકરીમાં જોડાવું પડ્યું. પિતાજીનું રૂની દલાલીનું કામ હતું, પણ સુરેશભાઈને તેમાં રસ ન હતો, એટલે તેઓ પોકેટ બુકનું વિતરણ કરતી કંપનીમાં જોડાયા. પોતાની કુનેહ અને નિષ્ઠાથી તેમણે કંપનીને ઘણો લાભ કરાવ્યો. પોતાની લગન, નિષ્ઠા અને ધગશથી તેઓ ક્લાર્કમાંથી સહાયક–મેનજર તરીકેના પદ સુધી પહોંચ્યા. મદ્રાસમાં સહાયક મેનેજર તરીકે તેમણે વિક્રમ સર્જક વેચાણ કર્યું. તેનાથી પ્રેરાઈને કંપનીએ બેંગ્લોરમાં શાખા ખોલી અને સુરેશભાઈને ત્યાં મેનેજર તરીકે મોકલ્યા. સુરેશભાઈએ ત્યાં પણ ખૂબ જ સુંદર વેચાણ કરીને માલિકોની પ્રશંસા મેળવી. અહીં તેમને સારો પગાર મળતો હતો, પરંતુ પત્ની ભાનુમતીબહેને તેમને પોતાનો વ્યવસાય શરૂ કરવાની પ્રેરણા આપી. પત્નીને સુરેશભાઈની ક્ષમતા અને વૃદ્ધિમાં પૂર્ણ વિશ્વાસ હતો. સુરેશભાઈએ પત્નીના સતત આગ્રહ અને પ્રેરણાને વશ થઈ વીવીપુરમમાં જનતા હોટલ પાસે એક નાની ઓરડી ભાડે લીધી ને ત્યાં પોતાની સર્વ પ્રથમ પુસ્તકની દુકાન શરૂ કરી. તે દિવસોને યાદ કરીને સુરેશભાઈ જણાવે છે કે, "....મારી પત્નીએ સંઘર્ષભરી પરિસ્થિતિઓનો હિંમતપૂર્વક સામનો કર્યો હતો અને મને આગળ વધવાની પ્રેરણા અને શક્તિ આપ્યાં હતાં. નહીંતર, હું તો એક નોકરિયાત માણસ હોત. મને આનંદ છે કે આજે હું ૩૦૦ માણસોને રોજગાર આપી રહ્યો છું."

સુરેશભાઈએ પછી ગાંધીનગરમાં પોતાની દુકાનનું સ્થળાંતર કર્યું. સખત પરિશ્રમ કરીને અને નવીનવી યોજનાઓ અમલમાં મૂકીને તેમણે પોતાનો વ્યવસાય વિકસાવ્યો.

સપના બુક હાઉસનો આરંભ ૧૦૦ પુસ્તકો સાથે ૧૯૬૭માં થયો હતો. પછી ધીમે ધીમે પરિસ્થિતિનો સામનો કરતાં રહીને તેઓ વિકાસ સાધતા રહ્યા. સુરેશભાઈની ઇચ્છા મહાન કન્નડ–પ્રકાશક થવાની હતી. તેઓ હંમેશાં પોતાને કન્નડીગ ગણે છે અને કન્નડ ભાષાના પ્રેમને કારણે તેઓ કન્નડ ભાષામાં પુસ્તકો પ્રકાશિત કરતા રહ્યા. આજે સપના માટે કન્નડ સાહિત્યનાં પુસ્તકોનો સૌથી મોટો ભંડાર ઉપલબ્ધ છે. તેમને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી શિવરામ કારંથ જેવા ટોચના લેખકોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે. પરિણામે સપના બુક હાઉસ આજે કન્નડ ભાષાના પુસ્તક પ્રકાશન ક્ષેત્રે રાજા ગણાય છે. તેઓ વિખ્યાત કન્નડ લેખકોનાં પુસ્તકો પ્રકાશિત કરે છે. અત્યાર સુધીમાં ૨૦૦૦થી વધુ કન્નડ પુસ્તકોનું પ્રકાશન તેઓએ કર્યું છે. તેઓ આજે દરરોજનું એક પુસ્તક પ્રગટ કરે છે, જે એક વિક્રમ છે. તેઓ વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં પણ પુસ્તકો પ્રકાશિત કરે છે.

પિતાને પગલે હવે પુત્રો–સર્વશ્રી નીતિન, દીપક અને પરેશ વ્યવસાયને આગળ વધારી રહ્યા છે. પુત્રોના સંચાલન નીચે સપના વિસ્તરતું જાય છે. તેઓ નવા–નવા વિચારો અને ટેક્નિક દ્વારા વેચાણ વધારતા જાય છે. હવે તો ઓનલાઈન વેચાણ પણ થાય છે. આજે સપના બેંગ્લોરમાં ગાંધીનગર, સદાશિવનગર અને જયનગરમાં ત્રણ શો રૂમ ધરાવે છે. તેઓ ટૂંક સમયમાં ઇંદિરાનગર અને મૈસૂરમાં પણ શોરૂમ શરૂ કરશે.

સુરેશભાઈએ આટલી વિશાળ સફળતા મેળવ્યા પછી પણ સાદગી અને નમ્રતાને વરેલા છે. તેઓ ઉદારમને શિક્ષણ તથા વિવિધ સેવાકાર્યોમાં દાન આપતા રહે છે. સુરેશભાઈ સી. શાહે પોતાની આવી યશસ્વી સફર દરમ્યાન વિવિધ પુરસ્કારો પણ મેળવ્યા છે. જેમ કે—

★ કર્ણાટક રાજ્યોત્સવ એવોર્ડ, ૧૯૯૧–૯૨.

★ કન્નડ ભાષામાં ઉત્તમ પ્રકાશન માટે કન્નડ પુસ્તક પ્રાધિકાર, કર્ણાટક રાજ્ય તરફથી શ્રેષ્ઠ પ્રકાશક તરીકેનો પુરસ્કાર

★ ફેડરેશન ઓફ પબ્લિશર્સ એન્ડ બુકસેલર્સ એસોસિએશન, નવી દિલ્હી તરફથી દક્ષિણ ભારત માટે શ્રેષ્ઠ પુસ્તક વિક્રેતા તરીકેનો એવોર્ડ.

★ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક સ્ટડીસ, નવી દિલ્હી, તરફથી ઉદ્યોગરત્ન એવોર્ડ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*અનેક સંસ્થાઓમાં અગ્રેસર*

## શ્રી ઉત્તમચંદ દેવીચંદજી ભંડારી



બેંગ્લોર ખાતે લગભગ સો વર્ષથી રહેતા દેવીચંદજી જે દેવીચંદ મિશ્રીમલ એન્ડ કંપનીના નામથી પ્રતિષ્ઠા ધરાવે છે. આ પહેલાં ચોથમલજી નવલાજી એન્ડ નવલાજી માસિંગજીના નામે ફર્મ હતી. દેવીચંદજી બહુત સક્રિય કાર્યકર્તા હતા. જે શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર મંદિરમાં ૧૯૧૮થી જોડાયેલ છે. અન્ય સંસ્થામાં ટ્રસ્ટીની નિમણૂંક જ્યાં કરેલ હતી ત્યાં દરેક જગ્યાએ શ્રી ઉત્તમચંદ ભંડારીની ટ્રસ્ટીપદની નિમણૂક કરવામાં આવેલ.

દેવીચંદજીના પરિવાર દ્વારા જાલોર ખાતે હોસ્પિટલમાં લાભ લીધો હતો. શ્રી લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાના હોલના નામકરણનો ચઢાવો લઈ આદેશ મળેલ છે. જાલોરથી શ્રી નંદીશ્વર દ્વીપમાં પ્રમુખ હતા. અમારાં પરિવાર ઘણાં ટ્રસ્ટોમાં લાભ લઈ સક્રિય કાર્યકર્તા રૂપથી જોડાયેલ હતા.

ઉત્તમચંદજી ભંડારી ૨૩ વર્ષથી શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટી રૂપમાં હતા. ૨૦૦૫માં પહેલીવાર પ્રમુખ બનેલ અને ૨૦૦૭માં બીજી વાર પ્રમુખની જવાબદારી સંભાળી રહ્યા છે.

અનેક સંસ્થાઓમાં સંકળાયેલ, જેથી જવાબદારી વધારે રહે જે પોતે રાજીખુશીથી સંભાળેલ છે. એ તેમના હસમુખા ચહેરા દ્વારા જોવા મળે છે.

* શ્રી રાજસ્થાન જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, જવનગર ખાતે મેનેજિંગ ટ્રસ્ટી છે. * શ્રી સિદ્ધગિરિ બેંગ્લોર જૈન ટ્રસ્ટ (બેંગ્લોર ભવન)માં ઉપપ્રમુખનો હોદ્દો સંભાળી રહ્યા છે. * શ્રી શ્રાવસ્થી તીર્થ (U.P.) મંત્રી તરીકે હોદ્દો સંભાળી રહ્યા છે. * શ્રી ભગવાન મહાવીર હોસ્પિટલમાં ટ્રસ્ટી * શ્રી C. B. ભંડારી હાઈસ્કૂલમાં સહમંત્રી–ઉપપ્રમુખનો હોદ્દો સંભાળેલ.

શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર ટ્રસ્ટ–ચિકપેટની અંતર્ગત સંસ્થાઓ જેવી કે

* શ્રી સંભવનાથ જૈન મંદિર વી. વી. પુરમ્ -* શ્રી લબ્ધિસૂરી જૈન પાઠશાળા–ચિકપેટ * શ્રી સી. બી. ભંડારી હાઈસ્કૂલ એન્ડ P.U. કોલેજ * શ્રી લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળા * શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતા * શ્રી જૈન ધર્મશાળા–શ્રી ભોજનશાળા આદિ * શ્રી આદર્શ વિદ્યાલયમાં સભ્ય છે.

આટલી સંસ્થામાં પોતાની યોગ્ય કોઠાસૂઝબુઝમાં સંસ્થાનો વહીવટ સંભાળી રહ્યા છે તે બદલ અનુમોદનીય અનુકરણીય ધન્યવાદને પાત્ર ગણ્યા. *સંકલન : પ્રવીણભાઈ એમ. શાહ બેંગ્લોર*

*નવયુવાન કાર્યકર*

## શ્રી દિનેશભાઈ ચંદ્રકાંતભાઈ હકાણી



પુણ્યસંયોગે બહુ સંપત્તિવાન નહીં પરંતુ ભાગ્યયોગે ઉચ્ચકુળમાં જન્મ– આ સિદ્ધાંત અનુસાર ચંદ્રકાન્ત જમનાદાસ હકાણી ધર્મનિષ્ઠ પરિવારમાં માતુશ્રી નિર્મળાબહેનની કુક્ષીએ તા. ૩૦-૧૧-૧૯૪૯ના શુભ દિવસે બેંગ્લોરમાં સુપુત્રનો જન્મ થયો તેનું નામ પાડ્યું દિનેશભાઈ.

નાનપણથી પુત્રનો ઉછેર સંસ્કારી ઘરમાં થયેલ. તેનું જીવન ધર્મમય જેવું બને તે રીતે સિંચન કરવા લાગ્યા. ઉત્તમ ધાર્મિક, વ્યાવહારિક, સંસ્કારો અને શ્રદ્ધા–સચ્ચાઈનો વારસો મળ્યો હતો.

પ્રાથમિક અભ્યાસ ગુજરાતી બાલમંદિર અને ડી.વી.વી. ગુજરાતી શાળામાં અભ્યાસ કરી ઉચ્ચતર અભ્યાસ ચામારજપેટની હાઈસ્કૂલમાં S.S.C.L. કરી અભ્યાસ પૂર્ણ થયા પછી સને ૧૯૬૬માં કાપડના ધંધામાં આવ્યા અને દિનેશ એન્ડ કંપનીમાં ચીમનલાલ જે તેમના દાદા પાસે ટ્રેઈનિંગ લીધી. ત્યારબાદ સને ૧૯૭૪માં ચીમનલાલ એન્ડ કંપનીની પેઢીમાં ધંધામાં જોડાયા.

ધીરે ધીરે સામાજિક ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે, વ્યાવહારિક ક્ષેત્રમાં ફતેહચંદ કેશવલાલ વિનયચંદ ભાઈચંદ શાહના પ્રેરણાથી અને સહયોગથી દરેક કાર્યમાં જોડાવા લાગ્યા.

સને ૧૯૮૪માં ગાંધીનગર દેરાસરમાં મેમ્બર હતા પછી તેમની કામ કરવાની ધગશ, મહેનત, હિંમત જોઈ સને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૯૬માં શ્રીયુત્ રવિલાલ પારેખના નેજા હેઠળ કામગીરી હાથમાં લીધી. જેમ જેમ પ્રગતિનાં સોપાન સર થવા લાગ્યાં તેમ ઉન્નતિમાં આગળ વધી અત્યારે શ્રી ગાંધીનગર જૈન મંદિરની દરેક સંસ્થામાં પોતાનું વ્યક્તિત્વ ધરાવે છે. સેક્રેટરીનો હોદ્દો સંભાળે છે. કાર્યની પ્રશંસા કરે છે.

આ યુવાન કાર્યકર સાથે યુવા ટીમ કામ કરે છે. જેમાં દીપકભાઈ, અજિતભાઈ, લલિતભાઈ, હીરાભાઈ, દિનેશભાઈ, મનુભાઈ, અતુલભાઈ, બિપિનભાઈ અન્ય સંઘનું ગમે તેવું કામ હોય તો તે ખડા પગે તૈયાર રહી કામ દિપાવી સંસ્થાનું નામ રોશન કરે છે.

૮૫ વર્ષ સુધી દેરાસરના કામમાં વ્યસ્ત રહેતા શ્રી રવિભાઈનું સતત માર્ગદર્શન મેળવી રહ્યા છે. આશા રાખીએ કે તેમના અનુગામી તરીકેની કાર્યકારિણીમાં શ્રી દિનેશભાઈ સફળ થાય. શ્રી રવિભાઈના શાસનકાર્યની સેવાના અનુભવોનો તેઓ અત્યારે લાભ લઈ તન-મન-ધનથી સેવા કરવા તત્પર બની રહ્યા છે.

*સંકલન : પ્રવિણભાઈ એમ. શાહ (ઉંઝ) બેંગ્લોર*

## શ્રી સુસ્મિતાબહેન શાહ

શ્રી ગુજરાત કલાકેન્દ્ર-બેંગ્લોર



ઈ. ૨૦૦૭ના મહિલા દિવસ પ્રસંગે વિવિધ ક્ષેત્રે આગવી લાક્ષણિકતા, સિદ્ધિઓ ધરાવતી ૧૦ મહિલાઓનું આપ અભિવાદન કરવા ઈચ્છો છો. ઘણું જ અનુમોદનીય છે. "જબ હમ પૈદા હુએ, જગ હંસે હમ રોય, ઐસી કરની કર ચલો, હમ હંસે જગ રોય."

જીવન ઝરમર : જન્મ સને ૨૦-૫-૧૯૩૯ ગરવી ગુજરાત અમદાવાદ, ફઈએ પાડ્યું 'સુસ્મિતા' નામ. પિતા-જસવંતલાલ સુતરીઆ-ચુસ્ત ગાંધીવાદી, શ્રીમદ્ રાજચંદ્રકૃત દુહા ગળથૂથીમાં શતાવધાની જયાનંદસૂરીશ્વરજી લંગોટિયા દોસ્ત સુંદર આચાર વિચાર ધર્મના સંસ્કાર રૂડા મળ્યા. માતા-ગર્ભશ્રીમંત વકીલના ધર્મચૂસ્ત દીકરી. બે ભાઈ, છ બહેનોને ઉચ્ચ શિક્ષણ સાથે ઈતર પ્રવૃત્તિઓથી બાળકોને ઘડ્યા છે.

વ્યવહારુ શિક્ષણ : **B.A., B.ed., Hindi, first aid, Home nursing........**રામજી આસર વિદ્યાલય-ઘાટકોપરમાં નવમા ધોરણમાં ૧૯૬૦-૧૯૬૫ વર્ષ ૫ શિક્ષાદાન (શિક્ષિકા)

સંગીતક્ષેત્રે : હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત વોકલ તથા હાર્મોનિયમ શ્રી દેવધરકૃત પરીક્ષાઓ પાસ. સુગમ સંગીત-પુરુષોત્તમ ઉપાધ્યાય-અજિત શેઠ, નિરૂપમા-કૌમુદિની મુનશી, પૌરવીબહેન કર્મક્ષેત્ર મુંબઈ, ડાન્સ-ગરબા નાટિકા આદિ ભારતનાટ્યમ્-મણિપુરી અવિનાશ વ્યાસ, પિનાકીન દેસાઈ.

ધાર્મિક શિક્ષણ : નાનપણમાં પંચપ્રતિક્રમણાદિ અર્થ સહિત પ.પૂ. રમણિકભાઈ પંડિત પાસે જીવવિચારથી કર્મગ્રંથ સુધી સાધ્વીજી ગુરુવર્યા પાસે સ્તવન, સજ્ઝાય, ઢાળિયા આદિ પ.પૂ. ઈન્દ્રચંદ્ર પં. તત્ત્વજ્ઞાન રત્નસુંદર જિનચંદ્ર મારા ભવોદધિતારક ગુરુ જગચ્ચંદ્ર, શતાવધાની પૂ. જયાનંદ-સૂરીશ્વરજી, યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, વૈરાગ્યશતક, ૩૫૦ ગાથાનુ ઉ. યશોદેવ મ.નું સ્તવન, પૂ.મુ. કલ્પનાબહેન પાસે કુંદકુંદનાચાર્ય કૃત સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, પંચસૂત્ર પૂજાઓના ગૂઢાર્થો, આત્મજ્ઞાની આત્માનંદજીના સત્સંગે સાધક-જ્ઞાયક ભાવો, ભેદજ્ઞાન, કૃપાળુ રાજચંદ્રકૃત પત્રાંકો.

આ સર્વે ઉચ્ચ જ્ઞાની મહાત્માઓની અસીમ કૃપાથી સ્વાધ્યાય સાથે અઠ્ઠાઈ, દોઢમાસી, ઉપધાન તપ, ચાતુર્માસ વ્રત, અભક્ષ ત્યાગ, હંમેશ ઉકાળેલું પાણી. આરંભ-પરિગ્રહની અલ્પતા કરી. 'હું બનું ભગવાન, સૌને બનાવું ભગવાનનો' ઊઠ્યો-જીવન જીવું ખીલતાં ગુલાબ જેવું ભલેને કંટક હજારો" પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી-અનેક સુકૃતો પ્રભુ મૂર્તિ-પ્રભુ મંદિર, અંજનશલાકા-પ્રતિષ્ઠા-સમેતશિખરનો કુટુંબનો સંઘ, અનેક પૂજનો, પારણાંઓ, ધાર્મિક, સામાજિક, અનુકંપા, જીવદયા, સાધર્મિક ભક્તિ-૧૯૯૮ સુધી.

કર્મક્ષેત્ર બેંગ્લોર : મળેલ સિદ્ધિઓ તથા વિધવિધ ક્ષેત્રે અર્પેલ યોગદાન સેવા-રચનાકૃતિ અનેક લોકોના અનહદ પ્રેમ અને અવર્ણનીય સહાયથી જ તેથી યશ તેમને જ આપું છું.

૧૯૯૮માં બીજા અંતરાયકર્મનો જોરદાર ઉદય. બેંગ્લોર ક્ષેત્રમાં આવ્યા આચાર્ય ભગવંત જગચ્ચંદ્રની આજ્ઞા લઈને ધાર્મિક પ્રવૃત્તિઓ પણ વળતર મેળવી કરવાનું શરૂ કર્યું જે આજ દિન સુધી ચાલી રહ્યું છે. ગળથૂથીમાં જ માબાપ તરફથી ધર્મના સંસ્કાર, અનેક સાધુ-સાધ્વી, ગુરુભગવંતો, મહાન વિદ્વાન પંડિતો અને સ્વનો પ્રબળ પુરૂષાર્થ અંતરની શુદ્ધ ભાવના, નીતિમત્તાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મક્કમતાથી દરેક ક્ષેત્રે સિદ્ધિ મળી અને બેંગ્લોરમાં આ. ભ. સ્થૂલભદ્રસૂરિને મહાવીર હોસ્પિટલમાં શ્રી પુણ્ય પ્રકાશનું સ્તવન સંભળાવવાનો ઉત્કૃષ્ટ લાભ મળ્યો. સુશીલાબહેન પારેખ, ભાઈ સમાન પ્રવીણભાઈ તથા શ્રીમતી અમીબહેનની મારી આ ક્ષેત્રે ઓળખાણ કરાવવામાં મદદ બદલ તેમનો ધન્યવાદ. આપનો પણ ખૂબ ખૂબ આભાર.

કરબટિયા : એક નાનકડું ગામ. ત્યાં બે મહિના રહીને ગરીબ–પછાત બાળકોની સંસ્કાર અને સ્વચ્છતાના પાઠો નીતિ–આદિની શિબિર આ.ભ. જગચ્ચંદ્રના આશીર્વાદથી થઈ.

*પ્રભાવક વ્યક્તિત્વ*

## સંપતરાજ ગાદિયા (આહોર)

"સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ,
દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ."



પ્રતિભા કોઈની મહોતાજ નથી હોતી, જરૂર હોય છે એને ઉખેડીને બહાર લાવવાની. આવા જ એક વિલક્ષણ વ્યક્તિત્વના સ્વામી, આહોરની ધર્મધરામાં અવતરિત કુશળ અને ઝૂમનારા વ્યક્તિત્વના માલિક સંપતરાજ ગાદિયા, જેઓ ૭૨ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવે એવા પોતાના સહજ વ્યક્તિત્વના પ્રભાવથી સમસ્ત બેંગ્લોર જૈન સમાજની આંખોનું તેજ બની ગયા છે.

તેઓ ૧૯૪૮માં આહોરથી બેંગ્લોર પધાર્યા, ત્યારે એમના મોટાભાઈ કુશલરાજજી ધાતુ–વ્યવસાયમાં વેપાર કરી રહ્યા હતા. તેઓ પણ તેમની સાથે જોડાઈ ગયા, પરંતુ એમને આ વ્યવસાય માફક ન આવ્યો. એમણે ફિલ્મ–વિતરણ, સ્ટીલ–ફેક્ટરી વગેરે વ્યવસાયમાં હાથ અજમાવ્યો. સરકારી દખલ વધારે હોવાને કારણે એમને આ કામ પણ ન ફાવ્યું. પછી એમણે એક્સપોર્ટ–ઈમ્પોર્ટનું કામકાજ 'કોન્ટિનેંટલ એક્સપોર્ટ'ના નામે શરૂ કર્યું. તરત જ એમના ભાગ્યનો સિતારો ચમકી ઊઠ્યો. આજે બેંગ્લોરનાં વ્યાવસાયિક ક્ષેત્રોમાં એમની ફર્મનું નામ અત્યંત આદર સાથે લેવામાં આવે છે.

તેઓ મહેનતુ હોવા સાથે કુશળ સંચાલકનો ગુણ પણ એમનામાં ભર્યો પડ્યો છે. તેઓ બેંગ્લોરની અનેક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંલગ્ન છે, જેમાંની એક શ્રી ભગવાન મહાવીર હોસ્પિટલ, જેના તેઓ વર્તમાન અધ્યક્ષ છે. એમના નેતૃત્વમાં ભગવાન મહાવીર હોસ્પિટલ, **Super speciality Hospital**ની શ્રેણીમાં પહોંચી ગઈ છે, જેનો સમગ્ર બેંગ્લોરને ગર્વ છે. એમણે હોસ્પિટલમાં સંપતરાજ ગાદિયા ફ્રી કેમ્પ સેન્ટરનું નિર્માણ કરાવ્યું છે. આ ફ્રી કેમ્પ સેન્ટર દ્વારા બેંગ્લોર શહેરના દૂર–સુદૂરના પ્રદેશોમાં દર માસે ફ્રી કેમ્પ યોજાય છે, જેમાં દરેક ગરીબ દર્દીની નિઃશુલ્ક સારવાર થાય છે અને સર્જરી (ઓપરેશન) પ્રસિદ્ધ મહાવીર હોસ્પિટલમાં કરવામાં આવે છે. આ સિવાય કપાયેલા હોઠોની પ્લાસ્ટિક સર્જરી પણ એમની હોસ્પિટલમાં ફ્રી થાય છે અને દાનવીરો પાસેથી પ્રાપ્ત ધનરાશિમાંથી ડાયાલિસિસ કોઈ પ્રકારના ચાર્જ વિના ફ્રી કરવામાં આવે છે. એમની હોસ્પિટલ આવાં જનોપયોગી કાર્યોના કારણે બહુચર્ચિત બની ગઈ છે. આ સિવાય તેઓશ્રી જિનકુશલસૂરિ જૈન સંઘના અધ્યક્ષ પદે બિરાજમાન છે. તેઓ ભગવાન મહાવીર કોલેજના ટ્રસ્ટી, શ્રી દેવનહલ્લી તીર્થના ટ્રસ્ટી, **B.B.U.L.** સ્કૂલના એક્ઝિક્યૂટિવ મેમ્બર, બેંગ્લોર ક્રિકેટ–ક્લબના સભ્ય, બિલિયર્ડ ક્લબના સભ્ય, ટેનિસ ક્લબના સભ્ય, કુિૃ ર્હુર્ઙ્ઘ ક્લિબના મેમ્બર, મડાસ રેસ ક્લબના મેમ્બર વગેરે જગ્યાઓ સાથે જોડાયેલા છે. વિશેષમાં એમની હોસ્પિટલમાં સાધુસંતોની સેવા–સારવાર ૧૦૦% ફ્રી કરવામાં આવે છે. એમની હોસ્પિટલમાં ગરીબ સાધર્મિક ભાઈઓનો ઈલાજ પણ ફ્રી કરવામાં આવે છે.

કહેવાય છે 'અર્જુનની આંખ પક્ષીની આંખ પર'ની માફક જ્યારે કોઈ માણસ ગમે તે રીતે એક ઉદ્દેશ્યને પોતાનો **Target** બનાવી લે છે ત્યારે એને આગળ–પાછળ કોઈ પ્રકારનું ધ્યાન નથી રહેતું. સંપતરાજજીએ પણ હોસ્પિટલને પોતાનો **Target** બનાવતાં વેપાર વગેરેમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. પરિવાર માટે પણ એમની પાસે સમય નથી. દરરોજ એમનો વધારેમાં વધારે સમય હોસ્પિટલના પ્રાંગણમાં જ પસાર થાય છે. એમના પ્રયત્નોથી જ ભગવાન મહાવીર હોસ્પિટલ બેંગ્લોરની શ્રેષ્ઠ હોસ્પિટલોમાંની એક છે અને દિવસે દિવસે પ્રગતિના પથ પર આગળ વધી રહી છે. આવા સેવાભાવી વ્યક્તિત્વના સ્વામીને આપણા વારંવાર વંદન. તેઓ આમ જ સેવા–ભાવ રાખતાં, જિનશાસનની સેવા કરતાં કરતાં શતાયુ બને એવી મંગલકામના સાથે.....

—*સંકલન : રમેશ ફોલામુથા*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*તીવ્ર સ્મરણશક્તિ*

## તેજરાજ નાગોરી (આહોર)



શિખર ગમે તેટલું ઊંચું કેમ ન હોય, એના પર ચડાઈ કરવા ઉઠાવેલ કદમ જ મહત્ત્વપૂર્ણ હોય છે. આવા જ દૃઢ વ્યક્તિત્વના માલિક તેજરાજ નાગોરી આહોર જૈનસમાજ માટે આદર્શ છે. દસ વર્ષની બાલ્યવયમાં એમણે આહોરથી બેંગ્લોર આવી પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યું. તેઓ બચપણથી જ વિલક્ષણ પ્રકૃતિ ધરાવે છે. ગણિતમાં તેઓ 'માસ્ટર' ગણાય છે. એમની સ્મરણશક્તિ અદ્‌ભુત છે. જૂનાથી અતિ જૂના પ્રસંગો એમને તારીખ-વર્ષ સાથે મોઢે યાદ રહે છે.

તેઓ પોતાના નામ પ્રમાણે સ્વભાવ અને ભલમનસાઈમાં તેજસ્વી છે, પરંતુ એ તેજસ્વિતામાં શીતળતાનો આભાસ પણ બની રહે છે. તેઓ સમાજના દરેક કાર્યમાં મુખ્ય ધુરા સમાન બની રહે છે. સમાજનું અહિત થાય એ એમને જરીકેય પસંદ નથી. એમની હયાતી સુધી સમાજ કોઈ ખોટું પગલું ભરી શકે, એવું વિચારી પણ ન શકાય.

એમનો વ્યવસાય પારંપરિક ધાતુનો છે, જે ઉચ્ચ શિખરે પહોંચી ગયો છે. એમણે હમણાં જ જમીનનો વ્યવસાય પણ શરૂ કર્યો છે. એમણે પોતાના બુદ્ધિ-બળથી આ વ્યવસાયને પણ ચરમસીમાએ પહોંચાડી દીધો છે. તેઓ અર્થોપાર્જન સાથે ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પોતાની સંપત્તિને સારાં કાર્યોમાં સાચા દિલથી ખર્ચતા રહે છે. તેઓ સામાજિક કાર્યકર હોવાથી કેટલીય ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓશ્રી સૌધર્મ બૃહત્ તપાગચ્છીય ત્રિસ્તુતિક જૈનસંઘ-આહોરના વર્તમાન અધ્યક્ષ, શ્રી આહોર જૈન પ્રવાસી સંઘના અધ્યક્ષ, શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિર-ચિકપેટના ઉપાધ્યક્ષ, શ્રી ભગવાન મહાવીર જૈન હોસ્પિટલના ટ્રસ્ટી, શ્રી પાર્શ્વનાથ પદ્માવતી શક્તિપીઠ, શંખેશ્વરના ટ્રસ્ટી શ્રી રાજહર્ષ-હેમેન્દ્ર જૈન ટ્રસ્ટ, નાકોડા રોડ, મેવાનગરના ટ્રસ્ટી, શ્રી પાર્શ્વનાથ રાજેન્દ્ર જૈન ટ્રસ્ટ, સરોડ, પાલિતાણાના ટ્રસ્ટી, **B.B.U.L.** વિદ્યાલયમાં **Exicutive working commitee**માં મેનેજર આદિ અનેક સંસ્થાઓ સાથે તેઓ સંલગ્ન છે.

સમાજ એમની નેતૃત્વક્ષમતાનો આદર કરે છે. કોઈ પણ કાર્યક્રમમાં એમની ગેરહાજરી કાર્યક્રમની અધૂરપની સાક્ષી બને છે. એમની વાતોમાં સંબંધ કે લગાવ નહીં, સીધી અને સાચી વાત કહેવામાં એમને જરાય સંકોચ નહીં, પરિણામની એમને પરવા નહીં અને સામાજિક અહિત એમને મંજૂર નહીં.

એમનો પરિવાર પણ વિનય-વિવેકશીલ છે. એમના સુપુત્રો એમનાં પદ્-ચિહ્નો પર ચાલી પોતાના પરિવારની આધારશીલાને મજબૂતી આપી રહ્યા છે. એમને 'એટમોસફિઅર ચેઇન્જર' પણ કહેવામાં આવે છે. એમના સ્પષ્ટવક્તાપણાને કારણે કેટલાક એમના પર દ્વેષભાવ પણ રાખે છે, પરંતુ એમની સામે જતાં વાતાવરણ બદલાઈ જાય છે. કહેવાય છે કે 'દોડનારો જ પડશે', એ જ પ્રમાણે તેઓ પણ પરિણામથી અજાણ પોતાની ધૂનમાં પોતાના કાર્યક્રમોને પૂર્ણ કરવામાં જ ધ્યાન આપે છે. એમની વિલક્ષણ નેતૃત્વ શક્તિને કારણે એમને સહકાર પણ સાંપડે છે. એમના હુલામણા નામ 'માસ્ટરજી' સાથે જ તેઓ વર્તમાન યુગીન ચાણક્ય છે. ચાણક્ય હંમેશાં પોતાની કૂટનીતિને કારણે વિજયી રહ્યા છે. તેઓ પણ ચાણક્યની જેમ હંમેશાં વિજયી બને છે અને બનતા રહેશે. પરમપિતા પરમાત્મા એમને શતાયુ બનાવે, જેથી આહોર જૈન સમાજ દસકાઓ સુધી એમની નેતૃત્વશક્તિનો સમુચિત લાભ ઉઠાવી શકે, એ જ મંગલકામના સાથે.....

*—સંકલન : રમેશ ફોલામુથા*

*જિનશાસન પ્રત્યે અપાર શ્રદ્ધા*

## પારસમલ ચોપડા (આહોર)

"કહો આંધિયોં સે આએં, કહો બર્ક સે જલાએં,
યે રહા મેરા નશેમન, કોઈ આંખ તો દિખાએં!"



મૃદુ વ્યક્તિત્વના સ્વામી, સુલભ, ઉપલબ્ધ, સાદો પરિવેશ અને મનમોહક વ્યક્તિત્વના માલિક પારસમલ ચોપડા બચપણથી જ ધર્મઅનુપ્રેમી, ધર્માનુરાગી, શ્રુતપ્રેમી, ધર્મસંસ્કારોથી અભિભૂત રહ્યા છે. તેઓ અર્થોપાર્જન સાથે સાથે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં પોતાના ધનનો સુકૃત વ્યય કરી રહ્યા છે. તેઓમાં ગરીબો પ્રત્યે દયા-ભાવના ઠાંસી-ઠાંસીને ભરી પડી છે. કુષ્ટરોગીઓની સેવા-ભાવના કોઈ પણ આડંબર અને દેખાડાથી દૂર ચૂપચાપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતા આવ્યા છે. ઠંડી ઋતુમાં ઠંડીથી થરથરતાં ગરીબોને ધાબળો ઓઢાડવો એ એમની રાત્રિચર્યામાં સામેલ છે. કતલખાનામાં કપાનારાં જાનવરોને છોડાવવાં, પિંજરામાં કેદ પક્ષીઓને છોડાવવાં એ એમનું રોજીંદું કાર્ય છે.

એમની જીવનચર્યા સાદગી અને સરળતાથી ભરપૂર રહી છે. એમણે છેલ્લાં પંદર વર્ષોથી અર્થોપાર્જન અને વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને ખુદ પોતાને પૂર્ણ આધ્યાત્મિક જીવનમાં ઢાળી દીધા છે. એમને જિનશાસન અને જૈન ધર્મ પ્રત્યે અગાધ શ્રદ્ધા છે. એમણે પોતાના સદ્રવ્યથી નિર્માણાધીન શ્રી આદિનાથ જૈન શ્વેતાંબર મંદિરમાં ભૂમિપૂજનનો લાભ લઈને પોતાના પરિવાર માટે પુણ્યોપાર્જન કર્યું છે. તેઓ સાધર્મિકોની ભક્તિ માટે હંમેશા તત્પર રહે છે. એમને ગુપ્ત દાનમાં વધારે વિશ્વાસ છે.

તેઓ શ્રી આહોર જૈન પ્રવાસી સંઘના ભૂતપૂર્વ અધ્યક્ષ રહી ચૂક્યા છે. તેમના નેતૃત્વમાં પ્રવાસી સંઘમાં બે વાર સ્પેશ્યલ ટ્રેઈન દ્વારા સમ્મેતશિખરજી, પાલિતાણા, ગિરનારજી, પાવાપુરીની યાત્રા કરાવવામાં આવી છે. તેઓ શ્રી રાજચંદ્રના અનન્ય ભક્ત છે. તેમનો સમગ્ર પરિવાર ધર્મના રંગોથી તરબતર છે. એમના સુપુત્ર અશોક અને એમનાં પુત્રવધૂએ વર્ષીતપની આકરી તપસ્યા કરી પારણાંના પ્રસંગે પાલિતાણા જઈને અનેક સ્વજાતીય ભાઈઓને શાશ્વત તીર્થ ગિરિરાજની યાત્રા કરાવી. એમના પ્રબળ પુણ્યોદયથી લક્ષ્મી માતા એમના પર અને એમના પરિવાર પર ન્યોછાવર છે. એમના સુપુત્ર વિવેકી અને વિનયશીલ છે. ધર્મના દરેક કાર્યમાં એમને એમના પરિવાર તરફથી આશાતીત સહયોગ સદાય મળતો રહ્યો છે.

છેલ્લાં પંદર વર્ષોથી ધર્મના માર્ગ પર આરૂઢ રહીને નિત્ય એકાસણાં અથવા બિયાસણાં કરી રહ્યા છે. ધર્મમાં અસીમ શ્રદ્ધાના પરિણામે એમનો સંપૂર્ણ દૈનિક કાર્યક્રમ પરમાત્મ–ભક્તિ અને આશ્રમમાં જ વ્યતીત થાય છે. પરમ પિતા પરમાત્મા એમના પરિવાર પર સદાય દયા દૃષ્ટિ રાખે અને તેઓ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોમાં અબાધ ગતિએ નિરંતર આગળ વધતાં રહી શતાયુ બને એવી મંગલ કામના સાથે.....

*—સંકલન : રમેશ ફોલામુથા*

*સેવાભાવી : સહૃદયી : સરળ*

## શ્રીમતી સુશીલાબહેન પારેખ



બેંગલોર સમાજના આ કચ્છી મહિલાનું નામ સમાજસેવા, વૈયાવચ્ચ ભક્તિ, જીવદયા તેમજ સાધર્મિક ભક્તિ માટે જાણીતું છે. નાનપણથી બીજાને ઉપયોગી થવાની ભાવનાની સાસરીયામાં છુટ્ટી મળી અને તેથી તેઓ વર્ષોથી સેવાના કામમાં જોડાઈ ગયા છે. છેલ્લા ૨૦ વર્ષથી અવિરત વિવિધ પ્રકારની સેવામાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. જેમાં તેમના સ્વ. સસરાજી શ્રી માણેકભાઈ પારેખ જેઓશ્રી ગાંધીનગર સંઘના આગેવાન તથા દાનવીર હતા. જેમની પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રીમતી સુશીલાબહેને એક સેવાયજ્ઞ માંડી દીધો છે. ગુપ્તદાનમાં પણ તેમની અનુમોદના કરીએ તેટલી ઓછી છે. સાધર્મિક પરિવારો તો તેમનું સરનામુ ગોતતા આવે છે. સૌને સહાયક બનવાની ભાવનાવાળા સુશીલાબહેને ઘણા પરિવારોની આર્થિક ભીંસમાં પડખે ઊભા રહ્યાના પ્રસંગો છે.

ડૉ. નરપત સોલંકી દ્વારા આયોજિત આંખના દર્દીઓના કેમ્પમાં સતત સેવા માટે કર્ણાટકના ગામડાંઓમાં પણ જાય છે. તેમના નેજા હેઠળ ચાલતી સેવા સમિતિ દ્વારા તેઓ સમાજના સુખી સંપન્ન પાસેથી નાણા ભંડોળ લઈ સમાજને અર્પણ કરવાની સૂઝ, આવડત અને દીર્ઘદૃષ્ટિ દાદ માંગી લે તેમ છે.

આશ્રમોમાં જવું, નોટબૂકોનું વિતરણ કરવું, જરૂરિયાતમંદોને યુનિફોર્મ, કપડા, અનાજ, દવાઓ વિ. આપવાના કામમાં તેઓ સદાય વ્યસ્ત રહે છે. જૈન ભાઈ-બહેનને હોસ્પિટલમાં થતાં ખર્ચ, આંખના ઑપરેશન તથા દીકરીઓના આણા-પરીયાણામાં ખૂબ જ સહાય કરીને તેમને શાતા-શાંતિ આપે છે. મંડળના નેજા હેઠળ તેઓ નાના બજેટ હાઉસ લોનમાં મદદ કરી રહ્યા છે.

સેવાભાવી સરળ-સહૃદયી સુશીલાબહેન કચ્છી ગુર્જર મહિલામંડળમાં ૮ વર્ષ પ્રમુખપદે રહીને ઘણા કામો કરીને સફળ થયા હતા. શ્રી પાર્શ્વ મહિલા સેવા મંડળમાં તેમના સહકાર્યકર્તાઓનો સાથ મેળવી અનેક સેવાના-કામમાં જોડાયેલા છે. શ્રી પાર્શ્વકલાપૂર્ણ ભક્તિમંડળની સ્થાપનાથી ૧૫ વર્ષથી પ્રમુખપદે રહીને સૌનો સ્નેહ મેળવી શક્યા છે. વૃદ્ધાશ્રમના, અંધાશ્રમના, લેપ્રસીના કામમાં, બેગર્સ કોલોની, સ્લમ એરીયામાં જઈને અનેક પ્રકારની સહાય કરવામાં મોખરે છે. ગરીબ બાળકોની શાળામાં તથા સ્લમ એરીયામાં નિયમિત અન્નદાનનું કામ અવિરતપણે કરી રહ્યા છે. આ માટે તેઓ ફંડ ભેગુ કરવા માટેની આગવી સૂઝ ધરાવે છે. બેંગલોર જૈન સમાજ માટે શ્રી સુશીલાબહેન સાચા અભિનંદન અને પ્રશંસાને પાત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધર્મનિષ્ઠ પુણ્ય પ્રતિભાઓ

વીરશાસનની યશોજ્જવલ પરંપરામાં અગણિત શ્રાવકપ્રતિભારત્નોએ તેમનાં શ્રેષ્ઠતમ પ્રભાવક ધર્મકાર્યો કરીને જૈનશાસનની તેજપ્રભાને દશે દિશામાં પ્રસરાવી છે. સમયકાળે ભલે પડખું બદલ્યું હોય પણ એકવીસમી સદીના આ કમ્પ્યૂટરાઈઝડ યુગમાં સર્વતોમુખી શ્રેષ્ઠ સાધના કરનારાઓનો જરાય તોટો નથી. આ શ્રાવકરત્નોની નેત્રદીપક તપસ્યાઓ જાણીએ ત્યારે આપણને પણ આરાધનાનું નવું જોમ પ્રગટે છે. આ શ્રાવકરત્નોના સદ્ગુણો આજે પણ ઘર–ઘરમાં ગુંજન કરતા કાનને પાવન કરી રહ્યા છે.

પાયામાં ધરબાયેલા સાધક–ભાવનાનાં હૃદયસ્પર્શી દૃષ્ટાંતો આપણને કોઈ ઊંચી શુભ ભાવનામાં ખેંચી જાય છે. સમગ્ર સમાજ ચારિત્રની આ સુગંધનો સાક્ષાત્કાર સદીઓ સુધી કરતો રહીને પ્રેરણા અને પ્રોત્સાહનનું પાથેય પામતો રહેશે.

દૃઢ શ્રદ્ધાસંપન્ન, કળવકળના જાણકાર, ધીંગી ધરાના ધણી અને ગજબની કોઠાસૂઝ ધરાવનાર એવા ઘણા શ્રાવકો પ્રાચીનકાળમાં થયા પણ વર્તમાનમાં પણ એવા ઘણા છે, જેમના પરિચયો આ લેખમાળા દ્વારા જાણીએ.

—સંપાદક.

## શેઠ શ્રી અનુપચંદ મલુકચંદ



શેઠશ્રી અનુપચંદભાઈ ભરૂચ સંઘના અલંકાર સ્વરૂપ હતા. ખૂબ જ વિદ્વાન અને ધર્મશાસ્ત્રોના અભ્યાસી હતા. તેમણે પ્રાયઃ ૪૫ આગમોનો પણ અભ્યાસ કર્યો હતો, પરંતુ પાછળથી પ.પૂ. આત્મારામજી મ.સા.ના પરિચયમાં આવ્યા બાદ તેમને સમજાયું કે શ્રાવકો આગમવાચન કરી શકે નહીં. તે માટે તેમણે પ્રાયશ્ચિત્ત પણ કર્યું હતું. તેઓએ માત્ર શાસ્ત્રોનો અભ્યાસ જ કર્યો ન હતો પરંતુ તેમણે ઘણા ગ્રંથો લખ્યા પણ હતા અને લખાવ્યા પણ હતા. તેમનો 'પ્રશ્નચિંતામણિ' ગ્રંથ આજે પણ સાધુ ભગવંતો પણ વાંચે છે.

તેઓ આત્મારામજી મ.સા. સમકાલીન હતા. શ્રીમદ્ રાજચંદ્ર પણ તેમના ઘરે પધાર્યા હતા. આત્મારામજી મ.સા. પાસે પણ તેમણે શાસ્ત્રાભ્યાસ કર્યો હતો. તેઓ એટલા વિદ્વાન હતા કે પં.પૂ.આ. સિદ્ધિસૂરીશ્વરજી મ.સા.એ તેમની પાસે અભ્યાસ કરવા ભરૂચમાં ત્રણ ચાતુર્માસ કર્યાં હતાં. બીજા પણ સાધુ ભગવંતોએ તેઓની પાસે અભ્યાસ કર્યો હતો. એવું સાંભળવામાં આવેલ છે કે શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ પણ તેમની પાસે અભ્યાસ કરવા આવતા. તેઓ ખૂબ જ વિદ્વાન હોવા ઉપરાંત ચુસ્ત વ્રતધારી શ્રાવક પણ હતા. તેઓ સાચા અર્થમાં સાધુ–સાધ્વીનાં મા–બાપ જેવા હતા. તેમની ભૂલ હોય તો તેમની ભૂલ સુધારતા અને તેમને વ્રતપાલનમાં મદદ કરતા, સ્થિર કરતા, છતાં ન માને તો જરૂર પડ્યે ઠપકો પણ આપતા. આણંદજી કલ્યાણજી પેઢીના તેઓ માનદ્ સલાહકાર હતા.

ભરૂચનાં મંદિરોની તેમણે ખૂબ જ સુંદર સંભાળ લીધી હતી અને આદીશ્વર ભગવાનનું શિખરબંધ મંદિરનું નિર્માણ તેમના વહીવટ દરમ્યાન થયું હતું.

આજે પણ મહાન આચાર્ય ભગવંતો ભરૂચ પધારે ત્યારે તેમને ખૂબ યાદ કરે છે અને વ્યાખ્યાનાદિમાં પણ તેમનાં દૃષ્ટાંત ટાંકે છે.

તેમને માત્ર એક જ દીકરી હતી. તેનાં લગ્ન સમયે પણ તેમના જમાઈ શેઠ ચૂનીલાલ રાયચંદને તેમણે કહ્યું હતું કે જો તમારો વિચાર હોય તો તમારાં આ લગ્નના વરઘોડાને દીક્ષાના વરઘોડામાં ફેરવી નાખીએ. કેવો ધર્મનો અને સમયનો રાગ!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની પુત્રીના ભવિષ્યનો વિચાર કરવાને બદલે જમાઈને જ સંયમમાર્ગની સલાહ આપી.

ભરૂચનાં મંદિરો ઉપરાંત જિલ્લાના ઝઘડીઆ, કાવી, ગંધાર તથા બીજાં નાનાંમોટાં ગામોનો વહીવટ પણ તેઓ સંભાળતા.

આજે પણ સાધુ ભગવંતો તથા શ્રાવકો અને ભરૂચ સંઘના ભાઈઓ તો તેમને આદરપૂર્વક યાદ કરે છે. તેઓ પાલિતાણા દાદાના દરબારમાં જ દેવલોક થયેલા.

## અમૃતલાલ મોહનલાલ શાહ

### શ્રી શંખેશ્વરતીર્થમાં કરેલાં સુકૃતની યાદી :—



મણુંદ ( જિ. પાટણ)ના વતની ૭૩ વર્ષના શ્રી અમૃતભાઈના પરિવારમાં બે પુત્રો ત્રણ પુત્રીઓ. આ પરિવારમાં ધર્મસંસ્કારો વિશેષ જોવા મળ્યો.

(૧) ચાંદીનો વિશાળ ૯ ફૂટ લાંબો ભંડાર બનાવી અર્પણ. (૨) પોષદશમીની આરાધના પ્રસંગે જાપ કરવા તપસ્વીઓ માટે પાંચ ફૂટ ઊંચો વિશાળ શ્રી શંખેશ્વર દાદાનો ચાંદીની ફ્રેમમાં બનાવેલ ફોટો અર્પણ કરેલ છે. (૩) શ્રી શંખેશ્વર જૈન ભોજનશાળામાં મહાસુદ–૧૫ની કાયમી તિથિના નકરાના રૂપિયા સવાલાખ આપેલ છે. (૪) શ્રી શંખેશ્વર નાસ્તાગૃહમાં યથાયોગ્ય દાન આપેલ છે. (૫) શ્રી પાલનપુરવાલી ઝવેરીની ધર્મશાળામાં એક રૂમ આપેલ છે. (૬) શ્રી શંખેશ્વર તીર્થમાં અઠ્ઠમતપની આરાધના સાથે ૭૨ કલાકના અખંડ જાપ કરાવ્યા હતા. અત્તરવાયણાં તથા પારણાં તપસ્વીને કરાવ્યાં હતાં. (૭) શ્રી શંખેશ્વરમાં ૧૦૮ પાર્શ્વનાથપૂજન ગણાવ્યું હતું અને છ'રીપાલિત ગિરનારજીનાં યાત્રિકોની ભક્તિ કરેલી હતી. (૮) શ્રી શાંતિસ્નાત્ર–શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અટ્ઠાઈ મહોત્સવનો લાભ સ્વદ્રવ્યથી લીધો હતો. ત્રણ દિવસ સ્વામીભક્તિ.

### શ્રી સમેતશિખરજી તીર્થમાં કરેલ સુકૃતની યાદી

(૧) શ્રી શ્યામળા પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી ભોમિયાજીદાદાના મોટા વિશાળ ફોટા ચાંદીની Frameમાં બનાવી ત્યાંની પેઢીમાં નકરો આપી દર્શનાર્થે મૂક્યા છે. (૨) પ.પૂ. પંન્યાસશ્રી મુક્તિસાગરજી મહારાજ આયોજિત ૧૦૮ દિવસના છ'રીપાલિત સંઘ ઈન્દોરથી શિખરજીનો આવ્યો હતો તેમાં સંઘપતિનો લાભ લીધો હતો અને સજોડે સંઘમાળ પહેરી હતી. (૩) સુજ્ઞાતિમંડળ–મુંબઈ આયોજિત લગભગ ૧૭૦૦ યાત્રિકના સંઘમાં શિખરજીમાં સંપૂર્ણ દિવસના જમણનો ખર્ચ આપ્યો હતો અને સંઘપૂજનનો લાભ લીધો હતો.

### શ્રી મણુંદ ગામમાં કરેલા કાર્યની વિગત

(૧) શ્રી મણુંદ ગામમાં સાધુ–સાધ્વીજીની વૈયાવચ્ચ કરવાનો મુખ્ય દાતા તરીકે લાભ લીધો છે, જે કાર્ય સારી રીતે ચાલે છે.શ્રી મણુંદ ગામમાં નૂતન ઉપાશ્રય બાંધકામ કાર્યાન્વિત થાય તે માટે સેવા.

### વિવિધક્ષેત્રે ટ્રસ્ટીની સેવા

(૧) શ્રી ચંદ્રપ્રભુધામ મણુંદમાં ટ્રસ્ટી.

(૨) શ્રી મણુંદમાં પાંજરાપોળ–કબૂતરખાતું–ચકલાખાતુંમાં ઉપપ્રમુખ.

### પૂજ્ય સાધુ–ભગવંતોના નિકટના સંબંધો.

(૧) ગચ્છાધિપતિ શ્રી પ્રેમસૂરિમહારાજ તથા તેમના સંપ્રદાયના આચાર્ય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા શીલરત્નવિજયજી.

(૨) ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ તથા તેમના શિષ્યો શ્રી હરિકાંતવિજયજી–શ્રી સૂર્યકાંત વિજયજી.

(૩) આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજીના સંપ્રદાયના આચાર્યશ્રી મહાયશસૂરીશ્વરજી તથા મુનિ શ્રી સોમસુંદરવિજયજી.

### સાંસારિક વિગતો—

(૧) મોટા પુત્ર પંકજ C.A. છે, સ્વતંત્ર પ્રેક્ટિસ કરે છે.

(૨) નાના પુત્ર ઈન્દ્રવદન પૂનામાં કારખાનાની જવાબદારી સંભાળે છે.

(૩) પૌત્ર સચિન શેરબજારનું ટર્મિનલ ચલાવે છે.

(૪) મહિમા ઓરીસ સ્ટેશનરીના ઉત્પાદક અને સરકારી ક્ષેત્રમાં સપ્લાયનો ધંધો.

તા.ક. :—સુજ્ઞાતિમંડળ–અમદાવાદને જ્ઞાતિના સાધર્મિક કુટુંબનાં સભ્યોને સહાયતા આપેલ છે. તેમજ દિપાવલીના શુભ-પ્રસંગે જરૂરતમંદોને મીઠાઈનું વિતરણ કરવાનો લાભ લીધો છે.

ધન્ય જીવન......ધન્ય આરાધના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાંતિલાલ નગીનદાસ શાહ

મૂળ વતન : વડા તાલુકો : કાંકરેજ જિ. બનાસકાંઠા ઉ. ગુજરાત, હાલ મદ્રાસ. જન્મ તા. ૩૦-૮-૧૯૨૭

ગુજરાતમાં બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના વડા ગામમાં તા. ૩૦-૮-૧૯૨૭ના રોજ શ્રી નગીનદાસ સવાઈચંદ તથા શ્રીમતી મોંઘીબહેનને ત્યાં કથાનાયકનો જન્મ થયો.

૧૦ વર્ષની ઉંમર સુધી પોતાના જ ગામમાં અભ્યાસ કરી ૧૧મા વર્ષે થરા ગામમાં પટેલ રતનશી મૂળચંદ જૈન બોર્ડિંગમાં અભ્યાસ કરી ૧૪મા વરસે શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણામાં દાખલ થયા. ત્યાં આગળ પાંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, તત્ત્વાર્થ, લઘુક્ષેત્ર સમાસ, બૃહત્ સંગ્રહણી, કમ્મપયડી આદિ પૂર્ણ અભ્યાસ કર્યો.

૧૬ થી ૧૮ વર્ષ સુધી મહેસાણાથી અલગ-અલગ ગામોમાં સંસ્થા તરફથી વ્યાખ્યાન માટે તથા પર્યુષણની આરાધના માટે ગયેલ. ૧૯મા વરસે મહેસાણા પાઠશાળાના આદેશથી શ્રી ચંદ્રપ્રભુ જૈન નવા મંદિર, મદ્રાસ ખાતે પંડિતવર્ય શ્રી પુખરાજજી સાહેબ સાથે શ્રી પર્યુષણ પર્વની આરાધના કરાવવા તથા વ્યાખ્યાન માટે આવવાનું થયેલ. તે વખતે મદ્રાસ બાજુ ગુરુદેવોનો વિહાર ઓછો હતો. પર્યુષણ પછી મહેસાણા પાછા ગયા ત્યાં ભણવા સાથે ભણાવવાનું ચાલુ જ હતું.

મદ્રાસના શ્રી રિખવદાસજી સ્વામી આદિ મુરબ્બીઓના આગ્રહથી એક વરસ પછી પાછા મદ્રાસ આવવાનું થયું. મદ્રાસમાં દસ વરસ પાઠશાળા સંભાળેલ તથા પર્યુષણમાં આરાધના તથા વ્યાખ્યાન વગેરેનો લાભ પણ મળેલ. પાઠશાળા સિવાયના સમયે શ્રી જે. એમ. શેઠ, વાંકાનેરવાળા મુરબ્બીને ત્યાં નોકરી કરી.

૧૯૫૫માં શેઠશ્રીના સહયોગથી પોતાની દુકાન ચાલુ કરી. આયાત, ચશ્માં, ધીરધાર તથા ફેક્ટરીના રો મટિરિયલનો ધંધો કર્યો.

૧૯૫૫થી ૧૯૯૦ સુધી સંપૂર્ણપણે ધંધો સંભાળ્યો પણ સાથે જ્ઞાનદાન તથા સ્વ-આરાધના પણ ચાલુ રહી. નવકારશી, રાત્રિભોજન ત્યાગ, તિથિએ તપસ્યા, પર્વે પૌષધ આદિ આરાધના સાથે સાંસારિક કાર્યો પણ ચાલતાં રહ્યાં. ત્રણ દીકરા તથા એક દીકરીનાં લગ્નાદિ કાર્યો પતાવ્યાં.

પોતે જ્યાં ભણીને આગળ વધ્યા તે પાઠશાળાને એ કદી ભૂલ્યા નથી. પાઠશાળાના ઋણને ફેડવા એ હંમેશાં તત્પર રહ્યા છે. મહેસાણા પાઠશાળાને ૫૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે ડૉ. મગનલાલભાઈ, શ્રી અંબાલાલભાઈ લગડી, વકીલ ચીમનલાલ, શ્રી માણેકલાલભાઈ, પરીક્ષક શ્રી વાડીલાલભાઈ પધારેલ ત્યારે સારું ફંડ કરી આપેલ. ૭૫ વર્ષના અમૃતમહોત્સવમાં પણ સારું ફંડ કરી આપેલ. પછી પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ, પંડિતવર્ય શ્રી શિવલાલ નેમચંદ તથા શ્રી ચીમનલાલ કડિઆ (અમદાવાદ) પધારેલ ત્યારે પણ સારો સહકાર આપેલ. શ્રી ચીમનલાલ કડિઆ (અમદાવાદ) દેવાસ તીર્થના મંદિર માટે આવેલ ત્યારે પણ ફંડ કરાવી આપેલ અને પોતે પણ ચક્રેશ્વરી દેવીના ગોખલાનો લાભ લીધેલ. સંસ્થાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયાં ત્યારે શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ, શ્રી સાયરચંદજી નાહર તથા શ્રી મોહનચંદજી ઢઢ્ઢા ઘરે પધારેલ. શેઠશ્રીએ રૂબરૂમાં કહેલ કે "સંસ્થા માટે ૨૫ લાખ કરી આપશો", પરંતુ કાન્તિભાઈએ ૪૦ લાખ કરી આપેલ. આજે પણ સંસ્થા માટે એ હંમેશાં તૈયાર છે.

૧૯૯૦માં ૬૩ વર્ષની ઉંમરે ધંધામાંથી નિવૃત્ત થયા અને કાર્મિક કાર્યભાર સુપુત્રોને સોંપી દીધેલ અને સ્વઆરાધનામાં સંપૂર્ણ રીતે જોડાઈ ગયા. આજ વરસમાં ૬૩ વર્ષની વયે એમણે સજોડે વરસીતપ ચાલુ કરેલ. ત્યારથી અત્યાર સુદી લગભગ ૧૬ વર્ષ થઈ ગયાં, તેઓની તપસ્યા ચાલુ જ છે. દરરોજ બે સમય પ્રતિક્રમણ, ૭ થી ૮ સામાયિક, ૩ સમય દેવવંદન, નવકારવાળી જાપ વગેરે તેમની દૈનિક આરાધના છે. આ સિવાય રોજ નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય વગેરે પાંચસો ગાથાનો સ્વાધ્યાય થાય છે. કાયમી અનાનુપૂર્વી અને સિદ્ધાચલની ભાવયાત્રા કરે છે. શ્રી ચંદ્રપ્રભુ નવા મંદિરમાં ત્રણ માળ થઈને ૨૫ આરસની પ્રતિમાઓ તથા અન્ય ધાતુની પ્રતિમાઓની પૂજા કરીને સ્નાત્રપૂજા, શાન્તિકળશ કરી ઘરે આવી સામાયિક લઈ સ્વાધ્યાય તથા જાપમાં બેસી જાય છે. રોજની લગભગ ૧૩૦-૧૩૫ માળા ગણે છે. વરસ દિવસે ૧૧ લાખ નવકારમંત્ર તથા અન્ય જાપ મળીને લગભગ ૪૫ લાખ જાપ થાય છે અને ૧૩૧ ઉપવાસ જેટલું તપ થાય છે.

મદ્રાસના આરાધનાભવનમાં મહારાજ સાહેબની નિશ્રા ના હોય ત્યારે કાન્તિભાઈ પ્રતિક્રમણ આદિ ભણાવે છે. અત્યાર સુધીના જીવનમાં કાન્તિભાઈએ ત્રણ ઉપધાન, ચાર વર્ષીતપ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીસસ્થાનક તપ, કંઠાભરણ તપ, નિગોદનિવારણ તપ, ધર્મચક્ર તપ, શત્રુંજય તપ, પાંચ ચારમાસી તપ તથા અન્ય છૂટક તપ મળીને લગભગ ૧૮૫૦ ઉપવાસ કર્યા છે. નવપદજીની ઓળી, વર્ધમાન તપની ૩૦મી ઓળી તથા એકાંતરે ૧૦૦૮ આયંબિલ કર્યાં છે.

પાલિતાણામાં શ્રી આદિનાથ દાદાની પાંચ વખત નવ્વાણું જાત્રા કરેલ છે અને એ સિવાય અન્ય છૂટક જાત્રાઓ મળીને લગભગ ૭૮૦ જાત્રાઓ કરેલ છે. નવ ઉપવાસ તથા ચાર અઠ્ઠાઈ પૌષધ સહિત કરેલ છે અને અન્ય પૌષધો મળીને લગભગ ૬૦૦ પૌષધો કરેલ છે. પાલિતાણામાં પાંચ ચોમાસાં કરેલ છે તથા મદ્રાસમાં બાર વ્રત અંગીકાર કરેલ છે. શ્રી શંખેશ્વર તીર્થમાં ૨૩ દિવસ રહી આયંબિલ સાથે છ'રી પાળીને શ્રી શંખેશ્વર દાદાની ૧૦૮ જાત્રા કરી અને ગામનાં દરેક દેરાસરનાં દર્શન, પૂજન તથા ચૈત્યવંદન કર્યાં.

સંવત ૧૯૯૯માં પાલિતાણામાં પૂ.આ. દેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મદ્રાસના શેઠશ્રી મૂલચંદ આસુરામે ઉપધાન તપ કરાવેલ ત્યારે શ્રી કાન્તિભાઈએ પ્રથમ ઉપધાન કરી મોક્ષમાળા પહેરેલ. દ્વિતીય ઉપધાન સંવત ૨૦૦૦માં રાધનપુરમાં પૂ.આ. દેવ શ્રી જમ્બૂસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં કરેલ. તૃતીય ઉપધાન સંવત ૨૦૦૨માં થરામાં પૂ.આ. દેવ શ્રી ભક્તિસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં કરેલ.

કાન્તિભાઈએ પ્રથમ વરસીતપનું પારણું પાલિતાણામાં, બીજા વરસીતપનું પારણું હસ્તિનાપુરમાં, ત્રીજા વરસીતપનું પારણું શ્રી કેસરવાડી તીર્થ, મદ્રાસમાં કરેલ અને શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય જમણ કરેલ. ચોથા વરસીતપનું પારણું શ્રી કેસરવાડી તીર્થ પર કરેલ. શ્રી કાંતિભાઈ પાંચ જિનપ્રતિમા, પાંચ પાઠશાળા તથા પાંચ ઉપાશ્રયમાં સહયોગી બનેલ છે.

શ્રી કાન્તિભાઈએ સાવત્થી તીર્થમાં શ્રી ગૌતમસ્વામીની પ્રતિમા ભરાવેલ છે. મદ્રાસના શ્રી ચન્દ્રપ્રભુ નવા મંદિરમાં શ્રી મલ્લિનાથ ભગવાનની પ્રતિમા ભરાવેલ છે. હરિદ્વારમાં શ્રી પાર્શ્વયક્ષની પ્રતિમા ભરાવેલ છે.

અંકેવાળિયા (ગુજરાત)માં શ્રી વાસુપૂજ્યસ્વામીની દેરીનો લાભ લીધેલ છે. સુજીપકુંજ–પાલડી, અમદાવાદમાં મૂળનાયક શ્રી કુંથુનાથ પ્રભુ બિરાજમાન કરી પ્રતિષ્ઠા કરેલ છે. રૂની તીર્થમાં મૂળનાયક શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુ ભરાવવાનો, પ્રતિષ્ઠા કરાવવાનો તથા કળશ ચઢાવવાનો લાભ મળેલ છે. શ્રી ચન્દ્રપ્રભુ નયા મંદિર, મદ્રાસમાં શિલાસ્થાપનાનો લાભ લીધેલ છે. મદ્રાસમાં માધાવરમમાં શ્રી સુમતિનાથ મંદિરમાં શિલાસ્થાપનનો લાભ લીધેલ છે. પ.પૂ. આચાર્યદેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી વિવેકાનંદ નગર, અમદાવાદમાં દેરાસર તથા ઉપાશ્રય માટે જગ્યા અર્પણ કરેલ.

કાન્તિભાઈનું મુખ્ય પ્રિય કાર્ય આયંબિલશાળાઓની સ્થાપના છે. તેમને આયંબિલ તપ અતિપ્રિય છે. અલગ–અલગ જગ્યાએ ૧૧ આયંબિલશાળા ચાલુ કરાવેલ છે. આના માટે જાતે ફરી ફંડ એકઠું કરી આયંબિલશાળાઓને સદ્ધરતા અર્પેલ છે. કંબોઈ (બનાસકાંઠા)માં આયંબિલખાતામાં સારું ફંડ કરાવી સહયોગ આપેલ છે. થરા (બનાસકાંઠા)માં ગામમાં આયંબિલ–ભુવન તથા હૉલનો લાભ લીધેલ છે. થરામાં પાવાપુરી સોસાયટીમાં આયંબિલ ખાતામાં લાભ લીધેલ છે. રાણીપ (અમદાવાદ)માં આયંબિલભુવનનો લાભ લીધેલ છે. શ્રી કુલપાકજી તીર્થમાં શેઠશ્રી કેવળચંદજી ખટોડ સાથે મળીને આયંબિલશાળામાં લાભ લીધેલ.

રાજકોટમાં કાયમી ઓળી કરાવવાનો લાભ લીધેલ છે. લકણીમાં કાયમી ઓળી કરાવવાનો લાભ લીધેલ છે. ઉણમાં આયંબિલશાળામાં કાયમી શાશ્વતી ઓળીનો લાભ લીધેલ અને અન્ય ફંડ કરાવી આપેલ.

શ્રી રૂની તીર્થ (બનાસકાંઠા)માં આયંબિલ ભવનમાં પ્રવેશદ્વારનો લાભ લીધેલ. અમદાવાદમાં વાસણા, ઓપેરા સોસાયટી, શાહપુર, દશા પોરવાડ સોસાયટી, નારણપુરા તથા ડી–કેબિનમાં આયંબિલશાળામાં સહયોગી બનેલ. મંગલમૂર્તિ, ચાણક્યપુરી તથા રાણીપમાં કાયમી શાશ્વતી ઓળી કરાવવા ફંડ કરી આપેલ. શ્રી કેવળચંદજી ખટોડના સહકારથી આણંદ, ઈડર, નડિયાદ, થરા, ઉણ, પાલિતાણા, સાંગળી, સિકંદરાબાદ તથા શ્રી કુલપાકજી તીર્થ એમ નવ જગ્યાએ નવાં આયંબિલખાતાનું નિર્માણ કરેલ છે.

શ્રી શંખેશ્વરમાં ૧૦૮ પાર્શ્વનાથ તીર્થમાં ધર્મશાળામાં લાભ લીધેલ છે. શ્રી મુનિસુવ્રતસ્વામી મંદિર, મ્યુઝિયમ પરિસર મદ્રાસમાં ધર્મશાળામાં લાભ લીધેલ છે. પાલિતાણામાં તારાબહેન ડાહ્યાલાલ હેક્કડ જૂના ડીસા ધર્મશાળામાં લાભ લીધેલ છે. પાલિતાણામાં ગિરિવિહાર ભોજનશાળામાં લાભ લીધેલ છે. પાલિતાણામાં શ્રી ચંદ્રપ્રભુજી જૈન નવ મંદિર ટ્રસ્ટ દ્વારા બનતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મશાળામાં લાભ લીધેલ છે. પૂ. આ. દેવશ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી સમ્રાટનગર અમદાવાદમાં આરાધના ભવન બનાવવાનો લાભ મળેલં. પૂ. આ. દેવ શ્રી મહાબલસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. આ. દેવ શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી પૂ. આ. દેવ શ્રી રામચંદ્રસૂરીશ્વરજીના ૭૯મા દીક્ષા-દિવસ નિમિત્તે વણી (નાસિક-મહારાષ્ટ્ર)માં શ્રી રામચંદ્રસૂરી આરાધના ભવન બનાવવાનો લાભ મળેલ.

થરા (બનાસકાંઠા)માં પાર્શ્વ સોસાયટીમાં બંધ થયેલ પાઠશાળા ચાલુ કરાવેલ. ઉણ (બનાસકાંઠા)માં પાઠશાળા માટે ફંડ કરાવી પાઠશાળા ચાલુ કરાવેલ. પૂજ્ય આ. દેવ શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ડી કેબિન અમદાવાદ તથા રૈયારોડ (રાજકોટ) એમ બે જગ્યાએ પૂ.આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના નામથી પાઠશાળા ચાલુ કરાવી. શ્રી સાવત્થી તીર્થમાં પ્રતિષ્ઠા વખતે ઇન્દ્ર-ઇન્દ્રાણી બનવાનો લાભ લીધેલ. મદ્રાસમાં શ્રી કેસરવાડી તીર્થમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા વખતે સારો ચઢાવો બોલી નગરશેઠ બની ઉજવણી કરી. વડામાં ઉપાશ્રય તથા સંઘની વાડીમાં લાભ લીધેલ અને ધ્વજા ચઢાવવાનો લાભ લઈ શ્રી સંઘજમણ કરેલ. પાવાપુરી સોસાયટી, થરામાં ગજઅંબાડીએ બેસીને તોરણ બાંધવાનો તથા દ્વારોદ્ઘાટનનો લાભ મળેલ. મદ્રાસમાં માધાવરમ ખાતે સાધર્મિકોના આવાસોમાં એક આવાસનું દાન કરેલ છે. શ્રી બનાસકાંઠા પાલનપુર જૈન એસોસિએશન હસ્તક દર વરસે બાળકોને લગભગ ૬૦૦૦ નોટબુકોનું વિતરણ થાય છે. અમદાવાદમાં પૂ. આ. દેવ શ્રી મહાબલસૂરીના ઉપદેશથી પુસ્તકપ્રકાશનમાં ભાગ લીધેલ. પૂ. મુનિરાજ શ્રી ચંદ્રજિત સાગરજી મ.સા.ના ઉપદેશથી શ્રી ચંદ્રરાજાના રાસની ૧૦૦૦ પુસ્તિકા છપાવવામાં સહયોગ આપેલ.

પૂજ્ય મુનિરાજ શ્રી અભયરત્ન મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનાં પારણાંનો લાભ ૧૭૦૧ આયંબિલ બોલીને લીધેલ. કાન્તિભાઈને પોતાને એકાંતરે ૧૦૦૮ આયંબિલ પૂર્ણ થયેલ ત્યારે ત્રણ દિવસનો મહોત્સવ તથા સંઘજમણ કરેલ. બન્ને સમય દક્ષિણપ્રભાવક પૂ. આ. દેવ શ્રી કલ્પજયસૂરીશ્વરજી મ.સા. શિષ્ય સમુદાય માટે વાજતે-ગાજતે ઘરે પધારેલ. બન્ને સમય ગુરુપૂજન તથા સંઘપૂજન કરેલ. પૂજ્યશ્રીએ ૧૭ લાખ જાપ માટે અનુગ્રહ કરેલ જે કાન્તિભાઈએ સ્વીકારીને તરત ચાલુ કરી દીધેલ.

થરામાં ગામની પાઠશાળા, ભક્તિનગર પાઠશાળા, પાવાપુરી સોસાયટી, પાઠશાળા તથા ભોજનશાળાના ફંડમાં સહયોગ આપેલ. આ સિવાય ગામની પાંજરાપોળના ફંડમાં સહયોગ આપેલ.

કાન્તિભાઈનું જીવન અત્યંત સાદગીભર્યું છે. આટલી તપસ્યા કરે છે, દાનવીર છે પણ જુઓ તો લાગે નહીં! તપસ્યા, દાન કે જ્ઞાનનું કોઈ અભિમાન નહીં. કોઈની સાથે ઝઘડો નહીં. જે મળે તે ચલાવી લેવું. સત્તાની મારામારીમાં ઊભા ન રહેવું તે તેમની વિશિષ્ટતા છે. પોતે જે બોલે એ પાળે છે એટલે કે એકવચની છે. આટલી ઉંમર હોવા છતાં શરીરનો પૂરો કસ કાઢી રહ્યા છે. ચઢાવો બોલ્યા પછી સમય ન થયો હોય તો પણ રકમ જમા કરાવે છે.

સહચારિણી-સહધર્મિણી શ્રીમતી કંચનબહેને બે ઉપધાન, બે વરસીતપ, ૧૦૮ પાર્શ્વનાથ તપ, ચોવીસ ભગવાનના એકાસણાં, વીસ સ્થાનકની ઓળી આદિ તપસ્યાઓ કરેલ છે. પાલિતાણામાં ચાર વખત નવ્વાણું યાત્રા, ચાર ચોમાસાં કરેલ છે. ગિરનારજીની ત્રણ યાત્રા તથા સમેતશિખરજીની છ જાત્રા કરેલ છે. મદ્રાસમાં સજોડે પ.પૂ.આ. દેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં બાર વ્રત અંગીકાર કરેલ. અત્યારે ૭૮ વર્ષની જૈફ વય પણ વૈયાવચ્ચ માટે હંમેશાં તત્પર હોય છે. કાન્તિભાઈ નોકરી કરતા ત્યારથી લગાવીને આજે પોતે લાખો રૂ।.નું દાન કરે છે ત્યાં સુધી એજ સરળ સાદગીભર્યું-પ્રેમભર્યું જીવન છે.

શ્રી કાન્તિભાઈએ અને શ્રીમતી કંચનબહેને સજોડે નીચે મુજબ જાત્રાઓ કરી છે.

પૂ. આ. શ્રી ગુણરત્ન મ.સા.ની નિશ્રામાં શ્રી વચ્છરાજજી તથા શ્રી સાંકળચંદજી દ્વારા નીકળેલ શિવગંજથી પાલિતાણા ૪૭ દિવસ છ'રી પાલિત સંઘમાં જાત્રા કરી છે.

પૂ. આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી દેવીચંદજી સાકરિઆ દ્વારા નીકળેલ અમદાવાદથી પાલિતાણા ૨૫ દિવસીય છ'રીપાલિત સંઘમાં જાત્રા કરી છે.

પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં જે. વી. શાહ દ્વારા નીકળેલ થડાથી શંખેશ્વર સંઘમાં અટ્ઠમ સહિત જાત્રા કરેલ.

સ્પેશિયલ ટ્રેઈન દ્વારા એક વખત ૪૮ દિવસ અને બીજી વખત ૨૫ દિવસ તીર્થંકર પરમાત્માની કલ્યાણક ભૂમિની સ્પર્શના કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




શ્રી કાન્તિભાઈના દીકરાઓ અને દીકરી પણ ધર્મના સંસ્કારથી રંગાયેલાં છે. સાંસારિક કાર્યોની સાથે-સાથે આત્માના ઉત્થાનની તરફ આગળ વધી રહ્યા છે. પ્રથમ પુત્ર મહેશભાઈ પાલડી, અમદાવાદમાં રહે છે. બે સમય પ્રતિક્રમણ, નવકારસી, ચોવિહાર વગેરેની દૈનિક આરાધના છે. અષ્ટપ્રકારી પૂજા કરીને જ નવકારસી કરે છે. સવારે બે કલાક મૌન રાખે છે. પાલડીમાં શ્રી કુંથુનાથ પ્રભુ બિરાજમાન કર્યા છે. ત્યાંનો વહીવટ સંભાળે છે. ત્યાંની પાઠશાળાનું સંચાલન કરે છે. બારે મહિના ગુરુભગવંતોનું આવાગમન રહે છે. તેમનાં વિનય, વૈયાવચ્ચ કરે છે. દર વર્ષે આજુબાજુનાં તીર્થોની તથા શ્રી સિદ્ધાચલજીની યાત્રા સપરિવાર, મિત્રો સહિત વર્ષમાં ત્રણ-ચાર વખત ઓછામાં ઓછી કરે છે. પ્રદીપભાઈ મદ્રાસમાં રહે છે. દરરોજ નવકારસી, ચોવિહાર, સ્નાત્રપૂજા આદિ આરાધના કરે છે. પ્રભુપૂજા કરીને જ નવકારસી કરે છે. દરરોજ સ્નાત્રપૂજા, મોટી પૂજા વગેરે ભણાવતી વખતે પ્રભુભક્તિમાં તરબોળ બની જાય છે. મહિને ચાર-પાંચ આયંબિલ કરે છે. હંમેશાં હસતો ચહેરો અને કુટુંબીઓને ખુશ રાખનાર સુપુત્ર છે. સુપુત્રી દીપિકાબહેન પાટણમાં રહે છે. હંમેશાં તપશ્ચર્યા હોય છે. અષ્ટપ્રકારી જિનપૂજા કર્યા પછી જ વાપરે છે. માસક્ષમણ, ત્રણ ઉપધાન, અઠ્ઠાઈ, બે વરસીતપ, વીસસ્થાનક તપ આદિ તપસ્યાઓ નિર્વિઘ્ને પૂરી કરેલ છે. નવપદ તથા વર્ધમાન તપની ઓળી કરેલ છે. બાર વ્રત ધારણ કરેલ છે. શરીરનો પૂરો કસ કાઢી આત્માને દેદીપ્યમાન બનાવી રહ્યાં છે. છેલ્લાં, કેટલાંયે વર્ષોથી ઉપવાસ, એકાસણાં આદિ તપશ્ચર્યા સળંગ ચાલી રહી છે. દીક્ષાની ભાવના છે. મૂકેશભાઈ મદ્રાસમાં રહે છે. ૮ વર્ષની ઉંમરે પ્રથમ ઉપધાન કરી મોક્ષમાળા પહેરેલ. ૯ વર્ષે અઠ્ઠાઈ કરેલ. દરરોજ નવકારશી, જિનપૂજા, નવકારવાળી આદિ ધાર્મિક ક્રિયાઓ કરે છે. સામાજિક કાર્યો તથા સાધર્મિકોની મદદનાં કાર્યો કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*ઊંઝાના શ્રેષ્ઠીવર્ય : વિરલ વ્યક્તિત્વ*

## શેઠ શ્રી કાન્તિલાલ લહેરચંદ શાહ



વતન : ઊંઝા. જન્મ તારીખ : ૧૩-૨-૧૯૧૬. મહા સુદ-૧૦, ઉંમર : ૮૪ વર્ષ, અભ્યાસ : ૧૧ ધોરણ, સ્વર્ગવાસ ૩૦-૮-૧૯૯૬, શ્રા. વદ ૨.

કોઈ માનવચિરાગ જ એવો હોય છે કે જે સંસારમાં વૈભવ-વિલાસ કે વૈર-વિરોધ અંધિયારી વચ્ચે જન્મ લે છે.....અંધારાંમાં અજવાળાં વેરતાં વેરતાં પોતાના પુણ્યબળને આગળ રાખી પોતાની હામથી આગળ વધનાર જેને મારા-તારાની, આગળ-પાછળની, માન-પાનની કોઈ દુન્યવી દુવિધા ઝાંખી પાડ પાડી શકતી નથી એમના જીવનનું લક્ષ્ય એક જ મનોબળ મક્કમ, દૃઢ નિર્ધાર-સાથે પોતાનું જીવન આગળ ધપાવનાર વિરલ વ્યક્તિત્વ શ્રેષ્ઠીવર્યશ્રી શાહ કાન્તિલાલ લહેરચંદનું ટ્રાન્સપરન્ટ જીવન. પરિવારનું યોગદાન, દૃઢ સંકલ્પશક્તિ, ઔદાર્યવૃત્તિ, કર્તવ્યનિષ્ઠા જેવા સદ્‌ગુણો કેળવી સૌને પ્રેરણારૂપ બન્યું છે.

જૈન શાસનમાં આજ સુધીમાં સમયે સમયે અનેક નરવીરો થઈ ગયા છે. ધર્મવીરતાની સાથે સાથે કર્મવીરતા કે શૂરવીરતા પણ જોઈએ. પિતાશ્રી શ્રેષ્ઠીવર્યશ્રી લહેરચંદદાસ પીતાંમ્બરદાસ (ભા)ના નામે સમાજમાં જાણીતા હતા. પોતાની આંખો ગયા પછી સતત ધર્મ એ જ જીવન! પૌષધવ્રત સતત વર્ષો સુધી કરતા રહ્યા. ફક્ત દાઢી કરવા, નહાવા પોતે પૌષધવ્રત પારતા ફરીથી સાંજે લઈ લેતા. ઉપાશ્રય ચોમાસા પછી સૂનો થઈ જાય. તેથી ઘેર પૌષધશાળા બનાવી હતી તેવા ઉચ્ચ સંસ્કારનું સિંચન પામેલા અને તેમનાં માતુશ્રીમાં પુરુષને છાજે તેવી શક્તિ, બળ અને બુદ્ધિ જે તેમના પુત્ર શ્રી કાન્તિલાલને જન્મતાં મળેલાં, જેના કારણે આત્મિક શક્તિ, તાકાત અને જોમ તેમનામાં આવ્યાં હતાં. દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે અખૂટ શ્રદ્ધા ધરાવનારા ઈન્દ્રધનુષ્ય જેવા નયનાભિરામ વ્યક્તિત્વના સ્વામી છતાં લાગણીશીલ, સુપાત્રદાન વૈયાવચ્ચ ભક્તિ, સાધર્મિક પ્રત્યે હૃદયમાં કૂણી લાગણી અને આદર, ઊંઝા નગરમાં કોઈપણને બહાર અમદાવાદ વ.માં દવા કરવાની હોય તો તેમને લઈ હોસ્પિટલમાં રહેવાનું, સેવા કરવાનું કાર્ય એટલે શ્રેષ્ઠી શ્રી કાન્તિલાલ.

સમાજજીવનના ક્ષેત્રે જૈન યુવક મંડળના મુખ્ય રહી પોતાની સાથે તમામ યુવાશક્તિને આગળ લાવવા સતત પ્રયત્નશીલ રહ્યા. R.S.S. સેવાદળના અનુયાયી. કસરત, અખાડા, તરણ સ્પર્ધા, શૂટિંગ વ.નો શોખ તેમની કાર્યશક્તિનું પાસું રહ્યું છે. આત્મીયતા, પ્રેમ, લાગણી, સરળતા તેમની' અંદરમાં રહેલી છતાં ઉપરથી મક્કમ મનના. ઝડપથી નિર્ણય શક્તિથી પોતાની પ્રતિભા વિકસાવી શક્યા હતા.

સમાજમાં **UNTO THIS LAST** છેક છેવાડાના વ્યક્તિ સુધી પોતાની મદદ સતત વધ્યા કરે, ગુપ્ત રીતે સાધર્મિક ભક્તિ તથા સમાજના નાના સ્તરની મહિલાઓ પોતાના કાર્યથી આગળ આવે તે માટે 'મહિલા ઉદ્યોગ'માં સતત કાર્યશીલ રહ્યા, ધર્મપ્રેમી સાલસ સ્વભાવના હતા, એટલે જ નીડર અને સ્પષ્ટ વક્તા હોઈ ભલભલાને પણ પોતાના વ્યક્તિત્વથી આંજી દેતા અને સત્ય કહેતાં જરાપણ અચકાતા નહોતા. ઘરમાં આંગતુક-આતિથ્ય-ભાવના અને તેઓ ઘેર, દુકાને આવનારનું પ્રેમથી સ્વાગત કરતા. યોગ્ય સલાહ આપતા, પોતાના ભાઈના દીકરાઓને મહામૂલું સંયમ મળ્યું હતું તેનો ગર્વ હતો. પ.પૂ. ચંદ્રોદય વિજયજી મ.સા. તથા પ.પૂ. દક્ષપ્રભવિજયજી મ.સા. તેમના જીવનના, ધર્મના આચરણ માટેના ગુરુ રહ્યા. તેઓની પાસે રાતોની રાતો બેસી ધર્મચર્ચા તેમના જીવનના, ધર્મના ઘડતરના, જ્ઞાનના, ધર્મના સાચા જ્ઞાતા બની શક્યા. સાદાઈ પ્રભુનું શાસન રોમેરોમમાં ભરેલુ. જ્ઞાનાભ્યાસમાં આગળ વધવાની ઉત્કંઠા, યોગ્ય સાતેક્ષેત્રોમાં ખુલ્લો મૂકેલો દાનપ્રવાહ એ ચતુરંગી યોગ ભાગ્યે જ કોઈ પુણ્યશાળી વ્યક્તિમાં દૃષ્ટિગોચર થાય છે. તેઓશ્રીનાં ભાભી પ.પૂ. સાધ્વીજી શ્રી સમતાશ્રીજી મ.સા., ભત્રીજી પ.પૂ. પુષ્પાશ્રીજી મ.સા. અને પ.પૂ. ભાવરત્નાશ્રીજી મ.સા. તથા ભત્રીજા પ.પૂ. આચાર્ય માનતુંગસૂરીશ્વરજી મ.સા. સંયમપંથે વિચર્યાં છે. તેમની પ્રેરણા તેમના જીવનમાં સતત વણાયેલી રહી છે.

વ્યાપારી કારકિર્દીમાં સતત ઊંઝા નગરના વ્યાપારી સાહસની શરૂઆત કરનારમાં શ્રેષ્ઠીવર્યનું નામ મોખરે છે. નાની ઉંમરથી વ્યાપારનું લક્ષ તેમનું રહ્યું અને વેપારમાં હળીમળીને કામ કરતાં સ્વબળે અને સૂઝબૂઝથી આગળ આવેલ એટલે તેમનામાં કેટલાક આગવા ગુણો હતા. જન્મથી સ્વબળે આગળ આવવાની ભાવના સાથે સાથે પોતાની પ્રતિભા, ઊંચાઈ, પડછંદ કાયા, સ્પષ્ટ વક્તાથી ઊપસી આવી હતી. ઊંઝા નગરમાં વ્યાપાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલાં સટ્ટો ચાલતો તેમાં પણ તેઓ અગ્રેસર રહ્યા. ઊંઝા નગરમાં વ્યાપારની શરૂઆત જીરુ, વરિયાળી વ. ગાડામાં આવતા ખેડૂતોથી લગાવી આજ સુધીના, આજના એશિયાખંડના માર્કેટયાર્ડના વ્યાપારની વિકાસયાત્રામાં તેઓશ્રી અગ્રગણ્ય વેપારી તરીકેની છાપ તેમની બની રહી છે.

જાહેર જીવનમાં નિઃસ્વાર્થ સેવાનો અભિગમ દાખવ્યો હતો. 'કલ્યાણ મંડળ'ની સ્થાપનાથી સતત સક્રિય રહ્યા અને સંસ્થાના મંત્રી પદે રહી વિરલ વ્યક્તિ શ્રેષ્ઠી શ્રી કાન્તિલાલે નૂતન દવાખાનું' ફક્ત દશ પૈસાના દરેથી શરૂ કરી કન્સલ્ટન્ટો અમદાવાદથી બોલાવવા અને વધારેમાં વધારે સુવિધાઓ છેવાડાના નાના વ્યક્તિઓને મળે તેવા અભિગમ સાથે સતત કાર્યશીલ રહ્યા.

**SELFSATISFACTIOIN**–આત્માનો સંતોષ સેવાનો પમરાટ ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. ઊંઝા નગરના ચારે ખૂણે શાળાઓના, પ્રાથમિક શાળાની બિલ્ડિંગોના ઊંઝા નગરના સર્જનના પાયામાં તેઓશ્રી રહ્યા. તેમનો ફાળો શાળાઓના સર્જનમાં નોંધનીય રહ્યો. અનેક અડચણોમાં સર્જન શક્ય બન્યું. સહાય સમાજની સંપત્તિના સાચા રાહી બની અનેકવિધ શુભ કાર્યોના અનેકવિધ સંસ્થાઓના કાર્યકર બની સેવાકીય સુવાસ ગુણગ્રાહી દૃષ્ટિથી ફેલાવી શક્યા.

વર્ષો પહેલાં આંખની માવજત કેવી રીતે કરવી? કોઈ ન જાણે, ત્યારે ઊંઝા નગરમાં 'નેત્રયજ્ઞો' અમદાવાદના સર્જનો દ્વારા ઓપરેશન કેમ્પોને સફળ બનાવવાના વેપારી મંડળના અગ્રેસર રહી નગરમાં સેવાના પ્રદાનમાં મોખરે રહ્યા હતા. ઊંઝા નગરમાં હોસ્પિટલનું આયોજન થયું. સિવિલ હોસ્પિટલમાં પોતે કાર્યરત રહ્યા અને પોતાના નામે 'એક્ષ–રે રૂમ' આપ્યો. સિવિલ હોસ્પિટલ અદ્યતન ઊંઝા નગરમાં બને તે માટે અથાગ પ્રયત્નો કર્યા. પ્રમુખ શ્રી મોહનભાઈ હરિભાઈ પટેલ અને મંત્રી શ્રી કાન્તિલાલ લહેરચંદ હોદ્દા ઉપર કલ્યાણ મંડળમાં સાથે રહી અનેકવિધ સેવાનાં કાર્યો કર્યા, અનેકવિધ સંસ્થાઓમાં કારોબારી સભ્ય તરીકે તથા હોદ્દાઓ વગર સમાજમાં સતત કાર્યો કરતા રહ્યા.

એશિયાખંડમાં સુપ્રસિદ્ધ માર્કેટિંગયાર્ડના કાર્યમાં કલ્યાણમંડળ દ્વારા કામકાજનો વહીવટ કુશળતાપૂર્વક, નિયમિત, શિસ્તબદ્ધ રીતે, કરકસરપૂર્વક પોતાની કુનેહથી કરીને પોતાની નેતાગીરીની ઝાંખી સમગ્ર નગરમાં કરાવી હતી. તેઓશ્રીનો વેપાર અંગેનો બહોળો અનુભવ સાહસિકતા, નીતિમત્તાથી વ્યાપારને આગળ વધારવામાં અને ઉત્તરગુજરાતના વેપારી મથકોમાં શ્રેષ્ઠી શ્રી શાહ કાન્તિલાલ લહેરચંદનું નામ મોખરાનું રહ્યું. જીવનમાં કારકિર્દીના શ્રી ગણેશ કઠોર પરિશ્રમ અને પારિવારિક સંજોગોના સંઘર્ષ વચ્ચે કરી જાહેર જીવનની સેવાનાં કાર્યોની શરૂઆત ૨૧ વર્ષની ઉંમરથી જ કરી દીધી હતી. પાકિસ્તાન–ભારતના છૂટા પડ્યા પહેલાંની વાત, આઝાદી પહેલાંના વ્યાપારી ઘડવૈયા શેઠ શ્રી કાન્તિલાલે તેમની હૈસિયતથી વધારે સાહસિક ધંધો ખેડ્યો હતો. ભારત દેશનાં મોટાં શહેરોને તે જમાનામાં ખૂંદી વળી પોતાના જોમથી તેઓ વેપાર કાર્ય કરતા હતા. ઇતિહાસના પાને કંડારાય તેવો કિસ્સો સમગ્ર વેપારી આલમમાં જ્યારે પાકિસ્તાનમાંથી સરસવની સ્ટીમર ભરી બીલ્ટીઓ, કલકત્તા માર્કેટમાં વેચવી તેવું મોટું સાહસ માત્ર સાત–આઠ હજાર કમાવવા ચાર્ટર્ડપ્લેન કરી કલકત્તા રસીદો વેચી ત્યારે આવું મોટું સાહસ ઉત્તર ગુજરાતના અમદાવાદ–વડોદરાથી આબુ સુધી પડકાર ફેંકનાર શ્રેષ્ઠી શ્રી સાહસિક વેપારી હતા. તે જમાનામાં કોઈ વ્યાપારી પ્લેનમાં બેસવાનું નામ લેતા નહોતા ત્યારે ચાર્ટર્ડપ્લેનની વાત આશ્ચર્યજનક ઘટના સાહસ હતી. ઊંઝા નગરમાં ઊંઝા જૈન સંઘનું નૂતન દહેરાસર સ્ટેશન રોડ ઉપર બન્યું તેમાં તે કાર્યના તેઓ અગ્રેસર રહ્યા અને નિર્માણ થયા પછી તેની પ્રતિમાઓ આજે પણ આપણી સાથે વાતો કરે તેવી મુખારવિંદવાળી કેશરિયા નગરમાં અંજન શલાકા શ્રી સંઘના નેજા હેઠળ થઈ હતી. પોતાની જાતે શ્રી ઊંઝા જૈન સંઘમાં પ્રતિમાઓને ઠાઠથી મોકલવામાં, ત્યારબાદ ત્રણે પ્રતિમાઓને તેમની જ ઓફિસ માર્કેટયાર્ડમાં પધરાવી ગંજબજારમાં મીઠાઈ વહેંચી વાજતેગાજતે નગરપ્રવેશ માટેની યાત્રાની શરૂઆત થઈ હતી. શ્રી શાંતિનાથ ભગવાનના નગરપ્રવેશના, અંજન શલાકાના તથા પ્રતિષ્ઠાના ચઢાવા લઈ પોતાની જાતને ધન્ય બનાવી હતી. પોતાની મહેચ્છા હતી. ઊંઝા નગરનાં તમામ જૈનોનો 'શ્રી શંખેશ્વર તીર્થ' યાત્રાનો સંઘ કાઢવો. યાત્રા સંઘ અવિસ્મરણીય બની રહ્યો. સતત સાત દિવસ સુધી જમણવારો, સાચા ચાંદીના પાંચ છોડ ભરાવી ઉજમણું કર્યું હતું. પ.પૂ. આચાર્ય શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા સંસારી ભત્રીજા પ.પૂ. ચંદ્રોદયવિજયજી મ.સા., પ.પૂ. દક્ષપ્રભવિજયજી મ.સા.ના આશીર્વાદ અને માળનો કાર્યક્રમ ઊંઝાના અગ્રગણ્ય વેપારી વ.થી મહેમાનોથી ભરચક બની રહ્યો હતો.

સાધર્મિક ભક્તિ તેમનો આગવો સેવાનો શોખ હતો. ચૈત્ર માસની ઓળી પોતાનો વારસામાં મળેલો તપની અનુમોદના કરવાનો સતત રહ્યો. શ્રી ઊંઝા જૈન મહાજનમાં ચૈત્ર માસની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓળીમાં પોતાનું નામ જોડાવી અનુદાન આપી સ્થાયી ફંડમાંથી થતી રહે તેવું કર્યું. હવે ત્યારબાદ સોસાયટીમાં રહેવા આવતાં પોતાના બંગલે જ બંગલામાં સતત સાત વર્ષ સુધી જાતની મહેનત–દેખરેખ નીચે ચૈત્ર–આસો માસની ઓળી કરાવતા રહ્યા અને વ્યવસ્થા નેટવર્ક ગોઠવાતાં.

ઊંઝા સંઘે શ્રી શંખેશ્વર તીર્થનો છ'રીપાલિત સંઘ કાઢ્યો તેમાં પણ શ્રેષ્ઠી શ્રી કાન્તિલાલ મોખરે રહ્યા. શ્રી શંખેશ્વરતીર્થ, શ્રી પાલિતાણા તીર્થ, શ્રી સમેતશિખરતીર્થ તેમના જીવનમાં સતત વણાઈ ગયા હતાં. સંઘો કાઢવા, યાત્રાઓ કરવી અને કરાવવી તેમનો મુખ્ય શોખ હતો. શ્રી સમેતશિખરજીની યાત્રાઓ જૂના જમાનામાં કઠિન વખતમાં અનેકવાર યાત્રા કરી તથા સમગ્ર કુટુંબને અનેકવાર જાત્રાઓ કરાવી ઊંઝા નગર ઉત્તર ગુજરાતમાંથી યાત્રાળુઓ સરળતાથી જાત્રા કરે તે માટે પોતાના સ્પેશ્યલ ડબ્બાઓનું આયોજન તેમનો શોખ હતો. પોતાનાં ધર્મપત્ની અ.સૌ. કાન્તાબહેન ઉપધાન, અટ્ઠાઈ, ચોમાસી, વીસસ્થાનકતપ, વર્ધમાનતપની ઓળીઓ વ. કરી હતી. ધર્મકાર્યમાં મગ્ન, સતત દરેક ધર્મકાર્યમાં ઘણો મોટો ફાળો, સંઘ સેવા, ગરીબો પ્રત્યેની લાગણી, પ્રભુસેવામાં અહર્નિશ રહેતા, તપશ્ચર્યા પોતે કરે બાળકોમાં સંસ્કારો પાડી તપશ્ચર્યા કરાવે પાલિતાણામાં પોતાનું રસોડું કરી ચાતુર્માસ વ.ની વાત મીઠી સંભારણું બની ગયું છે.

પોતાના બે પુત્રો જેમાં, એક ગિરીશભાઈ અને બીજા સુરેશભાઈ. બન્નેને પોતાના જ ધંધામાં જોતરી સાથે પોતાના ભાઈ શ્રી માણેકલાલના સુપુત્ર રવીન્દ્રભાઈને સાથે રાખી ધંધાની ધુરા સોંપેલી છે. સુરેશભાઈ–રવીન્દ્રભાઈની 'વર્ષો સુધી' પર્યુષણ આવે એટલે અટ્ઠાઈ જ હોય તેવી તપશ્ચર્યામાં બન્નેને આગળ વધારનાર તેઓશ્રી હતા. તેઓનાં ધર્મપત્ની રમીલાબહેન, જયશ્રીબહેન, સુશીલાબહેન પણ ઘણાં જ ધર્મનિષ્ઠ છે. પોતાના સુપુત્રો ગિરીશભાઈ, રવીન્દ્રભાઈ, સુરેશભાઈને ઉપધાનતપ કરાવી તેમના પૌત્રો ભાવેશ, અભય, વિશાલ, ચંદ્રેશ, મયંક, સેજલ, લીના, નિકેતા, હીના સર્વેને નાની કુમળી વયમાં જ ઉપધાનતપ કરાવી નાની વયમાં જ સંસ્કારો દૃઢ બને તેટલા સજાગ હતા. પોતાના ભાઈ માણેકલાલની સુપુત્રી ભાવરત્નાશ્રીજીની દીક્ષા શ્રેષ્ઠી શ્રી કાન્તિલાલની ધર્મમય ભાવનાનો દાખલો હતો. દીક્ષા પ્રસંગે મહોત્સવ, વરઘોડો, શાન્તિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય વગેરેનો સારો લાભ લીધેલ. શાસનનાં કાર્યો શોભા વધારી કરવાના હિમાયતી હતા. પોતાના પિતાશ્રીનું નામ પુરુષોના ઉપાશ્રયમાં જોડાવી ઉપાશ્રયનો એક ભાગ તેમના નામે આપ્યો હતો. દાનનો પ્રવાહ વહેવડાવી સોનેરી તકને ઝડપી લેવાનું ચૂકતા નહીં.

★ આયંબિલ શાળામાં પોતાના પિતાશ્રીનું બાવલું મુકાવ્યું. સ્થાયી ફંડમાં દાન આપી પોતે તપ અનુમોદનાનો લાભ લેવાનું ચૂક્યા નથી. ★ પાઠશાળામાં પત્ની કાન્તાબહેનનું નામ જોડાવ્યું. ★ શ્રાવિકાઉપાશ્રય નવો બન્યો ત્યારે મુખ્ય દાતા બની પત્ની અ.સૌ. કાન્તાબહેન કાન્તિલાલ લહેરચંદનું નામ જોડાવ્યું. ★ 'અતિથિગૃહ'માં પોતાનું નામ જોડાવી શ્રીસંઘમાં મળેલી તકને ઝડપી લીધી અને 'હોલમાં' પોતાના ભાઈ માણેકલાલભાઈનું નામ જોડાવ્યું. ★ શાન્તિનગર જૈન સંઘમાં આરાધનાહોલ બન્યો તેના ઉદ્‌ઘાટન કરવાનો લાભ 'શ્રેષ્ઠી શ્રી કાન્તિલાલ લહેરચંદ પરિવાર' દ્વારા લેવાયો. ★ સો વર્ષ જૂનો ભવ્ય ઉપાશ્રય આગમાં ભસ્મીભૂત થયો. ફરીથી સર્જનમાં પોતાનું અનુદાન પુત્રવધૂઓના નામે અર્પણ કરી ઊંઝામાં નૂતનનિર્મિત જૈન ઉપાશ્રયમાં સુંદર લાભ લીધો અને ઊંઝા જૈન સંઘ દ્વારા આ કાર્ય યશસ્વી રીતે ઝડપથી સંપન્ન થઈ ગયું.

જીવનના ઘણા બધા પ્રેરણાદાયી પ્રસંગોને યાદ કરીએ તો 'શ્રી શત્રુંજય મહાતીર્થમાં દાદાની' ટૂંકમાં નવીન દેરાસરમાં પ્રભુ શ્રીવાસુ પૂજ્યસ્વામી પધરાવ્યા ત્યારે કુટુંબીજનોને શ્રીશત્રુંજય સાથે લઈ જઈ "અવસર બૈર......બૈર..... નહીં મળે" તેવા ઉત્સાહથી પ્રતિષ્ઠા પ્રસંગને માણ્યો હતો. કેસરિયા નગરમાં ઊંઝા નગરમાંથી જેને આવવું હોય તેવા "નવ્વાણું કરવા આવનાર" યાત્રિકોને ટિકિટ–ભાડું અને રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા કરી નવ્વાણુંયાત્રા કરી અને કરાવી તેવો લાભ લઈને પુણ્યાનુબંધી પુણ્યનું ભાથું બાંધ્યું.

મુખ્ય શ્રાવક ઉપાશ્રયનું ખાતમુહૂર્ત કરવાનો લાભ પણ શ્રેષ્ઠી શ્રી શાહ કાન્તિલાલ લહેરચંદ પરિવારે લીધેલ છે. શ્રી શંખેશ્વરતીર્થમાં યાત્રિકભવનમાં બ્લોકમાં પોતાનું નામ આપ્યું. ભોજનશાળામાં નવકારશી ભવનમાં અનુદાન તથા શ્રી કલિકુંડ તીર્થમાં બનેલ 'શ્રી શત્રુંજય પ્રતિકૃતિ'માં ભગવાન પધરાવવાનો લાભ લીધેલ. અનેકવિધ તીર્થમાં જેનું લિસ્ટ પણ ન બની શકે તેટલાં તીર્થોમાં કાયમી અંગોની તિથિઓ લખાવી.

દર વર્ષે પાલિતાણાની યાત્રા કરવી, કરાવવી તથા ત્યાં કેટલાય દિવસો સુધી રોકાણ કરવું. તેમની મનની શાન્તિ યોગ–સાધના માટેનું પ્રિય સ્થળ રહ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંઝા 'પાંજરાપોળમાં અનુદાન તીર્થમાં સાધુ-સાધ્વીની વેયાવચ્ચ, ઊંઝાનાં સાર્વજનિક ક્ષેત્રોમાં, હોસ્પિટલો, આંખની *હોસ્પિટલમાં, કેળવણી ક્ષેત્રોમાં, મંદિરોમાં* પોતાની નાની-મોટી દેણગી આપ્યાનો સંતોષ હતો. ભારત દેશનાં લગભગ તીર્થોની યાત્રા પોતે કરતા અને કુટુંબને કરાવતા. આવા સંઘના શાસનનાં અનેકવિધ કાર્યોના પ્રેરણાદાયી, સમગ્ર પરિવારના મોભી દાનવીર, સ્પષ્ટવક્તા, સાહસિક, વિરલ વ્યક્તિત્વ, સરળતા, નિખાલસતા અને ધર્મ પ્રત્યેની રુચિ કુટુંબને સાથે રાખીને, કુટુંબના સંસ્કારદાતા બની સમગ્ર નગરમાં પોતાની આગવી પ્રતિભા ઊભી કરી શક્યા છે.

પોતાની વિકાસગાથામાં આધ્યાત્મિક ચેતનાના સાથી બીલીમોરાના મોતીચંદભાઈ, ભીખાભાઈ પટેલ સાથે કોઈ તીર્થમાં રહી જ્ઞાનને મેળવવા ઉત્સુક રહી પોતાના આત્માને ત્યાગધર્મના રંગને પાકો કરતા રહ્યા. એશિયા ખંડમાં નામચીન ગંજબજારની સુપ્રસિદ્ધ પેઢી 'શાહ કાન્તિલાલ લહેરચંદ એન્ડ સન્સ'ના નામથી જાણીતી છે. દેશાટન ૫૦ વર્ષ પહેલાં સમગ્ર ભારતનાં ગામેગામ, શહેરેશહેરે વેપાર અર્થે અને યાત્રાની ભાવનાથી તીર્થદર્શન કરી પોતાના કુટુંબને ધર્મમાર્ગમાં વાળી સાચા પથદર્શક બની શ્રાવકજીવનને ઉજજવળ બનાવી અને કુટુંબીઓની એકતાની ભાવનાનો મહાન સદ્‌ગુણ 'રેતીમાં મહેલ ચણવાનો બની રહ્યો હતો.' તેમનો પુરુષાર્થ ગજબનો રહ્યો.

## શ્રી કિશોરભાઈ ડી. શેઠ



કે. ડી. શેઠ જામનગરના નામાંકિત વકીલ હતા. તેઓશ્રીનું તા. ૮-૧૨-૧૯૯૪ના રોજ મોટરઅકસ્માતમાં નિધન થયું. જામનગર શહેર સહિત જિલ્લાની તમામ કોર્ટોનું કામકાજ બંધ રહેવા પામેલ. ત્યારબાદ તેમનાં વડીલ ભાઈશ્રી મહેન્દ્રભાઈ ડી. શેઠ તથા તેમના ધર્મપત્ની સૌ. શ્રીમતી કલ્પનાબહેન શેઠ અને કે. ડી. શેઠનાં ધર્મપત્ની શ્રીમતી ભાનુબહેન કે. શેઠ દ્વારા આજ સુધીમાં જામનગરમાં ઘણાં શુભ કાર્યો અવારનવાર થયાં, દાનધર્મ, નાની-મોટી તપસ્યા આયંબિલ તથા માનવતાના અનેક શુભકાર્યોનો સેવાયજ્ઞ મંડાયો. જેમાં નોંધપાત્ર કાર્યોનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરેલ છે.

શેઠ સદનમાં ધૂપસળી પ્રગટાવેલી રાખી છે જેની સુગંધે શેઠ પરિવારનું ગૌરવ-પ્રતિષ્ઠા વધતા રહ્યાં છે.

(૧) તેમના નાના પુત્ર વિરલની સ્મૃતિમાં જામનગરનાં વૃદ્ધો તથા બાળકો માટે શ્રી અંબાવિજય વિસ્તારમાં વિશાળ 'વિરલ-બાગ' બનાવરાવીને જામનગર મહાપાલિકાને સોંપવામાં આવેલ. આજે અસંખ્ય લોકો તેનો લાભ લઈ રહ્યાં છે.

(૨) જામનગરની પોશ સોસાયટી સ્વસ્તિક સોસાયટીમાં તેમનાં માતુશ્રીની સ્મૃતિમાં, 'પૂ. કાન્તાબહેન ડી. શેઠ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય' બનાવવામાં આવેલ છે, ઉપરાંત 'કે. ડી. શેઠ હોલ'નું નિર્માણ કરી આપેલ છે.

(૩) કે. ડી. શેઠના મોટા પુત્ર આશિતભાઈની સ્મૃતિમાં અખિલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ અને 'આશિત કે. શેઠ મેડિકલ સેન્ટર' સ્થાપી આપવામાં આવેલ છે. શ્રી ગુરુ ગોવિંદસિંહજી હૉસ્પિટલ (ઇરવિન હૉસ્પિટલ)ને મેડિસિન માટે રૂા. એકાવન હજાર ઉપરાંત નાની મોટી રકમ અર્પણ કરવામાં આવી હતી.

(૪) શ્રી ગંગામાતા ચેરિટેબલ ટ્રસ્ટની જગ્યા અપાવવામાં મહત્ત્વનો ફાળો આપેલ છે. ત્યાં દરરોજ સાંજ-સવાર ફક્ત પાંચ રૂપિયામાં જરૂરિયાતવાળાંઓને જમવાનું ભરપેટ દાળ-ભાત-રોટલી અથવા રોટલા શાક, છાશ વગેરે આપવામાં આવે છે. ઉપરોક્ત દર્શાવેલ ટ્રસ્ટને શ્રી વિરલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા બિમાર વ્યક્તિઓની જરૂરિયાત અર્થે એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવેલ છે.

(૫) ૪, દિગ્વિજય પ્લોટમાં આવેલ વિરલ બિલ્ડિંગમાં શ્રી ગીતા વિદ્યાલય ટ્રસ્ટના સંચાલન હેઠળ 'શ્રી કે. ડી. શેઠ સેન્ટર ફોર એજ્યુકેશન' કાર્યરત છે.

શ્રી અંબાવિજય વિસ્તારમાં એક હાઈસ્કૂલ, જૈન દેરાસર તથા શ્રી ગીતાઉપદેશ પ્રચાર અર્થે ગીતા વિદ્યાલયની આવશ્યકતા જરૂરી હતી. આ બાબતે શ્રી કે. ડી. શેઠે જામનગરના માયાળુ-ઉદાર દરિદ્રપરાયણ બુદ્ધિશાળી ના. રાજમાતા શ્રી ગુલાબકુંવરબા સાહેબને રજૂઆત કરતાં તેઓશ્રીએ સંમતિ અને કિંમતી જમીન અને અમૂલ્ય યોગદાન ફાળવતાં આ ત્રિવેણી સંગમ જેવાં કાર્યોને વેગ મળ્યો, જેની ફળશ્રુતિના અનુસંધાને જામનગરની આજની શૈક્ષણિક ક્ષેત્રે પ્રથમ હરોળમાં આવતી શ્રી સત્ય સાંઈ હાઈસ્કૂલનું નિર્માણ થવા પામ્યું. શ્રી સત્ય સાંઈ બાલવિકાસ (મોન્ટેસરી)માં શરૂઆતમાં દાખલ થયેલાં બાળકોનો બાલવિકાસ, અભ્યાસ પૂર્ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થવામાં હતો વધુ અભ્યાસ માટે હાઈસ્કૂલની જરૂરત હતી. અત્રે બાલવિકાસનો પ્રશ્ન વિદ્યાર્થી આશિત કે. શેઠ, દ્વિતીય વિદ્યાર્થી વિરલ કે. શેઠ હોવાથી આ હાઈસ્કૂલનું ભૂમિપૂજન આ વિદ્યાર્થીઓના હાથે જ સત્ય સાંઈબાબાના કરકમલ દ્વારા વિશાળ મેદનીની ઉપસ્થિતિમાં સંપન્ન થયું.

બીજા દિવસની સુપ્રભાતે અંબાવિજય (નવનગર સ્ટેટ) જ એક વિશાળ જમીનમાં તા. રાજમાતા ગુલાબકુંવરબા સાહેબે જામનગરના વૃદ્ધો માટે એક ભેટ કે. ડી. શેઠના જવાબદલી નાઠ જામ શ્રી રણજિતસિંહજી નિરાધાર આશ્રય ઊભું કર્યું. જેમાં ઘણા વૃદ્ધો લાભ લ્યે છે. ના. જામશ્રી રણજિતસિંહજી નિરાધાર આશ્રયમાં આજે વૃદ્ધો અંદાજે એંસીથી સો પોતાના જીવન-યાત્રાના બાકીના દિવસો સુખ-શાંતિ અને સુંદર સગવડથી પસાર કરી રહ્યા છે! જામનગર જિલ્લાની આજની શૈક્ષણિક વિદ્યાલયમાં શ્રી સત્ય સાંઇ હાઈસ્કૂલ પ્રથમ હરોળમાં આવતી એક માત્ર ગુજરાતી અંગ્રેજી મિડીયમનું સ્કૂલ છે, જેમાં અંદાજે ચારેકહજાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ શિક્ષણ લઈ રહ્યા છે !?! શ્રી આણંદાબાવા આશ્રમને તાજેતરમાં એક લાખ રૂપિયાની સખાવત શેઠ પરિવાર તરફથી આપવામાં આવી. શ્રી આણંદાબાવા અનાથ આશ્રમ, સાકળબહેન અંજારિયા મહિલા આશ્રમ, શ્રી રામચંદ્ર અંધ આશ્રમ, શ્રી ધનાણી ગૂંગા-મૂંગા-પેરા શાળામાં પરિવારની પુણ્યતિથિએ મિષ્ટભોજન ઉપરાંત બપોરની આઈસ્ક્રીમ, ઇડલી, મસાલા ઢોસાનો નાસ્તો શેઠ-પરિવાર તરફથી અવારનવાર આપવામાં આવે છે. ધર્મપ્રેમી જૈન શ્રેષ્ઠી-શ્રાવકોને જૈન દેરાસરના નિર્માણ માટે ઉત્સાહ જાગૃત થતાં પેલેસ જૈન દેરાસર, ઉપાશ્રય અને આયંબિલ-ભવન નિર્માણ પામ્યાં. તેના મંગલ ઉદ્‌ઘાટનના પ્રસંગે શ્રી કાન્તાબહેન ડી. શેઠ પરિવાર દ્વારા નવકારશી જમણવાર યોજવામાં આવેલ. શ્રી ગીતા વિદ્યાલય (શ્રી પારસ સોસાયટી)નો આજે સુજ્ઞધર્મપ્રેમીઓ લાભ લઈ રહ્યા છે.

રોયલ પાર્ક જૈન ઉપાશ્રય (રાજકોટ), તેજપ્રકાશ (શ્રીમતી કોકિલાબહેન પ્રભુલાલ સંઘરાજ શાહ) જૈન ઉપાશ્રય, દિગ્વિજયપ્લોટ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં શ્રી કે. ડી. શેઠની હયાતીમાં તન-મન-ધનથી સાધર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલ તેમજ બેવાર સ્થા. જૈન સંઘનું સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં આવેલ. દિવંગત કાન્તાબહેનની જન્મતિથિએ દર વર્ષે શ્રી દશાશ્રીમાળી લહાણી સંસ્થાના જ્ઞાતિજનોને સ્વામીવાત્સલ્ય ભોજનનો લાભ આપી જન્મદિવસ ઊજવવામાં આવે છે.

કાજીના ચકલા પાસે આવેલ ધર્મનાથ-નેમિનાથ જૈન દેરાસરમાં ભગવાનશ્રી નેમિનાથ દાદાનો છેલ્લાં પાંત્રીસ વર્ષથી યથાશક્તિ જન્મદિવસ ઉજવણીમાં કે. ડી. શેઠ પરિવાર ભાગ લઈ રહ્યો છે. આ ઉપરાંત નાની-મોટી અગણિત રકમોની સખાવત અવારનવાર આ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે.

ભાઈશ્રી કિશોરભાઈની વકીલાત ખૂબ જ સારી રીતે ધમધોકાર ચાલતી હતી અને આવક ખૂબ સારી હતી ત્યારે માતુશ્રી કાન્તાબહેને આજ્ઞા કરી "આ આપણે ખોટું-સાચું કરી પૈસા નથી મેળવવા. ઈશ્વરકૃપાથી આપણને ઈશ્વરે ઘણું આપ્યું છે માટે વકીલાતની પ્રેક્ટિસ બંધ કરી દે." કિશોરભાઈએ માતૃઆજ્ઞા શિરે ચઢાવી વકીલાતની પ્રેક્ટિસને તિલાંજલિ આપી દીધી, જેમાં ધર્મના સપ્તસંગી રંગની ઝલક નિહાળવા મળે છે!?!

## શ્રી કિશોરભાઈ પી. કોરડિયા



સ્વ. ઈન્દિરા ગાંધી પ્રિયદર્શિની એવોર્ડ ન્યૂ દિલ્હીમાં રાષ્ટ્રીય કક્ષાનો ૨૦૦૫નો સેવાકીય એવોર્ડ શ્રી કિશોરભાઈ પી. કોરડિયાને અર્પણ કરતાં કેન્દ્રીયમંત્રી શ્રી રાજશેખરન, વચ્ચેથી હરભજનસિંઘ ભવ્ય ગોલ્ડન એવોર્ડ અને પ્રશસ્તિપત્રનો આ સમારોહ ન્યૂ દિલ્હીમાં તા. ૧૮-૧૧-૨૦૦૫ના ગોઠવાયેલ હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિશોરભાઈ પી. કોરડિયા રાજકોટની દરેક જ્ઞાતિ માટે ગૌરવશાળી વ્યક્તિ છે. સુદૃઢ સમાજ, સમૃદ્ધ સમાજ, ધર્મમય સમાજ, જીવદયા પ્રેમી સમાજનું નિરૂપણ કરવા માટે ૩૦ (ત્રીસ) વરસ થયાં સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આર્થિક સંસ્થાઓમાં જે દીર્ઘકાળથી સેવા આપી રહ્યા છે તે અવર્ણનીય છે. જિનાલયો, ઉપાશ્રયોનાં નવનિર્માણ સાથે જબરદસ્ત જીવદયાના કાર્યને ત્રીસ વર્ષ થશે અને અજાયબી એ છે કે છેલ્લાં દશ વરસથી મકરસંક્રાંતિના દિવસે એક જ મંડપમાં, એક જ દિવસમાં રૂા. ૧૦૦/-થી માંડીને સાંજ સુધીમાં એક લાખ ને એંશી હજારનો જબ્બર ફાળો પાંજરાપોળનાં મૂંગાં પશુઓ માટે એકઠો કરેલ છે તે એક અજાયબી છે. આજે 'ચૂંટણી અને વાદવિવાદના' જમાનામાં ૩૦ (ત્રીસ) વરસ સુધી આટલી બધી સંસ્થાઓમાં કાયમી ઉચ્ચ હોદ્દા ઉપર ટકી રહેવું બહુ જ કઠિન બિના છે તે એક અજાયબી છે.

સામાન્ય રીતે લાખો રૂપિયાની મિલ્કત હોય પણ જે સંસ્થાઓ પાસે એક રૂપિયો રોકડ ન હોય તે સંસ્થાની મિલ્કત ઓછી કર્યા વગર મિલ્કતને આર્થિક રીતે વટવૃક્ષ બનાવવી તે નવીનતા છે. શ્રી કિશોરભાઈ કોરડિયાએ રાજકોટનાં અનેકવિધ વેપારીમંડળો, વેપારી એસોસિએશનો, કો-બેન્કો, કો. ઓ. સોસાયટીઓ, વેપારી મહામંડળો, જૈન ઉપાશ્રયો, બોર્ડિંગો, જ્ઞાતિની અન્ય સંસ્થાઓ, ઇન્ટરનેશનલ લાયન્સ ક્લબ જેવી સંસ્થાઓમાં જબ્બરદસ્ત નેતૃત્વ પૂરું પાડેલ છે.

આજ કારણે માનનીય દાનવીર શ્રી દીપચંદભાઈ ગાર્ડી દ્વારા આ 'મહામૂલ્ય સેવાકીય વિભૂતિ'નો એવોર્ડ એનાયત થયો હતો.

પૂર્વે સંતરામનગરી નાગપુરમાં શ્રી કિશોરભાઈ કોરડિયાને વિવિધ સંસ્થાઓ, તેમજ સમસ્ત જૈનસમાજ દ્વારા ત્યાંના યુવરાજ ભોંસલેના હસ્તે ૩૦ થી ૪૦ પત્રકાર મિત્રોની પત્રકાર પરિષદમાં અને વિશાળ જનમેદનીની હાજરીમાં 'બહુરત્ન પ્રતિભા ગુજરાત' એવોર્ડ અર્પણ થયો.

સમસ્ત જૈન સમાજ વિશા શ્રીમાળી જ્ઞાતિમાં સૌથી નાની ઉંમરમાં પ્રમુખ બન્યા. પૂર્વ માનનીય ગુજરાતના ગવર્નર સાહેબશ્રી સુંદરસિંહ ભંડારી સાહેબના હસ્તે 'સૌરાષ્ટ્રના અજોડ સેવાના ભેખધારી' તરીકેનો એવોર્ડ રાજકોટમાં વિશાળ ઉદ્યોગપતિપરિષદમાં અપાયો.

શ્રી કિશોરભાઈ કોરડિયાએ સામાન્ય જનતા માટે અનેકવિધ નિદાન કેમ્પો, અનેકવિધ ઢોરો માટે, પશુઓ માટે ભવ્ય ઓપરેશન કેમ્પો, વિશાળ જીવદયાપ્રેમી પાસેથી ગંજાવર કક્ષાની દવાઓ મેળવી ફ્રી ઓફ ઓપરેશનો, ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિઓમાં જબ્બસજસ્ત સેવા કામગીરી, કોમી હુલ્લડોમાં શાંતિ સરઘસ, શાંતિ સભાઓ, માનનીય પોલીસ કમિશ્નર સાહેબ સાથે ફરીને શાંતિની સ્થાપના કરવામાં સહાયરૂપ બન્યા હતા.

આ જ સંસ્થા ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં સ્થાપનાથી આજ સુધી ટ્રેઝરર તરીકેની ઉમદા સેવાઓ આપી રહ્યા છે. તાજેતરમાં કેન્દ્રના પ્રધાનો તેમજ જુદા-જુદા દેશના એમ્બેસેડરો અને વિવિધ મહાનુભાવોની હાજરીમાં 'સેવાકીય, જીવદયા, ધાર્મિકતાના સ્તંભ'ને મજબૂત જહેમતનો ૨૦૦૫નો સ્વ. ઇન્દિરા ગાંધી પ્રિયદર્શની એવોર્ડ ન્યૂ દિલ્હી ખાતે અર્પણ થયો છે. એ એવોર્ડ કેન્દ્રના પ્રધાન શ્રી રાજશેખરનજી અને અન્ય પૂર્વ કેન્દ્રના પ્રધાનો તેમજ અનેક દેશના એમ્બેસેડરોની શુભનિશ્રામાં અપાયો હતો.

એ સમયે દિલ્હીમાં બિરાજમાન વિશ્વવિભૂતિ એવા 'પ્રમુખ સ્વામી'એ સામેથી દર્શન આપી 'અક્ષરધામ મંદિર'માં ભવ્ય સમ્માન સાથે 'આશીર્વાદ એવોર્ડ' અર્પણ કર્યો. આવી વિવિધ સેવાઓનો ઇતિહાસ સર્જનાર કિશોર પી. કોરડિયાનું સમ્માન ગુજરાતના માનનીય ગવર્નર શ્રી નવલકિશોર શર્માજી સાહેબના હસ્તે થયું.

*વિરલ ગુણોના સંગમ સરીખા*

## કુમારપાળ વિ. શાહ ચિરંજીવો!

વિશિષ્ટ-કક્ષાના સાધુ-સંતોના મુખે, ઉદારસખી શ્રીમંતોના મુખે, ધર્માનુરાગી શ્રાવકવર્યોના મુખે, પવિત્ર અને સદાચારમય-જીવન જીવનારા વિદ્યાર્થીઓના મુખે, શ્રી કુમારપાળભાઈનું નામ ઘણા આદર, અહોભાવ તથા બહુમાન સાથે લેવાતું વારંવાર સાંભળ્યું છે.

જેના વિરોધી ન હોય અને હોય તો તેને પણ એમના ગુણોનો સ્વીકાર કરવો પડે એવા વિરલ ગુણોના સ્વામી કુમારપાળભાઈ વિમળભાઈ શાહ આજના અવસરે સાંભર્યા છે.

કામ હાથભર અને પ્રચાર વેંતભર પણ નહીં, અરે, આંગળીભર પણ નહીં એવું એમના જીવનકાર્યનું પ્રથમ સૂત્ર છે. જે કોઈ અવસરપ્રાપ્ત-કામ આવ્યું તેમાં જોડાયા, તે હાથમાં લીધું. પૂરું દિલ રેડીને એ કામ કર્યું; તન-મન-ધનને નિચોવીને,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ કાર્ય પાર પાડ્યું. જેવું, એ કામ પૂરું થયું કે તે ક્ષણે તેઓ એ સ્થાન છોડીને બીજે જતા જ રહ્યા હોય! કોઈ સ્થાનનું કે કોઈ વ્યક્તિનું વળગણ નહીં, મમત્વ નહીં.

એમનું જીવન અને જીવનકાર્ય, પારકા ઉપર અવલંબિત નથી રાખતા. જાણે કે—

"પોતાને તુંબડે તરીએ,
રૂડા-રૂપાળા સઢ કોકના તે શું કામના!"
—એ એમની દૃઢ માન્યતા છે.

જીવનની પ્રેરણાનું અખૂટ ભાતું બાંધી આપતી આવી કેટલીયે કવિતા, તેઓ જીવે છે અને એમાંથી વારંવાર પ્રેરણા પામે છે :

"માળો ન બાંધ્ય, મારા મન!
માળાની છાયાની માયા શું, આપણે;
જ્યાં આપણું છે, આખું યે વન,
કોઈ ડાળ પર, માળો ન બાંધ્ય, મારા મન!"

'પોતાના કરેલા કામની અન્ય પાસેથી એક અક્ષર જેટલી પણ કદર કે પ્રશંસાની આશા કે અપેક્ષા નહીં'—આ એમનું વ્રત છે. વિરલા પાળી શકે—એવું આ વ્રત છે.

ગઈ ૨૬મી જાન્યુઆરીએ પ્રચંડ ભૂકંપ થયો અને કચ્છમાં સવિશેષ નુકશાન થયું ત્યારે કુમારપાળ ત્યાં દોડી ગયા. આ નવું ન હતું. તેઓ ઠેઠ બાંગ્લાદેશમાં શરણાર્થીઓની છાવણીમાં આમ જ દોડી ગયા હતા અને કામ પૂરું પાડ્યું હતું. અરે! આંધ્રનું વાવાઝોડું હોય કે પૂર હોય, લાતુરનો ધરતીકંપ હોય; કુમારપાળ ત્યાં દોડ્યા જ છે! વળી એમના કામમાં આંધળી દોટ પણ ન હોય. પૂરેપૂરી ચોક્કસાઈથી જોવે-તપાસે-પ્લાન બનાવે પછી જ કામે વળગે. વિ.સં. ૨૦૪૧થી ત્રણ વર્ષ ચાલેલા ગુજરાતના દુષ્કાળમાં, તેઓનાં કેટલ-કેમ્પ જેવાં કામ જોઈ ગુજરાત સરકાર પણ, મોંમાં આંગળાં નાખી ગઈ! આ વ્યવસ્થા, આવી ચોક્કસાઈ, આવા હિસાબ-કિતાબ બીજે જોવા ન મળે.

આવાં અનેક કામો આવ્યાં અને તેઓએ કર્યાં, પાર પાડ્યાં. જેવું કાર્ય પૂરું થયું, કારણ ગયું કે,-બસ, પછી તેની વાત જ નહીં. આવું તેમનું જીવન છે. આવો તેમનો જીવનમંત્ર છે.

પાલનપુરના અમારા ચોમાસા પછી, તેઓ પરિચયમાં આવેલા. એકવાર, પ્રસિદ્ધ ગઝલકાર 'શૂન્ય' પાલનપુરીના ચેલા મુસાફિર પાલનપુરી સાથે વાતો કરતાં, કુમારપાળ વિ. શાહના વ્યક્તિત્વની વાત થઈ. તેમના ગુણોથી કવિ ખૂબ પ્રભાવિત થયા. મેં કહ્યું, "આ બધી વાતો ગીતોમાં ગૂંથી શકાય તો જોજો. મનમાં ઊગે તો ગીત રચજો અને", મારા આશ્ચર્ય વચ્ચે તેમણે એક જ રાતમાં, આ સરસ ગીતની રચના કરી. એના શબ્દો અને પંક્તિઓ સહજ જ સ્ફુરેલાં દેખાયાં. આ ગીત સાથે બેસીને ગાયું.

સાધ્વીજી મણિપ્રભાશ્રીજીએ આ ગીત માંગ્યું. તેમના સાધ્વીજીએ એક જુદા જ રાગમાં, ભાવવાહી સ્વરે ગાયું. એ સાંભળતાં જ હૈયામાં અહોભાવની ભરતી ઊછળી.

હાં! તો હવે આપણે, આ ગીતના ભાવને અનુસરી, વાગોળવાનો શુભારંભ કરીએ:

"હૈયામાં ગુંજે છે હરદમ, પ્રેમનો મનહર પાવો,
'ફરી-ફરી આ માતગુર્જરી, કુમારપાળ જન્માવો'.
મન મૂકીને વહેંચ્યો જેણે, અરિહંતનો લહાવો,
'ફરી-ફરી આ માત ગુર્જરી, કુમારપાળ જન્માવો'
ચોગમ નાદ ગજવીએ પ્યારા, પ્રેમથી આવો આવો,
'ફરી-ફરી આ માતગુર્જરી, કુમારપાળ જન્માવો." ૧

જન્મ ધર્યો, ગુર્જર મૈયાની, ગોદ વિજાપુર ગામે,
પ્રબળ-નિયતિ, અંગુલી ઝાલી, લઈ ગઈ મુંબઈ ધામે;
ધર્મલાભનું ભાથું, આબુ-અચળગઢે જઈ પામે,
વાટ નીરખતી ઊભી હતી, ત્યાં, કૈંક સિદ્ધિઓ સામે.
વિરલ પ્રતિભા, વિરલ વિચારો, વિરલ હૃદયના ભાવો,
'ફરી-ફરી આ માતગુર્જરી, કુમારપાળ જન્માવો.' ૨

કવિ મુસાફિરે, કુમારપાળભાઈને જોઈને પ્રેમનો મનોહર પાવો હૈયામાં ગુંજતો સાંભળ્યો અને એમાંથી નાદ પ્રગટ્યો કે, હે ગુર્જરમાતા! આવા કુમારપાળને આ પૃથ્વીના પર પર ફરી ફરી અવતારો. અમે બધા પ્યારા મિત્રો, તેને 'આવો આવો'ના આવકારવચનથી આવકારવા થનગની રહ્યા છીએ!

કુમારપાળભાઈનો જન્મ, ઉત્તર ગુજરાતના પ્રાચીન ગામ વિજાપુરમાં થયેલો છે. ત્યાંથી, કાળક્રમે તેઓ, ભાઈઓ અને કુટુંબની સાથે મુંબઈ જઈને વસ્યા. માતા-પિતાના સ્નેહસિંચનથી ધર્મના સંસ્કાર પામ્યા. સાધુમહારાજોનો સંપર્ક અને ગાઢ-પરિચય પણ થતો રહ્યો. એ અરસામાં આચાર્ય મહારાજ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના હૈયામાં જૈન બાળકો અને યુવાનોને ધર્મસન્મુખ કરવાના પ્રબળ સંકલ્પના પ્રભાવે, એક ઉનાળામાં વેકેશનમાં, આબુ-અચળગઢ ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિક્ષણશિબિર રાખવામાં આવી. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ આ શિબિરમાં જૈન ધર્મના હાર્દ અને મર્મ કુશળતાથી શીખવાડતા.

"સંવત બે હજાર, સત્તરે, ધોમ ધખંત ઉનાળે,
કાળ, મહા-વિકરાળ બન્યો ત્યાં, અચળગઢે એ કાળે;
આંધી કેરો દૈત્ય ભયંકર, ઢીમ અડીખમ ઢાળે,
થરથર થરથર કંપે જીવો, કોઈ કશું નવ ભાળે.
પ્રાણ હણે યમરાજ બનીને, વાયુનાં તોફાનો,
છત ઊડી, ઘર-છપ્પર ઊડ્યાં, ઊડ્યાં ભવ્ય મકાનો.-૩

"ગભરુ-શિષ્યોએ જઈ લીધું, ગુરુવાત્સલ્યનું શરણું,
જેમ શિકારીથી બચવાને, આશ્રય શોધે હરણું;
કહે ગુરુવર : "એક જ છે, બસ! આજે પાર ઊતરણું,
શ્રેષ્ઠ કોઈ સંકલ્પ થકી, આ તાંડવ થાશે તરણું.
કોણ છે એવો ઝીલે જે, મુજ બોલ સમયના કોપે,
કોઈ પુનીત સંકલ્પ તણું, જે બીજ હૃદયમાં શોધે.-૪

"શિષ્યવૃંદમાં હતો વિરાજિત, કુમાર કામણગારો,
થયો કંઈક અંતરમાં એના, અજબગજબનો ઝબકારો;
'થાય જો આ તાંડવથી, ભોળા જીવનો છુટકારો,
ટેક વર્ણું હું બ્રહ્મચર્યની, મુનિવર! લ્યો સ્વીકારો!'
અને પલકમાં શાંત થયું, તોફાન ખરેખર ત્યારે,
સોળ વરસની તરુણાઈમાં, જોયું અચરજ ભારે!"-૫

કુમારપાળભાઈના જીવનની આ અણમોલ પળ હતી. વિ.સં. ૨૦૧૭ની વાત છે. ઉનાળાનો ધોમ-ધખતો તાપ. આબુ-અચળગઢનો ડુંગરાળ પ્રદેશ. સમી સાંજનો સમય. શિબિરમાં જીવન-ઘડતરના પાઠ ભણાવાય છે. આ અઘરો વિષય, વિદ્યાર્થીઓ ખંતથી શીખી રહ્યા છે.

અચાનક ત્યાં જોરદાર આંધી ચડી આવે છે. સાંજનો ઉનાળુ પવન તોફાને ચડ્યો છે. મંડપ પરનાં લોખંડનાં પતરાં વંટોળની સ્પીડ સાથે ઊડ્યાં. પાણી ઠારવાની પરાંત પણ દૂર-દૂર જઈને પડી. પવનના ઝપાટા અને સુસવાટા ભયાનક હતા.

કુમળા કિશોરો અને સાધુઓ પણ, દાદા શ્રી પ્રેમસૂરિ મહારાજની ફરતા વીંટળાઈ વળ્યા. બધા થરથર ધ્રૂજતા હતા. આ વિકટ પળને કવિએ સુંદર ઉપમાથી વિભૂષિત કરી છે. શિકારીથી બચવા જેમ હરણાં સલામત આશ્રય શોધે તેમ બધા પૂજ્ય પ્રેમસૂરિ મહારાજના ચરણોમાં લપાઈ ગયા છે. દાદા-મહારાજને મોટી ચિંતા છે. આટલા બધા વિદ્યાર્થીઓ પહેલી જ વાર માતા-પિતા-ઘર છોડીને અહીં આવ્યા છે. કાંઈ પણ અણઘટતું બને તો પછી બીજી વાર કોણ પોતાના વહાલસોયા બાળકને અહીં ભણવા મોકલશે? આ તોફાન તો શમાવવું જ જોઈએ.

પૂજ્ય પ્રેમસૂરિ મહારાજે શાંત-ચિત્તે બધાને ઉદ્દેશીને કહ્યુંઃ "આનો એક જ ઉપાય છે. કોઈ વિદ્યાર્થી કે સાધુ, આ ક્ષણે કોઈ શ્રેષ્ઠ-સંકલ્પ કરે, તો જ આ ભયાનક તોફાન શમે! કોણ આ પડકાર ઝીલશે! પવિત્ર અને મહાન સંકલ્પ કોણ કરશે?"

કટોકટીની આ ક્ષણે, વિદ્યાર્થીઓના વૃન્દમાં એક હતા કુમારપાળ વિ. શાહ. હૃદયમાં ગજબનો ઝબકારો થયો. પરમ સંયમધર પૂજ્ય પ્રેમસૂરિ મહારાજના ચરણ-સ્પર્શ કરી વિનીત સ્વરે કહ્યું : "આ આવેલી કુદરતની મહાન આપત્તિને શમાવવા આ ક્ષણે, હું આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા કરું છું."

હૃદયના ઊંડાણમાંથી પ્રગટેલી આ ભાવનાનો પ્રકૃતિએ પળવારમાં પુરસ્કાર આપ્યો. જાણે, કશું બન્યું જ ન હતું! ભયાનક અને બીકાળવું તોફાન, શાંત થઈ ગયું. બધાના જીવ હેઠા બેઠા. સૌને હાશ થઈ. મુનિમહારાજે બધાની વચ્ચે કુમારપાળની આ 'ભીષ્મપ્રતિજ્ઞા'ની વાત કરી, અનુમોદના કરી.

"જ્ઞાન મળ્યું, વરદાન મળ્યું, ને કુમાર બહુ હરખાયો,
દૂર થયો અંતરથી એના, માયાનો ઓછાયો;
જીવન બદલ્યું, દૃષ્ટિ બદલી, સાર-સકળ સમજાયો,
જ્ઞાનશિબિરો સ્વયં સજાવી, પ્રેમ અમી રસ પાયો,
ભર યૌવનમાં પીધો એણે, કર્મયોગનો કાવો,
'ફરી-ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો"-૬

ભવિષ્યના રાજમાર્ગની કેડી કુમારપાળના જીવનમાં કંડારાઈ! જીવનના ઊર્ધ્વારોહણનો પ્રારંભ થયો. ગુરુ મહારાજનું વરદાન મળ્યું. દાદા પ્રેમસૂરિ મહારાજના હાથે પ્રેમનો અમીરસ પીધો. હૈયું હરખથી છલકાઈ ઊઠ્યું. જીવન બદલાયું સાથે-સાથે જીવન નીરખવાની દૃષ્ટિ પણ બદલાઈ. જીવનનો સાર શેમાં છે એ સમજાયું. કામનું ઔષધ કામ છે એ ન્યાયે કર્મયોગ આદર્યો. પરોપકારના કર્મયોગ તરફ દૃષ્ટિ માંડવા, યા-હોમ કર્યા.

"જનકલ્યાણને કાજે એણે, નિત્ય વિહારો કીધા,
માનવ-મનની શાતા કાજે, લખ ઉપચારો કીધા;
નાત ન જોઈ, જાત ન જોઈ, ધર્મપ્રચારો કીધા,
સૌને કાજે ખુલ્લાં એણે દિલનાં દ્વારો કીધાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભેખ થયો બસ એક જ! કરુણા વહેંચો-વહેંચાવો,
'ફરી-ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો''-૭

કર્મયોગની દુનિયામાં પ્રથમ ડગ ભર્યું, વિદ્યાદાનથી. જન-જનના કલ્યાણ કાજે, ખૂબ પ્રવાસ કર્યા.

માનવ-મનને શાતા પમાડવા 'લખ ઉપચાર' -ઘણા ઘણા પ્રયાસ કર્યા. નાત-જાત તો ન જોઈ, દેશ-પ્રાન્તના સીમાડા પણ ન ગણકાર્યા. એમ.પી., યુ.પી., દક્ષિણ ભારતમાં બધે જ, જ્યાં-જ્યાં પૂજ્ય ગુરુ ભગવંતોનો સમાગમ પ્રાપ્ત ન થઈ શકતો હોય તેવાં ક્ષેત્રોમાં ઘણી બધી અગવડો વેઠીને પણ ધર્મના પ્રસાર માટે તેમણે પોતાના દિલના દરવાજા ખુલ્લા મૂકી દીધા. ભેખ લીધો. દુઃખ દેખી કરુણાથી દ્રવી જાય તેવા હૈયે માત્ર-કરુણા પ્રેરિત થઈને સમગ્ર દેશને પોતાનું ઘર-આંગણ બનાવી દીધું. 'ઘરને ત્યજીને જનારને મળતી વિશ્વ તણી વિશાળતા' એ પંક્તિને સાર્થક કરી દીધી.

''જીવદયાને ખાતર એણે, જોઈ ન સાંજ-સવારો,
પ્રેમ અને કરુણાથી જોડાયા, ભગ્ન-હૃદયના તારો;
મંદિર બાંધ્યાં, તીર્થો સ્થાપ્યાં, વણિક થયો વણજારો,
દાનનો એને પગલે પગલે, પ્રગટ્યો ભવ્ય ફુવારો,
પાલિતાણા જઈ લૂંટાવ્યો, સંતસેવાનો લહાવો,
'ફરી-ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો.''-૮

તેમના કાર્યક્ષેત્રની યાદી ઘણી લાંબી છે. એમાં પણ, સૌ પ્રથમ અને કાયમનું મહત્ત્વનું કાર્ય તો જીવદયાનું જ. મૂંગાં-અબોલ પ્રાણીની વાત આવે ત્યારે સવાર-સાંજ તો ઠીક પણ ખાવું-પીવું, ઊંઘ-આરામ બધું જ બાજુ પર! પોતાની જાતની સંપૂર્ણ બાદબાકી-એમ કહી શકાય! દુષ્કાળમાં જીવો બચાવવા તેમણે તનતોડ કામ કર્યાં. કેટલ-કેમ્પોની તો લાઈનો લગાડી. માત્ર પૈસા, વહીવટ કે વ્યવસ્થા પૂરતું એમનું કાર્યક્ષેત્ર સીમિત ન રહેતું. એ કામમાં એમનું દિલ રેડાતું. કેટલ-કેમ્પની ગાયો સાથે તો તેમનો અંતરનો નાતો! 'ગૌરી', 'ગંગા'-આમ જરા ગાયોને બરકે કે ગૌરી, ગંગા ગાયો કુમારપાળભાઈ પાસે, આવી ઊભી રહી જાય!

દિલમાં અને વ્યવહારમાં પ્રેમ અને કરુણા જ ભરેલાં છે. કેટલાંયે ભાંગેલાં હૈયાંને પણ તેમણે મમતાના દોર વડે જોડ્યાં છે.

તીર્થ અને મંદિરના જીર્ણોદ્ધારનાં ભગીરથ-કાર્યોમાં પૂરો રસ લઈને એ શ્રદ્ધાનાં પરબો સ્થાપ્યાં. પાલિતાણામાં સાધુ-સાધ્વીજીના વૈયાવચ્ચનું એક સુંદર અને અનુકરણીય કામ કર્યું.

કુમારપાળભાઈની આંગળી જે કોઈ કામને અડકે તે કામ સુંદર રીતે મહોરી ઊઠે, ખીલી ઊઠે, દીપી ઊઠે.

''આંધ્ર ફરે, બંગાળ ફરે, એ ધસે મોરબી પૂરે,
કોચીન, કર્ણાટક, મેવાડે, ધર્મ-સાથિયા પૂરે;
નિર્મળ એની કર્મ-તપસ્યા, પહોંચી દૂર સુદૂરે,
તોય કદી ના હૈયે એના, અંશ અહમ્‌નો સ્ફુરે!
ડોળ ન કાંઈ ધર્મી હોવાનો, ના સેવકનો દાવો
'ફરી-ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો.''-૯

કુદરતસર્જિત કે માનવસર્જિત આપત્તિના અવસરે તેમને ક્યાં ને ક્યાં જવું પડ્યું છે. આંધ્રના વાવાઝોડા વખતે આંધ્રમાં, બાંગ્લાદેશના શરણાર્થીઓને સહાય કરવા બંગાળમાં; મચ્છુ નદીમાં પૂર આવ્યાં ત્યારે મોરબીમાં અને અનેક જ્ઞાનશિબિરો માટે કોચીન-કર્ણાટકમાં, તીર્થ ઉદ્ધાર અર્થે ચિત્તોડ-રાજસ્થાનમાં ગયા છે. દૂર દૂરના પ્રવાસો કર્યા છે. હમણાં જ જુઓને, આ ભૂકંપ વખતે તેઓ સામખિયાળીમાં ધૂણી ધખાવીને બેઠા, બેઠા-એ-બેઠા! એવા તો કામે લાગ્યા કે કલિકુંડથી ત્યાં પહોંચીને દિવસ-રાત જોયા વિના, કામમાં એવા તો ખૂંપી ગયેલા કે,-સોળ દિવસે-રિપિટ સોળ દિવસે તેઓ પાછા કલિકુંડ ગયા ત્યારે નહાયા!

આ એમની ધગશ! કામમાં જાત ઓગાળી દેવાની સજ્જતા! એવું ભગીરથ કામ કર્યા પછી પણ વાણી કે વર્તનમાં અહંની તો ગંધ તો નહીં, અણસાર સુદ્ધાં ન મળે! કર્તૃત્વનો લોપ એ જ યોગીની કક્ષા છે. 'નિરહંકારી નેતૃત્વ એ પૂર્ણ સફળતાની પૂર્વ શરત છે.'—આ જાણીતું વાક્ય અહીં ચરિતાર્થ થાય છે.

તેઓ અમને ભૂકંપ-રાહતનાં કામ શરૂ કરતાં પહેલાં મળ્યા હતા. પૂર્ણતાને આરે પહોંચ્યા ત્યારે પણ મળ્યા હતા. એવા ને એવા જ હતા! ભૂકંપ-પીડિતોનું વર્ણન કરતાં એમની ગદ્‌ગદ્ વાણી અને કરુણા-ભીની આર્દ્ર આંખો અમને સદાકાળ યાદ રહી જશે. એમની વાતોમાં 'આ મેં કર્યું'—એવું હરગીજ ન આવે! 'વર્ધમાન સેવા કેન્દ્ર તરફથી થયું'—એમ જ એમના મુખેથી નીકળે.

''નમ્ર અને નિઃસ્પૃહ સદંતર, અંતરની અખિલાઈ,
સ્વાશ્રયી જીવન જીવી જાણ્યું, પોષી પીડ-પરાઈ;
ખર્ચે અઢળક, તોય ન મનને સ્પર્શે રાતી પાઈ,
એક જનમમાં પૂરી એણે, કૈંક જનમની ખાઈ!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણ પોતે પણ ગર્વ કરે જ્યાં, ધન્ય ગુણીજનો આવો!
'ફરી ફરી આ માત ગુર્જરી કુમારપાળ જન્માવો.''–૧૦

આવાં આવાં મોટાં–મોટાં ગંજાવર કામો અણિશુદ્ધ પાર પાડે. લાખો અને કરોડો રૂપિયાના દાનનો ધોધ વરસે. દાતાઓ પણ કાંઈ પૂછ્યા વિના એમની પાસે ઢગલો કરી દે! કુમારપાળભાઈ એમાંની એક એક પાઈ નિશ્ચિત કામમાં વાપરે. કરોડોનો વહીવટ થાય તો ય પોતે નિર્લેપ રહે. પોતે તો નમ્ર અને નિઃસ્પૃહી જ રહે. પોતાનું સાદું અને સ્વાશ્રયી જીવન જીવે. સાદો પહેરવેશ, સાદાં ચશ્માં, ભાષા પણ સાદી, ઉત્તર ગુજરાતની તળપદી છાંટ એમના ઉચ્ચારમાં સાંભળવા મળે. વાતો કરતા હોય ત્યારે એમની વિનમ્રતા નજરે ચડે જ. એમના મિત્ર શિરીષભાઈ એકવચનથી સંબોધે એય સહજતાથી લે. સ્વભાવે જીભના જેવા ચોખ્ખા!—જેમ જીભ ઉપર ઘી–તેલ આવે તો પણ જીભ તો એવી ને એવી જ!

"દૂર–સુદૂરે ઘૂમી એણે, ધર્મ ધજા લહેરાવી,
અલ્પ આયુમાં વિરાટ યાત્રા, સર્જીને શોભાવી!
જે આરંભ્યું પૂર્ણ કર્યું તે, ધન્ય છે લગની આવી!
ભુવનભાનુજી મુનિવર કેરી, દીક્ષાને દિપાવી.
સંસારી છે તોય, કહીને 'સન્યાસી' બિરદાવો!
'ફરી–ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો."–૧૧

દૂર–દૂરના પ્રદેશોમાં વારંવાર જઈને એમણે બધે ધર્મધજા લહેરાવી. જીવનનાં થોડાં જ વર્ષોમાં તેમણે ઘણાં વિરાટ કામો કર્યાં. અંતરંગ જીવન અને બહિરંગ જીવન નિષ્કલંક રાખી વ્રત શોભાવ્યાં.

મુંબઈના એમના વસવાટ વખતે ૬૮, ગુલાલવાડી, એ સરનામું એટલું બધું જાણીતું હતું, કેટલીયે વ્યક્તિઓ માટે આ રાહતનું સ્થળ હતું. પછી જ્યારે એ સરનામું ૩૬, કલિકુંડ થયું ત્યારે એવું કહેનારા ય હતા કે અહીં ઠેઠ કોણ આવશે? પણ, બધાને પેલી કહેવતની ખબર નથી હોતી કે :

પૂર્વમાં સૂર્ય ઊગે છે તે અર્ધ સત્ય છે,
જ્યાં સૂર્ય ઊગે છે તેને પૂર્વ કહેવામાં આવે છે.

આવા પુરુષો તો જ્યાં વસે ત્યાં જ સંસ્થા બની જાય છે. જે જે કામો હાથ ધર્યાં તે સાંગોપાંગ પાર ઉતાર્યાં, પરિપૂર્ણ કર્યાં. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મહારાજના ચેલા તરીકે તેમનું નામ શોભાવ્યું. કોઈ સમુદાયની કે ગચ્છની કે વ્યક્તિની 'કંઠી' બાંધ્યા વિના તેઓ મુક્ત ધર્મના અનુરાગી રહ્યા છે. સંસારી છતાં વળગણ વિનાના તેઓ પરિવ્રાજક છે.

''જે સંસારી જીવ મુસાફિર! એને પગલે ચાલે,
દાવો છે મુજ નક્કી એ જન, સ્વર્ગ ધરા પર મહાલે;
પામ્યા શું? ન પામ્યા શું? ની ખોટ કદી નવ સાલે,
પાનખરે પણ, જીવન એનું, પુષ્પની પેઠે ફાલે!
ધન્ય કથા છે! એની ગાથા, ઘરે ઘરે ગુંજાવો,
'ફરી–ફરી આ માતગુર્જરી કુમારપાળ જન્માવો.''–૧૨

—મુસાફિર પાલનપુરી (રચના–સમય : ઈ.સ. ૧૯૯૬)

આવી વિભૂતિના જીવનમાંથી પ્રેરણા પામી કોઈ સંસારી જીવ એને પગલે પગલે ચાલે તો તે ચોક્કસ ઉત્તમતાને પામે. શું પામ્યા શું ન પામ્યા એવો કોઈ હિસાબ રહેતો નથી. ગમે તેવી, પાનખર જેવી સ્થિતિમાં પણ નિત્ય વસંતનાં પુષ્પ ખીલેલાં રહે છે, ફૂલે છે અને ફાલે છે.

ગુણોની સુગંધથી તરબતર જેવી જીવનગાથા છે તેમને ધન્ય છે. આવી ગાથાને પણ ધન્ય છે.

આવા કુમારપાળ ફરી ફરી જન્મ ધારણ કરે, એવી માતગુર્જરીને ચરણે, પ્રાર્થના છે!

## શ્રી ચન્દ્રકાન્ત મૂળચંદ શાહ



શ્રી ચન્દ્રકાન્ત મૂળચંદ અગિયાળીના વતની છે. હાલ મુંબઈમાં વસવાટ કરે છે. પિતાશ્રીનું વાત્સલ્ય નાની ઉંમરમાં ગુમાવેલું. સાધારણ પરિસ્થિતિમાં માતાએ ત્રણે બાળકોને ઉછેર્યાં. મેટ્રિકનો અભ્યાસ સિહોર મુકામે કરી મુંબઈમાં આવી સર્વિસ ચાલુ કરી. આપમેળે મહેનત કરી સફળતા પ્રાપ્ત કરી મુંબઈમાં સન ૧૯૫૦થી વસવાટ કરે છે. સર્વિસ કરી ત્યારબાદ ઇલેક્ટ્રિકલાઇનમાં ધંધો તથા મેન્યુફેક્ચરિંગ શરૂ કર્યું. પ્રભુએ સારી સફળતા આપી. કુટુંબના સહકારથી અને વડીલોના આશીર્વાદથી ૧૯૭૨માં નવા ધંધાનું સાહસ કન્સ્ટ્રક્શન લાઇનમાં કર્યું અને સફળતા પ્રાપ્ત કરી.

પોતાના વતન સિહોરમાં અને અન્ય સ્થળે બીજાં શુભ કાર્યોમાં તેમનું યોગદાન આ મુજબ છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આરોગ્ય :

★ પિતાશ્રીના નામે સાર્વજનિક દવાખાનામાં એક્સ-રે વિભાગ, નહીં નફા-નુકશાન ધોરણે.

★ નંદલાલ મૂળજી ભૂતા હોસ્પિટલ સિહોર-ડિલક્સ રૂમ માટે.

★ તળાજા હોસ્પિટલમાં પુરુષ વોર્ડ માટે.

★ સંયોગ ટ્રસ્ટને કે. ઈ. એમ. હોસ્પિટલમાં મેડિકલ સુવિધા માટે.

★ BSES MG હોસ્પિટલ-અંધેરી 'બ્રહ્માકુમારીઝ' સંચાલિતમાં ડોનેશન.

★ ભાવનગર વૃદ્ધાશ્રમમાં ઈલેક્ટ્રિક રૂમ માટે ડોનેશન.

★ અમદાવાદ શ્રી નવનીતભાઈ ઠાકરશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોસ્પિટલમાં 'બાળ-વિભાગ' માટે યોગદાન.

★ લાઠી દવાખાનામાં યોગદાન.

★ મહુવા હોસ્પિટલમાં યોગદાન.

## શિક્ષણ :

★ સાવરકુંડલામાં વિદ્યાર્થીગૃહમાં એક રૂમ માટે ડોનેશન.

★ તપોવન નવસારીમાં એક સ્કૂલ વર્ગ.

★ MGT FoundationTkv ``Knowledge of Wheelsનો મોબાઈલ વાન દ્વારા ગરીબાઈ રેખા નીચેના મહારાષ્ટ્રમાં વસતા વિદ્યાર્થીઓના કમ્પ્યૂટર્સ શિક્ષણ માટે રૂ. ૧૦,૦૦,૦૦૦નું યોગદાન.

★ સિહોર કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ એન્ડ આર્ટ કોલેજમાં સિહોર એજ્યુકેશન ફાઉન્ડેશનને રૂ. ૫,૦૧,૦૦૦.

★ દેવગાણા તથા કદમ્બગિરિ સ્કૂલમાં યોગદાન.

## ધાર્મિક અને અન્ય :

★ વડોદરામાં માતુશ્રીના નામે ઉપાશ્રય તથા ચૈત્ર અને આસો માસની શાશ્વત ઓળીનો કાયમી આદેશ.

★ અમદાવાદ પાલડીમાં આયંબિલહોલમાં પિતાશ્રીના નામે અષાઢ સુદ ૧૪થી કારતક સુદ ૧૫ સુધી આયંબિલની કાયમી યોજના.

★ આચાર્ય વિજય મેરુપ્રભસૂરીશ્વરજી સ્મારક ટ્રસ્ટ સંચાલિત અમિયાપુર સાબરમતીમાં તેમના માતુશ્રી ગજરાબહેનના નામે ભોજનશાળા માટે રૂ. ૯,૧૧,૦૦૦.

★ અમિયાપુરમાં અતિથિગૃહમાં યોગદાન.

★ ભાવનગર શ્રી શ્વેતામ્બર જૈન સેવાસમાજ મારફત સાધારણ સ્થિતિનાં કુટુંબોને અપાતી મદદમાં યોગદાન.

★ ભાવનગર આયંબિલશાળા અને ભોજનશાળામાં કાયમી સ્વામીભક્તિમાં યોગદાન.

★ ભાવનગરમાં વૃદ્ધાશ્રમમાં કાયમી તિથિ માટે સારી રકમ આપી વૃદ્ધાશ્રમમાં રસિલાબેનના નામે રકમ આપી.

★ સિહોર, સાવરકુંડલા અને અન્ય પાંજરાપોળમાં યોગદાન.

★ શ્રી નેમિ લાવણ્ય વિવેક-વિહાર નેશનલ હાઈવે નં. ૮, કરમબેલી સ્ટેશન સામેના સંકુલમાં પૂ. સાધુ-સાધ્વીજીની માગશર માસની વૈયાવચ્ચ માટેની કાયમી વ્યવસ્થા માટે.

★ મુલુંડ તાંબેનગર ઉપાશ્રયમાં 'આધારસ્તંભ' તરીકે યોગદાન

★ સિહોર શ્રી પરશુરામ બળવંત ગણપુલે મહિલામંડળ અને અન્ય મહિલામંડળમાં યોગદાન

★ સિહોર મિત્ર મંડળ-ચેક ડેમ કરવા માટે યોગદાન

★ કેસરિયાજી પાલિતાણા સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચમાં યોગદાન.

★ અમદાવાદ સાધ્વીજી મહારાજના ઉપાશ્રયમાં યોગદાન.

★ પૂ. આ. વલ્લભ સૂરીશ્વરજી મહારાજ-દિલ્હી સ્મારકમાં યોગદાન.

★ સિહોર દુષ્કાળ રાહતફંડમાં યોગદાન.

★ સિહોર તથા રાજસ્થાનમાં ઉપાશ્રયમાં યોગદાન.

★ શ્રી શંખેશ્વર ભોજનશાળામાં યોગદાન.

★ કચ્છ-ભદ્રેશ્વર, અજારા, મહુડી, તળાજા, ભોંયણી, સેરીસા, પાનસર, કાવી, કુલપાકજી, તારંગા વ. અનેક તીર્થસ્થાનોમાં ભોજનગૃહોમાં કાયમી નિભાવફંડમાં.

★ શ્રી જીવદયા મંડળી-મુંબઈ.

★ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-પરલી ખપોલી નજીકમાં યોગદાન.

★ વડાલા અચલગચ્છ સંચાલિત આયંબિલખાતામાં યોગદાન.

★ સિહોર અજિતનાથ ભગવાનની વર્ષગાંઠ નિમિત્તે કાયમી સ્વામીવાત્સલ્ય માટે.

★ મુંબઈ-શ્રી જૈન સહાયક ટ્રસ્ટમાં યોગદાન.

★ શ્રી વર્લ્ડ જૈન કોન્ફેડરેશનમાં યોગદાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ હમણાં જ અમીયાપુરામાં ઓફિસ બિલ્ડિંગ માટે સેવંતીલાલ મૂળચંદના નામે મોટી રકમ આપી તથા ધર્મશાળા માટે રસિલાબેન ચંદ્રકાન્ત શાહના નામે રકમ આપી. ખડોલમાં પણ સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચ માટે સારી રકમ આપી.

હમણાં જ અમીયાપુરમાં ઓફિસ બિલ્ડીંગ માટે સેવંતીલાલ મૂળચંદના નામે મોટી રકમ આપી તથા ધર્મશાળા માટે સરલાબહેન ચન્દ્રકાન્ત શાહના નામે રકમ આપી. ખડોલમાં પણ સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચ માટે સારી રકમ આપી.

આ સિવાય પણ નાનાં મોટાં ફંડફાળામાં તેમનો સહયોગ જૈનજૈનેતર સંસ્થાઓને અહર્નિશ મળતો રહ્યો છે.

## શ્રી ચંપકલાલ ગિરધરલાલ વોરા



ઘોઘારી જૈન સમાજે જે કેટલાક દાનવીરો–સામાજિક સેવકોની ભેટ આપી છે તેમાંના એક સરળ ને ઋજુ સ્વભાવના શ્રી ચંપકભાઈ વોરા ઘોઘારી સમાજનું ગૌરવશાળી રત્ન હતાં. મધ્યમ અને સામાન્ય વર્ગના કુટુંબના મોભીનું અકાળે અવસાન થાય ત્યારે કારમા આઘાતના સમયે વિધવા થનારને સહાનુભૂતિપૂર્વક મુંબઈમાં ફંડ કરી આપવામાં ચંપકભાઈનું મહત્ત્વપૂર્ણ પ્રદાન હતું. એમના ગ્રુપ આગળ ૨૦૦–૨૫૦ વ્યક્તિનાં નામ હતાં. દરેકને ફક્ત ફોન કરી સૌની એક જ સરખી રકમ લખાવી દેતા અને ટીપેટીપે સરોવર ભરાય એ ન્યાયે સારી એવી રકમ ભેગી કરી દેતાં. આ ઉપરાંત તેઓશ્રી સામાજિક, ધાર્મિક અને કેળવણીની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા સારું એવું દાન આપતાં.

જીવનમાં સરળતા–ઉદારતા–ગુરુભક્તિ રૂપે પૂ. નંદિષેણવિજય મહારાજ (સાંસારિક ભત્રીજા)ના આશીર્વચનોથી ગુપ્તાનગર અમદાવાદમાં ઉપાશ્રય બંધાવી આપેલ. તેમજ યશોવિજય જૈન ગુરુકુળ પાલિતાણામાં ભવ્ય અતિથિગૃહ બંધાવી આપેલ. તેમજ પોતાના વતનનાં નાનાં બાળકોને માટે પણ સુંદર બાળમંદિર બંધાવેલ. પોતાના વતન નવાગામ (બડેલી) સાથે સાથે પંચતીર્થ યાત્રા રૂપે બબ્બે વખત સંઘયાત્રા કાઢેલ.

એમની વિશેષ પ્રવૃત્તિ સહાયક ટ્રસ્ટને જે ૫૦૦–૬૦૦ મનીઓર્ડર થતા એનું ફંડ એકઠું કરવાનું કાર્ય હતું. એમનું ગ્રુપ અલગ પ્રકારે સહાયક ટ્રસ્ટનું ફંડ ભેગું કરતું. આપને ત્યાંના પ્રસંગે ૩–૪ વડીલ વ્યક્તિઓ સહાયક ટ્રસ્ટના ફંડ માટે આવે. આગ્રહભરી વિનંતી કરે. સંસ્થાનો અહેવાલ આપે. પાર્ટી રૂ. ૭૫૦/- આપવાનું કહે એટલે ફરી સમજાવે કે આપ રૂ. ૧,૦૦૦/- આપો તો એની સામે તલકચંદભાઈ (ફાધર) રૂ. ૨૫૦/- આપે અને બધા જ કાર્યકરો ૫૧, ૫૧ રૂ. આપે જે ૧૫-૧૭ વ્યક્તિઓ હતી. એટલે રૂ. ૧,૦૦૦/-ની સામે દરેક વખતે સંસ્થાને બીજાં રૂ. ૧,૦૦૦ અંદાજે મળે. આ વાત છે ૧૯૬૫–૭૫ આસપાસની. આવા આજે કેટલા કાર્યકરો?

ચંપકભાઈનાં ધર્મપત્ની ચંપાબહેનનો નાની ઉંમરમાં દેહવિલય થયેલ. માતા–પિતા બન્નેના સ્વર્ગવાસ પછી એમના લઘુપુત્ર અને અનેક સંસ્થા સાથે સંકળાયેલ જયસુખભાઈ વોરા સમાજસેવાનાં અનેક કાર્ય કરી રહેલ છે. ચંપકભાઈના મોટા પુત્ર વાડીભાઈનું નાની જ વયમાં અવસાન થયેલ.

## શ્રી ચંપકલાલ ટી. ખોખર

મહેસાણા જિલ્લાના ઊંઝાના વતની છે. છેલ્લાં ઘણાં વર્ષોથી પાલિતાણા શ્રી શેત્રુંજયની છત્રછાયામાં 'જંબૂદ્વીપ' ધર્મસંકુલના સર્જનમાં પાયાના આરંભથી કાર્યરત છે.

પ.પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજના સાન્નિધ્યમાં આવ્યા પછી છેલ્લાં સાડત્રીસ વર્ષથી શ્રી નવકારમંત્ર હૈયામાં વસ્યો ને ચિંતન તથા જાપધ્યાનમય ધર્મરંગે રંગાય શ્રી ઊંઝા જૈન મહાજનમાં સારી એવી સેવા આપી રહ્યા છે. [illegible]નાં ઈડર–પાવાપુરીમાં પણ સેવા આપેલ. આંતરિક ધર્મમય ભાવના. હૈયામાં નિખાલસ. દયામય સ્વભાવ. પ્રેમની લાગણી સાથે મનમાં કોઈ મતભેદ રાખ્યા સિવાય નાના–મોટા–શ્રીમંત–ગરીબ સાથે ભેદભાવ વગર ભળી જવું. આજે પણ પોતાના જીવનનો વિશેષ સમય સેવાધર્મ કાર્યોમાં જ પસાર કરી રહ્યા છે.

## જયસુખલાલ ચંપકલાલ વોરા



નવાગામ (બડેલી) નિવાસી–મુંબઈના વેપારી ઘોઘારી સમાજના સંન્નિષ્ઠ કાર્યકર અને દાનેશ્વરી ચંપકલાલ ગિરધરલાલ વોરાના લઘુપુત્ર જયસુખભાઈ આજે મુંબઈની અનેક સંસ્થા સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્યકર કે ડોનર તરીકે સંકળાયેલા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય–શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ જેવી માતબર સંસ્થા સાથે સંકળાયેલ છે.

ભારતભરનાં ઘોઘારીનાં બાળકોને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરતાં શ્રી ઘોઘારી જૈન સેવા સંઘમાં મંત્રી–પ્રમુખ તરીકે અનેક વર્ષ સેવા આપી છે. શ્રી અંધેરી ઘોઘારી જૈન સમાજ–અંધેરીના માજી ખજાનચી તરીકે ૧૬–૧૬ વર્ષ સેવા આપી સમયસર કેમ હિસાબ આપવો એનો ઉત્કૃષ્ટ દાખલો પૂરો પાડેલ. શ્રી નવાગામ જૈન સંઘ, શ્રી પદ્મનગર જૈન સંઘના પ્રમુખ રહી ઉત્તમ સેવા આપી છે.

ચંપકભાઈના અવસાન પછી એમનાં અધૂરાં રહેલ કાર્યમાં મૂળ વતન નવાગામ ખાતેના બાળમંદિર અને અમદાવાદ ખાતેના ઉપાધાનનું ભવ્ય ઉદ્ઘાટન કરાવી સંઘ કાઢેલ. પોતાના વતન ખાતે ગ્રામપંચાયતના સહકારથી–સંનિષ્ઠ કાર્યકરો સાથે રહી ચબૂતરાનો જીર્ણોદ્ધાર કરાવી ઘણી જ વિશાળ જગ્યાનું આયોજન કરી રોજની ૩૦–૩૫ કિલો કબૂતરને ચણ નાખવાના ફંડની સારી એવી રકમ એકઠી કરવામાં જયસુખભાઈનો હરણફાળો છે.

નવાગામ ખાતેના પ્રતિષ્ઠિત પ્રતિમા કોસબાડ–મલ્લિનાથ જૈન તીર્થ ખાતે લાવ્યા પછી કિરીટભાઈ પાનાચંદ વોરા અને પોતાના આર્થિક સહયોગથી નૂતન ઉપાશ્રયનું બાંધકામ ખૂબ જ સુંદર રીતે જાતમહેનતથી કરી તૈયાર કરી સંસ્થાને ચાવી સોંપી. હાલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી–દાનેશ્વરી શ્રી કે. જી. શાહના સહકારથી ભારતભરમાં પ્રથમ જ વખત બનતાં 'પરોણાગત પ્રતિમાગૃહ'નું બાંધકામનું આયોજન ચાલી રહેલ છે. ગામડાના શ્રાવકોનાં ઘર બંધ થતાં પ્રતિષ્ઠા થયેલાં પ્રતિમાઓ કોઈજ દેરાસરો લેતાં નથી એ કોસબાડ તીર્થમાં લેવામાં આવશે એવું પૂરેપૂરું ધ્યાન તેમજ તન–મન–ધનથી શ્રી જયસુખભાઈ વોરા ધ્યાન રાખી રહેલ છે. ચંપકભાઈ વોરાની જેમ જ બીજે અનેક સંસ્થાનાં કાર્ય કરી રહેલ છે એ જ પુરવાર કરે છે કે માતા–પિતાના ઉત્તમ સંસ્કારનો વારસો એણે ફળીભૂત કરેલ છે.

પહેલાં રડવું આવે અને મા–બાપ યાદ આવે
હવે મા–બાપ યાદ આવે અને રડવું આવે.

## શ્રી જયંતીલાલ રતનચંદ શાહ

શ્રી જયંતીલાલ રતનચંદ શાહે મુંબઈ શ્રીસંઘના સામાજિક અને ધાર્મિક જીવન અને તેની જાહેર પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત બની સેવાના ક્ષેત્રે જે પ્રગતિ અને સિદ્ધિ સાધી છે તે ભારતભરના જૈન સમાજ માટે પ્રેરણાદાયી અને ગૌરવરૂપ છે.

મુંબઈ અને લંડન યુનિવર્સિટીમાં તેઓએ બી.એ. અને બી.કોમ.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. પ્રથમ પાંચ વર્ષ ઇન્કમટેક્સ–ઓફિસર તરીકે યશસ્વી કામગીરી બજાવી. ત્યારબાદ ૫૦ વર્ષ પૂર્વે ઇન્કમટેક્સની સ્વતંત્ર પ્રેક્ટિસની શરૂઆત કરી. શુભનિષ્ઠા, ચીવટભરી કામગીરી અને મમતાળુ સ્વભાવને લીધે આ ક્ષેત્રમાં તેઓએ ખૂબ જ નામના મેળવી. વ્યવસાયના વિકાસ સાથે અનેક સંસ્થાઓના વિકાસમાં તેઓએ સમય, શક્તિ અને દાનનો ઉદારતાપૂર્વક ઉપયોગ કરી ચિરસ્મરણીય ફાળો આપ્યો. તેમની સેવા–ભાવના, ઉદારતા અને કુશળતાનો લાભ મુંબઈ શહેરની અનેક સંસ્થાઓની જેમ, અન્ય સ્થળોની સંસ્થાઓને પણ મળી રહ્યો એ બિના જેમ તેમની સમાજ પ્રત્યેની વધતી મમતાની સૂચક છે, તેમ તેમની વિસ્તરતી નામના, કીર્તિ અને પ્રતિષ્ઠાને પણ અનુરૂપ છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, જૈન દવાખાનું, શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા, શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ, શ્રી આત્માનંદ જૈન સભા, શ્રી લોહાર ચાલ–પ્રિન્સેસ સ્ટ્રીટ જૈન સંઘ અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાઈ તન–મન–ધનથી સેવા અર્પી, તેનાં સંચાલન અને વિકાસમાં સુંદર ફાળો આપ્યો છે. આ ઉપરાંત શ્રી વીશા પોરવાડ જ્ઞાતિના પ્રમુખ તરીકે, સુરત જૈન ધર્મશાળાના મંત્રી તરીકે, શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ વિદ્યાલય (સુરત)ના ઉપપ્રમુખ તરીકે અને શ્રી સુરત વર્ધમાન તપ આયંબિલ ભવન, શ્રી આત્મ–વલ્લભ–શીલ સૌરભ ટ્રસ્ટ, શ્રી માણેકબાઈ રતનજી અરદેસર દુભાષ ટ્રસ્ટ, શ્રી શાંતિદાસ ખેતસી ટ્રસ્ટ તથા શ્રી જે. આર. શાહ ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પણ તેઓએ યશસ્વી કામગીરી બજાવી છે. શ્રી મહાવીર વિદ્યાલયના સુવર્ણમહોત્સવ પ્રસંગે તેઓએ સહકાર્યકરોના સહકારથી ભગીરથ પ્રયાસો કરી જે રિદ્ધિ અને સિદ્ધિ મેળવી છે તે તેમનામાં રહેલી વિરલ શક્તિનાં દર્શન કરાવે છે. વિવિધલક્ષી સંસ્થાઓની પ્રવૃત્તિઓ સાથે માનવ–રાહતનાં કાર્યોમાં પણ તેમની સેવા પ્રશંસનીય છે. બિહાર તથા સુરતના રેલસંકટ સમયે અને દુષ્કાળના કપરા સમયે તેઓએ બજાવેલી કામગીરી સંસ્મરણીય છે.

તેઓ સુરત શહેરમાં તેના પ્રદાન બદલ જાણીતા છે. તેઓ સુરતમાં મહાવીર જનરલ હોસ્પિટલ અને એસ. ડી. મહેતા કાર્ડિયાક હોસ્પિટલના સ્થાપક ચેરમેન રહ્યા. તેમનાં દર્શન, સ્વપ્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને છેલ્લાં ૧૫ વર્ષની અથાગ મહેનતને કારણે આ બન્ને હૉસ્પિટલ માટે તેઓ જાહેર ફાળો એકત્ર કરી શકયા છે. તેમણે ત્રીજી હૉસ્પિટલ ન્યુરોલોજી અને ઑર્થોપેડિક્સ સાથેનું ટ્રોમા સેન્ટર દર્શન જોયું હતું, જેનું બાંધકામ ચાલુ છે. શ્રી જે. આર. શાહનું ૪-૧૨-૨૦૦૧ના રોજ નિધન થયું. તેમના દેહવિલયનાં પાંચ વર્ષ પછી તેમનાં કુટુંબીજનો જ નહીં પરંતુ અસંખ્ય લોકો કે જેમને તેણે તેમના જીવનકાળ દરમ્યાન મદદ કરી હતી તેઓ તેમને યાદ કરે છે.

સારા કામમાં સામે ચાલીને સહભાગી થવાની ઉદારતા તથા સમાજના અન્ય આગેવાનો પાસેથી ધર્મનાં; સમાજકલ્યાણનાં તેમ જ શિક્ષણનાં કાર્યોમાં માતબર ફાળો મેળવી આપવાની તેમની કાર્યકુશળતા ખૂબ જ વિરલ છે. તેમની આવી વિશિષ્ટ શક્તિને લીધે અનેક સંસ્થાઓ પગભર બની છે અને પોતાનું સેવાકાર્ય સારી રીતે આગળ ધપાવી રહી છે.

મિલનસાર અને સરળ સ્વભાવ, પરગજુ વૃત્તિ, ધર્મપરાયણતા, વિનમ્રતા અને વિવેકશીલતા જેવા સદ્ગુણોને જીવનમાં કેળવી જાણીને તેઓએ પોતાના કુટુંબના સંસ્કાર–વારસાને ખૂબ શોભાવી જાણ્યો છે. આવી અનન્ય ભાવના, ઉદારતા અને સેવાપરાયણતાના કારણે તેમના વ્યક્તિત્વની સુવાસ સર્વત્ર પ્રસરી રહી છે.

## શ્રી જગજીવન માવજીભાઈ કપાસી

સૌરાષ્ટ્રની ધન્યધરાના ચૂડા જેવા નાનકડા ગામના સ્વ. જગજીવનદાસ માવજીભાઈ કપાસી ઐતિહાસિક નવલકથાઓના લેખક હતા.

લેખકે વીર શિરોમણિ વસ્તુપાળ ત્રણ ભાગમાં વસ્તુપાળ–તેજપાળ તથા નારીરત્ના અનુપમાદેવીનાં સુંદર કાર્યોનું જે સુંદર આલેખન કર્યું છે તે આજની પેઢીને વાંચી તેવી સંસ્કૃતિ તરફ વાળવાનું છે.

હાલના ટી.વી. યુગના સમયમાં તેમનાં કાર્યોનું અનુકરણ કરી દરેક ક્ષેત્રે આગળ આવવું જોઈએ. તેમના સ્વ. પુત્ર જશુભાઈએ શ્રી નવકાર સાધના પુસ્તક (સચિત્ર) અધિક જહેમતથી પ્રગટ કરેલ, જે પૂ. સાધુ–ભગવંતો અને સૌને માટે પ્રશંસનીય બનેલ. તેમના સુપુત્ર શ્રી વિનુભાઈ લંડનમાં અનેક પ્રવૃત્તિ કરી રહ્યા છે તે સૌને સુવિદિત હશે.

તેમના સુપુત્ર શ્રી નગીનભાઈ વડોદરા રહે છે અને તાજેતરમાં તેમણે 'જનની' બુકલેટ અને 'પ્રેરણા' પુસ્તિકા પ્રગટ કરેલ છે. શ્રી નગીનભાઈના પુત્ર શ્રી જીતુભાઈની પુત્રી કુ. મોનાએ તાજેતરમાં 'સ્ત્રી ભ્રૂણ હત્યા સમાજનો સળગતો પ્રશ્ન અને તેનો ઉકેલ' સંબંધી નિબંધ લખેલ અને પ્રમાણપત્ર મેળવેલ.

આ રીતે તેમનું ધાર્મિક કુટુંબ ધર્મસાહિત્યમાં આગવું શક્ય તમામ કાર્ય કરી રહેલ છે. એક જૈનેતર શ્રી નંદલાલભાઈ દેવલુક ધાર્મિક સાહિત્ય પીરસી શાસનની શોભા વધારી રહ્યા છે તેમને ખૂબ ખૂબ શુભેચ્છા. સર્વદા સૌ સુખી થાવ તેવી ઉત્તમ ભાવના સાથે. વડોદરા.

## શ્રી છોટાલાલ મણિલાલ શેઠ

શ્રી છોટાલાલ અને તેમનું કુટુંબ જિનશાસને પ્રબોધેલા રંગે રંગાયેલું છે. સાવરકુંડલાના વતની શ્રી છોટાલાલ મણિલાલ બેચરદાસ મુંબઈમાં કાપડ લાઇનમાં ખૂબ જ યશકીર્તિ પામેલા આગેવાન વેપારી છે. ધંધાના પ્રભાવજનક વિકાસની સાથે ધર્મક્ષેત્રે એમનું અને એમના પરિવારનું ઘણું મોટું પ્રદાન છે. સાવરકુંડલા દેરાસરના વહીવટમાં પણ એમનું માર્ગદર્શન રહ્યું. દોઢસો વર્ષ પહેલાં મોતીશા ટૂંકમાંથી ધર્મનાથસ્વામીની પ્રતિમા લઈ આવ્યા ત્યારે એ વખતની પ્રતિષ્ઠા વખતે શરૂથી અંત સુધી આ શેઠ કુટુંબ મોખરે હતું, જે ધર્મપ્રભાવનાની પરમ્પરા આ પરિવારે આજ સુધી જાળવી રાખે છે. સં. ૨૦૦૨માં શ્રી મણિલાલભાઈના સ્વર્ગવાસ પછી વહીવટ શ્રી માનચંદભાઈએ કર્યો અને તે પછી શ્રી છોટાલાલભાઈ ધર્મ–આરાધનાનાં કાર્યોમાં રાહબર બની રહ્યા. ભારતના દક્ષિણ સિવાયના મોટાભાગનાં જૈનતીર્થોની યાત્રાએ સહકુટુંબ જઈ આવ્યા છે. શાન્તિસ્નાત્ર, ચાતુર્માસ, ઉપધાનતપ, અને કુટુંબમાં વર્ધમાનતપની ઓળી જેવાં વ્રતો થયેલાં છે. એમની સાધર્મિક ભક્તિ હંમેશાં આજ સુધી ચાલી રહી છે, જે એમની ધર્મનિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. શ્રી છોટુકાકાના નામે સૌરાષ્ટ્રમાં તેમજ મુંબઈમાં તેઓ જાણીતા છે. પાંચ પુત્રોનો પરિવાર છે. સંયુક્ત કુટુંબમાં આનંદકિલ્લોલથી સૌ સાથે રહે છે. સૌરાષ્ટ્રના જૈન સમાજના જે અગ્રગણ્ય જૈન શ્રેષ્ઠીઓ ગણાવાયા છે તેમાં શ્રી છોટાલાલભાઈની પ્રથમ હરોળમાં ગણના થાય છે. સાધુ–સાધ્વીઓની શુશ્રૂષા–વૈયાવચ્ચ સુંદર રીતે કરવામાં આ પરિવાર મોખરે રહ્યો છે.

શ્રી છોટાલાલભાઈની ઉચ્ચતમ ભાવના અને મિલનસાર સ્વભાવને કારણે બહોળા જનસમૂહમાં સૌના પ્રીતિપાત્ર બની રહ્યા છે. દિલની અમીરાતવાળા શ્રી છોટાલાલભાઈએ ઉત્તરોત્તર વિકાસ અને પ્રગતિ સાધી તેમાં તેના સદ્ગુણોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. સમ્પત્તિના પોતે ટ્રસ્ટી છે, એમ માનીને જ્યાં–જ્યાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારાં કાર્યો થતાં રહ્યાં ત્યાં ત્યાં તેમણે અંતરના ઊમળકાથી લાભ લઈ વિવિધ ક્ષેત્રોમાં યથાયોગ્ય નાનાં-મોટાં ઘણાં દાન આપેલાં છે. તેમનું આ પ્રદાન ખરેખર દાદ માગી લે તેવું છે. સાવરકુંડલાની જૈન બોર્ડિંગ અને શાળામાં એમની દેણગીએ પરિવારને ગૌરવ અપાવ્યું છે. ઊનાની ધર્મશાળામાં પણ એવી જ બાદશાહી સખાવત એમણે કરી છે. તેમનાં ધર્મપત્ની શાન્તાબહેન પણ એવાં જ ધર્મપરાયણ અને ઉદારચરિત છે. ૨૦૪૦માં પાલિતાણામાં ચાતુર્માસ. એ વખતે ઉપધાનમાં પહેલી માળનો આ પરિવારે લાભ લીધો. ઉપધાન-અઠ્ઠાઈ વગેરે આ દંપતીએ ખૂબ જ ભાવથી કર્યાં. વર્ષો પહેલાં હસ્તગિરિમાં એક પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો પણ આ પરિવારે લાભ લીધો. શેઠશ્રી છોટાલાલભાઈ એમની પાછલી અવસ્થામાં વ્રત, જપ, તપ અને જિનશાસનની ધર્મમય જે કાંઈ પ્રવૃત્તિ થાય તેમાં વ્યસ્ત બની આનંદમંગલથી વિશાળ પરિવારને માર્ગદર્શન આપી રહ્યા છે. આવા શ્રેષ્ઠીઓ આપણી વંદનાના અધિકારી બને છે.

*સમાજસેવામાં યશસ્વી પ્રદાન*

## પ્રવીણચંદ્ર ફૂલચંદ શાહ



સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા મધુમતી-મહુવા નગરીના મૂળ વતની પ્રવીણચંદ્રનો જન્મ સં. ૧૯૭૭ના અષાઢ સુદ ૮ ને મંગળવાર, તા. ૧૭-૨-૧૯૨૧ના રોજ મોસાળ તળાજામાં થયો. પિતા શ્રી ફૂલચંદ ખુશાલચંદ મહુવાના એક અગ્રગણ્ય, પ્રતિષ્ઠિત, પ્રતિભાશાળી વ્યક્તિ હતા, જેઓ પંદર વર્ષની વયે આજથી લગભગ ૧૨૫ વર્ષ પૂર્વે મુંબઈ આવનાર ઘોઘારી વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિની ગણીગાંઠી વ્યક્તિઓ પૈકી એક હતા. તેઓ અત્યંત સેવાભાવી અને પરગજુ હતા, એટલે તત્કાળે મુંબઈ નોકરી-ધંધાર્થે આવતા જ્ઞાતિના અનેક યુવાનોને નોકરી યા વ્યવસાય શોધી આપી લાઇને ચડાવતા. આમ તેઓ માત્ર મહુવા પૂરતા જ આગેવાન ન રહેતાં, મુંબઈની સમસ્ત ઘોઘારી જૈન જ્ઞાતિના સમ્માનનીય રાહબર આગેવાન બન્યા હતા. તેઓ અત્યંત નીડર, સ્પષ્ટવક્તા અને દીર્ઘદ્રષ્ટા હતા. તેઓનું અત્યંત પ્રભાવશાળી અને **Awi inspacing** વ્યક્તિત્વ હતું.

પ્રવીણચંદ્રભાઈનાં માતુશ્રી વિજયાબહેને પણ પતિનો સેવાપરાયણ વારસો અખંડ જાળવી રાખ્યો હતો. અંતકાળ સુધી તેઓ શ્રી વાસુપૂજ્ય જૈન મહિલામંડળ-માટુંગાનાં પ્રમુખ હતાં.

તેમના ભાઈઓ પૈકીના ભાઈશ્રી ધીરજલાલભાઈ, અહીં ખૂબ જ પ્રતિષ્ઠિત એવા જૈન સોશ્યલ ગ્રુપ ફાઉન્ડેશનના ટ્રસ્ટી-મંત્રી તરીકે ફાઉન્ડેશન સંચાલિત, અનેકવિધ-વ્યવસાયલક્ષી, શિક્ષણલક્ષી તેમજ મેડિકલલક્ષી સાધર્મિક ઉત્કર્ષ યોજનાઓનું સ્વતંત્રપણે સંચાલન કરી રહ્યા છે. આ યોજનાઓ અંતર્ગત તેઓ સાતસોથી અધિક વ્યક્તિઓને લગભગ સવા કરોડ જેટલી લોન-સહાય આપી ચૂક્યા છે. તેમજ આત્મજ્ઞાની પરમશ્રુત, અપૂર્વસાધક-વેદક, શ્રીપદ્‌ના ઉપદેશના અજોડ પ્રખર પુરસ્કર્તા, વૈરાગ્યવાણીના સ્વામી એવા પરમપૂજ્ય સદ્‌ગુરુ શ્રી રાકેશભાઈ ઝવેરી સ્થાપિત 'શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ સત્સંગ સાધના કેન્દ્ર'-મુંબઈના ટ્રસ્ટી તરીકે તેની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે.

શ્રી પ્રવીણભાઈની કારકિર્દી બહુ નાની વયે પ્રારંભાઈ છે. ૨૭ વર્ષની વયે ૧૯૪૮માં પોતાનો સ્વતંત્ર વ્યવસાય મેસર્સ શાહ પટેલ એન્ડ કંપની નામે શરૂ કરી ઉત્તરોત્તર પ્રગતિ સાધી અને વ્યવસાયમાં એક અગ્રગણ્ય વેપારી તરીકેની નામના-આદર મેળવ્યાં.

કોઈના માટે કંઈ પણ કરી છૂટવાની ઉદાત્ત ભાવના ધરાવતા શ્રી પ્રવીણભાઈનાં ધર્મપત્ની શ્રીમતી વેણીલક્ષ્મીબહેને પણ સ્વજનો તેમજ સાધર્મિકો પ્રત્યે લાગણી-પ્રેમ-વાત્સલ્ય ને સમર્પણભાવથી કુટુંબ તેમજ સમાજમાં સુવાસ ફેલાવી આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. દામ્પત્યજીવનની ફળશ્રુતિરૂપે તેમને ત્રણ સુપુત્રો અને એક સુપુત્રીની પ્રાપ્તિ થઈ છે. કેળવણીના પ્રખર હિમાયતી એવા પ્રવીણભાઈએ ત્રણેય પુત્રોને ઉચ્ચઅભ્યાસ માટે અમેરિકા મોકલી શિક્ષણ પ્રાપ્ત કરાવ્યું છે. તેમના મોટા પુત્ર ચિ. કિરીટભાઈએ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં **Masters** ડિગ્રી મેળવી છે. લગ્ન પછી તેઓ ત્યાં જ અમેરિકા **LOS ANGELES**માં સેટલ થયા છે અને પોતાનો **LINEN n' STUFF**ના નામે સ્વતંત્ર બિઝનેસ ધરાવે છે.

શ્રી પ્રવીણભાઈએ આંતરરાષ્ટ્રીય વ્યાપારક્ષેત્રે પણ પદાર્પણ કર્યું છે. તેઓએ ઓઇલ-ગેસ, પેટ્રોપ્રોડક્ટ્સ માટેની પાઈપલાઇન પ્રોડક્ટસના ઇમ્પોર્ટ-એક્સપોર્ટ ક્ષેત્રે સારી નામના મેળવી છે, ઉપરાંત તેમના બીજા પુત્ર ચિ. નરેશભાઈ ડાયમંડનાં આભૂષણો બનાવવાની ફેક્ટરીનું સંચાલન કરી રહ્યા છે અને ત્રીજા પુત્ર ચિ. ગૌતમ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે બિલ્ડર્સના એક જૂથના ડિરેક્ટર તરીકે સક્રિય સેવા આપી રહ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પ્રવીણભાઈના જાહેરજીવનમાં વિવિધક્ષેત્રે સેવાની કદરરૂપે મહારાષ્ટ્ર સરકારે, આજથી લગભગ ત્રીસ વર્ષ પહેલાં **J. P. (Justice of Peace)**ની પદવી એનાયત કરી હતી. ત્યારપછી લગભગ છ વર્ષ સુધી **SEM** (સ્પેશિયલ એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ) તરીકે નિમણૂક કરી હોવાના કારણે સમાજના બધા વર્ગો વ્યાપારીથી માંડીને વિદ્યાર્થીઓને સેવા આપી શકવા ભાગ્યશાળી થયા હતા.

ધંધા સાથે તેમનો ધાર્મિક–સામાજિક–શિક્ષણક્ષેત્રે ફાળો પણ મહત્તમ છે. મહુવામાં લગભગ ૯૦ વર્ષ પહેલાં સ્થપાયેલ શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમના વર્ષોથી પ્રમુખ અને ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. આ સંસ્થાનો હવે સ્થાનિક ક્ષેત્રે વિકાસ કે વિસ્તરણનો અવકાશ ન રહેતાં, મુંબઈમાં ઉચ્ચ શિક્ષણ માટે એક અદ્યતન હોસ્ટેલનું નિર્માણ કરવા, નવી મુંબઈમાં એક જમીનનો પ્લોટ મેળવવા ઉચ્ચ કક્ષાએ પ્રયાસો ચાલી રહ્યા છે. એમાં જો સફળતા મળશે તો અમારું એક સ્વપ્ન સાકાર થશે. ઉપરાંત ૫૦થી ઉપર વર્ષોથી જે સંસ્થા માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને પુસ્તકો તથા લોન–સ્કોલરશિપનો લાભ આપે છે–એવા શ્રી મહુવા જૈન મંડળ–મુંબઈના ૪૦ વર્ષોથી માનદ્‌મંત્રી તરીકે સેવા આપી સંચાલન કરી રહ્યા છે તથા સૌરાષ્ટ્રભરમાં જેની આગવી પ્રતિષ્ઠા છે એવા મહુવા યુવક સમાજ–મુંબઈના કે જેણે મહુવામાં બાલમંદિરથી કોલેજ સુધીની સંસ્થાઓનાં નિર્માણમાં દાનનો પ્રવાહ વહેવડાવી અમૂલ્ય યોગદાન આપ્યું છે, તેના વર્ષો સુધી પ્રમુખપદે રહી ચૂકયા છે તેમજ હાલમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છસંઘનાં ૧૭ વર્ષ સુધી સેવા આપ્યા બાદ હાલમાં નિવૃત્ત થયા છે. તે સિવાય શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સાયન–મુંબઈમાં વર્ષો સુધી ટ્રેઝરર રહી હાલમાં કારોબારી સમિતિના સભ્ય તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિના પણ સભ્ય છે.

કૌટુંબિક ગહન ધાર્મિક સંસ્કાર અને શ્રદ્ધાના પરિણામે તેઓ મહુવામાં પ.પૂ. શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા. નિર્મિત ગુરુમંદિરમાં તેમજ પાલિતાણામાં પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મધુરંધર સુરીશ્વરજી મ.સા. નિર્મિત કેસરિયાનગરમાં ભગવાન પધરાવી પ્રતિષ્ઠા કરાવવા ભાગ્યશાળી થયા છે. તેઓ સૌરાષ્ટ્ર–કચ્છ–ગુજરાત–રાજસ્થાન તેમજ સમેતશિખરજી સહિત લગભગ તમામ તીર્થધામોની સહકુટુંબ યાત્રા કરી કૃતકૃત્ય થયા છે.

આ રીતે આપણા સમાજના એક બહુમુખી પ્રતિભાસંપન્ન ગૌરવ અને શોભારૂપ નિરભિમાની, ધર્મિષ્ઠ, સંનિષ્ઠ, સેવાભાવી એવા શ્રી પ્રવીણચંદ્રભાઈના જીવનમાં તેમના હસ્તે ઉત્તરોત્તર અનેક ચિરંજીવી શુભકાર્યો થતાં રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરીએ છીએ.

*અનાસક્ત કર્મયોગી શ્રેષ્ઠીરત્ન*

## ચક્ષુદાતા શ્રી બાપાલાલ મનસુખલાલ શાહ



વઢવાણ કેમ્પના પ્રતિષ્ઠિત અને ધર્મપરાયણ શાહ ડાયાભાઈ લલ્લુભાઈના કુટુંબમાં સંવત ૧૯૭૦ જેઠ સુદ ૧ના રોજ જન્મ લેનાર બાપાલાલભાઈનું પ્રાથમિક શિક્ષણ નર્મદાશંકર રાવળની શાળામાં તેમજ ઉચ્ચ શિક્ષણ ભાવનગરની શામળદાસ કોલેજમાં પ્રાપ્ત થયું. અતિ તેજસ્વી અને બુદ્ધિશાળી બાપાલાલભાઈએ ૨૨ વર્ષની નાની વયે પિતાશ્રી મનસુખલાલભાઈ (શીઘ્ર કવિ)ની છત્રછાયા ગુમાવતાં આર્થિક, વ્યાવહારિક અને કૌટુંબિક જવાબદારી ઉપાડી આ સાથે એમણે સામાજિક શૈક્ષણિક અને ધાર્મિક સેવાકાર્ય પણ શરૂ કર્યું.

સુરેન્દ્રનગરમાં ગ્રેન મરચન્ટ એસોસિએશનની સ્થાપના કરી એના વહીવટી પ્રમુખ બન્યા. સુરેન્દ્રનગરમાં અનાજની મોટી મંડી બને એ માટે અથાગ પ્રયાસ કર્યો. ૭૦ એકર જેટલી જમીન સંપાદન કરી. ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે ૧૯૬૨, ૧૯૬૫, ૧૯૬૭માં ઓલ ઇન્ડિયા ફૂડ ગ્રેન એસોસિએશનના કમિટી સભ્ય બન્યા. એ સમયે ફૂડ મિનિસ્ટર શ્રી સ્વર્ણસિંઘ એમનાં કાર્યથી ખૂબ પ્રભાવિત થયા હતા. ૧૯૫૭માં ખાંડનું રેશનિંગ દાખલ થયું ત્યારે ગુજરાતમાં વિતરણ કરવા ખાંડનો ક્વોટા મળ્યો એમાં અપ્રામાણિકતા દેખાઈ એટલે એનો અસ્વીકાર કર્યો.

આ વ્યાપારી પ્રવૃત્તિ ઉપરાંત કેળવણી–તબીબી તેમજ ઈતર ઘણી પ્રવૃત્તિમાં તન્મય હતા. કેળવણી મંડળ, સુરેન્દ્રનગર એજ્યુકેશન ટ્રસ્ટ, મહાજન, તબીબી રાહત મંડળ, માનવ સેવા સંઘ, અનાથઆશ્રમ, સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટર, વિકાસ વિદ્યાલય, અંધશાળા, ચક્ષુબેંક, ચેમ્બર ઓફ કોમર્સ, રેલ્વે એડવાઈઝરી બોર્ડ વગેરે અનેક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ ધરાવ્યું. બાળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેળવણી મંડળના એમના વહીવટ દરમિયાન બંધાવેલ ભવન આજે પણ સૌરાષ્ટ્રનાં બાળમંદિરોનાં ભવનમાં શ્રેષ્ઠ અને દાખલારૂપ છે, ૧૯૬૫માં આફ્રિકાથી આવેલ ડૉ. મનસુખભાઈ સાથે ચક્ષુ-બેંકનું નિર્માણ કર્યું.

એ દરમિયાન જ એમના જીવનનું મહત્ત્વનું પાસું-ધાર્મિક સેવાપ્રવૃત્તિ ઉદય થઈ ચૂકી હતી. એમના અણુ-અણુમાં શ્રી સંઘની સેવાની ધગશ વ્યાપી રહી હતી. જીવદયા, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, શુશ્રુષા અનેક મુમુક્ષુઓની દીક્ષા, સાધુ-સાધ્વીઓના જોગ-પદવી પ્રદાન ઉપરાંત અનેક જિનાલયોના જીર્ણોદ્ધાર, નૂતન જિન-મંદિરોનાં નિર્માણ, ઉપાશ્રયનાં નિર્માણ તથા આયંબિલ ભવન, પાઠશાળા, જ્ઞાનભંડાર વગેરે ભવનનાં નિર્માણ એમની સૂક્ષ્મ સૂઝ-બૂઝની પ્રતીતિ કરાવે છે. સુરેન્દ્રનગર સંઘમાં એમની રાહબરી હેઠળ અનેક મોટી તપશ્ચર્યાઓ થઈ, જેવી કે વરસીતપ, ઉપધાન તપ, આયંબિલની ઓળીઓ, માસ-ક્ષમણ, સોળભત્તા અઠ્ઠાઈ, અઠ્ઠમ ઉપરાંત વિધવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરાવી જૈન શાસનનું નામ હંમેશાં અગ્રેસર રાખ્યું. શ્રી સિદ્ધાચલ તેમજ શ્રી શંખેશ્વર તીર્થના છ'રી પાળતા સંઘ કઢાવ્યા. શત્રુંજય ગિરિરાજની ફાગણ સુદ ૧૩ની છ ગાઉની યાત્રા ૩૫ વર્ષ સુધી અવિરત પ્રમાણે કરાવી. વર્ષો પહેલાં યાત્રિકોને સિદ્ધવડથી પાલિતાણા આવવા તકલીફ પડતી એ માટે એમના પ્રયત્નથી હવે આ યાત્રા આતપરમાં પૂરી થાય છે. ત્યાંથી પાલિતાણા આવવા બસની વ્યવસ્થા કરાવી. વર્ષો સુધી યાત્રા કરી આવતાં યાત્રિકોની દહીં, દૂધ, ચા-પૂરી, ઢેબરાં વગેરેથી ભક્તિ કરતાં. છ-ગાઉની યાત્રા દરમિયાન દિવસો સુધી તેઓ પાલિતાણા રહેતા. સિદ્ધગિરિ પ્રત્યે એમનો ગહન-ભક્તિભાવ આમ પ્રદર્શિત કરતા.

એમના ૫૦-૫૦ વર્ષના સંઘસેવક તરીકેના દીર્ઘકાળ દરમિયાન તેઓ સંઘના ઉત્કર્ષનું નિમિત્ત બન્યા. ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો સુરેન્દ્રનગર શ્વે. જૈન સંઘ આજે ૧૪૦૦ ઘરનો ઘેઘૂર વડલો બન્યો એમાં શ્રી બાપાલાલભાઈનો વિશદ ફાળો છે. એક નાનકડા દેરાસરમાંથી એમણે ૨૪ જિનાલય નિર્માણ કરાવ્યું તથા દેરાસર સંકુલમાં અનેક ભવનોનાં નિર્માણ કરાવ્યાં. સંવત ૨૦૧૫માં સિદ્ધાંત મહોદધિ આચાર્ય પૂ. શ્રી પ્રેમસૂરીશ્વરજીના ચાતુર્માસ દરમિયાન આચાર્યશ્રીએ એમની પ્રશંસા કરતાં કહ્યું હતું કે સંઘનો વહીવટ આવો હોવો જોઈએ. એજ વર્ષમાં સાધુ-સાધ્વીઓના વૈયાવચ્ચનો એક યાદગાર પ્રસંગ ઉલ્લેખનીય છે. પૂ. આચાર્યશ્રીના શિષ્ય પૂજ્ય શ્રી પદ્મવિજય મહારાજનું કેન્સરના દર્દનું સફળ ઓપરશન કરાવ્યું અને મહારાજશ્રી પૂર્ણ રીતે સ્વસ્થ થઈને ઘણાં વર્ષો સુધી વિચરતા રહ્યા. સુરેન્દ્રનગરના જ્ઞાનભંડારના સંગ્રહમાં વર્ષો વર્ષ અમૂલ્ય ગ્રંથોનો વધારો થતાં આ જ્ઞાનભંડાર શ્રી સંઘના શણગારરૂપ બન્યો. અનેક લહિયાઓને ત્યાં બેસાડી સુવર્ણાક્ષરે હસ્તલિખિત તાડપત્ર-ગ્રંથો લખાવ્યા. આજે આ સંગ્રહ અમૂલ્ય બન્યો છે. આ ઉપરાંત આચાર્ય શ્રી દેવેન્દ્રસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં ઉપધાન તપ દરમિયાન ૪૫ આગમોના કળામય છોડનું નિર્માણ કરાવી ભવ્ય ઉજમણું કરાવ્યું. શ્રી શંખેશ્વર તીર્થમાં ભવ્ય આગમ મંદિરના નિર્માણમાં તામ્રપટ્ટ એમણે જાતે પસંદ કરી એના પર સૂત્રોનું કોતર કામ કરાવ્યું એ વિશિષ્ઠ કાર્ય ત્યાં સદાકાળ મોજૂદ રહેશે.

મંદિરોનાં નિર્માણ દરમિયાન જાતે વારંવાર રાજસ્થાન જઈને ઉત્તમ આરસની પરખ કરતા. મૂર્તિ-વિધાનમાં પણ એમનાં જ્ઞાન અને સૂઝ વિશિષ્ઠ હતાં. અનેક મુનિ-મહારાજો સાથે આ માટેના સલાહકાર બનતા.

એમના સેવા-જીવનનો ઉત્કૃષ્ટ પ્રસંગ અને શ્રી વાસુપૂજ્ય સ્વામી જિન-પ્રાસાદનો શતાબ્દીમહોત્સવ, આ પ્રસંગ પ.પૂ. આચાર્યશ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી, પ.પૂ. આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી તથા પન્યાસપ્રવર પૂ. દાનવિજયજીની નિશ્રામાં ઊજવ્યો. આ પ્રસંગને ખૂબ જ ઓપ આપવા એમણે વર્ષો અગાઉથી પ્રવૃત્તિ શરૂ કરી હતી. આ પ્રસંગ દરમિયાન હજારો-ભાવિકોને એમણે સુરેન્દ્રનગર આમંત્ર્યા હતા અને લાખ્ખો જૈન-જૈનેતરની હાજરીમાં આ શતાબ્દીમહોત્સવ દબદબાપૂર્વક ઊજવાયો હતો. આ પ્રસંગમાં પણ સખાવત કરવામાં પોતે પ્રથમ હતા. રૂપિયા એક લાખનું ઉદાર દાન આપી પોતે આ મહોત્સવના નિમંત્રક બન્યા હતા. આ પ્રસંગ એમના જીવનનો આ શિરમોર પ્રસંગ બની રહ્યો. તા. ૨૬-૯-૯૪ના રોજ રાત્રે ૯-૧૫ કલાકે નવકારમંત્રનું શ્રવણ-રટણ કરતાં એમણે નશ્વર દેહ છોડ્યો.

## સ્વ. શ્રી મણિલાલ નરસીદાસ દોશી, આણંદ



જન્મ : ૨૭-૨-૧૮૯૭.
દેહત્યાગ : ૨-૬-૧૯૭૩.

"આત્માનો સંબંધ શરીર સાથે છે નહીં, હોવો જોઈએ પણ નહીં, હું પણ મારી સ્થિતિ એ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમાત્મા સાથે એકરૂપ કરી રહ્યો છું" ઘરનાં કુટુંબીજનો સાથે આટલું બોલ્યા પછી થોડીવાર બાદ શ્રી મણિભાઈ ૭૭ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે તા. ૨-૬-૧૯૭૩ના રોજ સાંજે ૬।। વાગે આણંદમાં પોઢી ગયા.

શ્રી મણિભાઈ દોશીનો જન્મ વઢવાણ શહેરમાં ધર્મનિષ્ઠ સાધારણ સ્થિતિવાળા જૈન કુટુંબમાં તા. ૨૭-૨-૧૮૯૭ના થયો હતો. તેમના પિતાશ્રીનું નામ શ્રી નરસીદાસ લાલચંદ દોશી અને માતાનું નામ શિવબા. વઢવાણની દાજીરાજ હાઈસ્કૂલમાં મેટ્રિક સુધી અભ્યાસ કરી ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. આર્થિક પરિસ્થિતિના હિસાબે અભ્યાસ છોડી આણંદ નજીકના ભાલેજ ગામે દૂધની ડેરીના ધંધામાં નોકરીએ લાગ્યા. કેટલોક વખત અનુભવ લીધા પછી ૧૯૨૪માં ભાગીદારીમાં ડેરીનો ધંધો શરૂ કર્યો. સખત પરિશ્રમ, દીર્ઘદૃષ્ટિ તેમજ કુશાગ્ર બુદ્ધિથી ધંધો વિકસાવ્યો અને પેસ્ચ્યુરાઈઝ્ડ દૂધ મુંબઈ મોકલવાની પબ્લિક લિમિટેડ કું. ઊભી કરી. સને ૧૯૫૫માં ભાગીદારીમાંથી છૂટા થઈ દીકરાઓ સાથે ડેરીના ધંધા ઉપરાંત દૂધના ટેસ્ટિંગ માટેનાં સાધનો પરદેશથી મંગાવી ધંધો વિકસાવ્યો.

૧૯૫૭માં ધંધો દીકરાઓને સોંપી નિવૃત્ત થયા. તેઓ સ્વભાવે ખૂબ જ સ્નેહાળ અને મિલનસાર હતા. વરસમાં એકાદ પ્રસંગ ઊભો કરી સ્નેહી–સંબંધીઓના બહોળા સમુદાયને જમાડતા અને ખૂબ પ્રસન્ન થતા. તેમના ૭૫મા જન્મદિન પ્રસંગે આણંદ અને મુંબઈમાં આવા જમણવાર તેમણે યોજ્યા હતા. તેઓશ્રી અનન્ય ધર્મપ્રેમી સેવાપરાયણ હતા. વઢવાણ શહેરમાં મોટી રકમનું દાન આપી સાધર્મિકભક્તિ માટે ટ્રસ્ટ ઊભું કર્યું. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં લોકવિદ્યાલયમાં ગૌશાળા તેમજ ડેરી વિભાગ માટે પણ દાન આપ્યું. આણંદમાં ૧૯૩૬ની સાલમાં જૈન દેરાસર, ઉપાશ્રય તથા પાઠશાળા સ્થાપવામાં અગ્રેસર રહ્યા. શ્રી વલ્લભવિદ્યાનગરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શાખા સ્થાપવાની પ્રેરણા કરી અને પોતે સારી રકમ આપી નિર્માણ કાર્યમાં સારું ફંડ ભેગું કરી આપ્યું. તેમાં જૈન દેરાસર બનાવવા માટે મૂળનાયકની પ્રતિષ્ઠાનો આદેશ મેળવી સંતોષકારક રકમ આપી. પોતાના ૭૫મા જન્મદિન પ્રસંગે આણંદની વિવિધ સંસ્થાઓમાં યોગ્ય રકમો આપી. આ રીતે અનેક સેવા ક્ષેત્રોમાં લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો અને વ્યવસ્થિત રીતે દાનની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે 'મણિલાલ નરસીદાસ દોશી ચેરિટી ટ્રસ્ટ' બનાવ્યું. આ રીતે તેમણે જૈન સમાજમાં તેમજ આણંદ અને વલ્લભવિદ્યાનગરમાં વિવિધ ક્ષેત્રોમાં નામના મેળવી તેઓશ્રી વલ્લભવિદ્યાનગરના શ્રી ચારુતર વિદ્યામંડળમાં ગવર્નિંગ બોડી પર સભ્ય તરીકે રહી ચૂક્યા હતા. ઉપરાંત આણંદની પ્રખ્યાત વિદ્યાસંસ્થા શ્રી ચરોતર એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી હતા તથા શ્રી રામકૃષ્ણ સેવા મંડળ કે જેના આશ્રયે ૧૭ જેટલી સંસ્થાઓ જેમાં કોલેજો, હોસ્પિટલ, હોમયોપેથી કોલેજ, વૃદ્ધાશ્રમ વગેરે ચાલે છે તેના ઉપ–પ્રમુખ હતા.

તેમના ૭૬મા જન્મદિવસે તેમને શુભેચ્છા પાઠવવા ગયેલ એક સંબંધીને કહ્યું "માણસો સ્વાર્થી બહુ હોય છે. હવે આયુષ્ય માગ–માગ કરવાનું ન હોય. ૭૬ વર્ષે પણ સારી તંદુરસ્તી ભોગવું છું આટલું કોણ જીવે છે? ઈશ્વરના ઉપકાર મારા ઉપર અનહદ છે." આવાં સંતોષ અને વિરક્તિ તેમનામાં હતાં. તેઓ પોતાના પરિવારને સૌજન્ય, નમ્રતા, સર્વ પ્રત્યે સમભાવ વ.નો સંસ્કાર વારસો આપી ગયા.

તેમના અવસાન બાદ તેમના પુત્રો શ્રી જયંતીભાઈ, શ્રી ધીરુભાઈ તથા શ્રી રસિકભાઈએ પિતાની સ્મૃતિ કાયમ રહે તે માટે શ્રી મણિલાલ નરસીદાસ દોશી માનવસેવા સંઘ, સુરેન્દ્રનગરને માતબર રકમનું દાન આપ્યું તથા શ્રી સી. જે. હોસ્પિટલ, સુરેન્દ્રનગરમાં દર્દીઓને રાહત દરે દવા વગેરે આપવા માટે સારી રકમનું કાયમી ફંડ કરી આપ્યું.

આ રીતે તેમણે જૈન સમાજમાં તેમજ આણંદ, વલ્લભવિદ્યાનગર, વઢવાણ શહેર તથા સુરેન્દ્રનગરમાં વિવિધ ક્ષેત્રે દાનનો પ્રવાહ વહેરાવ્યો હતો.

## ધર્મવીર શેઠ શ્રી વેણીચંદ સુરચંદ શાહ

શાસનસેવાનાં કે ધર્મનાં કામો પૈસાથી જ થાય એવા ભ્રમને દૂર કરીને પોતાની જે પરિસ્થિતિ હતી તેમાં પણ આજીવિકા પૂરતું થોડું ઘણું જે કંઈ મળી જાય તેમાં સંપૂર્ણ સંતોષ માનીને બાકીનો બધો જ સમય પ્રભુભક્તિમાં–ધર્મની આરાધનામાં અને ધર્મસંસ્થાઓના કામમાં આપનાર, અનેક પૂજ્યોના ઉપાસક, ભગવાનની ભક્તિમાં કેટલીયે વાર ટ્રેન ચૂકી જનાર, એવી એક મહાસત્ત્વશાળી વિભૂતિ. આગમોદય સમિતિમાં વર્ષો સુધી સેવા આપી. મહેસાણામાં 'શ્રી જૈન શ્રેયસ્કરમંડળ' અને 'શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપના કરી. એમાં અભ્યાસ કરીને ઘણાંએ દીક્ષા લીધી યાવત્ આચાર્યપદે આરૂઢ પણ થયા; અનેક ધાર્મિક પંડિતો અને શિક્ષકો તૈયાર થયાં, જેઓએ જ્ઞાનની ગંગા વહાવી. તાજેતરમાં એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્થાનાં એકસો વર્ષ પૂરાં થયાં. તેની સુંદર ઉજવણી થઈ. સદરહુ સંસ્થાની પેટા ઓફિસ પાલિતાણામાં શરૂ કરીને તેના દ્વારા સાધુ-સાધ્વીઓના અભ્યાસ માટે પાઠશાળા ચાલુ કરી. વર્ષો સુધી એ કાર્ય ચાલ્યું. એવી જ રીતે સિદ્ધગિરિજી ઉપર નવેનવ ટૂંકમાં કાયમ માટે ધૂપ-દીપ દરેક ભગવાનને થાય એવું આયોજન કર્યું. ચતુર્વિધ સંઘની સેવા માટે ફ્રીમાં આયુર્વેદિક દવાખાનું પણ ચલાવ્યું. 'ધર્મવીર શેઠ વેણીચંદભાઈ' એ નામથી એમનું જીવનચરિત્ર છપાયેલ છે. હૈયાના ઊછળતા ઉમંગે એમના ગુણોની અનુમોદના.

## જેતપુરનો શેઠ પરિવાર
## શ્રી જિનશાસનનાં રત્નો!

ગામ-જેતપુર શહેરશેઠ દેવચંદ તળશીભાઈના પાંચ પુત્રો-ત્રીજા નંબરના પુત્ર નામ નંદલાલ-માતા દિવાળીબહેનની કુક્ષિમાં આવ્યા. જન્મલીધો-માતાના સંસ્કારથી શિશુવયથી જ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની ભાવના.

જન્મભૂમિમાં શિક્ષણક્ષેત્રે મેટ્રિક સુધી શિક્ષણ લીધું. વ્યાવહારિક કૌશલ્ય અને કુશાગ્ર બુદ્ધિ દ્વારા બંગાળ દેશમાં કલકત્તા કર્મભૂમિ બનાવી યોગ્ય ઉંમરે લગ્નગ્રંથિથી જોડાયા.

કાઠિયાવાડમાં ધોરાજી બાજુના છત્રાસા ગામ આવેલ. ત્યાંના ગર્ભશ્રીમંત વોરા કુટુંબ દામોદર ઝીણાભાઈનાં સુપુત્રી પ્રભાકુંવરબહેન સાથે લગ્ન કર્યાં. પ્રભાકુંવરબહેન ખૂબ સંસ્કારી- તેમને પણ ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ.

ચોથા નંબરના પુત્રનું નામ પરેશકુમાર નંદલાલ શેઠ. પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીજી મ.સા.ને મુંબઈ-ચૂનાભઠ્ઠી પોતાના ગૃહાંગણે પગલાં કરાવ્યાં. પૂ. આચાર્યદેવે પરેશભાઈ પારખી લીધા-રત્નને ઓળખી લીધું. આચાર્ય ભગવંતે કહ્યું "છોકરા! સ્વદ્રવ્યથી (પાલિતાણામાં) જિનાલય બંધાવ!" પરેશભાઈ કહે, "ભગવંત મારી સ્વદ્રવ્યથી બંધાવી આપવાની શક્તિ નથી!" ગુરુદેવે કહ્યું જા મારા આશીર્વાદ છે. મસ્તકે વાસચૂર્ણ છાંટ્યું. ગુરુદેવના આશીર્વાદ લઈ તાબડતોબ પાલિતાણા આવ્યા. જગ્યા જોઈ-મંદિર નિર્માણમાં બાંધકામ માટેનાં શિલ્પકારોને બોલાવી જમીન લેવાઈ ગઈ. મારવાડ પિંડવાડા-બીજા જીરી ગામથી શિલા મંગાવી. પાલિતાણામાં એક મોટો વિશાળ રૂમ બાંધી-સોમપુરા પાસે વિધિવત્ મૂર્તિનું કંડારવાનું કાર્ય ઉપાડ્યું! શિલ્પકારે પોતાનુ તન-મન-સમર્પિત કરી ચૌમુખજી શ્રી મહાવીર પ્રભુનાં [illegible]મેમરમરના પોષાકમાં બિંબને કંડાર્યું. બીજાં પાંચ પ્રતિમા-આ રીતે મંદિર તૈયાર થયું. ચાર વરસ પેલાં ભવ્યાતિભવ્ય-નયનરમ્ય-ઉમંગ ઉલ્લાસથી અગિયાર દિવસનો સુંદર અદ્ભુત-અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવ-દીક્ષામહોત્સવ આચાર્યપદ પંન્યાસપદથી સંપન્ન થયો.

પરેશભાઈ કહે "મારા માત-પિતા ઋણ પૂર્ણ કર્યું છે." હજારો નહીં-લાખો નહીં કિન્તુ કરોડો-કરોડો રૂપિયા મંદિર નિર્માણમાં ખર્ચ્યા છે. મંત્રીશ્વરો-શ્રાવકોની સ્મૃતિ પરેશભાઈએ કરાવી છે. મંદિરનું નામ નંદ-પ્રભા રાખેલ છે.

નંદલાલભાઈનું જીવન ઘણું સાદગીભર્યું સાદું હતું! સુકલકડી દેહ, પણ કરી છૂટવાની ભાવના રગેરગમાં હતી! નિખાલસભાવ. તેમના બહેને દીક્ષા લીધી છે. (કરોડો કરોડો મન્ત્ર જાપ. આરાધક સરલ સ્વભાવી સાધ્વી રત્ના) પદ્મયશાશ્રીજી મ. છે. તેમની સેવા ગમે ત્યાં હોય ત્યાંથી આવે અને કરે-જીવલેણ બિમારીમાં તન-મન-ધનથી સેવા કરેલ છે. હાલમાં તેમના ચારેય પુત્રો સ્વદ્રવ્ય સાતેય ક્ષેત્રોમાં અઢળક વાપરે છે.

પરેશભાઈ શ્રવણ જેવા છે. તેનાં માતાજીની સેવા અદ્ભુત કરી છે. નંદલાલભાઈએ જીવનભર સેવાનો ભેખ લીધો હતો. (સંવત યાદ નથી) કલકત્તાથી છ'રી પાળતા પદયાત્રા સંઘ પૂ. આ. વિક્રમસૂરીશ્વરજી મ.સા. પાલિતાણા કાઢેલ તેમાં નંદલાલભાઈએ કેશિયર-મેનેજર-વોલિન્ટિઅર-પોલીસ—આ રીતે (પ્રાયઃ પાંચ છ માસ સેવા આપી છે. રાજકોટથી (ગિરનારજી) જૂનાગઢ સંઘ-તેમના સસરાજી વોરા દામોદર ઝીણાભાઈએ કાઢેલ. પૂ. આ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તેમાં પણ સેવા આપેલ.

કલકત્તા-મુંબઈ-ધોરાજી-જેતપુર-રાજકોટ-અમરેલી-જૂનાગઢ-સાવરકુંડલા-પાનેલી-ચિતલ-મોરબી-વાંકાનેર-બીજાં' અનેક ગામોમાં નંદલાલભાઈને બોઝબાબુ નામથી ઓળખતા. નીડર હતા. પરમાત્માના શાસનની બલિહારી છે. પંચમ આરે પણ આવાં નરરત્નો ઝળહળતાં રહે છે. એક પંક્તિ યાદ આવે છે.

"પ્રભુ તારું શાસન-પ્રભુ તારો મહિમા અમને ગમે છે."

પ.પૂ. વિદુષી સાધ્વી પ્રિયવંદાશ્રીજીનાં શિષ્યા
નવકારાદિ કરોડો-[illegible] મન્ત્રજાપના આરાધક
સ્વાધ્યાયપ્રેમી-સરલ સ્વભાવી-સાધ્વીરત્ના
પૂ. પદ્મયશાશ્રીજી મ.સા.ના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી શૈલેષભાઈ કોઠારી (શૈલ પાલનપુરી)



શૈલેષભાઈ હિંમતભાઈ કોઠારી–વતન પાલનપુર, પણ વર્ષોથી વસવાટ મુંબઈ. પાલનપુરમાં વેપાર–ઉદ્યોગ, સાહિત્ય–કળાના ક્ષેત્રે હીરા જ પાક્યા છે, છતાં શૈલેષનો વ્યવસાય હીરાનો, પણ એ પથ્થરના ચળકાટથી જ અંજાયેલા રહ્યા નહીં, એમણે જીવતરના ઝળહળાટને પારખ્યો, ભીતર ઝણઝણતી ઊર્મિની સરવાણીઓને ઓળખી અને નવા અવતારે–નવા નામે પ્રગટ થયા શૈલ પાલનપુરી. એમણે એ સિદ્ધ કરી આપ્યું કે પાલનપુરમાં માત્ર રત્નસમૃદ્ધિ છલકાવતું બજાર જ નથી, અહીં શબ્દસમૃદ્ધિ છલકાવતાં રત્નોની પણ ભારોભાર ભીડ છે. સૈફ પાલનપુરી અને શૂન્ય પાલનપુરી તો દિગ્ગજો છે જ, પણ ગઝલિસ્તાનની બજારમાં 'શમીમ', 'મુસાફિર', 'અમર', 'અગમ' જેવાં નામ પાછળ 'પાલનપુરી' લાગે ત્યારે જ એ નામો પૂરાં બનતાં હોય છે. પછી ચંદ્રકાન્ત ભલે 'બક્ષી' અટકથી ચલાવે, પણ પાલનપુરનું નામ પડે અને સાપ જેમ ઊંચા થાય ખરા!



**હિંમતભાઈ કોઠારી**

શૈલ પાલનપુરીની ગઝલપ્રીતિ આ વાતાવરણમાં પ્રગટી છે, પનપી છે. પોતાને 'શૂન્ય'નો ચેલો માનતા આ શાયરે 'ઝૂરતો ઉલ્લાસ' નામે એક સંગ્રહ પણ આપ્યો છે. લૌકિક દૃષ્ટિએ સુખસગવડમાં જીવન વ્યતીત કરનાર વ્યક્તિ આંતર્ જીવનમાં કેવી સંવેદનશીલ અને વ્યથિત હોય છે એ એમના ઘણા શેઅર બતાવે છે :

"ક્યાં લગી આંસુઓથી હું ધોયા કરું?
જખ્મ દિનરાત ઊંડા થતા જાય છે."

"કાંધે સ્વયંની લાશ છે, મરજી મુજબની રાત છે."

"ચાલું છું 'શૈલ' એકલો ઈશ્વરના ભરોસે.
બાકી તો કાફલા મહીં ઈન્સાન ઘણા છે."

"શૈલ અમે નિત મીણ–મિજાજી,
શૂન્ય ભણી પીગળતું જીવન."

"મને મારી શરમ તો ના જ આવે,
કહું શું? આરસી છે, કોણ છે આ?"

શૈલની એકલતા અને ઉદાસીનતા, ખુદારી અને ખુમારી, વેદના અને વ્યથા જાતઅનુભવની નીપજ છે. જાતને જે તંતોતંત આરસીમાં જોઈ શકે છે, ઓળખી શકે છે, તે જ સાચા મોતી જેવા શેઅર પ્રગટાવી શકે છે. એમનાથી જ હૃદયસ્થ ભાવ અસરદાર શબ્દને પામે છે. 'ઝૂરતો ઉલ્લાસ'માં એવા ઘણા અશરાત મળશે.

## ડૉ. સુરેશભાઈ ઠાકોરલાલ મહેતા

આમોદમાં નાનીવયમાં જ પૂ. ગુરુદેવોના પરિચયમાં આવતાં તેઓની પાસે તથા પાઠશાળામાં પણ ધાર્મિક અભ્યાસ ચાલુ રહ્યો. અતિચાર સહિત પંચ-પ્રતિક્રમણ સુધી અભ્યાસ કર્યો. ભરૂચમાં સ્થિર થયા બાદ ફરી ગુરુદેવોના પરિચયમાં આવતાં ધર્મ પ્રત્યેની અભિરુચિ પુનઃ જાગૃત થઈ. ધાર્મિક ગ્રંથો, વૈરાગ્યપોષક ગ્રંથો વાંચવા પણ ખૂબ ગમતા. જ્ઞાનસાર, અધ્યાત્મસાર, શાંતસુધારસ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર, અધ્યાત્મકલ્પદ્રુમ અને એવા બીજા ઘણા ગ્રંથોના અનુવાદ વ.નું વાચન કર્યું. આજે પણ ધાર્મિક વાચન ચાલુ છે. બાળપણથી પ્રભુપૂજા, સામાયિક, જાપ વ. તથા અભક્ષ્યત્યાગ આદિ નિયમો ચાલુ છે. ગુરુભગવંતોનો સત્સંગ તથા જ્ઞાનચર્ચામાં ખૂબ જ આનંદ આવે છે. ઘણા ગુરુ ભગવંતોના અંગત પરિચયમાં છે અને તેમનો તેઓના પર અનહદ ઉપકાર છે. અત્યારે જે કંઈ છે તે ગુરુઓના પ્રતાપે છે. પૂ. ગુરુદેવની પ્રેરણાથી કાવી તીર્થમાં કાર્યકર તરીકે પ્રથમ ૧૯૬૮-૬૯માં જોડાયા. ત્યાંના ધર્મશાળા વ.ના કામથી શરૂઆત કરી. તે દરમ્યાન ઝઘડિયા તીર્થમાં ટ્રસ્ટી તરીકે જોડાયા. ત્યારબાદ કાવીમાં પણ ટ્રસ્ટી-તરીકે જોડાયા. બન્ને તીર્થોમાં હજુ પણ ટ્રસ્ટીપદે ચાલુ જ છે.

તેમના વતન સમનીના દેરાસરમાં પણ ટ્રસ્ટી તરીકે છેલ્લાં ૨૦ વર્ષથી સેવા બજાવે છે. કાવી તીર્થનો છેલ્લાં ૨૦ વર્ષમાં ખૂબ વિકાસ થયો. બન્ને દેરાસરોના જીર્ણોદ્ધાર થયા. જો કે કાવી તીર્થમાં મુખ્ય ફાળો શાહ જયંતીભાઈ અમીચંદનો છે, પરંતુ તે સત્કાર્યમાં તેઓ પણ સહભાગી છે. સને ૧૯૭૬થી ભરૂચ તીર્થમ્ જૈન ધર્મ ફંડ પેઢી તથા મુનિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવ્રતસ્વામી જૈન દેરાસર પેઢી—એ બન્ને પેઢીમાં નવું ટ્રસ્ટીમંડળ અસ્તિત્વમાં આવ્યું અને તેમાં તેઓ પોતે ટ્રસ્ટી તરીકે જોડાયા. છેલ્લાં ૧૦ વર્ષથી સેવાશ્રય હોસ્પિટલ તથા ભરૂચ પાંજરાપોળમાં ટ્રસ્ટી છે. જીવનમાં જિનભક્તિનાં કાર્યો-શાંતિસ્નાત્ર, સિદ્ધચક્રપૂજન, શિલાન્યાસ તથા પ્રભુપ્રતિષ્ઠા કરવાનો લાભ મળ્યો છે. દરેક વર્ષે પરમાત્મા મુનિ સુવ્રતસ્વામી જનકલ્યાણક વૈશાખ વદ ૮ની નવકારશીનો લાભ પણ તેમના પરિવારને મળેલ છે.

જ્યારથી ભરૂચમાં ટ્રસ્ટી તરીકે જોડાયા ત્યારથી અને કદાચ તે પહેલાંથી પણ જેવો કાવી તીર્થનો ઉદ્ધાર થયો તેવો જીર્ણોદ્ધાર-તીર્થોદ્ધાર થાય તેવી ભાવના તેમના મનમાં રમ્યા કરતી હતી. સાથી ટ્રસ્ટીઓએ પણ આ વાત સહર્ષ સ્વીકારી. સં. ૨૦૪૫ મહા સુ. ૧૩ના રોજ પ.પૂ. આ.દેવ નવીનસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે આરસના ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા થઈ. ભરૂચ તીર્થની પ્રતિષ્ઠાનો પ્રસંગ ખૂબ જ સુંદર રીતે ધામધૂમપૂર્વક સેંકડો સાધુ-સાધ્વીજીઓ તથા હજારો ભાવિક ભક્તોની હાજરીમાં ઊજવાયો. ખુદ ભરૂચ શહેરમાં આવો ભવ્ય પ્રસંગ થયો નથી. ભરૂચ તીર્થનાં અન્ય કામો-અદ્યતન ભોજનશાળા, ધર્મશાળા વગેરે પૂર્ણ થયાં છે. બીજાં પણ કામો કરવાની ભાવના છે. તેમના દરેક કાર્યમાં તેમનાં માતુશ્રીના આશીર્વાદ અને તેમનાં ધર્મપત્ની યશોમતીબહેનનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે.

છેલ્લાં ત્રણ વર્ષથી ભરૂચ જૈન સંઘ (જૈન ધર્મફંડ પેઢી તથા મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર પેઢી)માં પ્રમુખ તરીકે સેવા બજાવે છે. કાવી તીર્થમાં છેલ્લાં ૨૦ વર્ષથી પ્રમુખ-ત્યાં પણ દેરાસરનાં સુશોભન કાર્યો તથા યાત્રિકો માટેની સુંદર સગવડ-ઓફિસ વ. થયાં છે.

## શ્રી હરખચંદ વીરચંદભાઈ ગાંધી



હીરાની ખાણસમી મધુપુરી નગરી. ઉત્તમ નરરત્નો પ્રદાન કરનારી પ્રાચીન પ્રભાવક નગરી મહુવા શહેરમાં વીરચંદભાઈના ઘરે મોતીમાની રત્નકુક્ષિમાં મોતી પ્રગટ થયું. ઈ.સ. ૧૯૧૨ના એપ્રિલ માસમાં, માતાની મમતા અને પિતાની સમતાથી અવનીના આંગણે આવ્યા અને જીવનનો પિંડ ઘડાયો. નામ પડ્યું હરખચંદભાઈ. જન્મથી જ સંસ્કાર પામ્યા. પુણ્યરૂપી સૂર્યના ઉદયથી તેનું તેજ મહુવા-મુંબઈ અને ધીરેધીરે ભારતવર્ષમાં ફેલાયું. તેઓશ્રીનાં અ.સૌ. પત્ની પ્રભાવંતીબહેન પણ સુશીલ, વ્યવહારકુશળ છે. તેમના એક મોટાભાઈ જયંતીલાલભાઈ આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ પાસે ભગવતી દીક્ષા અંગીકાર કરી, શુદ્ધ રીતે ચારિત્ર પાળતાં શ્રી તારંગાજી તીર્થે યાત્રાર્થે આવતાં વાઘના શિકારનો ભોગ થઈ પડ્યા હતા. બીજાભાઈ શ્રી શાંતિલાલભાઈ મુંબઈમાં લોખંડના વ્યાપારની લાઈનમાં છે. શ્રી હરખચંદભાઈએ વિદ્યાભ્યાસ કરી મુંબઈ તરફ પ્રયાણ કર્યું. મહુવાથી મુંબઈ આવ્યા ત્યારે હાથમાં કાંઈ ન હતું, પણ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની અનુપમ આસ્થા અને હૈયામાં હામ અને હિંમત તેમજ સમાજ પ્રત્યે, દેશ પ્રત્યે કંઈક કરી છૂટવાની ભાવના હતી. મુંબઈ આવી કાપડમાર્કેટમાં વ્યાપારનો અનુભવ મેળવવા નોકરીથી પ્રથમ જીવન શરૂ કર્યા બાદ ત્યાંથી છુટા થઈ, શ્રીયુત બાબુભાઈ મૂળચંદના સહકારથી ઝવેરીબંધુને ત્યાં રહ્યા અને ત્યાં ઝવેરાતના ધંધામાં નિષ્ણાત થઈ ઝવેરાતના ધંધામાં ઝુકાવ્યું. તેઓશ્રીના સરળ સ્વભાવી, માયાળુ હોવા સાથે અનેક ચડતી-પડતીના ચક્રોમાંથી પસાર થતાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પૂર્ણ સમર્પણભાવ અને શુભભાવનાના પ્રભાવે ધંધામાં પ્રગતિ થવા લાગી અને જેમ જેમ લક્ષ્મી પ્રાપ્ત થતી ગઈ તેમ તેમ ગુપ્તદાન દેવા સાથે મહુવા બાળાશ્રમમાં રૂા. ૫૦૦૧, મહુવામાં થયેલ છેલ્લી પ્રતિષ્ઠા વખતે ૨૦૦૭માં રૂા. ૧૫,૦૦૦ તથા અનેક ઉછામણીના આદેશો લીધા. મુંબઈ નજીક અગાશી ગામમાં રૂા. ૧૫,૦૦૦ ખર્ચી દરેક રૂમમાં ૧૫૧ ચીજો સામગ્રી સહિત સેનેટોરિયમ બંધાવ્યું અને પોતાના પ્રિય પુત્ર બિપિનકુમારની જન્મગાંઠના દિવસે જૈન નરરત્ન શેઠ રમણભાઈ દલસુખભાઈ J. P.ના વરદ મુબારક હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું. પાલિતાણા, કદંબગિરિ, કુંડલા, બોટાદ, ગિરનારજી, મહુવા, સમેતશિખરજી. ભોંયણી, તળાજા વગેરે સ્થળે ઉદારતાપૂર્વક સખાવતો કરી, ગુપ્તદાનનો પ્રવાહ તો ચાલુ જ છે. તેમના પરિવારમાં ત્રણ પુત્ર બિપિનચંદ્ર, દીપક, પ્રકાશ અને ત્રણ પુત્રી છાયાબહેન, સરલાબહેન તથા પ્રવીણાબહેન છે. ધાર્મિક સાહિત્યમાં પંચપ્રતિક્રમણ, જૈન નિત્યપાઠ સંગ્રહ વિદ્યાર્થીઓ માટે છપાવી પ્રસિદ્ધ કરેલ છે. પુણ્યાનુબંધી પુણ્યથી મળેલ લક્ષ્મીનો આત્મકલ્યાણ માટે સદ્વ્યય કરે છે. શ્રી અગાશી જૈન તીર્થ મુંબઈ પ.પૂ. મુનિસુવ્રતસ્વામી દેરાસરમાં આજીવન કાર્યકર્તા ટ્રસ્ટી તરીકે સેવા આપેલ હતી. સૌરાષ્ટ્રભરમાં જેની આગવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિભા તથા પ્રતિષ્ઠા છે એવા મહુવા યુવક સમાજ—મુંબઈના, કે જેણે મહુવામાં બાલમંદિરથી કોલેજ સુધીની સંસ્થાઓના નિર્માણમાં દાનનો પ્રવાહ વહેવડાવી અમૂલ્ય યોગદાન આપ્યું છે તેના પ્રમુખપદે રહી ચૂક્યા છે. શ્રી મહુવા કેળવણી સહાયક સમાજ—મહુવામાં કાર્યવાહક કમિટીમાં જીવનભર રહ્યા અને સેવા આપી. શ્રી મુંબઈ ઘોઘારી વીશા શ્રીમાળી જૈન સમાજના મંત્રી તરીકે સેવા આપી છે. શ્રી મુંબઈ જૈન મહાસંઘ, જૈન કેળવણી મંડળ, મુંબઈ જૈન યુવકસંઘ, ભારત જૈન મહામંડળ વગેરે અનેક સંસ્થાઓમાં કાર્યશીલ રહી સેવા આપેલ છે. અત્યંત સેવાભાવી તથા પરગજુ સ્વભાવ હોવાથી દેશમાંથી આવનાર અનેક યુવાનોને નોકરી તથા વ્યવસાય શોધી આપી લાઈને ચડાવતા હતા. અત્યંત નીડર, સ્પષ્ટવક્તા અને દીર્ઘદ્રષ્ટા હતા. જીવનની શરૂઆતમાં છ મહિના લાગલાગટ સળંગ આયંબિલતપની આરાધના કરેલ હતી. આ રીતે જીવનમાં ધાર્મિકક્ષેત્રે, સામાજિકક્ષેત્રે અને કેળવણીક્ષેત્રે અનુપમ, અનુમોદનીય યોગદાન આપેલ. પ્રભુભક્તિ, ગુરુભક્તિ, સાધર્મિકભક્તિ તથા અનુકંપાદાન તેઓનો જીવનમંત્ર હતો. ભવ્યમુખમુદ્રા, શાંત સ્વભાવ અને પ્રસંગોચિત્ત વાત કરવાની આવડત ભલભલાને મંત્રમુગ્ધ કરતી. તેઓમાં સ્વભાવે નમ્રતા, નિખાલસતા, સરળતા, સહૃદયતા, સૌભાગ્યતા અને વિશાળતાના કારણે સૌના પ્રીતિપાત્ર બનેલ. શ્રાવકોચિત્ત ક્રિયાકર્મ આરાધનામાં સદા તત્પર રહેતા. તેમના માતા—પિતાના ઉપકારને ન ભૂલતા મહુવા શ્રી નેમિવિહાર જૈન દેરાસરમાં તેમની પ્રતિકૃતિ સ્થાપન કરેલ. સાદું સરળ જીવન, સાદગીને અગ્રસ્થાન, ઉપધાન તપ કરાવેલ. પરગજુ પરોપકારમાં રત કોઈપણને સાદી અને સમજપૂર્વકની હિત શિખામણ આપતા અને દેશમાં નવા આવેલ અનેક યુવાનોને રહેવા—જમવાની સગવડતા ઉપરાંત લાઈને પણ ચડાવતા. અનેક કુટુંબોને ઘર પણ લઈ આપેલ હતા. મસ્જિદ બંદર ઉપર ૧૯૪૬ના બોમ્બ ધડાકા વખતે અનેક કુટુંબને આશરો આપી ખાવા—પીવાની તેમજ રહેવાની વ્યવસ્થા કરેલ હતી. સૌરાષ્ટ્રમાં મહાજનપ્રથા ઘણી જ મજબૂત હોવાથી મહાજનો કે જેઓ શ્રેષ્ઠી તરીકે ઓળખાતા હતા તથા સૌરાષ્ટ્રના વિકાસમાં મદદ કરતા, તેઓનું સમાજ પ્રત્યેનું દાયિત્વ ઘણું જ મજબૂત હતું. આવું એક વ્યક્તિત્વ ધરાવનાર શ્રેષ્ઠી શ્રી હરખચંદભાઈ હતા. પુત્રનાં લક્ષણ પારણામાં અને વહુનાં લક્ષણ બારણામાં. બાલ્યકાળથી જ ધર્મ સંસ્કાર, શિક્ષણ, સેવાપરાયણતા અને દેશદાઝના સંસ્કાર મળેલા હોઈ જૈન સમાજને નાની ઉંમરથી સેવા આપી. ભારતની આઝાદીની ચળવળમાં પણ તેઓ સક્રિય હતા. અનેક નેતાઓ સાથે સંપર્કમાં રહીને ભારતમાતાની સેવા કરવામાં પોતાનું ગૌરવ સમજતા. સેવાને સંપત્તિ માનીને ધાર્મિક, સામાજિક અને માનવતાવાદી પ્રવૃત્તિઓને જીવનધ્યેય બનાવેલ. પિતાશ્રી વીરચંદભાઈએ કરેલ સાધુ—સાધ્વીની અજોડ વૈયાવચ્ચના ગુણો નાનપણથી જ મળેલા. સાધર્મિક બંધુઓને અનાજ, કપડાં, દવાઓ, વાસણ વગેરે ઘરવખરીની ચીજો વગેરેની મદદ કરતા. સૌજન્યતા અને શીલતાના ગુણો જીવનમાં પચાવી જાણ્યા. આત્માનંદ સભા—મુંબઈમાં પણ તેઓએ પોતાની સેવા આપી. શ્રી ઘોઘારી જૈન મિત્ર મંડળમાં પણ પોતાની સેવા આપેલ હતી. તેમનાં ધર્મપત્ની પ્રભાવંતીબહેને અનેકવિધ તપશ્ચર્યા કરેલ સાથે ધાર્મિક લાગણીથી ગૂંથાયેલ કુટુંબપરિવારની સાચી ગૃહિણી બની દરેક કાર્યમાં સતત પ્રયત્નશીલ, પ્રેરણારૂપ બનેલ. વિકાસગાથામાં સતત આધ્યાત્મિકતા વણાયેલી રહી છે. ‘લઘુતામાં પ્રભુતાનો વાસ’ એ સદ્‌ગુણને જીવનમાં વણી લીધો. કુટુંબીજનોની સેવા અને શૂન્યમાંથી સર્જન કરવાનો મહાનગુણ અને પુરુષાર્થ ગજબના હતા. હાથમાં લીધેલ કાર્ય કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરવાની ધગશ અને હિંમત હતાં. વીરચંદ રાઘવજી ગાંધીના કુટુંબીજન એવા શ્રી હરખચંદભાઈ દરેક કાર્યમાં આગળ રહી આત્મવિશ્વાસથી નર્મદના શબ્દોમાં “ડગલું ભર્યું કે ના હટવું, ન હટવું”ને જીવનમાં બરાબર અપનાવ્યું હતું. દરેક વ્યક્તિમાં શક્તિઓ પડેલી જ હોય છે પણ તે શક્તિને કેળવવા, ખીલવવા કે બહાર લાવવાની આવશ્યકતા છે દેવકૃપાની અથવા ગુરુકૃપાની અને એટલે જ પુણ્યશાળી આત્મા દેવ—ગુરુ—ધર્મની કૃપાથી જીવનને નંદનવન સમુ બનાવી જાય છે. દેવ—ગુરુ—ધર્મીના ચરણોમાં જીવન સમર્પિત કરી જિનશાસનની સુવાસ મહેકાવવા અદ્‌ભુત યોગદાન આપી ઐતિહાસિક કારકિર્દી રચી છે. પ.પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજસાહેબ તથા તેમનાં નવરત્નો તથા પ.પૂ. આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સાહેબ વગેરે અન્ય તમામ આચાર્યોના આશીર્વાદથી જીવનમાં અનેક સુંદર પ્રેરણાદાયી ઐતિહાસિક કાર્યો કરી તેની હારમાળા રચી દીધી. શાસનપ્રેમી, ગુરુ સમર્પિત, શાસનભક્ત એવા આ આત્માએ ખૂબ ખૂબ પ્રેરણાદાયી અનુપમ કાર્યો કરી પુણ્યકર્મ ઉપાર્જન કર્યું. સ્વપ્નદ્રષ્ટા એવા તેઓએ ધૂપસળી માફક જૈન, જૈનેતર સમાજમાં સુવાસ ફેલાવી છે. મહુવામાં શાકમાર્કેટનું ઉદ્‌ઘાટન તેમાં માંસ નહીં વેચવાની શરતે કરેલ હતું. સંઘના અગ્રપદે રહીને ધર્મપરાયણતા, સચ્ચાઈ, ચારિત્ર્યશીલતા, ઉદારતા આદિ ગુણોથી સંઘનું ગૌરવ વધારેલ. તેમના પ્રત્યેની બહુમાનની લાગણીરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ તળાજામાં ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના વરદ્ હસ્તે તેઓને કાસ્કેટ સમ્માનપત્ર અર્પણ કરવામાં આવેલ તથા મહુવામાં બાંધેલ મકાનનું વાસ્તુ પણ તેમના હસ્તે કરવામાં આવેલ તથા મુંબઈ ભાયખલા શ્રી ચતુર્વિધસંઘ સમક્ષ શ્રી મહુવા જૈન મંડળની નિશ્રામાં શ્રીયુત,શ્રી કાંતિલાલ ઈશ્વરલાલના વરદહસ્તે કાસ્કેટ સમ્માનપત્ર અર્પણ કરવામાં આવેલ. તેમનાં મોટાંબહેન ચંદનબહેને પણ ૧૦૧ ઓળી કરી ધંધુકા મુકામે પારણું કરેલું. તપશ્ચર્યાઓ ચાલુ હોય છે. તેમના સુપુત્ર બિપિનચંદ્રને ૨૬ વર્ષથી એકાસણાં ચાલુ છે તથા ત્રણ વર્ષીતપ, તેમાં એક વર્ષીતપ ચોવિહાર છઠ્ઠના પારણે ઠામ ચોવિહાર એકાસણું કરેલ તથા તેમના સુપુત્ર વિશાલ **M.Com. M.B.A.** તથા ચિ. નીલેશ **(B.M.S. M.Com)**સાથે ઝવેરાતના ધંધામાં પ્રગતિ કરી રહ્યા છે. તેમના પિતાનો સખાવતી વારસો આગળ ધપાવી વર્ષે બે વાર સાધર્મિક વાત્સલ્ય, ગુપ્તદાન, સંઘજમણ, સંઘપૂજા, મોટાંપૂજનો, પ્રતિષ્ઠા (મહુવા, ખંભાત, બેંગ્લોર, સુરત, નાસિક, વિલ્હોળી, ચંદ્રપ્રભુ લબ્ધિધામ–અમદાવાદ) વગેરે ધાર્મિક કાર્યોમાં ભાગ લઈ જીવન સફળ બનાવી રહ્યા છે. મહુવામાં હરખચંદ વીરચંદ ટેક્નિકલ હાઈસ્કૂલ તથા હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર, ભોંયણીમાં સેનેટોરિયમમાં બ્લોક વગેરે કાર્યો કરી જીવન સફળ બનાવ્યું. તેમના કુળની યશોગાથા ઉજ્જવળ કરી. મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમ તથા શકુંતલા જૈન ગર્લ્સ હાઈસ્કૂલમાં ટ્રસ્ટ કરેલ છે. મુંબઈમાં શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના ૨૦મા અધિવેશનમાં સ્વાગતપ્રમુખ તરીકે સફળ કામગીરી બજાવી ઉજ્જવળ યશોગાથામાં એક પીંછું ઉમેર્યું હતું તથા સમસ્ત જૈન સમાજને યોગ્ય દિશા બતાવી અનેક સ્થાનોએ ગુપ્તદાન, અનુકંપાદાન, જીવદયા, સાધર્મિકભક્તિ, ગુરુમહારાજોની વૈયાવચ્ચ જીર્ણોદ્ધાર, ઉપાશ્રય, સાધર્મિકભક્તિ, સંઘપૂજનો, પ્રતિષ્ઠામહોત્સવો ધાર્મિક તથા સામાજિક અનુષ્ઠાનો, સાતક્ષેત્રમાં લક્ષ્મીનો સદવ્યય કરી જીવન સફળ બનાવેલ. પ.પૂ. આ.ભ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સાહેબની અગ્નિસંસ્કાર ભૂમિ ઉપર શિખરબંધી દેરાસર બનાવી શ્રી મહુવા સંઘને અર્પણ કરેલ છે. ઘરમાં પરમ ઉપકારી પરમાત્મા પૂ. શ્રી મહાવીર સ્વામીનું ઘર દેરાસર બનાવી લાભ લીધેલ છે. જીવનમાં નવ લાખ નવકાર મંત્રનો જાપ પૂરો કરેલ છે. આયંબિલતપ, સામાયિકો, જાપ વગેરે સુંદર ધાર્મિક ક્રિયાઓ કરેલ છે. તળાજામાં ચૌમુખજીમાં પ્રતિષ્ઠામહોત્સવમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી અનેક લાભો લીધેલ તથા પ.પૂ. આ.ભ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સાહેબની ૪૧"ની પ્રતિમા સ્થાપન કરેલ તથા ચૌમુખજીમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલ. પાલિતાણામાં કેશરિયાજીનગરમાં પહેલે માળે પ્રતિમા પધરાવી પ્રતિષ્ઠા કરાવેલ. અનેક સુકૃત્યો કરીને જીવન સફળ બનાવેલ. તેમના સુપુત્ર બિપિનચંદ્રએ મહુવા નેમિવિહાર દેરાસરમાં ચૌમુખજીમાં તથા જીવિતસ્વામીના દેરાસરમાં શ્રી નેમિનાથજી, મંત્રાધિરાજ પાર્શ્વનાથ તથા શ્રી અનંતનાથ પ્રભુની પૂજા–પ્રતિષ્ઠા કરાવેલ છે. નાનાં–મોટાં અનેક દાનો કરી જીવનમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી જીવન સફળ બનાવી રહ્યા છે. ચંદ્રપ્રભુ લબ્ધિધામ–અમદાવાદમાં પ.પૂ. આ.શ્રી ચંદ્રયશસૂરીશ્વરજીની નિશ્રામાં વીશ–વિહરમાન તીર્થંકરની પ્રતિષ્ઠા–આંગી–પૂજા વગેરેમાં લાભ લીધેલ છે. સેંટ ઝેવિયર્સ સ્કૂલ–ધોબી તળાવમાં પણ ૧૦ વર્ષ કમિટીમાં રહી સેવા આપેલ છે. તેમનાં પત્ની અ.સૌ. તરુણાદેવી ખડે પગે ગુરુભક્તિ, સાધર્મિકભક્તિ, ધર્મની પ્રભાવના વગેરેમાં તન–મન–ધનપૂર્વક સાથ સહકાર આપી તથા પ્રેરણાસ્રોત બની હૃદયની શુદ્ધતાપૂર્વક સરળતા, સાલસતા તથા કુટુંબની એકતા, પ્રગતિ ને ઉન્નતિ માટે કુટુંબીજનોની સેવા કરી રહ્યાં છે. અન્નપૂર્ણાદેવીની ઉપમા સાર્થક કરી રહ્યાં છે. મહારાષ્ટ્ર ગવર્મેન્ટમાં મહિલાદક્ષતા કમિટી તથા એકતા કમિટીમાં સેવા આપી રહ્યાં છે.

## સ્વ. શ્રી શિવલાલભાઈ દીપચંદ શાહ



શ્રી શિવલાલભાઈનો જન્મ કરાંચીમાં થયો હતો. ૧૯૪૨ની લડત વખતે અભ્યાસ છોડી કુમળી વયે લડતમાં ઝંપલાવ્યું. પોતાની આર્થિક સ્થિતિ સાધારણ હતી માટે તેમણે લશ્કરી ખાતામાં નોકરી સ્વીકારી. બાવીસ વર્ષ લશ્કરી ખાતામાં કામ કરવાનો એમને બહોળો અનુભવ હતો. શિસ્ત, નિયમિતતા, ચોક્સાઈ, જવાબદારીની સભાનતા વગેરે ગુણો લશ્કરમાં કામ કરવાને કારણે શિવલાલભાઈમાં સહજ રીતે જોવા મળતા.

લશ્કરી નોકરી છોડી તેમણે વ્યાપારમાં ઝંપલાવ્યું. અને પોતાના સાળા શ્રી ચીમનભાઈ કે. મહેતા સાથે મળીને મુંબઈ દીપક ટ્રેડીંગ કું. ચલાવી અને સમય જતાં વડોદરામાં દીપક નાઈટ્રાઈટ લિ.ની સ્થાપના કરી અને તેના તેઓ સેક્રેટરી બન્યા. એ ઉદ્યોગ દ્વારા તેમણે ઉદ્યોગના ક્ષેત્રે યશસ્વી સિદ્ધિ હાંસલ કરી હતી. પોતે નોકરી કરતાં કરતાં જીવનમાં ઊંચા સ્થાને પહોંચ્યા

હતા એટલે નોકરી કરનાર માણસોની મુશ્કેલીઓ પ્રત્યે તેમને હંમેશા સહાનુભૂતિ રહેતી. તેઓ સ્વભાવે અત્યંત ઉદાર અને પરગજુ હતા. પરિચિત વ્યક્તિનું કામ તેઓ હોંશથી તરત કરી આપતા.

છેલ્લી અવસ્થામાં તેઓ પૂરેપૂરા સ્વસ્થ હતા. જીવનમાં સક્રિય વર્ષો તો માણી લીધાં છે. આતો વધારાનાં વર્ષો છે એ ખેલદિલીથી હસતાં હસતાં કહેતા. કુદરતે એવી નોટીસ આપી છે કે જેથી ઉત્તમ ધર્મકાર્ય વેલાસર કરી શકાય. ત્યારે તેમની સ્વસ્થતા અને સમતા જોઈને એમના પ્રત્યે સૌને બહુ આદર થયો હતો.

શિવલાલભાઈ વડોદરાની અનેક સામાજિક સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. એમની સુવાસ ઘણી મોટી હતી. અંગત રીતે પણ તેઓ અનેક લોકોને કશી પણ પ્રસિદ્ધિની કે નામ–નિર્દેશની અપેક્ષા વિના સહાય કરતા અને અનેકને અંગત મુશ્કેલીઓમાં મદદરૂપ થવા પ્રયત્ન કરતા. વડોદરાના સુપ્રસિદ્ધ કવિ ડૉ. રણજીતભાઈ પટેલે (અનામી) એમને અંજલિ આપતાં નીચેની પંક્તિઓ લખી છે :

એક દીપક પ્રગટ્યો દીપ થકી
જેણે શિવ–કલ્યાણની જ્યોત ધરી;
જેની યોગમ સૌમ્ય દ્યુતિ ઊભરી,
કૈં કૈંની વિપદ–તિમિર હરી.
એક દિવ્ય પ્રકાશ, પ્રકાશનકી;
એક દીપક પ્રગટ્યો ચંદ થકી,
એને જીવન કોડિયે સ્નેહ છલોછલ;
એનાં કર્મની વાટ અહો કશી નિર્મલ.
સ્થિર સૈર પ્રકાશ ઝગી શું પલેપલ;
નિશદિન નિશા હરવાનું કશું બલ ?
મહાજ્યોતિ શું આખિર એ લપકી;
એક દીપક પ્રગટ્યો દીપ થકી.

## શ્રી પન્નાલાલ ભીખાચંદ શાહ



જૂની પેઢીમાં પ્રખર પુરુષાર્થની પ્રતિમૂર્તિ સમા શ્રી પન્નાલાલભાઈ બી. શાહનું નિસ્પૃહી અને સેવામય જીવન તેમની સખાવતી વૃત્તિની સ્વયં પ્રતીતિ કરાવી જાય છે.

આ સાહસિક અને સેવાભાવી શ્રેષ્ઠીનો જન્મ ગરવી ગુજરાતના ઐતિહાસિક શહેર પાટણમાં ૧૯૬૬ના અષાઢ સુદી સાતમને સોમવારે થયો. નાની વયમાં પિતાશ્રીની શીતળ છાયા ગુમાવી. સંઘર્ષ અને ઝંઝાવાતો સામે બાથ ભીડવા કમર કસી. ખપ પૂરતો અભ્યાસ કરીને જીવનસંગ્રામમાં આગળ વધ્યા પણ માત્ર સેવા એ એમનો એકમાત્ર પરમાનંદ રહ્યો. કર્તવ્ય એ એમના જીવનનું એકમાત્ર ધ્યેય રહ્યું. ખાસ કરીને માનવસેવા એમનો જીવનભરનો મંત્ર બન્યો.

મજબૂત મનોબળ, મિલનસાર અને નિખાલસ હૃદય અને દૃઢ નેતૃત્વશક્તિને કારણે તેઓ મુંબઈમાં ફૂટપાથ પાર્લામેન્ટના સફળ સુકાની બન્યા. સમૂહબળ જમાવ્યું અને તે દ્વારા જનગણની સુંદર સેવા કરતા રહ્યા.

સેવાનો ગહન માર્ગ અપનાવી સંયમ, સાદાઈ અને સૌજન્યતાના ત્રિવેણીસંગમ સમા આ વિરાટ વ્યક્તિએ જનતાના પ્રશ્નો નીડરપણે યોગ્ય સ્થળે રજૂ કરી જનમાનસમાં સુંદર સુવાસ ઊભી કરી.

જીવનભર ખંત અને ધીરજપૂર્વક ઘણા પ્રસંગોએ એક અડગ યોદ્ધાની જેમ જૈન શાસનની અને બીજી સંખ્યાબંધ સંસ્થાઓ દ્વારા સેવા કરી.

શેઠ અમીચંદ પન્નાલાલ શ્રી આદીશ્વરજી જૈન ટેમ્પલ ટ્રસ્ટ વાલકેશ્વર–મુંબઈ–૬ના જીવન પર્યંત ટ્રસ્ટી હતા. મુંબઈમાં દવાના ધંધાની લાઈનમાં જોડાયા–''વોરા બ્રધર્સ'' પેઢીના ભાગીદાર બન્યા અને વિશિષ્ટ પ્રગતિ સાધી. એમના અનોખા વ્યક્તિત્વને કારણે વ્યાપારી આલમમાં પણ સૌના તેઓ પ્રીતિપાત્ર બન્યા.

પ્રિન્સેસ સ્ટ્રીટ–લુહાર ચાલ જૈન સંઘના અગ્રણી–મોભી, જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, આત્માનંદ સભા, મહાવીર જૈન વિદ્યાલય, નાનીમોટી અનેક સંસ્થાઓમાં તેમની નિ:સ્વાર્થ સેવા યાદગાર બની.

પૂ.આ. શ્રી વલ્લભસૂરિજી દાદાની પ્રેરણાથી શાસનસેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં એમનું નામ સૌ પ્રથમ મોખરે રહ્યું. આણંદજી કલ્યાણજીની પેઢીમાં પાટણના સક્રિય કાર્યકર તરીકે, પાટણ જનતા હોસ્પિટલ, પાટણ પાંજરાપોળ; ફૂટપાથ પાર્લામેન્ટ, સર હરકિશન હોસ્પિટલ, સુરત રેલ સંકટ, ગરીબો માટેનાં દૂધ કેન્દ્રો અને કોંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહીને ગજબનું કામ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની સેવાની કદરરૂપે ૧૯૫૮માં મુંબઈ સરકારે જે.પી.ની માનવંતી પદવી આપી. પાટણ જૈન સંઘે એમનું બહુમાન કરી નવાજ્યા. લાખિયારવાડના રહેવાસીઓએ પણ તેમને સન્માન્યા. જનસમાજમાં ઘણું મોટું માન-સન્માન પામ્યા. સેવાજીવનની એ જ પગદંડી ઉપર તેમના પુત્રો ચાલી રહ્યા છે.


હરેશભાઈ પી. શાહ

સૌથી મોટા પુત્ર શ્રી હરેશભાઈ પણ મુંબઈની અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. નાણાવટી હોસ્પિટલમાંથી પરિવાર અને અન્ય સર્કલમાંથી વ્યવસ્થા કરાવીને એક ફ્રી બેડની જોગવાઈ કરાવી છે. મહાવીર હોસ્પિટલમાં સારું એવું દાન આપેલું છે. ભારતના તીર્થયાત્રાનો પણ આ પરિવારે લાભ લીધો છે.

ગરીબોને દવાદારૂ, રક્તદાન અને એવી અન્ય માનવસેવાની પ્રવૃત્તિમાં શ્રી હરેશભાઈને વિશેષ રસ છે. આખું યે કુટુંબ મંગલ ધર્મની ભાવનાથી રંગાયેલું છે. શ્રી હરેશભાઈ મુંબઈની જુદી જુદી સંસ્થાઓ સાથે આ રીતે સંકળાયેલા છે. પ્રિન્સેસ સ્ટ્રીટ-લોહાર ચાલ જૈન સંઘના ટ્રસ્ટી, જનસેવા સંઘ-મુંબઈના ખજાનચી; લીબર્ટી હાઈસ્કૂલ, મુંબઈના ખજાનચી; ફૂટપાથ પાર્લામેન્ટના મેમ્બર, આત્માનંદ જૈન સભાના મેમ્બર તથા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટીના મેમ્બર.

*શ્રી વિજાપુર વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિપંચના અગ્રણી*

## શેઠશ્રી અમૃતલાલ રતિલાલ



તેઓશ્રી નાનપણથી પ્રભાવશાળી ચહેરો ધરાવતા, સમય જતાં અનોખું વ્યક્તિત્વ તેમનામાં નીખરી આવ્યું. નાની ઉંમરથી નોકરીમાં જોડાયા. લગભગ ઉંમર વર્ષ ૬૦ સુધી બે જગ્યાએ નોકરી કરી અને શેઠના પ્રિય પાત્ર તરીકે આગળ આવી પ્રગતિ સાધી. ૬૦ વર્ષે નોકરી છોડ્યા પછી ધર્મમય જીવન ગાળવાના નિર્ધાર સાથે દિન પ્રતિદિન તેમાં આગળને આગળ વધતા રહ્યા. તત્ત્વની ભૂખ જાગી અને રુચિને કારણે જ્યાં જ્યાં યોગ પ્રાપ્ત થયો ત્યારે ગુરુમુખે વાણી સાંભળતાં છેલ્લાં વર્ષોમાં ધાર્મિક વાચન કર્યું તેના પુણ્યે મનથી અને ચિત્તથી અંદર શાંતતા આવતી ગઈ. પોતાની જાતે આરાધના કરી શકે તે માટે ૭૦ વર્ષની જૈફ વયે બે પ્રતિક્રમણનો અભ્યાસ કર્યો. તેમની ખાસ વિશેષતા મૌન પણ સામયિક કરતાં તેમની મુદ્રાને નીરખવા જેવી હતી. સમાજસ્તરે વિજાપુર સત્તાવીશ જ્ઞાતિપંચની પરંપરાએ સંવત ૨૦૧૨માં પંચની ગાદીએ આવ્યા. શાંત સ્વભાવ, કુશાગ્ર બુદ્ધિ અને મિલનસાર સ્વભાવથી સંસ્થા અને જ્ઞાતિપંચનો પ્રેમ સંપાદન કર્યો. છેલ્લી બે મીટિંગમાં નાદુરસ્ત તબિયત હોવા છતાં જ્ઞાતિ પ્રત્યેની લાગણીથી તેઓ ગાદી પર બેઠા. ચાર વર્ષની કેન્સર જેવા અસાધ્ય રોગમાં પણ ગજબની સહનશીલતા અને સમતાભાવ રાખી કુટુંબ માટે પ્રેરણારૂપ રહ્યા અને હંમેશાં માર્ગદર્શક રહ્યા. તેઓ હાલમાં બે પુત્રો અને બે પુત્રીનો સુખી પરિવાર મૂકી ગયા છે. અંતિમ સમયે નવકાર મંત્ર સાંભળતાં ઉચ્ચારતાં પરમાત્મા અને ગુરુની આકૃતિ સામે નજર રાખી છેલ્લો શ્વાસ છોડ્યો, જે તેમના સમાધિમરણમાં પરિગમન પામ્યો. ૭૮મા વરસે કુટુંબીઓને કહ્યું હતું કે મારું મૃત્યુ ૮૨માં વરસે થવાનું છે, પરંતુ પરિવારે વાત લક્ષમાં લીધી નહીં અને અચાનક કેન્સર વ્યાધિનું નિદાન થયું. છેલ્લાં ચાર વર્ષ કેન્સરની વ્યાધિ દરમ્યાન સતત ધાર્મિક વાચન રહ્યું. તેના પ્રતાપે દર્દ સહન કરવાની અને સમતાભાવ રાખવાની ક્ષમતા વધી ગઈ. મૃત્યુના ત્રણ મહિના અગાઉ તમામ પરિગ્રહથી મુક્ત બની પોતાના માટે એક રૂપિયાનો પણ પરિગ્રહ રાખ્યો નહીં. સારા માર્ગે વાપરવાના રૂપિયા અનામત રાખી બધા રૂપિયા પરિવારમાં આશીર્વાદ આપતા હોય તેમ આપી દીધા. સોનું-ચાંદી આદિનો પણ મોહ રાખ્યો નહીં. છેલ્લા ૨૦ દિવસ વ્યાધિ ઉગ્ર બન્યો તેમ તેમની શાંતિ પણ વધતી ચાલી. છેલ્લા દિવસે મૃત્યુના (૧૦-૧૦ મિનિટે) ૪૫ મિનિટ પહેલા ડાયરી માંગી. તેમાં 'ઈશ્વર ધ્યાન' તેટલા શબ્દો લખ્યા સાથે પુત્રોએ ગુરુભગવંત આચાર્ય રામચંદ્રસૂરિજીનો ફોટો અને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો ફોટો ધર્યો. તેમને હાથ જોડ્યા. પુત્રોએ 'નમો અરિહંતાણં'નું રટણ ચાલુ કર્યું અને પોતે 'નમો અરિહંતાણં' શબ્દ ઉચ્ચાર કરતાં સમાધિપૂર્વક મૃત્યુને સ્વીકાર્યું. મૃત્યુ બાદ પણ મુખ ઉપર એજ શાંતિ-સમાધિની મુદ્રા-જાણે આંખ મીંચી ધ્યાનમાં સૂતા હોય! આવી શાંતિ, સમાધિ, સમભાવ અમને પણ મળે એવું પરિવાર માંગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ નોંધ : આ.ભ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય શ્રી આ. ભ. ચંદ્રોદય સૂરિજીના શિષ્ય આ.ભ. શ્રી કનકશેખર સૂરીશ્વરજી સાથે પરિચય હોવાના કારણે વિનંતી કરતાં અવારનવાર સમાધિ આપવા આવતા હતા. છેલ્લે બે દિવસ અગાઉ જ આવી સમાધિ આપવાપૂર્વક સુંદર માર્ગદર્શન આપ્યું. અમૃતભાઈએ પણ ગુરુપૂજન કર્યું. માંગલિક સાંભળ્યું. તેમના આવવાથી તેમના સમભાવમાં અને દર્દ સહન કરવામાં શક્તિ પ્રાપ્ત થતી હતી. ગુરૂકૃપાથી છેલ્લે સુધી તેમણે સમભાવને ટકાવી રાખ્યો હતો.

## શ્રી કાંતિભાઈ મણિલાલ ઝવેરી

'કાંતિભાઈની ધર્મ કાન્તિ'



આબુ–દેલવાડાનાં દેરાસરનું સ્મરણ થતાં જ જેમ શ્રી વસ્તુપાલ તેજપાલ અને અનુપમાદેવી સ્મૃતિપટ ઉપર ખડા થઈ જાય છે, તેમ શ્રી હસ્તગિરિ તીર્થનું નામ લેતાંની સાથે જ જેમનું નામ સ્મૃતિપથ ઉપર અંકિત થઈ જાય છે, તે શ્રાદ્ધવર્ય શ્રી કાંતિલાલ મણિલાલ ઝવેરીનું, જેમની સાચી ઓળખાણ એક જ છે.....'શ્રી કાંતિભાઈ હસ્તગિરિવાળા'.

શ્રી હસ્તગિરિ તીર્થના ઉદ્ધારમાં તેમણે તન–મન–ધન–જીવન ન્યોચ્છાવર કરી દીધાં છે! સુકલકડી આ એક શ્રાવક સાહસથી કેવી અનોખી સિદ્ધિ પામી શકે છે, એનું સાક્ષાત્ દર્શન આજે હસ્તગિરિ તીર્થમાં થાય છે. એક નાનું દેરાસર પણ કોઈ એકલાને બાંધવામાં કેટલી બધી મુશ્કેલીઓ નડે છે. એ આપણને ખબર છે, જ્યારે કાંતિભાઈએ ઊંચા પર્વત ઉપર શૂન્યમાંથી એક ભવ્ય સર્જન કર્યું. આ શ્રાદ્ધરત્ન આ તીર્થને શ્રેષ્ઠ ને પવિત્ર બનાવવા અવિધિ–આશાતનાઓ ન થાય તે માટે જાતે ત્યાં રહી બધી તપાસ રાખતા. લાંબી ઓળીના આયંબિલ જાળિયા ગામમાં ઝૂંપડીમાં જાતે રસોઈ બનાવી આ કરોડપતિ શ્રાવકે કર્યાં છે. લક્ષ્મીને ધર્મમાર્ગ અને જીવનસેવાને માર્ગે વાપરી મહાલક્ષ્મી બનાવી. તેઓ માનતા હતા કે દેવગુરુની કૃપા, જૈન સંઘો, જૈન બંધુઓ, સહકાર્યકર્તાઓના સહકાર વિના આ કાર્ય શક્ય ન હતું. આ સાથે કંચનબહેન પ્રકાશમય પડછાયો બનીને સહધર્મચારિણી બન્યાં.

સૌરાષ્ટ્રના પાલિતાણાના તીર્થક્ષેત્રથી ૧૭ કિ.મી.ના અંતરે આવેલ હસ્તગિરિ ૭૨ જિનાલય અષ્ટકોણાકારનું આ દેરાસર ગુલાબી સંગેમરમરથી બનેલું છે. આ તીર્થની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૫૫ વૈશાખ સુદ–૬ના રોજ પ.પૂ.આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શુભહસ્તે અને પ.પૂ.આ. શ્રી વિ.. માનતુંગસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ફળીભૂત થયું છે. તીર્થના નિર્માણકાર્યમાં પ્રારંભથી જ શ્રી બાબુલાલ નગીનદાસ ખંભાતવાળા તથા તેમનાં ધર્મપત્ની સૂર્યાબહેન અને વી. એલ. શાહ તન–મન–ધનથી સંકળાયેલાં રહ્યાં છે.

જેમની રગેરગમાં ધર્મ વહેતો હતો, એવાં માતુશ્રી ચંપાબહેનની કુક્ષિએ શ્રાવકરત્ન કાંતિભાઈનો જન્મ વિ. સં. ૧૯૭૮ પાટણમાં થયો હતો અને જીવન રાણે થયો વિ.સં. ૨૦૫૧ ચૈત્ર વદ આઠમના દિવસે જીવનલીલા સંકેલી. કાંતિભાઈ દશ વર્ષના હતા ત્યારે માતુશ્રીએ (ચંદ્રોદયાશ્રીજી મ.સા.) દીક્ષા અંગીકાર કરી અને ચૌદ વર્ષના હતા ત્યારે નીતિ અને પ્રામાણિકતાના માર્ગે જીવન જીવનારા તેમના પિતાશ્રી મણિલાલ ઉત્તમચંદનો દેહાંત થયો.

માતાપિતાની પાસેથી સંપત્તિના વારસાની સાથેસાથે આદિભક્તિ, ગુરુધીરતા, ધર્મમાં પ્રૌઢતા, શ્રદ્ધામાં નિર્મળતા, સંસારમાં વિરાગતા આદિ આધ્યાત્મિક સંસ્કારોનો વારસો તેમને ગળથૂથીમાંથી પ્રાપ્ત થયો હતો. પરિણામે બાલ્યવયમાં એક્ઝિબિશનમાંથી બા મહારાજ માટે કાચલી અને નોટબુક ખરીદવાનું મન થયું. પુણ્યાનુબંધી–પુણ્યથી પ્રાપ્ત થયેલ આ લક્ષ્મીનો તેમણે કરોડોની સંખ્યામાં સાત ક્ષેત્ર તેમજ અનુકંપા આદિમાં વિનિમય કર્યો. શ્રી સિદ્ધક્ષેત્રમાં ૨૦૦ થી વધુ સાધર્મિક ભાઈ–બહેનોને ચાતુર્માસ તથા નવ્વાણું યાત્રાની આરાધના કરાવી, એટલું જ નહીં પણ એ પ્રસંગે અનુકંપાદાન પણ એટલું જ વરસાવ્યું. પ્રત્યેક પૂજારી, ડોળીવાળા, ઘોડાવાળાને જમાડીને બહુમાન કરતાં. ઘોડાને ગળો આપતા, અનાથાશ્રમ અને શ્રાવિકાશ્રમમાં ઘણી વખત ખાવાનું પહોંચાડતા. આજ કારણે મજૂરોએ પણ માત્ર તનથી જ નહીં પણ મનથી તીર્થનિર્માણમાં સહાય કરી.

તીર્થનિર્માણનાં ભગીરથ કાર્યોમાં અનેક વિઘ્નો આવ્યાં તથા તેમના ઉપર જીવલેણ હુમલા પણ થયા હતા છતાં સૂઝબૂઝ અને ઈશ્વરકૃપાએ સારો અને સાચો માર્ગ બતાવ્યો. એક તબક્કો એવો પણ આવ્યો જ્યારે આર્થિક સહાય બંધ થતાં પોતાનો વૈભવી વિસ્તારમાંનો ફ્લેટ વેચી તીર્થનિર્માણનું કાર્ય આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધાર્યું. તીર્થનિર્માણના કાર્ય માટે ગિરિરાજ ઉપર કાળજાળ ગરમી હોય કે કડકડતી ઠંડી, ઉઘાડા પગે ગિરિરાજ પર ચઢી જાતે દેખરેખ રાખતા હતા.

તેઓને દરેક ગચ્છના સર્વ સાધુજન પ્રત્યે અહોભાવ હતો. પ.પૂ. આ. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજીની ઉપસ્થિતિમાં કાંતિભાઈને એક દાતા ભાઈએ ખૂબ જ ઠપકો આપ્યો ત્યારે આચાર્યશ્રીજીએ કહ્યું તમે મને ચાર શબ્દ કહ્યા હોત તો મને એનું દુઃખ ન થાત પણ આ શ્રાવકરત્નને તમે જે ઠપકો આપ્યો તે સાંભળી મને અત્યંત દુઃખ થયું છે. તેમની માફી માંગશો પછી જ હું આહારપાણી વાપરીશ. કાંતિભાઈની સમતાએ તે ભાઈનું હૃદયપરિવર્તન કરાવ્યું. આવા તેમના જીવનમાં ગુરુમુખની પ્રશંસાના ઘણા પ્રસંગો છે. પ.પૂ. આ. વિ. યશોવર્માસૂરીશ્વરજી મ.સા. હસ્તગિરિ પધાર્યા ત્યારે આ સુશ્રાવકના નામનો ક્યાંય ઉલ્લેખ ન થયેલો જોયો ત્યારે તેમણે આનંદ સાથે કહ્યું નામ ભલે ન દેખાતું હોય પણ કામ ઝળહળી રહ્યું છે. આવી વિભૂતિને વંદન. આવી જ રીતે પન્યાસજી ચંદ્રશેખર વિ. મ.સા. હસ્તગિરિ તીર્થ પર પ્રભુભક્તિ કરતાં ચોધાર આંસુએ રડી પડ્યા અને બોલ્યા "લોકોની વાત પરથી મેં જે અનુમાન બાંધ્યાં હતાં. જો હું અહીં આવ્યો ન હોત તો કોણ જાણે કેવાં ગાઢકર્મો મારાથી બંધાઈ જાત. બે પુણ્યશાળી આત્માના શુભકર્મોની અનુમોદના કરું છું. આજે ત્રીજુ નામ કાંતિભાઈનું ઉમેરાય છે". આ વાતનો એમના 'મારા વિહારનાં પ્રવચનો'માં ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરાંત સદ્‌ગુરુઓના સમાગમથી આત્માની સાધનામાં એકનિષ્ઠ બન્યા. વ્યાખ્યાનવાચસ્પતિ આ.ભ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મ.સા., અધ્યાત્મયોગી પંન્યાસજી શ્રી ભદ્રંકર વિ. મ.સા. તથા આગમપ્રજ્ઞ આ.ભ. શ્રી વિ. માનતુંગસૂરીશ્વરજી મ.સા. આદિના અનન્ય ઉપકારથી તેઓ જ્ઞાનધ્યાન-તપજપ વિનય વૈયાવચ્ચ આદિ મુક્તિમાર્ગની સાધનામાં નોંધપાત્ર વિકાસ સાધી શક્યા. બેથી ત્રણ વખત વીસ દિવસમાં પૌષધ અને ખીરનાં એકાસણાં સહિત એક લાખ નવકારમંત્રનો જાપ, શંખેશ્વરતીર્થમાં સંપૂર્ણ મૌનપણે ઉપધાન તપ, દર પર્યુષણમાં લગભગ છઠ્ઠ-અઠ્ઠમ તપની સાથે ચોસઠપ્રહરી પૌષધ વર્ધમાનતપ ઓળીઓ (૬૪ જેટલી), નિત્ય બેસણાથી ઓછું તપ નહીં. હંમેશાં એક વિગઈનો મૂળમાંથી ત્યાગ, અઠ્ઠઈ તપ આદિ તપજપનાં વિવિધ સદ્‌અનુષ્ઠાનથી તેમનું જીવન સમૃદ્ધ હતું. મુસાફરીમાં પણ બિયાસણાંદિ તપ ચાલુ રાખતા. તેમાં ઉકાળેલા પાણીના અભાવે ઘણી વખત તરસ્યા જ ચોવિહારવાળવાનો અને માત્ર ચણા ફાકીને આયંબિલ કરવાના પ્રસંગો આવેલા. તેમણે નાની વયમાં બાર વ્રત ઉચ્ચરીને અણીશુદ્ધ પાલન કર્યું હતું. પોતે દીક્ષા ન લઈ શક્યા તેમનો એમને ખૂબ રંજ હતો. તે માટે એમને જીવનભર મૂળથી કેરીનો ત્યાગ તથા ભાતનો ત્યાગ કર્યો હતો. મુક્તિ એ જ એમનું લક્ષ્ય હતું. તેમણે ધર્મશાળા, પૌષધશાળા પાલિતાણામાં બંધાવી, ઉપરાંત આયંબિલશાળા પાંજરાપોળ જેવી સંસ્થામાં પોતાના વતન પાટણમાં પણ એમને યોગદાન આપ્યું હતું.

દૃઢતા, ધીર, ગંભીર, સાહસ અને સતત્વશીલ આદિ ઉચ્ચગુણોથી યુક્ત એવાં તેમનાં ધર્મપત્ની કંચનબહેનના સાથ અને સહકાર વિના આ ભગીરથ કાર્ય સંભવિત ન થયું હોત. આધુનિક સાધનસામગ્રીથી વંચિત તથા તદ્દન અવિકસિત માત્ર કાંટા અને કાંકરા સિવાય બીજું કંઈ જ જોવા ન મળે, એવા હસ્તગિરિમાં આજ દિવસ સુધી, તેમ જ પતિની પાછળ પણ એટલા જ તન, મન-ધનથી ઉદારતા દાખવીને ત્યાં જ રહીને તીર્થસંભાળ કરી રહ્યા છે. આ ઉપરાંત વૈયાવચ્ચ અનુકંપાદાન સાધર્મિક ભક્તિ-જીવદયા-ધર્મ અનુષ્ઠાન જેવાં કે છ'રીપાલિત સંઘ અને જીવન દરમ્યાન જે સાધર્મિક ભાઈ-બહેનોએ સિદ્ધગિરિની જાત્રા ન કરી હોય તેવા મધ્યમ વર્ગી ૪૦૦ સાધર્મિકોને જાત્રા કરાવી. આમ અમૂલ્ય ગુણરત્નોથી તેઓ ભરેલા છે. આમ આ અતિ ભગીરથ તીર્થોદ્ધારના કાર્યમાં આજે પણ લઘુભગિની શ્રીમતી સૂર્યાબહેન તથા બાબુભાઈનું યોગ્યદાન પણ જબરજસ્ત સમર્પણ વૃત્તિવાળું છે.

સુશ્રાવક કાંતિભાઈના શ્રેષ્ઠ ધર્મ-કાર્ય અનુષ્ઠાનો અને તીર્થઉદ્ધારની ભાવપૂર્વક અનુમોદના કરી, તેમને લાખ-લાખ પ્રણામ.

## શ્રી કિરીટભાઈ પી. શાહ



ભાવનગરે વિદ્યા અને ધર્મક્ષેત્રે હંમેશાં તેજસ્વી પાત્રોની સમાજને ભેટ ધરી છે. વિવિધ પ્રવૃત્તિઓમાં આ શહેર હંમેશાં મોખરે રહ્યું છે.

યુવાન કાર્યકર્તા અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી કિરીટભાઈ શાહ ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓના પ્રણેતા છે. પુરુષાર્થ અને સ્વબળે વ્યાપારિક સંબંધો વિકસાવ્યા, વિચક્ષણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિ, નીડરતા, સાહસિકતા વગેરે તેમની આગવી શક્તિને કારણે જનસમૂહમાં સૌના પ્રીતિપાત્ર બન્યા છે.

લાયન્સ ક્લબ ઓફ ભાવનગર (વેસ્ટ)ના પ્રમુખ તરીકે તેમની સેવાઓ જાણીતી છે. લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩/બી ઝોન–૨ રીજિયન–૬ના ઝોન ચેરમેન તરીકે તેમની સેવાનું યોગદાન પ્રશંસાપાત્ર બન્યું છે.

ભાવનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં કારોબારીના સભ્ય ઉપરાંત ભાવનગર અને વિદ્યાનગર જૈનસંઘના સભ્ય તેમજ જૈનસેવા સમાજના કર્મઠ કાર્યકર બનીને સમાજની યથાશક્તિ સેવામાં પોતાનો મોટાભાગનો સમય આપતા રહ્યા છે.

સામાજિક ઉપરાંત શિક્ષણ સાહિત્યને ક્ષેત્રે પણ તેમની નાની મોટી સખાવતો જાણીતી છે. શહેરની ઘણી સંસ્થાઓમાં તેમનું માર્ગદર્શન ઉપયોગી અને ઉમદા બન્યું છે.

શાસનસેવાનાં અનેકવિધ કાર્યોમાં તેમની નેતાગીરી મોખરે રહેલ છે. તેની પાછળ તેમની ઊંડી સૂઝ–સમજ છે.

દશ વર્ષ ભાવનગર જૈનસંઘના મંત્રી તરીકે, આઠ વર્ષ ઉપપ્રમુખ તરીકે કામ કર્યું. ભાવનગર પાંજરાપોળ, ભા. જૈનસંઘ સંચાલિત દવાખાનું વગેરે તાલધ્વજગિરિ કમિટીમાં ટ્રસ્ટી તરીકે ચાલુ છે.

ભાવનગરના વ્યાપારી સમાજમાં પણ તેમનું આગવું માન અને સ્થાન રહ્યું છે. આજે લક્ષ્મીદેવીની તેમના ઉપર પૂરેપૂરી કૃપા હોવા છતાં જીવન અત્યંત સાદું, નિરાભિમાની ને નમ્રતાભર્યું છે.

તેમની વિકાસયાત્રામાં તેમનાં ધર્મપત્નીનો અને પરિવારનો ઉષ્માભર્યો સહયોગ મળતો રહ્યો છે.

## શ્રી કીર્તિભાઈ પોપટલાલ મેપાણી



કીર્તિભાઈનો જન્મ ઉત્તર ગુજરાતમાં જૂના ડીસા ગામે તા. ૧૪-૩-૩૫ના થયો.

પોતાના ઉમદા વિચાર–વાણી–વ્યવહાર દ્વારા અનોખા વ્યક્તિત્વના અદ્‌ભુત અમીછાંટણા કરી જીવન સિદ્ધ કરી જનાર સદ્‌ગત શ્રી કીર્તિભાઈ મેપાણીનો જીવનબાગ લીલોછમ રહ્યો હતો. તેમનાં પ્રત્યેક કાર્યો સુગંધિત બન્યાં હતાં.

શ્રી કીર્તિભાઈની સમગ્ર કારકિર્દીમાં પ્રબળ પુરુષાર્થ દ્વારા સિદ્ધિ હાંસલ કરવાની અદમ્ય ઇચ્છા તથા સુયોગ્ય કાર્યને સતત વળગી રહેવાની શક્તિનો સમન્વય સધાયો હતો.

શ્રી કીર્તિભાઈ મેપાણી તા. ૧૮-૭-૦૬ના રોજ સ્વર્ગવાસી થયા અને ઉચ્ચત્તમ વ્યક્તિત્વની સુવાસ બહોળી વેપારી આલમમાં પ્રસરાવી ગયાં. કાપડ ઉદ્યોગમાં દાયકાઓ પૂર્વે નક્કર કદમ ઉઠાવીને યુવાપેઢી સમક્ષ સાહસ અને સ્વાશ્રયની ભવ્ય ભાવનાની તેજરેખા આલેખી હતી. તેમનું જીવન સરળ, સેવામય, કુટુંબવત્સલતા, સમતા અને સદ્‌ભાવ કદી ભૂલાશે નહીં–તેઓ દાનધર્મ પણ વિશિષ્ટ રીતે કરતા કોઈને ખબર પડતી નહીં. જમણા હાથે આપે તો ડાબાને ખબર પણ ન પડે. કોઈ પણ દુખિયાના સહાયભૂત હતા. તેમના ઘેર આવેલ માણસ જમ્યા વગર કદી પણ જતા નહીં. વ્યવહારકુશળતા, અનેરી સાદાઈ અને ભારોભાર એટલી જ વિનમ્રતા.

દાનધર્મને ક્ષેત્રે તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું. અમદાવાદ સંસ્કૃતિ ધામમાં, કીર્તિસ્થંભમાં તેમના પરિવારજનોનું નામ તેજ વિલોરી (નાસિક પાસે) ભોજનશાળામાં તેમના પરિવારજનોએ મોટું યોગદાન આપ્યું. નવસારી તપોવનમાં તેમ જ આયંબિલ ઓળીના પ્રસંગોમાં સારી એવી ર્દેણગી આપી. પોતાની હાજરીમાં જ અનેક સંસ્થાઓને નવપલ્લિત કરી છે. તેમનો મોટો દીકરો શૈલેષ પરિવાર સાથે બોસ્ટન રહે છે. કીર્તિભાઈનાં ધર્મપત્ની કાન્તાબહેને પણ ધર્મની ઘણી આરાધનાઓ અને જાત્રાઓ કરી છે. તપશ્ચર્યાઓ પણ ઘણી કરી છે.

સ્વ. પોપટલાલભાઈના પરિવારમાંથી અરધાથી પણ વધારે (સભ્યો) પુત્રો, પૌત્રો બધા જ બોસ્ટન (યુ.એસ.એ.)માં રહે છે. કીર્તિભાઈની પરમાર્થભાવનાના ગુણો તેમના વારસદારોમાં સારી રીતે સચવાયા છે.

માણસ ધારે તો વેપારવાણિજ્યના ક્ષેત્રે હર્યુંભર્યું કરવા સાથે સમાજની પણ સેવા દ્વારા જીવનબાગને સાર્થક કરી જતા હોય છે. કીર્તિભાઈએ ઉદાર ભાવનાથી અનેક તીર્થસ્થાનોમાં સંપત્તિનો સદ્‌ઉપયોગ કર્યો છે. ગરીબો અને સાધારણ માણસો તરફ હંમેશાં તેમની અનુકંપા–લાગણીનાં દર્શન થતાં. કીર્તિભાઈના પરિવારમાં બે પુત્રો અને બે પુત્રીઓ ચારેયનાં લગ્ન થઈ ગયાં છે. મોટો દીકરો શૈલેષ U.S.A. બોસ્ટનમાં તેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પત્નિ નયના અને પુત્રી અનિશા સાથે છેલ્લા ત્રણ વર્ષથી રહે છે. બીજો પુત્ર દીપક તેની પત્નિ જયશ્રીબહેન પુત્રપરિવાર સાથે રહે છે.

શ્રી કીર્તિભાઈની બધી જ પ્રવૃત્તિઓનું મૂળ ધર્મ પ્રત્યેની ભક્તિ અને ઊંડી શ્રદ્ધામાં કેન્દ્રીત થયું હતું. ઉત્કટ ભાવના દ્વારા વેપારી આલમમાં ભવ્ય નામના કમાયા હતા.

## શ્રી ચંપકલાલ હરકિશનદાસ ભણશાલી

શ્રી ચંપકલાલ હરકિશનદાસ ભણશાળીનું દિનાંક ૨૮-૮-૭૯ના રોજ પાટણ મુકામે, હર કોઈને માગવાનું મન થાય તેવું સમાધિમરણ થયું. તેઓશ્રી પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયસૂરિજી મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં પાટણ મુકામે પર્યુષણ પર્વની આરાધના કરવા માટે ગયા હતા. આ પર્વના દિવસોમાં તેઓશ્રીએ ચોસઠ પ્રહરી પૌષધ કર્યા હતાં અને આઠ દિવસમાં એક ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમની તપસ્યા કરી હતી.

એક માસ અગાઉ જ તેમણે હર્નિયાનું સફળ ઓપરેશન કરાવ્યું હતું. ડૉક્ટરોએ તેમને સંપૂર્ણ આરામની સલાહ આપી હતી, છતાંય તે પાટણ ગયા અને પર્વની આરાધના કરી. સંવત્સરીના પ્રતિક્રમણમાં મોટી શાંતિ તેઓ બોલી રહ્યા હતા ત્યાં જ તેમને ઓપરેશનની જગ્યાએ જીવલેણ પીડા ઊપડી. પીડાને સમતા ભાવે સહી મોટી શાંતિ પૂરી કરી. પ્રતિક્રમણ પૂર્ણ કર્યું. બીજે દિવસે પૌષધ પાળ્યો. પારણું કર્યું. તબિયત વધુને વધુ અસ્વસ્થ થતી ચાલી. પૂજ્ય આચાર્ય મહારાજ પણ પાસે જ હતા. તેમના ખોળામાં માથું મૂકીને કહ્યું, "હું અજન્મા થવા જઈ રહ્યો છું. પાછળ કોઈ શોક ન પાળશો." તારીખ ૨૮-૮-૭૯ના રોજ શ્રી ચંપકભાઈના આ છેલ્લા ઉદ્ગાર હતા. આટલું કહીને તેમનો આત્મા આ દેહ છોડીને ચાલી નીકળ્યો. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : "આવું સમાધિ મરણ અમને પણ મળો."

ગુરુ ભગવંતોની નિશ્રામાં અને ધર્મની સાધના કરતાં કરતાં મૃત્યુ કોઈ વિરલાને જ મળે. જીવનભર જેમને જાગ્રત અને અપ્રમત્ત ધર્મસાધના કરી હોય તેને જ આવું મંગળ મૃત્યુ મળે. શ્રી ચંપકભાઈ અનુકરણીય અને પ્રેરક ધર્મસાધક હતા. તાજેતરમાં જ તેઓશ્રીએ વર્ધમાન તપની ૮૪મી ઓળી પૂરી કરી હતી. તેમનું હૈયું વૈભવ વચ્ચે પણ વૈરાગ્યવાસિત હતું. ખરા અર્થમાં તેઓશ્રી શ્રાવક હતા.

વર્ધમાન સેવા કેન્દ્ર માટે તેઓશ્રી મુરબ્બી, મિત્ર અને માર્ગદર્શક હતા. તેમનાં સમાધિમરણના સમાચાર મોરબીમાં સાંભળી, માનવસહજ અમે બધાએ ઊંડો આઘાત અનુભવ્યો. પરંતુ તેમના સમાધિમરણની વિગતો જાણીને તેમની જીવનભરની શુદ્ધ ધર્મ સાધનાને અમે ત્રિવિધે વંદના કરી.

તેમનું ધર્મમય જીવન આપણા સૌ કોઈ માટે સક્રિય પ્રેરણારૂપ બની રહે તેવી પ્રાર્થના કરી દિવંગતના આત્માને વંદના કરીએ છીએ.

## શ્રી પ્રફુલ્લભાઈ કે. શાહ

મૂળ ઉત્તર ગુજરાતના પાટણના વતની લાયનશ્રી પ્રફુલ્લ કે. શાહે તેની કારકિર્દી મહદ્ અંશે લાયન્સ ક્લબ ઓફ બોમ્બે અપ ટાઉન ૩૨૩ કરમાં સેવા આપી ઘડી હતી. તેઓ મેસર્સ એસ કાન્ત એજન્સીઝ–પનવેલ (ફાર્મા બિઝનેસ)માં ભાગીદાર છે. ૧૯૯૨થી ૨૦૦૬ સુધી તેમણે લાયન્સ ક્લબમાં મહત્ત્વના હોદ્દાઓ પર રહી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તેમને અનેક એવોર્ડ્ઝ મળ્યા છે. તેઓશ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ અને શ્રી જૈન આધ્યાત્મ સ્ટડી સર્કલ, ઘાટકોપર સાથે સંલગ્ન છે. તેઓ વાચન, સંગીત, અભિનય, મુસાફરી, સામાન્ય જ્ઞાન, ઇન્ટરનેટ સર્ફીંગ વગેરેના શોખ ધરાવે છે. ઘણા જ ઉદાર અને માનવતાપ્રેમી પ્રફુલ્લભાઈ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જૈનસમાજનું તેઓ ગૌરવ છે.

## ડૉ. મનહરભાઈ સી. શાહ (Ex. MLA)

જન્મ : તા. ૧૦-૮-૧૯૨૬

પત્ની : અ.સૌ. કાન્તાબહેન મનહરલાલ શાહ

પુત્રો : સુબોધભાઈ મનહરલાલ શાહ (અ.સૌ. વર્ષાબહેન)

ડૉ. દિલીપભાઈ મનહરલાલ શાહ (અ.સૌ. શીલાબહેન)



ડૉ. મનહરભાઈ સી. શાહે તેમની ૮૨ વર્ષની જીવનયાત્રા દરમિયાન અનેક ક્ષેત્રે પ્રગતિ હાંસલ કરેલ છે. 'માનવસેવા એ જ સાચો ધર્મ'ની ભાવના સાથે દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એક ડૉક્ટર તરીકે ૫૫ વર્ષ સુધી સેવાઓ આપી. તેમના પિતાના અવસાન બાદ ચૌદ વર્ષની ઉંમરે માનવસેવા એજ સાચી સેવાની ભાવના સાથે લોકોની દવા દ્વારા સેવા કરી, દુવા પ્રાપ્ત કરી. દરેક ક્ષેત્રમાં તેઓ વામનમાંથી વિરાટ માનવી બન્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણીના પરપોટા જેવી આ ક્ષણભંગુર જિંદગીને એમણે અનેક પ્રશંસનીય કાર્યો કરીને અતિ મૂલ્યવાન બનાવી દીધી છે. રાજકારણ, ધર્મક્ષેત્રે અને સમાજક્ષેત્રે એમણે ઉત્કૃષ્ટ સેવાઓ આપી છે. દહેગામ તાલુકાના જુનિયર ચેમ્બરના પ્રેસિડેન્ટ, લાયન્સ ક્લબના પ્રેસિડેન્ટ તથા લાયન્સ ઝોન ચેરમેન, ૧૯૬૭માં તેઓ ધારાસભ્ય બન્યા અને ૧૯૭૪માં ઘનશ્યામભાઈ ઓઝા માટે તેમની સીટ જતી કરીને દહેગામમાંથી તેમને ધારાસભ્ય તરીકે જિતાડ્યા અને તેઓ ગુજરાત રાજ્યના ચીફ મિનિસ્ટર બન્યા. પૂર્વ ડિરેક્ટર–ગુજરાત ઇલેક્ટ્રીકસિટી બોર્ડ, પૂર્વ પ્રમુખ–ભારત જૈન મહામંડળ, પૂર્વ પ્રમુખ–ગુજરાત રાજ્ય અણુવ્રત સમિતિ, પૂર્વ જનરલ સેક્રેટરી–વિશ્વ ગુજરાતી સમાજ અને હાલ 'અંતરધારા' (ધર્મધારા)ના તંત્રી તરીકે સેવાઓ આપી રહેલ છે. ગુજરાત યુવક કેન્દ્રમાં પ્રમુખપદેથી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમણે અનેક પ્રવચનો આપ્યાં હતાં. તે સાથે જનરલ સેક્રેટરી, એક્સ એમ. એલ. એ. કાઉન્સિલ (પૂર્વ ધારાસભ્ય) ગાંધીનગરમાં સેવા આપી રહ્યા છે. વિશ્વ ગુજરાતી સમાજમાં જ્યારે જનરલ સેક્રેટરી હતા ત્યારે તેમનાં સાથીઓ સાથે મુંબઈમાં સ્પેશિયલ ટ્રેન દ્વારા ગુજરાતના પ્રતિનિધિઓને લઈ જઈ એક મોટું ભવ્ય અધિવેશન કરેલ. ઉપરોક્ત દરેક સંસ્થાઓમાં જ્યારે તેઓ હોદ્દા ઉપર હતા ત્યારે તેમણે માનવકલ્યાણ માટે અનેક કાર્યો ખંત અને ધગશથી કરેલ.

૧૯૮૬માં શિકાગો શહેરમાં પર્યુષણ પર્વની આરાધના કરાવવા માટે આમંત્રણ મળતાં તેઓ ગયા. તેમને ન્યૂયોર્ક, લોસ એન્જલસ, શિકાગો, ડેટ્રોઇટ અને અન્ય શહેરોમાં જૈન ધર્મનાં મનનીય પ્રવચનો આપ્યાં હતાં. ત્યારબાદ ૧૯૯૩માં ફરી તેમને આમંત્રણ મળતાં શિકાગો શહેરમાં જૈન મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે હાજરી આપવા ગયા ત્યારે પણ તેમણે જૈન ધર્મનાં પ્રવચનો આપ્યાં હતાં. છેલ્લાં ૨૫ વર્ષથી 'અંતરધારા' (ધર્મધારા) સામયિક દ્વારા એમણે જૈનો ઉપરાંત જૈનેતરોમાં પણ ધર્મની ધારા વહેવડાવી છે, જેના પ્રતાપે અનેક જીવો પ્રેરણા પામી પોતાના જીવનને સફળ બનાવી શક્યા છે. તેમની પ્રેરણાથી 'અંતરધારા'એ જૈન સમાજમાં આગવી ને અનોખી નામના પ્રાપ્ત કરી છે. 'અંતરધારા' સામયિક એક વ્યાવસાયિક સામયિક નથી પણ દરેક ઘરોમાં વાચન દ્વારા સંસ્કારનું સિંચન કરે છે.

ચિંતનશીલ જીવન ફિલસૂફ અને ભાવનાશીલ સર્વમિત્ર તરીકે તેમણે તેમનું વ્યક્તિત્વ એવું વિકસાવ્યું હતું કે તેઓ જીવનભર તેમના પરિચયમાં આવનાર અને તેમને દૂરથી જાણનારના પ્રેરણાસ્રોત બની રહ્યા હતા. જાહેરસેવા ને માનવસેવાના અને માનવસેવાને પ્રભુસેવા ગણનાર સેવાવ્રતધારીના સત્કાર્યોની સોડમ સૌને હંમેશાં લાભ આપતી પ્રસરતી જ રહેશે.

આમ તેમણે રાજકીય, સામાજિક અને સાહિત્યિક ક્ષેત્રે અને માનવતાના ધર્મો સાથે પોતાનું જીવન વ્યતીત કર્યું છે. આનાથી બીજું કયું મોટું કાર્ય હોઈ શકે?

## ૯૮ ધર્મસાધક સુશ્રાવક મોહનભાઈ

પિતા : શ્રી ચીમનભાઈ ઝવેરી
માતા : મોતીકોરબહેન (પછીથી સાધ્વી શ્રી મહાનંદશ્રીજી)
વતન : સુરત
જન્મ વર્ષ : ઈ.સ. ૧૯૨૩
કર્મભૂમિ : મુંબઈ.

આ ઉત્તમ શ્રાવકનાં માતાજી, નાનાભાઈઓ, બધી બહેનો એમ સાત દીક્ષા એમણે પોતાના હસ્તક કરાવી હતી.

સ્વયં સતત દીક્ષાની ભાવનાવાળા હતા. શિક્ષણક્ષેત્રે દરેક ધોરણમાં પ્રથમ કક્ષામાં ઉત્તીર્ણ થયેલા. એમનું ગણિત અત્યંત પાવરફૂલ હતું.

પરમાત્માના અનન્ય ભક્ત આ ઉત્તમ શ્રાવક સંગીતક્ષેત્રે ગાવામાં અને હારમોનિયમ (વાજાપેટી) વગાડવામાં અત્યંત કુશળ હતા. વર્ષો સુધી મુંબઈ પાયધુની શ્રી મહાવીરસ્વામી દેરાસરના સ્નાત્ર મંડળના અગ્રગણ્ય સભ્ય હતા.

અત્યંત સરળ સ્વભાવના કારણે દુન્યવી ક્ષેત્રે અનેક કડવા અનુભવો થયા પછી પણ તેમના મનમાં ક્યારેય પણ કોઈના પર પણ દ્વેષભાવ ઊભો થયો ન હતો. કર્મના સિદ્ધાંતને ખૂબ જ સ્વસ્થતાથી પચાવ્યો હતો.

પરગજુ સ્વભાવના કારણે ઘણી વખત ઘરની આર્થિક નબળી સ્થિતિની પરવા કર્યા વિના બીજાઓને સહાય કરી લેતા.

મોહનભાઈ જૈન જ્યોતિષમાં માસ્ટરી ધરાવતા હતા, પણ એ કદી વેપારનો વિષય ન બન્યો. ઘણા સાધુઓને પણ અહોભાવથી એ વિષય શીખવાડતા.

તેઓશ્રી શ્રી નેમિસૂરિ મહારાજના સમુદાયના શ્રીકસ્તૂરસૂરિ મહારાજ–શ્રી વિજ્ઞાનસૂરિ મહારાજના પણ પ્રીતિપાત્ર હતા. એમની નિશ્રામાં ઉપધાન તપ કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આ. દે. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આ. દે. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પૂજ્ય આ. દે. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના તેઓશ્રી અત્યંત વિશ્વાસપાત્ર શ્રાવક હતા. તેમની પાસે જૈનધર્મનું વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

તેમની વક્તૃત્વશક્તિ ખૂબ જ ખીલેલી. કલાકો સુધી અખંડ ધારાએ ભાષણ કરી શકે. સાંભળનારાં જરા પણ કંટાળે નહીં. તેથી ઉપરોક્ત પૂજ્યો વારંવાર અલગ–અલગ ઠેકાણે તેના પ્રસંગે એમને મોકલતા.

ભવિષ્યકાળ ઇલેક્ટ્રોનિક્સ આઈટેમોનો છે. એવો અંદાજ એમને પહેલેથી આવી ગયેલો. તેથી એમણે જાપાનની હિતાચી કંપની સાથે પત્રવ્યવહાર પણ કરેલો ને અભ્યાસ પણ શરૂ કરેલો. આ વાત આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાંની છે, પણ ભાગ્યયોગે એમાં વિશેષ સફળતા મળે એ પહેલાં જ માત્ર ૪૯ વર્ષની ઉંમરે તેમનો દેહાંત થઈ ગયો.

એમણે ઘણા મુમુક્ષુઓને દીક્ષા માટે સક્રિય મહેનત કરેલી.

જીવનમાં નવપદજી પ્રત્યે વિશેષ લગાવ હતો. નવપદજીની પૂજાની બધી ઢાળો મોઢે હતી. કાળધર્મના દિવસે પણ એ ઢાળો જ ગણગણતા હતા. એમના પરિવારમાંથી પણ એમનાં ધર્મપત્નીએ પાછળથી મોટી ઉંમરે દીક્ષા લીધી. બે પુત્ર ને એક પુત્રીએ પણ દીક્ષા લીધી.

એમના દીક્ષિત ભાઈઓ આચાર્ય ધર્મજિતસૂરિ મહારાજ અને આચાર્ય જયશેખરસૂરિ મહારાજ તરીકે પ્રસિદ્ધ થયા. એમની દીક્ષિત બહેનો સ્વ. સાધ્વી શ્રી નયાનંદશ્રીજી, સાધ્વીજી જયાનંદશ્રીજી, સાધ્વીજી કીર્તિસેનાશ્રીજી અને સાધ્વીજી જયસેનાશ્રીજી તરીકે સુંદર ચારિત્રજીવન પાળે છે.

એમના પુત્ર સમસ્ત જૈન સંઘમાં વિદ્વદ્વર્ય અગ્રણી તરીકે પ્રસિદ્ધ પૂજ્ય આચાર્ય શ્રી અભયશેખરસૂરિ તરીકે જૈન શાસનને શોભાવી રહ્યા છે.

તેમના બીજા પુત્ર આ લેખક પોતે છે. એમની દીકરી સાધ્વી નયરત્નાશ્રીજી મ. તરીકે ઉત્તમ ચારિત્રજીવન જીવી રહ્યાં છે.

—લેખક : પંન્યાસ અજિતશેખર વિજય ગણિ મહારાજ

❑

# શ્રી રસિકલાલ નરિયાણિયા

એક વાસ્તવિક જીવનસંગ્રામના અડગ મહારથી શ્રી રસિકલાલનો જન્મ ઈ.સ. ૧૯૧૯માં રાણપુર (સૌરાષ્ટ્ર) નામના નાના ગામમાં થયો. વઢવાણ અને સુરેન્દ્રનગરમાં શિક્ષણ લઈને તેઓ પ્રગતિને પંથે આગળ વધવા વતન છોડીને ૧૯૩૭માં મુંબઈ આવ્યા અને ન્યુ ધોલેરા સ્ટીમ શિપ્સ લિ. નામની એક આગેવાન વહાણવટી કંપનીમાં રૂ।. ૩૫=૦૦ના પગારથી નોકરીમાં જોડાયા. હાલ તેઓ ન્યુ ધોલેરા શિપિંગ એન્ડ ટ્રેડિંગ કું. લિ.ના ડિરેક્ટરપદે તથા મલબાર સ્ટીમશીપ કું. લિમિટેડના જનરલ મેનેજર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. તેમની આ વિકાસ કેડી જીવનની અતિ ગંભીર વિટંબણાઓ અને વાસ્તવિક ઝંઝાવાતો વચ્ચેથી કઈ રીતે માર્ગ કરી આગળ વધી તે જાણવું કોઈપણ માનવી માટે માત્ર ગૌરવભર્યું જ નહીં પરંતુ વધતે–ઓછે અંશે અનુકરણીય બાબત ગણી શકાય.

'ડગલું ભર્યું કે ના હઠવું' એ કાવ્યપંક્તિને જીવનનો મહામંત્ર બનાવી શ્રી રસિકલાલભાઈએ તેમની જીવનકથાને એવા હૃદયસ્પર્શી વર્ણનથી સ્પષ્ટ કરી છે કે વાચક દુનિયાની વાસ્તવિકતાને મૂર્તિમંત થયેલી જોવા લાગે છે. જીવન એ જીવવા લાયક છે અને અનુકૂળ સંજોગોની સરવાણીથી સુખી બનાવી શકાય છે. તેમ મર્દ માનવી જ વિચારી શકે છે. એવા મર્દ માનવીનું પ્રતીક એટલે શ્રી રસિકલાલ નરિયાણીયા જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે. માનવી ધારે છે કંઈક અને કુદરત કરે છે કંઈક. ઈ.સ. ૧૯૩૭માં મુંબઈમાં તુરત નોકરી મળી જતાં ગુલાબી સ્વપ્નાંઓ સાથે તેમણે ચાર વર્ષ કર્તવ્યનિષ્ઠા અને શ્રદ્ધાથી કામ કરી ઈ.સ. ૧૯૪૧માં પહેલાં કરતા બમણો પગાર મેળવ્યો. ઈ.સ. ૧૯૪૧નું વર્ષ તેમના માટે જીવનના મહત્ત્વના સીમાચિહ્ન રૂપ નિર્માણ થયેલ હતું. એ જ વર્ષે સુરેન્દ્રનગરના ઉમદા કુટુંબની એક પુત્રી સુશીલા સાથે તેમણે પ્રભુતામાં પગલાં માંડ્યા. મુંબઈમાં કુટુંબ સાથે સ્થિર થવાની તેમની મહેચ્છા પર જાપાનના યુદ્ધને કારણે થોડા સમય માટે ઠંડુ પાણી રેડાયું. તેમનાં પત્ની પર માનસિક ગાંડપણનો અતિ વિકૃત અને ઉગ્ર હુમલો થયો. ઉજ્જૈનના આધ્યાત્મિક ઉપચાર કેન્દ્ર કલ્પવૃક્ષ કાર્યાલયમાં તેમની પેઢીના માલિક સ્વ. શૂરજી વલ્લભદાસની મદદથી તેમના પત્નીને દાખલ કર્યા. પ્રાર્થનામય વાતાવરણથી તેમની પત્નીનાં માનસિક અસ્વસ્થતા પર થોડો અંકુશ જણાયો. મુંબઈ આવી સ્થિર થયાં. બે ત્રણ વર્ષના સુખી દંપતીજીવનને અંતે કુટુંબમાં મોટા પુત્ર પ્રદીપનો ઉમેરો થયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમની જીવનચર્યા કદાચ કોઈ ન માને પરંતુ હકીકત એ છે કે સ્થિર અને અનિવાર્ય પરિસ્થિતિમાં તીવ્ર મનોવેદનાને શાંત પાડે તેવા બે મુખ્ય અનુકૂળ સંજોગો હતા. એક તો ઈશ્વરે તેમને અદ્‌ભુત સહનશક્તિ અને દૃઢ મનોબળ આપ્યાં છે. બીજું કંપનીના માલિક સ્વ. શૂરજી વલ્લભદાસની તેમના પ્રત્યેની પુત્ર સમ ભાવના, જેને લીધે તેઓ તેની દરેક વિકટ પરિસ્થિતિમાં સાંત્વન આપી એમની પડખે ઊભા રહ્યા હતા. આવી અનેકવિધ વિષમતાઓએ શ્રી રસિકલાલના અહંકારને ઓગાળી નાખ્યો અને જીવનના અનેક ઝંઝાવાતોમાંથી સફળતાપૂર્વક પસાર થવા છતાં તેઓ અસાધારણ નમ્રતા કેળવી શક્યા છે. "ઉમદા કુદરતે મારા તરફ સ્મિત કર્યું છે. પરમાત્માના પરમ આશીર્વાદ મારા પર ઊતર્યા છે. ઈશ્વરની સહાનુભૂતિ અંગે મારે કશી ફરિયાદ નથી." અજેય વિષમતાઓ સામે ઝઝૂમીને તેમણે ખરેખર સંતોષમય જીવન સિદ્ધ કરેલું જણાય છે.

હાલમાં તેમના ચાર પુત્રો અને પુત્રી પોતપોતાની રીતે વિકાસના પંથે આગળ વધી રહ્યાં છે. તેમની કાર્યદક્ષતા સૂઝ અને વિશાળ અનુભવોને લીધે વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ તેમની વિવિધલક્ષી સેવાઓનો લાભ લઈ રહી છે. ઘણા જ ઉદારદિલ ધરાવનાર શ્રી રસિકભાઈએ અનેક તાણાવાણામાંથી પસારથઈને જીવનબાગને નવપલ્લિત લીલોછમ રાખ્યો છે. મળવા જેવા માણસ છે.

## શેઠ દેવચંદભાઈ તળશીભાઈ



ગરવા ગઢ ગિરનારની ગોદમાં-ભાભર નદીના કિનારા પર કાઠી દરબારોનું જિનમંદિર-વાણિજ્ય વેપારથી ધમ-ધમતું જેતપુર શહેર. જિનમંદિર ઉપાશ્રયાદિથી દેરાવાસી શ્રાવકોનાં ગૃહો ૫૦૦ની વસ્તીઓમાં શ્રાવકોનાં અનેક કુટુંબોમાં શેઠ કુટુંબ—નામ શેઠ દેવચંદ તળશીભાઈ, સુશીલ અને સંસ્કારી પત્ની દિવાળીબહેન : સાંસારિક ક્ષેત્રની તમામ જવાબદારી પૂરી કરતાં-કરતાં વાર્ધક્યતાના આરે પહોંચ્યાં. બંનેનાં દેહાવસાન થયાં. પાંચેય પુત્રી શ્વસુરગૃહે! તેઓ પણ ખૂબ સંસ્કારી-ધર્મમય જીવન જીવી રહ્યાં છે. તેનો પરિવાર ઘણો જ વિનયી-ગુણિયલ સંસ્કારી છે. માતા-પિતાની અનુપમ ભક્તિ કરે છે!


દિવાળીબા દેવચંદભાઈ શેઠ

સૌથી નાનાં પુત્રી - કાંતાબહેન - જેઓએ સંયમ સ્વીકાર્યું છે. ઉત્તમોત્તમ સાધ્વાચારનું પાલન કરી રહ્યાં છે! પાંચેય પુત્રોએ કલકત્તા શહેરના ધંધાકીય ક્ષેત્રને કાયમી કર્યું છે. અલબત્ત ત્યાંજ વસવાટ, પોત-પોતાની કુશાગ્રતા, આગવી સૂઝ, શ્રાવકનાં કર્તવ્યો અને અનેક ગુણોથી જીવનમાં અનેક પ્રકારનાં સુકૃત્યો કરતાં કરતાં પાંચેય પુત્રો અનંતની વાટે પહોંચ્યા. ત્રીજા નંબરના પુત્ર શેઠ નંદલાલ દેવચંદને ચાર પુત્રો-ત્રણ પુત્રીઓ છે. ચારેય પુત્રોને ત્યાં પૂર્વના પુણ્યોદયે શ્રી દેવીની અનહદ કૃપા છે! સાતેય ક્ષેત્રમાં મખલખ વાવણી કરે છે. તદુપરાંત જીવદયા ખાતે મહારાષ્ટ્ર-બિહાર-ગુજરાત-કચ્છ-કાઠિયાવાડમાં પશુઓને ઘાસચારો—કૂતરાને રોટલા કીડિયારું-જળપાન-પક્ષીચણ ઘર વગેરેમાં સારું દાન આપે છે! બિહારમાં કલકત્તા, સમેતશિખર, ચાસગામ—મધ્યપ્રદેશમાં નાગેશ્વરતીર્થ, ગુજરાતમાં સૌરાષ્ટ્રપ્રદેશે શ્રી શત્રુંજયતીર્થમાં-હસ્તગિરિ ઉપર મહારાષ્ટ્ર ભુવનમાં અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ કરાવે છે! પાલિતાણામાં સ્વદ્રવ્યથી અનુપમ અદ્‌ભુત શ્રી મહાવીરસ્વામીનું શિખરબદ્ધ (ચૌમુખજીનું) જિનાલય ભવ્ય બંધાવી રહ્યા છે!

ચારેય પુત્રી—પુત્રવધૂઓ અને ત્રણેય પુત્રીઓમાં પૂર્વ ભવના સંસ્કારો દ્વારા વિનય-ભક્તિ-શ્રાવકનાં કર્તવ્યોનું પાલન માર્ગાનુસારીના ગુણો! અને રગે-રગમાં જિનશાસનની પ્રભાવના ધબકે છે નિયમિત કલકત્તા-મુંબઈમાં પણ આવશ્યક વિધિ-જિનપૂજા દર્શન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણ, સાધર્મિક ભક્તિ આદિ અદ્‌ભુત સેવા કરે છે!

સુપાત્રધન અપૂર્વ આપે છે. શેઠ કુટુંબના નામથી સારી નામના કાઢી છે. નાની ઉંમર છતાં ધર્મ પ્રત્યે રુચિ થવી એ ભવ્યતાની છાપ છે. ત્રણ ભાઈઓ મુંબઈમાં રહે છે. વારંવાર પાલિતાણા આવે, ગિરિરાજની સ્પર્શના કરે. ઉપર દાદાની ભક્તિમાં પાછી પાની ક્યારેય કરતા નથી.

નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ધર્માત્મા નંદલાલ દેવચંદ શેઠ



શુભ નિમિત્તો પામીને આત્મા ક્યારેક એવું દિવ્ય પરાક્રમ ફોરવે છે કે તેમની એક એક પ્રવૃત્તિ અજરઅમર જેવી બની જતી હોય છે. સ્વ. નંદલાલ દેવચંદ શેઠના પરિવારનું ધાર્મિક જીવન જાણવાં જેવું છે. કલકત્તામાં લાખો રૂપિયા વાપર્યા છે! આસપાસમાં પ્રતિષ્ઠા કરાવી છે, ઉવસગ્ગહરંતીર્થમાં લાખો રૂપિયા ગર્ભગૃહ બારણાંય (ચાંદીનાં) વગેરે માટે દાન આપેલ છે. હસ્તગિરિ ચૌમુખ અંજનવિધિ પાલિતાણા—મહારાષ્ટ્ર ભુવનની બાજુમાં ૬૦ લાખની જગ્યા લીધી અને સ્વદ્રવ્યથી મંદિરનિર્માણ, ઉપાશ્રય, ધર્મશાળાદિ (એક કરોડ ખર્ચ) જેતપુર ઉપાશ્રયમાં શ્રી પંચધાતુ પરિકર બાબત માતા પદ્માવતીની મૂર્તિ ભરાવી પૂજનમહોત્સવ, સંઘજમણ વૈયાવચ્ચખાતા પાઠશાળામાં હજારો રૂપિયાનું યોગદાન આપેલ છે. અમરેલીમાં અંજનશલાકા પ્રતિષ્ઠામાં ૫૦ હજાર ઉપરાંત અનુષ્ઠાનાદિમાં વ્યય કર્યા છે.

ધ્રાંગધ્રા, રાજકોટ, અમદાવાદમાં પૂ. સાધુ, સાધ્વીજી મ. ઔષધાલયમાં સારી રકમ વાપરી છે, જીવદયામાં-મુંબઈ ભણશાલી કનૈયાલાલ પક્ષી ચણઘર ત્રણ તથા શ્રી શાસનસંરક્ષક માણિભદ્રવીરદેવની પ્રતિસાલ આરાધનામાં જાપ, સંઘપૂજન પ્રભાવના એકાસણાંદિમાં હજારો રૂપિયા વાપરે છે.



**પ્રભાકુંવરબહેન નંદલાલ શેઠ**

પોતાની પાસે અભ્યાસ કરનાર બાલક, બાલિકાઓ, બહેનોને હજારો રૂપિયાનાં ઈનામો ચાર વરસથી આપે છે. પ્રાતઃકાળે શ્રી ભક્તામર સ્તોત્ર મુખ્ય કાયમ ૨૦, ભાઈ બહેનો ૫૧, ૫૧ રૂા. શ્રીફળથી બહુમાન, ૩૫ ઘર અમરેલીમાં છે, શ્રીફળ, સોપારી, સાકરપડા-પેંડા, મોદક, પતાસાં, ખાજાની પ્રભાવના કરેલ. જીથરી ટી.બી. હોસ્પિટલમાં પણ સારું યોગદાન છે! પાલિતાણા વલ્લભ વિહારમાં ભક્તિમાં ઘણું ઉત્તમકાર્ય કરે છે! સહધર્મીના પોષણમાં પણ અધિક સહાય આપતા રહ્યાં છે.

'શ્રી શત્રુંજય માહાત્મ્ય' ગ્રંથનું વિમોચન પ્રાયઃ પાલિતાણામાં (પૂ. અમરેન્દ્રસાગરજી મ.સાની નિશ્રામાં) કરેલ છે. (શ્રી આ.વિ. રામચન્દ્રસૂરિ મ.સા.ના સદ્‌બોધથી પામ્યા છે).

**નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ**



પદસ્થ સ્થાન - અર્હંનુ ધ્યાન



પદસ્થ સ્થાન - ૐકારનું ધ્યાન



પદસ્થ સ્થાન હ્રીંકારનું ધ્યાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કાઠિયાવાડના કર્મઠ કર્મવીર

# શેઠ શ્રી દુર્લભજી કરસનજી



શેઠ શ્રી દુર્લભજી કરસનજી

કહેવાય છે કે, નર કરણી કરે તો નરનો નારાયણ થાય. સખત પુરુષાર્થની પાછળ પાછળ પ્રારબ્ધ હંમેશાં દોડતું જ આવે છે. હીરો ગમે તેટલો નાનો હોય, પણ તે અંધારી ખીણમાં પડ્યો હોય કે પર્વતની ટોચે રહ્યો હોય – એનો પ્રકાશ એકધારો ઝળકયા કરતો હોય છે. શ્રી દુર્લભજી કરશનજી શેઠનું જીવન પણ એવું હીરા જેમ સૌના મનમંદિરમાં વર્ષોથી ઝળહળ્યા કરે છે.

ક્યારેક મહાન આત્માઓના જીવનપ્રસંગોમાં અદ્‌ભુત સામ્ય જોવા મળે છે. એમના જીવનમાં આવતા અકસ્માતો કે એમણે મેળવેલી સંસિદ્ધિઓ લાંબા કાળ સુધી લોકોને દિંગ કરતી રહે છે. શ્રીકૃષ્ણને જન્મતાંવેંત માતાનો ખોળો ત્યજવો પડ્યો, સ્વયંશિસ્તથી જીવનવિકાસ સાધીને ક્રમે ક્રમે વિજય ઉપર વિજય હાંસલ કર્યા અને સમગ્ર ભારતવર્ષના યોગેશ્વર રૂપે પૂજાયા. દુર્લભજીભાઈના જીવનમાં પણ કંઈક એવા જ ચમકારા જોવા સાંભળવા મળ્યા. એમણે સવા-દોઢ વરસની વયે પિતાનું છત્ર ગુમાવ્યું.

માતુશ્રી મોતીબાઈ નાનકડા દુલાભાઈને લઈને શોક ઉતારવા પિયર જોડિયા આવ્યા અને એમની માતાના અતિ આગ્રહને વશ થઈને જોડિયામાં રહેવાનો નિર્ણય કર્યો. પછી મોરબીમાં જઈને થોડો ઘણો દાગીનો, જરૂરી રાચરચીલું અને દસ હજાર રાણી છાપ રૂપિયા લઈ આવ્યા. મોતીબહેને નાના ભાઈ વલમજીને પૈસા આપી જામનગરમાં વેપાર શરૂ કરાવ્યો. જોતજોતાંમાં વેપાર જામી ગયો. નવાનગર રાજ્યે બનાવેલ ગ્રેઈન માર્કેટમાં ગોડાઉનમાં મોતીબહેનના કહેવાથી બીજી પેઢી મેસર્સ જગજીવન ખેતશીના નામથી સ્થાપી અને વેપારને વેગ મળ્યો. નામે જગજીવન ખેતશીની પેઢી શરૂ કરી. મોતીબહેન દુલાભાઈને લઈને પિયર પરિવાર સાથે જોડિયાથી જામનગર રહેવા આવ્યા. બાળક દુલાભાઈ મોટા થતા હતા. ભણવા-ગણવામાં હોંશિયાર હતા. જીવનમાં કાંઈક કરી છૂટવાનો થનગનાટ હતો.

ઈ.સ. ૧૮૮૫-૯૦નો આ સમયગાળો હતો. જામનગર આવ્યા પછી બાળક દુલાભાઈ ભણવામાં જ દિલ રાખવા માંડ્યા. નવાનગરની સ્કૂલ અને હાઈસ્કૂલમાં ભણતા હતા. ઈ.સ. ૧૯૧૬માં તો મેટ્રિકમાં પહોંચી ગયા. દુલાભાઈ મેટ્રિકમાં પહોંચ્યા છે અને મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ જવું પડશે એવી મામાને જાણ થતાં એ ખૂબ રાજી થયા. પંદર રૂપિયાનું ઇનામ અને બે જોડી મોંઘા ભાવના કાપડમાંથી કપડાં સિવડાવી દીધાં. મેટ્રિક પાસ થયા એટલે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં દાખલ થયા. ત્યાં બે વર્ષ અભ્યાસ કર્યો, પણ ગુજરાતભરમાં એકે કોમર્સ કોલેજ હતી નહીં, તેથી મુંબઈની સિડનહામ કોલેજમાં પ્રવેશ લીધો. તે વખતે મુંબઈમાં ભણતા વિદ્યાર્થીઓ બીજા કામ કરીને પોતાનો ભણવાનો ખર્ચ કાઢી લેતા. દુલાભાઈને શેરબજારના અગ્રણી શેઠ ઉંમર સોબાનીને ત્યાં ચાર કલાકની નોકરી મળી ગઈ. અહીં પણ દુલાભાઇએ પોતાની હોંશિયારીથી શેઠને રાજી કરી દીધા. શેઠે એમને એક લાખ રૂપિયા ઉપરની લેતીદેતી કરવાની છૂટ આપી. સામાન્ય કર્મચારીમાંથી એક માનદ્ વેતન ધરાવતા સમ્માનનીય કર્મચારીનું સ્થાન આપ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુલાભાઈની કુશાગ્ર બુદ્ધિ અને અસાધારણ આવડતથી પેઢીને પણ અકલ્પ્ય ફાયદો કરતી રહી. તે વખતે પહેલું વિશ્વયુદ્ધ થયું, અમેરિકામાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો અને બ્રિટનની મિલોને રૂ મળવાનું બંધ થયું ત્યારે ઇન્ડિયામાંથી રૂ મેળવવાની વ્યવસ્થા થઈ. એ અનુસંધાને દુલાભાઈને ઇંગ્લેન્ડની મિલોના શેર ચારથી પાંચ ગણા ખરીદી લીધા અને એ શેરોના ભાવ એક રૂપિયે પચ્ચીસ રૂપિયા થઈ ગયા. મહાત્મા ગાંધીજીએ દેશ ખાતર ફાળો એકત્ર કરવાની હાંકલ કરી ત્યારે ઉંમર શેઠે દુર્લભજીભાઈને હસ્તે કોરો ચેક ગાંધીજીને અર્પણ કર્યો હતો. એમનું એ સમ્માન હતું. પોતાને મળતાં માનદ્ વેતનમાંથી દુલાભાઈ પાસે એકાદ લાખ રૂપિયાની રકમ એકઠી થઈ ગઈ હતી. એમાંથી એમણે શેરબજારની મેમ્બરશિપ લીધી. શેરબજારમાં મેમ્બરશીપ કાર્ડ ખરીદવા વખતે શેઠ શ્રી ઉમર સોબાની, પ્રેમચંદ રાયચંદ, અમીચંદભાઈના પિતાશ્રી બાબુ પન્નાલાલ, ચૂનીલાલ મોતીલાલ તથા ફીરોજભાઈ વગેરે ભેગા મળીને દોશીને બદલે અટક શેઠ કરી ત્યારથી ડી. કે. શેઠ તરીકે પ્રખ્યાત થયા.

આમ, જન્મતાંની સાથે પિતાનો આધાર ગુમાવનારો બાળક પચ્ચીસેક વરસની ઉંમરે ત્રીસેક લાખ રૂપિયાની સંપતીનો માલિક બને છે અને એ પણ મુંબઈ જેવી મહાનગરીમાં અને વિશ્વવિખ્યાત વેપારીઓ વચ્ચે – એને પ્રારબ્ધ અને પુરુષાર્થનો મણિકાંચનયોગ જ કહેવાય. દુલાભાઈએ એ યોગને દીપાવ્યો દાન–દક્ષિણાનો પ્રવાહ ચાલુ રાખીને. વિરાટ વ્યાપારી જગત સાથે ચિરંતન સ્નેહગાંઠ બાંધી દિલેરી દુલાએ ચોગરમદ માનવતાની સુવાસ પ્રગટાવી. તે સમયે તેઓ પોતાની આવકમાંથી વીસ ટકા દાન કરતા. ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને સહાય ચલાવવામાં મદદ કરતા. પોતાના વતન જામનગરના ખેડૂતોને તેમની જમીન પાછી અપાવવામાં મદદ કરતા. સુરેન્દ્રનગરના અનાથાશ્રમને હંમેશાં મદદરૂપ બનતા. એવી જ રીતે ધાર્મિક પ્રવૃતિઓમાં પણ દાનનો પ્રવાહ અખંડ વહાવતા.

તે સમયે વેસ્ટર્ન રેલ્વેનું છેલ્લું સ્ટેશન કોલાબા હતું. મુંબઈ દિનદહાડે વિસ્તરતું જતું હતું. આસપાસનાં ગામોનો વિસ્તાર મુંબઈમાં સમાવા માંડ્યો હતો. એને જોડતાં એક મોટા સ્ટેશનની જરૂર હતી. મુંબઈ સરકારનું આજે જે વેસ્ટ્ર્ન રેલ્વેનું બોમ્બે સેન્ટ્રલ રેલ્વેનું મહાન સ્ટેશન ઊભું છે તે જમીન શેઠ દુર્લભજી કરશનજી અને કચ્છના શેઠ શાંતિલાલ આશકરણદાસ પાસેથી ખરીદી હતી. આવી તો અનેક પ્રોપર્ટીના દુલાભાઈ માલિક હતા.

શેરબજાર જેવો જ રસ દુલાભાઈ ફિલ્મ લાઈનમાં લેવા માંડ્યા. એક જમાનામાં મુંબઈનું હોલિવૂડ કહેવાયું તે દાદર–પરેલનો વિસ્તાર જુદા જુદા ફિલ્મી સ્ટુડિઓથી ધમધમતો હતો. જામનગરના મહારાજાના નામ પરથી 'રણજિત મુવિટોન', રૂપતારા, હોમી વાડિયાનો વાડિયા બ્રધર્સ મુવિટોન, વ્હી શાંતારામે પૂનાનો પ્રભાત સ્ટુડિયો છોડી દીધો. મુંબઈમાં સ્ટુડિયો સ્થાપવા માંગતા હતા. તેને વાડિયા મુવિટોન (પરેલ)માં અપાવી દીધું. વિ. શાંતારામે તેનું નામ રાજકમલ કલામંદિર રાખ્યું. અનેક એકમો કોઈની ને કોઈની ભાગીદારીમાં ઊભાં કર્યા હતા. સાથોસાથ ધાર્મિક કાર્યો પણ થતાં રહેતાં. તે વખતે હરકિશન હોસ્પિટલમાં એક વિંગ બંધાવી આપી હતી.

એવી જ રીને વેપારધંધામાં પણ સતત રસ લેતા. પોતાના મામા વલમજી ખેતશી સાથે મસ્જિદ બંદર ઉપર વડગાદીમાં 'મોહનલાલ વલમજીની પેઢી' સ્થાપી અને પરદેશ વસ્તુઓનો જથ્થાબંધ વેપાર શરૂ કર્યો, જેમાં ખાંડ, તેજાના, ગ્રામોફોન, પેટ્રોમેક્સ, ફાનસ, ઘડિયાળ જેવી ચારસો આઇટમો આયાત થતી. એક અઠવાડિયામાં ત્રણથી ચાર સ્ટીમરો પરદેશથી આવતી. એક સ્ટીમરની માલની કિંમત અંદાજે આઠ થી દસ લાખ રહેતી. એ ઉપરથી ખ્યાલ આવે કે કેટલો મોટો કારોબાર ચાલતો હશે!

એવી જ રીતે એમ. દુર્લભજીની પેઢીએ કાપડનો ધંધો પણ પૂરજોશમાં વિકસાવેલ.

મામા વલમજી ખેતશીને ઈમ્પોર્ટના ધંધામાં રસ ન હોઈ, પોતે સ્વતંત્રપણે ક્રુડ, ઓઇલ, કેરોસીન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેટ્રોલનો ભારત પેટ્રોલિયમની કાં. ના નામે વહીવટ શરૂ કર્યો. તેમ જ રાજા-મહારાજાઓ સાથે અને જૈન-ઓસવાલ-મારવાડી-ભાટિયા જ્ઞાતિના પ્રતિષ્ઠિત વેપારી સાથે હીરા-ઝવેરાત અને ચાંદીનાં વાસણોનો વેપાર શરૂ કર્યો. વલમજી મામાને ઇમ્પોર્ટેડ ધંધો શરૂ કરવાનું મન થયું ત્યારે પોતાને ઇમ્પોર્ટનો ધંધો કરવાની વાત કરી-મામા સાથે નવો પેટ્રોલ, કેરોસીન-ક્રુડ વગેરેનો ધંધો ભાગીદારીમાં જોડિયાવાલા ટ્રેડિંગ કાં. ના નામથી શરૂ કર્યો. આમ, એક વ્યક્તિ જુદા જુદા ક્ષેત્રના વ્યવસાયમાં ટોચે પહોંચે એ જ આશ્ચર્ય પમાડે એવી બાબત છે. દુર્લભજી શેઠનું મન-મગજ અને કાર્યકુશળતા કેવાં હશે એ પ્રશ્ન છે!

પરંતુ, શેઠ ઉંમર સોબાની સાથે મહાત્મા ગાંધીજીને ચેક આપવા ગયા તે વાતે મુંબઈના ગવર્નર સાથેના સંબંધમાં તિરાડ પડેલી. બ્રિટિશ ગવર્નરને એમની આ રીતરસમ પસંદ નહોતી. પરિણામે દુલાભાઈનું મન મુંબઈ પરથીઊઠી ગયું. દેશમાં જામનગર જઈને ઠરીઠામ થવાનો સંકલ્પ કર્યો.

જામનગરનિવાસ દરમિયાન પણ દુલાભાઈનો વેપાર-ઉદ્યોગ પરત્વેનો ધમધમાટ ચાલુ રહ્યો. જેમાં પ્લાસ્ટિક ઉદ્યોગ, મિનરલ્સ, ખનીજ વગેરે અને જામનગરમાં બેડી બંદરનો વિકાસ મુખ્ય છે. ઇ.સ. ૧૯૪૩-૪૪માં વિશ્વયુદ્ધને લીધે યુરોપ, અમેરિકા ખુવાર થઈ ગયુ હતું અને બેઠા થવા પ્રયત્નો કરતું હતું, ત્યારે દુલાભાઈની સૂઝ અને આવડતથી પ્લાસ્ટિક-ફાઇબરની વસ્તુઓના ઉત્પાદનાં કોલોબ્રેશનમાં શરૂ કરવાની દરખાસ્તો તે રાષ્ટ્રોની હતી. જામનગર જિલ્લાની આસપાસની બોકસાઈટની ખાણોમાંથી જામનગર મિનરલ્સ સિન્ડિકેટ ડેવલોપમેન્ટના નામે ચાંદી અને અન્ય ખનીજો બનાવવાનો ધમધમાટ પણ ચાલુ કર્યો. જામનગર શહેરમાં જામનગરમાં બુલિયન દ્વારા ચાંદીનો સટ્ટો (ખેલો) શરૂ કર્યો. પરિણામે તે વખતના ગવર્નર જનરલ વોવેલના સૂચનથી દુર્લભજીભાઈને 'રાજરત્ન' કે 'નગરરત્ન'નો ખિતાબ આપવાનું ઠરાવાયું. વિજયાદસમીના દિવસે સમગ્ર જામદરબાર વચ્ચે દુર્લભજી કે. શેઠને સમ્માનવામાં આવ્યા. બહુ ઓછી વ્યક્તિને મળે એવું સમ્માન પામવાના અને એ પણ નાની ઉંમરે તેઓ સદ્ભાગી થયા. બેડી બંદરે રાજકીય ઠાઠમાઠથી એમનું સ્વાગત થયેલું. રાત્રે જામસાહેબના પેલેસ પર ડિનર ગોઠવાયેલું. રાજા પણ પ્રજાના ઉત્કર્ષથી ખૂબ ખુશ થયેલા. પોતાના રાજ્યમાં આવાં નવરત્નો પાકે છે એનું ગૌરવ લેતા હતા.

પરંતુ વિધિનું નિર્માણ કંઈક જુદું જ હોય છે. દુર્લભજી શેઠ લાંબુ જીવ્યા હોત તો કાઠિયાવાડ-ગુજરાતની સિકલ બદલી નાખવામાં એમણે શું શું ઉદ્યોગો ન કર્યા હોત તેની કલ્પના થઈ શકે છે, પરંતુ ૪૫ વર્ષની વયે મેનેન્ઝાઇટિસની બિમારીમાં એકાએક એમનું અવસાન થયું. પોતે એક કુશળ વેપારી ઉદ્યોગપતિ ધનવાન વ્યક્તિ તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત હતા. અવસાનના ખબર મળતાં જ દેશ-વિદેશમાંથી ૭૫-૧૦૦ ટેલિગ્રામ જામનગર આવી ગયા હતા. ભારતના મુખ્ય મુખ્ય શહેરોની બજારો બંધ રહી હતી. અંતિમ યાત્રામાં ૧૫૦૦-૨૦૦૦ વ્યક્તિઓ હાજર હતી. બેસણા-ઉઠમણા વખતે ૩૦૦૦-૩૫૦૦ માણસો આવ્યા હતા. એમનાં કાર્યક્ષેત્રો- જેવાં કે શેરબજાર, ફિલ્મ- સ્ટુડિઓ, સુગરમાર્કેટ, કાપડબજાર, એક્ષપર્ટ-ઇમ્પોર્ટ વગેરેને કારમો આઘાત લાગ્યો હતો. દેશનાં દરેક છાપાંઓએ પાનાં ભરીને આ વિરલ વ્યક્તિને શોકાંજલિઓ આપી હતી.

આમ, નાની ઉંમરે સાગર જેવું વિશાળ સામ્રાજ્ય ઊભું કરીને શ્રી દુર્લભજી કરસનજી શેઠ વિરલ જીવન જીવી ગયા. અનેકોને જે પ્રેરણા આપી ગયા. તેમાંથી નિરંતર **એક ગેબી અવાજ સંભળાયા કરે છે કે પુરુષાર્થ અને લાંબા રઝળપાટ વગર જિંદગીના જામ ઉપર ક્યારેય નકશી નથી થઈ શકતી.** એક કર્મઠ વ્યક્તિમત્તા કેટલી મહાન હોઈ શકે એનો એક આદર્શ નમૂનો તે દુર્લભજી શેઠ. એમનું નામસ્મરણ માત્ર, જીવનમાં વિદ્યુતસંચાર કરે એવું હતું. એવા પ્રાતઃસ્મરણીય કર્મવીરને કોટિ કોટિ પ્રણામ!

શેઠ પરિવારે ઊભી કરેલી એ પગદંડી ઉપર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલવા મનોરંજનના મહારથી શ્રી મહેન્દ્રભાઈ ડી. શેઠ પ્રયત્ન કરી રહ્યા છે. ભણવામાં હોંશિયાર શ્રી દિગ્વિજયસિંહજી ન્યુ મિડલ સ્કૂલમાં ત્યારે એકથી પાંચ ક્રમાંકમાં તો હોય જ !! ભણતા હોય પહેલી, પણ ચોથા ધોરણ સુધીના ગુજરાતી, હિન્દી, ભૂગોળ, ઈતિહાસ, જનરલ નોલેજ તેમને આવડતાં જ હોય ! આ બધા વિષયોમાં ૬૦ % થી ૭૦% માર્કશીટમાં વગર વાચને આવેલ હોય ! ? મિડલ સ્કૂલના બધા ધોરણ ઉર્ત્તીણ થયા બાદ ફરજિયાત ઘરથી દૂર નવાનગર હાઈસ્કૂલમાં ભણવા જવાનું થયું, અભ્યાસી વાતાવરણ બરાબર નહીં મોટાભાગના વિદ્યાર્થીઓ 'આવારા-ડોન' સ્ટાઈલમાં જ હોય ! હાઈસ્કૂલમાં મહિનો નહીં થયો ત્યાં ઘર નજીક ખંભાલિયા ગેઈટ પાસે નેશનલ હાઈસ્કૂલ શરૂ થવાની જાહેરાત વર્તમાનપત્રમાં જોવા મળી, માતુશ્રીની આજ્ઞા મેળવી પ્રથમ બે ભાઈઓનાં નામ લખવામાં આવ્યાં. પ્રથમ મહેન્દ્ર દુર્લભજી શેઠ દ્વિતીય નામ કિશોરચંદ્ર દુર્લભજી શેઠ, ત્રણ દિવસ પછી ત્રણ ઓશવાળ મહાજન જ્ઞાતિના વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો. સ્કૂલ ભણતર (એસ.એસ.સી.) પુરું થતાં મહેન્દ્રભાઈને કલકતા પાસે આવેલ રવીન્દ્રનાથ ટાગોરની વિશ્વભારતી યુનિવર્સિટીના શાંતિનિકેતનમાં ભણવા જવું હતું પણ તેટલે દૂર જવાની માતાની આજ્ઞા ન મળતાં ભણવું ન હતું, છતાં જામનગરની ડી.કે.વી. કોલેજમાં પ્રવેશ મેળવી વિદ્યાર્થી નેતા 'હાલાર કોલેજિયન એસોસિએશન'ના મંત્રી-પ્રમુખ તરીકે છ વર્ષ ફરજ બજાવી દરેક કોલેજ તથા વિદ્યાર્થીઓના અગણિત પ્રશ્નોને ન્યાય અપાવ્યો. બી.એ. પાસ ન થયાથી કોલેજ તથા પ્રમુખ (વિદ્યાર્થીનેતા) પદ છોડવાં પડ્યાં.



મનોરંજનના મહારથી
શ્રી મહેન્દ્રભાઈ ડી. શેઠ

'સૂરમંદિર' જેવી સંગીત સંસ્થા ઊભી કરી સંગીત વગાડનારાં તથા ગાનારાંઓ તૈયાર કર્યાં, મહિનામાં ત્રણ ચાર સ્ટેજ જાહેર કાર્યક્રમ અવશ્ય થતાં. 'ધૂમકેતુ' નામક નાટ્ય સંસ્થા સ્થાપી ગુજરાત રાજ્યના યુથ ફેસ્ટિવલમાં તેમનું દરેક નાટક પ્રથમ અથવા બીજા નંબરે જ હોય !!

નાનામોટા અનેક મનોરંજન કાર્યક્રમ કર્યા પછી 'એ' ગ્રેઈડ સો ઉપર (મહમદ રફી, મૂકેશ, ગીતા દત્ત, કિશોરકુમાર, મન્ના ડે, શકીલાબાનો જેવાં અનેક નામી કલાકારો) કાર્યક્રમો તથા નાટકો જામનગરની પ્રજાને ખૂબ જ સસ્તા દરે મનોરંજન કાર્યક્રમ પ્રસ્તુત કર્યા. તેથી જિલ્લાની તમામ કોલેજો 'એ' ગ્રેઈડની શાળાઓ, જામનગર નગરપાલિકા, દૈનિકો, ગુજરાત વિદ્યુત બોર્ડ, લાયન્સ, જાયટન્સ, રોટરી જેવી અનેક સંસ્થાઓએ મળી જાહેર સમ્માન કરી, 'મનોરંજનના મહારથી'નું બિરુંદ અર્પણ કર્યું. નવાનગર રાજ્યમાં શુભ-અશુભની સમિતિના આગેવાન મહેન્દ્રભાઈ જ હોય.

ચલચિત્રો ઘણાં પ્રદર્શિત કર્યાં, બનાવ્યા, બદિયાણી એન્ટરપ્રાઈઝના સહકારથી શહેરનું અંબર સિનેમા (શાહી સિનેમા) દોઢથી બે વર્ષ ચલાવ્યું, અન્ય સિનેમા ઘરોમાં પણ તેમનાં ચિત્રો અવારનવાર રજૂ થતાં કંઈક ગુજરાતી-હિન્દી ચિત્રોનું દિગ્દર્શન કરેલ, કોઈ પાસેથી પૈસા લીધેલ ન હતા, 'ધરતીનો ધબકાર'ના દિગ્દર્શક (કેપ્ટન) તરીકે વગર પૈસે જવાબદારી સંભાળેલ હતી ! સમયકાળ બદલાયો હોવા છતાં શ્રી મહેન્દ્રભાઈ શેઠની રાખરખાવટ, તેમનું સંસ્કારધન અકબંધ રહ્યું છે. પ્રતાપી પિતાનો વારસો જાળવી રાખવા નાના મોટા ફંડફાળામાં તેમની દાનગંગા વહેતી જ રહે છે. સારાં કાર્યોમાં સામે ચાલીને સહભાગી થવાની તેમની ઉદારતા અને કાર્યકુશળતા વિરલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# માતૃ-પિતૃ વંદના

**સંસ્કારમૂર્તિ**
**મનહરબેન (બાબીબહેન) મહેતા**
**સમૃદ્ધ વ્યક્તિત્વ**
**હરિલાલ (બાબુભાઈ) હેમચંદ મહેતા**



મનહરબેન (બાબીબહેન) મહેતા
સ્વર્ગવાસ : ૩૧-૧-૨૦૦૭



હરિલાલ (બાબુભાઇ) હેમચંદ મહેતા
સ્વર્ગવાસ : ૪-૧-૧૯૮૭

કહેવાય છે કે જીવન ક્ષણભંગુર છે. જિંદગી તો ચાર દિવસની ચાંદની છે. પણ એ જીવનને યાવત્યચંદ્રૌ-દિવકરૌ, એક સિતારાની જેમ આકાશમાં સ્થાયી કરવું, ચાર દિવસની ચડતીપડતી વચ્ચે કાયમ યાદ રહે તેમ પ્રકાશિત કરવું એ કોઇ વિરલ વ્યક્તિત્વને વરેલું હોય છે. એવી વ્યક્તિઓ ભાવિ પેઢીને પ્રેરણારૂપ દીવાદાંડી બની જતી હોય છે. સાત સાત પેઢીના સમાજને નવો રાહ બતાવતી રહે છે.

તન-મન અને ધનની સમૃદ્ધિમાં માનવી ધનની કે તનની સમૃદ્ધિથી વધુ છાતી કાઢીને ચાલતો હોય છે, પણ માનવીની સાચી સમૃદ્ધિ મનની છે. જેને આપણે સંસ્કાર કહીને ઓળખીએ છીએ. મહેતા પરિવારમાં મનહરબેન અને બાબુભાઇનું જીવન આવી સંસ્કાર સમૃદ્ધિથી સભર હતું. ભૌતિક જીવનમાં ભલે ચડતીપડતીના અનુભવો થયા, પણ સાંસ્કારિક જીવનમાં ઉત્તમ ગુણલક્ષણોનો સંચય અકબંધ રહ્યો અને આગામી પેઢીને ઉજાળતો રહ્યો.

હરિભાઇના દાદાબાપુ એટલે ગોરધનદાસ મોરારજી મહેતા. તે સમયના કાઠિયાવાડના પ્રખ્યાત વકીલ, વિદ્વાન રાજા-મહારાજાના કેસ ચલાવતાં કોર્ટ ધ્રુજાવે. ધનવાન એટલા કે સામાન્ય માણસના ઘેર અનાજની કોઠીઓ ભરેલી હોય તેમ એમને ત્યાં મોતીની કોઠીઓ ભરેલી હોય. તો મનહરબેનના પિયરપક્ષે પણ એવી દોમ દોમ જાહોજલાલી હતી. એમના પિતા કોટન માર્કેટ, સુગર માર્કેટ, બોમ્બે સ્ટોક એક્ષચેંજના અગ્રેસર ગણાતા. મુંબઇના ગવર્નર અને ના. આગાખાન તેમને 'ડ્યુક સુગર' તરીકે સંબોધતા.

તેમ છતાં મનહરબેનનું સગપણ બાબુભાઇ સાથે નક્કી થયું એ એમના વડીલોને ગમ્યું નહિ, તેનું એક કારણ એ હતું કે બાબુભાઇ ઝાઝું ભણ્યા નહોતા. પરંતુ જે વ્યક્તિમાં એકાદ ક્ષેત્રની ઉણપ હોય તે વ્યક્તિમાં બીજા ઘણાં લક્ષણો પૂરબહારમાં ખીલેલાં દેખાતા હોય છે. બાબુભાઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજતા હતા કે એકડા-બગડા એ જ માત્ર ભણતર નથી. ભણતર તો માનવજીવનને અનેક રીતે ખીલવે. જીવનની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા તરીકે બાબુભાઇએ ઘણી જહેમત ઉઠાવી. જામનગર અને કાઠિયાવાડની રમત-ગમતની પ્રવૃત્તિઓને વિકસાવવામાં તનતોડ મહેનત કરી. ક્રિકેટ, વૉલીબોલ, ફૂટબોલ, ટેનિસ જેવી રાષ્ટ્રવ્યાપી રમતોને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવે છે. તેમાં બાબુભાઇનો પાયાના પત્થર સમો ફાળો છે.

પરંતુ, જીવનનું બીજું નામ ભરતી-ઓટ છે. વિશાળ સાગર સમથળ પડયો હોય ત્યારે એના પર ખેલવાનું મન થાય, પણ ડુંગર જેવા મોજાં ઉછાળતો-ધસમસતો હોય ત્યારે ભાગી જવાનું મન થાય. પરંતુ વિરલા એને કહેવાય કે એ વિષમ પરિસ્થિતિમાં ડગે નહિ, ભાગે નહિ, અડીખમ ઊભા રહે. મનહરબેનનું આવું અડીખમ અટંકી હતું. બાબુભાઇને ધંધા-ઉદ્યોગમાં ખોટ ગઇ. નવાનગરના રાજાએ રાજ્યના દેવે પેટે બધી માલમિલ્કત જપ્ત કરી. એવા કપરા સંજોગોમાં પણ મનહરબેનના સંસ્કારો સોળે કળાએ ખીલેલા. તેમની ધર્મધારા જરાપણ વિચલિત ન થઇ. બીજું કોઇ હોય તો ભાંગી પડે. પણ તેઓ તો પોતાની સંસ્કાર સમૃદ્ધિથી સદાય ધીરગંભીર અને ઉત્સાહી રહ્યા. એમના આ ગજબના આત્મબળના પ્રતાપે જ ભાવિ પેઢી પડી ભાંગવાને બદલે, બેઠી થઇ અને હજુ પણ એક એક ડગલું માંડતા યશ-ધન-કીર્તિના સર્વોચ્ચ શિખરે પહોંચવાની હામ ધરાવે છે.

એવી પ્રેરણાદાયી સંસ્કારમૂર્તિઓ હંમેશા ચિરસ્મરણીય બની રહેતી હોય છે.

**આપ માતા-પિતાને આપના લાડકવાયા પરિવારની કોટિ-કોટિ શ્રદ્ધાંજલી.**

પરેશ હરિલાલ મહેતા, શ્રીમતી દક્ષા પરેશભાઇ મહેતા, ધીરેન હરિલાલ મહેતા, શ્રીમતી હર્ષા ધીરેન મહેતા, હિમાંશુ પી. મહેતા, નિધી પી. મહેતા, આનંદ ડી. મહેતા, શ્રીમતી હેમાલી એ. મહેતા, જીત એ. મહેતા, દેવાંગ ડી. મહેતા, જયતા ડી. મહેતા, યશવી ડી. મહેતા, શ્રીમતી ઉમાબેન બી. દલાલ, વિશ્વાસ શેઠ, શ્રીમતી શ્રધ્ધા એમ. હરિકુમાર, શ્રી એમ. હરિકુમારના જય જીનેન્દ્ર.


:: With Best Complements from ::

**Mehta Consultancy Services**

**IND. CONSULTANT & LIASONNING SERVICES**

OFF. : 16, KASEZIA Building, Kandla Special Economic Zone,
Gandhidham (Kutch) - 370 230
Ph. : (O) 252372 (R) 262028, Tele Fax : 253392 E-mail : dhirenmehta1@dataone.in


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સંસાર ભરના શ્રાવકોની શ્રદ્ધાનું સરનામું...



# મહાવિદેહ ધામ

### *ભવ્યતાના સરનામા સમુ તીર્થ...*

અમદાવાદ-મોડાસા હાઇવે પર દહેગામ વટાવ્યા, પછી માત્ર સાત કિલોમીટરના અંતરે નેશનલ હાઇવેને તદ્દન અડીને આકાર લઇ રહેલું મહાવિદેહધામ તમારી નજરે પડશે. નવા બબલપુરા ગામની સીમમાં આવેલું અને સર્પાકાર સરકતી શ્યામરંગી સડકને સ્પર્શ કરતું આ મહાવિદેહધામ આ પંથકનો જીવંત ચમત્કાર છે. એંશી ઉપરાંત ફુટની ઉંચાઇવાળા અને જિનશાસનને અલૌકિક ગરવાશમાં તરબોળ કરતા આ તીર્થને જોઇને ખાતરી છે કે તમે જરૂર તમારા વાહનને થંભાવી દેશો. આ તીર્થના આશિર્વાદ દાતા પ.પૂ. યોગનિષ્ઠાચાર્ય શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિજી સમુદાયવર્તિ પ.પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. તથા આ તીર્થના સ્વપ્નદ્રષ્ટા પૂજ્યશ્રીના અંતેવાસી શિષ્ય શિલ્પમર્મજ્ઞ મુનિશ્રી સંયમસાગરજી મ.સા. છે.

આ તીર્થ અમદાવાદથી માત્ર ૩૫ કિ.મી. દૂર દહેગામ-મોડાસા હાઇવે પર નવા બબલપુરા ગામની સીમમાં આવેલું છે.

### આવો, અહીં બધું જ અદ્દભુત છે....

ઇતિહાસને પણ ઓવારણા લેવાનું મન થાય એવું છે મહાતીર્થ મહાવિદેહધામ. અહીં દિવ્યતા છે, ભવ્યતા છે. કહેવાય છે કે "તારે તે તીર્થ" હા ! મહાવિદેહધામ તો તારનારૂં તીર્થ છે. માનવ મનમાં ઉજાસ ભરી દેનારું તીર્થ છે. અહીં તીર્થ અદ્દભુત છે. તીર્થમાં બિરાજમાન દેવાધિદેવ અદ્દભુત છે. તીર્થની રચના અદ્દભુત છે. અહીંની સુવિધાઓ અદ્દભુત છે. અહીં કુશળ શિલ્પકારો એ સ્થાપત્યની કરેલી કારીગરી અદ્દભુત છે.

અહીં આવ્યા પછી વિચારો બદલાશે, વિચારોનું વહેણ બદલાશે. અરે, તમારો આખો અભિગમ બદલાઇ જશે.

### અહીં ગુંજે છે મંત્રવાદનો પ્રતિધ્વનિ...

હા, અહીં આર્યસંસ્કૃતિના પ્રાણને સંચારિત કરવામાં આવ્યો છે. મંત્રવાદના પ્રતિધ્વનિથી તીર્થની આ ધરા ગુંજિત બની રહે છે. અર્વાચીન યંત્રવાદને તિલાંજલિ આપવા પૂર્વક ભવતારક મૂળનાયક શ્રી સીમંધર સ્વામીના આ જિનાલય માટે પથ્થર આદિ સાધનો, દ્રવ્યોને ઉંટ ગાડા-બળદગાડામાં જ પ્રસ્થાપિત કરી આ સ્થાને લાવવામાં આવ્યા છે. અહીંનું દ્રશ્ય જ એવું નયન મનોહર અને ચિત્તાકર્ષક છે કે મનુષ્યની સ્મરણ મંજૂષામાં ચિરંતન સ્થિરતા ધારણ કરે !

### અહીં કશુંક અનન્ય છે...

ધરતીના આ ટુકડામાં જ કશુંક અલૌકિક દિવ્ય તત્વ ધરબાઇને પડયું છે. જાણે ભોમકાનો આ ખંડ વરસોથી પોકાર પાડી રહ્યો હતો. 'આ સ્વર્ગીય મોક્ષમાર્ગી ધરા છે. કોઇ અહીં તીર્થની રચના કરો ચમત્કારી તત્વ અહીં છુપાયેલું છે. અત્રે જિનમંદિરની સાથે-સાથે આધુનિક સગવડતા સભર ધર્મશાળા. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો માટે ઉપાશ્રયનું પણ નિર્માણ થઇ ચુક્યું છે. વિશાળ ભોજનશાળાનું પણ નિર્માણ ટુંક સમયમાં ચાલુ થનાર છે. આમ તમામ સુવિધાઓ સાથે છ એકર જેટલી વિશાળ જમીન પર પથરાયેલ આ તીર્થ દિવ્યતાની પ્રભા પ્રસરાવવાનું તીર્થ બની રહેશે એ નિઃશંક છે.



જિન મંદિરની ઉંચાઇ લગભગ ૮૦ ફુટની છે. સં. ૨૦૬૪ના ચૈત્ર વદ-૩ બુધવાર તા. ૨૩-૫-૦૮ના રોજ આ નૂતન જિનાલયમાં પ્રભુજીને ભવ્ય અંજનશલાકા મહોત્સવપૂર્વક ગાદી નશીન કરવામાં આવ્યા છે. જિન મંદિરમાં દરેક સ્થંભ ઉપર અલગ-અલગ પ્રભુજીના જીવન વિશેના પ્રસંગો કંડારવામાં આવ્યા છે. નાગપાશનું તોરણ વિશિષ્ટ પ્રકારનું બેનમુન છે. પરિકર પણ બેનમુન છે. ઉપર ગુંબજના ભાગમાં સાત ભયોનાં સુંદર દ્રશ્યો આલેખવામાં આવ્યા છે. દરેક પ્રભુજીની પ્રતિમા પર જમણી જાંઘે લંછન તેમ જ હાથ-પગના તળીયે ઉત્તમ લક્ષણો કોતરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી સીમંધર સ્વામી પરમાત્માના પરિકરમાં ૧૯ ગોખલા કોતરવામાં આવ્યા છે. જેમાં ૯-૯ ઇંચના ૧૯ વિહરમાન ભગવાનોની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

**સંપર્ક સૂત્ર : મહાવિદેહધામ તીર્થ - ફોન : ૦૨૭૧૬૨૬૭૧૦૦**

શ્રી કૈલાસસાગરસૂરિ આરાધના ફાઉન્ડેશન ટ્રસ્ટ, દહેગામ મોડાસા હાઇવે, નવા બબલપુરા પો. સલકી (જિ. ગાંધીનગર)પીન ૩૮૨૩૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનના પરમાર્થરસિક કાર્યકરો : દાનવીરો

પોતાના જીવનની પ્રત્યેકપળને સમાજ અને ધર્મશાસનનાં વિવિધ ક્ષેત્રમાં સતત સક્રિય રાખી અહર્નિશ સેવારત રહેનારા, અનેકોને અનેક પ્રસંગે પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શક બની રહેનારા શાસનના સન્નિષ્ઠ અને કર્મઠ કાર્યકરો, જેમના ધર્મપરાયણ સદ્ગુણો અને ઊજળા વ્યક્તિત્વને કારણે બહોળા જનસમૂહમાં તેઓ સૌના પ્રીતિપાત્ર બની શક્યા છે, જેઓની જિનભક્તિ, તીર્થભક્તિ, ગુરુભક્તિ, જ્ઞાનભક્તિ, સાધર્મિકભક્તિ, જીવદયા પ્રવૃત્તિ જેવા અનેકવિધ કાર્યો સુસંપન્ન બન્યાં. શાસનના એવા કર્મઠ કાર્યકરોના પરિચયો લેખમાળા દ્વારા અપાયા છે.

—*સંપાદક.*

## સ્વ. શ્રી અનંતરાય હીરાચંદ

દાઠાના વતની અને મુંબઈમાં રહેતા સૌજન્યમૂર્તિ શ્રી અનંતરાય હીરાચંદનું ૫૬ વર્ષની નાની વયમાં તા. ૨૪-૧-૮૬ના રોજ અવસાન થયું. શ્રી અનુભાઈ જીવનના અનેક ઝંઝાવાતોમાંથી પસાર થઈ જીવનને નવા વળાંક આપી, ઉદાર ભાવે સત્કાર્યોમાં લક્ષ્મી વાપરવા લાગ્યા હતા. તેઓ માતૃભૂમિ દાઠાના વિકાસમાં ખૂબ જ રસ લઈ રહ્યા હતા, એટલું જ નહીં, દાઠાની ભોજનશાળા અદ્યતન બને અને યાત્રિકોને દરેક પ્રકારની સગવડ મળે તે માટે સતત પ્રયત્નશીલ હતા. દાઠા દેરાસરને મીનાકારી બનાવવામાં તથા ગામમાં હાઈસ્કૂલ ઊભી કરવામાં શ્રી અનુભાઈનું આગવું પ્રદાન હતું. ભોજનશાળા માટે નિધિ એકઠો કરી આપવામાં તેમનો ઉમદા ફાળો હતો. મુંબઈમાં શ્રી ઘોઘારી વીસાશ્રીમાળી જૈન સમાજમાં આગવી પ્રતિભા ઊભી કરી હતી. વિધવા બહેનોને ઉપયોગી થવા, તેમને આત્મનિર્ભર બનાવવા તેમ જ તેમના પૈસાની કાયમી સલામતી માટે સ્વ. પિતાશ્રી હીરાચંદ શાહની સ્મૃતિમાં દોઢલાખની રકમ પોતાની આપી ઈ.સ. ૧૯૮૦માં 'ટ્રસ્ટ'નો પ્રારંભ કરેલ, જે માનવતાનું ઉમદા કાર્ય આજે ચિરસ્મરણીય બની ગયું. આજે આટલાં વર્ષો પછી પણ આ ટ્રસ્ટ અવિરત સેવા આપી રહ્યું છે. તળાજાની શ્રી એન.આર. શાહ હોસ્પિટલના ટ્રસ્ટી હતા અને જૈન સમાજની નાની મોટી અનેક સંસ્થાઓમાં રસ લઈ કાર્યરત રહેતા હતા. ભારતમાં બધે ફર્યા. પરદેશ પણ બે-ત્રણ વખત જઈ આવ્યા. મહેસાણામાં માતુશ્રી કમળાબહેન હીરાચંદના નામે ધર્મશાળા બંધાવી. તેઓ ખૂબ જ પરગજુ વૃત્તિ ધરાવતા હતા.

## શ્રી કસ્તુરચંદ જેતસીભાઈ સંઘવી

ગુજરાતના મોરબી પાસે રંગપરબેલામાં એક ધર્મપ્રેમી પરિવારમાં ૧૯૩૫માં શ્રી કસ્તુરચંદભાઈનો જન્મ થયો. સામાન્ય અભ્યાસ પણ કર્તવ્યનિષ્ઠા અને સેવાભાવનાની લગનીને કારણે આજે તેઓ આત્મસંતોષના ઉચ્ચત્તમ શિખરે બિરાજે છે.



**પૂ. દાદાશ્રી રામજીભાઈ મેઘજીભાઈ સંઘવી**



**પૂ. પિતાશ્રી જેતશીભાઈ રામજીભાઈ સંઘવી**



**પૂ. માતુશ્રી સમરતબહેન જેતશીભાઈ સંઘવી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી કસ્તુરચંદ જેતસીભાઈ સંઘવી

પોતાની સાત વર્ષની કુમળી વયે પિતાનું અણધાર્યું અવસાન થયું, એટલે અભ્યાસ અને આજીવિકા માટે સતત પુરુષાર્થ કરવો પડ્યો.

ધંધાના વિકાસ પડકારોને ઝીલવાની હૈયામાં હામ હતી, દેવગુરુધર્મ અને કુળદેવીમાં અપાર શ્રદ્ધા હતી, જીવનમાં કાંઈક કરી છૂટવાનો મનમાં પાકો મનસૂબો હતો, એટલે પોતાની પચીસ વર્ષની ઉંમરે પોતાના સમાજના યુવકમંડળની નેતાગીરી ધારણ કરી. વતનનાં સમાજ-ઉપયોગી કાર્યો અને પ્રસંગોમાં તન, મન, ધનથી સક્રિય સહયોગી બન્યા. છેલ્લે મંડળના ચેરમેન તરીકેની કામગીરી પણ ઠીક સમય સુધી બજાવી અને સૌના, બહોળા સમૂહના પ્રીતિપાત્ર બન્યા. સંઘવી પરિવારનું નામ ઉત્તરોત્તર ઉજાગર કરતા રહ્યા.

૧૯૭૨ના ભયંકર દુષ્કાળના કપરા કાળમાં વતન મોરબી પાસેનાં ત્રણ ગામોમાં એક વર્ષ સુધી અનાજ અને અન્ય જરૂરીયાતો પૂરી પાડવામાં અને નેત્રયજ્ઞો વગેરેમાં ભારે મોટું યોગદાન આ સંઘવીપરિવાર તરફથી અપાયું.

૧૨૦૦ના સૈકામાં વિધર્મીઓ દ્વારા જીર્ણશીર્ણ થયેલા કુળદેવી ભવાની વડાવરી માતાજીના મંદિરને નવો ઓપ આપી પરિવારનાં સૌને સાથે રાખી મંદિર બાંધકામમાં પૂરો રસ લીધો. પ્રતિષ્ઠા પણ ધામધૂમથી તેમના હાથે થઈ. તેના ટ્રસ્ટી તરીકે પણ આજે સુંદર સેવા આપી રહ્યા છે.

સંપત્તિ કમાયા, સંપત્તિનો સદ્‌ઉપયોગ કરી શ્રી સિદ્ધગિરિ તીર્થ પાલિતાણામાં તળેટી રોડ ઉપર પોતાના ખર્ચે સંઘવી ધર્મશાળાનું નિર્માણ કરાવ્યું. પ.પૂ.આ. ભગવંતશ્રી કલાપૂર્ણસૂરિજી મ.સા.ના પુનીત હાથે ધર્મશાળાનું ઉદ્‌ઘાટન થયું.

સિહોરથી સિદ્ધગિરિ તીર્થનો પૂજ્યશ્રીની નિશ્રામાં છ'રી-પાલિત યાત્રા સંઘ નીકળેલ જે ખૂબ જ યાદગાર બની ગયો. દોઢ દાયકા પહેલા મોરબીથી કટારિયા-ભદ્રેશ્વર સુધીનો યાત્રા સંઘ નીકળેલ જે પુનીત પ્રસંગનાં પણ અનેક ચિર:સ્મરણીય સંભારણાં બન્યાં. શ્રાવકજીવનના આચાર-વિચારને જીવનમાં પૂર્ણપણે આત્મસાત્ કરી સવારસાંજ સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાન, જાપ અને પૂજાઅર્ચના વગેરેમાં ચુસ્ત રીતે વળગી રહ્યા છે.

સાદગી અને સેવા એમની ખાસિયાતો છે. નાનામોટા ફંડફાળામાં સંઘવી પરિવારની દેણગી હોય જ. પોતાની હયાતીમાં જ્યાં જ્યાં અપાય ત્યાં ત્યાં યથાશક્તિ આપવું જ એવા એક મંત્રબીજને નજર સમક્ષ રાખ્યું છે. તીર્થયાત્રાઓ પણ પરિવાર સાથે સુસંપન્ન બની છે. હાલમાં નિવૃત્તજીવન ગાળે છે પણ તેમની ભક્તિભાવના, ત્યાગભાવના અને સમર્પણભાવના ખરેખર અજોડ છે. અનેકોને શક્ય ઉપયોગી બનતા રહ્યા છે.

સંઘ અને શાસનસેવાના દરેક પ્રસંગે તેમની અમીરાત અને ઉદારતાનાં દર્શન થતાં રહ્યાં છે. આવા પુણ્યાત્માઓ જ જૈન સમાજનાં સાચાં ઘરેણાં છે. અરિહંત પરમાત્મા તેમને લાંબું દીર્ઘાયુષ બક્ષે એવી શુભેચ્છા. પાલિતાણા સિદ્ધશીલા ધર્મશાળાના આયોજનમાં પાર્ટનર હર્ષદભાઈ દોશી અને વર્ષાબહેન દોશી પરિવારનો પણ સારો સહયોગ મળ્યો છે.

મુંબઈથી શ્રી કસ્તુરભાઈ સંઘવી, તથા શ્રી હર્ષદભાઈ દોશી બન્નેના સંયુક્ત યોગદાનથી ધર્મનગરી પાલિતાણા મુકામે તળેટીની નજીક અંદાજે ૩,૨૦૦વારના પ્લોટ ઉપર ત્રણ મજલાની ધર્મશાળાનું નિર્માણ કર્યું છે, જેની વિગત આ પ્રમાણે છે :

શ્રી સિદ્ધ શિલા ધર્મશાળા, શત્રુંજય પાર્ક, તળેટી રોડ, આરાધનાભવન સામે, પાલિતાણા. શ્રી ચતુર્વિધસંઘની સગવડવાળી.

ઉપરોક્ત ધર્મશાળાનો ગ્રાઉન્ડ ફ્લોર અને ત્રણ માળનું મકાન બંધાઈ ગયેલ છે. કુલ્લે બાંધકામ ૮૦,૦૦૦ (એંસી હજાર) સ્કે. ફૂટનું છે. ક્યાંય તક્તી લગાવેલ નથી, જેમાં યાત્રિકોની સગવડતા માટે એટેચ્ડ ટોયલેટ વાળા ૫૦ બ્લોક છે. તદુપરાંત (૧) ૫,૫૦૦ સ્કે. ફૂટનો હોલ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર (૨) ૫,૫૦૦ સ્કે. ફૂટનો હોલ બીજા માળે (સ્લેબ ભરવાનો બાકી છે) (૩) ૧,૫૦૦ સ્કે. ફૂટનો હોલ દરેક મજલે (કુલ્લે ૪ હોલ છે) (૪) ૧,૦૦૦ સ્કે. ફૂટ નો હોલ દરેક મજલે (કુલ્લે ૪ હોલ છે) (૫) ૪૦૦ સ્કે. ફૂટનો કોઠાર રૂમ દરેક મજલે (કુલ્લે ૪ રૂમ છે) (૬) ૧,૫૦૦ સ્કે. ફૂટ નો હોલ ગ્રાઉન્ડ ફલોરમાં પૂજ્ય ગુરુ ભગવંતો માટે (૭) ૫૦૦ સ્કે. ફૂટનું બેઝમેન્ટ સ્ટોરેજ માટે (૮) ૪૦૦ સ્કે. ફૂટની વોચમેનને રહેવા માટે રૂમ (૯) ૧,૦૦૦ સ્કે. ફૂટના બે બ્લોક ધર્મશાળાની ઓફિસ તથા ટ્રસ્ટીઓના ઉતારા માટે તથા તેમાંથી મેનેજરને પણ રહેવા અપાશે. (૧૦) ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાથરૂમ તથા ૧૦ ટોયલેટની દરેક માળે વ્યવસ્થા કરેલ છે, જેથી હોલમાં ઊતરનારા સંઘના યાત્રિકોને પુરતી સગવડતા મળે. (૧૧) સવા લાખ લિટરની પાણીની ક્ષમતા ધરાવતી ઉપર તથા નીચેની બે પાણીની ટાંકીઓ થઈ ગયેલ છે અને લિફ્ટ તેમજ થોડુંક કામ બાકી છે અને બે પ્લોટ પણ ખાલી છે પ્લાન પાસ થઈ ગયો છે.

## શ્રી પોપટલાલ તારાચંદ મેપાણી

(જૂના ડીસાવાળા)




શ્રી પોપટભાઈનો જન્મ જૂના ડીસા પાસે દામા ગામે સં. ૧૯૭૦ના જેઠ સુદ ૧૧, ગુરુવાર, તા. ૪-૬-૧૯૧૪ના શુભ દિને થયો હતો. સં. ૧૯૭૧માં એમના પિતાશ્રીએ પોપટલાલ લહેરચંદના નામથી ભાગીદારીમાં શરાફી પેઢી શરૂ કરી. પછી બીજી પેઢી સં. ૧૯૭૩માં એમના પિતાશ્રીએ સ્વતંત્ર શરાફી પેઢી પોપટલાલ તારાચંદના નામથી શરૂ કરી. ધંધાનો ૩૦ વરસની ઉંમરે ઘણો જ વિકાસ કરેલ હતો. સં. ૧૯૭૫માં એમના પિતાશ્રી સ્વર્ગવાસી થયા ત્યારે પોપટલાલભાઈની ઉંમર પાંચ વરસની હતી. ૧૨ વરસની ઉંમરે ડીસાથી મુંબઈ આવી થોડો સમય કાપડના બિઝનેસમાં સર્વિસ કરી. ટૂંક સમયમાં કાપડનો હોલસેલ વેપાર શરૂ કરેલ હતો. આજે બિઝનેસ તેમના સુપુત્રો સંભાળે છે

તેઓશ્રી સત્તર વર્ષથી શ્રી અગાસી તીર્થમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સેવા આપી છે. બંને નૂતન ધર્મશાળાઓનું બાંધકામ તેમની દેખરેખ નીચે પૂરું થઈ ગયેલ છે. શ્રી સિદ્ધક્ષેત્રે શ્રાવિકાશ્રમ, પાલિતાણાના મંત્રી હતા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈની વ્યવસ્થાપક કમિટીના સભ્ય હતા. છેલ્લાં પચીસ વર્ષથી હવે તેઓ સંપૂર્ણ ધર્મમય જીવન ગુજારતા હતા. મુંબઈની લક્ષ્મીદાસ માર્કેટમાં મેસર્સ કે. ચંદ્રકાન્ત એન્ડ કું.ના નામથી છેલ્લાં બાવન વર્ષથી કાપડનો વેપાર કરતા કરતા શ્રી પોપટલાલભાઈ છેલ્લાં પચીસ વર્ષથી નિયમિત સામાયિક, નવકારમંત્રનો જાપ, પ્રભુપૂજન આદિ ધર્મક્રિયામાં તત્પર રહેતા હતા. શ્રી ભીલડિયાજી તીર્થના ટ્રસ્ટી તરીકે વીસ વર્ષથી વધારે સારી સેવા આપી છે. નૂતન પાર્શ્વનાથ ભગવાનનું મંદિર તેમની સંપૂર્ણ દેખરેખ નીચે તૈયાર થયેલ છે. પાલિતાણાની મહારાષ્ટ્ર-ભવન ધર્મશાળાના ઉપપ્રમુખ તરીકે દસ વર્ષ સુધી સેવા આપી છે. સને ૧૯૮૩માં એમણે ઘણા દેશોની મુસાફરી કરી હતી. મુંબઈથી લંડન, બોસ્ટન, ન્યૂયોર્ક, આફ્રિકા, શિકાગો, ટોકિયો, હોંગકોંગ, બેંગકોક, સિંગાપોર, મલેશિયા, ઇન્ડોનેશિયામાં જાકાર્તા, બાલી વગેરે ગયા હતા.

એમનાં ધર્મપત્ની સાથે ૨૦ વર્ષ પહેલાં યુરોપનો ઝુરીચપ્રવાસ કરેલ તેમ જ દસ વર્ષ પહેલાં અમેરિકાનો પ્રવાસ કરેલ હતો. પરદેશના પ્રવાસમાં પણ શ્રી પોપટલાલભાઈ નિત્યનિયમ બરાબર પાળતા હતા. ધાર્મિક યાત્રામાં તેમણે શિખરજી વગેરે તીર્થોની યાત્રા કરી છે. સિદ્ધક્ષેત્રમાં પોતાનાં ધર્મપત્ની સાથે ચોમાસું કરી નવ્વાણું યાત્રાનો પણ લાભ લીધો હતો અને સાથે સાથે પાલિતાણા મહારાષ્ટ્ર-ભવનમાં જૂના ડીસા ઉપાશ્રય સંઘ તરફથી પરમ પૂજ્ય સંઘસ્થવીર આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રસૂરિ મહારાજ અને શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવર્યો અને પૂજ્ય મનકશ્રીજી સાધ્વીજી મહારાજ આદિ સાધુ-સંતોને ચોમાસું કરવાની વિનંતી કરી તે મુજબ લાભ લીધો હતો. દરેક ધાર્મિક કાર્યોમાં શ્રી પોપટલાલભાઈએ આગેવાની લઈ ખૂબ જ રસ લીધો હતો. મહારાષ્ટ્ર-ભવન પાલિતાણામાં નૂતન ભોજનગૃહ બંધાવી આપેલ છે તેમ જ જૂના ડીસાથી બે માઈલે આવેલ વડાવળ ગામે ધર્મશાળા બંધાવી આપેલ હતી. શ્રી પોપટલાલભાઈને ધાર્મિક સંસ્કારી પુસ્તકોનાં વાચન-મનનમાં ખૂબ જ રસ છે. સં. ૨૦૩૭માં એમનાં ધર્મપત્ની ચંચળબહેનને ૫૦૦ આયંબિલનું પારણું કરાવેલ ત્યારે પૂજ્ય આચાર્યદેવ વિજયભુવનભાનુ-સૂરીશ્વરજીની નિશ્રામાં મુંબઈમાં સિદ્ધચક્ર પૂજન ભણાવેલ હતું. નૂતન જૈન ઉપાશ્રયમાં જૂના ડીસામાં એમનાં માતુશ્રી ધાપુબાઈ તથા કાકી સમુબાઈના નામથી દેરાણી-જેઠાણી આરાધના હોલ બંધાવી આપેલ છે. તેમ જ શ્રીમદ્ વિજયૐકારસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો અને મનકશ્રીજી આદિ ૭૦ સાધ્વીજી મહારાજોને ચોમાસું કરવા વિનંતી કરી હતી અને દરેક ધાર્મિક કાર્યમાં આગેવાની લઈ ભાગ લીધો હતો. તેમ જ વંદન કરવા આવનાર સાધર્મિક ભાઈઓ અને બહેનો માટે ભક્તિ કરવાનો લાભ લીધો હતો. અમેરિકામાં એમના પૌત્ર ચેતનનાં લગ્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવાથી ત્યાં પણ હાજરી આપવા ગયા હતાં. એમના ઘરનાં ૧૨ મેમ્બરો અમેરિકા ગયાં હતા. અગાસીતીર્થમાં વિશાળ ભોજનગૃહ હોલ અને તેના ઉપર ધર્મશાળા, સેનેટોરિયમ તેમની દેખરેખ નીચે બની હતી. શ્રી પોપટલાલભાઈને છ પુત્રો અને એક પુત્રી છે. તેમનાં નામ કીર્તિલાલ, સેવંતીલાલ, બાબુલાલ, વસંતલાલ, ભૂપેન્દ્રભાઈ અને ચંદ્રકાન્ત તથા રમીલાબહેન છે. સેવંતીભાઈ એન્જિનિયર છે. ભૂપેન્દ્રભાઈ એમ.ડી. છે. ચંદ્રકાન્તભાઈ એમ.એસ., એમ.ટી.સી. સાયન્સ છે. પૌત્ર ચેતને બી.એસ.સી. કોમ્પ્યૂટર માસ્ટર પૂરું કરેલ છે. હાલમાં ભૂપેન્દ્રભાઈ, ચન્દ્રકાન્તભાઈ પૌત્ર ચેતન પૌત્ર શૈલેષ, જયેશ, સુમીત અમેરિકામાં પંચાગમાં રહે છે. જૂના ડીસામાં સં. ૨૦૪૨માં કીર્તિલાલે પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈ કરેલી તેમ જ બીજા ૫૦ તપસ્વીઓ નિમિત્તે સં. ૨૦૪૩માં કારતક માસમાં ઓચ્છવ થયેલ, તેમાં પોપટલાલભાઈ તરફથી કારતક સુદ ૧૩ના શાંતિસ્નાત્ર મહાપૂજા તથા નવકારસીનું જમણ થયેલ હતું. ભીલડિયાજી તીર્થમાં આઠ રૂમની ધર્મશાળાનો એક બ્લોક પોપટલાલભાઈ તથા તેમનાં ધર્મપત્ની ચંચળબહેનનાં નામથી બંધાવી આપેલ છે. હાલમાં તેઓ તેમના વિશાળ ફેમિલી સાથે મુંબઈ વાલકેશ્વરમાં સમ્રાટ અશોક સોસાયટી, ચંદનબાલા સોસાયટી, પ્રકાશ બિલ્ડિંગ સોસાયટીમાં રહે છે. સૂરતમાં ગોપીપુરામાં ચંચળબહેનના નામથી સાધ્વીજી મહારાજનો મોટો ઉપાશ્રય બનાવી આપેલ છે. નવા ડીસામાં જૈન બોર્ડિંગમાં પોપટલાલભાઈના પરિવારના નામથી ૨૬ બ્લોકો સાધારણ માણસો માટે બંધાવી આપેલ છે. વિલોરી (નાસિકમાં) પણ બધા ભાઈઓએ સારો લાભ લીધેલ છે.

## શેઠ શ્રી અનંતરાય ગિરધરલાલ જીવણલાલ શાહ (જસપરાવાળા)



ભાવનગર બાજુના એક નાનકડા ગામ જસપરાના મુંબઈમાં વસતા ઘોઘારી જ્ઞાતિના પ્રસિદ્ધ કુટુંબ શાહ ગિરધરલાલ જીવણલાલને ત્યાં અનુભાઈનો જન્મ તા. ૪-૮-૧૯૪૨ના રોજ થયો. ઉછેર તથા અભ્યાસ મુંબઈમાં જ થયો. ચાલુ અભ્યાસે લગભગ ૧૪ વર્ષની ઉંમરે તેમના પિતાશ્રીનું અવસાન થયું. પોતાની ઉંમર નાની હોવા છતાં ત્રણ ભાઈઓમાં મોટા હોવાથી પિતાશ્રીએ સ્થાપેલી ચાલુ દુકાન સ્થિર રાખી આગળ વધવાની જવાબદારી તેમના શિરે આવી. જે તેમણે ખૂબ આત્મવિશ્વાસ-પૂર્વક સ્વીકારી–સંભાળી. આટલી નાની ઉંમર હોવા છતાં તેમના મખમલ (વેલ્વેટ)ના ધંધાને માત્ર સંભાળ્યો જ નહી પણ તેનો અકલ્પનીય વિકાસ કર્યો. એ જ રીતે પૂ. માતાપિતાના ધાર્મિક સંસ્કારને પૂ. માતુશ્રીની દોરવણીથી ખૂબ આગળ વધાર્યા. આજે વ્યાપારધંધાનો વિકાસ અને ધાર્મિક સંસ્કારોનો વિકાસ એમ બન્ને વિકાસની એમના જીવનમાં ઉચ્ચ પ્રકારની હરીફાઈ છે.

અઢળક લક્ષ્મી પ્રાપ્ત કરીને ઘણાં સંઘરી રાખે છે. કોઈ સ્વાનંદ–મોજશોખમાં વાપરે છે, કોઈ વિલાસમાં વેડફે છે, જ્યારે કોઈ વિરલા જ પરહિતાર્થે સામાજિક અને ધાર્મિક કાર્યમાં વાપરી શકે છે, એ પણ ગણતરીનો હિસ્સો, જ્યારે વિરલામાં વિરલ અઢળકમાંથી અઢળક સુકૃત્યોમાં વાપરે છે. અનુભાવી એવા વીરલામાંના વીરલની પંક્તિમાં આવે છે. વળી પૂર્વજોની પુન્યાઈના કારણે તેમનાં ધર્મપત્ની દીનાબહેન તથા અનુજ બંધુઓ શ્રી કીર્તિભાઈ તથા શ્રી કુમારભાઈનો જીવનના દરેક ક્ષેત્રમાં તેમને સંપૂર્ણ સાથ મળ્યો છે, તે તેમના જીવનનું એક ઉજ્જ્વળ પાસું છે.

ધંધા સાથે ધર્મનું પાસું બરાબર સમતોલ રાખી ધર્મના ધાર્મિક ઘણાં કાર્યો યશસ્વી રીતે કરેલાં છે અને હજુ વર્તમાનમાં પણ કરતા જ રહે છે.

સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન ઘણું મોટું છે. ઘોઘારી વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિ મુંબઈના માનદ્ મંત્રી તરીકે અગાઉ ઘણાં વર્ષો સેવા આપેલી અને હાલ સમસ્ત મુંબઈ જ્ઞાતિના ટ્રસ્ટીપદે બિરાજે છે.

મુંબઈના જૈનસમાજમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર પાયધુની–વિજય દેવસુર સંઘનું સ્થાન મહત્ત્વનું છે, કહો કે અનન્ય છે. આ દેરાસરની સ્થાપના–પ્રતિષ્ઠા આજથી ૧૯૪ વર્ષ પૂર્વે કરી હતી અને ત્યારથી તે દેરાસર–તે સંઘ સાથે તે દેરાસરના બંધારણ મુજબ સંઘના કુલ ૧૩ ટ્રસ્ટીઓમાં આપણા ઘોઘારી સાથના ૪ ટ્રસ્ટીઓ હોય છે. દેરાસરની આજુબાજુના પાયધુની–ગુલાબવાડી જેવા વિસ્તારમાંથી આપણી વસ્તીનો અતિ મોટો ભાગ–લગભગ સંપૂર્ણ ભાગ પરાંઓમાં વસી ગયો છે, છતાં દેવસુર સંઘમાં હજુ આપણે આપણું સ્થાન જાળવી રાખ્યું છે. એવા મુંબઈના સિરમોર સંઘ–વિજય દેવસુર સંઘમાં તેઓ મેનેજિંગ ટ્રસ્ટી છે. ગોડીજી દેરાસરની કાયમી ધજા, વરસગાંઠનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામીવાત્સલ્ય તથા પોશ-દશમીની આરાધના જેવા લગભગ બધા કાયમી આદેશો તેમના પરિવારના છે. મુંબઈની નજીકના-મુંબઈના જ ગણાય તેવા પ્રખ્યાત અગાસી તીર્થના પણ તેઓ ઘણાં વર્ષો સુધી ટ્રસ્ટી રહ્યા. ધાર્મિક ઉપરાંત સામાજિક અને કેળવણી ક્ષેત્રે શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થી ગૃહ-તળાજા, શ્રી વીતરાગ એજ્યુકેશન ફાઉન્ડેશન, શ્રી શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ ગર્લ્સ હાઈસ્કૂલ ઈત્યાદિ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. વળી મુંબઈમાં જન્મ અને કાયમી વસવાટ હોવા છતાં વડવાઓના-પોતાના વતનના ગામ જસપરાને ભૂલ્યા નથી. જસપરાની હાઈસ્કૂલમાં દાન, ભાવનગર, દાદાસાહેબ ઉપાશ્રયમાં દાન દઈ દાનક્ષેત્રોમાં ખૂબ મોટી રકમનો સદ્‌વ્યય તેમના પરિવારે કર્યો છે.

વળી પદમનગર-જૂનો મોહન સ્ટુડિયો-અંધેરી ખાતે શિખરબંધી દેરાસરનું નિર્માણ કરવાનો લાભ પણ આ પરિવારે લીધેલ છે.

આવા ષષ્ઠી વટાવી ગયા હોવા છતાં શરીર અને મનથી ચિર-યુવાન ઉત્સાહી, જ્ઞાતિહિતચિંતક, ધર્મપરાયણ, બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ જૈન સમાજનું ગૌરવ છે.સમાજને આજે પણ એમની એટલી જ ખોટ જણાય છે.

## શ્રીયુત કાન્તિલાલ સુખલાલ શાહ



પૂજ્ય પિતાશ્રી શાહ સુખલાલ રાયચંદ કાગદી તથા પરમ શ્રાવિકા પૂ. માતુશ્રી સમજુબહેન પાસેથી ઉત્તમ સંસ્કારો પામીને શ્રી મચ્છુકાંઠા વીસા શ્રીમાળીસમાજના અગ્રણી દાતા તથા મોવડીમંડળ-સમાજના ટ્રસ્ટ બોર્ડના ચેરમેન મોરબી નિવાસી હાલ ઘાટકોપર-મુંબઈના રહીશ શ્રીયુત કાન્તિલાલ સુખલાલ શાહ પરિવારે રૂા. ૨,૫૧,૦૦૦/- જેવી માતબર રકમનું અનુદાન આપી મોરબીનિવાસી શ્રીમતી ચંદ્રકળાબહેન કાન્તિલાલ શાહ નેત્રચિકિત્સા ફંડ યોજનાની શરૂઆત કરેલ.

શ્રી કાન્તિલાલભાઈ વ્યાવસાયિક, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં સક્રિયપણે સંકળાયેલા છે. વ્યવસાયી ક્ષેત્રે ક્રેસેન્ટ ઓપ્ટિકલ કંપની નામની રો મટિરિયલની ભારતમાં સર્વ પ્રથમ દુકાન સ્થાપીને ક્રાઉન ઓપ્ટિકલ નામની ચશ્માંની ફ્રેમો બનાવવાનું શરૂ કરી ઓપ્ટિકલમાર્કેટમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ધાર્મિક ક્ષેત્રે શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘમાં છેલ્લાં ૩૨ વર્ષથી મંત્રી તરીકે અને સાહિત્યપત્રિકાના તંત્રી તરીકે ૫ વર્ષ સુધી સેવા પ્રદાન કરેલ. હાલમાં તેઓ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ઉપપ્રમુખ તરીકે ઉચ્ચ સેવા આપી રહ્યા છે. ધાર્મિક શિક્ષણ સંઘમાં સમસ્ત મુંબઈની ૨૫૩ પાઠશાળામાં જે શ્રેષ્ઠ પાઠશાળા આવે તેમને તેમના પિતાશ્રીના નામનો 'મોરબીનિવાસી શાહ સુખલાલ રાયચંદ કાગદી શ્રેષ્ઠ પાઠશાળા શિલ્ડ' આ રીતે ચાંદીનો ભવ્ય શિલ્ડ આપવામાં આવે છે, સાથે જ તેમનાં માતુશ્રી સમજુબહેન સુખલાલ શાહના નામથી રૂા. ૧,૧૧,૧૧૧=૦૦ના વ્યાજમાંથી પારિતોષિકો આપવામાં આવે છે. ઉપરાંતમાં વર્ધમાન તપના થડા નાખનાર, વર્ષી તપ કરનાર વગેરેનાં કાયમી બહુમાન કરવામાં આવે છે. આ સિવાય અખિલ ભારતીય જૈન કોન્ફરન્સ કમિટિના સભ્ય, જૈન એજ્યુકેશન બોર્ડના ઉપપ્રમુખ, શ્રી ઘાટકોપર શ્વે. મૂ. જૈન સંઘમાં ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે. સાધુ-સાધ્વીજી મ.સા.ની વૈયાવચ્ચ એ તેમના જીવનનો મહામંત્ર છે. મુંબઈ મહાનગરના અતિ મોટા ગણાતા સંઘોમાંના એક શ્રી નવરોજબહેન જૈનસંઘમાં ટ્રસ્ટી તરીકે તન, મન, ધનથી વિનમ્ર ભાવે શ્રેષ્ઠ સેવાઓ આપી રહેલ હોવાથી તેમજ અન્ય ઘણી સંસ્થાઓમાં પણ નિઃસ્વાર્થ ભાવે વર્ષો સુધીની દીર્ઘ સેવાઓના કારણે તેમણે ઘણી જ લોકચાહના પ્રાપ્ત કરેલ છે, સાથે જ લગભગ બધા મહાન આચાર્યોશ્રી તથા મુનિ ભગવંતોશ્રીના શુભ આશીર્વાદ પણ પ્રાપ્ત કરેલ છે, જે તેમના જીવનની એક સિદ્ધિ ગણે છે.

વિધવિધ સ્થાનોમાં લાભ લઈ મળેલ પુણ્યલક્ષ્મીને સાર્થક કરી : ★ મોરબીમાં સંપૂર્ણ કાચના શ્રેષ્ઠ કામગીરીવાળા નયનરમ્ય જિનાલયનું નિર્માણ (સમસ્ત મચ્છુકાંઠા સમાજમાં જિનાલયનિર્માણનો લાભ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ અને એક જ છે.) ★ મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની અંજન-શલાકા-પ્રતિષ્ઠા, કાયમી ધ્વજાદંડનો લાભ ★ ભાયંદરના જિનાલયમાં શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા ★ ગોધરામાં શ્રી ચન્દ્રપ્રભુસ્વામીની પ્રતિષ્ઠા ★ રાજકોટમાં મંગલમૂર્તિની પ્રતિષ્ઠા ★ અયોધ્યાપુરમ્‌માં શ્રી મેહુલ કાંતિલાલ શાહ આયંબિલભવન ★ કાવી તીર્થમાં 'શ્રીમતી ચંદ્રકલાબહેન કાંતિલાલ શાહ ભાતાગૃહ'નો લાભ ★ ડભોઈમાં નૂતન ઉપાશ્રય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ મોરબીમાં શ્રી ચન્દ્રરેખા જૈન પાઠશાળા ★ માતુશ્રીની સ્મૃતિમાં મોરબી શ્રાવક–શ્રાવિકા ઉત્કર્ષનો લાભ ★ મુંબઈની ૨૫૩ પાઠશાળા માટે મોરબીનિવાસી શાહ સુખલાલ રા. કાગદી શ્રેષ્ઠ પાઠશાળા નામક ચાંદીનો શિલ્ડ તથા પારિતોષિક ★ શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમમાં અનામત સીટો ★ પૂજ્યો લિખિત પુસ્તકોનાં વિમોચનનો લાભ તથા યાત્રા–પ્રવાસમાં અનેકવાર સંઘવીનો લાભ ★ મોરબીમાં શ્રી સુમતિનાથનગર સંઘમાં શ્રીમતી ચન્દ્રકળાબહેન કાન્તિલાલ શાહ આયંબિલ શાળા તથા શ્રી કાંતિલાલ સુખલાલ શાહ, જૈન પાઠશાળાનો લાભ તથા ચૈત્ર માસની ઓળી (પારણાં સાથે)નો લાભ ★ બોરીવલી સિમ્પોલીમાં શ્રી મેહુલ જૈન પાઠશાળાનો લાભ ★ સમાજના ૭૫ વર્ષના ઈતિહાસમાં નેત્રચિકિત્સા માટે સૌ પ્રથમ મોટી રકમનું અનુદાન ★ જ્ઞાતિના સેવાસમાજમાં ઘણાં વર્ષોથી રસ લઈને સંસ્થાને અનાજવિતરણ ક્ષેત્રે પ્રથમ હરોળમાં મૂકવામાં તેઓશ્રીનો અમૂલ્ય ફાળો ★ નયનરમ્ય શ્રી મલ્લિનાથ તીર્થ, દહાણુમાં ટ્રસ્ટીપદે સેવા ★ શ્રી આગમમંદિર, પૂનામાં શ્રી ચતુઃશરણ પયન્ના નામક આગમ સુવર્ણાક્ષરે લખાવવાનો લાભ ★ ઘાટકોપર નવરોજી જૈન સંઘ મધ્યે નૂતન આરાધનાભવનમાં માતબર રકમ દ્વારા ભવ્યાતિભવ્ય મોક્ષ સીડીનો લાભ લીધેલ. ★ શ્રી નવરોજ લેન જૈન સંઘના અતિ ભવ્ય દેરાસરજીના નિર્માણમાં પાયાના પત્થર તરીકે ખૂબ મોટા પાયે અનુપમ ભોગ આપેલ હતો.

તેઓશ્રીએ મુંબઈ જૈન પત્રકારસંઘના ઉપપ્રમુખ તરીકે ઘણાં વર્ષો સુધી સેવા આપેલ છે. તેમજ ભારતભરના જૈન પત્રકાર માટે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડનું આયોજન કરેલ છે. સમ્મેત-શિખરજીનો ૫ વખત યાત્રાપ્રવાસ અને સમસ્ત તીર્થયાત્રાઓ અવારનવાર કરેલ છે. જૈન કલ્યાણ માસિકના તેઓ ઘણાં વર્ષોથી માનદ્ ટ્રસ્ટી છે. મોરબી વીસા શ્રીમાળી જ્ઞાતિના ટ્રસ્ટી તથા ઘાટકોપર મચ્છુકાંઠા મિત્ર મંડળના સ્થાપકપ્રમુખ તરીકે સેવા આપી રહેલ છે. તેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં ધર્માનુરાગિણી ધર્મપત્ની ચન્દ્રકળાબહેનનો સંપૂર્ણ સાથ–સહકાર મળી રહેલ છે. તેમનું જીવન ધર્મમય અને તપમય છે. ધર્મ પોતાના પૂરતો સિમિત ન રાખતાં આ ધર્મપ્રેમી દંપતીએ ધાર્મિક સુસંસ્કારોનું સિંચન તેમના સુપુત્રો શ્રી અશોકભાઈ, કેકીનભાઈ, પરેશભાઈ, મેહુલભાઈ તથા પુત્રવધૂ અ.સૌ. કલ્પનાબહેન, નલિનીબહેન, મયુરીબહેન, ભાવનાબહેન તથા પૌત્રોમાં કરેલ છે.

આ પુણ્યશાળી પરિવારે સમાજના મોવડી મંડળ અને યુવક મંડળને પ્રસંગોપાત કાયમી ફંડોમાં સારું એવું યોગદાન આપેલ છે. આ રીતે જિનાજ્ઞા મુજબ સાતેય ક્ષેત્રમાં અતિ સુંદર સુકૃતો કરેલ છે, જેમાં જિનાલયનિર્માણ, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ, ઉપાશ્રય, ભાતાગૃહ, ૨ આયંબિલશાળા, ૩ પાઠશાળા, શ્રાવક–શ્રાવિકા ઉત્કર્ષ વગેરે ખાસ નોંધપાત્ર છે.

આ ધર્મપ્રેમી પરિવાર તરફથી સમાજની ઓફિસમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો ફોટો મૂકવા અર્થે રૂા. ૫૧,૦૦૦=૦૦નું અનુપમ યોગદાન આપેલ છે. તેઓશ્રી હજુ પણ ઉત્તરોત્તર પ્રગતિ કરી પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદ્વ્યય કરે એ જ એક મનોકામના. મોરબી નિવાસી સ્વ૦ સમજુબહેન સુખલાલ શાહ જેમના આત્માની અમો શાંતિ ઇચ્છીએ છીએ.

## સ્વ. કાંતિલાલ ભીખાલાલ શાહ

જન્મ તારીખ : ઈ.સ. ૨૬-૩-૧૯૨૮

સ્વર્ગવાસ : ઈ.સ. ૧૯-૫-૧૯૯૭

અમારા ઉપકારી પિતાશ્રી વિ.સં. ૨૦૪૦ની સાલમાં પૂ. ગુરુદેવ ચંદ્રશેખર વિજયજી મ.સા. થકી ધર્મમાં આગળ વધ્યા પછી તો આગળ વધતાં વિ.સં. ૨૦૪૩ની સાલમાં ત્રિલોકનાથ પૂ. શાંતિનાથ પ્રભુની ચલપ્રતિષ્ઠા પોતાની અનાવલ મુકામની દુકાનમાં ગૃહમંદિર સ્થાપના કરાવી. ભાવના વધતી ચાલી અને વિ.સં. ૨૦૫૨ની સાલમાં અનાવલ મુકામે જ ભવ્ય શિખરબંધી જિનાલયની પ્રતિષ્ઠા તથા ભગવાનને ગભારામાં પ્રવેશ કરાવવાનો ચઢાવો પણ લીધો. આજે અનાવલ મુકામે અમારી દુકાનની નિકટ જે મૂળનાયક વાસુપૂજ્ય સ્વામીનું જિનાલય છે, જેમાં મૂળનાયક ભરાવવા ઉપરાંત મણિભદ્ર વીર, પદ્માવતી દેવી, યક્ષ–યક્ષિણી, પ્રસાદદેવીને ભરાવવાનો લાભ તથા પ્રતિષ્ઠા સમયે કાયમી ધજાનો ચઢાવો પણ સ્વ. પિતાશ્રીએ લીધેલ. શંખેશ્વર પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠાનો લાભ પણ મેળવેલ હતો.

નાની ઉંમરથી જ પરગજુ સ્વભાવ તથા લાગણીશીલ મન હોવાથી પરોપકારના કાર્યમાં તેમને ખૂબ આનંદ આવતો હતો. ઈ.સ. ૧૯૬૮માં સુરતમાં આવેલ પૂર દરમ્યાન અનાવલથી ટ્રકો ભરીને સહાય મોકલાવી તેઓએ માનવતાનાં કાર્યોથી યશકીર્તિ મેળવ્યાં. એજ પ્રમાણે બીલીમોરાના નેમનગર સંઘમાં પણ વિ.સં. ૨૦૫૩ની સાલમાં વાસણોના અઢીસો સેટ ભેટમાં આપ્યા.

સ્વર્ગવાસ પૂર્વે ત્રણ વરસ સુધી ચાલુ માસમાં એકાસણાં–બિયાસણાં, નવપદજી આરાધના વગેરે કરતા. અનાવલ મુકામે અનુકંપાદાનનો પ્રવાહ વહાવી અનેકોના પ્રેમને જીત્યા હતા, જેને લોકો આજે પણ યાદ કરે છે. ઘરમાં પણ પોતાનાં ધર્મપત્ની સ્વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીતાબહેનને ધર્મઆરાધનાઓમાં જોડાવા પ્રોત્સાહન પ્રદાન કરતા હતા. પરિવારમાં આજે પણ યત્કિંચિત ધર્મનો જે રાગ દેખાય છે, તેમાં અમારાં પૂ. માતા–પિતાશ્રીનો ઉપકાર છે. પિતૃદેવો ભવ, માતૃદેવો ભવની પૌરાણિક ઉક્તિનું સ્મરણ કરતાં અમે આ પ્રસંગે અમારાં વડીલોને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. તેમની આરાધનાઓની અનુમોદના કરતાં અનાવલ મુકામે તા. ૧૨-૩-૨૦૦૧ના ગચ્છાધિપતિ પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય મુનિરાજ જયદર્શન વિ.મ.સા.ની નિશ્રામાં ગુણાનુવાદ તથા પરમાત્માભક્તિનો વિશિષ્ટ કાર્યક્રમ આયોજિત થયેલ, જેમાં મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર, નવસારી, બીલીમોરા, માંડવી, બારડોલી, કરચેલિયા તથા આજુબાજુનાં નગર–ગામથી ભક્તો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. કનુભાઈ એફ. દોશી સંગીત મંડળી સાથે પધારેલ તથા પિતાશ્રીના જીવનનો પરિચય સૌને આપેલ. માતા–પિતાશ્રીના પ્રસંગને અનુલક્ષી જીવદયાની માતબર રકમ ઉપાર્જિત થયેલ. તે દિવસે જૈન–જૈનેતર સૌને સ્ટીલનાં વાસણની પ્રભાવના કરવામાં આવેલ તથા પૂ. મહારાજ સાહેબની પ્રેરણાથી સૌ કોઈએ નાનો મોટો ત્યાગ કરવા પ્રતિજ્ઞાઓ ગ્રહણ કરેલ.

*લિ. પુત્ર તથા પુત્રવધૂઓ તથા પૌત્ર–પૌત્રીઓનો પરિવાર.*
*(મુ. અનાવલ, જિ. સુરત)*

## શ્રી કાન્તિલાલ ચૂનીલાલ શેઠ

બી.કોમ., એલ.એલ.બી.ના અભ્યાસથી વકીલ, એન્જિનિયરિંગ ઉદ્યોગના વ્યવસાયથી એન્જિનિયર, આયુર્વેદિક ઉપચારથી દર્દીઓને સાજાં કરનારથી ડોક્ટર વળી સાહિત્યમાં રુચિ, સંગીતનો શોખ, સ્વભાવમાં સરળતા, હૃદયની વિશાળતા, વાણીમાં વિવેક, વર્તનમાં વિનમ્રતા, પરગજુ વૃત્તિ, અભિગમમાં રચનાત્મકતા, હોઠો પર સદૈવ રમતું સ્મિત આવું ભાતીગળ વ્યક્તિત્વ એ કે.સી. શેઠની ઓળખ.

મૂળ વતન પાલિતાણા. બાળપણમાં પિતાનું છત્ર ગુમાવ્યું. માતાએ કાળજીપૂર્વક ભણાવીગણાવી ત્રણે ભાઈઓને તૈયાર કર્યા. જૂન ૧૯૬૪માં મશીનરી સાથેની ૧૦ x ૧૦ની ભાડાની જગ્યામાં ખૂબ નાના પાયે કોઈપણ જાતની મૂડી વિના 'શેઠ એન્જિનિયરિંગ વર્ક્સ' નામથી ધંધાની શરૂઆત કરી. ૧૯૬૫ અને ૧૯૬૬ ખૂબ મહેનત કરી આઇસ પ્લાન્ટની નાની આઇટેમો, ફાયર ફાઇટિંગ ઇક્વિપમેન્ટના પાર્ટ્સ, કોલ્ડ સ્ટોરેજના દરવાજા વ. ચીજોના ઉત્પાદનથી ધંધામાં સ્થિર થયા. પછી ૧૯૭૦માં શેઠ ઉદ્યોગ, ૧૯૭૧માં શેઠ મેટલ પ્રોસેસર્સ, ૧૯૭૨માં અમદાવાદમાં વસ્તુપાલ સ્ટીલ પ્રોસેસર્સની સ્થાપના કરી. ૧૯૮૩માં આફ્રિકાના દેશોનો પ્રવાસ કર્યો હતો. ૧૯૯૭માં ઓટોમોબાઇલ કાર બમ્પર્સના એક્સ્પોર્ટના વિકાસાર્થે અમેરિકાનો પ્રવાસ કર્યો. ૧૯૯૭માં ગોદરેજના વેન્ડર તરીકે બેન્ક લોકર્સના સ્ટ્રોંગ રૂમના દરવાજા બનાવવાનું શરૂ કર્યું.

શ્રી કાન્તિભાઈ શેઠનું સામાજિક ક્ષેત્રે પણ ઘણું યોગદાન છે. શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના માનદ સેક્રેટરી તરીકે ૧૨ વર્ષ સેવા આપી. શ્રી પાલિતાણા ઘોઘારી વિશાશ્રી માળી જૈન સમાજ, મુંબઈના તેઓ ટ્રસ્ટી, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી, શ્રી મલ્લિનાથ જૈન સંકુલ, કાંસબાડ, દહાણુના મેનેજિંગ કમિટી મેમ્બર છે. ૧૯૮૫માં શ્રી ઘોઘારી જૈન સંઘ મુંબઈએ તેમને સમસ્ત મુંબઈના 'યુવકોત્સવ' કમિટીના કન્વીનર નીમ્યા હતા. આ વર્ષ દરમિયાન તેમણે ૧૦૦ જેટલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. તેમાં મુંબઈમાં ઝૂંપડપટ્ટી કે ગંદી ચાલમાં જ્યાં જૈન સંસ્કારોનું પાલન અશક્ય હોય એવા માહોલમાં રહેતા જૈન પરિવારોનો સર્વે કરાવ્યો હતો અને જૈનોની વિવિધ શાખાઓ, પેટા જ્ઞાતિઓ, ગામેગામના સમાજોને તેઓને લાગતાંવળગતાં કુટુંબોને સારી જગ્યાએ પ્રસ્થાપિત કરવા વિનંતી કરી હતી; કોમ્યુનિકેશન વર્કશોપ જેવા પર્સનાલિટી ડેવલપમેન્ટ માટેના નવા જમાનાને અનુરૂપ કાર્યક્રમોનું સફળ આયોજન કર્યું હતું.

તેઓશ્રી લાયન્સ ક્લબ ઓફ વિદ્યાવિહારના પ્રેસિડેન્ટ (૧૯૮૧–૮૨) લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩ એના ઝોન ચેરમેન (૧૯૮૪–૮૫) રહ્યા હતા. તેમને ૧૯૮૨–૮૩ના 'લાયન ઓફ ધ યર'નો એવોર્ડ મળ્યો હતો. તેમણે લાયન્સના નેજા નીચે પાલઘરમાં એક મોટો મોતિયાનાં ઓપરેશનનો કેમ્પ કર્યો હતો, જેમાં આસપાસનાં ૯૦ ગામડાંમાંથી લોકો આવ્યાં હતાં. ૧૮૦૦ દર્દીઓને તપાસ્યા હતા. ૧૧૦૦ને નિઃશુલ્ક ચશ્માં ને ૨૧૨ મોતિયાનાં નિઃશુલ્ક ઓપરેશન કરાવ્યાં હતાં. સાત દિવસ દર્દી અને તેના એક સંબંધીને જમવા–રહેવાની સગવડતા આપી હતી. ઘાટકોપરમાં એક ૭૫૦૦ સ્કે.ફીટ એરિયામાં ચિલ્ડ્રન્સ ટ્રાફિક ટ્રેનિંગ પાર્ક બનાવ્યો, જેમાં સિગ્નલ, સ્ટેડિયમ, સ્કૂલ, હોસ્પિટલનાં સિમ્બોલ્સ વ. ઊભાં કરી બાળકોને ટ્રાફિક ડિસિપ્લિનની ટ્રેઇનિંગ આપવાની વ્યવસ્થા છે. તે પ્રોજેક્ટમાં લાયન કે. સી. શેઠની અથાક મહેનત છે. તેમને મહારાષ્ટ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગવર્નમેન્ટ દ્વારા `SEM' તરીકે ૧૯૮૯થી ૯૬ સુધી નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઈન્ટરનેશનલ ફ્રેન્ડશિપ સોસાયટી, ન્યુ દિલ્હી દ્વારા તેમને ૧૯૯૧માં 'વિકાસરત્ન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલિતાણામાં ધજાદંડ દેરાસર નિર્માણનાં ૭૫ વર્ષ પછી ૧૯૮૮માં પહેલીવાર બદલવાનો થયો ત્યારે શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા. મુહૂર્ત આપવા સાથે તે કાર્ય શ્રી કે. સી. શેઠના હાથે કરાવવાનું સૂચન કર્યું હતું. આખો પ્રસંગ મહોત્સવરૂપે ઊજવાયો હતો અને તેમાંથી ગુરુકુળના હાલના ત્રિશીખરીય સાધારણ દ્રવ્યથી નિર્માણ (દેવદ્રવ્યના વપરાશ વિનાના, ભવ્ય દેરાસરનું નિર્માણ) થયું હતું. આ દેરાસરના નિર્માણમાં નિમિત્ત બનવા ઉપરાંત દેરાસરથી સંલગ્ન તેમણે પોતાની સ્વતંત્ર દેરી બનાવી છે, જેમાં ૫૧ના શંખેશ્વર પાર્શ્વનાથ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે અને તેમના પરિવારને આ દેરીની કાયમી ધજાનો આદેશ પણ મળ્યો છે.

વિરાર, મુંબઈમાં મહાવીરધામમાં સાધારણના ફંડ માટે કૂપનો કાઢવામાં આવી હતી. ૩૫૦૦ કૂપનના વેચાણમાંથી માત્ર એક કૂપન ખેંચવામાં આવી હતી. તેમાં કાન્તિભાઈનું નામ નીકળ્યું હતું. કૂપનોથી કુલ ચાલીસ લાખ રૂપિયાનું ફંડ થયું હતું. લકી વિજેતા તરીકે તેમનું નામ દેરાસરના મુખ્ય શિલાલેખમાં લખવામાં આવશે.

ઈ.સ. ૨૦૦૭માં બીજા ચાર મહાનુભાવો સાથે મળી પોતાની 'શ્રી મુનિસુવ્રત ફાઉન્ડેશન' નામની સંસ્થા સ્થાપી છે. ઉદ્દેશ માનવસેવાનાં કાર્યો છે જેવાં કે મેડિકલ સહાય રૂા. ૧૦૧/ ના ટોકન રકમમાં પૂરા પરિવારનો ગ્રુપ મેડિક્લેઈમ વીમો ઉતરાવી આપવો, કષ્ટસાધ્ય રોગો માટે 'યોગરત્નાકર' ગ્રંથ આધારિત આયુર્વેદિક દવાઓનું નિઃશુલ્ક વિતરણ તેમજ સાધારણ જૈન પરિવારો માટે રૂા. ૭૫,૦૦૦/ થી રૂા. ૯૦,૦૦૦/માં સંપૂર્ણ મેરેજ પેકેજ વગેરે છે. હમણાં મુંબઈમાં વસતા સર્વ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન પરિવારો તેમજ ઘાટકોપરના બધા ફિરકાના જૈન પરિવારોમાંથી જેમનો મેડિકલેઈમ વીમો ન હોય તે સર્વ પરિવારોને મેડીક્લેઈમ વીમો ઉતરાવી આપવાનું અભિયાન ચાલું છે.

તેમનાં ધર્મપત્ની ગુણવંતીબહેન ઉગ્ર તપસ્વિની અને ધર્મપરાયણ શ્રાવિકા છે. તેમણે શ્રેણીતપ, કર્મસૂદનતપ, વીશ સ્થાનકની વીશ ઓળી, ૧૬ ઉપવાસ, વરસી તપ અને ઉપાધાન તપની આરાધના કરી છે.

શ્રી કાન્તિભાઈએ 'યોગરત્નાકર' નામના જૈનમુનિ દ્વારા ૪૦૦ વર્ષ પહેલાં તે વખતે સફળ થયેલા બધા જ આયુર્વેદના ઉપચારો ગ્રંથસ્થ કરાવ્યા આવ્યા છે. તેમાંથી હરસ, ફિશર, ભગંદર., પથરી, કમળો, ડાયાબીટીસ, દમ, ટી.બી., કેન્સર જેવાં અસાધ્ય ગણાતાં અથવા અત્યંત પીડાકારક દર્દો માટે દવા વિકસાવી છે, જે તેઓ છેલ્લાં ૨૦ વર્ષથી તેમની ભાયખલા ફેક્ટરીથી દર શુક્રવારે મફત આપે છે. આ ઉપચારો ખૂબ જ અસરકારક છે. હજારો દર્દીઓ સાજાં થયાં છે. તેથી તેમની ઈચ્છા છે કે આ દવાઓને મોટા પાયે વિકસાવી કરોડો દર્દીઓને તેનો લાભ મળે માટે તેમના ઘરની બાજુની દવાની દુકાનમાં મળતી થાય તેમ કરવાની તેમની મહત્ત્વાકાંક્ષા છે.

## પાલિતાણાના જૈન ગુરુકુળનું ગૌરવ
# શ્રી કાંતિલાલ બાલચંદ પારેખ



પાલિતાણા યશોવિજય જૈન ગુરુકુળના ગૌરવશાળી રત્ન ગણાતા શ્રી કાન્તિભાઈ મૂળ ઝાલાવાડના વતની છે. રંગૂનમાં એક્સપોર્ટ–ઈમ્પોર્ટનું સારું કામકાજ હતું. બર્માની રાજકીય પરિસ્થિતિ પલટાતાં રંગૂન ખાતેનો વ્યવસાય સમેટી લીધો. જૈન ગુરુકુળ પાલિતાણામાં તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ પૂર્ણ કરી તેઓ વધુ અભ્યાસાર્થે મુંબઈની મશહૂર સીડનહામ કોલેજમાં જોડાયા. કોલેજમાં તેમનાં આ વર્ષોની કારકિર્દી ઘણી જ તેજસ્વી હતી.પ્રતિવર્ષે ઊંચા નંબરે પાસ થઈ બી.કોમનો અભ્યાસ પૂર્ણ કરી સી.એ. થવાની તીવ્ર ઉત્કંઠાને લઈને મુંબઈની જાણીતી પેઢી મેસર્સ છોગલમલ એન્ડ કું. માં જોડાયા, જ્યાં તેમણે પેઢીનો પૂર્ણ વિશ્વાસ સંપાદન કર્યો અને ઈચ્છિત ક્ષેત્રે ઘણું જ જ્ઞાન સંપાદન કર્યું. ૧૯૫૯માં તેમના સહાધ્યાયી શ્રી મોહનલાલ જૈનના સહકાર સાથે ભાગીદારીમાં મેસર્સ જૈન પારેખ એન્ડ કું. ચાર્ટડ એકાઉન્ટન્ટસ પેઢીની શરૂઆત કરી. પિસ્તાલીશ વર્ષની વયે તેમણે પ્રાપ્ત કરેલી સિદ્ધિ ખરેખર પ્રશંસાપાત્ર છે. હાલમાં ઘણી વ્યાપારી પેઢીઓના ઈન્કમટેક્સ અને સેલ્સટેક્સના સલાહકાર તરીકે સારી સેવા આપી રહ્યા છે. ઘણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ધર્માનુરાગ અને સેવાભાવનાથી એમનું જીવન સુરભિત છે. જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાજ તેઓ માટે ગૌરવ લઈ શકે છે. તેમની વિનમ્રતા એમના પ્રત્યે ભારે મોટું બહુમાન ઉપજાવે તેવી છે.

પોતાના વ્યવસાયમાં ખ્યાતિ પ્રાપ્ત કરનાર શ્રી કાન્તિભાઈએ જ્ઞાતિ અને સમાજ સેવાની કોઈ તક જવા દીધી નથી. નિરાભિમાની અને પરગજુ સ્વભાવના શ્રી કાન્તિભાઈ કહેવા કરતાં કરવામાં વિશેષ માને છે.

એમની શ્રદ્ધા, શક્તિ, સાધના અને સિદ્ધિનું પ્રતીક તો માતૃસંસ્થા ગુરુકુળને તેઓ હંમેશાં યાદ કરતા રહ્યા છે. આપબળે આગળ આવી ગુરુકુળનું ગૌરવ વધાર્યું છે.

### અનેક સમ્માનોથી વિભૂષિત
## શ્રી કાંતિલાલ સોમચંદ ગાંધી

સંઘ અને શાસનને છેલ્લી સદીમાં જે ગૌરવશાળી કર્મઠ કાર્યકરો મળ્યા તેમાં ધ્રાગંધ્રાના ધર્મપરાયણ શેઠશ્રી કાંતિલાલ સોમચંદભાઈ ગાંધીનું યોગદાન પણ અવિસ્મરણીય છે.

ધ્રાંગધ્રા રાજયમાં માનભર્યું સ્થાન ધરાવતા દશાશ્રીમાળી જૈન જ્ઞાતિના સોમચંદ ગાંધીનાં ધર્મપત્ની ગંગાબહેનની કૂખે સંવત ૧૯૬૮માં કાંતિલાલનો જન્મ થયેલ. ગંગાબહેન સરળ, સાદાં અને ધર્મભાવનાથી રંગાયેલાં અને બિલોરી કાચ જેવું નિર્મળ જીવન જીવતાં. કાંતિભાઈનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયો. શિક્ષણમાં બહુ મન ન લાગવાથી નોનમેટ્રિકે અભ્યાસ છોડી ૧૯ વર્ષની વયે ધંધાર્થે મુંબઈ-કલકત્તા થોડાં વર્ષ ગાળ્યાં પણ ત્યાં પણ ધંધાને બદલે વધુ ને વધુ ધર્માભિમુખ રહેવા લાગ્યા.

ધ્રાંગધ્રા તપાગચ્છ સંઘનો ઉપાશ્રય જીર્ણ હોવાથી નવેસરથી બાંધવાનું નક્કી થતાં શ્રી કાંતિભાઈએ જાતદેખરેખથી ઉપાશ્રયનું કાર્ય પૂર્ણ કરાવ્યું, જેમાં તેમને સહયોગ આપનાર તેમનાં ધર્મપત્ની કાંતાબહેન આજે ૮૫ વર્ષની ઉંમરે ગર્ભશ્રીમંતનાં દીકરી હોવા છતાં સાદું-સેવાભાવી અને પરોપકારી જીવન જીવે છે. પરિવારમાં એક જ દીકરી સરોજબહેન તેમણે પણ માતા-પિતાની સેવા ખાતર આજીવન બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરેલ છે. તેઓ હાલ શિક્ષણસંસ્થામાં સેવા આપી રહ્યાં છે ને માતા-પિતાના સંસ્કારવારસાને ઉજાળી રહ્યાં છે. શ્રી કાંતિભાઈ ૯૨ વર્ષની ઉંમરે પણ સારી તંદુરસ્તી ધરાવે છે. કાંતિભાઈને આખું ગામ 'દાદા' કહીને સંબોધે છે. ધ્રાંગધ્રા શ્રીસંઘનો અભ્યુદયસમય શરૂ થયો ત્યારે સાધુ-સાધ્વીનાં, મહારાજોનાં આવાગમન અને ચોમાસાં થવાં લાગ્યાં. સંઘમાં ધાર્મિક ક્રિયાઓ, દીક્ષાઓ થવા લાગી, જેમાં દોઢ દાયકાથી તેઓએ સક્રિય સેવા આપી છે.

મહેસાણા જૈન પાઠશાળાના સંચાલન દ્વારા સૌનો પ્રેમ સંપાદિત કર્યો. હાલાર આદિ વિવિધ સ્થળોએ રહીને નૂતન ઉપાશ્રયો, દેરાસરોમાં ધાર્મિક શિક્ષણનો પ્રચાર-પ્રસાર કર્યો. પુનઃ વતનમાં પધારતાં શ્રીસંઘે તેમના હસ્તે ઉપાશ્રયનું વિસ્તૃતીકરણ કરાવ્યું. આફ્રિકા વગેરે દેશોમાં પણ પૂ. આચાર્ય કુંદકુંદસૂરિજીના ધર્મસાહિત્યનો પ્રચાર કરી ધર્મપ્રભાવનામાં લોકોનો વિશ્વાસ અને આદર પામ્યા. સુરેન્દ્રનગરની જૈન બોર્ડિંગના સંચાલનમાં સેવા ઉપરાંત પાલિતાણાની મુક્તિનિલય ધર્મશાળા, હસ્તગિરિ તીર્થોદ્ધાર વગેરે કાર્ય સુંદર રીતે પાર પાડ્યાં. જૈન સંસ્થાઓએ સોંપેલા લાખો રૂપિયાનો વહીવટ તેઓએ યશસ્વી રીતે નિભાવ્યો.

સં. ૨૦૪૦માં શ્રી તપાગચ્છ સંઘની વિનંતીથી વાડીનું કામ ઉપરાંત સંઘનાં ભાઈબહેનોના બંને ઉપાશ્રયોનું વિસ્તૃતીકરણ તેમ જ કુમાર પાઠશાળાનાં નૂતન મકાન તેમના હસ્તે અને યોગદાનથી થયાં. હાલ ધ્રાંગધ્રા પેઢી સંચાલિત શ્રી અજિતનાથ જૈન દેરાસરના વિશાળ મંડપનું કામ નવેસરથી તૈયાર થઈ રહ્યું છે. ધન અને માનપાનથી નિર્લેપ અને પ્રામાણિકતા, નિસ્વાર્થતાને કારણે સૌની મુક્ત કંઠે પ્રશંસા પામ્યા અને અનેક સમ્માનોથી વિભૂષિત થયા. અમદાવાદ-જામનગરની તેમની સેવા પણ ચિરંજીવી બની રહેશે. સુકલકડી કાયા પણ હૃદયમાં શ્રદ્ધાનો ઝળહળતો દીવડો અને પ્રતાપી પિતાના પગલે ચાલનારા, સાધુ સાધ્વીઓની વૈયાવચ્ચ કે પાંજરાપોળનો વહીવટ, સમાજના દરેક કાર્યમાં પિતા-પુત્રનું યોગદાન અનુમોદનીય અને વંદનીય રહ્યું.

સમ્યગ્જ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે તેમની પ્રેરણાથી શ્રી ધ્રાંગધ્રાથી તપાગચ્છ જૈન સંઘ દ્વારા અલભ્ય-અમૂલ્ય પુસ્તકો સ્વ. પંડિત શ્રી પન્નાલાલ જગજીવનદાસ ગાંધી દ્વારા ચિંતન કરેલ પુસ્તકો ૧. સ્વરૂપમંત્ર, ૨. ત્રૈકાલિક આત્મવિજ્ઞાન, ૩. સ્વરૂપ ઐશ્વર્ય વગેરે પ્રકાશિત થયાં. તેમ જ પાલિતાણામાં હિંમતવિહાર ધર્મશાળામાં પૂ. સાધુ, સાધ્વીજી અને ભગવંતોને ભણાવવા માટે ચાલતી પાઠશાળામાં પ્રતિ વર્ષ ૬૦,૦૦૦ રૂપિયા શ્રી ધ્રાંગધ્રા તપાગચ્છ સંઘ તેમના માર્ગદર્શનથી આપે છે, જે તેમની સમ્યગ્જ્ઞાનની ભક્તિ-રુચિ દર્શાવે છે.

તેમની પ્રેરણા અને માર્ગદર્શન નીચે શાહ મગનલાલ ચકુભાઈ પરિવારે ધ્રાંગધ્રામાં અંજનશલાકા પ્રતિષ્ઠામહોત્સવ કરાવેલ. ધ્રાંગધ્રા દેરાસરજીના રંગમંડપનું કાર્ય પૂર્ણ થયું અને શ્રી ગાંધીને યશ મળ્યો. ધ્રાંગધ્રા નજીકમાં ચૂલી ગામ વિહારમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે છે, ત્યાં ઉપાશ્રયના વિસ્તૃતીકરણ કાર્યમાં પણ વિદેશની એક પાર્ટીના સહયોગથી સારી રકમનો ખર્ચ કર્યો. શ્રી કાન્તિભાઈની ઇચ્છાથી તપાગચ્છના સંઘના ઉપાશ્રયમાં નવકારમંત્રની પીઠિકાનું કાર્ય પણ ચાલુ થયું અને પૂર્ણ થતાં દાતાના હાથે સંઘને અર્પણ સમારંભ પણ યોજાઈ ગયો. આવી પીઠિકા હાલારમાં આરાધના ધામ પછી ધ્રાંગધ્રામાં એ જાતની આ બીજી પીઠિકા હશે. આ કાર્યમાં નવકાર મંત્રના મહિમાને વધારતી ઘણી યોજનાઓનું સર્જન થશે. આ બધાં કાર્યોમાં શ્રી કાન્તિભાઈને સંઘ, સમાજ અને પૂજ્યોનો ઘણો સહયોગ મળ્યો છે. પોતાની શક્તિ મુજબ ધર્મકાર્યોમાં ઘણું બધું કાર્ય કરી રહ્યા છે, વળી શ્રી ધ્રાંગધ્રા પાંજરાપોળની નવી જગ્યા જે ધ્રાંગધ્રા સુરેન્દ્રનગર રોડ ઉપર આવેલ છે તેના બાંધકામમાં કાંતિભાઈને ટ્રસ્ટીઓએ વિનંતી કરતાં તે સ્વીકારી હાલ તેમાં સેવા આપી રહ્યા છે અને ત્યાં વિશ્રાંતિગૃહ બંધાવી આપવામાં આર્થિક સહાય પણ આપેલ છે. ધન્યવાદ!

તે ઉપરાંત ત્યાં સિદ્ધગિરિનો પટ બનાવી તેનું મંદિર બનાવી આપેલ છે. ત્યાં દર વરસે ફાગણ સુદ ૧૩ના મેળો ભરાય છે તેની યાત્રાએ આવેલ યાત્રાળુઓને બુંદી, સરબત, ફ્રૂટ વ.ની ભક્તિ થાય છે, તથા ત્યાં રહેલ ગાયો, વાછરડાં, ભેંસો વ. પશુઓને ગોળ તથા ખોળ નખાય છે આમ સિદ્ધિગિરિની યાત્રાએ ન જઈ શકે તેઓ આ લાભ લે આમ ચાર-પાંચ વરસથી ચાલે છે. વળી ધ્રાંગધ્રાથી ફક્ત ૬ કિલોમીટર હોવાથી ઘણા ફરવા જાય છે ત્યાં બાળકો માટે ક્રિડાંગણ પણ છે.

## જેમનું જીવન જ 'જીવદયા' બની ગયું છે અને જેઓ દરેકના 'દોસ્ત' બની ગયા છે એવા નોખી માટીના માનવી

# શ્રી કિશોરભાઈ શાહ

*—હિતેશ સંઘવી (એન્ટવર્પ)*

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરની ધન્ય ધરા ગૌરવ લઈ શકે તેવી અનેક વિભૂતિઓ આ ધરતી પર જન્મી આજે વિશ્વસ્તરે વતન માતૃભૂમિને ગૌરવ અપાવી રહેલ છે. આવું ઉમદા વ્યક્તિત્વ ધરાવતી વિભૂતિઓ પૈકી શ્રી કિશોરભાઈ અમૂલખભાઈ શાહનું નામ ગૌરવ સાથે લેવું પડે તેમ છે. જીવદયા અને સામાજિક સેવા ક્ષેત્રે ઉલ્લેખનીય કામગીરી છેલ્લાં ૨૫થી વધુ વર્ષોથી કરી રહેલા શ્રી કિશોરભાઈનું જીવન એટલી હદે જીવદયા સાથે વણાઈ ગયું છે કે તેમનું નામ જ લોકોએ 'જીવદયા' સાથે જોડી દીધું છે. આજે પણ તેઓ 'કિશોરભાઈ શાહ' નહીં બલ્કે 'કિશોરભાઈ જીવદયા'ના નામે જાણીતા બન્યા છે અને 'દોસ્ત'ના ઉપનામથી પણ ખ્યાત બન્યા છે. શ્રી કિશોરભાઈ શાહનું વ્યક્તિત્વ અને ઉદારતા એટલી ગહન છે કે તેની સપાટી કદાપિ માપી શકાય તેમ નથી. શ્રી કિશોરભાઈ શાહનો જન્મ ધાનેરા નિવાસી મણિબહેન અમૂલખભાઈ પ્રેમચંદભાઈ સવાણીના ગૃહાંગણે થયો હતો. તેમની માતૃભૂમિ ધાનેરા છે અને કર્મભૂમિ સુરત–એન્ટવર્પ (બેલ્જિયમ) છે, પરંતુ આ નોખી માટીના માનવી સેવાક્ષેત્રને સમર્પિત થઈ ગુજરાત તેમ જ અન્ય વિસ્તારો સાથે પણ વતન જેટલી જ વહાલપ ધરાવે છે. તેમનાં પત્ની કોકિલાબહેન પણ પતિનાં પગલે ધર્મ અને સેવા કાર્યમાં હરહંમેશ સહયોગી બની અર્ધાંગિનીની વ્યાખ્યાને સાર્થક કરી રહ્યાં છે, તો 'વડ એવા ટેટા, બાપ એવા બેટા' અને 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે' તે લોકોક્તિઓને સાર્થક કરી તેમનાં સંતાનો મનીષ, મયૂર તથા મીનળ પણ સેવાક્ષેત્રે અને ધાર્મિક–સામાજિક કાર્યો સાથે વિશેષ લગાવ ધરાવે છે.

સુરત ખાતે વર્ષોથી કાર્યરત અને જીવદયા ક્ષેત્રે સતત કાર્યરત રહી આગવી નામના મેળવનાર શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ–સુરતના મુખ્ય આધારસ્તંભ એવા શ્રી કિશોરભાઈ શાહ (જીવદયા) વર્ષનો વધુમાં વધુ સમય ધંધાકીય ક્ષેત્રે એન્ટવર્પમાં ગાળે છે, પરંતુ તેમના જીવનની મુખ્ય કામગીરી તો પરોપકાર અને અબોલ જીવોની રક્ષા કરવાની છે. તેમણે પોતાના જીવદયા અને માનવતાનાં કાર્યોને વેગ આપવા જ સુરત ખાતે શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટની રચના કરી હતી. શ્રી કિશોરભાઈ શાહે આ સંસ્થાનો ઘણો સુંદર અને પ્રભાવક વિકાસ કર્યો છે.

ઈંગ્લેન્ડના લંડન ખાતે યંગ ઇન્ડિયન વેજિટેરિયન્સ સોસાયટી દ્વારા ક્વીન ગોલ્ડ જ્યુબિલીની ઉજવણી પ્રસંગે શાકાહાર તથા પ્રાણીઓની સુખાકારી માટે સક્રિય પ્રતિભાઓનું 'મહાવીર એવોર્ડ'થી સમ્માન કર્યું હતું. દક્ષિણ લંડનમાં ક્વીન્સ ગાર્ડન ખાતે આયોજિત સમારોહમાં પાંચ વિભૂતિઓને આ એવોર્ડ એનાયત કરાયો હતો, જેમાં એક માત્ર ગુજરાતી એવા બેલ્જિયમ–એન્ટવર્પ સ્થિત શ્રી કિશોરભાઈ શાહ (જીવદયા)નો સમાવેશ થયો હતો. તેમની જીવદયા પ્રવૃત્તિની વિદેશની ધરતી પર થયેલ કદર માત્ર ધાનેરા જ નહીં, બનાસકાંઠા અને ગુજરાત માટે પણ ગૌરવપ્રદ બાબત છે.

તેઓ નીચે મુજબ એવોર્ડ દ્વારા સન્માનિત થયા છે.

'મહાવીર એવોર્ડ' લંડન વર્ષ ૨૦૦૨, 'શ્રી મહાવીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈન્ટરનેશનલ એવોર્ડ' ગુજરાત વર્ષ ૨૦૦૩ (UNO ૨૦૦૩ના પ્રોગ્રામ હેઠળ), 'હાયર એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ (હેડ) એવોડ' વર્ષ ૨૦૦૪ (અમેરિકા સ્થિત દ. એશિયાના હેડ ક્વાર્ટર, ન્યૂ દિલ્હીની ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ એજ્યુકેટર્સ ફોર વર્લ્ડ પીસ દ્વારા), 'પ્રવાસી કોમ્યુનિટી સર્વિસ એવોર્ડ' વર્ષ ૨૦૦૫.

બાળપણથી જ જીવદયા-માનવતાના સંસ્કારો મેળવી આજે વિશ્વસ્તરે પરિવાર, સમાજ અને માતૃભૂમિને ગૌરવ બક્ષી રહેલા શ્રી કિશોરભાઈ શાહનો પૂરો પરિચય આપવા તો આખો ગ્રંથ લખવો પડે તેમ છે, ત્યારે તેમણે જીવન સાથે વણી લીધેલ જીવદયા પ્રવૃત્તિની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

શ્રી કિશોરભાઈને લેખન પ્રવૃત્તિ પ્રત્યે શોખ અને અભિગમ હોવાથી 'દોસ્ત'ના ઉપનામથી જાણીતા છે. એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો હોવા છતાં વાચન, ચિંતન અને મનનના કારણે તેમનામાં આવડત, અનુભવ અને સંસ્કાર ઉચ્ચ કોટિના છે. તેમને મળતાં, તેમના ગુણોનો પરિચય થયા વગર રહેશે નહીં. પૈસાનું કે કાર્યનું કંઈ જ અભિમાન જોવા મળશે નહીં.

પરદેશમાં પણ જીવદયાની પ્રવૃત્તિઓ તથા શાકાહારના પ્રચાર દ્વારા જીવદયાના સંસ્કારો જાળવી રહ્યા છે.

એન્ટવર્પ (બેલ્જીયમ)માં ફાર્મ સેન્ચુરી (પાંજરાપોળ)માં ૨૫૦ જીવોને સ્થાનિક મિત્રોના સહકારથી એક વર્ષ માટે દત્તક લીધા હતા.

એન્ટવર્પ (બેલ્જિયમ)માં `Dierenambulance Antwerpen' (પશુ એમ્બ્યુલસ) `Antwerp Indian Community' નામથી સ્થાનિક મિત્રોના સહકારથી સ્પોન્સર કરેલ છે.

એન્ટવર્પ (બેલ્જિયમ)માં તા. ૩/૪ એપ્રિલ ૨૦૦૪ના રોજ Vegetarian Day (શાકાહારી દિન) સ્પોન્સર કર્યો હતો. તેની ઉજવણીમાં ત્યાંના લગભગ ૩૦૦૦ વ્યક્તિઓએ ભાગ લઈ સફળ બનાવ્યો હતો.

જીવદયા ક્ષેત્રે નામના ધરાવતી શ્રી શાંતિનાથ ચેરિ. ટ્રસ્ટ, સુરતના આદ્યસ્થાપકે વિશ્વસ્તરે જીવદયા પ્રવૃત્તિમાં સક્રિય ભાગ ભજવી આખું જીવન જીવદયા-માનવતાનાં કાર્યોમાં સમર્પિત કરી દીધું છે......!

નીચેની સંસ્થાઓમાં સેવા-ફૂલ ખીલવી રહ્યા છે......

| નં. | સંલગ્ન સંસ્થાઓનાં નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ (સુરત) | મેને. ટ્રસ્ટી |
| ૨. | મણિબહેન વ્રજલાલ મહેતા હોસ્પિટલ, ધાનેરા | ટ્રસ્ટી |
| ૩. | વૃંદાવન ગૌશાળા-જીવાપર (જસદણ) | ખજાનચી |
| ૪. | બ્યૂટિ વિધાઉટ ક્રૂઅલ્ટી, એક્ષ. ડાયરેક્ટર, સુરત શાખા | કમિટીમેમ્બર |
| ૫. | એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા (મદ્રાસ) | ઓફિસર |
| ૬. | બનાસકાંઠા એસોસિએશન, સુરત | સભ્ય |
| ૭. | શ્રી ધાનેરા મહાજન પાંજરાપોળ | કમિટીમેમ્બર |
| ૮. | યુથ ક્લબ ઓફ ધાનેરા (સુરત) | પ્રમુખ |
| ૯. | શ્રી ઘંટાકર્ણ મહાવીર આસ્થા મંડળ (સુરત) | પ્રમુખ |
| ૧૦. | રિમાન્ડ હોમ, સુરત | આજીવન સભ્ય |
| ૧૧. | અંધજન શાળા, સુરત | આજીવન સભ્ય |

પ્રવૃત્તિ :

૧. જીવદયાના દરેક ક્ષેત્રે (અ) પાંજરાપોળ અને ગૌશાળાને સહકાર, (બ) કતલખાનાના જીવો છોડાવવા, (ક) પ્રાણીઓની દેખરેખ તથા ઓપરેશનો કરાવવાં, (૨) માનવતાવાદી સંસ્થાઓને સહાયરૂપ થવું. (૩) ગરીબોને અભ્યાસ તથા દેવામાં આર્થિક, મેડિકલ સહાય કરવી. (૪) લેપ્રેસી હોસ્પિટલ, ભિક્ષુક ગૃહ, રિમાન્ડ હોમ, ઘરડાંઘર, અંધજન શાળા, નારી-સંરક્ષણ ગૃહ, અનાથાશ્રમની પ્રવૃત્તિઓમાં યથાશક્તિ સહાય કરવી. ૫. અવાર-નવાર આવતી કુદરતી આફતોમાં માનવતાનાં કાર્યો. ૬. નેત્રયજ્ઞો તથા ઓપરેશન- કેમ્પો કરવા. ૭. ભૂકંપ-કુદરતી હોનારતોમાં મદદરૂપ બનવું.

## શ્રી કેશવલાલ મોહનલાલ શાહ



શિક્ષણપ્રેમી, ધર્મપ્રેમી અને માનવતાની વિવિધ પ્રવૃત્તિઓના ચાહક શ્રી કેશવલાલભાઈ એમ. શાહ મૂળ અમદાવાદના વતની હતા. લગભગ સત્યોતેરની ઉંમરે પહોંચેલા આ શ્રેષ્ઠીશ્રીએ એલ.એલ.બી. સુધીનું શિક્ષણ લીધું. શિક્ષણના આ જીવને શિક્ષણ, સંસ્કારની પ્રવૃત્તિઓમાં રસ અને રુચિ હોવાને કારણે પાટણ, કડી, અમદાવાદ, સી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એન. વિદ્યાલયના ગૃહપતિ તરીકેની યશસ્વી કામગીરી કરીને વિશાળ જનસમુદાયનો પ્રેમ સંપાદન કર્યો.

સાડાત્રણ દાયકા પહેલાં મુંબઈમાં શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈની લાગણીથી મુંબઈમાં આગમન થયું અને ધાર્મિક શિક્ષણ સંઘમાં જોડાયા, છતાં મુંબઈ–અમદાવાદ બન્ને જગ્યાએ વસવાટ ચાલુ રાખ્યો. મોતી ધરમના કાંટાની પેઢીમાં પણ કેટલોક સમય કામગીરી બજાવી. બિલોરી કાચ જેવું તેમનું સ્વચ્છ હૃદય હંમેશાં સાત્ત્વિક પ્રવૃત્તિઓને ઝંખ્યા કર્યું. નિબંધહરીફાઈ, કાવ્ય–સ્પર્ધાઓ, શિક્ષણસંઘની પત્રિકાનું એડિટિંગ, નવકાર અને અન્ય સ્તવનોની કલાકેન્દ્ર દ્વારા રેકોર્ડ ઉતરાવી આધુનિક યુગમાં અતિ ઉપયોગી કેસેટ ઉતરાવવા પ્રેરણાત્મક બન્યા. શિબિરોનું આબાદ રીતે ઓર્ગેનાઈઝિંગ કર્યું. ભારતભરમાં શિબિરોના સ્થાપક હતા, પ્રથમ શિબિર આબુ–દેલવાડામાં ૧૯૬૨–૬૩માં કરી જેમાંથી કુમારપાળ વિ. શાહ જેવા તેજસ્વી–ચારિત્ર્યશીલ કાર્યકરો તૈયાર થયા તથા પૂ. સાધ્વીજી નિર્મળાશ્રીજીની નિશ્રામાં કન્યાશિબિર શરૂ કરાવી, જેમાંથી અનેક કન્યારત્નો આદર્શ શ્રાવિકા બની શક્યા છે. તેથી કેશુભાઈ શિબિરવાળા કહેવાયા. તેમનું આધ્યાત્મિક ઉત્થાન તેમનાં ધર્મપત્ની તપસ્વી સુશીલાબહેનને આભારી છે. પરિવાર સાથે ભારતના લગભગ બધાં જ તીર્થોની યાત્રાએ જઈ આવ્યા. તેમના પુત્ર રાજેન્દ્રભાઈના ઉત્સાહથી પાલિતાણા સમવસરણ મંદિરમાં અને શંખેશ્વર ૧૦૮ તીર્થમાં, અમદાવાદ, પાલડી–ઓપેરો સોસાયટીમાં ઉપાશ્રય તથા આયંબિલ ખાતામાં સંપત્તિનો સદ્‌ઉપયોગ પોતાના પરિવાર દ્વારા ઉદારતાથી કરી સારો એવો લાભ લીધો હતો.

તેમની નવકાર મંત્ર તથા ચત્તારી મંગલની સમૂહ પ્રાર્થના મુંબઈમાં બહુ ખ્યાતિ પામવાથી તેઓ કેશુભાઈ નવકારવાળા પણ કહેવાયા. વાચન, સંગીતકલા વગેરે શોખથી તેઓનું મન હંમેશાં સોળે કળાએ ખીલેલું જ જોવા મળ્યું છે. શ્રેયાંસ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ ચલાવવામાં તેમણે હમણાં જ જૈનધર્મ ઉપર મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી કર્યું અને અમદાવાદમાં જાહેર સમ્માન પામ્યા

પૂ.આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી તથા પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.સા.ના તેમના દરેક કામમાં પ્રેરણા અને આશીર્વાદ મળતાં રહ્યાં. શ્રી કેશુભાઈ શિબિરવાલા—નવકારવાળા નામથી જૈન શાસનમાં તેઓ ખૂબ જ ખ્યાતિ પામ્યા હતા. તેમના પરિવારનાં સભ્યોએ ઉપધાન પણ કરેલાં. તેમનાં પુત્રવધૂ પ્રવીણાબહેન ધાર્મિક શિબિરોનું સંચાલન કરે છે. વ્રત–નિયમમાં આખું કુટુંબ ખૂબ જ ચોક્સાઈપૂર્વક અમલ કરે છે.

કુટુંબમાં પુત્ર–પ્રપૌત્ર વગેરે ચોથી પેઢી એક સાથે રહેતા હતા. એમના વકીલાતના અભ્યાસ અને અનુભવનો લાભ અનેક સંસ્થાઓને માર્ગદર્શનરૂપે મળેલો છે. ખાસ કરીને પબ્લિક ટ્રસ્ટ એક્ટ અંગેની અપીલનું કામ તેમણે દિલ્હી સુપ્રિમ કોર્ટ સુધી ૧૯૫૪થી ૧૯૫૮ સુધી કર્યું તથા 'અંતરિક્ષની તીર્થ'ના સંદર્ભમાં નાગપુર અને દિલ્હીની હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ સુધી લડત આપેલી છે.

કેશુભાઈના જીવનની સફળતામાં તેમના પરિવારનો ખૂબ ખૂબ સહકાર રહેલો છે. તેમનાં ધર્મપત્ની સુશીલાબહેન એક સહનશીલ ધર્મ–આરાધનાને વરેલ અને સરળ સ્વભાવી પતિપરાયણ વંદનીય વ્યક્તિ છે. તેમના પરિવારમાં પુત્ર રાજેન્દ્રકુમાર અને પુત્રી છાયાબહેન પછી પૌત્ર–પૌત્રીઓનો વિશાળ સંસ્કારી સભ્યોનો સમાવેશ ગણાવી શકાય. વાલકેશ્વરમાં તેમના ફલેટમાં ઘર–દેરાસરની હાજરીને લીધે આજની પેઢી સુધીનો સમસ્ત પરિવાર આરાધનામય સંસ્કારમાં ઊછરેલો છે.

શ્રી કેશુભાઈએ ઉપરનું કોઈપણ કામ ન કર્યું હોત કે કોઈપણ સિદ્ધિ જીવનમાં પ્રાપ્ત ન કરી હોત તો પણ એમને તીર્થંકર નામકર્મ બંધાવે એવું જબરજસ્ત સાહસભર્યું કામ જે કર્યું છે તે માટે અમદાવાદનો જૈન સંઘ તેમને હંમેશાં યાદ રાખશે. અમદાવાદનાં કોમી તોફાનો અને કરફ્યુના દિવસોમાં મુસ્લિમ વિસ્તારોમાં આવેલા જમાલપુરના જૈન દેરાસરોની પ્રતિમાઓને ત્યાંથી મિત્રોની સહાય લઈને ખસેડીને નદીપારના સુરક્ષિત વિસ્તારમાં લાવી જિનમંદિર–જિન પ્રતિમાઓની સુરક્ષા એકલે હાથે મિલિટરીની મદદથી જે કરી છે તે માટે એમની ધર્મરક્ષા માટેની હિંમત પ્રશંસનીય છે, અનુમોદનીય છે. આજ સેટેલાઈટ વિસ્તારમાં 'પ્રેરણાતીર્થ'માં બધા ભગવાન પ્રતિષ્ઠાપૂર્વક બિરાજમાન છે અને આજે પૂ.આ. શ્રી રાજયસૂરીશ્વરજી મ.સાહેબની નિશ્રામાં નૂતન ૨૪ જિનેશ્વરોના જિનાલયનું નિર્માણ થયું. શ્રી કેશુભાઈ જૈનસમાજનું ગૌરવ હતા.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*ઉદારચરિત પુણ્યાત્મા*

## સ્વ. શ્રી ખુમચંદ રતનચંદ શાહ



વર્તમાન જૈન શાસનના ઈતિહાસમાં મંડાર–રાજસ્થાનનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે. જેમણે ઉચ્ચ વિશુદ્ધ ચારિત્ર્યથી વિશેષ મહત્ત્વની કોઈ બાબત ગણતરીમાં લીધી નથી એવા પરમ આદરણીય જૈન શ્રેષ્ઠી શ્રી ખુમચંદભાઈ જૈન સમાજનું ગૌરવશાળી રત્ન છે. મંડાર એમનું વતન પણ નાની કુમળી વયે મુંબઈમાં એમનું આગમન થયું. પિતાશ્રીએ શરૂ કરેલી ત્રાંબા–પિત્તળની દુકાન પોતાની હૈયાસૂઝ અને દીર્ઘદૃષ્ટિથી વિકસાવી, ઉત્તરોત્તર ઘણો વિકાસ થતો રહ્યો. પરિણામે આજે ધંધાકીય ક્ષેત્રે નામના મેળવી છે, જે એમના પ્રચંડ પુરુષાર્થની સાક્ષી પૂરી પાડે છે. તેણે વ્યાપારમાં જે રસ લીધો તે કરતાં વિશેષ રસ એમણે નાનીવયે ધર્મ અને આધ્યાત્મિક ક્ષેત્રે લેવા માંડ્યો અને કહેવાય છે કે જૈનધર્મ આચારવિચારને નાની ઉંમરથી જીવતાં પચાવ્યો. જિંદગીમાં ક્યારેય અભક્ષ્ય પદાર્થોનો ઉપયોગ કર્યો નથી તેમ ક્યારેય તેમનું મોઢું છૂટું નથી. સં. ૨૦૧૩ની સાલથી બારે મહિના ઉકાળેલું પાણી વાપરે છે. દેવગુરુધર્મ પરત્વે એમની અનન્ય શ્રદ્ધા અને ભક્તિભાવ રહ્યાં છે. આ પુણ્યશાળી આત્મા હંમેશાં આરાધનામાં આગળ વધતા રહ્યા. સંપત્તિને પોતાની પાછળ ચલાવનારા આ ગુણસંપન્ન શ્રેષ્ઠીએ આજની તેમની વિશાળ પરિવારની જે કાંઈ અસક્યામતો છે તેમાંથી વિશેષ રકમ તેમણે ધર્મને ક્ષેત્રે અર્પણ કરી. દાનસરિતાનો આ આંકડો ઘણો મોટો થવા જાય છે. આવા ઉદારચરિત પુણ્યાત્માના જીવનનું મૂલ્ય આંકવું ઘણું જ કઠિન છે. શ્રીમંતાઈનો દોમદોમ વૈભવ છતાં તેમની સાદગી, વિનમ્રતા, સૌજન્ય અને નિરાભિમાનપણું સૌની પ્રશંસા અને દાદ માંગી લે છે.

જિનભક્તિના રસિક આ પુણ્યાત્માએ પોતાના ગર્ભ–શ્રીમંતાઈભર્યા જીવનમાં પણ સંસાર અને સંસારના અનેકવિધ આકર્ષણોને તિલાંજલિ આપી, ‘સર્વ વિરતિ ધર્મ’ની ઉપાસના કરવાની તીવ્ર ઝંખના સાથે દેશવિરતિ જીવનથી આત્મકલ્યાણ માર્ગે આગળ વધવાપૂર્વક સ્તવન, છંદ, સજ્ઝાય આદિ કંઠસ્થ કરી, યથા સમયે મધુર કંઠે તેનો ઉપયોગ કરી આત્મ-મસ્તીમાણતા. શેઠશ્રીને દ્રવ્યાનુયોગાદિ ગ્રંથના અભ્યાસની પણ તીવ્ર ઉત્કંઠા, જેથી સામાયિકમાં સ્વાધ્યાય, વાચન તેમ જ ઓફિસમાં બેઠા હોય ત્યારે પણ ધર્મવાચન ચાલુ જ હોય. આ રીતે પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ પંચસંગ્રહ, કમ્મપયડી, તત્ત્વાર્થસૂત્ર, બૃહત્સંગ્રહણી આદિનો અભ્યાસ કરી તે તે સૂત્રોની અનુપ્રેક્ષા કરી તત્ત્વજિજ્ઞાસુઓ સાથે ચર્ચા કરતા.

શ્રી ખુમચંદભાઈનાં ધર્મપત્ની સ્વ. ચૂનીબહેનનું જીવન પણ એક શ્રાવિકાને શોભતું હતું. તેમના પરિવારમાં છ પુત્રો છે. અને તે દરેકને ધર્મસંસ્કારો આપવાનું તેઓ ચૂક્યાં નથી, જેનાં પરિણામે આજે વિવિધ ધંધામાં જોડાવા છતાં તેમની ધર્મશ્રદ્ધા સારી છે. ધનના ઢગલા ઉપર બિરાજવા છતાં જરૂરતવાળા સાધર્મિક ભાઈ બહેનો તરફ હંમેશાં માયાળુ અને નમ્ર રહ્યાં છે. જૈનેતરો પણ એમના આંગણેથી ક્યારેય પાછાં ગયાં નથી. અર્થાત્ આંગણે આવેલાનો પ્રેમભાવથી આદર–સત્કાર કર્યો છે. સાદું જીવન જીવતાં આ દાનેશ્વરી લાખોની સખાવતોનો પ્રવાહ વહેડાવવા ઉપરાંત અનેક સંસ્થાઓ અને ટ્રસ્ટોના સ્થંભ બનીને રહ્યાં છે. દાન, શીલ, તપ અને ત્યાગ ભાવનાથી એમનું વ્યક્તિગત જીવન અનેકોને ખૂબ જ પ્રેરણાદાયી બની રહ્યું છે. ધર્મ અને શાસનસેવાની અનન્ય લાગણી ધરાવનાર શ્રી ખુમચંદભાઈએ આચાર્યભગવંતોની નિશ્રામાં સંઘયાત્રા પણ કાઢેલ છે. ભારતભરનાં નાનાંમોટાં અનેક તીર્થોની યાત્રા ઉપરાંત ઉપાશ્રયો અને મંદિરોનાં શિલાસ્થાપન કરેલ છે. સંખ્યાબંધ જૈન પાઠશાળાઓમાં તેમની દેણગી અને જાતદેખરેખ હતી અને આજે પણ પરિવાર તરફથી થતી રહી છે. નવ્વાણું યાત્રાઓ કરી. ઉપધાન કરાવ્યાં, ત્રણ વખત ૫૦૦ યાત્રિકોની સ્પેશ્યલ ટ્રેઈન લઈ ગયા. જૈન દેરાસરો, ભોજનશાળાઓ, જ્ઞાનમંદિરો, વૃદ્ધાશ્રમો, પાઠશાળાઓ અને નાની મોટી અનેક સંસ્થાઓને તેમણે નવપલ્લવિત કરી હતી.

*અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર*

## શ્રી ચંદુલાલ ભાઈચંદ શાહ

સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લાના જોરાવરનગરના વતની શ્રી ચંદુલાલભાઈનો જન્મ તા. ૧-૧-૧૯૨૮ના રોજ થયો. મેટ્રિક સુધીનું શિક્ષણ અમદાવાદમાં શેઠશ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારમાં ૧૯૪૦–૪૬માં લીધું પણ પછી ૧૯૪૮થી મુંબઈને કર્મભૂમિ બનાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૫૩થી મુંબઈમાં દીપક મેડિકલ સ્ટોર્સની નાની દવાની દુકાનથી ધંધાકીય પ્રવૃત્તિ શરૂ કરી, જેમાં ક્રમેક્રમે સારો વિકાસ થયો. દેવ-ગુરુ-ધર્મમાં અનન્ય શ્રદ્ધા-ભક્તિને કારણે તેમના સેવાજીવનની સુમધુરતા સદા મહેકતી રહે છે. વ્યવસાયમાં દીપક મેડિકલ સ્ટોર વીમા એજન્ટ તેમ જ યુનિટ ટ્રસ્ટના એજન્ટ તરીકેની જ્વલંત ઉજ્જ્વળ કારકીર્દી ધરાવે છે. યાત્રાર્થે હિંદનાં ઘણાં સ્થળોનું પરિભ્રમણ કર્યું છે.

શ્રી ચંદુભાઈ અનેક સામાજિક સંસ્થા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે, જેવી કે-જૈન સહકારી બેંકમાં ૧૯૭૪થી બોર્ડ ઓફ ડાયરેક્ટરના મેમ્બર તરીકે તથા મુંબઈ ચમન છાત્રમંડળમાં પ્રમુખમંત્રી તરીકે ચાલુ છે. તેમજ શ્રી પ્રગતિ મંડળ સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.ઓ. સોસાયટીમાં કમિટી મેમ્બર તરીકે બાર વર્ષ સેવા આપેલી. સી. એન્ડ ડી. કેમિસ્ટ ઝોનના ૧૯૭૫થી ૧૯૯૫ હાલમાં પ્રેસિડેન્ટ તરીકે ચાલુ હતા. મુંબઈમાં ઝાલાવાડ જૈન સંઘના મંત્રી તરીકે સેવા આપેલ. તેમજ સ્પેશ્યલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ક્લબમાં તેમજ મહાવીર જૈન વિદ્યાલયમાં કમિટી મેમ્બર તરીકે તેમજ જિનાલય ટ્રસ્ટના ટ્રસ્ટી તેમજ મુંબઈ જીવદયા મંડળમાં ખજાનચી તેમજ મંત્રી તરીકે સેવા આપેલ છે. ઝાલાવાડ સોશ્યલ ગ્રુપ તથા શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘમાં કમિટી મેમ્બર તરીકેની સેવાઓ, જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલમાં શરૂઆતથી જ ખજાનચી મંત્રી, વાલકેશ્વર સર્કલના પ્રમુખ તરીકેની સેવા આપે છે. ઓગષ્ટ ક્રાંતિ કો. ઓ. સોસાયટીમાં ચેરમેન તરીકે તથા અન્ય નાની-મોટી સંસ્થાઓની સેવાઓ લક્ષમાં લઈ મહારાષ્ટ્ર સરકારે ૧૯૭૨ના ઓગષ્ટથી જસ્ટિસ ઓફ પીસ (જે.પી.)ની પદવી એનાયત કરેલી, ઉપરાંત સરકારે ૧૯૭૪ના જૂનથી સ્પેશ્યલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે તેમને પસંદ કર્યા છે. હાલમાં તેઓ એસ.ઈ.એમ. તરીકે નિમણૂક આપેલ. તેમની પ્રગતિમાં તેમનાં ધર્મપત્નીનો ફાળો જરાપણ નાનો-સૂનો નથી. કંચનબહેને માસક્ષમણ, સિદ્ધિતપ તેમ જ ઉપધાનતપ, વરસીતપ વગેરે અનેક તપશ્ચર્યાઓ કરેલ છે. આખુંયે કુટુંબ ખૂબ જ ધાર્મિક રંગે રંગાયેલું છે. કંચનબહેનનો સ્વર્ગવાસ ૧૦-૩-૦૩

આપણા એક રૂપિયાના નુકસાન સામે બીજાને પાંચ રૂપિયાનો ફાયદો થતો હોય તો આપણે નુકશાન ભોગવી લેવું, આ રીત તેમણે જીવનમાં અપનાવી છે. (આ રીતથી ગમે તેટલું ભોગવવું પડે) ગરીબ, બિમાર તેમજ સંજોગોના ભોગ બનેલાંઓ પ્રત્યે ખૂબ જ દયા રાખી યથાશક્તિ તન-મન-ધનનો ભોગ આપવો એ રીત પણ જીવનમાં અપનાવી છે. હમણાં જ થોડા સમય પહેલાં શ્રી ચંદુભાઈ અને તેમના લઘુબંધુ નવીનચંદ્રભાઈના પરિવારના સૌજન્યથી મુંબઈથી જેસલમેર-રાણકપુર વગેરે અનેક તીર્થસ્થાનોના યાત્રા-પ્રવાસનું આયોજન કરેલું. મુંબઈથી ૫૪ યાત્રિકો તથા જોરાવરનગર વગેરેનાં ૫૪ યાત્રિકો મળીને ૧૦૮ યાત્રિકોનો યશસ્વી યાત્રાપ્રવાસ યોજ્યો હતો. પરમ કૃપાળુ પરમાત્મા જીવનના છેલ્લા શ્વાસ સુધી આપને સેવા કરવાની તક આપે તેવી પ્રાર્થના. મે ૨૦૦૪ નાગેશ્વર તીર્થની યાત્રા કરાવી છે. ઘણી સંસ્થાઓમાં નાનાં-મોટાં ડોનેશનો આપેલ છે. તેમની એક દીકરી અનીતાબહેન કમલેશભાઈ વખારિયા છે. તેમને ત્રણ દીકરાઓ છે. કમલેશભાઈ વકીલાત તેમનો મોટો પુત્ર ડાયમંડની લાઈનમાં છે. નાનાભાઈ નવીનભાઈનું અવસાન ૧૭-૧૨-૦૧ થયેલ તેમના પત્ની તથા પુત્રી લીનાબહેન બે પુત્રો ધાર્મિક જીવન ગાળે છે.

## શ્રી ચિનુભાઈ હિંમતલાલ શાહ



જૈન અને જૈનેતર સેવાકીય સંસ્થાઓમાં શિક્ષણ, સંસ્કાર અને માનવતાનાં કાર્યોથી જેમનાં જીવનકાર્યોની પ્રશંસા થઈ રહી છે એવા શ્રી ચિનુભાઈ રામપુરા-ભંકોડા (વિરમગામ)-ના મૂળ વતની છે. જન્મ ૧૯૩૬માં થયો. સુરેન્દ્રનગરની બોર્ડિંગમાં રહીને મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. આ સમય દરમ્યાન ગૃહપતિ કરમચંદભાઈના સેવા સંસ્કાર, મૈત્રી, શિક્ષણ અને સંસ્કાર પ્રત્યેનો પૂજ્યભાવ, ગુરુભક્તિ જેવા ગુણોથી એમનું વ્યક્તિત્વ વિકસિત થયું છે. મુંબઈમાં બે વર્ષની નોકરીના અનુભવ પછી સાહસ કરીને ધંધામાં ઝંપલાવ્યું અને અગ્રણી કાર્યકર્તા અને નામાંકિત વ્યાપારી તરીકે ખ્યાતિ પામ્યા. મેસર્સ શાહ બ્રધર્સ એન્ડ કું.નું મોટું નામ છે. ધંધામાં પ્રતિવર્ષ સફળતા પ્રાપ્ત થતાં ધનસંપત્તિ પણ વધવા લાગી અને જીવન અનેક રીતે સમૃદ્ધ થતું રહ્યું. વિદ્યા અને સંપત્તિને ઉદારતાથી વહેતી મૂકવામાં આવે તો પછી બન્ને વસ્તુઓ સામે ચાલીને આવે છે.

ચિનુભાઈના જીવનમાં સંપત્તિ એ મોટાઈ કે અભિમાનનું પ્રતીક નથી, પણ ધર્મ અને માનવસેવાનાં કાર્યોમાં સતત સદ્વ્યય કરવાની શુભ ભાવનાઓ પ્રગટ થતી રહી છે. માદરે વતનમાં શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે બાલમંદિર, મિડલસ્કૂલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને હાઈસ્કૂલની સ્થાપના કરાવીને બાળકોનાં ઘડતરમાં મહામૂલું પ્રદાન કર્યું છે. મનના વિકાસ માટે શિક્ષણસંસ્થા છે તો તનના વિકાસ માટે ને તંદુરસ્તીના રક્ષણ માટે હૉસ્પિટલ માટે ઉદારતાથી દાન આપીને રામપુરા–ભંડોકા ગામમાં સૌ કોઈની શુભભાવનાઓ પ્રાપ્ત કરી શકયા છે.

સુરેન્દ્રનગરમાં હાઈસ્કૂલ, બોર્ડિંગ અને બી.એડ. કોલેજની સ્થાપના કરાવીને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે એમની સંપત્તિનો સદ્‌વ્યય થયો છે. વિરમગામમાં ઓર્થોપેડિક હોસ્પિટલ અને માંડલ જેવા નાના ગામમાં પેથોલોજિકલ લેબોરેટરીની સ્થાપના કરીને ચિકિત્સા માટે સુવિધા લોકોને પ્રાપ્ત થઈ છે તેમાં પણ જો કોઈનું યોગદાન હોય તો ચિનુભાઈનું. આ બધી સંસ્થાઓમાં ચેરમેનપદ સંભાળીને તેના વિકાસ માટે તેઓશ્રી સંપત્તિને સમય અને શક્તિનો પણ ભોગ આપ્યો છે. એમની સેવાનું ક્ષેત્ર વહાલસોયા વતનથી વિસ્તાર પામીને જન્મસ્થળની આજુબાજુના વિસ્તાર ઉપરાંત મુંબઈમાં પણ વિસ્તાર પામ્યું છે.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. ફાઉન્ડેશન, સર્વોદય મેડિકલ સોસાયટી, સહયોગ ટ્રસ્ટ, મંજુલાબહેન ચિનુભાઈ શાહ ટ્રસ્ટ, માનવમંદિર ટ્રસ્ટ, ઠક્કરબાપા સાર્વજનિક છાત્રાલય, મહેતા જૈન બોર્ડિંગ, શ્રી ઝાલાવાડ જૈન મૂ. સંઘ, મહાવીર સેવા કેન્દ્ર, મહાવીર હાર્ટ ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટર જેવી સંસ્થાઓના સક્રિય કાર્યકર્તા છે. આ સંસ્થાઓની યાદી ઉપરથી ખ્યાલ આવે છે કે એમની સેવાપ્રવૃત્તિના પાયામાં શિક્ષણ અને આરોગ્યની સેવાની સાથે પછાત વિસ્તારનાં લોકોના ઉત્થાનની પ્રવૃત્તિઓ પણ થાય છે એટલે 'જનસેવા એ પ્રભુસેવા' છે. એ એમના જીવનનો સિદ્ધાંત બની ગયો છે.

જૈન સાધુ–સાધ્વીજીઓની વૈયાવચ્ચ, અભ્યાસ, આયંબિલખાતું, સાધર્મિકભક્તિ, સાત ક્ષેત્ર વગેરેમાં પણ ઉદાર હાથે સુપાત્ર દાન કરીને એમના હાથને આભૂષણોથી નહીં પણ દાનથી અલંકૃત કર્યો છે. આજે ધાર્મિક પ્રસંગોમાં વિજ્ઞાનયુગની ગતિએ પહોંચી જાય છે અને યથાશક્તિ લાભ લઈને જિનશાસનના એક આદર્શ કાર્યકર્તા, મિલનસાર સ્વભાવ, મૈત્રી–વિનય, શ્રુતજ્ઞાનપ્રેમી વગેરે ગુણોથી એમનું વ્યક્તિત્વ નિરાળું છે. કેટલાક જન્મથી ગર્ભશ્રીમંત હોય પરંપરાગત રીતે દાન–પુણ્ય–સેવા કાર્યો કરે છે, પણ ચિનુભાઈ જન્મથી સામાન્ય હતા તેમાંથી એક અસાધારણ વ્યક્તિ તરીકે આજે વિદ્યમાન છે. એમની પ્રતિભાની આ લાક્ષણિકતા પ્રતિભાદર્શનનું નવલું નજરાણું છે. તેમણે ૩૨ વર્ષની યુવાન વયે સામાજિક સેવાઓ શરૂ કરી હતી. તેઓએ અન્ય સંસ્થાઓમાં દાન આપેલાં છે. અનેક સંસ્થાઓના ટ્રસ્ટી છે. ખાસ કરીને મહાવીર હાર્ટ રિસર્ચ ફાઉન્ડેશન, સી.યુ. શાહ મેડિકલ કૉલેજ–સુરેન્દ્રનગર, મંજુલા ઓર્થોપેડિક હૉસ્પિટલ–વિરમગામ, જૈન બોર્ડિંગ, મંજુલા કલા એકેડેમી આવી પાંત્રીસ જેટલી સંસ્થાઓમાં સક્રિય સેવા આપી રહ્યા છે. તા. ૧૦-૧૨-૦૬ના રોજ મુંબઈમાં વસતા ઝાલાવાડી પરિવારોના એક સ્નેહમિલન વખતે તેમના 'સમાજરત્ન' પદપ્રદાનનો પ્રસંગ પણ ભવ્ય રીતે ઊજવાઈ ગયો.

## શ્રી ચિમનલાલ ખીમચંદ મહેતા

સત્યને જેમ શણગારની બિલકુલ જરૂર નથી તેમ સંસારમાં કેટલાંક માનવરત્નો સ્વયં સત્યથી પ્રકાશી ઊઠે છે. જીવનમાં ઘણું બધું નક્કર કામ કર્યું હોવા છતાં કશું જ કર્યું નથી એવી નિરપેક્ષ વૃત્તિથી પોતાનું કર્તવ્ય બજાવ્યે જાય છે. આવા આ સમસ્ત માનવજાતના કલ્યાણઈચ્છુક શ્રી સી. કે. મહેતા સાહેબને વર્ષો પહેલાં એકવાર રૂબરૂ મળવાનું બન્યું ત્યારે પ્રથમ પરિચયે જ એમના ઋજુ હૃદયની છાપ અંકિત થઈ હતી. આવું મમતાળું વ્યક્તિત્વ ધરાવતા શ્રી ચિમનલાલભાઈએ પુરુષાર્થ અને અપૂર્વ આત્મવિશ્વાસથી નાની વયમાં જ સ્વતંત્ર ધંધામાં ઝંપલાવ્યું. નીતિમત્તા અને ઊંડી સૂઝ–સમજને કારણે ધીરે ધીરે પણ પ્રગતિકારક રીતે ધંધાનો વિકાસ થતો ગયો. ૧૯૭૧માં દીપક નાઈટ્રાઈટ લિ.ની સ્થાપના કરી અને ૧૯૭૯માં દીપક ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશનની સ્થાપના કરી વ્યાપારિક ક્ષેત્રે આગવું સ્થાન ઊભું કર્યું, સાથે ધર્મશ્રદ્ધાના સિંચનથી સંસ્કારછોડને પણ ઊછેર્યો. મૂળભૂત રીતે ધર્મના સંસ્કારસિંચનથી ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પણ સમાજસેવા અને અનુકંપાદૃષ્ટિથી ઉત્તરોત્તર દાનધર્મનાં સોપાનો ચડતા રહ્યા.

પ્રબળ પુણ્યબળના યોગથી જ ધંધાની ઉન્નતિ અને ધાર્મિક, સામાજિક કાર્યોમાં પ્રગતિ સધાય છે. એવા એમના દૃઢ વિશ્વાસને લઈને ધંધામાં ખૂબ જ વ્યસ્ત હોવા છતાં આત્મિક–આધ્યાત્મિક સંબંધોને ઉચ્ચ પદ આપતા રહ્યા.

વ્યાપાર, ઉદ્યોગક્ષેત્ર ઉપરાંત સામાજિક, ધાર્મિકક્ષેત્રે પણ તેમણે વિનમ્ર રીતે પોતાનો યશસ્વી ફાળો આપ્યો છે.

વડોદરા નાંદેસરી ખાતે એક અદ્યતન હોસ્પિટલની સુંદર સગવડ ગ્રામીણ તેમજ ઔદ્યોગિક જનતા માટે એક ફાઉન્ડેશનની રચના કરી, જેનો લાભ સેંકડો લોકો લઈ રહ્યાં છે.

દીપક મેડિકલ ફાઉન્ડેશન અને દીપક ચેરિટેબલ ટ્રસ્ટમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લગભગ ૮૦ માણસોનો સેવાભાવી સ્ટાફ આજુબાજુનાં સંખ્યાબંધ ગામડાંઓમાં સેવા આપી રહ્યાં છે. તેઓ દાયણની તાલીમનું તથા આ વિસ્તારની મહિલાઓમાંથી સગર્ભાઓને અલગ તારવવાનું, ગામડાંઓમાં ક્લિનિકની શ્રેષ્ઠતમ સુવિધા પહોંચાડવાનું, રસીકરણનું તેમજ મહિલાઓ તથા તરુણ તરુણીઓ માટે માહિતીશિક્ષણ અને સંદેશાવ્યવહાર પૂરા પાડવાની સેવા આપે છે.

આ બધી જ માનવસેવાની પ્રવૃત્તિના પાયામાં શ્રી ચિમનલાલભાઈની પરગજુ સેવાપરાયણતા ધરબાયેલી પડી છે. ધંધામાં અને સમાજસેવામાં તેમનું કાર્યકૌશલ્ય હંમેશાં ઝળકી રહ્યું છે.

ધંધાર્થે સમગ્ર વિશ્વની પ્રદક્ષિણા કરી હોવા છતાં ભારતમાં હોય કે અમેરિકામાં હોય સુદેવ, સુગુરુ, સુધર્મ, સાથે જ રહ્યાં છે. એક આદર્શ શ્રાવક તરીકેના બધા જ સદ્‌ગુણોનું તેમનામાં દર્શન થાય છે અને તેથી જ તેમનું વ્યક્તિત્વ હંમેશાં નિરાળું ભાસે છે. કેમિકલ્સના વ્યાપારક્ષેત્રે વ્યાપક નામના મેળવીને અઢી દાયકાના કેમિકલમારકોના બહોળા અનુભવ પછી સને ૧૯૭૦માં ઉદ્યોગક્ષેત્રે ઘણું મોટું પદાર્પણ કર્યું. સખત પરિશ્રમ બાદ દીપક નાઇટ્રાઇટના ઉત્પાદન ક્ષેત્રની દશાબ્દી ૧લી એપ્રિલ ૧૯૮૩માં શાનદાર રીતે ઊજવી.

૧૯૮૨ની દિવાળી સૌરાષ્ટ્ર માટે વાવાઝોડાના ઝંઝાવાતથી ખૂબજ કાજળઘેરી બની રહી ત્યારે દીપક ચેરિ. ટ્રસ્ટની પણ ત્વરિત સ્થાપના કરી અને જુદા જુદા પ્રોજેક્ટ દ્વારા પીડિત આત્મિકોને શાતા બક્ષી. રહેવાનાં ઘર ખેડૂતોને અને માલધારીઓને હજારોની સંખ્યામાં પશુઓનું પુનઃસ્થાપન, ગામેગામ જઈને વાસણો, રેશન, વસ્ત્રો વગેરેનું વિતરણ લાખોને હિસાબે કર્યું.

વહીવટી સૂઝ અને ત્વરિત કાર્ય કરવાની કુનેહ આપણા આ શ્રેષ્ઠીવર્યમાં જોવા મળે છે. સમાજને તેમની સેવાનો લાભ અહર્નિશ મળતો રહે એ જ અભ્યર્થના.

## શ્રી ચંપકલાલ ટી. ખોખર

મહેસાણા જિલ્લાના ઊંઝાના વતની છે. છેલ્લાં ઘણાં વર્ષોથી 'જંબૂદ્વીપ' ધર્મસંકુલના સર્જનમાં પાયાના આરંભથી કાર્યરત છે.

પૂ.પં. શ્રી અભયસાગરજી મહારાજના સાન્નિધ્યમાં આવ્યા પછી છેલ્લાં બત્રીશ વર્ષથી નવકારમંત્ર હૈયામાં વસ્યો અને ધર્મરંગે રંગાયા. ઊંઝા મહાજનમાં સેવા ઉપરાંત ઈડર–પાવાપુરીમાં પણ સેવા આપતા રહ્યા છે. ડાયમન્ડના વ્યવસાયમાં સારી રીતે પ્રગતિ કરી રહ્યા છે. આજે પણ પોતાના જીવનનો વિશેષ સમય ધર્મકાર્યોમાં જ પસાર કરી રહ્યા છે.

## વાસા ચિમનલાલ પ્રેમચંદભાઈ

પોતાની ઉંમર ૫ વર્ષની હતી ત્યારે પરિવાર સાથે બૂઢણાથી પાલિતાણા રહેવા માટે આવેલ. શરૂઆતનો અભ્યાસ પ્રાથમિકશાળા પાલિતાણા અને ત્યારબાદ S.S.C. સુધી શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ–પાલિતાણામાં કરી અને ૧૯૬૨માં ધંધાર્થે મુંબઈ આવેલ. બૂઢણાથી મુંબઈ સુધીની સફર લાલન–પાલન તેમનાં પૂજ્ય માતુશ્રી માનકુંવરબહેનને આભારી છે, જેણે પાલિતાણામાં સખત મહેનત કરીને સંતાનોને મોટાં કર્યાં અને ભણાવ્યાં. આ સમય દરમ્યાન પૂ. પિતાશ્રી પ્રેમચંદભાઈ જીવરાજભાઈ શેઠ આ.ક. પેઢી છાપરિયાળીમાં A/c તરીકે નોકરી કરતા હતા.

૧૯૬૨થી ૧૯૭૧ સુધી મુંબઈમાં નોકરી કરી અને તે દરમિયાન ૧૯૬૬માં મૃદુલાબહેન દુદાણાવાળાં સાથે લગ્ન થયાં. ચાર દીકરી અને એક દીકરો–દરેકને સારા ઘરે પરણાવેલ છે. દીકરાને ત્યાં પણ એક દીકરો અને દીકરી છે.

૧૯૭૧માં પોતાનો સ્વતંત્ર ધંધો–બોલબેરિંગ સપ્લાયનો ચાલુ કરેલ. ૧૯૮૪માં સુરત દુકાન કરી, જે હાલમાં ચાલુ છે. હાલમાં જ ટાણા–અગિયાળી ગામ વચ્ચે રતનપર ગામમાં ખેતીલાયક જમીન રાખીને ખેતી પણ ચાલુ કરેલ છે.

માતુશ્રી તથા પિતાશ્રીનું ૧૨ વર્ષ પહેલાં અવસાન થયેલ છે. પોતે ત્રણ–ભાઈ–ચાર બહેન. હાલમાં પોતાને ખેતીના કામકાજ માટે બૂઢણા અવારનવાર જવાનું થાય છે. બૂઢણાના રાજપૂત કુટુંબ સાથે બહુ જ સારા સંબંધો સ્થાપિત થયા છે. ૧૦૬૧ના ચૈત્ર વદ–૬–૭–૮ના રોજ બૂઢણા મુકામે દેરાસરમાં શ્રી શાન્તિનાથ ભગવાનની મૂર્તિ બેસાડવાનો આદેશ મળેલ અને તે દિવસે પોતાનાં પિતાશ્રી તથા માતુશ્રીએ તેમનાં જીવન દરમ્યાન કરેલ સત્કાર્યો અને માતુશ્રી તથા ધર્મપત્નીએ તેમનાં જીવનમાં કરેલ તપશ્ચર્યાઓની અનુમોદના અર્થે બૂઢણા મુકામે સિદ્ધચક્રપૂજન ભણાવવાનું અને એક દિવસનો ગામધુમાડો બંધ કરવાનું સુંદર કાર્ય થયું. હાલમાં મુંબઈનો દરેક કારભાર તેમના પુત્ર ચિ. પરેશ સંભાળે છે.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*સંસ્કારયાત્રાના મોવડી*

## શ્રી સી. એન. સંઘવી

મુંબઈ શહેર અને ભારતભરની વીસ કરતાં વધુ પ્રતિષ્ઠિત વ્યાવસાયિક, વ્યાપારી, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને વૈદકીય સંસ્થાઓમાં તેમણે વિવિધ અધિકારીપદે રહીને કર્તવ્યનિષ્ઠ અને નોંધપાત્ર સેવાઓ કરી છે અને કરતા રહ્યા છે.

જૈન સોશ્યલ ગ્રુપ જે જૈન સંસ્કાર ગ્રુપ બની મહેકી રહ્યું છે, તેના ફેડરેશનની સ્થાપનામાં તેમની દૂરંદેશીતા, કાર્યદક્ષતા અને સૌને સ્નેહથી પોતાનાં કરી લેવાની આત્મસૂઝનો ફાળો ઘણો મોટો છે.

વિદેશોમાં જૈન સોશ્યલ ગ્રુપ્સની સ્થાપનામાં પણ અગ્રેસર રહ્યા. ફેડરેશને ઇન્ટરનેશનલ એક્સટેન્શન કમિટીના ચેરમેન તરીકે નિમણૂક કરી અને આ પદને અમેરિકામાં ઘણાં ગ્રૂપો સ્થાપી શોભાવ્યું અને અમેરિકા, આફ્રિકામાં વધુ ગ્રુપો સ્થાપવામાં પ્રયત્નશીલ રહ્યા. શિકાગો અને લોસ એન્જલસનાં ગ્રુપોનાં ઉદ્‌ઘાટન વખતે સૌ સભ્યોને અમેરિકાની યાત્રા કરાવી અને 'સંઘવી' અટક સાર્થક કરી. ગચ્છ-સંપ્રદાય કે અન્ય ભેદભાવો ભૂલીને સૌ જૈનો એક પ્રેમમય વાતાવરણમાં હળેમળે અને ઉત્કર્ષ સાધે એ જોવા સમય, શક્તિ અને સંપત્તિનો ભોગ આપ્યો. તેમની અધ્યક્ષતાના દેદીપ્યમાન સમયમાં ભારતભરમાં ૨૭૫ ગ્રુપોની સ્થાપના થઈ અને વિશ્વભર જૈનોની સૌથી મોટી સંસ્થા બની. જૈન સોશ્યલ ગ્રુપ ફેડરેશનના સહકારથી અને ડૉ. એલ. એમ. સીંઘવીના પ્રોત્સાહનથી તથા અન્ય જૈન આગેવાનોના જેવા કે પ્રતાપ ભોગીલાલ, દીપચંદભાઈ ગાર્ડી વગેરેના સહકારથી વર્લ્ડ જૈન કોન્ફીડરેશનની સ્થાપના સંઘવી સાહેબે કરી, જેમાં દુનિયાભરના જૈનો જૈન સંસ્થાઓ વગેરે જોડાઈ શકે છે.

શ્રી પ્રતાપ ભોગીલાલની મહેનતથી આજે વર્લ્ડ જૈન કોન્ફીડેશનમાં લગભગ ૭૦ લાખ રૂપિયાનું સ્થાયી ફંડ છે. શ્રી સંઘવી સાહેબ જબરદસ્ત આ ઉપલબ્ધિ કાયમ યાદ રહેશે

સંઘવી સાહેબ, બહુધા સફારી સૂટમાં નજરે પડે છે, જેમાં વધુ ખિસ્સાં હોય છે અને એ ખિસ્સાંઓમાં સામાજિક સંસ્થાઓ કે વ્યક્તિઓને આર્થિક સહયોગ આપવાની ઉદાર તત્પરતા હોય છે, પણ માત્ર દાન આપી અટકી જવું કે એનાથી કોઈને પંગુ બનાવી દેવામાં નથી માનતા. તેઓ માને છે કે, સહયોગ આપી અન્યને સ્વાવલંબી બનાવવો. માનવનું ગૌરવ જળવાય એ રીતે વર્તવાની ખાનદાની ભરી રીતભાત દરેક કાર્યમાં જોવા મળે છે.

૧૯૫૨માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રેક્ટિસ શરૂ કરી અને ટૂંક સમયમાં જ પ્રેક્ટિસ જમાવી પણ એ ટેબલ-ખુરશી અને ઓફિસની દુનિયા માંહ્યલાને નાની પડવા લાગી. ઔદ્યોગિક ક્ષેત્રમાં ઝંપલાવ્યું, જ્યાં 'માંહી પડ્યા તે મહા સુખ માણે' જેવું નથી હોતું, છતાં પળેપળની અપ્રમાદ કર્તવ્યનિષ્ઠાથી જેવા કર્મવીર એક સફળ ઉદ્યોગપતિ તરીકે બહાર આવ્યા. હજી ચેતનના ઘોડા ઘટમાં થનગને છે. તેમની સૌજન્યશીલ વ્યાવહારિકતા, સ્પષ્ટ છતાં ડંખરહિત વિચારધારા અને કાર્યને સર્વાંગ સુંદર રીતે પાર પાડવાની અનોખી આત્મસૂઝ અને સામેની વ્યક્તિના વિચારો સમજવાની નમ્રતાને કારણે પુરોગામીઓના પ્રીતિપાત્ર, સહગામીઓના વિશ્વાસપાત્ર અને અનુગામીઓના શ્રદ્ધાપાત્ર બન્યા છે. જિંદગીમાં વરસો નથી ઉમેરતાં પણ વરસોમાં જિંદગી ઉમેરે છે. ઘણી વાર સેમ્યુઅલ જોન્સનનું વાક્ય ટાંકે છે : "એવા દરેક દિવસને હું વેડફાયેલો ગણું છું કે જ્યારે મેં એકાદ પણ નવો પરિચય ન બાંધ્યો હોય."

જેની સામે માનવ માત્રના કલ્યાણનું ધ્યેય હોય, સમાજ-ઉત્કર્ષ માટે તાલાવેલી હોય, તે એક પણ દિવસ ક્યાંથી વેડફે? મિત્ર બનવું એ પણ એક લહાવો છે અને એમ કહેનારાંઓની સંખ્યા નાનીસૂની નથી. "સંઘવીના સંગમાં સૌ રાજી રાજી."

આમ તો ઘણી સંસ્થાઓને પોતાના લાગે છે પણ જૈન સોશ્યલ ગ્રુપ-મુંબઈને મન સંઘવી વિશેષ રીતે પોતાના છે.

જૈન સોશ્યલ ગ્રુપ-મુંબઈ અને જૈન સોશ્યલ ગ્રુપ્સ ફેડરેશનને તેમના જેવા બહુમુખી પ્રતિભાશાળી પ્રમુખ મળ્યા હતા એ કેવા પરમ સૌભાગ્યની ઘટના છે. આજે જૈન સોશ્યલ ગ્રુપ મુંબઈ માટે આનંદભર્યા ઋણસ્વીકારનો અવસર છે. સી. એન. સંઘવી વારંવાર થતા નથી.

વ્યવહાર કુશળ અને ઉદારચરિત દાનવીર

## શ્રી ચૂનીભાઈ લક્ષ્મીચંદ

જામનગરમાં લગભગ પોણાલાખના ખર્ચથી તૈયાર થયેલ 'શ્રી લક્ષ્મી આશ્રમ' તેમ જ તેના ઉપરના ભાગમાં વર્તતું 'જૈનાનંદ પુસ્તકાલય' આ બન્ને ધાર્મિક સંસ્થાઓ શ્રી ચૂનીભાઈની ઉદારતાના ખરેખર યશઃપુંજ છે. શ્રી વર્ધમાનતપ આયંબિલખાતામાં અર્પણ થયેલી ૩૦,૦૦૦ની રકમમાં પણ પોતાને અર્ધ લાભ આપવાની વડીલ પાસે કરેલી માંગણી એ તેમના ઔદાર્યનો જબ્બર પુરાવો છે. પોતાનાં સુશીલ ધર્મપત્ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમતી ચંચળબહેને કરેલ શ્રી નવપદજી, વીંશતિસ્થાનક વગેરે તપશ્ચર્યા નિમિત્તે લગભગ એક લાખના ખર્ચે કરાવેલ ભવ્ય ઉદ્યાપન (ઉજવણું) મહોત્સવ અને તે સમયે ઠેઠ ગુજરાતમાં બિરાજમાન પૂ. શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મહારાજાદિ વિશાળ સાધુસમુદાયને વિજ્ઞપ્તિ કરવાપૂર્વક વિહાર કરાવી જામનગરમાં દબદબાભર્યા પ્રવેશોત્સવ પ્રસંગે શ્રી ચૂનીભાઈએ કરેલું બાદશાહી સામૈયું જામનગરની જૈન–જૈનેતરપ્રજા આજે પણ સંભારે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં તૈયાર થતાં શ્રી વર્ધમાન જૈન આગમમંદિરમાં સર્વપ્રથમ પચાસથી સાઠ હજારની ઉદાર સખાવત કરનાર તે બીજું કોઈ નહીં પણ આ દાનવીર સંઘપતિ શ્રી ચૂનીભાઈ જ. શ્રી પોપટલાલ ધારશીભાઈના જામનગરથી શત્રુંજયતીર્થના નીકળેલી ઐતિહાસિક સંઘયાત્રાના કુલ ખર્ચમાં અર્ધા ભાગીદાર થઈ તીર્થંકર નામકર્મના હેતુભૂત શાસનોન્નતિ કરાવનાર પણ આ નાના સંઘપતિ જ છે. આવી હજારો અને લાખોની ઉદાર સખાવતો સિવાય નાની સખાવતો તેઓશ્રી તરફથી આજસુધીમાં કેટલી થઈ હશે તેની સંખ્યા આંકડામાં તો તેઓ પોતે જ જાણતા હશે. આવી અસાધારણ ઉદારતાને અંગે જૈન સમાજ દાનવીર પુરુષોની પ્રથમ પંક્તિમાં તેઓને ગણે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

આવું ભારે મોટું ઔદાર્ય છતાં આ પુન્યશાળી વ્યક્તિમાં અભિમાનનો એક અંશ પણ જોવા મળતો નથી. તેમની રહેણી કહેણી તદ્દન સાદી હતી. વડીલમર્યાદા તેમણે કોઈપણ વખત લોપી નથી. વડીલ શ્રી પોપટભાઈ જે કોઈ કાર્ય કરે તે હરકોઈ પ્રસંગે આપણા નાના સંઘપતિ ચૂનીભાઈ સદાય તૈયાર જ હોય. સંઘયાત્રા પ્રવાસ દરમ્યાન ઘણી વખત અનુભવાયું છેકે, કોઈ કોઈ તેવા શુભ પ્રસંગોમાં કોઈ કાર્ય વિશેષ પરત્વે તેમને જ્યારે પૂછવામાં આવે ત્યારે તેઓ એક જ વસ્તુ જણાવે કે "વડીલને પૂછો, તેમની સલાહ લ્યો અને તેઓ જે પ્રમાણે કહે તે પ્રમાણે કરો. મને આ બાબતમાં જરા પણ પૂછવાની જરૂર નથી. જે વાત તેમને મંજૂર છે તે મને મંજૂર હોય જ." સંપૂર્ણ લક્ષ્મીનો યોગ છતાં વડીલોની આવો આમ્નાય (મર્યાદા) કોઈ ભાગ્યવાનમાં જ દૃષ્ટિગોચર થાય છે.

શ્રી ચૂનીભાઈનું ગાંભીર્ય પણ જનતાને હેરત પમાડે તેવું હતું. કોઈ પણ કાર્ય પ્રસંગે તેઓ કદી ઉતાવળા થતા નહીં. જે કાર્ય કરવાનું ધાર્યું હોય તેનો પ્રથમ સ્વયં સંપૂર્ણ વિચાર કરે, ત્યારબાદ વડીલોની સલાહ લે અને અનુમતિ મળ્યા બાદ કાર્ય પ્રારંભે. કાર્યનો પ્રારંભ થયા બાદ જો વિઘ્નપરંપરા આવે તો ધીરજ રાખે. જરાપણ પાછા ન હઠે અને આરંભેલું કાર્ય ગમે તે ભોગે પાર ઉતારે, શ્રી ચૂનીભાઈની આ સહજ પ્રકૃતિ હતી. એ ધીરતા અને ગંભારતા તેમને કોઈ અજબ રીતે વરેલી હતી. શ્રી ચૂનીભાઈમાં હૃદયની નિખાલસ વૃત્તિ પણ અન્ય વર્ગને અનુકરણીય હતી. સાચું કહેવામાં તેઓ પ્રાયઃ કોઈની શરમ રાખતા નહીં, આમ છતાં તેમના મુખમાં એવી મીઠાશ રહેતી તે તેઓની વાણી કોઈને પણ અપ્રિય થતી નહીં. હૈયામાં ક્રાંઈ હોય અને મુખમાં કાંઈ હોય એ વૃત્તિ તેમને જરાપણ ઈષ્ટ નહોતી. મનમાં જે ઠીક લાગે તે પ્રમાણે જ તેઓ બોલનારા અને મિતભાષી હતા. તેનામાં વ્યવહારદક્ષતા–કાર્ય કરવાની કુશળતા પણ કાંઈ ઓછી નહોતી. એ વ્યવહારકુશળતાને અંગે જ તેઓ છેવટ સુધી વ્યવહારમાં એકસરખા શુદ્ધ રહ્યા હતા. ન્યાય–નીતિ ઉપર તેમને અથાગ પ્રેમ હતો. અને જેમ બને તેમ અનીતિ તથા પ્રપંચનાં પાસાંઓથી દૂર રહેવાય તે માટે સદા જાગૃત રહેતા.

*સૌજન્ય : શેઠશ્રી પોપટલાલ ધારશીભાઈ જૈન વિદ્યાર્થી ભવન જામનગર.*

## ફૂલ ગયું ફોરમ રહી
# જયંતીલાલ વી. શાહ

કોઈ માનવચિરાગ જ એવો હોય છે. સંસારના વૈભવ–વિલાસ કે વેર–વિરોધ–ધિક્કારની અંધિયારી વચ્ચે એ જન્મ લે છે અને અંધારામાં અજવાળાં વેરતાં વેરતાં નિર્વાણ સાધે છે. એમને મારા–તારાની, આગળ–પાછળની, માનપાનની કોઈ દુન્વયી દુવિધા ઝાંખી પાડી શકતી નથી. એમના જીવનનું એક જ લક્ષ્ય હોય છે. એમના મૃત્યુનું પણ એક જ લક્ષ્ય હોય છે.

'સત્યની વેદી પર આત્મસમર્પણ.' પ્રતિકૂળતાઓના અંધારામાંથી સ્વપુરુષાર્થબળે એ આગળ આવે છે ને પોતાના ધ્યેયને સિદ્ધ કરવા ઝઝૂમે છે. આવો જ એક માનવ ચિરાગ એટલે કે ઉચ્ચ આદર્શનો અવતાર. સજ્જનતાનો સાગર શ્રી જયંતિલાલ વી. શાહ, જેમણે જીવનપંથને જ્યોતિર્મય બનાવવા માટે ખમીર, ખુમારી અને ખાનદાનીનો અખંડ દીપ પ્રજ્વલિત કર્યો.

ગૌરવવંતી ગુજરાતના બેમિસાલ બનાસકાંઠાનું વીરક્ષેત્ર વડાની વિરલ વસુંધરાએ તા. ૨૫-૧૨-૧૯૨૮થી શરૂ થતી જીવનયાત્રા જ્યારે જે. વી. શાહના લોકસુપ્રસિદ્ધ હુલામણા નામના મુકામ પર આવી પહોંચી ત્યારે તેઓશ્રીની સામાજિક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાવહારિક, સહકારી, રાજકીય, શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક વિરાટતાનું દર્શન વિશ્વને કરાવ્યું.

પોતાની વિચક્ષણ બુદ્ધિના પ્રભાવે ભલભલા માથાભારે તત્ત્વોને રમતાં રમતાં અંકુશમાં લઈ શકતા હતા. પોતાની આગવી પ્રતિભાને ગમે તેવી આંટીઘૂંટીમાં પણ સ્વસ્થતા જાળવી રાખતા હતા. વિકટ અને વિષમ પ્રસંગમાં જરાપણ વિચલિત થયા વિના કુશળતાથી રસ્તો કાઢી શકતા હતા એવા મૂઠી ઊંચેરા માનવી તરીકે જીવન જીવીને યશોજ્જવલ જીવનની ગરિમાને ચાર ચાંદ લગાડ્યા હતા. તેમના જીવનમાં વિલક્ષણ પ્રજ્ઞા, અપ્રતિમ પુરુષાર્થ અને જાજરમાન પ્રતિભાનો ત્રિવેણી સંગમ અવશ્ય જોવા મળતો હતો. ગ્રામકક્ષાએ વડા સેવા સહકારી મંડળીના, જિલ્લા કક્ષાએ બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના, ગુજરાત રાજ્ય કક્ષાએ ગુજ. કોમા સેલના અને દેશકક્ષાએ નાફેડના ચેરમેન તરીકે એક સાથે રહીને સેવા કરી પોતાનું નામ સુવર્ણઅંકિત કર્યું છે. તેઓશ્રીએ સહકારી ક્ષેત્રના પ્રતિનિધિ તરીકે વિદેશપ્રવાસ પણ ખેડ્યો હતો. ખોટમાં જતાં કે નબળી ગણાતી સહકારી સંસ્થાઓને અસરકારક નફો કરતી અને ધમધમતી બનાવી છે. સહકારી ક્ષેત્રનાં વિવિધ પાસાંઓનો તલસ્પર્શી અનુભવ અને અભ્યાસ કરી અનેરી કોઠાસૂઝને કારણે અનેકના સલાહકાર બન્યા.

રાજકીયક્ષેત્રે પણ શ્રી જયંતીભાઈની સિદ્ધિ નાનીસૂની નથી. કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાઈને રાજકીય કારકિર્દીની શરૂઆત કરનાર શ્રી જયંતીભાઈ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાયા. અને ઈ.સ. ૧૯૮૯માં અઢીલાખ મતની જંગી બહુમતીએ લોકસભામાં ચૂંટાયા. ૧૯૯૦માં કેન્દ્રના મંત્રીમંડળમાં રાજ્યકક્ષાના ખેતી અને સહકાર ખાતાના મંત્રી બન્યા અને છેલ્લે પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે કર્મઠ અને સક્રિય કાર્યકરની અદાથી કામ કર્યું. બનાસકાંઠાના હજારો લોકોને રોજગારી આપવામાં અગ્રેસર રહ્યા. જિલ્લા ખેડૂત મંડળના પ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય ખેતીવાડી પેનલના ચેરમેન તરીકે, તેમ જ બનાસબેંકના ચેરમેન તરીકે રહીને ખેડૂતોના વીજળી અને અન્ય પ્રશ્નો પોતાની આગવી કોઠાસૂઝથી ઊકેલી ખેડૂતોના લોકલાડીલા બન્યા હતા. વાત્સલ્યના વડલા શ્રી જયંતીભાઈના હૈયામાં માતૃભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવાની ભાવના છલોછલ ભરેલી હતી. અત્યંત કુશળતા અને જાગૃતિની જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે એક જ વર્ષના ગાળામાં ચાલીશ હજાર વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કરીને અને ત્રણ વર્ષના ગાળામાં છ હજાર નવા શિક્ષકોની ભરતી કરીને શિક્ષણ ક્ષેત્રે વિક્રમ સર્જ્યો હતો. રાજકીય રંગે રંગાયેલા હોવા છતાં પણ ધાર્મિક ક્ષેત્રે પણ પોતાના આગવા સ્વરૂપને ટકાવી રાખી જિનશાસનની સેવાના યજ્ઞમાં પોતાનું ઉત્તમ કક્ષાનું ઉત્તરદાયિત્વ નોંધાવ્યું.

વિશ્વનું એક માત્ર અજોડ, અદ્વિતીય, અલૌકિક, અદ્‌ભુત, દિવ્ય, ભવ્ય, શિલ્પ કલાયુક્ત, પદ્મ સરોવરાકારે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રસાદ તીર્થ (શંખેશ્વર)ના નિર્માણમાં તેમની સેવા કીર્તિકળશ સમાન હતી. રૂની ગામે શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાનના જિનાલયના નિર્માણમાં પણ તેમની સેવા આજે પણ યશોગાથા ગાઈ રહેલ છે. સુવિશુદ્ધ ચારિત્ર્યમૂર્તિ પ.પૂ. આ. દેવેશ શ્રીમદ્વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક ગુરુવર્યોના અસીમ કૃપાપાત્રે શ્રી જયંતીભાઈ ઉચ્ચ વૈચારિક આસને બેઠેલી એક મહાન વિભૂતિ હતા. કેન્દ્રના મંત્રીમંડળમાં આદરણીય અને સન્માનનીય સ્થાન પામ્યા છતાં પણ દરરોજ સવારે નિયમિત બે કલાક મૌન, રાત્રિભોજન તેમ જ કંદમૂળનો ત્યાગ એ નિયમનું અડગપણે પાલન કર્યું. તેઓશ્રીએ સબિત કર્યું કે વિચારોની પવિત્રતા અને નિયમની દઢતાથી એક જ જીવનકાળમાં ઈતિહાસ બનાવી શકાય છે. આજે પણ તેઓશ્રી એક જીવતા-જાગતા ઈતિહાસ સ્વરૂપે વિદ્યમાન છે.

તેઓશ્રીની અદ્‌ભુત જીવનશૈલી આકર્ષક અને સરાહનીય હતી. તેઓશ્રીએ બનાસબેંકના ચેરમેન તરીકે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાંજરાપોળ ચલાવી. પ્રદેશ ઉપપ્રમુખ તરીકે મહારાષ્ટ્રના ભૂકંપ પીડિતો માટે જિલ્લામાં ફરી ફાળો ઉઘરાવી તેમજ કોમી તંગદિલી સમયે પાલનપુર શહેરમાં હિંદુ-મુસ્લિમ વિસ્તારોમાં પગપાળા ફરી કોમી એકતા અને ભાઈચારાની ભાવના સ્થાપવામાં ઉમદા અને અભિનંદનીય સેવા આપી હતી. સંસારસાગરના પટ પર સાડા છ દાયકા સુધી નિરંતર, અસ્ખલિત, અખંડિતપણે ચાલતી તેઓશ્રીની જીવનનૈયા અચાનક તા. ૧૮ ઓક્ટો. ૧૯૯૪ના ગોઝારાદિને કાળમુખા તૂફાની વાવાઝોડામાં એકાએક તૂટી પડી, ભાંગી પડી અને મૃત્યુના મહાસાગરમાં વિલીન થઈ ગઈ. તેઓશ્રીનું પ્રાણપંખેરું દેહપિંજરને છોડી પરલોકની યાત્રાએ ઉડ્ડયન કરી ગયું.

જૈન સમાજે નિઃસ્વાર્થ સેવાક્ષેત્રની ઉત્તમ માર્ગદર્શક, પ્રેરણામૂર્તિ, ધર્મોત્થાનમાં યોગદાન આપનાર સંસ્કારમૂર્તિ ગુમાવી. ચમકતો એક તેજસ્વી સિતારો ખરી પડ્યો. માત્ર બનાસકાંઠા જિલ્લાએ જ નહીં, સમસ્ત ગુજરાત રાજ્ય એટલું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ નહીં દેશના સ્તરે વિવિધ ક્ષેત્રના એક શુભહિતચિંતક મહામાનવ ગુમાવ્યો. તેઓશ્રીનું જીવન ધૂપસળી જેવું હતું. સુગંધી પુષ્પ જેવું હતું. તેથી જ ધૂપસળી નથી પણ સુવાસ છે. ફૂલ ગયું ને ફોરમ રહી . તેઓશ્રીના જીવનનાં સત્કાર્યો, ગુણરૂપી સુવાસ આજે પણ ચોમેર મહેંકી રહી છે. પરમ પ્રભાવક શ્રદ્ધાવર્યોની પરંપરાના પ્રતાપી વીરપુરુષ શ્રી જયંતીભાઈએ સુસંસ્કારિતાના આગવા તેજ દ્વારા સદાયે સુસ્મિત ચહેરે જીવનને ઊજાળ્યું. મૃત્યુને મહોત્સવ બનાવ્યો અને વિશ્વમાંથી વિજયવંતી વિદાય લઈને પોતાનાં નામ અને કામ સદાને માટે રાજતાં, ગાજતાં અને ગુંજતાં કરી દીધાં.

### વ્યાપારઉદ્યોગમાં અગ્રેસર : જાણીતા દાનવીર

## રાવબહાદુર શ્રી જીવતલાલ પરતાપશીભાઈ

જૈન ધર્મપુરીઓનાં આગેવાન ગણાતા ઉત્તર ગુજરાતના રાધનપુર શહેરમાં પરમ ધર્મશ્રદ્ધાળુ અને સંસ્કારી પિતાશ્રી પરતાપશીભાઈ તથા માતા જયકોરબહેનને ત્યાં શ્રી જીવાભાઈનો જન્મ વિ.સં. ૧૯૪૩ના જેઠ વદિ ૪ને દિવસે થયો હતો. બાળપણમાં જ માતાપિતાના ઉત્તમ ધાર્મિક, વ્યાવહારિક સંસ્કારો અને શ્રદ્ધા સચ્ચાઈનો વારસો મળ્યો હતો.

પ્રાથમિક અભ્યાસ રાધનપુરમાં જ પૂરો કરી માત્ર સોળ વર્ષની નાની વયમાં જ કુટુંબની આર્થિક જવાબદારી ઉપાડવા મુંબઈ શહેરમાં આવી નોકરીથી જીવનની શરૂઆત કરી. ત્યારબાદ સોનાચાંદી બજારમાં સ્વતંત્ર દલાલીનો ધંધો શરૂ કરી ઉત્તરોત્તર ભાગ્ય દેવીની કૃપાથી મુંબઈના આગેવાન વાયદાબજારો તેમાં શેરબજાર, રૂબજાર, એરંડાબજાર તથા સોનાચાંદી બજારના માન્ય દલાલ બન્યા. શહેરમાં સોનાચાંદીનો વાયદાનો બજાર વ્યવસ્થિત કરી સ્થાપવામાં આવેલ ધી બોમ્બે બુલિયન એક્સચેંજ લિ.ના ફાઉન્ડર ડાયરેક્ટર તરીકે બુલિયન એકસચેંજ વિકસાવવામાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તે જમાનામાં થતાં અનેક બેલાકબાડામાં પોતાની આગવી બુદ્ધિ પ્રતિભા અને વ્યાપારી કુનેહથી ઊભી થતી આંટીઘૂંટીઓ અને ગૂંચો ઉકેલી બજારને સફળ માર્ગદર્શન આપવામાં આગળ પડતો ભાગ લીધો હતો. શેરબજારની ગર્વર્નિંગ બોર્ડના લાગલગાટ ૧૭ વર્ષ સુધી ડાયરેક્ટર તરીકે સેવા બજાવેલ હતી. હિન્દુસ્તાન બહાર લીવરપુલ કોટન એક્સચેંજ અને ન્યૂયોર્ક કોટન એક્સચેંજના પણ મેમ્બર બનેલ. વાયદા બજાર ઉપરાંત અનેક ઈન્ડસ્ટ્રીઝમાં ડાયરેક્ટર તરીકે સેવા બજાવેલ અને એક સમયે લગભગ કંપનીઓના ડાયરેક્ટર હતા. પોતાના ધંધાકીય વ્યવસાયમાં તેમના લઘુબંધુ સ્વ. ભાઈશ્રી કાન્તિલાલભાઈને જોડેલ હતા. આ સિવાય અનેક ઉદ્યોગો જેવા કે રંગરસાયણ, બેટરીઝ, સોના-ચાંદી, કાપડ, સાઈકલ, એન્જીનિયરિંગ, પોટરીઝ, સ્યુગર અને પેઈન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં પણ તેઓએ રસ લઈ ઉદ્યોગો સ્થાપેલ. ઉંમરના કારણે તેઓ સક્રિય ધંધામાંથી નિવૃત્ત થયા છે એટલે ફક્ત વાલચંદનગર ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ડાયરેક્ટર ત્યારપછી ભત્રીજા પ્રફુલ્લભાઈએ ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરી હતી. આજે ઉમરગામમાં બીઝનેસના નામે વિશાળ ટેક્ષટાઈલ્સ ફેક્ટરી નાંખી ૧૦૦% અમેરિકા ખાતે એક્સપોર્ટ કરે છે. જીવતલાલભાઈએ જીવનમાં અનેક લીલીસૂકી જોઈ અને આજે એક આગેવાન વેપારી તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

વેપાર સાથે સામાજિક તથા ધાર્મિક કાર્યોમાં પણ ખૂબ રસ લેતા હોઈ અનેક સંસ્થાના ટ્રસ્ટી તરીકે સેવા અર્પી અને કામ કરેલ અને આજે પણ કરી રહ્યા છે. મુંબઈ શહેરના આગેવાન જૈન મંદિર ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવા આપ્યા બાદ હવે નિવૃત્ત થયા છે, છતાં શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ, મહેસાણા જૈન સંસ્કૃત પાઠશાળા, મુંબઈ વર્ધમાન તપ આયંબિલ સંસ્થા, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કમિટીમાં હાલ પણ સક્રિય ભાગ લઈ રહ્યા હતા. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા જે ઈ.સ. ૧૯૫૦માં લગભગ મૃતઃપ્રાય બની ગઈ હતી અને બંધ થવાની તૈયારીમાં હતી તે સંસ્થાનું સુકાન સ્થાનિક કાર્યકર્તા શ્રી મનસુખલાલ જીવાભાઈના સહકારથી હાથમાં લઈ મદ્રાસ, કલકત્તા, મુંબઈ તથા અમદાવાદ વગેરે સ્થળે પ્રવાસો કરી અથાગ મહેનત લઈ સંસ્થા માટે રૂા. ૧૧ લાખનું મોટું ભંડોળ ભેગું કર્યું અને સંસ્થામાટે રૂા. ૧૧॥ લાખના ખર્ચે પાલિતાણામાં નવું મકાન ઊભું કર્યું જેમાં હાલમાં લગભગ બસો ઉપરાંત બાલિકાઓ–સ્ત્રીઓ લાભ લઈ રહેલ છે અને વાર્ષિક ખર્ચ લગભગ રૂા. ૨૫ લાખનો થાય છે, જે સમાજ ઉદારતાથી પૂરો કરી આપે છે. તેમનાં સ્વ. ધર્મપત્ની શ્રીમતી જાસુદબહેનના સ્મરણાર્થે સ્થાપેલ શ્રી જાસુદબહેન જૈન પાઠશાળા સ્થાપી હતી. રાધનપુરમાં ગુજરાતી સ્કૂલનું મકાન, હાઈસ્કૂલનું મકાન, કાંતિલાલ પ્રતાપશી વાણિજ્ય વિભાગનું મકાન આયંબિલ ભવન વગેરે સંસ્થાઓમાં સારી નાણાંકીય સહાય કરી છે. સમાજના બીજા ઘણાં કામોમાં મદદ કરી છે અને કરી રહ્યા હતાં. ધાર્મિક પ્રસંગો ઘણા નાના મોટા તેમના જીવનમાં ઊજવાયા છે. તેમાં ખાસ કરી શ્રી સિદ્ધાચલજીનો છ'રી પાળતો સંઘ, નવ્વાણું યાત્રા, બે વખત પાલિતાણામાં ચાતુર્માસ, ઉપધાન તપ, તેમના ભત્રીજા ઈંદ્રવદન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા ભત્રીજી બેહન મંજુલાબહેનના દીક્ષા પ્રસંગો, તેમના પિતાશ્રીના સ્મરણાર્થે ઊજવેલ ઉજમણાનો પ્રસંગ તથા સં. ૨૦૦૫ની સાલમાં ૧૩ માસ પાલિતાણા સળંગ રહી નવ લાખ નવકારનો જાપ કર્યો હતો. આ બધા વિશિષ્ઠ પ્રસંગો હતા.

રાધનપુરના મર્હૂમ નવાબસાહેબ સાથે ઘણા જ નિકટ-ગાઢ સંપર્કમાં આવવાથી અનેક ધાર્મિક તથા સામાજિક ઉપયોગી કાર્યો થઈ શકેલ. મર્હૂમ તથા હાલના નવાબ સાહેબની પણ સારી એવી લાગણી સંપાદન કરી હતી. તેમના કુટુંબમાં તેમના સ્વ. લઘુબંધુ કાન્તિભાઈના યુવાન પુત્ર તથા પુત્રીએ સંસારત્યાગ કરી જૈન દીક્ષા અંગીકાર કરી એક ઉજ્જ્વલ દૃષ્ટાંત પૂરું પાડેલ છે. તે પૂ. દીક્ષિતો પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી તથા પૂ. સાધ્વીજી મહાનંદાશ્રીજી નામે કુટુંબના સંસ્કાર તથા ધાર્મિક જીવનની સુવાસ ફેલાવી રહ્યા છે. તા. ૩૧-૧૨-૧૯૭૭ના રોજ ૯૧ વર્ષની વયે સમાધિપૂર્વક નિધન થયેલ.

### નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં યોગદાન આપનાર

## શ્રી દીપચંદ જૈન



રાજસ્થાનના ઝાલાવડ જિલ્લાના નાગેશ્વર ઉન્હેલના શ્રી પન્નાલાલ જૈનનાં ધર્મપત્ની શ્રીમતી ઈન્દરબાઈ જૈનની પુણ્યકુક્ષિએ વિ.સં. ૧૯૮૯ની વસંતપંચમીના દિવસે એક પુત્રરત્નને જન્મ આપ્યો. ભવિષ્યમાં નામ અને કામ ઊજળું કરનાર આ પુત્રને નામ આપવામાં આવ્યું દીપચંદ. કહે છે "પુત્રના લક્ષણ પારણે પરખાઇ જાયે છે."-એ ન્યાયે બચપણથી જ માતાના ઊજળા અને ઉચ્ચ સંસ્કાર અને ધાર્મિકતાને દીપચંદે ગ્રહણ કરવાનો આરંભ કરી દીધો.

હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ દીપચંદભાઈએ વ્યવસાયમાં ઝંપલાવ્યું. અનાજનો વેપાર તેમજ વસ્ત્ર અને ખેતીને વ્યવસાય તરીકે અપનાવ્યાં.

લગ્નજીવન દરમ્યાન એમનો મોહનલાલ અને ધર્મચંદ નામે બે પુત્રો અને પાર્વતીબાઈ તથા દુર્ગાદેવી નામે બે પુત્રીઓનો સંસાર હતો.

જીવનમાં પ્રતિક્રમણ વગેરે ધાર્મિક વિધિઓ નિરંતર કરતા રહ્યા છે. અનેક ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં તેઓ પડેલા છે. એમણે કરેલાં ધાર્મિક અને સામાજિક કાર્યો દ્વારા જિન-શાસનમાં હંમેશાં એમનું નામ ગુંજતું રહ્યું છે.

ધાર્મિક ક્ષેત્રે જોઈએ તો જગપ્રસિદ્ધ નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થના અકલ્પનીય વિકાસ અને નિર્માણમાં એમનું ઘણું યોગદાન છે. ક્ષેત્રનાં અન્ય મંદિરો તથા ઉપાશ્રયભવનોનાં નવનિર્માણ એમને આભારી છે. અનેક ઐતિહાસિક સ્થાપત્યોનાં એમના જીર્ણોદ્ધાર તેમજ વિશાળ ધર્મશાળાઓનાં નિર્માણમાં એમનું મહત્તમ યોગદાન રહ્યું છે. શ્રી નાગેશ્વરથી શત્રુંજય મહાતીર્થના ઐતિહાસિક સંઘના સંઘપતિ પણ તેઓ રહી ચૂક્યા છે.

ક્ષેત્રના સામાજિક વિકાસમાં યોગદાન આપવામાં પણ દીપચંદભાઈએ પાછું વાળીને જોયું નથી. વિદ્યાલય અને ચિકિત્સાલય-ભવનોનાં નિર્માણ, નાના-મોટા પુલો, ડામરમાર્ગો વગેરેનું રાજકીય સરકાર દ્વારા નિર્માણ, પોતાના વિસ્તારની જનતાને મફત સારવારની સુવિધા પ્રાપ્ય બનાવવી, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય, બેરોજગારોને કામ, નાગેશ્વર ઉન્હેલમાં માર્કેટ-નિર્માણ વગેરે એમનાં ઉજ્જ્વળ કાર્યોની બોલતી તસ્વીરો છે.

શ્રી દીપચંદભાઈ શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ-પેઢી અને શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પબ્લિક ચેરિટી ટ્રસ્ટના સચિવ પદે સેવા આપે છે. માનવસેવા જ જેનું પરમ લક્ષ્ય છે એવા શ્રીમતી સીતાબાઈ દીપચંદ જૈન ચેરિટી ટ્રસ્ટના પણ તેઓ અધ્યક્ષ છે. તેઓ શ્રી જિનકુશલ ગુરુ, દાદાવાડીના ન્યાસધારી અને શ્રી મહાવીર વિદ્યાલય, આલોટના સંચાલકપદે પણ સેવા આપે છે.

શ્રી દીપચંદભાઈ જિલ્લા શિક્ષણ સમિતિ, ઝાલાવાડના સંયોજક છે. અને ભા.રે.કા.સો., રતલામના સદસ્ય પણ છે. શ્રી સિદ્ધાચલ પટ્ટમંદિર, નાગેશ્વર વગેરે કેટલાંય ક્ષેત્રોમાં સંસ્થાપકરૂપે એમણે સક્રિય યોગદાન આપ્યું ચે.

સમાજ-સેવાક્ષેત્રે ઉલ્લેખનીય ભૂમિકા ભજવવા બદલ રાજસ્થાન સરકારે 'ભામાશા સન્માન'થી એમને નવાજ્યા છે. સમાજસેવાનાં કાર્યો અર્થે કૃતજ્ઞતા દર્શાવવાના લઘુપ્રયાસરૂપે અ.ભા. જૈન શ્વેતામ્બર શ્રીસંઘ દ્વારા 'દીપજ્યોતિ' અભિનંદન ગ્રંથ અર્પણ કરી એમને સમ્માનિત કરાયા છે.

ધાર્મિક ક્ષેત્રમાં અનેક સંઘો દ્વારા પ્રશસ્તિપત્ર અર્પણ કરી એમનું સમ્માન કરાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસનની અમૂલ્ય સેવાઓ બદલ સમગ્ર જૈન સમાજ તરફથી 'જૈનરત્ન' પદ પ્રદાન કરી એમનું સમ્માન કરાયું છે.

આવાં જુદાં જુદાં અનેક ક્ષેત્રોનાં અનેક સમ્માનના અધિકારી એવા શ્રી દીપચંદભાઈ લેસ્ટર (લંડન)માં આયોજિત જૈન કોન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે સામેલ થઈ વિદેશયાત્રા પણ કરી ચૂક્યા છે.

શ્રી દીપચંદભાઈને લાખ લાખ અભિનંદન!

સાહસિક, ઉદ્યમવીર અને સરળ સ્વભાવી

## નવીનચંદ્ર છોટાલાલ શેઠ

(સાવરકુંડલાવાળા)

સૌરાષ્ટ્રની સુવર્ણભૂમિ પર સમયેસમયે ધર્મશૂરાં અને કર્મશૂરાં નરરત્નો નીપજ્યાં છે. પૂર્વ દિશામાં શ્રી શત્રુંજય મહાતીર્થ તેમ જ પશ્ચિમ દિશામાં શ્રી ગિરનારજી મહાતીર્થની મધ્યમાં નાવલી નદીના કિનારે વસેલા સાવરકુંડલા શહેરની શોભા નિરાળી છે.

આ શહેરે સમાજને અનેક નરબંકાઓ આપ્યા છે. એવા અનેકવિધ પરિવારોમાં શેઠશ્રી મણિલાલ બેચરદાસનો પરિવાર આગવી હરોળનું સ્થાન દિપાવી રહ્યો છે. આ પરિવારના વડ સમા વિશાળ વૃક્ષની શીતલ છાયામાં ત્રીજી પેઢીએ બિરાજતા શ્રી નવીનભાઈને આજના સમારંભમાં અતિથિવિશેષ તરીકે પામીને આપણે કૃતકૃતાર્થતા અનુભવીએ છીએ.

મુંબઈમાં મૂળજી જેઠા માર્કેટમાં વડિલોપાર્જિત પેઢી મે. સી. છોટાલાલ એન્ડ કંપનીનું બંધુઓ શ્રી હસમુખભાઈ, શ્રી ચિમનભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી અરુણભાઈના સાથ સહકારમાં કુશળતાપૂર્વક સંચાલન અને સંવર્ધન કરી રહેલા શ્રી નવીનભાઈએ ટેક્ષટાઈલ્સના ક્ષેત્રે હરણફાળ ભરેલ છે.

બહોળી ધંધાકીય પ્રવૃત્તિઓ અને વ્યાવહારિક જવાબદારીઓના કારણે મેટ્રિક સુધી વિદ્યાભ્યાસ કરીને તેઓશ્રી પિતાશ્રીની ધીખતી પેઢીમાં જોડાઈ ગયા અને પોતાની આગવી કોઠાસૂઝથી સમયની નાડ પારખીને પેઢીને પ્રથમ હરોળમાં લાવી મૂકેલ છે.

જન્મજન્માંતરના ઊંડાં સંસ્કારો તથા કુટુંબની આગવી પ્રણાલીના સુભગ સંયોજનથી તેઓશ્રી ધર્મોપાર્જનને સમભાવ-પૂર્વક અગત્યતા આપતા રહ્યા છે. માત્ર પ્રાપ્ત એવી સુકૃત લક્ષ્મીનું અનુદાન આપીને જ નહીં પરંતુ અનેક સ્થાનોએ પ્રત્યક્ષપણે રસ–રુચિ દાખવીને પોતાનો સિંહફાળો નોંધાવતા રહ્યા છે.

સ્વભાવે સરળ, નમ્ર અને મિતભાષી તેમ જ અંતરથી પૂર્ણપણે યૌવનના થનગનાટથી રંગાયેલા શ્રી નવીનભાઈ ધાર્મિકક્ષેત્રે શ્રી સાવરકુંડલા ગૌશાળામાં પ્રમુખ, શ્રી ધર્મદાસ શાંતિદાસની પેઢીમાં પ્રમુખ તથા શ્રી લલ્લુભાઈ ફાઉન્ડેશનમાં ટ્રસ્ટીસ્થાનેથી સેવાઓ આપી રહેલ છે. તદ્‌વિશેષ શ્રી ઘોઘારી વીસા શ્રીમાળી જૈન જ્ઞાતિ–મુંબઈની ભૂતપૂર્વ કમિટીમાં સભાસદ તરીકે પોતાની બહુમૂલ્ય સેવાઓ આપી ચૂક્યાં છે. વર્તમાને તેઓ શ્રી વિલેપાર્લે ઘોઘારી સમાજ તેમ જ શ્રી જૈન સંઘમાં પોતાની ભક્તિ અને શક્તિનો પ્રવાહ વહેવડાવી રહ્યા છે.

દરેક સફળ પુરુષની પાછળ એક નારીરત્ન છુપાયેલું હોય છે. શ્રી નવીનભાઈનાં અર્ધાંગિની શ્રી નીલાબહેન પ્રેરણા, પુષ્ટિબળ તેમ જ હૂંફ આપીને સાચા અર્થમાં નારી ધર્મ દીપાવ્યો છે. આ દંપતીનાં સંતાનો પણ ધર્મના સંસ્કારોથી ઊંડાં રસે રંગાયેલાં છે. શ્રી અને સરસ્વતીનો આવો વિરલ સંગમ સમાજમાં જવલ્લે જ જોવા મળે છે. પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત લક્ષ્મીનો મોહ ત્યજીને તેનું ધર્મક્ષેત્રે તેમ જ સામાજિકક્ષેત્રે સોનાની કોદાળીએ વાવેતર થવું એ કોઈ વિરલવિભૂતિના જીવનમાં જ સંભવી શકે છે. સાવરકુંડલાનું શેઠ કુટુંબ આવા ઉમદા કાર્યોમાં સહભાગી બની પુણ્યનું પાથેય બાંધી રહ્યું છે.

શેઠ પરિવાર ધર્મના સિંચન દ્વારા શાશ્વત સુખનો અધિકારી બને, સાથે સમાજોપયોગી કાર્યો દ્વારા સમાજનાં અંગોમાં સમૃદ્ધિ પ્રસરાવતો રહે તેવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

સફળ ઉદ્યોગપતિ

## શ્રીયુત પ્રતાપભાઈ ભોગીલાલ શાહ

જૈન સમાજના ગૌરવરૂપ યુવાન આગેવાન, કેળવણીપ્રેમી શ્રી પ્રતાપભાઈ ભોગીલાલનો જન્મ તા. ૨૫-૧૦-૧૯૧૬ના શ્રેષ્ઠીવર્ય શ્રી ભોગીલાલ લહેરચંદને ત્યાં થયો હતો. જગતમાં બહુ જ થોડી વ્યક્તિઓ જ્ઞાન, સંસ્કાર અને સંપત્તિનો સુંદર સુયોગ જાળવી શકે છે. શ્રી પ્રતાપભાઈ આવી જ થોડી વ્યક્તિઓમાંના એક છે. શ્રી પ્રતાપભાઈ એક મોટા શ્રીમંત કુટુંબમાં જન્મ્યા તથા ઊછર્યા છે, છતાં એમના પિતાશ્રીની જેમ તેઓએ પણ સુખશાલિયાપણું કે એશ–આરામની વૃત્તિથી દૂર રહીને જીવનને પ્રગતિશીલ અને કર્તવ્યપરાયણ બનાવ્યું છે. શૈક્ષણિક દૃષ્ટિએ મૂલવતાં તેઓશ્રી મુંબઈ યુનિવર્સિટીની અર્થશાસ્ત્ર સાથેની એમ.એ.ની ડિગ્રી ધરાવે છે. સને ૧૯૩૮માં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભ્યાસ પૂરો કર્યા પછી તેઓએ પોતાની વ્યવસાયી કારકિર્દીની શરૂઆત એમના પિતાશ્રી જેમાં અધ્યક્ષ હતા, તે બાટલીબોય એન્ડ કું.થી કરી. યુવા વય સાથે અંતર પણ યુવા હોઈ કાંઈક કામ કરી બતાવવાની સતત તમન્ના તેમનામાં ઊભરાતી. આવા તરવરાટ સાથે આંતરસૂઝ અને આવડતના બળે એમણે આ કંપનીના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરીને ટૂંક વખતમાં જ નોંધપાત્ર એવો વિકાસ કર્યો.

સુતરાઉ કાપડ–ઉદ્યોગમાં એક સારા જાણકાર ગણાતા હોવાથી અનેક મોભાદાર સ્થાનોએ રહીને એમણે પોતાની સેવાઓ આપી છે. શ્રીરામ મિલ્સના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે રહી તે મિલના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓએ મુંબઈના મિલઓનર્સ એસોસિએશનની કમિટીના સભ્ય તરીકે તથા લેબર સબ–કમિટી (મજૂર પેટા સમિતિ)ના અધ્યક્ષ તરીકે વર્ષો સુધી કામગીરી બજાવી છે. મિલ ઓનર્સ એસોસિએશન તથા ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર જેવી વિખ્યાત સંસ્થાના પ્રમુખ બનવાનું ગૌરવ પણ મેળવ્યું છે. બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની કમિટીમાં તેમજ ઈન્ડિયન કોટન મિલ્સ ફેડરેશન અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સનું સભ્યપદ શોભાવી રહ્યા છે. આજે તેઓ મોટર ઉદ્યોગ, એન્જિનિયરિંગ ઉદ્યોગ, પ્લાસ્ટિક, રંગ અને રસાયણ એને ઉદ્યોગની વીમા ઉદ્યોગની નામાંકિત કંપનીઓના ડિરેક્ટરપદે રહી એ કંપનીઓને માર્ગદર્શન આપી રહ્યા છે. આ અગાઉ બેન્કિંગ અને વહાણવટા ઉદ્યોગની કંપનીઓમાં ડિરેક્ટરપદે પણ રહી ચૂક્યા છે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટના દશ વર્ષ સુધી ટ્રસ્ટી, મુંબઈ ટેક્સટાઈલ રિસર્ચ એસોસિએશનના છ વર્ષ સુધી પ્રમુખ હાલમાં દિલ્હીમાં શ્રી આત્મવલ્લભસ્મારક શિક્ષણનિધિ યાને વલ્લભસ્મારકના પ્રમુખ અને ત્યાં ચાલતા ભોગીલાલ લહેરચંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજીના સ્થાપક, વર્લ્ડ જૈન કાંત ફેડરેશનના ટ્રસ્ટ બોર્ડના પ્રમુખ એમ ઘણી જગ્યાએ તેમનું યોગદાન નોંધાયું છે. સરકારે તેમની સેવાઓના બહુમાનાર્થે 'જસ્ટિસ ઓફ પીસ'ની માનદ પદવી આપી હતી.

વૈભવી અને વ્યવસાયી જીવનમાં રહેતા હોવા છતાં શ્રી પ્રતાપભાઈ પ્રભુભક્તિ, યથાશક્તિ તપ અને સમાજ તથા ધર્મની ઉન્નતિનાં કાર્યોમાં સારો એવો રસ લઈ રહ્યા છે. એટલું જ નહીં પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો પૂરેપૂરો વિચાર કરીને ધાર્મિક, સામાજિક અને કેળવણીક્ષેત્રે દાનના પ્રવાહને અત્યારની જરૂરિયાત પ્રમાણે ઉદારતાથી વાળે છે. અંધેરીમાં લહેરચંદ ઉત્તમચંદ આર્ટ્સ કોલેજ તેઓની ચાલે છે.

આવા એક સફળ ઉદ્યોગપતિ, બાહોશ વહીવટકર્તા અને દૃષ્ટિમાં સમયાનુરૂપ ફેરફાર કરવાના હિમાયતી શ્રી પ્રતાપભાઈનું વલણ ધાર્મિક તેમ જ સમાજ–ઉત્કર્ષનાં કાર્યો તરફનું વધુ ને વધુ થાય એ ખૂબ આવકારદાયક બાબત ગણાય. તેઓશ્રીના કુટુંબમાં નિરભિમાનતાની, સુકૃત્યની જે પરંપરા ચાલી રહી છે તે ઉત્તરોત્તર વિકસતી રહે અને સમાજને તેઓશ્રીની શક્તિનો વધુ ને વધુ લાભ મળે એવી શુભ ભાવના રાખીએ છીએ.

### અનેક સંસ્થાઓના કીર્તિસ્તંભ

## સંઘપતિ શ્રી પોપટલાલ ધારશીભાઈ



સોરઠ–ગોહિલવાડ–ઝાલાવાડ–હાલાર–કંઠાળ વગેરે વિભાગોમાં વ્હેંચાયેલ એ કાઠિયાવાડના લીલાછમ એવા હાલાર પ્રાંતથી અને તેમાં આવેલ દેવનગર સરખા જામનગર–નવાનગરના વિખ્યાત નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. અમુક સૈકાઓ જ થયાં વસવાટ છતાં એક પછી એક થતા રાજ્યકર્તા રાજવીઓની બાહોશીથી આ શહેર દરેક બાબતમાં ઘણું જ આગળ વધ્યું છે.

જિનમંદિરાદિ ધર્માલયોથી સુશોભિત આ જામનગરમાં વસતા અનેક જૈનો પૈકી ઓસવાલ વંશવિભૂષણ ધર્મપરાયણ શ્રેષ્ઠીવર્ય શ્રીમાન્ ધારશીભાઈ દેવરાજભાઈનાં ધર્મમૂર્તિ સમાં સહધર્મચારિણી રળિયાતબાઈની રત્નકુક્ષિ દ્વારા સં. ૧૯૩૪માં પોપટભાઈનો જન્મ થયો. બાલ્યાવસ્થામાં પરિમિત વિદ્યાભ્યાસ છતાં પુત્રમાં બરાબર ઊતરેલા ધર્મસંસ્કારિતા રૂપી માતપિતાના અમૂલ્ય વારસાએ અલ્પવિદ્યાભ્યાસમાં પણ ખૂબ વિકાસ કર્યો અને તેથી જ યોગ્ય વયે મુંબઈ જવાનું થતાં વ્યાપારાદિની ધમધોકાર ચાલુ પરિસ્થિતિમાં પણ દેવદર્શન–પ્રભુપૂજન–ગુરુવંદન–વ્યાખ્યાનશ્રવણ–વ્રત–પચ્ચક્ખાણ વગેરેના નિયમોથી વંચિત ન રહેતાં આપબળથી કરેલી લાખોની કમાણીમાં માતાપિતાએ અર્પણ કરેલા અને સદ્ગુરુવરોના સંસર્ગથી પુષ્ટ થયેલા ધર્મવારસાને શ્રીમાન પોપટભાઈએ બરાબર સાચવી રાખ્યો. મોક્ષમાર્ગ સમારાધક સુવિહિત સાધુ મુનિવરોના સંસર્ગમાં આવતાં જતાં, જૈન સમાજમાં જેઓનું દાર્શનિક વિજ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજોડ ગણાય છે, આગમના જેઓ અખંડ અભ્યાસી છે, જેઓની તલસ્પર્શીની તેમજ તત્ત્વોનો નિષ્કર્ષ પ્રદર્શિત કરનારી મનમોહક વ્યાખ્યાનપદ્ધતિએ જૈન-જૈનેતર વિદ્વાનોને મુગ્ધ કર્યા છે, શાસન અને તીર્થોના સંરક્ષણાર્થે આજ સુધીમાં જેઓએ પ્રાણાંત કષ્ટો પણ સહન કર્યાં છે તે પરમતારક આગમોદ્ધારક પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્યાદિ પરિવાર સહિત સં. ૧૯૭૪માં મુંબઈમાં થયેલ ચાતુર્માસ દરમ્યાન શ્રીમાન પોપટભાઈ સદ્‌ગુરુવર્યના વિશેષ સમાગમમાં આવ્યા. વારંવાર થતાં ધર્મશ્રવણથી શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક વિરતિમાં પણ આગળ વધ્યા છે. સંપૂર્ણ શ્રીમંતાઈ છતાં સાદાઈ, પ્રભુના શાસન ઉપર રોમરોમ રાગ, જ્ઞાનાભ્યાસમાં આગળ વધવાની ઉત્કંઠા અને યથાશક્તિ વિરતિનું આરાધન, તેમજ લક્ષ્મી ઉપરથી મૂર્ચ્છા ઓછી કરવા સાથે યોગ્ય ક્ષેત્રમાં ખુલ્લો મુકેલો દાનપ્રવાહ એ ચતુરંગી યોગ ભાગ્યે જ કોઈ પુણ્યશાળી વ્યક્તિમાં દૃષ્ટિગોચર થાય છે. સંઘપતિ શ્રી પોપટલાલ આ ચતુરંગી યોગનું સ્થાન હતું તેમ તેમના પરિચયમાં આવનારને આજે પણ અવશ્ય જણાય છે.

પાલિતાણા, રતલામ, જામનગરાદિ સ્થળોએ પૂ. શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી આદિની અધ્યક્ષતામાં હજારોના સદ્‌વ્યયે કરાવેલા મહામંગલકારી શ્રી ઉપધાનતપની આરાધના તેઓને સમ્યગ્‌દર્શનાદિ રત્નત્રયીની સેવનામાં કેટલો અવિહડ રાગ છે તે બતાવી આપે છે. એ જ રીતે જામનગરમાં શ્રી વર્ધમાનતપ આયંબિલખાતું-દેવબાગ-લક્ષ્મી આશ્રમ-જૈનાનંદ પુસ્તકાલય-જૈન વિદ્યાર્થીભુવન વગેરે ધાર્મિક સંસ્થાઓરૂપી કીર્તિસ્તંભો આજે પણ એ દાનવીરનાં યશોગાન ગાઈ કૃતજ્ઞતા પ્રદર્શિત કરે છે.

ઈ.સ. ૧૯૧૮માં આખાય હિંદમાં વિસ્તાર પામેલા ઈન્ફ્લુએન્ઝાના ઝેરી તાવે જામનગરમાં જ્યારે વિરાટ સ્વરૂપ લીધું તે અવસરે સ્થાનિક જૈન કોમની રાહત માટે દેશી વૈદ્યો તથા ડોક્ટરો મારફત દવા વગેરેનું સાધન વિશાળ ખર્ચે પૂરું પાડનાર અને સ્વયંસેવકો દ્વારા દર્દીઓની સારવાર શુશ્રૂષા કરી અંતરના આશીર્વાદ મેળવનાર જો કોઈ હય તો તે આ પુણ્યશાળી વ્યક્તિ જ હતી. તેમની સેવાથી સંતુષ્ટ થયેલા શ્રી જૈનસંઘે તેમને એ અવસરે હજારો માનવોની વિશાળ સંખ્યા વચ્ચે અભિનંદન પત્ર પણ અર્પણ કરી. "સેવા ધર્મ : પરમગહનો યોગિનામપ્યગમ્યઃ" એ મહર્ષિની સૂક્તિનો અમલ કરનારની ભૂરીભૂરી પ્રશંસા કરી હતી. આ સિવાય ક્ષયની ભયંકર બિમારીથી પિડાતા દર્દીઓને રાહત મળે તે માટે જામનગર તથા પાલિતાણામાં તૈયાર થતાં સાર્વજનિક સેનેટોરિયમમાં રૂા. ૫૦,૦૦૦ તેમજ રૂા. ૨૫,૦૦૦ની ગંજાવર રકમ અર્પણ કરી જૈન સમાજને શોભાવનાર પણ આ નરવીર હતા. શાસન સમ્રાટશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી શ્રી કદંબગિરિ તીર્થમાં ગિરિરાજ ઉપર તથા નીચેનાં જિનમંદિરોમાં સ્વતંત્ર દેવકુલિકાઓ તૈયાર કરાવી તેમાં અનંત ઉપકારી શ્રી જિનેશ્વર મહારાજનાં બિંબોની અંજન-શલાકા-પ્રતિષ્ઠાઓ શેઠ પોપટભાઈએ કરાવી છે. તે ઉપરાંત રૂા. ૨૩,૦૦૦ના ખર્ચે આ તીર્થમાં જ વિશાલ ઉપાશ્રય બંધાવી શેઠ જિનદાસ ધર્મદાસની પેઢીને તેઓએ અર્પણ કરેલ છે. સૈલાણા (માળવા)માં ઉપાશ્રયની જરૂર જણાતાં તેનો અર્ધ ખરચ આપનાર પણ તેઓ જ હતા.

પાટણ નિવાસી સંઘપતિ શેઠ નગીનદાસ કરમચંદ તરફથી કાઢવામાં આવેલ મહાન સંઘને ધ્રાંગધ્રા મુકામે તેમ જ અમદાવાદ નિવાસી સંઘપતિ શેઠ માણેકલાલ મનસુખલાલ તરફથી કાઢવામાં આવેલ સમૃદ્ધિશાળી વિશાળ સંઘને જૂનાગઢ મુકામે સ્વામીવત્સલના આમંત્રણ આપી સંઘભક્તિનો પણ પુણ્યશાળી પોપટભાઈએ લાભ લીધો છે. જામનગરમાં તો નવકારશી ને સ્વામીવચ્છલના પ્રસંગો કેટલીયવાર તેઓશ્રીએ ઉદાર દિલથી ઉજવ્યા હતા. પોતાનાં સહધર્મચારિણી શ્રીમતી ઊજમબહેનના વરસીતપનાં પારણા પ્રસંગે સેંકડો સાધર્મિક બન્ધુઓ સાથે શ્રી સિદ્ધક્ષેત્રની છાયામાં જઈ પારણાંનો પ્રસંગ ઘણી ઉદારવૃત્તિથી ઊજવ્યો અને નવકારશીનું જમણ આપી જૈનશાસનનો ડંકો વગાડ્યો. સં. ૧૯૭૬માં આ ગિરિરાજની છાયામાં મહામંગલમય શ્રી ઉપધાનતપની આરાધના કરાવી અને તે પ્રસંગે માળારોપણ મહોત્સવાદિ શુભ કાર્યોમાં આ ભાગ્યશાળીએ હજારો રૂપિયાનો ખર્ચ કર્યો. ઉપરાંત સંવત ૧૯૯૨માં પૂ. શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે તેઓના શિષ્યો વગેરેને અપાયેલ આચાર્યપદવીના સુપ્રસંગે પણ અષ્ટાપદ-સમવસરણાદિ પંચતીર્થની રચનાપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર, નવકારશી વગેરે ધર્મકાર્યમાં અઢળક દ્રવ્ય શ્રેષ્ઠી શ્રી પોપટભાઈએ વાપરેલ. શાસનરસિક ધર્માત્માઓ ધર્મક્રિયા શાંતિપૂર્વક કરી શકે, સાધુમહારાજોનાં વ્યાખ્યાનાદિનો સુખપૂર્વક લાભ લઈ શકે તે નિમિત્તે જામનગરમાં જૈન લક્ષ્મીઆશ્રમની જોડે લગભગ પચાસથી સાઠ હજારના ખર્ચે દેવબાગ નામની ધાર્મિક સંસ્થા ઊભી કરનાર આ ભાગ્યશાળી શેઠ જ હતા. મહાનિર્જરાનું કારણ શ્રી વર્ધમાન તપઆયંબિલ-ખાતામાં રૂ. ૩૦,૦૦૦ જેવી ઉદાર સખાવત કરનાર અને સાધર્મિકોની ભક્તિ નિમિત્તે હજારોની રકમ અર્પણ કરવા સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ભોજનશાળાનાં મંડાણ કરનાર આ ધર્મવીર સંઘપતિનું યુગલ જ ગણી શકાય. દાન–શીલ–તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકારમાં દાનધર્મનું આરાધન કરવામાં પોપટભાઈની જેવી તત્પરતા દેખાઈ તે પ્રમાણે શીલ ધર્મની સેવનામાં તેઓ જરા પણ ઊતરતા નહોતા. પોતાને સંતાન નહીં હોવા છતાં પિસ્તાલીશ વર્ષની પ્રૌઢ ઉંમરમાં, સંપત્તિનું સર્વાંગ સુંદર સાધન છતાં, આજીવન સજોડે બ્રહ્મચર્યવ્રત ઉચ્ચરવું એ તેમનો મનોનિગ્રહ કેટલો મજબૂત હશે તે બતાવી આપે છે, એટલું જ નહીં પરંતુ સ્વયં ગ્રહણ કરેલ સર્વશિરોમણિ બ્રહ્મચર્યવ્રતમાં માનસિક, વાચિક અને કાયિક સ્ખલન થવા ન પામે તેને માટે તેઓ સદા સાવધાન રહેતા. પોતાને અનુકૂળ સુશીલ ધર્મપત્નીનો સુયોગ થવો એ પણ તેમનો પરમ ભાગ્યોદય સૂચવે છે. દાન અને શીલના ઉત્તમ સદ્‌ગુણો સાથે તપોગુણ પણ શ્રીમાન પોપટભાઈનો જાણવા યોગ્ય છે. ખાનપાનની સંપૂર્ણ સામગ્રી છતાં અષ્ટમી, ચતુર્દશી, ઉજ્જ્વલ પંચમી વગેરે પર્વતિથિઓના દિવસે ઉપવાસ, આયંબિલ, એકાસણું વગેરે કાંઈપણ તપસ્યા તેમને અવશ્ય હોય જ, શરીરની માંદગીમાં પણ તેઓ તપસ્યાની ભાવનાને ભૂલતા નહીં. અરિહંત–સિદ્ધાદિ નવપદમય શ્રી સિદ્ધચક્ર ભગવંતની આરાધનામાં તેઓ એટલા ઉજમાળ કે એ આયંબિલની ઓળીના દિવસોમાં એક ધાન્યનાં આયંબિલની આકરી તપશ્ચર્યા અને તે પણ સંપૂર્ણ વિધિ–વિધાન સાથે કરી સર્વશિરોમણિ નવપદજી મહારાજના તેઓ આરાધક બન્યા. એ નવપદજીની ઓળી થયા છતાં હજુ તે પ્રત્યેના પૂર્ણ સદ્‌ભાવ તેવોને તેવો જ જોવા મળ્યો. શ્રી સિદ્ધક્ષેત્રની યાત્રા કરવા માટે જ્યારે જ્યારે જે દિવસે તેઓ પાલિતાણામાં આવે અને ગિરિરાજનીયાત્રા કરે તે પ્રથમ દિવસે તેમને ઉપવાસ જ હોય અને જ્યારે ત્યાંથી ઘર તરફ જાય ત્યારે પ્રાયઃ આયંબિલ જ હોય. એ તપોધર્મના મંગલપણામાં તેમનો સદ્‌ભાવાતિરેક જાણવા માટે બસ છે.

દાન–શીલ અને તપ એ ત્રણેય ધર્મના પ્રકારો ભાવથી સંગત હોય તો જ સંપૂર્ણ ફળ આપનારાં શાસ્ત્રકારોએ કહ્યા છે. આ સંઘપતિજી કાંઈ દાનાદિ ધર્મનું આરાધન કરવા કટિબદ્ધ છે તેમાં તેમની સંપૂર્ણ ભાવનાનો સુયોગ જ હોય. કોઈની પ્રેરણાથી પરાણે ભાવના વિના કરવું એ તેમને ઓછું રુચિકર છે, તે ઉપરાંત ભાવધર્મના બે ભેદ પૈકી ચારિત્રધર્મના પ્રથમ ભેદનું સ્વયં યદ્યપિ આરાધન કરવામાં તેઓ હંમેશા તૈયાર રહ્યા છે. સદ્‌ગુરુની અધ્યક્ષતામાં નાણ મંડાવીને તેઓએ બાર વ્રત ઘણાં વર્ષો થયાં ઉચ્ચરેલ; એટલું જ નહિ, પરંતુ પોતે તેમ જ પોતાના ધર્મપત્નીએ કરેલાં પંચમી–નવપદજીની ઓળી વગેરે તપસ્યાની પૂર્ણાહૂતિ પ્રસંગે ઘણાં જ ઠાઠથી હજારોના ખર્ચે ઊજવેલ ઉદ્યાપન મહોત્સવ પ્રસંગે દેશવિરતી ધર્મારાધક સમાજને પોતાને આંગણે નોતરી જનતાએ આપેલા સ્વાગતાધ્યક્ષપદને યથાર્થ સફળ કરેલ છે. રાજનગરનિવાસી ધર્મરસિક શ્રીમાન શેઠ પન્નાલાલ ઉમાભાઈના પ્રમુખપણામાં તેમ જ આપણા સંઘપતિની સ્વાગતાધ્યક્ષતામાં ઊજવાયેલ એ ઉજ્જ્વલ ધર્મપ્રસંગને જામનગરની જૈન–જૈનેતર પ્રજા હજુ અનેક વાર યાદ કરે છે. એમની યોગ્યતાને અનુરૂપ પાનસર અને મહેસાણામાં ઊજવાયેલ દેશવિરતિ ધર્મારાધક સમાજના અધ્યક્ષ તરીકે જૈન સમાજે તેમની વરણી કરી અને તેઓએ પણ પોતાની કાર્યદક્ષતાથી સમાજે આપેલા સુકાનીના પદને ઘણું જ શોભાવ્યું.

આ સંઘપતિજી અંગે જણાવ્યા મુજબ એકલા ધર્મકુશલ જ નહોતા, પરંતુ તેમની વ્યવહારકુશળતા પણ ઘણી અજબ હતી. ગમે તેટલાં કાર્યો હોય તો પણ તેમની કાર્ય વ્યવસ્થાની શક્તિ સહુ કોઈને હેરત પમાડે છે. સ્વયં ચકોર–કાર્યદક્ષ અને દૂરંદેશી એટલું જ નહીં પરંતુ કોઈ પણ કાર્યનું સારું–માઠું શું ફળ આવશે તેનું સાચું અનુમાન કરવાની તેમની સૂઝ અવર્ણનીય હતી. એમનું કહેવું હંમેશાં દલીલપૂર્વક જ હોય છે. તેઓ બહુ પરિમિત બોલવાવાળા, પરંતુ જે બોલે છે તે ઘણો વિચાર કરીને બોલે. તેમની ભાષામાં એટલી મીઠાશ હોય છે કે તે બોલતા હોય ત્યારે "હજુ શેઠ બોલ્યા જ કરે" એમ સાંભળનાર સહુ કોઈની ચાહના રહે છે. પૂ. આચાર્ય મહારાજાઓ, ઉપાધ્યાય, મહર્ષિઓ વગેરે અનેક સાધુઓના પરિચયમાં આવવા ઉપરાંત રાજા–મહારાજા, મહામાત્ય, શેઠ, શાહુકાર અને વિદ્વાન વર્ગના સંસર્ગમાં ઘણી વખત તેઓ આવેલા હોવાથી એમની કાર્ય કરવાની સૂઝ–સમજ અને શક્તિ ઘણાં જ ખીલેલાં છે. પ્રસંગોપાત તેઓ સારું ભાષણ પણ આપી શકતા. જામનગરના શાસનરસિક સંઘમાં શ્રી પોપટભાઈની આગેવાની પ્રત્યેક ધર્મપ્રેમી ભાઈઓ–બહેનોને ઘણી જ ઇચ્છનીય થઈ પડેલ. સરલ આત્માઓને ધર્મમાં જોડવાને માટે સદા તેઓ તૈયાર જ હોય છે. તેમના સમાગમમાં આવ્યા બાદ અનેક આત્માઓને ધર્મનો અવિહડ રંગ લાગેલો છે, અનેક વ્યક્તિઓ વ્રત–નિયમ–પચ્ચક્ખાણ ધારવાવાળા થયાં છે, કંઈક જીવો દુર્વ્યસનથી મુક્તિ મેળવી જીવનપલટો પામ્યા છે. જામનગરની યંગમેન્સ જૈન સોસાયટીના તેઓ પ્રાણ હતા. શ્રીમાન સંઘપતિનો સૌભાગ્યસૂર્ય એટલો ઉદયવંતો હતો કે જામનગરના સ્થાનિક સમાજ ઉપરાંત અમદાવાદ, પાટણ વગેરે શહેરોનો જૈન સમાજ તેની ખૂબખૂબ ચાહના રાખે. અને હુન્નર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્યોગશાળાનું ઉદ્‌ઘાટન અથવા તેવા કોઈ પણ મેળાવડા શુભ પ્રસંગે આ પુણ્યશાળીને પ્રધાનપદ આપી પોતાની ભાવના વ્યક્ત કરે. સંઘવી પોપટભાઈ પાલિતાણા–આગમમંદિરમાં સ્વર્ગવાસ પામ્યા, આગમમંદિરના નિર્માણમાં તેઓ મુખ્ય સહયોગી હતા. તેની બાજુનું ગણધરમંદિર પણ તેઓએ પોતાના સ્વદ્રવ્યથી બનાવ્યું હતું.

## માલગાંવ (રાજ.)ના દાનવીર સંઘપતિ
# શ્રી ભેરમલજી હુકમચંદજી બાફના



શ્રી ભેરમલજી હુકમીચંદજી સંઘવી શ્રીમતી સુંદરબેન ભેરમલજી સંઘવી

પ્રારંભિક જીવન : ઘણાં વર્ષો પૂર્વ આ પરિવારમાંથી સંઘ નીકળ્યો હતો, માટે આ પરિવાર સંઘવી પરિવાર તરીકે ઓળખાય છે. જીવનમાં પરિસ્થિતિ કદી એક સરખી રહેતી નથી. સંઘવી ભેરમલજીની પરિસ્થિતિ સામાન્ય હતી, છતાં ઉદારતા અને હૃદયની સરળતા આકાશને આંબી જાય તેવી હતી. ગામમાં એવી પ્રસિદ્ધિ કે કોઈને પણ બે–પાંચ પૈસાની આવશ્યકતા હોય તોય ભેરમલભાઈ પાસે પહોંચી જાય. ઉછીના લાવીને પણ બીજાને પૈસા આપી દેતા. એક જ વાત "કોઈનું દુઃખ મારાથી જોવાય નહીં."

એક દિવસ સમાચાર સાંભળ્યા કે છ'રીપાલક સંઘ બાજુના ગામમાંથી પસાર થશે. ભેરમલજી પહોંચી ગયા. ગમે તે સંજોગે સંઘનાં પદાર્પણ અમારા નાનકડા ગામમાં થવાં જોઈએ. કાર્યકર્તાઓ એકના બે ન થયા. સંઘપતિના પગ પકડ્યા. પૂ. ગુરુદેવનાં ચરણ પકડી રડીને કરગર્યા. છેવટે સંઘ આવ્યો. ભેરમલજી તો હર્ષવિભોર થઈ ગયા. યથાશક્તિ સંઘની ભક્તિ કરી અને એ દિવસે પોતાના મોટા દીકરા તારાચંદભાઈને કહ્યું "દીકરા! જીવનમાં પુણ્યોદયે શક્તિ મળે, તો વધુ ને વધુ સાધર્મિક ભક્તિ કરજે." પુણ્યે સાથ આપ્યો. લક્ષ્મીએ જાણે આ પુણ્યશાળીને ત્યાં વાસ કર્યો. પૂ.આ. શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મ.સા. (તે વખતે મુનિશ્રી)ની શુભ નિશ્રામાં પોતાના ગામમાં જ ઉપધાન તપ કરાવ્યાં. મહોત્સવ દરમ્યાન પ્રભાવના આપવા પોતે જ ઊભા રહે. બદામ, અખરોટ ભરી ભરીને આપે, લેનારને રૂમાલ પાથરવો પડે એ રીતે ઉદારતાથી આપતા.

એમના જીવનમાં થયેલ અનેક સુકૃતો અને સામાજિક કાર્યો :

ગિનેસ બુક ઓફ જૈનીઝમમાં અંકિત થયેલ ૩૨૦૦ આરાધકોના જીરાવલા તીર્થમાં વિશિષ્ટ આયોજન ૧૮૦૦ અઠ્ઠમ થયેલાં. પ.પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.ની શુભ નિશ્રામાં આ અદ્‌ભુત ઐતિહાસિક આયોજન થયેલ. શ્રી માલગામથી શત્રુંજય મહાતીર્થનો ૨૭૦૦ યાત્રિકોનો છ'રી–પાલિત સંઘ, સમસ્ત જૈન સમાજ દ્વારા શ્રી શંખેશ્વર તીર્થમાં દાનવીરપદ પ્રદાન (શ્રી શત્રુંજયનો ઐતિહાસિક છ'રીપાલિત સંઘ શંખેશ્વરમાં ચાર દિવસ રોકાયો, ૨૨૦૦ અઠ્ઠમ થયાં. હજારો યાત્રિકોએ આ સંઘનાં દર્શનનો લાભ લીધો. તે દરમ્યાન આ પદ પ્રદાન થયેલ.), શ્રી જીરાવલા તીર્થમાં 'પરેશ ભોજનશાળા ભવન'નું ભવ્ય નિર્માણ, તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થમાં 'સંઘવી ભેરુ વિહાર' નું ભવ્ય નિર્માણ, 'સંઘવી ભેરુ વિહાર' ની બાજુમાં જ સંઘવી સુંદરબહેન, –દેલવાડા તીર્થમાં 'સંઘવી ભેરુમલજી હુકમચંદજી ભોજનશાળા ભવન'–શ્રી અચલગઢ તીર્થમાં 'શ્રીમતી સુંદરબહેન ભેરુમલજી ભોજનશાળા ભવનનું નિર્માણ, શ્રી શંખેશ્વર તીર્થમાં શંખેશ્વર ધર્મશાળામાં એક વિંગનું નિર્માણ, જીવદયા અને સમાજસેવા હેતુ માલગાંવમાં 'સંઘવી પરેશ સેવાકેન્દ્ર' ભવનનું નિર્માણ. હસ્તગિરિ તીર્થમાં પાણી તૃપ્તિગૃહનું નિર્માણ, શ્રીમતી સુંદરબહેનનાં વર્ષીતપનાં પારણાં નિમિત્તે સામૂહિક બિયાસણાં તેમ જ સામૂહિક પારણાંનું આયોજન, શ્રી શત્રુંજય મહાતીર્થમાં શ્રી આદીશ્વરદાદાનાં જિનબિંબોના ભવ્યાતિભવ્ય ૧૮ અભિષેક તેમ જ સ્વામીવાત્સલ્યનું આયોજન, શ્રી માલગાંવમાં અતિભવ્ય ઉપધાનતપ, ઉજમણું તેમ જ અઠ્ઠાઈ મહોત્સવનું આયોજન, શ્રી શંખેશ્વર મહાતીર્થમાં અઠ્ઠાઈ–મહોત્સવનું આયોજન, શ્રી રાણકપુર આદિ પંચતીર્થ યાત્રાનું આયોજન, શ્રી જીરાવલાજી, અનાદરા, વરમાણ, માલગાંવ આદિ સ્થાનોમાં ૧૦ નેત્રશિબિરોમાં ૧૫૦૦ લગભગ ભાઈ–બહેનોનાં આંખનાં ઓપરેશન, ગુલાબગંજમાં જૈન મંદિર બનાવવામાં મહત્ત્વપૂર્ણ સહયોગ, શ્રી પાલિતાણા તીર્થે નવાણું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રાનું આયોજન, દુકાળના સમયમાં ૭ ગામોમાં ગાયો માટે ઘાસચારાની વ્યવસ્થા, 'સંઘવી ભેરુ વિહાર' પાલિતાણામાં પ્રતિદિન સાધુ સાધ્વીજીની ભક્તિનું આયોજન, શ્રી શત્રુંજય–મહાતીર્થ પાલિતાણામાં સાર્વજનિક ભોજનશાળાનો પ્રારંભ, સંઘવી ભેરુમલજીના સ્વર્ગારોહણ સ્થાન અનાદરામાં હોસ્પિટલ નિર્માણ પ્રારંભ, સિરોહી (રાજ.) જનરલ હોસ્પિટલમાં નેત્રચિકિત્સાનું આયોજન, તા. ૫-૧૧-૯૬ના સિદ્ધગિરિ પાલિતાણાથી સમેતશિખરજી મહાતીર્થ સંઘવી ભેરુ એક્સપ્રેસ રેલ્વે દ્વારા મહાસંઘ યાત્રા, અર્બુદાચલ પર્વતની તળેટીમાં 'અનાદરા તળેટી તીર્થ' યાને શ્રી સંઘવી ભેરુતારક ધામ મહાતીર્થ નિર્માણ, જેમાં–અતિ નયનરમ્ય શિલ્પકલાયુક્ત વિશાળ જિનાલય, રમણીય યાત્રિકનિવાસ, ઉપાશ્રય, જ્ઞાનમંદિર, ભોજનશાળા આદિનું નિર્માણ કાર્ય ૧૭ આચાર્ય ભગવંતો તથા ૬૦૦ સાધુ–સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ઐતિહાસિક ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા, જે વસ્તુપાલ તેજપાલની યાદ આપનાર હતાં. તારાચંદભાઈ મોહનભાઈ અને લલિતભાઈ દ્વારા માતુશ્રી સુંદરબહેનની પ્રેરણાથી ઘણાં ધર્મકાર્યો સુસંપન્ન બન્યાં. દાનવીર શેઠ શ્રી તારાચંદજી ભેરમલજી સંઘવીને શ્રી શાંતિનાથ જૈન યુવા મંડળ આયોજિત જૈન એકતા સંમેલન મુંબઈમાં ઓલ ઇન્ડિયા જૈન શ્વેતાંબર કોન્ફરસના ચેરમેન દાનવીર શેઠ શ્રી દીપચંદભાઈ ગાર્ડી અને ભારત જૈન મહામંડળના પ્રમુખશ્રી કિશોરચંદજી વર્ધન અને મહારાષ્ટ્ર સરકારના ગૃહનિર્માણના તેમ જ આવાસ મંત્રી રાજ કે. પુરોહિત દ્વારા 'સમાજરત્ન'ની પદવીથી સમ્માનિત કરવામાં આવ્યા.

દીક્ષાદાનેશ્વરી આચાર્યદેવશ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં છ'રીપાલક સંઘ, બબિતાબહેન તારાચંદજીનાં ૫૦૦ આયંબિલ નિમિત્તે કાઢવામાં આવ્યો હતો, તેમાં ૩૦૦૦ યાત્રિકો હતાં. તેમ જ માલગાંવમાં શ્રી સુમતિનાથ જિનાલયની પ્રથમ શિલાનો અભૂતપૂર્વ ઉછામણિ સાથે લાભ લીધો, તેમ જ પ્રતિષ્ઠા વખતે ફલેચૂનડી (ગામ ધૂમાડો બંધ) અને કાયમી ધ્વજાનો ઐતહાસિક લાભ લઈને ઉજ્જવલ ઇતિહાસ રચ્યો છે.

## શ્રી ભોગીલાલ લહેરચંદ

ભારતના વ્યાપાર, વાણિજ્ય અને ઉદ્યોગક્ષેત્રના ગૌરવપ્રદ ઇતિહાસમાં અનેક મહાનુભાવોની જેમ શ્રી ભોગીલાલ લહેરચંદે પણ પ્રશંસનીય પુરુષાર્થ સાધીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે અને સમાજને એક આદર્શ પૂરો પાડ્યો છે.

જીવનમાં સાદાઈ અને વિચારોમાં હંમેશાં ઉન્નતિનાં દર્શન કરાવ્યાં. પુરુષ અને મહિલાઓ અંગે સમદૃષ્ટિ અને જ્ઞાન પ્રસારણ અને તે પણ બધાં છોકરા-છોકરીઓને સરખી રીતે મળવું છે જેથી તેઓની પ્રતિભા ખીલી ઊઠે એ અર્થે મહિલાઓના વિકાસ માટે અંધેરીમાં ગર્લ્સસ્કૂલના એ મુખ્ય સ્થાપક હતા. અંધેરીમાં કૉલેજનું સંકુલ અને તે અંગે લક્ષ્મી ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરેલ અને તે સંકુલમાં Arts, Science, commerce કોલેજો સ્થાપેલ. અંધેરી અને તેની આજુબાજુમાં આ કૉલેજો બહુ લાભદાયી નીવડેલ.

સદ્ગત શ્રી ભોગીલાલભાઈએ મહાનગર મુંબઈમાં ઝવેરાતના વ્યાપારથી કારકિર્દીનો આરંભ કરવાની સાથે કલ્ચર મોતીના સંશોધક શ્રી મિકી મોટો સાથે સહકાર સાધી ભારતભરમાં કલ્ચર મોતીનો વ્યાપાર વધાર્યો. ત્યારબાદ ઇજનેરી સામગ્રીથી માંડીને અદ્યતન ટુલ્સ અને કાપડના ઉત્પાદનમાં તથા પ્લાસ્ટિકના ઉત્પાદન સહિત અનેક કાર્યોમાં રસ લીધો. રામ મિલ્સ લિ., બાટલીબોય એન્ડ કું.ના ચેરમેન પદે તેમજ બીજા ઘણા ઉદ્યોગોમાં ડાયરેકટર તરીકે રહ્યા. તેમની દીર્ઘદૃષ્ટિ, ચપળતા, તત્પરતા વગેરેને કારણે ખૂબ માનપાન મળ્યું. એક દાનવીર અને ધર્મપ્રેમી મહાનુભાવ તરીકે તેઓ જૈન સમાજના સાચા અર્થમાં મહાજન બનીને રહ્યા. ગરીબ વિદ્યાર્થીઓને સહાય આપવા 'લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ ફંડ' તથા 'ચંપા ચેરિટેબલ ટ્રસ્ટ', 'રામ મિલ્સ ચેરિટેબલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી. ઉજ્જવળ કાર્યોની સુવાસ પ્રસરાવી ૯૬ વર્ષની વયે તા. ૭-૧૨-૧૯૭૯ના રોજ તેઓએ જગતની ચિરવિદાય લીધી.

## શ્રી મનુભાઈ દલસુખભાઈ ઝવેરી



ઉત્તર ગુજરાતની ભૂમિએ જે કેટલાક શક્તિસંપન્ન અને ધર્મ-સંપન્ન શ્રેષ્ઠીઓની જે ભેટ ધરી છે તેમાં શંખલપુર તીર્થનિવાસી મનુભાઈ ઝવેરીને પણ મૂકી શકાય.

ઉત્તર ગુજરાતના ખાંભેલ ગામમાં તા. ૩-૫-૧૯૪૧ના માતુશ્રી કાંતાબહેનની કૂખે તેમનો જન્મ થયો. ધર્મસંસ્કારનો સુંદર વારસો માતા–પિતા તરફથી મળ્યો, ઉપરાંત ખંત, ચીવટ, ધગશ, નીતિમત્તા તથા પ્રામાણિકતા જેવા સદ્ગુણોનો પણ વારસો મળ્યો તેથી સી.એ.ના ઉચ્ચ અભ્યાસની સિદ્ધિ મેળવી જીવનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યશસ્વી કારકિર્દી ઘડી શક્યા છે અને પોતાના જ્ઞાનનો સામાજિક, ધાર્મિક અને કેળવણી ક્ષેત્રે લાભ આપી રહ્યા છે.

પિતાશ્રીની છત્રછાયા નાની વયે ગુમાવી પણ માતા કાંતાબહેને ધૈર્ય, સેવા અને ધર્મસંસ્કારનું સતત સિંચન કર્યું. ૧૯૬૧થી કપરા સંજોગોમાં પોતાના ઉજ્જ્વળ જીવનની કારકિર્દીના શ્રીગણેશ કર્યા. ૧૯૬૨થી જાહેર સેવાનાં કાર્યોની શરૂઆત કરી.

ધાર્મિક સંસ્થાઓમાં સેવાની ભાવનાથી કાર્યો કરવાં, યથાશક્તિ ફાળો આપવો અને બીજાને મહદ્ અંશે ઉપયોગી થવું એ એમના જીવનની વિશિષ્ટતા છે.

વ્યાવસાયિક ક્ષેત્રે તેઓ ૨૦૪, સંપદા, મીઠાખળી, છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ–૯ ફોન નં. ૨૬ ૪૨ ૨૭ ૩૨ ખાતેની ઓફિસમાં મે. મનુભાઈ ડી. ઝવેરી એન્ડ કું. (સી.એ.), પી. એમ. ઝવેરી એન્ડ કું. (સી.એ.), મે. જ્યોતિ ઈન્વેસ્ટમેન્ટ્સ, નવખંડા ફાઈનાન્સ પ્રા. લિ., ઝવેરી એસોસિએટ્સ, વિનીત ડાયમંડ્ઝ, ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ–એમ સાત ફર્મનું સંચાલન તેઓ કરે છે.

સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રે તેઓ અનેક સંસ્થાઓમાં હોદ્દેદાર તરીકે સેવા આપે છે. શ્રી શેરીસા ભોજનશાળા તથા શ્રી આણંદજી કલ્યાણજી પેઢી–ઉપસૂઆળાજીના કાયમી ટ્રસ્ટી; શ્રી આત્મવલ્લભ રત્નત્રયી આરાધના ટ્રસ્ટ, શ્રી ઝવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ, શ્રી આત્મવલ્લભ સામુદ્ર પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી જાગૃતિ મિત્રમંડળ, શ્રી દશાશ્રીમાળી પાંત્રીસી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી; શ્રી શંખલપુર જૈન મંડળ, અમદાવાદના ઉપપ્રમુખ; શ્રી ઈન્ટર નેશનલ લાયન્સ ક્લબ ડી–૩૨૩ના ચેરમેન; લાયન્સ ક્લબ ઓફ એલિસબ્રિજના પ્રમુખ; શ્રી લાયન્સ ક્લબ ઓફ એલિસબ્રિજ પબ્લિક હેલ્થ કેર ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી નવખંડા પાર્શ્વનાથ ટ્રસ્ટ–શંખલપુરના ટ્રસ્ટી; શ્રી પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ–કચ્છ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી પરમાર ક્ષત્રિય સેવા સમાજ–પાવાગઢ, શ્રી શંખલપુર જૈન શ્વે. મૂ. સંઘ, શ્રી સોલા જૈન શ્વે. મૂ. સંઘ–અમદાવાદના સલાહકાર અને શ્રી આંબાવાડી શ્વે. મૂ. જૈન સંઘ, શ્રી જાગૃતિ મિત્રમંડળ–અમદાવાદ, શ્રી મહાવીર આરાધના કેન્દ્ર–કોબાની કારોબારી સમિતિમાં કાર્યરત છે.

આમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓ બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઘણી સંસ્થાઓમાં એમણે દાનગંગા વહાવી છે. શ્રી આંબાવાડી જૈન સંઘમાં પૂ. માતુશ્રીના નામે રૂા. ૧,૨૫,૦૦૦નું દાન આપી એના વ્યાજમાંથી દર વર્ષે ચૈત્ર સુદ–૧૩ મહાવીર જયંતિના દિવસે સંઘના સભ્યોને મીઠાઈ આપવામાં આવે છે. શંખલપુર ગામમાં પણ જૈન દેરાસર, વાડી, સ્કૂલ તથા દવાખાનામાં દાન આપેલ છે. કચ્છમાં ભવ્યતીર્થ શ્રી પાર્શ્વવલ્લભ ઈન્દ્રધામ જિ. નખત્રાણામાં પણ દાન આપી સહયોગ આપેલ છે.

## શ્રી મહેન્દ્રભાઈ મણિલાલ શાહ

સૌરાષ્ટ્રની ધરતી તેમાંય ઝાલાવાડની ધરતી સંતો અને શ્રેષ્ઠીઓની જન્મભૂમિ તરીકે હંમેશાં ખ્યાતનામ બની છે. ઝાલાવાડ હાલ (સુરેન્દ્રનગર) જિલ્લામાં ધ્રાંગધ્રાની બાજુમાં કોંઢ ગામમાં માતા દિવાળીબાઈની કૂખે શ્રી મહેન્દ્રભાઈનો જન્મ થયો. માતા દિવાળીબાઈ અને પિતા મણિભાઈ, જેઓ ખૂબ જ ધાર્મિક અને ભાવિક હતાં. માતા દિવાળીબાઈ ખૂબ જ શ્રદ્ધાળુ શ્રાવિકા હતાં. તપ–જપ અને સાધુ–સાધ્વી વૈયાવચ્ચ ખૂબ જ ઊંચા પ્રકારની, તેમજ પિતાશ્રી મણિભાઈને પણ ધર્મ પ્રત્યે ખૂબ અડગ શ્રદ્ધા તેમજ ધાર્મિક સંસ્થાઓ, પાંજરાપોળ, ભોજનશાળા, દેરાસર ઉપાશ્રયમાં તથા દુષ્કાળ વ.માં ઊંડો રસ વારસામાં શ્રી મહેન્દ્રભાઈને મળ્યો. પોતાની ૪૪ વર્ષની વયે વ્યાપાર ધંધામાં ગળાડૂબ હતા ત્યારે શ્રી ધ્રાંગધ્રા જૈન સંઘના વડીલોએ મીટિંગમાં કોઈ લાયક યુવાન અને ઉત્સાહી પ્રમુખ નીમવાનું નક્કી કર્યું. તેઓશ્રીએ શ્રી મણિલાલભાઈની મંજૂરીથી મહેન્દ્રભાઈની ગેરહાજરીમાં આ વાત નક્કી કરી અને એકધારા લગાતાર બાવીસ વર્ષ સુધી શ્રી સંઘના પ્રમુખપદે રહી સંઘની ઉન્નતિ, પ્રગતિ અને સાધુ વૈયાવચ્ચ દ્વારા સાધર્મિક બંધુઓનાં પૂ. સાધુસાધ્વીજીઓનો અપાર પ્રેમ અને લાગણી જીતી લીધાં. પુરુષોના તથા બહેનોના ઉપાશ્રયો જૂના અને નાના પડતા હતા જે આજુબાજુની જગ્યાઓ લઈ મોટા સુવિધાવાળા ઉપાશ્રયો બનાવ્યા. બાળકોની પાઠશાળાનું મકાન પણ જૂનું અને જર્જરિત થઈ ગયેલ તે વેચી નવું મકાન લઈ પાઠશાળાનું નવું મકાન બનાવરાવ્યું સાથે પાઠશાળાના શિક્ષકના પગાર માટે તેમ જ બાળકોની પ્રભાવના માટે કાયમી સાધારણ ફંડ ઊભું કર્યું. આજે પાઠશાળા સારી રીતે ચાલે છે. શ્રી સંઘમાં થતી દેવદ્રવ્યની આવક જીવદયા અને સાધર્મિકની આવક ચાલુ પર્યુષણની આવક આવતાં પર્યુષણ પહેલાં વાપરી નાખવાનો ખાસ ઉલ્લેખનીય ઠરાવ કરાવ્યો છે, જેનું ચુસ્તપણે પાલન થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બધાં કાર્યોમાં સંઘના પૂર્વ ટ્રસ્ટીશ્રી જગજીવનદાસ ગાંધીના અંતરના આશીર્વાદ મળેલા તેમજ પ્રમુખપદ દરમ્યાન હંમેશાં કાંતિલાલ સોમચંદ ગાંધી, જેઓ ૯૦ વર્ષે હયાત છે, તેમનું સતત માર્ગદર્શન અને સલાહ મળતાં અને શ્રી સંઘ પાસે સારું એવું સાધારણ ખાતાનું ફંડ ઊભું કરાવ્યું, જેનું શ્રેય શ્રી મહેન્દ્રભાઈના ફાળે જાય છે.

આ સિવાય ધ્રાંગધ્રા પાંજરાપોળમાં ખજાનચી, ટ્રસ્ટી તરીકે ખૂબ જ તન; મન, ધનથી ઉત્સાહપૂર્વક પોતાની સેવા આપે છે. પોતાની આગવી સૂઝથી ધ્રાંગધ્રાથી પંદર માઈલ દૂર પીપળા પાસે ધ્રાંગધ્રા પાંજરાપોળના કેટલ કેમ્પમાં ઉદાર દાતાઓની સહાય વડે આઠ-દશ શેઈડ (ઢોરને રાખવા માટે), ઘાસનાં ગોડાઉન, ૭ થી ૮ પિયાવા બનાવી પશુઓને ખૂબ સારી માવજતથી રાખવામાં આવે છે. તેમના માટે ડો.ની સેવા પણ ઉપલબ્ધ કરાવી છે. દર વર્ષે પશુ-રોગનિદાન-સારવાર કેમ્પ કરવામાં આવે છે.

છેલ્લાં ત્રણ વર્ષથી ધ્રાંગધ્રા સુરેન્દ્રનગર રોડ ઉપર ધ્રાંગધ્રાથી પાંચ કિ.મી. ઉપર હાઈવે ઉપર કરજણ ટાઈપની નવી જ પાંજરાપોળ, જેમાં પશુઓ માટે શેઈડ, પિયાવા, ઘાસના ગોડાઉન, નાની તલાવડી, બગીચો, ઘરદેરાસર, ચબૂતરો, ઉપાશ્રય વ. બનાવવાની યોજના છે, કામ ચાલુ છે. આ કાર્ય માટે કેન્દ્ર સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડ તથા બીજા ઉદારદિલ દાતાઓની સહાય મળી રહી છે. આ બધું મહેન્દ્રભાઈ આગવી સૂઝબૂઝ અને દાતાઓ અને શ્રેષ્ઠીઓના સતત સંપર્કમાં રહી કરાવી શક્યા છે. પાંજરાપોળને અમેરિકાથી, ઈંગ્લેન્ડથી વ. દેશમાંથી પણ દાન મેળવવાનું શ્રેય શ્રી મહેન્દ્રભાઈને જાય છે. આશરે દોઢ કરોડનો ખર્ચ થશે. લગભગ એક કરોડ રૂપિયા દાન મળી ગયેલ છે. તેટલું કામ થઈ ગયું છે. લગભગ ૫૦ લાખનું કામ બાકી છે. ઉદ્‌ઘાટન ૨૦૬૪ સને ૨૦૦૯ મહા સુદ ૯ ફેબ્રુઆરી થવા સંભવ છે.

શેઠ મોહનલાલ ટોકરશી સંચાલિત ઝવેરી સાકળચંદ લલ્લુભાઈ જૈન ભોજનશાળા, જે છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષથી ચાલે છે. સને, ૧૯૯૪માં ફંડ તથા દાનની આવક ઘટવાથી બંધ થવાની તૈયારીમાં હતી ત્યારે મહેન્દ્રભાઈએ હિંમત કરી સંપૂર્ણ વહીવટ હાથમાં લઈ સહયોગી દાતા ઝવેરી સાકળચંદ લલ્લુભાઈ હા. રસિકભાઈ (ધ્રાંગધ્રાના વતની) હાલ ઘાટકોપર-મુંબઈના સહયોગથી ફરી ફંડ ઊભું કર ભોજનાલયને ચેતનવંતુ બનાવ્યું. કદાચ આખા ગુજરાતમાં આવું સસ્તું ભોજનાલય કે જે કોઈ ફિરકાના ભેદભાવ સિવાય કોઈપણ જૈન ભાઈ-બ્હેનને માસિક, બે ટંક જમવાના રૂા. ૯૦, સાઠમાં સાધર્મિક બંધુઓ તૃપ્તિનો આનંદ લઈ રહ્યા છે. છૂટક જમવાના રૂા. ૧૫ તથા ટિફિનના રૂા. ૨૦ મુજબ ચાર્જ રાખેલ છે. દર સોમવારે એક મીઠાઈ પીરસવામાં આવે છે. કેરીની સીઝનમાં શરૂઆતથી આદ્રા બેસે ત્યાં સુધી દરરોજ કેરીનો રસ પીરસવામાં આવે છે. માસિક પાસવાળા લગભગ ૪૦ વ્યક્તિઓ લાભ લે છે. છૂટક તથા ટિફિનવાળા દરરોજ વીસથી પચ્ચીસ વ્યક્તિઓ લાભ લે છે. દરરોજ રોટલી, દાળભાત, એક કઠોળ, લીલું શાક, છાશ વ પીરસવામાં આવે છે. સંસ્થા પાસે આજે લગભગ ૨૧ લાખ જેવું ફંડ છે. દાતાઓ વ્યવસ્થા જોઈ વિના સંકોચે દાનની ગંગા વહાવી રહ્યા છે-આ બધું મહેન્દ્રભાઈની સૂઝબૂઝનું પરિણામ છે.

લીલાવતીબહેન શાંતિલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ (સાર્વજનિક દવાખાનું), જે દવાખાનામાં ફક્ત રૂા. ૫/- ટોકન ફી લઈ નાતજાતના ભેદભાવ સિવાય આઉટડોર પેશન્ટની સારવાર કરવામાં આવે છે. સાથે ફિઝિયોથેરોપી સેન્ટર પણ ચાલે છે. દરરોજ ૧૫-૨૦ દર્દીઓ લાભ લે છે. ફી ફક્ત રૂા. ૧૫ રાખવામાં આવી છે.

શ્રી કોંઢ વિહાર મહાવીર સ્વામી દેરાસર, જે તેમના પૂ. પિતાશ્રી મણિભાઈ કોંઢવાળાની આગવી સૂઝથી ધ્રાંગધ્રામાં ક્લબ રોડ ઉપર શિખરબંધી દેરાસર રંગમંડપ સાથે બંધાયેલ તેના વહીવટમાં પણ ખૂબ જ સક્રિયપણે રસ લઈ કામ કરે છે.

ઊજમબાઈ મગનલાલ ચે.ટ્રસ્ટ કે જે તેમનાં મોટીબાના નામનું છે. આ ટ્રસ્ટના નેજા હેઠળ સાધર્મિક બંધુઓને દર મહિને રાહત ભાવથી અનાજ, ખાંડ, તેલ, ઘી, ગોળ વ. અપાય છે, તેમાં મહેન્દ્રભાઈ પોતાની સંપૂર્ણ સેવા આપી રહ્યા છે.

ધોળકા સ્થિત કુમારપાળભાઈ શાહ હસ્તક કે.પી. સંઘવી ચે. ટ્રસ્ટ મારફત લગભગ ધ્રાંગધ્રામાં જૈનસમાજના દરેક ફિરકામાં રૂા. ૧૧,૫૦,૦૦૦/- જેવી માતબર રકમની રોકડ સ્વરૂપમાં મદદ અપાવી. ઝાલાવાડ ફાઉન્ડેશન, મુંબઈના ટ્રસ્ટીઓને ફોનથી વાત કરતાં આશરે ૪ લાખ જેવી રોકડ રકમની સહાય કરી. આ સિવાય તામિલનાડુ જૈન મહામંડળ દ્વારા પણ અનાજ, કપડાં, દવાઓ, વાસણ, ઘરવખરીની ચીજો વ. મદદ પણ સાધર્મિક બંધુઓને [illegible]ી. કુલ ત્રીસ લાખ જેવી મદદ સાધર્મિક બંધુઓને મહેન્દ્રભાઈએ અપાવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોંઢના જ વતની શ્રી અમૃતલાલ દેવશીભાઈ કોઠારી કે જેઓ આ કાર્ય માટે મુંબઈ બેઠાં ફંડ મેળવી મોકલતા હતા, તેમની સ્મૃતિમાં તેમના પુત્રો તરફથી ૨.૫૦ લાખ જેવું માતબર દાન મેળવી એ.ડી. કોઠારી આરોગ્યનિધિ ટ્રસ્ટ દ્વારા ગરીબ મધ્યમ વર્ગને ડો.ની ચિઠ્ઠી મુજબ દવાઓ ફ્રી આપવાનું શરૂ કર્યું. આજે સંસ્થા ફાલીફૂલીને ૧૧.૫૦ હજાર (અગિયાર લાખ પચાસ હજાર)નું સ્થાયી ફંડ ધરાવે છે.

સાધર્મિક ઉત્કર્ષ ટ્રસ્ટ મુંબઈ તરફથી રૂા. દશ હજારની લોન વગર વ્યાજની કોઈપણ ફિરકાના ભેદભાવ વગર ધ્રાંગધ્રા શહેર અને હળવદ તથા આજુબાજુનાં ગામડામાં સાધર્મિક ભાઈઓને લોન અપાવવામાં મદદ કરે છે.

દુષ્કાળના સમયે ધ્રાગંધ્રા શહેરનાં તળાવ ઊંડાં ખોદાવવાનાં હોવાથી મુંબઈના (ઘાટકોપર) ચંચળબહેન કસળચંદ ચે. ટ્રસ્ટ તરફથી રૂા. ૩.૫૦ લાખ જેવી માતબર રકમ તેના ટ્રસ્ટીઓને વિશ્વાસમાં લઈ રૂબરૂ બોલાવી મદદ મેળવી આપવામાં મદદ કરી. શહેરમાંથી પણ લગભગ ૧૫ લાખ જેવો ફાળો થયો તેમાં પણ તેમણે ખૂબ મહેનત કરી. આમ અનેક ક્ષેત્રોમાં તેમની સુવાસ ફેલાઈ રહી છે.

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં પૂ. સ્વ. પંન્યાસ અભ્યુદય- સાગર મ.સાહેબની પ્રેરણાથી ઊભું થયેલ શંખેશ્વર જૈન આગમ મંદિરના પાયાના ટ્રસ્ટી તેમના પિતાશ્રી મણિભાઈ હતા. તેમના અવસાન બાદ શ્રી મહેન્દ્રભાઈને ટ્રસ્ટી તરીકે લઈ લીધા, તેમાં પણ સક્રિય રસ લે છે.

અને હા, કોઈપણ પુરુષની પ્રગતિમાં હંમેશાં પોતાની ધર્મપત્નીનો સાથ હોય તો જ પુરુષ આગળ વધી શકે, બને પણ એવા જ ધર્મશ્રદ્ધાળુ. કુટુંબપ્રેમી અને વડીલોના આશીર્વાદવાળાં ધર્મપત્ની નામે સ્નેહલતાબહેન મળેલાં. ગયા વર્ષે ઓગષ્ટમાં તેમનું ૬૮ વર્ષે દુઃખદ અવસાન થયું. તેમના ત્રણ સુપુત્રો, પુત્રવધૂઓ, વ. તેમને દરેક કાર્યમાં સંપૂર્ણ સહકાર આપે છે. આ બધું પુણ્યાઈના કારણે પૂ. પિતાશ્રીનો વારસો મળ્યો છે, તેનું પરિણામ છે. અસ્તુ.

## સ્વ. શ્રી દેવચંદ હઠીચંદ મહેતા

ભંડારિયાવાળા (કામળિયાના)

પ્રારબ્ધ અને પુરુષાર્થનો સમન્વય સાધી જીવનબાગને મધમઘતો મૂકી જનાર શ્રી દેવચંદભાઈ મહેતા મૂળ સૌરાષ્ટ્રના પાલિતાણા પાસેના ભંડારિયાના વતની. સાધારણ અભ્યાસ પણ આત્મબળ ગજબનું હતું.



પચાસેક વર્ષ પહેલાં જીવનમાં કાંઈક કરી છૂટવાના દૃઢ મનસૂબા સાથે મુંબઈમાં તેમનું આગમન થયું. મુંબઈ આવીને નરોત્તમભાઉ ઝવેરીની કંપનીમાં નોકરીથી જીવન-કારકિર્દીના શ્રીગણેશ કર્યા.

ચીવટ, પ્રામાણિકતા અને કાર્યકુશળતાને કારણે જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધી અને આશા-ઉત્સાહ સાથે આગળ વધતા રહ્યા.

૧૯૫૬માં એમના પુત્રોએ સ્વતંત્ર બિઝનેસ શરૂ કર્યો. ધંધામાં પણ યારી મળી. આ પ્રગતિ પાછળ તેમના જીવનના ઉચ્ચત્તમ સંસ્કારોનું બળ હતું. સરળતા, ઉદારતા, દેવભક્તિ, ગુરુભક્તિ, તીર્થયાત્રા આદિ અનેક ગુણોના સતત ઉદ્યમ વડે એમણે પોતાનું જીવન સફળ કર્યું. પાંચ દીકરા, બે દીકરી અને બાવીશ પૌત્રોનો વિશાળ પરિવાર ભગવાનના અણમોલ શાસન અને તેની શીતળ છાયામાં સુંદર આધ્યાત્મિક વિકાસ સાધી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં તેમના પરિવાર તરફથી ઘણી જગ્યાએ નાનાંમોટાં દાન અપાયેલાં છે.

માતુશ્રી પૂ. વિજયાબહેન દેવચંદભાઈ મહેતા ભારતનાં લગભગ બધાં જ તીર્થોની યાત્રા કરી આવ્યાં છે. શ્રદ્ધાસંપન્ન અને ગુણાનુરાગી આ આત્માએ પણ જીવનમાં ઘણી જ તપશ્ચર્યાઓ કરી. વર્ષીતપ પણ કરેલ. આવા ધર્મસંસ્કારી પરિવારમાં શ્રી નવનીતભાઈ અને બીજા ભાઈઓએ પૂ. પિતાશ્રીનો મંગલ ધર્મનો વારસો બરાબર જાળવી રાખ્યો છે.

વતન ભંડારિયામાં પણ જૈન દેરાસરનાં માંગલિક કાર્યોમાં પરિવાર સાથે ભાવપૂર્વક રસ લીધો છે. આજે ભંડારિયા પણ એક તીર્થ જેવું બની ગયું છે. પુણ્યાઈની મળેલી લક્ષ્મીનો મંગલ ધર્મનાં કામોમાં પ્રસંગોપાત સદુપયોગ થઈ રહ્યો છે.

સામાજિક ક્ષેત્રે પણ સમૂહલગ્નમાં સહયોગ—સોળ સમૂહલગ્નમાં વતનમાં બસસ્ટોપ, ચબૂતરો, પાણીની પરબ માતુશ્રીના નામે બનાવ્યાં. કાનજી ખેતશીની વાડીમાં સમૂહ- લગ્ન, ડેકોરેશન વગેરે લોકકલ્યાણનાં કામોમાં સારો લાભ લીધો છે. સામાજિક ક્ષેત્રે તન-મન-ધનનો સારો ઉપયોગ કરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપ્નદ્રષ્ટા : આંધ્રના આગેવાન ઉદ્યોગપતિ

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા



કચ્છી સમાજના વિખ્યાત ઉદ્યોગપતિ તથા ધની એવા શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયા અને માતા શ્રીમતી અમૃતબહેનના પ્રથમ સંતાન શ્રી ધીરજભાઈનો જન્મ બર્માના નાનકડા શહેર મોલમીનમાં ૭મી ઓગષ્ટ, ૧૯૩૮ના થયેલ. આજે ૬૮ વર્ષની આયુમાં પણ જો તમે ધીરજભાઈને મળો તો ૨૫ વર્ષના યુવાનના થનગનાટ અને ૭૫ વર્ષના વૃદ્ધના ધૈર્યનો જાણે ભેગો જ પરિચય થઈ જાય. ઉત્સાહ, ઉમંગથી ભરેલા એવા ધીરજભાઈની પહેલી જ મુલાકાતમાં તાજગીભરી મિત્રતાનો અનુભવ થયા વગર ન રહે. દરેક નાનાં–મોટાં કામમાં સંપૂર્ણ ચોક્સી જાણે જર્મન પરફેક્શન આપને જોવા મળે આવા યુવાન ધીરજભાઈને પ્રત્યક્ષ મળવું એ એક લહાવો છે.

મુંબઈની પ્રખ્યાત માનનીય શ્રી કનૈયાલાલ મુનશીની સ્થાપિત શ્રી હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલમાં ૧૯૫૬માં પ્રથમ વર્ગમાં મેટ્રિક પાસ થયા બાદ ઉચ્ચ અભ્યાસ બી.કોમ.નો હૈદ્રાબાદની નિઝામ કોલેજમાં પૂર્ણ કરી, એલ.એલ.બી.નો અભ્યાસ અધવચ્ચે છોડીને આંધ્ર રાજ્યની લોખંડના સળિયા બનાવતી પ્રમુખ ફેક્ટરી 'આંધ્ર રી-રોલિંગ વર્કસ'ના મેનેજિંગ પાર્ટનરની જવાબદારી ૨૪ વર્ષની યુવાન વયે સંભાળી. માલની ઉચ્ચ ગુણવત્તાના કારણે આખા દક્ષિણ ભારતમાં ડંકો વગાડનાર આ ફેક્ટરીના માલની ઘણાં વર્ષો સુધી મોટી માંગ જળવાઈ રહેલ. 'આંધ્ર રી-રોલિંગ વર્ક્સ'ને ઉચ્ચ ક્ષમતાને કારણે કેન્દ્ર સરકાર દ્વારા પ્રમાણિત 'ટ્રાન્સ વર્લ્ડ ટ્રેડ ફેયર સિલેક્શન એવોર્ડ–૧૯૮૨' અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો. રી-રોલિંગ ઉદ્યોગ ઉપરાંત કાપડિયા ગ્રુપની તેલ–દાળની મિલો તથા વેપાર, કૃષિ વગેરે સર્વના સંચાલનમાં પણ શ્રી ધીરજભાઈનો મોટો ફાળો રહેલ છે. વિશેષ 'બિલ્ડર' તરીકે તેમનું નામ ઉચ્ચ ક્વોલિટીના બાંધકામના કારણે જાણીતું થયેલ છે. નાનાં–મોટાં સૌને ઉપયોગી એવાં આધુનિક મકાનોનું બાંધકામ એ તેમની વૃત્તિ તથા શોખ બન્ને છે.

આવી બહુમુખી વેપારીપ્રતિભાની સાથે સાથે ધીરજભાઈ અનેક સેવાકાર્યોમાં પણ પોતાના સમયનો સદુપયોગ કરી રહ્યા છે. પિતાશ્રી ટોકરશીભાઈનાં પદચિન્હો ઉપર ચાલતા આવતા તેઓશ્રીએ નિમ્ન હોદ્દાઓ/પદો સરલતાપૂર્વક સંભાળ્યા છે. શ્રી ધીરજલાલભાઈએ ગુજરાતીઓની મુખ્ય સંસ્થા શ્રી ગુજરાતી પ્રગતિ સમાજના છેલ્લાં પાંચ વરસથી પ્રમુખ તરીકેની સેવા બજાવી સંસ્થાની પ્રવૃત્તિઓને ઘણો જ વેગ આપ્યો છે. બીજા બે પ્લોટો–જમીનની ખરીદી કરી નવી યોજનાઓ બનાવી છે. શ્રી કચ્છી મિત્ર મંડળના પ્રમુખ, સર્વોદય પ્રચાર ટ્રસ્ટ, ગાંધી જ્ઞાનમંદિરના ચેરમેન, સર્વોદયવિચાર ટ્રસ્ટ કસ્તુરબા નેચર ક્યોર હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી, સાઉથ ઇન્ડિયા કચ્છી વીસા ઓસવાલ એકમના પ્રમુખ, ભારતની પહેલી ટી.એલ. કાપડિયા આઇ બેન્કના પ્રમુખ, ચિલ્ડ્રન એઇડ સોસાયટી (અનાથાશ્રમ), ના પ્રમુખ, મહાવીર હોસ્પિટલ, મંદિરો અને બીજી સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે ફરજ નિભાવી રહ્યા છે. અમદાવાદની બાજુમાં સરદારનગર ડેવલપમેન્ટ કોર્પોરેશનના ડાયરેક્ટર તથા ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

આમ દરેક પ્રકારના સેવાસમાજની ૩૦ સંસ્થાઓ સાથે જોડાઈ તેને પ્રગતિશીલ બનાવી છે. હાલમાં જ સ્પેશિયલ સ્કૂલ–મેન્ટલી રિટાયર્ડ બાળકોની સંસ્થા ઊભી કરવામાં દરેક જાતનું પ્રોત્સાહન આપી સંસ્કૃતિશિખર નામે ટ્રસ્ટ હેઠળ અમૃત-વર્ષા કાપડિયા સ્કૂલ તથા આલેર-કુલપાકજી જૈનમંદિરની બાજુ ટી. એલ. કાપડિયા આર્લેર લાઈન્સ આઈ હૉસ્પિટલ ચાલુ કરેલ છે. લાયન્સ ક્લબમાં પ્રમુખ, ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ ગવર્નર બની રૂરલ કમિટીના ૨૭ વર્ષથી ચેરમેન રહીને તુમકુન્ટા ગામડાને એડોપ્ટ કરી વિવિધ પ્રવૃત્તિઓ કરી ગામડાંને ઊંચે લઈ આવી એક મિસાલ બનાવી છે કે શહેરોમાં રહીને પણ ગામડાને ધ્યાનમાં રાખવું. આમ એક શૈક્ષણિક, વૈદકીય, સામાજિક, ધાર્મિક સંસ્થાઓને પોતાની અમૂલ્ય, ઉદાર સખાવતો આપતા રહ્યા છે.

આવા બહુમુખી પ્રતિભાસંપન્ન ધીરજલાલભાઈ સમાજનું ખરેખર ગૌરવ છે.

## શ્રી પ્રવીણચંદ્ર બાબુભાઈ શાહ

ભાવનગર જિલ્લાના તળાજા પાસેના ભદ્રાવળ ગામના વતની બી.એસ.સી. થયેલા શ્રી પ્રવીણભાઈ આજે ૬૩ વર્ષની વયે સમાજજીવનના ઇન્ડસ્ટ્રિયલ તથા ધાર્મિકક્ષેત્રે કામગીરી કરી રહ્યા છે. વ્યાવસાયિક જીવનની શરૂઆત ખૂબ નાના પાયે, નાની મૂડીથી મુંબઈમાં કરેલી. પ્રારંભે બે વર્ષ નોકરી પણ કરેલી. અલબત્ત ઈશ્વરકૃપાએ કેમિકલટ્રેડિંગના ધંધામાં સફળતા મળી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘોઘારી સમાજના મુરબ્બી શાહ દલીચંદ પુરુષોત્તમદાસ સાથે ભાગીદારીમાં કંપની સ્થાપીને સફળતા મળતાં ૧૯૬૮ પછી ફેક્ટરી ક્ષેત્રે ઉત્પાદનલાઇન શરૂ કરી.

જાહેરસેવા કાર્યનો પ્રારંભ ૧૯૬૦થી કર્યો. ઘોઘારી જૈન સમાજના પ્રમુખ તરીકે તેમની સેવાઓ નોંધપાત્ર છે. ધાર્મિકક્ષેત્રે તેઓએ ૮૭માં મહુવાથી પાલિતાણા છ'રી પાળતો સંઘ પૂ.આ. અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં કાઢેલ તથા તેમની નિશ્રામાં અન્ય ધર્મકાર્યો પણ કરાવેલ.

ડિસેમ્બર '૮૭માં તાંબેનગર મુલુન્ડમાં શ્રી આદીશ્વર દાદાની પ્રતિષ્ઠા કરાવેલ તેમાં તેમનો ફાળો મુખ્ય હતો. તેમ જ મુલુંડથી પાલિતાણા બાવન દિવસનો છ'રી પાળતો સંઘ નીકળેલ, જેમાંના તેર સંઘપતિઓમાં તેઓશ્રી પણ એક સંઘપતિ હતા. તેઓ અંધેરી ઘોઘારી જૈનસેવાસંઘ સાથે સંકળાયેલા છે તથા ત્યાં દેરાસર અને ઉપાશ્રય બનાવવાની નેમ રાખે છે.

પૂ. આ. ભગવંતશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની કૃપાથી આરાધના ખૂબ જ સારી ચાલે છે અને એ માર્ગે આગળ વધવાની ભાવના છે. ભાવનગર પાંજરાપોળને રૂા. પાંચલાખનું દાન આપેલ છે. તેમના પુત્ર વિપુલ કેમિકલ એન્જિનિયર થયા છે ને ફેક્ટરી સંભાળે છે. પોતાની પ્રગતિનો સઘળો યશ શ્રેષ્ઠીશ્રી દલીચંદ પરશોત્તમ શાહને આપે છે. તેઓ માને છે કે માનવજીવન માત્ર આરાધના માટે મળ્યું છે તો મહત્તમ આરાધના કરી લેવી.

### ધર્મપ્રેમી અને માનવતાવાદી

## શ્રી મણિલાલ બેચરદાસ શાહ

દાનવીરો અને ધર્મવીરોની સમાજને છેલ્લા સૈકામાં જે ભેટ મળી છે તેમાં શ્રી મણિલાલભાઈ પણ પરગજુ અને ધર્મપ્રેમી તરીકે ઊજળી છાપ ધરાવનાર, સજ્જન શ્રેષ્ઠી હતા. તળાજા પાસે દાઠાના વતની. જૈન–જૈનેતર સંસ્થાઓના પ્રાણ સમા શ્રી મણિલાલભાઈએ ઘણાં વર્ષોથી ધંધાર્થે મુંબઈને કર્મભૂમિ બનાવી. કાપડબજારમાં અગ્રણી વ્યાપારી તરીકે એમનું સારું એવું માન હતું. એ ઉદાર આત્માનું જીવન આજની યુવાન પેઢી માટે એક આદર્શ ઉદાહરણરૂપ હતું. પીડિતો અને નિરાધારો માટે આધારરૂપ હતા. મિત્રો સંબંધીઓ માટે અવલંબનરૂપ હતા અને ઊગતા–આગળ વધતા વ્યવસાયીઓ માટે સાચે જ માર્ગદર્શક હતા. જૈનસમાજ માટે સૌજન્ય અને સુલભ્યની દૃષ્ટિએ દૃષ્ટાંતરૂપ હતા. તેમણે તેમની કારકિર્દીમાં હંમેશાં કુટુંબીજનોને વાત્સલ્ય અને એકતાની દિશામાં દોર્યા છે. પોતાની વિવેકશક્તિ દ્વારા સૌને એકતાના અતૂટ બંધનમાં બાંધવાનો આદેશ આપી ગયા છે. એના એ સ્નિગ્ધ મધુર સ્વભાવનો ઉચ્ચતમ વારસો તેમના સુપુત્રોમાં ઊતર્યો છે. તળાજા–દાઠા અને અન્ય જૈન દેરાસરોમાં, ચોતરફ કેળવણીની સંસ્થાઓમાં ખાસ કરીને દાઠા–હાઈસ્કૂલ ઊભી કરવામાં તેમનો હિસ્સો રહ્યો છે. મોટી રકમનું દાન આપી નામ રોશન કર્યું છે. આ કુટુંબના અગ્રણી શ્રી ઓધવજી રાઘવજી પણ એવા ધર્મનિષ્ઠ અને ઉદાર સ્વભાવના છે. પોતે તેલના મોટા વેપારી હતા અને આજે કાપડલાઈનમાં સૌને માર્ગદર્શન આપી રહ્યા છે. દાઠામાં ચાલતી હાઈસ્કૂલમાં આ પરિવારની જ મોટી દેણગી છે. શ્રી મણિલાલભાઈના સુપુત્ર શ્રી રજનીકાન્તભાઈ પણ દાનધર્મની પ્રવૃત્તિઓમાં હંમેશાં મોખરે રહ્યા છે. જૈન સોશ્યલ ગ્રુપની પ્રવૃત્તિમાં ખૂબ જ રસ લ્યે છે. ભારતમાં બધે જ જૈન તીર્થોની યાત્રાએ જઈ આવ્યા છે. ૫૮ વર્ષના યુવાન કાર્યકર શ્રી રજનીભાઈએ આ પ્રકાશનસંસ્થાને પણ ઉષ્માભર્યો સહયોગ આપ્યો છે. સાદું અને સાત્ત્વિક જીવન જીવે છે. વતનનાં દરેક કાર્યોમાં મોખરે રહ્યા છે. સાધુ–સંતો પરત્વેની પણ એટલી જ ભાવભક્તિ. તત્ત્વજ્ઞાનના કોઈ ગ્રંથો નથી વાંચ્યા પણ જીવનમાં સાર લીધો છે. "ધનના આપણે માલિક નથી પણ ટ્રસ્ટી છીએ." આખુંયે કુટુંબ ધર્મપ્રેમી છે. શ્રી રજનીભાઈ તેમના પિતાશ્રીએ ઊભી કરેલી મંગલધર્મની કેડી ઉપર ચાલવા સતત પ્રયત્નશીલ રહ્યા છે.

### અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર

## સ્વ. શ્રી માણેકલાલ સવાણી





તા. ૨૨-૬-૧૯૨૮માં મુંબઈમાં જન્મ, વતન ધાનેરા (જિલ્લો બનાસકાંઠા).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિવાર્ય સંજોગોને કારણે ભણતર અધૂરું છોડી ટ્રાન્સપોર્ટના ધંધામાં પિતાજી શ્રી વાડીલાલભાઈ સાથે 'વાડીલાલ નથુભાઈ એન્ડ કું'માં જોડાયા. ટ્રાન્સપોર્ટના ધંધામાં ઝંપલાવ્યું. ત્યાર પછી તેમણે ક્યારેય પાછું ફરીને જોયા વગર અદમ્ય ઉત્સાહ અને દીર્ઘદૃષ્ટિ વાપરી સખત પરિશ્રમથી દેશના વિવિધ પ્રદેશોમાં અલગ અલગ માલની હેરફેર કરવા લાગ્યા અને પોતાની જાતને આંતરરાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં મજબૂત રીતે સ્થાપિત કરી.

ઈ.સ. ૧૯૫૩માં 'વાડીલાલ નથુભાઈ એન્ડ કું.'નું નામ બદલીને 'સવાણી ટ્રાન્સપોર્ટ કું' કર્યું. ધંધાના વિસ્તરણને કારણે ઈ.સ. ૧૯૫૯માં કંપની પ્રા. લિ. કંપની તરીકે સ્થાપિત થઈ. ધંધાની સિદ્ધિરૂપે ૧૦૦ બ્રાન્ચો અને રૂા. ૧ કરોડના ટર્નઓવર સાથે કંપનીની રજતજયંતીની ઉજવણી કરી. પછીના ૧૦ વર્ષમાં જ ખંત અને ઉત્સાહથી કંપનીને દોરવણી આપીને ૨૦૦થી વધારે બ્રાન્ચો અને રૂ. ૩૦૫૦ કરોડના ટર્ન ઓવર સાથે ઝડપથી વિસ્તરણ કર્યું. ત્યારબાદ કંપનીએ રૂ. ૩૫ કરોડના ટર્નઓવર સાથે સુવર્ણજયંતીની ઉજવણી કરી. ધંધાનું વિસ્તરણ બહુ ઝડપથી કરવાની સાથે આજે ૩૦૦થી વધારે બ્રાંચો દેશભરમાં પ્રસરેલી છે. પોતાના ધંધાની સાથે સાથે તેમણે ધંધાના બીજા માર્ગો જેવા કે પેટ્રોલપંપ, એક્સપોર્ટ, એમની દોરવણીથી 'સવાણી ગ્રુપ'નો મજબૂત પાયો નખાયો. ગ્રુપનું ટર્નઓવર રૂ. ૧૦૦ કરોડથી વધારે છે, અને તેના નેજા હેઠળ નીચેના ઔદ્યોગિક સાહસો પ્રગતિ કરી રહ્યાં છે.

(૧) સવાણી ફાયનાન્સિયલ લિમિટેડ, (૨) સવાણી હોલ્ડિંગ્સ પ્રા. લિ., (૩) સવાણી ઈમ્પેક્ષ પ્રા. લિ., (૪) સવાણી કેરિંગ પ્રા. લિ., (૫) સવાણી એન્ટરપ્રાઈઝ, (૬) અમૃત ટ્રાન્સપોર્ટ કંપની, (૭) સ્વદેશી વેરહાઉસિંગ કોર્પોરેશન, (૮) સવાણી સર્વિસ સ્ટેશન, (૯) સવાણી બ્રધર્સ, શ્રી એમ.વી. સવાણી 'બોમ્બે ગુડ્ઝ કોર્પોરેશન એસોસિએશન' સાથે ૧૯૫૦ની સાલથી જોડાયેલા હતા. ૧૯૫૮માં મેનેજિંગ કમિટીના મેમ્બર થયા અને ૧૯૭૩-૭૪માં પ્રમુખ બન્યા.

ઈ.સ. ૧૯૫૯માં 'સમગ્ર ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મહામંડળ' (ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ)માં જોડાયા. ૧૯૬૦માં મેનેજિંગ કમિટીના મેમ્બર થયા અને ૧૯૭૪-૭૬માં પ્રમુખ બન્યા. આ સંસ્થાએ તેમને તેમની ભવ્ય સેવાઓની કદરરૂપે મેનેજિંગ કમિટીના કાયમી સભ્ય બનાવવામાં આવ્યા. તેઓ 'ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સ'ના સભ્ય હતા. તેમજ તેની વિવિધ કમિટીમાં પણ સક્રિય હતા.

તેમના પિતાશ્રી સ્વર્ગસ્થ શ્રી વાડીલાલ સવાણી રાજકીય સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમના પિતાની દોરવણી હેઠળ યુવાન વયમાં શ્રી માણેકભાઈ સવાણીએ સામાજિક કાર્યોમાં રસ લેવાનો શરૂ કર્યો અને તેઓ ઘણી સામાજિક સંસ્થાઓ સાથે જોડાયા. તેઓ ઈ.સ. ૧૯૬૭ થી ૧૯૮૦ સુધી 'ધાનેરા આરોગ્ય સમિતિ'ના પ્રમુખ હતા. તેમના કાર્યકાળ દરમ્યાન તેમના વતન ધાનેરામાં જરૂરિયાતમંદ અને ગરીબલોકોને સેવા આપવા માટે વિશાળ હોસ્પિટલ પ્રોજેક્ટ શરૂ કરીને પૂર્ણ કરવામાં આવ્યો.

તેઓએ તેમના વતન ધાનેરામાં બંગલાઓ બાંધવાનો નવીન વિચાર આજથી ૪૦ વર્ષ પહેલાં વહેતો મૂક્યો અને આ રીતે પારસ કો. ઓ. હાઉસિંગ સોસાયટી અસ્તિત્વમાં આવેલ, જેના તેઓ પ્રમુખ હતા. તેઓ ફક્ત ધાનેરાની જ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા ન હતા પણ બનાસકાંઠા જિલ્લાનાં નગરો જેવાં કે ખીમત, ડીસા, પાલનપુર વ. નગરોની સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા. તેઓએ બનાસકાંઠા જિલ્લામાં બહોળા પ્રમાણમાં સામાજિક સેવાઓ કરેલ છે.

તેઓ પાલનપુર સમાજ કેન્દ્ર, આત્માનંદ જૈન સભા, માટુંગા ગુજરાતી ક્લબ, ઓમ જયાલક્ષ્મી કો. સો. અને લોનાવલા કો. ઓ. હા. સો. લિ.ના પ્રમુખ હતા. તેઓ માનવસેવા સંઘ અને એમ.પી. કોલેજ ઓફ ગર્લ્સ (એસ.એન.ડી.ટી.)ના ઉપપ્રમુખ હતા અને બીજી ઘણી સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા.

તેઓ સને ૧૯૬૮માં 'રોટરી ક્લબ'માં જોડાયા અને ૧૯૮૮–૮૯ની સાલમાં પ્રમુખ તરીકે નિમાયા હતા. તેઓ 'જાયન્ટ ગ્રુપ ઓફ સાયન' અને ઉત્તર ગુજરાત સોશ્યલ ગ્રુપના પ્રમુખ હતા. તેઓ સક્રિય રીતે ધી ઈન્ડિયન વેજિટેરિયન કોંગ્રેસ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ વેલફેર, ધી આર્ટ સોસાયટી ઓફ ઈન્ડિયા અને શ્રી માટુંગા ગુજરાતી સેવામંડળ સાથે જોડાયેલા. શૈક્ષણિક કાર્યોમાં તેમણે સ્કૂલ અને કોલેજો બંધાવવામાં મદદ કરીને ફાળો આપેલ છે. તેઓ સક્રિય રીતે શ્રી વલ્લભ શિક્ષણ સંગીત આશ્રમ, એસ.એ. જૈન કોલેજ ઓફ ટ્રસ્ટ એન્ડ મેનેજમેન્ટ સોસાયટી અને શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ–પાલિતાણા સાથે સંકળાયેલ હતા. સવાણી સભાગૃહ (માનવસેવા સંઘ દ્વારા બનાવેલ ઓડિટોરિયમ) તેમની કાર્યશીલતા તેમજ સામાજિક કાર્યોના જીવંત સ્મારક તરીકે યાદગાર બન્યું છે.

તેમણે જુદી જુદી ધાર્મિક અને સખાવતી સંસ્થાઓમાં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું યોગદાન આપેલ છે. તેમનું યોગદાન ભોજનશાળા, ધર્મશાળાદિ માટે મકાન બાંધવા અંગે શંખેશ્વર, મહેસાણા, નાગેશ્વર, અંબાલા વગેરે સ્થાનોમાં અંકિત થયેલ છે. તેઓ પ્રતિષ્ઠિત જૈન સંસ્થાઓ જેવી કે ભારત જૈન મહામંડળ, મહાવીર જૈન વિદ્યાલય, ઓલ ઇન્ડિયા શ્વેતામ્બર જૈન કોન્ફરન્સ, શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ, શ્રી આત્માનંદ જૈન સભા અને મહારાષ્ટ્ર જૈન વિદ્યાભવન સાથે સંકળાયેલા હતા. સને ૧૯૭૭માં ૫૦૦ યાત્રિકો સહિત સ્પેશ્યલ ટ્રેન દ્વારા ઉત્તર પૂર્વ અને પશ્ચિમમાં આવેલા જૈન ધાર્મિક તીર્થોના ૪૦ દિવસ લાંબા યાત્રાપ્રવાસનું આયોજન કરેલું. તેમની અનેકવિધ સેવાની કદરરૂપે સને ૧૯૭૦માં મહારાષ્ટ્ર સરકારે તેમને 'જસ્ટિસ ઓફ પીસ' અને પછી 'સ્પેશ્યલ એક્ઝિક્યૂટિવ મેજિસ્ટ્રેટ' SEM તરીકે નિમણૂક કરેલી.

તેમને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં પણ તેમની સેવાની કદરરૂપે સને ૧૯૮૫માં 'ઉદ્યોગરત્ન' તેમજ સને ૧૯૮૬માં 'શિરોમણિ' એવોર્ડ ભારતના મા. રાષ્ટ્રપતિ ગ્યાની ઝૈલસિંહના હાથે અર્પણ કરવામાં આવેલ હતો. સને ૧૯૮૯માં નહેરુ સેન્ટિનરી એક્સલ્સ એવોર્ડ અને સને ૧૯૯૧માં ગ્લોરી ઓફ ઇન્ડિયા ઇન્ટરનેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો.

તેઓના વિશાળ હૃદય તથા ઉત્તમ ગુણોને કારણે જ્ઞાતિ તથા સમાજમાં એક અજોડ વ્યક્તિ તરીકે ઉપસી આવ્યા. જરૂરિયાતમંદ તેમજ યોગ્ય વ્યક્તિને મદદ કરવાના કારણે તેઓ સમાજના બધા વર્ગોમાં સન્મ્માનનીય બન્યા હતા અને લાંબી બિમારી બાદ ૧૨ જૂન ૧૯૯૩ના રોજ ઝળહળતો તારો ખરી પડતાં જૈન સમાજને ઘણી મોટી ખોટ પડી.

તેમને વ્યાપારિક, સામાજિક તથા સખાવતી ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ મરણોત્તર 'માનવસેવા પુરસ્કાર' પણ આપવામાં આવ્યો હતો.

## ડૉ. રમણલાલ સી. શાહ

ડૉ. રમણભાઈ ચીમનલાલ શાહનો જન્મ વડોદરા જિલ્લાના પાદરા ગામે થયો. ત્યાં જ પ્રાથમિક શિક્ષણ લીધું અને પછી ઈ. સ. ૧૯૪૪માં મેટ્રિકની પરીક્ષા બાદ મુંબઈમાં જ ઉચ્ચ અભ્યાસ કરવા સદ્ભાગી બન્યા. કોલેજમાં પોતાના વિષયમાં પ્રથમ આવતાં બે વર્ષ માટે તેઓ ફેલો નિમાયા. ઈ. સ. ૧૯૫૦માં એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ નંબરે આવી બ. ક. ઠાકોર સુવર્ણચંદ્રક, કેશવલાલ ધ્રુવ પારિતોષિક અને સેન્ટઝેવિયર્સ રૌપ્ય ચંદ્રક મેળવ્યા. ઈ.સ. ૧૯૬૧માં 'નળ દમયંતીની કથાનો વિકાસ' એ વિષય પર પીએચ.ડી. કર્યું. ઈ. સ. ૧૯૪૮થી ૧૯૫૦ દરમ્યાન 'સાંજ વર્તમાન' તથા 'જનશક્તિ' દૈનિકમાં તંત્રી વિભાગમાં કામ કર્યું. ઈ. સ. ૧૯૫૧માં તેઓ મુંબઈની સેન્ટઝેવિયર્સ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે અને તે દરમ્યાન એન.સી.સી.માં વીસ વર્ષ કામ કર્યું. ૧૯૭૦થી મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયા. ૧૯૬૩થી પીએચ.ડી.ના ગાઈડ બન્યા. ઉપરાંત કેમ્બ્રિજ યુનિવર્સિટી, ઈસ્ટ આફ્રિકન કાઉન્સીલ જેવી અનેક સમિતિઓમાં સેવા આપતા રહ્યા. મુંબઈ જૈન યુવક સંઘ તથા અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખ તરીકે, મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકે અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે તેમની સેવા અજોડ છે. જૈનધર્મ ઉપરનાં વ્યાખ્યાનો આપવા માટે દુનિયાના સંખ્યાબંધ દેશોનો પ્રવાસ કર્યો. અનેક આંતરરાષ્ટ્રીય સેમિનારમાં યશસ્વી ફાળો આપ્યો. લગભગ એકસો જેટલાં પુસ્તકોનું આલેખન કે સંશોધન-સંપાદન કર્યું, જે તેમની પ્રખર બુદ્ધિપ્રતિભાનો પરિચય કરાવે છે. દરવર્ષે જે તે સ્થળે યોજાતા જૈન સાહિત્ય સમારોહના અગ્રણી આયોજક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. આવા બહુશ્રુત સાક્ષર દંપતી ડૉ. રમણભાઈ અને પ્રા. તારાબહેન ગુજરાતી સમાજનું ગૌરવ છે.

## શ્રી રતિલાલ મોનજીભાઈ

ધર્માનુરાગી શ્રી રતિલાલભાઈનું જીવનકવન સ્વચ્છ અને નિરભ્રદર્પણ સમું જોવા મળે છે. મૂળ જામનગર તરફના અને તે પછી રાજકોટના વતની ગણાયા.

નાની ઉંમરથી જ સુવ્યવસ્થિત કાર્યપ્રણાલિકામાં માનનારા શ્રી રતિલાલભાઈએ જીવનની એકપણ ક્ષણ નકામી જવા દીધી નથી, હાથ ઉપર લીધેલું કામ ક્યારેય અધૂરું મૂક્યું નથી. તેમના વ્યક્તિત્વમાં સાત્ત્વિકતા, સમદર્શિતા અને નિર્મોહીપણાનો સુભગ સમન્વય જોવા મળ્યો.

કરાંચીમાં તેમનો ધીકતો ધંધો ચાલતો હતો, પણ બીજા વિશ્વયુદ્ધના ડંકાનિશાન વાગ્યા ત્યારે એ બધું સ્વેચ્છાએ છોડીને સૌરાષ્ટ્રમાં તેમનું આગમન થયું. રાજકોટમાં સ્થિર થયા. ઘડિયાળના સ્પેરપાર્ટ્સ તથા અન્ય એવી ચીજોના કમિશન બેઈઝથી વેચાણકામ માટે સમગ્ર ભારતનો પુરુષાર્થી પ્રવાસ કર્યો, મહિનાઓ સુધી સતત પ્રવાસ ખેડતા રહ્યા, જે તેમની તેજસ્વી કાર્યશક્તિની આપણને પ્રતીતિ થાય છે. હિંમત અને સાહસથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમણે વિકસાવેલ ધંધાની કાર્યશૈલીમાં જ તેમના જીવનનું સુંદર અને સુરેખ પ્રતિબિંબ દષ્ટિગોચર થાય છે.

૧૯૫૪થી ૧૯૬૨ સુધીનો ધંધામાં મંદીનો વસમો કાળ પણ એમણે જાતે જ અનુભવ્યો પણ નીતિમાર્ગથી ચલિત ન થયા જીવનમાં અનેક ઝંઝાવાતોમાંથી પસાર થયા અને સ્વબળે જ આગળ આવ્યા.

૧૯૬૦માં શ્રી રતિલાલભાઈનું ભાવનગરમાં શુભ આગમન થયું. પર્ફ્યૂમરી અને પાનમસાલા બનાવવાનું મોટા પાયા ઉપરનું કામકાજ શરૂ કર્યું, જેમાં સારી એવી સફળતા મેળવી. નાનપણમાં ધર્મસંસ્કારોથી પ્રેરાયેલી તેમની ધાર્મિક વૃત્તિને કારણે ગુપ્તદાનમાં વિશેષ માનતા, નાનામોટા ધાર્મિક ફંડફાળામાં તેમની યથાશક્તિ મદદ હોય જ. તેમનો એ ઉજ્જવળ વારસો તેમના સુપુત્ર શ્રી શશિકાન્તભાઈએ આજ સુધી જાળવી રાખ્યો છે. શ્રી શશિકાન્તભાઈ પણ ભાવનગરની જૈન અને જૈનેતર સંસ્થાઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે.

શ્રી શશિકાન્તભાઈ પણ એવા જ વિનમ્ર અને મિતભાષી સ્વભાવના છે. વ્યવહારુ અને વ્યાપારવાણિજ્યનું જીવન-ઉપયોગી શિક્ષણ પિતાશ્રી પાસેથી જ મેળવીને તેનો સદુપયોગ તેઓ આજે ધંધામાં સફળ રીતે કરી રહ્યા છે.

ધર્મોલ્લાસભર્યા ઉન્મેષથી શ્રી રતિલાલભાઈએ કંડારેલા માર્ગે તેમના પરિવારની સર્વદેશીય કૃતિશીલતા અન્વયે અનુમોદનાનાં સુમન અર્પીએ તેટલાં ઓછાં છે.

## સ્વ. શ્રી રતિલાલ પરમાણંદ શેઠ

તીર્થભૂમિ પાલિતાણામાં શેઠશ્રી માધવજી નથુભાઈના પુત્ર અને અગ્રણી વ્યાપારી તથા જૈન સાધુ-સાધ્વીઓની વૈયાવચ્ચ કરનાર અને પાલિતાણા સ્ટેટ સાથે નિકટવર્તી સંબંધ ધરાવતા શ્રી પરમાણંદભાઈના સૌથી નાના પુત્ર રતિભાઈનો જન્મ તા. ૩-૩-૧૯૧૮માં.

શેઠ શ્રી રતિભાઈમાં બાળપણથી જ કોઠાસૂઝ અને વ્યવહારુ ડહાપણના સંસ્કારો ખીલ્યા અને પાંગર્યા. ૧૯૩૪માં મેટ્રિકની પરીક્ષા બાદ પોતાની શક્તિ સ્વતંત્ર વ્યવસાય તરફ વાળવામાં લગાડી. ઈ.સ. ૧૯૪૨માં પાલિતાણા સ્ટેટ હસ્તક કાપડના રેશનિંગની સંપૂર્ણ વ્યવસ્થા તેમણે સફળ સંચાલન સાથે સંતોષકારક રીતે પાર પાડી.

પાલિતાણા જૈન સેવાસમાજના દવાખાનાના સર્વગ્રાહી વિકાસને આવશ્યકતા અને અગ્રેસરતા આપવાની તેમની ઊંડી સૂઝ-સમજ ચિરંજીવ બની રહેશે. તેમને એક કુદરતી બક્ષિસ હતી. કોઈપણ જાતની દવા-ટિકડી વિના અનેક દર્દીઓના દુખતા દાંત તેમણે બહુ જ સહેલાઈથી કાઢી આપ્યા છે. ૨૦૦૫-૦૬માં જૈન વીસા શ્રીમાળી જ્ઞાતિનું ગોહિલવાડનું સંમેલન પાલિતાણા ભરાયેલું ત્યારે સૌને અનુકૂળ અને સ્વીકાર્ય એવું બંધારણ ઘડી કાઢવામાં શ્રી રતિભાઈ શેઠનું ગૌરવપ્રદ પ્રદાન રહ્યું છે.

૧૯૪૭માં ભાવનગરમાં તેમનું આગમન થયું. ૧૯૫૨માં વિશ્વની ભયંકર મંદી અને કુદરતી અસામાન્ય મુશ્કેલીઓના કપરા દિવસોમાં પણ પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવા માટે બનતું બધું જ કરી છૂટ્યા. માતૃભૂમિમાં ગુરુકુળ બાલાશ્રમ, શ્રાવિકાશ્રમ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી-અનેક નાનીમોટી સંસ્થાઓને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે તેમની બહુમૂલ્ય સેવાઓ મળી છે. તેમની ધીરજ અને નિષ્ઠા, પ્રેમ અને પ્રતિષ્ઠા, સેવા અને સલાહ, નીતિ અને નિખાલસતા, ધર્મ અને માનવતાની મીઠી સુવાસ વર્ષો સુધી મહેકતી રહેશે. તા. ૩૦-૬-૧૯૮૦ના વિપુલ સમુદાયની હાજરીમાં તેમનો જીવનદીપ બુઝાયો-બહોળા જનસમૂહમાં સુમધુર સુવાસ મૂકતા ગયા

### ઔદ્યોગિક આલમમાં અગ્રેસર

## શ્રી રાજેન્દ્રભાઈ કુંદનલાલ ઝવેરી



ભાદરવા સુદ ૪-ચોથ તા. ૯-૯-૧૯૩૭, જૈનસંવત્સરીના રોજ તેમનો જન્મ. યોગાનુયોગ તે જ દિવસે તેનું ઘર ઇલેક્ટ્રિક લાઈટના પ્રારંભથી ઝળહળ્યું. પ્રાથમિક શિક્ષણ સુરતની રત્નસાગરજી જૈન સ્કૂલમાં, માધ્યમિક જીવનભારતી સંસ્થામાં અને સાયન્સ એજ્યુકેશન પણ સુરતમાં જ કર્યું. જૈન અને જીવનભારતીમાં શિક્ષણ સાથે સંસ્કાર પામ્યા તે આગળ જતાં ખૂબ જ ઉપયોગી નીવડ્યા. વ્યાવસાયિક સંસ્થા 'ઓટોક્લિન'માં કારીગરો સાથે ભાઈચારાથી કામ લેવાનું તેનાથી ને માવતરના સંસ્કારોથી ખૂબ જ સરળ બન્યું.

આજથી ૩૦ વર્ષ પૂર્વે તેઓએ બંને લઘુબંધુઓ દિલીપભાઈ તથા શિરીષભાઈને સાથે રાખી 'ઓટોક્લિન ફિલ્ટર્સ ઓફ ઇન્ડિયા' નામે ઔદ્યોગિક એકમ સ્થાપી વ્યવસાય શરૂ કર્યો. માત્ર ટેક્નિકલ કાર્યદક્ષતા અને સાહસની મૂડી સિવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાણાકીય કે મશીનરી સુવિધા વગરની આ 'ફેક્ટરી'માં તેઓ જુદા-જુદા ભાગોનો સબ કોન્ટ્રાક્ટ કરી એમનાં ઘરાં એસેમ્બલ કરી આપતાં. પ્રથમ વર્ષે ટર્ન ઓવર સારું થતાં ૨૫૦ ચોરસ ફૂટ જગ્યા લઈ થોડીક મશીનરી વસાવી. બાદ ૧૯૭૨માં બીજી ૨૫૦ ચોરસ ફૂટ જગ્યા સંપાદન કરી ૧૯૭૩ સુધીમાં ક્રમશઃ ૫૦૦૦ ફૂટની જગ્યા પર સાચા અર્થમાં 'ઓટોક્લિન' એકમનો આરંભ થયો અને રાજેન્દ્રભાઈની આગેવાની નીચે ચાલતા એકમે ધારી સફળતા મેળવતાં ૧૯૭૮માં પનવેલ પાસે, તળાજામાં ૮૦૦૦ ચો. મીટરના પ્લોટ પર મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કર્યું. આજે સંપૂર્ણ સાધન-સંપત્તિ યુક્ત 'ઓટોક્લિન' એકમ આવશ્યકતાને પહોંચી વળે છે. તેમણે વિદેશથી આયાત થતાં સાધનોનાં સમરૂપ સાધનોનું ઉત્પાદન કરી કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી રાષ્ટ્રભાવના દર્શાવી છે, સાથે તેઓએ ૧૯૯૩માં કચ્છના કંડલામાં ૧૦૦ એકર જગ્યામાં પાઈપકટિંગનો પ્લાન્ટ નાખ્યો છે. ૧૯૯૯થી ઓટોક્લીનમાંથી નિવૃત્ત થયાં. ૧૯૯૯થી ત્રણ વર્ષનો અભ્યાસ કરીને જ્યોતિષઅલંકાર અને વાસ્તુપ્રવીણ મેળવ્યા.

આ એકમ દ્વારા માત્ર ૩૦ વર્ષમાં ૧૦૦ વર્ષ જેટલું કાર્ય સિદ્ધ કરી બતાવી ઝવેરીબંધુઓએ વિક્રમ સર્જ્યો છે. એટલું જ નહીં ઘણાં ક્ષેત્રોમાં 'પ્રથમતા'નું ગૌરવ પણ સર્જ્યું છે અને ઔદ્યોગિક આલમમાં કીર્તિ અને લોકપ્રિયતા પ્રાપ્ત કર્યા છે. આ એકમ ઉપરાંત વિદેશમાં દશબાર વ્યવસાયગૃહોની વિતરણ- વ્યવસ્થા સંભાળતી મે. ઝવેરી એન્ટરપ્રાઈઝના ભાગીદાર એવા રાજેન્દ્રભાઈએ વ્યવસાયવૃદ્ધિ સાથે સમાજસેવાની પણ ઉત્તરોત્તર વૃદ્ધિ કરી છે. શૈક્ષણિકક્ષેત્રે તેઓ સુરતના શ્રી જયકુંવર જૈન જ્ઞાન ઉદ્યોગશાળા તથા શેઠ છોટાલાલ ચિમનલાલ મુન્સફ એજ્યુકેશન ફંડ તથા વડોદરાની શ્રી મહાવીર જૈન વિદ્યાલય-કન્યા છાત્રાલય વગેરેના ટ્રસ્ટી તથા સુરત જૈન ધાર્મિક શિક્ષણસંઘના પેટ્રન તરીકે તેમ જ બોમ્બે એસ્ટ્રોલોજિકલ સોસાયટીના આજીવન સભ્ય છે. એસ્ટ્રોલોજીમાં વિશેષ રૂચી ધરાવે છે. લાયન્સક્લબ ઓફ જૂહુના વાઈસપ્રેસિડેન્ટ તરીકે કાર્યરત રહ્યા હતા તથા જૈન શ્વે. કોન્ફરન્સ સ્ટેન્ડિંગ કમિટિના સભ્ય અને ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ ક્રિષ્ના કોન્ફરન્સના લાઈફ પેટ્રન તરીકે સંકળાયેલા છે. આ બહુવિધ સંસ્થાઓમાં પોતાના વિશાળ અનુભવ અને કાર્યનિષ્ઠાથી રાજેન્દ્રભાઈ આગવું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે. ઘણા જ ઉમદા સ્વભાવના શ્રી રાજેન્દ્રભાઈ જૈન સમાજનું ગૌરવ છે.

## દાનવીર, ધર્મપુરુષ

# શ્રી શશિકાન્તભાઈ રતિલાલભાઈ



શશિકાન્તભાઈ રતિલાલભાઈ

દેશવિદેશની વ્યાપારી આલમમાં શ્રી શશિકાન્તભાઈના નામથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. પ્રબળ પુરુષાર્થ અને આગળ બુદ્ધિપ્રતિભાથી ઉત્તરોત્તર પ્રખર વધતા રહેલા શશિભાઈએ ભાવનગરના પ્રતિભાવંત ઉદ્યોગપતિ અને સેવાભાવી સજ્જન તરીકે ઉજ્જવળ નામના પ્રાપ્ત કરી.



નિલેશભાઈ શશિકાન્તભાઈ

ભાવનગરની મોટા-ભાગની સમાજસેવી સંસ્થાઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. હોસ્પિટલો, શિક્ષણ સંસ્થાઓ, દેરાસરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ અને જૈનજૈનેતરોનાં દરેક શુભ કાર્યોમાં તેમનું યોગદાન પ્રથમ હરોળમાં નોંધાયું છે.



તુષારભાઈ શશિકાન્તભાઈ

શ્રી શશીભાઈને ગળથૂથીમાંથી જ સાહસ, સેવા અને સ્વાર્પણના સંસ્કાર મળ્યા છે. માનવતાના ઉપાસક શ્રી શશીભાઈએ જ્ઞાતિ ઉપરાંત અન્યત્ર જગ્યાએ પણ ઘણી મોટી સહાય કરી છે. પારાવાર મુશ્કેલીઓ વચ્ચેથી હિંમત, ખંત અને શ્રદ્ધાના સથવારે ઘણી મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. પૂર્વ જન્મના રૂડા સંસ્કારબળે લક્ષ્મીલોભ અને વૈભવમોહથી અલિપ્ત રહીને સંપત્તિ સરોવર બનવાને બદલે સરિતા બનીને બહોળા જનકલ્યાણ અર્થે વહેતી જ રાખી છે. પિતાનો ઉજ્જવળ વારસો દિપાવી રહ્યા છે.



હિતેનભાઈ શશિકાન્તભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવાધર્મના ગુણો જેમની નસ–નસમાં વ્યાપેલા છે, સેવાનો કૂપ જે પરિવારના હૈયે હિલોળા લ્યે છે, સંઘર્ષ અને પુરુષાર્થ વડે જેમણે ભાગ્યદેવતાનાં દ્વાર ખખડાવ્યાં છે તેવા ભાવનગર જૈનસંઘના પ્રથમ હરોળના અગ્રણી શ્રી શશિકાન્ત-ભાઈએ ઋજુતા અને સમત્વભાવ સેવીને સેવાના ક્ષેત્રને જે રીતે વિસ્તાર્યું છે તેમના આ દાક્ષિણ્યને અહોભાવથી વંદન કર્યા વગર રહી શકાતું નથી.

ત્રણ પુત્રોનાં શુભલગ્ન પ્રસંગે સ્નેહીઓ તરફથી આવેલી ચાંદલાની રકમ માનવસેવાના યજ્ઞમાં સમર્પિત કરી, જે રકમ લાખોની થવા જાય. આજના યુગમાં આવું યોગદાન આપનાર પરિવાર સમગ્ર સમાજનું બહુમાન મેળવે છે.

ઘણા જ કાર્યકુશળ અને સાહસપ્રેમી એવા શ્રી શશિકાન્તભાઈ વ્યવહારુ અને કાર્યદક્ષ વ્યાપારી તરીકે પણ જનસમૂહમાં સારી એવી ખ્યાતિ પામ્યા છે. ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વપ્રમુખ તરીકેની તેમની સેવા, લોઢાવાળા હોસ્પિટલમાં વાઈસચેરમેન તરીકેની તેમની સેવા, મંદબુદ્ધિના બાળકોની શાળામાં ટ્રસ્ટી તરીકેની સેવા, વર્ધમાન કો.ઓ. બેન્કમાં ચેરમેન, ત્રણ વર્ષ ડાયરેક્ટર તરીકેની સેવા, જૈનસંઘના દવાખાનામાં ટ્રસ્ટી તરીકેની સેવા, બહેરાંમૂંગાની શાળા, અંધઉદ્યોગ શાળા વગેરેમાં તેમની સેવા જાણીતી છે.

વિકલાંગો માટે માતુશ્રી પ્રભાકુંવરબહેનના નામે લાખોનું દાન, જેમાં અસંખ્ય દર્દીઓ લાભ લ્યે છે. ગરીબ–અસહાય માણસો માટે સાધનસહાયક કેન્દ્ર અને આરોગ્યધામના આયોજન દ્વારા મોટી રકમની દેણગી આપી. અગરબત્તીના વ્યવસાયમાં ભારે મોટો વિકાસ કર્યો, બેંગ્લોરમાં બે ફેક્ટરીઓ સ્થાપી જે કાંઈ કમાયા તે દાનધર્મમાં સતતપણે દાનગંગા વહેતી જ રાખી. અગરબત્તીમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા.

ધર્મકાર્યોમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી ચંદ્રાબહેનનું પણ ઘણું મોટું પ્રદાન રહ્યું છે. વર્ષો પહેલાં પ.પૂ.આ. શ્રી મોતીપ્રભ-સૂરીશ્વરજીની મૂર્તિપ્રતિષ્ઠા અને શાસ્ત્રીનગરના જૈનદેરાસરમાં મૂર્તિપ્રતિષ્ઠામાં લાભ લીધો. વલ્લભીપુર પાસે તીર્થસ્થાન અયોધ્યાપુરમ્‌માં ભૂમિપૂજન, પ્રથમ શીલાસ્થાપન તેમના હાથે થયું. ભગવાનને સો કિલો ચાંદીના મુગટનો લાભ તેમણે લીધો. અયોધ્યાપુરમ્ પાસે પાણવી ગામે સાધુ– સાધ્વીઓની વૈયાવચ્ચ માટે ભક્તિધામ યોજનામાં લાભ લીધો.

૧૯૯૩–૯૪માં બેંગ્લોર–રાજાજીનગરમાં દેરાસર શંખેશ્વર પાર્શ્વનાથ પ્રતિષ્ઠાનો લાભ લીધો. વડવા ભોજનશાળાના પ્રમુખ તરીકેનું તેમનું યોગદાન અને સેવા પ્રીતિપાત્ર બન્યાં છે. ભાવનગરની પાંજરાપોળ, સ્મશાનગૃહ જેવી અનેક સંસ્થાઓના મોભી બન્યા છે.

આ દરેક કાર્યોમાં તેના ત્રણ પુત્રો શ્રી હિતેનભાઈ, શ્રી તુષારભાઈ, શ્રી નીલેશભાઈ તથા પુત્રવધૂઓ અમીનાબહેન, નયનાબહેન અને અંજનાબહેનએ સૌનો સહયોગ મળતો રહ્યો છે.

હમણાં છેલ્લાં વર્ષોમાં અયોધ્યાપુરમ્‌માં વિવિધ યોજનાઓમાં ભક્તિનો જે લાભ મળ્યો છે તેમાં જંબૂદ્વીપવાળા પ.પૂ.આ. શ્રી અશોકસાગરસૂરિજી મહારાજ તથા બંધુબેલડી પ.પૂ.આ. શ્રી જિનચંદ્રસાગરસૂરિજી મ. અને પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.સા.ની પ્રેરણા મુખ્યત્વે રહી છે.

માતુશ્રી પ્રભાકુંવરબહેનના નામે વિકલાંગ સાધનસહાયક કેન્દ્રમાં મુખ્ય સહયોગી બન્યા. પી.એન.આર. સોસાયટીમાં વાઈસચેરમેન તરીકેનું સ્થાન શોભાવી રહ્યા છે.

અંધ ઉદ્યોગશાળામાં, રામમંત્રમંદિર સંચાલિત એકતા હાઈસ્કૂલમાં આ પરિવારનું ભારે મોટું યોગદાન નોંધાયેલું છે.

ચારિત્ર અને નૈતિકતાના ઇતિહાસપુરુષ : યશસ્વી પત્રકાર : સાહિત્યમનીષી : પ્રબુદ્ધ ચિંતક : જૈન સંસ્કૃતિના સંરક્ષક :

## શ્રાવકરત્ન શ્રી રાવલમલ જૈન 'મણિ'



'બહુરત્ના વસુંધરા'ની ઉક્તિને ચરિતાર્થ કરવામાં નિસ્પૃહ કર્મયોગી, પ્રબુદ્ધ ચિંતક, આદર્શ શ્રાવક, સમર્પિત લોકસેવક, સાહિત્યમનીષી, ચરિત્ર અને નૈતિકતાના ઇતિહાસ– પુરુષ, યશસ્વી પત્રકાર શ્રી રાવલમલ જૈન 'મણિ'ની ઉમદા નિષ્ઠાએ ઉત્તમ ભાગ ભજવ્યો છે. તેજસ્વી વ્યક્તિત્વના સ્વામી શ્રી મણિએ પરમ તારક દેવાધિદેવ પરમાત્મા શ્રી પાર્શ્વપ્રભુના પાવન સાધનાસ્થળને મંગળ કલ્યાણ આવાસની તપોભૂમિ શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ તીર્થરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીર્થોદ્ધારિત–જીર્ણોદ્ધારિત અને પ્રતિષ્ઠિત કરાવી અગણિત શ્રદ્ધાળુઓની પરમ શ્રદ્ધાથી ઓતપ્રોત કરી દીધું છે. તીર્થ પરિસરમાં તીર્થંકર પરમાત્માઓને જે વૃક્ષો તળે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું એના વનસ્પતિગત ગુણધર્મ અંકિત કરાવતાં કેવળ જ્ઞાનવૃક્ષોની છાયામાં તીર્થંકર ભગવંતોને જે મુદ્રામાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એજ મુદ્રામાં વર્ણયુક્ત પ્રતિમાજીઓ દેવકુલિકાઓમાં વિરાજિત કરવામાં આવ્યાં છે. વિશ્વના પ્રથમ આવા જિનેશ્વર પરમાત્માની યશોગાથા કોતરાયેલા શિલાલેખ દ્વારા તીર્થંકરબાગની સંરચના શ્રી મણિજીની જહેમતના કારણે થઈ છે. તીર્થના વિશાળ પરિસરમાં જ યાત્રાએ આવનાર હજારો શ્રદ્ધાળુઓને એક સાથે શત્રુંજય, શંખેશ્વર, તારંગા, આબુ, ભદ્રેશ્વર, ઓસિયા, કાપરડા, બનારસ, પાવાપુરી, ચંપાપુરી, કુલપાકજી વગેરે પચ્ચીસ તીર્થોની સેવા–પૂજા–અર્ચનાનો લાભ સહજ રીતે મળી જાય છે. 'સકલ તીરથ વંદું કર જોડી'નો અંતરનો ભાવોલ્લાસ ઉવસગ્ગહરં તીર્થના નિર્માતા મણિજીની વ્યાપક દૂરદર્શિતાનું જ પરિણામ છે.

શ્રી મણિજીની અવિરલ પ્રતિભાનાં દર્શન અહીંની જૈન પદ્ધતિએ સંચાલિત પ્રાકૃતિક અને યોગવિજ્ઞાન ઉપચાર–સાધનાના આરોગ્ય અને એના સ્થાયી વિકાસ માટેના મહાવિદ્યાલયમાં થાય છે. તીર્થની સર્વોદય વિકાસયાત્રામાં જૈન ગુરુકુળ વિદ્યાલય–જીવન જીવવાની સુવર્ણ અવસરની ઉપલબ્ધિ સામેલ છે. 'પ્રકૃતિ કે સંગ ચલેં, જીવન–રંગ ખિલે'ના સંદેશવાહક મણિજીએ શાકાહાર–પ્રેમીઓ માટે અનુપમ ઉપહાર અર્પણ કર્યો છે.

પૂજ્ય સાધુ–સાધ્વી ભગવંતોની સેવા વૈયાવચ્ચમાં જનજનની ભાગીદારી માટે નાગપુર (મહારાષ્ટ્ર)થી સમ્મેત શિખરજી વાયા ઉવસગ્ગહરં તીર્થના ૯૫૦ કિ.મી.ના માર્ગ પર નવકારભવનોનાં નિર્માણ કરાવવા માટે વ્યક્તિત્વ અને કર્મના સમન્વયની મૂર્તિ શ્રાવક શ્રી મણિજીએ સંઘર્ષપૂર્ણ સાહસિક પગલું ભર્યું છે. જ્યાં જ્યાં નવકારભવન બની રહ્યાં છે તે સ્થળોનાં નામો ચંપાપુરી, શત્રુંજય, પાવાપુરી જેવાં પાવનતીર્થો તથા તીર્થંકરોની પવિત્ર કલ્યાણક ભૂમિઓનાં નામ પરથી રાખવામાં આવે છે. અધ્યાત્મ યોગી પ.પૂ. આ. ભગવંત શ્રીમદ્ કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.ની કર્મભૂમિ રાજનાંદ ગામ પાસે શત્રુંજયની રચના કરતી વેળા વિશ્વના પ્રથમ કેશરિયા ચૌમુખ રથમંદિરનું નિર્માણ મણિજીના પ્રયાસોથી થઈ શક્યું, જેમાં નવકારભવનની સુંદરતા વધી છે.

સ્નેહસભર, સુહૃદ, અપરાજેય વ્યક્તિત્વના સ્વામી, દૃઢનિશ્ચયી વિચારક, કર્મઠ આયોજક, અદમ્ય ઉત્સાહ, નિર્ભયતાના સબળ સંવાહક, પ્રબુદ્ધ શિક્ષણવિદ્, દૂરદર્શી મનોવૈજ્ઞાનિક ચિંતક, સહિષ્ણુતા અને આત્મશક્તિના મૂર્તપ્રતીક રાવલમલ જૈન 'મણિ'એ ૧૯૬૫માં જ મેળવેલી પીએચ.ડી.ની ડિગ્રી અંગ્રેજીમાં અપાયેલી હોવાથી એક પ્રાણવાન હિંદીપ્રચારક તરીકે વિશ્વવિદ્યાલયને પરત કરી દીધી. શેઠ ગોવિંદદાસ, મહાદેવી વર્મા, રામધારીસિંહ 'દિનકર', રામેશ્વર શુકલ 'અંચલ' જેવાં અનેક પ્રતિષ્ઠિત સાહિત્યકારોના અભિનંદનપાત્ર બનેલા મણિજીએ ક્યાંય 'ડોક્ટર' લખ્યું જ નહીં અને કયાય પણ કોઈ રીતે ડિગ્રીનો ઉપયોગ કર્યો નહીં.

અનેક ધાર્મિક આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં તલ્લીન શ્રી મણિજી આજે પ્રેરક સેવાનું વટવૃક્ષ બની રહ્યા છે. ધર્મનિષ્ઠ સરળતા અને સાદાઈના પ્રતીક શ્રી મણિના આજે ૬૫મી વસંતમાં પ્રવેશઅવસરે એમણે સ્થાપેલાં આદર્શ સંસ્મરણોના પરિપ્રેક્ષ્યમાં અભિનંદન પાઠવતાં અમે ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રાવકરત્ન શ્રી મણિ અભિનંદન સમિતિ, કોલકત્તા

## શ્રી શાન્તિલાલ કપૂરચંદ મહેતા

ગુજરાત ગૌરવ દિનના શુભ પ્રસંગે આપણા સમાજના જ એક અન્ય અગ્રણી ધર્માનુરાગી અને જીવદયાના હિમાયતી તરીકે સારી એવી ખ્યાતિ પામેલા અને શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ તેમજ અન્ય શૈક્ષણિક અને ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ છેલ્લાં ૪૦ વર્ષથી જેઓ જીવદયાના ક્ષેત્રે અવિરત સેવા આપી રહ્યા છે તેવા જેસરનિવાસી શાંતિલાલ કપૂરચંદ મહેતાનું પણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે મહાવીર જીવદયા એવોર્ડ ૨૦૦૫ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

જૈનશાસનના શણગાર સમા અને ઘોઘારી વીસા શ્રીમાળી જૈન જ્ઞાતિના આધાર સ્તંભ જેવા ઉપર્યુક્ત મહાનુભાવ જ્ઞાતિનું નામ રોશન કરનાર જ્ઞાતિના હરકોઈ કામ માટે હંમેશાં તત્પર એવા જેસરનિવાસી શાંતિલાલ કપૂરચંદ મહેતાને ગુજરાત ગૌરવ દિનની ૪૬મી વર્ષગાંઠ ઉજવણી પ્રસંગે વિશાળ માનવમેદની વચ્ચે નામદાર ગુજરાત ગવર્નરની ઉપસ્થિતિમાં જે પ્રમાણે જીવદયા એવોર્ડથી નવાજવામાં આવ્યા તેનાથી હરકોઈ ઘોઘારી જૈન ઉન્નત મસ્તકે ગૌરવ અનુભવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૭૨ની સાલમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ જ્યારે જેસરની મુલાકાત લીધી ત્યારે દુષ્કાળની પરિસ્થિતિમાં સફળતાપૂર્વક સમસ્યાઓ ઉકેલવાની શ્રી શાંતિલાલ કપૂરચંદ મહેતાની આવડતની પ્રશંસા કરી હતી. તેઓની ભારતીય જનતા પક્ષના ભાવનગર જિલ્લાના ઉપપ્રમુખ અને ભાવનગર ગ્રામીણ બેન્ક–ભારત સરકારના ડાયરેક્ટરની સેવા જાણીતી છે. તેમણે જેસરમાં મુંબઈ ફંડ એકઠું કરી શ્રી બળવંતરાય મહેતાની સ્મૃતિમાં શાળાનું મકાન બંધાવ્યું. તેમનું ઘડતર ગાંધીવાદી સામાજિક કાર્યકર શ્રી લલ્લુભાઈ શેઠ હેઠળ થયું. તેમણે અનેક સ્વૈચ્છિક અને અર્ધ સરકારી સંસ્થાઓ મહત્ત્વના હોદ્દાઓ પર રહી કામ કર્યું. તેમણે શિક્ષણ પર અનેક કાર્યો કર્યાં હતાં. તદુપરાંત જીવદયાને લગતી સખાવતો પણ કરી હતી.

ભાવનગર જિલ્લા પંચાયતમાં તેમની સેવાઓ જાણીતી છે. જેસરની નગરપંચાયતમાં વર્ષો સુધી યોગ્ય માર્ગદર્શન અને સક્રિય સેવા આપી બ.ગો. મહેતા વિદ્યાલય–જેસરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે અને જીથરી હોસ્પિટલમાં તેમનું યોગદાન નોંધપાત્ર ગણાયું છે. જેસર વિભાગમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીની સંસ્થાઓમાં પાયાના કાર્યકર તરીકે તેમનું નામ અને કામ જાણીતું છે. જેસરના વિકાસ માટે, ઊભી કરેલી સંસ્થાઓના નિભાવ માટે બહારથી મોટું ફંડ લાવી આપવામાં તેમનો પુરુષાર્થ નોંધપાત્ર ગણાયો છે. તેમની સેવા બદલ સમાજે, તેમને અનેકવખત સમ્માન્યા છે; અનેક એવોર્ડ પણ તેમણે પ્રાપ્ત કરેલા છે. ભાવનગર ડિસ્ટ્રિક્ટ જૈન ફેડરેશનના સેક્રેટરી તરીકે, ઓલ ઈન્ડિયા જૈન શ્વે. કમિટીના મેમ્બર તરીકે અને જુદી જુદી અનેક ધાર્મિક સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે તેમની સક્રિય સેવાઓએ તેમને ઘણે ઊંચે આસને બેસાડ્યા છે. ભાવનગર જિલ્લાનું ખરે જ તેઓ ગૌરવ છે.

(૧) ભાવનગર જિ.પં. કચેરીમાં જેસર વિસ્તારમાંથી ચૂંટાઈ જિ.પં. સદસ્ય તરીકે જઈ અને હાલ જિ.પં. ભાવનગરમાં કારોબારી સમિતીના ચેરમેન તરીકે સેવા બજાવી રહ્યા છે. જે સ્થાન જિલ્લાપંચાયતમાં ખૂબ જ મહત્ત્વનું અને ઉચ્ચ સ્થાન આવેલ છે.

(૨) હાલ ગુજરાત સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે ભાવનગર જિલ્લા જુવીન્યર જસ્ટીસ બોર્ડના મેમ્બર છે, જે સ્થાન મહત્ત્વનું છે કારણ આ (બાળ અદાલત) વિભાગ છે, જેમાં ખૂબ જ ખરી રીતે મહત્ત્વની કામગીરી આવેલી હોય છે.

(૩) એનિમલ વેલ્ફેર બોર્ડ ચેન્નાઈ (ભારત સરકારશ્રી)ના બોર્ડમેમ્બર તરીકે સેવા આપે છે.

(૪) ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ બોર્ડમાં બોર્ડ ઓફ મેમ્બર તરીકે સેવા આપે છે.

(૫) ભાવનગર જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે સેવા આપે છે.

(૬) શ્રી કે. જે. મહેતા ટી.બી. હોસ્પિટલ અમરગઢમાં સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે સેવા આપે છે.

વર્ષ ૨૦૦૪–૦૫માં ૧લી મે ગુજરાત ગૌરવ દિન પ્રસંગે ભાવનગર ખાતે રાજ્યના માનનીય શ્રી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ગુજરાત રાજ્યના જીવદયા ક્ષેત્રમાં વિશિષ્ઠ યોગદાન આપેલ હોય તે બદલ શ્રી મહાવીર જીવદયા એવોર્ડ એનાયત કરેલ છે.

જે ભાવનગર જિલ્લા અને ઓલ ઈન્ડિયા જૈન સમાજના ગૌરવરૂપ છે.

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ, અમદાવાદમાં પ્રાદેશિક પ્રતિનિધિ તરીકે જીવદયા ક્ષેત્રમાં ખૂબ જ મહત્ત્વની કામગીરી કરેલ છે અને હાલ ચાલુ છે જે છેલ્લાં ૪૦ વર્ષથી આ સંસ્થામાં છાપરિયાળી પાંજરાપોળમાં જીવદયાની કામગીરી કરી સેવા આપે છે.

## સેવાના વિવિધક્ષેત્રે અગ્રેસર
## શ્રી શાહ સુરેશભાઈ કાન્તિલાલ



વતન : ઊંઝા, ઉત્તર ગુજરાત, જન્મતારીખ : ૧૨-૧-૧૯૫૧.

સમાજજીવનનાં, હરેક જ્ઞાતિ–જાતિનાં, નગરનાં કાર્યોમાં રસ ધરાવે છે. મુખ્યત્વે સેવાકાર્ય લાયન્સ ક્લબ, ઊંઝાના બેનર નીચે અવર્ણનીય રહ્યું છે. સેવાના ક્ષેત્રે સેવાનાં કાર્યોની વણથંભી વણઝાર ૧૯૭૩થી શરૂ કરી ૨૦૦૧ સુધી અવિરતપણે ચાલુ છે. જીવનની કારકિર્દીના શ્રી ગણેશ કોલેજકાળ દરમ્યાન 'અસાઈત સાહિત્યસભા'નાં મંડાણ અનિરુદ્ધ બ્રહ્મભટ્ટની સાથે કર્યાં. કોલેજકાળે સેવા મુખ્ય હેતુ હતો. આર.એસ.એસ., એન.સી.સી. અને રમતગમત શોખના વિષયો હતા. શુટિંગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેડમિંગ્ટન, લોનટેનિસ, કેરમ, ટેબલટેનિસમાં અનેકવિધ એવોર્ડ હાંસલ કરેલ. ત્યારથી 'યુનિવર્સિટી'માં ઉ. ગુજરાતના ચેરમેન પદે ૧૯૭૨માં ચૂંટાયા ત્યારથી, 'એશિયા ૭૨'થી શ્રી ગણેશ થયા.

ચડતી-પડતીનાં કાર્યોમાં આર્થિક ભીંસ અથવા બીજાં વિઘ્નો ગર્ભશ્રીમંતાઈના કારણે આવ્યાં નથી, પરંતુ ઊંચાં સેવાકીય કાર્યો કરતાં વિઘ્નસંતોષીના કારણે વિઘ્નો આવે પણ વાદળ આવીને જતાં રહે તેમ ઓસરાઈ જાય. માંગલિક જીવનની શરૂઆતમાં જ ધાર્મિક સંસ્કારોનું સિંચન, નાની ઉંમરે ઉપધાન તપની આરાધના, તેમના જીવનનું ઉચ્ચમતમ પાસું રહ્યું છે અને પિતાશ્રી માઉન્ટ આબુ ખાતે પારિવારિક શિબિર ટૂરનું આયોજન કરતા ત્યારે બે-ચાર કલાક ઉપરાંતના અષ્ટ પ્રકારી પૂજાની એકધારી આધ્યાત્મિકતાની લીંક એમના જીવનનો યાદગાર પ્રસંગ છે. જીવન જીવવાની કલા પરમ પૂજ્ય પિતાશ્રી દ્વારા ઘડવામાં આવી.

વિવિધ ક્ષેત્રોમાં 'શ્રી જૈન નીતિ-કલ્યાણ મંડળ'ના પ્રમુખપદે જૈન સંઘના પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉપધાનનાં મુખ્ય કાર્યોમાં આગળ પ્રતિભા ઉપસાવતો ભાગ લીધેલ ગ્રંથ બનાવ્યો તે શતાબ્દી ગ્રંથની કમિટીના મુખ્યપદે રહી સંપાદન કરવાનો લાભ મળેલ છે. લાયન્સ ક્લબ ઊંઝાના સભ્ય, સેક્રેટરી, પ્રમુખ અનેકવિધ હોદ્દા ભોગવેલ છે તથા ગુજરાતની ડિ. ૩૨૩ બીમાં નોંધનીય ફાળો રહ્યો છે.

-લાયન્સ ડિ-૩૨૩-બીના કેબિનેટના ડિ-ચેરમેન, સાઈટ ફર્સ્ટ કમિટી ચેરમેન તથા નેચરલ કેલેમિટીના ચેરમેન તથા અનેકવિધ હોદ્દાઓ ભોગવ્યા.

-શૈક્ષણિક સંસ્થાઓ 'શિશુમંદિર', 'ઊંઝા કેળવણી બોર્ડ', 'જી. એલ. પટેલ હાઈસ્કૂલ', 'કે. એલ. પટેલ મહિલા સ્કૂલ', 'નવજીવન કેળવણી મંડળ'ની કારોબારીમાં અવિરત સેવાનું પ્રદાન.

-ઊંઝામાં નગરનાં જિમખાના, ગ્રાહક સુરક્ષા સમિતિમાં પ્રદાન.

-ગુજરાત અસાઈત સભાના પ્રમુખપદે રહીને અનેકવિધ 'નાટ્યસ્પર્ધાઓ', 'વક્તૃત્વશક્તિ ક્ષેત્રે', સ્પર્ધાઓનું આયોજન, 'સંગીતશાળા', 'નાટ્યજાલકા' વગેરેનાં ઉદ્ઘાટનોમાં પ્રધાન ભૂમિકા. રમતગમત ક્ષેત્રે આગવી સિદ્ધિઓ મેળવેલ છે તથા જિમખાનામાં આગવું પ્રદાન. ૧૯૭૩થી ૨૦૦૧ સુધી અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ 'લાયન્સ ક્લબ ઊંઝા'ના નેજા હેઠળ મુખ્ય ભૂમિકા, ઝોન ચેરમેન, રિજિયન ચેરમેન પદે રહી સમગ્ર ઉત્તર ગુજરાતનાં ગામો ધાનેરા, ભાભર સુધી સાબરકાંઠામાં ભીલોડા, પ્રાંતિજ સાથે પ્રેમ અને લાગણીના તંતુથી સૌ મિત્રો સાથે બંધાયેલા છે. અમદાવાદ સિટિમાં અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં પ્રદાન. ૧૯૭૭માં સમગ્ર ગુજરાતના ભૂતપૂર્વ ઊર્જામંત્રી શ્રી નલિનભાઈ પટેલની ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સનું આયોજન કરી ચેરમેન પદે રહી, મુખ્યપ્રધાન શ્રી દિલીપભાઈ પરીખની ડિ. ગવર્નરની નિયુક્તિ વખતે આગવું પ્રદાન, ૧૯૭૮માં સમગ્ર ગુજરાતની અંદર સેવાકીય પ્રવૃત્તિઓ માટે ઇન્ટરનેશનલ ઈલિનોઈસ ખાતેથી એપ્રિસિયેશન સર્ટિફિકેટથી ઊર્જામિનિસ્ટર નલિનભાઈ પટેલ દ્વારા નવાજવામાં આવ્યા હતા. સાઈટ ફર્સ્ટની આગવી કામગીરી ચેરમેન પદે રહી કરી.

-ઈન્ટરનેશનલનું 'એમ. જે. એફ.' મેલ્વિન જોન્સ ફેલો તરીકે બિરુદ મેળવ્યું અને સમ્માનિત કરવામાં આવ્યા હતા. અનેકવિધ એવોર્ડો મેળવેલ છે. જીવદયાના કાર્યમાં અનેકવિધ પ્રવૃત્તિઓ તથા બે વર્ષ પહેલાં જ અઠવાડિયામાં બે વખત નિરાધાર કામ કરતા આશ્રિતોને ગામડેગામડે ફરી સુખડી વિતરણના ભગીરથ કાર્યના પ્રણેતા અને મુખ્ય ચેરમેન પદે રહી વિનિયોગ પરિવાર, ડીસા મંડળીના સહયોગમાં રહી ઘાસ વિતરણ તથા ઢોરકેમ્પોનું આયોજન.

-પ્રેમચંદ ઈશ્વરલાલ ટ્રસ્ટ દ્વારા અનુદાનથી ઉત્તર ગુજરાતનાં ગામડાંનાં જૂનાં દેરાસરો, ઉપાશ્રયોના જીર્ણોદ્ધારનાં કાર્યોમાં મુખ્ય રહી લણવા ગામનું કાર્ય પૂર્ણ થયેલ છે.

-યશોવિજય જૈન પાઠશાળા મહેસાણાના કારોબારી સભ્ય રહી સેવાઓનો અપૂર્વ લાભ મેળવેલ છે. તત્ત્વજ્ઞાનની પરમ સેવા કરવાનો પીડિતોના સંપર્કમાં લાભ શતાબ્દી-મહોત્સવમાં પણ સેવાનું પ્રદાન.

-નેતૃત્વ શક્તિ માટે સેમિનાર, પર્સનાલિટી ડેવલપમેન્ટ, પ્રતિભા વિકાસ અભિયાનના કો. ઓર્ડિનેટર તરીકે કાર્ય કરેલ છે.

પત્ની જયશ્રીબહેન અનેકવિધ તપશ્ચર્યાઓ, ધાર્મિક લાગણીથી ગૂંથાયેલ, કુટુંબ-પરિવારની સાચી ગૃહિણી બની દરેક કાર્યમાં સતત પ્રયત્નશીલ, પ્રેરણારૂપ બનેલ છે. પુત્રો ભાવેશભાઈ અને વિશાલભાઈ ધંધા-વ્યવસાયમાં પ્રવૃત્ત છે. પુત્રી : સેજલ-બહેન અને ભાઈ ગિરીશભાઈ મોટાભાઈ તરીકેનો અપૂર્વ પ્રેમ, પ્રેરણાદાયી લાગણીઓથી ભીંજવી દઈ પ્રેમનો ધોધ વહાવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

–પોતાની વિકાસગાથામાં સતત આધ્યાત્મિકતા વણાયેલી રહી છે. શિખરજીની ધર્મશાળામાં વિભાગ ઉપર નામકરણ. જૈનશાસનની અનેક સંસ્થાઓમાં દાનની સરવાણી ચાલુ છે.

–ઊંઝા નગરના ૧૦૦ વર્ષ જૂનાં ઉપાશ્રય–વાડી આગથી ભસ્મીભૂત થતાં તેના નવસર્જનમાં આગવું પ્રદાન અને ખાતમુહૂર્ત કરવાનો અનેરો લાભ, શાંતિનગરમાં જૈન સંઘમાં બનેલ આરાધનાભવનના ઉદ્‌ઘાટનનો લાભ, ચૈત્ર આસો માસની ઓળીને કાયમી ધોરણે અનુદાન આપેલ છે. કાર્તિક પૂર્ણિમાનું કાયમી ધોરણે ઊંઝા નગરમાં સ્વામીવાત્સલ્ય, શીતલનાથ ભગવાનની દેરીનું અંજનશલાકા, પ્રતિષ્ઠા તથા ધજા–દંડન લાભ.

પુસ્તકાલયમાં અનુદાન, કે. એલ. પટેલ મહિલા વિદ્યાલયમાં ઓરડાનું અનુદાન.

–શિખરજીમાં ભાતાગૃહ પાસે બનતી ધર્મશાળામાં એક બ્લોકનું અનુદાન.

શિશુમંદિરમાં અનુદાન, કુંથુનાથજીના જિનાલયે 'રાણ–પગલાં'ની અંજનશલાકા, પ્રતિષ્ઠા, ધજા–દંડનો લાભ, પુસ્તકાલયમાં અનુદાન, સેવાકીય કાર્યોમાં અનુદાન, જૈન–શાસનનાં અનેકવિધ કાર્યોમાં દાનની સરવાણી. પોતાના ક્ષેત્રમાં યશભાગી બનવા પૂજ્ય પિતાશ્રી કાન્તિલાલ શેઠ તથા તેઓશ્રીના મિત્ર બીલીમોરાના મોતીચંદ કાકાની પ્રેરણા દ્વારા આગેકૂચ.

–ભારત દેશના ઘણાંખરાં શહેરોમાં જૈનતીર્થોની યાત્રા સંપૂર્ણ જેવી કરેલ છે.

## માનવકલ્યાણની જ્વલંત જ્યોતિ સ્વરૂપ
## શ્રી ૧૦૮ આદિ અનેકાનેક ટ્રસ્ટોના ટ્રસ્ટી
# શ્રી સોમાભાઈ મણિલાલ



જેમનાં નામ અને કામની સુવાસ માત્ર જૈન સંસ્થાઓ પૂરતી કે માદરે વતન કે કાંકરેજ ક્ષેત્ર પૂરતી જ મર્યાદિત ન રહેતાં ચોમેર પ્રસરી છે તેવા વિરલ વ્યક્તિત્વધારી, દેવગુરુ શ્રદ્ધાસંપન્ન, ગુરુકૃપાપાત્ર, શ્રી સોમાભાઈનો આંતરવૈભવ દર્શનીય અને માણવાલાયક હતો. આજે ૭૨ વર્ષની જૈફ વયે પણ શ્રી સોમાભાઈના મુખારવિંદ પર યુવાનીને શરમાવે તેવી ગજબની સ્ફૂર્તિ અને થનગનાટના કારણે તેજ ઝળકતું જોવા મળતું. જન્મ તા. ૩-૩-૩૦. શ્રેષ્ઠીવર્ય શ્રી આમલચંદ મગનચંદ પાંચાણી પરિવારના આ પુણ્યવંતા તેજ સિતારામાં ગુણરત્નોનો ઝગમગાટ સામાન્ય જનને પ્રભાવિત કરી દે તેવો ભવ્ય હતો.

કુશળ વહીવટકર્તા એવા સોમાભાઈએ ગાંધીજીના ટ્રસ્ટીશીપ સિદ્ધાંતને જીવનમાં મૂર્ત કરી આપેલ. તેમનું બહુમુખી વ્યક્તિત્વ 'વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ' ઉક્તિને સાર્થ કરનારું નીવડ્યું છે. તેઓ તન, મન, ધનથી શ્રી જિનશાસન અને જનસેવા કરી રહ્યા હતા. એક કુશળ કેળવણીકાર, સોમાભાઈ શાહે સ્કૂલ, હાઈસ્કૂલ, હોસ્પિટલ–આયંબિલખાતુ–દહેરાસર નિર્માણનું કાર્ય હોય કે જીર્ણોદ્ધારનું કાર્ય હો, દેવગુરુકૃપાબળે અને પોતાની આગવી અને અનોખી સખાવત મેળવવાની કુનેહથી ઘણી મોટી રકમની સખાવતો જે તે ટ્રસ્ટ કે સંસ્થા માટે મેળવી સમર્પણની સૂરીલી સરગમ બજાવી રહ્યા હતા. તેમની કોઠાસૂઝ અતિ ગજબની છે. ગચ્છાધિપતિ પ.પૂ. આ. દેવશ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા તેમના વડીલબંધુ પ.પૂ. આ.દેવશ્રી વિ. સુબોધસૂરીશ્વર મ.સા.ની પ્રેરણાથી શંખેશ્વરમાં નિર્માણ પામેલ 'શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર'માં અગ્રણી અને પાયાના ટ્રસ્ટી છે. તેમ જ થરાથી ત્રણ કિ.મી. દૂર આવેલ રૂની તીર્થનું નિર્માણ પ.પૂ. આચાર્ય દેવશ્રી, વિનયચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા તેમના શિષ્યરત્ન પ.પૂ. આચાર્યદેવશ્રી, કલ્પજયસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી થયેલ છે. તેના પાયાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે બીજા ટ્રસ્ટીઓની સાથે જમીનસંપાદનથી માંડી બાંધકામ, જીર્ણોદ્ધાર આદિ તમામ કામગીરી ખૂબ પ્રશંસનીય રીતે કરી હતી.

સદાય પરમાર્થે ઓલિયા જેવું જીવન જીવતા આ શાસનશૂરા શ્રાવકના જીવનમાં તેમનાં ધર્મપત્ની પરમૂલ તપસ્વિની, મિતભાષી, કુટુંબ ભાવનાશીલ સુભદ્રાબહેનનો અમૂલ્ય ફાળો છે. સુભદ્રાબેના ઉત્તમ આત્માએ ૫૦૦ આયંબિલના તપની પૂર્ણાહૂતિ તરફ પહોંચતાં જ પૂર્ણ સમાધિપૂર્વક ૪૦૫ આયંબિલે આ જગતને અલવિદા કરી લીધી, જેથી તેમના આત્મશ્રેયાર્થે કાયમી સ્મૃતિ સ્વરૂપે શ્રી ૧૦૮ મહાપ્રસાદ તીર્થમાં પ.પૂ. ગચ્છાધિપતિ પ્રેમસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની અમિદૃષ્ટિથી તથા તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ઉદારતાથી સોમાભાઈને કાયમી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આયંબિલખાતું કરવાનો આદેશ આપેલ છે. તે આયંબિલખાતું અત્યારે ચાલું છે.

તપસ્વી સોમાભાઈએ માસક્ષમણ, સોળભથ્થું, પંદર–દસ–નવ–પાંચ વગેરે ઉપવાસ, વર્ષીતપ, ઉપધાનતપ, આયંબિલની ઓળીઓ આદિ વિવિધ તપસ્યાથી જીવનને અલંકૃત કરેલ છે. પાલિતાણામાં બે વખત ચોમાસું, ૨૪ વર્ષ પૂનમ કરી, સમેતશેખર સાત વખત જાત્રા કરેલ તથા ભારતના ૯૦ ટકા તીર્થોની યાત્રા કરી છે. હોંગકોંગ, બેંગકોક, સિંગાપોર, પાકિસ્તાન, શારજાહ, દુબઈ વગેરેનો વિદેશ પ્રવાસ પણ કરેલ છે. તેમણે પરમ મિત્ર અને મુરબ્બી શ્રી જયંતીલાલ વી. શાહ તથા હરગોવિંદ વી. શાહ તથા દલપતભાઈ એમ. શાહ સાથે ખભે ખભા મિલાવીને જે ઐતિહાસિક કાર્યો કર્યાં છે તે જોઈને પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મ.સા.એ કહેલું કે "ખરેખર બેંતાલીસી સમાજના આ ચાર શ્રાવક બંધુઓએ એક ઇતિહાસ સર્જ્યો છે, જેને આવનારી પેઢી સદાય યાદ રાખશે." જેઓએ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ જૈન તીર્થ અને શ્રી ગોડીજીનું તીર્થ પ્રભાવક ટ્રસ્ટ, રૂની સિવાય પણ સમ્મેતશિખરજીનાં ધર્મમંગલ વિદ્યાપીઠ, પાલિતાણા, શ્રી ભક્તિ વિહાર જૈન ધર્મશાળા અને સુરાણી ભુવન જૈન ધર્મશાળાના ટ્રસ્ટીઓ તરીકે સેવા બજાવી રહેલ છે. તેમના સંસારી પક્ષે સગાં બહેન પૂ.સા. શ્રી સૂર્યકલાશ્રીજી મ.સા. આજે સ્વ–પર કલ્યાણકારી એવી સંયમજીવનની સાધના કરી રહ્યાં છે. ધન્ય છે આવા કુટુંબને!

સોમાભાઈનું રાજકીય ક્ષેત્રે યોગદાન પણ અતિ નોંધનીય છે. ધી પ્રગતિ કો.ઓ. બેંક લિ. થરા, ધી નેશનલ સીડ સર્ટિફિકેશન એજન્સી–ન્યુ દિલ્હી, ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ બેંક લિ. પાલનપુર, ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર નિયંત્રણ સંઘ, અમદાવાદ, ધી અર્બન કો. ઓપ. બેંક ફેડરેશન અમદાવાદ, જિલ્લાપંચાયત બાંધકામ સમિતિ, પાલનપુર આદિમાં ચેરમેન કે ડાયરેક્ટરની ભૂમિકામાં સુંદર યોગદાન આપી રહ્યા છે. આ ઉપરાંત કાંકરેજ તાલુકા પંચાયત, થરા ગ્રામ પંચાયત અને બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં તેઓ સભ્ય છે તથા કાંકરેજ તાલુકા ખરીદ વેચાણ સંઘ, બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ તથા બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘમાં ડાયરેક્ટર હતા.

તેઓ નીચેની સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. (૧) અભિનવ ભારતી, વડા (ચાર સ્કૂલો સંભાળે છે.), (૨) જે. વી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, થરાના ટ્રસ્ટી (હોસ્પિટલ નિર્માણ થઈ ગયેલ છે), (૩) શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ (જૈન બંધુઓને મદદગાર ટ્રસ્ટ), (૪) શ્રી રતનશી મૂળચંદ જૈન બોર્ડિંગ ટ્રસ્ટમાં ટ્રસ્ટી–થરા, (૫) શ્રી દશા શ્રીમાળી બેંતાલીશ જૈન સમાજ સંસ્થા સંચાલિત કાલીદાસ મંછાચંદ જૈન બોર્ડિંગના ટ્રસ્ટીવર્ય–પાટણ, (૬) શ્રી દશા શ્રીમાળી બેંતાલીશ જૈન મંડળ પાટણમાં ટ્રસ્ટી મહોદય, આ ઉપરાંત તેઓએ થરામાં દાદાશ્રીના નામે સાર્વજનિક વાચનાલય બંધાવેલ છે. આવા સર્વતોમુખી પ્રતિભાસંપન્ન શ્રી સોમાભાઈ હમણાં જ થોડા સમય પહેલાં નવકારનું સ્મરણ કરતાં કરતાં સ્વર્ગવાસી બન્યા.

## ધર્મવીર, કર્મવીર
# શ્રી હરગોવિંદભાઈ વી. શાહ



"સૂરજની કિંમત એના પ્રકાશથી, દીપકની કિંમત એના ઉજાસથી, પુષ્પની કિંમત એની સુવાસથી છે તે જ રીતે માણસની કિંમત એની માણસાઈથી છે." – આવું ચુસ્તપણે માનતા જ નહીં બલ્કે જીવનમાં ચરિતાર્થ કરી બતાવનાર હરગોવિંદભાઈનો જન્મ વડામાં ૧૯૩૧માં પિતા વીરચંદભાઈ પુંજમલભાઈના વીર સુપુત્ર અને માતા મોંઘીબહેનના રાજદુલારા તરીકે થયો. બાલ્યાવસ્થાથી જ જ્ઞાનરસિક, દેવગુરુભક્તિવંત, ધર્મશ્રદ્ધાસંપન્ન, તીવ્ર મેધાવી, વિનયી, વિવેકી અને ધારેલું કામ કરી છૂટવાની તમન્નાવાળા હોવાથી સ્કૂલ અભ્યાસ પૂર્ણ કરી હરણફાળ પ્રગતિ કરતા વાત્સલ્યના સુધાસિંધુસમ હાઇસ્કૂલના પ્રિન્સિપાલપદે બિરાજમાન થયા અને સં. ૨૦૨૧માં થરા વસવાટ બાદ તો અનેક ક્ષેત્રોમાં સિદ્ધિનાં સોપાનો સર કરતાં વિવિધ ટ્રસ્ટોમાં ટ્રસ્ટી બન્યા. (સિમ્પલ લિવિંગ એન્ડ હાઇ થિંકિંગ)માં માનતા જીવદયાપ્રેમી અનેક સુકૃતોના સદ્ભાગી, નિઃસ્વાર્થ શાસનસેવા અને માનવકલ્યાણનાં કાર્યો કરનાર શાસનાનુરાગી. એમનું યોગદાન કયાં ક્ષેત્રે નથી એ જ પ્રશ્ન છે? ચાહે ધર્મક્ષેત્રે હોય, સામાજિક ક્ષેત્રે હોય, કે રાજકીય ક્ષેત્રે સદા અગ્રેસર રહી સંપૂર્ણકાર્ય કુનેહ અને નિષ્ઠાપૂર્વક સુચારુરૂપે પાર પાડે જ. એની આગવી પુણ્યનિધિ અને ગુણવૈભવ એવાં કે નિરહંકાર અને લઘુતા, ઉદારતા અને કરુણા, ગંભીરતા અને ધીરતા, મૈત્રી અને પ્રેમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિઃસ્વાર્થતા અને સમર્પણતાથી ઘણી મોટી રકમની સખાવતો જે તે ટ્રસ્ટ માટે મેળવી આપવામાં નિમિત્તરૂપ બને જ.

ગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. અને વડીલબંધુ પ.પૂ.આ.ભ.શ્રી સુબોધસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સાકાર પામેલ. શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહારમાં હામભર્યા હૈયાવાળા તેઓએ પાયાના ટ્રસ્ટી તરીકે તન, મન, ધન સંપૂર્ણ ન્યોચ્છાવર કરી દીધેલ છે અને રૂની તીર્થ પ્રભાવક ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સતત પ્રવૃત્તિશીલ રહી નિર્માણ અને જિર્ણોદ્ધારમાં સેવાધર્મની પુણ્યસરિતા વહાવી રહ્યા છે. સમ્યગ્જ્ઞાનની અનન્ય રુચિવાળા તેઓ વૈરાગ્યની વનરાજિમાં વિહરવા ઉત્સુક હતા પરંતુ ચારિત્ર મોહનીય કર્મના ઉદયે ભલે સંસારી બન્યા પણ તમન્ના અને જીવન તો સંયમી જેવું જ. ધાર્મિક અભ્યાસ અતિ અનુમોદનીય. ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્ સંગ્રહણી, તત્ત્વાર્થાભિગમસૂત્ર, વિતરાગસ્તોત્ર સાર્થ જેવા અનેક ગ્રંથોનું તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે તો સાથેસાથે સંસ્કૃત અને પ્રાકૃતભાષા ઉપર પણ સારું એવું પ્રભુત્વ ધરાવે છે.

સોનામાં સુગંધરૂપ એટલે કે જ્ઞાન સાથે ક્રિયાનો સમન્વય તેમનામાં ખૂબ સુંદર રીતે જોવા મળે છે. તેઓ છેલ્લાં ૧૫ વર્ષથી બે સમય પ્રતિક્રમણ, સામાયિક, નવસ્મરણ, ઋષિમંડળ વગેરે સ્તોત્રપાઠ, બાંધીમાળા, સ્વાધ્યાય, નવી ગાથા, ચૌદ નિયમ ધારવા, અષ્ટપ્રકારી પૂજા, સંથારે શયન, રોજે ઉકાળેલું પાણી વાપરવું આદિ નિત્યક્રમે અને પાંચતિથિ એકાસણાં, ચોમાસામાં બેસણાં, સચિત્તનો ત્યાગ, વર્ષમાં પાંચ પૌષધ, અતિથિ સંવિભાગ વ્રત, દેસાવગાસિક આદિ ધર્મપ્રવૃત્તિ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં શિખર ઉપર કળશ સમાન શોભે છે. તેમનું જ્ઞાન અને ક્રિયાક્રમ જીવન તપનાં ઘરેણાં અને આભૂષણોથી પણ વિભૂષિત છે. મહિનામાં પચીસ દિવસ તો અનેકાનેક ટ્રસ્ટોની કામગીરી અંગે ઘરની બહાર રહેવા છતાં વર્ષીતપ, અટ્ઠાઈ આદિ દ્વારા કરેલ છે. ગચ્છાધિપતિ પ.પૂ.આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. અને શાસનપ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની પાવનનિશ્રામાં સંયમી રત્નાકર ધરાની વિરલ વસુંધરા પાવાપુરી સોસાયટી મધ્યે શ્રી વર્ધમાન સ્વામી જિનાલયની ઐતિહાસિક અને યાદગાર, ચિરસ્મરણીય પ્રતિષ્ઠામાં આકર્ષક ચડાવો લઈને પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવેલ છે. ધન્ય છે આવા ઉદાર દરિયાદિલ શેઠ શ્રી અને સંઘવત્સલ સાધર્મિક વત્સલ, કુટુંબવત્સલ, સમાજ વત્સલ દાનેશ્વરી રત્નને!

આ બંને પૂજ્ય આ.ભ. શ્રીની પાવન નિશ્રામાં જ ભારે દબદબાપૂર્વક વડાથી શંખેશ્વરજીનો છ'રીપાલિત યાદગાર સંઘ કાઢેલ, જેની સુવાસ આજે પણ મણાય છે. તેમના આ સમષ્ટિનાયક જીવનમાં ધર્મસંસ્કારોથી સિંચાયેલ તેમનાં ધર્મપત્ની કંચનબહેનનો ફાળો અપૂર્વ છે. 'પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી' થનાર આ ભવ્ય આત્માને જે હરગોવિંદભાઈએ ચતુર્થવ્રત સ્વીકારવાની વાત કરી તો તુરત જ તૈયાર. ધન્ય છે આવી શ્રાવિકાઓને! પરિવારમાં ત્રણ દીકરા અને એક દીકરી. દીકરાને ઘરે પણ દીકરા-દીકરી. બધાં જ દેવગુરુધર્મશ્રદ્ધા સંપન્ન. પનોતી પુણ્યાઈના ધારકને આવું સદાયે કિલ્લોલ કરતું કુટુંબ મળે! દોમદોમ સાહ્યબી હોવા છતાં સાદગીપૂર્ણ, વિનમ્રવાન, સૌજન્યતા, શાલીનતા અને નિરાભિમાનતાના માલિક હરગોવિંદભાઈ નીચેની સંસ્થાઓમાં સમર્પણ ટ્રસ્ટી તરીકે સેવાની બંસરી બજાવી રહેલ છે.

(૧) શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર-શંખેશ્વર અને રૂની તીર્થપ્રભાવક ટ્રસ્ટમાં પાયાના ટ્રસ્ટી, (૨) શ્રી ધર્મમંગલ વિદ્યાપીઠ મધુવન-શિખરજીમાં ટ્રસ્ટી, (૩) થરા-પાવાપુરી વર્ધમાન શ્વે. મૂ. પૂ. જૈન ટ્રસ્ટમાં ટ્રસ્ટી, (૪) સિદ્ધગિરિ ભક્તિ વિહાર ધર્મશાળા-પાલિતાણામાં ટ્રસ્ટી, (૫) થરા, જૈન શિક્ષણ સંઘના ટ્રસ્ટી, (૬) શ્રી વર્ધમાન સોશ્યલ ટ્રસ્ટ. થરામાં ટ્રસ્ટી (જેમાં સાધર્મિકોને સહાય કરાય છે.), (૭) શ્રી જે.વી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી (હોસ્પિટલનું મકાન બંધાઈ ગયેલ છે.), (૮) થરા રતનશી મૂળચંદ બોર્ડિંગમાં ટ્રસ્ટી, (૯) શ્રી દશા શ્રીમાળી બેંતાલીશી જૈન બોર્ડિંગમાં પ્રમુખ તરીકે સાત વર્ષ સુધી સેવા આપી છે. (૧૦) શ્રી અભિનવ ભારતી ટ્રસ્ટના સંચાલક તરીકે વડા, તેરવાડા, ખીમાણા, રાનેર એમ ચાર ગ્રામ્ય બુનિયાદી હાઈસ્કૂલનું સંચાલન તેમજ ખીમાણા બક્ષીપંચ છાત્રાલયનું સંચાલન. કાંકરેજ તાલુકા કેળવણી મંડળ, થરાના મંત્રી તરીકે દસ વરસ સુધી સેવાની સૂરીલી સરગમ, પ્રગતિ કો. ઓ. બેન્ક થરાની સ્થાપના કરી ૧૮ વર્ષ ચેરમેન પદે રહ્યા. શ્રી દશા શ્રીમાળી બેંતાલીસ જૈન બોર્ડિંગમાં સાત વર્ષ ચેરમેન પદે રહ્યા. ટૂંકમાં બહોળો અનુભવ અને પોતાની આગવી સહજ સૂઝથી સંસ્થાઓને ખૂબ ઉપયોગી થયા છે.

જિનાજ્ઞાને અનુસરતું, ગુર્વાજ્ઞાના કવચવાળું અને સ્વાધ્યાયની તત્પરતાવાળું ટ્રસ્ટીવર્યોનું જીવન જવલ્લે જ જોવા મળે. હરગોવિંદભાઈના જીવનમાં રહેલ આ ત્રિવેણી સંગમ સંપર્કમાં આવનાર સહુ કોઈને શાતા અને શાંતિ આપનાર બને છે. સમતાવંત, સાત્ત્વિક, શુભસંકલ્પ અને શુભઅધ્યયને સહચારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બનાવનાર રત્નત્રયીને મૂડી માનનાર, કુટુંબમાં પણ સંસ્કારોનું વાવેતર કરનાર, ધનવાનની સાથે ગુણવાનનું બિરુદ મેળવનાર, વિરલવ્યક્તિત્વશાળી હરગોવિંદભાઈનાં સુકૃતોની ભૂરી ભૂરી અનુમોદના. તેઓ નિરામય દીર્ઘાયુ પામી શાસનસેવા અને માનવસેવા દ્વારા ચારે દિશામાં યશોકીર્તિનાં તોરણો બાંધે અને તેમના ગુણનંદનવનની સુવાસ, કીર્તિ મધમધાયમાન બને એ જ અભ્યર્થના.

## શ્રી હસમુખરાય વનમાળીદાસ મહેતા



અનન્ય શ્રદ્ધા અને અવિશ્રાન્ત પરિશ્રમ ખેડીને મુંબઈમાં બિલ્ડરોની પ્રથમ હરોળમાં સ્થાન પામનાર શ્રી હસમુખભાઈ વી. મહેતા ગોંડલ સૌરાષ્ટ્રના વતની છે, તેમની જન્મભૂમિ અને કર્મભૂમિ છે.

તેજસ્વી બુદ્ધિશક્તિ, વિચક્ષણ વિચારશક્તિ અને કુશળ કાર્યશક્તિથી હાલમાં મુંબઈમાં વર્ધમાન બિલ્ડર્સ અને નિર્વાણ ગ્રુપ બિલ્ડર્સમાં ભાગીદાર તરીકે કાર્યમગ્ન રહ્યા છે. ગોંડલ-સૌરાષ્ટ્રમાં ઈન્ડસ્ટ્રીઝ ધરાવે છે.

આધુનિક યુગને અનુરૂપ બાંધકામક્ષેત્રે નૂતન વિકાસની વસંત મહેકે એવી ઉન્નત ભાવનાથી પ્રેરાઈને જે સાહસ કર્યું છે તેમાં સમર્થ વહીવટકર્તા તરીકેનું સ્થાન સંપ્રાપ્ત કર્યું છે. તેમની સાદાઈ, નિયમિતતા, સંયમશીલતા, ઉદારતા જેવા સદ્‌ગુણોએ તેમને ઘણે ઊંચે આસને બેસાડ્યા છે.

સંસ્કાર અને સેવાપરાયણતાના સદ્‌ગુણોથી શોભતા શ્રી હસમુખભાઈને માંગલિક ધર્મનો વારસો બચપણથી મળેલો એટલે ધાર્મિક આયોજનોમાં મહત્ત્વનો ફાળો આપી જીવન સાર્થક કરી રહેલા શ્રી હસમુખભાઈ સમૃદ્ધિના શિખરે પહોંચવા છતાં મિથ્યા ઉન્માદ ક્યારેય સેવ્યો નથી. સેવાભાવનાથી ભરેલું તેમનું સમગ્ર જીવન સૌને પ્રેરણાની સૌરભ સુદીર્ઘ સમય સુધી અર્પતું રહે તેવી અમારી હાર્દિક શુભેચ્છાઓ છે.

ધર્મપરાયણતા અને સમાજસેવાના આદર્શને હંમેશાં નજર સમક્ષ રાખીને કામ કરીને રહ્યા છે. જૈન સંપ્રદાયોનાં બધાં જ સાધુ-સાધ્વીજીઓ તરફનો તેમનો અનન્ય પૂજ્ય ભાવ અને વૈયાવચ્ચ માટે તેમની સેવાપરાયણતાને કારણે કેટલીક સામાજિક સંસ્થાઓમાં સક્રિયપણે રસ લઈ રહ્યા છે. જીવનનાં સ્વપ્નાંઓ અને કાર્યો માત્ર તરંગી મનોરથોથી નહીં પણ સતત ઉદ્યમ અને પુરુષાર્થથી જ ફળે છે એ સૂત્રાનુસાર તેમની પ્રગતિ ઉત્તરોત્તર થતી રહી છે. આમ શ્રદ્ધાપૂર્ણ હૈયે ઉન્નતિના શિખરે પહોંચવા સાથે સેવાભાવી સખાવતી પુરુષ તરીકે સમાજમાં સર્વત્ર સમ્માન પામ્યા છે. જિનશાસન અને દેવગુરુ ઉપર અનન્ય શ્રદ્ધાવંત શ્રી હસમુખ-ભાઈ મહેતા ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

## શ્રી જશવંત ચિમનલાલ શાહ



શ્રી જશવંત ચિમનલાલ શાહનું જન્મસ્થળ માલવણ, તા. દસાડા-જિલ્લો સુરેન્દ્રનગર. તેમના પિતાશ્રી મુંબઈમાં સોનાચાંદી તથા રૂ બજારમાં જાણીતા દલાલ હતા. તેઓનું ૧૯૬૨ના ડિસેમ્બરમાં કાર-અકસ્માતમાં અવસાન થયું. માતાજી હાલમાં અરિહંતશરણ થયાં છે. એક બહેન ચંદ્રાબહેન પરણેલાં છે. તેમનાં પત્નીનું નામ જ્યોત્સનાબહેન છે. ત્રણ પુત્રી અને એક પુત્ર પરેશ જે ૪૮ વર્ષના સોલિસિટર છે. ત્રણ પુત્રીઓ દીપિકાબહેન, કલ્પનાબહેન અને કવિતાબહેન છે. તેમણે શિક્ષણમાં બી.એસ.સી. (કેમેસ્ટ્રી અને બોટની) ૧૯૫૫માં અને એલ.એલ.બી. ૧૯૫૭માં પસાર કર્યું. ૧૯૫૮માં વકીલાતની અને સોલિસિટરની પરીક્ષા ૧૯૬૧માં પસાર કરી. ૧૯૮૨માં લંડનમાં સોલિસિટરની પરીક્ષા પાસ કરી. એપ્રિલ ૧૯૬૪માં મેસર્સ રુસ્તમજી એન્ડ જીરાવાલા, સોલિસિટરની ભાગીદારીમાં દાખલ થયા અને ૧૯૬૬થી ભાગીદારી છોડી અને શાહ એન્ડ સંઘવીની ફર્મ ચાલુ કરી તે આજ સુધી તેઓ હસ્તક ઓફિસ ચાલે છે. ૧૯૬૭થી જ તેમનો પુત્ર પરેશ તેમની સાથે ભાગીદાર તરીકે દાખલ થયેલ છે.

તેમની વિશિષ્ટતાઓમાં તેઓ મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત કરે છે. અન્ય શોખમાં વાચન, ફોટોગ્રાફી, સંગીત, નાટક અને રમતગમત વગેરેનો શોખ ધરાવે છે. તેઓ મુંબઈમાં વેજિટેરિયન સોસાયટીના સેક્રેટરી છે. તેઓ વેજિટેરિયનના પ્રચારમાં ભાગ લે છે. તેઓ ઈન્ટરનેશનલ વેજિટેરિયન યુનિયનના કમિટિ મેમ્બર છે. ૧૯૮૨થી ૧૯૮૮ તેઓ **Regional cordination India Fair**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિમાયા છે અને હજી તેમાં પ્રવૃત્ત છે. ૨૦૦ની સાલમાં એશિયન વેજિટેરિયન યુનિયન સ્થપાયું જેનું વડું મથક બેંગકોંગ થાઈલેન્ડમાં છે તેના પ્રમુખ છે. **I.U.U.**એ તેમને તેમના કાર્ય માટે **Fellow** બનાવ્યા છે. **Asian Vegetarian Company** તેમને ગોવામાં ૨૦૦૧માં કરી અને ૨૦૦૬માં બેંગકોંગ/ચીંયાગયાય થાઈલેન્ડમાં કરી, હવે વર્લ્ડ વેજિટેરિયન કોંગ્રેસ તેઓ ગોવામાં આ ઉપરાંત જૈન એડવોકેટ એસોસિએસનના તેઓ પ્રમુખ છે અને સર્વ જૈનોને એક કડીમાં જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓને યોગમાં પણ રસ છે અને કૈવલ્યધામ મુંબઈમાં તેઓ સક્રિય છે.

ઘણા જ ઉમદા સ્વભાવના શ્રી જશવંતભાઈને જૈનધર્મનાં ઊંડાં રહસ્યો જાણવા–સમજવાની હંમેશાં લગની રહી છે. પોતાની ધીકતી વકીલાત હોવા છતાં સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે. તેમનામાં વિચારવર્તનનું સાતત્ય એકધારું રહ્યું છે.

શ્રી જશવંતભાઈના જીવનબાગમાં સદા સર્વદા ખાનદાની, ખેલદિલી અને ખુમારીની ખુશબૂ હંમેશાં પ્રસરતી રહી છે. તેમનામાં શ્રીમંતાઈ સાથે સદાચાર, દાન સાથે દયાનો સમન્વય જોવા મળ્યો છે. એમના પરિવારના આચારવિચારમાં સાદગી અને સ્વાશ્રયના સમન્વયની અનોખી ભાત પાડતું તેમનું વ્યક્તિત્વ વિરલ છે.

ખંત, ઉત્સાહ અને પુરુષાર્થના બળે સોના જેવી સિદ્ધિઓ હાંસલ કરી નવી પેઢીને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે..

## શ્રી મોહનલાલ બેચરદાસ મહેતા

પરિશ્રમને પ્રાધાન્ય આપીને મહત્ત્વાકાંક્ષી માનવ કેવી અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી શકે છે, તેનું આબેહુબ દર્શન શ્રેષ્ઠી શ્રી મોહનલાલભાઈના પ્રેરણાત્મક જીવનમાંથી મળી શકે છે. જીવનમાં પુરુષાર્થને બળે આગળ આવનાર તેઓ મૂળ ભાવનગર જિલ્લાના દુદાણાના વતની અને જૈનધર્મી અને શાસનપ્રેમી હતા. ૧૯૨૨માં જીવનમાં કાંઈક કરી છૂટવાના મનસૂબા સાથે મુંબઈ તરફ પ્રયાણ કર્યું અને જીવનની કારકિર્દી એક સામાન્ય નોકરીથી શરૂ કરી. તેમાં કુદરતે યારી આપી અને સ્વતંત્ર ધંધાના શ્રી ગણેશ કર્યા. ક્રમે ક્રમે દૂધના ધંધામાં ખૂબ વિકાસ સાધ્યો.

જે સંપત્તિ કમાયા તે સારાયે સમાજની છે એમ માનીને તળાજાની જૈન બોર્ડિંગ, પાલિતાણા જૈન બાલાશ્રમ, પાલિતાણા જૈન શ્રાવિકાશ્રમ, શંખેશ્વર જૈનતીર્થ, સાવરકુંડલા-બેંગ્લોરના જૈન ઉપાશ્રયો, મુંબઈ-કોટના દેરાસરમાં અને અન્યત્ર નાનામોટા ફંડફાળામાં સંપત્તિનો છૂટે હાથે ઉદાર દિલથી ઉપયોગ કર્યો. પોતે અનેક જૈન તીર્થોની યાત્રાઓ પણ કરીને ઉજ્જવળ જીવનની જ્યોત રેલાવી. તા. ૧૦-૫-૧૯૭૨નારોજ તેઓ સ્વર્ગવાસી થયા.

દાનધર્મના એ ઊજળા વારસાને તેમના પરિવારે જાળવી રાખ્યો. શ્રી શશિકાન્તભાઈ પણ એવા જ ધર્મપ્રેમી અને ઉદાર દિલના છે, જેઓ આજે પિતાશ્રીના વિકસાવેલા ધંધાનું સફળ સંચાલન ભાઈઓને સાથે રાખી કરી રહ્યા છે. નિર્મળભાઈ પણ ધંધામાં સાથે જ છે. સૌ સાથે રહીને નાનાં મોટાં સાર્વજનિક અને ધાર્મિક તથા શૈક્ષણિક કામોમાં યથાયોગ્ય ફૂલપાંદડી સહયોગ આપતા રહ્યા છે. તળાજામાં પ્રતિષ્ઠા કરાવી ત્યારે ચૌમુખજીમાં પૂર્વાભિમુખ ભગવાન બેસાડ્યા હતા. લાયન્સ ક્લબ, ઘાટકોપરમાં, હિન્દુ મહાસભામાં, લાયન્સ ક્લિનિકમાં એક બેડ તેમના કુટુંબ તરફથી આપેલ છે. ભાવનગરમાં વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં દંત વિભાગ શરૂ કરાવવામાં તેમનાં કુટુંબે વર્ષો પહેલાં ૨૧૦૦૦નું માતબર દાન અર્પણ કર્યું હતું. ૧૫૦ સ્નેહીઓને લઈને એક અઠવાડિયા સુધી આબુ, ઉત્તર ગુજરાતનાં શ્રી શંખેશ્વર, તારંગા, મહેસાણા વગેરે તીર્થોની યાત્રા કરાવી લાભ લીધો હતો.

## શ્રી શશિકાંતભાઈ મોહનલાલ મહેતા

ડોંબીવલીમાં શ્રી શશીકાંતભાઈએ નવલાખ મંત્રના જાપ કર્યા. પૂ.આ.શ્રી મહાનંદસૂરિજી મ.સા.ની નિશ્રામાં બરોડા-કારેલીબાગમાં નાકોડાજીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી, દેરી પણ બનાવરાવી. કાંદિવલીમાં ગૌતમસ્વામી પધરાવ્યા, વિવિધ પ્રકારનાં સાતેક પૂજન કરાવ્યાં, પાલિતાણા-ગુરુકુળ-તથા બાલાશ્રમમાં અને યશોવિજયજી ગુરુકુળ-મહુવામાં સારી એવી રકમ આપી. લોનાવાલામાં કેટલીક જમીન છે, જેના ઉપર દેરાસર બંધાવવાની ભાવના છે. ઉપરાંત સાધર્મિકભક્તિ અંગે પણ અવારનવાર દાનગંગા વહેતી રાખે છે. તેમનાં માતુશ્રી રંભાબહેનનો ચાર વર્ષ પહેલાં સ્વર્ગવાસ થયો, તેમની પણ ગજબની તપસ્યા હતી. આ પરિવાર તરફથી દરવર્ષે સરેરાશ બેથી અઢીલાખનું દાન અપાતું રહ્યું છે. ૨૦૫૭ના વૈશાખ માસમાં ગાર્ડન લેન-સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (મુંબઈ) મુકામે શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવ, શ્રી ચક્રેશ્વરી માતાજી, શ્રી મહાલક્ષ્મી માતાજી એમ ત્રણ પ્રતિષ્ઠાઓ ધામધૂમથી કરાવી.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુપ્તદાનના હિમાયતી
# શ્રી ખીમચંદ છગનલાલ શાહ

શ્રી ખીમચંદભાઈ વૃક્ષ જેવું પરોપકારી જીવન જીવી ગયા. ભલે સદેહે વિદ્યમાન નથી પરંતુ દુઃખીની સેવા, વ્યાપારની પ્રામાણિક્તા, સત્ય-સદાચાર અને શ્રદ્ધાના ત્રિવેણી સંગમ, સુપાત્રદાન, અનુકંપાદાન અને શિક્ષણક્ષેત્રે સખાવત જેવા તેમના ગુણો આજે પણ વિદ્યમાન છે. તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લામાં ખેરવા (જતના) ગામે થયેલો. પ્રાથમિક અભ્યાસ ગામમાં કરી સુરેન્દ્રનગરની પાનાચંદ ઠાકરશી બોર્ડિંગમાં રહીને માધ્યમિક શિક્ષણ લીધું. રાષ્ટ્રપ્રેમને કારણે ૪૨ની કોંગ્રેસની ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. ૧૯૪૯માં ૨૩ વર્ષની ઉંમરે મુંબઈ આવી કે.સી. શાહ નામની કું. સ્થાપી. ૧૯૬૫માં 'એ' વર્ગના મિલિટરી કોન્ટ્રેક્ટર બન્યા. પોતાના અનુજ બંને ભાઈઓ ચિનુભાઈ તથા શાંતિભાઈના સહકારથી ગવર્નમેન્ટના કરોડોના કોન્ટ્રાક્ટથી કામો કરી દેશ-વિદેશમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી. તેમણે 'જતવાડ' કેળવણી મંડળની સ્થાપના કરી અને શિક્ષણ ક્ષેત્રે સખાવતો આપી. અને ખેરવા ગામે હાઈસ્કૂલ સ્થાપી. તેઓ સુરેન્દ્રનગરની પાનાચંદ ઠાકરશી બોર્ડિંગના ટ્રસ્ટી બન્યા. તેઓ દેવદર્શન અને ગુપ્તદાનના હિમાયતી હતા. તેઓએ પૂ.આ.શ્રી. વિજયપ્રતાપસૂરીશ્વરજી, પૂ.આ.શ્રી. યશોદેવસૂરિજી વગેરે સાધુપુરુષોના આશીર્વાદ મેળવ્યા હતા. તેઓ ૪૫-૪૬ વર્ષની વયે અરિહંત પ્રભુનું સ્મરણ કરતાં વૈ.વ.૭, ૨૦૨૫માં સ્વર્ગે સિધાવ્યા હતા. અલબત્ત કન્સ્ટ્રકશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા તેમના પુત્રો દિલીપભાઈ - મહેન્દ્રભાઈ પિતાની પરંપરા રૂપે ઝાલાવાડ ફાઉન્ડેશનને સારું એવું ફંડ ઊભું કરવામાં તથા ધરતીકંપમાં ઝાલાવાડનાં ગામડાંમાં રહેતાં જૈનકુટુંબોને આર્થિક મદદ આપેલી, તેમ જ ભાયંદર ખાતે ખીમચંદ છગનલાલ માનવ સેવા ટ્રસ્ટ સ્થાપી જરૂરતમંદ કુટુંબોને શૈક્ષણિક તથા જીવનજરૂરિયાતની વસ્તુઓ વિતરિત કરેલ છે. દિલીપભાઈના પુત્રો રૂપેશ તથા પરાગ નાસિક પાસે સીન્નરમાં એમ.જી. કાફ્ટ પેપરની ફેક્ટરી ધરાવે છે. અને કોરૂગેટેડ બોક્સ બનાવવા માટે ઉચ્ચ ક્વોલિટીનું પેપર ઉત્પાદન અને વેચાણ કરે છે. શ્રી દિલીપભાઈ શ્રી ઝાલાવાડ સંઘ મુંબઈના પ્રમુખ તથા શ્રી જોરાવરનગર વિકાસમંડળ સંચાલીત નવી અદ્યતન હૉસ્પિટલના પ્રમુખ છે.



**દિલીપભાઈ કે. શાહ**

*ઉદારચરિત્-ધર્મપ્રેમી-ગુણગ્રાહી*
*વહાલા વતનના રતન સમા શ્રેષ્ઠીવર્ય*

# શ્રી રતિલાલ દુર્લભદાસ દોશી

(મોટા ખૂંટવડાવાળા–ઘાટકોપર)



સૌરાષ્ટ્રની સુવર્ણભૂમિ પર સમયેસમયે ધર્મશૂરાં તેમજ કર્મશૂરાં નરરત્નો નીપજયાં છે.

પૂર્વ દિશામાં શ્રી શત્રુંજય મહાતીર્થ અને પશ્ચિમે શ્રી ગિરનારજી તીર્થની મધ્યમાં માલણ નદીના તટે વસેલા રળિયામણા ગામ મોટા ખૂંટવડાની શોભા નિરાળી છે અને ત્યાંના ધર્મભીરુ આત્માઓની વાત ન્યારી છે.

ઈન્દ્રધનુષ્ય જેવા નયનાભિરામ વ્યક્તિત્વના સ્વામી એવા ધર્મપરાયણ અને અધ્યાત્મસેવી શ્રેષ્ઠી શ્રી રતિલાલ દુર્લભદાસ દોશીએ જીવનના લગભગ આઠ દસકા વતનમાં વિતાવ્યા બાદ છેલ્લાં પંદરેક વર્ષથી સુપુત્રો સાથે નિવૃત્તિ છતાં પ્રવૃત્તિમય એવું ધર્મોપાસનામય જીવન વ્યતીત કરી રહ્યા છે.

જનમભોમકામાં અનાજ તથા ઘીનું હોલસેલ કામકાજ, બહોળા પ્રમાણમાં ઘીનો વેપાર કરતા તેથી ઘીવાળા તરીકેની નામના–શાખ પ્રાપ્ત કરેલ હતી. ગામમાંનાં જૈનનાં ત્રીસ ઘરમાંથી લગભગ સત્તાવીસ સ્થળાંતર કરી ગયાં છે, પણ તેઓ જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી શ્રી મોટા ખૂંટવડા જૈન સંઘ તેમ જ જિનાલયના વહીવટમાં ટ્રસ્ટીપદેથી સેવાઓ આપેલ છે. સંઘનાં કાર્યો સક્રિયપણે કરવા સાથે ધર્મધ્યાન અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં પૂર્ણપણે જીવન વિતાવ્યું છે.

માલણના નિર્મળ પ્રવાહ જેવું જ નિર્મળ સાદગીસભર જીવન અને આત્મપ્રદેશના અણુઅણુમાં વ્યાપ્ત ધર્મના પરિણામે ધાર્મિક વાચનની જબરી રુચિ અને તપ–જપમાં અનેરી આસ્થા ધરાવે છે. તેમણે વતનમાં ઉપધાનતપ કર્યાં છે ને શાશ્વતા શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં માતુશ્રી અનોપબહેન તેમ જ ધર્મપત્ની રંભાબહેન સાથે ૯ ચાતુર્માસ કર્યાં છે. સં. ૨૦૫૮માં તેઓને પાલિતાણામાં ચાતુર્માસમાં સહધર્મચારિણીનો વિજોગ થયો છે. તેમનાં પૂ. માતુશ્રીનું ૧૦૫ વર્ષની વયે તદન સ્વાસ્થ્યમય અને સમતામય અવસ્થામાં દેહાવસાન થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાને સુપુત્રો, પુત્રવધૂઓ, દીકરીઓ, જમાઈઓ, પૌત્ર, દોહિત્રીઓ દરેકના આદરપાત્ર, પ્રીતિપાત્ર બનીને જીવનનો મોટો સમય ગામડામાં ગાળવા છતાં માલણના આ મહોબતીલા માનવી શહેરીજીવનમાં પણ કોઈ મંદિરમાં જ્યોતિનો પ્રકાશ ભળી જાય તેવી સહજ રીતે ભળી ગયા છે. દીકરા ઘેર આવે નહીં ત્યાં સુધી નિદ્રાદેવીનું શરણું સ્વીકારે નહીં, એ જેણે અરિહંતનું શરણ સ્વીકાર્યું હોય-જીવનમાં ધર્મ પચાવ્યો હોય તેના જ દૈનિક જીવનમાં પરિણમવા પામે છે.

અનન્ય કુટુંબપ્રેમ અને દરિયાદિલી તેમજ નિઃસ્પૃહી રહેણીકરણી આ બધા તેમના ગુણવિશિષ્ટો છે. મુંબઈમાં વતન છોડીને આવ્યા ત્યારે લેણું માફ કર્યું છે તથા સારી એવી ઘરવખરી પણ ગ્રામજનોને આપતા આવ્યા છે.

શરીરની સુખાકારી, સમય અને સંપત્તિની સાનુકૂળતાના સંયોગે કરીને ભારતવર્ષનાં લગભગ દરેક તીર્થોની સ્પર્શના કરવા દ્વારા પુણ્યનું ભાથું બાંધેલ છે. આજેય ૯૪ વર્ષની જૈફ વયે મુંબઈનાં જુદાંજુદાં પરાંઓમાંથી એક દેરાસરનાં દર્શને જવાનો તેઓને નિયમ છે. હંમેશાં વ્યાખ્યાનશ્રવણ, સેવા–પૂજા, જાત્રા–પ્રવાસ, ધાર્મિક–વાચન, આધ્યાત્મિક પ્રવૃત્તિમાં મગ્ન તેમજ તપ–જપાદિમાં રત રહીને તેઓ સદ્‌વિચારમય જીવન જીવી રહ્યા છે. ધર્માનુરાગી શ્રી રતિલાલભાઈએ આયુષ્યની પળોને પર્વ બનાવીને સૌના સ્નેહાદર જીત્યા છે. તે વર્તમાનયુગમાં સીનિયર સિટિઝનો માટે દિશાસૂચક, પ્રેરણાત્મક, પ્રોત્સાહક ને ઉત્તેજનાત્મક ઘટના છે.

સૃષ્ટિના સર્જનહાર ત્રણ ભુવનના નાથ શ્રી અરિહંત પરમાત્મા વટવૃક્ષ સમા, વાત્સલ્યવારિધિ એવા વડીલ મુરબ્બી શ્રી રતિલાલભાઈને સુદીર્ઘ, નિરામય તથા યશકીર્તિરસ્યું શતાયુ બક્ષે તેમજ તેઓશ્રી કુટુંબ–પરિવાર તેમજ સમાજ પર જીવન-પર્યંત શ્રેય–પ્રેયનાં વારિ સિંચતા રહે તેવી ભાવના–કામના હર-કોઈના મનમાં સદાસર્વદા સહજ રીતે રમતી હોય તે નિઃશંક છે.

## નરેન્દ્રકુમાર ધારશીભાઈ મહેતા



મહેતા સાહેબથી અઢારે આલમ ઓળખે.

માતા-ધીરજબેન, પિતા-ધારશીભાઈ, મૂળ વતન ખારચીયા (વાકુંના) જિ. જૂનાગઢ.

ત્રણ ભાઈઓ ત્રણ બહેનો. નરેન્દ્રકુમાર ત્રીજો નંબર. બચપણથી અનેક ક્ષેત્રોમાં આજીવન સેવા આપી રહ્યા છે. જીવદયાના પ્રેમી પશુ-પંખીની સેવાના ભેખધારી પરમાત્માની ભક્તિ, સંતોની અનન્ય સેવા કરનાર મહેતા નરેન્દ્રભાઈ (ઉર્ફે બટુકભાઈ) નામ નાનું કામ ઘણું જ મોટું.

જેતપુર (કાઠીનું) સંઘના સેવાભાવી ને જૂનાગઢ, ધોરાજી, ઉપલેટા, ચિત્તલ, અમરેલી, ગોંડલ, રાજકોટ, વાંકાનેર, મોરબી, ભાવનગર, પાલિતાણા, અમદાવાદ નાની-મોટી પાંજરાપોળના સેવા સહયોગી નરેન્દ્રભાઈને આશીર્વાદ.

સાધ્વી પ્રિયંવદાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સાધ્વીજી પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ.

## સુશીલાબેન આર. વખારીઆ





જેમણે આપ્યું છે અમને જીવન...
જેમણે બનાવ્યું છે અમારા જીવનને સંસ્કારોનું ઉપવન..
જેમણે કર્યું છે અમ જીવનમાં સુદૃઢ ભાવનાઓનું સિંચન...
જેના પરિણામે આજે બન્યો છે અમ પરિવાર મધુવન...
જેમના સતત સ્મરણે રચાઈ રહ્યું છે અમ જીવન કવન....
એવા ઉપકારી માત-પિતાને ચરણે કરીએ શત્ શત્ વંદન...

સરળતા, સાદગી, નિખાલસતા, કરુણા આદિ ગુણોથી સુશોભિત એમનું જીવન હતું. જેમણે વાત્સલ્ય અને કરુણાના ટાંકણથી અમારુ જીવનનું ઘડતર કર્યું. પરિવારના સભ્યોના સુખ-દુઃખની ચિંતા તેમને હૈયે વસતી, તેમની ઉપસ્થિતિ અમારી બધી જ વિટંબણાઓ દૂર કરી દેતી. વતન રૂપાલ (સાબરકાંઠા) પ્રત્યે પણ એટલો જ આદરભાવ હતો અને સમાજના કાર્યો પ્રત્યે પણ એટલો જ અપૂર્વ સ્નેહભાવ.

પૂજ્ય માતા સુશીલાબાની સાદગી, સાધના અને આરાધનાના સુકૃત્યોની હારમાળા દૃષ્ટિગોચર થતાં નતમસ્તક થઈ જવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપ સ્નેહની ગંગા અને સમર્પણની સરિતા છો આપ ક્ષમાના સાગર છો અને મમતાના મહાસાગર છો આવા વાત્સલ્યરૂપી માત-પિતાને લાખ લાખ વંદન

પ્રભુ પે ભરોસા હૈ તો પ્રભુ તેરે સાથ હૈ
અપનો પે ભરોસા હૈ તો હર મંઝીલ પાસ હૈ
જિંદગી સે કભી નહીં હારેંગે હમ ક્યોંકિ
માત-પિતા આપકા આશીર્વાદ હમારે સાથ હૈ

સતીષ-વર્ષા, જયેશ-રાજેશ્રી, ધીરેન-પલ્લવી

## શ્રી ચિનુભાઈ વાડીલાલ વોરા



સંવત ૧૯૮૫ની સાલમાં (મહુડી) મધુપુરી મુકામે જન્મ થયો. માતા-પિતા કુટુંબ સુખી હતું. ધર્મનિષ્ઠ અને દાનેશ્વરી હતું. ચાર ભાઈઓમાં ચિનુભાઈનો નંબર ત્રીજો હતો. બે બહેનો તેઓ પણ સૌના ઘરે સુખી છે. પિતાશ્રી વાડીલાલ કાળીદાસ વોરા શ્રીમદ્ આચાર્ય ભગવંત. બુદ્ધિસાગરસૂરિજી મ.ના પરમ ભક્ત હતા તેથી કરીને તેમણે પણ સત્સંગમાં બહુ જ રસ જાગતો હતો. સંવત ૨૦૦૩ની સાલમાં તેમના લગ્ન થયા ત્યારથી આજ સુધીમાં ચડતી-પડતીના ઘણા પ્રવાહો જોયા. દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધા વધતી ગઈ. ૨૦૧૦ની સાલમાં મુંબઈ આવી પાંચ વર્ષ નોકરી કરી ત્યારબાદ નાનાભાઈ શાંતિભાઈ સાથે ભાગીદારીમાં વોરા ટ્રાન્સપોર્ટ કું. નામ રાખી ટ્રાન્સપોર્ટ કમિશનના ધંધાની શરૂઆત કરી. ૧૯ વર્ષની ઉંમરે વડીલોએ જ્ઞાતિ તથા સ્નેહીઓનો કેશરિયાજી તીર્થનો સંઘ કાઢ્યો એ ઉમદા અને પવિત્ર ભાવનાની મન ઉપર સારી અસર પડી. સમય જતાં ધર્મમાં ઓતપ્રોત બનતા ગયા. વડીલોના ચિલે ચાલવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. મહુડી જૈન તીર્થમાં દેરાસર વગેરે બંધાવવા વડીલોએ પોતાના કબજાની જમીન-ખેતર ભેંટ આપ્યા અને તન-મન-ધનથી સેવા આપી સારા ગામને રોશન કર્યું. સં. ૨૦૨૩ની સાલમાં મહુડી મહાજન સંઘે તેમને ટ્રસ્ટી તરીકે પણ લીધા. આમ જૈન શાસનસેવાક્ષેત્રે ચિનુભાઈનું સારું એવું પ્રદાન હતું.

## શ્રી રવીન્દ્રભાઈ એચ. દોશી



સૌરાષ્ટ્રમાં સોરઠ વિભાગમાં ઉના શહેર શ્રી અજારા પાર્શ્વનાથ પંચતીર્થને કારણે જૈનોનું પ્રસિદ્ધ યાત્રાધામ બન્યું છે. સમ્રાટ અકબર પ્રતિબોધક જૈનાચાર્ય હીરવિજયસૂરિજી મ.ના પાદવિહારથી પણ આ ભૂમિ વિશેષ ખ્યાતનામ બની છે.

ઉનાની અનેકવિધ જાહેર ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય સહયોગ આપી રહેલા પિસ્તાલીશ વર્ષના શ્રી રવીન્દ્રભાઈ એચ. દોશી અને તેમનો પરિવાર ધર્મસંસ્કારોથી રંગાયેલો છે.

સોનાચાંદીના વ્યવસાયમાં સંકળાયેલા શ્રી રવીન્દ્રભાઈ પાંચ ભાઈઓ અને બે બહેનોને ધર્મસંસ્કારનો અને સેવાજીવનનો વારસો પિતાશ્રી પાસેથી મળ્યો. પિતાશ્રીએ પણ વર્ષો સુધી ઉનાની ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સેવા આપી. એજ પગદંડી ઉપર શ્રી રવીન્દ્રભાઈ શ્રી અજારા પાર્શ્વનાથ પંચતીર્થના વહીવટમાં પ્રમુખ તરીકે, જૈન જાગૃતિ સેન્ટરમાં પ્રમુખ તરીકે, સમસ્ત વણિક સમાજના ઉપપ્રમુખ તરીકે, દિવ–ઉના–દેલવાડા મહાજન પાંજરાપોળમાં ટ્રસ્ટી તરીકે, વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ. ૯ :માં સલાહકાર બોર્ડમાં સભ્ય તરીકે, દેલવાડાના પુઅરફંડમાં ટ્રસ્ટી તરીકે એમ ઘણી સંસ્થાઓમાં શ્રી રવીન્દ્રભાઈની સેવા જાણીતી છે. ધન્યવાદ!

*ખુલ્લા મનના મુઠી ઊંચેરા માનવી*

## વિનોદચંદ્ર બાબુલાલ શાહ



ખુલ્લા મનનો માણસ કદી અપ્રિય લાગતો નથી. ખુલ્લું આકાશ સૌને ગમે છે, તેમ ખુલ્લા મનનો માણસ પણ સૌને વહાલો લાગે છે. કલોલના વતની અને અમદાવાદમાં શેરબજારનો વિશાળ કારોબાર કરતા વિનોદચંદ્ર બાબુલાલ શાહની લોકપ્રિયતાનું રહસ્ય એ છે કે તેઓ ખુલ્લા મનના મુઠી ઊંચેરા માનવી છે.

વિનોદચંદ્રને તીર્થંકર આદીશ્વરમાં અખૂટ આસ્થા છે અને નવકારમંત્ર પ્રત્યે અખંડ જિજ્ઞાસા છે. કૌટુંબિક વ્યાવસાયિક અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાજિક અનેક વિટંબણા સામે નૈતિક શ્રદ્ધાથી તેઓ ઝઝૂમ્યા છે. સફળતાનું સ્વાગત કરવું અને નિષ્ફળતામાંથી બોધપાઠ શીખવો એ એમનો જીવનમંત્ર છે. તેમના જીવનસંગિની સરોજબહેન કહે છે કે તેમનું (વિનોદચંદ્રનું) જીવન એટલે ખમીર, ખુમારી અને ખાનદાનીનો ત્રિવેણી સંગમ. તેમના વ્યક્તિત્વમાં ખૂબીઓ અનેક છે. ખામી તો શોધી ય જડતી નથી! ચાર ચાર દાયકાના દામ્પત્યજીવન પછી પત્ની તરફથી આવું સર્ટિફિકેટ પામનારા કેટલા હશે! કર્મનો સિદ્ધાંત અને જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવતા હોવાથી વિનોદચંદ્ર સતત સામા પ્રવાહે તરતા રહ્યા. નકારાત્મક વિચારો ધરાવતો માણસ કાળના પ્રવાહમાં તણાઈ જાય, પણ હંમેશા હકારાત્મક અભિગમ રાખનારા વિનોદચંદ્રભાઈ ક્યારેય તણાયા નહીં. તેઓ માત્ર તરતા રહ્યા અને સફળતાના કિનારે પહોંચ્યા.

જેમ જેમ સંપત્તિ મળતી ગઈ તેમ તેમ સંસ્કારોની સુગંધ ઉમેરાતી ગઈ. સરોજબહેનની હૂંફ એમની મૂલ્યનિષ્ઠાને સંકોરતી રહી. બે પુત્રો રાજેશ અને પરાગ તથા દીકરી અશ્વિના(ડિમ્પલ)નું સંસ્કારસભર ઘડતર કરીને તેમણે માતૃધર્મ અજવાળ્યો. પુત્રવધૂ હેતલ તથા કેતકી આ પરિવાર સાથે જોડાઈને, જાણે સુવર્ણ-સુરભી સંયોગ બની રહી. કોઈપણ કુટુંબને સ્નેહના તાંતણે ગૂંથવાનું કામ પુત્રવધૂ જ કરી શકે છે. સરોજબહેન અને હેતલ તેમજ કેતકી વચ્ચે સાસુ-વહુનો નહીં, સવાયા મા-દીકરીનો સંબંધ જોઈને વિનોદચંદ્ર હંમેશા પ્રસન્નતા વ્યક્ત કરે છે. તેઓ કહે છે કે, મારા બંને પુત્રો રાજેશ અને પરાગ મારા અસ્તિત્વનું સરનામું છે. પૂત્રવધૂ હેતલ અને કેતકી પ્રત્યે મને વાતસ્લ્યભર્યો પક્ષપાત છે. દીકરી અશ્વિના અને જમાઈ મુકેશકુમાર ડગલે ને પગલે આદરપૂર્ણ આત્મીયતા બતાવે છે. પૌત્રો ફેનિલ, હર્ષ અને હનીના કારણે તેમના પરિવારનો બાગ હર્યોભર્યો બન્યો છે. સુખી થવા માણસને આથી વિશેષ શું જોઈએ?

વિનોદચંદ્ર પોતે વ્રત કરી શકતા નથી, પરંતુ બીજાઓનાં વ્રત-તપની છલોછલ અનુમોદના કરે છે. શેરિસા તીર્થે બે વખત અઠ્ઠમ કરાવવાનો લાભ તેમણે લીધો છે. એટલું જ નહીં, શેરિસાથી પાનસર તીર્થના બે વખત છ'રી પાલિત સંઘનું સુકૃત્ય કરવા ઉપરાંત પાલિતાણા, કેસરિયાજી, ભીલડિયાજી, રૂણીજી વગેરે તીર્થોની વારંવાર કુટુંબયાત્રાઓ તેમણે કરાવી છે. પિતા બાબુલાલ અને માતા લીલાવતીબહેનની પુણ્યસ્મૃતિમાં તેમણે અનેક ધાર્મિક ઓચ્છવો ઊજવ્યા છે.

પોતાના જીવનની સૌથી ધન્ય ઘટના વિષે જણાવતાં વિનોદચંદ્રભાઈ કહે છે કે, પાલિતાણામાં શત્રુંજયની ટોચે બિરાજતા આદીશ્વર દાદાની સન્મુખ એકાંતમાં થોડીક ક્ષણો માણવાનું મારું સ્વપ્ન હતું. ઈ.સ. ૨૦૦૨માં હસ્તગિરિથી શત્રુંજયનો ચાર દિવસનો છ'રી પાલિત સંઘ લઈ જવાનું મને સદ્ભાગ્ય મળ્યું. એ વખતે આદીશ્વર દાદાના ગર્ભગૃહ (ગભરા)માં પિસ્તાળીસ મિનિટ જેટલો સમય તદ્દન એકાંતમાં રહેવાનું સદ્ભાગ્ય મને મળ્યું. જાણે સ્વયં આદીશ્વર દાદા મારી સાથે ગોષ્ઠી કરતા હોય તેવું મેં અનુભવ્યું! તેમની સમક્ષ મેં આર્દ્રભાવે અભિવ્યક્તિ કરી કે, હે દાદા! મારા જીવનમાં જાણતાં-અજાણતાં જે કાંઈ ખોટું-અ ન થયું હોય તેની હું આલોચના કરું છું અને મોક્ષપ્રાપ્તિની અર્ચના કરું છું. તમારી કૃપાથી મને જીવનમાં કોઈ ડંખ નથી, કોઈ અતૃપ્તિ નથી. બસ, મારું જીવન સૌને ઉપયોગી બને, પ્રેરણાદાયી બને એવું મારે જીવવું છે.

ચાર-ચાર આચાર્ય મહારાજોની નિશ્રામાં સંઘપતિ બન્યા, તેથીય વિશેષ દાદાનું સાંનિધ્ય માણ્યું તેનો રોમાંચ વિનોદચંદ્રભાઈ આજેય સ્મરે છે! શ્રી વિનોદચંદ્રભાઈ હવે એક તીર્થનું નિર્માણ કરવા ઝંખે છે. આ માટે બગોદરાથી પાલિતાણા જવાના માર્ગ ઉપર અથવા તો શંખેશ્વર તીર્થની આસપાસમાં અધ્યાત્મભૂમિની તલાશ તેમણે પ્રારંભી છે. આ નૂતન તીર્થમાં તેઓ નવકારમંત્રનો મહિમા અને તેનો પ્રભાવ ઉજાગર કરવાનો સંકલ્પ ધરાવે છે. આ કારણે તીર્થરચનાના કાર્યારંભે ૧૧ કરોડ નવકારમંત્રનું આલેખન કરાવવાના હેતુથી સવાલાખ જેટલી સંખ્યામાં ચોપડા તૈયાર કરાવ્યા છે. આ ચોપડામાં જૈનો-જૈનેતરો ઉપરાંત દેશ-વિદેશમાં વસતા નવકારમંત્રમાં શ્રદ્ધા ધરાવનાર ભાવિકો ૧૧ કરોડ નવકારનું આલેખન કરશે. શ્રદ્ધાની ભૂમિકા ઉપર અધ્યાત્મપતાકાઓ લહેરાશે ત્યારે એક નવો ઈતિહાસ રચાશે. શ્રી વિનોદચંદ્રભાઈ તીર્થંકર પરમાત્મા દ્વારા પ્રરૂપિત આચારધર્મ અને માનવમૂલ્યો પ્રત્યે નિષ્ઠાવંત છે. આપણે સૌ તેમના આ રૂડા કાર્યના અનુમોદક બનીએ એ પણ પુણ્યાર્જનની સોનેરી તક બની રહેશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આર્ય તીર્થ અયોધ્યાપુરમની ભૂમિના ભૂમિદાતા

# ગૌરવશાળી જોટાણી પરિવાર : વલ્લભીપુર



સ્વ. વેલચંદભાઈ ધારશીભાઈ



સ્વ. કંચનબહેન વેલચંદભાઈ

મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે,
મરે છે તો માનવી પોતે પણ માનવીનું કામ જીવે છે.

આ શ્રાવક દંપતીનું નામ અને કામ સૌના જીવનમાં પ્રેરણાદાયી બની રહેશે.
તેમની શાસનસેવા અને સુસંસ્કારની સુવાસ સૌ માટે અનુમોદનીય છે.

**વેલચંદભાઈ જન્મસ્થળ**
વલ્લભીપુર (જિ. ભાવનગર)
સં. ૧૯૬૯ મહા સુદ, ૮ શુક્રવાર
તા. ૧૪-૨-૧૯૧૩
(ખોડિયાર–જયંતી)

**કંચનબહેન જન્મસ્થળ**
મેવાસા (ગાયકવાડી) સં. ૧૯૭૦
મહા સુદ ૧૧।।, શનિવાર
તા. ૭-૨-૧૯૧૪ (વલ્લભીપુર–
પાર્શ્વનાથ પ્રભુ વરસગાંઠ દિવસ)

**સ્વર્ગવાસસ્થળ**
વલ્લભીપુર (જિ. ભાવનગર)
સં. ૨૦૫૧, માગશર સુદ ૬,
ગુરુવાર, તા. ૮-૧૨-૧૯૯૪.

**સ્વર્ગવાસસ્થળ**
વલ્લભીપુર (જિ. ભાવનગર)
સંવત ૨૦૪૭, ફાગણ વદ ૧૧।।
બુધવાર, તા. ૧૩-૩-૧૯૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વેલચંદભાઈની શાસનસેવાની આછી રૂપરેખા

(૧) વલ્લભીપુર–ઘોઘા તીર્થ છ'રીપાલિત સંઘના મુખ્ય સંઘપતિ.

(૨) વલ્લભીપુર–પાલિતાણા છ'રીપાલિત સંઘના મુખ્ય સંઘપતિ.

(૩) સુરત–સમેતશિખર (૯૦૦ યાત્રિકો) સંઘના સહસંઘપતિ.

(૪) અજારા–તીર્થમાં અઠ્ઠમ તપ (૪૦૫ આરાધકો) સહસંઘપતિ.

(૫) વલ્લભીપુરમાં (૧) ગુરુ ગૌતમસ્વામી (૨) આ.શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.સા. (૩) આ.શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મ.સા. (૪) આ.શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ.સા. આદિ ગુરુમૂર્તિઓ સ્વદ્રવ્યથી ભરાવી અને સ્વદ્રવ્યથી ચારે દેરી બનાવી. સ્વદ્રવ્યથી મહામહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

(૬) વલ્લભીપુરથી સાત કિલોમીટર દૂર અયોધ્યાપુરમ મહાતીર્થના સંકુલની તમામ જગ્યા આશરે ૨૫૦૦૦ (પચીસ હજાર) ચોરસ મીટર જમીન તીર્થ બનાવવા વિનામૂલ્યે (ભેટ) આપી છે.

(૭) કુ. સોનલ (સ્મિતગિરાશ્રીજી)ની વલ્લભીપુરમાં ભવ્યાતિભવ્ય દીક્ષા પ્રસંગે લક્ષ્મીનો સદ્ઉપયોગ.

(૮) જીવદયા ક્ષેત્રે ગુજરાતની અનેક પાંજરાપોળમાં લક્ષ્મીનો સદ્ઉપયોગ.

(૯) વાગરા (જિ. ભરૂચ) વાઘેશ્વર મહાદેવ મંદિરમાં સ્વદ્રવ્યથી શિવલિંગ પધરાવી ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ કરેલ.

(૧૦) વાગરા (જિ. ભરૂચ) માતાજીની મૂર્તિ સ્વદ્રવ્યથી પધરાવી પ્રતિષ્ઠા કરાવી.

(૧૧) પચ્છેગામ (તા. વલ્લભીપુર) કુળદેવી ખોડિયાર મંદિરનિર્માણમાં લક્ષ્મીનો સદ્ઉપયોગ.

(૧૨) સંવત–૨૦૩૧ પ્રભાલક્ષ્મીનાં ૫૦૦ આયંબિલ તપપારણાંનો ભવ્ય પ્રસંગ (પંચાનિકા–મહોત્સવ શુભ નિશ્રા–પ. પૂ. આ. ભ. જયંતસૂરિ, વિક્રમસૂરિ, નવીનસૂરિ, કૈલાસસાગરસૂરિ, પં. ભાસ્કરવિજયજી મ.સા. વ. વ. (શ્રી સંઘ–સ્વામીવાત્સલ્ય–પાંચ દિવસ).

(૧૩) સં. ૨૦૪૦ વલ્લભીપુરમાં સામૂહિક ઓળીના સહભાગી શુભનિશ્રા પ. પૂ. આ. ચંદ્રસેનસૂરિજી.

(૧૪) વલ્લભીપુર આદેશ્વર મંદિર (હાઈવે) ૩૬ વખત ધજા ચડાવવાનો અમૂલ્ય લાભ.

(૧૫) વલ્લભીપુર ગુરુ ગૌતમસ્વામી વર્ષગાંઠ નિમિત્તે કાયમી સંઘ–સ્વામીવાત્સલ્યનો લાભ.

(૧૬) વલ્લભીપુર પાંચ હજાર ઘરમાં બે વખત પાંચ લાડવાની શેષ વહેંચવાનો લાભ. (૧) સ્વ. વેલચંદભાઈની પુણ્યતિથિ પ્રસંગે (૨) કુ. સોનલબહેનની દીક્ષા પ્રસંગે.

(૧૭) ભાવનગર વિઠ્ઠલવાડીમાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીનો ૯ વખત લાભ.

(૧૮) ભાવનગર સીમંધરસ્વામી જિનમંદિર ઉપર સુવર્ણ કળશ ચઢાવવાનો લાભ.

(૧૯) ભાવનગર પાંચ હજાર જૈન ઘરમાં બે વખત પાંચ લાડવાની શેષ વહેંચવાનો લાભ : (૧) સીમંધર સ્વામી સુવર્ણકળશપ્રસંગ (૨) આદીશ્વર ભગવાન ધજાપ્રસંગ.

(૨૦) ભાવનગર–આદીશ્વર દેરાસર (મુખ્ય દેરાસર) શિખર ઉપર બે વાર ધજા ચડાવવાનો લાભ.

(૨૧) ભાવનગર–શાસ્ત્રીનગર અનેક વખત સંઘ–સ્વામીવાત્સલ્યનો લાભ.

(૨૨) ભાવનગર–કુ. ધારા, અ.સૌ. રેખાબહેન, ચિ. સંદીપ–ઉપધાન તપ પ્રસંગે ઊંચી બોલી દ્વારા માળારોપણનો ભવ્ય પ્રસંગ.

(૨૩) વલ્લભીપુર–સમેતશિખર–તપ પારણાં પ્રસંગ સિદ્ધચક્ર પૂજન–સ્વામીવાત્સલ્યનો લાભ.

(૨૪) ભાવનગર–વારૈયા જૈન ભોજનશાળા–અમૂલ્ય લાભ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૫) ભોપાળ **(M.P.)** મહાવીર ટૂંકમાં ગૌતમસ્વામીની ભવ્ય પ્રતિમા ભરાવવાનો અમૂલ્ય લાભ.

(૨૬) સંવત ૨૦૫૯, વલ્લભીપુર ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજીની ૧૦૦મી સાલગિરી પ્રસંગે પ્રથમ જ વાર સામુદાયિક અટ્ઠમ તપ–અંતરવારણાં–પારણાં સહિત પાંચ દિવસ સંઘ–સ્વામીવાત્સલ્ય સહિત ૨૦૦ આરાધકોનું ભવ્ય બહુમાન, શુભ નિશ્રા પ. પૂ. આ. ભ. શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા.

(૨૭) લોલિયા–તા. ધોળકા કાયમી સાધુસાધ્વીજીની ભક્તિનો અમૂલ્ય લાભ.

(૨૮) મુંબઈ–મીરાં રોડ માત–પિતા બનાવવાનો અમૂલ્ય લાભ (સંઘ–સ્વામીવાત્સલ્યનો ભાવ).

(૨૯) સુરત–વરાછા રોડ સંભવનાથ જિનાલય ઉપર બે વખત ધજા ચડાવવાના સહભાગી–લાભ.

(૩૦) સુરત–વરાછા રોડ ઉપાશ્રયમાં લાભ.

(૩૧) ચંદ્રમણિ તીર્થ વાલવોડ–બે વખત ચૈત્ર માસની ઓળીના સહભાગી લાભ.

(૩૨) ચંદ્રમણિ તીર્થ, વાલવોડ–૨૫૦ છઠ્ઠ તપના તપસ્વીઓનું ચાંદીની વાટકીથી બહુમાનનો લાભ.

(૩૩) ચંદ્રમણિ તીર્થ, વાલવોડ–ઉપાશ્રય–ભોજનશાળા–ઓફિસ બિલ્ડિંગમાં લાભ.

(૩૪) ચંદ્રમણિ તીર્થ, વાલવોડ–ગુજરાતમાં પ્રથમ જ વાર યતિસંમેલન ૧૦૪ યતિ (ત્રણ દિવસ પ્રસંગે) શ્રી સંઘ–સ્વામીવાત્સલ્યનો અમૂલ્ય લાભ.

(૩૫) ચંદ્રમણિ તીર્થ–પ્રતિષ્ઠા પ્રસંગે વીશસ્થાનક મહાપૂજનના–પ્રસંગે ભોજનશાળા–પાંજરાપોળમાં અમૂલ્ય લાભ.

(૩૬) સંવત ૨૦૩૩, વૈશાખ વદ–૬ રવિવાર, તા. ૮-૫-૭૭, વલ્લભીપુર પાર્શ્વનાથ દેરાસરજીમાં–ચૌમુખજીમાં શ્રી સંભવનાથ પ્રભુજી પધારવાનો અમૂલ્ય લાભ. શુભ નિશ્રા પ.પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજયમેરુપ્રભસૂરિજી મ.સા.

(૩૭) ચિ. મનીષકુમારના ઉપધાન તપ નિમિત્તે ઊંચી બોલી દ્વારા માળારોપણ તથા ૫૦૦ આરાધકોની 'ગૌતમસ્વામી'ની ભવ્ય આકર્ષક પ્રભાવના તથા આદેશ સોસાયટી (વિજયરાજનગર)નું સંઘસ્વામીવાત્સલ્ય. શુભ નિશ્રા–પ.પૂ. આ. ભગવંત પ્રબોધસૂરીશ્વરજી મ.સા. (શાસન–સમ્રાટ સમુદાય–સં. ૨૦૬૨).

(૩૮) ભાવનગર–પાલિતાણા પ્રતિવરસ પ્રતિપૂનમ, યાત્રા–પ્રવાસના સહસંઘપતિ યાત્રિક–સંખ્યા આશરે ૮૦.

(૩૯) સુરત–પાલિતાણા પ્રતિ વરસ–પ્રતિ પૂનમ યાત્રાપ્રવાસના સહસંઘપતિ યાત્રિક સંખ્યા–૧૦૦.

(૪૦) સુરત–વરાછા રોડ–સંભવનાથ–જિનાલયમાં બિરાજમાન જીરાવલા પાર્શ્વનાથ પ્રભુજીના અટ્ઠમ–તપની આરાધના ૫ દિવસ. મહોત્સવ દરમિયાન પાર્શ્વપદ્માસન–મહાપૂજન–નૌકારશી–અત્તરવારણાં–પારણાં સહિતના સંપૂર્ણ લાભાર્થી–આરાધક સંખ્યા ૩૦૦. દરેક તપસ્વીનું–બેગ તથા ૧૦૮ રૂા. દ્વારા બહુમાન. નિશ્રા પૂ. કેસરસૂરીશ્વરજી મ.સા. સમુદાયના પૂ. સાધ્વીજી ગુપ્તિધરાશ્રીજી તથા પૂ.સા. ગિરિવરાશ્રીજી તથા પૂ.સા. સ્મિતગિરાશ્રીજી (વલ્લભીપુરવાળા) સંસારીપક્ષે અમારી સુપુત્રી (સંવત ૨૦૬૨) (વરાછા સંઘ દ્વારા બહુમાન).

(૪૧) પ.પૂ. કેસરસૂરીશ્વરજી સમુદાયના બાળબ્રહ્મચારી પૂ.સા. નેમશ્રીજી મ.સા. ઉ. વર્ષ આશરે ૧૦૦ વરસની પ્રથમ સ્વર્ગવાસતિથિ નિમિત્તે અમદાવાદ–સાબરમતી શ્રી સંઘસ્વામીવાત્સલ્ય સાથ દરેક મહેમાનનું આકર્ષક થેલી ભેટ દ્વારા બહુમાન (સં. ૨૦૬૨).

(૪૨) વલ્લભીપુર–ભીલડિયાજી, શંખેશ્વર–તારંગા–મહુડી–કુંભારિયાજી–કોબા–યાત્રાપ્રવાસના લાભાર્થી (યાત્રિકોની સંખ્યા ૬૦) શ્રી સંઘ દ્વારા બહુમાન (સંવત ૨૦૬૩).

(૪૩) ભાવનગર–ઘોઘા–છ'રીપાલિત યાત્રા–પ્રવાસ ૭૭૫ યાત્રિકોના સંઘપતિ શુભ નિશ્રા શાસનસમ્રાટ સમુદાયના પૂ. મુનિશ્રી દિવ્યસેનવિજયજી મ.સા. (સં. ૨૦૬૩).

(૪૪) ભાવનગર–ઘોઘા છ'રીપાલિત યાત્રા પ્રવાસ. ૩૦૦ યાત્રિકોના સહસંઘપતિ. શુભ નિશ્રા પ.પૂ. આ.ભ. કલ્પજયસૂરીશ્વરજી મ.સા. (ભક્તિસૂરીશ્વરજી સમુદાય) (સં. ૨૦૬૩).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪૫) ભાવનગરમાં ૬૦૦ આરાધકોનાં સમૂહ આયંબિલ તપના લાભાર્થી. દરેક આરાધકનું ૫૦૦ ગ્રામ સાકરથી બહુમાન (સં. ૨૦૬૩) (શ્રી સંઘ દ્વારા બહુમાન).

(૪૬) ભાવનગર–વરતેજ રોડ નાની ખોડિયાર મંદિરમાં 'જય ખોડિયાર જલધારા' (પરબ)ના લાભાર્થી હસ્તે સહપરિવાર.

(૪૭) વલ્લભીપુર એસ.ટી. સ્ટેન્ડમાં 'જય ખોડિયાર જલધારા' (પરબ)ના સંપૂર્ણ લાભાર્થી હ. ભોગીભાઈ, અનુભાઈ, પ્રતાપભાઈ, અરવિંદભાઈ તથા સહપરિવાર.

(૪૮) શાસનસમ્રાટ પ.પૂ. આ.ભ. નેમિસૂરીશ્વરજી મ.સા.ની આચાર્ય પદવી જેઠ સુદ–૫ ભાવનગરમાં થયેલ હતી. તેની યાદગીરીરૂપે જેઠ સુદ–૫ ભાવનગર સકળ સંઘમાં (આશરે ૫૦૦૦ ઘર) પાંચ લાડવાની પ્રભાવનાના કાયમિક સહલાભાર્થી.

(૪૯) શાસનસમ્રાટ સમુદાયના પ.પૂ. આ. ચંદ્રસેનસૂરીશ્વરજીના સ્વર્ગવાસસ્થળે વિહારધામના (ઈંદ્રામણ) સહલાભાર્થી.

(૫૦) વલ્લભીપુર જૈન સંઘ સંચાલિત પાંજરાપોળના આધારસ્થંભના લાભાર્થી.

(૫૧) ડેમ પાંજરાપોળ તથા ગિરિવિહાર–ભોજનશાળામાં–યોગદાનના લાભાર્થી.

(૫૨) વલ્લભીપુર તા. શાળા નં. ૧–ધોરણ પ્રથમના દરેક વિદ્યાર્થીને સ્લેટ–ચોપડી–ટિફિન બોક્ષના લાભાર્થી.

(૫૩) શેરીસા તીર્થમાં ૨૦૬૪ ચૈત્રમાસની ઓળીના સહ લાભાર્થી નિશ્રા પ.પૂ.આ. ભગવંત કલ્પજયસૂરીશ્વરજી મ.સા. (ભક્તિસૂરીશ્વરજી સમુદાયના).

(૫૪) વલ્લભીપુર વાઘા-મહારાજની જગ્યાના મંદિરના ખાતમુર્હૂતના સહલાભાર્થી પ્રતિષ્ઠા-પ્રસંગે લક્ષ્મીનો સદ્ઉપયોગ. (સંત શ્રી પ.પૂ. ઝીણારામ બાપુ શિહોરના ગાદીપતિ)

## પરિવારમાં અનુમોદનીય તપસ્યાની ઝલક

(૧) ૪૫ ઉપવાસ, (૨) ૩૦ ઉપવાસ, (૩) પંદર ઉપવાસ, (૪) અઠ્ઠાઈ તપ, (૫) વરસી તપ, (૬) ઉપધાન તપ, (૭) પાંત્રીશું, (૮) અઠ્યાવીશું, (૯) લબ્ધિ તપ, (૧૦) કંઠાભરણ તપ, (૧૧) અષ્ટાપ્રદ તપ, (૧૨) શત્રુંજય તપ, (૧૩) સિદ્ધિતપ, (૧૪) યતિધર્મ તપ, (૧૫) લબ્ધિકમળ તપ, (૧૬) નિગોદ આયુ તપ, (૧૭) ૫૦૦ આયંબિલ તપ, (૧૮) ૧૦૦૮ સહસ્રકૂટનાં એકાસણાં, (૧૯) ૨૦ સ્થાનક ઓળી, (૨૦) મોક્ષદંડ તપ, (૨૧) સિદ્ધગિરિની ૯૯ યાત્રાઓ, (૨૨) ધર્મચક્ર તપ, (૨૩) પાર્શ્વ ગણધર તપ, (૨૪) વીર ગણધર તપ, (૨૫) ગૌતમ ગણધર તપ, (૨૬) વીશ સ્થાનક તપ, (૨૭) સમેતશિખર તપ, (૨૮) મોદક તપ, (૨૯) સૌભાગ્ય તપ વગેરે.

ઉપરોક્ત પ્રસંગોની ભવ્ય ઉજવણી શ્રી સંઘ–સ્વામિ વાત્સલ્ય, પૂજા, પૂજન, ભાવના, પ્રભાવના વ. દ્વારા ભવ્ય ઠાઠમાઠથી સંપન્ન થયેલ છે.

તેમના મોટા પુત્ર વલ્લભીપુર તપગચ્છ સંઘ, વલ્લભીપુર લોકાગચ્છ સંઘ, વલ્લભીપુર વિશાશ્રીમાળી જ્ઞાતિ, વલ્લભીપુર પરબ કમિટી, વલ્લભીપુર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખપદે નિઃસ્વાર્થ પ્રેરણાદાયી સેવા આપી ચૂક્યા છે. હાલમાં જૈન ખોડિયાર મંદિર ટ્રસ્ટ (પચ્છેગામ)ના પ્રમુખપદે તથા અયોધ્યાપુરમ્ તીર્થમાં સેવા આપી રહ્યા છે. તેમના પુત્રવધૂ અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ જોટાણી શ્રી વલ્લભીપુર પાર્શ્વજિન મહિલા મંડળના પ્રમુખપદે નિઃસ્વાર્થ સેવા આપી રહ્યાં છે.

વેલચંદભાઈના પરિવારમાં ૬ પુત્રો–૩ પુત્રીઓમાંથી હાલમાં ચાર પુત્રો–૧ પુત્રી હયાત છે.

વ્યવસાયક્ષેત્ર વલ્લભીપુર, ભાવનગર, સુરત, અમદાવાદ વ. સ્થળોએ છે.

દર ૧૨ વરસે ભરાતા કુંભમેળા પ્રસંગે ઉજ્જૈન (મધ્યપ્રદેશ) ક્ષિપ્રા નદીમાંથી શિવલિંગ અમૂલ્ય કિંમતે મેળવી વાગરા (જિ. ભરૂચ)માં પધરાવી પ્રતિષ્ઠા કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રાકૃતિક સૌંદર્ય અને ધર્મપ્રાણથી ધબકતા શ્રી જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ તીર્થ ક્ષેત્રમાં અનેકવિધ સેવાનો લાભ લેનાર ધન્ય દંપતી.



**શ્રી ભોગીલાલ વેલચંદ જોટાણી**

જન્મ : સંવત ૧૯૮૯, માગશર વદ, ૧૪ સોમવાર

તા. ૨૬-૧૨-૩૨ (સ્થળ : વલ્લભીપુર)



**અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ જોટાણી**

જન્મ : સંવત ૧૯૯૦, જેઠ સુદિ ૭, મંગળવાર

તા. ૧૯-૬-૩૪ (સ્થળ : ખારી, તા. સિહોર)

- વેવિશાળ : સં. ૨૦૦૯, પોષ સુદિ–૫, રવિવાર, તા. ૨૧-૧૨-૫૨, સ્થળ : અમદાવાદ
- લગ્ન : સં. ૨૦૧૦ વૈશાખ સુદિ–૧૧ ગુરુવાર તા. ૧૩-૫-૫૩, સ્થળ : અમદાવાદ

**જનની જણજે ભક્તજન, કાં દાતા કાં શૂર.**
**નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

પૂર્વના કોઈ પ્રબળ પુણ્યોદયે ઉપરોક્ત ધન્ય દંપતીના શુભ હસ્તે જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ તીર્થની શિલારોપણવિધિ સંપન્ન થઈ હતી. અયોધ્યાપુરમ તીર્થના સંકુલની આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ જગ્યા શાસનને અર્પણ કરી છે. આ તીર્થને જંગલમાંથી મંગલ બનાવવામાં અને તેના વિકાસમાં તન–મન–ધનથી નિઃસ્વાર્થભાવે સેવા કરી છે.

અયોધ્યાપુરમ ટ્રસ્ટની રચનામાં પણ અ.સૌ. પ્રભાલક્ષ્મીબહેન પ્રથમ દાનનાં પ્રણેતા બન્યાં છે અને શ્રી ભોગીભાઈ અયોધ્યાપુરમ તીર્થના આજીવન પ્રથમ ટ્રસ્ટી છે.

શ્રી ભોગીલાલભાઈ સેવાપ્રિય અને સૌજન્યશીલ છે. શાસનસેવા અને સામાજિક સેવામાં પણ ખૂબ રસ ધરાવે છે. પોતાની આવડત અને કાર્યકુશળતાથી સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. સાધુસાધ્વીઓની વૈયાવચ્ચમાં કે શાસનના કોઈપણ પ્રસંગોમાં તેમની હાજરી અચૂક હોય જ. સરળ સ્વભાવી શ્રી ભોગીભાઈના ઘરનો આતિથ્યસત્કાર, ઘરનું ધાર્મિક વાતાવરણ અને સાધર્મિક ભક્તિને લીધે તેઓ સારી એવી યશકીર્તિ પામ્યા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ગૌતમસ્વામી નમઃ

નામ રહંતાં ઠક્કરા–નાણાં નહીં રહંત,
કીર્તિ કેરા કોટડા પાડ્યા નહીં પડંત.

# ઘોઘારી–વિશાશ્રીમાળી–મહિલાનું–અમૂલ્ય–યોગદાન



અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ જોટાણી
ઉ.વર્ષ ૭૩–વલ્લભીપુર.

**વલ્લભીપુર નિવાસી કંચનબહેન વેલચંદભાઈ ધારશીભાઈ જોટાણી સહપરિવારે વલ્લભીપુરથી સાત કિલોમીટર દૂર નવાગામના ઢાળ પાસે 'અયોધ્યાપુરમ' તીર્થ બનાવવા આશરે ૩૦ હજાર ચોરસ મીટર એટલે કે ૩ લાખ ચોરસ ફૂટ જગ્યા (અમૂલ્ય કિંમતની) તીર્થ બનાવવા વિનામૂલ્યે (મફત) ભેટ આપી છે.**

ઉપદેશ–કર્તા : પૂ. સાધ્વીજી મ.સા. સ્મિતગિરાશ્રીજી (સંસારી પક્ષે સુપુત્રી)

હસ્તે– (૧) ભોગીલાલ વેલચંદભાઈ–અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ.
(૨) અનંતરાય વેલચંદભાઈ–
(૩) પ્રતાપરાય વેલચંદભાઈ–અ.સૌ. ઇન્દુમતી પ્રતાપરાય
(૪) અરવિંદકુમાર વેલચંદભાઈ–અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ તીર્થના સંકુલનું ભૂમિપૂજન જેમના શુભ હસ્તે સંસારીપણામાં થયું હતું તથા અ.સૌ. ઇન્દુમતીબહેનને આયંબિલ તપના પ્રારંભ-પ્રેરણા અને પચ્ચક્ખાણ આપનારા પરિવારના સંસારી સુપુત્રી સોનલ (સ્વાતિ) સંયમ માર્ગે સંચર્યા હાલ પૂજ્ય સાધ્વીજીશ્રી સ્મિતગિરાશ્રીજી મ.ના

# ચરણોમાં કોટિ કોટિ વંદના



કુ. સ્વાતિબહેન ભોગીલાલ



પ.પૂ. સા.શ્રી સ્મિતગિરાશ્રીજી મ.સા.
(પૂ. કેશરસૂરિ સમુદાય)

● સ્વાતિબહેનનો જન્મ : સંવત ૨૦૨૬, ભાદરવા સુદ-૧૪, સોમવાર, તા. ૧૪-૯-૭૦.
● દીક્ષા : સંવત ૨૦૫૬, વૈશાખ સુદિ ૭, ગુરુવાર, તા. ૨૨-૪-૯૯.

**પૂજ્ય સાધ્વી મહારાજ તપ સંયમ સાથે નિર્મળ આરાધના કરી રહ્યાં છે.**

## જિનશાસનનો લહાવો

સંવત ૨૦૬૧માં ઐતિહાસિક ધન્ય ધરા શ્રી વલ્લભીપુર નગરે પ.પૂ. ગણિવર્યશ્રી મુક્તિવલ્લભવિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં પરિવારનાં અ.સૌ. ઇન્દુમતી પ્રતાપરાય જોટાણીની એકાંતર ૫૦૦ આયંબિલ તપ આરાધનાની તથા અ.સૌ. પ્રભાલક્ષ્મી, અ.સૌ. ઇન્દુમતી, અ.સૌ. પૂર્વિકા તથા અ.સૌ. નિશા તથા ચિ. નરેન્દ્રકુમાર, ચિ. પંકજકુમારની શાશ્વતી ચૈત્રી ઓળીનાં પારણાં પ્રસંગે ત્રિદિવસીય મહામહોત્સવ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી સંઘસ્વામીવાત્સલ્યની ભવ્ય ઉજવણી પ્રસંગે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ થયો.

## ભાગ્યશાળીઓનાં શુભ નામ

અ.સૌ. કિરણબાળા લલિતકુમાર ★ અ.સૌ. રેખાબહેન નરેન્દ્રકુમાર,
અ.સૌ. પૂર્વિકાબહેન પંકજકુમાર ★ અ.સૌ. ધર્મિષ્ઠાબહેન વિપુલકુમાર.

## ધન્ય ધન્ય તપસ્વીઓ

પૂ.સા. શ્રી સ્મિતગિરાશ્રીજી મ.સા.ના વર્ષીતપ નિમિત્તે જોટાણી પરિવાર-વલ્લભીપુરવાળાં કંચનબહેન
★ પ્રભાલક્ષ્મી ★ ઇન્દુમતી ★ કુસુમ ★ રેખા ★ નરેન્દ્ર ★ વિપુલ ★ પરેશ ★ સંદીપ
ઉપરોક્ત પુણ્યશાળીઓએ વર્ષીતપની આરાધના નિર્વિઘ્નપણે પૂર્ણ કરેલ છે.

પાલિતાણા તળેટી રોડ ઉપર શેઠ શ્રી આણંદજી કલ્યાણજી દ્વારા નવનિર્માણ પામેલ 'પારણાં ભવન' એટલે કે વરસીતપનાં પારણાં માટેના આરાધના ધામના સંકુલના ગાળાની અનુમોદના કરવાનો અમુલ્ય લાભ લીધેલ છે, જેમાં ઉપર મુજબની તકતીનું આયોજન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી વલ્લભીપુર તીર્થપતિ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ ॥

॥ અનંત લબ્ધિનિધાનાથ શ્રી ગૌતમસ્વામી નમઃ ॥



(૧) શ્રી ભોગીલાલ વેલચંદભાઈ જોટાણી
ઉ.વર્ષ ૭૫–વલ્લભીપુર.



(૨) અ.સૌ. પ્રભાલક્ષ્મી ભોગીલાલ જોટાણી
ઉ.વર્ષ ૭૩–વલ્લભીપુર.

(૧) જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ્ (જિ. ભાવનગર) (તા. વલ્લભીપુર) મુ. નવાગામ (ગાયકવાડી) ઢાળ પાસે.

અયોધ્યાપુરમ તીર્થ બનાવવા આશરે ત્રણ લાખ ચોરસ ફૂટ જગ્યા (વિના મૂલ્યે) ભેટ આપી છે.

(૨) 'કંચનગિરિ પ્રભાલક્ષ્મી તીર્થ' (જિ. ભાવનગર) (તા. વલ્લભીપુર) મુ. ચમારડી ચોગઠના ઢાળ પાસે—

'કંચનગિરિ પ્રભાલક્ષ્મી' તીર્થ બનાવવા માટે આશરે સાડાચાર લાખ ચોરસ ફૂટ જગ્યા (વિના મૂલ્યે) ભેટ આપી છે.

ભાવનગર અમદાવાદ સ્ટેટ હાઇવે નં. ૩૬ ઉપર આવેલી હાઇવે ટચ અમૂલ્ય કિંમતી જમીન (કુલ સાડાસાત લાખ ચોરસ ફૂટ જગ્યા) તીર્થ બનાવવા માટે ભેટ આપનાર ઉપરોક્ત દંપતીના આ મહાદાનની ભૂરિ-ભૂરિ અનુમોદના કરીએ છીએ.

આવાં પુણ્યશાળી માતા-પિતાને આત્માને કોટિ-કોટિ વંદના.

વંદનાકારક સુપુત્રી : અ.સૌ. ભદ્રાબહેન શૈલેષકુમાર શાહ (ભાવનગરવાળા) હાલ-વાપી.
હ. સોહિલકુમાર, હાર્દિકકુમાર

ભૂમિદાનના પ્રણેતા પ.પૂ. સાધ્વીજી મ.સા. સ્મિતગિરાશ્રીજી (વલ્લભીપુરવાળા).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

સંકલક : પ.પૂ. જયદર્શન વિ. મ.સા. (નેમિપ્રેમી)

સ્વર્ગસ્થોને શ્રધ્ધાંજલિ, પુણ્યવંતોને પુષ્પાંજલિ

૧. સ્વ. ગીતાબેન હિમ્મતલાલ શેઠ - વડોદરા
૨. સ્વ. શ્રીલેખાબેન ગુલાબચંદ શેઠ - મદ્રાસ
૩. સ્વ. મદનબેન હીરાલાલ શાહ - મુંબઇ
૪. સ્વ. કંચનબેન શાંતિલાલ શાહ - બેંગલોર

સૌજન્યદાતા : શ્રીલાબેન સુમતિચંદ્ર મહેતા - મુંબઇ
જગદીશચંદ્ર એન. શેઠ - યુ.એસ.એ.

શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિ-જયસોમ વિજયેભ્યો નમઃ
અનુમોદક : પ.પૂ. જયદર્શન વિ. મ.સા. (નેમિપ્રેમી)

(૧) દાનપ્રેમીઓની દૌલતનો ત્યાગ, શીલસંપન્નોનો સુવાસ-બાગ
તપસ્વીઓ ઠારે કર્મની આગ, ભાવધર્મીઓનો ધર્મરાગ

(૨) ધર્મચતુષ્ક જીવન-શણગાર, તેમાં ઉમેરો શ્રીનવકાર
"સુ" તત્વોનો કરતાં સત્કાર, જિનશાસનનો જયજયકાર

શ્રુતાનુરાગી સર્વે ચિંતકો-લેખકો-આયોજકો તથા સંયોજકો એવં
જિનશાસનના તમામ આરાધકો તથા પ્રભાવકોને અભિનંદન

कायाके हितमें कम खाना, वचनहितमें गम खाना और मनहितमें नम जाना ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જ્ઞાન, ધ્યાન, તપમાં શાસન શણગાર શ્રાવિકારત્નો

શુભનિમિત્તો પામીને આત્મા ક્યારેક એવા દિવ્ય પરાક્રમો ફોરવે છે કે તેમની એક એક પ્રવૃત્તિ અજર અમર બની જાય છે. જૈન શાસનમાં જે શ્રાવકોની અમર ગાથાઓ કંડારાઈ છે તેના પાયામાં માતાઓની ઉચ્ચભાવના જ કામ કરી ગઈ હોય તેમ લાગે છે.

આર્યસંસ્કાર અને જૈનત્વને પામેલાં ઘણાં શ્રાવિકારત્નોની ભક્તિભાવના આજે પણ આર્યરક્ષિતની માતા રુદ્રસોમાની યાદ અપાવે છે. 'સંયમ વિના મુક્તિ નથી' એવી પ્રેરકવાણી જૈનાચાર્યોના મુખેથી સાંભળીને પોતાનાં સંતાનોને સંયમ માર્ગે પ્રેરણા આપનાર આ માતાઓનો તીવ્ર ધર્મપ્રેમ જ કારણભૂત બની જાય છે.

જ્ઞાનમાં, તપમાં, ધ્યાનમાં હંમેશાં અગ્રેસર રહેનાર આ શાસનશણગાર શ્રાવિકારત્નોની આંતરિક ગુણસમૃદ્ધિનું વિરાટદર્શન પ્રસંગે પ્રસંગે થતું જ રહ્યું છે. જીવનમાં સરળતા, વ્યવહારકુશળતા અને નિસ્વાર્થ સેવાપરાયણતાને કારણે સૌનાં પ્રીતિપાત્ર બનનારાં, જૈનકુળમાં જન્મેલાં બાળકો આચારવિચારના ઉચ્ચસંસ્કારોથી સુવાસિત બને તેની સતત કાળજી અને જાગૃતિ રાખનારાં એવાં ઘણાં શ્રાવિકા આપણી વંદનાનાં અધિકારી બને છે.

## આ છે અમરેલીનાં હરકોર બા આદર્શ શ્રાવિકા હરકુંવરબહેન

**જન્મભૂમિ : જેતપુર, જૂનાગઢ પાસે. કર્મભૂમિ : અમરેલી**



સૌરાષ્ટ્ર દેશનું વાણિજ્ય—વેપારથી ધમધમતું અમરેલી શહેર. મહેતા હરગોવિંદદાસ શામજીભાઈ, હુલામણા નામે બાબુભાઈથી ઓળખાય. સાદા-ગંભીર-અનુભવી-પીઢ-જૈન—જૈનેતરના આદરપાત્ર. અમરેલીમાં પ્રતિષ્ઠિત જૈન વણિક કુટુંબમાં જન્મ થયો હતો અને સને ૧૯૭૬ની ૨૦મી નવેમ્બર—૬૮ વર્ષની વયે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં, શાંત સ્વસ્થ ચિત્તે, કુટુંબના સર્વ સભ્યોની હાજરીમાં વિદાય લઈ, અંતિમ શ્વાસ લીધા હતા.

શાંત, સરળ અને સૌમ્ય સ્વભાવનાં સ્વામી, અને વહીવટી સૂઝ ધરાવનાર એવા શ્રી મહેતા ત્યાગ અને મોક્ષની સાધના માટે—મહામંત્ર નમસ્કારનું રટણ, જાપ અવારનવાર કરતા હતા. તેઓનાં ધર્મપત્ની શ્રીમતી હરકુંવરબહેનને ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં, તપશ્ચર્યા, જાપ વ. કરવામાં, તેઓની હંમેશાં સંમતિ રહેતી અને સહકાર આપતાં. ધાર્મિક પ્રવૃત્તિ, સમાજનાં જીવનમાં સાદાઈ તેમજ પોતાની જરૂરીયાત બહુજ ઓછી હતી. નાની ઉંમરે પિતાશ્રીના ધંધામાં જોડાયા હતા અને સતત ૫૦-૫૦ વર્ષ સુધી સફળતાપૂર્વક સંચાલન કરી—વેપારની લાંબી કારકિર્દીમાં તેઓશ્રી અમરેલીમાં જ નહીં-પરંતુ આજુબાજુનાં ગામોમાં પણ અગ્રેસર રહ્યા હતા. આજે પણ તેઓના પુત્રોએ પિતાશ્રીનો વ્યવસાય ચાલુ રાખીને—તેઓનું નામ જીવંત રાખેલ છે. નાનામોટા વેપારીઓ, ખેડૂતવર્ગને સદાય માર્ગદર્શક, નબળા અને ગરીબના બેલી, કુટુંબ અને સમાજના દરેક પ્રત્યે પ્રેમ અને આત્મીયતા સમજપૂર્વક અને દીર્ઘદષ્ટિપૂર્વક કાર્યો કરવાની પદ્ધતિ—વ. ગુણોને લીધે તેઓ પ્રથમ હરોળના વેપારી અને કુટુંબ સમાજના વડા તરીકે સફળ રહ્યા હતા. ગમે તેવી ખરાબ-વિષમ પરિસ્થિતિઓમાં અડગ અને નીડર રહી શકતા હતા અને પરિસ્થિતિ એવી સફળતાપૂર્વક પાર કરી દેતા.

હંમેશાં હસમુખો-સૌમ્ય અને શાંત ચહેરો, નીડર અને

નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્પષ્ટ વક્તા અને સરળ સ્વભાવે એમના વ્યક્તિત્વને વધારે મોહક બનાવ્યું હતું.

ધર્મના રંગે રંગાયેલાં પત્ની હરકુંવરબહેન : જન્મથી માતાએ ગળથૂથીમાં સંસ્કારનું સિંચન કરેલ. લગ્નગ્રંથિથી જોડાયાં—સંસાર રથ ચલાવતાં સાત પુત્રો અને એક પુત્રીને જન્મ આપેલ. એક શીલવતી નારી—આદર્શ શ્રાવિકા તરીકે જીવન જીવી રહ્યાં છે.

હરકુંવરબહેનના જીવનમાં શ્રાવકનાં બાર વ્રત, ઉપધાન તપ, શ્રી શત્રુંજય તીર્થમાં ચાતુર્માસ, પાંચસો આયંબિલ, દરેક પર્વતિથિ-અઠ્ઠાઈ તપ, વીસ સ્થાનક તપ, વરસી તપ, વર્ધમાન તપ-જપ તેમજ લાખોની સંખ્યામાં નવકારાદિ મંત્રનો જાપ કરેલ. તપ-જપ-ત્યાગ જીવનમાં અદ્વિતીય છે. સમ્યગદર્શનની પ્રાપ્તિ માટે કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મારવાડ, મેવાડ, મધ્યપ્રદેશ, બિહાર, સમેતશિખરાદિની પંચતીર્થની સ્પર્શના કરી જીવનને ધન્ય બનાવેલ છે. જૈફ ઉંમરે પણ આવશ્યક વિધિ-પરમાત્માની અષ્ટ દ્રવ્યથી પૂજા-ગુરુભક્તિ, વૈયાવચ્ચ પણ અજોડ, સુપાત્રદાન ધર્મારાધના સુંદર કરે છે સાત પુત્રો પૈકી છ પુત્રો વિનયી, સંસ્કારી, કોઈપણ જાતનાં વ્યસન નહીં, જીવન સાદાં-સ્વભાવે સરલ-સાતેય ક્ષેત્રોમાં પોતાના દ્રવ્યનો સુંદર ઉપયોગ કરી રહ્યા છે. શ્રાવકને યોગ્ય અદકેરું જીવન જીવી રહ્યાં. માતા-પિતાની ભક્તિ અદ્ભુત કરે છે. કોઈપણ ક્ષેત્રે તન-મન-ધનનો ભોગ આપવા અડીખમ ઊભા રહે છે.

પુત્રી વિજયાબહેન પણ એવાં જ સુશીલ-ગુણિયલ છે. સમાજમાં, સંઘમાં આ કુટુંબનો માન-મરતબો સારો છે પરમાત્માની કૃપા ગુરુવર્યોના આશીર્વાદ વરસતા રહે! ધર્મારાધનાના પ્રભાવે કલ્યાણને પામે.

### આ છે માચિયાળાના માનકુંવરબા

## વોરા માનકુંવરબહેન તલકચંદ



જન્મભૂમિ : જેતપુર, જૂનાગઢ પાસે કર્મભૂમિ : માચિયાળા-તથા કલકત્તા

અમરેલીના માચીયાળાના વોરા તલકચંદ કાનજીભાઈ. ખેતી-વાડીનો વ્યવસાય, ગ્રામીણ જીવન-પત્ની માનકુંવરબહેન આદર્શ, સુશીલ, સંસ્કારી, ધર્મના રંગે-રંગાયેલ, બાળકોને શિક્ષણ- સંસ્કારાર્થે ગ્રામ્યજીવન છોડી અમરેલી આવેલા! વોરા તલકચંદભાઈ વ્યાપારાર્થે કલકત્તા પહોંચ્યા, ત્યાં વસવાટ કર્યો. પુણ્યોદયે-પુરુષાર્થે બળ આપ્યું. આગળ વધ્યા. સમયનાં વહેણ પસાર થતાં વોરા તલકચંદભાઈએ—અનંતની વાટ પકડી—દેહાવસાન થયું. ત્રણેય પુત્રો ધંધાકીય ક્ષેત્રે કાબેલ. સારું કમાયા. ત્રણેય લગ્નગ્રંથિથી જોડાયા—ત્રણેય પુત્રીઓ શ્વસુરગૃહે છે. મોટાં પુત્રી લગ્ન પહેલાં જ સંસારેથી છૂટી મૃત્યુ પામ્યાં. આ બાજુ માનકુંવરબહેને આધ્યાત્મિકક્ષેત્રમાં ઝંપલાવ્યું, ત્રણેય ઉપધાનતપ, વરસીતપ, વીસસ્થાનકતપ, અઠ્ઠાઈ તપ, પર્વતિથિતપ, સહસ્રકુટતપ, વર્ધમાનતપ તેમજ નાની-મોટી અનેકવિધ તપશ્ચર્યા, સિદ્ધગિરિમાં બે વાર ચાતુર્માસ, પૂર્ણિમાતપ, નવ્વાણું યાત્રાદિ કરેલ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે મારવાડ, મેવાડ, રાજસ્થાન, બિહાર, સમેતશિખર, પંચતીર્થ—મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠિયાવાડની પંચ તીર્થની સ્પર્શના અમરેલીથી જૂનાગઢ પદયાત્રાસંઘમાં પોતાના દ્રવ્યનો સહયોગ—કાયમ એકાસણાં-પરમાત્માની ભક્તિ સ્નાત્ર-અષ્ટપ્રકારી પૂજા, ગુરુભક્તિ-ધર્મારાધના જૈફ ઉંમરે કરી રહ્યા છે.

લાગટ ૫૦૦ આયંબિલ કરેલ—સમતાભાવે ત્રણેય પુત્રો સાતેય ક્ષેત્રમાં સારો ધનનો વ્યય કરે છે સંસ્કારી-વિનયી છે, પુત્રવધૂઓ પણ એવાં છે.

માનકુંવરબહેને કલકત્તામાં સ્વદ્રવ્યથી જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલ—ઉવસગ્ગહરં તીર્થમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના દશભવ કોતરાવેલ. તેમના મોટા પુત્ર, ત્રીજા નંબરના પુત્રે ઉપાશ્રયમાં આલિશાન વ્યાખ્યાન હોલ બંધાવેલ છે—બીજા નંબરના પુત્રે મા ભગવતીજી પદ્માવતી માતાનું ભવ્ય પૂજન સંઘપૂજનાદિ કરાવેલા આ રીતે આખુંય કુટુંબ ધર્મનિષ્ઠ છે.

## સ્વ. મધુરીબહેન ચિમનલાલ શેઠ

પૂ. ગણિવર્યશ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજશ્રીએ એક જગ્યાએ લખ્યું છે કે "માણસની સાચી ઓળખાણ તે કેટલું કમાય છે તેના પરથી નહીં, પણ કમાયેલું કેટલું બચાવીને સદ્ઉપયોગ કરી શકે તેના પરથી જ સંપત્તિમાન કહેવાય છે." સદાચાર અને સંસ્કૃતિથી જ માનવી ચારિત્ર્યવાન તરીકે ઓળખાય છે. ધર્મક્રિયા કેટલી કરે છે તેના પરથી નહીં, પણ અંતર પરિણતિ કેટલી વિકસી તેના પરથી જ ગણી શકાય છે. મુંબઈ શાંતાક્રુઝ વેસ્ટમાં રહેતા શ્રી ચિમનભાઈ કે. શેઠનું કુટુંબ

નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધ્યાત્મિક વિચારોથી રંગાયેલું છે. પરિવારના સભ્યો રૂઢિગત વિચારોમાંના વમળમાંથી બહાર નીકળીને શાંત, પ્રસન્ન અને પરમાનંદ સ્વભાવની સ્થિરતાને ખરેખર પામ્યા છે. આ પરિવારનાં સૌજન્યમૂર્તિ સ્વ. મધુરીબહેન એક આદર્શ સન્નારી તરીકેનું પારમાર્થિક જીવન જીવી ગયાં.

**"જનાર તો એક દિ ચાલ્યાં ગયાં, સદ્‌ગુણ સદા જેના સાંભરે, સંસ્કારનો વારસો આપી ગયાં, તે ઉપકાર કદીયે ન વીસરે."**

સૌરાષ્ટ્રની રળિયામણી ભૂમિ માંગરોળની પુણ્યભૂમિમાં મધુરીબહેનનો જન્મ થયો. માતાપિતાએ સંસ્કારસિંચન કર્યું. નાનપણમાં સુંદર ધાર્મિક સંસ્કારો મળવાને કારણે જીવનમાં દેવગુરુધર્મની પ્રાપ્તિ થયા પછી આંતરિક ગુણસંપત્તિની પણ વૃદ્ધિ થઈ. જીવનમાં સદ્‌ગુણો વિકસાવ્યા હતા. ઈ.સ. ૧૯૪૪માં મુંબઈમાં વસવાટ કરતા ધર્મપ્રેમી ચિમનલાલ કાનજીભાઈ શેઠ માંગરોળવાળા સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. જીવનમાં સરળતા, વ્યાવહારિકતા, કુશળતા અને નિસ્વાર્થ સેવાગુણથી પરિવારમાં સૌનાં પ્રીતિપાત્ર બન્યાં. દર્શન, પૂજા, ભક્તિ, સામયિક, નવકાર, જાપ, વ્રત, નિયમાદિ આરાધનાપૂર્વક પરિવારમાં સૌની ઝીણામાં ઝીણી કાળજી લીધી. ભારોભાર નીતરતા વાત્સલ્યભાવને કારણે દાંપત્યજીવનનાં પિસ્તાલીશ વર્ષ પરમાર્થભાવથી સુવાસિત કરતાં ગયાં.

ઈ.સ. ૧૯૮૭માં આખું કુટુંબ તથા સંબંધીઓના પરિવારો સાથે પાલિતાણા તીર્થભૂમિની ઉલ્લાસપૂર્વક ભાવથી યાત્રા કરી અને સૌને યાત્રા કરાવી. દિલમાં રહેલી ધર્મની લાગણીનાં દર્શન થયાં. આ પ્રસંગ દ્વારા ખરેખર જીવનમાં યાદગાર સુકૃતની કમાણી કરી. ઈ.સ. ૧૯૮૮ના જાન્યુઆરીની ૧લી તારીખે સમાધિપૂર્વક નવકારનું સ્મરણ કરતાં કરતાં નશ્વર દેહને તજી ગયાં. પરિવારને કદી ન ભુલાય તેવા ધર્મસંસ્કારનો મૂલ્યવાન વારસો આપી ગયાં.

ઘણા જ ઉમદા સ્વભાવનાં શ્રી મધુરીબહેને જૈન ધર્મના આચારવિચારને જીવનમાં ખરેખર આત્મસાત કરેલ. તેઓ પરગજુ, સેવાભાવી અને તપસ્વિની હતાં. સાધના અને પ્રભાવનાનાં હંમેશાં સાધક રહ્યા હતાં. સંસારની અસારતાનો તેમને ઘણો વહેલો ખ્યાલ આવી ગયો હતો અને તેથી જ તેમનું સમગ્ર જીવન ધર્મપ્રવૃત્તિઓથી જ ધબકતું હતું. આવાં ધર્મપ્રેમી સન્નારીઓથી જ જૈનશાસન ગૌરવવંતુ બન્યું છે.

## આર્ય સન્નારી પુષ્પાબહેન ચિમનલાલ શાહ



**'વિશેષ માનપત્ર'થી સન્માનિત અ.સૌ. પુષ્પાબહેન ચિમનલાલ શાહ (વીર વનીતા મંડળ, પૂના) હસ્તે સંઘવી શ્રી જવાહરલાલ મોતીલાલ શાહ (કોષાધ્યક્ષ, અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મુંબઈ)**

પૂના–શ્રી પ્રેમચંદ કીકાભાઈ જૈન પાઠશાળાના અધ્યાપિકા.

મૂળ વતન–ગુજરાત.

વ્યવસાયાર્થે માત–પિતા મહારાષ્ટ્રમાં પૂના કર્મભૂમિમાં–નાની ઉંમરમાં માતાની ગોદ ગુમાવી. પિતાનાં માતાજીએ ઉછેર કર્યો. બે ભાઈઓ, બે બહેનો–નામ પુષ્પા લગ્નગ્રંથિથી જોડાયા. શાહ ચિમનલાલ નામ.–દાંપત્યજીવનમાં માત–પિતાના સંસ્કાર નામ પ્રમાણે ગુણો. તપ, જપ, સ્વાધ્યાયાદિ, શ્રી વર્ધમાનતપ ઓળી, નવપદજી ઓળી, વીસ સ્થાનક તપ, બે વરસી તપ, છઠ્ઠ તપ, અઠ્ઠમ તપ, ઉપધાન ત્રણેય અનેક તપશ્ચર્યા!

બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મેવાડ, ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, સૌરાષ્ટ્રની પંચતીર્થીઓની યાત્રા કરેલ.

પરમાત્માની અદ્‌ભુત ભક્તિ–ગુરૂવર્યોની અનુપમ સેવા–સાધર્મિકની ભક્તિ, અજોડ–જ્ઞાનદાન આપી અનેક બાલિકાને સંયમના યાત્રી બનાવી છે.

પૂના શહેરમાં–ગામમાં શુક્રવાર પેઠ, ભવાની પેઠ,

નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિવાજીનગર, બુધવાર પેઠ, જૈન પાઠશાળામાં સારું એવું યોગદાન આપેલ છે.

વીરવનિતા મંડળના કેન્દ્રનાં પ્રમુખ. વિસાશ્રીમાળી મંડળનાં પ્રમુખ રહી સેવા આપી છે. ધાર્મિક અભ્યાસ ઘણો!

પંચપ્રતિક્રમણ–ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય. છ કર્મગ્રંથ વૈરાગ્ય શતક, બૃહદ્ સંગ્રહણી, બે સંસ્કૃત બુક વીતરાગ સ્તોત્ર વગેરે.

કંઠની માધુરતા–સંગીત સાથે ગાવાની ઝલક અદ્ભુત.

પૂ. નાનાં–મોટાં શ્રમણ–શ્રમણીનાં માતા માતૃહૃદયા અનેક પૂજ્ય આચાર્યભગવંતો–મુનિવૃંદ, સાધ્વીજી મ.સા.ના આશીર્વાદ વરસ્યા છે!

## મંજુલાબહેન મનુભાઈ ચિમનલાલ

મંજુલાબહેને રાંધેજા નિવાસી મનુભાઈ ચીમનલાલ સાથે લગ્ન કર્યા હતાં. મંજુલાબહેન એવા સુસંસ્કાર લઈને આવ્યાં અને એ સંસ્કાર પોતાના કુટુંબમાં નહીં, અમદાવાદ શાંતિનગર નહીં, પરંતુ જૈનશાસનમાં ગૌરવમય જીવન જીવી સારા જગતને અનુમોદના થાય તેવું જીવન જીવે છે. ફૂલને સુગંધ માટે કોઈને બોલાવવા જવું પડતું નથી. ચોમાસાના પર્યુષણમાં ૫૧મી અઠ્ઠાઈ કરી ખૂબ સુંદર સેવા સાથે સુવાસ ફેલાવી છે. તેમના જીવનની તપસ્યા હેરત પમાડે તેવી છે. ૩ ઉપધાન તપ, ધર્મચક્ર તપ, સમવસરણ તપ, વર્ષીતપ, વીશ સ્થાનક તપ, વર્ધમાન તપની ૬૦ ઓળી, ૧૭ કરોડ નવકારનો જાપ, શ્રાવકનાં બાર વ્રત પ્રાય છૂટા મોઢે કોઈ કારણસર વાપરે છે. પોતાના પતિદેવને પ્રેરણા આપીને અંજનશલાકા રાંધેજામાં ઉપધાન તપ, તારંગા તીર્થે સંઘ અમદાવાદ તારંગાનો છ'રીપાલીત સંઘ તેમ જ ભવ્ય ઉજમણું. તેમના સસરા ચિમનભાઈ ઉત્તમ કોટીની ભાવનાવાળા હતા અને તેમની પ્રેરણા પણ ખૂબ જ હતી. મરણ વખતે દીકરાને કહે–તું આ મકાન અને જે કાંઈ ભોગવે છે અને તેનું પાપ મારે બીજા ભવમાં ભોગવવું પડે માટે તું બંગલા–ફર્નિચરની જે કાંઈ કિંમત થાય તેટલા પૈસા ધર્મમાં વાપરજે. તેમાંથી ચીમનલાલની પાછળ શાંતિનગર, અમદાવાદમાં આયંબિલભવન બનાવ્યું છે. રાંધેજામાં તેમની હોસ્પિટલ, મફત છાશને રોટલા ગરીબ માણસને ચાલુ છે. જીવનમાં તડકોછાંયો આવ્યા કરે છે. ખૂબ સંપત્તિમાં મસ્ત હતા અને હાલમાં પણ મસ્ત જીવન જીવે છે. ધન્ય છે તેઓની અનુમોદનીય તપસ્યાને.

*પરમાત્માના શાસનની શ્રાવિકારત્ન!*

## પ્રભાકુંવરબહેન નંદલાલભાઈ દેવચંદ શેઠ

ગામ–જન્મભૂમિ–છત્રાસા. માતા–સાંકળીબહેન

પિતા–વોરા દામોદરભાઈ. બે પુત્રો–ત્રણ પુત્રીઓ વચેટ પ્રભાકુંવર નામ.

પૂર્વભવના સંસ્કાર લઈને માતાની કુક્ષિમાં આવ્યાં. જન્મથી જ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યેના આહ્‌લાદક ભાવો રગે–રગમાં. બાળપણામાં ધાર્મિક અભ્યાસાર્થે પૂજા–સામાયિક–પ્રતિક્રમણ નવકારશી–ચઉવિહાર કરતાં. તપ, જપ–વ્રતનું પાલન પણ યોગ્ય ઉંમરે–જેતપુર–શેઠ દેવચંદ તળશીભાઈના સુપુત્ર શેઠ નંદલાલ દેવચંદ સાથે લગ્નગ્રંથિથી બંધાયાં. શ્વસુરગૃહે આવ્યા છતાં આવશ્યક ક્રિયા–વિધિ ચાલુ જ. વ્યાવહારિક ધાર્મિક શિક્ષણ પ્રજ્ઞાથી સારું મેળવેલ. સંસારસુખ ભોગવતાં ચાર પુત્રો ત્રણ પુત્રીઓને જન્મ આપેલ. જીવનમાં પર્વતિથિઓ–આયંબિલ ઓળી, વીસ સ્થાનક ઓળી, ઉપધાન તપ–વરસી તપ–અટ્ઠમ–અઠ્ઠાઈ વગેરે કરેલ. સમ્યગ્ જ્ઞાન શુદ્ધિ માટે જ્ઞાનની આરાધના, સમ્યગ્ દર્શનશુદ્ધિની આરાધના કચ્છ–કાઠિયાવાડ–ગુજરાત–મધ્યપ્રદેશ– રાજસ્થાન–બિહાર–બંગાલ–મહારાષ્ટ્ર દરેક શહેરની પંચતીર્થી–તીર્થયાત્રા કરેલ. નિજાનંદમાં રહેનાર–પાકટ ઉંમરે પહોંચ્યા. કોઈ પૂર્વે બાંધેલા અશાતા વેદનીયકર્મોએ ઝપટમાં લીધા.

અમેરિકા–કલકત્તા–મુંબઈ–રાજકોટ–મોરબીના નામાંકિત ડૉ. બોલાવી સારવાર આપતા. હાર્ટએટેક, બી.પી. બીજાં ઘણાં–ઘણાં દર્દો છતાં આવશ્યક ક્રિયા ઘરમાં ઝારી રાખતા. પોતાના સુપુત્રો–મોટી પુત્રી વગેરે પુત્રવધૂઓએ સેવા કરી. પાલિતાણામાં જિનમંદિર બંધાવ્યા બાદ અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગે નંદપ્રભા જિનાલયની બાજુમાં ગેસ્ટહાઉસ ધર્મશાળામાં રાખ્યા!

માત્ર ચક્ષુ દ્વારા જોવે. તદ્દન પાસે લઈ જાય. ઓળખ આપે પરિવાર–સગાસંબંધિ. પ્રતિષ્ઠાના પ્રસંગના અહેવાલ–કલ્યાણ અને સન્માર્ગમાં આપેલ. પ્રભાબહેન નામ પ્રમાણે પ્રભા પાથરી–કુટુંબ પરિવારમાં સુવાસ ધર્મની મૂકી ગયાં છે. પાલિતાણામાં જ પોતાના ગૃહાંગણે ઠીક સમય પહેલા દેહાવસાન પામ્યાં! કુટુંબ અને પોતાના પરિવારને છોડી અનંતની વાટે ઊપડ્યા. જિનાલયના પ્રાંગણમાં માત–પિતાના દાદા–દાદીના

નવકારાદિ કરોડો મંત્ર જાપના આરાધક, સરલ સ્વભાવી સાધ્વીરત્ના પ.પૂ. પદ્મયશાશ્રીજી મહારાજના ધર્મલાભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ટેચ્યુ મૂકી પરેશભાઈ પુત્રે ઋણ-સેવાનો પ્રસંગ આજના પુત્રોને બતાવેલ છે. આ ઉદાહરણથી સંઘના સમાજના પુત્રોને જીવનમાં ગુણો ઊતરશે. પ્રભાબહેન સન્નારી અને રત્ન હતાં. તેમનું જીવન નિરાળુ, નિસંગ હતું! બંને પક્ષના કુટુંબ પ્રત્યે લાગણી હતી. જીવન પણ સાદુ હતું. સંસારમાં રહ્યા છતાં નિઃસંગ દશા-પરમાત્માની ભક્તિ અખંડ કરતાં. છેવટ સુધી પોતાનું જીવન નામ સાર્થક કરી ગયા. તેમના આત્માને શાંતિ પ્રાર્થીએ.

સંસારપક્ષે તેમના નણંદ (નણંદ મહારાજ) નવકારાદિ કરોડો-કરોડો મન્ત્ર જાપના આરાધક-સ્વાધ્યાયપ્રેમી સરલ સ્વભાવી-સાધ્વીરત્ના પૂ. પદ્મયશાશ્રીજી મ.સા.ની અવિરત સેવા-વૈયાવચ્ચ કરતા અહોભાવ હતો. ગમે તે આવે તેને પૂછે- "મહારાજ સાહેબને કેમ છે?" માંદગીમાં પણ તેના લાડકવાયા પુત્રે-પરેશભાઈએ-શ્રવણની જેમ યાત્રા-દર્શન-પૂજા કરાવી છે! ધન્ય ધન્ય છે પરેશભાઈને!

નવકારાદિ કરોડો-કરોડો મંત્રજાપના આરાધક સ્વાધ્યાયપ્રેમી સરલ સ્વભાવી-સાધ્વી રત્ના પૂ. પદ્મયશાશ્રીજી મ.ના ધર્મલાભ.

## શ્રીમતી મનહરબહેન કીરીટભાઈ શાહ

વિદ્યાનગર સંઘનું એક જાજરમાન નામ. તેમનામાં શ્રી લક્ષ્મી અને સરસ્વતી સાથેનો અતૂટ નાતો. એમનું હૃદય જાણે અમીનો કૂંપો! જંગમ વિદ્યાપીઠ અને રત્નપારખુ કુશળ ઝવેરી. વ્યવહાર કુશળ સંચાલિકા, ઉત્તમ માર્ગદ્રષ્ટા, દૂરંદેશીપણું અને ચકોર સ્ત્રી દાક્ષિણ્ય ધરાવતું વ્યક્તિત્વ. આવું બહુમુખી અને અજોડ વ્યક્તિત્વ ધરાવતાં મનહરબહેન સહુનાં એક પ્રતિભાશાળી વ્યક્તિત્વના માલિક છે. કુશળ ગૃહિણી, મમતામયી માતા, સુશીલ પત્ની, સ્નેહાળ સાસુ અને પ્રેમાળ સખી દરેક પાસામાં ઓપતું એમનું વ્યક્તિત્વ પહેલ પાડેલ હીરા જેવું છે.

બાલ્યવયમાં મધ્યમવર્ગી પણ ખાનદાન અને ધર્મિષ્ઠ કુટુંબના ધાર્મિક સંસ્કારોથી તેમનું જીવન ઘડતર થયું. સંસ્કારી માતા-પિતા અને માસી તરફથી ધાર્મિક જ્ઞાન, શ્રદ્ધા અને સંસ્કારનાં બીજ રોપાણાં, જે આજે ફૂલ્યાં ફાલ્યાં. નાનપણમાં જ ધાર્મિક અભ્યાસ પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અર્થ સાથે કરેલાં. વ્યાવહારિક એસ.એસ.સી. પાસ તપસ્યામાં નવપદજીની ઓળી પાંચમ, આઠમ, ચૌદસ, અગિયારશ અને તેરશ તિથિની આરાધના. વીશ સ્થાનક તપ, અક્ષયનિધિ વ. નાનાં નાનાં તપ કરેલ તેમ જ સિદ્ધાચલજીની ૯૯ યાત્રા, સમેતશિખરજી અને ગિરનારજીની યાત્રા કરેલ. સાસરે આવ્યા પછી તેમના પતિ કિરીટભાઈ સાથે ભારતભરનાં તીર્થોની યાત્રા કરેલ છે અને હજી પણ કરે છે. એકસો જેટલાં સ્તવનો કંઠસ્થ છે. અગિયાર વર્ષ સુધી ગવર્નમેન્ટ જોબ કરેલી. સાસુ જયમતિબહેન પણ ખૂબ જ માયાળુ અને ઉચ્ચ વિચારસરણી ધરાવતાં હતાં. તેઓ પણ સર્વિસ કરતા હતાં. આમ તેઓ આગળ વધ્યા. તેમનાં બે પુત્રરત્નો અને બન્ને પુત્રવધૂઓ પણ ખૂબ જ સંસ્કારી અને ડાહી છે. મોટા નીલેશભાઈને પ્લાસ્ટિકની ફેક્ટરી છે અને નાના દ્વિજેશભાઈ ન્યુરોસર્જન છે. આખા ગુજરાતમાં નામાંકિત ડૉક્ટર છે. પતિ કિરીટભાઈ ભાવનગર સંઘના છેલ્લાં ૧૫ વર્ષથી ઉપપ્રમુખ છે અને સમસ્ત સંઘનું સંચાલન તેમની ચાણક્ય બુદ્ધિથી સુપેરે કરે છે. આ રીતે મનહરબહેન ઘરમાં પણ બધી રીતે સુખી છે.

શ્રી સરસ્વતી અને સૌંદર્યનો ભાગ્યે જ જોવા મળતો સુભગ સમન્વય તેમનામાં જોવા મળે છે. કોઈ પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે લક્ષ્મી અને સરસ્વતીએ તેમની ઉપર અનરાધાર કૃપા વરસાવી છે. તેઓ ધનવાન નહીં પણ સાચા અર્થમાં લક્ષ્મીવાન છે. સતત સ્વાધ્યાય અને નવું નવું શીખવાનો ઉત્સાહ હજી આજે ૭૦ વર્ષની વયે પણ જાળવી રાખ્યો છે. નાની ધાર્મિક સ્ટોરી ઉપરથી વિસ્તૃત નાટક લખવાં પ્રસંગને અનુરૂપ ગીતો, ગહુંલીઓ જોડીને ગાવી વ.ની કલા, શત્રુંજયતીર્થની ભાવયાત્રા તો તેમની સાંભળવી બધાં બહેનોને ખૂબ જ ગમે, જાણે શત્રુંજયતીર્થ અને આદિનાથદાદાના સાંનિધ્યમાં હોવાનું અનુભવાય. ગુરુ મહારાજ પધારે ત્યારે તેમના જ્ઞાનનો પૂરેપૂરો લાભ લે. સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ દિલ લઈને કરે. તેઓશ્રીને કાંઈ અગવડ ન પડે તેની તકેદારી રાખે. દેરાસર કે ઉપાશ્રયમાં પૂરતું ધ્યાન આપે. આયંબિલ શાળા તેમની દેખરેખ નીચે આજે સમૃદ્ધ બની છે. તેમની રગોમાં "મારું વિદ્યાનગર" અને શાસન પ્રત્યેનો પ્રેમ વહી રહ્યો હોય તેમ લાગે. તેમની પુણ્યાઈ એટલી કે જે કામ ધારે તે પાર પડે જ અને બધાં જ તેમનો પડ્યો બોલ ઝીલે. ધર્મ પર અતૂટ શ્રદ્ધા અને જૈન દર્શનનો ઊંડો અભ્યાસ. દરેક વ્યક્તિની સંભાળ રાખે. ખબર અંતર પૂછે. નિરાભિમાની સરળ અને સાલસ સ્વભાવ ધરાવતાં મનહરબહેન અને વિદ્યાનગર સંઘ જાણે એકબીજાના પર્યાય બની ગયાં છે. શાસનની શોભા એવાં મનહરબહેન સહુના પ્રેમાળ પથદર્શક, સ્નેહાળ સ્વજન અને વાત્સલ્યના અખૂટ ઝરણા સમાન છે.

*[સંકલન : પ્રવિણાબહેન એમ. શાહ]*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નિર્મળાબહેન રતિલાલ પરમાણંદદાસ શેઠ

જન્મોત્સવ : સં. ૧૯૮૬, શ્રાવણ સુદ ૨, રવિવાર
તા. ૩૧-૮-૧૯૩૦.

સ્વર્ગવાસ : સં. ૨૦૬૩, ભાદરવા સુદ ૧૨, સોમવાર
તા. ૨૪-૯-૨૦૦૭.

ખૂબ જ વ્યવહારકુશળ, નામ પ્રમાણે નિર્મળ જીવન જીવી જનાર નિર્મળાબહેન, જેઓ આજથી અઠ્ઠાવીસ વર્ષ પૂર્વે ૧૯૮૦માં પતિનો સાથ ગુમાવ્યા બાદ સમગ્ર શેઠ પરિવારના શ્રેષ્ઠ ગુરુ, જવાબદાર પિતા અને પ્રેમાળ માતા એમ ત્રિવિધ જવાબદારી નિભાવી આ કપરા સમયમાં સંપૂર્ણ સૂઝબૂઝ અને અડગતા પૂર્વક જિંદગી વ્યતિત કરતાં કરતાં પરિવારના તમામને ઉચ્ચ અભ્યાસ, સર્વશ્રેષ્ઠ વ્યાવહારિકતા સાથે કૌટુંબિક એકતાના સંસ્કારો અને થોડામાંથી પણ થોડું બીજાને અર્પણ કરવા દ્વારા ભૂખ્યાને અન્ન, શિક્ષણાર્થી બાળકો માટે વિદ્યાદાન અને સાધર્મિક માટે ગુપ્તદાન એ તેના અંતિમ શ્વાસ સુધીનો જીવનમંત્ર રહ્યો હતો.

નાની ઉંમરમાંથી શરૂ થયેલ પોતાની તપશ્ચર્યાની શ્રૃંખલા પોતાના પુત્રો, પુત્રવધૂઓ, દીકરીઓ અને પૌત્રો–પૌત્રીઓની ત્રણ ત્રણ માસક્ષમણ, વર્ષીતપ, ઉપધાનતપ ૧૬, ઉપવાસ અને અઠ્ઠાઈ તપની તપશ્ચર્યા વડે વિસ્તરી હતી. દેશભરના સમગ્ર જૈન તીર્થોની વારંવાર યાત્રાઓ સાથે સમેતશિખર મહાતીર્થની છ–છ વાર યાત્રા તેમ જ પંતનગર, ઘાટકોપરના નૂતન જિનાલયમાં શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિષ્ઠા અને નાયડુ કોલોની, ઘાટકોપર ખાતે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો અમૂલ્ય લહાવો લીધો હતો.

અતિથિ દેવો ભવ:નું સૂત્ર જીવનમાં ચરિતાર્થ કરનાર નિર્મળાબહેને સાધુ–સાધ્વી વૈયાવચ્ચની પ્રવૃત્તિ અવિરતપણે ચાલુ રાખી હતી અને આનાથી પ્રભાવિત થઈને પ.પૂ. અશોકચંદ્ર સૂરીશ્વરજી, પ.પૂ. ચંદ્રોદય સૂરીશ્વરજી, પ.પૂ. સોમચંદ્રસૂરીશ્વરજી, શ્રી દાન સૂરીશ્વરજી તેમ જ પૂ. સાધ્વીજી કૈવલ્યરત્નાશ્રીજી આદિ અને સાધુ–સાધ્વીગણને તેઓના નિવાસસ્થાને સ્થિરતાનો અમૂલ્ય લાભ આપેલ.

પોતાના વિશાળ પરિવાર સાથે અન્ય સગાંવહાલાં, આડોશી–પાડોશી વગેરે દરેકના સારા–નરસા પ્રસંગે રાતદિવસ જોયા વગર અન્યના સહારા માટે અચૂક તૈયાર રહેતાં. તેઓની હાજરી માત્રથી સામેની વ્યક્તિની ચિંતાઓ દૂર થઈ જતી.

જીવનના શરૂઆતના તબક્કાથી જ દુઃખ માત્ર દુઃખનો જ અનુભવ કરી ચૂકેલાં નિર્મળાબહેને નાનાંપણમાં જ પિતા ગુમાવ્યા. મોસાળે મોટા થયાં. શરૂઆતના દિવસો ખૂબ જ કઠણાઈવાળા કાઢ્યા, પરંતુ પોતાનાં છ પુત્રો–બે પુત્રીઓને ઉચ્ચ અભ્યાસ સાથે સુ–સંસ્કારો આપીને ઉછેર્યાં, કપરા સમયને હસતારમતાં એકલવીરની જેમ પોતાની કોઠાસૂઝ વડે મક્કમ મનોબળથી સમતા, સમજણ અને સત્સંગ વડે ફરી સારા સમયમાં ફેરવી નાખ્યા અને ૩૬–૩૬ જણાના પરિવારને અકબંધ રાખવા, ખરતા જતા સંયુક્ત કુટુંબના કાંગરાઓ અને ખરડાતા જતા કૌટુંબિક સંબંધોના તાણાવાણાનો સરવાળો વિશ્વાસમાં કેમ પલટાવવો તે નિર્મળાબહેનના જીવનકવનમાંથી શીખવા જેવો બોધ છે.

## શ્રીમતી પદ્માવતીબહેન મનુભાઈ ઝવેરી

ઉંમર ૬૪ વર્ષ અભ્યાસ ચાર ગુજરાતી. ગૃહકાર્યમાં નિપુણ છે. તેમનો જન્મ ગુજરાતના તા. પીરમાગમ (ઉ.ગુ.)ની પાસે દેગોજ ગામમાં થયો છે. તેઓ સ્વભાવે પ્રેમાળ, લાગણીશીલ ને માયાળુ હોવાથી ઘરમાં સૌનાં માનીતાં છે. તેમનામાં વૈયાવચ્ચ ગુણ ખૂબ વણાઈ ગયેલો છે. સાધુ–સંતોની સેવા તથા વડીલોની સેવા એમનો મહાન ગુણ છે. પતિ તથા કુટુંબનાં સૌ સભ્યોને પ્રેમથી સહકાર આપે છે. તેઓ ધાર્મિક કાર્યોમાં તપ–જપ–ધ્યાન તથા દાનમાં આગળ છે. પાલિતાણામાં ચાતુર્માસ, હસ્તગિરિમાં ઉપધાનતપ તથા અનેક નાનાં મોટાં તપ કર્યાં છે. તેઓ પ્રેમાળ પત્ની, લાગણીશીલ માતા તથા મહાન પુત્રવધૂ તરીકે માન પામ્યાં છે ને લોકોનાં દિલમાં સ્થાન મેળવ્યું છે.

તેમણે નિખાલસ ને સરળ સ્વભાવથી કુટુંબને ખૂબ આગળ વધાર્યું છે. તેમના બે દીકરા પ્રશાંતભાઈ (સી.એ.), વિનીતભાઈ બી.કોમ., પુત્રવધૂ સિદ્ધિબહેન (ગૃહ સાયન્સ) જિગિશાબહેન (બી.કોમ.) તથા દીકરી ક્ષમાબહેન (બી.કોમ.) થયેલાં છે ને સુખી ઘરસંસાર ચલાવે છે. શ્રી મનુભાઈના અભ્યાસ તથા સામાજિક કાર્યોમાં ખૂબ સહકાર આપી તેમના વિકાસ માટે અનોખો ફાળો આપેલ છે ને ઉત્તમ કામગીરી બજાવી મનુભાઈના દરેક કાર્યમાં સદ્‌ભાગી થયાં છે. મનુભાઈ કહે છે કે આવાં સહચારિણી પુણ્યશાળીને જ મળે છે.

આમ આવા કુટુંબને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળાને નતમસ્તકે નમવાનું મન થાય છે. તન–મન અને ધનથી વિકાસ પામી સમાજને ઉપયોગી થવાની સૌની ભાવના એક ઉદાહરણ પૂરું પાડે છે.

તેઓનું કુટુંબ ધર્મના માર્ગે શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મ.સા.ના સમુદાયના સૌ આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતોના માર્ગદર્શનથી આગળ વધ્યું છે. ધર્મના સંસ્કાર પ્રબળ બનાવવામાં સાધ્વીશ્રી પ.પૂ. જ્યોતિપ્રભાશ્રીજી મ.સા. (બહેન મ.સા.)નો ખૂબ મહત્ત્વનો ફાળો છે. તેઓ કચ્છ નખત્રાણામાં ચાતુર્માસ (૨૦૬૨). સમગ્ર કુટુંબ તેમનો બોલ ઝીલે છે ને કચ્છમાં નખત્રાણા પાસે એક મહાનતીર્થ શ્રી પાર્શ્વ–વલ્લભ–ઇન્દ્રધામ તેમની પ્રેરણાથી ઊભું થયું છે, જેની પ્રતિષ્ઠા આચાર્ય નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે સં. ૨૦૬૩માં થઈ. આ તીર્થમાં મનુભાઈનો અનોખો તન, મન, ધનથી ફાળો છે.

## અ.સૌ. સ્વ. હીરાલક્ષ્મીબહેન નવનીતલાલ શાહ



નવકારમંત્રની અખંડધૂન વચ્ચે તા. ૨૧-૨-૨૦૦૩ના દિવસે દૈહિક વિદાય લેનાર અ.સૌ. હીરાલક્ષ્મીબહેન નવનીતભાઈ શાહના જીવનમાં પારસમણિ બની રહ્યાં. આગવી કોઠાસૂઝ અને આવડત વડે કપરા સંજોગો અને પ્રતિકૂળતાઓનો સામનો કરી સુશિક્ષિત પરિવારનું સર્જન કર્યું. જરૂરતમંદોને યથાશક્તિ મદદ કરી. સ્વજનો તથા સ્નેહીજનોનો સદાય પ્રેમ અને વાત્સલ્યથી આતિથ્ય–સત્કાર કરતાં રહ્યાં.

અ.સૌ. સ્વ. હીરાલક્ષ્મીબહેનનાં સંસ્કાર તથા પ્રેરણાને પ્રતાપે જ ઉદ્યોગ જગતમાં આશાપુરી ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ આજે આગવું સ્થાન ધરાવે છે. શાંત સરળ ગ્રામ્ય પરિવેશ હોય કે સદાય પ્રવૃત્ત શહેરી જીવન, દરેક તબક્કાનાં લોકોને સ્વાસ્થ્ય અંગેના અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. અ.સૌ. સ્વ. હીરાલક્ષ્મીબહેનની સારવાર વખતે ખાસ તેમના અંતિમ ત્રણ માસ દરમ્યાન હોસ્પિટલમાં આ સંદર્ભે, સ્વાનુભવે ખ્યાલ આવ્યો કે આવા સમયે આરોગ્ય જાળવવા અંગેનું પ્રાથમિક જ્ઞાન સહેલાઈથી ઉપલબ્ધ હોય તો અનેક મૂંઝવણો સરળતાથી ઉકેલાઈ જાય. આરોગ્ય વિશેની પ્રચલિત અજ્ઞાનતા જો રોગ અંગેની પ્રાથમિક માહિતીઓ દ્વારા દૂર કરવામાં આવે તો સારવાર હેઠળના દર્દીને અપાર રાહત મળી રહે. આરોગ્ય અંગેની પ્રાથમિક જાગૃતિ આણવા તથા એક સ્વસ્થ નીરોગી સમાજનું ઘડતર કરવાના ધ્યેય સાથે 'હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવી છે. સૂચિત ફાઉન્ડેશનનું સંચાલન શ્રી નવનીતભાઈ કરી રહ્યાં છે. શ્રી નવનીતભાઈ રતનજી શાહ પાલિતાણાના વતની, નાની ઉંમરમાં બ્રહ્મદેશ અને ભારતના ઘણા સ્થળોનું પરિભ્રમણ કર્યું. દિલમાં ઘણા અરમાનો સાથે વિવિધ અનુભવો અને તાણાવાણામાંથી પસાર થયા. પ્રશ્નોને સમજવાની અને તેના ઉકેલ માટેની આગવી સૂઝ ધરાવે છે. મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી ધ્યેયને પહોંચવા તેમના અથાક પ્રયત્નો રહ્યાં છે. અનેક મિત્રો અને સ્નેહીઓની તેમને પ્રેરણા મળી. વચ્ચે ભાવનગરમાં સ્થિર થઈને ખનીજ ઉદ્યોગોના વિકાસ અને તે અંગેના નિકાસ બજારો મેળવવા ધ્યાન કેન્દ્રિત કર્યું. મિનરલના ધંધામાં સારી પ્રગતિ સાધી. ભાવનગરની અનેક સંસ્થાઓમાં તેમની સેવા મહેકતી રહી. રાજકારણના પણ ઊંડા અભ્યાસી છે. ઔદ્યોગિકક્ષેત્રે ઘણું જ્ઞાન ધરાવે છે.

છેલ્લે મુંબઈમાં સ્થિર થઈ અને સામાજિક કાર્યોમાં ખૂબ જ સક્રિય રહ્યાં છે.

## સંઘમાતા શતાયુષી કંચનબા

અમરેલી-અમરવેલીને આંગણે શ્રી જૈનસંઘમાં થોડા સમય પહેલાં જ એક અનેરો ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ સંપન્ન થયો. અવિરત શ્રાવિકાપણું પાળતાં, અનેકવિધ તપસ્યાઓ કરતા, આબાલવૃદ્ધ સૌને ધાર્મિક સામાજિક રીતે ઉપયોગી થતાં એવા પૂ. કંચનબહેને તેમના જીવનના સો વર્ષ પૂર્ણ કર્યા, તે સંદર્ભે તેમના પરિવાર તરફથી એક ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ ઉત્સવ યોજાઈ ગયો. બે દિવસ વિવિધ પૂજાઓ અને ત્રિજા દિવસે પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંતના અષ્ટોત્તરશત નામથી બૃહદ્‌પૂજન કંચનબહેનના પુત્ર-પરિવાર સૌએ ભારે ઠાઠમાઠથી ભણાવ્યું. સાધર્મિક વાત્સલ્ય (સંઘજમણ) રાખ્યું. શ્રી અમરેલી સંઘે ખૂબ ઉત્સાહપૂર્વક ઉત્સવમાં ભાગ લઈ પ્રસંગને દીપાવ્યો.

આ પ્રસંગે બાપજી મહારાજના સમુદાયનાં પૂ. સા.મ. શ્રી ભદ્રગુણાશ્રીજી અને પૂ.સા.મ.શ્રી પદ્મરેખાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી કલ્પેશપદ્માશ્રીજી મ. ઉત્સવ પ્રસંગે નિશ્રા આપી વિશેષ ઉત્કૃષ્ટ બનાવ્યો.

શતાયુષી કંચનબા સંઘમાતા-તીર્થોતમ જેવા બની ગયા હતા. શ્રી સકળ સંઘ અને અનેક શ્રાવક-શ્રાવિકા સમુદાયે તેમનું અભિવાદન કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રાવિકા રત્નકુક્ષિણી જીવીબહેન

હાલારના દરિયાના બરાબર કિનારે, ખંભાલિયા તાલુકાના આંબલા ગામમાં દાનશૂરા ધરમશીભાઈ કારાના ઘરે-માતા ગંગાબહેનની કુક્ષિએ એક પુત્રીનો જન્મ થયો. નામ પડ્યું 'જીવી'.

એકદમ શરમાળ, પવિત્ર, વિનયી, કહ્યાગરી કામગરી પુત્રી–માતાપિતા માટે આ એક જ પુત્ર કહો કે પુત્રી તે જ મૂડી હતી. મોટી થતાં માતા–પિતાએ મોટા માંઢાના રહીશ પૂંજાભાઈ નોંધાભાઈ ખીમસિયાના સુપુત્ર માણેકભાઈ સાથે લગ્ન કરાવ્યાં.

પૂર્વના સંબંધોનો જાણે સાથ હશે! તેમ આ કુળવાન છોકરી જીવીબહેનનું જીવન ખરેખર પ્રશંસનીય બન્યું. માતા–પિતાની એકની એક પુત્રી, લાડ–કોડમાં ઊછરેલી, પણ સંસ્કારોની ખાણ સમાન વહુ બનીને સાસરે આવીને બીજા દિવસથી જ બધાંને પોતાના ગુણોથી આકર્ષી લીધાં. કામ કરવાની છટા, બોલવાનું તો ન છૂટકે અને વડીલોની આમન્યા પૂરેપૂરી સાચવે તથા માણેકભાઈનો સ્વભાવ થોડો મર્યાદાના પાલન માટે ચુસ્ત–કડક પણ કહેવાય તો પણ ક્યારેય સામે બોલવાનો પ્રસંગ ઊભો નહોતો થયો.

પતિ માણેકભાઈની પ્રસન્નતા એ જ જીવન. ઉપકારી વડીલોની સેવા એ જ મંત્રનું આરાધન કરતાં સમય–કાળ પસાર થઈ રહ્યો હતો.

પોતાના દિયર કેશુભાઈએ હાલારના તપગચ્છના ઈતિહાસમાં સર્વપ્રથમ દીક્ષા લઈ–'મુનિ કુંદકુંદવિજયજી' બન્યા ત્યારે તેમની દીક્ષામાં પ્રેરક તરીકે માણેકભાઈ હતા. વૈરાગી એવા માણેકભાઈએ ત્યાં જ વિચાર કર્યો કે–"ભાઈએ આખા સંસારનો ત્યાગ કર્યો, તો મારે પણ એવું કંઈક કરવું કે જેથી આખી જિંદગી યાદ રહે. " એક અત્યંત પ્રશંસનીય નિર્ણય લીધો, પણ એ નિર્ણય પોતે એકલા જ પાળી શકાય તેવો ન હતો. તે માટે ધર્મપત્ની જીવીબહેનને જણાવવાનું હતું. બીજા દિવસે તે જણાવ્યું. હજુ તો પત્નીના ગર્ભમાં બાળક છે. સંસાર સુખના દિવસો છે. ભરયુવાનીના ઉંબરેથી પસાર થવાનાં વર્ષો છે. તેવા સમયે બ્રહ્મચર્ય વ્રત સ્વીકારવાના કોડ સેવાઈ રહ્યા છે. માણેકભાઈની ૨૬ વર્ષની ઉંમર અને જીવીબહેનની ૧૮ વર્ષની ઉંમર છે. આ ઉંમરે જગતમાં દીપક સમા 'બ્રહ્મચર્ય વ્રત' સ્વીકારવા બન્ને તૈયાર થયાં. પૂજ્ય ગુરુ મહારાજને વાત કરી.

હજુ તો કિશોર અવસ્થા છે, પણ પૂર્વભવની અનાસક્તિનો યોગ–આ ભવમાં ઉદયમાં આવ્યો. માણેકભાઈ પવિત્ર હતા, જીવીબહેન પણ પવિત્ર હતાં. બન્ને બ્રહ્મચર્ય વ્રતનાં ધારક બની ચૂક્યા. બન્નેના વિચારો પવિત્ર હતા. તેની અસર ગર્ભમાં રહેલા સંતાન પર પડતી હતી. ૧૯૯૮ના જેઠ સુદ–૨ ના શુભ દિવસે કોઈપણ પીડા વિના માતાએ સુંદર સ્વરૂપવાન અનેક લક્ષણોથી યુક્ત પુત્રરત્નને જન્મ આપ્યો. નામ આપ્યું–વર્ધમાનકુમાર, હુલામણું નામ રાખ્યું કેશવજી (કેશુ).

પૂ. ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રી આદિ સં. ૨૦૦૪માં પાલિતાણામાં ચોમાસું હતા. એમની નિશ્રામાં પૂરતો લાભ લેવા માણેકભાઈ, જીવીબહેને ત્યાં રસોડું ખોલીને સાધર્મિકોની સાથે સાધુ–સાધ્વીજી ભગવંતોની ખૂબ ભક્તિ કરીને અનેરું પુણ્યોપાર્જન કર્યું.

સવારથી સાંજ સુધી જે કોઈ આરાધક આવે, તેને રસોડે તેડી જાય. સાધુ–સાધ્વીજી ભ.ની પણ ઉદારતાપૂર્વક ભક્તિ કરે. એમના ઉદારતાના સંસ્કારો પુત્ર કેશવજીના જીવનમાં એવા સરસ ઊતર્યા કે ૬ વર્ષની વયે પાટલે બેસીને અનેક ચીજો વહોરાવે, પણ જરાય ઢોળાય નહીં. પૂજા, વંદન કરી આવે અને પહેલેથી જ પાટલે બેસી જાય. દરરોજ ૨૦ કિલો પપૈયા, ૪૦ લિટર દૂધ, મીઠાઈ આદિથી દરરોજ સળંગ ૧૨ મહિના સુધી ભક્તિ કરેલી.

માણેકભાઈ જેમ ઉદાર હતા, તેમ જીવીબહેન પણ એટલાં જ ઉદાર, લાગણીશીલ હતાં. બન્નેનો યોગ એવો થયેલો કે આ રીતે ભક્તિ કરતાં આનંદઆનંદ જ થયા કરે.

હાલારના ૪૦૦ વર્ષના ઈતિહાસમાં એક નવો વિક્રમ સ્થપાઈ રહ્યો હતો. તે એ જ કે સૌથી નાની–૧૩ વર્ષની ઉંમરે બાલદીક્ષિત તરીકે આ કેશુનો નંબર આવી રહ્યો હતો.

વૈશાખ સુદ–૭ ના દીક્ષા થઈ. વર્ધમાનનું નામ–'વજ્રસેન વિજયજી' પડ્યું. દીક્ષા પછી બધાં હાલાર આવ્યાં. ઘરમાં એકદમ શૂન્યતા લાગતી પણ સાથે આનંદ પણ થતો.

જીવીબહેન હવે વિશેષે માણેકભાઈની સેવા તથા સામાયિક–ધર્મ ધ્યાનમાં જોડાઈ ગયાં. વ્યવહારની ચોકસાઈ, બુદ્ધિની તીક્ષ્ણતા અનેરી હતી. એમણે ઘરમાં લોટ દળતાં દળતાંજ ૧૨ ભાવનાની સજ્ઝાય મોઢે કરેલી. એ બોલે ત્યારે સાંભળનારને ભાવનાઓના ભાવોથી ભાવિત કરી દે, એવો કંઠ હતો. જીવન પણ કેવું પવિત્ર–શુદ્ધ, કે એમના મસ્તકમાંથી વાસક્ષેપ ઝરતો અને કંકુનાં પગલાં પડતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુટુંબીઓ જ્યારે વાપરવા જાય ત્યારે જીવીબહેન એકલાં પડે ત્યારે માણેકભાઈ પોતાને ગમતી આરાધના કરાવી આવે. એમાં એક દિવસ તબિયતે પલટો ખાધો. તબિયત વધુ કથળવા લાગી.

માણેકભાઈએ જીવીબહેનને જાગૃત કર્યાં. પુણ્યપ્રકાશનું સ્તવન સંભળાવ્યું. જીવીબહેનનું જીવન હવે સંકેલાઈ રહ્યું હતું. દીપકમાં તેલ પૂરું થઈ રહ્યું હતું. વાટ જ બળી રહી હોય તેમ જીવન પૂર્ણતા તરફ જઈ રહ્યું હતું. જીવીબહેને હાથ જોડ્યા– "પચ્ચક્ખાણ આપો." એટલે માણેકભાઈ પણ સમજી ગયા–હવે દીપક બુઝાતાં વાર નહીં લાગે. તેથી સામાયિક–આરે આહારના પચ્ચક્ખાણ આપી દીધાં, એમની પાછળ પુણ્યની જાહેરાત કરી. એમણે પણ કહ્યું–"તમે સંપૂર્ણ સમાધિમાં રહેજો." માણેકભાઈએ પણ કહ્યું–"આપણો આજ સુધી ઋણાનુબંધ હતો. તે હવે પૂરો થાય છે."

હવે નમસ્કાર મહામંત્રની ધૂન શરૂ થઈ. એમના હાથનાં ટેરવાં ફરી રહ્યાં હતાં, મન પ્રસન્ન હતું, જરાપણ દીનતા કે ગ્લાનિ ન હતી. નવકારના ધ્યાનમાં મનને એકાગ્ર કરીને જીવીબહેન આંચકા સાથે અર્ધ ખુલ્લી આંખોને એકદમ તેજસ્વી તારલિયાના ટમટમાટની જેમ ખોલી દીધી. હંસલો દિવ્યલોકના દર્શને ઊડી ચૂક્યો. આ નાની ઉંમરનું મૃત્યુ હતું. તેથી રડવાનું જ શરૂ થાય, પણ મરતાં પહેલાં તેમણે કહેલું–"મારા મૃત્યુ પછી કોઈએ રોકકળ ન કરવી પણ આરાધના કરવી–કરાવવી." તે માણેકભાઈને પણ ખૂબ ગમેલું. તેમણે બધાને રડવાની સ્પષ્ટ ના પાડી.

નાની ઉંમરમાં જીવીબહેનનું મૃત્યુ થયું. તેને મંગલમય બનાવવા અને એમની અંતસમયની ભાવનાને પૂર્ણ કરવા પ્રભુ ભક્તિનો મહોત્સવ કરવાનો વિચાર આવ્યો. આ રીતનો મહોત્સવ હાલારના ઈતિહાસમાં પ્રથમ જ વાર હશે. ઘણાંને થયું કે લોકો મહોત્સવની નિંદા કરશે–"કે આ ધર્મી વળી કેવો?" છતાં મોટાભાઈ વીરપારભાઈ ધર્મને સમજતા હોવાથી નિર્ણય એ નિર્ણય અને મહોત્સવને અનુરૂપ વાતાવરણ થયું.

તેમાં નિશ્રા આપવા પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજીને વિનંતી કરી અને ગુરુ–આજ્ઞાથી પૂ. મુનિ શ્રી કુંદકુંદ વિ. મ. તેમના શિષ્ય સાથે ત્યાં પધાર્યા. ભવ્ય મહોત્સવ ઊજવાયો.

ત્યારે પૂ. કુંદકુંદ વિ.મ.ને દીક્ષામાટે સહાયક થનાર માણેકભાઈનો વિચાર આવ્યો, "જેમણે મને ધર્મ બતાવ્યો, ચિન્તામણિ જેવા ગુરુદેવ બતાવ્યા, તો તેમને પણ હું સંસારમાંથી ઉગારી લઉં" અને એમની પ્રેરણાથી ગુરુદેવ પાસે મુહૂર્ત કઢાવીને બે જ દિવસમાં તૈયારી કરીને માણેકભાઈએ દીક્ષા ગ્રહણ કરી.

સાચાં ધર્મપત્નીના મહોત્સવમાં જ પતિને સંયમ મળી ગયું.

## ધન્નાકાકંદી

પ્રભુ! ૧૪ હજાર સાધુઓમાં તપ-ત્યાગમાં ઉત્કૃષ્ટ અણગાર કોણ?

શ્રેણિક! ધન્નો અણગાર સર્વશ્રેષ્ઠ છે.

*

૯ મહિના સંયમ દ્વારા ઉત્કૃષ્ટ સાધના કરી કાળધર્મ પામેલ મુનિ કંઈ ગતિ પામ્યા?

ગૌતમ! એ આત્મા સર્વાર્થસિદ્ધ વિમાનમાં જન્મ લઈ એકાવતારી થઈ મહાવિદેહ-ક્ષેત્રમાં જન્મી મોક્ષે જશે.



રેખાંકન : સવજી છાયા, દ્વારકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શતાયુષ્યી કંચનબેન ભીખાભાઇ શાહ

**સ્વર્ગવાસ તા. : ૯-૧૧-૨૦૦૭, શુક્રવાર**



પૂ. બા,
પિતાવિહોણો તમ એકે ઉછર્યો
ભણ્યો **અ** થી **જ્ઞ** સુધી
તો ય **અજ્ઞ** રહ્યો ,
તમ પ્રતાપે
સર્વજ્ઞધર્મભાવના - સમાજસેવા - શિક્ષણ પ્રદાન
તમારાં ઉરચક્ષુએ પામ્યો
અને વિતરણ કર્યું.
મારા ભવાંતરની ય સદા ખેવના કરનાર
પૂજ્ય કંચનબાને
હ્રદયપૂર્વક સ્મરણાંજલી... રસિકની અભિવંદના...

ધર્મમય જીવનનાં ૧૦૦ વર્ષ પરિપૂર્ણતાને અવસરે...

## અભિવાદન શુભેચ્છા

**શતવર્ષીય ધર્મભાવ-સેવાભાવ સંપન્ના**
**ગં.સ્વ. શ્રી કંચનબેન અમૃતલાલ શાહ**

શતશઃ વંદનાસહ આપના ધન્ય જીવનની અનુમોદના કરતાં શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના અમે આબાલવૃદ્ધ સૌ ધન્યતા અનુભવીએ છીએ. વલ્લભિપુર(વળા)માં જન્મ પામી. આપનાં પિતાશ્રી ભીખાભાઇ વિઠ્ઠલદાસ શાહ અને માતુશ્રી મણીબેનનાં સુસંસ્કારો પામી બાળપણથી આપે કર્તવ્ય પરાયણતા આત્મસાત કરેલી તે ભાવનગરમાં શ્વસુરગૃહે પણ પૂર્ણપણે અંગીકાર કરી.

અમરેલી ખાતે આપના નિવાસ દરમિયાન પણ આપે સ્વપરના હિત માટે દહેરાસર-ઉપાશ્રયમાં એક પૂર્ણ શ્રાવિકા તરીકે અન્ય સૌ બહેનો-બાળકોને ધર્મકાર્યમાં અને સામાજિક રીતે ઉપયોગી થતાં જ રહ્યાં છો, તે પણ વિશેષ સરાહનીય છે. આપનું સમગ્ર જીવન જૈન સમાજના દરેકને માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

આપના જીવનના શતાબ્દી ઉત્સવ અવસરે આપનું શેષ જીવન વધુ નિરામય અને ધર્મમય રહે અને આપની મોક્ષભાવની આરાધના બળવત્તર થતી રહે તેવી પરમ કૃપાનિધાન પ્રભુ પાસે પ્રાર્થના સહ.

**લિ. : શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમરેલી.**

## સંઘ મૈયાને અભિવંદના !

દીર્ઘ આયુષી કંચનમાતા, ધર્મપ્રેમી તું સંઘમૈયા !
ધર્મસભામાં શોભે માતા, જાણે મરૂદેવી મૈયા !
પ્રભુ દર્શનના પ્યાસી, મૈયાને ધર્મ લગની ભારી !
પરિવારે દુરી મીટાવી, બન્યા પ્રભુ તણા પડોશી !
શતાબ્દી જયંતિ ભાવે ઉજવાય, અભિવંદના ભાવે થાય !

વાત્સલ્ય ભરી તારી દ્રષ્ટિ વર્ષે આંખોમાં સદા અમી !
વાણી તારી ભારે મધુરી, મોંમા જાણે સાકર મીઠી !
તારા આશિષની ઝંખના સદા મંગળ આશીર્વાદની કરો વર્ષા !
ઘણું જીવો સંઘ મૈયા ! પામીએ દર્શન આપના સદા !
શતાબ્દી જયંતિ ભાવે ઉજવાય, અભિવંદના ભાવે થાય !

શ્રવણ સમા પુત્ર જ્ઞાની, ધર્મ પમાડે ભાવથી !
પુત્રવધૂ ઉર્મિલા ઉમંગી, સેવા કરે જાણે પુત્રી લાડલી !
આંગણે પધારે સંતો પંચવ્રતી, પ્રમોદ ભાવે ગૌચરી ઓરાવે માવડી !
માનવભવનું મૂલ્ય જાણે માવડી, ધર્મ આરાધનામાં ગાળે જીંદગી !
શતાબ્દી જયંતિ ભાવે ઉજવાય, અભિવંદના ભાવે થાય !

તા. ૩૧-૦૫-૨૦૦૬

ડૉ. એમ. ગોંડલીયા
ટ્રસ્ટી
સ્થા. જૈન સંઘ, અમરેલી.

**શતાધિકાયુષ્યી કંચનબેન ભીખાભાઇ શાહના પુનિત આત્મશ્રેયાર્થે**
**લિ. : પુત્રવધૂ સૌ. ઉર્મિલાબેન રસિકભાઇ અ. શાહ. દ. : ચિ. સ્વાતિ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચે. ટ્રસ્ટના વિવિધ આયોજનો



પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા.

**પ્રેરક :** અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી સર્વોદયસાગરજી મ.સા.

**અનુમોદકઃ** પ.પૂ. મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.

## પૂજન સાહિત્ય

ટ્રસ્ટ દ્વારા અલ્પ સમયમાં એટલે વિ.સં. ૨૦૬૫ની સાલ સુધીમાં ૨૪ તીર્થંકર ભગવાન, ૧૨૫ પાર્શ્વનાથ ભગવાન, ૨૦ વિહરમાન ભગવાન આદિ ૪૫૦ પૂજનપ્રતો રંગીન કાર્ડમાં પ્રકાશિત થવાની છે. વિધિકારોને સંપર્ક કરવા મોબાઈલ : ૯૩૨૨૯૩૯૩૪૩ કલ્પનાબેન સાવલા.

## પ્રાચિન સાહિત્ય

ટ્રસ્ટ પાસે ૫૦૦૦ થી વધારે હસ્તપ્રતો મૂળ-ઝેરોક્ષ-સી.ડી. રૂપે છે. ૩૦૦ ગ્રંથો લખાઇ ગયા છે. જે ક્રમસર પ્રકાશિત થશે.

## પાંચ ભાષામાં સાહિત્ય

૧૩૫ પ્રાચીન કથાઓને સંસ્કૃતમાં શ્લોક-અન્વય-વિવરણ-સરલાર્થ સાથે પ્રાકૃત-ગુજરાતી-હિન્દી-મરાઠી-અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયેલ છે. જે નુતન દીક્ષીતોને ભણવા માટે તથા ભાષાકીય જ્ઞાન માટે અતિ ઉપયોગી છે. એની નકલો સમાપ્ત થયા બાદ ઝેરોક્ષ ખર્ચ મેળવીને અભ્યાસુ વર્ગને આ પ્રકાશન પુરું પાડવું એમ ટ્રસ્ટે નિર્ણય કરેલ છે.

## પ્રતાકાર સાહિત્ય

પ્રતાકાર આદિ રૂપે અર્વાચીન સાહિત્ય પ્રકાશિત થતું રહે છે.

## અનેકવિધ આયોજનો

જિનમંદિર નિર્માણ-જિનપ્રતિમા-આગમ સાહિત્ય-તામ્રયંત્ર મંદિર આદિ અનેક આયોજનો ગોઠવાયા છે.

:: સંપર્ક સૂત્ર ::
શ્રી સોમચંદ ભાણજી લાલકા
મુંબઇ ગલી, પો. અમલનેર - ૪૨૫ ૪૦૧.

॥ ઉદયો ભવતુ સર્વેષામ્ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# NAVNEET PUBLICATIONS (INDIA) LIMITED

Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
Tel. : (079) 6630 5000, 6630 5001 Fax : (079) 2748 8000, 6630 5011

NAVNEET®
*Where knowledge is wealth*™

# 'નવનીત'નાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો

મન જાગે તો રોગ ભાગે
ઘેર બેઠાં સારવાર : લોહચુંબક ચિકિત્સા
સ્વયં સ્વસ્થ રહેવાની કળા
આંખોનું જતન અને દ્રષ્ટિદોષ નિવારણ
નેત્રરક્ષા (સચિત્ર)
રસાહાર દ્વારા તંદુરસ્તી અને રોગમુક્તિ
ઉપવાસની અકસીરતા
પૃથ્વી પરની સંજીવની - ઘઉંના જવારા
ચરબીમાંથી ચુસ્તી તરફ
તમે જ અમારા ડોક્ટર - એક્યુપ્રેશર
હૃદયરોગ અટકાવો, આયુષ્ય લંબાવો
તંદુરસ્તીની સાચી દિશા : પ્રાકૃતિક ચિકિત્સા
ડાયાબિટીસ, હાઇબ્લડ પ્રેશર - દૂર રાખો જીવનભર
રોગને તાબે થશો કે રોગને તાબે કરશો ?
અલવિદા કમરની પીડા
સાંધાના રોગ દૂર કરે યોગ
તમારું રસોડું જ તમારું દવાખાનું : ભાગ ૧
તમારું રસોડું જ તમારું દવાખાનું : ભાગ ૨
જગતનું શ્રેષ્ઠ ઔષધ-પાણી
સહજ-સુલભ સંજીવની : સ્વમૂત્ર
તંદુરસ્તી તમારા હાથમાં (રિફ્લેક્સોલૉજી) : ભાગ ૧
તંદુરસ્તી તમારા હાથમાં (રિફ્લેક્સોલૉજી) : ભાગ ૨
અમૃતફળ આમળાં (ઔષધીય ઉપચારો)
તુલસી (ઔષધિ)
અમૃત-ઔષધ કુંવારપાઠું (ઔષધીય ઉપચારો)
રોગો અનેક ઉપાય એક : ઉપવાસ
આહાર એ જ ઔષધ
અણમોલ જડીબુટ્ટી : ઔષધીય વનસ્પતિ
હા, રોગો મટી શકે છે.
ઔષધ સાથે ઓળખ
યોગાસન - પ્રાણાયામ કરો અને નીરોગી રહો
૧૦૦ વર્ષ નીરોગી રહો
સાજા થાઓ અને સાજા રહો
પાચનતંત્રના રોગો (પેટના રોગો)
વિવિધ રોગોમાં યોગાસનો
સગર્ભાવસ્થા અને તમારું બાળક
વગર દવાએ રોગ મટાડે : એક્યુપંક્ચર
કેન્સર વિજય
લીમડો (ઔષધિ)
શિવામ્બુ ગીતા
ત્રિદોષ : વાયુ, પિત્ત અને કફ
કબજિયાત
દર્દશામક વ્યાયામ
રોગોને સમજીએ અને સ્વસ્થ રહીએ

'નવનીત'નાં તમામ પ્રકાશનો શહેરના તમામ બુકસેલર્સને ત્યાંથી મળે છે. અથવા 'નવનીત'ના શો રૂમ્સની મુલાકાત અવશ્ય લેશો.

**નવનીતનાં શો-રૂમ્સ**

નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર. ફોન : ૬૬૩૦ ૫૧૭૦, ૬૬૩૦ ૫૦૦૦, ૨૭૪૫ ૧૦૦૦
નવનીત પ્લાઝા, સી. જી. રોડ, નવરંગપુરા. ફોન : ૬૬૬૧ ૩૩૨૨, ૨૬૫૬ ૩૦૨૦
૩૦, શુભ કૉમ્પ્લેક્સ, શાહીબાગ. ફોન : ૨૨૮૬ ૧૩૮૬, ૨૨૮૮ ૫૬૯૦
૧૩૨, સમાન કૉમ્પ્લેક્સ, સેટેલાઇટ ચેમ્બર્સ પાસે, પ્રેમચંદનગર રોડ, સેટેલાઇટ. ફોન , ૨૬૭૬ ૧૧૬૮

જ્યોતિષવિદ્યાના અઠંગ અભ્યાસી

# જ્યોતિર્વિદ પ.પૂ. આ. ભ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

જૈનશાસનમાં અનેક મહાપુરુષો થઈ ગયા. તે પૈકીમાંના એક મહાપુરુષ પ.પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરિજી મહારાજ જેમનો જન્મ લવાણા ગામમાં (બનાસકાંઠા) થયો...દીક્ષા નરોડામાં થઈ. આચાર્યપદવી જામનગરમાં થઈ. પરંતુ તેમનું કાર્ય સર્વના માટે પ્રેરણાદાયી હતું. શ્રી લબ્ધિધામતીર્થ સંસ્થાપક સ્વ. પ.પૂ.આ.ભ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા જેઓશ્રી જ્યોતિષશાસ્ત્રના અઠંગ અભ્યાસી તેમજ પ્રકાંડ નિષ્ણાત હતા. તેઓશ્રીએ આરંભસિદ્ધિ જેવા મહાન ગ્રંથનું સંપાદન કર્યું હતું. કોઈપણ શુભકાર્યનું મંગલાચરણ જેના દ્વારા થાય તે સચોટ મુહૂર્તપ્રદાતા તરીકે તેઓશ્રી લોકમુખે ગવાયા હતા. ગુરુદેવશ્રીના મુહૂર્તપ્રદાનમાં શ્રદ્ધા ધરાવતો બહુ મોટો વર્ગ હતો. જ્યારે જ્યારે સંઘના ટ્રસ્ટીવર્યો ગુરુદેવશ્રી પાસે કોઈ સંઘના શુભકાર્ય માટે મૂહૂર્ત લેવા આવતા ત્યારે ગુરુદેવશ્રી કોઈપણ જાતના ગચ્છ, સંપ્રદાય કે તિથિના ભેદથી પર રહી વિના વિલંબે સત્વરે મુહૂર્ત કાઢી આપતા.

પૂજ્યશ્રી દ્વારા યશસ્વી શાસનપ્રભાવક કાર્યો થયા છે, જેવા કે.....

- શ્રી વર્ધમાન શ્વે.મૂ.સંઘ (ઈરાની વાડી કાંદીવલી)માં શ્રી જિનમંદિર અને આરાધનાભવન માટેની ભૂમિ ગુરુદેવશ્રીના આશીર્વાદથી આશ્ચર્યકારીરૂપે પ્રાપ્ત થઈ. જે ઘટના શ્રી સંઘ માટે ઐતિહાસિક બની ગઈ છે. એ શુભ શરૂઆત એવા શુભમુહૂર્તે થઈ કે ત્યારબાદ જિનાલયનું નિર્માણ-પ્રતિષ્ઠા આરાધના ભવન, પાઠશાળા, બેન્ડમંડળ, શ્રાવિકા ઉપાશ્રય વિ.વિ. તેમજ આજસુધી પ્રાયઃ ૨૭ વર્ષથી મહાત્માઓના ચાતુર્માસ શૃંખલાબદ્ધ આરાધનાની શ્રેણીનું સર્જન થયું.
- વિશ્વનું એકમાત્ર પદ્મસરોવરકારે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર મહાપ્રાસાદ—શંખેશ્વરે પ.પૂ. ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા, પ.પૂ.આ.ભ.શ્રી સુબોધસૂરીશ્વરજી મહારાજા તેમજ પૂ. ગુરુદેવશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની સહયોગી નિશ્રામાં અંજનશલાકા-પ્રતિષ્ઠા પ્રસંગે મુહૂર્તપ્રદાન.
- વિલેપાર્લા-મુંબઈ ઉપાશ્રયના નિર્માણમાં પૂજ્યશ્રીના મુહૂર્તથી તે કાર્ય નિર્વિઘ્નપણે સુખદાયીરૂપે પરિપૂર્ણ થયું.
- ''જ્ઞાનીના બહુમાનથી જ્ઞાનતણા બહુમાન'' એ ઉક્તિએ ભારતભરના તમામ ધાર્મિક પંડિતવર્યો શિક્ષક-શિક્ષિકાઓને શ્રી તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદની સ્થાપનાના માધ્યમે એક તાંતણે બાંધ્યા. જે જિનશાસનનું અજોડ, અદ્વિતીય, આદ્ય અને ઐતિહાસિક અનુમોદનીય કાર્ય થયું. જેની શુભ શરૂઆત સં. ૨૦૪૦ કાંદિવલી—મુંબઈ મુકામે થયેલ.
- અનેક દિક્ષા—વડી દીક્ષા, ગણિ, પંન્યાસ આચાર્યપદપ્રદાન, યોગોદ્વહમાં પ્રવેશ, ચાતુર્માસ પ્રવેશ, પ્રથમવિહાર વિ.વિ. તેમજ પરમાત્માની પધરામણી, નગરપ્રવેશ, મંદિરપ્રવેશ, ઉત્થાપન, પુનઃસ્થાપના વિ.વિ. અનેક પાવન પ્રસંગના મુહૂર્તો.
- કેટલાય આરાધકો (પૂ. સાધ્વીજી મહારાજો તથા શ્રાવક-શ્રાવિકાઓ)એ મોટી તપશ્ચર્યાઓ ગુરુદેવશ્રી દ્વારા પ્રદત્ત મુહૂર્તથી નિર્વિઘ્ને સહજતાથી પરિપૂર્ણ કરી છે. જેઓ આજે પણ પૂજ્યશ્રીનું નિત્ય સ્મરણ કરે છે.
- 'જાપમાં અગમ્ય' સંકેત થવાથી પૂજ્યશ્રીના મુહૂર્તાનુસારે પૂર્વે ક્યારેય નજરે નહીં જોયેલી એવી વિરોચન નગરની નિશ્ચિત જગ્યાએથી સંપ્રતિકાલીન પ્રતિમાઓની પ્રાપ્તિ.
- યોગાનુયોગ કહો કે 'કુદરત કહો જે ધરતી પર પૂજ્યશ્રીનો અંતિમ સંસ્કાર થયો તે ભૂમિએ નિર્માણ થનાર ગુજરાતનું એકમાત્ર શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન મંડિત શ્રી લબ્ધિતીર્થે, ખાતમુહૂર્ત, શિલાન્યાસ, બે ઉપાશ્રયોનું ઉદ્‌ઘાટન, સંપ્રતિકાલીન શ્રી આદિનાથ પરમાત્માનો પુનિત પ્રવેશ પૂજ્યશ્રીના મુહૂર્તથી થયેલ છે. જે પૂજ્યશ્રીના મંગલમુહૂર્તની અંતિમકૃતિ છે....અંતિમ સ્મારક છે.

જ્ઞાન અને ક્રિયાના જ્ઞાતા, શાસન અને સંઘવત્સલ, અપ્રમત્તયોગી, પૂજ્યપાદશ્રીનું સચોટ માર્ગદર્શન સુદીર્ઘકાળ સુધી શ્રી સંઘને મળતું રહ્યું. ગુરુદેવશ્રીના આવા ઉન્નત જીવનને નતમસ્તકે કોટિ કોટિ વંદન.

લેખક—ગુરુલબ્ધિકૃપાપાત્ર પંન્યાસ શીલરત્નવિજય. સં. ૨૦૬૪. અંકુર-નારણપુરા, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**સૌજન્ય :-**

- રીખવચંદ મોહનલાલ શાહ—મુંબઈ
- સંઘવી ભૂરમલજી તુલસાજી—મુંબઈ
- સંઘવી પુખરાજજી છોગાજી બાગરાવાળા (તખતગઢ-વિશાખાપટ્ટમ્)
- મહેન્દ્રભાઈ ડી. શેઠ—ભાનુમતિ કં. શેઠ તથા શેઠ પરિવાર, જામનગર
- જયંતિભાઈ કરમશી હરિયા, કેન્યા (હાલાર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ફોટોગ્રાફી : જસુભાઈ સી. શાહ – મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# હાર્દિક શ્રદ્ધાંજલિ



પિતાશ્રી શીવલાલભાઇ પારેખ : માતુશ્રી કમલાબેન પારેખ

''અશ્રુકેરી અંજલિને ભાવોની ભાવાંજલિ,
શ્રદ્ધા સુમનથી હરપળે છે આપને શ્રદ્ધાંજલિ.
ચરણોમાં આપના અર્પિત કરીયે કુસુમાંજલિ
'શાશ્વત સૌરભ' સમર્પિત છે ગુણોની ગીતાંજલિ''

પરમ પૂજ્ય માતા-પિતાનાં ચરણોમાં સાદર સમર્પિત..... - મનુ

માતા-પિતાનાં સંસ્કારનો વારસો ભાગ્યશાળી સંતાનોને જ મળે છે...
અડસઠ તીરથ તેના ચરણોમાં બીજા તીરથ શું કરશો...

મનહરલાલ -પન્ના ઘનશ્યામ-રાધા અમિત-સીમા
નીધીષ ઘનશ્યામ પારેખ (પ્રપૌત્ર) તથા સમસ્ત પારેખ પરિવાર
રોહીશાળા (બોટાદ)


**WITH BEST COMPLIMENTS FROM**

| | |
|---|---|
| JANTA TRADERS | 22872028 |
| MADHUR MILAN | 41325320 |
| GHANSHYAM'S | 41325320 |
| BONANZA PORTFOLIO LTD. | 41519008/9/10 |

#726, CHICKPET, BANGLORE-560 053


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org